વ્યાસ વિચાર

અનુક્રમણિકા

પ્રથમઃ સ્કંધઃ	૧
દ્વિતિયઃ સ્કંધઃ	૪૧
તૃતીયઃ સ્કંધઃ	૬૫
ચતુર્થઃ સ્કંધઃ	૮૯
પંચમઃ સ્કંધઃ	૧૩૩
ષષ્ઠઃ સ્કંધઃ	૧૪૫
સપ્તમઃ સ્કંધઃ	૧૬૫
અષ્ટમઃ સ્કંધઃ	૨૦૭
નવમઃ સ્કંધઃ	૨૪૯
દશમઃ સ્કંધઃ	૩૧૫
એકાદશઃ સ્કંધઃ	૪૬૯
દ્વાદશઃ સ્કંધઃ	૬૮૭



जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि।।

भाववन्दना

।। श्रीयोगेश्वरोविजयतेतराम ।।

''એકાદ અકિંચન માણસને કોઈ સુવર્ણપ્રાસાદમાં લઈ જાય અને ચારે કોર અસંખ્ય રત્નો જોયા પછી, તેમાંનું એકાદ રત્ન ઉપાડે. એટલામાં તેની નજરે બીજું પ્રભાવી રત્ન પડે અને તે દ્વિધામાં પડે કે કયું રત્ન ઉપાડું? 'શ્રીમદ્ ભાગવત' તરફ જોયા પછી મારી આવી સ્થિતિ થાય છે''

પૂજનીય दादा એ એક વખત પ્રવચનમાં આ પ્રમાણે કહ્યું હતું. નારાયણોપનિષદ્ પરના પ્રવચનો દરમ્યાન 'નારાયણપરતા'વિષયના સંદર્ભમાં, જેની લીટી લીટીમાં નારાયણપરતા છે, તેવો વેદવ્યાસરચિત શ્રીમદ્ભાગવત ગ્રંથ પૂજનીય दादा ની આંખોની સમક્ષ આવ્યો. ભાગવત એક પ્રાસાદિક ગ્રંથ છે, ભકિતપ્રધાન ગ્રંથ છે.

તેના માટે કંઇ ઉપદેશકની કે ગ્રંથની જરુર નથી. આપણી કોઇ વાસના જ આપણને ખેંચીને નારાયણ તરફ લઇ જશે, પરંતુ આવી રીતે આવેલી નારાયણપરતા વિકાસને માટે શ્રેષ્ઠ નથી.

માનવ જેટલું કમજોર પ્રાણી જગતમાં કદાચ બીજું કોઇ નથી. ગધેડાનું બચ્ચું કે ગાયનું વાછરડું જન્મ્યા પછી તરત પોતાના પગ ઉપર ઊભું રહે છે અને ચાલવા લાગે છે, પરંતુ, માનવના બચ્ચાને ઊભું થતાં દસ મહિના લાગે છે, ત્યારબાદ તે ચાલતાં શીખે છે, તેનું માણસ વર્ણન કરે છે કે અમારો બાબો હવે ચાલવા લાગ્યો છે. માનવપ્રાણી આટલું તો કમજોર છે, પરંતુ ભગવાને માનવને જે બુદ્ધિ આપી છે, તે અલૌકિક છે, તેમાં સંદેહ નથી, તેથી જ ભગવાને પોતાનો નિવાસ માનવમાં રાખ્યો છે. વૉલ્ટેરે એક જગાએ કહ્યું છે: 'ભગવાને માનવને બુદ્ધિ આપી છે, પરંતુ માણસે તેના બારામાં પ્રતિશોધ (બદલાની ભાવના) લીધો, 'ભગવાન, તમે મને બુદ્ધિ આપી ખરી, પણ હું બુદ્ધિ નહિ જ ચલાવું.' આમ માનવ કોઇ ક્ષેત્રમાં , ન જીવનમાં કે ન ધર્મમાં, કોઇ જ જગાએ બુદ્ધિ ચલાવતો નથી. 'પીછે સે આયા આગે લૌટ દિયા'—આવું સત્યાગ્રહી (!) વ્રત જાણેકે તેણે લીધું છે.

માનવ આટલો કમજોર અને અગતિક છે કે તેણે ભગવાનનું શરણ સ્વીકારવું જ પડે—**प्रभो, तेरी शरण.....** એમ બોલવું જ પડે. એક માનવ બીજા માનવનું શરણ લે તે બેકાર છે, એનું કારણ, તે પણ તેટલો જં અગતિક છે. તો પછી કોનું શરણ લઇશું ? જે કોઇનું શરણ લેતો નથી. તેનું જ શરણ લેવું જોઇએ. તે માટે ભગવાનની પાસે જ જવું જોઇએ.

જેની લીટીલીટીમાં નારાયણપરતા છે એવો એક ગ્રંથ છે કે જે વેદવ્યાસે લખ્યો છે. તેનું નામ છે: શ્રીમદ્ ભાગવત. જીવન નારાયણપર હોવું જોઇએ. પરંતુ નારાયણપરતા ભાવથી અથવા સંબંધથી હોવી જોઇએ. જે નારાયણપરતા, સંબંધ અથવા ભાવથી આવશે તે જ વિકાસને માટે ઉપયોગી થશે. આવશ્યકતાને લીધે સ્વીકારેલી નારાયણપરતા, આવશ્યકતા પુરી થયા બાદ ઢીલી થઇ જાય છે. બાળકને શરુશરુમાં માની આવશ્યકતાને લીધે મા પર પ્રેમ હોય છે. જ્યારે માની આવશ્યકતા પૂરી થાય છે ત્યારે પ્રેમ ઓછો થાય છે અને ફરજ તરીકે માની સેવા કરે છે. નારાયણપરતા ભાવથી, પ્રેમથી અથવા સંબંધથી હોવી જોઇએ એવું કહેવાવાળો ગ્રંથ છે શ્રીમદ્ ભાગવત આપણે ભાગવત પર સ્વતંત્ર વિચાર કરવા બેઠા નથી. નારાયણોપનિષદમાં 'નારાયણપરતા'ની વિચારધારા છે, તે જે ગ્રંથમાં છે એવા ભાગવતગ્રંથને નમસ્કાર કરીએ છીએ.

ભાગવત એક પ્રાસાદિક, પ્રસન્નતાથી ભરેલો ગ્રંથ છે. ભગવાન પછી બીજો કોઇ પૂજનીય ગ્રંથ હશે તો ભાગવત છે એવું મનાય છે. તે સાચું પણ છે. ભાગવત વિષે વિચારવું હશે તો પહેલાં વેદવ્યાસને નમસ્કાર કરવા પડશે. વેદવ્યાસને માટે કહ્યું છે:

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान् बादरायणः ॥

(તેમને ચાર મુખ નથી પણ બ્રહ્મા છે, તેમને બે બાહુ છે પણ બીજા હરિ છે, તેમને કપાળે ત્રીજું લોચન નથી પણ શંભુ છે. એવા ભગવાન બાદરાયણ છે.) વેદવ્યાસ મહાન જ્ઞાની હતા. આજે તો કથા કરવાવાળા બધા પોતાને 'વ્યાસ'જ કહેવડાવે છે!

વેદવ્યાસ માટે એક પ્રશ્ન ઊભો થાય છે કે તેઓ લોકોત્તર તત્ત્વજ્ઞાની હતા તે છતાં તેમણે જુદા જુદા રૂપે પુરાણોમાં વાર્તાઓ કહી છે. શા માટે ? વેદવ્યાસ એક અલૌકિક માનસશાસ્ત્રજ્ઞ હતા. એમના તત્ત્વજ્ઞાન સંબંધમાં શું કહું ? તેમનાં બ્રહ્મસૂત્રો તત્ત્વજ્ઞાનથી એટલાં તો સમૃધ્ધ છે કે પ્રત્યેક આચાર્યને તેના ઉપર ભાષ્ય લખવું પડયું છે. વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, શંકરાચાર્યને પણ બ્રહ્મસૂત્રો પર ભાષ્ય લખવું જ પડયું. અહીં 'લખવું જ પડયું' એ શબ્દો હું ઉચ્ચારું છું એનું કારણ જો તેમણે ભાષ્ય ન લખ્યું હોત તો તેના વગર તેમના (આચાર્યોના) તત્ત્વજ્ઞાનમાં કંઇક ઊણપ રહી જાત. બધાને વેદવ્યાસનાં બ્રહ્મસૂત્રો પર લખવું પડયું. આટલા મહાન તત્ત્વજ્ઞાની વાર્તા શા માટે કહે? મને તો શરુ શરુ માં લાગતું હતું કે તત્ત્વજ્ઞાની વેદવ્યાસ અને પુરાણો લખનાર વેદવ્યાસ જુદા હોવા જોઇએ. જેમણે આટલું લોકોત્તર તત્ત્વજ્ઞાન લખ્યું છે, જેમણે વેદો ઉપર આટલો પરિશ્રમ કર્યો છે. તે શું વાર્તાઓ કહે ? તેમાંની કેટલીક વાર્તાઓ સાચી પણ હશે અને કેટલીક કાલ્પનિક પણ હશે, પરંતુ આ વાર્તાઓ કહેવા પાછળ, માનવજાતિને માટે વેદવ્યાસના અંતઃકરણમાં જે પ્રેમ છે, તેની સુવાસ આવે છે. કારણ, તેમને માત્ર પાંડિત્ય દેખાડવું ન હતું. તેમને વ્યક્તિને ઊભી કરવી હતી.

એક માનસશાસ્ત્રીય સિદ્ધાંત ધ્યાનમાં રાખવો જોઇએ, કે જે ગોખવામાં અથવા ગોખાવવામાં આવે છે, જે શીખવવામાં આવે છે તેને શિક્ષણ કહે છે અને જે ઉપાડવામાં આવે છે તેને સંસ્કાર કહેવામાં આવે છે. તત્ત્વજ્ઞાન શીખવવામાં આવે તેને શિક્ષણ કહે છે; પરંતુ, શિક્ષણથી વધારે કિંમત સંસ્કારની છે. વેદવ્યાસને લોકોને ઊભા કરવા હતા તેથી તેમણે લોકોને મહાન ચરિત્રો કહેવા નો રસ્તો અપનાવ્યો. તે ચરિત્રો સાંભળીને લોકોને તેવા બનવા માટે તાલાવેલી લાગવી જોઇએ. ઉદાત્ત ચરિત્ર સાંભળીને માણસને લાગવું જોઇએ કે મારે પણ તેવા થવું છે.

'સંસ્કાર' અને શિક્ષણમાં બહુ મોટું માનસશાસ્ત્રીય અંતર છે. છોકરાઓને એવું ચરિત્ર દેખાડવાનું કે જેથી તેમને લાગે કે મારે પણ તેવા બનવું છે. 'તું આવો થા' એવી આજ્ઞા વ્યક્તિ માનતી નથી. વ્યક્તિ અંદરની આત્મશક્તિની આજ્ઞા જ માને છે.

એક દષ્ટાંત આપું. રામપુરના નવાબ બિમાર પડયા અને તેમની વાણી બંધ થઇ ગઇ. તે બોલી શકતા ન હતા. બધાંને લાગ્યું કે નવાબની અંતિમ ઘડીઓ ગણાય છે. એક તરફ હકીમો બેઠા હતા, બીજી તરફ ડૉક્ટરો બેઠા હતા. બધા એકઠા થયા હતા. બધાંને લાગતું હતું કે આ માંદગીમાંથી નવાબને ઊભા કરવા મુશ્કેલ છે, કારણ, નવાબની વાણી જ બંધ થઇ હતી.

એટલામાં લીલાધર વૈદ આવ્યા. તેમણે નવાબને તપાસ્યા અને ડૉક્ટર, હકીમોને કહ્યું— 'આમાં શું છે ? કંઇ ગંભીર બિમારી નથી. નવાબ સારા થઇ જશે. હું તેમને સારા કરીશ, પરંતુ, કહો નવાબને દવા પાઇને સારા કરું કે દવા દેખાડીને સારા કરું ?' આ સાંભળીને બધા અચરજમાં પડી ગયા. તેમને લાગ્યું કે લીલાધર વૈદ ઘમંડી થયા લાગે છે. દવા પાઇને દર્દીને સારા કરી શકાય તે સમજી શકાય એવી વાત છે. પણ આ તો દવા દેખાડીને નવાબને સારા કરવાની વાત કરે છે ! તેમણે કહ્યું: 'દવા દેખાડીને જ નવાબને સારા કરો.'

લીલાધર વૈદે કહ્યું: 'ઠીક છે. હું તેમને દવા દેખાડીને સારા કરું છું.' વૈદે એક છોકરાને મોકલીને પચાસ લીંબુ મંગાવ્યા અને સાથે એક ચપ્પુ પણ મંગાવ્યું. છોકરો લીંબુ લઇ આવ્યો

એટલે વૈદરાજ નવાબના મોઢા પાસે એક પછી એક લીંબુ કાપવા લાગ્યા. તે જોઇને નવાબના મોઢામાં પાણી છૂટયું અને અંદરનો જામેલો કફ છૂટો પડી ગયો. નવાબની વાણી છુટી થઇ ગઇ. આવી રીતે ચરિત્ર વર્ણન કરી સામેવાળાના મોઢામાં પાણી છૂટવું જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં આ જ રસ્તો અપનાવ્યો છે. તેમણે ગીતામાં સ્થિતપ્રજ્ઞનું વર્ણન, ગુણાતીતનું વર્ણન, ભક્તનું વર્ણન એટલું સુંદર કર્યું છે કે જે સાંભળીને આપણને તેવા થવાનું મન થાય છે.

ભાગવતમાં વેદવ્યાસે ધ્રુવ, પ્રહ્‌લાદ ઈત્યાદિનું ચરિત્ર એટલું સુંદર કર્યું છે કે તે વાંચી-સાંભળીને આપણી અંદર એક અભિલાષા નિર્માણ થાય છે, તે પાકી થાય છે. બીજાએ આપેલી અભિલાષા ફેંકી દઇ શકાય છે, પરંતુ, અંદર નિર્માણ થયેલી અભિલાષા સુદૃઢ થઇ જાય છે, તે ફેંકી શકાતી નથી. તેથી જ સંસ્કાર એક જુદી જ વાત છે. ગુરુની પાસે જઇએ ત્યારે **यास्तेषां स्वैरकथाः** ..... ગુરુમુખે સ્વૈરકથા સાંભળીને, તેવા બનવાની અભિલાષા આપમેળે જ નિર્માણ થાય છે. આવું સામાજિક માનસશાસ્ત્ર જોઇને, વેદવ્યાસે પુરાણોમાં કથાઓ કહી છે. તેમણે પુરાણોમાં કહેલી વાર્તાઓ કાલ્પનિક છે કે ઐતિહાસિક છે તેની ચર્ચા મારી દૃષ્ટિએ ફોકટ છે. તેનો મૂળભૂત હેતુ છે, સંસ્કાર. તે વાર્તા વ્યક્તિની સામે એક એવું ચરિત્ર ઊભું કરે છે કે માણસના મનમાં તેવું બનવાની અભિલાષા નિર્માણ થાય છે. માણસ તેવો નિશ્ચય કરે છે. તેને જ સંસ્કાર કહે છે.

વેદવ્યાસે ઘણાં શ્રેષ્ઠ પુરાણો લખ્યાં છે. પુરાણનાં ગ્રંથ શા માટે લખ્યા તે સમજવું જોઇએ. પુરાણો કંઇ ઓછાં મહત્ત્વનાં નથી. તે કાલ્પનિક પણ હશે, અતિશયોક્તિવાળાં પણ હશે, પરંતુ પુરાણો સર્વસુલભ છે. મને એક પંડિતે પૂછયું: 'શાસ્ત્રીજી ! ભગવાને એક આંગળી પર ગોવર્ધન પર્વત ઉપાડયો તે શું તમે સાચું માનો છો ? જો ભગવાને તેવી રીતે ગોવર્ધન પર્વત ઉપાડયો હતો તો શું દુર્યોધન એટલો બેવકૂફ હતો કે તે ભગવાનનું ન માને ? ઈસામસીહે એક રોટલીમાંથી બે હજાર લોકોને જમાડયા એવું બાઇબલમાં લખ્યું છે. તે શું સાચું છે ? તે વાત અસત્ય જ લાગે છે.'

મેં તેમને કહ્યું: 'તમને સત્ય શબ્દનો સાચો અર્થ ખબર નથી. થઇ ગયેલી ઘટના એટલે સત્ય નથી. અસત્ય ઘટના પણ સત્ય હોઇ શકે છે. સત્યનું ચિંતન કરો એનો અર્થ શો ? સમજો કે પડોશી વ્યભિચારી છે એ સત્ય છે. તો શું તેનું ચિંતન કરવું ? સત્ય પરબ્રહ્મ છે, ભગવાન છે, તો શું તે સત્ય ઘટના ભગવાન છે ? તો પછી સત્યનો અર્થ શો ? **सते हित सत्यम्** – જે મને સત્‌ની પાસે લઇ જાય તે સત્ય છે. ભગવાને એક આંગળી પર ગોવર્ધન ઉપાડયો એ સાંભળીને મારામાં ભગવાન વિષે વિશ્વાસ નિર્માણ થાય છે. હું એક ઈંચ ભગવાનની વધુ નજીક જાઉં છું, સત્યની નજીક જાઉં છું, તેથી તે વાર્તા સત્ય છે. જે સત્યની પાસે લઇ જાય છે તે સત્ય છે. તે વાર્તા કાલ્પનિક છે કે સાચી છે તેની ચર્ચા કરવી નકામી છે.

પુરાણો સંસ્કારને માટે લખાયાં છે. તે વાંચીને ગુણો ઉપાડવાની ઇચ્છા થાય છે. સાંભળ્યા પછી મારે પણ તેવા બનવું છે એમ લાગે છે. પુરાણોમાં પણ કોઇ અલૌકિક ગ્રંથ હશે તો તે ભાગવત પુરાણ છે, એ ઇશ્વરપર ગ્રંથ છે.

કેટલાક લોકો પૂછે છે કે ભાગવતનો કાળ કયો ? કયા કાળમાં ભાગવત નિર્માણ થયું ?

તેવી જ રીતે વેદવ્યાસનો કાળનિર્ણય કયો ? એના વિષે ચર્ચા ચાલે છે. એનું કારણ એક જ છે કે એવા લોકોને, ભાગવતના લેખક વેદવ્યાસ નથી એવું ઠરાવવું છે. એક વખત જેમણે એ ગ્રંથ લખ્યો છે, એની પછવાડે તેની તપશ્ચર્યા પડેલી છે, તે વાત ઉડાવી દીધી કે પછી તે ગ્રંથના શબ્દોની શકિત ઓછી થઇ જાય. તેવું કરવા કેટલાક લોકો પ્રયત્ન કરે છે. એક પંડિતે મને પૂછયું કે ભાગવતનો કાળનિર્ણય તમે કયો માનો છો ? મેં કહ્યું: ‘ગ્રંથની યોગ્યતા ઉત્પત્તિકાળ પરથી નકકી થતી નથી. વિષય પ્રતિપાદન ઉપરથી થાય છે. ગ્રંથમાં કયા વિષયનું પ્રતિપાદન છે? એ વિષય-પ્રતિપાદન કેવું છે ? આ બધું જોઇને ગ્રંથની યોગ્યતા સમજાય છે, તેથી ગ્રંથનો ઉત્પત્તિકાળ જોવો મને તો જરુરી લાગતો નથી.’

વેદવ્યાસને ભાગવત ગ્રંથ લખવાની પ્રેરણા કેવી રીતે મળી ? કયા પ્રેરણાસ્ત્રોત ને લીધે તેમણે ભાગવત લખ્યું ? વેદવ્યાસે જીવનમાં જે મહાન કાર્ય કર્યું છે, તે માટે માનવજાતે જિંદગી સુધી નહિ, માનવજાતની હસ્તી રહે ત્યાંસુધી વેદવ્યાસને નમસ્કાર કરવા જોઇએ. વેદો હિમાલય જેટલા મોટા છે. કોઇપણ માણસ એમ ન કહી શકે કે મેં સંપૂર્ણ વેદો વાંચ્યા છે. બધા વેદો મને મોઢે છે કે બધા વેદો હું સમજું છું એમ પણ કોઇ કહી ન શકે, એટલા મોટા વેદો છે. આ વેદોને સંભાળવા જોઇએ પણ કેવી રીતે સંભાળવા ? તેથી જ વેદવ્યાસે મહાન વેદોને સંભાળવા માટે વેદોનું વિભાગીકરણ કર્યું, તેના ચાર વિભાગ કરીને સુમન્તુ, જૈમિનિ, વૈશમ્પાયન અને પૈલ-નામના ચાર શિષ્યોને પાસે લઇને, તેમને એક એક વિભાગનું રહસ્ય સમજાવી, તે વિભાગ તેમને સોંપ્યો. આજે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, એવા જે ચાર વિભાગો દેખાય છે તેનું આ જ કારણ છે, પરંતુ, તેનું રહસ્ય ન સમજવાવાળા ‘હું ઋગ્વેદી છું અને તુ યજુર્વેદી છે’ કહીને અંદર-અંદર ઝઘડે છે. એટલું જ નહિ, ઋગ્વેદીના ઘરમાં યજુર્વેદીનો મંત્ર ગવાતો નથી અને યજુર્વેદીના ઘરમાં ઋગ્વેદીનો મંત્ર ગવાય નહિ એટલી હદ સુધીનું ગાંડપણ ઘૂસ્યું છે! મૂળવાત એ છે કે વેદના ચાર વિભાગ કરી સુમન્તુ, જૈમિનિ, વૈશમ્પાયન અને પૈલને એક એક વિભાગ સંભાળવાને માટે અને તેના પર સંશોધન કરવા સોંપી દીધો. વિશ્વના ઇતિહાસમાં કોઇએ નથી કર્યું એટલું મહાન કાર્ય વેદવ્યાસે પ્રથમ કર્યું. ત્યારબાદ તેમણે બ્રહ્મસૂત્રો રચ્યાં. ત્યારબાદ તેમને સામાન્ય માણસને નીતિ, જીવનવ્યવહાર અને રાજનીતિ સમજાવવી હતી, એટલે પુરાણની રચના કરી.

માનવી જીવનના પાંચ ઓરડા છે. માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન. આ પાંચે પાંચ ઓરડા પ્રકાશિત થવા જોઇએ. ફક્ત રાજનીતિમાં ફરવાવાળાને માટે જ રાજનીતિ (Politics) છે, એવું નથી. તમારી પત્ની પણ રાજનીતિનો ઉપયોગ કરે છે, ઉદાહરણ તરીકે, એન્જિનિયર પતિ બહાર તડકામાં કામ કરીને આવ્યો છે માટે હમણાં અમુક વાત ન કરૂં, બે કલાક બાદ કરીશ. આવી સમજમાં રાજનીતિ આવી ગઇ.

જેમ માનવ જીવનના પાંચ ઓરડા પ્રકાશિત થવા જોઇએ, તેમ માનવને જીવનનું ધ્યેય આપવું જોઇએ. જીવનમાં જોશ ઊભો કરવો જોઇએ. તે માટે વેદવ્યાસે ‘મહાભારત’ ગ્રંથ લખ્યો. મહાભારતમાં જીવનનું ધ્યેય છે, ભગવાન તરફ જોવાની દૃષ્ટિ છે, એટલું જ નહિ, તેજસ્વિતા છે, નીતિમત્તા છે, બધું છે પણ તેની બેઠકમાં ઇતિહાસ છે. વ્યક્તિને ઇતિહાસ બહુ આકર્ષિત કરતો નથી. શિવાજી મહાન હતા એમાં સંદેહ નથી અને જ્ઞાનેશ્વર પણ મહાન હતા, એમાંય સંદેહ નથી. પરંતુ, જ્ઞાનેશ્વરનું ખેંચાણ વધારે લાગે છે. શા માટે ? તેમના જીવનમાં ભક્તિની

બેઠક છે માટે. નીતિ, જોશ, તત્ત્વજ્ઞાન વગેરેની બેઠકમાં ભકિત હોવી જોઇએ એમ વેદવ્યાસને લાગ્યું, તેથી તેમણે ભાગવત ગ્રંથની રચના કરી.

તમને કૃષ્ણ ભગવાનનું ઐતિહાસિક ચરિત્ર જોવું હોય તો મહાભારત અને હરિવંશમાં મળશે, પરંતુ કૃષ્ણ ભગવાન છે એ જોવું હશે તો તે ભાગવતમાં જ જોવા મળશે. બન્ને ગ્રંથો વેદવ્યાસે લખ્યા છે, પરંતુ વેદવ્યાસે ભાગવત લખ્યું તેમાં કૃષ્ણ કોઇનો છોકરો નથી, તે ભગવાન છે. મહાભારતની બેઠકમાં ઇતિહાસ છે અને ભાગવતની બેઠકમાં ભકિત છે. નીતિ અને જીવનરહસ્યની બેઠકમાં ભકિત હોવી જોઇએ. તે માટે ભાગવતની નિર્મિતી થઇ. તેનું કહેવું છે કે નીતિમત્તા ભકિતથી ઊભી થવી જોઇએ. આપણે સ્વાધ્યાયીઓએ પણ આ જ રસ્તો અપનાવ્યો છે. આપણે દાવાથી કહી શકીએ છીએ, 'અમે અસલી ભાગવતી છીએ. અમે ભકિતફેરી દ્વારા ગામડાઓમાં જઇએ છીએ. અમારે ભક્તિથી સ્વચ્છતા અને ઐક્ય નિર્માણ કરવાં છે. માનવના દુર્ગુણો કાઢવા છે તે પણ ભક્તિથી. તે સ્વીકારીને અમે કામ કરીએ છીએ. તેથી જ અમે દાવાથી કહીએ છીએ કે અમે ભાગવતી છીએ. અમે ચંદન કેવું કરીએ છીએ, કરીએ છીએ કે નહિ, તે વાદ જુદી છે. (ચંદન કરવું જ જોઇએ. ન કરવું જોઇએ એમ હું કહેતો નથી.)'

જે બીડીના ધૂમાડા કાઢે છે તેની બીડી છોડાવવી છે, પણ તે કામ ભક્તિથી કરવું છે, કરકસરની દૃષ્ટિ કે આરોગ્યની દૃષ્ટિ સમજાવીને નહિ. ભાગવતમાં આ જ વિચારધારાનો સ્વીકાર છે. નીતિમત્તા પણ ભક્તિથી આવવી જોઇએ. તેના માટે ભાગવત ગ્રંથનું નિર્માણ છે.

આ જગતમાં વાંચવા જેવા ઘણા ગ્રંથો છે. માયાનું વર્ણન કરવાવાળા ગ્રંથ છે, કેટલાક આત્મજ્ઞાન સમજાવવાવાળા ગ્રંથ છે, નીતિનું પ્રતિપાદન કરનારા ગ્રંથ છે. પરંતુ, બધા વિચાર, વાર્તારુપે કહીને, સહજ સુલભ બનાવીને સામાન્યોના હાથમાં આપવાનું કામ કોઇએ કર્યું હોય તો તે ભાગવતે કર્યું છે. તેમાં તેમણે આત્મજ્ઞાન, નીતિ, વગેરે બધું વાર્તામાં બેસાડીને કહ્યું છે. એટલું જ નહિ, વેદાંતનું તત્ત્વજ્ઞાન આચારમાં કેવી રીતે લાવવું તે કહેવાનો આગ્રહ ભાગવતમાં છે. તે જ ભાગવતની મહત્તા છે.

આપણે એવું સાંભળ્યું છે કે મહાભારત લખ્યા બાદ વેદવ્યાસને શોક થયો. નારદજીની સાથે તેમનો સંવાદ છે કે જ્યાંસુધી મેં કૃષ્ણલીલા કહી નહિ, ત્યાંસુધી અશાંત છું. લોકો પ્રાકૃતિક હોય છે અને જેવા શબ્દો હોય છે તેવો જ અર્થ તેઓ પકડે છે, પરંતુ, શબ્દનો અર્થ જુદો જુદો થતો હોય છે, તેની લોકોને ખબર નથી. ઉદાહરણ તરીકે—ગરમીના દિવસો છે. મા ઘરમાં બેઠી બેઠી કંઇ કામ કરે છે. છોકરી પૂછવા આવે છે: 'મા ! બહાર રમવા જાઉં?' મા કહે છે: 'દીકરી ! બહાર બહુ તાપ પડે છે. હમણાં ન જવાય.' છોકરી વારંવાર માને એ જ પૂછયા કરે છે. છેવટે મા તેને કહે છે: 'જા, મર જા!' અહીં 'મર જા' નો અર્થ 'જીવ જા' છે. માની ડિક્ષનરી જુદી હોય છે. શબ્દના જે અર્થો ડિક્ષનરીમાં નથી મળતા, તે દિમાગમાં અને દિલમાં મળે છે.

વેદવ્યાસ કહે છે: **સોડहं भगवद् शोचामि....** હું શોક કરું છું—આટલું તત્ત્વજ્ઞાન કહ્યા બાદ તેમને શોક થતો હોય તો એવા તત્ત્વજ્ઞાનની શી જરુર છે? પરંતુ, તેમણે કહ્યું કયા રુપે અને આપણે સમજ્યા કેવા રુપે ? ગીતા કહ્યા બાદ પરિશિષ્ટ આપવાની જરુર છે એમ તેમને લાગ્યું. તેમને લાગ્યું કે મેં હજી પૂર્ણરુપે તત્ત્વજ્ઞાન કહ્યું નથી. વિચારોની બેઠકમાં કઇ વાત રાખીને

માનવજાતને ઉપર લાવવી ? વિચારોની બેઠકમાં ભક્તિ રાખીને માનવને ઉપર લાવવો છે, ઈતિહાસ રાખીને નહિ. માનવને તત્ત્વજ્ઞાની બનાવવો છે, પણ ભક્તિની બેઠક ઉપર; તેથી તેમણે કહ્યું છે, **'सोऽहं भगवत् शोचामि....** હું શોક કરું છું.'

મહાભારતના યુદ્ધના રણાંગણમાં ભગવાન આવ્યા ત્યારે તેમણે ફકત અર્જુનને ગીતા કહી. જ્યારે સૃષ્ટિ છોડવાનો સમય આવ્યો ત્યારે તેમણે ઉદ્ધવને ઉપદેશ આપ્યો. વેદવ્યાસને લાગ્યું કે ભગવાને રણાંગણમાં જે તેજસ્વી તત્ત્વજ્ઞાન કહ્યું છે તે મારે સમાજને કહેવું જોઇએ, કારણ, જેની મને ખબર છે તે, જેમને ખબર નથી તેમને કહેવું જોઇએ. તેવી રીતે જ્યારે સૃષ્ટિ છોડવાનો સમય આવ્યો ત્યારે ભગવાને ભક્ત ઉદ્ધવને જે ઉપદેશ આપ્યો છે તે, હું જ્યાંસુધી સમાજને ન કહું ત્યાંસુધી મારું કામ પૂરુ થતું નથી, તેથી હું શોક કરુ છું. આનો અર્થ એ નથી કે વેદવ્યાસ વ્યથિત-દુ:ખી હતા, પરંતુ, તેમને લાગ્યું કે જ્યાંસુધી તે હું સમાજને ન કહું ત્યાં સુધી મારું કાર્ય અધૂરું રહેશે. તેથી ભાગવતની નિર્મિતિ થઇ. ?

ભાગવત તરફ જ્યારે હું જોઉં છું ત્યારે મારી સ્થિતિ કેવી થાય છે ? જેના ગજવામાં કંઇ જ નથી, જેનું ગજવું જ ફાટેલું છે, જેણે રત્ન કદી જોયા જ નથી, એવા એકાદ અકિંચન માણસને કોઇ સુવર્ણપ્રસાદમાં લઇ જાય, તો તેની સ્થિતિ કેવી થાય ? તે એકાદ રત્ન જુએ ત્યારે તે ઉપાડવાનું મન થાય, એટલામાં તે બીજું રત્ન જુવે, ત્યારે પહેલું પડતું મૂકી, બીજું હાથમાં લે, આ ઉપાડું કે પેલું ઉપાડું ? એમ કરતાં કરતાં કંઇ ઉપાડયા વગર પ્રસાદની બહાર નીકળી જાય અને ઉપાડવાનું રહી જાય. ભાગવત તરફ જોયા પછી મારી અવસ્થા તેવી જ થાય છે. મને થાય છે કે નારદમુનિની કથા કેટલી દૈવી છે ! તે કહું ? કે પછી હિરણ્યાક્ષ સાથે જે યુદ્ધ થયું તેનું વર્ણન અતિ સુંદર છે, તે કહું ? કે પછી ધ્રુવચરિત્ર કહું ? તે તો લોકોત્તર અને દૈવી છે. શું હું પૃથુ, ઋષભ, પ્રિયવ્રતનું ચરિત્રચિત્રણ કરું ? તે પણ લોકોત્તર છે. કે પછી પ્રહ્‌લાદની ભક્તિનું વર્ણન કરું ? અથવા તો ગોપીઓનો અનુપમ પ્રેમ ગાઉં? કે તત્ત્વજ્ઞાનયુક્ત રહુગણની કે જડભરતની કથા કહું ? અથવા તો શ્રુતિઓએ ભગવાનનું જે વર્ણન કર્યું છે, જેને વેદસ્તુતિ કહે છે, તે કહું ? મને એમ લાગે છે કે એકે વિષય એવો નથી કે તેમાં આવ્યો ન હોય. વેદસ્તુતિ કહું તો બધા વિષયો તેમાં યથાર્થ કહેવાશે. આવું મનમાં આવે ન આવે, એટલામાં આંખની સામે એકાદશ સ્કંધ ઊભો રહે છે, જેમાં બધું તત્ત્વજ્ઞાન છે. આ બધું જોતાં પેલા અકિંચન માણસ જેવી જ મારી સ્થિતિ થાય છે, પરંતુ, હું પેલા કલ્પિત અકિંચન પુરુષ જેટલો બેજવાબદાર નથી. કારણ, મને ખબર છે કે મારી સામે જે હજારો લોકો બેઠા છે તે પ્યારથી બેઠા છે. મારે તો કોઇ પણ રત્ન ઉપાડવું પડશે અને તેના પર બોલવું પડશે.

ભાગવતની મહત્તા કયા શબ્દોમાં કહું ? ગીતા અને ભાગવત, બન્ને ભાગવત ધર્મના પ્રમાણભૂત ગ્રંથ છે. જેમ 'ભાગવત' ગ્રંથ છે તેમ 'ભાગવત' ધર્મ છે, 'ભાગવત' વિચારધારા છે. મહારાષ્ટ્રમાં વારકરી સંપ્રદાય ચાલે છે, તેમ ભાગવત સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય પણ ચાલે છે. ગીતા અને ભાગવત, બન્ને તેના પ્રમાણભૂત ગ્રંથ માન્યા છે. જ્ઞાન અને ભક્તિનો સુમેળ ભાગવતમાં જોવા મળે છે, તેથી પરમજ્ઞાની અને પરમભક્ત, બન્નેને આ ગ્રંથ પોતાનો લાગે છે.

કૃષ્ણભકિતના અલગ અલગ સંપ્રદાયો ભારતમાં છે. આ બધા સંપ્રદાયોની આદ્ય સંહિતા કોઇ હશે તો તે ભાગવત છે. તે જ્ઞાનપૂર્ણ ભક્તિપ્રધાન ગ્રંથ છે. ભાગવતની રાસક્રીડા એ મધુરાભકિતનું અંતિમ દર્શન છે. ભાગવત્ એ જ્ઞાની ભક્તની સ્થિતિ સુધી લઇ જવાવાળી સંહિતા છે. ભાગવતનો પ્રથમ શ્લોક જોશો તો પૂર્ણજ્ઞાનીનો તે શ્લોક છે. તેમાં પરમજ્ઞાન અને પરમભક્તિ છે.

એક અચરજની વાત છે. ઘણા સમય સુધી લોકોને લાગતું હતું કે સંસ્કૃતભાષાના સાહિત્યનું અંગ્રેજીકરણ થયું તેમાં સૌ પહેલાં ગટેએ 'શાકુંતલ'નું ભાષાંતર કર્યું. આજે પણ ઘણા વિદ્વાનો તેવું માને છે, પરંતુ, તેવું નથી. જ્યારે અંગ્રેજી ભાષા ભારતમાં આવી પણ ન હતી, તે વખતે ભારતના પહેલા ગર્વનર જનરલ વૉરન હેસ્ટિંગ્સે, મહેનત કરીને ભાગવતનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું હતું. તેનો સ્પષ્ટ ઉલ્લેખ ઇમર્સનના "લિટરેચર" (Literature) નામના નિબંધમાં જોવા મળે છે. વૉરન હેસ્ટિંગ્સને ભાગવતનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાની ઇચ્છા થઇ, એટલો સુંદર ભાગવત ગ્રંથ છે.

ભાગવતની મહત્તા ભાગવતકારે પોતે જ લખી છે. કેટલાક ગ્રંથ એવા હોય કે તેની મહત્તા બીજો કોઇ સમજી શકતો નથી. તે વખતે ગ્રંથકારે પોતે જ તેની મહત્તા લખવી પડે છે. આવું જ ભાગવતની બાબતમાં થયું છે. ભાગવતે પોતાની મહત્તા લખી છે, તેના કરતાં તેની વધારે મહત્તા પદ્મપુરાણમાં છે. તેમાં એક ગંભીર પ્રસંગ વર્ણવાયો છે.

પદ્મપુરાણમાં લખ્યું છે કે શ્રીકૃષ્ણ ભગવાન નિજધામ જવા નીકળ્યા, એવો નિશ્ચય કરીને કે હું હવે વિશ્વ છોડીને ચાલી જાઉં. જેમણે બધાને પ્રાણ આપ્યા, બધામાં પ્રાણ ભર્યા, તે તેજના મૂર્તિમંત આવિષ્કાર, પ્રેમ અને કરુણાના અવતાર, ભણેલા-અભણ બધાંનાં હૃદયના લાલ, એવા શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે જગત છોડીને જવા લાગ્યા તે સમયે લોકોની કેવી સ્થિતિ થઇ હશે તેની કલ્પના જ થઇ શકતી નથી. તેના કરતાં વધારે ગંભીર પ્રસંગ ભારતમાં બીજો બન્યો ન હશે. જે મહાન કર્મયોગી, મહાન યોગી, મહાન ભકિતના દર્શક હતા તે **कृष्णस्तु भगवान् स्वयम्** – જ્યારે જવા લાગ્યા ત્યારે ઉદ્ધવ અતિશય વ્યથિત થઇને કહે છે: 'ભગવાન ! તમે જાઓ છો, પરંતુ, લોકોથી તમારો વિરહ કેવી રીતે સહન થશે ? તમે જે લીલા કરી છે, તમે જે પ્રેમ આપ્યો છે, કરુણા દેખાડી છે, સમાજને બુદ્ધિચાતુર્યનું પ્રદાન કર્યું છે, આ બધાંનો વિચાર કરતાં લાગે છે કે તમે અમારા હૃદયમાંથી નહિ જઇ શકો. અમારા હૃદયમાં તમારી મૂર્તિ રહેશે જ. શું તમારા ગયા પછી અમારે નિર્ગુણ નિરાકારની ઉપાસના કરવી પડશે ? જેણે એક વખત સગુણ-સાકારે પ્રેમ આપીને લોકોને ગાંડા બનાવ્યા છે તે નિર્ગુણ-નિરાકારમાં મગ્ન પણ કેવી રીતે થઇ શકશે ? તેમાં તે તલ્લીન કેવી રીતે થશે ? તમે કેવી કઠણ સમસ્યા ઊભી કરી છે ?'

તે વખતે કંઇ વિચાર કરીને ભગવાને કહ્યું: 'તારી ચિંતા હું સમજી શકું છું. બધાંને છોડીને મારે પણ જવાનું છે. **जातस्य हि ध्रुवोर्मृत्युः ध्रुवं जन्म मृतस्य च ।** (જે જન્મ લે છે તેનું મૃત્યું નિશ્ચિત છે અને જેનું મૃત્યુ તેનો જન્મ નિશ્ચિત છે.) અહીંથી જતી વખતે જેવું દુ:ખ તમને થાય છે તેવું દુ:ખ મને પણ થાય છે, પરંતુ, વેદવ્યાસ ભાગવતમાં ભકિતનું ચિત્રણ કરશે. ભાગવતને મારી વાઙ્મયીન્ મૂર્તિ સમજજે અને તેના પર પ્રેમ કરજે" ભાગવત મારી વાઙ્મયી મૂર્તિ છે, એમ ભગવાન પોતે પદ્મપુરાણમાં કહે છે.

ભાગવતનું તત્ત્વજ્ઞાન, ભાગવતની ઉપાસનાપદ્ધતિ અને ભાગવતના કથાસંગ્રહ બાબતમાં બે પરંપરા દેખાય છે. જેમણે ભાગવતનો અભ્યાસ કર્યો હશે તેમના માટે આ કહું છું. એક વિશિષ્ટ ઉપાસના પદ્ધતિ, વિશિષ્ટ વિચારધારા, વિશિષ્ટ તત્ત્વજ્ઞાન અને વિશિષ્ટ કથાસંગ્રહ નિશ્ચિત થયા પછી તે પરંપરા, સમાજના અંતિમ માનવ સુધી લઇ જવા જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તેના બે પ્રકાર છે. એક પરંપરા વિષ્ણુથી શરુ થઇ છે. વિષ્ણુએ બ્રહ્મદેવને ભાગવત આપ્યું, બ્રહ્મદેવે નારદને અને નારદે વેદવ્યાસને, વેદવ્યાસે શુકદેવને, શુકદેવે સૂતને આપ્યું અને સૂતે શૌનકને ભાગવત આપ્યું. આ પરંપરાનું વર્ણન ભાગવતના પહેલા, બીજા અને બારમા સ્કંધમાં છે. બીજી પરંપરામાં વિષ્ણુએ શેષને ભાગવત કહ્યું, શેષે સનતકુમારને, સનતકુમારે સાંખ્યાયનને, સાંખ્યાયને પરાશરને, પરાશરે મૈત્રેયને અને મૈત્રૈયે વિદુરને કહ્યું. આ બે પરંપરા છે. બન્ને પરંપરા પ્રભાવી છે. ભગવાન બુદ્ધિ આપશે અને વિસ્મૃતિ નહિ થાય તો, આ બે પરંપરા શા માટે છે, તેના વિષે વિચારીશું.

ભાગવતમાં કયાં વિષય વર્ણવાયા છે ? દ્વિતીય સ્કંધના દસમાં અધ્યાયના પ્રથમ શ્લોકમાં તેનું વર્ણન છે.:

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥ (भा. २/१०/१)

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતય:, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ, મુકિત અને આશ્રય– આ દસ વિષયો ભાગવતમાં છે.

હું આ વિષય ખાસ કહુ છું, કારણ, પંડિતો ભાગવતને નિમ્નસ્તરની સંહિતા માને છે. શા માટે ? તો કહે છે કે તેમાં વિકસન પરંપરાનો (order of Evolution) યોગ્ય ક્રમ આપેલો નથી. તેમનું કહેવું છે કે ભાગવતમાં પહેલાં સર્ગ અને પછી વિસર્ગ કહેવામાં આવ્યો છે, પરંતુ, **सर्ग**નો અર્થ શો છે ? **भूतमात्रेन्द्रियधियां जन्मसर्ग उदाहृतः** – પંચતન્માત્રા, પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચમહાભૂત, અહંકાર અને બુદ્ધિ-આને સર્ગ કહે છે. આની ઉત્પત્તિ પહેલાં થઇ અને તેને પ્રાકૃતિક સર્ગ કહે છે; સર્ગની પછી વિસર્ગ કહ્યો છે. વિસર્ગ એટલે પશુસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિ. પંડિતોનું શંકાસ્થાન અહીં છે. ભાગવત જ્ઞાનપૂર્ણ, જ્ઞાનપ્રધાન ગ્રંથ છે કે પછી તે અબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષોને સમજાવવા માટે લખેલો ગ્રંથ છે ? એવું હોય તો તેમાં **सर्ग** પછી **विसर्ग** કેમ કહ્યું છે ? જેઓ ભાગવતના હિમાયતી છે તે કહે છે કે છંદાનુક્રમ હોવાને કારણે એવું લખ્યું છે, પરંતુ આ ખરું નથી. કહેવાવાળો જ્યારે કહે છે ત્યારે સમજીને, જાણીબૂઝીને પહેલાં **सर्ग** અને પછી **विसर्ग** કહે છે. સર્ગ એટલે પંચજ્ઞાનેન્દ્રિય, પંચમહાભૂત, પંચકર્મેન્દ્રિય, અહંકાર અને બુદ્ધિ– આવો અર્થ સ્પષ્ટ ભાષામાં ભાગવતમાં લખેલો છે. કેટલાક ભણેલા લોકોને લાગે છે કે જ્યાં શરીરસૃષ્ટિજ નિર્માણ નથી થઇ ત્યાં ઈંદ્રિયો, મન, બુદ્ધિ નિર્માણ થયાં એમ કહેવું એ જ અશાસ્ત્રીય છે. આ બધી પ્રાણીસૃષ્ટિ નિર્માણ થવાં પહેલાં ઈંદ્રિયો કેમ નિર્માણ થઇ ? તે વાત તત્ત્વજ્ઞાનમાં બેસતી નથી. સામાન્ય લોકોને પણ એવી શંકા આવે છે કે પહેલાં સર્ગ અને પછી વિસર્ગ કેમ થાય ?

પરંતુ, ભાગવતકારે નિશ્ચિતરુપે કહ્યું છે: **'अत्र सर्गो विसर्गश्च...'** તેનો ક્રમ બદલવાનો આપણને અધિકાર નથી અને જરૂર પણ નથી. જેમણે "બ્રહ્મસૂત્ર" જેવો ગ્રંથ લખ્યો છે તેમણે ભાગવત લખ્યું છે. તે કોઇ સામાન્ય કથા કરવાવાળો વ્યાસ નથી. ઈંદ્રિયો, અહંકાર, બુદ્ધિ-જેને સર્ગ કહે છે-તે પ્રથમ નિર્માણ થયા અને ત્યારબાદ વિસર્ગ નિર્માણ થયો, એમ ભાગવતકાર કહે છે. ગ્રંથકારે **સર્ગ**નો અર્થ પોતે જ લખી રાખ્યો છે, તેથી તેમાં આપણે કંઇ ફેરફાર ન કરી શકીએ.

પચાસ-સો વર્ષ પહેલાં શિક્ષિત લોકો પશ્ચિમના લામાર્ક, ડાર્વિન અને હેગેલના ગ્રન્થો વાંચ્યા પછી ભાગવત જેવા પૌર્વાત્ય ગ્રન્થો પણ વાંચતા હતા. આજે તો એ બધું ચાલી ગયું છે. આજે તો માહિતી (Informative education) આવી ગઇ છે. ભણવાની શકિત ને વૃત્તિ ઓછી થઇ ગઇ છે, પરંતુ, તે કાળમાં એવું ન હતું. લામાર્ક, ડાર્વિન અને હેગેલ વાંચ્યા પછી, વિકાસવાદ વાંચ્યા પછી, એક શંકા નિર્માણ થાય છે કે પહેલાં ઈંદ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને બુદ્ધિ નિર્માણ થયા બાદ પશુસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિ નિર્માણ થઇ એમ કહેવું અશાસ્ત્રીય છે. તે શાસ્ત્રમાં બેસતું નથી. પરંતુ, અહીં પ્રશ્ન એ છે કે વિકાસવાદની સહાયતાથી શું જગતનું ગૂઢ રહસ્ય ખોલી શકાય છે કે ? વિકાસવાદે જગતનું ગૂઢ રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે એટલું જ કહી શકાય એમ છે, તેથી જ કહું છું કે વિકાસવાદ અને પુનર્જન્મવાદ, બન્નેનો જે સંબંધ છે તે બહુ મનોરંજક છે.

પુનર્જન્મનો વિચાર હમણાં આઘો રાખીએ તો પણ, મૃત્યુ બાદ જીવનનું અસ્તિત્વ રહે છે, એ પ્રત્યક્ષ સિદ્ધ થયેલી વાત છે. મૃત્યુ બાદના જીવનની વિકાસવાદની સાથે સંગતિ કેવી રીતે થશે ? આ એક બોધપ્રદ વિષય છે. સેમેટિક લોકો પુનર્જન્મ માનતા જ નથી, તો પણ મૃત્યુ બાદ જીવતત્ત્વ રહે છે એ સિદ્ધ થયેલી વાત છે. બાહ્ય સ્થૂલ દેહના મૃત્યુથી, સૂક્ષ્મદેહ-લિંગદેહનો નાશ થઇ શકતો નથી. બાહ્ય સ્થૂલ દેહ વગર પણ સૂક્ષ્મદેહ-લિંગદેહ રહી શકે છે; એટલું જ નહિ, બાહ્યદેહ ઉપર સૂક્ષ્મદેહ સત્તા પણ ચલાવે છે. દેહપાત બાદ જો સૂક્ષ્મદેહ જીવતો રહે છે તો, સ્થૂલદેહના અસ્તિત્વની પહેલાં પણ સૂક્ષ્મદેહ-લિંગદેહનું અસ્તિત્વ રહી શકે છે, એ તર્કસંગત વાત છે. સૂક્ષ્મદેહ એટલો શક્તિશાળી છે કે તેની સત્તા સ્થૂલદેહ ઉપર ચાલે છે. એક સ્થૂલદેહ છોડીને તે બીજો સ્થૂલદેહ બનાવી લે છે. આમ, સ્થૂલ દેહની પહેલાં ઈંદ્રિયોનું અસ્તિત્વ હોઇ શકે છે. સ્થૂલદેહ પહેલા ઈંદ્રિયો હતી નહિ એમ માનવું ખોટું છે અહીં ઈંદ્રિયોનો અર્થ હાથ, પગ વગેરે લેવાનો નથી. અહીં ઈન્દ્રિયો એટલે સૂક્ષ્મ ઈન્દ્રિયો, સ્થૂલ નહિ.

કેટલાક કહે છે કે, સૂક્ષ્મદેહ-લિંગ દેહ વગેરે વાતો કરીને તત્ત્વજ્ઞાને આ શો ગોટાળો ઉભો કર્યો છે ? તત્ત્વજ્ઞાનીઓને એવી આદત જ પડી ગઇ હોય છે ! તેઓ એવું એ કહેતા હોય છે કે જે સામાન્ય માણસની બુદ્ધિમાં ઉતરતું જ નથી ! શંકાની વાત એ છે કે, જ્યાંસુધી પ્રાણી સૃષ્ટિ નિર્માણ થઇ ન હોય ત્યાં સુધી ઈન્દ્રિયો અને બુધ્ધિનું નિર્માણ કેવી રીતે થઇ શકે ?

હવે ઈન્દ્રિયોનો પરિચય થયો તે પહેલાં સૂક્ષ્મ દેવ સંભવી શકે છે અને તે હતો એ આપણે જોયું. ભણેલા ગણેલા લોકો તો આ સૂક્ષ્મ દેહ સાથે વાત-વહેવાર પણ કરે છે! છતાં સૂક્ષ્મદેહ વિષે શંકા પ્રદર્શિત કરે છે, એ જ આશ્ચર્યની વાત નથી ? સૂક્ષ્મ દેહ-લિંગદેહ એ તત્વજ્ઞાનીઓએ ઉભો કેરલો ગોટાળો નથી, પણ સત્ય હકીકત છે.

પ્રત્યેકને સ્વપ્ન તો આવ્યું જ હશે. આપણે સ્વપ્નમાં ચાલીએ છીએ, બોલીએ છીએ, સાંભળીએ છીએ, લખીએ છીએ. આપણી સ્પર્શેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ કરીએ છીએ. એનો અનુભવ આપણને રાતદિવસ થતો હોય છે. તે વખતે સ્થૂલ દેહ હોય છે ? અને હોય તો ક્યાં હોય છે ? જો સ્થૂલ દેહ ન હોય તો તેનો તે અનુભવ થાય છે તે શું ખોટો છે ? તેનો સંબંધ સૂક્ષ્મ દેહ સાથે હોય છે. તેથી સ્થૂલ દેહ પહેલાં સૂક્ષ્મ દેહનું હોવું તર્ક સંમત છે, યોગ્ય છે, શાસ્ત્રીય છે. તેથી ભાગવતનું જે વિધાન છે કે, સૂક્ષ્મદેહ પહેલાં હોય છે તે બરાબર છે. આપણને શું આનો રોજનો અનુભવ નથી! સૂક્ષ્મદેહનો અનુભવ સત્ય છે. શંકરાચાર્યે તો તેના ઉપર વેદાંતનો એક શ્લોક લખ્યો છે.

स्वाप्नस्त्रीसंग सौख्यादपि भृशमसतो या च रेतश्च्युति स्यात्
सा दृश्या तद्वदेतत्स्फुरति जगदसत्कारणं सत्यकल्पम् ।
स्वप्ने सत्यः पुमान्स्याद्युवतिरिह मृषैवानयोः संयुतिश्च
प्रातः शुक्रेण वस्त्रोपहतिरिति यतः कल्पनामूलमेतत् ॥ (शत:श्लोकि/३६)

તો તે વખતે કઇ સૂક્ષ્મ ઈંદ્રિયો છે ? સૂક્ષ્મ ઈંદ્રિયો, સ્થૂલ ઈંદ્રિયોને છોડીને અનુભવ લે છે. તો પછી સ્થૂલ ઈંદ્રિયોથી પહેલાં સૂક્ષ્મ ઈંદ્રિયો નિર્માણ થઇ એમ કહેવાવાળા તત્ત્વજ્ઞાનીઓએ ગોટાળો કર્યો છે, એમ બોલવું એ શું તર્કસંમત છે ? તેથી ભાગવતે પહેલાં **सर्ग** લખ્યો છે તે તર્કસંમત છે. ભાગવતે **भूतमात्रेन्द्रिय धियां जन्म सर्ग उदाहृतः......** જોરથી, નિશ્ચિતરુપે કહ્યું છે. કંઇ પાદપૂર્તિ કે વાકયપૂર્તિને માટે પ્રથમ **सर्ग** પછી **विसर्ग** એમ નથી લખ્યું. ભાગવતે જે કહ્યું છે તે યોગ્ય ક્રમમાં કહ્યું છે. પ્રાકૃતિક સર્ગ પહેલાં હશે. તેમાં સૂક્ષ્મજ્ઞાનેન્દ્રિયો, સૂક્ષ્મદેહ, લિંગદેહ, પહેલાં હશે અને ત્યારબાદ જ વિસર્ગ નિર્માણ થશે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા, ખાસ કરીને લામાર્ક, ડાર્વિન અને હેગેલનો અભ્યાસ કરવાવાળા લોકોનો એવો આરોપ છે કે ભાગવતે ઉત્પત્તિની બાબતમાં આવો ગોટાળો કર્યો છે અને તેથી તે તો કેવળ એક વાર્તા કહેવાવાળો ગ્રંથ છે. પરંતુ, ભાગવતે જે કંઇ કહ્યું છે તે તર્કસંમત, શાસ્ત્રીય છે, તેમાં સંદેહ નથી.

સૂક્ષ્મદેહ વગર, સ્થૂલદેહની ઉત્પત્તિનો સંભવ જ નથી. પહેલાં સૂક્ષ્મદેહ અને ત્યારબાદ સ્થૂલદેહની નિર્મિતિ છે. સ્થૂલદેહની નિર્મિતિ બાદ ઈંદ્રિયો નિર્માણ નથી થઇ. પહેલાં સૂક્ષ્મદેહ, ત્યારબાદ તેને રમવાને માટે, તેની જરુરિયાતને લીધે સ્થૂલદેહની નિર્મિતિ છે. લામાર્ક, ડાર્વિન સ્વીકારવા હશે તો પણ પહેલાં સૂક્ષ્મદેહ અને ત્યાર બાદ સ્થૂલદેહની નિર્મિતિ માનવી પડશે. આ જ શાસ્ત્રીય સત્ય લાગે છે.

ભાગવત આદિ પૌરાણિક ગ્રંથ ચૈતન્યપૂર્વક સૃષ્ટિરચના માને છે. આપણી દૃષ્ટિએ આખી સૃષ્ટિ ઇચ્છાપૂર્વક છે; અને હેગેલ વગેરે સૃષ્ટિનિર્મિતિ ઇચ્છાપૂર્વક માનતા નથી. તેઓની દૃષ્ટિથી આખી સૃષ્ટિ જડપૂર્વક છે. ચૈતન્યપૂર્વક સૃષ્ટિનિર્મિતિ માનવવાવાળા પૌર્વાત્ય લોકો વધારે શાસ્ત્રજ્ઞ છે અને તેઓ જે કહે છે તે પૂર્ણ તર્કબદ્ધ છે.

આજની પેઢી તો વિચારતી જ નથી. તેના માટે તો વિચાર કરવો નકામો છે. તેને તો ફકત રોટલી, રમત અને સિનેમા કરતાં વધારે કશું જોઇતું નથી. તેઓ **पश्यति इति पशुः** – સ્થૂલ ઈંદ્રિયોને ખબર પડે છે, તેટલું જ માને છે. બીજું કંઇ માનતા નથી. પાછલી એક પેઢી એવી હતી

કે જે નહોતી નાસ્તિક કે નહોતી આસ્તિક. તે અજ્ઞેય વાદી (Agnostic) હતી. તેને તત્ત્વજ્ઞાનના પુરાતન સંસ્કાર હતા અને નવા વિચાર આવ્યા હતા. તેમણે સ્પેન્સર વાંચ્યો હતો અને લામાર્ક, ડાર્વિન, હેગેલને પણ વાંચ્યા હતા, તેથી, તેમની એવી દૃષ્ટિ થઇ ગઇ હતી અને તેથી જ તેઓ પૌરાણિક ગ્રંથ કંઇક નિમ્નસ્તરના છે એવું સમજતા હતા, એટલે ભાગવતે ઉત્પત્તિનો જે ક્રમ લખ્યો છે તે બરાબર નથી એવું માનતા હતા. આવા મોટા મોટા લોકો જે લખે છે તેમને યુનિવર્સિટીની મોટી મોટી ડિગ્રીઓ મળી હોય છે. તેમની યુનિવર્સિટીની લાંબી ડિગ્રીઓ જોઇને આપણે તેમને માન્યતા આપીએ છીએ અને તેમનું કહેવું આપણને સાચું લાગે છે.

પરંતુ જડપ્રધાન સૃષ્ટિ માનવાવાળા લોકો પણ પ્રચ્છન્ન (ગુપ્ત) ચૈતન્યવાદી નથી ? મારી દૃષ્ટિથી હેગેલ પણ પૂર્ણ જડવાદી નથી, તે પ્રચ્છન્ન ચૈતન્યવાદી છે. શંકરાચાર્ય ઉપર પણ લોકોએ 'તે પ્રચ્છન્ન બૌદ્ધ છે', એવો આરોપ કર્યો હતો. તે કાળના લાકોએ કહ્યું હતું કે શંકરાચાર્ય તત્ત્વજ્ઞાન તો વૈદિક કહે છે, પણ તે પ્રચ્છન્ન બૌદ્ધ છે. એવો આરોપ હું નથી કરતો. હું તો સિદ્ધ કરું છું કે હેગેલ ઈત્યાદિ તત્ત્વજ્ઞાનીઓ પ્રચ્છન્ન ચૈતન્યવાદી છે.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા લોકોને ખબર હશે કે હેગેલ ઈત્યાદિ તત્ત્વજ્ઞાનીઓનો Law of Substance શું છે ? હેગેલના આ Law of Substance મુજબ, પ્રકૃતિનો સ્વભાવ એવા પ્રકારનો છે કે, પ્રકૃતિમાં ચૈતન્ય ક્રમે ક્રમે વિકસીત થાય છે. હવે જો પ્રકૃતિમાં ચૈતન્ય વિકસીત થતું હોય તો એનો અર્થ જ એ છે કે પ્રકૃતિમાં, અવિકસીત રૂપમાં, અથવા અવ્યક્તરૂપમાં ચૈતન્ય મૂળથી હોય જ છે, તેથી જ એ વિકસીત થયું. ચૈતન્ય જ ન હોત તો એ વિકસીત થતે જ શી રીતે ? **नासतो विद्यते भावो नाभावो विद्यते सतः** (અસત્ મિથ્યા વસ્તુનું અસ્તિત્વ હોતું નથી અને સત્ (ચૈતન્ય)નો અભાવ હોતો નથી) તો પછી તેઓ ચૈતન્યપૂર્વક સૃષ્ટિ નિર્મિતિ માનવાવાળા લોકો છે જ. હેગેલના Law of Substance ના ઊંડા પાણીમાં હું અત્યારે નથી જતો. પરંતુ આપણા મગજમાં હોવું જોઇએ કે ભાગવત એક તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે. આ હું એટલા માટે કહું છું કે, ભાગવત પર પહેલો આરોપ એવો છે કે, તેમાં જે ઉત્પતિ દેખાડી છે તેમાં અવ્યવસ્થિતતા છે, કારણ, એમાં પહેલાં **सर्ग** અને પછી **विसर्ग** કહ્યો છે. પરંતુ ચૈતન્યપૂર્વક સૃષ્ટિ નિર્મિતિ થઇ છે, તેથી ભાગવતે પહેલાં **सर्ग** અને પછી **विसर्ग** કહ્યો છે, તે બરાબર જ છે.

૧. **सर्ग – भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः ।** પહેલા ઈંદ્રિયો અને બુદ્ધિ નિર્માણ થયા અને ત્યારબાદ શરીર નિર્માણ થયું એવું કહેનાર પુરાણ કેટલું બુદ્ધિનિષ્ઠ હશે એવું કેટલાક પૂછે છે, પરંત આપણે જોયું કે સૃષ્ટિની નિર્મિતિ ઇચ્છાપૂર્વક છે, જડપૂર્વક નથી, તેથી ઈંદ્રિયો અને બુદ્ધિ જ પહેલાં નિર્માણ થયાં છે. લિંગદેહ-સૂક્ષ્મદેહ જ પહેલાં નિર્માણ થાય અને તે સ્થૂલદેહ નિર્માણ કરી શકે છે. ઊંઘમાં-સ્વપ્નમાં આપણે તેઓ અનુભવ પણ લઇએ છીએ. તેમાં સ્થૂલદેહ વગર આપણે કંઇક ક્રિયા પણ કરીએ છીએ. સૂક્ષ્મદેહ, સ્થૂલદેહ વગર પણ કામ કરી શકે છે. ભાગવત એમ નથી કહેતું કે પહેલાં હાથ, પગ ઇત્યાદિ નિર્માણ થયા. તે કહે છે કે પહેલાં જ્ઞાનેન્દ્રિય અને પછી કર્મેન્દ્રિય નિર્માણ થઇ. તેને જ **सर्ग** કહે છે.

૨. **विसर्ग – सत्त्व,** રજ, તમ ઈત્યાદિ ગુણોના ન્યૂનાધિક્યથી જે એક સર્જન થાય છે તેને વિસર્ગ કહે છે. સાંખ્યશાસ્ત્રની દૃષ્ટિએ પણ સત્ત્વ, રજ, તમની સામ્યાવસ્થા એટલે પ્રકૃતિ છે.

તેમાં જ્યારે વિષમાવસ્થા થાય, ન્યૂનાધિક્ય થાય ત્યારે સૃષ્ટિનો વિરાટ પુરુષ નિર્માણ થાય છે. તે સૃષ્ટિનું વર્ણન વિસર્ગના રુપમાં આવે છે. તેને વૈયક્તિક સૃષ્ટિ કહે છે. તે સૃષ્ટિમાં વનસ્પતિ, પશુ, પંખી, પેટે ચાલવવાવાળા પ્રાણી, મનુષ્ય, રાક્ષસ, ગંધર્વ, પિશાચ ઈત્યાદિ થાય છે. પહેલાં પ્રાકૃતિક સૃષ્ટિ અને પછી વૈયક્તિક સૃષ્ટિ થાય છે, આમ કહેવું શાસ્ત્રીય છે.

જે **સર્ગ** છે તેને તત્ત્વજ્ઞાન ની ભાષામાં કહેવું હોય તો અભેદકર સર્જન (Undifferentiated creation) કહે છે અને **વિસર્ગ**ને ભેદકર સર્જન (Differentiated creation) કહે છે. સૃષ્ટિને નિર્માણ કરી, મનુષ્યને નિર્માણ કર્યો—આ બધું વિસર્ગમાં આવે છે. કેવળ મનુષ્યનું ખોખું નિર્માણ ન કર્યું પણ તેમાં કંઈક—સંજ્ઞાનમ્, વિજ્ઞાનમ્, આજ્ઞાનમ્, પ્રજ્ઞાનમ્ વગેરે ભર્યું. તેને કહે છે વિસર્ગ.

૩. **સ્થાનમ્ – સ્થાનમ્** એટલે શું ? કોઈપણ ગ્રંથનું અધ્યયન કરવું હોય તો તેની શાસ્ત્રીય પરિભાષા (Terminology) ની જાણ હોવી જોઈએ. તે જાણ ન હોય તો તેનું વિપરિત ભાષાંતર થઈ જાય. ઉદાહરણ તરીકે, વ્યાકરણશાસ્ત્રમાં '**गुण**' શબ્દ છે. તેનો અર્થ શો ? વ્યવહારમાં 'ગુણ' એટલે 'સારું લક્ષણ' એવો અર્થ થાય છે, પરંતુ, વ્યાકરણશાસ્ત્રમાં સ્વરોમાં જે ફેરફાર થાય છે તેને ગુણ કહે છે. દા.ત. **अदेङ्गणः अ**, નો **ए** અથવા **ओ** થાય તેને ગુણ કહે છે, સામાન્ય સંસ્કૃત આવડતું હોય તેમને પણ આની ખબર હોતી નથી, તેથી તરજુમો કરીને ગેરસમજ ઊભી કરે છે.

હઠયોગપ્રક્રિયામાં એક શ્લોક છે:

गोमांसं भक्ष्येत् नित्यं पिबेत् अमरवारुणीम् ।
कुलीनं तदहंमन्ये इतरे कुलघातकाः ॥

ગોમાંસ રોજ ખાવું જોઈએ અને દારુ રોજ પીવો જોઈએ. તે જે કરે તે કુલીન છે, ન કરવાવાળા કુલઘાતક છે. આવો સ્થૂલ અર્થ કરવાથી ગોટાળો જ ઊભો થાય. પરંતુ, હઠયોગની શાસ્ત્રીય પરિભાષા જુદી છે. તે જ પ્રકરણમાં **ગોમાંસભક્ષણ** કોને કહે છે તે લખેલું છે.

गोशब्देनोद्दितान् जिव्हा तत्प्रवेशो हि तालुनि ।
गोमांस भक्षयेन्नित्यम् महापातकनाशनम् ॥

કેવળ ભાષા આવડે એટલે ચાલતું નથી. તે ગ્રંથની શાસ્ત્રીય પરિભાષા પણ આવડવી જોઈએ.

સ્થાનમ્ નો અર્થ શો છે ? **भगवताः लोकमर्यादा पालनेन प्रकर्षः स्थानम्-स्थानम्** એટલે સ્થિતિ, કઈ સ્થિતિ ? સૃષ્ટિની ઉત્પત્તિ બાદ, એક અનુલ્લંઘનીય ઈશસત્તાત્મક કાયદાથી સૃષ્ટિનો ઉત્કર્ષ થયો છે. તે ઉત્કર્ષ કેવી રીતે થયો તે બતાવ્યું છે. તેને **સ્થાનમ્** કહ્યું છે. **उत्कर्षः नाम स्थानम् – उत्कर्षः नाम परमेश्वरः – स्थितिवैकुण्ठविजयः** । ઉત્પત્તિની બાબતમાં પરમેશ્વરનું જે ચાતુર્ય છે, વિજય છે, તેનું વર્ણન ભાગવતમાં છે. પરમેશ્વરે જે કાયદો-નિયમ બનાવ્યો છે તેનાથી જ સૃષ્ટિ ચાલે છે. તમે નિયમનો ભંગ નથી કરી શકતા. આવો નિયમ બનાવવાવાળો કેવો છે ? ઉદાહરણ તરીકે શરીર લો, પ્રકૃતિ લો, પશુસૃષ્ટિ લો. તે નિયમ મુજબ જ ચાલે છે. પશુના પેટમાં માનવ પેદા થતો નથી અને મનુષ્યના પેટે પશુ પેદા થયો નથી-આજ દિવસ સુધી ! કોઈ છગનલાલને ત્યાં બિલાડી જન્મી-એવું થાય છે ? નથી થતું. એનું કારણ તેની પાછળ કંઈ નિયમ છે. પરમેશ્વરના નિશ્ચિત નિયમ છે, તે જ તેનો ઉત્કર્ષ છે, તે તેનો વિજય છે.

શરીરનો વિચાર કરીએ, ડૉક્ટરો એટલું કહી શકે કે બ્લડપ્રેશર હોવું જોઇએ તો શરીર બરાબર ચાલે, અમુક બ્લડપ્રેશરથી તે વધવું ન જોઇએ એટલું ડૉકટરો કહી શકે. પરંતં, આટલું જ બ્લડપ્રેશર હોવું જોઇએ તેવો નિયમ કોણે બનાવ્યો ? શરીરમાં શર્કરા (Sugar) હોવી જોઇએ અને આટલી શર્કરામાંથી આટલી શકિત પેદા થાય તેનું પ્રમાણ ડૉક્ટરો કહી શકે. તે તમે વાપરો તો શરીર ચાલે. પરંતુ તે નિયમ ભગવાને બનાવ્યો છે અને તેની જાણકારી ફકત ડૉકટરોએ મેળવી છે. યકૃતમાં હેમોગ્લોબિન બને છે તેનો નિયમ કોણે બનાવ્યો ? ભગવાને. આ જ તેનો અલૌકિક વિજય છે. આજે ડૉકટરો તેનું પ્રમાણ બતાવી શકે છે, એ સાચું પણ મૂળમાં તે પ્રમાણ નકકી કોણે કર્યું ? ડૉકટરે કર્યું ? કે કોઇ માણસે કર્યું ? અમુક ટકા કરતાં શર્કરા શરીરમાં વધી જાય તો જોખમ ઊભું થશે તે ભગવાને નકકી કર્યું. તેથી જ તો ડૉકટરો, વૈજ્ઞાનિકો બૌદ્ધિક નમ્રતા (Intellectual modesty) થી કહે છે, 'જે છુપું હતું તે અમે બહાર કાઢયું છે. અમે તે નિયમ બનાવ્યો નથી. આ પ્રાકૃતિક નિયમ મુજબ બધું ચાલે છે.' આ જ ઉત્કર્ષ છે તે ભગવાનનો વિજય છે.

કેટલાક લોકો કહે છે કે ભગવાન છે તો પછી આટલી અવ્યવસ્થા જગતમાં કેમ છે ? અરે, કયાં અવ્યવસ્થા છે ? સૃષ્ટિમાં કોઇ ઠેકાણે અવ્યવસ્થા નથી. સૃષ્ટિ વ્યવસ્થિત ચાલે છે. તમે પ્રકૃતિ જુઓ, પશુસૃષ્ટિ જુઓ, મનુષ્ય સૃષ્ટિ જુઓ, તમે તમારું શરીર જુઓ, બધું નિયમબદ્ધ ચાલતું જોવા મળશે. તમે વિચાર કરીને નિયમ જાણી શકો છો કે આવું આવું હોવું જોઇએ. તેમાં ફેરફાર કરશો તો તકલીફ ઊભી થશે. તમારું લોહીનું દબાણ અમુક મર્યાદામાં જ હોવું જોઇએ, શરીરમાં અમુક ટકા જ શર્કરા હોવી જોઇએ, પરંતુ, આ બધા સંકેત નિર્માણ કોણે કર્યા ? એ વિજય કોનો છે ? આ ઉત્કર્ષ કોનો છે ? તે માનવનિર્મિત નથી. ભગવાને પ્રેમથી માનવને બુદ્ધિ આપી છે. પશુ કરતાં માનવમાં વિશેષ શું છે ? આમ તો માનવ કરતાં પશુસૃષ્ટિ પ્રભાવી છે, પરંતુ, માનવ પાસે બુદ્ધિ છે તે જ વિશેષ છે. નહિ તો, માનવ જેટલું દુર્બળ, નબળું પ્રાણી સૃષ્ટિમાં બીજું નથી. માનવનું અને પશુનું શરીર નિયમથી ચાલે છે. આ નિયમ નિશ્ચિત કરવાવાળાને **स्थानम्** કહે છે. અનાદિ કાળથી આજ સુધી ભગવાનના જે નિયમ છે તેમાંથી એક પણ નિયમ તમે તોડી નથી શકતા. આ ઉત્કર્ષનું વર્ણન તમને ભાગવતમાં વાંચવા મળશે. તમને ભાગવતમાં શું શું વાંચવા મળશે તે ભાગવતકારે જ લખી રાખ્યું છે.

૪. **पोषणम् – पोषणं तदनुग्रहः** – તેમાંથી જ સૃષ્ટિ નિર્માણ થઇ. પ્રભુ પર પ્રેમ કરવાવાળા અને પ્રભુનું કામ કરવાવાળાનું કૃપાથી રક્ષણ કરવું એવી પ્રભુની પ્રતિજ્ઞા છે. યોગ્ય રસ્તે ચાલવાવાળાને સંભાળવાની પ્રભુની પ્રતિજ્ઞા છે. તેને **पोषणम्** કહે છે. એનું કારણ જે અદૃષ્ટ શકિત પર વિશ્વાસ રાખીને ચાલવા લાગે તેને તકલીફ અને કઠણાઇ પણ આવે. અદૃષ્ટ ભગવાન ઉપર પ્રેમ કરવો બહુ કઠણ છે. જે દેખાય છે તેના પર પ્રેમ થઇ શકે છે. પરંતુ, જે અદૃષ્ટ છે તેના પર પ્રેમ કેવી રીતે થાય ? ભગવાને બધાનાં શરીરો પ્રમાણબદ્ધ અને નિયમબદ્ધ બનાવ્યાં છે. તે જ તેને ચલાવે છે, સંભાળે છે, પરંતુ, કોઇને તેની કદર (Appreciation) છે ? તેનો પ્રેમ સમજવો તો દૂર રહ્યો, ઊલટું, માણસ સિગારેટનો ધુમાડો કાઢતાં પૂછે છે, 'કયાં છે ભગવાન ?' અરે, તું જે શકિતથી આ શબ્દો ઉચ્ચારે છે તે જ ભગવાન છે. તે શક્તિ ન હોત તો તું આ શબ્દો પણ ઉચ્ચારી ન શકત, પરંતુ, આવું બેધડક કહેનારાની પાછળ લોકો

દોડે છે. એનું કારણ, ભગવાને તેને બુદ્ધિ આપી છે ને ! ભગવાને બુદ્ધિ આપી છે પણ માણસે નિશ્ચિત કર્યું છે કે બુદ્ધિ જ ન ચલાવવી. વોલ્ટેરે એક જગાએ કહ્યું છે કે ભગવાને માનવને બુદ્ધિ આપી છે પણ માણસે પ્રતિશોધ લીધો છે કે હું બુદ્ધિ નહિ જ ચલાવું. તે જીવનમાં, ધર્મમાં, અધ્યાત્મમાં, તત્ત્વજ્ઞાનમાં-કોઇ પણ ઠેકાણે બુદ્ધિ ચલાવતો નથી. 'હું બુદ્ધિ નહિ જ ચલાવું' એવો તેનો અસત્યાગ્રહ છે. ભગવાન કહે છે કે પોષણ કરવાવાળો હું છું. ભગવાને ગીતામાં તે જ કહ્યું છે: **'योगक्षेमं वहाम्यहम्....** જે અનન્યચિત્ત હશે તેનો યોગક્ષેમ હું ચલાવીશ'. યોગક્ષેમનો અર્થ ફકત દાળ-રોટલી નથી. **अप्राप्तस्य प्रापणं नाम योग** અને **लब्धस्य परिरक्षणं नाम क्षेम** – (જે મળ્યું નથી તે મેળવવું એનું નામ યોગ અને જે મેળવ્યું છે તેનું સંરક્ષણ કરવું એનુ નામ ક્ષેમ) આ યોગક્ષેમની વ્યાખ્યા છે. ભગવાન કહે છે: 'તું યોગ્ય રસ્તે ચાલતો હોઇશ, તું અનન્યચિત્ત હોઇશ, તો તારા યોગક્ષેમની જવાબદારી મારી છે. જો તારી જવાબદારી હું ઉપાડતો ન હોઉં તો સમજી લે કે તું અનન્યચિત્ત નથી.' જે ભગવાન સાથે અનન્યચિત્ત છે તેનો આ જવાબ છે. **पोषणं तदनुग्रहः** -આ **पोषणम्** નુ વિસ્તારથી વર્ણન તમને ભાગવતમાં મળશે.

૫. **ऊतय – ऊति** એટલે કર્મવાસના—વાસના શા માટે ? આ પહેલો પ્રશ્ન ઊભો થાય છે. કર્મથી ફળ અને ફળથી વાસના અને વાસનાથી જન્મ અને જન્મથી ફરી કર્મ—આવું ચક્ર ચાલ્યા કરે છે. તેનું વર્ણન ભાગવતમાં છે. તેવી જ રીતે સારાં કર્મો અને ખરાબ કર્મોની ચર્ચા પણ તેમાં છે. જેને આપણે પુણ્યકર્મ અને પાપકર્મ કહીએ છીએ તે પુણ્યકર્મની ગતિ કઇ અને પાપકર્મની ગતિ કઇ, તે વિષય પણ ભાગવતમાં છે.

૬. **मन्वन्तरः** – આ શાસ્ત્રીય શબ્દ છે. મન્વન્તરનો અર્થ લોકો કાળ સમજે છે, પરંતુ ભાગવત કહે છે– **मन्वन्तराणि सद्धर्म...** મન્વન્તર એટલે સદ્ધર્મનું પાલન. સગુણ અને દૃષ્ટ સૃષ્ટિની નિર્મિતિ પછી, તેને ચલાવવા માટે કંઇ નિયમ બનાવ્યા છે. તે નિયમ બનાવવાવાળા અને સમજાવવાવાળાને દેવતા માન્યા છે. તે દેવતાને મનુ કહે છે. **मनुस्मृति**નો આ જ અર્થ છે. મનુ કયારે થયા, કેટલા થયા ? મન્વન્તર ઘણા છે અને મનુ પણ ઘણા થયા છે. મનુ ઠેકઠેકાણે ગયા છે. એક ભાઇ કહે કે મનાલીમાં મનુ છે. અરે, મનુ બધે જ છે. હમણાં મનુનું સ્મરણ કરીએ છીએ તો અહીં પણ મનુ છે. સત્ધર્મના પાલન અને તેના નિયમ માટે મનુ બધે જ ફર્યા છે. તેને જ મન્વન્તર કહે છે.

૭. **ईशानुकथा** – શ્રીહરિ અને એના ભકતના ચરિત્રની કથા. સૃષ્ટિમાં અનંત ચમત્કાર છે. અરે, માનવશરીરમાં પણ ચમત્કાર છે. ડૉક્ટરોને પૂછો તો કહેશે. ક્રોમોસોમ થિયરી (Cromosom theory) પ્રમાણે શરીરમાં અડતાળીસ રંગપરમાણું છે, પરંતુ, પુરુષના વીર્ય (Semen) અને સ્ત્રીના રજ (Ovum) માં ચોવીસ રંગપરમાણું છે. શા માટે ? વીર્ય અને રજ મળીને નવું શરીર તૈયાર થાય તેમાં અડતાળીસ રંગપરમાણું થવા જોઇએ તે માટે. પુરુષના વીર્ય અને સ્ત્રીના રજમાં ચોવીસ રંગપરમાણું ન હોત તો શરીરમાં અવ્યવસ્થા થઇ જાત. તેનો કંઇ નિયમ છે તેથી જ પુરુષના વીર્ય અને સ્ત્રીના રજમાં ચોવીસ રંગપરમાણું છે. આવું કેમ છે ? આ જ ચમત્કાર છે. સૃષ્ટિમાં આવા તો અનેક ચમત્કારો છે.

અવકાશમાં વિવિધ ખગોલો, ગુરુત્વાકર્ષણના નિયમથી અદ્ધર રહ્યા છે. તે અદ્ધર કેવી રીતે

રહ્યા છે ? તેને કોઇ જ આધાર નથી, તે છતાં તે અદ્ધર રહ્યા છે. વૈજ્ઞાનિકો તેનું કારણ કહે છે કે ગુરુત્વાકર્ષણને લીધે તે અદ્ધર રહે છે. સૃષ્ટિ આટલી નિયમબદ્ધ અને ચમત્કારોથી ભરેલી છે. આટલું હોવા છતાં ભગવાનને સગુણ અવતાર લઇને અહીં આવવાની જરુર પડે છે. સામાન્ય માણસને સામાન્યં ચમત્કાર જ જોઇએ. ભગવાને આ બધા ખગોલો અદ્ધર રાખ્યા છે તેની બાબતમાં આપણને ચમત્કાર જેવું કંઇ લાગતું નથી, પરંતુ, ગોપાલકૃષ્ણે ગોવર્ધન પર્વત ઉપાડયો,– આ સાંભળીને, આપણે આશ્ચર્યચકિત થઇએ છીએ. તે આપણને ચમત્કાર લાગે છે. આ સૃષ્ટિ એટલા ચમત્કારોથી ભરેલી છે કે તે લાજવાબ છે ! તે માટે ઇશકથા કહેવાની આવશ્યકતા છે.

સગુણ-સાકાર શકિત, **कर्तुं अकर्तुं अन्यथा कर्तुं समर्थ** હોવા છતાં તે મનુષ્યાકાર લે છે. શા માટે ? સામાન્યોને પ્રયોગ દ્વારા સાબિતી આપવા, કર્મયોગી ભક્તોને મદદ આપવા અને જ્ઞાની ભક્તોની સાથે રમવાને માટે ભગવાનનો અવતાર થાય છે. તે અવતારનું ભાગવતમાં વર્ણન છે.

ભાગવત સાંભળવાવાળાને સર્ગ, વિસર્ગ, પ્રકૃતિ વગેરે શું છે, સત્ત્વ, રજ, તમ શું છે ? તે બાબતમાં રસ પડતો નથી. તેમને ઇશકથામાં સગુણસાકાર રુપ લઇને જે શકિત આવે છે, તેમાં રસ પડે છે. ભાગવતમાં ભગવાને ઉદ્ધવને જે કહ્યું તે જ જુદારુપે ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ (गी. अ. ४/८)

ભગવાન અવતાર લઇને શા માટે આવે છે ? તે સૃષ્ટિને સુધારવા કે દુષ્ટોને મારવા માટે આવતા નથી, કારણ, ભગવાન ઇચ્છે તો, ઉપર બેસીને પણ દુષ્ટનું હાર્ટફેઇલ કરીને તેને મારી શકે છે. તે માટે અહીં આવવાની જરુર નથી. જો અહીં છગનલાલનું હાર્ટફેઇલ થાય તો કંસનું શા માટે ન થાય ? તો પછી અનંત ચમત્કાર કરવાવાળા ભગવાન અવતાર લઇને શા માટે આવે છે ? જે કર્મયોગી છે તેને મદદ કરવા માટે, અને જ્ઞાની ભકત સાથે રમવા આવે છે. આવી ઇશકથા, ભગવાને ભકતને સંભાળ્યા છે તેવી કથા, સામાન્ય માણસના મગજમાં ઇશવિશ્વાસ નિર્માણ કરે છે. વિશ્વાસ નિર્માણ કરવાને માટે ઇશકથા છે અને આવી ઇશકથા અને તેના ભકતોની કથા ભાગવતમાં આવે છે.

૮. **निरोध**-એટલે **निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभीः** પરમેશ્વર પોતાની યોગનિદ્રામાં શાંત થયા બાદ, સકળ સૃષ્ટિ તેનામાં લીન થઇ જાય છે. પરમેશ્વરની જાગૃતિ એટલે સૃષ્ટિની ઉત્પત્તિ અને પરમેશ્વરની નિદ્રા એટલે સૃષ્ટિનો લય. તેના માટે ભાગવતકારે નિરોધની ચર્ચા કરી છે. પહેલા સ્કંધના પહેલા શ્લોકમાં જ **जन्माद्यस्य यतः....** તેમાં આ જ સમજણ આપી છે. તે સમજ્યા બાદ **अत्र सर्गोविसर्गश्च...** આ સમજવાનું છે. આ જ ભાવના અપરોક્ષ જ્ઞાનથી દઢ થાય છે, અને ભેદપ્રતીતિ ખલાસ થાય છે. તેને મુકિત કહે છે.

૯. **मुक्ति** – જ્યાં ભેદપ્રતીતિ ખતમ થાય છે, વ્યક્તિની બાબતમાં ભેદ ભગવાનની બાબતમાં ભેદ અને પોતાના અને ભગવાનમાં ભેદ, આ ભેદપ્રતીતિ ખલાસ થાય તેને જ 'અપરોક્ષાનુભૂતિ' કહે છે. ભાગવતમાં જે સામાન્ય કથાના રુપે કહ્યું, તે જ તત્ત્વજ્ઞાનના ગ્રંથમાં 'અપરોક્ષાનુભૂતિ' કહીને લખ્યું. વાસના નિર્માણ થાય છે અને જાય છે. મુકિતનો અર્થ શું ? વાસના હોવી એ જીવન છે અને વાસના ન હોવી એ મુકિત છે. તેના માટે અપરોક્ષાનુભૂતિ સમજાવી

છે. ભગવાન પરોક્ષ નથી અને પ્રત્યક્ષ પણ નથી. જો પ્રત્યક્ષ હોય તો દેખાડો. જો ન દેખાડી શકો તો પરોક્ષ છે એમ કહો. એમ હોય તો તેના વગર વ્યવહાર કરી દેખાડો. ભગવાન પ્રત્યક્ષ પણ નથી અને પરોક્ષ પણ નથી; તેથી જ અપરોક્ષાનુભૂતિ શબ્દ આવ્યો. અપરોક્ષનુભૂતિનું સંક્ષિપ્તમાં વર્ણન કરવું હોય તો એટલું જ કહી શકાય કે ભગવાન દૂર નથી, તેને આવવામાં વાર નથી અને તે બીજો નથી. **(वो दूर नहि, देर नहि और दूसरा नहि)**. તેને જ મુક્તિ કહે છે.

૧૦. **आश्रय –** આગળ સમજાવ્યા તે નવ વિષયનો આશ્રય છે 'પરબ્રહ્મ'. આ દસ વિષયો તમને ભાગવતમાં વાંચવા મળશે. તેના કરતાં અગિયારમો વિષય ભાગવતમાં નથી. કોઇ પણ શ્લોકમાં કોઇ ચર્ચા હશે તે આ દસ વિષયોની આસપાસ ફરતી હશે.

ભાગવત ગ્રંથ નિર્માણ થયો પરંતુ, માણસને તેમાં પોતમેળે રુચિ નિર્માણ નથી થતી. માણસને તેનાથી ફાયદો શો થશે તે દેખાડવું પડે છે. આજે ગીતા વાંચીને પણ મને ફાયદો શો થશે ? બધાના મગજમાં આ વિચાર ઘૂસી ગયો છે કે ફાયદા વગર કંઇ જ કરવું નથી. અરે, એક વાત તો એવી કરો કે જેમાંથી મને કંઇ ફાયદો નહિ જોઇએ. આટલા ધંધા કરવાવાળા લોકો છે પણ તેમણે એકપણ એવો ધંધો કર્યો છે કે જેમાંથી ફાયદો ન થવાનો હોય ! મને ફાયદો નથી જોઇતો તે છતાં તેટલા જ પ્રેમથી અને દિલથી તે ધંધો કરુ છું, એવું કહેનાર એક પણ માણસ મળશે નહિ. તેઓ કહે છે કે ફાયદા વગર કોઇ ધંધો કરતો હશે તો તે અમારામાંનો નથી. તેને તે ધંધો કરવા દો. અમારા જીવનમાં ફાયદા વગર કંઇ કરવાનું છે જ નહિ. તેથી જ ગીતાની પણ ફલશ્રુતિ લખી છે. મને તો એ સાંભળીને આશ્ચર્ય થયું. જેવી રીતે અંગ્રેજીમાં જે કંઇ લખ્યું હોય તેને પ્રતિષ્ઠા આવી જાય છે. તેવી રીતે, જે સંસ્કૃતમાં લખ્યું છે તે લોકોને સાચું લાગે છે અને તેને માન્યતા મળે છે. તે લખાણ બુદ્ધિનિષ્ઠ છે કે ? પરંતુ, લોકોને લાગે છે કે જે જે અંગ્રેજીમાં લખવામાં આવે છે તે બુદ્ધિનિષ્ઠ હોય છે, તેવી રીતે જે જે સંસ્કૃતમાં લખેલું હોય છે તે તે પવિત્ર લાગે છે.

આપણે જ્યારે તીર્થક્ષેત્રમાં જઇએ છીએ ત્યારે ત્યાંના પંડાઓ આપણને કંઇ પુરાણના શ્લોક દેખાડે છે. પછી કહે છે કે, 'આ તો સંસ્કૃતમાં લખ્યું છે !' અરે, સંસ્કૃતમાં તો બદમાશી પણ લખેલી હોઇ શકે. એનું કારણ જે ભાષા સાર્વત્રિક છે તેમાં બધા વિષયો આવી જ જાય છે. લોકો સમજે છે કે સંસ્કૃતમાં જે જે લખેલું છે, તે પવિત્ર છે.

साहसे श्रीः प्रतिवसति - આ લખાણ સંસ્કૃતમાં છે. શાળામાં વિદ્યાર્થીઓને તેના પર નિબંધ લખવા માટે પણ કહેવામાં આવે છે; અને મોટા મોટા લોકો પણ તેના પર નિબંધ લખે છે. લોકોને લાગે છે કે આ વાકય શ્રુતિ કે સ્મૃતિમાંથી લીધું હશે, કારણ, તે સંસ્કૃતમાં છે. પરંત, તેમને ખબર નથી કે આ વાકય **मृच्छकटिक** નામના નાટકમાં ચોરના મોઢે ઉચ્ચારાયેલું-વાકય છે. મારે એટલું જ કહેવાનું છે કે ગીતાની ફલશ્રુતિ લખેલી છે. પહેલો અધ્યાય વાંચીને, બીજો અધ્યાય વાંચીને... આમ અઢારે અઢાર અધ્યાય વાંચીને શો ફાયદો મળે તેની ફલશ્રુતિ લખેલી છે. મને તો લાગે છે કે ગીતાની ફલશ્રુતિ લખીને ગીતાને જ મારી નાખી છે, કારણ, ગીતા કહે છે કે વગર ફાયદે પણ એકાદ કામ કરી દેખાડ અને આ લોકો ગીતાની ફલશ્રુતિ લખે છે !

ભાગવત ગ્રંથની મહત્તા બુદ્ધિથી સમજવી જોઇએ. તે જ્યાંસુધી બુદ્ધિમાં આવતી નથી ત્યાંસુધી તેની ફલશ્રુતિ પણ જોઇએ. તેથી જ ભાગવત વાંચવાની શરુઆત ભાગવત માહાત્મ્યથી

થાય છે. ભાગવતની મહત્તા કઇ છે ? ભાગવતનું માહાત્મ્ય સમજાવતી વખતે શુકદેવનું વર્ણન પ્રથમ આવે છે.

જે બોલવાવાળો છે તેનું વર્ણન થવું જ જોઇએ. બોલવાવાળા ઉપર જ્યાંસુધી દિલમાં પ્રેમ નથી, આદર નથી, ત્યાંસુધી જે બોલાય છે તેનું પરિણામ થતું નથી. મા જે કંઇ કહે છે તેનું મારા પર ત્યારે જ પરિણામ થશે, જો મને **मातृदेवो भव** લાગતું હોય તો. તો જ સંસ્કાર પડે. તેથી મારે, મારા કલ્યાણ માટે જ **मातृदेवो भव** માનવાનું છે, માને માટે નહિ. લોકો એમ સમજે છે કે માને સંતુષ્ટ કરવાને માટે માને નમસ્કાર કરવાના છે, પરંતુ, એવું નથી. મારા મગજમાં માને માટે પ્રેમ અને આદર હોય તો માના બોલવાનું મારા પર પરિણામ થાય, તેથી બોલવાવાળા શુકદેવજીની મહત્તા ગાઇ છે. શુકદેવજી ભાગવતના વકતા છે અને તે જ્ઞાની છે. તે દર્શાવવા ભાગવતમાં એવો પ્રસંગ આવ્યો છે કે શુકદેવજી ઘરમાંથી નીકળી પડયા છે.

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं. सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥ (भा. १/२/२)

વિરહકાતર થયેલા બાપનું દિલ પુત્રને બોલાવે છે. તે વખતે પુત્ર (શુકદેવ) વિચારે છે કે હું કેટલો જ્ઞાની છું તે પિતાને સમજાવવું જ જોઇએ. પરંતુ, પોતાના મોઢે હું આ વાત કેમ કહું ? તેથી, પોતે કેટલા જ્ઞાની છે તે બતાવવા માટે પોતાના મોઢે જવાબ આપવાને બદલે વૃક્ષમાંથી જવાબ આપ્યો: 'સર્વવ્યાપક ચૈતન્યનું જ્ઞાન મને છે, એટલું જ નહિ, તેનો અનુભવ પણ આવ્યો છે.' જ્ઞાન જુદું અને સમજણ (Understanding) જુદી. શુકદેવને તેનો અનુભવ છે. ભાગવતને કહેવાનું છે કે ભાગવતનો વકતા અગતિક થઇને આવ્યો નથી. ભાગવતના વકતા જ્ઞાની છે. એટલુંજ નહિ, સર્વવ્યાપક ચૈતન્યનો તેને અનુભવ પણ થયો છે. એ દ્રષ્ટિથી ભાગવત તરફ જોવું પડશે.

ભાગવતનો વકતા એક આર્ત કે જિજ્ઞાસુ ભકત નથી, રડવાવાળો ભકત નથી કે મને ભગવાન મળશે કે નહિ ? ભગવાન કેમ ન મળે ? તે તો મારી સાથે જ છે અને તે જ ભગવાન સર્વત્ર છે, એવી સમજણ પોતાને આવી ગઇ છે તે બતાવવા, શુકદેવે પિતાને વૃક્ષમાંથી જવાબ આપ્યો. કોઇ અગતિક વ્યકિતએ ભાગવત કહ્યું નથી. ભાગવતનો વકતા પરમ જ્ઞાની છે.

ભાગવતની મહત્તા પહેલાં સમજવી જોઇએ. ભાગવતમાં વૈદિક દ્રષ્ટિથી તત્ત્વજ્ઞાન ભરેલું છે અને ભાગવતે વૈદિક ભકિત કહી છે. એકનાથ મહારાજે તે જ સમજાવ્યું. જ્યારે લોકોને ખબર પડી કે એકનાથ ભાગવત કહેવાના છે ત્યારે તેમને લાગ્યું કે શાસ્ત્રીય ચર્ચા કરવાને માટે ભાગવત નકામું છે. પરંતુ, એકનાથે કાશીમાં જઇને ભાગવત પર પ્રવચન કર્યું. ભાગવતને એક પુરાણ સમજીને નિમ્નકક્ષાનું સમજવાવાળા પંડિત લોકો, એકનાથની મશ્કરી કરવા આવ્યા, પરંતુ, જ્યારે એકનાથે સમજાવ્યું કે વૈદિક તત્ત્વજ્ઞાન તથા પ્રખર અને તેજસ્વી ભકિત ભાગવતમાં કહેલી છે ત્યારે પંડિતો દિગ્મૂઢ થયા. આજના નહિ, તે જમાનાના કાશીના પંડિતો સાંભળવા આવ્યા હતા. આજના પંડિતો જેવા તે ન હતા. આજે તો પંડિત નામની અટક હોય છે. તે જમાનામાં જેની પંડા બુદ્ધિ છે તેને પંડિત કહેતા હતા. આવા ખરા અર્થના પંડિતો જ્યારે એકનાથને સાંભળવા એકઠા થયા, ત્યારે એકનાથને મોઢે ભાગવત સાંભળ્યા પછી તેમને લાગ્યું કે કહેવાવાળામાં જો શકિત હોય, દ્દષ્ટિ હોય, મગજમાં વૈદિક તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો ભરેલા હોય તો ભાગવત જુદું જ

લાગે. એકાનાથના મોઢે પૂરું ભાગવત સાંભળ્યા પછી પંડિતોએ કહ્યું: 'અમને આજ સુધી એમ લાગતું હતું કે ભાગવતમાં વૈદિક તત્ત્વજ્ઞાન, તેની તેજસ્વિતા, વૈદિક જીવનપ્રણાલી, ભક્તિપ્રણાલી અને વિચારપ્રણાલી કેવી રીતે મળે ? પરંતુ, આજે અમને ખબર પડી કે ભાગવત કહેવાવાળા પર તેનો આધાર છે. અમારે તમારી પાલખી ઉપાડવી છે.'

તે વખતે એકનાથે બૌદ્ધિક નમ્રતા અને પ્રામાણિકતાથી કહ્યું: 'આ મહત્તા મારી નથી, ભાગવત ગ્રંથની છે. જો તમારે પાલખી ઉપાડવી જ હોય તો ગ્રંથની ઉપાડો, મારી નહિ !' અરે, એકનાથની યોગ્યતા કેટલી હતી ! જેના ઘરે પ્રત્યક્ષ ભગવાન પાણી ભરતા હતા. **श्री एकनाथ सदनि माधवजी हे सर्व काम करितो । स्वकरे चंदन घासी गंगेचे पाणी कावडी भरतो॥** તે એકનાથે આટલી નમ્રતાથી કહ્યું કે ભાગવત ગ્રંથની પાલખી ઉપાડો. તે દિવસથી આજ સુધી જ્યાં ભાગવત વંચાવાનું હોય, તે સ્થળે સ્ત્રીઓ ભાગવત ગ્રંથને માથા ઉપર ઉપાડીને કથા સ્થળે પધરાવે છે. આજે તો પુરુષવર્ગને ભાગવતમાં રસ નથી અને સ્ત્રીઓ ભાગવતને માથા પર શા માટે ઉપાડીને પધરાવે છે, તે પ્રણાલી કેવી રીતે શરુ થઇ તેની કોઇને ખબર નથી.

તે જમાનાના વિદ્વાનોની આ વાત છે. આપણને તો વિદ્વાન એટલે કોણ તે પણ ખબર પડતી નથી. તેવા વિદ્વાનો આજે શોધ્યા નહિ જડે. તે વિદ્વાનોએ ભાગવત ગ્રંથને મસ્તક પર ઉપાડવાની પ્રણાલિકા શરુ કરી. જ્યાંસુધી ગ્રંથની મહત્તા આપણા દિલમાં નથી વસતી, ત્યાંસુધી તેનું પરિણામ આપણા જીવન ઉપર થતું નથી. જેમ વક્તાની મહત્તા દિલમાં હોવી જોઇએ તેમ ગ્રંથની મહત્તા પણ દિલમાં હોવી જોઇએ.

કુરાન ઉપર જુદી જુદી ટીકાઓ છે. તેમાં મૌલાના અબુલ કલામ આઝાદની ટીકા છે તે બહુ જ સારી છે. કુરાન પુરાણ જેવું જ છે, પરંતુ તેમણે કુરાન બુદ્ધિનિષ્ઠ છે એવું દેખાડવાનો પ્રયત્ન કર્યો છે. તે વાંચીને તેમને "મૌલાના" કહે છે તે સાર્થક લાગે છે. મૌલાના અબુલ કલમ આઝાદનો ગ્રંથ જ્યારે તૈયાર થયો ત્યારે કલકત્તાના મોટા મોટા વેપારીઓએ પોતાની મા કે પોતાના બાપને તે ગ્રંથ સમર્પણ કરવા કહ્યું. તેના માટે તેઓ સારા પૈસા આપવા પણ તૈયાર હતા. ગ્રંથ કોને અર્પણ કરવો તેના વિષે મૌલાના વિચારતા હતા.

એક રાત્રે એક અજ્ઞાત મુસાફરે મૌલાનાનો દરવાજો ખડખડાવ્યો. તેમણે દરવાજો ખોલ્યો તો સામે એક આરબ ઊભો હતો. તેણે પૂછયું: 'આપ મૌલાના અબુલ કલામ આઝાદ છો ?' 'હા, કેમ ?' તેમણે કહ્યું: 'હું એક સામાન્ય આરબ છું. મેં સાંભળ્યું છે કે તમે કુરાન ઉપર એક ટીકા લખી છે. એ શું સાચી વાત છે ?' મૌલાનાએ કહ્યું: 'હા, મેં કુરાન પર ટીકા લખી છે.' તે જમાનામાં તેની એક પ્રતની કિંમત ચાલીસ રૂપિયા હતી.

આરબે કહ્યું: 'મારી પાસે પૈસા નથી તેથી હું કાબુલથી કલકત્તા સુધી ચાલતો આવ્યો છું. મેં આવવા-જવાનો ખર્ચ ટાળી આ રકમ બચાવી છે. તે તમે લઇ લો અને મને તેની એક પ્રત આપો.'

આ સાંભળીને આઝાદનું હૃદય ભરાઇ આવ્યું. તેમને લાગ્યું કે કુરાન આની સાથે જ બોલશે, બીજા કોઇ સાથે બોલશે નહિ; તેથી તેમણે તે ગ્રંથ તે આરબને જ અર્પણ કર્યો અને લખ્યું: 'કાબુલથી કલકત્તા પગે ચાલીને આવેલા એક અજ્ઞાત મુસાફરને અર્પણ !'

તાત્પર્ય એ કે ગ્રંથ અને ગ્રંથકર્તા માટે જો તમને આદર-પ્રેમ ન હોય તો ગ્રંથની લીટીઓ તમારી સાથે બોલશે નહિ. ગ્રંથનું તમારા પર પરિણામ પણ ન થાય, તેથી જ ગ્રંથ અને ગ્રંથકારની મહત્તા કહેવામાં આવે છે.

ભાગવત માહાત્મ્યમાં ભક્તિ અને નારદના સમાગમની કથા કહી છે. નારદ કહે છે: 'હું જુદાં જુદાં તીર્થક્ષેત્રો પર ગયો હતો, પરંતુ, ત્યાં એટલી દુર્ગંધ આવતી હતી કે વાત ન પૂછો. ત્યાં હું તપસ્વીઓને મળ્યો, પરંતુ, તેઓ લાચાર બની ગયેલા લાગ્યા. તેમાં પંડિતો પણ હતા પરંતુ, **ते सर्वे धनवृद्धानां द्वारि तिष्ठन्ति किङ्कराः** – ધનવાનોની સામે લાચાર થયેલા જણાયા. તેમના મગજમાં-મૂર્તિપૂજા શા માટે ? ભકિત શા માટે ? શું ભકિત એ ભગવાનની ખુશામત છે ? જેણે આ સૃષ્ટિ બનાવી, તેની ખુશામત કરવાથી તે શું પ્રસન્ન થશે ?—આવો કોઇ પ્રશ્ન આવતો જ નથી.'

ત્યારબાદ નારદજી યમુનાના તટ ઉપર આવ્યા. ત્યાં તેમણે એક જુદું જ ચિત્ર જોયું. એક સ્ત્રી રડતી હતી. તેની પાસે બે ઘરડા બેઠા હતા. તે સ્ત્રી ભકિત હતી; અને તેની પાસે બે જણ, એક જ્ઞાન અને બીજો વૈરાગ્ય, ઘરડા બનીને બેઠા હતા. તેમને જોઇને નારદજીને દુ:ખ થયું.

નારદજીએ પૂછયું: 'તમે કોણ છો?'

તેણે કહ્યું: 'હું ભક્તિ છું.'

આમાં ભકિતની વ્યથા છે. લોકો એમ સમજે છે કે લોકોમાંથી ભકિત ચાલી ગઇ હતી, પરંતુ, આ તેવી વાત નથી. આ ગ્રંથ હજારો વર્ષ પહેલાંનો છે, તે સમયની આ વાત છે. આજે પણ ભકિત ચાલે છે. તો શું તે સમયે નહિ હોય? આજે પણ મુંબઇમાં એક મંદિરમાં ગણપતિના દર્શન કરવા હોય તો ઓછા નામે ચાર કલાક લાઇનમાં ઊભા રહેવું પડે ત્યારે જ દર્શન થાય. આ શું ઓછી ભકિત છે? ભકિત ઓછી નથી. ભકિતમાં તો પૂર આવ્યું છે, પરંતુ, પૂરનું પાણી પીવામાં ઉપયોગી થતું નથી અને તેનાથી તૃપ્તિ પણ મળતી નથી. પૂરનું પાણી કામનું નથી. તે જમાનામાં પણ ભક્તિ ઘણી હતી. તો તે સ્ત્રી (ભક્તિ) રડતી શા માટે હતી?

ભક્તિએ જ્યારે અરીસામાં પોતાનું મોઢું જોયું ત્યારે તેને શું જોવા મળ્યું? તેનું મોઢું અગતિકતા, લાચારી, દીનતા, ક્ષુદ્રતા, દુર્બળતા, અસહાયતા, ભયભીતતાથી ભરેલું હતું. તે જોઇને ભકિતને થયું કે શું આ જ મારુ અસલી રુપ છે? શું આ મારી સિકલ છે? શું આ ભક્તિમાં માણસને ઊભો કરવાની શકિત છે? આ જોઇને ભકિત રડવા લાગી. તેને થયું કે આ મારું અસલી રુપ નથી. તે જમાનામાં પણ ભકિત ઘણી ચાલતી હતી પણ ચાલવાવાળી ભકિત આવી હતી, તેથી તે રડવા લાગી. ભકિતમાં પહેલી વાત હોવી જોઇએ 'પ્રેમ' અને બીજી વાત હોવી જોઇએ 'ભાવ'. અહીં તો પ્રેમનો પત્તો નહિ અને ભાવનું દર્શન નહિ, એ જોઇને ભકિત રડતી હતી.

તેવું જ જ્ઞાનનું હતું. જ્ઞાનમાં રુક્ષતા નિર્માણ થઇ ગઇ હતી. જ્ઞાનને લાગ્યું કે મારું આ રુપ નથી. લોકોએ મારુ જુદું જ રુપ બનાવી દીધું છે. જ્ઞાની તે છે જે અંત:કરણમાં ભીનો હોય. જે અંદરથી ભીનો નથી તે જ્ઞાની નથી. આજે જ્ઞાનમાં રુક્ષતા આવી ગઇ છે. તેવી જ રીતે, વૈરાગ્યમાં તિરસ્કાર આવી ગયો છે. સૃષ્ટિનો, સર્જનનો તિરસ્કાર કરીને જે વૈરાગ્ય આવે છે, તે વૈરાગ્ય ઉન્નતિના શિખર પર લઇ જઇ શકતો નથી. તિરસ્કારથી નહિ, પ્રેમથી વિરક્તિ આવવી જોઇએ.

કેટલાક લોકો **सर्वसङ्गपरित्याग** (Renunciation) નો આગ્રહ પકડે છે. તેઓ કહે છે, સૃષ્ટિમાં કંઇ અર્થ નથી, માટે સૃષ્ટિનો તિરસ્કાર કરીને તેને છોડી દો. આને તેઓ વૈરાગ્ય કહે છે. પણ જો સૃષ્ટિમાં કંઇ અર્થ ન હોય તો સૃષ્ટિ બનાવવાવાળામાં પણ અર્થ નહિ હોય. નહિ તો બનાવવાવાળાએ આ સૃષ્ટિ બનાવી શા માટે?

એક યુવાન છોકરી દરરોજ લીંબુનું શરબત પીતી હતી. શરદી થઇ હોય ત્યારે ઘરના લોકો લીંબુનું શરબત છોડી દેવા સમજાવતા હતા, પરંતુ, તેનાથી લીંબુનું શરબત પીધા વગર રહેવાતું ન હતું. થોડા વખત પછી તે છોકરીના લગ્ન થયાં અને એકાદ વર્ષમાં તેને બાળક આવ્યું. તે દરરોજ લીંબુનું શરબત પીતી હતી; પણ હવે તેના બાળકને શરદી થઇ. વૈદરાજે તેને કહ્યું: ‘બાળકને શરદી થઇ છે, હવે તારાથી લીંબુનું શરબત ન પીવાય’-અને તેનું લીંબુનું શરબત છૂટી ગયું. કેમ છૂટયું? બાળક ઉપરના પ્રેમથી છૂટયું. લીંબુનું શરબત ખરાબ છે, એવું બોલીને તિરસ્કારથી જે વિરક્તિ આવે છે તે અસલી-સાચી-વિરક્તિ નથી. તેમાં માણસને ઉપર લઇ જવાની શકિત નથી. લોકોને લાગશે કે આ વિરકિત છે, પરંતુ લાગવું એ એક વાત છે અને હોવું એ બીજી વાત છે. આવી વિરકિત તિરસ્કારથી ભરેલી છે.

જ્ઞાન રુક્ષતાથી ભરેલું, વિરકિત તિરસ્કારથી ભરેલી અને ભક્તિમાં પ્રેમ અને ભાવનો પત્તો નહિ. આ જોઇને ભકિત રડતી હતી.

નાદરજી તેની પાસે ગયા. નારદજી પણ નટખટ, તેથી તેમણે નાટક કર્યું. બદરીમાં ઘણા જ્ઞાનીઓ તપસ્વીઓ છે. તેમને પૂછીશ, એવો વિચાર કરી નારદજી ત્યાંથી બદરી આશ્રમમાં ગયા. ત્યાં વિશાલ રાજાનું રાજ્ય ચાલતું હતું તેથી જ 'તે સ્થળને બદરીવિશાલ કહે છે. વાસ્તવમાં, નારદજીને કોઇને પૂછવાની જરુર ન હતી. છતાં મહાપુરુષો આવું નાટક કરે છે !

ૠષિઓએ નારદજીને કહ્યું: ‘ભકિત શા માટે ? જ્ઞાન શું છે ? જ્ઞાનમાં શું હોવું જોઇએ ? આ કોઇ સમજતું જ નથી.’ ૠષિઓએ એક રસ્તો દેખાડયો **'तस्मात् स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम्** – બીજો રસ્તો નથી.’ સમાજના છેલ્લા માણસ સુધી જ્ઞાન પહોંચતું નથી. તો શું કરવું ? ત્યારે ૠષિઓએ કહ્યું: ‘યજ્ઞ કરો’. આપણે ભાગવત સાંભળીએ છીએ ત્યારે આટલું જ સાંભળીએ છીએ કે ૠષિઓએ યજ્ઞ કરવાનું કહ્યું. ત્યારે નારદજીએ યજ્ઞ કર્યો. કયો યજ્ઞ કર્યો ? યજ્ઞના વિવિધ પ્રકારો ભગવાને ગીતામાં કહ્યા છે. **द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथा परे... स्वाध्यायज्ञानयज्ञाश्च....** તે પ્રમાણે તેમણે કૃતિભકિત કરવાની શરુઆત કરી અને જ્ઞાનયજ્ઞ કરવા લાગ્યા. જ્ઞાનયજ્ઞમાં ભકિતની સિકલ બદલવાની શકિત છે. જ્ઞાનમાં ભીનાશ જોઇએ તે કૃતિ-ભકિતથી આવે છે. તેવી જ રીતે, પ્રેમથી જે વિરક્તિ આવવી જોઇએ તે આવે છે, તિરસ્કારથી આવેલી વિરકિત નહિ. તિરસ્કારથી આવેલી વિરકિતમાં સંકુચિતતા પેદા થઇ જાય છે. તેથી નારદજીએ જ્ઞાનયજ્ઞ શરુ કર્યો–તેનો અર્થ એ કે ભકિતના અસલી સિદ્ધાંત લઇને, તેઓ ભાગવતોની પાસે જવા લાગ્યા.

આવી રીતે વકતાની, ગ્રંથની અને તેમાં આવેલા વિષયની મહત્તા સમજાવીને ત્યારબાદ ભાગવતની ફલશ્રુતિ કહેવાઇ છે. તે માટે ગોકર્ણનું ઉપાખ્યાન આવ્યું. તેમાં ધુંધુકારીની કથા આવી ધુંધુકારી મહાન પાપી હતો. એવું એકેય પાપ ન હતું જે તેણે કર્યું ન હોય; અને ભાગવતની કથા

સાંભળીને તે મુકત થઇ ગયો. બધા પાપી લોકોને આશ્વાસન તો આપવું જ જોઇએ. આપણું અંત:કરણ તો અંદરથી આપણને ખાય જ છે કે હું પાપી છું, કદાચ પાપી ન પણ હોઇએ, પરંતુ, અણસમજણને કારણે, માણસને લાગે છે કે હું પાપી છું.

પાપ એક જુદી જ વાત છે પરંતુ, પાપ-પુણ્યની બાબતમાં વિચાર્યુ છે કોણે ? તેથી વિશ્વમાં કોઇએ ન કર્યાં હોય એટલાં પાપ કરવાવાળા ધુંધુકારીની કથા છે. એવાં કોઇ પાતકો ન કરવાવાળા જગન્નાથ પંડિત લખે છે, 'જેને જોઇને; સભ્ય માણસો પાસે નહિ આવે, એવાં પાપો મેં કર્યા છે;' તેથી ગંગાજીને કહે છે: 'મા ! મારાં પાતકો ધોવાને તું જ સમર્થ છે.' ભાગવતનું માહાત્મ્ય સમજાવ્યા બાદ, ભાગવતના પ્રથમ સ્કંધની શરુઆત થાય છે.

प्रथम स्कंधः

પહેલા સ્કંધમાં બહુ સુંદર વાર્તાઓ છે. તેના ઉપર વિસ્તારથી બોલવું, સમયમર્યાદાને લીધે અશકય છે. આપણે તો ફકત વિહંગાવલોકન કરવું છે.

પહેલા સ્કંધમાં એક બહુ મહત્ત્વની વાત સમજાય છે અને તે એટલે કોઇપણ કાર્ય તે સમાપ્ત થાય ત્યાંસુધી ટકે તે માટે મંગલાચરણ કરવું જોઇએ. પહેલા શ્લોકમાં મંગલાચરણ કરે છે:

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ।। (भा. १/१/१)

અહીં આખા તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. તેના ઉપરથી ભાગવતના લેખક કેટલા જ્ઞાની છે તે ખબર પડે છે. **'सत्यं परं धीमहि....** ધ્યાન કરો' એમ કહે છે. 'ધ્યાન કરો' કહ્યા પછી ધ્યાન કોનું કરીશું ? જેનું ધ્યાન કરવું છે તેનું રુપ હોવું જોઇએ. વિના રુપ ધ્યાન કેવી રીતે થઇ શકે ? તમારા ઘરનું આકાશ છે તેનું ધ્યાન કરો. એમ કહ્યા પછી આકાશનું ધ્યાન કેવી રીતે કરશો? એને આકાર નથી અને ગુણ નથી. જેને આકાર (Form) અને ગુણ (Quality) નથી તેનું ધ્યાન થઇ શકતું નથી. તેથી **सत्यं परं धीमहि** – કહ્યું. એટલે, 'ધ્યાન કરો' આવ્યું અને ધ્યાન કરવાનું હોય તો સગુણોપાસના આવી ગઇ. આ વાત નિશ્ચિત છે કે સગુણ ભગવાનનું ધ્યાન કરો. અરે ! કેટલા અનાગ્રહી આપણા પૂર્વજો છે ! ભારતીય તત્ત્વજ્ઞાનમાં જ આવા અનાગ્રહી લોકો મળશે. જગતમાં બધે લોકો આગ્રહ પકડીને બેસે છે. પરંતુ જે ખરા જ્ઞાની છે, ખરા બુદ્ધિનિષ્ઠિ છે, તેઓ કોઇ દિવસ આગ્રહ પકડતા નથી. **बुद्धेः फलमनाग्रहः** એમ ગીતાએ કહ્યું છે.

ભગવાન પણ આખી ગીતા અર્જુનને સંભળાવ્યા બાદ કહે છે: **'यथेच्छसि तथा कुरु** – તારી ઇચ્છામાં આવે તેમ કર. મારો આગ્રહ નથી.' અહીં સમજાવવાનો પ્રયત્ન છે, પણ આગ્રહ નથી. **धीमहि** કહેવામાં સગુણ ઉપાસના આવી ગઇ.

સગુણ ઉપાસના કહ્યા પછી, ભાગવતકારની આંખની સામે કયું સગુણરુપ આવશે ? કૃષ્ણ ભગવાનનું. એનું કારણ ભાગવત ગ્રંથની નિર્મિતિ જ કૃષ્ણલીલા અને કૃષ્ણભકિત કહેવા માટે છે. વેદવ્યાસ અહીં બ્રહ્મસૂત્ર કહેવા માટે નહિ, કૃષ્ણલીલા અને કૃષ્ણભકિત સમજાવવા બેઠા છે. તો

અહીં **ધીમહિ** – 'ધ્યાન કરો' લખતી વખતે કૃષ્ણ ભગવાનનું દયાન કરો એમ લખવું જોઈએ કે નહિ ? પરંતુ, એમણે શું લખ્યું છે, ખબર છે ? સગુણ ઉપાસના હોવી જોઈએ, તેના વગર નહિ ચાલે. તેના વગર તમારું ચિત્ત દૈવી નહિ થાય, ભવ્ય અને ઉદાત્ત નહિ થાય. અહીં આશ્ચર્યની વાત એ છે કે જેના માટે આ ગ્રંથ નિર્માણ થયો છે, તેમના ધ્યાનનો પણ આગ્રહ નથી. તેમની આંખની સામે તો ત્યારે કૃષ્ણ જ હશે, કારણ કૃષ્ણભકિતને માટે તો આ ગ્રંથ નિર્માણ થયો છે. તે છતાં તેઓ કહે છે: **सत्यं परं धीमहि...** આમાં વેદવ્યાસની સ્વચ્છ બુદ્ધિ અને નિર્મળ અંત:કરણનું દર્શન થાય છે.

તો પછી ધ્યાન કોનું કરશો ? सत्यं परं धीमहि-જે સત્ય (Absolute Truth) છે, જે શ્રેષ્ઠ છે, તેનું ધ્યાન કરો એમ કહ્યું છે. કોઈ રૂપનો આગ્રહ નથી રાખ્યો. તમે ગમે તે રૂપ લો. રામ, (૧) કૃષ્ણ, દેવી, ગમે તે રૂપનું ધ્યાન કરો. કૃષ્ણભકિતને માટે નિર્માણ થયેલો આ ગ્રંથ છે, છતાં ગ્રંથકર્તા કેટલા અનાગ્રહી છે ! મને તો વેદવ્યાસની સામે દસ-દસ વખત નતમસ્તક થવાની ઈચ્છા થાય છે, તે અનાગ્રહી છે એનું કારણ, વેદવ્યાસ ભકિતનું શાસ્ત્ર કહે છે. કૃષ્ણ ભગવાને પણ સગુણોપાસના કહેતી વખતે કોઈ અમુક રૂપનો આગ્રહ નથી રાખ્યો. मय्यावेश्य मनो ये माम् કહ્યું છે. સગુણસાકાર જે ભગવાન છે તેમાં ચિત્ત એકાગ્ર (Concentration) કરવું છે. તો સગુણસાકાર ભગવાનનું કયું રૂપ લેશો ? તો કહે છે, તમારે જે રૂપ લેવું હોય તે તમે લઈ શકો છો. रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥

'सत्यं परं धीमहि – જે સત્ય છે, જે પરમ છે, તેનું ધ્યાન કરો'. મને તો લાગે છે કે આટલું અનાગ્રહી મંગલાચરણ કોઈએ નહિ કર્યું હોય.

બીજા અધ્યાયમાં ભકિતની મહત્તા સમજાવી છે, તેની શરૂઆત કરતાં કહે છે:

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ (भा. १/२/४)

નારાયણને નમસ્કાર કરવા જોઈએ. પહેલા અધ્યાયમાં લખે છે: सत्यं परं धीमहि... આ સિદ્ધાંત થયો. સગુણ ઉપાસના શ્રેષ્ઠ છે. સગુણ ઉપાસના કર્યા વગર કોઈ પણ માણસ ચિત્તશુદ્ધિ કરી ન શકે. તેના વગર વિકારોનું ઉદાત્તીકરણ પણ થઈ ન શકે. જ્યાંસુધી સગુણ ભગવાન અને મનનો સંબંધ ન થાય ત્યાંસુધી મનનું શુદ્ધિકરણ કેવી રીતે થાય ? તે માટે સગુણ મૂર્તિ હોવી જોઈએ. તે મૂર્તિ કઈ હોવી જોઈએ ? તો કહે છે: सत्यं परं धीमहि... આ વાંચીને જ બુદ્ધિનિષ્ઠ છે તે નતમસ્તક થઈ જશે. ત્યારબાદ કહે છે: नारायणं नमस्कृत्यं... ततो जयमुदीरयेत् ॥ હું જે ગ્રંથ લખું છું તેનું નામ 'जय' છે. ત્યારબાદ તેનું નામ ભાગવત થયું. એનું કારણ તેમાં ભાગવતોનું, જેઓ ભગવાનના બની ચૂકયા છે, તેમનું વર્ણન આવે છે, તેથી તેને ભાગવત કહે છે. પરંતુ, પહેલાં કહે છે: ततो जयमुदीरयेत्-હું 'જય' કહું છું. 'जय' એટલે શું ? આ 'जय' માં લખેલા વિચારથી તમે સંસાર ઉપર વિજય મેળવી શકશો. जयति संसारः इति जयम् સંસાર ઉપર વિજયનો અર્થ શો ? વાસના ઉપર વિજય. એટલે જ 'હું' ઉપર વિજય. આ જે 'હું' અંદર બેઠો છે, તે શું છે તેની હજી સુધી કોઈને ખબર પડી નથી. 'હું' જડ નથી અને ચેતન પણ નથી. તો 'હું' છે કોણ ? તે ખબર નથી પડતી. આ જ માયા છે, પરંતુ 'હું' તો ચાલ્યા જ કરે છે. તેના વગર વ્યવહાર

પણ થઇ શકતો નથી. આ 'હું' છે, તે 'હું' અને 'વાસના' ઉપર વિજય પ્રાપ્ત કરવાનો છે. ततो जयमुदीरयेत्' આ વિજિગીષા છે. તેનાથી તમે સમસ્ત સંસાર ઉપર વિજય મેળવી શકશો. બધી જ વાસના, બધી કામના, બધા સંકલ્પ, એટલું જ નહિ, અંદર રહેલા 'હું' ઉપર પણ તમે વિજય મેળવી શકશો.

આ વૈદિકોનો વિજિગીષુ જીવનવાદ છે. તેણે માનવને દુર્બલ કે નિર્બલ માન્યો જ નથી. नर अपनी करणी करे तो नर का नारायण हो जाय-એમ જ માન્યું છે, તેથી તેમાં વિજિગીષુત્વ છે.

બીજું, તે કહે છે કે नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् – હું નારાયણને નમસ્કાર કરું છું. હું જય કહું છું અને જય પ્રાપ્ત કરવો હશે તો નારાયણને નમસ્કાર કરવા જ પડશે. 'નારાયણ ! તારું શરણ લેવું જ પડશે. તારી મદદ વગર અમે જય પ્રાપ્ત નહિ કરી શકીએ'. તેવી જ રીતે નરોત્તમને નમસ્કાર કર્યા છે.

નરોત્તમ કોણ છે ? જેણે પૈસા કમાવ્યા છે, તે નરોત્તમ ? તે તો પૈસા અહીં રાખીને જશે. જેણે વિદ્યા મેળવી છે તે નરોત્તમ ? જે મગજમાં વિદ્યા ભરી છે તેને તો બાળી નાખવામાં આવશે. તો પછી નરોત્તમ કોણ ? પ્રભુને જેણે જીતી લીધા તે નરોત્તમને હું નમસ્કાર કરું છું. જેણે પ્રભુને જીત્યા તે કેટલો મહાન હશે ? તેણે નિષ્કામ ભગવાનને સકામ બનાવી દીધા. આપણે તો ભગવાન પાસે જઇશું પણ ભગવાનને આપણને મળવાની ઉત્સુકતા કયાં છે ? બન્નેને ઉત્સુકતા ન હોય તેને મિલન ન કહેવાય. બન્નેને મિલનની ઉત્સુકતા ન હોય, તેવા એકપક્ષીય મિલનને આલિંગન ન કહેવાય.

વલ્લભાચાર્યને મળવા માટે ભગવાનને પણ તેટલી જ ઉત્સુકતા હતી. આલિંગનમાં જેમ મિલનની વાસના ભક્તને હોય તેમ ભગવાનને પણ હોય તો જ તેને આલિંગન કહેવાય. વલ્લભાચાર્યને ભેટવાની **मधुराधिपते....** ને તેટલી જ ઉત્સુકતા હતી.

ભગવાન નિષ્કામ છે. જે નિષ્કામ ભગવાનમાં કામના ઊભી કરવાવાળો છે તે નરોત્તમ છે. 'ભગવાન ! તમારી નિષ્કામ રહેવાની પ્રતિજ્ઞા રહેવા દો. તમને સકામ કોણે બનાવ્યા ? આ મહાપુરુષોએ તમને સકામ બનાવ્યા. એટલું જ નહિ. તેમને પાસે લઉં, તેમને આલિંગન આપુ, એવું તમને લાગ્યું. આવા નરોત્તમોને હું નમસ્કાર કરું છું અને પછી **'जय'** કહું છું.' આ વિજિગીષુત્વ છે.

નરોત્તમનો બીજો અર્થ છે, સાંભળવાવાળા લોકો. સાંભળવાવાળા લોકો નરોત્તમ છે, કારણ તેઓ સાંભળવા બેઠા છે, તેથી જ તો હું બોલી શકું છું. સાંભળવાવાળા લેકો સારા છે, સમજદાર છે. તેમની સામે જ બોલવાનું હોય.

શ્રોતા કોને કહે ? જે પૂર્ણ શ્રદ્ધાથી ભરેલો છે અને જિજ્ઞાસાયુકત બુદ્ધિવાળો છે, તે શ્રોતા છે. બુદ્ધિ જિજ્ઞાસાયુકત હોવી જોઇએ. ચપલ બુદ્ધિ ન ચાલે. તેવી જ રીતે સંશયગ્રસ્ત બુદ્ધિ પણ ન ચાલે. હું તમારી પાસે આવ્યો છું તે કોરી પાટી લઇને આવ્યો છું. મારી પાટી કોરી છે તેથી તો તમારી પાસે આવ્યો છું. જેની પાટી કોરી નથી, તેની પાટી પર લખાય કેવી રીતે ? તેથી જ ખરા શ્રોતાને ભાગવતકાર નમસ્કાર કરે છે.

પ્રથમ સ્કંધના બીજા અધ્યાયમાં આવી રીતે શરૂઆત કરી છે. તેમને બીજા અધ્યાયમાં ભકિતની મહત્તા સમજાવવી છે. ભકિતથી જ નિષ્કામ કર્મ થશે અને ભક્તિથી જ વિરકિત આવશે એવો તેમનો આગ્રહ છે. જો કામના નહિ હોય તો તમે કંઇપણ કરશો નહિ. કંઇપણ કરવું હોય, પૂજા પણ કરવી હોય તો કામના તો હોવી જ જોઇએ. કામના વગર કૃતિ નહિ, તેથી કહે છે, કે નિષ્કામ કર્મ પણ ભકિતથી જ આવે છે. 'મારી કામનાથી હું કરતો નથી, તારી (ભગવાનની) કામનાથી કરું છું.' આ નિષ્કામતાનું રૂપ છે. આ એટલું સુંદર રૂપ છે કે તેમાં નિષ્કામ બનીને પણ કૃતિ કરી શકાય છે. આવો રસ્તો પ્રથમ સ્કંધમાં દેખાડયો છે. નિષ્કામ કર્મની જેમ સાચી વિરક્તિ પ્રાપ્ત કરવી છે. તિરસ્કારથી કે નફરતથી વિરકિત નહિ, પ્રેમથી વિરકિત. તેનો રસ્તો બતાવ્યો છે.

પહેલા સ્કંધમાં શું શું કહ્યું છે ? બધી વાર્તાઓ તો કહી ન શકાય. પરંતુ, પહેલા સ્કંધમાં ધર્મની ચર્ચા કરી છે. ધર્મ કોને કહે છે ? આજે આપણે કર્મકાંડને ધર્મ કહીએ છીએ. જૂના કાળમાં પણ કર્મકાંડને ધર્મ સમજવામાં આવતો હતો, પરંતુ, કર્મકાંડની દ્દષ્ટિ પરલોક તરફ હોય છે.

ધર્મમાં બે વાતો આવે છે. કર્મકાંડ અને નીતિ. નીતિ સમાજાધિષ્ઠિત હોય છે અને કર્મકાંડ પરલોકાધિષ્ઠિત છે. માનવવિકાસને માટે જે ધર્મ હશે તે પ્રભુપ્રીતિ નિર્માણ કરવાવાળો હોવો જોઇએ. ભાગવતે પ્રભુપ્રીતિ ઉપર ઊભો રહેલો ધર્મ કહ્યો છે.

ધર્મના બે રુપ હોઇ શકે છે. એક કર્મકાંડાત્મક. આજે જે કર્મ કરશો તેનું ફળ આગલા જન્મમાં મળશે. આ પરલોકાધિષ્ઠિત ધર્મ છે. બીજો, સમાજાધિષ્ઠિત ધર્મ છે. આ નીતિપ્રધાન ધર્મ છે. સમાજને ટકાવવો છે, સમાજની સાથે રહેવાનું છે, તો કોઇનું બૂરું કરવું નહિ, આ સમાજાધિષ્ઠિત ધર્મ છે. સમાજાધિષ્ઠિત ધર્મ કે પરલોકાધિષ્ઠિત ધર્મ બૌદ્ધિક દ્દષ્ટિએ ટકી નથી શકતો, તેથી ભાગવતના પ્રથમ સ્કંધમાં ભકિતપ્રધાન ધર્મ સમજાવ્યો છે. જે પ્રભુપ્રીતિ નિર્માણ કરવાવાળો છે અને જે પ્રભુપ્રીતિ ઉપર ઊભો રહેલો છે, તે જ ધર્મ છે. મોક્ષ મળવો એ ધર્મનું ફળ નથી. મોક્ષ એટલે બંધન મુકિત અને અવિદ્યાથી મુકિત. મને કોઇપણ બંધન ન હોવું જોઇએ. મને કંઇ જોઇએ તેથી હું કંઇ કરું છું, આ બંધન છે. કોઇપણ રુપે કોઇપણ બંધન ન હોવું જોઇએ. જેનાથી બંધન મુકિત અને અવિદ્યાથી મુકિત મળે છે, તે ધર્મ, ભોગવિલાસ માટે નથી, મોક્ષને માટે છે એમ પહેલા સ્કંધનું પ્રતિપાદન છે. પરંતુ તમે જ્યારે ધર્મનું આચરણ કરશો ત્યારે તેનું ફળ મળશે અને ભોગવિલાસ આવી જશે. પરંતુ ભોગવિલાસ નથી લેવા. ઈંદ્રિયતૃપ્તિ માટે ભોગવિલાસ નથી તો જીવનનિર્વાહને માટે ભોગવિલાસ આવે છે એવી માન્યતા છે. જીવનનિર્વાહમાં 'જીવન' શું છે ? તત્ત્વજ્ઞાન સમજવા માટે જીવન છે, સ્વર્ગ આદિ પ્રાપ્ત કરવા માટે નહિ, એ જ ભાગવતનું કહેવું છે. ધર્મથી શું મળશે એ ખબર પડયા પછી માણસ ઈંદ્રિયતૃપ્તિની પાછળ પડતો નથી.

પ્રભુના ઉપદેશનું શ્રવણ, મનન અને કીર્તન કરવાથી હ્રદયમાં બેઠેલી અશુભ વાસનાઓ ખલાસ થઇ જાય છે એવું ભાગવતનું કહેવું છે. અશુભ વાસનાથી માણસ ભગવાનથી જુદો થઇ જાય છે. અશુભ વાસના ખતમ કરવાની શકિત પ્રભુના ઉપદેશના શ્રવણ, મનન અને કીર્તનમાં છે. ભાગવતની આ વિશિષ્ટતા છે.

આપણે જ્યારે વેદાંતના મોટા મોટા ગ્રંથો વાંચીએ ત્યારે તેમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસન કહેલું જોવા મળે છે. ભાગવતમાં કીર્તન કરવાનું કહે છે. આજે કીર્તનનો અર્થ એવો સમજવામાં આવે છે કે હાથમાં મંજીરા લઇને ગાવું. પરંતુ, ભગવાનનો જે ઉપદેશ છે તેનું કીર્તન કરવું, તે લોકોને કહેવું તેનું નામ કીર્તન છે. આપણા સ્વાધ્યાયપરિવારની જે ભકિતફેરી આજે થાય છે, તે કીર્તન છે. ભકિતફેરી કરવાવાળા લોકો કીર્તનકાર છે. તેમણે જે શ્રવણ કર્યું છે, જે મનન કર્યું છે, તેનું ભકિતફેરીમાં કીર્તન થાય છે.

કૃતિભકિતનું સ્પષ્ટ રુપ કીર્તન શા માટે ? તેમાં બે વાતો છે. એક, અમારે અમારો પાઠ પાકો કરવો છે અને બીજી વાત, પ્રભુનું કામ કરવું છે. તેથી ભકિતફેરી એ કીર્તન છે. આજે કીર્તન શબ્દ એવો રુઢ થઇ ગયો છે કે કીર્તન એટલે હાર્મોનિયમ લઇને કીર્તનિયો કીર્તન ગાય એટલું જ. ભગવાનના ઉપદેશનું શ્રવણ, મનન અને કીર્તન કરવું એ કૃતિભકિત છે. તેનાથી ભગવાન માટેની આસકિત વધી જશે. જેમ જેમ ભગવાનની આસકિત વધશે તેમ તેમ અંદરથી '**भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि दृष्ट एवात्मनीश्वरे ॥** (भा.१/२/२१) 'હૃદયમાં અહંતામમતાની ગાંઠ હતી તે ખુલી જાય છે, મનના બધા સંદેહ નિવૃત્ત થાય છે. ભગવાન આત્મા છે એવો અનુભવ થતાં તેના કર્મો ક્ષીણ થાય છે.' આમ ભાગવત કહે છે. ભકિતથી જ જ્ઞાન મળશે. ભકિત જ્ઞાનયુક્ત હોવી જોઇએ ને જ્ઞાન ભકિતયુકત હોવું જોઇએ.

લોકો પૂછે છે 'ભકિતથી બુદ્ધિના સંશયો કેવી રીતે નીકળશે ? હું જે કર્મ કરું છું તેનું ફળ તો મારે સ્વીકારવું જ પડશે. તે ફળ કેવી રીતે ચાલી જાય? ફળ તો મારી પાછળ લાગશે. મારે ફળનું સરનામું શોધવાની જરુર નથી, ફળ જ મારું સરનામું શોધીને આવશે કે આ કયાં રહે છે ? પછી કર્મ કરનાર સજ્જન હોય કે હરામખોર. તે બન્નેનો પીછો પકડે છે. તમે પાતાલમાં જશો તો ત્યાં પણ તે તમને છોડશે નહિ. તમે ગમે ત્યાં જશો, તમારી પાછળ તમારું કર્મફળ આવશે જ. તેનાથી મુકિત મળવી જોઇએ. તે કેવી રીતે મળશે ?' તે ભકિતથી થઇ શકે છે એમ ભાગવત કહે છે. ભાગવતના પહેલા સ્કંધના બીજા અધ્યાયમાં આ વિચાર અતિ સ્પષ્ટતાથી સમજાવ્યો છે.

ત્રીજા અધ્યાયમાં લીલા મહાત્મ્યમાં ભગવાનની લીલા અને ભગવાનના અવતારનું ચિત્રણ કર્યું છે. તેમાં સગુણ ઉપાસના કરવી જોઇએ એવો આગ્રહ આવી ગયો. સગુણ ઉપાસના વગર તમારો ઉદ્ધાર નથી—આ ભાગવતની પ્રથમ ધારણા છે. કેવળ નિર્ગુણના ઉપાસક બનીને નહિ ચાલે. સગુણ ઉપાસના હોવી જ જોઇએ. તેના વગર ચિત્તશુદ્ધિ જ નહિ થાય.

તમે સગુણ ઉપાસના માનશો ત્યારે સગુણ આકાર પણ માનવો પડશે. એક વખત ભગવાનનો સગુણ આકાર આવ્યો કે તેનો ગમો-અણગમો આવી જ ગયો. અવતાર માનવા પડશે તેથી અવતારોનું વર્ણન છે. આ એક આશ્ચર્ય છે કે ભાગવત સગુણભકિત કહેવા બેઠું છે, પરંતુ કોઇ એક અવતારનો આગ્રહ નથી રાખ્યો. બધા જ અવતારોનું તેમાં વર્ણન છે. તેમાં વીસ અવતારોની યાદી આપી છે.

ભાગવતકાર લોકોનું માનસશાસ્ત્ર બરાબર સમજે છે. તેમને ખબર છે કે તમે ફકત તત્ત્વજ્ઞાન કહેશો તો તેનું પરિણામ આવતું નથી. તમે ફકત **घटत्वाच्छिन्नपट:** અને **पटत्वाच्छिन्न घटः** ની

ચર્ચા કરો તો લોકોના મગજમાં તે ઊતરતી નથી, પરંતુ, જે સંવાદાત્મક હોય, પ્રશ્નોત્તરરૂપે હોય, તે લોકોના મગજમાં બરાબર બેસી જાય છે, તેથી જ વેદવ્યાસનો અસંતોષ અને નારદજીનું આગમન સંવાદરૂપે પ્રથમ સ્કંધમાં આવ્યું છે.

વેદવ્યાસનો અસંતોષ એ એક નાટક છે. કારણ, વેદવ્યાસને અસંતોષ થાય એટલા તે કાચા નથી. જેમણે વેદના ચાર વિભાગ કર્યા, બ્રહ્મસુત્રો લખ્યા, તે શું એટલા કાચા હોય ? પરંતુ, વેદવ્યાસે પહેલાં કંઇ પ્રશ્ન પૂછવો જોઇએ ને ? તેથી તેમની પાસે નારદજી આવ્યા તેમને વેદવ્યાસે પ્રશ્ન પૂછયો છે. ત્યારબાદ તેમની વચ્ચે કંઇ સંવાદ થાય છે. આવું નાટયાત્મક હોય તો આંખની સામે પ્રતિમા ઊભી થાય અને પછી મગજમાં જ્ઞાન ઘૂસી જાય. પુરાણકારોએ આવી એક કલા હસ્તગત કરી છે.

નારદજીને વેદવ્યાસે કહ્યું 'પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મનું જ્ઞાન મને નથી. તો તમે મને તે જ્ઞાન આપો.' અહીં વેદવ્યાસ કહે છે કે મને જ્ઞાન નથી. તેમાં તેમની કેટલી નમ્રતા છે ! આ કોઇ એસ.એસ.સી.માં પાસ થયેલો છગનલાલ બોલતો નથી. વેદવ્યાસનો જ્ઞાનભંડાર જેમણે જોયો હશે તેમને ખબર હશે કે આખી સૃષ્ટિમાં વેદવ્યાસથી જ્ઞાનમાં આગળ વધે તેવી વ્યકિત જડશે નહિ. હું દાવાથી કહું છું કે જીવનના કોઇ ખરા ભાષ્યકાર હશે તો તે વેદવ્યાસ છે. શેકસપિયર અને કાલિદાસ મહાન લેખક હોવા છતાં તેઓ જીવનના ભાષ્યકાર નથી, તેથી જ તો વેદવ્યાસની પીઠને વ્યાસપીઠ કહેવાય છે. આટલા મહાન વેદવ્યાસ છે.

આવા વેદવ્યાસ નારદજીને અતિ નમ્રતાથી કહે છે, 'શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મનું જ્ઞાન તમે કરાવો.' કોની પાસેથી સાંભળવું છે ? નારદજી પાસેથી સાંભળવું છે. કોણે સંભળાવ્યું ? નારદજીએ સંભળાવ્યું. શું સંભળાવ્યું ? પ્રભુના યશની કીર્તિ ! નારદજી કોણ છે ? સકલ સૃષ્ટિમાં ફરવાવાળા છે. નારદજી કોઇ એક વ્યકિત નથી. એક સંસ્થા (Mission) છે. કહેવાય છે કે નારદજી ઝઘડો કરાવે છે. તત્ત્વજ્ઞાનનું આ જ કામ છે કે સૂતેલા મગજમાં ઝઘડો ઊભો કરવો, તેથી જ કહેવાય છે કે નારદજી આવીને ઝઘડો ઊભો કરે છે. ભાઇભાઇની વચ્ચેનો જમીન માટેનો ઝઘડો તેમણે ઊભો નથી કર્યો. વ્યકિતની અંદર એક વૈચારિક ઝઘડો ઊભો કરવો એ તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ છે.

ખરૂ જોતાં નારદજી બુદ્ધિને હલાવતા હતા; તેથી કંઇ સ્થૂલ ઝઘડાઓ કરાવ્યાનું વર્ણન આવે છે. ઉદાહરણ તરીકે સત્યભામા અને રુકિમણી વચ્ચે ઝઘડો જગાડયો, એવી પૌરાણિક કથાઓ ઊભી થઇ છે.

પ્રેમ નો અર્થ શું ? એવું સોક્રેટિસ પૂછતો હતો. કોઇ પ્રેમ શબ્દ ઉચ્ચારે કે સોક્રેટિસ તરત પૂછે, 'પ્રેમ એટલે શું ? What is love ? કોઇ વકીલાત કરનાર મળે અને કાયદાની વાત કરે તો તે તરત પૂછે: 'કાયદો એટલે શું ? What is law ? આવી રીતે એક એક પ્રશ્ન પૂછીને તે બુદ્ધિને હલાવતો હતો. આવી રીતે સ્વસ્થ બુદ્ધિને હલાવીને સોક્રેટિસ અસ્વસ્થ કરી નાખતો પછી સામેવાળા માણસને એમ લાગે કે અમે શાંતિથી ઘૂમાડો કાઢતા બેઠા હતા, તમારું શું જતું હતું ? તત્ત્વજ્ઞાનીઓને ટેવ હોય કે સ્વસ્થ બુદ્ધિને હલાવીને અસ્વસ્થ કરી નાખે.

અંદર સંઘર્ષ નિર્માણ કરવાવાળા જે લોકો છે તેમની પાસેથી સાંભળવું છે. જે દરેક ઠેકાણે કંઇ કહેવા માટે ફરે છે. **चरैवेति चरैवेति** આ જ નારદનું જીવન છે. આવા નારદજીએ ભકિત કહેવાની શરૂઆત કરી અને તે પણ પોતાનાથી શરૂઆત કરી. 'હું એક દાસીપુત્ર હતો. તેમાંથી આટલો મોટો થઇ ગયો તે કેવી રીતે થઇ ગયો ? પ્રભુનું નામસંકીર્તન કરવાથી હું મોટો થઇ ગયો. હવે લોકો મને પૂજનીય સમજે છે.'

તમે થોડો વિચાર કરો. વેદવ્યાસે નારદજીને શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મના જ્ઞાન વિષે પૂછયું હતું. તેમાં નારદજી કોણ હતા ? કેવા હતા ? શા માટે આવ્યા? આ બધું કહેવાની શી જરૂર છે ? નારદજી આ બધું કહેવા લાગે છે, તે એટલા માટે કે તેમને સમજાવવું છે કે જેને નારદ થવું છે, જેને ભગવાનનું કામ કરવું છે, જેને કીર્તન કરવું છે, તેણે કેવી રીતે જીવન જીવવું જોઇએ. આ એક બીજું માનસશાસ્ત્ર છે. 'હું આવો હતો અને હવે સ્વાધ્યાયથી બદલી ગયો' એવું કહેવાનું. આપણા સ્વાધ્યાયીઓ ગામેગામ ભકિતફેરીમાં જાય છે. તેઓ બહુ ચતુર છે. તેઓ ગામડાના લોકોને એવું કહેતા જ નથી કે તમે બીડી ન પીઓ. તેઓ એમ જ કહે છે, 'હું જ્યારે સ્વાધ્યાય નહોતો કરતો ત્યારે દરરોજ દસ બંડલ બીડી પીતો હતો. ત્યારબાદ સ્વાધ્યાય કરવા લાગ્યો અને મારી બીડી છૂટી ગઇ !'

ભકિતફેરીમાં જવાવાળા લોકો ગામડાના માણસોને એમ નથી કહેતા, 'તમે જમતી વખતે ભગવાનને નમસ્કાર નથી કરતા ?' તેઓ એમ જ કહે છે, 'હું પચાસ વર્ષનો થયો ત્યાં સુધી હું કયાં જમતી વખતે ભગવાનને નમસ્કાર કરતો હતો ? પરંતુ સ્વાધ્યાયમાં જોડાઇ ગયો એટલે ખબર પડી કે ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા હોવી જોઇએ. મને આ વાત સમજાઇ તે દિવસથી જમતી વખતે ચાર શ્લોક બોલી, ભગવાનને નમસ્કાર કરી, પછી જમું છું.' આવું કહેવાથી સામેવાળી વ્યકિત ઉપર તેનું બહુ મોટું પરિણામ થાય છે, તેથી જેમણે માનસશાસ્ત્ર નો અભ્યાસ કર્યો હશે તેમને પુરાણો બરાબર સમજાશે.

મને તો લાગે છે કે એક પણ ઋષિમાં કંઇ દોષ હતો જ નહિ, પરંતુ બધા ઋષિઓએ પોતાના દોષો દેખાડયા છે કે હું આવો હતો, હું આવો હતો. એનું કારણ, એમને ભકિતની મહત્તા વધારવી છે, સાથે સાથે સામેવાળી વ્યકિત પણ ભકિતથી મહાન થઇ શકે છે તે દેખાડવું છે.

નારદજીને જે કહેવું છે તે, જેને કીર્તનભકિત કરવી છે તેના માટે અત્યંત જરૂરી છે. નારદજીએ પોતે દાસીપુત્ર છે એમ પહેલાં કહ્યું છે. શરૂઆતમાં મને પણ લાગ્યું હતું કે વેદવ્યાસે પ્રશ્ન એક પૂછયો છે અને નારદજી જવાબ બીજોજ કંઇ આપે છે, એવું કેમ ? પરંતુ, આ વિદ્વાનોની ચર્ચા થોડી જ છે કે જેમાં મુદ્દાસર બોલવાનું હોય ? આ કંઇ મુદ્દાસર બોલવાની અદાલત નથી. તેમને કંઇક સમજાવવું છે, કોઇને બદલવાનો છે, કોઇની બુદ્ધિમાં કંઇ વિચાર ઊભા કરવા છે, તે ટકાવવા છે, તેથી તેમની ભાષા જ જુદી છે. કીર્તનભકિતથી મારું જીવન કેમ બદલી ગયું અને મને આજની આ સ્થિતિ કેમ પ્રાપ્ત થઇ, તેનું સુંદર વર્ણન તેમાં આવ્યું છે.

જ્ઞાન અને કર્મકાંડ શ્રેષ્ઠ છે, પણ તે ભકિતરહિત ન હોય તો ! તેમાં ભકિતનો આગ્રહ છે. તેના વગર શું થાય ? જ્ઞાનમાં બુદ્ધિ જ રહેશે અને ક્રિયાકાંડમાં ફકત કૃતિ રહેશે. બન્નેમાં ભાવનિર્મિતિની આવશ્યકતા છે. ભાવનિર્મિતિ વગર કર્મકાંડમાં યાંત્રિકતા આવી જાય છે.

આજે કર્મકાંડ ચાલે છે તેમાં ગોર મહારાજ ગણપતિપૂજન કરાવતાં કહે છે કે ફૂલ ચડાવો, એટલે આપણે ફૂલ ચડાવીએ છીએ. તેમાં ભાવ હોતો જ નથી તેથી તેમાં યાંત્રિકતા આવી જાય છે. તેવીરીતે જ્ઞાનમાં કેવળ બુદ્ધિ રહી જાય છે અને ભાવ આવતો નથી, તેથી ધ્યાન રાખવું જોઇએ કે ભાવવૃદ્ધિ નહિ કરીએ તો જ્ઞાન નકામું થઇ જશે અને કર્મકાંડ પણ નકામું થઇ જશે. પહેલા સ્કંધમાં ભાવવૃદ્ધિ અત્યાવશ્યક છે એવું જોરદાર પ્રતિપાદન કર્યું છે. તેમાં ભકિતની આવશ્યકતા સમજાવી છે.

બ્રાહ્મણ કોને કહેવાય ? બ્રાહ્મણ વધ્ય છે કે અવધ્ય ? આ બધી ચર્ચા તેમાં આવી ગઇ છે. ભાગવતની મહત્તા એવી છે કે તેણે અદ્વૈત વેદાંત અને સગુણભકિતનો સંબંધ સમજાવ્યો છે. જેણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ નહિ કર્યો હોય તે તો એ બાબત વિચારશે પણ નહિ. અભ્યાસ એક જુદી વાત છે અને વિચારવું એ બીજી વાત છે, પરંતુ, જેણે તેના વિષે વિચાર્યું હશે તેને સંશય થયો કે અદ્વૈત વેદાંત અને સગુણભકિત આ બન્નેનો સંબંધ જ કેવી રીતે થાય ? એનું કારણ, સગુણતા આવી કે દ્વૈત આવ્યું. આ તાત્ત્વિક કોયડો (Philosophical puzzle) છે. જે કેવળ સમાધિ માં જવાવાળા લોકો છે, જે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓ અદ્વૈતની ઉપાસના કરે છે. સગુણ ઉપાસના આવી કે દ્વૈત આવી જ ગયું.

પહેલા સ્કંધમાં અદ્વૈતનું પ્રતિપાદન, અદ્વૈત વેદાંત અને સગુણ ઉપાસનાનો શો સંબંધ છે તે દેખાડયું છે. તમે પહેલો સ્કંધ વાંચશો તો તેમાં ચાર પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—માંથી તેમણે મોક્ષની જ વિચારણા કરી છે. એનું કારણ, ધર્મ, અર્થ, કામની ચર્ચામાં મતભેદ હોઇ શકે છે અને કાલભેદ પણ રહી શકે છે. મોક્ષની બાબતમાં મતભેદ કે કાલભેદ નથી.

કામની ચર્ચા કરીએ તો વીસ વર્ષનો છોકરો અને સાઠ વર્ષનો ઘરડો—બન્નેમાં કામ તો હશે જ, પણ તેનું રૂપ બદલી જાય છે અને સ્થિતિ પણ બદલાઇ જાય છે. બધું બદલાઇ જાય છે. તેના માટે તો ફ્રોઇડ જ વાંચવો જોઇએ. ફ્રોઇડ કામને જ માને છે. આ કામ જુદા જુદા રૂપ લઇને આવે છે. તેમાં બદલ હોઇ શકે છે, મતભેદ પણ હોઇ શકે છે અને કાલભેદ પણ હોઇ શકે છે.

ધર્મની બાબતમાં જે કાયદો છે તે વિષે કાલભેદ હોઇ શકે છે. ૧૯૩૦ની સાલમાં ગાંધીજીએ મીઠાનો કાયદો તોડયો. તે વખતે કાયદો તોડવો એ ધર્મ હતો. આજે કાળ બદલાઇ ગયો. પરિસ્થિતિ પણ બદલાઇ ગઇ. આજે કોઇ કાયદો તોડે તો તે અધર્મ થશે, અશાસ્ત્રીય થશે. તેવું કરનાર દેશભક્ત નહિ ગણાય, તે દેશદ્રોહી ગણાશે. તેનું રૂપ બદલાઇ ગયું.

ધર્મ, અર્થ, કામ-એ ત્રણેય પરિસ્થિતિસાપેક્ષ છે, પરંતુ મોક્ષ પરિસ્થિતિસાપેક્ષ નથી, તેથી તેમણે મોક્ષ ઉપાડયો. મોક્ષનો અર્થ છે, આત્યંતિક સુખ. આત્યંતિક સુખની વિરુદ્ધ કોઇ પણ નથી, થઇ શકે પણ નહિ. આત્યંતિક સુખ, સર્વ ધર્મ અને વિચારવંતોને માન્ય છે. આત્યંતિક સુખ કેવું હશે, કેવી રીતે મળશે, તેની ચર્ચા થઇ શકે છે. બધા ધર્મોનો, બધા વિચારવંતોનો આત્યંતિક સુખની બાબતમાં કોઇ મતભેદ નથી.

આત્યંતિક સુખના વિષયમાં વિચારકોનું વર્ગીકરણ કરીએ તો તેમાં ત્રણ પક્ષ છે. વિચારવંતોનો એક પક્ષ દેહાત્મવાદી નાસ્તિકોનો છે. બીજો પક્ષ માને છે કે આત્મા અવિનાશી

છે અને બીજું કંઇ છે જ નહિ. તેને કેવલાદ્વૈતી કહે છે. ત્રીજો પક્ષ પરમાત્મા, જીવાત્મા અને જડ, આવા ત્રણ વિભિન્ન પદાર્થ માનવાવાળો છે. આ ત્રણવર્ગમાં બધા વિચારવંતો આવી જાય છે.

પહેલો પક્ષ દેહાત્મવાદી નાસ્તિકોનો છે. અહીં નાસ્તિકતા એ શાબ્દિક વાદ છે. ખરીરીતે કોઇ નાસ્તિક હશે એવું મને લાગતું નથી. સોક્રેટિસની માફક શોધતા જઇએ તો જગતમાં કોઇ નાસ્તિક નિર્માણ જ નથી થઇ શકતો. બેડલો (Badlow) જેવા જે નાસ્તિકો છે તેમની નાસ્તિકતા જ તેમનો ઇશ્વર છે. એનું કારણ, વિચારવંત નાસ્તિક પણ આત્યંતિક સુખની ઇચ્છા રાખવાવાળા છે અને કોઇપણ વૈષયિક (Objective) સુખ, આત્યંતિક સુખ થઇ જ નથી શકતું. વિષયાધિષ્ઠિત સુખ (Objective happiness) એટલે બીજા પર આધારિત સુખ, તે આત્યંતિક સુખ થઇ જ ન શકે. નાસ્તિકો આત્યંતિક સુખ માને છે, આત્યંતિક સુખની ઇચ્છા રાખે છે અને તે દૂરદષ્ટિથી રાખવી જોઇએ એવું તેઓ માને છે.

સ્પેન્સર (Spencer) નું નીતિશાસ્ત્ર વાંચવા જેવું છે. તે કહે છે કે દૂરદષ્ટિએ જોઇએ તો નીતિશાસ્ત્ર સમસ્ત સંસારને સુખી કરી શકે છે. અંતિમ તેણે લખ્યું છે કે તેના માટે ઇશ્વરની આવશ્યકતા નથી, પરંતુ તેઓ જે માને છે, તેના વિષે જ ઇશ્વરની અને એકસૂત્રતાની આવશ્યકતા છે. તો જ નીતિ ઊભી થાય છે. નહિ તો, હું નીતિમાન શા માટે બનું ? હું બીજાને શા માટે ન મારું ? એ પ્રશ્નનો જવાબ નથી. કોઇ કહેશે કે હું બીજાને મારું તો બીજો પણ મને મારશે એટલા માટે મારે બીજાને મારવો ન જોઇએ; પરંતુ સમજો કે હું એટલો શકિતશાળી છું કે બીજો મને મારી ન શકે, તો શું મને બીજાને મારવાની છૂટ છે ? તો શું હું બીજાને લૂંટી શકું છું ? તાત્પર્ય, એ કે ઉપયુકતતાવાદ ઉપર નીતિ ઊભી રહી શકતી નથી. તું બીજાને મારી શકતો નથી, એનું કારણ, તું જેમ ઇશ્વરનું એક સર્જન છે, તેમ બીજો પણ ઇશ્વરનું જ સર્જન છે. બીજો કદાચ દુર્બળ હશે તો પણ આ સૃષ્ટિમાં જીવંત રહેવાનો તેનો કેવળ આગ્રહ જ નહિ, તેનો હક્ક પણ છે. તેથી આ લોકોનાં લખાણો બુદ્ધિથી વાંચીએ તો બધું **वदतोव्याघात** લાગે છે. કેટલાક લોકોની પાસે બૌદ્ધિક કુશલતા હોય છે. તેમને ચાર્વાક્ કહેવાય છે. **चारु वाक्** એટલે જેની વાણી-ચારુ-સુંદર હોય તે. તે બોલે તે સારું લાગે છે.

આપણે ત્યાં એક નહિ, ઘણા ચાર્વાક્ થઇ ગયા. તે પૂછે છે કે શ્રાદ્ધ શા માટે કરો છો ? જો તમે પિતૃઓને અહીં પિંડ આપો અને તે તેમને બીજે સ્થળે મળતું હોય તો તમારા બાપા અમદાવાદ જાય ત્યારે સાથે ભાતું બાંધી આપવાની જરૂર નથી. તમે અહીં જમવાના સમયે પિંડદાન કરશો તો બાપાને તે જ સમયે જમવાનું મળી જશે–તેથી **व्यर्थं पाथेय कल्पनम्-** આવું બોલીને ચાર્વાકોએ શ્રાદ્ધક્રિયાને ઉડાવી દીધી છે. તેમનું બોલવું બહુ જ ગળ્યું લાગે છે. આવા ચાર્વાકો કંઇક દષ્ટાંતો પણ આપે છે, પરંતુ તે કંઇ સિદ્ધાંત થઇ શકતા નથી. તેની પછવાડે કંઇ સિદ્ધાંત સમજાવવાની શકિત હોતી નથી, માત્ર વાગ્વિલાસથી એક જાતનો બૌદ્ધિક નશો ઊભો થાય છે.

બીજો જે પક્ષ છે તે આત્મા અવિનાશી છે એમ માને છે. તે કેવલાદ્વૈતી છે અને ત્રીજો પક્ષ પરમાત્મા, જીવાત્મા અને જડ-આ ત્રણ વિભિન્ન પદાર્થો માને છે. આ પક્ષોને પણ અંતિમ આત્યંતિક સુખ તો જોઇએજ છે; આમ, તમામ પ્રકારના વિચારવંતોમાં આત્યંતિક સુખ સંબંધમાં કોઇ વિરોધ નથી, તેથી ભાગવતે અવિરોધી મોક્ષને ઉપાડયો છે અને પ્રથમ સ્કંધમાં મોક્ષનો આગ્રહ રાખ્યો છે. તમે આત્યંતિક સુખ શોધવા લાગશો તો અધ્યાત્મ અને ભગવાન આવી જશે.

વર્ણાશ્રમધર્મ અને નિયમોની આવશ્યકતા છે. તેવી જ રીતે ઇહ-પરલોક, કર્મ, ઉપાસના, જ્ઞાન આ બધી વાતો આવી જશે, પરંતુ આના વિવેચન માટે ત્રણ પ્રશ્નો ઊભા થાય છે અને તેની ચર્ચા પહેલા સ્કંધમાં આવે છે. પહેલો પ્રશ્ન છે-આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઇ ? આ એક બહુ કઠણ પ્રશ્ન છે. આનો કોઇપણ વિચારવંત પૂર્ણ રીતે જવાબ નથી આપી શકતો. ભગવાને સૃષ્ટિ નિર્માણ કરી એમ કહીએ તો તેણે શા માટે સૃષ્ટિ નિર્માણ કરી ? સામાન્ય અબુધ માણસથી શરૂઆત કરી, બુદ્ધિનિષ્ઠ સુધી બધાનો આ પ્રશ્ન છે.

બીજો પ્રશ્ન છે, મનુષ્યનું તત્ત્વતઃ રૂપ શું ? અને ત્રીજો પ્રશ્ન છે, મનુષ્યનું અંતિમ ધ્યેય કયું હોવું જોઇએ ? આ તત્ત્વજ્ઞાનના પ્રશ્ન છે. બધા તત્વવેત્તાઓ આ બાબતમાં વિચાર કરે છે અને કંઇક કહે છે. અહીં ભાગવતમાં તો કેવળ કૃષ્ણલીલા અને કૃષ્ણભકિત છે. તેમાં આનો જવાબ કયાંથી હોય ? સમજદાર અને બુદ્ધિમાન માણસને આવી શંકા આવે છે. એનું કારણ, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા તાત્ત્વિક લોકોને આવી કથા-વાર્તાઓમાં રસ નથી. ભાગવતમાં કૃષ્ણલીલા અને કૃષ્ણભકિતનું વર્ણન છે તેમાં આવી તાત્ત્વિક ચર્ચા કેવી રીતે આવે ? પરંતુ પ્રથમ સ્કંધમાં તેની ચર્ચા આવી છે. પ્રથમ સ્કંધ બહુ મોટો છે, એટલે કે અર્થથી ભરેલો છે.

ભાગવતને પણ તેના વિષે કંઇક કહેવું છે, એનું કારણ તે તત્ત્વપ્રધાન ભકિતનો ગ્રંથ છે. નિર્ગુણ નિરાકારે આ સૃષ્ટિ શા માટે બનાવી ? આ પહેલો પ્રશ્ન ઊભો થાય છે. સૃષ્ટિની વિવિધતા, સુંદરતા અને ચાતુર્ય જોઇને, તેને બનાવવાવાળો સાચે જ છે એમ લાગે છે. તેવું જેને ન લાગતું હોય તે નિર્બુદ્ધ છે. સૃષ્ટિમાં એટલી સુંદરતા, એટલી વિવિધતા, એટલું ચાતુર્ય દેખાય છે કે તે કોણે બનાવી હશે ? એવું આશ્ચર્ય થાય છે.

સૃષ્ટિ તો છે. તો પછી તે પહેલાં સૃષ્ટિનો નકશો બનાવવાવાળો કોઇ હોવો જ જોઇએ. એટલું જ નહિ તેને સૃષ્ટિ બનાવવાની વાસના પણ હોવી જોઇએ, પરંતુ ભગવાન તો નિર્ગુણ નિરાકાર છે તો તેને વાસના કયાંથી આવી? આ બાબતમાં ઋષિઓ પણ કંઇ સ્પષ્ટરુપે કહેતા નથી. એનું કારણ સમર્થ વ્યકિતને 'એવું કેમ ?' એ પૂછવાનો અધિકાર પણ કોને છે ?

હું મારા ઘરમાં ફરતો હોઉં, કંઇ કરતો હોઉં, તો તમે આમ શા માટે કરો છો એવું પૂછવાનો અધિકાર કોને છે ? ભગવાને સૃષ્ટિ શા માટે બનાવી? તે પ્રશ્નનો જવાબ શ્રુતિ પણ નથી આપતી. શ્રુતિએ એટલું જ કહ્યું છે: '**न एकाकी रमते** – રમમાણ થવા માટે બીજો જોઇએ,' એવું કહીને રસ્તો કાઢયો છે. રમવાનો અર્થ ફકત રમત રમવી એવો નથી. રાત્રે ઊંઘમાં તમારું 'હોવું' હોય છે અને સવારના તમે ઊઠો એટલે 'રમણ' શરૂ થાય છે,તેથી શ્રુતિ કહે છે કે **न एकाकी रमते।** બ્રહ્મસૂત્રમાં વેદવ્યાસે લખ્યું છે: **लोकवत्तुलीलाकैवल्यम्** અને તેજ વાત ભાગવતે, પ્રથમ સ્કંધમાં પહેલા અધ્યાયના સત્તરમાં શ્લોકમાં **लीलया दधतः कलाः** આવું લખીને સમજાવી છે.

સમજો કે હું મારા ઘરમાં એક ઓરડામાં બેસીને હાથમાં એક દડો લઇને ભીંત પર ફેંકું અને દડો આવે તો પાછો પકડું. પાછો દડો ફેંકું તે વખતે કોઇ આવીને મને પૂછે, તમારે દડો પકડવો છે કે છોડવો છે ? જો પકડવો હોય તો ફેંકો નહિ અને ફેંકવો હોય તો પાછો પકડો નહિ.' તો હું તેને એટલું જ કહું: 'તમારે વચ્ચે પડવાની જરૂર નથી, હું તો રમું છું' આવી રીતે ભગવાને માણસને પોતાથી આઘો કર્યો અને પછી પાછો પોતાની પાસે આવવાનું કહ્યું. તે બાબત

છે, તેનું જ ભાગવતમાં વિષ્ણુ અથવા કૃષ્ણના રુપે વર્ણન છે. **ब्रह्मसंपत्त्या संछिन्न द्वैत** એમ, પ્રથમ સ્કંધના પંદરમાં અધ્યાયમાં આ સ્પષ્ટ રુપે કહ્યું છે. ભકિતમાર્ગ દ્વૈતનું પ્રતિપાદન નથી કરતો, ભકિત દ્વૈતમાં શરુ થાય છે અને તેની પરિણતિ અદ્વૈતમાં થાય છે. દ્વૈતમાં મધ્વ ઈત્યાદિક પંથ છે. માધ્વ પંથ દ્વૈતી જ છે અને તે ભાગવતને પ્રમાણભૂત ગ્રંથ માને છે.

ભાગવતના પ્રથમ સ્કંધના બીજા અધ્યાયમાં કહ્યું છે.:

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः ।
वासुदेवपरा योग वासुदेवापराः क्रियाः ॥ (भा. १/२/२८)

આગળ કહે છે. **स्वनुष्ठितस्य धर्मस्य संसिद्धिर्हरितोषणम्** (भा. १/२/१३) (સ્વધર્મના આચરણથી ધર્મ ત્યારે જ સિધ્ધ થયો ગણાય જ્યારે તેનાથી પ્રભુ પ્રસન્ન થાય) આમ અદ્વૈત અને ભકિતનો સંબંધ છે જ, એટલું જ નહિ, ભકિતનું મૂળ જ અદ્વૈતમાં છે. નિત્ય દ્વૈત માનીએ, તો ભકિતની ઉપપત્તિ લગાડતી વખતે ભીતિનો આશ્રય લેવો પડશે. ભકિત એટલે પ્રેમ. તે દ્વૈતમાં ઉત્પન્ન થાય છે, પરંતુ એકત્વબુદ્ધિમાં તેની પરિણતિ થાય છે. જે દ્વૈત ઊભું થાય છે, તે જ માયા છે. નિત્ય દ્વૈત હોય તો ભીતિ હોય અને ભીતિમાં ભકિત રહી શકતી નથી

‘કામ’ જેટલું વ્યાપક તત્ત્વ છે, તેટલું જ વ્યાપક તત્ત્વ ‘ભીતિ’ છે.

હું હંમેશાં દૃષ્ટાંત આપું છું. તમે બહાર ગયા હો ત્યારે રસ્તામાં એક-બે મિત્રો મળે છે. તમે તેમને કહો છો, ‘ચાલો, આજે રવિવાર છે, તો મારા ઘરે આપણે સાથે જમીશું.’ આમ કહીને તમે મિત્રોને ઘરે સાથે લઇ આવો છો. દરવાજા પાસે ઊભા રહી તમે ઘંટડી વગાડો છો. તમે ઘરમાં દાખલ થાઓ છો ત્યારે તમારા મનની અંદર એક સૂક્ષ્મ ભીતિ હોય છે કે હું મિત્રોને જમવા સાથે લઇ તો આવ્યો છું, પરંતુ પત્ની ગુસ્સે તો નહિ થાય ને ? તમે આ કોઇને કહેતા નથી. તમે ભયભીત છો કે કાયર છો, એવું પણ નથી. પત્ની ના પાડશે તો પણ દબાણ કરીને તમે પત્ની પાસેથી બધાંની રસોઇ બનાવડાવીને તેમને જમાડશો, પરંતુ જ્યાંસુધી પત્ની કહેતી નથી, ‘કેટલા મિત્રો જમવાના છે ? હું હમણાં જ રસોઇ તૈયાર કરું છું.’ ત્યાંસુધી તમારા અંતઃકરણમાં એક સૂક્ષ્મ ભય હોય જ છે. આ કહેવાનું કારણ એટલું જ છે કે પતિ-પત્નીમાં જ વ્યાવહારિક અદ્વૈત થઇ શકે છે-પરંતુ તેમાં પણ ભીતિ હોય છે. જ્યાં ભીતિ છે, ત્યાં ભકિત નથી આવતી. સંસારના બધા સંબંધોમાં પતિ-પત્નીના સંબંધમાં જ અદ્વૈત શકય છે. તો તેમાં પણ ભય હોય છે.

ભકિત એટલે પ્રેમ. તે દ્વૈતમાં ઉત્પન્ન થાય છે, પરંતુ એકત્વ બુદ્ધિમાં તેની પરિણતિ છે. દ્વૈતમાં ભયનું કારણ છે, તેથી ભાગવતકારે સ્પષ્ટ ભાષામાં લખ્યું છે: **यद्बिभेति स्वयं भयम् ।** (भा. १/१/१४) તે એવો બને છે કે ભયને પણ તેની ભીતિ લાગે છે.

ભકિતમાં, પ્રેમ અને નિર્ભયતા એ પહેલી વાત છે. તે પ્રાપ્ત થાય ત્યાં સુધી જે કસરત ચાલે છે તેને ઉપાસના કહે છે. તેથી ઉપાસક જુદો અને ભકત જુદો. ભકત તે છે કે જે ભગવાનથી, ભગવાનના વિચારથી વિભક્ત થતો જ નથી. જે મંદિરમાં ભકત છે અને માર્કેટમાં જઇને વિભકત છે, તે ભકત જ નથી, તે ઉપાસક છે.

પ્રથમ સ્કંધ વિવિધ વાતોથી ભરેલો છે. તેમાં શૈવ-વૈષ્ણવનો ભેદ ઉડાવી દીધો છે. ગુજરાતમાં એક વિશિષ્ટ સંપ્રદાયને વૈષ્ણવ કહે છે અને તેને જુદો જ માને છે, તે ખોટી વાત છે. દક્ષિણમાં, મહારાષ્ટ્રમાં બધે વૈષ્ણવ સંપ્રદાય છે. વારકરિ સંપ્રદાય એ વૈષ્ણવ સંપ્રદાય છે. વૈષ્ણવ શબ્દનો અર્થ સંકુચિત નથી, પરંતુ કેટલાક લોકો સંકુચિતતાને લીધે તેવો અર્થ કરે છે.

ભાગવતમાં, આત્મજ્ઞાની અને વૈષ્ણવ એવા બે શબ્દો આવે છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં વીરશૈવ અને વીરવૈષ્ણવનો ઝઘડો થયો તેમાંનો આ વૈષ્ણવ શબ્દ નથી વીર શૈવ અને વીરવૈષ્ણવ બન્ને વીર છે. તેમનો જે સંપ્રદાય ઊભો થયો તે પણ વીર છે. તેમનો પ્રજ્વલ ક્રિયાકાંડ અહીં ખબર નહિ પડે. તે વીર અને શિવમાં છે. આજે પણ વીરશૈવ અને વીરવૈષ્ણવ છે.

ભાગવતમાં **हरिविरिञ्चिहरेति संज्ञाः...** એવું કહીને તે એક છે એમ કહ્યું છે.

પ્રથમ સ્કંધમાં જુદી જુદી સુંદર કથાઓ છે. તેમાં નવમા અધ્યાયમાં બત્રીસથી બેતાલીસ શ્લોક સુધી ભીષ્મે કરેલી કૃષ્ણ ભગવાનની સ્તુતિ છે. ગીતામાં અર્જુને વિશ્વરુપ દર્શન કર્યા પછી જેવી સ્તુતિ કરી છે, તેવી જ આ ભીષ્મસ્તુતિ છે. ભીષ્મ જ્ઞાનના એક મહાકોષ સમાન (Encyclopaedia) છે. યુધિષ્ઠિર ઈત્યાદિ લોકો સાથે પ્રવૃત્તિ-નિવૃત્તિ, રાજધર્મ, સ્ત્રીધર્મ, નીતિધર્મ ઈત્યાદિનું નિરુપણ અને ચર્ચા ચાલે છે. એટલામાં ઉત્તરાયણ આવી ગયું. એટલે ભીષ્મને જવાનો સમય થઇ ગયો. મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું, કારણ, ભીષ્મને ઉત્તરાયણમાં દેહ છોડવો હતો.

તે સમયે તેમની આંખોની સામે શ્રીકૃષ્ણ ભગવાન ઊભા રહ્યા. જ્ઞાનની ચર્ચા કરતાં કરતાં જ ભીષ્મ બદલી ગયા. કૃષ્ણ ભગવાન આંખની સામે આવતાં જ તેમની ભીષ્મે સ્તુતિ કરી છે. આ અનુપમેય સ્તોત્ર પ્રથમ સ્કંધમાં છે.

અરે, જવાવાળું કોણ છે ? ભીષ્મ છે. જે મૃત્યુથી પણ ડરતા નથી તે! ભીષ્મ એક અલૌકિક ચરિત્ર છે. ભીષ્મ જેવું ઉદાત્ત ચરિત્ર બીજે જોવા ન મળે. કૃષ્ણ ભગવાન પોતે કોઇપણ પગલું ભરતી વખતે ભીષ્મની આંખો સામે જોતા હતા. એટલું પ્રભાવી તે ચરિત્ર છે. મહાભારતમાંથી કૃષ્ણ અને ભીષ્મ—આ બે મહાપુરુષોને બાદ કરો તો મહાભારતમાં શું રહે ? કંઇ નહિ. તેવા મહાભારતની કોઇને જરૂર નથી. કૃષ્ણ અને ભીષ્મ બન્ને પ્રભાવી છે, પરંતુ ભીષ્મની બાબતમાં ઘણી ગેરસમજણો પ્રવર્તે છે.

સ્તોત્ર કોણ ગાય છે તે સમજાવવા માટે મેં આ વાતો કહી. હમણાં મહાભારત કે તેનાં ચરિત્રોનો વિચાર કરવા આપણે બેઠા નથી. આપણે ભાગવત વાંચીએ છીએ. સામાન્ય, મંદબુદ્ધિના માણસો આવા ભવ્ય અને ઉદાત્ત ચરિત્રને સમજી કેવી રીતે શકે ? ભીષ્મ કયા તત્ત્વ ઉપર ઊભા હતા તેનો વિચાર તેઓ કરતા નથી. બસ કૃષ્ણની વિરુદ્ધ તે ઊભા હતા અને કૌરવપક્ષના હતા, તેથી ખલાસ થયું એવું આપણે સમજીએ છીએ. અરે, ખુદ કૃષ્ણ ભગવાન ભીષ્મ માટે તેવું કહેતા નથી, પણ એવી વાતો આ લોકોને ખબર પડતી નથી. ભીષ્મ એક લોકોત્તર ભકત હતા.

પ્રથમ સ્કંધ વિવિધ વાતોથી ભરેલો છે. તેમાં શૈવ-વૈષ્ણવનો ભેદ ઉડાવી દીધો છે. ગુજરાતમાં એક વિશિષ્ટ સંપ્રદાયને વૈષ્ણવ કહે છે અને તેને જુદો જ માને છે, તે ખોટી વાત છે. દક્ષિણમાં, મહારાષ્ટ્રમાં બધે વૈષ્ણવ સંપ્રદાય છે. વારકરિ સંપ્રદાય એ વૈષ્ણવ સંપ્રદાય છે. વૈષ્ણવ શબ્દનો અર્થ સંકુચિત નથી, પરંતુ કેટલાક લોકો સંકુચિતતાને લીધે તેવો અર્થ કરે છે.

ભાગવતમાં, આત્મજ્ઞાની અને વૈષ્ણવ એવા બે શબ્દો આવે છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં વીરશૈવ અને વીરવૈષ્ણવનો ઝઘડો થયો તેમાંનો આ વૈષ્ણવ શબ્દ નથી વીર શૈવ અને વીરવૈષ્ણવ બન્ને વીર છે. તેમનો જે સંપ્રદાય ઊભો થયો તે પણ વીર છે. તેમનો પ્રજ્વલ ક્રિયાકાંડ અહીં ખબર નહિ પડે. તે વીર અને શિવમાં છે. આજે પણ વીરશૈવ અને વીરવૈષ્ણવ છે.

ભાગવતમાં **हरिविरिञ्चिहरेति संज्ञाः...** એવું કહીને તે એક છે એમ કહ્યું છે.

પ્રથમ સ્કંધમાં જુદી જુદી સુંદર કથાઓ છે. તેમાં નવમા અધ્યાયમાં બત્રીસથી બેતાલીસ શ્લોક સુધી ભીષ્મે કરેલી કૃષ્ણ ભગવાનની સ્તુતિ છે. ગીતામાં અર્જુને વિશ્વરુપ દર્શન કર્યા પછી જેવી સ્તુતિ કરી છે, તેવી જ આ ભીષ્મસ્તુતિ છે. ભીષ્મ જ્ઞાનના એક મહાકોષ સમાન (Encyclopaedia) છે. યુધિષ્ઠિર ઈત્યાદિ લોકો સાથે પ્રવૃત્તિ-નિવૃત્તિ, રાજધર્મ, સ્ત્રીધર્મ, નીતિધર્મ ઈત્યાદિનું નિરુપણ અને ચર્ચા ચાલે છે. એટલામાં ઉત્તરાયણ આવી ગયું. એટલે ભીષ્મને જવાનો સમય થઈ ગયો. મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું, કારણ, ભીષ્મને ઉત્તરાયણમાં દેહ છોડવો હતો.

તે સમયે તેમની આંખોની સામે શ્રીકૃષ્ણ ભગવાન ઊભા રહ્યા. જ્ઞાનની ચર્ચા કરતાં કરતાં જ ભીષ્મ બદલી ગયા. કૃષ્ણ ભગવાન આંખની સામે આવતાં જ તેમની ભીષ્મે સ્તુતિ કરી છે. આ અનુપમેય સ્તોત્ર પ્રથમ સ્કંધમાં છે.

અરે, જવાવાળું કોણ છે ? ભીષ્મ છે. જે મૃત્યુથી પણ ડરતા નથી તે! ભીષ્મ એક અલૌકિક ચરિત્ર છે. ભીષ્મ જેવું ઉદાત્ત ચરિત્ર બીજે જોવા ન મળે. કૃષ્ણ ભગવાન પોતે કોઈપણ પગલું ભરતી વખતે ભીષ્મની આંખો સામે જોતા હતા. એટલું પ્રભાવી તે ચરિત્ર છે. મહાભારતમાંથી કૃષ્ણ અને ભીષ્મ—આ બે મહાપુરુષોને બાદ કરો તો મહાભારતમાં શું રહે ? કંઈ નહિ. તેવા મહાભારતની કોઈને જરૂર નથી. કૃષ્ણ અને ભીષ્મ બન્ને પ્રભાવી છે, પરંતુ ભીષ્મની બાબતમાં ઘણી ગેરસમજણો પ્રવર્તે છે.

સ્તોત્ર કોણ ગાય છે તે સમજાવવા માટે મેં આ વાતો કહી. હમણાં મહાભારત કે તેનાં ચરિત્રોનો વિચાર કરવા આપણે બેઠા નથી. આપણે ભાગવત વાંચીએ છીએ. સામાન્ય, મંદબુદ્ધિના માણસો આવા ભવ્ય અને ઉદાત્ત ચરિત્રને સમજી કેવી રીતે શકે ? ભીષ્મ કયા તત્ત્વ ઉપર ઊભા હતા તેનો વિચાર તેઓ કરતા નથી. બસ કૃષ્ણની વિરુદ્ધ તે ઊભા હતા અને કૌરવપક્ષના હતા, તેથી ખલાસ થયું એવું આપણે સમજીએ છીએ. અરે, ખુદ કૃષ્ણ ભગવાન ભીષ્મ માટે તેવું કહેતા નથી, પણ એવી વાતો આ લોકોને ખબર પડતી નથી. ભીષ્મ એક લોકોત્તર ભકત હતા.

મહાન ભીષ્મે જે સ્તોત્ર ગાયું છે, તે લાજવાબ છે ! પહેલાં જ્ઞાનની પ્રભાવી ચર્ચા ચાલતી હતી. તે એકદમ છોડીને સ્તોત્ર બોલવા લાગ્યા. આપણે પણ સ્તોત્ર વાંચીએ છીએ પરંતુ, કોઇએ ગાયેલું સ્તોત્ર વાંચીએ છીએ એ વાંચીને આપણું અંતઃકરણ અંદરથી હલતું નથી, ભીનું પણ થતું નથી.

અંતઃકરણ ભીનું થયા બાદ જે શબ્દો નીકળે છે તેને સ્તોત્ર કહે છે. આપણે ભીના થવા માટે આ સ્તોત્ર ગાઇએ છીએ. ભીષ્મ જે સ્તોત્ર ગાય છે તે અગાઉથી મોઢે કરેલું સ્તોત્ર નથી. આંખોની સામે જેવા કૃષ્ણ ઊભા રહ્યા તેવું જ તેઓ ગાય છે. તેને વિશ્વરૂપદર્શન કર્યા પછી અર્જુને કરેલી સ્તુતિની જ ઉપમા આપી શકાય.

ભીષ્મ પહેલા શ્લોકમાં કહે છેઃ 'ક્રીડાર્થે અહીં આવેલો તું, સર્વ ગુણસંપન્ન છે. તારામાં બધાજ ગુણો જોવા મળે છે. તારા પર મારો નિર્દોષ પ્રેમ રહે. તું ક્રીડા કરવા શા માટે આવ્યો છે તે મને ખબર છે. તું અવતાર લઇને શા માટે આવ્યો તે મને ખબર છે. તું દુષ્ટોનો સંહાર કરવા નથી આવ્યો.'

ખરી વાત છે. સામાન્ય માણસનું હાર્ટફેઇલ થઇ શકે તો કંસનું કેમ ન થાય ? ભગવાન ઉપર બેઠા બેઠા પણ કંસનું હૃદય બંધ કરી શકે છે.

'અર્જુનની સાથે સખ્યતા રાખવાવાળો તું, તેં તેનું સારથ્ય સ્વીકાર્યું ! તેથી ધૂળથી ભરેલો અને જેના મોઢા ઉપર પરસેવાના શ્રમબિંદુ છે, એવી જેની મુખાકૃતિ છે, તે મારી આંખોની સામે વારંવાર આવે છે.'

પછી કહે છેઃ 'યુદ્ધપરાઙ્મુખ થયેલા, પડી ગયેલા, મનથી મરેલા અર્જુનને, આત્મવિદ્યા આપીને ઊભો કરવાવાળો તું, તારા ઉપર મારો પ્રેમ રહે.'

'પ્રભુ ! તમારો મારા પર સાચો પ્રેમ છે. હું યુદ્ધમાં હાથમાં શસ્ત્ર નહિ પકડું એવી પ્રતિજ્ઞા તમે કરી હતી પરંતુ મારી પ્રતિજ્ઞા ખરી કરવા માટે તમે તમારી પ્રતિજ્ઞા તોડી, અને તમે હાથમાં શસ્ત્ર ઉપાડયું. આપના ચરણ ચૂમવાની મને તીવ્રતમ ઇચ્છા છે. ચાબુક અને લગામ જેણે હાથમાં લીધા છે એવા કૃષ્ણનું જ ધ્યાન મૃત્યુ સમયે મારે કરવું છે.'

આ સ્તોત્રમાં વિચારની કડી છે. ભગવાન શા માટે આવ્યા છે ? ક્રીડાર્થે આવ્યા છે. મહાન લોકોની ક્રીડા થાય છે, તેમાંથી કંઇ શીખવાનું મળી જાય છે. સમસ્ત સૃષ્ટિને તેમની ક્રીડામાંથી કંઇને કંઇ મળ્યું છે.

'તમે ક્રીડાર્થે આવ્યા, તો સખ્યતા આવી ગઇ. ક્રીડા કરવાને માટે સખા જોઇએ તેથી અર્જુનને સખા બનાવ્યો. સખ્યતા આવી કે પોતાપણું આવ્યું. પોતાપણું આવ્યા પછી તમે અર્જુનનું સારથ્ય કરવાનું સ્વીકાર્યું.'

'ભગવાન ! તમે અર્જુનના સારથી બન્યા તે શું તમને કંઇ બક્ષિસ મળે એટલા માટે ? કે પછી પગાર મળે તે માટે ? બક્ષિસ કે પગાર માટે તમે સારથ્ય કર્યું નથી.'

આપણે ઘરમાં હાથમાં ઝાડુ લઇને ઘરની સફાઇ કરીએ છીએ, પરંતુ, બીજાના ઘરમાં તેવું

કામ કરતા નથી. ત્યાં આપણને તે કામ નીચલી સ્તરનું, હલકું લાગશે. પરંતુ તે જ કામ તમે પોતાના ઘરમાં કરો છો. કારણ, તેમા પોતાપણું છે.

'પોતાપણું આવ્યું કે મદદ આપવાનું આવ્યું, પરંતુ તમે અર્જુનને મદદ કરી નથી, તમે તેને ઊભો કર્યો છે. તેને અકર્મણ્ય બનાવ્યો નથી.' મદદ આપીને અકર્મણ્ય બનાવવો એ સખાનું કામ નથી.

ભગવાને અર્જુનને એમ ન કહ્યું કે તું નિરાંતે સૂઇ જા, બધું હું કરીશ. આ એક મહત્ત્વની વાત છે કે તેમણે અર્જુનને આત્મવિદ્યા આપીને ઊભો કર્યો છે.

આપણે હંમેશાં નબળાવર્ગને મદદ આપવાની ભાષા બોલીએ છીએ. ખરી રીતે, તેવા વર્ગને ઊભો કરવો જોઇએ.

મૃત્યુ સમયે ભીષ્મ, 'હાથમાં ચાબુક લીધેલા અને લગામ પકડેલા કૃષ્ણ ભગવાનની મૂર્તિ મારી આંખની સામે રહે' એવી વારંવાર માંગણી કરે છે.

ભીષ્મને મૃત્યુ સમયે તે જ શ્રીકૃષ્ણ ભગવાનનું ચિત્ર આંખની સામે આવે છે કે જે શ્રીકૃષ્ણ હાથમાં ચાબુક લઇને અને લગામ પકડીને બેઠા છે. ભગવાન એક હાથમાં ચાબુક અને બીજા હાથમાં લગામ પકડીને જ બેઠા છે, આ બે વાતો મનુષ્ય સમજી લે તો તેનું જીવન સુધરી જશે, બદલી જશે.

ભગવાનના હાથમાં ચાબુક છે અને આપણા જીવનની લગામ પણ તેના જ હાથમાં છે. માણસ પાસે દસ ફેકટરી હોય, તેને વાત કરવાનો સમય ન હોય, પરંતુ એકાએક બધુ ચાલી જાય. એનો અર્થ જ એ કે ભગવાને લગામ ખેંચી.

પ્રત્યેક માણસે ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણી લગામ ભગવાનના હાથમાં છે અને ભગવાન હાથમાં ચાબુક લઇને બેઠા છે. ભગવાન ચાબુક મારશે નહિ; અને કદાચ મારશે તો હળવેકથી મારશે. તેમને ચાબુક મારવી તો પડે જ, પરંતુ, દ્વેષબુદ્ધિથી મારવું, વેર લેવાને માટે મારવું અને પુત્રને મારવું તેમાં ફરક છે.

પ્રથમ સ્કંધમાં ભીષ્મે કરેલી સ્તુતિ અફલાતુન અને લાજવાબ છે. જલેબી કેટલી મધુર, સ્વાદિષ્ટ છે તે ખાધા પછી જ ખબર પડે. આ સ્તુતિ જેણે વાંચી નહિ, તેણે પ્રથમ સ્કંધ વાંચ્યો જ નથી, પરંતુ ભીષ્મસ્તુતિ વાંચતી વખતે ભીષ્મનું ઉદાત્ત ચરિત્ર, તેમનું અલૌકિક કર્તૃત્ત્વ, તેમની તેજસ્વિતા, તેમની તત્ત્વનિષ્ઠા અને તેમની ભકિત ધ્યાનમાં હોવી જોઇએ. ત્યારબાદ તેમનું સ્તોત્ર વાંચવું જોઇએ. પહેલાં ભીષ્મને નમસ્કાર અને ત્યારપછી શ્રીકૃષ્ણને નમસ્કાર.

ત્યારબાદ, પ્રથમ સ્કંધના દસમા અધ્યાયમાં એકવીસથી ત્રીસ શ્લોકમાં કૌરવ સ્ત્રીઓ વ્યાવહારિક દૃષ્ટિથી તાત્ત્વિક વર્ણન કરે છે. ભીષ્મની દૃષ્ટિ જુદી છે અને કૌરવ સ્ત્રીઓની દૃષ્ટિ જુદી છે.

કૌરવ સ્ત્રીઓ કહે છે: 'ભગવાન ! તમારા આવવાથી મધુવન કેવું પાવન થયું ! યદુવંશમાં જન્મ લઇને તમે યદુવંશને પ્રજ્વલિત કર્યું, સુશોભિત કર્યું અને યદુવંશમાં પ્રકાશ લાવ્યા. તમે જ

દ્વારિકાને પુનિત કરી.'

ત્યારબાદ દ્વારિકાવાસીઓએ શ્રીકૃષ્ણનું સ્તવન કર્યું છે. તે અગિયારમાં અધ્યાયમાં છઠઠાથી નવમાં શ્લોકમાં છે. તેઓ કહે છેઃ 'પ્રભુ ! તમે જ્યારે આઘા થાઓ છો ત્યારે અમારા જીવનમાં અંધકાર છવાઇ જાય છે.' ખરી જ વાત છે. માણસ-(બાદ) ભગવાન = શૂન્ય. દ્વારિકામાં શ્રીકૃષ્ણ હોય છે ત્યારે દ્વારિકાની સ્થિતિ કેવી હોય છે તેનું વર્ણન તેમણે કર્યું છે.

ત્યારબાદ, પ્રથમ સ્કંધના પંદરમાં અધ્યાયમાં શોકાન્વિત અંતઃકરણથી, આકુલ-વ્યાકુલ થયેલા અર્જુને કરેલી સ્તુતિ છે. અર્જુને જે સ્તુતિ કરી છે તેમાં **तेन त्वं असि** નો સિધ્ધાંત જણાશે. **'तत्त्वमसि'** નો 'તારા લીધે હું છું' નો અર્થ તેમાં દેખાય છે. 'હે ભગવાન ! તારા વગર હું શૂન્ય છું' એમ અર્જુન આ સ્તુતિમાં કહે છે. 'તારા લીધે જ હું છું'નું દર્શન આ સ્તુતિમાં છે.

ત્યારબાદ, કુંતામાતાએ કરેલી સ્તુતિ આવે છે. તેમાં તેમને એટલું જ કહેવાનું છે, 'કૃષ્ણપ્રભુ ! તમને આદિ નથી, અંત નથી. તમને સમજવા એ ખેલ નથી. તમને સ્થિતપ્રજ્ઞ મુનિઓ પણ સમજી શકતા નથી તો મારા જેવી એક સ્ત્રી કેવી રીતે સમજી શકે ?' 'હું એટલું જ કહું છું: **'विपदः सन्तु नः शश्वत्...'** કુંતામાતાએ આ વૈશ્વિક શ્લોક કહ્યો છે. 'ભગવાન ! મને જ્યાંસુધી જન્મ આપો ત્યાંસુધી વિપત્તિ આપો, તો તમારું સ્મરણ થતું રહેશે.' ઋષિ પણ કહે છેઃ 'વિપત્તિ આપો'. એવું માગવાની શી જરૂર છે ? સંપત્તિ ને પણ વિપત્તિ સમજી લો, બસ પૂરું થયું. જેને આદિ નથી, અંત નથી, એવા શ્રીકૃષ્ણ પ્રભુ સાથે રમીને તેને સમજવા જોઇએ. કુંતામાતાની સ્તુતિ પ્રેમથી ભરેલી છે.

પ્રથમ સ્કંધમાં સ્તોત્રો જ સ્તોત્રો છે. આપણે પણ કાવ્ય કરીએ છીએ, ભજન બનાવીએ છીએ, પરંતુ, શ્રીમદ્ વલ્લભાચાર્યે, શંકરાચાર્યે કે રામાનુજાચાર્યે બનાવેલા સ્તોત્રની પાછળ તેમની જબરદસ્ત શકિત છે. સ્તુતિ કોણ ગાય છે તે મહત્ત્વનું છે. ભીષ્મ પડેલા, લાચાર કે દીન નથી. ભીષ્મને કૃષ્ણના જીવનનું રહસ્ય અસલી રુપમાં ખબર પડયું છે. ભીષ્મે સખ્ય ભકિતની મહત્તા વધારી છે. સખ્યભકિત કરતી વખતે, વ્યકિતમાં પોતાપણું આવે છે અને તેથી કાર્યની ઊંચ-નીચતા ભુલાઇ જાય છે. નહિ તો ભગવાન અર્જુનના સારથી કેમ બને ? આજની ભાષામાં કહેવું હોય તો અમેરિકા જેવા સંપન્ન રાષ્ટ્રનો પ્રમુખ અહીં કોઇને ત્યાં ડ્રાઇવરનું કામ કરે તો તમને કેવું લાગે ? વૃષ્ણીસંઘ પણ પ્રભાવી, વિત્તવાન, અને સંપન્ન સંઘ હતો. તેના શ્રીકૃષ્ણ પ્રમુખ હતા. તેઓ અર્જુનને વૃષ્ણીસંઘનું સૈન્ય આપી શકતા હતા, પરંતુ તેવું તેમણે કર્યું નથી. તે સારથી બન્યા. જ્યાં પ્રેમ, સખ્ય અને પોતાપણું આવી ગયું ત્યાં ઊંચનીચનો ભેદ ભુંસાઇ ગયો. તેમણે અર્જુનને આત્મવિદ્યાનો ઉપદેશ આપીને ઊભો કર્યો.

આ બધી સ્તુતિઓમાં કૃષ્ણનું વર્ણન છે. તે વાંચતી વખતે, તે સ્તુતિ કોણે ગાઇ છે તે જોઇને વાંચશો તો એક અલૌકિક અને અદ્દ્ભુત આનંદ મળશે. તેમાં જુદી જુદી છટાઓ છે. દ્વારકાવાસીઓએ જે સ્તુતિ ગાઇ છે તેની છટા જુદી છે. ભીષ્મ પિતામહે ગાયેલી સ્તુતિ અતિ ઉચ્ચ છે. આમ તો બધી સ્તુતિઓ ઉચ્ચ છે, પણ ભીષ્મની સ્તુતિ લાજવાબ છે. કૌરવ સ્ત્રીઓએ કરેલી સ્તુતિમાં વ્યાવહારિક દૃષ્ટિથી કરેલું વર્ણન છે. અર્જુનની વિષાદ ભરેલી સ્તુતિમાં **तेन त्वं असि** નો સિદ્ધાંત, જે આચાર્યોએ કહ્યો છે તે જોવા મળે છે.

પહેલા સ્કંધમાં ભાગવતે જુદા જુદા વિષયોને સ્પર્શ્યા છે. ગુરુ-શિષ્ય વચ્ચે કેવળ પ્રેમનો સંબંધ ન ચાલે, તેમની વચ્ચે આત્મીય સંબંધ ન હોય તો ગુહ્યજ્ઞાન (Realization) ન થાય. ગુહ્યજ્ઞાન એ શાબ્દિક જ્ઞાન નથી. ગુરુ-શિષ્ય વચ્ચે પ્રેમ તો હોવો જ જોઇએ, પરંતુ, પ્રેમથી વધારે સામીપ્ય આવવું જોઇએ. ગુરુ-શિષ્ય વચ્ચે આત્મીય સંબંધ હોવો જોઇએ. **ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत** ॥ આવું પહેલા અધ્યાયના આઠમાં શ્લોકમાં લખ્યું છે. બહુ જ સારી ચર્ચા છે. એક હૃદય બીજા હૃદય સાથે બોલવા લાગે એવો આત્મીય સંબંધ તેમાં અપેક્ષિત છે. કેવળ પ્રેમ ન ચાલે. આપણે ભિખારી પર પણ પ્રેમ કરીએ છીએ, પરંતુ આપણો તેની સાથે આત્મીય સંબંધ હોતો નથી. નારદે પ્રેમની વ્યાખ્યા કરી છે, તે અલૌકિક છે: **सा तु परम प्रेमरूपा अमृतस्वरूपा च** એવી ભકિતની વ્યાખ્યા કરી છે તેમાં પ્રેમ શબ્દ આવ્યો છે. આપણે તો પ્રેમ શબ્દ ગમે ત્યાં વાપરીએ છીએ.

ભાગવતે રાજધર્મનું પણ નિરુપણ કર્યું છે. રાજા શા માટે હોય છે ? રાજાની આવશ્યકતા શી ? **एष राज्ञां परो धर्मो ह्यार्तानामार्तिनिग्रहः** (भा. १/१७/११) 'દુ:ખીઓનું દુ:ખ દૂર કરવું એ રાજાઓનો પ્રથમ ધર્મ છે.' આમ કહીને રાજધર્મની ચર્ચા કરી છે તે દરેક રાજાએ વાંચવી જોઇએ. લોકશાહીમાં આપણે વોટ આપવાવાળા બધા જ રાજા છીએ તેથી આપણે પણ તે ચર્ચા વાંચવી જોઇએ. આ વાંચ્યા પછી કાલિદાસે જે લખ્યું છે: **'आर्तत्राणाय वः शस्त्रं न प्रहर्तुमनागसि** ॥ (शाकुंतल/१/११) આર્તરક્ષણ માટે શસ્ત્ર છે, નિર્દોષને મારવા માટે નહિ.' તેવી જ રીતે રઘુવંશમાં કહ્યું છે: **'क्षतात्किल त्रायत इत्युदग्रः क्षत्त्रस्य शब्दो भुवनेषु रूढः'** ॥ તે જે 'શાકુંતલ'માં કહ્યું છે તેનું ભાષાંતર જ છે. ક્ષત્રિયો શા માટે છે ? તેની ચર્ચા રાજધર્મમાં સમજાવી છે.

ત્યારબાદ, અભ્યાસુ લોકોને માટે પહેલા સ્કંધમાં એક અલૌકિક વાતનું બીજારોપણ છે: 'ચરાચર સૃષ્ટિમાં નવું કંઇ હોતું જ નથી; અને જો હશે તો તેનો નાશ નથી થતો. એકની પાસે વૈભવ આવે છે તે બીજાની હાનિથી જ આવે છે' એવા એક ઉત્ક્રાંતિવાદી તત્ત્વનું સંશોધન કરીને, તેને 'જીવનાર્થકલહ' નામ આપ્યું છે. આગલી પેઢીના લોકો ઉત્ક્રાંતિ તત્ત્વથી આકર્ષિત થયા હતા. ઉત્ક્રાંતિ તત્ત્વે 'જીવનાર્થ કલહ' (Struggle for existence) શબ્દ તેમાંથી જ કાઢયો છે. તેનું મૂળ ભાગવતમાં હોય એમ લાગે છે. ભાગવતમાં કહ્યું છે–

अहस्तानि सहस्तानामपदानि चतुष्पदाम् ॥
फल्गूनि तत्र महतां जीवो जीवस्य जीवनम् ॥ (भा. १/१३/४६)

જે હાથવાળા છે તે હાથ વગરનાને મારીને ખાય છે અને જેને પગ નથી તેને ચતુષ્પાદવાળા મારીને ખાય છે. જે મહાન-મોટા છે તે નાનાને મારીને ખાય છે અને જીવે છે. **जीवो जीवस्य जीवनम्** । ઉત્ક્રાંતિવાદી તત્ત્વજ્ઞાને જે જીવનાર્થકલહ શબ્દ ઉપાડયો છે તેનું મૂળ ભાગવતમાં છે.

પહેલા સ્કંધમાં:

स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा ।
कर्मश्रेयसि मूढानां श्रेय एवं भवेदिह ।
इति भारतमाख्यानं कृपया मुनिना कृतम् ॥ (भा. १/४/२५)

આ કેટલું સાંભળીને લખ્યું છે ! ભાગવતની મહત્તા વિષે જેણે વિચાર્યું હશે તેના માટે આ મહત્ત્વના શબ્દો છે. ભાગવતકાર, કોઇ વ્યકિતને વેદનો અધિકાર નથી, એમ કહેતા નથી.

આજે એક માન્યતા રુઢ થઇ ગઇ છે કે જેમને વેદ અને ઉપનિષદ વાંચવાનો અધિકાર નથી, તેમને માટે ભાગવતની કથા છે. જેઓ જનોઇ લેતા નથી તેમને વેદોનો અધિકાર નથી; અને વેદોનો અધિકાર ન હોય તેમના માટે ભાગવત ગ્રંથ છે. એ કારણથી ભાગવતનો પ્રચાર થવા લાગ્યો પરંતુ ભાગવકારે લખ્યું છે ! **स्त्रीशूद्रद्विजबन्धूनाम् त्रयी न श्रुतिगोचरा** -જે દ્વિજબન્ધુ છે, તેનો અર્થ જેણે જનોઇ લીધી છે પણ જે દ્વિજત્વના આચારનું પાલન નથી કરતા, સમજી નથી શકતા; એટલે દ્વિજબન્ધુમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-ત્રણેય આવી ગયા. કારણ કે એ ત્રણેય દ્વિજ છે. તેમનો અને વેદોનો સંબંધ કયો છે ? ક્ષત્રિયો જનોઇ લે છે, પણ દસ પેઢીમાં પણ તેમનો અને વેદોનો સંબંધ છે ? જો સંબંધ ન હોય તો તેમનામાં વેદજ્ઞાનની પાત્રતા નથી. તેથી **द्विजबन्धू** કહીને, જેમને જનોઇ નથી તેમને વેદનો અધિકાર નથી અને તેમને માટે ભાગવત છે, એવું કહેવાનો અભિપ્રાય નથી. ભાગવતકાર લખે છે કે **स्त्रीशूद्रद्विजबन्धूनां ...** આ બધાંની વેદ વાંચવાની પાત્રતા નથી; એટલે કે વેદોનું જે જ્ઞાન છે, તે જ્ઞાનની પાત્રતા નથી અને તેમના માટે ભાગવત છે. આનો અર્થ એવો નથી કે તેમને વેદોનો અધિકાર નથી. જો અધિકાર ન હોય તો **'द्विजबन्धू'** લખવું ફોકટ છે. દ્વિજત્વનો સ્વીકાર કર્યો છે તેથીજ 'વેદજ્ઞાનની પાત્રતા આવતી નથી' એ સાચી વાત છે. જેમની વેદજ્ઞાનની પાત્રતા નથી તેમનામાં પાત્રતા નિર્માણ કરવા માટે ભાગવત છે, તેથી જ એવી એક રુઢિ આવી ગઇ છે કે ભાગવત સાંભળ્યા પછી ગીતા વાંચવી જોઇએ. ગીતા સ્મૃતિગ્રંથ છે અને તે ભાગવતના છેલ્લા દિવસે વાંચવી જોઇએ. આ એક મહત્ત્વના સામાજિક પ્રશ્નની ચર્ચા તમને પ્રથમ સ્કંધમાં મળશે.

પ્રથમ સ્કંધમાં જીવનાર્થકલહની ચર્ચા છે, રાજધર્મની ચર્ચા છે. ગુરુ-શિષ્ય વચ્ચે આત્મીય સંબંધ થયા વગર ગૂઢ જ્ઞાનનું સર્વાંગી પરિવર્તન Transformation નહિ થાય. ગુરુકૃપાથી Realization નહિ થાય, ગુરુના પ્રેમથી પણ નહિ થાય. તેમના માટે ગુરુ-શિષ્યનું હૃદય એક થવું જોઇએ તો જ ગુહ્યજ્ઞાન થઇ શકે, એની શાસ્ત્રીય મીમાંસા ભાગવતે કરી છે. તો શું ભાગવત એ કેવળ વાર્તાઓનો ગ્રંથ છે ? એવું નથી. તેવી જ રીતે જેમને વેદોનો અધિકાર નથી, તેમના માટે ભાગવત છે, એવું પણ નથી. ભાગવત તો વેદોનું જ્ઞાન પામવાની પાત્રતા ઊભી કરે છે, એ જ ભાગવતની મહત્તા છે.

ભાગવતના પહેલા સ્કંધમાં આટલી મહત્ત્વની વાતો છે. સમયના અભાવે તેનું લંબાણથી વિવરણ કરવું શકય નથી, તેથી પહેલા સ્કંધને નમસ્કાર કરીએ.

* * *

। द्वितीयः स्कंधः ।

દ્વિતીય સ્કંધમાં શુકદેવજી અને પરીક્ષિત મળ્યા છે. પ્રશ્ન એવો પૂછવામાં આવ્યો છે કે મનુષ્યજીવનની ઈતિકર્તવ્યતા શું છે ? મનુષ્યજીવન મળે ત્યાંસુધી 'મારે મનુષ્ય બનવુ છે' એવી જીવનની ઈતિકર્તવ્યતા હોઇ શકે છે, પરંતુ, મનુષ્યજીવન મળ્યા બાદ જીવનની ઈતિકર્તવ્યતા શું ? ભાગવતમાં એનું ચિત્રણ કર્યું છે.

મનુષ્યને જીવન મળ્યુ છે, તેને બુદ્ધિ મળી છે. બુદ્ધિ મળ્યા બાદ વિચારવુ પણ આવી જાય. જેમ હું આવ્યો છું, તેમ મારે જવું પણ પડશે. આ 'જવુ પડશે' નો વિચાર કરવો એ મનુષ્યજીવનની ઈતિકર્તવ્યતાની બાબતમાં વિચારવાની શરૂઆત છે. હું આવ્યો છું એનો અર્થ જ મારે જવાનું છે. જે આવે છે તેને જવું જ પડે છે. **जातस्य हि ध्रुवोर्मृत्युः ध्रुवंजन्ममृतस्य च** - માણસ ગીતાના આ કથન વિષે વિચારતો જ નથી. માણસ તેનો વિચાર કરે તો જ તે જીવનવિકાસ વિષે વિચારી શકશે.

।द्वितीयः स्कंधः।

દ્વિતીય સ્કંધમાં શુકદેવજી અને પરીક્ષિત મળ્યા છે. પ્રશ્ન એવો પૂછવામાં આવ્યો છે કે મનુષ્યજીવનની ઈતિકર્તવ્યતા શું છે ? મનુષ્યજીવન મળે ત્યાંસુધી 'મારે મનુષ્ય બનવું છે' એવી જીવનની ઈતિકર્તવ્યતા હોઈ શકે છે, પરંતુ, મનુષ્યજીવન મળ્યા બાદ જીવનની ઈતિકર્તવ્યતા શું ? ભાગવતમાં એનું ચિત્રણ કર્યું છે.

મનુષ્યને જીવન મળ્યું છે, તેને બુદ્ધિ મળી છે. બુદ્ધિ મળ્યા બાદ વિચારવું પણ આવી જાય. જેમ હું આવ્યો છું, તેમ મારે જવું પણ પડશે. આ 'જવુ પડશે' નો વિચાર કરવો એ મનુષ્યજીવનની ઈતિકર્તવ્યતાની બાબતમાં વિચારવાની શરૂઆત છે. હું આવ્યો છું એનો અર્થ જ મારે જવાનું છે. જે આવે છે તેને જવું જ પડે છે. **जातस्य हि ध्रुवोर्मृत्युः ध्रुवंजन्ममृतस्य च** - માણસ ગીતાના આ કથન વિષે વિચારતો જ નથી. માણસ તેનો વિચાર કરે તો જ તે જીવનવિકાસ વિષે વિચારી શકશે.

લોકો એવું સમજે છે કે મૃત્યુને યાદ કરવામાં જ જોખમ છે. ગીતા તો કહે છે: **जन्ममृत्युजराव्याधिः दुःखदोषानुदर्शनम्...** સવારના ઊઠયા પછી આજે મારી ઠાઠડી બંધાશે એવો વિચાર કરવો જોઇએ. ગીતાએ મૃત્યુને માંગલિક માન્યું છે. મારે જવાનું છે. કયારે જઇશ, કયાં જઇશ, તેની મને ખબર નથી. મેં ટિકિટ કઢાવી છે પણ ટ્રેનમાંથી કયા સ્ટેશને ઊતરવાનું છે તેની મને ખબર નથી. કોઇપણ સ્ટેશને ટિકિટમાસ્તર આવશે અને મને કહેશે, 'ઊતરી જા' અને મારે તે સ્ટેશને ઊતરવું પડશે. આવું જ જીવનનું છે. જે સંસારમાં વ્યસ્ત અને મસ્ત છે, જે મૃત્યુને ભૂલી જાય છે, તેણે મૃત્યુનો વિચાર કરવો જરૂરી છે, પરંતુ, તેના વિષે આપણી ઉદાસીનતા છે. જેમ મૃત્યુનો તેમ જીવનનો પણ વિચાર કરવો જોઇએ.

ભાગવત કહે છે કે મૃત્યુ આવે ત્યારે પ્રભુનું સ્મરણ કર. આ સમજાવવા માટે કથા પણ કહી છે. અજામિલે મૃત્યુના સમયે પોતાના 'નારાયણ' નામના છોકરાનું સ્મરણ કર્યું અને તે મુકત થઇ ગયો. મુકિત આટલી સહેલાઇથી નથી મળતી; પરંતુ, આ તો ભકિતનું બાલમંદિર છે. બાલમંદિરમાં છોકરાને બિસ્કીટ મળે, કંઇ ખાવાનું મળે, પરંતુ, ખાવાનું મળે માટે 'બાલમંદિર નથી.

મૃત્યુ સમયે પ્રભુનું સ્મરણ કરો એમ કહ્યું છે પરંતુ તે સમયે પ્રભુનું સ્મરણ કેવી રીતે થાય ? મૃત્યુ સમયે શું યાદ આવે ? જીવનભર જે કર્યું હોય તે જ મૃત્યુ સમયે યાદ આવે. બીજું કંઇ યાદ ન આવે. જેના વિષે આપણે કયારેય પણ વિચાર્યું નથી, તે મૃત્યુ સમયે કેવી રીતે યાદ આવે ? આ જ જીવનનો સરવાળો છે.

શેરબજારનો એક વેપારી બિમાર થઇ ગયો. તેને તાવ વધારે આવ્યો તેથી બેભાન થઇ ગયો. કોઇ વખત તે ભાનમાં આવે પણ પાછો બેભાન થઇ જાય. છોકરાઓએ ડૉક્ટરને બોલાવ્યો. ડૉક્ટરે તાવ માપ્યો. છોકરાઓએ પૂછયું, 'કેટલો તાવ છે ?' એટલામાં વેપારી ભાનમાં આવી ગયો. ડૉક્ટરે કહ્યું: 'એકસો એક તાવ છે ?' આ સાંભળતા જ વેપારીએ કહ્યું: 'એકસો દસ થાય તો વેચી નાખો.' એ વેપારીએ આખી જીંદગી એના કરતાં બીજું કંઇ વિચાર્યું જ નહોતું, તો મૃત્યુ સમયે બીજું યાદ કેવી રીતે આવે ?

ભાગવત કહે છે કે જીવનમાં પ્રભુ પર વિશ્વાસ રાખવો ઉચિત છે. તે માટે કૃષ્ણલીલા સાંભળો.

જો કૃષ્ણલીલા સાંભળ્યા પછી તેમના ઉપર વિશ્વાસ નિર્માણ થશે અને જીવનને એક વળાંક મળશે, તો જ અંતિમ દિવસે કૃષ્ણ ભગવાનનું સ્મરણ થશે. આપણે સમજીએ છીએ કે કૃષ્ણલીલા એટલે કૃષ્ણે શકટાસુરને અને પૂતનામાસીને કેવી રીતે માર્યા તે સાંભળવાનું. કૃષ્ણે બાળપણમાં જે કંઇ લીલા કરી છે તે સાંભળવાની. આવો મર્યાદિત અર્થ લોકો કરે છે. કૃષ્ણલીલાનો સાચો અર્થ, કૃષ્ણનું સમગ્ર જીવન, કૃષ્ણ જન્મ્યા ત્યારથી તેમનો દેહોત્સર્ગ થયો ત્યાંસુધીનું જીવન. લીલા શબ્દનો અર્થ છે, જીવન. જેમ ભગવાને લીલા કરી છે તેમ મહાપ્રભુ વલ્લભાચાર્યે પણ લીલા કરી છે. કૃષ્ણનું જીવન સાંભળ્યુ હોય તો જેમ આપણા જીવનમાં સુખ આવે તો કૃષ્ણ યાદ આવે, તેમ દુઃખ આવે ત્યારે પણ કૃષ્ણ યાદ આવે અને જીવનમાં સંઘર્ષ આવે ત્યારે પણ કૃષ્ણ યાદ આવે !

જીવનમાં સુખ, દુઃખ અને સંઘર્ષ-આ ત્રણ વાતો જ હોય છે. આ બધું શ્રીકૃષ્ણના જીવનમાં

દેખાય છે. સુખ, દુઃખ અને સંઘર્ષ-એ કૃષ્ણની લીલા છે. આજે કૃષ્ણલીલાનો અર્થ મર્યાદિત થઇ ગયો છે. જો તેમની બાળપણની રમતો એટલે જ લીલા હોય તો શું કૌરવોના દરબારમાં વિષ્ટિ કરવા ગયા ત્યારે જે વ્યાખ્યાન આપ્યું છે તે શું તેમની લીલા નથી ? તે પણ લીલા જ છે. એમનું આખું જીવન લીલા જ છે તેથી બ્રહ્મસૂત્રમાં લખ્યું છેઃ **लोकवत्तुलीला कैवल्यम्।**

જીવનમાં જે વસ્તુસ્થિતિ છે તેનો સામનો કરવાનો છે. કૃષ્ણ ભગવાને મનુષ્યમાત્રની સામે આવવાવાળી જે વસ્તુસ્થિતિ છે તે બધીનો સામનો કર્યો છે; તેથી તેમનું જીવન વાંચ્યું હોય તો સુખ, દુઃખ કે સંઘર્ષ આવે ત્યારે તે પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણ કેવી રીતે વર્ત્યા તે યાદ આવે. તે જો યાદ આવે તો માણસ દુઃખમુક્ત, વ્યથામુક્ત અને ભયમુકત બને. એટલું જ નહિ, માણસ અચલ, સ્થિર અને આત્મવિશ્વાસપૂર્ણ થઇ જાય. આ જ સાચું જીવન છે.

આખરે જીવનવિકાસ કોને કહે છે ? આ આખી સૃષ્ટિ છે તે એક સ્મશાન છે, સ્મશાન ! દરેક વૃક્ષ પેદા થાય છે અને મરી જાય છે. દરેક પ્રાણી પેદા થાય છે અને મરી જાય છે. આપણા ઘરમાં દરરોજ કેટલા પ્રાણી મરે છે ? લોકો કહે છે કે મારુ ઘર સો વર્ષ જૂનું છે. એનો અર્થ એ કે તેમાં પચીસ પચાસ લોકો મર્યા જ હશે, તેથી એ સ્મશાન છે, તારું ઘર નથી. જ્યાં મરેલા મડદાને બાળે છે તેટલું જ સ્મશાન નથી. આખું વિશ્વ સ્મશાન છે, પરંતુ, તેમાં એક શિવતત્ત્વ છે જે અમર છે.

श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा-
श्चिताभस्मालेपः स्रगपिनृकरोटीपरिकरः ।
अमंगल्यंशीलं तव भवतु नामैवमखिलं
तथाऽपि स्मर्तृणां वरद परमं मङ्गलमसि ॥ (शिव महिम्नः २४)

સ્મશાનમાં એક જ શિવતત્ત્વ છે, એક જ કલ્યાણકારી તત્ત્વ છે. તે તત્ત્વ એટલે જીવનવિકાસ. મનુષ્યજીવનનું ઇતિકર્તવ્ય શું ? જીવનવિકાસ. એ પ્રાપ્ત કરવો એ મનુષ્યનું ઇતિકર્તવ્ય છે. આ શિવતત્ત્વને જેણે સંભાળ્યો, તેને જેણે પોષ્યો, તે જીવનવિકાસ. જેનો જીવનવિકાસ થયો છે તે ભગવાનને પણ કહેશેઃ '**अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् –** ભગવાન, અંતકાલે હું તારું સ્મરણ નહિ કરું એનું કારણ, હું તને જ આખા જગતમાં જોઉં છું,' આખા વિશ્વ પર, તેના કણકણ પર મેં પ્રેમ કર્યો છે, કારણ, તું તેમાં વસ્યો છે, તેથી મને સૃષ્ટિનું આકર્ષણ છે. હું જ્યારે સૃષ્ટિ છોડીશ ત્યારે હું સૃષ્ટિને જ યાદ કરીશ, પરંતુ, તે વખતે તું મારું સ્મરણ કરજે.'

આપણો અંતકાલ હોતો જ નથી, પ્રયાણકાલ હોય છે. અમે મરીશું તો બીજો જન્મ લઇશું. અંતકાલનો અર્થ એ છે કે હવે પછી બીજો જન્મ લેવાનો નથી તેથી ગીતામાં બે જુદા જુદા શબ્દો વાપર્યા છે, અંતકાલ અને પ્રયાણકાલ. અંતકાલ તેનો જ થાય છે જે ફરી જન્મ લેવાનો નથી. **यद्गत्वाननिर्वन्ते तद्धाम परमं मम ।**(જયાં પહોચીને પાછા આવવાપણું હોતું નથી એ મારૂ પરમ ધામ છે) તે ત્યાંથી પાછો આવતો નથી.

કૃષ્ણ લીલા સાંભળ્યા પછી માણસની વિચારની કરોડરજ્જુ મજબૂત થઇ જાય છે. આજે લોકોની કરોડરજ્જુ ભાંગેલી છે. તેમના જીવનની, વિચારોની, ભોગોની પાછળ કરોડરજ્જુ છે જ નહિ.

જીવનવિકાસ કેવી રીતે થશે ? જે પરિસ્થિતિનો સામનો કરે છે તેનો વિકાસ સધાય છે. જે પરિસ્થિતિથી ભાગે છે તે પલાયનવાદી છે. સૃષ્ટિમાં જેમ જીવનાર્થકલહ એક પ્રમુખ તત્ત્વ છે તેમ, જીવનવિકાસ એ એક શિવતત્ત્વ છે, બાકી બધું સ્મશાન છે. મેં કેટલો જીવનવિકાસ કર્યો તે જોવાનું છે. કૃષ્ણના જીવનમાં બધા સંઘર્ષો છે, બધાં દુઃખો છે, બધી સમસ્યાઓ છે અને બધાં સુખો પણ છે, તેથી કૃષ્ણલીલા સાંભળવાની. તેનાથી માણસ વ્યથામુક્ત, ભયમુક્ત, દુઃખમુક્ત તો થઇ જ જાય છે, પણ તેનું જીવન અચલ, સ્થિર અને વિશ્વાસપૂર્ણ બને છે. આ જીવનવિકાસ છે, આ જીવનની ઇતિકર્તવ્યતા છે. જીવનવિકાસ ત્યારે જ થશે, જ્યારે માણસ કૃષ્ણલીલા સાંભળશે અને સમજશે.

શુકદેવ પરીક્ષિતને એક દૃષ્ટાંત આપે છે, કે કૃષ્ણલીલા સાંભળીને ખટ્વાંગ રાજા એક દિવસમાં મુકત થયો. સાત, દશ, તેર કે પંદર દિવસ ભાગવત સાંભળવું એવું ધર્મશાસ્ત્રમાં લખેલું નથી. સપ્તાહ એ કંઇ શ્રુતિ-સ્મૃતિ લિખિત વિધિ નથી. પરીક્ષિતને સાત દિવસની નોટિસ મળી હતી કે તે સાત દિવસ પછી મૃત્યુ પામવાનો છે. તેને કહેવામાં આવ્યું કે તું સાત દિવસમાં જીવનનું રહસ્ય સમજી શકે છે અને જીવનવિકાસ સાધી શકે છે. આવી રીતે તને સાત દિવસ મળ્યા છે, તે સમય ઘણો છે, એવું માનવને આશ્વાસન આપ્યું છે. તે દિવસથી ભાગવત સાંભળવું હોય તો સાત દિવસ સાંભળવું જોઇએ એવી એક પરંપરા આવી ગઇ, પરંતુ, આજે ભાગવત સંભળાવવાવાળો શુકદેવ નથી હોતો અને સાંભળવવાળો પરીક્ષિત નથી હોતો. જેમ પતિનું સામીપ્ય સંપાદન કરવા માટે સપ્તપદી—સાત પગલાં સાથે ચાલવું પર્યાપ્ત મનાય છે, તેમ સાત દિવસમાં ભગવાનનું સામીપ્ય ઊભું થઇ શકે છે.

જેવીરીતે સ્મશાનમાં એક શિવજીનું મંદિર હોય છે. તેવી રીતે આ જગતરુપી સ્મશાનમાં એક શિવતત્ત્વ છે. આ શિવતત્ત્વ પ્રાપ્ત કરવું એ મનુષ્યની ઇતિકર્તવ્યતા છે. મનુષ્યજીવન મળ્યું છે તો તેમાં જીવનવિકાસ કરી લેવાનો છે. જીવનવિકાસમાં જીવનાર્થકલહ તો છે જ, પરંતુ, આ દૈવી જીવનાર્થકલહ છે.

દ્વિતીય સ્કંધમાં અષ્ટાંગયોગનું દિગ્દર્શન કર્યું છે. આજે યોગ શબ્દ ઉચ્ચાર્યા પછી લોકોના ધ્યાનમાં ભૌતિક આસનો જ આવે છે; પરંતુ, અષ્ટાંગયોગ આ એક વૃત્તિ છે, એમ ભાગવત કહે છે. તેમાં પ્રથમ યમ-નિયમ છે. હવે તો સમાધિ કેમ લગાડવી તે શીખડાવવાવાળા પણ હોય છે અને લોકોને સમાધિ લાગી પણ છે ! કહે છે કે અમારી સમાધિ લાગી ગઇ, પરંતુ, સમાધિ લાગવા માટે એક વિશિષ્ટ વૃત્તિ કેળવવી પડે છે. જ્યાંસુધી યમ, નિયમ સધાતા નથી ત્યાંસુધી માણસ સમાધિ સુધી જઇ શક્તો જ નથી.

યમ આ એક પારિભાષિક (Technical) શબ્દ છે. યમ એટલે શું ? **अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य, अपरिग्रह** — આ પાંચ યમ છે અને **शौच, सन्तोष, तपः स्वाध्याय, ईश्वरप्रणिधान** — આ પાંચ નિયમ છે. આજે અષ્ટાંગયોગ છે તે કેવળ ભૌતિક ન હોવો જોઇએ, તે ઇશ્વરાભિમુખ હોવો જોઇએ એવો ભાગવતનો આગ્રહ છે. ભાગવત લખે છે:

नारायणपरो योगो नारायणपरं तपः ।
नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ॥ (भा. २/५/१६)

યોગ પણ નારાયણપર એટલે ઈશ્વરાભિમુખ થવો જોઇએ.

દ્વિતીય સ્કંધમાં એક બીજો પ્રશ્ન પૂછયો છે કે ધ્યાન કેવી રીતે લાગવું જોઇએ ? તેના વિષે ભાગવતકારે એક શ્લોક લખ્યો છે કે મૂર્તિના એક એક અવયવ પર સ્થિર થવું જોઇએ. દા.ત. પગ, હાથ, મસ્તક વગેરે પર દૃષ્ટિ અને મન સ્થિર થવાં જોઇએ. હવે આનો ખરો અર્થ ખબર ન હોય તો માણસ તેવી જ કૃતિ કરતો રહે. ચિત્ત એકાગ્ર કરવું હોય તો ભગવાનનો આખો આકાર જાણવો જોઇએ. વાઇટહેડ (Whitehead) જેવા તત્ત્વજ્ઞાની કહે છે કે Human form is the most intimate form for me. મને ભગવાન મનુષ્યાકારના જ જોઇએ. સગુણભકિતનું આ જ રહસ્ય છે. મા બોલ્યા પછી આખી મા જ ધ્યાનમાં આવે, પરંતુ, ભાગવતકારે એક એક અવયવ પર સ્થિર થવાનું જે કહ્યું છે, તેનો સંદર્ભ ધ્યાનમાં નહિ લઇએ અને એક શ્લોક ઉપાડીને તે બોલીએ તો તેનો અર્થ નથી. પહેલાં પગ પર સ્થિર થવાનું, પછી હાથ પર સ્થિર થવાનું, આમ નીચેથી ઉપર જવાનું. મને લાગે છે કે એવું કરવાથી સગુણભકિતને અર્થ જ નહિ રહે. કારણ, ભગ્નમૂર્તિનું ચિંતન ન થઇ શકે. મા બોલ્યા પછી સમગ્ર મા જ ધ્યાનમાં આવશે. થોડો થોડો સમય માના પગ, હાથ, આંખો, મુખ વગેરે ધ્યાનમાં આવશે પણ આંખની સામે માની સંપૂર્ણ આકૃતિ આવવી જોઇએ.

સમગ્રમૂર્તિ આંખની સામે આવવી જોઇએ. જો એક એક અવયવ એટલે કે ભગ્નમૂર્તિનું ધ્યાન કરીશું તો સગુણ ઉપાસનાનું જે રહસ્ય છે તે જ ચાલી જશે. ભાગવતે જે લખ્યું છે તેનો સ્થૂલરુપથી અર્થ ન લેવો જોઇએ. ભાગવતે જે સાધના સમજાવી છે તે અલૌકિક છે. એક એક અવયવ પર સ્થિર થવાનું એ એક સાધન છે.

છેલ્લે ધ્યાન ત્યારે જ લાગે કે જ્યારે ભગવાનને માટે આસકિત નિર્માણ થાય. જો ભગવાન માટે આસકિત નિર્માણ નહિ થાય તો ધ્યાન પણ નહિ થાય. ગીતામાં તેથી જ કહ્યું છે.: **मय्यासक्त मनाः पार्थ....** તેથી ભાગવતકાર કહે છે, કે પહેલાં ચિત્તએકાગ્ર કરવા લાગશો ત્યારે સાધના પણ કરવી પડશે. તું કઇ સાધના કરીશ ? ભગવાનના એક એક અવયવ પર ક્રમવાર સ્થિર થા. પહેલું અવયવ લે પગ. ભગવાનના પગ પર સ્થિર થા. એટલે શું ? **चरैवेति चरैवेति....** ફરવું જોઇએ. ભગવાનના વિચાર, ભગવાનનું રુપ, ભગવાનનું નામ, ભગવાનનો પ્રેમ લઇને જગતમાં ફર. ભગવાન ઉપર પ્રેમ વધારવા અને આસકિત વધારવા માટે આ સાધના છે. **चरैवेति चरैवेति** – તેથી ઋષિ ફરવા લાગ્યા. જે સ્થિર રહે છે તે પ્રેમ નથી. પ્રેમ પ્રવાહી હોય છે, તેથી ભગવાનના પગમાં સ્થિર થાઓ એટલે ભગવદ્કાર્યાર્થ ચાલવા લાગો.

કોઇ કહેશે, 'હું તો રોજ ઘરથી માર્કેટ સુધી ચાલીને જ જાઉં છું. સવારના પ્રહરે હું ફરવા પણ જાઉં છું. પરંતુ તેમાં સાધના નથી, ભોગ છે. હું સવારના પ્રહરે સમુદ્રકિનારે ફરવા જાઉં છું તે 'ફરવું' ન કહેવાય. કોઇ ઉદાત્ત કારણસર ફરવાનું છે. તેથી પ્રભુનો પ્રેમ, પ્રભુનું નામ, પ્રભુના વિચાર, પ્રભુની મૂર્તિ હૃદયમાં રાખીને ફરવું—આ સાધનાનો એક ભાગ છે. સ્વાધ્યાયી લોકો ભકિતફેરી કરે છે એ પણ આ સાધનાનો એક ભાગ છે. હું કહું છું કે સ્વાધ્યાયપરિવાર ગામડાઓમાં ભકિતફેરી કરે છે તે કોઇ સામાજિક કાર્ય નથી, તે ભકિતકાર્ય છે. **चरैवेति चरैवेति...** પગ ચાલવા જોઇએ. જીવન વિકાસ માટે ચાલવાનું છે. પગ શા માટે ચાલે છે તેનો

ભગવાનને હિસાબ આપી દો. આપણે તો ઘણું ચાલીએ છીએ. ઘરથી માર્કેટ, માર્કેટથી સિનેમા, સિનેમાથી ક્લબ અને ક્લબથી ઘર; પરંતુ, શા માટે ચાલીએ છીએ તે ભગવાનને કહેવું પડશે. આપણે કહેવાની પણ જરૂર નહિ પડે. એનું કારણ મારા પગ શા માટે ચાલે છે, તેની નોંધ ભગવાન પાસે છે જ, કારણ, તે અંદર બેઠો છે ! કોઇ જૂઠું કહીને તેને બનાવી ન શકે. એક ભજન છેઃ 'રામના સરવાળા ખોટા હોય ના' તેથી ભાગવતકારે ભગવાનના પગમાં ચિત્તએકાગ્ર કરવાની જે વાત કહી છે, તે અલૌકિક છે.

પછી કહે છે કે હાથ ઉપર સ્થિર થાઓ. ભગવાનના હાથ પર સ્થિર થવું એ લોકોત્તર રસ્તો છે. હાથનું કામ આપવાનું છે તેથી મારે પ્રભુકાર્યાર્થે કંઇક આપવું છે. મારે કમાવું છે. શા માટે ? પ્રભુકાર્યાર્થે આપવું છે એટલા માટે. હું હંમેશાં કહું છું કે માર્કેટ પણ મંદિર થઇ શકે છે. આ ભકિતમાર્ગની સાધના છે. એટલા માટે જ સગુણ-સાકાર ભગવાનની મનુષ્યાકારની મૂર્તિમાં ચિત્ત એકાગ્ર કરવાનું છે. ફકત પગ, હાથ, વગેરે છૂટા અવયવમાં એકાગ્ર થવાય નહિ. એવું થાય કે મૂર્તિમાં ચિત્તએકાગ્ર કરતી વખતે, કોઇ દિવસ ભગવાનની આંખો જ ધ્યાનમાં આવે. કોઇ દિવસ હાથ ધ્યાનમાં આવે અને કોઇ દિવસ ભગવાનના પગ ધ્યાનમાં આવે, પરંતુ, આ અવયવો એક જ શરીરના છે. એકલા છૂટા અવયવો નથી, એ યાદ રહેવું જોઇએ.

ભગવાનના મસ્તક પર સ્થિર થવાનું. તેનો અર્થ એ કે મારે વિચારવાનું છે. શું વિચારવું છે ? શાક કયું લાવવાનું છે તે ? કે માર્કેટમાં દલાલને કેમ બનાવવો તે ? બીજા વેપારીના ગજવાના પૈસા મારા ગજવામાં કેમ આવે તે? કેમ કે વિચારવું જુદું જુદું હોય છે. આવું બધું તો આપણે વિચારીએ જ છીએ. જ્યારે ભગવાનની સામે માથું નમાવીએ ત્યારે વિચારીએ કે મેં જીવનવિકાસને ઉપયોગી થાય એવું કંઇ વિચાર્યું છે ? આનો અભ્યાસ કરો. આપણે જીવન વિષે, ભગવાન વિષે વિચારવાનું છે. તેના માટે આ સાધના સમજાવી છે.

પછી મુખ પર સ્થિર થવાનું. એટલે કે મારે મોઢાથી ભગવાનની વાણી કહેવી છે. એટલા માટે તો આપણે ભગવાને ગાયેલી ગીતા ઉપાડી છે. ભાગવત એક લોકોત્તર ગ્રંથ છે એમાં સંદેહ નથી, પરંતુ, તે ગ્રંથ વ્યાસજીએ લખ્યો છે. ગીતા કૃષ્ણભગવાને ગાઇ છે. ભગવાને ગાયેલી વાણી-ગીતા-મારે મારા મોઢાથી ગાવી છે.

મારે આંખની સાધના કરવી છે. મારે આંખથી જોવું છે. શું જોવું છે? બધાનું ભલું જોવું છેઃ **सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखमाप्नुयात्** સર્વનુ સર્વે સુખી થાઓ, સર્વજન નિરોગી રહો, સર્વનું કલ્યાણ થાઓ, કોઈને દુઃખ પ્રાપ્ત ન થાઓ.

મારે કાનથી સાંભળવું છે. શું સાંભળવું છે ? બીજાની વ્યથા, બીજાનું દુઃખ સાંભળવું છે, સમજવું છે. તેના દુઃખમાં સમભાગી બનવું છે. ભગવાનના જુદા જુદા અવયવ પર આવી રીતે સ્થિર થવાનું કહ્યું છે, પણ આપણે એવું સમજ્યા કે ચિત્ત એકાગ્ર કરવાનું કહ્યું છે. પરંતુ, જેનામાં ચિત્ત એકાગ્ર કરવું છે તેના જો ટુકડા થઇ જાય, તો સગુણ ઉપાસનાનો અર્થ જ ખલાસ થઇ જાય. સગુણ ઉપાસનામાં અર્થ એ છે કે ભગવાન પૂર્ણ છે. તો પછી ભાગવતમાં એવું કેમ લખ્યું

છે ? એક એક અવયવમાં સ્થિર થઇ તેના માટે વિચારો અને જીવન સંબંધમાં નિશ્ચિંતતા નિર્માણ કરો, ત્યારે ધ્યાન થશે, એવું ભાગવતે લખ્યું છે.

દ્વિતીય સ્કંધમાં લખ્યું છે કે ચિત્ત એકાગ્ર કેવી રીતે થશે ? તેના માટે સાધના કરવી જોઇએ. સાધનાને માટે બહુ સુંદર સમજાવ્યું છે. કેટલાક લોકો ચાલતા જ હશે. ત્યારે કેટલાક લોકો બેઠા જ હશે. જુદા જુદા લોકોની જુદી જુદી સાધના છે. જીવ પાછલા જન્મથી સાધના કરતો કરતો જ આવ્યો છે અને બીજા જન્મ માટે અમુક સાધના રાખી આવ્યો હશે. માણસને પાછળનું ખબર નથી તેમ આગળનું પણ ખબર નથી. માણસ આટલો નિર્બળ હોવા છતાં ભગવાનના અસ્તિત્વને જ પડકારે છે. શંકરાચાર્ય તેના માટે લખે છે:

दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दुरद्दष्टवातैः ।
भीतं प्रपन्नं परिपाहिमृत्योः शरण्यमन्यं यदहं न जाने ॥

મારી સ્થિતિ એવી છે કે, હું પાછળનું ભૂતકાળનું જોઇ શકતો નથી, મને ભવિષ્યનું જ્ઞાન નથી. વર્તમાનમાં હું ઊભો રહી શકતો નથી. તેથી એક એક અવયવ પર, ઉપર કહ્યું તે મુજબ સ્થિર થવાથી, ભગવાન માટેની આસકિત ધીમે ધીમે વધતી જશે અને ભગવાનમાં ચિત્ત એકાગ્રતા વધશે. ભગવાન માટે આસકિત નિર્માણ થાય એટલા માટે આ સાધના છે. આ સાધનાથી અંત:કરણ ભીનું થશે અને પછી ભગવાનમાં ચિત્ત એકાગ્ર થઇ શકશે. ચિત્તએકાગ્રતા માટે એક એક અવયવ પર સ્થિર થવાથી, જીવનસંબંધમાં નિશ્ચિંતતા થઇ જશે.

ભાગવતના જ શબ્દો છે, “વ્યર્થ ધનમદાંધના શરણમાં શા માટે જાઓ છો ? ધનની પછવાડે દોડવું ફોકટ છે અને ધનમદાંધના શરણે જવું પણ ફોકટ છે” પરંતુ, આજનો માણસ ધન અને ધનમદાંધની પાછળ જ દોડે છે એનું કારણ, જીવન સંબંધમાં નિશ્ચિંતતા નથી. જીવન સંબંધમાં નિશ્ચિંતતા આવશે ત્યારે ચિત્તએકાગ્રતા થશે. આ દ્વિતીય સ્કંધમાં ભક્તિશાસ્ત્ર કહ્યું છે, પરંતુ, આ સ્કંધમાં અટકવાનું મન થાય એવું શું છે ? અષ્ટાંગયોગ આગળ ઊભા રહેવાનું મન થાય એવું છે, ત્યાંથી નજર ઊઠશે નહિ. તેમાં એક ચતુશ્લોકી ભાગવત છે. તે પહેલાં શુકાચાર્યની સ્તુતિ પણ છે.

ભાગવતના દ્વિતીય સ્કંધના ચોથા અધ્યાયમાં બારથી ત્રેવીસ શ્લોક સુધી શુકાચાર્ય, જેમને આપણે શુકદેવજી કહીએ છીએ, તેમણે ભગવાનની સ્તુતિ કરી છે. જ્ઞાનીભકત જ ભગવાનની સ્તુતિ કરી શકે છે. ભગવાનની સ્તુતિ કોણ કરે છે તેનું મહત્ત્વ છે. જે પીડિત છે, દુર્બલ છે, માગવાવાળો છે તે ભગવાનની સ્તુતિ કરશે જ. શેઠ પાસેથી ફાળો ઊઘરાવવો હોય તો ફાળો માગનાર શેઠને કહે: ‘આખી મુંબઇમાં ફર્યો છું, પરંતુ, તમારા જેવો ઉદાર કોઇ મળ્યો નથી.’ આવું કહેવું જ પડે છે તેના વગર તેની પાસેથી કંઇ મળશે નહિ. આવા લોકની સ્તુતિનું કંઇ જ મહત્ત્વ નથી. ભગવાનની સ્તુતિ તો શુકાચાર્યે કરી છે. આચાર્ય કોને કહે છે ?

आचिनोति च शास्त्रार्थं आचारे स्थापयत्यति ।
स्वयं आचरते अस्तु स आचार्य इति स्मृतः ॥

આવા આચાર્ય શુકદેવજીએ ભગવાનની સ્તુતિ કરી છે, આજીજી કરી છે. સ્તુતિ તો બધા કરે, પરંતુ, સ્તુતિ કોણે કરી છે તે મહત્ત્વનું છે.

વ્યવહારમાં સ્તુતિના શબ્દો કેવા છે તે જોવાનું કારણ નહિ, પરંતુ, સ્તુતિ કોણ કરે છે તે જોવાનું છે. વિનોદમાં કહેવાનું હોય તો મા, દીકરાની સ્તુતિ કરે તો તેમાંથી સાઠ ટકા બાદ કરી નાખો, કારણ મા તો દીકરાનું વર્ણન કરવાની જ. સાસુ, જમાઇનું વર્ણન કરે તો તેમાંથી નેવુ ટકા બાદ કરી નાખો કારણ, સાસુએ તો જમાઇનું વર્ણન કરવું જ પડે. તેનું વર્ણન બીજું કોણ કરે? આથી સ્તુતિ કોણ કરે છે તેનું મહત્ત્વ છે.

જ્ઞાતિબંધુઓ શેઠને માનપત્ર આપે તે વાંચવા જેવું હોય છે. તેમાં ‘તમે દયાળુ છો, અંતઃકરણના પવિત્ર છો.... વગેરે’ એટલું બધું લખેલું હોય છે કે વાંચીને એમ થાય કે તેણે આટલી સાધના કયારે કરી હશે ? પરંતુ માનપત્ર આપવાનું કારણ એટલું જ હોય છે કે તેની પાસેથી મોટી રકમનું દાન લેવું છે ! સ્તુતિ કોણ કરે છે તેના પર બધો આધાર છે.

અહીં શુકદેવજી જ્ઞાનીભકત છે અને તેમણે સ્તુતિ કરી છે. તેની મહત્તા અદ્‌ભુત છે. તેમના શબ્દને કિંમત છે. આ સ્તુતિ બહુ જ સુંદર છે.

પહેલા શ્લોકમાં તેમણે કહ્યું છે: ‘ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવાવાળા ભગવાનને નમસ્કાર.’ તેમાં ઇશ્વરવાદનું દાર્શનિક દર્શન કરાવ્યું છે. ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવાવાળા પ્રભુ—આ જ ભાવ વ્યકત કરવા માટે અંગ્રેજીમાં God શબ્દ છે. Generator Operator and Destroyer = GOD. ભગવાન ઉત્પત્તિ, સ્થિતિ, લય કરે છે, આ દાર્શનિક વિચાર છે.

શું શુકદેવજીને ભગવાનને ખુશ કરવા છે એટલા માટે આ સ્તોત્ર ગાયું છે ? નહિ. તેમને આપણને કંઇક સમજાવવું છે. શુકદેવજી જેવા મહાન લોકોએ ભગવાનની સ્તુતિ શા માટે કરી છે ? શંકરાચાર્યે ભગવાનની સ્તુતિ કરી છે તે શું તેમને ભગવાન પાસેથી કંઇ મેળવવું હતું ? કંઇ નહિ. તો પછી તેમણે સ્તુતિ શા માટે કરી ? આપણા જેવા સામાન્ય માણસોને તેમાંથી માર્ગદર્શન મળે તે માટે તેમણે ભગવાનની સ્તુતિ કરી. તેમણે સમજાવ્યું કે ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવાવાળા ભગવાનને નમસ્કાર કરો. જેણે અમને ઉઠાડયા, સંભાળ્યા અને સુવડાવ્યા તે ભગવાનને નમસ્કાર કરો. તેને જ આપણે સ્વાધ્યાયીઓ ત્રિકાલસંધ્યા કહીએ છીએ. સવારના ઊઠતી વખતે, જમતી વખતે અને રાત્રે સૂતી વખતે ભગવાનને યાદ કરો એમ કહીએ છીએ. ભગવાને આપણને જન્મ આપ્યો, સંભાળ્યા અને તેજ આપણને લઇ જવાવાળા છે. આપણી ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવાવાળા છે તેથી તેને યાદ કરવાના. નહિ તો, વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, લય કેવી રીતે થયા ? કોણે કર્યાં? તે જાણવાની આપણને શી જરૂર ? અણુ, દ્વયણુ, ત્ર્યણુ... થઇને વિશ્વની ઉત્પત્તિ થઇ હશે. તેમાં આપણને શું ? આપણા જેવા સામાન્ય લોકોની - આપણી ઉત્પત્તિ કયારે થાય છે ? સવારના ઊઠતાંની સાથે. તેવી જ રીતે આપણું ખાધેલું પચાવીને તે જ આપણને સંભાળે છે અને તેજ રાત્રે સુવડાવે પણ છે, તેથી તે વખતે ભગવાનને યાદ કરવાના. આમ આપણી ત્રિકાલસંધ્યા દાર્શનિક છે. આખું જીવન ભગવાન જ ચલાવે છે પરંતુ, તેથી તેને ચોવીસે કલાક યાદ કરવાના નહિ. તેવું કરીએ તો તે ભગવાનને પણ ગમશે નહિ. ભગવાન કહેશે: ‘આખો વખત

રામ, રામ, રામ, શું કરે છે ? તારી થાળીમાં મેં સુખદુઃખ પીરસ્યાં છે, કંઇક સમસ્યાઓ રાખી છે. તે વખતે તું કેવી રીતે જીવે છે તે મારે જોવું છે. તું સુખદુઃખનો સામનો કેવી રીતે કરે છે ? આખો વખત 'ભગવાન, ભગવાન' શું કરે છે ? રાતદિવસ 'મા, મા', કહેવાવાળો દીકરો માને ગમતો નથી. તે દીકરાને કહે છેઃ 'જા, રમવા જા- ભૂખ લાગે ત્યારે તું મારી પાસે આવજે.' આવી રીતે ભગવાન કહે છે, 'મેં તને જીવન આપ્યું છે, તો જીવીને દેખાડ.' આખો દિવસ તેને કેમ યાદ કરાય ? તેથી આપણે કહીએ છીએ, 'જીવનમાં ભગવાન ઉઠાડે છે, સંભાળે છે, સુવડાવે છે, આ ત્રણ મહત્ત્વની વાતો છે. તો તે કરતી વખતે ભગવાનને યાદ કરો'. શુકદેવજીએ ઉત્પત્તિ, સ્થિતિ, લય કરવાવાળા ભગવાનને નમસ્કાર કરો, એમ કહીને આપણને એક દાર્શનિક વિચાર સમજાવ્યો છે.

શુકદેવજી કહે છેઃ 'અમને સ્વચ્છ બનાવીને આત્મજ્ઞાન દેવાવાળા પ્રભુને હું નમસ્કાર કરું છું.' શુચિ થયા વગર આત્મજ્ઞાન નહિ થાય. જ્યાંસુધી વાસના ઘર કરી રહી છે ત્યાંસુધી જ્ઞાન નથી થતું. શુચિતા પ્રાપ્ત કર્યા પછી જ આત્મજ્ઞાન થાય છે, એમ સમજાવ્યું છે. આપણે ગમે તેટલા પવિત્ર બનીશું પરંતુ, જ્યાંસુધી દ્વૈત છે ત્યાંસુધી આપણે અશુચિ જ રહીશું, તેથી જ તો શંકરાચાર્ય જેવા મહાપુરુષ પણ કહે છેઃ

मत्समः पातकी नास्ति पापघ्नी त्वत्समान ही ।
एवं ज्ञात्वा महादेवी यथायोग्यं तथा कुरु ॥

આપણામાં કંઇ ને કંઇ કચરો રહી જ જાય છે. **सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः** ॥ (જેવી રીતે અગ્નિ ધૂમાડાથી ઢંકાયેલો, ધૂમાડાયુકત હોય છે, તેવી જ રીતે સર્વ કાર્ય પણ દોષયુકત હોય છે.) કંઇ કૃતિ કરી કે દોષ આવી જ જવાનો. તે દોષો ધોવાયા પછી આત્મજ્ઞાન મળે. 'સ્વચ્છ કરવાવાળો, સ્વચ્છતા આપવાવાળો, શુચિ બનાવવાવાળો તું જ છે, પ્રભુ ! હું તો મેલો છું. મને સ્વચ્છ કોણ કરશે ? મા જ ધોવાવાળી છે. જ્યાંસુધી બાળક મેલું હોય, ગંદુ હોય, ત્યાંસુધી તેને કોઇ પાસે લેતું નથી. બાળક સ્વચ્છ હોય તો બધા તેને પાસે લે છે, ચુંબન પણ કરે છે, પરંતુ, મેલા બાળકને કોઇ પાસે લેતું નથી. બાળક મેલું થાય તો બધા તેની માને જ બોલાવે છે. અરે, બાપ પણ તેની માને ઉઠાડીને કહે છે કે બાળકને સ્વચ્છ કર અને મા જ તેને સાફ કરે છે. આવી રીતે આપણે મેલા હોઇશું તો આપણને કોણ ધોશે ? પ્રભુરૂપી મા જ ધોશે.

શુચિ થયા પછી આત્મજ્ઞાન મળે. આ જ્ઞાન થયું અને શુચિતા ભગવાન જ આપે છે, આ રસ્તો દેખાડયો છે. ભગવાનના કામે લાગી જાઓ, જે કંઇ કચરો હશે તે ભગવાન સાફ કરશે. જેવી રીતે સૈનિકને સંભાળવો એ રાજાનું કર્તવ્ય છે, તેવી જ રીતે, પ્રભુકાર્ય કરવાવાળાને સંભાળવો એ ભગવાનનું કર્તવ્ય છે.

શુકદેવજી જ આ કહી શકે, 'ભગવાન ! તમારી પાસે બુદ્ધિનો જે વૈભવ અને મનનું જે ઐશ્વર્ય છે, તે કોઇની પાસે હોઇ જ નથી શકતું. ભગવાન તમે આવા છો, તમને હું નમસ્કાર કરું છું.' ભગવાનની પાસે જે ગયા હોય તેમને જ ભગવાનનો વૈભવ અને ભગવાનનું ઐશ્વર્ય ખબર હોય. ન્યુયોર્ક કેવું છે તેની ત્યાં જઇ આવેલાને જ ખબર હોય. તેમ જે ભગવાન પાસે જઇ

આવ્યા હોય તેમને જ ભગવાનના વૈભવની ખબર હોય. ભગવાનના જુદા જુદા વૈભવ છે, તેની શુકદેવજીને ખબર છે, કારણ, તે ભગવાનની પાસે ગયા છે તેમને ભગવાનના બૌદ્ધિક વૈભવ અને માનસિક વૈભવની ખબર છે.

'ભગવાન ! તમારા જેવું બુદ્ધિ અને મનનું ઐશ્વર્ય કોઇ ઠેકાણે જોવા નહિ મળે. હું ક્ષુદ્ર છું, અલ્પજ્ઞ છું, તો પણ તમે મારી સાથે રહો છો ! એટલું જ નહિ, તમે મને સંભાળો છો. તમને એવી શી જરુર છે ? જ્યાં આવશ્યકતા હોય છે ત્યાં જ કૃતિ થાય છે. તેથી ભગવાન ! તમે મને ઉઠાડયો, તે તમને મારી કંઇ જરુર છે ? મેં એવું શું કર્યું છે કે તમે મને ઉઠાડવા આવ્યા ? મેં તો ફકત ધંધો-વેપાર જ કર્યો છે. બીજું કંઇ કર્યું નથી. ઊઠયા પછી વેપારધંધો અને મૂળજીજેઠા માર્કેટ જ યાદ આવે છે. બીજું કંઇ કરતો પણ નથી અને કરવાનો પણ નથી, તેથી મારી પાસેથી એવી અપેક્ષા રાખવી પણ ફોકટ છે. તે છતાં તમે મને ઉઠાડવા આવ્યા ? 'મરવા દો એને' આવું તમે કહેતા નથી. તમે મને ઉઠાડો છો અને સંભાળો છો.'

'ભગવાન ! અમે અલ્પજ્ઞ અને ક્ષુદ્ર જીવ છીએ તો પણ તમે અમારી સાથે સંબંધ બાંધો છો !' સુભાષિતકાર કહે છે:

ययोरेव समं वित्तं ययोरेव समं बलम् ॥
तयोर्विवाहमैत्रीश्च न तु पुष्टविपुष्टयोः ॥

'ભગવાન ! સમાનતા હોય ત્યાં સંબંધ થાય. તમારી અને અમારી વચ્ચે કઇ સમાનતા છે ? તો પણ તમે અમારી સાથે સંબંધ રાખ્યો ! ભગવાન તમારી પાસે બુદ્ધિનો અને મનનો અજોડ વૈભવ છે. તમને અમારી પાસેથી કોઇ જ અપેક્ષા નથી. તે છતાં તમે અમારા પર પ્રેમ કરો છો !' આને જ ભગવદીય પ્રેમ કહે છે. આવો જ ભગવદીય પ્રેમ સંતોએ આપણા પર કર્યો છે તેમને કોઇ અપેક્ષા નહિ, કોઇ ઇચ્છા નહિ, કોઇ વાસના નહિ, તેમને આપણી પાસેથી કશું જોઇતું નથી. છતાં તેમણે આપણા પર પ્રેમ કર્યો છે.

શુકદેવજી આગળ કહે છે: 'ભગવાન ! હું ક્ષુદ્ર છું, અસ્વચ્છ છું, અપવિત્ર છું, પરંતુ, તારી લીલાથી શુદ્ધ થઇ જાઉં છું.' આમાં શુકદેવજીએ આપણને રસ્તો દેખાડયો છે. તેઓ કહે છે: 'તમારે ભગવન્નિર્ભરતા લાવવી છે ને ? તો તેની લીલા સાંભળો'. અહીં ભગવાનની લીલાનો અર્થ ભગવનનું જીવન. 'ભગવાન ! તારા વિચાર અને તારું જીવન માણસને શુદ્ધ બનાવે છે. આવા કૃષ્ણને હું વારંવાર નમસ્કાર કરું છું.' આટલું જ નહિ, તેમના જ શબ્દોમાં કહું: 'જેની સામે-કૃષ્ણનું જીવન છે, તેને કઇ સમસ્યા રહે ? તે સમસ્યાથી ભાગે શા માટે ? તે સમસ્યાથી ડરે શા માટે ? પોતાને ક્ષુદ્ર સમજે શા માટે ? મારા હાથે કંઇ ન થાય, એવું બોલતાં કપાળ પર હાથ રાખીને બેસે શા માટે ?'

'શ્રીકૃષ્ણ ઉત્સાહમૂર્તિ છે, ચૈતન્યમૂર્તિ છે, સ્ફૂર્તિમૂર્તિ છે અને હું અસ્વચ્છ છું, અપવિત્ર છું, પરંતુ, પ્રભુ ! તમારી લીલા સમજ્યા પછી હું સ્વચ્છ અને પવિત્ર થઇ જઇશ.' જ્યાં કૃષ્ણ છે,

કૃષ્ણના વિચાર છે, તેવા ભારતમાં, પડી ગયેલો, વાસનાથી પતિત થયેલો માનવ આજે જોવા મળે છે, તે જોઇને આશ્ચર્ય થાય છે. વાસના રમવા માટે છે, તેના તાબામાં જવા માટે નથી, તે જ લોકો સમજતા નથી. એ જોઇને લાગે છે કે આપણા પૂર્વજોએ જે તપશ્ચર્યા કરી છે તે શું ફોકટ જશે ? તેના માટે શુકદેવજીએ રસ્તો દેખાડયો છે કે શ્રીકૃષ્ણની લીલા સમજવાથી જ જીવનમાં ઉત્સાહ, ચૈતન્ય અને સ્ફૂર્તિ આવશે, પરંતુ, આપણે લીલા શબ્દનો અર્થ એવો સમજીએ છીએ કે શ્રીકૃષ્ણ દડો લઇને રમ્યા તે સાંભળવાનું. લીલાનો અર્થ છે જીવન, તે આપણે સમજતા જ નથી. શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન અભ્યાસ કરવા યોગ્ય છે.

આગળના શ્લોકમાં કહે છે 'જ્ઞાનીઓ તમારું જીવન સમજ્યા બાદ પરલોકનો વૈભવ છોડી દે છે. તેમને વૈભવ તુચ્છ લાગે છે. કોઇપણ વૈભવનું તેમને આકર્ષણ લાગતું નથી.' ભગવાન નાના બાળક શા માટે બન્યા ? ભગવાનને બાળક બનવાની ઇચ્છા શા માટે થઇ ? એક ભકત કહે છે:

विरक्तामुक्ता अप्यनिशमनुरक्ताः पदमिदं
भजंते तत्कोऽस्मिन्मधुरिमगुणोनास्मिकलये ।
ससंप्रत्या स्वाद्यो यदितदुपहासोऽत्रतदजः
शिशुः सन्नंगुष्ठं रसयतिजलेंऽतर्वटदले ॥

ભગવાનને લાગ્યું કે જગતમાં કોઇને પણ આકર્ષિત કરે એવા કેટલાય વિષયો પડયા છે, પરંતુ, તે બધાને ઠોકર મારીને ભકત રાતદિવસ મારા પગમાં શા માટે અનુરકત થતા હશે ? શું તેમાં શ્રીખંડ કરતાં પણ વધારે ગળપણ છે ? મારા પગમાં કયું ગળપણ છે તે ચાખવા પગ મોઢામાં નાંખવો જોઇએ. પરંતુ, મોટા માણસે અંગૂઠો કંઇ મોઢામાં નંખાય નહિ. તે માટે બાળક જ બનવું જોઇએ. આ એક જ રસ્તો છે તેથી ભગવાન બાળક બન્યા અને બાલમુકુંદ રૂપે દર્શન થયા-

करारविन्देनपदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि ॥

ભગવાન ! તમને જાણ્યા બાદ જગતની કોઇપણ વસ્તુનું આકર્ષણ રહેતું નથી.

આગળ કહે છે કે કર્મ અર્પણ નથી થતું ત્યાંસુધી માણસનું હિત નથી થતું. કર્મ પોતાની પાસે રાખવામાં વ્યકિતનું હિત નથી થતું. બેંકવાળા જાહેરાત આપે છે કે પૈસા લઇને પ્રવાસ ન કરો. તેમાં જોખમ છે. તેના બદલે તમે ટ્રાવેલર્સ ચેક લઇને જાઓ. બદલામાં અમારે ત્યાં પૈસા ભરી જાઓ. આવી રીતે ભગવાન પણ જાહેરાત આપે છે કે તું કર્મ તારી પાસે ન રાખ. મારી પાસે રાખી દે.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ (गी. ९/२७)

ભગવાનને પણ આવી જાહેરાત આપવી પડે છે, કારણ, કર્મ આપવા માટે એની પાસે કોઇ આવતું જ નથી. બેંકવાળાઓને પણ સમજાવવું પડે છે કે તમે ગજવામાં પૈસા લઇને પ્રવાસ કરશો તો કોઇ ચોરી જશે. તેઓ આવો ડર દેખાડે છે. આવી રીતે ભગવાન કહે છે કે તું તારું કર્મ તારી પાસે રાખીશ ત્યાંસુધી તારું હિત નથી, એટલું જ નહિ, તારે તેમાં સહન કરવું પડશે. 'પ્રભુ ! જો કર્મ તને અર્પણ કરીએ તો કર્મ કરીને પણ તકલીફ ન થાય, આવા પ્રભુને નમસ્કાર.' આમાં કર્મ અર્પણ કરવાનો રસ્તો દેખાડે છે. કર્મ પાસે રાખવાનાં નહિ ભગવાનને અર્પણ કરવાનાં, એવું સમજાવ્યું છે.

અર્પણ જુદું અને ત્યાગ પણ જુદો. જે સારું ન હોય, ખરાબ હોય, તેમાંથી દુર્ગંધ આવતી હોય, તેનો ત્યાગ થઇ શકે છે. તે સમર્પણ નથી. સમર્પણ કોને કહે છે ? પ્રેમથી અર્પણ કરવું તેને સમર્પણ કહે છે. તમે કરેલું કામ તમે ભીતિથી ભગવાનને આપો કે નફરતથી આપો. તેમાં અર્પણ નથી. તમને ડર લાગે છે કે મારી પાસે કર્મ રાખીશ તો જન્મ લેવો પડશે. તેના બદલે ભગવાનને કર્મ આપી દઉં. આવું સમજીને તમે ભગવાનને કર્મ આપો તો તે અર્પણ નથી. અર્પણમાં પ્રેમ અપેક્ષિત છે. શુકદેવજીએ ભગવાનને કર્મ કેવી રીતે અર્પણ કરવા તે પણ સમજાવ્યું છે. કર્મ પાસે રાખશો તો તે ક્રિયા બાધક થશે. ક્રિયા બાધક ન હોય તે માટે પ્રેમથી ભગવાનને અર્પણ કરો. જે કર્મ કરો છો તેના પર પ્રેમ હોવો જોઇએ, જે કર્મ અર્પણ કરવું છે તે સ્વચ્છ હોવું જોઇએ. અર્પણ શબ્દ આવ્યો કે તેમાં સ્વચ્છતા આવી ગઇ.

તમારે કોઇને કંઇ આપવાનો પ્રસંગ આવે તો તમે શું કરો ? દા.ત. તમારે જમાઇરાજને કંઇ આપવું છે. ઘરમાં ચાંદીનો ગ્લાસ પડયો છે તે આપવો છે. તો તમે શું કરો ? ચાંદીના ગ્લાસને પાલીશ કરાવો જેથી તે ચમકતો થઇ જાય. ત્યારબાદ તમે તે ગ્લાસ જમાઇરાજને આપો છો. આવી રીતે જે કર્મ ભગવાનને આપવાં હોય તો તે કર્મને પાલીશ કરીને આપવાં જોઇએ. તે કર્મ સ્વચ્છ હોવાં જોઇએ. કર્મ ઉપર પ્રેમ હોવો જોઇએ. જેને કર્મ આપવાં છે, તેને ડરથી, નફરતથી ન આપો. તેને પ્રેમથી આપો.

ત્યારબાદ એક શ્લોકમાં સમજાવ્યું છે, 'વિભિન્ન શ્રદ્ધાના પુંજોને એકસૂત્રમાં બાંધવાવાળા ભગવાન ! તમને મારા નમસ્કાર.' આમાં તો કમાલ કરી છે ! રામ અને શ્રીકૃષ્ણે અવતાર લઇને શું કર્યું તે આ શ્લોકમાં સમજાવ્યું છે.

જ્યારે આર્યોને ખબર પડી કે અમારી વિચારપ્રાણાલી સર્વશ્રેષ્ઠ છે, અમારી જીવનદૃષ્ટિ સર્વશ્રેષ્ઠ છે, ત્યારે તેમણે નકકી કર્યું કે અમારે તે બધાંને આપવી જોઇએ. તેમણે બધાંને જીવનદૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો તેમને લાગ્યું કે ભગવાનની પાસે જવાનો રસ્તો અમારી પાસે છે. મૂર્તિપૂજા શા માટે કરવી જોઇએ તે આપણા પૂર્વજોએ અને અવતારોએ સમજાવ્યું છે. ભગવાને ગીતામાં તે જ સમજાવ્યું છેઃ **'मय्यावेश्य मनो ये माम्'** તે વખતે કિરાત, નાગ, પુલિંદ, વાનર, યક્ષ ગંધર્વ, અભીર, જેવા સમૂહો ઠેકઠેકાણે વસતા હતા. વ્યકિત-જીવનવિકાસનો માર્ગ ખબર પડયા પછી આર્યો તે વિવિધ પુંજો પાસે ગયા અને તેમને પોતાને લાધેલી જીવનદૃષ્ટિ સમજાવી. આર્ય શબ્દ વંશવાચક નથી, ગુણવાચક છે. **न वित्तेन आर्यो भवति**- વિત્તથી કે જન્મથી આર્ય નથી થતો.

ભારતમાં આવા પચીસ-પચાસ પુંજો હતા. પુંજ એટલે નાના લોકસમૂહ નહિ સમજતા. કેટલાક પુંજોમાં તો વીસ-વીસ લાખ લોકો હતા. પુરાણમાં નાગલોકોનું કે નાગકન્યાનું વર્ણન આવે છે. લોકો તેના પરથી નાગકન્યાનું ચિત્ર કાઢે છે તેમાં ઉપરનું શરીર સ્ત્રીનું અને નીચેનું નાગનું ચીતરે છે. આવું ન હતું. નાગજાતિ મનુષ્યજાતિ જ હતી. આજે પણ નાગભૂમિમાં નાગલોકો (Nagas) રહે છે. તેમાંનો જ તક્ષક નાગ પરીક્ષિત રાજાને મારવા માટે આવ્યો હતો. આ વિભિન્ન પુંજો પાસે આર્યો ગયા અને જીવનવિકાસનો માર્ગ દેખાડયો છે, જીવન પ્રણાલી સમજાવી છે. તેમને જ અવતારોએ મદદ કરી છે. રામ કૃષ્ણે પણ આ જ કામ કર્યું હતુંઃ **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ परित्राणाय साधूनां विनाशाय च दुष्कृतां धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥**

આર્યો જીવનશ્રેણી સમજાવવાને માટે જુદા જુદા પુંજોમાં ગયા હતા. તેમણે તે પુંજોને જીવનનું તત્ત્વજ્ઞાન અને ભક્તિનું રહસ્ય સમજાવ્યું, ભકિત કેવી રીતે કરવી તે સમજાવ્યું. તેમણે એક અજબ કામ કર્યું તે એ કે તેમણે કોઇને પણ વટલાવ્યા નથી. તેમની સાથે ભાઇબંધી કરીને, તેમના ભાઇ બનીને ગયા અને તેમને સમજાવ્યા, તેમણે કોઇની શ્રદ્ધા તોડી નથી.

જુદા જુદા પુંજો જુદા જુદા ભગવાનની પૂજા કરતા હતા. એક પુંજની પાસે આર્યો ગયા તો તેમણે કહ્યું, 'અમે ભગવાન માનીએ છીએ પણ અમારા ભગવાન નાગ છે.' આર્યોએ કહ્યું: 'અરે ! નાગ તો ભગવાન છે જ. તમારું શ્રદ્ધાસ્થાન જૂદું નથી. અમારામાં પણ નાગ છે. તમને ખબર છે ? અમારા વિષ્ણુ ભગવાન નાગ ઉપર જ સૂએ છે. અમારા શિવજી ભગવાનના ગળામાં પણ નાગ છે અને ગણપતિ ભગવાનની કમરે પણ નાગ છે.' આ સાંભળીને તેમણે કહ્યું. 'સારું, સારું. તો તો આપણા બન્નેના ભગવાન એક જ છે.'

કેટલાક પુંજો વાઘને ભગવાન માનતા હતા. આપણા આર્યોએ તે માન્ય કર્યું છે. તેમણે કહ્યું: 'તમે જેમ વાઘને ભગવાન માનો છો, તેમ અમે પણ માનીએ છીએ. અમારી કાલીમાતા વાઘ ઉપર અસવાર થઇને જ આવે છે.' કોઇ પુંજ ગરુડને માનતો હતો. એનું કારણ આમાંના કેટલાક જંગલી પુંજ હતા. જંગલી એટલે જંગલમાં રહેવાવાળા એવો અર્થ નથી. ભૌતિક જીવનની દૃષ્ટિએ સુધરેલા લોકો પણ જંગલી હોઇ શકે છે. જેમણે જીવનના બારામાં વિચાર્યું નથી, તે બધાંજ જંગલી છે. આવા લેકોની પાસે આપણા આર્યો ગયા. તેઓ કહેતા કે અમે પ્રભાવી ભગવાનને માનીએ છીએ તેથી અમે ગરુડને ભગવાન માનીએ છીએ. આર્યોએ કહ્યું: 'એમ ! તમને ખબર નથી, પરંતુ, અમારા વિષ્ણુ ભગવાન ગરુડ ઉપર બેસે છે. અમે પણ ગરુડને માનીએ છીએ.' કેટલાક લોકો 'વડ-પીપળા'ના ઝાડને ભગવાન માનતા હતા. આમ જુદા જુદા પુંજો જુદા જુદા ભગવાનને માનતા હતા. તે બધા ભગવાનને આપણા આર્યોએ અપનાવ્યા છે તેથી જ આપણાં મંદિરો વિવિધ મૂર્તિઓથી ભરાઇ ગયાં છે. આ જોઇને કેટલાક લોકો કહે છે: 'ધર્મમાં આ શું મૂર્ખાઇ છે ? એકેશ્વરવાદ હોવો જોઇએ. ઇશ્વર એક જ રૂપના હોવા જોઇએ' પરંતુ, વિવિધ રૂપના હજારો ભગવાનનો તેમણે સ્વીકાર શા માટે કર્યો ? માનવ ઉપરના પ્રેમને લીધે તેમણે સ્વીકાર કર્યો.

ભારતમાં આવા પચીસ-પચાસ પુંજો હતા. પુંજ એટલે નાના લોકસમૂહ નહિ સમજતા. કેટલાક પુંજોમાં તો વીસ-વીસ લાખ લોકો હતા. પુરાણમાં નાગલોકોનું કે નાગકન્યાનું વર્ણન આવે છે. લોકો તેના પરથી નાગકન્યાનું ચિત્ર કાઢે છે તેમાં ઉપરનું શરીર સ્ત્રીનું અને નીચેનું નાગનું ચીતરે છે. આવું ન હતું. નાગજાતિ મનુષ્યજાતિ જ હતી. આજે પણ નાગભૂમિમાં નાગલોકો (Nagas) રહે છે. તેમાંનો જ તક્ષક નાગ પરીક્ષિત રાજાને મારવા માટે આવ્યો હતો. આ વિભિન્ન પુંજો પાસે આર્યો ગયા અને જીવનવિકાસનો માર્ગ દેખાડયો છે, જીવન પ્રણાલી સમજાવી છે. તેમને જ અવતારોએ મદદ કરી છે. રામ કૃષ્ણે પણ આ જ કામ કર્યું હતું: **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।। परित्राणाय साधूनां विनाशाय च दुष्कृतां धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ।।**

આર્યો જીવનશ્રેણી સમજાવવાને માટે જુદા જુદા પુંજોમાં ગયા હતા. તેમણે તે પુંજોને જીવનનું તત્ત્વજ્ઞાન અને ભક્તિનું રહસ્ય સમજાવ્યું, ભકિત કેવી રીતે કરવી તે સમજાવ્યું. તેમણે એક અજબ કામ કર્યું તે એ કે તેમણે કોઇને પણ વટલાવ્યા નથી. તેમની સાથે ભાઇબંધી કરીને, તેમના ભાઇ બનીને ગયા અને તેમને સમજાવ્યા, તેમણે કોઇની શ્રદ્ધા તોડી નથી.

જુદા જુદા પુંજો જુદા જુદા ભગવાનની પૂજા કરતા હતા. એક પુંજની પાસે આર્યો ગયા તો તેમણે કહ્યું, 'અમે ભગવાન માનીએ છીએ પણ અમારા ભગવાન નાગ છે.' આર્યોએ કહ્યું: 'અરે ! નાગ તો ભગવાન છે જ. તમારું શ્રદ્ધાસ્થાન જૂદું નથી. અમારામાં પણ નાગ છે. તમને ખબર છે ? અમારા વિષ્ણુ ભગવાન નાગ ઉપર જ સૂએ છે. અમારા શિવજી ભગવાનના ગળામાં પણ નાગ છે અને ગણપતિ ભગવાનની કમરે પણ નાગ છે.' આ સાંભળીને તેમણે કહ્યું. 'સારું, સારું. તો તો આપણા બન્નેના ભગવાન એક જ છે.'

કેટલાક પુંજો વાઘને ભગવાન માનતા હતા. આપણા આર્યોએ તે માન્ય કર્યું છે. તેમણે કહ્યું: 'તમે જેમ વાઘને ભગવાન માનો છો, તેમ અમે પણ માનીએ છીએ. અમારી કાલીમાતા વાઘ ઉપર અસવાર થઇને જ આવે છે.' કોઇ પુંજ ગરુડને માનતો હતો. એનું કારણ આમાંના કેટલાક જંગલી પુંજ હતા. જંગલી એટલે જંગલમાં રહેવાવાળા એવો અર્થ નથી. ભૌતિક જીવનની દૃષ્ટિએ સુધરેલા લોકો પણ જંગલી હોઇ શકે છે. જેમણે જીવનના બારામાં વિચાર્યું નથી, તે બધાંજ જંગલી છે. આવા લેકોની પાસે આપણા આર્યો ગયા. તેઓ કહેતા કે અમે પ્રભાવી ભગવાનને માનીએ છીએ તેથી અમે ગરુડને ભગવાન માનીએ છીએ. આર્યોએ કહ્યું: 'એમ ! તમને ખબર નથી, પરંતુ, અમારા વિષ્ણુ ભગવાન ગરુડ ઉપર બેસે છે. અમે પણ ગરુડને માનીએ છીએ.' કેટલાક લોકો 'વડ-પીપળા'ના ઝાડને ભગવાન માનતા હતા. આમ જુદા જુદા પુંજો જુદા જુદા ભગવાનને માનતા હતા. તે બધા ભગવાનને આપણા આર્યોએ અપનાવ્યા છે તેથી જ આપણાં મંદિરો વિવિધ મૂર્તિઓથી ભરાઇ ગયાં છે. આ જોઇને કેટલાક લોકો કહે છે: 'ધર્મમાં આ શું મૂર્ખાઇ છે ? એકેશ્વરવાદ હોવો જોઇએ. ઇશ્વર એક જ રૂપના હોવા જોઇએ' પરંતુ, વિવિધ રૂપના હજારો ભગવાનનો તેમણે સ્વીકાર શા માટે કર્યો ? માનવ ઉપરના પ્રેમને લીધે તેમણે સ્વીકાર કર્યો.

આર્યોને સત્ય સિદ્ધાંતો ઉપર પ્રેમ હતો. જીવનમાં સત્ય સિદ્ધાંતો આવવા જોઇએ. જેઓ ખોટું સ્વીકારીને બેઠા છે તેમને સાચું સમજાવવું જોઇએ. માનવ પુંજો ઉપરના પ્રેમને લીધે આપણાં મંદિરોમાં મૂર્તિઓની સંખ્યા વધી ગઇ છે, પરંતુ, તેનું રહસ્ય ન સમજવાવાળા લોકો હિંદુ ધર્મની મશ્કરી ઉડાવે છે !

આવી રીતે આર્યોએ જુદા જુદા પુંજોના શ્રદ્ધાસ્થાનો તોડયાં તો નથી જ. તેમણે બધાંનાં શ્રદ્ધાસ્થાનો સ્વીકાર્યા હતાં. આર્યોએ જે અસ્વચ્છ હતા તેમને સ્વચ્છ બનાવ્યા. તેનું સ્મરણ શુકદેવજીને આ સ્તોત્રમાં થયું છે. તેઓ કહે છે: 'વિભિન્ન શ્રદ્ધાના પુંજોને એકસૂત્રમાં બાંધવાવાળા ભગવાનને મારા નમસ્કાર.' કૃષ્ણે આ કામ કર્યું છે. એમણે જે કામ કર્યું છે તેનું વર્ણન આ સ્તોત્રમાં છે. તેવી જ રીતે, તે કામ શા માટે કરવું જોઇએ તે પણ સમજાવ્યું છે.

ભગવાનની પાસે જવાનો પ્રયત્ન કરવાવાળો જે જ્ઞાનીભક્ત છે, તેને આવું અલૌકિક કામ કરવું પડશે. વિવિધ પુંજો પાસે જઇને, તેમના જોડે ભાઇબંધી બાંધીને, આર્યોએ તેમનાં શ્રદ્ધાસ્થાન અપનાવ્યા હતાં અને તેમનું જીવન બદલવાની શકિતવાળા વિચારો તેમને આપ્યા હતા. **ईशावास्यमिदं सर्वं...** સર્વત્ર ભગવાનનું રુપ માનવાવાળા આપણે જૂઠું પણ બોલતા નથી. મને આ સ્તોત્ર વાંચીને આશ્ચર્ય થયું કે જ્ઞાનીભકત જ્યારે ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે છેલ્લે આવું શા માટે બોલે છે, 'વિવિધ પુંજોને ભકિતનો માર્ગ દેખાડવાવાળા ભગવાન ! તને મારા નમસ્કાર છે.' આ ઇતિહાસ શુકદેવજીએ લખ્યો છે. ભગવાનને ગમતા કેવી રીતે થવાય તેનું માર્ગદર્શન પણ તેમાં છે. ભગવાનને કોણ ગમે ? જ્યાં સંસ્કૃતિ પહોંચી નથી, ત્યાં સંસ્કૃતિ પહોંચાડનાર. તેમની શ્રદ્ધા તોડો નહિ પણ તેનો સ્વીકાર કરો અને તેને પોતાની સંસ્કૃતિમાં બેસાડી દેખાડો, આવું માર્ગદર્શન તેમાં આપ્યું છે.

આજે નવયુવાનો ભણ્યા બાદ પૂછે છે કે ધર્મમાં આ શું ગોટાળો છે? વૃક્ષ ભગવાન, વાનર ભગવાન (Tree God, Monkey God) આ બધા શું ભગવાન છે ? આપણે વિવિધ રુપના ભગવાનને માનીએ છીએ, પણ શા માટે માનીએ છીએ તેની ખબર હોવી જોઇએ. કોઇનું શ્રદ્ધાસ્થાન તોડીને તમે કોઇને ઉપર લાવી શકતા નથી. બદલી શકતા નથી, સમજાવી શકતા નથી. તમારા વિચારો ગમે તેટલા સારા હોય તો પણ ! 'તારું પણ સારું છે' કહીને તેનો સ્વીકાર કરો, તો જે શ્રેષ્ઠ વિચાર હશે તે સામેવાળો ઉપાડવા તૈયાર થશે જ. આ એક સમૂહમાનસ (Mass psychology) છે. આર્યોએ તેમનાં શ્રદ્ધાસ્થાનો ન તોડતાં, તેમનો સ્વીકાર કર્યો. આર્યોએ ઘણા કામો કર્યાં છે. રામ અને કૃષ્ણે જે કામો કર્યાં છે તેની સાચી સમજ લોકોને નથી. મંદિર શા માટે બાંધ્યાં ? પંચાયતન પૂજા શા માટે આવી ? આ બધું શા માટે આવ્યું તે વિચારવું જોઇએ. વચ્ચે વચ્ચે સમૂહો કહેવા લાગ્યા કે તમારા ભગવાન જુદા છે અને અમારા ભગવાન જુદા છે, તેથી કહ્યું કે ભગવાન જુદા હોઇ નથી શકતા. પંચાયતન પૂજા ઉપાડો. રામ અને કૃષ્ણે કેટલું કામ કર્યું છે ! આર્યોએ જે કામ કર્યું છે તે સમજશો તો તેમની સામે નતમસ્તક થયા વગર તમારાથી રહેવાશે નહિ.

શુકદેવજીએ જે સ્તુતિ કરી છે તે વિવિધ પ્રકારે સાધકને માર્ગદર્શન આપે છે અને આશ્વાસન પણ આપે છે. પૌરાણિકોની આ વિશિષ્ટતા છે કે તેઓ એક સાથે ત્રણ હેતુ સાધે છે. શુકદેવજીએ એક અલૌકિક વાત તેમાં કહી છે. સાંસ્કૃતિક જગતનો ઇતિહાસ લખવામાં આવે તો અવતારોનું અને શ્રીકૃષ્ણ ભગવાનનું પ્રથમ શ્રેણીનું કામ સમજાવવું પડે. શ્રીકૃષ્ણે વિવિધ શ્રદ્ધાના પુંજોને એકઠા કર્યા હતા, તેમની શ્રદ્ધા ન તોડતાં તેમને ઉઠાવ્યા હતા અને તેમને રસ્તો દેખાડયો હતો. 'આવાં અલૌકિક કામ કરવાવાળા ભગવાન ! તને મારા નમસ્કાર છે' એમ શુકદેવજી કહે છે.

ત્યારબાદ નવમા અધ્યાયના એકત્રીસથી છત્રીસ શ્લોકમાં ચતુ:શ્લોકી ભાગવત કહ્યું છે. આ ચતુ:શ્લોકી ભાગવતમાં ભગવાનનું જ્ઞાનરુપ રહસ્ય ભગવાને પોતે, ચાર શ્લોકમાં સમજાવ્યું છે. આમ તો છ શ્લોક છે પરંતુ, બે શ્લોક પ્રાસંગિક છે. વચ્ચેના ચાર શ્લોક છે તેને ચતુ:શ્લોકી ભાગવત કહે છે. આ ચાર શ્લોક વાંચીને લાગે કે એ તત્ત્વવેત્તાઓ માટે જ છે. પરંતુ એ સામાન્યોને માટે છે. એકનાથ મહારાજે આ ચતુશ્લોકી ભાગવત પર વિસ્તારથી લખ્યું છે. બધા તત્ત્વજ્ઞાનનો સાર તેમાં આવી જાય છે. તેની પૂર્વેના શ્લોકમાં ભગવાને, હું તને મારું પરમજ્ઞાન કહીશ એવી પ્રતિજ્ઞા કરી, વિજ્ઞાનની સાથે ગુહ્ય જ્ઞાન કહેવાનો નિશ્ચય કર્યો છે.

ગુહ્ય જ્ઞાનનો અર્થ છે 'મારું જ્ઞાન'. 'મારું જ્ઞાન' નો અર્થ જેમ પ્રભુનું જ્ઞાન તેમ 'મારું જ્ઞાન' એટલે 'હું' નું જ્ઞાન-પણ આ બન્ને મળીને મારું જ્ઞાન થાય. સૃષ્ટિના આરંભમાં ભગવાન એકલા જ હતા. કેવળ પ્રભુનું જ અસ્તિત્વ હતું બીજું કંઇ હતું નહિ. વેદોનું એવું કહેવું છે. 'બીજું કંઇ હતું નહિ, ફકત તેનું અસ્તિત્વ હતું' તેથી જ હું નિષેધાત્મક બોલું છું કે બીજું કંઇ હતું નહિ. સૃષ્ટિમાં જે કંઇ છે તે પ્રભુનું જ સ્વરુપ છે, એવું કહેવાનો અભિપ્રાય છે. પ્રલય પછી પ્રભુ સિવાય કશું રહેતું નથી, એમ કહે છે.

સર્વત્ર જો પ્રભુ છે તો બીજું બધું જે ભાસમાન લાગે છે તે શું છે ? આવો પ્રશ્ન ઊભો કર્યો છે. સૃષ્ટિમાં બીજું કંઇ નથી, તો સૃષ્ટિનું જે અસ્તિત્વ દેખાય છે તે શું છે ? તેને શું કહે છે ? તે ભ્રમ છે. જે ભાસમાન છે, તે બધું ભ્રમ છે; અને ભ્રમને જ માયા કહેવાય છે. 'મારું જ્ઞાન' ન થવાનું કારણ આ માયા જ છે. ભાગવતકારે ચતુ:શ્લોકી ભાગવતમાં જે કહ્યું છે તે હું કહું છું. જ્ઞાન ન થવાનું કારણ માયા જ છે. ભૌતિક વિશ્વ અને વિશ્વેશ્વરનો સંબંધ માયાથી થયો છે. એક એક લીટી તત્ત્વજ્ઞાનથી ભરેલી છે. તેના શબ્દેશબ્દમાં તાત્ત્વિક કોયડાનો જવાબ છે. તે કહે છે કે ભૌતિક વિશ્વ અને વિશ્વેશ્વરનો સંબંધ પણ માયાથી થયો છે. **મલીન સત્ત્વપ્રધાના અવિદ્યા અને વિશુદ્ધ સત્ત્વપ્રધાના માયા ।**

સૃષ્ટિ નિર્માણ કરીને પ્રભુ તેમાં આવીને વસ્યો છે. એવી રજુઆત કેવળ સમજાવવાને માટે છે, તે હકીકત નથી. સૃષ્ટિ ઉત્ક્રાંત (Evolve) થઇ છે તેનું તેમાં રહસ્ય છે. સૃષ્ટિ બનાવેલી નથી, ઉદ્ભવી છે, ઉત્ક્રાંત થઇ છે એવું તેનું કહેવું છે. વિશ્વમાં વિશ્વેશ્વર અનુપ્રસ્થ થયા એમ

માનીએ તો તે અનુપ્રસ્થ નથી એમ સિદ્ધ થાય છે અને તે અનુપ્રસ્થ નથી થયા એમ માનીશું તો તે અનુપ્રસ્થ થયા છે એમ સિદ્ધ થાય છે. ‘છે’ કહીએ તો ‘નથી’ અને ‘નથી’ કહીએ તો ‘છે’. એમ એમનું કહેવું છે. તેને જ કહે છે- ભાવાભાવાત્મક સંબંધ વિશ્વ અને વિશ્વેશ્વરમાં થાય છે. વિશ્વેશ્વર ભાવાતીત, સર્વ દ્વંદ્વાતીત મનાય છે. તેને જ તેમણે છેલ્લા શ્લોકમાં અન્વય-વ્યતિરેક રુપે સમજાવ્યું છે. આ બધુ શાસ્ત્રીય છે. તેમાં ઊંડા જઇએ તો માથું દુઃખવા લાગે, પરંતુ, તે જોવું તો જોઇએ. તેને ઓળંગી જઇએ તો ભાગવતને અન્યાય થઇ જશે, એનું કારણ ભાગવતમાં તેનું મહત્ત્વ છે. ભાગવતમાં કેવળ વાર્તાઓની મહત્તા નથી. આ ચતુઃશ્લોકીમાં ભાવાભાવાત્મક સંબંધ છે અને તે અન્વયવ્યતિરેકથી સિદ્ધ કર્યું છે. હવે અન્વય શું છે, વ્યતિરેક શું છે, તે પણ સમજાવવું પડે અને તેમાં ઘણો સમય ચાલી જાય.

બ્રહ્મ છે, જગત છે, આ અન્વય છે, પરંતુ, જગતનો અભાવ હોય તો પણ બ્રહ્મનો અભાવ નહિ હોય, આ વ્યતિરેક છે. આમાં એક વિલક્ષણ કોયડો ઊભો થાય છે. વેદાંતમાં એક બહુ મોટો વિચાર પ્રવાહ છે કે આ સૃષ્ટિને ભગવાને પણ નિર્માણ નથી કરી; જે ઉત્ક્રાંતિ તત્ત્વ છે, તેને અનુકૂલ એવો આ વાદ છે. તેને હેગેલ જેવા જડાદ્વૈત વાદ કહે છે અને ભાગવત તેને ચેતન દ્વૈતવાદ કહે છે, એટલો જ ફરક છે. જડથી ચેતનની નિર્મિતિ છે અને તે નિર્મિતિ પછી સૃષ્ટિનું નિર્માણ થયું છે, એવું કહેવાવાળી એક વિચારધારા છે. પરદેશના હેગેલ ઈત્યાદિક તત્ત્વચિંતકો, આ વિચારધારા કહે છે.

અમારા સાંખ્ય ઈત્યાદિ લોકો સૃષ્ટિ Evolve થઇ એમ નથી કહેતા, પરંતુ, સાંખ્યોએ પ્રકૃતિ માની છે. આ ચતુઃશ્લોકી ભાગવતમાં તેવું માન્યું નથી.

આપણને જે વિષયોનું જ્ઞાન થાય છે, તેમાંથી નેવું ટકા જ્ઞાન નેત્રથી અને સ્પર્શેન્દ્રિયથી થાય છે, પરંતુ, તે શું સાચું જ્ઞાન છે ? ભાગવતે લખ્યું છે કે ઈંદ્રિયોથી થવાવાળું જ્ઞાન સાચું નથી. હવે જે જ્ઞાન જ્ઞાનેન્દ્રિયોથી થાય છે, ભાસમાન થાય છે, તે શું નથી ? છે જ નહિ ? અને જે લાગતું નથી, દેખાતું નથી, તેનું અસ્તિત્વ સત્ય છે ? વિશ્વનું અસ્તિત્વ છે, તે ભાસમાન થાય છે, દશ્યમાન થાય છે, ઈંદ્રિયોથી ખબર પડે છે. તે છે જ નહિ, એવું માનવાનું? અને જેનું અસ્તિત્વ ભાસમાન થતું નથી, વ્યકત થતું નથી, જેને તમે ભગવાન કહો છો તેનું અસ્તિત્વ માનવાનું ? આ એક કોયડો છે, જે સામાન્ય માણસના મનમાં ઊભો થાય છે.

અહીં પહેલો પ્રશ્ન ઊભો થાય છે કે જ્ઞાનેન્દ્રિયોમાં મને સાચું જ્ઞાન કરાવવાની શકિત છે ખરી ? જે જ્ઞાન મને રાતદિવસ થતું રહ્યું છે, જે જ્ઞાન ઉપર હું ઊભો છું, તે જ્ઞાન શું સાચું જ્ઞાન છે ? ઉદાહરણ તરીકે, દોરડીને જોતાં સાપનું જ્ઞાન થાય છે. આ શું સાચું જ્ઞાન છે ? જ્ઞાન થયું પણ આંખોએ જે નથી, તે દેખાડયું. જે છે તે નહિ, પણ જે નથી તે દેખાડયું. દોરડીની ઉપર સાપ જોવાનું જ્ઞાન સાચું છે, પણ સાપ સાચો નથી, જ્ઞાન સાચું છે. શા માટે ? તેવા સાપને જોયા

પછી **सीदन्ति मम गात्राणि....** માણસ થરથરવા લાગે છે, તેથી જ્ઞાન સાચું છે. સાપ સાચો નથી

જે મૃગજળ દેખાય છે, તે શું સાચું છે ? આંખોએ મૃગજળ દેખાડયું. તો જેને તરસ લાગી છે તે, તે જોઇને દોડવા લાગશે. તમે કચ્છના રણમાં જાઓ. હું જઇ આવ્યો છું. અરે ! એટલું બધું પાણી લાંબે લાંબે દેખાતું હતું કે વાત પૂછો મા ! પરંતુ, ત્યાં ગયા પછી જોયું તો પાણીનું એક ટીપું પણ ન હતું. આનો મેં જાતે અનુભવ લીધો છે. આકાશમાં એક જ ચંદ્ર હોય છે પણ કેટલીકવાર બે ચંદ્ર હોય એમ લાગે છે. તે શું સાચું જ્ઞાન છે ? આકાશમાં વાદળાં દોડે છે તો ચંદ્ર દોડતો હોય એમ લાગે છે. તે શું સાચું છે ? તમારી ચક્ષુરિન્દ્રિયે તમને જ્ઞાન આપ્યું કે ચંદ્ર દોડે છે, પણ ખરેખર ચંદ્ર દોડતો નથી, વાદળાં દોડે છે. અગરબત્તી સળગાવીને ગોળ ગોળ ફેરવો તો વર્તુળ દેખાય છે. તો શું વર્તુળ હોય છે ? વર્તુળ હોતું નથી પણ છે, એવું લાગે છે. તમે ટ્રેઇનમાં બેઠા હો ત્યારે ટ્રેઇન દોડે છે. તમે બારીની બહાર જુઓ તો વૃક્ષો દોડતાં હોય એવું દેખાય છે. કોઇ દિવસ વૃક્ષો દોડે ? પરંતુ, આપણી ચક્ષુરેન્દ્રિયે જ્ઞાન કરાવ્યું કે ઝાડ દોડે છે. સ્વચ્છ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ જોઇએ તો આકાશમાં ચંદ્ર જેટલો લાંબે છે તેટલો જ લાંબે પાણીમાં દેખાય છે. વાસ્તવમાં પાણીની ઊંડાઇ ફકત બે ફૂટની હોય છે ! તે છતાં ચંદ્ર હજારો માઇલ દૂર હોય એવું પ્રતિબિંબમાં દેખાય છે. આવાં તો કેટલાંય દૃષ્ટાંત આપી શકાય.

કોઇ વસ્તુનો કંઇક આકાર હોય છે, પરંતુ, તે વસ્તુ તમે સૂક્ષ્મદર્શક યંત્રથી જુઓ તો વસ્તુ કરતાં હજાર ગણી મોટી આકૃતિ દેખાય છે. અણુ છે તેનાં કરતાં હજાર ગણો મોટો તેમાં દેખાય છે. તો મેં વસ્તુને પહેલાં જોઇ તે સાચું કે સૂક્ષ્મદર્શક યંત્રમાંથી તે વસ્તુ જોઇ તે સાચું ? આ બન્ને જ્ઞાન ઇંદ્રિયોએ જ કરાવ્યું છે. તેમાંથી કયું જ્ઞાન સાચું ? ચક્ષુરિન્દ્રિયથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાન સાચું નથી. આ ઇંદ્રિયો આપણને સાચું જ્ઞાન કરાવતી નથી.

જેમ નેત્રભ્રમ થાય છે, તેમ સ્પર્શભ્રમ પણ થાય છે. અંગછેદન (Amputation) કર્યા બાદ પણ તે અવયવ છે એવો ભ્રમ થાય છે. મારા પિતાશ્રીનો પગ કાપવો પડેલો. તેમને અમે એમ જ કહ્યું હતું કે પગની બે આંગળી ખરાબ હતી તે કાપી નાખી છે. તેમને ખબર ન પડે તે રીતે પગનો બાકીનો ભાગ બાંધી રાખ્યો હતો. તેમને દરરોજ ડૉકટર તપાસવા આવતા હતા. તેઓ ડૉકટરને દરરોજ કહેતા હતા કે મારા પગનો અંગૂઠો અને આંગળી વચ્ચેનો ભાગ દુ:ખે છે. ખરી રીતે તો પગ જ કાપી નાખ્યો હતો, તો અંગૂઠો અને આંગળી આવ્યા કયાંથી ? જે અંગૂઠો અને આંગળી નથી, તેમાં દર્દ થાય છે એવું તેઓ દરરોજ કહેતા હતા. તે કંઇ ખોટા ન હતા. તેમને એવું લાગતું હતું, તે તેવું અનુભવતા હતા, પરંતુ તે આભાસ હતો. આવો આભાસ થાય છે. તેને જ શાસ્ત્રમાં દેહાધ્યાસ કહે છે. આ વાત તો મેં પ્રત્યક્ષ બનેલી જોઇ છે.

'How our senses deceive us' નામનું Dr. Andrew William નું એક પુસ્તક છે. તેમાં તેઓ સમજાવે છે કે આપણી ઇંદ્રિયો આપણને કેવી રીતે બનાવે છે ? જે ઇંદ્રિયો ખોટું જ્ઞાન કરાવે છે તેના ઉપર આધાર રાખી આપણે વૈશ્વિક સિદ્ધાંતોની ચર્ચા કરીએ છીએ. ઇંદ્રિયો ઉપર

આધાર રાખીને સિદ્ધાંતો તારવીશું તો તે ખોટા સાબિત થવાનો સંભવ છે. કેટલાક લોકો પ્રત્યક્ષપ્રમાણવાદી હોય છે. પ્રત્યક્ષ પ્રમાણ એ પ્રાણી (Animal) પ્રમાણ છે. પશુ જે જુએ છે તે જ માને છે. **पश्यति इति पशु ।** આવી પશુની વ્યાખ્યા છે. પશુને બીજી ખબર નથી. પશુએ વાત્સલ્ય જોયું નથી, તેનો તેને અનુભવ નથી, તેથી તે વાત્સલ્ય માનતાં નથી. તે ઘાસ અને પાણી માને છે, એનું કારણ તેણે ઘાસ અને પાણી જોયાં છે. તો પછી, જેટલું દેખાય છે તેટલું જ માનવાવાળા બધા કોણ છે ? તે હું કહેતો નથી.

ભાગવતે તો આગળ વધીને કહ્યું છે કે જે દેખાય છે તે ખોટું છે. ઈંદ્રિયો કેવી રીતે ખોટું જ્ઞાન કરાવીને આપણને ઠગે છે તે, 'How our senses deceive us' માં કેટલાંય ઉદાહરણો આપીને દેખાડયું છે. આ ઈંદ્રિયો ઉપર આધાર રાખીને કંઇ સિદ્ધાંતો ખોટા ઠરાવી શકાતા નથી; એનું કારણ ઈંદ્રિયોએ કરાવેલું દર્શન ખોટું હોઇ શકે છે. આપણે આ ઈંદ્રિયોના આધારે મળેલ જ્ઞાનને સાચું માનીને શાસ્ત્રને ખોટું ઠરાવવા નીકળ્યા છીએ !

ભાગવતના મતે ?

આ વિશ્વ-સૃષ્ટિ ખોટી છે એવું ઠરાવવાનો પ્રયત્ન છે. વેદાંત કહે છે: **ब्रह्म सत्यं जगन्मिथ्या-** વેદાંતશાસ્ત્રને બ્રહ્મ સત્ય લાગ્યું અને જગત મિથ્યા લાગ્યું. પરંતુ આપણને તો વિપરીત જ્ઞાન થાય છે. આપણને બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા લાગતું નથી. આપણને તો જગત સત્ય અને બ્રહ્મ મિથ્યા લાગે છે. કોઇ વ્યાસપીઠ પરથી ભલે કહે કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે પરંતુ એમને તો જગત દેખાય છે, તેથી જગત સત્ય છે અને બ્રહ્મ દેખાતું નથી, તેથી તે મિથ્યા છે.

એક વિનોદી દૃષ્ટાંત છે. એક કરોડપતિની પત્ની કોઇના લગ્નમાં ગઇ હતી. રસ્તામાં તેણે એક ખોટા હીરાની માળા જોઇ. એને તે હીરાની માળા ગમી ગઇ, તેથી બે રૂપિયામાં વેચાતી લીધી અને પહેરી લીધી. તે જ્યારે લગ્નના મંડપમાં આવી ત્યારે એક જણે બીજાને તે માળા દેખાડીને કહ્યું: 'બે લાખની માળા લાગે છે.' ત્યારે બીજાએ કહ્યું 'ના રે ના. તેના હીરા કેટલા મોટા છે! પાંચ લાખની માળા હશે.' બે રૂપિયાની માળા પાંચ લાખની લાગી, એનું કારણ શું ? જેના ગળામાં તે માળા છે, તે વ્યકિત શ્રીમંત છે, તેથી ખોટી માળા પણ સાચા હીરાની લાગી.

બીજો એક રસોઇયો હતો તેને પગાર સારો મળતો હતો તે જરૂરીજ ખર્ચ કરી બાકીના રૂપિયા બચાવતો હતો. ઘણા રૂપિયા ભેગા થયા, તો તે સંભાળવા કેવી રીતે ? પૈસા રાખવાના કયાં ? તે જમાનામાં બેંક પણ ન હતી, તેથી તેણે સોનું ખરીદ્યું અને તેનું કડું બનાવી હાથમાં પહેરી લીધું જેથી તે પાસે જ રહે અને સચવાઇ રહે. પેટીમાં રાખે અને કોઇ ઉપાડી જાય તો ? કડું પહેરીને તે બહાર ફરવા લાગ્યો ત્યારે લોકો કહેવા લાગ્યા, 'આ તો રસોઇયો છે. એનું કડું સોનાનું કયાંથી હોય ? પિત્તલનું કડું લાગે છે.' આમ સાચું સોનું પિત્તલ બની ગયું અને ખોટા હીરા સાચા બની ગયા. એનું કારણ શું પહેરવાવાળાની શકિત છે. આવી રીતે, આ જગત મિથ્યા છે પણ તે ભગવાનના ગળામાં છે તેથી સત્ય લાગે છે; અને ભગવાન મિથ્યા લાગે છે, એનું કારણ તે ખોટા જગતમાં ફરે છે. જે આધાર છે તેના પર આ બધું અવલંબિત છે.

શાસ્ત્રજ્ઞોને બ્રહ્મ સત્ય લાગે છે અને જગત મિથ્યા લાગે છે. આપણને તેનાથી ઊલટું લાગે છે કે જગત સત્ય છે અને બ્રહ્મ અસત્ય છે. જગતના ગળામાં બ્રહ્મ આવ્યું, તેથી બ્રહ્મ અસત્ લાગે છે; અને બ્રહ્મના ગળામાં જગત છે તેથી જગત સત્ લાગે છે.

જે 'છે' એમ કહેશો તે નથી અને 'નથી' એમ કહેશો તે છે- એવા જે ભગવાન છે તેનું વિવરણ ભાગવતમાં છે. ભાગવતમાં જગતને અસત્ કે માયા ઠરાવવાનો પ્રયત્ન છે. તેનું શાસ્ત્રીય કારણ છે. ભાગવતકાર જગતનું અસ્તિત્વજ અમાન્ય કરે છે. નિત્યથી ઉત્પન્ન થયેલું વિશ્વ નિત્ય જ હોવું જરૂરી છે. આ સૃષ્ટિ ભગવાને ન બનાવી હોય તો પણ બ્રહ્મમાંથી ઉદ્‌ભવી છે. જો સૃષ્ટિ બ્રહ્મમાંથી ઉદ્‌ભવી હશે તો, બ્રહ્મ નિત્ય છે, તો સૃષ્ટિ પણ નિત્ય હોવી જોઇએ. જેવું કારણ હોય, તેવું કાર્ય હોવું જોઇએ.

આપણા દાર્શનિકો, ભગવાનને સૃષ્ટિનું નિમિત્તકારણ માનનારને નાસ્તિક જ માને છે. તેમનું કહેવું છે કે, ભગવાન સૃષ્ટિનું ઉપાદાનકારણ છે. એનું કારણ નિમિત્તકારણ ચાલ્યા ગયા પછી પણ વસ્તુ રહે જ છે. દા.ત. માટીનો ઘડો કુંભાર બનાવે છે. કુંભાર એ ઘડાનું નિમિત્તકારણ છે. કુંભાર મરી જાય તો પણ માટલું રહે અને તેમાં રાખેલું પાણી ઠંડુ થાય. ભગવાને આ સૃષ્ટિ નિર્માણ કરી છે એટલું જ તમે કહો તો, ભગવાન આઘા થાય તો પણ સૃષ્ટિ રહે જ, તેથી જ દાર્શનિકો, ભગવાનને નિમિત્તકારણ માનવા તૈયાર નથી. તેઓ ભગવાનને ઉપાદાનકારણ માને છે.

જેવું કારણ હોય તેવું કાર્ય થાય. **कारणगुणाः कार्यमारभते...........** કારણના ગુણ કાર્યમાં આવે છે, તેના ઉદાહરણમાં કેટલાક લોકો કહે છે કે, તંતુ ધોળા હોય તો વસ્ત્ર ધોળું થાય અને તંતુ કાળા હોય તો વસ્ત્ર કાળું થાય. કારણના ગુણો કાર્યમાં આવે છે એટલે ભગવાન જો સૃષ્ટિનું કારણ હોય તો, અને જો ભગવાન નિત્ય છે, તો સૃષ્ટિ નિત્ય હોવી જોઇએ. તો પછી સૃષ્ટિ અનિત્ય કેમ ? આ શંકા છે.

આ શંકાનો જવાબ છે કે, કારણના ગુણ કાર્યમાં આવે છે એ સિદ્ધાંત સાચો નથી. દા.ત. પિતા કારણ છે અને પુત્ર કાર્ય છે, પરંતુ પુત્ર પિતા જેવો જ હોતો નથી. બીજું, એક શાસ્ત્રીય દૃષ્ટાંત આપું. ઘટનો નાશ લાકડીથી થયો. અહીં લાકડી કારણ છે અને નાશ કાર્ય છે. તેમાં લાકડીનો ભાવ છે અને નાશમાં અભાવ છે. નૈય્યાયિકો તો એનાથી આગળ જાય છે તે કહે છે: 'બે અણુ ભેગા મળીને દ્વયણુક થાય છે. દ્વયણુકમાંથી ત્રિસ્ત્રણુ થાય છે. **महद्दीर्घवत्ह्रस्वपरिमंडलाभ्याम्....** આમ મહાન સૃષ્ટિ થાય છે. હવે બે અણુ ભેગા થાય પછી દ્વયણુક થાય છે અને દ્વયણુક અણુથી મોટો હોય છે કે નાનો ? મોટો હોય છે, પરંતુ, અણુમાં લઘુત્વધર્મ છે, ત્યારે દ્વયણુકમાં દીર્ઘત્વધર્મ છે. આવું કેમ થયું ? તેથી કારણના ગુણ કાર્યમાં આવે છે, આ સિદ્ધાંત ખોટો છે. આનો પણ જવાબ છે. લાકડી કારણ છે અને મટકાનો નાશ આ કાર્ય છે, પરંતુ, લાકડી એ નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નથી જેવું ઉપાદાનકારણ હોય તેવું કાર્ય થાય. ઘડો કેવો થશે ? જેવી માટી હશે તેવો. માટી લાલ હશે તો ઘડો લાલ થશે અને માટી કાળી હશે તો ઘડો કાળો થશે.

ઠીક છે. તો બીજી શંકા આવે છે. દોરડી ઉપર સાપનો આભાસ થાય છે. અહીં ઉપાદાનકારણ

દોરડી છે કે નહિ ? તો કહે છે કે સાપનું ઉપાદાનકારણ દોરડી નથી; પણ સાપનું ઉપાદાનકારણ દોરડી અને અજ્ઞાન બન્ને છે. આ બન્ને મળીને સાપ નિર્માણ થાય છે. આમાં જે અજ્ઞાન છે તે જ માયા છે.

આપણને વસ્તુનું અજ્ઞાન છે. અણુ જડ છે એવું આપણને આજ સુધી લાગતું હતું, પરંતુ, અણુશકિતના કાળમાં હવે એકપણ અણુ જડ રહ્યો નથી. દરેક અણુમાં ચેતન છે. અણુમાં ઇલેકટ્રોન્સ અને પ્રોટોન્સ ફરે છે. તો અણુ જડ ન જ રહ્યો, તે Matter ન રહ્યો, શકિત (Spirit) બની ગયો. આપણને જે દેખાય છે કે અણુ જડ છે, તે જ્ઞાન સાચું નથી. જો અણુમાં ચેતન હોય, તો તેમાં ભગવાન છે એમ કહેવાવાળાને ના કહેવાનું કયું કારણ છે ?

વૈજ્ઞાનિક તો અણુમાં ચેતન છે તે માન્ય કરે છે અને 'આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ, ઘાસ-ચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ' કહેવાવાળા નરસિંહ મહેતાને ગાંડો ઠરાવે છે. પણ જે જડ દેખાય છે, તેમાં ચેતન રહેલું છે, એમ વિજ્ઞાન કહે છે. આ જે ચેતન છે, તે જ ભગવાન છે એવો ઋષિઓનો, સંતોનો અનુભવ છે.

અહીં એક બીજો પ્રશ્ન ઊભો થાય છે કે ભાગવતકાર ઠરાવે છે, તેમ જો જગત અસત્ હશે તો વ્યવહાર કેવી રીતે થશે ? સૂકિત ઉપર રજત- એટલે છીપલાં પર ચાંદીનો ભાસ થાય છે, તે ચાંદી ઝવેરી બજારમાં ચાલતી નથી, એટલે કે અજ્ઞાનથી વ્યવહાર નહિ થાય. આવી રીતે જગત અસત્ હશે તો તેનાથી વ્યવહાર કેવી રીતે થશે ? પરંતુ અસત્‌થી પણ વ્યવહાર થાય છે. દોરડી ઉપર સાપ દેખાય છે તે ખોટો છે, પરંતુ, તે જોઇને બસો લોકો ભાગ્યા. બસો લોકો ભાગ્યાનો વ્યવહાર થયો, તે અસત્ જ્ઞાનથી થયો, તેથી તેનાથી વ્યવહાર નહિ થાય, એમ નથી.

આ જગત જો અસત્ હશે તો વેદોએ કર્મ કરવાનું શા માટે કહ્યું છે? વેદ એટલે જ્ઞાન છે. તે કર્મ કરવાનું કહે છે. જો જગત અસત્ હશે તો કર્મ કરવાં ફોકટ છે, વેદોએ કર્મ કરવાનું જે કહ્યું છે તે ચિત્તશુદ્ધિને માટે કહ્યું છે. વેદોએ ચિત્તશુદ્ધિ માટે કર્મ કરવાનું કહ્યું હશે તો પણ, જગત અસત્ છે તો કર્મ પણ ખોટાં હશે. તો પછી ખોટાં કર્મોથી ચિત્તશુદ્ધિ કેવી રીતે થશે?

જગત મિથ્યા છે પરંતુ, મિથ્યાત્વ બે પ્રકારનું હોય છે. જે ક્ષણિક છે તે મિથ્યા છે. તમે ગંગામાં સ્નાન કરો છો ત્યારે બોલો છો કે જે ગંગામાં મારા પિતાશ્રીએ સ્નાન કર્યું હતું, તે ગંગામાં હું સ્નાન કરું છું, પણ એ કેવી રીતે શકય છે ? તમારા પિતાએ જે ગંગામા સ્નાન કર્યું હતું, તે ગંગાતો ક્યારનીય ચાલી ગઇ. અરે ! જે ગંગામાં તમારા પગનો અંગૂઠો જાય છે, તે જ ગંગામાં તમારું માથું જતું નથી, એનું કારણ એટલી વારમાં તો ગંગા બદલાઇ ગઇ. પ્રત્યેક ક્ષણે ગંગા બદલાય છે, તે જ મિથ્યાત્વ છે. The world is unreal, fleeting and changing. પ્રત્યેક ક્ષણે જગતમાં ફરક થાય છે. જે સૃષ્ટિ બદલાય છે તે સત્ય કેવી રીતે હોય ? આપણે એકદમ ઘરડા નથી થતા. ઓગણીસ તારીખ સુધી નવયુવાન હતા અને વીસમી તારીખે ઘરડા થયા આવું થતું નથી. કંઇ ને કંઇ ક્ષણેક્ષણે બદલે છે; અને લાંબે ગાળે માણસ યુવાનમાંથી ઘરડો થાય છે. આમા ક્ષણિકત્વથી એક પ્રકારનું મિથ્યાત્વ આવે છે.

જે ભાસમાન થાય છે, દેખાય છે, તે સત્ય છે એવું નથી. તે ક્ષણિક છે તેથી જગત મિથ્યા

છે. હવે જગત મિથ્યા હશે તો વ્યવહાર પણ નહિ થાય એમ કહે છે. દોરડીને સાપ સમજીને બસો લોગે ભાગ્યા કે નહિ ? જગત મિથ્યા હશે તો જે કર્મ કહ્યાં છે તે પણ મિથ્યાં હશે. જગત મિથ્યા છે પરંતુ, જગતમાં જે કર્મ કહ્યા છે તે સત્ય છે. આ વેદાંતનો એક જુદો સિદ્ધાંત છે.

શંકરાચાર્યે પણ તેના માટે એવું કહ્યું છે:

स्वाप्नस्त्रीसंगसौख्यादपि भृशमसतो या च रेतच्युतिः स्यात्
सा दृश्या तद्वदेतत्स्फुरति जगदसत्कारणं सत्यकल्पम् ।
स्वप्ने सत्यः पुमान्स्याद्युवतिरिह मृषैवानयोः संयुतिश्च
प्रातः शुक्रेण वस्त्रोपहतिरित यतः कल्पनामूलमेतत् ॥ (शत. श्लो/३६)

સ્વપ્નમાં જે સ્ત્રીસંગ થાય છે તે ખોટો હોય છે, કારણ સ્ત્રી છે જ નહિ, તો તેનો સંગ કેમ થાય ? પરંતુ, તેના પરિણામે જે રેતચ્યુતિ થાય છે તે સાચી છે કે નહિ ? તે સાચી છે. જગત અસત્-મિથ્યા હશે, તો પણ તેનું પરિણામ જે છે તે સત્ય છે. મિથ્યાથી પણ સાચું પરિણામ થાય છે. શંકરાચાર્યે દૃષ્ટાંત આપીને આ જ સમજાવ્યું છે કે, કર્મ મિથ્યાં હશે તો પણ તેનાં પરિણામ સાચાં છે. આ જે માયા છે તે સમજવી જોઇએ એવું ચતુ:શ્લોકી ભાગવતમાં લખ્યું છે.

અહીં એક બીજો પ્રશ્ન ઊભો થાય છે. જગત મિથ્યા છે એમ કહીને અમારે જગતથી ભાગવું નથી. આવી પરિસ્થિતિમાં આપણને રસ્તો બતાવે તેને જ દર્શન કહેવાય. આવું દર્શન (Vision) આપવાવાળા જે લોકો છે, તેમને દાર્શનિક કહે છે. તો પછી જગત અસત્ છે એમ બોલીને નહિ ચાલે. તમારે અમને રસ્તો દેખાડવો પડશે. જગત અસત્ છે પણ તેનું પરિણામ સત્ છે. તો તે માટે આપણને રસ્તો દેખાડવાનો પ્રયત્ન ચતુ:શ્લોકી ભાગવતે કર્યો છે. મગજમાં કોયડો આવ્યા પછી તેમાંથી રસ્તો નીકળે છે. પણ તે માટે કોયડા વિષે વિચારવું પડશે અને તે વાગોળવું પડશે.

આ કોયડામાંથી બહાર કેમ આવવું તે આ ચતુ:શ્લોકી ભાગવતમાં બતાવ્યું છે. આ ચાર શ્લોકમાં આખું તત્ત્વજ્ઞાન-(Philosophy and applied philosophy) બન્નેનું દર્શન છે. તેમાં કેવળ તત્ત્વજ્ઞાનની ચર્ચા નથી, તેમાં applied philosophy પણ છે.

ચતુ:શ્લોકી એ જ્ઞાનપૂર્ણ વિષય છે અને તેમાં સંપૂર્ણ તત્ત્વજ્ઞાન અધિકારથી કહેવામાં આવ્યું છે. જ્ઞાનેન્દ્રિયોથી જે દેખાય છે અથવા લાગે છે, તેવું તે હોતું નથી; તેથી જ્ઞાનેન્દ્રિયોથી થવાવાળું જ્ઞાન સાચું હોતું નથી તે વાત સિદ્ધ થઇ શકે છે. જે દેખાય છે, તે તેવું જ હશે એવો વિશ્વાસ બેસતો નથી; અને શાસ્ત્રશુદ્ધ વિચારોથી જેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, જેના અસ્તિત્વ વગર કંઇ થઇ શકતું નથી, તે જે પરમતત્ત્વ છે તે દેખાતું નથી. આવો એક કોયડો વિચારવંતની સામે ઊભો થાય છે.

વિચારવંતોમાં પણ બે પ્રકાર હોય છે. કેટલાક વિચારવંતો કેવળ Thinkers હોય છે અને કેટલાક દૈવી વિચારવંતો (Devotional thinkers) હોય છે. મોટા ભાગના પાશ્ચાત્ય વિચારકો નાસ્તિક (Atheist) બને છે, એનું કારણ તેમને કોઇ ઠેકાણે બંધાવું (commited રહેવું) નથી; અને કોઇ ઠેકાણે બંધાયા વગર વિચારી જ શકાતું નથી એવો તર્ક તેઓ સ્વીકારતા નથી. તેમના

કોઇ પણ વિચાર પૂર્વગ્રહથી જ થાય છે.

વિચારવંતોને જે કોયડો સતાવે છે, તે ઉકેલવા માટે ચતુઃશ્લોકીમાં **एतन्मतं समातिष्ठ परमेण समाधिना । भवान् कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् ॥** (ભા./૨/૯/૩૬) – ચિત્તને અત્યંત એકાગ્ર કરી મારા મતને તમે અનુસરો, જેથી કલ્પમાં જુદી જુદી સૃષ્ટિ રચવામાં 'હું તેનો સ્વતંત્ર કર્તા છું' એવો મોહ કદી પણ ઉત્પન્ન નહિ થાય.' આ અંતિમ રસ્તો દેખાડયો છે.

ઠંડીના દિવસો હોય. માણસ પાસે પૂરતાં વસ્ત્ર ન હોય, કંઇ ઓઢવાનું ન હોય. રસ્તામાં તે જતો હોય ત્યારે સામેના પહાડ ઉપર ધૂમાડો દેખાય. ધૂમાડો જોયા પછી અન્વય વ્યતિરેકથી, બુધ્ધિથી સિદ્ધ થાય છે કે ત્યાં અગ્નિનું અસ્તિત્વ છે. **यत्र यत्र धूमः तत्र तत्र वह्निः ।** પરંતુ, આ જ્ઞાનથી, અગ્નિથી ઉષ્મા-હૂંફ મળવી જોઇએ તે મળશે શું ? તેની અને પહાડની વચ્ચે જે અંતર છે, તે બુદ્ધિથી જશે નહિ અને તેને અગ્નિનો તાપ મળશે નહિ. તેવી જ રીતે, વિશ્વેશ્વરના અસ્તિત્વનું જ્ઞાન બુદ્ધિથી સિદ્ધ થાય છે, એટલું જ નહિ, તેનું સાન્નિધ્ય પણ બુદ્ધિથી સિદ્ધ થાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે: **सर्वस्यचाहंहदि संनिविष्टः** ભગવાન કંઇ ઉપર બેસીને તારું લોહી બનાવતો નથી, તે તારી સાથે છે. તે તારા હૃદયમાં જ બેઠો છે.—તેનું નિઃસંદેહ જ્ઞાન બુદ્ધિથી થાય છે, પરંતુ, બૌદ્ધિક નિઃસંદેહતા આવ્યા પછી પણ, પીડિત વ્યકિતને વિશ્વેશ્વરની હૂંફ મળી શકે છે કે ? આ પ્રશ્ન છે.

ભગવાન છે તે વિષે આપણે નિઃસંદેહ છીએ. ભગવાન મારી સાથે છે, એ પણ માન્ય છે. શરીરની અંદરની ક્રિયાઓ, હૃદય ચલાવવું વગેરે, હું નથી કરતો, બીજો કોઇપણ નથી કરતો, તેથી યથાર્થતાથી સિદ્ધ થાય છે કે ભગવાન અંદર બેઠો છે. બુદ્ધિમાં આ સિદ્ધાંત સ્થિર થયો છે. તેને કોઇ હલાવી શકે તેમ નથી; પણ ભગવાનની હૂંફ મને કેવી રીતે મળે ? આ પ્રશ્ન ઉપાડીને ભગવાને યોગ કહેવાનું શરૂ કર્યું.

જ્ઞાન બે પ્રકારનું હોય છે. જે બુદ્ધિ સ્વીકારે છે તેને અનુમૈતિક જ્ઞાન કહે છે; અને બીજું, સાક્ષાત્કારિક જ્ઞાન છે. યોગથી થવાવાળું જ્ઞાન અનુમૈતિક નહિ, સાક્ષાત્કારિક જ્ઞાન છે, આવું સમજાવીને પછી યોગનું વિવરણ ભાગવત કરે છે.

યોગ કેટલો કઠણ છે ! પરંતુ, લોકો એકદમ સમાધિ લગાડવા બેસી જાય છે. તેની કંઇ પ્રક્રિયા (Technique) —આંખ બંધ કરો, વગેરે હોય છે. આ યોગ એટલે કંઇ પ્રક્રિયાથી મળવાવાળી વાત નથી. યોગદર્શનકાર પંતજલિ ભગવાને જે યોગશાસ્ત્ર લખ્યું છે તે ભાગવતે સ્વીકાર્યું છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ સીડીથી જ ઉપર જવું પડશે. યમ અને નિયમ હોવા જોઇએ. તેમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ 'યમ' છે અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન આ 'નિયમ' છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—આ ગુણો જીવનમાં લાવવા કેટલા કઠણ છે ? પહેલાં વૃત્તિ બદલવી જોઇએ એવો યોગશાસ્ત્રનો આગ્રહ છે. કેવળ બે ચાર આસનો કરીને યોગ સિદ્ધ નથી થઇ શકતો. તેના માટે બુદ્ધિની જે વૃત્તિ છે તે બદલવી પડશે. આનો અર્થ એવો

નથી કે વૃત્તિ ન બદલાય ત્યાંસુધી આસન, પ્રાણાયામ ઇત્યાદિક નથી કરવાના, પરંતુ વૃત્તિ બદલ્યા વગર તેનું અંતિમ જ્ઞાન મળવું અસંભવ છે. તેના માટે યમ-નિયમ સમજાવ્યા છે. આ યમ-નિયમ બહુ કઠણ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—આ એક એક તત્ત્વ જીવનમાં લાવવા માટે કદાચ એક એક જનમ લેવો પડે. તેવી જ રીતે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન—આ નિયમો પણ જીવનમાં સહેલાઇથી નથી આવતા. ભાગવતે યોગ સમજાવ્યો છે, પણ યોગ સાધવો આપણે માનીએ છીએ એટલો સહેલો નથી.

જીવનમાં આ બધા ગુણો આવવા જોઇએ. કેવી રીતે આવશે ? તેના માટે કેવી તપશ્ચર્યા કરવી પડશે ? આ ગુણો જીવનમાં લાવવા અશકય નથી. એક ગુણ આવ્યા બાદ, બાકીના ગુણો જલ્દી આવે છે, પરંતુ, એક ગુણ જીવનમાં લાવવા માટે મહેનત કરવી પડે છે. વેપારીઓ કહે છે કે વેપારમાં પહેલાં દસહજાર રૂપિયા કમાવા ખૂબ મહેનત કરવી પડે છે, પરંતુ, એક વખત દસહજાર રૂપિયા મળ્યા કે તેના લાખ જલદી થાય છે. તેમાં બહુ તકલીફ પડતી નથી, પરંતુ, પહેલાં દસહજાર રૂપિયા કમાવા માટે પરસેવો પાડવો પડે છે. યોગમાં પણ એવી જ સ્થિતિ છે. જ્યાંસુધી તમે વૃત્તિ બદલી નથી, ત્યાંસુધી યોગની સીડી ચઢવા માટે તમે યોગ્ય નથી એમ યોગશાસ્ત્ર કહે છે. તમે યોગ્ય કયારે થઇ શકશો ? તેના માટે ભાગવતમાં કહ્યું છે, કે ભગવન્નિર્ભરતાથી આ બધા ગુણો જીવનમાં લાવી શકાય છે. યોગશાસ્ત્રમાં પણ આ જ વાત પર જોર આપ્યું છે.

સાંખ્યો દાર્શનિક છે. તેમણે યોગશાસ્ત્રનો જે સેશ્વરવાદ છે તે સ્વીકાર્યો છે. સાંખ્યોની વિચારપ્રણાલી (Way of thinking) આપણા દેશમાં જ નિર્માણ થઇ, પરંતુ, તેમાં ઇશ્વરને સ્થાન નથી. ઇશ્વરભકિત વગર પણ માણસ મુકત થઇ શકે છે એવો તેમનો રસ્તો છે. યોગશાસ્ત્રે સાંખ્યોનો માર્ગ સ્વીકાર્યો છે પરંતુ, તેમાં તેણે ભકિત ઉમેરી છે.

ભાગવતના દ્વિતીય સ્કંધમાં કહ્યું છે કે યોગ સહેલાઇથી સાધી શકાતો નથી એ સમજી લો, પરંતુ, ભગવન્નિર્ભરતાથી બધા ગુણો જીવનમાં લાવી શકાય છે. ભગવન્નિર્ભરતા એટલે જ્ઞાનયુકત ભકિત. ગાંડી ભકિત કે આંધળી ભકિત નહિ. જ્ઞાનયુક્ત ભકિત હોય ત્યારે જ જીવનની સાચી વૃત્તિ થઇ શકે. તેના માટે પ્રયત્ન કરવો પડશે. ગીતાનો પણ તેવો જ આગ્રહ છે.

કેવળ જ્ઞાની નહિ ચાલે તેમ કેવળ ભકત પણ નહિ ચાલે. જ્ઞાની ભક્ત હોવો જોઇએ. બધા સંતો પણ તે જ કહે છે. જ્ઞાનેશ્વર ભગવાને લખ્યું છે: **ज्ञानीयांच्या घरी भक्ताचा दुष्काळ** — (જ્ઞાનીના ઘરે ભકિતનો દુકાળ) મોટા ભાગે જ્ઞાની હોય તેની પાસે ભકિત નથી હોતી. તેઓ ચિંતક (Thinkers) બની જાય છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં આ જ બન્યું છે. તે વાંચીને માણસ નાસ્તિક તત્ત્વચિંતક થઇ જાય છે. તેનાં અનંત કારણો છે એક કારણ તેમનું ચિંતન ખોટા માર્ગે થાય છે તે છે. ભાગવત કહે છે કે ભગવન્નિર્ભરતાથી બધા ગુણો જીવનમાં આવી શકે છે. જ્ઞાનયુકત ભકિત વગર ભગવન્નિર્ભરતા આવતી નથી. કેટલાક ભગવાનનું અસ્તિત્વ માને છે, કારણ તેઓ દુર્બલ છે. તેમનાથી ભકિત ન થશે. ગીતા પણ કહે છે: **आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥... उदारा सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ॥** અને તેથી જ **बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते**

એમ ગીતાએ કહ્યું છે. દ્વિતીય સ્કંધમાં જ્ઞાનયુકત ભકિતનું મહત્ત્વ વધાર્યું છે. ચતુઃશ્લોકી ભાગવત કહેવાનો અભિપ્રાય એ જ છે, પરંતુ, તેની આપણને ખબર નથી. દ્વિતીય સ્કંધમાં વાર્તાઓ નથી, તેથી લોકો દ્વિતીય સ્કંધને કૂદીને આગળ ચાલ્યા જાય છે. કથાકારોને લાગે છે કે જેમાં કંઇ વાર્તાઓ નથી, તે શું કહેવાનું ?

ભાગવતને સિદ્ધાંત કહેવો છે, તેથી જ કહે છે કે કેવળ બુદ્ધિની નિઃસંદેહતા નહિ ચાલે. વચ્ચે જે અંતર છે તે કેવી રીતે જાય ? તે કાઢવા ભાગવતે યોગ સમજાવ્યો છે. યોગદર્શનકાર કહે છે: **स्थिरसुखमासनम्** – જે આસનમાં તમે શાંતિથી અને સ્વસ્થતાથી લાંબો સમય બેસી શકો તે જ આસન વાળીને બેસો. કોઇપણ આસન ચાલશે. અર્ધાકલાક સુધી આસન સ્થિર રહેવું જોઇએ અને તે સુખકારક હોવું જોઇએ. બેઠા બેઠા પગમાં કે કમરમાં દુખવા લાગે તેવું આસન ન ચાલે; પરંતુ, કેવળ આસન અને પ્રાણાયામ એટલે યોગ નથી. તેના પાયામાં પહેલાં યમ અને નિયમ સમજાવ્યા છે. તેનો અર્થ જ એ છે કે જીવનની વૃત્તિ બદલવાની છે, વૃત્તિ બનાવવાની છે. જ્યાંસુધી તેવી વૃત્તિ થતી નથી ત્યાંસુધી યોગ શકય નથી. આ વૃત્તિ બનાવવી બહુ કઠણ છે તેથી જ ભાગવતે ભગવન્નિર્ભરતા સમજાવી છે. ભગવન્નિર્ભરતા સાધી જ્ઞાનીભક્ત થયા બાદ માણસ ભગવાનનું સામીપ્ય અને સાન્નિધ્ય જરુર સાધી તેની હૂંફ મેળવી શકે છે, એમ ભાગવતે સમજાવ્યું છે.

ભાગવતકારે પાંડિત્ય બતાવવા ચતુઃશ્લોકી નથી લખી. કેટલાક ગ્રંથોમાં પાંડિત્યપ્રદર્શન હોય છે, પરંતુ ભાગવતની ચતુઃશ્લોકી એટલા માટે નથી, તેમાં જ્ઞાનયુકત ભકિત સમજાવી છે. આવા લોકોત્તર દ્વિતીય સ્કંધને આપણે નમસ્કાર કરીએ.

तृतीयः स्कंधः

તૃતીય સ્કંધમાં પહેલાં કથા કહી છે. શા માટે ? આખું ભાગવત, માણસનું માનસશાસ્ત્ર જોઇને ચાલે છે: શુદ્ધ બ્રહ્મ, શબલ બ્રહ્મ, દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, આવું જ્ઞાન શરુ કરવામાં આવે તો માથા પરથી ચાલી જાય. -Materialism, idealism, theism, theistic idealism, idealistic theism વગેરે isms કહેવાવાળા લોકો હોય છે. ભાગવતને તો લોકોને ઉઠાવવા છે, ઉપર લઇ જવા છે, ઉન્નત કરવા છે. જે જ્ઞાન કહેવું હોય તેનું મહત્ત્વ પહેલાં વધારવું જોઇએ. તેના પર પ્રેમ વધારવો જોઇએ, તેનું પાવિત્ર્ય સમજાવવું જોઇએ અને તે જ્ઞાન માટે ઉત્સુકતા વધારવી જોઇએ. ત્યારબાદ તે જ્ઞાન કહેવાનું. પુસ્તક ખોલો (Open your books) અને વિદ્યા શરૂ, આવું નથી ચાલતું. કોને શિક્ષણ આપવાનું, કેવી રીતે આપવું, કયા ઢંગથી આપવું જોઇએ, એનું આમાં એક બહુ સુંદર વિવરણ છે, તેથી ત્રીજા સ્કંધમાં એક કથા શરૂ કરી છે.

પરીક્ષિત શુકદેવજીને પ્રશ્ન પૂછે છે. તે પ્રશ્નનો જવાબ શુકદેવજી પોતે આપી શકે એમ છે. તે શરૂમાં જ કહે છે કે તે પ્રશ્નનો જવાબ હું આપીશ પણ તે જ્ઞાન મારું નથી. 'જ્ઞાન મારું નથી' આમ કહેવામાં એક નમ્રતા છે અને એમ કહીને જ્ઞાનનું મહત્ત્વ વધારવું છે. હું જે જવાબ આપીશ, તે જ્ઞાન મારું નથી. તો કોનું છે ? અહીં જ કથા કહી છે. કથાની શરૂઆત છે કે વિદુરને મૈત્રેયે જ્ઞાન આપ્યું છે. 'વિદુર અને મૈત્રેયની વચ્ચે જે સંવાદ થયો તે હું તને કહું છું.' આમાં બે વાતો છે. એક કહેવાવાળાની બૌદ્ધિક નમ્રતા (Intellectual modesty) છે. બીજું, જ્ઞાનની મહત્તા વધારી છે. ગીતાનું જ્ઞાન મારું નથી એમ કહી કૃષ્ણ ભગવાને પણ આ જ રસ્તો લીધો છે.

આજે બધા 'New approach-નવો રસ્તો' ની વાતો કરે છે, 'આ મારું પ્રદાન છે, This is my contribution' એમ કહે છે. તેના લીધે જ્ઞાનનું પાવિત્ર્ય ઓછું થઇ જાય છે. લોકો ભલે કહે કે અમુક વ્યકિતનું પ્રદાન છે, પણ તેણે પોતે એમ ન કહેવું જોઇએ કે આ મારું જ્ઞાન છે. કૃષ્ણ ભગવાને ગીતામાં કર્મયોગ કહેતી વખતે કહ્યું છે:

इमं विवस्वतेयोगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥
एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ॥ (गीता-४/१/२)

વાસ્તવમાં કૃષ્ણ ભગવાને, જુદી રીતે, સ્વતંત્ર જ્ઞાન કહ્યું છે તે છતાં તેઓ એમ નથી કહેતા કે આ જ્ઞાન મારું છે. નહિ તો તેવું કહેવાનો તેમનો અધિકાર પણ હતો. અવતાર લઇને આવ્યા હતા તો પણ એવું નથી કહેતા. કોઇએ આમ કહ્યું છે, એમ કહેવાથી જ્ઞાનનું મહત્ત્વ વધી જાય છે. એકાદ વાત તમે કહો છો, એમ કહો તો તેનું પરિણામ સામેવાળા પર નથી થતું. 'શંકરાચાર્ય આમ કહે છે, પ્લેટો આમ કહે છે', એવું કહેવાથી તેનું મહત્ત્વ વધે છે. જ્ઞાનનું મહત્ત્વ વધારવું છે, બોલનારનું નહિ. સામેવાળાને બદલવો હોય, તેને ઉઠાવવાની દૃષ્ટિ હોય તો બોલવાવાળાએ પોતાનું મહત્ત્વ કેટલું વધ્યું તે જોવાનું જ ન હોય. સામેવાળાને કેટલો ઉન્નત કર્યો એટલું જ તેણે જોવાનું હોય. તેથી આવા જ્ઞાની લોકો, 'મારું આવું મંતવ્ય છે, હું આમ કહું છું,' એવું બોલતા નથી. 'કોઇએ આમ કહ્યું છે' આમ કહે છે, આ કહેવાની એક માનસશાસ્ત્રીય દૃષ્ટિ છે.

પરીક્ષિતનો પ્રશ્ન સામાન્ય છે. શુકદેવજી તેનો જવાબ ન આપી શકે એવું નથી પરંતુ, તેની પાછળ એક વિશિષ્ટ દૃષ્ટિ છે. જ્ઞાનનું મહત્ત્વ વધારવા માટે, સામેવાળાની ઉત્સુકતા વધારવા માટે, તેનું પાવિત્ર્ય સમજાવવા માટે, શુકદેવજી આવો એક માનસશાસ્ત્રીય રસ્તો અપનાવે છે. આવું કરીને શુકદેવજી વિદુરજીને તખ્તા પર લાવે છે. આ Dramatic છે. તેમણે શું આ નાટક કર્યું છે ? ના. જ્ઞાન કહેવાની આ એક માનસશાસ્ત્રીય પદ્ધતિ છે.

શુકદેવજી વિદુર અને મૈત્રેયનો સંવાદ કહેવાના છે. વિદુરને જ્ઞાન કેવી રીતે મળ્યું ? તે કહેવાને માટે ઠેઠ ગંગોત્રી-મૂળ-સુધી લઇ જાય છે. આ બધું કહેતાં કહેતાં બધો ઈતિહાસ સમજાવે છે. વિદુરજીને મંચ પર લાવી વિદુરજી કોણ છે, તે સમજાવવા માટે માંડવ્યનું એક દૃષ્ટાંત આપે છે.

માંડવ્ય ઋષિને ગેરસમજથી કંઇક સજા થઇ છે. તેમણે પોતે જ સ્વયં સજા સ્વીકારી છે અને યમરાજનું પદ છોડી દે છે. તેઓ કેટલા નિઃસ્પૃહ છે તે બતાવવું છે, તેથી એવું લખ્યું છે

અને એક કથા ઊભી કરી છે. તેની પાછળ ઇતિહાસ પણ છે અને વિદુરજી કોણ છે તે પણ ખબર પડે છે. તેમણે વિદુરજીની નિઃસ્પૃહતા અને તેજસ્વિતા સમજાવી છે. તેમાં ઘણો ખરો મહાભારતીય કથાવિભાગ આવી ગયો છે.

ધૃતરાષ્ટ્ર રાષ્ટ્ર પકડીને બેઠો છે. **धृतं राष्ट्रं येन सः धृतराष्ट्र** – તે રાષ્ટ્રને જ પકડે છે, તેને બીજું કંઇ પકડવું નથી, ઉંઠાવવું નથી. ધૃતરાષ્ટ્રને વિદુર સમજાવે છે. લોકોની એવી સમજ છે કે તે સમયના બુદ્ધિશાળી, ભણેલા, વિદ્વાન અને નિઃસ્પૃહ લોકોએ શાસનને કંઇ સમજાવ્યું નહિ. આ ગેરસમજ હટાવવી જાઈએ, નહિ તો વિદુરનું મહત્ત્વ જ ઘટી જશે. વિદુર રાજસત્તાની ખુરશી પર બેસીને, રાજસત્તાની ખુશામન કરવાવાળા એક વિદ્વાન હતા, એવું રુપ આવી જશે. વિદુર કોણ છે એ સમજાવવા માટે, તેમની તેજસ્વિતા સમજાવવા માટે, ધૃતરાષ્ટ્રને અને દુર્યોધનને તેમણે કેવી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, તે તેમાં સમજાવ્યું છે. તેમાં વિદુરનીતિ આવે છે. જેને રાજનીતિ (Politics) નો અભ્યાસ કરવો હોય તેણે વિદુરનીતિ વાંચવી જોઇએ, પરંતુ, આ વિદુરનીતિ છે સંસ્કૃતમાં અને સંસ્કૃત ભાષા Dead language કહેવાય છે. મારું તો મંતવ્ય જુદું જ છે કે સંસ્કૃત ભાષા છોડ્યા પછી માનવ જ મૃતઃપ્રાય થઇ ગયો છે. તેનામાં કોઇ સંવેદના જ રહી નથી. માનવ કેવળ રોટલીનો ભૂખ્યો કૂતરો બની ગયો છે. માનવનું સંવેદનાશીલ મન (sensitive mind) ખતમ થયું છે, તેની તેજસ્વી બુદ્ધિ ખતમ થઇ છે. નથી બુદ્ધિમાં તેજસ્વિતા અને નથી વૃત્તિમાં ભાવમયતા, આવો માનવ બની ગયો છે. વિદુરનીતિ દ્વારા વિદુરે તેમને નીતિ સમજાવી છે, પરંતુ, તેમનો ઉપદેશ કોઇ માનતું નથી. એક બીજું દિગ્દર્શન પણ ભાગવતમાં કર્યું છે કે સત્તાધીશ ઉપદેશથી સુધરતા નથી, સત્તાશૂન્ય વ્યકિત ઉપદેશથી સુધરે છે. સત્તાધીશો સુધર્યા નથી, એટલું જ નહિ, તેમણે શ્રીકૃષ્ણને ગાળો ભાંડી છે. આ વિદુરથી સહન થતું નથી. ત્યારે વિદુરજીએ કહ્યું: 'આજ દિવસ સુધી હું અહીં રાષ્ટ્ર સારી રીતે ચાલવું જોઇએ એ માટે બેઠો છું. હવે હું અહીં બેસી નથી શકતો. કારણ, હવે તો તમે જે મારા પરમ પવિત્ર માનનું સ્થાન છે, શ્રદ્ધાસ્થાન છે, તેને જ ગાળો આપો છો.'

गुरोर्यत्र परीवादो निन्दा वापि प्रवर्तते ।
कर्णौ तत्र विधातव्यौ गन्तव्यं वा ततोऽन्यतः ।

'જ્યાં ગુરુની નિંદા થતી હોય ત્યાં તેનો વિરોધ કરવો જોઇએ, તેવું ન થાય તો કાન બંધ કરીને બેસવું જોઇએ અને તે પણ ન થાય તો ઊઠીને બીજે સ્થળે ચાલ્યા જવું જોઇએ.' એટલે જ વિદુરજી બધું ઐશ્વર્ય છોડીને ત્યાંથી નીકળી ગયા હતા.

આ આશ્ચર્યની વાત છે ! વિદુરજી હસ્તિનાપુરના પ્રધાન મંત્રી હતા. અરે ! કેવળ મંત્રીની ખુરશી મળે તે માટે આજે કેટકેટલા પ્રયત્નો થાય છે તેની શું આપણને ખબર નથી ? તે વખતે આખું હિંદુસ્તાન એક જ રાજ્ય હતું. વિદુર કોઇ સામાન્ય વ્યકિત ન હતી. મહા અમાત્ય હતા ! અમાત્યસત્તા અને રાજ્યસત્તા વચ્ચે જ્યારે સંઘર્ષ આવે ત્યારે રાજકીય પ્રવાહમાં કેવી પરિસ્થિતિ ઊભી થાય છે તેનું દિગ્દર્શન મહાભારત અને ભાગવતમાં છે. પાંડવોને કૌરવો લાક્ષાગૃહમાં બાળવાના હતા. પાંડવો બચી ગયા તેનું કારણ વિદુર હતા. અહીં વિદુરજીની તેજસ્વિતા અને

નિઃસ્પૃહતા સમજાવી છે. વિદુરજી જે સ્થાન પર બેઠા હતા. તે કઇ તેમની નોકરી ન હતી અને માલિક કહે તે માનવું જોઇએ, એવું માનવાવાળા પણ વિદુર ન હતા.

ભગવાન પોતે વિદુરને ઘરે જમવા ગયા છે તેનું વર્ણન ભાગવતમાં છે. બોલાવ્યા પછી, આમંત્રણ આપીને, વિનંતી કરીને પણ જે ભોજન લેવા માટે ન આવે તે શ્રીકૃષ્ણ પોતે જ વિદુરને ઘરે ભોજન લેવા ગયા હતા ! જ્યારે શ્રીકૃષ્ણ કૌરવોના દરબારમાં ગયા ત્યારે તેમનું રાજાશાહી સન્માન કરવામાં આવ્યું. શ્રીકૃષ્ણની રહેવાની વ્યવસ્થા દુઃશાસનના મહેલમાં કરવામાં આવી હતી, તેનું કારણ દુઃશાસનનો મહેલ સૌ કરતાં સારો હતો, વધારે સુવિધાવાળો હતો. એટલો સારો મહેલ દુર્યોધનનો પણ ન હતો. તેની પાછળ રાજનીતિ હતી. જે રાજદૂત આવે તેને સૌજન્યથી કેમ મારવો (મનથી) તે રાજનીતિમાં આવે છે, એનું કારણ રાજદૂતનું ઠાઠમાઠથી જબરદસ્ત સન્માન કર્યા પછી વિરુદ્ધમાં બોલવાની તે હિંમત ન કરી શકે આવા ઈરાદાથી જ કૌરવોએ શ્રીકૃષ્ણને જબરદસ્ત માન આપ્યું. એટલું મોટું સન્માન મળ્યા પછી પણ શ્રીકૃષ્ણને જે કંઇ કહેવાનું હતું તે બધું જ તેમણે કહ્યું. તે વખતે શ્રીકૃષ્ણ કોઇને ત્યાં જમવા ગયા નથી. દ્રોણાચાર્યે તેમને પ્રાર્થના કરી છે કે હું એક પવિત્ર બ્રાહ્મણ છું, તમે મારે ત્યાં રહેશો તો બહુ જ સારું, મને અત્યંત આનંદ થશે. પરંતુ, શ્રીકૃષ્ણ તેમને ત્યાં પણ ગયા નથી.

નિઃસ્પૃહતાથી, રાજ્યતૃષ્ણા છોડીને, ઐશ્વર્યને લાત મારીને એકનિષ્ઠાથી જે તીર્થયાત્રા કરવા માટે નીકળી પડયા એવા વિદુરના ઘરે તે વખતે શ્રીકૃષ્ણ ગયા. આમાં વિદુરજીનું મહત્ત્વ સમજાવાયું છે.

જે વિદુરજીએ ચતુરંગ સૈન્યની સલામી લીધી હતી, તે પોતાની સાથે એક સામાન્ય સૈનિક પણ ન રાખતાં, સાદા વેષે તીર્થયાત્રા કરવા નીકળી પડયા. આપણે તીર્થયાત્રા કરવા જઇએ છીએ ત્યારે આપણા તો રાજાશાહી ઠાઠ હોય છે, એનું કારણ આપણા ગજવામાં પૈસા છે ! આપણે તો પૈસાથી તીર્થયાત્રા કરવી છે ! તીર્થયાત્રા એક જુદી જ વાત છે. જ્ઞાન લેવું અને આપવું, પ્રેમ લેવો અને અન્ય પ્રત્યે પ્રેમ બતાવવો, હૂંફ લેવી અને હૂંફ આપવી, આના માટે તીર્થયાત્રા હોય છે. અમારી પાસે જે જ્ઞાન હોય તે ગામડાંના લોકોને આપવું છે અને ગામડાવાળા પાસેથી કંઇ જ્ઞાન મળે તે સ્વીકારવું છે. જ્ઞાન આપવું-લેવું છે, તેવી જ રીતે, લોકોની આંખોમાં 'કૃતજ્ઞતા અને ભાવ જોવા છે અને પોતાનો પ્રેમ વ્યક્ત કરવો છે. તેના માટે તીર્થયાત્રા હોય છે. આવી તીર્થયાત્રા કરીને જે વ્યકિત આવે છે તે શુદ્ધ બની જાય છે, તેથી જ તીર્થયાત્રા કરીને આવનારનું પૂજન કરવામાં આવે છે. જૂનાકાળમાં તેવું થતું હતું; હવે તો રિટર્ન ટિકિટ લઇને જઇ આવે છે. એટલે હવે તો એ સવાલ ઊભો થતો નથી. ભાગવતે સાચી તીર્થયાત્રા સમજાવી છે.

વિદુરજી આવી તીર્થયાત્રા કરે છે, ત્યાં વચ્ચે તેમને ઉદ્ધવ મળે છે. ઉદ્ધવ અને વિદુર, એકબીજાને અશ્રુપૂર્ણ નેત્રથી મળે છે તેનું ભાગવતે જે વર્ણન કર્યું છે તેનાથી હૃદય ભાવભીનું બને છે. બે પંડિતો એક-બીજાને મળે તો એક-બીજા સામે ભૂંકે, બે ધનવાન મળે ત્યારે એક-બીજાની અસૂયા કરે, પરંતુ, જ્યારે બે સાચા ભક્ત મળે ત્યારે તેમનું મિલન કેવું હોય છે તેનું વર્ણન ભાગવતે કર્યું છે.

વિદુર અને ઉદ્ધવ એકબીજાને ભેટે છે અને એકબીજા તરફ ભાવાશ્રુપૂર્ણ નેત્રોથી જુએ છે. ભગવન્નિર્ભરતા આવ્યા પછી આ ગુણ પોતમેળે જ આવી જાય છે. બન્ને જ્યારે મળે છે ત્યારે ઉદ્ધવને વિદુર કુશલ પૂછે છે. કોઇને કુશલ કેવી રીતે પૂછવું જોઇએ તેનું પણ તેમાં માર્ગદર્શન છે.

રઘુવંશમાં વરતંતુનો શિષ્ય કૌત્સ રઘુરાજાને મળવા આવે છે ત્યારે રઘુરાજા આશ્રમનું કુશલ પૂછે છે. રઘુરાજા કેટલા પ્રેમથી તે પ્રશ્ન પૂછે છે તે રઘુવંશ વાંચશો ત્યારે જ ખબર પડશે. કાલિદાસની કલમ જ તે વર્ણન લખી શકે. કાલિદાસનું લખાણ એ કાબુલી દ્રાક્ષ જેવું છે. મોઢામાં કાબુલી દ્રાક્ષ નાખો અને જેવું લાગે તેવું કાલિદાસનું લખાણ વાંચીને લાગે. તે વર્ણન અતિ સુંદર છે.

વિદુર ઉદ્ધવને પ્રશ્ન પૂછે છે. તેઓ કંઇ સામાન્ય પ્રશ્ન નથી પૂછતા કે ગોળ કેટલો મોંઘો થયો છે ? કેરોસીન મળે છે કે નહિ ? વિદુરજી ઉદ્ધવને કુશલ પ્રશ્ન પૂછે છે, 'શું તમારો તે વૈભવ હજી કાયમ છે ?' વિદુર તીર્થયાત્રા કરવા માટે વૈભવ છોડીને નીકળી પડયા છે ત્યારપછી તેમને કંઇ ખબર જ નથી. ઉદ્ધવ કહે છે:

कृष्णद्युमणिनिम्लोचे गीर्णेष्वजगरेण ह ।
किं नु नः कुशलं ब्रूयां गतश्रीषु गृहेष्वहम् । (भा. ३/२/७)

જેના ઘરમાંથી શ્રી અને વૈભવ ચાલી ગયા છે તેમનું કુશલ શા માટે પૂછવું ? જીવનમાંથી શ્રીકૃષ્ણનો ઉપદેશ બાદ થયા પછી જીવન જ સ્મશાનવત્ બની જાય. કૃષ્ણલીલા સાંભળવી જોઇએ એનો અર્થ એ છે કે કૃષ્ણનું સમગ્ર જીવન, કૃષ્ણ જગતમાં આવ્યા ત્યાંથી શરૂઆત કરી, તેમણે દેહોત્સર્ગ કર્યો ત્યાસુધીનું જીવન સાંભળવું જોઇએ. લોકો એમ સમજે છે કે માત્ર તેમની બાળલીલાજ સાંભળવાની. કૃષ્ણની બાળલીલા સાંભળી સાંભળીને પણ લોકો હતા તેવા જ રહે છે. કૃષ્ણે જે રાજકારણ કર્યું, તેમણે જે સમાજશાસ્ત્ર ઘડયું, તેમણે જે માનસશાસ્ત્રનો વિચાર કર્યો, તે જો છોડી દઇશું તો સમાજ સ્મશાનવત્ બની જશે એવું ઉદ્ધવનું કહેવું છે.

જ્ઞાનનું મહત્ત્વ વધારવું છે તે માટે આ કથા આવી છે. લોકોનું માનસશાસ્ત્ર જોઇને ભાગવત લખે છે. ભાગવત લખવાવાળા કેવળ તત્ત્વજ્ઞાની નહોતા, તેઓ તત્ત્વજ્ઞાની અને શિક્ષણશાસ્ત્રી બન્ને હતા. કેવળ તત્ત્વજ્ઞાની લોકોને ઊભા કરી શકતા નથી, એમ બર્કલે (Berkley) કહે છે. માણસને ઊભો કરવો એ એક જુદી વાત છે. તેના માટે દિલમાં ભાવ હોવો જોઇએ. જે તત્ત્વજ્ઞાની અને શિક્ષણશાસ્ત્રી બન્ને હોય, તે જ આ કામ કરી શકે.

કૃષ્ણે સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર દેહોત્સર્ગ કર્યો તે સમયનું ઉદ્ધવ વર્ણન કરે છે. ઉદ્ધવે કૃષ્ણના મનોહારીત્વ, બુદ્ધિચાતુર્ય, વર્તનચાતુર્યનું વર્ણન કર્યું અને કહ્યું કે આવા શ્રીકૃષ્ણ જગત છોડીને ચાલી ગયા છે. તે વર્ણન કરતાં કરતાં તેમનું હૃદય ભરાઇ આવ્યું અને આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યા. કૃષ્ણને માટે બોલવાનું છે, સાંભળવાવાળા વિદુર છે અને બોલવાવાળા ઉદ્ધવ છે, એનું જ મહત્ત્વ છે !

ઉદ્ધવ જે વર્ણન કરે છે તે બહુ જ સુંદર છે. ઉદ્ધવે આંખની સામે એક ચિત્ર ઊભું કર્યું છે. ઉદ્ધવ કહે છે: 'ધર્મરાજાએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે ત્યાં ઊભા રહેલા કૃષ્ણ ભગવાન

કેટલા મનોહારી લાગતા હતા ! તેનો વિચાર કરું છું, ત્યારે મારી દૃષ્ટિ તે રૂપમાં જ સ્થિર થઇ જાય છે.'

ઉદ્ધવે રાજસૂય યજ્ઞનું વર્ણન કર્યું છે. શા માટે કર્યું છે ? તેમને કૃષ્ણ ભગવાનના ચરિત્ર દ્વારા કંઇક સમજાવવું છે. રાજસૂય યજ્ઞમાં ઊભા રહેલા કૃષ્ણ મનોહારી લાગ્યા. તો શું ગેડીદડો રમતા હતા ત્યારે મનોહારી ન હતા? રાજસૂય યજ્ઞમાં ઊભા રહેલા કૃષ્ણ મનોહારી લાગ્યા તેનું વર્ણન ઉદ્ધવ કરે છે તેમાં તેમને બે વાતો વિદુરને કહેવી છે. ધર્મરાજે રાજસૂય યજ્ઞ કર્યો છે તેમાં કૃષ્ણ ભગવાન સ્વયં ઊઠીને યજમાન થયા છે. તે બનાવેલા યજમાન નથી. કૃષ્ણ કોણ હતા ? ભગવાન હતા. રાજસૂય યજ્ઞ કર્યો પાંડવોએ, પણ તે હતો કૃષ્ણનો ! મનોહારિત્વ કયારે આવે છે ? કર્તૃત્વ, બુદ્ધિમત્તા અને કુશલતાનો સંયોગ થયા બાદ મનોહારિત્વ આવે છે. આમ તો વેપારીની પાસે પણ બુદ્ધિમત્તા હોય, કર્તૃત્વ પણ હોય, તેણે ત્રણ ફેકટરી પણ ખોલી હોય. તેની પાસે શું કર્તૃત્વ અને કુશલતા નથી ? છે, પણ તે પારિવારિક સુખ માટે વાપરે છે. કર્તૃત્વ, બુદ્ધિમત્તા અને કુશલતા જ્યારે સર્વપરાયણ બને અને પૃથ્વી પર સુખ લાવવા માટે વપરાય, બીજાના વિકાસ માટે, માનવની ઉન્નતિ માટે વપરાય, ત્યારે તે વૈશ્વિક મનોહારિત્વ બની જાય છે. જે પરવિકાસપરાયણ છે, જે પોતાનું કર્તૃત્વ, બુદ્ધિમત્તા અને કુશલતા પ્રત્યેક માણસ સુખી થાય તે માટે વાપરે છે, તે મનોહારી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કૃષ્ણે રચનાત્મક કામ કર્યું છે. તે સમજાવવાને માટે ઉદ્ધવે રાજસૂય યજ્ઞ વખતના કૃષ્ણના મનોહારીત્વનું વર્ણન કર્યું છે.

આજના ભણેલા લોકો અમને પૂછે છે કે કૃષ્ણે કેટલાક લોકોને માર્યા શા માટે ? તેમને સમજાવીને બદલ્યા કેમ નહિ ? આવું પૂછવાવાળાને કંઇ વિચારવું પણ નથી અને જોવું પણ નથી, કંઇ સમજવું પણ નથી. ફક્ત પૂછવું છે. કેટલાક લોકો તો પ્રશ્ન પણ પોતાના પૂછતા નથી. તૈયાર પ્રશ્ન હોય તે પૂછે છે. તેના જવાબ પણ તૈયાર જ હોય છે. તૈયાર પ્રશ્ન એ તૈયાર કપડાં જેવા હોય છે. તૈયાર કપડાં કોઇ દિવસ ફિટ નથી થતા. આવી રીતે કોઇક માસિક કે મેગેઝીનમાં પ્રશ્ન આવ્યા હોય તે વાંચીને તેઓ પૂછે છે. તેમના મગજમાં કંઇ જવાબ બેસતો નથી. એનું કારણ પ્રશ્ન એના મગજમાં ઉદ્‌ભવ્યો હોતો નથી.

કેટલાક લોકો પૂછે છે કે, 'કૃષ્ણ ભગવાને કંસ, જરાસંધ, કાલયવન વગેરેને માર્યા કેમ ? તેમને સુધાર્યા કેમ નહિ ?' તેમને પૂછવું જોઇએ, 'તમે કૃષ્ણ ભગવાનનું ચરિત્ર વાંચ્યું છે ?' રાજસૂય યજ્ઞનું મહત્ત્વ શા માટે છે ? કૃષ્ણ ભગવાને રચનાત્મક (Constructive) કામ કર્યું છે. તેના માટે જ તેમણે ભારતના ભાગલા (Partition) સ્વીકાર્યા છે. ભારતના પહેલા ભાગલા કૃષ્ણ ભગવાને પાડયા છે અને ત્યારપછી ૧૯૪૮ માં આપણે પાડયા! કૃષ્ણ ભગવાને ભાગલા શા માટે સ્વીકાર્યા છે ? તેમને કંઇક કરી દેખાડવું હતું. ભાગલા પાડયા તેમાં પાંડવોના ભાગે અવિકકસિત વિભાગની ભૂમિ જ આવી હતી. કૃષ્ણ ભગવાને પાંડવોને કહ્યું કંઇ વાંધો નહિ. સ્વીકારી લો. જે મળ્યું છે તે સ્વીકારો.' ત્યારબાદ તેનો વિકાસ કર્યો છે. તેના માટે જ ખાંડવવન દહન કરવું પડયું. આ કંઇ લીલા ન હતી. પુનર્નિવાસ માટે તે કરવું પડયું.

જૂના કાળમાં ક્ષત્રિયો કોઇની મદદ લેતા ન હતા. કૃષ્ણ ભગવાનને ખબર હતી કે પાંડવો

આપેલું ધન સ્વીકારશે નહિ, એનું કારણ પાંડવો ક્ષત્રિય છે. ક્ષત્રિયમાં કંઇક વિશિષ્ટ ગુણ હોય છે.

કૃષ્ણ ભગવાને પાંડવોને ઊભા કરવા હતા તેમને વિત્તની જરૂર પડે જ. નહિ તો અવિકસિત-પછાત પ્રદેશને તે ઉપર કેવી રીતે લાવી શકે ? રાજ્ય પણ ઊભું કેવી રીતે કરે ? તેના માટે વિત્ત આપવું જોઇએ. પાંડવો એવી રીતે વિત્ત સ્વીકારે નહિ. તો શું કરવું ? આ પ્રશ્ન આવ્યો. આજે જેમ અમેરિકા સંપન્ન રાષ્ટ્ર છે તેમ તે કાળે વૃષ્ણીસંઘ સંપન્ન સંઘ હતો. વૃષ્ણીસંઘને પાંડવોને વિત્ત આપવું હતું. પરંતુ, કેવી રીતે આપવું ? તેથી જ સુભદ્રાનું લગ્ન અર્જુન જોડે કરાવ્યું. આ રાજકીય લગ્ન (Political marriage) હતું. અર્જુન-સુભદ્રાનો પ્રેમ પણ હશે. કૃષ્ણ ભગવાને તે વાતમાં સક્રિય ભાગ લીધો છે તેનું કારણ એટલું જ છે કે સુભદ્રાને અર્જુન જોડે પરણાવીને વૃષ્ણીસંઘ અબજો રૂપિયા તેને અવિકસિત પ્રદેશની પુનર્રચના (Reconstruction) ને માટે આપી શકે. ત્યારબાદ પાંડવોએ ઓગણીસ વર્ષમાં લોકોની સિકલ બદલાવી નાખી અને સારામાં સારું રાજ્ય ઊભું કરી દેખાડયું હતું. તેમણે શિક્ષણવ્યવસ્થા પણ બદલાવી નાખી હતી. કૃષ્ણ ભગવાને જે રચનાત્મક કામ કર્યું છે તેના તરફ કોઇ જોતું નથી; ફકત 'કૃષ્ણે બધાને માર્યા કેમ ? લડાઇ શા માટે કરી ? તેમને સુધારવા જોઇતા હતા,' એમ બોલે છે. કૃષ્ણ ભગવાને ઓગણીસ વર્ષમાં એક લોકોત્તર પ્રયોગ કર્યો હતો. તેમણે સમાજમાં કેટલી નીતિમત્તા લાવી હતી ! આપવાવાળા અને લેવાવાળા કઇ વૃત્તિના હતા ? તેનું તેમાં વર્ણન છે. આખા રાજ્યની સિકલ બદલાવી નાખ્યા પછી તેમણે રાજસૂય યજ્ઞ કર્યો. આવા રાજસૂય યજ્ઞના યજમાન શ્રીકૃષ્ણ મને મનોહારી લાગે છે એવું વર્ણન ઉદ્ધવે કર્યું છે. તે મનોહારીત્વ અલૌકિક છે. ઉદ્ધવ કહે છે, 'વિદુર ! આવું મનોહારીત્વ હવે મને ફરી જોવા નહિ મળે!' વિદુર કાનમાં પ્રાણ લાવીને પૂછે છે: 'શું આવું પરાક્રમ કૃષ્ણે કર્યું ? શું આવો લોકોત્તર પ્રયોગ તેમણે કર્યો ?' ઉદ્ધવ બધું કહેતા જાય છે અને વિદુર સાંભળે છે.

પછી ઉદ્ધવ કહે છે: 'વિદુર ! મારી આંખની સામે કૃષ્ણની બીજી એક મૂર્તિ ઊભી થાય છે-કૃષ્ણનું પ્રેમપૂર્ણ હાસ્ય અને લીલા જોઇને તેમના જે રૂપમાં વ્રજાંગનાઓ તલ્લીન થઇ હતી તે.' આવી રીતે કૃષ્ણનાં બે રૂપો ઉદ્ધવે ચીતર્યાં છે. તેમાં આખો ઈતિહાસ આવી જાય છે. કૃષ્ણ ભગવાને ગોપીઓને સુધારી. સ્ત્રી-સુધારણા કર્યા બાદ જ સમાજસુધારણા થઇ શકે છે, આ એક બહુ મોટો સિદ્ધાંત ભાગવતકારે સમજાવ્યો છે. ગીતામાં અર્જુને ભગવાનને તે જ કહ્યું છે કે સ્ત્રી જ્યારે સ્થાન છોડી દે છે ત્યારે બધું ખલાસ થઇ જાય છે. **स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः** ॥ ભારતમાં જ કેવળ નહિ, માનવસમાજમાં સ્ત્રીનું મહત્ત્વ અલૌકિક છે. પહેલાં સ્ત્રીસુધારણા કરવી જોઇએ. કૃષ્ણ ભગવાને તેનો એક પ્રયોગ ગોકુલમાં કર્યો. પોતે નાના હતા ત્યારે જ આ પ્રયોગ કર્યો. જો મોટા થયા પછી સ્ત્રીઓમાં જઇને બેસત તો ગેરસમજણ ઊભી થાય, તેથી કૃષ્ણ નાના હતા ત્યારે જ તેમણે ગોપીઓને સમજાવી ઊભી કરી. આ રસ્તો લઇને તેમણે ઘરેઘર સુધાર્યું હતું.

સ્ત્રીઓને બદલ્યા બાદ, માનવ-સમાજ કેવી રીતે બદલી શકાય છે તેનું શિક્ષણ અને દીક્ષા કૃષ્ણે આપ્યાં છે. ઉદ્ધવે આ બે રૂપનું વર્ણન કરીને કહ્યું: 'વિદર ! આ રૂપ મારી આંખોની સામેથી ખસતું નથી.' કૃષ્ણ ભગવાનનું શાંત રૂપ મહાત્માઓને માટે હતું અને તેમનું અઘોર રૂપ, પાપીઓ અને અસુરોને માટે હતું.

ઉદ્ધવ પછી કહે છે, 'આવું મહાન ચરિત્ર લઈને ભગવાન આવ્યા તો પણ દુર્યોધન ઇત્યાદિકોએ ભગવાનને ઓળખ્યા નહિ. જીવનમાંથી જ્યારે કૃષ્ણલીલા ચાલી જાય છે ત્યારે જીવન ખલાસ થઈ જાય છે. કૃષ્ણલીલાનો અર્થ કૃષ્ણનું જીવન, તેમનો ઉપદેશ. કૃષ્ણ ભગવાનનું પ્રભાવી જીવન જો વ્યકિતના કે સમાજના જીવનમાંથી ચાલી જશે તો તેનું જીવન જ ખલાસ થઈ જશે. કૃષ્ણ ભગવાનને, ન તો માનવે ઓળખ્યા, ન યાદવકુલે ઓળખ્યા, ન સંબંધિત લોકોએ ઓળખ્યા. તેમાં લોકો મૂર્ખ હતા, તેનાં કરતાં પણ વધારે કૃષ્ણની વ્યવહારચતુરતા હતી, એમ ઉદ્ધવ કહે છે. પોતાનું પ્રભાવી રૂપ છુપાવીને કેવી રીતે કામ કરવું તે કૃષ્ણે કરી દેખાડયું છે.

ત્યારબાદ યાદવો ઉન્મત્ત થયા અને સમાજભાન ગુમાવ્યું છે તે જોઇને કૃષ્ણ ભગવાન ત્યાંથી નીકળી પડયા, તેનું બહુ જ સુંદર વર્ણન ઉદ્ધવે કર્યું છે.

ઉદ્ધવ કહે છે: 'કૃષ્ણ શાંતિથી બેઠા હતા. ત્યાં જ્ઞાનીભક્ત મૈત્રેય આવ્યા. કૃષ્ણ ભગવાને તેમની સાથે વાતો કરી.' મૈત્રેય જ્ઞાનીભકત છે. ભકત જુદો, કર્મયોગી જુદો, જ્ઞાનીભકત જુદો. જ્ઞાનીભકતના જીવનમાં જ્ઞાન, ભાવ અને પ્રભાવ-બધાનું મિશ્રણ હોય છે. કૃષ્ણ ભગવાન કોની સાથે બોલે છે ? જ્ઞાનીભકતની સાથે. જેવી વ્યકિત આવે છે તેવું જ કથન થાય છે. આ બધું નાટયાત્મક દશ્ય ઉદ્ધવ ઊભું કરે છે. હજી જ્ઞાનની વાત તો આવવાની છે, તે પહેલાં તેનું મહત્ત્વ વધારતા જાય છે. જેટલી કથા મહત્ત્વની છે, તેટલું જ્ઞાન મહત્ત્વનું હશે કે નહિ, કોને ખબર ? પણ તે જ્ઞાનનું મહત્ત્વ વધારે છે.

શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય જેવા મહાન ભક્તો બેઠા હોય અને મધુસૂદન સરસ્વતી જેવા મહાપુરુષ ભકિત ઉપર બોલે, તેમાં જો વચ્ચે ડોકિયું કરવા મળે તો-**परिहसति निर्वाणपदवीम्** ! મુકિત પણ તુચ્છ લાગે તેની સામે ! કૃષ્ણ ભગવાન મૈત્રેયને જ્ઞાન આપે છે, સમજાવે છે, તે વખતે ઉદ્ધવ કહે છે કે 'વિદુર ! તને શું કહું ? પ્રારબ્ધવશાત્ હું પણ ત્યાં પહોંચી ગયો.' તેમાં પણ પોતાનું ચાતુર્ય નથી સમજાવતા. 'હું પ્રારબ્ધવશાત્ પહોચી ગયો' એમ કહે છે. ઉદ્ધવ કહે છે: 'બધુ જ્ઞાન સાંભળીને મારા કાન તૃપ્ત થઇ ગયા.'

વિદુરજી કાનમાં પ્રાણ લાવીને પૂછે છે: 'ભગવાને મૈત્રેયને શું કહ્યું ?'

ત્યારે ઉદ્ધવ કહે છે: 'ભગવાને જ્યારે દેહ છોડયો તે પહેલાં કહ્યું કે મારો ભકત વિદુર મને મળ્યો નથી. આ જે જ્ઞાન છે તે તમે વિદુરને આપજો આનો અર્થ ભગવાન શ્રીકૃષ્ણે દેહ છોડયો ત્યારે તેઓ વિદુરનું ચિંતન કરતા હતા.

શ્રીકૃષ્ણ કહે છે: 'વિદુર પર મારો સૌથી વધારે પ્રેમ છે. શા માટે ? દુર્યોધન, દુ:શાસન જેવા લોકોની વચ્ચે તેમને બેસવાનું હતું, છતાં જીવનથી દૂર ભાગ્યા નહિ, ઐશ્વર્ય જોઇને લલચાયા નહિ, તેમણે વૃત્તિ ટકાવી રાખી છે, તેથી તેમના પર વધારે પ્રેમ છે.'

કૃષ્ણ ભગવાન તેમાં સ્પષ્ટ સમજાવે છે, 'હું શું જોવાનો છું ? મારું વર્ણન કેટલું કરે છે તે હું જોવાનો નથી. સુખદુ:ખના સમયે વૃત્તિ કેવી ટકી ? આ હું જોઉં છું. વિદુરે વૃત્તિ ટકાવી છે તેથી તેના પર મારો પ્રેમ છે. વિદુરજીને આ જ્ઞાન કહેવાનું છે.' ઉદ્ધવે કહ્યું, ત્યારે મેં પૂછયું

'આ જ્ઞાન કોણ કહેશે?' તે વખતે ટેપરેકોર્ડર થોડા જ હતા ? ત્યારે તેમણે કહ્યું: 'તે જ્ઞાન મૈત્રેય જ કહેશે. મૈત્રેય ઋષિને આ કામ સોપ્યું છે તેથી હું તમને તે કહી શકતો નથી.' આમ ઉદ્ધવે વિદુરને જ્ઞાન કહ્યું નહિ. આમ કરીને જ્ઞાનનું મહત્ત્વ વધાર્યું તેવી જ રીતે આ જ્ઞાન જે કહેવાના છે તેમનું મહત્ત્વ પણ વધાર્યું.

મૈત્રેય જ્ઞાનીભકત છે તેથી તેમની પાસેથી જ તે જ્ઞાન મળશે. આ સાંભળી વિદુરને કેટલો આનંદ થયો હશે ! તેમને થયું: 'ભગવાન જગત છોડીને જતી વખતે મને યાદ કરતા હતા !' તે આનંદથી નાચી ઊઠયા. ત્યારબાદ વિદુર બદરીકાશ્રમમાં ચાલ્યા ગયા. ત્યાં મૈત્રેય હતા. ત્યાં મૈત્રેયની પાસેથી વિદુરને જ્ઞાન મળ્યું. આ બધું જ્ઞાન તૃતીય સ્કંધમાં છે.

આટલી પ્રસ્તાવના શા માટે કરી ? માનસશાસ્ત્રીય દૃષ્ટિ રાખીને જ્ઞાન આપવું જોઇએ. પહેલાં જ્ઞાન આપવાની ભૂમિકા ઊભી કરવી જોઇએ, તેના માટે ઉત્સુકતા નિર્માણ કરવી જોઇએ, તેનું પાવિત્ર્ય સમજાવવું જોઇએ અને ત્યારપછી જ્ઞાન આપવું જોઇએ. જ્ઞાન તો બહુ જ અલ્પ હોય દા.ત. '**अहं ब्रह्मास्मि**' -પરંતુ, તેની પાર્શ્વભૂમિકા અને સમજાવવાની પધ્ધતિ લંબાણપૂર્વક હોય છે.

મૈત્રેય અને વિદુરનો જે સંવાદ છે તેની પાર્શ્વભૂમિમાં શું છે તે આપણે જોયું. તેની પાછળ જેને જ્ઞાન આપવાનું છે, તેનો માનસશાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરીને જ્ઞાનનું મહત્ત્વ વધાર્યું છે.

તૃતીય સ્કંધમાં સૃષ્ટિની ઉત્પતિ સમજાવી છે. ભગવાન શેષનિદ્રામાં પડયા છે. ભૂતમાત્ર સૂક્ષ્મ રૂપે તેમનામાં જ વિલીન થઇ ગયા છે. ભૂતોના જે જૂનાં કર્મો છે તે ફલોન્મુખ છે. કર્મો ફલોન્મુખ છે તેથી સૃષ્ટિનું સર્જન શરૂ થયું છે. આવું કહેવામાં, દાર્શનિક લોકોને પ્રથમ સૃષ્ટિ કેમ નિર્માણ થઇ તેના સંબંધમાં સંદેહ છે તેનો જવાબ છે. **यः कल्पः स कल्पपूर्वः**- ની સ્વીકૃતિ ભગવાને માની છે. કલ્પક્ષય થયા પછી નવો કલ્પ શરૂ થાય છે. તેમાં વેદ પણ નવા નથી અને કંઇ જ નવું નથી. **नासतो विद्यते भावो नाभावो विद्यते सतः** – એટલા માટે જ કહ્યું છે.

ત્યારબાદ ભગવાને બ્રહ્મદેવને નિર્માણ કર્યા અને તેમને સૃષ્ટિનું સર્જન કરવાનું કહ્યું, એમ ભાગવતકાર લખે છે. બ્રહ્મદેવ ચારે તરફ જોવા લાગ્યા કે મારે શું કરવાનું છે ? તેમને ચાર મુખ આવી ગયા એનું કારણ ચારે તરફ જોવા માટે મોઢાં તો જોઇએ, જોવા માટે ચાર મોઢાં હોવાં એ સભ્ય વાત છે, પરંતુ બોલવા માટે ચાર મોઢાં હોય તેને રાજનીતિજ્ઞ (Statesman) કહે છે. બ્રહ્મદેવને સમજ નથી પડતી કે તેમને શું કરવાનું છે ? તેમણે ભગવાનને પૂછયું, 'મારે શું કરવાનું છે ?' ભગવાને તેમને કહ્યું: 'તારે સૃષ્ટિ નિર્માણ કરવાની છે.' બ્રહ્મદેવે પૂછયું: 'સૃષ્ટિ નિર્માણ કેવી રીતે કરવાની છે?' ભગવાને તેમને કહ્યું: 'તપ કર. તારું તપ જેટલું વધતું જશે, તેટલી તને દૃષ્ટિ મળતી જશે, માટે તપ કર.' વાસ્તવમાં બ્રહ્મદેવને 'તપ કર' એમ કહેવાની જરૂર નહોતી, એનું કારણ બ્રહ્મદેવને જેમણે પેદા કર્યા છે, તેમણે તેને શકિત પણ આપી જ હશે અને તેમને ખબર જ હશે કે શું કરવાનું છે! દાર્શનિક દૃષ્ટિથી **यः कल्पः स कल्पपूर्वः** છે એટલે તેનું નિશ્ચિત રૂપ છે જ,- તો પણ 'તપ કર' એમ લખે છે. શા માટે ? ભાગવતને અને ભારતીય સંસ્કૃતિને કલ્પતરુવાદ માન્ય નથી.

કલ્પતરુવાદનો અર્થ એ કે ઇચ્છા થયા પછી તરત ફળ મળવું જોઇએ. આપણી સંસ્કૃતિને તે માન્ય નથી. લોકોને આજે ભગવાન, અધ્યાત્મ, બધું તરત (instant) જોઇએ છે. ત્રણ મિનિટમાં સમાધિ લાગવી જોઇએ ! બધા 'તરત' ની પછવાડે દોડે છે ! આ લોકો વિકસનશીલ માનવ નથી. જે વિકસનશીલ માનવ હોય, તેને તપ પર પ્રેમ હોવો જોઇએ. આપણને સમજાવવાને માટે ભગવાને બ્રહ્મદેવને 'તપ કર' એવો આદેશ આપ્યો છે. 'ઇચ્છા થઇ કે ફળ મળી ગયું' આ વિચારને તોડવો છે, એટલા માટે આ વાત ઊભી કરી છે. નહિ તો શું બ્રહ્મદેવ એ તેમનું જ રૂપ નથી ? છે, છતાં ભગવાને 'તપ કર' એમ કહ્યું.

તપમાં શું આવે છે ? વિચારપૂર્વક કૃતિ અને ફળને માટે રાહ જોવાની, થોભવાની વૃત્તિ. આ બે વાતો તપમાં આવે છે. આવેશમાં આવી જઇને જે થાય છે તેને તપ નથી કહેતા. સંકલ્પ કરીને જે કાર્ય થાય છે તેને તપ કહે છે. વિચારપૂર્વક કૃતિ કરવાની અને ફળ આવે ત્યાંસુધી થોભવાનું. લોકોને થોભવાનું (wait) નું શિક્ષણ મળવું જોઇએ. ઇચ્છા થઇ કે ફળ મળ્યું, એ ન ચાલે. જેને થોભવાનું શિક્ષણ મળતું નથી તે જીવનમાં સફળ થતો નથી.

બાપ બહુ પ્રેમાળ હોય છે. છોકરો ચોકલેટ માગે કે તરત આપે છે. બાપે કહેવું જોઇએ કે ચોકલેટ મળશે પણ આજે નહિ, કાલે. અંગ્રેજીમાં એક વાત છે. છોકરો મુરબ્બો માગે તો મૉં કહે: 'Jam yesterday, jam tomorrow, no jam today.' આનો અર્થ એ છે કે થોભી જા. થોભવાનું શિક્ષણ મળવું જોઇએ.

વિચારપૂર્વક કૃતિ અને ફળને માટે થોભવાની વૃત્તિ, એની જોડી ભેગી થશે, ત્યારે તપ થશે અને તેને યશ મળશે. કોઇ પણ કૃતિમાં ફળ મળતાં સમય લાગે. આપણે જેઠ મહિનામાં વાવીએ છીએ તો આસો મહિનામાં પાક મળે છે. થોભવાની વૃત્તિ હોવી જોઇએ. આજે આપણી થોભવાની જ તૈયારી નથી. એકાદ દિવસ સ્વાધ્યાય કર્યો કે બીજે દિવસે શો ફાયદો થયો તે જોવા લાગીએ છીએ. થોભવાની તૈયારી, તેને જ તપ કહે છે. થોભ્યા પછી જ કંઇ મળે છે, તેથી તપનું મહત્ત્વ બહુ સુંદર રીતે સમજાવ્યું છે. તેના માટે કેટલાક શ્લોકો લખ્યા છે, નાટયાત્મક રીતે કંઇક ઊભું કર્યું છે. બ્રહ્મદેવ પૂછે છે કે, 'શું કરું ?' તો ભગવાન કહે છે, 'તપ કર'. હું નાનો હતો ત્યારે આ વાંચીને મને લાગતું હતું કે જો બ્રહ્મદેવને તપ કરવું પડતું હોયતો પછી તે બ્રહ્મદેવ શાના? બ્રહ્મદેવને પણ તપ કરવું પડે છે, તપ વગર કંઇ મળતું નથી તે સમજાવવા આ લખ્યું છે. આ શિક્ષા (ઉપદેશ) બ્રહ્મદેવને નથી, આપણને છે.

ભગવાને અર્જુનને સામે રાખીને જે ગીતા કહી છે, તે ઉપદેશ આપણને છે. આવી રીતે બ્રહ્મદેવને સામે રાખીને આપણને ઉપદેશ કરે છે કે તપ કરો. તપ કર્યા વગર જે મળે તેનો સ્વીકાર ન કરવો જોઇએ. તપ વગર કંઇ મળે, તે કદાચ પૂર્વજન્મનાં ફળ હશે, તે મળશે. કેટલાક લોકો જન્મથી જ વિકસિત હોય છે, પરંતુ, તેમણે આગલા જન્મમાં તપ કર્યું હશે. તપ કરવાની તૈયારી હોવી જોઇએ એ અહીં સમજાવ્યું છે.

તપમાં શું જોઇએ ? શારીરિક તપ છે, તેમ અંદરની એક મનોવૃત્તિ છે. વિચારપૂર્વક કૃતિ અને ફળને માટે થોભવાની વૃત્તિ-આ બે વાતો જીવનમાં આવે તો તેને તપ કહે છે. ઇચ્છા અને

સિદ્ધિ વચ્ચેનો જે ગાળો છે તેને તપ કહે છે. આવું તપ કરવાનો આગ્રહ ભગવાને ભાગવતમાં સમજાવ્યો છે.

પરિપૂર્ણતાનું જ્ઞાન અને તૃપ્તિનો અનુભવ. આ બે વાતો કૃતિ બંધ કરે છે. ભગવાનને કૃતિ શરૂ કરવી છે તો તે કૃતિ કેવી રીતે થાય ? તેથી અજ્ઞાન પેદા કર્યું એવું લખ્યું છે. ભગવાને અજ્ઞાન નિર્માણ કર્યું. કૃતિના પાયામાં અજ્ઞાન છે એવું એક દર્શન ભાગવતકારે આપ્યું છે. બ્રહ્મદેવે પ્રથમ શું નિર્માણ કર્યું ? અજ્ઞાન. અજ્ઞાનનો અર્થ શો ? જેને પરિપૂર્ણતાનું જ્ઞાન નથી અને તૃપ્તિનો અનુભવ નથી, તે અજ્ઞાની. આ દૃષ્ટિએ આપણે અજ્ઞાની છીએ.

જીવન પર અજ્ઞાનનું કંઇ પરિણામ થાય છે. પહેલાં સૃષ્ટિમાં કંઇ કૃતિ કરવી જોઇએ, તેવું ભગવાને અહીં સૂચવ્યું છે. આ કેટલું શાસ્ત્રીય લખાણ છે ! કૃતિના પાયામાં શું હોવું જોઇએ ? અજ્ઞાન હોવું જોઇએ. સમજો કે તમે પરિપૂર્ણ અને તૃપ્ત છો, તો તમારા હાથે કૃતિ થશે જ નહિ. અપૂર્ણતા લાગવી જોઇએ તો જ હું કૃતિ કરું, તેવી જ રીતે અસંતોષ પણ હોવો જોઇએ, તો જ કૃતિ શરૂ થાય. ભગવાને અજ્ઞાન નિર્માણ કર્યું. ત્યારબાદ અજ્ઞાનનું રૂપ દેખાડયું છે.

અજ્ઞાનની વૃત્તિઓ હોય છે-અંધતામિશ્ર, તામિશ્ર, મહામોહ, મોહ અને તમ. અજ્ઞાનની આ વૃત્તિઓ નિર્માણ થયા બાદ વ્યક્તિની અંદર કૃતિ માટે ઇચ્છા નિર્માણ થઇ, તીવ્રતમ કામના નિર્માણ થઇ અને પછી તે સમજાવવા માટે ચાર વેદોનું સર્જન કર્યું. જેણે વ્યકિતને નિર્માણ કરી છે તેણે જ કહેવું જોઇએ કે જીવન કેવું હોવું જોઇએ ? જીવનપ્રણાલી (Way of life) વિચારપ્રણાલી (Way of thinking) અને ઉપાસનાપ્રણાલી (Way of worship) આ ત્રણ મળીને સંસ્કૃતિ (Culture) ઊભી થાય છે. માણસ બે પગ પર ચાલે છે તેના લીધે માનવની સંસ્કૃતિ નિર્માણ થતી નથી.

કોઇપણ માનવવંશની આ ત્રણ વાતો તપાસવી જોઇએ-જીવનપ્રણાલી, વિચારપ્રણાલી અને ઉપાસનાપ્રણાલી. માનવસમાજ ગમે તેટલો (ભૌતિક દૃષ્ટિએ કે તાંત્રિક દૃષ્ટિએ) વિકસિત થયેલો હોય, તે સાંસ્કૃતિક દૃષ્ટિથી કેટલો વિકસિત છે તે જોવું જોઇએ. વેદોએ આ સમજાવ્યું છે. વેદોએ સંસ્કૃતિ સમજાવી છે, ત્યારબાદ વિકાસ સમજાવ્યો છે. ભારતીય લોકોનું જ્ઞાન કેટલું પરિપૂર્ણ હતું !

ઘણા સમયથી ભૌતિકશાસ્ત્રો સંબંધમાં એક એવો વિચાર ચાલતો હતો કે પૃથ્વી ઉપર ઘન, દ્રવ્ય અને વાયુ-એવા ત્રિવિધ પદાર્થ છે. ત્યારબાદ વિજ્ઞાનીઓ તેનું પૃથક્કરણ કરવા લાગ્યા. તેમાં વાયુનું પૃથક્કરણ કરતાં હાઇડ્રોજન, ઓકિસજન અને નાઇટ્રોજન મળ્યા. બીજું, સૃષ્ટિનું એક પૃથકકરણ થયું, તેમાં સોનું, ચાંદી, પારો, લોઢું, સોડિયમ, પોટેશિયમ એવાં દ્રવ્ય મળ્યા. તેમને મૂળ દ્રવ્ય માનવામાં આવ્યા. થોડા સમય બાદ વૈજ્ઞાનિકોને ખબર પડી કે આ મૂળ દ્રવ્ય નથી, તે પણ સંયોગરૂપ દ્રવ્ય છે. આજની ભાષામાં કહેવાનું હોય તો ઉપર કહ્યા તે પદાર્થો પણ મૂળદ્રવ્ય (Element) નથી, રાસાયણિક સંયોગ (Chemical compound) છે. તે બધાંનું મૂળદ્રવ્ય (Element) શું છે ? ઈલેકટ્રોન્સ (Electrons). આ Electrons કે Ion છે તે સ્વતઃસિદ્ધ છે એવું પહેલાં લાગતું હતું, પછી ખબર પડી કે એ પણ સ્વતઃસિદ્ધ નથી, તે પણ ઈથર (Ether) થી થયું છે. આકાશ નામના દ્રવ્યથી પેદા થયું છે. આકાશ એ ઈથર (Ether) નું રૂપ લાગે છે. તમસ્

પેદા થયું ત્યારે 'ઇથર'-આ આકાશ નામક દ્રવ્યોને ફરવા માટે અથવા ફેરવવા માટે કંઇક હોવું જોઇએ. તેને ફેરવ્યા બાદ ઇથર-આકાશ નિર્માણ થાય છે. એવી એક વિચારધારા ભાગવતમાં ઉપાડવામાં આવી છે. તેને જ ઉત્ક્રાંતિ તત્ત્વની વિચારધારા કહે છે.

હવે આ તમસ્ નો અર્થ શો ? પ્રતિક્રિયાની અશક્યતા, પ્રતિવાદાત્ ક્ષમતા. જે પ્રતિક્રિયા નથી કરતા તેને ખનિજ કહેવામાં આવે છે. આ ગુણ ખનિજમાં છે. તેને જ જડ કહે છે. ભાગવતે ખનિજ પદાર્થ સ્વીકાર્યો છે, પરંતુ, ખનિજમાં પણ ચૈતન્ય છે એમ તે કહે છે. અત્યારસુધી પરદેશી લોકો ડાયલેકટીકલ પદ્ધતિ (Dialectical method) માનતા હતા. હવે અણુમાં ચૈતન્ય મળ્યું, અણુમાં પણ ચૈતન્ય છે એવું માન્ય થયું. હવે જડ અને ચેતન (Matter and spirit) બે ભાગ રહ્યા જ નહિ. તેથી ડાયલેકટીકલ પદ્ધતિ (Dialectical method) નકામી થઇ. જેને જડ પદાર્થ કહેવામાં આવે છે તેમાં પણ ચૈતન્ય છે એવી સમજણ ભાગવતે સ્વીકારી છે. ભાગવત ગ્રંથ આટલો વિકસિત છે.

ખનિજ નિર્માણ થયા બાદ, વનસ્પતિસૃષ્ટિ નિર્માણ થાય છે, પ્રાણીસૃષ્ટિ નિર્માણ થાય છે, ત્યારબાદ મનુષ્યસૃષ્ટિ અને ત્યારબાદ દેવસૃષ્ટિ નિર્માણ થાય છે- આવી એક ઉત્ક્રાંતિવાદની સીડી દેખાડી છે. જેમ ખનિજમાં ચૈતન્ય છે તેમ વનસ્પતિમાં પણ ચૈતન્ય છે એવું માન્યું છે. Responsing living and non-living એવો એક ગ્રંથ છે, તેમાં વનસ્પતિમાં પ્રતિવાદ તત્ત્વ છે એમ કહેવાયું છે. જેમ વનસ્પતિમાં પ્રતિવાદ તત્ત્વ છે, તેમ ખનિજમાં પણ પ્રતિવાદ તત્ત્વ છે એવું ભાગવતમાં લખેલું છે. પ્રતિવાદ એટલે પ્રતિક્રિયા (Reaction), પ્રત્યુત્તર (response). વનસ્પતિ પ્રતિવાદ આપી શકે છે તેમ ખનિજ પણ પ્રતિવાદ આપે છે.

ડૉ. બોઝના સંશોધન પહેલાં એમ જ મનાતું હતું કે વનસ્પતિસૃષ્ટિ જડ છે અને તેવું જ શરુઆતમાં કહેવામાં આવતું હતું. વનસ્પતિ પર આઘાત થાય તો વનસ્પતિ પ્રત્યુત્તર આપી શકે છે અને આપે છે, તેવી જ સ્થિતિ ખનિજની છે. વનસ્પતિમાં અન્નપ્રવાહ નીચેથી ઉપર જાય છે એવી માન્યતા ઉત્ક્રાંતિતત્ત્વમાં છે, તેવી જ માન્યતા ભાગવતમાં છે. ઉત્ક્રાંતિતત્ત્વની માન્યતા હવે ખંડનીય બની ગઇ છે.

વનસ્પતિમાં અન્નતત્ત્વ નીચેથી ઉપર જાય છે, વનસ્પતિને માટે ભાગવતમાં ઉત્સ્રોતસ્ શબ્દ વાપર્યો છે. પ્રાણીઓમાં અન્નપ્રવાહ આડો જાય છે અને મનુષ્યમાં અન્નપ્રવાહ ઉપરથી નીચે આવે છે. પ્રાણીઓને તીર્યક્સ્રોતસ્ અને મનુષ્યને અર્વાકસ્રોતસ્ કહે છે. આ પારિભાષિક શબ્દો છે. ઉત્સ્રોતસ્ એટલે વનસ્પતિ, તીર્યક્સ્રોતસ્ એટલે પ્રાણી અને અર્વાક્સ્રોતસ્ એટલે મનુષ્ય. ભાગવત સમજવા માટે તેના આવા પારિભાષિક શબ્દો તેમજ એના અર્થોની ખબર હોવી જોઇએ. તે ઉત્ક્રાંતિતત્ત્વનો અભ્યાસ હશે ત્યારે જ ખબર પડશે, તેના વગર ન થાય. પુરાણ હોવા છતાં **વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા** એમ કહેવાય છે. જેને ઉત્ક્રાંતિતત્ત્વ ની ખબર નહિ હોય તે આ વિષયને ઓળંગીને આગળ જશે.

ઉત્ક્રાંતિતત્ત્વની માન્યતા ભાગવતે સ્વીકારી છે તે એક ગૌરવની વાત છે. ઉત્ક્રાંતિતત્ત્વ ખરું છે કે નહિ, તે એક જુદી વાત છે. આપણા દેશમાં પુરાણોમાં પણ ઉત્ક્રાંતિતત્ત્વ સ્વીકાર્યું છે. એટલું

જ નહિ, તેની સીડી પણ દેખાડી છે. બાઇબલ પણ એક પુરાણ છે. બાઇબલને દાર્શનિક ગ્રંથ-દર્શનશાસ્ત્ર ન કહેવાય. જેમણે બાઇબલ વાંચ્યું હશે તેમને ખબર હશે કે પવિત્ર બાઇબલ (Holy Bible) માં સૃષ્ટિઉત્પત્તિનું જે પ્રકરણ છે તેમાં કહે છે: 'So God created man, His own image: In the image of God, created He Him-';આ તેમની વૈદિક ભાષા છે. **ह्री ह्रिम्...** જેવા શબ્દો આપણી સંસ્કૃત ભાષામાં છે તેવા જ તેમાં છે. તેમનું જેમ Old Testament છે તેમ New Testament પણ છે. તે વિકસિત બાઇબલ છે. તેમાં પણ એવી જ સ્થિતિ છે. બાઇબલે સ્વીકાર્યું છે કે He Him. Man and Female created He and Him—પ્રથમ મનુષ્ય અને સ્ત્રીને નિર્માણ કર્યા. તેમાં ભાગવત જેવી ઉત્ક્રાંતિની સીડી નથી દેખાડી. ભાગવતમાં ખનિજ, વનસ્પતિ, પ્રાણી, મનુષ્ય, દેવ, આવી સૃષ્ટિની સીડી દેખાડી છે. બાઇબલ ઊતરતી કક્ષાનું છે એવું કહેવા માટે આ નથી કહેતો, પરંતુ, બાઇબલ એક પુરાણ જેવું છે. કયાંકથી શરૂ કરવું જોઇએ તેથી બાઇબલમાં મનુષ્ય નિર્માણ થયો ત્યાંથી શરૂઆત કરી છે. બાઇબલની જેમ ભાગવત પણ પુરાણ છે. આપણે ભાગવતને દાર્શનિક ગ્રંથ નથી કહેતા. આપણા પૂર્વજોએ પણ ભાગવતને દાર્શનિક ગ્રંથ નથી ઠરાવ્યો. **भागवतं इतिहासं पुराणम्**-એમ કહ્યું છે. ખ્રિસ્તનું એક પુરાણ છે પણ તેમાં આ અનુપૂર્વી નથી, આવું દેખાડયું નથી. એનો અર્થ એ છે કે તે કાળે ત્યાં ઉત્ક્રાંતિતત્ત્વની કલ્પના ન હશે. મારે એટલું જ કહેવાનું છે કે ભાગવત ગ્રંથ એટલે માત્ર બાળકો અને સ્ત્રીઓ માટે લખેલો વાર્તાઓનો ગ્રંથ એવું નથી. ભાગવતમાં પણ ઘણું જ્ઞાન ભરેલું છે. ભારતમાં દર્શનશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રોનો અભ્યાસ એટલો થયો છે કે કોઇ કંઇપણ લખે તો તેનું પ્રતિબિંબ તેમાં આવી જ જશે.

ત્યારબાદ વિદુરજીના પ્રશ્ન છે. જો કે વિદુરને કંઇ પ્રશ્ન હોઇ શકતા નથી પરંતુ, વિદુરજી પ્રશ્નો ઊભા કરે છે. ભગવાનનું રૂપ કયું છે ? ભગવાન Bliss—આનંદ રૂપ છે. Existence, Consciousness and Bliss-સત્, ચિદ્ અને આનંદ આ ભગવાનનું રૂપ છે. હવે ભગવાન જો આનંદરૂપ અને બોધરૂપ હોય, નિર્ગુણ, નિરાકાર હોય તો તેનો ગુણ અને ક્રિયાની સાથે કયો સંબંધ હોય ? આ પ્રશ્ન છે.

જેના જ્ઞાનનો દેશ, કાલ અને સ્થિતિમાં કે સ્થિતિથી લોપ થતો નથી, તેનો માયાની સાથે સંબંધ કેવી રીતે આવ્યો ? દેશ, કાલ અને અવસ્થાથી જો જ્ઞાનનો લોપ થતો હોય તો જ તેનો માયાની સાથે સંબંધ આવે. તો પછી ભગવાનનો માયાની સાથે સંબંધ કેવી રીતે આવ્યો ? આ પ્રશ્ન છે.

ભગવાને સૃષ્ટિ નિર્માણ કરી તે માનવા વેદાંત તૈયાર નથી, એનું કારણ, ભગવાનને સૃષ્ટિ નિર્માણ કરવાની જરૂર શી ? તેનું શાસ્ત્રીય વિવેચન થવું જ જોઇએ. વેદાંતે તેથી જ બ્રહ્મપરિણામવાદ સ્વીકાર્યો છે.

વેદાંતમાં બ્રહ્મપરિણામવાદ એક મોટો વાદ છે, વિચારધારા (Way of thinking) છે. આ સૃષ્ટિ કોઇએ નિર્માણ કરી નથી, સૃષ્ટિ એ બ્રહ્મનું પરિણામ છે. આપણા દેશની વિચારસંપદામાં જે કંઇ મૌલિક મળ્યું છે, તેમાં સાંખ્યદર્શનની દેણગી (Contribution) મહત્ત્વની છે. તૃતીય સ્કંધમાં કપિલને લાવીને સાંખ્યદર્શનનો સ્વીકાર કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે સાંખ્યશાસ્ત્ર

નિરીશ્વરવાદી છે, તેને તેમણે સેશ્વરવાદી ઠરાવ્યું છે. કપિલ સેશ્વરવાદી છે એમ ભાગવતે ઠરાવ્યું છે. પંડિતોમાં બહુ મોટી ગેરસમજણ પ્રવર્તે છે કે કપિલ એક થયા છે કે બે ? સાંખ્યશાસ્ત્ર કહેવાવાળા કપિલ અને વેદાંત કહેવાવાળા કપિલ–એક છે કે જુદા છે ? ભાગવતમાં જે કપિલ છે તે ભકિત લઇને આવે છે અને સાંખ્યકારિકામાં જે કપિલ છે તે ઉત્ક્રાંતિ (Evolution) લઇને આવે છે-જેવી રીતે લામાર્ક અને ડાર્વિન લાવે છે તેમ.

ત્રીજો પ્રશ્ન છે કે ભગવાન જો બધી જગાએ (ક્ષેત્રમાં) છે તો પછી કર્મજનિત કલેશની પ્રાપ્તિ કેવી રીતે થાય છે ? અને શા માટે થાય છે ? કેટલાક લોકો કહે છે કે ભગવાન જો માણસની અંદર બેઠા હોય તો લોકો બૂરા કર્મો શા માટે કરે છે ? ભગવાન બધામાં સાક્ષીરૂપ છે તો પછી કર્મજનિત કલેશની પ્રાપ્તિ કેમ થાય છે ? ભાગવતે ચંદ્રના પ્રતિબિંબનું દૃષ્ટાંત આપીને આ સમજાવ્યું છે. કર્મ ભગવાનને કેમ ચીટકતા નથી તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે. પાણી હાલ્યા પછી ચંદ્રનું પ્રતિબિંબ હલે છે પણ ચંદ્ર હલતો નથી. ચંદ્રનું પ્રતિબિંબ હલે તો પણ બિંબ-ચંદ્ર-સ્થિર હોય છે. આ દૃષ્ટાંત આપીને ભગવાન કેવી રીતે તટસ્થ (aloof) રહી શકે છે તે સમજાવ્યું છે. વ્યકિતને કર્મજનિત કલેશ થાય છે તેના માટે શું કરવું જોઇએ તેનો રસ્તો દેખાડયો છે. કૃષ્ણના ગુણ અને કૃષ્ણની લીલા સાંભળ્યા પછી રાગદ્વેષ પણ ખતમ થઇ જાય છે અને સુખ-દુઃખનું પરિણામ પણ ખતમ થઇ જાય છે. કૃષ્ણલીલા (એટલે કે કૃષ્ણનું જીવન) રાગદ્વેષ શાંત કરે છે અને સુખ-દુઃખ તરફ જોવાની અને સુખ-દુઃખ સ્વીકારવાની હિંમત આપે છે. કૃષ્ણ નિદર્શન (Demonstration) કરે છે, જીવન કેમ જીવવું તે જીવી દેખાડે છે. તે માટે જ કૃષ્ણના ગુણો સાંભળો, કૃષ્ણની લીલા સાંભળો.

હવે બીજી એક આશ્ચર્યની વાત છે કે સૃષ્ટિ નિર્માણ કરવાનો ભગવાનનો આગ્રહ છે અને તે માટે પ્રયત્ન પણ છે. બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે મૈથુનજન્ય સૃષ્ટિ સુધી ઉત્પતિ દેખાડી છે. આ બધી ઉત્પત્તિ કરતી વખતે અંતિમ સૃષ્ટિ મૈથુનજન્ય શા માટે થઇ ? વિકસિત સૃષ્ટિપરંપરામાં મૈથુનજન્ય સૃષ્ટિ અંતિમ છે, પરંતુ તે નિર્માણ કરવા માટે સ્ત્રી-પુરુષ, બન્નેની આવશ્યકતા છે શું ? શા માટે ? તેની કંઇ આધ્યાત્મિક આવશ્યકતા છે કે નહિ ? આ પ્રશ્નો છે. મૈથુનજન્ય સૃષ્ટિની આધ્યાત્મિક આવશ્યકતા છે. સૃષ્ટિની ઉત્પત્તિ માટે ભગવાનનો આગ્રહ દેખાય છે. તેની વિરુદ્ધ સનતકુમારે મંતવ્ય આપીને સૃષ્ટિ નિર્માણ કરવા ના પાડી. તેનાથી બ્રહ્મા રિસાઇ ગયા. ત્યારબાદ મનુએ ઉત્પત્તિનો સ્વીકાર કર્યો તેથી બ્રહ્મા સંતુષ્ટ થયા. બાઇબલમાં પણ તેવું લખ્યું છે.

સૃષ્ટિ ઉત્પન્ન થઇ તેથી ભગવાનને આનંદ થયો. સૃષ્ટિની ઉત્પત્તિ થયા પછી કુટુંબ અને સંસાર છોડવાનો પ્રયત્ન કરો એમ કહેવાવાળા શાસ્ત્રકાર સાચા છે ? કે પછી સૃષ્ટિ ઉત્પન્ન કરનાર બ્રહ્મદેવ અને તેને મદદ કરવાવાળી આદિમશકિત સાચી છે ? એક તરફ ભગવાન સૃષ્ટિ નિર્માણ કરવાનો આગ્રહ રાખે છે અને બીજી તરફ શાસ્ત્રકાર આપણને કહે છે કે સંસાર અને કુટુંબ-આ બધું છોડી દો. આ બેમાંથી કોણ સાચું ? તેમાં સૃષ્ટિ-વિકાસ અપરિહાર્ય છે પણ સુખ-દુઃખાદિક દ્વંદ્વોથી થવાવાળી તકલીફ ત્યાજ્ય છે, એટલે કે કર્મની ભીતિ અને કર્મનું પરિણામ ત્યાજ્ય છે. બ્રહ્મદેવે પણ આ શંકા ઉઠાવી છે કે કર્મબંધન કેવી રીતે જાય ? કર્મ થયું કે બંધન

આવી જ ગયું. આ કર્મબંધન જાય કેવી રીતે? ભાગવતકારે તેનો એક જ જવાબ આપ્યો છે કે તે ભકિતથી જશે. સામાન્ય લોકોનો કર્મકલેશ ભકિતથી ઓછો થઇ જશે એમ ભાગવત કહે છે. તે કેવી રીતે?

સામાન્ય માણસ સારાં કર્મ કરશે અને સારાં કર્મનું પરિણામ પણ સારું જ આવશે, તેથી કંઇ સારું જ ફળ મળશે. વિચારવંત તેનાથી આગળ વધીને વિચાર કરશે કે આ શરીર હું ચલાવતો નથી, કોઇક શકિત ચલાવે છે. કરવાવાળો હું નથી. શકિત તેની અને સ્વીકાર મારો, આ ચોરી છે. સંકલ્પ પણ તે જ કરે છે, બુદ્ધિ પણ તેની ચાલે છે અને છતાં કર્મફળનો સ્વીકાર હું કરું તે કેમ ચાલે? તેથી તે અસ્વીકાર કરે છે. કર્મ કરીને ફળનો અસ્વીકાર કરવો હશે તો તેના માટે ભકિતની વૃત્તિ આવવી જોઇએ. તેના વગર નહિ થાય. જે વિચારવંત ભાવિક લોકો છે તેઓ કર્મનો અસ્વીકાર નહિ કરે, પરંતુ, કર્મફલનો સ્વીકાર કરીને, અર્પણ કરશે.-આ બીજો રસ્તો છે.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ (गीता-९/२७)

‘આ કર્મફળ મારું નથી. એનું કારણ આ જે ખેતર છે તે મારું નથી. આ ખેતરમાં પેદા થયેલું અનાજ મારું નથી, ભગવાનનું છે. તેથી ભગવાન! તું લઇ લે.’ આમ જે કંઇ ફળ હશે તે વિચારવંત ભાવિકો ભકિતની દૃષ્ટિએ અર્પણ કરશે. તેવી જ રીતે, સમર્પણાત્મક ભકતોનો કર્મબોજ પ્રભુ જ ઉપાડશે. આવી રીતે, ચારેય અવસ્થામાં કર્મકલેશ છે તે ઓછા કરવાની શકિત કેવળ ભકિતમાં છે એમ ભાગવતકાર કહે છે.

આજે આપણે બધાં હેરાન છીએ. અમે કર્મ કરીશું તેનું પરિણામ આવશે. કર્મ કરતી વખતે દુ:ખ છે, પરિણામ સહન કરતી વખતે દુ:ખ છે. આમ દુ:ખ જ દુ:ખ છે. ભગવાન ! અમને દુ:ખમાં શા માટે નાંખો છો ? અર્જુન પણ ભગવાનને પૂછે છે: **तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव....** જે શંકા બ્રહ્મદેવની છે તે જ શંકા અર્જુનની પણ છે.

કર્મની અપરિહાર્યતા છે તેનો પહેલાં સ્વીકાર થવો જોઇએ. કર્મ થશે જ. કઇ વૃત્તિથી કર્મ કરવાનું એ મહત્ત્વનું છે. તેના માટે ભાગવતકારે એટલું જ લખ્યું છે કે કર્મબંધનથી છૂટવાનો રસ્તો ભકિત છે. ભકિત એટલે શું મંદિરમાં જઇને ભગવાન પર ફૂલ ચડાવવાનાં છે કે ભોગ ધરવાનો છે ? તે કરીને કર્મથી છૂટાશે નહિ.

સામાન્ય માણસને કર્મ હેરાન નહિ કરે એનું કારણ શું છે ? સામાન્ય માણસ ભકિતનો સ્વીકાર કર્યા બાદ, ખરાબ કર્મ નહિ કરે, સારું કામ જ કરશે. તેથી તેને ખરાબ કર્મનાં ફળ ભોગવવા નહિ પડે. વિચારવંત ભકત વિચાર કરશે કે હું કર્મ તો કરું છું, પરંતુ, તેમાં મારી શકિત કેટલી છે ? હું બોલું છું, પણ કેમ બોલવું તે મને ખબર છે ? ખ્રિસ્ત કહે છે: It is not ye that speak, but the Spirit of thy father that speaketh in you (તું બોલતો નથી પરંતુ તારી અંદર રહેલું પરમપિતાનું ચૈતન્ય બોલે છે). તુકારામ મહારાજ પણ આજ વાત કહે છે: **आपुलिया बळे नाहि बोलवत सखा कृपावंत वाचा त्याची....** અંદરની ક્રિયાઓ હું નથી કરતો. કર્મ પણ હું નથી કરતો. આવી સમજણ આવ્યા પછી કર્મનું જે બંધન છે તે કેવી રીતે છૂટશે ?

ભકિતથી છૂટશે. પરંતુ, ભકિતથી છૂટશે એનો અર્થ શો છે ? સામાન્ય લોકો એમ સમજે છે કે રુદ્રાભિષેક કરીશું તો કર્મનું બંધન છૂટી જશે. હું રુદ્રાભિષેકની વિરુદ્ધ નથી. તે કરવો જોઈએ, પરંતુ, ભકિતથી કર્મનું બંધન છૂટશે એમ કહેવાવાળા ભાગવતકાર ગાંડા નથી. તે કહેવા માટે કહું છું કે ભકિતની બાબતમાં એક પૂર્વગ્રહ બંધાઈ ગયો છે. આજે પણ ભકિત શબ્દ ઉચ્ચાર્યા પછી એક વિશિષ્ટ ચોકઠું - (Dogma), વિશિષ્ટ ચિત્ર, આંખની સામે ઊભું થાય છે.

બ્રહ્મદેવને કહેવામાં આવ્યું કે ભકિતથી કર્મબંધન છૂટશે. વિચારવંત ભકત વિચારે છે કે શરીરની અંદરની ક્રિયાઓ કેવી રીતે થાય છે ? આંખ જુએ છે, કાન સાંભળે છે, કોને ખબર, સાંભળવાનું ગમે ત્યારે બંધ પણ થઈ જાય. જો મારી શકિતથી હું સાંભળતો હોઉં તો સાંભળવાનું બંધ કેમ થાય? લોકો કહે છે, 'હવે સંભળાતું નથી.' પૂછવું જોઈએ કે સાંભળવાની શકિત કયાં ગઈ ? શા માટે ચાલી ગઈ ? જોવું, સાંભળવું-આ બધી ક્રિયાઓ મારી શકિતથી થતી નથી, તેથી કરવાવાળો હું નથી. વિચારવંત ભાવિક કહેશે કે જે સારાં કર્મો મેં કર્યાં છે, તે હું ભગવાનને અર્પણ કરીશ. સામાન્ય વ્યવહારમાં પણ જેના પર આપણને પ્રેમ હોય તેના નામે અર્પણ થાય છે. કોઈ શેઠશ્રી મંદિરમાં પાંચસો રૂપિયા આપે છે. તેમને પૂછવામાં આવે, 'રસીદ કોના નામની બનાવું ? શેઠશ્રી કહે છે: 'મારી પત્નીના નામની રસીદ આપો, મારા નામની નહિ.' જેના પર પ્રેમ છે, તેના નામે રસીદ લેવામાં આવે છે. આવી રીતે જ્યારે ભગવાન ઉપર પ્રેમ નિર્માણ થાય છે, ત્યારે કર્મ ભગવાનને અર્પણ થાય છે. 'કર્મ મારું નથી' આ ભકિતનું રૂપ છે. જે જ્ઞાની ભકત-સમર્પણાત્મક ભકત છે, તેના કર્મનો બોજો ભગવાન ઉપાડે છે. આ બધું મળીને ભકિતથી કર્મબંધન છૂટશે એવો ભાગવતકારે આગ્રહ રાખ્યો છે.

ભાગવતમાં લખ્યું છે કે ભકિત કરવી જોઈએ. એનો અર્થ એ છે કે વૃત્તિ બદલવાની છે. તેના માટે બુદ્ધિમાં ફેરફાર કરવાનો છે. ભકિતનો આ અર્થ સમજવામાં અને સ્વીકારવામાં આવે તો કર્મબંધનથી છૂટી શકાય. વિચારવંત કહે છે, 'મેં શું કર્યું છે ? મેં સંકલ્પ કર્યો નથી. મને ખબર નથી કે સંકલ્પ કેવી રીતે થાય છે. સંકલ્પ મારો નથી. જે શકિતથી મેં કામ કર્યું છે, તે શકિત મારી નથી, તો પછી કૃતિનું જે ફળ ભગવાને આપ્યું તે મારું સમજીને લઉં તો તે ચોરી છે. જેનું છે તેને આપી દો.' આ કર્મસમર્પણ છે.

જ્યારે વ્યકિતનું સમગ્ર જીવન સમર્પણાત્મક થાય છે ત્યારે તેનો કર્મબોજ ભગવાન પોતે ઉપાડે છે, પછી અર્પણ કરવાની જરૂર નહિ પડે, કેમ કે તે કોને અર્પણ કરે ? ભગવાન પોતે જ તેનો કર્મબોજ ઉપાડી લેશે. ભકિતની આ એક પગથી છે.

બ્રહ્મદેવને શંકા છે કે કર્મ અપરિહાર્ય છે. તેના લીધે સુખ-દુઃખ આવી જ જાય છે તો પછી તેમાંથી છૂટવું કેમ ? તેનો એક જ જવાબ છે, 'ભકિત કરો', આમ ભાગવતકારે લખ્યું છે. કર્મમાંથી છૂટવા માટે વિકાસવાદનું, કપિલનું જે સાંખ્ય તત્ત્વજ્ઞાન છે,તે તેમણે સ્વીકાર્યું છે.

જ્યારે પુરુષ અલિપ્ત બની જાય છે ત્યારે સુખ-દુઃખ તેને ચીટકતાં નથી. ભાગવતકારે વેદાંતી સાંખ્ય તત્ત્વજ્ઞાન સ્વીકાર્યું છે અને હરિલીલા કૃષ્ણલીલા ગાઈને કૃષ્ણભકિતથી જ કર્મબંધન છૂટે છે એવું પ્રતિપાદન કર્યું છે.

તૃતીય સ્કંધમાં આ ઉત્ક્રાંતિતત્ત્વનો સ્વીકાર કર્યો છે. લામાર્ક અને ડાર્વિનનો અભ્યાસ કરીને આ સ્કંધ વાંચવો જોઇએ. ત્યારે ખબર પડશે કે જે સંશોધન પાશ્ચાત્ય દેશમાં થયું છે તે સેંકડો વર્ષો પહેલાંના ભાગવતમાં લખેલું છે.

તૃતીય સ્કંધમાં બતાવ્યું છે કે એક કાળે જે મનન કરવાવાળા મુનિ હતા તેમને કિંમત હતી. આજે મુનિને બજારભાવ (Market value) નથી. માર્કેટમાં Price હોય છે, મૂલ્ય (Value) નહિ. જે માર્કેટમાં, બજારમાં વેચવામાં આવે છે તેની Price બોલવામાં આવે છે, તેને મૂલ્ય (Value) નથી હોતું. હું ઘણી વખત કહું છું કે વેશ્યાને માર્કેટ Price હોય છે, માઁ ને નહિ. એનું કારણ માઁ ને Value હોય છે. Price અને Value માં ઘણો ફરક છે.

શાસ્ત્રકારો કહે છે કે તમે રસ્તામાં ચાલતા હો ત્યારે રસ્તાની રેતી તમને જેટલી પજવે છે તેટલો સૂર્ય પજવતો નથી. સૂર્યથી તપેલી રેતી તમને હેરાન કરે છે, પરંતુ, સૂર્ય હેરાન નથી કરતો. શેઠ હેરાન નથી કરતા, પરંતુ, શેઠનો સેક્રેટરી હેરાન કરે છે. આવી રીતે જય-વિજય જે ભગવાનના દ્વારપાળ છે, તેમણે સનકાદિ મુનિની મશ્કરી કરી છે. જ્યારે મનનશીલ મુનિની મશ્કરી ઉડાવવામાં આવે છે ત્યારે ભગવાનથી સહન થતું નથી. આ વાત કહેવા તૃતીય સ્કંધમાં ભગવાનના દ્વારપાલ જય-વિજયની એક ઘટના આવી છે. જીવનમાં જેની જરૂરિયાત લાગે છે તે તો માણસ સ્વીકારે જ છે. જેની આજે જરૂર લાગતી નથી, તે સ્વીકારવાનું શિક્ષણ મળવું જોઇએ. ભૂખ લાગે કે માણસ ગમે તેમ કરીને રોટલી કમાય જ. રોટલી ન કમાઇ શકે તો ઉછીની લે, ઉછીની પણ ન મળે, તો માણસ બીજાની રોટલી લૂંટી લે. માણસનું મન મજબૂત હોવું જોઇએ, એનું કારણ બીજા જન્મારામાં આપણી સાથે આપણું મન જ આવવાનું છે. તે સમજાવવાને માટે મનનશીલ મુનિની જરૂર છે. મનનશીલ લોકોની પરિસ્થિતિ બહુ જ ખરાબ હોય છે. આધ્યાત્મિક શિક્ષણ આપવું બહુ કઠણ પડે છે. રોટલી કમાવાનું જે શિક્ષણ છે, તેના માટે જાહેરાત કરવી પડતી નથી. તે લેવા માટે લોકો લાઇન લગાડે છે, એટલું જ નહિ, રોટલીના શિક્ષણ પાછળ અબજો રૂપિયા ખર્ચાય છે. આધ્યાત્મિક શિક્ષણની માણસને જરૂર લાગતી નથી. મુનિનું કામ અઘરું છે, કારણ, જે જ્ઞાનની લોકોને જરૂર લાગતી નથી, તે જ્ઞાન તેમને આપવાનું છે, તેથી તે બહુ કઠણ વાત બની જાય છે.

મુનિઓનો અનાદર ન કરવો જોઇએ, તેમની મશ્કરી ન કરવી જોઇએ, આ વાત સમજાવવા માટે જય-વિજયની વાર્તા આવે છે. તેમાંથી જ હિરણ્યાક્ષ નિર્માણ થયો છે. વાર્તા તો બધાને ખબર છે એટલે કહેતો નથી. જય-વિજય બન્નેએ સનકાદિમુનિઓનું અપમાન કર્યું અને તેનું પરિણામ તેમને ભોગવવું પડે છે. મુનિને મહત્ત્વ આપવું જોઇએ. શા માટે ? કર્મનો આગ્રહ છે તે માટે. તૃતીય સ્કંધમાં કર્મનો આગ્રહ કહેવો છે. તમે ઊંઘમાંથી ઊઠીને આંખ ખોલો કે કર્મ થઇ જ જશે. કર્મનો આગ્રહ છે, પરંતુ, કર્મની હેરાનગતિ થાય છે. તે ઓછી કેમ કરવી ? પ્રત્યેક કર્મ તકલીફ આપે છે. તે તકલીફ ઓછી કરવાનો રસ્તો કયો ? તેવો રસ્તો બતાવવા માટે મુનિની જરૂર છે. તેથી મુનિઓનો આદર રાખવાનો તૃતીય સ્કંધમાં આગ્રહ છે. મુનિઓનો અનાદર કરવામાં આવે

તો તેનું પરિણામ સારું નથી આવતું. જ્ઞાનની જરૂર શી છે તે પણ સમજાવ્યું છે. કપિલમુનિ સાંખ્યશાસ્ત્રકાર છે, પરંતુ, ભાગવતમાં જે કપિલમુનિ આવે છે તે એક વેદાંતિ કપિલ છે. અહી એક કોયડો ઊભો થાય છે. વાસ્તવમાં કપિલ નિરીશ્વરવાદી છે, ભગવાનને ન માનવાવાળા સાંખ્યશાસ્ત્રકાર છે, પરંતુ, ભકિતને માટે કપિલનું સાંખ્યશાસ્ત્ર સેશ્વરવાદી બનાવ્યું છે. આખું સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે અને તેમાં ભકિત ઉમેરી દીધી છે. યોગદર્શનકાર પતંજલિ ભગવાને પણ તેવું જ કર્યું છે.

યોગદર્શનકારે પણ સાંખ્યશાસ્ત્રનું ઉત્ક્રાંતિશાસ્ત્ર (Evolution theory) ઉપાડયું છે. સાંખ્ય શબ્દથી ગભરાવું ન જોઇએ. લામાર્ક અને ડાર્વિને ઉત્ક્રાંતિતત્ત્વ ઉપાડયું છે તે સાંખ્યશાસ્ત્ર જેવું જ છે. સાંખ્યશાસ્ત્રે પ્રકૃતિ અને પુરુષ તત્ત્વની ચર્ચા કરી છે. તેમાં પણ કર્મથી છૂટા કેમ થવાનું તેનો રસ્તો બતાવ્યો છે, તે રસ્તે જતા કર્મની ભીતિ ખલાસ થઇ જશે.

જ્ઞાત સૃષ્ટિમાં કર્દમ અને દેવહૂતિના પ્રથમ લગ્ન થયાં. આ કર્દમ અને દેવહૂતિનો પુત્ર તે કપિલ, આ રીતે પ્રથમ મૈથુનજન્ય સૃષ્ટિ નિર્માણ થઇ ઉત્ક્રાંતિ તત્ત્વમાં એકલિંગી પ્રજા હોય છે. દ્વિલિંગી પ્રજામાં મૈથુનજન્ય પ્રજા શરુ થાય છે. મૈથુનજન્ય પ્રજા વિકસિત જીવની ઉન્નતિ માટે એક જરૂરિયાત છે. એકબીજાની આવશ્યકતા એ એક માનસિક (Psychological) જરૂરિયાત છે, કેવળ ભૌતિક (Physical) નથી, વ્યકિતના વિકાસ માટે તેની જરૂરિયાત છે. ભારતીય સંસ્કૃતિએ લગ્નને ધાર્મિક રૂપ, સાંસ્કૃતિક રૂપ અને આધ્યાત્મિક રૂપ આપ્યું છે. લગ્ન કરવા નકામા છે, તે એક પાપ છે, લગ્ન કરવા એટલે માયામાં પડવું છે, એવું આપણા શાસ્ત્રકારનું કહેવું નથી. લગ્ન એ એક જીવનની આવશ્યકતા છે એવો તેમનો આગ્રહ છે. કર્દમ અને દેવહૂતિના લગ્ન થયાં અને તેમને ત્યાં કપિલનો જન્મ થયો. આ કપિલમુનિએ દેવહૂતિને જ્ઞાન આપ્યું તે સાંખ્યશાસ્ત્ર વેદાંતી સાંખ્યશાસ્ત્ર છે. સાંખ્યશાસ્ત્રમાં ભગવાન આવતા જ નથી. વિકસનશીલ ચૈતન્ય, જડ અને ચેતન, (Matter and spirit) જ આવે છે. તેને પ્રકૃતિ અને પુરુષ કહે છે. ગીતામાં પણ ભગવાનને તેનો સ્વીકાર કરવો પડયો છે, પણ સાંભળીને તેનો સ્વીકાર કર્યો છે. તે કાળના જે પંડિતો હતા તેમને સાંખ્યશાસ્ત્ર બહુ જ તર્કસંમત બુદ્ધિવાદી લાગતું હતું, તેથી તેનો સ્વીકાર કર્યો છે.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ।।
कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ।।(गी. १३/१९-२०)

આવી રીતે ગીતાએ સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે પણ વેદાંતી સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે. યોગદર્શનકારે પણ સાંખ્યશાસ્ત્રનો સ્વીકાર કર્યો છે પરંતુ, તેમણે ईश्वरप्रणिधानाद् वा કહીને, ઇશ્વર લાવીને સાંખ્યશાસ્ત્રનું ચોકઠું (Frame) સ્વીકાર્યું છે. વેદાંતી અને ભકતોએ સાંખ્યશાસ્ત્રનું ચોકઠું લીધું છે અને તેમાં ઇશ્વરનું પુરણ મૂકી પોતાનું જુદું શાસ્ત્ર બનાવ્યું છે એમ નથી. તેમનું કહેવું છે કે ભકિતથી જ કર્મબંધનમાંથી છૂટાશે. ભકિતથી કર્મબંધનથી કેમ છૂટાય છે તે આપણે જોયું છે. 'હું કરવાવાળો નથી. મારી જવાબદારી નથી' એમ કહીને કર્મથી છૂટા થવાય છે. બુદ્ધિ પર કર્મના

સિક્કા (Impression) બેસવા ન જોઇએ. છોકરાઓની રમત માટે એક મીણની પાટી આવે છે. તેના પર લખી શકાય છે. લખ્યા પછી ઉપરનો કાગળ ઊંચકો કે લખેલું બધું ભૂંસાઇ જાય. ભકિતમાં પણ આ જ રૂપ છે. ભકિતથી કર્મના સિક્કા ખલાસ થઇ જાય છે, નીકળી જાય છે. આ ભકિત એટલે કેવળ ભગવાનની ખુશામત કે સ્તુતિ નથી. ભકિત એક શાસ્ત્ર છે અને તે શાસ્ત્રીય રસ્તે ચાલશો તો કર્મબંધનથી છૂટી શકાય.

તૃતીય સ્કંધમાં બીજી પણ એક વાત વૈરાગ્ય વિષે આવી છે. જો અમને આ સૃષ્ટિનું આકર્ષણ હશે, સૃષ્ટિ જો સારી લાગશે તો ભકિત તરફ વળણ નહિ થાય, સૃષ્ટિ તરફ જ રહેશે. ભગવાનની સ્તુતિ એ ભકિત નથી, ઉપાસના છે. તમને કંઇ જોઇતું હોય, ભૌતિક સુખ અથવા પૈસા જોઇતા હોય, કીર્તિ, સ્ત્રી કે પુત્ર જોઇતો હોય, નિરોગી જીવન જોઇતું હોય, તે માટે તમે ભગવાનના પગ પકડતા હો તો તમે ભકત નથી, કેમકે તેમાં ભગવાન સાધન બની જાય છે. તમને ભૌતિક સુખનું આકર્ષણ છે, તે ઇચ્છા પૂરી કરવા માટે તમારામાં શકિત નથી, તે માટે તમે બીજા કોઇનો આધાર લો છો, તો તમને ઉપાસક કહી શકાય, પરંતુ, ભકત ન કહી શકાય.

આ સૃષ્ટિ ભગવાને બનાવી છે, તેથી તે ખોટી, નકામી, ખરાબ ન લાગવી જોઇએ. સૃષ્ટિ સુંદર લાગવી જોઇએ પણ તેનું આકર્ષણ ન રહેવું જોઇએ. તો તેના માટે રસ્તો કયો ? તેનો રસ્તો છે અને તે એટલે ભકિતના ચશ્માં પહેરવાં જોઇએ-ભકિતની દૃષ્ટિ-લેવી જોઇએ.

તૃતીય સ્કંધમાં એક બીજી પણ વાત છે કે જે વિચારવાન માણસને હેરાન કરે છે. તે એટલે **જન્તુઃ ઉવાચ-જન્તુ** એટલે જીવ બોલે છે. (ભા. ૩/૩૧/૧૨-૨૧) જીવ ગર્ભવાસમાં છે ત્યારે અત્યંત ઉદ્વેગજનક બોલે છે. શરૂશરૂમાં મને લાગતું હતું કે એ શા માટે વાંચવું જોઇએ ? લોકો પણ એ શા માટે વાંચતા હશે ? તે એટલું ઉદ્વેગજનક છે કે પૂછો નહિં. જીવ કહે છેઃ 'વિષ્ઠા-મૂત્રથી ભરેલા કૂવામાં ભગવાને મને નાખી દીધો છે...' આટલું ઉદ્વેગપૂર્ણ લખવાનું કારણ એટલુંજ છે કે ભાગવતકાર લોકોને ભકિત તરફ લઇ જવા માગે છે. જ્યારે તમને વ્યાવહારિક અને પારિવારિક આકર્ષણ રહે છે ત્યારે ભકિત તરફ તમારું વળણ નહિ થાય. **જન્તુઃ ઉવાચ...** ગર્ભવાસમાં તે **જન્તુ**-એટલે જીવ જ બોલે છે. કદાચ બધા જીવો તેવું બોલતા હશે. આપણને તે ખબર ન પડે. જેવી રીતે ઊંઘમાં આપણે કંઇ બોલીએ છીએ તેની આપણને જ ખબર નથી હોતી છતાં આપણે તે બોલતા હોઇએ છીએ. તેની નોંધ બીજો લે છે. આવી રીતે અહીં ગર્ભવાસમાં રહેલો જીવ કહે છે, 'ભગવાન ! મેં કંઇ એવાં કર્મો કર્યાં હશે કે મારું રક્ષણ થઇ ન શકયું તેથી મારે અહીં આવવું પડયું. મેં કંઇ પાપો કર્યાં હશે, કંઇ દુષ્ટતા પણ કરી હશે, તમને અસંમત એવાં કામો પણ કર્યાં હશે, તેથી જ તમે મને અહીં મોકલ્યો છે. માનવની રક્ષા કરવા માટે અવતાર લેવાવાળા તમે, શું મારી રક્ષા નહિ કરો ?' આ બધું આજીજીભર્યું લખાણ છે. તેમાંની જે આજીજી છે તે સ્વીકારાર્હ છે, પરંતુ, તેમાં જે ઉદ્વેગ છે તે સ્વીકારાર્હ લાગતો નથી, પરંતુ, તેવું લખાણ હોવું જોઇએ, એનું કારણ જે લોકો તેમાં જ પડેલા છે તેમને તેમાંથી બહાર કાઢવાના છે. જે સવારથી સાંજ સુધી, વિત્ત સિવાય બીજું કંઇ જોતો જ નથી, જે રાત્રે સ્વપ્નમાં પણ વિત્ત જ જુએ છે, તેને કહેવું પડે છે કે 'શું જીવનમાં વિત્ત જ સર્વસ્વ છે ? શું વિત્ત ભૂખ આપે છે ? ઊંઘ આપે છે ? પૈસો તને શું આપે છે એમ પૂછવું જોઇએ. આનો અર્થ એ નથી કે વિત્તની મહત્તા આ બોલવાવાળા કે

તો તેનું પરિણામ સારું નથી આવતું. જ્ઞાનની જરૂર શી છે તે પણ સમજાવ્યું છે. કપિલમુનિ સાંખ્યશાસ્ત્રકાર છે, પરંતુ, ભાગવતમાં જે કપિલમુનિ આવે છે તે એક વેદાંતિ કપિલ છે. અહીં એક કોયડો ઊભો થાય છે. વાસ્તવમાં કપિલ નિરીશ્વરવાદી છે, ભગવાનને ન માનવાવાળા સાંખ્યશાસ્ત્રકાર છે, પરંતુ, ભકિતને માટે કપિલનું સાંખ્યશાસ્ત્ર સેશ્વરવાદી બનાવ્યું છે. આખું સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે અને તેમાં ભકિત ઉમેરી દીધી છે. યોગદર્શનકાર પતંજલિ ભગવાને પણ તેવું જ કર્યું છે.

યોગદર્શનકારે પણ સાંખ્યશાસ્ત્રનું ઉત્ક્રાંતિશાસ્ત્ર (Evolution theory) ઉપાડયું છે. સાંખ્ય શબ્દથી ગભરાવું ન જોઈએ. લામાર્ક અને ડાર્વિને ઉત્ક્રાંતિતત્ત્વ ઉપાડયું છે તે સાંખ્યશાસ્ત્ર જેવું જ છે. સાંખ્યશાસ્ત્રે પ્રકૃતિ અને પુરુષ તત્ત્વની ચર્ચા કરી છે. તેમાં પણ કર્મથી છૂટા કેમ થવાનું તેનો રસ્તો બતાવ્યો છે, તે રસ્તે જતા કર્મની ભીતિ ખલાસ થઈ જશે.

જ્ઞાત સૃષ્ટિમાં કર્દમ અને દેવહૂતિના પ્રથમ લગ્ન થયાં. આ કર્દમ અને દેવહૂતિનો પુત્ર તે કપિલ, આ રીતે પ્રથમ મૈથુનજન્ય સૃષ્ટિ નિર્માણ થઈ ઉત્ક્રાંતિ તત્ત્વમાં એકલિંગી પ્રજા હોય છે. દ્વિલિંગી પ્રજામાં મૈથુનજન્ય પ્રજા શરુ થાય છે. મૈથુનજન્ય પ્રજા વિકસિત જીવની ઉન્નતિ માટે એક જરૂરિયાત છે. એકબીજાની આવશ્યકતા એ એક માનસિક (Psychological) જરૂરિયાત છે, કેવળ ભૌતિક (Physical) નથી, વ્યકિતના વિકાસ માટે તેની જરૂરિયાત છે. ભારતીય સંસ્કૃતિએ લગ્નને ધાર્મિક રૂપ, સાંસ્કૃતિક રૂપ અને આધ્યાત્મિક રૂપ આપ્યું છે. લગ્ન કરવા નકામા છે, તે એક પાપ છે, લગ્ન કરવા એટલે માયામાં પડવું છે, એવું આપણા શાસ્ત્રકારનું કહેવું નથી. લગ્ન એ એક જીવનની આવશ્યકતા છે એવો તેમનો આગ્રહ છે. કર્દમ અને દેવહૂતિના લગ્ન થયાં અને તેમને ત્યાં કપિલનો જન્મ થયો. આ કપિલમુનિએ દેવહૂતિને જ્ઞાન આપ્યું તે સાંખ્યશાસ્ત્ર વેદાંતી સાંખ્યશાસ્ત્ર છે. સાંખ્યશાસ્ત્રમાં ભગવાન આવતા જ નથી. વિકસનશીલ ચૈતન્ય, જડ અને ચેતન, (Matter and spirit) જ આવે છે. તેને પ્રકૃતિ અને પુરુષ કહે છે. ગીતામાં પણ ભગવાનને તેનો સ્વીકાર કરવો પડયો છે, પણ સાંભળીને તેનો સ્વીકાર કર્યો છે. તે કાળના જે પંડિતો હતા તેમને સાંખ્યશાસ્ત્ર બહુ જ તર્કસંમત બુદ્ધિવાદી લાગતું હતું, તેથી તેનો સ્વીકાર કર્યો છે.

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥
कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥(गी. १३/१९-२०)

આવી રીતે ગીતાએ સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે પણ વેદાંતી સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે. યોગદર્શનકારે પણ સાંખ્યશાસ્ત્રનો સ્વીકાર કર્યો છે પરંતુ, તેમણે ઈશ્વરપ્રણિધાનાદ્ વા કહીને, ઈશ્વર લાવીને સાંખ્યશાસ્ત્રનું ચોકઠું (Frame) સ્વીકાર્યું છે. વેદાંતી અને ભકતોએ સાંખ્યશાસ્ત્રનું ચોકઠું લીધું છે અને તેમાં ઈશ્વરનું પુરણ મૂકી પોતાનું જુદું શાસ્ત્ર બનાવ્યું છે એમ નથી. તેમનું કહેવું છે કે ભકિતથી જ કર્મબંધનમાંથી છૂટાશે. ભકિતથી કર્મબંધનથી કેમ છૂટાય છે તે આપણે જોયું છે. 'હું કરવાવાળો નથી. મારી જવાબદારી નથી' એમ કહીને કર્મથી છૂટા થવાય છે. બુદ્ધિ પર કર્મના

સિક્કા (Impression) બેસવા ન જોઇએ. છોકરાઓની રમત માટે એક મીણની પાટી આવે છે. તેના પર લખી શકાય છે. લખ્યા પછી ઉપરનો કાગળ ઊંચકો કે લખેલું બધું ભૂંસાઇ જાય. ભકિતમાં પણ આ જ રૂપ છે. ભકિતથી કર્મના સિક્કા ખલાસ થઇ જાય છે, નીકળી જાય છે. આ ભકિત એટલે કેવળ ભગવાનની ખુશામત કે સ્તુતિ નથી. ભકિત એક શાસ્ત્ર છે અને તે શાસ્ત્રીય રસ્તે ચાલશો તો કર્મબંધનથી છૂટી શકાય.

તૃતીય સ્કંધમાં બીજી પણ એક વાત વૈરાગ્ય વિષે આવી છે. જો અમને આ સૃષ્ટિનું આકર્ષણ હશે, સૃષ્ટિ જો સારી લાગશે તો ભકિત તરફ વળણ નહિ થાય, સૃષ્ટિ તરફ જ રહેશે. ભગવાનની સ્તુતિ એ ભકિત નથી, ઉપાસના છે. તમને કંઇ જોઇતું હોય, ભૌતિક સુખ અથવા પૈસા જોઇતા હોય, કીર્તિ, સ્ત્રી કે પુત્ર જોઇતો હોય, નિરોગી જીવન જોઇતું હોય, તે માટે તમે ભગવાનના પગ પકડતા હો તો તમે ભકત નથી, કેમકે તેમાં ભગવાન સાધન બની જાય છે. તમને ભૌતિક સુખનું આકર્ષણ છે, તે ઇચ્છા પૂરી કરવા માટે તમારામાં શકિત નથી, તે માટે તમે બીજા કોઇનો આધાર લો છો, તો તમને ઉપાસક કહી શકાય, પરંતુ, ભકત ન કહી શકાય.

આ સૃષ્ટિ ભગવાને બનાવી છે, તેથી તે ખોટી, નકામી, ખરાબ ન લાગવી જોઇએ. સૃષ્ટિ સુંદર લાગવી જોઇએ પણ તેનું આકર્ષણ ન રહેવું જોઇએ. તો તેના માટે રસ્તો કયો ? તેનો રસ્તો છે અને તે એટલે ભકિતના ચશ્માં પહેરવાં જોઇએ-ભકિતની દૃષ્ટિ-લેવી જોઇએ.

તૃતીય સ્કંધમાં એક બીજી પણ વાત છે કે જે વિચારવાન માણસને હેરાન કરે છે. તે એટલે **जन्तुः उवाच-जन्तु** એટલે જીવ બોલે છે. (ભા. ૩/૩૧/૧૨-૨૧) જીવ ગર્ભવાસમાં છે ત્યારે અત્યંત ઉદ્વેગજનક બોલે છે. શરૂશરૂમાં મને લાગતું હતું કે એ શા માટે વાંચવું જોઇએ ? લોકો પણ એ શા માટે વાંચતા હશે ? તે એટલું ઉદ્વેગજનક છે કે પૂછો નહિં. જીવ કહે છે: 'વિષ્ઠા-મૂત્રથી ભરેલા કૂવામાં ભગવાને મને નાખી દીધો છે...' આટલું ઉદ્વેગપૂર્ણ લખવાનું કારણ એટલુંજ છે કે ભાગવતકાર લોકોને ભકિત તરફ લઇ જવા માગે છે. જ્યારે તમને વ્યાવહારિક અને પારિવારિક આકર્ષણ રહે છે ત્યારે ભકિત તરફ તમારું વળણ નહિ થાય. **जन्तुः उवाच...** ગર્ભવાસમાં તે **जन्तु**-એટલે જીવ જ બોલે છે. કદાચ બધા જીવો તેવું બોલતા હશે. આપણને તે ખબર ન પડે. જેવી રીતે ઊંઘમાં આપણે કંઇ બોલીએ છીએ તેની આપણને જ ખબર નથી હોતી છતાં આપણે તે બોલતા હોઇએ છીએ. તેની નોંધ બીજો લે છે. આવી રીતે અહીં ગર્ભવાસમાં રહેલો જીવ કહે છે, 'ભગવાન ! મેં કંઇ એવાં કર્મો કર્યાં હશે કે મારું રક્ષણ થઇ ન શક્યું તેથી મારે અહીં આવવું પડયું. મેં કંઇ પાપો કર્યાં હશે, કંઇ દુષ્ટતા પણ કરી હશે, તમને અસંમત એવાં કામો પણ કર્યાં હશે, તેથી જ તમે મને અહીં મોકલ્યો છે. માનવની રક્ષા કરવા માટે અવતાર લેવાવાળા તમે, શું મારી રક્ષા નહિ કરો ?' આ બધું આજીજીભર્યું લખાણ છે. તેમાંની જે આજીજી છે તે સ્વીકારાર્હ છે, પરંતુ, તેમાં જે ઉદ્વેગ છે તે સ્વીકારાર્હ લાગતો નથી, પરંતુ, તેવું લખાણ હોવું જોઇએ, એનું કારણ જે લોકો તેમાં જ પડેલા છે તેમને તેમાંથી બહાર કાઢવાના છે. જે સવારથી સાંજ સુધી, વિત્ત સિવાય બીજું કંઇ જોતો જ નથી, જે રાત્રે સ્વપ્નમાં પણ વિત્ત જ જુએ છે, તેને કહેવું પડે છે કે 'શું જીવનમાં વિત્ત જ સર્વસ્વ છે ? શું વિત્ત ભૂખ આપે છે ? ઊંઘ આપે છે ? પૈસો તને શું આપે છે એમ પૂછવું જોઇએ. આનો અર્થ એ નથી કે વિત્તની મહત્તા આ બોલવાવાળા કે

લખવાવાળાના મગજમાં નહિ હોય.

જીવ આજીજીપૂર્વક બોલે છે: 'બંધાયેલો એવો હું, ભગવાન ! આપને આદરથી અભિવાદન કરું છું, એનું કારણ તમે બંધિત નથી. બન્ને જણ બંધાયેલા હોય તો એકબીજાને છોડાવી શકતા નથી. તેમાંનો એક જે બંધનરહિત છે, તેના શરણે જવું જોઇએ. 'ભગવાન ! તમને બંધન નથી, અમને બંધન છે. આવો બંધનયુકત જીવ હું, આપને શરણ આવ્યો છું. શરીર કરતાં હું જુદો છું તે હું સમજી શકું છું, તે છતાં પંચમહાભૂતોથી વેષ્ટિત થયા બાદ હું દુઃખ અનુભવું છું. તમે પંચમહાભૂતોથી વેષ્ટિત હોવા છતાં દુઃખ અનુભવતા નથી, એવા આપ કૃષ્ણ ભગવાન છો. એવી સ્થિતિ પ્રાપ્ત કરવા કયો રસ્તો છે ? પ્રભુ ! તે તમે મને બતાવો. તમારા અનુગ્રહ વગર તે શકય નથી. હમણાં પણ મને જે જ્ઞાન મળ્યું છે તે તમારી કૃપા છે તેથી થયું છે.'

આ બધું કહેવાનો હેતુ એટલો જ છે કે લોકોને ભકિત તરફ વાળવા છે. પ્રશ્ન આટલો જ છે કે ઉદ્વિગ્નતાથી ભકિત તરફ વળાંક મળે તે શ્રેષ્ઠ છે કે પછી પ્રેમથી ભકિત તરફ વળાંક મળે તે શ્રેષ્ઠ છે ? ભાગવતે પ્રેમથી ભકિત તરફ વળવાને શ્રેષ્ઠ માન્યું છે. જેના દિલમાં પ્રેમ ઊભો થતો નથી, અતીંદ્રિય દૃષ્ટિ જેને આવતી નથી, ભવિષ્યનું જ્ઞાન સમજવાની જેની બુદ્ધિમાં કમજોરી છે, હું આવ્યો છું તો મારે જવાનું પણ છે, હું શું લઇને આવ્યો છું? મન અને બુદ્ધિ ઉપર કયા સિક્કા લગાડીને આવ્યો છું તે જેને ખબર નથી પડતી, તે જેના મગજમાં આવતું નથી, આવા લોકોને ઉદ્વેગથી પણ વળાંક આપવાનો છે. અહીં પણ તેમણે શાસ્ત્ર બતાવ્યું છે કે શુક્રસ્વરૂપે બિંદુથી જીવનનો પ્રાદુર્ભાવ કેવી રીતે થાય છે ? તેની નિર્મિતિ કેવી રીતે થાય છે ? આ બધું તૃતીય સ્કંધમાં છે.

તૃતીય સ્કંધ તત્ત્વજ્ઞાનથી ભરેલો છે. તેમાં કપિલ ભગવાનનું સાંખ્યશાસ્ત્ર આવ્યું છે. ઉત્ક્રાંતિવાદના સિધ્ધાંત મુજબ સૃષ્ટિના સર્જન સંબંધમાં વિચારવામાં આવે, તો તેમાં સૃષ્ટિનો નિર્માતા હોઇ જ શકતો નથી. બુધ્ધિવાદથી, ઉત્ક્રાંતિતત્ત્વના વિચારથી, જો સૃષ્ટિનું સર્જન સિધ્ધ થતું હોય તો આ સૃષ્ટિનો કોઇ નિર્માતા હોવો ન જોઇએ. જો નિર્માતા અસમર્થ હોય તો જ ઉત્ક્રાન્તિ થઇ શકે છે. જો નિર્માતા સર્વ સમર્થ હોય તો તેને ઉત્ક્રાંતિની જરૂર જ શી છે ? નિર્માતા જો સર્વ સમર્થ હોય તો ઉત્ક્રાંતિતત્ત્વને જગા જ નથી કારણ સમર્થ નિર્માતા પોતાને જેવી જોઇએ તેવી સૃષ્ટિ નિર્માણ કરી શકે છે.

સાંખ્યશાસ્ત્રે ઉત્ક્રાંતિતત્ત્વ સ્વીકાર્યું છે. તેમાં નિર્માતાની આવશ્યકતા નથી. તેને નિરીશ્વરવાદી સાંખ્ય કહે છે. સાંખ્યશાસ્ત્ર મુજબ, મુકિત કેવી રીતે મળે ? પુરૂષ અને પ્રકૃતિ જ્યારે વિભિન્નરૂપે રહે અને જ્યારે પુરૂષ પ્રકૃતિ તરફ જ્ઞાનયુકત બનીને જોતો રહે તો તે બધા વિષયોથી છૂટી જશે; તે જ્ઞાનથી જ છૂટી શકે છે. પુરુષને જ્ઞાન થાય તો તે કહે કે હું પ્રકૃતિથી સંબંધિત નથી, ત્યારે તે વિષયોથી છૂટી જાય છે એવો સાંખ્યશાસ્ત્રનો સિદ્ધાંત છે. સાંખ્યશાસ્ત્રને ભકિત માન્ય નથી.

પરંતુ, ભાગવતનું કહેવું છે કે ભકિત વગર તમે વિષયોથી છૂટી શકતા નથી. ભાગવતે તે શાસ્ત્રમાં ભકિત ઉમેરી છે. આ પરથી કેટલાક કહે છે કે કપિલ બે હોવા જોઇએ. એક વેદાંતી કપિલ અને બીજા સાંખ્યશાસ્ત્રી કપિલ. મને તો લાગે છે કે કપિલ એક જ હોવા જોઇએ.

સૌ પ્રથમ, જ્ઞાનીઓને સમજાવવાની જરૂર હોય છે. સૃષ્ટિ સર્જનના શાસ્ત્રમાં તમે ભગવાનનું નામ લો તો તેઓ તે શાસ્ત્રને અડકતા પણ નથી. તેઓ એમ માને છે કે જ્યાં બુદ્ધિ-તર્ક (Logic) ચાલતો નથી બુધ્ધિથી સમજાવી શકતા નથી ત્યાં તમે વચ્ચે ભગવાન લાવો છો. આથી કપિલે શરૂઆતમાં શુદ્ધરૂપે, ભગવાનને છોડીને (ભગવાનને વચ્ચે ન લાવતાં) ઉત્ક્રાંતિતત્ત્વથી સાંખ્યશાસ્ત્રનું વિવેચન કર્યું. તેના લીધે જ્ઞાનીઓની ચોટલી કપિલના હાથમાં આવી ગઇ. ત્યારબાદ તેમણે સાંખ્યશાસ્ત્રમાં ભકિત ભેળવી દીધી. તેમાં કઇ ખોટી વાત છે ? દા.ત. શંકરાચાર્યે પણ એક અલૌકિક શબ્દ બતાવ્યો છે. 'ઉત્તર મીમાંસા'. ઉત્તરમીમાંસાનો અર્થ એટલો જ થાય છે કે પૂર્વમીમાંસા છે, તેનું ઉત્તરમીમાંસામાં ખંડન હોવું જરૂરી નથી. ઉત્તરમીમાંસા ખંડનને માટે નથી. પૂર્વમીમાંસા થઇ ગઇ. હવે ઉત્તરમીમાંસામાં ઉત્તરાર્ધ છે. ઉત્તરમીમાંસાનો હું આવો અર્થ કરું છું, તેવી રીતે કપિલે પણ કર્યું હશે. જો તમે ભગવાનને લઇને તત્ત્વજ્ઞાન કહો તો જેઓ માત્ર જ્ઞાનીઓ છે તેઓ પાસે આવતા નથી. કેટલાક લોકો એમ જ માને છે કે સૃષ્ટિ સર્જનમાં તમે ભગવાન માનો ત્યાં બુધ્ધિ (Logic) ખલાસ થઇ ગઇ. ત્યાં બુદ્ધિની જરૂર જ નથી; અને જ્યાં બુદ્ધિની જરૂર નથી એવી વાત માનવા અમે તૈયાર નથી. આથી કપિલે પહેલાં ભગવાનને છોડીને સૃષ્ટિનું રહસ્ય અને સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવી. ત્યારબાદ તેમણે સમજાવ્યું કે જુઓ, અહીં ભકિતની આવશ્યકતા છે કે નહિ? આવું કરીને સાંખ્યશાસ્ત્રમાં ભકિતની મિલાવટ તેમણે કરી આ દૃષ્ટિએ કપિલ એક જ હોવા છતાં નિરીશ્વરવાદી સાંખ્ય હોઇ શકે છે અને સેશ્વર સાંખ્ય પણ હોઇ શકે છે.

સેશ્વરવાદી સાંખ્ય પણ તેટલું જ પ્રભાવી છે. કેવળ ભાગવત પુરાણે જ સેશ્વરવાદી સાંખ્યશાસ્ત્ર સ્વીકાર્યું છે એવું નથી. પંતજલિ ભગવાને યોગદર્શનમાં તે જ સેશ્વરવાદી સાંખ્ય સ્વીકાર્યું છે.

આજે પણ લોકો બોલે છે કે, 'કલિયુગ છે, તે ભગવાન લાવ્યા છે. (કારણ) ભગવાનની જેવી ઇચ્છા હોય તેવું થાય છે.' બસ ખલાસ થયું. ભગવાનની ઇચ્છા મુજબ જ બધું થાય છે તો પરિશ્રમને જગા જ કયાં રહી ? અને બુદ્ધિ ચલાવવાની પણ જરૂર નથી. કપિલે પહેલાં જ્ઞાનીઓને વિશિષ્ટરૂપે સૃષ્ટિનું સર્જન સમજાવ્યું અને જ્ઞાનીઓ સમજી ગયા. જે લોકોને સમાજનું અને વ્યકિતનું ઉન્નયન, ઉન્નતિ કરવી છે, તે લોકો લોકસંગ્રહ કરે છે અને તેઓ આવા ક્ષુદ્ર વાદમાં પડતા નથી.

આવો જ સમન્વય આપણા આર્યોએ સ્વીકાર્યો છે. આર્યોએ આદિવાસીઓમાં કામ કર્યું, તેમનું ઉન્નયન કરવા માટે, તેમની પાસે ગયા; પછી આદિવાસીઓના નાગ, વાઘ વગેરે દેવોનો આર્યોએ સ્વીકાર કર્યો. આમાં કંઇ તડજોડ નથી. સમજનાર માણસો સિદ્ધાંતમાં બાંધછોડ (Compromise) કરતા નથી. આવી રીતે, સાંખ્યદર્શનકાર કપિલે એક સ્વતંત્રરૂપે સાંખ્યશાસ્ત્ર જ્ઞાનીઓને કહ્યું હશે અને ત્યારબાદ તેમણે જ તેમાં ભકિત મિલાવી હશે. આ તેમની ઉત્તરમીમાંસા હશે. મને તો લાગે છે કે કપિલ એક જ હશે. બે કપિલ માનવાની કોઇ જરૂર નથી.

તૃતીય સ્કંધમાં, વૈરાગ્ય નિર્મિતિને માટે, ઉદ્વેગજનક, નફરત નિર્માણ કરવાવાળું વર્ણન **जन्तुरुवाच** કહીને કર્યું છે. હવે આ વિચારવા જેવો વિષય છે. પહેલાં સંસાર-કુટુંબનો આગ્રહ

દેખાય છે. તમે ભાગવત વાંચશો તો બ્રહ્મદેવ અને ભગવાનનો પ્રથમ ઉત્પત્તિનો આગ્રહ દેખાય છે. સનતકુમારે ઉત્પત્તિનો વિરોધ કર્યો તો તેમના પર ભગવાન ક્રોધિત થયા. ત્યારબાદ મનુમહારાજ ઉત્પત્તિને અનુકૂલ રહ્યા તો ભગવાન તેમના પર સંતુષ્ટ થયા. એટલે સૃષ્ટિની, સંસાર-પરિવારની મહત્તા ભાગવતકાર સમજે છે. તો પણ **जन्तुरुवाच** કહીને સંસાર-કુટુંબને નિકૃષ્ટ ઠરાવ્યું છે, એટલું જ નહિ, જન્મ લેવો એમાં જ હલકાપણું છે. ઉદ્વેગજનક લખાણ વાંચીને જન્મ લેવા બાબત જબરદસ્ત નફરત નિર્માણ થાય છે. ગર્ભવાસમાં પડેલા જીવને જન્તુ કહે છે. માનવ પણ નથી કહેતા, અને તે કહીને નફરત દેખાડી છે. જે સંસારમાં જ ડૂબેલો છે, જે તેમાંથી નીકળી જ શકતો નથી, જેનું વિશ્વ તેટલું જ મર્યાદિત છે, તેમના માટે ભાગવતકારે તેવું લખ્યું છે. ભાગવત વાંચવાના બધા જ અધિકારી છે. તેમાં પ્રાથમિક કક્ષાના લોકો હોય તેવી રીતે ઉચ્ચસ્તરના ભણેલા, વિદ્વાનો પણ હોય. ભાગવતકારે આ બન્નેને દૃષ્ટિ સમક્ષ રાખ્યા છે.

જીવનમાં ઉદ્વેગથી ભકિતનો વળાંક આવે છે. વિશ્વ દેખાય છે પણ ભગવાન દેખાતા નથી. જે દેખાય છે તેના માટે પ્રેમ રહે અને જે દેખાતા નથી તેના માટે પ્રેમ ન રહે, એ સ્વાભાવિક છે. જે દેખાતા નથી તે ભગવાન છે કે નહિ, તેના માટે જ સંશય નિર્માણ થાય છે. જેમ ઉદ્વેગથી નફરત તરફ વળાંક મળે છે તેમ પ્રેમથી ભક્તિ તરફ વળાંક મળે છે. અંતિમ, ભાગવતકારે ભકિતથી વિરક્તિ સમજાવી છે. નફરતથી વિરકિત નહિ.

ભકિતથી વિરકિત આવે છે તેવો સિદ્ધાંત ભાગવતકારને કહેવો છે. પ્રભુ ઉપર આત્યંતિક પ્રેમ નિર્માણ થશે તો સૃષ્ટિને માટે સખ્યત્વ નિર્માણ થશે; અને જ્યાં સખ્યત્વ નિર્માણ થાય છે ત્યાં ઉપભોગ્યત્વ ખલાસ થાય છે આ માનસશાસ્ત્રીય વિવેચન છે. ભકિતથી વિરકિત સાધવા માટે સાચા અર્થની ભકિત હોવી જોઈએ. ભકિતનો અર્થ કેવળ પૂજાપાઠ કરતાં બેસવું, કે રામનામ લેતાં બેસવું, એવુ નથી. કેટલાક લોકો રખાતનો પ્રેમ વધે એટલા માટે પણ ભગવાનના નામનો જપ કરે છે. આ કંઇ ભકિત નથી. જે વિરકિત પ્રેમથી અને ભકિતથી આવે છે, તે જ શ્રેષ્ઠ વિરક્તિ છે એવું ભાગવતકારનું કહેવું છે.

એક કુમારિકાને સિનેમા જોવાનો જબરો શોખ હતો. તેને સમજાવવામાં આવ્યું કે બહુ સિનેમા જોવા સારા નહિ, તેનાથી આંખો બગડે છે. આવા ઉપદેશોની તે છોકરી પર કંઇ અસર ન થઈ. ત્યારબાદ તે છોકરીના લગ્ન થયાં. પછી તે મા બની. હવે તેણે સિનેમાં જોવાનું જ બંધ કર્યું. તેને સિનેમા ખરાબ લાગતા નથી, તેના તરફ તેને નફરત પણ થઇ નથી, પરંતુ, બાળક ઉપરનો પ્રેમ વધ્યો કે સિનેમા પોતાની મેળે બંધ થયા. પહેલાં સિનેમાનું એટલું બધું આકર્ષણ હતું કે તે જોવા માટે તે પૈસા પણ ચોરતી હતી. બાળકનો પ્રેમ વધ્યો કે તેનું સિનેમા જોવાનું બંધ થઇ ગયું. તે હવે કહેતી હતી કે ત્રણ વર્ષ થયાં મે એક પણ ફિલ્મ જોઇ નથી. આ છોકરીને સિનેમા પર વિરકિત કેવી રીતે આવી ? સિનેમા પ્રત્યે નફરત ઊભી કરીને નહિ, પણ બાળક ઉપરના પ્રેમને લીધે વિરકિત આવી. પ્રેમથી નિર્માણ થયેલી વિરકિત ભાગવતકારને માન્ય છે. ભાગવતે તે જ રસ્તો સ્વીકાર્યો છે. પ્રભુ ઉપર આત્યંતિક પ્રેમ વધી ગયો કે સૃષ્ટિમાટે સખ્યત્વ નિર્માણ થાય છે, એનું કારણ, સૃષ્ટિ પ્રભુએ નિર્માણ કરી છે. આ માનસશાસ્ત્રીય સિધ્ધાંત છે કે જ્યાં સખ્યતા હોય ત્યાં ઉપભોગ હોતો નથી. અહીં કેવળ સખ્યતા નહિ, સૃષ્ટિને માટે આદર (Reverence) પણ

નિર્માણ થાય છે. જ્યાં આદર નિર્માણ થાય છે ત્યાં ભોગ ચાલ્યો જાય છે.

મંદિર સંભાળવા માટે ચોકીદારની જરૂર નથી પડતી, પરંતુ, તાજમહાલ સંભાળવા માટે ચોકીદારની જરૂર પડે છે, નહિ તો તાજમહાલનું સૌંદર્ય કોઇ ખતમ કરી નાખે. મંદિરનું સૌંદર્ય કોઇ ખલાસ ન કરે, કારણ, તે સૌંદર્યની પાછળ આદર છે. ભારતીય આર્યોએ સૌંદર્યની પાછળ આદર નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જે જે સૌંદર્ય છે, તેને માટે આદર ઊભો કરો. સ્ત્રી તરફ આદર નિર્માણ કરો તો ઉપભોગની દૃષ્ટિ ઓછી થશે, આ રસ્તો છે. ભાગવતકારે ભક્તિથી વિરકિત સમજાવી છે.

તૃતીય સ્કંધમાં એક મૂંઝવણ ઊભી થાય છે તે પણ હલ થઇ જાય છે. અહીં સાંખ્યશાસ્ત્રકાર સેશ્વરવાદી કેવી રીતે ? કપિલ સેશ્વરવાદી કેમ થયા? તે વિષે વિચાર કરતાં એમ લાગે છે કે કપિલ એક જ હતા. તેમણે સાંખ્યશાસ્ત્ર પહેલાં સમજાવ્યું હશે અને ત્યારબાદ, ભકિત વગર ઉન્નતિ ન થાય એમ માન્યું હશે. ઋષિઓની આવી સમન્વયાત્મક દૃષ્ટિ હતી, કારણ, તેમને લોકોની ઉન્નતિ કરવી હતી, તેમને ઊભા કરવા હતા. કોઈનું વ્યસન છોડાવવા માટે તેઓ કહેતા હશે કે દરરોજ ભલે વ્યસન રાખ, પરંતુ, એકાદશીને દહાડે તેનો ત્યાગ કર. એનો અર્થ એ નથી કે ઋષિ વ્યસની બનવાની છૂટ આપતા હતા. દસ બંડલ બીડી પીવાવાળા છોકરાને બાપ જો કહે કે રોજ બે બંડલ બીડી પી, વધારે નહિ. તો તેનો અર્થ એટલો જ કે બાપ હળવે હળવે દિકરાની બીડી છોડાવવા માગે છે. યોગસૂત્રમાં કહે છે.: **जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम् ।....** દુર્ગુણ કાઢવા હશે તો અભ્યાસ કરવો પડે, તો જ તે શકય બને. આર્યો સમન્વયવાદી અને ઉપર લઇ જવાનો પ્રયત્ન કરવાવાળા હતા. તેમને માત્ર વિદ્વતા દેખાડવી ન હતી. તેમને તો લોકોને ઊભા કરવા હતા. તેમને ઉત્કર્ષ કરવો હતો. ઋષિનું આંતરડું બળતું હતું. તે સમજાશે તો તેઓ સમન્વયવાદી શા માટે બન્યા હતા તે સમજાશે. તેમની એ પોલિસી પણ ન હતી એ સિદ્ધ થાય છે. તૃતીય સ્કંધમાં એ મહત્ત્વની વાત છે.

चतुर्थः स्कंधः

ચતુર્થ સ્કંધમાં વંશવર્ણન છે. સ્વયંભૂ મનુને દેવહૂતિ ઉપરાંત બે કન્યાઓ છે. એક આકૂતિ અને બીજી પ્રસૂતિ. આ બન્નેનો વંશવિસ્તાર આ સ્કંધમાં દેખાડયો છે. એમાં દેવહૂતિની પુત્રી અનસૂયા છે તે અત્રિની પત્ની થઇ. તેમને ત્યાં દત્ત, દુર્વાસા અને ચંદ્ર આ ત્રણેયનો જન્મ થયો. તેમાં દત્ત ભગવાનનું આગળ ઘણું સારું વર્ણન આવશે. તેથી અહીં આ સ્કંધમાં ફક્ત નામનિર્દેશ છે. મનુની ત્રીજી કન્યા પ્રસૂતિના લગ્ન દક્ષ પ્રજાપતિ સાથે થયાં છે. દક્ષને સોળ કન્યાઓ છે, તેમાંની એક સતિ છે. સતિના લગ્ન ભગવાન શિવજી સાથે થયાં છે. તેનુ બધું વર્ણન એક અધ્યાયમાં આવે છે.

દક્ષ પ્રજાપતિએ એક બહુ મોટો યજ્ઞ કર્યો. તેમાં તેણે બધા દેવતાઓને બોલાવ્યા પરંતુ, સતિને ન બોલાવી. એનું કારણ દક્ષ શિવજીને બોલાવવા ઇચ્છતા ન હતા. પોતાના પતિને પિતાએ બોલાવ્યા નહિ તેથી હું પણ નહિ જાઉં એમ સતિએ કહેવું જોઇએ, પરંતુ, સતિએ કહ્યું કે મારા પિયરમાં યજ્ઞ છે તેથી હું જાઉ છું. શિવજીએ તેનો વિરોધ કર્યો તે છતાં સતિ દક્ષ પ્રજાપતિને ત્યાં પિયરમાં ગઇ. દક્ષ પ્રજાપતિએ શિવજીની ઘણી નિંદા કરી. સતિએ કહ્યું: 'મારા પતિ પાસે ભલે બીજું કંઇ' ન હશે પરંતુ તેમની પાસે શકિત છે અને જ્ઞાન છે. તેમના જેવું જ્ઞાન કે તેવી શકિત કોની પાસે છે ?, પતિના જ્ઞાન માટે અને શકિત માટે સતિને આદર હતો. સતિ પતિનું અપમાન સહન ન કરી શકી.

દક્ષે કહ્યું: शिवापदेशो ह्यशिवो मत्तो मत्तजनप्रियः શિવજી અપવિત્ર છે, ઉન્મત્ત છે અને ઉન્મત્તોનો સખા છે. જે ઉન્મત્ત લોકો છે તે જ શિવજીની પાસે જાય છે. પોતાના પતિની આવી નિંદા સાંભળીને સતિને અત્યંત વ્યથા થઇ-તેણે કહ્યું: ‘મારા બાપની વિરુદ્ધ હું પતિની પાસે ફરિયાદ કરીશ તો બાપ જ ખલાસ થઇ જશે. બાપ ઉપર પ્રેમ અને પતિ ઉપર પણ પ્રેમ હતો, તેથી સતિએ એક રસ્તો કાઢયો. તેણે અગ્નિસ્નાન કર્યું અને પોતાનું જીવન સમાપ્ત કર્યું. આવી કથા છે. આ કથા બહુ લાંબી લખી છે. સંભાવિત વ્યકિતનો સ્વજનોમાં પરાભવ અને અપમાન થાય છે તો તે મૃત્યુ કરતાં વધારે દુ:ખદાયી લાગે છે એવું તેમાં લખ્યું છે. સતિનું જીવન સમાપ્ત થયું તે વાતની જ્યારે શિવજીને ખબર પડી ત્યારે શિવજીએ વીરભદ્રને ઊભો કર્યો અને તે વીરભદ્ર સૈન્ય લઇને દક્ષ પ્રજાપતિને ત્યાં ગયો. તેણે દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિધ્વંસ કર્યો. ત્યારે વિષ્ણુએ વિચાર્યું કે યજ્ઞનો વિધ્વંસ શા માટે થયો ? શિવજીને તેનો હવિર્ભાગ મળવો જોઇએ, તે શા માટે ન મળ્યો? વિષ્ણુ ભગવાને પોતે જ બધાને સમજાવ્યું કે વિષ્ણુ અને શિવજી આ બેમાં કોઇ ભેદ નથી. જેઓ શિવ-વિષ્ણુમાં ભેદ કરે છે તે ખોટું કામ કરે છે. અહીં વિષ્ણુ ભગવાનના મોઢાથી નીકળેલા છ શ્લોક છે. તેમાં એટલું જ લખ્યું છે કે શિવ અને વિષ્ણુ એક જ છે. બધા તત્ત્વજ્ઞાનીઓ પણ

એવું જ માને છે, શ્રીમદ આદ્યશંકરાચાર્ય ચંદ્રમૌલીશ્વર ભગવાનની પૂજા કરતા હતા. તેમણે શ્રીકૃષ્ણ ઉપર જેટલો પ્રેમ કર્યો છે તેટલો ભાગ્યે જ કોઇએ કર્યો હશે. તેમનું **कृष्णाष्टकम्** સ્તોત્ર તો અલૌકિક છે, અજોડ છે. અપય્યા દીક્ષિતને લોકોએ પૂછયું: ‘તમે શિવજીની પૂજા કરો છો? ત્યારે અપય્યા દીક્ષિતે લખ્યું છે:

पुरारौ च मुरारौ च न भेदः पारमार्थिकः ।
तथाऽपि मामकी भक्ति चंद्रचूडे प्रधावति ॥

જેનું જે રૂપમાં આકર્ષણ હોય તે લઇ શકે છે, પરંતુ, પુરારિ કે મુરારિમાં કોઇ પારમાર્થિક ભેદ નથી; કારણ આખરે તો બધા રૂપો એક જ ભગવાનનાં છે.

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥

બધી નદીઓ જેમ સાગરમાં જ પહોંચે છે તેમ કોઇ પણ રૂપને નમસ્કાર કરો તે તે જ ભગવાનને પહોંચે છે.

દક્ષ પ્રજાપતિની આ કથા ભાગવતપુરાણમાં છે. તેમજ વાયુસંહિતામાં અને શિવપુરાણમાં છે, તેથી આ ઘટના બની પણ હશે.

ઐતિહાસિક દૃષ્ટિથી જોઇએ તો ત્રણ વાદ પ્રચલિત છે. એક એવો જમાનો હતો કે જેમાં શૈવ-વૈષ્ણવોનો જબરદસ્ત વાદ હતો કે શિવજી મોટા કે વિષ્ણુ મોટા ? લોકો સમજતા નથી કે તે એક જ ભગવાનનાં બે રૂપો છે. ભાગવતમાં તો વિષ્ણુ ભગવાને પોતે જ કહ્યું છે કે શિવ અને વિષ્ણુ એક જ છે, એટલું જ નહિ, શિવ અને હું એક જ છીએ. શિવ મારૂં જ રૂપ છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એક જ છે. આ કહેવાને માટે ભાગવતકારે દક્ષ પ્રજાપતિની કથા કહી છે.

એક ગુરુના બે શિષ્યો હતા. બન્ને દરરોજ ગુરુના પગ દાબતા-હતા. બન્ને જણાએ ડાબો અને જમણો પગ વહેચી લીધો હતો. ત્યારબાદ, ભૂલથી પણ બીજો પગ હાથમાં આવે તો ફટકો મારે. તે સમજતા ન હતા કે ફટકો ગુરુને જ પડે છે અને ગુરુને જ દુઃખ-પીડા થાય છે. જરૂર, મૂર્તિપૂજાના શાસ્ત્રમાં એક જ ભગવાનની મૂર્તિ નો આગ્રહ છે. દરરોજ મૂર્તિ બદલાય નહિ. જો વારંવાર મૂર્તિ બદલવામાં આવે તો ચિત્તએકાગ્રતા કરતી વખતે તકલીફ થાય. તેથી એક જ મૂર્તિ રાખવી જોઇએ. મહિમ્નસ્તોત્રમાં કહ્યું છે:

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ (महिम्न/७)

તેથી ચિત્તએકાગ્રતા માટે એક જ મૂર્તિ રાખવી જોઇએ, પરંતુ, બીજી મૂર્તિ માટે નફરત ન હોવી જોઇએ. બીજી મૂર્તિ તે જ ભગવાનની નથી એવી કલ્પના માણસને હીન બનાવે છે અને ભક્તિને પણ હીન બનાવે છે.

સમજો કે હું વિષ્ણુ કે કૃષ્ણની ઉપાસના કરું છું. પણ તેનો અર્થ શિવ ભગવાન જ નથી એમ સમજીને શિવજીનું મંદિર તોડો એમ કહું તે કેમ ચાલે ? કેટલાક વિષ્ણુભક્તો શિવરાત્રિ માનતા નથી, કરતા નથી. તે કહે 'અમે વિષ્ણુના ભકત છીએ તેથી શિવરાત્ર નહિ માનીએ. અમે શિવરાત્રિને દિવસે કાંદા ખાઇશું' આ જે અતિરેક છે તે અવિવેકી અને તર્કહીન છે. જે પ્રહાર કરવામાં આવે છે તે એક જ ભગવાન પર થાય છે. તે આવું કહેનાર લોકો સમજતા જ નથી. બીજા ભગવાન નથી અને બીજા રૂપમાં ભગવાન નથી એ માનવું યોગ્ય નથી. કેટલાક અતિરેકી લોકો બીજાનો સ્પર્શ થતાં **सचैलं स्नानमाचरेत्...** એમ કરતા હોય છે. એ ખોટી વાત છે. કયાંયપણ જાઓ તો ત્યાં ભગવાનના દર્શન કરો. રામદાસ દ્વારકામાં ગયા ત્યાં તેમણે દ્વારકાધીશમાં રામચંદ્ર ભગવાનને જોયા. આ જુદી વાત છે. હું દ્વારાકાધીશના મંદિરમાં જ નહિ જાઉ એવું ન કહેવાય. જો એવું કોઇ બોલે તો તેનો વિરોધ કરવો જોઇએ. હું રામને માનું છું, તેથી હું કૃષ્ણના મંદિરમાં નહિ જાઉં. આ અતિરેકી બોલવું છે, એટલું જ નહિ, તે ન્યૂનભક્તિ થઇ જાય છે.

દક્ષ પ્રજાપતિએ શિવજીને તે **अशिव** છે, **अपवित्र** છે, **उन्मत्त** લોકોને સગો છે વગેરે જે ગાળો આપી છે તેનો અર્થ બદલાવી શકાય. આ સંસ્કૃત ભાષા છે. **अशिव** નો અર્થ કયો છે? જે સંસ્કૃત ભણ્યો નથી તેને તે ખબર ન પડે **नास्ति शिवः यस्मात् – अशिवः –** જેનાથી વધારે પવિત્ર કોઇ નથી તે **अशिवः ।** આ સંસ્કૃત ભાષા સમજવા જેવી છે. સુભાષિતકાર કહે છે:

सुवर्णालंकृता कन्या हेमालंकारवर्जिता ॥
सा कन्या विधवा जाता गृहे रोदिति तत्पतिः ॥

આ શ્લોકનો સરળ અર્થ એ છે કે, 'સુવર્ણના અલંકારથી સજેલી, સોનાના અલંકાર ન પહેરેલી, આ કન્યા વિધવા થઇ અને તેનો પતિ ઘરે રડે છે.' હવે જે વિધવા થઇ ગઇ, તેનો પતિ ઘરે રડે કેવી રીતે? **विधवा** શબ્દનો એક જ અર્થ આપણને ખબર છે: **विगतः धवः – विधवा,** પરંતુ,

विविधाः धवाः – विधवा – જેના વિવિધ પતિ છે, તે વિધવા. જેના ઘણા પતિ હોય તેનો પતિ તો ઘરે રડે જ ને! આવી રીતે **अशिवः** નો અર્થ છે **नास्ति शिवः यस्मात्**–જેનાથી કોઇ વધારે પવિત્ર નથી તે **अशिवः** । તમે ભાગવત વાંચશો તો ખબર પડશે **अशिवोमत्तः** નો **अ** ત્યાં જઇ શકે છે–**अमत्त**.......આ જેને ખબર નથી તેઓ અવળો અર્થ કરે છે. નારદસ્મૃતિમાં એક જગાએ લખ્યું છે:

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतितेपतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ।।

આ પાંચ પ્રકારની આપત્તિ આવે તો સ્ત્રી બીજો પતિ કરી શકે છે એવો અર્થ એક બહુ મોટા (Constitutionalist) બંધારણવિદે કાઢયો છે, પરંતુ, **पति** શબ્દની સપ્તમી **पतौ** નથી થતી, **पत्यौ** થાય છે, તેની એમને ખબર ન હતી. પતિ એટલે સપ્તપદી પૂરી થયા બાદ પતિ થાય છે. આ લોકોને સંસ્કૃત ભાષાની જાણકારી નથી હોતી તેથી ગમે તેવો અર્થ કરે છે. **अपति** શબ્દની સપ્તમી **अपतौ** થાય. **अपति** એટલે જે કન્યાનું સગપણ થયું છે, સપ્તપદી ફરીને લગ્ન થયું નથી તે. ત્યાંસુધી તે **अपति** હોય અને સપ્તપદી પછી તે પતિ બની જાય. પરંતુ, જેને સંસ્કૃત ભાષાનું આટલું ઊંડું જ્ઞાન હોતું નથી, તેથી તેઓ ગમે તે લખી નાખે છે. બોલવાવાળા પણ તે જ છે અને લખવાવાળા પણ તે જ છે.

अशिवः અને **अमत्तः** નો અર્થ એ છે. કે જે સ્વયં ઉન્મત્ત નથી અને **अमत्तजनप्रियाः** એટલે સુસ્વભાવી લોકો જેને પ્રિય છે તે. આમ આખો અર્થ જ બદલાઇ ગયો. એક જ શબ્દના અર્થમાં તે ગાળ પણ થઇ શકે છે અને સન્માન પણ થઇ શકે છે. સંસ્કૃત ભાષા બહુ સારી છે. તે ગાળ આપશે તો પણ ખબર નહિ પડે. હું જો તમને '**एते देवानां प्रियः**' સંબોધીને કહું તો તમને લાગે કે શાસ્ત્રીજીએ અમારું સન્માન કર્યું. સંસ્કૃત ભાષામાં **देवानां प्रियः** નો અર્થ થાય છે 'મૂર્ખ.' **देवानां प्रियः इति मूर्खे : अन्यत्र देवप्रियः**- હવે જો એમ કહેવું હોય કે આ સભ્ય છે, માન્ય છે, સુસ્વભાવી છે, તો **देवानां प्रियः** એમ સમાસ છોડીને નહિ, પણ સમાસ કરીને **देवप्रियः** એમ બોલવું જોઇએ.

શૈવ-વૈષ્ણવનો એક વાદ દક્ષ પ્રજાપતિના યજ્ઞના નિમિત્તે ખલાસ કરવાનો પ્રયત્ન ભાગવતકારે કર્યો છે.

ઐતિહાસિક દૃષ્ટિએ બીજો પણ એક વાદ–યજ્ઞ અને મૂર્તિપૂજા–કદાચ પ્રચલિત હશે. યજ્ઞ કરવાવાળા લોકો મૂર્તિપૂજા નથી માનતા. આજ સુધી લોકોને ખબર નથી કે પૂર્વમીમાંસાવાળા લોકો મૂર્તિ માનતા નથી. તેઓ Constitutionalist છે તેથી તો બધા યજ્ઞો–**यज्ञो वै विष्णुः** બોલે છે. તે બોલીને વિષ્ણુત્વ લાવે છે. યજ્ઞ કરવાવાળા લોકો દેવને નહિ, દેવતાઓને માને છે. દેવ એટલે સૃષ્ટિ નિર્માણ કરવાવાળા, સર્વસમર્થ ભગવાન તેઓ માનતા નથી. જેમ હિંદુસ્તાનનું રાજબંધારણ છે. તેમાં કલેકટર, ગર્વનર, પ્રાઇમ મિનિસ્ટર વગેરે દેવતાઓ છે. તે બધા આવશે, જશે, બદલાઇ જશે, તેમને બોલાવવામાં આવે અને છોડવા પણ પડે. આવાહન અને વિસર્જન બન્ને થાય, પરંતુ, રાજ્ય ચાલતું રહેશે, એનું કારણ, બંધારણ રાજ્ય ચલાવે છે. આમ યજ્ઞ

કરવાવાળા બધા દેવતાઓને માને છે, પણ દેવને માનતા નથી. યજ્ઞ કરવાવાળા લોકો મૂર્તિપૂજાની વિરુદ્ધ છે.

આજે પણ દક્ષિણમાં એક એવી માન્યતા છે કે રાવણ રામચંદ્ર ભગવાનની પત્નીને ઉપાડીને લઇ ગયો હતો, તેનો અર્થ તેને પરસ્ત્રીનું હરણ કરવું હતું એમ નહિ. આજે પણ દક્ષિણ ભારતમાં રાવણના હિમાયતીઓ મળશે. તેમનું કહેવું છે કે રાવણ આટલો નીચ ન હતો રાવણે તો વેદોને સ્વર આપ્યા છે, તે સગુણ ઉપાસક પરમભકત હતો. તે મૂર્તિપૂજા માનતો હતો. દક્ષિણમાં મૂર્તિપૂજા પ્રભાવી હતી અને ઉત્તર હિંદુસ્તાનમાં યજ્ઞ પ્રભાવી હતા. યજ્ઞમાં મૂર્તિપૂજા નથી આવતી. યજ્ઞમાં **સ્વાહા...સ્વાહા.....**હોય છે. **ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत ।** યજ્ઞથી બધી કામના પૂરી થાય છે. રાવણ યજ્ઞના વિરોધમાં હતો. રાવણને લાગ્યું કે યજ્ઞપ્રમુખ સંસ્કૃતિ ઊભી કરવાવાળા રામના યજ્ઞો બંધ કરવા જોઇએ માટે તેની પત્ની સીતાને જ રાવણ ઉપાડી ગયો; કારણ પત્ની વગર યજ્ઞ થઇ શકતો નથી. સીતાત્યાગ પછી એવો પ્રસંગ આવે છે. રામે અશ્વમેઘ યજ્ઞ કર્યો ત્યારે બધાએ રામને ફરીથી લગ્ન કરવાનું કહ્યું, પરંતુ, રામે કહ્યું કે મારા જીવનમાં એક સીતા જ છે, બીજા કોઇને સ્થાન નથી. છેવટે સીતામાતાની પ્રતિકૃતિ રામની બાજુમાં રાખીને યજ્ઞ કરવામાં આવ્યો. રાવણે યજ્ઞીય પુરુષ રામની પત્ની એટલા માટે જ ઉપાડી હતી કે તેના યજ્ઞો બંધ થઇ જાય, કારણ કે રાવણ યજ્ઞની વિરુદ્ધ હતો, તેણે સીતા પર બળાત્કાર નથી કર્યો. આનો અર્થ એ કે રાવણ ખરાબ વાસનાથી સીતાને લઇ ગયો ન હતો. ઐતિહાસિક સંશોધકો તેનું સંશોધન કરે છે. તેમને કરવા દો. મારે એટલું જ કહેવાનું કે મૂર્તિપૂજા અને યજ્ઞ—આ બે વિભિન્ન વિચારધારાનો ઝઘડો હતો. દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરે છે પણ તેમાં મૂર્તિપૂજાને સ્થાન ન હતુ. તેથી તે દેવ શિવજીને યજ્ઞનો હવિર્ભાગ નહોતો આપતો. શિવજીએ તેના યજ્ઞનો વિધ્વંસ કર્યો. પૂર્વમીમાંસામાં મૂર્તિપૂજા નથી. તેમાં જેને ભગવાન કહીએ છીએ તે ખરા અર્થના ભગવાન નથી તેની બહુ ઓછા લોકોને ખબર છે. તેથી જ ગમે ત્યાં યજ્ઞ શરૂ થાય ત્યાં લોકો યજ્ઞવેદીની પ્રદક્ષિણા કરવા દોડે છે. ત્યારબાદ ભારતીય આર્યોએ **यज्ञो वै विष्णुः** કહીને યજ્ઞ જ વિષ્ણુ છે, એવું ઠરાવીને તેમાં વિષ્ણુત્વ લાવ્યા. પૂર્વમીમાંસામાં જેમણે યજ્ઞનો આગ્રહ રાખ્યો છે, તે વિષ્ણુ-ભગવાન માનતા નથી. ઉત્પત્તિના બારામાં તેઓ **यत्कल्पः स कल्पपूर्वः** એમ કહે છે. તે વાંચવા જેવું છે. તે બહુ જ તર્કસંમત છે. શરુ શરુમાં મીમાંસા શાસ્ત્ર વાંચતી વખતે હું નાનો હતો હતો ત્યારે મને લાગતું હતું કે તે એક ગાંડાઓનું શાસ્ત્ર છે. મને લાગતું હતું કે વેદ અપૌરુષેય કેમ હોઇ શકે? **ईश्वरोक्तत्वात् वेदस्य प्रामाण्यम्** એમ માનવું જોઇએ, પરંતુ વેદ અપૌરુષેય છે. વેદોને કોઇએ બનાવ્યા નથી, ભગવાને પણ બનાવ્યા નથી. તે લોકો ભગવાન જ માનતા નથી, તો ભગવાન વેદ કેમ બનાવે? તેમનું **आपोदेवी** વાંચવા જેવું છે. વેદ **स्वतः प्रमाण** છે કે **परतः प्रमाण** છે. તેના ઉપર તેમણે લખ્યું છે કે વેદો અપૌરુષેય છે, એટલે કે Transpersonal છે. તેમણે તેના માટે બુદ્ધિપૂર્વક દલીલો કરી છે અને તે દલીલો બુદ્ધિથી તોડવી મુશ્કેલ છે. હું નાનો હતો ત્યારે પૂર્વમીમાંસા યજ્ઞીય પ્રક્રિયા છે, તેમાં કંઇ વાંચવા જેવું નથી, એમ મને પણ લાગતું હતું, પરંતુ, તે પણ એક બુદ્ધિશાળી વિચારધારા છે. યજ્ઞ અને મૂર્તિપૂજાના વાદમાં યજ્ઞમાં મૂર્તિપૂજા નથી તેથી શિવજીએ તે યજ્ઞનો વિધ્વંસ કર્યો હશે. ઘણીવાર લોકો એકાંગી બની જાય છે, આગ્રહી બની જાય છે. જ્યારે તેનો

સંપ્રદાય અને પરંપરા થઇ જાય છે ત્યારે તેમનો આગ્રહ વધી જાય છે. લોકો આગ્રહી બનીને યજ્ઞો કરવા લાગ્યા, મૂર્તિપૂજા નહિ. માણસને નીતિ મૂલ્યો (Moral orders) આપવા હોય તો તેના માટે યજ્ઞ જેવો બીજો કોઇ રસ્તો નથી. તેવી જ રીતે, માણસની ઉન્નતિને માટે, વિકાસને માટે, તેની ચિત્તશુદ્ધિને માટે, મૂર્તિપૂજાની પણ તેટલી જ આવશ્યકતા છે, તેથી બન્નેનો સ્વીકાર થવો જોઇએ. યજ્ઞ અને મૂર્તિપૂજાનો ઝઘડો—દક્ષ પ્રજાપતિના યજ્ઞના રૂપે આવ્યો છે. દક્ષે મૂર્તિપૂજા અસ્વીકાર્ય માની હતી, તેથી શિવજીએ તેના યજ્ઞનો વિધ્વંસ કર્યો એમ કહે છે.

શિવપુરાણમાં પણ આ કથા આવે છે:

> **क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृतामृषीणामार्त्विज्यं**
> **शरणद सदस्याः सुरगणाः ।**
> **क्रतुभ्र्येषस्त्वत्तः क्रतुफलविधानव्यसनिनो**
> **ध्रुवं कर्तुः श्रद्धाविधुरमभिचाराय हि मखाः ॥** (महिम्नः २१)

આનો અર્થ એ છે કે જે શ્રદ્ધારહિત કર્મ છે તેનો પણ ધ્વંસ છે. યજ્ઞનો ધ્વંસ શા માટે કર્યો છે ? કર્મ સારું હશે, પણ હેતુ સારો નહિ હોય તો નહિ ચાલે. શિવપુરાણમાં કહે છે, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો હેતુ સારો ન હતો. શ્રદ્ધાહીન કર્મ નહિ ચાલે. આ ત્રણ વિચારધારા જૂના કાળમાં હતી-એક શૈવ-વૈષ્ણવ, બીજી યજ્ઞ અને મૂર્તિપૂજા અને ત્રીજી કૃતિ સારી પણ હેતુ સારો નહિ. તે બતાવવા માટે ત્રણ પુરાણોમાં દક્ષ પ્રજાપતિની કથા આવી છે.

રાજકીય માણસો ગામમાં પીવાના પાણીની સગવડ ન હોય તો કુવો ખોદાવીને પીવાના પાણીની સગવડ કરે છે. તેઓ સરકારના પૈસે કુવો બનાવે છે. તેણે પરોપકાર કર્યો, તેનું ફળ મળવું જોઇએ ? ગરીબોને મદદ કરનારને ફળ મળવુ જોઇએ ? ના, નહિ મળે. એનું કારણ એ તો વેપાર છે. આજે તે કૂવો ખોદાવે છે, કારણ, આખા ગામના મતો મને મળવા જોઇએ એવો તેની પાછળનો હેતુ છે. તેમાં ગરીબોને કંઇ મદદ નથી, તે પુણ્યકારક કામ પણ નથી. તે વેપાર છે, સ્વાર્થ છે. જો તેને ફળ મળવું જોઇએ તો દુકાનદાર લોટ વેચે છે તેને પણ ફળ મળવું જોઇએ. તે પૈસા લઇને લોટ આપે છે. તે દાન થોડું જ છે ! આવી રીતે તેણે કૂવો ખોદાવ્યો પણ તે મત મેળવવા માટે ! સારા કર્મનો હેતુ સારો ન હોય તો તે કર્મ સારું નથી, આ વાત તેમાં સમજાવવામા આવી છે.

શ્રદ્ધા એક મહત્ત્વની વાત છે. કોઇપણ કાર્યમાં શ્રદ્ધા હોવી જોઇએ. શ્રદ્ધા શું છે ? તે શું એક મનોધર્મ છે ? કે એકાદ વસ્તુ છે ? લોકો કહે છે કે શ્રદ્ધા રાખો, શ્રદ્ધા સાંભળો, પરતું, શ્રદ્ધા શું એક સોનાનો ગોળો છે કે તેના પર એક ચોકીદાર બેસાડીને સંભળી શકાય ? શ્રદ્ધા શું છે ?

શ્રદ્ધા એક રાસાયણિક (Synthetic) રૂપ છે. ચાર વાત ભેગી થાય ત્યારે શ્રદ્ધા નિર્માણ થાય છે. પહેલી વાત એ છે કે 'બીજો મારાથી શ્રેષ્ઠ છે.' તો નમ્રતા આવી જાય. બીજી વાત, 'બીજો કહેશે તે માનવાની મારી તૈયારી છે.' એટલે નિરહંકારી સ્વીકાર આવ્યો. હું તપાસ કરીને સ્વીકારીશ, પરંતુ, નિરહંકારથી સ્વીકારીશ. વસિષ્ઠ ઉપર મારી શ્રદ્ધા છે એનો અર્થ એ છે કે, વસિષ્ઠે જે કંઇ કહ્યું છે, તે હું નિરહંકારથી સ્વીકારું છું. બીજા પર જબરદસ્ત વિશ્વાસ એ શ્રદ્ધામાં

ત્રીજી વાત છે; અને બીજાનું પ્રભાવી આકર્ષણ એ ચોથી વાત છે. આ ચાર વાતો ભેગી થાય છે ત્યારે શ્રદ્ધા નિર્માણ થાય છે. શ્રદ્ધા એક મનોધર્મ છે. બહુ જ વિકસિત મન (Developed mind) હશે ત્યારે શ્રદ્ધા રહે છે. શ્રદ્ધાશૂન્યથી યજ્ઞ નથી થતો. શ્રદ્ધા એ જીવનની આવશ્યક વાત છે. તેથી ગીતામાં તેના પર શ્રદ્ધાત્રયવિભાગ યોગ નામનો એક સ્વતંત્ર અધ્યાય છે.

દક્ષ પ્રજાપતિ પાસે શ્રદ્ધા ન હતી, તેથી તેનો યજ્ઞ ખલાસ થયો, તેનો વૈયક્તિક વિકાસ ન હતો.

ચતુર્થ સ્કંધમાં દક્ષ પ્રજાપતિના યજ્ઞનો વિષય આવ્યો છે, તેમાં તે કાળની સામાજિક સ્થિતિનું ચિત્રણ છે. કેટલાયે લોકો યજ્ઞ કરે છે, પણ તેમને શ્રદ્ધા હોતી નથી, શ્રદ્ધારહિત યજ્ઞ થાય છે. ઘરઘરમાં કે ગામમાં સત્યનારાયણની પૂજા થાય છે તે કરવાવાળાને શું સત્યનારાયણ પર શ્રદ્ધા હોય છે ? તેઓ પૈસા ભેગા કરે છે અને દારુ પીએ છે. આ શ્રદ્ધાવિરહિત યજ્ઞ છે. બીજું, શૈવ-વૈષ્ણવોનો ઝઘડો આજે પણ મનમાં ચાલે છે, તે નિમ્ન કોટિના ભક્ત છે. ત્રીજી વાત યજ્ઞ અને મૂર્તિપૂજા વચ્ચેનો વિરોધ. આ ત્રણ વાતો દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથાદ્વારા કહેવામાં આવી છે.

જ્યાંસુધી ત્રિગુણોની સામ્યાવસ્થા છે ત્યાંસુધી નિર્મિતિ અશકય છે. જ્યારે સામ્યાવસ્થા ચલિત થાય છે ત્યારે અહંકાર પેદા થાય છે. ત્યારબાદ દ્વંદ્વો નિર્માણ થાય છે. જેવાં કે શીત-ઉષ્ણ, પાપ-પુણ્ય, અંધારું-પ્રકાશ, સારું-ખરાબ, ધર્મ-અધર્મ-આવાં દ્વંદ્વો નિર્માણ થાય છે. એકબીજા વગર એકબીજાનું અસ્તિત્વ અશકય છે. પ્રકાશનું અસ્તિત્વ જ અંધારાથી છે. આ એક શાસ્ત્રીય પરિભાષા છે. તે આપણા મગજમાં ઊતરતું નથી. પણ એટલું સમજી લઇએ કે એકબીજા વગર અસ્તિત્વ અશકય છે.

સમજવા માટે એક દૃષ્ટાંત લઇએ. ઊંઘમાં સામ્યાવસ્થા છે. ત્યારે દ્વંદ્વ પણ નથી અને દ્વંદ્વ નથી તો સંઘર્ષ નથી,સંઘર્ષ નથી તો જીવન નથી. ઊંઘને જીવનમાં ગણવામાં નથી આવતી. ઊંઘમાં જીવન નથી. સંઘર્ષાનુકૂલ મનોવૃત્તિ અને સંઘર્ષને માટે ઔદાસીન્ય-આ બે વાતો છે. આ ગ્રંથને મસ્તક ઉપર લેવો જોઇએ. તેમાં જીવનની વાસ્તવિકતા નો સ્વીકાર છે. તેમાં ધર્મ અને અધર્મ-બન્નેની આવશ્યકતા છે, અનિવાર્યતા છે, તે ઈશનિર્મિત છે એવું કહ્યું છે. સામાન્ય જીવનમાં આ એક કોયડો છે કે શું ભગવાને અધર્મને નિર્માણ કર્યો છે ? ભગવાને અધર્મ શા માટે નિર્માણ કર્યો ? તો પછી ધર્મની પાછળ શા માટે જવું ? ધર્મ અને અધર્મનું ઉત્પત્તિસ્થાન એક છે, તેથી તેનો વંશ દેખાડયો છે, અને જે જે નિર્માણ થાય છે તે સમજાવ્યું છે.

બીજી વાત એ છે કે ગુણો જ જ્યારે અહંકેન્દ્રિત અને સ્વાર્થપરાયણ બને છે, અતિરેકી બને છે, ત્યારે તેનું રૂપ જ અધર્મ બને છે. શૌર્ય જ્યારે અહંકેન્દ્રિત બને છે ત્યારે ક્રૌર્ય (ક્રૂરતા) આવે છે. શિવાજીએ કોઇને કાપ્યો હશે ત્યારે તે શૌર્ય છે, પરંતુ, ચોર કોઇને કાપે છે ત્યારે તેને ક્રૌર્ય કહે છે. બન્નેનું કાપવું એક જ છે. જીવનમાં નમ્રતા હોવી જોઇએ. નમ્રતા જ્યારે સ્વાર્થપરાયણ બને છે ત્યારે તેનું રૂપાંતર લાચારીમાં થાય છે. આમ ધર્મ, અધર્મ બની ગયો. તેથી ધર્મ, અધર્મનું સત્ય રૂપ રહેશે અને ક્રિયાત્મકતા પ્રતિક્રિયાત્મકતા પણ રહેશે. સંઘર્ષાનુકૂલ મનોવૃત્તિ વિષે તમે વિચારશો તો તમને ખબર પડશે કે અધર્મની નિર્મિતિ બ્રહ્મદેવે શા માટે કરી. એટલું જ નહિ,

પરીક્ષિતે તેને સંભાળ્યો, માર્યો નહિ. પરીક્ષિતે અધર્મને સંભાળ્યો છે અને તેને રહેવાને માટે સ્થાન આપી દીધું. એક વખત રહેઠાણ નકકી થઇ ગયું કે પછી જગા આપવાવાળા તમે કોણ ? જે પ્રભાવી હશે તે જગા દબાવી લેશે. જેને જગા આપી છે તે તેનો માલિક બની બેસે છે. આજે મુંબઇ શહેરમાં કોઇ બીજા ઉપર કૃપા કરીને રહેવાની જગા આપે છે, તો તે માલિક બની બેસે છે. દુર્ગુણનું પણ તેવું જ થાય છે. પરીક્ષિતે અધર્મને જગા આપી તેનો અર્થ એ છે કે તેને માર્યો નથી. આ સ્કંધમાં આગળ પુરંજનનું આખ્યાન આવે છે. પુરંજન આખ્યાન એ એક રૂપક છે. તે રૂપક ધ્યાનમાં લેશો તો પુરંજન આખ્યાન સમજાશે. આ પુરંજન આખ્યાનના છેલ્લા શ્લોકમાં ખુદ ભાગવતકારે લખ્યું છે:'**यत्परोक्षप्रियो देवः भगवान् विश्वभावनः**-દેવોને પરોક્ષ બોલવું ગમે છે. દેવોને રૂપકથી બોલવું પસંદ છે. આ બધું રૂપક લઇને સમજી લઇશું તો આ અધ્યાયમાં જે કોયડો આવે છે તે હલ થઇ જશે.

સૌથી પહેલો કોયડો એ છે કે બ્રહ્મદેવે અધર્મની ઉત્પત્તિ કરી. સંઘર્ષાત્મક જીવનનો અભ્યાસ કર્યો હશે તો જ તેનો અર્થ સમજાશે, નહિ તો, સામાન્ય માણસને એમ લાગે કે બ્રહ્મદેવે અધર્મ શા માટે નિર્માણ કર્યો ? બીજું, જો બ્રહ્મદેવે અધર્મ નિર્માણ કર્યો હશે તો અધર્મથી ચાલવું સારું છે. ભગવાને જ અધર્મ પેદા કર્યો છે તો પછી ધર્મથી ચાલવાનો આગ્રહ શા માટે? આવું સામાન્ય માણસને લાગે, પરંતુ, જે બુદ્ધિમાન છે, જેનું વિચારવું તર્કસંમત છે તે એવું નહિ કહે. સંઘર્ષાનુકૂલતા સમજાવવાને માટે ભાગવતે આ વિષય ઉપાડયો છે.

આ અધ્યાયમાં આવેલું લખાણ રૂપકાત્મક છે એવું માન્ય કરીશું તો આ સ્કંધમાં આવેલા વિષયો, પૃથુનું પૃથ્વીનું દોહન, ધર્મ-અધર્મ બન્ને બ્રહ્મદેવના પુત્ર છે તે, વેનની ઊરુમાંથી પૃથ્વીની ઉત્પતિ, ઈત્યાદિ જે કોયડાઓ છે તે હલ થઇ જશે.

તેમણે રૂપકમાં લખ્યું છે કે દક્ષ પ્રજાપતિની તેર કન્યાઓ છે અને તે બધીનું લગ્ન ધર્મ સાથે થયું છે, એટલું જ નહિ, પ્રત્યેકને એક એક પુત્ર થયો છે. આ તેર કન્યાઓનાં નામ આ પ્રમાણે છે: શ્રદ્ધા, મૈત્રી, દયા, શાન્તિ, તૃપ્તિ, ક્રિયા, ઉન્નતિ, પુષ્ટિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ-અને આ બધીનાં લગ્ન ધર્મ સાથે થયાં છે.

શ્રદ્ધાનાં લગ્ન ધર્મ સાથે થયાં. શ્રદ્ધા એક મનોધર્મ છે, એક રાસાયણિક માનસિક અવસ્થા છે. શ્રદ્ધા કોઇ એક એવી વસ્તુ નથી. શ્રદ્ધાનો પુત્ર છે, શુભ. જ્ઞાનની પગથીઓ છે તેમાં પહેલી પગથી છે. શુભેચ્છાખ્યા. તેનો અર્થ શો છે ? તત્ત્વજ્ઞાનમાં શુભનો અર્થ એ છે કે મને સમજણ ઓછી છે. જ્યાંસુધી આવી સમજણ નહિ આવે ત્યાંસુધી શ્રદ્ધા નિર્માણ નહિ થાય. જે શ્રદ્ધા નિર્માણ થાય તેનાં લગ્ન ધર્મ સાથે થવાં જોઇએ. જેને જીવનમાં આ વાત સમજાઇ તેનું જીવનમાં શુભ થઇ ગયું. મને જ બધી ખબર પડે છે અને હું જે સમજું છું તેનો જ હું સ્વીકાર કરીશ, આ શુભ નથી. આ જીવનનું અશુભ છે. ઘણી વાતો એવી છે કે જેની મને ખબર પડતી નથી. 'મને સમજણ નથી' આ વાતનો સ્વીકાર તે જ જ્ઞાનની પહેલી પગથી છે.

આજે લોકોમાં શ્રદ્ધા નથી એવું નથી. રસોઇ બનાવવાવાળા રસોઇયા પર મારી શ્રદ્ધા છે. તેણે રસોઇમાં ઝેર ભેળવ્યું નથી એવી શ્રદ્ધા છે તેથી જ સ્વાદથી ખાઉ છું. મારી મોટરના ડ્રાઈવર

પર શ્રદ્ધા છે. હું ગાડીમાં સૂઇ જઇશ તો પણ મોટરનો ડ્રાઇવર મને નિર્ધારિત સ્થળે લઇ જશે એવી શ્રદ્ધા છે. ડ્રાઇવર પર શ્રદ્ધા રાખીને જ મોટા મોટા બુદ્ધિશાળી ઓફિસરો, બધી મંત્રણાઓ મોટરમાં જ કરે છે. તેમને ખાતરી હોય છે કે ડ્રાઇવર ગાડી બરાબર ચલાવીને ગંતવ્ય સ્થળ પર લઇ જશે. ડ્રાઇવર ઉપર શ્રદ્ધા છે, પરંતુ, શંકરાચાર્ય સારો રસ્તો દેખાડે છે તેના પર આપણને શ્રદ્ધા નથી. પ્રશ્ન અહીં જ છે. શ્રદ્ધા એક મનોધર્મ છે. તેનાં લગ્ન ધર્મની સાથે થયાં નથી. પ્રત્યેકની પાસે શ્રદ્ધા છે, નાસ્તિકોને પણ શ્રદ્ધા છે. કોઇને શંકરાચાર્ય પર શ્રદ્ધા હશે તો કોઇને માકર્સ ઉપર શ્રદ્ધા હશે. જે માકર્સવાદ છે તેનો Higher phase of communism આવ્યો નથી, નિર્માણ થયો નથી, તે આવશે એવી અનેકને શ્રદ્ધા છે, પરંતુ, સત્યુગ આવશે, તેના પર આપણી શ્રદ્ધા નથી. તેનો જ અર્થ એ છે કે આપણી શ્રદ્ધાનાં લગ્ન ધર્મ સાથે નથી થયાં. શ્રદ્ધા હોય અને તેનાં લગ્ન જો ધર્મ સાથે થયાં હોય તો તેનો પુત્ર શુભ થાય એવું ભાગવતમાં લખ્યું છે. બહુ જ સુંદર વિવરણ કર્યું છે.

બીજી પુત્રી છે મૈત્રી. આ મૈત્રીના લગ્ન પણ ધર્મની સાથે થયાં છે. તેને પુત્ર આવ્યો તેનું નામ છે પ્રસાદ. ભાગવતકાર માનસશાસ્ત્રીય પરિણામ દેખાડે છે. પ્રસાદનો અર્થ છે પ્રસન્નતા. ભગવદ્ભક્તિની સીડીમાં મૈત્રીને અતિ ભવ્ય રૂપ આપ્યું છે. **श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनं अर्चनं वंदनं दास्यं सख्यम्........** અને ત્યારપછી **आत्मनिवेदनम्.** બહુ જ આનંદની વાત છે કે આપણે Comradeship ના યુગમાં પેદા થયા છીએ. આ યુગમાં Comrade નો અવાજ તો સંભળાય છે, પરંતુ Comrade છે કે નહિ તે ખબર નથી. આજ સુધી કોઇ કોઇનો Comrade થયો નથી પણ એક બીજાને Comrade કહે છે. **उष्ट्रस्यगृहेलग्नं गर्दभाः शान्तिपाठकाः। परस्परं प्रशंसन्ति अहो रुपं अहो ध्वनिः ॥** (ઊંટના ઘેર લગ્ન આવ્યાં તેમાં શાન્તિપાઠ કરનારા ગધેડા. બન્ને એક બીજાને કહે 'અહાહા, શું તમારૂ રૂપ છે !' 'શો તમારો કંઠ છે !') જેમ લક્ષ્મીનારાયણના મંદિરમાં બધા એક બીજાને ભગત કહે છે. પણ લગભગ બધા બગલાભગત હોય છે, સચો ભકત મળવો મુશ્કેલ હોય છે. તેમ આ લોકો એકબીજાને Comrade કહે છે, પણ સાચા અર્થનો Comrade કોઇ છે કે નહિ, તે ખબર નથી.

જો મૈત્રીનાં લગ્ન વ્યવહારથી, અર્થથી કે સ્વાર્થથી થાય તો તેમનો છોકરો પ્રસાદ હોતો નથી. અર્થથી જો મૈત્રીનાં લગ્ન થાય તો તેમનો છોકરો અપ્રસાદ જ હોય. બે ભાગીદાર હોય, પરંતુ, બન્ને એકબીજા તરફ સંશયની દૃષ્ટિથી જોતા હોય. આમ છતાં બીજા આગળ બોલતી વખતે એમ બોલે કે અમે બે ભાઇ-ભાઇ છીએ. વીસ વર્ષથી અમારી ભાગીદારી છે. બન્ને જણ સાથે કામ કરીએ છીએ. એકવીસમે વર્ષે, વર્ષ નબળું ગયું અને તેમની ભાગીદારી તૂટી ગઇ, કારણ તેઓ માત્ર અર્થના ભાગીદાર હતા. મૈત્રી જ્યારે સ્વાર્થથી બંધાયેલી હોય છે ત્યારે પ્રસાદ નથી મળતો, પરંતુ, મૈત્રી જ્યારે ધર્મથી હોય છે ત્યારે પ્રસાદ નિર્માણ થાય છે. મૈત્રીમાં પ્રસાદ જ છે, પ્રસન્નતા છે. મૈત્રીનો અર્થ જ એ કે તેમાં પોતાનું રૂપ ખતમ થઇ જાય છે. 'હું' અને 'તું' ચાલી જાય છે અને 'આપણે' ઊભું થાય છે. આમાં બન્ને બદલાઇ ગયા. 'આપણે' માં 'હું' છે પણ 'તું' છોડીને આપણે નથી. આપણેમાં 'તું' છે પણ 'હું' છોડીને આપણે નથી.આપણેમાં 'હું' ના દુર્ગુણ કાઢીને 'હું' ને રાખ્યો છે તેમ 'તું'ના દુર્ગુણ કાઢીને 'તું'ને રાખ્યો છે. આમ 'હું' અને 'તું' બન્ને બદલાઇ

ગયા. તેથી ધર્મથી જે મૈત્રી છે તેમાં પ્રસાદ છે.

આપણે સ્વાધ્યાય પરિવારના લોકો જે ગ્રુપ (સમૂહ) બનાવીએ છીએ, તે એકબીજાને બાંધવાને માટે હોય છે એવું નથી. આ તેનું આધ્યાત્મિક રૂપ છે. હિંમત હોય તો ગ્રુપના ભાઇ ઉપર પ્રેમ કરીને દેખાડો, આવો તેમાં પડકાર છે. તેમાં એકબીજા જોડે સગાઇ નથી, લોહીનો સંબંધ નથી, સ્વાર્થ નથી, મળશે કંઇ નહિ, તે છતાં પ્રેમ કરવાનો છે. ગ્રુપના સાત ભાઇઓ પર પ્રેમ કર અને સપ્તર્ષિ બની જા, પરંતુ, તે થતું નથી, એનું કારણ આ એક આધ્યાત્મિક રૂપ છે તે જ લોકોને સમજાતું નથી. લોકો એમ સમજે છે કે એકબીજાને સંભાળવાને માટે ગ્રુપ બનાવ્યા છે, પણ એવું નથી. મૈત્રીનાં લગ્ન જ્યારે સ્વાર્થથી, અર્થથી થાય છે ત્યારે પ્રસન્નતા નથી આવતી, પરંતુ, મૈત્રીના લગ્ન જ્યારે ધર્મથી થાય છે ત્યારે તેનું સંતાન આવે છે, પ્રસન્નતા, પ્રસાદ. ભાગવતકારે બહુ જ સુંદર લખ્યું છે.

ત્રીજી કન્યા છે, દયા. દયાનાં લગ્ન જ્યારે ધર્મથી થાય છે ત્યારે તેનો પુત્ર થાય છે અભય. સ્વાર્થથી જે દયા થાય છે તે જુદી હોય છે. સામેવાળાને દીન બનાવીને જે દયા થાય છે તે જુદી હોય છે. ધર્મની સાથે જેના લગ્ન થયાં છે તે દયા જુદી હોય છે. જેના ઉપર આત્યંતિક પ્રેમ હોય છે એવી પત્નીને સંસ્કૃતમાં **दयिता** કહે છે. આ જે દયા છે તે જુદી જ છે. દયા અને ધર્મની સંતતિ છે અભય. દયાથી બીજાને અભય મળે છે, પણ પોતાને પણ અભય મળે છે. જે કોઇ બીજાને ડરાવે છે તે પોતે જ ભયભીત છે એમ સમજી ચાલો. સિંહને આપણે વનરાજ કહીએ છીએ; પણ સિંહ દસ પગલાં ચાલે છે ત્યારે ડોકું ફેરવીને પાછળ જુએ છે. શા માટે ? એને ડર છે કે મને કોઇ મારવા આવતું હોય તો ? એનું કારણ એણે ઘણા લોકોને માર્યા છે. કેટલાયે શ્વાપદોને માર્યા છે તેમાંના કોઇ ષડ્‌યંત્ર કરીને મને મારે તો ? સિંહ ભયભીત બનીને વારંવાર પાછળ જોતો રહે છે. સૌ કરતાં વધારે ભયભીત કોઇ હશે તો સત્તાધીશ હોય છે. કોઇ ઋષિ તપશ્ચર્યા કરવા લાગે તો ઇંદ્રને ડર લાગે છે કે એ મારું આસન લઇ લેશે તો ? પહેલો ભયભીત ઇંદ્ર છે. ઋષિ તો પોતાના વિકાસને માટે તપશ્ચર્યા કરે છે પણ ઇંદ્રને લાગે છે કે મારું આસન લેવા માટે તપ કરે છે.

ભાગવતકાર કહે છે કે દયા હોવી જોઇએ પણ તેનાં લગ્ન ધર્મ સાથે થયાં હોવાં જોઇએ. દયા તો ઘણા લોકો દેખાડે છે પણ તેઓ બીજાને દીન બનાવે છે. કેટલાક લોકો પોતાની મોટાઇ દેખાડવાને માટે બીજા પર દયા કરે છે. ધારો કે આ સૃષ્ટિમાંથી ગરીબાઇ નાબૂદ થશે તો શ્રીમંતોની હાલત બહુ જ ખરાબ થઇ જશે, તેઓ પોતાની મોટાઇ દેખાડશે કોને ? બધા લોકોને 'હું' નું ગૌરવ લાગે એજ તેમનો વૈભવ છે. પછી તેઓ બીજાને મોટો કેમ માનશે?

દયા ઘણાં કારણોથી આવે છે. સામેવાળો પીડિત છે, તેવી મારી પણ સ્થિતિ થાય તો ? હૉબ્સ અને હેલ્વેશીઅસ તેને 'સંસ્કારસંપન્ન સ્વાર્થ' (Enlightened self-interest) કહે છે. બીજાની પીડા મારાથી જોવાતી નથી, તેથી હું દયા કરું છું. અહીં દયાનાં લગ્ન ધર્મ સાથે નથી પણ સ્વાર્થ સાથે છે.

ચોથી કન્યા છે, શાંતિ. શાંતિના લગ્ન ધર્મ સાથે થાય છે ત્યારે તેમને જે પુત્ર થાય છે તેનું

નામ છે સુખ. શાંતિ તો હોવી જ જોઇએ. અશાંતિ હોય તો ભોગ પણ ભોગવી શકાતા નથી. ભોગ ભોગવવા માટે પણ આપણને મનની શાંતિ જોઇએ, પરિસ્થિતિની શાંતિ જોઇએ. અશાંત અવસ્થામાં ભોગ પણ ભોગવી શકાતા નથી. શાંતિ હોવી જોઇએ પણ સ્મશાનશાંતિ નહિ ચાલે. શાંતિ જુદી જુદી હોય છે. અસહાયતાથી પણ શાંતિ આવે છે. મોક્ષપદ મેળવવા માટે કોઇ અશાંત છે ? નથી, એનું કારણ આપણને ખાતરી છે કે મોક્ષપદ મળવાનું નથી. આ અસહાયતાથી આવેલી શાંતિ છે. આપણે ઈંગ્લેડ જોયું નથી તેથી આપણને અશાંતિ થાય છે પરંતુ, વિષ્ણુપદ નથી જોયું તેના માટે અશાંતિ થતી નથી, એનું કારણ આપણી નિશ્ચિત ધારણા થઇ છે કે વિષ્ણુપદ અમારા માટે નથી. ભયભીતતાથી શાંતિ આવે છે, અગતિકતાથી શાંતિ આવે છે, સ્મશાનશાંતિ આવે છે, આવી શાંતિ કાઢી નાખો. ધર્મથી આવેલી શાંતિ જોઇએ. શાંતિનાં લગ્ન ધર્મ સાથે થાય ત્યારે સુખ મળે એવું લખ્યું છે.

દક્ષ પ્રજાપતિની એટલે કે કર્તવ્યપરાયણ વ્યકિતની ચોથી કન્યા શાંતિ છે. આ આખો સ્કંધ રૂપકાત્મક નહિ માનો તો તેનો અર્થ જ મગજમાં ઊતરશે નહિ.

પાંચમી કન્યા છે તુષ્ટિ. તુષ્ટિના લગ્ન ધર્મ સાથે થયાં છે અને તેનો પુત્ર છે મુદ – એટલે આનંદ. સુભાષિતકાર કહે છે:

संतोषमृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

સંતોષ હોય તો આનંદ મળે. શક્તિ શામાંથી આવે છે? સુભાષિતકાર લખે છે:

सर्पाः पिबन्ति पवनं न च दुर्बलास्ते शुष्कैस्तृणैर्वनगजा बलिनो भवन्ति ।
कन्दैः फलैर्मुनिवराः क्षपयन्ति कालं संतोष एव पुरुषस्य परंनिधानम् ॥

'સર્પ પવન પીએ છે પણ તે દુર્બલ નથી, હાથી સૂકું ઘાસ ખાઇને બળવાન થાય છે. મુનિઓ કંદમૂળ ખાઇને કાલ વ્યતીત કરે છે, સંતોષ જ પુરુષનું પરમનિધાન છે.' જૂના કાળમાં બળ માપવું હોય તો હાથીના બળથી મપાતું હતું. ભીમની પાસે નવનાગસહસ્ત્ર બળ હતું-એટલે કે નવ હજાર હાથીનું બળ હતું. **बलेषु हस्तिबलादीनि** (वि.पा./२४) આ યોગસૂત્ર છે. હાથીનું બળ પરમોચ્ચ બળ છે. આજે યંત્રયુગમાં અશ્વબળ (horse-power) આવી ગયું છે. તાત્પર્ય એ છે કે સંતોષથી વગર ઘીની રોટલી ખાશો તો પણ તમારી તબિયત સારી રહેશે અને અસંતોષ, અતૃપ્તિ, અસામાધાન હશે, તો બદામ-પિસ્તા ખાઇને પણ તેનું પરિણામ શરીર પર દેખાશે નહિ. તુષ્ટિ કેવી રીતે આવવી જોઇએ ? ધર્મની દૃષ્ટિએ તુષ્ટિ આવવી જોઇએ. તો મુદ એટલે આનંદ મળે.

માણસને અમુક વસ્તુ નથી જ મળવાની એની ખાતરી થયા પછી તે સંતોષ રાખે છે. કેટલાક લોકો ફૂટપાથ પર રહે છે. તેમણે બંગલાનો ત્યાગ કરેલો જ છે. તે ત્યાગ, ધાર્મિક દૃષ્ટિથી કે સમજણપૂર્વક કરેલો ત્યાગ નથી, અસમર્થતાથી અને અસહાયતાથી કરેલો ત્યાગ છે. મને બંગલો મળવાનો જ નથી એની જેને ખાતરી છે તેણે બંગલામાં રહેવાનું મારા નસીબમાં છે જ નહિ એમ સમજીને બંગલાનો ત્યાગ કર્યો છે. આ સંતોષના લગ્ન ધર્મ સાથે થયેલાં નથી. સંતોષી ઋષિ

પર્ણકુટિમાં રહેતા હતા તો પણ મસ્તીથી રહેતા હતા. તેમને મળવા રાજા પણ તેમના બારણે આવતા હતા. બંગલામાં રહેવાવાળા કરતાં પણ પર્ણકુટિમાં રહેવાવાળા ઋષિને વધારે આનંદ હતો. મને અમુક સ્થાન મળે તો હું આનંદી થઇ શકું એવું નથી. ધર્મની સાથે તુષ્ટિનાં લગ્ન થવાં જોઇએ તો તેનો પુત્ર **મુદ** એટલે આનંદ થાય.

છઠ્ઠી કન્યા છે ક્રિયા. ક્રિયાનાં લગ્ન ધર્મ સાથે થાય ત્યારે યોગ નિર્માણ થાય છે. ધાર્મિક ક્રિયાથી જ યોગ થાય છે. **યુજ્** ધાતુનો અર્થ જોડાઇ જવું છે. વસ્તુની સાથે જોડાઇ જવું, સુખની સાથે જોડાઇ જવું, વ્યકિતની સાથે જોડાઇ જવું, અને પ્રભુની સાથે જોડાઇ જવું, આ બધું જોડાવું ક્રિયાથી જ થાય છે. આ ક્રિયા ધાર્મિક હશે તો જ યોગ થશે. આજે આપણે પણ જોડાયેલા તો છીએ જ પણ તે યોગ નથી, તે ભોગ છે. આપણે કર્મની સાથે જોડાએલા છીએ કે નહિ ? સવારથી સાંજ સુધી ક્રિયા થાય છે, પણ તેનાથી ભોગ નિર્માણ થાય છે. યોગ ધાર્મિક ક્રિયાથી નિર્માણ થાય છે.

સાતમી કન્યા છે, ઉન્નતિ. ઉન્નતિના લગ્ન ધર્મ સાથે થાય છે. તેનો પુત્ર છે દર્પ. ધાર્મિક સંબંધ આવ્યા પછી ઉન્નતિ થાય છે એમાં સંદેહ નથી. આજે જેમની ઉન્નતિ દેખાય છે તેઓ ગયા જન્મારામાં ધાર્મિક જ હશે. કંઇ સારાં કામો કર્યાં હશે તેથી જ તેમની ઉન્નતિ થઇ ગઇ છે. ઉન્નતિ ત્યારે જ થાય છે જ્યારે ભગવાનની સહાય મળે છે. એકલાથી ઉન્નતિ ન થાય. કેટલાક લોકો કહે છે કે અમે ભગવાનને માનતા નથી તો પણ અમારી ઉન્નતિ થઇ છે. અરે ભાઇ ! ગયા જન્મમાં ભગવાનને માન્યા છે તેથી જ ઉન્નતિ થઇ છે. પેન્શનર જો કહે કે હું કંઇ કામ કરતો નથી તો પણ મને પગાર (પેન્શન) મળે છે તો તે ખોટું છે. આજે તે કામ નથી કરતો, પરંતુ, ત્રીસ વર્ષ સુધી નિયમિત ઓફિસે આવીને કામ કર્યું છે તેથી જ આજે પેન્શન મળે છે, નહિ તો તેને કોણ પેન્શન આપે ? ધર્મની સાથે ઉન્નતિનાં લગ્ન થાય તો તેનો પુત્ર દર્પ થાય છે.

આઠમી કન્યા છે પુષ્ટિ. તેના ધર્મ જોડે લગ્ન થાય તો સ્મય એટલે ગર્વ પેદા થાય છે. બધાનું અધ:પતન અહીં જ થાય છે. રાવણ ધાર્મિક હતો. મહિમ્નસ્તોત્રમાં તેનું વર્ણન છે.

अयत्नादापाद्य त्रिभुवनमवैरव्यतिकरम्
दशास्यो यद्बाहूनभृत रणकण्डूपरवशान् ।
शिरः पद्मश्रेणीरचितचरणांभोरुहबले
स्थिरायास्त्वद्भक्तोस्त्रिपुरहर विस्फूर्जितमिदम् (महिम्न. ११)

રાવણે ધાર્મિક ક્રિયા કરી તેથી તેને વૈભવ મળી ગયો. એવું વર્ણન છે કે દેવો પણ રાવણને નમસ્કાર કરતા હતા. વૈભવ મળતાં જ તેને ગર્વ આવી ગયો. તેનું ત્યાં જ અધ:પતન થયું. આગલા જન્મમાં સારું કામ કર્યું, ભગવાનનું કામ કર્યું તેથી આ જન્મમાં શ્રીમંતને ઘેર (silver spoon in mouth) જન્મ મળે પછી તે માટીનો ધંધો કરે તો પણ તેને પૈસા મળે. ભગવાન વૈભવ આપે, જબરદસ્ત બુદ્ધિ આપે કે પહેલો પ્રશ્ન એ પૂછે, 'કયાં છે ભગવાન?' કેટલાક લાકો તેમાં ડરપોક પણ હોય છે. તેઓ એમ કહે છે કે ભગવાન હશે, પરંતુ, આજે અમને તેમની જરૂર નથી. 'ભગવાન નથી જ' એવું કહેવા માટે પણ હિંમત જોઇએ. તે પણ એમની પાસે નથી હોતી.

આપણે ત્યાં કણાદ થઇ ગયા. મરવાનો સમય આવ્યો ત્યારે લોકોએ તેને કહ્યું કે હવે તો ભગવાનનું નામ લો. તેણે ભગવાનનું નામ ન લેતાં **पीलवः पीलवः** બોલતાં દેહ છોડયો. કણાદ **पीलुपरिपाकवादी** હતા.

ધર્મની સાથે ઉન્નતિ અને પુષ્ટિનાં લગ્ન થયાં પછી પણ તેના પુત્રો થાય છે દર્પ અને સ્મય. એનું કારણ કર્તવ્યબુદ્ધિ અને ધર્મબુદ્ધિની જોડી થઇ છે, પરંતુ, તેની સાથે પ્રેમબુદ્ધિ, ભકિત જોડાવી જોઇએ. તે જ્યાં સુધી જોડાતી નથી ત્યાંસુધી તેનાથી તમને ખતરો જ ખતરો છે. તેથી જ કહ્યું છે કે શુચિશ્રીમાન લપસતો નથી. એનું કારણ એને ખબર હોય છે કે કર્તવ્યબુદ્ધિ અને ધર્મબુદ્ધિની સાથે ભકિત-પ્રેમબુદ્ધિ જોડાવી જોઇએ.

ભાગવતકારે અહીં અલૌકિક અર્થ સમજાવ્યો છે. કર્તવ્યબુદ્ધિ અને ધર્મબુદ્ધિ સાથે થયાં પછી પણ દર્પ અને ગર્વ પેદા થાય છે. તેની સાથે પ્રેમબુદ્ધિ હોવી જોઇએ. અહીં ભાગવતકાર ભકિત લાવ્યા છે. માણસનો વિકાસ થઇ ગયા બાદ પણ ભકિત રહેવી જોઇએ. વૃક્ષને ફળ આવી ગયા બાદ વૃક્ષની જરૂર નથી એમ આપણે કહેતા નથી. ભગવાને ગીતામાં કહ્યું છે.

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।

मत्कर्मकृत અને **मत्परमः** થયા પછી પણ તેણે **मद्भक्तः** હોવું જોઇએ, એનું કારણ ત્યાં જ લપસવાની શકયતા છે. જેમ સાધનામાં ભક્તિની નિતાંત આવશ્યકતા છે, તેમ સિદ્ધ થયા પછી પણ ભક્તિની નિતાંત આવશ્યકતા છે. તમે ભક્તિથી છૂટી નથી શકતા.

દક્ષ પ્રજાપતિની નવમી કન્યા છે બુદ્ધિ. બુદ્ધિનાં લગ્ન ધર્મની સાથે થશે તો 'અર્થ' પેદા થશે. જીવનનો અર્થ, સૃષ્ટિનો અર્થ ત્યારે જ ખબર પડશે. આજે આપણી બુદ્ધિએ સ્વાર્થની સાથે લગ્ન કર્યાં છે, કીર્તિની સાથે લગ્ન કર્યાં છે. જ્યાં કંઇ મળે છે (ભૌતિક દૃષ્ટિએ) ત્યાં જ આપણે બુદ્ધિ ચલાવીએ છીએ. કોઇ પણ બુદ્ધિમાન વ્યકિતને કહો કે ઉપનિષદ સાંભળવા ચાલો, તો તે તરત પૂછશેઃ 'તેનાથી મળશે શું ?' આવી બુદ્ધિમાં અર્થ પેદા નથી થતો. તે જીવનનો અર્થ સમજશે નહિ. તેના જીવનમાં ભયાનક અને ઘોર અંધારું પેદા થઇ જાય છે. તેને જીવનનો, સૃષ્ટિનો, વિષમતાનો, દ્વંદ્વનો, સંઘર્ષનો અર્થ ખબર નથી. તે પોતે શા માટે જન્મ્યો છે તેની તેને ખબર નથી. તેને કંઇ જ ખબર પડતી નથી, તેથી અસ્વસ્થ થાય છે અને બધું ભૂલવા માટે દારુ પીએ છે.

કોના જીવનમાં પુષ્ટિ આવે છે ? કોણ પુષ્ટ થઇ શકે છે ? આપણે સમજીએ છીએ કે અધાર્મિક માણસ પુષ્ટ થાય છે. પરંતુ ના, અધાર્મિક વ્યકિતની પુષ્ટિ થતી નથી. અને થાય તો ટકતી નથી. થોડો ઘણો ધાર્મિકતાનો પ્રવાહ આવ્યો હોય તો જ પુષ્ટિ હોય, નહિ તો પુષ્ટિ લાગે પણ તે સોજો હોય. સોજો થોડા દિવસ રહે અને પછી ઉતરી જાય. કેટલીક વખત તે સોજો વિકાર બનીને માણસને જ ખતમ કરી નાખે.

બુદ્ધિ તો બધા પાસે હોય છે. કેટલાક લોકો કુશાગ્ર બુદ્ધિવાળા હોય છે. અંગ્રેજીમાં તેમના માટે એક શબ્દ છે—Intellectual giant. આ લોકો રાક્ષસ બની જાય છે. **साक्षराः विपरिताश्चेत् राक्षसा इव** – (સાક્ષર વિકૃત બને તો રાક્ષસ જેવા થઇ જાય.) એનું કારણ તેમની બુદ્ધિ સ્વાર્થ

સાથે જોડાઇ જાય છે, કોઇ વિષયની સાથે જોડાઇ જાય છે.

બુદ્ધિ જ્યારે ધર્મની સાથે જોડાઇ છે ત્યારે જ તે અર્થ સભર બને છે. શાનો અર્થ? જીવનનો અર્થ. કોઇ મોટો સાલિસિટર હશે, મોટો ડૉક્ટર હશે, મોટો એન્જિનીઅર હશે, પહેલા નંબરનો રાજનીતિજ્ઞ હશે, તેને કદાચ રાષ્ટ્રમાં પ્રથમ સ્થાન પણ મળે, પરંતુ તેને જીવનનો અર્થ ખબર નહિ હોય. જીવન કેવું છે, શાં માટે છે, જીવન શું છે? એના વિષે તેણે વિચાર જ કર્યો નથી હોતો. જે જીવન મળ્યું છે, તે ખુશીથી વ્યતીત કરે છે, પરંતુ જીવન શું છે તે સમજવાનો તે પ્રયત્ન કરતો નથી, એનું કારણ એની બુદ્ધિ ધર્મની સાથે જોડાએલી નથી. તેની બુદ્ધિ કીર્તિ, મોટાઇ સાથે જોડાએલી હોય છે.

જીવનનો અર્થ ખબર નથી, સૃષ્ટિનું રહસ્ય ખબર નથી, સૃષ્ટિ શા માટે પેદા થઇ તેની સમજણ નથી અને આવા મોટા મોટા બુદ્ધિમાન લોકો પૂછે છે કે સૃષ્ટિમાં આટલું અસત્ (evil) કેમ છે ? સૃષ્ટિમાં સત્ અને અસત્ સાથે કેમ રાખ્યાં છે ? તેમની બુદ્ધિનાં લગ્ન ધર્મ સાથે થયાં નથી તેથી તેમના આવા પ્રશ્ન રહેવાના જ. બુદ્ધિનાં લગ્ન ધર્મ સાથે થાય તો આ બધી વાતો અને જીવનનો અર્થ સમજાય.

દસમી કન્યાનું નામ છે મેઘા. મેઘાનાં લગ્ન જ્યારે ધર્મ સાથે થાય છે ત્યારે તેનું સંતાન જે થાય છે તેનું નામ સ્મૃતિ છે. આજે આપણને ઘણી સ્મૃતિ હોય છે, નથી એમ નહિ, પરંતુ, હું કોણ છું, હું કોનો છું, હું કોના માટે છું, હું કોના લીધે છું ? આની સ્મૃતિ આપણને નથી. વલ્લભાચાર્યે કહ્યું: 'હું તેના (ભગવાનના) લીધે છું.' રામાનુજાચાર્યે કહ્યું: 'હું તેનો (ભગવાનનો) છું.' શંકરાચાર્ય કહે છે: 'તું તે જ છે.' આમાં સિદ્ધાંત બહુ મોટો છે, પરંતુ, હું ભગવાનને લીધે છું તેની સ્મૃતિ ચાલી ગઇ છે. **पीत्वा मोहमयीं प्रमाद मदिरां उन्मत्तभूतं जगत्**......હું કોણ છું, કોના લીધે ઉભો છું, મારી બુદ્ધિ કોના લીધે ચાલે છે, આનો વિચાર કરવાનો સમય પણ લોકોને નથી અને લોકોને તે વિષે વિચારવું પણ નથી. તેમને એવી વાતો સાવ નકામી લાગે છે. એમની બુદ્ધિ-મેઘાનાં લગ્ન પ્રસિદ્ધિ, કીર્તિ, વૈભવ, ભૌતિક સુખ સાથે થયેલાં છે. તેની પાછળ જ તેઓ ગાંડા થયેલા છે. મેઘાનાં લગ્ન ધર્મ સાથે થાય તો જ સાચી વાતોની સ્મૃતિ રહે.

અગિયારમી કન્યા તિતિક્ષા છે. તિતિક્ષા તો કરવી જ પડે છે. તિતિક્ષાનાં લગ્ન જ્યારે ધર્મ સાથે થાય છે ત્યારે તેનાથી 'ક્ષેમ' એટલે હિતકારક ચિત્ત પેદા થાય છે. તિતિક્ષાનાં ફળો ઉતાવળથી નથી મળતાં, તરત નથી મળતાં, મોડેથી મળે છે પણ તે ફળ મીઠાં હોય છે. શું વેપારીઓ પાસે તિતિક્ષા નથી? છે, તેથી જ સિઝન-મોસમ સારી ન હોય તો પણ નિયમિત દુકાન પર જાય છે. ઘરાકી ન હોવા છતાં પૂરો સમય દુકાન પર બેસે છે. આમ તિતિક્ષા તો છે જ, પણ તેનો સંબંધ ધર્મ સાથે હોવો જોઇએ.

બારમી કન્યા છે હ્રી. હ્રીનાં લગ્ન જ્યારે ધર્મ સાથે થયાં છે ત્યારે તેનો પુત્ર **પ્રશ્રય** – થાય. પ્રશ્રય એટલે સભ્યતા, વિનય. હ્રી એટલે લજ્જા. જીવનમાં લજ્જા એક અલૌકિક તત્ત્વ છે. લજ્જા છે તેથી જ બધા કપડાં પહેરે છે. નહિ તો કપડાં પહેરવાની જરૂર શી ? આ લજ્જા જ્યારે સમાજની સાથે હોય છે ત્યારે એક જુદી વાત છે. લજ્જાનો સંબંધ ધર્મ સાથે થાય ત્યારે અસલી વિનય અને અસલી સભ્યતા નિર્માણ થાય છે. આપણી પાસે નિયમિતતા છે પણ તે ધર્મ સાથે બાંધેલી

નથી. નોકરીની સાથે બાંધેલી છે, તેથી જ આપણે દરરોજ નિશ્ચિત ગાડી પકડીને ઓફિસે જઇએ છીએ. માણસ ત્રીસ વર્ષ સુધી એક જ ગાડી પકડતો હોય, તેમાં ફરક ન પડે, પરંતુ, રવિવારને દિવસે ? રવિવાર એટલે પોતાનો દિવસ, એટલે તે દિવસે લાંબા પગ કરીને માણસ સૂઇ જાય છે. આપણું બંધન નોકરી સાથે છે. આપણે નિયમિત છીએ. આપણામાં ગુણો છે પરંતુ, તે ગુણો ધર્મ સાથે લગ્ન કર્યા બાદ આવેલા નથી. તેથી જ તે ગુણો વિકાસને માટે ઉપયોગી થતા નથી. ભાગવતકાર કહે છે કે બધા ગુણોનાં લગ્ન ધર્મ સાથે થવાં જોઇએ.

તેરમી કન્યા છે મૂર્તિ—આ દક્ષ પ્રજાપતિની છેલ્લી પુત્રી છે તેથી તે લાડકી પણ હશે. મૂર્તિનાં લગ્ન જ્યારે ધર્મ સાથે થાય ત્યારે તેમાંથી નર-નારાયણ ઉત્પન્ન થાય છે, એટલે કે ઋષિનું જીવન નિર્માણ થાય છે. મૂર્તિનો અર્થ મૂર્તિપૂજા પણ છે. આપણે મૂર્તિપૂજા કરીએ જ છીએ. કેટલાક લોકો કહે છે કે અમે મૂર્તિપૂજા નથી કરતા, અમે મૂર્તિપૂજા માનતા નથી. આ લોકો નકામું જૂઠું બોલે છે. તેમનો નાનો બાબો છે તેને તેઓ મોટો કરે છે, તે મૂર્તિપૂજા જ છે, વ્યકિતનિષ્ઠા જ છે.

આજે લોકો બોલે છે કે વ્યકિતનિષ્ઠા ન હોવી જોઇએ. પરંતુ વ્યકિત, વ્યકિતનિષ્ઠ જ હોય છે, તેથી જ તો તું નાનાનો મોટો થયો. તારા મા-બાપ વ્યકિતનિષ્ઠ ન હોત તો તું નાનાનો મોટો થાત નહિ. માની બાળક માટે વ્યકિતપૂજા હોય છે અને બાળક પણ મા કહે તેવી રીતે જ ચાલે છે, તે તેની વ્યકિતપૂજા જ છે. આજે ભણેલા લોકોએ એક ખોટી વાત કાઢી છે કે કોઇ એક વ્યકિતને ન માનવી જોઇએ, એટલે કે વ્યકિતપૂજા કે વ્યકિતનિષ્ઠા ન હોવી જોઇએ. તેમને ખબર નથી કે વ્યકિતપૂજાને લીધે જ માનવ્ય છે. વ્યકિતપૂજાથીજ આપણો વિકાસ છે, એટલું જ નહિ, વ્યકિતપૂજામાં જ આપણું જીવન છે. વ્યકિતપૂજા તો માણસ કરશે જ, પરંતુ, તેનાં લગ્ન ધર્મ સાથે થશે ત્યારે નર-નારાયણ પેદા થશે. આમ, દક્ષ પ્રજાપતિની તેર કન્યાઓ છે અને તેમનાં લગ્ન કોની કોની સાથે થયાં છે અને તેનું જીવનમાં શું પરિણામ આવે છે તે ભાગવતકારે સમજાવ્યું છે. આ બધુ સારી રીતે સમજી લઇશું તો અજ્ઞાન પાપ, વગેરે તેર દુર્ગુણો છે તે ચાલ્યા જશે અને નર-નારાયણ પેદા થશે, ત્યાં સુધી નહિ થાય, એવું અહિ લખેલું છે.

જેમ ધર્મની ઉત્પત્તિ દેખાડી છે તેમ અધર્મની ઉત્પત્તિ પણ દેખાડી છે. અધર્મના લગ્ન મૃષા – સાથે થયાં છે. મૃષા એટલે વ્યર્થ, જૂઠું. આપણા જીવનમાં જે જે વ્યર્થ ચાલી જાય છે તે અધર્મ છે. ઉત્સાહ પણ વ્યર્થ ચાલી જતો હશે તો તે અધર્મ છે. શકિત પણ વ્યર્થ જતી હશે તો તે અધર્મ છે. અધર્મનો અર્થ શો છે ? તમે જે જે વ્યર્થ ગુમાવ્યું તે બધો અધર્મ છે. આપણામાં કેટલી સ્ફૂર્તિ છે ? કેટલું ચૈતન્ય છે ? કેટલો ઉત્સાહ છે ? પરંતુ , તે બધું વ્યર્થ પડી રહ્યું છે. આપણે કલબમાં જઇને પાનાં રમીએ છીએ, બીજું કંઇ કરતા જ નથી. આ અધર્મ જ છે. પાનાં રમવું એ અધર્મ નથી, પરંતુ, તેની પાછળ જ શકિત ગુમાવવામાં આવે તો તે અધર્મ છે. પાનાં રમવાને અંગ્રેજીમાં Recreation કહે છે. શકિત પાછી મેળવવા (Recreate કરવા) જેટલો સમય લાગે તેટલો સમય જ રમવું જોઇએ.

બેકાર વૃત્તિ, બેકાર કૃતિ અને બેકાર પ્રેમ-આ ત્રણેય અધર્મ છે. આપણે કેટલો પ્રેમ કરીએ છીએ ! પણ આપણા પ્રેમની બેઠકમાં કોઇ સારી વાત નથી. આવા પ્રેમનું પરિણામ પણ સારુ

નથી હોતું. તે અધર્મ છે. પ્રેમ પણ અધર્મ હોઇ શકે છે. ગુણ પણ અતિરેકી થાય ત્યારે અધર્મ બની જાય છે. માનું વાત્સલ્ય છે, પરંતુ, છોકરો ચોરી કરીને ઘરમાં આવે અથવા દારુ પીને ઘરમાં આવે ત્યારે, મા, વાત્સલ્યને કારણે તેનું સમર્થન કરે તો છોકરો બગડી જાય. છોકરાને બગાડયો કોણે ? માના પ્રેમે, માના મમત્વે. અહીં મમત્વ, વાત્સલ્ય અને પ્રેમ, આ ત્રણેય સદ્‌ગુણ રહ્યા નહિ, અધર્મ બની ગયા. અહંકેન્દ્રિતતા, સ્વાર્થપરાયણતા અને અતિરેક—આ ત્રણેયનો ગુણ સાથે સંબંધ આવે, ત્યારે ગુણ પણ અધર્મ બની જાય છે. ચોરી કરીએ તો જ અધર્મ થાય એવું નથી. ભાગવતકારનું કહેવું છે કે જેનો સંબંધ મૃષા ની સાથે આવ્યો તે અધર્મ થઇ જશે.

અધર્મ અને મૃષા-(વ્યથી) ના સંબંધથી જે સંતતિ થાય તે 'દંભ' અને 'માયા' છે. 'દંભ' અને 'માયા' ની જોડીથી, લાભ અને નિકૃતિ (લુચ્ચાઇ) અને તેનાથી ક્રોધ અને હિંસા પેદા થાય છે. કલિ અને દુરુક્તિથી ભય અને મૃત્યુ નિર્માણ થયાં અને ભય અને મૃત્યુથી નિર્માણ થયાં યાતના અને નરક. ધર્મના સંબંધનું પરિણામ નર-નારાયણ બતાવ્યું છે અને અધર્મના સંબંધથી યાતના અને નરકનાં પરિણામ બતાવ્યાં છે. ભાગવતમાં આનું બહુ જ સુંદર વર્ણન છે. ભાગવતના ચોથા સ્કંધમાંથી આપણે આટલું આચરશું તો ભાગવતની કથા પૂરી થઇ ગઇ એમ સમજી ચાલો.

જે અધર્મ લાગે છે તેનું પણ ઉર્ધ્વીકરણ અને ઉન્નતિકરણ આવશ્યક છે. ક્રોધ અને હિંસા જ્યારે અહંકેન્દ્રિત થઇ જાય છે, સ્વાર્થપરાયણ બની જાય છે, ત્યારે તે દુર્ગુણ બને છે. ક્રોધ અને હિંસા જ્યારે અહંકેન્દ્રિત કે સ્વાર્થપરાયણ નથી હોતા ત્યારે તે સદ્‌ગુણ બની જાય છે. શું પ્રભુ રામચંદ્રે રાવણ ઉપર ક્રોધ નહોતો કર્યો ? ક્રોધ હતો પરંતુ, તેની પછવાડે સ્વાર્થપરાયણતા ન હતી. સુવર્ણની લંકા મને મળે તે માટે રામનો ક્રોધ ન હતો. એટલું જ નહિ, સુવર્ણની લંકા મળી ત્યારે પણ તેમણે તે સ્વીકારી નહિ. આવાં ચરિત્રો ફક્ત ભારતની માટીમાં જ પેદાં થાય છે. રામને ત્રણ ત્રણ રાજ્યો મળ્યાં પણ તે છોડીને ચાલી ગયા. અયોધ્યાનું રાજ્ય પોતાનું હતું, તે પળવારમાં જતું કર્યું. કિષ્કિંધાનું રાજ્ય પોતે કમાવ્યું હતું, લંકાનું રાજ્ય પણ પોતે કમાવ્યું હતું, પરંતુ, તે છોડી દીધાં. ત્રણ ત્રણ રાજ્યો છોડવાવાળા ગાંડાઓ ફક્ત ભારતમાં જ પેદા થયા છે. કૃષ્ણ પણ તેવા જ છે. કંસને માર્યા પછી રાજમુકુટ પગ પાસે આવ્યો પણ ઉગ્રસેનના માથે પહેરાવી દીધો, પોતે રાજ્યપદ ન સ્વીકાર્યું. કૃષ્ણ કોઇ દિવસ રાજા નથી થયા.

દંભ દુર્ગુણ છે. તમે ચિત્ત એકાગ્ર કરવાનો અભ્યાસ કરો છો ત્યારે આંખ બંધ કરીને બેસો છો. તે વખતે ચિત્ત એકાગ્રતા થાય છે ? નથી થતી. તો શું તમારો દંભ નથી ? બધી સાધના દંભમાં જ આવે. ચિત્ત એકાગ્રતા થતી ન હોય તો આંખ બંધ કરીને ટટાર બેસું છું એ દંભ નથી પણ અભ્યાસ છે. તે જ ક્રિયા જો કોઇને દેખાડવાને માટે કરું તો દંભ થઇ જાય. મારા ઘરે સવારના સાત વાગ્યે કોઇ આવવાનું હોય તો સાતમાં પાંચ મિનિટ બાદ જો હું પૂજા કરવા બેસું તો તે દંભ કહેવાય. જે દુર્ગુણો છે તેનું પણ ઉર્ધ્વીકરણ થવું જોઇએ. જેવી રીતે ગુણોની સાથે સ્વાર્થપરાયણતા, અહંકેન્દ્રિતતા અને અતિરેક જોડાય ત્યારે તે ગુણો પણ અધર્મ બની જાય છે, તેવી રીતે અધર્મની પાછળ પણ જો અહંકેન્દ્રિતતા, સ્વાર્થપરાયણતા નહિ હોય તો તે સદ્‌ગુણ થઇ જશે. મૃષા, દંભ પણ સદ્‌ગુણ થઇ જાય.

શિક્ષણ આપવા માટે અસત્ય, જૂઠું ઉપાડવું જ પડે છે.

उपायाः शिक्षमाणानां बालानामुपलालनाः
असत्ये वर्त्मनिस्थित्वात् ततः सत्यं समीहते ॥

તેના ઉપર આખું વ્યાકરણશાસ્ત્ર ઊભું છે. તમે વાચ્યું હશેઃ The point has no length and no breadth, (બિંદુને લંબાઇ કે પહોળાઇ હોતી નથી) પરંતુ, તેના વગર બિંદુ થઇ શકે કે ? કાંગળ અને પેન્સીલનો સંબંધ આવ્યો કે લંબાઇ-પહોળાઇ આવી જ ગયાં. આમ છતાં ઉપરનું વાક્ય સમજી લો એમ કહેવામાં આવે છે. તાત્પર્ય એ કે જૂઠાને પણ સ્થાન નથી એમ નહિ. હું તો ઘણી વખત કહું છું કે ગાળને પણ સ્થાન છે. જેણે પહેલી ગાળ શોધી હશે તે મારી દૃષ્ટિથી તો ઋષિ હશે. જો તેણે ગાળ ન આપી હોત તો માણસ હાથમાં લાકડી લઇને સામેવાળાનું માથું જ ફોડત. તેને ક્રોધ આવ્યો કે લાકડી લઇને મારે જ. આ જ તેનું પરિણામ છે. કોઇએ કહ્યું હશે કે હાથમાં લાકડી ન લે, તને ગુસ્સો આવ્યો છે ને ? તો તેને એકાદ ગાળ ફટકારી દે. તારો ક્રોધ શમી જશે અને સામેવાળો પણ જીવતો રહેશે. તે સુધરી જશે. જેણે ગાળ શોધી હશે તે મહાપુરુષ હશે. હું ગાળ આપવાનું સમર્થન નથી કરતો, પરંતુ, તેના તરફ એક જુદી દૃષ્ટિથી જોવું જોઇએ. જો ગાળ ન હોત તો રોજ કેટલા ખૂન થઇ જાત ? ગાળને લીધે માણસ ખૂન કરવામાંથી બચ્યો છે, નહિ તો ઉશ્કેરાટ (Provocation) થી શું ન થાય ? બધું જ થાય. તેના બદલે એકાદ ગાળ, એકાદ દુરુક્તિ બોલી દે. ગાળ કે દુરુક્તિ હિંસાનો એક સૌમ્ય પ્રકાર છે.

ટૂંકમાં, જે દોષ દેખાડયા છે, તેમાં ક્રોધ દોષ હશે તો પ્રભુ રામચંદ્રે પણ રાવણ ઉપર ક્રોધ કર્યો છે અને કૃષ્ણ ભગવાને કંસ ઉપર ક્રોધ કર્યો છે. કંસ ઉપર ક્રોધ કરીને કૃષ્ણે છલાંગ મારીને તેને સિંહાસન પરથી નીચે પછાડયો હતો અને તેની ચોટલી પકડીને માર્યો હતો. ગુણ અને દોષની પાછળ સ્વયંકેન્દ્રિતતા અને સ્વાર્થપરાયણતા ન હોય તો તે દોષ નથી. સ્વયંકેન્દ્રિતતા અને સ્વાર્થપરાયણતા કાઢવાં હશે તો તમારે ભગવાનના હાથનું હથિયાર (Instrument) બનવું પડશે. જો હથિયાર બનવું હશે તો ભક્તિ કરવી પડશે. તેના સિવાય બીજો રસ્તો નથી. निमित्तमात्रं भव – (Instrumental devotion) ગીતાએ કહ્યું છે. હું કોઇનો (ભગવાનનો) નિમિત્ત છું.

ભાગવતે કેટલી સારી રીતે માનવી માનસશાસ્ત્ર (Human psychology) દેખાડયું છે. સંઘર્ષ ઊભો કરવાનો અને તેનું દૈવીકરણ દેખાડયું છે ! એનું કારણ તેની જીવનમાં આવશ્યકતા છે. આટલી પ્રગત વિચારધારા બીજે કયાંય પણ નહિ હોય. ભાગવતમાં તે કથારૂપે કહી છે અને ઉપનિષદમાં તે તત્ત્વરૂપે આવી છે.

ચતુર્થ સ્કંધમાં જુદી જુદી વાતો આવે છે. તેમાં એક પાપની સમસ્યા (Problem of evil) જે તત્ત્વવેત્તાઓને સતાવે છે, તે ભાગવતકારે ઉકેલી દીધી છે. ભાગવતકારે કહ્યું છે કે અધર્મની ઉત્પત્તિ પણ બ્રહ્મદેવે કરી છે. તેની આવશ્યકતા છે. સંઘર્ષમાં દ્વંદ્વ જોઇએ. દ્વંદ્વ વગર સંઘર્ષ નહિ. સંઘર્ષાનુકૂલ મનોવૃત્તિ એ જ જીવનવ્યવહાર છે. પ્રજાપતિની તેર કન્યાનાં લગ્ન ધર્મ સાથે કર્યાં છે. તેમાં એક મહત્ત્વની વાત છે. માનસશાસ્ત્રીય વિષય છે કે આ ગુણોનો સંબંધ ધર્મ સાથે શા માટે હોવો જોઇએ? વ્યવહાર સાથે કે ઉપયુક્તતા સાથે આ ગુણોનો સંબંધ થાય તો શું થાય?

દયાનો સંબંધ ઉપયુક્તતાની સાથે થાય તો શું થાય? દયાનાં લગ્ન આર્થિક વ્યવહાર સાથે થાય તો શું થાય? શાંતિનાં લગ્ન ધાર્મિકતા સાથે જ થવાં જોઇએ એવો આગ્રહ છે, તો જ તે ગુણ વિકાસને માટે ઉપયોગી થાય છે.

હું મજાકમાં કહું છું કે જેમ વસિષ્ઠ સ્થિતપ્રજ્ઞ છે તેમ વેપારી પણ સ્થિતપ્રજ્ઞ છે. ઘરાક પાછો આવવો જોઇએ, ઘરાક ગુમાવવો પોસાય નહિ, તે માટે વેપારી ઘરાક ઉપર કોઇ દિવસ ગુસ્સો કરતો નથી. આજે ઘરાક કંઇ લીધા વગર પાછો ગયો એ ખરું, પણ તે કયાં જવાનો છે ? આવતીકાલે પાછો આવશે. આજે ભલે તે ગાળ આપી ગયો. કાલે પાછો આવશે તે દૃષ્ટિએ વેપારી શાંત રહે છે. વેપારીની આ શાંતિ વિકાસને માટે ઉપયોગી થતી નથી. શાંતિનાં લગ્ન, શાંતિનો સંબંધ ધર્મ સાથે થવો જોઇએ એવો આગ્રહ છે. ઉન્નતિ અને પુષ્ટિનો સંબંધ ધર્મ સાથે થાય તો પણ ગર્વ અને દર્પ પેદા થાય છે. આવું કહેવાનો અર્થ એ છે કે કેવળ ધર્મબુદ્ધિ નહિ ચાલે, ભકિતથી ભીનું હૃદય અને જ્ઞાનથી મજબૂત થયેલી બુદ્ધિ હોય તે જ વ્યકિત ધર્મ અને નીતિ સમજી શકે છે અને તેનું આચરણ કરી શકે છે. ભકિતરહિત ધર્મ હશે તો દર્પ અને ગર્વ આવશે. તે ન આવે માટે તેની પાછળ ભકિત હોવી જોઇએ. આ એક આવશ્યક વાત છે.

આજનો યુગ સમસ્યાનો યુગ છે. તેનો એક જ રસ્તો છે, ઉપાય છે અને તે એટલે ભકિતની નજર, ભકિતની દૃષ્ટિ. જેને આપણે મજાકમાં દિવ્યચક્ષુ કહીએ છીએ. આજે આ દિવ્યચક્ષુ આપવાની જરૂર છે. ધર્મ જો ભક્તિયુક્ત નહિ હોય તો તે એક દુરાગ્રહ (Dogma) બની જશે. પછી ધર્મ રહેશે, પણ ધર્મમાંથી ભકિત ચાલી જશે ત્યારે પ્રાણ જ ચાલ્યા જશે. આજે બધાં મંદિરોમાં ધર્મ ચાલે છે. મંગલાનાં દર્શન છે, સ્નાન છે, રાજભોગ છે, પરંતુ, તેમાંથી જો ભકિત ઊડી જશે તો શું થશે ? જ્યાંથી ભકિત ચાલી જાય છે ત્યાં બધું જ ચાલી જાય છે એવો ભાગવતનો દૃઢ મત છે.

ભાગવતકાર ભક્તિની અનિવાર્ય આવશ્યકતા સમજાવવા માટેજ અહિં ઉદ્યુક્ત થયા છે. ભક્તિ જ નહિ રહે તો પછી શું રહેશે ? ધર્મ એક દુરાગ્રહ (Dogma) બની જશે. ઘણી ધાર્મિક ક્રિયા એવી જ ચાલે છે. પૂછો, સંક્રાંતિમાં શું કરવાનું ? તો કહે છે કે તલ ગોળના લાડુ ખાવાના. મકરસંક્રાંતિને દિવસે ઘરઘરમાં તલ ગોળના લાડુ તૈયાર થાય છે અને ભગવાનને ધરવામાં આવે છે; પરંતુ, તેની પાછળ કંઇ ભાવના નથી, ભકિત નથી, પ્રાણ નથી.

એક વિનોદી વાત કહું. એક પૌત્રે પોતાના દાદાને પૂછયું: 'શ્રાદ્ધનો શો અર્થ છે ? શ્રાદ્ધમાં શું કરવાનું ?' દાદાએ કહ્યું: 'શ્રાદ્ધમાં બ્રાહ્મણને બોલાવવાનો અને તેને ખીર ખવડાવવાની. બચેલી ખીર આપણે પ્રસાદ સમજીને ખાઇ જવાની.' પૌત્રે પૂછયું: 'એમ ! તો શ્રાદ્ધ કયારે થાય છે ?' 'કોઇ મરી જાય ત્યારે', પૌત્રે પૂછયું: 'દાદા ! તો તમે ક્યારે મરી જશો ?' 'કેમ, એવું પૂછે છે ?' 'તો જ શ્રાદ્ધ થાય અને ખીર ખાવા મળે ને ?' કોઇ મરે ત્યારે શ્રાદ્ધ કરાય અને શ્રાદ્ધમાં બ્રાહ્મણને બોલાવીને ખીર ખવડાવવી, આ ધર્મ થઇ ગયો, એવી આપણી સમજ થઇ ગઇ છે. શ્રાદ્ધનો અર્થ ખીર, સંક્રાંતિનો અર્થ તલ-ગોળના લાડુ-આમ તેમાંથી પ્રાણ જ ચાલ્યા ગયા છે, ભકિત પણ ચાલી ગઇ છે. આવો ધર્મ નહિ ચાલે. ભકિતથી ભીનું હૃદય અને જ્ઞાનથી મજબૂત

બુદ્ધિ હોય ત્યાં ધર્મ અને નીતિ પેદા થાય છે. આપણે સમજીએ છીએ તેટલું સહેલાઈથી ધર્મનું આચરણ નથી થઇ શકતું, નહિ તો ગીતાની આવશ્યકતા જ કઇ છે ? ગીતા આ વાતો સમજાવે છે, માટે જ જીવનમાં ગીતાની જરૂર છે.

श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा ज्ञानामृतं लभेत् । (માણસ સાંભળીને જ ધર્મને જાણે છે અને સાંભળીને જ જ્ઞાનરૂપી અમૃત પામે છે) તેથી સાંભળવું પડશે અને તે પણ સતત–હંમેશ. બીજું, કેવળ ધ્રુવ-પ્રહલાદની વાર્તાઓ ન ચાલે. તત્ત્વજ્ઞાન સાંભળવું પડશે તોજ તેનાથી બુદ્ધિ તીક્ષ્ણ થઇ જશે. સ્વાધ્યાય કરવો જ પડશે, નહિ તો ધર્મ નહિ સમજાય. માટે જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં સ્વાધ્યાય આવવો જોઇએ. તેવું નહિ થાય, તો જીવનમાં સમસ્યાઓ જ રહેશે.

આજે લોકો કહે છે, 'ગરીબને ખવડાવો તો ગરીબાઇ ચાલી જશે.' પરંતુ, શ્રીમંતોની આંખોમાં પણ ગરીબાઇ છે. તો ગરીબાઇ જશે કેવી રીતે? ગરીબાઇ કાઢવી હશે તો **श्रुत्वा धर्मं विजानाति.....** સાંભળીને ધર્મ સમજવો પડશે, તો જ ગરીબાઇ જશે, નહિ તો ગરીબાઇ જશે નહિ. ગીતા પણ કહે છે: **किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः**– કર્મ કયું, અકર્મ કયું, એ આપણે સમજી જ નથી શકતા. લોકો કહે છે: 'એમાં શું ? અમને ધર્મ ખબર છે.' હું સામાન્ય ધર્મની વાત જ નથી કરતો. જેને વૈશ્વિક ધર્મ કે વૈશ્વિક નીતિ કહે છે, એવા વિશ્વમાન્ય જે સિદ્ધાંતો છે, તેની વાત કરૂં છું. તે પણ નિરપવાદ નથી. અહિંસા, સત્ય, અસ્તેય, વગેરે તત્ત્વો પણ નિરપવાદ નથી. લોકો કહે છે કે અહિંસાનું પ્રાલન કરવું જોઇએ. હિંસા ન કરવી જોઇએ. સમજો કે તમારી મા બહેન ઉપર કોઇ જબરદસ્તીથી બળાત્કાર કરવા આવ્યો તો તમે શું કરશો ? અહીં અહિંસા શ્રેષ્ઠ છે કે હિંસા શ્રેષ્ઠ છે ? કયા ધર્મનું આચરણ કરવું જોઇએ ? અમારું નીતિશાસ્ત્ર કહે છે: વગર વિચારે આતતાયીને મારવો જોઇએ.

गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् ।
आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥

લોકો પૂછે છે કે ધર્મ સમજવામાં તમને કઠિનાઇ શી લાગે છે ? શા માટે લાગે છે ?

धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ।

મહાજનો જે રસ્તો ચાલ્યા હોય તે રસ્તે જ ચાલવાનું, એમાં કઠણ શું છે ? પરંતુ, જે રસ્તે મહાજનો ચાલ્યા છે તે રસ્તે આપણે ચાલી શકતા નથી.

અહિંસા શબ્દ સાંભળ્યા પછી એકનાથનું ક્રોધરહિત જીવન ધ્યાનમાં આવે છે. એકનાથનું જીવન વિલોભનીય છે. જેના ઘરમાં દ્વારકાધીશ પોતે નોકર બનીને રહ્યા, તેમના ઘરમાં પાણી ભર્યું, રસોઇ કરી. એનાં કરતાં વધારે શું જોઇએ ! નોકર બનીને એમના ઘરે આવ્યા હતા. ત્યારબાદ એક મહાપુરુષ દ્વારકામાં ભગવાનનાં દર્શન કરવા ગયા. ત્યાં તેમને સ્વપ્નમાં ખબર પડી કે ભગવાન તો પૈઠણમાં એકનાથના ઘરે છે. પેલા મહાપુરુષ ભગવાનને શોધવા પૈઠણમાં આ મહાન ભક્ત એકનાથને ત્યાં આવ્યા.

ભગવાનને લાગ્યું કે હવે બધાંને ખબર પડી જશે એટલે શ્રીખંડયો (ભગવાન) અંતર્ધાન

થઇ ગયા. ત્યારબાદ પૈઠણમાં કોઇએ શ્રીખંડયાને જોયો નહિ. જેણે દસ દસ વર્ષ એકનાથને ત્યાં કામ કર્યું તે શ્રીખંડયો કોઇને જોવા પણ ન મળ્યો. ત્યાંથી જવા માટે હવાઇ જહાજ કે હેલીકૉપ્ટર પણ ન હતા કે ત્યાંથી ભાગી શકાય. તો પછી તે કયાં ચાલ્યા ગયા ? કેવી રીતે ગયા ? તે ખબર ન પડી, પરંતુ, શ્રીખંડયો ત્યાંથી ચાલ્યો ગયો એ વાત ખરી.

એક વખત ચાર ગુંડાઓએ એક બ્રાહ્મણને કહ્યું: 'તમે એકનાથને ગુસ્સે કરી દેખાડો તો અમે તમને પાંચસો રૂપિયા આપીશું'. બ્રાહ્મણે કહ્યું: 'એમાં શું છે ? હું એકનાથને ગુસ્સે કરી દેખાડું.' આમ કહી બ્રાહ્મણ તે કામ કરવા તૈયાર થયો.

એક દિવસ પીતાંબર પહેરીને એકનાથ ભગવાનની પૂજા કરતા હતા. પેલો બ્રાહ્મણ એકનાથને મળવા માટે જોડાં પહેરીને એકનાથના દેવઘરમાં ઘૂસી ગયો, એકનાથે આ જોયું. પવિત્ર અને ધાર્મિક બ્રાહ્મણને આવું બેહૂદું વર્તન જોઇને ક્રોધ તો આવે જ, કારણ તે જોડાં પહેરીને જ દેવઘરમાં આવી ગયો કે જ્યાં હું ભગવાનની પૂજા કરું છું. એકનાથે તેના તરફ જોયું અને શાંતિથી કહ્યું: 'તારો મારા પર કેટલો પ્રેમ છે ! મને મળવા તને આટલી બધી આતુરતા હતી કે તું જોડાં ઉતારવાનું પણ ભૂલી ગયો ?'

ત્યારબાદ એકનાથે તેને જમવા બેસાડયો. પોતે પણ તેની સાથે બેઠા. તેમની પત્ની ગિરિજાબાઇ પીરસતાં હતાં. એટલામાં પેલો બ્રાહ્મણ કૂદીને તેમની પીઠ પર બેસી ગયો. બ્રાહ્મણે આવું કર્યું તો પણ એકનાથે શાંતિથી કહ્યું: 'તું સંભાળજે, નહિ તો આ પડી જશે, અને તેને લાગી જશે.' ગિરિજાબાઇએ કહ્યું: 'ના, નહિ પડે, કારણ હરિપંડિતને કેડ પર લેવાની મને તો ટેવ છે. કેટલી વાર તેને તેડીને મેં તમને પીરસ્યું છે.' એકનાથની આટલી આધ્યાત્મિક શાંતિ જોઇને લાગે કે કેવું તેમનું જીવન હશે ?

એટલામાં આંખની સામે બીજી એક મહાન વ્યક્તિ ઊભી રહે છે-અને તે એટલે પ્રભુ રામચંદ્ર ! જ્યારે રાવણ સીતાને ઉપાડીને લઇ ગયો તો રામે આકાશપાતાળ એક કર્યા. રામ-રાવણ વચ્ચે એવું યુદ્ધ થયું કે જેના માટે એમ બોલાય છે: **गगनं गगनाकारं सागरः सागरोपमः । राम-रावणयोर्युद्धं रामरावणोरिव ॥** હવે એકનાથને માનવા કે રામને માનવા? **महाजनो येन गतः स पन्था**......ક્યા મહાપુરૂષના માર્ગે જવું?

બીજું તત્ત્વ છે સત્યં. સત્યં વદ – સાચું બોલવું જોઇએ પરંતુ, સત્ય પણ નિરપવાદ તત્ત્વ છે કે ? એક સાધુ એક ઝાડ નીચે બેઠો હતો. ત્યાંથી એક લગ્નની જાન પસાર થઇ. તેમાં બસો સ્ત્રીઓ હતી, તેમણે સોનાના ઘરેણાં પહેર્યાં હતાં. જાન પૂર્વ દિશા તરફ ચાલી ગઇ. એટલામાં નાગી તલવાર લઇને લૂંટારૂઓ ઘોડા પર બેસીને ત્યાં આવી ચડ્યા. તેમણે સાધુ મહારાજને પૂછયું: 'જાન કઇ તરફ ગઇ છે ?' હવે સમજો કે સત્યં વદ પકડીને સાધુ સાચું કહી દે તો બસો સ્ત્રીઓ બેઇજ્જત થાય અને કેટલાંયે જીવોને હેરાનગતિ થાય. સાધુએ શું કરવું જોઇએ ? શાસ્ત્રકાર કહે છે કે પૂર્વ દિશા તરફ જાન ગઇ હોય તો પશ્ચિમ દિશામાં જાન ગઇ છે એમ કહેવું જોઇએ. વેદવ્યાસે લખ્યું છે:

सत्यस्य वचनं श्रेयः सत्यादपि हितं वदेत् ।
यल्लोकहितमत्यंत मेतत् सत्यं मतं मम ॥

(સત્ય વચન બોલવું કલ્યાણકારી છે, પણ સત્ય કરતાં પણ હિતકારી બોલવું જોઇએ. જે અત્યંત લોકહિતકારી હોય તે જ સત્ય છે, એવો મારો મત છે.)

હવે આમાંથી રસ્તો કેમ કાઢવાનો ? સત્ય બોલવું જોઇએ એ તો ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, હિંદુ ધર્મ, શીખ ધર્મ, પારસી ધર્મ બધા જ માને છે. એવો કોઇ સંપ્રદાય કે એવો કોઇ પંથ નથી કે જે સત્ય, અહિંસા જેવાં તત્વોને ન માનતો હોય.

સત્ય પણ નિરપવાદ તત્ત્વ નથી. સત્યને માટે પણ આપણા શાસ્ત્રકારોને કંઇ મર્યાદા લખવી પડી. સત્ય જ બોલવું જોઇએ એવો આગ્રહ હોય તો કોઈની મજાક-મશ્કરી કરવાના કે નહિ ? વિનોદ કરવો કે નહિ ? વાગ્વિલાસ કરવો કે નહિ ? તેથી અમારા નીતિશાસ્ત્રકાર કહે છે:

न नर्मयुक्तं वचनंहिनस्ति न स्त्रीषु राजन् न विवाहकाले ।
प्राणात्यये सर्वधनापहारे पञ्चानृतान्याहुरपातकानि ॥

તમે મજાકમાં જૂઠું બોલો તો પાપ નથી, પરંતુ, તે કેવળ મજાક હોવી જોઇએ. મજાક કરવી કે નહિ ? April fool કરવું કે નહિ ? કરવાનું. જેનાથી બીજાના સ્વાર્થને હાનિ ન પહોંચે અને આપણો સ્વાર્થ ન હોય એવી મજાક હોવી જોઇએ. તેને અંગ્રેજીમાં (Innocent lie) નિર્દોષ અસત્ય કહે છે. જેનાથી બીજાનું નુકશાન નથી અને મારો ફાયદો નથી, એવું જૂઠું બોલશો તો ચાલશે એમ નીતિશાસ્ત્રકાર કહે છે.

પછી કહે છે: न स्त्रीषु – સ્ત્રીની પાસે જૂઠું બોલશો તો ચાલે. તેને સાચું કહેશો તો તરત તે બધાંને કહી દેશે. પાછું પ્રત્યેકને એમ જ કહેશે કે તમને કહું છું, તમે કોઇને કહેતા નહિ. પછી શું થાય ? અહીં સ્ત્રી એટલે નારીજાતિ એમ ન સમજવું–એવી વૃત્તિનો પુરુષ હોય તો તેને ઉદ્દેશીને પણ નીતિશાસ્ત્રકાર બોલે છે.

તેવી જ રીતે કોઇનો વિવાહ થતો હોય અને એની વિરુધ્ધની માહિતીની ખબર હોય તો પણ સાચું ન કહેવાય. તમને પૂછવા આવે તો પણ સાચું ન કહેવાય. તેવી જ રીતે પ્રાણ જવાના હોય કે सर्वधनहरण-એવો પ્રસંગ હોય ત્યારે પણ સાચું ન કહેવાય.

સિઝવીકનું Method of ethics વાંચશો તો જૂઠું બોલવાની છૂટનું એક લાંબું લીસ્ટ આપ્યું છે. મેં જ્યારે તે ગ્રંથો વાંચ્યા ત્યારે મને ખબર પડી કે આપણું નીતિશાસ્ત્ર ભણાવવાની તેમને જરૂર જ નથી. આજે સુશિક્ષિત લોકો સિઝવીકનું નીતિશાસ્ત્ર લે છે. એનું કારણ ખોટું બોલવાની એમણે એટલી છૂટ આપી છે કે પૂછો નહિ. ગાંડાની પાસે જૂઠું બોલો તો ચાલે, બિમારની પાસે જૂઠું બોલો તો ચાલે, વકીલ અસીલની પાસે જૂઠું બોલે તો ચાલે, વેપારી ઘરાક પાસે જૂઠું બોલે તો ચાલે. આવું લખેલું છે એટલે મુંબઇની મૂલજી જેઠા માર્કેટના વેપારીઓ આ સિઝવીકનું નીતિશાસ્ત્ર જ ઉપાડેને ?

આપણે સ્વપ્નમાં આપેલું વચન સાચું કરવાવાળા હરિશ્ચંદ્રને માનીએ છીએ. એમને ખબર હતી કે શત્રુ વિશ્વામિત્ર મારું રાજ્ય લેવા માટે આવ્યો છે તો પણ સ્વપ્નમાં આપેલો કોલ તેમણે સાચો કર્યો. હરિશ્ચંદ્ર રાજા એ સત્યનું અતિ ઉચ્ચ શિખર છે. બીજી તરફ યુદ્ધના મેદાનમાં નરો વા કુઞ્જરો વા કહેવાવાળા યુધિષ્ઠિર અને તેવું કહેવડાવવાવાળા કૃષ્ણ છે. હવે આપણે હરિશ્ચંદ્રને રસ્તે જવું કે આ મહાપુરુષોના રસ્તે જવું ? તેથી કહું છું કે દરેક વ્યકિતએ પોતે જ નિશ્ચિત કરવું પડશે કે કયા રસ્તે જવું ? આપણે પુસ્તકો વાંચીને સમજીએ છીએ એટલું જીવન સહેલું નથી. જીવનનો ધર્મ અને જીવનના સિદ્ધાંત-તેના વિષે પ્રત્યેક વ્યકિતએ પોતે જ નિર્ણય લેવો પડશે. તે બધાને માટે એક જ હોતા નથી.

અસ્તેય – બીજાના પરસેવાનું ખાવું ન જોઇએ એ સિદ્ધાંત છે. સમજો કે બાર વર્ષ સુધી વરસાદ પડયો નથી. જીવવું અશકય થયું છે, પાસે અન્નનો દાણો નથી, તો શું કરવું ? વિશ્વામિત્રના જીવનમાં આવો જ પ્રશ્ન આવ્યો હતો. તે વખતે વિશ્વામિત્રને પૂછવામાં આવ્યું કે તમે બીજાનું કેમ ખાઓ છો? તો કહે: 'મને બધું શાસ્ત્ર ખબર છે. હમણાં હું જીવતો રહીશ તો હજારો સત્કર્મો કરવાનો છું, તેથી મેં આવું કર્યું છે. કેવળ જીવતા રહેવા માટે જોઇએ તેટલું જ તેમણે લીધું. ત્યારબાદ તેમણે બીજાનું પાણી પીધું નહિ, એનું કારણ પાણી બહાર પી શકાય છે. તે કહે છે: **મરણાત્ જીવિતં શ્રેયઃ** આવી પરિસ્થિતિ આવે ત્યારે સિઝવીક સાહેબે તો એટલી છૂટ આપી છે કે-It is not only allowable, but your duty to steal. આ સિઝવીક સાહેબના આઠ-દસ ગ્રંથો છે. એનું કારણ આપણા લોકોની જેમ સૂત્રબદ્ધ લખવાની તેમને ટેવ નથી. તેમને એક વાત લખવી હશે તો તેનાં પંદર-વીસ પ્રકરણો લખવાં પડે અને આપણું બધું એક શ્લોકમાં આવી જાય એવું સૂત્રબદ્ધ લખાણ છે. સિઝવીક સાહેબ કહે છે કે Not only allowable but duty to steal. વિશ્વામિત્ર કહે છે: **મરણાત્ જીવિતં શ્રેયઃ**- હું જીવતો રહીશ તો ઘણાં સારાં કામો કરીશ. તેની સામે વિદુલા પોતાના છોકરાઓને ઉપદેશ આપે છે. જે ઉપદેશ કુંતામાતાએ પાંડવોને આપ્યો છે. તે કહે છે: **જીવિતાત્ મરણં વરમ્** । તમે મરી જશો તો ચાલશે, પરંતુ, તમે ઊલટે રસ્તે જાઓ નહિ. આ બેમાંથી તમે કયો રસ્તો અપનાવશો ? આ બહુ જ કઠણ સમસ્યા છે, તેથી કહું છું કે આપણે ધર્મ, ધર્મ બોલીએ છીએ પણ ધર્મ અને નીતિશાસ્ત્રનો, અને જીવનસિદ્ધાંતનો પ્રશ્ન આવે છે ત્યારે નિર્ણય કરવા માટે બુદ્ધિ સતત તીક્ષ્ણ કરવી પડે છે. દાઢી કરવાવાળો હજામ, એક બાજુ અસ્ત્રો ચલાવે છે કે તરત તેની ધાર કાઢે છે. શા માટે ? તેની ધાર બુઠ્ઠી થઇ છે તેને તીક્ષ્ણ કરવા. આવી રીતે બુદ્ધિની ધાર સતેજ રાખવા માટે દરરોજ સ્વાધ્યાય કરવો જોઇએ. ઓછા નામે દર રવિવારે તો સ્વાધ્યાય કરી બુદ્ધિ તીક્ષ્ણ કરવી જ જોઇએ. બુદ્ધિને તીક્ષ્ણ કરતી વખતે પાણી પણ લગાડવું જોઇએ, એટલે કે બુદ્ધિ ભક્તિયુક્ત હોવી જોઇએ. ભકિતથી ભીનું હૃદય અને જ્ઞાનથી મજબૂત થયેલી બુદ્ધિ જોઇએ. આવી બુદ્ધિ ધર્મ અને નીતિ નિશ્ચિત કરે છે. ધર્મનાં તત્ત્વો પણ નિરપવાદ નથી.

આપણે વિચારતા જ નથી, તેથી આપણને મૂંઝવણ પણ નથી. વિચારીશું તો મૂંઝવણ જ મૂંઝવણ થશે. આપણે વિચારશું કે જે રસ્તે ચાલીએ છીએ, તે યોગ્ય છે કે નહિ ? તેનો નિર્ણય બીજો કોઇ નહિ કરે. આપણે જ લેવો પડશે અથવા ભગવાન કરશે. તેમાં બીજો કોઇ ચાલે નહિ.

બુદ્ધિમાન માણસે પોતાની બુદ્ધિને જ તૈયાર કરવી પડશે. ભાગવતકારે દેખાડયું છે કે ધર્મનાં લગ્ન ઉન્નતિની સાથે થશે તો દર્પ પેદા થશે અને પુષ્ટિનાં લગ્ન ધર્મ સાથે થશે તો સ્મય-ગર્વ પેદા થશે. છેવટે ભાગવતકાર લખે છે કે ભકિત વગર ચાલશે નહિ, તેના વગર જીવનવિકાસ શક્ય નથી.

ગુણોનો ધર્મ સાથે સંબંધ હોવો જોઇએ અને ધર્મ ભકિતની સાથે બાંધેલો હોવો જોઇએ. પાપની સમસ્યા (Problem of evil) નું વિવરણ અતિ સુંદર રીતે ચતુર્થ સ્કંધમાં આવ્યું છે. દરેક ગુણનાં ધર્મ સાથે લગ્ન અને તેનું થવાવાળું પરિણામ, આ એક માનસશાસ્ત્રીય અભ્યાસનો વિષય છે. આટલું લખાણ જો પરદેશીઓને મળત તો તેના ઉપર તેઓ દસ પુસ્તકો લખત. તે માનવને માર્ગદર્શક બની જાત. આપણે તો માત્ર ભાગવત વાંચીએ છીએ અને તેના ઉપર પુષ્પ ચડાવીએ છીએ-બસ, આપણું કર્તવ્ય પૂરું થયું. ઉપરવાળાની ઇચ્છા હશે તો થશે એવું માનીને બેસી રહેનારા આપણે છીએ.

વિભિન્ન ગુણો, વિભિન્ન દૃષ્ટિથી આવી શકે છે. ઉપયુક્તતાથી પણ આવી શકે છે, આર્થિક દૃષ્ટિથી પણ આવી શકે છે, સામાજિક આવશ્યકતાથી પણ આવી શકે છે. તેનાથી પુષ્ટિ નથી મળતી અને વિકાસ થતો નથી. ગુણોનો ધર્મ સાથે સંબંધ આવ્યા પછી જ તેમની પુષ્ટિ અને વિકાસ થાય છે, એટલું પ્રભાવી રીતે ભાગવતનું કહેવું છે.

એક બીજી મહત્ત્વની ઘટના છે. ભાગવતકારના મતાનુસાર પહેલા રાજા મનુ થઇ ગયા. તેના પછી ઉત્તાનપાદ અને ત્યાર પછી ધ્રુવ રાજા થયા. ધ્રુવના પુત્ર હતા ઉત્કલ અને વત્સલ. ઉત્કલે રાજ્ય છોડી દીધું તેથી વત્સલ રાજા થયો. ચતુર્થ સ્કંધમાં તેની આખી વંશાવલી છે અને તેમણે રાજ્યકારભાર કેવો કર્યો તેનું પણ વર્ણન છે. પુષ્પાર્ણ, ચક્ષુ વગેરે અંગરાજા સુધી બધા રાજાઓએ સારી રીતે રાજ કર્યું. અંગરાજા પછી એક ઘટના બની.

રાજ્યપદ બ્રહ્મદેવે આપ્યું છે અને તે એક દૈવી ભેટ છે એવી ભાગવતની માન્યતા છે. રાજ્યની બે કલ્પના છે. એક ધર્મરાજ્ય અને બીજું રાક્ષસરાજ્ય. રાક્ષસનો ખરાબ અર્થ ન લો. રાક્ષસ એટલે 'તમારી રક્ષા કરવા માટે હું કટિબદ્ધ છું, તમે નિશ્ચિંતતાથી સૂઇ જાઓ,' એવું કહેવાવાળા જે છે તેમને રાક્ષસ કહે છે. આજે તો બધું રાજ્યસંસ્થા જ કરે છે. આજે એવી પરિસ્થિતી ઊભી થઇ છે કે રાજ્યસંસ્થા વગર વ્યક્તિ પાંગળી બની ગઇ છે, કેમ જાણે બધું રાજ્યસંસ્થાએ જ કરવાનું ન હોય ! આજે બધાંનું રાષ્ટ્રીયકરણ (Nationalization) કરો એવો એક જ અવાજ સંભળાય છે. બધી વિપત્તિનો આ એક જ ઉત્તર છે કે રાષ્ટ્રીયકરણ કરો.

રાજ્યની ઉત્પત્તિ બે પ્રકારે માનવામાં આવી છે. એક વિકસનની દૃષ્ટિએ અને બીજી ભાગવતની દૃષ્ટિએ. મનુએ માનવશાસ્ત્ર લખ્યું છે. મનુએ જે પ્રથમ સ્મૃતિ લખી છે, તેનું નામ જ 'માનવધર્મશાસ્ત્ર' છે. જે માનવ છે તેના માટે તે સ્મૃતિ લખાઇ છે. જેઓ આ ભૂગોલખંડમાં રહે છે તેમને માટે જ મનુસ્મૃતિ છે એવું નથી. તેમાં લખ્યું છે કે માનવમાં કૃતજ્ઞતા હોવી જોઇએ એ સિદ્ધાંત છે. જીવનમાં કૃતજ્ઞતાનો એક ગુણ આવ્યો કે બીજા ગુણો દોડીને આવી જાય છે. કેવળ માનવ જ કૃતજ્ઞતા લાવી શકે છે. કૃતજ્ઞતા એટલે કરેલા પ્રેમ અને કરેલા ઉપકારનું સ્મરણ.

ભગવાનનો પ્રેમ ઓળખવો અને તેની સાથે સંબંધ બાંધવો એ માનવ્ય છે. તેમાં ભગવાનને ઓળખવા અને તેની સાથે સંબંધ બાંધવો—આ વાતો આવી ગઇ. આ વાતો આવી કે તમે માનવ બની ગયા.

મનુમહારાજે શું કહ્યું છે તે હું કહું છું. મનુએ પહેલાં સમજાવીને આ વાત કરી અને પછી તે કાયદા-નિયમો થઇ ગયા. તેમણે કહ્યું: 'તું માણસ છે ને ? તારે ઓળખવું જોઇએ. શું શું ઓળખવું જોઇએ ? ભગવાનનો પ્રેમ ઓળખવો જોઇએ. વરસાદ આવે છે તે પ્રભુનો પ્રેમ છે અને તું નાનાનો મોટો થયો તે પણ પ્રભુનો પ્રેમ છે.' ભગવાનનો પ્રેમ માણસ જ ઓળખી શકે છે અને જે પ્રભુનો પ્રેમ ઓળખે છે તેને જ મનુષ્ય કહે છે.

જેમ પ્રભુનો પ્રેમ ઓળખવો જોઇએ તેમ પોતાની અસમર્થતા પણ ઓળખવી જોઇએ. માનવ્યનો આ બીજો ગુણ છે. મારી મર્યાદા કેટલી છે? હું શું કરી શકું છું ? શું હું ભગવાનની સાથે બાથ ભીડી શકું છું ? પુરાણમાં લખ્યું છે કે રાવણે ભગવાનની સાથે જ બાથ ભીડવાની શરૂઆત કરી. જેમ પોતાની અસમર્થતા ઓળખવી જોઇએ તેમ પોતાની શકિત પણ ઓળખવી જોઇએ. શકિત વગર તમે સંઘર્ષમાં ઊભા નહિ રહી શકો. જુદા જુદા સંઘર્ષો તમારી સમક્ષ આવશે, વિરોધ આવશે તેનો સામનો તમારે કરવો જ પડશે. તેના માટે પોતાની શક્તિનું જ્ઞાન હોવું જોઇએ.

ત્રીજી વાત, જીવનમાં બીજાની આવશ્યકતા છે કે નહિ ? બીજાની આવશ્યકતા છે જ અને તે ઓળખવી જોઇએ. બીજો નહિ હોય તો હું પેદા જ ન થાઉં. જન્મ લેવા માટે, જીવતો રહેવા માટે, મોટો થવાને માટે, જીવન ચલાવવા માટે, જીવનવિકાસ કરવા માટે બીજાની જરૂર છે. જો બીજો જરૂરી છે તો તેની સાથે મારો સંબંધ શો એ ઓળખવાનું છે. બીજાની આવશ્યકતા ઓળખવી જોઇએ. તેવી જ રીતે ભગવાનનો પ્રેમ ઓળખવો જોઇએ.

મનુએ લોકોને બીજું શું કહ્યું ? તું પશુ કરતાં જુદો છે એ તારે સિદ્ધ કરવું પડશે. તેના માટે તારે ઉપર કહી તે વાતો સમજવી પડશે. બીજું, તારે સંબંધ બાંધવો પડશે. બીજે આવ્યો કે તેની સાથે સંબંધ બાંધવાનો છે. પ્રકૃતિની સાથે સંબંધ બાંધવાનો છે અને પ્રભુની સાથે સંબંધ બાંધવાનો છે. આ જ માનવ્ય છે એમ મનુએ સૂક્ષ્મરૂપે સમજાવ્યું છે. તું કેવળ ભગવાનનું નામ લેતો બેસી રહે તે નહિ ચાલે. ભગવાનની સાથે તારે સંબંધ બાંધવાનો છે.

મનુએ જીવનની મૂળભૂત વાતનો વિચાર કરીને માનવધર્મશાસ્ત્ર લખ્યું. ત્યારપછી તે કાયદો-આચારસંહિતા-બની ગયો.

મનુએ લખેલું માનવધર્મશાસ્ત્ર લોકોને ગમ્યું-લોકો ભેગા મળીને મનુમહારાજની પાસે ગયા અને કહ્યું કે તમે જીવનના જે સિદ્ધાંતો સમજાવ્યા તે અજોડ છે. કાયદાઓ પણ બહુ જ સારા છે. તે કાયદાઓનું અમે પાલન ન કરીએ તો અમારો કાન પકડીને પૂછવાવાળો કોઇ નથી. અમે ભૂલીએ ત્યારે સમજાવવાવાળો અને અમારું નિયંત્રણ કરવાવાળો કોઇ જોઇએ. તે માટે તમે જ અમારા રાજા બની જાઓ, પ્રમુખ બની જાઓ.

મનુએ કહ્યું: 'હું રાજા નહિ બનું, એનું કારણ હું રાજા થાઉં તો કડવાશ પેદા થાય અને એવી કડવાશ હું શા માટે વહોરી લઉં ? હું તો આધ્યાત્મિક માણસ છું. મને કડવાશ સ્વીકાર્ય

નથી.' તેના ઊંડાણમાં આપણે જતા નથી. તાત્પર્ય એ છે કે જે વિચારધારા મુજબ લોકોએ જીવવું જોઇએ, એવું સ્વીકારવામાં આવ્યું. તે માટે કંઇ કાયદાઓ, નિયમો ઘડાયા. તે નિયમોને સંભાળવાવાળો અને તેનું પાલન થાય છે કે નહિ તે જોવાવાળો કોઇ જોઇએ. તેની પાસે શકિત હોવી જોઇએ અને તે શકિત મનુની પાસે હતી. મનુ પાસે ચારિત્ર્યની શકિત હતી, તેથી તેમણે મનુને રાજા બનાવ્યો. મનુ જ્યારે કડવાશ લેવા તૈયાર ન હતા ત્યારે બ્રહ્મદેવે તેમને કહ્યું: 'રાજા તરીકે તું જે કંઇ કરે તેની કડ્વાશ તારા પર નહિ આવે, કારણ તું તે લોકોના વિકાસને માટે કરે છે. King does no wrong- તેની જવાબદારી ભગવાને ઉપાડી. આમ મનુષ્યને માનવ્યના માર્ગે લઇ જવા માટે રાજ્યસંસ્થા શરૂ થઇ. વિકસનશીલ, વિકાસવાદી લોકોએ ભગવાનની પાસેથી માગેલી આ રાજ્યસંસ્થા છે. એ લોકોની ઇચ્છાનુસાર ઊભી થયેલી રાજ્યસંસ્થા છે. ભાગવતનો પ્રથમ રાજા મનુ છે.

વિકસનપરંપરામાં બીજી એક રાજસત્તાનો પ્રશ્ન જે ઉદ્‌ભવ થયો તે કેવી રીતે થયો ? લોકો ટોળું કરીને રહેતા હતા, ભટકતા હતા અને વિખરાયેલા રહેતા હતા. ત્યારબાદ-વિજાતીય લિંગી-સ્ત્રી-પુરુષ એકઠા થયા અને સાથે રહેવા લાગ્યા. સાથે રહ્યા પછીનું જે પરિણામ આવે તે સહન કરવાની બન્નેએ તૈયારી બતાવી. એનો જ અર્થ તેમણે સંતતિ (Progeny) સિદ્ધ કરી. જ્યારે લોકો ટોળામાં ભટકતા હતા ત્યારે શિકાર કરીને ભક્ષ્ય મેળવતા હતા. સમજો કે એક હરણનો તેમણે શિકાર કર્યો. તે આજે ખાધું, પણ જે વધ્યું તે બીજા દિવસ માટે રાખવાનું નક્કી કર્યું, પરંતુ, પ્રશ્ન આવ્યો કે તે ક્યાં રાખવું ? રાત્રે આવીને કોઇ આપણું ભક્ષ્ય ઉપાડી જાય તો ? તેના માટે શી વ્યવસ્થા કરવાની ? તેના માટે પુરુષ અને સ્ત્રી-વારાફરતી રાત્રે ઉજાગરો કરતા હતા. સવારના ઊઠ્યા પછી ખાઇને કમાવા માટે બન્ને જણા ચાલી જતા. તેના લીધે રોજ ઊંઘ બગડતી હતી. ત્યારે તે ટોળાએ વિચાર કર્યો કે ચાર મસ્ત, પહેલવાન, શક્તિશાળી લોકોને બોલાવીએ. તેમને બોલાવીને ટોળાના લોકોએ તેમને કહ્યું: 'આપણે બધા જણા ઉજાગરા કરીએ છીએ. તેનાં કરતાં તમે ચાર-છ જણ રાત્રે જાગીને અમારું બધું, અમારી કાયાં અને માયા સંભાળો, તો કેવું ?' તેમણે પૂછ્યું: 'અમે રાત્રે ઉજાગરા કરીએ તો દિવસે અમારી જીવિકા કમાવા માટે કેવી રીતે જઇ શકીએ ?' ત્યારે ટોળાના લોકોએ કહ્યું: 'તમારે કમાવાની કંઇ જરૂર નથી. અમે જે કમાઇશું તેમાંથી થોડો થોડો ભાગ તમને આપી દઇશું.' તેને જ આજની ભાષામાં કરવેરા (Tax) કહે છે. આ રીતે ચાર શક્તિશાળી (ગુંડાઓ) રાજા બની ગયા.

આપણી કાયા અને માયાનું રક્ષણ કરવા માટે આપણે જે તગડા ગુંડા હોય છે તેમને રોકીએ છીએ. તેની છટા ભાગવતમાં પણ છે. જ્યારે શમીક ઋષિના ગળામાં ક્ષત્રિય મરેલો સાપ બાંધે છે ત્યારે તે પૂછે છે: 'તું ક્ષત્રિય, આટલો ઉન્મત્ત થઇ ગયો ? તમે ક્ષત્રિયો એટલે કોણ ? **द्वारिपीम्णाशुना इव...** ઘર સંભાળવા માટે જેમ કૂતરાને રાખવામાં આવે છે તેવી રીતે તમને ક્ષત્રિયોને અમે અમને સંભાળવા રાખ્યા છે.' વિકસનવાદની જે પરંપરા છે તેનું પ્રતિબિંબ અહીં ભાગવતમાં પડે છે. આવી રીતે રાજ્યસત્તા સંબંધમાં બે પ્રકારની વિચારધારા છે.

આજે એવી રાજ્યસત્તા વિકસિત થઇ છે કે આપણે ગુંડાને રાજા માનીએ છીએ. આપણે જે કમાઇએ છીએ તેમાંથી તેને કર (Tax) આપીએ છીએ. શા માટે ? રાજસત્તા અમારી કાયા

અને માયાનું રક્ષણ કરે એટલા માટે. આશ્ચર્યની વાત છે કે આ રીતે લોકોની કાયા અને માયાના રક્ષણ માટે જે રાજસત્તા ઊભી થઇ, તે જ રાજસત્તા પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે આપણી પાસેથી કાયા અને માયાનું બલિદાન માગે છે. કહે છે કે, 'તમારે મરવું જોઇએ.' 'અરે ! પણ શા માટે ?' 'અમારે જીવવું છે તે માટે !' 'અરે ! અમારી કાયા અને માયાનું રક્ષણ કરવા માટે તો તમને રાખ્યા છે અને તમે તેનું જ બલિદાન અમારી પાસેથી માગો છો ?' રાજસત્તા આ પણ એક સંઘર્ષ છે. તે કહે છે કે અમારે જીવવું છે તે માટે તમારે મરવું જોઇએ. આમ બે પ્રકારની રાજસત્તાની વિચારધારા ભાગવતમાં છે. **द्वारिपीम्णाशुना इव** કહીને બીજા પ્રકારની રાજસત્તાની નોંધ લીધેલી દેખાય છે. ભારતીય દષ્ટિએ રાજા પવિત્ર છે અને વિકસનશીલ દષ્ટિથી રાજા ગુંડો છે. ભારતીય સંસ્કૃતિની દષ્ટિથી આ દિવ્ય અને દૈવી અધિકાર રાજાને ભગવાને આપ્યો છે. અહીં ભાગવતમાં રાજ્યશાસ્ત્ર ઉપર બહુ જ સુંદર વિવરણ છે. ભાગવતકારની શ્રેષ્ઠ વિચારધારા એ છે કે મનુને બ્રહ્મદેવની પાસેથી રાજ્યપદ મળ્યું. મનુ ચાલી ગયા પછી કોણ રાજા થાય ? તો તેનો છોકરો રાજા થાય એવી વંશપરંપરા આવી. મનુના ગયા પછી ઉત્તાનપાદ રાજા થયા. ત્યારબાદ ધ્રુવ રાજ્યપદ પર આવ્યા. ધ્રુવપુત્ર ઉત્કલ વૈરાગ્યસંપન્ન હતો. લોકો તેને ગાંડો સમજવા લાગ્યા.

ज्ञाततत्त्वस्य लोकोऽयं जडोन्मत्तपिशाचवत् ॥
ज्ञाततत्त्वोऽपि लोकस्य जडोन्मत्तपिशाचवत् ॥

શુકદેવજીને પણ લોકો ઉન્મત્ત કહેતા હતા. ઉત્કલ વૈરાગ્યશીલ હતો. તેને રાજ્ય કરવામાં રુચિ ન હતી, 'ઉત્કલ વૈરાગ્યશીલ હશે પણ તે અમને રાજા તરીકે ન જોઇએ,' એવું બોલવાની સત્તા લોકોને મળી ગઇ. જેમ ખરાબ રાજા ન જોઇએ તેમ અતિ સારો રાજા પણ ન જોઇએ, કેમકે તે રાજ્ય કરવા માટે યોગ્ય નથી. સમજો કે આવતી કાલે કોઇ તત્ત્વજ્ઞાની રાજા બને તો તે બધાંમાં ભગવાન જ જુએ. તે કોઇને પણ સજા ન કરે, એનું કારણ ગુનેગાર પણ ભગવાનનું જ રૂપ છે એમ તેને લાગે. આવા રાજાને કહેવું પડે, 'તું બાજુએ બેસ, રાજસત્તા તારા માટે નથી.' આવું કહેવાનો અધિકાર લોકોનો છે. ભગવાને રાજ્યપદ આપ્યું હોવા છતાં લોકોનો અધિકાર નિર્માણ થયો. તેને લોકોએ ગાંડો ઠરાવ્યો અને તેના સાવકાભાઇ વત્સલને રાજ્ય આપ્યું. આ એક પદ્ધતિ છે. આજે પણ આવી પદ્ધતિ છે. કોઇ સારો અધિકારી હોય, પરંતુ, જો તે ઉપરી ઓફિસરનું માનતો ન હોય તો તેને ગાંડો ઠરાવીને, Forced leave પર ઉતારી મૂકવામાં આવે છે.

અહીં રાજાના દૈવી અને દિવ્ય અધિકારને લોકસંમતિનું રૂપ આવી ગયું છે. ઉત્કલ વૈરાગ્યશીલ નીકળ્યો તો તેને લોકોએ ઉડાવી દીધો તેમ આગળ અંગનો પુત્ર વેન દુષ્ટ હતો. તે શિક્ષિત પણ ન હતો. તે સાત્ત્વિક ન હતો, તેથી તે રાજા થઇ શકે કે નહિ, તે બાબત સંઘર્ષ ઊભો થયો. આ બધું વિવેચન ચતુર્થ સ્કંધના બારમા અધ્યાયમાં આવ્યું છે.

વંશપરંપરાગત રાજસત્તા આપવી જોઇએ તે વિચારમાં લોકોએ ઓછું અનિષ્ટ (Lesser evil) નો નૈસર્ગિક સ્વીકાર કર્યો હતો, કેમકે બીજા કોઇને રાજા બનાવવા કરતાં વંશપરંપરાથી રાજા બનાવવો એ સારું છે. એનું કારણ એને કંઇક પરંપરા હશે, બાપના રાજ્ય તરીકે તેને કંઇક આત્મીયતા પણ હશે. રાજગાદી ઉપર પ્રેમ પણ હશે, કેમકે, બાપદાદાની રાજગાદી છે. બાપનું

કારખાનું છોકરો સંભાળતો હોય તો તેને કારખાના માટે આત્મીયતા પણ હોય, તેથી તે કારખાનાનું દેવાળું કાઢવા ન દે. 'મારું ગમે તે થાય, પણ બાપનું કારખાનું ઊભું રહેવું જોઇએ' એવું તેને લાગે છે, એનું કારણ તેની પાછળ ભાવના હોય છે. પણ જો કોઇ ઓફિસર-અધિકારી કારખાનું સંભાળવા આવે અને કારખાનાનું દેવાળું નીકળે તો તેને કંઇ પડી નથી હોતી. આને લીધે ઓછું અનિષ્ટ (Lesser evil) તરીકે વંશપરંપરાગત રાજસત્તા તે કાળના લોકોએ સ્વીકારી હતી.

ચતુર્થ સ્કંધમાં અંગરાજા અને પ્રજા વચ્ચેનાં સંઘર્ષનું વર્ણન છે. અંગને સુનીતા નામની રાણી હતી. તેણે નિશ્ચત કરી લીધું કે પ્રધાનસત્તા અને લોકસત્તાને વેન રાજા થાય તે માન્ય ન હોય તો પણ, 'મારો દીકરો રાજગાદી પર બેસવાનો અધિકારી છે અને તે બેસશે જ', તેથી સંઘર્ષ આવી ગયો. ભાગવતકારે તે સંઘર્ષ સારી રીતે ચીતર્યો છે. કોઇ પંડિત આ પ્રકરણ હાથમાં લઇને તેના પર સંશોધન કરે તો રાજ્યશાસ્ત્ર (Politics) પર એક સારો ગ્રંથ મળે. આવું જ ઈંગ્લેંડમાં થયું હતું. સત્તરમી સદીમાં ઈંગ્લેંન્ડનો રાજા પહેલો ચાર્લ્સ અને પ્રજાજનની વચ્ચે સંઘર્ષ ઊભો થયો હતો. જેમણે રાજકારણનો (પોલિટિક્સનો) અભ્યાસ કર્યો હશે તેમને ખબર હશે કે લોકસત્તાએ પહેલા ચાર્લ્સને ઉડાવી દીધો હતો. તે વખતે નિશ્ચિત થયું કે લોકસત્તા શ્રેષ્ઠ છે. રાજાનો રાજગાદી પર દૈવી અને દિવ્ય અધિકાર છે પરંતુ, તેના ઉપર લોકસંમતિની મહોર લાગવી જોઇએ. તે માટે ઈંગ્લેંડની પ્રજાને ઘણી મહેનત કરવી પડી હતી. તેના પર ઈંગ્લેંન્ડમાં કેટલાંયે પુસ્તકો લખાયાં છે. જેવો પ્રશ્ન પહેલા ચાર્લ્સની બાબતમાં ઊભો થયો હતો તેવો જ પ્રશ્ન પુરાણકાળમાં અંગરાજા અને પ્રજા વચ્ચે ઊભો થયો હતો.

અંગરાજાનો પુત્ર વેન દુષ્ટ નીકળ્યો. વેનરાજાએ કહ્યું કે 'હું ધર્મ માનતો નથી. તમે મને રાજા સમજો. રાજાનો અધિકાર દિવ્ય અને દૈવી છે. રાજાની વિરુદ્ધ બોલવાવાળાને પાપ લાગે છે, કાયદાની વિરુદ્ધ બોલવાવાળો દુષ્ટ છે, પાપી છે,' તેને રૌરવ નરકમાં જવું પડશે, રાજાને ભગવાને સત્તા આપી છે. **ના વિષ્ણુઃ પૃથ્વીપતિઃ** કહીને રાજા ભગવાનનો અંશ છે તેથી તેના કાયદા મુજબ ચાલવું જોઇએ, પરંતુ, જો તેના કાયદા ખરાબ હોય, અધાર્મિક હોય તો, તે માનવા અમે તૈયાર નથી એમ બ્રાહ્મણોએ કહ્યું. આવું કહીને બ્રાહ્મણસત્તાએ વેનરાજાને ગાદી ઉપરથી ઉડાવી દીધો. ચાર બ્રાહ્મણો ઊભા થયા અને ફૂ કરીને ભસ્મથી ચમત્કાર કર્યો એવી આ વાત નથી. તે જમાનામાં બ્રાહ્મણો અને ઋષિઓની પાછળ લોકસમૂહ હતો. આખો સમાજ બ્રાહ્મણને પોતાનો માર્ગદર્શક સમજતો હતો. બ્રાહ્મણમાત્ર ક્રિયાકાંડ કરાવવાવાળા, પ્રેતભોજન જમવાવાળા ન હતા. તે વખતે લોકોમાં રાજકીય જાગૃતિ (Political awakening) હતી અને આત્મિક જાગૃતિ (Spiritual awakening) પણ હતી, તેથી ઋષિસત્તા ઊભી થઇ, તેણે નિશ્ચિત કરી દીધું કે રાજાને દિવ્ય અને દૈવી અધિકાર છે એમાં સંદેહ નથી, પરંતુ, જો રાજા દુષ્ટ હશે તો તેના કાયદા પણ ખરાબ હશે. તેનું બંધારણ (Constitution) હશે તો તે પણ અવૈદિક, અધાર્મિક, અયોગ્ય અને દુષ્ટ હશે.

તેમણે વેનરાજાને ગાદી પરથી ઉડાવી દીધો. અહીં રાજા પોતાનો અધિકાર અયોગ્ય રીતે વાપરતો હોય તો તેને રાજગાદી પરથી દૂર કરીને, રાજ્યને સારું બનાવવાની જવાબદારી પ્રજાની છે આવો સિદ્ધાંત ભાગવતને માન્ય છે. આ બહુ સુંદર રાજનીતિ છે.

પશ્ચિમના ઈતિહાસમાં પહેલો ચાર્લ્સ અને પ્રજાજનોનો જે ઝઘડો છે તેની બધાંને ખબર છે, પરંતુ, વેનરાજાની સામે બ્રાહ્મણોએ જે અવાજ ઉઠાવ્યો છે તેની કોઇને ખબર નથી. બ્રાહ્મણોએ શાપ આપ્યો અને વેનરાજા ખતમ થઇ ગયો, આટલું જ બધાંને ખબર છે. અરે ! બ્રાહ્મણ વેનરાજાને શું શાપ આપે ? વેનરાજા પોતે જ બ્રાહ્મણોને શાપ આપવાવાળો હતો. વેનરાજા પણ કંઇ ઓછો ઊતરે એમ ન હતો. વેનરાજાને ગાદી પરથી ઉડાવી દેવો એ કંઇ સામાન્ય વાત ન હતી. તેની પાસે સૈન્ય હોવા છતાં બ્રાહ્મણસત્તાએ તેને ઉડાવી દીધો. આ બ્રાહ્મણોએ કેટલી લોકજાગૃતિ કેળવી હશે અને લોકો પર બ્રાહ્મણ સત્તાનો કેવો જબરદસ્ત પ્રભાવ હશે ! તે વખતના બ્રાહ્મણો સમાજના અંતિમ માનવ સુધી પહોંચીને ક્રાંતિ લાવી શક્યા. મારી આંખોની સામે કર્તૃત્વવાન બ્રાહ્મણો આવે છે કે જેના પગ પાસે આખો સમાજ માથું નમાવતો હતો. તેથી જ બ્રાહ્મણસત્તા વેનરાજાને ઉડાવી શકી. તે વખતે કંઇ લોકશાહી ન હતી, આપખુદ રાજસત્તા (Autocratic rule) માં તે ક્રાંતિ થઈ છે. આ ક્રાંતિ અલૌકિક છે. પછી રાજગાદી પર કોને બેસાડવો ? બીજાને રાજગાદી પર બેસાડવા માટે પણ તેમને પ્રયત્ન કરવો પડ્યો હતો.

આવો અલૌકિક વિષય આ ચતુર્થ સ્કંધમાં આવ્યો છે. આ સ્કંધમાં જેમ પાપ સમસ્યા (Problem of evil) નો વિષય છે, નીતિનો વિષય છે, તેવી રીતે બીજો એક મહત્ત્વનો વિષય બળવો કરવાના (Right to revolt) જનતાના હકકનો છે. વેનરાજા ઉન્મત્ત થયો તો તેને સિંહાસન પરથી ઉડાવી દીધો. રાજગાદી પર બેઠેલો રાજા પૂર્વજન્મનાં પુણ્ય કરીને આવ્યો છે. **ના વિષ્ણુઃ પૃથ્વીપતિઃ** । તે વિષ્ણુનો અવતાર છે એમ માનનારા લોકોએ પણ વેનરાજાને ઉડાવી દીધો. એકહથ્થુ રાજસત્તા (Monarchy) હતી ત્યારની આ વાત છે. લોકશાહી (Democracy) ન હતી. તેવી જ રીતે, રાજાને બદલવાના હકક (Right to change the king) ની વાત છે. ધ્રુવનો પુત્ર ઉત્કલ વૈરાગ્યશીલ નીકળ્યો, શાંતમૂર્તિ હતો, તે ખરાબ વહીવટકર્તા (Bad administrator) હતો, તેથી ઋષિઓએ તેને રાજગાદી ઉપરથી ઉઠાડી દીધો.

રાજાની પાસે અકર્મણ્યતા ન હોવી જોઇએ, તેમ દુષ્ટતા પણ ન હોવી જોઇએ. દુષ્ટ રાજાને ઉડાવી દઇશું તેમ અકર્મણ્ય રાજા હશે તો તેને પણ કાઢી મૂકીશું. ઉત્કલને શા માટે કાઢયો? તેને કંઇ જોઈતું ન હતું, તે લાંચ-રૂશ્વત કંઇ લેતો ન હતો. આવો વિરક્ત હોય તે જ રાજગાદી પર બેસવા અધિકારી છે, પરંતુ, તે અકર્મણ્ય હતો તેથી ઋષિઓએ તેને ઉઠાડી દીધો.

આજે બધા લોકો કહે કે જ્યારે ભૂખ લાગે ત્યારે લોકો ઊઠે છે, ઊભા થાય છે, ભૂખની બેઠક પર કામ કરો તો લોકો સાથ આપે છે. અહીં બ્રાહ્મણો ભકિતની બેઠક ઉપર કામ કરીને લોકજાગૃતિ લાવ્યા છે. આ કામ ઋષિઓએ કર્યું છે. ઋષિએ શાપ આપ્યો અને રાજા ઊડી ગયો ! સાંભળવાવાળા સાંભળે છે અને ડોકું હલાવે છે. સમાજના અંતિમ માનવ સુધી ઋષિઓ ભક્તિના રૂપે પહોંચ્યા હતા, ભૂખના રૂપે નહિ. આ એક મહત્ત્વની વાત છે. રાજા અમુક વિશિષ્ટ ગુણોવાળો જ હોવો જોઇએ તેવું તેમણે નિશ્ચિત કર્યું.

આમાં Right to revolt and right to change the king- આ બે વાતો દેખાય છે. જાગૃત લોકો આ કરી શકે છે તે દેખાડ્યું છે. લોકજાગૃતિનું આ કામ બ્રાહ્મણોએ ભૂખથી પ્રેરાઇને નહિ, ભકિતથી કર્યું હતું.

આજની આ જ સમસ્યા છે. આજે લોકો કહે છે કે લોકોને જાગૃત કરો. તેમને તે માટે ભકિતની આવશ્યકતા નથી લાગતી. ભૂખથી લોકજાગૃતિ લાવવી છે. ઘાસલેટ મળતું નથી, તેથી તે મેળવવા લોકો ઊભા થાય છે. તેમાંથી અર્ધા લોકોને પાછલે બારણેથી ઘાસલેટ મળી જાય કે પેલી જાગૃતિ ખતમ થઇ જાય છે, એનું કારણ તેની પાછળ કોઇ સિદ્ધાંત જ નથી.

ભકિતથી એકત્ર થયેલા શું કરી શકે છે તેનું આમાં દર્શન છે. રાજા જ કાળનું કારણ છે આ વાત નિ:સંદેહ છે. નેતા સમાજ નિર્માણ કરે છે કે સમાજ નેતાને નિર્માણ કરે છે ? કમ્યુનિસ્ટ લોકોએ આવી ચર્ચા ઉપાડી છે. તેમનું કહેવું છે કે જે માટીનો સમાજ હશે તે જ માટીનો નેતા હશે. અમારા વેદવ્યાસ જુદું જ કહે છે: **राजा कालस्य कारणम् ।**

એક વખત કમ્યુનિસ્ટ લોકોમાં હું બેઠો હતો. મેં તેમને કહ્યું કે 'સમાજ નેતા નિર્માણ કરે છે' એવો ખોટો સિદ્ધાંત તમે પકડી બેઠા છો. નેતા જ સમાજ નિર્માણ કરે છે. જો સમાજથી નેતા નિર્માણ થાય એમ માનતા હો તો કમ્યુનિઝમ કયાં આવવો જોઇતો હતો ? જ્યાં ઔદ્યોગિક વિકાસ (Industrial development) થયો હોય ત્યાં ! ઔદ્યોગિક વિકાસ ઈંગ્લેંડ અને ફ્રાંસમાં થયો હતો પરંતુ, કમ્યુનિઝમ બિલકુલ અવિકસિત રશિયામાં આવ્યો. તેનું શું કારણ ? ત્યાંના સમાજની માગણી ન હતી, પરંતુ, લેનિનના પ્રભાવી કર્તૃત્વે અને વ્યકિતમત્ત્વે આ કામ કર્યું. લેનિનનું જીવન વાંચશો તો તેની સામે મસ્તક નમી જશે. નેતા સમાજ નિર્માણ કરે છે, તેથી નેતા પર અંકુશ હોવો જોઇએ એમ ભાગવતકાર કહે છે.

લોકજાગૃતિ ભૂખથી નહિ, ભકિતથી જ નિર્માણ થવી જોઇએ. ભાગવતકારનો જ રસ્તો સ્વાધ્યાયીઓએ ઉપાડ્યો છે. આપણે ભૂખનું શસ્ત્ર નથી સ્વીકાર્યું. તમે જઇને બે સ્તોત્રો ભણાવશો તો તેનાથી શું થશે ? એવું અહીં એરકન્ડીશન્ડ રૂમમાં બેસીને લોકો બોલે છે. કોઇ દિવસ તેઓ ગામડાંના લોકો પાસે ગયા છે ? ગામડાંના લોકોનું દિલ તેમણે જાણ્યું છે? ભૂખથી તેઓ ઊભા નહિ થાય. ભૂખ માણસને ભિખારી બનાવે છે. ભકિત જ માણસને ઊભો કરી શકે છે. ભાગવતકારે આશ્ચર્ય નિર્માણ થાય તેવો અલૌકિક સિદ્ધાંત કહ્યો છે.

ચતુર્થ સ્કંધમાં Right to revolt વ્યક્તિના હાથમાં છે તેનું સુંદર દર્શન છે. વેન જેવા દુષ્ટ રાજા જુલ્મ ગુજારે તો પીડિત સમાજ એકત્ર થઇને તેનો વિરોધ કરીને રાજાને ઉડાવી દે, પરંતુ, Right to change the king- આ વાત અલૌકિક લાગે છે. ધ્રુવનો પુત્ર ઉત્કલ વિરક્ત અને શાંત હતો. આ ગુણો વ્યક્તિ માટે સારા છે, પરંતુ, રાજા સમાધાની અને શાંત હોય તો રાજ્ય ન ચલાવી શકે. તે ભલે તપશ્ચર્યા કરવા જાય. **राजते नाम शोभते सः राजा-** રાજાની ધાક હોવી જોઇએ. જેની કોઇ પર ધાક નથી તે રાજા બનવાને માટે નાલાયક છે એવું ભાગવતકારે કહ્યું છે. પ્રજાએ ઉત્કલને ઉડાવ્યો મને તો આ વાતનું આશ્ચર્ય લાગે છે કે આ દેશમાં આ ઘટના બની છે. રાજા સારો, સંસ્કારી, શાંત અને વિરક્ત હોવો જોઇએ. રાજા વિરક્ત ન હોય તો પોતે જ ખાવા લાગશે અને તો પ્રજાને ખાવા શું મળે ? ગુજરાતી ભાષામાં એક કહેવત છે: 'જ્યાંનો રાજા વેપારી, ત્યાંની પ્રજા ભિખારી', તેથી રાજા વિરક્ત હોવો જોઇએ, સાથે તેની ધાક પણ હોવી જોઇએ. દુષ્ટ અને અસંસ્કૃત રાજાને ઉડાવ્યો તે સમજી શકાય છે, ઋષિએ શાપ આપીને વેનરાજાને

ઉડાવ્યો એમ લખ્યું છે. જો શાપથી રાજા ઉડી જાય તો પછી કૃષ્ણ ભગવાને કંસને શાપથી કેમ ન ઉડાવ્યો ? તેવી જ રીતે દુર્યોધનને શાપથી કેમ ન માર્યો ? શાપનો અર્થ એ છે કે બ્રાહ્મણસત્તા ક્રોધિત થઇ ગઇ આ બ્રાહ્મણસત્તા તેજસ્વી હતી. તે શ્રીમંતોની આશ્રિત ન હતી, તેથી જ તો તે બળવો કરી શકી. યુરોપમાં પણ તેવું જ ચિત્ર દેખાય છે.

મહારાષ્ટ્રના ઇતિહાસમાં માધવરાવ પેશ્વા ચાર ચાર કલાક સંધ્યા-પાઠપૂજા કરતા હતા. એક વખત મુખ્ય ન્યાયાધીશ રામશાસ્ત્રી તેમને મળવા આવ્યા. પેશ્વાની પાઠ-પૂજા, અભિષેક વગેરે ચાલતાં હતાં. રામશાસ્ત્રીને બહાર રાહ જોતાં બેસવું પડયું. જ્યારે માધવરાવ પેશ્વા મળ્યા ત્યારે રામશાસ્ત્રીએ કહ્યું: 'તમારે રાજ્ય કરવું હોય તો સંધ્યા-પાઠપૂજા-હવન ઇત્યાદિ બંધ કરવાં પડશે. તે અવરોધ લાવે છે. જો તે જ કરવું હોય તો હિમાલયમાં જાઓ, હું પણ તમારી સાથે આવું. રાજ્ય કરવું હશે તો આ બધું નહિ ચાલે. તમારે પહેલાં રાજધર્મ બજાવવો પડશે.' માધવરાવ પેશ્વા સમજી ગયા.

આવી રીતે બ્રાહ્મણસત્તાએ ઉત્કલને પણ સમજાવ્યું છે. ઉત્કલ વેદાંતની ભાષા બોલતા હતા. બધામાં ભગવાન છે એટલે દુષ્ટોમાં પણ ભગવાન છે. જેની કોઇ પર ધાક નથી તે રાજા થઇ શકતો નથી. જનતા જાગૃત હતી, તેથી તેણે ઉત્કલને પણ ઉડાવી દીધો. આશ્ચર્ય થાય છે કે આ ભારતભૂમિની જનતામાં આટલી પ્રભાવી રાજકીય જાગૃતિ (Political awakening) હતી! જે રાજાની ભીતિ કેવળ સાત્વિક લોકોને લાગે છે, ચોરોને લાગતી નથી, તે રાજ્ય કરવા માટેનો અધિકારી નથી. આવું અલૌકિક તત્ત્વ ઇતિહાસમાં મળવું મુશ્કેલ છે.

વેનરાજાને ઉડાવી દીધા પછી લોકોએ નિશ્ચિત કરીને દત્તકપુત્ર પૃથુને ગાદી ઉપર બેસાડ્યો છે. આમ એકહથ્થુ રાજસત્તામાં લોકોએ નક્કી કરીને પૃથુને રાજગાદી પર બેસાડ્યો. રાજનીતિ (Politics) નો અભ્યાસ કરવાવાળા લોકોએ આનો અભ્યાસ કરવો જોઇએ.

આપણા દેશનું બંધારણ (Constitution) બનાવવાવાળા લોકોએ આ દેશમાં **साम्राज्यं वैराज्यं पारमेष्टयं राज्यं महाराज्यम्**—આવાં જુદાં જુદાં પ્રયોગો થયાં હતાં તેનો અભ્યાસ જ કર્યો નથી. તેમને ખબર જ નથી કે આ ભૂમિમાં આવા પ્રયોગો થયા હતા!

બીજી આશ્ચર્યની વાત એ છે કે આપખુદ રાજસત્તા (Autocratic rule) ના સમયમાં લોકોએ નિશ્ચિત કરીને દત્તકપુત્ર પૃથુને રાજગાદી પર બેસાડ્યો. ચતુર્થ સ્કંધમાં તેના રાજ્યાભિષેક (Coronation) નું વર્ણન છે. ભાગવતની દૃષ્ટિએ પૃથુ આ આદિરાજા છે. જો પૃથુ આદિરાજા હોય તો મનુ તો તેના પહેલાં રાજા હતા. તેનું શું ? જો તમે સૂક્ષ્મતાથી જોશો તો ખબર પડશે કે પૃથુ એ લોકોએ બનાવેલો રાજા હતો અને મનુ બ્રહ્મદેવે બનાવેલો રાજા હતો. જન્મથી પણ રાજા થઇ શકે, ભગવાન રાજા બનાવી શકે અને લોકો પણ રાજા બનાવી શકે. લોકતંત્રથી રાજ્યપદ એ રાજકારણ (Politics) માં વિચારવા જેવી વાત છે. ભાગવતે પ્રજાનિયંત્રિત રાજા દેખાડ્યો છે. રાજકારણ અને સમાજ માનસશાસ્ત્ર (Politics અને Mass psychology) નો અભ્યાસ કરવાવાળા લોકો માટે આ ઘટના અભ્યસનીય છે. વેન, ઉત્કલ અને પૃથુ-આ ત્રણેયનો રાજનીતિજ્ઞોએ અભ્યાસ કરવો જોઇએ, તો જ આ દેશમાં Politics ના વિષયમાં કંઇ વિચારધારા

હતી કે નહિ તેની ખબર પડશે.

ત્યારબાદ એક અલૌકિક વાત આ સ્કંધમાં આવી ગઇ છે. આ સ્કંધમાં પૃથુને રાજગાદી પર બેસાડ્યા બાદ કેટલાક લોકો ભેગા મળીને રાજાને માનપત્ર આપવા તૈયાર થયા. ખુશામત કરવાવાળા સ્વાર્થી લોકો પોતાનો સ્વાર્થ સાધવા સદા તત્પર હોય છે. આવા લોકો સત્તાધીશ અને વિત્તવાન લોકોની આજુબાજુમાં ફરતા જ હોય છે, તેની સત્તાધીશોને અને વિત્તવાનોને ખબર નથી પડતી. આ સત્તાધીશો અને વિત્તવાનો, તેમની સ્તુતિથી આંધળા બની જાય છે, પછી તેઓ કંઇ કામ કરતા નથી.

લોકો તો ઉગતા સૂરજના પૂજક હોય છે. જે ગાદી પર આવ્યો તેની જય બોલે છે. જ્યારે લોકો પૃથુને માનપત્ર આપવા લાગ્યા ત્યારે પૃથુએ તે માનપત્રનો અસ્વીકાર કર્યો. આ એક લોકોત્તર ઘટના છે. લોકો જ્યારે માનપત્ર આપવા લાગ્યા ત્યારે પૃથુએ પૂછયું: 'મેં કંઇ કર્યું નથી, તો તમે મને માનપત્ર શા માટે આપો છો ?' હંમેશાં આવું જ થાય છે. જે ગઇ કાલ સુધી કંઇ ન હતો, તે આજે મિનિસ્ટર બની ગયો, તેનો જન્મદિવસ આવતાં જ તેને ફૂલનો હાર પહેરાવવા માટે લોકો હારબંધ ઊભા રહે છે. પહેરનાર પણ બેશરમ છે અને હાર પહેરાવવા માટે હારબંધ ઊભા રહેવાવાળા લોકો પણ બેશરમ છે. જો તમને એને માટે પહેલાં આદર હતો તો અત્યારસુધી તે કયાં ગયો હતો ? અને તે ખુરશીથી નીચે ઊતરે ત્યારે તમારો આદર કયાં ચાલ્યો જાય છે ? પરંતુ, આવું તેમને પૂછે કોણ ? કારણ, મોટા મોટા લોકો ઇમ્પાલા ગાડી લઇને તેમનું સન્માન કરવા દોડે છે ! જવાવાળામાં કોઇ ઝૂંપડપટ્ટીમાં રહેવાવાળો છે જ નહિ. ત્યાં એવા લોકોને પ્રવેશ પણ નહિ મળે. તેમાં સામાન્ય માણસને માટે જગા જ નથી. લોકો તેમનું સન્માન કરે તેની મને વ્યથા નથી. હું તો પૃથુએ શું કહ્યું છે તે કહું છે. પૃથુ કહે છે, 'હું હમણાં જ રાજગાદી પર બેઠો છું. જ્યાંસુધી મેં કંઇ કર્યું જ નથી ત્યાંસુધી તમે મારું વર્ણન શા માટે કરો છો ? આ ગુણવર્ણન નથી, સ્થાનનું વર્ણન છે.' આવું કહેવાવાળો પૃથુ રાજા હતો. જે કાળના લોકોને યુરોપના લોકો આદિ કાળના જંગલી અવસ્થાના લોકો કહે છે તે કાળના લોકોની આ વાત છે. યુરોપિયન લોકો ઉત્ક્રાંતિ દેખાડે છે. તેઓ અમને આવો ઇતિહાસ સમજાવે છે કે બે-ત્રણ હજાર વર્ષ પહેલાંના આ લોકો જંગલી હતા અને તેઓ ટોળામાં રહેતા હતા. આવા જે લોકો હતા તે જમાનાની આ વાત હું કહી રહ્યો છું. તે જમાનામાં પૃથૃએ પોતે માનપત્ર શા માટે નથી લેતા તેનાં કારણો દેખાડયાં છે. તે ચતુર્થ સ્કંધના પંદરમા અધ્યાયના બાવીસથી છવ્વીસમા શ્લોકોમાં આ પ્રમાણે છે.

पृथुरुवाच
भोः सूत हे मागध सौम्य वन्दिंल्लोकेऽधुनास्पष्टगुणस्य मे स्यात् ।
किमाश्रयो मे स्तव एष योज्यतां मा मय्यभूवन् वितथा गिरो वः ॥२२॥

तस्मात्परोक्षेऽस्मदुपश्रुतान्यलं करिष्यथ स्तोत्रमपीच्यवाचः ।
सत्युत्तमश्लोकगुणानुवादे जुगुप्सितं न स्तवयन्ति सभ्याः ॥२३॥
महद्गुणानात्मनि कर्तुमीशः कः स्तावकैः स्तावयतेऽसतोऽपि ।
तेऽस्याभविष्यन्निति विप्रलब्धो जनावहासं कुमतिर्न वेद ॥२४॥

प्रभवो ह्यात्मनः स्तोत्रं जुगुप्सन्त्यपि विश्रुताः ।
ह्रीमन्तः परमोदाराः पौरुषं वा विगर्हितम् ॥२५॥
वयं त्वविदिता लोके सूताद्यापि वरीमभिः ।
कर्मभिः कथमात्मानं गोपयिष्याम बालवत् ॥२६॥ (भा. ४/१५)

પૃથુ કહે છે: આ મારા ગુણોનું માનપત્ર નથી આ સ્થાનનું વર્ણન છે.

ખુશામત કરવાવાળા લોકો, મોટું સ્થાન મળ્યા પછી, આવી જ જશે. તેમનાથી બચવું જોઇએ તો જ સત્તાધીશ સારો થશે. વિત્તવાનોની ખુશામત કરવા માટે પણ લોકો પાસે આવે જ. તેમનાથી તેમણે બચવું જોઇએ, તો જ વિત્તવાન પોતે પોતાપણું ટકાવી શકશે અને તેનું દિમાગ પણ ઠેકાણે રહેશે. નહિ તો, લોકો 'શેઠ તમે તે તમે જ છો' એમ કહે એટલે તેને લાગવા માંડે છે કે 'હું પણ કંઇક છું !'

ઈંગ્લેંડમાં કિંગ કેન્યૂટની એક વાત છે. સત્તાધીશની પાસે હંમેશાં આવા ખુશામતિયાઓ ભેગા થાય છે. આ ખુશામતિયાઓએ કેન્યૂટને કહ્યું: 'રાજાસાહેબ ! તમારી સત્તા તો બધે જ ચાલે છે ! આકાશમાં ચાલે છે, પૃથ્વી પર ચાલે છે અને સમુદ્ર પર પણ તમારી સત્તા ચાલે છે.'

સાંજે કેન્યૂટ રાજાએ બધાને સમુદ્રકાંઠે બોલાવ્યા. ભરતીનો સમય હતો રાજાએ એક ખુરશી મંગાવી અને તેના પર બેઠો. સમુદ્રના મોજાં આગળ વધી રહ્યા હતા. બધાના દેખતાં રાજાએ સમુદ્રને આજ્ઞા કરી કે 'હવે જરા પણ આગળ વધીશ નહિ,' પરંતુ, મોજાં તો આગળ વધ્યાં અને રાજાની ખુરશીને આંબી ગયાં. રાજાએ બધા ખુશામતિયાઓને બોલાવીને તેમના કાન પકડ્યા અને કહ્યું: 'જુઓ, હું સમુદ્રને "થોભી જા" કહું છું પણ તે માનતો નથી. તમારા જેવા લોકો ખુશામત કરીને આ સ્થાનને ભ્રષ્ટ કરો છો.'

એ વાત પણ ખરી છે કે સત્તાધીશને સત્ય સમજાવવું બહુ મુશ્કેલ હોય છે. આપણે ત્યાં જૂના કાળમાં વિદૂષક હતો. વિદૂષક જબરદસ્ત બુદ્ધિમાન હોવો જોઇએ. અંગ્રેજીમાં તેને Licenced fool કહે છે. તે પોતાના બુદ્ધિચાતુર્યથી રાજાને યોગ્ય રસ્તો બતાવતો હતો.

પૃથુએ માનપત્રનો અસ્વીકાર કર્યો તેનું કારણ ઈતિહાસમાં અજોડ છે. પ્રજાનિયંત્રિત રાજા, લોકતંત્રથી રાજ્યપદ, આ દેશમાં જ મળે છે. શા માટે? અસ્મિતાયુકત લોકો જાગૃત હતા. જ્યાં ભકિત અને ધર્મ (સાચા અર્થના) લોકોના મગજમાં હોય, ત્યાં જ અસ્મિતા ઊભી થાય છે અને ત્યાં જ આવી વાત શક્ય બને છે. વેનરાજા દુષ્ટ હતો તેને પ્રજાએ ઉડાવ્યો, વિરક્ત અને શાંતિપૂર્ણ ઉત્કલ હતો તેને પણ પ્રજાએ બદલી નાખ્યો અને પૃથુને રાજગાદી પર બેસાડયો. ચતુર્થ સ્કંધનો આ વિષય Politics ના અભ્યાસ માટે છે એમ તમને નથી લાગતું?

Mob psychology કેવી હોય છે તેનું શેક્સપિયરે બહુ સુંદર ચિત્રણ કર્યું છે. સીનાવાઇસ ચાન્સેલરે કોઇ એક ઠરાવ પસાર કર્યો હતો. તે બાબત જેમને વિરોધ હતો તેમણે, કેટલાક લોકોને સીનાની વિરુદ્ધ ચડાવી, ઊભા કરી દીધા. તેઓ મોરચો કાઢીને આગળ વધ્યા. રસ્તામાં એક માણસ મળ્યો. તેને તેમણે પૂછયું: 'તારું નામ શું છે ?' તેણે કહ્યું: 'મારું નામ સીના છે.' લોકોએ કહ્યું: 'આને મારી નાખો.' તેણે પૂછયું: 'પણ શા માટે ?' તેઓ કહે: 'ખરાબ ઠરાવ પસાર

કરતી વખતે તેં વિચાર ન કર્યો ?' તે કહે: 'હું ચાન્સેલર સીના નથી, હું તો કવિ સીના છું.' તો લોકોએ કહ્યું: May be, your verses are bad, kill him !' (ભલે પણ તારી કવિતા ખરાબ છે. મારી નાંખો એને) અને લોકોએ તેને મારી નાખ્યો. ત્યારબાદ, તે લોકો સીના વાઇસ ચાન્સેલર પાસે ગયા. તે ઉપરના માળે ગેલેરીમાં ઊભો હતો. લોકો સીના પાસે આવ્યા એટલે સીનાએ પૂછયું: 'તમને શું જોઇએ ?' તો લોકો કહે: 'તેં એક ખરાબ ઠરાવ પસાર કર્યો છે.' ત્યારે સીનાએ પૂછયું: 'એમ! પણ એ તો કહો કે મેં કયો ઠરાવ પસાર કર્યો છે, અને તેમાં ખરાબ શું છે ?'

હવે આખા ટોળામાંથી કોઇને ખબર જ ન હતી કે કયો ઠરાવ તેણે પસાર કર્યો છે ! બધા એકબીજા તરફ જોઇને પૂછવા લાગ્યા. કોઇને જ ખબર ન હતી. તાત્પર્ય એ કે, ટોળામાનસ (Mob psychology) આવું જ હોય છે. જેમ સ્વાર્થી લોકો રાજગાદીની નજીક આવીને રાજાને ભ્રષ્ટ કરે છે તેમ વિત્તવાનની પાસે જઇને તેને પણ ભ્રષ્ટ કરે છે. સામર્થ્યવાન, શકિતશાળી, સૌંદર્યવાન, વિત્તવાનની આજુબાજુમાં સતત ખુશામત કરવાવાળા લોકો ફરતા જ રહે છે.

ત્યારબાદ, રાજગાદી ઉપર બેઠા પછી પૃથુએ પૃથ્વીને કેવી બનાવી તેનું વર્ણન છે. પૃથુએ જ જમીનનો ઉત્કર્ષ કર્યો, તેની સંપત્તિ વધારી. જમીનનો ઉપયોગ સૌ પ્રથમ પૃથુએ સમજાવ્યો, તેથી તેને પૃથ્વી કહે છે. આ પૃથ્વી ડૂબતી હતી ત્યારે તેને ભગવાને ઊરુથી સંભાળી છે. એવું પુરાણમાં લખાણ છે. પૃથ્વી પર જે રાક્ષસો હતા તેમને કાઢ્યા અને પૃથ્વીને સંભાળી એવું નથી. ઊરુ એટલે શું ?

ब्राह्मणोऽस्य मुखमासीत् बाहूराजन्यः कृतः ।
ऊरू तदस्ययद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥

અર્થાત્ તે વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ, બાહુમાંથી ક્ષત્રિય, (ઊરુ) જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રો એ પ્રમાણે ચાર વર્ણો ઉત્પન્ન થયા.

જ્યારે બ્રાહ્મણ અધ:પતિત બન્યા હતા અને ક્ષત્રિયો શક્તિહીન થઇ સંસ્કૃતિથી આઘા થયા હતા ત્યારે ભગવાને શું કર્યું ? ભગવાને તેમને આઘા રાખીને વૈશ્યોમાં તેજ ભરીને ડૂબતી પૃથ્વીને બચાવી છે. તેનો અર્થ એ કે ઊરુથી સંભાળી તેથી પૃથ્વીનું બીજું નામ ઉર્વી પડયું છે.

ભાગવતકાર કહે છે કે પૃથુ રાજાએ પૃથ્વીને સમતલ બનાવીને તેમાંથી વિવિધ સંપત્તિ કાઢી. તેવી જ રીતે પુર્નવસવાટની વ્યવસ્થા કરી, નાની મોટી વસાહતો બાંધી. નાનાં ગામો અને મોટાં ગામો કેવાં હોય તેના નમૂના તૈયાર કરીને નાનાં-મોટાં ગામોની વસાહતો બાંધી. સંરક્ષણને માટે કેટલાયે ઠેકાણે ગઢ બાંધ્યા અને સંરક્ષણની યોજના કરી. પ્રત્યેક ઘરમાં પીવાના પાણીની વ્યવસ્થા કરી. અન્ન અને પાણી પૃથ્વીમાંથી મળી રહે એવી વ્યવસ્થા પૃથુએ કરી, એટલું જ નહિ, પૃથુએ ઋષિમાન્ય શિક્ષણ વ્યવસ્થા શરૂ કરી. ખાવા-પીવા કરતાં બીજું જીવનમાં ઘણું છે એ જે સમજાવે છે તેને ઋષિ કહે છે. આવું શિક્ષણ જે સ્કૂલમાં, જે કૉલેજમાં, જે વિદ્યાલયમાં અપાતું નથી તે ઋષિમાન્ય શિક્ષણ નથી. પછી ભલેને તેના પર બોર્ડ મારેલું હોય—**अमृतं तु विद्या ।** શાળા-કૉલેજમાં દાન આપવાવાળા જે છે તેને લોકો પૂછે છે કે તકતી પર કંઇ લખવા જેવું સૂત્ર આપો. ત્યારે તે ઊઠીને કોઇ શાસ્ત્રી કે પંડિતની પાસે જાય અને તેને કહે કે એકાદ સારું સૂત્ર

લખી આપો, શાળા-કૉલેજની ભીંત પર લગાડવું છે. એટલે શાસ્ત્રી તેને સૂત્ર લખી આપે છે: **અમૃતં તુ વિદ્યા** – તેથી ત્યાં આવું સૂત્ર લખેલું જોવા મળે છે. પણ ત્યાં અમૃતનો પણ સંબંધ નથી અને વિદ્યાનો સંબંધ તો છે જ નહિ. ત્યાં જીવનની નહિ, પણ જીવિકાની કલા શિખવાડે છે. જીવનની કલા એક જુદી વાત છે. આજે તો જીવિકાની કલાને જ વિદ્યા-શિક્ષણ માનવામાં આવે છે.

શિક્ષણસંસ્થા ઉપર રાજાનો અંકુશ ન હોવો જોઇએ તેમ પાલકોનો અંકુશ પણ ન હોવો જોઇએ. જો રાજાનો તેના પર અંકુશ હોય તો ઋષિમાન્ય શિક્ષણ ચાલે જ નહિ. આજે તો બધું શિક્ષણ રાજાના (રાજ્યના) હાથમાં જ છે. રાજા કહે તે જ શિક્ષણ આપવાનું. રાષ્ટ્રીયકરણ એ સારી વાત છે પરંતુ, શું બધાંજ ક્ષેત્રોનું રાષ્ટ્રીયકરણ કરવાનું ? આજે તો શિક્ષણ પર રાજસત્તાનો જ અંકુશ છે. જો શિક્ષણ પર રાજસત્તાનો અંકુશ નહિ હોય તો જ સારું શિક્ષણ મળશે, તેવી જ રીતે શિક્ષણ ઉપર પાલકોની સત્તા પણ ન હોવી જોઇએ. છોકરાને કયું શિક્ષણ આપવાનું તે પાલકે નક્કી ન કરવું જોઇએ. છોકરાની યોગ્યતા જોઇને ઋષિ નક્કી કરે કે તેને કયું શિક્ષણ આપવાનું અને તે પ્રમાણે જ તેને શિક્ષણ મળે. જૂના કાળમાં ઋષિને કોઇ પાલક કહે કે અમારા છોકરાને ફલાણું શિક્ષણ જ આપો અને જો તે માટે આગ્રહ પકડે, તો ઋષિ પાલકને અને બાળકને બન્નેને તપોવનની બહાર કાઢી મૂકે. શિક્ષણ કયું આપવાનું તે નકકી કરવાવાળો બાપ નથી. ઋષિની પાસે બાળક એક વર્ષ રહે ત્યારબાદ તેનું જીવન, બુદ્ધિ, વૃત્તિ વગેરે જોઇને ઋષિ નક્કી કરે કે તેને કઇ કલાનું શિક્ષણ આપવાનું. રોટલો કમાવાનું શિક્ષણ તો મળે જ. ઋષિમાન્ય શિક્ષણનો અર્થ છે કે તેમાં કંઇ વિશેષ (Plus) હોવું જોઇએ.

પૃથુરાજાએ એવી શિક્ષણ વ્યવસ્થા સ્થાપી જેમાં શિક્ષણસંસ્થા ઉપર રાજાનો અંકુશ નહિ, તેમ પાલકનો અંકુશ પણ નહિ, તેથી એક વિશિષ્ટ સમાજ તૈયાર થઇ ગયો. આવું શિક્ષણ આપવા માટે પૃથુને શું શું કરવું પડયું હશે ? પ્રત્યેક વ્યક્તિને સમજાવવી પડી હશે, ઊભી કરવી પડી હશે, શિખડાવવું પડયું હશે, જ્યાંસુધી બાપને શિક્ષણ નથી ત્યાંસુધી છોકરાને શિક્ષણ કેવી રીતે મળે ? આજે કેટલાક લોકો આપણાં બાળકોને બાલસંસ્કાર કેન્દ્રમાં મોકલવા તૈયાર થઇ જાય છે, એનું કારણ છોકરાઓ શનિ-રવિ બપોરે બાલસંસ્કાર કેન્દ્રમાં જાય તો મા-બાપને નિરાંતે સૂવા મળે અને બાલસંસ્કાર કેન્દ્રમાં સંભાળવાવાળા સંચાલિકા બહેન કે ભાઇ ધાર્મિક દૃષ્ટિના હશે, પછી છોકરાને મોકલવાની કોણ ના પાડે ? તેવા મા-બાપને કહેવું જ જોઇએ કે તમે જ્યાંસુધી સ્વાધ્યાયમાં નથી આવતા ત્યાંસુધી તમારા બાળકને અમારાથી બાલસંસ્કાર કેન્દ્રમાં પ્રવેશ કેવી રીતે અપાય ? તમારા બાળકને માટે અમારા સંસ્કારકેન્દ્રમાં સ્થાન નથી.

પૃથુનું રાજ્ય કંઇ પોપાંબાઇનું રાજ્ય ન હતું. પૃથુ રાજા આખી પૃથ્વી પદાક્રાંત કરીને વિજયી બન્યો હતો. એક પણ એવો રાજા ન હતો કે તેની સામે ભ્રુકૂટી ઉપર કરીને જોઇ શકે. તેણે લોકોને શિક્ષા અને દીક્ષા પણ આપી. જ્યાંસુધી લોકો ઊભા થતા નથી ત્યાંસુધી બધા કાયદા બેકાર છે. ભાગવતમાં વર્ણન છે કે પૃથુરાજાએ સો અશ્વમેઘ યજ્ઞો કર્યા. એનો અર્થ કેટલાક લોકો, કર્મકાંડી યજ્ઞ એટલો જ મર્યાદિત કરે છે. પૃથુરાજાએ અશ્વમેઘ યજ્ઞ દ્વારા લોકોને જીવન સમજાવ્યું છે. યજ્ઞ શબ્દ **યજ્** ધાતુ ઉપરથી આવ્યો છે. **યજ્ દેવપૂજા સંગતિકરણં મિત્રકરણમ્** આ દૃષ્ટિથી સાચા

અર્થના યજ્ઞ પૃથુરાજાએ કર્યા છે. તેના માધ્યમથી તેમણે બ્રાહ્મણોને જુદી જુદી દિશામાં, અશિક્ષિત, અસંસ્કારી, અવિકસિત એવા માનવના સમૂહો રહેતા હોય ત્યાં, તેમને દક્ષિણા આપીને ઝૂંપડીએ ઝૂંપડીએ મોકલ્યા અને કામ કરી આવો એમ કહ્યું. આવી બ્રાહ્મણોની એક ગતિશીલ (Dynamic) સંસ્થા ઊભી કરી, તેથી જ તે અશ્વમેઘ યજ્ઞ કરી શકયા.

આમ તેણે લોકોને તૈયાર કર્યા. તેમણે આખા સમાજને બદલાવ્યો. સમાજને બદલવો હોય તો દરેક વ્યકિતને બદલવી પડે, તેથી જ વ્યકિતપૂજા છે. સમાજને બદલવો હશે તો વ્યકિતપૂજા કરવી પડશે. આ ભાગવતોનો રસ્તો છે, ઋષિઓનો રસ્તો છે, આ ભક્તોનો રસ્તો છે. સમાજનું પરિવર્તન કેવળ શુભકામનાથી ન થાય, કાયદાંથી પણ ન થાય. સમાજનું પરિવર્તન વ્યક્તિ પરિવર્તનથી જ થાય, તેથી જ યજ્ઞના માધ્યમ દ્વારા વ્યકિત પાસે જવાનું. આપણો સ્વાધ્યાય પરિવાર તેથી જ આ રસ્તે ચાલે છે. તેઓ લોકસંપર્ક કરે છે. તેઓ ચિંતનિકા, પ્રવચનને બહુ કિંમત નથી આપતા. તે બધી ગૌણ વાતો છે, મુખ્ય વાત નથી.

ચતુર્થ સ્કંધમાં આવેલી આ બધી વાતો Politics ની દૃષ્ટિએ સંશોધન કરવા જેવી છે. પૃથુએ પોતાના એક પુત્રને કહ્યું: 'તારી પાસે સંપત્તિ છે, સત્તા છે, તો તારે સૌજન્ય પણ ઊભું કરવું પડશે, તે માટે તારે તપ કરવું પડશે. તપ કર્યા વગર તું સત્તા અને સંપત્તિ પચાવી નહિ શકે. માટે તું તપ કરવા બહાર નીકળ. તારી પાસે સત્તા અને સંપત્તિ છે એટલે સર્વસ્વ છે એમ માનવાનું કારણ નથી. સંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ તેની તારી પાસે અક્કલ નથી. માટે તારે તપ કરવું પડશે.' કેટલી જાગૃત પિતૃસંસ્થા છે આ? 'અમારા બે છોકરા છે તે અમારી ફેક્ટરી સંભાળશે' આવું આપણે બોલીએ છીએ. 'બસ ! ફેક્ટરી સંભાળશે' એટલે શું સંભાળશે ? જાતને ખોઇ દીધી છે પિતૃસંસ્થાએ ! જયાં પિતૃસંસ્થા જાગૃત નથી ત્યાં નિ:શંક રીતે અંધારું જ અંધારું છે; તેથી જ ઉપનિષદમાં લખ્યું છે: **:मातृमान् पितृमान् आचार्यवान् पुरुषो वेद ।'** આવો જે હોય તેને જ આત્મજ્ઞાન મળે.

આપણને લાગે છે કે 'અમે કરોડપતિ છીએ, તો અમારો છોકરો બહાર કેવી રીતે નીકળે ?' તો બેસાડ ઘરમાં અને તાળામાં પૂરી દે ! તારો છોકરો સારો થાય કેવી રીતે ? કેમ જીવવું છે, કેમ રહેવું છે, પોતાને કેમ સંભાળવો છે, તેનું શિક્ષણ તેને મળવું જોઇએ.

આધુનિક કાળમાં, અમેરિકામાં એક જ સંપત્તિમાન એવો નીકળ્યો, હેન્રી ફોર્ડ. જેણે Ford Foundation સ્થાપ્યું. તેણે કહ્યું: 'અમારા પરિવારની પાસે પૈસા છે. પૈસા કેમ કમાવા તેનું શિક્ષણ પણ છે, પરંતુ, તે સંપત્તિનો ઉપયોગ કેમ કરવો તેની અક્કલ અમારી પાસે નથી,' તેથી તેણે કેટલાક વિવિધ ક્ષેત્રોના તજ્જ્ઞોની એક કમિટી નીમી અને તેના હાથમાં પૈસા આપી દીધા. આ પ્રશંસનીય વાત છે. આજે વિત્તવાન એમ સમજે છે કે અમને જ અક્કલ છે. જો તમને અક્કલ છે તો બીજાને પણ અક્કલ છે તે સમજવું જોઇએ.

અજ રાજાને ઈન્દુમતિના સ્વયંવરમાં પિતા રઘુએ જ મોકલ્યો હતો: 'તું જા, ઈન્દુમતિને ઉપાડીને લઇ આવીશ તો બાકીના ક્ષત્રિય રાજકુમારો વિરોધ કરશે, તેમની જોડે તારે લડવું પડશે. પત્નીનું રક્ષણ કરવાની તારામાં શકિત હોવી જોઇએ. જા, તારા બાહુબળથી રક્ષણ કરજે.' મને

નાનપણમાં લાગતું હતું કે રઘુરાજા તેની સાથે કેમ ન ગયો? અરે! રઘુરાજાની એવી ધાક હતી કે તેનું નામ સાંભળીને બીજા રાજાઓ ગભરાતા હતા. અજ ઇન્દુમતિનું હરણ કરે છે અને તેને બધા ક્ષત્રિયો સાથે લડવું પડે છે. તેનું વર્ણન છે:

> **इतः परानर्भकहार्यशस्त्रान्वैदर्भि पश्यानुमता मयाऽस्ति ।**
> **एवंविधेनाहवचेष्टितेन त्वं प्रार्थ्यसे हस्तगता ममैभि : ॥** (रघु. ७/६७)

અજ કેટલો પ્રભાવી હશે? અને ઇન્દુમતિ તેના પર કેટલો પ્રેમ કરતી હશે? આવો પ્રભાવ હોય તો જ પત્નીનો પ્રેમ મળે છે. પ્રેમ કંઇ બજારમાં વેચાતો નથી મળતો. કર્તૃત્વ અને પરુષાર્થથી પ્રેમ મળે છે.

શિક્ષણ તો ઘણા પ્રકારનું હોય છે. ચોરી કેમ કરવી તેનું પણ શિક્ષણ હોઇ શકે છે. આપણે એમ સમજીએ છીએ કે જેનાથી રોટલી મળે તેને શિક્ષણ કહેવાય. રોટલી આપવી એ શિક્ષણનું કામ નથી, તે કલાનું કામ છે. બીજાના ગજવામાંનું વિત્ત પોતાના ગજવામાં લાવવું, તેના માટે કોઇ કલા જોઇએ. તેમાં વિદ્યાની કઇ જરૂર છે? પૃથુએ ઋષિમાન્ય શિક્ષણ સ્વીકારી તેવી શિક્ષણવ્યવસ્થા શરૂ કરી અને સમસ્ત સમાજને બદલાવી નાખ્યો. પૃથુએ એટલું સુંદર રીતે રાજ કર્યું કે તેના નામ પરથી આ ધરિત્રીને પૃથ્વી નામ મળ્યું.

પૃથુએ પોતાના પુત્રને તપ કરવા માટે મોકલ્યો હતો. તે માટે તેને ઋષિની પાસે રહેવું પડયું. ઋષિની પાસે સવારના વહેલા ઉઠવું પડે, તેના માટે સુખ-દુઃખ સહન કરવાં પડે. મનને તેવું શિક્ષણ આપવું પડે. માણસથી સુખ પણ સહન થતું નથી અને દુઃખ પણ સહન થતું નથી. સુખ-દુઃખ કેવી રીતે સહન કરવાં તેનું શિક્ષણ મળવું જોઇએ. આજે શિક્ષણ ઘણું વધ્યું છે, તે છતાં જો એકાદ વાત મનની વિરુદ્ધ થાય તો માણસને નિરાશા (frustration) આવે છે. એનું કારણ શું છે? શિક્ષણ જ દુર્બલ છે. જે શિક્ષણનું મન પર કંઇ પરિણામ થતું નથી એવું શિક્ષણ બધે અપાય છે. મનનો અને શિક્ષણનો સંબંધ જ નથી, પછી શિક્ષણનો અર્થ શો છે? ફક્ત ગોખવું એનું નામ શિક્ષણ નથી. જીવનને બદલવાવાળું શિક્ષણ હોવું જોઇએ. આ રીતે તપનું મહત્ત્વ અને તેની આવશ્યકતા સમજાવ્યાં છે. ઋષિઓના સાન્નિધ્યમાં તેને આદર્શ શિક્ષણ મળ્યું છે.

પૃથુના વંશમાં પ્રાચીનબર્હિ રાજાએ પોતાના દશ પુત્રો-પ્રચેતાઓને સૃષ્ટિ કરવા તપ કરવાની આજ્ઞા કરી. તેમણે ભગવાન રુદ્રની આરાધના કરી, રુદ્ર પ્રસન્ન થયા અને ભગવાન રુદ્રે તેમને નારાયણસ્તોત્ર આપ્યું. આ નારાયણ સ્તોત્રનું પઠન કરવાથી ઇચ્છિત ફળ મળે છે, મનોવાંછના પૂરી થાય છે.

ભાગવતમાં 'રુદ્ર ઉવાચ' લખ્યું છે અને ભગવાન રુદ્ર નારાયણ ભગવાનનું વર્ણન કરે છે. ભગવાન શંકરના મુખે ભગવાન નારાયણનું વર્ણન બહુજ સુંદર છે. અને આપણે ત્યાં આજે શૈવ-વૈષ્ણવનો ઝઘડો ચાલે છે. વૈષ્ણવો કહે 'અમે શિવમંદિરમાં નહિ જઇએ'. અરે ન જવું હોય તો ન જાઓ પરંતુ શિવમંદિરમાં જવાથી પાપ લાગે તેવું તો ન બોલો!

ચિત્ત એકાગ્ર કરવા માટે એક જ મૂર્તિ રાખવી જોઇએ તેમાં સંદેહ નથી. પરંતુ તેથી બીજી મૂર્તિ ક્ષુદ્ર છે અને તેનું ધ્યાન ધરો તો પાપ લાગે, એમ બોલવું ખોટું છે.

શરૂમાં કહે છે, 'ચિત્તધિષ્ઠિાત વાસુદેવને હું પ્રણામ કરું છું' એટલે કે 'જો ભગવાન વાસુદેવ પાસે જવું હશે તો ચિત્તને સમજાવવું પડશે.' 'બુદ્ધિના અધિષ્ઠાતા પ્રભુ તને મારા નમસ્કાર છે. તેજોમય પ્રભુ તને મારા નમસ્કાર છે. એક શ્લોકમાં કહે છે: 'સકલ જીવાને તૃપ્તિ આપવાવાળા ભગવાન! તને નમસ્કાર છે.' આમાં ભગવાનના ગુણ અને કર્તૃત્વનું વર્ણન કરીને, ભગવાન વાસુદેવ પાસે જવા માટે આપણી પાસે કઇ મહત્તા હોવી જોઇએ તે સમજાવ્યું છે.

ભગવાન રુદ્રે ઉપદેશ કર્યો નથી, આ નારાયણસ્તોત્ર બોલવાનો આગ્રહ રાખ્યો છે. એમાં ભાગવતની પરંપરા કેવી છે, તેની વિચારધારા કેવી છે, તે જોવા છે. આ જગતમાં ભગવાન એક જ છે. એના નામો જુદાં હશે, તેથી જ કહે છે કે ભગવાન રુદ્ર નારાયણનું સ્તોત્ર કહે છે.

ત્યારબાદ ચતુર્થ સ્કંધમાં પુરંજનનું આખ્યાન આવ્યું છે. આ આખું આખ્યાન લાક્ષણિક છે. ઇતિહાસમાં કોઇ પુરંજન રાજા નથી, તેથી ભાગવતકારે પોતે જ લખી રાખ્યું છે કે તે લાક્ષણિક કથા છે. તેમાં પુરંજન અને અવિજ્ઞાત બે પાત્રો છે. અવિજ્ઞાતનું પુરંજન માનતો નથી તેથી પુરંજનની કેવી સ્થિતિ થઇ છે તેનું દર્શન તેમાં કરાવ્યું છે. ઉપનિષદમાં પણ આવી લક્ષણા છે:

द्व सुपर्णा सयुजा सखाया समानं वृक्ष परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥ (श्वे. ४/६)

ઉપનિષદના આવા વર્ણન જેવું જ વર્ણન પુરંજનની કથા રૂપે ભાગવતના ચતુર્થ સ્કંધમાં આવ્યું છે.

પુરંજન એટલે એક જીવ અને અવિજ્ઞાત એટલે ઇશ્વર. પુરંજન અવિજ્ઞાતને માનતો નથી, એટલું જ નહિ, તેની ઉપેક્ષા કરે છે. ત્યારબાદ તેની જે અતિ ભયાનક, ભીષણ અને અધ:પતિત દશા થાય છે તેનું વર્ણન કર્યું છે.

મનુષ્ય વિષયાસક્ત કેવી રીતે થાય છે તેનું દર્શન અને કર્મકાંડનું વૈફલ્ય પુરંજન આખ્યાનમાં સમજાવ્યું છે. આ બે વાતો સમજાવવા માટે એક લાક્ષણિક વાર્તા ઊભી કરી છે. આ એક સુંદર વાર્તા છે. તેમાં કયું પુર છે, પુરના દરવાજા કયા કયા છે, પૂર્વ તરફ કોણ, પશ્ચિમ તરફ કોણ છે, મિત્ર કોણ છે, સંભાળવાવાળું કોણ છે, આ બધું એક લાક્ષણિક રૂપ આપીને સમજાવ્યું છે. હું એટલું જ કહું કે વિષયાસક્તનું ચિત્રણ આમાં કર્યું છે. જે વિષયોથી ભરેલો, અજ્ઞાની, સ્ત્રીને આધીન બનેલો (સહીં સ્ત્રીનો અર્થ વિજાતીય-એટલે સ્ત્રીની દષ્ટિથી પુરુષ લેવો) જીવ અજ્ઞાની હોય છે. વિષયોથી બુદ્ધિભ્રંશ કેવી રીતે થાય છે, તેમાં દીનતા કેવી રીતે જન્મે છે, જીવન અસ્મિતાશૂન્ય કેવી રીતે થઇ જાય છે, તેનું એવું તો ચિત્રણ કરેલું છે કે વાંચવાથી પણ વિષયો માટે તિરસ્કાર નિર્માણ થઇ જાય છે.

વિષયાસક્ત માણસ, દીન, હીન, અસ્મિતાશૂન્ય બની જાય છે. ત્યારબાદ કાલકન્યા 'જરા' આવે છે.

कृतान्तस्य दूती जराकर्णमूले समागत्य वक्तीति लोकाः शृणुध्वम् ।
परस्त्रीपरद्रव्यवांच्छां त्यजध्वं भजध्वं रमानाथपादारविंदम् ॥

ઘડપણ છે તે યમરાજની દીકરી છે, તે સમજાવવા માટે આવે છે. તે કહે છે, 'હવે બસ થયું. આજ સુધી તો કંઇ વિચાર્યું નથી, હવે તો વિચાર. હજી તારું એ જ ચાલી રહ્યું છે ? ઘરડા થયા પછી તું તારું મોઢું અરીસામાં જો. ઘડપણથી કરમાએલું મોઢું જોયા બાદ, પ્રથમ જ્ઞાન થવું જોઇએ કે તું વીસ વર્ષનો હતો, ત્રીસ વર્ષનો હતો અને આજે તું સાઠ વર્ષનો થયો. હજી તારા જીવનનો એ જ ક્રમ ચાલે છે ? તેનાથી વધારે તારે કંઇ કરવું છે કે નહિ ?'

કેટલાક લોકો, છોકરાઓ ધંધો સંભાળતા હોય એટલે તીર્થયાત્રા કરવા જાય છે. આવવા-જવાની રિટર્ન ટિકિટ લઇને તેઓ તીર્થયાત્રા કરે છે. કુટુંબ સાથે તીર્થયાત્રા કરે પણ ત્યાં જઇને શું કરે ? બીજી કંઇ દૃષ્ટિ તો છે નહિ. ડાકોરની યાત્રા કરે તો ત્યાંના ગોટા ખાઇ આવે અને હરદ્વાર જઇ આવે તો ત્યાંની પાણીપૂરી ખાઇ આવે. આવી તીર્થયાત્રાથી જીવનને વળાંક ક્યાંથી મળે? જીવનને વળાંક એટલે વિચારોને વળાંક. વિચાર એ જ માનવી જીવન છે. માણસમાંથી વિચાર બાદ કરો તો પશુ રહે. બીજું શું ? માણસ (Rational animal) બુદ્ધિવાદી પ્રાણી છે. જો તેના વિચારોને વળાંક ન મળે તો જીવનને પણ વળાંક ન મળે. પછી તે અહીં મુંબઇમાં બેઠો હોય કે ગંગાના તટ પર જઇને બેસે. તેમાં શો ફરક પડે ? અધ્યાત્મમાં પોતાનું વિશ્લેષણ પોતે જ કરવાનું હોય એવું ભાગવત સમજાવે છે.

બુદ્ધિ કામાધિષ્ઠિત કેવી રીતે બની જાય છે, તેનાથી માણસ વિષયલંપટ થઇને અધ:પતિત કેવી રીતે થાય છે તેનું ચિત્રણ એવું તો કર્યું છે કે તે વાંચ્યા પછી માણસને એમ લાગે કે મારું વર્ણન તો નથી ને ?

માણસ પાસે બુદ્ધિ છે. અંદર કામ છે અને રામ છે. બન્નેનું રાજ્ય ચાલે છે અને ચાલશે. 'કામ'નો અર્થ કેવળ વિજાતીય ખેંચાણ આટલો મર્યાદિત લેવાનો નથી. કામનો અર્થ ઇચ્છા, વાસના. એક વાસનાનું રાજ્ય છે અને બીજું વાસુદેવનું રાજ્ય છે. બન્ને પ્રભાવશાળી છે. બુદ્ધિને કોના હાથમાં આપવી છે ? બુદ્ધિ જ્યારે વિષયાધિષ્ઠિત બની જાય છે ત્યારે કોઇપણ કામ કરતા પહેલાં બુદ્ધિ પૂછે છે કે આ કરવાથી શું મળશે ? આ બુદ્ધિનું ચાંચલ્ય છે, કોઇપણ વાત ફાયદો મળ્યા પછી જ કરવાની છે; તેથી જ આપણા ઋષિઓએ કહ્યું: **निष्कारणेन षडंगोवेदोऽध्येय ज्ञेयश्च ।** વેદોનું અધ્યયન નિષ્કારણ કરવાનું. કંઇ મળશે નહિ તો પણ કરવાનું. લોકો કહે છે કે વેદોનું અધ્યયન કરીને શું મળશે ? કંઇ નહિ મળે તો પણ અધ્યયન કરવું ફોકટ છે. ના, એવું નથી, પરંતુ, આજે માણસ કેવળ ફાયદાવાદી બની ગયો છે.

એક પૌત્ર પોતાના દાદા સાથે વાતો કરતો બેઠો હતો. તેણે દાદાને પૂછયું: 'આનો ફાયદો શું ? તેનો ફાયદો શું ? વાઘનો ફાયદો શો ? સિંહનો ફાયદો શો ? દાદા જવાબ આપી આપીને કંટાળી ગયા. છેલ્લે દાદાએ કહ્યું: 'આખી સૃષ્ટિ માત્ર તારા ફાયદા માટેની છે એવી ખોટી ધારણા, તું ન કરી બેસે તે માટે જગતમાં વાઘ, સિંહ છે. તેથી ખોટી ધારણા છોડી દે.'

ફાયદો જોઇને દોડવાવાળી બુદ્ધિને વિષયાધિષ્ઠિત બુદ્ધિ કહે છે, તેથી જ બુદ્ધિને સમજાવવાનું

છે કે ફાયદો ન મળે તો પણ અમુક કામ કરવાનાં છે. તેને જ સાધના કહે છે. સાધનાનું સાતત્ય ટકવું જોઇએ. આજે કર્યું અને આવતીકાલે ફાયદો શો થયો ? એવું જોવાવાળો માણસ સાધના કરી શકતો નથી. કંઇ ન મળે તો પણ મારે વર્ષો સુધી અમુક કામો કરવાનાં જ છે. શું મળશે તેની મને ખબર નથી. ધંધા બે પ્રકારના હોય છે, કમાવાનો અને ખોવાનો. આ ખોવાનો ધંધો નથી જ, કમાવાનું શું છે તે ભગવાનને ખબર.

બુદ્ધિભ્રંશ થાય કે માણસ દીન બની જાય, અસ્મિતાશૂન્ય જીવન થઇ જાય, બુદ્ધિને આવો રોગ લાગ્યા પછી બુદ્ધિ શું વિચારે છે, ખબર છે ? 'હું અને મારું.' વિષયલંપટ માણસનું અધ:પતન કેવી રીતે થાય છે, તેનું નિજી ઐશ્વચર્ય કેવી રીતે ખતમ થાય છે અને અસ્મિતાશૂન્ય, દીન બનીને તે કેવું જીવન વીતાવે છે તેનું પુરંજનના આખ્યાનમાં ચિત્રણ છે. તેનો શ્વાસોચ્છ્‌વાસ ચાલે છે તેથી તેને જીવતો કહી શકાય બાકી તેની બુદ્ધિને એક જાતની બેહોશી આવી જાય છે.

બેહોશી લાવનાર દારુ પણ ત્રણ પ્રકારના હોય છે, એમ સુભાષિતકાર કહે છે:

प्रमदा मदिरा लक्ष्मीर्विज्ञेया त्रिविधा सुरा ।
द्दष्ट्वैवोन्मादयत्येका पीता चान्यातिसंचयात् ॥

પ્રમદા, મદિરા અને લક્ષ્મી. આ ત્રણેય પ્રકારના દારૂ બેહોશી લાવે છે. સ્ત્રીમાં લટ્ટુ થયેલા માણસનો વિવેક ખલાસ થઇ જાય છે. 'હું કોણ છું ? કોનો છું ? શાને માટે છું ?' આનો વિચાર જ માણસ કરતો નથી. બીજા પ્રકારનો દારુ બેહોશી લાવે છે તેની તો બધાને ખબર છે. ત્રીજો પ્રકાર છે લક્ષ્મી. વિત્ત દ્રાક્ષ જેવું છે. દ્રાક્ષનો જે આસવ નીકળે છે તેને દ્રાક્ષાસવ કહે છે. તેમાં પાંચ ટકા આલ્કૉહૉલ હોય ત્યાંસુધી વૈદરાજ તેનો દવા તરીકે ઉપયોગ કરવાનું કહે છે, પરંતુ, તેનો સંચય કરીને તેમાં આલ્કૉહૉલનું પ્રમાણ પંદરથી વીસ ટકા થઇ જાય ત્યારે બેહોશી લાવે છે. દ્રાક્ષનું અસલી રૂપ તો સારું છે. તેમ વિત્તનું અસલી રૂપ સારું જ છે, પણ તેનો અતિસંચય થયા બાદ તે પણ દારુની જેમ બેહોશી લાવે છે. તેમાં જે ફસાય છે તે વિવેક ગુમાવી બેસે છે અને તેનું જીવન ખલાસ થઇ જાય છે.

પુરંજનરાજાને આવી બેહોશીને લીધે આત્મશક્તિની વિસ્મૃતિ થઇ ગઇ. તે પ્રમદા એટલે સ્ત્રીમાં લટ્ટુ બન્યો અને તેમાં તેનું પતન થયું.

कुरुत करुणा मैत्री प्रज्ञा वधूजनसङ्गमं न खलु नरकेहाराक्रान्त ।

પ્રત્યેક માણસે ચાર પત્ની કરવી જોઇએ એવું ઇસ્લામ ધર્મમાં માને છે. આપણા વેદાંતમાં પણ કહ્યું છે કે ચાર પત્ની કરો. કોઇ કહેશે કે આજ સુધી અમને આવું કોઇએ કહ્યું નથી. બધા એકપત્ની વ્રતની મહત્તા સમજાવે છે, પરંતુ, વેદાંત ચાર પત્ની કરવાનું કહે છે તો તે કઇ કઇ ? એક તો તમારી પત્ની, જેનો હાથ તમે **नातिचरामि नातिचरामि....** કહીને પકડયો છે તે. બીજી ત્રણ પત્ની જીવનમાં લાવવી જોઇએ-કરુણા, મૈત્રી અને પ્રજ્ઞા. તે જો માણસ ન કરે તો તે કેવળ યોષિતસંગથી વિષયાસક્ત બનીને અધ:પતિત થઇ જાય છે.

પુરંજન રાજા યોષિતસંગને સર્વસ્વ માનતો હતો. અવિજ્ઞાત નામનો તેનો એક મિત્ર તેની

અંદર બેઠો હતો. તે મિત્ર તેને ઘણું સમજાવે છે, પરંતુ, તે સાંભળતો જ નથી.

હું ઘણી વખત મજાકમાં કહું છું કે ભગવાનને કોઇપણ માણસ સાથે ટેલિફોન પર વાત કરવી છે, પરંતુ, જ્યારે જ્યારે ભગવાન તેનો નંબર જોડે છે ત્યારે તેનો ટેલિફોન એંગેજ આવે છે. ઉદાહરણ તરીકે, સવારના આપણે ઊઠીએ કે તરત ભગવાન ટેલિફોન જોડે, પરંતુ, તે વખતે આપણે ચાનો વિચાર કરતા હોઇએ. ભગવાન ગમે ત્યારે આપણને ટેલિફોન કરે ત્યારે તેને આપણો ટેલિફોન નંબર લાગતો જ નથી.

આવી રીતે અંદર બેઠેલા મિત્ર અવિજ્ઞાતે આપણને કંઇક કહેવું છે, પરંતુ, તેની વાત સાંભળવાનો આપણને સમય જ નથી. આપણે ઘણાં કામો છે તેથી આપણા ટેલિફોન પર દબાણ પણ ઘણું રહે છે. સવારના આંખ ખોલીએ ત્યારથી શરૂઆત કરી રાત્રે સૂઇ જઇએ ત્યાંસુધી આપણો ટેલિફોન રોકાએલો રહે છે. અંદરના મિત્ર અવિજ્ઞાતનો ટેલિફોન લાગતો નથી અને આપણને આત્મશક્તિની વિસ્મૃતિ થઇ જાય છે. માટે જ આપણા શાસ્ત્રકારો કહે છે કે, અમુક સમય માટે તું બધું છોડીને બેસી જા. તે વખતે તારી જોડે ભૂતકાળ નહિ, ભવિષ્યકાળ નહિ અને વર્તમાનકાળ પણ ન હોવો જોઇએ. આવી રીતે બેસવું જોઇએ. **एकान्ते सुखमास्यताम्.....** એકાતમાં નિરાંતે બેસવું જોઇએ, પરંતુ, આપણે તેવી રીતે બેસતા જ નથી. ભગવાન ગમે ત્યારે ટેલિફોન કરે તો આપણો ટેલિફોન રોકાએલો જ હોય છે.

માણસે નિશ્ચિત કરીને અમુક સમયે દરરોજ એકલા બેસવું જોઇએ. તે વખતે પાછળનો કંઇ કચરો ન હોવો જોઇએ, ન તો આગળનું-ભવિષ્યકાળનું કંઇ મનોરાજ્ય હોય કે ન વર્તમાન પણ હોય, એવી સ્થિતિ લાવવી જોઇએ. ભગવાનને પણ કંઇ કહેવું હોય તો તેને ખબર હોવી જોઇએ કે કયા સમયે આપણો ટેલિફોન મોકળો હોય જેથી તે સમયે આપણને ટેલિફોન પર કહે તો આપણા જીવનને વળાંક મળે, તે માટે જ ચિત્ત એકાગ્ર કરવા બેસવાનું છે.

આત્મશક્તિની વિસ્મૃતિ થયા બાદ પુરંજનની સ્થિતિ અત્યંત અધઃપતિત થઇ ગઇ. તેનું ભાન પુરંજનને પોતાને જ થાય છે. તેને લાગે છે કે શું હું આટલો અધઃપતિત થઇ ગયો ? શું હું આટલો નકામો છું ? શું હું સ્વત્વ ખોઇ બેઠો છું ? ક્યા કારણથી મારી આવી સ્થિતિ થઇ ગઇ છે ?

આપણા જીવનમાં કામ અને રામ બન્નેની ખેંચ ચાલે છે. તેમાં કોનો વિજય થશે ? રામનો કે કામનો ? કોઇ કહેશે, 'ના, અમારા જીવનમાં રામનું જ ખેંચાણ છે એનું કારણ અમે ભગવાનના મંદિરમાં જઇએ છીએ,' આવું સમજવાને કારણ નથી. તમે મંદિરમાં જે જાઓ છો તે ભગવાનના ખેંચાણને લીધે નહિ, કામના ખેંચાણને લીધે જ જાઓ છો, રામ પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવવાની છે, તેથી તમે મંદિરમાં જાઓ છો. આપણી કામના આપણને નિરાંતે બેસવા દેતી નથી. તે આપણને જગાડીને કહે છે કે, 'ચાલ, ઊભો થા, મંગળાનાં દર્શન કરવા જા. મંગળાનાં દર્શન કરીશ તો વેપારમાં ફાયદો થશે.' આપણે મંદિર જતાં હોઇશું કે તીર્થયાત્રા કરવા જતાં હોઇશું તો પણ તેમાં આપણને કામ ખેંચે છે, રામ નહિ.

જેને જીવનમાં કામ જ ખેંચે છે એવું જે એક જીવન હોય છે, તેવું જીવન પુરંજનનું ચીતર્યું છે. કેટલાક એવા હોય છે કે જેઓ રામ તરફ જ જુએ છે, પરંતુ, કામાર્થ રામ એક બીજું રૂપ

છે. તેવી જ રીતે રામને માટે કામ પકડવો આ ત્રીજું રૂપ છે. જ્યારે 'અવિજ્ઞાત'નો ટેલિફોન લાગે છે અને તેની વાત સાંભળવામાં આવે છે ત્યારે જીવનને આવો વળાંક મળે છે.

પુરંજન દેહધારી જીવનું પ્રતીક છે. કામાર્થ જીવનમાં ભગવાનના અસ્તિત્વની જ અવગણના છે. કામાર્થ રામના બીજા રૂપમાં ભગવાનની અવગણના નથી, ભગવાનને માન્યતા છે. રામાર્થ કામ આ દૈવી વળાંક છે. ઋષિ અને સાચા અર્થના બ્રાહ્મણોના જીવનમાં આ જોવા મળે છે. વેદોમાં ઋષિએ ભગવાન પાસે કેટલું બધું માગ્યું છે ?

अश्मा च मे मृत्तिका च मे गिरयश्च मे पर्वताश्च मे सितकाश्च मे वनस्पतयश्च मे हिरण्यं च मे......આવી રીતે **चमेचमे** કહીને ઋષિએ કેટલું બધું માગ્યું છે? તેને કામ છે, પણ રામાર્થ કામ છે. અહીં કામનો અર્થ છે ઇચ્છા. ભગવાન ! મને વિત્ત જોઇએ પણ તારું કામ કરવાને માટે જોઇએ. જીવનને આવો વળાંક મળે એટલે રામ પણ રહે અને કામ પણ રહે, પરંતુ, અહીં કામ ગૌણ છે અને રામ શ્રેષ્ઠ-મુખ્ય છે. આપણે મંદિરમાં જઇએ છીએ, પણ આપણા જીવનમાં કામ પ્રમુખ છે અને રામ ગૌણ છે. ધારો કે મંદિરમાં જવાના સમયે જ કોઇ વેપારી દસ હજાર રૂપિયાના ફાયદાનો સોદો લઇ આવે તો ? આપણને લાગે કે મંદિરે કાલે જઇશું, હમણાં કંઇ વેપારીને પાછો થોડો જ મોકલાય ? ભગવાન તો ક્ષમાશીલ છે. આપણે તો તેના દીકરાઓ છીએ. ભૂલ તો થાય જ-To err is human. ભૂલ કરવી એ તો આપણો સ્વભાવ નહિ, કર્તવ્ય છે. આવતી કાલે મંદિરમાં દસ મિનિટને બદલે વીસ મિનિટ બેસીશ. એમાં શું છે ? આમ આપણા જીવનમાં રામ ગૌણ અને કામ મુખ્ય છે. જીવનને એવો વળાંક આપવો જોઇએ કે જેથી રામ પ્રમુખ બને અને કામ ગૌણ થાય. રામ અને કામ વગર આ શરીર ચાલશે જ નહિ. એટલે ઇચ્છા તો વસિષ્ઠને પણ હતી જ. જ્ઞાનેશ્વરને પણ ઇચ્છા હતી: **अवघाची संसार सुखाचा करीन आनंदे भरीन तिन्ही लोक.**

અતિ ઉચ્ચ સ્થિતિમાં રહેવાવાળા ભગવાનને પણ ઇચ્છા (કામ) થઇ, તેથી તો આ સૃષ્ટિ નિર્માણ થઇ. જીવનની શરૂમાં પુરંજન રાજાની કામ સાથે જ એકરૂપતા હતી, એનું કારણ, 'અવિજ્ઞાત' મિત્રની સાથે તેની વાત જ થતી ન હતી. જ્યારે 'અવિજ્ઞાત'નો ટેલિફોન લાગ્યો ત્યારે તેને ખબર પડી કે જીવન શું છે અને શા માટે છે ? આ બધું બહુ સારી રીતે સમજાવ્યું છે. પુરંજનનું આખ્યાન વ્યક્તિના જીવનને વળાંક આપવાવાળું વ્યાખ્યાન છે.

ચતુર્થ સ્કંધમાં કર્મકાંડનું વૈફલ્ય દેખાડયું છે અને ભક્તિનું શ્રેષ્ઠત્વ સમજાવ્યું છે. કર્મકાંડ હોવો જ જોઇએ. કોઇ પણ વિચાર જ્યાંસુધી કર્મમાં સાકારિત થતો નથી. ત્યાંસુધી તે વિચારને કિંમત નથી એવું આપણા શાસ્ત્રકારો કહે છે. **कर्मजान् विद्धितान्सर्वान्** એમ ગીતાકારે પણ કહ્યું છે.

કેટલાક લોકો **सर्वेऽत्र सुखिनः सन्तु......** એવું બોલે છે ખરા, પરંતુ, તેની પછવાડે તેમની કોઇ કૃતિ હોતી નથી. કેટલાક તો ભગવાનને ઉપદેશ આપે છે, 'દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ'... ભગવાન આ સાંભળીને વિચારે છે કે આ તો મને જ ઉપદેશ આપે છે ! કારણ તેની પછવાડે તેના પોતાના કર્મની શક્તિ નથી.

આપણે ત્યાં પણ કર્મનો આગ્રહ છે: **यज्ञेन यज्ञमयजन्त देवास्तानिधर्माणि प्रथमान्यासन्....** એમ કહ્યું છે. તેં શું વિચાર્યું છે આટલું જ ભગવાન જોવાના નથી. તેં આચરણમાં કેટલું મૂકયું, કર્મ કેટલું કર્યું તે પણ ભગવાન જોવાના છે. મેં સારું વિચાર્યું હતું, મારો હેતુ સારો હતો, આટલું બોલીને નહિ ચાલે, તેં શું કર્યું તે બોલ ? એમ ભગવાન કહેશે.

જીવનમાં વિચાર અને કૃતિ–આ બે વાતો છે, પરંતુ, જ્યારે કૃતિની પાછળથી ભકિત અને વિચાર નિકળી જાય છે, ત્યારે તેને આજના કર્મકાંડનું રૂપ આવી જાય છે. પુરંજન આખ્યાનમાં કર્મકાંડનું ગૌણત્વ સમજાવ્યું છે. ભગવાને ગીતામાં કહ્યું છે:

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः (गीता/२/४२)

(હે પાર્થ ! વેદના અર્થવાદમાં પ્રીતિવાળા, બીજું કંઇ નથી એ પ્રમાણે બોલવાવાળા અજ્ઞાનથી મૂઢ એટલે કાર્યાકાર્યના ભાનરહિત લોકો ફૂલથી ભરેલી વિષલતાની માફક સુંદર વાણી બોલે છે). ગીતામાં પણ કર્મકાંડની મશ્કરી ઉડાવી છે, તેનું કારણ જ્યારે કર્મમાંથી જ્ઞાન, ભક્તિ અને વિચાર ચાલી જાય છે ત્યારે તેમાં યાંત્રિકતા આવી જાય છે. કોઇ પણ કર્મ વિચારથી જ શરૂ થાય છે, તેની પાછળ ભકિત-પ્રેમ પણ હોય છે. જેની પાછળના વિચાર, પ્રેમ, ભકિત ચાલી જાય છે અને કેવળ કર્મ રહી જાય છે, તે કર્મકાંડ, જીવનને કોઇ વળાંક આપતું નથી. ન તો તે પોતાનું ભલું કરે છે, ન બીજાનું ભલું કરે છે. આજે તો ભકિતમાં પણ કર્મકાંડ આવી ગયો છે.

'ખાદી પહેરવી જોઇએ' એની પાછળ કંઇ વિચાર હતો, કંઇ પ્રેમ હતો. તે પ્રેમ ચાલી ગયો. તમારે જો મિનિસ્ટર થવું હોય તો ખાદી પહેરવી જોઇએ ખાદી વગર ન ચાલે, આ કર્મકાંડ આવી ગયો. કર્મકાંડ ફક્ત ભક્તિમાં જ ઘૂસે છે એવું નથી. તે બધાં ક્ષેત્રોમાં ઘૂસી જાય છે. હું તો આગળ જઇને કહીશ કે જેણે સામ્યવાદ (Communism) નો અભ્યાસ કર્યો છે તેને ખબર હશે કે આજે કમ્યુનિઝમમાં જે કંઇ ચાલે છે તે બધું કર્મકાંડ જ છે. જેવું કોર્ટમાં થાય છે તેવું. તેમાં પણ કર્મકાંડ ઘૂસી ગયો છે. બધાં કાગળિયાં પૂરાં છે કે નહિ, બધું કાયદેસર છે કે નહિ, તેટલું જ જોવાનું. ઘટના બની હોય તો પણ ક્યાંક કાયદાની બારીમાંથી છટકી શકાય છે. આજે બધા ફક્ત બ્રાહ્મણોને ગાળ આપે છે કે તેઓ કર્મકાંડ પકડીને બેઠા છે, પરંતુ, બધાં જ ક્ષેત્રોમાં કર્મકાંડ ઘૂસી ગયો છે.

આજે શિક્ષણસંસ્થામાં કર્મકાંડ ઘૂસેલો છે. ગ્રેજ્યુએટ થઇ ગયો હવે બી.એડ.ની ટર્મ-દહાડા ભર્યા કે નહિ ? ભર્યા હોય તો તે શિક્ષક થઇ શકે છે. બી.એડ. થયો કે તે સારો શિક્ષક થઇ ગયો ! પણ આવું કોણે કહ્યું ? ના, પણ પાણીનું માર્જન થઇ ગયું એટલે સોપારીમાં ગણપતિ આવી ગયા, તેવી રીતે બી.એડ.ની ટર્મ ભરી એટલે તે સારો શિક્ષક થઇ ગયો. આવી રીતે બી.એડ. કોલેજમાંથી ઘણા ગણપતિઓ-શિક્ષકો બહાર પડે છે. તેમાંના કેટલાયને ન તો શિક્ષણની ખબર છે, ન તો શિક્ષણ ઉપર પ્રેમ છે અને ન તો તેમને કંઇ કરવું છે. આવું થઇ જ જાય છે, તેથી કહું છું કે કર્મકાંડી બ્રાહ્મણને ગાળ આપવાનું કંઇ કારણ નથી. આજે બ્રાહ્મણને ગાળ આપનાર ભણેલા લોકો શિક્ષણક્ષેત્રમાં તે જ વાત કરે છે. લેજીસ્લેશન, કોર્ટ, હાઇકોર્ટ, બધી જગાએ કર્મકાંડ

ઘૂસી ગયો છે.

આપણે આગળ જોયું કે શ્રાદ્ધ એટલે શું ? શ્રાદ્ધમાં બ્રાહ્મણને બોલાવવાનો અને તેને ખીર પીવડાવવાની અને પછી પ્રસાદ તરીકે પોતે પણ પીવાની, એટલે શ્રાદ્ધ થઇ ગયું. શ્રાદ્ધની પાછળ કેવી ભાવના છે, કેટલો પ્રેમ છે, કેવો વિચાર છે, એ બધું ચાલી ગયું. આમ શ્રાદ્ધનો અર્થ પણ અમુક કર્મકાંડ થઇ ગયો છે. આવું જ ગણપતિ પૂજનનું થયું છે. ગણપતિનું પૂજન કરવાનું એટલે મોદક હોવા જ જોઇએ. મોદક ન હોય તો ગણપતિ મહારાજ ગુસ્સે થઇ જાય, એટલું જ તેમને ખબર છે. મહારાષ્ટ્રના ઘરઘરમાં ગણપતિપૂજન ચાલે છે, પરંતુ, તેઓ એના કરતાં વિશેષ કંઇ જાણતા નથી અને કરતા પણ નથી.

કોઇ પણ કર્મની પાછળ વિચાર હોય છે, પ્રેમ પણ હોય છે. પછી કર્મ શરૂ થાય છે, પરંતુ, જતે દહાડે વિચાર અને પ્રેમ ચાલ્યા જાય છે અને કર્મકાંડજ રહે છે. આવા કર્મકાંડની ભાગવતકારે મશ્કરી કરી છે અને પુરંજન આખ્યાનમાં કર્મકાંડનું વૈફલ્ય સમજાવીને, હરિની ભક્તિ કરો એમ કહ્યું છે. ભાગવતકારનો એક જ આગ્રહ છે કે કર્મમાં ભક્તિ લાવો. શ્રાદ્ધમાં નથી બાપ પર પ્રેમ, નથી વેદો માટે ભક્તિ કે નથી વિશ્વાસ પુનર્જન્મ ઉપર, છતાં શ્રાદ્ધ ચાલ્યા કરે છે, તેથી ભકિત લાવો એમ ભાગવતકાર કહે છે.

।पंचमः स्कंधः।

આજે આપણે શ્રીમદ્ ભાગવત જેવા નારાયણપર ગ્રંથના પાંચમા સ્કંધ વિષે વિચારવાના છીએ. ભોગ અને કુટુંબનો વધુ પડતો તિરસ્કાર થયા પછી ઇહવાદ છૂટી જાય અને લોકો આત્યંતિક પરલોકવાદી બની જાય તો ? આવી એક શંકા ભાગવતકારને પાંચમાં સ્કંધની શરૂઆતમાં આવી છે. આજે ધર્મમાં એવું જ ચાલે છે. કહેવાતા અને ચીલેચાલુ ધાર્મિક લોકો એમ સમજે છે કે પરિવાર તુચ્છ છે, પૈસા કમાવા ત્યાજ્ય છે, વ્યવહાર કરવો એ તદ્દન અનાધ્યાત્મિક છે.

નવયુવાન તો ભૌતિકતા તરફ ખેંચાય છે; અને કહેવાતા ધાર્મિક લોકો ભૌતિક વાદ માયા છે તેથી તે સ્વીકારવો ન જોઈએ એવું કહે છે. આને લીધે નવયુવાનની દયનીય સ્થિતિ થાય છે. ભોગ અને પરિવારનો તિરસ્કાર નિર્માણ થશે તો શું થશે ? અલબત્ત, અભાવાત્મક વિચાર (Negative thinking) હોવો જોઈએ, તેની જરૂર પણ છે. પરંતુ બૌદ્ધ વિચારના પ્રભાવથી એક

એવી વિચારધારા આવી કે જે આધ્યાત્મિક છે તેણે સંસાર કરવાનો નહિ, પૈસા કમાવા નહિ-એટલે કે બીજા પૈસા કમાવે એને તેના પર પોતે પોતાનું જીવન ચલાવે તો તે આધ્યાત્મિક ગણાય ! બૌદ્ધ વિચારનું પરિણામ એકાંતિક થઇ ગયું. જ્ઞાન કે ભક્તિના એકાંતિક ઉપદેશથી જીવન બગડી જાય. ભાગવતકાર તે બાબતમાં સજાગ છે, તેઓ આ વાત જાણે છે. નિષેધદર્શક વિચાર ભોગો અને સંસાર વિરુદ્ધ બોલવું જરૂરી છે; પણ એનો અર્થ એવો નથી કે તે સિદ્ધાંત થઇ જાય.

આજે બુદ્ધિપ્રામાણ્યવાદ અને ઇહવાદ (ભૌતિક જીવનનો વિચાર) આ બન્ને વાતો ધર્મમાંથી કાઢી નાખવામાં આવી છે. જીવન કેવળ પરલોકવાદી બની ગયું છે. જો તમે ઇહલોકના વ્યવહારમાં પડયા તો લોકો તમને વ્યવહારી-સંસારી સમજશે એટલે કે તમને આધ્યાત્મિક નહિ સમજે. જ્યારે જ્યારે ધર્મ કેવળ પરલોકવાદી થાય છે ત્યારે ત્યારે ધર્મને ફટકા ખાવા જ પડે છે; તેથી જ આપણા અતિ બુદ્ધિશાળી શાસ્ત્રકારોએ, અનુભવી અને દાર્શનિક લોકોએ ધર્મની વ્યાખ્યા કરી છે. **यतो अभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः** જેનાથી લૌકિક અને પારમાર્થિક કલ્યાણની સિદ્ધિ થાય તે ધર્મ-અભ્યુદય તરફ દુર્લક્ષ કરવાવાળો ધાર્મિક નથી અને નિઃશ્રેયસની ઉપેક્ષા કરવાવાળો પણ ધાર્મિક નથી. અર્થાત્, અભ્યુદય અને નિઃશ્રેયસ-બન્ને તરફ ધ્યાન આપવું જોઇએ, પરંતુ, તેવું થતું નથી.

પરિવાર-સંસારની નિંદા, ભોગોની નિંદા, વિષયોની નિંદા સાંભળ્યા પછી સંસારમાં-ભોગોમાં ફસાઇ જઇશું, ખલાસ થઇ જઇશું અને અધ્યાત્મ છૂટી જશે એવો વિચાર ઘૂસી જાય છે. ચોથા સ્કંધ સુધી ભોગો અને સંસારની નિંદા થઇ છે એમાં સંદેહ નથી. તેમાં પણ **जीव उवाच** ઇત્યાદિ લખાણ તો એવું છે કે જે આપણે વાંચી પણ ન શકીએ. કદાચ ભાગવતકારને શંકા નિર્માણ થઇ હશે કે ભોગો અને સંસારની નિંદા કર્યા પછી ઇહવાદ છૂટી જશે તો? 'માણસને ઇહવાદી પણ રહેવું જોઇએ' એવો ભાગવતકારનો આગ્રહ લાગે છે. તેમણે પ્રિયવ્રત રાજાની વાર્તા કહી છે. તેમાં તેમને કહેવું છે કે ઇહવાદ પણ શ્રેષ્ઠ છે.

પ્રિયવ્રત રાજાની વાર્તામાં સ્વયં ભગવાને વીતરાગ રાજાને ઉપદેશ આપ્યો છે. ભગવાનને લાગ્યું કે આ પ્રિયવ્રત રાજા કેવળ જ્ઞાની થઇ જશે, તેથી તેને સમજાવે છે કે તું ખરો ભક્ત બન પછી જ્ઞાની થા. **તેમાં गृहस्थाश्रमः कि अवध्यं करोति**-એવું જોર દઇને પૂછયું છે. ગૃહસ્થાશ્રમ સ્વીકારવા માટે તું શા માટે ખંચકાય છે ? માણસે વિષયોમાં ફરવું જોઇએ કે નહિ ? આ પ્રશ્ન છે. તેના જવાબમાં કહે છે કે જ્ઞાની ભક્ત વિષયોમાં અને સંસારમાં ફરશે તો પણ વિષયો તેનો વાળ વાંકો નહિ કરી શકે. જો ઇહવાદની અને સંસારની આવશ્યકતા ન હોય તો તેને નિર્માણ કરવાવાળા ભગવાન ગાંડા છે ? કે ખોટા છે ? અર્થાત્ જે લોકો આત્યંતિક થઇને ભોગો અને સંસારમાં મચી રહે છે તેમને તેમાંથી બહાર કાઢવા માટે 'ભોગો અને સંસાર તુચ્છ છે' એમ કહેવું જ પડશે, પરંતુ, તે કંઇ સિદ્ધાંત થઇ શકતો નથી. પરીક્ષા નજીક આવ્યા છતાં એકાદ છોકરો ક્રિકેટ રમ્યા જ કરતો હોય તો તેના બાપે કહેવું જ પડે કે ક્રિકેટ રમવાનું છોડી દે. હાથમાં ક્રિકેટનું બેટ લેવું એ પાપ છે, પરંતુ, એવો કોઇ વિદ્યાર્થી હોય કે જે કોઇ દિવસ રમતો જ નથી, કેવળ હાથમાં પુસ્તક લઇને વાંચ્યા જ કરે છે, તો વિચારવંત મા-બાપ તેને ઘરમાંથી બહાર કાઢે છે અને કહે છે, 'જા, મેદાનમાં રમી આવ. આખો દિવસ પુસ્તકકીડો થઇને શું વાંચ્યા કરે છે ?' કોઇ પણ ઉપદેશ એકાંતિક થઇ શકતો નથી. પરંતુ લોકો હંમેશાં એકાંતિકતા જ ઉપાડે છે.

આપણાં ધર્મ ઉપર જે છાયા આવી ગઇ છે તેનું કારણ જ આ છે. બૌદ્ધ વિચાર આવ્યા પછી ધર્મ અને જીવન બે જુદા ચોકા (Watertight compartments) જ બની ગયા છે. જીવન જીવવું હોય તો આધ્યાત્મિકતા છોડી દો. ઘણા લોકો એમ જ કહે છે કે હમણાં અમને જીવન જીવવા દો, ધર્મ-ગીતા વગેરે ઘડપણમાં જોઇશું.

કોઇને પૂછો: 'ગીતા કયારે વાંચશો ?' તો કહેશે: 'ઘડપણમાં' ગુજરાતીમાં એક વિનોદી ગીત પણ છે. 'દાઢી થઇ ગઇ ધોળી, પછી ગીતા ઘરમાંથી ખોળી; જ્યારે મીઠાઇ લાગી મોળી, ત્યારે ઘરમાંથી ગીતા ખોળી.' સારી વાત છે કે ખોળ્યા પછી ઘરમાંથી ગીતા નીકળી ખરી. કેમ કે ઘરમાં ગીતાની પૂજા થતી હતી.

આ સ્કંધમાં એકાંતિકતા ત્યાજ્ય છે એ સમજાવવાનો પ્રયત્ન છે. ભગવાન વીતરાગને ઉપદેશ આપે છે. પ્રિયવ્રતને કહે છે કે વિષય અને સંસાર તારો વાળ પણ વાંકો નહિ કરી શકે. એમાં ઇહવાદનું નિરુપણ કર્યું છે કારણ ઇહવાદ હોવો જોઇએ. આ વિચાર જ્યારે ધર્મ ઉપાડશે ત્યારે આખો સમાજ ધર્મને ઉપાડશે. 'ઇહવાદ તુચ્છ છે, ત્યાજ્ય છે, પરલોકવાદ જ શ્રેષ્ઠ છે, પરલોક તરફ જ ધ્યાન આપવું જોઇએ' આવું જ્યાંસુધી ધર્મ પકડી રાખશે ત્યાંસુધી ધર્મની અવનતિ જ થવાની. ઇહવાદ અને પરલોકવાદ-બન્ને સ્વીકારવા જોઇએ. આપણા શાસ્ત્રકારોએ ધર્મની જે વ્યાખ્યા કરી છે : **'यतो अभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः'**-તે સાચી છે. ભણવું પડશે, લગ્ન કરવાં પડશે, વેપાર-ધંધો કે નોકરી કરવાં પડશે. બધાં કામ કરવાં પડશે અને છતાં આધ્યાત્મિક રહેવું છે. ભગવાન પ્રિયવ્રત રાજાને કહે છે કે તું યોગ્ય માર્ગથી ચાલીશ તો વિષયોમાં ફરવા છતાં, સંસાર કરીને પણ, તારો વાળ પણ વાંકો થશે નહિ. તે માટે ભગવાને તેને ભક્તિનો રસ્તો દેખાડયો છે. તેમાં ઇહવાદનું નિરુપણ તો છે જ એ મહત્ત્વની વાત છે. એનું કારણ ભાગવત સાંભળવાવાળા બધા લોકો એવું સમજે છે કે સંસાર તુચ્છ છે, આ બધું માયા છે, માયામાં ફસાવું ન જોઇએ, બધું નકામું છે, જૂઠું છે, માટે બધું છોડી ને બેસી જાઓ.

ભાગવતમાં કેટલીક નિષેધદર્શક વિચાર (Negative thinking) ની વાર્તાઓ છે. તે હોવી પણ જોઇએ. જૂની દિવાલ પર નવો રંગ કરવો હોય તો બધો જૂનો રંગ પહેલાં કાઢી નાખવો જોઇએ. તેના માટે નિષેધદર્શક વિચારધારા હોવી જોઇએ, પરંતુ, જો તમે નિષેધદર્શક વિચારધારા કાઢશો અને વિધાયક વિચારધારા (Positive thinking) નહિ ઉપાડો તો તમે પોતાને આગળ પણ નહિ લઇ જઇ શકો અને સમાજને પણ માર્ગદર્શક નહિ થઇ શકો. આપણે એકાંતિક છીએ તેથી ભાગવતકારે ઇહવાદનું-ભૌતિકવાદનું- નિરુપણ કર્યું છે, એટલું જ નહિ, ઇહવાદ તરફ ધ્યાન હોવું જોઇએ એવો આગ્રહ પણ રાખ્યો છે. ઇહવાદ અને પરલોકવાદ-બન્ને તરફ ધ્યાન હોવું જોઇએ. ઇહવાદમાં આખું જીવન આવે છે. ઇહવાદ તો હોવો જ જોઇએ, મુક્ત પુરુષોએ પણ ઇહવાદ છોડવો ન જોઇએ. તેમને પણ કામ કરવું જ પડશે. જે કામ નિયત કરવામાં આવ્યું છે તે કરવું જ જોઇએ-આત્મજ્ઞાન થયા પછી પણ ! તેથી જ ભારતમાં આત્મજ્ઞાની ઋષિઓએ પણ સંસાર ચલાવ્યો હતો.

આત્મસ્મૃતિ થયા પછી કર્મની વિસ્મૃતિ થવી ન જોઇએ, શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યને આત્મસ્મૃતિ થઇ હતી. **न पुण्यं न पापं न सौख्यं न दुःखं न मंत्रो न तीर्थं न वेदार्न यज्ञाः।**

अहं भोजनं नैव भोज्यं न भोक्ताः चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ॥ આ તેમણે કેવળ લખ્યું છે એમ નહિ, આ તેમની અનુભૂતિ હતી. આટલું હોવા છતાં પણ તેમને ખબર હતી કે કર્મવિસ્મૃતિ થશે તો નહિ ચાલે.

ગામડાઓમાં નાટક થાય છે તે જોવા જેવાં હોય છે. જૂનાકાળમાં મંદિરના ઉત્સવમાં નાટક ભજવવામાં આવતાં હતાં. એક ગામમાં ઉત્સવ આવ્યો. તેમાં રામ-રાવણ યુદ્ધના પ્રસંગનું નાટક રાખવામાં આવ્યું હતું. ગામમાં જે તગડો હતો તેને રાવણ બનાવ્યો હતો કેમકે રાવણ તો મોટો દેખાવો જોઇએ. તે અલમસ્ત હોવો જોઇએ. દૂબળો હતો તેને રામ બનાવવામાં આવ્યો હતો; મંચ પર નાટક ચાલતું હતું. નાટક બરાબર જામ્યું હતું અને રામ-રાવણ વચ્ચે યુદ્ધ શરૂ થયું. એટલામાં જે રાવણ બન્યો હતો તેને લાગ્યું કે આજે મારા સસરાના પક્ષના બધા નાટક જોવા આવ્યા છે. તેમની સામે મને આ દૂબળો રામ નીચે પાડશે ? આજે તો મારે નથી જ પડવું. તેની આત્મસ્મૃતિ જાગૃત થઇ ગઇ. રામ તો પ્રયત્ન કરી થાકી ગયો પણ આ રાવણ પડતો જ નથી. તે બિચારો હેરાન થઇ ગયો. તેણે થાકીને હળવેથી જ રાવણને કહ્યું: 'અરે, તારે તો પડી જવાનું છે. તે તું ભૂલી ગયો ?' તો રાવણે જોરથી કહ્યું: 'હું શા માટે પડું ? તારામાં તાકાત હોય તો મને પાડી દેખાડ.' નાટક ખલાસ થઇ ગયું. મેનેજરે પડદો પાડી દીધો અને રાવણને કાઢી મૂકયો. વચ્ચે જ આત્મસ્મૃતિ થઇ તેનું આ ફળ મળ્યું. તેં રાવણ થવાનું સ્વીકાર્યું હતું ને? એક વખત રાવણ થવાનું સ્વીકાર્યું પછી તેનો પાઠ બરાબર ભજવવો જોઇએ. વચ્ચે જ હું પહેલવાન છું તે યાદ ન આવવું જોઇએ. આવી જ રીતે આત્મજ્ઞાની પુરુષને આત્મસ્મૃતિ થયા પછી પણ કર્મ છોડવું ન જોઇએ. કર્મવિસ્મૃતિ થઇને ન ચાલે. તેને જ સાચી સ્મૃતિ કહે છે.

આત્મસ્મૃતિ થયા બાદ અર્જુન લડાઇ લડયો છે. ગીતાના અંતિમ અધ્યાયમાં અર્જુનનો મોહ ચાલ્યો ગયો હતો એવું નથી. તમે વિભૂતિયોગ અને વિશ્વરુપદર્શનયોગ વાંચો તો તેમાં અર્જુને કહ્યું છે:

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ (गीता-११/१)

એક ભાઇએ મને પૂછયું: 'આ શ્લોકમાં અર્જુને **मोहोऽयं विगतो मम**- મારો મોહ ચાલ્યો ગયો છે એમ કહ્યું છે. તો પછી ત્યારબાદ જે અધ્યાયોનું નિરુપણ થયું છે તે નકામું નથી ?' મેં તેમને કહ્યું: 'અર્જુનનો મોહ ગયો છે એ વાત ખરી, પરંતુ, અઢારમાં અધ્યાયમાં અર્જુન શું કહે છે ?

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ (गीता-१८/७३)

અગિયારમા અધ્યાયમાં અર્જુનનો મોહ ચાલ્યો ગયો છે, પણ તેને આત્મસ્મૃતિ મળી નથી. અઢારમાં અધ્યાયમાં મોહ ચાલ્યો ગયો છે અને આત્મસ્મૃતિ પણ મળી ગઇ. કેવળ મોહ જઇને નહિ ચાલે, આત્મસ્મૃતિ થવી જોઇએ. 'મને આત્મસ્મૃતિ થઇ ગઇ છે' એમ ભગવાનની સામે અર્જુન કહે છે. આત્મસ્મૃતિ થઇ પછી જ તે લડવા લાગ્યો છે. જે કર્મ વિસ્મૃતિ કરાવે તે આત્મસ્મૃતિ નથી.

તમે જે પાઠ ભજવવાનો લઇ આવ્યા છો તે તમારે ભજવવો જ જોઇએ. તમે મુક્ત પુરુષ હશો તો પણ, જે પાઠ ભજવવાનો છે તે ભજવવો જ જોઇએ. મુક્ત પુરુષે આ વ્યવહારમાં રહેવું જ જોઇએ, એવો ભાગવતકારનો આગ્રહ છે. ભાગવતકારે પાંચમાં સ્કંધની શરૂઆતમાં પ્રિયવ્રત રાજાની વાર્તામાં એવું જ કહ્યું છે. વેદાંત અને આધ્યાત્મિક વિચારધારાને એક સારો વળાંક આ પાંચમા સ્કંધમાં આપ્યો છે. જીવનની નિંદા, વ્યવહારની નિંદા સાંભળીને લોકોની ગેરસમજ થશે એ વાતની ભાગવતકારને ખબર હતી. એકાંતિક નિંદા સારી નહિ તેથી જ પાંચમા સ્કંધમાં પ્રિયવ્રત રાજાને બધો ઉપદેશ કર્યો છે.

ત્યારબાદ ઋષભદેવનું ચરિત્ર આવે છે. ઋષભદેવ પ્રાત:સ્મરણીય અને આત્મતંત્ર (આત્મનિયંત્રિત) છે, અનર્થ પરંપરા રહિત છે અને આનંદાનુભવપર સ્વસ્થ છે, તો પણ લૌકિક અને ધાર્મિક જીવનવ્યવહાર કરે છે, એટલું જ નહિ, તેમણે પોતાના પુત્રોને પણ ઉપદેશ આપ્યો છે. વીતરાગ ઋષભદેવે પોતાના પુત્રોને જે ઉપદેશ આપ્યો છે તે દરેક સંસારી માણસે વાંચવો જોઇએ. સંસાર અને જીવન ચલાવવાનું હશે તો તેમાં કઇ કઇ વાતો જરૂરી છે તે સરસ સમજાવ્યું છે. આપણે છોકરાઓને ભણાવીએ છીએ. તેમને અંગ્રેજી આવડી ગયું અને બેંકમાં સારી નોકરી મળી ગઇ એટલે આપણું કામ પૂરું થયું એમ સમજીએ છીએ. આટલું પૂરતું નથી. જીવનમાં શું શું જરૂરી છે તે ઋષભદેવે સમજાવ્યું છે. તે પ્રત્યેકના સંસારમાં હોવું જોઇએ.

ઋષભદેવ કહે છે - જીવન-વ્યવહાર માટે ધૈર્ય, ઉદ્યોગ, ભક્તિ, સદ્‌ભક્તસંગ, તૃષ્ણાપરિત્યાગ, દ્વંદ્વોની સામે ઊભા રહેવાની હિંમત અને પ્રભુપ્રીત્યર્થ કામ કરવાની શક્તિ, વૃત્તિ અને તૈયારી. આ સાત વાતો હોવી જોઇએ. જો તમે આ સાત વાતો તમારા પુત્રોને ન આપી હોય તો તમે સંસાર કર્યો જ નથી. સંસાર માટે આ સપ્તપદીનું વર્ણન ઋષભદેવે કર્યું છે. આ સાત ગુણો જીવનમાં લાવવા માટે, મઠપતિ, મંદિર, મદરેસા, શાળા અને કુટુંબ- આ સર્વનો પ્રયત્ન હોવો જોઇએ. સંસાર કરવો એટલે મુંબઇમાં એક મકાન લીધું, છોકરાના નામ પર પૈસા બેંકમાં જમા કરાવ્યા એટલું નથી. તેટલું કર્યું એટલે સંસાર ચલાવ્યો એમ ન કહેવાય. સંસાર ચલાવવાનો અર્થ એ છે કે જીવનમાં સપ્તપદીના ગુણો લાંવવાનો પ્રયત્ન કરવો જોઇએ. તે ગુણો આવે કે ન આવે એ સવાલ નથી. આપણી ગીતા તો નિષ્કામ કર્મ કરો એમ કહે જ છે. કદાચ તે ગુણો પ્રયત્ન કર્યા છતાં નહિ આવે, તેથી શું ? પરંતુ, તેના માટે પ્રયત્ન કર્યો છે કે નહિ તે જોવું પડશે.

ઋષભદેવનો ઉપદેશ સંસારી માણસોને કેવળ સાંભળવાનો નથી, જીવનમાં લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. તો જ પોતાના કુટુંબ માટે કંઇ કર્યું એમ કહેવાય. કેવળ 'રામ, રામ' બોલીને નહિ ચાલે. કેવળ ઉપવાસ કરીને પણ નહિ ચાલે. એકાદશીને દહાડે કેવળ સાબુદાણા અને બટાટા ખાઇને નહિ ચાલે. હું એની મશ્કરી નથી કરતો. ભોજનના પદાર્થમાં ફેરફાર-change of food તરીકે તેમ કરવું સારું પણ છે. તબિયતને માટે પણ ઉપવાસ સારો છે. પરંતુ, જીવનમાં ઋષભદેવે કહેલા ગુણો લાવવા જોઇએ. ઋષભદેવે પોતાના પુત્રોને આવો ઉપદેશ આપ્યો છે.

દરેક પરિવારમાં ધૈર્ય હોવું જોઇએ. બીજું, ઉદ્યોગની આવશ્યકતા લાગવી જોઇએ. ઉદ્યોગ વગર ઘરમાં કોઇ ન રહેવું જોઇએ. ત્રીજી વાત, જીવનમાં ભક્તિ હોવી જોઇએ. ભક્તિ લાવવા માટે અસલી ભક્તનો, સાચા ભક્તનો સંગ હોવો જોઇએ, આ ચોથી વાત છે. સદ્-ભક્ત સંગ

કહ્યો, એનો અર્થ એ છે કે અસદ્-ભક્ત પણ હોઇ શકે છે. પાંચમી વાત છે, તૃષ્ણા પરિત્યાગનું શિક્ષણ આપવું જોઇએ. કંઇ છોડવાનું છે. 'થોભો' (Wait) નું શિક્ષણ કુટુંબમાં હોવું જોઇએ. આજે મળ્યું અને ખાઇ લીધું, આવું ન ચાલે. બધાંને શીખવવું પડશે કે થોભો, રાહ જુઓ. છોકરાના મોઢેથી નીકળ્યું અને બાપે લઇ આપ્યું. આવું ન થવું જોઇએ. થોભવાનું, રાહ જોવાનું, શિક્ષણ મળવું જોઇએ. પરંતુ, રાહ જોવાની વાત તો આજે સુખી કુટુંબમાં હોતી જ નથી. તેમનાં છોકરાંઓને એવું શિક્ષણ મળતું જ નથી તેથી જ હતાશા આવે છે અને નિષ્ફળતા મળે છે. પરિણામે તેઓ નાસીપાસ થાય છે. કોઇ પણ વસ્તુની ઇચ્છા થઇ, ગજવામાં પૈસા છે, તો લઇ આવો. આમ કલ્પતરુવાદ ઘૂસી જાય છે. આજે ઇચ્છા કરી છે તો આવતે મહિને મળશે, આવું કહેવાની મા-બાપમાં હિંમત હોતી નથી. મા-બાપનું શાસન નબળું છે. મા-બાપ નબળા થયા છે. તૃષ્ણાપરિત્યાગ પ્રત્યેક કુટુંબમાં શીખવવો જોઇએ. છઠઠી વાત છે, દ્વંદ્વોની સામે લડવાની હિંમત. સાતમી વાત છે, પ્રભુપ્રીત્યર્થે કામ કરવાની તૈયારી.

પ્રભુપ્રીત્યર્થે કામ એટલે કામનું મૂલ્ય (Value) વધારવાને માટે કરેલો નિષ્કામ કર્મયોગ. જે કામની કિંમત માગી નહિ, તેનું મૂલ્ય વધે છે. આવું નિષ્કામ કર્મ કરી બતાવો. તે સતત થવું જોઇએ. એકાદ દિવસ તેવું કર્મ કરીને નહિ ચાલે. જો સતત નિષ્કામ કર્મ કરશો તો તેની પાછળ શક્તિ ઊભી થશે. નહિ તો એકાદ વખત માણસ તેવું કામ કરે કે જેની તેણે કિંમત માગી નથી. કર્મની પાછળ કંઇ જુદું માનસ (Psychology) હોવું જોઇએ અને કર્મ થવું જોઇએ. એવા કર્મની મહત્તા છે, તેથી જ આ સપ્તપદીમાં પ્રભુપ્રીત્યર્થ કર્મ આ છેલ્લી વાત છે. આ સપ્તપદી બધાંને સમજાવવી પડશે અને દરેક કુટુંબે તે ઉપાડવી પડશે.

પાંચમા સ્કંધમાં ઇહવાદનું નિરુપણ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરિવાર અને વિષયની નિંદા સાંભળીને, પરિવાર અને વિષય ત્યાજ્ય છે એવું સમજીને તેને છોડી દેવાની જરૂર નથી. દવાની બાટલી ઉપર 'ઝેર-Poison' લખેલું હોય છે, તો પછી તે દવાની દુકાનમાં કેમ રાખવામાં આવે છે ? એનો અર્થ એ છે કે દવા સમજી-વિચારીને લેવાની હોય છે, ડૉક્ટરની સૂચના મુજબ લેવાની હોય છે. તેના પર 'ઝેર' લખ્યું હોવા છતાં તે દવા લેવી તો પડશે જ. તેથી જ તે દવાની દુકાનમાં વેચવા માટે રાખવામાં આવે છે. પણ તે સમજીને લેવાની છે તેવી અક્કલ હોવી જોઇએ. આવો બોધ પાંચમાં સ્કંધમાં દેખાય છે.

પ્રિયવ્રત રાજા અને ઋષભદેવ પૂર્ણ જ્ઞાની, મુક્ત, આત્મતંત્ર હતા. તેઓ વસ્તુતંત્ર, વ્યક્તિતંત્ર કે વિષયતંત્ર ન હતા, આત્મતંત્ર હતા. તો પણ તેમણે પોતાના પુત્રોને ઉપદેશ આપ્યો છે, તે ઉપદેશ દરેક પરિવારને ઉપયોગી છે. તેમના જ એક પુત્રનું નામ છે ભરત. ભાગવતકારનું કહેવું છે કે તેના ઉપરથી જ આ ખંડનું નામ ભરતખંડ પડયું છે.

આ ભરતે જુદા જુદા યજ્ઞો કર્યા. ભાગવતમાં લખ્યું છે કે તેમણે ઘણા યજ્ઞો કર્યા. યજ્ઞ એટલે આપણી આંખોની સામે એક જ ચિત્ર આવે છે: બ્રાહ્મણો બેઠા છે, ફંડફાળો ભેગો કરીને મોટો મંડપ બાંધેલો છે, અગ્નિકુંડ પ્રગટાવ્યો છે, તેમાં બ્રાહ્મણો આહુતિ આપે છે. યજ્ઞનો આવો એક નિશ્ચિત અર્થ આપણા મગજમાં બેસી ગયો છે. ભરતે સાચા અર્થના યજ્ઞો કર્યા હતા. ઉત્કૃષ્ટ રાજ્ય કરવા માટે, અસલી યજ્ઞ કરવાની જરૂર છે, કેમકે, યજ્ઞ વ્યક્તિના જીવનને ઉન્નત બનાવે

છે. યજ્ઞ માણસમાં અસ્મિતા નિર્માણ કરે છે, તેને આત્મદર્શન કરાવે છે, જીવનપથદર્શન કરાવે છે. જેને પથદર્શન થયું છે, આત્મદર્શન થયું છે, જેના જીવનમાં અસ્મિતા ઊભી થઇ છે, જેને જીવનનો અર્થ ખબર પડયો છે, એવી પ્રજા જ્યારે નિર્માણ થાય છે ત્યારે સમાજ-પ્રજા શાંત અને સુખી બની શકે છે. પ્રજાને શાંત અને સુખી બનાવવા માટે તેની બુદ્ધિ સુધારવી પડશે. તેના માટે તાલીમશાળા (workshop) હોવી જોઇએ. આવી તાલીમશાળા એટલે **'तस्मात् स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।'**

કેટલાક લોકો કહે છે કે, 'અમે સ્વાધ્યાયમાં ગયા હતા પણ અમારામાં કોઇ ફરક ન પડયો.' તેનું કારણ છે. તેમની બુદ્ધિ ઘણું સમારકામ માગતી હતી. કેટલીક ગાડી એવી થઇ જાય છે કે તેને આપણે ગેરેજમાં રિપેર માટે મોકલીએ તો મેનેજર કહે છે-'આ ગાડી રીપેર કરવા માટે અઢી મહિના લાગશે.' આવી રીતે બગડેલી મોટરગાડી પણ જો એક દિવસમાં રિપેર નથી થતી, તેને બે-ત્રણ મહિના લાગે છે, તો માણસનું બગડેલું મગજ રિપેર કરવા માટે કેટલો સમય લાગે ? ઓછામાં ઓછા ત્રણ જન્મારા તો લાગે જ. એનો અર્થ એ નથી કે એને રિપેર જ ન કરવું. ભરતે તે કામ માટે ઘણા યજ્ઞો કર્યા હતા. તેમણે યજ્ઞો કરીને પ્રજાને સંતુષ્ટ કરી હતી, સમાધાની બનાવી હતી અને પોતાનો બધો વૈભવ પુત્રને આપીને, ગંડકી નદી ઉપર ચાલ્યા ગયા.

ભરતના જીવનમાં કૃતકૃત્યતા હતી, કારણ, તેમણે જીવનમાં જે જે કરવું જોઇએ તે બધું જ કર્યું હતું. જેના જીવનમાં એટલી હિંમત નિર્માણ થઇ હોય કે ભગવાન પાસે ગયા પછી ભગવાન પૂછે તો કહી શકે, 'જે કામ કરવા તમે કહ્યું હતું તે કરીને આવ્યો છું, થયું છે કે નહિ, તે મને ખબર નથી, તે જોવાવાળા તમે છો, હું તો જે કરવાનું હતું તે કરીને આવ્યો છું.' આવું જીવન જે જીવ્યો હોય તેના જીવનમાં કેટલી શાંતિ કેટલું સમાધાન, કેટલી તૃપ્તિ હશે! ભરતનું જીવન યજ્ઞપૂર્ણ વીતરાગ જીવન હતું. આવી વીતરાગિતા હોય તે જીવનને કિંમત છે. આપણને પ્રયત્ન કરવા છતાં કંઇ મળતું નથી ત્યારે આપણે વીતરાગ બની જઇએ છીએ. બધા ઘરડાઓ આ દૃષ્ટિથી વીતરાગ જ છે. કંઇ પચતું જ નથી, પછી ખાય શું ? તેથી વીતરાગ બને. ભરતની વીતરાગિતા આવી ન હતી. તે તૃપ્ત મનની વીતરાગિતા હતી.

એક દિવસ તેમનો પ્રણવનો જપ ચાલતો હતો. ત્યાં સિંહગર્જના થઇ. સિંહગર્જનાથી ગભરાઇને એક સગર્ભા હરિણી દોડતી ભરતની પાસે આવતી હતી, ફરી સિંહગર્જના થઇ તેથી સગર્ભા હરિણીને ગર્ભપાત થઇ ગયો. બચ્ચું બચી ગયું, પણ તેની મા હરિણી તરફડીને મરી ગઇ. હરિણીના બચ્ચાને ભરતે ઉપાડયું અને પાસે લીધું.

જીવન તો કૃતકૃત્ય હતું. કંઇ કરવાની વાસના રહી ન હતી. પરંતુ, હરિણીના બચ્ચાને પાસે લીધા પછી તેના ઉપર પ્રેમ થયો. તેના લીધે ભરત જ્યાં જાય ત્યાં હિરણીના બચ્ચાને સાથે લઇ જતા હતા. ભરત હરિણીના બચ્ચામાં તલ્લીન થઇ ગયા, કેમ કે, તેમના મનને તલ્લીનતાનો અભ્યાસ હતો જ. ભગવાન ઉપરની તલ્લીનતા હરિણીના બચ્ચા ઉપર આવી ગઇ. આપણે તો પાકા વ્યવહારુ છીએ. આપણી કોઇ જગાએ એવી તલ્લીનતા જ સધાતી નથી. આપણે બધાં કામો સમજી વિચારીને કરીએ છીએ. અરે, જીવનમાં એકાદ એવું સ્થાન, એકાદ એવું કાર્ય હોવું જોઇએ કે તે જગાએ વિચારવાનું બંધ.

ભરત તો હરિણીના બચ્ચાને સવારના પ્રહરે ખભા ઉપર ઉપાડી સ્નાન કરવા લઇ જતા. સારું, કૂમળું ઘાસ કે સ્વચ્છ પાણી જોવા મળ્યું કે તરત તેમને હરિણીનું બચ્ચું ધ્યાનમાં આવતું. આટલી તલ્લીનતાને કારણે વીતરાગ ભરતને બીજો જન્મ હરણનો મળ્યો. ભરતનું અંતઃકરણ સ્વચ્છ પાટી જેવું હતું. તેના ઉપર હરિણીના બચ્ચાના સંસ્કાર-(Imprints) આવી ગયા તેથી તેમને બીજો જન્મ હરણનો મળ્યો. તીવ્રતમ સંગજન્યતા કેવું પરિણામ લાવે છે તે ભાગવતકારે અહીં સમજાવ્યું છે. તેમને બીજો જન્મ હરણનો મળ્યો પરંતુ, તે પરિપૂર્ણ જ્ઞાની હતા, તેથી તેમને જ્ઞાન થયું કે હું કયા કારણે હરણ બન્યો છું.

પુનર્જન્મનો સિદ્ધાંત સમજવા જેવો છે. તેમાં એક વખત મનુષ્ય થયા પછી બધા જન્મ મનુષ્યના મળે-Man is ever man -આ સાચું નથી. એનું કારણ, ભગવાનની સૃષ્ટિમાં પશુસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિ- એવી બે સૃષ્ટિ નથી. ઉત્ક્રાંતિ-વિકાસક્રમ મુજબ પશુ કે માનવનો જન્મ મળે. આપણા શાસ્ત્રની દષ્ટિએ, એક જીવ માણસ થયા પછી પશુ પણ બની શકે છે. બનશે જ એવું હું કહેતો નથી, બનવો જ જોઇએ એમ પણ હું કહેતો નથી, પરંતુ, બની શકે છે એમ કહું છું.

માણસની બુદ્ધિ પર જે સંસ્કાર-imprints પડયા હોય તેના લીધે તેને પુનર્જન્મ મળે છે. તમે જે સંસ્કારો તીવ્રતાથી બુદ્ધિમાં સ્વીકારો છો તે મુજબ જન્મ સ્વીકારવો પડે છે. જે પૂર્ણજ્ઞાની છે તેના અંતઃકરણ ઉપર એવા સંસ્કારો પડતા નથી. કોઇ પણ વસ્તુ-વિષય (object) જોયા પછી તે તેને સારૂ લાગશે, તેની કિંમત પણ તે કરશે, કદર પણ કરશે, પણ તેની બુદ્ધિ ઉપર તેનો આઘાત નહિ થાય. તેના કારણે તેની બુદ્ધિમાં ગમો-અણગમો (likes and dislikes) નિર્માણ થતા નથી. આવું જીવન જેનું થયું તેનો પુનર્જન્મ, શાસ્ત્રની દષ્ટિએ થતો નથી. પૂર્ણજ્ઞાની બનવું બહુજ કઠણ છે. હું વિષય માટે Object એવો અંગ્રેજી શબ્દ એટલા માટે વાપરું છું કે હિન્દી, ગુજરાતી, મરાઠી કે અન્ય પ્રાકૃત ભાષામાં વિષય શબ્દનો અર્થ સ્ત્રી-પુરુષ સંબંધ અથવા પૈસો એવો મર્યાદિત અર્થ થાય છે.

સામેની વસ્તુ (વિષય) સુંદર છે તેનું મારી બુદ્ધિ પર પરિણામ નહિ જ થાય એવો આગ્રહ કેમ રાખી શકાય ? એટલી તીવ્રતા રહેવી કઠણ છે, તેથી જ ભગવાને કહ્યું છે: **क्लेशोधिकतरस्तेषां अव्यक्तासक्तचेतसाम्** તે માર્ગ અશક્ય નથી પણ કઠણ છે.

જેમ પૂર્ણજ્ઞાનીની બુદ્ધિ ઉપર તેનું પરિણામ થતું નથી તેમ પૂર્ણભક્તની બુદ્ધિ પર પણ તેનું પરિણામ થતુ નથી. મૃગપાલનનું દષ્ટાંત લઇને તો સતત મૃગપાલનમાં પણ હરિનું મૃગ, એવી પૂર્ણભક્તની ભાવના દઢ થાય છે. તેના લીધે મૃગના સંસ્કાર (Imprints) બુધ્ધિ પર થતા નથી, કારણ, તેની જોડે સતત હરિ હોય છે, પ્રભુ હોય છે. આથી પૂર્ણ ભક્તને પણ ગમા-અણગમા ઊભા નહિ થાય. આમ, પૂર્ણજ્ઞાની અને પૂર્ણભક્ત, બન્નેનો, પુનર્જન્મ નહિ થાય.

ભરતનું જે ચિત્રણ છે તેમાં તે પૂર્ણજ્ઞાની કે પૂર્ણભક્ત નથી. હોત તો તેને મૃગની પછવાડે હરિ-ભગવાન જ જોવા મળત. આ 'પૂર્ણભક્ત' શબ્દમાં પૂર્ણ શબ્દ ખાસ નોંધવા જેવો છે. જે કેવળ ભક્ત નથી. જેને આપણે ભક્ત સમજીએ છીએ તે આ પૂર્ણભક્ત નથી. આપણે તો એકાદશીને દિવસે સાબુદાણા કે બટાટા ખાવાવાળાને પણ ભક્ત સમજીએ છીએ. મંદિરમાં જવાવાળા તેમજ મંદિર બંધાવવાવાળાને ભક્ત સમજીએ છીએ. થોડાક ધર્માદા પૈસા કાઢયા હતા. તેનું કરવું શું

તેની સમજ ન પડી. તેને લાગ્યું કે મંદિર બંધાવીશું તો સાત પેઢી સુધી નામ રહેશે. હું આવા ભક્તની વાત નથી કરતો. હું પૂર્ણભક્તની વાત કહું છું. પૂર્ણભક્ત અને પૂર્ણજ્ઞાની-બન્ને, પુનર્જન્મથી છૂટી શકે છે. ભરત જેવા પરિપૂર્ણતાની નજીક પહોંચેલાને પણ હરણનો જન્મ મળ્યો. બીજા જન્મમાં તેને જ્ઞાન રહ્યું કે, મને હરણનો જંન્મ શા માટે મળ્યો છે. ત્યાર પછીના જન્મમાં તે બ્રાહ્મણકુળમાં જન્મ્યા. તેમાં તેમણે નિશ્ચિત કર્યું કે હવે હું કોઇ સાથે સંબંધ જ નહિ રાખું, તેથી સ્વજનસંગ પણ ટાળવા લાગ્યા. તે ભરતના જડભરત થઇ ગયા. તેમને લોકો જડ કહેવા લાગ્યા.

ज्ञाततत्त्वस्य लोकोऽयं जडोन्मत्तपिशाचवत् ।
ज्ञाततत्त्वोऽपि लोकस्य जडोन्मत्तपिशाचवत् ॥

ધારો કે એક માણસ અધૂરો છે અને બીજો પૂરો છે, આ બન્ને સાથે ચાલે તો એક બીજાને ગાંડા સમજે, પણ એ બેમાંથી નક્કી કોણ કરે કે ગાંડો કોણ છે ?

ભક્તિફેરીમાં જવાવાળાને કેટલાક લોકો પૂછે છે: 'તમે શું ભક્તિફેરીમાં જાઓ છો ? તેના કરતાં તમે એક ટયુશન કરશો તો તમને વધારે પૈસા મળશે કે નહિ ? કંઇ સારું થશે કે નહિ ?' ભક્તિફેંરીમાં જવાવાળાને આવું કહેનાર લોકો ગાંડા લાગે છે અને આવું કહેનાર લોકોને ભક્તિફેરીમાં જવાવાળા ગાંડા લાગે છે. ભક્તિફેરીમાં જવાવાળો કહે છે કે ટયુશન કરીને મળેલા પૈસાને શું કરું ? બેંકમાં જમા કરું ? તો ભક્તિફેરીમાં ખર્ચેલા પૈસા ભગવાનની બેંકમાં જમા થશે. તે જાગતિક બેંક (Universal Bank) છે, બેમાંથી પૈસા કયાં જમા કરવાના ? આમ, બન્ને એકબીજાને ગાંડા સમજે છે.

'We are seven' નામના કાવ્યમાં વર્ડસવર્થે બહુ સુંદર ચિત્રણ કર્યું છે. ગામડામાં રહેતા કુટુંબની એક છોકરી પોતાના બે કબરમાં સુતેલા (મરી ગયેલા) ભાઇઓને ગણાવી કહે છે, 'અમે સાત ભાઇ-બહેનો છીએ.' તેને ત્યાં આવેલા મહેમાને કહ્યું કે મરી ગયેલાને ન ગણાય. નાની છોકરીને મહેમાનની એ વાત સમજાતી નથી કારણ કે બે ભાઇઓની કબર પાસે તે રોજ ફુલ અને ખાવાનું મુકે છે. તેથી તે મહેમાનને ગાંડા ગણે છે.

આવી રીતે જેણે તત્ત્વ જાણી લીધું છે તે આપણા જેવા સામાન્ય લોકોને ગાંડા ઠરાવે છે; અને આપણે સામાન્યો તેમને ગાંડા ઠરાવીએ છીએ. આપણા જેવા લોકોએ શુકદેવજીને પણ ગાંડા ઠરાવ્યા હતા.

જડભરત થયા બાદ તે બધાને ટાળવા લાગ્યા. એક વખત એવું બન્યું કે જંગલમાંથી રહુગણ રાજાની પાલખી જતી હતી. પાલખી ઉપાડવાવાળો એક મજૂર ઓચિંતો બિમાર પડી ગયો. તે લોકો બીજા મજૂરને શોધતા શોધતા તે ઠેકાણે આવી ચડયા. તેમણે જોયું તો એક અલમસ્ત તગડો જડભરત-ઝાડની નીચે બેઠો છે. જેને ફિકર જ ન હોય તે તગડો જ હોય ને ? તેનું વજન ઓછું કરવું હોય તો તેના માટે કંઇ ચિંતા ઊભી કરવી પડે. જેને ચિંતા જ નથી તેનું વજન એછું થવું બહુ કઠણ છે. જડભરત તગડો હતો. તેને પકડીને તેઓ પાલખી પાસે લઇ આવ્યા અને પાલખી ઉપાડવાનું કહ્યું.

જડભરતે પાલખી તો ખભા ઉપર ઉપાડી, પરંતુ, તેને આવી આદત તો હતી નહિ. તે ચાલવા

લાગ્યા. રસ્તામાં કૃમિ-કીટક મરી ન જાય તે માટે જોઇને આડા અવળા ચાલતા હતા તેથી પાલખી પણ ઉપર નીચે થતી હતી. આ જોઇને રહુગણ રાજાએ, 'શરીર તો આટલું તગડું છે, પણ તને સરળ સીધું ચાલતાં પણ આવડતું નથી,' એમ કહી તેના પુષ્ટ શરીરની ખૂબ નિંદા કરી. ભાગવતકારે આ નિંદા પણ બહુ સારી રીતે રજુ કરી છે. તેમની નિંદા પણ સુંદર, તિરસ્કાર પણ સુંદર અને સ્તુતિ પણ સુંદર છે. ભાગવતકારને જે કંઇ લખવું હતું તે ઉચ્ચસ્તરે જઇને જ લખ્યું છે.

રહુગણ રાજાની ખૂબ નિંદાની પણ જડભરત ઉપર કોઇ અસર ન થઇ. જડભરત તો શાંત જ રહ્યા. જ્યારે આપણે કોઇને ગાળ આપીએ ત્યારે સામેની વ્યક્તિ પર તેની અસર ન થાય તો આપણે તેના પર ખૂબ ગુસ્સે થઇએ છીએ. એનું કારણ તેના પર કંઇ અસર થાય એટલા માટે તો ગાળ દઇએ છીએ.

રહુગણે પૂછયું: 'તારી આટલી નિંદા કરી તો પણ તારા ઉપર અસર કેમ નથી ?'

જડભરતે કહ્યું: 'તમે જે કહો છો તે મારા શરીરને કહો છો. શરીર એટલે હું થોડો જ છું ? તમે પથ્થરને ગાળો આપો તો તેમાં શું થાય ? કંઇ નહિ. આવી રીતે તમે આ શરીરને ગાળો આપી છે.'

આ સાંભળીને રહુગણ રાજા પાલખીની નીચે ઊતર્યો અને જડભરતને નમસ્કાર કર્યા. ત્યારબાદ જડભરતે રહુગણને જ્ઞાનોપદેશ કર્યો. આરણ્યકનું રૂપક આપીને આત્મસ્વરુપની ઓળખાણ અને કૃષ્ણભક્તિ સમજાવી.

ભણેલા લોકો માટે કહું કે રૂપક દ્વારા સમજાવવાની આ કલા જેમ ભાગવતમાં છે તેવી રીતે અંગ્રેજી, વાઙમયમાં પણ આ કલા છે. અંગ્રેજીમાં તેને Allegory કહે છે. ચાર્લ્સ બીજાના સમયમાં જોન બનિયન નામના એક ધર્મોપદેશક હતા. તેમણે Pilgrim Progress and Holy world- એવી એક રૂપક કથા કહીને અસલી ઇસાઇ ગૃહસ્થાશ્રમી જીવનનું અતિ સુંદર અને મનોહારી ચિત્રણ કર્યું છે. જો તમે આ ગ્રંથ વાંચશો તો તમને પણ ઇસાઇ થવાનું મન થશે. આ ગ્રંથમાં તેમણે આદર્શ જીવન સમજાવ્યું છે.

આ બન્ને વાર્તાઓ એવી જ છે. સંસ્કૃત વાઙમય વાંચવાવાળા લોકો માટે કહું કે 'પ્રબોધચંદ્રિકા' નાટકમાં જડભરતે જે સ્વીકારી છે, તે જ પદ્ધતિ સ્વીકારી છે. જડભરતે તેમાંથી લીધું છે કે તેમણે જડભરતનું લીધું છે તેની મને ખબર નથી. એનું કારણ કાલનિર્ણય અને ઐતિહાસિક વાતો મારા મગજમાં આવતી નથી. હું તેને પ્રાધાન્ય નથી આપતો. હું વિચારને પ્રાધાન્ય આપું છું. તેથી આ કલા પહેલાં કોણે શરૂ કરી વગેરે વાતો શોધવાનું કામ પંડિતોનું છે. પંડિતો તે વિષય જોશે. જડભરતને આ વાર્તા દ્વારા બહુ સુંદર ચિત્રણ કર્યું છે. તેમાં આત્મસ્વરુપની ઓળખાણ સમજાવી છે, અને કૃષ્ણ ભકિત સમજાવી છે. પંચમ સ્કંધમાં આ વિષય વાંચવા જેવો છે. તેમાં ચૌદ લોકનું પણ વર્ણન છે. **अतल, वितल, सुतल, रसातल, तलातल, महातल, पाताल, भूः भूर्वः स्वः महः जनः तपः सत्यम्-** ઉપર સાત લોક તેમ નીચે સાત લોક, મળીને ચૌદલોક છે તેનું વિસ્તૃત વર્ણન છે. ત્યારબાદ પાપોની યાદી છે અને નરકનું વર્ણન છે. પાપોની યાદી વાંચીએ તો આજે આપણે જેનો વિચાર કે ઉચ્ચાર પણ ન કરી શકીએ, તેવાં પાપો તેમાં લખેલાં છે. આવા

પાતકી લોકો ક્યાં જાય છે ? તેમનું શું થાય છે ? આ બધા માટે નરકનું વર્ણન છે.

નરકનો અર્થ જ એ છેઃ **कुत्सितः नरः नरकः** કુત્સિત નર એટલે જ નરક. અરે ! નારાયણોપનિષદનું પારાયણ કરવાવાળા અમે લોકો કુત્સિત થોડા જ હોઈએ ? અમને તો નરકનો વિચાર કરવાની પણ જરૂર નથી. અમારો તે વિષય જ નથી. અમારે નરકમાં જવું જ નથી પછી તેનો વિચાર શા માટે કરવાનો ? અમારે દારુ પીવો જ ન હોય તો દારુની દુકાન ક્યાં છે તે જાણવાની જરૂર શી ?

પંચમ સ્કંધમાં નરકનું વર્ણન છેલ્લે કર્યું છે અને સ્કંધ પૂરો કર્યો છે.

षष्ठः स्कंधः

પાંચમાં સ્કંધમાં છેલ્લે નરકનું વર્ણન છે અને પાપોની યાદી આપી છે. સામાન્ય લોકોને
જાવવા માટે તે આવશ્યક છે. સર્વસામાન્ય રીતે વિકાસક્રમ (Law of evolution) અનુસાર
ણે મનુષ્ય શરીર ધારણ કર્યું છે. તેમાં અંદરનાં હથિયારો-ઈંદ્રિયો, મન, બુદ્ધિ-આપણને મળ્યાં
ે હથિયારોને ઉન્નત કરવાનો પ્રયત્ન કરવાનો છે. આ હથિયારોને ઉન્નત કરવામાં જે અવરોધો
. તેને પાપ કહે છે.

બીજું, આ સંસાર ઊભો કરનાર અને ચલાવવાવાળા એક જ ભગવાન છે તેથી તેનું સામાજિક
વરણ પણ ગંદું ન થવું જોઇએ, કલુષિત ન થવું જોઇએ, તે માટે કોઇક આચારસંહિતા ઊભી
. સામાજિક નુકસાન કરનાર માણસ પોતાનું પણ નુકસાન કરે છે એ સમજાવવાનો પ્રયત્ન
ે આચારસંહિતા લાવવાની છે. આ એક ઉત્કૃષ્ટ રસ્તો છે, પરંતુ, બધા લોકો તે સમજવા

માટે તૈયાર નથી હોતા અને તે સમજવા જેટલી બુદ્ધિ પણ બધા લોકો પાસે હોતી નથી. કેટલાક લોકો પરિસ્થિતિવશાત્ કંઇક પૂર્વગ્રહ બાંધીને બેઠા હોય છે.

બુદ્ધિના બે પ્રકાર છે-(૧) મારી બુદ્ધિ અને (૨) શુદ્ધ બુદ્ધિ. 'મારી બુદ્ધિ' જુદી અને 'શુદ્ધ બુદ્ધિ' જુદી. મારી બુદ્ધિ આવી કે તેની પાછળ મારો બધો કચરો આવી જાય છે અને મારૂ વિચારવું પણ તે મુજબનું થઇ જાય છે. કેટલાક લોકો કહે છે કે બુદ્ધિ ચલાવીને મેં તર્કથી અમુક નિર્ણય કર્યો છે. તેમને કહેવું જોઇએ કે તારો આ નિર્ણય તર્કયુક્ત છે પણ તે 'મારી બુદ્ધિ'નો નિર્ણય છે, શુદ્ધ બુદ્ધિનો નિણર્ય નથી.

शुद्धाः हि बुद्धिः किल कामधेनुः।તેવી જ રીતે... **बुद्धियोगमुपाश्रित्य मच्चितः सततं भवत्...** જે કહ્યું છે તેમાં બુદ્ધિયોગ તદ્દન જુદો છે. જુદા જુદા લોકો જુદું જુદું વિચારે છે, તેથી સમજાવવાની કોશિશ તો કરવી જ જોઇએ, પરંતુ, સાથે સાથે શરૂઆતમાં તેના મનમાં કંઇક ભીતિ પણ નિર્માણ કરવી જોઇએ. Fear of God is the beginning of wisdom માટે શરૂમાં ભગવાનની ભીતિ પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ એવું લોકો કહે છે. ફક્ત ભક્તો કહે છે કે ભગવાનની ભીતિ ન હોવી જોઇએ, પ્રીતિ જ હોવી જોઇએ. આપણે God-fearing mentality ને કંઇ શ્રેષ્ઠ નથી માની, God-loving mentality-પ્રભુ-પ્રીતિ યુક્ત માનસ શ્રેષ્ઠ માન્યું છે.

છઠ્ઠા સ્કંધમાં પાપની ચર્ચા કરી છે. જુદાં જુદાં પાતકો છે. તેમાં કાયિક પાપ, વાચિક પાપ અને માનસિક પાપ હોય છે. તમે જો તીર્થક્ષેત્રમાં જાઓ અને નદીમાં સ્નાન કરવું હોય તો પહેલાં સંકલ્પ કરવો પડે. તે સંકલ્પ જો તમે વાંચો તો તેમાં એટલાં બધાં પાપો કહેલાં છે કે તેના વિષે આપણે વિચારી પણ ન શકીએ. અહીં તો સર્વસામાન્ય પાપોની ચર્ચા કરી છે. મનુસ્મૃતિમાં કાયિક, વાચિક અને માનસિક પાપો આ પ્રકારે કહ્યા છે.

अदत्तानामुपादानं हिंसाचैवाविधानतः ।
परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥ (मनुस्मृति १२/४)

ત્રણ શારીરિક પાપો છે. જે બીજાએ મને આપ્યું નથી છતાં હું તે ઉપાડી લઉં તે પાપ છે. તેને ચોરી કહે છે. તેમાં મન મેલું થઇ જાય છે અને સામાજિક સ્થિતિ પણ ગંદી થઇ જાય છે. તેવી જ રીતે ભગવાને વિશ્વમાં કરેલી સુવ્યવસ્થાને તમે વિપરીત કરી નાખો તો તે પાપ જ છે. બીજું, અવિધિવત્ કરેલી હિંસા પાપ છે. જે હિંસા શાસ્ત્રકારોએ માન્ય કરી છે તેના સિવાયની પ્રાણીની-બીજી હિંસા કરવી એ પાપ છે. પરસ્ત્રીગમન કરવું એ પાપ છે.

બીજો પ્રકાર છે વાચિક પાપનો–

पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः ।
असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम्

સામા માણસને કઠોર વચન કહેવાં, અસત્ય બોલવું, પાછળથી પરનિંદા કરવી અને પ્રયોજન વગર રાજાની, દેશની તથા નગરજનોની વાતો કર્યા કરવી, આ ચાર વાણીનાં પાતકો છે. આપણે વાણીનો ઉપયોગ શા માટે કર્યો ? તેનો વિચાર કરવો જોઇએ.

ત્રીજો પ્રકાર છે માનસિક પાપનો–

परद्रव्येष्वभिध्यानं मनसाऽनिष्टचिन्तनम् ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥ (मनुस्मृति १२/५)

અન્યાયથી પરાયું ધન હરી લેવાનો મનમાં વિચાર કરવો, મનમાં બ્રહ્મહત્યા ઇત્યાદિ પાપકર્મ કરવાનો વિચાર કરવો તથા પરલોક નથી, દેહ જ આત્મા છે, આવા નાસ્તિકતાના વિચારો કરવા- આ ત્રણ માનસિક પાપકર્મ જાણવાં.

પાપ અને પ્રાયશ્ચિતની વાત આ સ્કંધમાં કહી છે, પરંતુ, પાપની ખરી વ્યાખ્યા આ સ્કંધમાં નથી કરી. પાપનું જે તાત્ત્વિક વિવેચન છે તે એમાં નથી. તાત્ત્વિક વિવેચન તો ધર્મશાસ્ત્રકારોએ કર્યું છે, વેદવ્યાસે પોતે પણ કર્યું છે. આવી બધી જ વાતો એક જ ગ્રંથમાં આવી જવી જોઇએ એમ માનવું ખોટું છે. જો અભ્યાસ કરવો હોય તો તમારે બધા ગ્રંથો વાંચવા પડે.

સમજો, એકાદ વ્યક્તિ પાઠશાળામાં એકાદ દિવસ પ્રવચન સાંભળવા આવે. તેમાં અમુક વિષય ઉપર પ્રવચન ચાલતું હોય. આખું પ્રવચન સાંભળ્યા બાદ તે વ્યક્તિ જો એમ કહે કે આ વિષયમાં અમુક વાતો કેમ ન કહી ? તે કહેવી જોઇતી હતી. તો તે ખોટું છે. પાઠશાળામાં સતત સ્વાધ્યાય ચાલતો હોવાથી તે વાતો અગાઉ કહેવાઇ ગઇ હોય તો તે જ વાતો પ્રવચનકાર શ્રોતાઓને ફરીથી ન કહે. તે વખતે તે માણસ ગેરહાજર હતો. તો તેણે પોતાનો મત ન આપવો જોઇએ. તેવો તેને અધિકાર પણ નથી, પરંતુ, લોકો એવું બોલે છે.

ભાગવતમાં પાપની તાત્ત્વિક ચર્ચા ન જ આવે એનું કારણ ભાગવત એ તાત્વિક ચર્ચા કરવાવાળો ગ્રંથ નથી. પાપની વ્યાખ્યા અધર્મ કહીને કરી છે. ધર્માધર્મની વ્યાખ્યા પર્યાપ્ત નથી. જે અધાર્મિક હોય છે તે પાપી હોય છે એવી વ્યાખ્યા પણ પર્યાપ્ત નથી. 'ધર્મ' શબ્દની વ્યાખ્યા પણ પર્યાપ્ત નથી. ભારતીય પ્રણાલીમાં 'ધર્મ' શબ્દનો જે અર્થ છે તેને પ્રતિશબ્દ જ નથી. તેના ભાષાંતરથી પણ તે ખબર નહિ પડે. 'ધર્મ' શબ્દમાં જે વિષય આવે છે તે 'Religion' શબ્દમાં આવતો નથી, પરંતુ, 'Religion' શબ્દમાં જે વિષય આવે છે તે વિષય 'ધર્મ'માં આવી જાય છે. આજે ધર્મનો પ્રતિશબ્દ Religion સમજવામાં આવે છે, અભણ લોકોએ આવું કર્યું છે. ધર્મ-અધર્મની વ્યાખ્યા જ જુદી છે.

વ્યક્તિવિકાસ અને સમાજસ્થૈર્ય, આ બન્ને વાતોને ધર્મ આવરી લે છે. સમાજસ્થૈર્યમાં નીતિતત્ત્વ પણ આવે છે. માટે જ વ્યક્તિનો વિકાસ અને સમાજનું સ્થૈર્ય-આ બન્ને ધર્મનાં કામ માનવામાં આવે છે.

વ્યક્તિના બાહ્ય વિકાસની તો વ્યક્તિને ખબર પડે જ છે, પરંતુ, તેનો આંતરિક વિકાસ જરૂરી છે. તે તેને સમજાવવો પડે. માણસને લાડવો મળે તેનો આનંદ તેને ખબર છે, પરંતુ, અંદર એક ભાવનો આનંદ છે તે પણ સમજવો જોઇએ. તેના માટે માણસે પોતે પ્રયત્ન કરવો પડે અને તેને તે આનંદ સમજાવવો પડે. એવા કેટલાયે આનંદના વિષયો છે કે જે માણસને સમજાવ્યા પછી જ ખબર પડે, તેથી વ્યક્તિવિકાસ અને સમાજસ્થૈર્ય આ બન્ને તરફ ધ્યાન રાખવું પડશે.

સામાજિક સ્થૈર્ય કેવળ ભૌતિક દૃષ્ટિએ નહિ. રોટી, કપડાં, મકાન મળી ગયાં, સમાજ જીવે

છે, પ્રજોત્પાદન કરે છે, એક પેઢી, બીજી પેઢી તૈયાર કરે છે, તેનો અર્થ સમાજસ્થૈર્ય નથી. સમાજસ્થૈર્ય એટલે સમાજ નીતિતત્ત્વો સાથે જીવતો રહેવો જોઇએ. પ્રસ્થાપિત નીતિતત્ત્વની સાથે જે સમાજ જીવે છે, તેને સમાજસ્થૈર્ય કહે છે. તે કામ કરવાનો પ્રયત્ન ધર્મ કરે છે. વ્યક્તિવિકાસ અને સમાજસ્થૈર્યની વિરુદ્ધ જે જે વાતો આવે તે બધી પાપ માનવામાં આવી છે.

ત્યારપછી પરીક્ષિતે એક માર્મિક પ્રશ્ન પૂછયો છે: 'સમજો કે, એકાદ માણસના હાથે અજાણતાં કંઇ પાપ થઇ ગયું, તો શું કરવું ?' કોઇ એમ કહેશે કે અજાણતાં થયેલા પાપનું ફળ તેણે ભોગવવું જ જોઇએ. ફળ સ્વીકારવા તે તૈયાર છે પણ તે ફળની બીજી એક પરંપરા શરૂ થઇ જાય છે. એક ખરાબ ફળ મળ્યું. તેનાં કારણે બીજું, ત્રીજું-એમ ખરાબ ફળની પરંપરા શરૂ થઇ જાય, તેથી જ પરીક્ષિતે માર્મિક પ્રશ્ન પૂછયો છે કે અજાણ સ્થિતિમાં કોઇ પાપ થઇ જાય તો શું કરવું ? તેથી તેના માટે પ્રાયશ્ચિત્તનો વિષય આ સ્કંધમાં આવ્યો છે. જેમ પાપનું વર્ણન આવ્યું છે તેમ પ્રાયશ્ચિત્તનું વર્ણન પણ આવ્યું છે.

માણસના હાથે અજાણતાં કોઇ પાપ થઇ જાય તે પછી 'હું પાપી છું' એમ તે સમજવા લાગે છે. તેના લીધે તેનું મન મરી જાય છે. એટલું જ નહિ, ભગવાને આપેલો ઉત્સાહ પણ દૂષિત થઇ જાય છે, કલુષિત થઇ જાય છે. તો શું કરવું ? તેનામાં એક અપરાધી મનોવૃત્તિ પેદા થાય છે અને લોકોમાં તેનું જીવન કલંકિત થાય છે. આવા લોકોને પણ સુદઢ મન અને ઉત્સાહપૂર્ણ જીવન મળવું જોઇએ. તે કેવી રીતે મળશે ?

આપણા જૂનાકાળના ઋષિઓએ એના વિષે કેટલો બધો વિચાર કર્યો છે ! તેમણે માનસશાસ્ત્રનો વિચાર કરીને પ્રાયશ્ચિત નો ઉપાય બતાવ્યો પરંતુ, ભણેલા લોકોએ છેલ્લાં પચાસ વર્ષમાં આ પ્રાયશ્ચિત્તવિધિની મશ્કરી ઉડાવી છે. તેઓ કહે છે કે આ શું ચાલે છે ? પાપ કરતાં જાઓ અને પ્રાયશ્ચિત્ત કરતાં જાઓ. તો આવાં પ્રાયશ્ચિત્તનો અર્થ શો છે ?

જે વાત પાશ્ચાત્ય દેશમાંથી આવે તે અહીંના ભણેલા લોકો સ્વીકારવા તૈયાર થાય છે. પશ્ચિમમાંથી જે આવે તે માન્ય-આવી તેમની મનોવૃત્તિ બની ગઇ છે. પરંતુ, ત્યાં પણ હવે અપરાધ ચિકિત્સાશાસ્ત્ર (Science of criminology) બદલાઇ ગયું છે. જેમણે અપરાધ વિષયક (Criminology) ગ્રંથો વાંચ્યા હશે તેમને ખબર હશે કે હવે તેનું શાસ્ત્ર બદલાઇ ગયું છે. હવે ભાવના ક્ષણિક આવેશમાં કે ક્રોધાવેશ (provocation) માં કોઇના હાથે કંઇ અપરાધ થઇ ગયો હોય તો તે વ્યક્તિને સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ, તેના માટે જુદા પ્રકારની જેલ એટલે કે શાળા હોવી જોઇએ એવી એક વિચારધારા દઢ થઇ છે અને સમગ્ર વિશ્વમાં તે વાતને માન્યતા પણ મળી છે. ગુનાનું આ બદલાયેલું શાસ્ત્ર (Science of criminology) જો વાંચશો તો તમને ધ્યાનમાં આવશે કે ઋષિએ પ્રાયશ્ચિત્તવિધિ શા માટે લખી છે. અપરાધી માણસના મગજમાંથી પાપ કર્યાનો કચરો કાઢી નાખવો છે, કારણ અપરાધી મનોવૃત્તિ તેને સતત હેરાન કરે છે, કરેલા પાપનું ફળ-સજા ભોગવવા તે તૈયાર છે પણ અંદર જે અપરાધી મનોવૃત્તિથી મન દૂબળું પડી જાય છે તેના લીધે બીજા અનંત દુષ્કૃત્યો કહો કે અધાર્મિક કૃત્યો કહો, એના હાથેથી થઇ જાય છે. તેવું થતાં રોકવું છે તે કેવી રીતે રોકશો ? મન દૂબળું ન પડે તે માટે જ પ્રાયશ્ચિત્તવિધિ લખી છે.

આ સ્કંધમાં પ્રાયશ્ચિત્તની ચર્ચા કરી છે. પ્રાયશ્ચિત્તની પ્રથમ કલ્પના ઋષિએ આપી છે. તેના માટે જો તમારે વાંચવું હોય તો **'પ્રાયશ્ચિત્તમયૂખ'** વાંચો. પાપો કેમ નિર્માણ થાય છે, તે પાપોને લીધે બીજાં પાપો કેમ નિર્માણ થાય છે. પ્રાયશ્ચિત્ત શા માટે છે ? તેના માટે કેવાં પ્રાયશ્ચિત્તો છે ? તેની ચર્ચા જોવા મળશે. પ્રાયશ્ચિત્તથી મનમાં સમાધાન નિર્માણ થાય છે કે મેં જે કંઇ કુકર્મ કર્યું હતું તેનો કચરો ચાલ્યો ગયો. હવે કરેલાં કુકર્મનું ફળ ભલે આવે. તે હું સ્વીકારીશ, પરંતુ, આવો સ્વીકાર કરવા માટે મન મજબૂત બનાવવું જોઇએ. મન મજબૂત કેવી રીતે બનશે ? અપરાધી મનોવૃત્તિ અને લોકો સમક્ષનું જીવન-આ બે વાતો માણસના મનને કમજોર બનાવે છે, તેથી આ બન્ને વાતો કાઢવી પડશે. તેના માટે જ પ્રાયશ્ચિત્તવિધિ છે.

રેલગાડીમાં સંકટ સમયે ગાડી ઊભી રાખવા માટે સાંકળ રાખવામાં આવે છે. તેનો ઉપયોગ કરવાનો હોય છે. તેનો ખોટો ઉપયોગ કરનારને પચાસથી અઢીસો રૂપિયાનો દંડ કરવામાં આવે છે, પરતું, સમજો, એકાદ શ્રીમંતનો છોકરો સાંકળ ખેંચે અને દંડ ભરવા તૈયાર હોય તો ? બીજું કે કેટલાક લોકોને સાથે મળીને કામ કરવા અવારનવાર મિટિંગો રાખવી પડે છે. મિટિંગમાં બધા સમયસર હાજર રહે તે માટે નિયમ બનાવ્યો કે મોડા આવનારને દસ રૂપિયા દંડ થશે. સમજો કે એકાદ માણસ મોડો જ આવે અને પ્રત્યેક વખત દંડના દસ રૂપિયા ભરી દે, તો શું કરવું ? તેવું જ જાણી બૂઝીને પાપ કરી તેનું પ્રાયશ્ચિત્ત કરવાવાળાનું છે; ભાગવતકારે તેમની મશ્કરી ઉડાડી છે. તેને હસ્તિસ્નાન સાથે સરખાવ્યું છે. હાથી ત્રણ કલાક તળાવ કે નદીમાં પડીને સ્નાન કરી સ્વચ્છ થાય છે, પરંતુ, તેમાંથી બહાર નીકળ્યો કે તરત પોતાના અંગ ઉપર ધૂળ ઉડાડે છે. તેનું ત્રણ કલાકનું સ્નાન નિષ્ફળ ગયું. આવી રીતે જાણીબૂઝીને પાપ કરીને તેનું પ્રાયશ્ચિત કોઇ લે તો તે પ્રાયશ્ચિત્ત હસ્તિસ્નાનવત્ નિષ્ફળ થાય છે એમ કહ્યું છે.

છઠઠા સ્કંધમાં પાપ અને પ્રાયશ્ચિત્તનો વિષય ચર્ચ્યો છે પણ તેની જેવી તાત્ત્વિક ચર્ચા થવી જોઇએ તેવી તાત્ત્વિક ચર્ચા તેમાં નથી. પાશ્ચાત્ય પંડિતો (Western scholars) પણ તેવું જ કહે છે, પરતું, બીજા ગ્રંથોમાં તેની તાત્ત્વિક ચર્ચા પણ છે. બધી તાત્ત્વિક ચર્ચા એક જ ગ્રંથમાં આવવી જોઇએ એવો આગ્રહ રાખવો એ મૂર્ખાઇ છે. છઠ્ઠા સ્કંધમાં પાપ સમજાવ્યાં છે, તેનાં પ્રાયશ્ચિત પણ દેખાડયાં છે. સમજીને સાતત્યથી કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવે તો હસ્તિસ્નાનવત્ નિષ્ફળ થાય છે એમ કહ્યું છે. છેલ્લે ભક્તિનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે અને તે મહત્ત્વની વાત છે. કેવળ કર્મથી થવાવાળું જે પ્રાયશ્ચિત્ત છે તે સાચું નથી એવું ભાગવતકાર કહે છે. તેના માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી માણસ પાપ નહિ કરે. પાપનો અર્થ અયોગ્ય વર્તન. જે અયોગ્ય વર્તન મને હાનિકારક છે, સમાજને હાનિકારક છે, તે ખતરો ઊભો કરે છે-તેમાંથી માણસ ક્યારે છૂટશે? જ્યારે તેને તેનું જ્ઞાન થશે ત્યારે. તેથી જ કેવળ કર્મ દ્વારા પ્રાયશ્ચિત્તની ભાગવતકારે મશ્કરી ઉડાવી છે. પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ પણ તે જ્ઞાન સાથે થવું જરૂરી છે. વાસુદેવભક્તિ એ તેનો છેલ્લો ઉપાય છે એવું ભાગવતકારે કહ્યું છે. તેનું સમર્થન કરવા માટે ભાગવતકારે એક વાર્તા કહી છે.

અજામિલ એક સુસ્વભાવવાળો, વિદ્યાસંપન્ન, ઈંદ્રિયનિગ્રહી માણસ છે. છતાં તે જ્યાંસુધી કામજિત નથી થતો ત્યાંસુધી કંઇ અર્થ નથી. ભક્તિ વગર માણસ કામજિત નથી થતો. તમારી

પાસે ગમે તેટલું જ્ઞાન હશે પણ કામજિત્ ન હશો તો તમારા હાથે પાપ થશે જ. કામોદ્દીપક વસ્તુ અથવા પ્રસંગ ઊભા થયા પછી કામોદ્દીપન થશે જ. કામ એક પ્રભાવી શક્તિ છે અને સાધનામાં સૌથી મોટો અંતરાય તે જ ઊભો કરે છે. તમે સુસ્વભાવવાળા હશો, શાંત સ્વભાવના હશો, ઈંદ્રિયનિગ્રહ કરવાવાળા હશો, તેના માટે તમે કંઇ કર્મ પણ કરતાં હશો તો પણ તમે કામજિત નહિ થઇ શકો. કામોદ્દીપક વસ્તુ સામે આવતાં તમે તેના શિકાર થઇ જશો, ભક્ષ્ય બની જશો.

અજામિલ એક પ્રણાલીગત વિચારવાળો બ્રાહ્મણ (Traditional thinker) છે, વિદ્યાસંપન્ન અને સુસ્વભાવવાળો છે પણ તે કામજિત્ નથી. એક વખત અર્ધનગ્ન વેશ્યાને જોઇ તેનામાં કામ ઉદ્દીપિત થયો. કામલીલામાં ચતુર વેશ્યાએ તેને પોતાનો દાસ બનાંવ્યો, વેશ્યા વધારે શૃંગારિક હશે, તેથી તેણે પોતાની પત્નીનો ત્યાગ કર્યો. વેશ્યાનો દાસ બન્યા પછી તેણે બધું ધન ખોયું. તેને વેશ્યાથી નારાયણ નામનો છોકરો પણ થયો. અંતકાળે તે વ્યથિત થઇ 'નારાયણ' (પુત્ર) ને પોકારે છે. ભાગવતકારનું કહેવું છે કે 'નારાયણ' શબ્દમાં એટલી બધી શક્તિ છે કે તેના મૃત્યુ પછી તેને ઉપાડવા યમદૂતો આવ્યા તેમ વિષ્ણુદૂતો પણ આવ્યા. ભાગવતકાર વાર્તા કહીને સિદ્ધાંત સમજાવે છે, નિબંધ લખીને નહિ. નિબંધ લખીને સિદ્ધાંત સમજાવવો એ જુદી વાત છે અને વાર્તામાં સંવાદરૂપે સિદ્ધાંત સમજાવીને લોકભોગ્ય બનાવવો એ જુદી વાત છે. યમદૂત અને વિષ્ણુદૂત આવ્યા બાદ તેમની વચ્ચે સંવાદ થાય છે.

યમદૂતો વિષ્ણુદૂતને પૂછે છેઃ 'અજામિલ નીચ માણસ છે. તેને લેવા તમે કેમ આવ્યા ?'

વિષ્ણુદૂતોએ કહ્યું: 'આ નારાયણનું સ્મરણ કરવાવાળો છે. તો તેને લેવા તમે કેમ આવ્યા છો ?'

આવી તેમની વચ્ચે ચર્ચા થાય છે. તે દ્વારા હરિનામનું મહત્ત્વ સમજાવે છે. વ્યક્તિ પાપી હશે, ઘણાં પાપો કર્યાં હશે તો પણ શું થયું ? શાસ્ત્રમાં મોટાં મોટાં પાતંકો લખ્યાં છે તે આ મુજબ છે:

स्तेनः सुरापो मित्रध्रुग्ब्रह्महा गुरुतल्पगः ।
स्त्रीराजपितृगोहन्ता ये च पातकिनोऽपरे ॥ (भा. ६/२/९)

ચોર, મદિરા પીનાર, મિત્રદ્રોહી, બ્રહ્મહત્યા કરનાર, સાવકીમાનો સંગ કરનાર, સ્ત્રી, રાજા, પિતાને મારનાર, ગોહત્યા કરનાર, આ બધા પાતકીઓ છે.

છેવટે લખે છે: '**यदा नारायणायेति जगाद चतुरक्षरम् । ना, रा, य, ण** આ ચાર અક્ષર જો વ્યક્તિ બોલતી હશે તો તેને ઉપાડી લઇ જવાની તાકાત યમદૂતોમાં પણ નથી આમ કહીને વિષ્ણુદૂતો યમદૂતોને અજામિલને છોડી દેવા કહે છે. તેમનો જે સંવાદ છે તે વાંચવા જેવો છે. જેમને અભ્યાસ કરવો હોય તે જરૂર વાંચે. તેમની વચ્ચેનો સંવાદ થયા પછી અજામિલ પશ્ચાત્તાપદગ્ધ થયો, તેણે આત્મનિંદા કરી; અને છેવટે તેનો ઉદ્ધાર થાય છે. આવી અજામિલની કથા ભાગવતકારે લખી છે. તેમાં **अन्ते या मतिः सा गतिः** (અંતકાળે જેવી મતિ તેવી ગતિ) એ સિદ્ધાંત સાચો છે એમ લાગે છે. ગીતામાં પણ ભગવાને લખ્યું છે:

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ।। (गी. ८/६)

જે ભાવથી તમે દેહ છોડો છો, તે ગંતિ તમને મળે છે. તેમાં ઉત્કટ નામોચ્ચારનું વર્ણન આવ્યું છે. 'નારાયણ' શબ્દમાં એક શક્તિ છે એમ સમજાવ્યું છે. આ બિલકુલ સાચું છે. તેનાથી પશ્ચાત્તાપ દગ્ધતા આવે છે. કેવળ કર્મકાંડના પ્રાયશ્ચિત્તથી પાપમુક્તિ નહિ થાય, વ્યક્તિ નિષ્પાપ નહિ થાય. તે તો હસ્તિસ્નાન જેવું થઇ જશે, પરંતુ, જ્યારે જ્ઞાનપ્રાપ્તિ થશે ત્યારે એ પાપ નહિ કરે, ભક્તિ કરશે. ત્યાર પછી તે પાપ નહિ કરે.

શબ્દમાં શક્તિ છે એમાં સંદેહ નથી. 'આંબલી' આ શબ્દ ઉચ્ચારતા જ મોઢામાં પાણી છૂટે છે. આંબલી ખાધી નથી, નજરે જોઇ પણ નથી, કેવળ શબ્દ ઉચ્ચારતાં મોઢામાં પાણી આવવાનું પરિણામ થયું. તો પછી ઈશ્વરના 'નારાયણ' નામમાં શક્તિ કેમ ન હોય ? જેને શ્રીકૃષ્ણનું ચરિત્ર ખબર છે તે ફક્ત **'શ્રીકૃષ્ણઃ શરણં મમ'** આટલું જ બોલશે તો **શ્રીકૃષ્ણઃ** શબ્દ ઉચ્ચારતાં ઉત્સાહ, સ્ફૂર્તિ, ચૈતન્ય-બધું તેની આંખની સામે ઊભું રહેશે. તેનાથી મલિનતા ખતમ થઇ જશે. 'નારાયણ' શબ્દમાં અને શબ્દોચ્ચારમાં આ શક્તિ છે. વિષ્ણુદૂતોએ નામમાહાત્મ્ય સમજાવ્યું છે.

હવે અહીં બુદ્ધિમાન લોકોનો પ્રશ્ન છે કે શબ્દમાં શક્તિ છે એ કબૂલ પણ અજામિલે જ્યારે 'નારાયણ' શબ્દ ઉચ્ચાર્યો ત્યારે તે સમયે તેની આંખની સામે પ્રભુ ન હતા, વેશ્યાનો પુત્ર નારાયણ હતો. તેણે જ્યારે 'નારાયણ' શબ્દ ઉચ્ચાર્યો ત્યારે તેનું અંતઃકરણ ભીનું જ ન થયું હોય તો એ શબ્દમાં શક્તિ કયાંથી આવી ? બીજું, કરેલાં કર્મોનો તેને પશ્ચાત્તાપ પણ થયો ન હતો. તો પછી તેને સારી ગતિ કેમ મળી ?

ખુલાસો એ છે કે, અજામિલનું પહેલાંનું ચરિત્ર ભવ્ય હતું. સંસ્કારોનું પરિણામ થઇ શકે છે. નામોચ્ચારથી જૂના સંસ્કારો ઉદ્દીપિત થઇ શકે છે. અંદર જે બીજ પડયાં છે તે અંકુરિત થઇ શકે છે-અજાણતાં નામોચ્ચાર કર્યો હોય તો પણ ! તેની પાછળ કંઇક શાસ્ત્ર છે. તેથી જ ભાગવતકારે તેના પહેલાના જીવનમાં તે સુસ્વભાવી, શાંત, વિદ્યાસંપન્ન અને ઈંદ્રિયનિગ્રહી હતો, પણ ભક્ત ન હતો, એમ કહ્યું છે. તમારી પાસે બધા ગુણો હશે પણ તમે ભક્ત ન હશો તો ? તો તમે કામને જીતી નહિ શકો. કામ તમને ખેંચી લેશે. કામને જીતવો સહેલો નથી. કામોદ્દીપન, કામોદ્દીપકતા માણસને ખેંચી જ લે છે, પરંતુ, અજામિલમાં, જૂના સંસ્કારો હતા, તે 'નારાયણ'ના નામોચ્ચારના ધક્કાથી અંકુરિત થયા. અંતિમ, ભાગવતકારને એટલું જ કહેવાનું છે કે જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત થયા બાદ વિપરીત આચરણની શક્યતાજ ખતમ થઇ જાય છે. માણસ વિપરીત આચરણ કયાં સુધી કરે છે ? જ્યાં સુધી જ્ઞાન નથી હોતું ત્યાં સુધી. જ્ઞાન થયા પછી વિપરીત આચરણ થતું નથી.

અમુક વસ્તુ વગર મારું ચાલશે જ નહિ એવું જ્યારે મને લાગે ત્યારે તે વસ્તુ ગમે તે રસ્તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ, પરંતુ, મારું અસ્તિત્વ સ્વતંત્ર છે, સ્વયંપૂર્ણ છે, સુસંપન્ન છે, 'હું' નો વૈભવ જબરદસ્ત છે, તે જ્યારે મને ખબર પડી જાય ત્યારે હું કોઇ પણ વસ્તુ મેળવવા માટે ખોટો રસ્તો લઇશ જ નહિ. આવી સ્થિતિ જ્ઞાનપ્રાપ્તિ બાદ આવે છે. જ્ઞાનપ્રાપ્તિ એટલે પાંડિત્ય નહિ.

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यान कौशलम् ।
वैदुष्यं विदुषां तद्वत् भुक्तये न तु मुक्तये ॥ (विवेकचूडामणी/६०)

પંડિતાઇ અને વાણીવિલાસથી ભોગ મળે, મુક્તિ ન મળે. ખરું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ વિપરીત આચરણની જરૂર જ રહેતી નથી. તેવી જ રીતે ભક્તિથી પાપ ચાલી જાય છે. અજામિલના દષ્ટાંતથી બે વાતો સમજાવી. તમે વિદ્વાન હશો, સદ્ગુણી હશો, શાંત હશો, તો પણ કામોદ્દીપન તમને નચાવશે. બીજું, 'નારાયણ' શબ્દની શક્તિથી પૂર્વસંસ્કાર જાગૃત થાય છે તે સત્ય છે. સદ્વર્તનનાં બીજ પડયાં હતાં, તેના ઉપર કચરો આવી ગયો હતો, 'નારાયણ' શબ્દની શક્તિથી કચરો ઊડી ગયો અને અંદર પડેલાં બીજ પાછાં અંકુરિત થયાં. ભાગવતકારને નામોચ્ચારની શક્તિનું મહત્ત્વ દેખાડવું છે. અજામિલના પૂર્વસંસ્કારો જાગૃત થયા અને તેનું અંતિમ જીવન તેણે હરિહર ક્ષેત્રમાં સારી રીતે વ્યતીત કર્યું, ત્યારબાદ તેને મુક્તિ મળી. એવું ભાગવતકારનું કહેવું છે.

પાપ એટલે શું ? વ્યક્તિવિકાસ અને સમાજસ્થૈર્યથી વિપરીત જે આચરણ થાય તે પાપ છે. તેને જ ભાગવતકારે અધર્મ ઠરાવ્યો છે. આ અધર્મ અજાણતાં થઇ જાય તો પ્રાયશ્ચિત્તથી તે ચાલ્યો જશે, પરંતુ, કેવળ કર્મથી પાપનિવારણ મુશ્કેલ છે. સમજીને, જાણીબૂઝીને પાપ કર્યા પછી પ્રાયશ્ચિત કરે તો તે હસ્તિસ્નાનવત્ નિષ્ફળ થશે. કેવળ કર્મ નહિ ચાલે, જ્ઞાન હોવું જોઇએ અને વાસુદેવભક્તિ હોવી જોઇએ. તેનાથી પાપ ચાલી જશે. માણસના જીવનમાં ભક્તિ આવવી જોઇએ એવો ભાગવતકારનો આગ્રહ છે. કથા દ્વારા તેમણે ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું છે.

ભક્તિથી પાપ ચાલી જશે આ સિદ્ધાંત શાસ્ત્રીય છે. ભક્તિમાં પ્રથમ વાત કઇ હોવી જોઇએ ? ભક્તનો અર્થ આપણે એવો કંઇ કરી નાખ્યો છે કે જે મંદિરમાં જાય, ચંદન કરે, બિલીપત્ર કે ફૂલ ભગવાન પર ચડાવે, વિષ્ણુસહસ્ત્રનામ બોલે, તે ભક્ત અને તે આવીને કંઇ ક્રિયા કરે તે ભક્તિ. ભક્તિ એ એક સમજણ છે, એક વૃત્તિ છે. તે વૃત્તિ વધારવાનો પ્રયત્ન કરવાનો છે. આવો પ્રયત્ન જે કરે છે તે ભક્ત છે. એકાદ માણસ ભગવાનને ભીતિથી કે વહેમથી પણ નમસ્કાર કરતો હોય તેથી તે ભક્ત બની જતો નથી. વહેમી માણસ જોડાં ખરીદી લાવે અને પછી તેને જો પૈસાનો ફાયદો થઇ જાય તો જોડાં ફળ્યાં એમ સમજીને જોડાંને પણ નમસ્કાર કરે છે. પૈસા-લક્ષ્મી કર્મથી મળે છે, જોડાં સાથે તેનો કંઇ સંબંધ નથી. કોઇ વખત તમને નુકસાન થાય તો તે જોડાંને લીધે થયું એમ સમજી જોડાં ફેંકી દે છે. આ વહેમી માણસ છે. તેમને ભક્ત ન કહેવાય.

ભક્તિમાં 'ભગવાન ! હું તારે લીધે છું' એની વૃત્તિ પહેલાં નિર્માણ થવી જોઇએ. 'હું સ્વતંત્ર નથી. મારામાં જે શક્તિ પડી છે, તે તેની છે'. આ ભક્તિની પ્રથમ ધારણા છે. માણસના જીવનમાં આ ધારણા દઢ થાય, પુષ્ટ થાય, તો તેના જીવનમાંથી પાપ ચાલી જશે. 'મારી પાસે જે જે દશ્યશક્તિ છે, બુદ્ધિશક્તિ છે, વિદ્યાશક્તિ છે, વિત્તશક્તિ છે-જે કંઇ છે તે પ્રભુને લીધેજ છે, એવી ધારણા સુદઢ થવી જોઇએ. 'તેના લીધે હું છું' એવી વૃત્તિ તૈયાર થયા પછી માણસ પાપ નહિ કરે.

બીજી વાત, 'તે (પ્રભુ) મારી સાથે છે તથા તેનો અને મારો સંબંધ છે' આ સમજણ થવી જોઇએ. આ સમજણ થયા પછી માણસને એમ લાગે કે અસદ્વર્તન મને શોભે નહિ. આમ ભક્તિથી પાપ ટળે છે. માણસ ગીતા વાંચે તો તેને ખબર પડે કે મારો અને ભગવાનનો સંબંધ

છે અને તે મારી જોડે જ છે. **'सर्वस्यचाहं हृदिसंनिविष्टः'** એમ ભગવાને ગીતામાં કહ્યું છે. તે કહે છે કે હું તારા હૃદયમાં આવીને બેઠો છું તેથી તારું જીવન ચાલે છે. આ એક વાક્ય જો યાદ રહે તો જીવન બદલાઇ જાય. યોગદર્શનકાર કહે છે: **एक शब्दः सुप्रयुक्तः सम्यग्ज्ञातः स्वर्गलोके कामधुक् भवति-** એક શબ્દ જો સારી રીતે સમજાઇ જાય તો સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવે. ભગવાન મારી સાથે છે તેમજ તેનો અને મારો સંબંધ છે,-આ બે વાતો જીવનમાં આવી ગઇ કે પાપ ચાલ્યું જ ગયું સમજો.

મારી પાસે જે કંઇ છે તે 'એના (ભગવાનના) લીધે' જ છે. હું કંઇ છું, મોટો છું, મને ઘણા લોકો માને છે, નમસ્કાર પણ કરે છે, પરંતુ, 'હું તેના લીધે છું'-ભક્તિનું આ જ્ઞાન નહિ હોય અને તમે બાલકૃષ્ણની મૂર્તિની પૂજા કર્યા કરશો તો તેનાથી શું મળશે ? ભક્તિમાં સૌ પ્રથમ વાત એ છે કે મારી પાસે જે કંઇ છે તે તેની (ભગવાનની) શક્તિને લીધે છે. આ જ્ઞાન આવશે ત્યારે પાપ ચાલ્યું જ જશે. આ મૂર્ખનું કહેવું નથી, શાસ્ત્રીય છે. ભક્તિ કરવાથી અંદરની વૃત્તિ જ બદલાઇ જાય છે.

આપણે તો 'ભક્તિ' શબ્દનો અર્થ નક્કી જ કરી નાખ્યો છે. 'અમુક અમુક કૃતિ' એટલે ભક્તિ અને અમુક કપડાં પહેરે તે ભક્ત. મુંબઇ જેવા શહેરમાં તો ડ્રેસવાલા પાસે બધા પ્રકારના ભક્તોના પહેરવાના કપડાં તૈયાર જ મળે છે. નરસિંહ મહેતાનો ડ્રેસ માગો કે તે તરત કાઢી આપે. ભક્તિ એટલે અંદરનો, અંતઃકરણનો, મન, બુદ્ધિ વગેરેનો વિકાસ છે, તે એક અંદરની સમજણ છે; એ આપણને સમજાયું જ નથી. 'ભગવાનને લીધે હું છું અને તે મારી જોડે છે' આ સમજણ આવ્યા પછી હું પાપ કેવી રીતે કરું ?

કોઇ નવયુવાન રસ્તામાંથી જતો હોય એની સાથે કોઇ આદરણીય માણસ હોય અને સામેથી કોઇ છોકરી જતી હોય તો તે છોકરી તરફ જોશે પણ નહિ. સાથે કોઇ ન હોય ત્યારે તે છોકરી તરફ જુવે પણ ખરો અને મશ્કરી પણ કરે, પરંતુ, સાથે કોઇ હોય તો તેવું ન કરે. આવી રીતે 'ભગવાન મારી સાથે છે' એ ભાવના જ્યારે દૃઢ થઇ જશે ત્યારે તે માણસ પાપ નહિ કરે, કારણ તે જો પાપ કરે તો તેની દુર્ગંધ ભગવાનને આવશે.

બાઇબલમાં Love thy neighbour પડોશીને પ્રેમ કરો એમ કહ્યું છે પણ પડોશી કોણ ? જીવનો પડોશી ફક્ત ભગવાન છે. તમારામાં હિંમત હોય તો ભગવાન ઉપર પ્રેમ કરી દેખાડો, કારણ ભગવાન અજ્ઞાત છે, અદૃશ્ય છે. તેના ઉપર પ્રેમ કરવો બહુ જ કઠણ છે. ભગવાન મારી સાથે હોય અને જો હું પાપ કરું તો તે ભગવાનનું અપમાન કહેવાય. જો હું ભગવાનનું અપમાન કરું તો ભક્ત શી રીતે કહેવાઉ ? હું ભગવાનની સામે મસ્તક નમાવું ત્યારે તેને દુર્ગંધ ન આવવી જોઇએ.

ભક્તિ એક દૃષ્ટિ છે, ભક્તિનું એક જ્ઞાન છે,ભક્તિ એક વૃત્તિ છે,તે માણસને પાપથી બચાવશે એવું ભાગવતકારનું કહેવું છે.

નામોચ્ચારમાં એક અલૌકિક શક્તિ છે. તેના લીધે પાપ ચાલી જશે, એનું કારણ પાપને ખબર પડી જશે કે તેણે ભગવાન્નામોચ્ચારની શરૂઆત કરી છે એટલે તેના પર હવે મારી સત્તા

નહિ ચાલે. પૂર્વસંસ્કાર કેવી રીતે જાગૃત થાય છે તે અજામિલની કથામાં બતાવ્યું છે. ઘણા લોકો એવા હોય છે કે ચાલીસ-પચાસ વર્ષના થાય ત્યાંસુધી અતિશય સારા વર્તનના હોય છે, પરંતુ, ત્યારબાદ એકાએક અસદવર્તન કરે છે. એનું કારણ એ જ કે અંદર રહેલા કુસંસ્કાર બહાર આવ્યા. આજસુધી તે દબાયેલા પડયા હતા.

કેટલાક લોકો પૂછે છે કે ફલાણો છોકરો તો બાલસંસ્કારકેન્દ્રમાં આવતો હતો તો પછી તે મોટો થયો પછી આવો ખરાબ કેમ થયો ? થાય પણ ખરો. એનું કારણ બાલસંસ્કારકેન્દ્રનો સંચાલક તો નિષ્કામ કર્મયોગ કરતો હતો. તેના ઉપર સારા સંસ્કાર થયા, પરંતુ અંદર પડેલા કુસંસ્કાર એકાએક ચાલીસમે વર્ષે કુદીને બહાર આવ્યા. ફરીથી કોઇ નામોચ્ચારથી કે પ્રસંગથી અંદર ધક્કો લાગે તો સુંસ્કાર જાગૃત થવાની, અંકુરિત થવાની પૂરેપૂરી શક્યતા છે.

અજામિલની કથા અને વિષ્ણુદૂત-યમદૂતનો સંવાદનો અભ્યાસ કરવા જેવો છે. યમદૂત અજામિલનાં ફક્ત કર્મો જુએ છે, પરંતુ, વિષ્ણુદૂત તેનો વિકાસ જુએ છે. નામોચ્ચાર કર્યા બાદ તેનાં કર્મ બદલાઇ જશે. સ્થૂલકર્મ કરવાં એ જુદી વાત છે અને ભક્તિપૂર્ણ કર્મ કરવાં એ જુદી વાત છે. સમજો, સવારના પ્રહરે મોઢું સાફ કરવા જે દાતણ કરે અથવા ટુથબ્રશનો ઉપયોગ કરે, તે કર્મ થાય, પરંતુ, એકાદ માણસની સમજણ એવી હોય કે આ મોઢાથી ભગવાન ખાવાના છે તેથી મારું મોઢું સ્વચ્છ રાખવા માટે હું દાતણ કરું છું. તો તેની ભાવના બદલાઇ જશે. ભાવના બદલાઇ જશે કે તેનું કર્મ પણ ભક્તિપૂર્ણ થઇ જશે. કૃતિ બાહ્ય દૃષ્ટિથી સરખી જ હોય, પરંતુ, ભાવના જુદી હોય તો તે જ કૃતિ ભક્તિ થઇ જાય. પછી તે યમદૂતનો વિષય ન રહે. તે વિષ્ણુદૂતનો વિષય થઇ જાય. 'નારાયણ' શબ્દોચ્ચારથી ધક્કો લાગ્યો અંને પૂર્વસંસ્કાર જાગૃત થઇ ગયા. તેના કારણે અજામિલને પશ્ચાત્તાપદગ્ધતા આવી તેથી જ તેણે આત્મનિંદા કરી છે. આનો અર્થ એ નથી કે તેનો અંદરનો કચરો ખલાસ થઇ ગયો અને તેનો ઉદ્ધાર થઇ ગયો. પશ્ચાત્તાપ થયા બાદ અજામિલ હરિહર ક્ષેત્રમાં ચાલ્યો ગયો હતો. આવું અતિ સુંદર વર્ણન છે, પરંતુ, ઘણા લોકો આ કથાનો વિપરીત અર્થ કરે છે. છોકરાનું નામ ભગવાનના નામ જેવું રાખવું જેથી મરતી વખતે છોકરો યાદ આવે તો તેનું નામ બોલાઇ જાય અને પોતાનો ઉદ્ધાર થઇ જાય. અજામિલ મુકત થયો તો હું પણ મુક્ત થઇ જઇશ. એવું આ લોકો સમજે છે, પણ તે ખોટું છે.

આ સ્કંધમાં નામમાહાત્મ્ય સમજાવ્યું છે તે મહત્ત્વની વાત છે. ગુજરાતીમાં એક ભજન છે: 'નામસ્મરણનો મહિમા મોટો, વેદમુનિ યશ ગાય, નામે પાપી પાવન થાય'. નામથી પાપી પાવન કેવી રીતે થાય ? નામ બોલવાથી વૃત્તિ બદલી જાય. 'હું તેના લીધે છું' એવી સમજણ આવે-'તે મારી સાથે છે' એવી સમજણ આવે. તેવી જ રીતે. 'તેનો અને મારો સંબંધ છે' એ સમજણ આવે. તેના લીધે જીવન બદલાઇ જાય. તે પાપથી આઘો થઇ જાય, કારણ હવે પાપ કરું તો ભગવાનનું અપમાન થાય, તેને દુર્ગંધ આવે - આવું દુષ્કૃત્ય હું કેવી રીતે કરું ? એવી સમજ તેનામાં પાકી થાય.

જ્ઞાનથી પણ પાપ જાય કે નહિ તે શંકા છે. એનું કારણ જ્ઞાન પરિપૂર્ણ હોવું જોઇએ. જ્ઞાન એટલે **ઘટત્વાવચ્છિન્નપટ** અને **પટત્વાવચ્છિન્નઘટ** આ ઘટની છટપટ એટલે જ્ઞાન નહિ. અહીં જે જ્ઞાન શબ્દ છે તેનો અર્થ સમજણ (Understanding) છે. Not only knowledge but understanding is expected. અહિં કેવળ જાણકારી નહિ, સમજણની અપેક્ષા છે. જ્ઞાન અને સમજણમાં ફરક છે. સમજણથી પાપ ચાલી જશે, પરંતુ, તે મેળવવાની શક્તિ સામાન્યોમાં નથી હોતી, તેથી નામસ્મરણની શક્તિનું વર્ણન કર્યું છે.

જીવનનૌકા કર્મો પર આધારિત છે, કર્મ ઉપર તે ચાલે છે. એક ભજન છે-'જીવનનૌકા ડગમગ ડોલે, તું છે તારણહાર, કન્હૈયા તારો છે આધાર'-જીવન, ભક્તિ પર આધારિત થાય ત્યારે પાપ જાય. ભક્તિની અત્યાવશ્યકતા છે એવો સિદ્ધાંત ભાગવતકારે કહ્યો છે. આ અલૌકિક અને દૈવી સિદ્ધાંત છે. પાપથી બચવાનો એક જ માર્ગ છે અને તે એટલે - ભક્તિ. ભાગવતને ભક્તિનું જ માહાત્મ્ય ગાવું છે. તેના માટે જ ભાગવતની નિર્મિતિ છે. જે કારણસર ગ્રંથ લખાયો હોય તે કારણ ધ્યાનમાં રાખીને જ તેનો અભ્યાસ થવો જોઇએ. વેપારનું પુસ્તક હોય તો ફલાણું વર્તન કરીને પૈસાનો ફાયદો થશે એવું જ લખાણ તેમાં આવે. આધ્યાત્મિક ગ્રંથ હોય તો અમુક વર્તન કરીને ભવ સુધરશે એવું જ લખાણ આવે. ભાગવત ભક્તિનો મહિમા ગાય છે, તેથી તે કહે છે કે નામસ્મરણથી પાપમુક્તિ થશે. નામસ્મરણથી શુદ્ધિ અને પાપક્ષાલન થશે એવો ભાગવતનો આગ્રહ છે અને તે શાસ્ત્રીય પણ છે.

નામસ્મરણથી પાપ કેમ ચાલી જાય છે ? જેમ કોઇ પણ પ્રકારના ઘઉંને રાંધવા માટે પાણીની જરૂર પડે છે. તેવી રીતે કોઇ પણ ઉપાસના હશે, તેને માટે નામસ્મરણની આત્યંતિક આવશ્યકતા છે. અગ્નિની સમીપ ઘી આવ્યા પછી જેમ તે ઓગળે છે તેમ નામજપથી અહંકાર ઓગળી જાય છે, પાતળો-સૂક્ષ્મ બની જાય છે. આ સ્કંધમાં જપમહાત્મ્ય સારી રીતે સમજાવ્યું છે. પ્રભુના નામનો જપ કરવો જોઇએ. નામજપ કરતો હશે તેને શું દુ:ખ નહિ આવે ? દુ:ખ તો આવશે અને દુ:ખ રહેશે પણ ખરું, પરંતુ, તેનો ડંખ ચાલ્યો જશે, એનું કારણ તેની દૃષ્ટિ બદલાઇ ગઇ હશે.

બધા પ્રકારના સાધકો માટે નામજપ સમાન વાત છે. પ્રત્યેકને તેની આવશ્યકતા છે, તેમના માટે નામજપનો ઉપદેશ છે. કેટલીક સ્ત્રીઓ હીરાના ઘરેણાં પહેરે છે, કેટલીક સોનાનાં, કેટલીક મોતીનાં, કેટલીક ચાંદીનાં, કેટલીક હાથીદાંતનાં અને આદિવાસી હશે તો હાડકાંનાં ઘરેણાં પહેરે છે, પરંતુ, સૌભાગ્યતિલક માટે કંકુ જ હોવું જોઇએ. આવી રીતે, સાધક કોઇ પણ સ્થિતિનો હશે અને કોઇ પણ ઉપાસના કરતો હશે, પરંતુ, તેના માટે નામજપ જરૂરી છે.

છઠ્ઠા સ્કંધમાં બીજી ચર્ચા ગુરુદ્રોહની કરી છે. જેની પાસેથી શુદ્ધ પ્રેમ મળ્યો, જીવનનું જ્ઞાન મળ્યું, તેનો દ્રોહ કરવો એ ભયાનક વાત છે. તે વાત સમજાવવા માટે કહે છે કે ઈંદ્ર, સત્તા અને વૈભવને લીધે આંધળો બન્યો અને તેણે બૃહસ્પતિનું અપમાન કર્યું. અપમાન થવાથી ગુરુ બૃહસ્પતિ ચાલ્યા ગયા. મહાપુરુષોનું અપમાન થાય જ છે, એનું કારણ, તેમને કેટલીક લૌકિક વાતોથી વિરુદ્ધ બોલવું પડે છે અને આચરણ પણ કરવું પડે છે. મહાપુરુષો સત્તાવાન કે વૈભવવાનની સામે 'હાંજી હાંજી' કરતા નથી, તેથી તેમને મુસીબતો પણ આવે છે. બૃહસ્પતિના જીવનમાં તેવી મુસીબત આવી હતી.

ઈંદ્ર વૈભવ અને સત્તાને લીધે મસ્ત થયો, મદાંધ થયો, ઉન્મત્ત થઇને તેણે બૃહસ્પતિનું અપમાન કર્યું, તેથી બૃહસ્પતિ ચાલ્યા ગયા. આથી વિરુદ્ધ અસુરોએ શુક્રાચાર્યની ગુરુભક્તિ સંભાળી તેથી દેવ-અસુર યુદ્ધમાં અસુરોનો વિજય થયો અને દેવોનો પરાજય થયો. ભાગવતકાર

કહે છે કે માણસ ગમે તે હશે, તે અસુર હશે તો પણ ઉન્નતિને માટે જરૂરી નિષ્ઠા જો તેને સંભાળી હશે તો તે આગળ ધપશે જ. માણસ આસ્તિક હશે કે નાસ્તિક હશે, પણ તે જો તપ કરશે તો તેને ફળ મળવું જ જોઇએ. આ વૈશ્વિક સત્ય જો દૈવી લોકોની તપ અથવા નિષ્ઠા, એટલે કે 'કોઇ વાત માટે ઘસાઇ જવાની વૃત્તિ'- ખતમ થઇ હશે અને અસુરોમાં તે વૃત્તિ વધી હશે તો અસુરોનો અવશ્ય વિજય થશે. ભગવાને આ સૃષ્ટિમાં એટલી સુંદર વ્યવસ્થા રાખી છે કે જે તપ કરે તેને ફળ મળે. પછી તે દેવ છે કે અસુર છે એ સવાલ રહેતો જ નથી.

કેટલાક લોકો પૂછે છે કે ફલાણા તો દૈવી વિચારના હતા તો તે લોકો હાર્યા કેમ ? તેઓ કેમ હાર્યા તેનો તેમણે વિચાર કરવો જોઇએ. **राजविद्या राजगुह्यम् पवित्रमिदमुत्तमम्**-તેમની પાસે રાજવિદ્યા નહિ હોય તેથી તેઓ પડી ગયા. બૃહસ્પતિ ચાલી ગયા બાદ દેવોનો પરાભવ થઇ ગયો અને અસુરોનો વિજય થયો. ગુરુ બદલ્યા પછી ગમે તે થઇ શકે છે. બૃહસ્પતિને બદલે બીજા ગુરુ આવી ગયા. પછી તો દેવોનો પરાભવ જ થાય ને !

ભારતીયોના જીવનમાં પણ તેવું બન્યું છે. યાજ્ઞવલ્ક્ય આપણા ગુરુ રહ્યા નહિ અને તેમની જગાએ મેકૉલે આવી ગયા. પછી શું થયું તે તો આપણને ખબર જ છે. કૌટુંબિક જીવન, સામાજિક જીવન, રાષ્ટ્રીય જીવન, વૈયક્તિક જીવન, આ બધાં જીવનોમાં આપણી હાલત કેવી થઇ છે તેની બધાને જ ખબર છે. તેનું કારણ એ છે કે આપણા રાષ્ટ્રની, પરિવારની, સમાજની જન્મોત્રીમાં ગુરુ નબળો બની ગયો છે. ગુરુ બદલાઇ ગયા પછી જે પરીણામ આવે તે તો સહન કરવું જ પડે. પછી ભલેને તમે ભગવાનની ભૂમિમાં **दुर्लभं भारते जन्म**- જન્મ લીધો હોય તો પણ પરીણામ ભોગવે જ છૂટકો છે. જે ભૂમિ પર ભગવાને અવતાર લીધા હશે તે ભૂમિને પણ એ નિયમ લાગુ પડે જ છે. There is no forgiveness for the broken law. આ સૃષ્ટિમાં કાયદાનું ઉલ્લંઘન કર્યું કે સજા ભોગવવી જ પડે, ક્ષમા મળે નહિ.

ગુરુદ્રોહ એ બહુ મોટું પાપ છે એમ મનુમહારાજે સમજાવ્યું છે. તેઓ તો કહે છે:

गुरोर्यत्र परीवादो निन्दा वापि प्रवर्तते ।
कर्णौ तत्र पिधातव्यौ गन्तव्यं वा ततोऽन्यतः ॥ (मनु. २/२००)

જ્યાં ગુરુની નિંદા થતી હોય ત્યાં શિષ્યે પોતાના કાન ઢાંકી દેવા અથવા તો બીજે ઠેકાણે ચાલી જવું.

મહાપુરુષો સત્ય કહેવાવાળા હોય છે. તેમનું આચરણ પણ કડક હોય છે. તેથી તેમના ગુપ્તશત્રુ ઊભા થાય જ છે. સમાજમાં સાચું કહેનાર બ્રાહ્મણને માટે અણગમો પેદા થવાનો જ. ક્ષત્રિયોએ તેમના કવચ બનીને ઊભા રહેવું જોઇએ. બ્રાહ્મણ અને ક્ષત્રિય જ્યાં સાથે સાથે જતાં હોય ત્યાંજ સંસ્કૃતિ આગળ વધે.

કોઇપણ ક્રાંતિ હોય-વિચારક્રાંતિ હોય, ધાર્મિક ક્રાંતિ હોય કે બીજી કોઇ ક્રાંતિ હોય-તેના નેતાને ચીલેચાલુ લોકોની વિરુદ્ધ તો બોલવું જ પડે છે. પરિણામે તેમના શત્રુ ઊભા થાય જ છે. તેમાંના કેટલાક ગુપ્તશત્રુ હોય છે અને કેટલાક બહારથી હિત ઇચ્છતા હોય તેવો દેખાવ કરે છે પરંતુ, અંદરથી તેઓ શત્રુ જ હોય છે.

જેણે આપણને પ્રેમ આપ્યો છે, જ્ઞાન આપ્યું છે, જીવનની દૃષ્ટિ આપી છે, તેનો દ્રોહ કરવા જેટલું મહાન પાતક જગતમાં બીજું છે જ નહિ આવું ભાગવતનું કહેવું છે. ખરી જ વાત છે. ગુરુ પાસેથી ચૈતન્ય મેળવ્યું, સ્ફૂર્તિ મેળવી, જીવનદૃષ્ટિ મેળવી, જ્ઞાન મેળવ્યું અને નાનીસૂની વાતમાં વાંધો પડયો એટલે શું ગુરુની વિરુદ્ધ ઊભા થવાનું ? જેઓ આ રીતે વિરોધમાં ઊભા રહે છે તેઓ મહાન પાતકી છે. ગુરુદ્રોહને ભાગવતકારે મહાભયંકર પાપ ગણ્યું છે. દેવોએ તેવું કર્યું તેથી તેમનો પરાભવ તો થયો જ. પરંતુ, વર્ષો સુધી અધોમુખ થઈને રહેવું પડયું.

ગુરુનો મહિમા ઘણો છે. ગુરુનો દ્રોહ કરવાવાળાને અહીં ભાગવતકારે લાલબત્તી ધરી છે.

જીવનમાં ગુરુ હોવા જોઈએ પરંતુ, તેનો અર્થ એ નથી કે ગુરુવાદ ઊભો કરવાનો. ગુરુ એટલે શું ? ગુરુ કોને કહેવાય ? જે વજનદાર છે તે ગુરુ છે. જે લઘુ નથી તે ગુરુ છે. સત્તા, કીર્તિ કે પ્રલોભનના પવન સામે જે નમતો નથી તે ગુરુ.

આજે આપણા ગુરુ બદલાઈ ગયા છે. આપણે ઋષિને છોડી દીધા છે અને મિલ્ટન સાહેબ આપણા ગુરુ બની ગયા છે. શિક્ષણ કેવું લેવું ? કુટુંબ કેમ ચલાવવું ? જમવું કેવી રીતે ? ભક્તિ કેવી રીતે કરવી ? મંદિર કેવાં હોવાં જોઈએ ? આ બધુ ઋષિને નહિ, સાહેબને પૂછો. આવી પરિસ્થિતિ ઊભી થઈ છે. જેની જન્મોત્રીમાં ગુરુ નબળા હોય તેનું શું થાય ? બીજા ગ્રહો પ્રભાવી હોય તો પણ ગુરુ નબળો હોય તો બધું નકામું થઈ જાય એમ જ્યોતિષ શાસ્ત્ર કહે છે. આમ ગુરુનું મહાત્મ્ય સમજાવ્યું છે.

ત્યારબાદ નારાયણ કવચ-વૈષ્ણવી વિદ્યા સમજાવી છે. જીવનમાં ભયભીતતા તો આવી જ જવાની. આજે ભયભીત કોણ નથી ? ભયભીતોને સંભાળવાવાળું કવચ તે નારાયણકવચ છે.

ॐ नमो नारायणाय -આ અષ્ટાક્ષર મંત્ર છે અને બીજો **ॐ नमो भगवते वासुदेवाय**- આ દ્વાદશાક્ષર મંત્ર છે. તેનાથી જ્ઞાની વિદ્યાતેજસ્તપોમૂર્તિ બની જાય છે. ત્યારબાદ નારાયણકવચની શરૂઆત થાય છે. નારાયણકવચની બેઠક જ એવી છે કે પહેલાં અષ્ટાક્ષરમંત્ર અને દ્વાદશાક્ષરમંત્રથી પવિત્ર થવાનું અને ત્યારબાદ નારાયણકવચનું પઠન કરવાનું. નારાયણકવચમાં એવું લખ્યું છે કે શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી ભગવાન મારુ રક્ષણ કરો. **सायुधं सशक्तिकं** શક્તિશાળી અને હથિયારધારી ભગવાન મારું રક્ષણ કરો. ભગવાનના હાથમાં ભકતના રક્ષણ માટે હથિયાર હોવાં જ જોઈએ.

આપણે ત્યાં એક પણ ભગવાન એવા નથી કે જેના હાથમાં હથિયાર નથી. હથિયાર વગરના એક જ ભગવાન બુદ્ધ છે. તેમના હાથમાં હથિયાર નથી. બાકીના દેવોના હાથમાં હથિયાર છે. કોઈના હાથમાં ધનુષ્ય છે, કોઈના હાથમાં ચક્ર છે, તો કોઈની પાસે ત્રીજું નેત્ર છે, જેનાથી તે શત્રુને ભસ્મ કરી શકે.

આ નારાયણકવચમાં મત્સ્યાવતારથી શરૂઆત કરી બીજા અવતારો આવે છે. તેમાં કપિલ મહામુનિ, દત્તાત્રેય ભગવાન, અને ભક્તશ્રેષ્ઠ નારદજીને પણ લાવ્યા છે. આ નારાયણકવચ ભયભીતોને સંભાળે છે. તેને વૈષ્ણવી વિદ્યા કહે છે. નારાયણકવચનો પાઠ કર્યા પછી માણસ ભયમુક્ત બને છે એમ કહ્યું છે. નારાયણકવચ અતિ સુંદર છે, રમણીય છે. તેમાં તંત્રમાર્ગની

છાયા જણાય છે. વાસ્તવમાં ભક્તિમાર્ગમાં તંત્રવિદ્યાને બહુ સ્થાન નથી, ભક્તિમાર્ગ અને તંત્રમાર્ગ ક્યારે એક થઇ ગયા એ ઐતિહાસિક સંશોધનનો વિષય છે. અહીં બન્નેએ હાથ મિલાવ્યાનું જણાય છે.

ત્યારબાદ દધીચિનું ચરિત્ર આવે છે. તેની વાર્તા તો બધાંને ખબર છે. તેમાં દધીચિની મહાનતા દેખાય છે. ઈંદ્ર અને દધીચિનો જે સંવાદ છે તે વિનોદપૂર્ણ છે. જેને સંસ્કૃત ભાષા આવડતી હોય તેણે તે વાંચવો જોઇએ. એક ઋષિ પાસે જવાનું અને તેનાં હાડકાં માગવાનાં ? આ કંઇ સામાન્ય વાત નથી. ઈંદ્ર તેમનાં હાડકા માગે છે અને દધીચિ તેને ઉત્તર આપે છે.

હતાશ થયેલો, ગુરુનું અપમાન કરીને ખલાસ થયેલો ઈંદ્ર કરે શું ? જાય ક્યાં ? છેવટે તે **ब्राह्मणास्तारयितुं समर्थाः** (બ્રાહ્મણો જ તારવાને માટે સમર્થ છે.) બ્રાહ્મણને ગમે તેટલી ગાળો આપો પરંતુ, છેવટે બ્રાહ્મણ પાસે જવું પડશે. બ્રાહ્મણ પણ સાચા અર્થનો, ખરો હોવો જોઇએ. નકલી બ્રાહ્મણ પાસે કોણ જાય ?

ઈંદ્ર દધીચિ પાસે ગયો અને તેમનાં હાડકાં માગ્યાં. દધીચિના હાડકાંમાંથી તેણે વજ્ર બનાવ્યું અને તેનાથી વૃત્રાસુરને માર્યો, એવું લખ્યું છે. દધીચિ હાડકાં આપે છે એ વાત જ દિવ્ય છે. એનો અર્થ એ છે કે સમાજનું રક્ષણ કરવા, તેને બચાવવા માટે બ્રાહ્મણોએ હાડકાંનું ખાતર આપવું પડે અને તે આપે તો સંસ્કૃતિ ઊભી રહે.

જ્યારે દૈવી સંપત્તિના લોકો ઉન્મત્ત થઇને ખતમ થઇ જાય છે, તેમની પાસેથી સત્તા ચાલી જાય છે અને વિત્ત પણ ચાલી જાય છે, ત્યારે તામસી લોકોના હાથમાં સત્તા અને વિત્ત આવી જાય છે. તેઓ સત્તા અને વિત્તના જોરે જગતને ત્રાહિ પોકારાવે છે. તે સમયે અલગ અલગ કામ કરીને, હાડકાનું ખાતર બનાવવું પડે છે અને દૈવી સંસ્કૃતિને સંભાળવી પડે છે. દધીચિ ઋષિએ શું કર્યું છે ? વાર્તારૂપે જોઇએ તો તેમનાં હાડાકાંમાથી ઈન્દ્રે વજ્ર બનાવ્યું અને વૃત્રાસુરને માર્યો. ઐતિહાસિક દૃષ્ટિથી અભ્યાસ કરીએ તો પોતાનાં હાડકાં દધીચિ આપે છે તેનો અર્થ એ છે કે હાડકાનું ખાતર કરીને તેમણે લોકોને ઊભા કર્યા કેમ કે સત્તા-સંપત્તિ આવ્યા બાદ, સાત્ત્વિક લોકો પણ તમોગુણી બની જાય છે, ક્ષુદ્ર બની જાય છે, ગુરુદ્રોહી બની જાય છે. પોતાના મગજમાં જે આવે તે જ તેઓ કરે છે. એવા લોકોને શાસન તો મળે છે. કેમ કે વિત્ત અને સત્તા બન્ને પ્રભાવી શક્તિ એકત્રિત થઇ જાય છે. ભારતીય રાજ્યશાસ્ત્રમાં વિત્ત અને રાજસત્તા કોઇ દિવસ એકત્રિત થતાં નથી. તેનું વિકેન્દ્રીકરણ (Decentralization) છે, બીજી કોઇ પણ રાજસત્તાનો સ્વીકાર કરો તો તેમાં બન્નેનું એકત્રીકરણ છે. આજે આપણે લોકશાહીનો પોકાર કરીએ છીએ પરંતુ, તેમાં પણ આ જ ડર છે. પાંચસો લોકોના હાથમાં સાઠ કરોડ લોકોને નમાવવાની સત્તા આવી જાય છે અને તેમના હાથમાં બધું વિત્ત આવી જાય છે. ત્યારબાદ સત્તા-સંપત્તિને જોરે તેઓ તે ટકાવવા માટે અસત્ કાર્યો કરતાં જાય છે. ગુરુ બદલાઇ જવાને પરિણામે રાજકીય અસ્થિરતા થાય છે. આપણા ગુરુ બદલાઇ ગયા છે તેથી જ આપણી સામે બે વાદો ઊભા છે. બન્ને વાદો ભયંકર તાંડવનૃત્ય કરે છે, કેમ કે બીજું કંઇ મળતું નથી. લોકો અભણ છે તે જ એનું પરિણામ છે.

साम्राज्यं वैराज्यं पारमेष्टयं राज्यं महाराज्यं.... આ મંત્રોચ્ચાર બ્રાહ્મણ જ્યારે મંત્ર-પુષ્પમાં

કરે છે ત્યારે લોકોને એવું લાગે છે કે બ્રાહ્મણ ભગવાનનું નામ લે છે, પરંતુ, તે રાજ્યશાસ્ત્ર (Politics) નું વર્ણન છે. સત્યનારાયણની પૂજામાં બ્રાહ્મણો જોરથી આ મંત્ર બોલે છે અને લોકો હાથમાં પુષ્પો લઇને ઊભા હોય છે, કેમજાણે તે ભગવાનનું નામ તેમને સીધું વૈકુંઠમાં લઇ જવાનું ન હોય ? રાજકીય વ્યવસ્થા કેટલા પ્રકારની છે, તેમાંથી કઇ કઇ સારી છે, તેનું ચિત્રણ બ્રાહ્મણો એ મંત્રોમાં કરે છે. આ વર્ણન વૈદિક વાઙ્મયમાં છે.

દસમા અધ્યાયમાં મરાઠીમાં જેને 'પવાડા' કહે છે તે પવાડા એટલે વીરશ્રી જાગૃત કરવાવાળા શ્લોકો છે. દ્રોણનો વધ થયા બાદ અશ્વત્થામાએ પણ તેવા પવાડા ગાયા છે. તે શ્લોક છે:

यदि समरमपास्य नास्ति मृत्योर्भयमिति युक्तमितोऽन्यतः प्रयातुम् ।
अथ मरणमवश्यमेव जन्तोः किमिति मुधा मलिनं यशः क्रियेत् ॥ (वेणीसंहार ३/६)

ભાગતા સૈનિકોને અશ્વત્થામા પૂછે છે 'તમે કયાં ભાગો છો ? તમે ભાગી જશો તો શું મૃત્યુથી બચી જશો ? મૃત્યુ તો આવશે જ. જો મૃત્યુ આવવાનું જ હોય તો પછી સારી રીતે, તેજસ્વિતાથી મૃત્યુને ભેટો. રણાંગણ છોડીને ભાગવાથી મૃત્યુ ન આવવાનું હોય તો ભાગવું યોગ્ય છે, પરંતુ, ઘરે ભાગી ગયા પછી પણ મૃત્યુ આવવાનું જ હોય તો રણસંગ્રામમાં શા માટે ન મરવું ?'

આવું વીરશ્રી જાગૃત કરવાવાળું લખાણ તમને મેકૉલેના લખાણમાં પણ વાંચવા મળશે, હોરેશીશ જ્યારે રોમ પર ચડી આવ્યો, તે વિષે એક કાવ્ય છે.-To every man upon the earth, death comes sooner or later; how can man die better ?.. For the ashes of his father and the temple of God... તમારે ઊભા રહેવું પડશે. આ પૃથ્વી પર હરેક મનુષ્યને વહેલું કે મોડું મૃત્યુ આવવાનું છે.

ભાગવતમાં છઠઠા સ્કંધના દસમાં અધ્યાયમાં ૩૦,૩૧, ૩૨ મા શ્લોકમાં વૃત્રાસુરે પવાડા ગાયા છે. એનો અર્થ એ છે કે તેણે લોકોને ઊભા કર્યા છે, તેમનામાં વીરશ્રી જાગૃત કરી છે. જો વજ્રથી જાદુઇ રીતે વૃત્રાસુર મરી ગયો એવું હોત તો આ પવાડા લખવાની જરૂર ન હતી. દધીચિના હાડકાંમાંથી અસ્ત્ર-શસ્ત્ર બનાવ્યાં છે. ઈંદ્ર દધીચિને કહે છે કે અમારા ગાંડપણને લીધે અમે બધું ગુમાવ્યું છે. હવે બધું ટકાવવું હોય તો તમારાં હાડકાં જોઇએ. બ્રાહ્મણ હાડકાં આપવા તૈયાર થાય છે તેથી જ તો બ્રાહ્મણ પૂજ્ય છે. જો તે જગા પર વાણિયો હોત તો કદાચ દસ હજાર રૂપિયા આપત પણ હાડકાં ન આપત. હાડકાં આપવા જેવી વાત વાણિયાના લોહીમાં જ નથી. તે વાત બ્રાહ્મણના લોહીમાં જ છે.

છઠઠા સ્કંધમાં છેલ્લે એક પુંસવન વ્રત કહે છે. સામાન્ય લોકો કુટુંબવાળા હોય છે. ભાગવતનો અધિકારી કોણ ? પારિવારિક, કૌટુંબિક માણસ જ તેનો અધિકારી છે. સંન્યાસીને માટે ભાગવત નથી. પારિવારિક માણસ ભાગવત સાંભળશે. તેને સૌભાગ્ય, સંપત્તિ, સંતતિ અને યશ બધું જોઇએ. આ બધું આપવાવાળું પુંસવન વ્રત બહુ સારી રીતે સમજાવ્યું છે. તેનો કર્મકાંડ પણ સમજાવ્યો છે. આ પુંસવન વ્રત કહીને આ છઠઠો સ્કંધ પૂરો કર્યો છે.

આપણે પણ ઋષિને છોડી દીધા છે તેથી આપણી આજે આવી સ્થિતિ થઇ છે. ઋષિને છોડયા

પછી આપણી કેવી સ્થિતિ થાય ? બૃહસ્પતિનું અપમાન કર્યા પછી જેવી ઈંદ્રની સ્થિતિ થઇ તેવી. આપણે ઋષિને છોડી દીધા તેથી આજે કોઇપણ માણસ અધ્યાત્મનો માર્ગ બતાવવા લાગ્યો. કેમ જાણે આપણી પાસે કોઇ પરંપરા જ ન હોય ! જેની પાસે કોઇ પરંપરા નથી તેને કોઇપણ માણસ બનાવી જાય છે. અધ્યાત્મ એક-બે મિનિટમાં સાધવાની વાત નથી. **आत्मनि अधि इति अध्यात्मम्**- અને તે **बहूनां जन्मनामन्ते** અનેક જન્મને અંતે સાધી શકાય તેવી વાત છે. આજે આપણને દસ મિનિટમાં સમાધિ લગાડવાવાળો જોઇએ છે. બધું તુરત (Instant) જોઇએ. ખાવાના પદાર્થો ઇડલી, ઢોકળા, ગુલાબજાંબુ, બધું તુરત (Instant) જોઇએ. તેવી રીતે તુરત (Instant) અધ્યાત્મની પાછળ લોકો લાગેલા છે. ઋષિને છોડી દીધા તેથી તુરત સમાધિ લગાડવાવાળાને ત્યાં ગીર્દી થાય છે. તેમાં એક ભાઇ કહે: 'હા, મને પ્રકાશ જોવા મળ્યો.' આ સાંભળીને બીજો કહે: 'હા મને પણ પ્રકાશ જોવા મળ્યો.' વાસ્તવમાં, કોઇને પ્રકાશ જોવા મળ્યો હોતો નથી, પરંતુ, બધા તેવું કહે છે. એનું કારણ પ્રત્યેકને લાગે કે હું રહી ગયો, તેથી કહે: 'મને પ્રકાશ દેખાયો.' કયાંથી આવ્યો પ્રકાશ ? પ્રકાશ તો છે જ. સૂર્યનો જ્યારે ઉદય થાય છે ત્યારે પ્રકાશ તો થાય જ છે.

ઈંદ્ર અને બૃહસ્પતિનો સંવાદ વાંચવા જેવો છે. સત્તા અને સંપત્તિ જ્યારે અયોગ્ય લોકોના હાથમાં ચાલી જાય છે, ક્ષુદ્ર લોકોના હાથમાં ચાલી જાય છે, ત્યારે તેઓ મસ્ત થઇ જાય છે, ઉન્મત બની જાય છે. 'અમને જ બુદ્ધિ છે. અમે જ સમજદાર છીએ. અમારા મગજમાં આવશે તેવું અમે કરીશું.' આવું બોલવાવાળા લોકોના હાથમાં જ્યારે સત્તા અને સંપત્તિ આવે છે ત્યારે મળેલી શક્તિનો દુર્વ્યય થાય છે. તેના લીધે જ વૃત્રાસુર ઊભો થાય છે. આ વૃત્રાસુરને મારવા માટે દધીચિની જરૂર પડે જ.

ઋષિઓએ મંદિરનું મહત્ત્વ સમજાવ્યું છે, પૂજા સમજાવી છે. મંદિર શા માટે જોઇએ ? શું ફંડફાળો ઊભો કરવો હતો ? ફેકટરીમાંથી પૈસા કાઢી લેવાના અને મંદિર બનાવવાનું ? કહે કે મંદિર આરસપહાણનું હોવું જોઇએ. શા માટે ? ભગવાને જ આરસપહાણ બનાવ્યો છે. મંદિરની આવશ્યકતા શું છે તેની ખબર નથી એવા લોકો મંદિર ઊભાં કરે છે. મુંબઇ જેવા શહેરમાં લોકો ફંડફાળો માગવા આવે છે. તેઓ કહે છે કે અમારા ગામમાં એક રામજીનું મંદિર બાંધવું છે. જે ભાઇ ફાળો માગવા આવ્યો હોય તેનો અને વેપારીનો સંબંધ હોય છે, તેથી વેપારી સો રૂપિયા કાઢીને આપે છે. ફાળો આપનાર વેપારીને મંદિર ઉપર પ્રેમ નથી, મંદિર કયાં બાંધવાનું છે, શા માટે બાંધવું છે તે પણ એને ખબર હોતી નથી, પરંતુ, તે પૈસા આપી દે છે. આવા પૈસા ભેગા થાય છે અને તેમાંથી મંદિર ઊભું થાય છે. ત્યારબાદ એ મંદિરની વ્યવસ્થા કેમ કરવી તે પ્રશ્ન ઊભો થાય છે, એનું કારણ આ મંદિર કોઇનું નથી. તેના માટે ટ્રસ્ટીઓ નીમવામાં આવે છે. આ ટ્રસ્ટીઓ કોઇ દિવસ મંદિરમાં પૂજા કરવા કે દર્શન કરવા જવાના નથી.

મંદિર શા માટે છે ? શું પૂજા કરવા માટે મંદિર છે ? ના, મંદિર પૂજા કરવા માટે નથી. પૂજામાં કાન્તાસક્તિ અથવા વાત્સલ્યાસક્તિથી ભગવાનને નમસ્કાર કરવાના હોય છે; અથવા તો પોતાના હાથે થયેલી ભૂલો અથવા પાપ ભગવાનની સામે કહેવાનાં હોય છે. આ ત્રણમાંથી કોઇપણ વાત માટે ભગવાન પાસે જવાનું હોય તો અને ચિત્ત એકાગ્ર કરવા ભગવાન પાસે બેસવાનું હોય

તો એકલા જ બેસવાનું હોય. પૂજા તો ઘરમાં એકલા બેસીને કરવાની હોય છે. તો પછી ઋષિએ મંદિર ઊભું શા માટે કર્યું ?

ગામમાં ભગવાનના બધા દીકરાઓ એક જ ગામમાં સૂઇ જાય છે. મૃત્યુ પછી પણ બધાં એક જ સ્થળે જાય છે. જાગૃત અવસ્થામાં બધાં જુદાં જુદાં હોય છે, એટલું જ નહિ, બધાંનું વિશ્વ પણ જુદું જુદું હોય છે. રેલ્વેના બીજા વર્ગમાં પ્રવાસ કરીએ ત્યારે જોવા જેવું હોય. એક ડબ્બામાં બેસીને બધા પૂના જતા હોય. તેમાંનો એક ભાઇ યુવાન છે, તેનું સગપણ થવાનું છે તેથી તે પૂના છોકરી જોવા માટે જતો હોય. તેની આંખની સામે શંકુતલા રમતી હોય! તેને છોકરી જોવી છે અને પસંદ કરવી છે. એનું વિશ્વ જુદું છે. તેની બાજુમાં બીજો એક ભાઇ બેઠો છે. તેની પત્ની પૂનામાં મરી ગઇ છે તેથી તે પૂના જઇ રહ્યો છે. તેની બાજુમાં બીજો એક ભાઇ બેઠો છે તેની નોકરી છૂટી ગઇ છે એટલે પૂનામાં નોકરી શોધવા જાય છે. ત્રીજો એક ભાઇ છે તે પણ પૂના જાય છે. તે બેંકમાં નોકરી કરે છે, તેને બઢતી મળી છે અને પૂનામાં બદલી થઇ છે તેથી તે પૂના જાય છે. આ બધા એકબીજાને અડીને પાસે બેઠા છે, પણ પ્રત્યેકનું વિશ્વ જુદું હોય છે.

જાગૃત અવસ્થામાં આપણા બધાંનું વિશ્વ જુદું હોય છે. એક દષ્ટિથી, એક વૃત્તિથી, બધા એક જ ભગવાનના દીકરા છીએ એવું સમજીને ભગવાનની પાસે બેસવાની જગા એટલે મંદિર, મંદિર એટલા માટે જ છે. આજે આવું મંદિર દેખાતું નથી. મંદિર છે પણ તેમાં છગનલાલ સવારના સાત વાગે ભગવાનને નમસ્કાર કરવા આવે છે અને ગૌરીશંકર સવાસાત વાગે આવે છે. બન્ને જણ દર્શન કરવા દરરોજ આવે છે, પણ તેમનો એકબીજા જોડે બિલકુલ સંબંધ જ નથી. તો પછી એને મંદિર કેમ કહેવાય ? ગામમાં કોઇ નાનો હોય, કોઇ મોટો હોય, કોઇ ગરીબ હોય, કોઇ શ્રીમંત હોય; કોઇ માલિક હોય, કોઇ મજૂર હોય; કોઇ ભણેલો હોય; કોઇ અભણ હોય, તેઓ બધા એક સાથે કયાં બેસે ? મંદિર હોય તો એક જ સમયે બધા સાથે બેસીને ભગવાનની આરતી ગાય. આ મંદિર પણ ફંડફાળો ભેગો કરીને બાંધેલું ન હોય. ગામના લોકોએ પોતાના પરસેવાથી અને પોતાના પૈસાથી ઊભું કરેલું હોવું જોઇએ.

સ્વાધ્યાયપરિવારે આવું મંદિર શરૂ કર્યું છે. જે ગામમાં સ્વાધ્યાયીઓ એક વર્ષ સુધી નિશ્ચિત કરેલા સમયે એક સ્થળે. એક જ સમયે ભેગા થઇ સાયંપ્રાર્થના કરતા હોય, સ્વાધ્યાય કરતા હોય, બધા પોતાની કમાણીમાંથી નિયમિત રીતે ભગવાનનો ભાગ કાઢતા હોય, તે ગામના સ્વાધ્યાયીઓ પોતે જ મંદિર બાંધે. સાથે બેસીને સ્વાધ્યાય કરતા હોવાથી તેમનામાં દૈવી સંબંધ નિર્માણ થયો હોય અને એકતા નિર્માણ થઇ હોય. ગામમાં કોઇના ખેતરમાં પાક ઓછો આવ્યો હોય, કોઇના ઘરમાં બિમારી આવી હોય, કોઇ આર્થિક રીતે નબળો હોય, તો તેમને ત્યાં ભગવાનના ભાગમાંથી ભગવાનની પ્રસાદી પહોંચાડવામાં આવે, જેથી તેમની ભૌતિક જરૂરિયાતો પૂરી થાય.

ગામમાં જે નબળો વર્ગ (weak section of society) હશે તેને ત્યાં પણ ભગવાની પ્રસાદી પહોંચી જાય. આવું જે મંદિર બને તેને અસલી મંદિર કહેવાય. આવું મંદિર ઋષિઓએ ઊભું કર્યું હતું. ઋષિ આપણા ગુરુ હતા. પણ હવે આપણા ગુરુ બદલાઇ ગયા. ખરી રીતે ઋષિઓએ કહ્યું છે તેવાં મંદિરો ઊભાં થવાં જોઇએ. આવાં મંદિરો ગામમાં ઊભાં થાય તો ગામ

લોકોને કોઇની પાસેથી માગવાની જરૂર જ ન પડે. સ્વાધ્યાયપરિવાર આવાં મંદિરો ગામેગામમાં કરી રહ્યો છે. તેમાં મજૂરીનો કોઇ ખર્ચ નથી થતો. કારણ, સ્વાધ્યાયમાં સુથાર, કડિયા, લુહાર, ખેડૂત, વેપારી, બધા જ આવે છે. તેમણે બધાએ પોતપોતાની આવડત, કુશળતા પ્રભુનું મંદિર બનાવવામાં વાપરી. તેનું નામ પણ સ્વાધ્યાયપરિવારે ‘કુટિરમંદિર’ આપ્યું છે. (હવે આપણે તેને અમૃતાલયમ્ કહીએ છીએ). ગામના પ્રત્યેક સ્વાધ્યાયીએ આ મંદિર ઊભું કરવા માટે પોતાનો પરસેવો પાડયો છે. સ્વાધ્યાયીઓ તેના પ્રાંગણમાં વેલ તૈયાર કરી, તે તેના છાપરા ઉપર ચડાવેછે. તેના લીધે મંદિર લીલુંછમ બની જાય છે. દૂરથી જોનારને પણ ખબર પડે કે જે ઝૂંપડું લીલુંછમ છે તે ભગવાનનું ઘર-મંદિર છે. આપણા બધાનાં ઘર સૂકાં પણ ભગવાનનું ઘર લીલુંછમ ! ‘અમે સુખી છીએ’ એવી સમજણથી ભગવાનનું ઘર લીલુંછમ બનાવ્યું છે.

કોઇને પ્રશ્ન થશે કે આ કુટિરમંદિરની વ્યવસ્થા કોણ સંભાળે છે ? તેનો સેક્રેટરી કોણ ? આ ગામમાં ભગવાન પ્રત્યેક વ્યક્તિના છે. તેથી તેઓ પોતેજ તેના પૂજારી છે. મંદિરનું સફાઇકામ વારાફરતી બધા જ કરે. તે માટે ગામવાળાઓએ દસ-દસ ઘરનું જૂથ બનાવ્યું છે. દર અઠવાડિયે જૂથ બદલાય પ્રત્યેક અઠવાડિયાનું જૂથ નક્કી. તે દસ ઘરના માણસો આખું અઠવાડિયું મંદિરનું સફાઇ કામ કરે. દરરોજ બે ભાઇઓ પૂજારી તરીકે ચોવીસે કલાક મંદિરમાં રહે. પૂજારી દરરોજ બદલાઇ જાય, એટલે પ્રત્યેક માણસનો વરસમાં એકાદ વખત વારો આવે. ફક્ત આપણે મનુષ્યશક્તિ ઊભી કરતા નથી તેથી આપણી સામે કોયડાઓ મોઢું ફાડીને ઊભા રહે છે. મનુષ્યશક્તિ ઊભી કર્યા પછી કોઇ પ્રશ્નજ રહેતો નથી. બધા પ્રશ્નો હલ થઇ જાય છે. શુભ કામનાથી અને શુભ ઇચ્છાથી આવું મંદિર ઊભું કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. તે સારું મંદિર થાય કે ન થાય તે ભગવાનના હાથમાં છે. તે આપણા હાથમાં નથી. ભગવાને ગીતામાં કહ્યું છે: **कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन** માણસનો અધિકાર કર્મ કરવા પૂરતોજ છે, ફળનો કદી નથી, આવું સમજીનેજ સ્વાધ્યાયીઓએ આવું મંદિર ઊભું કર્યું છે.

આ મંદિરમાં એક વર્ષ પૂરું થયા બાદ ગામનો પ્રત્યેક માણસ, તે ગરીબ હોય કે શ્રીમંત, પોતાની કમાણીનો ભાગ ભગવાનની સામે રાખશે. ગામના એંસી ટકા લોકો સ્વાધ્યાયી હોય તેવા ગામમાં જ આવાં કુટિરમંદિરો નિર્માણ થાય છે. મંદિરમાં ભગવાનનો જે ભોગ ભેગો થયો હશે તેમાંથી નબળાને ત્યાં, જરૂરિયાતવાળાને ત્યાં તે પ્રસાદીરૂપે પહોંચાડાય છે. આવી કલ્પનાથી અનેક ગામોમાં આવાં કુટિરમંદિર ઊભાં થાય છે. આ કુટિરમંદિર છે એટલે ઝૂંપડી જ છે. જેથી પાંચ વર્ષ બાદ લોકો ફરીથી નવું બનાવી લેશે. ભગવાનને નવું નવું ઘર રહેવા મળશે. એક વખત મંદિર બાંધ્યું એટલે સો વર્ષ ચાલે, તેમાં રહેવાને ભગવાનને આનંદ નથી.

કેટલાક લોકોએ પૂછયું: **દાદા,** આ મંદિર કેટલો સમય ટકશે ?’

મેં કહ્યું: આ જગતમાં શું ટકે છે ? તું ટકવાનો નથી અને હું પણ ટકવાનો નથી. તો પછી ટકવાવાળું મંદિર બનાવવાની જરૂર શી છે ? પાંચ વર્ષ પછી ખબર પડશે કે ગામની એકતા છે કે નહિ. જો એકતા હશે તો તેઓ ફરી બાંધશે. આત્મિક દૃષ્ટિથી, ભગવાનના પ્રેમતંતુથી બાંધેલા આપણે તેના લાડકા દીકરા છીએ તેવી ભાવનાથી એકતા થશે.

સમાજમાં ત્રણ પ્રકારના લોકો હોય. એક હું છું. કેટલાક બુદ્ધિથી, વિત્તથી કે શક્તિથી મારા કરતાં વધારે શ્રીમંત હશે. કેટલાક મારા જેવી જ સ્થિતિના હશે અને કેટલાક મારાથી નાના હશે. જેઓ મારા કરતાં શ્રેષ્ઠ હશે તેમના પ્રત્યે **अद्वेष्टा** રહીશ. તે મારો ભાઈ છે, કારણ, અમે સાથે બેસીને આરતી કરીએ છીએ. નહિ તો, મારાથી મોટો હોય તેના માટે દ્વેષ નિર્માણ થાય છે. જે પોતાના જેવો જ હોય તેના માટે માણસ લાપરવાહ થઈ જાય છે. તેના માટે **मैत्रः**- મિત્રની ભૂમિકા આવશે. તેવી જ રીતે પોતાનાથી જે નાના હોય તેમના માટે તિરસ્કાર ઊભો થાય છે. કુટિરમંદિરમાં સાથે બેસવાને લીધે-એક ભગવાનના દીકરા તરીકે **करुणः** થવાશે, **अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च**-આવી સ્થિતિ સમાજમાં લાવવાનો આ પ્રયત્ન છે.

પાપ અને પ્રાયશ્ચિત, નારાયણના નામસ્મરણનો મહિમા, જીવનમાં ગુરૂનું મહત્ત્વ, પુંસવન વ્રત વગેરે સમજાવીને છઠ્ઠો સ્કંધ પૂરો થાય છે.

।सप्तमः स्कंधः।

નારાયણપર ગ્રંથ -શ્રીમદ્ ભાગવતની આપણે અભ્યાસી દૃષ્ટિથી સમાલોચના કરીએ છીએ. સાતમો સ્કંધ નાનો છે પણ તેમાં અર્થ બહુ મોટો છે. સાતમા સ્કંધનું નામ ઉચ્ચારતાંની સાથે જ પહેલી કોઇ વ્યક્તિ ધ્યાનમાં આવતી હોય તો તે પ્રહ્લાદ. પ્રહ્લાદ આખ્યાનમાં તેની એક સ્વૈર વાર્તા કહીને પછી સાતમા સ્કંધની સમાલોચના કરીશું. આ સ્કંધમાં તે જ મહત્ત્વની વાત છે. ત્યાર પછી પ્રહ્લાદે આપેલો ઉપદેશ પણ છે.

પ્રહ્લાદની વાર્તાની તો બધાંને ખબર છે, પરંતુ હું તેની સ્વૈરવાર્તા કહું છું. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્ને ભાઇ હતા. તેમાં હિરણ્યાક્ષને વરાહઅવતારે માર્યો. હિરણ્યાક્ષ મર્યા પછી, તેનો ભાઇ હિરણ્યકશિપુ વેદાંતી બનીને કંઇક ઉપદેશ આપે છે. તે બધું આપણે જોઇશું,

હિરણ્યાક્ષ એટલે જેની આંખે કેવળ સોનું જ દેખાય તે. જ્યારે જ્યારે સમાજ કેવળ ફાયદો અને સોનું-એટલે કે અર્થનો જ વિચાર કરતો થાય છે ત્યારે તે ભોગવાદી બની જાય છે. તે સમાજના લોકો દિવસમાં બે-ચાર વખત મંદિરમાં પણ જતા હશે, કંઇક કથા-વાર્તા પણ સાંભળતા હશે, પરંતુ, તેમનું જીવન માત્ર ફાયદાને માટે જ, અર્થપ્રાપ્તિને માટે જ હોય છે. કોઇપણ પગલું ભરતી વખતે માણસ એક જ વિચાર કરે કે એનાથી મને શું મળશે, મને શો ફાયદો થશે ? માણસ જ્યારે આવો ફાયદાવાદી બને છે ત્યારે જીવનની પૂર્ણતા (Integration) થતી નથી. સમાજ જ્યારે આવો બની જાય છે ત્યારે તેના વિષે ભગવાનને પણ વિચારવું પડે છે. કેટલાક લોકોના મગજમાં 'ફાયદો' ઘર કરી ગયો હોય છે. તેમને કોઇ પણ વાત કહો તો 'ફાયદો' શું ? એમ જ પૂછે. તેમને સ્વાધ્યાયમાં આવવાનું કહો તો તરત પૂછે કે સ્વાધ્યાય કરીને શું મળે? સ્વાધ્યાયમાટે અમે એક કલાક આપીએ તો ખરા પણ તેનાથી અમને ફાયદો શો ?

જીવનમાં એકાદ કામ તો એવું કરવું જોઇએ કે તેમાંથી મને શું મળશે એનો વિચાર પણ ન કર્યો હોય, તેને જીવનવિકાસ કહેવાય. ભગવાનને કંઇ મોકલવું હોય તો ભલે મોકલે, પણ મેં તેના વિષે વિચાર પણ કર્યો નથી. પરંતુ, આપણે એક પણ કામ એવું કરતાં નથી, એ એક વિચાર કરવા જેવી વાત છે. જ્યારે માણસનો જન્મદિવસ આવે ત્યારે તેણે વિચાર કરવો જોઇએ કે ગયા વર્ષે મેં એક પણ કામ એવું કર્યું કે જેમાંથી મને શું મળશે તેનો વિચાર પણ કર્યો નહિ હોય ? ફાયદાનો વિચાર કર્યા વગર કામ કરવાનું, એટલું જ નહિ, તે કામ તેટલી જ નિષ્ઠાથી અને તેટલા જ ઉત્સાહથી કરવાનું, જેટલી નિષ્ઠા અને જેટલા ઉત્સાહથી આપણે સ્વાર્થનાં કામો કરીએ છીએ. એકાદ વખત 'ફીટ' માં આવી જઇને માણસ નિરપેક્ષ, નિ:સ્વાર્થ ભાવે કામ કરે પણ ખરો. તે ન ચાલે. આવું એકાદ નિ:સ્વાર્થ કામ સતત થતું રહેવું જોઇએ.

લોકો જ્યારે ફાયદાવાદી બને છે ત્યારે કેવળ ભૌતિક ફાયદો જ જુએ છે. આત્મશુદ્ધિ, આત્મશાંતિ, આત્મતૃપ્તિ, ઈશભક્તિ-આ બધી વાતો તેમની દૃષ્ટિથી ફાયદામાં આવતી જ નથી. ભૌતિક વસ્તુની પ્રાપ્તિને જ તેઓ ફાયદો માને છે. હિરણ્યાક્ષે આખા સમાજને આવો ફાયદાવાદી બનાવ્યો હતો.

આપણાં પુરાણો વાંચવા માટે પણ કંઇક દૃષ્ટિ હોવી જોઇએ. મને એક સંશોધકે પૂછયું હતું કે, તમે કેટલા દિવસ સુધી આ સોનાની લંકા અને સોનાની દ્વારકા વાંચ્યા કરશો ? શું લંકા સોનાની હતી? શું લંકામાં જે મકાનો હતાં તેમની દીવાલો હતી, તેમાં જે ઈંટો હતી તે બધું શું સોનાનું હતું ? સોનાની લંકા હતી એવું ગાંડપણ કેટલા દિવસ સુધી ચલાવશો ?'

મેં તેને કહ્યું. 'પુરાણ સમજવા માટે તમારે કદાચ બીજો જન્મ લેવો પડશે. આ જન્મમાં તે તમારાથી શક્ય નહિ થાય. સોનાની લંકાનો અર્થ એ છે કે લંકામાંની પ્રત્યેક વ્યક્તિને કેવળ સોનું જ દેખાતું હતું. સોનું એટલે પૈસા. આવો જે સમાજ છે કે જે સોના-પૈસા સિવાય બીજો વિચાર જ કરતો નથી, તે જે શહેરમાં રહે છે તે શહેર સોનાનું જ કહેવાય. પાંચસો કે હજાર વર્ષ બાદ કોઇ દાર્શનિક, લાક્ષણિક દૃષ્ટિથી ઇતિહાસ લખશે તો એમ જ લખશે કે મુંબઇ શહેર સોનાનું હતું. એનું કારણ મુંબઇમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ-ભિખારીથી માંડી અબજપતિ સુધી-ની નજર એક જ સરખી છે કે પૈસા કેટલા મળશે-સોનું કેટલું મળશે ? તેઓ શાળા શરૂ કરશે તો

તે પણ શાળા આત્મનિર્ભર -Self supporting બનશે કે નહિ, તે પ્રથમ જોશે. તે શાળામાં જ્ઞાન મળશે કે નહિ, તેનો વિચાર તેઓ નહિ કરે. શાળા માટે આટલા રૂપિયા ખર્ચીશું તો તેમાંથી શું નીકળશે ? અરે, એકાદ માણસમાં એક સદ્‌ગુણ કેળવાશે તો તે શું ફાયદો નથી ? ના, તેમની દૃષ્ટિથી એ ફાયદો નથી. તેઓ મંદિર બાંધશે તો પણ પૈસાનો જ વિચાર કરશે. ભાગવતની સપ્તાહ, કથા બેસાડશે તો પણ તેમાંથી સોનું-પૈસા કેટલા મળશે તે જ વિચાર કરશે. તેમની દૃષ્ટિથી ભગવાન પણ પૈસા મેળવવાનું એક સાધન છે. યજ્ઞ કરાવવાવાળો બ્રાહ્મણ હશે કે કથા વાંચવાવાળો બ્રાહ્મણ હશે અથવા વિક્ટોરીયા-ઘોડાઘાડી ચલાવવાવાળો હશે, બધાંના મગજમાં એક જ વિચાર, કે કામ કર્યા પછી પૈસા કેટલા મળશે ? એટલું જ નહિ, પૈસા મળશે તો જ તેઓ કામ કરશે. પૈસા ન મળે તો તેઓ કામ નહિ કરે. ત્યાંસુધી ફલાણું કામ કરવું જોઈએ, આવું થવું જોઈએ, એવું બોલ્યા કરે, પણ તે કામ કરે કોણ ? મૂળ વાત એ છે કે જ્યારે રાજસત્તા એવી ફાયદાવાદી દૃષ્ટીની બની જાય છે ત્યારે આખો સમાજ પણ તેવો જ થઈ જાય છે. આવું દર્શન હિરણ્યાક્ષે કરાવ્યું છે.

સમાજ નેતૃત્વ નિર્માણ કરે છે કે નેતા સમાજ ને ઘડે છે ? નેતૃત્વથી સમાજ બને છે કે સમાજમાંથી નેતૃત્વ પેદા થાય છે ? આ એક પ્રશ્ન છે. આ બાબતમાં સામ્યવાદીઓની એક ભ્રાંત વિચારધારા છે અને છતાં વિશ્વમાં બધાએ તે માન્ય કરી છે. તેમનું કહેવું છે કે જેવા લોકો હશે તેવો તેમનો નેતા હશે. લોકો બદમાશ હશે તો નેતા પણ બદમાશ થશે, પરંતુ, 'જેવા લોકો તેવો નેતા' આ શાસ્ત્રીય પરિભાષા નથી. જેવો નેતા હશે તેવા જ લોકો થઈ જશે, તેથી જ વેદવ્યાસે લખ્યું છે... **राजा कालस्य कारणम्।**

કાળ તેવો હતો તેથી રાજા તેવો થયો-આ ન ચાલે. રાજા તેવો હતો તેથી કાળ તેવો બન્યો, આ એક શાસ્ત્રીય સિદ્ધાંત છે. કોઈને સારું લાગે કે ન લાગે, એ શાસ્ત્ર જોતું નથી. કોઈનો ગમો-અણગમો શાસ્ત્ર જોવા લાગે તો તે શાસ્ત્ર જ રહે નહિ. કોઈને શું લાગે તે શાસ્ત્ર જોતું નથી. જે હકીકત હોય તે જ શાસ્ત્ર કહી દે.

રાજા-નેતા જેવો હોય તેવો સમાજ થઈ જાય છે. હિરણ્યાક્ષ જેવો હતો તેવો સમાજ બની ગયો. હિરણ્યાક્ષના સમયમાં બધા ભૌતિકવાદી બની ગયા હતા. ત્યારબાદ હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્‌લાદનો જન્મ થયો.

હિરણ્યકશિપુ પણ માનતો હતો કે શિક્ષણની જરૂર છે. આપણને એમ લાગે છે કે શિક્ષણની જરૂર છે એવું કહેનારા લોકો સાત્ત્વિક છે, પરંતુ શાળા શિક્ષણ, કોલેજ અને સાત્ત્વિકતા-એનો સંબંધ હશે જ એવું માનવાને કંઈ કારણ નથી. શિક્ષણ અને સાત્ત્વિકતાનો સંબંધ નહિ પણ હોય. અસુર, રાક્ષસ, દૈત્ય, ગંધર્વ, યક્ષ અને માનવ-બધા શિક્ષણની આવશ્યકતા માન્ય કરે જ છે. આવી રીતે હિરણ્યકશિપુએ પણ પ્રહ્‌લાદને ભણાવવાની વ્યવસ્થા કરી. દરેક શાસ્ત્ર જેમ કે, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર, શસ્ત્રાસ્ત્રવિદ્યા, અશ્વવિદ્યા, રાજવિદ્યા આ બધા વિષયો માટે બે જોડિયા આચાર્ય નીમ્યા હતા. તેમનું નામ શુંડામર્ક-તેમની બન્નેની સંયુક્ત જવાબદારી હતી. તેમના હાથમાં એક નિવાસગૃહવાળી કૉલેજ હતી. આ વિદ્યાલયમાં બધું શિક્ષણ સારી રીતે અપાતું હતું. તેઓ અર્થશાસ્ત્ર ભણાવતા હતા. અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને કોઈ સંબંધ નથી-There is no relation between economics and ethics એવું તે શીખવતા હતા. તેઓ કહેતા કે અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્ર જ રહે. તેનો નીતિ જોડે શો સંબંધ ? નીતિ (Ethics) નો સંબંધ મંદિર સાથે છે. પ્રહ્‌લાદની સાથે બીજા વિદ્યાર્થીઓ પણ ભણતા હતા. હિરણ્યકશિપુને પ્રહ્‌લાદને પોતાના જેવો બનાવવો હતો. દરેક બાપને પુત્રને પોતાના જેવો બનાવવાની ઇચ્છા હોય છે. તેથી જ તેણે પ્રહ્‌લાદને ભણાવવાની ખાસ વ્યવસ્થા કરી હતી. તેને ભણાવવા માટે ફર્સ્ટક્લાસ પંડિતો હતા. બધા વિદ્યાર્થીઓ રાત્રે પણ ત્યાં જ રહેતા હતા.

જ્યારે તેઓ બધા રાત્રે ભેગા મળે ત્યારે પ્રહ્‌લાદ આકાશ તરફ જોઇને પૂછતો કે આ પૃથ્વીનો ગોળો કોણે પકડી રાખ્યો હશે ? આપણા બધાનું જીવન કોણ ચલાવે છે ? આનું શિક્ષણ આપણને આ વિદ્યાલયમાં કેમ મળતું નથી? આવા અનેક પ્રશ્ન પ્રહ્‌લાદ બીજા વિદ્યાર્થીઓને પૂછતો હતો. પ્રહ્‌લાદ શિક્ષક ન હતો. બધા વિદ્યાર્થીઓનો તે સહવિદ્યાર્થી હતો. તેને અન્ય વિદ્યાર્થીઓને તૈયાર કરવા હતા.

પ્રહ્‌લાદ પૂછતો હતો કે, 'આપણને કોણ સુવાડે છે ? કોણ સવારના પ્રહરે ઉઠાડે છે ? ખાધેલું અન્ન કોણ પચાવે છે ? આપણું જીવન કોણ ચલાવે છે ? આવી વાતો આ વિદ્યાલયમાં કેમ ભણાવતા નથી ?'

આ વાતો સાંભળ્યા પછી દિવસે વિદ્યાર્થીઓ શિક્ષકોને, પ્રોફેસરોને આ પ્રશ્નો પૂછવા લાગ્યા. આ શબ્દો આધુનિક છે પરંતુ, વાર્તા જૂની છે. એવું નહિ સમજતા કે હું તમને વાર્તા કહું છું.

વિદ્યાર્થીઓ જ્યારે આવા પ્રશ્નો પૂછતા હતા ત્યારે શિક્ષકો જવાબ આપતા હતા કે આ બધું આપણા અભ્યાસક્રમમાં નથી માટે બેસી જાઓ. અમને અભ્યાસક્રમની બહારનું ભણાવવા માટે પૈસા નથી અપાતા. 'બેસી જાઓ' કહ્યા પછી જુવાન લોહીના છોકરાઓએ નક્કી કર્યું કે આ જ વાત બધા વર્ગોમાં પૂછવી, કારણ અમને બધું ભણાવવામાં આવે છે તો જીવનવિષયક પ્રશ્નો કેમ ભણાવવામાં નથી આવતા ? છોકરાઓ વારંવાર આવા પ્રશ્નો પૂછવા લાગ્યા ત્યારે શિક્ષકોએ જવાબ આપ્યો: 'આવા ગાંડા પ્રશ્નો પૂછવા ન જોઇએ. જીવન કોણ ચલાવે છે તે પૂછવાની જરૂર શી છે ? ગમે તે જીવન ચલાવતું હશે. તમે ખાવ છો, પીઓ છો, ખાધેલું પચે છે. પછી આવું નકામું વિચારવાની જરૂર નથી. આવા નકામા પ્રશ્નોનો જવાબ આપવા અમારી પાસે સમય નથી. આવું નકામું શિક્ષણ તમને અહીં નહિ મળે.' વિદ્યાર્થીઓએ કહ્યું: 'નહિ કેમ મળે ? અમને આ વિષયનું શિક્ષણ મળવું જ જોઇએ.' જ્યારે કોઇ વાતની ના પાડવામાં આવે ત્યારે તે મેળવવા માટેનું જોશ પણ વધી જાય છે, તેથી જ લોકશાહીમાં નેતાઓ ફલાણી વસ્તુ નહિ મળે એમ બોલતા જ નથી. 'જોઇશું' એમ બોલે છે. પછી તેઓ કહે છે કે, 'અમે કમિટી નીમી છે. તેઓ તપાસ કરીને અને વિચાર કરીને પૂરો રિપોર્ટ આપશે. પછી જોઇશું.' લોકોનો જોશ ઓછું કરવાની આ એક યુક્તિ છે.

આચાર્યોએ વિદ્યાર્થીઓને કહી દીધું કે અમે રાજસત્તાના નોકર છીએ. તમે કહો છો તે ભણાવવાનો રાજસત્તાનો આદેશ નથી. ઊલટું તેવું નકામું ભણાવવાની મનાઇ છે. અમે તમને તે શિક્ષણ નહિ આપીએ.

વિદ્યાર્થીઓ તેમની વાત માનવા તૈયાર નહોતા. વિદ્યાર્થીઓએ જ્યારે શુંડામર્કનું સાંભળ્યું નહિ ત્યારે તેઓ રાજા હિરણ્યકશિપુ પાસે ફરિયાદ કરવા ગયા. તેમણે હિરણ્યકશિપુને કહ્યું: 'રાજપુત્ર પ્રહ્‌લાદ શિક્ષણક્ષેત્રમાં અરાજક્તા પેદા કરે છે તેથી રાજપુત્રને સજા થવી જોઇએ.'

હિરણ્યકશિપુને જીવનવિષયક કે ભગવાન વિષયક શિક્ષણ આપવું જ ન હતું. એનું કારણ ભગવાનને યાદ કરવા કે તેના વિષે વિચારવું એ તેને ગાંડપણ લાગતું હતું. એટલું જ નહિ, તેમાં એક ગુલામી વૃત્તિ છે એમ તેને લાગતું હતું. આપણે ભોગોના ગુલામ બનીએ છીએ પરંતુ, ભગવાનના ગુલામ બનવામાં આપણને ખૂબ વ્યથા થાય છે. ગુલામ તો અમે છીએ જ.

શુંડાકર્મની વાત સાંભળીને હિરણ્યકશિપુએ રાજપુત્ર પ્રહ્‌લાદને બોલાવ્યો અને તેને પ્રેમથી પાસે બેસાડયો. કહ્યું: 'બેટા ! તું નારાયણ, નારાયણ શું કરી રહ્યો છે ? છોડી દે એ ગાંડપણ. તેં નારાયણને જોયો છે ? નારાયણને શું કરવો છે ? તેની જીવનમાં શી જરૂર છે ? તારા જેવાને આવી લાચારી, ક્ષુદ્રતા શોભતી નથી. તું તો રાજપુત્ર છે. તું સિંહનો બેટો છે. અદ્દશ્ય શક્તિના ગુલામ બનવું એ તને શોભે ?

त्रयो वेदस्य कर्तारः धूर्तभाण्डनिशाचरः-

ઠગ, ભાંડ અને ચોર, આ ત્રણ વેદના કર્તા છે, એની તને ખબર છે! આ બધી બ્રાહ્મણોએ પોતાની આજીવિકા ચલાવવા માટે શોધી કાઢેલી યુક્તિઓ છે. તેમની જાળમાં તું ફસાતો નહિ. કોઇ શક્તિ હોય તો અદ્દશ્ય કેમ હોય ? તે દ્દશ્ય હોવી જોઇએ. જે દેખાતો નથી એવા ભગવાનને માનવાની કોઇ જરૂર નથી. જૂઠી વાતોની જિદ્દ કરીને તું વિદ્યાલયમાં અરાજકતા પેદા કરે એ શું સારું કહેવાય ?'

પ્રહ્‌લાદે કહ્યું: 'પિતાજી ! આ અરાજકતા પેદા કરવાનો પ્રશ્ન નથી. શિક્ષણ આપવાને માટે તમે વિદ્યાલય ખોલ્યું છે. હું તો તેના વિષે જ આચાર્ય શુંડામર્કને પૂછું છું. આપણે જગતમાં આવ્યા કેવી રીતે ? આવ્યા શા માટે? ચાલીએ છીએ કેવી રીતે ? જીવન કોણ ચલાવે છે ? આ એક બૌદ્ધિક જિજ્ઞાસા છે. બૌદ્ધિક જિજ્ઞાસા વધવી જોઇએ કે નહિ ? આવી બૌદ્ધિક જિજ્ઞાસાનો જવાબ વિદ્યાલયમાં મળતો ન હોય તો પછી વિદ્યાલયની જરૂર શી છે ?'

આ સાંભળીને હિરણ્યકશિપુ અત્યંત ગુસ્સે થયો. તેણે કહ્યું: 'એક વાત હું તને કહું છું કે તું મૂર્ખ છે. તારું કલ્યાણ શામાં છે એ મને ખબર છે, તને નહિ. છોડી દે આ અરાજકતાનો વિચાર. તું રાજાનો છોકરો છે, સિંહનો બચ્ચો છે, તો તારે તેવા જ રહેવું જોઇએ.'

પ્રહ્‌લાદે કહ્યું: 'પિતાજી ! હું તમારું સાંભળતો નથી તો તમે કેટલા ગુસ્સે થાઓ છો ? મને એમ લાગે છે કે આ સૃષ્ટિ બનાવવાવાળા જે મોટા પિતા છે, તેમનું જો હું નહિ સાંભળું તો તેઓ મારા પર કેટલા ગુસ્સે થતા હશે? હું તમને બુદ્ધિથી આ પ્રશ્ન પૂછું છું. તમારે મારા પ્રશ્નનો જવાબ આપવો જોઇએ. તમે મને વિદ્યાલયમાં એટલા માટે મોકલ્યો કે બુદ્ધિથી કંઇ પ્રશ્નો પૂછવાની યોગ્યતા મારામાં આવે. જો મારી બૌદ્ધિક જિજ્ઞાસા તૃપ્ત નહિ થાય તો પછી વિદ્યાલયને કંઇ અર્થ જ નથી.'

આ વાત સાંભળીને બાજુમાં બેઠેલા પ્રધાનમંડળમાંથી કોઇએ કહ્યું: 'રાજકુમાર ! તારા પિતાને તારા પર કેટલો પ્રેમ છે ? તે તને પ્રેમથી કહે છે તે તારે સાંભળવું જોઇએ. તારે પણ તેમના પર પ્રેમ કરવો જોઇએ. આ રાજપાટ, બધું તારા હાથમાં સોંપીને જ તે મરી જશે.' ઉપર જશે એવું તે કહેતા નથી. કારણ 'ઉપર', 'ભગવાન', 'પુનર્જન્મ' આ બધા શબ્દો તેમની ભાષામાં છે જ નહિ.

પ્રહ્‌લાદે તેમને હાથ જોડીને વિનંતી કરી, 'હું પણ પિતાજી ઉપરના પ્રેમથી જ બોલું છું. મને એમ લાગે છે કે પિતાજી ભગવાનને શો જવાબ આપશે? તેમની ત્યાં કેવી સ્થિતિ થશે ? મારો પિતાજી ઉપર પ્રેમ છે તે એક વાત અને મારી બૌદ્ધિક જિજ્ઞાસા છે આ બીજી વાત. હું આ દૃષ્ટિથી તમને પૂછું છું. 'મને જગતમાં કોણે મોકલ્યો ? ઊંઘ કેમ આવે છે ? મને ઉઠાડે છે કોણ? જીવન કેવી રીતે ચાલે છે ? લોહી શરીરમાં કેવી રીતે બને છે ?' તેનો જવાબ મને મળવો જોઇએ. મારી બૌદ્ધિક જિજ્ઞાસા તૃપ્ત થવી જોઇએ.'

પ્રહ્‌લાદ માનતો નથી આ જોઇને હિરણ્યકશિપુ અત્યંત ગુસ્સે થઇ ગયો. ઇશ્વરવિરોધી તત્ત્વ તેણે સ્વીકાર્યું હતું. આ તત્ત્વ સ્વીકારનાર વ્યક્તિ એટલી જિદ્દી અને કડક થઇ જાય છે કે તેની વચ્ચે કોઇ પણ આવે તો તે સહન કરી શકતી નથી. હિરણ્યકશિપુએ પ્રધાનમંડળને કહ્યું: 'આ રાજ્યના બંધારણની વિરુદ્ધ બોલે છે. તે હું ચલાવી લઇશ નહિ. મારા રાજ્યમાં આવી ગુલામી વૃત્તિ, લાચારી હું સહન નહિ કરું. મારા રાજ્યમાં આકાશમાં કોઇ ભગવાન છે એવી લાચારી ન જોઇએ. તેને ખતમ કરો. મારો પુત્ર હોય તો શું થયું ? તે મારા સિંહાસન સામે ખતરો ઊભો કરશે.' આમ કહી હિરણ્યકશિપુ ચાલ્યો ગયો.

ત્યારબાદ પ્રધાનમંડળની એક મિટિંગ થઇ. તેમાં બુદ્ધિશાળી રાજ્યકર્તાઓ હતા. તેમણે બધાએ નક્કી કર્યું અને રાજા પાસે ગયા. તેમણે હિરણ્યકશિપુને કહ્યું: 'મહારાજ ! પ્રહ્‌લાદને આવી રીતે મારવો યોગ્ય નથી. તે ફક્ત તમારો પુત્ર નથી. તેની લોકચાહના ઘણી વધી ગઇ છે. લોકો તેને દિલથી ચાહે છે. તે હજારો નવજુવાનોનો નેતા છે. તેને આમ ખુલ્લંખુલ્લી રીતે મારીશું તો તે ઘટના સિંહાસનને હચમચાવી નાખશે.

હિરણ્યકશિપુએ પૂછયું: 'તો શું કરીશું ? તેને સજા તો થવી જ જોઇએ.'

પ્રધાનમંડળે કહ્યું: 'તેને ગુપ્ત રીતે મારી નાખવો જોઇએ'. બધા રાજનીતિજ્ઞો વિરોધીઓને ગુપ્ત રીતે મારી નાખે છે. જે વચ્ચે આવ્યો તેને ઉડાવી દેવાની તેમની ચાલ હોય છે. તેને કોણે માર્યો તે ખબર ન પડવી જોઇએ. તેને માર્યા પછી આ જ રાજનીતિજ્ઞો તેની પાછળ આંસુ સારીને અફસોસ પણ વ્યક્ત કરે છે. પ્રધાંનમંડળની સલાહ બિલકુલ સાચી હતી. એનું કારણ આ રાજનીતિજ્ઞ લોકો આધ્યાત્મિક તો હોતા જ નથી. તેમને આધ્યાત્મિક થવું પણ હોતું નથી. તેઓ આધ્યાત્મિકતાનો બુરખો જરૂર પહેરે છે. લોકોને મંદિર જોઇતું હોય તો તેઓ મંદિર પણ બંધાવે છે. લોકોને ખુશ રાખવા તેઓ બધું જ કરે છે. યજ્ઞ પણ કરે અને મંદિરમાં દર્શન કરવા પણ જાય. પરંતુ તેમના અંતઃકરણમાં ધર્મ કે ભગવાન પ્રત્યે ઉમળકો હોતો નથી.

આખરે પ્રહ્‌લાદને ગુપ્ત રીતે મારી નાખવાની આજ્ઞા અપાઇ ગઇ. તેમણે પ્રહ્‌લાદની નબળાઇ

શોધી કાઢી. પ્રહ્‌લાદને બ્રાહ્મણ ઉપર પ્રેમ પણ હતો, અને આદર તથા વિશ્વાસ પણ હતા. બ્રાહ્મણને તે ભૂદેવ સમજતો હતો. તેમણે એક ગરીબ પણ લાલચુ બ્રાહ્મણને શોધી કાઢયો.

મંત્રીએ તેને કહ્યું: 'મહારાજ ! આ દસ હજાર રૂપિયા લે, તારું દળદર ફીટી જશે.'

બ્રાહ્મણે પૂછયું: 'પણ મારે શું કરવાનું છે ?'

મંત્રી મહાશયે કહ્યું: 'તારે રાજપુત્રને ઝેર આપીને મારી નાખવાનો છે.'

બ્રાહ્મણ ગભરાઇ ગયો. તેણે કહ્યું: 'તમારી બધી વાત ખરી, પરંતુ, હું રાજપુત્રને ઝેર આપું તો રાજસત્તા મને ફાંસીએ ચડાવશે. મને રૂપિયા નથી જોઇતા. મારે જીવતા રહેવું છે. મારે રૂપિયા શું કરવા છે ?'

મંત્રીએ કહ્યું: 'અરે, તું ગભરા નહિ. તારો વાળ પણ વાંકો થશે નહિ. આ કામ તને રાજસત્તા જ સોંપે છે અને તેથી જ આ કામ કરવા માટે રાજસત્તા તને ઇનામ આપે છે. તને કોઇ અપરાધી ઠરાવી નહિ શકે. તું ડરે છે શા માટે ?'

બ્રાહ્મણે વિચાર્યું કે આ તો સારી વાત છે. મંત્રી પોતે આશ્વાસન આપે છે પછી ડરવાનું કારણ શું ? તે ખુશ થઇ ગયો. તેણે કહ્યું: 'તો હું તમે કહેશો તે કામ કરવા તૈયાર છું.' બ્રાહ્મણની કંગાલિયત જતી હોય તો તે ગમે તે કરવા તૈયાર થઇ જાય છે.

બ્રાહ્મણની પાસે બુદ્ધિ તો હોય જ છે. પૈસા હોતા નથી. બુદ્ધિને લીધે તેને ગુરુગ્રંથિ હોય છે અને ગરીબીને કારણે લઘુગ્રંથિ હોય છે. આમ તેના જીવનમાં લઘુગ્રંથિ અને ગુરુગ્રંથિનું મિશ્રણ હોય છે. બીજાની પાસે ધન જોઇને તેને એમ થાય છે કે તેની પાસે ધન છે પણ મારી પાસે નથી. તેની પાસે બુદ્ધિ છે તેનાં કરતાં મારી પાસે કેટલીયે વધારે બુદ્ધિ છે તો પણ તેની પાસે ધન છે અને મારી પાસે નથી, આવું તેને લાગે છે. બ્રાહ્મણનું પણ એક જુદુંજ માનસ હોય છે.

બ્રાહ્મણમાં પણ પ્રકાર હોય છે. એક નિષ્ઠાથી બ્રાહ્મણ બનેલો હોય છે અને બીજો પરંપરાથી બ્રાહ્મણ હોય છે. આ બન્નેમાં ફરક હોય છે. જે નિષ્ઠાથી બ્રાહ્મણ બન્યો હોય તે બીજાના પૈસા તરફ જોતો સુધ્ધાં નથી; પણ જે પરંપરાથી બ્રાહ્મણ બન્યો હોય તેને એમ લાગે છે કે મારી પાસે પણ બુદ્ધિ છે, છતાં તેને ધન મળ્યું પણ મને ન મળ્યું. આવી રીતે તેનામાં બન્ને ગ્રંથિનું મિશ્રણ હોય છે.

પેલો બ્રાહ્મણ પ્રહ્‌લાદને મારવા તૈયાર થઇ ગયો. તેને લાગ્યું કે આટલા બધા પૈસા મળે છે તો લઇ લઉં. તેણે પ્રધાન પાસેથી પૈસા લીધા. તેણે વિચાર કર્યો કે પત્નીને માટે સારાંમાં સારાં ઘરેણાં લઇ આવીશ. તેણે પત્નીને કહ્યું: 'બોલ, તને કેટલાં ઘરેણાં જોઇએ ? તને જે ઘરેણાં જોઇએ તે આપવા હું તૈયાર છું. તને કેટલું સોનું જોઇએ તે કહે.'

પત્નીને આ સાંભળીને આશ્ચર્ય લાગ્યું. તેણે પતિને પૂછયું: 'અરે આજે તમને થયું છે શું ? તમને વળી કોઇ લોટરી (આજની ભાષામાં કહેવાનું હોય તો) લાગી છે ? આજે આટલા બધા ખુશ કેમ દેખાઓ છો ? આટલા બધા પૈસા ક્યાંથી લઇ આવ્યા ? આજ સુધી ઘરમાં ચોખા-લોટ

લાવવાના પૈસા ન હતા. આજે વળી તમે ઘરેણાં લાવવાની વાતો કરો છો ? આટલા બધા પૈસા ક્યાંથી લાવ્યા ?'

'અરે ગાંડી તું કોઇને કહેતી નહિ. તું નજીક આવ.' તને વાત કહું. ભીંતને પણ કાન હોય છે. આવતી કાલે પ્રહ્લાદને વિષ આપીને મારી નાખવાનો છે. મારી પાછળ રાજસત્તા ઊભી છે. આપણો વાળ પણ વાંકો નહિ થાય. તેના બદલામાં આપણને દસ હજાર રૂપિયા મળ્યા છે. તું મને સાથ આપજે. પ્રહ્લાદને જમવા બોલાવીશું. તું દૂધમાં વિષ નાખજે. પ્રહ્લાદ દૂધ પીશે અને ખતમ થઇ જશે. તેની કંઇ તપાસ પણ થશે નહિ.'

રાજસત્તાનો સાથ હોય તો મરનારનું પોસ્ટમોર્ટમ થાય નહિ. કદાચ થાય તો પણ પોસ્ટમોર્ટમનો રિપોર્ટ રાજસત્તાને જોઇએ તેવો જ આવે. પછી શું જોઇએ ?

બ્રાહ્મણે પત્નીને આટલું કહ્યું કે પત્નીએ પૂછયું: 'પરંતુ, પ્રહ્લાદે એવું કયું બૂરું કામ કર્યું છે કે રાજા તેને મારી નાખવાનું કહે છે ?'

બ્રાહ્મણે કહ્યું: 'પ્રહ્લાદ જનજાગૃતિ કરે છે. તે નરમાં સિંહ પેદા કરે છે. તે જ રાજાને ગમતું નથી.'

બ્રાહ્મણની પત્નીએ કહ્યું: 'આમા પ્રહ્લાદે ખોટું શું કર્યું ? અરે, રાજસત્તાને જે કરવું હોય તે કરે, પણ આવા દગામાં આપણે સમભાગી નહિ થઇએ. બીજું, મારે આવાં ઘરેણાં નથી જોઇતાં. હું તેના પર થૂકું છું. તમને ખબર છે ! જે પ્રહ્લાદે બધા નવજુવાનોને અમૃત પીવડાવ્યું છે, તેને શું આપણે ઝેર પીવડાવશું ?'

'આજે નવજુવાનો કેવા તૈયાર થયા છે ? આજ દિવસ સુધી હિરણ્યકશિપુના રાજ્યમાં કોઇ છોકરા મા-બાપને નમસ્કાર કરતા હતા ? પરંતુ, હમણાં હમણાં આપણો છોકરો પણ આપણને દરરોજ નમસ્કાર કરે છે. તેને આવા સંસ્કાર પ્રહ્લાદે આપ્યા છે. આપણે શું તેને મારીશું ? તમે પૈસા માટે આવું કરતા હશો તો હું આવા પૈસા પર થૂકું છું.'

બધા કરતાં વધારે જોરદાર જો કોઇ ઈંજેક્શન હશે તો તે પત્નીએ કરેલો તિરસ્કાર ! માણસ બીજું બધુ સહન કરે, પરંતુ પત્નીએ કરેલો તિરસ્કાર તે સહન કરી શકતો નથી. બ્રાહ્મણે તે પ્રયત્ન છોડી દીધો.

રાજસત્તાએ પ્રહ્લાદને મારવા માટે બીજા પણ ઘણા પ્રયત્નો કર્યા તેનું ચિત્રણ ભાગવતમાં છે. તેમાં લખ્યું છે કે પ્રહ્લાદને હિરણ્યકશિપુએ ઝેર પીવડાવ્યું પણ તે મર્યો નહિ. ઝેર પીધા છતાં તે મરે નહિ એ ખોટી વાત છે. નાઇટ્રીક એસિડ કોઇને પીવડાવો તો તે મરે નહિ ? મરે જ. તાત્પર્ય એ છે કે પ્રહ્લાદને તે ઝેર આપી શકયા નહિ. આવી રીતે જુદી જુદી રીતે પ્રહ્લાદને મારવા માટે યુક્તિઓ કરવામાં આવી પણ તેમાં હિરણ્યકશિપુ સફળ થયો નહિ.

છેવટે હિરણ્યકશિપુ અત્યંત ચિડાઇ ગયો. તેને ખબર પડી ગઇ કે પ્રહ્લાદ પાછળ પ્રજા ઊભી છે. જે નિષ્પ્રાણ લોકો હતા તેમનામાં પ્રહ્લાદે ચૈતન્ય ભર્યું છે. શાલિવાહને માટી જેવા લોકોમાં પ્રાણ પૂર્યા હતા. તેવું જ કામ પ્રહ્લાદે કર્યું. વર્ણન એવું છે કે લાકડા જેવા લોકોમાં પ્રહ્લાદે

પ્રાણ પૂર્યા છે. લાકડાં કેવળ બળવા પેદા થયાં છે એમ નહિ. સમય આવે લાકડાં બીજાંને બાળી પણ શકે છે. તે બન્ને કામ કરી શકે છે. ચિડાઇ જઇને હિરણ્યકશિપુએ નિર્ણય લીધો કે રાજદ્રોહી પ્રહ્‌લાદને હાથીના પગ નીચે કચડી નાખવાની સજા કરવી. તેને એવું સિદ્ધ કરવું હતું કે રાજા એટલો ન્યાયી છે કે પોતાનો પુત્ર ગુનો કરે તો તેને પણ સજા કરે છે. રાજાની આજ્ઞા થઇ કે પ્રહ્‌લાદને હાથીના પગ નીચે કચડી નાખો. તે માટે હાથીને તૈયાર કરવાનો હતો.

હાથી જનાવર છે, તે પણ વગર કારણે કોઇને મારતો નથી. રાજાએ મહાવતને કહ્યું કે હાથીને તૈયાર કરો. મહાવતે હાથીને બે-ત્રણ દિવસ ભૂખ્યો રાખ્યો. સાથે સાથે તેને દારુ પીવડાવવામાં આવ્યો. જેથી હાથી ગાંડોતૂર થઇ પ્રહ્‌લાદને કચડી નાખે. હાથી તો લક્ષ્મીનું વાહન છે. તે કોઇને મારી ન નાખે, તેથી પ્રહ્‌લાદને મારવા માટે તેને આ રીતે તૈયાર કરવો પડયો.

બીજે દિવસે સવારના છ વાગે પ્રહ્‌લાદ ઉપર આ ગાંડોતૂર હાથી છોડવાનો હતો. મહાવતે હાથીને તૈયાર તો કર્યો હતો. તે રાજાની નોકરી કરતો હતો તેથી રાજાની આજ્ઞા પ્રમાણે કામ કર્યું હતું. ન માને તો નોકરી જાય અને કદાચ પોતાનો જાન પણ જાય. રાત્રે બાર વાગે મહાવત ઘરે આવ્યો. તેનું મન અંદરથી અત્યંત વ્યથિત હતું, કારણ બીજે દિવસે સવારના પ્રહ્‌લાદ પર હાથી છોડાવાનો હતો. મહાવત ઘરે આવ્યો તો એની એકની એક દીકરી દીવાલ પાસે બેસીને રડતી હતી. મહાવતને દીકરી પર ખૂબ પ્રેમ હતો. દીકરીને રડતી જોઇ તેણે પૂછયું: 'કેમ બેટા ? તું શા માટે રડે છે ?'

દીકરીએ કહ્યું: 'પિતાજી ! તમે આ શું કરો છો ? તમે આવતી કાલે કોને મારવાના છો, પ્રહ્‌લાદને ?'

મહાવતે કહ્યું: 'હા, રાજાની તેવી આજ્ઞા છે. હું રાજાનો નોકર છું એટલે મારે રાજાની આજ્ઞા તો પાળવી જ જોઇએ ને ! મારે સવારે છ વાગે હાથીના પગ નીચે પ્રહ્‌લાદને કચડવો પડશે.' દીકરીએ પૂછયું: 'પરંતુ, પિતાજી ! તમે કોને મારવા તૈયાર થયા છો? જેણે બધા નવજુવાનોમાં તેજ અને ચૈતન્ય પૂર્યું છે તે પ્રહ્‌લાદને તમે મારવાના ? તમને ખબર છે કે તે નવજુવાનોમાં મારા પતિ પણ છે. બધા યુવાનોએ નક્કી કર્યું છે કે જો પ્રહ્‌લાદને મારી નાખવામાં આવશે તો અમે પણ આત્મબલિદાન આપીશું. જે રાજ્યમાં પ્રહ્‌લાદ ન હોય તે રાજ્યમાં અમારે જીવવું નથી. શું તમે મને વિધવા બનાવશો ?'

એકની એક દીકરીને રડતી જોઇને મહાવતથી તે સહન ન થયું. દીકરીને દુ:ખી કરીને જીવનમાં શું કરવું છે ? તેણે કહ્યું: 'બેટા ! મારાથી પણ આ સહન થતું નથી પણ રાજઆજ્ઞા આગળ હું શું કરું ? તારી વાત ખરી છે. જ્યાં પ્રહ્‌લાદ ન હોય તે રાજ્યમાં જીવીને પણ શું કરવું ? તું જ કંઇ રસ્તો બતાવ.'

'પિતાજી ! આપણે એમ કરીએ. હમણાં જ આપણે રાજ્ય છોડીને ભાગી જઇએ.' પુત્રીએ રસ્તો બતાવ્યો. તેણે તૈયારી તો કરી રાખી હતી. પિતાપુત્રી બન્ને જણા રાત્રે જ રાજ્ય છોડીને ચાલી નીકળ્યાં.

પ્રભાત થયું. સવારના છ વાગે ગામની બહાર મેદાનમાં બધા લોકો તમાશો જોવા ભેગા થયા હતા. હિરણ્યકશિપુ પણ ત્યાં આવ્યો. પ્રહ્‌લાદને ત્યાં હાજર કરવામાં આવ્યો. હિરણ્યકશિપુએ ઇશારો કર્યો એટલે પ્રધાને કહ્યું: 'મહાવતને કહો કે હાથી લઇને હાજર થાય.'

મહાવતને ત્યાં માણસ ગયો પણ ત્યાં કોઇ હતું નહિ. હાથી તો ભૂખ્યો પણ હતો અને દારુ પીને મસ્ત થયો હતો. હાથી તૈયાર હતો, પણ મહાવત વગર બીજો કોઇ તેની પાસે જાય તો હાથી તેને જ યમસદને પહોંચાડી દે. જે મહાવત રાતદિવસ પોતાને ખવડાવે, સેવા કરે, તેને ગાંડો, દારુ પીધેલો હાથી પણ મારતો નથી. કૃતજ્ઞતા એ માનવનો બહુ મોટો ગુણ છે. તે હાથી પાસે પણ છે. મહાવતની શોધ ચાલી પણ મહાવત હતો જ કયાં ? હવે હાથીને દોરીને મેદાનમાં કોણ લાવે ? ખતમ થયું. છેવટે રાજાને નતમસ્તક થઇને પ્રજાને કહેવું પડયું 'મેં નક્કી કર્યું હતું પણ હું પ્રહ્‌લાદને મારી શકતો નથી. જેને ભગવાન બચાવે તેને હું કેવી રીતે મારી શકું ? જે જનસમુદાયમાં ભગવાન બેઠો છે તે જનસમુદાય પ્રહ્‌લાદની પાછળ ઊભો છે. તેને હું મારી શકતો નથી.'

જે નર બકરા જેવો, કૂતરા જેવો બની ગયો હતો. જેને રોટી, કપડાં, મકાન સિવાય બીજી કોઇ વાત સૂઝતી ન હતી, તે નર નૃસિંહરૂપે જાગૃત થયો. આવા બકરા જેવા સમાજમાં પ્રહ્‌લાદે સિંહવૃત્તિ નિર્માણ કરી તેથી નરસિંહ-નૃસિંહ જેની પાછળ ઊભા છે તેને હિરણ્યકશિપુ મારી ન શકયો. હિરણ્યકશિપુને પરાભવ સ્વીકારવો પડયો.

હિરણ્યકશિપુ બુદ્ધિમાન તો હતો જ. તેને પશ્ચાત્તાપ થયો અને તેણે ભગવાનને કહ્યું: 'ભગવાન ! મેં આખી જિંદગી તમારો વિરોધ કર્યો છે. કયાં છે ભગવાન ? એવું હું સતત કહેતો હતો. તે હિરણ્યકશિપુ હવે મરી ગયો છે. હવે જે હિરણ્યકશિપુ ઊભો છે તે બીજો જ છે. પહેલાના હિરણ્યકશિપુને નૃસિંહે મારી નાખ્યો છે. હવે મને કપડાં (દેહ) બદલવાની જરૂર છે. નહિ તો, આ જન્મમાં મેં જે કંઇ કર્યું છે તેની સ્મૃતિ મને પણ રહેશે અને સમાજને પણ રહેશે. આ બન્નેમાંથી સ્મૃતિ કાઢી નાખવી હોય તો મારાં ગંદા કપડાં બદલવાં પડશે. નહિ તો ચાલશે નહિ તેથી તમે મને લઇ જાઓ.

સમાજમાં એવી સ્થિતિ વારંવાર આવે છે કે ભગવાન ભયમાં -(God is in danger) ની સ્થિતિ આવે છે. ભગવાનની સામે નતમસ્તક થવાવાળા સ્વાર્થી, લાલચુ લોકો અસહાય બની જાય છે. તેમની પરીક્ષા પણ થાય છે. તેના મગજમાં ભગવાનને માટે પ્રેમ છે કે પોતાની મહત્તા વધે તે માટે ભગવાનને નમસ્કાર કરે છે તેની પરીક્ષા થાય છે. ભગવાનને કેવળ ફૂલ ચડાવીને નહિ ચાલે, કારણ ફૂલ તો ભગવાને જ નિર્માણ કર્યાં છે. ભગવાન હૃદયમાંનો ભાવ અને પ્રેમ જુએ છે.

છઠઠા સ્કંધમાં ઇન્દ્ર-વૃત્રની કથા આવી છે. તેમાં દેવોને ભગવાને મદદ કરી તેથી દેવોએ વૃત્તને હણ્યો. સાતમાં સ્કંધની શરૂઆતમાં એક પ્રશ્ન ઊભો કર્યો છે, કે ભગવાને દેવોને મદદ કરી અને દૈત્યોનો નાશ કર્યો. હવે જો દેવ અને દૈત્ય-બન્ને ભગવાનના જ દીકરા હોય તો ભગવાન આવો પક્ષપાત શા માટે કરે છે ?

વિશુદ્ધ ચૈતન્ય જ્યારે આકાર અને ગુણ (Form and quality) સ્વીકાર કરે છે ત્યારે સત્ત્વરજતમાત્મક બને છે. ભગવાનને સગુણ કહ્યા પછી ઈશ્વર પર સત્ત્વ, રજનું પરિણામ કેમ થાય છે ? શા માટે થાય છે ? આ તેમનો પ્રશ્ન છે. ભાગવતકારે આ પ્રશ્ન ઊભો કર્યો છે અને તેને જવાબ પણ તે આપે છે. મા જે દૃષ્ટિથી પોતાના પુત્રને મારે છે તે દૃષ્ટિથી ભગવાન દૈત્યને મારે છે. તે હિતાર્થ વધ છે. દ્વેષથી કરેલો વધ જુદો અને પ્રેમથી કરેલો વધ જુદો. ભગવાન દૈત્યોને જે મારે છે તે પ્રેમથી કરેલો વધ છે. 'પ્રેમથી વધ' આ એક અલૌકિક વાત આવી છે. વધ અને તે પ્રેમથી ? પ્રેમથી વધ કેવી રીતે થાય ? તેના માટે સપ્તમ સ્કંધની શરૂઆતમાં ભાગવતે દેહાભિમાનનું વેદાંત કહીને સમજાવ્યું છે કે વધ દેહનો થાય છે. આત્માનો નહિ. આખરે તો આપણે ચૈતન્યના પૂજક નથી, આત્માના પૂજક નથી, નામ અને રુપના પૂજક છીએ.

સમજો કે કોઇને પત્ની પર બહુ જ પ્રેમ છે અને પત્નીને પણ પોતાના પતિ પર ખૂબ પ્રેમ છે. તે જ પત્ની મરી ગયા પછી બીજો જન્મ લે છે. તેને પતિના ખોળામાં બેસવું હોય છે. તેણે ચામડીના રોગના જંતુનો જન્મ લીધો. પતિને સાથળમાં ચામડીનો રોગ થયો. તો પતિ શું કરે છે, ખબર છે ? તે રોગનાશક દવા લાવીને રોગ પર લગાડે છે. એને પરિણામે તેની પત્ની મરી જાય છે. પત્નીનો આત્મા તો તે જ છે પણ રુપ બદલી ગયું તેથી પતિએ તેને દવાથી મારી. આવી રીતે આપણે રુપ અને આકારના પૂજક છીએ. આત્માના નહિ. જે વેદાંત અદ્વૈતસિદ્ધિમાં આવેલું, છે, ગીતામાં આવેલું છે તેની થોડી ઝાંખી સાતમા સ્કંધની શરૂઆતમાં મળે છે.

દેહાભિમાની લોકો દેહનો વધ થયા પછી આત્માનો વધ થયો એવું સમજે છે. દેહનો વધ એટલે જીવનો વધ નથી એવો જવાબ ભાગવતકારે આપ્યો છે. જીવ તો બીજો જન્મ લે છે. બધાને એક પ્રશ્ન ઊભો થાય છે કે દુષ્કાળમાં એકાદ માણસ ભૂખે મરી જાય અથવા તો ખૂબ વરસાદ પડીને કોઇ તણાઇને મરી જાય, બેમાંથી કોઇ પણ કારણસર કોઇ મરી જાય તો માણસને લાગે છે કે શું ભગવાન સૂઇ ગયો છે ? મરણનો અર્થ લોકો ભયંકર, ભયાનક સમજે છે. એનું કારણ મરેલી વ્યક્તિ આપણી દૃષ્ટિથી ચાલી જાય છે, તેનું રુપ બદલાઇ જાય છે. મૃત્યુ એટલે કપડાં. બદલવાં જવું. ગીતામાં ભગાવાને તેના માટે કહ્યું છે:

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥ (गीता-२/२२)

(જેમ પુરુષ જૂનાં વસ્ત્રો ત્યજીને બીજાં નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેવી રીતે આત્મા જૂના શરીરને ત્યજીને બીજા નવા શરીરને પ્રાપ્ત થાય છે.)

ભાગવતની દૃષ્ટિથી તેવું નથી. સમજો કે એકાદ હિટલર જન્મ્યો અને તેણે કરેલા યુદ્ધથી હજારો લોકો યુવાનીમાં જ મરી ગયા. તેના લીધે આપણને વ્યથા થાય છે. તેવી વ્યથા થવી જ જોઇએ, પરંતુ, થાય છે શું ? તે લોકો ભગવાનની પાસે જાય છે ને ? સમજો કે છોકરો દરરોજ સાંજે ચાર વાગે ઘરે આવે છે, પરંતુ, એકાદ દિવસ તે ઘરે બે વાગે આવ્યો તો ? તો મા તેને પૂછે, 'દીકરા, આજે તું શાળામાંથી વહેલો કેમ આવી ગયો ?' દીકરો કહે છે: 'મા ! શિક્ષકની પત્ની મરી ગઇ તેથી અમને આજે વહેલી રજા પડી.' મા કહે: 'ઠીક. આ લાડુ લે. ખાઇને રમવા

જા.' છોકરો વહેલો આવી ગયો તેની માને વ્યથા નથી, તેને કદાચ આનંદ છે.

આવી રીતે એકાદ માણસ વહેલો મરી જાય તો તે આપણને ભયંકર વાત લાગે છે. આપણે કહીએ પણ ખરા કે ભગવાન કેટલા નિષ્ઠુર છે, કેટલા ક્રૂર છે ? તેથી જ તો આને લઇ ગયા. આ સમજ જ મૂળભૂત રીતે ખોટી છે. દેહાભિમાની લોકો મૃત્યુનો જે અર્થ કરે છે તે સાચો અર્થ નથી. તે જ વાત સાતમા સ્કંધની શરૂઆતમાં બતાવી છે. ત્યારબાદ વિરોધી ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું છે.

ભાગવતકારની આ એક અજબ વાત છે. તે ભક્તિ સિવાય બીજું કંઇ કહેતા નથી. તમે ભગવાનનો વિરોધ કરશો તો પણ તેમાં ભક્તિ જ આવશે. વિરોધ કરીને ભક્તિ કેવી રીતે થાય ? વિરોધ ભક્તિ માટે તેમણે શાસ્ત્રીય કારણ આપ્યું છે. વિરોધથી, જેનો વિરોધ કરવો છે તેનું ચિંતન થાય છે; અને ચિંતનયુક્ત વિરોધમાં જેટલી તન્મયતા હોય છે તેટલી તન્મયતા ભક્તિયોગમાં પણ હોતી નથી એવું ભાગવતકારનું કહેવું છે. તેઓ કહે છે:

यथावैरानुबन्धेन मर्त्यस्तन्मयतामियात् ।
न तथा भक्तियोगेन इति मे निश्चिता मतिः ॥ (भा. ७/१/२६)

(તેમાં પણ વૈરના અનુબંધથી માણસ જેવો તન્મય થઇ જાય છે તેવો ભક્તિયોગથી થતો નથી, એવો મારો નિશ્ચય છે.)

આપણે જેના પર પ્રેમ કરીએ છીએ તેનું સવારથી રાત સુધી ચિંતન નથી કરતા, પરંતુ, જેની જોડે આપણો વિરોધ હોય તે વ્યક્તિ સવારથી સાંજ સુધી આંખની સામે ફરતી હોય છે. તેથી વિરોધમાં તન્મયતા આવે છે.

આ દૃષ્ટિથી ભાગવતકારે અહીં **कीटभ्रमरन्याय** ઉપાડયો છે અને સમજાવ્યું છે કે વિરોધ ભક્તિથી પણ માણસ આગળ વધી શકે છે. અહીં ભાગવતે ભક્તિશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત (Basic principle) ઉપાડયો છે. અલબત્ત, ભાગવત તે જ વાતો વાર્તારુપે કહે છે. કે.જી. વર્ગના વિદ્યાર્થીઓને કહેવાનું હોય તે દૃષ્ટિથી ભાગવતકાર વાર્તારુપે ભક્તિ કહે છે. તે દૃષ્ટિ જેમના ધ્યાનમાં નથી આવતી તે લોકો તેનો કંઇ ભળતો જ અર્થ કાઢે છે. અહીં ચીલેચાલુ ભક્તિની વાત જ નથી.

આપણે સ્વાધ્યાયી લોકો જ્યારે 'ભક્તિ' શબ્દ બોલીએ છીએ ત્યારે, જે ભક્તિ 'આરતી અને પ્રસાદ' માંજ પૂરી થાય છે, તેવી ભક્તિ નથી સમજતા. 'ભક્તિ' એ એક વૃત્તિ છે, ભક્તિ એક વિચારપ્રણાલી છે, ભક્તિ એ જીવનને આપેલો એક વિશિષ્ટ વળાંક છે. ભક્તિ એ એક સામાજિક શક્તિ છે-Bhakti is a social force તે દૃષ્ટિથી ભક્તિનો સ્વીકાર થવો જોઇએ. માધવબાગના મંદિરમાં જઇને 'દીનબંધુ, દીનાનાથ' બોલવા જેટલો જ ભક્તિનો અર્થ નથી. તે ન કરવું જોઇએ એમ પણ હું કહેતો નથી. તે કરવું જોઇએ, પરંતુ, તેટલું જ કરીને ભક્તિ પૂરી થતી નથી. ભક્તિને એક જુદો અર્થ છે. ભાગવતે ભક્તિનો સિદ્ધાંત સ્વીકાર્યો છે.

ભગવાનને સંતુષ્ટ કરવા માટે ભક્તિ નથી કરવાની. ભક્તિ એ કંઇ ભગવાનની ખુશામત

નથી. શું ભગવાનનું ચિંતન, ભગવાનની ખુશામત, ભગવાનની સ્તુતિ કે ભગવાનનું વર્ણન કરીશું તો ભગવાન ખુશ થઇ જશે? સૃષ્ટિ બનાવવાવાળો અને ચલાવવાવાળો ભગવાન શું આટલો ગાંડો છે? આનો અર્થ એ નથી કે ભગવાનનું વર્ણન કે ભગવાનની સ્તુતિ કરવાની નથી. ભગવાનની સ્તુતિ તો કરવી જ પડશે, કેમ કે તેનાથી જ માણસ ભાવવિભોર બની શકે છે.

તો પછી ભક્તિનો અર્થ શો છે? ભક્તિનો અર્થ છે-ચિત્તએકાગ્રતા (Concentration) – **मय्यावेश्य मनो ये माम्-** આવા ચિંતનથી માણસનું દિલ-અંત:કરણ બદલે છે. જે મૂર્તિમાં ચિત્ત એકાગ્ર થાય છે, તે મૂર્તિનું જ રુપ-આકાર ચિત્ત લે છે. તેના લીધે મન શક્તિશાળી અને પ્રગમનશીલ (Powerful and progressive) બની શકે છે. ભક્તિનો આ અસલી અર્થ છે. ભક્તિ નથી સ્તુતિ, નથી વર્ણન, નથી ખુશામત કે નથી કેવળ ક્રિયાકાંડ. ચિત્તએકાગ્રતા માટે કંઇક ક્રિયાકાંડ જરૂરી છે, પરંતુ, કેવળ ક્રિયાંકાડ એટલે ભક્તિ નથી. ચિંતન-ચિત્તએકાગ્રતા નો અર્થ ભક્તિ થાય છે. ભાગવતકાર કહે છે:

कामाद् द्वेषाद् भयात् स्नेहाद् यथा भक्त्येश्वरे मनः ।
आवेश्य तदघं हित्वा बहवस्तद्गतिं गताः ॥
गोप्यः कामाद् भयात् कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ।
सम्बन्धाद् वृष्णयः स्नेहाद् यूयं भक्त्या वयं विभो ॥
कतमोऽपि न वेनः स्यात् पञ्चानां पुरुषं प्रति ।
तस्मात् केनाप्युपायेन मनः कृष्णे निवेशयेत् ॥ (भा. ७/१/२९ ते ३१)

(ગોપીઓએ કામભાવથી, શિશુપાલ આદિ રાજાઓએ દ્વેષથી, કંસે ભયથી, વૃષ્ણિકુળે સ્નેહથી અને નારદજી ભક્તિથી ધ્યાન કરીને શ્રીકૃષ્ણને પામ્યા છે, તેથી કોઇપણ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મનને સ્થિર કરવું.)

કૃષ્ણ, કૃષ્ણ... નું સતત ચિંતન કર્યા બાદ તમને તેનો ફાયદો મળવાનો છે, તે જ રુપ તમે ઉપાડી શકો છો એવું ભાગવતકારનું કહેવું છે.

કેટલાક લોકો સવારથી રાત સુધી પૈસાનો જ વિચાર કરે છે. સવારના ઊઠયા પછી ધંધો, પૈસા, એનો જ વિચાર. ઊઠયા પછી મદ્રાસથી કોલ આવે, મદુરાઇ કોલ કરવાનો, આવું જ જોતો હોય. તેને પોતાની પત્ની ઉપર પણ પ્રેમ હોતો નથી, હોઇ જ શકતો નથી. તે વ્યવહારમાં કદાચ પ્રેમ છે એવું દેખાડતો હોય, પણ અંતરનો પ્રેમ હોય નહિ. એનું કારણ ચિંતનનું પરિણામ મન ઉપર થાય છે. તમે જો સ્ત્રીનું ચિંતન કરશો તો સ્ત્રૈણ બની જશો. તમે જો પૈસાનું ચિંતન કર્યા કરશો તો તમે પૈસા જેવા જડ બની જશો. શૂરવીરનું ચિંતન કરશો તો શૌર્ય આવે. જેવું ચિંતન કરે તેવો તે થઇ જાય.

કેવળ ચિત્તએકાગ્ર કરો એટલે પૂરું થયું એમ નથી. ચિત્તએકાગ્ર કયાં કરો છો આ પ્રશ્ન છે. મન ગ્રહણશીલ-(Receptive) હોવાથી તે જેનું ચિંતન કરે તેનું પરિણામ મન પર થવાનું જ. આ જ તેનું શાસ્ત્ર છે. એકાદ વૈજ્ઞાનિક બેક્ટેરિયામાં એકાગ્ર થાય છે. એન્જિનિઅર એકાદ મશીનમાં એકાગ્ર થાય તો તે જડ બની જાય, એનું કારણ મશીન જડ છે, તેના કંઇ પ્રતિભાવ

પડતા નથી. જડ મશીનમાં એકાગ્ર થવાવાળો એન્જિનિઅર આ જગતને ભૂલી જશે એ ખરું, પરંતુ, જગતને ભૂલવું-એટલામાં જ ભક્તિ પૂરી થતી નથી. જેમાં એકાગ્ર થવાનું છે તેમાંથી મન કંઇ ઉપાડે ત્યારે ભક્તિ પૂરી થઇ કહેવાય. ભક્તિમાં ચિત્ત એકાગ્ર થઇને જગતને ભૂલે આ એક વાત અને ચિત્ત જેમાં એકાગ્ર થાય ત્યાંથી સંસ્કાર ઉપાડે આ બીજી વાત. આ બન્ને વાતો ભેગી થાય ત્યારે ભક્તિ થઇ કહેવાય. તેથી જ ચિત્તએકાગ્રતાનું નામ ભક્તિ છે. ભક્તિનો અર્થ ભગવાનની ખુશામત નથી, તેમ ભગવાનને લાલચ પણ નથી.

એકાદ ભાઇનો છોકરો પરીક્ષામાં હંમેશાં નાપાસ થતો હોય. તે જો ભગવાનને એમ કહે, 'ભગવાન ! આ વખતે મારા છોકરાને પરીક્ષામાં પાસ કરી દે તો હું સત્યનારાયણની પૂજા કરીશ.' આવા માણસને શું ભક્ત કહેવાય? આ તો ભગવાનને લાલચ આપવાવાળો છે. કેટલાક લોકો ભગવાનને રુશ્વત આપે છે. એક ભાઇ કહે, 'ભગવાન ! મને ધંધામાં એક લાખ રૂપિયાનો ફાયદો થાય તો હું તને એક કિલો પેંડા ધરાવીશ.' આ તો ભગવાનને લાંચ આપી કહેવાય. ભગવાનને જો પેંડા ખાવા હોય તો આ ભાઇને ધંધામાં એક લાખ રૂપિયાનો ફાયદો કરાવી આપવો જોઇએ. તેના બદલે ભગવાન પોતે જ લાખ રૂપિયાના પેંડા ન લે ? ભક્તિનો અર્થ સમજવો જોઇએ.

ભાગવતે જે શાસ્ત્રીય ભક્તિ ઉપાડી છે, તે જ ભક્તિ સ્વાધ્યાય પરિવારે સ્વીકારી છે. ભક્તિ એક પરિપૂર્ણ શાસ્ત્ર (Perfect science) છે. તે શાસ્ત્ર ચાલી ગયું, પછી તે ભક્તિમાં શું રહે ? ભક્તિમાં ચિંતન નું મહત્ત્વ છે. ગીતાએ પણ તે જ કહ્યું છે : **मय्यावेश्य मनो ये माम्...** અને **मय्येव मन आधत्स्व मयि बुद्धिंनिवेशय....**

'ચિંતનથી ભક્તિ થાય છે અને વિરોધ ભક્તિમાં સતત ચિંતન થાય છે,' પરંતુ, નિંદામાં (વિરોધમાં) પણ તીવ્રતા હોવી જોઇએ એવો તેનો આગ્રહ છે. ચિંતનથી મન ઉપર પરિણામ થાય છે, તેનાથી મન બદલી જાય છે.

ભાગવતનો બુદ્ધિથી અભ્યાસ કરીએ તો બીજો એક પ્રશ્ન ઊભો થાય છે. ભાગવતની કથા વાંચવી જુદી અને જિજ્ઞાસાથી ભાગવતનો અભ્યાસ કરવો જુદો. સ્વાધ્યાયીઓ જિજ્ઞાસુ અને અભ્યાસુ વૃત્તિથી ભાગવતનો અભ્યાસ કરે છે. પાઠશાળામાં ભાગવતની કથા નથી ચાલતી. કેવળ કથા સાંભળવાવાળો બીજે દિવસે પાઠશાળામાં આવશે જ નહિ.

ભાગવતે વેનરાજા અને શિશુપાલની વાત કહી છે. તેમાં તેમણે એક પ્રશ્ન ઊભો કર્યો છે. વેનરાજાએ પણ ભગવાનની નિંદા કરી હતી અને શિશુપાલે પણ ભગવાનની નિંદા કરી હતી. વેનરાજાએ ભગવાનની નિંદા કરી તેમાં તેનું અધઃપતન થયું અને તે ખતમ થઇ ગયો અને શિશુપાલે ભગવાનની નિંદા કરી તો તે તન્મય થઇ, મુક્ત થઇ ગયો-એવું ભાગવતે કહ્યું છે. નિંદાથી, વિરોધથી જો મુક્તિ થતી હોય તો વેનની મુક્તિ ન થઇ અને શિશુપાલની મુક્તિ થઇ, એમ કેમ ? ભાગવતે વેનરાજાનું અધઃપતન દેખાડયું અને શિશુપાલની મુક્તિ સૂચવી છે. આનો શો અર્થ છે ?

નિંદા પણ નિંદાને માટે જ હોવી જોઇએ, સ્વાર્થથી નિંદા ન હોવી જોઇએ. એક માણસ નિંદા કરે તે પોતાના ફાયદા માટે કરે અને બીજો નિંદા કરે તે સામાવાળાને સુધારાવાને માટે નિંદા

કરે. વેનરાજાએ પોતાનું મહત્ત્વ વધારવા માટે નિંદા કરી અને શિશુપાલે નિંદાને માટે નિંદા કરી તેમાંથી પોતાને કંઇ ફાયદો મળે એટલા માટે નથી કરી. આ બંનેમાં ફરક છે. તેમાં શિશુપાલ મુક્ત થઇ શકે છે એમ ભાગવત કહે છે.

તમે પરોપકારને માટે જ પરોપકાર કરો તો તેનું ફળ જુદું હશે અને સ્વાર્થ માટે - દા.ત. ચૂંટણી જીતવા માટે, મતો મેળવવા માટે પરોપકાર કરશો તો તેનું ફળ જુદું હશે. બન્ને પરોપકાર જ છે, પરંતુ, ફળ જુદાં હશે. સ્વાર્થ માટે કરેલા પરોપકારમાં અધ:પતન થશે અને પરોપકારને માટે જ પરોપકાર કરનારની ઊર્ધ્વગતિ હશે. બે ભાઇઓએ પોતપોતાના ગામમાં કૂવો ખોદાવ્યો. એકે પરોપકારની દૃષ્ટિથી જ કૂવો ખોદાવ્યો અને બીજાએ ગામલોકોના મતો પોતાને મળે તે માટે કૂવો ખોદાવ્યો. બન્નેને ફળ જુદાં મળશે. માનસશાસ્ત્ર ના અભ્યાસુ માટે આ સુંદર વર્ણન છે.

વિરોધમાં પણ ચિંતનનું પરિણામ જુદું હોય છે. અહીં બધા ભણેલા અને અભ્યાસુ લોકો છે તેમના માટે કહું છું. આ વાત હું રાજકારણની દૃષ્ટિથી કહું છું, આધ્યાત્મિક દૃષ્ટિથી નહિ. તમે જો રાજકારણ (Politics) નો અભ્યાસ કર્યો હશે તો આફ્રિકામાં 'બોર લોકો' અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થયું હતું. તેમાં બોર-અંગ્રેજો વચ્ચેના યુદ્ધમાં જબરદસ્ત ક્રૂરતા થઇ. બહુ ઓછા યુદ્ધોમાં એટલી ક્રૂરતા જોવા મળી હશે. આ યુદ્ધમાં બોરલોકોએ દિલથી અંગ્રેજોનો વિરોધ કર્યો હતો. તેમણે અંગ્રેજો વિરુદ્ધ પ્રચંડ દ્વેષ નિર્માણ કર્યો હતો. અંગ્રેજો પ્રત્યે આત્યંતિક દ્વેષ નિર્માણ કર્યા બાદ તેમનામાં કંઇ ગુણો નિર્માણ થયા હતા. પરંતુ, યુદ્ધમાં બોર લોકોનો પરાજય થયો છતાં અંગ્રેજોએ તેમનો તીવ્ર દ્વેષ જોયા પછી સ્વરાજ્ય આપી દીધું.

આપણા કરતાં ઘણાં વર્ષો પહેલાં તેમને સ્વાતંત્ર્ય મળી ગયું હતું, પરંતુ, તે વખતે ભારતને સ્વાતંત્ર્ય નહિ મળ્યું. તેનું કારણ છે. ભારતીયોએ અંગ્રેજોને શત્રુ પણ માન્યા નહિ અને મિત્ર પણ માન્યા નહિ. તેના પરિણામે દ્વેષને લીધે સમાજમાં જે ગુણો આવવા જોઇએ તે ભારતીયોમાં આવ્યા નહિ. આપણે ત્યાં પણ કેટલાક લોકો અંગ્રેજ સત્તાની વિરોધમાં ઊભા થયા હતા પરંતુ, અંગ્રેજો તેમને મન નહોતા શત્રુ કે ન હતા મિત્ર. અંગ્રેજોને શત્રુ તો માનવા જ ન જોઇએ કારણ આપણું અધ્યાત્મ બગડે અને તેઓ આપણા મિત્ર થઇ શકતા ન હતા, કારણ આપણી પાસેથી એમણે ઘણું પડાવી લીધું હતું. પરિણામે અંગ્રેજો ન રહ્યા શત્રુ અને ન રહ્યા મિત્ર અને આપણે તટસ્થ બની ગયા. તેના લીધે ભારતીય લોકોમાં કોઇ જ ગુણ ઊભો થયો નહિ. બોર લોકોએ અંગ્રેજોનો આત્યંતિક દ્વેષ કર્યો તેના લીધે તેમનામાં કેટલાક ગુણો આવ્યા. તે જોઇને અંગ્રેજોએ તેમને સ્વાતંત્ર્ય આપવું પડયું-બોર લોકો યુદ્ધમાં હારી ગયા હતા તે છતાં ! આપણા ભારતીયોમાં તીવ્ર દ્વેષ હતો જ નહિ. તેનાં કારણો જુદાં જુદાં હશે. પ્રશ્ન આ નથી. આ સૃષ્ટિ (Universe) ના કંઇ નિયમો હોય છે. તે મુજબ ચાલવું પડે છે. જો તીવ્ર દ્વેષ નહિ હોય તો અમુક ગુણો તમારામાં નિર્માણ જ ન થાય, શક્તિ (Spirit) પણ નિર્માણ નહિ થાય. તીવ્ર દ્વેષ રાખવાવાળા ઇઝરાયલો ઊભા થયા પરંતુ, આપણે તેવી રીતે ઊભા થઇ શકયા નહિ. આપણામાં કોઇ પણ વિચારની તીવ્રતા જ ન હતી. આપણાં પ્રેમમાં પણ તીવ્રતા નહિ કે દ્વેષમાં પણ તીવ્રતા નહિ. આપણી પાસે સમતુલા હતી.

કોઇ કહેશેઃ 'શાસ્ત્રીજી ! આ જ વાત છે. માનવી જીવનમાં વૈચારિક સમતુલા હોવી જોઇએ.'

માનવી જીવનમાં જુદા જુદા રુપે ઘણી આવશ્યકતા છે.- દા.ત. ક્રોધની પણ આવશ્યકતા છે અને કામની પણ આવશ્યકતા છે. આ જગતમાં નકામું કંઇ જ નિર્માણ થયું નથી. તેનો ઉપયોગ કેમ કરવો તેની અક્કલ હોવી જોઇએ. તેવી અક્કલ હોય તો ઉન્નતિ થાય અને ન હોય તો ખલાસ થવાય. ભય, વિરોધ, આપ્તતા, સ્નેહ અને ભક્તિ એ બધાં તીવ્રતમ બનાવવાં પડશે એવું આ સ્કંધમાં સમજાવ્યું છે. આમાં કોઇ પણ વાતનું માર્જન નહિ ચાલે. તેના માટે ભૂસકો જ મારવો પડે.

કેટલાક લોકો કાંઠે ઊભા રહીને માર્જન કરે છે અને પછી કહે છે કે અમે પણ સ્વાધ્યાયી છીએ. ઊંડા પાણીમાં ભૂસકો મારનારને જ મોતી સાંપડે છે. છોડ ઉપર કેવળ માર્જન કરીએ તો છોડ સૂકાઇ જાય. આ સ્કંધમાં આવેલી વાર્તાઓ તરફ માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોવું પડશે. સપ્તમ સ્કંધની શરૂઆતમાં દેહાભિમાનની વાત આવી ત્યારબાદ, હિરણ્યકશિપુની કથા આવી છે. ભાગવતકારે, હિરણ્યકશિપુએ તપ કર્યું છે એમ દેખાડયું છે અને પછી તે બગડી ગયો, શેતાન બન્યો તે પણ દેખાડયું છે.

શું તપ કર્યા બાદ ચિત્તશુદ્ધિ નથી થતી ? સમજો કે કોઇ તપ કરતું હોય તો તપથી તેની ચિત્તશુદ્ધિ થવી જોઇએ કે નહિ ? ચિત્તશુદ્ધિ ન પણ થાય. એનું કારણ, તપના પરિણામે વૈભવ મળે, અને ચિત્તશુધ્ધિ તો થઇ ન હોય, તો માણસ રાવણ બની જાય. રાવણે જેટલી ભક્તિ કરી હતી તેટલી ભક્તિ કોણે કરી છે ? તેણે સત્કર્મ કર્યાં છે, યજ્ઞ પણ કર્યા છે અને ભક્તિ પણ કરી છે. મહિમ્નસ્તોત્રમાં પુષ્પદંત વર્ણન કરતાં અગિયારમા શ્લોકમાં કહે છે કે રાવણે પોતાના મસ્તકરૂપી કમલોનું બલિદાન ભગવાન શિવજીના ચરણકમલોમાં કર્યું હતું.

બે પ્રકારનાં ફલ હોય છે. કેટલાંક ફલ તપથી મળે છે અને કેટલાંક ફલ ભક્તિયુક્ત તપથી મળે છે. એક વ્યાવહારિક ઉદાહરણ આપું. તમે ગરીબને મદદ કરી તે તમારું તપ છે. કેટલાક લોકો જુદાં જુદાં રૂપે સામાજિક કામો કરે છે. તેમને પુણ્ય મળશે, વૈભવ પણ મળશે, પરંતુ, તેમની ચિત્તશુદ્ધિ થશે નહિ, ચિત્તનો વિકાસ પણ થશે નહિ. પરિણામે વૈભવ કે સત્તા હાથમાં આવ્યા પછી તેઓ રાવણ બની જશે. આ તેનું પરિણામ છે. કેવળ સત્કૃત્યને કિંમત નથી, કેવળ તપને કિંમત નથી. ભક્તિયુક્ત તપને કિંમત છે.

અહીં જ્યારે જ્યારે ભક્તિ શબ્દ કહું છું, ત્યારે તમારી આંખની સામે મંદિરમાં ચાલતી રહેલી આરતી અને પ્રસાદ જેવી વાતો આવશે. કેટલાક લોકો કહે છે કે મારી પત્ની પણ ભક્તિ કરે છે. તે દરરોજ આરતી કરે છે અને પ્રસાદ પણ લે છે. આવી ભક્તિ નહિ ચાલે. કેવળ ભગવાન ઉપર બીલીપત્ર ચડાવ્યા એટલે ભક્તિ થઇ ગઇ-આટલા સીમિત અર્થવાળી ભક્તિની આ વાત નથી. આનો અર્થ ભગવાનની આરતી નથી ઉતારવાની કે બીલીપત્ર નથી ચડાવવાનાં એમ નહિ. હું તેની વિરુદ્ધ નથી. પણ તે બધું શા માટે કરવાનું છે તે પણ સમજી લેવું જોઇએ.

યોગશાસ્ત્રમાં પણ એક સૂત્ર છેઃ **स्थान्युपनिमन्त्रणे सङ्गास्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात् ।** **(पा. यो. द. वि. पा. ५१)** - તમે કેવળ તપ કરશો તો મન ઉપર અને વિચારો ઉપર થવું જોઇએ તેવું પરિણામ નહિ થાય. તમે જે સત્કર્મ કર્યું હશે તેનું ફલ તમને જરૂર મળશે. ફલ મળ્યા પછી

મન-બુદ્ધિ તો અવિકસિત જ રહ્યાં, તેનું શું ? લોકો એમ સમજે છે કે આજે પૈસા વાળા-ધનવાન છે તેઓ બધા ભગવાનના ભક્ત છે. આવું નથી તેમણે આગલા જન્મમાં કંઇ સારાં કામો કર્યાં હશે, કંઇ મહેનત પણ કરી હશે, તેના પરિણામે તેમને આ જન્મમાં પૈસા મળી જાય છે. બેંકમાં જે જમા થયું હોય તે ચક્રવર્તી વ્યાજ સહિત આ જન્મમાં મળે છે. કેટલાક લોકો બીમાર લોકોની સેવા કરે છે. તેમને તે કર્મનું ફલ જરૂર મળશે, પરંતુ, આવાં કર્મોની પાછળ જો ભક્તિની ભાવના નહિ હોય તો ? તે કર્મો જો ચિત્તવિકાસાર્થ કરેલાં નહિ હોય તો ? તે કર્મોનાં ફલ મળશે ત્યારબાદ તેનું અધ:પતન જ થવાનું છે એવું ભાગવતને કહેવું છે. હિરણ્યકશિપુએ બહુ સારી રીતે રાજ્ય કર્યું હતું. ખેતરોમાં પાક પણ બહુ સારો આવતો હતો પણ તેના જીવનમાં ભગવાન બાદ (Minus) હતા. તે ભગવાનની વિરુદ્ધમાં હતો. આથી તેણે ઘોર તપ કર્યું છતાં તેનું ફળ મળ્યા પછી અધ:પતન થયું, એવું સમજાવ્યું છે. ઘણા લોકો એવા હોય છે. તેઓ સામાજિક કામો કરે છે, સારાં કામો કરે છે. ફંડફાળો કરીને ગરીબોમાં પૈસા વહેંચી આપે છે. શ્રીમંતો (Haves) પાસેથી લઇને ગરીબો (Have nots) ને આપે છે. તેમની રાત દિવસ આવી સેવા ચાલે છે. તે સારું કામ છે, બુરું કામ નથી, પરંતુ, તેની પછવાડે જો ભક્તિ નહિ હોય, તો તે કર્મોનું જ્યારે ફલ મળશે ત્યારે તે વ્યક્તિ પડી જશે એવું ભાગવતકારે આ સ્કંધમાં દેખાડયું છે.

શાસ્ત્રીય દૃષ્ટિથી, સત્કર્મ કે તપની પછવાડે ભક્તિ હોવી જરૂરી છે. તેના વગર મન-બુદ્ધિ અવિકસિત જ રહેશે. મર્યા પછી જીવ મન લઇને જ જાય છે. શરીર તો અહીં જ છોડી જવાનું હોય છે. જે મન તે લઇ જશે તે તો અવિકસિત જ રહેશે અને સત્કર્મોનું ફલ તો મળશે જ. હિરણ્યકશિપુની કથામાં તે વાત સમજાવી છે.

ત્યારબાદ નૃસિંહનું ભયાનક વર્ણન આવ્યું છે. તેમાં Fear of God is the beginning of wisdom- ભક્તિની શરૂઆતમાં ભગવદ્ભીતિ નિર્માણ કરવી પડે છે તેના વગર નહિ ચાલે એમ કહે છે. નૃસિંહ ભગવાનને દેવ અને ઋષિ જ નહિ, પ્રત્યક્ષ લક્ષ્મી પણ શાંત કરી શકતી નથી. છેવટે નૃસિંહ ભગવાનને શાંત કોણે કર્યા ? પ્રહ્લાદે તેમને શાંત કર્યા. આમાં ભક્તવત્સલતા સમજાવી છે.

ભક્તવત્સલતા એ મોટી વાત છે. કાલું બોલવાવાળો લાડકો દીકરો બાપને જેટલું ખેંચી શકે તેટલું, તે પુરુષની પત્ની પણ તેને ખેંચી શકતી નથી. ભક્તવત્સલતાનું સુંદર વર્ણન છે. બધા પાછળ રહ્યા અને બધાએ કેવળ પ્રહ્લાદને નૃસિંહ ભગવાનનું વર્ણન કરવા કહ્યું આ બધું વર્ણન કરવા માટે આ વ્યાસપીઠ નથી. જેમને વાંચવું હોય તેઓ ભાગવત વાંચે. કેવળ દિગ્દર્શન કરવા માટે આ વ્યાસપીઠ છે.

સપ્તમ સ્કંધનો નવમો અધ્યાય નૃસિંહવર્ણનથી ભરેલો છે. તે બહુજ રમણીય વર્ણન છે. પ્રહ્લાદે સ્તુતિ કરી તેમાં નમ્રતા દેખાડી છે. શરૂ શરૂમાં એટલી નમ્રતા દેખાડી છે કે, 'જે દેવ ન કરી શકયા, ઋષિ ન કરી શકયા, જે લક્ષ્મીજી ન કરી શકયા, તે પ્રાર્થના તમે મને કરવાનું કહો છો' એવી મોટાઇ પ્રહ્લાદના મનમાં ન આવી. જેમ દસમાં અધ્યાયમાં અર્જુન ભગવાનને કહે છે:

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरूषं शाश्वतं दिव्यं आदिदेवमजं विभुम् ॥ (गीता-१०/१२)

લગભગ તેવી જ રીતે પ્રહ્લાદ કહે છે: ‘સત્ત્વગુણથી જેની એકાગ્રતા થઇ છે તેવો દેવગણ, ભગવત્ચિંતનથી જે શુદ્ધ થયા છે એવો ઋષિગણ, જ્ઞાનસંપન્નતાથી યુક્ત સનકાદિક જેવા જેમને સંતુષ્ટ ન કરી શકયા એવા તમને, દૈત્યકુલમાં પેદા થયેલો, અભણ બાલક એવો હું પ્રહ્લાદ કેવી રીતે સંતુષ્ટ કરી શકીશ ?’ આવો સવાલ તેણે ઊભો કર્યો છે. પછી તેનો જવાબ આપ્યો છે કે સત્કુલમાં જન્મ, સૌંદર્ય, તપ, પાંડિત્ય, ક્રાંતિ, ઉદ્યોગ, બુદ્ધિ ઇત્યાદિથી ભગવાનને પ્રસન્ન કરી શકાતા નથી. ભગવાન ભક્તિથી જ પ્રસન્ન થાય, ગુણોથી નહિ. કેમ કે ગુણો તો વ્યક્તિના જીવનમાં સ્વાર્થથી પણ આવે છે.

હું ઘણી વખત કહું છું કે વસિષ્ઠ જેટલા સ્થિતપ્રજ્ઞ છે તેટલો જ વેપારી પણ સ્થિતપ્રજ્ઞ છે. વેપારીમાં પણ સ્થિતપ્રજ્ઞતાનો ગુણ દેખાય છે કે નહિ ? દેખાય છે, પણ તે વિકાસ થયા વગર ! મને લાગે છે કે છૂટક કાપડની દુકાનમાં સેલ્સમેન તરીકે હું એક દિવસ પણ રહી ન શકું. સાડીની દુકાનમાં એક બહેન સાડી લેવા માટે આવે છે. તેની સાથે બેત્રણ બહેનો પણ હોય છે.

સેલ્સમેન કહે: આવો, આવો, બહેન ! બોલો શું જોઇએ છે ?’

બહેન: અમારે સાડી લેવી છે. જરા બતાવોને !’

સેલ્સમેન વારાફરતી એક એક સાડીની ઘડી ખોલતો જાય છે અને તેમને બતાવતો જાય છે. ‘જુઓ, આ સાડીની ડિઝાઇન કેટલી સારી છે ! કપડું પણ સારું છે. રંગ પાકો, ધોવાઇને ઝાંખો ન પડે તેની ગેરંટી. લ્યો, આ નવો સ્ટોક આજે જ આવ્યો છે. એક વાર લઇ જાઓ. યાદ રહી જશે અમારી દુકાન....’ આમ સેલ્સમેન પચાસ-સાઠ સાડીનો ઢગલો કરી દે છે.

આખા ઢગલા તરફ જોઇને સાથેની એક બહેન કહે છે: ‘સાડીઓ સારી છે પણ મેં સામેની દુકાનમાં સાડી જોઇ છે તેની ડિઝાઇન બહુ સારી છે. ચાલોને ત્યાં પણ જોઇ આવીએ. સાડી લેવી જ છે તો ચાર દુકાને ફરીને લેવી સારી...’

આમ કહીને બધી બહેનો ચાલવા લાગે છે ત્યારે સેલ્સમેન તેમને બેહાથ જોડી કહે: ‘ભલે તમે બીજી દુકાનો પણ ફરી આવો. તમને ત્યાં પણ મનપસંદ સાડી ન મળે તો અહીં પાછા જરૂર આવજો. હું તમને નવા સ્ટોકમાંથી બીજી સાડીઓ પણ બતાવીશ. આવજો હોં ....’

ઓહોહો ! કેટલી શાંતિ છે આ સેલ્સમેન પાસે ! મને લાગે છે કે વસિષ્ઠની પાસે પણ આટલી શાંતિ નહિ હોય. મારી પાસે તો સો ટકા એવી શાંતિ નથી. વેપારી પાસે આ ગુણ છે કે નહિ ? છે, પરંતુ, તે આત્મિક વિકાસનું પરિણામ નથી. તેને ઘરાક તોડવો નથી. આજે નહિ તો કાલે ઘરાક પાછો આવે તો મને ફાયદો જ છે, એ વાત એના મનમાં પાકી છે, તેથી એ ગુણ એણે કેળવ્યો છે.

આવું જ રાજકારણી લોકોનું છે. તેમની નિંદા કરો કે સ્તુતિ કરો. તેમના પર કોઇ અસર થતી નથી. તેમને કોઇ ગાળો ભાંડે તો પણ શાંત રહે છે-**तुल्य निंदास्तुतिर्मौनी संतुष्टो येनकेन**

चित् ...રાજકારણીમાં આ ગુણ છે પણ તેનું કારણ, પાંચ વર્ષ પછી પાછું તેમને લોકો પાસે જ મત લેવા આવવાનું છે. તેમને શાંતિ રાખ્યે જ છૂટકો તેથી તે શાંત રહે છે. આ રાજકારણી લોકોની શાંતિ જોઇને મને એમ લાગે છે કે આ લોકો આ ગુણ જીવનમાં કયાંથી લાવ્યા હશે ? કેમ કે, સમાજની ગાળો ખાધા પછી પણ તેઓ સમાજને સારો કહે છે; અને સમાજ માટે મારી શક્તિ વાપરીશ એવું તેઓ કહે છે. આ બધું જોઇને મને એમ લાગે છે કે જીવનમાં ગુણો લાવવા માટે વસિષ્ઠે નકામું તપ કર્યું ! ફક્ત તે રાજકારણી બની જાત તો તેનામાં તરત આ ગુણ આવી જાત. અહીં ગુણોથી ભગવાન પ્રસન્ન નહિ થાય એવું કહેવાનો અભિપ્રાય છે.

જીવનમાં ગુણો જુદી જુદી દૃષ્ટિથી આવે છે. નથી આવતા એમ નહિ. પ્રેક્ટિસ સારી કરવી હોય તો ડૉક્ટર કે વકીલને પણ શાંત રહેવું પડશે. ડૉક્ટર કેટલા શાંત લાગે છે ! તેમને શાંત રહેવું પડે છે. એનું કારણ પ્રેક્ટિસ સારી ચાલવી જોઇએ અને સ્થિર થવી જોઇએ. પોતાની પ્રેક્ટિસને ધક્કો લાગે એવું કંઇ બોલાઇ જાય તો એકબીજાને કહેતાં કહેતાં ચારે બાજુ એ વાત ફેલાઇ જાય છે, તેથી ડૉક્ટર શાંતિ રાખે છે. આમ ગુણો નિર્માણ થવાના જુદા જુદા રસ્તા છે, પરંતુ, ગુણ ભક્તિથી પેદા થવા જોઇએ એવો ભાગવતનો આગ્રહ છે.

પ્રહ્લાદ કહે છે કે ભગવાન ભક્તિથી પ્રસન્ન થાય છે, માત્ર તપથી નહિ. આ ભારતની માટીમાં, બધે જ ભગવાનનું નામ છે. અહીં પ્રભુઘેલા (God intoxicated) લોકો છે. તેવા આ દેશમાં જેમણે પ્રથમ કમ્યુનિઝમ-સામ્યવાદ-ઊભો કર્યો હશે તેમણે કેટલું તપ કર્યું હશે ? એક કાળે સામ્યવાદીઓને કોઇ માનતા ન હતા, કોઇ તેમનો ભાવ પૂછતા ન હતા. કોઇ તેમની સામે પણ જોતું ન હતું. ૧૯૩૦ ની સાલમાં તો સામ્યવાદીને ઉપાડીને જેલમાં ફેંકી દેતા હતા. જે લોકો સ્વદેશી ચળવળ (National movement) માં ભાગ લઇને જેલમાં જતા હતા, તેમને મોટાઇ મળતી હતી, પરંતુ, સામ્યવાદી જેલમાં જતો તો તેને કોઇ પૂછતું પણ ન હતું. સામ્યવાદી તરસ્યો થઇને કોઇને બારણે જાય તો તેને પાણી પણ પાતા ન હતા. અરે ! મને ખબર છે કે, તેને અછૂત સમજીને લોકો અડતા પણ ન હતા. એનું કારણ એક જ કે તઓ ભગવદ્વિરોધી હતા. આટલો વિરોધ હોવા છતાં તેઓ સ્થિર રહ્યા, અડગ રહ્યા. આ શું ઓછું તપ છે ?

તપ એટલે શું ? **तपो द्वंद्व सहनम्।** સુખ-દુઃખ સહન કરવાં એનું નામ તપ. આજે ભારતમાં સામ્યવાદની જે સ્થિતિ છે એનું પ્રથમ કારણ તેમનું તપ છે. અરે ! ફર્સ્ટક્લાસ એમ.એ. હોવા છતાં કોઇ સરકારી નોકરી કરવાને બદલે તેઓ બ્રેડનો ટુકડો ખાઇને ફૂટપાથ પર પડયા રહેતા હતા અને સામ્યવાદનું કામ કરતા હતા. તેમને કોઇ પૂછતું પણ ન હતું. સામાજિક માનમરતબો (Social approbation) નહિ, પૈસો નહિ, કંઇ નહોતું મળતું. કેવળ એક સિદ્ધાંતની પાછળ તેઓ મરવા તૈયાર થતા હતા. આ તેમનું તપ છે. ભાગવતકાર કહે છે કે તપ હશે, ગુણો હશે, સત્કુલમાં જન્મ હશે, પાંડિત્ય હશે, પરંતુ, ભગવાન એટલાથી જ પ્રસન્ન થતા નથી, ભગવાન ભક્તિથી પ્રસન્ન થાય છે.

'ભગવાન ! તારી પ્રાર્થના કરવા હું જ અધિકારી છું' એમ પ્રહ્લાદ કહે છે, એનું કારણ, તું ભક્તિથી પ્રસન્ન થાય છે અને મારી પાસે ભક્તિ છે.

કોઇ કહેશે, 'હિરણ્યકશિપુ તારો બાપ હતો. તે મરી ગયો તો તને વ્યથા નથી થતી ?' પરંતુ, હું તેમને કહું છું: 'ઉપદ્રવ ઊભો કરનાર સાપ અથવા વીંછી મરી જાય તો સાધુને પણ વ્યથા થતી નથી. તો બાપા હિરણ્યકશિપુ મરી ગયા તેમાં શાની વ્યથા થવી જોઇએ ? તે વીંછી કે સાપ જેવા હતા. હવે મરી ગયા. તેમાં શું થયું ?' એમ પ્રહ્લાદ કહે છે.

ભગવાનને પ્રહ્લાદ કહે છે: 'ભગવાન ! તમે શરણાગતને પાસે લેવાવાળા છો. આ ઈંદ્રિયો અમને ખેંચે છે. મારા તારણહાર તમે જ છો. એક ભજન છે: 'જીવન નૌકા ડગમગ ડોલે, તું છે તારણહાર, કન્હૈયા તારો છે આધાર.'

'પ્રભુ ! જીવનનૌકા ડગમગ ડોલે છે. શા માટે ? ઈંદ્રિયો મને ખેંચી રહી છે. જુદી જુદી વાસના પણ મને ખેંચી રહી છે. તો પછી હું સ્થિર કેવી રીતે રહી શકું ? ભગવાન ! હું તમને શું કહું ? જ્યારે જ્યારે પિતાજી મને મારી નાખવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે ત્યારે તમે જુદા જુદા રુપે આવીને ઊભા રહ્યા હતા. મારુ રક્ષણ તમે જ કર્યું છે, તમે જ મને સંભાળ્યો છે. ભગવાન ! તમને મારી આવશ્યકતા લાગે છે. આમાં તમારો પ્રેમ છે, નહિ તો તમે મને શા માટે સંભાળો ? જેની તમને આવશ્યકતા હોય તેને તમે સંભાળો છો. તમારો મારા પર પ્રેમ છે તેથી હું તમારા કરાલ રુપથી ડરતો નથી. પ્રભુ ! મને તો આ કરાલ સંસારથી ડર લાગે છે. તમારા ભયાનક રુપ થી હું ડરતો નથી, એનું કારણ, હું તમારો દીકરો છું. સિંહનો દીકરો શું સિંહથી ડરે ? ન ડરે. આખી દુનિયા પોલીસ ઓફિસરથી ડરે છે, પણ તેની પત્ની તેનાથી ડરતી નથી. સંબંધ જેટલો પાસેનો હોય તેટલો ડર ચાલી જાય છે.

છેવટે ભગવાન પ્રહ્લાદને કહે છે: 'હું તારા પર પ્રસન્ન થયો છું. તું મારી પાસેથી વર માગ.'

ત્યારે પ્રહ્લાદે અતિશય સુંદર જવાબ આપ્યો છે. પ્રહ્લાદ કહે છે: 'પ્રભુ તમે મને વર માગવાનું કહો છો, પરંતુ, વર માગવાનો અર્થ શું છે ? તમારાથી જુદું અને તમારાથી વધારે જે કંઇ હોય તે જ માગવાનું હોય ને ! ભગવાન! મારે તમારાથી જુદું કંઇ માગવું જ નથી. મારે વર પણ માગવો નથી.' આમાં પ્રહ્લાદે વર માગ્યો પણ પણ ખરો અને ન પણ માગ્યો. પ્રહ્લાદ પણ અક્કલમંદ છે. આવા ભક્તને જોયા પછી ભગવાન પણ હસતા હશે.

આ સાંભળીને ભગવાન કહે છે: 'તો પણ તારે કંઇ માગવું જ જોઇએ.' ત્યારે પ્રહ્લાદ માગે છે. ભક્તિશાસ્ત્રમાં તેની માગણી પણ સમજવા જેવી છે. પ્રથમ સ્કંધમાં કુંતામાતાએ માગ્યું: **'विपदः सन्तु नः शश्वत्** -ભગવાન ! મને ડગલે ને પગલે વિપત્તિ આપો. તમે વિપત્તિ આપશો તેના લીધે મને સતત તમારું સ્મરણ રહેશે.'

આ સ્કંધમાં પ્રહ્લાદ માગે છે વાસનાશૂન્યતા. બન્નેની માગણી એક જ છે. માણસને વાસના હેરાન કરે છે. સંસાર ભયાનક છે એનો અર્થ શો છે? સંસારનો અર્થ છે: થવું, અને કંઇ થવાની, બનવાની ઇચ્છા (Becoming and crave for becoming something) -એટલે સંસાર. સંસાર એટલે રેડિયો નહિ, મકાન નહિ, ઘી નહિ, સાકર નહિ. મારે કંઇ 'બનવું' છે. મારે શ્રીમંત બનવું છે. બીજા કરતાં વધારે શ્રીમંત થવું છે. મારે વિદ્યાર્થી બનવુ છે, ફર્સ્ટક્લાસ ગ્રેજ્યુએટ થવું

છે, મારે વિત્તવાન થવું છે, કીર્તિમાન થવું છે. મારે પતિ થવું છે. કેવળ પતિ થઇને નહિ ચાલે. મારે પિતા થવું છે, પછી મારે દાદા થવું છે. મારે દાદા થઇને નહિ ચાલે, મારે પરદાદા થવું છે. આ થવું-'**ભવ**' ખલાસ જ થતો નથી. તે જ 'ભવ'ની ભયાનકતા છે.

મારો '**ભવ**' કયારે બંધ થશે ? જ્યારે મને જ્ઞાન થશે ત્યારે અથવા મને ભગવાન પર વિશ્વાસ બેસશે ત્યારે. આ બે જ રસ્તા છે. આપણા મગજમાં 'ભવ-થવું' (Becoming) છે, પરંતુ, ત્રણ વર્ષના બાળકના મગજમાં 'થવું'- (Becoming) નથી. એને ખાવાનું જોઇએ છે, પરંતુ, ખાવાના સમયે ખાવાનું મળી જશે. તે ખાવાનું મળશે કે નહિ તે વિચારતો પણ નથી. તે બાબત તો તેની મા વિચારે છે. મા-દીકરો મુંબઇથી અમદાવાદ જવા નીકળે તો રસ્તામાં ભૂખ લાગશે. માટે સાથે ભાતું લેવું જોઇએ; પણ તે માની વાસના છે, દીકરાની નહિ. રસ્તામાં સુરત આવે ત્યારે દીકરાને ભૂખ લાગી એવું સમજીને તેની મા તેને ભાંતામાંથી લાડુ કાઢી આપશે એવો તેને વિશ્વાસ છે. તેને લાડુની વાસના છે જ નહિ. ભક્ત કહે છે કે મારે પ્રભુવિશ્વાસથી વાસનાશૂન્યતા લાવવી છે. આવું જ પ્રહ્લાદ માગે છે પ્રહ્લાદને પ્રભુવિશ્વાસ હતો, તેથી તેની વાસના ચાલી ગઇ.

વાસનાશૂન્યતા આવી ગઇ કે માનવી દેહ-ખોખું ચાલે જ નહિ. તમને સાંભળવાની વાસના છે તેથી તમે અહીં પાઠશાળામાં આવ્યા; અને મને સંભળાવવાની વાસના છે તેથી હું પાઠશાળામાં આવ્યો. કૃતિ, ગતિ-આ બધું વાસનાથી જ થાય છે. જો વાસના નહિ, તો કૃતિ નહિ અને ગતિ પણ નહિ. આવા પ્રહ્લાદ જેવા મહાન ભક્તની કૃતિ-ગતિ ખતમ થઇ જશે તો શું થશે? તેના ખોખામાં ભગવાન વાસના કરશે અને ત્યારે તેનો સતત ભગવત્‌ચિંતન, સતત ભગવદ્‌સ્પર્શ મળશે. જેમ વિપત્તિમાં સતત ભગવત ચિંતન સતત ભગદ્‌ સ્પર્શ કુતાંમાતાને મળ્યો, તેમ પ્રહ્લાદને પણ વાસનાશૂન્યતામાંથી સતત ભગવદ્‌સ્પર્શ, ભગવદ્‌ચિંતન મળશે. બન્નેની માગણી એક જ છે. માત્ર ભાષા જુદી છે.

ત્યારબાદ નૃસિંહ ભગવાને પ્રહ્લાદને કહ્યું: 'તારા પિતાનું પાપ તારે ધોવું પડશે. પિતાનું પાપ ધોઇને તું રાજ કર, સંસાર કર.' પ્રહ્લાદે એક હજાર વર્ષ રાજ્ય કર્યું.

પ્રહ્લાદનું રાજ્ય એક હજાર વર્ષ ચાલ્યું આ વાંચીને લોકો કહે: 'આ તમારું પુરાણ આવી ગયું. કોઇ હજાર વર્ષ જીવે ખરો ?' ડોક્ટરો કહેશે કે આતો ગાંડા લોકોનું બોલવું છે. પરંતુ, પ્રહ્લાદનું રાજ એક હજાર વર્ષ ચાલ્યું એનો અર્થ એ કે પ્રહ્લાદે જે બંધારણ બનાવ્યું તે મુજબ જ એક હજાર વર્ષ સુધી રાજ્ય ચાલ્યું. હજાર વર્ષમાં તેમાં એક પણ સુધારો ન આવ્યો. આપણા ભારતના બંધારણને કેટલાં વર્ષ થયાં ? તેમાં કેટલાયે સુધારા આવી ગયા. દરવર્ષે કંઇને કંઇ સુધારા આવે જ છે. સુધારાનો અર્થ જ એ કે કંઇ ભૂલ હતી. પ્રહ્લાદે એવું બંધારણ બનાવ્યું કે તેમાં સુધારો કરવાની હજાર વર્ષ સુધી જરૂર ન પડી.

અહીં ગૃહ, સુત, વિત્તની નિંદા કોઇ જગાએ આવી છે, પરંતુ, તે અર્થવાદાત્મક છે. 'અર્થવાદ' એટલે શું ? કે.જી. ધોરણના છોકરાઓને તત્ત્વજ્ઞાન કહેવું બહુ કઠણ છે. જેનો અભ્યાસ છે તેને 'અર્થવાદ' શબ્દ બોલતાં જ તેનો અર્થ સમજાઇ જાય છે. અમને તો 'અર્થવાદ' એટલે 'પૈસાનો વાદ' એટલી જ ખબર પડે છે.

ત્યારબાદ વચ્ચે જ ત્રિપુરાસુરની કથા આવે છે. તે શા માટે આવી એ એક પ્રશ્ન છે. પ્રહ્લાદનો અને તેનો કંઇ સંબંધ નથી. લોકોને તે અસંબદ્ધ લાગે છે. સંશોધકો (Research scholars) ને તેમાં સાતત્ય નથી લાગતું. આ સંશોધનકારો એક જુદા જ પ્રકારના માનવી હોય છે. તેમની આવશ્યકતા છે, પણ તેમણે સંભાળીને સંશોધન કરવું જોઇએ. ભાગવતકાર એક વિશિષ્ટ દૃષ્ટિ રાખીને ચાલે છે. જે વિશિષ્ટ દૃષ્ટિ રાખીને ચાલે છે તેને જુદું જુદું કંઇ કહેવું પડે છે. લોકોને સંતુષ્ટ કરવા આ એક જુદી દૃષ્ટિ છે, લોકોને ઊભા કરવા એ એક જુદી દૃષ્ટિ છે, અને લોકોને નિ:સંદેહ કરવા એ ત્રીજી દૃષ્ટિ છે. કોઇને ઊભો કરવો હોય, તેને કંઇ કહેવું હોય, સમજાવવું હોય, બદલવો હોય તો તેને કહેવા માટેનું લખાણ અને પંડિતોનો મહાનિબંધ (Thesis) એ બન્ને જુદાં હોય છે. જેઓ લોકોને ઊભા કરવા માગતા હોય તેમના લખવામાં, બોલવામાં ફરી ફરી એક વાત આવે જ ! તેને જ અભ્યાસ કહે છે.

उपक्रमोपसंहारौ अभ्यासोऽपूर्वता फलम् ।
अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्य निर्णये ॥

અર્થ: કોઇ પણ ગ્રંથનું તાત્પર્ય કાઢવું હોય તો આરંભ, અંત, અભ્યાસ, નવીનતા, ફળ, અર્થવાદ અને ઉપપત્તિ આ સાત વાતોને સાધન માની નિશ્ચય કરવો.

તમે જ્યારે કોઇ પુસ્તક વાંચો ત્યારે આટલી વાતો તમારા ધ્યાનમાં હોવી જોઇએ, તો જ તમારે પુસ્તક હાથમાં લેવું જોઇએ એવું શાસ્ત્રકારોનું કહેવું છે. કેટલાક લોકો કંઇ સમજાવવું હોય, બદલવું હોય, માટે તેઓ લખે છે. તેમને પોતાની વિદ્વત્તા દેખાડવી હોતી નથી.

પ્રહ્લાદની સ્તુતિમાં વિષ્ણુ ભગવાનનું, શ્રીહરિનું અતિશય સુંદર વર્ણન છે. તે સાંભળીને સાંભળવાવાળાને એમ જ લાગે કે બીજા કોઇ ભગવાન છે જ નહિ. ત્રિપુરાસુરનું વર્ણન વચ્ચે જ લખ્યું છે. શિવજી મય દૈત્યને મારવા માગતા હતા; શિવજી દૈત્યોને મારી નાખે પણ તે અમૃત પીને પાછા જીવતા થતા હતા. તો શું કરવું જોઇએ ? ભગવાન વિષ્ણુ તેમને મદદ કરવાને માટે, શિવજીના બોલાવ્યા સિવાય પોતાની મેળે દોડી આવ્યા. ઐક્ય હોય ત્યાંજ આવું શક્ય બને, તે સમજાવવા મયાસુરની કથા વચ્ચે આવી છે. કહેવાવાળાનું- લખનારનું દિલ સમજીએ તો જ તે ગ્રંથની સમાલોચના કરી શકાય.

તે કાળે એવી ભાવના ઊભી થઇ હશે કે વિષ્ણુ અને શિવ જુદા છે. તેમને સમજાવવાને માટે મયાસુરની કથા વચ્ચે જ આવી ગઇ. વચમાં જ માયાસુરનું વર્ણન વાંચનારને પરસ્પર સંબંધ નથી એમ લાગે પણ પરસ્પર સંબંધ એ છે, કે નૃસિંહ ભગવાનની સ્તુતિમાં શ્રીહરિનુ-વિષ્ણુનું વર્ણન છે. વિષ્ણુ અને શિવજીમાં ભેદ છે તેવું ન લાગે તે માટે વચ્ચે આ કથા આવી. કહેવાનો અભિપ્રાય એ છે કે, શિવ અને વિષ્ણુ એકબીજાની વિરૂધ્ધમાં નથી, તે બન્ને એક જ છે.

સાતમાં સ્કંધના દસમા અધ્યાય સુધી આ વાતો આવી ગઇ ત્યારબાદ સનાતનધર્મનું વિવેચન કર્યું છે. તે સનાતનધર્મનું વર્ણન અને સ્મૃતિમાં જે ધર્મવર્ણન આવે છે તે એક જ છે, પરંતુ, દાર્શનિકો માટે તેમાં બીજી એક વાત છે. શાસ્ત્રજ્ઞોને માટે તેમાં ફરક છે પરંતુ, સામાન્ય લોકો માટે બન્ને સરખું જ છે.

સ્મૃતિમાં વેદોને જે સ્થાન આપવામાં આવ્યું છે તે સ્થાન ભાગવતમાં શ્રીહરિને આપવામાં આવ્યું છે. તમે વાંચશો તો ખ્યાલ આવશે કે **वेदोऽखिलोधर्ममूलम्**-વેદો એટલે એક અપૌરુષેય (Transpersonal)વિચારધારા. વૈદિકોમાં પણ એક એવી ધારણા છે કે વેદોને ભગવાને પણ નિર્માણ નથી કર્યા, વેદો અપૌરુષેય છે. વેદો કોઇએ નથી બનાવ્યા એમ કેમ કહેવાય ? કોઇએ તો વેદો બનાવ્યા હશે ને ? નહિ તો વેદો નિર્માણ થયા કેમ ? આવો પ્રશ્ન લોકો આપણી સામે મૂકે છે, પરંતુ વેદો અપૌરૂષેય હોઇ શકે છે.

આ લોકોને પૂછવું જોઇએ કે ઈંગ્લેંડનું બંધારણ (Constitution) અલિખિત (Transpersonal)છે કે નહિ ? ભણેલા-સુશિક્ષિત લોકો તે વાત માને છે એટલું જ નહિ, તેને પ્રમાણભૂત પણ માને છે. તો પછી અમારા વેદો અપૌરુષેય (Transpersonal) કેમ ન હોઇ શકે ?

જેમ વેદો અપૌરુષેય છે એવી એક વિચારધારા છે, તેમ બીજી એક વિચારધારા **ईश्वरोक्तत्वात् वेदस्य प्रामाण्यम्** - છે. અહીં શ્રીહરિને મહત્ત્વ છે. આવી રીતે સ્મૃતિમાં જેવું પ્રામુખ્ય વેદને આપ્યું છે તેવું પ્રામુખ્ય ભાગવતમાં શ્રીહરિને આપ્યું છે. **ईश्वरोक्तत्वात् वेदस्य प्रामाण्यम्** વેદ ઇશ્વરે નિર્માણ કર્યા છે. તેણે સૃષ્ટિ નિર્માણ કરી ત્યારબાદ તેનું બંધારણ પણ લખ્યું છે અને તે દ્વારા સૃષ્ટિમાં કેમ રહેવાનું તે નિશ્ચિત કર્યું. આ જે નિશ્ચિત કર્યું તે જ વેદ, તે વેદ આદિમ ભગવાને લખ્યા છે એમ કહે છે.

ત્યારબાદ વર્ણધર્મ અને સ્ત્રીધર્મનું બહુ સુંદર વંર્ણન છે. તેમાં લખ્યું છે કે ઘરની વ્યવસ્થા જ સ્ત્રીનું સર્વસ્વ છે. વ્યક્તિ અને વસ્તુની વ્યવસ્થાનો અર્થ થાય છે, પરિવાર-કુટુંબ. ઘરમાં આવેલી વસ્તુની વ્યવસ્થા કરવાની જવાબદારી સ્ત્રીની છે. તેવી જ રીતે, જન્મેલી વ્યક્તિને સંસ્કાર આપવાની જવાબદારી સ્ત્રીની છે. આ કામની વહેંચણી (Division of labour) છે. આનો અર્થ એ નથી કે સ્ત્રી માટે આ ગુલામી વૃત્તિ છે. જોકે કેટલાક લોકોને તેમાં ગુલામી વૃત્તિ દેખાય છે. સ્ત્રી-પુરુષ એકત્ર આવ્યા પછી કોઇ પણ વ્યવસ્થા કરવાની હોય તો આવા વિભાગ તો કરવા જ પડે.

સંસ્કાર આપવા માટે ઘરમાં કોઇ આત્મીય વ્યક્તિ હોવી જોઇએ આ આપંણી જૂની વ્યવસ્થા છે, જૂનું માનસશાસ્ત્ર છે; પરંતુ આજનું માનસશાસ્ત્ર પણ આ જ વાત સિદ્ધ કરે છે. આજે કુટુંબ ચલાવવાવાળાને સંતાન પાસે બેસવાની પાંચ મિનિટની ફુરસદ નથી હોતી. એનું કારણ કુટુંબપ્રમુખ ત્રણ ફેકટરીઓ સંભાળતો હોય તો તે છોકરાઓ પાસે કયારે બેસે ? જો તે છોકરાઓ પાસે ન બેસે તો તે છોકરાઓની ઉન્નતિ કેવી રીતે થાય ? છોકરાઓ શ્રેષ્ઠ કેવી રીતે બને ? તેના માટે માનવસ્પર્શ (Human touch) જરૂરી છે. બાપ કેવળ ફી આપે અને શાળામાં બાળકોને મોકલી આપે તેનાથી શું થાય ? 'મારો છોકરો ત્રીજીમાં છે કે ચોથીમાં છે તે મને ખબર નથી' એવું કહેવામાં બાપ આજે ગૌરવ સમજે છે. તે એમ કહેવા માગે છે ~~છે~~ કે બહારની જવાબદારી સંભાળતો હોવાથી ઘરમાં કંઇ ધ્યાન જ આપી શકાતું નથી. વાસ્તવમાં છોકરાઓને સંસ્કાર આપવા એ એક આવશ્યક વાત છે. કેવળ છોકરાઓને ફી આપવી, પૈસા કમાવા અને છોકરાઓ માટે પૈસા રાખી દેવાથી કંઇ છોકરાઓ ઉન્નત થતા નથી.

પૉંડીચરી ગવર્મેન્ટે પચીસ-ત્રીસ વર્ષ પહેલાં એક બહુ સુંદર પ્રયોગ કર્યો હતો. એક સરખા બે પ્લોટમાં તેમણે છોડ લગાડયા હતા. બન્નેની જમીન સરખી, ખાતર સરખું, પાણી સરખું,

વાતાવરણ-આબોહવા પણ સરખાં જ. ફરક માત્ર એટલો કે એક પ્લોટમાં ખેડૂત પોતે કામ કરતો હતો, છોડ પાસે જતો, તેના પર પ્રેમથી હાથ ફેરવતો હતો; જ્યારે બીજા પ્લોટમાં આ બધું જ કામ મશીન દ્વારા થતું હતું. તેમાં માનવનો પ્રવેશ પણ ન હતો. પરિણામ એ આવ્યું કે જે પ્લોટમાં ખેડૂત જતો હતો, તેનાં ફળોના કદમાં, સ્વાદમાં, રંગરૂપમાં ઘણો ફરક જોવામાં આવ્યો. મશીનથી કામ થતું હતું તે પ્લોટનાં ફળો કરતાં આ પ્લોટનાં ફળોના સ્વાદમાં વધારે મીઠાશ હતી. તે ફળોનું કદ પણ મોટું હતું. એક પ્લોટમાં માનવસ્પર્શ હતો અને બીજા પ્લોટમાં મશીનસ્પર્શ હતો, બન્નેનાં પરિણામમાં ફરક આવ્યો. પોંડીચેરી સરકારનું, સરકારી સ્તરે થયેલું આ સંશોધન છે.

આવી રીતે કુટુંબપ્રમુખ એમ કહે કે મેં છોકરાઓની ભણવાની સારામાં સારી વ્યવસ્થા કરી છે, ફી આપું છું, તેમને જમાડવા માટે મેં રસોઇયાની વ્યવસ્થા કરી છે, તો એટલાથી નહિ ચાલે. આમાં ઘરનાં લોકોનું મન મરી જાય છે. ઘરની વ્યવસ્થા એવી કરવી જોઇએ કે જેમાં માનવસ્પર્શ મળે. તે છોડીને નહિ ચાલે. આ પહેલી વાત છે.

બીજી વાત કહી છે કે પત્નીએ પતિને શ્રેષ્ઠ સમજવો જોઇએ. ગૃહસ્થાશ્રમમાં આ બન્ને વાતોને ભાગવતે પ્રામુખ્ય આપ્યું છે. પતિ અને પત્ની આ બે જીવનપ્રવાહો છે. અને બન્ને જીવનપ્રવાહો એકત્ર આવવાના છે. બે પ્રવાહો એકઠા થયા પછી ભમરી નિર્માણ થાય છે. તેમાં માણસ પડી જાય છે. એક પ્રવાહમાં બીજા પ્રવાહે ભળી જવાનું છે. તેનું જ શિક્ષણ કુટુંબમાં મળે છે. જે ઠેકાણે એક પ્રવાહ બીજા પ્રવાહમાં ભળી જતો નથી ત્યાં સંવાદિત્વ (Harmony) નહિ હોય. ત્યાં તડજોડ (Adjustment) હશે. સંવાદિત્વ અને તડજોડ માં ફરક છે. સંવાદિત્વ માટે બન્ને પ્રવાહોએ ભળી જવું જોઇએ. તે માટે પત્નીને પતિની આવશ્યકતા લાગવી જોઇએ આ પહેલી વાત, પતિની આકર્ષકતા લાગવી જોઇએ એ બીજી વાત અને પતિની શ્રેષ્ઠતા લાગવી જોઇએ એ ત્રીજી વાત. આ માનસશાસ્ત્રનો પ્રશ્ન છે.

અમે બે જણા સાથે જ કૉલેજમાં ભણતા હતા અને અમે પ્રેમલગ્ન કરી લીધાં. આ લગ્ન થયા પછી એક જીવનપ્રવાહ બીજા જીવનપ્રવાહમાં ભળી શકતો નથી-જો પતિની શ્રેષ્ઠતા પત્નીને નહિ લાગતી હોય તો ! આ દૃષ્ટિથી પતિમાં ગુણશ્રેષ્ઠતા હોવી જોઇએ. પતિ બનવા માટે કોઇ ગુણો હોવા જોઇએ એમ મનુમહારાજ કહે છે. આજના લોકોની દૃષ્ટિથી મનુ નકામો છે, જૂના જમાનાનો છે, જંગલી છે, પણ મનુને માનસશાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન હતું.

જો બે જીવનપ્રવાહોએ ભળી જવાનું હોય તો એક પ્રવાહને બીજો પ્રવાહ શ્રેષ્ઠ લાગવો જ જોઇએ, તો જ તે બીજા પ્રવાહમાં ભળી શકે, નહિ તો ન ભળી શકે. પતિ થોડો મોટો લાગવો જોઇએ. આજે પણ આ વાતનું ધ્યાન આપણે રાખીએ જ છીએ, પણ તે ઊંચાઇમાં બે ઈંચ મોટો હોય તે જુએ છે. બીજી કોઇ ઊંચાઇ (Height) જોતા નથી. પછી કહે છે કે અનુરૂપ (Matching) નથી. કેવળ સ્થૂળ ઊંચાઇ જોવાની નથી, ગુણોની ઊંચાઇ પણ જોવી જોઇએ.

ભાગવતમાં સ્ત્રીધર્મ લખેલા છે:

संतुष्टालोलुपा दक्षा धर्मज्ञा प्रियसत्यवाक् ।
अप्रमत्ता शुचिः स्निग्धा पतिं त्वपतितं भजेत् ॥ (भा. ७/११/२८)

(પોતાને જે મળે તેનાથી સંતુષ્ટ રહેવું, મળેલા ભોગોની આસક્તિ છોડવી, દક્ષ બનવું, ધર્મ જાણવો,

પ્રિય અને સત્ય વાણી બોલવી, પ્રમાદ છોડવો, પવિત્ર રહેવું, સ્નેહાળ થવું અને પતિત ન હોય તેવા પતિ સાથે રહેવું, તેની સેવા કરવી).

તેમાં એક લીટી લખી છે-**पतिं त्वपतितं भजेत्** -એટલે કે જે પતિ પતિત ન હોય તેની સેવા કરવી જોઇએ એમ કહ્યું છે. આપણામાં એક એવી માન્યતા ઘર કરી ગઇ છે કે, 'પતિ કોઇ પણ પાપ કરે તો ચાલે, તેની સામે પત્નીએ શિર નમાવવું જ જોઇએ.' એવું કહેવાવાળી ભાગવત સંહિતા નથી. પુરાણોમાં એવું વર્ણન આવે છે કે કોઇ એક પતિ વેશ્યાને ત્યાં જતો હતો. જ્યારે વેશ્યાને ત્યાં જવું તેને માટે અશક્ય થયું, ત્યારે પત્ની જાતે તેને ઉપાડીને વેશ્યાની પાસે લઇ ગઇ-એટલે પતિ ગમે તેટલો પતિત હોય તો પણ પત્નીએ તેને ભગવાન સમજવો જોઇએ એવી માન્યતા પુરાણમાં છે. પરંતુ, ભાગવતે સ્પષ્ટ શબ્દમાં લખ્યું છે કે: **पतिं त्वपतितं भजेत्** -અપતિત પતિ હોય તો જ પત્નીએ તેની સેવા કરવી જોઇએ. ભાગવતકાર બુદ્ધિશાળી (Rational) છે, પ્રગતિશીલ વિચારક છે. ભાગવતકારે લખેલી આ લીટી તમને બીજી કોઇ જગાએ વાંચવા મળશે નહિ.

પતિ ગમે તેટલાં પાપ કરે તો ચાલે, તેના સામે પત્નીએ શિર નમાવવું જોઇએ- આ વ્યવહાર આવી ગયો છે. ભાગવતકાર વ્યવહાર કહેવા માટે નથી બેઠા. શું તમને નથી લાગતું કે ભાગવતમાં જે કંઇ લખ્યું છે તે બૌદ્ધિક ઊંચાઇ -(Intellectual height) નું છે ? ભાગવતકારે પણ કંઇ વિચાર્યું છે-**पतिं त्वपतितं भजेत्** આ કંઇ વીસમી સદીમાં લખ્યું નથી.

બીજું, વર્ણવ્યવસ્થામાં બીજી એક વ્યવસ્થા આવી છે. પ્રહલાદે જે વર્ણવ્યવસ્થા લખેલી છે, તે વાંચવા જેવી છે. પ્રહલાદે એક જન્મસિદ્ધ વર્ણવ્યવસ્થા માની છે એમાં સંદેહ નથી, પરંતુ, વર્ણ નિશ્ચિત કરવા માટે, લક્ષણ જોઇને તે વ્યક્તિનો વર્ણ માનવો જોઇએ એમ કહે છે. આજની જે પેઢી છે તેને આ વિવાદ ખબર જ નથી. એનું કારણ આપણે ચાતુર્વર્ણ્યવ્યવસ્થા છોડીને જ બેઠા છીએ. આજે કોઇ ચાતુર્વર્ણ્યવ્યવસ્થાનું નામ પણ લે તો આપણે તેનો વિરોધ કરીએ છીએ. એનું કારણ તેના વિષે આપણે વિચારવું જ નથી. ઇ.સ. ૧૯૩૦-૧૯૪૦ દરમ્યાન આપણા દેશમાં બે પ્રકારનું ચિંતન ચાલતું હતું. એક ચિંતન કહેતું કે, ચાતુર્વર્ણ્યવ્યવસ્થા માનવી હોય તો તે **गुणकर्मविभागशः** માનવી જોઇએ અને બીજું ચિંતન કહેતું હતું કે ચાતુર્વર્ણ્યવ્યવસ્થા જન્મસિદ્ધ માનવી જોઇએ.

ભાગવકારે સ્પષ્ટ ભાષામાં લખ્યું છે કે વ્યક્તિના લક્ષણ મુજબ જ વર્ણ નક્કી કરવો જોઇએ. સમજો કે એકાદ માણસમાં બ્રાહ્મણનાં લક્ષણ જોવા મળે તો તેને બ્રાહ્મણ માનવો જોઇએ, એટલે કે લક્ષણ ઉપરથી વર્ણ નિશ્ચિત કરવો જોઇએ. વર્ણવ્યવસ્થા ગુણસિદ્ધ હોવી જોઇએ એ સિદ્ધાંત છે અને વર્ણવ્યવસ્થા જન્મસિદ્ધ હોવી જોઇએ એ વ્યવસ્થા છે. એવું આપણા લોકોએ માન્યું છે. તેના વગર પ્રત્યેક વ્યક્તિને કયું શિક્ષણ આપવું તે નક્કી કયારે કરવાનું ? શિક્ષણ તો બચપણમાં જ આપવાનું હોય છે. અને જો બચપણથી જ શિક્ષણ આપવાનું હોય તો બચપણમાં જ તેનો વર્ણ પણ નિશ્ચિત થવો જોઇએ. વર્ણ નિશ્ચિત થયા પછી જ તેને શિક્ષણ આપી શકાશે. નહિ તો શિક્ષણ કેવી રીતે મળશે ?

સમજો કે એકાદ માણસને શિક્ષક-બ્રાહ્મણ બનાવવો છે તો શું વીસમે વર્ષે તેનાં લક્ષણો જોઇને નક્કી કરીને તેને શિક્ષક બનાવશો ? તે કેવી રીતે શક્ય બને ? ટૉલ્સ્ટોય તો કહે છે કે માણસનું

શિક્ષણ તે આઠ વર્ષનો થાય ત્યાંસુધીમાં જ થઇ જાય. ત્યારબાદ તેના મનને વળાંક મળતો નથી. ત્યારબાદ બધું માહિતીનું શિક્ષણ થશે. માહિતી જુદી અને શિક્ષણ જુદું. વ્યક્તિના જીવનને એક નિશ્ચિત વળાંક મળવો જોઇએ. તેના માટે બચપણમાં જ તેને કયું શિક્ષણ આપવું તે નક્કી થવું જોઇએ. તેને માટે વર્ણવ્યવસ્થા જન્મસિદ્ધ જ માનવી જોઇએ.

ભાગવતકાર કહે છે કે લક્ષણથી વર્ણ માનવો જોઇએ. બ્રાહ્મણકુળમાં જન્મેલો તેથી તે બ્રાહ્મણ એવું માનવાની કોઇ જરૂર નથી. તે છતાં વર્ણવ્યવસ્થા જન્મસિદ્ધ માની છે, એ વ્યવહાર છે. નહિ તો નહિ ચાલે.

આજે આપણા કેટલાયે લોકો સર્વસ્વ ખર્ચીને ભગવાનનું કામ કરી રહ્યા છે. શું તેઓ બ્રાહ્મણ નથી ? તેમની પાસે બ્રાહ્મણના ગુણો નથી ? બીજાને ઊભો કરવાના, ઉન્નત કરવાનાં ગુણો તેમની પાસે નથી ? લક્ષણથી વર્ણ સિદ્ધ થાય છે, પરંતુ, તે અવ્યવસ્થા પેદા કરશે. જો તમને વ્યવસ્થા જાળવવી હશે તો તમારે જન્મસિદ્ધ વર્ણવ્યવસ્થા જ માનવી પડશે. ગુણસિદ્ધ વર્ણ-વ્યવસ્થા એ સિદ્ધાંત અને જન્મસિદ્ધ વર્ણ એ વ્યવસ્થા. સપ્તમ સ્કંધમાં વર્ણવ્યવસ્થાનું આવું વર્ણન છે.

ત્યારબાદ આશ્રમની વ્યવસ્થાનું વર્ણન આવે છે. બ્રહ્મચર્યાશ્રમમાં અભ્યાસ કરવાવાળા વિદ્યાર્થીનું અને સાધકનું જીવન કેવું હોવું જોઇએ તેનું વર્ણન છે. વેદાધ્યયન અને ઇશ્વર પ્રાપ્તિને માટે ગુરુ હોવો જોઇએ એમ સમજાવ્યું છે. ગુરુ કહેશે તેમ જ કરવું પડશે એવું ભાગવત કહે છે. આપણને જે ખબર નથી તે જાણવા માટે જ આપણે ગુરુ પાસે જઇએ છીએ ને ? તો પછી ગુરુ કહે તે માનવું જ પડશે. જો તમે એમ કહેશો કે ગુરુ ભલે કહે પણ અમારા મગજમાં ઊતરશે તો અમે તેમ કરીશું-તો પછી તેની જવાબદારી ગુરુ ઉપર નથી. ગુરુને તો જુદી જુદી પગથીથી તમને આગળ લઇ જવા છે, તેને તમારા જીવનને વળાંક આપવો છે, તેથી તે કહે તેમ અને તેટલું જ કરવું જોઇએ. તમે અર્ધું માનો અને અર્ધું નહિ માનો તે નહિ ચાલે.

વેદાધ્યયન કરનાર વિદ્યાર્થી અને ઇશ્વરપ્રાપ્તિની ઇચ્છા રાખનાર સાધક-બન્ને માટે-ઈંદ્રિયદમન આવશ્યક છે. વિષયો વિષેજ વિચારવાવાળો, વિદ્યાર્થી કે સાધક હોઇ જ શકતો નથી એવો સ્પષ્ટ સિદ્ધાંત ભાગવતે કહ્યો છે. બ્રહ્મચર્યાશ્રમમાં વિષયચિંતન ન જ થવું જોઇએ. જો વિષયચિંતન થતું હોય તો તે બ્રહ્મચર્યાશ્રમ નથી. જે વિદ્યાર્થી બ્રહ્મચર્યાશ્રમમાં છે તેને ખબર જ ન હોવી જોઇએ કે તેને પરણવાનું છે. તેવી સ્થિતિમાં જ તેને રાખવો જોઇએ. આજે તો આપણે શાળામાં જ લૈંગિક જ્ઞાન (Sex education) આપવા માગીએ છીએ. આપણે તો બહુ જ આગળ વધેલા (advanced) થઇ ગયા છીએ ને ? સ્મૃતિકારો કહે છે તે આપણને જૂનું લાગે છે. તેઓ કહે છે કે વિદ્યાર્થીને માટે વિષયોનો ઉપભોગ અને તેનો વિચાર-બન્ને વર્જ્ય છે. વિદ્યાર્થી અવસ્થામાં પુરુષને માટે જેમ સ્ત્રીચિંતન વર્જ્ય ગણ્યું છે તેવું જ સ્ત્રીને માટે પુરુષ ચિંતન વર્જ્ય ગણ્યું છે. એટલું જ નહિ, તેને લગતી વાર્તા પણ તેમને સાંભળવી નહિ એમ કહ્યું છે. ગીતાએ તો તેની પરંપરા દેખાડી છે:

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ।।
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।। (गीता-२/६२-६३)

(વિષયોનું ધ્યાન-ચિંતન કરનાર વ્યક્તિમાં વિષયો માટેની આસક્તિ પેદા થાય છે. આસક્તિમાંથી કામ પેદા થાય છે અને કામનામાંથી (કામના ન ફળવાથી) ક્રોધ જન્મે છે. ક્રોધમાંથી સંમોહ અને સંમોહને પરિણામે સ્મૃતિ વિભ્રમ નિર્માણ થાય છે. સ્મૃતિ ભ્રંશ થવાથી બુદ્ધિ ચાલી જાય છે અને બુદ્ધિ જ ચાલી જતાં અંતે એ વ્યક્તિનો નાશ જ થાય છે.)

જે વિદ્યાર્થી કોલેજમાં અભ્યાસ દરમ્યાન જ મારી પત્ની કેવી હશે, જીવન સંગિની કેવી હશે, એવો વિચાર કરતા હોય તે વિદ્યાર્થી તેજસ્વી કેવી રીતે થઇ શકે ? આપણા વૈદિકોની જૂની પરંપરા મુજબ તો યુવાન પચીસ વર્ષનો થાય ત્યાંસુધી તો તેણે પત્નીની બાબતમાં, લગ્ન વિષે વિચારવું પણ ન જોઇએ, એટલું જ નહિ, અપરિણીત યુવાનને કોઇના લગ્નમાં પણ જવાનું નહિ. આજે તો હોસ્ટેલમાં વિદ્યાર્થી ભણતો હોય અને કાકાના છોકરાનું લગ્ન હોય તો ઘરે બોલાવે છે; અને છોકરો પણ શાળા છોડીને લગ્નમાં જાય છે, એનું કારણ સંબંધીઓએ તો લગ્નમાં જવું જ જોઇએ ને?મનુસ્મૃતિ કહે છે કે આવા સગાસંબંધીના લગ્નમાં તપોવનમાં ભણતા વિદ્યાર્થીએ જવાની કોઇ જ જરૂર નથી, એટલું જ નહિ, તપોવનમાં ભણતા વિદ્યાર્થીના બાપ સિવાય બીજો કોઇ પણ કાકા, મામા, માસા કે સગો મરી જાય તો તેને તેનું સૂતક પણ લાગે નહિ અને તપોવન છોડીને જવાનું પણ નહિ, તેથી જ તો તપોવનમાં શિક્ષણ પૂરું થયા બાદ, સમાવર્તન સંસ્કાર થયા પછી વિદ્યાર્થી ઘેર જાય ત્યારે શિક્ષણ કાળ દરમ્યાન મરી ગયેલા બધા સંબંધીઓનું ત્રણ દિવસ સૂતક પાળે, મૃતાશૌચ પાળે, આટલી પ્રગતિશીલ શિક્ષણપ્રણાલી ભાગ્યેજ કોઇ દેશમાં હશે!

આપણે ત્યાંના ધાર્મિક વિધિ અને ક્રિયાકાંડ માનવાવાળા લોકો મૃતાશૌચને કેટલું અશુભ માનતા હશે! વેદવિદ્યાનો અભ્યાસ કરવાની, તેમજ પૂજા કરવી વગેરેની વિદ્યાર્થીને બધી છૂટ હતી. બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીને કોઇના લગ્નમાં જવાનું નહિ. તેવી જ રીતે છોકરી અઢાર વર્ષની થાય ત્યાંસુધી કોઇના લગ્નમાં જતી ન હતી. આજે તો દસ-બાર વર્ષની છોકરી લગ્નમા જાય છે. ત્યારે વિચાર કરવા લાગે છે કે જેમ આ વરવધૂ આજે મંચ ઉપર ઊભા છે તેમ હું પણ જે કોઇ સાથે ઊભી રહીશ તે કેવો હશે? આવો વિચાર તેના મગજમાં આવવાનો જ, પરંતુ આપણે, આ વાત સમજતા જ નથી.

સવારના પ્રહરે લગ્નની ધાર્મિક વિધિ હોય ત્યારે કોઇએ જવાનુ કારણ જ નહિ. સાંજે વર-વધૂને આશીર્વાદ આપવા માટે સગા-સંબંધી અને સ્નેહીજનો આવે. તેમાં કોણ આવે? પચીસ વર્ષથી ઓછી ઉમરના કોઇ આવે જ નહિ, કારણ, આઠ વર્ષનો છોકરો તો તપોવનમાં ચાલી ગયો હોય અને જેમનાં લગ્ન થઇ ગયાં છે એવાં દંપતીઓ સાંઠ વર્ષની અંદરનાં હોય તેજ આવે. સાંઠ વર્ષ ઉપરના લોકોએ લગ્નમાં જવું ફોકટ છે. જાય તો તેમનું અપમાન કહેવાય, કેમકે, વરવધૂને આવા વૃદ્ધજનોના આશીર્વાદ જોઇતા હોય તો તેમણે તેમને ત્યાં જવું જોઇએ. વૃદ્ધજનો તેમની પાસે શા માટે આવે? પરંતુ આજે તો આવા ઘરડાઓ પણ આશીર્વાદ આપવા દોડે છે અને આઇસ્ક્રીમ ખાય છે. આ કંઇ વ્યવસ્થા કહેવાય? વૃદ્ધોના આશીર્વાદ લેવા વરવધૂએ જવું એવી પ્રણાલિકા છે, એનું કારણ તેઓ કંઇ સામાન્ય નથી. માનાર્હ નાગરિકો (Senior citizens) છે. જૂનાકાળમાં આવી પદ્ધતિ હતી.

પચીસ વર્ષથી અંદરના લોકો અને સાંઠ વર્ષની ઉપરના લોકો તો લગ્નમાં હોય જ નહિ. પચીસથી ઉપરના યુવાનો એક બીજાની મશ્કરી કરતા હોય, આનંદ-પ્રમોદ કરતા હોય અને આઈસ્ક્રીમ ખાતા હોય. આ ખરા લગ્ન કહેવાય. જૂનાકાળમાં લગ્નસમારંભની આવી જે કંઇ વ્યવસ્થા હતી, તેની પછવાડે માનસશાસ્ત્રનું જ્ઞાન હતું.

ત્યારબાદ, બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થી અને સાધક-બન્નેનું આચરણ કેવું હોવું જોઇએ તે લખ્યું છે. તેમાં પ્રમુખ વાત એ છે કે ગુરુનું માનવું જ જોઇએ એ તો સિદ્ધાંત જ છે, એનું કારણ અજ્ઞાત માર્ગથી જવાનું હોય તો તે રસ્તે ગયેલાનું તો માનવું જ જોઇએ, એ પહેલી વાત છે. બીજું, તેમની પાસે ઈંદ્રિયનિગ્રહ, ઈંદ્રિયદમન હોવું જોઇએ. વિષયોમાં પડેલો માણસ વિદ્યાર્થી થઇ જ ન શકે એવી ભાગવતની માન્યતા છે.

અહીં અભ્યાસુ લોકો માટે એક વાત છે તે કહું છું. સાતમા સ્કંધમાં બારમા અધ્યાયમાં કહે છે:

सायं प्रातरुपासीत गुर्वग्न्यर्कसुरोत्तमान् ।
उभे संध्ये च यतवाग् जपन् ब्रह्मसमाहितः (भा. ७/१२/२)

(સવારે-સાંજે ગુરુ, અગ્નિ, સૂર્ય તથા ઉત્તમ દેવોની સેવા કરવી. સંધ્યાસમયે મનને એકાગ્ર કરી, ગાયત્રીનો જપ કરવો અને મૌન રહેવું.)

उभे संध्ये – બન્ને સંધ્યા સમયે-એવું લખ્યું છે, ત્રિકાલસંધ્યા નહિ. આનો અર્થ એ નથી કે ભાગવતકારને ત્રિકાલસંધ્યા માન્ય નથી. ભાગવતકારે બે વખત સંધ્યા કરવાનો આગ્રહ રાખ્યો છે.

ત્યારબાદ, બધાના નિર્વાહનો પ્રશ્ન આવ્યો. તેને માટે પ્રહ્‌લાદે નિર્વાહાર્થ વર્ણવ્યવસ્થા સમજાવી છે. વર્ણવ્યવસ્થામાં ઊંચ-નીચતા નથી. બધાનો યોગક્ષેમ-નિર્વાહ સારી રીતે ચાલવો જોઇએ. તેના માટે આ વ્યવસ્થા છે. એટલું જ નહિ, **आपत्सु सर्वेषां अपि सर्वदा...** આપત્તિના સમયમાં કોઇ પણ વર્ણ, કોઇ પણ ધંધો કરી શકે એમ લખ્યું છે. ધર્માધર્મનો વર્ણવ્યવસ્થાસાથે સંબંધ નથી. જે વર્ણવ્યવસ્થા ન માનતો હોય તે અનાધ્યાત્મિક છે અને જે વર્ણવ્યવસ્થા માને છે તે આધ્યાત્મિક છે એવું નથી. વર્ણવ્યવસ્થા ભૌતિક જીવનની એક પદ્ધતિ છે. ભૌતિક જીવન શાંતિથી ચાલવું જોઇએ એટલા માટે વર્ણવ્યવસ્થા છે. જે કોઇ એકાદ વ્યક્તિને ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરવી હોય તો તે કરી શકે અને જીવનવિકાસ સાધી શકે, તેના માટે આખા સમાજની શાંતિ અપેક્ષિત છે. વર્ણવ્યવસ્થામાં કંઇ ધાર્મિક કે આધ્યાત્મિક ભાવના નથી. તેમાં ભૌતિક ભાવના છે. આજે આપણે ખોટી રીતે એમ સમજીએ છીએ કે જે વર્ણવ્યવસ્થા માને છે તે જ ધાર્મિક છે.

પ્રહ્‌લાદે જે કહ્યું છે તેનો અભ્યાસ કરશો તો તેમાં ભારતીય સમાજસત્તાવાદનું ચિત્રણ દેખાશે. તે કહે છે કે પર્જન્યશક્તિથી મળવાવાળું ધાન્ય અને ભૂમિમાંથી નિકળતાં ખનિજો સોનું, રૂપું, લોખંડ, કોલસા વગેરે ઇશ્વરનિર્મિત છે. તે **अच्युतनिर्मितम्** છે તેના પર કોઇ વ્યક્તિની માલિકી નથી. મને એમ લાગે છે કે આજના મોટામાં મોટા સામ્યવાદી પણ આવું નહિ કહેતા હોય. આવી

વિચારધારા ભાગવતમાં છેઃ

यावद् भ्रियेत जठरं तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति ॥ (भा. ७/१४/८)

તમારી જેટલી આવશ્યકતા હોય તેટલું જ તમે રાખો, તેનાથી વધારે રાખનાર ચોર છે અને તેને દંડ કરવો જોઇએ. સમાજવાદનું આટલું સ્પષ્ટ ચિત્રણ છે. હવે આમાં માણસની આવશ્યકતા કેટલી ? આ પ્રશ્ન છે.

ભારતીય સમાજવાદમાં બીજું પણ લખે છે.

‘આ મારી છે’ એવી ભાવના ઊભી કરવાવાળી પત્ની પણ **संविभजेत्** એમ કહે છે. પાશ્ચાત્ય સમાજસત્તાવાદમાં હજી સુધી સ્ત્રી બધાની હોવી જોઇએ એવી ભાવના છે. તેનો જેમણે અભ્યાસ કર્યો હશે તેમને આ એક પ્રભાવી વિચારધારા ધ્યાનમાં આવશે. સ્ત્રી એક વ્યક્તિની માલિકીની નથી હોઇ શકતી. માકર્સ, એન્જલ વગેરે ચાલ્યા ગયા ત્યારબાદ સ્ત્રી પણ સંપત્તિ-વ્યક્તિગત માલિકીની વસ્તુ છે કે નહિ તે પ્રશ્ન ઊભો થયો છે. તે લોકો હવે આ પ્રશ્ન બાબતમાં મૌન રાખે છે, પરંતુ જેમણે સામ્યવાદી વિચારધારા અથથી ઇતિસુધી વાંચી હશે તેમને ખબર હશે કે સ્ત્રી બધાની હોવી જોઇએ એવો વિચાર તેમાં છે. એનું કારણ સ્ત્રી સંપત્તિ-વ્યક્તિગત માલિકીની વસ્તુ છે કે નહિ તે નિશ્ચિત કરવાનો પ્રશ્ન છે. આ પ્રશ્નના બારામાં જ્યારે વિકસિત વિચારધારા આવી ગઇ ત્યારે સ્ત્રીને સંપત્તિ-વ્યક્તિગત માલિકીની વસ્તુ - માનવી બેકાર છે એવું લખાણ આવ્યું છે. તે લોકો આ પ્રશ્ન સંબંધમાં મૂંગા બની જાય છે, પરંતુ, પાશ્ચાત્ય સમાજસત્તાવાદમાં સ્ત્રી બધાની હોવી જોઇએ એવો અતિરેકી વિચાર આવેલો દેખાય છે.

માલિકીહક્કની ભાવના કાઢી નાખવાની ભાષા છે તે અપૂર્વ અને અનર્થકારક છે એવું સામ્યવાદી લોકો કહે છે. મારે એટલું જ કહેવાનું છે કે તે અનર્થકારક છે તેમાં સંદેહ નથી, પરંતુ, તે અપૂર્વ નથી. તે જૂનાકાળમાં પણ હતી. જેમણે સામ્યવાદ વાંચ્યો ન હશે તેમને આ વાતની ખબર ન હશે. આજે તો સામ્યવાદનો અર્થ લોકો એટલો જ સમજે છે કે કામદારોને બોનસ આપવું કે નહિ તેનો વિચાર તેમાં છે, પરંતુ, તે માનવજીવનની એક સંપૂર્ણ વિચારધારા છે. આપણે સામ્યવાદનો અભ્યાસ કરતા નથી, છતાં બધા પોતાને સામ્યવાદી સમજે છે. કદાચ સામ્યવાદી શબ્દ વધારે પડતો લાગશે એનું કારણ તે એક રાજકીય પાર્ટીનો શબ્દ થયો છે તેથી હું સમાજવાદી શબ્દ કહું છું. આપણે સમાજવાદી જીવનપદ્ધતિ-Socialistic pattern of life માનવાવાળા લોકો છીએ. ભારતીય સમાજસત્તાવાદ ભગવાનને કેન્દ્રમાં રાખીને ઉભેલો વાદ છે. જ્યારે પાશ્ચાત્ય સમાજવાદ ‘રોટલી’ને કેન્દ્રમાં રાખીને ઊભો રહેલો વાદ છે, પરંતુ, બન્નેની ભાષા એક છે. તેના લીધે અમારા જેવાને તે વાંચીને કંઇ માનસિક હેરાનગતિ પણ થશે. તેવી એક સ્થિતિ ભાગવતકારે લખી છે. આ પત્ની ‘મારી છે’ એવી માલિકીહક્કની ભાવના, પત્નીના સંબંધમાં થાય છે તે અક્ષમ્ય છે. **आश्वाघान्तेऽवसायिभ्यः कामान् संविभजेद् यथा । अप्येकामात्मनो दारां नृणां स्वत्वग्रहो यतः ॥** તે બહુ જ કડક (Too fast) લાગે છે. કોઇ પણ વિચારધારા જ્યારે અતિરેકી બને છે ત્યારે અંતિમ કક્ષાએ જાય છે, તેવું આમાં દેખાય છે. તે વિચારધારા જૂનાકાળની હોય કે આજની

હોય, તે પ્રશ્ન નથી. વિચારને અતિરેકી રાખવા કે નહિ ? કૃષ્ણ ભગવાનનો પણ તે જ પ્રશ્ન છે.

‘અમે એકવીસ દિવસ સુધી નહિ ખાઇએ, અપવાસ કરીશુ’- તો અમે આધ્યાત્મિક છીએ. તેમ અમે સવારથી સાંજ સુધી ખાધા જ કરીશું-તે પણ પ્રસાદ સમજીને ! તો અમે આધ્યાત્મિક છીએ, આવી બન્ને વાતો કૃષ્ણ ભગવાને ઉડાવી દીધી છે. તેઓ તો કહે છે; આહાર-વિહાર ક્રિયાઓ અને આકાંક્ષા ‘યુક્ત’ રીતના હોવા જોઇએ.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चाति स्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ (गीता-६/१६-१७)

અતિરેકી વિચાર કયા રસ્તા પર લઇ જાય તેનું દર્શન અહીં સાતમા સ્કંધમાં ભારતીય સમાજસત્તાવાદમાં થાય છે.

ત્યારબાદ, તેમણે સત્પાત્રનું વર્ણન કર્યું છે. તમારી પાસે જે કંઇ છે તેમાંથી તમારે તે કોઇને આપવું પડશે. મરતી વખતે છેવટે દીકરાને તો આપશો જ. આમ આપણી પાસે જે કંઇ છે તે કોઇકને આપવું તો પડશે જ. તો તે કોને આપશો ? કેવી રીતે આપશો ? આ પ્રશ્ન ઊભો થાય છે. બે લોકો આવ્યા તો આપવું-લેવું તો આવે જ. મારે કંઇ લેવું છે અને બીજાએ કંઇ આપવું છે. આદાન-પ્રદાન એટલે જ જીવન.

આદાન-પ્રદાન માટે સત્પાત્ર કોણ ? આ વિચારીએ તો બધામાં જ ભગવાન છે તેથી બધા જ સત્પાત્ર છે. આ ભાગવતની પ્રથમ ધારણા છે. જો બધામાં ભગવાન બેઠા છે તો સત્પાત્ર કોણ એવી ભાષા જ ન બોલાય. તે છતાં સત્પાત્ર નક્કી કરવાનું જ હોય તો તપ, વિદ્યા અને સંતોષથી જે યુક્ત છે તેને સત્પાત્ર સમજો. મારી કમાણીમાંથી કંઇ પણ આપવું હોય તો તે સત્પાત્રને આપવું જોઇએ.

તપનો અર્થ શું ? જીવનમાં કંઇ ધ્યેય હોય અને તેના માટે જે સુખ-દુઃખ સહન કરવાં પડે તેને તપ કહે છે. ધ્યેયનિષ્ઠ જીવન હોય તો જ તપ થાય. કોઇ ખાય નહિ કે લાંબો સમય તડકામાં કે પાણીમાં ઊભો રહે તો તે તપ કરે છે એમ ન કહેવાય. જીવનમાં કોઇ એક ચોક્કસ ધ્યેય રાખીને તેના માટે જે સુખ-દુઃખ સહન કરે તે તપસ્વી છે. બીજું, જે કામ તેણે હાથમાં લીધું છે તે સાતત્યથી કરતો હોવો જોઇએ, તો તેને તપસ્વી કહેવાય. કોઇ હોંશમાં આવીને કંઇ આપી દે અથવા એકાદ કામ કરે તો તે તપસ્વી ન કહેવાય. મેં વીસ વર્ષ સુધી નિયમિત અમુક આપ્યું છે (વિત્ત-સમય ઈત્યાદિ) એવું કહી શકું તો હું તપસ્વી ગણાઉં. કાર્યનું સાતત્ય હોવું જોઇએ તો જ તપને અર્થ છે.(તપ ઉપરાંત, જીવનમાં જેની પાસે વિદ્યા છે અને સંતોષ છે, તે સત્પાત્ર છે એવું ભાગવતકાર કહે છે.)

મેં પાળીપોષીને દીકરીને મોટી કરી તે કોઇના હાથમાં આપવાની છે. હું એક જીવન બીજા જીવના હાથમાં સોપું છું. જેને આપીશ તે કેવો હશે તે ખબર કેમ પડે ? મા-બાપને પોતાની છોકરી

કોઇના હાથમાં આપતા કેટલી વ્યથા થતી હશે ? કન્યા કોઇના હાથમાં આપવી જ જોઇએ, એ આગળથી ચાલ્યું આવે છે એમ સમજીને કન્યાદાન કરતી વખતે કંઇ નથી થતું. વિચારશીલ માણસ કહે: ‘હું પ્રામાણિક છું. મેં એક જીવનું પોષણ સારી રીતે કર્યું છે. ભગવાન ! હું તે કોના હાથમાં આપું ?’ આપણા ધર્મશાસ્ત્રકારોએ કહ્યું કે તમે જેના હાથમાં કન્યા આપો છો તેને વ્યક્તિ ન સમજતાં ‘**विष्णुस्वरूपाय वराय तुभ्यं संप्रददे** વિષ્ણુ-સ્વરુપ વરને તને સોંપું છું.’ આમ સમજીને સંકલ્પ કરો અને આપો. તેથી જ તે દિવસે જમાઇને અને દીકરીને મા-બાપે નમસ્કાર કરવાના. તેમાં મેં **विष्णुस्वरुपाय वराय –** વિષ્ણુને આપી છે, તે ભાવ છે. તે વિષ્ણુ કેવો નીકળશે તે મને ખબર નથી.

ધારો કે તપ, સંતોષ, વિદ્યાયુક્ત, એકાદ વ્યક્તિ પણ ન મળે, સત્પાત્ર ન મળે તો શું કરવું ? તેના માટે ભગવાનની પ્રતિમા-મૂર્તિ આવી ગઇ. મૂર્તિને સત્પાત્ર સમજો અને તેને આપી દો. મેં ભગવાનને આપ્યું છે તેવી તેમાં ભાવના છે. તે જ મંદિરની કલ્પના છે. મંદિરમાં ભગવાનને જે પૈસા આપવાના છે, તેને અર્થ એ છે કે, તમારી કમાણીનો ભાગ કાઢીને આપવાનો છે-કે જે મારો નથી. તે **अच्युतनिर्मितम्** છે, તે મેં તેની સામે રાખી દીધો છે. તેમાંથી અછતવાળાને આપવાનું. તે ભગવાન આપે છે એમ સમજીને આપવાનું કામ, મંદિરની વ્યવસ્થા સંભાળવાવાળાનું છે. નહિં તો ભગવાન શું ભિખારી છે ? કે તેની સામે તમે પાંચ પૈસા ફેંકો છો ! તો તો એક ભિખારી મંદિરની બહાર ઊભો છે અને બીજો મંદિરની અંદર ઊભો છે એવો અર્થ થાય. એવી સમજણ નથી. ભગવાનની સામે તમે જે પૈસા મૂકો છો તે તમારી કમાણીમાંનો ભગવાનનો ભાગ છે. હું તેની વ્યવસ્થા સારી રીતે ન કરી શકું, પરંતુ, મંદિરની વ્યવસ્થા જોવાવાળાં લોકો તેની વ્યવસ્થા સારી રીતે કરશે એવા વિશ્વાસથી હું ભગવાનની સામે તેનો ભાગ રાખું છું. આ જ આપણી મંદિરની કલ્પના છે. તે સામાજિક-આર્થિક કેન્દ્ર (Socio-economic Centre) છે. પૂજા તો ઘરના એકાંતમાં કરવાની હોય, મંદિરમાં નહિ. આનો અર્થ એ નથી કે મંદિરમાં પૂજા ન કરવી. મંદિરમાં પૂજા કરવાની જ છે, પણ તે જુદા રૂપે.

સામાજિક અન્યાય (Social injustice) ન થવો જોઇએ. એવી એક જગા હોવી જોઇએ કે ભગવાનના બધા દીકરા–ભલે તે મોટા હોય કે નાના- સાથે બેસીશું અને ભગવાનની સામે ભગવાનનો ભાગ રાખીશું. પ્રતિમા સત્પાત્ર છે. સમાજના જે પ્રતિષ્ઠિત લોકો છે તેમના હાથમાં તે આપી દઇશું. તે લોકો Have nots સુધી પ્રભુના પ્રસાદ તરીકે તે ભાગ પહોંચાડી દેશે. આવી મંદિરની પાછળની ભાવના છે. આ દ્દષ્ટિથી સ્વાધ્યાયપરિવારે કુટિર મંદિર-અમૃતાલયમો તૈયાર કર્યાં છે. તે કેટલાં સફળ થશે તે પ્રભુને ખબર! પરંતુ, ગામના લોકો પોતાની કમાણીનો ભાગ ભગવાનને આપે અને પ્રસાદ તરીકે તે જરૂરતમંદના ઘરમાં પહોંચે એવો વિચાર તેની પાછળ રહેલો છે. મંદિર એ ભારતીયોની એક પવિત્રતમ ભાવના છે. આ વિચારોને સમજવા માટે મંદિર છે, આચાર જાણવા માટે મંદિર છે, તેજસ્વિતા ઊભી કરવાને માટે મંદિર છે. આમાં કોઇ કોઇના તરફ દીન દ્દષ્ટિથી જોશે નહિ, લેનાર પણ ભગવાનનો પ્રસાદ લેતો હશે તેથી તેના મનમાં પણ દીનતાનો ભાવ આવશે નહિ, લાચાર બનશે નહિ. કારણ, કોનું ધન મારા ઘરમાં આવ્યું છે? ભગવાનનું ! તેમાં મેં પણ મારો ભાગ ભગવાનને ધરેલો જ છે. આ કેટલી ભવ્ય અને શ્રેષ્ઠ કલ્પના

છે ! મને લાગે છે કે મંદિરની કલ્પના જેવી શ્રેષ્ઠ કલ્પના વિશ્વમાં કોઇ પાસે નહિ હોય-જે આપણા ભારતમાં હતી.

સપ્તમ સ્કંધમાં મૂર્તિની, પ્રતિમાની કલ્પના આવી છે. ત્યાર પછી તે જ પ્રકરણમાં ભાગવતકારે શ્રાદ્ધનો આગ્રહ રાખ્યો છે. ગૃહસ્થોએ જીવતા માણસને તો સંભાળવો જ જોઇએ પરંતુ, મૃત પિતૃઓને પણ પિંડ આપવા જોઇએ, તેમનું કૃતજ્ઞભાવે સ્મરણ કરવું જોઇએ. એ માટે ભાગવતકારે શ્રાદ્ધનો આગ્રહ રાખ્યો છે. મૃત્યુ પછી પણ જીવનનું સાતત્ય છે, એવી સમજ એ પાછળ રહેલી છે. એટલે મરેલા પિતા, દાદા વગેરે જે આ સંસારમાંથી ચાલ્યા ગયા હોય તેમના માટે કૃતજ્ઞતા હોવી જોઇએ. જેના માધ્યમથી હું આ જગતમાં આવ્યો, જેમણે મને પાળ્યો, પોષ્યો, મોટો કર્યો, તેમનું કૃતજ્ઞતાથી મારે સ્મરણ કરવું જોઇએ એમ ભાગવતકાર કહે છે. તે જે ન કરે તે ગૃહસ્થ નથી.

ભારતીય સંસ્કૃતિમાં શ્રાદ્ધવિધિ અલૌકિક છે. જે મને આ જગતમાં લઇ આવ્યા તે પિતૃઓને શ્રદ્ધાથી યાદ કરવા જોઇએ. બીજું, મારે પણ એક દિવસ આ જગતમાંથી જવાનું છે તેનું સ્મરણ રાખવું જોઇએ. હું આજે કોઇનું શ્રાદ્ધ કરું છું, તેમ મારું શ્રાદ્ધ પણ કોઇ કરશે. હું પણ આ જગતમાં કાયમી રહેવાનો નથી તે ભાવના સતત રહેવી જોઇએ. શ્રાદ્ધમાં આ વાતો છે, તેથી શ્રાદ્ધનો આગ્રહ છે.

તેનું કંઇ કર્મકાંડ પણ છે અને તે બુધ્ધિયુક્ત છે, પરંતુ, આ વિષયમાં આપણે વધારે ઊંડા જઇશું તો બહાર નીકળવું મુશ્કેલ થશે, કારણ આપણી પાસે એટલો સમય નથી. જેમ કોઇનો દીકરો અમેરિકામાં સ્થિર થયો હોય અને તે અમેરિકાથી પોતાના પિતાને અહીં મનીઓર્ડર મોકલે તો અહીંનું શાસન તેનું રૂપિયામાં રૂપાંતર કરી તે રકમ પિતાને આપે છે, તેવી જ વ્યવસ્થાની કલ્પના શ્રાદ્ધમાં છે. શ્રાદ્ધમાં તમે જે કંઇ આપશો તે તમારા પિતા જે યોનિમાં હશે તે યોનિમાં તેમને મળી જશે. જો કે ઉદાહરણ ખરાબ છે, પણ સમજવા ખાતર એકાદ માણસનો બાપ બીજા જન્મમાં બળદ થયો હોય અને તેનો દીકરો જે દિવસે અહીં પિતાનું શ્રાદ્ધ કરે તે દિવસે તેના પિતાને બળદની યોનિમાં તે લીલાઘાસના રૂપમાં મળી જાય. આપણા જીવનમાં પણ ઘણી વખત એવું બને છે કે આપણને કંઇ વસ્તુ મળી ન હોય, કંઇ સારું સાંભળવા કે જોવા ન મળ્યું હોય, તો પણ કોઇ પણ કારણ વગર આપણને ખુશી ખુશી થઇ જાય છે. જે દિવસે આવું થાય ત્યારે સમજી લેવાનું કે આગલા જન્મના આપણા દીકરાએ આજે આપણું શ્રાદ્ધ કર્યું હશે. તે દિવસે આપણને અંદરથી જ ખુશી થાય છે.

શ્રાદ્ધની વિધિ પણ સુંદર છે. તે ભાગવતમાં લખેલી છે. બે બ્રાહ્મણો બેસાડવામાં આવે છે. તે દિવસે, તે સમયે તે બ્રાહ્મણ નથી. તે સમયે તો તેઓ ભગવાનના પ્રતિનિધિ છે; જેમ માટીની મૂર્તિ બનાવીએ છીએ અને તેના પર ગણપતિનું આરોપણ કરીએ છીએ તેમ પિતા, પિતામહ, અને પ્રપિતામહના રુપનું તેમના પર આરોપણ કરવાનું છે. ત્યારબાદ તેમને ભગવાનના પ્રતિનિધિ સમજીને જમાડવાના છે. તમે શ્રાદ્ધ વાંચશો તો તે ગમે એવું છે. ગૃહસ્થીએ શ્રાદ્ધ કરવું જ જોઇએ એવો આગ્રહ ભાગવતમાં રાખ્યો છે.

શ્રાદ્ધની વિધિમાં એવી વ્યવસ્થાનુરૂપ (Constitutional) રીત છે કે શ્રાદ્ધમાં બેઠેલો બ્રાહ્મણોને દક્ષિણા આપવાની નહિ; એનું કારણ તે વખતે તે તમારા પિતા છે, દાદા-પરદાદા છે. તેમને તમે કેવી રીતે દક્ષિણા આપો ? ઘરની બહાર નીકળ્યા બાદ તેઓ પાછા બ્રાહ્મણ બની જાય છે. તે વખતે તમે તેના ત્રણ કલાક લો છો તેની મજૂરી આપવાની હોય છે.

શ્રાદ્ધમાં આવેલા પિતૃઓને તમે બોલાવ્યા છે. સમજો, તમે તમારા પિતાને બોલાવ્યા છે. તેને તમે એમ કહો કે તમે જે જોઇએ તે માગી લો; અને તેઓ કહે કે જલેબી આપ. તો શું કરો ? તમે જલેબી તો બનાવી ન હોય. તે કેવી રીતે આપો ? તમારા મોઢામાંથી નીકળેલા શબ્દો ખોટા પડી જાય, તેથી પ્રાર્થનાના શબ્દો પણ વિધિમાં લખેલા છે. પીરસેલી થાળી બતાવીને કહેવાનું: **'विद्यमान शाकपाकपदार्थेषु यद्रोचते तद्ग्राह्यं यद् न रोचते तत्त्याज्यं सुखेनैव भोक्तव्यम्-** આ થાળીમાં પીરસેલા પદાર્થોમાંથી તમને ભાવે તે સ્વીકારો, ન ભાવે તે છોડી દો, સુખથી જમો.' આ શ્રાદ્ધવિધિ તમે વાંચશો તો તમને લાગે કે આપણા પૂર્વજો કેટલા અક્કલમંદ હતા !

તમે પિતૃઓને શ્રાદ્ધમાં બોલાવો ત્યારે તેમના માટે રસોઇ તો ઘણી બનાવી હોય. વધે તેનું શું કરવાનું તે તેમને જ પૂછવાનું. તેઓ જમી રહે ત્યારે પૂછવાની વિધિ છે: **'शेषमन्नं किं क्रियताम्'** તો તેઓ જવાબ આપે: **'इष्टैः सह भुज्यताम्'**- સગાસ્નેહી સાથે આરોગો- આ બધું વ્યવસ્થાનુરૂપ લખાણ છે.

ત્યારબાદ સાતમાં સ્કંધમાં તીર્થયાત્રા કરવાનો આગ્રહ છે. જ્યાં ભગવાનનું નામ લેવાતું હોય, જ્યાં ભગવાનનું કામ ચાલતું હોય અને જ્યાંથી ભગવાનનું કામ કરવાની પ્રેરણા મળતી હોય તે સ્થળ પવિત્ર છે, તીર્થ છે.

તમે કાશીનો ઈતિહાસ વાંચશો તો ખબર પડશે કે કાશીને પાવિત્ર્ય શા માટે આવ્યું ? કાશીની એક વાર્તા છે. તેવી કાશી આજે રહી નથી. **काशी मरणान्मुक्तिः**- એવું લોકોને શા માટે લાગતું હતું ? ભારતના કોઇ પણ ખૂણામાં રહેલા માણસોની ઝૂંપડીના બારણે કેટલાક લોકો આવતા હતા. ભગવાનના વિચારો, જીવનસ્પર્શી વિચારો સમજાવતા હતા. તેમની પાસેથી તેઓ ચા-દૂધ પણ લેતા ન હતા, તેમને થતું કે આવા સાત્વિક લોકો અમારે બારણે શા માટે આવ્યા હશે ? કયાંથી આવ્યા હશે ? તેમને કોણે આવી પ્રેરણા આપી હશે? ત્યારે તેમણે જણાવ્યું હશે કે અમે કાશી નગરી-જે વારણા અને અસિ નદીઓની વચ્ચે વસેલી છે ત્યાંથી આવ્યા છીએ. ત્યાંથી જ અમને આવી પ્રેરણા મળી છે. અમારા જેવા હજારો લોકોને પ્રભુનું આ કામ કરવાની પ્રેરણા મળી છે. આ સાંભળીને જીવનમાં એક વાર કાશી જઇ આવવાનું મન થતું હતું. જે ભૂમિમાંથી પ્રભુનું કામ કરવાની પ્રેરણા મળી છે તે ભૂમિને લોકોએ પવિત્ર માની છે. પવિત્ર ભૂમિમાં મૃત્યુ પહેલાં એક વખત જવાની અભિલાષા લોકોમાં નિર્માણ થતી હતી.

નર્મદાના તટ પર યાજ્ઞવલ્કયે પણ આવું જ તપ કર્યું હતું, તેથી જ નર્મદાને પાવિત્ર્ય આવી ગયું. આવાં પવિત્ર ક્ષેત્રો અને પવિત્ર નદીઓની યાદી ભાગવતકારે આપી છે. તેથી જ તીર્થયાત્રા કરવાનું મહત્ત્વ આવ્યું છે.

આજે આ બધી વાતો ચાલી ગઇ છે. હવે તો ચીલાચાલુ તીર્થયાત્રા ચાલે છે. હવે કરવું કંઇ

નથી પણ રિટર્ન ટિકિટ કઢાવીને લોકો તીર્થયાત્રા કરે છે. આ શું તીર્થયાત્રા છે ? તેમાં વળી વેપારી હોય તો વચ્ચેના સ્ટેશન પરથી ટ્રંકકૉલ કરી બજારની સ્થિતિ જાણી લે છે.

યાત્રાનો અર્થ થાય છે: સ્વવિકાસને માટે ફરવું, ઘરઘરમાં જઇ પ્રભુના વિચારો સમજાવવા, પ્રભુમાન્ય જીવન સમજાવવું તેને યાત્રા કહેવાય છે. આવી તીર્થયાત્રા સ્વાધ્યાયપરિવારે કુરુક્ષેત્રમાં કરી. મહારાષ્ટ્રમાં પૈઠણમાં કરી, તેવી જ રીતે બદરીનાથની તીર્થયાત્રા કરી તેમાં તો, ચારેબાજુના ગામડાઓમાં એકપણ ગામ, એક પણ ઝૂંપડી એવી ન રાખી કે જ્યાં આપણા સ્વાધ્યાયીઓ પહોંચ્યા ન હોય અને પ્રભુના જીવનસ્પર્શી વિચારો સમજાવ્યા ન હોય. સ્વાધ્યાયીઓ સાત સાત દિવસ ફર્યા, કંઇ કહીને આવ્યા, ગામડાના લોકોની ઝૂંપડીમાં રહ્યા, સૂકો રોટલો ખાઇને રહ્યા. ત્યાર બાદ આઠમે દિવસે બદરીનારાયણની પૂજા કરવા ગયા. અરે ! તેના લીધે તો બદરીનાથના રાવલજી હજારો વર્ષની પરંપરા તોડીને અલકનંદા નદીના બીજા તીરે પધાર્યા અને તીર્થયાત્રીઓને યજ્ઞમંડપમાં મળ્યા; એનું કારણ, તેમને લાગ્યું કે આજ સુધી બદરીનાથની તીર્થયાત્રા આવી રીતે કરવા કોઇ આવ્યું જ નથી. તેવી તીર્થયાત્રા સ્વાધ્યાયીઓએ કરી અને તે પણ હજારોની સંખ્યામાં ! તેથી તેમને મળવા મારે જવું જ જોઇએ, એવું રાવલજીને લાગ્યું.

આવી તીર્થયાત્રા કરવી જોઇએ એવો આગ્રહ ભાગવતકાર કરે છે. થોડા વખત પહેલાં જ મહારાષ્ટ્રના છેવાડે, જ્યાં ભૌતિક વિચારધારા જ પ્રભાવી છે, ત્યાં મરાઠીભાષી કોળી લોકો-માછીમારો-સેંકડોની સંખ્યામાં ઝૂંપડીએ ઝૂંપડીએ ગયા અને ત્યાંના ટંડેલોને, માછીમારોને મળ્યા, તેમની પાસેથી હૂંફ લીધી, તેમને હૂંફ આપી, વિચારો સમજાવ્યા. તેઓ માછીમારો છે તો શું થયું? શું તેઓ માનવ નથી ? અરે, આજે તે માછીમારો સો સો સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરે છે અને ગાય છે. આપણી મુંબઇ યુનિવર્સિટી અહીં બેઠા બેઠા ચર્ચા કરે છે કે સંસ્કૃત ભાષા મૃતપ્રાય ભાષા છે, કઠણ ભાષા છે ! જેને ફક્ત અહીં બેસીને ચર્ચા કરવી છે તેમની વાત જુદી છે. આજે માછીમારો સંસ્કૃતના સો શ્લોકો મોઢે કરી બોલી દેખાડે છે. મુંબઇ શહેરમાં કોને એટલા શ્લોકો મોઢે આવડે છે ?

આપણે ભક્તિનો અર્થ આરતી અને પ્રસાદ એટલો જ સમજીએ છીએ, એટલું કર્યું એટલે ભક્તિ પૂરી. ભક્તિનો અર્થ એવો નથી. એક માણસ, બીજા માણસ સાથે સંબંધ બાંધીને જોડાય છે, હૂંફની આપ-લે કરે છે. આ તીર્થયાત્રામાં પચીસ હજાર મરાઠી ભાષી માછીમારો ભેગા થયા હતા. આવું કામ કોણે કર્યું ? એ અસલી બ્રાહ્મણોએ કર્યું. આવું બ્રાહ્મણપૂજન સમજાવ્યું છે. તીર્થયાત્રા સમજાવી છે અને આવી તીર્થયાત્રા કરનારને ભૂદેવ સમજીને તેમનું પૂજન કરવાનું સમજાવ્યું છે. આ લોકો-યાત્રિકો આનો ભૌતિક ફાયદો લઇ શકે છે, પરંતુ, તેનો વિચાર પણ ન કરતાં, તેવો ફાયદો છોડીને, જેઓ ગામેગામ અને ઝૂંપડીએ ઝૂંપડીએ જાય છે, તેઓ જો બ્રાહ્મણ ન હોય, તો પછી બ્રાહ્મણ કોણ છે ?

આ રૂપે જો તીર્થયાત્રાઓ થાય તો માનવી જીવનમાં અજવાળું આવી જશે. આજે જે અંધારું આવી ગયું છે, બદબૂ આવી ગઇ છે, તે બધું ચાલી જશે. આપણી તીર્થયાત્રા જ જુદા પ્રકારની થઇ ગઇ છે. વિશ્રામઘાટમાં સ્નાન કરવું છે, તેનાથી મુક્તિ મળી જશે. તેથી કીચડમાં જઇને આપણે

સ્નાન કરીને પાછા ફરીએ છીએ. તેના માટે જ તીર્થયાત્રાનું ભાગવતે વર્ણન કર્યું છે અને સાચી તીર્થયાત્રાનો આગ્રહ રાખ્યો છે. આપણા સ્વાધ્યાયપરિવારે સાચા અર્થની લગભગ સો એક તીર્થયાત્રાઓ ભારતમાં કરી છે.

ત્યારબાદ, ગૃહસ્થાશ્રમી માટે લખ્યું છે કે તેનું જીવન સંતોષપૂર્ણ હોવું જરૂરી છે. પ્રત્યેક માણસે આઠ કલાક કામ કરવું જોઇએ અને તેમાંથી જે મળે તેમાં સંતોષ માનવો જોઇએ. તમને જો માનસિક સંતોષ નહિ હોય તો તમારું જીવન ઉદ્ધ્વસ્ત થઇ જશે અને સમાજ પણ ખલાસ થઇ જશે. આપણને ગમે તેટલું મળે તો પણ આપણે અસંતોષી જ રહીએ છીએ, એનું કારણ આપણે વધારે સમૃદ્ધ થવા ઇચ્છીએ છીએ. જરૂર, આગળ કેમ વધવું તે જોવું જોઇએ. શા માટે ન જોવું ? પરંતુ, નક્કી કરવું જોઇએ કે મારે આઠ કલાક આર્થિક વ્યવહાર માટે આપવાના છે, તેનાથી વધારે નહિ. તેમાંથી મને જે મળશે તે હું સ્વીકારીશ.

संतोषमृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानां इतश्चेतश्च धावताम् ॥

(સંતોષરૂપી અમૃતથી તૃપ્ત થયેલા, શાંતચિત્તવાળાને જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ ધનના લોભથી અહીં-તહીં દોડનારને કયાંથી થાય ?)

ગૃહસ્થાશ્રમમાં વિત્ત જોઇએ, રેડિયો જોઇએ, ટી.વી. જોઇએ, પણ તેની સાથે સંતોષ પણ જોઇએ. સંતોષ નહિ હોય તો તમે અશાંત રહેશો. જ્યાં આખો સમાજ અસ્વસ્થ અને અશાંત હોય, તે સમાજમાં આધ્યાત્મિક, ધાર્મિક, સાંસ્કૃતિક, નૈતિક અને ભૌતિક ઉન્નતિ પણ નહિ થાય. સંતોષપૂર્ણ જીવનનો અભ્યાસ આ સ્કંધમાં સમજાવ્યો છે.

સંતોષ કયાંથી લાવશો ? તે કઇ બજારમાં મળશે ? પરંતુ, મૃત્યુના છેલ્લા શ્વાસ સુધી માણસને સંતોષ હોતો નથી. તેના મગજમાં પૈસાનો જ વિચાર ચાલે છે. પૈસા ન કમાવા જોઇએ એવું નથી, પરંતુ, તેના માટે આઠ કલાક આપી દો. તેનાં કરતાં વધારે સમય હું પૈસા કમાવા માટે નહિ આપું. મને પણ જીવન છે. અરે ! મૃત્યુ બાદ પણ જીવન છે. **धर्मार्थ कामार्थ सममेव सेव्यः ।** આપણા શાસ્ત્રકારો ધર્મ, અર્થ, કામ માટે છ છ કલાક આપવાનું કહે છે. બાકીના છ કલાક ઊંઘ માટે રાખવાનું કહે છે. આવી વ્યવસ્થા હોવી જોઇએ. અર્થ માટે બીજા બે કલાક ધર્મના લો અને પૈસા માટે આઠ કલાક આપો. પછી જે મળે તેમાં સંતોષ માનો. સંતોષનો અર્થ એવો નથી કે મારે કંઇ કરવાનું જ નહિ. એક શેરબજારનો વેપારી હતો. તેને તાવ આવ્યો. તાવ ખૂબ વધી ગયો તેથી તે થોડી વાર ભાનમાં રહેતો અને વચ્ચે બેભાન પણ થઇ જતો હતો. છોકરાઓએ ડૉક્ટરને બોલાવ્યો. વેપારી તો બેભાન હતો. ડૉક્ટરે તાવ માપ્યો. છોકરાઓએ પૂછયું. 'કેટલો તાવ છે ?' ડૉક્ટરે કહ્યું: 'એકસો પાંચ', તે જ વખતે વેપારી ભાનમાં આવ્યો અને તેના કાને ડૉક્ટરના આ શબ્દો પડયા. વેપારીએ કહ્યું: 'એકસોદસ થાય ત્યારે વેચી નાખો.' અરે, એકસોદસ તાવ થાય ત્યારે તું જ નહિ રહે; પણ તે વેપારીએ જીવનમાં પૈસા-બજાર કરતાં બીજું કંઇ વિચાર્યું જ ન હતું.

ગીતામાં ભગવાને કહ્યું છે: **अंतकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम्**'.... તે શું મશ્કરીની

વાત છે ? તેના માટે સંતોષપૂર્ણ જીવનની જરૂર છે. સંતોષપૂર્ણ જીવન એટલે કર્મમંદ જીવન નહિ. કર્મપ્રવણ પણ સંતોષી રહી શકે છે, તેથી જ તો **स्वाध्यायप्रवचनाभ्याम् न प्रमदितव्यम्** એમ કહ્યું છે. સ્વાધ્યાય નિયમિત થવો જોઇએ.

એક પણ મંદિર એવું ન હોવું જોઇએ કે જ્યાં વૈદિક તત્ત્વજ્ઞાનનો સ્વાધ્યાય ન ચાલતો હોય. મંદિરમાં મૂર્તિ હોય એટલું જ પુરતું નથી. જ્યાં સ્વાધ્યાય ન થતો હોય તે મંદિરમાં ભગવાન રહી જ ન શકે એમ શાસ્ત્ર કહે છે, એનું કારણ **यस्य निश्वसितं वेदाः** – વેદ એટલે જ ભગવાનના શ્વાસોચ્છ્વાસ. વેદ, ઉપનિષદ, ગીતાનો જ્યાં સ્વાધ્યાય ન ચાલતો હોય, તે મંદિર, મંદિર નથી. આટલું પ્રભાવી રીતે લખ્યું છે, પરંતુ, વાંચવું છે કોને ? જાણવું પણ કોને છે ? જેને કંઇ જાણવું છે તેના માટે એ બધું છે. આપણું તો આગે સે આયા, પીછે લૌટા દિયા-જેવું છે, અને પાછા આપણે ધાર્મિક (!) છીએ. આપણે ચાંદલો કરીએ છીએ અને આરતી-પ્રસાદ કરીએ છીએ-તેથી આપણે ધાર્મિક ! સંતોષપૂર્ણ જીવન આપવાની શક્તિ મંદિરમાં હોવી જોઇએ. તે જે આપે તેને જ મંદિર કહેવાય. ગૃહસ્થાશ્રમીનું જીવન સંતોષપૂર્ણ હોવું જોઇએ એવું ભાગવતમાં લખ્યું છે. બહુ જ સુંદર વર્ણન છે.

ત્યારબાદ, ભાગતકારે ત્રણ શબ્દોનો ઉપયોગ કર્યો છે. **ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત** અને **દ્રવ્યાદ્વૈત** – આવું ત્રણ પ્રકારનું અદ્વૈત જીવનમાં હોવું જોઇએ. ભાવથી અદ્વૈત પછી ક્રિયાથી અદ્વૈત અને પછી દ્રવ્યથી અદ્વૈત હોવું જોઇએ. સર્વત્ર પ્રભુદર્શન થવું જોઇએ.

અદ્વૈત એક તત્ત્વજ્ઞાન નથી, એક વિચારધારા નથી પણ અદ્વૈત એક જીવન પધ્ધતિ છે. જે મને જોઇએ તેવું જ બીજાને જોઇએ. જે બીજાનું હશે તે હું તેની પાસેથી ખેંચી ન લઇશ. અદ્વૈતનો આ જ અર્થ છે. મારે જીવતા રહેવું છે તેવી રીતે બીજાને પણ જીવતા રહેવું છે, તેથીજ બધા સાથે ભાવાદ્વૈત હોવું જોઇએ. આ સૃષ્ટિ ભગવાને બનાવી છે. જે રીતે મારું જીવન ભગવાન ચલાવે છે, મારા શરીરમાં ભગવાન લોહી ફેરવે છે, મારું હૃદય ભગવાન ચલાવે છે, તે રીતે બીજાનું પણ આ બધું કરે જ છે. આ સંબંધથી બીજાની ઝૂંપડીમાં જવું જોઇએ. આજે કેટલાક લોકો ઝૂંપડીમાં જાય છે, પરંતુ, તેઓ સામાજિક કાર્યકર બનીને જાય છે, તે ન ચાલે. બીજાની પાસે ભાવાદ્વૈતને લીધે જવું જોઇએ. બીજો હલકો છે, હું સમર્થ છું, તેથી હું તેને કંઇ મદદ આપવા જાઉ છું-આવા વિચારથી જવું અનાધ્યાત્મિક છે. તેમાં હું મારી જાતને દાની અને બીજાને દીન ઠરાવું છું. આ ભૂમિકા જ અનાધ્યાત્મિક છે. આ ભૂમિકા જવી જોઇએ. મારો અને તેનો સંબંધ છે, અમે એક ભગવાનના દીકરા છીએ. તે કદાચ અસંસ્કૃત હશે, અસ્વચ્છ હશે, અશિક્ષિત હશે, તો પણ મારે તેની પાસે જવું છે. આને ભાવાદ્વૈત કહેવાય છે. આપણા સ્વાધ્યાયપરિવારે જે ભક્તિફેરી ઉપાડી છે, તે ભાવાદ્વૈતને માટે ઉપાડી છે. ભક્તિફેરીમાં જવાવાળા ભાગવત બનીને જાય છે. ભાવાદ્વૈતથી સમાજના છેલ્લા સદસ્ય સુધી જવાનું છે. તેને જીવન સમજાવવું છે. તે પણ માણસ છે. કોણ જશે તેની પાસે ? ભાવાદ્વૈતની દૃષ્ટિથી સ્વાધ્યાયી ભક્તિફેરીમાં જાય છે.

ભાવાદ્વૈત આ એક અભ્યાસ છે. માણસ આજે નહિ તો કાલે, આ જન્મમાં નહિ તો બીજા જન્મમાં, ત્રીજા જન્મમાં પણ-ગીતામાં કહ્યું છે તેમ **बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां**

પ્રપદ્યતે – ભાવાદ્વૈત પ્રાપ્ત કરી શકશે. આ એક જન્મનો અભ્યાસક્રમ નથી, ઘણા જન્મનો છે.

બધા લોકોની સાથે ભાવાદ્વૈત નહિ થાય, કદાચ કોઇ દુષ્ટ હશે, દારુડિયો હશે, તેનામાં હું ભગવાન કેવી રીતે જોઇ શકું ? તો તો મારો અભ્યાસ પણ નહિ થાય. તે માટે આપણા શાસ્ત્રકારોએ કહ્યું, માતા-પિતાને માનવસૃષ્ટિના પ્રતિનિધિ માન અને **मातृदेवो भव । पितृदेवो भव** માન. પશુસૃષ્ટિમાં પણ ભગવાન છે. તેની પ્રતિનિધિ ગાય છે. કૃષ્ણભગવાન ગોપાલકૃષ્ણ બન્યા. તેવી રીતે વનસ્પતિસૃષ્ટિમાં પણ ભગવાન છે. તેની પ્રતિનિધિ તુલસી છે. આપણો સ્વાધ્યાય પરિવાર આ જ વાતનો અભ્યાસ કરે છે તેથી કદાચ આ દૃષ્ટિ દસ જન્મ પછી પણ આવશે, પરંતુ, તેમનો માર્ગ સાચો છે, યોગ્ય છે. આપણો સ્વાધ્યાયપરિવાર 'છોડમાં રણછોડ' જોવાનો પ્રયોગ વૃક્ષમંદિરમાં કરે છે અને તેથી છોડમાં તેઓ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરે છે.

આત્મગૌરવ (Reverence for self), મનુષ્યગૌરવ (Reverence for man), પશુગૌરવ (Reverence for animal) અને સૃષ્ટિગૌરવ (Reverence for all creations) આ બધું મળીને ભક્તિ થાય છે. આ એક ભક્તિનું દર્શન છે.

એક છોડ મોટો કેવી રીતે થાય છે ? કોણ તેને મોટો કરે છે ? અંદર ચૈતન્ય છે તેથી તે મોટો થાય છે. હું નાનો હતો તે મોટો કેવી રીતે થયો ? મારી અંદર **सर्वस्य चाहम् हृदि संनिविष्टः** – ભગવાન બેઠા છે તેથી જ હું મોટો થયો ને ? છોડ પણ તેવી જ રીતે મોટો થાય છે. તેમાં પણ તે જ ચૈતન્ય છે. આપણું ચૈતન્ય અહંકારથી ડહોળાઇ ગયું છે, પરંતુ, છોડમાં રહેલું ચૈતન્ય ડહોળાઇ નથી ગયું, પ્રકૃતિને જોઇને પ્રસન્નતા આવે છે, એનું કારણ, પ્રકૃતિનું ચૈતન્ય આપણા કરતાં વધારે વિશુદ્ધ છે.

બીજું, ક્રિયાદ્વૈત છે. આમાં માનવી જીવનની ઉન્નતિ સમજાવી છે. ક્રિયાદ્વૈતમાં પ્રભુને ક્રિયા અર્પણ કરવાની છે. શરણાગતિ (Surrender) એક જુદી વાત છે અને અર્પણ એક જુદી વાત છે. ગીતાએ અર્પણ શબ્દ વાપર્યો છે, શરણાગતિ નહિ. આજે જેમણે અંગ્રેજીમાં શિક્ષણ લીધું છે તે લોકો કહે છે કે ભગવાનને Self-surrender કરવું જોઇએ. Surrender નો અર્થ શરણાગતિ થાય છે. તેની પાછળ અગતિકતા છે, અસહાયતા છે. સમજો કે નળબજારના નાકા પર ચાર ગુંડા મળે, ઘેરી લઇને છરી બતાવે, તો માણસ ગજવામાંથી કાઢીને બધું તેને આપી દે. આ શરણાગતિ છે. તેમાં અગતિકતા અને અસહાયતા છે, પરંતુ, અર્પણમાં ભાવ અને ભક્તિ છે. અર્પણને માટે જે Surrender શબ્દ વાપરે તેને સંસ્કૃત અને અંગ્રેજી બન્નેનું જ્ઞાન નથી એમ કહી શકાય.

કેટલાક કહે છે: 'મારે Self-surrender થવું છે.' આમાં મજા નથી કારણ તેમાં અગતિકતા અને અસહાયતા છે. તેના બદલે મારે મારી જાતને ભગવાનને અર્પણ કરવી છે, આત્મસમર્પણ કરવું છે એમ બોલવામાં એક જુદો ભાવ છે, જુદો આનંદ છે. ગીતા કહે છે:

ब्रह्मार्पणं ब्रह्महविः ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥ (गीता-४/२४)

પ્રેમ હોવો જાઇએ, તો જ અર્પણ થાય. તેના માટે ભગવાન ઉપર પ્રેમ વધવો જોઇએ; ત્યારે જ ભગવાનને ક્રિયા અર્પણ થઇ શકશે. મારી ક્રિયા મારી નથી, ભગવાનની છે.

તમે મંદિરમાં જાઓ ત્યારે એકસોએક રૂપિયા ભેટ ધરો. મંદિરવાળા પૂછે કે પાવતી કોના નામની આપું ? તો તમે તમારા છોકરાનું નામ આપો છો. પૈસા તમારા છે તો છોકરાનું નામ શા માટે આપો છો ? તમારો તમારા છોકરા ઉપર પ્રેમ છે તેથી. આવી રીતે, કર્મ હું કરીશ અને તેના ઉપર નામ કોનું ? પ્રભુનું. પ્રભુ ઉપરનો મારો પ્રેમ વધશે ત્યારે આ વાત શક્ય થશે. ભગવાન ઉપર પ્રેમ વધે ત્યારે ક્રિયા અર્પણ થાય.

સ્ત્રીના પેટમાં જ છોકરો પેદા થાય છે. છોકરો જન્મે ત્યાંસુધી બધી તકલીફ પત્ની જ ભોગવે છે, પતિને કોઇ તકલીફ નથી. તે તો ફક્ત બાપ બની જાય છે-તે પણ વગર તકલીફે. આટલું હોવા છતાં માને કોઇ પૂછે કે આ છોકરો કોનો ? તો તે પતિનું નામ આપે છે. એનું કારણ એને પતિ પર પ્રેમ છે. તેને એમ લાગે છે કે મારું બધું જ મારા પતિનું છે તો દીકરો પણ તેમનો જ છે. સમજો કે તે એમ કહે કે વધારેમાં વધારે તકલીફ હું ભોગવું છું, રાત્રે જરૂર પડે ત્યારે ઉજાગરા હું જ કરું છું, તો છોકરાની પછવાડે મારું નામ લખો, તેના બાપનું નહિ. તો ? પણ કોઇ સ્ત્રી એવું કહેતી નથી.

રાત્રે નાનું બાળક રડવા લાગે ત્યારે બાપ, પત્નીને ઉઠાડીને કહે છે, 'અરે, તારો છોકરો રડે છે.' સાંભળીને એમ લાગે કે શું તેનો છોકરો નથી? આટલું હોવા છતાં છોકરાની પછવાડે બાપનું નામ લખાય છે, માનું નહિ. આમાં પત્નીનો પતિ ઉપરનો પ્રેમ છે. આ કંઇ ગુલામી વૃત્તિ (Slavish mentality) નથી. તે કૃતિમાંથી જ્યારે સુગંધ ચાલી જાય છે ત્યારે ગુલામી વૃત્તિ લાગે છે. જ્યાંસુધી સુગંધ છે ત્યાંસુધી તેમાં ગુલામી વૃત્તિ નહિ લાગે. આ ક્રિયાદ્વૈત છે, ક્રિયાનું અદ્વૈત છે.

ક્રિયા પ્રભુને અર્પણ કરવી જોઇએ, એટલું જ નહિ, છેવટે તો એમ લાગવું જોઇએ કે અર્પણ કરવાવાળો હું કોણ ? ક્રિયા કરવાવાળો પણ પ્રભુ જ છે, તેની શક્તિથી જ ક્રિયા થાય છે. અર્પણ કઇ વસ્તુનું થાય ? જે વસ્તુ પર મારી માલિકી હોય, તે વસ્તુનું અર્પણ થાય, પરંતુ, આ ક્રિયા પર મારી માલિકી જ નથી. તો તે હું તને અર્પણ કેમ કરું ? ક્રિયા કરવાવાળો તું જ છે. It is not ye that speak but the spirit of thy Father that speaketh in you. હું બોલી નથી શકતો, મારી અંદર બેઠેલી કોઇ શક્તિ બોલે છે. મને ખબર નથી કે જીભનો છેડો મોઢામાં ક્યાં લગાડયા પછી 'ટ' ઉચ્ચાર થાય. તે છતાં હું બોલતો જ રહ્યો છું. આ મોઢારૂપી હાર્મોનિયમમાંથી બધા સ્વરો નીકળે છે તે કેવી રીતે નીકળે છે ? સ્થૂલ હાર્મોનિયમ વગાડવું હોય તો તેના માટે શિક્ષણ લેવું પડે છે. તેના વગર તે વગાડી શકાતું નથી. ક્યાં આંગળી દબાવવાથી 'સા', 'રે', 'ગ'... આમ સાત સ્વરો નીકળે તેનું શિક્ષણ લેવું પડે છે. બોલવા માટે એવું કોઇ શિક્ષણ કે જ્ઞાન ન હોવા છતાં આપણે વર્ષોથી બોલતા જ આવ્યા છીએ. આજે પણ કોઇ કોઇને પૂછો કે 'ટ' બોલવા માટે જીભ ક્યાં લગાડવી ? તો તે કહી નહિ શકે, પરંતુ, ચાલીસ-પચાસ વર્ષથી તે 'ટ' ઉચ્ચારતો આવ્યો છે. તે કોની શક્તિથી બોલે છે ? અંદર કોઇ શક્તિ બેઠી છે, તે જ ક્રિયા કરે છે. કર્મ મારું નથી, તેનું જ છે, તેને જ અર્પણ કરવાનું છે. આને કહેવાય ક્રિયાદ્વૈત.

ત્રીજું છે દ્રવ્યાદ્વૈત. મારી પાસે જે દ્રવ્ય આવ્યું છે તે મારા આખા કુટુંબનું છે, મારા એકલાનું નથી, હું પૈસા કમાઉં છું અને પત્નીને ખવડાવું છું એવો અહંકાર ભક્તના અંતઃકરણમાં ન હોવો જોઇએ. હું પણ ભગવાનનો જીવ છું તેમ તે પણ એક ભગવાનનો જીવ છે. અમે બન્ને સાથે રહીએ છીએ. તો અહંકાર કેમ રાખું ? પરંતુ, આજ સુધી પુરુષપ્રધાન સંસ્કૃતિમાં એક અહંકાર પેદા થયો છે. જો તમારામાં અહંકાર આવશે તો પત્નીમાં પણ અહંકાર આવશે. શા માટે ન આવે ? પછી તે પૂછે છે કે તમે મારા પર હુકમ ચલાવવાળા કોણ ? તમે જે કમાવો છો તેના પર મારો પણ અધિકાર છે. આમ બન્નેનાં અહંકાર ટકરાશે તો બે પ્રવાહો મળ્યા પછી ભમરી પેદા થશે. તે ભમરીમાં જ લોકો ડૂબી ગયા છે અને કુટુંબો પણ ડૂબી ગયા છે.

જેમ વિત્ત પરિવારનું છે તેમ વિત્ત પ્રભુનું છે. **महालक्ष्मी च विद्महे विष्णुपत्नी च धीमहि तन्नो लक्ष्मीः प्रचोदयात्**-તેથી જ તો આપણે મંદિરમાં જઇને ભગવાનની સામે પૈસો ધરીએ છીએ, તે ભગવાનના ભાગ તરીકે રાખીએ છીએ. ભગવાન તમારા ભાગીદાર છે, તે તમારા Sleeping partner છે. જો ભગવાન ન હોત તો તું અભ્યાસ કરવા કૉલેજમાં કે પૈસા કમાવા માટે ઓફિસે જઇ ન શકત, વેપાર પણ કરી ન શકત, તેથી અંદર બેઠેલા ભગવાન તારા સુપ્ત ભાગીદાર છે. તેને તેનો ભાગ આપવાનો છે. મંદિરની વ્યવસ્થા સંભાળવાવાળાઓ તેનો ઉપયોગ સમાજના નબળાવર્ગ-જરૂરતમંદ વર્ગ માટે કરે. એના માટે જ ગામેગામમાં મંદિરો ઊભાં થયાં હતાં. તે સામાજિક-આર્થિક કેન્દ્ર Socio-economic centre હતાં.

લોકોએ ભગવાનની સામે ભગવાનનો ભાગ વિશ્વાસથી રાખ્યો છે, જ્યારે દરેક ગામમાં આવું મંદિર ઊભું થશે ત્યારે સમાજમાં નબળો વર્ગ રહેશે જ નહિ. લોકો દુર્બળ રહેશે જ નહિ, એટલું જ નહિ, તેઓ કોઇના આશ્રિત પણ રહેશે નહિ. તેમને કોઇની શેહ રાખવી નહિ પડે, એનું કારણ તેઓ ભગવાનનો પ્રસાદ લેશે.

આજે નબળા વર્ગ (Have not) ની સમસ્યા કરવેરા (Taxation) થી ઉકલી શકતી નથી, આજે સમાજમાં ડોક્ટર કે એન્જિનિઅર થવા સુધીનું શિક્ષણ મફતમાં મળે છે, તે મફત શિક્ષણ આપે છે કોણ ? સરકાર. સરકારનો અર્થ શું ? સરકાર કોણ છે ? પોલીસ સરકાર છે કે કલેક્ટર સરકાર છે ? કે પછી મિનિસ્ટર સરકાર છે ? સરકાર નિર્ગુણ-નિરાકાર પરબ્રહ્મ જેવી છે. તેને રૂપ નથી અને આકાર પણ નથી. તો પછી શિક્ષણ લેનાર કોના માટે કૃતજ્ઞ રહે ? પરિણામે ટેક્સ આપવાવાળાને આનંદ નથી અને શિક્ષણ લેનારમાં કૃતજ્ઞતા નથી. આપનારને કોઇને તેના પગે ઊભો કરવાનો આનંદ નથી.

માનસશાસ્ત્રીય દૃષ્ટિથી મંદિર એ એક અદ્‌ભુત રસ્તો છે. ગામનો મજૂર હશે તો તેણે પણ પોતાની મજૂરીમાંથી ભગવાનને ચરણે એનો ભાગ ધર્યો હશે, એમાંથી જે કાંઇ પ્રસાદરૂપે પાછું મેળવતો હશે તેનાથી તેને શરમિંદા નહિ થવું પડે. એને સમાધાન છે કે મેં પણ ભગવાનનો ભાગ આપ્યો છે, તેમાંથી જ મને પ્રસાદ મળે છે.

સમાજમાં સમર્થ-અસમર્થ (Have and have not) રહેવાના જ. સમર્થ પાસેથી અસમર્થને કેમ આપવું તે પ્રશ્ન અનાદિકાળથી ચાલે છે. તેનો સુંદર રસ્તો મંદિર ઊભું કરીને આપણા પૂર્વજોએ

કાઢયો. આજે મંદિરમાં એટલી વિકૃતિ આવી ગઇ છે કે મંદિર શા માટે છે તેની જ લોકોને ખબર નથી. સમાજના બધા લોકોમાં એકતા આવવી જોઇએ. ઊંચ-નીચતા એક કલાક માટે ભૂલવાની છે તે માટે મંદિર છે. સાંજે આરતીના સમયે આખું ગામ મંદિરમાં એકત્ર થશે. તેમાં મોટામાં મોટો જમીનદાર હશે અને મજૂર પણ હશે. બન્ને સાથે બેસશે. મંદિરમાં બધા ભગવાનના દીકરા તરીકે બેસશે. તેના લીધે સામાજિક અન્યાય (Social injustice) ઓછો થઇ જશે. બધાએ મંદિરમાં પોતાની કમાણીમાંથી ભગવાનનો ભાગ રાખ્યો હશે. તેના પ્રસાદમાંથી એવી વ્યવસ્થા થશે કે ગામમાં કોઇ ભૂખ્યો ન રહે, નિર્વસ્ત્ર નહિ રહે. ખોટા અર્થશાસ્ત્રે જ લોકોને ભૂખ્યા અને નિર્વસ્ત્ર રાખ્યા છે. તેના માટે જ દ્રવ્યાદ્વૈત એ જૂની પરંપરા છે. જેમ કુટુંબપ્રમુખને જે પૈસાની કમાણી થાય છે તે આખા કુટુંબની છે, તેવી રીતે મંદિરમાં જે કમાણી ભેગી થાય છે તે લક્ષ્મીરૂપ છે, સમાજે રાખેલો ભગવાનનો ભાગ છે. તેમાંથી જ નબળા વર્ગને પ્રસાદ મળે. આ દ્રવ્યાદ્વૈત છે. સાતમા સ્કંધમાં ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત અને દ્રવ્યાદ્વૈત સમજાવ્યાં છે.

ત્યારબાદ તેમાં સત્સંગનું વર્ણન કર્યું છે. સત્સંગનો મહિમા બહુ મોટો છે. એક વખત એક રાજા મહેલની અગાશીમાં બેઠો હતો. એટલામાં અગાશીની પાળ ઉપર એક પોપટ આવીને બેઠો અને તેણે ગાળો બોલવાની શરૂઆત કરી. સતત એક કલાક ગાળો બોલવી એ કંઇ સહેલી વાત નથી. તાકાત હોય તો સતત દસ મિનિટ ગાળો બોલી દેખાડો. તેમાં એક શરત એ કે એકવાર બોલેલી ગાળ બીજી વાર નહિ બોલવાની.

પોપટના મોઢે ગાળો સાંભળીને રાજાને બહુ આશ્ચર્ય થયું. થોડીવારમાં તે પોપટ ઊડી ગયો અને બીજો પોપટ આવ્યો. રાજા તેને જોતો હતો. આ બીજા પોપટે બ્રહ્મસૂત્રના સૂત્રો અને યોગસૂત્રો બોલવાની શરૂઆત કરી.

रचनानुपपत्तेश्च नानुमानम् ॥
प्रवृत्तेश्च ॥
पयोऽम्बुवच्चेत् तत्रापि ॥
व्यतिरेकानस्थितेश्चानपेक्षत्वात् ॥
अन्यत्राभावाच्च न तृणादिवत् ॥
अथयोगानुशासनम् ॥
योगश्चित्तवृत्तिर्निरोधः ॥
तदाद्रष्टुः स्वरुपेऽवस्थानम् ॥

આ સાંભળીને રાજાને અત્યંત આશ્ચર્ય થયું. રાજાએ કહ્યું: 'તું તો પવિત્ર છે. તને નમસ્કાર કરવા જોઇએ. પહેલાં જે પોપટ આવ્યો હતો તે સતત ગાળો બોલતો હતો. કેટલું ખરાબ કહેવાય નહિ ?'

ત્યારે પોપટે કહ્યું: 'રાજન્ ! હું સૂત્રો બોલું છું તેમાં મારું કર્તૃત્વ નથી અને બીજો ગાળો બોલતો હતો તેમાં તેનો કંઇ દોષ નથી. એનું કારણ-

गवाशनानां स शृणोति वाक्यमहं हि राजन्वचनं मुनीनाम् ।
न चास्य दोषो न च मद्गुणो वा संसर्गजा दोषगुणा भवन्ति ॥

'રાજન ! પહેલાં જે પોપટ હતો તે મારો જ ભાઇ હતો. અમે એકજ મા-બાપના દીકરા. પારધિએ અમને પકડીને પીંજરામાં પૂર્યા હતા. તેની પાસેથી એક કસાઇ મારા ભાઇને લઇ ગયો અને હું એક મુનિના આશ્રમમાં પહોંચી ગયો. તે દરરોજ સવારના કસાઇના ઘરમાં ગાળો જ સાંભળતો હતો. સંસર્ગથી તે ગાળો શીખી ગયો. હું મુનિના આશ્રમમાં સવારના પ્રહરે બાદરાયણનાં સૂત્રો, પાતંજલયોગદર્શનના સૂત્રો, મહાભાષ્યનાં વાક્યો સાંભળતો હતો. હું તેવું શીખ્યો. આ સંસર્ગનું પરિણામ છે. તે ગાળો બોલ્યો તેમાં તેનો દોષ નથી અને હું સૂત્રો બોલ્યો તેમાં મારો ગુણ નથી.'

માણસને જેવો સંસર્ગ મળે તેવો તે થઇ જાય છે. સંત્સંગનું મહાત્મ્ય આ સાતમાં સ્કંધમાં લખ્યું છે. તેમાં ભાગવતકારે એક સ્વતંત્ર વાત કરી છે. તેના માટે એક શબ્દ વાપર્યો છે. કર્માનુસાર થવાવાળી જે વાસના છે તે શુભ પણ હોઇ શકે છે અને અશુભ પણ હોઇ શકે છે.

शुभाशुभ्याभ्यां मार्गाभ्यां वहन्ती वासना सरित् ।
पुरुषेण प्रयत्नेन आपनीया शुभां मतिम् ॥

શુભ-અશુભ વાસના કર્માનુસાર થાય છે. ભક્તોનો કોપ થવાથી અશુભ વાસના થાય છે અને ભક્તોની કૃપા થવાથી શુભ વાસના થાય છે, તેથી ભક્તની નિંદા ન કરવી.

ભાગવતકારનો એવો સિદ્ધાંત છે કે ભક્તોનો કોપ થવાથી અશુભ વાસના પેદા થાય છે. ભક્તની નિંદા નહિ કરવી જોઇએ અને તેની વિરુદ્ધ ઊભા ન રહેવું જોઇએ. ભક્તની કૃપા શુભ કામના પેદા કરે છે, વધારે છે. આવી રીતે ભક્તનું વર્ણન કરે છે, તેનું મહત્ત્વ વધારે છે અને સાતમો સ્કંધ પૂરો કરે છે.

अष्टमः स्कंधः

આઠમા સ્કંધની શરૂઆતમાં મન્વંતરની યોજના છે. તેમાં જુદા જુદા મન્વંતરો કહ્યા છે. **સત્ત્વરજતમસાં સામ્યાવસ્થા પ્રકૃતિઃ વિષમાવસ્થા વિકૃતિઃ**- સત્ત્વરજતમની સામ્યાવસ્થા હોય ત્યારે પ્રકૃતિ કહેવાય અને જ્યારે તે ત્રણ ગુણોમાં વિષમાવસ્થા આવે ત્યારે વિકૃતિ કહેવાય. તે ત્રણ ગુણોમાં જ્યારે બગાડ થાય ત્યારે લોકસ્થિતિને એક અનુકૂળ ઝોક આપવો પડે છે. તેવો અનુકૂળ ઝોક આપવાવાળા અવતાર આવે છે. પરિસ્થિતનું બગડી જવું અને અવતાર આવ્યા બાદ તેમાં સુધારો થવો તે દરમ્યાનનો જે કાળ છે તેને મન્વંતર કહે છે. જગતમાં અવતાર આવે છે અને લોકપરિસ્થિતિને સુધારે છે, અવતારને સહાય કરવાવાળો વર્ગ નિર્માણ થાય છે, ત્યારે તે મન્વંતર પૂર્ણ થાય છે. આ પ્રકારના ચૌદ મન્વંતરોનું ભાગવતકારે વર્ણન કર્યું છે.

આપણને તો એકમાત્ર મનુસ્મૃતિના મનુની જ ખબર છે. ભાગવતે તેવા ચૌદ મનુઓનું વર્ણન કર્યું છે. સ્વાયંભુવ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવંત, ચાક્ષુષ, વૈવસ્વત, સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મસાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ અને ઈંદ્રસાવર્ણિ.

ટૂંકમાં, સમાજમાં આવી ચડતીપડતી આવતી જ રહે છે એવું લખ્યું છે. સમાજ સુધરી જાય તેમ બગડે પણ ખરો. કેટલાક લોકો પૂછે છે કે એક વખત સમાજ ઉન્નતિનાં શિખર પર હોય પછી તે બગડે કેમ ? આ પૂછવું જ ખોટું છે. કોઇના દુર્ગુણો, સત્ત્વયુક્ત દુર્ગુણો પણ ઘૂસી જાય છે, પરિણામે લક્ષ્મી ચાલી જાય છે, સત્ત્વયુક્ત સમાજ થઇ ગયા બાદ પણ અધ:પતન થવાનો સંભવ છે.

સમાજનું પરીક્ષણ કરીએ તો સમાજમાં સિત્તેર ટકા લોકો અનુયાયી હોય છે અને ત્રીસ ટકા લોકો તજજ્ઞો (Experts) હોય છે. તજજ્ઞો એટલે કેવળ યુનિવર્સિટીની ડીગ્રી લેવાવાળા જ લોકો નહિ. સમાજમાં જે સારો સુથાર છે, કુંભાર છે, લુહાર છે, તે પણ તજજ્ઞ માનવામાં આવે છે. ત્રીસ ટકા તજજ્ઞોમાં પંદર ટકા લોકો ભૌતિકવાદી હોય છે-ખાઓ, પીવો અને મજા કરોની વૃત્તિવાળા હોય છે અને બાકીના પંદર ટકાના લોકો કંઇ જુદી વિચારધારાવાળા હોય છે. જયારે ભૌતિક વિચારધારાવાળા લોકો પ્રભાવી થાય છે, ત્યારે તેમની સાથે બીજા સિત્તેર ટકા લોકો ભૌતિકવાદી બની જાય છે. તેને જ આપણે કલિયુગ કહીએ છીએ. તે કાળે પણ સમાજમાં પંદર ટકા લોકો તો સાત્ત્વિક હોય જ છે તેવી જ રીતે, સાત્ત્વિક લોકોના પંદર ટકા જયારે પ્રભાવી થાય છે ત્યારે સમાજના સિત્તેર ટકા લોકો તેમની જોડે જોડાય છે; ત્યારે સતયુગ થાય છે. કલિયુગને સુધારીને સતયુગ બનાવવાનો આ જ રસ્તો છે.

પંદર ટકા લોકો જેઓ સાત્ત્વિક અને બુદ્ધિશાળી છે તે એકત્ર આવી જાય અને બાકીના સિત્તેર ટકા લોકો તેમની સાથે જોડાઇ જાય, તો રામરાજ્ય થઇ જાય. રામકાળમાં પણ રાવણ હતો જ, એટલે કે તેમાં પણ પંદર ટકા તામસી-બુદ્ધિવાળા લોકો રહેવાના જ, પરંતુ, તેઓ નબળા હોવાથી તેમની ઉપદ્રવક્ષમતા ઓછી થઇ ગઇ હશે. કારણ, સિત્તેર ટકા લોકો તેમની જોડે નથી. સિત્તેર ટકા લોકો કોની સાથે રહે છે એ જ પ્રશ્ન છે. તેના માટે જ ભક્તિફેરી છે. તેના લીધે સાત્ત્વિક લોકો પ્રભાવી બનીને એકત્ર આવશે. તેઓ શક્તિશાળી હશે તેથી તેઓ પ્રભાવી બનતાં બાકીનાં સિત્તેર ટકા સામાન્ય લોકો તેમની સાથે જોડાઇ જશે. સિત્તેર ટકા સામાન્ય લોકોના ડબ્બાને કયું એન્જિન લાગે છે તે જ જોવાનું છે. જો સાત્ત્વિક લોકોનું એન્જિન લાગશે તો ગાડી તીર્થક્ષેત્રમાં પહોંચી જશે.

સમાજ જ્યારે બગડી જાય છે ત્યારે લોકસ્થિતિને અનુકૂળ ઝોક આપીને સુધારવો પડે છે. તે થાય ત્યારે મન્વંતર પૂરો થયો એમ કહેવાય. તેનું વર્ણન રામાયણમાં છે:

न राज्यं न च राजासित् न दण्डयो न च दाण्डिकः ।
स्वधर्मेण च प्रजास्तावत् रक्षन्ति स्म परस्परम् ॥

સમાજને આ સ્થિતિ પર લઇ જવો જોઇએ. ત્યાં પહોંચ્યા પછી સમાજ પાછો નીચે આવે, આવું

વારંવાર થાય, આવી ચડતીપડતી ચાલ્યા કરે તેમાં સમાજને સુધારવાની સ્થિતિ પર લઇ જનારાની સાથે જોડાઇને પ્રયત્નશીલ બનવું આવશ્યક છે એવું ભાગવતકારનું કહેવું છે. ભગવાનની ઇચ્છાથી સમાજ બગડયો છે એવું બોલીને બેસી રહેવું ખોટું છે. જો સમાજ બગડયો હશે તો તેને સુધારવા માટે પ્રયત્ન કરવો જોઇએ. વચ્ચેનો જે સમય છે તેને મન્વંતર કહે છે. તેમાં પ્રત્યેક મન્વંતરમાં ભગવાન મદદ આપે છે. બગડેલા સમાજને સુધારવા માટે પ્રયત્ન કરવાવાળા જે લોકો છે તેમને ભગવાન મદદ આપે છે. આ મદદ નું જ નામ અવતાર ! આખો સમાજ બગડી જાય એટલે અવતાર આવે આ માન્યતા ખોટી છે. સમાજમાં સુધારો લાવવા માટે જે લોકો પરિશ્રમ કરે છે તેમને મદદ આપવા માટે અવતાર આવે છે. ગીતામા કહ્યું છે:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ (गी. ४/८)

સાધુ, સજ્જન, સાત્ત્વિક લોકો એકઠા મળીને કંઇ કામ કરતા હોય તો તેમને માર્ગદર્શન આપવા ભગવાન આવે છે. અવતારનો અર્થ આવો થાય છે. પ્રત્યેક માન્વંતરમાં અવતાર થાય છે એમ કહ્યું છે.

ત્યારબાદ, આઠમા સ્કંધની શરૂઆતમાં એક એવી ચર્ચા ઉપાડી છે કે તપસ્વી મનુ, સારી રીતે રાજ્ય કરીને, રાજ્યકારભાર છોડીને, સુનંદા નદીના તટ પર તપશ્ચર્યા કરવા માટે ગયા. અહીં રાજા પોતે, રાજ્યપદ છોડે છે અને તે પણ એકહથ્થુ રાજ્યસત્તા (Autocratic rule) ! આપણા દેશમાં સામ્રાજ્યશાહી હતી એવો આપણા પર બીજા લોકોનો આરોપ છે, પરંતુ, એવું ન હતું. આપણે ત્યાં લોકતંત્ર પણ હતું. કૃષ્ણ ભગવાન પોતે લોકશાહીવાદી (Democratic) હતા. રામ રાજા હોઇ શકે છે, પણ કૃષ્ણ રાજા ન હતા, રાજ્યપ્રમુખ હતા. એકહથ્થુ રાજસત્તામાં પણ આપખુદ રાજાને રાજ્યપદ છોડીને, તપશ્ચર્યા કરવા ચાલ્યા જવું પડતું હતું. તે શા માટે ? રાજાની ઉપર પણ ધર્મસત્તા કામ કરે છે એવી માન્યતા આ દેશમાં હતી. એનું કારણ ધર્મસત્તા નિરપેક્ષ લોકોના હાથોમાં રહેતી હતી. જ્યારે રાજસત્તા તો સ્વાર્થી લોકોના હાથમાં રહેતી હોય. એકહથ્થુ રાજસત્તા ઉપર ધર્મસત્તાના પ્રતિનિધિનું અષ્ટઋષિમંડળ હોવું જોઇએ એવી રામરાજ્યની વ્યવસ્થા હતી. આ જ જૂનું ભારતીય રાજ્યબંધારણ હતું. આવી ગાર્ડીઅનશીપ (પાલકપદ) પ્લેટોએ પણ માન્ય કરી હતી. જો કે તે વ્યવસ્થા માત્ર તેના મગજમાં આવી હતી, પ્રત્યક્ષમાં આવી ન હતી.

એકહથ્થુ રાજસત્તાના રાજાને રાજ્યપદ છોડીને જવાનું કોણ કહેતું હતું? ધર્મસત્તા. તમે જો રાજસૂય યજ્ઞનો પ્રયોગ વાંચશો તો તમને ખબર પડશે કે રાજસૂય યજ્ઞ તે જ રાજા કરી શકે કે જે રાજાનો પૃથ્વી પર જ્ઞાત પ્રદેશમાં કોઇ શત્રુ નથી અને તેના વિરુદ્ધ કોઇ ઊભું નથી. **समुद्रपर्यन्ताया पृथ्वी एकराट्**- એવા સામ્રાજ્યનો સમ્રાટ જ્યારે રાજસૂય યજ્ઞ કરે તે વખતે એક વિધિમાં રાજા ત્રણ વખત બોલે કે આ પૃથ્વીમાં **अदण्डयोऽस्मि, अदण्डयोऽस्मि, अदण्डयोऽस्मि**- મને કોઇ દંડ આપવાવાળું નથી. ત્યારે વસિષ્ઠ જેવા ગુરુ તેની પાછળ ઊભા હોય. તે હાથમાં દર્ભનો દંડ લઇ, તેનાથી રાજાના મસ્તક પર પ્રહાર કરીને કહે- '**धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि**- રાજા, તું અદંડય નથી, ધર્મદંડય છે.' આવી એક વ્યવસ્થા આપણા પૂર્વજોએ ઊભી કરી હતી.

જેની પાસે વિત્તશક્તિ, રાજસત્તાની શક્તિ આવે છે, તે અચૂક રાક્ષસ બની જાય છે. તેમના પર અંકુશ કેવી રીતે રાખવો તે સંબંધમાં ભારતીયોએ વિચાર્યું હતું. એટલું જ નહિ, હજારો વર્ષ સુધી તે વાત પ્રત્યક્ષ વ્યવહારમાં લાવ્યા હતા અને તેમાં તેઓ યશસ્વી પણ નીવડયા હતા.

આઠમા સ્કંધના પ્રથમ અધ્યાયમાં મનુમહારાજે મંત્રોપનિષદ કહ્યું છે-**મનુરુવાચ** કરીને પહેલા અધ્યાયમાં નવથી સોળ સુધીના શ્લોકો મંત્રોપનિષદ છે. આ મંત્રોપનિષદમાં તત્ત્વજ્ઞાનની ઘણી વાતો છે. તેમાં સૃષ્ટિ ભગવાને બનાવી છે છતાં પણ ભગવાન નિષ્ક્રિય છે એમ કહ્યું છે. એનો અર્થ એકે માણસ કંઇ કરીને પણ નિષ્ક્રિય રહી શકે છે. કર્મ કરીને નિષ્ક્રિય રહેવું જોઇએ, કર્મ છોડીને નહિ. કર્મ કરવું આવશ્યક છે એવું તેમનું કહેવું છે. એવી માન્યતા છે કે જ્યારે માણસ ભક્તિ કરવા લાગે ત્યારે કર્મ છોડવાં જ પડે, એટલે કે બધાં વ્યાવહારિક કર્મો છોડીને જ ભક્તિ કરવા બેસવું પડે, તો જ ભક્તિ થાય. નહિ તો ભક્તિ ન થઇ શકે. ભાગવતકારનું કહેવું એવું નથી. ભારતીય પરંપરા પણ એવું કહેતી નથી. જરૂર, કુટુંબ-વ્યવહાર ઊભો કર્યા પછી ભક્તિ કરવામાં મુશ્કેલી આવશે. પરંતુ મુશ્કેલીનો મુકાબલો કરીને માણસ ઊભો રહે, તો જ તે માણસ કહેવાય, તો જ તે ધ્યેયવાન કહેવાય. બધું સાનુકૂળ હોય ત્યારે અમુક વાત કરો તો તે ધ્યેય કેમ કહેવાય ? પ્રતિકૂળતાની સામે પણ ઊભા રહેવું પડશે.

મંત્રોપનિષદમાં મનુ મહારાજે આ એક મહત્ત્વની વાત કહી છે. ઘણા કહેવાતા ભક્તો કહે છે કે બધું છોડીને ભક્તિ કરવા ચાલ્યા જાઓ એવું ભાગવતમાં કહ્યું છે. પરંતુ ભાગવતકારે એવું કહ્યું નથી. ભાગવતે જીવનપરાઙ્મુખતા કે જીવનપલાયનવાદ સ્વીકાર્યા નથી. જે લોકો આ વાતો સ્વીકારશે તેમને આત્મજ્ઞાન થઇ શકતું નથી. આત્મજ્ઞાન મેળવવું હોય તો જીવનપલાયનવાદ નહિ ચાલે, કર્મ કરવું જ પડશે એવો આગ્રહ છે.

મંત્રોપનિષદમાં આગળ નીતિતત્ત્વો પણ સમજાવ્યાં છે. મંત્રોપનિષદના શ્લોકો બહુ સારા છે, કઠણ છે પણ કંઠસ્થ કરવા જેવા છે. જીવનમાં ભોગ આવશે જ. જ્યારે હું કુટુંબમાં રહીશ, વ્યવહાર કરીશ, કામ કરીશ, ત્યારે મને ભોગો પણ મળશે. તો ભોગો સ્વીકારવા કે નહિ ? તેના માટે ભાગવતકારે લખ્યું છે:

आत्मावास्यमिदं विश्वं यत् किंचिज्जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ।। (भागवत ८/१/१०)

तेन त्यक्तेन भुञ्जीथाः - તેણે (ભગવાને) આપેલા ભોગ, ભોગવ. આવી રીતે વૃત્તિ બદલવી એનો જ અર્થ ભક્તિ છે. આજે આપણે એમ સમજીએ છીએ કે મેં ભોગો કમાવ્યા છે, મેં વિત્ત કમાવ્યું છે, મેં સુખ-સગવડો કમાવ્યાં છે. તેના બદલે ઉપનિષદ કહે છે કે વૃત્તિ બદલી નાખ-મેં કમાવેલા ભોગ નહિ, પરંતુ, ભગવાને આપેલા ભોગ. આમ માનવામાં શું થાય છે ? દૈવ ની વાત ચાલી જાય છે. દૈવનો અર્થ એ છે કે આગલા જન્મનું મારું કર્મ. આ પણ એક અહંકાર છે: 'મારા દૈવથી મળ્યું છે.' દૈવથી મળતું હશે, મળે જ છે, પરંતુ, માણસે તેવું માનવું ન જોઇએ. ભક્ત સમજે છે કે મારા કમાવેલા ભોગો નથી, ભગવાને આપેલા ભોગો છે.

આવી રીતે કર્મથી છૂટવાનો રસ્તો ભાગવતે દેખાડયો છે. 'બધું તે (ભગવાન) કરે છે.'- આમાં

કૃતિનો અહંકાર ચાલી જાય છે. તેને જ ભક્તિ કહે છે. 'તેણે (ભગવાને) આપ્યું છે તે ભોગ છે, અને તે (ભગવાન) કરે છે, એ કૃતિ છે' જ્યારે તમારી આવી ભાવના થઇ જાય ત્યારે તેને ભક્તિ કહે છે.

ભક્તિ વધવી જોઇએ' આનો અર્થ સર્વત્ર એવો થયો છે કે ઘરમાં ભગવાનની આરતી થાય અને પ્રસાદ લેવાય. પરંતુ, ભક્તિ આ એક અંદરનું પરિવર્તન છે. ભક્તિમાં વૃત્તિ જ બદલાઇ જાય છે. પહેલી વાત, 'મારો કમાવેલો ભોગ નહિ, તેણે આપેલો ભોગ' અને બીજી વાત 'તે કર્મ કરે છે, હું નથી કરતો' આવી રીતે બદલાયેલી વૃત્તિ એટલે ભક્તિ. ભક્તિ એક સામાજિક પરિબળ છે-Bhakti is a social force -આવું જ્યારે કહીએ છીએ ત્યારે ભક્તિનો આ એક વિશિષ્ટ અર્થ થાય છે.

શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે વિવેકચૂડામણિમાં કહ્યું છે:

मोक्षकारण सामग्र्यां भक्तिरेव गरीयसी- મુક્તિના કારણોમાં ભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે. ભક્તિ કંઇ કેવળ ભગવાનની ખુશામત નથી. આ ભક્તિથી જ જીવન ઉન્નત થાય છે, કુટુંબ ઉન્નત થાય છે, સમાજ ઉન્નત થાય છે.

કર્મ જ ભક્તિ છે એવું તેમણે કહ્યું છે અને તે સિદ્ધ કરવાને માટે આ દેશમાં વારંવાર સંતો, ભક્તો અને અવતારોએ તેજ કહ્યું છે.

પુંડલિક કર્મનિષ્ઠ હતો. તે કર્મ કરતો હતો ત્યારે ભગવાન તેને મળવા આવ્યા. પુંડલિકને લાગ્યું કે ભગવાન આવ્યા છે ખરા, પણ હું મારું કર્મ છોડીને કેવી રીતે જાઉં ? પુંડલિક પોતાના કામમાં તલ્લીન હતો. તેથી પુંડલિકે વિઠ્ઠલને ઊભા રહેવા માટે એક ઈંટ ફેંકી. ભગવાન તેના પર ઉભા રહ્યા. આજે પણ ઈંટ પર ઉભેલા ભગવાન વિઠ્ઠલનાં દર્શન થાય છે. તે સંબંધી એક દંતકથા પણ છે. અમારા મહાન સંત તુકારામ પુંડલિકને કહે છે:

का रे पुंडया मातलासि
ऊभे केले विठ्ठलासि....

'અરે પુંડયા ! (લાડથી પુંડલિકને બદલે પુંડયા કહે છે) તને આટલો મદ ચડયો કે તેં વિઠ્ઠલ ભગવાનને પણ ઊભો રાખ્યો ?' આજે પણ મરાઠી ભાષી લોકો આરતીમાં બોલે છે:

युगे अट्ठावीस वीटेवरी ऊभा वामाङ्गी रुकमाई...

વિઠ્ઠલ ભગવાનને કોણે ઊભા રાખ્યા ? પુંડલિકે. તેનો એક જુદો અર્થ છે. હમણાં એટલું જ કહુ કે ભાગવતે કર્મની આટલી મહત્તા સમજાવી છે.

अपहाय निजं कर्म कृष्णकृष्णेति वादिनः ।
ते हरेर्द्वेषीनः पापाः धर्मार्थं जन्म यद्धरेः ॥

(જે લોકો નિજી કર્મ છોડીને કૃષ્ણ, કૃષ્ણ બોલ્યા કરે છે તેઓ હરિના દ્વેષી છે...)

કર્મ કેવી રીતે કરવું તે મંત્રોપનિષદ સમજાવે છે. આપણે કર્મ કોના માટે કરીએ છીએ ?

ઘરવાળાઓ માટે કરીએ છીએ. ઘરવાળા એટલે કોણ? પત્ની, છોકરા વગેરે ઘરવાળા છે જ પણ તેમને ઉદ્દેશીને આ નથી કહ્યું. ઘરવાળા એટલે આંખ, કાન, રસના (જીભ) વગેરે ઈંદ્રિયો. તે ઈંદ્રિયોના સંતોષને માટે આપણે કર્મો કરીએ છીએ, તેના બદલે ભગવાનને માટે કર્મો થવાં જોઇએ. ઈંદ્રિયોના સંતોષને માટે નહિ. મારે તેના (ભગવાન) માટે કામ કરવું છે. તેથી ઈંદ્રિયો પણ સારી રહેવી જોઇએ. તેના માટે ભગવાન મને જે આપશે તે ભોગો હું સ્વીકારીશ. મશીનના દરેક ચક્રને તેલ પૂરવું પડે. તેવી રીતે મારી પ્રત્યેક ઈંદ્રિયને ભોગ તો મળી જશે; પણ તે ભગવાને આપેલા ભોગ હશે અને હું તેના માટે કર્મ કરીશ. આ પ્રથમ વાત છે.

ભગવાન જ શક્તિ આપે છે આ બીજી વાત છે; અને ભગવાન જ કામ કરે છે આ ત્રીજી વાત છે. આ ભક્તિવિકાસની સીડી છે. ગીતામાં **स्वकर्मणा तमभ्यर्च्य** કહીને તે જ ભગવાને કહ્યું છે. મનુમહારાજ રાજ્યપદ છોડીને તપશ્ચર્યા કરવા ગયા તે કર્મથી ભાગીને નથી ગયા. તે સમજાવવા માટે મનુના મોઢામાં આ મંત્રોપનિષદ મૂકયું છે. તેમાં તેમણે કર્મની મહત્તા સમજાવી છે. કર્મ કરવું જ પડશે. કર્મ કર્યા વગર ચાલશે નહિ.

વચ્ચેના કાળમાં એક અંધાર યુગ (Dark age) આવી ગયો હતો. તેમાં બાપ મરે ત્યાંસુધી સંપત્તિની તિજોરીની ચાવી પોતાની જનોઇમાં જ રાખતો હતો. આપણે આવું જ ચિત્ર જોયું છે. પરંતુ બધી સંપત્તિ છોડવી પડશે, આપીને નીકળી જવું પડશે. રાજાએ પણ રાજ્યપદ છોડીને જવું પડશે. તેના માટે જ ધર્મદંડ છે. ભાગવત સાંભળવાવાળાઓએ ભાગવતે કહેલી ભક્તિ સમજવી પડશે.

ભાગવતકાર કહે છે કે જીવનમાં વૃત્તિ બદલવી પડશે તો જ સાચી ભક્તિ થશે. ભક્તિ એ એક વૃત્તિ છે. ઈશ્વર ભોગ આપે છે, ભોગ કમાવેલા નથી. **तेन त्यक्तेन भुञ्जीथा....** તેવી જ રીતે કર્મ તે કરે છે, હું નથી કરતો. ભોગ અને કૃતિ આ શરીરથી થાય છે. ભોગ અને કૃતિ, બન્ને માટે જેની વૃત્તિ બદલી જશે તે ખરો ભક્ત છે. ભોગોથી ભાગવાવાળો ભક્ત નથી. તેવી જ રીતે કર્મથી ભાગવાવાળો પણ ભક્ત નથી. ભાગવતકાર તેને ભક્ત કહેવા તૈયાર નથી.

પછી ગજેન્દ્રમોક્ષની બહુ સુંદર કથા આવી છે. ભગવાને ગજેન્દ્રની મગરથી રક્ષા કરી છે. આ કથાનો ભાવાર્થ તો બધાને ખબર છે. આપણે એમ સમજીએ છીએ કે ગજેન્દ્રે જેમ ભગવાનનું સ્મરણ કર્યું તેમ આપણે પણ તેનું સ્મરણ કરીશું તો ભગવાન આપણને મદદ કરશે.

ગજેન્દ્ર હાથી હતો. તે ત્રિકૂટ પર્વત પર ગયો હતો. આ ત્રિકૂટ પર્વતનું વર્ણન છે કે તે દસ હજાર યોજન લાંબો અને પહોળો હતો. એનો અર્થ આજની ભાષામાં કહેવાનું હોય તો પૃથ્વીનો ઘેરાવો એંસી હજાર માઇલનો હતો. આજે પણ પૃથ્વીનો ઘેરાવો ચોવીસ હજાર માઇલનો છે તેથી એમ લાગે છે કે ત્રિકૂટ પર્વત આ પૃથ્વીના ગોળા પર ન હશે. કોઈ બીજા ખગોલ પર હશે અથવા તો તે સમયે યોજનનું પરિમાણ જુદું હશે. જેમ ભારતમાં રૂપિયાનું ચલણ છે, અમેરિકામાં ડૉલરનું છે, ઈંગ્લેંડમાં પાઉડનું છે-તેમ તેનું પરિમાણ જુદું હશે અથવા તો આ કથા પૃથ્વી પરની નહિ, બીજા ખગોલ પરની હશે, એનું કારણ બીજા ખગોલ પર પણ માનવ જતો હતો. માનવ એટલો વિકસિત હતો તેમાં અમને સંદેહ નથી.

આજે પણ માનવનો પૂર્ણ વિકાસ થઇ ગયો છે એમ આપણે માનતા નથી. આજનો વિકાસ પણ એક દિવસ માનવ પોતાના હાથે જ સમુદ્રમાં પધરાવી દેશે. એનું કારણ વિકાસ થયો છે ખરો, પણ સાથે સાથે માનવ કેટલો ભયભીત થયો છે ? ભીતિથી કંટાળીને માનવ તેવું પગલું ભરે પણ ખરો. તેણે શોધેલી એટમની ફોર્મ્યુલા તે દરિયામાં પધરાવી દેશે ત્યારે જ બધાને શાંતિ મળશે, ત્યારે જ બધાને-ગરીબોને પણ જમવા મળશે. આજે સંરક્ષણ ને માટે કેટલો ખર્ચ થાય છે ! તેના લીધે જ કેટલાયે લોકોને ખાવા નથી મળતું. જૂના કાળમાં આવી જ રીતે માનવે નારાયણાસ્ત્ર સમુદ્રમાં પધરાવી દીધું હતું-એવું કહીને કે હવે આજથી તારી અમને જરૂર નથી. સમાજમાં એવો એક દિવસ આવી જાય છે. જે લોકો સમાજનું ચિંતન કરે છે, તેમના જીવનમાં તેવો દિવસ આવે છે, એવો એક દિવસ આવશે પણ ખરો કે જ્યારે માનવ અણુશસ્ત્રને દરિયામાં પધરાવી દેશે.

કથા એવી છે કે ત્રિકૂટ પર્વત ઉપરના સરોવર ઉપર ગજેન્દ્ર પોતાની સહધર્મચારિણીની સાથે ગયો હતો. ગજેન્દ્ર પોતાની પત્ની અને બચ્ચાંઓની સાથે જલક્રીડા કરતો હતો, બધાંને સ્નાન કરાવતો હતો એટલામાં એક મગરે તેનો પગ પકડી લીધો અને સરોવરની અંદર ખેંચવા લાગ્યો. મગરની પકડમાંથી છૂટવા ગજેન્દ્રે અથાગ પ્રયત્ન કર્યો. ગજેન્દ્રનો પ્રયત્ન તો ઘણા સમય સુધી-ભાગવતકારે તો ઘણો લાંબો સમય લખ્યો છે-ચાલતો રહ્યો પરંતુ, તેમાં તેને સફળતા મળી નહિ. છેવટે તેણે ભગવાનની સ્તુતિ કરી. ગજેન્દ્રે આટલું સુંદર સ્તવન કર્યું છે તેનું પણ એક કારણ છે.

ગજેન્દ્ર પૂર્વજન્મમાં એક રાજા હતો. તેનું નામ ઈંદ્રદ્યુમ્ન હતું અને તે ભક્ત હતો. ભાગવતનું એક જ કહેવું છે અને તે એટલે ભક્તિ. બીજું કંઇ સમજાવવા ભાગવત છે જ નહિ; આ દૃષ્ટિથી જ ભાગવત તરફ જોવું જોઇએ.

ઈંદ્રદ્યુમ્ન આગલા જન્મે દ્રવિડ દેશનો રાજા હતો, તે વિષ્ણુ ભક્ત હતો. આગલા જન્મના સંસ્કાર જન્મજન્માંતર સુધી કામ આવે છે. પરંપરા મુજબ રાજ્યપદ છોડીને તે તપશ્ચર્યા કરવા ચાલ્યો ગયો હતો. ઈંદ્રદ્યુમ્ન રાજા વિષ્ણુ ભગવાનની પૂજામાં તલ્લીન હતો. એટલામાં અગસ્તિમુનિ ત્યાં આવ્યા અગસ્તિમુનિએ બે વાતો નોંધી. એક, ઈંદ્રદ્યુમ્ન પોતાનું કર્મ છોડીને અહીં તપશ્ચર્યા કરવા આવ્યો હતો, અને બીજું, તે વિષ્ણુભક્તિમાં એટલો મગ્ન હતો કે હું અહીં આવ્યો છું તેના તરફ તેનું ધ્યાન પણ નથી. તે મારી અવગણના કરે છે, એવું અગસ્તિને લાગ્યું. તેથી અગસ્તિએ ઈંદ્રદ્યુમ્નરાજાને શાપ આપ્યો કે તું હાથી જેવી બુદ્ધિવાળો છે, તેથી હાથી થઇ જા. પરિણામે, આવો સારો, પવિત્ર, વિકસિત જીવ પણ હાથી થઇ ગયો.

જીવ કોઇ પણ યોનિમાં જન્મ લે, તેને પૂર્વજન્મના સંસ્કાર મળે છે એવું ભાગવતકારને કહેવાનું છે.

અહીં એક સમજવા જેવી વાત છે. આગળ નવમા સ્કંધમાં અંબરીષ રાજાની કથા આવે છે. અંબરીષ રાજાએ આવી જ રીતે દુર્વાસસાનું અપમાન કર્યું હતું. દુર્વાસા અંબરીષને શાપ આપે છે, પરંતુ, તે જ શાપ દુર્વાસાને તકલીફ આપે છે અને અહીં શાપનું પરિણામ ઈંદ્રદ્યુમ્નને ભોગવવું

પડે છે, અગસ્તિને નહિ. આ વિચિત્ર લાગે છે.

જે વિચારવાળા છે, અભ્યાસુ અને સંશોધન કરવાવાળા છે તેમને લાગે છે કે ભાગવતકાર આવું જુદું જુદું ચિત્રણ કેમ કરે છે ? ઈંદ્રદ્યુમ્ન અને અંબરીષની સ્થિતિ એક જ છે. એકે અગસ્તિનું અપમાન કર્યું છે, તો બીજાએ દુર્વાસાનું અપમાન કર્યું છે. દુર્વાસાએ શાપ આપ્યો તો દુર્વાસાને જ ભોગવવું પડયું, અંબરીષને નહિ. આવું શા માટે ? કારણ અંબરીષની કથામાં ભાગવતને વિષ્ણુભક્તિનું માહાત્મ્ય સમજાવવું છે; અને ઈંદ્રદ્યુમ્નની કથામાં ભાગવતકારને કર્મનું અને બ્રાહ્મણનું માહાત્મ્ય સમજાવવું છે. ભાગવત વાંચતી વખતે આગળ પાછળનો પૂર્વાપર સંબંધ જોઇને વાંચવું જોઇએ. પૂર્વાપર સંબંધ જોયા વગર વાંચનાર ખોટો અર્થ જ કાઢે.

અંબરીષની વાર્તામાં ભાગવતકાર સમજાવે છે કે જે વિષ્ણુભક્ત હશે તેને કોઇ શાપ આપી શકતું નથી. જ્યારે ઈંદ્રદ્યુમ્નની કથામાં બે વાત સમજાવવી છે. ઈંદ્રદ્યુમ્નને નિષ્કારણ સજા નથી મળી. તે કદાચ ગેરસમજ હશે, પણ તેમાં કર્મનું મહત્ત્વ સમજાવવાનું છે. અગસ્તિ ક્રોધિત શા માટે થયા? શા માટે રિસાઇ ગયા ? એક જ કારણ હતું. તેમને લાગ્યું કે ઈંદ્રદ્યુમ્ન રાજા રાજ્યપદ છોડીને અહીં સ્નાનસંધ્યા ઈત્યાદિ કરવા માટે શા માટે આવ્યો છે ? આવું કેમ ચાલે ? તે થયું હશે કે નહિ, કેમ થયું, તેની ચર્ચા હું અહીં નથી કરતો. ભાગવતકારને શું સમજાવવું છે તે સમજવું જોઇએ.

ઈતિહાસમાં આવો એક પ્રસંગ બન્યો છે. માધવરાવ પેશવા દક્ષિણમાં રાજ્યકારભાર સંભાળતા હતા. તે વખતે રામશાસ્ત્રી પ્રભુણે મુખ્ય ન્યાયાધીશ (Chief Justice) હતા. એમના જેવા મુખ્ય ન્યાયાધીશ કદાચ બીજા કોઇ થયા ન હશે. તે પણ એકહથ્થુ રાજસત્તાના કાળમાં ! લોકશાહીમાં નહિ. એકહથ્થુ રાજસત્તામાં તેમને કોઇનો ટેકો પણ ન મળે, કોઇ સંભાળવાવાળો પણ નહિ. તે વખતે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને અને સ્વધર્મ પર શ્રદ્ધા રાખીને નિર્ણય લેવાનો હતો. જ્યાં ખુરશીનું આશ્વાસન છે, રક્ષણ છે, એવા લોકશાહીના કાળમાં કદાચ તેવો નિર્ણય કોઇ લે પણ ખરો. તે કંઇ મોટી વાત નથી.

રામશાસ્ત્રી પ્રભુણે ચાર પાંચ વખત માધવરાવ પેશવાને મળવા આવ્યા. રાજ્યના કામ માટે જ તે મળવા આવ્યા પરંતુ, પેશવા મળતા નથી. તપાસ કરતાં ખબર પડી કે પેશવા સ્નાનસંધ્યા અને હોમ-હવન, યજ્ઞમાં વ્યસ્ત રહે છે. છેવટે પેશવા મળે છે ત્યારે રામશાસ્ત્રી પ્રભુણે તેમને સ્પષ્ટ ભાષામાં કહે છે કે જો તમારે સ્નાનસંધ્યા, યજ્ઞયાગાદિ કરવા હોય તો રાજ્યપદ છોડીને તીર્થમાં જઇને બેસો. રાજગાદી પર બેઠા છો તો રાજ્યકારભાર યોગ્ય રીતે ચાલવો જોઇએ. તે તમારું કર્તવ્ય છે. માધવરાવ પેશવાએ તેમનું કહેવું માન્યું પણ હતું.

આવી રીતે, ઈંદ્રદ્યુમ્ન રાજાને જોઇને અગસ્તિને લાગ્યું કે તે રાજ્યકારભાર છોડીને અહીં બેઠા છે, તેથી તેમણે રાજાને શાપ આપ્યો. આનું કારણ કદાચ તેમની ગેરસમજણ પણ હશે. બીજી વાત, બ્રાહ્મણમાહાત્મ્ય આ કથામાં સમજાવવાનું છે. બ્રાહ્મણોની મહત્તા જાળવવી ઉચિત છે, તેમને સન્માન આપવું ઉચિત છે. શિક્ષક, બ્રાહ્મણ અને ગુરુને પ્રત્યેકે યોગ્ય સન્માન આપવું જ જોઇએ. રાજા હશે તો પણ !

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात्परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

અહીં બ્રાહ્મણમાહાત્મ્ય એ જાતિમાહાત્મ્ય નથી. શિક્ષણમાં આ એક માનસિક મુદ્દો છે. જે સંસ્કાર આપે છે, જે શિક્ષણ આપે છે, તેને શિક્ષણ લેવાવાળાએ શ્રેષ્ઠ સમજવા જોઇએ. જો તેને શ્રેષ્ઠ નહિ સમજો તો શિક્ષણ અને સંસ્કારનું પરિણામ નહિ થાય. પોતાની આવશ્યકતા સમજીને બ્રાહ્મણને નમસ્કાર કરવા જોઇએ, શિક્ષકને મોટાઇ આપવી જોઇએ. ગુરુને મહાન માનવા જોઇએ, તે ગુરુને માટે નહિ, પોતાને માટે. આ બ્રાહ્મણનું જાતિમાહાત્મ્ય નથી, એ તો કાર્યમાહાત્મ્ય છે. તેને શ્રેષ્ઠ સમજશો તો જ તે કહેશે તેનું તમારા પર પરિણામ થશે. નહિ તો તેનું પરિણામ નહિ થાય, જેની પાસેથી સંસ્કાર મેળવવા છે તે મહાન લાગવો જ જોઇએ.

પાણી નૈસર્ગિક રીતે નીચાણ તરફ વહે છે. તેને માટે તેને શિક્ષણની જરૂર નથી, પરિશ્રમની પણ જરૂર નથી. પાણીને જો ઊંચે લઇ જવું હોય તો તેના માટે પરિશ્રમ કરવો પડે છે. સમાજને **प्रवृत्तरेषा भूतानां निवृत्तस्तु महाबलम्** – નીચે લઇ જવા માટે કોઇ વાતની જરૂર નથી પડતી. ત્રીસ-પાંત્રીસ વર્ષમાં આપણામાં ઘણો ફેરફાર થઇ ગયો છે એમ કહીએ પરંતુ, ફેરફાર નો અર્થ વિકાસ નથી. તેમાં માણસનું અધઃપતન પણ થયેલું હોઇ શકે. સમાજને, માણસને ઉપર લઇ જવો હોય તો ગુરુને કેટલો પરિશ્રમ કરવો પડે છે ! સમાજમાં એક પણ ગુણ લાવવો હોય તો તે કેટલું કઠણ કામ છે ! આ વાત એટલી સામાન્ય નથી કે માણસ સાંભળવા ગયો કે તેનામાં સંસ્કાર આવી ગયા. એવું નથી થતું. એવા ઘણા ગાંડા હોય છે જે બોલ્યા કરે છે, તમે સ્વાધ્યાયમાં સાંભળવા માટે જાઓ છો પછી આવા કેમ રહ્યા છો ? માણસ સાંભળવા જાય એટલે શું તરત સુધરી જાય ? શું વસિષ્ઠની પાસે બીબું છે કે તેમાં નાખ્યો કે માણસ સુધરી જાય અને વસિષ્ઠ બની જાય ? એવું થઇ શકતું નથી.

માણસને સમજાવવો છે. માણસનું મન જડ નથી. તેને સવારના જે સારું લાગે છે તે બપોરના નથી લાગતું અને રાત્રે જે સારું લાગે છે તે સવારના નથી લાગતું. એક વિચાર સ્થિર રાખીને તેના મગજમાં ઉતારવો, જીવનમાં લઇ જવો, એ બહુ જ કઠણ વાત છે.

અગસ્તિનો અનાદર થયો તેથી ઈંદ્રદ્યુમ્નને શાપ મળ્યો. શાપ મળ્યો તેથી તે હાથી બની ગયો. મગર હાથીનો પગ ખેંચવા લાગ્યો. તેમાંથી બચવા માટે ગજેન્દ્રે પોતાની તમામ શક્તિ વાપરી. લોકો એમ સમજે છે કે જ્યાંસુધી પોતાની શક્તિ વાપરવામાં આવે છે ત્યાંસુધી ભગવાન મદદ કરતા નથી. તો શું શક્તિનો ઉપયોગ ન કરનારને ભગવાન મદદ કરે છે ? શું નિષ્ક્રિયને ભગવાન સહાય કરે છે ? ભગવાન પોતે આટલા સક્રિય છે, તેને નિષ્ક્રિય પર પ્રેમ પણ કેવી રીતે હોય ? કેટલાક કહેવાવાળા એમ કહે છે કે જ્યાંસુધી ગજેન્દ્રે પોતાની શક્તિથી સરોવરમાંથી બહાર આવવાનો પ્રયત્ન કર્યો ત્યાંસુધી ભગવાન મદદે આવ્યા નહિ. જ્યારે તેણે પોતાની શક્તિનો ઉપયોગ કરવાનું છોડી દીધું અને ભગવાનને પોકાર્યા ત્યારે ભગવાન તેની મદદે આવ્યા, પણ આવું નથી. માણસ પાસે જેટલી શક્તિ હોય તેટલી તેણે વાપરવી જ જોઇએ અને ત્યારબાદ જ તેને ભગવાનની મદદ મળે. ગજેન્દ્ર પાસે જેટલી શક્તિ હતી તેટલી તેણે વાપરી. તે જો પોતાની શક્તિ વાપરત

નહિ અને ભગવાનને પોકારત, તો ભગવાન કંઇ નવરા બેઠા નથી કે તેને મદદ કરવા દોડી આવે. આ કથામાં દર્શન છે કે ગજેન્દ્રે પોતાની પાસે રહેલ સંપૂર્ણ શક્તિ કામે લગાડી અને છેવટે ભગવાનને પોકાર્યા.

ऋते श्रान्तस्य न सख्याय देवाः – આવું વેદોએ કહ્યું છે. પોતાની શક્તિ વાપરીને થાક્યા વગર ભગવાન સખ્ય કરતા નથી. આ વૈદિક વિચારધારા છે. ભાગવતની વિચારધારા પણ વેદોથી જુદી નથી. તમે જો મહેનત કરતા હશો, પરિશ્રમ કરતા હશે તો ભગવાન તમને મદદ કરવા આવશે. હું પોતાની શક્તિ વાપરીશ જ નહિ અને ભગવાનને પોકારીશ તો ભગવાન આવશે નહિ, સહાય કરશે નહિ. આ સમજાવવા માટે તો ભાગવતકારે ગજેન્દ્રની કથા કહી છે. તેમાં ગજેન્દ્રે કેટલાં વર્ષો કઠોર મહેનત કરી હતી તેનું વર્ણન છે.

ગજેન્દ્રે કરેલી સ્તુતિ અત્યંત સુંદર અને મનોહારી છે. તે મૂળ શ્લોકોજ વાંચવા જોઇએ. તે કહે છે: ‘દેહને સચેતન કરવાવાળા પ્રભુને મારા નમસ્કાર:’ આપણે સમજતા જ નથી કે દેહને સચેતન કરવાવાળું કોણ છે ? હું એમ સમજું છું કે હું જ દેહને સચેતન કરું છું. ગજેન્દ્ર કહે છે કે ‘દેહને સચેતન કરવાવાળા ભગવાન છે. તેને હું નમસ્કાર કરું છું, વારંવાર નમસ્કાર કરું છું’ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પણ શતશ્લોકીમાં આવું જ કહે છે:

देहस्त्रीपुत्रमित्रानुचरहयवृषास्तोषहेतुर्ममेत्थं
सर्वे स्वायुर्नयन्ति प्रथितमलममी मांसमीमांसयेह ।
एते वन्ति येन व्यवहृतिपटवो येन सौभाग्यभाज-
स्तं प्राणाधीशमन्तर्गतममृतममुं नैव मीमांसयन्ति ॥ (शतश्लोकी ५)

આપણે આયનામાં મોઢું જોઇએ છે ત્યારે એમ લાગતું નથી કે આ વૈભવ (શરીરનો) કોણે આપ્યો ? શા માટે આપ્યો છે ? અંદર જો રામ નહિ હોય તો આ બધો વૈભવ નકામો થઇ જાય છે, તેથી કહે છે કે દેહને સચેતન કરવાવાળા પ્રભુને મારા નમસ્કાર છે.

પછી કહે છે, ‘ભગવાન ! તમે સ્વતઃસિદ્ધ છો. આપ વાસનાથી કે કર્મથી કામ નથી કરતાં.’ આપણે તો વાસનાથી અને પૂર્વજન્મના કર્મથી કામ કરીએ છીએ. પ્રેરણા (Incentive) વગર આપણે કામ કરતા નથી. તેને જ વાસના કહે છે. બીજું, પૂર્વજન્મના કર્મની શક્તિ (Force) આપણને ખેંચી જાય છે. અમને ભગવદ્ગીતા પાઠશાળામાં જવું નથી, પરંતુ, પૂર્વજન્મનું કર્મ એટલું પ્રભાવી હોય છે કે તે અમને ખેંચીને ભગવદ્ગીતા પાઠશાળામાં લઇ જાય છે. એટલું કામ તે કરે છે પછી ત્યાં સાતત્યથી ટકવું કે નહિ, તે આપણા હાથની વાત છે. આવી રીતે વાસના અને કર્મને લીધે આપણે કામ કરીએ છીએ. ‘ભગવાન ! તમે આટલી કૃતિ કરી, તે તમે સ્વતઃસિદ્ધ છો. તમે વાસનાથી સૃષ્ટિની ઉત્પત્તિ નથી કરી તેથી જ સૃષ્ટિ દોષરહિત છે.

આજે લોકો પૂછે છે કે ભગવાને સૃષ્ટિ શા માટે બનાવી ? ભગવાનને કઇ વાસના હતી ? એનું કારણ વાસનારહિત વ્યક્તિ કંઇ કામ કરે એ આપણા મગજમાં જ ઊતરતું નથી. કર્મપ્રેરણા શું ? આ આપણા માટે એક કોયડો છે. લોકોને લાગે છે કે ભગવાનને પણ કંઇ પ્રેરણા હશે તેથી જ તેણે આ સૃષ્ટિ બનાવી. નહિ તો ભગવાનને આ સૃષ્ટિ બનાવવાનું કારણ શું ? આવું

પૂછવાવાળા લોકો નકામા છે. તેઓ વિકસિત જીવ (Developed soul) સમજી શકતા નથી.

'વાસનાથી સૃષ્ટિની ઉત્પત્તિ નથી થઈ એ જો સમજાશે તો કર્મ કેવી રીતે કરવું તે પણ સમજાઈ જશે. આપણી સંભાળ ભગવાને રાખવી જોઈએ પણ તે ભગવાનને માથે કર્મ આવી પડયું છે, માટે કંઈ ભગવાન કર્મ કરતા નથી. ભગવાન આપણને પ્રેમથી સંભાળે છે. તે પ્રેમ પણ નિરપેક્ષ અને નિરાકાંક્ષ છે. ગજેન્દ્રે બહુ જ સુંદર વર્ણન કર્યું છે. ગજેન્દ્રે—એક પશુયોનિના જીવે—કરેલી પ્રાર્થના પણ આપણે માનીએ છીએ. આપણે ત્યાંનું તત્ત્વજ્ઞાન, માનવ અને પશુમાં ભેદ કરતું નથી. જો તત્ત્વજ્ઞાન તેવો ભેદ કરે તો બે જગત-માનવ જગત અને પશુ જગત-માનવા પડે. કેટલાક લોકો, માનવ હંમેશાં માનવ (Man is ever man) રહે છે એમ માને છે. તે તર્કમાં બેસી જાય છે કે એક વખત મનુષ્ય થયો કે તે મનુષ્ય જ રહેશે, પરંતુ, આપણું શાસ્ત્ર તે માન્ય નથી કરતું. તે કહે છે કે મનુષ્ય પશુ પણ થઈ શકે છે. પશુ જગત અને માનવ જગત (Animal world and human world) જુદાં નથી. તે જુદાં માનવાં શાસ્ત્રીય પણ નથી.

ગજેન્દ્રે જે સુંદર સ્તુતિ કરી છે તેમાં પૂર્વજન્મના સંસ્કાર કેવી રીતે કામ કરે છે તે પણ દેખાય છે. 'ભગવાન ! તમે સ્વતઃસિદ્ધ છો. તમે વાસનાથી કામ કરતા નથી. તેવી જ રીતે, કામ કર્યું છે તો હવે તેને-સૃષ્ટિને સંભાળવી જ પડે ને ! એવું માનીને પણ તમે સૃષ્ટિને સંભાળતા નથી. તમે વાસના વગર સૃષ્ટિ નિર્માણ કરી છે, તે દોષરહિત છે, તમે પ્રેમથી સૃષ્ટિને સંભાળો છો.' આ બધી વાતો સમજવી જોઈએ અને તેવું જીવન બનાવવું જોઈએ.

'ભગવાન ! તમે સ્વયંપ્રકાશ છો. તમે નેત્રાદિકોને પ્રકાશ આપવાવાળા છો. તમને મારા નમસ્કાર છે.' નેત્ર ઈત્યાદિ ઈંદ્રિયોને પ્રકાશ આપવાવાળા ભગવાન છે તેથી નેત્રથી મને ભગવાન બતાવો-એવું આપણા ભારતનો હાથી પણ બોલતો નથી. એનું કારણ તેને ખબર છે કે જે ઈંદ્રિયોને પ્રકાશ આપવાવાળા ભગવાન છે તે ઈંદ્રિયોથી તેનું જ્ઞાન કેમ થાય ? તેનાથી નીચલી સમજનો જે હોય તે જ એવું કહે કે અમને ભગવાન દેખાડો, તો જ અમે ભગવાનને માનીશું.

અરે, ભગવાન છે જ. એવી ઘણી વાતો છે કે જે દેખાડી શકાતી નથી પણ તે છે જ. દા.ત. તમે કામચેષ્ટા કરો છો; પણ તે કામશક્તિને જોઈ છે? છતાં પણ તમે માનો છો કે નહિ ? તમે વાત્સલ્ય જોયું છે ? નથી જોયું. છતાં પણ તમે માનો છો કે નહિ ? એટલું જ નહિ, તેનો ઉપયોગ પણ કરો છો. એવી તો ઘણી વાતો છે. વીજળી (Electricity) નું રૂપ કોઈને ખબર છે ? તેનું કાર્ય ખબર છે, પણ રૂપ ખબર નથી. છતાં વીજળી છે એમ માને છે. આમ છતાં તમે કહો છો કે મને ભગવાન બતાવો તો હું માનું. ભગવાન દેખાડો પછી માનીશ-એવું આપણું પશુ પણ કહેતું નથી. તે કહે છે: 'ભગવાન! તમે સ્વયંપ્રકાશ છો. તમે જ નેત્રને પ્રકાશ આપવાવાળા છો.'

'ભગવાન ! તમે અંધારાથી પર છો. જ્યારે અંધારું નીકળી જશે ત્યારે જ ભગવાન, તમે મળશો.' ભગવાન કયારે મળશે એ આ સ્તુતિમાં સમજાવ્યું છે. જ્યારે બુદ્ધિમાંથી અંધારું ચાલી જઈને પ્રકાશ આવશે ત્યારે ભગવાન મળશે. બુદ્ધિમાં અંધારું છે, પ્રકાશ નથી. હું જગતમાં કયાંથી આવ્યો ? શા માટે આવ્યો ? હું કોનો છું ? મારે શું કરવાનું છે ? કયાં જવાનું છે ? આ બધી બાબતમાં અંધારું છે. જ્યાંસુધી આવું અંધારું છે, ત્યાંસુધી ભગવાન ! તમે નહિ મળો. તમે તે

અંધારાથી પર છો, તેથી ભગવાન ! તમને નમસ્કાર.'

ભગવાનને તપથી કે બુદ્ધિથી જોઇ શકાતા નથી કે મળતા નથી. કોઇ મહાન બુદ્ધિશાળી હશે. તેથી શું ? ઘણા લોકોને બુદ્ધિ હોય છે, પરંતુ, ભગવાનને જોવાના કે ભગવાનનો અનુભવ લેવાના તેઓ અધિકારી નથી. આજના કાળમાં કોઇએ ખાવાનું છોડયું, અપવાસ કર્યા કે આપણે તેને તપસ્વી સમજીએ છીએ. એવા તપસ્વીની વાત જ જવા દો. ખરા તપસ્વીને પણ ભગવાન મળતા નથી. નિશ્ચિત ધ્યેયને માટે જે સુખદુ:ખ સહન કરે છે તે ખરો તપસ્વી છે.

'શક્તિશાળી ઋષિ પણ જેને સમજવા માટે ભોગોને છોડી દે છે એવા ભગવાન, તમને મારા નમસ્કાર.' ઋષિની પાસે જબરદસ્ત શક્તિ હતી છતાં તેમણે ભોગો છોડી દીધા હતા. જે લોકો ભોગલંપટ છે, જેમના મગજમાં કેવળ ભોગો જ છે, તેમને તો ભગવાન નથી મળતા.

'બ્રહ્મસ્વરુપ હોવાથી તમે અરુપ છો, ભગવાન ! અનંત શક્તિ હોવાથી તમે બહુરૂપી છો !' 'તમે નિર્ગુણ છો અને સગુણ પણ છો.' **सगुण निर्गुण दोनी विलक्षण** - ભગવાન સગુણ છે અને નિર્ગુણ પણ છે, એકસમયાવચ્છેદે-(Simultaneously) એક જ શરીરમાં સગુણતા અને નિર્ગુણતા રહે છે. તેની ચર્ચા આપણે હમણાં કરતા નથી.

પછી કહે છે: 'વાણીને, મનને અને ચિત્તશક્તિને જે અગોચર છે, એવા ભગવાનને મારા નમસ્કાર.' ભગવાન સમજાવવા કઠણ છે. તેનું ચિંતન કષ્ટસાધ્ય છે, કેમકે તે અજ્ઞાત છે, વાણીને અગોચર છે. જેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો હશે, જેને ભગવાનના સ્પર્શની અનુભૂતિ થઇ હશે, તો તે કહેશે કઇ ભાષામાં ? કહેશે કેવી રીતે ? અને સમજવાવાળા સમજશે પણ કેવી રીતે ? તેથી વાણી, મન અને ચિત્તને અગોચર એવા ભગવાન ! તમને મારા નમસ્કાર.

જેમ આવું વર્ણન કર્યું છે તેમ, આ સ્તુતિમાં સાધકને માટે તત્ત્વજ્ઞાનની કંઇ વાત પણ સમજાવી છે. 'જે ફલેચ્છારહિત બનીને શુદ્ધચિત્ત થાય છે તેને ભગવાન ! તમારી પ્રાપ્તિ થાય છે.' એમ કહ્યું છે. કોઇ પણ માણસ તેને બોલાવે, કોઇ પણ બહેન તેને બોલાવે અને તરત આવી જાય એવા ભગવાન નથી. જે ફલેચ્છારહિત કર્મોથી શુદ્ધચિત્ત થયો છે તેને જ ભગવાનનો સ્પર્શ ખબર પડે.

પછી કહે છે: 'જે શાંત છે અને જે ઘોર છે, એવા ભગવાનને મારા નમસ્કાર.' **नमः शान्ताय तेजसे....** આપણા સ્વાધ્યાયપરિવારે આ જ સૂક્ત ઉપાડયું છે. ભગવાન કેવા છે ? શાંત છે. જો ભગવાન શાંત છે, તો ગમે તે કરવાની છૂટ છે ? ના. તે જેમ શાંત છે તેમ ઘોર, તેજસ્વી પણ છે. તેની મરજી વિરુદ્ધ કંઇ કરીશું, તો તે બાળશે. તે શાંત પણ છે અને તેજસ્વી પણ છે.

આમ બધું તત્ત્વજ્ઞાન આ સ્તુતિમાં આવી ગયું છે. ભગવાન કેવા છે? તો કહે છે. **क्षेत्रज्ञ** છે અને **सर्वाध्यक्ष, सर्वसाक्षी** છે. ભગવાન ક્ષેત્રજ્ઞ છે તે ગીતામાં પણ કહ્યું છે: **क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।** શરીર બનાવવાવાળા ભગવાન છે. તે સર્વાધ્યક્ષ, બધાના અધિપતિ છે, બધી ઇંદ્રિયોના અધિપતિ છે. આપણે ગમે તે ખૂણે જે કંઇ કરીશું તેની ભગવાનને ખબર પડશે જ. તે સર્વસાક્ષી છે.

પછી કહે છેઃ 'બધાનું કારણ ભગવાન છે, તેમ છતાં તે નિષ્કારણ છે' આવું ગજેન્દ્રે શા માટે કહ્યું છે ? તેના માટે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવો પડશે. ભગવાને સૃષ્ટિ બનાવી છે તેવું કહેવામાં દર્શનશાસ્ત્રને કંઇ મુશ્કેલી છે. તેવું કહેવામાં ભગવાન ઉપર **वैषम्य नैर्घृण्य** નો દોષ આવે છે. તેથી જ દર્શનશાસ્ત્ર કહે છે કે સૃષ્ટિનો ઉદ્દ્ભવ બ્રહ્મમાંથી થયો છે.

ગજેન્દ્ર કહે છે, 'બધાનું કારણ તમે જ હોવા છતાં પણ ભગવાન ! આપ નિષ્કારણ છો. શાસ્ત્રવાસના જ્યારે નીકળી જાય છે ત્યારે જે મળે છે તે ભગવાનને મારા નમસ્કાર છે.'

જ્યાંસુધી શબ્દ પહોંચે છે ત્યાંસુધી હું જઇ શકું છું. આ બહું મોટું તત્ત્વજ્ઞાન છે. If there is no naming and terming, there is no operative mind. નામકરણ નથી ત્યાં મનની કાર્યકક્ષા નથી. મનની કાર્યકક્ષા શબ્દ જેટલી મર્યાદિત છે. જ્યાં શબ્દ નથી પહોંચતો ત્યાં મન પણ પહોંચતું નથી. શાસ્ત્રવાસના જ્યાંસુધી નીકળી જતી નથી ત્યાંસુધી ભગવાન મળતા નથી એમ તત્ત્વવેત્તા કહે છે.

'સંકટમાં ઊભા રહેવાવાળા અને દયાપૂર્ણ એવા ભગવાનને મારા નમસ્કાર' એમ ગજેન્દ્ર કહે છે, એટલે કે ભગવાન ઉપર કોઇ સંકટ આવતું જ નથી, તેથી જ તે આપણું સંકટ દૂર કરી શકે છે. જે પોતે જ સંકંટમાં આવતો હોય તે બીજાને મદદ કેમ કરી શકે ? થર્મોમીટરને પોતાને તાવ નથી તેથી તે બીજાનો તાવ માપી શકે છે. જો થર્મોમીટરને પોતાને તાવ હોય તો તે બીજાનો તાવ કેવી રીતે માપી શકે ? ભગવાન સ્વયં બંધિત નથી, તેથી તે બીજાનું બંધન દૂર કરી તેને મદદ કરી શકે છે. પછી કહે છેઃ 'પાસે હોવા છતાં પણ, દેહ-પુત્રમાં અને તેમની આસક્તિમાં ફસાયેલા લોકોને ભગવાન મળતા નથી. આવા જે ભગવાન છે તેને મારા નમસ્કાર.'

ભગવાન માણસની પાસે જ છે. દેહ-પુત્રની આસક્તિમાં ફસાયેલા માણસનો પ્રેમ વળાંક લઇ લે છે. તે પ્રેમ ભગવાનને બદલે પત્ની તરફ, પુત્ર તરફ, દેહ તરફ વળી જાય તો શું પુત્ર, પત્ની કે દેહ ઉપર પ્રેમ ન કરવો જોઇએ ? આ સમસ્યા છે. ના, આ સમસ્યા નથી. પત્ની ઉપર, પુત્ર ઉપર પ્રેમ કરવાનો છે પણ તે ભગવાનના છે માટે ! પત્ની અને પુત્ર તેણે જ આપ્યા તેથી પત્ની અને પુત્ર પર પ્રેમ છે. આ સમજણ આવ્યા પછી પત્ની કે પુત્ર ઉપર પ્રેમ કરશો તો પણ તે ભગવાન ઉપર જ પ્રેમ છે. આમ શાસ્ત્રમાં પત્ની ઉપર પ્રેમ કરવાની છૂટ છે તેથી ગેરસમજણ થવાની જરૂર નથી. ભગવાનના વિચાર સાંભળવા જનારનો પ્રેમ પત્ની ઉપર ઓછો નહિ થાય. તે પ્રેમનું રુપ બદલાઇ જશે. એટલું જ સમજી લો કે પત્ની અને પુત્ર ભગવાને આપેલા છે. પછી તેમના પર પ્રેમ કરવામાં કંઇ વાંધો નથી.

પછી કહે છેઃ 'સર્વ ભોગો અને જે માગ્યું નથી તેવું શરીર આપવાવાળા ભગવાન તમે છો, તો શું તમે મને મદદ નહિ કરો ? બધા ભોગો કોણે આપ્યા છે ? તમે જ આપ્યા છે. મેં માગ્યું નથી તે પણ ભગવાન તમે મને આપ્યું છે. મેં શરીર માગ્યું ન હતું, તો પણ તમે મને શરીર આપ્યું છે. તો પછી તમારી મદદ માગવાની પણ જરૂર શી છે ? ભગવાન ! મેં મારી પૂરી શક્તિ તમારા માટે વાપરી છે, હવે તમારે આવવું જ પડશે અને મને મદદ કરવી પડશે.'

'શુદ્ધ થયેલા યોગીઓના હૃદયમાં જેનું જ્ઞાન થાય છે એવા ભગવાન! આપ આવો અને

મને મદદ કરો.'

આ ગજેન્દ્રમોક્ષમાં, ગજેન્દ્રે કરેલી સ્તુતિ બહુ જ સુંદર છે. આવી જુદી જુદી સ્તુતિઓ આ ગ્રંથમાં છે. તેના પર બોલવા જેવું છે, પરંતુ, નારાયણોપનિષદમાં આવેલા ભાગવતના અલગ અલગ સ્તોત્રો વિસ્તારથી વિચારશું તો નારાયણોપનિષદ રહી જશે. આપણે ભાગવત પર સ્વતંત્ર વિચાર કરવા બેઠા નથી. નારાયણોપનિષદમાં 'નારાયણપરતાની વિચારધારા' જે ગ્રંથમાં છે, તે ભાગવતગ્રંથને આપણે નમસ્કાર કરીએ છીએ. આ આપણું સંશોધન પણ નથી અને અભ્યાસ પણ નથી. ઓ તો નારાયણપર મહાન ગ્રંથ ભાગવતને કરેલો નમસ્કાર છે.

ગજેન્દ્રે કરેલી સ્તુતિ લોકોત્તર છે. લોકો કદાચ પૂછશે કે શું હાથી પણ ભગવાનની સ્તુતિ કરી શકે ? શા માટે ન કરી શકે ? પહેલી વાત એ છે કે આ ભાગવતકારની બુદ્ધિનું કૌશલ્ય છે. બીજું, પૂર્વજન્મનું પરિણામ કેટલું પ્રભાવી છે તે કહે છે. ગજેન્દ્રે કરેલી ભગવાનની સ્તુતિ એક મધુર કાવ્ય છે.

ત્યારબાદ આઠમા સ્કંધમાં અમૃતમંથન-સમુદ્રમંથનની કથા આવે છે. દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ થાય છે અને તેમાં દેવોનો પરાભવ થાય છે. આ તેની પાર્શ્વભૂમિ છે. દેવોનો પરાજય થયો. ઈંદ્રનું રાજ્ય નષ્ટ થઇ ગયું અને તે વૈભવહીન થઇ ગયો, ત્યારે દેવો બ્રહ્મદેવની પાસે ગયા. બ્રહ્મદેવ તેમને વિષ્ણુ ભગવાન પાસે લઇ ગયા. ત્યાં તેમણે ભગવાન વિષ્ણુની વૈદિક મંત્રોથી સ્તુતિ કરી. તે વખતે વિષ્ણુ ભગવાને દેવોને સમુદ્રમંથન કરીને અમૃત પ્રાપ્ત કરવાનું કહ્યું. તે માટે અસુરોનો પણ સાથ લેવાનું કહ્યું.

સમુદ્રમંથન કરવા માટે મંદાર પર્વતની રવઇ બનાવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું. દેવ-દૈત્યોએ સમુદ્રમંથન કર્યું ત્યારે તેમાંથી કાલકૂટ વિષ નીકળ્યું. તેનો સ્વીકાર શિવજીએ કર્યો. ત્યારબાદ તેમાંથી કામધેનુ, ઉચ્ચૈઃશ્રવસ, ઐરાવત, કૌસ્તુભમણિ, પારિજાત, સુરા, લક્ષ્મી, અપ્સરા, ધન્વંતરિ, ચંદ્ર, શંખ, કમલ અને છેલ્લે અમૃત નીકળ્યું. અમૃત નીકળ્યું ત્યારે ભગવાને મોહિનીનું રૂપ લઇને અમૃત દેવોને પાયું અને અસુરોને અમૃત વગરના રાખ્યા. એવી સર્વસામાન્ય રૂપરેખા સમુદ્રમંથનની છે.

સમુદ્રમંથનનું ચિત્ર ખૂબ મનોહારી છે તેમાં સંદેહ નથી. રવઇ તરીકે ઉપયોગ કરવા માટે તેઓ મંદરાચલ પર્વત ઉપાડી આવ્યા તેમાં તેમને કેટલી હેરાનગતિ થઇ તેનું પણ વર્ણન છે. સંસ્કૃત સાહિત્યની દૃષ્ટિથી તે વાંચવા જેવું છે. કેટલુંક વર્ણન ઐતિહાસિક દૃષ્ટિથી થયેલું હોય, કેટલુંક વર્ણન ઉપદેશની દૃષ્ટિથી થયું હોય અને કેટલુંક વર્ણન સાહિત્યની દૃષ્ટિથી હોય છે. આપણે જેને સાહિત્યિક મૂલ્ય (Literary value) કહીએ છીએ તે તેમાં છે, સમુદ્રમંથનનું રૂપક વ્યવહાર-કુશળતાનું દર્શન કરાવવાવાળું રૂપક છે. તેમાં ભગવાને વ્યવહારકુશળતા સમજાવી છે.

દેવ અને દૈત્ય-બન્ને પ્રભાવી હોય છે. એક દૈવી સંપત્તિના લોકો હોય છે અને બીજા આસુરી સંપત્તિના લોકો હોય છે. બન્નેની પાસે તપ હોય છે અને વિદ્યા પણ હોય છે. અસુરો જેવાતેવા હોય એવું સમજવાને કોઇ કારણ નથી. એવી એક કલ્પના રૂઢ થઇ ગઇ છે કે જેમના લાંબા-લાંબા દાંત હોય, જેમનું રૂપ વિકરાલ હોય, તે દૈત્ય અથવા અસુર. પરંતુ, એવું લખાણ કોઇ જગાએ

નથી. અસુરો માટેની આવી કલ્પના કેવી રીતે આવી ગઇ તે ખબર નથી. **असुषु रमन्ते इति असुराः** પ્રાણોમાં જ રમવાવાળા જે લોકો તે અસુર. ખાઓ, પીઓ અને મજા કરો એ તેમના જીવનનું સૂત્ર હોય છે.

સમાજમાં હંમેશાં એવું જોવા મળે છે કે દૈવી સંપત્તિના લોકો અને આસુરી સંપત્તિના લોકો વચ્ચે લડાઇ થાય છે તેમાં દૈવી સંપત્તિના લોકો હારી જાય છે, તે જાણીને આપણા મનને ધક્કો લાગે છે. દૈવી સંપત્તિના લોકો જીતી જાય અને આસુરી સંપત્તિના લોકો હારી જાય તો તેનો આંચકો લાગતો નથી. દૈવી સંપત્તિના લોકોનો પરાભવ થાય ત્યારે મનમાં એમ લાગે છે કે જો આ સૃષ્ટિમાં ભગવાન હોય તો સાત્ત્વિક લોકોનો પરાભવ કેમ થાય છે ? પરંતુ, દેવોનો પરાભવ સ્વીકારવો જ પડે છે. તેમની બદનીયતને કારણે પણ તેવું થાય છે.

તપ તો બન્ને પાસે હોય છે. પરંતુ, થાય છે શું ? સાત્ત્વિક લોકો હંમેશાં ગાફેલ રહે છે. દેવોનો પરાભવ થાય છે તેનાં બે-ત્રણ કારણો છે. એક તો દેવો નીતિનિપુણ (નીતિવાન) હોય છે તેથી તેમનો પરાભવ થાય છે. તેઓ નિશ્ચિત રસ્તે જ જાય છે. બીજી, આડી-અવળી રીત તેમને સ્વીકાર્ય નથી. દૈત્યોને તો નીતિનિપુણતા સાથે કોઇ સંબંધ જ નથી, સ્વાર્થ સાધવા માટે તેઓ કોઇ પણ રીત અજમાવવા તૈયાર હોય છે.

બીજું, દેવો ભોગલંપટ હોય છે, જ્યારે વૈભવ આવે છે ત્યારે માણસ ભોગલંપટ બની જાય છે. ત્યાર પછી ભોગ કે ત્યાગ, તેમાંથી રસ્તો કાઢવો જોઇએ અને તેને માટે જે સમતુલા રાખવી જોઇએ, તે તેમના જીવનમાં રહેતી નથી. તેના પરિણામે તેમનો પરાભવ થાય છે.

ત્રીજી વાત એ છે કે દેવોને એમ લાગે છે કે અમે ભગવાનને માનીએ છીએ, અસુરો તો ભગવાનને માનતા નથી. બીજું, અમે સત્યના માર્ગે ચાલીએ છીએ, તેથી અમને ભગવાનની મદદ મળશે, અસુરોને ભગવાનની મદદ મળશે નહિ. આવું સમજીને તેઓ નિષ્ક્રિય રહે છે.

મુક્તિની દૃષ્ટિથી તેઓ આત્મલક્ષી (Egocentric) બની જાય છે. તેમને બીજાની પડી નથી હોતી. મારે ભગવાનના લાડકા થવું છે, મારે મારો જીવનવિકાસ કરવો છે, એવા વિચારના તેઓ હોય છે. પરિણામે દેવો સંગઠિત રહેતા નથી, પરંતુ, અસુરો સંગઠિત રહે છે.

સાત્વિક લોકોએ ખરેખર આ વાતનો વિચાર કરવો જોઇએ. આ સૃષ્ટિમાં સિત્તેર ટકા લોકો અનુયાયી હોય છે અને ત્રીસ ટકા લોકો તજ્જ્ઞ-બુદ્ધિશાળી (Experts) હોય છે. આ ત્રીસ ટકામાંથી પંદર ટકા દૈવી વિચારના હોય છે અને બાકીના પંદર ટકા લોકો આસુરી વિચારના હોય છે. પંદર ટકા સાત્ત્વિક વૃત્તિના લોકોમાં એકતા નથી હોતી. તેઓ બધા અલગ અલગ થઇ જાય છે. તેઓ વૈયક્તિક રીતે સારા હોવા છતાં સાથે બેસીને એક થતા નથી. જ્યારે આસુરી વૃત્તિના પંદર ટકા લોકો સંગઠિત હોય છે અને તેમનો બાકીના સિત્તેર ટકા લોકોની સાથે સારામાં સારો સંબંધ અને સંપર્ક હોય છે. પરિણામે તેઓ આસુરી વૃત્તિના લોકો સાથે ભળી જતાં તેઓ પંચ્યાશી ટકાના લોકો થાય છે. તેમની સામે દૈવી વૃત્તિના લોકો પંદર ટકા રહી જાય છે.

સમજો કે આસુરીવૃત્તિના લોકો સમાજના છેલ્લા માણસ પાસે રોટી, કપડાં લઇને પહોંચી

જાય તો તેમના પર આસુરીવૃત્તિના લોકોનો જ પ્રભાવ પડે એ સ્વાભાવિક જ છે. બીજું, આસુરીવૃત્તિના લોકો સ્વાર્થની દૃષ્ટિથી પણ એકત્ર જ રહેશે. સમાજમાં સ્વાર્થની દૃષ્ટિથી જ લોકો એકત્ર રહે છે. જુદા જુદા એસોશિએશન હોય છે, યુનિયનો હોય છે, તેમનામાં એકતા હોય છે. તેની પછવાડે કેવળ સ્વાર્થ જ હોય છે, કોઇ તત્ત્વજ્ઞાન નહિ. મજૂરોનું યુનિયન સ્વાર્થથી થાય છે તેમ કાપડમિલના માલિકોનું પણ મિલઓનર્સએસોશીએશન હોય છે. તે પણ સ્વાર્થથી જ ભેગા થાય છે. નહિ તો કોણ કોનું માનવાના? કોણ કોને પૂછવાનું છે ?

સ્વાર્થથી ભરેલા બધા દૈત્યો એમ સમજે છે કે અમે પંદર ટકા લોકો ભેગા મળીશું તો જ અમારામાં શક્તિ નિર્માણ થશે, તેથી જ તેઓ એકત્ર રહેવાનો પ્રયત્ન કરે છે. જ્યારે દૈવી સંપત્તિના લોકોને એકત્ર રહેવું જ નથી. જુદા જ રહેવું છે. તેનું પરિણામ શું થાય છે ? સમાજના સિત્તેર ટકાનો જે અનુયાયી વર્ગ છે તે અસુરો સાથે થઇ જાય છે. પરિણામે આસુરીવૃત્તિના લોકોની સમાજમાં બહુમતિ થાય છે. દૈવી સંપત્તિવાળા તેમની સામે નબળા પડી જાય છે. પછી આસુરીવૃત્તિના સમાજમાં ભૌતિક વસ્તુની પ્રાપ્તિ કેમ થાય તેનો જ વિચાર ચાલે છે. બીજું કંઇ તેમને વિચારવું જ નથી. ખાઓ, પીઓ અને મજા કરો, એના સિવાય બીજી વાત જ કરવાની નહિ. ખાંડ, ઘાસતેલ અને ગોળ કયાંથી મળે તેનો જ વિચાર કરવાનો. આવો પંચ્યાશી ટકા સમાજ થઇ જાય છે ત્યારે કલિયુગ આવી ગયો એમ કહેવાય છે. તે કાળે પણ સમાજમાં પંદર ટકા લોકો સાત્ત્વિકવૃત્તિનાં હોય છે, પરંતુ તેઓ છિન્નભિન્ન હોય છે, એકલા જ રહે છે, અને તેમનો બાકીના સિત્તેર ટકા લોકો સાથે સંબંધ હોતો નથી. એનું કારણ 'તેમણે તો પાપને કારણે જન્મ લીધો છે, તેમની પાસે જવું બેકાર છે, મળવું બેકાર છે' એવું તેઓ સમજે છે.

લોકો કહે છે કે કલિયુગમાં શું કરવાનું ? **हरेर्नामैव केवलम्** હરિનું નામ લો. બીજું કંઇ કરવાનું નથી. **हरेर्नामैव केवलम्** -કહેનારનો અભિપ્રાય એ છે કે હરિને સમજી લો, હરિનો અર્થ સમજી લો. જે ખેંચવાવાળો છે તે **हरि** છે. દુઃખ, ભય, અહંકાર અને આપત્તિને જે ખેંચે છે હરે છે તેને હરિ કહે છે, પરંતુ, તેનો અર્થ કોણ સમજે છે ? તેથી તેઓ એકલવાયા બની જાય છે. દૈવીવિચારના લોકોએ એકલા નહિ, સાથે હળીમળીને રહેવું જોઇએ. આ રાજવિદ્યા છે. સમૂહવિદ્યા કહે છે. સાથે રહેવાને માટે સમાન હેતુ (Common interest) હોવો જોઇએ. આસુરોમાં-રોટી, કપડાં, મકાન, ખાંડ, ઘાસતેલ-આ સમાન હેતુ છે. દૈવી સંપત્તિના લોકોમાં તે નથી. તેમનામાં વૈયક્તિક હેતુ (Individual interest) છે. વૈયક્તિક વિકાસ, ગ્રુપની દૃષ્ટિથી સમાન હેતુ હોઇ જ શકતો નથી. વેદોમાં, ઉપનિષદોમાં, ભાગવત આદિ પુરાણોમાં દેવ-અસુરોની લડાઇનું વર્ણન આવે છે, તે એ દેખાડવા માટે જ આવે છે.

દૈવી સંપત્તિના પંદર ટકા લોકોએ એકલા ન રહેવું જોઇએ, સાથે રહેવું જોઇએ, એટલું જ નહિ, તેમનો સમાન હેતુ (Common interest) રહેવો જોઇએ. ભગવાનનું કામ એ સમાન હેતુ છે. આ સૃષ્ટિમાં અમારે કંઇ તત્ત્વો, ગુણો લાવવા છે, કંઇ બદલવું છે, કંઇ ઊભું કરવું છે. આવું થશે તો તેમની સાથે સિત્તેર ટકા લોકો જોડાઇ જશે. ત્યારે સમાજમાં પંચ્યાશી ટકા લોકો સાત્ત્વિક થઇ જશે. આવું થાય ત્યારે દેવોનો વિજય થયો એમ કહેવાય.

દેવ-દૈત્યોની લડાઇનો અર્થ એવો નથી કે દેવો અને દૈત્યો તલવાર લઇને સામસામા લડવા ઊભા છે. આ જે લડાઇ છે તે વૈચારિક લડાઇ છે; એક જીવનદૃષ્ટિની લડાઇ છે અને આવી લડાઇમાં હંમેશાં દેવોનો પરાભવ થઇ જાય છે. આવો જ પરાભવ દેવોનો થયો છે, તેની વાત આ સ્કંધમાં આવી છે. પરાભૂત થયેલા દેવો બ્રહ્મદેવ પાસે ગયા, બ્રહ્મદેવ તેમને વિષ્ણુની પાસે લઇ ગયા. ત્યાં ગયા બાદ બ્રહ્મદેવે ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી છે. આઠમા સ્કંધમાં પાંચમાં અધ્યાયમાં છવીસથી પચાસ સુધીના શ્લોકો સ્તુતિના છે. ભાગવતનું આ જ વૈશિષ્ટ્ય છે. ભાગવત ઈશ્વર સ્તુતિથી ભરેલું છે. ભાગવતમાંથી સ્તુતિ-સ્તોત્રના શ્લોકો કાઢી લઇએ તો લગભગ સિત્તેર ટકા ભાગવત નાનું થઇ જાય. આ સ્તુતિમાં શ્રુતિમંત્રો નથી પરંતુ, શ્રુતિમંત્રનો અર્થ લઇને જ કરવામાં આવેલી સ્તુતિ છે:

अविक्रियं सत्यमनन्तमाद्यं गुहाशयं निष्कलमप्रतर्क्यम् ।
मनोऽग्रयानं वचसानिरुक्तं नमामहे देववरं वरेण्यम् ॥ (भा. ८/५/२६)

(સર્વ વિકારથી રહિત, સત્યસ્વરૂપ, અનંત, સર્વના આદ્ય, સર્વની હૃદયરૂપી ગુફામાં રહેનાર, ઉપાધિરહિત, તર્કાતીત, મનથી વધારે વેગવાળા અને વાણીથી વર્ણનાતીત એવા સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ દેવને અમે નમસ્કાર કરીએ છીએ).

ત્યારબાદ ભગવાન પ્રગટ થાય છે. ભગવાન પ્રગટ થાય તે માટે કેવી સ્તુતિ કરવી જોઇએ અને ભગવાન પ્રગટ થયા બાદ કેવી સ્તુતિ કરવી જોઇએ, તેનું ચિત્ર ભાગવતકારે સુંદર રીતે દોર્યું છે. ભગવાન પ્રગટ થયા બાદ છઠ્ઠા અધ્યાયમાં આઠથી પંદર શ્લોકમાં ભગવાનની સામે બ્રહ્મદેવે સ્તુતિ કરી છે.

अजातजन्मस्थितिसंयमायागुणाय निर्वाणसुखार्णवाय ।
अणोरणिम्नेऽपरिगण्यधाम्ने महानुभावाय नमो नमस्ते ॥ (भा. ८/६/८)

(જેમનો જન્મ, સ્થિતિ, નાશ થતા જ નથી, ગુણરહિત, જે મોક્ષ મુખનો સમુદ્ર છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, તેવા મહાન પ્રભાવવાળા આપને અમારા વારંવાર નમસ્કાર છે).

આમાં પ્રશ્ન પૂછયો છે, 'ભગવાન ! દેવોનું કલ્યાણ કેવી રીતે થશે ?' અર્થાત્ દેવો પોતાનું કલ્યાણ કેમ થશે તે પૂછતા નથી, પરંતુ, દૈવી વિચારોનું કલ્યાણ કેવી રીતે થશે તે પૂછે છે.

ભગવાનને લાગ્યું કે હવે દેવો રસ્તા પર આવ્યા. આ સૃષ્ટિમાં એક વિશિષ્ટ વિચારધારા પ્રભાવી થવી જોઇએ, ટકવી જોઇએ એવી ઇચ્છા હોય તો સાત્ત્વિક લોકોએ અને ભગવાનને માનવાવાળા લોકોએ પોતાની શક્તિનો તેના માટે ઉપયોગ કરવો જોઇએ. આ વાત જ્યારે લોકો ભૂલી જાય છે, ત્યારે ભગવાનને તેમને તમાચો મારીને સમજાવવું પડે છે. દેવોનું કલ્યાણ કેમ થશે? એવો પ્રશ્ન તેમણે પૂછયો છે અને દૈવી વિચારોનું કલ્યાણ કેમ થશે એ મારો પ્રશ્ન છે.

ભગવાને તેમને કહ્યું કે તમે અત્યાર સુધી પોતપોતાનું કલ્યાણ જોતા હતા. હવે તમે રસ્તા પર આવ્યા છો. મને લાગે છે કે આવું બધા સમાજમાં થાય છે. સમાજમાં સારા લોકો નથી હોતા એમ નહિ, પરંતુ, પ્રત્યેક એમ કહે છે 'મને એમ લાગે છે કે આમ આમ કરવું જોઇએ.' અરે !

તને શું લાગે છે, એટલે ? ઋષિઓને શું લાગતું હતું તે વિચાર. આજ સુધીનો ઈતિહાસ શું કહે છે તે જો. તેના માટે **इतिहासं पुराणम्** નો અભ્યાસ કરવો જોઇએ. તને શું લાગે છે એટલે તું કોણ કહેવાવાળો ? 'શ્રદ્ધાથી, શુદ્ધ હેતુથી, નિઃસ્વાર્થ હેતુથી, હું જો કંઇ કામ કરીશ, તો મને ફળ મળવું જ જોઇએ.' આવું કેટલાક લોકો કહે છે, પરંતુ, નિઃસ્વાર્થ હેતુથી બદમાસી પણ થઇ શકે છે. મારો પોતાનો કોઇ સ્વાર્થ ન હોવા છતાં હું બીજાને કાપી નાખું છું. કેવળ નિઃસ્વાર્થ રહીને ચાલે નહિ. હેતુ શુભ અને ઉદાત્ત પણ હોવો જોઇએ.

ત્યારબાદ વિષ્ણુ ભગવાને બ્રહ્મદેવ ઈત્યાદિ દેવોને ઉપદેશ આપ્યો. આ ઉપદેશમાં તત્ત્વજ્ઞાન કે આત્મસ્વરૂપનું આવિષ્કરણ નથી. ભગવાને દેવોને જે ઉપદેશ આપ્યો છે તેમાં વાસ્તવિક ઉચ્ચ તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. તેમાં ઉચ્ચ આત્મજ્ઞાનનો આવિષ્કાર હોવો જોઇએ, પરંતુ, તે તેમાં છે જ નહિ. તે પૂર્ણ રીતે વ્યાવહારિક ઉપદેશ છે.

ભગવાને કહ્યું છે, 'તમે જેમ સમર્થ છો તેમ દૈત્યો પણ સમર્થ છે. તમે તપ કર્યું છે તેમ દૈત્યોએ પણ તપ કર્યું છે. તમારી પાસે વિદ્યા છે તેમ દૈત્યોની પાસે પણ વિદ્યા છે. તમે તેમને દૈત્ય સમજીને આઘા રાખો છો તે ખોટું છે. તમને એમ લાગે છે કે દૈત્યોને અડવું ન જોઇએ, તેમની પાસે જવું ન જોઇએ, તો એમ કહેવું ખોટું છે. સમર્થ શત્રુની સાથે સુલેહ કરવી ઉચિત છે, માટે તમે દૈત્યોની સાથે હાથ મિલાવો. આજની ભાષામાં કહેવાનું હોય તો ભગવાને તેમને કહ્યું કે સો પ્રથમ તમે દૈત્યો સાથે શેકહેન્ડ (Shake-hand) કરો.' તમે આ બધું વાંચશો તો એમ લાગશે કે આ કોઇ મુત્સદ્દી (Diplomat) નું ભાષણ છે. રાજકારણી માણસ જુદો અને મુત્સદ્દી જુદો. ભગવાને જે ઉપદેશ કર્યો છે તેમાં તત્ત્વજ્ઞાન નથી અને આત્મજ્ઞાન પણ નથી. તેમાં વ્યાવહારિક દર્શન છે.

ભગવાન કહે છે કે સમર્થ શત્રુની સાથે સુલેહ કરવી ઉચિત છે. તેના માટે ભગવાને એક દષ્ટાંત આપ્યું. એક ટોપલી બંધ હતી. તેમાં એક સાપ હતો અને એક ઉંદરડો પણ હતો. ઉંદરડો સાપનો શત્રુ છે પણ સાપ તેની જોડે ઝઘડતો નથી, સુલેહ કરે છે. તે ઉંદરડાને કહે છે કે આ ટોપલીમાં તું કાણું પાડ, તું તો મારો મોટો ભાઇ છે. તેથી ઉંદરડો મોટો ભાઇ થઇને તેમાં કાણું પાડે છે અને બહાર નીકળી જાય છે. ત્યારબાદ સાપ પણ બહાર નીકળી જાય છે. બહાર આવ્યા બાદ સાપ તે ઉંદરડાને ખાઇ જાય છે.

આ દષ્ટાંત આપી ભગવાન દેવોને કહે છે કે તમારે દૈત્યોને સંભાળવા જોઇએ. સામથી કામ થશે. જબરદસ્તીથી નહિ થાય. **अरयोऽपि हि संधेयाः सति कार्यार्थगौरवे-** તમને જો કાર્યાર્થ ગૌરવ હોય તો શત્રુ સાથે પણ સંધિ કરો. જેને કંઇ કાર્ય કરવું છે, તેની આ વાત છે. જેને કંઇ કાર્ય કરવું જ નથી, તેની શું વાત કરવી ? તેને કોઇ જોડે સુલેહ કરવાની જરૂર નથી. સુભાષિતકાર કહે છે:

वहेदमित्रं स्कन्धेन यावत्कालविपर्ययः ।
अथैवमागते काले भिन्द्याद्घटमिवाश्मनि ॥

ચાણક્ય જેવા લોકોની નીતિ છે કે જ્યાંસુધી વિપરીત કાળ હોય ત્યાંસુધી શત્રુને પણ ખભા પર

ઊંચકવો જોઇએ. અનુકૂળ કાળ આવે ત્યારે પથ્થર પર જેમ માટલું પટકવામાં આવે તેમ તે શત્રુને પટકી પાડવો. ભગવાન તેમને આવી નીતિ સમજાવે છે તે વાંચીને કોઇને અચરજ લાગશે, પરંતુ, આમાં અચરજ પામવા જેવું કંઇ નથી. ભગવાન આવું કહે છે, એનું કારણ, દૈત્યો પ્રભાવી થયા હોય ત્યારે તેઓ કરોડો લોકોના મન બગાડે છે. પંદર ટકા દૈત્યો પ્રભાવી થાય તો બાકીના સિત્તેર ટકા તેમની જોડે ભળી જાય અને આખા સમાજનું અધઃપતન કરે. સમાજ ભૌતિકવાદી બની જાય. સૃષ્ટિ ઉત્પન્ન કરવાવાળાની કઇ અભિલાષા છે તે અહીં દેખાડે છે-**सति कार्यार्थगौरवे-** દેવોની પાસે કંઇ કાર્યાર્થ જ ન હોય અને તેમને માત્ર વિજય જોઇતો હોય તો તે નહિ મળે. તમને કાર્યાર્થ વગર પૈસો કે કોઇ પણ શક્તિ જોઇતી હશે તો નહિ મળે. તમારી પાસે કંઇ કાર્યાર્થગૌરવ હોવું જોઇએ. કાર્યાર્થગૌરવ હશે તો કંઇક મળવાનો સંભવ છે. આ અતિશય સુંદર વિવેચન છે. તેમાં સાત્ત્વિક, ધર્મનિષ્ઠ અને ભગવદીય લોકોને માર્ગદર્શન છે. શું કરવું જોઇએ, કેવા રહેવું જોઇએ, તેનું તેમાં વિવેચન છે.

ભગવાન દેવોને કહે છે કે તમારે દૈત્યો સાથે સુલેહ કરવી પડશે. એટલું જ નહિ, સુલેહ થઇ છે એવું તેમને લાગવું પણ જોઇએ. તેથી તેમના માટે તમે કંઇક જતું કર્યું છે એવી તેમને પ્રતીતિ થવી જોઇએ. સમજુતી ક્યારે થાય? અમારા માટે સામેના પક્ષે કંઇ છોડયું છે એવી તેમને ખબર પડે ત્યારે. તમે કદાચ કંઇ છોડયું નહિ હોય તો પણ સામેના પક્ષ માટે કંઇ છોડો છો એવું તેમને દેખાડવું પડશે.

ત્યારબાદ ભગવાને જ તેમને યુક્તિ બતાવી. સમુદ્રમંથન કરવા મંદરાચલ પર્વતની રવઇ બનાવવાની હતી અને વાસુકીની દોરડી બનાવવાની હતી. એક તરફ દેવો અને બીજી તરફ દૈત્યો રહે અને સમુદ્રમંથન કરે એવી વ્યવસ્થા હતી. તેના માટે વિષ્ણુ ભગવાને બતાવેલી યુક્તિ મુજબ દેવોએ બૂમ પાડીને કહ્યું કે અમે દેવો છીએ તેથી વાસુકીના મોઢા તરફ અમે રહીશું અને પૂછડીનો ભાગ તમે સંભાળજો. તે જ વખતે દૈત્યોએ ઝઘડીને કહ્યું: 'એવું શા માટે ? અમે શું તમારા કરતાં હલકા છીએ ? તેજ, બુદ્ધિ, વિદ્યા કે તપ-કઇ વસ્તુ અમારામાં તમારા કરતાં ઓછી છે ? અમે કૂર્તત્વમાં પણ તમારા કરતાં ઊતરતા નથી. અમે પૂછડી તરફ નહિ, મોઢા તરફ રહીશું.' આમ ભગવાનની સલાહ મુજબ દેવોએ ઝઘડો ઊભો કર્યો. પછી ઝઘડો છોડી દીધો અને કહ્યું, 'ભલે, તમે વાસુકીના મોઢા તરફ રહો. અમે પૂછડીનો ભાગ પકડીશું.' આમાં દૈત્યો માટે દેવોએ કંઇ છોડયું છે એવું દેવોએ દેખાડયું.

ત્યારબાદ સમુદ્રમંથનની શરૂઆત થઇ કે વાસુકી મોઢામાંથી ઝેર ઓકવા માંડયો. તેના લીધે દૈત્યો ત્રાસી ગયા. પણ હવે કરે શું ? પોતે જ માંગણી કરીને મોઢા તરફ રહેવાનો નિર્ણય કર્યો હતો. તેમને એવું લાગવા માંડયું કે કયું પાપ કર્યું હતું કે આ તરફનો ભાગ સ્વીકાર્યો ? આ બધી ભગવાને બતાવેલી ચાલાકી છે, પરંતુ, તે સ્વાર્થને માટે કરેલી ચાલાકી નથી. ભગવાન વિષ્ણુએ દેવોને આવો વ્યવહારિક ઉપદેશ આપ્યો છે. આ તરફ દેવો પૂછડીની બાજુએ હતા તેથી શાંતિથી પોતાનું કામ કરી શકયા.

આવું ચિત્રણ ભાગવતકારે કર્યું છે. આ કંઇ કેવળ મુત્સદ્દીગીરીને લીધે થયું એમ નહિ. **सति कार्यार्थगौरवे-** આ સૃષ્ટિમાં સાત્ત્વિકતા રહેવી જોઇએ, ભગવાનનું કામ થવું જોઇએ, વધવું જોઇએ

એવું લાગતું હોય તો બાકીના સિત્તેર ટકા લોકો પાસે જવું પડશે. એટલું જ નહિ, દૈત્યો સાથે પણ સુલેહ કરવી પડશે. તેમને આઘા રાખીને નહિ ચાલે, તેના વગર દૈત્યો પ્રભાવી થશે, તેમની જોડે સિત્તેર ટકા લોકો જોડાઇ જશે તો તેમનાથી જુદા રહીને દૈવી સંપત્તિના લોકો મંદિરમાં જઇને શાંતિથી પૂજા પણ કરી શકશે નહિ.

કેટલાકને લાગે છે કે અમે એકાદ મંદિર બંધાવીશું તો અમને મુક્તિ મળી જશે. મુક્તિ કંઇ રસ્તામાં રેઢી પડી નથી.

આ વિશ્વ ભગવાનનું છે. આ વિશ્વમાં શું હોવું જોઇએ ? કેવી રીતે રહેવું જોઇએ ? તે જોવું જોઇએ. તે જોયા વગર કોઇ કેવળ સ્તુતિ કરશે તો તેના પર પણ ભગવાન પ્રસન્ન નહિ થાય. ભગવાનને શાનાથી પ્રસન્ન કરીશું? ભગવાન કેવળ ભાષાથી નહિ, કૃતિથી પ્રસન્ન થાય છે.

દેવ-દૈત્યોની લડાઇ વિચાર કરવા જેવી છે. ભગવાને દેવોને કહ્યું, ‘જુઓ, તમે દૈત્યો સાથે સુલેહ કરશો ત્યારે કંઇ મુશ્કેલી પણ આવશે, વિઘ્નો પણ આવશે. તે વખતે ડગી જતા નહિ. વિઘ્ન આવે. એમાં શું થયું ? કદાચ તમને કેટલીક મોહક વાતો પણ મળશે તો લોભથી મોહિત થતા નહિ. કદાચ વિપત્તિ આવી જશે તો ડગતા નહિ.’ કેટલાક લોકો કહે છે કે અમે ભગવાનનું કામ કરીએ છીએ. તો પછી અમને વિપત્તિ શા માટે આવી? અરે, વિપત્તિ આવશે, પણ ડગવું ન જોઇએ. કાર્ય કરનારની પરીક્ષા લેવામાં આવશે. તેના માટે મોહક વસ્તુઓ અને તકલીફ આપવાવાળાં વિઘ્નો મોકલવામાં આવશે અને જોવામાં આવશે કે કાર્ય કરનાર ડગે છે કે નહિ ? પરીક્ષા થયા પછી જે પક્ષ ધૈર્યથી સ્થિર રહે છે તે પક્ષમાં ભગવાન આવીને ઊભા રહે છે; કારણ દેવ કે દૈત્ય-આ બન્ને ભગવાનના જ દીકરા છે. તેને તેમનામાં કંઇ ભેદ લાગતો નથી. દેવો ભગવાનને માને છે અને દૈત્યો માનતા નથી, એટલો જ ફરક છે. તેમાં પણ દૈત્યો ભગવાનને માનતા જ નથી એવું પણ નથી. તેમને ફક્ત દૈનંદિન જીવનમાં ભગવાનની જરૂર લાગતી નથી. પુરાણોમાં જે રાક્ષસોનું વર્ણન છે તે કંઇ નાસ્તિક છે એવું વર્ણન નથી. દૈત્યો ભગવાનને માને છે, મંદિરમાં પણ જાય છે, પરંતુ, દૈનંદિન વ્યવહારમાં તેનો કંઇ સંબંધ નથી એમ તેઓ માને છે.

અહીં દેવ-દૈત્યોની લડાઇ અને તેનો અર્થ સમજાવ્યા છે. ભાગવતકારે સ્પષ્ટરૂપે દેખાડયું છે કે દેવો પાસે ધૈર્ય હોવું જોઇએ. દેવોએ ડગવું ન જોઇએ. સુભાષિતકાર કહે છે તેમ:

रत्नैर्महार्हैस्तुतुषुर्न देवा
न भेजिरे भीमविषेण भीतिम् ।
सुधां विना न प्रययुर्विरामं
न निश्चितार्थाद्विरमन्ति धीराः ॥

સમુદ્રમંથનમાં મહાન રત્નો મળ્યાં તેનાથી દેવો સંતોષ માનીને બેસી ન રહ્યા, કાતિલ કાલકૂટ વિષ નીકળ્યું તો તેઓ ગભરાયા નહિ. અમૃત મળ્યું નહિ ત્યાંસુધી પ્રયત્ન છોડ્યો નહિ. નિશ્ચિતાર્થ પ્રાપ્ત કર્યા વગર ધીર લોકો વિરામ કરતા નથી.

રાક્ષસ એટલે જંગલી એવો અર્થ નથી. રાક્ષસ કોણ ? **રક્ષયામિ-** હું મારું રક્ષણ કરીશ, એમ

કહેવાવાળા રાક્ષસ છે. તેમને પોતાનું રક્ષણ કરવા ભગવાનની આવશ્યકતા લાગતી નથી. તેઓ કહે છે કે ભગવાન હશે, અમારો તેની જોડે વિરોધ નથી, પણ અમને એની જરૂર નથી.

કેટલાક કહેવાતા દેવો-ઢોંગી દેવો, પોતાને દેવ કહેવડાવે છે, પરંતુ મદદ આવા રાક્ષસોને કરે છે, કપાળે ચાંદલો પણ કરે છે પણ શક્તિ રાક્ષસો માટે ખર્ચે છે, આવો દંભ ભગવાનના દરબારમાં ચાલશે નહિ. રાક્ષસોની પાસે પણ ધૈર્ય હશે, તપ હશે, તો તે લોકો જ પ્રભાવી થશે અને વિજય પણ તેમને જ મળશે, દેવોને નહિ.

દેવોએ વિજય પ્રાપ્ત કરવો હોય તો સાત્ત્વિક વૃત્તિના પંદર ટકા Expert લોકોમાં ઐક્ય થવું જોઇએ, **સતિ કાર્યાર્થગોરવે-**અંતઃકરણમાં કાર્યાર્થગોરવ હોવું જોઇએ, તો વિજય તમારા હાથમાં છે એમ ભગવાન કહે છે. અનંત કાળ સુધી માનવજાતને માર્ગદશંન કરવાવાળું આ ચિત્ર છે. દેવોએ દૈત્યો સાથે સુલેહ કરવી પડશે. તેમના માટે કંઇ છોડવુ પડશે. તડજોડ (Compromise) પણ કરવી પડશે. અર્થાત્, તે વખતે તત્ત્વ છોડશે નહિ. સિદ્ધાંત (Principle) માં બાંધછોડ કરશે નહિ. There will be no compromise in principle, એમ ભગવાન કહે છે.

આના લીધે ભાગવતકારનું કહેવું સ્પષ્ટ થાય છે કેઃ **સત્યે વિશ્વં પ્રતિષ્ઠિતમ્** સત્યનો ઉદ્દેશ્ય વિશ્વને ઊભું કરવાનો છે, વિનાશ કરવાનો નથી. વિશ્વના સ્થૈર્યને જે સાધનભૂત હશે તે જ સત્ય હશે.

યલ્લોકહિતમત્યન્તં એતત્ સત્યં મતં મમ। (જે અત્યંત લોકહિતમાં છે તે સત્ય છે, એવો મારો મત છે.) એવું મહાભારતમાં પણ લખ્યું છે. વિશ્વની ચિરંતન ચાલવાવાળી જે નીતિમત્તા હશે, જીવનદૃષ્ટિ હશે, તેનો જે ઉપયોગી હશે, સાધનભૂત થશે, તે જ સત્ય હશે, એવું સમુદ્રમંથનનું રહસ્ય છે.

સમુદ્રમંથન થયા પછી તેમાંથી જુદાં જુદાં રત્નો નીકળ્યાં પહેલા વિષ નીકળ્યું તે શિવજીએ લીધું ત્યારબાદ **હવિર્ધાની તતોઽભવત્-** તેનો અર્થ થાય છે કામધેનું ઘી એક શક્તિ છે. કામધેનુ ઋષિઓએ ઉપાડી છે. જડવાદી અને ચેતનવાદીનું વિચારમંથન થશે ત્યારે તેમાંથી પણ કંઇ રત્નો નીકળશે કામધેનુ નીકળી-તે કોઇને તો આપવી જોઇએ. ઝઘડવાનું નહિ તેથી કામધેનુ ઋષિઓને આપી.

ઋષિઓએ કામધેનુ શા માટે લીધી? હવિ—ઘી હોય છે તેમાં શક્તિ હોય છે અને સ્નિગ્ધતા હોય છે, એટલે કે શક્તિશાળી અને સ્નિગ્ધ વિચાર ઋષિઓએ ઉપાડયા. તે વિચારો તેમણે બાકીના સિત્તેર ટકા લોકોની પાસે જઇને, તેમને આપ્યા. ક્યા વિચારોમાં શક્તિ અને સ્નિગ્ધતા છે? વેદોના વિચારોમાં, ગીતાના વિચારોમાં છે, તેથી જ ઋષિઓએ તે વિચારો ઉપાડયા. ઋષિઓએ યજ્ઞાર્થે કામધેનુ સ્વીકારી. આજે આપણે યજ્ઞાર્થેનો અર્થ એટલો જ સમજીએ છીએ કે યજ્ઞમાં દૂધ, દહીં, ઘી વગેરે જોઇએ અને યજ્ઞમાં સ્વાહા કરવાનું હોય તેથી ઋષિઓએ કામધેનુ લીધી.

ગીતા અને વેદોમાં યજ્ઞનો અર્થ જુદો જ છે. ગીતાએ તો યજ્ઞના પ્રકાર સમજાવ્યા છેઃ

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ॥ (ગી. ૪/૨૮)

યજ્ઞ એટલે **देवपूजा संगतिकरण मित्रकरण** – તેને યજ્ઞ કહે છે. યજ્ઞનો આ અર્થ સમજાશે તો ઋષિઓએ યજ્ઞાર્થે કામધેનુ શા માટે લીધી તે ધ્યાનમાં આવશે. સમાજના જે સ્તરમાં સ્નિગ્ધતા અને શકિત ગયાં નથી તે સ્તરમાં તે લઇ જવાનાં છે. વ્યક્તિના મસ્તકમાં શક્તિ પણ જવી જોઇએ અને સ્નિગ્ધતા પણ જવી જોઇએ, એટલે આ બે વાતો આપવાવાળા જે વિચારો છે તે ઋષિઓએ ઉપાડયા છે.

ત્યારબાદ **उच्चैः श्रवा** ઘોડો નીકળ્યો. ઘોડામાં ગતિ અને ચાંચલ્ય હોય છે. તે રાક્ષસોએ લીધો. રાક્ષસની બુદ્ધિ સ્થિર નથી હોતી, ચંચલ હોય છે. ભારતમાં પણ ત્રીસ વર્ષ પહેલાં નેતાઓ જે બોલતા હતા, તેનાથી તદ્દન વિરુદ્ધ આજે બોલે છે તેથી જ રાજકીય નેતાઓ જે બોલે છે તેને સનાતન કહેતા નથી. સનાતન તો તે લોકો કહે છે કે જેઓ એક વખત જે કંઇ કહે છે તે જ કોઇ પણ કાળે તેઓ કહેશે. રાક્ષસો સનાતન હોઇ જ શકતા નથી. તેમનામાં ગતિ છે અને ચંચલતા છે. રાક્ષસોએ એ બન્ને ગુણ ઉપાડયા. દૈત્યોને હંમેશાં પરિવર્તન-ગતિ (Change) જોઇએ. ખાવાપીવામાં, હરવાફરવામાં, કપડા પહેરવામાં, વાળ કપાવવામાં, બધી વાતોમાં તેમને ફેરફાર (Change) જોઇએ. એકનું એક તેમને ચાલે નહિ. ગતિ હોવી જોઇએ એમ તેમને લાગે છે.

ત્યારપછી ઐરાવત હાથી નીકળ્યો. હાથીમાં શક્તિ તો હોય જ છે; પણ તેને ભવિષ્યજ્ઞાન પણ હોય છે. **बलेषु हस्तिबलादीनि** – એવું આપણા યોગદર્શનમાં કહ્યું છે. જૂના કાળમાં આપણે ત્યાં હાથીની શક્તિ એ શક્તિનો માપદંડ હતો. આજે આપણે ઘોડાની શક્તિનો માપદંડ રાખ્યો છે. ફલાણી મોટર અમુક હોર્સપાવરની છે એમ બોલાય છે. ભીમમાં કેટલું બળ હતું? તો મહાભારતમાં લખ્યું છે—**नवनागसहस्र बल**—નવહજાર હાથી જેટલી તેનામાં શક્તિ હતી. બળનું મીટર હાથી હતું.

બીજું, હાથી પાસે ભવિષ્યદર્શન હોય છે. દેવોએ ઐરાવત હાથી ઉપાડયો, એનું કારણ દેવોને ઉજ્જ્વળ ભવિષ્યને માટે શક્તિનો ઉપયોગ કરવાનો હતો, આજને માટે નહિ. સાત્ત્વિક લોકોને થીગડાં મારી મારીને ગોદડી બનાવવી હોતી નથી. તેમને સમાજના મૂળભૂત પ્રશ્નો ઉકેલવા હોય છે. ત્રીજી પેઢી કેવી થશે તેના તરફ તેમની નજર હોય છે. તેમને તેના માટે શક્તિ વાપરવી હોય છે. આ લોકો ભવિષ્ય જોઇને શાંતિથી પોતાની શક્તિ વાપરે છે. રામરાજ્ય શું બીજે દિવસે તૈયાર થાય છે ? તેને તૈયાર થતાં પાંચ પાંચ પેઢી લાગે છે. દિલીપ, તેનો પુત્ર રઘુ, તેનો પુત્ર અજ, તેનો પુત્ર દશરથ અને તેનો પુત્ર રામ-આમ પાંચ પેઢી સુધી વિશિષ્ટ દૃષ્ટિથી કામ કર્યું ત્યારે રામરાજ્ય આવ્યું. દિલીપે હજારો બ્રાહ્મણ તૈયાર કર્યા તેથી જ વરતંતુ અને કૌત્સ જેવા બ્રાહ્મણો સાંસ્કૃતિક કાર્ય કરતા હતા. છેવટે પાંચમી પેઢીમાં રામરાજ્ય તૈયાર થયું. તેનું વર્ણન વાલ્મીકિ રામાયણમાં છે.

न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपः ।
नानाहिताग्निर्नां विद्वान् न स्वैरी स्वैरीणि कुतः ॥

આવો એક સમાજ તૈયાર થઇ ગયો. આવો સમાજ બનાવવો હશે તો પેઢીઓ સુધી મહેનત કરવી પડશે. તેના માટે ભવિષ્ય તરફ દૃષ્ટિ હોવી જોઇએ. મારી શક્તિ મારે ભવિષ્યને માટે વાપરવાની છે. આજે તેનાથી શું ઊગ્યું તે જોવાનું મારે કારણ નહિ. વ્યવહારમાં પણ લોકો એવું કરે છે. મકાન બાંધવું હોય તો પાયો અત્યંત મજબૂત બનાવે છે. તેમાં એન્જિનીઅર ઘણી સિમેંટ વાપરે છે. તેનો ફાયદો શું ? તે આજે ખબર ન પડે. પચાસ વર્ષ પછી ખબર પડે. વ્યવહારમાં જો આમ કરવું પડતું હોય તો સમાજનો વિચાર કરતી વખતે ભવિષ્ય તરફ દૃષ્ટિ ન રાખીએ તે કેમ ચાલે ? લોકોને આજે તાત્કાલિક ફાયદો જોઇએ છે. અમે આટલી મહેનત કરી, અમને મળ્યું શું ? આવું લોકો પૂછે છે.

ત્યારબાદ કૌસ્તુભમણિ નીકળ્યો, કૌસ્તુભ એટલે **कुं नाम भूमिं स्तुन्भाति इति कौस्तुभ-** कुं એટલે ભૂમિ, જે ભૂમિને ચકિત કરે છે તે કૌસ્તુભ. સમુદ્રમંથનમાં એક એવો મણિ નીકળ્યો જેનાથી ભૂમિ ચકિત થાય છે. તે કૌસ્તુભમણિ વિષ્ણુ ભગવાને સ્વીકાર્યો. આ ભૂમિને ચકિત કરવાવાળાં લોકો પેદા થાય તો વિષ્ણુ ભગવાન તેમને પોતાના ગળામાં ધારણ કરે છે.

કૌસ્તુભમણિ પછી પારિજાત નીકળ્યું. આ દેવોએ ઉપાડયું. જેને જે જોઇએ તે આપી દો. જે હેરાન કરે છે તેને સંતુષ્ટ કરી દો. મજૂરો હેરાન કરે તો તેમને બોનસ આપી દો. અર્થીને અર્થથી સંતુષ્ટ કરવાની વૃત્તિને પારિજાત કહે છે.

આનો અભ્યાસ કરવા જેવો છે. અભ્યાસ કરો તો ખબર પડે કે બગડેલો સમાજ કયો અને સુધરેલો સમાજ કયો ? કોઇ દિવસ સોએ સો ટકા સમાજ બગડતો નથી. બગડેલા સમાજમાં પણ પંદર ટકા સાત્ત્વિક લોકો હોય જ છે. પંદર ટકા તામસી વૃત્તિના લોકો પ્રભાવી થાય છે. તેમના હાથમાં પૈસા હોય, શક્તિ હોય, તેના કારણે બાકીના સીત્તેર ટકા સમાજ, જે અનુયાયી હોય છે, તે તેમની જોડે ભળી જાય છે. જે પંદર ટકા સાત્ત્વિક લોકો હોય છે તેઓમાં ઐક્ય હોતું નથી, તેથી તેમનો પ્રભાવ પડતો નથી. જ્યાંસુધી તેમનામાં ઐક્ય ન આવે ત્યાંસુધી તેઓ કંઇ કરી શકતા નથી કારણ, તેમની પાસે કાર્યાર્થગૌરવ હોતું નથી. માણસ એકત્ર કયારે થાય છે ? જ્યારે તેમનામાં કાર્યાર્થગૌરવ હોય ત્યારે. ત્યાંસુધી તેમનું પ્રત્યેકનું વિશ્વ જુદું રહે છે, તેઓ એકરૂપ થતા જ નથી.

પારિજાત પછી અપ્સરા-સુંદર સ્ત્રી-નીકળી. આ અપ્સરાને પણ દેવોએ ઉપાડી એનું કારણ, પુરુષ-સ્ત્રીનું મિલન કયારે થાય ? બન્નેને એકબીજાનું આકર્ષણ હોય ત્યારે. દેવોને અપ્સરાનું અને અપ્સરાને દેવોનું આકર્ષણ હોય છે. દૈત્યોને પણ અપ્સરાનું આકર્ષણ હોય છે, પણ અપ્સરાને દૈત્યનું આકર્ષણ નથી હોતું.

શાકુન્તલ નાટક જેમણે વાંચ્યું હશે તેમને ખબર હશે. તેમાં શકુંતલાએ ઇચ્છા પ્રગટ કરી છે. **श्रिया दुरापः कथं इप्सितो भवेत् ॥** શ્રી સ્વયં જેને પસંદ કરે તેને શું દુર્લભ રહે ? તેમ દૈત્યોને અપ્સરા જોઇએ, પણ અપ્સરાને દૈત્યો ગમતા નથી, તેથી દેવોએ અપ્સરાને સ્વીકારી.

અપ્સરા પછી એક મહાન શક્તિ-લક્ષ્મી આવી. લક્ષ્મી આવ્યા પછી તે આમ તેમ ફરવા લાગી કે કોની પાસે જાઉં ? જેની પાસે બુદ્ધિ છે તેની પાસે તપશ્ચર્યા નથી. અને જેની પાસે

તપશ્ચર્યા છે તેની પાસે બુદ્ધિ નથી. બુદ્ધિ અને તપશ્ચર્યા હોય તો તેની પાસે કદર્ય (કંજુસાઇ) છે. તો કોની પાસે જવું? એવો વિચાર કરતી હતી. આમ વિચારતી, તે એક એકને છોડતી આગળ વધે છે. તેણે પરશુરામને પણ છોડી દીધા, એનું કારણ તે ક્રૂર છે. લક્ષ્મીને શૌર્ય જોઇએ પણ ક્રૌર્ય ન જોઇએ. જે અળસિયા જેવું નિર્માલ્ય જીવન જીવે છે તે પણ લક્ષ્મીને ન જોઇએ. લક્ષ્મી કોની પાસે જાય તેનું અતિશય સુંદર ચિત્રણ કર્યું છે. છેવટે સ્થિર બેઠેલા વિષ્ણુ ભગવાનને લક્ષ્મી માળા પહેરાવે છે.

આજે પણ લક્ષ્મી-પૈસો ઘર બદલે છે. લક્ષ્મી શોધે છે કે કોની પાસે જાઉં ? તે વ્યક્તિ બદલે છે. કોઇના ઘરમાં લક્ષ્મી સ્થિર થતી નથી. વાસ્તવમાં આ લક્ષ્મીનો દોષ નથી. લક્ષ્મી જેના ઘરમાં જાય છે તેનો એ દોષ છે. જ્યારે લક્ષ્મી ઘરમાં આવે છે ત્યારે તે માણસનું મગજ ખલાસ થઇ જાય છે તેથી તેના ઘરમાંથી લક્ષ્મીને જવું પડે છે, તેથી જ સાત-આઠ પેઢી સુધી કોઇને ત્યાં લક્ષ્મી સ્થિર થતી નથી. શા માટે ? જેની પાસે જાય છે તેની બુદ્ધિ ખતમ થાય છે. લક્ષ્મી આવ્યા પછી તેના ઘરમાં તે ટકતી નથી.

લક્ષ્મી દેશ પણ બદલે છે. લોકો એવું કહે છે કે આ હિંદુસ્તાનમાં એક કાળે સોનાનો ધૂમાડો નીકળતો હતો. કોને ખબર, સોનાનો ધૂમાડો કેવી રીતે નીકળતો હતો ? કદાચ નીકળતો પણ હશે. આજે જે લોંકો ધૂમાડો કાઢે છે તેને આપણે સોનું કહેવા લાગ્યા છીએ. દશેરાને દહાડે લોકો એકબીજાને પાંદડાં આપે છે અને તેને સોનું કહે છે. તે પાંદડામાં તમાકુ ભરીને લોકો ધૂમાડા કાઢતા પણ હશે. લક્ષ્મી દેશ બદલે છે તેથી હવે લક્ષ્મી અમેરિકામાં ચાલી ગઇ છે. કોને ખબર, હવે લક્ષ્મી મધ્ય-પૂર્વ પણ જવા લાગી હશે, ત્યાં તેલના કૂવા છે. ત્યાં પણ સ્થિર ન રહેતાં બીજા દેશોમાં જશે.

આપણા દેશમાં પણ જુદી જુદી જાતિના હાથમાં લક્ષ્મી હતી. એવું કહેવાતું હતું કે પહેલાં મુંબઇમાં પાઠારે પ્રભુના હાથમાં લક્ષ્મી હતી. તેમના હાથમાંથી લક્ષ્મી ભાટિયાઓના હાથમાં ગઇ. તેમના હાથમાંથી વાણિયાઓના હાથમાં ગઇ. ત્યાંથી લક્ષ્મી મારવાડીઓના હાથમાં ગઇ. ત્યાંથી રિસાઇને હવે સિંધીઓના હાથમાં ગઇ. આ ઈતિહાસ નથી કહેતો. લોકવાયકા છે તે હું કહું છું. હું કંઇ આ બાબતનો ઈતિહાસતજ્જ્ઞ નથી. જેના હાથમાં પૈસા આવે તે બગડી જાય તો લક્ષ્મી બીજાના હાથમાં ચાલી જાય.

કાલકૂટ ઝેર પહેલું નીકળ્યું એમ ભાગવતમાં કહે છે. મહાભારતમાં તે છેલ્લું નીકળ્યું એમ લખ્યું છે. તે ઈતિહાસની દૃષ્ટિથી જોવું જોઇએ. એક ભાઇએ પૂછ્યું: 'વિષ પહેલાં નીકળ્યું કે છેલ્લે નીકળ્યું ?' મેં કહ્યું:'દેવ-દૈત્યોમાં મનોમંથન થાય ત્યારે શરૂમાં જ વિષ નીકળે છે અને ફળ મળ્યા પછી પણ વિષ નીકળે છે, વાતાવરણ ઝેરી બને છે. ફળ મળ્યા પહેલાં પણ લોકો ઝઘડે છે અને ફળ મળ્યા પછી પણ ઝઘડે છે. ફળ તો આવવા દો, પછી જોઇશું. નહિ તો ગુજરાતીમાં કહેવત છે કે 'છાશ છાગોળે અને ભેંસ ભાગોળે, અને ઘરમાં ધમાધમ' એના જેવું થશે. તેથી ભાગવત અને મહાભારત-બન્ને માન્ય છે.

છેલ્લે અમૃત નીકળ્યું. અમૃત કોણ લઇ ગયું ? જેમણે આયુર્વેદ લખ્યો તે ધન્વંતરી લઇ ગયા.

વચ્ચે જ સુરા પણ નીકળી. સુરા દૈત્યોએ લીધી. કારણ, બેહોશી આવવી જોઇએ. જેને લડવું છે, યુદ્ધ કરવું છે તેનામાં બેહોશી આવવી જોઇએ. નહિ તો તે લડે કેમ ? બેહોશી વગર બધાં બંધનો છૂટે કેમ ? તેથી જ નાગરિક-બિનલશ્કરી (Civic) લોકો માટે નશાબંધી હતી, પણ લશ્કરી (Military) માણસો માટે ન હતી. એનું કારણ સૈનિકને તો મેદાનમાં લડવાનું છે. લડતી વખતે તેણે બધું ભૂલી જવું જોઇએ. લડતાં લડતાં પત્ની કે મા યાદ આવી જાય તો તે લડી ન શકે. તેને તેવી કેળવણી આપવી જોઇએ.

અમૃત નીકળતાં જ બન્ને પક્ષો-દેવો અને દૈત્યો-અમૃત લેવા તૈયાર થઇ ગયા. ત્યારે વિષ્ણુ ભગવાને ચાલાકી કરી. તેમણે કહ્યું: 'જુઓ, અમૃત તો બન્નેનું છે' પછી વિષ્ણુ ભગવાને મોહિનીનું રૂપ લીધું. મોહિનીને જોતાં જ દૈત્યોનું શું થયું ? સુભાષિતકાર કહે છે તેમ:

प्रमदा मदिरा लक्ष्मीर्विज्ञेया त्रिविधा सुरा ।
दृष्ट्वैवोन्मांदयत्येका पीता चान्याति संचयात् ॥

આપણે તો એક જ પ્રકારની મદિરા જાણીએ છીએ. સુભાષિતકાર કહે છે કે મદિરા ત્રણ પ્રકારની છે. **प्रमदा मदिरा अने लक्ष्मी....** તેમાં પહેલી સ્ત્રી છે. સ્ત્રીને જોયા પછી માણસ હોશ ખોઇ બેસે છે. માતા-પિતા બધાંને ભૂલી જાય છે. સંસ્કાર પણ ભૂલી જાય છે. દેવયાનીને જોયા પછી યયાતિની તેવી સ્થિતિ થઇ હતી.

બીજા પ્રકારની મદિરા તે દારૂ. તે પીધા પછી નશો ચડે છે અને ત્રીજી મદિરા તે લક્ષ્મી. તેનો સંચય કર્યા પછી તેનો નશો ચડે છે. આ દૃષ્ટિથી જોઇએ તો મોટી મોટી કલબોમાં જવાવાળા બધા નશામાં ચૂર જ હોય છે.

મોહિનીનું રૂપ જોતાં જ દૈત્યોને ઉન્માદ ચડયો. તેમણે મોહિનીને કહ્યું: 'તમારા હાથેથી અમને જે કંઇ મળશે તે ચાલશે. તમારા કરકમલોથી અમને પાણી મળશે તો પણ અમારે માટે તે અમૃત જ હશે. તમે જે આપો તે અમને કબૂલ છે.' ત્યારે મોહિની કહે: 'જુઓ, પછી તમે ઝઘડો નહિ કરતા. નહિ તો તમે કહેશો કે મેં પક્ષપાત કર્યો,' આવી વાતો કરીને મોહિનીએ દૈત્યોને બાંધી લીધા. આમાં ભગવાને કંઇ લુચ્ચાઇ નથી કરી. ફકત દૈત્યોની નબળી બાજુ જોઇ અને દેવોને અમૃત આપ્યું.

અનાદિકાળથી દૈવી અને આસુરી વિચારોનો ઝઘડો સતત ચાલતો આવ્યો છે. તેથી જ ભગવાને ગીતામાં 'દૈવાસુર સંપદ્ વિભાગ યોગ' કહ્યો છે. તેનો અભ્યાસ કરવો જોઇએ. ભગવાન પછીની તરતની શક્તિ હોય તો તે વિચારોની શક્તિ છે. આપણા શાસ્ત્રકારોએ ભગવાન પછી તરત કોઇને માન્યા હોય તો તે વેદને માન્યા છે. વિચાર માણસને ઊભો પણ કરી શકે છે અને તે માણસને ખાડામાં પણ ધકેલી દે છે. વિચારોમાં જબરદસ્ત શક્તિ છે. એક ખોટો વિચાર બુદ્ધિમાં ઘૂસી ગયા પછી દેવ અસુર બની જાય છે અને એક સારો વિચાર બુદ્ધિમાં ઘૂસી ગયા પછી અસુર દેવ બની શકે છે. દૈવી અને આસુરી વિચારોના ઝઘડામાં સુલેહ પણ કરવી પડે છે. આસુરી વિચારના લોકો બહુ જ ખરાબ છે એવો પણ અર્થ નથી. તે માટે જ સમુદ્રમંથનની કથા ભાગવતમાં આવી છે.

સમુદ્રમંથન કરવાનું નક્કી થયું ત્યારે મંદરાચલ પર્વતને કોણ પકડી રાખે, એ પ્રશ્ન આવ્યો. કૂર્મ ભગવાને તેને પોતાની પીઠ ઉપર પકડી રાખ્યો એવું વર્ણન છે. સંપન્ન જીવન અને સમૃદ્ધ જીવનનો ઝઘડો સતત ચાલે છે. કેટલાક પ્રભાવશાળી લોકો સમૃદ્ધ જીવન માને છે. સમૃદ્ધ જીવનનો અર્થ છે-ભૌતિક જીવન, ભોગવાદી અને શક્તિશાળી જીવન. સંપન્ન જીવનનો અર્થ અંદરથી પ્રસન્ન અને ઉદાત્ત બનેલું જીવન એવો અર્થ હું કરું છું.

બાહ્ય સુખસમૃદ્ધિ જોઇએ જ, પરંતુ, તેની સાથે અંદરની સુખસમૃદ્ધિ પણ જોઇએ. અંદરનું-આંતરિક જીવન ઉદાત્ત અને પ્રસન્ન હોવું જોઇએ એવો આગ્રહ રાખવાવાળો વર્ગ હોય છે. ત્યારે બીજો એક વર્ગ એવો છે કે જે રોટી, કપડાં ઇત્યાદિ, ભૌતિક જીવન જ સર્વસ્વ છે એવું માને છે. આ બન્ને વર્ગમાં બુદ્ધિશાળી લોકો હોય છે. આમાં પહેલો વર્ગ અતીન્દ્રિયશક્તિને પકડીને ચાલે છે. બીજો વર્ગ અતીન્દ્રિયશક્તિ દેખાતી નથી, તેથી તેને માનવા તૈયાર નથી હોતો. સમૃદ્ધ ભૌતિક જીવનને માનવાવાળા લોકો પણ પ્રભાવશાળી હોય છે. તેમની પાસે તર્કયુક્ત દલીલો પણ હોય છે. જ્યારે દૈવી જીવન સમજાવવાવાળાને અતીંદ્રિયશક્તિને પકડવી પડે છે. ઘણી વખત તેઓ તર્કયુક્ત ભાષા દ્વારા વિચાર સમજાવી શકતા નથી, એનું કારણ જ્યાં તર્ક ખલાસ થાય છે ત્યાં તેમનો પ્રાંત શરૂ થાય છે. અતીંદ્રિયશક્તિ-**यो बुद्धेः परतस्तु सः** છે. આવા બે વર્ગ સમાજમાં હરહંમેશાં રહે છે. તેમનો ઝઘડો ચાલે છે, પરંતુ, તેમને શાંતિથી બેસીને સુલેહ પણ કરવી પડે છે.

સમુદ્રમંથનની કથામાં કૂર્માવતાર આવે છે. કૂર્મનો અર્થ થાય છે, કાચબો. કાચબા જેવી શાંત બુદ્ધિનો, સંપૂર્ણ આશાવાદી, પ્રસંગ જોઇને ચાલવાની કલા જેની પાસે છે એવો, મજબૂત મનોવૃત્તિવાળો, મહાન શક્તિવાળો એક મહાપુરુષ પેદા થયો. તે જ કૂર્મ-કાચબો. સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇશું તો ખબર પડશે કે મંદરાચલ પર્વત બિહારમાં ભાગલપુરની નજીક છે. તે સ્થળે આજે પણ કૂર્મ જાતિની જમાત જોવા મળે છે.

મંદરાચલ પર્વતની પાસે માનવ સંસ્કૃતિની મહાન પરિષદ થઇ હશે. તેમાં એક મહાન વ્યક્તિએ, અવતારી વ્યક્તિએ સમૃદ્ધ જીવન અને સંપન્ન જીવન-માનવાવાળા બન્ને લોકોને મનોમંથન કરવા કહ્યું હશે. કેવળ સમૃદ્ધ જીવન ઉપાડીને નહિ ચાલે, સંપન્ન જીવનને પણ સ્વીકારવું પડશે; તેવી જ રીતે કેવળ સંપન્ન જીવન સ્વીકારીને નહિ ચાલે, ભૌતિક જીવનને પણ સ્વીકારવું પડશે. ઘણી વખત એવું બને છે કે સંપન્ન જીવનની પાછળ લાગેલા લોકો સમૃદ્ધિની ઉપેક્ષા કરે છે. એમને એમ લાગે છે કે સમૃદ્ધિ તો ભૌતિક છે, તેથી તેના નાદમાં અમે નહિ પડીએ. તેવી જ રીતે, સમૃદ્ધ જીવનના લોકોને તો સંપન્ન જીવનની આવશ્યકતા જ લાગતી નથી કારણ તેમને અતીંદ્રિયશક્તિ દેખાતી નથી તેથી તેને માનતા નથી. આમ આવા બે અભેદ્ય વિભાગ બની જાય છે. બન્ને પ્રભાવશાળી વર્ગે જબરદસ્ત મનોમંથન કર્યું હશે તે જ સમુદ્રમંથન. આવા બે સમૂહોને મનોમંથન કરવા પાસે લાવવાનું કામ મહાન શક્તિ જ કરી શકે. મહાપુરુષ જ સારુ શુ છે, ક્યા રસ્તે જવું, ક્યા રસ્તેથી સમાજને લઇ જવો, આ બધું જાણે છે. આવો મહાપુરુષ કૂર્મ સમાજમાંથી આવ્યો હશે અને તેથી મધ્યસ્થીમાં આ સમુદ્રમંથન-મનોમંથન થયું હશે. ભાગવતકાર પાસે લાક્ષણિક ભાષામાં કહેવાની કલા છે જ. કેટલેક ઠેકાણે પોતે લાક્ષણિક ભાષામાં કહે છે એવું પ્રગટ કરે છે અને કેટલીક વખત તેવું પ્રગટ નથી કરતા.

સમૃદ્ધ જીવનનો અર્થ **काम**-કામ. અહિં **काम** એટલે લૈંગિક ભૂખ (Sex) અથવા સ્ત્રીની કામના એવો અર્થ લેવાનો નથી. **काम** નો અર્થ છે ભૌતિક જીવન. ભૌતિક જીવનને-**काम**ને સ્વીકારવો જ પડશે. **यतोऽभ्युदयनिःश्रेयस्‌सिद्धिः स धर्मः** - એવી ધર્મની વ્યાખ્યા કહેવા માટે મહાપુરુષોને જગતમાં આવવું પડયું. અભ્યુદય તરફથી પીઠ ફેરવી લઇને વ્યક્તિનું જીવન ઉન્નત નહિ થશે. ઉપનિષદમાં તો **उभे अविद्यां च विद्यां च** એવું ગળું સુકાઇ જાય એટલી વખત ઋષિએ કહ્યું છે. સમુદ્રમંથનમાં સમૃદ્ધ જીવન અને સંપન્ન જીવનમાં સહકાર્ય અને સહજીવનનું અમૃત દેવોને મળ્યું. સંપન્ન જીવનના દેવને વિષ્ણુ ભગવાને અમૃત આપ્યું. તેમને કહ્યું કે તમે સમૃદ્ધ જીવનમાં જ માનાવાવાળા દૈત્યોને પાસે લેશો, તેમની જોડે હાથ મિલાવશો, તેમની શક્તિનો ઉપયોગ કરશો, તો તમે તેમને બદલી પણ શકશો. સમૃદ્ધ અને સંપન્ન જીવનનો જે ઝઘડો છે તેમાં બન્નેનો સિદ્ધાંત એક જ હોય છે કે માનવજાતિને સુખી કરવી. પરંતુ તેમાં મૂળભૂત ફરક દષ્ટિનો, પધ્ધતિનો, માર્ગનો હોય છે તેથી જ તેમની વચ્ચેનો ઝઘડો અનાદિકાળથી ચાલે છે અને અનંતકાળ સુધી ચાલતો રહેશે..

માણસ પાસે બુદ્ધિ છે અને વિચાર છે. કઠોપનિષદ કહે છે:

पराञ्चि खानि व्यतृणत् स्वयंभू-
स्तस्मात्पराङ्पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष-
दावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥ (कठो. २/१/१)

(સ્વયં પ્રગટ થવાવાળા પરમેશ્વરે સમસ્ત ઈંદ્રિયોના દ્વારં બહાર તરફ જવાવાળા જ બનાવ્યા છે. તેથી (મનુષ્ય) બહારની વસ્તુઓને જ જુએ છે, અંતરાત્માને નહિ. કોઇ ધીર-બુદ્ધિશાળી મનુષ્ય જ અમરપદ પામવાની ઈચ્છા કરીને ચક્ષુઆદિ ઈંદ્રિયોને બહારના વિષયોથી અંદર ખેંચીને અન્તરાત્માને જુએ છે.)

માણસ બાહ્ય વિષયોને જુએ છે, પરંતુ, જે દષ્ટિથી હું જોઉં છું તેને શક્તિ આપવાવાળો કોણ છે ? એવું વિચારવાવાળો વર્ગ પણ છે. બાહ્ય વિષયોને જોવાવાળા વર્ગને છોડીને નહિ ચાલે. તેને પાસે લઇને, સહકાર્ય અને સહજીવન કેળવવાનું અમૃત દેવોને મળ્યું.

ભાગવતનો અભ્યાસ કર્યા પછી દૈત્યને મહાભયંકર માનવાની જરૂર નથી. દિતિના પુત્રો દૈત્ય અને અદિતિના પુત્રો દેવો. દેવ-દૈત્ય-બન્ને વર્ગનો સિદ્ધાંત એક જ છે કે સુખ પ્રાપ્ત કરવું. સમૃદ્ધ જીવન અને સંપન્ન જીવન માનવાવાળા-બન્નેને શાંતિથી રોટલી ખાવી છે.

આજે પણ ચૂંટણીમાં બધા જ રાજકીય પક્ષો એક જ ભાષા બોલે છે કે બધાંને રોટલી મળવી જોઇએ. કોણ એવું કહે છે કે બધાંને રોટલી ન આપવી જોઇએ ? એવું કહેનાર કોઇ હજી પેદા થયો નથી.

દેવો કે દૈત્યો-બન્ને ખોટું નથી બોલતા. બન્નેને રોટલી જોઇએ છે; એક વર્ગ કહે છે કે પોતાની રોટલી ખાવી હશે અને તે શાંતિથી ખાવી હશે, તો બીજાને રોટલી આપવી પડશે. આ

દૈત્યવર્ગ છે. બીજો વર્ગ દેવોનો છે. તે કહે છે કે કેવળ રોટલીના વિષયમાં વિચારવાથી નહિ ચાલે. બીજાના સમગ્ર જીવનમાં સંબંધથી ભળી જવું જોઇએ. કેવળ બીજાની ભૌતિક અછતથી થતી હેરાનગતિ તરફ જોવું કે બીજાના સમગ્ર જીવનમાં ભળી જવું ? આ જ ચર્ચા છે. બેમાંથી એકેય વર્ગને બીજાને મારવો નથી. બન્ને કહે છે કે મારે બીજાને જીવતો રાખવો છે; પણ કઇ દૃષ્ટિથી જીવતો રાખવો છે ? આ પ્રશ્ન છે. આજ સમુદ્રમંથનનું અમૃત છે. અનંતકાળ સુધી માર્ગદર્શન કરે એવો ઉપદેશ છે.

આઠમા સ્કંધમાં મોટા ભાગે વ્યાવહારિક ઉપદેશ છે. વ્યવહાર છોડીને અધ્યાત્મ નથી મળતું-તે સિદ્ધાંત છે. તમે વ્યવહારને કેવી રીતે છોડી શકો ?

ત્યારબાદ, આઠમા સ્કંધમાં વામન અવતાર આવે છે. હિરણ્યકશિપુ, પ્રહ્લાદ, વિરોચન અને તેનો પુત્ર તે બલિ. બલિની આ પિંડત્રયી છે. બલિમાં હિરણ્યકશિપુ, પ્રહ્લાદ અને વિરોચનનું માનસશાસ્ત્રીય મિશ્રણ દેખાય છે. બલિ રાજનીતિજ્ઞ છે, પ્રભાવી છે અને શૂર પણ છે. તેથી જ તેણે દેવોનો પરાભવ કર્યો. એટલું જ નહિ, તેણે અસુરોનું રાજ પ્રસ્થાપિત કર્યું. દેવોનો ગુરુ બૃહસ્પતિએ દેવોને કહ્યું કે તમારે ખામોશી રાખવી પડશે, તે સિવાય તમારા માટે બીજો રસ્તો નથી.

બલિનું ચરિત્ર વાંચવા જેવું છે. તેના માટે મહાભારત અને ભાગવત બન્ને સાથે વાંચવા જોઇએ. બૃહસ્પતિને દેવોએ પૂછયું કે બલિનો પરાભવ કયારે થશે તો બૃહસ્પતિએ કહ્યું: ‘જ્યારે બ્રાહ્મણનું અપમાન થશે ત્યારે બલિનો પરાભવ થશે. **तेषामेवापमानेन सानुबन्धो विनंक्ष्यति** તેના રાજ્યમાં જ્યારે બ્રાહ્મણ્ય પતિત થશે ત્યારે બલિ ખતમ થઇ જશે. ત્યાંસુધી તમારે ખામોશી રાખવી પડશે.’ એમ ભાગવતમાં લખ્યું છે.

આ બહુ વિચાર કરવા જેવી વાત છે. બ્રાહ્મણ્ય એટલે શું ? બ્રાહ્મણ કોણ? બ્રાહ્મણે શું કરવાનું ? તેનો અભ્યાસ હોવો જોઇએ.

બલિએ સૌ પ્રથમ આર્ત-દુ:ખી લોકોને સમાધાન આપ્યું. બીજું, તેણે ક્ષત્રિયોને નિસ્તેજ બનાવ્યા. તેણે બ્રાહ્મણોને-શિક્ષકોને રાજ્યના નોકર બનાવી દીધા. આજ સુધી શિક્ષણ બ્રાહ્મણોના હાથમાં હતું, તે ઝૂંટવી લઇ રાજસત્તાના હાથમાં લઇ લીધું.

બ્રાહ્મણ બે પ્રકારના હોય છે. એક વર્ગ શિક્ષણ આપે અને બીજો વર્ગ ગામેગામ જઇને લોકોને આચાર સમજાવે. શિક્ષણ આપવાવાળા ગુરુ તપોવનમાં રહીને લોકોને શિક્ષણ આપતા હતા. આચાર સમજાવવાવાળા બ્રાહ્મણો યજ્ઞ દ્વારા ઝૂંપડીએ ઝૂંપડીએ જઇને આચાર સમજાવતા હતા. તેમને યજ્ઞીય બ્રાહ્મણ કહેતા હતા. બલિએ શિક્ષણ આપવાવાળા ગુરુઓને રાજસત્તાના નોકર બનાવી દીધા અને આચાર સમજાવવાવાળા યજ્ઞીય બ્રાહ્મણોને યજ્ઞમાં રોકી રાખીને કર્મકાંડી બનાવી દીધા. જે બ્રાહ્મણો સમાજના છેલ્લા માણસ સુધી પહોંચીને આચાર સમજાવતા હતા, તેમને મોટી મોટી દક્ષિણા આપીને યજ્ઞમાં રોકીને સંતુષ્ટ કરી દીધા. બ્રાહ્મણ પણ માણસ છે. તેનામાં આળસ તો આવી જ જાય, ભોગલંપટતા પણ આવી જાય. જો રાજા મોટી દક્ષિણા આપે તો શાંતિથી એક જગાએ બેસી રહેવાનું મળે. બેઠા બેઠા શાસ્ત્રાર્થો કરવાના-આ જ તેમનું કામ થઇ ગયું. આવા લોકોને બલિએ યજ્ઞમાં રોકી રાખ્યા.

એક સમજવા જેવી વાત છે કે ભક્તિ કરવાવાળા રાવણને ભગવાંન રામે માર્યો છે અને સારી રીતે રાજ્ય ચલાવીને વિષ્ણુયાગ કરવાવાળા દુર્યોધનને કૃષ્ણે માર્યો છે. તેવી જ રીતે, યજ્ઞ કરવાવાળા બલિને વામન ભગવાને માર્યો છે. આ ત્રણમાંથી કોઇ અધાર્મિક ન હતું. આ ત્રણેય અવતારોનું પરીક્ષણ કરતી વખતે તેમને ભગવાને શા માટે માર્યા એવો પ્રશ્ન ઊભો ન થતો હોય તો પરીક્ષણ કરનાર બુદ્ધિમાન જ નથી. આગળ વધીને કહું તો તે માણસ પણ નથી. આ જન્મ તો તેનો ફોકટ જશે જ પણ બીજો જન્મ પણ બગડશે. આવા લોકોમાં બીજી બધી અક્કલ છે, પણ આવી વાતનો વિચાર કરવાની અક્કલ નથી.

વિરોચન-બલિની શિક્ષણ પ્રણાલિકાના પ્રમુખ-ચાન્સેલર-શુક્રાચાર્ય હતા. પ્રણાલિકા મુજબનું જ શિક્ષણ આપવું એવો તેમનો આગ્રહ હતો. જીવનવ્યવહાર, જીવનનું માંગલ્ય, જીવનની તેજસ્વિતા, આ બધી વાતો સ્વતંત્ર શિક્ષણપ્રણાલીથી જ આવી શકે છે. શિક્ષણ રાજસત્તાના હાથમાં ન હોવુ જોઇએ એવો આગ્રહ આપણા શાસ્ત્રકારોએ જૂનાકાળથી રાખ્યો છે. ભૌતિકવાદ અને ભૌતિકસુખમાં ફસાયેલી રાજસત્તાના હાથમાં જ્યારે શિક્ષણસંસ્થા આવી જાય છે ત્યારે તેજસ્વી, ઉન્નત માણસ પેદા થઇ જ શકતો નથી. તેમાંથી તો રાજસત્તાને જેવો જોઇએ તેવો નિસ્તેજ માણસ જ બહાર પડવાનો. ભારતદેશમાં કલ્પના હતી કે શિક્ષણસંસ્થા કોઇ દિવસ રાજસત્તાના હાથમાં ન જવી જોઇએ. તે માટેના સતત પ્રયત્ન થવા જોઇએ. જે દેશમાં શિક્ષણસંસ્થા રાજસત્તાના હાથમાં ગઇ છે તે દેશની ઉન્નતિ ખતમ થઇ ગઇ છે. કારણ, માનવની કેવળ ભૌતિક ઉન્નતિ જ જોવાની નથી, તેની અંદરની ઉન્નતિ પણ શિક્ષણસંસ્થાએ જોવી જોઇએ. આંતર્બાહ્ય, બન્ને ઉન્નતિ, સાથે જ થવી જોઇએ.

રાજસત્તાને તો નિઃસત્ત્વ માણસો જ જોઇએ. તે એવું જ શિક્ષણ આપે કે માણસ નિઃસત્ત્વ થઇ જાય. રાજસત્તાના હાથમાં શિક્ષણસંસ્થા આવ્યા પછી શિક્ષક બ્રાહ્મણો નોકરીમાં ફસાયેલા રહે અને યજ્ઞીય બ્રાહ્મણો યજ્ઞમાં કર્મકાંડી બનીને ફસાયેલા રહે.

રાજા પણ દશ વર્ષ, વીસ વર્ષ ચાલે તેવા યજ્ઞો કરતા હતા. બ્રાહ્મણોને તો **हिरण्यं दध्यात् रजतं दध्यात्** -બ્રાહ્મણને શાંતિથી બેસીને સોનું-રૂપું મળે તો તેને બીજું જોઇએ શું ? પરંતુ, તે પછી રાજસત્તાને હચમચાવી નાખે તેવા માણસોને ઊભા કરવાની તાકાત આવા બ્રાહ્મણોમાં રહેતી નથી.

નોકરીમાં અને કર્મકાંડમાં ફસાયેલો બ્રાહ્મણવર્ગ, નિસ્તેજ અને નોકર બનેલો ક્ષત્રિયવર્ગ, સ્વાર્થી અને ભોગપ્રધાંન બનેલો વૈશ્યવર્ગ અને ધંધો સમજીને કારીગરી કરવાવાળો શૂદ્રવર્ગ-આવું તે વખતના સમાજનું ચિત્ર દેખાય છે. તેમાં રોટલી બધાને મળતી હતી, ખાવાનું બધાને મળતું હતું. કૂતરાઓ ઝઘડો કરીને ભોં ભોં કરતા હોય, તેમની સામે રોટલીનો ટુકડો ફેંકો એટલે તેમનો ઝઘડો ખતમ થઇ જા. સમાજમાં આવું જ ચિત્ર દેખાય છે. **शांतिरस्तु पुष्टिरस्तु तुष्टिरस्तु...** સમાજ શાંત દેખાય છે.

આપણા ઋષિ ૐ **शान्तिः शान्तिः शान्तिः**- બોલે છે તે શા માટે બોલે છે ? કંઇ બોલવું જોઇએ તેથી તેઓ બોલે છે એવું નથી. આમાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક-ત્રણેય શાંતિની માગણી છે. કેવળ માગણી નથી, સમાજમાં આ ત્રણેય શાંતિ સ્થપાય તે માટે અમે પ્રયત્ન

કરીશું, ત્રણેય શાંતિ મળવી જોઇએ તેવો તેમનો આગ્રહ છે.

બલિના સમયમાં જ્યારે સમાજ નિસ્તેજ અને નિસત્ત્વ થઇ ગયો ત્યારે સ્ત્રીસમાજમાં જાગૃતિ આવેલી દેખાય છે. સ્ત્રીસમાજે પૂછયું કે શિક્ષણ મેળવવું, પૈસા કમાવવા, ખાવું અને ભોગ ભોગવવા-આ જ શું જીવનનો અર્થ છે ? આ વાતની સ્ત્રીસમાજને ચીડ ચઢી હતી. સમાજ જ્યારે ભોગલંપટ બની જાય છે ત્યારે તેનાં ભયંકર પરિણામો સ્ત્રીઓને જ ભોગવવાં પડે છે. તેમનું જીવન અનિશ્ચિત અને અસ્વસ્થ બની જાય છે.

તે કાળે સ્ત્રીસમાજને લાગ્યું કે જન્મવું, શાળામાં જવું, નોકરી-ધંધો કરવો, પરણવું, બાળકો પેદા કરવાં, તેમને પરણાવવાં અને મરી જવું-આ જ શું જીવન છે ? તેનાં કરતાં બીજું કંઇ જોવું નથી ? કંઇ કરવું નથી ? તેના કરતાં બીજું કંઇ કરવાની અભિલાષા જ નથી ? જીવનમાં કંઇ ઉદ્દીપિત કરવું જ નથી ? બાળકોને આવું જ શિક્ષણ મળવાનું હોય તો બાળકો પેદા કરવાને શો અર્થ છે ? આમાં તો બાળકો પેદા કરીને અમે પેઢીઓનું નુકસાન કરીએ છીએ.

હંમેશાં એવું બને છે કે સ્ત્રી જલદી જાગૃત થઇ જાય છે અને તે સમજીને જાગૃત થાય છે. તેને લાગે છે કે ભયાનક સામાજિક આંધીમાંથી બહાર કાઢવાવાળું બાળક મને જોઇએ. આવો આગ્રહ રાખવાવાળી એક સ્ત્રી આગળ આવી, આજની ભાષામાં કહેવું હોય તો સ્ત્રીઓની એક નેતા-અદિતિ ઉભી થઇ. કથા તો બધાને ખબર છે. હું કંઇ ભાગવતની કથા કરવા અહીં બેઠો નથી. ભાગવતની અતિશય સુંદર કથા કરવાવાળા જે લોકો છે તેઓ તે કરશે. આપણે તો ભાગવતની બૌદ્ધિક સમાલોચના કરવા અને ભાગવતને નમસ્કાર કરવા પ્રયત્ન કરીએ છીએ.

ભાગવતના આઠમા સ્કંધમાં પયોવ્રત દેખાડયું છે. આજે પણ કર્મકાંડી બ્રાહ્મણો જેમને પુત્ર નથી થતો તેને પ્રયોવ્રત કરવાનું કહે છે. તેની એક કર્મકાંડી પદ્ધતિ પણ છે. તેમાં અર્થ નથી એમ હું કહેતો નથી. તેમાં અર્થ પણ છે. કર્મકાંડમાં કયો જપ કરવો જોઇએ, ફાગણ મહિનામાં પ્રતિપદાથી ત્રયોદશી સુધી આ વ્રત કરવું જોઇએ, તેમાં કંઇ હવન પણ કરવું જોઇએ વગેરે બતાવ્યું છે. તેમાંથી તાત્પર્ય એ નીકળે છે કે સંયમિત જીવન, સાત્ત્વિક આહાર અને ભોગવિમુખ વિચાર - આ ત્રણ વાતો સંભાળીને દંપતી રહે ત્યારે તેમના પેટે તેજસ્વી સંતાન જન્મ લે. તે ત્રણ વાતો માટે પણ કંઇ કર્મકાંડ બતાવ્યું છે.

અદિતિએ આ પયોવ્રત કર્યું. તેણે ભગવાનને કહ્યું: ‘ભગવાન, મને પુત્ર આપવો હોય તો એવો આપો કે જે ભૌતિક જીવનમાં ફસાય નહિ’ અદિતિની નિષ્ઠા અને કશ્યપની તપશ્ચર્યાને પરિણામે વામન ભગવાન અવતર્યા. અદિતિના પેટે જે બાળકે જન્મ લીધો તેનું નામ વામન.

આ વામન નાનો હતો ત્યારે તેને વિરોચનનુંજ શિક્ષણ લેવું પડતું હતું. કારણ, તેનાથી જુદું શિક્ષણ સ્વીકારવાની સમાજની તૈયારી ન હતી અને રાજસત્તા પણ સ્વીકારવા તૈયાર ન હતી. ભણાવવાવાળાને બીજું શિક્ષણ ઉપાડવું ન હતું અને ભણવાવાળાને પણ બીજું શિક્ષણ જોઇતું ન હતું. તો હવે શું કરવું ?

વામન તો નિશ્ચિત ધ્યેય લઇને આવ્યો હતો. તેનો માર્ગ પણ જુદો હતો. વામને શું કર્યું ?

વિદ્યાર્થીઓની નાની નાની ટોળી બનાવી તેમને ફરવા લઇ જવા લાગ્યો. તેમને વામન કંઇ ભણાવતો ન હતો. લોકો પૂછતા કે ક્યાં જાઓ છો ? તો તેઓ કહેતા કે અમે ફરવા જઇએ છીએ. શિક્ષણ આપવું છે એમ કહીને શિક્ષણ ન આપવું જોઇએ, તે વૈદિક શિક્ષણપ્રણાલીનો સિદ્ધાંત છે. સવારના અગિયારથી સાંજના પાંચ વાગ્યા સુધી ભણો-આ શિક્ષણ નથી હોઇ શકતું એવી આપણી ભારતીય ધારણા છે, તેથી જ તો તપોવન પદ્ધતિનું શિક્ષણ હતું.

વિશ્વામિત્રને રામ-લક્ષ્મણને શિક્ષણ આપવું હતું, પરંતુ, રામ-લક્ષ્મણને ભણાવવા માટે મારી સાથે મોકલો એવું માગ્યું નથી. તેમણે દશરથ રાજાને કહ્યું કે યજ્ઞની રક્ષા કરવા રામ-લક્ષ્મણને મારી સાથે મોકલો. યજ્ઞનું રક્ષણ કરવા રામ-લક્ષ્મણ ગયા અને સંપૂર્ણ શિક્ષણ લઇને આવ્યા. આવી એક અલૌકિક શિક્ષણપ્રણાલી ભારતમાં હતી.

શિક્ષણ માગીને મળતું નથી. શિક્ષણ આપવાવાળાને ખબર ન પડવી જોઇએ કે મેં કંઇ આપ્યું અને શિક્ષણ લેવાવાળાને ખબર ન પડવી જોઇએ કે મેં શિક્ષણ લીધું-ત્યારે જે નિર્માણ થાય છે તેને શિક્ષણ કહે છે. તેના માટે તપોવનપદ્ધતિનું શિક્ષણ હોવું જોઇએ. સવારના ગુરુ જોડે ફરવા ગયા, તેમાં ગુરુ વાર્તા કહેતા હોય, વાતો કરતા હોય, તેમાં જ્ઞાન ક્યારે અપાયું અને ક્યારે લેવાયું તેની ખબર ન પડતાં જ્ઞાન થાય છે.

ગુરુની બાજુમાં છોકરાઓ બેઠા હોય. પ્રશ્નો પૂછતા હોય, ગુરુ જવાબ આપતા હોય. છોકરાઓ પૂછે: 'અમે અહીં વિદ્યાલયમાં શા માટે આવ્યા ?' ગુરુ કહે: 'તમે વિદ્યાલયમાં નહિ, તમારા ઘરમાં આવ્યા છો.' છોકરાઓ પૂછે: 'ઘર કોને કહેવાય ? ઘર શા માટે હોય છે ?' અને ગુરુ વાતોવાતોમાં ઘણું સમજાવતા જાય, છોકરાઓને બધું જ્ઞાન મળતું જાય.

ઘર કોને કહે છે ? રહેનારાનું રક્ષણ થવું જોઇએ તે માટે જે હોય છે તેને ઘર કહે છે. શાની રક્ષા કરવાની છે ? માનવ્યની રક્ષા કરવાની છે. માનવતા એટલે શું ? કૃતજ્ઞતા અને ભાવ. જ્યારે જ્યારે માનવ્યનું રક્ષણ નહિ થાય ત્યારે ત્યારે ઘર નહિ રહે. જે ઘરમાંથી આ વાતો ચાલી ગઇ, તે ઘર નથી **यास्तेषां स्वैरकथाः उपदेशानि भवन्ति इतराणि** આવું શિક્ષણ થાય. આ એક જુદી શિક્ષણપ્રણાલી છે. શિક્ષણ એટલે માહિતી નહિ શિક્ષણનો અર્થ છે, માનવને બદલવો. તેની વૃત્તિને, તેના જીવનને એક જુદો વળાંક આપવો જોઇએ.

રાજસત્તા સતત જાગૃત તો રહે જ છે. અને તેણે સતત જાગૃત રહેવું જ જોઇએ. તેમાં પણ રાજસત્તાએ બધી વાતો પોતાના હાથમાં રાખવી હોય ત્યારે તો બહુ જ જાગૃત રહેવું પડે છે. વામનની પછવાડે છૂપી પોલીસ પણ ફરતી હતી. તેના લીધે તેઓ શું કરે છે તે ખબર પડતી હતી. બહાર જતાં, પૂછવામાં આવતું તો છોકરાઓ કહેતા, અમે ફરવા જઇએ છીએ, રમવા જઇએ છીએ. કૃષ્ણ ભગવાને પણ તેવું જ કર્યું. ગોકુલના ગોવાળિયાઓને યમુનાના તીરે કૃષ્ણ રમવા માટે લઇ જતા હતા. રમતાં રમતાં શિક્ષણ થતું હતું. આજે આપણે તેમાંથી રમત ઉપાડી છે અને શિક્ષણ છોડયું છે. શિક્ષણને માટે રમત હતી. રમવું છે શા માટે ? શિક્ષણ થાય એટલા માટે. હવે તો રમતનું જ શિક્ષણ આપવા લાગ્યા છે. તેના માટે શિક્ષક રાખવામાં આવે છે.

રાજાની છૂપી પોલીસે બલિરાજાને કહી દીધું કે વામન ઘણા લોકોના વિચારો બદલીને તેમનું જીવન બદલાવે છે, તેમના જીવનને એક જુદો વળાંક આપે છે. બલિ કહે: 'અરે ! કયાં હું અને કયાં પેલો વામન ! તે તો એક ગરીબ, અસહાય બ્રાહ્મણ છે. તેની પાસે વિત્ત પણ નથી. તે ગરીબ, અસહાય બ્રાહ્મણનો છોકરો શું કરી શકવાનો છે ?' એનું કારણ બધી વિત્તશક્તિ રાજાની પાસે હતી. બધા ધનિક લોકો રાજાની સામે જીહજુર કરતા હતા. ધનિકો હંમેશાં રાજસત્તાની પાછળ ગુલામ થઇને દોડે છે. પછી તેઓ લોકોને ખુશ કરવા માટે પણ કંઇ કરે, ન કરે એમ નહિ, પરંતુ, તેઓ પીઠબળ રાજાને જ આપે.

વામનનો અર્થ થાય છે ઠીંગણો. આ વામન હવે મોટો થવા લાગ્યો, વધવા લાગ્યો, વ્યાપક થવા લાગ્યો. ત્યારે શુક્રાચાર્યે બલિની પાસે આવીને કહ્યું છે: 'ધ્યાનમાં રાખ. આ વામન વિષ્ણુ છે, તે વ્યાપક બને છે. તેને રોકવો જોઇએ.' આવું ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે.

શુક્રાચાર્યને એકાક્ષ કહે છે. શુક્રાચાર્ય એકાક્ષ હતા કે નહિ, તેમને શારીરિક ખોડ હતી કે નહિ, તેની મને ખબર નથી, કારણ, તે વખતે તેમનો ફોટો લીધેલો ન હતો. એકાક્ષનો અર્થ એ કે જેને એક જ દૃષ્ટિ હતી, અસુરોનું ભલું શામાં છે તે જ જોવું. તેમને બીજી કંઇ ખબર ન હતી. તેમને માનવ્યની કોઇ ચિંતા ન હતી તેથી તેમને એકાક્ષ કહેતા હતા.

ઇંગ્લંડના ચર્ચિલસાહેબ એકાક્ષ હતા. બધા રાજનીતિજ્ઞ લોકોએ એકાક્ષ જ બનવું જોઇએ. જે એકાક્ષ ન હોય તેઓ રાજનીતિજ્ઞ નથી અને રાજકારણી પણ નથી. ચર્ચિલની એક જ નજર હતી કે મારા બ્રિટનનું ભલું શામાં છે ? આખી દુનિયાનું ભલુ કરવા માટે સંતપુરુષો હોય છે. રાજકારણીને આખી દુનિયાનું ભલું કરવું હોય તો રાજસત્તા છોડી દેવી જોઇએ. ચર્ચિલને એક જ ખબર હતી કે મારા ઇંગ્લૅન્ડની પ્રજાનું હિત અને મારા ઇંગ્લંડનું રાજ્ય સારું થવું જોઇએ. આને એકાક્ષતા કહે છે. શુક્રાચાર્યની પાસે આવી એકાક્ષતા હતી.

શુક્રાચાર્યે બલિને કહ્યું: 'જે વિષ્ણુ છે (વામન) તેને ખતમ કરવો જોઇએ.'

બલિએ કહ્યું: 'વામનને ખતમ કરવો ખોટો છે. ઠેકઠેકાણે વામનનું નામ સંભળાય છે. એટલું જ નહિ, તેને પૂજવાવાળા લોકો પણ ઘણા છે. વામનના વિચારો ઉપાડેલા લોકોની સંખ્યા પણ મોટી છે, માટે તેની સાથે સુલેહ કરવી યોગ્ય છે. હું વામનની સાથે સુલેહ કરીશ.' આમાં બલિરાજામાં હિરણ્યકશિપુ, પ્રહ્લાદ અને વિરોચનના સંસ્કારોનું મિશ્રણ દેખાય છે.

શુક્રાચાર્ય કહે છે, 'વામનની સાથે સુલેહ કરવામાં તું તારું મોત જ માગે છે. આ કંઇ બહુ સારી વાત નથી.'

આ પ્રસંગનું રાજનૈતિક દૃષ્ટિથી પણ વિદ્વાનોએ વિશ્લેષણ કરવાની જરૂર છે.

બલિએ વામન સાથે સુલેહ કરવાની વાત કરી તેમાં જ તેની અને શુક્રાચાર્યની વચ્ચે મતભેદ થયો. શુક્રાચાર્યે સ્પષ્ટ કહ્યું કે વામન સાથે સુલેહ કરવાનો અર્થ એ છે કે આજ સુધી આપણે સ્વીકારેલી પ્રણાલીને ખતમ કરવી.

બલિએ કહ્યું: 'આમાં પ્રણાલી ખતમ કરવાની વાત કયાં આવી ? એવી કોઇ જરૂર નહિ પડે. આપણે ફક્ત વામન સાથે સુલેહ કરીશું. તે શું કહેવા માગે છે તે સમજી લઇશું.'

શુક્રાચાર્યને તે માન્ય ન હતું તેથી વિરોધ નોંધાવીને ચાલ્યા ગયા. ત્યારબાદ બલિએ વામન સાથે સુલેહ કરવા માટે પોતાના યજ્ઞમાં આવવાનું બહુ પ્રતિષ્ઠાપૂર્વક આમંત્રણ આપ્યું અને વામન ભગવાનને યજ્ઞમાં બોલાવ્યા પછી બલિરાજાએ તેમનું બહુ મોટું સન્માન કર્યું. બલિરાજાની આ સુજનતા હતી. આગળ કહ્યું તેમ બલિમાં હિરણ્યકશિપુ, પ્રહ્‌લાદ અને વિરોચન-આ ત્રણ પેઢીના સંસ્કારોનું મિશ્રણ દેખાય છે.

બલિએ વામનને કહ્યું: 'આપણે તો સુલેહ કરવી છે. બોલો, તમને શું જોઇએ ?'

વામને કહ્યું: 'મને તો ત્રિપદા ભૂમિ જોઇએ.'

બલિએ કહ્યું: 'લઇ લો.'

વામને તેમ કર્યું અને પછી પૂછ્યું કે હવે પગલું કયાં રાખું ? કોઇ જગા જ બાકી રહી નથી. વામન આટલો વિરાટ થઇ ગયો એવું લખ્યું છે. હજારો વર્ષ પહેલાંનું આ લખાણ છે. તેને યોગ્ય ન્યાય આપવો જોઇએ કે નહિ ? શું એક ડગલામાં પૃથ્વી ચાલી ગઇ ? તો પછી યજ્ઞ કયાં હતો ? બલિરાજા કયાં હતો ? યજ્ઞના બ્રાહ્મણ અને વામન કયાં હતા ?

વામને ત્રિપદા ભૂમિ માગી હતી. વામને બલિને કહ્યું કે પહેલાં સમાજના ત્રણ પગ ઊભા કરો. સમાજના ત્રણ પગ કયા ? પહેલો પગ બ્રાહ્મણ છે. શિક્ષણ બ્રાહ્મણના હાથમાં હોવું જોઇએ,

આ એક અજબ વાત છે કે આજના જમાનામાં એવી માગણી કરવામાં આવે છે કે શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કરો. આ વાત પણ મોટા મોટા શિક્ષણશાસ્ત્રજ્ઞો કહે છે, એનું કારણ એ છે કે સત્તાવાન અને વિત્તવાનોએ તેમને જ શિક્ષણશાસ્ત્રજ્ઞ ઠરાવ્યા છે. આજે પણ શિક્ષણનું અર્ધું રાષ્ટ્રીયકરણ થયું જ છે. એક જગાએ રાષ્ટ્રીયકરણ થયું કે બધી જગાએ શિક્ષણનું રાષ્ટ્રીયકરણ થવાનું જ.

પહેલી માગણીમાં વામને કહ્યું: 'પ્રથમ તો રાજસત્તાના હાથમાંથી શિક્ષણ કાઢી બ્રાહ્મણના હાથમાં આપી દો. શિક્ષણ સ્વતંત્ર રીતે અપાવું જોઇએ.' 'યજ્ઞ બંધ કરી દો.' વિચાર કરો કે વામન જેવા અવતાર પણ યજ્ઞ બંધ કરવાનું શા માટે કહે છે ? યજ્ઞમાં રોકાએલા બ્રાહ્મણો મોટી દક્ષિણા લે છે, પ્રસાદ ખાય છે, ધૂમાડો કાઢતા બેઠા હોય છે. તેમને બધાને બહાર કાઢો અને તેમને ગામડે ગામડે જવા દો. બે પ્રકારના બ્રાહ્મણો ઊભા કરો. શિક્ષણ આપનાર બ્રાહ્મણો અને બીજા ગામડે જઇને લોકોને આચરણ સમજાવનાર બ્રાહ્મણો-આવા બે વર્ગ ઊભા કરો. આને લીધે સમાજ ઊભો થશે. તેનામાં અસ્મિતા જાગૃત થશે.

બીજી માગણીમાં ક્ષત્રિયવર્ગને ઊભો કરવાનું કહ્યું. આજે ક્ષત્રિયો જડવાદી અને બોદા રૂપિયા જેવા બની ગયા છે. ક્ષત્રિયો ખણખણતા રૂપિયા જેવા હોવા જોઇએ. રાજસત્તામાં ઇશ્વરવાદી ક્ષત્રિયો હોવા જોઇએ. ક્ષત્રિયો સ્વતંત્ર હોવા જોઇએ અને તેમને બ્રાહ્મણો પાસેથી શિક્ષણ મળવું જોઇએ, રાજસત્તા પાસેથી નહિ. તેમાં ઇન્ડિઅન સિવિલ સર્વિસ નહિ ચાલે. રાજસત્તાએ ક્ષત્રિયોને

નિસ્તેજ બનાવી દીધા છે, અને બ્રાહ્મણોને રોટલીની પછવાડે ભિખારી બનીને દોડવાવાળા બનાવી દીધા છે. આ બન્ને વર્ગને મુક્ત કરો.

ત્રીજી માગણીમાં માગ્યું કે 'વૈશ્યોને બદલી નાખો. **विशति इति वैश्यः** આવો વૈશ્યવર્ગ ઊભો કરો. 'ધંધો' શબ્દ મિટાવી દો અને તેની જગા પર 'કર્તવ્ય' શબ્દ લાવો.'

આવી ત્રિપદા ભૂમિ વામને માગ્યા પછી બલિરાજાને લાગ્યું કે સુલેહમાં આ બધી વાતો માન્ય કરું તો મારું અસ્તિત્વ જ ખલાસ થયું. હું રહ્યો કયાં? શુક્રાચાર્ય કહેતા હતા તે સાચું હતું. મેં તેમનું માન્યું નહિ. શુક્રાચાર્યે તો કહ્યું જ હતું કે બલિરાજાની કુંડલી સારી નથી. તેનું રાજ્ય હવે ટકશે નહિ, એનું કારણ શુક્રાચાર્ય માગવાવાળા વામનને ઓળખતા હતા અને તેની શી માગણીઓ હશે તેની પણ તેમને ખબર હતી. વામનની પછવાડે કઇ શક્તિ હતી તેની પણ એમને ખબર હતી.

વામને આવી ત્રિપદા ભૂમિ માગ્યા બાદ બલિરાજા ગભરાઇ ગયો. બલિરાજાએ કહ્યું: 'તો પછી હું કયાં રહું ?

વામને કહ્યું: 'તને રહેવા માટે મેં સારી જગા શોધી રાખી છે. તે છે પાતાલ.' અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ. આપણે ચતુર્દશ ભુવનો માન્યા છે. ભુ, ભુવઃ, સ્વઃ, મહ, જન, તપ અને સત્ય-આ ઉપરના સપ્ત ભુવનો છે અને અતલ, વિતલ વગેરે નીચેના છે. પાતાલ નીચે હોય તો આજે અમેરિકા પણ નીચે છે. કદાચ અમેરિકા પાતાલ હશે.

વામને બલિને કહ્યું: 'તું શા માટે ડરે છે ? હું તને સારી રીતે ત્યાં રાખીશ. એટલું જ નહિ, તારી ચોકી હું કરીશ.' આમ વિષ્ણુ ભગવાન પોતે તેમની ચોકી કરવાનું નક્કી કર્યું. આજની ભાષામાં કહેવાનું હોય તો બલિરાજા પર વામને Preventive Detention Act-લાગુ કર્યો.

બલિરાજાને પાતાલમાં રાખ્યાપછી સમાજને સારી રીતે શ્વાસોચ્છ્વાસ લેવા મળ્યો. તે વખતે સમાજે દીપોત્સવ કર્યો. તે દીપોત્સવ આજે આપણે કરીએ છીએ. તેમાં કનક અને કાન્તા, બન્ને તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલવો પડશે એમ કહ્યું. કનકમાં સત્તા પણ આવી ગઇ અને કાન્તામાં સ્ત્રી. કનક માટે લક્ષ્મીપૂજન અને કાન્તા માટે ભાઇબીજનો દિવસ. બન્ને તરફ જોવાની દૃષ્ટિ બદલાય અને તે ભોગની ન રહે, ત્યારે દીપોત્સવી થઇ શકે, ત્યારે દિવાળી થાય.

બલિરાજાએ બીજું કંઇ ખરાબ કર્યું ન હતું. તે રાજ્ય છોડીને ચાલ્યો ગયો તેથી જ તેનો પણ દિવાળી અને ભાઇબીજ વચ્ચેનો દિવસ, એટલે બલિપ્રતિપદાનો દિવસ બલિરાજાનો રાખી દીધો. તેના લીધે બલિરાજા માટે કટુતા ન રહી. ઓગણીસસો સુડતાળીસમાં બ્રિટિશો અહીંથી સ્વેચ્છાએ સત્તા છોડીને ચાલ્યા ગયા. એક દિવસ, પંદરમી ઓગસ્ટે રાત્રે, અમે સત્તા પરથી નીચે ઊતરીશું અને તમે સત્તા હાથમાં લો એવું તેમણે શાંતિથી નક્કી કર્યું અને તે પ્રમાણે જ થયું. આપણે કટુતા ન રાખી, એટલું જ નહિ, આપણે માઉંટ બેટનને ભારતના પહેલા ગર્વનર જનરલ બનાવ્યા. આ રક્તલાંચ્છિત સિંહાસન ન હતું. હંમેશાં સિંહાસન ઉપરથી એક સત્તા હટે અને બીજી આવે તે લોહી વહેવડાવ્યા વગર આવતી નથી. લોહી વહેવડાવ્યા વગર તેમણે સત્તાની બદલી તેના લીધે

કટુતા ન થઇ. પાછા આપણે કૉમનવેલ્થના સભ્ય થયા. જે બ્રિટિશો સાથે દોઢસો વર્ષ સુધી ઝઘડયા, લડયા, તેમની કૉમનવેલ્થમાં આપણે સભ્ય રહ્યા.

બલિરાજાએ પણ કટુતા રાખી નહિ. તે ત્યાંનો રાજા તો રહ્યો જ હતો. આના જે દૂરંદેશી પરિણામો છે તે સામાન્ય માણસને ખબર નથી પડતાં. આજે સમજો કે બ્રાહ્મણ્ય ખતમ થાય છે, તો શું થશે ? થવા દો ને, એમ સામાન્ય માણસોને લાગે છે. શિક્ષણસંસ્થા રાજસત્તાના હાથમાં જવાય છે, તો જવા દો, શિક્ષકોને પગાર સારા મળશે. પરંતુ પછી શિક્ષક નોકર બની જશે, તેનું નાક નીચે થઇ જશે, તે સ્વતંત્ર શ્વાસ લેવાનું ખોઇ બેસશે, તેની ખબર સામાન્ય લોકોને પડતી નથી. નોકર કોઇ દિવસ બીજાના જીવનને વળાંક આપી ન શકે. આ પાયાની સમજણ જ્યારે સમાજમાંથી ચાલી જાય છે, ત્યારે જ તેમાં બગાડ થાય છે.

બલિરાજાનો બલિપ્રતિપ્રદાનો દિવસ દીપોત્સવમાં આવ્યો. ત્યારબાદ નરકાસુરને આસો વદ ચૌદશને દિવસે કૃષ્ણ ભગવાને માર્યો અને તેના કેદખાનામાંથી હજારો યુવાન સ્ત્રીઓને છોડાવી, તે દિવસ પણ દીપોત્સવમાં વધાર્યો. તે દિવસને નરકચતુર્દશી કહેવામાં આવે છે. બીજે દિવસે લક્ષ્મીપૂજન, ત્રીજા દિવસે બલિપ્રતિપદા, એટલે નવું વર્ષ અને ચોથા દિવસે ભાઇબીજ - મળીને ચાર દિવસનો દીપોત્સવ થયો. દીપોત્સવ માનવાવાળાએ તેની પછવાડેની વિચારધારા જીવનમાં અપનાવવી જોઇએ. તો જ દીપોત્સવ કરો. નહિ તો દિવાળીની બોણી આપીને-લઇને લોકો દિવાળી ઊજવે જ છે. દિવાળીની વિચારધારા કોણ સમજે છે ? જ્યાંસુધી સમજીને દિવાળી નહિ ઊજવીએ ત્યાંસુધી જીવનની અને સમાજની આપણે હોળી જ કરીએ છે. પ્રકાશનો અર્થ દિવાળી નથી પ્રકાશ તો હોળીમાં પણ હોય છે. દિવાળીનો અર્થ જુદો છે. નરકચતુર્દશી, લક્ષ્મીપૂજન, બલિપ્રતિપદા અને ભાઇબીજ - કનક અને કાન્તા તરફ દૃષ્ટિ બદલવાને માટે એક એક દિવસ આપવાની જરૂર હતી. સ્ત્રીઓએ જ આ બધું કર્યું છે. તેની પછવાડે અદિતિ જ હતી, આખો સ્ત્રીવર્ગ હતો. આજથી સ્ત્રી તરફ જોવાનો દૃષ્ટિકોણ જુદો હોવો જોઇએ. ભોગવાદી દૃષ્ટિકોણ ન રહેવો જોઇએ, એ નક્કી કર્યું. દીપોત્સવની પછવાડે આવી વિચારધારા છે, જીવનશ્રેણી છે.

આજે પણ દિવાળી તો ઊજવાય જ છે. ફટાકડા ફોડીએ છીએ. વેપારી લોકો દિવાળી સંભાળે છે, કારણ કે પ્રતિપદાને દિવસે નવું વર્ષ બેસે છે, પરંતુ, આ દિવાળીમાં પ્રાણ નથી, ચૈતન્ય નથી. આપણે દિવાળીને પ્રાણહીન, ચૈતન્યહીન અને નિરુત્સાહથી ભરેલી બનાવી દીધી છે.

આજે વામન અવતારનો દિવસ છે અને આજે જ વામન ભગવાનનું વર્ણન કરવાનો અને તેમને નમસ્કાર કરવાનો મોકો મને મળ્યો. આને લીધે નિશ્ચિત થાય છે કે આ સંસ્થા-પાઠશાળા ચલાવવાવાળા ભગવાન છે. કોઇ વ્યક્તિની આ સંસ્થા નથી, કોઇ વ્યક્તિનું આ કાર્ય નથી. આ કાર્ય ભગવાનનું છે એમ સમજીને કરીશું ત્યારે આપણો ઉદ્ધાર થશે. વામન અવતારને નમસ્કાર કરું છું.

આ અષ્ટમ સ્કંધમાં સમુદ્રમંથન અને બલિરાજા-વામન અવતાર આ બે મહત્ત્વની વાતો છે.

ત્યારબાદ, આઠમા સ્કંધમાં મત્સ્યાવતારની કથા આવે છે. મત્સ્યાવતારે, સત્યવ્રત મનુને, સાર્વત્રિક પ્રલય થવાનો છે તેની સૂચના આપીને, તેમાંથી બચાવ્યો. મને આશ્ચર્ય લાગે છે કે આ

સાર્વત્રિક પ્રલયની વાત ઘણા ધર્મોના પુરાણમાં આવે છે. તે ફક્ત આપણા ધર્મના પુરાણમાં જ છે એવું નથી. ઇસાઇઓના પુરાણમાં પણ નોહાને ભગવાને નૌકા આપીને મહાન સાર્વત્રિક પ્રલયમાંથી બચાવ્યો એવી કથા આવે છે. તેવી જ રીતે મત્સ્યાવતારે સત્યવ્રત મનુને બચાવ્યો એવી કથા ભાગવતમાં છે. આખા વિશ્વના ખૂણેખૂણામાં એક જ કથા પ્રચલિત થઇ ગઇ હોય એવું લાગે છે.

આદિકાળમાં, મત્સ્યાવતારે મનુને સંભાળ્યો એવી કથા છે, તેવી બીજી પણ એક કથા છે. હયગ્રીવ નામનો એક અસુર રાજા છે. તે વેદો ચોરી જાય છે. તે વખતે મત્સ્યાવતાર તેની પાસેથી વેદો પાછા મેળવી આપે છે એવી કથા છે.

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે વેદોને ચોરીને લઇ ગયા તેનો અર્થ શું થાય છે ? શું તે હયગ્રીવ રાજા વૈદિક ગ્રંથો ચોરી લઇ ગયો ? વેદો ચોરીને લઇ ગયા એનો અર્થ વેદવિદ્યા ચોરીને લઇ ગયા એવો હોય તો બીજો પ્રશ્ન ઊભો થાય છે કે એક વખત કોઇના મગજમાંથી એકાદ વિદ્યા ગઇ તો તે પાછી કેવી રીતે લાવી શકાય ? તેથી આ આખી કથા રૂપકાત્મક છે. તેનો અભ્યાસ કરવો જોઇએ.

આર્યોની વેદવિદ્યા હયગ્રીવ રાજા ચોરીને લઇ ગયો તેનો અર્થ એ કે વેદોમાં ભૌતિક જીવનદર્શન છે અને ભૌતિક જીવનવિકાસ છે, તેટલું જ અસુરોએ ઉપાડયું. આ વેદો પર કરેલો અન્યાય છે. સમજો કે કોઇને એકાદ પુસ્તકમાંથી એકાદ પ્રકરણ અનુકૂળ આવે. અને તેજ તેઓ ઉપાડે, તો તે પુસ્તકને અન્યાય થાય. પુસ્તક ઉપાડવું હોય, સ્વીકારવું હોય તો આખું ઉપાડવું જોઇએ. એકાદ પ્રકરણ ઉપાડીને ચાલે નહિ. આવી રીતે, વેદોમાં તેમણે ઉપાડેલો ભૌતિક વિચાર જ છે એમ તે લોકોએ કહ્યું. આવું કરીને તેમણે વેદોની મહત્તા જ ખતમ કરી નાખી.

તે સમયથી વેદોનો દુરુપયોગ ન થાય તે માટે વેદોનું અધ્યયન કોણ કરી શકે, તેના સંબંધમાં નિશ્ચિત કાયદા બનાવવામાં આવ્યા. કોઇ પણ વ્યક્તિ તે કાયદા મુજબ જ વેદોનો અભ્યાસ કરવાનો અધિકાર મેળવી શકે. જે અનધિકારી છે તે વેદવિદ્યાનો અભ્યાસ ન કરે. અધિકારી માણસ જો વેદોનો અભ્યાસ કરે તો તેનો સદુપયોગ થાય.

આઠમા સ્કંધમાં મત્સ્યાવતાર આવે છે તેના માટે પણ બે માન્યતા છે. તેમાં પ્રથમ, સત્યવ્રત મનુ તપશ્ચર્યા કરતા હતા તે વખતે તેમની પાસે એક માછલી આવી. તે માછલીને મનુએ સાંભળી અને તેને એક નાના વાસણમાં રાખી દીધી. થોડા જ દહાડામાં તે માછલી મોટી થઇ. તો મનુએ તેને મોટા વાસણમાં રાખી. ત્યાં પણ તે મોટી થઇ તો કૂવામાં રાખી. કૂવામાં તે સમાઇ ન શકે એટલી મોટી થઇ તો મનુએ તેને સરોવરમાં રાખી. છેવટે, સરોવરમાંથી તે મોટી થયેલી માછલીને મનુએ સમુદ્રમાં રાખી.

માછલીના આશ્રયદાતા મનુ હતા તેથી માછલીએ તેમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવી. આપણે 'મનુષ્ય' શબ્દ બોલીએ છીએ પરંતુ, તે શબ્દ ઉત્પન્ન કેવી રીતે થયો તે જોવું જોઇએ. **मनोरजाता मनोरपत्यं मनुष्यः** - આવું પાણિનિના વ્યાકરણમાં લખ્યું છે. હું મનુનું સંતાન છું એવું માન્ય કરે

તેને જ મનુષ્ય શબ્દ લગાડી શકાય. જ્યારે પ્રલય થયો ત્યારે મનુની નૌકા ડૂબતી હતી. પોતાના આશ્રયદાતા મનુની નૌકા ડૂબે છે તે જોઇને માછલીએ પોતાની પીઠ પર નૌકાને ટેકાવી તેને બચાવી એવી એક કથા છે.

મત્સ્યપુરાણમાં બીજી પણ એક કથા આવે છે. તેમાં કહે છે કે હયગ્રીવ રાજાએ વેદોને ડુબાડયા. ત્યારે મત્સ્યાવતારે વેદોને પાછા મેળવી આપીને સત્યવ્રત મનુને રાજ્યપદ પર બેસાડયો અને તેના હાથમાં વેદવિદ્યા આપી દીધી.

વેદવિદ્યાને હયગ્રીવે ડુબાડી એમ કહે છે. આજે આપણે પણ વેદવિદ્યાને ડુબાડીને જ બેઠા છીએ. 'બધું ખોટું છે, જગત દુઃખમય છે'-આવું બોલો એટલે અધ્યાત્મ-આવો વિચાર આજે આવી ગયો છે. આપણે ત્યાં હવે વૈદિક અધ્યાત્મ રહ્યો નથી એ દુઃખની વાત છે. નીતિશાસ્ત્ર અધ્યાત્મમાં આવે છે. બધાની સાથે સારો વર્તાવ કરો એ નીતિશાસ્ત્રમાં જ આવે છે. નીતિશાસ્ત્રના કાયદાઓ પણ નિશ્ચિત નથી હોતા. જુદા જુદા કાળમાં જુદી જુદી નીતિ આવી જાય છે તેથી નીતિ કહેવાવાળામાં ફરક આવી જાય છે, એનું કારણ તે નીતિનો પાયો નિશ્ચિત નથી. જ્યારે વેદના પાયા પર નીતિશાસ્ત્ર ઊભું રહેશે ત્યારે જ બરાબર થશે. તેવું જ હયગ્રીવ રાજાના સમયમાં થયું હશે. તે લોકોએ વેદોની ઉપેક્ષા કરી એ પહેલી વાત છે. વેદોનો વિપરીત અર્થ કર્યો તે બીજી વાત છે અને કાયદો બનાવીને વેદોને બાળી નાખ્યા આ ત્રીજી વાત છે; આવું કામ હયગ્રીવ રાજાએ કર્યું હતું.

આ બે કથાઓ મત્સ્યાવતારની આવે છે. પચીસ હજાર વર્ષ પહેલાંના હિમપુરુષના યુગમાં ભારતની ભૂગોળ જોશો તો ભારતના બે ભાગ હતા. ઉપર વિંધ્ય પર્વત હતો અને નીચે સમુદ્ર હતો. ભારતનું વર્ણન કરતી વખતે **मध्ये च विंध्यहिमाचलौ**- એવું વર્ણન આવે છે. હિમાચલ પર્વત અને વિંધ્ય પર્વતની મધ્યનો ભૂમિનો ભાગ, તેને ભારત-આર્યાવર્ત કહેવાતો.

નીચે જે દરિયાનો ભાગ હતો ત્યાં દરિયામાં, નૌકામાં જ ફરવાવાળા, જીવનનો મોટો ભાગ નૌકામાં જ વ્યતીત કરવાવાળા, તરવામાં નિષ્ણાત, નિપુણ લોકો હતા તેમને 'મત્સ્ય' કહેવામાં આવતા હતા. અઢારમી અને ઓગણીસમી સદીનો ઈતિહાસ વાંચશો તો, ભારતમાં જે ફ્રેંચ અને અંગ્રેજ લોકો દરિયામાર્ગે આવ્યા હતા, તેમને 'જલચર' તરીકે ગણાવ્યા છે. હમણાં કાશ્મીરમાં ઈતિહાસનો પ્રાચીન ગ્રંથ મળ્યો છે, તેમાં તેમનો 'જલચર' તરીકે ઉલ્લેખ છે. દરિયામાં ફરવાવાળા, નૌકામાં રહેવાવાળા, તરવામાં નિપુણ, એવા લોકોને જલચર કહ્યા છે. ફ્રેંચ અને અંગ્રેજો દરિયામાર્ગે આવ્યા હતા તેથી તેમને 'જલચર' કહ્યા હશે.

હિમાચલની પશ્ચિમ દિશાએ કાંગડા જિલ્લો છે. કાંગડા જિલ્લાના કુલ્લુ-મનાલી વિભાગમાં મનાલીમાં મનુનો આશ્રમ હતો. તે સ્થળને આજે પણ મનાલી કહે છે. તે કાળે ઉત્તર ભારતમાં મનુનો આશ્રમ બહુ જ માન્ય હતો. મનુએ બધાને જીવન સંપદા, વિચાર સંપદા આપીને જીવનમાં જોશ, આનંદ અને ભાવ નિર્માણ કર્યા, એટલે એનો જ અર્થ મનુએ માણસને ગૃહસ્થી બનાવ્યો.

ચાર દિવાલોની વચ્ચે-ઘર બાંધીને રહ્યો એટલે ગૃહસ્થી થયો એમ નથી. સહકાર્ય, પ્રેમ અને ભાવ-આ ત્રણ વાતો બીજાને માટે નિર્માણ થાય, ત્યારે જ તેને કુટુંબ કહેવાય. જ્યારે માણસ

આત્મલક્ષી બની જાય ત્યારે કુટુંબ ખલાસ થઇ જાય. આજની સમસ્યા જ આ છે. આજે ઘર ખતમ થયું છે. આપણે જુદી જુદી સોસાયટીઓ ઊભી કરીને ઘર બાંધીએ છીએ, પરંતુ, તેમાં ઘર જ રહ્યું નથી. ચાર દિવાલ એટલે ઘર નથી. ચાર દિવાલનો અર્થ જો ઘર હોય તો ગાય, ભેંસ પણ તબેલામાં જ રહે છે, તે કંઇ ઘર નથી કહેવાતું. ઘરમાં સહકાર્ય, પ્રેમ અને ભાવ-આ અતિરિક્ત મૂલ્ય હોવાં જોઇએ, તે જ્યાં ન હોય તેને ઘર ન કહેવાય. જો બીજા તરફ જોવાની ભાવની દૃષ્ટિ ન હોય, 'હું અને મારું'. આટલું જ જોવાતું હોય, પતિ-પત્નિ પણ પોતાનું જ જોવા લાગે તો શું થાય ? તેમને પ્રત્યેકને સારું લાગે ત્યાંસુધી સાથે રહે અને સારું ન લાગે ત્યારે છૂટા પડી જાય.

મારે બીજા માટે પણ જીવવું છે-આ સહકાર્ય, આવો ભાવ, આવો પ્રેમ ઊભો થતો ન હોય તો તે ઘર નથી. મનુએ પ્રથમ મનુષ્યને ગૃહસ્થી બનાવ્યો અને જીવનનો અર્થ સમજાવ્યો કે તારે બીજાને માટે જીવવાનું છે. બીજાને માટે જીવવાનો પાઠ જો પાકો કરવાનો હોય તો તે ચાર દિવાલોની વચ્ચે સાથે રહીને જ થાય. તો જ તેને ઘર કહેવાય. મનુએ આ બધી વ્યવસ્થા કરી, તેથી જ આપણે પોતાને મનુષ્ય સમજીએ છીએ, ગણાવીએ છીએ.

મનુએ સમજાવ્યું કે જે 'હું અને મારું' એટલું જ જુએ છે, તેનું જીવન પશુ જેવું છે. સમજો કે એક ઘરમાં-ચાર દિવાલોની વચ્ચે, પતિ પત્ની અને છોકરાઓ રહે છે, તેમાં પતિ પોતાનું જ સુખ, પત્ની પોતાનું સુખ અને છોકરાઓ પણ પોતાનું જ સુખ જોતા હોય, તો તે ઘર નથી. તે પશુજીવન છે, આત્મલક્ષી જીવન છે. માનવસંસ્કૃતિનો પાયો કોણે બાંધ્યો ? મનુએ માનવસંસ્કૃતિનો પાયો બાંધ્યો છે.

આજે પણ મનુના આશ્રમની જગા ત્યાંના લોકો દેખાડે છે, પરંતુ, કોઇને વૈદિક વિચાર, વૈદિક જીવનની કલ્પના પણ નથી. ઘરડા થયા પછી કંઇક તત્ત્વજ્ઞાન સાંભળવાનું. 'જગતમાં કંઇ છે નહિ, જગત ખોટું છે' એવું જે કહે તે તત્ત્વજ્ઞાની ! મૂળ વૈદિક વિચારધારા જ ચાલી ગઇ છે.

મનાલીમાં પોતાના આશ્રમમાં રહીને મનુએ માનવમાં જોશ ભર્યો, ઉત્સાહ પૂર્યો, આનંદ ભર્યો અને તેના જીવનમાં ભાવ ઊભો કર્યો. તે જ વખતે દક્ષિણમાં ચાર જાતો, માનવસમૂહો, પ્રભાવી હતા. તે એટલે નાગ, વાનર, ઋક્ષ (રીંછ) અને અસુર. આ અસુરો બહુ ભણેલા-ગણેલા, શૂર અને કર્તૃત્વવાન હતા, પરંતુ, તેઓ આત્મલક્ષી (Egocentric) હતા. **असुषु रमन्ते इति असुराः** - પ્રાણોમાં જ રમવાવાળા તે અસુર. 'હું અને મારું' જોવાવાળા એ લોકો હતા. શહેરી સંસ્કૃતિ આવ્યા બાદ આવું થાય જ છે. ગાંધીજીએ કહ્યું હતું કે શહેરો ભાંગી જશે તો મને વ્યથા નહિ થાય. તેનું આ જ કારણ છે કે તેમાં માનવ આત્મલક્ષી બની જાય છે. શહેરો ભાંગી નાખવા માટે ગાંધીજીએ હિમાયત કરી હતી એવો તેનો અર્થ નથી. તેમનો શહેરી સંસ્કૃતિ-આત્મલક્ષી સંસ્કૃતિ સામે વિરોધ હતો. શહેરમાં નીતિમૂલ્યો રહેવાં જોઇએ તે રહેતાં નથી.

મુંબઇમાં, જૂનાકાળમાં લોકો ચાલી પદ્ધતિમાં રહેતા હતા. તેમાં જુદી જુદી જાતના, સ્તરના લોકો સાથે રહેતા હતા. હવે તો આપણી બ્લોકની સંસ્કૃતિ આવી ગઇ છે. પ્રત્યેક કુટુંબનો બ્લોક જુદો. હું પહેલી વખત જ્યારે બ્લોકમાં રહેવા ગયો અને બારણું બંધ કર્યું ત્યારે મને લાગ્યું કે હું જગતથી જુદો થઇ ગયો. મારો વિશ્વમાં કોઇ સાથે સંબંધ રહ્યો નહિ. હું એકલો જ છું. હવે

તો બ્લોકમાં પણ પ્રત્યેકનો ઓરડો જુદો અને પ્રત્યેકનું જીવન જુદું, એટલે કે એક જ કુટુંબના લોકોમાં પણ એકવાક્યતા નહિ. બીજાને માટે મારે કંઇ કરવાનું છે આવી સમજ જ ખલાસ થઇ ગઇ. ઊલટું, બીજો મારા માટે કેટલો ઉપયોગી છે ? તે જ જોવાનું. ઉપયોગી હોય તો ઠીક છે, નહિ તો તેને આઘો કરો.

અસુરલોકોનું જીવન આવું ભૌતિકવાદી હતું. પાછા તે લોકો સુધરેલા ગણાતા. તેઓ શક્તિશાળી હતા. તેમનો દરિયાપાર, આફ્રિકા સુધી વેપાર ચાલતો હતો. પચીસ હજાર વર્ષ પહેલાંની આ વાત છે. તે કાળે જુદા જુદા બેટો ઉપર આ અસુરલોકો રહેતા હતા. વૈદિક સંસ્કૃતિની આંતરિક વિકાસની વાત અને મૃત્યુ બાદ જીવન (Life after death) ની વિચારધારા તેમને સ્વીકાર્ય ન હતી. વૈદિક સંસ્કૃતિનું ભૌતિક જીવન જ તેમને માન્ય હતું.

ત્યારબાદ, આ અસુરોની વસતિ વધવા લાગી. તેના પરિણામે મત્સ્ય, નાગ, વાનર, ઋક્ષ વગેરે અલગ અલગ જાતિઓની વસાહતો ઉપર તેઓ આક્રમણ કરવા લાગ્યા. અસુરો પ્રભાવી હતા. શક્તિશાળી હતા, બુદ્ધિશાળી પણ હતા. પરિણામે આ વસાહતોને ત્યાંથી નીકળી જવું પડયું. અસુરોએ જ્યારે મત્સ્યના સમૂહને ત્યાંથી હટાવ્યો ત્યારે તેમાંથી એક મત્સ્ય દરિયાપાર કરી ઉત્તરમાં મનુના આશ્રમ સુધી પહોંચી ગયો. મનુના આશ્રમમાં તેનો સ્વીકાર થયો. આજ સુધી પ્રગતિશીલ લોકો અપ્રગતિશીલ લોકોનો સ્વીકાર નહોતા કરતા. મત્સ્યે આવું જ અત્યારસુધી જોયું હતું, પરંતુ, મનુના આશ્રમમાં તેનો સ્વીકાર થયો, તેનું સ્વાગત થયું ત્યારે તેને નવાઇ લાગી. તેણે ત્યાંના લોકોને પૂછયું: 'શું અમને મનુના આશ્રમમાં સ્થાન છે ?

સ્થાનિક લોકોએ જવાબ આપ્યો: 'શા માટે નહિ ? તમે માનવ છો.' 'તમે અભણ હશો, અસ્વચ્છ હશો, અસંસ્કૃત હશો પરંતુ, તમે માનવ જરૂર છો, તેથી તમને મનુના આશ્રમમાં સ્થાન છે જ.' વૈદિક સંસ્કૃતિની આ જ વિશિષ્ટતા છે. આ જોઇને મત્સ્યને ખૂબ આનંદ થયો. જ્યારે એક મત્સ્યનો ત્યાં સ્વીકાર થયો તે જોઇને તે સમૂહના બીજા માનવો પણ મનુના આશ્રમમાં આવ્યા. આવું તો થાય જ છે. આજે જગતમાં તે જ સમસ્યા છે. બીજા દેશના, બહારના લોકો ઘૂસી આવે છે. જ્યાં સારી રીતે રહેવા મળે, જ્યાં સુવિધાઓ મળે, શાંતિ મળે, ત્યાં લોકો રહેવા જાય છે. પરદેશના લોકો કાયમ વસવાટ કરે છે ત્યારે તેની સમસ્યા ઘણા દેશોમાં ઊભી થાય છે.

મત્સ્યસમૂહના લોકો જ્યારે મનુના આશ્રમમાં આવ્યા ત્યારે તેમને મનુએ જીવન કેમ જીવવું તે શીખવ્યું. ત્યાંસુધી તેમને એમ જ લાગતું હતું કે લડવું, ઝઘડવું, ખાવું-એનાં કરતાં બીજું કંઇ જીવન જ નથી. ખાવાનું મેળવવા લડવું, મળેલું સંભાળવા ઝઘડવું, તેમાં જ જીવન પૂરું થતું હતું. તેના કરતાં એક જુદું જીવન મનુના આશ્રમના લોકોએ તેમને દેખાડયું ત્યારે તેમને ખૂબ આનંદ થયો; પરંતુ, સમુદ્રના કિનારે રહેવાવાળા આ લોકોને ઉત્તર ભારતની જુદી જ આબોહવામાં રહેવું મુશ્કેલ લાગ્યું. હવામાન અનુકૂળ નહિ આવ્યું હોય. તે વખતે તેમણે મનુની પરવાનગી લીધી અને પાછા પોતાના વિસ્તારમાં જવા લાગ્યા. જતી વખતે તેમણે મનુને કહ્યું, 'તમે અમારા પર ઉપકાર કર્યો છે. તમે અમને માનવ જીવન કેમ જીવવું તે શીખવ્યું છે. તમારો ઉપકાર અમે ભૂલીશું નહિ. ભવિષ્યમાં જ્યારે ક્યારેય તમારા આશ્રમ ઉપર વિપત્તિ આવશે ત્યારે અમે તમારી જોડે ઊભા

રહીશું અને બચાવ કરીશું.' આવું કહીને આ મત્સ્યસમૂહ પાછો દક્ષિણમાં આવી ગયો.

દક્ષિણમાં અસુરસમૂહ પ્રભાવી, શક્તિશાળી થયો હતો. તે લોકોએ વેદોનો ઉપહાસ કર્યો, વેદોની ઉપેક્ષા કરવા લાગ્યા. એટલું જ નહિ, તેમણે એવા કાયદા બનાવ્યા કે સૃષ્ટિકર્તાને માનવો એ પુરુષાર્થહીનતા છે: **अग्निहोत्रं त्रयो वेदास्त्रिदण्डं भस्मगुण्ठनम् । बुद्धिपौरुषहीनानां जीविका धातृनिर्मिता ॥** જેની પાસે બુદ્ધિ નથી, જેની પાસે પૌરુષ નથી, એવા લોકો સૃષ્ટિકર્તાની ભાષા બોલે છે અને તે દ્વારા પોતાનું ઉદરભરણ કરે છે. આવી આકર્ષક વાણી આ લોકો બોલવા લાગ્યા. તે જ વખતે મનુના આશ્રમમાં રહીને ત્યાંનું પ્રભાવી જીવન જોઇને, જીવીને કેટલો આનંદ મળે છે તે માણીને, જેમની બુદ્ધિમાં જોશ નિર્માણ થયું હતું એવા મત્સ્યલોકો આવ્યા. તેઓ અકિંચન હતા અને ઓછા પૈસાવાળા હતા. તેમની સામે અસુરો પ્રભાવી હતા, શક્તિશાળી હતા. તેઓ દિનરાત વેદોનો ઉપહાસ કરતા હતા અને ઉપેક્ષા કરતા હતા.

મનુના આશ્રમમાં જઇ આવેલા મત્સ્યોનો જે પ્રમુખ હતો તેણે બધાની સાથે મળીને આ અસુરોની સામે બળવો કર્યો. અસુરોને હરાવીને દ્રવિડેશ્વર દેવવ્રતને રાજગાદી પર બેસાડયો અને ખૂણે ખૂણે જઇને તેમણે ત્યાંના લોકોને જીવન સમજાવ્યું અને સંસ્કૃતિનો પ્રચાર કર્યો. તે જ સમયે, ઉત્તર ભારતમાં મહાન પ્રલય આવ્યો. જેમણે આટલું પાણી જોયું નથી તેમને પાણીમાં રહેવાનો પ્રસંગ આવ્યો.

આજે પણ એવા ઘણા લોકો ભારતના મધ્ય ભાગમાં રહે છે જેમણે સમુદ્ર જોયો જ નથી. તેઓ સમુદ્ર કેવો હોય ? એવું પૂછે છે. આપણે મુંબઇ શહેરમાં સમુદ્રની નજીક રહીએ છીએ તેથી તેમનો પ્રશ્ન સાંભળીને આપણને આશ્ચર્ય થાય છે.

ઉત્તર ભારતમાં જ્યારે મહાન પ્રલય આવ્યો ત્યારે દિનરાત પાણીમાં રહેવાવાળો જે મત્સ્યસમૂહ હતો, તે સમૂહ ત્યાં પહોંચી ગયો અને મનુ અને મનુના આશ્રમના લોકોને સંભાળ્યા, બચાવ્યા. આ મત્સ્યાવતારનું રહસ્ય છે.

મત્સ્યાવતાર પણ એક સાંસ્કૃતિક સંઘર્ષ છે, સાંસ્કૃતિક પુનરુત્થાન Renaissance છે. હંમેશાં, સમાજમાં ભગવાન સુધી લઇ જવાવાળી માનવ્યની સંસ્કૃતિની વિરુદ્ધ લોકો ઊભા થાય છે. તે સંસ્કૃતિને અનુકૂળ અને વિરુદ્ધ રહેવાવાળા લોકોનો ઝઘડો થાય છે. તેને જ કહે છે દેવ અને અસુરનો ઝઘડો. ગીતામાં **दैवआसुर एव च** - કહીને બે જ પ્રકારના માનવ દેખાડયા છે. મત્સ્યાવતારની આવી કથા સાથે આઠમો સ્કંધ પૂરો થાય છે.

આઠમા સ્કંધમાં સમુદ્રમંથનની કથા, કૂર્માવતારની કથા, મત્સ્યાવતારની કથા, આ બધું વાંચ્યા પછી એમ લાગે છે કે આખો આઠમો સ્કંધ વ્યાવહારિક દૃષ્ટિ આપવાવાળો સ્કંધ છે. વ્યાવહારિક દૃષ્ટિએ, વ્યવહારમાં કોઇ સિદ્ધાંતને સંભાળવો હોય, કોઇ તત્ત્વ ઊભું કરવું હોય, કોઇ તત્ત્વને સમાજના છેલ્લા માનવ સુધી પહોંચાડવું હોય તો શું કરવું જોઇએ તે આ સ્કંધમાં સમજાવ્યું છે. આ સ્કંધને હું વ્યાવહારિક અને સાંસ્કૃતિક સ્કંધ કહીશ. જેમ ગીતામાં બધા અધ્યાયોનાં જુદાં જુદાં નામો છે તેમ આઠમા સ્કંધને વ્યાવહારિક અને સાંસ્કૃતિક સ્કંધ કહી શકાય.

મત્સ્યાવતારની બાબતમાં ઘણું બોલવા જેવું છે પરંતુ, 'દશાવતાર' ઉપરના પુસ્તકમાં તે વાંચવા મળશે. મત્સ્યાવતારનો અભ્યાસ કરશો તો ભારતનો વિકાસ કેવી રીતે થયો અને મનુ જેવા મહાપુરુષે આટલા મોટા સમૂહને કેળવણી આપીને, આત્મીયતા દેખાડીને, તેમને એક વિશિષ્ટ સંસ્કૃતિ આપીને કેવી રીતે દક્ષિણમાં મોકલ્યા તેની ખબર પડશે. તે ખબર પડશે તો તમને મનાલી જઇને મનુનો આશ્રમ જોવા જવાની ઇચ્છા થશે. આજે લોકો મનાલીમાં વાયુસેવન કરવા માટે જાય છે. કુલ્લુ-મનાલીમાં રાજકારણી લોકો જતા હતા તેથી પણ આજે કેટલાક લોકો ત્યાં જાય છે, પરંતુ, મનાલીમાં એક વૈશ્વિક સંસ્કૃતિ ઊભી થઇ હતી તે આઠમા સ્કંધના અભ્યાસથી જાણવા મળે છે.



।नवमः स्कंधः।

નવમાં સ્કંધમાં સૂર્યવંશ અને ચંદ્રવંશની ઉત્પત્તિ અને વિસ્તારની કથા છે. તેના વિષે જુદી જુદી કથાઓ છે. તેનો આપણે અભ્યાસ કરીએ તો સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સંસ્મરણીય વાતો જોવા મળશે. આજે પણ સમાજની પુનર્રચના, અને પુનર્નિર્માણની વાતો ચાલે છે, તો આ નવમો સ્કંધ વાંચીને આ કાળમાં પણ કંઇ પ્રકાશ મળશે. આપણા પૂર્વજો તે કાળે પણ કેટલા ઉદાર વિચારવાળા હતા તે સમજાશે.

આજે અમે 'લકીરકે ફકિર' બની ગયા છીએ, તેના લીધે સામાજીક જીવનમાં કચરો ઘૂસી ગયો છે. જુના કાળમાં ઉદાર દૃષ્ટિકોણ માટે કઇ દૃષ્ટિ રાખતા હતા તે આ વાંચીને ખબર પડશે. તેથી આ સ્કંધનું અતિરિક્ત મહત્ત્વ છે.

આજની ભાષામાં બોલવું હોય તો આ ચંદ્રવંશી અને સૂર્યવંશી લોકો સુધારણાવાદી (reformer) હતા. તે કાળની વિચારધારા આજે પણ અત્યંત ઉપયોગી થાય એવી છે. તેની કથા અદ્‌ભુત છે. શાસ્ત્રોના બધા અભ્યાસુઓએ આ કથાનો અભ્યાસ કરવા જેવો છે. હમણાં આપણો તે વિષય નથી.

કથામાં પ્રથમ મનુ અને તેની પત્ની શ્રદ્ધાનો સંસાર દેખાડ્યો છે. તેમને અપત્ય (સંતાન) જોઇએ છે. તે માટે તેઓ યજ્ઞ કરે છે, પરંતુ, બન્ને જણ જુદી જુદી કામના રાખીને યજ્ઞ કરે છે. મનુને પુત્ર જોઇએ છે અને શ્રદ્ધાને પુત્રી જોઇએ છે. તેના લીધે યજ્ઞમાં એક સમસ્યા ઊભી થાય છે. આપણને યજ્ઞ કરવો એટલે શું તેની જ ખબર નથી. આપણને એટલી જ ખબર છે કે યજ્ઞ કરવો એટલે એક મંડપ બાંધવો, બ્રાહ્મણોને બોલાવવા અને યજ્ઞ કરાવીને તેમને દક્ષિણા આપવી. આટલામાં આપણો યજ્ઞ પૂરો થાય છે.

યજ્ઞમાં એક માનસિક પ્રક્રિયા છે. કઇ ભાવના રાખીને યજ્ઞ કરીએ છીએ તે મહત્ત્વનું છે. સમજો કે પતિ-પત્ની જુદી જુદી ભાવના રાખીને સત્યનારાયણની પૂજા કરે તો તેનું ફળ પણ ભગવાને જુદું જુદું આપવું પડે. તેમાં બેમાંથી જેનો ભાવ પ્રભાવી હોય તેવું ફળ મળે.

મનુને પુત્ર અને શ્રદ્ધાને પુત્રી જોઇતી હતી. સમસ્યા ઊભી થઇ. યજ્ઞ થઇ ગયા બાદ શ્રદ્ધાને પુત્રી થઇ. કન્યા જન્મી તેથી મનુ ક્રોધિત થયા અને પુરોહિતોને પૂછ્યું કે યજ્ઞ શા માટે કર્યો હતો અને ફળ શું મળ્યું? છેવટે તપાસ કરતાં ખબર પડી કે શ્રદ્ધાની ભાવના પ્રભાવી હતી તેથી તેમને ત્યાં પુત્રી જન્મી. તેનું નામ તેણે ઈલા રાખ્યું.

મનુને લાગ્યું કે આ ન ચાલે. બ્રાહ્મણોમાં પણ જુદાં જુદાં ભૌતિકશાસ્ત્રોનો અભ્યાસ કરવાવાળા બ્રાહ્મણો હતા. તે બ્રાહ્મણોએ કહ્યું, ‘ઠીક છે. બધું બરાબર થઇ જશે.’ ત્યાર બાદ બ્રાહ્મણોએ તે કન્યાની જાતિ (Sex) બદલાવી નાખી એવું ભાગવતમાં વર્ણન છે. ઈલા પુરુષ બની ગઇ.

હવે તેમણે જાતિ કેવી રીતે બદલાવી નાખી તે શરીરશાસ્ત્ર જાણવાવાળાનો વિષય છે, મારો નથી. પરંતુ, જાતિ બદલી શકાય છે એવી વિદ્યા તે કાળમાં હતી. આજે પણ આ શાસ્ત્રમાં આટલો વિકાસ થયો નથી, ત્યાં સુધી આપણે પોતાને સુધરેલા માનવાનું કારણ નથી.

દસ લોકો સાથે મળીને યજ્ઞ કરે તો તેમની ભાવના એક જ હોવી જોઇએ. પતિ-પત્નીએ જે સત્કર્મ કર્યું તેમાં તેમની બન્નેની ભાવના જુદી હોય તો તેનું ધાર્યુ પરિણામ ન પણ આવે. પરસ્પરવિરોધી ભાવના હોય તો શું થાય? જેની ભાવના પ્રભાવી હોય તે અનુસારનું ફળ મળે.

ઈલાની જાતિ (Sex) બદલાવી દીધી, એટલું જ નહિ, તેમાં જે લખેલું છે તે વાંચવા જેવું છે. જાતિ બદલાવ્યા પછી પણ ઝઘડો થયો. ઈલાનું નામ સુદ્યુમ્ન થયું. સુદ્યુમ્ન છોકરાનું નામ છે અને ઈલા છોકરીનું નામ છે. આજે કદાચ લોકો જાતિ બદલશે પરંતુ, તે કાળે લોકો કેટલા આગળ વધ્યા હશે તે જુઓ. સુદ્યુમ્ન એક મહિનો પુરુષ રહે અને એક મહિનો સ્ત્રી–ઈલા રહે એવું તેમણે કર્યું. આ કયું શાસ્ત્ર હશે? જાતિ બદલી શકાય ત્યાં સુધીની વાત સમજાય તેવી છે. ત્યાં સુધી તર્ક પણ ચાલે છે, પરંતુ અહીં એવું નથી. એક જ જીવ એક મહિનો સુદ્યુમ્ન રહે છે અને બીજે મહિને ઈલા બને છે! આ કેટલો વિકાસ હશે!

પરિણામ એ આવ્યું કે સુદ્યુમ્નને આ વાત અત્યંત લજ્જાસ્પદ લાગી. તે ઇચ્છા મુજબ સ્ત્રી કે પુરુષ બની શકે એમ ન હતું. તે એક મહિનો પુરુષ અને એક મહિનો સ્ત્રી એમ થવા લાગ્યું. આને કારણે સુદ્યુમ્નએ આ લજ્જિત અવસ્થામાં રહેવા કરતાં ચાલ્યા જવાનું નક્કી કર્યું. તે મુજબ પોતાના પુત્ર પુરુરવાને બધું સોંપીને તે ચાલ્યો ગયો. પુરુરવાથી જે વંશવિસ્તાર થયો તે ચંદ્રવંશ. સમાજશાસ્ત્રની દૃષ્ટિએ તેનો અભ્યાસ કરવા જેવો છે. પૂર્વજો કેટલી ઉદાર વિચારધારાના હતા તે ખબર પડશે. આપણે તો સમજીએ છીએ કે જૂના લોકો સનાતની હતા. કંઇ વિચારવા તૈયાર ન હતા. કેમ જાણે, આપણે જ માત્ર વિચાર કરવાવાળા પાક્યા ન હોઇએ! નવમાં સ્કંધમાં ચંદ્રવંશનું બહુ સુંદર વર્ણન આવ્યું છે.

ત્યારબાદ એક અતિ સુંદર કથા આવી છે. ભાગવતમાં ઘણી મનોહારી કથાઓ છે. તેમાંની ચ્યવનૠષિની આ કથા પણ મનોહારી છે. સુકન્યા એક રાજાની રાજકુંવરી હતી. તે જંગલમાં ગઇ હતી. ત્યાં એક રાફડામાં તેણે કંઇ ચમકતું જોયું. તેણે તે કાણામાં સળી નાખી. પરિણામ એ આવ્યું કે રાફડાની અંદર બેઠેલા ચ્યવનૠષિની આંખો ફૂટી ગઇ. સુકન્યાને લાગ્યું કે ચ્યવનૠષિના શરીરમાં મારા લીધે વ્યંગ થયો છે તો તેનું જીવન ચલાવવાની જવાબદારી પણ મારી છે. નવયુવાન, અતિસુંદર અને રાજકુંવરી હોવા છતાં સુકન્યાએ અતિવૃદ્ધ અને ખોડવાળા ચ્યવનૠષિ સાથે લગ્ન કર્યાં, એનું કારણ, ચ્યવનૠષિને સંભાળવાની જવાબદારી તેને ઉપાડવી હતી. આમાં માનવતાનું કેટલું મોટું દર્શન થાય છે! સુકન્યા કેટલા ઉન્નત વિચારની હશે! કોઇ પણ યુનિવર્સિટીમાં ગયા વગર તેનો માનવતા (Humanity) નો અભ્યાસ કેટલો થયો હશે! સુકન્યાનો આગ્રહ જોઇ તેના પિતા રાજા હોવા છતાં, તેને ચ્યવનૠષિ સાથે પરણવાની અનુમતિ આપે છે.

ચ્યવનૠષિ તો વૃદ્ધ હતા. પણ લગ્ન બાદ નવયુવાન બની ગયા. આ વાંચીને કેટલાક લોકોને લાગે છે કે તેમણે કંઇ વનસ્પતિ ખાધી હશે. આજે પણ તેમના નામે ચ્યવનપ્રાશ મળે છે. બધાને નવયુવાન બનવું છે. ઘડપણ એક એવી અવસ્થા છે કે જે કોઇને ગમતી નથી. કોઇ પોતાને ઘરડો કહે તો માણસને આંચકો લાગે છે. સુભાષિતકાર કહે છે:

आपाण्डुरा शिरसिजास्त्रिवली कपोले
दन्तावली विगलिता न च मे विषादः।
एणीदृशो युवतयः पथि मां विलोक्य
तातेति भाषणपराः खलु वज्रपातः॥

(માથે પળિયા આવ્યા. કપાળે અને શરીરે કરચલી પડી, બધા દાંત પડી ગયા તેનું મને દુઃખ નથી પરંતુ, હરણ જેવી આંખોવાળી યુવતીઓએ જ્યારે ‘કાકા!’ કહીને મને બોલાવ્યા ત્યારે મારા પર વજ્રપાત થયો.)

બાકી બધું સહન થાય પણ કોઇ—તેમાં પણ યુવાન છોકરીઓ—ઘરડો કહે તો માણસને આંચકો લાગે છે, તેથી લોકો ચ્યવનપ્રાશ ખાય છે.

ભાગવતમાં ચ્યવનૠષિનો અશ્વિનીકુમાર જોડે સંબંધ વર્ણવ્યો છે. અશ્વિનીકુમારોને યજ્ઞમાં સ્થાન ન હતું. લોકોમાં તેમની અવહેલના થતી હતી, એનું કારણ તેઓ ભૌતિક જીવન જોવાવાળા ગણાતા હતા. લોકો જૂનાકાળમાં તેમના તરફ હલકી દૃષ્ટિથી જોતા હતા. સ્મૃતિગ્રંથમાં એક કાળે વૈદ્યના ઘરમાં જમવાની મનાઇ કરી હતી. વૈદ્ય પોતાની આજીવિકા મેળવવા માટે લોકોની નબળાઇનો ફાયદો ઉઠાવે છે. તેથી તેને ત્યાં અન્નપ્રાશન કરવું સારું નહિ એમ માનવામાં આવતું હતું.

આજે તો કોઇ Royal and noble profession હશે તો તે ડૉક્ટરોનો ગણાય છે, પરંતુ, એકકાળે વૈદ્યોની અવહેલના થતી હતી. તેનું કારણ એક જ કે તેઓ બીજાની નબળાઇનો ફાયદો ઉઠાવે છે અને તેમાંથી પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે. જ્યોતિષ જોઇને પોતાનું જીવન

ચલાવવાવાળા બ્રાહ્મણને તેનાં કરતાં પણ વધારે અધ:પતિત માનવામાં આવતો હતો. તેનું પણ એ જ કારણ હતું કે તે બીજાની નબળાઇનો ફાયદો ઉઠાવે છે.

તે કાળે, આ જ કારણે અશ્વિનીકુમારને યજ્ઞમાં સ્થાન નહિ મળતું હોય. તેમને યજ્ઞમાં અધિકાર પણ ન હતો. ચ્યવનઋષિનો અશ્વિનીકુમાર જોડે સંબંધ આવ્યા પછી અશ્વિનીકુમારે તેમને કોઇ ઔષધી આપી જેનાથી ચ્યવનઋષિ ફરીથી નવયુવાન થઇ ગયા, સુંદર આકર્ષક અને રમણીય દેખાવા લાગ્યા. જે સુકન્યાએ, તેમની જવાબદારી ઉપાડીને તપશ્ચર્યા કરી અને ત્યાગ કર્યો, તેનું કૌટુંબિક જીવન અતિશય સુખદ અને આનંદરૂપ બની ગયું.

ત્યારબાદ, ચ્યવનઋષિ અને સુકન્યા બેઠા હતા અને આનંદથી વાતોચીતો કરતા હતા, એટલામાં તે સ્થળે સુકન્યાના પિતા શર્યાતિ રાજા આવી ચડ્યા. તેમણે દૂરથી જોયું કે મારી પુત્રી સુકન્યા કોઇ સુંદર અને આકર્ષક નવયુવાન સાથે બેઠી છે. તે એકદમ ક્રોધિત થઇ ગયા અને કહ્યું કે 'કૂળનું અધ:પતન કરવાવાળી તું, જારિણી છે. તું પતિને છોડીને અન્ય નવયુવાન જોડે બેઠી છે!'

ત્યારે સુકન્યાએ પોતાના પિતાને નમસ્કાર કરીને કહ્યું: 'પિતાજી! જે ચ્યવનઋષિ સાથે મારું લગ્ન થયું છે તે જ આ નવયુવાન છે.' આ સાંભળીને અને તે વાતની ખાતરી થતાં, તેના પિતા અતિશય આશ્ચર્યચકિત થઇ ગયા. આવી અદ્‌ભુતતા જોઇને તે નતમસ્તક થઇ ગયા.

'ભૌતિક જીવનની ચિકિત્સા કરવાવાળા કંઇ હીન નથી, નીચા નથી. ભૌતિક જીવનની ચિકિત્સા થવી જોઇએ. શરીર સારું અને સ્વસ્થ હશે તો જ તેનાથી સત્કર્મો થઇ શકશે. **शरीरमाद्यं खलुधर्मसाधनम्**–ધર્મનું પહેલું સાધન શરીર છે તેથી શરીરની ચિકિત્સા કરવાવાળા લોકો ભૌતિક નથી. તેઓ કેવળ ઇહલોકનો વિચાર કરવાવાળા નથી, પરલોકનો વિચાર કરવા માટે સગવડ કરી આપવાવાળા લોકો છે.' આવું કહીને ચ્યવનઋષિએ અશ્વિનીકુમારને પ્રતિષ્ઠા આપી અને તેમને યજ્ઞ કરવાનો અધિકાર આપ્યો, હવિર્ભાગનો પણ અધિકાર આપ્યો.

તે કાળે 'અશ્વિનીકુમારને યજ્ઞમાં ન લેવા જોઇએ, તેઓ યજ્ઞને અનુકૂળ નથી' કહીને તેમને યજ્ઞના અનધિકારી ઠરાવવાળા સાથે કેટલો સંઘર્ષ થયો હશે? ચ્યવનઋષિએ તેમને આ બધા અધિકારો આપ્યા એ આપણે બે મિનિટમાં કહીએ છીએ; પરંતુ, લોકોનું માનસ પરિવર્તન કરવા માટે ઓછા નામે પચીસ વર્ષ લાગ્યાં હશે. ચ્યવનઋષિ અતિશય પ્રભાવી હતા તેથી તે આ કરી શક્યા.

ત્યારબાદ, એક પિતા-પુત્રની કથા આવે છે. કંઇ સમજાવવું છે તેથી આ કથા આવી છે. તે નાભાગની કથા છે. તે જમાનામાં જેની પાસે અન્ન-વસ્ત્રની સગવડ હોય તે ભણતો નહિ હોય એવું અનુમાન થાય છે. નાભાગના ભાઇઓ શિક્ષણ લેવા તૈયાર નથી. તેમનું કહેવું હતું કે અમારા પિતાની પાસે પુષ્કળ ધન છે તો ભણવાની જરૂર શું છે? આપણા દેશમાં થોડો સમય પણ એવો જમાનો હતો કે જેની પાસે ધન હોય તેના છોકરાઓ ભણે નહિ. ભણવા માટે કોણ જાય! જેની પાસે ખાવાની વ્યવસ્થા ન હોય તે લોકો ભણે એવી એક કલ્પના પચાસ વર્ષ પહેલાં હતી. દર વખતે સમાજમાં કંઇને કંઇ કચરો તો આવી જ જાય છે.

નાભાગના ભાઈઓ ભણવા તૈયાર ન હતા. વિત્ત કમાવા માટે જ ભણવું તે એક વિકૃતિ મનાય છે. સમાજમાં આવી વિકૃતિ ઘૂસી જાય છે. ધંધાને માટે ભણવાનું નથી, માનવ્યના વિકાસને માટે ભણવું જોઈએ, સેવાર્થે ભણવાનું હોય છે.

નાભાગના કોઈ ભાઈ ભણવા ન ગયા, પરંતુ, નાભાગના પિતા નાભાગને તપોવનમાં લઈ ગયા અને ગુરુના હાથમાં સોંપી દીધો. જૂનાકાળના ગુરુકુળનો કંઈક ખ્યાલ આમાંથી આવે છે. ગુરુકુળની કલ્પના જ એવી છે કે છોકરાને ગુરુના હાથમાં સોંપી દેવો. તે છોકરાને શું ભણાવવું, કેવી રીતે રાખવો, એ બધી વાતો ગુરુ પોતે જ નક્કી કરતા.

તે કાળમાં જીવન ધારણા કંઈ જુદી જ હતી. સોળ વર્ષમાં અભ્યાસ પૂરો થયા પછી, સુદૃઢ શરીર, તેજસ્વી મન અને બુદ્ધિવાળો, સ્નાતક થયેલો નાભાગ ઘરે જવા માટે ગુરુની અનુજ્ઞા લેવા માટે ગુરુના ઘર પાસે ઊભો રહ્યો. નાભાગના મનની ઈચ્છા એવી કે હમણાં પ્રાત:કાળ છે, ગુરુ ભગવદ્ભક્તિ કરીને ઘરની બહાર નીકળશે ત્યારે તેમની સામે જઈશ, જેથી તેમની ભાવપૂર્ણ દૃષ્ટિ મારા ઉપર પડે.

ગુરુની પ્રથમ દૃષ્ટિ પડ્યા બાદ નાભાગે કહ્યું: 'આપના સાન્નિધ્યમાં રહ્યો તેને આજ સોળ વર્ષ પૂરાં થયાં છે. હું સાત વર્ષનો હતો ત્યારે તપોવનમાં આવ્યો હતો. હવે મારું શિક્ષણ પૂરું થયું છે. આપ મને અનુજ્ઞા આપો તો ઘરે જવાની મારી ઈચ્છા છે. મેં તમને ઘણી તકલીફ આપી છે પરંતુ, પિતા કરતાં પણ વધારે પ્રેમ તમે મને આપ્યો છે. આજે હું દ્વિધામાં પડી ગયો છું. એક તરફથી મારા માતા-પિતા, કુટુંબીજનોનું મને ખેંચાણ છે. ઘણાં વર્ષ થયાં તેમને જોયા નથી તેથી તેઓ મને ખેંચે છે, તો બીજી તરફ, માટીના આ દેહની મૂર્તિ બનાવવાવાળા શિલ્પી તમે છો. તમને છોડીને અહીંથી જવાનું મને મન થતું નથી, તેથી જાઉં કે ન જાઉં? એવી દ્વિધામાં હું પડ્યો છું.'

ગુરૂજીએ જવાબ આપ્યો: 'સોળ વર્ષ પહેલાં તું અહીં આવ્યો હતો ત્યારે તું તારા પિતાનો હાથ પકડીને આવ્યો હતો. હવે આજે તું પિતાને હાથ આપવા માટે જાય છે તે બહુ સારી વાત છે. બેટા! એક વાત ધ્યાનમાં રાખજે. વિદ્યા ઉદરભરણ માટે નથી. સરસ્વતી વેચવાને માટે નથી, સંસ્કારને માટે હોય છે, જીવન ઉન્નત બનાવવાને માટે હોય છે. મેં તને ઘણી વખત કડવું કહ્યું હશે. તે તું ભૂલી જજે.'

નાભાગ કહે: 'તમે તો મને પિતા કરતાં પણ વધારે પ્રેમ આપ્યો છે તો તમારા માટે હું શું કહું? તમે મને કેવળ વિદ્વત્તા શીખવી નથી, જીવન શીખવ્યું છે. ગુરુજી! મને બરાબર યાદ આવે છે. એક વાર તમે અમને પાઠ આપતા હતા. તે જ વખતે રાજા તમને મળવા માટે આવ્યા, પરંતુ, તમે વર્ગ છોડીને ઊઠ્યા નહિ. તેમાંથી જ મને ખબર પડી કે કર્તવ્યપરાયણતા કોને કહે છે? રાજા આવે તો પણ વચ્ચેથી ઊઠવું નહિ, કર્તવ્ય છોડવું નહિ, તેનું પ્રત્યક્ષ જ્ઞાન તમારી પાસેથી મળ્યું.'

પછી કહે: 'એક વાર તમે શાંતિથી ઝાડ નીચે બેઠા હતા. તે વખતે ગામનો સામાન્ય વેપારી તમને મળવા આવ્યો. તેની સાથે તમે કેટલા પ્રેમથી વાતો કરતા હતા! વાતો પૂરી થઈ ત્યારબાદ

તમે તેને દરવાજા સુધી વળાવવા ગયા. આ ચિત્ર જોઇને મારા ધ્યાનમાં આવ્યું કે કોઇને પણ હલકા ન સમજવું જોઇએ. કર્તવ્યપરાયણ જરૂર બનવું જોઇએ પણ સાથે સાથે કોઇને પણ હલકા ન સમજવું જોઇએ. ભલે તે તવંગર હોય કે ગરીબ! બધાની સાથે કેવું વર્તન રાખવાનું તે હું તમારાં ચરણોમાં બેસીને શીખ્યો છું. જીવનમાં ઘણી જાતની સમસ્યાઓ આવે છે. તે સમયે કેવી રીતે વિચારવું, શું કરવું તે તમારું જીવન પ્રત્યક્ષ જોઇને હું શીખ્યો છું. તમે મને કેવળ વિદ્યા નથી આપી, તમે મને જીવન આપ્યું છે. તેનાથી વધારે તમને હું શું કહુ? એક વાત તમને કહું છું કે અમને ભણાવતી વખતે જેવું તમારું આંતરડું તૂટતું હતું, તેવો જ આંતરડાનો પ્રેમ હું પણ રાખીશ. મારા પિતાશ્રી ધનિક હતા તેથી જ તો મારા ભાઇઓ ભણવા ન ગયા. મારા પિતાશ્રીના ધનમાંથી મારા ભાગે જે કંઇ આવશે તે હું ગુરુદક્ષિણા તરીકે તમારા ચરણે ધરવા આવીશ. હું આ જ આશ્રમમાં નાનાનો મોટો થયો છું. આશ્રમે ઘણું મોટું કામ કરવાનું છે તે મને ખબર છે. તેને માટે તમને વિત્તની જરૂર પડશે. હું વિત્ત લઇને પાછો આવીશ.' આવું કહીને, ગુરુને નમસ્કાર કરીને નાભાગ ત્યાંથી ગુરુના આશીર્વાદ લઇને ચાલી નીકળ્યો.

એક વૃક્ષની નીચે સ્નાતક થવાવાળા વિદ્યાર્થીઓની સાથે બેસી નાભાગ વ્યાખ્યાન આપતા હતા. નાભાગની તેજસ્વી અને ભાવપૂર્ણ અમૃતરૂપ વાક્ધારા દ્વારા રજૂ થતા તેમના વિચારોમાં, સાંભળવાવાળા તલ્લીન થયા હતા. નાભાગની વાણી સાંભળીને એક વયોવૃદ્ધ પુરુષ, જે એક વૃક્ષની નીચે બેઠા હતા, તેમનું હૃદય ભરાઇ આવ્યું અને તેમની આંખોમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યા. તે વૃદ્ધ પુરુષ નાભાગના પિતા હતા. તેમની આંખોની સામે સોળ વર્ષ પહેલાંનો નાભાગ આવતો હતો, જેને તેમણે તપોવનમાં અભ્યાસ કરવા, વિદ્યા પ્રાપ્ત કરવા મૂક્યો હતો.

રસ્તામાં એવા કેટલાયે વિદ્યાના આશ્રમો ચાલતા હતા. એવા એક આશ્રમમાં નાભાગ રાતવાસો કરવા માટે રહ્યા. આશ્રમમાં બધાને ખબર પડી ગઇ કે નાભાગ આવ્યા છે. અત્યાર સુધીમાં તો નાભાગની કીર્તિ બધા જ આશ્રમોમાં પહોંચી ગઇ હતી. આશ્રમ એટલે યુનિવર્સિટી જ સમજી લો ને. આ હું આજની ભાષામાં બોલું છું. નહિ તો આશ્રમની મહત્તા બધાને નહિ સમજાય. આજે તો લૂલા-લંગડા, અપંગોને જ્યાં જમાડવામાં આવતા હોય તેને આશ્રમ કહે છે. આશ્રમ શબ્દનો આજે આવો જ અર્થ થઇ ગયો છે તેથી હું યુનિવર્સિટી શબ્દ વાપરું છું. તેમની આંખની સામે નાભાગ એટલે એક પ્રભાવી, તેજસ્વી અને તત્ત્વનિષ્ઠ એવા એક વિદ્વાન સ્નાતકનું ચિત્ર હતું. તેમણે તે દિવસે નાભાગનું એક વ્યાખ્યાન રાખ્યું.

તેમને થયું કે નાભાગ મને ઓળખી નહિ શકે પણ હું તો તેને ઓળખી જ લઉંને! નાભાગ કેટલો મોટો થઇ ગયો છે! નાભાગ મોટો થયો છે, તેમ તેનું નામ પણ મોટું થયું છે. આ આશ્રમમાં આવ્યા બાદ તેમણે નાભાગની કીર્તિ સાંભળી હતી. તેની વાણી સાંભળીને નાભાગના પિતાને શું થયું હશે! વ્યાખ્યાન પૂરું થયા બાદ બધા વિદ્યાર્થીઓ પોતપોતાના આવાસમાં ચાલ્યા ગયા. ત્યારબાદ વયોવૃદ્ધ પિતા નાભાગની પાસે આવ્યા. નાભાગે પણ તેમને ઓળખી લીધા. તરત જ નાભાગે તેમનો પાદસ્પર્શ કરી નમસ્કાર કર્યા. નાભાગને ઉઠાડીને પિતાએ તેને છાતી સરસો ચાંપ્યો.

નાભાગે પૂછ્યું: 'પિતાજી! તમે અહીં કેમ આવી ગયા? તમે આશ્રમમાં આવીને કેમ રહ્યા છો?'

પિતાએ કહ્યું: 'જીવન શાંતિથી જીવવું હોય તો આશ્રમમાં જ જીવી શકાય. મારી જિંદગીનો જે અનુભવ છે તે હું અહીં આશ્રમવાસી લોકોને આપું છું. અહીં હું શાંતિથી ભગવાન્નામસ્મરણ પણ કરી શકું છું. હવે મારું અંતિમ જીવન અહીં આશ્રમમાં સારી રીતે વ્યતીત થાય છે.'

નાભાગે પૂછ્યું: 'પિતાજી, ઘરમાં બધું કેમ ચાલે છે?'

પિતાએ કહ્યું: 'ઘરમાં રહેવા જેવું નથી રહ્યું તેથી જ હું આશ્રમમાં રહેવા આવી ગયો છું. બધી સંપત્તિ તારા ભાઇઓના હાથમાં સોંપીને હું અહીં આવી ગયો છું.'

'જેણે તેજસ્વિતાથી જિંદગી વિતાવી છે, તેને નિસ્તેજ થઇ રહેવાનો પ્રસંગ આવે કે નિસ્તેજપણાનો એક શબ્દ સાંભળવો પડે ત્યારે તેને થાય કે હવે આ ઘરમાં શા માટે રહેવું? અને કોના માટે રહેવું? તે ઘરમાંથી નીકળી જાય છે. હું ઘરમાંથી નીકળી આવ્યો છું.'

નાભાગે કહ્યું: 'ઠીક છે. હું ઘરે જાઉં છું અને જોઇ આવું છું. તેમણે મારો પણ ભાગ રાખ્યો હશે ને!'

પિતાએ કહ્યું: 'તેમણે કેવી રીતે વહેંચણી કરી છે તે મને ખબર નથી. હું તો અહીં આવી ગયો છું.'

ત્યારબાદ નાભાગ પોતાના ઘરે ગયો અને ભાઇઓને પ્રેમથી મળ્યો. તેઓ કહે છે: 'તારી કીર્તિ અમે ખૂબ સાંભળી છે. બધાં વિદ્યાલયોમાં તારું નામ ગવાય છે. આપણા કૂળની પણ શાન વધી છે. તારું બહુ વર્ણન અમે સાંભળ્યું છે.' આવી રીતે ગળા ઉપરનું ઘણું વર્ણન કરે છે.

બે-ત્રણ દિવસ રહ્યા બાદ નાભાગે ભાઇઓને પૂછ્યું: 'પિતાશ્રીની સંપત્તિની વહેંચણી તમે કરી તો તેમાં મારો પણ ભાગ હશે ને?'

ભાઇઓએ કહ્યું: 'તારો ભાગ? તું તો વિદ્યાધનને શ્રેષ્ઠ સમજવાવાળો છે, ત્યાગી, પુરુષાર્થી અને કર્તૃત્વવાન છે. બીજાએ કમાવેલું ધન શા માટે લેવું એવી વૃત્તિવાળો છે. તને ધનની શી જરૂર છે? અમે તો બધી સંપત્તિ વહેંચી લીધી છે.'

નાભાગે પૂછ્યું: 'વહેંચણી થઇ ગઇ તેમાં મારો કોઇ ભાગ જ નથી?'

ભાઇઓએ કહ્યું: 'અમે તારો પણ એક ભાગ રાખ્યો છે. તે એટલે વૃદ્ધ પિતાજી. તેમનું લાલન-પાલન કરવું એ તારું કામ છે. પિતાજીની સંપત્તિ અમે લીધી છે અને તારા ભાગે પિતાજી આપ્યા છે.'

આવી ક્ષુદ્ર વૃત્તિના ભાઇઓને જોઇને નાભાગને હવે ત્યાં એક ક્ષણ પણ રહેવું ન ગમ્યું. નાભાગે કહ્યું: 'લોકો આવી વૃત્તિના થઇ ગયા છે તેથી જ અમારા ગુરુજી કહે છે કે ગામેગામ જવું જોઇએ અને લોકોની વૃત્તિ બદલવી જોઇએ. જ્યાં સુધી લોકોની દૃષ્ટિ અને દિમાગ બદલશે

નહિ ત્યાંસુધી માણસ, માણસ બનશે નહિ. માણસને કંઇ ખવડાવીને તેનામાં માનવ્ય આવતું નથી. વિચારો આપવાથી તેમનામાં માનવતા આવે છે.' પછી કહે છે: 'તમારી આવી ક્ષુદ્રવૃત્તિ જોઇને અહીં રોકાતો નથી. પણ હું ફરી અહીં આવીશ અને તમને સુધારીશ. વિત્તને જ સર્વસ્વ સમજવાવાળા લોકો જીવન સમજતા નથી, ભાવ સ્વીકારતા નથી, તેમની પાસે દીર્ઘદૃષ્ટિ પણ હોતી નથી. નીતિમય જીવન કોને કહેવાય તે પણ તમને ખબર નથી. મને તમારા ઘરનું પાણી પણ ન જોઇએ,' એમ કહીને નાભાગ ત્યાંથી નીકળી ગયો અને પિતાશ્રીની પાસે આવી પહોંચ્યો.

પિતાની પાસે જઇને તેણે પાદસ્પર્શ કરી નમસ્કાર કર્યા. પિતાજીને કહ્યું: 'ભાઇઓએ મને બહુ મોટી સંપત્તિ આપી છે. જેના પુણ્યપ્રતાપે હું જીવનમાં ધારું તે કરી શકું છું.'

ખરી જ વાત છે. જેમની પાસે દિલમાં કૃતજ્ઞતા અને ભાવ છે તેઓ જગતમાં ધારે તે કરી શકે છે. તેમની પછવાડે ભગવાન ઊભા રહે છે. જેમણે કૃતજ્ઞતા અને ભાવનું ધન ગુમાવ્યું છે તેઓ માનવ નથી, શેતાન છે, રાક્ષસ છે.

કથા તો બહુ મોટી છે. નીતિશાસ્ત્ર સમજાવવા માટે ભાગવતે આ કથા કહી છે. જીવન એટલે શું? કુટુંબ કોને કહેવાય? સમાજ એટલે શું? આ વાતોનો વિચાર કરવો જોઇએ.

તે પ્રદેશમાં એક રાજાનો બહુ મોટો યજ્ઞ ચાલતો હતો. તેમાં અંગિરસ પ્રમુખ હતા. યજ્ઞમાં એક મુશ્કેલી આવી હતી. તેનો અંતિમ મંત્ર ભૂલાઇ જતો હતો અને તેના પરિણામે યજ્ઞની પૂર્ણાહુતિ થતી ન હતી.

નાભાગના પિતાને આ વાતની ખબર હતી. તેમણે નાભાગને કહ્યું: 'પિતૃભક્તિ અને ગુરુભક્તિથી તું ભરેલો છે. રાજા ઘણા વખતથી આ યજ્ઞ કરે છે, પણ તે પૂરો થતો નથી. તેની રાજાને ખૂબ વ્યથા છે. મને તેનો અંતિમ મંત્ર ખબર છે. તે હું તને કહું છું, તું જઇને રાજાનો યજ્ઞ પૂરો કરી આવ.'

એવું વર્ણન છે કે નાભાગ ત્યાં ગયો અને રાજાનો યજ્ઞ પૂરો થયો. આની પાછળ પણ એક અર્થ છે, પરંતુ, તે બધું કહેતો બેસીશ તો ભાગવત પૂરું નહિ થાય.

નાભાગે યજ્ઞ પૂરો કર્યો તેથી ઋત્વિજ અને રાજા બન્ને ખૂબ પ્રસન્ન થયા. ઋત્વિજ પણ સારા હતા. તેમણે કહ્યું: 'રાજાએ યજ્ઞ માટે જે વિત્ત કાઢ્યું છે તે બધું તમારું છે, માટે તેનો તમે સ્વીકાર કરો, કેમકે, તમે જ આ યજ્ઞ પૂરો કર્યો છે.' આમ કહીને બધું ધન તેમણે નાભાગને આપ્યું, નાભાગ ધન લઇને ચાલવા લાગ્યો.

ભાગવતે અહીં નાટ્યપૂર્ણ પ્રસંગ ઊભો કર્યો છે. રસ્તામાં એક કાળો પુરુષ (રુદ્ર) આવે છે અને નાભાગને પકડે છે. તેને કહે છે: 'આ વિત્ત કોનું છે? તારું નથી. તું આ વિત્ત લઇને ક્યાં જાય છે?'

નાભાગે કહ્યું: 'આ વિત્ત મેં કંઇ ચોર્યું નથી. યજ્ઞની સમાપ્તિ દસ વર્ષથી થતી ન હતી તે મેં કરાવી છે તેથી જ પ્રસન્ન થયેલા રાજા અને ઋત્વિજે યજ્ઞનું બચેલું વિત્ત મને આપ્યું છે તે હું લઇ જાઉં છું.'

કાળા પુરુષે કહ્યું: 'પરંતુ, આ બાબતમાં ધર્મશાસ્ત્ર શું કહે છે તે પણ જોવું જોઇએ કે નહિ?'

નાભાગે કહ્યું: 'મારા પિતાજીને અને ગુરુજીને આપવા માટે આ વિત્ત જોઇએ છે, મારે કંઇ આ વિત્તમાંથી મારા માટે ઘર બાંધવું નથી.'

કાળા પુરુષે કહ્યું: 'તું હજી નાનો છે. તું ભણેલો છે, પણ ગણેલો નથી. જા, તું તારા પિતાજીને પૂછી આવ.'

આંખોની સામે ઢગલો વિત્ત દેખાય છે. કંગાલિયત છે, વિત્તની અત્યંત આવશ્યકતા છે, વિત્ત હાથમાં મળ્યું છે, છતાં કાળા પુરુષે કહ્યું, તેથી નાભાગ પિતાની પાસે આવ્યો અને પિતાજીને પૂછયું.

પિતાજી કહે છે: 'ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ યજ્ઞમાં રહેલું વિત્ત રૂદ્રનું-શિવનું જ થાય છે, બીજા કોઇનું તે થઇ શકતું નથી. તે વિત્ત યજમાન કે ઋત્વિજનું નથી તેથી તે પણ બીજા કોઇને આપી શકતા નથી. તે વિત્ત રુદ્રનું છે માટે તેના માટે જ તે વપરાવું જોઇએ.'

વધેલુ

નાભાગ તરત પાછો કાળા પુરુષ પાસે આવે છે. તે કાળો પુરુષ બીજો કોઇ નહિ, રુદ્ર-શિવજી પોતે જ હતા. નાભાગે તેમને કહ્યું: 'આ બધું વિત્ત તમારું છે, મારું નથી. પિતાજીએ કહ્યું છે, ધર્મશાસ્ત્ર પણ તે જ કહે છે, તે મને માન્ય છે. **तस्मात् शास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ...**' આમ કહીને તે બધું વિત્ત રુદ્રને આપી દીધું.

રુદ્ર અતિ પ્રસન્ન થયા. તેમને વિત્તને શું કરવું હતું? રુદ્રને કંઇ શીખવવું હતું તેથી વચ્ચે આવ્યા. વિત્ત ક્યાંથી આવ્યું, કોણ આપે છે, કેવું છે, આ બધુ જોઇને સ્વીકારવાનું હોય તે સમજાવવા માટે આવ્યા હતા. રુદ્રે કહ્યું: 'આ બધું મારું વિત્ત છે, તે તારું જ છે, તું તે લઇ લે' આમ કહીને નાભાગને વિત્ત આપી દે છે.

જ્યારે ભગવાન શિવજી પોતાના હાથે જ વિત્ત આપે તે કંઇ ઓછું થોડું જ હોય? તેમણે કહ્યું: 'તારી અને તારા પિતાશ્રીની નિઃસ્પૃહ અને નિર્લોભી વૃત્તિ તેમ જ શુદ્ધ વર્તન જોઇને હું ખૂબ પ્રસન્ન થયો છું. તમારા જેવા પાસે જ **तृप्तां तर्पयन्तीम्** લક્ષ્મી હોવી જોઇએ. ગુરુભક્તિ, પિતૃભક્તિ અને પ્રભુભક્તિયુક્ત નાભાગ પાસે અખૂટ સંપત્તિ આવી.

સંપત્તિ એક શક્તિ છે. જેમ બાહુબલ એ ક્ષત્રિયોની શક્તિ છે તેમ સંપત્તિ પણ શક્તિ છે. આ સંપત્તિ જ્યારે સમાજમાં અવ્યવસ્થિત રૂપે વપરાય ત્યારે વિત્તવાનોને સજા થવી જ જોઇએ. ભગવાન તેમને સજા આપે જ છે. સંસ્કૃતિ ખતમ કરવામાં આ લોકો વધારેમાં વધારે જવાબદાર છે. વિત્ત એક શક્તિ છે, પરંતુ, વિત્ત આપીને વ્યક્તિને સુધારી શકાતી નથી. વિત્તનો યોગ્ય ઉપયોગ કરીને જ માણસને સુધારી શકાય છે. નાભાગે તે કામ આ વિત્તથી કર્યું. એટલું જ નહિ, આગળ જઇને કહું તો નાભાગ રાજા બની ગયો. તેનો પુત્ર તે અંબરીષ. આ પિતા-પુત્રની વાત બહુ જ સુંદર છે.

જેમ પોતાની સંપત્તિ હોય છે તેમ પૈતૃકસંપત્તિ પણ હોય છે. અંબરીષને પિતૃસંપત્તિ મળી હતી. અંબરીષે વિત્તશક્તિનો યોગ્ય ઉપયોગ કરીને લોકોને બદલાવ્યા, એટલું જ નહિ, તે બધાના હૃદયનો રાજા બની ગયો.

અંબરીષ ઈશભક્ત હતો. તેણે રાજ્ય કર્યું. આ જ ભારતની મહત્તા છે. ભારતીય સંસ્કૃતિ એમ નથી કહેતી કે જે ભક્ત છે, જેને ભક્તિ કરવી છે, તે કંગાલ જ હોવો જોઇએ. વચ્ચેના પાંચસો-હજાર વર્ષમાં જ્ઞાન ગયું અને કચરો ઘૂસી ગયો. ત્યારથી એવી સમજણ આવી ગઇ કે ભક્ત કંગાલ જ હોવો જોઇએ. તે ખાવાપીવાની બાબતમાં મોહતાજ રહેવો જોઇએ, રહેવા માટે ઘર પણ ન હોય એવી કરુણાજનક સ્થિતિમાં હોવો જોઇએ, તો જ તે ભક્ત કહેવાય. આવી સમજને લઇને જ કથાકારો વિદુરને કંગાલ ચિતરે છે. ભક્ત પાસે વિત્ત ન જ હોવું જોઇએ એવી એક ખોટી માન્યતા બુદ્ધના વિચારો આવ્યા બાદ ઘૂસી ગઇ છે. જેની પાસે રાજ્ય અને વિત્ત હોય તેને ભગવાન મળતા નથી એવી ખોટી માન્યતા ઘર કરી ગઇ છે. આ વિચાર વૈદિકોને માન્ય નથી.

ખોટી માન્યતાને લીધે જ વિદુરની ભાજી પ્રખ્યાત થઇ છે. મહાભારતના વિદુર હિંદુસ્તાનના વડાપ્રધાન—Prime Minister of India હતા! તે જમાનામાં કે જે વખતે આ દેશમાં સોનાનો ધૂમાડો દેખાતો હતો, તે કાળના વડાપ્રધાન વિદુરના ઘરમાં ભગવાનને ખવડાવવા માટે કેવળ ભાજી હોય તો એવા દેશની કિંમત કેટલી! પરંતુ, એ કથા એટલી પ્રચલિત થઇ ગઇ છે કે વિદુર પાસે ઘણી સંપત્તિ હતી એવું કહેનાર કોઇ નીકળે, તો તેને જુઠ્ઠો ગણવામાં આવશે, કારણ, ઘરડા પાસેથી સાંભળેલી કથા એ જ આપણી મૂડી છે. તેટલું જ જ્ઞાન રહ્યું છે. ભક્તની પાસે વિત્ત ન હોવું જોઇએ એ ખોટી ધારણા છે. આપણા દેશમાં રાજા ભક્ત થઇ શકતો હતો, એટલું જ નહિ, તે મુક્ત પણ થઇ શકતો હતો—રાજસિંહાસન પર બેસીને પણ! ભક્તિ અને મુક્તિ—આ બન્ને મન અને બુદ્ધિનો વિકાસ છે. આપણે કેવાં કપડાં પહેરીએ છીએ કે કેવા ઘરમાં રહીએ છીએ તેના ઉપર તેનો આધાર નથી. મન-બુદ્ધિ પર તેનો આધાર છે.

અંબરીષ રાજા પૂર્ણ ઈશભક્ત હતા. તેમણે એટલી સુંદર રીતે રાજ કર્યું કે તેમની પ્રજામાંથી કોઇને સ્વર્ગમાં જવાની પણ અભિલાષા રહી નહિ, એવું ભાગવતમાં વર્ણન છે. જેમ આજે લોકો અમેરિકા જાય છે તેમ તે કાળે લોકો સ્વર્ગમાં જતા હશે કદાચ! આજે આપણે એમ સમજીએ છીએ કે મર્યા પછી જ સ્વર્ગ મળે છે. લોકો જીવતા જ સ્વર્ગમાં જઇ આવે તેવી વ્યવસ્થા તે કાળે હશે. અર્જુન પણ ઈંદ્રને મદદ કરવા સ્વર્ગમાં ગયો હતો તેવું વર્ણન મહાભારતમાં છે. અંબરીષના રાજમાં કોઇ પ્રજાજનને સ્વર્ગમાં જવાની ઇચ્છા થતી ન હતી, કારણ, સ્વર્ગમાં જે કંઇ હતું તે બધું જ અંબરીષ રાજા પોતાના રાજ્યમાં લાવ્યા હતા. સ્વર્ગમાં દેવો રહે છે. દેવો કેવા છે? **अजरानिर्जरा देवाः** સ્વર્ગના લોકો અમર, અજર અને દેવ હોય છે. **अमर** – એટલે માણસની વૃત્તિ અમર હોવી જોઇએ, અજર એટલે વૃત્તિથી યુવાન અને દેવ એટલે શોભાવાળો હોવો જોઇએ.

આપણે ઘર-ઘરમાં, ઝૂંપડી-ઝૂંપડીમાં જઇએ તો બધે મરવાની વૃત્તિ (Will to die)જોવા મળે છે, જીવવાની વૃત્તિ (Will to live) નહિ. લોકો મુમુક્ષુ જોવા નથી મળતા, મુમુર્ષુ જોવા મળે છે. બધાંને અંદરથી મરવાનો ભય પેસી ગયો છે. મરણ એટલે કેવળ પોતાનું મૃત્યુ નહિ. સમજો કે માણસને કીર્તિ છે, પણ તે ચાલી જશે તો? એવો ભય પ્રત્યેકને લાગે છે. આજે સંપત્તિ છે પણ તે ચાલી જશે તો? ભયભીત માણસ ઉપભોગ પણ કરી શકતો નથી. ભગવાનની પાસે પહોંચવા માટે નિર્ભયવૃત્તિ હોવી જોઇએ, તેમ ઉપભોગ લેવા માટે પણ નિર્ભયવૃત્તિ હોવી જોઇએ. તે માટે અમરવૃત્તિના બનવું જોઇએ.

અમે સૂકો રોટલો ખાઇશું, પણ અમારા ગાલ ટમેટા જેવા લાલ હશે, કારણ, અમે સૂકો રોટલો તત્ત્વજ્ઞાનમાં બોળીને ખાઇશું. તેના વગર તો બદામ-પિસ્તા ખાવાવાળાના મોઢાં જોવાં જેવાં હોય છે. પડી ગયેલું મોઢું શું કામનું? જીવન તરફ અલગ દૃષ્ટિથી જોવાની સમજણ આવતી નથી, ત્યાંસુધી જીવન શા કામનું?

અંબરીષે બહુ પ્રભાવી રીતે રાજ્ય ઊભું કર્યું. રાજ્ય કંઇ કેવળ રોટલી આપવા માટે નથી. આજે તમે રોટલી આપશો પણ સાંજની રોટલીનું શું એ પ્રશ્ન ઊભો જ રહે છે. સાંજે પાછી ભૂખ લાગશે તો તમે શું કરશો? તેથી રોટલીને બદલે જ્ઞાન અને વિચાર આપશો તો? તો માણસ પોતાની મેળે રોટલી કમાશે અને મળેલી રોટલી સમાધાનપૂર્વક ખાશે. આવું જ શિક્ષણ આપવું જોઇએ, હોવું જોઇએ. દિનરાત, મારી પાસે ગમબૂટ નથી, આની પાસે સોનાના બટન છે, પણ મારી પાસે નથી, તો **वृथा गतं तस्य नरस्य जीवनम्** – આવું જ રટનારનું જીવન ફોકટ છે. અરે, સોનાનાં બટનને અને જીવનને શો સંબંધ છે? સોનાનાં બટન આવશે તો ચાલશે, કદાચ, સોનાનાં બટન નહિ હોય તો પણ ચાલશે–એમાં શું થયું? આવી બાબતો માટે જ માણસ દુઃખી થઇ જાય છે. તેના લીધે માણસનું મન મરી જાય છે. આવી સ્થિતિમાં રહેલો માણસ જીવતો ન કહેવાય. તે અમરવૃત્તિનો નથી. જીવવાની વૃત્તિ અને શાસન કરવાની વૃત્તિ–(Will to live and will to power) ઊભી થવી જોઇએ. આ જ જીવન છે. આવા શિક્ષણની જ આવશ્યકતા છે. મંદિરમાંથી, શાસ્ત્રોમાંથી, શાસનની વ્યવસ્થામાંથી આવું જ શિક્ષણ મળવું જોઇએ. તે જો ન મળતું હોય તો ત્રણેય સંસ્થા નકામી છે.

અમારે જીવંત રહેવું છે તેનું શિક્ષણ અમને મળવું જોઇએ. આ જ શિક્ષણ અંબરીષ રાજા આપતા હતા તેથી જ સ્વર્ગમાં જવાની કોઇને ઇચ્છા થતી ન હતી. લોકો પાસે આવી અમરવૃત્તિ હતી.

તેવી જ રીતે અજર વૃત્તિ હતી. મહાભારતમાં વર્ણન છે કે એકસો એંસી વર્ષના ભીષ્મ પિતામહ યુદ્ધના મેદાનમાં લડવા ઊભા હતા. આજે ત્રીસ-પાંત્રીસ વર્ષની ઉંમરનો માણસ એમ બોલે છે કે અમારું તો થઇ ગયું હવે. માણસ આમ મનથી ઘરડો થઇ જાય છે. જે મનથી ઘરડો થયો, તે ખલાસ થઇ ગયો. તેની રચનાત્મક શક્તિ (Creative energy) જ ખતમ થઇ જાય છે. આ રચનાત્મક શક્તિ સતત જાગૃત રહેવી જોઇએ, રાખવી જોઇએ. જુદા જુદા પ્રયોગો કરીને તેને જાગૃત રાખવી જોઇએ. તેવું જ્યાં થતું નથી, ત્યાં ઘડપણ જ છે.

હું ઓગણીસ વર્ષનો છું–એમ અંગ્રેજીમાં કહેવું હોય તો બોલે છે–I am nineteen years old–ઓગણીસ વર્ષનો બુઢ્ઢો? બધા આવા જ થયા છે. રુશવત વગર પૈસા કેમ મળે? ઓળખાણ વગર નોકરી કેમ મળે? નોકરી નહિ મળે તો ખાવાનું કેમ મળે? ખાવાનું નહિ મળે તો મારું શું થશે?–આમ માણસનો આત્મવિશ્વાસ જ ખતમ થઇ ગયો છે. 'હું મારો રોટલો મેળવીશ જ' આવો વિશ્વાસ જ પેદા થતો નથી. તે પણ પંદર-સોળ વર્ષ ભણ્યા પછી પણ! માણસ રડ્યા જ કરે છે, તેને જીવનની દૃષ્ટિ જ નથી મળી. કાળ માણસના શરીર પર અસર નહિ કરે અને તે ઘરડો નહિ થાય એવું નથી. તે શરીરથી ઘરડો થશે પણ વૃત્તિથી યુવાન રહેવો જોઇએ.

અંબરીષ રાજા પરમ ભક્ત હતા. ભક્ત બોલ્યા પછી લોકોને લાગે કે સવારથી સાંજસુધી ભગવાનનો જપ કરતા બેઠા હશે. લોકો ભગવદ્ભક્તનો અર્થ જ સમજતા નથી. ભક્તિ એક સામાજિક પરિબળ—(Bhakti is a social force) છે એમ કહ્યા પછી પણ આપણી નજરની સામે આરતી અને પ્રસાદ—આ બે વાતો જ આવે છે. અંબરીષે ભક્તિની શક્તિથી આવો સમાજ, આવી પ્રજા બનાવી હતી. કૃષ્ણ ભગવાનનો જે ભક્ત હોય તે ગાંડો રહેતો જ નથી. રાજ્યકારભાર કરીને પણ તેનામાં આટલી ભક્તિ, દુર્દમ્ય શ્રદ્ધા અને વિશ્વાસ ટક્યા હતા. એક-બે વ્યક્તિ સાથે સંબંધ આવ્યા પછી આપણો માનવ્ય ઉપરનો વિશ્વાસ ઊઠી જાય છે. આપણે વેપારી માણસો, પંદર-વીસ લોકો સાથે સંબંધ રાખીએ અને પછી કહીએ કે ‘દાદા’, આ જગત એટલું ખરાબ છે કે અમારો માનવ્ય ઉપરનો વિશ્વાસ જ ઊડી ગયો છે. ત્યારે અંબરીષ રાજાએ લાખો લોકો સાથે સંબંધ રાખીને માનવ્ય ઉપરનો વિશ્વાસ ટકાવ્યો, એ કંઇ સામાન્ય વાત નથી. તે વખતે જુદું શિક્ષણ મળ્યું હશે, જુદું વાતાવરણ હશે તો જ એ થઇ શકે.

અંબરીષનું દ્વાદશીનું વ્રત હતું. દ્વાદશીનું વ્રત પૂરું થયા બાદ જ જમી શકાય. તે વખતે ઋત્વિજો પણ જમવા માટે આવ્યા હતા. મને લાગે છે કે અંબરીષ રાજાએ આટલું સારું રાજ્ય ઊભું કર્યું હતું તેથી આવેલા ઋત્વિજો પ્રભુના કાર્યકર્તા હશે, ઘરઘરમાં ફરીને અતિશય દૈવી વિચારો લોકોને આપવાવાળા હશે. ગમે તેવા બ્રાહ્મણો જમાડીને સમાધાન માનવાવાળા અંબરીષ હોત તો તે રાજ્ય પણ ન કરી શકત.

બ્રાહ્મણો જમવા બેઠા હતા. એટલામાં ત્યાં દુર્વાસા આવી પહોંચ્યા. દુર્વાસા તે કાળના પ્રભાવી પુરુષ હતા. અંબરીષે દુર્વાસાને કહ્યું કે, ‘જમવાનું તૈયાર છે, જમવા બેસી જાઓ.’ દુર્વાસાએ કહ્યું, ‘મધ્યાહ્નનો સમય થયો છે તેથી નદી ઉપર સ્નાન કરીને અને મદયાહ્ન સંધ્યા કરીને અમે આવીએ છીએ.’ અંબરીષે કહ્યું: ‘ઠીક છે. તમે આવો. હું તમારી રાહ જોઇશ.’

અંબરીષ રાહ જોતા હતા પરંતુ, દુર્વાસા આવ્યા નહિ. ભોજન તૈયાર હતું પણ દુર્વાસા આવ્યા નહિ. હવે શું કરવું? ઉપવાસનું વ્રત તો છોડવાનું છે અને તે દ્વાદશીને દિવસે જ છોડવું જોઇએ. એક ઘટિકા પછી દ્વાદશી પૂરી થતી હતી. આ તો ધર્મશાસ્ત્રનો પ્રશ્ન ઊભો થયો. દ્વાદશીનું વ્રત અધૂરું રહે તે કેમ ચાલે? દ્વાદશીને દિવસે જ પારણા થવા જોઇએ. આ શાસ્ત્રીય—મીમાંસા, શાસ્ત્રનો પ્રશ્ન છે. મીમાંસાવાદી લોકો એટલે આજની ભાષામાં કહેવાનું હોય તો બંધારણવાદી Constitutionalist લોકો! બંધારણમાં જે લખ્યું છે તેનો અર્થ જોઇને ચાલવાવાળા લોકો.

બ્રાહ્મણોએ પણ કહ્યું કે દ્વાદશી પૂરી થયા પછી ત્રયોદશીને દિવસે દ્વાદશીનાં પારણા કરો તે ન ચાલે. હવે શું કરવું? બધા બ્રાહ્મણોએ કહ્યું કે ‘દુર્વાસા ન આવ્યા તો શું થયું? તમે તો વ્રતમાં પાણી પણ લેતા નથી. તો તમે વ્રતના ઉદ્યાપન માટે પાણી લેશો તો ચાલશે.’ અંબરીષ રાજાએ તુલસીપત્ર લઇ તેના પર પાણી લીધું.

એટલામાં દુર્વાસા આવ્યા. તેમને ખબર પડી કે અંબરીષે પાણી પીને દ્વાદશીના વ્રતનું ઉદ્યાપન કરી લીધું હતું. તેમણે તરત કહ્યું: ‘અમને જમવાનું કહ્યું છતાં અમારા પહેલાં પાણી લઇને વ્રતોદ્યાપન કર્યું? આ અમારું અપમાન છે.’

અંબરીષે કહ્યું: 'હું કંઇ જમ્યો નથી. કેવળ દ્વાદશીનું વ્રત પૂરું કરવા પાણી પીધું છે.'

દુર્વાસા કંઇ સાંભળવા તૈયાર નહિ. દુર્વાસાએ જટામાંથી કૃત્યા (શક્તિ) કાઢીને અંબરીષ પર છોડી. કરાલ એવી આખા વિશ્વને ખાઇ જવાવાળી કૃત્યા આવી તે વખતે અંબરીષે આંખ બંધ કરીને કૃષ્ણ ભગવાનનું સ્મરણ કર્યું. કૃષ્ણ ભગવાન તેમના રક્ષક હતા તેથી અંબરીષને સુદર્શન મળ્યું હતું. દુર્વાસાની કૃત્યા સુદર્શનને જોતાં જ પાછી વળી અને દુર્વાસા પાસે જવા લાગી. તેની પાછળ સુદર્શન હતું.

દુર્વાસાની પાછળ સુદર્શન પડ્યું તેથી દુર્વાસા ભાગવા લાગ્યા પણ સુદર્શન તેમનો પીછો છોડતું નથી. દુર્વાસા ખાઇ ન શક્યા, બેસી ન શક્યા, ઊભા રહી ન શક્યા, તે ભાગવા લાગ્યા. દુર્વાસા બ્રહ્મદેવ પાસે ગયા. બ્રહ્મદેવે કહ્યું 'આ સુદર્શનને શાંત કરવાની શક્તિ કોઇ દેવમાં નથી, તેમ મારી પાસે પણ તે શક્તિ નથી.' પછી દુર્વાસા રુદ્ર પાસે ગયા. રુદ્રે કહ્યું, 'આ સુદર્શનને ખાળવાની મારામાં પણ શક્તિ નથી.' છેવટે દુર્વાસા વિષ્ણુ ભગવાન પાસે ગયા. આ પૌરાણિક કથા છે એટલે એવું વર્ણન છે. વિષ્ણુ, શિવ વગેરે એક જ છે. દુર્વાસાએ વિષ્ણુ ભગવાનને કહ્યું, 'આ તમારા સુદર્શનથી મને બચાવો.'

વિષ્ણુ ભગવાને કહ્યું: 'આ વાત તો મારા હાથમાંથી પણ નીકળી ગઇ. હું આ બાબતમાં કંઇ કરી શકતો નથી. તમે અંબરીષ પાસે જાઓ. અંબરીષ જ તમને બચાવશે. તમે અંબરીષના શરણે જાવ, તો તેઓ સુદર્શનથી તમને બચાવશે. તમારું અપમાન અંબરીષે નથી કર્યું. ઊલટું, તમે જ ભક્તિનું અપમાન કર્યું છે. અંબરીષ સિવાય જગતની કોઇપણ શક્તિ તમને આમાંથી બચાવી નહિ શકે.' જે માણસ ભક્તની વિરુદ્ધ ઊભો રહે છે તેને કોઇ બચાવી ન શકે. **योगक्षेमं वहाम्यहम्**—એમ ભગવાને ગીતામાં કહ્યું છે એનો અર્થ તેના ઘરે ઘઉં અને ચોખા પહોંચાડે છે એમ નહિ. ભગવાન પોતાના ભક્તને બધી જ વાતોથી અને બધી જ દિશાએથી સંભાળે છે. 'તમારે અંબરીષની ક્ષમા માગવી પડશે.'

ત્યારબાદ દુર્વાસા અંબરીષ પાસે ગયા અને તેમની ક્ષમા માગી, તેમને પ્રણામ કર્યા. તે વખતે અંબરીષે તેમને કહ્યું: 'તમે મહાન બ્રાહ્મણ છો. તમારે તમારી શક્તિ ભગવદ્ કાર્યમાં લગાડવી જોઇએ. શક્તિ ધ્વંસને માટે નહિ, નિર્માણ માટે હોય છે. શક્તિ વિઘાતક નહિ, વિધાયક હોવી જોઇએ. તેના માટે તમારે પ્રયત્ન કરવો જોઇએ. તમારી પાસે પ્રચંડ શક્તિ પડી છે તો તમે તેનો ભગવદ્ કાર્યમાં ઉપયોગ કેમ નથી કરતા?' આવી રીતે અંબરીષે દુર્વાસાને સમજાવ્યું અને તેમની પાછળ પડેલા સુદર્શનને પાછું ખેંચી લીધું.

નવમાં સ્કંધમાં નીતિશાસ્ત્ર સમજાવવાને માટે આ કથાઓ આવી છે. પિતૃભક્તિ, ગુરુભક્તિ અને પ્રભુભક્તિ—આ ત્રણેયનું મિશ્રણ નાભાગમાં દેખાય છે. તેનો સત્યસિદ્ધાંત પરનો અતૂટ વિશ્વાસ જોવા મળે છે ત્યારે રુદ્ર પોતે જ તેને વૈભવ આપે છે, એટલું જ નહિ, તેને રાજા બનાવે છે. તેનો જ પુત્ર અંબરીષ છે. **न मे भक्तः प्रणश्यति**– અહિં 'હું મારા ભક્તને સંભાળું છું' એટલું જ ભગવાન નથી કહેતા. મારો ભક્ત એટલો પ્રભાવી થાય છે કે જે કામ હું પણ ન કરી શકું તે કામ મારો ભક્ત કરી શકે છે એવું અંબરીષની કથામાં કહ્યું છે. આ

કથામાં ભક્ત અને ભક્તિનું માહાત્મ્ય સમજાવ્યું છે. જે કામ ભગવાન પણ ન કરી શકે તે કામ ભક્ત કરી શકે છે એવું દેખાડ્યું છે.

ત્યારબાદ કેટલીક કથાઓ કહીને નૈતિક વિવેચન કર્યું છે. પછી ઇક્ષ્વાકુ વંશનું વર્ણન કરતાં કરતાં પ્રભુ રામચંદ્રનો જન્મ કહ્યો છે અને યદુવંશનું વર્ણન કરીને શ્રીકૃષ્ણનો જન્મ સમજાવ્યો છે. તેનાં પહેલાં જે લોકો જન્મ્યા છે તેની માહિતી વંશવાર આપી છે. તેમાં યુવનાશ્વનું વર્ણન આવે છે. તે એક પ્રભાવી રાજા દેખાય છે. ઇતિહાસમાં પ્રભાવી રાજાનું જ વર્ણન આવે છે. પ્રભાવી રાજા બે પ્રકારના હોય છે. તેમાં એક વિખ્યાત (Famous) અને બીજા કુખ્યાત (Notorious) હોય છે. ઇતિહાસમાં બન્નેનાં નામ રહી જાય છે. જેમ રામનું નામ રહ્યું તેમ રાવણનું નામ પણ રહ્યું છે.

યુવનાશ્વ રાજાનો પુત્ર માંધાતા છે. તેની ઉત્પત્તિ અજબ છે. યજ્ઞ કરીને રાણીઓ માટે રાખેલું–મંત્રેલું યજ્ઞીય પાણી યુવનાશ્વ રાજા પોતે પી જાય છે. યજ્ઞીય પાણીનું પ્રાશન કર્યા પછી યુવનાશ્વના પેટે–એક પુરુષના પેટે ગર્ભ રહ્યો. આજ સુધી બધા સ્ત્રીના પેટે જન્મતા હતા, પરંતુ, માંધાતાની વિચિત્રતા એ છે કે તે પુરુષના પેટે જન્મ્યો એવું ભાગવતકાર કહે છે. ગર્ભાશય વગર પુરુષના પેટમાં સંતતિ પેદા કેમ થાય એ એક પ્રશ્ન છે, પરંતુ, તેવું થયું છે. તે ગર્ભ જન્મ્યો કેવી રીતે? ઓપરેશનથી માંધાતાનો જન્મ થયો હશે. આ પંડિતોનો વિષય છે. મા વગર પુત્ર જન્મ્યો એવું વિચિત્ર દર્શન માંધાતાનું છે. માંધાતાને મા જ નથી તો સ્તનપાન કોણે કરાવ્યું? ઈંદ્ર ભગવાને તેને સ્તનપાન કરાવ્યું એવું વર્ણન છે, તેથી **माम् धाता**–માંધાતા એવું તેનું નામ પડયું. માંધાતા કોઇ સામાન્ય રાજા ન હતો. વેદોમાં પણ તેને માન્યતા મળી છે.

માંધાતાનું વર્ણન બધી જગાએ વાંચવા મળે છે. માંધાતા એક શૂર અને પ્રભાવી રાજા હતો. રાજા ભોજ માંધાતાનો ઉલ્લેખ પૃથ્વીતલનો અલંકાર બની ગયેલા રાજા તરીકે કરે છે. જે લોકો ઇતિહાસ સંશોધકો છે તેમના માટે કહું કે ભારતમાં માનવોના જુદા જુદા પુંજો હતા. જુદા જુદા પ્રત્યેક માનવપુંજમાં લાખો લોકોની વસ્તી હતી. તેમાં દસ્યુ, દાનવ, રાક્ષસ, વાનર, યક્ષ, કિન્નર, દ્રવિડ વગેરે લગભગ પચીસેક પુંજો હતા. આર્યોએ દરેક પુંજની શ્રદ્ધા ટકાવીને તેમને આર્યોની જીવનપ્રણાલી સમજાવી હતી. **कृण्वन्तो विश्वमार्यम्**ની ગર્જના કરવાવાળા આર્યોએ આવા પુંજોને આત્મસાત્ કર્યા હતા. તેમાં દસ્યુ એક પ્રભાવી પુંજ હતો. તેમના કાળમાં આ માંધાતા રાજા થઇ ગયો. તેમનો કાળ ઇતિહાસકારો નક્કી કરે. માંધાતા દાનશૂર, પરાક્રમી અને શક્તિશાળી રાજા હતો. તેની પાસે જે વિત્ત હતું તે સંસ્કૃતિને માટે વાપરતો હતો.

ઈંદ્ર ભગવાને તેને દૂધ પીવડાવ્યું હતું. ઈંદ્ર ભગવાન કંઇ સામાન્ય નથી. સો-સો અશ્વમેધયજ્ઞ કરવાવાળો સામાન્ય ન જ હોય. તે પ્રભાવી જ હોય. ઈંદ્ર ભગવાનનું પૌરાણિક ચિત્ર કંઇક જુદું જ છે, પરંતુ, તેનું કર્તૃત્વવાન તરીકેનું ચિત્ર જુદું છે. એક અશ્વમેધ યજ્ઞ કરવા માટે વિશ્વજીત થવું પડે. સો વર્ષનું આયુષ્ય ગણીએ તો એક જન્મમાં ત્રણ કે ચાર અશ્વમેધ યજ્ઞ થાય. એક વખત સમાજ બગડે તો તેને સુધારતાં વીસ-પચીસ વર્ષ નીકળી જાય. આવા સો અશ્વમેધ યજ્ઞ કરવા માટે પચીસ-ત્રીસ જન્મ લેવા પડે. પ્રત્યેક જન્મમાં સત્તા, સંપત્તિ, શક્તિ, કર્તૃત્વ, બધું હોવા

છતાં માણસ બગડે નહિ એ કંઇ સામાન્ય વાત નથી! માણસને સામાન્ય કીર્તિ કે સંપત્તિ મળે તો પણ માણસનું મગજ ફરી જાય છે! જેનું મગજ પચીસ-ત્રીસ જન્મ સુધી ફર્યું નહિ તે સામાન્ય થોડો જ હોય? ઈંદ્ર માટે ઊલટું-સૂલટું બોલવાની આપણી યોગ્યતા પણ નથી અને અધિકાર પણ નથી. પુરાણોમાં ઈંદ્રનું વર્ણન એવું કરવામાં આવ્યું છે કે તેની હાંસી ઉડાવવાની ઈચ્છા થાય. પરંતુ જે અત્યંત કર્તૃત્વવાન, સ્થિરબુદ્ધિનો હોય તે જ ઈંદ્ર થઇ શકે છે. માંધાતાએ પોતાની પાસેનું વિત્ત સંસ્કૃતિનું રક્ષણ કરવા અને દસ્યુઓને સુસંસ્કૃત બનાવવા માટે વાપર્યું હતું. મહાભારતમાં તેને **'त्रसत् दस्यु'** એવું નામ આપવામાં આવ્યું છે.

'ઉતથ્ય' નામે જૂનાકાળમાં એક રાજનીતિજ્ઞ-મુત્સદ્દી (Statesman) હતો. રાજકારણી (Politician) જુદો અને રાજનીતિજ્ઞ (Statesman) જુદો. રાજકારણીઓ છીછરા હોય છે, પણ રાજનીતિજ્ઞો પ્રૌઢ હોય, ઊંડા હોય છે. ઉતથ્યે માંધાતા રાજાને સંપૂર્ણ રાજનીતિ સમજાવી તે મહાભારતના શાંતિપર્વમાં 'ઉતથ્યગીતા'માં વાંચવા મળશે.

આપણે સ્વતંત્ર રાજ્ય સ્વીકાર્યું પરંતુ, જૂનાકાળમાં રાજનીતિ લખી રાખી છે તે કોઇને વાંચવી નથી, સ્વીકારવી નથી. હું વિનોદમાં કહું છું કે અભણ લોકોના હાથમાં રાજ્યબંધારણ (Constitution) ઘડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. કારણ, જૂનાકાળની રાજનીતિનો કોઇએ અભ્યાસ જ કર્યો ન હતો. તે તેમનો દોષ નથી.

માંધાતા એક અલૌકિક પુરુષ હતો. મહાભારતમાં તેમ જ વેદોમાં પણ તેનું વર્ણન વાંચવા મળે છે એટલો તે પ્રભાવી હતો. માંધાતાએ પોતાની બુદ્ધિશક્તિ, શરીરશક્તિ, વિત્તશક્તિ અને રાજનીતિની શક્તિ દસ્યુલોકોને આત્મસાત્ કરી સુસંસ્કૃત કરવામાં વાપરી હતી.

જેવી માંધાતાની કથા છે તેવી જ સૌભરિની કથા છે. સૌભરિ ઋષિ નથી, પણ તે એક તપસ્વી છે. તેની કથા બહુ સુંદર છે. આ સૌભરિ તપશ્ચર્યા કરતો હતો ત્યારે એક દિવસ તેને માછલીના યુગ્મની કામક્રીડા જોવા મળી. માછલીની કામક્રીડા જોયા પછી સૌભરિના દિલમાં કામચેષ્ટા ઉદ્દીપિત થઇ. સૌભરિ ભાન ભૂલી ગયો અને તે માંધાતા રાજાની કુંવરી માગવા આવ્યો. તેણે માંધાતા રાજાને કહ્યું: 'તું દાનશૂર છે ને? તો તારી કુંવરી મને આપ.'

રાજાને એમ થયું કે આ તપસ્વીની સાથે ગુલામીમાં રહેવા માટે મારી કન્યા થોડી જ જશે? રાજાએ કહ્યું: 'જે કુંવરી તારી સાથે આવવા તૈયાર હોય તેનું તું લઇ જા.' ભાગવતમાં એવું વર્ણન છે કે સૌભરિની સાથે માંધાતાની બધી જ કુંવરીઓ ચાલી ગઇ.

કેટલાંયે વર્ષો સુધી વિષયોપભોગને તેણે પરમ પુરુષાર્થ માન્યો. છેવટે તેને સમજાયું કે હું કઇ સ્થિતિ પર હતો અને કયા ખાડામાં આવી પડ્યો? હું કેવો હતો? અને કેવો થઇ ગયો? સમજણ આવ્યા પછી તેને આત્યંતિક દુઃખ થયું. છેવટે તેણે શ્રીહરિની ભક્તિ કરી. તેનાથી તેને મુક્તિ મળી, એટલું જ નહિ, તેની પત્નીઓ પણ મુક્ત થઇ ગઇ. આ કથામાં હરિભક્તિનું મહત્ત્વ ગાયું છે.

સૌભરિની કથા દ્વારા, કામક્રીડા જોવી ન જોઇએ તેમ કામક્રીડાની કથા વાંચવી પણ ન જોઇએ

એમ સમજાવ્યું છે. એટલું જ નહિ, આપણે ત્યાં ચાર આશ્રમ સ્વીકાર્યા છે તેમાં પહેલાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ—આ ત્રણ આશ્રમો થયા પછી જ સન્યાસાશ્રમ લેવો એવો આગ્રહ રાખ્યો છે. બુદ્ધ ભગવાનના સમય બાદ બ્રહ્મચારી સીધો સંન્યાસ લે તેને આજે નૈષ્ઠિક બ્રહ્મચારી કહે છે. આપણા ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તે અશાસ્ત્રીય છે. આવો નૈષ્ઠિક બ્રહ્મચારી સંન્યાસી જ નથી એમ માને છે. પીઠામ્નાય જેવું શાસ્ત્ર છે તેમાં સંન્યાસીએ **न पश्येत् लिखितामपि**—સ્ત્રીનું ચિત્ર પણ ન જોવું એમ લખ્યું છે. કામક્રીડા જોઇને માણસમાં કામ ઉદીપ્ત થાય છે તેથી કામક્રીડા ગોપનીય અને પવિત્ર છે એમ માન્યું છે.

આજે જુદા જુદા દેશોમાંથી એવી વિચારધારા આવી છે કે કામક્રીડા કુદરતી છે, તેને છુપાવવાની શી જરૂર છે? જે કુદરતી છે તેને છુપાવવું ન જોઇએ એમ કહે છે. તેઓ કહે છે કે કામચેષ્ટા ખુલ્લેખુલ્લી થવી જોઇએ. પરંતુ, તે અસામાજિક અને અસંસ્કૃત છે. તેવું કરીને તમે લોકોનું મન બગાડો છો. કામક્રીડા નૈસર્ગિક હોવા છતાં તે ખુલ્લેખુલ્લી ન થવી જોઇએ એમ ભારતીયો માને છે. આપણા દેશમાં બહારની વિચારધારા આવે છે પણ ભારતીયોની જીવનદૃષ્ટિ જુદી છે, ભારતીયોએ કામને એક પુરુષાર્થ માન્યો છે. કામ જુગુપ્સિત નથી, તિરસ્કરણીય નથી, પણ કામચેષ્ટા ગોપનીય છે એમ માન્યું છે.

ભારતીય સંસ્કૃતિએ કામને પુરુષાર્થ માનીને પ્રથમ વિવાહસંસ્થા સ્વીકારી છે. તેમાં જાતીય સંબંધ (Mating) નથી એમ નહિ. તે છે પણ તેને પ્રામુખ્ય નથી. જેમણે આ વિષયનો અભ્યાસ કર્યો છે તેના માટે આ કહું છું. તેના માટે વધારે સ્પષ્ટીકરણની જરૂર નથી.

લગ્નમાં ત્રણ વાતો જરૂરી માની છે! તેમાં એક એકીકરણ (Merging), બીજો જાતીય સંબંધ (Mating) અને ત્રીજું પ્રજોત્પત્તિ (Reproduction) આ ત્રણ મળીને લગ્ન થાય છે. આજે તો લોકો કહે છે કે એકીકરણ **(Merging)** નો પ્રશ્નજ નથી. દરેક વ્યક્તિ સ્વતંત્ર છે; વ્યક્તિત્વ ટકાવવા જીવન ભેળવી નાખવાની, એકીકરણની જરૂર નથી. તેવીજ રીતે પ્રજોત્પત્તિ **(reproductive value)** કેમ ઓછી થાય તેની પાછળ તો અમે પડયા છીએ. પછી રહ્યો કેવળ જાતીય સંબંધ **(Mating)** અને તે કુદરતી છે તેથી તેને છૂપો રાખવાની જરૂર નથી. દેશપરદેશમાં આવી વિચારધારા ચાલે છે અને તે પ્રભાવી રીતે અહીં ભારતમાં પણ આવી છે. જાતીય સંબંધ કુદરતી છે તો તેમાં તમે રુકાવટ શા માટે લાવો છો? એમ તેઓ પૂછે છે. છતાં આજે આખાબોલા લોકો પણ આવું ખુલ્લેખુલ્લું બોલતા નથી.

એકીકરણ **(Merging)** માનસિક છે, તે બન્નેને જરૂરી છે તેથી ભારતીય સંસ્કૃતિએ માન્ય કર્યું છે. પ્રજોત્પત્તિ **(Reproduction)** સાંસ્કૃતિક છે તથી માન્ય કર્યું છે અને જાતીય સંબંધ **(Mating)** ભૌતિક છે, તેને ગોપનીય રાખ્યું છે. એક વિશિષ્ટ સાતત્ય **(continuity)** ટકાવવાની કોશિષ આમાં છે. એકીકરણ અને પ્રજોત્પત્તિને પ્રથમ સ્વીકારીને ભારતીયોએ જાતીય સંબંધ ગૌણ માન્યો છે.

આજે લોકો કહે છે કે પ્રજોત્પત્તિ માટે લગ્ન નથી. તેમના મતે એકીકરણ સવાલજ ઉભો થતો નથી, પ્રત્યેકને વૈયક્તિક વ્યક્તિમત્ત્વ **(individual personality)** તો હોવુંજ જોઇએ તેથી

એકીકરણનો પ્રશ્નજ તેમાં નથી. લગ્ન ફક્ત જાતીય સંબંધ માટે છે એવું માન્ય કર્યું છે, તેથીજ ભારતીય સંસ્કૃતિએ તેના ઉપર પ્રહાર કર્યા છે. જો લગ્ન જાતીય સંબંધ માટેજ હોય અને કામક્રીડા નૈસર્ગિક જ માનવી હોય તો તેને ગોપનીય માનવાની જરૂર નથી. ભારતીય સંસ્કૃતિએ કામક્રીડાને પવિત્ર અને ગોપનીય માની છે. એનું કારણ એ છે કે તે ગોપનીય ન રાખવામાં બીજાને હેરાનગતિ થાય છે. બીજાને હેરાનગતિ થાય એવું કરવાનો આપણને અધિકાર નથી. કામક્રીડાને સ્વીકારીને પણ તેને ગોપનીય માની છે. કામ આ બહુ મોટો વિષય **(subject)** છે.

સૌભરિની કથામાં ભક્ત અને તપસ્વીને જુદા પાડ્યા છે. સૌભરિ કેવળ તપસ્વી હતો ત્યારે તે કામહત થઇ ગયો, પરંતુ, તે ભક્તિ કરીને પ્રભુચરણમાં પહોંચી ગયો એવું લખ્યું છે. આનો અર્થ એ છે કે કેવળ તપથી કામ પર વિજય મળતો નથી. ઘણા લોકો તપ કરે છે. તપથી સિદ્ધિ મળે છે, તપથી કંઇ ચમત્કાર પણ દેખાડી શકાય છે, તપમાં એ શક્તિ છે. કેટલાંક શારીરિક તપ છે; અનશનથી તપ કરે છે, પંચાગ્નિસાધન કરીને તપ કરે છે. પરંતુ આવા તપનું મન ઉપર પરિણામ થતું નથી અને મનની ઉન્નતિ પણ થતી નથી, મન પ્રભાવી અને શક્તિશાળી થતું નથી. સુભાષિતકાર કહે છે:

मीनः स्नानरतः फणि पवनभुक् मेषस्तु पर्णाशनो
नीराशी खलु चातकः प्रतिदिनं शेते बिले मूषकः।
भस्मोध्धूलन तत्परो ननु खरो ध्यानाधिरूढो बकः
सर्वे किं न हि यान्ति मोक्षपदवीं भक्तिप्रधानं तपः॥

(અર્થ: માછલી હંમેશા સ્નાન કરે છે, સાપ પવન ખાય છે, બકરો પાંદડા ખાય છે, ચાતક તરસ્યો રહે છે, ઉંદર ગુફામાં રહે છે, ગધેડો રાખ લગાડે છે, બગલો ધ્યાન કરે છે, આમાંથી કોઇને પણ મોક્ષ મળતો નથી, કારણ તપમાં પ્રધાન ભક્તિ છે.)

તપથી જો મોક્ષ મળતો હોય તો આ લોકોને મોક્ષ કેમ ન મળ્યો? આવો પ્રશ્ન ઊભો કર્યો છે. તપથી મુક્તિ નથી મળતી. તપનું પરિણામ મન ઉપર બહુ જ ઓછું થાય છે, નથી જ થતું એમ કહેતો નથી. કેટલાક ધર્મ, કેટલીક સંસ્કૃતિ, કેટલાક લોકાચાર અને કેટલીક લૌકિક કલ્પનાઓ એવી છે કે તેમના કહેવા પ્રમાણે તપથી ભગવાન મળી જાય છે. આપણે વાંચવા મળે છે કે ફલાણા સાધુએ પ્રખર તપ કર્યું પણ પછી તે બગડી ગયા. તેમને પૂછવું જોઇએ કે પ્રખર તપ કર્યું હતું છતાં બગડ્યા કેમ? કારણ પ્રખર તપનું પણ તેના મન ઉપર કોઇ પરિણામ થયું ન હતું, મન ઉન્નત થયું ન હતું. તપથી કંઇક શારીરિક સિદ્ધિ મળે છે. આવી સિદ્ધિ માટે યોગદર્શનકારે પણ લખ્યું છે: **स्थान्युपमन्त्रणे सङ्गस्मयाकरणं पुनरनिष्टः प्रसङ्गात्** – કેવળ તપથી આવો અનિષ્ટ પ્રસંગ આવે છે. જરૂર, તપથી શરીર પર કાબૂ આવે છે, સંયમ પણ આવે છે. તપના કંઇ ગુણો પણ છે, પરંતુ, કામને જીતવાની શક્તિ તપમાં નથી. તપસ્વી જ્યારે વિરુદ્ધલિંગી (Opposite sex) ની પાસે ઊભો રહેશે તો તે પીગળી જશે, ચલિત થશે. સૌભરિની તેવી જ સ્થિતિ થઇ હતી.

ભાગવતમાં માછલીનું યુગ્મ લખ્યું છે તેનો લોકો સ્થૂલ અર્થ લે છે. તેમાં માછલીની કામક્રીડા

1 એવું લખ્યું છે. માછલી મારવાવાળા માછીમારનું યુગ્મ પણ હોઇ શકે. તેમણે કરેલી ખુલ્લેખુલ્લી કામક્રીડા સૌભરિએ જોઇ હશે. તે જોઇને સૌભરિના મનમાં કામ જાગૃત થયો હશે. તેનામાં કામ એટલો જાગૃત થયો કે તે કામથી વ્યાપ્ત થઇ ગાંડો થયો. હઠયોગમાં એવી કંઇ પ્રક્રિયાઓ છે કે જેની સંપૂર્ણ માહિતી ન હોવા છતાં કોઇ તેનો પ્રયોગ કરે તો તે એટલો કામી બની જાય, એટલો ગાંડો થઇ જાય કે બેશરમ બનીને રસ્તામાં ચાલતી કોઇપણ સ્ત્રીનો તે હાથ પકડી લે. હઠયોગને માટે પંતજલિ ભગવાન, શ્રીકૃષ્ણ ભગવાન કે બધા અવતારો અને ઋષિઓ એટલા સાનુકૂળ નથી, સહમત નથી.

તપથી તપસ્વીના મન પર પરિણામ થતું નથી. તો પછી મન પર શાનાથી પરિણામ થાય? ભક્તિથી જ મન પર પરિણામ થાય. ઘણા લોકો પૂછે છે કે અમે ઘણા વખતથી ભક્તિ કરીએ છીએ, છતાં અમારા મન ઉપર પરિણામ કેમ નથી થતું? એનો એક જ જવાબ છે કે તે સાચા અર્થની ભક્તિ નથી. તમે ભગવાનથી વિભક્ત છો. તો ભક્તિ કેમ થાય?

પ્રથમ ભાવભક્તિની આવશ્યકતા છે કે જે ચિત્તએકાગ્રતાથી થાય છે. બીજું, દૃષ્ટિકોણ બદલવાની આવશ્યકતા છે. ભક્તિ—આ એક જીવન છે, એ એક જીવનનો દૃષ્ટિકોણ છે, તે એક સ્થિતિ છે. ભક્તિ આ એક વૃત્તિ છે. ભક્તનો સ્ત્રી તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલાઇ ત્યારે જ કામવિકાર ઉપર પ્રભુત્વ મળી શકે છે, ત્યાંસુધી નહિ. જ્યારે ચિત્ત એકાગ્ર કરીને મન ઉપર પરિણામ થાય છે ત્યારે જ કામવિકાર ઉપર પ્રભુત્વ મળે છે, તપમાં આ બન્ને વાતો નથી. તપમાં કંઇ વિચારવું પણ નથી અને તપમાં કંઇ ચિત્ત એકાગ્ર પણ કરવું નથી.

તપ પણ જુદા જુદા પ્રકારના છે. તેમાં પંચાગ્નિસાધન છે, કંઇ ક્રિયાકાંડ છે, કંઇ યજ્ઞ છે, કંઇ જપાત્મક પણ કરવાનું હોય છે. મન ગમે ત્યાં ફરતું હોય છે અને બીજી તરફ જપ ચાલતો હોય તેવું પણ બને છે. કેટલાક લોકો તપ કરવા માટે ખાવાનું છોડી દે છે—આવા વિવિધ પ્રકારના તપથી મન ઉપર કંઇ પરિણામ થતું નથી, તેનાથી મન પ્રભાવી થતું નથી, તે ભાગવતને સૌભરિના રૂપે દેખાડવું છે. આવો તપસ્વી સૌભરિ પણ કામથી પીડાઇને ગાંડો થઇ જાય છે અને રાજાની કુંવરી માગવા તેની પાસે દોડી જાય છે. આટલો ગાંડો આજે વીસમી સદીમાં પણ જોવા નહિ મળે. તેનું મન એટલું બેકાબૂ બની ગયું હતું. મન બદલવાનું કામ ભક્તિથી થશે, તપથી નહિ.

આજે આપણે એ વાત માનીએ છીએ કે ભક્તિથી મન બદલાશે, પણ ભક્તિનો અર્થ જપ કરવો, ઉપવાસ કરવા અથવા તો નવરાત્રિમાં આખી રાત ગરબા ગાવા—એમ આપણે સમજીએ છીએ. ભક્તિનું પરિણામ મન ઉપર થવું જોઇએ, જીવનના દૃષ્ટિકોણ ઉપર થવું જોઇએ. જીવન તરફ જોવાનો, વિત્ત તરફ જોવાનો, વ્યક્તિ તરફ જોવાનો, સંસાર તરફ જોવાનો, કીર્તિ તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલવાની આવશ્યકતા છે. જીવનનો દૃષ્ટિકોણ બદલવો એનું નામ ભક્તિ છે. આપણે કપાળે ચાંદલો કર્યો છે કે નહિ એ જુદી વાત છે, પરંતુ, જીવનનો દૃષ્ટિકોણ બદલ્યો છે કે નહિ, એ ભક્તિની પહેલી અને મુખ્ય વાત છે.

ચિત્તએકાગ્રતા કરીને કરેલી ભક્તિ અને દૃષ્ટિકોણ બદલવા માટે કરેલા પરિશ્રમથી કામ ઉપર વિજય મેળવી શકાય છે. તપસ્વી સૌભરિ આ વાત સમજી ગયો અને પછી તે

નારાયણસ્વરૂપમાં તલ્લીન થયો એવું ભાગવતમાં લખ્યું છે. ભાગવતમાં લખ્યું છે કે જે તપથી શક્ય ન થયું તે ભક્તિથી શક્ય બન્યું, તો તે ભક્તિ કઇ તે સમજવું જોઇએ. ભગવાનના ફોટા પર ફૂલની માળા ચડાવી કે ભક્તિ પૂરી થઇ એમ સમજીએ છીએ. આજે દુકાનમાં ભગવાનનો ફોટો રાખે છે, પણ શેઠને સમય નથી મળતો તેથી તેના પર માળા ચડાવવા કોઇ બ્રાહ્મણને રાખે છે. તે આવીને રોજ ફોટાને ફૂલની માળા ચડાવી જાય છે. આ કંઇ ભક્તિ નથી.

ભક્તિનો અર્થ એ છે કે તેનું મન ઉપર અને બુદ્ધિની ઉપર પરિણામ થવું જોઇએ. મન ઉપર પરિણામ થાય તે માટે ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ થવી જોઇએ અને બુદ્ધિ પર પરિણામ થાય તે માટે ઉચ્ચ સાહિત્યનો સ્વાધ્યાય થવો જોઇએ. ગુજરાતી ભાષામાં તો પ્રથમ પાઠ અને પછી પૂજા એમ કહ્યું છે. 'પાઠપૂજા' શબ્દ ગુજરાતીમાં રૂઢ થયો છે. પ્રથમ સ્વાધ્યાય અને પછી પૂજા. જ્યાંસુધી પાઠ—સ્વાધ્યાય થયો નથી ત્યાંસુધી પૂજા કેવી રીતે થાય? પાઠ—સ્વાધ્યાયનું મહત્ત્વ ઘણું છે. આજના કાળમાં નવરાત્રિના દિવસોમાં તો ઘર-ઘરમાં પાઠ થાય જ છે, પરંતુ, પાઠ એટલે સ્વાધ્યાય. તેમાં ઉચ્ચ સાહિત્યની અપેક્ષા છે અને તે પ્રત્યેક વ્યક્તિને માટે અત્યંત આવશ્યક છે.

સૌભરિ જેવા મહાન તપસ્વી માણસની પણ કેવી સ્થિતિ થઇ છે તે ભાગવતે બતાવ્યું છે. તો સામાન્ય માણસની તો વાત જ શી કરવી? ભક્તિથી સૌભરિ તદ્દન બદલાઇ ગયો. પરંતુ, જ્યાંસુધી ભક્તિનો અર્થ સમજાતો નથી ત્યાં સુધી જીવનમાં કંઇ ફરક પડતો નથી. સાચી ભક્તિથી જીવન બદલાઇ જાય છે, ઉન્નત થાય છે. ભગવાનને એક ફૂલની માળા ચડાવી એટલે ભક્તિ થઇ ગઇ એવું સમજનાર ભાગવત સાંભળીને પણ ભક્તિ સમજ્યા નથી.

કેટલાક લોકો કહે છે: 'અમે ભક્તિ માનવાવાળા લોકો છીએ. અમે જ્ઞાન માનવાવાળા લોકો નથી.' આમાં કોણ ભક્તિવાળો અને કોણ જ્ઞાનવાળો તે ખબર નથી પડતી. જ્ઞાન વિના ભક્તિ થઇ શકે? આ મારી મા છે એ જ્યાંસુધી ખબર નથી હોતી ત્યાંસુધી તેના પર પ્રેમ કેવી રીતે થાય અને કેવી રીતે વધે? જ્યાંસુધી પ્રેમ વધતો નથી ત્યાંસુધી ભક્તિ કેમ થાય? તેવી જ રીતે પ્રેમ અને જ્ઞાન ન હોય તો તેના માટે કર્મ કેમ થાય? કર્મ, ભક્તિ, જ્ઞાનના ત્રણ જુદા ભાગ થઇ જ શકતા નથી. ઉચ્ચ સાહિત્યનો સ્વાધ્યાય અત્યાવશ્યક છે, તો જ ભક્તિ સમજાય. ઉચ્ચ સાહિત્ય નિયમિત રીતે રોજ સાંભળવું જોઇએ. તે શક્ય ન હોય તો અઠવાડિએ એક વાર નિશ્ચિત રીતે સાંભળવું જોઇએ, ઉચ્ચ વિચારો સાથે સંબંધ રાખવો જોઇએ.

સૌભરિની કથા બે વાતો સમજાવે છે. ઉચ્ચ સારસ્વત ઊભો થવો જોઇએ અને અસલી ભક્તિ ઊભી થવી જોઇએ. કેવળ તપ કરીને નહિ ચાલે. આજે કહેવાતા તપસ્વીઓને સાંભળવાની, વાંચવાની કે અભ્યાસ કરવાની જરૂર લાગતી નથી. એટલું જ નહિ, તેમને વાળ કપાવવાની ફુરસદ હોતી નથી તેથી જટા વધારે છે. આ લોકો કંઇ વાંચતા નથી અને તેમને ચિત્તએકાગ્રતા કરીને ભક્તિ કરવાની કલ્પના નથી.

નવરાત્રિમાં સરસ્વતીનું પૂજન કરવાનું કહ્યું છે. તેમાં મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનું પૂજન કરવાનું હોય છે. સરસ્વતીનું પૂજન કરવા માટે સારસ્વતોએ વિચારવું જોઇએ કે કયું સાહિત્ય લોકોની સામે રાખવું જોઇએ? કામપ્રધાન સાહિત્ય લોકોની સામે રાખીને લોકપ્રીતિ

મળશે, વિત્ત પણ મળશે. લોકપ્રીતિ અને વિત્તને જ પ્રમુખ માનતા હો તો તે બરાબર છે. પરંતુ જો સમાજનું કંઇ કલ્યાણ કરવાની દૃષ્ટિ હશે તો તેના જેવી નકામી બીજી કોઇ વાત નથી. તેમાં તો દુર્ગંધ આવશે.

ભારતીય લોકોએ સરસ્વતી તરફ કઇ દૃષ્ટિથી જોયું છે? વેદોએ લખ્યું છે કે સરસ્વતી મંજુલહાસિની બાલા નથી, મનમોહિની મુગ્ધા નથી, તેવી જ રીતે તે વિલાસચતુરા પ્રૌઢા નથી. તો? સરસ્વતી તો નિત્યયૌવના અને સ્તન્યદાયિની મા છે. આવા દૃષ્ટિવંત સારસ્વતો ઊભા થવા જોઇએ અને એવી સરસ્વતીની પૂજા થવી જોઇએ કે જેનાથી જીવન ઉપરની શ્રદ્ધા તથા કર્તૃત્વ ઉપરની શ્રદ્ધા સુદૃઢ થાય અને સ્વકર્તવ્યની સ્મૃતિ થાય. તેનાથી માણસની મેધા શુદ્ધ થશે અને અંતિમ શાન્તિ મળશે. **दुर्गा सप्तशती**માં આ જ વાતો છે:

या देवी सर्वभूतेषु श्रध्धारूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः।।
या देवी सर्वभूतेषु स्मृतिरूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः।।

આખી સપ્તશતી બહુ સુંદર છે. તે સમજાવે છે કે સરસ્વતી જીવનમાં આવશ્યક છે અને તેને મા સમજીને તેની પાસે જવું જોઇએ. જ્યાંસુધી સરસ્વતીનું પૂજન નથી થતું ત્યાંસુધી પોતાની ક્ષુદ્ર કામનાઓની પૂર્તિ કરવા માટે આપણે ભક્તિ કરતા રહીશું અને ત્યાંસુધી સરસ્વતીની વિડંબના ચાલતી રહેશે. પરિણામે મન અને બુદ્ધિ ઉપર તેનું પરિણામ નહિ થાય.

આપણી આ પાઠશાળામાં સરસ્વતીનું જ પૂજન ચાલતું રહેલું છે. આ ચાર દીવાલ એટલે પાઠશાળા નથી. આપણા વૈદિક વિચાર, જીવનશ્રેણી, જીવનસંપદા જ્યાં જ્યાં પહોંચી છે—પરદેશમાં પણ—ત્યાં ત્યાં આપણી પાઠશાળા છે. પાઠશાળામાં વ્યાસપીઠની આપણે પૂજા કરીએ છીએ. પ્રભુ ઉપરના વિશ્વાસથી ચાલતી રહેલી આ પાઠશાળા છે. ગૌરવથી ઊંચું મસ્તક કરીને આપણે કહી શકીએ, એવી આ વાત છે. સામાન્ય માણસના મગજમાં આ વાત નહિ આવે. ભૌતિક જીવનમાં અને આધ્યાત્મિક જીવનમાં આવવાવાળી નિરાશા અને નિર્બળતાને કાઢી નાખવાવાળી આ પાઠશાળા છે. માણસને પ્રભુપરાયણ બનાવવાવાળી આ પાઠશાળા છે. જ્યાં શારદાનું પૂજન થાય છે એવી આ પાઠશાળા છે. આ ભગવાનની પાઠશાળા છે, યોગેશ્વરની પાઠશાળા છે, લક્ષ્મીનારાયણની પાઠશાળા છે.

નવમા સ્કંધમાં વિવિધ કથાઓ છે. જે લોકો સુસૂક્ષ્મ અભ્યાસ કરવાવાળા છે તેમને માટે કહું કે જે કાળમાં સમાજની પુનર્રચના (Reconstruction of society) કરવામાં આવે છે તે કાળમાં સમાજપુનર્રચના માટે અતિશય માર્ગદર્શક કંઇ હશે તો ભગવતનો આ નવમો સ્કંધ છે. તેમાં સૌભરિ, માંધાતા, મહાન ભગવદ્ભક્ત અંબરીષ અને નાભાગની કથા છે. ત્યારબાદ મહત્ત્વના અવતાર પ્રભુ રામચંદ્ર પણ આ જ સ્કંધમાં આવે છે.

આકાશમાંની ગંગાજીને આ પૃથ્વી પર લાવનાર સગરરાજાની કથા પણ આ સ્કંધમાં આવે છે. સગરચરિત્ર જુદું જ છે. સગરની માતાના પેટમાં ગર્ભ હતો. ગર્ભપાત કરાવવા તેને વિષ

આપવામાં આપ્યું હતું, પરંતુ, તેનું કંઇ પરિણામ થયું નહિ. જે પુત્ર થયો તેનું નામ સ+ગર (ગર એટલે વિષ) = સગર પાડવામાં આવ્યું. તેને માના પેટમાં જ મારવાનો પ્રયત્ન શા માટે થયો તેનું કારણ રાજકીય છે.

સગરના વંશમાં અંશુમાન થઇ ગયા. અંશુમાનનો પુત્ર દિલીપ અને તેનો પુત્ર ભગીરથ. આ ભગીરથે સ્વર્ગમાંથી ગંગાને પૃથ્વી પર આણી હતી. ભગીરથે તપશ્ચર્યા કરી અને સગરપુત્રોનો ઉદ્ધાર કર્યો એવી ભાગવતમાં કથા છે.

ભગીરથને વિચાર આવ્યો કે સગરના પુત્રોનો ઉદ્ધાર કરવા માટે હું જ્યારે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવીશ ત્યારે તેને ઝીલશે કોણ? કોઇ તેને ઝીલે નહિ તો આ પૃથ્વી ખલાસ થઇ જશે. ભગીરથે ભગવાન શિવજીની પ્રાર્થના કરી, ઉપાસના કરી, તપશ્ચર્યા કરી. તેનાથી પ્રસન્ન થઇને ભગવાન શિવજીએ કહ્યું કે જો આખા સમાજનું કલ્યાણ થતું હોય તો સ્વર્ગમાંથી આવેલી ગંગાને હું મારા મસ્તકમાં ઝીલી લઇશ અને પછી હળવેથી પૃથ્વી પર છોડીશ જેથી પૃથ્વીને કંઇ નુકસાન ન થાય અને ગંગાનો લોકો માટે ઉપયોગ થાય.

ગંગાને પૃથ્વી પર ભગીરથે આણી તેમાં શંકા નથી, તેથી જ તો લગભગ બધી ભાષામાં 'ભગીરથ પ્રયત્ન'નો શબ્દ પ્રયોગ આવ્યો છે. ભગીરથે જે પ્રયત્નો કર્યા તેની સામે મસ્તક નમે છે.

ભગવાન શિવજીના મસ્તકમાંથી નીકળેલી ગંગા ભગવાન વિષ્ણુના પદકમલને સ્પર્શે છે. વચ્ચે લાખો એકર જમીનને તે **सुजलां सुफलाम्** બનાવે છે. કેટલાયે જીવોને તે જીવન આપે છે! આવી ગંગામૈયાના દર્શન કરી દિલ ભરાઇ આવે છે. ગંગાએ સગરપુત્રોનો તો ઉદ્ધાર કર્યો જ છે પરંતુ, આપણે ગંગા વિષે વિચારીશું તો આપણો પણ ઉદ્ધાર થઇ જશે તેમાં શંકા નથી.

જગન્નાથ પંડિતે ગંગામૈયાની પ્રાર્થના અને ભાવભર્યું માહાત્મ્યગાન બાવન શ્લોકમાં કર્યું છે તે ગંગાલહરી સ્તોત્ર અલૌકિક અને રમણીય છે. (ગંગાલહરી સ્તોત્ર ઉપર સ્વતંત્ર પુસ્તક ઉપલબ્ધ છે.)

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે સગરપુત્ર ભગરીથે આકાશમાંથી ગંગાને નીચે આણી. ગંગા આકાશમાંથી આવી હોય એવું લાગે છે? અમે તો ગંગાનાં મૂળ—ગંગોત્રીનાં દર્શન કરી આવ્યા છીએ. તો ગંગા આકાશમાંથી આવી એટલે શું? આકાશ તો સર્વવ્યાપી છે. આકાશમાંથી ગંગા આવી એટલે ઉપરથી ગંગા નીચે આવી તે સમજાય છે. તો પછી વચ્ચે શિવજીને લાવ્યા તે અપ્રસ્તુત છે; કેમ કે નહેર વાટે ગંગાનું પાણી નીચે લાવ્યા હશે. કેટલાક લોકો કહે છે કે ભગીરથ આકાશમાંથી ગંગા નીચે લાવ્યા એનો અર્થ એ કે ગંગાનું પાણી નહેર વાટે લાવ્યા અને તેનો ઉપયોગ કર્યો. એવા તે વ્યવહારુ હતા. તેમાં સમય તો લાગે જ. આપણને સ્વાતંત્ર્ય મળ્યું ત્યારથી આપણે જપ કરીએ છીએ કે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર અને કચ્છમાં લાવીશું, ફોકટ જતા પાણીનો ઉપયોગ કરીશું, પણ તેમાં એકાદ પેઢી પૂરી થઇ ગઇ, હજી કંઇ થયું નથી. આવું જ ભગીરથને લાગ્યું હશે કે ગંગાનું પાણી અછતવાળા વિસ્તારમાં ઉપયોગમાં લાવીશું. તે લાવતાં પેઢીઓનો સમય લાગ્યો હશે. નહેર બનાવવામાં સમય તો લાગે. તે વખતે પણ ત્રણ રાજ્યોમાંથી ગંગા વહેતી હશે.

શિવજી, વિષ્ણુ વગેરે દેવોનાં રાજ્યો જુદાં જુદાં હોય તો આખું વિશ્વ ખતમ થઇ જાય. જો શિવજી અને વિષ્ણુ એકબીજા સાથે લડે તો આપણું શું થાય? શિવજી જ્ઞાનના દેવ છે. જે વિશુદ્ધ ચૈતન્યે આ જગત નિર્માણ કર્યું, જે તેને ચલાવે છે, તેની જે વિશુદ્ધ જ્ઞાનાવસ્થા છે તેને આપણે શિવજી કહીએ છીએ. **चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम्**—તે જ અંતિમ કલ્યાણ. જીવન શરૂ થયું કે તેમાં ગમો-અણગમો ઊભો થઇ જાય. જીવ આ એક જુદો પ્રવાહ લાવ્યો, તે ગટર ઘૂસી ગઇ. શિવજીએ ગંગાને મસ્તક ઉપર ઝીલી તેમાં કઇ અદ્‌ભુતતા છે? ભગવાનનો આ જે પ્રેમપ્રવાહ છે તેને વિવેકે પકડી રાખ્યો છે. વિવેક એટલે જ્ઞાન. તેના વગર સૃષ્ટિ ખલાસ થઇ જાય. ‘મારામાં ભગવાન છે’ એમ સમજીએ પણ તેને શિવજી-વિવેક-જ્ઞાન—જો ન પકડે તો શું થાય? ઊલટું-સૂલટું થાય. વિવેક જાગૃત થયા બાદ જ જ્ઞાન મળે છે એ પહેલી વાત અને વિવેક હશે તો જ તે પચે છે એ બીજી વાત. તેના વગર રોગ નિર્માણ થાય. માણસ પાસે વિવેક ન હોય અને તેના કાનમાં ‘મારામાં ભગવાન છે’ આ શબ્દો આવે તો શું થાય? તો સૌ પ્રથમ એને એમ લાગશે કે મારે હવે કંઇ કરવાની જરૂર નથી. તેવી જ રીતે, ‘ભગવાન મારામાં છે’ તો જે કંઇ શરીરથી થાય છે તેની જવાબદારી મારી નથી ભગવાનની છે, આ બીજી વાત ઘૂસી જશે. તેને કોઇ કહે કે, ‘ભાઇ! તું આવું વર્તન કેમ કરે છે?’ તો એ કહેશે, ‘એ બધું ભગવાન કરે છે તેથી તેની જવાબદારી મારા પર નથી.’

તેને કોઇ પૂછેઃ ‘તું પશુમાંથી માનવ બન્યો છે, તો વિકાસ સાધીને માનવમાંથી ભગવાન બનવું છે કે નહિ?’ તો એ જવાબ આપશે ‘એ કામ મારું નથી, જવાબદારી મારી નથી. એનું કારણ પ્રેમપ્રવાહ—ભગવાન મારી જોડે છે.’ ગીતાને તેથી કહેવું પડ્યું ‘હું તારા શરીરમાં બેઠો છું ખરો પણ પ્રત્યેક શરીરમાં તે જીવના વિકાસની સ્થિતિ મુજબ મારી ભૂમિકા-ઉપદ્રષ્ટા, અનુમંતા, ભર્તા, ભોક્તા અને મહેશ્વર—અનુક્રમે બદલાતી જાય છે.’

ત્રીજી વાત એ છે કે વિવેક નહિ હોય તો મારા જીવનમાં જે કંઇ ખરાબ થાય છે તે ભગવાનની પ્રેરણાથી જ થાય છે. સારું થાય તો મારી પ્રેરણાથી થાય અને ખરાબ થાય તો ભગવાનની પ્રેરણાથી થાય છે અને તેની જ ઇચ્છાથી થાય છે, એવી ખોટી વાત જીવનમાં ઘૂસી જાય તો ખલાસ.

ભગીરથને ઉપર બેઠેલા ભગવાનને નીચે લાવવા હતા, પોતાની સાથે બેસાડવા હતા. ‘તારી સાથે, તારામાં ભગવાન છે’ એ કહેવું હતું. એ કહેતી વખતે માણસમાં જો વિવેક નહિ હોય તો તેને જ્ઞાન થશે નહિ અને પચશે પણ નહિ. ભગીરથે શિવજી-જે જ્ઞાનના દેવ છે તેમને ગંગાને પકડવા, ઝીલવા પ્રાર્થના કરી. તેની પ્રાર્થના સાંભળીને શિવજીએ -વિવેકપૂર્ણજ્ઞાને-ગંગાને મસ્તક પર ઝીલી. આ જ્ઞાન થયા બાદ બાવન પગથી શા માટે? જગન્નાથ પંડિત હળવે હળવે સમજીને ઉપર ચાલ્યા ગયા.

આ પ્રેમપ્રવાહ સકલ વસુધાનું સૌભાગ્ય છે. વ્યક્તિ, પ્રકૃતિ—બધે જ સૌંદર્ય ભરેલું છે. તે કોનું સૌંદર્ય છે? આયનામાં પોતાનું મોઢું જોશો તો સૌંદર્યથી ભરેલુ છે, પ્રકૃતિમાં બધું લીલુંછમ છે, તે સૌંદર્યથી ભરેલી છે. તે સૌંદર્ય કોણે ભર્યું છે? વાદળાં સુંદર છે, કાગડો પણ સુંદર છે

અને મોર તો અતિ સુંદર છે. બધામાં જુદુ જુદુ સૌંદર્ય છે. આ બધું સૌંદર્ય ભગવાને ભર્યું છે. આટલું કરીને ભગવાન આપણી અંદર આવીને બેઠા છે, તેથી જ આપણું જીવન ચાલે છે. આ ભગવાનની લીલા છે.

આ સૃષ્ટિ કોણે બનાવી અને શા માટે બનાવી? આપણી સામે આ પ્રશ્ન છે. જેને જ્ઞાન થયું છે તેની સામે આ પ્રશ્ન જ નથી. તેને એ પ્રશ્ન નથી કે દુ:ખથી ભરેલી આ સૃષ્ટિ તેણે શા માટે બનાવી? ગીતામાં તેથી જ અર્જુન ભગવાનને કહે છે: **स्थितोडस्मि गतसन्देहः करिष्ये वचनं तव** – મારો વૈચારિક પાયો પાકો થયો છે, હવે હું ચલિત નહિ થાઉં.

'ભગવાન! તમારામાં સૌંદર્ય છે, શક્તિ છે. તમારી મોટાઇ શામાં છે? તમારી ક્ષમા અને તમારું ઐશ્વર્ય એ તમારી મોટાઇ નથી, પરંતુ, તમે મારા પર પ્રેમ કરો છો એ તમારી મોટાઇ છે. ભગવાન! તમારી શક્તિ સમજવાની તાકાત મારામાં નથી. મારામાં શિવજી જાગૃત થતા નથી. હું શિવજીનો ઉપાસક નથી.' તેથી પહેલાં શિવજીના–(જ્ઞાનના) ઉપાસક થઇ જાઓ અને પછી વિષ્ણુના (વ્યાપકના) ઉપાસક થઇ જાઓ. જે પોતાને ખબર પડી છે તે બીજાને કહેતા જાઓ. રામદાસ સ્વામી કહે છે: **जितुकें कांहीं आपणासी ठावें। तितुकें हळूहळू सिकवावें...**–જે જે પોતાને ખબર છે તે બીજાને કહેતા જાઓ. વ્યાપક બનો. આ વિષ્ણુની ઉપાસના છે.

ગંગાના પ્રેમપ્રવાહ વચ્ચે જો શિવજી (જ્ઞાન) નહિ હોય તો પચશે નહિ. વિવેક ન હોય અને ભગવાન મારી જોડે છે એવું જ્ઞાન થાય તો મારે કંઇ કરવાની જરૂર નથી. જે થાય છે તેની જવાબદારી મારી નથી, એનું કારણ તે જ કરે છે અને ત્રીજું, જે કંઇ થાય છે તે તેની ઇચ્છાથી થાય છે, આવી ખોટી સમજ ઘર કરી જાય. આવું માણસ સમજે તો માણસ ખલાસ થઇ જાય. તેથી જ વચ્ચે વિવેક–શિવજી જોઇએ.

વેદોને અને ગીતાને છેલ્લે શું કહેવાનું છે? **सर्वस्यचाहं हृदिसंनिविष्टः** – બધાના હૃદયમાં હું બેઠો છું. ભગવાન બધી જગાએ છે તો મને છોડીને થોડો જ રહ્યો છે? આપણે બધી જગાએ ભગવાન છે એમ માનીએ છીએ, પણ પોતાને છોડીને! શું મને છોડીને રહેશે ભગવાન? નહિ. 'તું સમર્થ છે, તું પુણ્યવાન છે, તું ઇશ્વર છે'–એ જ શ્રુતિને કહેવાનું છે. માણસ આવો વિચાર સાંભળે તો તે મડદા જેવો હોય તો પણ ઊભો થઇ જશે. માણસે આવો વિચાર સાંભળવો જોઇએ અને આવો વિચાર કરવો જોઇએ કે હું સમર્થ છું, હું પુણ્યવાન છું અને ઇશ્વર છું.

પુણ્યમાં પણ પ્રકાર હોય છે. એક કેવળ પુણ્ય હોય. તેનાથી સુખ-સમૃદ્ધિ મળે છે. બીજું એક વિશેષ પુણ્ય હોય. તેનાથી સુખ-સમૃદ્ધિ મળવા ઉપરાંત તે પુણ્ય માણસ પાસેથી પ્રભુનું કામ પણ કરાવે છે. આપણી પાસે સુખ-સમૃદ્ધિ છે પણ આપણો પ્રભુ તરફ વળાંક નથી અને પ્રભુકાર્ય તરફ પણ વળાંક નથી. સમજો કે તમને ગયા જન્મનું સામાન્ય પુણ્ય મળ્યું છે તો પ્રભુ તરફ તમે નહિ વળો. જો વિશેષ પુણ્ય હશે તો તમે પ્રભુ તરફ અને પ્રભુકાર્ય તરફ ખેંચાશો. ત્રીજું એક મહાન પુણ્ય છે. તે સુખ-સમૃદ્ધિ તો આપશે જ, પ્રભુકાર્ય પણ કરાવશે, પણ સાથે સાથે તે પ્રેમપ્રવાહની ઓળખાણ પણ કરાવશે. તેને જ **सुकृतमथ मूर्तं सुमनसां** કહે છે. આમ, વચ્ચે શિવજી આવ્યા તેમાં કોઇ અદ્ભુતતા નથી.

'મારામાં ભગવાન બેઠા છે' આ સમજાવવા માટે ભગીરથને ત્રણ પેઢી સુધી કામ કરવું પડ્યું હશે. ભગીરથ ભાગ્યશાળી ગણાય કારણ, ત્રણ પેઢીમાં તે કામ થયું. નહિ તો દસ-દસ પેઢી સુધી પ્રયત્ન કરીને પણ આ વિચાર સમાજમાં દઢ ન થાય. માણસને એમ લાગે કે લાઇનમાં ઊભા રહીને પણ મને ઘાસતેલ મળતું નથી તો મારામાં ભગવાન હોઇ જ કેમ શકે? તેને કોઇ કહે કે તારામાં ભગવાન છે, તો પણ તે વિચાર તેની બુદ્ધિમાં ઊતરતો નથી. કદાચ ઊતરે તો પચે નહિ. તો પછી આવું કામ કરવા માટે પેઢીઓનો સમય લાગે કે નહિ? જરૂર લાગે. ભગીરથે અથાગ પ્રયત્ન કરીને સગરપુત્રોને મુક્ત કર્યા તેમાં કંઇ અદ્‌ભુતતા નથી.

પ્રેમપ્રવાહ, પગના અંગૂઠાથી મસ્તિષ્ક સુધી અટક્યા વગર ચાલે છે. Non-stop and without holiday—તેમાં રજાનો દિવસ પણ નહિ. જ્યાંસુધી હું જીવતો છું ત્યાંસુધીનો પ્રત્યેક દિવસ પવિત્ર દિવસ (Holy day) જ છે.

જેનાથી ભગવત્પદ, બ્રહ્મપદ મળે તે ગંગા છે. તેનો અર્થ એ છે કે ભગવાનના પ્રેમપ્રવાહને ઓળખવો જોઇએ. 'મારામાં ભગવાન છે' એવી કેવળ સમજણથી વિકૃતિ પેદા થશે તેથી વચ્ચે શિવજી આવ્યા. શિવજી જ્ઞાન અને વિવેકની મૂર્તિ છે. તેનો અર્થ એ કે વિવેક જાગૃત થયા પછી પ્રેમપ્રવાહ મળે છે અને વિવેક હશે તો જ્ઞાન પચે છે. નહિ તો 'મારામાં ભગવાન છે' એ સમજણ આવી કે એ કાર્યની જવાબદારી પ્રભુ પર નાંખી દેશે અને તેની ક્રિયાશીલ શક્તિનું ચક્ર ખલાસ થઇ જશે.

જે ધર્મ અને અધ્યાત્મ, જીવની ક્રિયાશીલ શક્તિનું ચક્ર ખતમ કરતું હોય તે ધર્મ અને અધ્યાત્મ ત્યાજ્ય છે એવું ભારતીય સંસ્કૃતિએ માન્યું છે. માણસની ક્રિયાશીલ શક્તિને કામે લગાડવી જોઇએ. માણસમાં ભગવાન છે એ વાત ખરી છે પણ માણસ વિવેકશૂન્ય બનીને પોતાનું જીવન ખતમ ન કરે તે માટે અંદર બેઠેલી શક્તિ અને જીવનો સંબંધ કયો છે તેનું ગીતામાં વિવેચન કર્યું છે.

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः॥ (गीता-१३/२२)

(સાક્ષી, અનુમોદન આપનાર, ભરણ-પોષણ કરનાર, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા એવી બધી ભૂમિકાઓ પ્રત્યેક દેહમાં ભગવાન લે છે.)

'મારામાં ભગવાન છે' આ વિચાર મળે પણ વિવેક ન હોય તો કેવળ તે વાંચવાથી વિકૃતિ પેદા થઇને વ્યક્તિ અને સમાજનું જન્મજન્માંતરનું નુકસાન થઇ જાય. જ્ઞાનરૂપ શિવજી (વિવેક) એ પ્રેમપ્રવાહ પકડ્યો છે અને પછી હળવે હળવે પૃથ્વી પર છોડ્યો એવું જે વર્ણન છે, તે એક લક્ષણાથી સમજાવ્યું છે.

ગંગાવતરણના પ્રકરણ બાદ ઘણાં સારા ચરિત્રોનું વર્ણન નવમા સ્કંધમાં છે. રુચિકનું ચરિત્ર, જમદગ્નિનું ચરિત્ર, રંતિદેવનું ચરિત્ર-આવાં વિવિધ ચરિત્રોનું વર્ણન છે. રંતિદેવનું ચરિત્ર સમજાવે છે કે કરુણામય દૃષ્ટિથી રહેવાવાળા ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે. ત્યારબાદ એક મહાન ચરિત્ર

આવે છે, પ્રભુ રામનું.

રઘુવંશના વર્ણનમાં રઘુ, અજ, દશરથ વગેરે રાજાઓ આવે છે. ખટ્વાંગથી તે શરૂ થાય છે. જે રઘુવંશે સંસ્કૃતિ સંભાળી હતી તેનું પૂંજીભૂત પાવિત્ર્ય એ રામ છે. ભાગવતને શ્રીકૃષ્ણનું ચરિત્ર વિસ્તારથી કહેવું છે તેથી રામચરિત્ર અતિશય સંક્ષિપ્તમાં કહ્યું છે. ભાગવતનો પ્રથમ ઉદ્દેશ કૃષ્ણચરિત્ર કહેવાનો છે. જો કે તેંનો અર્થ એવો નથી કે રામ ગૌણ છે.

'રામ'નું નામ એટલું પ્રભાવી, એટલું ઓજસ્વી અને એટલું પ્રકાશ આપવાવાળું છે કે ભારતનું એક પણ ગામ એવું નથી કે જ્યાં રામનું નામ ગયું ન હોય કે જ્યાં રામની મૂર્તિ ન હોય. આવો રામનો પ્રતાપ છે. આવા રામ માટે અમે શું બોલી શકીએ? અને કેટલું બોલી શકીએ? રામને માટે કંઇ બોલવા જેવું નથી, આપણે તો એમને નમસ્કાર જ કરી શકીએ.

નમસ્કાર કરવા માટે પણ નિર્દોષ વ્યક્તિ હોવી જોઇએ. નહિ તો માણસ નમસ્કાર કરે કોને? માણસ કોની સામે શિર નમાવે? આવો પ્રશ્ન ભગવાનની સામે આવ્યો હશે. જે અદૃષ્ટ શક્તિ (Unseen power) છે તે, વિષ્ણુ અને શિવનું રૂપ પણ, અજ્ઞાત છે. તેમનું આખું જીવન પણ અજ્ઞાત છે. તો પછી એક માનવીરૂપમાં, પુંજીભૂત પાવિત્ર્ય, પુંજીભૂત ઓજ હોવું જોઇએ કે નહિ? નહિ તો માણસ કોની સામે માથું નમાવશે?

એક વખત હું કેટલાક અછૂત (જેને સમાજ અછૂત ગણે છે) લોકોની વચ્ચે બેઠો હતો. તેમનામાંના કંઇક ભણેલા-ગણેલા લોકોએ મને કહ્યું: '**દાદા,** અમને કંઇ જ જોઇતું નથી. તમે અમને કેવા સમજો છો તે પણ સવાલ નથી. પરંતુ, અમે માનવ છીએ કે નહિ? માનવને એક એવી આદર્શ વ્યક્તિ હોવી જોઇએ કે નહિ કે જેની સામે અમે મસ્તક નમાવી શકીએ? શું તે રામ પણ અમારા નથી? શું કૃષ્ણ પણ અમારા નથી? અમે તેમને અડી પણ શકતા નથી. તો પછી અમે કોની સામે માથું નમાવીએ?'

આ લોકોની સમસ્યા જુદી છે. તમે તેમને અછૂત માનો છો તેનું પણ તેમને દુ:ખ નથી. તેમના જીવનમાં આદર્શ જ નથી. જીવનમાં જે આદર્શ હોય તે 'મારો' લાગે એવો હોવો જોઇએ. તેમને એવો આદર્શ મળતો નથી તે એક દુ:ખની વાત છે. માનવજાતિને કંઇ આદર્શ હોવો જોઇએ કે નહિ? હોવો જ જોઇએ.

આપણે તો રામ અને કૃષ્ણમાં કંઇ ફરક નથી કરતા. બન્ને પ્રભુના અવતાર છે. રામચરિત્ર વિષે શું બોલવું? એટલું જ કહીએ:

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः।
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं
रामें चित्तलयः सदा भवतु मे भो राम मामुध्धर ॥

બસ, એમની પાસેથી કેવળ માગણી માગવી છે, બીજું શું છે? રામને પોતાનું વર્ણન જોઇતું નથી, સાંભળવું નથી; અને તેમનું વર્ણન કરવાની આપણી શક્તિ નથી, એનું કારણ, રામને

સમજવાની આપણામાં શક્તિ નથી. તો વર્ણન શું કરીએ? ભગવાન રામને એટલું જ કહીશું—'**भो राम मामुध्धर** – રામ! મારો ઉધ્ધાર કર.'

रामे चित्तलयः सदा भवतु मे – આપણું ચિત્ત પૌનઃપુન્યથી વિક્ષિપ્ત થાય છે. પુનઃ પુનઃ સ્મૃતિ રહ્યા કરે છે અને તે મારા ચિત્તને સતાવે છે. ઈંદ્રિયોને વિષયસુખની સ્મૃતિ રહે છે અને તે સ્મૃતિ તે જ વિષયસુખ ફરી ક્યારે મળશે, કેવી રીતે મળશે, તે વિચારે છે. મારે મારું ચિત્ત રામમાં લય કરવું છે, તો જ મારો ઉદ્ધાર થશે. ભગવાન! મારું સ્થાન તમારી ગોદમાં છે. હું તમારી ગોદમાંથી પડી ગયો છું, **मामुध्धर** – મારો ઉધ્ધાર કરો, મને ઉપાડી લો. મારા ચિત્તનો લય થવો જોઇએ.

વાલ્મીકિ વીતરાગ છે, તપઃસ્વાધ્યાયનિરત ઋષિ છે. તેમને વિશ્વમાં કશું જોઇતું નથી. કદાચ ભગવાનને વિશ્વમાં કંઇ જોઇએ, પણ વાલ્મીકિને કંઇ જોઇતું નથી. ભગવાનને વિશ્વમાં કંઇ કરવું છે, પણ વાલ્મીકિને કંઇ કરવું નથી. આવા વીતરાગ વાલ્મીકિ રામચરિત્ર પર મોહિત થઇ ગયા છે, વાલ્મીકિએ રામચરિત્રમાં જે લખ્યું છે તે મોહિત થઇને લખ્યું છે. તેમણે નથી તો કોઇને રામની જાણકારી આપવા માટે લખ્યું કે ન તો ઈતિહાસ લખવા તેમણે રામચરિત્ર લખ્યું છે. રામનું વર્ણન કરીને તેમને કંઇ પુણ્ય જોઇતું નથી. રામનું ચરિત્ર જોઇને વાલ્મીકિ ગાંડા થઇ ગયા કે એક માનવનું જીવન આવું હોઇ શકે! આમ મોહિત થઇને વાલ્મીકિએ રામાયણ લખ્યું છે.

રામચરિત્ર ઉપર પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો છે. મરાઠીમાં છે, હિંદીમાં છે, ગુજરાતીમાં છે, એકેય ભાષા એવી નથી કે જેમાં રામ ઉપર ગ્રંથ ન હોય. તુલસીદાસજીએ તો પ્રભુ રામચંદ્ર ઉપર એવું રામચરિતમાનસ લખ્યું છે કે આખો ઉત્તરપ્રદેશ તે ગ્રંથ માથા ઉપર લઇને નાચે છે. સંસ્કૃત ભાષામાં પણ કેટલાં રામાયણો લખાયાં છે? તેથી જ વિચાર કરવાવાળા સંશોધકોના મનમાં પણ ઘણી વખત ગેરસમજ ઊભી થઇ જાય છે, કારણ, એક રામાયણ એક વાત કહેતું હોય તો બીજું રામાયણ બીજી વાત કહેતું હોય. આજે ઉપલબ્ધ છે એવા સંસ્કૃત રામાયણમાં વાલ્મીકિ રામાયણ તો છે જ. તેની બધાને ખબર છે. તે ઉપરાંત વ્યાસ રામાયણ છે, વસિષ્ઠ રામાયણ છે, શુક રામાયણ છે, વિભીષણ રામાયણ છે, બ્રહ્મ રામાયણ છે, અગસ્તિ રામાયણ છે, શેષ રામાયણ છે, અધ્યાત્મ રામાયણ છે, શૈવ રામાયણ છે, અગમ રામાયણ છે, કૂર્મ રામાયણ છે, સ્કંધ રામાયણ છે, પૌલસ્તિ રામાયણ છે, અરૂણ રામાયણ છે, પદ્મ રામાયણ છે, ભરત રામાયણ છે, ધર્મ રામાયણ છે, આશ્ચર્ય રામાયણ અથવા અદ્ભુત રામાયણ છે. તેમાં બધી અદ્ભુત વાતો છે. આટલાં સંસ્કૃત ભાષામાં રામાયણો છે. પ્રાકૃત ભાષામાં કેટલાં હશે? બધી જ ભાષાઓમાં રામ ઉપર કંઇ ને કંઇ લખાયેલું છે.

રામચરિત્ર એક ભાવુક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક કાવ્ય છે. ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ ધ્યેયવાદી જીવનનો સંપૂર્ણ આવિષ્કાર તેમાં જોવા મળે છે. ભારત શું છે—What is Bharat? તો 'રામ' આટલું કહીને ચાલે. ભારતીય સંસ્કૃતિને શું નિર્માણ કરવું છે તે રામચરિત્ર વાંચીને ધ્યાનમાં આવે છે.

આજે ભારત જ્યારે પતનની સીમા પર ઊભું છે ત્યારે ભારતને કોણ ઊભું કરી શકશે?

ખાવાનું મળી ગયું એટલે ભારત ઊભું થયું એવું નથી. ખાવાનું તો મળવું જ જોઇએ. કૃમિકીટકોને પણ ખાવાનું મળે જ છે. ભારતને કોણ બચાવશે? આજે જ આ પ્રશ્ન ઊભો થયો છે એવું નથી. જ્યારે યાવનીસત્તા અહીં બદ્ધમૂળ થઇ ત્યારે સમાજનું નૈતિક અધ:પતન થવા લાગ્યું. તે વખતે એકનાથ મહારાજે બધાને નીતિમાન બનાવવા માટે રામચરિત્ર ઉપાડ્યું હતું. સમર્થ રામદાસ સ્વામીએ નૈતિકસ્તર ઊભું કરવા માટે પ્રભુ રામચંદ્રને નમસ્કાર કરી તેમનું જ ચરિત્ર ઉપાડ્યું હતું. પ્રાત:સ્મરણીય ગોસ્વામી તુલસીદાસજીએ પણ રામચરિત્ર ઉપાડીને ભારતને ઊભું કર્યું હતું.

રામનું ચરિત્ર હજારો વર્ષ પછી, વર્ષો સુધી, લાખો-કરોડો લોકોને પ્રેરણા આપી શકે છે. તેને નમસ્કાર જ કરવા જોઇએ. રાષ્ટ્ર જ્યારે મરવા પડ્યું હોય ત્યારે, જ્યારે તે અધ:પતિત થયું હોય ત્યારે, જ્યારે નૈતિક સ્તર ખતમ થયું હોય ત્યારે, 'રામ' નામનું ઉચ્ચારણ જ આપણો ઉદ્ધાર કરશે. ભારતીય લોકોની દૃઢ માન્યતા છે કે આ દેહ છોડતી વખતે એક વખત 'રામ'નો ઉચ્ચાર નીકળશે તો ઉદ્ધાર થશે જ.

સમાજ વારંવાર અધ:પતનની સીમા પર આવે છે. એકાદ વખત જ આવે છે એવું નથી. જ્યારે જ્યારે તેવો સમય આવ્યો ત્યારે લોકોએ રામચરિત્રને ઉપાડ્યું હતું. ભારતીય લોકોના વિવિધ સ્તરના નેતાઓ, અમેરિકા અને રશિયામાં જઇને જ્યારે કહે છે કે ભારત વિશ્વને માર્ગદર્શન કરશે, ત્યારે તેમની ધૃષ્ટતા જોઇને કોઇપણ સજ્જન માણસે હસવું જ જોઇએ. જે રાષ્ટ્રોએ, સૃષ્ટિનાં મૂળતત્ત્વોની અંદરની શક્તિને બહાર કાઢી છે, તેવા અમેરિકા અને રશિયા જેવા દેશોને, જે પોતાની સ્ત્રીઓની ઈજ્જત સંભાળી શકતું નથી, જેનું નાગરિક જીવન ઉજ્જડ બની ગયું છે, જેને સત્તાપિપાસા સિવાય બીજું કંઇ દેખાતું નથી, જે દેશના લોકો સંપત્તિની પાછળ દોડે છે, જે દેશના લોકો તેના માટે સંસ્કૃતિ, દેશ અને પોતાની સ્ત્રીને પણ વેચવા તૈયાર થાય છે, જે દેશમાં ગરીબાઇ ટકાવવાનો પ્રયત્ન ચાલે છે, તે દુર્બળ ભારતના લોકો શું માર્ગદર્શન કરશે? જ્યારે તે નેતાઓ તેવું બોલે છે ત્યારે હસવું આવે છે.

એ વાત ખરી છે કે ભારત નિજી કમાણીથી આજે કંગાલ છે. ભારતની પાસે આજ કોઇ નિજી કમાણી નથી જેનાથી તે વિશ્વને માર્ગદર્શન કરી શકે. પરંતુ, ભારતની ભૂતકાળની તિજોરીમાં એવા કૌસ્તુભમણિ અને રત્ન છે કે જે આપણે વિશ્વને દેખાડી શકીએ છીએ. તે શક્તિના જોરે આપણે કહી શકીશું કે ભારત વિશ્વને માર્ગદર્શન કરી શકશે. આજે આપણે આવું જે કહીએ છીએ તે રામચરિત્રને અને રામને જોઇને કહી શકીએ છીએ. કેવળ રામમંદિર બાંધીને, ચૈત્ર સુદ નોમને દિવસે રામનવમીના ઉત્સવમાં પ્રસાદ ખાઇને, આપણે રામનવમી ઊજવી તેવું સમાધાન માનવાવાળા બધા લોકો નથી. તેમાં જે કંઇ જીવંત પ્રવાહ છે, ચૈતન્યપ્રવાહ છે, તેઓ રામચરિત્રનું હાર્દ સમજે છે અને તે હાર્દ સમજીને પૂજન કરવાવાળા પણ કેટલાક લોકો છે.

જન્મ લઇને રામને-પ્રભુને કંઇ સમજાવવું હતું. પ્રભુ રામચંદ્રના જીવનમાં સમજાવવાને માટે ઘણી વાતો છે. રામચંદ્રનું સ્મરણ કરતાં જ એક વાત ધ્યાનમાં આવે છે અને તે એટલે તેમનો સ્વાર્થત્યાગ. બીજી વાત છે શબ્દપાલન. ત્રીજી વાત છે બંધુઓનો પ્રેમ. ચોથી વાત છે પતિપત્નીનો પ્રેમભાવ કે જે સંસારી લોકોને માટે આવશ્યક છે. પાંચમી વાત છે સદ્‌વિચારોને પ્રોત્સાહન. છઠ્ઠી

વાત છે દુષ્ટવૃત્તિનું દમન. આ બધી વાતો રામના જીવનમાં જોવા મળે છે. રામ ક્યારે જન્મ્યા, તેમની મા કોણ હતી, પિતા કોણ હતા, આવી બધી વાતો કહેવાની અહીં આવશ્યકતા નથી, એનું કારણ, જે સાંભળવા બેઠા છે તેમાંથી કેટલાક લોકો તેના પર બોલી શકે એવા છે. રામચરિત્ર જોયા પછી ધ્યાનમાં આવે છે, રામના સ્વાર્થત્યાગની પરાકાષ્ઠા! તેમના જીવનમાં સ્વાર્થની દૃષ્ટિ જ નથી. રામે ત્રણ-ત્રણ રાજ્યોનો ત્યાગ કર્યો છે. અયોધ્યાનું રાજ્ય તેમણે છોડ્યું. કિષ્કિંધાનું રાજ્ય તેમને મળ્યું, તે પણ તેમણે છોડ્યું. લંકાનું રાજ્ય તો તેમણે રાવણને મારીને કમાવેલું હતું તે પણ તેમણે છોડ્યું. સ્વાર્થત્યાગની પરાકાષ્ઠા છે તેમના જીવનમાં. વિશ્વમાં અજોડ છે આ સ્વાર્થત્યાગ!

શબ્દપાલન પણ કેવું! કિષ્કિંધાનું રાજ્ય તેમને મળે છે. તે વખતે લોકો કહે છે કે દશરથે તમને વનવાસ આપ્યો છે તેનો અર્થ એ કે તમારે અયોધ્યાની બહાર રહેવાનું છે. તો પછી તમે કિષ્કિંધામાં તો રાજ્યના અતિથિ–State guest થઇને રહી શકો છો. વનમાં રહેવાની કોઇ જરૂર નથી. પરંતુ, રામ કહે છે કે કહેવાવાળાનો હેતુ તેવો ન હતો. શબ્દમાંથી શું નીકળે છે તેનાં કરતાં શબ્દો જેમણે કાઢ્યા છે, તેનો હેતુ કયો હતો? તે જોઇને મારે ચાલવું જોઇએ, તેથી હું વનમાં જ રહીશ. કિષ્કિંધામાં આવીશ નહિ. આમ કહીને રામ એક પર્ણકુટિ બાંધીને કિષ્કિંધાની બહાર રહ્યા.

રામનો બંધુપ્રેમ પણ અજોડ છે! રાજ્યપદ માટે લોહી વહેવડાવનારાઓનો ઇતિહાસ છે જ. એક ભાઇ, બીજા ભાઇનું લોહી વહેવડાવે છે. અહીં એક ભાઇ કહે છે: ‘રાજ્ય તારે ચલાવવાનું છે.’ બીજો ભાઇ કહે છે: ‘મારે રાજ્ય ચલાવવું નથી, તારે જ ચલાવવાનું છે.’ આવી બે ભાઇ વચ્ચેની લડાઇ છે તે વિશ્વના ઇતિહાસમાં અજોડ છે! આ તો કેવળ પાગલોની જ લડાઇ હશે. ઇતિહાસ જુઓ, આવો ઝઘડો તમને ક્યાંયે જોવા નહિ મળે. આવું બંધુઓનું ઐક્ય છે.

રામચરિત્રમાં પતિ-પત્નીનો પ્રેમ છે. **जरसाऽपि अस्मिन् न हार्यो रसः।** વૃદ્ધત્વ પણ પતિ-પત્નીના પ્રેમરસને ઓછો ન કરી શક્યું.

સદ્‌વિચારોને પ્રોત્સાહન આપવાને માટે જીવનની પ્રત્યેક ક્ષણ રામે તેના માટે જ ગાળી, દુષ્ટવૃત્તિનું દમન કર્યું અને વૈશ્વિક સિદ્ધાંતનું પ્રસ્થાપન કર્યું. આ બહુ મોટી વાત છે.

ભાગવતને એક વૈશ્વિક સિદ્ધાંત પ્રસ્થાપિત કરવો છે કે જેની આજે પણ જરૂર છે. સીતાસ્વયંવરમાં રામે ધનુર્ભંગ કર્યો અને ત્યારબાદ રામને રસ્તામાં પરશુરામ મળે છે. ચારે બાજુ માનવનાં હાડકાંના ઢગલા પડ્યા છે. વચ્ચે જ રામ અને પરશુરામ મળે છે, તે જ વખતે પરશુરામનો પરાભવ થયો એમ ભાગવતકાર કહે છે; પણ આશ્ચર્ય એ વાતનું છે કે આ યુદ્ધ ક્યારે થયું? ભાગવતમાં જ્યારે કોઇ યુદ્ધ થયું છે ત્યારે તે પ્રત્યેક યુદ્ધનું વર્ણન છે. અહીં પરશુરામ જેવી શ્રેષ્ઠ વ્યક્તિ, એક અવતાર અને સામે રામ પણ અવતાર, આ બે અવતારો વચ્ચે યુદ્ધ તો થયું નથી છતાં પણ પરશુરામનો પરાભવ થયો!

પરશુરામે શું કર્યું હતું તે પણ ભાગવતકારે લખ્યું છે. પરશુરામે એકવીસ વખત પૃથ્વી નિઃક્ષત્રિય કરી હતી. જેમ શેરડીને કાપીને ટુકડા કરવામાં આવે તેમ પરશુરામે એકવીસ વખત

પૃથ્વી પર ફરીને ક્ષત્રિયોના ટુકડા કર્યા હતા અને ક્ષત્રિયસત્તા ખતમ કરી હતી. પૃથ્વીને એકવીસ વખત નિઃક્ષત્રિય કરી તેનો અર્થ શો? જો બધા ક્ષત્રિયોને પરશુરામે માર્યા હોય તો તેમનો વંશ કેવી રીતે ચાલ્યો?

પરશુરામે જ્યારે જ્યારે ક્ષત્રિયોને માર્યા હતા ત્યારે ત્યારે અઢાર વર્ષની ઉપરના ક્ષત્રિયો, જેઓ રણાંગણમાં આવી શકે, તેમને માર્યા હતા. જે ક્ષત્રિયોને તેમણે માર્યા હતા તેનું વર્ણન પણ ભાગવતમાં છે. સહસ્રાર્જુન જેવા ક્ષત્રિયો, શક્તિ આવ્યા બાદ કેવા ઉન્મત્ત બન્યા હતા તેનું વર્ણન છે. શક્તિનું પરિણામ ઉન્મત્તતા છે. પછી તે કોઇ પણ શક્તિ હોય, વિત્તની હોય, બુદ્ધિની હોય, બાહુની હોય કે સૌંદર્યની હોય. તે જો હજમ ન થાય તો ઉન્મત્તતા આવી જ જાય છે.

તે કાળે ક્ષત્રિયો ઉન્મત્ત થયા હતા. તેમને કંઠસ્નાન આપવું જોઇએ, આ દૃષ્ટિથી પરશુરામે ક્ષત્રિયસત્તાને ખતમ કરી. એકવીસ વખત પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાનો તેમણે પ્રયોગ કર્યો હતો. ત્યારબાદ પરશુરામ તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા. પ્રભુ રામચંદ્રે તેમને એટલો જ પ્રશ્ન પૂછ્યો: 'તમે જ્યારે પૃથ્વીને નિઃક્ષત્રિય કરીને ચાલ્યા ગયા ત્યારે પૃથ્વી કેવી હતી? **सुजलां सुफलाम्** હતી. હવે કેવી છે? ઠેકઠેકાણે માણસોના હાડકાંનો ઢગલો દેખાય છે. આ હાડકાંનો ઢગલો શા માટે દેખાય છે? રામચંદ્ર ભગવાને પરશુરામને પ્રશ્ન પૂછ્યો હતો: 'ક્ષત્રિય સમાજ ઉન્મત્ત થયો હતો તે વાત માન્ય છે. તમે તેને કાપી નાખ્યો. તેનાથી શું થયું? એક સાત્ત્વિક, પ્રભાવી, ધ્યેયનિષ્ઠ, તત્ત્વનિષ્ઠ શૂર સમાજ જ ખલાસ થયો હતો. તેના લીધે આસુરી સંપત્તિ વધી ગઇ, રાક્ષસી વૃત્તિ વધી ગઇ, અનિષ્ટ શક્તિ (Evil power) વધી ગઇ. તેનું શાસન-નિયંત્રણ કોઇ જ કરી ન શક્યું. પરિણામ શું આવ્યું? માનવ ખતમ થયો. જરૂર, શક્તિ આવ્યા પછી ઉન્મત્તતા આવે ત્યારે તેનું નિયંત્રણ કરવું જોઇએ, તેને ખતમ ન કરવું જોઇએ. રામ-પરશુરામ વચ્ચે કંઇક આવો મૂક સંવાદ થયો. પરશુરામે તે માન્ય કર્યું અને કહ્યું: 'મારો પરાભવ થયો છે. હવે હું તપશ્ચર્યા કરવા ચાલી જાઉં છું.' આ જ પરશુરામનો પરાભવ છે.

જ્યારે હાઇડ્રોજન બોંબનો વિસ્ફોટ થયો ત્યારે એક ગ્રંથ બહાર પડ્યો હતો. તેનું નામ છે, 'Third world war is impossible.' એટલે કે ત્રીજું વિશ્વયુદ્ધ અશક્ય છે. આનો અર્થ એ છે કે કોઇ દેશની પાસે જબરદસ્ત શક્તિ છે. સાર્વજનિક લોકોમાં નીતિમત્તાનું પાલન ઉપદેશથી નથી થતું, શક્તિથી થાય છે. ક્ષત્રિયસત્તા એક પ્રભાવી શક્તિ હતી. કેવળ નીતિથી જગત ચાલતું નથી. નીતિની પછવાડે શક્તિની આવશ્યકતા હોય છે. ભારતીયોની, ઋષિઓની એવી ધારણા છે કે નીતિને શક્તિના પીઠબળની જરૂર છે. ભૌતિક શક્તિને આપણે ઓછી સમજતા નથી. તેના માટે જ શક્તિપૂજન છે. આપણે નવરાત્રિમાં શક્તિપૂજન જ કરીએ છીએ. પરંતુ, શક્તિથી માણસ ઉન્મત્ત બની જાય છે એ વાત તેટલી જ સાચી છે. તે વખતે શું કરવું જોઇએ.

સાત્ત્વિક, પ્રભાવી, ધ્યેયનિષ્ઠ અને તત્ત્વનિષ્ઠ, શૂર સમાજ સંભાળવો જોઇએ કે નહિ? આ એક વૈશ્વિક પ્રશ્ન છે. પરશુરામે તે સમાજને ખતમ કરવાનો એક પ્રયોગ કર્યો હતો.

ક્ષત્રિયસત્તાને ખતમ ન કરવી જોઇએ, તેનું નિયંત્રણ કરવું જોઇએ. શક્તિશાળીને ખતમ ન કરવો જોઇએ. સમાજના અંતિમ શુભ—કલ્યાણને માટે! તેની શક્તિનો યોગ્ય ઉપયોગ કરવો

જોઇએ. જે શક્તિ છે તે ભગવદ્‌શક્તિ છે. તેથીજ શક્તિપૂજન માન્યું છે. આપણા ભારતીય ઋષિઓએ મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનું પૂજન ઊભું કર્યું છે. મહાકાલીને–શક્તિને આપણે ખોટી નથી માની, પરાક્રમને આપણે હલકું નથી માન્યું, આપણે શકિતને ભૌતિક સમજીને તરછોડી નથી. 'કંઇ કરવું નહિ એ આધ્યાત્મિકતા છે,' આવું ભારતીય ઋષિઓ સમજતા નથી. તેથી જ તો આપણા દેશમાં લડવાવાળાને પણ આધ્યાત્મિક માન્યા છે. લોકોને આ જ આશ્ચર્ય લાગે છે કે યુદ્ધમાં લડવાવાળો આધ્યાત્મિક કેવી રીતે હોઇ શકે? આધ્યાત્મિક તો તે છે કે જે ગંગાના તટ ઉપર બેઠો હોય. 'લડવાવાળો પણ આધ્યાત્મિક છે.' એવું કહેવાવાળી આપણી ભારતીય સંસ્કૃતિ છે.

તે કાળે ક્ષત્રિયસત્તા ઉન્મત્ત થઇ અને તેણે જગતમાં તોફાન મચાવ્યું. ક્ષત્રિયસત્તા અનિર્બદ્ધ થાય તો તેનું નિયંત્રણ કરો, એમ ભારતીય સંસ્કૃતિ કહે છે. રામરાજ્યનો અર્થ નિયંત્રિત ક્ષત્રિયસત્તા. પરશુરામે ઉન્મત્ત ક્ષત્રિયસત્તાને કાપી નાખી તે ભૂલ કરી હતી. આજનો માનવ પણ આ જ સમસ્યાનો સામનો કરે છે.

તે કાળે ક્ષત્રિયસત્તા ઉન્મત્ત અને ભોગપ્રવણ થઇ હતી. આજે વિત્તસત્તા ઉન્મત્ત થઇ છે. તે કોઇનું માનવા તૈયાર નથી. વિત્તવાન સ્વયંકેંદ્રિત બને છે. બુદ્ધિ, વિત્ત અને ભૌતિક બાહુશક્તિ, આ ત્રણ શક્તિઓ છે. આ શક્તિઓને નિયંત્રિત રાખવી જોઇએ. આ જ ઉન્નત સમાજ જીવનનો પ્રયોગ છે.

વિત્તવાન ઉન્મત્ત થયા, એનો અર્થ તેઓ લોકોને મારી નાંખે છે, એવો કંઇ નથી. તેમની ભાષા તો બહુ જ વિનયી હોય છે, પરંતુ, તેમની વિનયી ભાષાની પાછળ ઉદ્દામતા ઊભી હોય છે. જેમ ક્ષત્રિયસત્તા ભોગપ્રવણ બની ગઇ અને પરશુરામને તેના પર ચીડ ચ઼ડી, તેમ આજે વિત્તવાન વર્ગ સ્વયંકેંદ્રિત બની ગયો છે. વિત્ત અમારું છે અને તેનો ઉપયોગ કેમ કરવો તે અમારો પ્રશ્ન છે. તેનો ઉપયોગ કેમ કરવો તે કહેવાવાળા તમે કોણ! તે કહેવાનો બીજા કોઇને અધિકાર નથી. આ તેમની પ્રથમ ધારણા છે. ક્ષત્રિયસત્તામાં જેમ ભોગપ્રવણતાનો દોષ હતો તેમ વિત્તવાનોમાં સ્વયંકેંદ્રિતતાનો દોષ છે. તેના લીધે જ આજે વિત્તશક્તિ હેરાન કરે છે. તેથી જ આજે ઘણા લોકો વિત્તશક્તિની વિરુદ્ધ થઇ ગયા છે.

વિત્ત એક શક્તિ છે પરંતુ, તે કોઇ એક વ્યક્તિ પાસે ન રહેવી જોઇએ. તે માનવને જેમ સુધારી શકે છે તેમ તે બગાડી પણ શકે છે. તો વિત્તશક્તિને અમાન્ય કરીશું? કે તેને ઉડાવી દઇશું? વિત્ત એક શક્તિ છે તે માનવી જોઇએ, એવી એક વિચારધારા છે. અને સમાજમાં વિત્તવાન હોવો જ ન જોઇએ, રાખવો જ ન જોઇએ, એવી એક બીજી સમાનતાની વિચારધારા છે. તે કહે છે વિત્ત જ ઉડાવી દો.

વિત્ત માનવનિર્મિત છે. શ્રમથી જે પેદા થાય તે ખાઓ. વિત્તને અતિરિક્ત મૂલ્ય આપવું અને તેનો વિનિમય માટે ઉપયોગ કરવો એ માનવની પ્રભાવી બુદ્ધિનો એક પ્રયોગ છે, પરંતુ, તે એક અયશસ્વી પ્રયોગ છે.

હવે સમજો કે આપણે વિત્તવાનોને ખતમ કરીશું તો શું થશે? જેમની પાછળ સાત્ત્વિકતા, સંનિષ્ઠતાની પરંપરા છે તેવા લોકોના હાથમાંથી વિત્ત ચાલી જશે તો વિત્ત ગુંડાઓના હાથમાં આવી જશે. વિત્તશક્તિના પ્રભાવથી આખા જગતને બદલવું, બગડવું એ સહજ શક્ય છે. આજે વિત્તશક્તિનો આવો જ ગેરઉપયોગ તેમજ દુરુપયોગ (misuse and abuse). થાય છે.

ધારો કે કોઇ વિત્તવાન, વિત્તનો દુરુપયોગ કરે છે, આપણે તેને શરમાવીશું, તેનો ઉપહાસ કરીશું. તો શું થશે? વિત્તવાનનો વિરોધ કરવા તેના પર આપણે સમાનતાનું અને આધ્યાત્મિકતાનું પડ ચડાવીને તેમને લજ્જિત કરીશું તો સજ્જન વ્યક્તિ વિત્તનો આગ્રહ રાખશે નહિ. તે વિત્તનો ઉપહાસ કરશે; અથવા તો 'વિત્ત એ માયા છે, જેની પાસે વિત્ત છે તે માયામાં ફસાયેલો છે, જે માયામાં ફસાયેલો છે તેને ભગવાન ક્યાંથી મળશે?' જો વિત્તવાન પણ એવું સમજે કે મને ભગવાન કેવી રીતે મળશે? મારી પાસે તો વિત્ત છે. તો તે વિત્ત છોડી દેશે, તે કમાવાની મહેનત કરશે નહિ.

જો આવા બે પ્રકારે વિત્તવાનોના હાથમાંથી વિત્ત હટાવવામાં આવશે તો? એક, વિત્ત ખોટું છે, તે ઊભું કરવામાં આવ્યું છે. વિત્ત આ માનવીની કલ્પના છે. માણસે એક ધાતુનો ટુકડો અથવા કાગળની નોટ બનાવી તેને વિત્ત સમજવા લાગ્યા. માટે શ્રમ કરો, જે ઉત્પાદન થાય તે રાખો, ખાઓ. જેને મળશે તે રહેશે અને જેને નહિ મળે તે મરશે. વિત્તને કાઢવાનો આ એક પ્રકાર છે.

બીજો પ્રકાર છે, જેમાં વિત્તને માયા ઠરાવાય છે. વિત્તની પાછળ પડવું નહિ. એનું કારણ વિત્ત એક માયા છે અને તે તમને ભગવાનથી આઘા કરશે. ભગવાનથી આઘું કરનાર કોઇ તત્ત્વ હશે તો તે વિત્ત છે એવું તેઓ કહે છે. જો કે કોઇ આવી વાતો સાંભળતું નથી, પરંતુ, સત્પ્રવૃત્ત લોકોમાં એક અપરાધી મનોવૃત્તિ (Guilty conscious) ઊભી થાય છે કે અમે સંપત્તિ કમાઇએ છીએ તે બહુ જ ખરાબ વાત છે. સંપત્તિ કમાવવી એ ભૌતિક (Worldly) કામ છે, તિરસ્કરણીય વાત છે. પરિણામે સાત્ત્વિક અને ઉન્નત લોકો વિત્તને હાથમાં ન લેશે અને વિત્તશક્તિ સમાજમાના અનુન્નત અને ક્ષુદ્ર માણસોના હાથમાં ચાલી જશે. વિત્તશક્તિના જોરે તેઓ જગતમાં ઉથલપાથલ કરશે. માટે કોઇ વ્યક્તિના હાથમાં વિત્ત રાખવું ન જોઇએ. તેથી વિત્ત શાસનના હાથમાં રહેવું જોઇએ. આ બીજો રસ્તો આવ્યો.

શાસનના હાથમાં વિત્ત આવશે તો શું થશે? તેની પાસે સત્તા તો છે જ,' શક્તિ (બાહુશક્તિ) પણ છે અને વિત્તશક્તિ પણ તેના હાથમાં જશે તો શાસન એક મોટો પૂંજીપતિ બની જશે; એટલે કે આપણે એક મૂડીવાદીને ખતમ કરીને બીજો જબરદસ્ત મૂડીવાદી (Capitalist) ઊભો કરીએ છીએ, તેનું નામ સરકાર. પહેલાં એક મૂડીવાદી પાસે પૈસા હતા, તેના હાથમાં સત્તા ન હતી. તેના બદલે હવે સરકારના હાથમાં પૈસા ગયા તેની પાસે સત્તા તો હતી જ, હવે તેમાં વિત્તશક્તિનો ઉમેરો થયો. બધાનું રાષ્ટ્રીયકરણ (Nationalization) કરો—કોઇને પણ વિત્તવાન ન રાખો. આ બીજો રસ્તો કાઢ્યો, પણ એ સાચો રસ્તો નથી.

ક્ષત્રિયસત્તા ઉન્મદા થઇ ગઇ, ઉન્માર્ગગામી થઇ ગઇ, ઉદ્દામ થઇ ગઇ તો તેને નિયંત્રિત કરવાની જરૂર હતી, ખતમ કરવાની નહિ. તે જ વાત વિત્તશક્તિને પણ લાગુ પડે છે. વિત્તવાન

ઉન્મત્ત થયા હોય, સ્વયંકેંદ્રિત થયા હોય, તો તેને ઉડાવી દેશો, હટાવી દેશો, તો તે શક્તિ ગુંડાઓના હાથમાં જઇને તેનો દુરુપયોગ થશે. વિત્તવાનને ખતમ કરવા તે તેનો રસ્તો નથી. જેમ ક્ષત્રિયસત્તા નિયંત્રિત રાખવી એ સાચો રસ્તો છે, તેમ વિત્તસત્તાને પણ નિયંત્રિત કરવી એ તેનો રસ્તો છે. વિત્તવાન ઉપર નિયંત્રણ રાખવું જોઇએ. આ આજની સમસ્યા છે, તેને રામ-પરશુરામના પ્રસંગથી જવાબ મળે છે.

શું તમે વિત્તશક્તિ ખલાસ કરશો, ફેંકી દેશો કે વિત્તને ખોટું સમજશો? શું કરશો? જેની પાસે વિત્ત હોય છે તે સ્વયંકેંદ્રિત હોય છે એ સાચી વાત છે. સહસ્ત્રાણાં કશ્ચિત્ કોઇ વિત્તવાન એવો નીકળે કે જેને સાચી સમજણ હોય, બાકીના વિત્તવાન સ્વયંકેંદ્રિત હોય છે. તેની ભાષા કેવી હોય તે પ્રશ્ન નથી. તેની ભાષા માયાવી હોઇ શકે છે. પોતાનો નિજી ભંડાર સંભાળવા માટે તેઓ મૃદુભાષા વાપરતા હોય છે. તેમની ભાષા કઠોર નહિ હોય.

યંત્રવાદ-મૂડીવાદ (Capitalism) આવ્યો ત્યારે મૂડીવાદીની ભાષા બદલાઇ ગઇ. એક જમાનામાં, ગુલામીપ્રથાના સમયમાં, ગુલામને માલિકે પેટભરીને ખવડાવવું પડતું હતું. બદલામાં તેની પાસેથી કામ લઇ શકતો હતો. હવે યંત્રવાદમાં ભાષા બદલાઇ ગઇ. હવે માલિક કહે છે કે તને ખાવા માટે રોજના પાંચ રૂપિયા જોઇએ તે મને ખબર છે, પરંતુ, મારું જે કારખાનું છે, તેને રોજના પાંચ રૂપિયા આપવાનું પરવડતું નથી. તને કારખાનું રોજના બે રૂપિયા આપી શકે. તને પોષાય તો રહે, નહિ તો તું બીજે ઠેકાણે કામ કર. હવે ભાષા મીઠી થઇ ગઇ પરંતુ, પરિણામ એવું આવ્યું કે અર્ધી રોટલી ખાઇને પણ મજૂરે કામ કરવું પડે છે. એનું કારણ, માલિકને બીજા મજૂર મળી શકે છે પણ મજૂરને બીજો માલિક મળતો નથી. વેઠપ્રથામાં ગુલામને પેટ ભરીને ખાવાનું અને પહેરવા કપડાં આપવાં પડતાં હતાં. હવે વેઠ ચાલી ગઇ. મજૂર સ્વતંત્ર થયો. તે કામ કરવાની ના પાડી શકે છે, પરંતુ, તેને અર્ધે પેટે કામ કર્યા વગર છૂટકો જ નથી. તેથી જ માર્કસે લખ્યું છે કે: બધી સંપત્તિ ચોરી છે—All wealth is theft. મજૂરને પેટભર ખાવા માટે પાંચ રૂપિયા આપવા જોઇએ તે આપ્યા નહિ. તેના લીધે જ માલિકના ત્રણ રૂપિયા બચ્યા, તે જ તેની સંપત્તિ છે. માલિકની ભાષા બદલાઇ પણ વ્યવહારમાં તે સ્વયંકેંદ્રિત બની ગયા.

બધા જ વિત્તવાનો એમ માને છે કે પૈસા ક્યાં વાપરવા એ અમારો નિજી પ્રશ્ન છે. આવી વિત્તશક્તિ સાચું અને દૈવી કામ કરી શકતી નથી. તેના પર અંકુશ રાખવો, નિયંત્રણ રાખવું જરૂરી છે, પરંતુ, વિત્તવાનને ઉડાવી દો, હટાવી દો, વિત્તને ખતમ કરો, એ ભાષા ખોટી છે. વિત્તવાનને નિયંત્રિત રાખવા જોઇએ. તેના પર ધર્મનિયંત્રણ, વિવેકનિયંત્રણ, લોકનિયંત્રણ અને ચોથું રાજ્ય નિયંત્રણ—આવાં ચાર પ્રકારનાં નિયંત્રણો હોવાં જોઇએ. તેમાં રાજ્યનિયંત્રણ ચોથું અને છેલ્લું છે. રાજ્યનિયંત્રણથી વિત્ત પર નિયંત્રણ નથી આવતું, એનું કારણ રાજા કેટલું જોશે? અને શું શું જોશે?

જૂના કાળમાં અશ્વમેધયજ્ઞ કરીને ક્ષત્રિય રાજા પોતાની સત્તા ચારે દિશામાં પ્રસ્થાપિત કરતા હતા. તે વખતે એક ધાર્મિક વિધિ કરવામાં આવતો હતો. તેમાં રાજાને યજ્ઞમાં અવભૃત સ્નાન કરાવતા હતા. ત્યાર પછી રાજા ત્રણ વખત બોલતો હતો—'**अदण्डयोऽस्मि अदण्डयोऽस्मि अदण्डयोऽस्मि**—હું અદંડય છું, અદંડય છું, અદંડય છું.' તે વખતે ત્યાં ઊભા રહેલા ઋષિ-ધર્મના

પ્રતિનિધિ તરીકે, હાથમાં રહેલી દર્ભની ઝૂડી-લાકડીથી રાજાના માથા પર પ્રહાર કરી બોલતા, **'धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि** – તું અંદડય નથી, તું ધર્મદંડય છે. તારા પર બીજી કોઇ સત્તા શાસન નહિ કરે, પણ ધર્મની સત્તાનું શાસન તારે માનવું જ પડશે.' આવું ધર્મનિયંત્રણ પહેલાં લાવવું પડશે. કેવળ કર્મકાંડ (Ritual) નહિ ચાલે. બીજું વિવેકનિયંત્રણ લાવવું પડશે. ત્રીજું લોકનિયંત્રણ છે અને ચોથું રાજ્યનિયંત્રણ છે. આવા નિયંત્રણોથી નિયંત્રિત શક્તિ, આજની ભાષામાં કહીએ તો Controlled economy–આવશે તો જ આ વૈશ્વિક પ્રશ્ન હલ થશે. તેવું થશે ત્યારે આખા માનવ સમાજની દિવાળી થશે.

સમાજમાં ત્રણ શક્તિઓ છે–બુદ્ધિશક્તિ, વિત્તશક્તિ અને રાજ્યશક્તિ. આ રાજ્યશક્તિમાં બધી ભૌતિક શક્તિઓ–દંડાની શક્તિ-બાહુશક્તિ પણ આવી જાય છે. આ ત્રણેય શક્તિનું સંતુલન રહેવું જોઇએ.

સૌ પ્રથમ બુદ્ધિશક્તિ–એટલે જ્ઞાનની શક્તિ. તે કોઇની ગુલામ ન બનવી જોઇએ. આ પ્રભુ રામચંદ્રનો પહેલો સિદ્ધાંત છે. આજે બુદ્ધિશક્તિ પોતાની વાસના અને સરકારની ગુલામ બની ગઇ છે. આવું જ્યાં થતું હોય ત્યાં સ્વપ્નમાં પણ રામરાજ્ય થવું શક્ય નથી. આપણે રામરાજ્ય ઝંખીએ છીએ, પણ રામ ક્યાં છે? આ પ્રશ્ન છે. બુદ્ધિશક્તિ-જ્ઞાનની શક્તિ વેચાવી ન જોઇએ. જે જ્ઞાની વેચાતો મળી શકે છે તેની સલાહ શ્રેષ્ઠ હોઇ શકતી નથી. રામકાળમાં અમુક બંધન રાખ્યાં હતાં. રામરાજ્યનો અભ્યાસ કરશો તો આ વાત સમજાશે.

બીજી રાજસત્તા છે. એનો અર્થ ભૌતિક શક્તિ. આ રાજસત્તાની શક્તિ અનિયંત્રિત ન રહેવી જોઇએ. ત્રીજી, વિત્તશક્તિ છે તે આત્મકેંદ્રિત, સ્વયંકેંદ્રિત ન રહેવી જોઇએ. આવું જ્યારે થશે ત્યારે રામરાજ્ય આવશે.

આ એક મહાન પ્રયોગ છે. આ ત્રણ શક્તિઓ હાથમાં રાખવી છે પરંતુ તેને ઉદ્દામ બનવાનું સ્થાન પણ નથી આપવું અને ત્રણેય શક્તિ કામે લગાડવી છે. તેને જ કહે છે. મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી.

પરશુરામે ક્ષત્રિયસત્તા ઉદ્દામ બની હતી તેને ખતમ કરી દીધી. પરિણામે સમાજમાં ગુંડાઓની સંખ્યા વધી ગઇ, એનું કારણ તેનું નિયંત્રણ કોણ કરે? તેવી જ રીતે, વિત્તશક્તિ પણ સાત્ત્વિક, સજ્જન, સંનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને ભગવદ્‌પરાયણ લોકોના હાથમાંથી કોઇ કારણસર ચાલી જશે તો તે ગુંડાઓના હાથમાં જશે. પરિણામે વિત્તશક્તિના જોરે સમાજને બગાડવો તેમના માટે સહજ શક્ય થશે. સાત્ત્વિક લોકો વિત્તશક્તિને માયા સમજીને છોડી દેશે તો તે ગુંડાઓના હાથમાં જ જશે

આવેલી લક્ષ્મીને ક્યાં રાખવી એ પ્રશ્ન છે. વિત્તલક્ષ્મી એક શક્તિ છે. પરશુરામના પરાભવમાં તેની વૈશ્વિક સમસ્યાનો જવાબ છે. પરશુરામનો પરાભવ થયો તેમાં રામે કહ્યું છે કે નિયંત્રિત ભૌતિક શક્તિ રાખવી જોઇએ. બુદ્ધિશક્તિ-જ્ઞાનશક્તિ કોઇની ગુલામ નહિ રહે. વિત્તશક્તિ અને રાજસત્તા નિયંત્રિત રહેશે ત્યારે રામરાજ્ય થશે. રામચંદ્ર ભગવાને એક વૈશ્વિક પ્રયોગ કરીને દેખાડ્યો છે.

કોઇ પણ શક્તિથી ઉન્મત્તતા આવે છે ત્યારે ઉડાવી દેવાનું જ મન થાય છે. તેને ઉડાવી દેવાથી શું થાય છે તે પ્રયોગ કરીને સમજાવવાને (Demonstration) માટે અવતાર આવે છે. પરશુરામ આવો અવતાર હતા. અવતાર થવાનું તે જ કારણ છે. ધર્મનિયંત્રિત, વિવેકનિયંત્રિત વિત્તશક્તિ રહેવી જોઇએ. ત્યારે જ દિવાળી થાય છે, તેથી જ ભારતીય સંસ્કૃતિમાં દિવાળીમાં લક્ષ્મીપૂજન કરે છે. લક્ષ્મી સમજવાને માટે લક્ષ્મીપૂજન છે. આજનું લક્ષ્મીપૂજન જુદું જ છે. આવતા વર્ષે શનિમહારાજ તકલીફ ન આપે તે માટે શેઠજી મહારાજને બોલાવે છે, લક્ષ્મીપૂજન કરે છે, કારણ, શનિમહારાજને આવતો રોકવાની તાકાત મહારાજમાં છે એમ તેઓ સમજે છે. તેથી જ શેઠજી મહારાજને નમસ્કાર કરે છે. પરંતુ સાચું લક્ષ્મીપૂજન, એક અલૌકિક વાત છે.

રામ બોલ્યા પછી રાજ્ય જ ધ્યાનમાં આવે છે. કૃષ્ણ બોલ્યા પછી રાજ્ય ધ્યાનમાં નથી આવતું. રામ બોલ્યા પછી **राजमणि**–ધ્યાનમાં આવે છે. રામચરિત્ર બહુ દૈવી છે. રામચરિત્ર નમસ્કારાર્હ છે. રામે શું સમજાવ્યું તે ધ્યાનમાં રાખવા જેવી અને સમજવાની વાત છે. તે છોડી દઇને કેવળ 'રામ-રામ' કરતા બેસીશું તો ઋષિ કહેશેઃ **ते हरेर्द्वेषिनः पापाः।** સમાજજીવનમાં દિવાળી ઉજવવી હોય તો રામચરિત્રનો વિચાર કરવો પડશે.

આર્થિક શોષણાર્થ સામ્રાજ્ય કરવાવાળા અનેક સમ્રાટો ભૌતિક વિશ્વે આપ્યા છે, પરંતુ, કેવળ ચારિત્ર્યને માટે પ્રભુશક્તિનો વ્યય કરવાવાળા, આર્થિક શોષણ અથવા સત્તાપિપાસાનો અણુમાત્ર સંબંધ જેની સાથે નથી, એવો એક જ સમ્રાટ વિશ્વભરમાં થયો, જેનું નામ છે, રામ! સમ્રાટ કેવો હોવો જોઇએ? રામ જેવો! આપણે રામને તત્ત્વજ્ઞાની નથી માનતા. રામે ઘણું તત્ત્વજ્ઞાન કહ્યું છે. રામગીતા પણ છે, પરંતુ, તત્ત્વજ્ઞાનને માટે આપણે રામને નથી માનતા. આપણે રામને રાજા તરીકે માનીએ છીએ, તેથી જ 'રામરાજ્ય' શબ્દ આપણે દૃઢ કર્યો છે. એવો એક જ સમ્રાટ છે કે જેણે બધી પ્રભુશક્તિ કેવળ ચારિત્ર્યને માટે વાપરી છે, તેથી જ રામ એ લોકોનો હૃદયસમ્રાટ છે. આપણને રામરાજ્ય જોઇએ તેનો અર્થ શો છે? શું કેવળ રામને બોલાવવો છે? કે કૌશલ્યાની લાવવી છે? શું તેમને આપણે લાવી શકીશું? આપણે રામરાજ્ય ઝંખીએ છીએ તેનો અર્થ આપણને ઉત્કૃષ્ટ રાજ્ય જોઇએ છે. 'રામરાજ્ય' શબ્દ ઉત્કૃષ્ટ રાજ્યનો પર્યાય બની ગયો છે. જ્યાં જ્યાં ઉત્કૃષ્ટ રાજ્ય હશે તેને રામરાજ્ય કહીશું. રામરાજ્ય એટલે દશરથપુત્ર રામનું રાજ્ય નહિ, રામરાજ્ય એટલે ઉત્કૃષ્ટ રાજ્ય.

રામરાજ્યનો અર્થ શો છે? શું રામરાજ્યમાં સિંહાસન ઉત્કૃષ્ટ હતું? શું તેમાં કાયદા સારા હતા? રામરાજ્યની મહત્તા શા માટે છે? શું તેની કાર્યસિદ્ધિ (Execution) સારી હતી? તેનું ન્યાયતંત્ર (Judiciary) સારું હતું તેથી શું રામરાજ્ય સારું હતું? નહિ. રામરાજ્ય સારું હતું એવું કહેવાનો અભિપ્રાય એ છે કે તેણે લોકોને સારા બનાવ્યા હતા, અદ્દ્ભુત લોકો બનાવ્યા હતા. સારા કાયદા તો ઘણા લોકો બનાવે છે. બધાં બંધારણો (Constitution) સારાં હોય છે. બધે ઠેકાણે પ્લાનિંગ પણ સારું જ હોય છે. પણ રામરાજ્યમાં લોકો સારા હતા. રામરાજ્યનો અર્થ જ રામકાલિન લોકો અને તેમને તેવા બનાવનાર રામ!

રાજ્યસત્તાનું વૈશિષ્ટ્ય શું છે? શું પેટ ભરીને ખાવાનું મળે તે? પેટ ભરીને ખાવા તો મળવું જ જોઇએ. આબરુ બચાવવા, શરીર ઢાંકવા વસ્ત્ર પણ મળવાં જ જોઇએ. પ્રત્યેકને રહેવા માટે

નિજી ઘર હોવું જોઈએ. આટલું જ કરીને નહિ ચાલે. એવાં ઘણાં રાષ્ટ્રો છે જ્યાં અન્ન, વસ્ત્ર અને મકાન બધાંને મળે છે. રામરાજ્યમાં સ્વતંત્રતાનો શ્વાસોચ્છ્વાસ હોવો જોઈએ એ પ્રથમ વાત છે. જ્યાં વ્યક્તિનો સ્વતંત્ર શ્વાસોચ્છ્વાસ ચાલ્યો ગયો, જ્યાં વ્યક્તિ અસ્વતંત્ર થઈ, જ્યાં વ્યક્તિને જીવવાને માટે કોઈ સંસ્થા કે શક્તિની લાચારી કરવી પડે તો તે રાજ્ય જ નથી. ખરી રીતે તો લોકોને રાજ્યની આવશ્યકતા જ ન હોવી જોઈએ. તેને જ **વૈરાજ્યમ્** (Anarchism)–શાસનાભાવ કહે છે.

જે સમાજમાં વિવાહથી શરૂ કરી શિક્ષણ સુધીની બધી સંસ્થા સુવર્ણથી ખરીદી શકાય છે, તે સમાજમાં ધર્મ અને સંસ્કૃતિની ભાષા એક ઢોંગ છે. અહીં આજે બધું જ ખરીદી શકાય છે. You can purchase anybody, any intellectual person. જ્યાં આર્થિક જીવન સંપન્ન, સુખી અને સ્વતંત્ર છે ત્યાં જ ધર્મપ્રેમ, સંસ્કૃતિનું અભિમાન અને ચારિત્ર્યનું કલ્પવૃક્ષ ખીલે છે. આપણે સ્વતંત્ર શ્વોચ્છ્વાસ માગ્યા છે, કેવળ રોટી–(Bread and butter) નથી માગી. રોટીની સાથે સ્વતંત્ર શ્વાસોચ્છ્વાસ મળવા જોઈએ એ મહત્ત્વની વાત છે. તત્કાલીન–રામકાલીન ઐતિહાસિક સમાલોચના કરીશું તો આ સમજાશે. વાલ્મીકિ રામાયણના બાલકાંડના છઠ્ઠા સર્ગમાં છઠ્ઠો શ્લોક:

तस्मिन् पुरवरे हृष्टा धर्मात्मानो बहुश्रुताः।
नरास्तुष्टा धनैः स्वैःस्वैरलुब्धाः सत्यवादिनः।।

(તે નગરમાં સ્વસ્થ, પુષ્ટ, ધર્માચરણ કરવાવાળા, વિદ્વાન, પોતપોતાની પાસેના ધનથી સંતુષ્ટ, નિર્લોભી અને સત્યવાદી લોકો હતા.)

રામે આવા લોકો તૈયાર કર્યા હતા. તેનું જ નામ રામરાજ્ય. કેવળ આર્થિક યોજના ઘડીને (Economic planning) કરીને રાજ્ય ઉપર નથી આવતું. તેને રાષ્ટ્ર પણ કહેવામાં આવતું નથી.

રામરાજ્યમાં આર્થિક યોજનાની સાથે ઉચ્ચ કક્ષાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય ઊભું કર્યું હતું. તે વખતના લોકો અલુબ્ધ-નિર્લોભી, સત્યવાદી, અલંપટ, આસ્તિક, એટલું જ નહિ, ક્રિયાશીલ હતા. ક્રિયાશૂન્ય લોકો ન હતા. બેરોજગારી ભથ્થું **(unemployment allowance)** મળે છે ત્યારે ક્રિયાશૂન્યતા આવી જ જાય છે. તે કાળે લોકો સ્વતંત્ર હતા, કારણ, શિક્ષણ સ્વતંત્ર હતું. શિક્ષણ રાજ્યાશ્રિત અને વિત્તાશ્રિત ન હતું. આ જ રામ રાજ્યનું વૈશિષ્ટ્ય છે.

જ્યાં રાજ્યાશ્રિત કે વિત્તાશ્રિત શિક્ષણ હશે ત્યાં કોઈ દિવસે સ્વતંત્ર શ્વાસોચ્છ્વાસ નહિ હોય, ત્યાં રાષ્ટ્રીય ચારિત્ર્યનું પુનરુત્થાન નહિ થાય. શિક્ષણ સ્વતંત્ર જ હોવું જોઈએ.

સંસ્કૃતિના સર્વશ્રેષ્ઠ માનચિહ્ન ગણાતા લોકોના તથા સમાજશાસ્ત્રજ્ઞોના સુખસ્વપ્ન–અને પ્રત્યક્ષ, એમાં બહુ જ ફરક આવે છે. શા માટે? રામરાજ્યે શું કર્યું હતું? રામે શું કર્યું હતુ? આજે આપણે કર્તવ્ય (Duty) સમજાવીએ છીએ, માણસે કર્તવ્યપરાયણ થવું જોઈએ, એમ કહીએ છીએ. પરંતુ, કેવળ કર્તવ્યપરાયણ થઈને ન ચાલે. માણસે લોભવિવર્જિત પણ થવું જોઈએ. રામે કર્તવ્યપરાયણ અને લોભવિવર્જિત સમાજ બનાવ્યો હતો. એ જ રામરાજ્યનું વૈશિષ્ટ્ય છે.

માણસની આર્થિક વ્યવસ્થા ભલેને પરંપરાથી ચાલતી આવેલી હોય. ડોક્ટરનો છોકરો ડોક્ટર બને અને દરજીનો છોકરો દરજી બને–કોઇપણ આર્થિક વ્યવસ્થા હોય, તે સમાજવાદી (Socialistic) કે મૂડીવાદી (Capitalistic) હોય, તે પ્રશ્ન નથી, અમને (સમાજને) રોટી જોઇએ, કેવળ રોટી (Bread) નહિ, માખણ (butter) પણ જોઇએ. તેથી કહું છું કે મનુષ્યની આર્થિક વ્યવસ્થા કોઇપણ હશે, તે સ્વતંત્ર અને સ્વચ્છ હોવી જોઇએ, તેમાં પ્રત્યેકને કર્તૃત્વ મુજબ મોકો પણ મળતો હોવો જોઇએ, પરંતુ, જ્યાંસુધી પ્રત્યેકના અંતઃકરણમાં નિર્માણ થવાવાળી વિજિગીષુ ભાવના, કામ અને ઇચ્છાનો ઉદ્રેક, જેવો છે તેવો જ રહેશે ત્યાંસુધી સમાજ જીવનની સમાજહિતની, કે સમાજ સુખની કોઇપણ કલ્પના સફળ નહિ થાય એવું સંપૂર્ણતઃ દર્શન જો કોઇને હતું તો તે પ્રભુ રામચંદ્રને હતું. તેથી જ રામરાજ્યનો એક વિશિષ્ટ નાગરિક સમાજ તેમણે બનાવ્યો. આ રામરાજ્યનું વૈશિષ્ટ્ય છે.

આજે યાંત્રિક વિકાસ (Technical development) કેટલો બધો થયો છે? પરંતુ કેવળ જ્ઞાનોપાસના નહિ ચાલે, કારણ, તે જ જ્ઞાનોપાસનાથી ભીતિ પેદા થઇ છે.

પ્રત્યેકના અંતઃકરણમાં આક્રમકતા અને પશુતા હોય છે. માણસ એક પ્રાણી છે, પણ તે બુદ્ધિજીવી પ્રાણી છે. Man is an animal no doubt, but a rational animal. આપણે તેને દૈવી પ્રાણી (Divine animal) કહીશું. માણસમાં પશુતા છે તેમાં સંદેહ નથી, પરંતુ, તેના અંતઃકરણમાં રહેલી પશુતા અને આક્રમકતાને નષ્ટ કરવાનો પ્રયત્ન જ નથી થતો. લોભમૂલક પ્રવૃત્તિ નષ્ટ કરવાનો ઉપાય આપણે વિચારવો જ નથી. કેવળ વિત્તની વહેંચણી કરીને સુખ આવશે એવું આપણે સમજીએ છીએ. એમ લાગે છે કે જે વિત્ત છે તેની સારી રીતે વહેંચણી કરીશું તો સમાજને સુખ મળશે, પરંતુ, વિત્ત અત્યંત ઓછું છે અને લોકો અગણિત છે! વહેંચણી કરી જુઓ. કોના હાથમાં કેટલું વિત્ત આવે છે તે જુઓ. વિત્તની વહેંચણી કરવાથી બધા સુખી થઇ જશે એવી આપણા બધાની કલ્પના છે, પરંતુ, લોભમૂલક પ્રવૃત્તિ નષ્ટ કરવાનો ઉપાય કોઇને વિચારવો જ નથી. કેવળ વિત્ત વહેંચણીથી સુખ નહિ મળે.

રામ અને રાવણમાં ફરક છે. કયો ફરક છે? રામરાજ્યમાં કેવળ એક રામ ન હતો, પ્રત્યેક ઘરમાં રામ હતા એ જ રામરાજ્યનું વૈશિષ્ટ્ય છે. સેંકડો રામ ઊભા કરવાની શક્તિ જેનામાં છે તે જ રામ છે. એકલો રામ સારો હોઇ શકે છે, દોડી પણ શકે છે, પરંતુ, હજારો લોકોને ઊભા કરીને તેમને દોડવવાની શક્તિ જેનામાં છે તે રામ છે. રામ એકલો હોતો જ નથી. સમાજ આવો તૈયાર કરવો જોઇએ. તે માટે સમાજના છેલ્લા માણસ (Unto the last) સુધી કેવળ રોટી (Bread) પહોંચાડીને નહિ ચાલે. ચારિત્ર્ય, જીવન પહોંચાડીને સમાજના લોકોની કરોડરજ્જુ મજબૂત બનાવવી પડે. તેનાથી લોકોનું મગજ બદલાઇ જાય, દિલ બદલાઇ જાય, સમાજનો અંતિમ માણસ તેવો બને.

રામનો અર્થ શો? વિશ્વાત્મ થઇને, બધાના સુખદુઃખમાં સમરસ થવાનો પ્રયત્ન કરે તે રામ! વ્યક્તિવાદી અને આત્મકેન્દ્રિત બને તેનો અર્થ રાવણ. આ બે તેના સ્પષ્ટ અર્થ છે. રામરાજ્યમાં રામે સમાજમાં લોકોને 'રામ' બનાવ્યા હતા, રાવણ નહિ. આ જ રામરાજ્યની વિશેષતા છે.

આપણે રામરાજ્યના કાળનું વર્ણન વાંચીએ તો એમ લાગે કે ઓહોહો! આવા માણસો થઈ ગયા છે!તેથી જ તો આપણા ભણેલા લોકો કહે છે કે આ ઉચ્ચ શ્રેણીનો માનવ કેવો હોવો જોઇએ તે વિષેની વાલ્મીકિની કલ્પના માત્ર છે. તે એક કાવ્ય છે. આ કાલ્પનિક માનવ છે. આવો માણસ તે કાળે હશે નહિ. કારણ, માનવ વિકાસ સાધીને તેવી ઉચ્ચ સ્થિતિએ પહોંચી શકે છે એવું તેમની કલ્પનામાં પણ આવતું નથી. તેમને એ બધું વર્ણન નવલકથામાંનું લાગે છે.

સ્વતંત્ર શિક્ષણ આપીને રામે ઘરઘરમાં રામ નિર્માણ કર્યા હતા. તે વખતે શિક્ષણ રાજ્યાશ્રિત કે વિત્તાશ્રિત ન હતું. શિક્ષણ વિત્તનું ગુલામ ન હતું અને રાજસત્તાનું પણ ગુલામ ન હતું. શિક્ષણ અને શિક્ષણ આપવાવાળા, બન્ને ગુલામ હોય તો તેવા શિક્ષણમાંથી શું ઉપજવાનું હતું? વાવવા છે કાંદા અને જોઇએ છે ઘઉં—આ થઈ કેવી રીતે શકે? કાંદા વાવીને પછી ગમે તેટલી શ્રદ્ધા રાખીને તેને નમસ્કાર કરશો તો પણ કાંદા જ ઊગવાના, ઘઉં નહિ. કોઇ કહેશે કે અમારી ભગવાન પર શ્રદ્ધા છે, અમે સવારથી સાંજ સુધી—મંગલાથી શરૂ કરી શયન સુધીનાં બધાં દર્શન કરીએ છીએ, તો અમને કાંદા વાવીને પણ ઘઉં મળવા જોઇએ. પણ તે મળે કેવી રીતે? જે વાવ્યું હોય તે જ ઊગે. તેમાં ફરક ન થાય.

રામ અને રાવણમાં શો ફરક છે તે આપણે જોયો. રાવણ ઉત્પન્ન થાય છે અને રામ નિર્માણ કરવા પડે છે. શુભકામના અને શુભેચ્છાથી રામ નિર્માણ નથી થતા. રામને તપપૂર્વક ઉત્પન્ન કરવા પડે છે. રાવણ તો આપમેળે જ ઉત્પન્ન થઈ જાય છે.

ભૌતિકવાદી, વ્યક્તિવાદી અને આત્મકેંદ્રિત ને રાવણ કહે છે. તે કહે છે કે મારે પોતાનું જ જોવાનું છે. તે પણ આજનું જ જોવાનું છે, કાલનું નહિ. આ રાવણની વિશેષતા છે. આવું બોલે તે સારું અને રોચક લાગે છે. તેની પાછળ લોકો દોડે છે. રામકાળમાં આત્મકેંદ્રિત, વ્યક્તિવાદી સમાજ ન હતો. વિશ્વાત્મં થઈને બધાના સુખદુ:ખમાં સમરસ થવાનો પ્રયત્ન કરે એવો સમાજ રામે બનાવ્યો હતો. તેનું જ નામ રામરાજ્ય છે. આવો સમાજ જ્યારે નિર્માણ કરવામાં આવે (તે પોતાની મેળે પેદા નથી થતો) ત્યારે તે રામરાજ્ય બની જાય છે. આ જ તેની વિશેષતા છે.

માણસને કેવળ કર્તવ્યપરાયણ નહિ, લોભવિવર્જિત પણ બનાવવામાં આવતો હતો. આપણે કર્તવ્યનો જ નારો લગાડ્યા કરીએ પણ કર્તવ્યપરાયણતા આવતી નથી. આવે ક્યાંથી? કોઇને કહો: 'તને તારું કર્તવ્ય બજાવવાનું છે.' તો 'શા માટે? મને શું મળશે?' આ પ્રશ્નો પહેલા ઊભા થાય છે. કોઇને કહો કે, 'સ્વાધ્યાય કરો,' તો 'તેનાથી શું મળશે?' આ પ્રશ્ન ઉઠાવેજ છે.

સમાજસુખની અને હિતની કલ્પના સફળ બનાવવાની ચાવીરૂપ, ચિરંતન સત્યની જાણકારી રામને સંપૂર્ણપણે હતી. લોકોને તે કાળમાં વિશિષ્ટ શિક્ષણ સતત મળતું હતું. તેના લીધે જ રાષ્ટ્રીય ચારિત્ર્ય ઊભું થતું હતું.

રામચંદ્ર ભગવાન સમાજના અસલી ડૉક્ટર હતા. સમાજને કયો રોગ છે, કયો રોગ લાગુ પડી શકે છે અને શું કરવાથી તે રોગથી સમાજને બચાવી શકાય તેની સંપૂર્ણ જાણકારી તેમને હતી. તેથી જ તેમણે—**नरास्तुष्टा धनैः स्वैःस्वैरलुब्धा सत्यवादिनः** (લોકોને પોતપોતાની સંપત્તિથી

સંતુષ્ટ લોભરહિત અને સત્યભાષી) બનાવ્યા હતા. માણસ તુષ્ટ થાય તે વિશિષ્ટ વાત છે. તૃપ્તાં તર્પયન્તિમ્ લક્ષ્મી હોવી જોઇએ. નહિ તો લક્ષ્મી-પૈસો આવ્યા બાદ પૈસાની ભૂખ વધી જાય છે. એવી લક્ષ્મી મને ન જોઇએ. મને ઓડકાર આપે તે લક્ષ્મી જોઇએ. તેને જ લક્ષ્મી કહે છે. સમાજમાં પ્રત્યેક માણસને તેમણે **अलुब्ध, सत्यवादी, अलंपट, क्रियाशील** અને **आस्तिक** બનાવ્યો હતો. એટલે જ પ્રત્યેકને રામ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. મહારાષ્ટ્રના તુકારામ મહારાજ કહે છે: **आपणा सारिखे करीतो तात्काळ नाही काळवेळ तया लागी।** આ ઉચ્ચકક્ષાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય છે. કેવળ પોતે જ રામ ન બન્યા, આખા સમાજને તેમણે રામ જેવા બનાવવાનો પ્રયત્ન કર્યો. આ જ તેમનું વૈશિષ્ટ્ય છે. આ જ ઉચ્ચતમ ચારિત્ર્ય છે. આનાથી જ સમાજની કરોડરજ્જુ મજબૂત બને છે.

આ જ રામ-રાવણનું યુદ્ધ છે. **रामरावणयोः युद्ध राम-रावणोरिव** આમ જે લખ્યું છે તે રણમેદાનમાં તેમની વચ્ચે થયેલું યુદ્ધ જ નથી, આજે પણ તેમનું વૈચારિક યુદ્ધ ચાલે છે. આપણે રાવણ બનાવવાના એવાં કારખાનાં ખોલીએ છીએ કે જેમાં વ્યક્તિ સુખવાદી, આત્મકેંદ્રિત અને સ્વાર્થી બની જાય. આવા કારખાનાં ઊભા કરવાવાળા અને ચલાવવાવાળાની પાછળ પણ વિત્તાધિષ્ઠિત અને રાજ્યાધિષ્ઠિત લોકો હોય છે. તેમની સામે લોકો શરમિંદા બની જાય છે. તે ઠેકાણે સ્વતંત્રતાનો શ્વાસ તેઓ લઈ શકતા નથી. આપણને કેવળ રોટી નહિ, સ્વતંત્ર શ્વાસોચ્છ્વાસ જોઇએ.

જ્યારે માણસને રામ બનાવવાનો પ્રયત્ન ચાલે છે અને સમાજમાં રામ વધી જાય છે ત્યારે અમે દિવાળી સમજીએ છીએ. હમણાં દિવાળી પછી પ્રથમ વખતે આપણે સ્વાધ્યાયીઓ મળીએ છીએ. ભગવાનને સાથે મળીને પ્રાર્થના કરીશું: 'ભગવાન! અમને બધાને તૃપ્તાં તર્પયન્તિમ્ લક્ષ્મી જોઇએ છે, કેમકે, અમારે તારું કામ કરવું છે. અમે રામના પૂજક છીએ, રાવણના નહિ. અમે બધાને રામ બનાવવાનો પ્રયત્ન કરીશું. બધા બનશે કે નહિ તે અમારે જોવાનું કારણ નથી. અમે તેવો પ્રયત્ન જરૂર કરીશું. અમારી શક્તિ મર્યાદિત છે તેથી અમને ગુણલક્ષ્મી, ભાગ્યલક્ષ્મી, આત્મલક્ષ્મી—બધી જ લક્ષ્મી આપ.' સ્વાધ્યાયીઓ પાસે તે બધી લક્ષ્મી હોવી જોઇએ.

આપણે સાથે મળીને પ્રાર્થના કરીશું, આજનો કાળ એવો છે કે સામુદાયિક રીતે માગીએ તો દેવાવાળાએ આપવું જ પડે છે. આપણે ઘરમાં એકલા એકલા લક્ષ્મી માગીશું તો ભગવાન ના પાડી શકે છે, પરંતુ, સામુદાયિક રીતે માગીશું તો ભગવાનને આપવી જ પડશે.

આપણે વિશુદ્ધ હેતુથી માગવાનું છે. 'ભગવાન! અમને ખબર છે કે રાવણ બની જાય છે પણ રામ બનાવવો પડે છે. રામરાજ્યનું વૈશિષ્ટ્ય અમે સમજ્યા છીએ, તે અમને માન્ય છે. અમે રામરાજ્ય લાવવાનો પ્રયત્ન કરીશું.'

કેટલાક સુશિક્ષિત અને અભ્યાસુ લોકોએ મને કહ્યું કે રામરાજ્ય વિષે તો આપણે વિચાર્યું. જૂનાકાળમાં રાજ્યની કલ્પના કેવી હતી, તેના પર કહો તો સારું. મેં તેમને કહ્યું: 'આ રાજનીતિ (Politics) નો વિષય છે એટલે તે સામાન્ય લોકોને માટે રૂક્ષ બની જશે, કેમકે તે શાસ્ત્રીય વિષય છે. સાંભળવાવાળા વિશિષ્ટ અને આમલોકો સાથે જ છે. વિષય શાસ્ત્રીય છે એ વાત ખરી

પરંતુ, તેના માટે વિચારવાનું જરૂરી છે એમાં સંદેહ નથી.'

સમાજને અન્ન, વસ્ત્ર અને નિવાસની આવશ્યકતા છે જ. તે કામ રાજ્યસંસ્થાએ કરવું જ જોઇએ. માણસને ઘડવાનું અને તેને ઊભો કરવાનું કામ પણ ઉપાડવાની જરૂર છે. રાજ્યસંસ્થાએ તે કામ પણ કરવું જોઇએ. રામે આ કામ કર્યું હતું અને રામરાજ્યની મહત્તા તેમાં જ છે. રામે શું કર્યું હશે તે ખબર નથી. શું રામે કંઇ જાદુ કર્યો હતો? તે જાદુ ન હતો. રઘુ, અજ, દશરથ આ ત્રણ પેઢીઓથી માણસને ઘડવાનું કામ ચાલતું હતું અને રામરાજ્ય તે પરિશ્રમનું પરિણામ હતું, તેથી જ તો આજે પણ રઘુના નામ ઉપરથી રઘુવંશ બોલાય છે, રામવંશ નહિ. રામ અવતાર હતા તો પણ! હું રામવંશી છું એમ કોઇ કહેતું નથી. હું રઘુવંશી છું એમ કહે છે.

રાજ્યવ્યવસ્થા સંબંધમાં જુદી જુદી વિચારધારાઓ છે. ઉત્ક્રાંતિ (Evolution) ની દૃષ્ટિએ રાજ્ય-રાજા કેવી રીતે આવ્યા? તે કાળે બધા શિકાર કરતા હતા. બધા પોતપોતાનું ભક્ષ્ય પ્રાપ્ત કરી લેતા હતા. ત્યારપછી નર અને નારી સાથે રહેવા લાગ્યા. બન્ને ઝાડની નીચે રહેતા હતા. પોતાનું ખાવાનું શિકાર કરીને પ્રાપ્ત કરતા હતા. હરણનો કે અન્ય પશુનો શિકાર કરીને ખવાય તેટલું ખાતા હતા. બાકીનું સાચવી રાખતા હતા. દિવસે શિકાર કરવાનો અને રાત્રે નર અને નારી વારાફરતી જાગીને ભક્ષ્યને સાચવતા હતા. દિવસે શિકાર મેળવવા જવું અને રાત્રે મળેલા ભક્ષ્યનું રક્ષણ કરવું, જેથી કોઇ તે ઉપાડી ન જાય. આવું જીવન ચાલતું હતું, પરંતુ, તે કાળના લોકોને આ વ્યવસ્થા લાંબા સમય સુધી ચાલુ રાખવાનું ગમ્યું નહિ.

આ સમૂહો (Tribes) એ નક્કી કર્યું કે આપણા સમૂહમાં જે સશક્ત, સમર્થ અને ગુંડો હોય તેણે રાત-દિવસ સમૂહની કાયા અને માયાનું રક્ષણ કરવાનું. જે સશક્ત હતા તેમણે પૂછ્યું કે અમે તમારા બધાની કાયા અને માયાનું રક્ષણ કરીશું તો અમારી કમાણીનું શું? તમે બધા કમાણી કરવા જશો ત્યારે અમે તો તમારી કાયા-માયાનું રક્ષણ કરીશું પણ અમારું રક્ષણ કોણ કરશે? ત્યારે સમૂહના લોકોએ કહ્યું કે અમને જે કંઇ કમાણી થશે તેમાંથી થોડો થોડો ભાગ અમે તમને આપીશું. તે જ આ કર (Tax). આ રાજસત્તાનું સ્વરૂપ છે અને આવા કર (Taxes) ઉપર રાજસત્તા નિર્ભર છે. આ પ્રમાણે સશક્ત ગુંડાઓએ સમાજની કાયા અને માયાનું રક્ષણ કરવાનું કબૂલ્યું અને સમૂહે પોતાની કમાણીમાંથી કર આપવાનું કબૂલ કર્યું જેનાથી તેમની જીવિકા ચાલે. આ ઉત્ક્રાંતિ (Evolution) ની કલ્પના હશે, પરંતુ, આપણી ભારતીય કલ્પના આવી નથી.

ભારતીયોએ રાજ્યસત્તાને અતિ પવિત્ર માની છે. રાજ્યસત્તામાં રાજા કેમ આવ્યો? તેમાં ગુંડા કેમ આવ્યા? તે વિચારવા જેવું છે. મનુ રાજા હતો. બધા મન્વંતરોમાં મનુ છે. મનુ એક જ થયો એમ નહિ. મનુએ લોકોનાં દિલ જીત્યા, તેણે લોકોને આત્મસાત્ કર્યા. મનુએ લોકોને કંઇ શીખવ્યું, સમજાવ્યું, તેમને ઊભા કર્યા, માનવતા કોને કહે છે તે પણ કહ્યું. મનુએ લોકોને જીવન સમજાવ્યું અને તેમનું જીવન સજાવ્યું. મનુએ જે કાયદા કર્યા તેનું લોકો પાલન કરે છે કે નહિ? તે કોણ જોશે? લોકોનું શાસન કોણ કરે? જે માનવ હશે તેણે અમુક ઢબથી જ રહેવું જોઇએ તે મનુએ ભણાવ્યું. ત્યારે લોકોએ મનુને કહ્યું, 'તમે બધાને કેમ જીવવું તે સમજાવ્યું, પણ અમે તેવી રીતે રહીએ છીએ કે નહિ તે કોણ જોશે? તે જોવાનું કામ તમે જ કરો. નિશ્ચિત કરેલા

કાયદા મુજબ જે ન ચાલે, તેને તમે સજા કરો. આ કામ તમારું જ છે.'

મનુએ કહ્યું: 'હું તો આધ્યાત્મિક છું તેથી કોઇને સજા કરવી એ મારું કામ નથી. બીજાને પીડા આપવી એ મારું કામ નથી. હું તેવું શા માટે કરું? હું જો તે કામ કરું તો બીજા જન્મમાં મારે તે સહન કરવું પડે. મારાથી આ કામ નહિ થાય.'

ત્યારે લોકોએ કહ્યું કે અમે બ્રહ્મદેવને પ્રાર્થના કરીશું. તમે અમને સારા બનાવવા માટે, સમાજને સુખી અને સ્વસ્થ કરવાને માટે જે કંઇ સજા કરશો, તેનું પાપ તમને ન લાગે. તે પાપ સમાજનું-અમારું છે. રાજા પોતાનું કર્તવ્ય બજાવે તેથી તે પાપી થતો નથી.

એકાદ માણસ કોઇનુ ખૂન કરે ત્યારે ન્યાયાધીશ તેને મોતની સજા કરે. ન્યાયાધીશ કાયદા મુજબ ખૂનીને ફાંસીની સજા આપે તે પણ મારવું જ છે, પરંતુ, ન્યાયાધીશ ખૂની કે પાપી ઠરતો નથી. આવી રીતે રાજા કોઇને સજા કરે તો તેનું પાપ રાજાને ન લાગે. તે પાપ સમાજ માટે હોવાથી, તેનું ફળ સમાજ પર જાય.

આવું સમાજે મનુને કહ્યું અને તેને રાજ્ય સંભાળવાનું કહ્યું. 'તમે અમારા માટે રાજસત્તા હાથમાં લો. જે કંઇ ખરાબ થશે તેની જવાબદારી અમારા પર છે' તે શરત માન્ય કરીને મનુ પ્રથમ રાજા થયો. આ જ રાજ્યવ્યવસ્થાની ભારતીય કલ્પના છે.

આજે તે વિપરીત થઇ ગયું છે. આજે આપણે લોકોને બારણે જઇએ છીએ અને 'અમને રાજા બનાવો' એમ કહીએ છીએ. ત્યારે જૂનાકાળમાં લોકોએ પોતે ઊઠીને મનુને રાજા બનવાનું કહ્યું. આટલો ફરક છે. તેને જ વિપરીત કાળ કહે છે. કલિયુગનો અર્થ જ તે છે.

ભારતીયોની રાજ્યની કલ્પના પવિત્ર છે, વિશિષ્ટ છે. આપણા ગોરમહારાજ પ્રત્યેક ઘરમાં ધાર્મિક ક્રિયા કરાવે છે ત્યારે આરતી કર્યા બાદ મંત્રપુષ્પ કરે છે. તે વખતે ગોરમહારાજ જે મંત્રો બોલે છે તેનો અર્થ તેને પણ ખબર નથી હોતો અને સાંભળવાવાળાને પણ ખબર નથી હોતી. ગોરમહારાજ મોટા અવાજે મંત્રપુષ્પ બોલે છે:

> राजाधिराजाय प्रसह्यसाहिने नमो वयं वैश्रवणाय कुर्महे। स मे कामान् कामकामाय मह्यं कामेश्वरो वैश्रवणो ददातु। कुबेराय वैश्रवणाय महाराजाय नमः। ॐ स्वस्ति साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ठ्यं राज्यं महाराज्यमाधिपत्यम् समंतपर्यायी स्यात् सार्वभौमः सार्वायुषः आंतादापरार्धात्।। पृथिव्यै समुद्रपर्यन्ताया एकराळिति तदप्येष श्लोकोडभिगीतो मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे। आविक्षितस्य कामप्रेर्विश्वेदेवाः सभासद इति।।

તે વખતે બધા લોકો હાથમાં પુષ્પ લઇને ઊભા હોય છે. તેમને એમ લાગે છે કે ભગવાનની કંઇક સ્તુતિ ચાલે છે! બોલવાવાળા અને સાંભળવાવાળા બન્નેને કંઇ ખબર નથી અને પૂજા તો થઇ ગઇ. લોકો પૂછે પણ ખરા કે મંત્રપુષ્પ થઇ ગયું? આ કેવું ગાંડપણ ચાલે છે!

એક વાત સારી છે. આપણા લોકોએ મંત્રપુષ્પમાં રાજા અને રાજ્યસત્તાના પ્રકારો ગ્રથિત કરી રાખ્યા છે. રાજ્યસત્તાના કયા કયા પ્રયોગો આપણે કર્યા તેનું ચિત્રણ આમાં છે, પરંતુ, તેનો અભ્યાસ જ થયો નથી. હું હંમેશાં મજાકમાં કહું છું કે હિંદુસ્તાનનું બંધારણ (Constitution) અભણ લોકોએ ઘડ્યું છે. હું વ્યાસપીઠ ઉપરથી આ બોલું છું તેથી મને ડર નથી. વ્યાસપીઠમાં વેદવ્યાસની શક્તિ છે. જો ઈંગ્લંડ, ફ્રાંસ કે જર્મનીના બંધારણ વિષે મને ખબર ન હોય તો મને અભણ ગણવામાં આવે તો, ભારતના બંધારણની જેમને ખબર નથી તે લોકો અભણ શા માટે નહિ? પરંતુ, આવું પૂછવાવાળો કોઇ સપૂત નીકળ્યો નથી. કોઇનું આંતરડું બળતું જ નથી. બંધારણ બનાવવાવાળાને તે જોવું ન હતું; અને 'અમે રામરાજ્ય અને રામને માનીએ છીએ અને ચૈત્ર નવરાત્રિમાં ઉપવાસ કરીએ છીએ.' તેનાં કરતાં વધારે આપણા ધાર્મિકોએ કંઇ કર્યું નહિ. જગતનાં બંધારણો જેમને ખબર છે તેવા લોકોને ભેગા કર્યા અને તેમણે આપણા દેશનું બંધારણ ઘડી કાઢ્યું. જેમને ભારતનું બંધારણ ખબર નથી તેવા લોકોને બંધારણ ઘડવા શા માટે બેસાડ્યા? તેમણે ભારતના રાજ્યસત્તાના પ્રકારોનો અભ્યાસ કરવો જોઇતો હતો અને પછી ભારતનું બંધારણ ઘડવું જોઇતું હતું. આવું કહેવાવાળો કોઇ નીકળ્યો નહિ, તેવું તેજ કોઇની પાસે હતું નહિ.

ભારતમાં રાજ્યવ્યવસ્થાના જુદા જુદા પ્રયોગો થયા હતા. આજે આપણને એક જ વાત સમજાવવામાં આવે છે કે ફ્રાંસની રાજ્યક્રાંતિ થયા બાદ જગતને લોકશાહી (Democracy) મળી. આપણે બધા ભણેલા લોકો આવું બોલીએ છીએ. તેમને પૂછવું જોઇએ કે કૃષ્ણનું રાજ્ય કયા પ્રકારનું હતું? તે લોકતંત્રનું રાજ હતું. It was a democratic republic state. There is difference between democratic republic state and democracy. લોકસત્તાક રાજ્ય અને લોકશાહીમાં ફરક છે. કૃષ્ણના સમયમાં લોકતંત્ર રાજ્ય હતું, પરંતુ, ભણેલા લોકાની માન્યતા એવી છે કે ફ્રેંચ રાજ્યક્રાંતિ બાદ પહેલવહેલી લોકશાહીની કલ્પના મળી. આપણે અંગ્રેજીમાં બોલીએ છીએ તેથી આપણે ભણેલા ગણાઇએ છીએ. ગોરમહારાજ પુષ્પ લઇને **साम्राज्यं वैराज्यं पारमेष्ट्यं....** બોલે છે, પણ તેનો અર્થ તેમને ખબર નથી કે તે શું બોલે છે?

વેદવ્યાસે ભવિષ્યપુરાણમાં લખ્યું છે: **कलौ वेदान्तिनो भान्ति फाल्गुने बालका इव** – ફાલ્ગુન મહિનામાં હોળીના દિવસોમાં બાળકો જે કંઇ બોલે છે તે શું બોલે છે તેની તેમને ખબર હોતી નથી. તેવું જ આજે વેદાન્તનું થયું છે. પરંતુ, તે મંત્રપુષ્પના મંત્રમાં જુદી જુદી રાજકીય વ્યવસ્થાના પ્રયોગો થયા હતા તેનું વર્ણન છે. તેમાં એક વૈરાજ્યની કલ્પના છે.

वैराज्यम् એટલે રાજ્યવિહીન વ્યવસ્થા, તેમાં શાસનવ્યવસ્થા નહિ, રાજા નહિ, રાષ્ટ્રાધ્યક્ષ નહિ, ગ્રામસભા નહિ. જેને અંગ્રેજીમાં Anarchism કહે છે તે. અંગ્રેજોએ તેના વિષે વિચાર્યું છે, પરંતુ, આપણને Anarchism એટલે અરાજકતા, અંધાધૂંધી એટલો જ અર્થ ખબર છે. Anarchism નો તેવો અર્થ નથી. તમે અભ્યાસ કરશો તો ખબર પડશે કે સ્વયંશાસિત રાજ્ય–Self-governed Government એટલે વૈરાજ્ય–Anarchism. તેને જ શાસનાભાવ કહે છે. તેમાં બિલકુલ અવ્યવસ્થા નહિ હોય. તેમાં શાસનવ્યવસ્થાની-રાજાની જરૂર જ શી છે એ પહેલો પ્રશ્ન પૂછ્યો છે. તે પૂછે છે કે સરકાર તમને શું આપે? બુદ્ધિ આપે છે? બુદ્ધિશક્તિ વધારે છે? કંઇ નહિ. વાહન ડાબી બાજુથી ચલાવો એમ કહે છે. ધારો કે આપણામાં સૌજન્ય ન હોય તો

આપણને જમણી બાજુથી ચલાવીશું, કંઇ અકસ્માત પણ થશે. છેવટે, કાયદો પાળવો કે નહિ તે વ્યક્તિના સૌજન્ય પર જ આધારિત છે. જ્યાંસુધી વ્યક્તિમાં સૌજન્ય વધતું નથી ત્યાંસુધી કાયદા કોના માટે છે? પોલીસનો ડર કોને છે? જે નેવું ટકા સજ્જન છે તેમને પોલીસનો ડર છે. જે દસ ટકા દુર્જનો છે. તેઓ પોલીસથી ડરતા જ નથી. નાગા ભગવાનથી ન ડરે તો તે પોલીસથી શા માટે ડરે? તો પછી કાયદા કોના માટે છે? શું સમજુ લોકોને કાયદાની જરૂર છે? આપણામાં રહેલી સમંજસતા, સજ્જનતા જો વધી જાય તો કાયદા, સરકારની જરૂર જ ક્યાં રહી? આને સ્વયંશાસિતરાજ્ય (Anarchism)—શાસનાભાવ કહે છે.

સ્વયંશાસિત રાજ્યનો પ્રયોગ વસિષ્ઠે કર્યો હતો. ઐતિહાસિક દૃષ્ટિએ વસિષ્ઠનું વર્ણન ઘણા લાંબા કાળ સુધીનું છે. તે વ્યક્તિ છે કે સંસ્થા છે? જેમ શંકરાચાર્યની પીઠ સાતસો વર્ષથી ચાલે છે તેમ વસિષ્ઠ પણ સંસ્થા હશે. તેનું પણ સંશોધન કરવાની જરૂર છે, પરંતુ, વસિષ્ઠે સ્વયંશાસિત રાજ્ય-વૈરાજ્યમ્ નો પ્રયોગ કર્યો હતો.

વસિષ્ઠ-વિશ્વામિત્રનો જે ઝઘડો છે તે આધ્યાત્મિક ઝઘડો નથી. તે રાજકીય ઝઘડો છે. વસિષ્ઠે સ્વયંશાસિત રાજ્ય ઊભું કર્યું હતું. વસિષ્ઠે લોકોને એટલા સારા બનાવ્યા હતા કે તેમને શાસનની જરૂર જ ન હતી. તેને **वैराज्यम्** કહે છે. ઋષિઓએ વિવિધ પ્રકારના રાજકીય પ્રયોગો કર્યા હતા. ભારતનો દસ હજાર વર્ષનો લાંબો ઈતિહાસ છે. માનવના આટલા લાંબા ઈતિહાસમાં કયો પ્રયોગ સારો હશે? તેમણે લખ્યું છે: **साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ठयं राज्यं महाराज्यमाधिपत्यमयं समंतपर्यायी स्यात् सार्वभौमः सार्वायुषआंतादापरार्धात्॥ पृथ्वियै समुद्रपर्यन्ताया एकराळिति...**

જેમ **वैराज्यम्** એક પ્રકાર છે તેમ બીજો એક પ્રકાર **विराट्** નો છે, એટલે વિશેષ પ્રકારનું રાષ્ટ્ર. એક સાંઘિક રાજ્ય, એટલે વિરાટને શ્રેષ્ઠ રાજ્ય સમજવામાં આવે છે.

विराट् – એ એક વિશેષ પ્રકારનો પ્રયોગ છે. ઋષિએ સમગ્ર પૃથ્વીના એક સંઘરાજ્યની કલ્પના પણ કરી હતી. **समुद्रपर्यन्ताया पृथिव्यै एकराट्**—આ વિશ્વને માટે એક જ સંઘરાજ્ય હશે ત્યારે જ વિશ્વ સારી રીતે ચાલશે, એવું તેમનું કહેવું છે. ભૂગોળખંડ પર અલગ અલગ રાજ્યો હોય તો બધાંને જુદું જુદું લશ્કર રાખવું પડે. દરેક દેશને મિલિટરીને સંભાળવા માટે આવકમાંથી એંસી ટકા કર વાપરવા પડે છે.

ભારતની સરકાર જેટલા ટેક્સ ઉઘરાવે છે તેમાંથી એંસી ટકા મિલિટરીને સંભાળવામાં જાય છે. પાછું તેના માટે તો પૂછાય નહિ. તેના બદલે વિશ્વનું સંઘરાજ્ય ઊભું થાય તો આ ખર્ચ બચી જાય. ભૌતિક દૃષ્ટિથી સમાજ સુખી, આનંદી, સ્વસ્થ બની શકે. સમાજના છેલ્લા માણસને પણ અન્ન-વસ્ત્ર મળી શકે અને સમાજના છેલ્લા માણસની આર્થિક સ્થિતિ સુધારી શકાય. તેના માટે વિશ્વમાં સંઘરાજ્યની આવશ્યકતા છે. આ જ કલ્પના UNO– યુ.એન.ઓ.ની છે તે દૃષ્ટિથી જ U.N.O. ઊભું કર્યું છે, પરંતુ, જેમણે તે ઊભું કર્યું તે લોકો ભીતિગ્રસ્ત છે. કારણ, યુ.એન.ઓ.ની કલ્પના જ સ્વાર્થી અને ભીતિગ્રસ્ત રાજનીતિજ્ઞોની છે. જ્યારે સંઘરાજ્ય–**विराट्**ની કલ્પના નિઃસ્વાર્થી, નિર્ભય અને માનવતાવાદી ઋષિની કલ્પના છે. બન્નેનો અર્થ એક જ છે.

યુ.એન.ઓ. (યુનો—સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા)ની કલ્પનામાં એવું છે કે જે ભૂગોલખંડને બીજું રાષ્ટ્ર તકલીફ આપે તે ઠેકાણે યુનોનું સૈન્ય પહોંચી જાય અને તેનું રક્ષણ કરે. યુનોમાં સૈન્ય રહેશે. બીજો કોઇ દેશ પાસે પોલીસ રહે પણ કોઇ દેશ પાસે સૈન્ય ન રહે. યુનોની મૂળ કલ્પના આવી હતી અને તે સારી કલ્પના હતી. હવે તો તે ડિબેટીંગ સોસાયટી (Debating Society) થઇ ગઇ છે. યુનો પાસેથી વિશ્વની શાંતિની ઇચ્છા રાખવી એ પાડા પાસે દૂધની અપેક્ષા રાખવા જેવું છે. શા માટે? એનું કારણ એ કે યુનો સ્વાર્થી અને ભીતિગ્રસ્ત રાજનીતિજ્ઞોની કલ્પના છે. મૂળ કલ્પના કોની છે તેના પર પણ તેની સફળતાનો આધાર છે. આ સંઘરાજ્યની કલ્પના ઋષિઓને સર્વશ્રેષ્ઠ લાગી તેથી જ તેઓ છેલ્લે ગાય છે: **पृथिव्यै समुद्रपर्यन्ताया एकराळिति... आविक्षितस्य कामप्रेर्विश्वेदेवाः सभासद इति...**

साम्राज्यम् – સામ્રાજ્યની એક કલ્પના છે, તેમાં એક રાજાની માંડલિકો ઉપર સત્તા હોય છે. **रा** એટલે **राजते नाम शोभते**—આખી પૃથ્વીની શોભા એટલે રાજા. તેમાં જુદાં જુદાં રાજ્યો હોય છે પરંતુ, બધાંની વિચારધારા એક જ હોય. સામ્રાજ્યમાં બીજા રાજાઓની સત્તા અને તેમનું અસ્તિત્વ ટકાવીને તેણે પોતે સમ્રાટ બનવાનું છે. આમાં સમ્રાટ બીજા કોઇ રાજાની સત્તા કે તેનું અસ્તિત્વ છીનવી લેતો નથી, પરંતુ, એક વિચારથી જ બધાં રાજ્યો ચાલવાં જોઇએ. તેના માટે આપણા દેશમાં અશ્વમેધ યજ્ઞની શરૂઆત થઇ હતી. રામ અને કૃષ્ણ જેવા અવતારોએ ક્ષત્રિયોને, રાજસૂય યંજ્ઞ, વિશ્વજિત યજ્ઞ કે અશ્વમેધ યજ્ઞની પ્રેરણા આપી છે. શા માટે? એક વિચારનું રાજ્ય ચાલવું જોઇએ એટલા માટે. આવા રાજાઓ ઉપર જેની સત્તા અને જેનો પ્રભાવ ચાલે છે તે સમ્રાટ છે અને તેના રાજ્યને સામ્રાજ્ય કહે છે. તેમાં બીજા રાજાઓની સત્તા અને અસ્તિત્વ ટકાવીને રાજ્ય ચલાવવાનું હોય છે. બધાનો એક વિચાર અને એક ઉચ્ચાર હોય છે.

રાજ્યનો બીજો એક પ્રકાર છે તેને **भौज्य** રાજ્ય કહે છે. ઋષિઓએ પ્રયોગ કરીને દેખાડ્યું કે બધાં કામો રાજાને સોંપવાં ન જોઇએ. રાજાને મર્યાદિત કામો આપવાનાં અને તે માટે રાજસત્તા રાખવાની. રાજસત્તાને કયાં કામો સોંપવાનાં? ભોજનાદિનું કામ અને ઉપભોગની વ્યવસ્થા રાજપ્રબંધક દ્વારા જ થાય. આવું જે રાજ્ય છે તેને **भौज्य** રાજ્ય કહે છે. બધાનો યોગક્ષેમ સારી રીતે ચાલવો જોઇએ. તે બરાબર ચાલે છે કે નહિ તે જોવાનું રાજાનું કર્તવ્ય છે. બધાને રહેવા માટે ઘર, પહેરવાને માટે વસ્ત્ર, પીવાને માટે શુદ્ધ જલ, બીમારોને માટે દવાઓ અને વૃદ્ધ લોકો માટે પ્રબંધ—આ બધી વાતો, જે રાજ્યમાં રાજસત્તા કરે છે તેને **भौज्य** રાજ્ય કહે છે. તેને આપણે આજની ભાષામાં કલ્યાણ રાજ Welfare State કહીએ છીએ.

આ **भौज्य** રાજ્યમાં શું થાય છે? ઋષિઓએ પ્રયોગ કરીને જોયું કે રાજસત્તા જો અન્ન, વસ્ત્ર અને નિવાસની વ્યવસ્થા કરે તો તેમાં વ્યક્તિનો વિકાસ, ઉન્નતિ થાય નહિ. કલ્યાણકારી રાજ્ય (Welfare State) કહીએ છીએ તેવી શબ્દશ: વ્યવસ્થા ભૌજ્યરાજ્યમાં જોવા મળે છે, પરંતુ, તેમાં વ્યક્તિનું મનોદૌર્બલ્ય વધી જાય છે અને અકર્મણ્યતા ઘૂસી જાય છે. માણસને જો બેરોજગારી ભથ્થું (Unemployment allowance) મળતું હોય તો તે કામ કરે જ શા માટે? તેના મનમાં આજે તે જ વિચાર છે કે પૈસા મળે છે, પીવા માટે દારુ છે, તો કામ શા માટે કરવું? એક ચિરંતન સત્ય ધ્યાનમાં રાખવું જોઇએ કે સ્વતંત્રતા અને સુરક્ષિતતા (Liberty and security) જ્યાં સાથે આવે તે કોઇ પણ દેશ અને કોઇ પણ સમાજ ક્યારે પણ ઉપર નહિ આવે. સ્વતંત્રતા અને સુરક્ષિતતા કોઇ દિવસ સાથે ન હોવાં જોઇએ. સ્વાતંત્ર્ય આપવું હશે તો સુરક્ષિતતા ખેંચી લો અને સુરક્ષિતતા આપવી હશે તો સ્વાતંત્ર્ય ખેંચી લો.

આજે શું થયું છે? બધા સુરક્ષિત છે. તેની સાથે પ્રત્યેક વ્યક્તિને કામ ન કરવાની સ્વતંત્રતા છે. લોકો કહે છે કે ફલાણું કામ મને સારું નથી લાગતું. તે મારે નથી કરવું. આજે ઈંગ્લંડમાં આ જ સ્થિતિ ઊભી થઇ છે. લોકો કામ આપે છે, પણ કામ કરવાવાળા કહે છે કે આ કામ અમારા મોભા (Status) ને શોભે તેવું નથી, તેથી અમારે નથી કરવું. આજે સ્વાતંત્ર્ય અને સુરક્ષિતતા સાથે આપનાર લોકો મૂર્ખ છે. તેઓ આજનું જોતા હશે પરંતુ, હજાર વર્ષ સુધીની માનવજાત, માનવસમાજનું કલ્યાણ જોવાની તેમનામાં શક્તિ નથી. કોઇ બૂમ પાડે કે તેને મોઢામાં કંઇ આપી દેવામાં આવે છે જેથી તેનું મોઢું બંધ થઇ જાય. આ લોકો ઋષિ નથી અને ક્રાન્તદર્શી પણ નથી. ઋષિઓએ આ ચિરંતન સત્ય વિષે વિચાર્યું હતું.

બીજો એક પ્રયોગ **स्वाराज्यम्** નો થયો હતો. **भोपाय्यम् स्वाराज्यम्**—તમે ઋગ્વેદમાં વાંચશો તો **भोपाय्यम्** એટલે અનેક જનપદના નેતાઓ અને પ્રતિનિધિની અનુમતિથી રાજ્ય ચલાવવામાં આવે તેને **स्वाराज्यम्** કહે છે. પ્રજા પોતાના પ્રતિનિધિ ચૂંટતી હતી અને તેની એક સભા બનાવવામાં આવતી હતી. આ સભા રાજ્યશાસનના નિયમો નિશ્ચિત કરતી હતી અને રાજ્ય ચાલતું હતું. બહુમતિની સંમતિથી રાજ્ય ચાલે તેવો પ્રયોગ આપણા દેશમાં થઇ ગયો છે. તેમાં કેટલાં વર્ષો ચાલ્યાં ગયાં, કદાચ બે-ત્રણ પેઢી પણ ચાલી ગઇ હશે આ એક સંશોધનનો વિષય છે.

આ **स्वाराज्यम्**માં શું થયું? એક તરફ એકાવન મત પડે અને બીજી તરફ ઓગણપચાસ મત પડે તો બહુમતિથી નિર્ણય લેવાય. ઓગણપચાસ લોકોને તે નિર્ણય માન્ય ન હોવા છતાં, તે વિરોધમાં હોવા છતાં, માનવું પડતું હતું. પરિણામે તે દોષ રહેતો હતો. પછી તેમાં તે લોકો પોતાની બાજુમાં સામેના પક્ષમાંથી બે લોકોને ફોડે તો પોતાની બહુમતિ થઇ જાય. જ્યાંસુધી માણસ દુર્બલ, લોભી, સ્વાર્થી, ક્ષુદ્ર અને કાયર છે ત્યાંસુધી તેને ફોડી શકાય છે. આવા લોકો સમાજનું ચિરંતન નુકસાન પણ કરી શકે છે. ઋષિઓએ આ બહુમતિથી ચાલવાવાળા **स्वाराज्यम्** નો પ્રયોગ પણ કરી જોયો હતો.

ત્યારપછી **पारमेष्ठयम्**—આ એક પ્રકારની રાજ્ય વ્યવસ્થા છે. આ રાજ્ય વ્યવસ્થામાં **परमेष्ठि प्रजापतिः बृहति इति पारमेष्ठयम्** એ અથર્વવેદમાં આવે છે, પરમેષ્ઠિમાં રહેવાવાળા લોકોનું રાજ્ય એટલે વિશિષ્ટ વર્ગ (Class)નું રાજ્ય. આમાં પરમશ્રેષ્ઠ પ્રજાજનોથી નિયુક્ત થઇને માણસ શાસક થઇ શકે છે.

આજે પણ કેટલાક લોકો કહે છે કે અભણ લોકોને મતાધિકાર ન આપો, ભણેલાઓને જ મતાધિકાર આપો. આ લોકો એમ માને છે કે જે સમજદાર છે તેમને મતાધિકાર આપો અને ભણેલા છે તેઓ સમજદાર છે. તેનો વિરોધ કરનારા કહે છે કે બધા જ સમજદાર છે. શું રાજનીતિના પુસ્તકો વાંચનારાઓ અને ફ્રાંસ અને ઈંગ્લંડનો ઇતિહાસ જેમણે વાંચ્યો છે તેમને જ સમજ છે? મારો સ્વાર્થ કોણ સાધી આપે છે, મને કોણ સંભાળે છે આ સમજવાની શક્તિ

બધામાં છે. તે ભણેલો હોય કે અભણ, બધા જ આ વાત સમજી શકે છે. બન્ને પક્ષ માટે ઘણી દલીલો છે તેથી બે પક્ષો ઊભા થાય છે. એક પક્ષ કહે છે કે સામાન્યોને સમજણ પડતી નથી તો તેમને મતાધિકાર ન આપો. ત્યારે બીજો પક્ષ કહે છે કે સામાન્ય લોકોનો હક્ક તમે છીનવી લો છો. પોતે કોના શાસન નીચે રહેવું તે નક્કી કરવાનો અધિકાર પ્રત્યેકને હોવો જોઇએ.

पारमेष्ठयम् નો બીજો અર્થ છે–રાષ્ટ્રપ્રમુખ પદ્ધતિ (Presidential System) તેમાં એક વ્યક્તિને નિયુક્ત કરવાની અને તે શાસન કરે. તે જે નક્કી કરે તે બધાએ સ્વીકારવું જોઇએ. આજે અમેરિકામાં તેવું ચાલે છે. આજે ભારતમાં પણ એની ચર્ચા ચાલે છે કે પાર્લામેંટ પદ્ધતિને બદલે પ્રમુખ પદ્ધતિ અપનાવવી કે નહિ?

जानपद राज्य – તે પ્રજાજનોનું રાજ્ય હતું. રાજ્યશાસન પ્રજાજનોની સંમતિથી જ ચાલે એવું રાજ્ય તે જાનપદ રાજ્ય. શાસનાધિકારી ન રાજા હશે કે ન રાજનિયુક્ત હશે. પ્રજા નક્કી કરશે તે મુજબ શાસન થશે. તેને જાનપદ રાજ્ય કહે છે. તેમનું કહેવું છે કે રાજ કરવા માટે નિયુક્ત વ્યક્તિ અમને ન જોઇએ. આ વ્યવસ્થામાં રાજ્યશાસન નથી, રાજા નથી અને રાજનિયુક્ત માણસ પણ નથી. પરંતુ, જાનપદ-પ્રજાતંત્ર રાજ્યમાં અનિશ્ચિતતા નિર્માણ થવા લાગી. તેના લીધે કોઇ પણ માણસને સમાજનું કલ્યાણ કરવાનો મોકો મળતો નથી, એનું કારણ કંઇ યોજના નથી. જાનપદ રાજ્યમાં દરેક પ્રશ્નોનો ઉકેલ આપી લોકોને નિશ્ચિત કરવા છે કે તમારે આ જ કરવાનું છે. આ જાનપદ રાજ્યમાં કોઇ પણ યોજના સુરક્ષિત નહિ હોય. કોઇ પણ યોજના પાર પાડવી હોય તો તેને સમય તો લાગે જ.

એક પ્રયોગ **विप्रराज्य**નો પણ થયો હતો. વિપ્રરાજ્ય એટલે વિશેષ જ્ઞાની લોકોનું રાજ્ય. સમજો કે બ્રાહ્મણોના હાથમાં રાજ્ય આપ્યું. આ બ્રાહ્મણને સત્તાની કે વિત્તની સ્પૃહા નથી. તે જ વધારે સારી રીતે રાજ કરી શકે છે. જેની પાસે રાજ્યસત્તા આવે છે તેની પાસે શક્તિ આવે છે અને સંપત્તિ પણ આવે છે. માટે એવી વ્યક્તિના હાથમાં સત્તાનાં સૂત્રો હોવાં જોઇએ કે જેને સત્તા કે સંપત્તિ–બેમાંથી કોઇનો મોહ નથી. વિપ્રરાજ્યનો પ્રયોગ થયો. પરંતુ, તે રાજ્ય નબળું પડવા લાગ્યું. બ્રાહ્મણ ગમે તેટલો સારો હોય તે છતાં તે શાસક કેમ થઇ શકે? કારણ, તે જ્ઞાની હોવાથી બધામાં ભગવાન જોવા લાગે તો ગોટાળો થાય. કોઇ ભૂલ કરે તો તેને તે સજા ન કરે અને કહે કે ભૂલ થઇ ખરી, પણ તે સુધરી જશે. તેના પર ગરમ કેમ થવાય? આવું કહીને કંઇ થોડું રાજ ચલાવી શકાય! આપણે ત્યાં કહેવત છે: **'हुकमी गरमाईकी और व्यापार नरमाईका'**–તેથી વિપ્રરાજ્ય નબળું પડ્યું.

બીજી એક **समर्थ राज्य** ની કલ્પના છે. અહિં સમર્થ એટલે ધનપતિ, પુંજીપતિ, વૈશ્ય. વૈશ્યોના હાથમાં રાજ્ય આપવાનું, કારણ, જે કંઇ ભૌતિક ઉત્પાદન છે–ખેતી ઇત્યાદિ–તેની વૈશ્યને વધારે ખબર હોય છે. તેથી વૈશ્યોનો હાથમાં પૂર્ણતઃ રાજ્ય આપવું. ધનપતિ-વૈશ્ય માનવને માનવ બનાવી શકતો નથી અને કોઇનું રક્ષણ પણ કરી શકતો નથી. આ વૈશ્યો માનવ બનાવવા માટે અને પ્રજાનું રક્ષણ કરવાને માટે ભાડેથી માણસો લેવા લાગ્યા. ભાડૂતી માણસોમાં જોશ હોતો નથી અને તેમનો પ્રભાવ પડતો નથી. કોઇને માનવ બનાવવો હોય તો ચારિત્ર્યનો પ્રભાવ પડવો જોઇએ. જો જીવનનો, ચારિત્ર્યનો અને વિચારોનો પ્રભાવ ન હોય તો માણસને ઘડવો અશક્ય છે.

ભાડૂતી માણસો અથવા તો પગાર આપીને લાવેલો જે બ્રાહ્મણ છે તે ચારિત્ર્ય નિર્માણ કેવી રીતે કરી શકે? જે ગુલામ થયો હોય તે આવું કામ કેવી રીતે કરી શકે? આજે શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કરવાની વાતો ચાલે છે. શિક્ષકો પોતે જ તેવી માગણી કરે છે. રાજ્યસત્તાના ગુલામ થયેલા લોકો શું કરે? તેઓ એટલું કહેશે અમે દિવસ ભર્યા છે, રજીસ્ટરમાં સહી કરી છે તે જુઓ. અમે ભણાવ્યું કેટલું તે જોવાની જરૂર નથી. તમે અમને કાઢી નથી શકતા. અમને અમારો પગાર મળવો જોઇએ. આ લોકોને ભણાવવાની જરૂર નથી લાગતી, તેઓ રજીસ્ટરમાં સવારના અગિયાર વાગે સહી કરી છે કે નહિ તેટલું જુએ છે અને પગાર આપે છે. સહી થઇ છે એટલે હાજરી છે, તેણે ભણાવ્યું કે નહિ તે જોવાની જરૂર નથી. તે જવાબદારી ઉપાડવા તૈયાર જ નથી.

તમે કોઇને નોકર કે ગુલામ બનાવો કે આશ્રિત બનાવો તો તે જવાબદારી ઉપાડી શકશે નહિ. સંરક્ષણ આ એક વાત છે અને માનવ બનાવવો એ બીજી વાત છે. શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કરીને શિક્ષકને સંરક્ષણ મળશે, પણ તેના હાથે માનવ તૈયાર થશે, ઘડાશે, એ માટે શંકા છે. સમર્થ રાજ્યમાં આ જ દોષ આવ્યો. તેનામાં એ શક્તિ જ ન હતી કે તે માણસને ઘડી શકે. તેઓ જોશ અને પ્રભાવ ક્યાંથી લાવે? કારણ તેઓ તો ભાડૂતી માણસો છે.

બીજો એક **અધિરાજ્ય**નો પ્રયોગ છે. તેમાં નાનાં નાનાં દુર્બળ રાજ્યોના સમૂહ ઉપર એક બલાઢ્ય રાજાનો અધિકાર હોય. આમાં બધી શક્તિ કેન્દ્રમાં (Centre) રહે, બીજા કોઇના હાથમાં નહિ. તેને અધિરાજ્ય કહે છે. આમાં બલાઢ્ય અધિકારી જાણીબૂઝીને બીજાં રાજ્યોને દુર્બળ રાખે, કારણ, તો જ તેના પર શાસન કરી શકે. આ નિકૃષ્ટ શાસન હોવાને કારણે પ્રજાજનોના કલેશોની કોઇ મર્યાદા ન હતી. નાનો રાજા અશક્ત બની ગયો અને પ્રત્યેક વ્યક્તિ કંઇ બલાઢ્યં રાજા સુધી પહોંચી ન શકે, તો આવી વ્યવસ્થામાં સામાન્ય લોકો કરે શું?

બીજો એક પ્રયોગ **મહારાજ્ય** નો થયો. આમાં નાનાં નાનાં રાજ્યોને સત્તા જ નહિ. તેમણે એક મહાસત્તામાં પૂર્ણપણે વિલીન થઇ જવાનું. જેમ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ છસો રિયાસતો વિલીન થઇ ગઇ અને ભારત એક મહારાજ્ય બની ગયું.

ત્યારપછી **આધિપત્યમ્ રાજ્યમ્** નો પ્રયોગ થયો. અધિપતિનો અર્થ થાય છે અધિકારી. અધિકારીઓના તંત્રથી ચાલવાવાળું રાજ એટલે **આધિપત્યમ્ રાજ્યમ્**। જેને આપણે ત્યાં આજની ભાષામાં નોકરશાહી-અમલદારોનું રાજ્ય (Bureaucracy) કહે છે. આ લોકો પૂરો સમય સેવા આપે છે.

સમંતપર્યાયી નો પ્રયોગ પણ થયો. તેનો અર્થ થાય છે માંડલિક રાજા-સમ્રાટોને કર આપ્યા પછી તે સામંત અથવા રાજા થઇ શકે છે, તે વાંશિક રાજા થઇ શકે છે. કૃષ્ણના સમયમાં આવાં ઘણાં રાજ્યો હતાં. નંદરાજા પણ તેવા જ રાજા હતા.

ત્યાર બાદ એક **રાજ્ય**નો પ્રયોગ છે. તેમાં રાજ્ય એ રાજાની નિજી સંપત્તિ માનવામાં આવતી હતી.

ભારતમાં બધી રિયાસતોને વિલીન કર્યા બાદ તેમને વિશેષ અધિકાર-મોભો (Status)

અને સાલિયાણાં આપવામાં આવતાં હતાં. તે બધુ પાર્લામેન્ટે બંધ કર્યું. તે વખતે લોકો ખૂબ બૂમ પાડવા લાગ્યા હતા. તેમનું કહેવું હતું કે સાલિયાણા બીજી પેઢીમાં અર્ધા અને ત્રીજી પેઢીમાં તેનાથી પણ અર્ધા થઇને છેવટે ખલાસ થવાના હતા. તો પછી તે બંધ શા માટે કર્યાં? તેનું એક માનસશાસ્ત્રીય (Psychological) કારણ હતું. લોકતંત્ર (Democratic Republic) તેમને પૈસા આપે તો તેનો અર્થ એવો થતો હતો કે તે રિયાસતો ના રાજા જમીનના માલિક હતા. આ ભૂમિનો કોઇ માલિક નથી એ નિશ્ચિત કરવા માટે પાર્લામેન્ટે તેવું કર્યું. પ્રત્યેક વાતની પાછળ, પગલાંની પાછળ આર્થિક દૃષ્ટિથી જ વિચાર ન કરવો જોઇએ. સાલિયાણા બંધ કર્યાં, વિશેષ અધિકાર ખેંચી લીધો અને તેમને પણ કર આપવાનું કહ્યું. તેનું હું સમર્થન કરું છું એમ નહિ, પણ તેની પછવાડે આ અર્થ છે તે કહું છું.

રાજ્યમાં રાજ્ય એ રાજાની નિજી સંપત્તિ માનવામાં આવતી હતી તેથી લોકો તેના નાગરિક ન હતા, પ્રજા હતા. પ્રજા એક જુદી વાત છે અને નાગરિક એક જુદી વાત છે. નાગરિકને જીવવાનો કંઇ હક્ક છે અને પ્રજાને જીવાડવી પડે છે. રાજા તેને નિજી સંપત્તિ માને છે. આજે પણ આપણે 'પ્રજાસત્તાક રાજ્ય' આ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. તે જુદા અર્થમાં કરીએ છીએ, પણ પ્રજા શબ્દનો અર્થ જ આપણને ખબર નથી. બંધારણ (Constitution) સંસ્કૃતમાં ન હોવું જોઇએ એમ લોકો કહે છે. જો તે સંસ્કૃતમાં થાય તો લોકોને તકલીફ થઇ જાય, કારણ, સંસ્કૃત ભાષામાં શબ્દોના અર્થ નિશ્ચિત છે. એક શબ્દ વધારે લખી નાખ્યો—આવું ત્યાં ચાલે નહિ. આપણું બંધારણ જેમણે ઘડ્યું છે તેમાં એક હરિજન હતા, તે છતાં તેમનો આગ્રહ હતો કે ભારતનું બંધારણ સંસ્કૃત ભાષામાં હોવું જોઇએ. બાકીના લોકોએ ના પાડી અને કહ્યું કે બંધારણ અંગ્રેજી ભાષામાં હોવું જોઇએ.

આવું એક રાજ્ય હોય છે, **प्रकृति रज्ञनात् तस्य इदम् राज्यम्**—જેમાં બધી શક્તિ પ્રજાને સંતુષ્ટ કરવામાં વપરાઇ જાય છે. જે રાજ્યમાં પ્રત્યેક વ્યક્તિ સંપૂર્ણ રીતે સંતુષ્ટ છે તે રામરાજ્ય છે. વેદમાં લખ્યું છે કે **विशा मे अज्ञानि** – પ્રજાજન મારા શરીરનાં અંગ છે, એટલે કે બુદ્ધિ અને ઈંદ્રિયો જેવી રીતે અવૈતનિક છે તેમ રાજ્યમાં બધા લોકો અવૈતનિક કામ કરશે—આ કામ મારું પોતાનું છે એમ સમજીને અવૈતનિક કામ કરશે. શરીરમાં ઈંદ્રિયો કામ કરે છે, પણ વેતન માગે છે? તે અવૈતનિક કામ કરે છે. સંપત્તિ વધારવાવાળા સંપત્તિ વધારશે પરંતુ, તે સંપત્તિ નિજી રહેશે નહિ, બધાંની રહેશે.

આખી પ્રજા મળીને એક રાષ્ટ્રપ્રમુખ બને છે. તેમાં એવી એક માન્યતા હોય છે કે અમે બધા એક છીએ. આ કલ્પના હોય અને વિભિન્ન ભાવ જ માણસમાં ઊભો ન થાય એવું એક રાજ્ય હોવું જોઇએ. આ બેઠક ઉપર રામનું રાજ્યાસન ઊભું હતું.

આપણા દેશમાં રાજ્ય વ્યવસ્થા સંબંધમાં લોકોએ કંઇક વિચાર કર્યો છે, એટલું જ નહિ, તેના પ્રયોગ પણ કર્યા છે. આ ન જાણતાં અભણ લોકો જેવું બંધારણ બનાવે તેવું આપણું બંધારણ બની ગયું છે. તેથી મેં મશ્કરીમાં કહ્યું કે અભણ લોકોએ આપણું બંધારણ બનાવ્યું છે.

રામને નમસ્કાર કર્યા, સાથે વૈદિકોને પણ નમસ્કાર કર્યા. વૈદિકોએ પણ વિવિધ પ્રકારના

પ્રયોગો કરીને પ્રત્યેક વ્યવસ્થામાં શું ખામી છે તે જોયું હતું. આ પ્રયોગો સંબંધમાં આપણે કંઇ વિચાર્યું જ નથી એ દુઃખની વાત છે. ગોરમહારાજોએ તે રાજ્યવ્યવસ્થાઓ મંત્રપુષ્પાંજલિમાં રાખી દીધી છે તેથી તે સચવાઇ છે. તે વિષે કોઇને સંશોધન કરવું હોય તો કરી શકે છે.

ईशावास्यमिदं सर्वम्—બધી પ્રજા મળીને એક રાષ્ટ્ર બને છે. તેમાં 'અમે બધા એક છીએ' એવો ભાવ હોય છે. તેમનામાં વિભિન્નતાનો ભાવ જ ન હોય. આવી એક મનોવૃત્તિવાળો સમાજ ઊભો કર્યો હતો કે જેમાં સમાજના બધા લોકોને એવું લાગતું હતું કે આ મારું રાજ્ય છે, હું રાજ્યનો નોકર નથી. એક વાત સમજી ચાલો કે જ્યાં નોકરીનો પ્રશ્ન આવી ગયો ત્યાં વ્યક્તિનો શ્વાસોચ્છ્વાસ જ રુંધાઇ જાય. જે સમાજરચનામાં ઓછા નોકરો હોય તે શ્રેષ્ઠ સમાજરચના છે. તે કાળે એવી સમાજરચના હતી. તેનો આપણે વિચાર કર્યો છે.

રાજા કેવો હોવો જોઇએ? વેદ કહે છે: **सपर्यगात्**—એટલે સર્વસ્થાનોમાં જવાવાળો, પહોંચવાવાળો હોવો જોઇએ. બધાનું સારી રીતે નિરીક્ષણ કરવાવાળો હોવો જોઇએ.

વૈભવ આવ્યો કે માણસ બદલી જાય છે. તે વૈભવ ખુરશીનો હોય, ગજવાનો હોય કે બુદ્ધિનો હોય. કોઇ પણ વૈભવ આવ્યા પછી, માણસ માણસથી જુદો થઇ જાય છે. રાજાથી શરૂઆત કરી પ્રત્યેક માણસ એવો હોવો જોઇએ કે તે માણસથી જુદો ન થાય. આની જવાબદારી રાજા ઉપર રહેતી હતી.

कालो वा कारणं राज्ञो राजा वा कालकारणम् ।
इति ते संशयो मा भूत् राजा कालस्य कारणम् ॥

વેદવ્યાસે આ ચિરંતન કાળનો સિદ્ધાંત કહ્યો છે. નેતૃત્વ સમાજ નિર્માણ કરે છે કે સમાજ નેતૃત્વ નિર્માણ કરે છે? આ આજનો ચર્ચાનો વિષય છે. વૈદિક કાળમાં આવી ચર્ચા ન હતી. તેમની નિશ્ચિત ધારણા હતી કે નેતા જ સમાજ નિર્માણ કરે છે. સમાજ નેતૃત્વ નિર્માણ કરે છે તે ભ્રાંત કલ્પના છે. રાજા ઉપર એક બહુ મોટી જવાબદારી આવતી હતી. રાજાએ ચારિત્ર્યવાન બનવું જ જોઇએ એવો આગ્રહ હતો. રાજા-નેતા જો એમ બોલે, 'બધા સામાન્ય માણસો જે માટીના છે તે જ માટીનો હું છું.' તો તેને કહેવું જોઇએ 'તો તું ખુરશી છોડી દે.' સિંહાસન કે ખુરશી સ્વીકાર્યા પછી તેના પર વિશેષ જવાબદારી આવે છે. તેની પાસેથી કંઇક વિશેષ અપેક્ષા રહે છે. આજે તો રાજા-નેતા એવું બોલે છે, ન્યાયદાન કરવાવાળા ન્યાયાધીશ પણ તેવું બોલે છે કે જેવા સામાન્ય લોકો છે તેવા જ અમે છીએ. જો એવું હોય તો તમે તે ખુરશી પર ન બેસો. જે ખુરશી પર બેસે છે તેમની પાસેથી વિશેષતાની અપેક્ષા છે. જો તમારી પાસે તેવી કોઇ વિશેષતા ન હોય તો ખુરશી છોડી દો.

કમ્યુનિસ્ટોનો એક સિદ્ધાંત છે કે જ્યાં ઔદ્યોગિક વિકાસ થયો હોય ત્યાં જ કમ્યુનિઝમ આવે. આ સાચી વાત છે. જ્યાં નોકરો હશે ત્યાં જ કમ્યુનિઝમ આવે. ખેડૂત ક્યારે પણ કમ્યુનિસ્ટ થઇ શકતો નથી, કેમ કે તે માલિક છે, નોકર નથી. માર્ક્સ લખે છે કે A peasant socialist is almost a contadiction in term. આ દૃષ્ટિથી કમ્યુનિઝમ જર્મની, ફ્રાંસ અને ઈંગ્લંડમાં

દૃઢ થવું જોઈતું હતું. પણ તે કયાં દૃઢ થયું જ્યાં એક પણ ઉદ્યોગ ન હતો એવા રશિયામાં! શા માટે? તેના યશનું કારણ લેનિનનું પ્રભાવી વ્યક્તિત્વ છે.

રાજા ચારિત્ર્યવાન હોવા જોઈએ એવો આગ્રહ છે. આજે રાજદ્વારી શિષ્ટાચાર (Protocol) ઊભો કરવામાં આવે છે. કોનો, ખબર છે? જે ખુરશી પર બેઠો છે તેનો. શા માટે? તેને પ્રજાથી, લોકોથી ભીતિ છે. તેને લાગે છે કે મારે કશું કરવાની જરૂર નથી. લોકો મને સન્માન આપવાના જ છે, એનું કારણ, શિષ્ટાચાર છે. રાજા **स पर्यगात्**—બધે સ્થળે પહોંચવાવાળો હોવો જોઈએ. તેને આપોઆપ જ સન્માન મળે. શિષ્ટાચારની જરૂર શું?

રાજા કેવો હોવો જોઈએ? **शुक्रम्**—વીર્યવાન હોવો જોઈએ. તેની નિર્બળતા નહિ ચાલે. જગત માનવના સદ્‌વર્તન ઉપર ચાલતું નથી; બલ ઉપર ચાલે છે. નીતિમત્તાની પાછળ બલ નહિ હોય તો નીતિનુ ભાષણ ફોકટ છે.

लभ्या धरित्री तव विक्रमेण
ज्यायांश्च वीर्यास्त्रबलैर्विपक्षः।

अतःप्रकर्षाय विधिर्विधेयः
प्रकर्षतन्त्राय हि रणे जयश्रीः॥ (किरात. ३/१७)

આ સિદ્ધાંત વેદવ્યાસ અને શ્રીકૃષ્ણભગવાને પ્રસ્થાપિત કર્યો છે તેથી જ આપણે મહાકાલીનું પૂજન કરીએ છીએ. મહાકાલી મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનું પૂજન થયા બાદ, જીવન તરફ જોવાની એક વિશિષ્ટ દૃષ્ટિ અને શક્તિ આવ્યા બાદ, આપણા આધ્યાત્મની શરૂઆત થાય છે. અસહાયતા, અસફલતા અને ઉદ્વિગ્નતામાંથી અધ્યાત્મ નથી આવતું. જો આવે તો ટકતું નથી. આવું અધ્યાત્મ માનવનો વિકાસ કરી શકતું નથી ‘જગતથી થાકી ગયા, કંટાળી ગયા, હવે ચાલો અધ્યાત્મ તરફ વળીએ’ આવી રીતે અધ્યાત્મ તરફ જવાનું નથી.

રાજા **शुक्रम्** — વીર્યવાન હોવો જોઈએ. અમે નીતિનો ઉદ્‌ઘોષ કરીશું અને ઘરઘરમાં નીતિનાં પુસ્તકો આપી દઈશું તેટલાથી નહિ ચાલે. તેમાંથી સમાજમાં નીતિમત્તા નહિ આવે. નીતિમત્તાની પાછળ બલ હોવું જોઈએ. જ્યારે હાઈડ્રોજન બોંબનું પ્રક્ષેપણ થયું ત્યારે એક ગ્રંથ બહાર પડ્યો હતો. ‘Third world war is impossible. હવે ત્રીજું વિશ્વયુદ્ધ અશક્ય છે’—શક્તિ તેનું કારણ છે. બલ વધ્યું તે તેનું કારણ છે. હવે ઝઘડા થશે પરંતુ, વિશ્વયુદ્ધ નહિ થાય, માટે રાજા વીર્યવાન હોવો જોઈએ. નિર્બળ રાજા નહિ ચાલે.

शुद्धम्—-રાજા વીર્યવાન હોવો જોઈએ તેમ શુદ્ધ હોવો જોઈએ. કારણ, વીર્ય આવ્યા બાદ શૌર્ય આવે છે; અને શૌર્ય આવ્યુ કે ક્રૌર્ય આવે જ છે. શૌર્યની સાથે નિઃસ્વાર્થતા આવે તો શૌર્ય ખીલી ઊઠે છે, તેમાંથી સુગંધ આવે છે. પરંતુ, તે બદલાવશે કોણ? આ પ્રશ્ન છે. બલ તો બધા પાસે રહેવાનું જ.

ક્ષત્રિયોની પાસેથી સત્તા ખેંચી લેશો, તેમને ખલાસ કરશો તો સત્તા ગુંડાઓના હાથમાં જશે. પછી તે કેટલો હાહાકાર મચાવશે તે કહેવાય નહિ. શક્તિ તો રહેવાની જ. તે કયાં રાખવાની, તેનું નિયંત્રણ કેમ કરવાનું, તેનો વિચાર કરવો જોઈએ. માત્ર ક્ષત્રિયોને ખલાસ કરીને નહિ ચાલે.

શૌર્ય અને સ્વાર્થ—બન્ને હાથ મિલાવે તો ક્રૌર્ય આવે જ. શૌર્ય અને નિઃસ્વાર્થતા હાથ મિલાવે તો તેમાંથી સુગંધ આવે. પ્રશ્ન એ છે કે સ્વાર્થની જગા પર નિઃસ્વાર્થતા લાવશે કોણ? વેદમાં આ પ્રશ્ન ઊભો કર્યો છે. રાજા પાસે વીર્ય હોવું જોઇએ. તેવી રીતે રાજા શુદ્ધ હોવો જોઇએ.

શાસક અને શાસનાધિકારી શુદ્ધ હોવા જોઇએ. તેવી જ રીતે તે **अपापविद्धम्** હોવો જોઇએ. રાજ્ય શાસનના સ્થાન પર રહેવાવાળો શાસક નિર્દોષ હોવો જોઇએ, નિષ્પાપ હોવો જોઇએ, એટલું જ નહિ, તેનો આખો પરિવાર, તેનું આખું કુટુંબ નિષ્પાપ હોવું જોઇએ. તેના પરિવારના કોઇ પણ સભ્યને માટે શંકા ન હોવી જોઇએ. રામચરિત્રમાં આ વૈશિષ્ટ્ય છે. સીતાના ચારિત્ર્ય વિષે શંકા ઊભી થઇ. રામને સીતા નિષ્પાપ હોવાની ખાતરી હતી, પરંતુ, રામ જેમ પતિ હતા તેમ રાજા પણ હતા. રાજા રામે રાણી સીતાનો ત્યાગ કર્યો તે ઈતિહાસનું એક અલૌકિક, સોનેરી પાનું છે.

વાલ્મીકિ રામાયણમાં કહ્યું છે કે ચોરે અને ચૌટે સીતાના ચારિત્ર્ય વિષે લોકો બોલતા હતા. કોઇ એકાદ ધોબી નહોતો બોલતો. ઠેકઠેકાણે લોકો બોલતા હતા. રાજા જો આવી સ્ત્રીનો સ્વીકાર કરે તો પ્રજાજન શું નહિ કરે? તેથી જ રાજાનો સંપૂર્ણ પરિવાર નિષ્પાપ હોવો જોઇએ એવો આગ્રહ છે.

દિલીપ, રઘુ, અજ, દશરથ અને રામ—આ ઈક્ષ્વાકુવંશે આ પદ્ધતિથી **राज्यम्** – વ્યવસ્થા સ્વીકારી હતી અને ચાર પેઢી બાદ રામરાજ્ય ઊભું થયું હતું. રામચંદ્ર જેવું પવિત્ર ચારિત્ર્ય જગતમાં કવચિત્ જ જોવા મળે છે. બુદ્ધિપુરઃસર સંશોધન કરીએ તો પણ તેમના જીવનમાં દોષ મળવો મુશ્કેલ છે. આપણે શું વર્ણન કરીશું એ ચરિત્રનું? જ્યાં વાણી ચાલતી નથી અને બુદ્ધિ કામ કરતી નથી, એવું ચારિત્ર્ય રામે જીવી દેખાડ્યું છે.

પ્રજાપાલન કરવાવાળા આદર્શ રાજા કહીને તેમની સ્તુતિ કરું? એમના જેવો બીજો રાજા થયો જ નથી; કે પછી ઉત્કૃષ્ટ યોદ્ધા તરીકે તેમનું વર્ણન કરું? તેમના જેવો યોદ્ધો થયો નથી. એક સાચા કર્મયોગી તરીકે તેમની સ્તુતિ કરું? તેમના જેવો કર્મયોગી થયો જ નથી. કે પછી સંકટકાળમાં ન ડગમગવાવાળા પુરુષ તરીકે વર્ણન કરું? તેમના જેવો સાધુપુરુષ થયો જ નથી. કોઇ પણ દૃષ્ટિથી જોઇએ તો રામનું ચરિત્ર લોકોત્તર છે. તેમની રાજ્યપદ્ધતિ લોકોત્તર છે તેમ તેમનું ચરિત્ર પણ લોકોત્તર છે.

ઈંગ્લંડની રાજ્યપદ્ધતિ રાજપ્રજાસત્તાક છે તેવી જ રામરાજ્યની રાજ્યપદ્ધતિ રાજપ્રજાસત્તાક છે. ફરક એટલો જ છે કે ઈંગ્લંડના રાજાને કોઇ સત્તા નથી, અંતિમ સત્તા સંસદ—પાર્લમિંટના હાથમાં છે. રામરાજ્યમાં આવું ન હતું. પણ તે રાજાશાહી (Monarchy) ન હતી. સૂક્ષ્મ દૃષ્ટિથી રામરાજ્યનું અવલોકન કરવું જોઇએ.

ઈંગ્લંડની રાજપ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ નથી. ઈંગ્લંડના રાજાને કોઇ સત્તા નથી. બીજો કોઇ રસ્તો જડ્યો નહિ તેથી લોકશાહી (Democracy) ની બૂમ પાડવા લાગ્યા. મોટા મોટા લોકોએ પણ કહ્યું છે, અમે લોકશાહી સ્વીકારી તે રાજાશાહીથી રાહત તરીકે સ્વીકારી છે—લોકશાહી કંઇ સંપૂર્ણ પદ્ધતિ નથી. We accept democracy only a as relief from autocratic rule; it is not a perfect sytem! જગતમાંથી બધા રાજાઓ ચાલ્યા ગયા ત્યારે

એક ભાઈએ મજાકમાં લખ્યું હતું કે જગતમાંથી બધા રાજાઓ ગયા પણ પાંચ રાજાઓ સ્થિર રહેવાના જ. તેમાંના ચાર રાજાઓ પાનાની રમતમાં છે અને પાંચમો ઈંગ્લંડનો રાજા!

રામરાજ્યમાં ઈંગ્લંડ કરતાં જુદી રાજપ્રજાસત્તાક પદ્ધતિ હતી. રામ લોકોના રાજા હતા. રાજાની ઉપર લોકોને અમર્યાદ પ્રેમ હોવો જોઈએ; અને લોકોનો રાજા પર અમર્યાદ પ્રેમ ત્યારે જ થાય, જ્યારે રાજા નિઃસ્પૃહી હોય. રામરાજ્યમાં આવો આગ્રહ છે. રામરાજ્યનો અર્થ એ કે તેમાં પ્રજાને બદલવી છે, ઘડવી છે. આ પ્રથમ વાત છે. આ કંઈ છેલ્લી વાત નથી. લોકો એમ સમજે છે કે પ્રજાને ઘડવી એ છેલ્લી વાત છે. તેથી જ કહે છે કે પહેલાં પ્રજાની ભૂખ જુઓ. ભૂખ કેટલા પ્રકારની છે? વિત્તની ભૂખ, રોટલીની ભૂખ, કીર્તિની ભૂખ, આવી કેટલાયે પ્રકારની ભૂખ છે. તેમાં વિત્તની ભૂખ કદી પણ ન સંતોષી શકાય એવી છે. **न वित्तेन तर्पणीयो मनुष्यः**—માણસને પૈસાથી કદી સંતોષી શકાતો નથી એવું કહ્યું છે. માણસની વિત્તથી તૃપ્તિ થતી નથી. જૂનાકાળમાં બ્રાહ્મણને જમાડવાનો આગ્રહ આવ્યો. બ્રાહ્મણને તૃપ્ત કરીને ઘરની બહાર જવા દેવો હોય તો તેને ખવડાવવું જ જોઈએ. તમે ગમે તેટલી દક્ષિણા આપશો તો પણ તે તૃપ્ત થશે નહિ. તમે લગ્નમાં બ્રાહ્મણને પાંચસો રૂપિયા દક્ષિણા આપશો તો તેને લાગશે કે મંડપના તો હજાર રૂપિયા ખર્ચ્યા તો મને હજાર રૂપિયા દક્ષિણા શા માટે નહિ? આવું તેના મનમાં આવશે જ. તેને લાડુ ખવડાવશો તો છેવટે તે જ કહેશે, ના, હવે ન જોઈએ—અને પછી જ ઊઠશે. આમ માણસને ભોજનથી તૃપ્ત કરવો શક્ય છે, વિત્તથી નહિ.

રામે પ્રથમ પ્રજાને બદલવાનું કામ રામરાજ્યમાં કર્યું છે એ મહત્ત્વની વાત છે. પ્રજાને બદલવી, ઘડવી એ જુદી જ વાત છે. રાજ્ય અલગ વાત છે અને રાષ્ટ્ર અલગ વાત છે. આપણે ત્યાં રાજ્યવ્યવસ્થા નથી, રાષ્ટ્રવ્યવસ્થા છે. લોકો કહે છે કે બ્રિટિશો આવ્યા બાદ આપણને રાષ્ટ્રની કલ્પના મળી. ત્યાંસુધી આપણને રાષ્ટ્ર (Nation)ની કલ્પના ન હતી. પાછલો પાંચસો-હજાર વર્ષનો બગડેલા કાળનો ઈતિહાસ જોઈને ભણેલા લોકો તેવું બોલે છે. આહાર અને વિહારની સુવિધાની ઉપર રાષ્ટ્રવ્યવસ્થા અવલંબેલી નથી. વિશિષ્ટ જીવનદૃષ્ટિ, વિશિષ્ટ શ્રદ્ધા, એકનિષ્ઠાથી બનેલો માનવસંઘ હોય, તેને રાષ્ટ્ર કહે છે. આસેતુહિમાચલ એક નિષ્ઠા, એક શ્રદ્ધા, એક વિચાર હોવા જોઈએ. એક જીવનદૃષ્ટિને રાષ્ટ્ર કહે છે. આજે લોકો રાષ્ટ્ર અને રાષ્ટ્રીય અસ્મિતા (National spirit) ની ભાષા બોલે છે. તમે રાષ્ટ્ર (Nation) કોને કહો છો? રાષ્ટ્ર એ કંઈ ભૌગોલિક ખંડ નથી. એવું હોય તો ભારત એક રાષ્ટ્ર હતું, તેના આપણે ભાગલા કરી નાખ્યા તેથી અર્ધો ભાગ રહ્યો અને અર્ધો પાકિસ્તાનમાં ચાલ્યો ગયો, તો રાષ્ટ્ર રહ્યું જ નહિ. રાષ્ટ્રમાં ભૌગોલિક મર્યાદા નથી આવતી, જીવનપદ્ધતિ આવે છે, તેથી રાજ્ય જુદું છે અને રાષ્ટ્ર જુદું છે.

વૈદિકોએ અને રામચંદ્ર ભગવાને એક રાષ્ટ્ર ઊભું કર્યું હતું, એક રાજ્ય નહિ. આ જ રામચંદ્ર ભગવાનની વિશેષતા છે. તેથી જ તો રાજસૂય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ હતા. આવા યજ્ઞો નિજી સામ્રાજ્ય વધારવા માટે ન હતા. વિશિષ્ટ જીવનદૃષ્ટિ, નિષ્ઠા અને શ્રદ્ધાથી રાષ્ટ્ર ઊભું કરવા માટે યજ્ઞો હતા.

કેવળ ભૌતિક વ્યવસ્થા કરીને ચાલશે નહિ. સમજો કે ભૌતિક વ્યવસ્થા થઈ ગઈ, બધાને

અન્ન મળી ગયું; બધાની પાસે કર્તૃત્વ છે, કર્તૃત્વને મોકો મળી ગયો. આ બધું થયું પણ તેની સાથે વિજિગીષુ ભાવના, વિવિધ પ્રકારની કામના માણસમાં પડી છે તેનું નિયંત્રણ રાખવાની જરૂર છે, તે કોણ રાખશે?

રાવણ અને રામમાં ફરક શો છે? રાવણ આત્મકેંદ્રિત અને લોભપૂર્ણ માણસ છે. તે હું, મારો સંસાર, મારો પરિવાર અને મારો ધંધો એટલું જ જુએ છે. રામતત્ત્વમાં સમાજના છેલ્લા માનવ સુધી પહોંચીને તેને લોભવિવર્જિત બનાવવાનો પ્રયત્ન ચાલે છે. કોઇ પણ કાળમાં, કાયદાના વિશ્વાસ પર અન્યાય અને પશુતા બંધ નહિ થાય. આપણે એમ સમજીએ છીએ કે પાર્લામેંટમાં એક કાયદો કરીને દુનિયાને સુધારી નાખીશું. કાયદાથી બધું સુધરી જાય છે એવી આપણી ધારણા છે, પરંતુ, કાયદાથી કંઇ સુધરતું નથી.

જ્યાં કાયદો આવે છે ત્યાં જ માણસ બગડે છે. જ્યાં કાયદો ઘૂસ્યો નથી ત્યાં માણસ આજ સુધી સ્વચ્છ રહ્યો છે. લોકો મને કહે છે કે કાયદાથી આપેલા પૈસા બાબત કોર્ટમાં ઝઘડો જાય છે, પરંતુ, વગર કાયદે આપેલા પૈસા બાબત ઝઘડો થતો જ નથી. તેવા પૈસા લોકો બરાબર આપી દે છે. આજના લોકો પણ આવું કહે છે. બગડેલા કાળમાં પણ આ વાત સાચી છે. જ્યાં કાયદો આવ્યો ત્યાં ઝઘડો ઊભો થાય જ. લેનાર કહે છે, 'કોર્ટમાં જાઓ, મને મુદત મળી જશે. મુકદમો પંદર-વીસ વર્ષ ચાલ્યા કરશે, ત્યાંસુધી અમે લહેર કરીશું, પછી જોયું જશે.'

કાયદાથી જગત સુધરશે નહિ. કારણ, કાયદો શબ્દ પકડીને ચાલે છે. એક વખત મનમાડ સ્ટેશન ઉપર ગાડી આવી. ફર્સ્ટક્લાસના ડબ્બામાં એક સાહેબ બેઠા હતા. ગાડી ઊભી રહી એટલે એક છોકરો 'ગરમાગરમ પૂરી' બોલતો પૂરી વેચવા આવ્યો. સાહેબે પૂરી લીધી. થોડી વારમાં સાહેબે જોયું તો ઉપર બે-ત્રણ પૂરી ગરમ હતી. નીચેની બધી પૂરી ઠંડી હતી. આ જોઇને સાહેબ ગરમ થઇ ગયા. પૂરી વેચવાવાળા છોકરાને બોલાવ્યો અને કહ્યું: 'એય, તું ગરમાગરમ પૂરી કહીને ઠંડી પૂરી આપી ગયો. ચાલ, તને સ્ટેશનમાસ્તર પાસે લઇ જાઉં. તું લોકોને ઠગે છે?'

પેલા છોકરાએ ઠંડા કલેજે કહ્યું: 'સાહેબ! હું શું બોલતો હતો તે તમને યાદ છે? 'ગરમાગરમ' પૂરી એટલે ગરમ અને અગરમ, મળીને ગરમાગરમ પૂરી થાય. તેમાં ઠંડી પૂરી હતી એ મેં કહ્યું જ હતું. તમે સમજ્યા નહિ તેને હું શું કરું? આમાં મારી કંઇ જ ભૂલ નથી.'

શેક્સપિયરના 'મર્ચંટ ઓફ વેનીસ' નાટકમાં પોર્શીયા કાયદાનો શબ્દ પકડીને પોતાના અસીલને બચાવે છે તે જાણીતું છે. શબ્દને પકડીને ચાલનાર કાયદો માણસને સુધારી શકતો નથી.

આજે બધે ભૌતિક હક્કની ભાષા ચાલે છે. એટલું જ નહિ બધે ઠેકાણે હક્કની જ ભાષા શીખડાવવામાં આવે છે. જ્યાં હક્કની ભાષા આવી ત્યાં સંઘર્ષ મટે જ નહિ. માણસને ગમે તેટલું મળે અને ગમે તેટલું તેની પાસે હોય તા પણ સંઘર્ષ ચાલ્યા જ કરે.

સમુદ્રમંથનમાંથી ઘણાં રત્નો નીકળ્યાં. આવી રીતે ફ્રાંસની રાજ્યક્રાંતિમાંથી સ્વાતંત્ર્ય, બંધુતા અને સમાનતાનાં રત્નો નીકળ્યાં. જેમ સમુદ્રમંથનમાંથી રત્નોની સાથે વિષ નીકળ્યું તેમ સ્વાતંત્ર્ય, બંધુતા અને સમાનતાનાં રત્નો સાથે 'હક્ક' નામનું હલાહલ વિષ પણ નીકળ્યું. સમુદ્રમંથનમાંથી

નીકળેલું વિષ શિવજીએ પીધું, આ હક્કનું વિષ કોણ પીશે? 'હક્ક' આવ્યો કે સંઘર્ષ આવે જ. 'કર્તવ્ય' આવે તો સંવાદિતા આવે. સંઘર્ષ ન હોય તેવો સમાજ જોઇએ. આવો સમાજ રામરાજ્યનો બન્યો હતો. આ બધું રામે વિચાર્યું હતું. સંઘર્ષ ઊભો કરવામાં આવે તો વ્યક્તિ અસ્વસ્થ બને છે તેથી કર્તવ્ય સમજાવવું જોઇએ. તેનાથી સંવાદિતા નિર્માણ થાય છે. હીનતા, પશુતા અને દુર્ગુણ કાયદાથી નીકળતા નથી. માણસના અંતઃકરણમાં આ દોષો માટે ઘૃણા નિર્માણ થવી જોઇએ, તો જ આ દોષો જાય.

સ્ત્રી-સન્માનનો કાયદો કર્યો, પરંતુ, પ્રત્યક્ષ વ્યવહારમાં સ્ત્રી સન્માન જોવા મળે છે કે? પશુતા, હીનતા, દુર્ગુણના દોષો પરત્વે અંતઃકરણમાં ઘૃણા નિર્માણ કરવાનું કામ કોણ કરશે? રામાયણે આ પ્રશ્ન ઊભો કર્યો છે. માનવને બદલ્યા બાદ જ જીવનના બધા કોયડા છૂટશે, તેવી જ રીતે માનવને પ્રેમથી અપાનાવ્યા બાદ જ બધાં કામો થઇ શકે.

આજે આપણને સૌથી વધારે વિશ્વાસ વિત્તશક્તિ ઉપર જ છે. કોઇ પણ યોજના હોય તો પહેલાં કમિટી નીમવામાં આવે છે અને તે કમિટી પહેલાં ફંડ ઊભું કરે છે, એનું કારણ, ફંડમાં પૈસા આવ્યા પછી ગમે તે વ્યક્તિને ખરીદી શકાય છે. આવી સંસ્થા ટકતી નથી, ચાલતી નથી. પહેલાં માણસને ઊભો કરો અને પછી વિત્ત એની મેળે આવશે. આપણા શાસ્ત્રકારોએ સમજાવ્યું છે કે તન, મન, ધનથી કામ કરો. પહેલાં માણસનું તન, પછી મન અને ત્યારપછી ધન. આજે પહેલાં ધનને જ પકડે છે. કોઇ પણ સંસ્થામાં લોકો ભેગા મળે, યોજના બનાવે, પછી તુરત ફાળો ઉઘરાવવાનું શરૂ. તેમને લાગે છે કે તજ્જ્ઞ માણસને ખરીદી શકાશે. તેનાથી કામ થઇ જશે.

માનવ્યના સંબંધમાં, માનવના અંતઃકરણના સંબંધમાં, માનવમાં પડી રહેલી શક્તિ સંબંધમાં આટલી ખોટી કલ્પના કદાચ કોઇ પણ કાળમાં નહિ હોય, જેટલી આજે છે. આજે ઘણા પ્રકારની લાપરવાઇ ઊભી થઇ છે, જીવનની બાબતમાં નૈરાશ્ય નિર્માણ થયું છે. તેના લીધે અધ્યાત્મ આવ્યું અને લોકો અધ્યાત્મ તરફ વળ્યા છે, એવું આપણે સમજીએ છીએ.

રામચંદ્રના કાળમાં એવી કલ્પના હતી કે પ્રત્યેક વ્યક્તિમાં કર્તવ્યનિષ્ઠા, નિર્લોભિતા અને નિર્ભયતા ઊભી કરવાં માટે અધ્યાત્મ જોઇએ. અધ્યાત્મ શા માટે જોઇએ તેના સંબંધમાં જ આપણે અને રામચંદ્ર ભગવાનમાં મતભેદ છે. છતાં આપણે રામનવમીની નવરાત્રિમાં ઉપવાસ તો કરીએ છીએ. આપણા મૂળભૂત સિદ્ધાંતમાં જ મતભેદ છે. We differ in fundamentals.

જીવનની બાબતમાં લાપરવાઇ અને નિરાશા આવ્યાં કે અધ્યાત્મ આવ્યું. આ જગત ખોટું છે. તેના કરતાં બીજું કંઇ હશે, તે શોધીશું, તેના બારામાં વિચારીશું, એવું આપણને લાગે છે. રામકાલીન કલ્પના એવી હતી કે અધ્યાત્મ માટે પ્રજાને કર્તવ્યનિષ્ઠ બનાવવી પડશે—ત્યારે જ સંવાદિતા આવશે. પ્રજા કેવળ કર્તવ્યનિષ્ઠ થઇને નહિ ચાલે, તે નિર્લોભી થવી જોઇએ અને સાથે સાથે નિર્ભય બનવી જોઇએ. તેના માટે અધ્યાત્મની જરૂર છે. તેના માટે ઋષિને બોલાવવો પડશે. ઋષિને જંગલમાં રાખીને નહિ ચાલે. ઋષિને ધૂણી લગાડીને કનખલમાં બેસો એમ કહીને નહિ ચાલે. નહિ તો, વર્ષો સુધી સ્વામી મહારાજ કનખલમાં બેસી રહેશે અને પછી પાદ્યપૂજા લેવા મુંબઇમાં મહિનામાં એક વાર આવશે, આ નહિ ચાલે.

ઋષિને બોલાવવો હશે તો? ઋષિ એટલે વિશિષ્ટ દૃષ્ટિથી જીવન જીવવાવાળા. ઋષિને બોલાવ્યા વગર રાજ્ય સારી રીતે નહિ ચાલે. આ વાત વૈદિક તત્ત્વજ્ઞાને અને રામચંદ્ર ભગવાને સ્વીકારી છે. લોકોને આકર્ષિત કરવા માટે બે વાતો હોય છે—સત્તા અને સંપત્તિ. ઋષિ પાસે ન હતી સત્તા, ન હતી સંપત્તિ. આનો અર્થ ઋષિ સંપત્તિ મેળવવા શક્તિમાન નથી એમ નહિ. ઋષિને તેની અભિલાષા નથી. ઋષિ જો સંપત્તિ કમાવા લાગે તો સૌથી મોટા ઉદ્યોગપતિ બની શકે. ઉદ્યોગપતિ કે મૂડીવાદીને વધારે અક્કલ છે એવું સમજવું એ ગાંડપણ છે. ઋષિ સારામાં સારો ઉદ્યોગપતિ બની શકે છે. હિમાલય જેટલી પ્રચંડ બુદ્ધિ અને મનુષ્યને સમજવાની તેની પાસે શક્તિ હોય છે, કામ કરવાની જબરદસ્ત તાકાત હોય છે. તેની પાસે દુર્દમ્ય ઉત્સાહ હોય છે એટલે ઉદ્યોગ ઊભો કરી શકે છે, પરંતુ, સંપત્તિ કમાવાની શક્તિ હોવા છતાં તેને તેની અભિલાષા નથી.

વૈદિક કાલમાં અને રામરાજ્યમાં ઋષિઓને અમુક સત્તા આપવામાં આવી. તે જ અષ્ટઋષિમંડળ. ઈંગ્લંડનાં રાજપ્રજાસત્તાક રાજ્ય અને રામરાજ્યની જ્યારે તુલના કરીએ ત્યારે ઈંગ્લંડનો રાજા સત્તાહીન છે અને રામરાજ્યમાં રાજા કર્તૃત્ત્વવાન છે અને છતાં રાજાની ઉપર નિયંત્રણ કરવાવાળી ઋષિસત્તા છે. ઋષિને તો સત્તાની જરૂર નથી અને અભિલાષા પણ નથી. પરંતુ જો આપણે સન્માર્ગે જવું હશે અને વિકાસ સાધવો હશે તો આપણા ભલા માટે ઋષિને સત્તા આપવી પડશે.

રામરાજ્યમાં ચૂંટેલું મંત્રીમંડળ હતું અને તેના ઉપર રાજા હતો. રાજાએ ચૂંટેલું મંત્રીમંડળ હંમેશાં નિમ્નકોટિનું (Inferior) હોય, તેથી રાજાની ઉપર એક ઋષિમંડળ ઊભું કર્યું કે જેને કોઇ અભિલાષા ન હતી. આવી એક ગાર્ડીયન સત્તાની કલ્પના પ્લેટોએ 'રિપબ્લિક'માં કરી છે. તે કલ્પનામાં જ રહી છે, પણ રામરાજ્યમાં તે કલ્પના વ્યવહારમાં આવેલી જોઇ શકાય છે. ચૂંટેલું મંત્રીમંડળ રાજાને સલાહ આપે છે. રાજા શક્તિશાળી અને કર્તૃત્વવાન છે, છતાં રાજા અનિયંત્રિત નથી. રાજાની ઉપર ઋષિસત્તા છે. રામરાજ્યમાં આવી એક ઋષિસત્તા ઊભી કરવામાં આવી હતી. આ જ રામચંદ્ર ભગવાનના જીવનનું રહસ્ય છે.

અયોધ્યાનું વર્ણન બધી જગાએ છે. તેમાં અનિયંત્રિત ભૌતિક સુખની કલ્પના નથી અને આધ્યાત્મિક જીવનની વિકૃત કલ્પના પણ નથી. આવો એક સમાજ રામચંદ્ર ભગવાને ઊભો કર્યો હતો. તેવી જ રીતે, તે સમાજનું આર્થિક જીવન સ્વાવલંબી, શૈક્ષણિક દૃષ્ટિથી પ્રગત, સાંસ્કૃતિક દૃષ્ટિથી વિકસિત, જેમાં જીવન ઉપયોગી અધ્યાત્મ છે અને સંઘર્ષરહિત માનવ્ય છે, એવો સમાજ ઊભો કર્યો હતો.

માનવતા અને પશુતાનો સંઘર્ષ સતત ચાલે છે. આ સંઘર્ષ કોઇ વખત પ્રભુત્વની આકાંક્ષા લઇને આવે છે. પ્રભુત્વની આકાંક્ષા આવે છે તેનું કારણ એક જ છે. કામથી પેદા થવાવાળા સંઘર્ષનું, ધર્મસંપ્રદાયથી પેદા થવાવાળા સંઘર્ષનું અને પ્રભુત્વની આકાંક્ષા નિર્માણ થયા પછી પેદા થવાવાળા સંઘર્ષનું કારણ એક જ છે. કર્તવ્યને માટે કર્તવ્ય નથી. પરંતુ રામચંદ્ર ભગવાને કર્તવ્યને માટે કર્તવ્ય, ચારિત્ર્ય માટે ચારિત્ર્ય અને વિદ્યાને માટે વિદ્યાનો સાદ જગાડ્યો હતો.

કર્તવ્ય શા માટે? અમને તેનાથી કંઇ ફાયદો નથી મળતો. અમને કંઇ સુખ નથી મળતું, તો કર્તવ્ય શા માટે બજાવવું? અરે, કર્તવ્ય કરીને કંઇ મળતું હોય તો તે વ્યાપાર બની જશે. તો તો માણસ કર્તવ્ય બજાવશે જ. કર્તવ્યને માટે કર્તવ્ય હોવું જોઇએ. તેનાથી શું મળશે? આ પ્રશ્ન જ ઊભો ન થવો જોઇએ. કર્તવ્યને માટે કર્તવ્ય, તેમ ચારિત્ર્યને માટે ચારિત્ર્ય. આપણે ચારિત્ર્ય સંભાળીએ ખરા, પરતુ, જેની પાસે ચારિત્ર્ય નથી, તેઓ સુખી છે અને હું દુ:ખી છું, એની જો વ્યથા થતી હોય તો? તું ચારિત્ર્યહીન બનતો નથી એનું કારણ ચારિત્ર્યહીન બનવા માટે જે શક્તિ જોઇએ, તે તારામાં નથી, તેની પછવાડે કોઇ સિદ્ધાંત નથી. ચારિત્ર્યને માટે ચારિત્ર્ય—તેનાથી ફાયદો શો એ જોવાનું ન હોય, એવો માણસ ઊભો કરવો છે.

વિદ્યા શા માટે? **निष्कारणेन षडङ्गो वेदोऽध्येय ज्ञेयश्च।** કોઇ કારણ વગર મારે વિદ્યા ભણવી છે.. ટૂંકમાં, રામચંદ્ર ભગવાને આવો સમાજ બનાવ્યો હતો, તેનું કારણ સ્વતંત્ર શિક્ષણ પદ્ધતિ અને ઋષિમંડળનું નિયંત્રણ. તેના પરિણામે લોભ, વ્યક્તિવાદ અને આત્મકેંદ્રિતતા ખતમ થયાં હતાં. રામરાજ્ય કેવું હોય તેનું પ્રત્યક્ષીકરણ કરવા માટે, વૈશ્વિક સત્તા, વિશ્વ નિર્માણ કરવાવાળી અને ચલાવવાવાળી શક્તિએ સાકાર રૂપ લીધું હતું. તેનું જ નામ છે **राम – रमन्ते योगीनः अस्मिन् इति रामः**—જેમાં યોગીઓ રમમાણ થાય છે તેનું નામ રામ છે. આ રામે ઊભું કરેલું રાજ્ય તે રામરાજ્ય. આવા 'રામરાજ્યની આપણને ઝંખના છે.

રામે લોકશિક્ષણ દ્વારા વ્યક્તિવાદ, આત્મકેંદ્રિતતા અને લોભ ખતમ કર્યાં હતાં. આ જ તેનું પ્રાધાન્ય છે. રામરાજ્યની મહત્તા એ છે કે રામે 'માનવ' ઊભો કર્યો હતો. માનવ ઊભો કરવા માટે કેટલી મહેનત કરવી પડે છે તે પણ તેમણે દેખાડ્યું છે. ત્રણ ત્રણ પેઢી સુધી તેના માટે કામ કરવું પડ્યું હતું. ત્યારબાદ 'રામ' આવી શકે છે.

રામનું ચરિત્ર એટલું અલૌકિક છે કે આજે તો લોકોને લાગે છે કે આવો રામ ખરેખર થયો હશે? રામે એવો માનવ ઊભો કર્યો હશે? કે પછી આ બધી નવલકથા જેવી કલ્પના જ છે? વાલ્મીકિએ એક નવલકથામાં કલ્પના લખી તે રામાયણ—એવું પરદેશી લોકોએ લખ્યું, તે અહીંના કહેવાતા વિદ્વાને વાંચ્યું, તે વળી અંગ્રેજીમાં લખેલું હતું, તેથી ખોટું તો ન જ હોય ને? તેથી તેનું ટાંચણ પોતાના લેખમાં તેઓ આપે. તેમને શંકા આવે છે કે આવો માનવ બની શકે?

રામે એક અલૌકિક માટીનો માનવ બનાવ્યો હતો, તેનો ધ્વજ કોઇ હશે તો તે 'રામ'! 'રામ' ચરિત્ર અજોડ છે. સીતા પણ અજોડ છે. તેની ફક્ત સુગંધ લેવાની, બીજું કંઇ નહિ. તે ફૂલનું વર્ણન કરીશું, તેની ચિકિત્સા કરીશું, તો તેનું સૌંદર્ય નહિ રહે. સૌંદર્યને સૌંદર્યની દૃષ્ટિથી જ જોવું જોઇએ. શરીરની અંદરનું આંતરડું કેટલાં ફૂટ લાંબું છે તે જોવા લાગશું તો તે વ્યક્તિનું સૌંદર્ય ખતમ થઇ જશે. ડૉક્ટર કોઇને પણ જુએ અને તેના આંતરડાની લંબાઇનો વિચાર કરે તો સૌંદર્ય કેમ રહે? તેમાં સૌંદર્યની દૃષ્ટિ રહેતી નથી. સીતાનું ચરિત્ર અજોડ છે., અને લક્ષ્મણ? બધું છોડીને મોટા ભાઇની સાથે ચાલી નીકળ્યો. લક્ષ્મણે જે કર્યું તે સારું કર્યું કે ખરાબ કર્યું તેની ચર્ચા કરવાવાળા પંડિતો કોણ છે, ખબર છે? જેને સો રૂપિયાની નોટ ખેંચી શકે છે તે! તેને પૂછો કે પહેલાં તો ફલાણે ઠેકાણે હતા અને હવે અહીં કેમ? તો કહેશે, સો રુપિયા અહીં વધારે મળ્યા

એટલે અહીં આવ્યો. બધો વ્યવહાર તો જોવો જોઇએ ને? આવું પૈસાની નજરે જ જોવાવાળો પંડિત ચર્ચાસભા (ડિબેટીંગ સોસાયટી)માં પ્રમુખ બને છે અને લક્ષ્મણની કૃતિની ચર્ચા કરે છે! અરે, તું ક્યા ચરિત્રની ચર્ચા કરે છે? જેની પાસે જવાની, જેની સામે જોવાની તારી શક્તિ પણ નથી, તેની તું ચિકિત્સા કરે છે? પરંતુ, આવા બધા પરીક્ષક છે, ચિકિત્સક છે, સમાલોચક છે!

ભરત જ્યારે અયોધ્યા આવ્યો ત્યારે પ્રભુ રામચંદ્ર તો વનમાં ચાલ્યા ગયા હતા. ભરતને ખબર પડી કે રામને વનવાસમાં મોકલ્યા છે. ભરતને લાગ્યું કે રામને રાજગાદી માટે અનધિકારી શા માટે માન્યા હશે. તેથી તે પૂછે છે:

कच्चिन्न ब्राह्मणधनं हृतं रामेण कस्यचित्।
कच्चिन्नाढयो दरिद्रो वा तेनापापो विहिसितः ॥
कच्चिन्न परदारान् वा राजपुत्रोऽभिमन्यते।
कस्मात् स दण्डकारण्ये भ्राता रामो विवासितः ॥ (रा. अ.का. ७२/४४/४५)

ક્યા કારણસર રામને વનમાં મોકલ્યા છે? બ્રાહ્મણોનું ધન સંસ્કૃતિ વધારવાને માટે હોય છે. તે બ્રાહ્મણનું ધન શું રામે હર્યું છે? સંસ્કૃતિને વધારવાને માટે જ ધન છે તેમાંથી રાજા કર લે તો પણ તે પાપી ગણાય. Charity નો હિસાબ સંભાળવાને માટે Charity ઉપર કર (Tax) લે છે! એનું કારણ તેમની ઓફિસ ચાલવી જોઇ ને? તો પછી રાજસત્તા પોલીસ રાખે છે તેના માટે તેણે ટેક્ષ લેવો જોઇએ. આ જેમ રાજસત્તાનું કર્તવ્ય છે તેમ પ્રજાના પૈસા (Public money) નો બરાબર ઉપયોગ થાય છે કે નહિ તે જોવાનું તેનું કર્તવ્ય છે. લૂલા, લંગડાને માટે જે પૈસા કાઢવામાં આવે છે તેમાંથી પૈસા કાઢીને ઓફિસ ચલાવવાવાળા રાજાને કઇ ગતિ મળશે?

ભરત પૂછે છે: 'શું રામે બ્રાહ્મણનાં ધનનું અપહરણ કર્યું હતું? શું રામે ગરીબો પર અન્યાય કર્યો હતો? શું રામે પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરી હતી? આવું ભ્રષ્ટ આચરણ રામે કર્યું હતું? અને ન કર્યું હોય તો **कस्मात् स दण्डकारण्ये भ्राता रामोविवासितः** કયા કારણસર રામને દંડકારણ્યમાં મોકલ્યા છે? આ ભરતના પ્રશ્નો છે. આવું કંઇ રામે કર્યું હોય તો તે મારો ભાઇ હોવા છતાં તેણે વનમાં જવું જ જોઇએ. આ કયો પ્રભાવ રામરાજ્યમાં હતો?

ભરત જુઓ! સામ્રાજ્ય પાસે આવ્યું તો ભાઇનું સામ્રાજ્ય છે સમજીને તે પાછું આપવા જાય છે. આવો પાગલ આ વિશ્વમાં અહીંની માટીમાં જ પેદા થયો છે. અહીંની માટી જ પાગલોની છે.

રામ એટલે સ્વાર્થત્યાગની પરાકાષ્ઠા! તે ઉપરાંત, શબ્દપાલન, બંધુઓનું ઐક્ય, પતિપત્નીનો પ્રેમ, સદ્‌વિચારોને સતત પ્રોત્સાહન, દુષ્ટવૃત્તિનું દમન અને વૈશ્વિક સિદ્ધાંતોનું પ્રસ્થાપન! આ કાર્ય કરવા માટે રામ આવ્યા હતા. આ દૃષ્ટિથી જોશો તો રામચરિત્ર સમજાશે. આ દૃષ્ટિથી તેના તરફ જોઇશું અને રામચરિત્રને નમસ્કાર કરીશું, તો જ રામ સુધી નમસ્કાર પહોંચશે.

આપણે રામચરિત્રની મહત્તા સમજતા જ નથી અને ચૈત્રી નવરાત્રિમાં નવ દિવસ સૂરણ ખાઇએ છીએ અને પોતાને રામભક્ત માનીએ છીએ. બે ભજનો ગાઇને અને સૂરણ ખાઇને રામચરિત્રને ન્યાય નહિ મળે. રામચરિત્રને ન્યાય તો આપણે આપી જ નહિ શકીએ, પરંતુ તેમની પાસે જવું હશે તો રામચરિત્ર સમજવું જોઇએ. રામે રાજસત્તા નિયંત્રિત કરી અને તે પણ

ચારિત્ર્યથી, અર્થાત્ ચારિત્ર્યને સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું.

રામે માનવને ઊભો કર્યો હતો. સમાજના પ્રત્યેક સદસ્યને ઊભો કર્યો હતો. મનુષ્યની અંદર રહેલી શક્તિને રામે જાગૃત કરી હતી, તેમ કરીને મનુષ્યને જાગૃત કર્યો. આ જ રામરાજ્યનું વૈશિષ્ટ્ય છે. રામે શું કર્યું હતું અને શું કહ્યું હતું, તે મહત્ત્વનું છે. રામચરિત્રનું મહત્ત્વ સમજવું જોઇએ. સમજીશું તો રામનું પૂજન થયું, રામરાજ્યને નમસ્કાર થયા, આટલું જ આપણું કર્તવ્ય છે. રામચરિત્રનું વિશ્લેષણ કરવું, તેની ચિકિત્સા કરવી એ આપણી શક્તિની બહારની વાત છે. જેટલું તેમનું ચરિત્ર સમજી શકીશું, તેટલું ઉપાડવાનું છે.

જ્યારે અવતાર આવે છે ત્યારે તે કંઇ રમતગમત કરવા નથી આવતો. અવતારને કંઇ કરવાનું હોય છે, દેખાડવાનું હોય છે, માણસને ઘડવાનો હોય છે. આવા રામ અવતારને નમસ્કાર કરીએ.

નવમા સ્કંધમાં સૂર્યવંશનું વર્ણન છે અને ચંદ્રવંશનો વિસ્તાર પણ સમજાવ્યો છે. તેમાં પુરુરવા અને ઉર્વશીની એક મનોરંજક વાર્તા આવે છે. પરશુરામ અને હૈહયરાજ અર્જુનની કથા આવે છે. બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો એકબીજાનો પ્રતિશોધ તેમાં છે. હંમેશાં આધ્યાત્મિક સર્વોપરિતા (Spiritual supremacy) અને આર્થિક સર્વોપરિતાનો ઝઘડો થાય જ છે. કોઇ વખત અભણ બ્રાહ્મણોના હાથમાં વંશપરંપરાથી એવી સર્વોપરિતા આવી જાય છે ત્યારે તે ક્ષત્રિયોને અમાન્ય થાય છે, તેમની વિરુદ્ધ ક્ષત્રિયો ઊભા થાય છે. કોઇ વખત સત્તા અને સંપત્તિને લીધે ક્ષત્રિયો બેહોશ થાય છે ત્યારે તેમની વિરુદ્ધ બ્રાહ્મણો ઊભા રહે છે. આમ હરહંમેશ ચાલવાવાળો આ ઝઘડો છે.

બ્રાહ્મણ-બ્રાહ્મણેતર આ સંઘર્ષ આજના કાળમાં પણ આવ્યો છે. એક કાળે કલિયુગમાં તે ઝઘડો હતો એમ નહિ, આજે પણ તે ચાલે છે. આધ્યાત્મિક સર્વોપરિતાનો સ્વીકાર જ્યારે પોતાની મેળે થાય તો તે સારી વાત છે. જ્યારે તેનો સ્વીકાર કરાવવો પડે ત્યારે તે દુઃખની વાત બને છે. સમાજ ઉપર સર્વોપરિતા કોની ચાલશે? આ ઝઘડો બ્રાહ્મણ-ક્ષત્રિય વચ્ચે ચાલે છે.

નવમા સ્કંધમાં ત્યારબાદ નહુષ રાજાની કથા આવી છે. એક વખત એવું બન્યું કે ઈંદ્ર ભગવાનના સિંહાસન પર કોઇ બેસનાર ન હતો. તે વખતે નહુષ રાજાની શક્તિ, કર્તૃત્વ ઇત્યાદિ જોઇને તેને ઈંદ્રપદ સ્વીકારવા બોલાવવામાં આવે છે. નહુષ રાજા ઈંદ્રાણીને જોઇને ચલિત થાય છે. તેનું ચિત્રણ એટલા માટે કરવામાં આવ્યું છે કે આટલો કર્તૃત્વવાન, પ્રભાવી, ઉત્તમ રાજ્ય ચલાવનાર નહુષનું પણ સ્ખલન થઇ શકે છે એ ભાગવતકારને દેખાડવું છે.

નહુષની કથા બાદ યયાતિની કથા આવે છે. તેના જ યદુવંશમાં શ્રીકૃષ્ણ ભગવાન જન્મ્યા હતા. નવમાં સ્કંધના ચોવીસમા અધ્યાયમાં પંચાવનથી બાસઠ સુધીના શ્લોકોમાં પરમેશ્વરી અવતાર આવે છે તેમનો હેતુ શો હોય છે, પરમેશ્વરી અવતાર શા માટે આવે છે તે અતિશય સુંદર રીતે સમજાવ્યું છે. મનુષ્યસ્વરૂપમાં પરમેશ્વરી અવતાર શા માટે લેવો પડે છે? એનું કારણ શું છે? તે સમજાવ્યું છે. કૃષ્ણ ભગવાનનો અવતાર થયો તે માટે ભાગવત કહે છે:

कलौ जनिष्यमाणानां दुःखशोकतमोनुदम् ।
अनुग्रहाय भक्तानां सुपुण्यं व्यतनोद् यशः।। (भा. ९/२४/६१)

(અર્થ: જે ભક્તો કલિયુગમાં જન્મશે, તેમના પર અનુગ્રહ કરવા માટે, દુઃખ, શોક તથા અજ્ઞાનને દૂર કરવા, મહાપવિત્ર યશ ફેલાવવા અને જીવન સમજાવવા માટે આવ્યા હતા).

શોક, દુઃખ, દૈન્ય, દારિદ્રયથી ભરેલા માનવ અને સમાજને જીવન સમજાવવાને માટે અવતાર આવે છે. આ અવતારની મહત્ત્વની વાત છે.

આ સંબંધમાં સમાજસશાસ્ત્રનો વિચાર કરવાવાળાઓને અભ્યાસ કરવા માટેનો ભાગવતનો વિષય આવે છે. ભાગવતકાર જન્મસિદ્ધ વર્ણવ્યવસ્થા માનતા નથી, કર્મગુણસિદ્ધ માનવી જોઈએ એમ કહે છે. ભાગવતકારની માન્યતા પ્રમાણે બ્રાહ્મણનો ક્ષત્રિય અને ક્ષત્રિયનો બ્રાહ્મણ થઈ શકે છે. એટલું જ નહિ, આ સ્કંધમાં કાનીન પ્રજાનો—એટલે કે કૌમાર્યાવસ્થામાં જે પ્રજા થાય છે તે કાનીન બાળકનો-સ્વીકાર કર્યો છે. આગળ વધીને વિવાહબાહ્ય સંતતિને પ્રતિષ્ઠા આપી છે. અશ્વિનીકુમારોને યજ્ઞમાં સ્થાન ન હતું તે સ્થાન ભાગવતકારે તેમને આપ્યું છે. એક દૃષ્ટિથી જોઈએ તો ભાગવતકાર સમાજસુધારક લાગે છે. અહીં નીતિકલ્પના પરિવર્તનશીલ છે. કૃષ્ણ ભગવાનનો વંશ યદુવંશ પણ આંતરજ્ઞાતીય લગ્ન (Intercaste marriage) થી શરૂ થયો છે. એટલું જ નહિ, જીવિતપતિ નિયોગ અને મૃતપતિ નિયોગ આ બન્ને માન્ય કર્યા છે. વ્યાસ અને દીર્ઘતમસ ઋષિના શ્રેષ્ઠ બીજનો ઉપયોગ કર્યો છે. ભાગવતકાર કેટલા સુધારક છે તે આ વાતોથી દેખાય છે. અમુક કાયદા પણ કર્યા હતા, છતાં વગર કાયદે કંઈ થયું તો તેનો પણ સ્વીકાર કર્યો છે. એનું કારણ એક જ છે. વિચારપ્રણાલી જીવનપ્રણાલી અને ભક્તિપ્રણાલી (Way of thinking, way of life and way of worship) આ ત્રણેય શ્રેષ્ઠ હશે તો જ ચાલશે. આ ત્રણ વાતો હાથમાંથી જવી ન જોઈએ, તેને મારવાની નથી, ઉપેક્ષિત કરી ફેંકવાની નથી.

ત્યારપછી એક નિમિ રાજાની વાત આવે છે. તે એક સંશોધન કરવા જેવી વાત છે. જેમ ઇજીપ્તમાં પ્રાચીનકાળમાં મૃત રાજાના શરીરને મસાલામાં રાખતા હતા તેવી રીતે નિમિનું મૃતશરીર સુગંધિત વસ્તુઓમાં રાખ્યું હતું. તેમાં એક સંદેહની અને અભ્યાસની વાત એ છે કે નિમિનું શબ ઘણાં વર્ષો બાદ જવાબ આપે છે અને તેમાં તે કહે છે કે મને દેહબંધન ન જોઈએ. ઋષિઓ જ્યારે તેને ઉઠાડવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે કહે છે કે મને દેહબંધન જોઈતું નથી. અહીં એક પ્રશ્ન એવો ઊભો થાય છે કે મૃતાત્માનો ભૌતિક દેહ કંઈક સુગંધી પદાર્થો ભરી કદાચ રાખી શકાતો હશે; પરંતુ નિમિ રાજાની બાબતમાં તો તેનો લિંગદેહ સંભાળવાની વાત આવે છે. સ્થૂળ દેહ, દવા ઇત્યાદિથી સંભાળી શકાય પણ લિંગદેહ કેવી રીતે સંભાળી શક્યા? આ એક વિચારણીય વાત છે, એનું કારણ, લિંગશરીરનો ચૈતન્યની સાથે સંબંધ આવે છે. તે કંઈ સ્થૂળ શરીર નથી. નિમિ રાજાની વાતમાં લિંગશરીરની રક્ષા કરી હોય તેમ લાગે છે. આમ નિમિ રાજાનું અભ્યાસ કરવા જેવું ચરિત્ર છે.

કૃષ્ણ ભગવાનનું ચરિત્ર દશમાં સ્કંધમાં આવવાનું છે. તેની પૂર્વ ભૂમિકા રૂપે યદુવંશની તૈયારી કરી છે. તે વખતનો જે સમાજ હતો તેનું પણ ચિત્રણ કર્યું છે. 'ગોત્ર' અને 'પ્રવર' આ Technical words છે, બધાને ખબર નહિ પડે, પરંતુ, અહીં ગોત્ર અને પ્રવરનો સંબંધ તોડી નાખ્યો છે. તેમાં કેટલાયે લોકો સગોત્રી જેવા લાગે છે. સુપ્રજનનશાસ્ત્ર (Genetics) નો અભ્યાસ કરવાવાળાને તેમાં મોટી સુધારણા જણાશે.

આ જ સ્કંધમાં યયાતિ અને કચ દ્વારા બે વિચારપ્રવાહો દેખાડ્યા છે. યયાતિ અને કચ વ્યક્તિ છે જ—પરંતુ, તે બન્ને વિભિન્ન વિચારપ્રવાહો છે. યયાતિ વ્યક્તિ છે, તેની કથા પણ છે. તે સર્વશ્રુત છે અને મહાપરાક્રમી પણ છે. તે ભોગોની પાછળ દોડવાવાળો હતો. તે માટે તો તેણે પોતાના ઘડપણના બદલામાં, દીકરાની યુવાની માગી લીધી હતી. યયાતિએ દીકરાની યુવાની માગી લીધી તેથી આપણે તેના પર હસીએ છીએ પરંતુ, તેને હસવાની જરૂર નથી. યયાતિમાં પોતાના દીકરાની યુવાની લેવાનું સામર્થ્ય હતું તેથી તેણે તેમ કર્યું. આપણી પાસે તેવું સામર્થ્ય હોય તો આપણે પણ તે જ કરવાના.

ભોગનું અંતિમ પરિણામ શું આવે છે તે યયાતિના જીવનમાં દેખાય છે. યયાતિ અને કચના ચિત્રણમાં સમાજમાં જે બે વિચારપ્રવાહો દેખાય છે, તે વિચારપ્રવાહો આજે પણ છે. હંમેશા, વિચારવંત ચિંતકોમાં બે વિચારપ્રવાહો—Two schools of thinking —હોય છે. ભક્તિમાં પણ બે વિચારપ્રવાહો (Two schools) છે. એક વિચારપ્રવાહ કહે છે કે મનુષ્યપ્રયત્ન (Human efforts)થી બધું સિદ્ધ થઇ શકે છે. બીજો વિચારપ્રવાહ કહે છે, ના, ઇશકૃપા (Grace of God) વગર કંઇ ન મળે. આ બન્ને સ્વતંત્ર વિચારકો છે. મનુષ્યયત્ન (Human efforts) માનવાવાળો વિચારક, સાધનસાધ્ય ભગવાન છે એમ પ્રભાવી રૂપે માને છે. બીજો વિચારક કહે છે, 'ભગવાન કૃપાસાધ્ય છે. ઉપરવાળાની કૃપા થાય ત્યારે ભગવાન મળે. ત્યાંસુધી અમારે કંઇ વિચારવાની પણ જરૂર નથી.' આ બે વિચારપ્રવાહો સ્વતંત્ર ચાલે છે ત્યારે સમાજને ખોટું માર્ગદર્શન થાય છે. ભક્તિમાર્ગમાં જેમ આવું થાય છે તેવું જ જીવનવ્યવહારમાં પણ થાય છે.

ભોગ કે ત્યાગ? શું સ્વીકારવું? આ બહુ મોટી સમસ્યા છે. ભોગ તો છે જ. ભોગ સુંદર છે, રમણીય છે, ઈંદ્રિયોને આકર્ષિત કરે છે અને આકર્ષિત લાગે છે. તો પછી ભોગ ભોગવવા જોઇએ કે ત્યાગ કરવો જોઇએ?

એક વિચારધારા ભોગ સમજાવે છે. ભોગ ભોગવો, ફરીથી ભોગવો, આવું દેખાડે છે. યયાતિએ પોતે આત્મનિવેદન જેવું લખ્યું છે. તે કોઇને કદાચ અશ્લીલ લાગશે, પરંતુ, યયાતિએ પોતે તેનું અંતિમ પરિણામ બહુ સુંદર રીતે કહ્યું છે.

માણસને જીવનમાં કોઇ આદર્શ હોવો જોઇએ કે નહિ? જન્મ લીધા પછી માણસ ભોગની પાછળ જ દોડે છે, પણ તેના જીવનમાં બીજું કંઇ હોવું જોઇએ કે નહિ? આ પ્રશ્ન છે. નાના બાળકના હાથમાં તમે કેળું આપો તો તે કેળું સીધું મોઢામાં મુકશે. તે બાની ગોદમાં બેઠો હોવા છતાં, બાએ કેળું ખાધું કે નહિ તેનો વિચાર તે કરતો નથી. તેને તેવી જરૂરત પણ લાગતી નથી. મને કેળું મળ્યું છે તો તે મારે ખાવું છે. બસ ખલાસ! બીજો વિચાર તેને આવતો નથી. માનવી જીવનમાં બીજો કોઇ આદર્શ હોવો જોઇએ કે નહિ, તેના વિષે વિચાર કરવો પડે એવો આજનોં કાળ છે.

જીવનમાં આદર્શ રાખવો હશે તો કેવો આદર્શ રાખશો? આ બીજો પ્રશ્ન છે. આ બે વિચારપ્રવાહો બધી સંસ્કૃતિઓમાં ચાલે છે. પછી તે ગ્રીક સંસ્કૃતિ હોય કે આર્યોની સંસ્કૃતિ હોય. બધામાં આ બે વિચારધારા પ્રભાવી છે. એક વિચારધારાને ભોગ જ જોઇએ, જે કંઇ પણ જોઇએ

તે ભોગને માટે જ જોઇએ. તેમને ભગવાન પણ જોઇએ તો તે ભોગને માટે જોઇએ. આ લોકો કંઇ નાસ્તિક નથી હોતા. બીજી વિચારધારા ત્યાગ, ત્યાગ જ સર્વોપરિ માને છે. કઠોપનિષદ્ કહે છે:

पराञ्चि खानि व्यतृणत् स्वयंभू-
स्तस्मात्पराङ्पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष-
दावृत्त चक्षुरमृतत्वमिच्छन् ॥ (કઠો. ૨/૧/૧).

(સ્વયં પ્રગટ થવાવાળા પરમેશ્વરે સમસ્ત ઈંદ્રિયોના દ્વાર બહારની તરફ જવાવાળા જ બનાવ્યા છે, તેથી (મનુષ્ય ઈંદ્રિયો દ્વારા પ્રાયઃ) બહારની વસ્તુઓને જ જુએ છે. કોઇ બુદ્ધિમાન મનુષ્ય જ અમરપદની ઇચ્છા રાખીને ચક્ષુઆદિ ઈંદ્રિયોને બાહ્ય વિષયો તરફથી વાળીને અન્તરાત્માને જુએ છે.)

ઈંદ્રિયોની દોડ ભોગો તરફ છે તે નૈસર્ગિક છે. ભોગની પાછળ દોડવાવાળા માણસનું **भोगायतनं शरीरम्** – શરીરથી વિશેષ કંઇ છે નહિ એમ માનવાવાળાનું જીવન પશુજીવન છે. તેને ઈંદ્રિયસુખ જ સર્વસ્વ લાગશે.

આજના ભયાનક સમયમાં એ વિચારવાની જરૂર છે કે સમાજમાં આદર્શ હોવો જોઇએ કે નહિ? જો આદર્શ હોવા જોઇએ તો ક્યા આદર્શ હોવા જોઇએ? જીવનમાં કંઇ આદર્શ રાખવા જોઇએ તે બાબતમાં બધા એકમત છે, પરંતુ આદર્શ ક્યો હોવો જોઇએ તે માટે મતભેદ થઇ જાય છે.

જ્યારે આદર્શ તૂટી જાય ત્યારે શું થાય? હું તો કહું છું કે આજે તો આદર્શ તોડવાનો પ્રયત્ન ચાલે છે. માણસને ખતમ કરવો હોય તો સૌ પ્રથમ તેનો આદર્શ તોડો. રશિયાએ આ જ વિચારપ્રવાહનો સ્વીકાર કર્યો છે. રશિયાને ક્રાંતિ કરવી હતી. તેમને લાગ્યું કે જ્યાંસુધી જૂના આદર્શો રહેશે ત્યાં સુધી ક્રાંતિ થશે નહિ, માટે આદર્શો તોડવા જોઇએ.

જેમ વ્યક્તિનું ભૌતિક જીવન છે, ભાવજીવન છે, તેમ એક નૈતિક જીવન અને આધ્યાત્મિક જીવન પણ છે. માણસના નૈતિક જીવનમાં જે કંઇ બન્યું છે અને બને છે, અથવા તો બનવાનો સંભવ છે, તે તમને ગમે તેટલું અપ્રિય, અનિષ્ટ અને અમંગલ લાગતું હોય, પરંતુ, તેમાં સામાન્ય માણસનો દોષ બહુ જ ઓછો છે એવું લાગે છે. સામાન્ય કોણ? સામાન્યનો અર્થ શું છે? અહીં સામાન્ય એટલે પ્રવાહપતિત. સામાન્ય એટલે ઝૂંપડીમાં રહેવાવાળો એવું જ આપણે સમજીએ છીએ. પરંતુ અહીં, સામાન્ય એટલે પ્રવાહપતિત. સામાન્યના આ અર્થમાં, યુનિર્સિટીની ડીગ્રી મેળવેલો પણ હોઇ શકે અને કોઇ મોટો પૂંજીપતિ પણ હોઇ શકે.

સુભાષિતકાર કહે છે: **गतानुगतिको लोको न लोकः पारमार्थिकः।**

એકે કર્યું એટલે બીજો કરે અને તેનું જોઇને ત્રીજો પણ કરે. આને જ ગતાનુગતિક પ્રવાહપતિત માણસ-સામાન્ય કહે છે. સામાન્ય વ્યક્તિ જે પ્રવાહપતિત છે તેને પરિસ્થિતિને કારણે પ્રવાહપતિત થવું પડે છે. અંતર્મુખ બનીને, સ્વતંત્ર રીતે વિચારીને તદનુરૂપ વર્તન કરવાની શક્તિ જ તેના જીવનમાં નથી; અને તેને ચિંતન કરવા માટે જરૂર સ્વાસ્થ્ય પણ મળતું નથી. ચરિતાર્થ-નિર્વાહનું

ચિંતન કરવામાં જ બધું ખતમ થવાને કારણે તેને ચિંતનને માટે મોકો પણ મળતો નથી. તેને માટે ચિંતન કરવું અશક્ય છે. તેના માટે મહાન આદર્શની આવશ્યકતા છે.

આજે સામાન્ય માણસને, લેખકને, મંદિરમાં જવાવાળાને કે ન જવાવાળાને, આસ્તિકને અને નાસ્તિકને, બધાંને એમ લાગે છે કે જીવનનું નૈતિક સ્તર નીચે ગયું છે. કારણ, એક જ છે કે જીવનમાં આદર્શ નથી. તત્ત્વજ્ઞાની, ભક્ત, અભક્ત, નાસ્તિક, રાષ્ટ્રવાદી કે કમ્યુનિસ્ટ—બધાએ તેના વિષે વિચારવું પડશે.

શું થયું છે અને શા માટે થયું છે તે ધ્યાનમાં રાખવું જોઇએ. જૂનાકાળના લોકો સારા હતા અને હવેના લોકો બગડી ગયા? આવું નથી. જૂનાકાળનો સામાન્ય માણસ પરલોકની કલ્પનાથી, સ્વર્ગની આશાથી અને નરકની ભીતિથી બાંધેલો હતો. તેને ઈશ્વરી શ્રદ્ધાના એક પોલાદી ચોકઠામાં એવો બેસાડ્યો હતો કે તે બહાર નીકળી શકતો ન હતો. નિર્માણ કરેલું જે પાવિત્ર્ય હતું તે કૃત્રિમ હતું એમાં સંદેહ નથી. તે પાવિત્ર્ય અંદરથી સમજીને આવેલું ન હતું. એવો કંઇ ઢાંચો બનાવ્યો હતો કે માણસને સન્માર્ગથી ઢળવું અશક્ય બનતું હતું. તેને અનેક શ્રદ્ધાઓ, અંધશ્રદ્ધાઓ હતી. અંધશ્રદ્ધા હોવા છતાં પણ તે પ્રામાણિક હતો. તેણે કોઇ દિવસ મુર્તિભંજન ન કર્યું. આ એક મહત્ત્વની વાત છે.

એ બહુ જ સારી વાત છે કે આજનો નવયુવાન વિચારપૂર્વક આવા પોલાદી ચોકઠામાંથી બહાર નીકળ્યો છે. તપ્ત થાંભલાને લાત મારી અને અંદરથી નૃસિંહ ભગવાન નીકળ્યા, તે વાત તેને ખોટી લાગે છે તેની મને વ્યથા નથી. થાંભલામાં રહેલી શક્તિની તેને ખબર નથી પડતી તેની મને વ્યથા નથી થતી; પરંતુ, માણસમાં બેઠેલો ભગવાન અને માણસમાં પડેલી દુર્દમ્ય કર્તૃત્વશક્તિનો તેને ખ્યાલ પણ નથી અને તેને કોઇ તે સમજાવતું નથી તે દુઃખની વાત છે.

વ્યક્તિસુખ અને વ્યક્તિસ્વાતંત્ર્ય હોવાં જ જોઇએ એ આજનો નારો છે અને હું પણ તે માન્ય કરું છું. પરંતુ સુખ અને સ્વાતંત્ર્યને કોઇ મર્યાદા હોવી જોઇએ કે નહિ?

રશિયાની એક વાત છે. રશિયામાં ક્રાંતિ થઇ. ત્યારપછી એક સ્ત્રી રસ્તાની વચ્ચે ઊભી રહી. રસ્તામાં વાહનવ્યવહાર ચાલતો હતો, મોટરગાડી આવતી-જતી હતી. તે રસ્તાની વચ્ચે જ ઊભી હતી તેથી તેને કોઇએ બાજુ પર જવાનું કહ્યું. તેણે જવાબ આપ્યો, 'હવે હું આઝાદ થઇ છું. મને ગમે ત્યાં ચાલવાનો હક્ક છે. તું કોણ મને રોકવાવાળો?' આ બહુ લાંબી કથા છે. રશિયન વાઙ્મયમાં ઘણાએ વાંચી હશે.

મારે તો આમાં એટલું જ દેખાડવાનું છે કે વ્યક્તિસુખ અને વ્યક્તિ-સ્વાતંત્ર્યનો નારો લગાડવાવાળા લોકો, તેને કોઇ મર્યાદા હોવી જોઇએ એ વાત માનશે કે નહિ? આજે જીવનમાંથી, સમાજમાંથી જૂનાં મૂલ્યો ચાલ્યાં ગયાં છે અને નવાં મૂલ્યો આવ્યાં નથી અને લાવવાનો પ્રયત્ન પણ નથી, તેની વ્યથા છે. જૂનાં મૂલ્યો ચાલ્યાં ગયાં તેની કોઇને વ્યથા નથી. બાપ પણ મરી જાય તો તેને પણ આપણે બાળી નાખીએ છીએ, પરંતુ, નવાં મૂલ્યો આવ્યાં છે? કોઇ નવાં મૂલ્યો સ્વીકાર્યા છે? આ પ્રશ્ન છે. જેનામાં કંઇ કરવાની શક્તિ નથી તેમણે—**किलोत्पाटिनो वानरस्य –**

વાંદરાએ ફાચરનું પાટિયું કાઢ્યું. તેના જેવું કામ ન કરવું જોઇએ. માણસને બુદ્ધિનો મિજાજ છે, બુદ્ધિસ્વાતંત્ર્યનો જમાનો આવ્યો છે. પરંતુ બુદ્ધિના મિજાજથી આ લોકો ચારિત્ર્યહનન કરે છે. જેની પાસે બુદ્ધિ છે તે તેનો ગેરઉપયોગ કરીને, ગમે તેવા મોટા ચરિત્રને બે મિનિટમાં ઉડાવી દે છે. બુદ્ધિની શેખી, બડાઇ દેખાડવાને માટે તેમને મૂર્તિભંજન આવશ્યક લાગે છે અને તેઓ મૂર્તિભંજનની પાછળ પોતાની બધી શક્તિ વાપરે છે.

'ભીષ્મ એક પ્રભાવી ચરિત્ર છે'—એમ કહો તો કહેશે: 'ભીષ્મ દુર્બલ પણ હતો. તે શું કરી શકતો હતો? તેનો એક પણ નિર્ણય સાચો નથી. તેણે બધા નિર્ણયો ખોટા લીધા હતા. તેણે જેને હાથ લગાડ્યો છે તે માટી થઇ ગઇ છે. આખા કુરુવંશનો ઈતિહાસ જોઇએ તો ભીષ્મની આવી સ્થિતિ છે'—એવું તેઓ બુદ્ધિથી દેખાડી શકે છે. કેવળ બુદ્ધિની શેખી દેખાડવાને માટે તેઓ ચારિત્ર્યહનન કરે છે. તે ચરિત્રોની સાથે કંઇ સિદ્ધાંતો છે. તે ચરિત્રોનું હનન કરવાનું જે મહાપાપ, -બ્રહ્મહત્યાનું પાપ-જે પેઢીએ કર્યું છે તે જ પેઢી આજે રડવા લાગી છે કે સમાજમાંથી સત્ ચાલી ગયું છે. આજના કાળમાં સમાજમાં એવી સ્થિતિ દેખાય છે કે જાણે ઘરની પ્રમુખ વ્યક્તિ મરી ગઇ હોય અને વિષણ્ણતા આવી હોય, તેવી વિષણ્ણતા સમાજમાં આવેલી લાગે છે. સમાજનાં બધાં ક્ષેત્રોમાં આવી જ વિષણ્ણતા દેખાય છે. કોઇ પણ રસ્તેથી સુખ મળે તે મેળવવું છે, બસ! તે રસ્તો નૈતિક છે કે અનૈતિક? ધાર્મિક છે કે અધાર્મિક? યુક્ત છે કે અયુક્ત? તે જોવાનું કોઇને કારણ નથી. જે અને જેવું સુખ મળશે તે સ્વીકારવું છે. આ વિચાર સ્વીકાર્યા બાદ આદર્શ ચાલ્યા ગયા અથવા કાઢી નાખવામાં આવ્યા છે. તે સાથે, અંતિમ ભોગ જ સર્વસ્વ છે, બીજું કંઇ નહિ, 'મને કોઇ પણ રસ્તે સુખ જ મળવું જોઇએ અને ગમે તે રસ્તે મને સુખ મળશે તે હું સ્વીકારીશ' આવી ધારણા સમાજમાં આવી છે, અને દૃઢ થઇ છે.

શિક્ષણનું સ્તર કેટલું નીચે ગયું છે? તેને શું શિક્ષણ કહેવાય? શિક્ષણ આટલા નિમ્નસ્તર પર આવ્યું હોય તો અમને આવા શિક્ષણની જરૂર જ નથી. શું પૈસા કમાવા માટે શિક્ષણ જોઇએ? અમે હળ ચલાવીને ખેતી કરીશું, મજૂરી કરીશું. તેમાં શું થયું? તેમાં શિક્ષણની કયાં જરૂર છે? આજે શિક્ષકને કોઇને નાપાસ જ કરવો નથી. એનું કારણ તે કોઇને નાપાસ કરે તો તેને દુ:ખ થાય ને? કોઇના દિલને દુ:ખ શા માટે પહોંચાડવું? બીજી તરફ વિદ્યાર્થી શિક્ષકને કહે છે કે મને પાસ નહિ કરો તો હું તમને ખતમ કરીશ. કેટલું નિમ્નસ્તરનું શિક્ષણ! તેમ નિમ્નસ્તરની ભક્તિ, નિમ્નસ્તરનો અધ્યાત્મ, નિમ્નસ્તરનું આર્થિક જીવન અને નિમ્નસ્તરનું વ્યવહારિક જીવન થયું છે. આ કયા મૂલ્યનું પરિણામ છે? આ વિચારવું જોઇએ કે સમાજે કયા મૂલ્યો સ્વીકાર્યા છે? ટકાવ્યાં છે? વધાર્યા છે? આ જે પરિણામ આવ્યું છે તે શાનું પરિણામ છે?

આ બધાનું સ્તર ઉંચે લાવવાનું કાર્ય કોનું છે? આંખની સામે બે ચરિત્રો, બે વિચારધારાઓ આવે છે. એક યયાતિ—જેમાંથી યદુવંશ આવ્યો, ભગવાન ગોપાલકૃષ્ણ જેમાં આવ્યા તે. યયાતિ ભોગ, અધિક ભોગ, અધિક ભોગ—આ વિચારપ્રવાહનો હતો. આપણે ઘરડા થયા તો શું થયું? શું ભોગ છોડી દેવાના છે? જ્યાંસુધી જીવતા રહીશું ત્યાંસુધી ભોગ ભોગવીશું. ડૉક્ટરો અટકવા કહેશે પણ તેમનું કહેવું ભૌતિક (Physical) હોય. તેની પછવાડે બીજો કયો ભાવ હોય? કંઇ નહિ. માણસ જીવનના અંત સુધી ભોગ ભોગવવા માગે છે. ઈંદ્રિયોની માગણી પૂરી કરવાની મારી

પાસે શક્તિ છે તો હું પૂરી કરીશ, એમ તેનું કહેવું છે. તેની સામે કોઇ આદર્શ નહિ, કોઇ મૂલ્ય નહિ. ઈંદ્રિયોની માગણી જેટલી હશે તેટલી પૂરી કરીશ. તેમા શું છે? તેના વિરુદ્ધ કોઇ શું બોલે? મને કોઇએ સમજાવવાની જરૂર નથી. વ્યક્તિસ્વાતંત્ર્ય અને વ્યક્તિસુખ એ અંતિમ છે. તેજ સર્વશ્રેષ્ઠ છે. આ યયાતિનો વિચારપ્રવાહ છે. યયાતિ જેમ એક વ્યક્તિ છે, તેમ એક વિચારપ્રવાહ પણ છે. આ વિચારપ્રવાહ સત્યાનાશ કરે છે—નૈતિકમૂલ્યોનો અને માનવતાનો! એમાં છેવટે ભોગનો જ વિચાર છે, બીજું કંઇ નથી. યયાતિએ છેલ્લે કહ્યું છે:

न जातुकामः कामानामुपभोगेन शाम्यति।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते।।

(અગ્નિમાં ઘી નાખવાથી જેમ વધતો રહે તેમ કામનાઓ તેના ઉપભોગથી શાંત થતી નથી). આ ઉદ્‌ગાર યયાતિના છે. ભાગવતકારે આખો અધ્યાય યયાતિના મનોમંથનને માટે આપ્યો છે.

યયાતિની સામે કચ ઉભો થયો. તે કહે છે કે બધું છોડી દો. આ કચ પણ જેમ એક વ્યક્તિ છે, તેમ એક વિચારપ્રવાહ છે. આ બીજો વિચારપ્રવાહ યયાતિના ભોગના વિચારપ્રવાહથી તદ્દન ઊલટો છે. તે ત્યાગનો વિચારપ્રવાહ છે. તે કહે છે કે સૃષ્ટિમાં કંઇ નથી, જીવનમાં કંઇ નથી, પરિવારમાં કંઇ નથી, બધું તિરસ્કરણીય છે. તે માનવના મનમાં ઘૃણા નિર્માણ કરીને ત્યાગ સમજાવે છે. એક વિચારપ્રવાહ ભોગ કહે છે અને બીજો વિચારપ્રવાહ ત્યાગ કહે છે. આ બે વિચારપ્રવાહોથી જુદો એક વિચારપ્રવાહ, તે સંયમનો છે. તે વિચારપ્રવાહ યદુવંશમાં આવેલા કૃષ્ણ ભગવાને આપ્યો છે. કૃષ્ણ ભગવાનને કંઇ સમજાવવાનું છે, કહેવાનું છે.

સંયમ શબ્દ જૂનો અને રૂઢિચુસ્ત લાગે છે. સંયમ શબ્દ સાંભળીને નવયુવાન ગભરાઇ જાય છે. તેમને એમ લાગે છે કે જેમનામાં કમાવાની, ઉપભોગવવાની, સંભાળવાની શક્તિ નથી એવા નામર્દ લોકો સંયમની ભાષા બોલે છે. જીવનેચ્છા અને તેમાં પેદા થવાવાળી ઉપભોગેચ્છા માનવની પ્રેરક શક્તિ છે. આ વાત કોઇને અમાન્ય નથી. આપણા બધાની પ્રેરક શક્તિ, જીવનેચ્છા અને ઉપભોગેચ્છા જ છે. માણસ ભણવા જાય કે ભક્તિમાં લાગે, તે આ જ દૃષ્ટિથી લાગે છે. બાપ છોકરાને કહે છે કે તું ભગવાનને પગે લાગ તો દૂધ મળશે. આવું કહેવાથી છોકરો ભગવાનને પગે લાગે છે. દૂધના ઉપભોગની ઇચ્છા એની કૃતિની પ્રેરક શક્તિ બને છે.

જીવનમાં 'રામ' અને 'કામ' આ બે પ્રભાવી શક્તિ છે. બન્ને પ્રેરકશક્તિ છે. તેમાં ઉદાત્તતા અને પવિત્રતા લાવવાની આવશ્યકતા છે કે નહિ? આ પ્રશ્ન છે. બધી જગાએ જ્યારે નગ્ન ભોગવિલાસ દેખાય છે ત્યારે શું કરવાનું? કામવાસના અને અન્નવાસના, બન્ને, સ્વાભાવિક છે. તેનું અસ્તિત્વ, સૌંદર્ય અને સામર્થ્ય માન્ય પણ છે. માણસ જ્યારે વાસનાનો જ વિચાર કરે ત્યારે તે ઉન્માદના રૂપમાં પરિણમે છે એવું ભાગવતકારનું કહેવું છે.

કામ, ક્રોધ, લોભ આ શત્રુ છે એવું માનવાવાળા કેટલાક લોકો હશે, પરંતુ, તે આપણા મિત્ર છે. એ ખરૂં કે, કામ, ક્રોધ કે લોભનું રૂપ અમને ખબર નથી. જેણે કામ, ક્રોધ, લોભ, આ ત્રણને નિર્માણ કર્યા છે, તેને માનવી જીવનમાં તેની આવશ્યકતા લાગી હશે તેથી જ નિર્માણ કર્યા છે. તે આપણા મિત્રો છે, કારણ, તેમનો ઉત્પાદક કંઇ ખરાબ નથી, ખોટો નથી.

કૂતરો આપણો ઈમાની મિત્ર છે, પરંતુ, તે જ્યારે હડકાયો થાય ત્યારે તેને મારવો જ પડે છે. પ્રશ્ન એ છે કે કૂતરો હડકાયો થયા પછી તેને રાખવો છે કે નહિ? હડકાયો થયા પછી પણ શું કૂતરાને સંભાળવાનો? એવી રીતે કામભાવના, પ્રીતિભાવના અને ભક્તિભાવના—દિનપ્રતિદિન તેનામાં ઉદાત્તતા આવવી જોઇએ કે નહિ? જો તેમાં ઉદાત્તતા નહિ આવે તો સમાજ કેવો થશે? આ વિચારવું જોઇએ. આ વિચારવા માટે, વિચારધારા આપવા માટે, આ જીવન અંતિમ માનવ સુધી સમજાવવા માટે, વિશ્વની એક મહાન શક્તિ અવતાર લઇને આવી ગઇ. તેનું નામ છે કૃષ્ણ ભગવાન!

યયાતિ અને કચ—આ બે વિચારપ્રવાહો આજે પણ ચાલે છે. કેટલાક લોકો, પોતે ખાતા નથી, પીતા નથી, બધું ખોટું છે, ખાવાનું-પીવાનું ખોટું છે, લગ્ન કરવા ખોટા છે, કમાવું ખોટું છે, પૈસા ખોટા છે, તેથી અમને કંઇ ન જોઇએ, અમે આધ્યાત્મિક છીએ, એમ કહે છે. આ એક વિચારપ્રવાહ છે. બીજો કહે છે કે આ નહિ ચાલે. ઈંદ્રિયો મળી છે તે ઉપભોગ લેવા માટે મળી છે. અમને બધે ઠેકાણે ઉપભોગ જોઇએ. અમારે ભગવાનને પણ પકડવા છે પણ તે ઉપભોગને માટે. ભગવાન ઉપભોગ આપે છે તે માટે અમને ભગવાન જોઇએ. નહિ તો કોણ ભગવાનને સ્વીકારે? મજાકમાં કહેવાનું હોય તો બાજુમાં લક્ષ્મી છે તેથી અમને નારાયણ જોઇએ. નહિ તો નારાયણને કોણ ઓળખે?

મહારાષ્ટ્રના પંઢરપુરમાં નારાયણને એકલો રાખ્યો છે. બધી જગાએ તેની સાથે લક્ષ્મી હોવી જોઇએ તેવો આગ્રહ દેખાય છે. પંઢરપુરમાં પાંડુરંગ ભગવાન છે તે એકલો છે. વારકરી સંપ્રદાય ચુસ્ત વૈષ્ણવ સંપ્રદાય છે. વારકરી લોકોની ભગવાનની મૂર્તિ એકલી છે.

ભાગવતકારે 'યયાતિ' અને 'કચ'ના રૂપે બે વિચારપ્રવાહો દેખાડીને યદુવંશમાં શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર થયો છે એમ જણાવીને નવમો સ્કંધ પૂરો કર્યો છે.

* * *

।दशमः स्कंधः।

કૃષ્ણનું નામ આવતાં જ એક ભાવવિભોર સ્થિતિ આવી જાય છે. સર્વના હૃદયસમ્રાટ ભગવાનને માટે બોલી શકાય કે? આ પહેલો પ્રશ્ન છે. તેના પર બોલી શકીએ કે? આ બીજો પ્રશ્ન છે. બોલવું ઉચિત છે? આ ત્રીજો પ્રશ્ન છે. અને બોલવાનો અધિકાર છે? આ ચોથો પ્રશ્ન છે. આ પ્રશ્નોથી બુદ્ધિ કુંઠિત થઇ જાય છે. આવું એક લોકોત્તર ચરિત્ર દશમ સ્કંધમાં આવ્યું છે. મને તો લાગે છે કે આવા ચરિત્રને નમસ્કાર કરીને આગળ વધવું જોઇએ.

કૃષ્ણ એક પૂર્ણાવતાર છે. તેમના જીવનમાં એક પણ નબળાઇ નથી કે જેના પર અમે ચાંચ મારી શકીએ. કૃષ્ણ જેવા સમાજોદ્ધારક કોઇ થયા નથી અને થશે નહિ. કૃષ્ણ જેવા નીતિજ્ઞ થયા નથી અને થશે નહિ. કૃષ્ણ જેવા રાજનીતિજ્ઞ થયા નથી. અધ્યાત્મને માટે કૃષ્ણ ભગવાનનું જીવન જ જોવું જોઇએ. 'કૃષ્ણ' નામ અને કૃષ્ણ ભગવાન આ એક લાજવાબ ચરિત્ર છે. કૃષ્ણ રત્નોમાં કૌસ્તુભ મણિ સમાન છે. કૃષ્ણાવતાર એ ભારતનું ભૂષણ છે અને મહાભારતનો વૈભવ છે. મહાભારતમાંથી બે વ્યક્તિઓ—કૃષ્ણ અને ભીષ્મ કાઢી લો તો રહે શું? મહાભારતને ડૂબાડી દેવું પડે. પછી તેની આવશ્યકતા જ નહિ રહે.

કૃષ્ણ પૂર્ણાવતાર છે એમાં સંદેહ નથી. **कृष्णस्तु भगवान् स्वयम्** – આજે કૃષ્ણ માટે આટલું બોલ્યો ખરો, પણ હજી મને એમ લાગે છે કે કૃષ્ણને માટે બોલવું જોઇએ કે નહિ? તેમના માટે બોલવું યોગ્ય છે કે નહિ? તેમના માટે બોલવાનો અધિકાર છે કે નહિ? તેમના માટે બોલી શકાય કે નહિ?

૧૯૫૪માં જાપાનમાં સર્વધર્મપરિષદ (World Religious Conference)માં જ્યારે અવતારવાદ (Advent of saviour) ઉપર ચર્ચા થઇ, ત્યારે ત્યાં આવેલા લોકોએ ઘણું કહ્યું. તેમાંથી શ્રી કૉમ્પટન અને રૂડફે જેવા પ્રભાવી બ્રિટિશ અને અમેરિકન તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું કે જો અવતાર માનવા હોય તો ઇસુખ્રિસ્ત અને કૃષ્ણને માટે વિચાર કરવો જોઇએ. કૃષ્ણ, એક સાત્ત્વિક પુરુષ હતા, મહાપુરુષ હતા, રાજનીતિજ્ઞ હતા અને તેમની સામે જ્યારે ખોટું, ખરાબ અને અસત્ આવ્યું ત્યારે તેમણે તેને ખલાસ કર્યું. તે એક સારી વાત છે. જરાસંઘ, કાલયવન, કાલનાગ જેવા મહાપ્રતાપી રાજાઓને, સમ્રાટોને તેમણે કંઠસ્નાન આપ્યું. સાત્ત્વિક અને નૈતિક દૃષ્ટિએ માનવે કેવા હોવું જોઇએ તે તેમણે સમજાવ્યું, પરંતુ, કૃષ્ણ એ ભગવાનના અવતાર નથી થઇ શકતા.

તેમણે કહ્યું: ‘ઇસા મસીહ એક અવતાર છે. જે કોઇ ભગવાન હશે તે પરમ કારુણિક હોવા જોઇએ. ઇસા મસીહે પ્રત્યેકમાં માંગલ્ય જોયું. ‘પડોશી પર પ્રેમ કરો—(Love thy neighbour)’ એમ કહ્યું. પ્રત્યેકમાં માંગલ્ય જોવાવાળા ઇસા મસીહ છે તે અવતાર હોઇ શકે છે. જે અસત્, ખરાબ હતા તેમને કાપવાવાળા સાત્ત્વિક કહેવાય. જરૂર હશે તેથી માર્યા હશે. તે રાજનીતિજ્ઞ છે, પણ ધાર્મિક નથી અને અવતાર પણ નથી થઇ શકતા.

આ સાંભળીને હું બોલવા ઊભો થયો. મેં કહ્યું: ‘કૉમ્પટન સાહેબ, કે બીજા, જેઓ અહીં ભેગા મળ્યા છીએ તે ન તો ઇસાઇ છે અને ન તો હિંદુ છે. આપણે બધા અહીં તત્ત્વજ્ઞાન-Philosophy નો વિચાર કરવા ભેગા મળ્યા છીએ. માનવજીવનમાં, માનવમાં પડેલા વિકારોમાંથી જેની જરૂર છે તે રાખવાના અને જેની જરૂર નથી તે કાઢવાના, તે કેવી રીતે કાઢવાના? જેના પર બંધન રાખવાનું છે તે કેવી રીતે રાખવાનું? તેની ચર્ચા કરવા માટે અહીં ભેગા મળેલા લોકો વૈશ્વિક છે. વિશુદ્ધ રૂપે જોઇએ તો હું એટલું કહી શકું છું કે જેણે આ સૃષ્ટિ નિર્માણ કરી, જે આ સૃષ્ટિનો સર્જનહાર છે, જે આ સૃષ્ટિને ચલાવે છે, તેણે જ અનેક આકારો પેદા કર્યા છે, નિર્માણ કર્યા છે, તે પોતાનો પણ એક આકાર લેશે, એમાં સંદેહ નથી.

વિશ્વ નિર્માણ કરવાવાળી અને તેને ચલાવવાવાળી શક્તિ જો મનુષ્યાકાર લઇને આવે તો શા માટે આવે? તે શું રમત રમવા માટે આવે? તે શું ફક્ત ‘પડોશી પર પ્રેમ કરો’-Love thy neighbour’ આટલું કહેવાને માટે જ આવે? ઇસા મસીહને માટે આત્યંતિક પ્રેમ રાખીને કહું છું કે ઇસા મસીહ એક સંતચરિત્ર—Saintly character છે. આવા સંતપુરુષો ચંપા, ગુલાબ કે મોગરાના ફૂલ જેવા હોય છે. તેમની સુગંધ જે કોઇને લેવી હોય તે લઇ શકે છે અને ન લેવી હોય તે આઘા થઇ શકે છે. સંતપુરુષો પોતે સુગંધ વહેવડાવતા રહે છે. જગતમાં જેને તે સુગંધ લેવી હોય તે લે, ન લેવી હોય તે ન લે.

જો સૃષ્ટિ ચલાવવાળા ભગવાન મનુષ્યાકાર લઇને આ જગતમાં આવે તો શા માટે આવે? મને લાગે છે કે તે મનુષ્યને જીવન સમજાવવાને માટે આવે. મનુષ્યના જીવનમાં પાંચ ઓરડા હોય છે. એક માનસશાસ્ત્ર (Psychology), બીજું સમાજશાસ્ત્ર (Sociology), ત્રીજું અર્થશાસ્ત્ર (Economics), ચોથું રાજ્યશાસનશાસ્ત્ર (Politics), અને પાંચમું તત્ત્વજ્ઞાન

(Philosophy) હોય છે. આ પાંચેપાંચ ઓરડા જે પ્રકાશિત કરે, એટલું જ નહિ, બે હજાર વર્ષ સુધી જેના સિદ્ધાંતો અબાધિત, અખંડિત રહે, તેને જ અવતાર માનવો જોઇએ. અવતારનું આ કામ છે. અવતાર શું દડાથી રમવા માટે આવે છે? તો એના જેવી બાલિશતા બીજી કઇ હોય શકે? આવ્યા પછી એ રમે છે એમાં સંદેહ નથી, પરંતુ રમવાને માટે તે આવતો નથી. શું તે 'પડોશીને પ્રેમ કરો' આટલું કહીને ચાલી જશે?'

તમે કૃષ્ણચરિત્ર જોશો તો તેમાં તમને મનુષ્યજીવનના બધા ઓરડા કૃષ્ણ ભગવાને પ્રકાશિત કર્યા છે એવું જોવા મળશે. તેમણે કહેલા સિદ્ધાંતો અબાધિત છે. હજારો વર્ષ સુધી તે જ સિદ્ધાંતો મુજબ માનવને જવું પડે એવા સિદ્ધાંતો છે.

આટલું કહેતાં જ તેમણે મને પૂછ્યું: 'કૃષ્ણનું માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજ્યશાસનશાસ્ત્ર શું છે? તેના માટે કંઇ પુસ્તકો છે?' આ વ્યાસપીઠ ઉપરથી કહું છું કે ચાર-પાંચ હજાર વર્ષ સુધી 'કૃષ્ણ, કૃષ્ણ' નામ લઇને, કૃષ્ણને ભગવાન સમજીને જે લોકો ઊભા છે, તે દેશમાં, કૃષ્ણ ઉપર જેટલો અન્યાય થયો છે, તેટલો અન્યાય કદાચ બીજા કોઇ ઉપર નહિ થયો હોય. આ વિષયોમાં એક પણ ગ્રંથ નથી. શું જવાબ આપશો તમે? મહાભારત અને હરિવંશ વાંચો, એમ કહેશો?

एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मनः।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः।। (मनु. २/२०)

કેવળ હિંદુઓને નહિ, સમગ્ર મનુષ્યજાતિને માર્ગદર્શન કરવા તેઓ આવ્યા હતા એવી ભાષા બોલવાવાળા આપણે છીએ. માનવનો વિકાસ, માનવનો ઉદ્ધાર, માનવનું જીવન, માનવનો ભાવ, માનવનું ભગવાન પાસે જવું અને મળવું, એનો જે રસ્તો છે, તે નિશ્ચિત કરવા કૃષ્ણનો અવતાર છે. કૃષ્ણ ભગવાને માનવજીવનના બધા ઓરડા પ્રકાશિત કર્યા છે, તેમના સિદ્ધાંતો આજે પણ અબાધિત છે; પરંતુ, તેમના ચરિત્ર ઉપર સંશોધન (Research) કરવું પડશે. તે વખતે મારે તો તેમને કહેવું પડ્યું કે આવું સંશોધન ભારતમાં થયું નથી, આ દુઃખની વાત છે.

કૃષ્ણચરિત્ર જ્યારે જ્યારે હાથમાં આવે છે ત્યારે મનમાં અપરાધી મનોવૃત્તિ નિર્માણ થાય છે. કૃષ્ણ ભગવાનનું નામ લેવાવાળા **श्रीकृष्णः शरणं मम** – બોલવાવાળા આપણે લોકોએ શ્રીકૃષ્ણને મોટો અન્યાય કર્યો છે. કૃષ્ણને જે કહેવાનું હતું, સમજાવવું હતું, શીખવવું હતું, તેના તરફ આપણું ધ્યાન જ નથી. મને લાગે છે કે તે દિવસે બધા તત્ત્વજ્ઞાનીઓએ, મેં કહ્યો તેવો અવતારનો હેતુ માન્ય કર્યો. કેવળ કૃષ્ણ ભગવાને આ કામ કર્યું છે તે જ આપણે દેખાડવાનું છે. આપણે કૃષ્ણભક્ત છીએ, કૃષ્ણના નામે તેમની જયંતી ઉજવાએ છીએ. કૃષ્ણનાં મંદિરો પણ છે, પરંતુ, એક પણ માણસને એવું નથી લાગતું કે કૃષ્ણના વિચારો સમજવા જોઇએ, ઉપાડવા જોઇએ અને બીજાને સમજાવવા જોઇએ. તેમાંનું કંઇ જ ન કરતાં આપણે કૃષ્ણના ભક્ત છીએ એમ કહીએ છીએ અને આપણે **कृष्णं वन्दे जगदगुरुम्** બોલીએ છીએ. અરે! જગતના જવા દો, તે સી.પી. ટૅંકના નાકે રહેતા લોકોનો પણ ગુરુ નથી! જેના છોકરાઓ પ્રભાવી નથી હોતા તેની માએ રડવું જ પડે છે: સુભાષિતકાર કહે છે:

एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम्।
सहैव दशभिः पुत्रैर्भारं वहति रासभी।।

સિંહણને એક સુપુત્ર હોય તો તે નિર્ભયતાથી સૂઇ જાય છે, પરંતુ, દસ-દસ છોકરાઓ હોવા છતાં ગધેડી તો ભાર જ વહ્યા કરે છે.

કૃષ્ણ નામ ઉચ્ચારતાં જ મને વિચાર આવે છે કે આપણે તેને ન્યાય આપ્યો છે? તેના વિચારો આપણે ઝીલ્યા છે? કૃષ્ણને સમજવાનો આપણે પ્રયત્ન કર્યો છે? કૃષ્ણનો અવતાર શા માટે આવ્યો હતો? શું સમજાવવા માટે અવતાર આવે છે? કૃષ્ણનું નામ આવતાં જ હું પોતે કંપી જાઉં છું કે આપણે તેમની પૂજા કરવાના અધિકારી છીએ કે? તેના ચરિત્ર ઉપર બોલવાના આપણે અધિકારી છીએ કે? અરે, કૃષ્ણનું નામ લેવાના પણ આપણે અધિકારી છીએ કે?

કૃષ્ણચરિત્રનાં ચાર પાસાં છે. પહેલા પાસામાં તેમણે ભક્ત ઉપર પ્રેમની વર્ષા કરી છે. કૃષ્ણ ભગવાન એ પ્રેમના પ્રતીક છે. જન્મ્યા ત્યારથી શરૂઆત કરી, દેહોત્સર્ગ સુધી તેમણે બધાને પ્રેમ જ આપ્યો છે, બીજું કંઇ નહિ. કૃષ્ણ પ્રભાવી રાજનીતિજ્ઞ છે આ તેમનું બીજું પાસું છે. ત્રીજું પાસું એ છે કે દૈવી કામ કરવાવાળાના તે સખા છે. 'જ્યાં જ્યાં દૈવી કામ ચાલતું હશે ત્યાં ત્યાં હું ઊભો રહીશ' એવી તેમની પ્રતિજ્ઞા ગીતામાં છે.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्।। (गीता/९/२२)

અને ચોથા પાસામાં કૃષ્ણ ભગવાન માનવવંશના ઉદ્ધારક છે. ગીતા કહીને તેમણે માનવવંશનો ઉદ્ધાર કર્યો છે. આવું કૃષ્ણ ભગવાનનું ચરિત્ર છે. લડું કે ન લડું? આવી સ્થિતિ અર્જુનની થઇ હતી. આ ચરિત્ર ઉપર બોલવું કે નહિ? લગભગ અર્જુનના જેવી જ મારી સ્થિતિ, કૃષ્ણ પર બોલવાની બાબતમાં થાય છે. તેનાં કરતાં કૃષ્ણ ભગવાનનું એક અષ્ટક ન ગાઇએ!

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम्।
देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥ १ ॥
अतसीपुष्पसंकाशं हारनूपुरशोभितम् ।
रत्नकङ्कणकेयूरं कृष्णं वन्दे जगद्गुरुम् ॥ २ ॥
कुटिलालकसंयुक्तं पूर्णचन्द्रनिभाननम् ।
विलसत्कुंड्मलरदं कृष्णं वन्दे जगद्गुरुम्।। ३ ॥
मंदारगन्धसंयुक्तं चारुहासं चतुर्भुजम्।
बर्हिपिच्छावचूडांगं कृष्ण वन्दे जगदगुरुम् ॥ ४ ॥
उत्फुल्लपद्मपत्राक्षं नीलजीमूतसन्निभम् ।
यादवानां शिरोरत्नं कृष्णं वन्दे जगदगुरुम् ॥ ५ ॥
रुक्मिणीकेलिसंयुक्तं पीतांबरसुशोभितम्।
अवाप्ततुलसीगन्धं कृष्णं वन्दे जगदगुरुम् ॥ ६ ॥
गोपीकानां कुचद्वन्द्वं कुंकुमांकितवक्षसम् ।

श्रीनिकेतं महेश्वासं कृष्णं वन्दे जगदगुरुम् ।। ७ ।।
श्रीवत्सांकं महोरस्कं वनमालाविराजितं।
शंखचक्रधरं देवं कृष्णं वन्दे जगदगुरुम् ।। ८ ।।
कृष्णाष्टकमिदं पुण्यं प्रातरुत्थाय यः पठेत् ।
कोटिजन्मकृतं पापं स्मरणात्तस्य नश्यति ।।

આ સ્તોત્ર પણ કંઇક સમજાવે છે. કૃષ્ણ ભગવાન જગદ્‌ગુરુ છે. જગદ્‌ગુરુનો અર્થ શું કેવળ મુક્તિ આપવાવાળો? પહેલા જ શ્લોકમાં તેમણે પારિવારિક જીવન સમજાવ્યું છે. ભગવાન અવતાર લઇને આવ્યા પણ **वसुदेवसुतम्**–તેમને પિતાનું ગૌરવ છે. પિતૃગૌરવ-એટલે જેનું જીવન પિતાનું ગૌરવ બની જાય, જેનું જન્મવું જ પિતાને ગૌરવપ્રદ લાગે. પરિવારમાં હું તેવો છું કે નહિ તે જોવું જોઇએ. તો જ હું કૃષ્ણનો છું એમ કહી શકાય. મારા જન્મથી મારા પિતાને ગોરવ લાગે છે? આ વિચારવું જોઇએ. જેણે મને નિર્માણ કર્યો છે તે ભગવાન મારા પિતા છે. તેમને મારા જન્મથી ગૌરવ લાગે છે? બધા કૃષ્ણભક્તોએ આ વિચારવું જોઇએ.

कंसचाणूरमर्दनम्–આમાં પુરુષાર્થ છે. પિતાને આનંદ આપવાવાળાનો અર્થ એવો નથી કે ઘરમાં બેસીને તેને પગે લાગ્યા કરે અને પિતાનું માથું દુઃખતું હોય તો દબાવી આપે. પુત્ર પુરુષાર્થી હોવો જોઇએ, તો જ તે પિતાને ગોરવપ્રદ લાગે. કૃષ્ણના જે ભક્ત છે તેમણે પુરુષાર્થી બનવું જોઇએ.

देवकीपरमानन्दम्–માને એવું લાગવું જોઇએ કે આ છોકરાને જન્મ આપીને હું કૃતાર્થ થઇ ગઇ.

कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च येन–જેનાથી કુળ પવિત્ર થઇ જાય, માતા કૃતાર્થતા અનુભવે અને પૃથ્વી પુણ્યવતી બન્યાનું ગૌરવ અનુભવે. નહિ તો છોકરાઓ તો જન્મે જ છે. આવું જીવન એ જ કૌટુંબિક જીવન છે. કુટુંબ ચલાવ્યું તેનો અર્થ શો થયો? છોકરા-છોકરી જન્મ્યા, તેમને મોટા કર્યા અને પરણાવ્યા, એટલે શું કુટુંબ-ચલાવ્યું?

અવતારની કુટુંબ વિષેની કલ્પના જુદી છે. તે જ અહિં પહેલા શ્લોકમાં કૃષ્ણ એવા હતા એ દ્વારા બતાવ્યું છે. કૃષ્ણ જેવા મારે પણ બનાવાનું છે આ તેનો બીજો અર્થ છે. **कृष्णो भूत्वा कृष्णं यजेत्**–કૃષ્ણને બાંધીને રાખવો નથી, તેને જીવનમાં લાવવાનો છે. કૃષ્ણજન્મ મંદિરમાં ન થવો જોઇએ, મારા જીવનમાં થવો જોઇએ. આપણે મંદિરમાં જઇને કૃષ્ણજન્મ કરીએ છીએ અને કરાવીએ છીએ.

તમારે તત્ત્વજ્ઞાની બનવું છે? તો કૃષ્ણ ભગવાનનું જીવન જુઓ. તે જગદ્‌ગુરુ છે. લોકોને કૃષ્ણ ભગવાન તત્ત્વજ્ઞાની નથી લાગતા; કેમ કે તેમણે સંસાર કર્યો છે, લડાઇ લડ્યા છે, વિવિધ દુઃખો તેમણે સહ્યાં છે. આ બધું જોઇને લોકોને એમ લાગે છે કે તે તત્ત્વજ્ઞાની કેવી રીતે હોઇ શકે? તત્ત્વજ્ઞાનીનો અર્થ શું? તે ઉચ્ચ આસન પર બેઠેલો હોવો જોઇએ અને **शान्तम् शान्तम्...** બોલતો હોવો જોઇએ, તો જ તેને તત્ત્વજ્ઞાની કહેવાય? જે હસે છે, રમે છે તે તત્ત્વજ્ઞાની કેવી રીતે હોઇ શકે? તત્ત્વજ્ઞાનીને માટે આવી જે સમજ છે તેનું વસ્ત્રહરણ કૃષ્ણ ભગવાને કર્યું છે.

માણસ પુરુષાર્થી હોવો જોઇએ. માતા-પિતાને આનંદ આપવાવાળો હોવો જોઇએ. જો છોકરો માને છોડે જ નહિ, તેની પાસે જ બેસી રહે, તો તે કેમ ચાલે? તેણે પુરુષાર્થી બનવું જોઇએ. તો જ તેના માટે માતા-પિતાને ગૌરવ લાગે. માણસે પુરુષાર્થી બનવાની સાથે વિનયશીલ રહેવું જોઇએ. નહિ તો છોકરો પુરુષાર્થી બને અને બાપને જેલખાનામાં નાખી દે. આ તો અનાદિકાળથી ચાલતું આવે છે. કોઇ કહેશે કે અમે પિતાને જેલખાનામાં નથી નાખ્યા. અરે, આપણા બધાના પિતા જેલખાનામાં જ છે. ખાઓ, પીઓ, અને રહો—તમને ખાવાનું મળશે, સૂવાને માટે સારી ગાદી મળશે, બેસી જાઓ. તમને બીજું શું જોઇએ? આવું બાપને કહેવામાં આવે તો તે જેલખાનું જ થયું ને! જો તત્ત્વજ્ઞાનનું આ જ પરિણામ હશે તો કુટુંબજ ખલાસ થઇ જશે. તેને તત્ત્વજ્ઞાન જ ન કહેવાય. એ જ કૃષ્ણ ભગવાનને કહેવું છે.

કૃષ્ણ ભગવાને કુટુંબ સ્વીકાર્યું છે, એ મહત્ત્વની વાત છે.

પછી બીજા શ્લોકમાં કહે છે: **अतसीपुष्पसंकाशम्** – કૃષ્ણ ભગવાને હાથમાં અળસીનું ફૂલ લીધું છે. અળસી એક ઔષધિ છે. તે ફૂલ આરોગ્યની દૃષ્ટિએ સારું છે. શરીરમાં કોઇ દુ:ખાવો હોય તો તેનાથી મટી જાય છે. અળસીના ફૂલમાં નથી સુગંધ, નથી બીજી કોઇ વિશેષતા. કૃષ્ણ ભગવાન કહે છે કે **शरीरमाद्यं खलु धर्मसाधनम्**—શરીરને સંભાળો. શરીરની અવગણના કરીને જો તમને તત્ત્વજ્ઞાન જોઇતું હશે તો તે નહિ મળે. શરીરની અવગણના ન થવી જોઇએ. અળસીનું ફૂલ શરીર-રક્ષાનું પ્રતીક છે.

કેટલાક લોકો એવું સમજે છે કે શરીર ખોટું છે, માયા છે. તેના તરફ ધ્યાન ન આપવું જોઇએ. શરીર ફેંકી દો. તમને જેટલું કષ્ટ પડે તે બધું તમે સહન કરો. શરીરને કષ્ટ આપવું જોઇએ.

ફ્રેંક થિલી (Frank Thilli) એ History of Philosophy માં એવું લખ્યું છે કે ભારતમાં તત્ત્વજ્ઞાન (Philosophy) છે જ નહિ. ત્યાં ફક્ત દેવતાર્ચન અને દેહદંડ—સિવાય બીજું કંઇ છે જ નહિ. ફ્રેંક થિલી મોટો તત્ત્વજ્ઞાની છે. આજે કોઇને તત્ત્વજ્ઞાન સાથે એમ.એ. થવું હોય તો ફ્રેંક થિલીનો અભ્યાસ કરીને જ થવાય છે. તેણે પોતાના ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે અરબસ્તાન, ઈરાન અને હિંદુસ્તાનમાં તત્ત્વજ્ઞાન છે જ નહિ. પરંતુ ગીતા કહે છે:

> **कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः।**
> **मां चैवांतः शरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान्।।** (गी. १७/६)

શરીરને પીડા આપવાથી અધ્યાત્મ નથી મળતું. મનના ઉદાત્તીકરણ, બુદ્ધિના શુદ્ધિકરણ તેમ જ આત્માના પવિત્રીકરણથી માણસ આધ્યાત્મિક થાય છે. ભગવાને ગીતામાં ઉપરનો શ્લોક કહ્યો છે કે કેવળ દેહદંડ આપવાવાળો મને જ કષ્ટ આપે છે, માટે તેને અસુર સમજો.

કૃષ્ણ ભગવાનની જીવન તરફ જોવાની એક જુદી જ દૃષ્ટિ છે. તે માન્ય હોય તો જ **कृष्णं वन्दे जगदगुरुम्** થાય.

પછી કહે છે: **हारनूपुरशोभितम्** – ભગવાનના ગળામાં હાર છે. આ કંઇ ફૂલોનો હાર નથી, જીવનનો હાર છે. વસિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય, પતંજલિ અને નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન,

મુક્તાબાઇ, એકનાથ, નામદેવ, તુકારામ આ બધાના જીવન પુષ્પોનો હાર ભગવાનના ગળામાં છે. મારું જીવન પણ તેમના જેવું ઉન્નત બનવું જોઇએ. મારા જીવનને પણ સુગંધ આવવી જોઇએ. મારાં મન અને બુદ્ધિ એટલાં ઉન્નત થવાં જોઇએ કે ભગવાન મને ગળામાં રાખી દે.

नूपुरशोभितम्–ભગવાનના પગમાં નૂપુર શોભે છે. ભગવાનને માટે જીવન એક નૃત્ય છે. **लोकवत्तु लीलाकैवल्यम्**–જીવન એક લીલા છે. જેને જીવન ભયાનક લાગે છે, તિરસ્કરણીય લાગે છે, તુચ્છ લાગે છે, તે કૃષ્ણના તત્ત્વજ્ઞાનનો અધિકારી જ નથી. **तुष्यन्ति च रमन्ति च**–આ ગીતાના તત્ત્વવેત્તાની ભૂમિકા છે. કૃષ્ણના પગમાં નૂપુર છે. આ બધા જ શ્લોકમાં **कृष्णं वन्दे जगद्गुरुम्** લખેલું છે. તેમને શું શીખવવું છે? આખું જીવન સમજાવવું છે. **हारनूपुरशोभितम्**–જીવન આનંદી હોવું જોઇએ એ તેમને કહેવાનું છે. જીવનમાં દુઃખ આવે, એમાં શું છે? એવું એક પણ દુઃખ નથી કે જે કૃષ્ણ ભગવાનના જીવનમાં આવ્યું ન હોય. તેવી જ રીતે એક પણ એવું સુખ નથી જે એમના પગ સામે ન હોય. આમ છતાં કૃષ્ણ અચલ રહ્યા છે.

અરે, અમે ક્લાર્કમાંથી હેડક્લાર્ક થઇએ તો અમારું મગજ ઠેકાણે રહેતું નથી. દુકાનમાં એકાદ વર્ષે-થોડો વધુ નફો થાય તો મગજમાં ગરમી આવી જાય છે. તેને પોતાને પણ ખબર નથી પડતી કે મારું મગજ ખલાસ થઇ ગયું છે. યુનિવર્સિટીની પરીક્ષામાં છોકરો ફર્સ્ટક્લાસ મેળવે કે તેને લાગે છે કે 'હું કંઇ છું.' જીવનમાં સુખ-દુઃખો આવે ત્યારે કેવી રીતે રહેવું તે કૃષ્ણ ભગવાને જીવીને દેખાડ્યું છે. ભગવાનનો અવતાર એટલા માટે જ છે. લોકો પૂછે છે કે કૃષ્ણ જો ભગવાન હતા તો લોકોએ તેમનું માન્યું કેમ નહિ? ભગવાન એ જ તો શીખવવા આવ્યા હતા કે જગતમાં તારું કોઇ માનશે નહિ. તારી ઘરવાળી પણ તારું માનશે નહિ. તારો પુત્ર પણ તારું માનશે નહિ. તારે કુટુંબમાં જ રહેવાનું છે. સુખ-દુઃખમાં અવિચળ રહેવાની વાત ગીતામાં કહી છેઃ

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते।। (ગી. ૨/૫૬)

કૃષ્ણભગવાનનો છોકરો જ તેમનું માનતો ન હતો. તેના મગજમાં બેહોશી આવી હતી. તે વખતે **दुःखेष्वनुद्विग्नमनाः** તેમણે રહી દેખાડ્યું છે. છોકરાએ ન માન્યું તો પણ તે શાંત હતા. **शान्ताकारम् भुजगशयनम्**–શેષનાગ હજાર મોઢાથી ઝેર ઓકતો હતો તો પણ તે શાંતિથી સૂતા હતા. કુટુંબમાં એવા ઝેર તો આવે જ છે. રાતદિવસ આવા પ્રસંગો આવે તેથી શું કુટુંબમાંથી ભાગી જવાનું? દુઃખ પણ આવશે અને સુખ પણ આવશે. તો પણ માણસે સ્વસ્થ રહેવાનું. કૃષ્ણ ભગવાને તેવું જીવી દેખાડ્યું છે. **नूपुरशोभितम्**નો આ અર્થ છે.

रत्नकङ्कणकेयूरम्–આ રત્નો એટલે શું? પથ્થર. ભગવાન કહે છે કે પથ્થરને પણ શોભા છે, પથ્થરની શોભા સમજવાની હિંમત હોવી જોઇએ. પથ્થરમાં શોભા છે. એ બિલકુલ સાચી વાત છે. આપણને પથ્થરની શોભા માન્ય છે? નથી. જેમની પાસે હીરા છે, નવરત્નો છે, તેમને પણ તેની શોભા ખબર નથી. તેમને હીરાની અને રત્નની કિંમત ખબર છે, તેથી તેઓ હીરા, રત્ન વગેરે સંભાળે છે.

પથ્થરને એક શોભા હોય છે. તેમાં એક દિવ્યતા હોય છે. તે જોવાની નજર મળવી જોઇએ.

આપણા ઘરમાં પથ્થર હશે. તેને આપણે અંગ્રેજીમાં Precious stone—કિંમતી પથ્થર કહીએ છીએ. બજારમાં તેની કિંમત (Price) છે તેથી આપણે તેને સંભાળીએ છીએ; પરંતુ, આપણને તેની શોભાની ખબર નથી. પથ્થરને પણ શોભા હોય છે. માણસમાં—સચેતનમાં તો શોભા જોવી જ જોઇએ પણ અચેતનમાં પણ શોભા જોવાની દૃષ્ટિ મળવી જોઇએ, ત્યારે **कृष्णं वन्दे जगद्गुरुम्** થઇ શકે છે. પથ્થર (રત્ન)ની પાછળ દોડવાવાળા લોકોની સામે હું બોલું છું અને છતાં કહું છું કે તેમને પથ્થરની શોભા ખબર નથી, માન્ય નથી. તેમને પથ્થરની કિંમત માન્ય છે; તેથી જ તેમના ઘરમાં પથ્થર (Precious stones) છે.

પથ્થરમાં શોભા જોવાની નજર હોવી જોઇએ. પથ્થર પણ કૃષ્ણના સાન્નિધ્યથી શોભાસ્પદ લાગે છે. કૃષ્ણને શું કહેવાનું છે તે જોવાની નજર મળી છે? કૃષ્ણના જીવનમાંથી, જીવન જીવવાની દૃષ્ટિ લેવી હોય તો બોલો **कृष्णं वन्दे जगद्गुरुम्.**

આ બહુ સુંદર અષ્ટક છે. મને એમ લાગે છે કે કૃષ્ણ પર શું બોલું? તે જન્મ્યા ક્યારે? મથુરામાંથી ગોકુલમાં ગયા કેવી રીતે? નંદરાજાને ત્યાં વસુદેવે તેમને પહોંચાડ્યા કેવી રીતે? વસુદેવે તેમને ગોકુલમાં પહોંચાડ્યા હશે. તેમાં શું છે? તેમાં પણ અર્થ ભરેલો છે; પરંતુ, તેમણે જે જીવનદૃષ્ટિ આપી તે સમજવી જોઇએ.

પથ્થરમાં શોભા જોવાની દૃષ્ટિ મળવી જોઇએ. લોકોને તેની કિંમત ખબર છે તેથી જ સંભાળીને તિજોરીમાં રાખે છે. તેને કોઇ દિવસ બહાર કાઢતા જ નથી. પથ્થરમાં રહેલી શોભા જોવાની દૃષ્ટિ કોણ આપશે? જ્યારે બુદ્ધિ બદલાય છે ત્યારે નજર મળે છે. જ્યાંસુધી બુદ્ધિમાં ફરક થતો નથી ત્યાંસુધી સૃષ્ટિ તરફ જોવાની દૃષ્ટિ બદલાતી નથી. નાનપણથી જ મા-બાપ પોતાના દીકરાથી વિખુટા પડી જાય અને પછી વર્ષો બાદ પોતાનો જ દીકરો સામે આવે છતાં ઓળખી ન શકે. બુદ્ધિમાં ખબર પડે કે આ મારો દીકરો છે કે તરત વર્તનમાં ફરક પડી જાય. બુદ્ધિમાં ખબર પડતાં જ તેના તરફ જોવાની નજર બદલાઇ જાય.

કૃષ્ણ ભગવાનનું જીવન એવું છે કે તેમના સાન્નિધ્યથી પથ્થર પણ શોભાસ્પદ લાગવા માંડ્યા. જડની શોભામાં પણ તેમના સાન્નિધ્યથી વધારો થયો. શોભા મને છે કે પથ્થરને? શોભા મને છે. મારામાં શોભા હશે તો તે પથ્થરમાં પણ આવી જશે. હું કોઇ પણ પથ્થર પહેરીશ તો તેને શોભા આવવી જોઇએ. બુદ્ધિ બદલો. જ્યાંસુધી બુદ્ધિમાં કંઇ આવતું નથી, ત્યાંસુધી કૃષ્ણ ભગવાનની સામે મસ્તક નમાવીએ તેને કિંમત નથી. જેની બુદ્ધિમાં, જેના મસ્તકમાં ભવ્ય વિચારો ભરેલા છે, તે જ ભગવાનની સામે મસ્તક નમાવે તો તેને કિંમત છે. શંકા-કુશંકા, તર્ક-વિતર્ક, ક્ષુદ્રતા જેવા પથ્થરોથી ભરેલું મસ્તક ભગવાનની સામે નમાવીએ તેનો શો અર્થ છે?

ભગવાનની સામે કોણ મસ્તક નમાવે છે? જ્ઞાનેશ્વર નમાવે છે, શંકરાચાર્ય નમાવે છે, તો તેને કિંમત છે. તેના માટે બુદ્ધિ બદલવી પડશે તો **कृष्णं वन्दे जगद्गुरुम्** થાય.

રત્ન એક પાષાણ છે. પરંતુ પથ્થરને પણ શોભા છે તે જોવાની દૃષ્ટિ આવે તો તેને તત્ત્વજ્ઞાની કહેવાય. તેને પથ્થર સમજીને ઉડાવી દેવાવાળો તત્ત્વજ્ઞાની નથી. પથ્થરમાં પ્રભુ છે તેથી તો તેને શોભા છે. તે શોભા જોવી જોઇએ. પથ્થર પણ તેના સાન્નિધ્યથી શોભાસ્પદ લાગે છે.

આપણે પથ્થરનો બહુ સંગ્રહ કરીએ છીએ, પરંતુ તેને કિંમત છે તેથી. તેને શોભા છે એટલા માટે નહિ. રત્નના પૈસા મળે છે એટલા માટે તેનો સંગ્રહ લોકો કરે છે, આમાં આપણી કોઇ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ નથી.

પછી કહે છે: **पूर्णचन्द्रनिभाननम्-कुटिलालक संयुक्तम्-अलक** એટલે વાળ. કૃષ્ણના વાળ વાંકડિયા છે. કૃષ્ણના મુખારવિંદને પૂર્ણિમાના ચંદ્રની શોભા છે. **विलसत्कुंड्मलरदं-रद** એટલે દાંત. તેમના દાંત સફેદ-શુભ્ર કળી જેવા લાગે છે.

જીવનમાં પૂર્ણચંદ્રની મનોહારિતા, શીતલતા અને પ્રકાશ—આ ત્રણેયની આવશ્યકતા છે. મનોહારિતા હોવી જોઇએ, સાથે શીતલતા પણ આવવી જોઇએ. તેમ જ પ્રકાશ પણ હોવો જોઇએ. સ્ત્રીનું મોઢું મનોહારી લાગે છે, પણ ત્યાં પ્રકાશ નથી હોતો. માનતા કરીને આવેલા પુત્રનું મોઢું શીતલ હોય છે, પણ તે પ્રકાશ નથી આપતું. જેના જીવનમાં કંઇ પ્રકાશ છે, શીતલતા છે અને મનોહારિતા છે, તેની પાસે જતાં વિચારોનું અંધારું અને જીવનનું અંધારું ચાલી જાય છે, તેને **पूर्णचन्द्रनिभाननम्** કહે છે. ગોપાલકૃષ્ણ આવા હતા.

विलसत् कुंड्मलरदम्—જેનાથી અન્ન ખાઇએ છીએ તે મોઢું સ્વચ્છ હોવું જોઇએ એટલે કે તમારું ઉપજીવનનું સાધન પણ સ્વચ્છ હોવું જોઇએ. કૃષ્ણ ભગવાનનું મોઢું ખીલેલું હતું.

જીવનમાં સૌંદર્યની નજર આવવી જોઇએ તેવું એમને કહેવાનું છે. **कृष्णाष्टकम्**માં આપણે તેનું વર્ણન જોયું છે. તે વખતે મેં ઘણું કહ્યું હતું. વાળ માટે એક સૌંદર્યની દૃષ્ટિ છે. જીવનમાં સૌંદર્યની દૃષ્ટિ આવશ્યક છે. તેના બદલે આજે તો જે શરીર તરફ ધ્યાન નથી આપતો તેને આપણે તત્ત્વજ્ઞાની સમજીએ છીએ. જેને તત્ત્વજ્ઞાની બનવું છે તેણે પોતાનું શરીર ગંદુ રાખવું જોઇએ, તેણે દાઢી પણ ન કરવી જોઇએ; કારણ જે સારો દેખાય છે તે તત્ત્વજ્ઞાની નથી એવી આપણી સમજણ થઇ ગઇ છે.

વેદમાં કહ્યું છે: **युवा सुवासाः परिवीत आगात्**—યુવાનનાં કપડાં અતિશય સુંદર હોવાં જોઇએ. ગૃહસ્થાશ્રમીને સૌંદર્યની દૃષ્ટિ હોવી જોઇએ.

कृष्णं वन्दे जगद्गुरुम्—લોકો જગદ્‌ગુરૂ કોને સમજે છે? જે ત્યાગ (Renunciation) સમજાવે છે તે ગુરૂ. તત્ત્વજ્ઞાનમાં લાંબા સમયથી આ કચરો આવી ગયો છે. લોકોને યાજ્ઞવલ્કય, શ્રીકૃષ્ણ જેવા મહાપુરુષો તત્ત્વજ્ઞાની જ લાગતા નથી. માણસે જીવનપરાઙ્મુખ ન થવું જોઇએ. જીવનને સુગંધ આવવી જોઇએ. જે જીવનપરાઙ્મુખ થાય છે, જે પલાયનવાદી છે તેના જીવનને કઇ સુંગધ હોય? જીવનમાં કંઇ સમસ્યા આવી કે તે હલ નથી કરી શકતો, તેનાથી દૂર ભાગે છે. આમ જે જીવનમાંથી ભાગનાર છે તેના જીવનને સુગંધ નથી આવતી. જીવનથી ભાગવું ન જોઇએ. પલાયનવાદ (Escapism) તત્ત્વજ્ઞાનમાં બેસતો નથી; તેથી કહું છું કે આ અષ્ટકમાં બધું વર્ણન જગદ્‌ગુરૂનું છે એમ સમજવું જોઇએ, કેવળ કૃષ્ણનું વર્ણન નથી.

જીવનમાં પરાઙ્મુખતાતો ન જ હોવી જોઇએ, એટલું જ નહિ, **चारुहासम्**—ચારુહાસ્ય હોવું જોઇએ. કેટલાક શબ્દો જ એવા હોય છે કે તેનું ભાષાંતર કરવું શક્ય નથી હોતું. **चारु** શબ્દનું

ભાષાંતર થઇ ન શકે. મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ '**इश्श**' શબ્દ બોલે છે. તેનું કયું ભાષાંતર કરશો? તેનો અર્થ બહુ મોટો છે, તેમાં જુદા જુદા અર્થ ભરેલા છે પણ તેનું ભાષાંતર શું કરશો? કેટલાક શબ્દો એવા હોય છે કે તે ભાષામાં જ તમારે સમજવા પડે.

કર્મકાંડમાં પિંડ શબ્દ આવે છે. તેનું ભાષાંતર શું થાય? મેક્સમૂલરે તેનું ભાષાંતર કર્યું છે—Balls of rice—પણ તે પિંડ શબ્દનો અર્થ નથી. પિંડમાં કંઇ વિશેષ છે. ડિક્શનરીમાં તેનો અર્થ ન મળે.

'મા'નો અર્થ શું? તેનો અર્થ ડિક્શનરીમાં નહિ મળે. 'મા' એટલે મા. પિતાની પત્ની એ માનો અર્થ નથી. તેમાં માનો અર્થ જ ખતમ થયો. 'મા' શબ્દમાં જ તેનો અર્થ પડ્યો છે. આવી રીતે **चारु** શબ્દનો અર્થ તે ભાષામાં જ સ્વીકારવો પડશે. આત્મીયતા, આકર્ષકતા અને સુંદરતા, જ્યાં એકી સાથે છે તે હાસ્યને **चारुहास्य** કહે છે.

કેટલાક હાસ્યમાં આકર્ષકતા હોય તો સુંદરતા નથી હોતી, કારણ, આકર્ષકતા ઉપયુક્તતાથી આવે છે. કોઇ વ્યક્તિ ઉપયુક્ત હોય તો તે આકર્ષક લાગે છે. તે સુંદર ન પણ હોય. કોઇ સુંદર હોય પણ ઉપયુકત ન હોય તો આકર્ષક નથી લાગતો. સુંદરતા, આકર્ષકતા અને આત્મીયતા સાથે હોય તો તેમાં ચારુત્વ આવે છે.

ટેનિસન જેવો મહાકવિ આત્મઘાત કરવા જતો હતો; પરંતુ, તેણે એક બાળકનું હાસ્ય જોયું. તો મરવા નીકળેલો ટેનિસન પાછો ફર્યો. તેને બાળકનું હાસ્ય જોઇને એવું લાગ્યું કે આ બાળકના જીવનમાં કંઇ હસવા જેવું છે તો મારા જીવનમાં કેમ નથી? હું તો ભણેલો છું. હું વાંચી શકું છું, જોઇ શકું છું, સમજી શકું છું, તો પણ મારા જીવનમાં આનંદ નથી? અને આ બાળકના જીવનમાં આનંદ છે! આમ એક બાળકના હાસ્યે ટેનિસનને આત્મહત્યામાંથી બચાવ્યો હતો.

ઉપનિષદમાં બ્રહ્માનંદનું વર્ણન કરતી વખતે મનુષ્યાનંદથી શરૂઆત કરીને બ્રહ્માનંદ સુધીનું વર્ણન કર્યું છે. આનો અર્થ એ છે કે બ્રહ્માનંદનું વર્ણન કરવું અશક્ય છે.

હાસ્ય અલગ અલગ પ્રકારના છે. તરુણીના હાસ્યમાં કામુકતા, શિષ્યના હાસ્યમાં વિનય, ગુરુના હાસ્યમાં પ્રસન્નતા, અર્ભકના હાસ્યમાં ભાવશૂન્યતા તેમ જ ભાવપ્રવણતા હોય છે. પરાયાના હાસ્યમાં ઉપહાસાત્મકતા હોય છે. જુદા જુદા હાસ્યમાં જુદા જુદા ભાવ હોય છે. આ બધું જેમાં ભેગું થાય છે તેને ચારુહાસ્ય કહે છે. એનો અર્થ એ છે કે સમય સમય પર જે હાસ્યમાં જુદા જુદા બધા તરંગો આવે છે, તે ચારુહાસ્ય છે. હાસ્યને માટે સંસ્કૃત ભાષામાં જુદા જુદા શબ્દો છે. તેના જુદા જુદા અર્થ છે. જેટલો તમારો માનસિક વિકાસ હશે તેટલું હાસ્યનું પરિણામ થશે. આ દૃષ્ટિથી અંગ્રેજી ભાષા કંગાલ છે. તેમાં હાસ્યને માટે Laugh, Smile—આવા એકાદ બે શબ્દો જ છે. સંસ્કૃત ભાષામાં વિવિધ હાસ્યના ભાવ પ્રમાણે જુદા જુદા શબ્દો છે. હાસ્ય જુદું, સ્મિત જુદું. ગુજરાતીમાં ક્રૂર હાસ્ય માટે એક શબ્દ વાપરે છે, 'દાંત કાઢવા'—ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફ આ શબ્દનો ઉપયોગ વધારે થાય છે. 'દાંત કાઢવા'—અંદરથી કોઇ ભાવ-લાગણી ન હોય તો પણ તે હસે ત્યારે આ શબ્દ વાપરે છે. જેના જીવનમાં **चारुहास्य** આવ્યું છે તેને તત્ત્વજ્ઞાની કહે છે.

चतुर्भुजम्—ભગવાન ચતુર્ભુજ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—આ ચતુર્વિધ પુરુષાર્થ સમજાવવા માટે ભગવાનને ચતુર્ભુજ બનાવ્યા છે. નહિ તો ભગવાનને ચાર હાથ શા માટે? એક હાથથી ન ચાલે? એક હાથ હોય તો અમાનવીય લાગે. તો બે હાથ ન ચાલે? મને કેટલાક લોકોએ પૂછ્યું: 'યોગેશ્વરને કેટલા હાથ હતા? યોગેશ્વરના ચાર હાથ હોવા જોઇએ કે નહિ?' મેં કહ્યું: 'યોગેશ્વરને તો લાખો હાથ હતા, તેથી ઓછામાં ઓછા બે બસ થયા. એક હાથ મને સંભાળવા માટે અને બીજો હાથ લપડાક મારવા માટે. કંઇ ભૂલ થાય તો લપડાક મારે અને કંઇ સારું કરીશ તો શાબાશી આપશે.'

વિષ્ણુ ભગવાનને ચાર હાથ છે. એક એક હાથમાં એક એક પુરુષાર્થ સમજવાનો. **धर्मार्थकामा सममेव सेव्याः**—આ તત્ત્વજ્ઞાન છે. ધર્મ જ લઇને બેસી રહેશો તો તમે તત્ત્વજ્ઞાની નથી. તેવી જ રીતે સવારથી રાત સુધી કેવળ અર્થનો જ વિચાર, મંદિરમાં પણ અર્થનો જ વિચાર, તેના માટે જ મંદિરમાં જવાનું તો તમે તત્ત્વજ્ઞાની નથી. તમે મંદિરમાં જતાં હશો તો પણ તમને કોઇ તત્ત્વજ્ઞાની નહિ કહે. ધર્મ, અર્થ અને કામ-સમાન રીતે સેવવાના. આ કેટલી સુંદર વ્યવસ્થા હતી? આ ત્રણેયને સમાન કલાક આપવાના. તેવી જ રીતે, ધર્મ, અર્થ અને કામ—આ ત્રણેયનું મોઢું મોક્ષ તરફ હોવું જોઇએ.

बर्हिपिच्छावचूडांगम्—મોરપિચ્છનું શિરોભૂષણ જેને છે—મોર એ સરસ્વતીનું વાહન છે. જે સરસ્વતીનું વાહન બનવાનો પ્રયત્ન કરે છે, તેને કૃષ્ણ ભગવાન માથા પર ધારણ કરે છે. કોઇ પૂછશે: 'તો બધા સુશિક્ષિત લોકોને કૃષ્ણભગવાન માથા પર લેશે?' આ ભણેલા લોકો સરસ્વતીને નથી ઉપાસતા. કોઇએ કંઇ Technical અભ્યાસ કર્યો હોય તો તેણે સરસ્વતી ઉપાસી છે એમ ન કહેવાય. Technical અભ્યાસ એ સરસ્વતીની ઉપાસના ન કહેવાય. રોટલી બનાવવી હોય તો પણ જ્ઞાનની જરૂર પડે છે. તમે રોટલી બનાવવાનો પ્રયત્ન કરી જુઓ. તમને તેનું જ્ઞાન નહિ હોય તો તમે રોટલી નહિ બનાવી શકો. આમ છતાં તમે કદાચ રોટલી બનાવશો તો તેનો આકાર કદાચ હિંદુસ્તાનના નક્શા જેવો થશે. રોટલી કાચી જ રહેશે રોટલી બનાવવામાં પણ જ્ઞાન જોઇએ. ઇલેક્ટ્રિસિટિનું વાયરીંગ કરવું હશે તો તેમાં પણ જ્ઞાનની જરૂર પડશે. આવા જ્ઞાનને સરસ્વતી કહેવાય? જગતમાં જ્ઞાન ઘણા પ્રકારનું છે. ગમે તે માણસ ગાયને દોહી ન શકે ગાય ને દોહવી એ પણ જ્ઞાન છે પરંતુ તે સરસ્વતીમાં બેસતું નથી.

સરસ્વતી કોને કહેવાય? જીવનમાં રહેલા ક્ષુદ્રતા, પાપ, વિકાર વગેરેને જે કાઢી નાખે અને ભવ્યતા, પ્રસન્નતા લાવે તેને સરસ્વતી કહેવાય. ભગવતમાં વાઙ્મયની વ્યાખ્યા અતિશય સુંદર છે. **स वाग्विसर्गः जनताघविप्लवः।** વાઙ્મયની આટલી સુંદર વ્યાખ્યા મને આજ સુધી કોઇ જગ્યાએ મળી નથી. તેને વાઙ્મય-સરસ્વતી-કહો કે જે ક્ષુદ્રતા, પાપ, દીનતા, લાચારી—આવા 'અઘ'ને કાઢી નાખે. કેવળ આ દુર્ગુણો કાઢી નાખીને ન ચાલે. વાઙ્મયે, સરસ્વતીએ જીવનમાં ભવ્યતા અને પ્રસન્નતા લાવવી જોઇએ તો તેને સરસ્વતી કહેવાય. આવી સરસ્વતીનું જે વાહન બને તેને ભગવાન માથા પર ધારણ કરે છે.

એક જમાનામાં બ્રાહ્મણ સરસ્વતીનાં વાહનો બનતા હતા, તેથી જ **भूदेव** કહેવાતા હતા,

ભગવાનના પ્રિય ગણાતા હતા.

उत्फुल्लपद्मपत्राक्षम्—જેની આંખો વિકસિત કમલપત્ર જેવી છે તે. તત્ત્વજ્ઞાની એ આંખ બંધ કરીને બેસવાનું નથી. આંખ બંધ કરીને કોણ બેસે? જેને કશું જોવું નથી, જાણવું નથી, સમજવું નથી, તે આંખ બંધ કરીને બેસે. ભગવાનનાં નેત્રો તો ખીલેલા કમળપત્ર જેવા મોટાં છે, ખુલ્લાં છે. ભગવાનનાં નેત્ર વિશાલ છે એમ સમજાવે છે. ભગવાનનાં નેત્રો એટલાં વિશાલ છે કે નાનામાં નાનું પાપ પણ તે જોઇ શકશે. તેવી જ રીતે, વિશ્વાસ રાખો કે ભગવાનની આંખ એટલી વિશાલ છે કે નાનામાં નાનું સત્કર્મ પણ તેની આંખમાં નોંધાઇ જશે.

ભગવાનની આંખ વિશાલ છે એવું વર્ણન છે. આવું વર્ણન વાંચીને કેટલાક લોકો ભગવાનની મૂર્તિની-ખાસ કરીને માતાજીની મૂર્તિની-આંખ એટલી બધી મોટી બનાવે છે કે તે જોતાં જ ડર લાગે. આવી મૂર્તિ જોઇને મને તો ડર લાગે. હું તો કહું કે મા! તારી આંખ આવી ભયંકર હોય તો મારે તારી પાસે નથી આવવું. મૂર્તિપૂજા કરતી વખતે, મૂર્તિની આંખ અતિશય સુંદર, પ્રેમાળ લાગવી જોઇએ.

ભગવાનની આંખ વિશાલ છે એમાં અર્થ ભરેલો છે. મોટા લોકોનાં, મહાપુરુષોનાં સત્કર્મો વિશ્વમાં જાહેર થઇ જાય છે. તેમની પ્રશંસા થાય છે અને વિશ્વમાં બધાને ખબર પડી જાય છે. સામાન્ય માણસે કરેલું નાનકડું સત્કર્મ કોને ખબર પડે? કોઇને નહિ. પણ તેનું નાનકડું સત્કર્મ પણ ભગવાનની વિશાલ આંખમાંથી છટકી શકતું નથી, તે ત્યાં નોંધાઇ જાય છે.

વિશાલ આંખનો બીજો અર્થ એ છે કે ભગવાન ભવિષ્યનું પણ જુએ છે. આજે એકાદ જીવ પતિત હશે, ચોર હશે, પાપી હશે, પરંતુ, આવતી કાલે તે સંત પણ થશે. આવી દૃષ્ટિથી ભગવાન જ જુએ છે. આજે જીવ કેવો છે, તે ભગવાન જોતા નથી. તે ભવિષ્ય જુએ છે. કાલે તે કોણ બનશે તે ભગવાન જુએ છે. તેવી જ રીતે, ગઇ કાલે તે જીવ કેવા હતો તે પણ ભગવાન જુએ છે.

ભગવાનને આપણી આવતીકાલ ખબર છે. આપણને આજે કંઇ બક્ષિસ મળે છે તેનું કારણ શું છે? ભગવાન કાલનું જુએ છે. એકાદ માણસ આજે નવી ફેક્ટરી શરૂ કરે અને તે એવી ચાલવા લાગે કે પૂછો નહિં. તે વખતે તેણે વિચારવું જોઇએ કે મારી જ ફેક્ટરી આટલી સારી કેમ ચાલી? બીજાની કેમ ચાલતી નથી? આ 'શા માટે?' નો પ્રશ્ન જેના માગજમાં ઊભો થતો નથી, તેને મગજ જ નથી. મને જ આ શા માટે મળ્યું? તેની પછવાડે કંઇ કારણ હશે. મારી પાસે કર્તૃત્વ છે તેવું કર્તૃત્વ બીજા પાસે પણ હશે. મારા જેવી જ બુદ્ધિમત્તા બીજા પાસે પણ હશે. તો પછી આટલું સારું ફળ મને જ કેમ મળ્યું? આવો પ્રશ્ન જો બુદ્ધિમાં ઊભો થતો ન હોય તો તેને બુદ્ધિ જ નથી.

ભક્તિની બાબતમાં પણ આવું જ છે. મૂર્તિપૂજા શા માટે કરવાની? આ પ્રશ્ન જ કોઇના મગજમાં ઊભો થતો નથી. દાદાએ કરી, બાપાએ કરી, તેથી પોતે પણ ભક્તિ કરે છે. પૂજા શા માટે કરવાની? મૂર્તિ શા માટે માનવાની? આવો પ્રશ્ન જ માણસના મગજમાં ઊભો થતો નથી અને તેને આવો પ્રશ્ન ઊભો કરવો પણ નથી. કેટલાકને તો એવું લાગે છે કે આવો પ્રશ્ન ઉઠાવવો એ પાપ છે.

ભગવાન મારું કાલનું જુએ છે તેથી જ મને આજે આવું ફળ આપ્યું છે. કેટલાક લોકો જેલખાનામાં હોય છે. તેમને જેલમાં અસહ્ય પીડા સહન કરવી પડે છે. તે જોયા પછી આપણને દુઃખ થાય છે; જે જેલખાનામાં પીડાય છે, તેણે કોઇ એક આખા કુટુંબને કાપી નાખ્યું હતું. તેની આપણને ખબર નથી, પણ સરકારને ખબર છે તેથી જ સરકાર તેને સજા કરે છે.

આવું જ આ સૃષ્ટિમાં ચાલે છે. આપણી બુદ્ધિનું ટમટમિયું છે. તેનાથી આઘેનું દેખાય કેવી રીતે? બુદ્ધિનું ટમટમિયું જેટલું દેખાડે તેટલું જ આપણે જોઇ શકીએ. ભગવાનને જીવમાત્રનો ભૂતકાળ ખબર છે. તેવી જ રીતે તેનો ભવિષ્યકાળ પણ ખબર છે; તેથી તે **उत्फुल्लपद्मपत्राक्षम्** છે.

नीलजीमूतसन्निभम्-मूत्નો અર્થ વાદળ છે. નીલ વાદળ જેવો જેનો વર્ણ છે. સંસ્કૃત ભાષામાં નીલવર્ણ ભવ્યતાનો સૂચક છે. જ્યાં જ્યાં ભવ્યતા છે ત્યાં નીલવર્ણ છે. સમુદ્ર પાસે ભવ્યતા છે, તેથી જ સમુદ્રનો વર્ણ નીલ છે. આકાશ તરફ જોઇએ તો તેનો નીલવર્ણ છે. અહીં સફેદ કે કાળા વાદળ જેવો વર્ણ ન કહેતાં નીલવર્ણ કહે છે. શ્રીકૃષ્ણ ભગવાન પાસે ભવ્યતા છે.

यादवानां शिरोरत्नम्—તે યાદવોના નેતા છે. યાદવોના નેતા બનવું મુશ્કેલ હતું. એનું કારણ યાદવો બુદ્ધિશાળી હતા. બહુ બુદ્ધિશાળી લોકોના નેતા બનવું બહુ જ મુશ્કેલ હોય છે. અભણ બકરા જેવા લોકોના નેતા બનવું સહેલું છે. એનું કારણ ત્યાં એક માણસ ઊભો થાય કે તેને જોઇને બીજો અને ત્રીજો પણ ઊભો થાય. ત્યાં Mob-psychology કામ કરે છે. યાદવોનું વર્ણન એવું છે કે તે ટોળાના લોકો ન હતા. તે બહુ સુધરેલી અને બુદ્ધિશાળી જાત હતી. તેથી જ યાદવોએ પ્રજાતંત્ર રાજ્ય (Republic) ઊભું કર્યું હતું. તેમની પાસેથી કામ લેવા માટે શ્રીકૃષ્ણને જાતજાતની યુક્તિઓ કરવી પડી હતી.

ગોકુલમાં શ્રીકૃષ્ણ ભગવાને એક વખત કહ્યું કે તમે ઈંદ્રપૂજા શા માટે કરો છો? તેનાં કરતાં ગોવર્ધનપૂજા કરો. તો અર્ધી સેકંડમાં લોકોએ ઈંદ્રપૂજા છોડી દીધી અને ગોવર્ધનપૂજા શરૂ કરી. ભગવાને એક ભાષણ આપ્યું અને પરંપરાથી પેઢી દર પેઢી ચાલી આવતી ઈંદ્રપૂજા છોડીને લોકોએ ગોવર્ધનપૂજા કરી.

अति यजेत नीजां यदि देवतां उभयतश्च्यवते जुषतेप्यधम्।
क्षितिभृतैव सदैवतका वयं वनवताऽनवता किम हिद्गुहा॥

કૃષ્ણ ભગવાનનું પ્રવચન સાંભળીને ગોપાલો બદલી ગયા, પરંતુ આવા એકાદ પ્રવચનથી યાદવો બદલી જાય એવા ન હતા. ગોપાલો ભાવુક હતા પરંતુ, યાદવો અક્કલમંદ હતા. આવા યાદવોના શ્રીકૃષ્ણ શિરોરત્ન હતા. તે કાળે યાદવોએ જ પ્રજાતંત્રરાજ (Republic) બહુ સુંદર રીતે ચલાવી દેખાડ્યું હતું. તે સમયે કંસ, જરાસંધ, કાલયવન વગેરે એકહથ્થુ સામ્રાજ્યો હતાં વૃષ્ણીસંઘનો અને આ સમ્રાટોનો તે જ ઝઘડો હતો. કૃષ્ણ રાજા ન હતા તે વૃષ્ણીસંઘના પ્રમુખ હતા. તેથી જ કહ્યું છે—**यादवानां शिरोरत्नम्।** નેતાના પણ ઘણા પ્રકારો છે. આપણે કયાં નેતા બનવું છે? આપણે તો ભક્ત બનવું છે.

रुक्मिणीकेलिसंयुक्तम् – ક્રીડા કરવાવાળા કૃષ્ણ **पीतांबर सुशोभितम्** પીતાંબરથી સુશોભિત

અને **अवाप्ततुलसीगन्धं**–તુલસીની સુગંધ જેને આવે છે તેવા જગદ્‌ગુરુ કૃષ્ણને અમારા નમસ્કાર.

શ્રીકૃષ્ણ તત્ત્વજ્ઞાની હતા, જગદ્‌ગુરુ હતા અને છતાં સંસારી હતા. તત્ત્વજ્ઞાની હોય અને છતાં સંસારી હોય તે ફક્ત આ જ દેશમાં બની શકે છે. આપણા દેશમાં ઋષિઓ તત્ત્વજ્ઞાની હતા; પરંતુ એક પણ ઋષિ એવો નથી, જેને ઋષિપત્ની ન હોય. એક ગેરસમજણ આવી ગઇ છે કે જે તત્ત્વજ્ઞાની હોય તેણે સંસારથી આઘા રહેવું જોઇએ. સંસારી-પારિવારિક થવાથી અધ્યાત્મમાં કંઇ સ્ખલન થતું નથી. ખરો અધ્યાત્મ શું છે તે સમજવું જોઇએ.

પરિવાર ચલાવવો કઠણ છે. માણસ સંન્યાસી બની શકે છે; પણ પારિવારિક બનવું મુશ્કેલ છે, અશક્ય લાગે છે. એનું કારણ, અધ્યાત્મ જીવનમાં લાવવાનો છે. પોતે મરવું નથી અને બીજાને મારવો નથી અને રહેવું છે. આ કઠણ છે.

કેટલાક લોકોને લાગે છે કે જે તત્ત્વજ્ઞાની હોય તેણે સારાં કપડાં પહેરવાનાં નહિ. કૃષ્ણ તત્ત્વજ્ઞાની છે, જગદ્‌ગુરુ છે. તે સુંદર વસ્ત્રો પહેરતા હતા. આ શરીર એક મંદિર છે, દેવળ છે. અંદર ભગવાન બેઠા છે. આ જ તત્ત્વજ્ઞાન છે. આ જો તત્ત્વજ્ઞાન હોય તો તમારે શરીર સારું અને સ્વચ્છ રાખવું જોઇએ. આજે તો એવી સમજણ આવી છે કે જે સ્નાન કરતો નથી, મેલો-ઘેલો રહે છે, લઘરવઘર કપડાં પહેરે છે, જે શરીર તરફ બિલકુલ ધ્યાન આપતો નથી, શરીરની સંભાળ લેતો નથી, 'શરીરનું જે થવાનું હોય તે થવા દો' આવું જે બોલે છે તે તત્ત્વજ્ઞાની Philosopher છે એવી માન્યતા ઘર કરી ગઇ છે. આ જ વિકૃતિ છે. આને જ કલિયુગ કહેવાય. આજે વિપરીત ધર્મ ઊભો થયો છે. તેનું આ પરિણામ છે.

શ્રીકૃષ્ણ ભગવાન તો કહે છે કે સુંદર કપડાં પહેરવાવાળો પણ આધ્યાત્મિક હોઇ શકે છે, તત્ત્વજ્ઞાની હોઇ શકે છે.

अवाप्ततुलसीगन्धम्–તુલસીને જે સુગંધ છે, તે ભાવની સુગંધ છે. તેને ભોગની ગંધ નથી. તુલસી પાસે કોઇ ભોગ નથી, ભાવ છે. તેની પાસે ભોગની અપેક્ષા પણ નથી. તુલસી શું આપે છે? તે છાંયડો આપતી નથી, ફળ કે ફૂલ પણ આપતી નથી. પરંતુ તુલસીને ભાવની ગંધ છે. એ જેને આવે છે અથવા એની જેને ખબર પડે છે, આવા કૃષ્ણને નમસ્કાર.

गोपिकानां कुचद्वन्द्वं – તે જ્યારે નાના હતા ત્યારે પ્રત્યેક ગોપીને પોતાના લાગતા હતા. બાળપણ આવું જ હોવું જોઇએ. **श्रीनिकेतं महेष्वासं**–યુવાન થયા પછી લક્ષ્મીની સાથે લગ્ન કર્યાં. જે વિશુદ્ધ છે તેને લક્ષ્મી કહેવાય છે. પૈસાને લક્ષ્મી નથી કહેતા. વિશુદ્ધતાને લક્ષ્મી કહે છે. ભાગ્યલક્ષ્મી, સૌંદર્યલક્ષ્મી, ગુણલક્ષ્મી–આ બધું વર્ણન **श्रीसूक्त**માં છે. કોઇની પાસે ચાર પૈસા હોય એટલે તેની પાસે લક્ષ્મી છે એવું આપણે કહેતા નથી. નારાયણની પાસે લક્ષ્મી છે તો તેને રૂપિયાની નોટો ચીટકેલી છે એવું કોઇ કહે છે? નથી કહેતું. એનું કારણ રૂપિયાની નોટનું અવમૂલ્યન થઇ શકે છે. જેને (Value) મૂલ્ય હોય છે તેનું અવમૂલ્યન પણ થાય છે. તે લક્ષ્મી કેવી રીતે હોઇ શકે? માનવ જેનું અવમૂલ્યન કરી શકે તેને લક્ષ્મી ન કહેવાય.

તો શું સોનું લક્ષ્મી છે? તે પણ લક્ષ્મી નથી. કારણ, તેની કિંમત પણ ઘટી જાય છે. તો

રત્ન લક્ષ્મી છે? રત્ન પણ લક્ષ્મી નથી. સૌંદર્યલક્ષ્મી, ભાગ્યલક્ષ્મી, ગુણલક્ષ્મી—આવી જુદી જુદી લક્ષ્મી કહી છે.

कृष्णाष्टकमिदं पुण्यं... આ કૃષ્ણાટક જે વાંચે તેના કોટી જન્મનાં પાપો પણ ચાલ્યાં જાય છે. આમાં 'સ્મરણ' આ વાત અસલી છે. કૃષ્ણના નામમાં એક એવી સુગંધ છે, એક એવું તેજ છે, ઓજ છે કે કૃષ્ણનું નામ ઉચ્ચારતાં જ સૂતેલો માણસ બેઠો થાય, બેઠેલો ઊભો થાય, ઊભો રહેલો ચાલવા લાગે અને ચાલતો રહેલો દોડવા લાગે. કૃષ્ણના નામમાં આટલી શક્તિ છે.

આજે **कृष्णं वन्दे जगद्गुरुम्** – બોલવાવાળાની સૂરત કેવી હોય છે તે જુઓ! તેની રોતી સૂરત હોય છે. આવા રોતી સૂરતવાળા કૃષ્ણને નમસ્કાર કરે તેને શો અર્થ? અરે! ભગવાન મારી સાથે છે તો મારી સૂરત રોતી ન હોવી જોઇએ. હું જરૂર રડીશ, પરંતુ, ભાવાશ્રુ વહાવીશ. જીવનમાં આવી એક દૃષ્ટિ મળવી જોઇએ એવું આ અષ્ટક સમજાવે છે.

આ અષ્ટકમાં **कृष्णं वन्दे जगद्गुरुम्** કહીને કૃષ્ણને જગદ્‌ગુરુ કહ્યા છે જગદ્‌ગુરૂ જીવન અને જીવનાર્થ સમજાવે છે. જીવનના વિવિધ પાસાંઓની દૃષ્ટિથી કૃષ્ણનું ચરિત્ર જોવું જોઇએ. કૃષ્ણ ભગવાનને માટે, આ ભગવતૂતત્ત્વને માટે ઘણા લોકોને શંકા પણ નિર્માણ થાય છે. એનું કારણ, ભગવાન બુદ્ધ બધું છોડીને શાંતિથી બેસી ગયા હતા. સંસારી માણસોને તે પોતાના જેવા નથી લાગતા, શ્રેષ્ઠ લાગે છે; પરંતુ કૃષ્ણ તેવા લાગતા નથી, કારણ, તે સંસારી લાગે છે.

કૃષ્ણ ભગવાન તત્ત્વજ્ઞાન કહેવાવાળા છે, Reality—સત્ સમજાવવાવાળા, છે પરંતુ, Unreal—અસત્ નિર્માણ થયું છે તે પણ સમજાવવાવાળા છે. Philosophy is a science of Reality, તે સત્ (Reality)નું Science છે. Realityમાં શુદ્ધ બ્રહ્મ હોય, બીજું કંઇ હોતું નથી. શુદ્ધ બ્રહ્મને પકડીને ચાલવાનું છે; પરંતુ જે Unreal—અસત્ ઊભું થયું છે, વિપરીત જ્ઞાનથી તે ઊભું થયું છે, તેની સાથે પણ કેવી રીતે રહેવાનું તે કૃષ્ણ ભગવાને સમજાવ્યું છે.

કૃષ્ણ ભગવાનને નમસ્કાર કરવા છે. બીજું કંઇ આપણા હાથમાં નથી. આપણે કૃષ્ણચરિત્રને ન્યાય આપ્યો નથી. આપણે તેમના પર અન્યાય કર્યો છે એટલી વાત પણ સમજાઇ હોય તો આપણી કૃષ્ણપૂજા થઇ ગઇ એમ સમજો. આપણે ફક્ત કૃષ્ણનું મંદિર બનાવ્યું છે. તે જે માટે આવ્યા હતા તેના માટે આપણે કશું કર્યું નથી. આવી અપરાધી મનોવૃત્તિ ઊભી થઇ હોય તો કૃષ્ણ ભગવાનને નમસ્કાર કર્યા એવું સમજી લો.

દશમ સ્કંધમાં ભાવવિભોર સ્થિતિ છે. ભગવાન પાસે કંઇ બોલવું જોઇએ. શરૂમાં લાગે છે કે ભગવાન પાસે જવું મુશ્કેલ છે, અશક્ય છે અને અયોગ્ય પણ છે; પરંતુ, પછી સમય જતાં તેમની પાસે જઇ શકાય છે.

દશમ સ્કંધ પૂર્ણાવતારનો સ્કંધ છે. તેમાં પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ ભગવાનનું ચરિત્ર એવી રીતે કહેવામાં આવ્યું છે કે તે કોઇપણ વ્યક્તિને મોહિત કરે. આ પવિત્ર ભૂમિ પર ભગવાને માનવી દેહ લઇને અધર્મરત દુષ્ટજનોને સજા કરીને ધર્મસંસ્થાપના કરી અને હજારો વર્ષ સુધી માનવને માર્ગદર્શન આપ્યું. ભારતના હૃદયસમ્રાટ કૃષ્ણની કૃષ્ણલીલામાં નારદ, શુકદેવ જેવાં નરરત્નો તન્મય થઇને બ્રહ્માનંદમાં લીન થઇ ગયાં. કૃષ્ણના બનવા માટે હજારો લોકોએ ભૌતિક સુખ અને

પારિવારિક સુખને લાત મારી. એટલું જ નહિ, કૃષ્ણલીલા જ્યાં થઈ તે ગોકુલ, વૃંદાવન અને મથુરા જેવાં જડ સ્થળો પણ ચિન્મય બની ગયાં. કૃષ્ણનું લીલાચાતુર્ય અદ્‌ભુત જ હતું તેમાં સંદેહ નથી; પરંતુ તેમનું અભૂતપૂર્વ અને અક્ષય કાર્ય કોઇ હશે તો તે ધર્મસંસ્થાપનાનું અને વિચારપ્રદાનનું!

ભગવાનના વિવિધ અવતારો થયા છે. તેમાં તેમણે વેદોનો ઉદ્ધાર કર્યો છે, વેદ રક્ષા કરી છે. દાનવોનો સંહાર કર્યો છે, યજ્ઞયાગદિ સંભાળ્યા છે; પરંતુ કૃષ્ણાવતારમાં તેમણે નાનો પણ બહુ મોટો હિતકારક ગ્રંથ આપ્યો છે કે જે અજોડ છે! તે ગ્રન્થ એટલે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા! જ્યારે દેહોત્સર્ગનો સમય આવ્યો ત્યારે ઉદ્ધવને નિમિત્ત બનાવીને ભાગવતધર્મનો ઉપદેશ આપ્યો તે પણ ચિરંતન છે. તેમાં સમસ્ત સંસારના ભાવજીવનની પુષ્ટિ અને આધ્યાત્મિક જીવનનું કલ્યાણ તેમણે સમજાવ્યું છે. આવી બે વિચારધારા આપીને કૃષ્ણ ભગવાને અલૌકિક કામ કર્યું છે. કૃષ્ણાવતાર ભાવજીવનની પુષ્ટિ અને આધ્યાત્મિક જીવનનું કલ્યાણ કરનાર અવતાર છે. ભગવાનના અવતારકાર્ય તરફ જોયા પછી તૃપ્તિ આવે છે. તેથી જ આપણે તેમને પૂર્ણાવતાર કહીએ છીએ.

ચિરંતન માર્ગદર્શન કરવાવાળી જે અક્ષય ગીતા છે તેના માટે કેટલાક લોકો બાલિશ વાતો પણ બોલે છે, 'તમે એમ કહો છો કે ગીતા જીવનની બધી સમસ્યાઓ હલ કરે છે તો અમારી સાઈકલનું ટાયર પંક્ચર થયા પછી તેમાં ગીતા શું કરશે?' આવું બોલવું કેટલું બાલિશ છે? જ્યારે મહાપુરુષો એમ કહે છે ગીતા જીવનની બધી સમસ્યાઓ હલ કરે છે ત્યારે તેનો અર્થ એવો છે કે ગીતા જીવન સમજાવે છે. ગીતા કંઇ રસોઈની વાનગીઓ કેમ બનાવવી તે કહેતી નથી.

કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડ્યો, પૂતનામાસીને મારી, આ વાતોનું શું મહત્ત્વ છે? બ્રહ્માંડમાં રહેલા ગોળાઓ જેણે ઉપાડી રાખ્યા છે, એક ક્ષણમાં હજમ કરવાનું જે શક્તિમાં સામર્થ્ય છે, તેણે ગોવર્ધન પર્વત ઉપાડ્યો કે પૂતનામાસીને મારી, એમાં કયા પરાક્રમની વાત કરી છે?

જે ચિદ્‌ઘનશક્તિએ સૃષ્ટિમાં અનંત ચમત્કાર કર્યા છે. તે જોઈને અથવા આપણા શરીરમાં થતા રહેલા ચમત્કારો જોઇને પણ ઈશભક્તિ નિર્માણ નથી થતી. તે જ ચિદ્‌ઘનશક્તિ, જ્યારે મનુષ્યદેહ લઈને માનવથી અશક્ય જણાતી વાતો કરી દેખાડે, ત્યારે સામાન્ય વ્યક્તિના દિલમાં ઈશશ્રદ્ધા નિર્માણ થાય છે. જે ધર્મરત છે તેને મદદ મળે છે, તે બતાવવા માટે એવી ચમત્કારી વાતો કરી છે.

વ્યાવહારિક લોકોને કૃષ્ણની બાલલીલા આક્ષેપાર્હ લાગે છે. તેવી જ રીતે, પ્રૌઢ લોકોને, તત્ત્વચિંતકોને, કૃષ્ણની પ્રૌઢલીલા આક્ષેપાર્હ લાગે છે. બન્ને કૃષ્ણ ભગવાન ઉપર આક્ષેપ કરે છે. બાલલીલા આક્ષેપાર્હ છે એમ કહેવાવાળાઓને 'ઈંડિયન પીનલ કોડ' (ભારતનો ફોજદારી ધારો) પણ ખબર નથી. 'ઈંડિયન પીનલ કોડ'માં પણ સાત વર્ષની અંદરનું બાળક કંઇ કરે તો તેને શિક્ષાપાત્ર માનવામાં આવતું નથી.

પ્રૌઢ થયા પછી કૃષ્ણે પારિવારિક જીવન સ્વીકાર્યું અને રાજનીતિજ્ઞ જેવું વર્તન કર્યું તે સામાન્ય લોકોને આક્ષેપાર્હ લાગે છે. તેમને લાગે છે કે કૃષ્ણ તત્ત્વવેત્તા કેમ કહેવાય? તેમણે સત્તા ટકાવવા માટે રાજનીતિજ્ઞને શોભે તેવું વર્તન કર્યું. તેના કરતાં કૃષ્ણમાં વિશેષ શું છે? તેઓ પૂછે છે કે

કૃષ્ણ શું ભગવાન બુદ્ધ જેવા તત્ત્વચિંતક હોઇ શકે છે? એનું કારણ, તેમની એવી ખોટી સમજણ હોય છે કે તત્ત્વજ્ઞાની પારિવારિક હોઇ જ શકતો નથી. કૃષ્ણનું પારિવારિક જીવન અને રાજનીતિજ્ઞપણું જોઇને તેમને કૃષ્ણનું જીવન આક્ષેપાર્હ લાગે છે; પરંતુ એ બન્નેમાં, કૃષ્ણની અનાસક્તિનું, અને અનાસક્ત કર્મ કેવી રીતે કરવાં તેનું, ખરું દર્શન છે. બન્ને આક્ષેપ કરવાવાળાઓને તેની સમજ નથી. અનાસક્ત જીવન કેવું હોય અને અનાસક્ત રહીને કર્મ કેવી રીતે કરવાં તે કૃષ્ણ ભગવાને પોતે જીવીને દેખાડ્યું છે. શ્રીકૃષ્ણના સમગ્ર ચરિત્રનું મહાન રહસ્ય એક જ શબ્દમાં કહેવું હોય તો શ્રીકૃષ્ણ એટલે 'અનાસક્ત કર્મ'.

સામાન્ય માણસોને માર્ગદર્શન કરવા માટે તેમણે સુખદુઃખોનો સ્વીકાર કર્યો છે. રાજ્યતૃષ્ણા અને વૈભવાકાંક્ષાથી તેમણે કોઇને પણ માર્યા નથી. પરંતુ તેમનું અનાસક્ત જીવન જોઇએ, તો તત્ત્વચિંતકો અને વ્યાવહારિક સામાન્ય લોકોના આક્ષેપો **समूलं च विनश्यति** – ઊડી જાય છે.

કૃષ્ણચરિત્ર ગૂઢ છે, તે મનોહારી છે, અદ્‌ભુત છે. કૃષ્ણની પાછળ હજારો વર્ષ સુધી પાગલ થયેલા લોકો કંઇ મૂર્ખ નથી; પરંતુ આ વાત ન સમજવાવાળા લોકો જરૂર મૂર્ખ છે. છતાં તેઓ અક્કલ નો ઠેકો લઇને બેઠા છે તેથી તેમને મૂર્ખ કહે કોણ?

જૂનાકાળમાં દિલ્હીના બાદશાહના આલીશાન મહેલો હતા. ધારો કે એકાદ ઝૂંપડીમાં રહેવાવાળો ખેડૂત, દિલ્હીના બાદશાહના દરબારમાં જઇ ચડે તો તે જેમ ભુલભુલામણીમાં ફસાઇ જાય, તેમ વિકારવશ માણસ કૃષ્ણચરિત્રમાં ઘૂસે તો ભુલભુલામણીમાં ફસાઇ જાય છે. એનું કારણ, તે પોતે જીવે છે તેનાથી બીજા જીવનની તેને ખબર જ નથી. આવી રીતે એક નિશ્ચિત જીવનની સમજ લઇને બેઠેલો, વિષયોમાં આસક્ત, વિષયોમાં રત અને વિષયોમાં ફસાયેલો માનવ, કૃષ્ણચરિત્ર સમજી નથી શક્તો; પરંતુ તેથી શું થયું? એક અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે The man that saw him, did not know him, then how can we? જે માણસે તેમને જોયા હતા, તે તેમને સમજી ન શક્યા, તો આપણે તેમને કેવી રીતે સમજી શકીએ? આ લેખકનો પ્રશ્ન છે અને તે બિલકુલ સાચો છે. તે જમાનાંમાં જે લોકો કૃષ્ણની સાથે હતા, તેઓ પણ કૃષ્ણને સમજી ન શક્યા, તો આપણે શી રીતે સમજી શકીએ?

કૃષ્ણચરિત્ર એક જટિલ સમસ્યા છે. એકાદ આલીશાન મકાનમાં સુથાર, લુહાર, કડિયા વગેરે ઘણા લોકો જાય તો પ્રત્યેક જનારો પોતાની દૃષ્ટિથી મકાન તરફ જુએ છે. સુથાર તે મકાનમાં વપરાયેલું લાકડું જોઇને કહે છે કે બર્માનું લાકડું સારું છે. તે બીજું કંઇ જોશે જ નહિ. જો લુહાર જાય તો અંદરનું લોઢું જોઇ આવે અને કડિયો જાય તે ઈંટ, ચૂનો અને પથ્થર જોઇ આવે. એકાદ ચિત્રકાર તે મકાનમાં જાય તો તે ચિત્રકામ જોઇને પાછો આવે.

આવી રીતે ભાગવતરૂપી મકાનમાં જવાવાળા જુદા જુદા લોકો પોત- પોતાની બુદ્ધિ, પોતાનો વ્યવસાય, નિજી સ્વાર્થ, નિજી વિકાસ સાથે લઇને તે ભવ્ય મકાન જોવા લાગે છે; પરંતુ ભાગવતરૂપી મકાનમાં ભરેલી ભક્તિ, ફક્ત ભગવાનનો ભક્ત જ સમજી શકે છે, બીજો કોઇ નહિ. શ્રીમદ્‌ પ્રાતઃસ્મરણીય વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય જેવા વિદ્વાનોને ભાગવતમાં જે જડ્યું તે બીજા કોઇને ક્યાંથી જડે?

વ્યાસે પોતે લખ્યું છે: **अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा। भक्त्या भागवतं शास्त्रं न च बुद्ध्या न च टीकया।।** વ્યાસ કહે છે: **अहं वेद्मि**–ભાગવતનું રહસ્ય હું જ સમજું છું. આ વાત તો ખરી છે. કારણ કઇ દૃષ્ટિથી શું લખ્યું છે તે લખવાવાળો જ સમજે ને? તે ઉપરાંત શુકદેવ સમજે છે. સંજય સમજ્યો કે નહિ તે વિષે સંશય છે. ભાગવતરૂપી મહેલમાં જવું હોય તો **भक्त्या भागवतं शास्त्रम्**–ભક્તિથી જ જવું પડશેઃ **न च बुद्ध्या न च टीकया** – બુદ્ધિ ચલાવવાની કે ટીકા વિવેચના કરવાની દૃષ્ટિથી તેમાં પ્રવેશશો તો નહિ ચાલે. અહીં **भक्त्या** શબ્દ નોંધવા જેવો છે. આપણે ભક્તિ સમજીએ છીએ, તે ભક્તિ નહિ. કેવળ કોઇ ખાવાનું છોડી દે, કપાળે ચાંદલો કરે, તો આપણે તેને ભક્ત સમજીએ છીએ. આપણી ભક્તિ આટલી સીમિત છે. અહીં આવી ભક્તિ અપેક્ષિત નથી. જે અસલી ભક્ત છે, જે ભાવવિભોર બનીને ભાવભક્તિ કરે છે, જેની ભક્તિ કોઇ કારણથી નહિ પણ કેવળ ભાવથી પેદા થઇ છે, તે જ ભાગવત સમજી શકે છે. જે સવારના પ્રહરે ભાવભક્તિ કરે છે, 'ભગવાન બધાનું ધ્યાન રાખે છે, સંભાળે છે'–તે દૃષ્ટિથી જે કૃતિભક્તિ પણ કરે છે, આવો સંપૂર્ણ ભક્ત જ ભાગવતનું મહત્ત્વ સમજી શકે છે. દુર્બળતા, કમજોરી કે અન્ય વાતોને કારણે આવેલી ભક્તિ ન ચાલે.

એંસી વર્ષની ઘરડી વર્ષમાં બધી એકાદશીનું વ્રત કરે છે તેને આપણે ભક્ત સમજીએ છીએ. આપણી ભક્તિ, કીર્તન, આરતી અને પ્રસાદમાં પૂરી થઇ જાય છે. વેદવ્યાસ **भक्त्या** કહે છે તેમાં ભાવભક્તિ અને કૃતિભક્તિથી પૂર્ણ ભક્તિ અપેક્ષિત છે. આ બિલકુલ સાચી વાત છે. મા-દીકરાનો પ્રેમ બીજો કેવી રીતે સમજી શકે? 'મા' શબ્દ બોલ્યા પછી માના દિલમાં જે ગલગલિયાં થાય છે તે ફક્ત 'મા'જ સમજી શકે છે. બીજો કોઇ કેવી રીતે સમજી શકે? પુત્ર અને પુત્રવધૂનો પ્રેમ મા પણ સમજી શકતી નથી. મારે એટલું જ કહેવાનું છે, કેવળ સામીપ્યથી કોઇ વ્યક્તિને સમજી શકાતી નથી. ગાય-વાછરડાનો પ્રેમ શું ભરવાડ સમજી શકે છે? ભરવાડ ગાયને ખવડાવે છે, તેનું દૂધ પણ દોહે છે; પરંતુ, તે વાછરડાનો ગાય પરનો પ્રેમ સમજી શકતો નથી. પ્રેમ કંઇ ગણિતશાસ્ત્રથી સમજાતો નથી. તે ગણિતશાસ્ત્રનો વિષય નથી. આવી રીતે ભગવાન અને ભક્તનો પ્રેમ શું ચિકિત્સાનો વિષય થઇ શકે છે? મા-દીકરાનો પ્રેમ જેમ ચિકિત્સાનો વિષય નથી, તેમ ભગવાન અને ભક્તનો પ્રેમ ચિકિત્સાથી સમજી શકાતો નથી. કોઇપણ પ્રેમ ચિકિત્સાથી સમજાતો નથી. માત્ર અનુમાન થઇ શકે છે.

ભાગવતશાસ્ત્ર સમજવું હોય તો ભક્તિથી સમજવું જોઇએ. ભાગવતનું મંદિર એવું છે કે બધાં જોડાં ઉતારીને તેમાં પ્રવેશવું જોઇએ. **नग्नो निःसंग शुध्धः**–બનીને જ તેમાં જવું જોઇએ. માણસે નિઃસંગ થવું જોઇએ. 'હું કંઇ છું' એવી સમજણ અને 'મારા મગજમાં ઊતરે તો માનીશ' એવી ભૂમિકા પણ તેમાં ન ચાલે. આ એક જુદો જ ઓરડો છે. આજે પણ આપણો ભક્તિનો ઓરડો જુદો જ હોય છે. તેમાં જોડાં ઉતારીને જ જવું પડે છે. તે એક લાક્ષણિક વાત સમજવી જોઇએ. નહિ તો જોડાં પહેરીને જશો તો શું ભગવાનની પ્રાર્થના નહિ થાય? ચર્ચમાં જવાવાળા જોડાં પહેરીનેજ ભગવાનની પ્રાર્થના કરે છે. ભગવાનની પ્રાર્થના તો થઇ શકે છે; પરંતુ, મંદિરમાં જોડાં પહેરીને ન જવાય એ પવિત્રતાનું પ્રતીક છે, દર્શન છે. શંકા-કુશંકાના જોડાં પહેરીને બુદ્ધિ ચાલે છે, તે જોડાં ઉતારીને બુદ્ધિ ચાલવી જોઇએ. તેથી જ **भक्त्या भागवतं शास्त्रं** કહ્યું છે.

ભક્તિ શબ્દ લીસો થઇ ગયો છે તેથી કહું કે ચિત્ત એકાગ્ર કરીને જે ભાવભક્તિ છે, જેની બેઠકમાં ભોગ નહિ પણ ભાવ છે, જે ભક્તિ ભોગને માટે નથી, ભાવને માટે છે, જેની સાથે કૃતિભક્તિ પણ છે, તે ભક્તિ **भक्त्या** શબ્દમાં સમજવાની છે. આ સૃષ્ટિનું સૌંદર્ય જોઇને જેનું દિલ ભરાઇ આવે છે, નિજી શરીરમાં ચાલતી ક્રિયાઓ જોઇને જેનું અંતઃકરણ તે ચલાવવાવાળા માટે ભાવથી ભરાઇ જાય છે, તેને જ્યારે વિચાર આવે છે, કે 'ભગવાન! તું ક્યાં છે? તું કેવો છે? તને ગમું તે માટે મારે કેમ રહેવાનું? આવી ભક્તિની બેઠકમાં ભાવ પ્રગટે છે ભાવભક્તિ ચિત્તએકાગ્રતા (Concentration) ની હોવી જોઇએ. મને નિર્માણ કરવાવાળા ભગવાન માટે ભાવ ઊભો થયો કે તેના માટે કૃતિ આવે જ. કૃતિ નથી અને કેવળ ભાવ છે, તેવી ભક્તિ ફોકટ છે. કેવળ ભાવભક્તિ દુર્બળ છે. ભાવભક્તિ અને કૃતિભક્તિ–બન્ને સાથે હોવી જોઇએ.

જ્યારે દીકરો 'મા' કહીને બોલાવે છે ત્યારે માને ગલગલિયાં થાય છે. સમજો કે દીકરો માને 'ભાભી' કહીને બોલાવે, તો પણ માના દિલમાં ગલગલિયાં થવાનાં જ. કારણ, શું કહીને બોલાવે છે એ પ્રશ્ન નથી, કોણ કેવા ભાવથી બોલાવે છે એ પ્રશ્ન છે. અહીં કહ્યું છે કે ભાગવતશાસ્ત્ર ભક્તિથી સમજાય છે, બુદ્ધિથી કે ટીકાથી નહિ. તેથી જ વેદવ્યાસે પોતે જ લખ્યું છે:

अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा।
भक्त्या भागवतं शास्त्रं न च बुद्ध्या न च टीकया॥

એટલે મેં ભાગવત કોઇને માટે લખ્યું નથી–આ તેનો અર્થ છે. તેથી તમને ભાગવતની ચીરફાડ કરવાની જરૂર જ નથી. જેને તેવું કરવું હોય તે આઘા થાઓ, એમ વેદવ્યાસ કહે છે.

'अहं वेद्मि' વાંચીને મને બહુ આનંદ થાય છે. જેને સંસ્કૃતભાષા આવડતી હશે તેને તેનું મહત્ત્વ ખબર પડશે. બુદ્ધિથી કે ટીકાથી ભાગવત ખબર નહિ પડે. ભગવાન અને ભક્તનો પ્રેમ, ચિકિત્સાનો (વિશ્લેષણનો) વિષય થઇ જ શકતો નથી.

પ્રભુ રામચંદ્રની ભક્તિ, મર્યાદા ભક્તિ છે. તેમાં કંઇ મર્યાદા છે, અને તે મર્યાદા છોડીને તે ભક્તિ જઇ શકતી નથી. મર્યાદા છોડીને બુદ્ધિ જશે તો તે ભક્તિ નહિ કહેવાય. પરંતુ, કૃષ્ણની ભક્તિ મસ્તીની ભક્તિ છે. તે ગાંડા થઇને જ સમજવી પડશે. અક્કલમંદ, ટીકાકાર, ચિકિત્સક, વણિકવૃત્તિના જે લોકો છે તેમને તે ભક્તિ નહિ સમજાય. હું અહીં વણિકવૃત્તિ કહું છું તે વૈશ્ય સમાજને ઉદ્દેશીને નથી. 'મને શું મળ્યું?' આવી જે વૃત્તિ છે, તે વણિકવૃત્તિ છે. તે બ્રાહ્મણમાં અને ક્ષત્રિયમાં પણ હોઇ શકે. વણિકવૃત્તિવાળાને ભાગવતનું જ્ઞાન નહિ થાય. ગાંડા થઇને જ તે સમજવું પડશે.

દશમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં અવતારની સિદ્ધતા દેખાડી છે. અવતાર શા માટે થયો? પૃથ્વી દુઃખી થઇ ગઇ, ઘરઘરમાં દુઃખ આવી ગયું, માણસને જીવવું મુશ્કેલ થઇ ગયું, ત્યારે પૃથ્વી ભગવાન પાસે ગઇ. બધામાં ચૈતન્ય છે તો પૃથ્વીમાં શા માટે ન હોય? પૃથ્વી ભગવાનને પૂછે 'ભગવાન! આ બધા પાપીઓનો બોજો ઉપાડવા માટે મને પેદા કરી છે?' ત્યારે ભગવાન તેને આશ્વાસન આપે છે: 'તું ગભરા નહિ. હું આવું છું.'

ત્યાર પછી વસુદેવના વિવાહની વાત આવે છે. વસુદેવ વૃષ્ણીસંઘના પ્રમુખ નેતા છે. વસુદેવ અને અક્રૂર—બન્ને પ્રભાવી છે. પરંતુ, વસુદેવ તત્ત્વનિષ્ઠ છે અને અક્રૂર મોકો જોઇને ચાલવાવાળો છે, એવું લાગે છે.

વસુદેવના લગ્ન થયાં ત્યારે કંસ આનંદી અને ઉલ્લાસપૂર્ણ દેખાય છે. **प्रियचिकीर्षया...** એવું ભાગવતમાં લખ્યું છે. મારી બહેનનું જેમાં સારું છે તે જ મારે કરવું છે. કથા તો બધાને ખબર છે. એટલામાં આકાશવાણી થઇ, તે સાંભળ્યા પછી તેનું મગજ ફરી ગયું અને દેવકીનાં બધા અપત્યોને તેણે માર્યા. ભાગવતને અહીં શું સમજાવવું છે? કંસને પોતાની બહેન પર પ્રેમ છે પણ વહેમ પેદા થયા પછી માણસ કેટલો ક્રૂર બની શકે તેનું તેમાં ચિત્રણ છે. એક વહેમ ઘૂસી ગયા પછી માણસ આટલો ક્રૂર થઇ શકતો હોય તો આજે આપણા મગજમાં કેટલા વહેમ ઘૂસી ગયા છે? કોઇને અડવાથી અભડાઇ જઇશું, ધર્મથી ચ્યુત થઇશું એવું સમજીને કેટલા લોકોનો માણસ તિરસ્કાર કરે છે. તે બીજાને તુચ્છ સમજીને તેનાથી આઘો રહે છે. કારણ, તે પોતાને ધાર્મિક સમજે છે! વહેમને લીધે ધાર્મિક માણસ પણ કેટલો ક્રૂર બની શકે છે? શ્રીકૃષ્ણને ધર્મસંસ્થાપના કરવી હતી, વહેમ વધારવા ન હતા.

કંસની બુદ્ધિ નૈસર્ગિક રીતે દુષ્ટ ન હતી એવું ભાગવતમાં દેખાડ્યું છે; પરંતુ, જૂઠી કલ્પનાથી દોડવાવાળા માનસિક રીતે કાયર લોકો, ગમે તેટલા પરાક્રમી હોય તો પણ માનસિક રીતે મરી જાય છે. કંસ આટલો પરાક્રમી હોવા છતાં પણ તે માનસિક રીતે મરી ગયો. આજે પણ મોટા મોટા લોકો ભવિષ્યવાણી સાંભળીને ખતમ થઇ ગયેલા દેખાય છે. તેઓ સારી રીતે કામ કરતા હોય છે. એટલામાં કોઇ આવે છે અને તેમને કહે છે કે આ ત્રણ મહિના સંભાળજો, તમારા પર સંકટ આવશે. પછી સંકટ ન હોય તો પણ તેમના પર સંકટ આવી જાય છે. વહેમ ઘૂસી ગયો કે માણસ ખતમ થઇ જાય છે. એક વહેમ ઘૂસી ગયા પછી તેનું અધઃપતન થયું અને તે અત્યંત ક્રૂર બની ગયો. ભગિનીપ્રિય કંસ, આકાશવાણી સાંભળીને, ભગિનીદ્વેષી થઇ ગયો. પછી સંબંધ કેવો અને વાત કેવી? આવી કથાઓ બધા પુરાણોમાં આવે છે. જેઓ ભણેલા છે તેમના માટે કહું કે ગ્રીક પુરાણમાં આવી એક કથા આવે છે. ડેની ઓક્રેશીયસની દિકરી હતી. તે ડેની ભગવાન સાથે પરણશે અને તેનો દીકરો તને મારશે એવી આકાશવાણી સાંભળતાં જ ઓક્રેશીયસે નક્કી કર્યું કે ડેનીને પરણાવવી જ નથી. તેણે ડેનીને કારાગૃહમાં મોકલી આપી. આમ બાપ દીકરીના લગ્ન જ નથી કરતો. શા માટે? આકાશવાણી સાંભળીને તેના મગજમાં વહેમ ઘૂસી ગયો કે તેનો દીકરો મને મારશે. અસ્થિર બુદ્ધિનો માણસ એવું કરી શકે છે. બુદ્ધિ ભોગલંપટ હોય, જેને કીર્તિની અભિલાષા અને રાજ્યાભિલાષા હોય, તેની બુદ્ધિ સ્થિર રહી શકતી નથી. તેનો ભાવ ખતમ થઇ જાય છે. ઓક્રેશીયસ ડેનીના લગ્ન થવા દેતો નથી. પરંતુ, જે થવાકાળ હતું તે થયું. જ્યુપીટર જેલખાનામાં ગયો અને તેણે ગાંધર્વ વિધિથી ડેની સાથે લગ્ન કર્યાં. ત્યારપછી ડેનીને એપોલો નામનો દીકરો થાય છે અને તે પોતાના નાનાને મારી નાખે છે. વહેમ ઘૂસી ગયા પછી સંબંધ રહેતો નથી. પછી તે દિકરી હોય તો પણ શું થયું?

માણસને ખબર પડે કે પોતાને થયેલો દીકરો, પોતાને માટે સારો નથી તો તેને નદીમાં છોડી દેવાવાળા બાપ જગતમાં કયાં ઓછા થયા છે? કારણ જોશી મહારાજે કહ્યું છે. અંતિમ બ્રહ્મદેવ

કોઇ હોય તો જ્યોતિષી! કેમ કે લોકો એમ સમજે છે કે એના હાથમાં જ બધાં સૂત્રો છે. વહેમ ઘૂસી ગયા પછી માણસનું બધું કર્તૃત્વ ચાલી જાય છે, બીજા પરનો પ્રેમ પણ ચાલી જાય છે, સંબંધ ભૂલાઇ જાય છે. આવું જ કંસનું ચિત્રણ છે. તેથી જ ભાગવતકારે તેનો પ્રેમ પણ ચીતર્યો છે.

તેમાં પણ અગ્નિમાં ઘી રેડવાનું કામ કોઇએ કર્યું હશે તો આપણા પ્રાત:સ્મરણીય નારદજીએ! નારદ એક અલૌકિક શક્તિ હતી. તે કંઇ ઝઘડો કરાવવાવાળા ન હતા. ભાગવત વાંચીએ તો સમજાશે કે કંસ યુક્તિસંમત છે. કોઇની વાત ન સાંભળે તેવો નથી. કોઇ તર્કથી સમજાવવા લાગે અને તેની વાત યુક્તિસંમત લાગે તો તેવું કરવાવાળો કંસ છે.

વસુદેવને પહેલો પુત્ર થાય છે તે કંસ તેને પાછો આપી દે છે. એનું કારણ વસુદેવ કંસને કહે છે કે તમને તો મારો આઠમો છોકરો મારવાનો છે. તો હું પોતે મારો આઠમો છોકરો સોંપી દઇશ. આ વાત કંસે સરળતાથી સ્વીકારી છે અને વસુદેવને તેનો પહેલો છોકરો પાછો આપી દે છે. આ દશ્ય જોઇને નારદ વિચારે છે કે આવું કેમ ચાલે? નારદ ત્યાં આવી પહોંચે છે. કંસનો બુદ્ધિભેદ કરે છે. તેમનો ઉદ્દેશ એ જ હતો કે કંસને માટે સમસ્ત પ્રજાજનોમાં તીવ્ર અસંતોષ ઊભો થાય.

નારદે કંસને કહ્યું: 'તને ખબર છે કે દેવોએ એવું નક્કી કર્યું છે કે તને અને તારા સામ્રાજ્યને ખલાસ કરવા માટે બધા દેવો યાદવના રૂપમાં આવવાના છે, તે માટે બધા દેવોએ યાદવોને ત્યાં જન્મ પણ લઇ લીધો છે. કોણ કેવી રીતે આવશે અને તને મારશે તેની તને ખબર પડતી નથી. તું ધ્યાન રાખ કે તીવ્ર પ્રતિશોધની ભાવના સાથે દેવોએ તૈયારી કરી છે. તેવી જ રીતે, વસુદેવના પુત્રોની ગણતરી કેવી રીતે કરવામાં આવશે તે કેમ કહેવાય? આવું કહીને નારદે કંસના દિલમાં પણ તીવ્ર પ્રતિશોધ ઊભો કર્યો.

નારદ રાજનીતિજ્ઞ છે. જેણે કૌટિલ્ય અર્થશાસ્ત્રનો અભ્યાસ નથી કર્યો તેને આ વાતની ખબર નહિ પડે. આખી પ્રજાને કંસની વિરુદ્ધ કરવાનો આ એક રસ્તો હતો. નારદની વાત સાંભળીને કંસે યાદવો સાથે જબરદસ્ત છળ કરવાની શરૂઆત કરી. તેના લીધે યાદવો કંસની વિરૂદ્ધ થતા ગયા. જ્યારે કંસ વસુદેવના એક એક છોકરાને મારી નાખવા લાગ્યો ત્યારે તેના પોતાના ચોકીદારોના અંત:કરણમાં પણ કંસ માટે દ્વેષ ઊભો થતો ગયો. જ્યારે વસુદેવને આઠમો પુત્ર થયો ત્યારે ચોકીદારોના દિલમાં કંસ માટેના પ્રતિશોધની તીવ્રતા એટલી ટોચની થઇ ગઇ કે તેમણે વસુદેવને તેનો પુત્ર લઇ જવા માટે અનુકૂળતા કરી આપી. યોગમાયાથી ચોકીદારો સૂઈ ગયા તેવું વર્ણન છે તેમાં અમને શંકા નથી. તે પણ સારી વાત છે. સૂવાના, ખાવાના, જુદા જુદા અર્થ થાય છે. કોઇએ 'ઉપાડ્યા' એ અર્થમાં 'ખાધા' એવો શબ્દ વપરાય છે. પરંતુ, શબ્દનું ભાષાંતર કરતી વખતે લોકો તે વાત ધ્યાનમાં નથી લેતા.

કોઇ એક પ્રસંગે વસિષ્ઠ જ્યારે આશ્રમમાં આવ્યા ત્યારે પૂછ્યું કે કોણ આવ્યું છે? ત્યારે છોકરાઓએ કહ્યું: **कपिलागौ मडमडायिता...** અમારી એક ગાય જેમણે ખાધી તે. અહીં 'ખાધી'નો અર્થ 'દાનમાં લીધી' થાય છે. લોકો તેનો અર્થ એવો કરે છે—ગાયને કાપીને રાંધીને ખાધી. લોકો વાંચતી વખતે પૂર્વગ્રહિત થઇને વાંચે છે. આજના કાળમાં કોઇ લખે કે ફલાણા ભાઇએ બે હજાર

રૂપિયા ખાધા. આ લીટી વર્ષો બાદ કોઇ વાંચે ત્યારે ઇતિહાસ સંશોધક એવો અર્થ કાઢશે કે તે કાળમાં નાણાં (Currency) રોટલી જેવાં હશે કે જેને લોકો ખાઇ શકતાં હતાં. પાછું તે લોકો લખેલું દેખાડશે. આ તેમનું સંશોધન! અહીં રૂપિયા 'ખાધા'નો અર્થ, રૂપિયા 'ઉપાડ્યા' થાય છે.

ચોકીદારો યોગમાયાથી સૂઇ ગયા હશે; પરંતુ, ચોકીદારો સૂઇ ગયા તેની પાછળ નારદજીએ કંસને માટે ઊભો કરેલો અસંતોષ અને વિરોધ હતો. જ્યારે કંસને શ્રીકૃષ્ણે સિંહાસન ઉપરથી નીચે પટક્યો અને તેને માર્યો ત્યારે એક પણ પ્રજાજન, એટલું જ નહિ, તેનો રક્ષક પણ વચ્ચે આવ્યો નથી! કંસ એક સમ્રાટ હતો. તો તેનો એકાદ અંગરક્ષક તો તેનો બચાવ કરવા આગળ આવવો જોઇતો હતો કે નહિ? પરંતુ કંસને માટે લોકોના મનમાં એટલો તીવ્ર અસંતોષ ઊભો થયો હતો, તેથી તેનો અંગરક્ષક પણ તેને બચાવવા માટે આગળ આવ્યો નહિ. કંસ ગમે તેટલો ખરાબ રાજા હશે તો પણ તેણે પાંચ-પચીસ લોકોનું તો ભલું કર્યું હશે. તે તો કંસને સારો માનતા હશે કે નહિ? પરંતુ, એક પણ યાદવ કંસના સંરક્ષણ માટે આગળ આવ્યો નથી. કંસના હાથે આટલું દુષ્ટ વર્તન થયું તેનું કારણ નારદજી હતા. કંસના દુર્વર્તનથી સમસ્ત પ્રજામાં તીવ્ર અસંતોષ ઊભો થયો હતો. નારદે આવો બુદ્ધિભેદ ઊભો કર્યો હતો તે ભાગવતમાં લખેલું છે.

ભાગવતના દશમાં સ્કંધમાં બીજા અધ્યાયમાં બધા દેવો આવે છે તેનું અતિશય સુંદર વર્ણન છે. બીજા અધ્યાયમાં છવ્વીસમો શ્લોક છે:

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये।
सत्यस्य सत्यमृतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः॥ (भा. १०/२/२६)

તેમાં ભગવાનની સ્તુતિ છે તે બહુ જ સારી છે. ભાગવતમાં સારી સ્તુતિઓ ઘણી છે, પરંતુ તેના તરફ ધ્યાન જ જતું નથી. કારણ, આપણી પાસે તેટલો સમય જ હોતો નથી.

એકદમ પ્રકાશ, પ્રકાશ જોવા મળ્યો ત્યારે દેવકી અને વસુદેવ, બન્ને ગભરાઇ ગયા. ત્યારપછી વસુદેવ અને દેવકીએ ભગવાનનું વર્ણન કર્યું. ભાગવતમાંની આવી સ્તુતિ નહિ વાંચીએ તો ભાગવતની કથા પૂરી નહિ થાય.

દેવકીની પાસે દેવો આવ્યા અને કોણ આવી રહ્યું છે તેનું દેવકીની પાસે વર્ણન કર્યું. ત્યારબાદ પ્રકાશ થયો. કંઇ અદ્‌ભુતતા થાય તો કોઇ પણ ગભરાઇ જાય. અંધારામાં એકદમ પ્રકાશ થાય એટલે આપણે પણ ગભરાઇ જઇએ કે આ પ્રકાશ ક્યાંથી આવ્યો? આમ વસુદેવ-દેવકી ગભરાઇ ગયાં. પછી બન્નેએ ભગવાનની સ્તુતિ કરી છે. ભગવાને પોતે જ દેવકીને જે કહ્યું તે તો અફલાતૂન છે. ભગવાન દેવકીને કહે છે: 'તું આ જન્મમાં જ મારી મા છે એવું નથી. મને જ્યારે જ્યારે જન્મ-અવતાર લેવો પડ્યો ત્યારે તને જ મેં મા બનાવી છે. તું મારી મા આજે અકસ્માતથી નથી બની. પાછલા અવતારોમાં પણ તું જ મારી મા હતી. આજે પણ હું નિશ્ચિત કરીને તારે પેટે જન્મ લઉં છું.' મને તો એમ લાગે છે કે આ સાંભળીને દેવકીને શું થયું હશે? અરે! જન્મ લેવા માટે ભગવાન તારો જ ખોળો પસંદ કરે છે? **देवकीपरमानन्दम्**—આ જ્યારે વાંચીશું ત્યારે દેવકીને ભાગ્યશાળી જીવ સમજીશું કે નહિ? તેને જીવ કહેવું પણ ફોકટ છે, પરંતુ તેને બીજું કહીએ પણ શું? તેથી જીવ કહીએ છીએ.

અર્જુનને જ્યારે ભગવાને કહ્યું કે: **पाण्डवानां धनञ्जयः**—ત્યારે અર્જુનની શી સ્થિતિ થઇ હશે! એવી જ રીતે દેવકીને ભગવાને કહ્યું કે 'જ્યારે જ્યારે મેં અવતાર લીધો છે ત્યારે ત્યારે મેં તારા પેટે જ જન્મ લીધો છે, તું જ મારી મા થાય છે.'

તેમાં વેદકાલીન અવતારોનો પણ ઉલ્લેખ કર્યો છે. બધા શ્લોકો વાંચવા લાગીએ તો ભાગવતમાંથી આપણે બહાર નીકળી જ નહિ શકીએ.

ત્યારબાદ યોગમાયાની શક્તિથી બધા લોકો સૂઇ ગયા એ વાત પણ સાચી છે. તેમાં અશક્ય વાત શી છે? તેવી જ રીતે, નારદજીએ જે ષડ્યંત્ર રચ્યું હતું તેનું પણ પરિણામ હોઇ શકે. કંસનું ક્રૂર કર્મ જોઇને તેના માટે કોની સહૃદયતા રહે? એક પણ વ્યક્તિ કંસની તરફેણમાં રહેતી નથી. નારદે કંસને ચડાવીને તેના હાથે એવું ક્રૂર કર્મ કરાવ્યું કે બધાને કંસને માટે નફરત ઊભી થઇ હતી. આ કામ નારદે, એટલે કે નારદના મિશને કર્યું હતું.

બધા ચોકીદારો સૂઇ ગયા હતા. ત્યારે વસુદેવ પ્રભુને ઊંચકીને ગોકુલમાં પહોંચાડી આવ્યા અને ત્યાંથી એક છોકરીને લઇ આવ્યા.

જ્યારે કંસે સાંભળ્યું કે વસુદેવને ત્યાં આઠમી તો છોકરી આવી છે, છોકરો નહિ. ત્યારે તેણે વિચાર કર્યો કે દેવો પર વિશ્વાસ રાખવો યોગ્ય નથી. કોઇ પણ હિસાબે વસુદેવનું આઠમું બાળક જીવતું ન રહેવું જોઇએ. તે તેને મારવા ગયો, પણ તે વિજળી બનીને તેના હાથમાંથી છટકી ગઇ અને આકાશમાં પહોંચી ગઇ. ત્યારે પાછી આકાશવાણી થઇ.

આકાશવાણી અને ભવિષ્યકથનથી બધા રાક્ષસો, તે ગમે તેટલા શક્તિશાળી હોય તો પણ કાયર હોવાથી, ડરી જાય છે. જેટલો વધારે શક્તિશાળી તેટલો વધારે કાયર. બધાથી વધારે કાયર ઈંદ્રને માન્યો છે. કોઇ પણ તપશ્ચર્યા કરવા લાગે કે ઈંદ્રને એમ લાગે છે કે આ મારું સ્થાન લઇ લેશે તો? આટલો તે કાયર છે.

આકાશવાણી થઇ, 'કંસ! તેં નકામા બધા છોકરાને માર્યા. મારતી વખતે તેં જરા પણ વિચાર ન કર્યો? તારો શત્રુ તો મોટો થઇ રહ્યો છે.' ત્યારબાદ કંસને બહુજ પશ્ચાતાપ થયો. ભાગવતમાં તેનું બહુજ સુંદર વર્ણન છે. જે અભ્યાસ કરવાવાળા છે, તેમના માટે હું સરનામું આપી રાખું છું. તેઓ તે વાંચી શકે છે. દશમ સ્કંધમાં ચોથા અધ્યાયમાં ચૌદથી ચોવીસ શ્લોકમાં આ પશ્ચાતાપનું વર્ણન છે.

તેમાં કંસ કહે છે: 'આજ સુધી મેં ખોટું કામ કર્યું છે.' એટલું જ નહિ, કંસ વસુદેવ અને દેવકીની ક્ષમા માગીને, તેમને પગે પડ્યો છે. આનો ભાગવતમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

દુષ્ટોની દુષ્ટતાની નીચે એક સમંજસ અને દયાર્દ્ર અંત:કરણ પણ હોય છે આવું ભાગવતકારે દેખાડ્યું છે. કંસનો પશ્ચાતાપ વાંચીને તેને પ્રામાણિકતાથી પશ્ચાતાપ થયો હશે એવું લાગે છે, પરંતુ, **Devils quoting the Bible**—જેવું પણ તે કહે છે. કંસ કહે છે, 'હું શું કહું? હું નિયતિના હાથનું એક રમકડું છું. જે કંઇ થવાનું હતું તે થયું જ. તે તો મરવાના જ હતા, પરંતુ નિયતિએ મને તેમાં નિમિત્ત બનાવ્યો છે.'

એક વાત સાચી છે. પશ્ચાતાપમાં કંસે ગાળ આપી દીધી છે, 'કેવળ મનુષ્યો ખોટા નથી હોતા, દેવો પણ ખોટું બોલી શકે છે. દેવોની ઉપર વિશ્વાસ રાખીને મેં આ દુષ્કર્મ કર્યું છે. ગેરસમજણને લીધે મારા હાથે તેવું થયું છે, તેથી હું તમને પ્રણામ કરું છું અને તમને છોડી મુકું છું.' આવું કહીને કંસે વસુદેવ અને દેવકીને છોડી મૂક્યા આ પ્રસંગ જ બહુ હૃદયંગમ છે. તેમને છોડ્યા પછી દેવકીનો ક્રોધ શાંત થઇ જાય છે.

विशाखान्ता गता मेघाः प्रसूतान्तं च यौवनम्।
प्रणामान्तः सतां कोपो याचनान्तं हि गौरवम्॥

સત્પુરુષોનો કોપ નમસ્કાર કર્યા પછી ચાલી જાય છે. દેવકીનું અંતઃકરણ ભરાઇ ગયું પરંતુ વસુદેવ જ્ઞાની હતા. તેમને લાગ્યું કે કંસને સમજાવવાનો આ જ ખરો સમય છે. વસુદેવે તેને સારી રીતે સમજાવ્યું 'તમારામાં ઘણી શક્તિ છે, યુક્તિ છે, બુદ્ધિ છે, બધું છે, પરંતુ અહંકારથી અપપર ભાવ પેદા થાય છે અને માણસ આંધળો બની જાય છે. આ જ અહંકારથી માણસ વિકારોને સ્વાધીન થઇ જાય છે. તમારે અહંકારનો ત્યાગ કરવો જોઇએ.' અહીં ભાગવતકારે અહંકારત્યાગ માટે ભક્તિ કરવી જોઇએ એમ લખ્યું છે.

અહંકાર તો રહેશે જ. તેની પાછળ એક તાર્કિક કારણ છે, તેનો કોઇ વિચાર કરતું નથી. જો અહંકાર નહિ હોય તો શરીર પણ ઊભું રહેશે નહિ, ચાલશે નહિ. અહંકાર તો હોવો જ જોઇએ. આ અહંકારને અંગ્રેજીમાં 'Ego' કહે છે. ગુજરાતી ભાષામાં અહંકાર શબ્દ વસ્તુનિષ્ઠ અહંકાર તરીકે વપરાય છે તેથી હું અહંકારને માટે ઈગો (Ego) શબ્દ વાપરું છું. જ્યાંસુધી દ્વૈત છે, શરીર છે, ત્યાંસુધી આ અહંકાર (Ego) રહેશે જ. તો તેને કઢાય કેવી રીતે? તેના માટે રસ્તો કયો? આ 'હું છું' તેની સાથે બીજો એક શબ્દ લાગાડવો જોઇએ એવું શાસ્ત્રકારોને લાગે છે. 'હું કોઇનો છું' એમ કહેવું તેનું જ નામ ભક્તિ. અહીં 'કોઇનો' એટલે 'ભગવાનનો'. જ્યાંસુધી આ ભાવ પેદા નથી થતો ત્યાંસુધી ભક્તિ શરૂ થતી નથી.

જેલખાનામાંથી નીકળતી વખતે કંસને જેટલું સંભળાવવું જોઇએ તેટલું વસુદેવે સંભળાવ્યું. તેમાં વસુદેવની બુદ્ધિ પણ ખબર પડે છે. વસુદેવે તેને સ્પષ્ટ ભાષામાં કહ્યું છે, કે તમારે હાથે જે કંઇ થયું છે તે ગેરસમજણથી નથી થયું. તે બધું અહંકારથી જ થયું છે. અહંકારથી દ્વૈતભાવ ઊભો થાય છે. અહંકારથી માણસ આંધળો બની જાય છે અને વિકારોને સ્વાધીન થઇ જાય છે. તેના બધા ગુણો માટીમોલ થાય છે. આ અહંકાર કાઢવા માટે ભક્તિ કરવી જોઇએ. અહીં જે ભક્તિ કહી છે તેનો અર્થ ઓછાનામે સ્વાધ્યાયીઓ સમજી લે.

'હું છું' આ અહંકાર છે અને 'હું કોઇનો છું' આ ભક્તિ છે. 'હું કરું છું', 'મારા હાથે થયું' આ સમજણ જવી જોઇએ અને તેના બદલે 'કોઇ કરાવે છે', 'હું કોઇનું હથિયાર છું' આ સમજણ આવવી જોઇએ. ગીતાનું ફલિત કંઇ હશે તો 'નિમિત્ત બનો' એ સમજણ છે. આ Instrumental devotion છે. કૃષ્ણ ભગવાનનું કહેવું એ જ છે કે **निमित्तमात्रं भव सव्यसाचिन्**–નિમિત્ત બનો. જે કંઇ મારા હાથે થાય છે, તે હું નથી કરતો. કોઇના હથિયાર થવું હશે તો જે સર્વસમર્થ સર્જક છે, તેના હાથનું હથિયાર થવું જોઇએ. તેનો જ અર્થ ભક્તિ છે. 'હું કોનો છું? હું ભગવાનનો

છું.' આ વાત વસુદેવે બહુ સારી રીતે સમજાવી છે. તેમણે કંસને ભક્તિનું રહસ્ય સમજાવ્યું. દેવકીએ કંસને ક્ષમા આપી પરંતુ, વસુદેવે તેને સમજણ આપી.

એક અસ્થિર મનનો માણસ કેવો હોય તે કંસે દેખાડ્યું છે. તે વસુદેવ–દેવકીના પુત્રોને મારતી વખતે જેટલો મજબૂત હતો તેટલો જ તે ભવિષ્યવાણી સાંભળીને પીગળીને નરમ બની ગયો. માણસ ગમે તેટલો શક્તિશાળી હોય પરંતુ, જ્યોતિષી કહે કે હવે તમારા ખરાબ દિવસો શરૂ થવાના છે તો તે ગમે તેટલો મસ્ત હોય તો પણ તે ઢીલો થઇ જાય છે. કંસ ઢીલો થઇ ગયો હતો. વસુદેવે તેને જે ઉપદેશ કર્યો તે કેવળ કંસને નથી, બધાને માટે છે. ભક્તિથી જ અહંકારમુક્ત થવાય. હું સ્વતંત્ર નથી 'હું કોઇનો છું' આ વાત સતત ધ્યાનમાં રાખવી જોઇએ. આમાં 'કોઇનો' એટલે કોનો? શું પરિસ્થિતિના ગુલામ બનવું છે? કોના ગુલામ બનવું છે, કોને સ્વામી બનાવવો છે, તે નિશ્ચિત થવું જોઇએ. મારે નારાયણને સ્વામી બનાવવો છે. નારાયણનેજ સ્વામી માનતો સ્વામીનારાયણ સંપ્રદાય છે.

'હું કોઇનો છું' આ ભાવ સ્થિર થવો જોઇએ. 'હું કરું છું', આ વૃત્તિ કાઢવી પડશે. તેના માટે પ્રયત્ન કરવો જોઇએ, એવું સમજાવ્યું છે.

ત્યારબાદ, કંસ તેમની પાસેથી જતો રહ્યો. વસુદેવ પણ યાદવોની વચ્ચે ચાલ્યા ગયા. વસુદેવ આવ્યાનો યાદવોને કેટલો આનંદ થયો તેનું વર્ણન ત્યાં કર્યું છે.

આ તરફ કંસ પોતાના મંત્રીમંડળને ભેગું કરીને તેની સલાહ લે છે. કંસની ભાષા તે પહેલાં એવી છે કે તે કદાચિત રામ કે કેશવ બની જશે એવું લાગે છે. રાક્ષસોના મોઢામાં પણ તેવી ભાષા આવી શકે છે, તેથી મેં કહ્યું Devils quoting the Bible જેવું છે આ. કેટલીક વખત રાક્ષસ પણ એવું બોલે છે, 'બધામાં ભગવાન છે. અમે ભગવાનની પૂજા નથી કરતા પણ બધામાં રહેલા ભગવાનની અમે સેવા કરીએ છીએ.' તેઓ શા માટે સેવા કરે છે તે તેમને ખબર છે અને તમને પણ ખબર છે કે તેમની સેવા શા માટે ચાલે છે!

કંસે મંત્રીમંડળને બોલાવ્યું અને મંત્રીઓની સલાહ લીધી. આજની ભાષામાં કહેવાનું હોય તો કંસના મંત્રીમંડળમાં બેરિસ્ટરો, પરદેશ જઇ આવેલા વકીલો, સોલિસિટરો–આવા બુદ્ધિશાળી લોકો હતા. તેમાં કેટલાકને તો આંતરરાષ્ટ્રીય કાયદાનું પણ જ્ઞાન હતું. એનું કારણ તે કાળે પણ જુદાં જુદાં કેટલાં સામ્રાજ્યો હતાં? વૃષ્ણીસંઘ ગણરાજ્ય હતું. તેવી રીતે કંસ, જરાસંઘ, કાલયવન, કાલીનાગ જેવા સમ્રાટોના સામ્રાજ્યો હતાં. આંતરરાષ્ટ્રીય આ શબ્દ આજનો જ નથી. તેના કાયદાઓનો પણ અભ્યાસ કરેલા લોકો મંત્રીમંડળમાં હતા.

મંત્રીમંડળ ભેગું થયું. તેમણે કંસને સલાહ આપી કે આવું ન ચાલે. કંસનો ગુસ્સો વધારવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. માણસ તેના સાથીઓથી ઓળખાય છે–તેના માટે અંગ્રેજીમાં કહ્યું છે: A man is known by the company he keeps. સુભાષિતકાર કહે છે:

दौर्मन्त्र्यान्नृपतिर्विनश्यति यतिः सङ्गात्सुतो लालनात्
विप्रोऽनध्ययनात्कुलं कुतनयाच्छीलं खलोपासनात्।

ह्रीर्मद्यादनवेक्षणादपि कृषिः स्नेहः प्रवासाश्रयान्
मैत्री चाप्रणयात्समृध्धिरनयात्त्यागात्प्रमादाध्धनम्॥

આ નીતિશાસ્ત્ર છે. મંત્રીઓ પાસેથી ખોટી સલાહ મળે તો સારો રાજા હોવા છતાં પણ ખતમ થઈ જશે. સંન્યાસીને સંગ લાગ્યો કે સંન્યાસી ખતમ થઈ જાય. છોકરાનું અતિ લાલન, તેના લાડ કરવામાં આવે તો તે બગડી જાય, બ્રાહ્મણ જો અભ્યાસ ન કરે તો ખલાસ થઈ જાય. કુળમાં એકાદ કુપુત્ર આવી જાય તો કુળનો સત્યાનાશ વળી જાય. તમે ભલે શુદ્ધ ચારિત્ર્યના અને શીલવાન હો પણ ખલ-દુષ્ટ વ્યક્તિની સાથે તમારો સંબંધ આવે તો શીલ ખલાસ થઈ જાય. દારુ પીવાવાળામાંથી શરમ ચાલી જાય. પછી તેને પત્ની, સમાજ, સંબંધીઓ કે ભગવાનની પણ શરમ રહેતી નથી. ખેતી તરફ ખેડૂત જો દુર્લક્ષ કરે, ખેતર ઉપર જાય નહિ તો ખેતી ખલાસ થઈ જાય. બહુ પ્રવાસ કરવાવાળાનો કુટુંબ પરનો, બીજા પરનો સ્નેહ ખતમ થાય છે. મિત્રો પરનો પ્રણય ઓછો થયો કે મૈત્રી ખલાસ થાય. સમૃદ્ધિ આવે કે નમ્રતા જાય, ઉદંડતા આવે. ઘણો ત્યાગ કે આળસ કરો તો ધન ખતમ થઈ જાય. તેમાં સૌ પહેલી વાત એ છે કે દુર્મંત્રીઓની સલાહથી રાજા ખલાસ થાય છે.

કંસ ઉપર વસુદેવના શબ્દોની અસર થઈ હતી. તેના જીવનને નવો વળાંક મળશે એવું લાગતું હતું, કંસને પશ્ચાતાપ પણ થયેલો દેખાય છે. તે સાચો હતો કે ખોટો તે ખબર નથી. વસુદેવને કંસ તેથી જ પગે પણ લાગ્યો હતો. કંસ કોઈને પગે પડે તેવો નથી, પણ વસુદેવ-દેવકીને પગે પડ્યો. તે વખતે એવું લાગે છે કે કંસના જીવનને વળાંક મળશે. બરાબર તે જ સમયે મંત્રીમંડળ સાથે તેની બેઠક થાય છે.

મંત્રીમંડળે કહ્યું કે દેવો વિશ્વાસ કરવા જેવા લોકો નથી. હવે શું કરવું? આ ઉપરાંત એવી આકાશવાણી પણ થઈ છે કે તારો શત્રુ વધી રહ્યો છે, મોટો થાય છે. તો પછી શું કરવું? આસપાસના આખા પ્રદેશમાં જેટલાં બાળકો દસ દિવસની અંદરની ઉંમરનાં હોય તે બધાંની હત્યા કરો. તેમાં શું છે? એક રાજાને બચાવવા માટે એટલી હત્યા કરવી પડે તો કરવી જ જોઈએ. ગમે તે ભોગે રાજાને બચાવવો જોઈએ.

મંત્રી મંડળે વિશ્લેષણ કરીને કંસને કહ્યું કે 'તમારામાં જે ફરક આવ્યો છે તે આવવો ન જોઈએ. તમારે બદલાવાનું કંઈ કારણ નથી. દેવોથી ડરવું નકામું છે. અરે! બાકી બીજા દેવો જવા દો. તેમાં એક વિષ્ણુ છે તેનાથી સંભાળવું જોઈએ. પરંતુ, પહેલી વાત, વિષ્ણુ તો એકાંતપ્રિય છે. અને બીજી વાત તે ક્યારે તમારી સામે મેદાનમાં લડવા માટે આવ્યો છે? વિષ્ણુને લડવાનો અનુભવ જ નથી. તો તે તમારી સાથે કેવી રીતે અને ક્યારે લડશે? વિષ્ણુથી ડરવું નકામું છે. બીજો તેમનો બહુ મોટો દેવ છે શંકર. તે તો અરણ્યવાસી છે. આપણે સંપન્ન લોકો છીએ– Technically developed લોકો છીએ. શંકર તો જંગલી છે. તેને ક્યાં ખબર છે કે કેમ લડવું? તેથી દેવોથી ડરવું જ નકામું છે. જે લડવા માટે મેદાનમાં આવ્યો જ નથી તે તમારી સાથે કેવી રીતે લડી શકશે?

મિલીટરીનો નિયમ છે. લશ્કરને લડાઈના મેદાનમાં તાલીમ મળે તે માટે યુદ્ધના મેદાનમાં

લશ્કરને મોકલવું જોઇએ. એનું કારણ, યુદ્ધના મેદાનમાં જ તેને લડવાનો અનુભવ મળે.

શરીરમાં રોગરૂપી શત્રુ ઘૂસી ગયા બાદ તેની ઉપેક્ષા કરવી એ બુદ્ધિમાનોનું લક્ષણ નથી. શત્રુની ઉપેક્ષા એ રાજનીતિ નથી. તમારે જો શત્રુની ઉપેક્ષા કરવી હોય તો તમારે રાજગાદી ઉપર ન બેસવું જોઇએ. રાજગાદી પર બેઠા પછી શત્રુની ઉપેક્ષા થઇ શકતી નથી. અરે! આપણે દેવ અને દેવીઓનાં આધારસ્થાનો છે તેમને જ ઉડાવી દઇશું.'

મંત્રીમંડળનું ભાષણ વાંચવા જેવું છે. વેદવ્યાસે તે નોંધી રાખ્યું છે તે શા માટે? રાક્ષસો, મીઠું મીઠું બોલવાવાળા સુશિક્ષિત લોકો પણ ધર્મનો સત્યાનાશ કેવી રીતે કરે છે, તે તેમણે સમજાવ્યું છે. આપણે સમજવું જોઇએ કે તેઓ પદ્ધતિસર તે કામ કરે છે. ભાગવતમાં મંત્રીમંડળના મોઢેથી તે સ્પષ્ટ રૂપે દેખાડ્યું છે. તેમણે કહ્યું કે જે ભગવાન, ભગવાન કરે છે, તેનો આધાર કોણ છે, ખબર છે? વેદ તેનો આધાર છે. વિષ્ણુનાં સ્થાન ક્યાં ક્યાં છે તે ભાગવતમાં લખ્યું છે. ગાય, વિપ્ર, તપ, યજ્ઞ, ઈંદ્રિયદમન, શાંતિ, શ્રદ્ધા, તિતિક્ષા, સહનશીલતા, દયા—આ બધાં વિષ્ણુનાં સ્થાન છે. આ વાત શત્રુપક્ષના, રાક્ષસના મોઢામાંથી આવેલી છે. ભાગવતમાં આ વાંચવા જેવું છે કે તેને માટે શું શું થઇ શકે છે! જે જે વિષ્ણુનાં સ્થાનો છે તેના પર પ્રહાર કરવા માટે શક્તિ લગાડી દઇશું તો દેવો શું કરવાના છે? દેવો કંઇ કરી શકવાના નથી.

આપણે યજ્ઞનો ધ્વંસ કરીશું. વેદોને આઘા કરીશું. બ્રાહ્મણોને નિર્વીર્ય કરીશું. તપનું મહાત્મ્ય ખતમ કરીશું. ગાયની મહત્તા ખલાસ કરીશું. ત્યારપછી શું થશે? તે બહુ સુંદર રીતે કહ્યું છે. મને તો લાગે છે કે જે જે ઇશ્વરવાદી લોકો છે, તેમણે તે વાંચવું જોઇએ. કંસના મંત્રીમંડળનું જે ષડ્યંત્ર છે, જે એકદમ ખાનગી, લોખંડી પડદાની પાછળ થયેલી મિટિંગ છે, તેની વેદવ્યાસને ખબર પડી ગઇ. તેમાં જે જે બોલવામાં આવ્યું તે વેદવ્યાસે લખી રાખ્યું છે. કારણ, આ રાક્ષસો ઇશ્વરવાદને નષ્ટ કરવા શું શું કરી શકે છે તેનું ઇશ્વરવાદીને માર્ગદર્શન થાય. મંત્રીમંડળમાં બધી વાતો નક્કી થઇ ગઇ અને સૌ પ્રથમ ઋષિ-બ્રાહ્મણનો છળ કરવાની શરૂઆત કરી. આ લોકોના પદ્ધતિસર પ્રયત્નો કેવા હોય છે અને તે શત્રુપક્ષ શું કરે છે તેની સામાન્ય માણસને ખબર પડે તે માટે ભાગવતે લખી રાખ્યું છે.

તેમણે નક્કી કર્યું કે વેદોનો અને યજ્ઞોનો ધ્વંસ કરો તો બધું ખતમ થઇ જશે. તેમાં સૌ પ્રથમ ગાય ચાલી ગઇ. ગાયનો અર્થ કેવળ ગાય નથી. ગાય ચાલી ગઇ એનો અર્થ કૃતજ્ઞતા અને વાત્સલ્ય ચાલ્યાં ગયાં. **ધેત્ પાને – ધેનુ** – એનો અર્થ જે સ્તનપાન કરાવે છે તે. જ્યારે સમાજમાંથી કૃતજ્ઞતા અને વાત્સલ્ય ખતમ થઇ જાય છે ત્યારે સમાજમાં ભૌતિકવાદીઓ ઊભા થાય છે. આજે પણ તે જ થાય છે. સારાં સારાં પુસ્તકોમાં સંશોધનો આવ્યાં છે કે આજે સહજપ્રેરણા (Instincts) જ ઉડાડી દેવામાં આવી છે. તેમનું કહેવું છે કે વાત્સલ્ય જેવી કોઇ વાત છે જ નહિ. તમે તે વાંચ્યું હશે. નહિ વાંચ્યું હોય તો તમારા છોકરાઓ વાંચશે. વાત્સલ્ય જેવી કોઇ વાત છે જ નહિ. વાત્સલ્ય તો વાતાવરણની એક અસર છે. આવું રશિયાનું સંશોધન છે. માનસશાસ્ત્રમાં તેમણે સહજપ્રેરણાઓ ઉડાડી દીધી છે. તેના લીધે તો યુરોપ અને અમેરિકાના દેશો ગભરાઇ ગયા છે. આપણને—ભારતને-ગભરાવાનું કંઇ કારણ નથી.

મેં એક અમેરિકનને કહ્યું, 'હું શ્રીમંત છું. મારા બાપ-દાદા-પૂર્વજો બહુ જ શ્રીમંત હતા. સહજપ્રેરણાઓ ઊડી ગઇ તેથી ડરવાની મને જરૂર નથી. તમે ડરો છો એનું કારણ તમે મેકડુગલની સહજપ્રેરણાઓ માનો છો. અમે તો પુનર્જન્મ (Rebirth) માનીએ છીએ. સહજપ્રેરણાઓને ઉડાવી શકાય છે. પુનર્જન્મને ઉડાવી શકાતો નથી.'

તેમનું (રશિયનોનું) કહેવું એવું છે કે ગાયનું વાછરડું ગાયના આંચળને ચૂસીને દૂધ પીવા જાય છે તે સહજપ્રેરણા (Instinct) થી કરે છે. તેના ઉપર જ તેમનું માનસશાસ્ત્ર ઊભું છે. આપણે એમ કહીએ છીએ કે વાછરડું જન્મજન્માંતરથી માના સ્તનમાંથી દૂધ ચૂસતું આવ્યું છે, તેથી તેનો તે અભ્યાસ છે.

તેઓ કહે છે, માતૃવાત્સલ્ય, પિતૃવાત્સલ્ય—એ બધી વાતો ખોટી છે. તેમનું એ જ કહેવું છે કે પ્રથમ વિચાર ખતમ કરવા જોઇએ અને તે પણ સારી રીતે. તેનાં પુસ્તકો સારાં હશે, છપાઇ સારી હશે, ભાષા સારી હશે અને અંગ્રેજીમાં હશે. કેટલાક ઊચ્ચભ્રૂ લોકોનું કહેવું છે કે ગીતા અંગ્રેજીમાં કહો. માર ખાવાનો તેમનો સમય આવી જ ગયો છે પરંતુ, તેમને બધું અંગ્રેજીમાં જ જોઇએ. કેમ જાણે, તેમના મા-બાપ, મમ્મી-ડેડી જ ન હોય! અંગ્રેજી ભાષા માટે મને નફરત નથી. તે એક સારી ભાષા છે. પરંતુ આવા લોકોએ અંગ્રેજીને માટે એક ખોટી પ્રતિષ્ઠા ઊભી કરી છે.

માતૃવાત્સલ્ય, પિતૃવાત્સલ્ય છે જ નહિ એવું તેમનું સંશોધન છે. તેઓ કહે છે કે જે કાનીન બાળક (Illegal progeny) છે તેને મા પોતાની પાસે રાખતી નથી. તેને ઉકરડા ઉપર ફેંકી દે છે. શા માટે? કાનીન બાળકને જન્મ આપીને માને સામાજિક મોભો મળતો નથી. સામાજિક પ્રતિષ્ઠા આપે તેવું જ બાળક એને જોઇએ છે. તે ન મળે તો, તેવું અપત્ય મરી જાય તો પણ તેની તેને કંઇ પડી નથી. જે બાળકથી એને પ્રતિષ્ઠા નથી મળતી તે બાળક ઉપર તેનો પ્રેમ નથી હોતો. તો વાત્સલ્ય ક્યાં ગયું? જૂના કાળમાં આઠ પુત્રો થાય એવી માગણી થતી હતી. આઠ પુત્રો થવાથી પ્રતિષ્ઠા મળતી હતી. **अष्टपुत्रा सौभाग्यवती भव** – એવા આશીર્વાદ અપાતા હતા. આજે તો કોઇને આઠ પુત્રો હશે જ નહિ અને હશે તો તેની મા કોઇને કહેશે નહિ. કારણ, કહે તો તેની સામાજિક પ્રતિષ્ઠા ખલાસ થઇ જાય. આવા તર્કથી તેઓ એવું સિદ્ધ કરવા માગે છે કે વાત્સલ્ય છે જ નહિ. આવું કહીને તેઓ સહજપ્રેરણા ઉડાવી દે છે.

એક વખત વાત્સલ્ય અને કૃતજ્ઞતા ઊડી ગયા કે ઘર પણ ઊડી ગયું. આ જ રાક્ષસી વૃત્તિ છે. બીજું શું? રાક્ષસો ખાવાનું તો આપે જ છે. પોતે પણ ખાય છે, પીએ છે. તેમાં કોઇ સંદેહ નથી. બધાં આધારસ્થાનો ઉડાવવાં માટે શું શું કરવું જોઇએ તે કંસના મંત્રીમંડળે સ્પષ્ટ રીતે કહ્યું છે અને ભાગવતમાં તે બધું લખેલું છે.

ગાયમાં વિષ્ણુનું સ્થાન છે તો તેને જ ઉડાવી દો. ગાય ચાલી ગઇ કે કૃતજ્ઞતા ચાલી ગઇ, વાત્સલ્ય પણ ચાલી ગયું. કૃતજ્ઞતા અને વાત્સલ્ય ચાલ્યાં ગયાં પછી લોકો જશે ક્યાં? અમારી પાસે જ આવશે. તેમને વટલાવવાની કે બદલવાની જરૂર નથી. તે પોતાની મેળે જ બકરાની માફક બદલાઇ જશે. આવા વિચારને વહેતો કરી દેવો છે. સામે, તેની વિરુદ્ધ શું કોઇ પુસ્તક નીકળે

છે? આપણી તો ભક્તિ ચાલી રહી જ છે. આરતી, માળા, પ્રસાદ—એ તો મંદિરે મંદિરે ચાલે છે. કોઇના દિલમાં, કોઇનું આંતરડું બળતું નથી તેના માટે! આ એક વિચારધારા ઊભી થયા બાદ વાત્સલ્ય અને કૃતજ્ઞતા, બન્ને, ખતમ થવાનાં છે. તે ખતમ થાય તો થવા દો! તમારાં મંદિરોને કોણ તોડે છે? તે તો તમારા છોકરાઓ પોતે જ તોડશે. બીજાને તે તોડવાની જરૂર ક્યાં છે? મહમદગઝની ગાંડો હતો તેથી તે મંદિર અને મૂર્તિ તોડવા નીકળ્યો હતો. મંદિરો તોડવાની જરૂર જ નથી. તે તો આપણે પોતે જ તોડશું. અને તે જગા પર ઉદ્યોગ ઊભો કરશું. અમને જ એવું લાગશે કે આવાં મંદિરની જરૂર શી છે? ત્યાં ઉદ્યોગ રાખો. મંદિરનું કામ શું છે તેની મંદિરને સંભાળવાવાળાને જ ખબર નથી. પીછેસે આયા, આગે લૌટ દિયા. તેમને બીજી કંઇ ખબર નથી. છતાં તેઓ મંદિર સંભાળવા માટે બેસી ગયા છે. તેના તરફ ધ્યાન નહિ આપવામાં આવે તો આગળની પ્રજા મંદિર ખલાસ કરવાની જ છે.

કંસના મંત્રીમંડળે કહ્યું: 'વિષ્ણુનાં જે જે સ્થાનો છે તે તે તોડો. કૃતજ્ઞતા અને વાત્સલ્યને ઉડાવ્યાં. હવે તપની મશ્કરી કરો.'

સ્વાર્થથી જીવનમાં કેટલાક ગુણો આવે છે. સ્વાર્થ વગર જીવનમાં ગુણો લાવવા હોય તો તેના માટે ધીરજ જોઇએ. તેને જ તપ કહે છે. સ્વાર્થ માટે વેપારી સહનશીલ બને જ છે. તેને ઘરાક ગાળ આપે તો પણ તે ગુસ્સે થતો નથી. તે તો ઊલટું એમ કહે છે કે ઘરાક તો અમારા ભગવાન છે. ઘરાકને તે કહે છે, 'તમને જોઇએ તો ચાર દુકાન ફરી આવો. અમારા ભાવે તમને કોઇ વેપારી માલ નહિ આપે. તમને બીજે ઠેકાણેથી આવો માલ ન મળે તો જરૂર અહીં આવો.' વેપારી પાસે જેટલી સ્થિતપ્રજ્ઞતા છે તેટલી તો વસિષ્ઠ પાસે પણ હશે કે નહિ તેની શંકા છે.

સ્વાર્થથી ગુણ આવે છે, પણ તે ગુણને સુગંધ હોતી નથી. જે ગુણો જીવનમાં સ્વાર્થ વગર કેળવવામાં આવે તે ગુણોને સુગંધ હોય છે. વેપારીની દુકાનમાં લખેલું હોય છે—'પ્રામાણિકતા એ અમારી પોલીસી છે. Honesty is our policy' વેપારી જે લખે છે તે ખોટું નથી. તે તો કહે જ છે કે પ્રામાણિકતા એ અમારી 'પોલીસી' છે. એનો અર્થ એ જ કે એ એનો સિદ્ધાંત નથી. પોલીસી તો ગમે ત્યારે બદલી શકાય છે. સિદ્ધાંતમાં ફરક ન કરી શકાય. વેપારી તો ખુલ્લું કહે છે, પણ લોકો તે સમજતા નથી.

જીવનમાં સ્વાર્થ વગર અભ્યાસ કરવો જોઇએ, પરંતુ આપણે તેવો અભ્યાસ કરતા નથી. કોઇ ને કહો કે ચાલો, ઉપનિષદ સાંભળવા જઇએ. તો પહેલો પ્રશ્ન પૂછે, 'શું મળશે?' બધા રાક્ષસો પહેલો પ્રશ્ન આજ પૂછે, 'મળશે શું?' કંઇ મળે તો જ તેઓ અભ્યાસ કરવા તૈયાર થાય. જેમાં કંઇ મળે નહિ ત્યાં પ્રયત્ન કરવા તેઓ તૈયાર નથી. તો પછી તપ વધે કેવી રીતે? જીવનમાં ધીરજ હોવી જોઇએ. તે આવે કેવી રીતે? તપ હોય તો શાંતિ મળે. તપ ન હોય તો શાંતિ ક્યાંથી હોય? રાક્ષસોને બધાને અશાંત જ રાખવા છે. તેમને સતત અશાંતિ (Unrest) જોઇએ. તેઓ બધાના જીવનમાં 'જોઇએ, જોઇએ' ઊભું કરે છે. 'જોઇએ'ની અંશાંતિ અને ફલાણું મળતું નથી તેથી પણ અશાંતિ. સર્વત્ર અશાંતિ જ અશાંતિ. અશાંતિ વધી ગઇ કે એક પણ આધ્યાત્મિક ગુણ જીવનમાં આવતો નથી.

રાક્ષસોનો માનસિક અભ્યાસ કેટલો પદ્ધતિસર છે? એક વખત લોકોના મનમાં અશાંતિ ભરી દીધી કે પછી તેમને બૂમાબૂમ કરવા દો. તે કરાવવા માટે જ તો તેમનો પ્રયત્ન છે. બૂમાબૂમ કરે તો તેમની શક્તિ ખલાસ થઇ જાય પછી અમે શાંતિથી બેસી શકીએ. આ તેમનું ધ્યેય છે. એક વખત અશાંતિ ઊભી થઇ કે ઘર જ ચાલી જાય. જ્યાં શાંતિ હોય તેને ઘર કેહવાય.

બ્રાહ્મણ પણ ભગવાનનું સ્થાન છે, આશ્રયસ્થાન છે. ભગવાન વિષ્ણુનાં આશ્રયસ્થાન ક્યાં ક્યાં છે તેનું સ્પષ્ટ ચિત્રણ કર્યું છે અને તે જ ઉડાવી દેવાની વાત મંત્રીમંડળે કરી છે. તેમણે કંસને કહ્યું: ‘બ્રાહ્મણ એ વિષ્ણુનું મહત્ત્વનું આશ્રયસ્થાન છે. તે તોડવું હોય તો શું કરવું જોઇએ? તેમની કિંમત કરવી જોઇએ અથવા તો તેમને વિત્તથી ખરીદવા જોઇએ. બ્રાહ્મણને વિત્તલોલુપ બનાવવો જોઇએ. આપણે બ્રાહ્મણને કહીશું કે શાસ્ત્રોનું અધ્યયન કરીને તમને શું મળશે? તેનાં કરતાં અમે કહીએ તે શિક્ષણ લો કે તમને શરૂઆતથીજ બે હજાર રૂપિયાનો પગાર મળશે. એક દર્શનશાસ્ત્ર ભણતાં તમને બાર વર્ષ લાગે છે. પાછું વળતર કંઇ નહિ. એનાં કરતાં ભૌતિક શિક્ષણમાં તમે તેટલી મહેનત કરો તો તમને સામાજિક પ્રતિષ્ઠા મળશે અને વિત્ત પણ મળશે. આટલી મહેનત કર્યા પછી તમને કંઇ મળવું જોઇએ કે નહિ?

આ રાક્ષસોની વાણી બહુ જ મીઠી હોય છે તેથી જ તેમને **चारुवाक्-चार्वाक्** કહે છે. તેમની વાણી સાંભળીને એમ જ લાગે કે તેમના હૃદયમાં માનવ્ય માટે કેટલો પ્રેમ છે? ગળી ભાષા બોલીને તેઓ બ્રાહ્મણ સંસ્થાને જ ખતમ કરે છે. બ્રાહ્મણો જે વિદ્યા ભણે છે તેની કિંમત જ સમાજમાં ખલાસ કરી દેવાની આ પ્રથમ વાત. તેના માટે પદ્ધતિસર, હળવે હળવે કામ કરવું પડે. તેનું પરિણામ પચાસ વર્ષ પછી મળે. પચાસ વર્ષ પહેલાં બ્રાહ્મણની સમાજમાં કેટલી પ્રતિષ્ઠા હતી! અને આજે ક્યાં ચાલી ગઇ? બ્રાહ્મણની કિંમત કોણે ખલાસ કરી? બ્રાહ્મણની કિંમત ખલાસ કરવી આ પહેલી વાત અને તેને વિત્તથી ખરીદી લેવો આ બીજી વાત. આટલું કર્યા પછી બ્રાહ્મણ રહ્યો જ ક્યાં? તેઓ બ્રાહ્મણને વિત્તલોલુપ બનાવી નાખે છે. તેના લીધે બ્રાહ્મણ જ ખતમ થાય છે. બ્રાહ્મણ્ય ગયા પછી રહેલા બ્રાહ્મણને અર્થ જ શું છે? પછી તો હું બ્રાહ્મણ છું એનું કારણ મારા બાપા બ્રાહ્મણ હતા. સંસ્કૃતમાં તેના માટે **ब्रह्मबंधु** એવી ગાળ છે. બ્રહ્મબંધુ એટલે કે ‘બ્રાહ્મણનો ભાઈ’ છે. એટલે કે તે બ્રાહ્મણ નથી. એક વખત બ્રાહ્મણની કિંમત ખલાસ થઈ કે પછી બ્રાહ્મણ જે બોલે તેની કિંમત ક્યાં રહી? તેની વિદ્યા પણ ચાલી જશે અને તેનું સમાજમાં સ્થાન પણ રહેશે નહિ. ધર્મમાં અને ભક્તિમાં કચરો ઘૂસી જાય પછી તેમાં શક્તિ જ રહેવાની નહિ. રાક્ષસોને તે જ તો જોઇએ છે. બન્ને ખતમ થઇ જાય. તેના માટે જ રાક્ષસો પ્રયત્નશીલ હોય છે. પછી બ્રાહ્મણ શું કરે? તો હિંદીમાં કહે છે તેમ બ્રાહ્મણ એટલે ‘પીર, બબરચી, ભિસ્તી, ખર,’ આવો તેને બનાવી દે છે.

યજ્ઞમાં વિષ્ણુનો વાસ છે. રાક્ષસોને યજ્ઞ જોઇતા નથી. તેઓ યજ્ઞનો વિરોધ કરતા નથી. જો યજ્ઞનો વિરોધ કરે તો લોકો સામે થાય. તેથી તેઓ બુદ્ધિ ચલાવીને યજ્ઞનો આત્મા જ કાઢી નાખે છે. યજ્ઞનું કર્મકાંડ ચાલુ રાખે છે. બ્રાહ્મણો ભલેને યજ્ઞનો કર્મકાંડ કર્યા કરે. કેટલી આહુતિ આપીને કયું પુણ્ય મળે છે તેની ચર્ચા થયા કરે, અને સ્વાહા, સ્વાહા ચાલ્યા કરે. તેમાં તેમનું શું જાય? રાક્ષસો યજ્ઞનો પ્રાણ જ કાઢી લે છે.

જૂનાકાળમાં ઋષિ યજ્ઞ કરતા હતા, ત્યારે રાક્ષસો તેમના યજ્ઞનો ધ્વંસ કરતા હતા. શા માટે? તેની પછવાડે તેમનો તર્ક હતો. ઋષિ અને બ્રાહ્મણો જ્યાં યજ્ઞ કરતાં હતા ત્યાં સમાજના અંતિમ માણસ સુધી (unto the last) પહોંચીને માનવ્ય ઊભું કરતા હતા. યજ્ઞીય બ્રાહ્મણો તેમને સમજાવતા હતા કે તમે સિંહની ઓલાદ છો, પ્રભુના દીકરા છો. તેના લીધે તેમનામાં અસ્મિતા જાગૃત થતી હતી. તે બકરા મટીને માણસ બનતા હતા. જ્યાં માણસની માણસ તરીકે કિંમત વધી જાય ત્યાં રાક્ષસો ખતમ થાય. રાક્ષસોથી તે સહન જ ન થાય, તેથી જ તેઓ યજ્ઞનો ધ્વંસ કરતા હતા. રાક્ષસોની વિચારધારા મુજબ વ્યક્તિની વ્યક્તિ તરીકે કિંમત વધવી ન જોઇએ. આ તેમનો સિદ્ધાંત છે. યજ્ઞમાંનો કર્મકાંડ રાખીને તેમાંની કૃતિભક્તિ ખતમ કરવાથી, યજ્ઞનો ધ્વંસ કરવાની પણ જરૂર ન રહે. યજ્ઞ પોતમેળે જ ખલાસ થાય. તે જ કામ રાક્ષસો કરે. કંસના મંત્રીમંડળે તેને એવી સલાહ આપી.

જેમ યજ્ઞો ખતમ કર્યા તેમ વેદોનો ધ્વંસ કરવા માટે તેમણે કહ્યું: 'વેદ એટલે શું છે? **त्रयो वेदस्य कर्तारः धूर्तभाण्डनिशाचराः** – વેદ કોણે બનાવ્યા છે? ધૂર્ત બ્રાહ્મણોએ વેદ બનાવ્યા છે. શા માટે? **बुद्धिः पौरुषहीनानां जीविका धातृनिर्मिताः** – 'જેમની પાસે બુદ્ધિ અને પૌરુષ નથી, તેમની જીવિકા કેવી રીતે ચાલે? તે ચલાવવા માટે વેદો ઊભા કર્યા છે.' આવું આ લોકો કહે છે. રાક્ષસો વેદોને બાળે છે એટલો વેદોના ગ્રંથો બાળે છે એમ નહિ. તેઓ વેદમાંની જે જીવનદૃષ્ટિ છે તે જ ખતમ કરે છે. તેઓ એમ કહે છે કે વેદોનો કાળ એ આદિમાનવનો (Primitive) કાળ હતો. તેમના આવા પ્રચારને કારણે જ આજે બધા ભણેલા લોકો એમ માને છે કે વેદકાળ એ આદિમાનવનો (Primitive) કાળ હતો. તેમાંના કોઇએ વેદો વાંચ્યા નથી, તેના પર વિચાર કર્યો નથી. છતાં એવું માને છે. યજ્ઞ અને વેદોને ખતમ કરવા માટે રાક્ષસો આવો રસ્તો અપનાવે છે.

મંત્રીમંડળ કંસને કહે છે કે આવું કામ કરવા માટે માયાવી રૂપ લેવું પડે તો માયાવી રૂપ પણ લો. માયાવી રૂપ લઇને બે વાતો થઇ શકે. કાંતો વિરોધી બનીને તેને ખતમ કરો અથવા અભ્યાસુ બનીને ઊલટું પ્રતિપાદન કરો.

આ લોકો રામાયણનું સંશોધન કરીને સત્યાનાશ વાળે છે. રામાયણનું જે સંશોધન થયું છે તેમાં આ લોકો યુક્તિ વાપરે છે. એકાદ માણસનું તેઓ વર્ણન કરે કે આ માણસ બહુ બુદ્ધિશાળી છે, ખૂબ વિદ્વાન છે. દસ ગુણો બતાવીને છેલ્લે બે દુર્ગુણો એવા બતાવે કે ઉપરના બધા ગુણો ધોવાઇ જાય. માયાવી રૂપ લઇને વેદોનું, રામાયણનું આવું જ સંશોધન તેઓ કરે છે. સીધો પ્રહાર કરીને અથવા તો માયાવીરૂપ લઇને આવું સંશોધન કરીને, તેઓ વેદ અથવા રામાયણ જેવા ગ્રંથો પર આક્રમણ કરે છે.

જીવનવ્યવહારમાંથી વૈદિક તત્ત્વજ્ઞાન અને ભક્તિ આઘા કરીને માણસને ભલે જીવવા દો, એવું તેમનું કહેવું છે. તેઓ કહે છે કે અમે ભક્તિના વિરોધી નથી–વૈદિક ભક્તિ ન હોવી જોઇએ, આવો કોઇ કાયદો કરતા નથી. પણ અન્ય યુક્તિઓ વાપરીને તેઓ ભક્તિમાંનો પ્રાણ જ હરી લે છે. તે પછી ચીલાચાલુ ભક્તિ તો ચાલ્યા કરે છે, પણ તેનું જીવન પર કોઇ પરિણામ થતું નથી. ભક્તિમાંથી વૈદિક વિચારો આઘા કર્યા પછી ભક્તિમાંની શક્તિ જ ખલાસ થઇ જાય છે.

વેદો કહે છે કે જે ભગવાનથી વિભક્ત નથી, તે ભક્ત. ભક્ત હંમેશાં ભગવાન જોડે જોડાયેલો રહે છે. જે વિભક્ત થઇ શકતો નથી, તે ખરો ભક્ત છે.

જેમ ભક્તિ ઉડાવી તેમ શ્રદ્ધા પણ ઉડાવી. મંત્રીમંડળ કહે છે કે લોકોની શ્રદ્ધા ઉડાડવાની જરૂર નથી, તેમનાં શ્રદ્ધસ્થાનો જ બદલી નાખો કે પતી ગયું.

તેઓ મંદિરને તોડવાનું કહેતા નથી. મંદિર રહેવા દો. તેમાં પૂજા કરનારને પગાર આપો અને મંદિરને વર્ષાસન આપી દો. પછી મંદિરમાં લોકો ભલેને જાય. તેમનું કશું બગડવાનું નથી.

રાક્ષસો કેવી પદ્ધતિથી કામ કરે છે તેનું વિશ્લેષણ ભાગવતમાં જેવું કરવામાં આવ્યું છે તેવું તમને ક્યાંયે જોવા નહિ મળે. દૈવી વિચારો અને દેવ—એટલે ભગવાનને જગતમાંથી આઘા કરવા માટે શું શું કરવું જોઇએ તેનું સંપૂર્ણ લખાણ આ મંત્રીમંડળની સલાહમાં છે.

મંત્રીમંડળે વિષ્ણુનાં દસ સ્થાનો બતાવ્યાં છે. યજ્ઞ, વેદ, બ્રાહ્મણ, તપ, ગાય, ઈંદ્રિયદમન, શાંતિ, શ્રદ્ધા, દયા અને સહનશીલતા. આ દસ સ્થાનોમાં ભગવાન છે. આ દસ સ્થાનોને કેવી રીતે ઉડાવવા તેની સ્પષ્ટ સલાહ મંત્રીમંડળે કંસને આપી છે. આ દસ વાતો આપણે સાચવી લઇશું તો ડરવાનું કારણ નથી.

ચોથા અધ્યાયના છેલ્લા શ્લોકમાં ભાગવતકારે બતાવ્યું છે.

आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च।
हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः॥ (ભા. ૧૦/૪/૪૬)

(આયુષ્ય, વૈભવ, યશ, ધર્મ, લોકોના આશિષ-આ બધાં મનુષ્યોનાં શ્રેયસ્કર તત્ત્વો, મહાપુરૂષોનું અતિક્રમણ કરવાથી નાશ પામે છે.)

મહદ્તત્ત્વનું અતિક્રમણ કર્યા બાદ **आयुः श्रियं...** ઇત્યાદિ બધું ખતમ થઇ જાય છે એ સહજસિદ્ધાંત છે. દૈવી વિચારોના લોકોમાંથી આ બધું ચાલી જાય છે. વેદને ઉડાવી દો, યજ્ઞનું રૂપ બદલાવી દો અને તેમને યજ્ઞ કરવા દો. બ્રાહ્મણો કેવળ સ્વાહા સ્વાહા કરતા બેસશે તો તેની સામે યુવાન વર્ગ ઊભો થશે અને કહેશે, અગ્નિમાં નકામું ઘી બાળો છો તે નહિ ચાલે. અમને ખાવા માટે ઘી જોઇએ છે. તમે તે અગ્નિમાં શા માટે નાખો છો?' આમ તેઓ આપસમાં જ એકબીજાને મારશે. મૂળ વાત, બ્રાહ્મણની પ્રતિષ્ઠા ઓછી કરવી છે. દૈવી વિચારોની વિરુદ્ધમાં પદ્ધતિસર કેવા પ્રયત્નો થાય છે તેનું ચિત્રણ ભાગવતમાં કર્યું છે.

એક દિવસમાં કંઇ માણસ બદલાતો નથી. માણસને બદલવામાં પણ કંઇ સમય જાય છે. આજે લોકો કહે છે કે આજની પ્રજા બગડી ગઇ છે. લોકોને ખબર નથી કે પ્રજા વર્ષોથી બગડતી આવી છે અને તેની છેક આજે તમને ખબર પડે છે. આજે કેટલાક લોકો કહે છે: 'બધા ગધેડા થઇ ગયા છે.' ત્યારે હું તેમને કહું છું, 'તમે જરા સંભાળીને બોલો. એનું કારણ તે તમારી જ ઓલાદ છે. માટે એવું બોલવું નકામું છે.' આગળથી વાસણ પડતું આવ્યું છે અને છેલ્લી પગથીએ ઠમ થયું ત્યારે આપણને ખબર પડી કે વાસણ પડ્યું લાગે છે!

ભાગવતમાં એનું ચિત્રણ બહુ સુંદર કરવામાં આવ્યું છે. તે સમજી લઇએ તો અવતારનું રહસ્ય સમજી શકાય. કંસના મંત્રીમંડળે જે નિર્ણય લીધો છે તે આજની ભાષામાં કહેવાનું હોય તો તેની પાર્લામેન્ટનો ઠરાવ છે. મંત્રીમંડળે સૌથી પહેલાં કંસના મગજમાંથી ડર કાઢ્યો છે. તેને કહ્યું છે કે દેવો કંઇ કરી શકતા નથી. આપણે પ્રભાવી થઇએ તો દેવો શું કરી શકે? તેમને સ્થાન જ નહિ રહે. દેવનાં જે સ્થાનો છે, બેઠક છે, તે જ ઉડાવી દો. પછી દેવો રહેશે ક્યાં? દેવોના સ્થાનો પર પ્રહાર કરવા જોઇએ અને તે કેવી રીતે કરવાના, તે બધું જ તેમણે કહ્યું છે.

રાક્ષસો પણ વેદોનો અભ્યાસ કરે છે, સંશોધનો પણ કરે છે. અમારા જેવા વર્ણન કરે છે, 'અરે! રશિયામાં વેદોનો અભ્યાસ થાય છે,' પણ તો પછી આપણે ત્યાં કેમ થતો નથી? એવું તેમને પૂછવું જોઇએ. માયાવી રૂપે આ બધું કામ કરવાનો મંત્રીમંડળે નિર્ણય લીધો એટલું જ નહિ. જે દિવસે નિર્ણય લીધો તે જ દિવસથી તેના અમલની તેમણે શરૂઆત કરી દીધી. જ્યાં જ્યાં સત્ દેખાય ત્યાં ત્યાં કેવી રીતે પ્રહાર કરવો તેની પદ્ધતિસર વ્યવસ્થા કરી. એકબાજુ અહીં આવી વ્યવસ્થા થઇ ને બીજીબાજું ત્યાં ગોકુલમાં કૃષ્ણ મોટા થાય છે.

નંદજીના ઘરમાં પ્રભુનો બાલ્યોત્સવ થયો. પ્રભુના બાલ્યને નમસ્કાર કરવા જોઇએ. આપણે પણ નમસ્કાર કરીશું. કૃષ્ણનું બાલ્ય અદ્‌ભુત છે. પ્રભુ રામચંદ્રનું બાલ્ય કોઇને યાદ પણ નથી આવતું. પ્રભુ રામચંદ્ર બાલક હતા એવું મગજમાં જ આવતું નથી. રામચંદ્રનું બાલ્ય બાલકાંડમાં બંધાઇ ગયું છે. ઇસામસીહ જેવા ધર્મોપદેશક અથવા ધર્મસંસ્થાપક અથવા બુદ્ધ ભગવાન જેવાનું બાલ્ય પ્રૌઢતાએ ખાઇ નાખ્યું છે. તેથી તેમનું બાલ્ય આંખની સામે આવતું જ નથી. કૃષ્ણનું બાલ્ય ઘરઘરમાં ઘૂમી રહ્યું છે. કૃષ્ણ જ એક એવા તત્ત્વજ્ઞાની છે, જેમનું બાલ્ય આટલું સુમધુર, સુંદર, મનોહારી અને આકર્ષક છે. ચમત્કારપૂર્ણ બાલ્ય જીવનનો પૂર્ણ પરિચય થઇ જાય છે.

જગન્નાથનું પાલનપોષણ ગુપ્તતાથી થયું તે એક આશ્ચર્ય છે. ગુજરાતનો નાથ કોણ છે? દ્વારકાનાથ. જગતનો નાથ જગન્નાથ છે. વિશ્વને સંભાળવાવાળા તે જગન્નાથ, દ્વારકાનાથનું પોલનપોષણ ગુપ્તતાથી થાય છે આ એક આશ્ચર્ય છે. પરંતુ, તેમાં આશ્ચર્ય પામવાની આવશ્યકતા નથી. તેમનું રહેવું જ ગુપ્ત છે. આજે સર્વ જગામાં પ્રભુ છે. 'આસપાસ આકાશમાં અંતરમાં આભાસ; ઘાસચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.' આટલું હોવા છતાં તે ગુપ્ત જ છે. તે વ્યક્ત છે જ નહિ. તેને વ્યક્ત કરવો મુશ્કેલ છે, સમજવો મુશ્કેલ છે. આવા જગન્નાથનું પાલનપોષણ ગુપ્તતાથી થાય છે.

કેટલી ગુપ્તતા છે? ભાગવતકારે આ બહુ સુંદર રીતે દેખાડ્યું છે. નંદજી વાર્ષિક કર ભરવાને માટે મથુરા ગયા હતા. ત્યાં તેઓ વસુદેવને મળ્યા. બન્ને દોસ્ત છે. એકબીજા સાથે વાતો કરે છે. તેમાં નંદજીને ત્યાં પુત્ર આવ્યો તેની વસુદેવ વધાઇ આપે છે. વસુદેવના છોકરાઓ મરી ગયા તેનું નંદજી દુઃખ વ્યક્ત કરે છે. બધી વાતો કરે છે, પણ કૃષ્ણને (નંદજીને) ત્યાં રાખી આવ્યા છે તેના વિષે અક્ષર પણ બોલતા નથી. વસુદેવ ઉચ્ચ કોટીના રાજનીતિજ્ઞ છે. મોકો જોઇને દોડવાવાળા અક્રૂર જેવા વસુદેવ નથી. અક્રૂર તકવાદી છે. તેથી જ તો વસુદેવને જેલખાનામાં જવું પડ્યું હતું.

વસુદેવને માટે કૃષ્ણને અપાર પ્રેમ અને આદર છે. પણ આપણી આંખોની સામે, સાળાએ જેલખાનામાં નાખેલા છે એવા વસુદેવ છે, જેણે ત્યાં બાળકો પેદા કર્યાં છે તે સિવાયનું તેમનું બીજું કોઇ જીવન આપણી આંખોની સામે આવતું જ નથી. વાસ્તવમાં વસુદેવનું જીવન ઘણું મહાન છે. તેમણે નંદજીને ત્રણ ત્રણ વખત કહ્યું છે, 'કૃષ્ણને સંભાળજો. જોખમ ઘણું છે. વ્રજમાં તો બહુ મોટો ભય છે માટે કૃષ્ણને સંભાળજો.' પરંતુ, નંદજી તેનો અર્થ સમજતા નથી. તેમને એમ લાગે છે કે મારો છોકરો નાનો છે તેથી સંભાળવાનું કહે છે.

કૃષ્ણનું બાલ્યાવસ્થાનું સૌથી પહેલું કર્તૃત્વ હશે તો તે પૂતનાને મારવાનું! ગોકુલ તથા વ્રજના બધાં જ નાનાં છોકરાંઓને મારી નાખવા માટે પૂતનાની નિયુક્તિ કરવામાં આવી હતી. તેનું દૂધ પીધા પછી, નાનાં બાળકો મરતાં હતાં. પોતાની સ્વાભાવિક દુષ્ટતાને કારણે પૂતનાએ કૃષ્ણને ખોળામાં લઇને સ્તનપાન કરાવવાનું શરૂ કર્યું. તેના સ્તનને ચૂસીને તેના પ્રાણ જ ખેંચી લીધા. જે પૂતના દુર્ગંધયુક્ત હતી તે સુગંધી બની ગઇ, આ નૈસર્ગિક છે. કારણ કૃષ્ણ ભગવાનને હાથે મૃત્યુ આવ્યું. તેને સદ્ગતિ મળી, એવું ભાગવતકારનું કહેવું છે.

ત્યારબાદ શકટાસુરની કથા છે. ગોપાલો બધા ખેતી કરવાવાળા ખેડૂત ન હતા. ગોપાલો ગોરસ વેચવાવાળા હોવાથી સ્થળાંતર કરવાવાળી જમાત હતી. તે જમાત વારંવાર સ્થળાંતર કરતી હતી. તેનું ભાગવતમાં વર્ણન છે.

ગોપાલોનું ગાડું—એટલે બળદગાડી કેવી હતી, તેના પર કોણ અને કેવી રીતે બેસતા હતા, પાછળ કોણ રહેતું હતું, આગળ કોણ રહેતું હતું, તેનું સંપૂર્ણ વર્ણન ભાગવતકારે સુંદર રીતે કર્યું છે. આ જમાત—જેને અંગ્રેજીમાં tribe કહે છે તે એક સ્થળેથી બીજે સ્થળે જતી વખતે શું શું કરતી હતી, તેમને કેટલી દક્ષતા રાખવી પડતી હતી, તેનું વર્ણન ભાગવતમાં છે.

એક વખત માતા યશોદા કૃષ્ણને છોડીને ક્યાંક ગઇ હતી. કૃષ્ણ ભગવાન આળોટતાં આળોટતાં ગાડાની નીચે આવી પડ્યા. તે ગાડું બગડેલું હતું તેથી ટેકાના સહારાથી તેને ઊભું રાખવામાં આવ્યું હતું. બાળકે તેને લાત મારી તેથી તે ગાડું ઊલટું થઇ ગયું. બાળકને મારવાવાળી બળદગાડી તેને રાક્ષસ જેવી લાગી. તેમાં કોઇ સંદેહ નથી. શકટાસુર રાક્ષસ હતો એવું તેને લાગ્યું. પરંતુ, તે બળદગાડી જ હતી.

મહાભારતમાં ભીષ્મપર્વમાં શીશુપાલે કૃષ્ણની બાળપણની ક્રિયાઓની મશ્કરી કરી છે ત્યારે શકટાસુર વધ પર બોલતી વખતે કહે છે: **'चेतनारहितं काष्टं यदनेन निपातितम्**—ચેતનારહિત લાકડાની ગાડીને ઉથલાવી તેમાં કૃષ્ણનું કયું કર્તૃત્વ કે પરાક્રમ છે?'

શકટાસુર પછી આવે છે તૃણાવર્ત અસુરની કથા. તૃણાવર્તનો અર્થ છે આંધી. આંધીથી આખું ગોકુળ વ્યાકુળ થયું હતું અને તે વખતે કૃષ્ણ દેખાતો નથી. ક્યાં ચાલ્યો ગયો કોને ખબર? આંધીમાં ધૂળ ઉડતી હતી. આંખ ખુલતી નથી, કૃષ્ણ દેખાતો નથી તેથી માની સ્થિતિ કેવી થઇ હશે? તેનું ચિત્રણ ભાગવતકારે કર્યું છે. સંસ્કૃતભાષા મનોહારી છે અને ભાગવતકારની કલમ અતિ રમણીય છે. કેટલીક વાતો એવી છે કે તેનું ભાષાંતર કરવાથી તેનો સ્વાદ જ ચાલ્યો જાય છે. લોકો તેનું ભાષાંતર કરવાનું કહે છે પરંતુ, હું હંમેશા કહું છું કે જે કંઇ લખ્યું છે તે જ ભાષામાં વાંચવું

જોઇએ. તો જ તેની મહત્તા છે. ભાષાંતરથી તેમાં અંતર આવી જાય છે.

મા આકુળવ્યાકુળ થઇ ગઇ પરંતુ, છેવટે કૃષ્ણ મળ્યાં. આમ, બચપણમાં જુદા જુદા રૂપે આપત્તિઓ આવતી હતી, દુર્ઘટના બનતી હતી અને કૃષ્ણ હસતાં હસતાં તેમાંથી પાર પડતા હતા.

એટલામાં એક પ્રશ્ન વસુદેવના મનમાં ઊભો થાય છે. જે જન્મે છે તેના સંસ્કાર થવા જોઇએ. કૃષ્ણના પણ જાતકર્મ ઇત્યાદિ સંસ્કાર થવા જોઇએ. પરંતુ, તે જે જમાતમાં- ગોપાલોમાં રહેતા હતા, તેમનામાં સંસ્કારની પદ્ધતિ નહોતી. હવે શું કરવું? ષોડશ સંસ્કાર છે તેમાંથી પંદર સંસ્કાર કરવાના હોય છે અને સોળમો સંસ્કાર મરણ પછી સ્મશાનમાં થાય છે. ભગવાન પણ સગુણસાકાર થઇને આવે તો તેમના પણ પંદર સંસ્કાર કરવા જોઇએ, કારણ, **संस्कारात् द्विज उच्यते**—તેથી તેમને થયું કે મારા છોકરાના સંસ્કાર ન થાય તે કેમ ચાલે? તેથી તેમણે નંદજીને ત્યાં ગર્ગાચાર્યને મોકલ્યા. આ બહુ જ સુંદર ઘટના છે.

ગર્ગાચાર્યને નંદજીને ત્યાં મોકલતી વખતે વસુદેવે તેમને કહ્યું ક્ષત્રિયકુલોચિત જેટલા સંસ્કાર થાય છે તે બધા સંસ્કાર કૃષ્ણના કરવાના છે, પરંતુ, તે કોઇને પણ ખબર ન પડે તેવી રીતે કરવાના છે. તમારે ચતુરાઇથી આ કામ કરવાનું છે.

ત્યારબાદ, ગર્ગાચાર્ય નંદજીને ત્યાં જાય છે. નંદજીએ કહ્યું: 'પધારો, પધારો, તમે અમારી ઝૂંપડીમાં?' ગર્ગાચાર્યે કહ્યું: 'સહજ આવ્યો છું.'

ગર્ગાચાર્ય જ્યોતિષશાસ્ત્રી હતા, પંડિત હતા. આપણે તો કોઇને પણ પંડિતની ઉપમા આપી દઇએ છીએ, તેવા પંડિત ન હતા. ગર્ગાચાર્ય ખરા અર્થના પંડિત હતા, તે ભૂત અને ભવિષ્યનું જાણી શકતા હતા.

નંદજી ગર્ગાચાર્યની પાસે બેઠા અને વાતની શરૂઆત કરી. નંદજીએ કહ્યું 'છોકરાને સંસ્કાર તો આપવા જ જોઇએ; પરંતુ, અમારી જમાતમાં કોઇ એવા સંસ્કાર કરતા નથી. મારો છોકરો તો અતિ તેજસ્વી છે. તેના સંસ્કાર તમે કરશો?'

ગર્ગાચાર્યે કહ્યું: 'હું સંસ્કાર તો કરીશ. પરંતુ સંસ્કાર કર્યા પછી શું થશે? હું યાદવોનો ઉપાધ્યાય છું. યાદવોનો ઉપાધ્યાય તમારે ત્યાં તમારા છોકરાના જાતસંસ્કાર ઇત્યાદિ સંસ્કાર કરે છે તેવી ખબર જો કંસને પડી જશે તો? કારણ, કંસની છૂપી પોલીસ અહીં ગોકુલમાં બધી જગાએ છે. તમને ખબર નથી. યાદવો અને ગોકુલનિવાસી લોકો એક જ છે એવી માન્યતા કંસના મગજમાં છે. તમે તો વસુદેવના મિત્ર છો. કંસને આ વાતની ખબર પડશે તો તેના મગજમાં એક વહેમ ઊભો થશે કે મારો શત્રુ ગોકુલમાં મોટો થાય છે એવું મેં જે સાંભળ્યું છે, તે શત્રુ નંદના ઘરમાં જ છે. તો પછી તમારે ત્યાં આપત્તિ નહિ આવતી હોય તો પણ આવશે. તમારા છોકરાના બધા સંસ્કારો થવા જ જોઇએ. 'ભગવાન જેવો પુત્ર તમારે ત્યાં આવ્યો છે. તેના સંસ્સ્કાર તમારે ત્યાં નહિ થાય તો ક્યાં થશે? સંસ્કાર માટે લાયક કુળ કોઇ હોય તો આ તમારું જ કુળ છે; પરંતુ, યાદવોનો અને ગોપોનો પ્રેમનો સંબંધ છે અને હું યાદવોનો ઉપાધ્યાય છું, તેથી હું સંસ્કાર કરીશ તો કંસને ચોક્કસ વહેમ આવશે. તેથી હું આ સંસ્કારો નહિ કરું.'

નંદજીએ કહ્યું: 'તમે જ તો કહો છો કે પ્રત્યેક જીવ માનવદેહ ધારણ કરીને આવે તો તેના સંસ્કાર થવા જ જોઇએ. તમે જો સંસ્કાર કરવા તૈયાર હો તો આપણે છૂપી રીતે સંસ્કાર કરીએ. એમાં છે શું?'

ત્યારે ગર્ગાચાર્યે કહ્યું: 'તમારો તો એકનો એક છોકરો છે અને તે પાછો તમારો ખૂબ લાડકો છે. તેના સંસ્કાર કરવાના હોય તો ઉત્સાહ આનંદથી જાહેર થાય જ. જો વાત જાહેર થઇ જાય તો કંસ તમારા છોકરાને છોડે જ નહિ. તેથી હું ના પાડું છું.'

નંદજીએ કહ્યું: 'આપણે તેના બધા સંસ્કાર ખાનગીમાં ગૌશાળામાં જ કરીશું, જેથી તેની કોઇને ખબર ન પડે. પણ સંસ્કાર ન થાય તે કેમ ચાલે?'

ત્યારે ગર્ગાચાર્યે કહ્યું: 'તમારો આટલો આગ્રહ છે તો જરૂર હું બધા સંસ્કાર કરીશ. આ વાતની કોઇને ખબર ન પડવી જોઇએ.'

આવું નક્કી થયા પછી ગર્ગાચાર્યે સંપૂર્ણ સંસ્કારો કર્યા. પછી તેમાં નામકરણનો પ્રશ્ન આવ્યો. નામકરણ તો કરવું જોઇએ. તે કેવી રીતે થાય? ગર્ગાચાર્યને તો આગળ-પાછળની બધી જ ખબર હતી. જે બધાંને આનંદ આપવાવાળો છે તેનું નામ 'રામ'. **रमन्ते अस्मिन् इति रामः** જેમાં રમમાણ થવાય તેને રામ કહે છે. તેથી ગર્ગાચાર્યે કહ્યું: તે અત્યંત બલવાન છે, તેનુ નામ 'રામ' રાખશું તો સારૂં એમ મને લાગે છે. બીજું, તે અત્યંત બળવાન છે, તેથી 'રામ'ની જોડે 'બલ' જોડી દર્શને નેનું નામ 'બલરામ' રાખીએ.' નંદજીએ તહ્યું; 'કબૂલ, તમે જે નામ રાખશો તે કબૂલ છે.'

જ્યાં નામ, રૂપ ચાલ્યા જાય છે એવા ભગવાનના નામસંસ્કાર થયા. ભાગવતમાંનું આ બધું વર્ણન વાંચીએ ત્યારે ગલગલિયા થાય છે. જે નામરૂપાતીત છે, જેનું પાલનપોષણ ગુપ્તાથી થાય છે, તેના જાતકર્મ ઈંત્યાદિ સંસ્કાર થાય છે. તેમાં તેની પછવાડે પિતાનું દિલ પણ દેખાય છે અને ગર્ગાચાર્યની ચતુરાઇ પણ દેખાય છે. પછી આવ્યો બીજો છોકરો. 'તેનું શું નામ રાખીશું' એમ ગર્ગાચાર્યે પૂછ્યું. તો નંદજીએ કહ્યું: 'તમે તો જ્યોતિષશાસ્ત્રવેત્તા છો. તેથી તેનું નામ પણ તમારે જ રાખવાનું છે.' ત્યારે ગર્ગાચાર્યે કહ્યું: 'સારું. તમે કહો છો તો હું નામ કહું. આમ તો બધામાં ભગવાન છે, પરંતુ, મને તો આ ભગવાન લાગે છે.' આ સાંભળીને કયા બાપને ખુશી ન થાય? નંદજીને ખૂબ આનંદ થયો. ગર્ગાચાર્યે વધુમાં કહ્યું, 'તમારો આ છોકરો કંઇ સામાન્ય છોકરો નથી. તેની કુંડલી અદ્‌ભુત છે. તે ભગવાન જેવો છે. ભગવાને ઘણા અવતારો લીધા છે. તેમાં જુદા જુદા અવતારો છે. તેમાં શ્વેત, રક્ત, પીત આ ત્રણ અવતારો થઇ ગયા છે. હવે એક કૃષ્ણ એટલે કે કાળો અવતાર થવાનો છે, મને એમ લાગે છે કે હવે જે અવતાર થશે તે કૃષ્ણ વર્ણનો હશે. તમારો છોકરો કૃષ્ણ વર્ણનો છે. બીજું, **कर्षति इति कृष्णः**—તે બધાને ખેંચવાવાળો છે. માટે તેનું નામ કૃષ્ણ રાખીએ. તમને કોઇ પૂછે કે તમે તેનું નામ કૃષ્ણ કેમ રાખ્યું? તો તમારે કહેવાનું કે તે આખા ગોકુલને સારો લાગે છે કે નહિ? તેનો વર્ણ પણ કાળો છે. તેથી કૃષ્ણ નામ રાખ્યું.' આવી રીતે ગર્ગાચાર્યે નંદજીના મગજમાં બધી વાતો પહેલેથી જ ભરી દીધી. ગર્ગાચાર્યે કહ્યું: વસુદેવને ત્યાં ભગવાને ઘણી વખત અવતાર લીધો છે. જુઓ, એક દિવસ તેનું નામ પણ વાસુદેવ થઇ જશે.'

નંદજીએ પૂછ્યું: 'શું તે વાસુદેવ થશે?' તો ગર્ગાચાર્યે કહ્યું: 'હા, વાસુદેવ થઇ જશે.' આ

વર્ણન બહુ જ સુંદર છે. ભોળા અને ગામડાના નંદજી અને ચતુરાઈથી ભરેલા ગર્ગાચાર્ય, આ બન્નેનું જે સંભાષણ છે, તે વાંચવા જેવું છે.

વસુદેવે ગર્ગાચાર્યને મોકલ્યા તેમાં તેમનો કૃષ્ણ ઉપરનો પ્રેમ છે. ગર્ગાચાર્યની ચતુરાઇ છે. કોઇને ખબર ન પડતાં સરળતાથી કૃષ્ણના બધા સંસ્કારો નંદજીની ગૌશાળામાં ગર્ગાચાર્યે જ કર્યા.

ત્યારબાદ બીજું એક વર્ણન આવે છે જે આપણું દિલ ખેંચી લે છે. એકવાર કૃષ્ણ ભગવાને માટી ખાધી. માટી ખાધા બાદ યશોદા માતાએ તેને કહ્યું 'તેં માટી ખાધી છે. ખોલ તારું મોઢું, મને જોવા દે.' માએ કહ્યું તેથી કૃષ્ણે મોઢું ખોલ્યું અને તેમાં માને સંપૂર્ણ વિશ્વનું દર્શન થયું એવું ભાગવતકારે લખ્યું છે. યશોદાને વિશ્વનું દર્શન થયા પછી જે તત્ત્વજ્ઞાન થયું તેનું ત્રણ શ્લોકમાં વર્ણન છે. યશોદાને તે બધું યાદ રહે તો આ બધું નાટક ખતમ થઇ જાય. તેથી યશોદાને વિસ્મૃતિ લાવવી જોઇએ. આમ યશોદા થોડા જ સમયમાં જે કંઇ જોયું હતું તે બધું ભૂલી ગયાં. કારણ, બધી બાલક્રીડા તો થવી જ જોઇએ.

એક પ્રસંગ આવે છે. એકવાર યશોદાએ કૃષ્ણને ખાંડણિયાની સાથે બાંધી દીધા. કૃષ્ણ તો ખાંડણિયાને પોતાની સાથે ઘસડીને લઇ ગયા. વચ્ચે જ બે ઝાડ આવ્યાં, તેમાં ખાંડણિયું અટકી ગયું. તે ઝાડ—એટલે જ નલ અને કુબેર. તે બન્ને જણ ત્યાં શા માટે હતા, ક્યાંથી આવ્યા હતા અને તેમની મુક્તિ કેમ થઇ તેનું વર્ણન ભાગવતમાં છે.

આવી દુર્ઘટનાઓ સતત બની તે જોઇને નંદજીને લાગ્યું કે હવે રહેવાનું સ્થળ બદલવું જોઇએ. અહીં તો સતત એક પછી એક દુર્ઘટના થાય છે. આ જગા જ સારી નથી. આવી જમાતના લોકો એટલા બધા ભોળા હોય છે કે તેમને એવું લાગવું સહજ છે.

દુર્ઘટનાઓ જોઇને નંદજીએ પણ જગા બદલીને નવી જગા પસંદ કરી. તેઓ ગોકુલમાંથી વૃંદાવનમાં ગયા. આનું વર્ણન ભાગવતકારે બહુ સુંદર રીતે કર્યું છે. તેમાં આ સ્થળાંતર કરવાવાળી જમાત કેવી રીતે સ્થળાંતર કરે છે અને તે વખતે શું શું થાય છે તેનું સુંદર વર્ણન વાંચવા મળે છે.

નંદજી ગોકુલમાંથી વૃંદાવનમાં આવી ગયા અને ત્યાં સ્થિર થયા. વૃંદાવનને તેઓ નવું ગોકુલ કહેવા લાગ્યા. જેમ આપણે મુંબઇ અને નવી મુંબઇ કહીએ છીએ તેમ તેમણે નવું ગોકુલ વસાવ્યું હશે. વૃંદાવનમાં પણ બે-ત્રણ ઘટનાઓ બની. બકાસુર, અઘાસુર આવે છે. અજગરના રૂપમાં રાક્ષસ આવે છે. આ એક માનસશાસ્ત્રીય ચમત્કાર છે. અભ્યાસ કરવાવાળા લોકો માટે આ કહું છું. પાછળની સ્મૃતિ કેવી રીતે ચાલી જાય છે તેનું સુંદર વર્ણન છે. જે રાક્ષસ હતો તે અજગરના રૂપમાં આવે છે અને તેને મારવામાં એક વર્ષ નીકળી જાય છે. પરંતુ, એક વર્ષ વીતી જાય છે તેની ગણત્રી કરતી વખતે ગોટાળો થઇ જાય છે અને તેમાં એક વર્ષ વધી જાય છે. આ એક વર્ષ ગોકુલને કેવી રીતે સંભાળ્યું? એક વર્ષ ગયું ક્યાં? આ બધી 'રીપ વાન વિંકલ' જેવી તે સમયની વાતો લાગે છે, પણ તે માનસશાસ્ત્રીય છે. તેના લીધે વિસ્મૃતિ થઇ ગઇ છે.

ત્યારબાદ ધેનુકાસુર આવે છે તેને બલરામ મારી નાખે છે. જુદા જુદા અસુરો કૃષ્ણને મારવા માટે આવે છે, તેમને મારી નાખવામાં આવે છે. ત્યારબાદ કાલીયમર્દનની કથા આવે છે. પાણીનો ધરો હતો તે ઝેરી બની ગયો હતો. તેમાંથી કોઇ પાણી પી શકતું નહોતું. તેની પાસેથી પસાર પણ

થઇ શકાતુ નહોતું. તેમાં કૃષ્ણ ભગવાન કૂદી પડ્યા. અંદર ગયા બાદ કૃષ્ણ ભગવાન દેખાતા નથી. તેમણે જાતે જ આ આપત્તિ વહોરી લીધી હતી. આ વાતની ખબર પડતાં જ આખું ગોકુળ આકુળવ્યાકુળ થઇ ગયું. પશુપક્ષીની સ્થિતિ પણ કેવી થઇ ગઇ! ગાયો પણ ઘાસ ખાતી નથી. એનું કારણ, કૃષ્ણ ભગવાને બધાને જ પ્રેમ આપ્યો હતો. આપણને શંકા નથી કે **कृष्णस्तु भगवान् स्वयम्।** વૃક્ષ, વનસ્પતિ, પશુ, પક્ષી, લોકો—બધાની શી સ્થિતિ થઇ હતી તેનું બહુ જ સુંદર વર્ણન ભાગવતકારે કર્યું છે. છેવટે કાલિયનાગને હરાવીને તેને સમુદ્રમાં મોકલાવી દીધો. તે વખતે નાગપત્નીઓ કૃષ્ણનું વર્ણન કરે છે: ‘ભગવાન! દુષ્ટ અને સુષ્ટ—બન્ને તમારા જ દીકરાઓ છે. તમે તો બધા ઉપર અનુગ્રહ જ કરો છો. તમે કાલિયનાગને હરાવીને અમારા પર અનુગ્રહ કર્યો છે.’

ત્યારબાદ, વીસમા અધ્યાયમાં શરદઋતુનું વર્ણન છે. કારણ, ભાગવતકારને રાસક્રીડા તરફ આવવાનું છે. આ અધ્યાયમાં વર્ષાઋતુ અને શરદઋતુનું અતિકાવ્યમય અને સુંદર વર્ણન છે. તેને સંસ્કૃતકાવ્યમાં પણ ઉપમાં નથી. ભાગવતકારે વર્ષા અને શરદઋતુનું જે વર્ણન કર્યું છે તે અનુપમેય છે. તેનું સાહિત્યિક મૂલ્ય (Literary value) પણ ઘણું છે. ત્યારબાદ ચોવીસમાં અને પચીસમા અધ્યાયમાં ગોવર્ધનપૂજા આવે છે.

અત્યારસુધી, ગતાનુગતિક ઈંદ્રપૂજા ચાલતી હતી. કૃષ્ણ ભગવાનના આગ્રહથી તેઓ ઈંદ્રપૂજા છોડી દે છે અને ગોવર્ધનપૂજા કરે છે. કૃષ્ણ ભગવાન તેમને કહે છે: ‘તમારે લાંબે રહેવાવાળા ઈંદ્રની પૂજા શા માટે કરવી છે? આપણને ઈંદ્રે શું આપ્યું છે? કંઇ આપ્યું નથી. જો ઈંદ્ર ભગવાન કંઇ આપતા નથી તો આપણે ઈંદ્રપૂજા શા માટે કરવી છે? આપણે ગોવર્ધનપૂજા કરીશું.’ તેથી ગોપોએ ગોવર્ધનપૂજા કરી. ત્યારબાદ ખૂબ વરસાદ પડ્યો. તે વખતે ગોવર્ધન પર્વતના માધ્યમથી કૃષ્ણ ભગવાને તેમને સંભાળ્યા. કૃષ્ણ ભગવાને આંગળી ઉપર ગોવર્ધન પર્વત ઉપાડ્યો. તેમાં ચમત્કારનું વર્ણન છે. આવું ચમત્કારનું વર્ણન હોવું જોઇએ કે નહિ? હોવું જ જોઇએ. શા માટે નહિ?

આ સૃષ્ટિમાં અનંત ચમત્કાર છે. પરંતુ, સામાન્ય માણસના મગજમાં આ ચમત્કાર બેસતા નથી. જેમણે પંચતન્માત્રા અને પંચમહાભૂતોનો અભ્યાસ કર્યો હશે તેમને આ વાતની ખબર છે. દા.ત. અગ્નિ, આ પંચમહાભૂતમાંનો એક મહાભૂત છે. તેમાં આઠ આના અગ્નિતત્ત્વ છે અને બે બે આના પૃથ્વી, જલ, વાયુ અને આકાશ તત્ત્વો છે. આ બધું મળીને અગ્નિતત્ત્વ બન્યું છે. જો બીજાં તત્ત્વો તેની સાથે ન હોય તો તમને અગ્નિતત્ત્વ દેખાય જ નહિ. અગ્નિમાં જલતત્ત્વ અને અગ્નિતત્ત્વ સાથે રહે છે. આ કોણ રાખે છે? આ શું ચમત્કાર નથી? આ ચમત્કાર જ છે. સૃષ્ટિમાં આવા અનંત ચમત્કારો છે.

ભગવાને ગુરુત્વાકર્ષણથી અનંત ગોળાઓ આકાશમાં અદ્ધર પકડી રાખ્યા છે, પરંતુ, આ ચમત્કાર લોકોના ધ્યાનમાં આવતો નથી. શરીરવિજ્ઞાનશાસ્ત્રમાં કેટલા ચમત્કાર છે! દા.ત. પુરુષના કે સ્ત્રીના શરીરમાં અડતાળીસ રંગપરમાણુઓ હોય છે, પરંતુ, પુરુષના વીર્યમાં અને સ્ત્રીના રજમાં ચોવીસ રંગપરમાણુઓ હોય છે. એવું શા માટે? તે ખબર નથી પડતી. તેવું ન હોત તો? વીર્ય અને રજ માં પણ અડતાળીસ રંગપરમાણું હોત તો તે બન્ને મળીને જે શરીર થાત તેમાં છન્નું

રંગપરમાણું થઇ જાત. તે ન થાય તે માટે જ વીર્ય અને રજમાં ચોવીસ રંગપરમાણું હોય છે. જેથી બાળક જન્મે તેના શરીરમાં અડતાળીસ રંગપરમાણું થાય. તેવું ન હોય તો પહેલી પેઢીમાં છન્નું, બીજી પેઢીમાં એકસોબાણું આમ ગુણાકાર જ થતો જાય. વીર્ય અને રજ માં ચોવીસ-ચોવીસ રંગપરમાણું જ કેમ હોય છે તે આજના વિજ્ઞાનને એક પડકારરૂપ પ્રશ્ન છે. જેમણે રંગપરમાણુનો (Chromosom theory) અભ્યાસ કર્યો હશે તેને આ વાત ખબર હશે. આ એક ચમત્કાર નહિ તો બીજું શું છે? માનવી શરીર ચમત્કારોથી ભરેલું છે.

સૃષ્ટિમાં પ્રાકૃતિક ચમત્કારો કેટલા છે! પરંતુ, માનવી રૂપમાં આવેલી શક્તિના હાથે જ્યારે ચમત્કાર થાય છે ત્યારે ભક્તિભાવ ઊભો થાય છે. ભાગવતકારને ભક્તિભાવ જ ઊભો કરવો છે. તેથી ભાગવતમાં લખ્યા છે તે ચમત્કાર થયા જ હશે. હવે જો આ ચમત્કાર થયા હતા એમ માનીએ તો કંસ, જરાસંઘ, દુર્યોધન ઇત્યાદિ લોકો બુદ્ધિશાળી હતા, તેમણે જો આ ચમત્કારો જોયા હોય તો તેઓ બદલાવા જોઇતા હતા. તેઓ શા માટે ન બદલાયા? આ એક પ્રશ્ન છે. તેથી આ ચમત્કારો માટે કંઇ વિચારવું પડશે. નહિ તો જેટલા ચમત્કારો થયા હતા તેનાથી વધારે ચમત્કારો દિન-પ્રતિદિન સૃષ્ટિમાં થયા જ કરે છે. તેથી વ્યાકુળ થવાની કંઇ જરૂર નથી.

મને કોઇ પૂછે કે, 'ભાગવતમાં લખ્યા છે તે ચમત્કારો થયા હશે કે નહિ?' તો કહું કે, ભાગવતકારે લખી છે તે સત્ય ઘટના છે. તે થઇ જ છે. તે સત્ય છે. જે બની ગયેલ ઘટના છે તે જ 'સત્ય' છે એવું તમે સમજતા હો તો તમને સત્યનો અર્થ ખબર નથી. બની ગયેલી ઘટના સત્ય નથી. જે ઘટના સત્‌ની પાસે લઇ જાય તે જ ઘટના 'સત્ય' છે. ભાગવતમાં લખેલા ચમત્કારોની ઘટનાઓ માણસને ભગવાનની નજીક લઇ જાય છે, માટે 'સત્ય' છે.

ભગવાને જો ગોવર્ધન પર્વત ઉપાડ્યો હોય તો તે શું મારું જીવન નહિ ઉપાડે? મને સત્‌ની પાસે લઇ જવાવાળી તે ઘટના છે, તેથી તે સત્ય છે. બની ગયેલી ઘટના જ સત્ય હોઇ શકે એવી આપણી સમજ જ ખોટી છે. सते हितं सत्यम्—સત્‌ની પાસે લઇ જવાવાળી ઘટના સત્ય છે. ઇસામસીહે એક રોટલીમાંથી બે હજાર લોકોને જમાડ્યા એવું લખ્યું છે. આ ઘટના થઇ હશે કે નહિ તે મને ખબર નથી; પરંતુ, આ ઘટના વાંચ્યા પછી હજારોના દિલમાં વિશ્વાસ પેદા થાય છે. આ ઘટના સત્‌ની પાસે લઇ જવાવાળી હોવાથી તે સત્ય જ છે.

બીજી વાત, આ સ્કંધમાં શકટાસુર ઇત્યાદિ રાક્ષસો આવ્યા એવું લખાણ છે. બધી નૈસર્ગિક આપત્તિઓને માટે રાક્ષસ શબ્દ લખી શકાય છે. જે શકટાસુર આવ્યો તે રાક્ષસ જેવો લાગ્યો. તે કોઇને પણ તેવું લાગે. એનું કારણ, ગાડું જો દીકરા ઉપર પડત તો શું થાત? તેથી તે રાક્ષસ જેવું લાગ્યું છે. વક્તૃત્વમાં ન્યૂનોક્તિ, અતિશયોક્તિ અને વિકૃતિકરણ આવે જ છે. વિવિધ વાસનાનાં વ્યંગચિત્રોનું નામ રાક્ષસ હોઇ શકે છે. આજે જે વ્યંગચિત્રો આવે છે—જેને કાર્ટુન કહે છે—તે વ્યંગચિત્ર જેવું શરીર, મૂળવ્યક્તિનું હોતું નથી. પરંતુ વિકૃતિ દ્વારા કાર્ટુન-વ્યંગચિત્રને કંઇક સમજાવવાનું હોય છે. આવી જ રીતે, વિકૃત બતાવવા માટે આપત્તિઓને રાક્ષસ કહે તે પણ શક્ય છે.

પૂતનાનું વર્ણન છે, તે પૂતના જેવી કોઇ સ્ત્રી હશે પણ ખરી, તેમાં શંકા નથી. તમે સુશ્રુતનું

વૈદકશાસ્ત્ર વાંચ્યું હશે તો તેમાં બાલરોગોના જુદાં જુદાં નામો આવે છે. તેમાં શીતળા ઈત્યાદિ રોગો છે. તેમાં એક બાલરોગનું નામ પૂતના છે. આ રોગ બાળકને જલદીમાં જલદી હેરાન કરે છે, એટલું જ નહિ, મારી પણ નાખે છે. સુશ્રુતમાં 'પૂતના' નામનો રોગ છે. તે રોગ કેમ ઉત્પન્ન થાય છે તે ખબર નથી પડતી. જેને આજની ભાષામાં કહેવાનું હોય તો 'વાયરસ' કરી શકાય. જે રોગ બાબત બુદ્ધિ ખલાસ થઈ જાય તેને ડૉક્ટરો Virus infection કહે છે. એટલે કે જે રોગનું કારણ ન કહી શકાય, તેને સૂક્ષ્મ જંતુનો ચેપ (Virus infection) કહે છે. તે સમયે ગોકુલમાં 'પૂતના' નામનો રોગ આવ્યો હશે. તેમાંથી કૃષ્ણ ભગવાન બચી ગયા. એટલું જ નહિ, તે પૂતાનાને મારી નાખી એવું પણ થયું હશે, સમજાવવાને માટે આવું લખ્યું હશે.

આધ્યાત્મિક દૃષ્ટિથી **પૂત**નો અર્થ થાય છે પવિત્ર. જે પવિત્ર નથી તે પૂતના– પૂત +ના. પૂતના આવી તે ઘટના ચતુર્દશીને દિવસે બની હતી. ભાગવતકારે બીજી કોઈ ઘટનાનો દિવસ-તિથિ લખ્યા નથી પણ પૂતનાની ઘટનાના લખ્યા છે. પૂતના ક્યારે આવી? ચતુર્દશીને દિવસે આવી. શા માટે? તો જે ચૌદ વાતો છે તેમાં પૂતના–અપવિત્રતા ઘૂસી જાય છે. આ ચૌદ વાતો એટલે પંચજ્ઞાનેન્દ્રિયો, પંચકર્મેંદ્રિયો, મન, બુદ્ધિ ચિત્ત અને અહંકાર. તેમાં અપવિત્રતા ઘૂસી જાય છે અને તેનાથી દુર્ગંધ પેદા થાય છે. કૃષ્ણ સ્પર્શ થયા પછી તે દુર્ગંધ ચાલી જાય છે. એટલે કે ભક્તિનો ખરો સ્પર્શ થાય તો આ દુર્ગંધી ચાલી જાય. ત્યાંસુધી અપવિત્રતાની દુર્ગંધ રહે. ભાગવતકારે તે સમજાવવા માટે પૂતનાની ઘટનાની તિથિ સુધ્ધાં લખેલી છે.

શકટાસુરની બાબતમાં **चेतनारहितं काष्ठं**–એવું તો લખ્યું જ છે. ગૃહસ્થાશ્રમના જીવનમાં જો ભગવાનને ગૌણત્વ આવી જાય તો ભગવાન લાત મારશે અને સંસાર ખતમ થઈ જશે. દરેક ગૃહસ્થાશ્રમીએ જીવનમાં ભગવાનને પ્રથમ સ્થાન આપવું જોઈએ. ભગવાનને ગૌણ સ્થાન ન જ આપવું જોઈએ. આપણા જીવનમાં ભગવાનનું સ્થાન છેલ્લું છે. Your first appointment must be with God—સૌ પ્રથમ ભગવાનને મળવું જોઈએ, તેવું ગોવર્ધન પૂજામાં બતાવ્યું છે. ભગવાને ગોવર્ધન પર્વતની પૂજા કરવાનું કહ્યું હશે તેમાં શંકા નથી. તેવી જ રીતે, અંગુલિનિર્દેશન કરીને ભગવાને તેમને ગોવર્ધન પર્વતની ગુફાઓમાં રહેવાનું કહ્યું હશે. ઈંદ્ર ભગવાન કેટલા દિવસ સુધી વરસાદ પાડ્યા કરશે? જ્યાંસુધી વરસાદ પડે ત્યાંસુધી ગોવર્ધન પર્વતની ગુફાઓમાં સુરક્ષિતપણે રહો એમ કહ્યું હશે. આવી રીતે બધાની વ્યવસ્થા કૃષ્ણ ભગવાને કરી આપી તેવું પણ હોઈ શકે.

ઈંદ્ર ભગવાને પણ વરસાદ પાડ્યો હશે; પરંતુ, કૃષ્ણ ભગવાને ગોવર્ધનપૂજા કરવાનું કહેતાં જ ઈંદ્રપૂજાના પક્ષપાતી લોકોએ ક્રોધનો વર્ષાવ કર્યો હોય એ પણ શક્ય છે. પરંપરાને બદલવામાં આવે ત્યારે પરંપરા પક્ષપાતીઓનો ગુસ્સો સહન કરવો જ પડે. કેટલાક લોકો પરંપરાભિમાની હોય છે. કોઈ એકાદ વ્યક્તિ પરંપરાનો ભંગ કરી બીજે રસ્તે ચાલવા લાગે તો તેઓ તેના પર આગ વરસાવે છે. આવું બન્યું હશે ત્યારે કૃષ્ણ ભગવાને કહ્યું હશે કે પહંપરાભિમાની લોકો ગાળો આપે છે તો આપવા દો. કેટલા દિવસ તેઓ ગાળો આપશે?

'**गोवर्धन**'માં **वर्ध** શબ્દનો અર્થ થાય છે વધારવું, તેમ બીજો અર્થ થાય છે કાપવું. તમે મદ્રદેશ-મદ્રાસની જૂની પરંપરા જોશો તો ત્યાં કોઈ કોઈ વખત ગાયોનું બલિદાન અપાતું હતું, તેઓ

ગોમાંસભક્ષણ કરતા હતા. **ગવાં છેદનસ્થાનમ્**—એટલે ગો છેદનનું સ્થાન. તેથી **ગવાં છેદનસ્થાનમ્** ને બદલાવીને કૃષ્ણ ભગવાને **ગવાં સંવર્ધનસ્થાનમ્** ગાયોનું સંવર્ધનસ્થાન બનાવી દીધું હશે. કૃષ્ણ ભગવાને ગોસંવર્ધન સ્થાન બનાવ્યા પછી તેમને થોડો સમય ઝઝૂમવું પડ્યું હશે.

એક કાળે યજ્ઞમાં મનુષ્યવધ થતો હતો. તેમને લાગતું હતું કે માણસનો વધ કરીને અગ્નિમાં તેની આહુતિ આપવી જ જોઇએ, તેના વગર યજ્ઞ પૂરો ન થાય. આવો મનુષ્યવધ અટકાવવા માટે ઋષિઓને કેટલું કામ કરવું પડ્યું છે! લોકોની ધાર્મિકશ્રદ્ધાનો એ પ્રશ્ન હતો તે સંતોષવા માટે ઋષિઓને પણ લોકોને સમજાવવું પડ્યું, કંઇક યુક્તિઓ કરવી પડી. ઋષિઓએ તેમને કહ્યું: ‘તમારે માણસની જ આહુતિ આપવી છે ને? તો તમે વિશ્વામિત્રની સૃષ્ટિના માણસની આહુતિ આપોને!’ તેના માટે વિશ્વામિત્રની કથા ઊભી કરવી પડી. વિશ્વામિત્ર પ્રતિસૃષ્ટિ નિર્માણ કરતા હતા. તેમાં જે મનુષ્યનું રૂપ તે નારિયેળ. નારિયેળને આંખો છે, ચોટલી છે, બધું છે. વચ્ચે જ બીજી સૃષ્ટિ નિર્માણ થાય તો ગરબડ થઇ જાય. બ્રહ્મદેવે પ્રતિસૃષ્ટિ નિર્માણ કરવાનું કામ બંધ કરાવી દીધું. તમારે મનુષ્યવધ કરવો જ હોય તો તમે અગ્નિમાં વિશ્વામિત્રની સૃષ્ટિનો માણસ હોમો, એટલે કે, નારિયેળ હોમો. તેઓ સમજી ગયા, માની ગયા. તે દિવસથી યજ્ઞકુંડમાં નારિયેળ હોમવાની પદ્ધતિ આવી ગઇ. નારિયેળનું હવન કર્યા વગર યજ્ઞ પૂરો ન થાય. ભગવાનની સામે પણ તેવી જ રીતે નારિયેળ વધેરવામાં આવે છે. પહેલાં મનુષ્યને કાપીને ચોટલી-માથાનો ભાગ-ભગવાનને ધરાતો અને નીચેનો ભાગ પ્રસાદતરીકે લેવામાં આવતો. તેના જ પ્રતીકરૂપે આજે પણ નારિયેળ વધેરવામાં આવે છે, ચોટલીવાળો ભાગ ભગવાનને ધરવામાં આવે છે અને નીચેનો ભાગ પ્રસાદ તરીકે વપરાય છે.

ગવાં છેદનસ્થાનમ્ – ગોવર્ધનમ્—યજ્ઞના રૂપે ગાયોનું બલિદાન અપાતું હતું. ઈંદ્ર ભગવાનના યજ્ઞમાં ગાયોની આહુતિ અપાતી હતી. તે કૃષ્ણ ભગવાને બંધ કરી ગોવધ કરવાવાળા સામે તેમને લડવું પડ્યું. કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડ્યો એવું જે વર્ણન છે તેનો અર્થ **ગવાં છેદનસ્થાનમ્** ને બદલે **ગવાં વર્ધનસ્થાનમ્** કર્યો. સંક્ષિપ્તમાં કહેવું હોય તો યજ્ઞના રૂપે ત્યાં ગોવધ થતો થતો હતો તે બંધ કરી, ગોસંવર્ધન ઊભું કર્યું. આજે પણ તેનું કંઇ ચિહ્ન રહ્યું છે. જેમ મનુષ્ય યજ્ઞના ચિહ્ન રૂપે નારિયેળ હોમાય છે તેમ, યજ્ઞમાં ગોમુખ હોવો જોઇએ એવો આગ્રહ રખાય છે. આ બધું કરવા માટે કૃષ્ણ ભગવાનને કેટલું ઝઝૂમવું પડ્યું હશે!

કૃષ્ણે કહ્યું: ‘તમે ગાયને મારો છો તે કંઇ સારી વાત નથી. ગાય તો આપણી મા છે.’ આવું કહીને ગાયનું સંરક્ષણ કર્યું. તે કાળથી શિવાજીના કાળ સુધી ક્ષત્રિયો **ગોબ્રાહ્મણપ્રતિપાલક**ની બિરુદાવલિ લગાડતા હતા. શિવાજીના કાળનું વર્ણન છે: **उदंड जाहले पाणी स्नानसंध्या करावया** – સ્નાનસંધ્યા કરવા માટે ઘણું પાણી છે,—આનો અર્થ તે પહેલાં પાણી ન હતું એમ નહિ. રામદાસસ્વામીએ જે લખ્યું છે તેનો અર્થ એવો છે કે તે પહેલાં નિશ્ચિંતતાથી વિશુદ્ધ રીતે સ્નાનસંધ્યા થતી ન હતી. ક્યાંથી તકલીફ આવી ચડે તે નક્કી ન હતું. શિવાજીના કર્તૃત્વથી તે ચિંતા ચાલી ગઇ એવું તેમને સમજાવવું છે. આવું જ ગોવર્ધનપૂજાનું લખાણ છે. કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત ઉપાડ્યો એ જે વાત છે તેના આવા જુદા જુદા અર્થો છે.

કૃષ્ણ ભગવાને ચમત્કાર કર્યા હશે કે નહિ? કર્યા હશે. આપણો તેવો વિશ્વાસ છે. યશોદાને ભગવાને વિસ્મરણ પણ કરાવ્યું હશે, એમાં શું છે? તે વ્યંગચિત્ર પણ હોઇ શકે છે. પરંતુ, આને માટે સંશોધનની આવયશ્યકતા છે. સંશોધન કરીશું તો કૃષ્ણ ભગવાનનું ચરિત્ર વધારે સારી રીતે સમજાશે. ભાગવતકાર ચમત્કારોનું વર્ણન કરે છે, પરંતુ, તેઓ લાક્ષણિક ભાષામાં લખે છે. લક્ષણારૂપે લખું છું એવું ભાગવતકારે પોતે જ પુરંજનનું આખ્યાન કહેતી વખતે કબૂલ કર્યું છે. તેથી લક્ષણા પણ હશે. તે છતાં મને કોઇ પૂછશે કે આ બધી ઘટનાઓ સત્ય છે? તો હું કહીશ કે મને તે સો ટકા સત્ય લાગે છે. કારણ, તે ઘટનાઓથી ઈશ્વરપ્રતિ ભાવ વધે છે.

ગર્ગાચાર્યે ગુપ્ત રીતે જાતકર્મ ઈત્યાદિ સંસ્કાર કર્યા. તેના પરથી, ક્ષત્રિયો સિવાય કોઇમાં સંસ્કાર આપવાની પધ્ધતિ ન હતી તેવું જણાય છે. આના ઉપરથી તે કાળની ધાર્મિક સ્થિતિ ખબર પડે છે. તેવી રીતે તે જમાનામાં ઈંદ્ર ભગવાનના યજ્ઞમાં ગાયની આહુતિ આપતા હશે, તે કૃષ્ણ ભગવાને બંધ કરાવી છે. આમાં કોઇ અર્થ ઘટાવવામાં આવ્યો નથી.

દશમ સ્કંધના એકવીસમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણની મધુર મુરલીના નિનાદથી આખું ગોકુલ, વિશેષત: ગોપીઓ કેવી ગાંડી બની છે તેનું મનોહારી વર્ણન છે. તે કંઇ પ્રવચનનો વિષય નથી. તે વર્ણન વાંચવું જોઇએ અને સમજવું જોઇએ.

ભગવાન શ્રીકૃષ્ણે પણ એક વાંસનો ટુકડો ઉપાડ્યો અને તેમાં પ્રાણ ભરી દીધા. આપણે પણ પડેલા છીએ. પડેલાને ભગવાન કોઇક દિવસ ઉપાડે છે. ભગવાને વાંસના ટુકડામાં પ્રાણ ભર્યા, એટલે કે ભાવ ભર્યો, તેથી તેમાં મનોહારીત્વ આવ્યું. ભગવાનની બે મુરલી પ્રસિદ્ધ થઇ છે. એક મુરલી તેમણે ગોકુલમાં વગાડી અને બીજી મુરલી તેમણે કુરુક્ષેત્રના મેદાનમાં વગાડી. ગોકુળમાં જે વગાડી તે હતી ભાવમુરલી અને કુરુક્ષેત્રમાં વગાડી તે હતી જ્ઞાનમુરલી-ગીતા. તેમાં જે ભાવમુરલી છે તે અખિલ પ્રાણીમાત્રના અંતઃકરણને મોહિત કરવાવાળી હતી. તેની પાછળ આખું ગોકુલ પાગલ બન્યું હતું. જુદા જુદા શ્લોકમાં તેની જુદી જુદી વાતો લખી છે.

એક ગોપી કહે છે કે તમારા મુખકમલના દર્શન થવાથી અમારી આંખો પ્રસન્ન થાય છે પરંતુ, આજ સુધી કાનને કૃતાર્થતા મળી ન હતી. ભગવાને જ્યારે મુરલી વગાડી ત્યારે કાનને કૃતાર્થતા મળી. કેવળ આંખો કૃતાર્થ થઇને ન ચાલે, કાન પણ કૃતાર્થ થવા જોઇએ. બીજી એક ગોપી કહે છે કે આ મુરલીનું કેટલું ભાગ્ય હશે! તે વાંસની છે, પણ તે ભગવાનના અધર સુધી પહોંચી ગઇ! આ બધું વર્ણન સંસ્કૃત શ્લોકોમાં જ વાંચવું જોઇએ. તે સંસ્કૃત લોકો માટે જ છે. કેટલાક કહે છે કે અમને સંસ્કૃત નથી આવડતું. તેમને કહેવું જોઇએ કે તમે અસંસ્કૃત છો. જેને સંસ્કૃત નથી આવડતું તેને સુસંસ્કૃત કેવી રીતે કહેવાય? જીવન, કાવ્ય, સૌંદર્ય, પૌરુષ, તેજ, મોક્ષ સુધીના બધા ભાવ અને રસ કોઇ ભાષામાં ભરેલા હશે તો તે સંસ્કૃત ભાષામાં ભરેલા છે. તેથી મૂળ સંસ્કૃતમાં જ વાંચવું જોઇએ. બીજી એક ગોપી કહે છે કે વૃંદાવનની ધૂળ પણ સાર્થક બની ગઇ. કેમકે તેને ભગવાનની મુરલી સાંભળવા મળી. આખું ગોકુલ મુરલીની પાછળ ગાંડું બન્યું હતું. જ્યારે મુરલીસૂર સંભળાય છે ત્યારે ગાય, હરણ ઈત્યાદિ પશુઓ સ્તબ્ધ થઇને તે સાંભળે

છે. તે ખાવાનું પણ છોડી દે છે. એટલું જ નહિ, ગાયનું વાછરડું ગાયને ધાવતું હોય, એટલામાં તેના કાને જો કૃષ્ણમુરલીના સૂર પડે તો તે દૂધ પીવાનું છોડી દે છે. કૃષ્ણમુરલીના સૂરોનું કરેલું વર્ણન બેનમૂન છે. તેમાં ભાવ છે, હૃદય છે, દિવ્યતા (Divinity) છે.

સૂર અને સ્વરમાં ફરક છે. સૂરની પછવાડે અર્થ આવ્યો તે સ્વર બની જાય છે. જેમાં અર્થ નથી આવતો તેને સૂર કહે છે. સૂર અને સ્વર બન્નેમાં શક્તિ છે. પરંતુ, આ શક્તિ, વ્યક્તિની બુદ્ધિ અને હૃદયની શક્તિ છે. તેનું બહુ જ સુંદર વર્ણન ભાગવતકારે કર્યું છે.

ત્યારબાદ બાવીસમાં અધ્યાયમાં કાત્યાયિનીવ્રત સમજાવ્યું છે. બધી કુમારિકાઓ પોતાને કૃષ્ણ જેવો પતિ મળે એટલા માટે કાત્યાયિનીવ્રત કરે છે તેનું વર્ણન કર્યું છે. એના પછીનો અધ્યાય બહુ જ મહાત્ત્વનો છે. એનો અર્થ એવો નથી કે બીજા અધ્યાયો મહત્ત્વના નથી. કેટલાંક ફૂલો એવાં હોય છે કે જેમને શબ્દનો સ્પર્શ થાય તો તેની શોભા ચાલી જાય. મુરલીનિનાદનો જે અધ્યાય છે તેમાં મુરલીના માધુર્યનું વર્ણન છે. તે બધું વર્ણન સારું જ છે. ત્યારપછી એવું બન્યું છે કે કેટલાક બ્રાહ્મણો યજ્ઞ કરે છે. તેની કથા તો એટલી જ છે કે બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા. તે વખતે કૃષ્ણ ભગવાને ગોપમિત્રોને કહ્યું, કે 'તમે બ્રાહ્મણોની પાસે જાઓ અને કહો કે અમે ભૂખ્યા છીએ, અમને ખાવાનું આપો.'

યજ્ઞ ચાલતો હતો. બ્રાહ્મણો સ્વાહા, સ્વાહા કરતા હતા. ગોપોએ તેમની પાસેથી ખાવાનું માગ્યું પરંતુ, બ્રાહ્મણોએ ખાવાનું આપ્યું નહિ. અલબત્ત તેમણે ના પાડી નહિ, તેમ ખાવાનું આપ્યું પણ નહિ. કારણ, યજ્ઞમાં આવેલાને ના પડાય નહિ. ના પાડવી અયોગ્ય અને અશાસ્ત્રીય ગણાય. પરંતુ, બન્યું એવું કે બ્રાહ્મણોએ જવાબ ન આપ્યો તેથી ગોપો ખિન્ન થઇ ગયા. ગોપોની દૃષ્ટિથી કૃષ્ણ ભગવાનનો શબ્દ એટલે છેલ્લો શબ્દ. તે કોઇ ન માને તે કેમ ચાલે? તેમને લાગ્યું કે આ બ્રાહ્મણો ભણેલા ગણેલા છે, તો પણ તેમણે કૃષ્ણ ભગવાનનું કહેવું માન્યું નહિ? અરે, કૃષ્ણ ભગવાને કહ્યું છે, છતાં તેઓ માનતા નથી? તેમનામાં આટલી પણ અક્કલ નથી? આ બ્રાહ્મણો આટલા મૂર્ખ કેમ છે? તેઓ ખિન્ન થઇ ગયા.

ખિન્નવદને તેઓ શ્રીકૃષ્ણની પાસે આવ્યા. તેમણે શ્રીકૃષ્ણને કહ્યું: 'તમારા કહેવા મુજબ અમે બ્રાહ્મણોને કહ્યું કે અમે ભૂખ્યા છીએ. અમને ખાવાનું આપો. બ્રાહ્મણોએ ખાવાનું ન આપ્યું. તેવી જ રીતે, તેમણે ના પણ પાડી નહિ અને હા પણ પાડી નહિ. બ્રાહ્મણોની આટલી તટસ્થતા જોઇને અમને ખિન્નતા આવી છે.'

કૃષ્ણ ભગવાને તેમને કહ્યું: 'આ સૃષ્ટિમાં આવી રીતે ખિન્ન થઇને કેમ ચાલે? આપણને જે જોઇએ તે એક જગાએથી ન મળે તો બીજી જગાએ જવું જોઇએ. તમે એમ કરો, તમે તે બ્રાહ્મણની પત્નીઓ પાસે જાઓ અને તેમની પાસેથી ખાવાનું માગો.' આ સાંભળીને બધા ગોપો બ્રાહ્મણપત્નીઓ પાસે ગયા અને તેમને ખાવાનું અન્ન મળ્યું. વર્ણન એવું છે કે બ્રાહ્મણ પત્નીઓએ પોતોના પતિને સમજાવ્યા. અહીં એક સ્વતંત્ર પ્રકરણ ઊભું કર્યું છે.

ધાર્મિક સુધારણા (Reformation) માટે અને સંસ્કૃતિના ઉન્નતિકરણ (Renaissance) માટે તો કૃષ્ણ ભગવાને અવતાર લીધો હતો. કૃષ્ણ ભગવાને યજ્ઞનાં જુદાં જુદાં રૂપો સમજાવ્યાં

છે. તે કાળે યજ્ઞો ચાલતા હતા અને તેને જ ધાર્મિક યજ્ઞો સમજીને લોકો તેની પાછળ દોડતા હતા. તેની વિરુદ્ધ કૃષ્ણ ભગવાનને ઊભા રહેવું પડ્યું. ધાર્મિક રુઢિ ચાલતી હતી તે સારી હતી પરંતુ તેમાંથી પ્રાણ ચાલ્યા ગયા હતા. તે વખતે કૃષ્ણ ભગવાનને જુદો જ માર્ગ દેખાડવો પડ્યો.

યજ્ઞને માટે પણ કૃષ્ણ ભગવાને યજ્ઞના જુદાં જુદાં રૂપો દેખાડ્યાં છે:

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः।। (गी. ४/२८)

યજ્ઞમાં કેવળ સ્વાહા, સ્વાહા નથી. તેમાં જે કર્મકાંડ છે તે ખોટો નથી; પરંતુ, ક્રિયામાંથી ભાવ ચાલ્યો જાય છે, બુદ્ધિ ચાલી જાય છે, તેને જ કર્મકાંડ કહે છે. દરેક જગાએ કર્મકાંડ જરૂર છે. આવો જે યજ્ઞ ચાલતો હતો તેમાં તેમણે ઋષિપત્નીઓને, બ્રાહ્મણપત્નીઓને સમજાવી અને તેમને અન્ન મળ્યું એવું વર્ણન છે.

આ એક કથા છે. બ્રાહ્મણપત્નીઓને સમજાવ્યા પછી, બ્રાહ્મણપત્નીઓએ પોતાના પતિઓને સમજાવ્યા અને ત્યારબાદ બ્રાહ્મણોએ ક્ષમા માગી. આ બધું વર્ણન એક લીટીમાં આવી જાય પણ તેવું બનતાં ઘણો સમય લાગ્યો હશે. આપણે સિનેમા જોવા જઈએ તો એક ક્ષણમાં લગ્ન નક્કી થાય છે અને બીજી ક્ષણે લગ્ન થઈ પણ જાય છે. આવી રીતે કથા-વાર્તામાં પણ આવું જ લખાણ આવે; પરંતુ તેવું બનવા માટે સમય લાગે છે. તે બધું વાર્તામાં આવતું નથી.

જે યજ્ઞ ચાલતો હતો તે સામાન્ય વાત છે. તેમાં કૃષ્ણ ભગવાન કહે છે કે મને ભૂખ લાગી છે, ખાવાનું આપો. કૃષ્ણ અને ગોપમિત્રો જ્યારે ભેગા મળતા હતા ત્યારે સાથે નાસ્તો-ભાતું તો બધા જ લાવતા હતા. તો શું તે દિવસે યશોદામાતાએ કૃષ્ણને નાસ્તો નહિ બાંધી આપ્યો હોય? બધાએ નાસ્તો લઈને જ આવવું એવો તેમનો નિયમ હતો. તે બધા જ નિયમનું પાલન કરવાવાળા લોકો હતા. તેમની પાસે ખાવાનું તો હતું જ. તો પછી 'અમે ભૂખ્યા છીએ, ખાવાનું આપો' એવું કૃષ્ણે શા માટે કહેડાવ્યું? તેથી, આવી કથા કંઈ સમજાવવાને માટે હોય છે.

કૃષ્ણ ભગવાન બહુ જ ભૂખ્યા છે. લોકો દરરોજ ભગવાનને રાજભોગ ધરાવે છે તો પણ ભગવાન ભૂખ્યા છે? તમે ભગવાને કચોરી ઇત્યાદિ વસ્તુઓ ખવડાવો છો તે શું ભગવાન ખાય છે? આનો અર્થ એ છે કે ભગવાનની ભૂખ જુદી જ છે. ગોપો પણ બ્રાહ્મણને એમ નથી કહેતા કે અમે ભૂખ્યા છીએ. તેઓ એમ કહે છે કે કૃષ્ણ ભૂખ્યા છે માટે ખાવાનું આપો; પરંતુ, બ્રાહ્મણોએ ખાવાનું આપ્યું નહિ.

જૂના કાળના ઋષિઓએ યજ્ઞ શા માટે કર્યા? યજ્ઞો ઘણા ચાલતા હતા, પરંતુ ભગવાન તો ભૂખ્યા હતા. યજ્ઞમાં સ્વાહા, સ્વાહા તો ચાલતું હતું. શા માટે યજ્ઞ કરવા જોઈએ? કેવી રીતે કરવા જોઈએ? આ પ્રસંગદ્વારા ભાવશૂન્ય યજ્ઞ કરતાં ભાવપૂર્ણ ભક્તિ શા માટે શ્રેષ્ઠ છે તે સમજાવ્યું છે. જેમ રોટલીની ભૂખ હોય છે તેમ ભાવની ભૂખ પણ હોય છે, સંસ્કૃતિની ભૂખ પણ હોય છે. ભાવ અને સંસ્કૃતિ, સમાજના છેલ્લા માણસ પાસે પહોંચે તે માટે યજ્ઞ છે. આનો અર્થ એવો નથી કે સ્વાહા, સ્વાહા ન કરવું જોઈએ. સ્વાહા, સ્વાહા તો કરવાનું છે. અગ્નિદેવતાને આહુતિ આપવી જ જોઈએ. કર્મકાંડ કરવામાં કંઈ ખોટું નથી. બાર વાગ્યા સુધી તમારો કર્મકાંડ ચાલવા દો; પરંતુ, તે પૂરો થયા પછી બ્રાહ્મણોએ, જે જગાએ સંસ્કૃતિ પહોંચી નથી, વિચારો પહોંચ્યા નથી,

જ્યાં કોઇ જતું નથી, ત્યાં પહોંચી જવું જોઇએ. યજ્ઞમાં આવા વિચારો અને સંસ્કૃતિ લઇ જવાવાળા બ્રાહ્મણો જોઇએ.

યજ્ઞમાં એક વખત જમવાનું હોય છે તેથી બ્રાહ્મણો સાંજે પાંચ વાગે નારિયેળ હોમે છે અને પછી જમવા બેસે છે. યજ્ઞનું આવું રૂપ આજે આવી ગયું છે. યજ્ઞનું આ રૂપ બદલવાનું છે, લોકો ચીલેચાલુ યજ્ઞો કરવા લાગ્યા તેથી વચમાં જ ભગવાને યજ્ઞનું પ્રકરણ શરૂ કર્યું. આ પ્રકરણ ગોકુલમાં થયું છે. ગોપોએ બ્રાહ્મણોને સમજાવ્યા અને જે બ્રાહ્મણો ન સમજ્યા તેમની પત્નીઓને સમજાવી.

આ કથામાં ત્રણ વાતો આવે છે: એક યજ્ઞનું રૂપ બદલવું પડશે. આપણે કંઇ સારું કામ કરીએ છીએ ત્યારે લોકો સાંભળતા નથી, તેથી ખિન્ન થવાનું કારણ નથી. માણસને એમ લાગે કે આટલા સારા વિચારો છે છતાં લોકો કેમ સાંભળતા નથી? આને લીધે ખિન્નતા આવે. અરે ભાઇ! સારી વાત સારા લોકો માને; પરંતુ બધા સારા હોતા નથી. તેમને સારા બનાવવા જોઇએ. તેમને સારા બનાવ્યા પછી તેઓ પણ તમારી વાત માનશે. **संस्कारात् द्विज उच्यते**—જ્યાંસુધી સંસ્કાર નથી થતા ત્યાંસુધી તે દ્વિજ નથી. તે માટે જ યજ્ઞનું એક અલૌકિક રૂપ સમજાવવાનો પ્રયત્ન કૃષ્ણ ભગવાને કર્યો છે.

જૂના કાળમાં યજ્ઞો ચાલતા હતાં, તેમાં પચાસ બ્રાહ્મણો આવતા હતા. સવારના યજ્ઞની વિધિ પતી ગયા પછી, બપોર બાદ આ બ્રાહ્મણો જ્યાં સંસ્કૃતિ પહોંચી નથી ત્યાં જતા હતા. કોઇ શહેરમાં વિત્તવાનના આંગણામાં યજ્ઞ થયો હોય એવું વર્ણન વાંચવા મળતું નથી. યજ્ઞ શહેરથી દૂર જંગલમાં થતા હતા.

એવું વર્ણન છે કે યજ્ઞો થતા હતા તો તેમાં રાક્ષસો વિઘ્ન નાંખતા હતા. પ્રશ્ન એ છે કે યજ્ઞમાં રાક્ષસોએ વિઘ્નં નાંખવાનું કારણ શું? રાક્ષસોને તો પરલોક માન્ય નથી હોતો અને ભગવાન પણ માન્ય નથી હોતા. તો પછી ઋષિ યજ્ઞ કરીને સ્વર્ગમાં જાય તો તેમાં રાક્ષસોનું શું જતું હતું? કંઇ જ નહિ. તો પછી યજ્ઞમાં વિઘ્ન નાખવાની રાક્ષસોને જરૂર શી હતી? રાક્ષસો વિઘ્ન નાખતા હતા તેનો અર્થ જ એ કે રાક્ષસોનું કંઇ જતું હતું.

રાક્ષસોનું શું જતું હતું? યજ્ઞમાં જે બ્રાહ્મણો આવતા હતા તેઓ સામાન્ય અને બકરા જેવા થયેલા લોકોમાં જઇને, તેમને વિચારો આપીને, તેમનામાં પ્રાણ ભરતા હતા. યજ્ઞમાં આવી રીતે વિચારોની આહુતિ અપાતી હતી. તેના લીધે લોકોમાં અસ્મિતા જાગૃત થતી હતી. સામાન્ય માણસ જ્યારે તેજ અને અસ્મિતાયુક્ત થાય છે ત્યારે તે વાત ગુંડા લોકોને-રાક્ષસોને ગમતી નથી. કેમકે સામાન્ય લોકો ઉપરની તેમની હકૂમત ચાલી જાય છે. તેઓ યજ્ઞની વિરુદ્ધ ઊભા થાય છે. યજ્ઞ કરીને બ્રાહ્મણોને સ્વર્ગ મળે કે પુણ્ય મળે તેનું દુઃખ રાક્ષસોને નથી; પરંતુ, યજ્ઞને કારણે રાક્ષસોનો જ ઇહલોક બગડતો હતો. તે જ તેમની સમસ્યા હતી. આ દૃષ્ટિથી જુઓ તો યજ્ઞનો અર્થ ખબર પડશે. યજ્ઞમાં કેવળ કર્મકાંડ ચાલતો હતો, તેથી જ શ્રીકૃષ્ણના કહેવાથી ગોપો બ્રાહ્મણોને કહેવા ગયા પણ તેમણે તે માન્યું નહિ તેથી ગોપોમાં ખિન્નતા આવી.

ભગવાને ગોપોને કહ્યું: 'આમ ખિન્ન થઇને ન ચાલે. તમે ફરી ફરીથી પ્રયત્ન કરો.' કેટલાક લોકો કહે છે: 'અમે ગામડાંમાં ગયા, પણ લોકો સાંભળતા નથી.' ભગવાન કહે છે: 'ચીલેચાલુ

લોકો છે તેથી સાંભળતા નથી; પરંતુ, તેઓ પણ માણસો છે, તેથી તેમનામાં બુદ્ધિ છે કે નહિ? તમે ફરી ફરી તેમને સમજાવવાનો પ્રયત્ન કરો તો તેઓ જરૂર સમજશે.'

ભગવાને આવું નાટક ઊભું કર્યું છે. ત્રીજી મહત્ત્વની વાત ભગવાન કહે છે, 'ધ્યાનમાં રાખો. જો ઘરની સ્ત્રી બદલી શકાશે તો બધું જ બદલી શકાશે'.

આજે ઘર ખતમ થયું છે, એનું કારણ સ્ત્રી જ ખતમ થઇ છે. સ્ત્રી પુરુષી (manly woman) બની ગઇ છે. તેને લાગે છે કે જે પુરુષ કરે છે તે હું શા માટે ન કરી શકું? તે પણ કરી શકે છે. તેમાં શું છે? પરંતુ ભગવાન કહે છે કે એક સ્ત્રી સુધરે, તે કોઇ વિચાર ઉપાડે, તો આજે નહિ તો કાલે, તેના ઘરવાળાને તે વિચાર સ્વીકારવો જ પડશે, તેના દીકરાઓને પણ તે વિચાર સ્વીકારવો પડશે.

આજે ધર્મ આવી અધઃપતિત સ્થિતિમાં આવી ગયો છે તેનું કારણ સ્ત્રીશિક્ષણ હતું નહિ. સ્ત્રીઓએ ધર્મ પાળ્યો તે વહેમનો ધર્મ પાળ્યો. પછી તે જ વહેમ પર ઊભો રહેલો ધર્મ રહી ગયો અને સારો અસલી ધર્મ ચાલ્યો ગયો.

કૃષ્ણ ભગવાને ધાર્મિક સુધારણાનું જે કામ કર્યું છે તેવું કોઇએ કર્યું નથી. તેમણે યજ્ઞનું રૂપ જ બદલી નાખ્યું. કૃષ્ણ ભગવાને પ્રવાહની વિરુદ્ધ તરવાનું હતું. તેથી વચ્ચે જ યજ્ઞનું પ્રકરણ આવ્યું.

ભગવાન જ ભૂખ્યો છે. સમાજના અંતિમ માણસ સુધી આપણે જતા નથી, પહોંચતા નથી. કેવી રીતે ખાવું તે તેમને ખબર નથી. તેમનામાં પણ ભગવાન બેઠા છે. તેથી કેમ ખાવું તે તેમને સમજાવવું જોઇએ. નહિ તો રોટલીની ભૂખ છે જ. માણસ કંઇ કૂતરો નથી. માણસને રોટલી જોઇએ જ, પરંતુ, રોટલી મળ્યા બાદ એક ઉન્નત માનવ્યની સ્થિતિ છે, માણસમાં પડેલો ભાવ આપણે જાગૃત કરીએ છીએ કે નહિ? આ પ્રશ્ન છે.

આપણે ગીતા વાંચીએ છીએ. તેમાં ભગવાન કહે છે: **सर्वस्यचाहं हृदि सन्निविष्टः**—બધામાં ભગવાન બેઠા છે. તો પછી સમાજના છેલ્લા માણસમાં ભગવાન નથી? તેનામાં પણ ભગવાન બેઠા છે. પરંતુ તેમાં બેઠેલા ભગવાન અસ્વસ્થ છે, ભૂખ્યા છે. સંસ્કૃતિની અને ભાવની ભૂખ બધાંને છે.

જેને સમાજ અછૂત સમજે છે તેવો એક ભાઇ એક વખત મને મળ્યો હતો. ઘણા વખત પહેલાંની આ વાત છે. તેણે મને કહ્યું: 'અમને સવર્ણમાં લોકો ન લે—ન ગણો તેની અમને કંઇ પડી નથી, પરંતુ, અમારા જીવનમાં કોઇ આદર્શ તો હોવો જોઇએ! તમે કેમ રામ અને કૃષ્ણ આદર્શ તરીકે સ્વીકારો છો? વિના આદર્શ જીવન કેવું થઇ જાય? અમારી માગણી આદર્શની છે. અમને આદર્શ મળી જશે તો તેના રસ્તે કેમ જવું તે અમને ખબર છે. અમે તે રસ્તે જઇશું. જીવનમાં આદર્શ જ નથી તે જ તેમનું અસલી દુઃખ છે. તેમને જીવનમાં આદર્શ નથી, કેમકે, રામ અને કૃષ્ણ તેમના છે જ નહિ. આપણે રામ અને કૃષ્ણને 'અમારા' કહીને બાંધી રાખ્યા છે. તેથી ભગવાન ભૂખ્યા છે. ભાવથી ખવડાવતા નથી તેથી ભગવાન ભૂખ્યા છે જ, પરંતુ આ વિચાર સમાજના અંતિમ માણસ સુધી પહોંચતો નથી. પરિણામે કૂતરો જેમ ખાય છે તેમ માણસ ખાય છે. ગધેડો

જેમ સૂએ છે તેમ માણસ સૂએ છે. અમારું ખાવું-સૂવું અને પશુનું ખાવું-સૂવું શું એક છે? સામે મળ્યું કે ખાવાની શરૂઆત! આ કંઇ ખાવું કહેવાય? સમાજના છેલ્લા માણસ સુધી પ્રભુના વિચારો પહોંચે તે યજ્ઞ છે.

સ્વાધ્યાયપરિવાર, દરેક જિલ્લામાં ઓછામાં ઓછા દસ હજાર અને તેથી પણ વધુ વયસ્થોને, ત્રિકાળસંધ્યાના માધ્યમથી, પ્રભુના વિચારો શરૂમાં પહોંચાડે છે. તે દ્વારા સ્વાધ્યાયપરિવારને ગામના છેલ્લા માણસ સુધી પહોંચવું છે, તેને સમજાવવું છે. જીવનમાં ત્રણ વાતો મહત્ત્વની છે. તું સવારના ઊઠ્યો ત્યારે ભગવાને તને સ્મૃતિદાન આપ્યું. તું જે ખાય છે તે પચાવીને ભગવાન તને શક્તિદાન આપે છે. તું જ્યારે સુઇ જાય છે ત્યારે 'શાંતિદાન' આપે છે. સ્મૃતિ, શાંતિ અને શક્તિ-પ્રત્યેક માણસને જોઇએ. તે ભગવાન તને છૂટે હાથે આપે છે. તેને તું 'થેંક યુ'—પણ કહેતો નથી?

આજે બધા મોટા મોટા લોકોનાં ઘર, એટલે 'ડેડી-મમ્મી'નું ઘર, તે ઘરનાં બાળકો કોઇને નમસ્કાર કરતાં નથી, પરંતુ, તમે તેને ચોકલેટ આપો તો તરત 'થેંક્યુ' (આભાર)—બોલશે. તેને તેવું શિક્ષણ અપાયું છે. તે સારું શિક્ષણ છે. હું તેની વિરુદ્ધ નથી. ચોકલેટ આપવાવાળાને તમે 'થેંક્યુ' કહો છો તો તમને છૂટે હાથે સ્મૃતિ, શાંતિ અને શક્તિ આપનાર ભગવાનને થેંક્યું કહેવાનું કેમ શીખવતા નથી? આ ભગવાન તમને સવારના ઊઠ્યા પછી સ્મૃતિ પાછી નહિ આપે તો તમારું શું થશે? ઘરવાળી કોણ અને પડોશણ કોણ તે જ તમને યાદ નહિ રહે. તેના લીધે ભયંકર પરિસ્થિતિ ઊભી થશે.

રાતના સૂતી વખતે તમે ગમે તેટલા વ્યગ્ર અને અસ્વસ્થ હો, તે બધું કાઢી નાખીને ભગવાન તમને ઊંઘાડીને શાંતિદાન આપે છે. તમે ખાઓ છો તે પચાવીને શક્તિદાન આપે છે. જે તમને આટલું બધું છૂટે હાથે આપે છે તેને તમે થેંક્યુ પણ કહેતા નથી? તો પછી શું ભગવાન ભૂખ્યા ન રહેતા હશે? તેને લાગશે કે મેં તો આને મનુષ્યદેહ આપ્યો, પણ તે તો જાનવર જેવો રહે છે. તે પશુની જેમ કેમ ખાય છે? યજ્ઞ થતા નથી તે જ એનું કારણ છે. જો જૂના કાળની પદ્ધતિ મુજબ ફરીથી યજ્ઞો શરૂ થઇ જશે તો બધા કોયડાઓ છૂટી જશે. તેથી જ કૃષ્ણ ભગવાને યજ્ઞનું રૂપ બદલાવ્યું છે. તેમાં એક રસ્તો દેખાડ્યો છે કે તમારે ધર્મની બાબતમાં કંઇ પણ કરવું હશે તો સ્ત્રીને બદલો.

આજે પણ બ્રાહ્મણોનો યજમાન પુરુષો સાથે સંબંધ નથી હોતો. તેમનો સંબંધ સ્ત્રીઓ સાથે જ. કેમ કે તેમને સ્ત્રી પાસેથી જ વધારે દક્ષિણા મળશે. પરંતુ, બ્રાહ્મણ પણ કેવા થયા છે? તેણે શું સંભાળ્યું છે? સુભાષિતકાર કહે છેઃ

उच्चैरध्ययनं पुरातनकथा स्त्रीभिः सहालापनं
तासामर्भकलालनं पतिनुतिस्तत्पाकमिथ्यास्तुतिः।
आदेशस्य करावलम्बनविधिः पाण्डित्यलेखक्रिया
होरागारुडमन्त्रतन्त्रकविधिर्भिक्षोर्गुणा द्वादश॥

(મોટા અવાજે પાઠ કરવો, પુરાણની કથાઓ કહેવી, સ્ત્રીઓની સાથે વાર્તાલાપ કરવો, તેનાં

બાળકોને રમાડવાં, તેના પતિની પ્રશંસા કરવી, તેની રસોઇનાં ખોટાં વખાણ કરવાં, આદેશ મુજબ (યજમાન કહે એ પ્રમાણે) જુદી જુદી વિધિઓ કરાવવી, લેખનકાર્યમાં પંડિતાઇ બતાવવી, હોરા, ગારૂડી વિદ્યા, મન્ત્ર, તન્ત્ર વગેરે વિધિઓ કરાવવી આ બાર ભિક્ષુકના (ગોરમહારાજના) ગુણો છે.)

બસ, આમાં બધું આવી ગયું. ગોરમહારાજને બીજું શિક્ષણ શા માટે જોઇએ? તેને શિક્ષણની જરૂર જ નથી. કેટલાક તો કહે છે કે ભગવાને કહ્યું છે: **अविद्यो वा सुविद्यो वा ब्राह्मणः मामकी तनु।** આ ક્યાંથી કાઢ્યું, કોને ખબર?

યજ્ઞના પ્રકરણ દ્વારા, ભગવાન ભૂખ્યા છે, તેમને ભાવની ભૂખ છે, સંસ્કૃતિની ભૂખ છે. એવો સંકેત કરી ભક્તિમાર્ગ સમજાવ્યો છે. અને તે માર્ગે કેવી રીતે જવું તે પણ સમજાવ્યું છે.

સત્યનારાયણની પૂજા કરવી જોઇએ એમ ગોરમહારાજ પુરુષને કહે તો તે પૂજા કરાવશે જ એવો તેને વિશ્વાસ નથી હોતો. તે જ વાત ઘરની સ્ત્રીને કહેશે તો પૂજા થશે જ. જુદા જુદા રૂપે પતિના ગળે તે વાત કેવી રીતે ઉતારવી તેની સ્ત્રીને ખબર હોય છે. એક પુરુષને બદલવાથી તે એકલો જ બદલાય છે. એક સ્ત્રીને બદલવાથી આખું કુટુંબ સુધરી જશે. ભગવાને યજ્ઞ પ્રકરણમાં આ વાત ગોપોને સમજાવી છે.

ત્યારપછી આવે છે—પવિત્રતમ એવી ભાગવતની રાસલીલા! મુંબઇ શહેરમાં ૧૯૨૦-૨૧ની સાલમાં મિશનરીઓની બહુ મોટી પરિષદ થઇ હતી. તેમાં સંસ્કૃતના અર્વાચીન અને પ્રાચીન—બન્ને પંડિતો ભેગા થયા હતા. તેમાં એક મિશનરીએ પ્રશ્ન પૂછ્યો હતો: 'ગીતાનું ઉચ્ચ જ્ઞાન કહેવાળા કૃષ્ણ, અને ગોપીઓની સાથે શૃંગારચેષ્ટા કરવાવાળા, ગોકુલમાં ચોરી કરવાવાળા કૃષ્ણ—આ બન્ને કૃષ્ણ એક છે કે બે છે? જો એક જ હોય તો એવા કૃષ્ણ શું તત્ત્વજ્ઞાન કહી શકે? અને તત્ત્વજ્ઞાન કહેવાવાળા કૃષ્ણ ગોપીઓની સાથે શૃંગારચેષ્ટા અથવા ગોકુલમાં ચોરી કરી શકે કે? આ બેમાંથી તમને કયો કૃષ્ણ માન્ય છે? ત્યારે આપણા પંડિતોએ જવાબ આપ્યો કે અમારા કૃષ્ણ એવું વાહિયાત વર્તન ન કરે. તેથી ભાગવતમાં જે રાસલીલા છે તે પાછળથી ઘૂસી ગઇ છે. એનું કારણ મહાભારતમાં તે રાસલીલાનું વર્ણન નથી; પરંતુ, અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે મહાભારત એ એક ઐતિહાસિક ગ્રંથ છે. તેમાં તે વિષય અપ્રસ્તુત છે. શિવાજીનો ઇતિહાસ વાંચશો તો તેમાં શિવાજીએ કંઇ મજાક કરી હશે તેનું લખાણ તેમાં અવાશે નહિ. મહાભારતમાં રાસલીલા નથી, તે ભાગવતમાં પાછળથી ઘૂસાડેલી છે આવો જવાબ તેમણે મિશનરીઓને ભલે આપ્યો હોય, તો પણ તે જવાબ બરાબર લાગતો નથી. ભાગવતમાંની રાસલીલા પ્રક્ષિપ્ત છે, પાછળથી ઉમેરણ છે, એવું બોલવું નકામું છે.

પુરાણોમાં જે આદિપુરાણ છે તે બ્રહ્મપુરાણમાં પણ રાસલીલા છે. જેવી રાસલીલા ભાગવતમાં છે તેવી જ બ્રહ્મપુરાણમાં છે. આધુનિક લોકોએ જેવો પ્રશ્ન કર્યો તેવો જ પ્રશ્ન પરીક્ષિત રાજાએ પણ શુકદેવજીને કર્યો છે કે ધર્મસંસ્થાપનાને માટે આવેલા કૃષ્ણ ભગવાને રાસલીલામાં ધર્મવિરુદ્ધ વર્તન શા માટે કર્યું? તેમને જવાબ આપવામાં આવ્યો છે કે શ્રીકૃષ્ણ તો પૂર્ણકામ ભગવાન છે, તેથી તેમને દોષ નથી. પરંતુ પૂર્ણકામને આવું વર્તન કરવાની જરૂર શા માટે પડી?

શુકદેવજીએ કહ્યું: 'અગ્નિની સાથે સંબંધ આવ્યા પછી બધા જ પદાર્થો બળી જાય છે તેવી રીતે કૃષ્ણ ભગવાનની પાસે ગયા પછી બધી વાસનાઓ ખતમ થઇ જાય છે. પછી કોઇ ક્ષુદ્ર વાસના રહેતી જ નથી.'

ત્રીજો પ્રશ્ન ભાગવતમાં ઊભો કરવામાં આવ્યો છે કે **महाजनो येन गतः स पन्थाः**—આ દૃષ્ટિથી બધા લોકો આવી રાસક્રીડા કરે તો શું થાય? એનું કારણ અમારે તો ભગવાને જેવું વર્તન કર્યું તેવું કરવાનું હોય ને? તેવું બધા કરવા લાગે તો? તે વખતે ભાગવતકારે એક દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે મોટા લોકો કરે તેમ સામાન્ય માણસોએ ન કરવું જોઇએ. ભગવાન શિવજીએ હલાહલ ઝેર પીધું છે તેથી શું સામાન્ય માણસોએ પણ હલાહલ વિષ પીવું?

બીજી એક દંતકથા શંકરાચાર્યને નામે છે. તે કંઇ ઐતિહાસિક વાત નથી. કદાચ બીજા કોઇ આચાર્ય હશે. તેઓ જ્યાં જતા તેમની સાથે તેમના શિષ્યો પણ જતા હતા. પાંચ ઘરે ભિક્ષા માગવી અને જે મળે તે ખાવાનું. તેમાં પણ ભગવાન મોકલે તે ઘરે જવાનું. નિશ્ચિત કરીને જવાય નહિ. એક દિવસ તે એક ઘરે ગયા તો ઘરવાળાએ તેમને ભિક્ષામાં દારુની બાટલી આપી. શિષ્યો તો ખુશ થઇ ગયા. બીજે દિવસે ગયા તો તે ઘરમાં કાચ બનાવવામાં આવતો હતો. ઘરવાળાએ કહ્યું, 'આ કાચનો રસ આપું છું તે લો. મારી પાસે બીજું કંઇ નથી.' શંકરાચાર્ય (કે બીજા આચાર્ય) તે કાચનો ગરમાગરમ રસ પી ગયા. તેમણે શિષ્યોને કહ્યું, 'તમે જે મોઢાથી દારુ પીધો તે જ મોઢાથી આ કાચનો રસ પણ પીશો? નહિ પી શકો. તો પછી તમારે દારુ પણ પીવો જોઇતો ન હતો.' તેથી જ મર્યાદા છે. મોટા કરે તેમ ન કરવું. આવી એક દંતકથા છે. તેના માટે એક સુભાષિત પણ છે:

भार्गवेण हता माता एकदारास्तु पाण्डवाः।
गोपदाररतः कृष्ण न देवचरितं चरेत्॥

ભગવાન શિવજીએ હલાહલ પીધું, પણ તેમણે વિષ પચાવ્યું. આપણે પણ હલાહલ પીશું તો? મરી જઇશું.

બીજું તેમણે કહ્યું છે કે ગોપીઓ પરદારા-પરસ્ત્રી હતી એમ કહીએ, પણ કૃષ્ણને માટે તે પરદારા-પરસ્ત્રી હોઇ જ શકતી નથી. એનું કારણ કૃષ્ણ તો ભગવાન છે અને તેથી બધામાં કૃષ્ણ છે. કામમાં પણ કૃષ્ણ છે. 'કામ' શક્તિ શું તમે નિર્માણ કરી છે? તે કઇ બજારમાં મળે છે? કામશક્તિ કોણે ઊભી કરી? તે કૃષ્ણની જ શક્તિ છે તેથી તેમને બાધ નથી.

જે સમયે કૃષ્ણની પાસે ગોપી હતી તે જ સમયે તે તેના પતિની પાસે પણ હતી. આવો કંઇ ચમત્કાર બતાવ્યો છે. પછી લખ્યું છે કે વ્યભિચાર મનથી થાય છે, તનથી નહિ. **येनैव आलिंगिता कान्ता तेनैव आलिंगिता सुता** – જે શરીરથી માણસ પત્નીને આલિંગન આપે છે તે જ શરીરથી તે પોતાની દીકરીને પણ આલિંગન આપે છે. પરંતુ બન્નેમાં માનસિક ભૂમિકા જુદી જુદી હોય છે.

ભાગવતમાં શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ઉપાડ્યો પછી તરત રાસલીલા કરી છે. ગોવર્ધન પર્વત ઉપાડવા બાબત લખ્યું છે:

को सप्तायनौ बालः को महाद्रिविधारणम्।

સાત વર્ષના બાલકે ગોવર્ધન પર્વત ઉપાડ્યો હતો. જો સાત વર્ષનું બાલક ગોપીઓની સાથે શૃંગારચેષ્ટા કરતું હશે તો તે ભગવાન જ છે. છોડી દો તેની ચર્ચા. કારણ, માનવમાં તેટલું શૌર્ય કે તેટલી શક્તિ હોવાં અશક્ય છે. બીજું, સાત વર્ષના બાળકને કાયદો પણ લાગુ પડતો નથી. આવી રીતે રાસલીલાની બાબત જુદી જુદી રીતે સમજાવી છે; પરંતુ, ભાગવતકાર અને પુરાણકાર હંમેશાં લાક્ષણિક લખાણ લખે છે. રાસલીલાનો કંઇ બીજો જ લાક્ષણિક અર્થ હશે. પુરંજનનું આખ્યાન લખતી વખતે ભાગવતકારે લખ્યું જ છે કે આ લખાણ મેં લાક્ષણિક લખ્યું છે. **પરોક્ષપ્રિય इव देवाः** – દેવો પરોક્ષપ્રિય હોય છે.

સ્કંદપુરાણમાં શંકરપાર્વતીનો રતિપ્રસંગ, કાળની શરૂઆતથી કાળના અંત સુધી ચાલે છે એવું લખ્યું છે. અહીં શંકર ચૈતન્ય (Spirit) છે અને પાર્વતી જડ (Matter) છે. જડ-ચેતનનો સંબંધ થયા પછી જગત પેદા થાય છે. તે જ્યારે છૂટા પડે છે ત્યારે પ્રલય થાય છે. પુરાણકારે આ વાત લાક્ષણિક ભાષામાં શિવપાર્વતીના રતિપ્રસંગરૂપે વર્ણવી છે.

પુરાણકારોએ ઘણી વાતો લાક્ષણિક રૂપે લખી છે. દા.ત. સોમે બૃહસ્પતિની પત્નીને ઉપાડી. દક્ષપ્રજાપતિને સત્તાવીસ કન્યાઓ હતી અને તે તેણે ચંદ્ર જોડે પરણાવી. પ્રજાપતિની પોતાની પુત્રી તરફ દૃષ્ટિ જાય છે આ વાત લખી છે તે શુદ્ધ રાજનીતિ સમજાવી છે. ઐતરેય બ્રાહ્મણમાં અને શતપથ બ્રાહ્મણમાં આ વાત આવે છે. અથર્વવેદમાં સભા અને સમિતિની રાજ્યવ્યવસ્થા હતી તેનું વર્ણન છે. સભા અને સમિતિના નિર્માતા પ્રજાપતિ છે. જેમ આપણે ત્યાં રાજ્યસભા અને લોકસભા છે તેમ ઈંગ્લંડમાં પણ હાઉસ ઓફ કોમન્સ અને હાઉસ ઓફ લોર્ડસ છે, તેમ સભા ને સમિતિની રાજ્યવ્યવસ્થા પ્રજાપતિએ નિર્માણ કરી છે અને તેનો ઉપભોગ પ્રજાપતિ જ લે છે. તેનું જ એ લાક્ષણિક રૂપે લખાણ છે. બકાસુર કેટલું ખાતો હતો તેનું વર્ણન છે. તેમાં લખે છે કે બકાસુર દરરોજ એક ગાડું ભરીને અનાજ ખાતો હતો. તે ઉપરાંત એક બકરો અને એક માણસ પણ ખાતો હતો. તેમાં જે જે વાત લખી છે તેની રૂપિયામાં કેટલી કિંમત થાય તેનો કેટલાક લોકોએ હિસાબ કર્યો. તેથી બકાસુર દર વર્ષે એટલો પગાર લેતો હતો, તેનો એટલો ખર્ચો હતો એવો અર્થ હોઈ શકે. આ લાક્ષણિક લખાણ છે, તે સમજી લેવું જોઇએ.

વેદમાં આઠમો સર્ગ છે તેમાં એક લખાણ છે: **सोमः प्रथमो विविधे गंधर्व, विविधः उत्तरः**—આવું એક વેદવચન છે. તેમાં શું લખ્યું છે ખબર છે? દરેક સ્ત્રીનો ઉપભોગ સર્વપ્રથમ સોમદેવ લે છે, પછી ગંધર્વ તેનો ઉપભોગ લે છે, પછી અગ્નિદેવ તેનો ઉપભોગ લે છે. ત્યારબાદ મનુષ્યને ઉપભોગને માટે સ્ત્રી મળે છે. આવું હોય તો પ્રત્યેક સ્ત્રી વ્યભિચારિણી થઇ ગઇ. અહીં વેદોએ એક માનસશાસ્ત્રીય પૃથક્કરણ કર્યું છે અને તે અતિશય સુંદર છે. તે મંત્રોનો અર્થ આ પ્રમાણે છે, સોમનો અર્થ થાય છે ચંદ્ર. **चंद्रमा मनसो जातः**—સૌ પ્રથમ સ્ત્રીના મનમાં કામ-યુવાની પેદા થાય છે. ત્યારબાદ ગંધર્વ—એનો અર્થ સ્વર. ગંધર્વ સ્વરવાચક શબ્દ છે. એટલે પુરુષની વાણીથી તેનામાં 'કામ' જાગૃત થાય છે. ત્યારબાદ અગ્નિનો—કામનો સંતાપ શરુ થાય છે અને ત્યારબાદ તે પુરુષને યોગ્ય બનીને મળે છે. આમ લાક્ષણિક રૂપે વેદોમાં કહ્યુ છે. કેવળ પુરાણોએ જ લાક્ષણિક લખાણ કર્યું છે એવું નથી, વેદોમાં પણ તમને ઠેકઠેકાણે આવું લાક્ષણિક લખાણ મળશે.

ગો શબ્દનો અર્થ છે ઈંદ્રિયો અને તેનું શાસન કરવાવાળો ગોપ છે—આવો આધ્યાત્મિક અર્થ પણ કેટલાક લોકો ઘટાવે છે.

રાસક્રીડાની બાબતમાં ચિકિત્સકોની દૃષ્ટિ કુત્સિત હશે; પરંતુ, પ્રેમાળ અને વિચારી ભક્તોની દૃષ્ટિ રાસક્રીડાને માટે સાત્ત્વિક જ છે. રામનુજાચાર્ય, વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, જયદેવ, તુકારામ, એકનાથ ઇત્યાદિ મહાપુરુષોને રાસક્રીડાનો પ્રસંગ બધાથી શ્રેષ્ઠ લાગે છે. અશુદ્ધ વર્તનવાળાને સમજાવવા માટે તેમણે એવું કહ્યું એમ નથી. તેમનું પોતાનું વર્તન અતિશય શુદ્ધ હતું. કબીર કહે છે:

कबीर कबीर क्या करो जाओ जमुना के तीर।
एक एक गोपी के प्रेममें हो गये कोटी कबीर।।

તેથી રાસક્રીડા એ લાક્ષણિક રૂપ છે એવું કહેવાની પણ જરૂર નથી. કૃષ્ણ ભગવાન છે તેથી તેમને છૂટ છે એવું કહેવાની પણ જરૂર નથી.

રાસક્રીડા એ ભક્તિમાં એક અત્યંત ઉચ્ચ, ઉચ્ચતમ, મધુરતમ, શ્રેષ્ઠતમ રૂપ છે. તે પ્રભુપ્રેમની અંતિમ અવસ્થા છે. 'રાસલીલા' આ શબ્દ ઉચ્ચારીને રાસને નમસ્કાર કરવા જોઇએ અને ભક્તિની એ અંતિમ અવસ્થા છે તે રીતે તેના તરફ જોવું જોઇએ. રાસક્રીડામાં જે પ્રેમ છે તે અશરીરી પ્રેમ (Occult love) છે. પ્રેમમાં પતિ-પત્નીનો જે પ્રેમ છે તે ટોંચનો પ્રેમ માનવામાં આવે છે. બધે ઠેકાણે તેવું જ માનવામાં આવે છે. જ્યાં જ્યાં જે લોકોને આધ્યાત્મિક અનુભવો (Religious experiences) છે ત્યાં ત્યાં તેવું જ માન્યું છે. કહે છે: In all ages, love between husband and wife has been the symbol of union between the Supreme and His devotee. રાસક્રીડા એ એક અતિ રમ્ય પ્રસંગ છે. ભાગવતકારે રાસક્રીડાનું વર્ણન કર્યું છે તે કંઇ વાહિયાત નથી. તેને લક્ષણા માનશો તો પણ તેને અર્થ છે, અને લક્ષણા નહિ માનો તો પણ ચાલશે.

રાસક્રીડા એક સુમધુર, સુમનોહર સત્ય છે. રાસક્રીડાને આધ્યાત્મિક દૃષ્ટિથી સમજાવવાની જરૂર નથી. ભક્તિશાસ્ત્રનો જેણે અભ્યાસ નથી કર્યો તેઓ તેનો આધ્યાત્મિક દૃષ્ટિથી બીજો અર્થ બેસાડી દે છે. તેમાં જે શૃંગારિક શ્લોકો છે તે જેમના તેમ લેવામાં, તેનો તેવો જ અર્થ કરવામાં, કંઇ પણ ખામી નથી અને હાનિ પણ નથી.

રાસક્રીડા એ એક જુદી જ સ્થિતિ તે સમજવું જોઇએ. ભક્તોએ પોતાના ઉપર પરમેશ્વરની કૃપા થાય તે માટે અનંત માર્ગો લીધા છે અને તેની સાથે સમરસ થવાનો તેઓ પ્રયત્ન કરે છે. ભક્તિનું અંતિમ રૂપ, પ્રભુમાં વિલીન થઇ જવું એ છે. સંપૂર્ણતઃ વિલીનતા—Complete mergingની બાબતમાં રામાનુજાચાર્ય આપણને કહે છે કે મારે ભગવાનામાં સંપૂર્ણતઃ વિલીન નથી થવું. શંકરાચાર્ય કહે છે કે ભક્તિની ઉચ્ચતમ સ્થિતિ પર પહોંચ્યા પછી, ભગવાનમાં વિલીન થવું કે ન થવું, એ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલાના હાથની વાત જ નથી. જેમ ચુંબકીય ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી ચુંબકને ચીટકવું કે નહિ તે લોહકણના હાથની વાત રહેતી નથી. તેને ચીટકવું જ પડે છે. તેવી રીતે ભક્ત, ભક્તિ કરતાં કરતાં એટલી ઉચ્ચ સ્થિતિ પર પહોંચ્યો કે જ્યાં પ્રભુનું ચુંબકીય

ક્ષેત્ર એટલું શક્તિશાળી હોય છે કે તે ભક્તને પ્રભુશક્તિમાં વિલીન થવું જ પડે.

રામાનુજાચાર્યને અંતિમ દ્વૈત જોઇએ છે તેમ શંકરાચાર્યને પણ જોઇએ છે. તેથી જ તેમણે જગદંબા પાસે મોક્ષ નહિં પણ વારંવાર જન્મ માગ્યો છે:

न मोक्षस्याकाङ्क्षा भवविभववाञ्छापि च न मे
न विज्ञानापेक्षा शशिमुखि सुखेच्छापि न पुनः।
अतस्त्वां संयाचे जननि जननं यातु मम वै
मृडानी रुद्राणी शिवशिव भवानीति जपतः। (देव्य. ८)

ભક્તિનું અંતિમ રૂપ પરમેશ્વરરૂપમાં વિલીન થઇ જવું એ છે. પરમેશ્વર આપણા પિતા છે, માતા છે, બધું છે, સખા છે. તેની સાથે આપણે જુદા જુદા સંબંધો બાંધ્યા છે. બધા સંબંધોમાં સર્વશક્તિમાન પ્રભુની સાથે અનુરાગથી એકરૂપ થઇ જવાનું છે. આવી ભાવના હોવાથી જુદા જુદા સંબંધો આવ્યા અને પ્રભુનું પણ માનવીકરણ થઇ ગયું. પ્રભુ માનવીરૂપ લઇ શકે છે. વિવિધ રૂપો જેણે નિર્માણ કર્યાં છે તે માનવીરૂપ શા માટે ન લઇ શકે? તે વિષે અમને સંશય નથી; એટલું જ નહિ, અમારે માનવીરૂપે જ ભગવાન જોઇએ. માણસને ભગવાનનું માનવીરૂપ જ નજીકનું લાગે છે. Human form is the most intimate form for us.

માનવીય અનુરાગનું જે અંતિમ રૂપ છે તે પતિ-પત્નીનો પ્રેમ છે. બીજા બધા સંબંધોમાં કંઇક ઉણપ રહે છે પરંતુ, પતિ-પત્નીના સંબંધમાં કોઇ ઉણપ રહેતી નથી. પતિ-પત્નીના સંબંધમાં નિર્માણ થવાવાળો જે અભેદ છે તે જ અભેદ, ભક્ત અને ભગવાનને જોઇએ. ભેદ રાખીને અભેદ રહેવો જોઇએ. તેમાં વિલોભનીય અભેદ છે. બન્નેને મિલનની આતુરતા હોય છે. પતિ અને પત્ની, બન્નેને મિલનની ઉત્કંઠા અને આતુરતા સમાન નથી હોતી ત્યારે મિલનમાં આનંદ જ હોતો નથી. બન્નેની મિલનની ઉત્કંઠા અને આતુરતા સમાન હોવી જોઇએ.

પ્રિયકર આઘો થયા બાદ વિરહમાં મિલન કે આલિંગન માટે ઊભી થનારી તાલાવેલી, વિરહથી તપેલી કાયા અથવા રાહ જોઇ જોઇને થયેલા ઉજાગરાને લીધે થાકેલી આંખો, તેવી જ રીતે પ્રિયકરના આવવાથી થનારો હર્ષોલ્લાસ, પ્રિયકરના મિલનથી મળવાવાળું સમાધાન, તે મિલનની તલ્લીનતાથી થતું વિશ્વનું વિસ્મરણ, આ બધી બહુ જ મોટી વાતો હોય છે. આ જે આત્મલક્ષી આનંદ–Subjective happiness છે તેમાં ભક્તે વિશ્વને ભૂલી જવું જોઇએ.

અજ્ઞાનથી પણ વિશ્વને ભૂલવું પડે છે. ઊંઘનો અર્થ શું છે? તેમાં વિશ્વને ભૂલવાનું છે, સંબંધો ભૂલવાના છે, સ્થિતિ ભૂલવાની છે, વિદ્યા ભુલવાની છે, બધું જ ભૂલવાનું છે અને કેવળ અસ્તિત્વ (Existence) રાખવાનું છે. 'હોવું' અને 'રમવું' આ બે સ્થિતિ હોય છે. તેવી જ રીતે વિશ્વ ભૂલવાનું છે તે એક કમનીય અવસ્થા છે. આ બધી સ્થિતિ ભક્તને, પ્રિયકર અને પ્રિયતમાના રુપમાં અથવા પતિ-પત્નીના સંબંધમાં જ મળે છે. જીવે શિવની સાથે, સસીમે અસીમ સાથે, શૃંગારમૂલક સંબંધ સ્થાપવાની જે કોશિશ કરી છે તેનું નામ છે મધુરાભક્તિ. ભક્તિશાસ્ત્રમાં આ અંતિમ સ્થિતિ છે.

વલ્લભાચાર્ય જેવા મહાપુરુષ **मधुराधिपतेरखिलं मधुरम्** કહે છે. લોકો **मधुराधिपते** ને બદલે **मथुराधिपते** બોલે છે. કારણ, તેમને એ ખબર નથી કે આ મધુરાભક્તિ છે. મધુરાભક્તિનો જન્મ વેદમાં છે.

બાઇબલમાં Old testament માં સૉલોમનના ગીત છે તેમાં શૃંગારનું રૂપ છે. William Jamesનું Varieties of Religious Experiences નામનું એક સુંદર પુસ્તક છે. Religion શબ્દ સાંભળ્યા પછી આપણી આંખની સામે કર્મકાંડ આવે છે તે છોડી દો. અંગ્રેજી વાઙ્મયમાં Religious શબ્દનો અર્થ, ભક્તના જે અનુભવો (Experiences) હોય છૈ તેને અનુલક્ષીને છે. તેથી રાસને એક રૂપક માનવાની આવશ્યકતા નથી. તેવી જ રીતે, તેને એક કલ્પના સમજવાની પણ જરૂર નથી.

રાસમાં શૃંગારનું જે વર્ણન આવે છે તે કાલ્પનિક નહિ, સાચું વર્ણન છે, પરંતુ તે અશરીરી પ્રેમ (Occult love) છે. આપણે ભક્તિનો ખરો અર્થ સમજતા નથી તેથી બધાની ભક્તિ સરખી જ લાગે છે. કોઇ પાઠ કરવા લાગ્યો, પૂજા કરવા લાગ્યો કે આપણે તેને ભક્ત સમજીએ છીએ. ભક્તિના જુદા જુદા રસ્તા છે, જુદી જુદી નહેરો છે. તમારે ભગવાનને રીઝવવા છે ને? કોઇને પણ રીઝવવો હોય તો તેના જાુદા જાુદા રસ્તા હોય છે. શેઠને રીઝવવા હોય તો? શેઠ ગુસ્સે થયા હોય તો શેઠને રીઝવવાના પ્રત્યેકના રસ્તા જુદા હોય છે. શેઠને રીઝવવા માટે જે રસ્તો તેનો નોકર લે છે તે રસ્તો પુત્ર નથી લેતો, જે રસ્તો પુત્ર લે છે તે રસ્તો પત્ની નથી લેતી અને પત્ની શેઠને રીઝવવા જે રસ્તો લે છે તે રસ્તો બીજું કોઇ લઇ શકતું નથી. જેમ શેઠને પ્રસન્ન કરવાના બધાના રસ્તા જુદા હોય છે તેમ ભગવાનને પ્રસન્ન કરવાના રસ્તા, ભગવાન સાથેના સંબંધ ઉપર આધાર રાખે છે.

ગીતામાં જીવના જુદા જુદા સંબંધો બતાવ્યા છે. કેવળ હું ભગવાનનો દીકરો છું એમ બોલીને ભગવાનનો દીકરો થવાતું નથી. દીકરાનાં કંઇ લક્ષણો (Characteristics) હોવાં જોઇએ, તો દીકરો થવાય. ભગવાનના તમે દીકરા હો તો તમારું જીવન તેવું હોવું જોઇએ, મિત્ર હો તો મિત્ર જેવું જીવન હોવું જોઇએ. ભગવાને ગીતામાં કહ્યું છે કે તારું જેવું જીવન થશે તેવો તારો અને મારો સંબંધ થશે. **ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्**—તારામાં પુત્રના ગુણ આવે તો હું પિતા થાઉં. તું જેવું રુપ લેશે તેને અનુરુપ હું રુપ લઇશ.

ભક્તના જીવનમાં ચિત્તએકાગ્રતા (Concentration)ની જે સ્થિતિ આવે છે, તેને ભક્તિ કહે છે. ગીતામાં ભગવાને કહ્યું છે: **मय्यावेश्य मनो ये माम्-मयि मनः आवेश्य** – આ ભક્તિ છે. આ ચિત્તએકાગ્રતા ભૌતિક નથી, માનસિક છે. તેમાં ભક્તનું મન જ મૂર્તિનો આકાર લે છે. તેથી 'જ્ઞ' મન, 'અજ્ઞ' મન, સુષુપ્ત મન (Experienced state of mind, inexperienced state of mind, active mind and inactive mind) બધાને તે આકાર લેવો પડે છે. તેના લીધે સમગ્ર મન શુદ્ધ થઇ જાય છે. મનને વિશુદ્ધ બનાવવું છે, તેનુ ઉદાત્તીકરણ કરવાનું છે, વિકારોનું ઉન્નતીકરણ કરવાનું છે, મનને પ્રગમનશીલ, શક્તિશાલી અને લાગણીક્ષમ (Progressive, powerful and sensitive) બનાવવાનું છે. મન જો કેવળ પ્રગમનશીલ અને શક્તિશાળી બનશે તો આપણે રાક્ષસ બની જઇશું. તેને લાગણીક્ષમ પણ બનાવવું જોઇએ. તેના

માટે મૂર્તિપૂજા આવશ્યક છે.

મૂર્તિપૂજા એ સંપૂર્ણ શાસ્ત્ર છે. તેમાં ચિત્તએકાગ્રતા ન તૂટતાં ખૂબ વધી જાય છે, અર્ધો કલાક કે એક કલાક સુધી ચિત્તએકાગ્રતા રહે તો પૂર્ણતાની અનુભૂતિ (Experiencing the fullness) મળે છે. ચિત્તએકાગ્રતા (Concentration) અને ઊંડાચિંતન (Meditation) માં ફરક છે. ચિત્તએકાગ્રતામાં તમે જ મનને મૂર્તિનો આકાર આપ્યો છે, તે માનસિક મૂર્તિ રહેવી જોઇએ તો અજ્ઞ મન (Inexperienced state of mind)નું શુદ્ધિકરણ થાય છે. ભક્તિમાં સમગ્ર મન, ભગવાનની મૂર્તિનો આકાર લે છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी – રાત્રે ભક્ત ચિત્ત એકાગ્ર કરવા બેસે અને તેની ચિત્તએકાગ્રતા વધી જાય, ત્યારે તેમાં ભક્ત-ભગવાનની વિવિધ રમતો થાય છે. તેમાં રાસ પણ એક રમત છે, તેથી તે જ શૃંગાર વાંચવામાં વાંધો નથી. તે અશરીરી પ્રેમ (Occult love) છે. રાસનો આધ્યાત્મિક અર્થ તમને ઘટાવવો હોય તો ઘટાવી શકો છો; પરંતુ તેવી કંઇ જરૂર નથી. રાસનું જે વર્ણન છે તે અસલી છે એવું માનવામાં કોઇ ખામી નથી. તે સ્થિતિ કઇ છે? કઇ સ્થિતિમાં તમારા મને ભગવાનને ઊભા કર્યા છે, તે સમજવું જોઇએ. ભગવાન છેલ્લે ભક્તનું જ સર્જન છે; અને ભગવાનને–Supreme power ને, ચિદ્‌ઘનશક્તિને તે રૂપ લેવું પડે છે. આવી જે અશરીરી સ્થિતિ છે, આવો જે અશરીરીપ્રેમ છે તે સમયનો શૃંગાર રાસમાં છે. તે ભક્તિની ચરમાવસ્થા છે.

પતિ-પત્નીના સંબંધમાં પણ ચરમાવસ્થા છે. તેમાં બન્ને સમાન છે છતાં, પણ પતિ થોડો મોટો છે એમ પત્નીને લાગવું જોઇએ. તો જ વિલીનીકરણ (Merging) થશે, નહિ તો નહિ થાય. તે જ ભગવાનની લક્ષ્મી, શોભા છે. તેને જ લક્ષ્મીનારાયણ કહે છે. નારાયણની સાથે એક નારીરૂપ રાખવાની કઇ જરૂર છે? તેના માટે આપણી કંઇ ફરિયાદ કે વાંધો નથી, પરંતુ તે રાખવાની જરૂર નથી. લક્ષ્મીનો અર્થ થાય છે શોભા. છેલ્લે જીવ છે તે ભગવાનની શોભા છે. વસિષ્ઠ, વિશ્વામિત્ર, પતંજલિ ઇત્યાદિ મહાપુરુષો આ દૃષ્ટિથી ભક્તિ કરતા હતા.

આપણે મધુસૂદન સરસ્વતીનું ભક્તિરસાયણ જોઇએ તો તેમાં રસાયણ કયું છે? જ્ઞાની જ ભક્તિ કરી શકે એવું લાગે છે; પરંતુ, અહીં જ્ઞાની એટલે પાંડિત્ય ધરાવનાર નહિ. જ્ઞાની એ ભક્તિની એક ચરમાવસ્થા હોય છે. ભક્તજીવનની એક સીડી છે. ભગવાને ગીતામાં કહ્યું છે: **बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते** – ચટ્ ને પટ્ માણસ મુક્ત થઇ શકે એવું આપણા શાસ્ત્રમાં લખેલું નથી. ગીતાએ પ્રગમનશીલ આદર્શવાદ (Progressive idealism) સ્વીકાર્યો છે. તેમાં જીવ ઉન્નત થતો થતો, વિકસિત થતો થતો ઉપર જાય છે. જેમ ભૌતિક જીવનમાં હળવે હળવે ઉન્નત થતો થતો મણસ ઉપર પહોંચે, તેમ ભક્તિજીવનમાં અને આધ્યાત્મિક જીવનમાં પણ જીવ હળવે હળવે ઉન્નત થાય છે.

જ્યાંસુધી દેહનિષ્ઠ ભક્તિ ચાલે છે, ભીતિથી ભક્તિ ચાલે છે, વહેમથી ભક્તિ ચાલે છે ત્યાંસુધી અસલી ભક્તિની શરૂઆત જ નથી થતી. તેની આગળ નીકળી ગયેલો જે ભક્ત છે, તે હિંડોળ પર બેઠેલા નયનમનોહારી ભગવાનની ભક્તિ કરે છે ત્યારે સંબંધો નિર્માણ થાય છે. એક

જ જન્મારામાં ભગવાન સાથે ભક્તના બે-ત્રણ સંબંધો થાય છે. કદાચ એક એક સંબંધ બાંધીને ભક્તિમાં આગળ વધતાં એક એક જન્મારો પણ લાગે. તેથી શું થયું?

ભક્ત શરૂઆતમાં ભગવાન પાસે માગવાને માટે જાય છે. તેને પોતાની નબળાઇ ખબર હોય છે. તેને પ્રભુ ઉપર વિશ્વાસ બેસી જાય છે. અહીં બે વાતો હોવી જોઇએ. એક, પોતાની કમજોરી ખબર હોવી જોઇએ અને બીજી, ભગવાન ઉપર સો ટકા વિશ્વાસ હોવો જોઇએ. શ્રદ્ધા હંમેશાં સો ટકાની હોવી જોઇએ. નેવુ ટકાની શ્રદ્ધા ન ચાલે. પત્ની સોળ આના પતિવ્રતા હોવી જોઇએ. ચૌદ આના પતિવ્રતા ચાલે? ન ચાલે. જેને ભગવાન પર સો ટકાની શ્રદ્ધા બેઠી છે અને જેને પોતાની કમજોરી ખબર છે, તે ભગવાનની પાસે માગવા જાય છે. આ એક મહાન સ્થિતિ છે. એક વાત નિશ્ચિત છે કે મારે પ્રભુની પાસેથી જ માગવું છે, બીજા કોઇ પાસેથી નહિ. આપણે જેમ ઘણા લોકો પાસેથી માગીએ છીએ, તેમ ભગવાન પાસેથી પણ માગીએ છીએ. એટલે કે ભગવાનને પણ આપણે સામાન્ય માણસની હરોળમાં બેસાડી દઇએ છીએ!

'ભગવાન! મેં કોઇની પાસેથી માગ્યું નથી.' આ એક ઉન્નત અવસ્થા છે. તે માગણ જ છે, પણ તેની અવસ્થા ઉન્નત છે. તેની એક વાત નિશ્ચિત થયેલી છે કે માગીશ તો ભગવાનની પાસેથી જ, બીજા કોઇ પાસેથી માગીશ નહિ. સોનાના હિંડોળા પર બેઠેલા ભગવાન પાસે માગવું કંઇ ખોટું નથી. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે ભક્તોનો પક્ષ લઇને ભગવાનને કહ્યું છે:

आपत्सु मग्नः स्मरणं त्वदीयं
करोमि दुर्गे करुणार्णवेशि।
नैतच्छठत्वं मम भावयेथाः
क्षुधातृषार्ता जननीं स्मरन्ति।। (देव्य./१०)

ભૂખ અને તરસ લાગ્યા પછી જ બાળકને મા યાદ આવે છે. મા! તારી પાસે માગવા માટે બાળક આવે તેમાં તેનું શઠત્વ નથી.

ઉન્નત ભક્ત ભગવાન પાસે માગે છે, કારણ કે, પોતાની કર્મમંદતા, ભાવમંદતા, બુદ્ધિમંદતા, સાધનરહિતતાની તેને સમજણ આવી ગઇ છે. ભક્તની આ એક સ્થિતિ છે. તેનો ભગવાન સાથેનો એક સંબંધ છે.

શેઠની પાસે ભિખારી માગવા આવે ત્યારે તેનો અને શેઠનો શો સંબંધ? આ ભક્તનો તો ભગવાન સાથે સંબંધ છે. તે ભગવાનને કહે છે: 'જુઓ ભગવાન, હું કેવળ તમારી પાસેથી માગું છું. મેં બીજા કોઇ પાસે માગ્યું નથી અને માગવાનો પણ નથી.' આવી રીતે જીવન બદલાવું જોઇએ. કેવળ બોલીને ન ચાલે. આ પહેલી પગથી છે.

જીવન કેવું હોવું જોઇએ એ ગીતા બતાવે છે, તેથી ગીતા શ્રેષ્ઠ છે. ગીતા એક ભક્તિગીત (Devotional song) છે. ત્યારબાદ વિવેક જાગૃત થાય છે. પ્રભુ પણ આપણને સમજાવે છે, 'તું માગે છે શા માટે? તું હક્કથી લે. માગવું ફોકટ છે. તું તો મારો અંશ છે. **ममैवांशो जीव लोके** તું મારો અંશ થઇને હાથ લાંબો કરીને માગે છે શા માટે? માંગવું તને શોભા નથી આપતું.

તું મારૂં કામ કર અને હક્કથી લે', આવું ભગવાન સમજાવે છે. તે ભક્તને કામ સોંપે છે અને તેની મજૂરી–વેતન ચૂકવે પણ છે.

આવા ભક્તમાં પણ વિવેક જાગૃત થાય છે. મેં ભલે કેવળ ભગવાન પાસેથી માગ્યું છે; પરંતુ ભગવાન પાસેથી માગીને મળે છે એ ખોટી વાત છે. એનું કારણ, ભગવાન પાસેથી માગ્યા વગર પણ કેટલી બધી વાતો મને મળી જ છે. શું ભગવાન પાસેથી ઊંઘ માગી હતી? ભૂખ માગી હતી? સૂરજ માગ્યો હતો? વરસાદ માગ્યો હતો? આ દેહ પણ ક્યાં માગ્યો હતો? શું માગ્યું હતું? કંઇ માગ્યું ન હતું. કોઇ અરજી કરી ન હતી. તે છતાં આ બધું ભગવાને મને વગર માંગ્યે આપ્યું છે. હું માગતો નથી તો પણ ભગવાન મને આપે છે, તેથી તેની પાસે માગવું ખોટું છે.

બીજું, માગ્યા પછી તે આપશે જ એની ખાતરી નથી. કારણ, આપણી કોઇ માગણી બીજાને નુકસાનકર્તા હોય, તો ભગવાન શું કરે? ભગવાનને તો બધાનું જોવાનું હોય. આપણે ભગવાન પાસેથી માગીએ અને તે આપે તો ભગવાનનું ભગવાનપણું જ ખલાસ થાય. આપણે માગીએ તે ભગવાન આપતો નથી અને માગ્યા વગર પણ ભગવાન ઘણું બધું આપે જ છે. આવી રીતે ભક્તનો વિવેક જાગૃત થાય છે, કે ભગવાન પાસેથી માગવું ખોટું છે.

આપણે આપણા વ્યવહાર માટે જે કંઇ કર્યું હોય તો તે આપણું કામ છે. પોતાનો વ્યવહાર નથી એવું જે કામ હોય છે તે ભગવાનનું કામ છે.

આપણા સ્વાધ્યાયીઓ ભક્તિફેરીમાં જાય છે. તેમનો કંઇ સ્વાર્થ હોતો નથી. તેમને માન, સન્માન કંઇ જોઇતું નથી. તે દૃષ્ટિથી જતા પણ નથી. ગામના લોકો તેમનું સન્માન કરશે તો તેમને ગમશે નહિ. મને પણ કેટલાક લોકો કહે છે કે હજારો લોકો ગામડાંમાં કામ કરવા માટે જાય છે; તમે તેમનું સન્માન પણ કરતા નથી? હું તેમને કહું છું કે 'હું જો તેમનું સન્માન કરું તો તે તેમને ગમતું નથી. તેમને સત્કાર જોઇતો નથી. અમારા જે લોકો છે તેની તમને ખબર નથી. તે જેમના છે તેમને જ તેમની ખબર છે. તેની ખબર બીજાને પણ ન પડે.'

ભગવાન કામ સોંપે છે અને મજૂરી આપે છે. આ બીજી પગથી છે. 'મેં ભગવાનનું કામ કર્યું છે અને હક્કથી લઉં છું.' દ્રૌપદીની ઉપર આપત્તિ આવ્યા બાદ તેણે ભગવાનને કહ્યું: 'ભગવાન! મારા પતિએ લોહીનું ટીપેટીપું તારા માટે આપ્યું છે. હવે તારે અમારી સાથે ઊભા રહેવું પડશે.' આવી રીતે કામ કરીને હક્કથી લેવાવાળાને આપણે સાત્ત્વિક કહીએ છીએ.

ત્યારબાદ, ભક્ત ત્રીજી પગથી પર આવે છે. સામાન્ય મજૂર મજૂરી કરે છે અને સાંજ પડે મજૂરી માગી લે છે. 'આટલું કામ કર્યું છે. અમને મજૂરી આપો.' પરંતુ તેનાથી આગળ વધેલો કહે છે કે મેં કામ કર્યું છે. મારા શેઠ છે. મને તે સમયસર સારી મજૂરી આપશે જ. તે કામ કરે છે, પણ મજૂરી માગતો નથી. તે મજૂરીનો હિસાબ પણ રાખતો નથી. શેઠ આપે તે મજૂરી લઇ લે છે. એને મજૂરીની અપેક્ષા છે જ, તે નિરપેક્ષ નથી. મજૂરીની કામનાથી જ તે શેઠની સેવા કરે છે. પરંતુ, તેને પોતાની મજૂરી માગવી નથી. ભક્તની પણ આવી એક સ્થિતિ આવે છે.

ત્યારપછી ચોથી પગથીએ આવેલો ભક્ત છે. તેને ભગવાનનું કામ સારૂં લાગે છે તેથી કામ

કરતો રહે છે. મજૂરીમાં શું મળ્યું? કેટલું મળ્યું તે વિચારતો પણ નથી. પોતાને શું મળશે તેનો તે હિસાબ પણ રાખતો નથી. તેને માત્ર ભગવાનનું કામ કરવામાં જ આનંદ છે.

મહારાષ્ટ્રના તુકારામ મહારાજ ભગવાનનું કામ કરતા હતા. તેઓ ગામે ગામ ફરીને લોકોને કહેતા: **'देव घ्या कुणी देव घ्या, देव घ्या फुका न लगे रुका...'** ત્યારે લોકો તેમને કહેતા 'તમે ભગવાનનું કેટલું કામ કરો છો? ભગવાને તમને શું આપ્યું? તમારો તો વેપાર પણ ચાલતો નથી. તો પછી તમે ભગવાન પાસેથી શા માટે માગતા નથી?'

આવું પૂછનાર લોકોને ચિત્તએકાગ્રતા શી ચીજ છે એની જ ખબર નથી. બધી કામના ભૂલી ગયા બાદ જ ચિત્તએકાગ્રતા થઇ શકે. એક પણ કામના યાદ આવે તો ચિત્તએકાગ્રતા ખલાસ થાય, તૂટી જાય. ચિત્ત એકાગ્ર કરીને કરેલી મૂર્તિપૂજામાં મન જ મૂર્તિનો આકાર લે છે. તે જ ખરી મૂર્તિપૂજા છે. આનો અર્થ એવો નથી કે સ્થૂલ મૂર્તિપૂજા કરવાની નહિ. અંદરનો ભાવ જાગૃત કરવાને માટે સ્થૂલ મૂર્તિપૂજા પણ કરવાની છે.

અંદર બધા રસ પડેલા હોય છે, પરંતુ, બાહ્ય પરિસ્થિતિથી અંદરનો રસ જાગૃત થાય છે. શૃંગાર રસ, હાસ્ય રસ, કરુણ રસ, વીર રસ, બધા રસો અંદર છે જ. તેવી રીતે અંદર ભક્તિરસ પણ છે. તે જાગૃત કરવાને માટે બહારની પરિસ્થિતિ ઊભી કરવી જોઇએ. તેના માટે જ ભક્તિમાં બધો કર્મકાંડ પણ આવે છે. પરંતુ, **'मय्यावेश्य मनो ये माम्'**–આ જ ખરી ભક્તિ છે.

આ સ્થિતિ પર પહોંચેલો ભક્ત મજૂરી વિષે વિચારતો જ નથી અને અપેક્ષા પણ રાખતો નથી. આ માનસિક ઉન્નત ભક્ત છે, તેને કર્મયોગી કહે છે. જે અપેક્ષા રાખીને કરે છે તે સાત્ત્વિક કર્મયોગી હશે પરંતુ, નિરપેક્ષ ભાવે કરનારો મહાન કર્મયોગી છે. આવો નિષ્કામ કર્મયોગ ભગવાન માટે ઉપકારક છે.

જ્ઞાનેશ્વર ભગવાન પણ દોડતા હતા. **अवघाची संसार सुखाचा करीन** – તેમને શું મેળવવાનું હતું? આપણે પણ દોડીએ છીએ. શા માટે? આપણો જીવનવિકાસ થાય, આપણા જીવનને વળાંક મળે, તે માટે આપણે દોડીએ છીએ. તુકારામ મહારાજનો જીવનવિકાસ ટોચનો થઇ ગયો હતો. છતાં તેઓ શા માટે દોડતા હતા? તેમને લોકોએ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું: **'आता उरलो उपकारापुरता'**–હું ઉપકારને માટે દોડું છું. કોના ઉપર ઉપકાર? લોકો ઉપર? લોકોને તેમની જરૂર ન હતી. કેમકે લોકોને તો ઘાસતેલ જોઇએ અને ખાંડ જોઇએ. તેમને જીવનવિકાસ કે ભાવજીવન ક્યાં જોઇએ છે? તો પછી કોના ઉપર ઉપકાર? તેઓ ભગવાન ઉપર ઉપકાર કરવા દોડે છે. આવા લોકો મહાન કર્મયોગી છે.

ત્યારપછીની પગથી ઉપર ભગવાન ભક્તને પોતાની બાજુમાં હીંચકા પર બેસાડે છે. હવે તે પૂર્ણ કર્મયોગી બની ગયો છે. કેટલીક વખત મોટા મુનિમને શેઠ આત્મીયતાથી પોતાની બાજુમાં હીંચકા પર બેસવાનું કહે છે, પણ તે બેસતો નથી. કદાચ બેસે તો સંકોચાઇને બેસે. ભક્તની પણ એક એવી સ્થિતિ આવે છે. ભગવાન તેને કહે છે. 'આવ, મારી બાજુમાં બેસ.' **सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते।** તે વખતે ભગવાનની બાજુમાં હીંચકા પર બેસતાં ભક્તને સંકોચ થાય છે.

કારણ, ભગવાનની પાસે બેસતી વખતે ભગવાન કેટલા મહાન છે અને પોતે કેટલો નાનો છે તેની પણ એને ખબર પડી ગઇ હોય છે.

તેને થાય છે કે હું જગતમાં ફરતો હતો ત્યારે લોકો મને સંત કહેતા હતા, પરમ કારુણિક કહેતા હતાં. ભગવાન કેટલા કારુણિક છે? ગામડાંના પટેલની પત્ની સો રૂપિયાનો સાડલો પહેરીને બહાર જતી હોય તો તેને તે સાડીનો ગર્વ હોય કે મારી સાડી સો રૂપિયાની છે! પરંતુ, તે કોઇના લગ્નમાં મુંબઇ જેવા શહેરમાં આવે, તો ત્યાં લખપતિની પત્નીઓની મોંઘી સાડીઓ જોઇને તેને પોતાની સાડી અતિ તુચ્છ લાગે છે. આવી રીતે જ્યારે ભક્ત આ જગતમાં ફરે છે ત્યારે લોકો તેને કારુણિક કહે છે. ભગવાનની પાસે આવ્યા પછી તેને પોતાના કારુણ્યની શરમ આવે છે. કારણ, તે વખતે તેને ખબર પડે છે કે મારા કરતાં ભગવાન કેટલા બધા વધુ કારુણિક છે! મરાઠી ભાષામાં કહ્યું છે: **'थोरापासुन दूर दूर वसतो...'** આમ, ભગવાનના ગુણો જોઇને ભક્તને સંકોચ થાય છે.

ત્યારપછીની પગથી ઉપર ભક્તનો સંકોચ દૂર થાય છે. તે ભગવાનની બાજુમાં નિઃસંકોચપણે વ્યવસ્થિત બેસે છે. એટલું જ નહિ, તે ભગવાનની સાથે રમે પણ છે. **तुष्यन्ति च रमन्ति च...** એવું તેમનું વર્ણન ગીતા કરે છે. તેનું જીવન કેવું છે? ભગવાન તેની સાથે છે. તેની અંદર બેસીને ભગવાન રમે છે અને તે પણ રમે છે. આવી એક સ્થિતિ ભક્તની આવે છે, તે સુખના અને દુઃખના, બન્ને પ્રકારના બોલ રમે છે.

ત્યારબાદ તેનો ભગવાન સાથે તદ્દન નજીકનો અને ખરો સંબંધ શરૂ થાય છે. એ રમત જ એવી છે. એક વખત સાઇકલ ઉપર સમતોલપણું મેળવી લીધા પછી સાઇકલસવાર એક હાથ છોડીને, બન્ને હાથ છોડીને, સાઇકલ ફેરવી શકે છે. તેવી રીતે આ સ્થિતિએ પહોંચ્યા પછીની જે ભક્તિ શરૂ થાય છે તે સ્થિતિમાં ભગવાન અને ભક્તનો, મિત્રનો, સખાનો સંબંધ શરૂ થાય છે. તેને સખ્યભક્તિ કહે છે. તે ભગવાનના ખભે અને ભગવાન તેના ખભા ઉપર પોતાનો હાથ રાખે છે અને બન્ને જોડે ચાલે છે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય વગેરે ભગવાનના પ્યારા મિત્રો છે. ભગવાન તેમને કહે છે: 'આ જગત ભાવશૂન્ય થઇ ગયું છે. કોઇનો કોઇ ઉપર ભાવ નથી. બધા જુઠ્ઠા બની ગયા છે. મને તો વ્યથા થાય છે. તું જરા જગતમાં જઇ આવ,' તેથી આ મહાપુરુષો જગતમાં જન્મ લે છે. તેઓ પ્રારબ્ધ લઇને આવતા નથી. લોકો વલ્લભાચાર્ય અને શંકરાચાર્યની કુંડલી બનાવે છે અને પછી કહે છે કે તેમની જન્મોત્રીમાં એવું લખ્યું જ હતું, તેમના ગ્રહો જ એવા હતા, તેથી એવું થયું. વગેરે. કર્મથી ગ્રહો બને છે. જેમનાં પોતાના નામે કંઇ કર્મો છે જ નહિ, તેમને ગ્રહો નડે કેવી રીતે? આવા મહાપુરુષો દુઃખોનો સ્વીકાર કરે છે, દુઃખ આવ્યા પછી કેવી રીતે રહેવાનું તે સમજાવવા માટે તેઓ દુઃખ ઉપાડે છે અને સહન કરે છે.

તેવી જ રીતે ભક્તની પુત્રની ભૂમિકા પણ આવે છે. ભક્ત પુત્રની સ્થિતિમાં આવે છે ત્યારે ભગવાન તેને વિનંતિ કરે છે, 'તું મારી પાસે આવ, મારા ખોળામાં બેસ.' ભક્ત પુત્ર તરીકે ભગવાનના ખોળામાં બેસે છે. પરંતુ, એમાં બન્નેને ખેંચાણ નથી. મધુરાભક્તિમાં ભક્ત અને

ભગવાન, બન્નેને ખેંચાણ હોય છે. તમે તમારા પુત્રને ખેંચો છો, ખોળામાં બેસાડો છો, તેને બચી પણ ભરો છો, પરંતુ, તેમાં પુત્રને આનંદ નથી. કારણ, તેને એવી કોઇ જરૂર નથી. બાપ ભલેને તેને બચી ભરે, તેને તેની જરૂર નથી. ઊલટું, તે હેરાન થાય છે. તેથી તે રડે છે. તેને એમ લાગે છે કે આ શું ગાંડપણ છે?

પતિ-પત્નીના સંબંધમાં જેટલું ખેંચાણ પતિને હોય છે તેટલું જ ખેંચાણ પત્નીને પણ હોય છે. ભક્ત અને ભગવાન વચ્ચે આવો સંબંધ બંધાય છે, તે સ્થિતિમાં, ભક્ત અને ભગવાનનું ખરું મિલન થાય છે. તેને જ મધુરાભક્તિ કહે છે. તેને માટે ભક્તે ભગવાન સાથે તેવો સંબંધ બાંધવો પડે છે. તેના માટે જીવન બદલવું પડશે.

ભગવાન સાથે પુત્ર, સખા કે પ્રિયાનો સંબંધ બાંધવો હશે તો તે માટે ભક્તે પોતાનું જીવન બદલવું જ પડશે. Holy Father and Son—પવિત્ર પિતા અને પુત્ર—એવું બોલીને પુત્ર થઇ શકાતું નથી. પુત્રના જે કંઇ ગુણો છે તે ભક્તમાં આવવા જોઇએ. તેવી જ રીતે મિત્રનાં લક્ષણો છે તે ભક્તમાં આવે તો તે મિત્ર થઇ શકે. ભક્તનું જીવન તેવું હોવું જોઇએ. પુત્ર જેમ પિતાનું કામ કરે છે તેમ ભકત જ્યારે પ્રભુનં કામ કરે છે ત્યારે તે પુત્ર થઇ શકે છે. ટૂંકમાં, ભક્તિ જેમ જેમ ઉન્નત થતી જાય, તેમ તેમ ભગવાન સાથે વધુને વધુ ગાઢ સંબંધ બંધાતો જાય.

પિતા-પુત્રના સંબંધમાં પિતાને ખેંચાણ હોય, તેથી તે પુત્રને બચી ભરે પણ તેમાં પુત્ર હેરાન થાય છે. મિત્રસંબંધમાં તટસ્થતા હોય છે. તેમાં ભક્ત પોતાનું જુએ છે અને ભગવાન પોતાનું જુએ છે. આ સંબંધમાં એકબીજાને એકબીજાની જરૂર હોતી નથી. એવો સંબંધ હોવો જોઇએ કે જેમાં બન્નેને મળવાની આતુરતા હોય. ઉત્કંઠા હોય. આવો સંબંધ એટલે **प्रियः प्रियायाः...** પ્રિયકર અને પ્રિયતમાનો સંબંધ. આ મધુરાભક્તિ છે. તેમાં ભક્ત અને ભગવાન, બન્નેને એકબીજાનું સરખું ખેંચાણ હોય છે, બન્નેને મિલનની એક સરખી જ આતુરતા અને ઉત્કંઠા હોય છે.

ભક્તિશાસ્ત્રમાં આવી એક સ્થિતિ આવે છે કે જેમાં ભક્ત અને ભગવાન સમાન છે. આ સ્થિતિ પર પહોંચેલો ભક્ત ભગવાન જેવો છે, ભગવાન છે. આખું વિશ્વ તેનું છે. **तस्येयं सर्वा पृथ्वी वित्तेन पूर्णास्यात्** — પિતા-પુત્રના સંબંધમાં પુત્રની ચેક પર સહી ચાલે છે. પરંતુ, પતિ-પત્નીના સંબંધની વાત જ જુદી છે.

જૂનાકાળની ઘરવાળીના નામ પર કંઇ હતું નહિ, આમ છતાં બધું તેનું જ હતું. તે એમ જ કહેતી કે મારું કંઇ નથી, બધું એમનું જ છે. પરંતુ, અંદરથી તેને એવો જ મિજાજ રહેતો કે બધું મારું જ છે. આ બધું જેનું છે તેનો કાન મારા હાથમાં છે. જૂનાકાળમાં પ્રેમની આવી સ્થિતિ હતી. હવે તો પત્ની પતિની સમાન થઇ ગઇ છે. હવે તો મારું આટલું અને તારૂં આટલું એવો હિસાબ થાય છે.

પતિ-પત્નીના સંબંધમાં શું છે? બન્ને સમાન છે; છતાં પણ, પતિ થોડો મોટો લાગે છે. તો જ પત્ની પતિમાં ભળી જઇ શકશે. ભળી જવું (Merging) આ એક મોટી વાત છે. ભગવાનમાં ભળી જવું છે. તેથી શંકરાચાર્યે કહ્યું છે:

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्।
सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारङ्गः ॥

(હે નાથ! મારા-તમારાનો ભેદભાવ ચાલ્યો ગયો હોવા છતાં હું આપનો છું આપ મારા નહિ. જેમ તરંગ સમુદ્રનો છે પણ સમુદ્ર તરંગનો નથી).

તુકારામ મહારાજ કહે છે: **तुझ मझ नाहि भेद केला सहज विनोद** – આપણે બન્ને સમાન છીએ, આપણી વચ્ચે ભેદ નથી. છતાં તું મારા કરતાં થોડો મોટો છે. આ સ્થિતિમાં મધુરાભક્તિ શરૂ થાય છે. આ સ્થિતિમાં રાસલીલા થાય છે. ચિત્તએકાગ્રતા વધે, ઓછા નામે એક કલાક ટકે ત્યારે આવી રમત શરૂ થાય છે. વલ્લભાચાર્ય મધુરાભક્તિના આચાર્ય છે તે **मधुराधिपतेरखिलं मधुरम्** – કહે છે.

યુરોપ-અમેરિકામાં જે પ્રયોગજન્ય માનસશાસ્ત્ર ઊભું થયું છે તેના વિવિધ પંથ છે. તેમાં એક પંથ એવો છે કે જે, મન, ઈચ્છા, આશા, સંકલ્પ, વાસના ઈત્યાદિ અમાન્ય જ કરે છે. તેનો પુરસ્કર્તા વોટસન (Watson) છે. તે મન જ સ્વીકારતો નથી. આપણે ત્યાંની ગઈ પેઢી ઉપર આ વોટસનના વિચારોની જબરી અસર હતી. તેમના કહેવા મુજબ ભગવાનના દરબારમાં જન્મેલી પ્રત્યેક વ્યક્તિ એકસરખી જ છે. પરંતુ, પ્રત્યેક જીવ બીજા જીવથી જુદો છે, આગલા જન્મનું પોતપોતાનું ભાતું લઈને જ આવ્યો છે. પુનર્જન્મના આવા (Rebirth) સિદ્ધાંતની તેને ખબર નથી તેથી તેણે ભ્રાંત સિદ્ધાંત બતાવ્યો હતો. તેની અસર એક પેઢી ઉપર તો થઈ જ હતી.

માનસશાસ્ત્રનો બીજો એક પ્રયોગ વૈદકશાસ્ત્રમાં થયો છે. વૈદકશાસ્ત્રમાં શરીરશાસ્ત્રનો વિચાર હોય છે. તેમાં પણ તેમણે મનની અજ્ઞ સ્થિતિ દેખાડી છે. તેના પુરસ્કર્તા ફ્રૉઇડ, એડલર અને જુંગ છે. તેમણે મનની અજ્ઞ સ્થિતિ માની છે. અને તેના મૂળમાં કામાસક્તિ માની છે. ભક્તિના મૂળમાં પણ તેજ હશે એવું તેમનુ માનવું છે; પરંતુ, આ લોકો એક બહુ સારી વાત માને છે અને તે એટલે કામાસક્તિનું ઉન્નયન. તેઓ કહે છે કામુકવૃત્તિ તમને સામાજિક કાર્ય તરફ લઈ જઈ શકે છે. જો તે સામાજિક કાર્ય તરફ લઈ જઈ શકતી હોય તો તે ભક્તિ તરફ કેમ ન લઈ જઈ શકે? તેમનો અભ્યાસ કરવા જેવો છે. તેમના વિચારો મધુરાભક્તિને ઉપયોગી છે, કેમ કે, અજ્ઞ મન ખબર પડે તો ચિત્તએકાગ્રતા શા માટે તે પણ સમજાય. ચિત્તએકાગ્રતા શું છે એ સમજાય ત્યારે જ મૂર્તિ શા માટે તે સમજાશે. આ બાબતમાં ફ્રૉઇડનો ઉપકાર છે. તેના વિચારોમાં જે સારું છે તે સ્વીકારવું જ જોઈએ.

William Macdugal—વિલિયમ મેકડુગલનો Introduction to Social Psychology નામનો ગ્રંથ છે તે મધુરાભક્તિને ઉપયોગી છે. તેની હૉર્મિક સ્કૂલ કહેવાય છે, તેમાં તેણે સહજપ્રેરણા (Instinct), ભાવના (Emotion) અને સ્થિરવૃત્તિ (Sentiment)—આવી ત્રણ કક્ષાઓ માની છે. મેકડુગલના Social Psychologyના ઉપરોક્ત ગ્રંથની ઓગણીસમી આવૃત્તિના પરિશિષ્ટમાં તેમણે એક સ્વતંત્ર પ્રકરણ લખ્યું છે. તે કામુક પ્રેરણા (Sex instinct)નું સ્વતંત્ર પ્રકરણ છે. તે ગ્રંથના તેરમાં પ્રકરણમાં 'The instinct through which religious conceptions effect social life'આ વિષય ઉપાડીને બહુ સુંદર વિવેચન કર્યું છે. તેમાં તેમણે

ભક્તિભાવનાનું વિવેચન કર્યું છે. Sex sentiments and religious sentiments—કામુક ભાવના અને ભક્તિભાવના—માનવી મનની આ બે પ્રમુખ ભાવનાઓનો વિચાર કરવો પડશે. કેવળ કામુક ભાવનાનો સ્વતંત્ર વિચાર કરીને નહિ ચાલે, એવું તેમનું કહેવું છે. તેમનો પરસ્પર સંબંધ છે અને તેમનું એકબીજા પર થવાવાળું જે પરિણામ છે તેનો પણ વિચાર કરવો જોઇએ, એવું તેમનું કહેવું છે. કામુક વૃત્તિ (Sex-instinct) ભક્તિમય બની જાય છે કે ભક્તિભાવના, વૈશ્વિક ભાવનાથી નિર્માણ થાય છે? એવો પ્રશ્ન તેમણે ઊભો કર્યો છે. તેનો અભ્યાસ કરવા જેવો છે.

રાસક્રીડામાં જે વર્ણન આવ્યું છે તે બાબતમાં ડરવાનું કારણ નથી. તેનો બીજો અર્થ ઘટાવીશું કે આધ્યાત્મિક રૂપ પણ આપીશું, તો તે ખોટું નથી; પરંતુ, તે અસલી શૃંગારિક છે તેવું માનવામાં વાંધો નથી. ભક્તિશાસ્ત્રમાં તે છે જ અને તેનો વિચાર કરવાનો છે. રાસલીલાનો વિષય બહુ નાજુક છે અને તેના વિષે મતભેદ પણ ઘણો છે. કેટલાક લોકો તેને અનુકૂળ છે અને કેટલાક લોકો પ્રતિકૂળ છે.

ભાગવતમાં રાસલીલાનું જે વર્ણન છે તે સત્ય છે તેથી જ તે આજ સુધી ટક્યું છે. તે વર્ણનમાં શૃંગારના શ્લોકો છે તેના શબ્દો બદલવાની જરૂર નથી. તે શૃંગાર, અશરીરી મિલનનું વર્ણન છે, તેને જ અશરીરી પ્રેમ (Occult Love) કહે છે.

ચિત્તએકાગ્રતાને ભક્તિ માની છે. આપણી પર ભગવાનની કૃપા હોય છે, તે હોવી જ જોઇએ. અને તે દિનરાત છે જ. તેથી જ તો આપણે બોલી શકીએ છીએ, સાંભળી શકીએ છીએ, જોઇ શકીએ છીએ; પરંતુ, જીવનનું અને જીવનું ઉન્નતિકરણ ભક્તિમાં માનવામાં આવ્યું છે. આ ઉન્નતિકરણને માટે મૂર્તિપૂજા ઉપયોગી છે. ચિત્તએકાગ્રતા કરીને જ શુદ્ધિકરણ થઇ શકે છે અને શુદ્ધિકરણથી જ માણસ આગળ વિકાસ સાધી શકે છે.

એક સેકંડની ચિત્તએકાગ્રતા બીજી સેકંડ સુધી વધારવી, તેનું સાતત્ય ટકાવવું, તે કેટલું કઠણ છે તે, જેઓ ચિત્તએકાગ્રતાનો અભ્યાસ કરતા હોય તેમને જ ખબર છે. આપણે તો તરત જ ધ્યાન (Meditation) પર જઇએ છીએ. મારા પગ નથી, પેટ નથી, મોઢું નથી, કાન નથી, નાક નથી, એવું કહીએ છીએ; પરંતુ, તે રસ્તો અતિ કઠણ છે. મૂર્તિમાં ચિત્તએકાગ્રતા કરતાં કરતાં તે વધી જાય છે ત્યારે માણસ વિશ્વને ભૂલી જાય છે. આવું થાય ત્યારે જ ખરી ચિત્તએકાગ્રતા—ભક્તિ થઇ કહેવાય. તુકારામ મહારાજે લખ્યું છે:

हेचि थोर भक्ति आवडते देवा संकल्पावी माया संसाराची—આ સ્થિતિમાં ભૌતિક વિશ્વ ચાલ્યું જાય છે અને ભક્તનું એક જુદું જ માનસિક વિશ્વ ઊભું થાય છે.

આ ચિત્તૈકાગ્ર ભૌતિક (Physical) નથી. તેમાં તમે નવું જ માનસિક વિશ્વ ઊભું કરો છો. ભગવાને તમને પ્રતિસૃષ્ટિ નિર્માણ કરવાની શક્તિ આપી દીધી છે. અહીં બેઠા બેઠા આંખ બંધ કરીને તમે બોરીબંદર સ્ટેશન, તેના સ્ટેશન માસ્તર સહિત કોઇપણ દૃશ્ય ચિત્તમાં ઊભું કરી શકો છો. તમારી પાસે તે શક્તિ છે.

આવી ચિત્તએકાગ્રતા જ્યારે ખૂબ વધી જાય છે, ઓછામાં ઓછી એક કલાક સુધી ચિત્તએકાગ્રતા ન તૂટતાં ટકે છે ત્યારે રાસલીલા રચાય છે. તેથી જ તો ચિત્તએકાગ્રતા કેવી રીતે કરવી, શા માટે કરવી, તેમાં શું કરવું, તેના માટે જીવન કેવું હોય જોઇએ, તે વાતો આપણા યોગદર્શનકારે બતાવી છે.

ધારો કે કોઇની ચિત્તએકાગ્રતા એક કલાક સુધી ટકતી હોય તો પણ ભક્તની ભૂમિકા કઇ છે તેના પર રાસલીલાનો આધાર છે. ભક્તની વિવિધ ભૂમિકા હોય છે. ભક્તને ભગવાન પિતા, શાસ્તા, દાતા લાગતા હોય, વિવિધ સંબંધથી ભક્તિ કરીને વિવિધ ભાવના પુષ્ટ થાય છે. ભક્ત કઇ ભૂમિકા પર છે તેના પર બધો આધાર છે. જીવનની એક વિશિષ્ટ અવસ્થા, અને જીવનની એક વિશિષ્ટ વ્યવસ્થા, એક વિશિષ્ટ રૂપ ધારણ કરે ત્યારે મધુરાભક્તિ શરૂ થાય છે.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् – તું જે સંબંધથી મારી પાસે આવશે તેવું રૂપ હું લઇશ. વિવિધ ભાવનાઓ વિવિધ સંબંધમાં પુષ્ટ થાય છે. તે બધી જ ભાવનાઓ પુષ્ટ થવી જોઇએ. તેથી જ ભગવાને ગીતામાં કહ્યું છે:

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।

ઘણાં જન્મની સાધના પછી તું મને પ્રાપ્ત કરીશ. ભક્ત જે રૂપે ભગવાનને ભજે છે, તે જે ભૂમિકા લે છે તેની વિરુદ્ધ (Opposite)ની ભૂમિકા, ભગવાન પોતમેળે લે છે. આજે લોકો વિરુદ્ધ (Opposite) થી ડરે છે પરંતુ, દ્વૈતમાં વિરુદ્ધ (Opposite) છે જ. તત્ત્વજ્ઞાનમાં લોકો પૂછે છે કે વિરુદ્ધ (Opposite) ને ખતમ કેમ કરશો? તેને કહેવું જોઇએ કે જ્યારે તું પોતે ખતમ થશે ત્યારે વિરુદ્ધ (Opposite) ખતમ થશે. ત્યાંસુધી વિરૂદ્ધ કેમ ખતમ થાય? સામે મોઢે (Face to face opposite) જોવાની શક્તિ હોવી જોઇએ, હિંમત પણ હોવી જોઇએ. ‘હું છું’ પણું છે ત્યાં સુધી Opposite તો રહેશે જ.

વાત્સલ્યાસક્તિ અને કાંતાસક્તિ–આ બે આસક્તિમાં જ સંકોચની ગ્રંથિ છૂટી જાય છે. **गुणरहितं कामनारहितं प्रतिक्षणवर्धमानं अविच्छिन्न अनुभवरुपं** પ્રેમ અને ભક્તિ, બન્ને ગુણ રહિત, કામનારહિત, પ્રત્યેક ક્ષણે વધતાં રહેનાર, અવિચ્છિન્ન અને અનુભવરૂપ છે એવું નારદ ભક્તિ સૂત્રમાં લખ્યું છે, તેનું આજ કારણ છે.

પ્રેમ અને ભક્તિની સ્થિતિમાં શું થાય છે? દાખલા તરીકે, ભક્ત યાચકની ભૂમિકામાં હોય ત્યારે ‘હું ભગવાન પાસેથી જ માગીશ’ આવા નિશ્ચયને લીધે ભક્તમાં એક વિશ્વાસ ઊભો થાય છે, સેવકની ભૂમિકામાં એક સ્વામિનિષ્ઠા નિર્માણ થાય છે, પુત્રની ભૂમિકામાં તેનામાં કૃતજ્ઞતા અને તત્પરતા વિકસિત થાય છે. મિત્રની ભૂમિકામાં ભક્તમાં સલાહ અને મંત્રણા કરવાની શક્તિ વિકસિત થાય છે. આ બધી જ વાતોનો સરવાળો મધુરાભક્તિમાં હોય છે. આ ભક્તજીવનની સમગ્રતા છે. This is integration of your devotional life.

શરૂઆતમાં શું થાય છે? પોતાના સામર્થ્યનો ખ્યાલ અને પોતાની અસમર્થતાની સમજણ આવી ગઇ કે માગણી શરૂ થાય છે. સામાન્ય માણસ ભગવાન પાસેથી માગે અને યાચકની

ભૂમિકાનો ભક્ત માગે તેમાં ફરક છે. વિકસનશીલ વ્યક્તિને સ્વસામર્થ્યની કલ્પના અને પોતાના અસામર્થ્યની સમજણ સાથે જ હોવી જોઇએ. 'હું કેવળ અસમર્થ જ છું.' એવું કહેશો તો તમે સાધના જ નહિ કરી શકો. તમને તમારા સામર્થ્યની કલ્પના પણ હોવી જોઇએ. સાથે સાથે, પોતાની અશક્તિની જાણ પણ હોવી જોઇએ. ત્યારે ભક્તની માગણી શરૂ થાય છે.

માગણી શરૂ થયાબાદ તે ભક્તમાં અસ્મિતા જાગૃત થાય છે. 'ભગવાન! હું તારી પાસેથી શા માટે માગું? તેનાં કરતાં હું તારો સેવક બની જાઉં, તારા ઉપયોગમાં આવું.' આ એક વિકાસની સ્થિતિ છે. ત્યારપછી તેને લાગે છે, 'ભગવાન! હું તારો બની જાઉં, પણ શું બનું? તારો સખા બની જાઉં? સખ્યતામાં તટસ્થતા હોય છે. તટસ્થામાં શો આનંદ?'

'પ્રભુ! હું સમજી ચૂક્યો છું કે માગ્યા પછી તમે આપો છો અને બોલાવ્યા પછી તમે આવો છો. પરંતુ, વગર માગે જે આપે છે અને બોલાવ્યા વગર પણ જે મદદ આપે છેં, મદદ નહિ, જે મારું જીવન ચલાવવા આવે છે, આ સ્થિતિમાં તો પ્રભુ! તારો અને મારો સંબંધ જુદો જ હશે!' તેમાંથી જ **त्वमेव माता च पिता त्वमेव...** સંબંધ આવે છે. આમાં બંધુ સંબંધ નથી આવતો. પુત્રના સંબંધમાં પિતાની ઉપકારિતા છે અને મિત્રના સંબંધમાં તટસ્થતા છે.

આ બધા સંબંધો કરતાં ઉપરનો સંબંધ છે **प्रियः प्रियायार्हसि...** પ્રિયકર-પ્રિયતમાનો સંબંધ. 'પ્રભુ હું તારી સાથે નહિ, હું તારો જ બનીને રહીશ.' તેમાં ભક્ત અને ભગવાન—બન્નેને એકબીજાનું ખેંચાણ હોય છે. આવી રીતે ક્રમિક વિકાસ સાધતાં સાધતાં આવેલી સ્થિતિએ પહોંચેલા ભક્તના જીવનમાં મધુરાભક્તિ નિર્માણ થાય છે. આ સ્થિતિમાં સંકોચની ગ્રન્થિ છૂટે છે. મધુરાભક્તિમાં ભક્તને પ્રભુસંગ નથી, પ્રભુ સાથે તેનો નિત્યસંબંધ છે. તેને પ્રભુના નિત્યસંબંધની જાણકારી છે. આપણે બોલીએ, જોઇએ, ત્યારે તત્ તત્ ઈંદ્રિયને અંદરની શક્તિનો સ્પર્શ થાયા બાદ જ તે ક્રિયાઓ થાય છે, પરંતુ, તે સ્પર્શ આપણને ખબર પડતો નથી, તેનો આપણને અનુભવ નથી અને સમજણ પણ નથી. આપણને તે સ્પર્શનાં ગલગલિયાં થતાં નથી. ટોચની સ્થિતિ પર પહોંચેલા ભક્તના જીવનમાં ખાવું, પીવું, સૂવું—જે કંઇ ક્રિયાઓ કરે છે તેમાં તેની ભૂમિકા છે,**यद्द् यद्द् कर्म करोमि तद्द् तद्द् अखिलं शंभोस्तवाराधनम्**।(હું જે કાંઇ કર્મ કરૂં છું તે સર્વ તારી આરાધનારૂપ જ છે.) પ્રત્યેક ક્રિયામાં તેને ઈશસ્પર્શની જાણ થાય છે ઈશસ્પર્શનો અનુભવ થતાં તેને ગલગલિયાં થાય છે. આમ, તેની 'પ્રભુસંગ'ની સ્થિતિ ચાલી જાય છે, તેનો નિત્યસંબંધ સ્થપાય છે. તેના વિના જીવન અશક્ય છે તેની તેને સમજણ આવી જાય છે.

આપણે તો હજી 'પ્રભુ છે' તેના પર વિશ્વાસ રાખવાનો છે. ત્યારપછી પ્રભુનું કામ કરવાનું છે. ત્યારબાદ પ્રભુના સંગની કલ્પના આવશે.

સાધક અવસ્થામાં આપણી પાસે વિદ્વત્તા ઈત્યાદિ સાધકની સંપત્તિઓ આવે છે તેમાં પહેલી પગથી પર 'મેં કમાવ્યું છે' એવી સમજણ હોય છે. બીજી પગથી પર 'દૈવથી મળ્યું છે', ત્રીજી પગથી પર 'પ્રભુએ આપ્યું છે, દૈવે નહિ' એવી સમજણ આવે છે. દૈવમાં મારા પાછળના જન્મનું કર્મ જ હોય છે. પ્રભુએ આપ્યું છે તેમાં પ્રસાદ છે. દૈવે આપ્યું છે અને પ્રભુએ આપ્યું છે, તે બન્નેમાં ફરક છે. પ્રભુએ આપ્યું અને પતિએ આપ્યું, તેમાં પણ ફરક છે. પ્રભુ આપે તે મારા

માટે આપે. પતિ આપે તે પોતાને માટે આપે. આપણે તો હજી પ્રભુ આપશે તે સ્થિતિએ પણ નથી પહોંચ્યા. આ સ્થિતિએ પહોંચેલા ભક્તની ભક્તિ એક સ્વભાવ, એક અવસ્થા બની જાય છે. વિના હેતુ, વિના સ્વાર્થ, નિ:સંકોચ મિલન, આ સ્થિતિ પર પહોંચ્યા પછી જ થઇ શકે છે.

આપણે જ્યારે ભક્તિ કરીએ છીએ ત્યારે બધો કચરો સાથે લઇને જ જઇએ છીએ. **रुपं देहि यशो देहि... सर्वकामांश्च देहि मे।** આ કચરો સાથે હોય તો નિ:સંકોચ મિલન કેવી રીતે થાય? કોઇ શેઠની પાસે પેટમાં કંઇ છૂપી વાત રાખીને જાય તો શેઠ સાથે તેનું નિ:સંકોચ મિલન કેવી રીતે થાય? નિ:સંકોચ મિલનમાં સ્વાર્થ અને હેતુ—આ બન્ને વાતો પહેલાં નીકળી જવી જોઇએ.

ભક્તિશાસ્ત્રમાં 'શાંતિરતિ, દાસ્યરતિ, સખ્યરતિ, વાત્સલ્યરતિ અને મધુર-ઉજ્જવલરતિ' આ બધું પ્રાપ્ત કરવા માટે ભક્તે જીવન બદલવું પડશે.

કોઇ એમ કહે: 'હું ભગવાનનો દીકરો છું' એવું બોલીને ભગવાનનો દીકરો થવાતું નથી. પુત્રનું એક વિશિષ્ટ જીવન હોય છે. તેવું તમારું જીવન થાય તો તમે ભગવાનના દીકરા થઇ શકો. હું તો આજે ભગવાનને કહું કે તું મારો પતિ છે, તેથી શું થયું? મારું જીવન જો પત્ની જેવું ન થયું હોય તો ભગવાનને પતિ કહેવાનો શો અર્થ છે? જે ભૂમિકા સ્વીકારવી હોય તેના જેવું જીવન પણ થવું જોઇએ.

ચિત્તએકાગ્રતા તો વધવી જ જોઇએ. એક કલાક સુધી ટકવી જોઇએ. જે ભૂમિકાથી ભક્તિ કરતા હોઇએ તેવું જીવન બનેલું હોવું જોઇએ. તેમાં અતિ ઉચ્ચ સ્થિતિ આવે છે. તમે જો Religious experiences ઇત્યાદિ વાંચશો તો તેમાં ખ્રિસ્ત કહે છે: He must be born again. હવે તું પાછળ હતો તે રહ્યો નહિ. તું બદલી ગયો છે. જાણે તારો નવો જન્મ થયો છે.

મહારાષ્ટ્રના સંત તુકારામ કહે છે: **मीच मज व्यालो पोटी आपुलिया झालो**—હું મારામાં જ વિયાયો, પોતાના પેટે જ જન્મ્યો. હવે આ બન્નેનું લખાણ સંશોધક (Research scholar)ના હાથમાં આવે ત્યારે તેઓ ચર્ચા કરે કે ખ્રિસ્ત અને તુકારામ—આ બન્નેમાં પહેલું કોણ જન્મ્યું હતું? કોણે કોની નકલ કરી છે? આવા સંશોધકોને શાનું સંશોધન કરવાનું, શા માટે કરવાનું, કેવી રીતે કરવાનું આ પણ ખબર હોતી નથી. તુકારામ ખ્રિસ્ત પછી થઇ ગયા તેથી તેમણે ખ્રિસ્તનો વિચાર ઉપાડ્યો એવું સંશોધન કરીને કહે. જાણે કે તુકારામ મહારાજ અંગ્રેજી શીખવા ગયા હતા! તેમને સંસ્કૃત પણ આવડતું ન હતું. તે છતાં તેઓ મસ્તીથી કહે છે: **वेदांचा तो अर्थ आम्हासी च ठावा इतरानि वहावा भार माथा**—વેદોનો અર્થ તો અમને જ ખબર છે! બીજા ભલે માથા પર ભાર વહે.' આ કેટલી જબરદસ્ત મસ્તી છે!

'He must be born again—તેણે ફરી જન્મ લેવો જોઇએ' તેનો અર્થ શું છે? આજ સુધી સાધક પાસે દયા, કરુણા ઇત્યાદિ ગુણો તેણે પોતે કમાવેલા હતા. ભક્તિની આ ટોચની સ્થિતિ અને ભૂમિકામાં, તેની પાસે જે સદ્‌ગુણો છે તે પતિરૂપ ભગવાને આપેલા હોય છે. વ્યવહારમાં જેમ પતિ પત્નીને આપે છે, તેમ. લગ્ન પહેલાં વરપક્ષ તરફથી વધૂને વસ્ત્રો મોકલે છે. વરને લાગે છે કે મારી પત્નીએ મેં મોકલેલાં કપડાં પહેરવાં જોઇએ. તેવી રીતે આ સ્થિતિ પર પહોંચેલા ભક્તની પાસે શ્રીમંત દયા, શ્રીમંત કરુણા હોય છે. આપણી દયા-કરુણામાં અને તેમની દયા-

કરુણામાં ફરક હોય છે, કેમકે, તેમને તે સદ્‌ગુણો ભગવાન પાસેથી મળેલા હોય છે.

શ્રીમંત દયા કોને કહે છે? બીજાને હીન બનાવીને કરવામાં આવે તે આપણી દયા. જેના પર દયા કરવામાં આવે તે હીન ન બને એ શ્રીમંત દયા. આપણાથી બીજાનું દુઃખ સહન થતું નથી તેથી આપણે બીજા પર દયા કરીએ છીએ. Hobbs and Helvacious તેને enlightened self-interest ઉન્નત સ્વાર્થ—કહે છે. તમે બીજા પર ઉપકાર કરો છો તેનું કારણ એ છે કે તમારાથી તે વ્યક્તિનું દુઃખ સહન થતું નથી તેથી તમે તેના પર દયા કરો છો; પરંતુ, ભક્તની દયા પોતાનો વિકાસ થવો જોઇએ તે માટે નિર્માણ થાય છે. તેને શ્રીમંત દયા કહે છે. આવા ભક્તનાં પોતાના મન, બુદ્ધિ ચાલી જાય છે અને તેને ભગવાન પાસેથી શ્રીમંત મન, શ્રીમંત બુદ્ધિ મળે છે. તેમણે સાધના કરીને જે બુદ્ધિને વિશુદ્ધ બનાવી છે તે તો ચાલી ગઇ છે. તેમને ભગવાન પાસેથી આવી બીજી શ્રીમંત બુદ્ધિ મળી છે. નહિ તો, દેડકી પેટ ફુલાવી ફુલાવીને કેટલું ફુલાવી શકે? તે બળદ જેટલું પેટ થોડું જ ફુલાવી શકે? કદાચ ફુલાવવાનો પ્રયત્ન કરે તો તેનું પેટ ફાટી જાય. પેટ ફુલાવીને દેડકી બળદ ન થઇ શકે.

આપણે બુદ્ધિને ગમે તેટલી શુદ્ધ કરીએ તો પણ તે ભગવાનના જેવી કેવી રીતે થઇ શકે? આવી ટોચની સ્થિતિ પર પહોંચેલા ભક્તને ભગવાન પોતે જ શ્રીમંત બુદ્ધિ અને શ્રીમંત મન આપે છે. કોની બુદ્ધિ શ્રીમંત કહેવાય? જેની બુદ્ધિનો ભગવાને સ્વીકાર કર્યો છે, તેની બુદ્ધિ શ્રીમંત કહેવાય. આ સૃષ્ટિમાં મહાન શ્રીમંત કોઇ હશે તો તે પ્રભુ છે. પ્રભુએ જેની બુદ્ધિનો, જેના મનનો સ્વીકાર કર્યો, તેમનાં બુદ્ધિ અને મન શ્રીમંત. આવા ભક્તે મન અને બુદ્ધિ ભગવાનને આપી દીધાં છે, પરંતુ, તેણે પોતાનો અહમ્ આપ્યો નથી. આ સ્થિતિમાં રાસ નિર્માણ થાય છે. આવો ભક્ત ભગવાનને અહમ્ આપતો નથી. તે અહમ્ આપી શકે છે પણ તે અહમ્ આપતો નથી. શા માટે? તે ભગવાનને કહે છે: 'તું મારો પતિ છે. લગ્ન પછી સ્ત્રીઓ જેમ પતિના નામનું મંગલસૂત્ર પહેરે છે તેમ મારો અહમ્ મંગલસૂત્ર જેવો છે. જ્યાંસુધી મારો અહમ્ મારી પાસે છે ત્યાંસુધી તારી મારા પર સત્તા ચાલે છે એ નિશ્ચિત છે.' 'ભગવાન! મારા અહમ્ પર તારી સત્તા દેખાય છે તેથી હું અહમ્ મારી પાસે રાખું છું.'

આવા ભક્તનાં મન અને બુદ્ધિ ભગવાને સ્વીકાર્યાં છે. તેના બધા જ સદ્‌ગુણો શ્રીમંત બની ગયા છે. આ સ્થિતિમાં ભક્તનું જીવન બદલાઇ જાય છે. ત્યારબાદ પ્રેમ, સ્નેહ, પ્રણય, માન, રાગ, અનુરાગ, મહાભાવ અને દિવ્યોન્માદ—આ પગથીઓથી પ્રેમ આગળ વધતો જાય છે. આ સ્થિતિ જીવન બદલાયા પછી જ આવે છે. આ સ્થિતિમાં દુઃખ નથી, દૈન્ય નથી, ભીતિ નથી, શરમ નથી, ભક્તનું પોતાપણું પણ ચાલી ગયું છે. આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે રાસની પૂર્વ ભૂમિકા રચાય છે. આ કેવળ કલ્પના નથી. ચિત્તએકાગ્રતા વધી ગયા પછી, જીવનની વૃત્તિ તેવી થયા બાદ, આવી સ્થિતિ પેદા થાય છે, ભક્તની આવી એક અવસ્થા આવે છે. તેને મધુરાભક્તિ કહે છે. વેદમાં પણ મધુરાભક્તિ છે.

એક તરફ ચિત્તએકાગ્રતા વધવી જોઇએ અને બીજી તરફ જીવન બદલાવું જોઇએ. મનની અવસ્થા અને જીવનની વ્યવસ્થા વિશિષ્ટ પદ્ધતિની થયા બાદ મધુરાભક્તિ શરૂ થાય છે. ભગવાન

ઉપર ભક્તનો પ્રેમ હોવો તે તો મધુરાભક્તિની પ્રારંભિક અવસ્થા છે. તેમાં ભક્તને પ્રભુ સિવાય કોઇપણ વસ્તુનું ખેંચાણ રહેતું નથી.

એવું કહેવાય છે કે મજનુની સામે અલ્લાહ આવ્યા, તો મજનુએ કહ્યું: 'ચાલી જાવ'. 'શા માટે?' તો કહે: 'તમને જો મને મળવું હોય તો લયલા બનીને આવો, અલ્લાહ બનીને નહિ.' તેને લયલા સિવાય બીજું કંઇ ખપતું જ નથી. આવી રીતે ભક્તને પણ ભગવાનના પ્રેમ સિવાય બીજી કોઇ વસ્તુનુ ખેંચાણ હોતું નથી. આપણું પ્રભુ માટેનું ખેંચાણ, વસ્તુ માટે અને સુસ્થિતિને માટે છે; અને ભક્તને પ્રભુને માટે વસ્તુનું ખેંચાણ હોય છે. આપણને વસ્તુને માટે વાસુદેવ જોઇએ અને ભક્તને વાસુદેવને માટે વસ્તુ જોઇએ. આ આટલો જ ફરક છે. તે ફરક જીવનમાં લાવવા માટે **बहूनां जन्मनामन्ते...** અનેક જન્મોની સાધના જોઇએ, ઘણા જન્મારા સાંભળીને ગભરાવાની જરૂર નથી, કેમકે પ્રત્યેક જન્મમાં આનંદ છે, સુખ છે. દૃષ્ટિ બદલાવ્યા બાદ, ભક્તિ સ્વીકાર્યા બાદ—**तुष्यन्ति च रमन्ति च** સ્થિતિ જ છે; તેથી જ ભક્તો ભગવાન પાસેથી જન્મ માગે છે.

તુકારામ મહારાજ ભગવાનને કહે છે: **तुका म्हणे गर्भवासी सुखे घालावे आम्हासी**—ભગવાન! તું મને ગર્ભવાસ આપ.' શંકરાચાર્યના પગ પાસે મુક્તિ છે, પણ તેઓ ભગવાનને કહે છે.

न मोक्षस्याकाङ्क्षा भवविभववाञ्छापि च न मे (देव्य./८)

મને મોક્ષની આકાંક્ષા નથી, મને ફરી ફરી જન્મ મળે. મને જન્મ જોઇએ એવું કોણ માગે છે? છગનભાઇ નહિ. તેને તો જન્મ આવવાનો જ છે. તે જશે ક્યાં? જેના પગ પાસે મુક્તિ છે એવા શંકરાચાર્ય જન્મ માગે છે.

આ સ્થિતિ પર પહોંચેલા ભક્તને પ્રભુ સિવાય કોઇ વસ્તુનુ ખેંચાણ હોતું નથી. આનો અર્થ કોઇ વસ્તુ તરફ તેને ધિક્કાર પણ નથી. તેમને વસ્તુ જોઇએ, સુસ્થિતિ પણ જોઇએ, પરંતુ, તે પ્રભુને માટે.

ત્યારબાદ ભક્તના પ્રેમનું સ્નેહમાં રૂપાંતર થાય છે. પ્રેમમાં જ્યારે વધારે ઊંડાણ આવે છે, વધારે તીવ્રતા આવે છે, ત્યારે તેને સ્નેહ કહે છે. આમાં પ્રેમ વધારે સ્નિગ્ધ બને છે. ત્યારપછીની સ્થિતિ છે પ્રણયની. સ્નિગ્ધતાથી પ્રણય નિર્માણ થાય છે. પ્રણયમાં તીવ્ર આત્મવિશ્વાસ હોય છે. આ એક જુદી જ સ્થિતિ છે. ભગવાન સાથેના સંબંધનો ભક્તને નિતાંત વિશ્વાસ છે કે મારો અને ભગવાનનો જે સંબંધ છે તેમાં ફરક ન પડે. જગતમાંની કોઇ શક્તિ, જગતમાંનું કોઇ પ્રલોભન તે સંબંધ બદલાવી ન શકે. ભક્તની આવી નિતાંત વિશ્વાસની સ્થિતિ પ્રણયમાં આવી જાય છે.

આપણા મનમાં તો કામના છે જ. અહીં નિષ્કામ ભગવાનના મનમાં કામના ઊભી કરવાની છે. તે ઊભી કરવા ભક્તને શું શું કરવું પડે? ભગવાન તો નિર્ગુણ નિરાકાર છે. તેને કામના શા માટે થવી જોઇએ? નિષ્કામ ભગવાનને સકામ બનાવવા પડશે. આ કેટલું કઠણ કામ છે? એકાદ-બે ભજન ગાયાં અને ગાતાં ગાતાં બેહોશ થઇ ગયા એટલે શું મુક્ત થઇ ગયા? મુક્તિ આવી રીતે રસ્તા પર પડી નથી. મુક્તિ એક શાસ્ત્રીય વિકાસ છે. જ્યારે જીવનો ગમો-અણગમો (Likes and dislikes) સદંતર ચાલ્યા જાય છે ત્યારે મુક્તિ મળે છે.

પ્રણયમાં લજ્જા, અસૂયા ઈત્યાદિ ભાવ નિર્માણ થાય છે. પ્રણયની સ્થિતિ આવ્યા પછી 'માન'ની સ્થિતિ ઊભી થાય છે. આ બધી અવસ્થાઓ શૃંગારમાં છે. માનની ઉત્ક્રાંતિ રાગમાં થાય છે. માનની સ્થિતિ આવી કે રાગ થાય છે. તેમાં વૈયક્તિક સુખ:દુખનો વિચાર ખતમ થાય છે. લૌકિક શરમ અને પરવા ખલાસ થઇ જાય છે. લોકો શું માનશે, શું કહેશે? એનો વિચાર, આ સ્થિતિ પર આવેલો ભક્ત કરતો નથી. તેની નિદ્રા ખતમ થઇ જાય છે. જીવને ચટપટી શરૂ થઇ જાય છે.

બે વ્યવસ્થા હોય છે. તેમાં એક અવસ્થામાં ભક્તની આંખ બંધ છે. ચિત્તએકાગ્રતા એક કલાક સુધી ટકી છે. સભાનાવસ્થા (Conscious) સ્થિતિ છે. મને જ ભગવાનની મૂર્તિનો આકાર લીધો છે—વિશ્વને ભૂલી ગયા બાદ જ આ સ્થિતિ આવે છે—જીવ પોતાને પણ ભૂલી ગયો છે, તેમાં મૂર્તિ પણ ચાલી જાય છે. પોતે ઊભી કરેલી મૂર્તિ (Object) પણ ચાલી જાય છે. તે વખતે તેને પૂર્ણતાની અનુભૂતિ (Experiencing the fullness) મળે છે, આ પૂર્ણતાની—**पूर्णमदः पूर्णमिदम्**... સ્થિતિ છે. આ એક અવસ્થા છે.

બીજી અવસ્થામાં, જીવન ઉન્નત થયા બાદ રાસ શરૂ થાય છે. તેમાં જીવને પ્રભુમિલનની ચટપટી શરૂ થાય છે. આ બન્ને સ્થિતિ ઉન્નત છે. રાસની આગળની સ્થિતિમાં અનુરાગ નિર્માણ થાય છે. ભક્ત ભગવદ્ પ્રેમમાં એટલો ગાંડો થાય છે કે તે પોતાને પણ ભૂલી જાય છે. 'હું છું, મને કંઇ જોઇએ, મારે કંઇ બનવું છે, થવું છે' આ બધી વાતો ખલાસ થઇ જાય છે. આ સ્થિતિનું વૈશિષ્ટ્ય Inaffable joy—છે. આ એક જુદી **तुष्यन्ति च रमन्ति च**ની સ્થિતિ છે. તેને થાય છે કે મારો અનુભવ કોને કહું? પતિ મિલનનો આનંદ કોને કહું? કેવી રીતે કહું? જે કુંવારી છે તેને કહેવું ફોકટ છે કેમકે તે સમજી નહિ શકે; અને જે વિવાહિત છે તેને કહેવું ફોકટ છે, કારણ, તે તો તેનો અનુભવ લે છે, તેને તેની જરૂર નથી. તેથી તે બાબત બોલવું જ નકામું.

આ Inaffable joyની સ્થિતિમાં રાસ શરૂ થાય છે. તે સ્થિતિમાં સભાનાવસ્થા (Conscious state)માં જ ભગવાનની મૂર્તિ સ્વયં ચાલી જાય છે, તેને કાઢી નાંખવાની હોતી નથી. ત્યારે પૂર્ણતાની અનુભૂતિ (Experiencing the fullness) મળે છે. આ એક ક્ષણ, એક અમૃતબિંદુમાં જ્યારે જીવ ચાલી જાય છે તે આનંદ અવર્ણનીય છે.

એક ભાઇએ મને કહ્યું: 'મેં ચિત્ત એકાગ્ર કર્યું અને તેમાં મૂર્તિ ચાલી ગઇ.' મેં તેને કહ્યું: 'ઓ હો! તો તું ઘણો આગળ વધી ગયો. તું જ્યારે ચિત્ત એકાગ્ર કરવા બેઠો ત્યારે કેવી રીતે બેઠો હતો?' તો તે કહે: 'પદ્માસન વાળીને ટટ્ટાર બેઠો હતો.' 'એમ! પછી મૂર્તિ ચાલી ગઇ ત્યારે કેવી સ્થિતિ હતી?' તો કહે: 'માથું ખભા પર ઢળેલું હતું.' મેં કહ્યું: 'ત્યારે તને ઊંઘ આવી ગઇ હતી.'

તાત્પર્ય એ છે કે આ સ્થિતિમાં મૂર્તિ સ્વયં ચાલી જાય છે, તે કાઢવાની હોતી નથી. આ પૂર્ણતાની અનુભૂતિ વારંવાર પણ મળે અને ક્યારેક મહિનામાં એકાદ વખત મળે. તે વખતે તે ભક્ત અસ્વસ્થ બની જાય છે. પૂર્ણતાની અનુભૂતિમાં તેટલું સૌખ્ય છે. પૂર્ણતાની અનુભૂતિ એ મૂર્તિપૂજાની ભક્તિની ચરમાવસ્થા છે. આ સ્થિતિ મેળવ્યા બાદ, તેવું જીવન થયા બાદ, તે સ્થિતિમાં રાસ શરૂ થાય છે.

રાસમાં ત્રણ વાતો છે. (૧) સંગીત, (૨) સાહિત્ય અને (૩) નૃત્ય. આ ત્રણનું મિશ્રણ એટલે રાસ. રાસનું સંગીત સ્વતંત્ર જ છે. તે ખેંચે છે, ઉન્માદક બનાવે છે, વિશ્વને ભુલાવે છે.

રાસના સાહિત્યમાં દૈન્ય નથી, માગણી નથી, તેમાં શ્રેષ્ઠતાનો ઘમંડ નથી. તેમાં આત્મીયતાનો કલરવ છે.

આ સ્થિતિમાં એક નૃત્ય શરૂ થાય છે, જેમાં મન ડોલે છે, બુદ્ધિ હલી ઊઠે છે. આ સ્થિતિએ પહોંચનારનું જીવન એક વિશિષ્ટ આકારનું બની ગયેલું હોય છે, એ મહત્ત્વની વાત છે. આ અશરીરી પ્રેમ (Occult Love) છે. તેને **अनङ्गवर्धनम्** કહે છે. **अनङ्गवर्धनम्** એટલે જેને અંગ નથી તે. જ્યારે મનની અવસ્થા અને જીવનની વ્યવસ્થા વિશિષ્ટ રીતની થાય છે ત્યારે જે રાસ શરૂ થાય છે, તેમાં સંગીત, સાહિત્ય અને નૃત્યનું મિશ્રણ હોય છે.

રાસ પંચાધ્યાયીમાં વર્ણવેલો રાસ એ અશરીરી વસ્તુ સ્થિતિ છે. તે સત્ય છે, તેનો શૃંગાર પણ સત્ય છે, તેનું વર્ણન પણ સત્ય છે, પરંતુ, તે અશરીરી (Occult) છે.

રાસમાં જુદી જુદી અવસ્થાઓ છે. તેમાં આત્માની શરીરની સાથે લીલા, આત્માની મનની સાથે લીલા, આત્માની બુદ્ધિની સાથે લીલા, આત્માની ઈંદ્રિયોની સાથે લીલા અને આત્માની આત્માની સાથે લીલા—રાસ પંચાધ્યાયીમાં આવા વિવિધ પ્રકારના રાસ છે. આને માટે જીવન અતિશય વિકસિત હોવું જોઈએ, જીવનમાં સૂક્ષ્મતા આવવી જોઈએ, માર્દવ આવવું જોઈએ, માધુર્ય આવવું જોઈએ અને સૌંદર્ય આવવું જોઈએ. સાથે ચિત્તએકાગ્રતા (Concentration) વધેલી હોવી જોઈએ.

ભગવાન સાથેના જુદા જુદા સંબંધોમાં નાના મોટાપણું છે. પિતા-પુત્રના સંબંધમાં પિતા મોટા અને પુત્ર નાનો છે. મિત્ર-સખ્ય સંબંધ અને પતિ—પત્નીના સંબંધમાં સરખાપણું છે. મિત્ર-સખ્ય સંબંધમાં તટસ્થતા છે. પતિ-પત્નીના સંબંધમાં બન્ને સરખા છે, છતાં પણ પતિ થોડો વિશેષ છે. તો જ મિલન (Merging) થાય. પતિમાં કંઈ વિશેષ છે તે પુરુષી સંસ્કૃતિને લીધે નથી માન્યું. જીવ અને શિવનું મિલન કરવું હોય તો પતિમાં કંઈક વિશેષ હોય તો જ ભળવું શક્ય થાય. આ વાત સમજવા માટે માનસશાસ્ત્રના ઊંડાણમાં જવું જોઈએ. ઊંડા પાણીમાં જવું કે ન જવું? જેને તરતાં ન આવડતું હોય તે ઊંડા પાણીમાં જાય તો ડૂબી જાય.

ચિત્તએકાગ્રતા ઓછા નામે એક કલાક, ન તૂટતાં ટકે ત્યારે તે અવસ્થામાં આંખ બંધ કરીને એક જુદું વિશ્વ નિર્માણ કરવાનું હોય છે. તે પૃથ્વીલોક નથી, ગોલોક છે. ગોલોક એટલે બુદ્ધિનો લોક, મનનો લોક, આવા જુદા લોક છે. આ અનન્ય સ્થિતિ છે. આ સ્થિતિ અનંગ છે. તેમાં અંગ નથી છતાં અંગના હાવભાવ છે. અંગ નથી છતાં પણ અંગની સ્થિતિ છે. તો પછી આ સ્વપ્ન હશે? સ્વપ્ન સહજપણે આવે છે અને આ સ્થિતિ લાવવાની હોય છે. આટલો તેમાં ફરક છે.

રાસમાં અંતિમ જીવન છે. લગભગ એવું કહી શકાય કે તે જીવ ભગવાન સુધી પહોંચ્યો છે, ભગવાન જ છે. રામાનુજાચાર્ય કહે છે કે મારે સાકર થવું નથી, સાકર ખાવી છે. દ્વૈત ટકાવવા માટે તે ભગવાન કરતાં સહેજ નાના રહે છે. તે ભગવાન જ બની ગયા છે પણ તે પોતાને ભગવાન

કહેતા નથી.

કહ્યું છેઃ

आदम को खुदा मत कहो आदम खुदा नहीं
लेकिन खुदा के नूर से आदम जुदा नहीं

શંકરાચાર્ય કહે છેઃ

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम्
सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः॥

હે નાથ! મારા-તમારાનો ભેદભાવ ચાલ્યો ગયો છે તે છતાં હું આપનો છું. આપ મારા નહિ—જેમ મોજું સમુદ્રનું છે પણ સમુદ્ર મોજાનો નથી. રાસમાં આવી એક સ્થિતિ છે. જીવન આવું થવું જોઇએ ત્યારબાદ રાસ શરૂ થાય છે. રાસ સત્ય છે. રાસનો આધ્યાત્મિક અર્થ-રૂપ ઘટાવવાની જરૂર નથી. તેવું કરવામાં કંઇ ખરાબ નથી. ડરવાનું કારણ શું? તેવી જ રીતે, કૃષ્ણ ભગવાન હતા તેથી તેમણે જે રાસલીલા કરી તે કરવાની તેમને છૂટ હતી. અગ્નિમાં બધું ભસ્મ થઇ જાય છે તેવી રીતે ભગવાનમાં બધી વાસનાઓ બળી જાય છે. તે ભગવાનના રૂપમાં હતા એટલે વાસના ચાલી ગઇ. આવો ખુલાસો કરવાની પણ જરૂર નથી.

જેનો ભગવાન સાથે નિત્યસંબંધ થયો તેની આ સ્થિતિ છે. આપણે બોલીએ, ચાલીએ ત્યારે આપણો ભગવાન સાથે સંબંધ છે જ. અંદરનો જે ભગવાનનો અંશ છે—**ममैवांशः**—તેનો કર્ણેન્દ્રિય સાથે સંબંધ છે જ, પણ તે નિત્યસંબંધ જ આપણને ખબર નથી; તેથી ઇશસંગની આપણે અપેક્ષા રાખીએ છીએ. સંગ જુદો છે અને નિત્યસંબંધ જુદો છે. બે હજાર માઇલ દૂર હોવા છતાં પણ નિત્યસંબંધ હોઇ શકે છે. પતિ મુંબઇમાં હોય અને પત્ની કલકત્તા ગઇ હોય તો પણ તેમનો સંબંધ છે. મંગલસૂત્ર તો છે જ. જોડાઇ ગયા પછીનો આ સંબંધ છે. એટલે પાસે આવ્યા પછીનો આ સંબંધ છે એવું નથી. ભગવાન સાથે જોડાઇ ગયા બાદ જ સંબંધ રહે એવી જીવનની આ એક સ્થિતિ છે.

પહેલાં ચિત્તએકાગ્રતા વધવી જોઇએ અને જીવન બદલાવું જોઇએ. બન્ને સાથે થવું જોઇએ. ચિત્ત એકાગ્ર કરવાનો અભ્યાસ કર્યો છે તેને જ ખબર છે. શરૂઆતમાં તો સંદેહ નિર્માણ થાય છે કે હું જે કરી રહ્યો છું તે સાચું છે કે નહિ? તે ચિત્ત એકાગ્ર કરે છે. એનું કારણ ગ્રંથોએ તેમ કરવા કહ્યુ છે. ચિત્ત એકાગ્ર કરવું જોઇએ તેથી કરે છે. આવી ચિત્તએકાગ્રતા નહિં ચાલે. ચિત્તની એકાગ્રતા એક કલાક ન તૂટતાં ટકે છે તે વખતે, જુદા જ વિશ્વમાં, અશરીરી પ્રેમ (Occult Love)માં આ લીલા શરૂ થાય છે. તે સમયે પ્રતિમા હોતી નથી, કલ્પના હોતી નથી, મૂર્તિ હોતી નથી. તેને સ્વરૂપ કહે છે. વલ્લભાચાર્યે કહ્યું કે મધુરાભક્તિમાં ભગવાનનું સ્વરૂપ હોય છે. વલ્લભાચાર્યે એમ નથી કહ્યું કે તે સમયે મૂર્તિ હોય છે. મૂર્તિ તો તમે બનાવી શકો છો. બનેલી મૂર્તિ, કરેલી કલ્પના, જોયેલી પ્રતિમા—તે સમયે આમાંનું કશું જ હોતું નથી. તે સમયે સ્વરૂપ હોય છે. વલ્લભાચાર્યે પોતાનો અનુભવ કહ્યો કે તે સમયે સ્વરૂપ હોય છે તેથી આપણે પણ તેવું કહેવા

લાગ્યા કે ભગવાનનું સ્વરૂપ!

જ્યારે મનની અવસ્થા અને જીવનની વ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની હોય છે, તે સમયે ભગવાનની મૂર્તિ નહિ, ભગવાનનું સ્વરૂપ હોય છે.

ભક્તિની શરૂઆત થયા પછી ભક્તિ ટકવી જોઇએ. સંપત્તિ કે વિપત્તિમાં ન હલે તેવી ભક્તિ થયા પછી જીવનમાં ભગવાન સાથે જુદા જુદા સંબંધો શરૂ થાય છે. જુદા જુદા સંબંધોના જુદા જુદા ગુણો, જે એક સંબંધમાં ભેગા થઇ જાય છે તે અંતિમ સંબંધ છે. તે મધુરાભક્તિનો સંબંધ છે. તે સમયે ઓછા નામે કલાક-દોઢ કલાક સુધી ચિત્ત એકાગ્રતા ટકે છે ત્યારે આ લીલા શરૂ થાય છે અને તેમાં 'સ્વરૂપ' હોય છે. મૂર્તિ, પ્રતિમા જુદા છે અને 'સ્વરૂપ' જુદું છે. 'સ્વરૂપ'માં ભગવાન પ્રાણ લઇને આવ્યા છે. આને માટે જીવનની તેવી વ્યવસ્થા બનાવવી પડશે.

અંતિમ સ્થિતિ પર પહોંચ્યા પછી જીવનની વ્યવસ્થા કેવી હોય છે? સૂક્ષ્મતા, માધુર્ય, માર્દવ અને સૌંદર્ય—આ ચાર વાતોથી યુક્ત તે સ્થિતિ હોય છે.

સૌ પ્રથમ ભક્તે સૂક્ષ્મ બનવું જોઇએ. કેટલાક ભક્તો કહે છે કે હું હવે સૂક્ષ્મમાં ચાલી ગયો. લોકો તેની મશ્કરી કરે છે. એનું કારણ તેમને તેનો અર્થ ખબર પડતો નથી. તેમને લાગે છે કે દેખાવે તો તગડો લાગે છે અને સૂક્ષ્માં ગયો છું એવું કેમ બોલે છે? તેનું વજન તો એંસી કીલો લાગે છે. તો તે સૂક્ષ્મમાં કેવી રીતે ગયો?

સૂક્ષ્મ બનવું આવશ્યક છે અને સૂક્ષ્મમાં જવાનું છે. વ્યક્તિના જીવનમાં બે વાતો શોભાસ્પદ છે. એક ગુણ અને બીજી, ક્રિયા. વ્યક્તિના ગુણ અને વ્યક્તિની ક્રિયા એ તેની શોભા છે. આ સ્થિતિ પર પહોંચેલા માણસના જીવનમાં ઘણા ગુણો હોય છે; પરંતુ, તેની ભૂમિકા અને સમજણ એવી હોય છે કે આ ગુણો મેં કમાવ્યા નથી, આ ગુણો આવ્યા છે. ગુણો કમાવા એ એકવાત છે અને ગુણો આવવા એ બીજી વાત છે. ભગવાન કોઇને મુઠ્ઠી ખોલીને કંઇ આપતા નથી. ભગવાન જો એવી રીતે આપતા હશે તો ભગવાનના દરબારમાં પક્ષપાત છે. તેવું થવું શક્ય જ નથી. ગુણો કમાવા જ પડે છે. ગુણો ખિલવવા માટે સાધના કરવી જ પડે છે. સાધના કર્યા વગર ગુણો આવતા નથી. વાસ્તવમાં, સાધક ગુણો કમાવીને, ભક્તિની અતિ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેના વિવિધ ગુણો લોકોને આકૃષ્ટ કરે છે. તે કહે છે, આ ગુણો મેં કમાવેલા નથી, આ ગુણો આવ્યા છે, કારણ તેનો ઘમંડ ચાલ્યો ગયો છે. હકીકતમાં તેણે ગુણો જીવનમાં કમાવ્યા હોય છે, ફરીથી કહું, ગુણો સાધનાથી જ આવે છે. છતાં લાવેલા ગુણો નથી, આવેલા ગુણો છે, એવુંજ ભક્ત કહે છે.

આવા ભક્તની ક્રિયા લોકોને વિશિષ્ટ લાગે છે, સારી લાગે છે, મહાન લાગે છે. તે છતાં કહે છે કે ક્રિયા મારી નથી, આ ક્રિયા તો ભગવાન કરે છે. આ ભક્ત જૂઠું બોલતો નથી, તે તેના હૃદયની અસલી ભાવના છે. તે કોઇનું બોલેલું બોલતો નથી. લોકો વ્યવહારમાં તેવું બોલે જ છે. કોઇને પૂછો: 'કેમ, વ્યાપાર-ધંધો કેમ ચાલે છે?' તો કહે છે: 'અરે! ભગવાન સારી રીતે ચલાવે છે, તેની કૃપાથી બહુ સારો ચાલે છે'; પરંતુ, તેને અંદરથી સો ટકા એવો ભાવ છે કે આમાં મારું કર્તૃત્વ છે પણ, તેવું બોલવું સારું લાગતું નથી, શોભતું નથી અને તેને ડર પણ લાગે છે કે હું બધું કરું છું એમ કહું અને કદાચ કાલે બધું ચાલી જાય તો? વ્યવહારમાં માણસ તેવું બોલે

તે વાત જુદી અને બધી ક્રિયા તેની જ છે, એવું ભક્ત અસલી ભાવનાથી બોલે તે વાત જુદી.

બીજું, લોકૈષણારહિત જીવન હોવું જોઇએ. જેને લોકૈષણા ન હોય તેને શું લોકો માટે તિરસ્કાર હોય છે? ના. તેને લોકૈષણા નથી તે છતાં તેનું જીવન લોકપ્રેમથી ભરેલું હોય છે. મારી કદર કરવાવાળા લોકો કોણ? લોકોને શી કિંમત છે? લોકો મને સારો કહેવાવાળા કોણ? શું લોકો મને સારો કહે તો જ હું સારો છું? એક એવી પણ સ્થિતિ આવે છે કે તેને લોકોની કિંમત જ નથી. આ ભક્ત તો લોકપ્રેમથી ભરેલા જીવનવાળો છે. આવું જે લોકૈષણારહિત અને લોકપ્રેમથી ભરેલું જીવન છે તેને સૂક્ષ્મજીવન કહે છે. અને આવો ભક્ત સૂક્ષ્મમાં ગયો, તે સૂક્ષ્મ થયો એમ કહેવાય. તે કંઇ લોકોથી કંટાળેલો નથી. તેનું અંતઃકરણ લોકો માટે પ્રેમથી ભરેલું છે; છતાં તેને લોકૈષણા નથી. 'લોકૈષણારહિત છતાં લોકપ્રેમથી ભરેલું જીવન' આ વાત વિચારવા જેવી છે. આ વાત વદતોવ્યાઘાત જેવી લાગે! **वदतो मे जिह्वा नास्ति'**—હું બોલું છું, પણ મને જીભ નથી.' એના જેવી લાગે છે. પરંતુ આવું સૂક્ષ્મ જીવન હોવું જોઇએ.

બીજો ગુણ છે—**માર્દવમ્** તે ભક્તના જીવનમાં જેમ સૂક્ષ્મતા છે તેમ તેના જીવનમાં માર્દવ છે. જીવન મૃદુ બનવું જોઇએ. તે સ્થિતિ પર પહોંચ્યા પછી મૃદુ જીવન બને છે. તેને નિજી સુખ-દુઃખ છે જ નહિ. છતાં તે સૃષ્ટિનાં સુખ-દુઃખો સાથે સમરસ થાય છે. તે ઉદાસીન (Indifferent) નથી, કે તેના જીવનમાં ઉદાસીનતા નથી. આવા મહાપુરુષોનું વર્ણન છે:

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हसि॥

તેમનું અંતઃકરણ ફૂલ કરતાં કોમળ અને વજ્રથી પણ કઠોર છે. આવા લોકોત્તર અંતઃકરણને કોણ જાણી શકે? લોકોનાં દુઃખ જોઇને તે પીગળી જાય છે. તે જ સમયે, ભગવાનને આ વિશ્વ ચલાવવું છે એવું સમજીને તે હૃદયને કઠોર પણ બનાવી દે છે. આપણે લોકો પર અંતઃકરણથી પ્રેમ જ કર્યો નથી, તેથી, લોકોનું દુઃખ જોઇને કચકચ કરી છોડી દઇએ છીએ. લોકોનાં દુઃખોમાં સમરસ થયા પછી નૈસર્ગિક એવી શંકા આવે કે તેઓ વિશ્વચાલકની વ્યવસ્થામાં હાથ નાખશે કે શું? તે શંકા નીકળી જવી જોઇએ. તેના શબ્દને ભગવાનની પાસે કિંમત છે, વજન છે, તે છતાં વૈશ્વિક ક્રિયામાં વચ્ચે હાથ નાખવો નથી, તે માટે તેણે કઠોર બનવું જ પડે. તેમનું અંતઃકરણ બીજાનું દુઃખ જોઇને પીગળી જાય છે છતાં તે સમરસ થઇને સહન કરે છે.

માર્દવનો અર્થ માત્ર પોચું નહિ સમજતા. તેનું અંતઃકરણ જેમ પોચું હોય છે તેમ કઠોર પણ હોય છે.

જીવનમાં જેમ માર્દવ આવે છે તેમ માધુર્ય પણ આવે છે. જીવન મધુર લાગવું જોઇએ, સૃષ્ટિ મધુર લાગવી જોઇએ. વલ્લભાચાર્યનું **મધુરાષ્ટકમ્** સ્તોત્ર છે. તેમાં તેઓ કહે છે,

गोपामधुरा गावो मधुरा यष्टिर्मधुरा सृष्टिर्मधुरा।
दलितं मधुरं फलितं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

તેમ બધું મધુર લાગવું જોઇએ. ભક્તને સમગ્ર જીવન મધુર લાગે છે.

કેટલાક કહે છે: 'હું માયામાં પડેલો છું.' આ સ્થિતિએ પહોંચેલો ભક્ત કહે છે કે લોકો ભલે કહે કે હું માયામાં પડ્યો છું; પરંતુ હું માયામાં કેવી રીતે પડું? ભગવાન મારી સાથે છે. જીવન મધુર છે, સૃષ્ટિ પણ મધુર છે.

સૃષ્ટિ તો ઘણાને મધુર લાગે છે. નવયુવાનોને શું સૃષ્ટિ મધુર નથી લાગતી? લાગે છે; પરંતુ, ભક્તને સૃષ્ટિ મધુર લાગે છે અને જીવન પણ મધુર લાગે છે. તેના જીવવામાં કંઇ પ્રાણ છે, કંઇ સ્વાદ છે. તેને માત્ર સુખમાં જ નહિ, દુ:ખમાં અને વ્યથામાં પણ જીવન મધુર લાગે છે. આવું માધુર્ય, અસલી માધુર્ય છે.

દુ:ખ તો આપણે પણ સહન કરીએ છીએ અથવા છોડી દઇએ છીએ. આપણને દુ:ખ મધુર નથી લાગતું. ભક્તને દુ:ખ પણ મધુર લાગે છે. તે મનનો વિકાસ છે. જેમને દુ:ખ અને વ્યથા મધુર લાગે તેમનું જીવન મધુર છે. તેઓ તૃપ્તાત્મા છે. ચહેરા પર માધુર્ય ક્યારે દેખાય છે? તૃપ્તાત્મા હોય તો ચહેરા પર માધુર્ય દેખાય.

માણસને કોઇ સ્થળે જવું ન હોય, ગાડી પકડવી ન હોય તો તે શાંતિથી બેઠો હોય. આઠ વાગ્યા હોય તો પણ તેની નાડીના ધબકારા વધતા નથી. પણ સમજો કે તમારે કામ પર જવાનું છે. એટલામાં આઠના ટકોરા સંભળાય. તરત તમારી છાતી ઉપરનીચે થઇ જાય અને નાડીના ધબકારા વધી જાય; એનું કારણ તમારે ગાડી પકડવી હોય છે.

જે તૃપ્તાત્મા છે તેની અંદરની મન:સ્થિતિ જુદી જ હોય છે. ગીતા પણ કહે છે:

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः।। (ગી. ૬/૮)

આવા તૃપ્તાત્મા થવું જોઇએ. આપણો આત્મા અતૃપ્ત છે. આપણા મોઢાને દુર્ગંધ આવે છે. જેના મોઢાને દુર્ગંધ આવે છે તે રાસલીલાનો અધિકારી કેવી રીતે થઇ શકે?

अधरं मधुरं वदनं मधुरं नयनं मधुरं हसितं मधुरम्।
हृदयं मधुरं गमनं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्।।

જેના મોઢાને દુર્ગંધ આવે છે તેના અધર મધુર કેવી રીતે હોય? સુગંધ આવવી જોઇએ. અતૃપ્ત આત્માને દુર્ગંધ આવે છે. જ્ઞાનતૃપ્ત આત્માને સુગંધ આવે છે.

જૂનાકાળના ગામડાના કોઇ માણસે અમેરિકાનું નામ પણ સાંભળ્યું ન હોય તો તે તૃપ્તાત્મા જ હોય. તેને અમેરિકા જોવો જ ન હોય; આમ, અજ્ઞાનથી પણ તૃપ્તિ આવે છે પણ તેને સાચી તૃપ્તિ ન કહેવાય. પરંતુ, જેણે અમેરિકાનું વર્ણન સાંભળ્યું હોય તેને અમેરિકા જવા ન મળે તો તે અતૃપ્ત હોય, તે ઊંચોનીચો થાય. જેમ માણસ અતૃપ્તાત્મા ન હોવો જોઇએ તેમ તે જ્ઞાનતૃપ્તાત્મા હોવો જોઇએ. જે જ્ઞાનતૃપ્ત હોય તેને મધુરતા આવે છે.

માધુર્યમ્ નો એક તાળો પણ છે. જે નાનાને, મોટાને, અભણને, ભણેલાને, બધાને સારો લાગે છે તેનું જીવન મધુર છે. તેના માટે જીવન બદલવું જોઇએ. માધુર્ય આવ્યા પછી જીવનને

સૌંદર્ય આવે છે.

જીવન આકર્ષક લાગવું જોઇએ. કેવું સૌંદર્ય હોવું જોઇએ? લાજવાબ! આપણને એક જ સૌંદર્યની ખબર છે અને તે એટલે શરીરિક સૌંદર્ય. શરીરિક સૌંદર્ય કરતાં આગળ વિચારોનું પણ એક સૌંદર્ય હોય છે, તેમ મનનું પણ એક સૌંદર્ય હોય છે.

જેને આવશ્યકતા નથી તેને સુંદર લાગવાનું છે એ કંઇ સામાન્ય વાત નથી. ભગવાનને શું આવશ્યકતા છે? કંઇ નહિ. જે નિષ્કામ છે તેના મનમાં કામના ઊભી કરવાની છે તે કેટલી કઠણ વાત છે?

સમજો કે મારે પૂના જવું નથી. તો મને પૂના લઇ જવો કેટલું કઠણ છે? સમજો કે એકાદ માણસને ઘોડાની રેસનો શોખ છે. તેને પૂના લઇ જવો હોય તો તે કામ સહેલું છે. કારણ, તેને તો પૂનામાં ઘોડાની રેસ જોવી જ છે. ક્રિકેટની મેચ જોવાનો કોઇને શોખ હોય, તો તે બહાને તમે તેને ખેંચી શકો; પરંતુ, જેને કોઇ જાતનું ખેંચાણ નથી, તેને આકર્ષવો બહુ કઠણ પડે છે.

ભગવાનને કોઇ આવશ્યકતા નથી. તેના જીવનમાં કંઇ અછત નથી. તેના અંતઃકરણમાં કામના નિર્માણ કરવાનું કામ કેટલું કઠણ છે? જે ભક્તના જીવનનું સૌંદર્ય નિષ્કામ ભગવાનના અંતઃકરણમાં ખેંચાણ નિર્માણ કરે તે સૌંદર્યનું વધારે વર્ણન શું કરવાનું? તેનું એક જ શબ્દમાં વર્ણન કરીએ તો આ સૌંદર્ય લાજવાબ છે, એમ જ કહી શકાય.

આ સ્થિતિમાં ભક્તનું એક જુદું માનસ (Psychology) હોય છે. હવે મધુરાભક્તિમાં ભગવાન પતિ બની ગયા. ભગવાન પતિ બન્યા તો મારે પત્ની બનવું છે. પત્ની બનવું એટલે શું ઘરેણાં પહેરવાનાં છે? નારીનું રૂપ લેવાનું છે? પત્ની બનવાનું એટલે સ્ત્રીનું જે એક વિશિષ્ટ માનસ હોય છે તેવું બનવાનું. તેમાં પ્રથમ અગતિકતા લાગવી જોઇએ. પતિ વગર હું અગતિક છું એમ લાગવું જોઇએ, એટલું જ નહિ, હું પરાવલંબી (Dependent) છું તેમાં આનંદ લાગવો જોઇએ. ત્યારે તે પત્ની થઇ કહેવાય. સ્વતંત્ર રહેવામાં જ્યાંસુધી આનંદ લાગે છે ત્યાંસુધી તે ભાગીદાર (Partner) છે. કેટલાક લોકો લગ્નને ભાગીદારી સમજે છે. લગ્નને પચાસ વર્ષ થાય ત્યારે તેઓ ઉજવણી કરે છે. ભાગીદારીમાં બન્ને ભાગીદાર સ્વતંત્ર છે. ભાગીદારી ચાલે ત્યાંસુધી ચાલવા દેવાની, ન ચાલે ત્યારે છૂટા પડી જવાનું.

મધુરાભક્તિમાં ભક્તને એમ લાગે છે કે મને પરાવલંબી રહેવામાં આનંદ છે. ભગવાને અમને પરાવલંબી રાખ્યા છે, તેનું કારણ પણ આ જ છે. પિતા પુત્રને પણ પરાવલંબી રાખે છે. તે પુત્રને બે રુપિયા આપે છે અને કહે છે કે આ પૂરા થાય તો પાછો લેવા આવજે. કોઇ તેને કહે કે બધું પુત્રનું જ છે તો આપી દે ને વધારે! તો તે ના પાડે છે. તે કહે છે: 'ના, હું બે રુપિયા આપું છું. તે પૂરા થયા પછી પુત્રે ફરી મારી પાસે માગવા આવવું જોઇએ.' પુત્ર માગે અને પિતા આપે, તેમાં જ પિતાને આનંદ છે. તે આનંદ કંઇ જુદો જ છે.

ભગવાન! હું તારા પર આધારિત રહીશ. હું તારો આશ્રિત રહીશ. તારો આશ્રિત રહેવામાં આનંદ છે.' કોઇ કહેશેઃ 'તો અમે ભગવાનના આશ્રિત થઇ જઇએ. એમા શું છે?' એમ ન ચાલે. તમારે તમારું ખાતું બંધ કરવું પડશે, ત્યારે આશ્રિત થવાય. અમારું ખાતું તો કર્મથી દિનપ્રતિદિન

વધતું જાય છે. તે જ અમારી મૂડી છે. જે કંઇ કર્મો કર્યાં છે તે બધાં પર અમારુ નામ છે. નામ છોડીને કર્મ કરશો ત્યારે તે તમારા ખાતામાં જમા થશે નહિ. તેના માટે ગીતાએ રસ્તો દેખાડ્યો છે.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्।। (गीता-९/२७)

(હે કૌંતેય! તું જે કર્મ કરે, ખાય, હોમે, આપે, તપ કરે, તે તું મને અર્પણ કર).

ભગવાનની પત્ની બનવું છે ને? તો કર્મ છોડવાં પડશે. નિર્ધન બનવું પડશે. કર્મ ઉપર પોતાનું નામ નહિ રહે. આજે આપણે દરેક કર્મની ઉપર આપણું પોતાનું નામ લખીએ છીએ. કોઇ કહેશે, 'અમે કંઇ કર્મ પર નામ લખતા નથી.' પણ પોતાના મનમાં તો લખો છો. ભગવાન અંદર જ બેઠો છે. તેને બધી ખબર પડે છે. તેને સાબિતી કે સાક્ષીની જરૂર નથી, સાબિતી તેની પાસે જ છે. **सर्वस्यचाहं हदि सन्निविष्टः** આ ગીતાકથન જેટલું સારૂં છે તેટલું ભયાનક છે. ભગવાન મારી અંદર ન બેઠો હોત તો સારું થાત. અંદર બેઠો છે તેથી તેને બધું જ ખબર પડે છે.

'કર્મ મારા નથી' આ સ્થિતિ આવવી જોઇએ. ઋષિ ઘણાં સત્કર્મો કરતા હતા પરંતુ, તેના પર પોતાનું નામ લખતા ન હતા. કર્મ પર ભગવાનનું નામ લખતા હતા. સત્કર્મોનું પાર્સલ ભગવાનની પાસે જતું હતું. ભગવાનની પાસે પાર્સલ આવતાંજ ભગવાન કહે: 'આ પાર્સલ મારૂં નથી. મને તેની જરૂર નથી. પાર્સલ જ્યાંથી આવ્યું છે ત્યાં પાછું મોકલી દો.' તે પાર્સલ પાછું ઋષિ પાસે આવતું. ઋષિ કહે છે: 'આ મારું નથી. મને તેની જરૂર નથી.' આમ આ સત્કર્મો અહીં જ પડી રહે. તેનું ખાતર બને અને તેમાંથી સંસ્કૃતિ ઊભી થાય. સંસ્કૃતિનું વૃક્ષ ઊભું કરવાની શક્તિ તેમાં છે.

જેમ અગતિકતા જોઇએ તેમ ગ્રાહકતા (Receptivity) જોઇએ. પત્ની થવામાં નારીરૂપ લેવાનું નથી, સ્ત્રીના કપડાં પણ પહેરવાનાં નથી. નારીનું જે એક વિશિષ્ટ માનસ (Psychology) હોય છે, તેવું માનસ બનાવવાનું છે. પત્ની તરત ગ્રહણ કરે છે. તેની પાસે જબરદસ્ત ગ્રાહકતા (Quick receptivity) હોય છે. તે પતિના ગુણો તરત ઝીલે છે. તે પતિના ઈશારે ચાલે છે. સુભાષિતકાર કહે છે:

स्त्रीणां हि साहचर्याद्भवन्ति चेतांसि भर्तृसदृशानि ।
मधुरापि हि मूर्च्छयते विषविटपिसमाश्रिता वल्ली।। (वेणी. १/२०)

(સાહચર્ય ને કારણે સ્ત્રીનું અંતઃકરણ પતિ જેવું થઇ જાય છે. જેમ મધુરવલ્લી હોવા છતાં ઝેરી વૃક્ષને વળગેલી હોવાથી તે પણ ઝેરી થઇ જાય છે.)

આ કંઇ શારીરિક સાહચર્ય નથી, માનસિક સાહચર્ય છે. શરીરનું સાહચર્ય તો નોકરને પણ મળે છે. નોકરને મનનું સાહચર્ય નથી મળતું તેથી તે શેઠના ગુણો અપનાવતો નથી. શેઠના મનનું સાહચર્ય મળે તો તે શેઠના ગુણો આવે. આવી રીતે ભગવાનના મનનું સાહચર્ય મળવું

જોઇએ તો ભગવાનના ગુણો આવે.

ચોમાસામાં અન્ન, પાણી બધું જ ભગવાન બનાવે છે. લોકો જ્યારે ભગવાનનો ઉપકાર માનવા જાય ત્યારે ભગવાન કહે: 'અરે! આ બધું તમે જ બનાવ્યું છે. મેં કંઇ બનાવ્યું નથી. કારણ, હું તો ચોમાસાના ચાર મહિના સૂઇ ગયો હતો.'

ચોમાસામાં ભગવાન ચાર મહિના સૂઇ જાય છે આ વાત મને નાનપણમાં સારી નહોતી લાગતી. ભગવાન સૂઇ કેવી રીતે જાય? જો ભગવાન ચાર મહિના સૂઇ જતા હોય તો મને ચાર કલાક વધારે ઊંઘવામાં વાંધો શો? એવું મને લાગતું હતું. મોટો થયા પછી મને ખબર પડી કે વિશ્વમાં અન્ન અને પાણી એ રત્ન છે. તે ભગવાન ચોમાસામાં જ આપે છે. ચાર મહિના બાદ કાર્તિક મહિનામાં જ્યારે ભક્ત ભગવાનને કહે, 'ભગવાન! તમારી કૃપાથી આટલું અન્ન અને પાણી મળ્યાં.' ત્યારે ભગવાન તેને તરત કહેતા: 'અરે! આ તો બધું તારી મહેનતનું ફળ છે. હું તો ચોમાસાના ચાર મહિના સૂઇ ગયો હતો.' આખા વર્ષમાં ચોમાસાના ચાર મહિના અતિ મહત્ત્વના મહિના છે કે જેના ઉપર આપણે વર્ષના બાકીના આઠ મહિના પસાર કરીએ છીએ. તે જ મહત્ત્વના મહિનામાં જો ભગવાન સૂઇ જતા હોય તો આપણું શું થાય? ભગવાન સૂઇ જાય છે, પણ તે કર્મની બાબતમાં સૂઇ જાય છે. આવી રીતે કરેલાં પ્રભુકાર્ય ગાવામાં પ્રતિષ્ઠા નથી, ન ગાવામાં પ્રતિષ્ઠા છે એવું આ સ્થિતિના ભક્તને લાગે છે. આવી ગ્રાહકતા ભક્ત પાસે હોય છે, તેથી ભગવાનનો તે ગુણ ભક્તે ઉપાડ્યો છે.

લોકો તેને 'પ્રભુ' કહે તો તેને ગમતું નથી. 'પ્રભુ' બનવાનો નહિ, 'પ્રભુનો' બનવાનો તેનો પ્રયત્ન ચોક્કસ છે. તે કહે છે: 'ભગવાન! મારે તારો બનવું છે. **तूही, तूही, तूही. दूसरा कोइ है ही नहि।** તું જ સત્ય છે: **एकं सत्यं अन्यत् शून्यम्**—પ્રભુના ઈશારે તેને ચાલવું છે. અને તે પ્રભુના ઈશારે ચાલવાવાળો છે. આપણે વાસના-કામનાના ઈશારે ચાલીએ છીએ. કોઇના ઈશારે તો ચાલવું જ પડે છે. કોના ઈશારે ચાલવું તે નક્કી કરવાનું છે.

નામદેવને જ્યારે લોકોએ તીર્થયાત્રા કરવા જવા બાબત પૂછયું ત્યારે નામદેવે કહ્યું, 'ઊભા રહો! નામદેવ તરત વિઠ્ઠલનાથ પાસે પહોંચી ગયા. તેમની આંખમાં આંસુ છે. વિઠ્ઠલનાથજીને પૂછે છે: 'ભગવાન! આ બધા મને તીર્થયાત્રા કરવા જવાનું કહે છે. હું જાઊં?' આપણને તેમાં નામદેવનું ગાંડપણ લાગે છે. આ ગાંડપણ નથી. મનની આ એક સ્થિતિ છે. ઈશ્વરના ઈશારાથી ચાલવાવાળા ભક્તો નામદેવ જેવા હોય છે.

ત્રીજો ગુણ છે, શરણાગતિ. 'મારું કંઇ નથી, બધું તારું છે!' મન, બુદ્ધિ, અને અહમ્ પણ મારા નથી. તેને શરણાગતિ લેવી છે, તેના માટે અંગ્રેજીમાં Surrender શબ્દ છે પણ તે સારો નથી. Surrenderમાં લાચારી આવી જાય છે. ભક્તની સ્થિતિમાં આવી લાચારી નથી. તે મન, બુદ્ધિ, અહમ્, ભાવથી આપે છે. તેને સમર્પણ કહે છે. 'ભગવાન! મન, બુદ્ધિ બધું તારું છે; અને તું મારો છે. તેથી આખું વિશ્વ મારું છે. 'મારું કંઇ નથી' આ પહેલી વાત અને 'તું મારો છે, તેથી આખું વિશ્વ મારું છે' આ બીજી વાત. ભક્તની આવી જે સ્થિતિ છે તેને આપણે શરણાગતિ કહીએ છીએ.

એક મહાપુરુષે કહ્યું: **'श्रीकृष्णः शरणम् मम'** – આ મહાનમંત્ર છે. અહીં શરણ શબ્દનો અર્થ છે: Protection– સંરક્ષણ, Maintenance–પોષણ અને Help–મદદ કરવી. મારું રક્ષણ કરવાવાળા, પોષણ કરવાવાળા અને મદદ કરવાવાળા શ્રીકૃષ્ણ છે–એટલે જ **श्रीकृष्णः शरणम् मम।** મને કોઇની મારફતે મદદ મળતી હશે પરંતુ, તે તેણે જ આપી છે. તેને ભગવાને જ મોકલ્યો છે. સ્વસામર્થ્યથી પોષણ નથી, અજ્ઞાતની કૃપાથી પોષણ છે. આજ સુધી કોઇની કૃપા સ્વીકારી નથી; પરંતુ, ભગવાન! તારી કૃપા સ્વીકારવામાં મને આનંદ છે.' સાધક અવસ્થામાં કોઇની કૃપા લેવી નથી અને સિદ્ધ અવસ્થામાં પ્રભુની કૃપા સ્વીકારવી છે; કેમકે કૃપા લેવાની આદત જ નીકળી ગઇ છે. દયા તેની જ (ભગવાનની જ) જોઇએ. આત્યંતિક પ્રેમ જેના પર હોય છે તે પત્નીને સંસ્કૃત ભાષામાં **'दयिता'** કહે છે, **दयिता** એટલે દયા કરવા યોગ્ય. પરંતુ, આપણા વ્યવહારમાં વપરાય છે તે અર્થમાં આ દયા શબ્દ અહીં નથી.

'આજ સુધી કોઇની કૃપા સ્વીકારી નથી પરંતુ, તારી કૃપા સ્વીકારવામાં મને આનંદ છે' આવી જ સ્થિતિ આવી જાય તેને શરણાગતિ કહે છે. આ એક બહુ જ મોટી માનસિક સ્થિતિ છે અને ભક્તિમાં આ સ્થિતિ લાવવાની છે. ત્યારબાદ રાસ શરૂ થાય છે. જીવનની આવી અવસ્થા થવી જોઇએ. સ્થિતિ બદલાવી જોઇએ. ત્યારપછી ચિત્તૈકાગ્ર્ય વધે છે અને ત્યારબાદ આ લીલા-રાસલીલા, સત્ય રૂપમાં શરૂ થાય છે. તેનો આધ્યાત્મિક અર્થ ઘટાવવાની જરૂર નથી. ભગવાને જે રાસલીલા કરી, તે નિર્દોષ હતી એવો અર્થ લેવાની પણ જરૂર નથી.

આ ભક્તની લીલા છે. તેના જીવનમાં વર્તનચાતુર્ય (Tact) આવી જાય છે. પત્નીને પતિ ઉપર પ્રેમ છે પણ તેની બીજાને ખબર ન પડવી જોઇએ. પતિને તે પ્રેમ સમજાવો જોઇએ. પ્રેમ દેખાડવો નથી, મોઢે કહેવો નથી, અને છતાં પતિને પ્રેમ ખબર પડવો જોઇએ. આ વર્તનચાતુર્ય છે.

હું હંમેશાં દૃષ્ટાંત આપું છું. નવી પરણેલી છોકરી પિયરે જાય છે. ઘરમાં તે એકલી બેઠી બેઠી ચોખા વીણે છે. ચોખા વીણતાં તેને પતિ યાદ આવે છે અને ચોખામાં આંગળીથી પતિનું નામ લખે છે–'છગન', હમણાં 'તેઓ' ઓફિસમાં ગયા હશે... આમ વિચારતી પતિનું નામ લખે છે, એટલામાં નાનો ભાઇ દોડતો આવે છે. ભાઇને જોતાં જ તે નામ ભૂંસી નાખે છે, કારણ, હું મારા પતિને યાદ કરું છું તે કોઇને ખબર પડવી ન જોઇએ.

જ્યારે આપણી સેવા તો બધાની સામે થવી જાઇએ એમ આપણને લાગે છે. કોઇ સવારના સાત વાગે મળવા આવવાનો હોય તો ભાઇસાહેબ સાતમાં પાંચ મિનિટ ઓછી હોય ત્યારે સેવા કરવા બેસી જાય છે, કારણ, આવવાવાળાને ખબર પડવી જોઇએ કે તે સેવા કરે છે. સેવા ક્યારે થઇ, કેવી રીતે થઇ, તેની કોઇને ખબર જ પડવી ન જોઇએ, જેમ હું મારા પતિનું નામ લઉં છું તેની કોઇને ખબર ન પડવી જોઇએ. તે કોઇને દેખાડવાનું નથી. મેં કેટલી વખત જપ કર્યો તે કોઇને કહેવું નથી, એટલા માટે તો ગોમુખીમાં હાથ રાખીને માળા ફેરવવાની હોય; પરંતુ, માણસ એવો છે કે ગોમુખી હાથમાં રાખીને જ આવેલાને મળવા બહાર દોડે છે.

ઉચ્ચ સ્થિતિના ભક્તમાં વિશિષ્ટ પ્રકારની શરમ (Bashfulness) નિર્માણ થાય છે. તે ગુણ આવ્યો કે સ્ત્રીનો ગુણ આવી ગયો. શરૂઆતમાં, સાધક અવસ્થામાં દુષ્કૃત્યોની શરમ આવવી

જોઇએ. હવે જીવન અતિ ઉન્નત થયા પછી તેના જીવનમાં દુષ્કૃત્ય છે જ નહિ. **ન મે વાક્ અનૃતં પ્રાહ –** એમ ધર્મરાજ યુધિષ્ઠિર કહેતા હતા. કોઇએ ધર્મરાજને કહ્યું, 'તમે સત્યવાક્ છો.' તો ધર્મરાજે કહ્યું: 'એમાં મારું વર્ણન શાનું કરો છો? હું સત્યવાક્ નથી. મારી વાણી અસત્ય બોલતી જ નથી. તે વાત મારા હાથમાં જ નથી કે જૂઠું બોલું. સાચું કે જૂઠું બોલવું મારા હાથમાં હોય તો વાત જુદી છે, તો મારા સત્ય બોલવાનું વર્ણન થાય, પરંતુ, સત્ય બોલવું એ મારો સ્વભાવ જ થઇ ગયો છે.'

ત્યારબાદ, અસમર્થતાની શરમ આવવી જોઇએ. 'પ્રભુ, તારો બન્યા પછી હવે મારી અસમર્થતા ચાલી ગઇ. ત્યાંસુધી મને લાગતું હતું કે હું અસમર્થ જ છું. હવે તો 'તારો બની ગયો.' મોચીની છોકરી હતી પરંતુ, રાજાને ગમી ગઇ. રાજા તેને પરણ્યો કે તે રાણી થઇ ગઇ. જે ક્ષણે તે રાણી બની તે જ ક્ષણથી ડી.એસ.પી. તેને સલામ ભરવા લાગ્યો. તેને બીજી ક્ષણ લાગતી નથી. ભગવાનનો થઇ ગયા પછી ભગવાનના બધા ડી.એસ.પી.–શનિ, મંગલ, રાહુ, કેતુ–બધા તેને સલામ ભરે, તેની અસમર્થતાની શરમ ચાલી જાય છે.

ત્યારપછી બાલીશતાની શરમ હોય છે. 'ભગવાન! તું કેટલો મહાન છે તે તારી પાસે આવ્યા બાદ જ મને ખબર પડી. તું કેટલો સુંદર છે તે પણ તારી પાસે આવ્યા પછી ખબર પડી. ત્યાંસુધી હું તારા સૌંદર્યની કલ્પના જ કરતો હતો. તું કેટલો મહાન! અને હું ક્યાં? હું તારી સાથે સરખી ઉંમરનો, સમાનતાનો સંબંધ બાધી રહ્યો છું. આ મારી બાલીશતા છે.'

તેના જીવનમાં જુદી જુદી વાતો આવે છે. તેના જીવનમાં (Modesty) આવે છે. કાર્ય મહાન હશે પરંતુ પતિએ કર્યું છે, મેં નથી કર્યું. સાધનાથી બધું કમાવ્યું છે પરંતુ, પતિએ મોકલ્યું છે એમ કહેવાનું છે. સેવા થાય છે મારી ઇચ્છાથી પરંતુ કહેવાનું છે, તેની ઇચ્છાથી થાય છે. આવો વિનય આવે છે. આ મનની સ્થિતિ છે, બોલવાની વાત નથી.

તેવી જ રીતે, તેના જીવનમાં આજ્ઞાંકિતતા આવે છે. મારા પર કોઇની આજ્ઞા ચાલશે નહિ. કેવળ તારી જ આજ્ઞા ચાલશે. આપણી પર તો વાસનાની, કામનાની, કેટલા લોકોની આજ્ઞા ચાલે છે? આપણા સ્વામી, નારાયણ નહિ, વાસના અને કામના છે. તે પૂરા થાય તે માટે સ્વામીનારાયણને આપણે નમસ્કાર કરીએ છીએ. ભક્તના સ્વામી નારાયણ જ છે, બીજા કોઇની સત્તા તેના પર ચાલતી નથી.

આ સ્થિતિ જ્યારે આવે છે ત્યારે **રસો વૈ સઃ**ની સ્થિતિ આવે છે. તેમાં 'ઉપભોગ' આ સ્થિતિ ચાલી જાય છે. ત્યારબાદ 'રાસ' શરૂ થઇ જાય છે. તે સમયે જીવ-ભક્ત અને ભગવાનની તેવી લીલા થાય છે. તેનું જ આ વર્ણન છે. તેના તરફ એક જુદી દૃષ્ટિથી જોવું જોઇએ, તે વર્ણન સત્ય છે. તેને આધ્યાત્મિક ઠરાવવાની જરૂર નથી.

રાસલીલા લખેલી છે તે વસ્તુસ્થિતિ છે. વિશિષ્ટ જીવનદૃષ્ટિ આવવાની સાથે ચિત્તએકાગ્ર એક કલાક સુધી ટકે ત્યારે મૂર્તિ સ્વયં ચાલી જાય છે. આવી પૂર્ણતાની અનુભૂતિની (Experiencing the fullness) સ્થિતિમાં, અશરીરી પ્રેમ (Occult love)માં રમત શરૂ થાય છે. આ અંતિમ જીવનને 'મધુરા' કહે છે. 'મધુરા' થવું એનો અર્થ એવો નથી કે નારીરૂપ લેવું.

નારીનું જે એક માનસ છે, તે મુજબ જેનો વિકાસ થયો હશે તે જ તે અવસ્થા પર ભગવાન પાસે જઇ શકે. **रसस्य अयं इति रासः** – રસ જેમાં ઓતપ્રેત છે, અનુસ્યૂત છે તેને રાસ કહે છે. **रसो वै सः**—આ ભોક્તા-ભોગ્ય વિવર્જિત રસ છે. તે સમયે ‘બુદ્ધિદેહ’ રહે છે અને ‘દેહબુદ્ધિ’ ખતમ થાય છે. આ બેભાન (Unconscious) સ્થિતિ નથી. આ અતિ શ્રેષ્ઠ (દિવ્ય) સભાનાવસ્થા (Super conscious state) છે. તેમાં ભાવરુપતા છે, અભાવ નથી. એક દૃષ્ટાંત તરીકે કહું તો, ઊંઘમાં અભાવરૂપતા આવે છે. રાસની સ્થિતિમાં તેવી અભાવરુપતા નથી. વિશ્વ નથી, તે પોતે નથી, છતાં પણ અભાવરુપતા નથી, ભાવરુપતા છે.

ભક્તની તે સમયે કેવી સ્થિતિ હોવી જોઇએ? તે પ્રભુને સમગ્રતાથી માનવાવાળો અને સમગ્રરૂપે પ્રભુને જાણવાવાળો હોવો જોઇએ. અહીં ‘સમગ્રતા’થી શબ્દ નોંધવા જેવો છે. ગીતામાં તેના માટે ખાસ લખ્યું છે:

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु॥ (गी. अ. ७/१)

વ્યક્તિ પણ સમગ્રરુપે સમજવી, ઓળખવી મુશ્કેલ છે. કાદચ કોઇ ભક્તને ભગવાનના દર્શન પણ થઇ જાય; તો પણ તે સમગ્રતાથી ભગવાનને ઓળખે કે નહિ, કોને ખબર?

હિંદીભાષી લોકો **‘मुझे आपका जब साक्षात्कार हुआ...’** એવું બોલે તેનું શરૂશરૂમાં મને આશ્ચર્ય લાગતું હતું. તેઓ ‘મળ્યા’ ને ‘સાક્ષાત્કાર’ કહે. અહિં ભગવાનને સમગ્રતાથી ઓળખવાની વાત છે, જે બહુ કઠણ છે. **असंशयं समग्रं मां...** આ સ્થિતિ પર પહોંચેલો ભક્ત પ્રભુને સમગ્રતાથી માને છે અને સમગ્રતાથી જાણે છે.

આવી જીવનની સ્થિતિ થયા પછી આ ક્રીડા શરૂ થાય છે. અશરીરી (Occult) સ્થિતિમાં આ રાસક્રીડા છે. તે અભાવરુપ નથી, ભાવરુપ છે અને તે અસલી અને સત્ય રાસની ક્રીડા છે. **रसो वै सः**—તેનું એક અલગ માનસશાસ્ત્ર પેદા થાય છે. આ રાસલીલા એ કેવળ કલ્પના નથી, આ એક બૌદ્ધિક વિલાસ પણ નથી, આ એક મનની વિશિષ્ટ સ્થિતિમાં આવવાવાળો અનુભવ છે. જેમ માતૃત્વનો અને વાત્સલ્યનો અનુભવ હિંદુસ્તાનમાં આવે છે તેવો જ અમેરિકામાં પણ આવે. આ જેટલું સાર્વજનિક છે, તેમ ભક્તિની ઉચ્ચ સ્થિતિના અનુભવો પણ સમાન છે. ક્રિશ્ચિઅન ગૂઢવાદ (Christian mysticism)માં An assertion of individualityમાં સમાન અનુભવ છે. આમાં assertion નો અર્થ નિશ્ચિત પ્રતિપાદન છે વ્યક્તિત્ત્વની પ્રતિજ્ઞા છે. આજે આપણું કંઇ નિશ્ચિત પ્રતિપાદન નથી હોતું. ‘અમે શુદ્ધ છીએ, અમારા મનમાં જરા પણ મેલ નથી.’ એવું આપણે કહી શકતા નથી.

આપણે ભગવાનને કહીએ: ‘ભગવાન! મારું મન જેવું છે તેવું ચલાવી લો, તમે તો મોટા છો, હું નાનો છું—**‘मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वर। यत्पूजितं मया देव परिपूर्णं तदस्तु मे॥’** આવી આપણી સ્થિતિ છે. આપણે વ્યક્તિત્વની પ્રતિજ્ઞા કરી જ નથી.

આ સ્થિતિ પર પહોંચેલો જે ભક્ત છે તેને પોતાના વિષે કોઇ સંશય જ નથી. મારે બદલવું

મુશ્કેલ છે એવી તેની ભાષા ચાલી ગઈ છે. સામાન્ય માણસની ભાષા એવી હોય છે, 'ભગવાન! મારું મન જેવું છે તેવું તમે ઉપાડી લો. મને તે બદલવું મુશ્કેલ છે. હું કેવો છું તે મને ખબર નથી. તે તમને જ ખબર છે.' ભક્તની ભાષા જુદી જ હોય છે. તેને પોતાના વિષે એક સો એક ટકા ખાતરી છે, વિશ્વાસ છે. 'પ્રભુ! મારું મન મલિન નથી. સ્વચ્છ અને શુદ્ધ છે. તમે ઉપાડી લો.' 'મેં સ્વાર્થને માટે મારો ઊંબરો ઓળંગ્યો નથી અને સ્વાર્થ માટે કોઇના ઊંબરે ગયો નથી. ભગવાન! તું મારૂં આખું જીવન તપાસી લે. મેં સ્વાર્થને માટે એક ડગલું પણ ભર્યું નથી.' આવી વિશુદ્ધ સ્થિતિમાં વ્યક્તિત્વની પ્રતિજ્ઞા (An assertion of individuality) છે.

કેટલાક લોકોના સ્વાર્થ લાંબા ગાળાના હોય છે અને કેટલાકના સ્વાર્થ છૂપા હોય છે તો કેટલાકના સ્વાર્થ વ્યક્ત હોય છે. આ ભક્તના જીવનમાં વ્યક્ત કે અવ્યક્ત કોઇ જ સ્વાર્થ નથી. તેનું મોહરહિત જીવન એટલે જ Refined જીવન છે. 'વિત્ત, કીર્તિ અને સ્ત્રીનો મોહ મને કોઇ દિવસ થયો નથી' એવું તે ભગવાનને કહી શકે છે. 'ભગવાન! તેં આ બાબત પરીક્ષા કરી છે. તેમાં હું નાપાસ થયો નથી.' કીર્તિ, વિત્ત અને સ્ત્રી (સ્ત્રીની દૃષ્ટિથી પુરુષ) આ મોહનાં પ્રમુખ કારણો છે. તેના વિષે આ ભક્ત વિચલિત થતો નથી.

ત્રીજી વાત, આ ભક્ત પાસે વિશ્વાસપૂર્ણતા હોય છે. 'ભગવાન! મેં તારા પર જ વિશ્વાસ રાખ્યો છે. તેવી જ રીતે મને મારામાં વિશ્વાસ નિર્માણ થયો છે. જીવનમાં જુદી જુદી સ્થિતિઓમાં હું ડોલાયમાન થયો નથી, મારું પતન થયું નથી. ભક્તની આ સ્થિતિને 'વ્યક્તિત્વની પ્રતિજ્ઞા'– (An assertion of individuality) કહે છે. તેને નિશ્ચિત પ્રતિપાદન કહે છે. આવા ભક્તનું જીવન કેટલું સ્વચ્છ હશે! જે 'જ્ઞ' મન (Experienced state of mind) શુદ્ધ થયું જ છે. પરંતુ તેનું અજ્ઞ મન (Inexperienced state of mind) પણ શુદ્ધ થઇ ગયું છે. એવી સ્થિતિને 'વ્યક્તિત્વની પ્રતિજ્ઞા' કહે છે. આ સ્થિતિએ પહોંચનારને રાસની અનુભૂતિ મળે છે.

'ભગવાન! મારું વ્યક્તિત્વ પ્રેમના સામ્રાજ્યમાં વિકસિત થયું છે. મારું ચારિત્ર્ય પણ તારા પ્રેમના સામ્રાજ્યમાં વિકસિત થયું છે.' તેના માટે Mysticism માં કહે છે: 'Mysticism is an assertion of individuality under the sway of love.' ત્યાંના ભક્ત અને અહીંના ભક્તના અનુભવો સરખા છે. વાત્સલ્ય, પતિપત્નીનું આકર્ષણ ભારતમાં જુદું છે અને અમેરિકામાં જુદું છે એમ નથી. બન્ને ઠેકાણે એક જ સરખું હોય છે. એટલું જ નહિ, આખા જગતમાં આ વાતો સમાન જ છે.

રાસલીલા એ બુદ્ધિનો વિલાસ નથી અને કલ્પના પણ નથી. હજારો માઇલ દૂર રહેવાવાળા બન્ને (પશ્ચિમના અને ભારતના) ભક્તોના અનુભવો જ્યારે સમાન હોય છે ત્યારે તેનું મૂલ્ય માનવું પડે છે. જેને તે સ્થિતિનો અનુભવ નથી તેને તે તર્ક (logic)થી સમજાવવું પડે છે.

સ્વાર્થ અને ભોગલાલસાથી પણ વ્યક્તિત્વ વિકસિત થાય છે. તેનાથી ગુણો પણ આવે છે અને ચારિત્ર્ય પણ બંધાય છે. પરિપક્વ બુદ્ધિના ઘરડાઓને માટે કહે છે કે એમણે ઘણાં ચોમાસાં જોયા છે! તેમણે વધારે ચોમાસાં જોયાં હોય એટલે ચારિત્ર્ય બંધાઇ જાય, તેનામાં ગુણો આવી જાય. આમ, વ્યવહારથી અને ભોગલાલસાથી પણ ગુણો આવે અને ચારિત્ર્ય બંધાઇ જાય; પરંતુ

ભક્તના બધા સદ્‌ગુણો, તેનું ચારિત્ર્ય, બધું જ પ્રભુપ્રેમના ફુવારા (Shower) નીચે જ વિકસિત થયું હોય છે.

વેપારીઓ ગ્રાહકને સંભાળે છે અને જ્ઞાનેશ્વર ભગવાને પણ લોકોને સંભાળ્યા હતા. વેપારીમાં તે ગુણ સ્વાર્થ અને ભોગલાલસાથી આવે છે અને જ્ઞાનેશ્વર ભગવાનમાં તે પ્રભુપ્રેમથી આવે છે. આટલો બન્નેનાં સદ્‌ગુણોમાં ફરક છે. વેપારી પણ લોકસંગ્રહ કરે જ છે. તે લોકો સાથે સારી રીતે બોલે છે. ડૉક્ટર પણ દરદીઓ સાથે સારું બોલે છે, પરંતુ આ લાકોના સારી રીતે બોલવામાં અને ભક્તના સારી રીતે બોલવામાં ફરક છે. ભક્તના બોલવામાં એક સુગંધ હોય છે અને આ લોકોના બોલવામાં, દુર્ગંધ હોય છે એવું નથી કહેતો, પરંતુ સુગંધ નથી.

ભક્તનું વ્યક્તિત્વ પ્રભુપ્રેમના સામ્રાજ્યમાં વિકસિત થયું છે; તેથી તેની પ્રત્યેક ઈંદ્રિય ઉપર, મન ઉપર પણ સંપૂર્ણ અધિકાર ભગવાનનો છે. આ સ્થિતિમાં તેમનો વ્યવહાર શરૂ થાય છે. આત્માની પરમાત્મા સાથે ઐક્યપૂર્ણ સમજણ એ જુદી વાત છે. તેવો જ અનુભવ Mysticism માં છે. તેઓ કહે છે: ‘Consciousness of union with the self and with God’

આ સ્થિતિ પર પહોંચેલા ભક્તને, આત્માની પરમાત્મા સાથે ઐક્યપૂર્ણ સમજણ હોવાથી, તેનામાં નિરપેક્ષ આનંદમયતા નિર્માણ થાય છે. વિષય અને વ્યક્તિ વગર, તેના સંબંધ વિષે વિચારવાથી અંદર મિલનનો આનંદ થાય છે, ગલગલિયાં થાય છે. આપણને પણ અંદર આનંદ થાય છે, પરંતુ, ક્યારે? વિષય અથવા વ્યક્તિની સાથે સંબંધ થાય છે ત્યારે. ધારો કે વિષય અને વ્યક્તિ ન હોય તો આપણને ગલગલિયાં પણ નહિ થાય. આપણને આનંદ થવા માટે વિષય કે વ્યક્તિ જોઇએ જ. આપણી આનંદમયતા નિરેપક્ષ નથી, સાપેક્ષ છે.

ભક્તને નિરપેક્ષ આનંદમયતા મળે છે. તે કાર્યરત થાય ત્યારે પણ તેને મિલનનો આનંદ મળે છે. યાજ્ઞવલ્ક્ય જેવા મહાપુરુષોની ચિત્તએકાગ્રતામાં ભગવાન સાથે મિલન થાય તેનો તેમને આનંદ થાય છે. સવારે તેઓ વ્યવહાર શરૂ કરે ત્યારે કાર્યરતતામાં પણ તેમને મિલનનો જ આનંદ મળે છે. તેથી તેમનાં ગલગલિયાં સતત ચાલુ રહે છે. આવું જીવન બને ત્યારે રાસલીલા થાય. રાસનો અર્થ એવો નથી કે બે દાંડિયા લીધા કે રાસ શરૂ થઇ જાય. સૌરાષ્ટ્રમાં તો બધા લોકો રાસ રમે છે પરંતુ એ અસલી રમત-ક્રીડા નથી. એમ તો નાના છોકરાઓ ઘરઘરની રમત રમે છે, તેવું જ આ દાંડિયારાસનું છે.

આપણા આનંદમાં કંઇ ને કંઇ અપેક્ષા હોય છે. તેમાં કંઇ ખરાબ છે એમ હું કહેતો નથી. સમજો કે આપણે ભગવાનના શયનના કે મંગલાના દર્શન કરવા ગયા. આમ, વસ્તુ, વિષય અથવા પદાર્થ સાથે સંબંધમાં આવ્યા બાદ આનંદ મળે છે. જેને વસ્તુ, વિષય કે પદાર્થ વગર પણ આનંદ મળે છે, તે નિરપેક્ષ આનંદ છે. જીવનની આવી એક સ્થિતિ છે અને તેમાં અલૌકિક ક્રિયાશીલતા પેદા થાય છે. તેમાં નવનિર્માણક્ષમતા છે. આપણે એમ સમજીએ છીએ કે આ સ્થિતિએ પહોંચેલો ભક્ત જડભરતની જેમ કંઇ ન કરતાં બેઠો રહેતો હશે, આવી આ સ્થિતિ નથી જ. તે તો ક્રિયાશીલ છે. Christian Mysticism માં કહે છે It is active and creative—તે સક્રિય અને સર્જક છે. હું આ એટલા માટે કહું છું કે આપણા દેશના ભક્તનો અનુભવ અને હજારો માઇલ દૂર

રહેવાવાળા ત્યાંના મહાપુરુષનો અનુભવ એક સરખો છે. આ અનુભવનો વિષય છે. આ કંઇ કેવળ બૌદ્ધિક વિલાસ નથી, તેમ કેવળ કલ્પના પણ નથી.

આ મિલનમાં—It is active and creative—બધી ઈંદ્રિયો અને સંકલ્પો પવિત્ર બની જાય છે. તેના ઉપરથી ભૌતિક પ્રભાવ નષ્ટ થઇ જાય છે. આપણી ઈંદ્રિયો અને મન ઉપર ભૌતિક પ્રભાવ રહેલો હોય છે. તે સૂક્ષ્મ છે તેથી આપણને તે ખબર નથી પડતો, પરંતુ, તેના પર ભૌતિક પ્રભાવ છે. આપણે ભજન સાંભળવા જઇએ છીએ તેમાં પણ ભૌતિક પ્રભાવ છે. ગાનારનો સૂર સારો હોય, ગળું સારું હોય, તેવા ભજનિકને શોધીને આપણે ભજન સાંભળવા જઇએ છીએ. આ જ ભૌતિક પ્રભાવ છે. આનો અર્થ આપણે ભાવશૂન્ય છીએ એમ નહિ. જ્યારે હું આવું દૃષ્ટાંત આપું ત્યારે એવું નહિ સમજતા કે તેમાં ભાવશૂન્યતા છે. તેમાં ભૌતિક પ્રભાવ વધારે છે; ગાવાવાળાનો અવાજ સારો હોવો જોઇએ, તેને હાર્મોનિયમ વગાડતાં સારું આવડવું જોઇએ એવી અપેક્ષા છે.

ઈંદ્રિયો ઉપર ભૌતિક પ્રભાવ ન પડતો હોય તેને જ શ્રવણ-સાક્ષાત્કાર, દર્શન-સાક્ષાત્કાર, સ્પર્શ-સાક્ષાત્કાર કહે છે. અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે આવો અનુભવ ખરેખર થાય છે કે? તે સત્ય છે કે પછી એ ચિત્તભ્રમ (Illusion) છે? કે અવસ્તુભ્રાંતિ (Hallucination) છે? વસ્તુભ્રાંતિ (Illusion) થાય છે. ઉદાહરણ તરીકે, દોરડીમાં સર્પનો ભાસ થાય છે તે વસ્તુભ્રાંતિ છે, પરંતુ, અવસ્તુભ્રાંતિ (Hallucination) પણ થાય છે. આપણે હમણાં રાસનો વિચાર કરીએ છીએ. રાસનો વિચાર કલ્પનાજન્ય છે કે વસ્તુનિષ્ઠ છે? રાસને વસ્તુનિષ્ઠ અસ્તિત્વ છે કે? તેને કંઇ વસ્તુનિષ્ઠ મૂલ્ય (Objective value) છે કે નહિ? સંતોની, ઋષિઓની, જ્ઞાની ભક્તની જે અનુભૂતિ છે તે બૌદ્ધિક—(Intellectual) છે કે કાલ્પનિક (Imaginary) છે? કે પછી શારીરિક (Corporal) છે? આ પ્રશ્નો છે.

સમજો કે મને કોઇ અનુભૂતિ આવી. તો તે બૌદ્ધિક છે, કાલ્પનિક છે કે શારીરિક છે? તે ચકાસવા માટે ચાર કસોટી માનવામાં આવી છે, પરંતુ, આ ચારેય કસોટીઓ જ્યાં નિષ્ફળ નીવડે છે તેવી આ સ્થિતિ છે. આ ચાર કસોટી એટલે એક, સર્વગત તત્ત્વ (Universality), બીજી, બૌદ્ધિકતા (Intellectuality), ત્રીજી, ભાવાત્મકતા (Emotionality) છે અને ચોથી નૈતિકતા (Morality) છે. આ ચારે ચાર કસોટીઓ જ્યાં ફિક્કી પડે છે એવી એક સ્થિતિ છે. શા માટે? તેનો સાર્વજનિક અનુભવ થતો નથી. તે અનુભવ તો **सहस्राणां कश्चित्**—હજારોમાં એકાદને મળે છે. બીજું, તેમાં બૌદ્ધિકતા હોઇ શકતી નથી, કારણ કે, બુદ્ધિ જ ચાલી જાય છે. મેં શરૂમાં જ કહ્યું કે બુદ્ધિદેહ રહે છે પણ દેહબુદ્ધિ ખલાસ થાય છે. જો ભાવનાત્મકતા હોય તો તેમાં દ્વૈતની આવશ્યકતા છે. અહીં તત્ત્વ (Substance) સમજીએ તો તે એક જ છે. આવી આ સ્થિતિ છે. તે બહુ જ આનંદની સ્થિતિ છે, તેથી ચારે ચાર કસોટી નકામી છે. આમાં એટલું જ કહી શકાય કે તેનું પ્રમાણ નિજી અનુભવ છે. કસોટીથી તે નહિ સમજાય. આવી સ્થિતિમાં રાસ છે. ભાગવતમાં જે લખ્યું છે તે સત્ય છે.

તે સમયે એક જુદી જીવનદૃષ્ટિ બની જાય છે. તેમાં એક પ્રભાવી વિજયવૃત્તિ હોય છે. તેને

જ Sense of liberation and victory કહે છે. આ સ્થિતિમાં વિષય, વાસના, ભીતિ અને આસક્તિ—આ ચારેયથી મુક્તિ છે. આપણે તો આ ચારેયમાં સપડાયેલા છીએ. આ સ્થિતિ પર પહોંચેલા ભક્તને વિષયવાસના તો રહેતી જ નથી. **हेची थोर भक्ति आवडते देवा संकल्पावी माया संसाराची**—આ એક જુદી જ સ્થિતિ છે.

તુકારામ મહારાજનો ધંધો સારો ચાલતો ન હતો. તેમને લોકો કહેતા, 'તમે તો રોજ ભગવાન પાસે બેસો છો. તે વખતે ભગવાનને કહોને કે મારો વેપાર કેમ ચાલતો નથી?' આ માણસોને તુકારામ મહારાજ શું કહે? તેમને શું ખબર કે તુકારામ ભગવાનમાં તલ્લીન થાય ત્યારે તુકારામ જ રહેતા ન હતા! તો પછી તે ભગવાનને કહે કેવી રીતે? તેને વિષય કે વાસના તે સમયે હોતા જ નથી; તેથી કહે છે કે વિષય-વાસનાથી મુક્તિ, તેવી જ રીતે, ભીતિ અને આસક્તિથી મુક્તિ મળે. વેદાંતમાં 'વિષય' શબ્દ સ્થૂળ-વ્યવહારના અર્થમાં વપરાતો નથી. તેમાં વિષય એટલે Object થી મુક્તિ અને વિજય—તેને જ અંગ્રેજીમાં કહે છે—Sense of liberation and victory. વિષય, વાસના, ભીતિ અને આસક્તિ ન હોય એવી એક સ્થિતિમાં જીવ હોય છે અને તેનું અસ્તિત્વ હોય છે.

બીજી વાત—ઇશ્વરસાન્નિધ્યનો વિશ્વાસ—Conviction of the nearness of God—એમ Mysticismમાં કહે છે. ઇશ્વર સાન્નિધ્યનો વિશ્વાસ એ જુદી જ વાત છે. આજે આપણને પણ લાગે છે કે ભગવાન મારી પાસે છે પણ તે આપણો તર્ક છે. જ્યારે આ મહાપુરુષોને વિશ્વાસ છે, આત્મપ્રતીતિ છે, ગામડાનો માણસ પણ બોલે છે કે ભગવાન મારી અંદર બેઠો છે. આવું બોલવું જુદું, સમજવું જુદું, વાંચવું જુદું, કલ્પના કરવી જુદી, તર્કથી માનવું જુદું અને તેનો અનુભવ લેવો તે બધાથી જુદું. આ એક અનુભવ છે, આવી એક સ્થિતિ છે.

તેમને જેમ ઇશસાન્નિધ્યનો વિશ્વાસ છે તેમ તેમને ભગવાન માટે નિતાંત પ્રેમ હોય છે. તેમનો ભગવાન ઉપર અકારણ-કારણરહિત પ્રેમ હોય છે. આપણો પણ ભગવાન ઉપર પ્રેમ હોય છે પણ તેનું કંઇ કારણ હોય છે. દા.ત. ભગવાન સમર્થ છે, દાતા છે, **कर्तुं अकर्तुं अन्यथाकर्तुम् समर्थ** છે. માટે આપણો ભગવાન ઉપર પ્રેમ સકારણ છે. પ્રેમની પાછળ 'કંઇ છે' તે, જેનું ચાલ્યું ગયું છે એવા, ઇશ્વર પર અકારણ પ્રેમ રાખનારા આ લોકો છે.

વલ્લભાચાર્ય જેવા મહાપુરુષોનું જીવન સંપૂર્ણ વિકસિત થઇ ચૂક્યું હતું. છતાં તેમનો ભગવાન ઉપર નિતાંત પ્રેમ હતો. Mysticism માં તેના માટે કહ્યું છે—A sentiment of love towards God. એટલે ભગવાનની બધી વાતો માટે સંપૂર્ણ પ્રેમ. તે પ્રેમને માટે કોઇ કારણ નથી. તેમનો ભગવાન ઉપર અકારણ પ્રેમ હોય છે.

લોકો પૂછે: 'તમારો ગીતા ઉપર પ્રેમ શા માટે છે?' તો મને એમ થાય કે આને શું કહેવું? કોઇને પૂછો તો કહેશે કે ગીતામાં જ્ઞાન છે તેથી મને ગીતા પર પ્રેમ છે. કોઇ કહેશે કે ગીતામાં આશ્વાસન છે, કોઇ કહેશે કે ગીતા મને પવિત્ર કરે છે તેથી મારો ગીતા ઉપર પ્રેમ છે. ગીતા મને શા માટે ગમે છે? તેના ઉપર હું પ્રવચન પણ કરું છું, તેમાં જ્ઞાન કેટલું છે, ભક્તિ કેવી રીતે ભરેલી છે, તેમાં ભગવાને કેટલાં આશ્વાસનો આપ્યાં છે, તેનું સાહિત્યિક મૂલ્ય (Literary) value) કેટલું છે, તે બધું હું કહું છું; પરંતુ ખરી વાત એ છે કે ગીતા શ્રીકૃષ્ણ ભગવાને ગાઇ છે તેથી મારો ગીતા ઉપર પ્રેમ છે. આ એક જ કારણ છે. તે પવિત્ર કરે છે કે નહિ તેની મને ખબર નથી. તેમાં જ્ઞાન છે, ભક્તિ છે, આશ્વાસન છે, આ બધું હશે પણ તેટલા માટે મારો ગીતા પર પ્રેમ છે એવું નહિ. તે બધું જોવાને મને કારણ નથી. આ કૃષ્ણ એટલે યશોદાનો પુત્ર નહિ—મારા ભગવાન કોઇના પુત્ર હોઇ જ શકતા નથી. બધા લોકો તેના જ દીકરા છે; તેથી જ ગીતામાં **શ્રીકૃષ્ણ ઉવાચ** નથી—લખ્યું, પરંતુ, **શ્રીભગવાન્ ઉવાચ** લખ્યું છે. તે કોઇના દીકરા કે પૌત્રા નથી. ભગવાને ગીતા ગાઇ છે તેથી મારો તેના પર પ્રેમ છે. જેણે ગીતા ગાઇ છે તે સમગ્ર મારો છે.

ગીતામાં કહ્યું છે: **અસંશયં સમગ્રં મામ્**—ભગવાનને સમગ્રરુપે જાણવા જોઇએ. લોકો જ્યારે કહે છે, '**દાદા** ગીતાના પ્રખર અભ્યાસી છે' ત્યારે તે સાંભળીને મને ધ્રૂજારી છૂટે છે. એનું કારણ ગીતાનું ઊંડાણ કોણે જોયું છે? આપણે જેટલા ઊંડાણમાં ઊતરી શક્યા તેટલી જ તે ઊંડી છે? જેમ જેમ આપણી ઊંડે ઉતરવાની શક્તિ વધતી જશે તેમ તેમ ગીતાનું ઊંડાણ પણ વધતું જશે.

ભગવાન આ સૃષ્ટિના માલિક છે, સર્વશક્તિમાન છે, પવિત્ર છે. તેની પાસે લક્ષ્મી છે, આને કારણે આપણો ભગવાન પર પ્રેમ હોય છે. નારાયણની બાજુમાં લક્ષ્મી રાખી દીધી છે, જેથી લોકો તેને ભૂલે નહિ. જુદા જુદા લોકોને જુદું જુદું બતાવવું જોઇએ. સમજો કે તમારી પાસે નાનું બાળક આવ્યું. તો તમે તરત ગજવામાંથી ચોકલેટ કાઢશો અને તેને આપશો, પરંતુ, તેનો અર્થ તમે શું ચોકલેટ આપવાવાળા જ છો? આવી રીતે ભગવાન તરફ પણ લોકો પોતાની જુદી જુદી દૃષ્ટિથી જુએ છે.

ભગવાનને સમગ્રરુપે જાણવા જોઇએ. A sentiment of love towards God—આ મહાન ભક્તનો ભગવાન ઉપર અકારણ પ્રેમ હોય છે. આવી એક સ્થિતિ આવી જાય છે કે જેમાં ભક્તનો ભગવાન ઉપર નિતાંત પ્રેમ છે. આ સ્થિતિમાં રાસ નિર્માણ થાય છે. દશમ સ્કંધના ઓગણત્રીસમાં અધ્યાયમાં રાસની શરૂઆત છે. હું ફક્ત એટલું જ કહું છું કે રાસ એક સત્ય વાત છે. ચિત્તએકાગ્રતા વધ્યા બાદ, ભક્તિ વધ્યા બાદ, અશરીરી પ્રેમ (Occult love)માં આ રાસક્રીડા રચાય છે.

જેમ અગ્નિ પાસે કોઇ દોષ ટકતો નથી, તેમ ભગવાને રાસક્રીડા કરી હશે તો પણ તેમના સંબંધથી દોષ ચાલ્યો જાય છે એમ કહેવાની જરૂર નથી. દોષ જવા માટે સંબંધ થવાનું કારણ નથી. રાસ એ તો મધુરાભક્તિની અંતિમ સ્થિતિ છે. તે સત્ય સ્થિતિ છે.

સ્વાધ્યાયીઓને વિશ્વાસ હોવો જોઇએ કે રાસલીલા લખી છે તે સત્ય છે. લોકો તેને શૃંગારિક કહે તો તેમાં શરમાવાની જરૂર નથી, ગભરાવાની પણ જરૂર નથી.

રાસલીલા એ ભક્તના જીવનમાં થવાવાળી આવશ્યક સત્ય ઘટના છે. ચિત્તએકાગ્ર વધે તેમ જીવન પણ જુદા જુદા રુપે બદલવું જોઇએ, સંબંધ બદલાવા જોઇએ. ભગવાનનાં સાન્નિધ્ય અને સામીપ્યનું જ્ઞાન થયા બાદ સંબંધનું જ્ઞાન થવું જોઇએ, નહિ તો, **સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટઃ** — ભગવાન મારી પાસે છે એમ કેવી રીતે બોલી શકાય? કેમ કે આટલી મહાનશક્તિ મારામાં બેઠી છે એવું બોલવું એ કંઇ સામાન્ય બાત નથી. જીવ ગભરાઇ જશે. ભગવાન સાથેનો

સંબંધ થયા પછી તે નહિ ગભરાય; તેથી જ ભગવાન સાથેના જુદા જુદા સંબંધો ગીતા સમજાવે છે. જેવું તમારું જીવન હશે તેવા સંબંધથી તમે ભગવાન પાસે જઇ શકશો. એક વિશિષ્ટ પ્રકારનું જીવન અને વિશિષ્ટ ચિત્તએકાગ્ર થયા બાદ, આવી લીલા થઇ શકે છે.

ભક્તને તીવ્ર લાલસા હોવી જોઇએ. મધુસૂદન સરસ્વતી ભક્તિરસાયણમાં કહે છે: **कामः शरीरसंबंधविशेषः स्पृहयालुता**–'ભગવાન જોઇએ જ' એવું લાગવું જોઇએ. તેના વગર નહિ ચાલે. ભગવાન જોઇએ એમ તો આપણને પણ લાગે છે. કાલે કોઇ ભગવાન દેખાડે તો કોને નથી જોવા? બધાને જ જોવા છે, પરંતુ, તેની પાછળ કોઇ તીવ્ર લાલસા (Urge) નથી, દિલમાં કોઇ તલસાટ નથી, કંઇ અસ્વસ્થતા આવતી જ નથી. **स्पृहयालुता**–જોઇએ, જોઇએ એવી તીવ્ર લાલસા નિર્માણ થવી જોઇએ. આવી તીવ્ર લાલસા નિર્માણ થયા બાદ, ભગવાનના વર્તન માટે પણ માધુર્ય નિર્માણ થાય છે. કોઇ પણ રુપમાં ભગવાન સારા લાગવા જોઇએ.

सरसिजमनुविद्धं शैवलेनापि रम्यं
मलिनमपि हिमांशोर्लक्ष्म लक्ष्मीं तनोति।
इयमधिकमनोज्ञा वल्कलेनापि तन्वी
किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम्।। (शाकुन्तल/१/१९)

કવિ કાલીદાસ શાકુન્તલ નાટકમાં કહે છે: શેવાળથી ભરેલા તળાવમાં કમળ ઊગેલાં હોય તો શેવાળ પણ કમળની શોભા વધારે છે, ચંદ્ર ઉપર કાળો ડાઘ છે તે તેની લક્ષ્મી છે, ઊલટું, તે તેની શોભા વધારે છે. શકુંતલા વલ્કલ પહેરેલી પણ સુંદર લાગે છે.

ક્યારેક મને લાગે છે કે ભાષાંતર કરવું જ ન જોઇએ. જેને સમજાતું ન હોય તે છોડી દે. પ્રત્યેક ભાષાને તેનું પોતાનું સૌંદર્ય હોય છે. તેનું સૌંદર્ય બીજી ભાષામાં આવતું નથી. આવું કરીએ તો સંસ્કૃત ન ભણ્યા બદલ તેમને પશ્ચાત્તાપ થશે.

ભગવાન કયા કપડાં પહેરીને આવ્યા છે એ પ્રશ્ન જ નથી. કૃષ્ણભગવાને પીતાંબર પહેર્યું હોય કે શિવજીએ લંગોટી પહેરી હોય, તે મહેલમાં રહ્યા હોય કે સ્મશાનમાં બેઠા હોય, એ પ્રશ્ન જ તેના મનમાં ઊભો થતો નથી.

જેના પર પ્રેમ છે તેનું બધું જ મધુર લાગવું જોઇએ. ભગવાન! તારો રંગ કાળો છે એમ લોકો કહે છે પણ મને તે મેઘશ્યામ લાગે છે, મધુર લાગે છે. આ કાળિયાને શ્યામ કોણે કહ્યો? તેમાં જ તેનું માધુર્ય છે. જે દુઃખ આપે છે તેના પર ચીડ ચડવી જોઇએ કે નહિ? 'ભગવાન! તું મને દુઃખ આપે છે, તો તારા પર ચીડ ચડવી જોઇએ, પરંતુ મને તું સારો લાગે છે.'

મહાભારતમાં એક ઘટના છે. મહાભારતના યુદ્ધમાં દુર્યોધન અને અર્જુન વચ્ચે ગદાયુદ્ધ ચાલતું હતું ત્યારે કૌરવો એક ચાલ ચાલે છે. ખોટી અફવા ફેલાવવા માટે તેઓ ચાર્વાક્ને મોકલે છે. તે કુશળતાથી એવો પ્રચાર કરે છે કે ભીમ તો મરી ગયો છે. ભીમ કેવી રીતે મર્યો? તો તે કહે છે કે બલરામે દુર્યોધનને ઇશારાથી એવી યુક્તિ દેખાડી અને ગદાયુદ્ધના નિયમો તોડીને દુર્યોધને ભીમ ઉપર પ્રહાર કર્યો તેથી ભીમ મરી ગયો. આ ચાર્વાકે વેશ પણ એટલો સારી રીતે

ભજવ્યો કે યુધિષ્ઠિર તે વાત સાચી માની ગયા. આટલું થયા છતાં યુધિષ્ઠિર વિચલિત થયા નથી. તેઓ કહે છે:

हली हेतुः सत्यं भवति मम वत्सस्य निधने
तथाप्येष भ्राता सहजसुहृदस्ते मधुरिपोः।
अतःक्रोधः कार्यो न खलु यदि च प्राणिषि ततो
वनं गच्छेर्मा गाः पुनरकरुणां क्षात्रपदवीम्।। (वेणी. ६/२८)

બલરામે ભીમને માર્યો છે એમાં સંદેહ નથી. દુર્યોધનનો પ્રચાર કેટલો સચોટ હતો કે અસત્ય પણ યુધિષ્ટિરને સત્ય લાગ્યું, તેથી અર્જુનને સંદેશો કહેડાવે છે: 'તું કદાચ આ યુદ્ધમાં વિજયી થાય તો તને કૃષ્ણ ભગવાન પર ચીડ ચડશે. તને કૃષ્ણ ઉપર તો ચીડ ન જ ચડવી જોઈએ, પરંતુ, તારે બલરામ પર પણ ક્રોધ કરવો નહિ.' શા માટે? તો કહે છે કે 'બલરામ કૃષ્ણના ભાઇ છે.'

મનનું આ કેટલું સમતોલપણું છે? સર્વનાશ થયો છે. વિજય તો મળ્યો નહિ. ઊલટું, બદનામી થઇ છે. એક ભાઇ મરી ચૂક્યો છે અને બીજા પોતે મરવાના છે. પોતે અગ્નિપ્રવેશ કરવા તૈયાર થયા છે એવી સ્થિતિ છે. તે વખતે યુધિષ્ટિરના મોઢામાં આ શબ્દો છે. તાત્પર્ય એ કે ભગવાન સર્વ સ્થિતિમાં સારા લાગવા જોઈએ.

'ભગવાન! તારું કોઇ પણ વર્તન મધુર લાગે છે. તું મજાક કરીશ, તું દુઃખ પણ આપીશ, તું મારા મન વિરુદ્ધ કરીશ, તો પણ મને તે સારું લાગશે, મધુર લાગશે.' માધુર્યમાં આવી સ્થિતિ હોય છે. તેમાં ભગવાનના સંબંધમાં તો માધુર્ય જ હોય, બીજી ભાષા નહિ. તેમાં માધુર્ય જ માધુર્ય છે.

ત્યારબાદ, આવા ભક્તને ક્રોધ નિર્માણ થાય છે. ભક્ત ભગવાનને કહે છે: 'ભગવાન જન્માંતરથી સાધના કરી કરીને મેં ક્રોધ કાઢી નાખ્યો છે. કોઇ પર ક્રોધ ન ચડે, તે માટે જીવનનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો–'ભગવાન! હવે ચિત્તએકાગ્ર વધે છે પરંતુ, પૂર્ણતાની અનુભૂતિ મળતી નથી.' આવી એક સ્થિતિ આવે ત્યારે ભક્ત ક્રોધિત બને છે. ભક્તોના જીવનમાં શું થાય છે તેની આપણને ખબર નથી. આપણને એમ લાગે છે, કે આ ભક્ત છે અને અમારા પર આટલો ગુસ્સો શા માટે કરે છે? તેનો ગુસ્સો આપણા પર નથી, ભગવાન ઉપર હોય છે.

રાત્રે પતિ-પત્નીનો કંઇ ઝઘડો થઇ જાય અને સવારના ઊઠયા પછી પત્ની ગુસ્સાથી વર્તન કરે છે. સાસુને એમ લાગે છે કે હું તો સવારથી વહુને કંઇ બોલી પણ નથી. તો તે આવું ગુસ્સાભર્યું વર્તન શા માટે કરે છે? અરે, એનો ગુસ્સો સાસુ પર નથી. પતિ જોડે રાત્રે અણબનાવ થયો છે તેથી તે તેના પતિ પર ગુસ્સે થઇ છે. સાસુને એમ લાગે છે કે પોતા પર ગુસ્સે છે. આવી રીતે ભક્તને પણ જ્યારે લાંબા સમય સુધી પૂર્ણતાની અનુભૂતિ મળતી નથી ત્યારે તે અસ્વસ્થ બની જાય છે. એકાદ વખત છીંક આવ્યા જેવું થાય પણ છીંક આવે નહિ, ત્યારે જેવી આપણી સ્થિતિ થાય છે, તેવી જ સ્થિતિ તે વખતે આ ભક્તની થાય છે. તે વખતે કોઇ વચ્ચે બોલાવે તો તેને એક લગાવી દેવાનું મન થાય છે.

સાધક અવસ્થામાં સાધક પ્રયત્ન કરીને, જીવનનો દૃષ્ટિકોણ બદલાવીને ક્રોધ કાઢી નાખે છે. તે ક્રોધ તેને આ અવસ્થામાં ફરી ઊભો થાય છે. તે ભગવાનને કહે છે: 'ભગવાન! તું મને મળતો કેમ નથી? તું બહુ મોટો છે તેથી? તને હું જોઇ શકતો નથી? તું લાંબે છે એટલે? તને હું સમજી શકતો નથી, શું તું ગૂઢ છે એટલે?' આવા પ્રશ્નો તેના જીવનમાં ઊભા થાય છે. તે કહે છે: 'પ્રભુ! તું મોટો કેમ છે? તું લાંબે શા માટે રહ્યો? તું ગૂઢ શા માટે બન્યો?' આપણને ભક્તની અસ્વસ્થતાની કલ્પના પણ નહિ આવે.

તે પૂછે છે: 'તું મોટો છે, તો મને મોટો ન બનાવતા નાનો કેમ રાખ્યો? જો તારે મોટા રહેવું હોય તો તું મને પણ મોટો બનાવી દે. હું પોતે મોટો બની શકતો નથી અને તું મને મોટો બનાવતો નથી તેથી જ તું મને મળતો નથી. હું ક્રોધ કોના પર કરું?' તે વખતે પ્રભુને સર્વસ્વ આપવાનું મન થાય છે. આવી એ સ્થિતિ છે. કિંમત સર્વસ્વ આપવાને છે. કોઇ શું આપે છે તેને કિંમત નથી. સૌથી વધારે કિંમત જે સર્વસ્વ આપે છે તેની છે.

એક ચિત્રકારે એક બહુ જ સુંદર ચિત્ર બનાવ્યું. તે ચિત્ર રાજાની પાસે લઇ ગયો. રાજાને ચિત્ર બહુ જ ગમી ગયું. રાજા તે ચિત્રના બદલામાં તેને દશ હજાર રૂપિયા આપવા લાગ્યો. એ જૂનાકાળના દશ હજાર રૂપિયા હતા. આજના દશ હજાર રૂપિયાને તેટલી કિંમત નથી. ચિત્રકારે કહ્યું, 'મારે આ ચિત્ર તમને આપવું નથી.' એટલામાં ત્યાં એક કલાકાર આવી ચડ્યો. તેણે પણ આ ચિત્ર જોયું. તે ગરીબ હતો. તેના ગજવામાં કંઇ ન હતું પરંતુ તેણે ખુશ થઇને પોતાનું પહેરેલું વસ્ત્ર ઉતારીને ચિત્રકારને આપી દીધું. ચિત્રકારે તે કલાકારને ચિત્ર આપી દીધું.

આ જોઇને રાજાએ પૂછ્યું: 'એના વસ્ત્રની કિંમત તો બે રૂપિયા પણ નથી. હું તો તને દશ હજાર રૂપિયા આપતો હતો. તે છતાં તે ચિત્ર મને ન આપતાં આ કલાકારને કેમ આપ્યું?'

ચિત્રકારે કહ્યું: 'રાજાસાહેબ! તમારી પાસે તો લાખો રૂપિયા પડ્યા છે તેમાંથી તમે દશ હજાર રૂપિયા આપવા તૈયાર થયા; પરંતુ આ કલાકાર પાસે બીજું કંઇ ન હતું. તેનું વસ્ત્ર જ તેનું સર્વસ્વ હતું. તેણે સર્વસ્વ મને આપ્યું. કિંમત દશ હજાર રૂપિયાને નથી, સર્વસ્વ આપવાવાળાને છે. જે સર્વસ્વ આપે છે તેને કિંમત છે.'

રાસમાં 'ભૂલવા'ની જે આવશ્યકતા છે, તે જ સર્વસ્વ છે. દેવ (ભગવાન) દેવત્વ ભૂલે છે અને જીવ ક્ષુદ્રતાને ભૂલી જાય છે, ત્યારે રાસ નિર્માણ થાય છે. જ્યાંસુધી જીવની ક્ષુદ્રતા રહે છે ત્યાંસુધી રાસ શરૂ નથી થતો. ભાગવતમાં રાસનું અતિ મનોહારી ચિત્ર છે. આ જે સ્થિતિ છે તેની કલ્પના કરીને પછી ભાગવતમાં રાસ વાંચો. હું કંઇ ભાગવત કહેવા બેઠો નથી. ભાગવત તરફ કઇ દૃષ્ટિથી જોવું તે કહેવા હું બેઠો છું.

આ અસલી રાસલીલા છે. ભગવાન અને જીવ, બન્ને, સૂઇ ગયા છે. બન્નેને એકબીજાની આવશ્યકતા છે. દેવને દેવત્વ ભૂલવું પડશે અને જીવને ક્ષુદ્રત્વ ભૂલવું પડશે, ત્યારે જ મિલન થાય છે. કોઇ પણ મિલનમાં સર્વસ્વ આપ્યા બાદ જ આતુરતા નિર્માણ થાય છે. સ્વત્વ ભૂલ્યા બાદની સ્થિતિમાં જ મિલન થાય છે. કલેક્ટર અને તેની પત્નીનું મિલન ક્યારે થાય છે? 'હું કલેક્ટર

છું' આ પતિએ ભૂલવું પડશે તો જ પત્ની સાથે મિલન થશે. તેના વગર મિલન શક્ય નથી. સર્વસ્વ આપ્યા પછી જ સાચું મિલન થાય છે.

ભગવાન અને જીવ બન્ને સૂઇ ગયા છે. ત્યારે કોણ કોને જગાડે? બન્નેને આતુરતા છે, બન્નેને મળવાની અધીરતા છે, પરંતુ, કોણ કોને જગાડે? વેદાંત કહે છે:

अहंकारो धीयं ब्रूते तं सुप्तं मा प्रबोधयेत्।
उत्थिते परमानन्दे न त्वं नाऽहं न वै जगत्।।

હવે શું રહ્યું છે? કેવળ અહંકાર રહ્યો છે. આ વ્યાવહારિક અહંકાર નથી, પૈસાનો કે અધિકારનો આ અહંકાર નથી. જેને અહમ્ (Ego) કહે છે તે આ અહંકાર છે. 'હું છું' એ અહંકારની આ વાત છે.

આ અહંકાર બુદ્ધિને કહે છે: 'જે પાસે સૂતો છે તે ભગવાનને ઉઠાડ નહિ. તે જો ઊઠશે, જાગૃત થઇ જશે, તો તું રહીશ નહિ, હું રહીશ નહિ અને જગત પણ રહેશે નહિ.'

જીવ અને ભગવાન સૂતા હોવાનો ઢોંગ કરે છે. કોણ કોને ઉઠાડે તેવો સંદેહ જીવને નિર્માણ થાય છે. ત્યારપછી કોણ ઉઠાડે છે? ભગવાન પરમાનંદ જ ઉઠાડે છે. ભાગવતકારે લખ્યું છે કે વૈકુંઠનાથ વેણુનાદ કરીને ગોપીઓને જગાડે છે. ભક્તને આતુરતા, તીવ્રતા, અધીરતા અને બેચેની છે તો પણ મુગ્ધતા છે. ભાવ દેખાડી શકતો નથી ત્યારે રાસલીલામાં વેણુનાદ શરૂ થાય છે. ભગવાન વેણુનાદ કરે છે. આ વેણુનાદનું જબરદસ્ત મહત્ત્વ છે.

જગતમાં આપણું આપવું-લેવું ચાલે છે. તમે ભિખારીને આપો છો તેમાં ભિખારી કનિષ્ઠ થાય છે, એટલું જ નહિ, તમે દીકરાને આપો છો તેમાં દીકરો પણ કનિષ્ઠ થાય છે. ફી આપવાવાળા તમે છો અને લેવાવાળો દીકરો છે. તેમાં કંઇ ઉપકાર નથી, કૃપા નથી, મદદ નથી, છતાં તેમાં મોટો-નાનો થઇ જાય છે. શૃંગારમાં બન્નેની શ્રેષ્ઠતા કાયમ રહે છે. **शृंगम् राति इति शृंगारः रा दाने** અને **शृंगम्**નો અર્થ થાય છે ઉત્કૃષ્ટતા. જ્યાં આપવામાં બન્નેની ઉત્કૃષ્ટતા રહે છે તેને શૃંગાર કહે છે. સંસ્કૃત ભાષામાં શૃંગારનો અર્થ શો થાય છે તે હું કહુ છું. જે સંબંધમાં, જે મિલનમાં, બન્નેની ઉત્કૃષ્ઠતા કાયમ રહે છે, જેમાં કોઇ કનિષ્ઠ નથી, કોઇ શ્રેષ્ઠ નથી, તેને શૃંગાર કહે છે; નહિ તો, હંમેશાં આપવાવાળો મોટો અને લેવાવાળો નાનો લાગે છે.

ભક્ત ભગવાનને કહે છે: 'પ્રભુ! મારી બુદ્ધિના કૂદકાથી હું તારી પાસે પહોંચી શકતો નથી. મારું મન તારા મનને માપી શકતું નથી, કેમકે તે અગાધ છે. મને જેવું અનુકૂળ હોય તેવું શરીર તો તું લઇ શકે છે.' સગુણતા એ પ્રભુની શક્તિ છે કે ભક્તોની ભક્તિ છે. ભગવાન સગુણ બન્યા તે પોતાની શક્તિથી બન્યા કે ભક્તોની ભક્તિથી થયા? આ એક પ્રશ્ન છે.

સંકીર્ણભાવ, દેહભાવ—માલિકી અને અહમ્ ભાવ શાંત થઇ ગયા હોય, કેવળ અહંકાર (Ego) રહ્યો હોય, બુદ્ધિ સહિત બાકી બધું ચાલી ગયું હોય. એવી આ સ્થિતિ છે. એવી સ્થિતિ ચિત્તૈકાગ્રતા (Concentration)માં જ આવે છે. આ સ્થિતિમાં રાસલીલા શરૂ થાય છે.

આ સ્થિતિમાં અહંકારનું ઝીણું વસ્ત્ર રહી જાય છે. કારણ ક્રીડા માટે, રમત માટે, જુદાઇ

રહેવી જોઇએ. રમત માટે અલગતા હોવી જોઇએ. તે શક્તિ અહંકારમાં છે. આ સ્થિતિમાં અહંકારનું ઝીણું વસ્ત્ર ખેંચ્યું નથી, ફેંક્યું નથી, ફાડ્યું નથી, છોડેલું છે, તેથી જ તે જીવ ફરીથી અહમ્‌ને ઉપાડી શકે છે અને જીવનવ્યવહાર કરી શકે છે. જેના જીવનમાં રાસલીલા થતી હશે તે પણ સામાન્ય વ્યક્તિ જેવો જીવનવ્યવહાર કરી શકે છે. કારણ, ભગવાને તેનો અહંકાર ખેંચ્યો નથી, ફેંક્યો નથી, રાખ્યો છે, તેથી તે ફરીથી ઉપાડી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

એવી એક સ્થિતિ આવે છે જે ભક્તિમાં કેવળ અહંકાર છે, સમજણ પણ નથી. કારણ, સમજણ એ બુદ્ધિનો વિષય છે. આ તો એક અનુભવ છે. સમજણ જુદી છે અને અનુભવ જુદો છે. આ અનુભવની સમજણ હોવી જોઇએ કે નહિ? અનુભવની સમજણ એ જ માયા છે.

આવી સ્થિતિ આવ્યા બાદ, રાસની શરૂઆતમાં શ્રીકૃષ્ણ ભગવાનના મુખારવિંદથી નીકળેલો આ શ્લોક છે:

स्वागतं वो महाभागाः प्रियं किं करवाणि वः।
व्रजस्यानामयं कच्चिद्‌ ब्रूतागमनकारणम्॥ (भा. १०/२९/१८)

(જીવ આવે છે તેનું ભગવાન સ્વાગત કરે છે.) તે કેવળ ગોપી નથી, જીવ છે. તે જીવને ભગવાન મધુરવાણી સંભળાવે છે. તેનાથી વધુ મધુર વાણી જગતમાં બીજી કોઇ નથી. ભગવાન કહે છે: 'યુગયુગથી તું આટલું ચાલીને આવ્યો છે, હું તારું સ્વાગત કરું છું. હું તારું શું પ્રિય કરું? તને શું જોઇએ? મને મળવા માટે તું સર્વસ્વ છોડીને આવ્યો છે. તને શું જોઇએ?'

આ સ્થિતિએ પહોંચવા બધું છોડવું પડે છે. તુકારામ મહારાજ કહે છે: **हेचि थोर भक्ति आवडते देवा संकल्पावी माया संसाराचि** – જ્યારે ચિત્તૈકાગ્રતા વધે છે તે વખતે 'હું છું'ની સમજણ આવે, મુંબઇ યાદ આવે, અરે, પોતાનો વિકાસ પણ યાદ આવે તો ચિત્તૈકાગ્ર્ય તૂટી જાય. તેથી બધું ભૂલી જવું પડે.

ભક્ત આ બધું છોડીને આવ્યો છે. તેને ભગવાન પૂછે છે: 'તને શું જોઇએ? બોલ તો ખરો, તું મારી પાસે શા માટે આવ્યો છે?' ત્યારે ભક્ત કહે છે: 'ભગવાન! આ સ્થિતિમાં પણ તું મારી પરીક્ષા કરે છે? શું હું કીર્તિ, વૈભવ કે રાજ્ય માટે તારી પાસે આવ્યો છું? કરોડો જન્મ લઇને, પ્રત્યેક જન્મમાં એક એક પરીક્ષા આપીને હું તારી પાસે આવ્યો છું. ન જોઇએ મને કીર્તિ, ન જોઇએ મને રાજ્ય, ન જોઇએ મને વૈભવ. કોઇ જ કારણસર હું તારી પાસે આવ્યો નથી; અને આટલે લાંબે તારી પાસે આવ્યા પછી તું મને પૂછે છે કે **'प्रियं किं करवाणि वः?'** અહીં, ભક્ત ભગવાનને જે સમજાવી રહ્યો છે તે ભગવાન સમજતા નથી એવું નથી, પરંતુ, તે ઉત્તર શું આપે?'

બીજો પ્રશ્ન ઊભો કર્યો છે: **व्रजस्यनामयं कच्चिद्**–શું વ્રજ ઉપર કંઇ સંકટ આવ્યું છે? આમાં વ્રજનો અર્થ છે વિશ્વ, સૃષ્ટિ. **व्रजति नाम गच्छति इति जगत्**. જે ટકતું નથી, તેને જગત કહે છે. તમે જો હસકલે (Huxley) વાંચશો તો આ સમજાશે હક્સલેનું મૂળ તત્ત્વ એ છે કે પ્રત્યેક ક્ષણે જગત બદલે છે. બુદ્ધ ભગવાનને શંકા નિર્માણ થઇ કે આ જગત શું સાચું હશે? મહાવીર પૂછે છે: 'તું સાચું બોલી શકે છે? **नास्ति** બોલીશ તો **अस्ति** તો છે અને **अस्ति**નો **ति** ઉચ્ચારીશ

તો તે સ્થિતિમાં તું હતો તે જ ચાલી ગયું.' જૈનદર્શન બહુ પ્રગત વિચાર છે. **सप्तभंगी** માં બધું સત્‌માં લીન થઇ ગયું છે.

ભગવાન પૂછે છે કે વ્રજ પર કંઇ સંકટ આવ્યું છે, તેથી તું આવ્યો છે? એટલે કે પરોપકાર બુદ્ધિથી તું મારી પાસે આવ્યો છે? તું શા માટે આવ્યો છ? મહાપુરુષો ભગવાન પાસે પોતાનું દુઃખ લઇને નથી જતા. પરંતુ, વિશ્વનું દુઃખ લઇને જાય છે.

રામદાસસ્વામી રાતે રડવા લાગ્યા, ત્યારે તેમની માએ તેમને પૂછયું: 'તું શા માટે રડે છે?' તો તે કહે છે: **आई चिंता करतो विश्वाचि...** મા! હું વિશ્વની ચિંતા કરું છું.'

તમે સ્વાર્થબુદ્ધિથી અથવા પરોપકાર બુદ્ધિથી ભગવાન પાસે જાઓ તો પ્રભુમિલન શક્ય નથી. ભગવાન પૂછે છે: **आगमनकारणं ब्रूत** – તારા આગમનનું કારણ શું છે?

ભક્ત જ્યારે સાધના કરતો કરતો ઉપર ચડે, ભગવાનની નજીક આવે ત્યારે ભગવાન તેને કહે: 'બેટા તું સારો છે.' ત્રૈલોક્યનાથ ભગવાનના મુખારવિંદથી જ્યારે આવા શબ્દો સાંભળવા મળે ત્યારે ભક્તને લાગવું જોઇએ કે ભગવાન પાસેથી જે મેળવવાનું હતું તે મેળવ્યું. હવે ભક્તિ બસ થઇ; પરંતુ, આવું થતું નથી. તે ભક્તની કસરત (ભક્તિ) ચાલુ જ રહે છે. તેને પૂછો: 'અરે ભાઇ! હવે તને જોઇતું હતું તે મળ્યું. તેં ભગવાનને મોઢેથી સાંભળ્યું કે તું સારો છે. હવે તારે શું જોઇએ?'

આપણને દુનિયા સારો કહે છે, પણ તે સ્વાર્થને લીધે કહે છે. ભગવાન આવા ભક્તને સારો કહે તે કંઇ સ્વાર્થથી કહેતા નથી. જ્યારે આ ભક્તને ભગવાન સારો કહે છે ત્યારે પણ તેની સાધના ચાલુ જ રહે છે. ત્યારપછી ભગવાન તેને કહે છે: 'તું મારો છે!' તો પણ એની ભક્તિ ચાલુ રહે છે. છેવટે ભગવાન તેને કહે છે, 'હું તારો છું'. આમ શ્રવણમાં ત્રણ વાતો સંભળાય છે. 'તું સારો છે, તું મારો છે અને હું તારો છું.' આ સ્થિતિ પર આવ્યા પછી ભગવાન પૂછે છે: '**आगमनकारणं किं**—તું શા માટે આવ્યો છે? શું તને મુક્તિની અપેક્ષા છે? કે પછી તું આસક્તિથી આવ્યો છે? અથવા તો તું એકતાની દૃષ્ટિથી આવ્યો છે? તને હું અને તું ની નિવૃત્તિ જોઇએ છે?'

ત્યારે ભક્ત કહે છે: 'ભગવાન! તમે તો જાણો છો કે હું શા માટે આવ્યો છું. છતાં પણ બોલવામાં અને સાંભળવામાં આનંદ આવે છે, તે માટે તમે મંને આવું પૂછો છો?'

દશમ સ્કંધના ઓગણત્રીસમા અધ્યાયમાં કૃષ્ણ ભગવાન તેને ડર દેખાડે છે. 'તું આવી ઘોર અંધારી રાતે અહીં ક્યાં આવ્યો? અહીં તો વાઘ છે, સિંહ છે. તે તને તકલીફ આપશે. તને તે વાતની ખબર છે કે નહિ? કે પછી તું ગાંડો થઇ ગયો છે?' ત્યારબાદ ભગવાન લૌકિક પ્રેમાસક્તિ ઊભી કરે છે. કર્મબંધન સમજાવે છે. તારું આવવું અકીર્તિકર છે એમ સમજાવે છે. ભગવાન તેને હટાવવાનો પ્રયત્ન કરે છે. **स्वागतं वो महाभागा**...ના શ્લોકમાં ભગવાનને, આવેલા ભક્તનો શુદ્ધ હેતુ જાણવો છે, ભક્તનો મિલન સિવાય બીજો કોઇ હેતુ તો નથી ને?

ભગવાન લૌકિક પ્રેમાસક્તિ ઊભી કરે છે. તેને તેનો પતિ યાદ કરાવે છે. તેનાં પુત્રોનું સ્મરણ કરાવે છે. ત્યરે ભક્ત કહે છે: 'ભગવાન! જુદા જુદા જન્મારામાં તેં મને સારું કુટુંબ આપીને મારી

પરીક્ષા લીધી છે. મને અત્યંત સારું કુટુંબ આપ્યા છતાં શું હું તેમાં મસ્ત રહ્યો હતો? સારી અને અનુકૂળ પત્ની આપી હતી પરંતુ, શું હું તેમાં મસ્ત રહ્યો? મને તેં સારામાં સારા છોકરાઓ પણ આપ્યા હતા. તે છતાં હું શું મસ્ત રહ્યો? મેં તો બધી પરીક્ષાઓ આપી દીધી છે.'

કેટલીક વખત માણસ અમુક વાત ભૂલી ગયો હોય છે. તેનું સ્મરણ કોઇ કરાવે તો બધું યાદ આવી જાય છે. તે એટલે સુધી કે તે વાત મગજમાંથી નીકળતી નથી. આને માટે વેદાંતમાં એક વાર્તા છે. એક સાધક સંન્યાસીની પાસે ગયો અને કહ્યું: 'મહારાજ! મારું ધ્યાન લાગતું નથી. તમે મારું ધ્યાન લગાડી દો.' સંન્યાસીએ કહ્યું: 'ઠીક છે, તું આવતીકાલે આવજે.' બીજે દિવસે તે સાધક સંન્યાસીની પાસે ગયો. રસ્તામાં તેણે એક મરેલા ઊંટને પડેલો જોયો. તેના વિષે વિચાર કરતો કરતો તે સંન્યાસીની પાસે આવ્યો.

સંન્યાસીને નમસ્કાર કરીને ઊભો રહ્યો. સંન્યાસીએ તેને બેસાડ્યો. સંન્યાસીએ પૂછયું: 'તારે ધ્યાન ધરવું છે ને? તો મગજમાંથી બધી વાતો કાઢી નાખ. બધું ભૂલી જા, તો તારું ધ્યાન લાગે.' સાધકે કહ્યું 'મહારાજ! મગજમાંથી બધું કાઢી નાખ્યું છે.' સંન્યાસીએ પૂછ્યું: 'તારા મગજમાંથી બધું નીકળી ગયું?' તો કહે: 'હા, બધું નીકળી ગયું.'

સંન્યાસીએ પૂછયું: રસ્તામાં મરેલું ઊંટ પડ્યું હતું તે પણ નીકળી ગયું? આટલું કહેતાંની સાથે જ સાધકના મગજમાં મરેલું ઊંટ એવું બેસી ગયું કે કોઇ ઉપાયે બહાર નીકળે જ નહિ.

Normal psychology, abnormal psychology, subnormal psychology—આ ત્રણનો અભ્યાસ કરીને ચાલતું નથી. Higher psychology and metapsychology નો અભ્યાસ પણ થવો જોઇએ ત્યારે ખબર પડે કે માણસનું માનસ ખરેખર કેટલું અદ્ભુત છે! જેમ જેમ ઊંટને માટે સંન્યાસીએ પૂછ્યું તેમ તેમ તેના મગજમાં ઊંટ ઘૂસવા લાગ્યું. સાધકે કહ્યું: 'મહારાજ! તમે હવે મને ઊંટ વિષે પૂછો નહિ. તમે જેમ જેમ પૂછો છો તેમ તેમ તે મારા મનમાં વધારે દ્દઢતાથી બેસી જાય છે.'

ભગવાન પણ આ સ્થિતિએ પહોંચેલા ભક્તને પતિપ્રેમ, પુત્રપ્રેમ, પત્નીપ્રેમનું સ્મરણ કરાવે છે. ત્યારે ભક્ત કહે છે: 'ભગવાન! કેટલા જન્મથી આ પરીક્ષાઓ આપીને હું અહીં સુધી આવ્યો છું. હું કંઇ સામાન્ય નથી. નહિ તો અહીં સુધી પહોંચત જ નહિ.' જે ભક્ત **अधरं मधुरम्** સુધી પહોંચ્યો છે તે સામાન્ય તો નથી જ.

ત્યારબાદ ભગવાન તેને ધર્મબંધન સમજાવે છે. શરીરધારણ કર્યા બાદ ધર્મબંધન તો સ્વીકારવું જ જોઇએ. ધર્મબંધન એક આવશ્યક વાત છે. ભગવાન તેને પૂછે છે: 'તારો ધર્મ શું છે? આ બધું છોડીને બેસવું, એ શું તારો ધર્મ છે કે તેને પકડીને સુધારવા એ તારો ધર્મ છે?' ભગવાન કર્મયોગીને સમજાવે છે. 'શું બધાને છોડીને એકલા બેસવું એ તારો ધર્મ છે? કે બધાને સાથે રાખીને તેમને સ્વચ્છ કરવા અથવા બદલવા, એ તારો ધર્મ છે? આમ કહીને તેને ધર્મબંધન સમજાવે છે.

તું મારી પાસે આવ્યો છે પરંતુ લોકો શું કહેશે ખબર છે? તેઓ કહેશે: 'તે કંઇ કમાઇ ન શક્યો એટલે ભગવાન પાસે ગયો.' તારી પાસે આટલી અલૌકિક શક્તિ છે કે તું ભગવાન મેળવી

શકે છે. લોકો રૂપિયા મેળવે છે, ને તું ભગવાન મેળવે છે. રૂપિયા કમાવાવાળામાં જો અક્કલ હોય તો ભગવાનને મેળવનારમાં કેટલી અક્કલ હશે? તારું આ કાર્ય અકીર્તિકર છે. આમ છતાં ભક્ત મક્કમ રહે છે. તે વખતે શૃંગારિક વર્ણન શરૂ થાય છે.

बाहुप्रसारपरिरम्भकरालकोरुनीवीस्तनालभननर्मनखाग्रपातैः।
क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुन्दरीणामुत्तम्भयन्
रतिपतिं रमयांचकार।। (भा. १०/२९/४६)

લોકો ભાગવતમાં જે શૃંગારિક વર્ણનનો આક્ષેપ કરે છે તે વર્ણન આ અધ્યાયમાં જ છે.

ભગવાન બાહુપ્રસાર કરે છે અને કહે છેઃ 'તું લાંબે ન રહે, પાસે આવ.' બાહુ બે છે. માણસની પાસે એક આસક્તિનો હાથ અને બીજો અનાસક્તિનો હાથ હોવો જોઇએ. જે ક્ષણે તમને અનાસક્તિ છે તે જ ક્ષણે તમને તેટલી જ આસક્તિ હોવી જોઇએ. આ જ ભક્તિનું રહસ્ય છે. નિર્વાણ અને બ્રહ્મનિર્વાણમાં આ જ ફરક છે. બુદ્ધના નિર્વાણમાં અનાસક્તિ જ છે. પોતાના દેહ, મન, બુદ્ધિ—બધાંની અનાસક્તિ છે. ભક્તના હૃદયમાં અનાસક્તિ નહિ, આસક્તિ અને અનાસક્તિ બન્ને છે. તેને આસક્તિ પ્રભુની હોય છે અને અનાસક્તિ સંસારની, કુટુંબની, વ્યવહારની અને જગતની હોય છે. તેનો જમણો હાથ પ્રભુની આસક્તિનો અને ડાબો હાથ સૃષ્ટિની અનાસક્તિનો છે. આ બોલવામાં સારું લાગે છે, સહેલું પણ લાગે છે, પરંતુ તે કેટલું અઘરું છે તે જેઓ તેવી રીતે રહેતા હશે તેમને જ ખબર.

જ્યારે તમે પ્રભુને માટે આસક્તિ રાખો છો ત્યારે પ્રભુ આખી સૃષ્ટિમાં છૂપા રહ્યા છે તેના લીધે સૃષ્ટિને માટે પણ આસક્તિ ઊભી થશે. કેમ ન થાય? ડાબો હાથ અને જમણો હાથ છે તેમાં પ્રભુની આસક્તિ રાખવાવાળા જમણેરી (Rightist) અને રોટી, કપડાં, મકાન જોવાવાળા ડાબા હાથના (Leftist) હોય છે. તેમની આંખોમાં અને મગજમાં બીજું કંઇ હોતું જ નથી. પરંતુ, પ્રભુની આસક્તિ અને સૃષ્ટિની અનાસક્તિ એક સાથે જ લાવવાની છે. આ વિષે શાંતિથી વિચાર કરશો તો જ તે વિષય સમજાશે. આ વિષય માત્ર કહેવાથી ન સમજાય. તમે વિચાર કરો કે આવું શક્ય છે? સૃષ્ટિ પ્રભુની જ નિર્મિત છે તેથી તેની આસક્તિ થશે જ. એનું કારણ સૃષ્ટિમાં પ્રભુ બેઠો છે. આને લીધે જ સૃષ્ટિને શોભા છે. આ જ આસક્તિનું કારણ છે. તેથી 'પ્રભુની આસક્તિ' આ જ એક શબ્દ રહેશે, બીજો શબ્દ રહેશે નહિ. એટલે કે એક જ હાથ રહેશે, બે હાથ રહેશે નહિ. બે હાથ ન હોય તો આલિંગન અશક્ય છે. બીજો ખોટો હાથ રાખવો પડશે, તો આલિંગન મળશે. તેના વગર **मधुराधिपतेरखिलं मधुरम्**—કેવી રીતે મળે?

ભક્ત કહે છેઃ 'ભગવાન! તમે ઘણી વાર મારા ઉદ્ધારને માટે મારો હાથ પકડ્યો છે. હવે મને તમારો હાથ ઉદ્ધાર માટે જોઇતો નથી, કારણ, મારો ઉદ્ધાર થઇ ગયો છે. **तुका झाला पांडुरंग**–'હવે મને શું જોઇએ? મને કંઇજ જોઇતું નથી. હવે હું ભગવાન બની ગયો છું, ખબર છે?' એમ તુકારામ મહારાજ કહે છે. 'મારા ઉદ્ધારને માટે તારો હાથ નથી જોઇતો. તેં મદદ કરવા માટે પણ ઘણી વખત હાથ આપ્યો છે. ભગવાન! આજે હું તમારો હાથ માગું છું તે રમવા માટે માગું છું—જેમાં મદદ નથી અને ઉદ્ધાર નથી.' રમત કોને કહે છે? જેમાં કોઇ જાતની અપેક્ષા

નથી, જે નિરપેક્ષ હોય છે, તેને રમત કહે છે. અપેક્ષા આવી કે રમત ખલાસ.

માણસના જીવનમાં રમત હોવી જોઇએ. એનું કારણ, રમતમાં અપયશ સ્વીકારવાની તૈયારી હોય છે. મનને અપયશ સ્વીકારવાનો અનુભવ આપવાનો છે. તેમાંથી જ માણસ આગળ વધે છે, શક્તિશાળી બને છે, મક્કમ બને છે. વેપારમાં અપયશ આવે તો માણસ ખલાસ થઇ જાય. બજાર એ અભ્યાસ કરવાની જગા નથી, પરંતુ, રમતમાં અપયશ આવે તો ચાલે. જેને રમતમાં અપયશ સ્વીકારવાનો અનુભવ છે તે જીવનમાં યશસ્વી થાય છે.

ભાગવતના આ અધ્યાયમાં ઊરુસ્પર્શ છે. જે ભાર ઉપાડે છે તેને ઊરુ કહે છે. 'ભગવાન! કૌટુંબિક ભાર તારે ઉપાડવો પડશે તો હું તારી પાસે આવી શકીશ.' પછી નીવી સ્પર્શ છે. **अविद्याग्रंथि** છૂટવી જોઇએ.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः।
क्षीयन्ते चास्य कर्माणि दृष्ट एवात्मनीश्वरे।। (ભા. ૧/૨/૨૧)

પછી સ્તનસ્પર્શ છે. સ્તનમાં આસક્તિ ભરેલી છે. 'જીવવામાં કંઇ આસક્તિ આવી છે અને તેનો મને ગર્વ છે. આજ સુધી મને ગર્વ હતો, પરંતુ, તે ભૌતિક ગર્વ હતો. તે ભૌતિક આસક્તિ હતી. હવે મને તારી આસક્તિ છે. હવે ભૌતિક આસક્તિ નથી.'

ભાગવતમાં ઊરુસ્પર્શ, નીવીસ્પર્શ, સ્તનસ્પર્શ—આ બધાનું બહુ જ સુંદર વર્ણન છે. આસક્તિથી હસે છે. મજાકથી હસવું જુદું, આસક્તિથી હસવું જુદું અને આત્મીયતાથી હસવું જુદું. હાસ્યમાં પણ ફરક છે. તે સમજવાને માટે કેટલી સુસૂક્ષ્મ બુદ્ધિ જોઇએ. સંસ્કૃત ભાષા શ્રીમંત છે, તેમાં જુદા જુદા પ્રકારના હાસ્ય માટે જુદા જુદા શબ્દો છે.

ભાગવતકારની ભાષા અતિશય સુંદર છે. લોકો તેનું ભાષાંતર કરવાનું કહે ત્યારે મને બહુ વ્યથા થાય છે. તેનું ભાષાંતર ન થાય. **चारुलोचनम्**—શબ્દનો શો અર્થ કરશો? સુંદર આંખો? તેનો અર્થ સમજવા માટે તમારે **चारु** શબ્દ સમજવો જોઇએ. ચારુનો અર્થ ચારુ જ થાય બીજો કંઇ નહિ. ઉદાહરણ તરીકે મહારાષ્ટ્રીયન ભાષામાં **मनाला हुर हुर लागली** એવું લખે છે. કોઇપણ ભાષાંતર આ **हुर हुर** શબ્દનું ભાષાંતર નહિ કરી શકે. તે શબ્દનો અર્થ તે જ ભાષામાં જઇને જાણવો જોઇએ.

ત્યારબાદ ભક્તિરસ ઉદ્દીપિત થાય છે અને મિલનની ઉતાવળ થાય છે. મિલનની ઉતાવળ થયા બાદ ભગવાન અંતર્ધાન પામ્યા. ભગવાન ક્યાં ગયા, કેવી રીતે ગયા, તે ખબર ન પડી. આમ ભક્ત એકલો રહી જાય છે. ત્યારપછી ગોપીઓએ ભગવાનની સ્તુતિ ગાઇ છે. તેને ગોપીગીત કહે છે. તે અત્યંત સુંદર છે. આટલી તૈયારી થયા બાદ, મિલનની ઉતાવળ થઇ, ત્યારે જે ભક્તિ ઊભી થઇ છે, તેમાં બીજો કોઇ રસ મિશ્રિત નથી. તે સ્વચ્છ, શુદ્ધ ભક્તિ છે.

ભગવાન ક્યાં ચાલી ગયા, ખબર નથી. ભગવાન તો નટખટ છે. તેમના ચાલ્યા જવાથી તે સમયે જેમ ગોપીઓનો વિરોધ હતો તેમ આપણો પણ વિરોધ છે કે ભગવાન! તમે વચ્ચે જ ક્યાં ચાલ્યા ગયા?

શરૂઆતમાં ભગવાન **ब्रूतागमनकारणम्**—પૂછીને પરીક્ષા લે છે. શરૂઆતમાં તો ડર પણ દેખાડ્યો છે. પ્રલોભનનો ડર પણ દેખાડે છે. ભગવાન પતિપ્રેમ, પત્નીપ્રેમ, પુત્રપ્રેમની યાદ આપે છે. ભક્ત જ્યારે આ સ્થિતિ પર પહોંચે ત્યારે ભગવાન પરીક્ષા તો લે જ છે. તેમાં પ્રલોભન ઊભાં થાય છે. સૃષ્ટિનો સ્વીકાર કરે તો આસક્ત થાય છે અને ધિક્કાર કરે તો અભક્ત બની જાય છે; તેથી જ ન સ્વીકાર, ન ધિક્કાર એવી એક સ્થિતિ પ્રત્યેક ભક્તના જીવનમાં આવે જ છે. જે ભક્તોને ભક્તિની ટોચ પર પહોંચવું છે તેમને આ બધી પરીક્ષાઓમાંથી પસાર થવું જ પડે છે.

તે વખતે ભક્તને જે જે કંઇ કહેવાનું છે તે ગોપીઓના રૂપે સમજાવ્યું છે. ગોપીઓ ભગવાનને કહે છે: ‘સર્વસ્વ આપવાવાળા તમે મનોરથો પૂર્ણ કરો જ છો એવું અમે સાંભળ્યું છે. તો પછી તમે અમારા મનોરથો શા માટે પૂર્ણ કરતા નથી? અમારા અર્પણમાં કંઇ ક્ષતિ છે? અમે પણ સર્વસ્વ આપ્યું છે. મનથી બધા વ્યવહાર થાય છે. તમે વ્યવહારની ભાષા બોલો છો; પરંતુ અમે મન તો તમને આપી દીધું છે. અમે વ્યવહારમાં રહી શકતા નથી અને વ્યવહારાતીત—તમે અમને મળતા નથી, એવી અમારી સ્થિતિ છે. અમે સર્વસ્વ છોડી દીધું છે. અમે અહીંના (જગતના) રહ્યા નહિ અને તમારી પાસે અમારો સ્વીકાર નથી એવી સ્થિતિ છે. શું કરીએ અમે?’ ભક્તોના જીવનમાં ટોચ પર પહોંચ્યા પછી આવી સ્થિતિ આવે છે. આ સ્થિતિ અસ્વસ્થતાની સ્થિતિ છે. આ સ્થિતિને વદપક્ષની સ્થિતિ કહી શકીશું.

ત્યારબાદ, પ્રભુએ કૃપા કરીને, બાહુપ્રસાર, ઊરુસ્પર્શ, નીવીસ્પર્શ, સ્તનસ્પર્શ કર્યું તેનું શૃંગારિક વર્ણન છે; કેમ કે શરીર મારું છે અને મારા માટે છે, એ જ્યાંસુધી સિદ્ધ નથી થતું ત્યાંસુધી મિલન પરિપૂર્ણ નથી. આ એક માનસશાસ્ત્રીય વિવેચન છે. આ શૃંગારિક વર્ણન છે; તે માટે વામન પંડિતે લખ્યું છે:

जो नेणे विषयाविणे रुचितया आम्हा तुम्हा कारणें
यांनी कोण गोपवधु विलास रसा विख्यात नारायणी ।
याही उपरी काव्यनाटकविषये शृंगार जो पाहणे
श्रीगोविंदकथामृती न रमणे धीक् धीक् त्या जने ॥

ટૂંકમાં એમને કહેવાનું છે કે નાટક વગેરે જોવા જાઓ છો તેમાં શૃંગાર આવે તો તમે જુઓ છો, સાંભળો છો. તે નાટક તમને ચાલે છે, પરંતુ શ્રીગોવિંદનું જે કથામૃત છે તેમાં જો શૃંગાર આવે તો તે શૃંગારિક વર્ણન છે એમ કહીને તેને છોડી દેતા હશો તો ધિક્કાર છે!

બર્ટ્રાન્ડ રસેલ જેવા તો કહે છે કે લોકો નવલકથા શા માટે વાંચે છે? અતૃપ્ત કામના તૃપ્ત કરવા માટે. જે વિષય હું સ્વીકારી શકતો નથી, તે વિષય નવલકથાનો નાયક સ્વીકારે છે તેથી વાંચવું ગમે છે. નવલકથાનો નાયક સ્વીકારે છે તેથી વાંચવું ગમે છે. નવલકથાનું મહત્ત્વ એટલા માટે જ છે. વામનપંડિતનું કહેવું છે કે જો શૃંગાર જ વાંચવો હોય તો ગોવિંદનો વાંચો. છગનભાઇનો શૃંગાર તમે નવલકથામાં રસથી વાંચો છો, તો ભાગવતમાં વર્ણવેલો શૃંગાર વાંચવા શો વાંધો છે?

રાસની શરૂઆત થાય છે અને તેમાં શ્રીકૃષ્ણ પ્રભુ રમે છે. તેના કારણે ગોપીઓના મનમાં

અહંકાર વધી જાય છે. જેણે વિશ્વ ચલાવ્યું, નિર્માણ કર્યું, તે મહાન શક્તિ મારી સાથે રાસ રમે તો અહંકાર વધવાનો જ. રાસ શરૂ થતાં ગોપીઓનો અહંકાર વધ્યો અને અહંકાર વધ્યા પછી ભગવાન અંતર્ધાન થયા.

ચિત્તૈકાગ્ર્ય આટલું વધ્યા બાદ અહંકાર વધતો નથી, અંતર્ધાનતા આવી છે. ગોપીઓ પાસેથી ભગવાન અંતર્ધાન પામ્યા છે તેથી અહંકાર શબ્દ ઉચ્ચાર્યો છે. આ પણ ભગવાનની એક રમત છે. ચિત્તૈકાગ્ર્ય એકાદ કલાક સુધી વધ્યા પછી મૂર્તિ જ ચાલી જશે. તે માનસિક વિશ્વ (Psychological world) છે. ચિત્તેકાગ્ર્ય વધ્યા પછી જો અહંકાર આવે તો ભગવાન અંતર્ધાન નહિ થાય, તમે જ ભાનમાં આવી જશો. અશરીરી પ્રેમની સ્થિતિ ચાલી જશે. આવી સ્થિતિ ગોપીઓની થઈ છે. તેનું ભાગવતકાર બહુ સુંદર વર્ણન કરે છે.

ત્યારપછી મનોહારી અને કાવ્યમય વર્ણન છે. ગોપીઓ પાગલ થઈને જુદા જુદા લોકોને પૂછે છે, કે 'તમે ભગવાનને જોયા? ક્યાં છે ભગવાન?' એક વખત અનુપમ આનંદ મળ્યા પછી તે ચાલી જાય ત્યારે તે પાગલ જ થાય. ચિત્તએકાગ્રતા વધ્યા પછી જ્યારે મૂર્તિ સ્વયં ચાલી જાય ત્યારે પૂર્ણતાની અનુભૂતિ મળે છે. તે કંઈ રોજ મળતી નથી. તે અઠવાડિયે, પંદર દિવસે કે મહિને પણ એકવાર મળવી જોઈએ. તે જો ન મળે તો ભક્ત અસ્વસ્થ થઈ જાય છે. આવી બન્ને અસ્વસ્થતા શારીરિક અને માનસિક સાથે આવે છે. ગોપી પ્રત્યેક ઝાડને પૂછે છે કે મારા કૃષ્ણ ક્યાં ગયા? આવું થાય જ છે.

રામાયણમાં પ્રભુ રામચંદ્રનું તેવું વર્ણન છે. પ્રભુ રામચંદ્ર માનવી રૂપ લઈને આવ્યા હતા. સીતાહરણ થયા બાદ સીતાને શોધવા જંગલમાં ઠેકઠેકાણે ફરે છે. તે વખતે તેઓ ઝાડને પૂછે છે: 'તમે મારી સીતાને જોઈ?'

આ વખતે તેમના મુખારવિંદમાંથી જે વાક્યો નીકળે છે તેમાં એક શબ્દમાં વ્યાકરણની ભૂલ છે. તેના માટે વૈયાકરણીઓ શંકા પ્રદર્શિત કરે છે. કેટલાક લોકો તે બાબતમાં એવું કહે છે કે આ કવિની ભૂલ છે. ત્યારે બીજા કેટલાક લોકો એવું કહે છે કે તે પ્રસંગે રામચંદ્રની કેવી અવસ્થા થઈ હતી તે બતાવે છે. જ્યારે માણસ ભાન ભૂલી જાય છે ત્યારે જે શબ્દો મોઢામાંથી નીકળે તે માટે વ્યાકરણનો વિચાર કરતો નથી. તેના કારણે ભાષાની ભૂલ થઈ જાય છે. જ્યારે રામ ભાવાવેશમાં આવી ગયા ત્યારે ભાષા તરફ તેમનું ધ્યાન ન રહેવું, સ્વાભાવિક છે.

આવી રીતે કૃષ્ણ પ્રભુ અંતર્ધાન થયા ત્યારે ભાવાવેશમાં ગોપીઓ લીલાછમ ઝાડવાંઓને પૂછે છે 'તમે કૃષ્ણપ્રભુને જોયા?' હવે તેમને ઝાડ ક્યાંથી જવાબ આપવાના? ઝાડ જવાબ ન જ આપે.

અહીં લીલાંછમ ઝાડવાં એટલે જે લીલાંછમ લોકો છે, એટલે કે જે પરોપકારી લોકો છે તેમને ગોપીઓ પૂછે છે. પરોપકારી લોકોમાં પણ બે પ્રકાર હોય છે. જેઓ પુણ્યાર્થે પરોપકાર કરે છે તે પહેલો પ્રકાર છે, અને બીજાનું દુઃખ જોયું જતું નથી તેથી તેઓ તેને મદદ કરે છે, આ બીજો પ્રકાર છે. ત્રીજો એક પ્રકાર છે જે લોકો ભક્તિપૂર્ણ અંતઃકરણથી પરોપકાર કરે છે. આવા

પરોપકારી લોકોનાં જીવન લીલાંછમ હોય એટલે સુખી હોય, તેવા લોકોને પૂછે છે, 'કૃષ્ણ ભગવાન ક્યાં ચાલ્યા ગયા તેની તમને ખબર છે? વચ્ચે જ કૃષ્ણ કેમ ચાલ્યા ગયા?' તો તેઓ કહે છે, 'અમને ખબર નથી.'

આ જ વાત છે. ભક્તિપૂર્ણ અંતઃકરણના ઋષિઓને બધું ખબર છે. શું ઋષિઓને ખબર નથી? પરંતુ, તેમને કહેવું નથી. આ એક રમત છે. તેમને કહેવું નથી એ વાત ખરી છે.

ત્યારપછી ભાગવતકાર કહે છે કે ગોપીઓ સફલ વૃક્ષોને, ફળવાળાં વૃક્ષોને પૂછે છે. એનું કારણ જે વૃક્ષોને કેરી કે બીજા ફળો આવ્યાં છે તેઓ નમ્ર બને છે. ગોપીઓને લાગે છે કે ફળવાળાં વૃક્ષો અમને જરૂર કહેશે; પરંતુ સફલ વૃક્ષો પણ જવાબ આપતાં નથી. જેમનું જીવન સફળ થયું છે એવા જ્ઞાનીઓનું તે રૂપ છે. જ્ઞાનીઓ પણ જવાબ આપતા નથી.

ભાગવતમાં લખ્યું છે કે ગોપીઓને એવું લાગે છે કે વૃક્ષ નરજાતિના છે તેથી તેમનાં અંતઃકરણમાં દયા-માયા નથી. તેના બદલે કોમળ સ્ત્રીને પૂછવું જોઇએ. ગોપી તુલસીની પાસે જાય છે અને પૂછે, છે, 'કૃષ્ણપ્રભુ ક્યાં ચાલ્યા ગયા? ભગવાન વચ્ચેથી જ કેમ અંતર્ધાન થયા?' તુલસી પણ જવાબ આપતી નથી.

ગોપી તુલસીને કહે છે, 'પ્રભુની સાથે લગ્ન થયાં છે તેથી તું ફુલાઇ ગઇ છે. બીજું શું? તેથી જ બોલતી નથી.' ત્યારબાદ ગોપી મોગરા, ચમેલી ઇત્યાદિ ફૂલનાં ઝાડો પાસે જાય છે અને તેમને પૂછે છે. આમાં ગોપીનું ગાંડપણ દેખાડ્યું છે. આ ગાંડપણમાં પણ એક દૃષ્ટિ છે. જેનું જીવન સુગંધી છે, સુંદર છે, એટલે કે ભક્તિથી જેનું જીવન સુંદર બન્યું છે એવા કેટલાક લોકો હોય છે. આવી રીતે જુદા જુદા જીવનના લોકો હોય છે. બધાંનુ જીવન કંઇ સરખું હોતું નથી. આ બધા મહાપુરુષો, આપણે ખાઇએ છીએ તે જ દાળ-ભાત ખાય છે; પરંતુ બધાંનું જીવન સરખું હોતું નથી. કેટલાંક જીવનો લીલાંછમ હોય છે, કેટલાક લોકોના જીવન સફળ લાગે છે, કેટલાકના જીવનો ભક્તિથી સુંદર બનેલાં હોય છે, સુગંધી અને કોમળ હોય છે. તેમની પાસે ગોપીઓ પૂછવા જાય છે; પરંતુ, આ બધા લોકો કહે છે કે અમને ખબર નથી. કોઇ જવાબ આપતું નથી.

આવી રીતે બધાને પૂછી પૂછીને છેવટે ગોપીઓ થાકી ગઇ છે. ત્યારબાદ તેમણે એક ગીત ગાયું છે, જે 'ગોપીગીત' છે. ગોપીગીત કામદા વૃત્તમાં છે. તેના લગભગ પંદરેક શ્લોક છે. આ શ્લોકો બહુ જ સુંદર છે.

जयति तेडधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयति दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते॥(भा. १०/३१/१)

('હે પ્રિય તમારા જન્મથી વ્રજનો વધારે ઉત્કર્ષ થયો છે અને તેને લીધે જ લક્ષ્મી નિરંતર વ્રજને શોભા આપે છે. આ પ્રમાણે સઘળું વ્રજ આનંદ પામ્યા કરે છે, તેમાં તમારી ગોપીઓએ તમારા માટે જ પ્રાણ ધારણ કરી રાખ્યા છે. તેઓ તમને ચારેકોર શોધવામાં દુઃખી થાય છે, માટે દર્શન આપો.')

ગૂઢ વિદ્યા અને વેદાન્ત (Mysticism and Vedant) બન્ને સાથે સાથે ચાલે છે. ચિત્તએકાગ્રતા વધવી જોઇએ, કેમકે રાસલીલામાં ભગવાનનો જે પ્રેમ છે તે અશરીરી પ્રેમ (Occult-Love) છે. પ્રેમનું પણ એક શાસ્ત્ર છે. વિવિધ પ્રેમના જુદા જુદા સ્વાદ હોય છે. પ્રેમના ઘણા પ્રકાર છે. કૌટુંબિક પ્રેમ (Family Love), સામાજિક પ્રેમ (Social Love), રાષ્ટ્રીય પ્રેમ (National Love), ધાર્મિક પ્રેમ (Religious Love), આધ્યાત્મિક પ્રેમ (Spiritual Love), વગેરે.ત્યારબાદ એક તાત્ત્વિક પ્રેમ (Philosophical Love) હોય છે. ધાર્મિક પ્રેમ, આધ્યાત્મિક પ્રેમ અને તાત્ત્વિક પ્રેમના રૂપો જુદાં છે.

મનનું શુધ્ધિકરણ થઇ ગયા પછી, 'જ્ઞ' મન (Experienced state of Mind) અને 'અજ્ઞ' મન (Inexperienced State of Mind) આ બન્ને એટલે કે સંપૂર્ણ મન શુધ્ધ થયા પછી જેની ચિત્ત એકાગ્રતા એક કલાક કે બે કલાક સુધી ટકે છે તેના જીવનમાં, એક વિશિષ્ટ જીવનદૃષ્ટિ આવ્યા બાદ, ભક્તનું એક વિશિષ્ટ પ્રકારનું જીવન થયા બાદ, જે એક રમત શરૂ થાય છે તે રાસ છે.

આ રાસમાં બે ગીત પ્રમુખ છે. એક વેણુગીત અને બીજું ગોપીગીત. **अनंगवर्धनं गीतं श्रुत्वा**—અનંગવર્ધન ગીત સાંભળીને જે ભક્ત આવ્યા છે તેના જીવનમાં ભગવાન **વેણુગીત** ગાય છે. તે ખ્રિસ્ત ધર્મના સોલોમન ગીત (Solomon's Song) જેવું છે. **અનંગ** એટલે અંગરહિત પ્રેમ. ભગવાન અંતર્ધાન થઇ ગયા બાદ, **अहंकाररहितं गीतं श्रुत्वा**—અહંકારરહિત ગીત સાંભળીને ભગવાન પ્રગટ થયા છે. ટ્રેનના એન્જીન અને ગાર્ડ જેવાં આ બે ગીત છે. રાસલીલા વેણુગીતથી શરૂ થાય છે અને ગોપીગીતની લીલીઝંડી ફરક્યા બાદ રાસલીલા જામે છે. ગોપીગીત સાંભળ્યા બાદ, ગોપીઓનો અહંકાર ચાલ્યો ગયો છે એ જોયા બાદ, ભગવાન સ્વયં પ્રગટ થયા છે. અનંગવર્ધન ગીત-વેણુગીત-સાંભળીને ભક્ત આવ્યો છે અને અહંકારરહિત ગીત-ગોપીગીત સાંભળીને ભગવાન આવ્યા છે. ગોપીગીત સાંભાળ્યા પછી ભગવાન વ્યક્ત થયા છે. ગોપીગીત-બહુ જ સુંદર છે. તેમાં ઘરગથ્થુ દૃષ્ટાંતો છે. તેમાં આજ દિવસ સુધી ભગવાને જે કંઇ કર્યું છે તેનું ચિત્ર ઊભું કર્યું છે. આ બધામાં ખાસ પાંચ-છ મુદા નીકળે છે.

શરૂઆતના શ્લોકમાં પ્રભુની સ્વતઃસિદ્ધતા બતાવી છે. 'ભગવાન! તું સ્વતઃસિદ્ધ છે. અદશ્ય રહેલો તું, પોતે જ પ્રગટ થાય ત્યારે મળી શકે છે, નહિ તો નહિ મળે શકે. તું સાધનાથી મળે છે એમ કહેવું નિરર્થક છે. તું સ્વતઃસિદ્ધ છે તેથી અમે તને કંઇ કરી શકતા નથી.' અહીં દર્શનશાસ્ત્રમાં કહી છે તેવી ભગવાનની સ્વતઃસિદ્ધતા દેખાડે છે. મહાપ્રભુ વલ્લભાચાર્યજીએ કહ્યું કે ભગવાન કૃપાસાધ્ય છે, તો લોકો એમ સમજવા લાગ્યા કે સાધના કરવાની જરૂર નથી. ભગવાનની કૃપા થશે ત્યારે તે પોતે જ સામે આવીને ઊભા રહેશે; અને આવા લોકો તે દિવસની રાહ જોઇને બેઠા છે, કશું કરતા નથી. આટલું ગાંડપણ તમને બીજે ક્યાંયે જોવા નહિ મળે. ભગવાન કૃપાસાધ્ય છે એમ મહાપ્રભુજી કહે છે તે ક્યાં સુધી ગયા પછી કૃપા થશે, કેવી કૃપા થશે તે સમજી લેવું જોઇએ.

ભગવાન સાધનાથી નથી મળતા. તો શું સાધના નહિ કરવાની? સાધના મારામાં મજબૂતી,

મક્કમતા સિદ્ધ કરે છે, તેથી સાધનાની અત્યંત આવશ્યકતા છે. જો જીવનમાં મજબૂતી નહિ હોય તો તમે ભગવાન સુધી પહોંચી જ નહિ શકો. વિહ્‌વલતાની પરીક્ષા આપવા માટે અને મજબૂતાઇ સિદ્ધ કરવા માટે પ્રત્યેકને સાધના કરવી જ પડશે. આનો અર્થ એવો નથી કે સાધનાથી ભગવાન મળે છે. આનો અર્થ એવો નથી કે વલ્લભાચાર્ય જેવા મહાન ભક્તોએ 'કૃપાસાધ્ય ભગવાન' કહ્યું છે તેનો વિરોધી આ વિચાર છે; પરંતુ વલ્લભચાર્યે જે કહ્યું છે કે ભગવાન સ્વત:સિદ્ધ છે, તેનો અર્થ છે, તે સ્વયં પ્રગટ થશે ત્યારે જ તે તમને મળશે. નહિ તો નહિ મળે.

આપણી ઇશાભિલાષા દઢતમ હોવી જોઇએ. તે ઇશાભિલાષા દઢતમ છે કે નહિ તે ભગવાન જોશે. તેના માટે ભગવાન આપણને સુસ્થિતિમાં નાખશે, દુ:ખમાં નાખશે, કીર્તિ આપશે, સત્તા આપશે, વૈભવ આપશે અને જોશે કે આપણી ઇશાભિલાષા તૂટે છે કે નહિ? તે વખતે જો હું કહી શકું કે:

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः॥ (गीता-२/२३)

(આત્માને શસ્ત્રો છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.)

આવું જે આત્માનું વર્ણન છે તે જ મારી ઇશાભિલાષાને લાગુ પડવું જોઇએ. પ્રભુ! મારી ઇશાભિલાષાને શસ્ત્રો છેદી શકતાં નથી, તેને અગ્નિ બાળી શકતો નથી, વરસાદ ભીંજવી શકતો નથી; આંધી, તોફાન કે વંટોળિયા પવનની સામે મારી ઇશાભિલાષા નમતી નથી, મારી ઇશાભિલાષા લોહીથી નહાય છે, પણ આંખમાં પાણી નથી. તે શસ્ત્રાઘાતથી વિદ્ધ થતી નથી. આઘાતોથી ઘાયલ ન થવાવાળી, પરાભવથી પરાભૂત ન થવાવાળી, જીવનથી પ્રજ્વલિત થવાવાળી અને મૃત્યુથી અમર થવાવાળી મારી ઇશાભિલાષા છે. સંગ્રામમાં સામર્થ્ય અને ત્યાગમાં તેજોમયતા ઊભી કરવાવાળી, સુવર્ણના સિંહાસનને ચૂર્ણ કરવાવાળી, સમ્રાટોના મુગટને માટી સમાન સમજવાવાળી, ગુલામોને માનવ બનાવવાવાળી, દાસોને સ્વામી બનાવવાવાળી, સંહાર કરવાવાળી અને સેવા કરવાવાળી મારી ઇશાભિલાષા છે.

આવી અમર ઇશાભિલાષા ઊભી કરવી એટલું જ આપણા હાથમાં છે. પ્રભુને વ્યક્ત કરવા એ આપણા હાથની વાત નથી. પ્રભુ તો સ્વયં પ્રગટ થશે. પ્રભુ સ્વત:સિદ્ધ છે. ભગવાન કૃપાસાધ્ય જ છે; પરંતુ મનની મજબૂતાઇ સાધનાથી પ્રાપ્ત કરવાની છે. સાથે સાથે વિહ્‌વલતાની પરીક્ષા આપવાની છે. તમારી વિહ્‌વલતા કેટલી તીવ્ર છે તે પ્રભુ જુએ છે.

ગમે તેવી વિપત્તિ જીવનમાં આવે; પરંતુ મારી આંખમાં પાણી નહિ આવે. આંખોમાં પાણી કેવળ ભાવથી આવશે, દુ:ખથી નહિ. ભાવાશ્રુ એ જુદી જ વાત છે. મારી આંખમાં વ્યથાથી આંસુ નહિ આવે. એટલું જ નહિ, 'પ્રભુ! તું મને કેમ મળતો નથી?' એમ કહીને પણ સાધકની આંખમાં આંસુ નહિ આવે. ભગવાન મને મળતા નથી? અરે, ભગવાન તો મારી સાથે જ છે. તેના વગર હું ચાલી પણ ન શકું. આ હું સમજી શકતો નથી તે મારી નબળાઇ છે. તેની મને વ્યથા છે, તેથી જ સાધક કહે છે કે મારી ઇશાભિલાષા લોહીથી નહાય છે, પરંતુ આંખોમાં આંસુ નથી,

તે શસ્ત્રાઘાતથી વિદ્ધ થતી નથી. શસ્ત્રાઘાતની અંતઃકરણમાં ભીતિ નથી. જીવનમાં ઘણા આઘાતો આવશે પણ મારી ઈશાભિલાષા ઘાયલ નહિ થાય.

આજે આપણા જીવનમાં થોડો આઘાત આવે કે આપણી ઈશાભિલાષા નબળી પડી જાય છે. એકાદ નદીમાં પૂર આવે અને કેટલાક લોકો તેમાં મરી જાય તો તરત મનમાં આવે કે જો ઈશ્વર છે તો પછી આવું કેમ થયું? તે કેમ થયું તેની અમને ખબર નથી. સૃષ્ટિ ચલાવવાવાળાને ખબર છે કે તે શા માટે થયું. કોઈને શાસન શિક્ષા આપે તે શા માટે આપી તેની આપણને ખબર પડતી નથી, તેનો રિપોર્ટ આપણી પાસે હોતો નથી, પરંતુ પોલીસખાતામાં તેનો સંપૂર્ણ રિપોર્ટ હોય છે. આવી રીતે નદીમાં પૂર આવ્યું, અમુક લોકો મરી ગયા, આ બધાની પાછળ કારણમીમાંસા કે બીજું જે કંઈ હોય તે, ભગવાનના પોલીસખાતામાં બધી વિગતો હશે જ.

કોઈપણ પ્રસંગમાં ઈશાભિલાષા તૂટે છે કે નહિ તેની પરીક્ષા ભગવાન લે છે. આપણા જીવનમાં દૃઢતમ ઈશાભિલાષા જોવા મળી કે ભગવાન પોતે જ પ્રગટ થઈ જાય છે. તે કૃપાસાધ્ય છે; પરંતુ આપણી ઈશાભિલાષાની પરીક્ષા લે છે.

આપણા જીવનમાં ત્યાગ હોય છે, પણ તે અગતિકતાથી હોય છે. ભક્તે તેજોમયતાથી ત્યાગ કરેલો હોય છે, અગતિકતાથી નહિ. જ્યારે સંગ્રામ આવે ત્યારે સામર્થ્ય ઊભું થઈ જાય એવી ઈશાભિલાષા હોવી જોઈએ. સાધકને જીવનમાં બેસવા માટે સોનાનું સિંહાસન મળી જાય, પરંતુ ઈશાભિલાષાના ભોગે તેનો તે સ્વીકાર કરતો નથી. તેની ઈશાભિલાષા સોનાના સિંહાસનને ચૂર્ણ કરવાવાળી અને સમ્રાટના મુગટને માટી સમાન સમજવાવાળી હોય છે. અરે! તેની દૃષ્ટિથી સમ્રાટ એટલે કોણ? એક ખુરશી (સત્તાની) પાછળ પડેલો માણસ શું સાધક થઈ શકે? ભગવાનનું કામ કરવા લાગો કે બેચાર લોકો કામ કરવા તૈયાર થાય; પરંતુ તે જો એમ કહે કે મને કમિટીમાં શા માટે ન લીધો? તો શું આવો માણસ સાધના કરી શકે? કમિટીમાં લીધો નહિ તેથી તે કામ કરતો નથી. આવો માણસ સામાજિક કાર્યકર હશે, પણ તે પ્રભુભક્ત નથી. સાધકની ઈશાભિલાષા સમ્રાટના મુગટને માટી સમાન સમજવાવાળી હોવી જોઈએ. ગુલામોને માનવ કરવાવાળી અને દાસોને સ્વામી બનાવનારી, સંહાર કરવાવાળી અને સેવા કરવાવાળી ઈશાભિલાષા હોવી જોઈએ. આવી દૃઢતમ ઈશાભિલાષા સાધકની છે કે નહિ તેની પરીક્ષા ભગવાન લે છે.

સાધક સાધનાની ટોચ પર પહોંચે ત્યારે ભગવાન અંતર્ધાન થઈ જાય તો. તે વખતે સાધક અસ્વસ્થ થઈ જાય અને ચીડિયો થઈને ભગવાનને શું કહે છે? આની પરીક્ષા પણ થાય છે.

બીજી એક મહત્ત્વની વાત ગોપીગીતમાં કહી છે—'પ્રભુ! તું જ રક્ષક છે. તારી કૃપાથી જ દિવ્યશક્તિ મળી તેથી હું આ સ્થિતિ પર પહોંચી શક્યો છું. તે સંભાળવાની શક્તિ મારી પાસે નથી. હું પ્રલોભનની સામે લડી નથી શકતો. ભાવની રક્ષા તું જ કરી શકે છે. ભગવાન! તું અંતર્ધાન થયા પછી મન અસ્વસ્થ થાય તો પણ ભાવ ટકવો જોઈએ, વધવો જોઈએ. આ અમારા હાથની વાત નથી. જે કંઈ ભાવ છે તેની નિર્મિતિ તારી કૃપાથી થઈ છે, તેને હું સંભાળી શકતો નથી, ભાવનું રક્ષણ કરવાવાળો તું જ છે!' 'પ્રભુ! મારી ચિત્તએકાગ્રતા વધી તે શું મારી શક્તિથી વધી? તારી કૃપા છે તેથી તે વધી છે, તે હું ભૂલતો નથી. જે ક્ષણે હું આ વાત ભૂલી જઈશ તેજ ક્ષણે

તું અંતર્ધાન થઇ જઇશ.'

ગોપીગીતની ત્રીજી મહત્ત્વની વાત એ છે કે, 'ભગવાન! તું અમારી સાથે રમે છે, અમારું કામ પણ કરે છે, અમારી સેવા પણ કરે છે, પરંતુ, તું અમારો નથી. તું વ્યાપક છે. જ્યારે સમીપ આવે છે ત્યારે તું મારો લાગે છે, સામીપ્યથી મારાપણું આવે છે, પરંતુ તું મારો નથી. તું વ્યાપક છે. તું બધાનો છે. અમે તારી પાસેથી માનવીય આકારમાં આલિંગન માગીએ છીએ તે અમારું ગાંડપણ છે. તું માછલીનો આકાર પણ લઇ શકે છે. માનવનો જ શા માટે? આલિંગન જ જોઇએ તો કોઇપણ આકારમાં તું આપી શકે છે. માનવીય આકારમાં જ અમને આલિંગન જોઇએ તેવી અમારી માગણી અયોગ્ય છે.'

ચોથી વાત, 'પ્રભુ! અમે આસક્ત છીએ અને તું અનાસક્ત છે. અમે કામના છોડી દીધી છે તેમાં શંકા નથી, પરંતુ અમને તારી કામના છે, તારા બનવાની અમારી કામના છૂટતી નથી. આમ કામના સાથેનો અમારો સંબંધ છૂટતો નથી. આનો અર્થ એ કે અમે કામનાશૂન્ય રહી શકતા નથી. આધાર વગર જીવ કેવી રીતે રહી શકે?'

લોકો કહે છે કે કામના છોડી દો, પરંતુ કામના વગર જીવ રહી શકતો નથી. કામના જ માનવીના જીવનનો આધાર છે. આંખ ખુલી કે કામના આવી જ સમજો. 'નિષ્કામ કર્મયોગી' આ શબ્દને કેટલો અર્થ છે? તેને ભૌતિક કામના નથી એટલો જ અર્થ છે. **'अेकबार कहो तुलसीदास मेरा'** આ પણ કામના જ થઇ. **'ह्याचसाठी केला होता अट्टाहास शेवटचा दिस गोड व्हावा**—અંતિમ દિવસ મધુર થાય તે માટે જ દોડધામ કરી.' આ પણ કામના જ છે. જ્યારે દ્વૈત હોય ત્યારે આંખ ખુલી કે કામનાશૂન્યતા રહી શકે? ન રહી શકે. કામના રહેશે જ.

જેમના પગ આગળ મુક્તિ હતી એવા રામાનુજાચાર્ય પણ કહે છે; 'અમારે સાકર બનવું નથી, અમારે સાકર ખાવી છે. અમારે પ્રભુ બનવું નથી, પ્રભુના બનીને રહેવું છે.' અદ્વૈતનો વૈશ્વિક સિદ્ધાંત કહેનારા શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય કહે છે, 'તમે ભગવાન પાસે પહોંચશો ત્યારે અમુક પરિઘમાં દાખલ થયા પછી ત્યાં લોહચુંબક જેવી શક્તિ એટલી શક્તિશાળી છે કે તે તમને ખેંચી લેશે. ત્યાં પહોંચ્યા પછી તમારું સ્વતંત્ર અસ્તિત્વ રહેશે જ નહિ. તમે તેનામાં ભળી જશો.' તેમનું કહેવું બૌદ્ધિક છે, તર્કસંમત છે, તેમાં સંદેહ નથી, પરંતુ તેઓ શું માગે છે?

न मोक्षस्याकाङ्क्षा भवविभववाञ्छापि च न मे ।
न विज्ञानापेक्षा शशिमुखि सुखेच्छापि न पुनः ।
अतस्त्वां संयाचे जननि जननं यातु मम वै ।
मृडानी रुद्राणी शिव शिव भवानीति जपतः॥ (देव्य./८)

(હે ચન્દ્રમુખી માતા! મને મોક્ષની ઇચ્છા નથી. મને સંસારવૈભવની લાલસા નથી. મને વિજ્ઞાનની અપેક્ષા નથી. અરે, મને સુખની પણ ઇચ્છા નથી. આથી (હે માતા!) હું તારી પાસે (એટલું જ) માગું છું કે મારું આયુષ્ય મૃડાણી, રુદ્રાણી, શિવશિવ ભવાની એમ જપતાં જપતાં જ પૂરું થાય.)

તુકારામ જેવા સંતપુરુષ માગે છે: **तुका म्हणे गर्भवासी सुखे घालावे आम्हासि**... કોણે કહ્યું

કે અમને મુક્તિ જોઇએ? તું સુખથી અમને ગર્ભવાસ આપજે.

આવી રીતે બધી કામના છૂટી ગઇ છે; પરંતુ તારી કામના અને તારા બનવાની કામના છૂટતી નથી. તે છૂટશે પણ નહિ. અમે કામનાશૂન્ય રહી નથી શકતા. કારણ કામનાના આધાર વગર જીવ રહી કેમ શકે? સમજો કે સવારના આંખ ખુલ્યા પછી તમારા અંતઃકરણમાં કોઇ જ કામના ન હોય તો? તો તમારી સ્થિતિ જ નથી. આંખ ખૂલ્યા પછી પહેલી કામના થાય છે, ઘડિયાળ જોઉં. બીજી કામના થાય કે ઊઠું, ત્રીજી કામના થાય, ચા પીઊં, આમ કામના શરૂ થઇ જાય છે. આંખ ખૂલ્યા પછી કામના નથી એવી સ્થિતિ કોઇ દિવસ રહી શકે છે? નથી રહી શકતી. કામના વગર જીવ રહે એ અશાસ્ત્રીય ભાષા છે. 'પ્રભુ! અમે કામનાસક્ત છીએ પણ તું કામનાશૂન્ય છે. તારું અસ્તિત્વ કામનાશૂન્ય છે. તું અનિર્વચનીય છે; જ્યાં તર્ક કામ કરતો નથી. **यो बुध्येः परतस्तु सः**—તું બુદ્ધિ કરતાં પરે રહેલો છે. તું કામનાશૂન્ય કેવી રીતે રહી શકે છે. તે અમારા મગજમાં જ આવતું નથી. કામનાશૂન્યતા અને અસ્તિત્વ એકસાથે રહી જ ન શકે. આ અશક્ય વાત છે.' લોકો કહે છે કે બધું બુદ્ધિમાં ઊતરવું જોઇએ, પરંતુ કેટલીક વાતો બુદ્ધિથી પરે હોય છે. તેમાંની આ વાત છે.

'ભગવાન! તું કેવી રીતે કામનાશૂન્ય રહી શકે તે તું જ જાણે છે.' અંગ્રેજીમાં તેના માટે Only God knows જેવો શબ્દપ્રયોગ છે. બ્રિટનમાં કોઇ દરદીનો રોગ ખબર ન પડે તો ડોક્ટરો O.G.K. લખે છે. તે Only God knowsનું ટૂંકું રૂપ છે. દરદીની બધી તપાસો કર્યા પછી ઘણી વખત અહીંના ડૉક્ટરોને પણ રોગ ખબર પડતો નથી, પરંતુ હું ત્યાંનું દૃષ્ટાંત આપું છું એનું કારણ ત્યાંના ડૉક્ટરો ગુરુસ્થાનમાં છે.

આવું જ 'કામનાશૂન્ય અને અસ્તિત્વ'નું છે. તમે તે શાસ્ત્ર નહિ ભણ્યા હો તો તમને બેચેની નહિ થાય. હું બેચેન થાઉં છું, કેમકે, 'કામનાશૂન્ય અને અસ્તિત્વ' આ અશક્ય વાત છે. આવું ગોપી કહે છે તેનો અર્થ એ છે, 'ભગવાન! તું જો એમ સમજતો હોય કે અમારામાં મિલનની કામના છે તેથી તું અંતર્ધાન થઇ ગયો છે તો તારું અંતર્ધાન થવું નકામું છે. ગોપીઓ ભગવાનને પણ સંભળાવે છે, 'અમને તો કામના રહેશે જ માત્ર તું કામનાશૂન્ય રહી શકે છે.'

પાંચમી વાતઃ અમે તારા વગર અગતિક છીએ. બૌદ્ધિક નિર્ણય તારા જ હોવા જોઇએ. અમે અમારા નિર્ણય કરવા લાગ્યા તેથી અમને ખબર પડી ગઇ કે તું અંર્તધાન શા માટે થયો? મિલનનો સંકલ્પ તારે કરવાનો છે, તે અમે કર્યો. તને મિલનની અપેક્ષા નથી. અમે જો મિલનનો સંકલ્પ કરીએ તો એનો અર્થ એ કે અમને અમારી અગતિકતાની ખબર નથી. અમે સંકલ્પ કરીએ એટલે તું પૂછે કે સંકલ્પ કરવાવાળો તું કોણ છે? આ બહુ જ ઉપરની સ્થિતિએ પહોંચ્યા પછીની વાત કહું છું. આજે આપણે જે સ્થિતિમાં છીએ તેમાં આપણે જ સંકલ્પ કરવાનો હોય છે. 'અમારે સારા થવું છે, સારા કામો કરવાં છે, પ્રભુના થવું છે,' આવા બધા સંકલ્પો આપણે કરવા જ પડશે, પરંતુ જીવનની એક એવી ઉન્નત સ્થિતિ આવે છે કે જેમાં ભક્ત કહે છે: 'ભગવાન! તારી સાથે મિલનનો સંકલ્પ તારે કરવો જોઇએ તે મેં કર્યો, તે મારી ભૂલ છે.' ગોપી દિલથી આ વાત કહે છે તેમાં અર્થ ભરેલો છે, કાવ્ય છે અને તેમનું દિલ પણ દેખાય છે. આ ગોપીગીત ઘરગથ્થુ

દષ્ટાંતોથી ભરેલું છે.

આવું ગોપીગીત સાંભળ્યા પછી ભગવાન સ્વયં પ્રગટ થાય છે. માણસને એક સિદ્ધાંત ખબર પડવો જોઇએ કે ભગવાન સ્વયંસિદ્ધ છે. 'ભગવાન! તું જ રક્ષક છે' એ ખબર પડવી જોઇએ. માણસ આસક્ત અને ભગવાન અનાસક્ત છે, પોતે અગતિક છે એ વાત સિદ્ધ થવી જોઇએ.

આજે આપણે પણ અગતિક છીએ. શા માટે? કામ કરીએ છીએ પણ શક્તિ અપૂરતી છે; પરંતુ જેની કામના છૂટી ગઇ છે તેને અગતિકતા લાગવાનું કારણ શું? આપણે અગતિક છીએ એનું કારણ આપણે પચીસ કામનાઓ કરીએ છીએ અને તે પૂરી થતી નથી. બધી કામનાઓ પૂરી કરવાની આપણામાં શક્તિ પણ નથી. જેમની કામના છૂટી ગઇ છે, તેની અગતિકતા અને કામનાવાળાની અગતિકતા આ બન્ને અગતિકતામાં ફરક છે. આપણે અગતિક છીએ. કારણ, આપણે અગણિત કામનાઓ કરીએ છીએ અને તેમાંની એક પણ કામના સિદ્ધ કરવાની આપણામાં તાકાત નથી. ભક્તમાં કામનાશૂન્યતા આવી છે, ત્યારબાદ તેને અગતિકતા લાગવી જોઇએ. કામનાશૂન્ય હોવા છતાં અસ્તિત્વ હોય છે, તેવી જ રીતે, કામનાશૂન્યને અગતિકતા લાગે, આ બધું કેવી રીતે શક્ય થાય તે જે આપણા ધ્યાનમાં નથી આવતું, તે બધું ગોપીગીતમાં દેખાડ્યું છે. દાર્શનિકોનું મગજ ખલાસ થઇ જાય એવું આ ગોપીગીત છે. તેમાં સામાન્યોને માટે ઘરગથ્થુ દષ્ટાંતો છે. ભગવાને ગોકુલમાં પરાક્રમો કર્યાં છે તેનું તેમાં વર્ણન છે. આ ગોપીગીતનું લખાણ એવું છે કે જેમાં બધાને સ્થાન મળે છે. બધા કહે છે કે અમને ભાગવત ખબર પડી ગયું, પરંતુ ઉપર, વધુ ઉપર ગયા પછી ખબર પડે છે કે ભાગવતમાં શું લખ્યું છે. આ લખાણમાં પરસ્પરવિરોધી વાતો લાગે છે. વિચાર કરો કે કામનાશૂન્યને અસ્તિત્વ કેમ હોય? અને કામનાશૂન્યને અગતિકતા કેમ લાગે? પરંતુ, તે દૈવી અગતિકતા છે. ગોપીગીત એક અલૌકિક ગીત છે.

ત્યારબાદ ભાગવતમાં એક અતિશય સુંદર પ્રકરણ ઊભું કર્યું છે. ગોપીઓ વ્યંગમાં ભગવાન સાથે બોલે છે. ભગવાન અંતર્ધાન થઇ ગયા હતા તેને પ્રશ્ન પૂછે છે. ભક્ત ભગવાનને પણ છોડતા નથી અને આવા જ ભક્તો ભગવાનને ગમે છે. ગોપીઓએ પ્રેમ વિષે પ્રશ્ન પૂછ્યા છે. દશમ સ્કંધના બત્રીસમા અધ્યાયમાં સોળમાં શ્લોકથી તેની ચર્ચા છે. પ્રેમના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ગોપીઓ પૂછે છે:

भजतोऽनुभजन्त्येक एक एतद्विपर्ययम् ।
नोभयांश्च भजन्त्येक एतन्नो ब्रूहि साधु भोः ॥ (भा./१०/३२/१६)

(કેટલાક પોતાને પ્રેમ કરનારના પ્રમાણમાં તેમને પ્રેમ કરે છે, કેટલાક બીજા પ્રેમ કરે કે ન કરે, પોતે તેમના પર પ્રેમ કરે છે. ત્યારે કેટલાક તેમના પર પ્રેમ કરે કે ન કરે, તો પણ તેમના પર પ્રેમ કરતા નથી. આ બાબતમાં તમે કંઇ કહો).

અહીં ગોપીઓએ પ્રશ્ન ઊભો કર્યો છે, 'ભગવાન! કેટલાક લોકો એવા હોય છે કે કોઇ પોતાના પર પ્રેમ કરે અથવા તેમની પાસેથી કંઇ મળે તો તેમના પર તેઓ પ્રેમ કરે છે. કેટલાક

લોકો એવા હોય છે કે પોતા ઉપર પ્રેમ ન કરવાવાળા લોકો ઉપર પણ પ્રેમ કરે છે. ત્યારે કેટલાક લોકો એવા હોય છે કે તેમના પર કોઇ પ્રેમ કરે કે ન કરે, તેઓ કોઇ ઉપર પ્રેમ જ કરતા નથી.' ગોપીઓ ભગવાનને વ્યંગથી કહે છે કે અમે અમારુ સર્વસ્વ છોડીને તમારી પાસે આવી ગયા તો પણ તમે અંતર્ધાન થઇ ગયા? અમે કહ્યા તેવા પ્રેમના ત્રણ પ્રકારો છે. તેમાંના કયા પ્રકારમાં તમે બેસો છો? તેમાં પ્રેમનું માર્મિક વિવેચન કરેલું છે.

ત્યારપછી ભગવાન તેમને જવાબ આપે છે. પ્રેમનો અર્થ થાય છે ખેંચાણ. આપણને કોઇને માટે ખેંચાણ થાય, તે શા માટે થાય છે? ખેંચાણ જુદા જુદા રૂપે થાય છે. કેટલાક લોકોને જેની પાસેથી કંઇ મળે તેના માટે તેમને ખેંચાણ રહે છે. કેટલાક લોકોને બૌદ્ધિક દૃષ્ટિથી ખેંચાણ રહે છે. કેટલાક લોકોની કૃતિ જોઇને તેના માટે ખેંચાણ થાય છે. કેટલાક લોકોને પૂર્વજન્મના સંબંધને કારણે એકબીજાનું ખેંચાણ રહે છે, તેને ઋણાનુબંધ (Law of attraction and repulsion) કહે છે.

ભગવાન કહે છે કે કંઇ મળે તે દૃષ્ટિથી કોઇ બીજા પર પ્રેમ કરે તો તે સાપેક્ષ પ્રેમ હોવાથી સ્વાર્થી છે, તેને પ્રેમ કહેવાય નહિ. પ્રેમ શબ્દને આવી રીતે હલકો પાડવો યોગ્ય નથી. અપેક્ષા રાખીને પ્રેમ કરવાવાળો માણસ સ્વાર્થી છે. તેવી જ રીતે કરેલા ઉપકારનો બોજો લાગે છે તેથી પ્રત્યુપકારની ભાવના થાય છે. મારા પર કોઇએ ઉપકાર કર્યો હોય તો તેનો મને બોજો લાગે છે તેથી પ્રત્યુપકારની ભાવના થાય છે. મોટો થયા પછી તે બોજો ઉતારવાનો હું પ્રયત્ન કરું અને તેથી તે વ્યક્તિ પર પ્રેમ કરું છું. આ બન્નેમાં સ્વાર્થ છે. આ કૃતિમાં પ્રેમ કે ધર્મ કંઇ નથી. ઉદાહરણ તરીકે, એકાદ માણસ સમાજસેવા કરે છે, પણ તે શા માટે કરે છે? તેને પૈસા જોઇએ તે માટે તે સમાજસેવા કરે છે. તો વળી, કેટલાક લોકોને પૈસા નથી જોઇતા પણ કીર્તિ જોઇએ છે. તેથી તે મેળવવા માટે તેઓ સમાજસેવા કરે છે. આગળ ધપો અને કીર્તિ મેળવો–Get on and get honour.. કીર્તિ મળે એટલા માટે કોઇ સમાજસેવા કરતો હોય તો તે માણસ સ્વાર્થી જ છે. તે સમાજસેવા કરશે તો પણ તેનો અંદરનો વિકાસ (Internal development) નહિ થાય. તમે જે કંઇ સેવા કરો તેનું તમને ફળ મળી જાય. તેમાં તમારો જીવનવિકાસ ન થાય.

એકાદ ગામમાં કોઇ પચીસહજાર રૂપિયા ખરચીને કૂવો ખોદાવી આપે. પછી તે કહે કે ગામમાં લોકોને પીવાનું પાણી મળતું ન હતું તેથી મેં કૂવો ખોદાવ્યો છે; પરંતુ તેના પેટમાં શું હતું? આગળની ચૂટણીમાં તે ઊભો રહેવાનો છે. તેમાં તેને ગામના બધા મતો મળવા જોઇએ. તે માટે તેણે કૂવો ખોદાવ્યો હતો. 'મને ગામને કૂવો બંધાવી આપવાનો હક્ક છે અને તેમના મતો મેળવવાનો પણ મને હક્ક છે,' એમ કહે છે. પરંતુ, આને કંઇ સત્કર્મ કહેવાનો હક્ક નથી અને પ્રેમ કહેવાનો પણ હક્ક નથી. તેમાં તેનો અંદરનો વિકાસ પણ થવાનો નથી.

કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓ સત્કર્મ સ્વાર્થથી નથી કરતા. તેમનાથી બીજાનું દુઃખ કે પીડા સહન થતા નથી, તે ઓછા કરવા માટે તેઓ ઉપયોગી બને છે. તેને ઉચ્ચ સ્વાર્થ (Enlightened self interest) કહે છે. હૉબ્સ અને હેલ્વેશિયસ કહે છે કે કોઇનું દુઃખ જોઇને તે તમારાથી સહન થતું નથી તેથી તમે તેને મદદ કરો છો, ઉપયોગી બનો છો. તે પણ સ્વાર્થ જ છે. પણ જરા ઉચ્ચ સ્વાર્થ છે. અપેક્ષા રાખીને કંઇ કર્યું હશે, તેને પ્રેમ નથી કહેતા. કૃષ્ણ ભગવાન

કહે છે કે અપેક્ષા રાખીને કરેલું કર્મ એ વેપાર છે. તેમાં વણિકવૃત્તિ છે. કોઇને મોટાઇ જોઇએ. તમે તેને કમિટીમાં લો તો તે કામ કરવા તૈયાર થાય. કારણ, તેને એમ લાગે છે કે હું જે કંઇ કરું તે દસ લોકોને ખબર પડવી જોઇએ; તો જ હું તે કામ કરું. આ માણસને મોટાઇ લેવાનો હક્ક છે. પરંતુ, તેને સત્કર્મ કહેવાનો તેને હક્ક નથી. આવું કામ કરીને તમે લોકોને ખુશ કરો, તેમને સારા લાગો, પરંતુ તેનાથી તમારો આંતરિક વિકાસ (Internal development) ન થાય. ભાગવતકારે લખ્યું છે કે આવી કૃતિમાં પ્રેમ નથી અને ધર્મ પણ નથી.

બીજો પ્રકાર છે અપેક્ષારહિત પ્રેમ કરવાવાળાનો અથવા પ્રત્યુપકારની અપેક્ષા વગર ઉપકાર કરવાવાળાનો. તેમાં બે પ્રકાર હોય છે. તેમાંનો એક વર્ગ સાધુસંતોનો હોય છે. તેઓ અપેક્ષારહિત પ્રેમ કરે છે. તેમને પ્રત્યુપકારની પણ અપેક્ષા નથી હોતી. તેમને ધર્મપ્રાપ્તિ થાય છે. આ લોકો જગત પર શા માટે પ્રેમ કરે છે? જ્ઞાનેશ્વર ભગવાને આખા વિશ્વ ઉપર પ્રેમ કર્યો. શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય—આ આચાર્યોએ પણ આખા વિશ્વ ઉપર પ્રેમ કર્યો. તેવી જ રીતે જુદા અવતારોએ અને પયગંબરોએ વિવિધ રૂપથી લોકો ઉપર પ્રેમ કર્યો તે શા માટે કર્યો? તેમને શું જોઇતું હતું? જ્ઞાનેશ્વરે કહ્યું: **'अवघाचि संसार सुखाचा करीन आनंदे भरीन तिन्ही लोक'**—પરંતુ તેમને કશું જોઇતું ન હતું. શંકરાચાર્ય કેરાલાથી બદરીનારાયણ સુધી દોડયા તેમને શું જોઇતું હતું? શું મોટાઇ જોઇતી હતી? બધાં ગામોમાં મારો પરિચય થઇ જાય તો મારો સંપ્રદાય વધે, મોટો થાય, એવી તેમને અપેક્ષા હતી? બિલકુલ નહિ. બીજી વાત એ છે કે શંકરાચાર્યનો કોઇ સંપ્રદાય ન હતો. ઓછી સમજણવાળા લોકો આવા મહાપુરુષો માટે ગમે તેમ બોલે, પરંતુ તેમને કોઇ જ અપેક્ષા ન હતી. તેમને પ્રત્યુપકારની પણ અપેક્ષા ન હતી.

ઘણાં વર્ષો પહેલાં મને એક કાર્ડીનલને પૂછ્યું હતું, 'શું તમારા ધર્મમાં પાપીઓનો ઉદ્ધાર નથી?' મેં પૂછયું: 'કેમ, પાપીઓનો ઉદ્ધાર કેમ નથી? પાપીઓના ઉદ્ધાર માટે તો ગીતા છે.' તો તેમણે કહ્યું: 'પાપીઓની ઉપેક્ષા કરો એવું યોગસૂત્ર છે.' તેમણે મને યોગદર્શનનું એક સૂત્ર બોલી દેખાડયું: **'मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम्'** — આ સાંભળીને મને લાગ્યું કે આ ખ્રિસ્તી કાર્ડીનલે કેટલો અભ્યાસ કર્યો હશે! આ લોકો આટલો અભ્યાસ આપણા વાઙ્મયનો કરે છે, પણ આપણે ત્યાં કોઇ કરતું નથી, તેની શરમ આવવી જોઇએ. આપણે તો કંઇ અભ્યાસ કરતા નથી. શ્રીરામ જયરામ જય જય રામ.... આવું બોલીને આપણને રામ જોઇએ છીએ. આપણને રામ કેવી રીતે મળવાના? આપણે કંઇ વિચારવું નથી, કરવું નથી, બનવું નથી અને બનાવવું નથી. આવી સ્થિતિ કેમ ચાલે? ભગવાન તો દિનરાત કર્મશીલ છે. ને આવા અકર્મણ્ય લોકો પર પ્રેમ પણ કેવી રીતે કરશે? નહિ જ કરે. તાત્પર્ય એ કે કાર્ડીનલે યોગદર્શનનો પણ અભ્યાસ કર્યો હતો.

તેમણે કહ્યું: 'આ સૂત્રમાં પાપીની ઉપેક્ષા કરવાનું કહ્યું છે.' મેં કહ્યું: 'બરાબર છે. પરંતુ, **उपेक्षा** શબ્દનો અર્થ શું છે? તમે જરા વિચાર કરો.' તેમણે કહ્યું: **'उपेक्षा'** એટલે ઉદાસીનતા (Indifference) એમ ડિકશનરીમાં લખ્યું છે.'

મેં કહ્યું: 'હવે આજના કાળમાં તો વૈજ્ઞાનિકોએ અણુને ફોડયો છે. આવી રીતે શબ્દને પણ

ફોડવો જોઇએ. **ઉપેક્ષા** શબ્દમાં **ઉપ** + **ઈક્ષા** = **ઉપેક્ષા** —આ બે શબ્દો છે. **ઉપ**નો અર્થ પાસે જઇને અને **ઈક્ષા** એટલે જોવું. **ઉપેક્ષા** એટલે પાસે જઇને, બારીક નિરીક્ષણ (Minute observation) કરવું કે સામેનો માણસ પાપી શા માટે બન્યો? ઉપેક્ષા નો અર્થ ઉદાસીનતા (Indifference) નથી.'

ઉપકારનો અર્થ આ દૃષ્ટિથી જોવો જોઇએ. તેમાં લૂખાપણું (Dryness) નથી, પરંતુ, તેવો અર્થ આવી ગયો છે. ઉપકારમાં ઉપ એટલે પાસે અને કાર એટલે કૃતિ. તેથી ઉપકાર એટલે પાસે લઇને કૃતિ કરવી. મેં કોઇ ઉપર ઉપકાર કર્યો એટલે તેનો અર્થ તેને મેં પાસે લીધો. જુદો રાખ્યો નથી, પરાયો સમજ્યો નહિ. આજે વ્યવહારમાં આપણે બોલીએ છીએ કે મને કોઇનો ઉપકાર જોઇતો નથી, એટલે કે તેના દબાણ હેઠળ મારે આવવું નથી. **ઉપકાર** = **ઉપ** + **કૃતિ** એટલે જેના પર ઉપકાર કર્યો, તેને મદદ કરી, પાસે લીધો, પોતાનો બનાવી દીધો. આવી રીતે ઉપકારમાં પોતાનો બનાવવાનો પ્રયત્ન છે.

જે અપેક્ષારહિત પ્રેમ કરવાવાળા છે તે પ્રત્યુપકારની અપેક્ષા રાખતા નથી. આમાં બે પ્રકાર છે. એક પ્રકાર એટલે સંતો, સાધુપુરુષો. તેઓ આપણા પર શા માટે પ્રેમ કરે છે તે ખબર નથી પડતી. જેમ ભગવાન અમારું જીવન રાતદિવસ ચલાવે છે, શરીરમાં લોહી બનાવે છે અને ફેરવે છે, છતાં તેને કોઇ જ અપેક્ષા નથી. ભગવાન ચોવીસ કલાક અને ત્રણસો પાંસઠ દિવસ અવિરત હૃદય ચલાવે છે. હૃદયનો એક ધબકાર ચૂકી જાય તો માણસ ખલાસ થઇ જાય. શરીરવિજ્ઞાનશાસ્ત્રમાં હૃદય 'Bundle of His' ચલાવે છે એમ કહે છે. આ His નો 'H' કેપિટલ છે. આનો અર્થ એ છે કે 'His' એટલે ભગવાન. કેટલાક લોકોને લાગે છે 'હિઝ–His' નામના માણસે તે શોધ્યું હશે; પરંતુ અહીં His શબ્દ ભગવાનને ઉદ્દેશીને છે. ભગવાન અને સંતપુરુષ આપણા પર શા માટે પ્રેમ કરે છે તે ખબર નથી પડતી. તેઓ આપણી ઉપર અકારણ પ્રેમ કરે છે.

માણસમાં કંઇ ઊણપ હોય, તો તેની ઊણપ જે પૂરી કરે, તેના પર તે પ્રેમ કરે છે. ભગવાનમાં કંઇ ઊણપ છે જ નહિ, તો પણ તે આપણા પર પ્રેમ કરે છે. તે શા માટે કરે છે? આવું જ સંતો માટે, ઋષિઓ માટે કહી શકાય. તેમનામાં પણ ઊણપ નથી. તે છતાં તેઓ આપણા ઉપર પ્રેમ કરે છે. આવા સંતોને ધર્મપ્રાપ્તિ થાય છે એમ ભાગવતકારે લખ્યું છે.

પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વગર કામ કરવાવાળા બીજા મા-બાપ છે. તેમને સુખપ્રાપ્તિ થાય છે એવું ભાગવતકાર કહે છે. સંતોને ધર્મપ્રાપ્તિ અને મા-બાપને સુખપ્રાપ્તિ થાય છે એવું લખ્યું છે. શા માટે? મા-બાપ વાત્સલ્યથી પોતાના સંતાનો પર પર પ્રેમ કરે છે. તે બીજાનાં સંતાનો પર પ્રેમ નથી કરતા. મા-બાપને વાત્સલ્ય પ્રેરણા છે. તેથી મા-બાપને સુખપ્રાપ્તિ થાય છે.

કેટલાક લોકો એવા હોય છે કે તેમના પર પ્રેમ કરવાવાળા અને ન કરવાવાળા, કોઇ જ ઉપર તેઓ પ્રેમ કરતા નથી. તેમનો કોઇ ઉપર પ્રેમ હોતો નથી. આવા લોકોના ભાગવતકારે ચાર પ્રકાર પાડયા છે. આ લોકો કોઇ ઉપર પ્રેમ અથવા ઉપકાર કરતા નથી. પહેલો પ્રકાર છે તે આત્મસ્વરૂપમાં રમમાણ થવાવાળા લોકોનો, બીજો પ્રકાર છે નિરીચ્છ જ્ઞાની પુરુષોનો, ત્રીજો પ્રકાર છે મૂર્ખોનો અને ચોથો પ્રકાર છે ગુરુદ્રોહ કરવાવાળા દુષ્ટોનો.

यश्चमूढतमो लोके यश्च बुद्धेः परं गतः ।
तावुभौ सुखमेधेत क्लिश्यत्यन्तरितो जनः ॥

(અર્થ: જે મૂર્ખમાં મૂર્ખ હોય અથવા જે બુદ્ધિ કરતાં પર રહેલા પરમાત્મા સ્વરુપને પામેલા હોય; તે બે જણ સુખી થાય છે. વચલા માણસો કલેશ પામે છે.)

આત્મસ્વરૂપમાં રમમાણ થવાવાળા લોકો જે કર્મ કરે છે તે તેમની સહજક્રિયા હોય છે. તેમનું સત્કર્મ સહજ હોય છે. હું ગરીબને મદદ કરું તો મારામાં ગુરુગ્રંથિ ઊભી થાય છે, કેમકે, હું આપવાવાળો છું, પરંતુ જે સહજક્રિયા હોય છે તેનો કોઇને ઘમંડ થતો નથી. હું શ્વાસોચ્છ્વાસ કરું છું તેનો કોઇને ઘમંડ હોય છે? 'મેં ગઇ કાલે ચોવીસ કલાક શ્વાસોચ્છ્વાસ કર્યો.' આવું કોઇ બોલતું નથી. આવી રીતે સત્પુરુષ સત્કર્મ કરે છે તે તેની સહજક્રિયા હોય છે. તેને સત્કર્મનો ઘમંડ નથી હોતો. એને લાગે છે કે હું સત્કર્મ ન કરું તો બીજું શું કરું? મારા હાથે ફક્ત સત્કર્મ જ થાય.

આપણા હાથે એકાદ સત્કર્મ થાય તો આપણને માનપત્ર મળે. એનું કારણ આપણે એકાદ જ સારું કામ કરીએ. બાકીનાં બધાં કામ ખરાબ જ હોય છે. જેનો સ્વભાવ જ સારું કામ કરવાનો છે તેને માનપત્રની શી જરૂર? તેને માનપત્ર કોણ આપે? આત્મસ્વરૂપમાં રમમાણ થવાવાળા માટે સત્કર્મ સહજ ક્રિયા હોય છે. તેમને પ્રત્યુપકારની કે કોઇ જ વાતની અપેક્ષા હોતી નથી.

બીજા, નિરીચ્છ જ્ઞાની પુરુષ હોય છે. તેમની પ્રત્યુપકારની અભિલાષા ખતમ થઇ ગઇ હોય છે. તેમના જીવનમાં અભિલાષા જ નથી. તેમના Becoming and crave for becoming something ખલાસ થયા છે. તેમને કંઇ 'થવું' નથી. અમે ગરીબ છીએ, અમારે શ્રીમંત થવું છે. અમે અવિદ્વાન છીએ, અમારે વિદ્વાન થવું છે. અમે દુર્ગુણી છીએ, અમારે સદ્ગુણી થવું છે. કંઇ 'થવું' છે તેને જ **ભવ** – Becoming' કહે છે. જેનું 'થવું-Becoming' બંધ થયું છે તેને અભિલાષા જ નથી હોતી. તે બીજાનું કામ કરશે, પણ માગશે નહિ. તેના પર કોઇ પ્રેમ કરે કે ન કરે, તેની એને પડી નથી. તેને કંઇ આવશ્યકતા નથી. તેનો સ્વભાવ છે તેથી તે સત્કર્મ કરે છે.

ત્રીજો પ્રકાર મૂર્ખનો છે. કોઇએ તેના પર પ્રેમ કર્યો છે તે પોતે સમજતા જ નથી. તે મૂર્ખ છે. પોતાના ઉપર પ્રેમ અને ઉપકાર થયો છે, કોઇએ તે શા માટે કર્યો હશે તે વાત તેના મગજમાં જ આવતી નથી. ભગવાને આપણા પર પ્રેમ કર્યો છે તે વાત આપણા મગજમાં આવે છે? આપણે ભગવાનના પ્રેમના ફુવારા નીચે નાહીએ છીએ, ચોવીસે કલાક લોહીનો અભિષેક શરીરમાં ચાલે છે, આપણો શ્વાસોચ્છ્વાસ બરાબર ચાલે છે. આ બધું કોણ કરે છે તેનો વિચાર પણ આપણા મગજમાં આવતો નથી. આપણે શ્વાસ લઇએ છીએ તેમાં પ્રાણવાયુ—ઓક્સિજન લઇએ છીએ: પરંતુ ઓક્સિજન એટલે શું તે આપણને ખબર છે? છતાં આપણો શ્વાસ ચાલે છે. ખબર ન પડતાં આપણું જીવન ચાલે છે તે ભગવાનના પ્રેમને લીધે ચાલે છે. બોલવું કેમ, તે આપણને ખબર છે? 'ટ' ઉચ્ચાર કેવી રીતે કરવાનો તેની આપણને ખબર નથી, પરંતુ વર્ષોથી આપણે બોલતા આવ્યા છીએ. આ શક્તિ કોની? આપણે તેનો વિચાર કર્યો નથી. આટલું હોવા છતાં આપણે કલાકો સુધી

બોલીએ છીએ; તેથી જ ખ્રિસ્તે કહ્યું છે, 'તું બોલતો નથી, તારી અંદર રહેલી શક્તિ બોલે છે. It is not ye that speak but thy spirit of the father that speaketh in you' ઈસુ ખ્રિસ્ત આ કેવળ ભાવનાથી નથી બોલતા. આ કેવળ કલ્પના નથી, આ કેવળ પ્રેમથી બોલેલા શબ્દો નથી, આ હકીકત છે. આ બૌદ્ધિક છે, તર્કસંમત છે. કેમ બોલવું, બોલતી વખતે અમુક સ્વરનો ઉચ્ચાર કરવો હોય તો શું કરવું જોઇએ તેની કોઇને ખબર નથી; છતાં બધા બોલે છે. આ કોનો પ્રેમ છે? અંદર બેઠેલા ભગવાનનો આ પ્રેમ છે. ભગવાન આપણા ઉપર પ્રેમ કે ઉપકાર શા માટે કરે છે? તેનો જે વિચાર પણ કરતો નથી, તે માણસ ગાંડો છે, મૂર્ખ છે. તેમની સંખ્યા ઘણી વધારે છે.

ભગવાને શરીર આપ્યું, જીવન આપ્યું, ચલાવ્યું. કેવળ જીવન આપીને ભગવાન છુટા નથી થઇ ગયા. આખી જિંદગી તે સાથે જ રહે છે અને માણસની સાથે જ તે જશે. ભગવાનનો આવો પ્રેમ મૂર્ખ લોકો સમજતા નથી. મા-બાપે પ્રેમથી મોટા કર્યા છે, પણ આ વાત આજે કોણ સમજે છે? કોઇની સદ્ઇચ્છા અને પ્રેમને લીધે માણસ મોટો થયો છે, તે માણસ ભૂલી જાય છે. હું નાનો હતો, ત્યારે ચાલીમાં રમતો હતો. હવે મોટો થયો; તેનું કારણ કોઇએ મને સંભાળ્યો છે, મારા પર કોઇએ પ્રેમ કર્યો છે. કોઇના પ્રેમથી ભીનો થઇને જ હું મોટો થયો છું. આ બધી વાતો ભૂલનાર મૂર્ખ અથવા ગાંડો છે.

ચોથો વર્ગ ગુરુદ્રોહ કરનાર દુષ્ટોનો છે. જેની પાસેથી બધું મેળવ્યું છે; પ્રેમ મેળવ્યો, ભાવ મેળવ્યો, જ્ઞાન મેળવ્યું, જેણે ઊંઘમાંથી ઉઠાડયો, તેના ઉપર જ ઊલટી કરવાવાળો માણસ દુષ્ટ છે.

ભગવતકાર કહે છે કે જેમ આત્મસ્વરૂપમાં રમમાણ થનાર અને નિરીચ્છ જ્ઞાનીનો કોઇ ઉપર પ્રેમ હોતો નથી; તેમ મૂર્ખ અને ગુરુદ્રોહ કરવાવાળા દુષ્ટ પણ કોઇ ઉપર પ્રેમ કરતા નથી. ગુરુદ્રોહ કરવાવાળો દુષ્ટ સમજે છે કે તેને કોણે ઉપાડયો છે; પરંતુ તેને ઉપકારના બોજા નીચે રહેવું નથી. તેમાંથી છૂટવા માટે તે ગુરુ પર આરોપ કરીને છૂટી જાય છે. પછી તે કહે છે: 'ના, હું ગુરુને માનત પણ હવે તેમનામાં દોષ ઘૂસી ગયા છે તેથી હું માનતો નથી.' તેને પૂછવું જોઇએ કે આજ સુધી દોષ દેખાતા ન હતા અને એકાએક ક્યાંથી ઘૂસી ગયા? માણસને ગુરુ ઉપાડે તેથી બધા જ તેને માન આપવા લાગે, તેનું સન્માન કરે; પરંતુ જે ગુરુએ તેને શક્તિ આપી છે, મોટાઇ આપી છે, તેની પાસે તો તેને નમ્ર બનીને જ જવું પડે.' તે સમજતો નથી, એવું નથી. તે સમજીને, જાણીબૂઝીને તેવું કરે છે. આખું જગત તેને માન આપે છે; પરંતુ ગુરુની સામે તેને નમ્ર બનવું પડે છે તે વાત તેને ખૂંચે છે, તેથી ગુરુના કાલ્પનિક દોષ દેખાડીને ખોટું દોષારોપણ કરે છે અને પોતે ગુરુની વિરુદ્ધ પણ બોલી શકે છે એવું બતાવી પોતે બુદ્ધિશાળી છે એવું લોકોને દેખાડે છે. આવું કરીને ગુરુના ઉપકારો પર ઉલટી કરે છે. ગુરુદ્રોહ કરનાર આ દુષ્ટ માણસ છે. આ એક માનસિક અવળચંડાઇ (Psychological perversion) છે.

ભગવાન કહે છે કે આ બધા કરતાં મારી સ્થિતિ તદ્દન જુદી છે. એનું કારણ ગોપીઓએ તેમને કહ્યું છે કે તમે અમારો પ્રેમ ઓળખ્યો નહિ તેથી અંતર્ધાન થઇ ગયા. ગોપીઓએ આ વ્યંગમાં કહ્યું છે. ગોપી કંઇ ભોળી નથી. ભગવાન પાસે ભોળા લોકો જઇ શકે છે એ માન્યતા

ખોટી છે. જે માણસ સમજદાર હશે તે જ ભગવાન પાસે જઇ શકે છે.

ગોપીઓ ભોળી નથી. ઉદ્ધવજી તેમને સમજાવવા આવ્યા હતા કે ભગવાન આવવાના નથી, તેથી તમારે નિર્ગુણની ઉપાસના કરવી જોઇએ. ત્યારે તેમણે ઉધ્ધવજીને એવું તો સંભળાવ્યું છે કે વાત ન પૂછો. તેમણે ઉદ્ધવજીને કહ્યું કે નિર્ગુણની ઉપાસના કરો એવું અમને કહેવાની કંઇ જરૂર નથી. આ નિર્ગુણ ક્યા દેશનો વાસી છે? તમે જે નિર્ગુણની વાત કરો છો, તે ક્યાં પેદા થાય છે? તેના મા-બાપ કોણ છે? તેની સખીઓ કોણ છે? તેની-પત્ની કોણ છે? તેનો પુત્ર કોણ છે? તે જરા કહો તો ખરા! નહિં તો આ બધા સિવાયનો ભગવાન અમને જાઇતો નથી. તેને આવા જવાબો આપવાવાળી ગોપી શું ઓછી અક્કલવાળી હતી?

ભગવાન ગોપીઓને કહે છે કે આ ચાર વર્ગમાંથી હું કોઇ વર્ગનો નથી. મારી સ્થિતિ તદ્દન જુદી છે. તેમણે દષ્ટાંત આપીને સમજાવ્યું છે કે એકાદ માણસ જુગારમાં બધા પૈસા ગુમાવી દે ત્યારે દિનરાત તેના મગજમાં પૈસા સિવાય બીજું કંઇ આવતું જ નથી. જે પોતાની પાસેથી દૂર ચાલી જાય છે તે રાતદિવસ યાદ આવ્યા કરે છે. “તમારી આતુરતા, તમારો પ્રેમ વધારવા અને દઢ કરવા હું અંતર્ધાન થઇ ગયો હતો.” પોતે અંતર્ધાન શા માટે થઇ ગયા હતા તેનું ભગવાને સોગંદનામું કર્યું છે.

જે ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરે છે, જેની ચિત્તએકાગ્રતા કલાક બે કલાક ટકે છે, તેને મહિનામાં એકાદ વખત તો પૂર્ણતાની અનુભૂતિ મળવી જોઇએ કે નહિ? કોઇ મહાન ભક્તને તે મળતી નથી ત્યારે અસ્વસ્થ થઇ જાય છે. છીંક આવશે એવું લાગે પણ છીંક આવે નહિ ત્યારે માણસની જેવી સ્થિતિ થાય તેના જેવી આ સ્થિતિ છે. તેને લાગ્યા કરે છે કે મને પૂર્ણતાની અનુભૂતિ (Experiencing the fullness) કેમ મળતી નથી? તેના માટે ભગવાને ભાગવતમાં કહ્યું છે કે તેમનો પ્રેમ અને આતુરતા દઢ કરવા માટે હું અંતર્ધાન થઇ જાઉં છું. ભગવાને અહીં જે ખુલાસો કર્યો છે તે કેવળ ગોપીઓને માટે જ નથી, પરંતુ જે જે લોકો ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરે છે, તેમના માટે, પોતે અંતર્ધાન શા માટે થઇ જાય છે તેનો ખુલાસો કર્યો છે. જેઓ ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરે છે તેમને જ આ વાતની ખબર હશે. બીજાને તેવો પ્રશ્ન ઊભો જ થતો નથી.

આ અશરીરી પ્રેમમાં એક જુદું જ માનસિક વિશ્વ (Psychological world) ઊભું થાય છે. મનની જબરદસ્ત શક્તિ છે. તમે આંખ બંધ કરીને અહીં બેઠા બેઠા તમારું ઘર, ફર્નિચર સહિત તૈયાર કરી શકો છો. તેમાં સુથાર, કડિયા, સિમેંટ કે લાકડાની કંઇ જરૂર પડતી નથી. તમે આંખ બંધ કરીને સંપૂર્ણ વિશ્વ ઊભું કરી શકો છો. આવી રીતે મનને સગુણમૂર્તિનો આકાર આપીને ભક્તિ કરવાની છે. ભક્તિ કંઇ ભગવાનને ખુશ કરવાને માટે કરવાની નથી.

બત્રીસમો અધ્યાય પૂરો થયા પછી તેત્રીસમા અધ્યાયમાં રાસલીલાનું વર્ણન છે. તે વર્ણન અલૌકિક છે. પ્રત્યેક ગોપીની સાથે એક જ સમયે કૃષ્ણ છે અને પ્રત્યેક ગોપી સાથે એક જ સમયે ભગવાન ક્રીડા કરે છે. તમે બધા બુદ્ધિમાન છો, ભણેલા છો, તેથી પૂછું કે આ ભૌતિક દષ્ટિથી શક્ય છે? ભગવાન ચમત્કાર તો કરતા નથી. ભગવાન જો આવા ચમત્કાર કરત તો કંસ પણ તેમના પગે પડત. તે રાક્ષસ રહેત જ નહિ. કંસ કંઇ મૂર્ખ ન હતો. બુદ્ધિમાન હતો. પ્રત્યેક ગોપીની

સાથે તે જ કૃષ્ણ ક્રીડા કરે એ સ્થૂળ દૃષ્ટિથી અશક્ય છે, એટલું જ નહિ, તેમાં લખેલું છે—**सिषेव आत्मन्यवरुद्ध सौरतः सर्वाः शरत्काव्यकथारसाश्रयाः ॥ (भा. १०/३३/२६).** 'ઊર્ધ્વરેતસ્' હોવાથી આખી ક્રીડામાં 'રેતવિસર્જન' થયું નહિ એ લખવાની જરૂર શી હતી? આનો જ અર્થ એ છે કે આ ક્રીડા અને રેતને કોઈ સંબંધ ન હતો.

मनुष्याणां सहस्रेषु कश्चित्—હજારોમાં એકાદ જ્ઞાનીભક્ત જ એ સ્થિતિએ પહોંચે છે, તે છતાં એવા દશ ભક્તો હશે તો પ્રત્યેકની સાથે તેવી રાસલીલા થઈ જશે. શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય જેવા ભક્તો એક સાથે જ ચિત્ત એકાગ્ર કરશે, તો પ્રત્યેકની સાથે કૃષ્ણ હશે જ અને ક્રીડા કરતા હશે. આ સ્થૂળ દૃષ્ટિથી અશક્ય લાગે છે, તેથી સમજાવવા માટે કહે છે કે, રાસ એ ભક્તિ-ચિત્તએકાગ્રતા નું અતિ ઉચ્ચ રુપ છે:

संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।
अवतीर्णो हि भगवानंशेन जगदीश्वरः ॥
स कथं धर्मसेतूनां वक्ता कर्ताभिरक्षिता ।
प्रतीपमाचरद् ब्रह्मन् परदाराभिमर्शनम् ॥
आप्तकामो यदुपतिः कृतवान् वै जुगुप्सितम् । ૧૦-૩૩-૨૭થી૨૯
किमभिप्राय एतंनः संशयं छिन्धि सुव्रत ॥ (भा./१०/२७, २८, २९)

હવે ન સમજવાવાળા અપ્રબુદ્ધ પરીક્ષિત પ્રશ્ન પૂછે છે. હું પરીક્ષિતને અપ્રબુદ્ધ સમજતો નથી, પરંતુ તે અપ્રબુદ્ધ લોકોના પ્રતિનિધિ બનીને આ પ્રશ્ન પૂછે છે. તેત્રીસમા અધ્યાયમાં તેણે પ્રશ્ન કર્યો છે કે ધર્મધુરંધર, ધર્મનું કામ કરવાવાળા કૃષ્ણભગવાને આવી શૃંગારિક લીલા શા માટે કરી? તેને સમજાવવા માટે શુકદેવજીએ જવાબ આપ્યો છે કે સર્વસમર્થને બાધા નથી. સમજો કે શિવજીએ હલાહલ ઝેર પીધું. તમે તેનું અનુકરણ કરીને નાઈટ્રિક એસિડ પીશો તો શું થશે? મરી જશો. આવી રીતે કૃષ્ણભગવાને જે કર્યું તે અમે પણ કરીશું, આવું ન ચાલે. સર્વસમર્થોનું અનુકરણ ન કરાય આ પહેલી વાત છે. બીજું, સારું-ખરાબ, શુભ-અશુભ, પાપ-પુણ્ય આ દ્વંદ્વો જેના હૃદયમાં અપ-પર ભાવ ઉત્પન્ન જ કરતા નથી, તેને બાધા નથી. તેવી જ રીતે, સુખ-દુ:ખની સમજણ અને સ્ત્રી-પુરુષમાં ભેદ જેના મગજમાંથી ચાલ્યા ગયા છે, તેમના માટે આવો અધાર્મિકતાનો પ્રશ્ન નથી. નીતિ-અનીતિની ચર્ચા કરતી વખતે શુકદેવજીએ આવો જવાબ આપ્યો છે. પામર શંકા કરવાવાળા લોકોની સ્થિતિ દયનીય છે, કેમકે જેમની ચરણરજથી દિનરાત કર્મ કરવાવાળા ઋષિ પણ મુક્ત થઈ ગયા; તે કૃષ્ણ પોતે કર્મથી બંધિત કેવી રીતે થાય? શુકદેવજીએ એટલો જ ઉત્તર આપી દીધો છે.

પરંતુ શુકદેવજીને સો ટકા ખબર હતી કે આ રાસલીલા અશરીરી (occult) છે, અશરીરી સ્થિતિની છે. તે છતાં સામાન્ય લોકોને સમજાવવા માટે આવું કહેવું પડે છે. તેને જ પ્રાતિભાષિક સત્ય કહે છે.

સત્ય ત્રણ પ્રકારના હોય છે. તેને અંગ્રેજીમાં Degrees of Truth કહે છે. મને એક પરદેશી માણસે પૂછયું હતું કે સત્યને વળી Degree શું હોય? સત્ય એ સત્ય જ હોવું જોઈએ—

Truth must be absolute. પરંતુ, આપણા શંકરાચાર્યે પણ સત્યના પ્રકાર (Degrees of Truth) માન્યા છે. તેના ત્રણ પ્રકાર છે, વ્યાવહારિક સત્ય, પ્રાતિભાષિક સત્ય અને પારમાર્થિક સત્ય.

વ્યાવહારિક સત્ય જુદું છે. હીરો કાર્બન છે અને કોલસો પણ કાર્બન છે. આ વૈજ્ઞાનિક સત્ય છે, પરંતુ વ્યવહાર શું છે? કોઇ હીરાને સગડીમાં સળગાવતું નથી અને કોલસાનો હાર ગળામાં પહેરતું નથી. વાસ્તવમાં, વિજ્ઞાનની દૃષ્ટિએ બન્ને કાર્બન છે, બન્નેનું રૂપ એક છે. તે છતાં વ્યાવહારિક સત્ય માનીને હીરાનો હાર બનાવવામાં આવે છે અને કોલસા સગડીમાં સળગાવવામાં આવે છે. તેના વગર વ્યવહાર નહિ થાય. બધામાં ભગવાન બેઠા છે એમ માનીને પછી છગનલાલ કોણ, અને મગનલાલ કોણ, તેવો ભેદ ન કરીએ તો વ્યવહાર જ નહિ થાય. આ વ્યાવહારિક સત્ય છે.

બીજું, પ્રાતિભાષિક સત્ય છે. સામેની વ્યક્તિની કક્ષા જોઇને તેને સમજાવવું પડે છે. તેના માટે અસત્ય પણ સમજાવવું પડે છે. બિંદુને લંબાઇ-પહોળાઇ નથી—A point has no length and no breadth— કહેવું પડે છે કે નહિ? ખરી રીતે, કાગળનો અને પેન્સિલનો સંબંધ આવ્યો, કે લંબાઇ-પહોળાઇ આવી જ ગયાં. પરંતુ, બિંદુને લંબાઇ-પહોળાઇ નથી તેના ઉપર તો ગણિતશાસ્ત્ર ઊભું છે. તેને જ કહે છે:

असत्ये वर्त्मनिं स्थित्वा ततः सत्यं समीहते –

આને પ્રાતિભાષિક સત્ય કહે છે. તેનું બીજું એક દૃષ્ટાંત જાઇએ. એક વખત પાંચ વર્ષનું બાળક અને તેના પિતા બહાર ઓટલા પર બેઠા હતા. એટલામાં આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું, વીજળી ચમકવા લાગી, મેઘોનો ગડગડાટ થવા લાગ્યો. આ સાંભળીને પાંચ વર્ષના બાળકે તેના પિતાને પૂછયું' 'પિતાજી, આ શું થાય છે?' આ સમયે પાંચ વર્ષના બાળકને તેનો પિતા શું કહેશે? જે સાચી વાત છે તે કહે તો પાંચ વર્ષના છોકરાને ખબર પડે? ન પડે. પિતા કહે છે: 'આપણે તે દિવસે લગ્નમાં ગયા હતા; ત્યાં ડેકોરેશનમાં લાઇટો હતી કે નહિ? વાજા વાગતા હતા કે નહિ? છોકરાએ કહ્યું: 'હા' પિતાએ કહ્યું: 'આવી રીતે આજે આકાશમાં ભગવાનને ઘરે લગ્ન છે, તેથી ડેકોરેશનની લાઇટો ચમકે છે અને વાજાં વાગે છે.' આ વાત છોકરાના મગજમાં ઊતરી ગઇ. ત્યારપછી વરસાદ પડયો. એટલે છોકરાએ પૂછયું: 'પિતાજી, આ શું છે?' તો પિતાએ કહ્યું: 'આપણે લગ્નમાં જમ્યા પછી હાથ ધોયા હતા. તેમ લગ્નમાં દેવો જમી રહ્યા એટલે પાણીથી હાથ ધૂએ છે.' છોકરાના મગજમાં આ વાત પણ ઊતરી ગઇ. છોકરાને ઝાઝી ખબર નથી. તેની બુદ્ધિમાં ઊતરે તેવી જ વાત તેને સમજાવવી પડે. આ જૂઠું છે કે સત્ય છે? આને પ્રાતિભાષિક સત્ય કહે છે. આવી રીતે શુકદેવજીને સત્ય ખબર હોવા છતાં સામાન્ય માણસ માટે આ પ્રાતિભાષિક સત્ય કહેવું પડયું. આપણે પણ કહેવા લાગ્યા કે ભગવાને રાસલીલા કરી, પણ તેમને દોષ નથી. જેમ અગ્નિમાં ખરાબ પદાર્થો જાય છે તેમ કૃષ્ણની પાસે કામના ગઇ તો તે બળી ગઇ. આમાં શુકદેવજી ખોટું નથી બોલતા. એનું કારણ આપણે પાંચ વર્ષના છીએ. કહેવાવાળા ખોટું નથી બોલતા પણ તે સત્ય નથી. સત્ય એ છે કે ભગવાન અને ભકતનો એ અશરીરી પ્રેમ (Occult Love) છે.

આવી રીતે આ રાસલીલાનું પ્રકરણ પૂરું થાય છે.

રાસલીલાના પ્રકરણ પછી ચોત્રીસમા અધ્યાયમાં બે મહત્ત્વની ઘટના આવે છે. તેમાં પ્રથમ નંદજીને એક અજગર ગળી જવા માટે આવ્યો તે વખતે કૃષ્ણે તેમને બચાવ્યા. પિતાને કંઇ આપત્તિ આવે તો પુત્ર દોડીને તેમને આપત્તિમાંથી મુક્ત કરે છે. ત્યારબાદ, ભાગવતકાર બીજી એક વાર્તા કહે છે કે આ અજગર આગલા જન્મમાં વિદ્યાધર હતો. તેનું નામ સુદર્શન હતું તેને આગલા જન્મમાં વિદ્યા અને સૌંદર્યને કારણે કેફ ચડયો હતો. તેણે બેહોશીમાં અંગિરસ ઋષિની ઉપેક્ષા કરી, નિંદા કરી, એટલું જ નહિ, તેમની વિરુદ્ધ ઊભો રહ્યો. તેના પરિણામે તેને અજગરનો જન્મ લેવો પડયો એવું ભાગવતકારનું મંતવ્ય છે.

આ વાર્તા કહીને ભાગવતકારે એક વૈશ્વિક પ્રશ્ન ઊભો કર્યો છે. ધન અને સૌંદર્યને લીધે માણસને બેહોશી આવે છે, તેમાં સંદેહ નથી. ભાગવતકાર કહે છે કે સુદર્શન હંમેશાં વિમાનમાં ફરતો હતો. આજે પણ વિમાનમાં ફરવાવાળા એવા કેટલા વિદ્યાધરો હશે! તે સમયે અંગિરસ નામના એક મહાન ઋષિ હતા. અંગિરસ હંમેશાં પાપીઓની પાસે જતા હતા. તેમણે 'પ્રાયશ્ચિત્ત સ્મૃતિ' પણ લખી છે. 'પ્રાયશ્ચિત્ત' શબ્દનો અર્થ એવો નથી કે પાપ કરતા જાઓ અને પ્રાયશ્ચિત્ત કરતા જાઓ. કોઇએ અજાણતાં, અજ્ઞાનથી અથવા તો સમજીને, બેહોશીમાં પાપ કર્યું હોય તો શું તેને ભવિષ્ય નથી? તે સુધરી શકતો નથી? તે સુધરી શકે છે. તેણે પાછલી જિંદગીમાં જે કંઇ પાપ કર્યાં હોય તે ભૂલી જવા માટે પ્રાયશ્ચિત્ત સમજાવ્યું છે. તું પ્રાયશ્ચિત્ત કર અને ભૂતકાળ ભૂલી જા. ભવિષ્યકાળ તારા હાથમાં છે. તો તું વર્તમાનકાળ સુધારીને તારો ભવિષ્યકાળ બદલી શકીશ. આવો પ્રાયશ્ચિત્તનો અર્થ છે. આવી દૃષ્ટિથી આજે પણ ગુનાઓનું શાસ્ત્ર (Science of criminology) બદલાઇ રહ્યું છે. આજના બુદ્ધિશાળી લોકો પણ કહે છે કે જે માણસ ગુનો કરે છે તેને બદલા તરીકે, પ્રતિશોધ તરીકે સજા ન થવી જોઇએ. તેને સુધારવાની દૃષ્ટિથી સજા થવી જોઇએ. જેલને સુધારવાની શાળા (Reformative School) બનાવવાની જરૂર છે એવું, આજે બુદ્ધિશાળી લોકો કહે છે. કેટલાંક રાષ્ટ્રોમાં તેની શરૂઆત પણ થઇ ચૂકી છે. ગુનાશાસ્ત્ર (Science of criminology) બદલ્યા પછી ખબર પડશે કે જેણે પ્રાયશ્ચિત્તનું પ્રતિપાદન પહેલવહેલું કર્યું હશે તે કેટલા મોટા સુધારક હશે!

આ કામ અંગિરસ ઋષિએ પ્રથમ કર્યું છે. તેમનો 'પ્રાયશ્ચિત્ત સ્મૃતિ' નામનો ગ્રંથ પ્રસિદ્ધ છે. આજે પણ તે ગ્રંથ ઉપલબ્ધ છે. અંગિરસ વૈદિકકાળના ઋષિ હતા. તેઓ પાપીઓની પાસે જતા હતા ને તેમને ઊભા કરતા હતા. પાપીઓની પાસે જઇને તેમનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઇએ કે તે પાપી શા માટે બન્યા? પાપી બનવાના કંઇ પરિસ્થિતિજન્ય કારણ હોય છે, કંઇ પારંપરિક કારણ પણ હોય છે, ખરાબ વિચારો મગજમાં ઘૂસી જવાથી પણ માણસ બગડી જાય છે. આવાં વિવિધ કારણોસર માણસ બગડી જાય છે. પાપી થવાનું કારણ સમજી લઇને, તેને સમજાવીને બદલી શકાય છે. અંગિરસ ઋષિ આવું કામ કરતા હતા. અંગિરસે બહુ મહાન કામ કર્યું હતું.

આપણા પુરાણા ઋષિઓ શું કરતા હતા, તેમનું જીવન કેવું હતું? વગેરેની આપણને ખબર નથી. ઋષિ હતા એટલે નાક પકડીને બેસતા હતા એવું આપણને લાગે છે. તેમની સમાધિ જરૂર

લાગતી જ હશે. પરંતુ, સમાધિ છે, તેમ ભાવસમાધિ છે, જ્ઞાન સમાધિ છે તેમ કાર્યસમાધિ પણ છે. કાર્ય કરવાવાળા લોકો એકાક્ષી દષ્ટિ જ રાખે છે. કોઇ પથરો પણ કાર્યમાં કેટલો ઉપયોગી થઇ શકે એમ છે તે તેઓ જોતા હતા. તેને જ કાર્યસમાધિ કહે છે. અંગિરસને કાર્યસમાધિ પણ હશે.

તે વખતે વિદ્યાધર સુદર્શનને વિત્ત, વિદ્યા અને સોંદર્યને લીધે બેહોશી આવી હતી. તેને એમ લાગતું હતું કે અંગિરસ પાપીઓની પાસે શા માટે જાય છે? ત્યાં શું કરે છે, તેનો વિચાર તેણે કર્યો નહિ. હંમેશા વિચાર કરવાવાળા લોકો બહુ ઓછા હોય છે અને તેઓ વિચાર કર્યા વગર કંઇ માન્યતા બાંધી લે છે.

એક ભાઇ મળ્યા હતા. તે કહેતા હતા કે નવગ્રહ પીડા આપતા હોય તો તેની શાંતિ થઇ શકે છે; પરંતુ એક દશમો ગ્રહ છે. તે એટલે પૂર્વગ્રહ! આ પૂર્વગ્રહ જેને પીડતો હોય તેની શાંતિ બહુ મુશ્કેલ છે. કેટલાકને એવો પૂર્વગ્રહ જ હોય છે કે ધર્મ ખોટો છે. તેની શાંતિ થતી નથી. શાસ્ત્રકારોને એવી ખબર ન હતી કે બુદ્ધિમાન લોકો પણ પૂર્વગ્રહથી જોશે. પૂર્વગ્રહથી પીડાતા લોકોને સમજાવવા મુશ્કેલ છે. સુદર્શનને ધન તથા સૌંદર્યથી બેહોશી આવી ગઇ. તેથી તેણે અંગિરસની નિંદા કરી અને તેમની વિરોધમાં ઊભો રહ્યો. તેના પરિણામે તેને બીજો જન્મ અજગરનો મળ્યો. પરંતુ તેને પોતાના કૃત્ય બદલ પશ્ચાત્તાપ પણ થયો હતો. તેથી તેને મુક્તિ પણ મળી ગઇ એવું લખ્યું છે. ભાગવતકાર બધાને મુક્તિ આપવા જ બેઠા છે. ઓછા નામે તેને દેહથી મુક્તિ મળી હશે. બીજી મુક્તિ તો કોને ખબર? મુક્તિ કેવી છે, તેને સુગંધ કેવી છે, કોને ખબર? એક વાત છે કે લોકોને વિત્તવાનનું અને સૌંદર્યવાનનું આકર્ષણ હોય છે. પરંતુ, વિચારાકર્ષણ હોતું નથી.

અંગિરસની પાસે શું હતું? કેવળ વિચાર હતા. વિત્ત અને સૌંદર્ય ન હતું વિત્તાકર્ષણ અને સૌંદર્યાકર્ષણથી માણસને ખેંચી શકાય છે; પરંતુ, વિચારાકર્ષણથી ખેંચવું મુશ્કેલ છે. કહેવાય છે કે માણસ વિવેકી પ્રાણી (Rational animal) છે. પરંતુ, તેની પાસે તર્ક (Reason) છે કે નહિ, અથવા તે તર્કનો ઉપયોગ કરે છે કે નહિ તે ખબર નથી પડતી. સમાજમાં વિચારાકર્ષણની કિંમત વધારવી જાઇએ. વેદકાળથી આજ સુધી તેની આવશ્યકતા છે. તેનો જ અર્થ, બ્રાહ્મણ્યની કિંમત વધારવી જાઇએ. બ્રાહ્મણની પાસે ન તો સંપત્તિ હોય કે ન તો સત્તા હોય પરંતુ, તેની પાસે પ્રભાવી વિચારો હોય છે. તેથી સમાજમાં વિચારકર્ષણ વધવું જાઇએ. ભાગવતકારે નીતિ સમજાવી છે તેમ આ ઘટના દ્વારા ભીતિ પણ દેખાડી છે. શરૂમાં ભીતિ હોવી જોઇએ. શરૂમાં ભગવાનનો પણ ડર હોવો જાઇએ. ભગવાનની ભીતિ એ વિવેકની શરૂઆત છે. Fear of God is the begining of wisdom.

બીજી વાર્તા છે શંખચૂડની. શંખચૂડ એક રાક્ષસ હતો. રાક્ષસ શબ્દ બોલ્યા પછી તમારી આંખની સામે વિકરાળ અને ભયંકર માણસ ઊભો થતો હશે. તે વાત મગજમાંથી કાઢી નાખો. રાક્ષસોની બાબતમાં આ એક પૂર્વગ્રહ છે. 'અમે અમારું રક્ષણ જાતે કરીશું, અમે અમારો વિકાસ પોતાની મેળે સાધી લઇશું. તેમાં ઉપરવાળાની જરૂર ક્યાં છે?' આવું બોલવાવાળાને રાક્ષસ કહેવામાં આવે છે.

અસુર શબ્દનો અર્થ છે: **असुषु रमन्ते इति असुरा :** – પ્રાણોમાં જ રમમાણ થવાવાળા, ખાઓ, પીઓ અને મજા કરો, આવી માન્યતાવાળા બધા અસુર છે, તેમને જીવનવિષે બીજું કંઇ વધારે વિચારવું નથી હોતું.

આ શંખચૂડ કુબેરનો દૂત હતો. કુબેર એટલે સંપત્તિનો, ધનનો રાજા. ખૂબ મોટા ધનવાનો આ અર્થમાં કુબેર છે. શંખચૂડ રાક્ષસ બળ વાપરીને ગોપીઓને ઉઠાવી ગયો અને તે ઉત્તર દિશા તરફ ભાગવા લાગ્યો.(હંમેશા વિત્તથી ઉન્મત થયેલા લોકો સ્ત્રીઓનો શિકાર કરે છે અને સ્ત્રીઓ દુર્બળ હોવાને કારણે શિકાર થઇ જાય છે, શિકારનું લક્ષ્ય બને છે. જ્યારે શક્તિશાળી લોકો સ્ત્રીઓનો શિકાર કરે છે ત્યારે સાત્ત્વિક લોકોએ આવી સ્ત્રીઓને સંભાળવાની જરૂર હોય છે. તે માટે તેમણે શક્તિ ભેગી કરવી જાઇએ.)

જ્યારે શંખચૂડ રાક્ષસ ગોપીઓનું અપહરણ કરી ઉત્તર દિશા તરફ ભાગ્યો ત્યારે કૃષ્ણ અને બલરામ તેની પાછળ પડયા અને તેની પાસેથી ગોપીઓને છોડાવીને રાક્ષસને માર્યો. આવી બે વાર્તાઓ તેમાં આવે છે.

આ બે નીતિમત્તાની વાર્તા છે. બ્રાહ્મણ અને સ્ત્રી બન્નેનું રક્ષણ થવું જોઇએ, તો જ સંસ્કૃતિનું રક્ષણ થશે. કારણ બ્રાહ્મણ અને સ્ત્રી સંસ્કૃતિને સંભાળી શકે છે. જ્યાં બ્રાહ્મણ ખતમ થયો ત્યાં સ્ત્રીત્વ ખતમ થઇ જ જાય. સ્ત્રીને ખતમ કરવી આપણા હાથમાં નથી, એ તો કુદરતી વાત છે. સ્ત્રી જાતિ (Female gender) ને શું આપણે ખતમ કરી શકીએ? સ્ત્રીત્વ ખતમ કરી શકીએ? હા, આપણે સ્ત્રીત્વ ઉડાવી શકીએ છીએ. She smokes and she votes સ્ત્રીત્વ ઉડાવીને આપણે પૌરુષી સ્ત્રી બનાવી શકીએ છીએ. પૌરુષી સ્ત્રી (Manly woman) થયા પછી સ્ત્રૈણપુરુષ (Womanly man) થઇ જ જાય છે. તે એનો બીજો ભાગ છે. તેના લીધે બધી અવ્યવસ્થા થઇ જાય છે.

બ્રાહ્મણત્વ અને સ્ત્રીત્વનું રક્ષણ થવું જોઇએ એ સમજાવવા માટે આ વાર્તાઓ કહી છે.

અહી બ્રાહ્મણત્વનું રક્ષણ થવું જોઇએ એમ કહ્યું છે, બ્રાહ્મણનું નહિ. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે કહ્યું છે: **'ब्राह्मणत्वस्य हि रक्षणेन रक्षितो स्याद् वैदिको धर्मः** – બ્રાહ્મણત્વના રક્ષણથી જ વૈદિકધર્મનું રક્ષણ થશે.'. **ब्राह्मणत्व** – માં બ્રહ્મનો અર્થ છે વેદ, વિચાર. બ્રહ્મનો અર્થ થાય છે પ્રભુ. જે પ્રભુ અને વિચારને લઇ જવાવાળો છે તે બ્રાહ્મણ છે. સમાજમાં પ્રભુનિષ્ઠ વિચાર લઇ જવાવાળો કોઇ પણ હશે, તે બ્રાહ્મણ છે એવું કહેવાનો કાળ આવશે.

તમે અત્રિસ્મૃતિ ઇત્યાદિ સ્મૃતિઓ વાંચશો તો તેમાં મલેચ્છ બ્રાહ્મણ, મનુષ્ય બ્રાહ્મણ, વગેરે બ્રાહ્મણોનાં નામો આવે છે. તેમાં ઋષિ બ્રાહ્મણ અને મુનિ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે એમ કહ્યું છે. આજે તો બાપ બ્રાહ્મણ છે તેથી છોકરો બ્રાહ્મણ છે, આવો કાળ આવી ગયો છે. અનુવંશ હોવો જોઇએ, તેના માટે બંધન પણ હોવું જોઇએ તેથી એવું લખાણ છે, પરંતુ જે બ્રાહ્મણ, બ્રાહ્મણનું કામ નહિ કરે, તેને કોણ બ્રાહ્મણ કહેશે? બ્રાહ્મણે વિચાર અને પ્રભુ, સમાજમાં લઇ જવા જોઇએ. સમજો કે તે કામ માછીમારો, કોળીઓ કરશે તો? તો ભગવાન તેમને બ્રાહ્મણ કહેશે. એકાદ દિવસ આવું કામ કરીને બ્રાહ્મણ થવાતું નથી. જે લોકો સતત બ્રાહ્મણનું કામ કરે છે તેને શું ભગવાન બ્રાહ્મણ

નહિ કહે? જરૂર કહેશે. બીજાને પાસે લઇને તેના જીવનને વળાંક આપવાનું કામ એ બ્રાહ્મણનું કામ છે. આવું કામ કંઇ એક દિવસમાં થતું નથી. એક દિવસ ગામડે દોડી જઇને બ્રાહ્મણ થવાતું નથી. યોગદર્શનકાર કહે છે તેમ—**स तु दीर्घकालनैरन्तर्य सत्कारासेवितो दृढभूमिः । (पा. यो. द. १४)**. આવું સાતત્ય હોવું જોઇએ.

સ્ત્રીના રક્ષણનો અર્થ કેવળ નારીજાતિનું રક્ષણ, એમ નહિ. સ્ત્રીમાં સ્ત્રીત્વ હોવું આવશ્યક છે. સ્ત્રીત્વમાં શું શું આવે તે બધું કહેવું હોય તો સમય ઘણો જોઇએ. સંસ્કૃતિરક્ષણમાં સ્ત્રીત્વનું રક્ષણ અને બ્રાહ્મણત્વનું રક્ષણ, આ બે વાતો જરૂરી છે. તે થયું કે સંસ્કૃતિ ખીલે જ. કેટલાક લોકો કહે છે કે આજે જમાનો ખરાબ આવ્યો છે, પરંતુ જમાનો આપણે જ બનાવ્યો છે. આપણને જમાનો બનાવે કે આપણે જમાનો બનાવીએ? હું જમાનો ઊભો કરીશ એવી એક મસ્તી મગજમાં હોવી જોઇએ. અમે જમાનો બદલીશું એવી અસ્મિતા પણ આજે દેખાતી નથી. મરેલા લોકો ન તો જીવન જીવી શકે છે અને ન તો ભગવાન પાસે પહોંચી શકે છે કે ન તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ઉપનિષદમાં લખ્યું છે: '**नायमात्मा बलहीनेन लभ्यः** – બલહીન માણસ માટે આત્મજ્ઞાન નથી.'

આને માટે ક્યું બળ જાઇએ? શું બીજાને મારવાનું બળ જોઇએ? બળ એ જુદી જ વાત છે. અમે જમાનો બદલી શકીએ છીએ એવી ધારણા હોવી જોઇએ. તેના માટે જ બ્રાહ્મણત્વ અને સ્ત્રીત્વનું રક્ષણ આ અધ્યાયમાં સમજાવ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને બન્નેનું રક્ષણ કર્યું હતું.

વિચારાકર્ષણ બધા લોકોમાં હોઇ શકતું નથી. વિત્તનું આકર્ષણ બધાને હોય છે. સુભાષિતકાર કહે છે કે વિત્તનું આકર્ષણ—**स्त्रीबालवृद्धानां षण्ढानामपि सर्वदा** સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને નપુંસકો—બધાંને પૈસાનું આકર્ષણ હોય છે. હાથમાં રૂપિયા લઇને સમાજને બનાવવા નીકળેલા લોકો સમજતા નથી કે રૂપિયાના જોરે સંસ્કૃતિ ઊભી કરી શકાતી નથી. આ વિશ્વમાં આવા લોકો કંઇ કરીને જવાના નથી અને તેઓ ભગવાનની પાસે પણ પહોંચી શકવાના નથી. વિત્તાકર્ષણ અને સૌંદર્યાકર્ષણની સામે વિચારાકર્ષણ ઊભું કરવું તે એક વૈશ્વિક આવશ્યકતા છે. બ્રાહ્મણરક્ષણ એ, કેવળ આ દેશની આવશ્યકતા નથી, તે તો વૈશ્વિક આવશ્યકતા છે. તેથી વિચાર સમજાવવાવાળા લોકોની પ્રતિષ્ઠા વધારવાની બધાને આવશ્યકતા છે. સમાજમાં બધાને વિચાર આપવાવાળા, સમજાવવાવાળા, વિચારોને વળાંક આપવાવાળા, જીવનને વળાંક આપવાવાળા લોકોને સંભાળવાની આવશ્યકતા છે, તેથી જ શંકરાચાર્યે લખ્યું છે' **ब्राह्मणत्वस्य हि रक्षणेन रक्षितो स्याद् वैदिको धर्मः।**'—રાસલીલા પછીના અધ્યાયમાં આ ચિરંતન સત્ય સમજાવ્યું છે.

ત્યારબાદ પાંત્રીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ દેખાતા નથી. વનમાં ગાયો ચરાવવા તે ગયા હોય છે. તે વખતે તેમને યાદ કરીને ગોપીઓ આપસમાં વાતો કરે છે. તેને વિરહમાધુરી કહી શકાય એટલી સુંદર વાતો છે. શ્રીકૃષ્ણ કેવા હતા? કેવી રીતે મળતા હતા? હવે ક્યાં ચાલ્યા ગયા? શ્રીકૃષ્ણ ગાયોને લઇને જંગલમાં ચાલ્યા ગયા છે. તે વખતે બધી ગોપીઓ ભેગી મળી છે અને સૌ શ્રીકૃષ્ણ વિષેના પોતપોતાના નિજી અનુભવ અને વિચાર—સમજાવે છે. કૃષ્ણ ઉપર જેમને પ્રેમ છે તેમના માટે તે આત્યંતિક સુંદર વર્ણન છે. તે લખાણ વાઙ્મયની દૃષ્ટિથી, સાહિત્યની દૃષ્ટિથી

પણ સુંદર છે. હું તો એટલું જ કહીશ કે આ વિરહમાધુરીનો અધ્યાય છે. વિરહમાં જે મધુરિમા નિર્માણ થાય છે તે ગોપીઓએ દેખાડી છે. ભાગવતકાર તેને યુગલગીત કહે છે.

કૃષ્ણ દેખાતા નથી તેથી તેમનું અને તેમની કૃતિઓનું ચિંતન શરૂ થાય છે. તે ચિંતન ભાગવતકારે બહુ સારી રીતે વર્ણન કર્યું છે.

ત્યારબાદ નારદજી આવે છે. તેમણે વિચાર્યું કે હવે સમય પાકયો લાગે છે, કેમકે ગોકુલને જે રીતે બદલવું હતું, તે રીતે શ્રીકૃષ્ણે બદલી દેખાડયું. શ્રીકૃષ્ણ ભગવાન દાર્શનિક હતા. સ્ત્રીઓને બદલાવીને આખું ગામ બદલી જાય છે, પુરુષો પણ બદલી જાય છે, તે કામ તેમણે કરી દેખાડયું છે. ગોપીઓ જોડે રમતાં રમતાં તે કામ તેમણે કર્યું છે. મોટા થયા બાદ તે જો ગોપીઓ સાથે રમત તો ગેરસમજણ ઊભી થાત; તેથી નાનપણમાં જ તેમણે આ પ્રયોગ કરી દેખાડયો. ગોકુળ બદલાઇ ગયું ત્યારબાદ નારદજી કંસની પાસે જાય છે, કેમકે હવે કંઇક સળગાવવું તો જોઇએ. નહિ તો બધું સ્થગિત થઇ જાય.

નારદજી કંસને કહે છે: 'તને ખબર છે કે કૃષ્ણે આખા ગોકુલને પાગલ કરી નાખ્યું છે? આપણે એક વ્યક્તિને પાગલ કરી શકતા નથી અને કૃષ્ણે તો આખા ગોકુલને ગાંડું બનાવ્યું છે. તને ખબર છે તેણે ગોકુલને કેટલું બદલાવ્યું છે, તે? ત્યાં પહેલાં ઈંદ્રપૂજા થતી પરંતુ કૃષ્ણે તેના બદલે ગોવર્ધનપૂજા શરૂ કરાવી. તેના એક ભાષણથી પેઢીઓથી ચાલતી આવેલી ઈંદ્રપૂજા ગોકુલવાસીઓએ છોડી દઇને ગોવર્ધનપૂજા શરૂ કરી, આ કંઇ નાની વાત છે?'

વાત પણ ખરી છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું:

अतियजेत निजां यदिदेवतां उभयतेश्चवतेप्यघम् ।
क्षीतिभृतैव सदैवतकावयं वनवतानवता किमहिद्रुहा ॥

આ સાંભળીને ગોકુલવાસીઓએ ઈંદ્રપૂજા છોડીને ગોવર્ધનપૂજા શરૂ કરી—તેમાં વૃદ્ધોએ પણ વિરોધ કર્યો નહિ.

નારદજીએ કંસને પૂછયું: 'આ બધું શું દેખાડે છે? તું સૂઇ ગયો છે કે જાગે છે? તને ખબર છે, આકાશવાણી થાય છે તે કોઇ દિવસે ખોટી પડતી નથી. તને મારવાવાળો તો જન્મી ચૂક્યો છે અને તે બલરામ-કૃષ્ણના રૂપમાં છે.'

કંસે પુછયું; 'તે કેવી રીતે શકય છે? તે બન્ને જણા તો નંદજીના છોકરા છે. મને મારવાવાળો તો વસુદેવ-દેવકીના પેટે જન્મવાનો હતો'.

નારદજીએ કહ્યું: 'તને કંઇ જ ખબર નથી. તે તો વસુદેવ-દેવકીનો જ છોકરો છે. તેમણે જ તેને નંદજીને ત્યાં રાખી દીધો છે. તું ગફલતમાં રહેતો નહિ.'

આટલું સાંભળ્યા પછી કંસને લાગ્યું કે તો પછી વસુદેવ-દેવકીને જ મારવા જોઇએ. તેણે જ્યારે આ વાત કહી ત્યારે નારદજી વચ્ચે પડયા. નારદજીએ કહ્યું: 'આવી નકામી હત્યા તું શા માટે કરે છે? તને તેનું પાપ લાગશે અને બીજું, તેમને મારીને કૃષ્ણ તો જીવતો જ રહે છે, તેનું શું?'

ત્યારે કંસે કહ્યું: 'બહુ સારું થયું કે તમે મને સ્પષ્ટ સમજાવી દીધું. તો હું શું કરું?'

નારદજીએ કહ્યું: 'તને જોઇએ તો તું વસુદેવ-દેવકીને બંધનમાં નાખી દે'.

કંસ માની ગયો અને વસુદેવ-દેવકીને પાછા જેલખાનામાં નાખ્યા.

કંસે વિચાર કર્યો કે હવે શું કરવું? તે બુદ્ધિશાળી તો હતો જ. બલરામ અને કૃષ્ણને મારવા માટે મથુરામાં કેમ બોલાવવા? ગોકુલમાં તો બધા તેમના પક્ષમાં જ છે. ત્યાં મારીશ તો મથુરાના લોકો પણ વિરોધમાં ઊભા રહેશે. તેમને મારવા માટે મથુરામાં કેમ બોલાવવા તેનો વિચાર તે કરવા લાગ્યો. છેવટે કંસે મથુરામાં એક ધનુર્યાગ કરવાનું નક્કી કર્યું. તે નિમિત્તે બન્નેને મારી નાખવાની યુક્તિ તેણે શોધી કાઢી.

ભાગવત અને મહાભારતમાં વેદવ્યાસે એવું દેખાડયું છે કે યજ્ઞ કરવાવાળા લોકો જુદા જુદા હેતુથી યજ્ઞ કરે છે; તેથી યજ્ઞની વેદી જોઇને તેને નમસ્કાર કરવાની કંઇ જરૂર નથી. મનુ મહારાજે તો સ્પષ્ટ ભાષામાં કહ્યું છે કે કોઇના પણ યજ્ઞમાં જઇને નમસ્કાર કરવાની કંઇ જ જરૂર નથી. એનું કારણ તે કામુક યજ્ઞ પણ હોઇ શકે છે. તેમાં વચ્ચે બીજાએ ઘૂસવાની જરૂર શી? **યજ્ઞો વૈ વિષ્ણુ:** સમજીને પગે લાગવાની જરુર નથી. જેની જેવી ભાવના હોય તેવો તે યજ્ઞ કરે છે.

કંસે ધનુર્યાગની વ્યવસ્થા કરી. અતિ પ્રાચીનકાળમાં આદિવાસી જાતિમાં બલપ્રદર્શનના ઉત્સવો થતા હતા. તેને બ્રાહ્મણોએ ધાર્મિક રૂપ આપી દીધું હતું. તે જ આ ધનુર્યાગ. તેમાં ધાર્મિક્તા પણ છે અને બલપ્રદર્શન પણ છે. કંસને લાગ્યું કે ધનુર્યાગ નિમિત્તે કૃષ્ણને મથુરામાં ખેંચી શકાશે, કારણ કૃષ્ણ બળનો પક્ષપાતી અને બળવાન પર પ્રેમ કરવાવાળો છે; એટલું જ નહિ, તે ધાર્મિક્તા ઉપર પણ પ્રેમ કરે જ છે. ખૂબ વિચારીને કંસે ધનુર્યાગ કરવાનું નક્કી કર્યું.

ધનુર્યાગ કરવો હોય તો આખા ગોકુલને આમંત્રણ આપવું જોઇએ. ઘરે ઘરે ફરીને આમંત્રણ આપીશું તો જ કૃષ્ણ પણ મથુરામાં આવશે. બીજું, કૃષ્ણને યજ્ઞમાં તો બોલાવીશુ જ. તેમાં તેના કરતાં બળવાન પહેલવાન કૃષ્ણને મારશે, પરંતુ, તે પહેલાં હાથી દ્વારા તેને મરાવીશું તો અકસ્માતમાં ખપી જશે. બીજો કોઇ માણસ મારશે તો કાયદો પણ નડશે; પરંતુ કોઇ પ્રાણી જ તેને મારે તો એવો પ્રશ્ન જ ઊભો નહિ થાય.

કંસ બહુ મોટો રાજનીતિજ્ઞ અને બુદ્ધિશાળી હતો. તેણે અંબષ્ટ નામના મહાવતને બોલાવ્યો અને કુવલયાપીડ નામના જબરદસ્ત હાથીને દારુ પીવડાવીને મસ્ત કરવાનું કહ્યું. તે ભડકીને ધનુર્યાગમાં આવશે અને કૃષ્ણને મારી નાખશે એવી યુક્તિ સમજાવી દીધી. બધું ષડ્યંત્ર ગોઠવાઇ ગયું.

હવે કૃષ્ણને આમંત્રણ આપવાનું છે. તેને મથુરામાં કોણ લાવી શકશે? જેને બન્ને પક્ષમાં માન્યતા હોય એવી વ્યક્તિ લાવી શકશે. આવી વ્યક્તિ એટલે અક્રૂર! કંસે અક્રૂરને બોલાવ્યો અને તેને અતિ નમ્રતાથી વાત કરી. આવા મહાન બદમાશ લોકો જરૂર પડતાં, સ્વાર્થ આવે કેટલા નમ્ર પણ થઇ જાય છે!

કંસે નમ્ર થઇને અક્રૂરને કહ્યું: 'મને તમારી મદદ જોઇએ છે. મારે ધનુર્યાગ કરવો છે. તેમાં

ગોકુલવાસીઓ અને બલરામ અને કૃષ્ણ જેવા લોકો આવશે તો કેટલું સારું થશે? આ ગોકુલવાસીઓ ગામડાના લોકો છે. તેઓ શહેરમાં આવતાં જરા ડરે છે, પરંતુ તેમને નગરમાં લાવવા તો જોઇએ. તેમની સાથે બલરામ અને કૃષ્ણ પણ આવવા જોઇએ. આ કામ ફક્ત તમે જ કરી શકશો એવું મને લાગે છે, તેથી જ મેં તમને બોલાવ્યા છે.'

અક્રૂર કૃષ્ણના કાકા થતા હતા. વૃષ્ણીસંઘના બે પ્રમુખ નેતા હતા. એક વસુદેવ અને બીજા અક્રૂર. તેમાં વસુદેવ સિદ્ધાંતવાદી હતા અને અક્રૂર મોકો જોઇને ચાલવાવાળા દેખાય છે. અક્રૂરને બન્ને પક્ષમાં માન્યતા હતી તેથી આ કામ કંસે અક્રૂરને સોંપ્યું.

અક્રૂર કૃષ્ણ પર પ્રેમ કરવાવાળા હતા. તે તેની પોલીસી (Policy) પણ હશે. કારણ તે જ અક્રૂરે કૃષ્ણ ઉપર સ્યમંતકમણિ ચોરવાનો આરોપ મૂકવામાં ભાગ લીધો હતો, એવું ભાગવતમાં લખ્યું છે. નારદજી પણ કૃષ્ણની વિરુદ્ધ ન હતા, પરંતુ, કૃષ્ણની સામે તે કંસને ચડાવે છે તે તેમની પોલીસી છે. તેવું પણ અક્રૂરનું હોઇ શકે.

ભાગવતકારે લખ્યું છે કે અક્રૂરે ગોકુલ જતાં રસ્તામાં યમુનાજીમાં સ્નાન કર્યું ત્યારે તેમની દૃષ્ટિ બદલાઇ ગઇ. તેમને લાગ્યું કે કૃષ્ણ કંઇ સામાન્ય વ્યક્તિ નથી, તે ભગવાન છે. તે નંદજીને ત્યાં દોડતા આવ્યા, ત્યાં તેમનો અતિથિસત્કાર થયો. સત્કાર કરતી વખતે નંદજી કહે છે કે નિર્દય રાજાની પ્રશ્ન સુખી કેવી રીતે હોય? તેમાં પણ તમારી સ્થિતિ તો અતિશય દયનીય છે. તેનું કારણ તમે તે બધું જોઇ શકતા નથી અને તેના વિરુદ્ધ ઊભા પણ થઇ શકતા નથી. તમારા જેવા સાત્ત્વિક માણસની શી સ્થિતિ થતી હશે તે કોણ જાણે?

ત્યારબાદ નંદજીએ આખા ગોકુલને મથુરામાં જવાનું કહ્યું. આજ્ઞા થઇ એટલે બધા મથુરા જવા નીકળ્યા. કૃષ્ણ પણ મથુરા ગયા, પરંતુ કૃષ્ણ કોઇને ત્યાં ન રોકાતાં, ગામની બહાર જ રોકાયા. તેમણે અક્રૂરને પણ કહી દીધું કે આ બધું પતી ગયા બાદ હું તમારા ઘરે આવીશ. કૃષ્ણ ગામની બહાર શા માટે રોકાયા? સમજો કે કૃષ્ણ કંસના શાહી મહેમાન (રોયલ ગેસ્ટ) થાત તો તેમને કોઇ જ મળી ન શકત. ગામની બહાર રહેવાથી કોઇ પણ માણસ તેમને મળી શકતો હતો. તેનાથી જ મથુરાની સ્થિતિ કેવી છે તે કૃષ્ણ જાણી શકે. કૃષ્ણે એક દિવસમાં મથુરાની સ્થિતિ જાણી લીધી. તેમને ખબર પડી ગઇ કે એક પણ મથુરાવાસી કંસની સાથે નથી. ઊલટું, બધા વિરોધમાં છે. પણ તેઓ કંઇ કરી શકતા નથી, તેથી જ કંસનો બધો વ્યવહાર ચાલે છે, તે વાત કૃષ્ણના ધ્યાનમાં આવી ગઇ.

બીજે દિવસે મથુરા શહેરમાં ધનુર્યાગની વ્યવસ્થા જોવા માટે કૃષ્ણ ભગવાન ગયા. આખું શહેર શણગારવામાં આવ્યું હતું. રસ્તામાં ધોબી મળ્યો, તેનું નિયંત્રણ કર્યું. કુબ્જા મળી તેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ રસ્તામાં મદમસ્ત થયેલો કુવલયાપીડ મળ્યો, કૃષ્ણે તેને મારી નાંખ્યો અને તેનો દાંત-હાથીદાંત ખભા પર ઉપાડીને કંસના દરબારમાં આવી પહોંચ્યા. તે વખતે કુવલયાપીડને મારીને આવેલા કૃષ્ણ, કંસના દરબારમાં બધાને કેવા લાગ્યા તેનું સુંદર વર્ણન ભાગવતકારે કર્યું છે.

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्ता स्वपित्रोः शिशुः ।
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः ॥ (भा. १०/४३/१६,१७)

શ્રીકૃષ્ણ સભામાં આવ્યા ત્યારે લોકોએ તેમની તરફ કઇ દૃષ્ટિથી જોયું છે તે પણ તેમણે લખ્યું છે.(તેમાં અલગ અલગ લોકો સભામાં હાજર હતા તે કહેવાનો પણ અભિપ્રાય હશે.)

આ સ્થળને ભાગવતકારે રંગભૂમિ ઠરાવી છે. ત્યાં બધા મલ્લો હાજર હતા. મલ્લોને શ્રીકૃષ્ણ વજ્ર જેવા લાગ્યા. બીજા પ્રતિષ્ઠિત લોકોને શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ પુરુષ લાગ્યા એવું તેમનું વ્યક્તિમત્ત્વ હતું. સભામાં સ્ત્રીઓ પણ હતી, તેમને મૂર્તિમાન્ કામદેવ લાગ્યા. અહીં કામનો અર્થ સ્ત્રી-પુરુષોના સંબંધ જેટલો મર્યાદિત લેવાનો નથી. કામ એટલે આકર્ષણ. સભામાં ગોપો પણ હાજર હતા, ગોપોને કૃષ્ણ સ્વજન લાગ્યા. ઉન્મત્ત રાજાઓને કૃષ્ણ શાસક લાગ્યા. ત્યાં પિતૃતુલ્ય જે લોકો હતા તેમને પોતાના બાળક જેવા લાગ્યા. ભોજપતિ કંસને સાક્ષાત્ યમ જેવા લાગ્યા. કૃષ્ણને જોયા પછી કંસનો અંતરાત્મા તેને કહેવા લાગ્યો કે હવે તારા દિવસો પૂરા થયા. જે સામાન્ય લોકો હતા તેમને કૃષ્ણ વિરાટ લાગ્યા. આનો અર્થ એ કે આ સભામાં સામાન્ય લોકો પણ હતા. વૃષ્ણીસંઘને તે પરમ દેવતા લાગ્યા. યોગીઓને ભગવાન શ્રીકૃષ્ણ પરમ તત્ત્વ જેવા લાગ્યા.

મને લાગે છે કે સ્વાધ્યાયમાં જેમ વિદ્વાન-અવિદ્વાન, ગરીબ-શ્રીમંત, બધા સાથે બેસે છે તેમ આ સભામાં મલ્લો, સ્ત્રીઓ, નરશ્રેષ્ઠો, સામાન્યો, યોગીઓ-બધા જ સાથે હતા. આવા કૃષ્ણ બલરામની સાથે રંગભૂમિ પર આવી ગયા.

જેમને કંઇ અભ્યાસ કરવો હશે તેમના માટે કહું કે ત્યાં ચાણૂર મલ્લ હતો. આ ચાણૂર અતિશય સુંદર ભાષા બોલતો હતો. આપણને રાક્ષસનું નામ સાંભળીને એવું લાગે છે કે જાણે તે મસ્ત, ઉન્મત્ત, જંગલી હશે. તેમાં પણ જે પહેલવાન હોય છે તેને મગજ-બુદ્ધિ હોતી નથી એવી આપણી ધારણા છે, પરંતુ આવું નથી. ચાણૂરે અતિશય સ્થલોચિત અને પ્રસંગોચિત ભાષણ કર્યું. વાંચવું હશે તો ભાગવતમાં દશમ સ્કંધના તેતાલીસમા અધ્યાયમાં વાંચવા મળશે. ચાણૂર કહે છે: 'આપણે એક રાજાની પ્રજા છીએ. (કારણ ગોકુલમાં પણ કંસની પ્રજા હતી). રાજાને પ્રસન્ન કરવા એ પ્રજાનું કામ છે. તમે બધા ગોપાલો કુસ્તીમાં પ્રવીણ છો. માણસ પોતાની કલા દેખાડીને રાજાને પ્રસન્ન કરે છે. તમારી પાસે કુસ્તીની કલા છે તે તમે રાજાને દેખાડીને પ્રસન્ન કરી શકો છો.'

કૃષ્ણે કહ્યું: 'અમે કંસની પ્રજા છીએ તે વાત બિલકુલ સાચી છે, પરંતુ, અમે તો બાળક છીએ. તમારા જેવાને માટે અમારા જેવા બાળક સાથે કુસ્તી કરવી એ અયોગ્ય વાત છે. સમર્થ અસમર્થની સાથે કુસ્તી નથી કરતો અને અસમર્થ સમર્થની સાથે કુસ્તી કરવાનું સાહસ નથી કરતો. તમારી-અમારી વચ્ચેની કુસ્તી સમર્થ-અસમર્થની થશે. તો તે કેમ શકય બને?'

ચાણૂરે કહ્યું: 'હજાર હાથીના બળવાળા કુવલયાપીડ જેવા હાથીને જેણે માર્યો તે બાળક હોઇ

શકતો નથી અને કમજોર પણ હોઇ શકતો નથી. તમે અમારી જોડે લડી શકો છો.' ત્યારબાદ કૃષ્ણ અને ચાણૂરની કુસ્તી થઇ, પરંતુ તેમની વચ્ચે થયેલું શરૂઆતનું સંભાષણ વાંચવા જેવું છે.

સબલ-નિર્બલનું યુદ્ધ જોઇને સભામાં બેઠેલાઓને એમ લાગ્યું કે આ સભામાં અધર્મ ચાલી રહ્યો છે. જે સભામાં અધર્મ ચાલી રહ્યો છે તેમાં બેસી રહેવાથી પાપ લાગે છે. તે સભામાંથી ઊઠીને ચાલી જવું જોઇએ. અમારે સમર્થ-અસમર્થની લડાઇ જોવી નથી, એમ કહી આખી સભા ઊઠીને ચાલી નીકળવાની તૈયારી કરે છે.

સભા છોડીને ચાલ્યા જવું આ અનાદિકાળથી ચાલતું આવે છે. તે કેવળ આજે જ પાર્લામેન્ટમાં ચાલે છે એમ નહિ, પરંતુ આજે કેવળ 'અમને માન્ય નથી' તેથી લોકો સભા છોડી જાય છે અને પહેલાં જૂનાકાળમાં 'ધર્મને માન્ય' ન હોય તેવું કામ ચાલે ત્યારે તેઓ સભા છોડીને જતા રહેતા હતા. ભાગવતમાં સ્પષ્ટ ભાષામાં લખ્યું છે કે આ સભામાં અધર્મ ચાલે છે તેથી સભા છોડીને જતા રહીએ. આ વિરોધ દેખાડવાનો એક પ્રકાર છે, પરંતુ આટલું કહ્યા પછી પણ તેમણે સભાત્યાગ કર્યો નથી. એનું શું કારણ? એનું કારણ શ્રીકૃષ્ણનું આકર્ષણ એટલું જબરદસ્ત હતું કે બધા ઊભા થઇ ગયા હતા. પરંતુ શ્રીકૃષ્ણ તરફ જોયા પછી તેઓ સભા છોડીને ગયા નહિ. જ્યાં અધર્મ ચાલે છે ત્યાં ધાર્મિક પ્રજાએ બેસવું ન જોઇએ, ત્યાંથી નીકળી જવું જોઇએ એમ ભાગવતકાર કહે છે. 'નીકળી જવું જોઇએ' એમ લખ્યું છે. સ્ત્રીઓ પણ જવાની તૈયારી કરે છે, પરંતુ કૃષ્ણના મધુર રૂપનું વર્ણન ફરીથી બધા કરે છે અને સભામાંથી નીકળી જવાની તૈયારી કરીને પણ નીકળી શકતા નથી. તેમણે શ્રીકૃષ્ણનું વર્ણન કર્યું છે તે બહુ સુંદર છે. તે વખતનું કૃષ્ણનું રૂપ જેમના દિલમાં શ્રીકૃષ્ણ માટે પ્રેમ છે તેઓ સમજી શકશે. સાહિત્યની દૃષ્ટિથી પણ તે શ્રેષ્ઠ વર્ણન છે.

ત્યારબાદ, શ્રીકૃષ્ણે ચાણૂરને મારી નાખ્યો. ત્યારે કંસ ગભરાઇ ગયો. તે બોલી ઊઠે છે: 'કૃષ્ણને સભામાંથી બહાર કાઢો, તે અહીં નથી જોઇતો.' એનો અર્થ તેમને દેશમાંથી બહાર કાઢો એવો થાય છે, પરંતુ ત્યાંથી જવા માટે તો શ્રીકૃષ્ણ આવ્યા જ ન હતા. તે જાય કેવી રીતે?

શ્રીકૃષ્ણે કંસને તેના વાળથી પકડીને નીચે પછાડયો અને મારી નાખ્યો. કંસ મર્યા પછી તેની અંતઃપુરની સ્ત્રીઓ ત્યાં આવીને વિલાપ કરવા લાગી, પરંતુ વિલાપ કરતી વખતે પણ તેઓ શ્રીકૃષ્ણને દોષ દેતી નથી. જેને વાંચવું હોય તે દશમ સ્કંધના ચુમાલીસમા અધ્યાયમાં ચુમાલીસથી સુડતાલીસમા શ્લોકમાં વાંચી શકે છે. કંસની પત્નીઓએ પણ સ્પષ્ટ ભાષામાં કહ્યું છે કે જે અધાર્મિક કામ કરવાવાળા લોકો છે તેમને શાંતિ કેવી રીતે મળે?

કંસને માર્યા બાદ ઉગ્રસેનને રાજ્યપદ આપીને શ્રીકૃષ્ણ ભગવાન સ્નેહીઓને અને પરિવારને મળે છે તેનું હૃદ્ય વર્ણન છે. પ્રાણાન્તિક સંકટ પછી શ્રીકૃષ્ણ વસુદેવ અને દેવકીને મળે છે તે પ્રસંગ વાંચીએ તો આંખો ભાવાશ્રુથી ભીની થાય છે. ભાગવતકારની કલમ છે અને ભાષા પણ અતિશય સુંદર છે.

ત્યારબાદ ગર્ગાચાર્યને બોલાવીને શ્રીકૃષ્ણના ઉપનયન સંસ્કાર કર્યા છે અને પછી શ્રીકૃષ્ણ સાંદીપનિના આશ્રમમાં જાય છે ત્યાં તેમણે ઘણો અભ્યાસ કર્યો એવું ભાગવતકારે વર્ણન કર્યું

છે. સાંદીપનિના આશ્રમમાં ભગવાન કેટલા દિવસ રહ્યા હતા તે મને ખબર નથી. ઐતિહાસિક દૃષ્ટિથી ત્યાં બહુ દિવસ રહ્યા હોય એવું લાગતું નથી. ભાગવતકારનું કહેવું છે કે શ્રીકૃષ્ણે ચોસઠ કલા ચોસઠ દિવસમાં શીખી લીધી. તેનો અર્થ ભગવાન ત્યાં લગભગ બે મહિના રહ્યા હશે.

ત્યાર પછી, ભાગવતકારે એક અતિશય રમ્ય વિભાગ શરૂ કર્યો છે. તેમાં ઉદ્ધવ આવે છે. ઉદ્ધવ મહાન જ્ઞાની છે અને કૃષ્ણ ભગવાનના પરમ ભક્ત છે. કૃષ્ણ ભગવાનના મનમાં જેમના માટે આદર હતો તેમાં સૌ પહેલાં ઉદ્ધવ છે. ઉદ્ધવ એટલા મહાન છે. સૃષ્ટિ છોડતી વખતે ભગવાને ઉદ્ધવને જે ઉપદેશ આપ્યો તેનાં જગતમાં હું શા માટે આવ્યો, કેવી રીતે રહેવું જોઇએ, આ બધી વાતો ભગવાને ઉદ્ધવને સમજાવી છે. તે જ વાતો ઉદ્ધવે ફરીથી કહી તેને ઉદ્ધવગીતા કહે છે. કૃષ્ણ ભગવાને કહેલી એક ગીતા છે જ. પરંતુ, ઉદ્ધવ મારફતે આવી તેથી તેને ઉદ્ધવગીતા કહે છે.

ભગવાન ઉદ્ધવને ગોકુલમાં મોકલે છે. ઉદ્ધવ તો ત્યાં જઇને કૃષ્ણલીલા ગાય છે જ્યારે કૃષ્ણ ભગવાનના પરમ ભક્ત કૃષ્ણલીલા ગાય તેમાં શું કહેવાનું હોય? ઉદ્ધવના મુખેથી કૃષ્ણલીલા સાંભળીને યશોદાની આંખોમાંથી આનંદાશ્રુનો વર્ષાવ થાય છે. પોતાના પુત્રનું આવું વર્ણન સાંભળીને ક્યા મા-બાપને આનંદ ન થાય? આ તો અલૌકિક મા-બાપ અને અલૌકિક કલમ, ભાષા પણ અલૌકિક અને સમજાવવાવાળા પણ અલૌકિક! અતિશય હૃદ્ય વર્ણન છે.

ઉદ્ધવ યશોદામૈયાને કહે છે કે તમારો પુત્ર કેટલો અમાની છે! તેણે વિશ્વમાં અશક્ય એવું કામ કર્યું છે, પરંતુ, સામાન્યમાં સામાન્ય માણસ જેવી રીતે રહે તેવી રીતે તે અમારા જેવા સામાન્યોની સાથે રહે છે. આ વર્ણન મનોહરી છે. વિષ્ણુસહસ્રનામમાં ભગવાનનાં નામો છે તેમાં **અમાની માનદો માન્યઃ** .....છે. એટલે જે અમાની છે, તે બીજાને માન આપે છે એટલે તે માન્ય બની જાય છે. તેવી રીતે ભગવાન આવું અશક્ય કામ કરીને માણસની જેમ રહે છે તે જ તેમની મોટાઇ છે.

કૃષ્ણની મહાનતા જોઇને એક વાત યાદ આવે છે. ટોલ્સટોયે લખ્યું છે કે લેનિન માટે મારા દિલમાં જે આદર નિર્માણ થયો તે તેનું તત્ત્વજ્ઞાન વાંચીને થયો તેનાં કરતાં પણ વધારે તેના વર્તનથી થયો હતો. ટોલ્સ્ટોય લખે છે કે લેનિન યશસ્વી થયા બાદ હું એક વખત તેનું ભાષણ સાંભળવા માટે ગયો હતો. મને લાગ્યું કે લેનિન નવ વાગે આવશે ત્યારે હું તેને જોઇ શકીશ. બરાબર નવ વાગ્યા કે લેનિનનું નામ પોકારવામાં આવ્યું. ‘હું જોતો હતો કે હવે લેનિન આવશે અને લોકો તેને સન્માનથી લઇ આવશે. તેના બદલે ખેડૂતો સાથે વાત કરતાં કરતાં બેઠેલો લેનિન ઊભો થયો અને મંચ પર આવી બોલવાની શરૂઆત કરી. તે જોઇને મને લાગ્યું કે આખું રશિયા જેને આટલા આદરથી જુએ છે તે લેનિન, સામાન્ય ખેડૂતો સાથે વાતો કરતો બેઠો છે! ત્યાંથી ઊઠીને મંચ પર આવ્યો! તે પ્રસંગનો મારા પર એટલો પ્રભાવ પડયો, જેટલો તેનું લખાણ વાંચીને નહોતો પડયો.

આવી જ રીતે વિશ્વમાં અશક્ય કામ કરી દેખાડવાવાળા કૃષ્ણ સામાન્યમાં સામાન્ય રીતે રહે છે, બધાની સાથે સમરસ છે અને છતાં તદ્દન નિ:સ્વાર્થી છે એવું ઉદ્ધવ કહે છે. આ વાત બધાને ખબર જ છે તે છતાં તે વાત કહેવામાં આનંદ થાય છે. વર્ણન કરવાવાળા ઉદ્ધવ શ્રોતા

નંદ-યશોદા અને વર્ણ્ય વિષય કૃષ્ણ! તેમાં રાત વીતી જાય છે.

ત્યારપછી સવારના ઉદ્ધવને ગોપીઓ મળે છે અને ઉદ્ધવને પૂછે કે 'કૃષ્ણને અમારી કોઇ વાત યાદ આવે છે? કૃષ્ણ ભગવાન મોટા મોટા લોકોમાં ગયા છે. મોટા લોકોમાં ગયા પછી લોકો ગામવાળાને ભૂલી જાય છે. આવી રીતે કૃષ્ણ ભગવાન અમને ભૂલી ગયા છે?' તે વખતે ઉદ્ધવે ગોપીઓની પાસે પણ કૃષ્ણ ભગવાનનું વર્ણન કર્યું છે. ગોકુલવાસીઓએ ઉદ્ધવને એક મહિના સુધી પોતાની પાસે રાખ્યા અને દરરોજ ઉદ્ધવના મોઢેથી કૃષ્ણલીલા સાંભળતા હતા. આ જ ખરું વર્ણન છે. એનું કારણ જે દિલથી કૃષ્ણના ભક્ત છે, જેમણે શ્રીકૃષ્ણને જોયા છે, કૃષ્ણચરિત્રનું બૌદ્ધિક વિશ્લેષણ કરવાની જેમનામાં શક્તિ છે, જે કેવળ ભાવુક નથી, એવા ઉદ્ધવ શ્રીકૃષ્ણની લીલા ગાય છે અને ગોકુલવાસીઓ તે સાંભળે છે.

ગોપીઓને ઉદ્ધવ કહે છે કે તપ કરીને અને સાધના કરીને જે મળતું નથી તે તમને સહજ મળ્યું છે. તમને સહજ મળ્યું છે એનો અર્થ એવો નથી કે તમે કંઇ કર્યું નથી. તમારો પણ પાછલો જન્મ બહુ મોટો હતો. ભગવાનનો સંદેશો છે કે હું સર્વવ્યાપક છું, તેથી મારો વિયોગ અશક્ય છે. આ બધું વર્ણન બહુ જ સુંદર છે પણ તેના માટે મૂળ સંસ્કૃત શ્લોકો વાંચવા જોઇએ. નહિ તો વર્ણન કેટલું થઇ શકે? ઓછા નામે સંસ્કૃત ભાષા, તાત્ત્વિક અને ધાર્મિક ભાષા છે તેથી બધાએ વાંચવી જોઇએ. તે ભાષા સાર્વજનીન તો થઇ નહિ શકે, પરંતુ, આપણે તે વાંચી શકીશું. જો માછીમારો સંસ્કૃત વાંચે છે તો શું આપણે નહિ વાંચીએ? મને શંકા છે. માછીમારો સંસ્કૃત જરૂર વાંચશે પણ આપણે નહિ વાંચીએ. કારણ, માછીમારો પાસે તીવ્રતા છે. તેઓ સંસ્કૃત વાંચી દેખાડશે.

ગોપીઓએ કહ્યું: 'અરે! અહીં કૃષ્ણનો વિરહ છે જ કોને? અમને વિરહ છે આ વાત તદન જૂઠી છે.' પરંતુ –ગોપીઓએ જે કહ્યું તેમાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. તેઓ કહે છે: **परं सौख्यं हि नैराश्यम्** – સૃષ્ટિમાં પરમ સુખ ક્યું છે? **नैराश्यं** – એટલે જ આશારહિતતા. અહીં **नैराश्यम्** એ નિરાશાના અર્થમાં નથી. જીવન આશારહિત રાખવું જરૂરી છે.

અત્યાર સુધી ભગવાનનું પ્રાદેશિક કામ ચાલતું હતું. હવે ભગવાનની નજર વૈશ્વિક કામને માટે હસ્તિનાપુર તરફ ગઇ. ત્યાં તાનાશાહી ચાલતી હતી. તાનાશાહીનાં દુષ્પરિણામો ભગવાનને ખબર છે. સાથે સાથે લોકતંત્રનો સ્વીકાર થવો જોઇએ એ પણ વૃષ્ણિસંઘને માન્ય હતું. વૃષ્ણિસંઘ એ લોકતાંત્રિક રાજ્યવ્યવસ્થા હતી. જેને આજે આપણે (Democratic State) કહીએ છીએ. આજે લોકો એવું માને છે કે બ્રિટિશોની પાસેથી આપણે લોકતંત્ર લીધું છે. એક રીતે તે સાચું છે. એનું કારણ, આપણો પોતાનો જૂનો કાળ આપણને ખબર જ નથી.

કૃષ્ણ રાજા હતા જ નહિ. તે વૃષ્ણિસંઘના રાજ્યપ્રમુખ હતા. તે કાળે લોકો 'રાજ્યપ્રમુખ' શબ્દ બોલતા હતા. આજે 'રાષ્ટ્રપતિ' આ એક જુદો શબ્દ આવી ગયો છે, રાષ્ટ્રનો કોઇ પતિ થઇ શકતો નથી. તે રાષ્ટ્રાધ્યક્ષ થઇ શકે છે, પરંતુ અસ્મિતાનું આટલું સુસૂક્ષ્મ જ્ઞાન બહુ ઓછા લોકોને હોય છે. તેથી રાષ્ટ્રપતિ શબ્દ રૂઢ થઇ ગયો છે. તાનાશાહીનાં દુષ્પરિણામો જોતાં લોકતંત્ર સ્વીકારવું જોઇએ, પરંતુ તે કામ તુરંત થતું નથી. આને માટે કૃષ્ણ ભગવાને સૌ પહેલાં સહિયારું નેતૃત્વ (Collective leadership) નો પ્રયોગ કર્યો. કોઇપણ એક વ્યક્તિ પૂર્ણ નથી. સ્ત્રીશિક્ષણદ્વારા

ગોકુલનો ઉદ્ધાર કર્યો તેમ સહિયારા નેતૃત્વનો પ્રયોગ કરવા માટે તેમણે પાંડવોને પસંદ કર્યા. એનું કારણ પાંડવો પાંચ હતા, છતાં મનથી એક હતા. પ્રત્યેક પાંડવમાં એક એક ગુણ છે. શરૂઆતમાં યુધિષ્ઠિર કહેતા હતા કે આપણે લડવું નથી. તે વખતે અર્જુન વગેરે જોરશોરથી કહેતા હતા કે લડવું જ જોઇએ. એક વખત લડવાનો નિશ્ચય થઇ ગયો ત્યારપછી યુદ્ધના મેદાનમાં આવ્યા પછી અર્જુન ઢીલો થયો અને નથી લડવું એમ કહ્યું, પરંતુ, યુધિષ્ઠિર બિલકુલ ઢીલા પડયા નથી. તેમણે મક્કમતાપૂર્વક કહ્યું કે લડવું જ છે, તેથી જ તેમનું નામ યુધિષ્ઠિર છે. ભીમ, અર્જુન, નકુળ, સહદેવ, આ બધા પાસે જુદા જુદા ગુણો છે. સહિયારું નેતૃત્વ ઊભું કરીને કૃષ્ણ ભગવાને તેમના ગુણોનો ઉપયોગ કર્યો છે.

કૃષ્ણ ભગવાને પાંડવોને સાધનયંત્ર બનાવ્યા. જેમ અક્રૂર કંસના દૂત થયા હતા તેમ હવે કૃષ્ણ ભગવાન તેમને હસ્તિનાપુર મોકલે છે કે જેથી હસ્તિનાપુરના સમાચાર બરાબર મળે.

કંસ, જરાસંધ, કાલયવન, કાલનાગ, દુર્યોધન વગેરે આપખુદ સમ્રાટ હતા. ત્યાં હસ્તિનાપુરમાં શું ચાલે છે તે જોવા માટે કૃષ્ણ અક્રૂરને મોકલે છે. અહીં દશમ સ્કંધનો પૂર્વ વિભાગ પૂરો થાય છે. આ પછી ઉત્તર વિભાગ શરૂ થાય છે.

અસ્તિ અને પ્રાપ્તિ આ બે જરાસંધની પુત્રીઓ હતી. કંસના મૃત્યુ પછી બન્ને વિધવા થઇ. કંસનો સસરો જરાસંધ કૃષ્ણ તરફ પ્રતિશોધની દષ્ટિથી જોતો હતો. જરાસંધે કેટલીએ વખત મથુરા પર ચડાઇ કરી હતી પરંતુ પ્રત્યેક વખત મથુરાના લોકોએ તેને હરાવ્યો હતો. છેવટે એવું બન્યું કે, ભારતમાં તે પહેલાં કદી ન બનેલી ઘટના જરાસંધે ઊભી કરી. તેણે યવનાધિપતિની સહાય માગી અને દેશદ્રોહ કર્યો. તે વખતે કૃષ્ણ ભગવાને વિચાર્યું કે વૃષ્ણિસંઘ અને જરાસંધના આંતરવિગ્રહમાં હવે બહારની સંસ્કૃતિ પ્રવેશે છે. જે સંસ્કૃતિને અહીં સ્થિર કરીને વિશ્વમાં મોકલવી છે, તે જ ઠેકાણે બહારની સંસ્કૃતિ આવશે એવું જ્યારે કૃષ્ણ ભગવાને જોયું ત્યારે તેઓ મથુરા છોડીને નીકળી ગયા. તેના લીધે યવનાધિપતિ આવતો અટકી ગયો. કૃષ્ણ મથુરા છોડીને દ્વારકામાં આવીને વસ્યા અને કાઠિયાવાડી બની ગયા.

અત્યારસુધી કૃષ્ણ ભગવાન ગૃહસ્થાશ્રમી ન હતા. કાઠિયાવાડમાં જઇને તેમણે ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો.

સૌ પ્રથમ તેમનો રુક્મિણી સાથે વિવાહ થયો. આ રાક્ષસવિવાહ છે. છોકરીને ઉપાડીને લઇ જઇ વિવાહ કરે તેને રાક્ષસવિવાહ કહે છે. કૃષ્ણ ભગવાનનો આ પ્રેમપૂર્ણ રાક્ષસવિવાહ છે. વિવાહના શાસ્ત્રકારોએ કહ્યા છે તેમાંનો આ એક પ્રકાર છે.

૧

રુક્મિણીએ કૃષ્ણને જે પ્રેમપત્ર મોકલ્યો હતો તે વિશ્વનો પહેલો પ્રેમપત્ર હશે. તેમાં વિશેષ એ હતું કે જેને જોયા નથી એવા કૃષ્ણ ઉપર રુક્મિણીએ પ્રેમ કર્યો છે. જોયા-મળ્યા પછી કોઇ ઉપર પ્રેમ થાય તે જુદી વાત છે, પરંતુ પવિત્ર બ્રાહ્મણના મુખેથી કૃષ્ણનું ગુણવર્ણન સાંભળીને રુક્મિણી કૃષ્ણને મનથી વરી ચૂકી હતી અને તેણે પ્રેમપત્ર લખ્યો હતો. ત્યારબાદ અન્ય રાણીઓ સાથે તેમના લગ્ન થયા તેનું પણ વર્ણન છે.

કૃષ્ણ ભગવાન જ્યારે પ્રભાવી રીતે કામ કરવા લાગ્યા ત્યારે પ્રતિપક્ષના લોકોએ તેમનું ચારિત્ર્યહનન કરવાનો પ્રયત્ન કર્યો છે. હંમેશાં આવું બને છે. જ્યારે માણસ પ્રભાવી રીતે દૈવી કાર્ય, પ્રભુકાર્ય કરવા લાગે છે ત્યારે પ્રતિપક્ષી લોકો તેનું ચારિત્ર્યહનન કરીને લોકોના મનમાંથી ઉતારી નાખવાનો પ્રયત્ન કરે જ છે. આવી તેમની નીતિ હોય છે. એનું કારણ એક જ હોય છે કે સાત્ત્વિક કામ કરવાવાળો સત્તા અને સંપત્તિને મહત્વ આપતો નથી; તે પ્રેમ અને વિચાર ઉપાડે છે. પરિણામે તે લોકોનો હૃદયસ્વામી બની જાય છે. જૂનાકાળમાં જે લોકો ભૌતિક જીવનમાં જ રાચતા હતા તેમને રાક્ષસ કહેતા હતા. આવા રાક્ષસો, સાત્ત્વિક લોકોના પ્રતિપક્ષી હોવાથી તેમનું ચારિત્ર્યહનન કરવાનો પ્રયત્ન કરતા હતા.

જે કાળમાં લોકો મનુષ્યબલિ આપતા હતા તે કાળે વસિષ્ઠ ભગવાન તેમની વિરોધમાં ઊભા થયા અને તેમણે નારો લગાડયો કે મનુષ્યની હત્યા ન થવી જોઇએ. વસિષ્ઠે મનુષ્યવધનો વિરોધ કરતાં જ પ્રતિપક્ષના લોકોએ તેમના યશચારિત્ર્ય ઉપર આઘાત કર્યો. તેમણે એકાદ નબળા માણસને શોધી કાઢીને તેને સાધન બનાવ્યો. તે ઠેકઠેકાણે જઇને કહેવા લાગ્યો કે વસિષ્ઠ પોતે જ મનુષ્યમાંસનું ભક્ષણ કરે છે. વસિષ્ઠ ઉપર આવો આરોપ આવતાં જ તેમને ગામેગામ જઇને છાતી ઉપર હાથ રાખીને કહેવું પડયું કે જો મેં મનુષ્યનું માંસ ખાધું હોય તો હમણાં જ મરી જાઉં: **अद्यमुरीय यदि यातुधानोऽस्मि ।** ઈશ્વરી કાર્ય કરવાવાળાના જીવનમાં આવો પ્રસંગ આવવો સંભવિત છે. કારણ, તેની પ્રતિષ્ઠા અને તેના માટે ઊભો થયેલો આદર છે. તેનાથી જ તે વ્યક્તિને બદલાવે છે. આથી વિરોધીઓ તેમની પ્રતિષ્ટા જ ખતમ કરવા માટે તેમના ચારિત્ર્યહનનનો પ્રયાસ કરે છે.

ભગવાન રામચંદ્રના કૌટુંબિક જીવનમાં પણ લોકો આવો પ્રસંગ લાવ્યા છે કે સીતા અપવિત્ર છે. રામે પણ તે પ્રસંગનો સામનો કર્યો છે. તે વાત એકાદ ધોબી બોલ્યો ન હતો. રામચંદ્રનું ચારિત્ર્યહનન એક ધોબીએ કર્યું નથી. ધોબી તો એક પગારી પ્રચારક હશે, પરંતુ આવા ધોબી જેવા લોકો ચોરે ને ચૌટે ઊભા રહી પદ્ધતિસર તેનો પ્રચાર કરતા હતા. વાલ્મીકિ રામાયણમાં લખ્યું છે કે અયોધ્યાના ખૂણે ખૂણે લોકો તે બાબતની ચર્ચા કરતા હતા. રામનું લોકોના દિલમાં સામ્રાજ્ય હતું, સ્થાન હતું. તેમના જેવાને સત્તા સંપત્તિ કંઇ જોઇતું ન હતું. રામને લોકોના દિલમાંથી ઉતારવાનો એક જ રસ્તો હતો અને તે એટલે તેમનું ચારિત્ર્યહનન કરવું. આવા કેટલાક લોકોએ ચારિત્ર્યહનનનો પ્રયત્ન કર્યો હતો. કેટલાક ભોળા લોકો તેમનામાં ભળી ગયા. તેમનું લક્ષ્ય એક જ હતું કે લોકોના મગજમાં એક વાત બેસાડી દેવી કે રામ આપણે માનતા હતા તેટલા પવિત્ર નથી. ખરીરીતે તે હળાહળ જુઠઠાણું હતું. જે સત્ય છે તેને કંઇ તર્ક (Logic) હોય છે. તેને મર્યાદા હોય છે. પરંતુ, અસત્યને તર્ક (Logic) ની જરૂર હોતી નથી, તેથી તે અમર્યાદિત હોય છે. સત્ય માટે અમુક મર્યાદા સુધી બોલવું પડે છે. અસત્યને મર્યાદા હોતી જ નથી. કંઇ પણ બોલી શકાય છે. જે ઘટના થઇ જ ન હોય તે થઇ એવું એક બીજાને કહે છે, બીજો ત્રીજાને કહે છે અને ચારેકોર તે અસત્ય વાત ફેલાઇ જાય છે. ભગવાન રામચંદ્રના જીવનમાં તેમનું ચારિત્ર્યહનન થયું છે, બુદ્ધના જીવનમાં અને ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાં પણ તેમનું ચારિત્ર્યહનન થયું છે.

કૃષ્ણ ભગવાનના જીવનમાં પણ આવો પ્રસંગ આવ્યો હતો. સત્રાજિત પાસે સ્યમંતકમણિ

હતો. તે સ્યમંતકમણિ દરરોજ સોનું આપતો હતો. સત્રાજિતને આ સ્યમંતકમણિ સૂર્ય પાસેથી મળ્યો હતો. તે કાળે કૃષ્ણના ચારિત્ર્યનો પ્રભાવ જબરદસ્ત હતો. કૃષ્ણ ભગવાનના ચારિત્ર્યહનનનો પ્રયાસ પ્રતિપક્ષે કર્યો. તે માટે કૃષ્ણે સ્યમંતકમણિ ચોર્યો છે એવો આરોપ કર્યો. તેથી લોકોને એમ લાગે, કે 'કૃષ્ણ ચોર છે. અમે ધાર્યા હતા તેવા કૃષ્ણ નથી.' દૈવી કામ કરવાવાળાનું ચારિત્ર્યહનન કરવાનો પ્રયત્ન પ્રતિપક્ષ હંમેશાં કરે છે. કૃષ્ણને ઉતારી પાડવાના ષડ્યંત્રમાં બીજા લોકો હતા તેમ અક્રૂર પણ હતા. પરંતુ ભાગવતકારે તેને મહાન ભક્ત તરીકે ચીતર્યો છે તેથી તે બાબત ભાગવત મૌન સેવે છે. મહાભારત અને હરિવંશ જેવા ગ્રંથમાં અક્રૂર તે ષડ્યંત્રમાં સામેલ હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. અક્રૂર ભક્ત હતા તે વાતનું સમર્થન કરવાવાળા લોકો કહે છે કે ભગવાન કેટલા શુદ્ધ હતા તે દેખાડવા માટે અક્રૂરે તહોમત લગાડયું છે. અરે વાહરે વાહ! ભગવાનને શુદ્ધ સિદ્ધ કરવા માટે અક્રૂરે વચમાં આવવું પડયું?

સ્યમંતકમણિ ચોર્યાનો આરોપ ખોટો છે તે સિદ્ધ કરવા માટે કૃષ્ણે આકાશ-પાતાળ એક કર્યા હતા.

અવતારોએ આવા પ્રસંગો દૈવી કામ કરવાવાળા લોકોને દક્ષ કરવા, તેમને સમજાવવા માટે ઉપાડયા છે અને આવા પ્રસંગોમાં પણ ગભરાયા વગર કેમ ઊભા રહેવાનું તે શીખવ્યું છે. દૈવી કાર્યના વિરોધકોનો એક જ ધંધો હોય છે. તેમના માટે ભગવાને એક સ્પેશિયલ સ્થાન 'નરક'નું રાખ્યું જ છે. તે સ્થાન સંપૂર્ણ રીતે તેમના માટે જ રહેવું જોઇએ ને!

આપણા ભારતીય દર્શનની દષ્ટિથી એક શાસ્ત્રીય સિદ્ધાંત છે કે નેતા સમાજ નિર્માણ કરે છે. આજના લોકતંત્ર કાળમાં લોકો એમ કહે છે કે સમાજ નેતા નિર્માણ કરે છે. જે માટીનો સમાજ હશે તે માટીનો જ નેતા હશે. આપણા વેદવ્યાસ સ્પષ્ટ ભાષામાં કહે છે:

कालो वा कारणं राज्ञो राजा वा कालकारणम् ।
इति ते संशयो मा भूत् राजा कालस्य कारणम् ॥ (महा. उद्योगपर्व १३२.१६)

આ સાચી જ વાત છે. જો સમાજ નેતૃત્વ ઊભું કરતો હોય, પરિસ્થિતિ નેતા નિર્માણ કરતી હોત તો લેનિને રશિયામાં સામ્યવાદ ઊભો કર્યો; તો તેવી પરિસ્થિતિ રશિયામાં ક્યાં હતી? તેવી પરિસ્થિતિ તો ઈંગ્લેંડમાં અને જર્મનીમાં હતી. રશિયામાં તો એક પણ યંત્ર ન હતું, એક પણ ઉદ્યોગ ન હતો. ત્યાં ઔદ્યોગિક વિકાસનું નામ ન હતું. આવા રશિયામાં સામ્યવાદ ઊભો થયો તેનું કારણ લેનિનનું પ્રભાવી વ્યક્તિમત્ત્વ છે. તેથી નેતા સમાજ બનાવે છે એ સિદ્ધાંત સાચો છે. જેવો સમાજ તેવો નેતા એ વિચાર ખોટો છે. કેટલાક નેતાઓ આપણને બનાવવા માટે તેવી ભાષા બોલે છે.

જુદા જુદા પ્રકારના નેતા માન્ય કર્યા છે. કેટલાક દર્શનીય નેતા હોય છે. જેમને અંગ્રેજીમાં Symbolic leader કહે છે. તેમને કોઇ ઉચ્ચ પદને લીધે પ્રતીકાત્મક મહત્ત્વ મળે છે. તેમનામાં પોતાનામાં કોઇ શક્તિ કે પ્રભાવ હોતો નથી. જેવો કે ઈંગ્લેંડનો બાદશાહ, ભારતના રાષ્ટ્રપતિ. તેમની પાસે કશું હોતું નથી, હોવું અસંભવ છે. પરંતુ તેમને ઉચ્ચપદ આપીને પ્રતીકાત્મક નેતૃત્વ આપવામાં આવે છે. આને દર્શનીય નેતા કહે છે.

બીજો પ્રકાર છે વતનદાર નેતાનો. તેને અંગ્રેજીમાં Headman કહે છે. તેમાં સરદાર, સંસ્થાનિક જેવા આવી જાય છે. ત્રીજો પ્રકાર છે તેને તજ્જ્ઞ નેતા કહે છે. જ્ઞાનના ક્ષેત્રમાં અતિઉચ્ચ કામ કરે છે તેથી જે નેતૃત્વ આવે છે તેને તજ્જ્ઞ નેતા (Expert leader) કહે છે. શેક્સપિયર, ન્યૂટન, ગેલિલીયો—આ બધા તજ્જ્ઞ નેતામાં આવે.

ચોથો પ્રકાર, બુદ્ધિમાન નેતા—Intellectual leader નો છે. તે બૌદ્ધિક અને વૈચારિક સામર્થ્યથી લોકો પર સત્તા ચલાવે છે. અબ્રાહમ લિંકન, રસેલ, આપણા દેશમાં ચાણક્ય—આ બધા બુદ્ધિમાન નેતાઓ છે. પાંચમા પ્રકારમાં પ્રશાસક નેતા—Administrative leader કહે છે. કોઇ પણ દેશના પંતપ્રધાન અથવા ઉદ્યોગસમૂહનો પ્રમુખ—આ પ્રશાસક નેતા છે. છઠઠો પ્રકાર છે તેને શાસનાધિકારી નેતા Bureaucratic leader કહે છે. બધા I.C.S. અને I.A.S. લોકો શાસનાધિકારી નેતા છે. સાતમો પ્રકાર છે પ્રક્ષોભક અથવા તો સુધારક નેતા. તેને Agitator leader અથવા Reformer અહે છે. તેમની પાસે કોઇ શાસકીય સત્તા નથી હોતી, પરંતુ મતપરિવર્તનથી તત્ત્વપ્રણાલી દઢ કરવાવાળા તે લોકો છે. તેમાં તિલક, આગરકર, ગાંધીજી, માર્ટિન લ્યૂથર, રસ્કીન—આ લોકો પ્રક્ષોભક નેતાના પ્રકારમાં આવે છે.

આઠમો પ્રકાર સત્તાલોલુપ નેતાનો છે. તેમને Authoritarian leader કહે છે. નેપોલિયન, હિટલર, સ્ટેલીન વગેરે આ પ્રકારના નેતા છે. નવમા પ્રકારના નેતા એટલે લોકશાહીનેતા—Democratic leader છે. તેઓ લોકપ્રતિનિધિ-ચૂંટણીમાં ચૂંટાઇ આવેલા હોય છે તેથી નેતા બને છે. ત્યારબાદ એક દશમો પ્રકાર છે—દૈવી શક્તિશાળી નેતાનો. તેને અંગ્રેજીમાં Charismatic leader કહે છે. કૃષ્ણ, રામ, બુદ્ધ ઇત્યાદિ લોકો આ પ્રકારના નેતા છે.

આવા દૈવી શક્તિશાળી નેતાઓ, સત્તા અથવા સંપત્તિથી કોઇને ખેંચતા નથી. તેમનું જીવન પ્રભાવી હોય છે અને પ્રભાવી જીવનથી તેઓ લોકોને ખેંચે છે. તેમનું નેતૃત્વ વિત્તાધિકારી અને શાસનાધિકારી લોકોને ગમતું નથી. તેમને એમ લાગે છે કે અમારી પાસે આટલું વિત્ત અને આટલી સત્તા હોવા છતાં અમારી પાસે લોકો કેમ નથી આવતા? પ્રજા અમારી પાછળ હોવી જોઇએ. દૈવી નેતાને લોકોના મનમાંથી ઉતારી નાખવા માગે છે. તેમને તો કશું જોઇતું નથી. તેમને કોઇ સાધનથી મહાનતા આવી હોય તો, તે સાધન તોડી નાખીને તેમની મહાનતા ખલાસ કરેને! આવા નેતાઓ તો સ્વયં મહાન હોય છે. બીજા નેતાઓનો પ્રભાવ બે-પાંચ વર્ષમાં ખલાસ થઇ જાય છે. દૈવી નેતાઓના પ્રભાવનું સાતત્ય ટકે છે. તેથી લોકોના મનમાંથી તેમને ઉતારવા એક જ રસ્તો હોય છે. તેથી તેઓ આવા નેતાનું ચારિત્ર્યહનન કરવા લાગે છે. તેમને લાગે છે કે તેમનું ચારિત્ર્યહનન એવું પ્રભાવી રીતે કરવું જોઇએ કે ભોળી પ્રજા તે વાત માની લે અને તેમના મનમાંથી તે ઊતરી જાય.

પ્રતિપક્ષીઓએ રાજકીય ષડ્યંત્રમાં અક્રૂરને પણ ખેંચ્યો. આરોપમાંથી મુક્ત થવા માટે શ્રીકૃષ્ણને ખૂબ મહેનત કરવી પડી અને તેમાં ઘણો સમય લાગ્યો.

દશમ સ્કંધના સાઠમા અધ્યાયમાં એક મજેદાર પ્રસંગ ઊભો કર્યો છે. તેમાં કૃષ્ણ અને રુક્મિણીનો નર્મવિનોદયુક્ત સંવાદ છે. અહીં ભગવાન રુક્મિણીની પરીક્ષા લઇ રહ્યા છે.

શ્રીકૃષ્ણ રુકિમણીને કહે છે; 'તારું સૌંદર્ય અદ્દ્ભુત છે, અલૌકિક છે, લોકોત્તર છે. દેવોના દરબારમાં પણ દુર્લભ એવું તારું સૌંદર્ય છે, પરંતુ તેં મને પસંદ કર્યો તેમાં તેં કમઅક્કલનું કામ કર્યું છે એવું મને લાગે છે. પરાક્રમ, સંપત્તિ, રૂપ, સામર્થ્યયુક્ત એવા કેટલાયે રાજાઓ હતા, તારા માટે તેઓ યોગ્ય જ હતા, તારા સૌંદર્ય ઉપર એવા કેટલાયે રાજાઓ લુબ્ધ હતા. મારી પાસે પરાક્રમ નથી. તને ખબર છે કે હું તો મથુરાથી ભાગીને, ત્યાં યુદ્ધ છોડીને આવ્યો છું. રૂપની વાત કરું તો હું કાળો છું. એટલે રૂપ તો મારામાં છે જ નહિ. તેવી જ રીતે મારી પાસે સંપત્તિ પણ નથી. કેમકે તાનાશાહી રાજાઓ, આપખુદ સમ્રાટો પાસે જેટલી સંપત્તિ હોય તેટલી સંપત્તિ મારી પાસે કેવી રીતે રહે? જેની પાસે પરાક્રમ નથી, સંપત્તિ નથી, તેની ઉપર સૌંદર્યયુક્ત સ્ત્રી પ્રેમ થોડો જ કરી શકે?'

શ્રી કૃષ્ણ કહે છે: 'એક બીજી વાત કહું. જે ચીલેચાલુ નથી એવા માણસ સાથે લગ્ન કરનારને દુ:ખ જ મળે છે. ચીલેચાલુ લોકો લગ્ન કરે છે, તેમને બાળકો થાય છે, તેઓ બાળકોનું લાલનપાલન કરે છે, મોટા કરે છે, પરણાવે છે, ઘરડા થાય છે અને જીવન પુરુ કરે છે. તેમનું જીવન સરળ હોય છે. હું ચીલેચાલુ નથી. ધ્યેયનિષ્ઠ માણસના જીવનમાં દુ:ખ જ હોય છે. આવા ધ્યેયનિષ્ઠ જોડે સંસાર કરવામાં દુ:ખ જ વેઠવું પડે છે. આવી એક સામાન્ય વાત પણ તારા ધ્યાનમાં કેમ ન આવી? તું બીજા કોઇ જોડે પરણી હોત તો તું સુખી થઇ હોત અને તેના કુટુંબને પણ સુખી કરી શકી હોત'. કંઇ ધ્યેય આવ્યું કે દુ:ખ આવ્યું જ; તપનો અર્થ જ એ છે, ખુશીથી દુ:ખનો સ્વીકાર. આવેલું દુ:ખ તો બધા સહન કરે છે, પરંતુ ધ્યેયનિષ્ઠ લોકો દુ:ખ સ્વીકારે છે અને તે આનંદપૂર્વક સહન કરે છે.

આપણા કાર્યકર્તાઓને હું કહેતો હતો કે તમે કેટલું દુ:ખ ઉપાડયું છે? સૌરાષ્ટ્રમાં કેટલી ગરમી પડે છે! આવી ગરમીમાં સખત તાપ હોય તો પણ, તમે ગામડાંમાં ફરો છો. તમે લોકોની પાસે જઇને, તૈયાર કરીને, તેમના પોતાના ખર્ચે વયસ્થસંચલનમાં લઇ આવો છો. તેમને કંઇ શ્લોકો ગોખાવીને, તેમની મનોવૃત્તિ તૈયાર કરીને અહીં લઇ આવો છો. આ તમારો Thankless job છે. જે ચીલેચાલુ લોકો હોય છે તેમના જીવનમાં શાંતિ હોય છે, સુખ હોય છે, પરંતુ ધ્યેયનિષ્ઠોના જીવનમાં દુ:ખ હોય છે.

શ્રીકૃષ્ણ કહે છે: 'હું ચીલેચાલુ નથી. બધા જે રસ્તે ચાલે છે તે રસ્તે જવું જોઇએ, પરંતુ મારામાં ગાંડપણ છે તેથી હું જુદા જ રસ્તે ચાલું છું. મારી સાથે પરણીને તને દુ:ખ જ વેઠવું પડયું છે. મારી સાથે બધા નિષ્કિંચન લોકો છે, સામાન્ય લોકો-ગોપાલો છે. વૈભવવાન અને વિત્તવાન લોકો તો મારી સાથે નહિ પણ મારી વિરુદ્ધ ઊભા છે.'

શ્રીકૃષ્ણ કહે છે: 'તેં આ બધી વાતોનો વિચાર ન કર્યો? તેં મને જોયો પણ ન હતો. તે છતાં તેં મારા પર પ્રેમ કર્યો? તે તારું ગાંડપણ છે અને નિષ્કિંચન ઉપર પ્રેમ કર્યો તે તારી ભૂલ છે.'

અહીં કદાચ રુક્મિણી પ્રશ્ન પૂછે, 'તો પછી મને શા માટે ઉપાડી આવ્યા?' તેથી ભગવાન પોતે જ કહે છે: 'તું કદાચ મને પૂછીશ કે હું તને શા માટે ઉપાડી આવ્યો? તો કહું, 'પોતાના શૌર્યથી આંધળા રાજાઓનું શાસન કરવા હું તને ઉપાડી આવ્યો છું. તારી સાથે લગ્ન કરવા નહિ.'

પ્રતિપક્ષી જે પ્રશ્ન પૂછવાનો હોય તે પોતે જ ઊભો કરી તેને જવાબ આપે તે ઉત્કૃષ્ટ વકીલ કહેવાય. ખરો વકીલ કોઇ હોય તો તે કૃષ્ણ ભગવાન જ છે.

वक्तृत्वं सुंदरं यस्य कीर्तिर्यस्य भुवस्तले ।
लक्ष्यं च सर्वकार्येषु स वै वकील इति स्मृतः ॥

શ્રીકૃષ્ણ કહે છે: 'તું હજી પણ વિચાર કરી શકે છે. તું ધ્યાન રાખ કે હું સ્વાત્મસંતુષ્ટ છું એટલે ઉદાસી છું. ઘરનું અને ગૃહસ્થી જીવનનું મને બિલકુલ આકર્ષણ નથી. તારી પાસે એવું સૌંદર્ય છે કે બધા રાજાઓ લોભાયમાન થઇ તારી પાછળ ઘેલા થઇને દોડશે. તે છતાં તું મારી સાથે લગ્ન કરશે? તું વિચાર કર. તારે બીજા જેની સાથે લગ્ન કરવા હોય તેની સાથે તું કરી શકે છે.'

આ બધું જ્યારે રુક્મિણીએ સાંભાળ્યું ત્યારે તે કંપાયમાન થઇ ગઇ. જેના પર મેં પ્રેમ કર્યો, જે મને ઉપાડીને લાવ્યા, જેમની જોડે મારે સંસાર કરવો છે, તે પોતે જ આવી વાતો કરે છે? હવે શું કરવું?' તે છતાં તેણે બહુ સુંદર જવાબ આપ્યો છે. રુક્મિણીએ આપેલો જવાબ તમે વાંચશો તો **कुमारसंभवम्** માં સ્વયં શિવજી પાર્વતીની પરીક્ષા લે છે તે વખતનો તેમનો સંવાદ કૃષ્ણ રુક્મિણી જેવો જ છે.

પાર્વતીને શિવજી સાથે પરણવું હતું તેથી તે તપ કરતી હતી. ત્યાં બટુકનું રૂપ લઇને શિવજી પોતે ગયા હતા અને પાર્વતીને તપમાંથી ચલિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. બટુકે પૂછયું: 'તું આટલી સુંદર સ્ત્રી છે તો તપશ્ચર્યા શા માટે કરે છે?'

પાર્વતીએ કહ્યું: 'મારે શિવજી સાથે પરણવું છે તેથી હું તપ કરું છું'.

બટુકે કહ્યું: 'અરે, તું શિવજી સાથે લગ્ન કરવા માગે છે? તેં શિવજીને જોયા છે? તેનું રૂપ કેવું છે, તે તને ખબર છે?

वपुर्विरूपाऽक्षमलक्ष्यजन्मता दिगम्बरत्वेन निवेदितं वसु ।
वरेषु यद् बालमृगाऽक्षि मृग्यते तदस्ति किं व्यस्तमपि त्रिलोचने ॥ (कु. सं. ५/७२)

(આ શિવજી વિકૃતલોચન છે. જન્મનો પણ કંઇ પત્તો નથી અને દિગંબર છે. તેનાથી તેની પાસેની સંપત્તિ ખબર પડે છે. વધૂ વરના રૂપ અને ગુણ જુએ છે, તેમાંનું કશું તેની પાસે નથી.)

બધાને બે આંખો હોય છે, તેથી તે સુંદર લાગે છે. શિવજીને તો ત્રણ આંખો છે! તે તને સ્વપ્નમાં આવશે તો પણ તેને જોઇને તું ડરી જઇશ. તો પછી તેની જોડે તું તારો સંસાર કેમ ચલાવીશ? બીજું, તેની પાસે કંઇ કુલ શીલ છે? તેના માબાપનું ઠેકાણું નથી. તું કદાચ એમ કહીશ કે રુપ અને કુલ શીલને મારે શું કરવું છે? તેની પાસે સંપત્તિ હશે તો બસ. તેની પાસે સંપત્તિ પણ નથી. ઘર બાંધવા માટે પૈસા નથી. તે સ્મશાનમાં રહે છે અને લંગોટી પહેરીને રહે છે. આવા માણસ સાથે તું સંસાર કરવા માગે છે?'

બટુકનાં આવાં વચનો સાંભાળીને પાર્વતીએ તેને જે જવાબ આપ્યો હતો તે બહુ જ સુંદર

છે. તેને સાહિત્યની દષ્ટિથી મૂલ્ય (Literary value) છે, ભાષાનું સૌંદર્ય પણ છે. પાર્વતી કહે છે: 'બાકી બધું વર્ણન-નિંદા કરી તે તો સમજ્યા; પરંતુ મને તેમાં એક વાત ગમી કે તેને કંઇ કુલ-શીલ નથી, તેના મા-બાપનો પત્તો નથી. જેના મા-બાપનો પત્તો છે તેઓ આજે વરઘોડે ચડે છે અને આવતી કાલે ચાર જણાના ખભે ચડીને સ્મશાનમાં જાય છે. શિવજીને મા-બાપ નથી, તેને જન્મ નથી, તેથી તેને મૃત્યુ પણ નથી; તેથી જ હું તેમની જોડે પરણવા માગું છું.'

આવી રીતે રુક્મિણી કૃષ્ણનાં વચનો સાંભળીને કંપાયમાન થઇ ગઇ અને પછી તેણે જે જવાબ આપ્યો છે તે વાંચવા જેવો છે. રુક્મિણી કહે છે: 'તમે કહ્યું કે હું પરાક્રમી નથી. તે બિલકુલ સાચી વાત છે. એ વાતની તો મને ખબર જ છે કે તમે પરાક્રમી નથી. હું ભણેલી છું તેથી પરાક્રમનો અર્થ હું જાણું છું. **परान् आक्रमते असौ पराक्रमः** – તેમાં બીજા ઉપર આક્રમણ કરવાનું હોય છે.' સંરક્ષણ (Defence) નો અર્થ પરાક્રમ નથી. બીજા પર આક્રમણ કરવાને પરાક્રમ કહે છે. 'પરંતુ, જ્યા પર-બીજો-છે જ નહિ, તો બીજા પર આક્રમણ કેવી રીતે થાય? કોઇ પર-બીજો-હોય તો તેના પર આક્રમણ થાય, તે જ ન હોય તો તમે પરાક્રમ કરો કેવી રીતે? બીજું, બચપણથી આજ સુધી તમે જે કંઇ કર્યું છે તે પરાક્રમ નથી. તમે અદ્ભુત કામો કર્યાં છે તે તમારું પરાક્રમ નથી, તે તો તમારો સ્વભાવ છે. સ્વભાવને પરાક્રમ નથી કહેતા.' સમજો કે સિંહ બકરીને મારે, તો તેમાં તેનું પરાક્રમ નથી, તે તો તેનો સ્વભાવ છે. કોઇ સ્વભાવથી વિશેષ કંઇ કરે તેને પરાક્રમ કહેવાય. તમે જન્મથી જે કંઇ કર્યું છે તે તમારો સ્વભાવ છે.'

'બીજું, તમે કહ્યું કે તમારી પાસે વૈભવ નથી. આ વાત પણ મને માન્ય છે. તમે વૈભવહીન છો એ વાત સાચી છે. એનું કારણ તમે પોતે જ વૈભવ છો, તો તમારાથી જુદો વૈભવ કેમ હોઇ શકે? ગજવામાં કંઇ હોય તેના લીધે તેની કિંમત વધતી હોય તો તેને વૈભવવાન કહેવાય, પરંતુ તમે પોતે જ વૈભવરૂપ છો તો વૈભવવાન કેવી રીતે હોઇ શકો? તમે વૈભવવાન રાજાઓનું વર્ણન કર્યું અને મને કહ્યું કે ફરીથી વિચાર કરીને તું વૈભવવાન રાજા સાથે, શિશુપાલ સાથે લગ્ન કરી શકે છે. તમે આવું ક્રૂર અને કઠોર વચન કહ્યું તેથી મને કંપારી છૂટી છે. આવા વૈભવવાન રાજાઓ સાથે કોણ પરણે? જેનો સત્ ઉપર પ્રેમ નથી, જેની બુદ્ધિમાં અસલી વાત સમજવાની શક્તિ નથી, એવી સ્ત્રી, શિશુપાલ ઇત્યાદિ વૈભવવાન રાજા સાથે પરણશે અને સંસાર પણ ચલાવશે. પરંતુ જેની બુદ્ધિમાં સત્ સમજવાની શક્તિ છે, સત્ ઉપર પ્રેમ છે, તે આવા રાજાઓ સાથે શા માટે પરણે? તમે જે રાજાઓનું વર્ણન કર્યું તે લોકો કેવા છે, તે ખબર છે? આ બધા રાજાઓ સુંદર સ્ત્રીની પાછળ દોડવાવાળા અને લાચારી કરવાવાળા છે. સ્ત્રીને કોઇ દિવસ લાચાર પતિ ગમતો નથી.' આમાં સ્ત્રીનું મનોગત રુક્મિણીએ કહ્યું છે. તેવા લોકો માટે કઠોર વચનો પણ કહ્યાં છે.

'આ બધા ભૌતિક જીવન જીવવાવાળા લોકો સુંદર સ્ત્રીઓના ઘરમાં ગધેડાની જેમ ભારવાહક બને છે, બળદ જેમ કલેશ સહન કરે છે, કૂતરા જેવું અપમાનિત અને બિલાડી જેવું દુર્બળ જીવન વ્યતીત કરે છે, એટલું જ નહિ, સુદંર સ્ત્રીઓની પાસે સેવકની જેમ હાથ જોડીને ઊભા રહે છે. તે જીવન પ્રેત જેવું છે. તેમાં ચેતના નથી અને બીજામાં ચેતના ઊભી કરવાની તેમનામાં શક્તિ નથી.' 'આવા પુરુષોની પાછળ કઇ સ્ત્રી લટ્ટુ બને? જેને અક્કલ નથી, જેનામાં સમજવાની શક્તિ નથી તે. ધ્યેયશૂન્ય વ્યક્તિની સાથે આનંદ ઉપભોગવો એ ક્ષુદ્ર સ્ત્રીનું કામ છે, પરંતુ ધ્યેયવાન

વ્યક્તિની સાથે દુ:ખ સહન કરવાની તૈયારી રાખવી એ સ્ત્રીઓનું સૌંદર્ય છે.' આ બધા રુક્મિણીના શબ્દો છે, મારા નહિ. ભાગવત ખોલીને તમે એ વાંચી શકો છો.

રુક્મિણીએ સ્ત્રીનું મનોગત સમજાવ્યું છે. સ્ત્રીની પાછળ કૂતરાની જેમ પૂછડી પટપટાવવાવાળા લોકો સ્ત્રીને ગમતા નથી. સ્ત્રીને સારા લાગવા માટે પુરુષની પાસે કંઇ હોવું જોઇએ. સ્ત્રી પુરુષની સામે નતમસ્તક બને તેવા ગુણો પુરુષની પાસે હોવા જોઇએ. તો જ તે ગુણોની સામે સ્ત્રી નતમસ્તક થાય છે. રુક્મિણીએ સ્ત્રીનું મનોગત કહ્યું છે અને પોતાનું સોગંદનામું કર્યું છે. આ બધું કહેતી વખતે રુક્મિણીએ એ પણ કહ્યું છે: 'કુમારિકાને જ્યાંસુધી પતિ મળ્યો નથી ત્યાંસુધી તેનું મન વૈભવવાનની ઉપર જાય છે. કારણ, હજી તેનો પતિ નિશ્ચિત થયો નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે મારું મન આજ સુધી કોઇની ઉપર ગયું નથી.'

રુક્મિણીનું આવું પ્રભાવી ભાષણ સાંભળીને કૃષ્ણ ભગવાને કહ્યું, 'હું જે કંઇ બોલ્યો હતો તે તારી પરીક્ષા લેવા માટે બોલ્યો હતો. તારા પ્રેમની મારે પરીક્ષા કરવી હતી. મારો પણ તારા ઉપર પ્રેમ છે.' ત્યારપછી શ્રીકૃષ્ણ ભગવાને પ્રેમભર્યું સંભાષણ કર્યું છે તે હું કહેતો નથી. તેમાં જેટલી દલીલો જરૂરી હતી તે બધી મેં કહી સંભાળાવી.

આ બહુ જ સુંદર વર્ણન છે. તેના મૂળ સંસ્કૃત શ્લોકો જ વાંચવા જોઇએ. પ્રભાવશાળી માણસોએ શું શું કરવું પડે છે તેનું પણ એમાં દર્શન છે. આવા પ્રભાવશાળી માણસની પત્ની પણ કેવા વિચારની હોવી જોઇએ તે પણ દેખાડયું છે.

ગૃહસ્થાશ્રમ મજાક કરવા માટે હોય છે. તેમાં મજાક થવી જોઇએ અને મજાક સમજવાવાળો પ્રતિપક્ષી હોવો જોઇએ. નહિ તો સંસાર ખતમ થઇ જાય, કુટુંબ ખલાસ થાય. દશમ સ્કંધના સાઠમા અધ્યયાયમાં આ બધું સુંદર વર્ણન છે.

ત્યારબાદ ચોસઠમા અધ્યાયમાં નૃગરાજાનો પ્રશ્ન ઊભો કર્યો છે. ભાગવતકારે તેમાં પાપપુણ્યનો વિચાર કર્યો છે. નૃગરાજા આગલા જન્મમાં મનુષ્ય હતો અને આ જન્મમાં ગરોળી થયો છે. તેનો કૃષ્ણભગવાને ઉદ્ધાર કર્યો, એવું લખ્યું છે. તે ગરોળી શા માટે બન્યો? તો કહે છે કે તે જ્યારે નૃગરાજા હતો ત્યારે દાન કરતો હતો. તેણે સેંકડો ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી હતી. તેમાં એક બ્રાહ્મણની ગાય ફરીથી રાજાને ત્યાં પોતાનો ગોઠો શોધતી પાછી આવી. રાજાને તે વાતની ખબર નથી. તે જ ગાય રાજાએ ફરીથી બીજાને દાનમાં આપી. ત્યારપછી ગાય ઉપર કબજો મેળવવા માટે બન્ને બ્રાહ્મણોનો ઝઘડો થયો. તે વખતે નૃગરાજાએ બ્રાહ્મણોની ક્ષમા માગી કે ભૂલથી આવી રીતનું થયું છે. તો પછી અહીં પ્રશ્ન ઊભો છે કે આવો રાજા બીજા જન્મમાં ગરોળી શા માટે થયો? તે અપરાધશાસ્ત્ર (Science of criminology) ના ધ્યાનમાં નથી આવતું. ભાગવતકારે લખ્યું છે, પણ બુદ્ધિશાળી માણસને તે વાત ધ્યાનમાં આવતી નથી.

મને લાગે છે કે તેમાં આગળ લખ્યું છે તે મહત્ત્વનું છે. બ્રાહ્મણને ઠગવો ન જોઇએ. આ વાત સમજાવવાને માટે એક વાર્તા ઊભી કરી છે. નહિ તો આ વાત બુદ્ધિમાં ઊતરતી નથી. એવું હોય તો ભગવાનના દરબારમાં અંધારું છે. પ્રાયશ્ચિત્તમયૂખ લખવાવાળા આપણા પૂર્વજોને કંઇક સમજાવવું છે. જે ભગવાનનું કામ કરવાવાળા બ્રાહ્મણ છે, જેણે પોતાના ભૌતિક જીવન તરફ ધ્યાન

આપ્યું નથી, તેને ઠગવો એ પાપ છે, આ વાત બધાનાં મગજમાં ઘુસાડવી છે, સમજાવવી છે. બ્રાહ્મણવર્ગ માનવ સમાજની ઉન્નતિ કેવી રીતે થશે તેની ચિંતા કરે છે અને પોતાના લોહીનું ટીપે ટીપું તેના માટે અહર્નિશ ખર્ચે છે; તેનું દ્રવ્ય ખેંચી લેવું એ પાપ છે, કારણ, બ્રાહ્મણ બધા ઉપર વિશ્વાસ રાખીને ચાલે છે. હું જૂનાકાળના બ્રાહ્મણની વાત કરું છું. આજના બ્રાહ્મણની નહિ, તે તો કોઇ ઉપર વિશ્વાસ રાખતો નથી. જૂનાકાળનો બ્રાહ્મણ કેવળ મનુષ્યની ઉન્નતિ—આધ્યાત્મિક, નૈતિક, શૈક્ષણિક ઉન્નતિ જોતો હતો. તેને ઠગવો યોગ્ય નથી. તે સમાજને સમજાવવા માટે એક વાર્તા ઊભી કરી છે.

ત્યારબાદ અડસઠમા અધ્યાયમાં એક બહુ મોટું પ્રકરણ ઊભું કર્યું છે. તેમાં અભિજાત ક્ષત્રિયત્વનો વાદ છે. કૌરવોને અભિજાત ક્ષત્રિયે માનવામાં આવતા હતા અને યાદવોને હલકા અથવા ભેળસેળિયા ક્ષત્રિય માનવામાં આવતા હતા. તે વખતે ક્ષત્રિયે કોણ? તેનો જવાબ બળરામે બળથી આપ્યો છે.

क्षतात्किल त्रायत इत्युदग्रः क्षत्रस्य शब्दो भुवनेषु रूढः।

બળરામે સિદ્ધ કર્યું છે કે બળથી ક્ષત્રિય નિશ્ચિત થાય છે. એટલે કે પોતાની પાસે રહેલું બળ માણસ શા માટે વાપરે છે તે જોઇને ક્ષત્રિયત્વ નિશ્ચિત થાય છે. બળરામે તે સિદ્ધ કર્યું છે અને કૌરવોએ તે માન્ય શખ્યું છે. આ બધું વર્ણન અડસઠમા અધ્યાયમાં છે.

ત્યારબાદ ઓગણાસિતેરમા અધ્યાયમાં એક મનોરંજક વાર્તા છે. નારદ વિચારે છે કે ભગવાને હજારો સ્ત્રીઓ સાથે લગ્ન શા માટે કર્યાં? તે બાળકોને માટે હશે; પરંતુ તેની પાછળ એક સામાજિક કારણ છે.

નરકાસુર અને જરાસંધની જેલમાંથી બહાર કાઢેલી કુમારિઆઓને પ્રશ્ન ઊભો થયો હતો. પિતાના ઘરમાં તેનો સ્વીકાર થતો ન હતો અને સમાજમાં પણ તેમનો સ્વીકાર થતો ન હતો. તો આ સ્ત્રીઓએ કરવું શું? જ્યારે આપણા દેશના ભાગલા પડયા ત્યારે પાકિસ્તાનીઓ કેટલીએ યુવતીઓને ભગાડીને લઇ ગયા હતા. તેમના ઘરવાળા તેમનો સ્વીકાર કરવા તૈયાર ન હતા અને તેમની સાથે લગ્ન કરવા પણ કોઇ તૈયાર નહિ. પછી આ યુવતીઓ શું કરે? તેમાણે કાંતો આત્મહત્યા કરવી જોઇએ અથવા તો વેશ્યા બની જવું જોઇએ. આ જ રસ્તો તેમના માટે હતો.

જેલમાંથી છોડાવેલી યુવતીઓ કૃષ્ણને પૂછે કે અમને છોડાવી શા માટે? તમે અમને છોડાવીને અમારી સ્થિતિ વધારે બગાડી નાંખી છે. તે વખતે કૃષ્ણે કહ્યું: 'હું તમને સ્વીકારવા તૈયાર છું. હું તમારો પતિ છું' આમ કહીને કૃષ્ણ ભગવાને તેમને સમાજમાં પ્રતિષ્ઠા આપી હતી.

નારદ વિચારે છે કે કૃષ્ણે હજારો સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં છે તો તે બધી સ્ત્રીઓને તે ન્યાય કેવી રીતે આપતા હશે? તેથી નારદ કૃષ્ણનું કુટુંબ જીવન જોવા માટે આવે છે. ભાગવતકારે તેનું મનોરંજનપૂર્વક વર્ણન કર્યું છે. બાળકોને તે વાંચવું ગમે તેવું છે. નારદ જુદી જુદી રાણીઓના ઘરમાં જાય છે. કોઇ ઘરમાં કૃષ્ણ રાણી જોડે જમે છે, કોઇ ઘરમાં રાણી સાથે રમે છે. આમ પ્રત્યેક ઘરમાં નારદ ફરે છે તો એકેય ઘર એવું ન હતું કે જ્યાં કૃષ્ણ ન હોય. અહીં ભગવાનનું

સર્વવ્યાપકત્વ સમજાવ્યું છે. આ શંકા નારદજીની જ નથી. આપણે બધા પણ આધુનિક નારદ છીએ, આપણી શંકાનો તેમાં જવાબ છે. એટલા માટે આ વાર્તા ઊભી કરી છે. તેવું થયું પણ હશે તેમાં મને શંકા નથી. ભગવાનને માટે અશક્ય કંઇ નથી. નારદને તો ખબર હતી જ કે કૃષ્ણ, ભગવાન છે. આવું અદ્ભુત જ્યારે સાર્વજનીન થાય છે ત્યારે તેના વિષે વિચારવું પડે છે. કારણ, આવો ચમત્કાર જો ભગવાન કરત તો કંસ, જરાસંધ અને દુર્યોધન મૂર્ખ થોડા જ હતા કે કૃષ્ણનું ન માને? તો તેમણે ભગવાનનું શા માટે ન માન્યું? ભગવાનનું સર્વવ્યાપકત્વ સમજાવવા માટે આ બહુ સુંદર વાર્તા છે.

સિત્તેરમા અધ્યાયમાં કૃષ્ણની દિનચર્યા વર્ણવી છે. તેમાં આદર્શ ગૃહસ્થાશ્રમની દિનચર્યાનું વર્ણન છે. કૃષ્ણની સંપત્તિનું વર્ણન છે તેમ તેમની વિપત્તિનું પણ વર્ણન છે. તેમનું ચારિત્ર્યહનન થયું તે પણ લખેલું છે. આ ઘટના ઐતિહાસિક છે, તેથી મહાભારત અને હરિવંશ તેમાં અક્રૂરને છોડતા નથી. અક્રૂર તે ષડ્યંત્રમાં સામેલ હતા તે તેમણે લખ્યું છે. ભાગવતકાર આવું આક્રમણકારી પગલું લેતા નથી, તેમને તે લેવું નથી. તેની ભૂમિકા જુદી જ છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, તેનો સામનો કેવી રીતે કરવાનો તે કૃષ્ણ ભગવાને કરીને દેખાડયું છે. અમુક પરિસ્થિતિ આવે તો કેવી રીતે વર્તવું તેનું તેમાં દર્શન છે.

આપણા ઘરમાં કૃષ્ણ ભગવાનની છબી શા માટે રાખવાની? રૂઝવેલ્ટ પોતાના ઘરમાં અબ્રાહમ લિંકનની છબી રાખતા હતા. કોઇએ તેમને પૂછયું કે તમે અબ્રાહમ લિંકનની છબી ઘરમાં શા માટે રાખી છે? તો તેમણે જવાબ આપ્યો: 'જ્યારે પણ હું મુશ્કેલીમાં આવું છું, મારી સામે કોઇ સમસ્યા ઊભી થાય છે, ત્યારે હું શાંતિથી વિચાર કરું છું. ઉતાવળા નિર્ણયથી ગરબડ ઊભી થાય છે અને ગરબડ જ ચિંતાનું કારણ છે. ઉતાવળિયો નિર્ણન ન લેવાય તે માટે હું શાંતિથી વિચારું છું કે આવી પરિસ્થિતિ લિંકનની સામે આવત તો તેમણ ક્યો રસ્તો લીધો હોત? તેવું વિચારવા માટે મને લિંકનની છબીની જરૂર છે.' આવી રીતે ઘરમાં કૃષ્ણભગવાનની છબી રાખવાનું કારણ એ જ છે કે જીવનમાં કોઇ મુશ્કેલી આવે તો શાંતિથી તે છબીને સામે બેસીને વિચારી શકાય કે આવી મુશ્કેલી આવ્યા પછી કૃષ્ણભગવાને શુ કર્યું હોત? એનું કારણ, કૃષ્ણભગવાન સંસારની બધી પરિસ્થિતિઓમાંથી પસાર થયેલા હતા. આપણે ખરા અર્થમાં કૃષ્ણભગવાનના ઉપાસક હોઇશું તો એવું વિચારીશું કે આવા પ્રસંગે કૃષ્ણભગવાનનું વર્તન કેવું હોત? આને માટે કૃષ્ણભગવાનનું જીવન ખબર હોવું જોઇએ. તો જ છબી રાખવાને અર્થ છે. તેના માટે કૃષ્ણભગવાનની દિનચર્યા આપી છે.

ત્યારબાદ રાજનીતિનો વિચાર પણ તે જ અધ્યાયમાં આવે છે. તેમાં રાજનીતિની ઘણી વાતો આવે છે પણ આ રાજનીતિમાં કંઇ વિસંવાદ પણ દેખાય છે. યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થાય છે પરંતુ, જ્યાંસુધી જરાસંધ અજિત છે ત્યાંસુધી રાજસૂય યજ્ઞ થઇ ન શકે. હવે શું કરવું? કૃષ્ણ જરાસંધને મારવા જઇ નથી શકતા. તેની પાછળ પણ એક રાજનૈતિક કારણ છે. તેથી કૃષ્ણભગવાન યુધિષ્ઠિરને સંદેશો મોકલાવે છે કે જ્યાંસુધી જરાસંધ અજિત છે ત્યાંસુધી તું રાજસૂય યજ્ઞ નથી કરી શકતો. તો હવે જરાસંધને મારવો કેવી રીતે? તે વિષે ચર્ચા થઇ તેનું ભાગવતમાં વર્ણન છે. આ પ્રશ્ન કૃષ્ણભગવાન કોને પૂછે છે, ખબર છે? આ રાજનૈતિક સમસ્યા

છે. તેમાંથી રસ્તો કાઢવો છે. તે કોઇ ભોળા કે મૂર્ખને પૂછાય નહિ. કૃષ્ણે તે પ્રશ્ન ઉદ્ધવને પૂછયો છે. ઉદ્ધવે તેનો જે જવાબ આપ્યો, તેમાં ઉદ્ધવની ચાલાકીનું દર્શન થાય છે.

લોકો એમ સમજે છે કે ભક્ત ભોળો અને ઓછી અક્કલવાળો હોય છે. તેને ગુજરાતમાં તો ભગત કહે છે. યુ.પી. માં પણ ભક્તને ભગત કહે છે. ભગત એટલે જે ગાંડો છે, ભોળો છે તે. ભક્તનો આવો અર્થ કૃષ્ણના સમયમાં ન હતો. તે કાળે પ્રભાવી અને બુદ્ધિશાળી હોય તે ભક્ત. તે બીજાની લુચ્ચાઇ અને બનાવટ સમજે છે, પણ છોડી દે છે, તે વાત જુદી છે. પરંતુ, સમજતો નથી એમ નહિ.

કઠણ પરિસ્થિતિમાં રાજનીતિજ્ઞો કોની સલાહ લે છે? સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જજની—જે રાતદિવસ આવી સમસ્યાઓનો વિચાર કરે છે તેની. પરંતુ, કૃષ્ણ ભગવાને તેવા કોઇ જજને પૂછયું નથી. કૃષ્ણ ભગવાને ઉદ્ધવને આ પ્રશ્ન પૂછયો છે. ઉદ્ધવે જે રસ્તો બતાવ્યો છે તે સાચો અને સચોટ છે એવું કૃષ્ણ ભગવાન કહે છે.

આવી જ ઘટના રામચંદ્ર ભગવાનના કાળમાં થઇ હતી. એક તરફ યુદ્ધના રણશીંગા ફૂંકાઇ ગયા, યુદ્ધ શરૂ થયું. એટલામાં, શત્રુપક્ષનો-રાવણનો સગો ભાઇ-વિભીષણ રામની પાસે આવ્યો. તેને પોતાના પક્ષમાં લેવો કે નહિ? આ પ્રશ્ન ઊભો થાય છે. આ સમયે લડાઇની કટોકટી (Emergency) ચાલી રહી હતી. આવનાર વિભીષણ શત્રુ રાવણનો સગો ભાઇ હતો. તે ત્યાંથી અહીં આવ્યો એટલે તે કદાચ જાસૂસી કરવા પણ આવ્યો હોય અથવા બીજા કામ માટે પણ આવ્યો હોય. તેનો પોતાના પક્ષમાં સ્વીકાર કરવો કે નહિ? સુગ્રીવ જેવા પ્રભાવી લડવૈયાએ શરૂમાં જ પોતાનો મત જાહેર કરી દીધો કે તેને સ્વીકારવામાં જબરદસ્ત જોખમ છે. તે કદાચ સારો પણ હશે. આપણે કંઇ તેના પર ખરાબ હોવાનો આરોપ નથી કરતા. પરંતુ આવા સમયે તેને સ્વીકારવો યોગ્ય નથી. બાકી બધાનો મત પણ તેવો જ હતો.

રામે તે વખતે એકનો મત પૂછયો અને તે એટલે હનુમાનનો, જેને આપણે વાંદરો સમજીએ છીએ! જે હનુમાનને રામનો અપરપ્રાણ ગણવામાં આવતો હતો, તેને પ્રભુ રામચંદ્રે પૂછયું કે વિભીષણનો સ્વીકાર કરવો કે નહિ? તું તેની આંખ જોઇને જવાબ આપ. હનુમાને તરત કહ્યું કે વિભીષણનો સ્વીકાર કરવો જ જોઇએ. બધા આ વાતનો વિરોધ કરતા હોવા છતાં, પ્રભુ રામચંદ્રે વિભીષણનો સ્વીકાર કર્યો. ભગવાનને એ વાત સમજાવવી છે કે ભક્ત ભોળો કે મૂર્ખ ન હોવો જોઇએ.

હનુમાનનો માનસશાસ્ત્ર નો બહુ મોટો અભ્યાસ હતો. રામ વનવાસમાંથી પાછા ફર્યા ત્યારે વિચાર્યું કે ભરત સારો જ હતો અને છે; શરૂમાં તે કહેતો હતો કે મને રાજ્ય નહિ જોઇએ. પરંતુ, રાજ્યલક્ષ્મીનો સહવાસ વર્ષો સુધી કર્યા પછી તેનામાં ફરક ન જ થયો હશે એવું કેમ કહી શકાય? ભરતનો ચહેરો વાંચવા રામે હનુમાનને મોકલ્યો. તેમણે હનુમાનને કહ્યું: ‘જઇને ભરતને ખબર આપો કે રામ આવ્યા છે.’ તે સાંભળીને ભરતના મનમાં સહેજ પણ એવું આવે કે, ‘હેં, રામ આટલા જલદી આવ્યા!’ તો મારે અયોધ્યામાં જવું નથી, ભરતનું મન જાણવા જ હું તને મોકલું છું.’

વાત પણ ખરી છે. રાજ્યલક્ષ્મીનો મોહ જ તેવો છે. જ્યાંસુધી રાજ્યલક્ષ્મી મળી નથી ત્યાંસુધી

તેની આસક્તિ નથી હોતી. એક વખત ખુરશી મળી કે લોકોની સલામ લેવાની ટેવ પડી જાય છે. પછી ખુરશી છોડવી બહુ ભારે પડે છે, લગભગ અશક્ય છે.

આવું કપરું કામ રામે હનુમાનને સોંપ્યું હતું. વાલ્મીકિએ પણ હનુમાનનું, તેની બુદ્ધિનું ખૂબ વર્ણન કર્યું છે. સીતાશોધનું કામ કરીને હનુમાન રામ પાસે આવ્યા ત્યારે હનુમાને પ્રથમ શબ્દ ઉચ્ચાર્યો તેમાં જ તેમના બુદ્ધિવૈભવનો પરિચય વાલ્મીકિ કરાવે છે. રામ પાસે આવી તે એમ નથી કહેતા કે: **'સીતા દૃષ્ટા મયા રામ'** કારણ **સીતા** બોલ્યા પછી **દૃષ્ટા** કે **ન દૃષ્ટા**? પોતાના માલિકનાં મનમાં સંશય ન થવો જોઇએ કે મળી કે ન મળી? તે કહે છે: **'દૃષ્ટા સીતા મયા રામ'** પહેલો શબ્દ **દૃષ્ટા** તેમના કાને જવો જોઇએ.' આવી નાની નાની વાતોમાં પણ હનુમાનનું માનસશાસ્ત્રનું જ્ઞાન દેખાય છે.

હનુમાનની જેમ ઉદ્ધવ પણ પૂર્ણ જ્ઞાની અને પૂર્ણ ભક્ત છે. તેથી જ ભગવાને જગત છોડવાનો પ્રસંગ આવ્યો ત્યારે ઉદ્ધવને જે સમજાવ્યું તે ઉદ્ધવગીતા તરીકે પ્રસિદ્ધ છે. ભગવાને ઉદ્ધવને બધું જ્ઞાન આપ્યું અને પછી ગયા. ઉદ્ધવ આટલા પ્રભાવી ભક્ત હતા. ભગવાને જરાસંઘની બાબતમાં ઉદ્ધવને પૂછ્યું. ઉદ્ધવે સલાહ આપી કે ભીમના હાથે જરાસંઘને મારવો જાઇએ. તેના માટે ભીમને પણ સાથે શાં માટે લઇ જવો જાઇએ તે પણ ઉદ્ધવે કહ્યું તેમાં ઉદ્ધવનું બુદ્ધિકૌશલ્ય દેખાય છે. ભગવાને ઉદ્ધવની સલાહ સ્વીકારી અને આ અધ્યાય પૂરો થાય છે.

એંસી અને એકયાસીમા અધ્યાયમાં સુદામાની કથા આવે છે. આ સર્વમાન્ય કથા છે.

સુદામાનું નામ **શ્રીદામ** છે. તેનું સુદામા થઇ ગયું છે. **શ્રીદામ** એટલે શ્રીના રૂપમાં જે દામ માગતો નથી તે **શ્રીદામ.** બધો વૈભવ જ તેનું દામ છે. સુદામા નિર્ધન બ્રાહ્મણ હતો અને કૃષ્ણ ભગવાનનો મિત્ર હતો. તેણે કૃષ્ણ ભગવાનની સાથે કેટલાક દિવસ તપોવનમાં વિતાવ્યા હતા. તે ગરીબ અને કંગાલ રહ્યો. તેની વાર્તા કહેતી વખતે તેની ગરીબી શણગારવા માટે વાર્તાલેખકો ખૂબ મસાલો ભરીને વાર્તા લખે છે. ગરીબાઇ અને કંગાલિયત આવા લેખકો માટે અતિ ઉત્કૃષ્ટ વિષય હોય છે.

સુદામાની પાસે ખાવાનું કંઇ હતું નહિ ત્યારે પત્નીએ કહ્યું કે તમે દ્વારકાધીશની પાસે જાઓ. તે બહુ મોટો લક્ષ્મીપતિ બની ચૂક્યો છે. તે તમારો મિત્ર છે. તમે તેનું રાતદિવસ વર્ણન કરો છો તો તેની પાસે જાઓ તો તમને કંઇક આપશે. ત્યારે સુદામાએ કહ્યું કે હું તેની પાસે માગવા નહિ જાઉં; પરંતુ તેને જોવા, તેને મળવા માટે જરૂર જઇશ. સુદામા દ્વારકા ગયા ત્યારે ભગવાને તેનો બહુ સત્કાર કર્યો. ભગવાને પોતાના હાથે સુદામાને સ્નાન કરાવ્યું રુક્મિણીને પણ તેની સેવા કરવાનું કહ્યું

સુદામા આવ્યા ત્યારે કૃષ્ણે તેમને પૂછ્યું, 'તમે મારા માટે શું લાવ્યા છો?' ત્યારે સુદામા કહે છે: 'કંઇ લાવવા જેવું મારા ઘરમાં હતું જ નહિ તો શું લાવું? મારી પત્નીએ મુઠઠીભર પૌંઆ બાંધી આપ્યા છે, તે લો.' ભાગવતમાં **પૃથકતણ્ડુલાન્** શબ્દ છે, તેનો અર્થ પૌંઆ. ત્યારબાદ તે પૌંઆ ખાવા માટે કૃષ્ણ ભગવાન અને રાણીઓ વચ્ચે સ્પર્ધા થઇ કે કોણ વધારે ખાય. ભગવાન એકલા જ પૌંઆ ખાવા લાગ્યા ત્યારે રાણીઓએ પણ માગ્યા કે તમને પ્રસાદ મળે તો અમને

શા માટે નહિ?' આવું બહુ જ સુંદર વર્ણન ભાગવતમાં છે અને તેમાં ભાગવતકાર બ્રાહ્મણમહત્ત્વ સમજાવે છે.

પછી કથાકાર તો ઘણો બધો મસાલો નાખીને વાર્તા કહે છે. તે જ્યારે ત્યાંથી જવા નીકળે છે ત્યારે ભગવાન તેમને કહે છેં કે તમે તમારા જૂનાં-ફાટેલાં કપડાં જ પહેરી જાઓ. એનું કારણ રસ્તામાં ચોરોનો ભય છે. સારાં કપડાં પહેરાવ્યાં હતાં તે ઉતારી લીધાં અને સુદામાને તેના જૂનાં-ફાટેલાં કપડાં પહેરાવીને પાછા મોકલી આપ્યા. સુદામાના બધાં નવાં કપડાં ઉતારી લીધાં છતાં પણ સુદામાને ગુસ્સો ન આવ્યો. તે પોતાના ગામે પાછા ફર્યા તો ઝૂંપડીને બદલે સુવર્ણની સુદામાપુરી જોવા મળી. આવું કંઇ વર્ણન તેઓ કરે છે.

જૂનાકાળમાં એક એવો વર્ગ હતો કે જેની પાસે બુદ્ધિ હતી, કર્તૃત્વ હતું. તે વર્ગ પોતાની બધી શક્તિ સાંસ્કૃતિક અને નૈતિક ઉત્થાન માટે વાપરતો હતો. વિશ્વમાં ભાવ, ઓજ, પ્રેમ, સ્વાસ્થ્ય, ધર્મશીલતા વધારવા માટે તે પોતાનું જીવન અર્પી દેતો હતો. તે વર્ગ એટલે બ્રાહ્મણવર્ગ. આવા બ્રાહ્મણવર્ગનું સમાજમાં સન્માન થતું હતું; પરંતુ, આ વર્ગ નિ:સ્વાર્થ રીતે કામ કરતો હતો તેથી સન્માનની અપેક્ષા રાખતો ન હતો. સમાજના સ્વાસ્થ્ય માટે, સમાજનું નૈતિક ઉત્થાન કરવા માટે, ભક્તિની અસલી રીત અને યોગ્ય જીવન સમજાવવાળું તત્ત્વજ્ઞાન ઊભું કરવા માટે રાતદિવસ કટિબદ્ધ રહેનાર અને તે માટે પેઢીઓથી પોતાનું જીવન સમર્પણ કરવાવાળો જે બ્રાહ્મણવર્ગ હતો તેનું મહત્ત્વ ભારતીય સંસ્કૃતિમાં અદ્ભુત છે. આવા બ્રાહ્મણવર્ગની તુલના ભ્રષ્ટ, અધ:પતિત, સત્તાલોલુપ એવી પોપસત્તાની સાથે થાય છે ત્યારે બ્રાહ્મણ્ય માટે નફરત ઊભી થાય છે. એટલું ખરું કે વચ્ચેના કાળમાં બ્રાહ્મણોએ એવું પરાક્રમ (!) કર્યું કે તેમણે આવી નફરત સહન કરવી જોઇએ. સુદામની કથામાં ખરા બ્રાહ્મણ્યનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન છે.

સમાજ ગમે તેટલો સુબુદ્ધ હશે, તે ગમે તેટલું વિત્ત પણ કમાતો હશે પરંતુ, જો બ્રાહ્મણવર્ગ સમાજમાંથી ખતમ થયો હશે તો સમાજમાં શાંતિ, સ્વાસ્થ્ય, સમાધાન તદ્દન અશક્ય છે એવી ભારતીય સંસ્કૃતિની ધારણા છે. બ્રાહ્મણ અધ:પતિત થયો તેનો અર્થ આખો સમાજ જ અધ:પતિત થયો છે. આમ છતાં બ્રાહ્મણ સમાજનો મોટો ભાઇ છે. તે જ્યારે અધ:પતિત થાય ત્યારે તે સમાજમાં જોખમ ઊભું કરે છે તે માટે તેને સજા મળવી જ જોઇએ. માનવ ઈતિહાસ તરફ તૌલનિક અને તટસ્થ દષ્ટિથી જોવાવાળા જે લોકો છે તેઓ બ્રાહ્મણને જ ગુનેગાર ગણશે.

બ્રાહ્મણનું મહત્ત્વ અદ્ભુત છે. જીવનના વ્યવહારમાં પ્રત્યેક ઠેકાણે બ્રાહ્મણ ઘૂસી ગયો છે તેનું કારણ શું છે? બ્રાહ્મણનું કર્મ એ ધંધો ન હતો. તે એક વૃત્તિ હતી. જ્યારે વૃત્તિને લોકો ધંધો બનાવી દે છે તો તેનું શું પરિણામ આવે છે તે આપણે જોઇ રહ્યા છીએ. લોકોને સંતુષ્ટ કરવા બે જૂની વાર્તાઓ કહેવી કે કર્મકાંડના બે-ચાર શ્લોક બોલવા, એટલું જ બ્રાહ્મણનું કામ નથી. સમાજસ્વાસ્થ્ય, કૌટુંબિક સ્વાસ્થ્ય, નૈતિક પુનરુત્થાન, ભક્તિની અસલી સમજ અને તત્ત્વજ્ઞાનને યોગ્ય વળાંક—આ બધું આપવાની અને ભગવાન સુધી લઇ જવાનો માર્ગ સમજાવવાની તાકાત બ્રાહ્મણ પાસે હોવી જોઇએ. બ્રાહ્મણ આવો કર્તૃત્વવાન હોવો જોઇએ.

બ્રાહ્મણ કર્તૃત્વવાન અને જબરદસ્ત બુદ્ધિશાળી હોય છે. તેની પાસે એટલી શક્તિ છે કે તે

બધાના ગજવાં કાપી શકે છે; અને તે પણ એવી રીતે કે સામેવાળાને ખબર પણ નહિ પડે. આટલી શક્તિ હોવા છતાં તે પોતાની શક્તિ પોતાના સ્વાર્થ માટે વાપરતો નથી. ભાગવતકાર અને કૃષ્ણ ભગવાન જ્યારે બ્રાહ્મણમાહાત્મ્ય ગાય છે ત્યારે આવો બ્રાહ્મણ મારી આંખની સામે આવે છે. સુદામાએ લાવેલા પૌંઆ ખાવાની ભગવાનને એટલા માટે ઉત્સુકતા છે. સુદામા એટલે આજનો જટાશંકર કે ગૌરીશંકર નહિ. આંખની સામે વૈભવ દેખાય છે, વૈભવ કમાવાની તાકાત હોવા છતાં તેના તરફ જેણે ધ્યાન આપ્યું નહિ આવો કર્તૃત્વવાન બ્રાહ્મણ એકાદ ગામડામાં બેસી જાય, પોતાની બધી શક્તિ, વ્યક્તિત્વ, પ્રભાવ સમાજની ઉન્નતિને માટે વાપરતો હોય તો તે કેટલો મહાન છે! આવા બ્રાહ્મણને લોકો ભગવાન સમજીને પૂજતા હોય તો **किं तव छिन्नम्**–કોઇના બાપનું શું જાય? આવા બ્રાહ્મણને લોકો ભૂદેવ સમજશે જ.

જ્યાંસુધી બ્રાહ્મણ ભૂદેવ હતો ત્યાંસુધી તેને ભૂદેવ માનવામાં કંઇ ખોટું નથી. જ્યારે તે ભૂદેવ મટી જાય ત્યારે તેનો કાન પકડીને મજૂરી કરાવો એવું સ્મૃતિકાર કહે છે. બ્રાહ્મણ સમાજમાં ફરતો અને નાના બાળકોને સંસ્કાર આપતો. તે યુવાન થાય ત્યારે તેને હૂંક આપતો. યુવાનના જીવનમાં એવા કેટલાયે પ્રસંગો આવતા જ્યારે તે જીવનમાં પરાભૂત થતો, જીવનપરાઙ્મુખ બની જતો. તે વખતે બ્રાહ્મણ તેની પાસે જઇ ઓજસ્વી, તેજસ્વી જીવન સમજાવીને તેને સ્વાભિમાની બનાવતો હતો.

સ્ત્રી તેજપૂજક હોય છે તે ભોગપૂજક ન હોવી જોઇએ. બ્રાહ્મણ સમાજમાં તેજપૂજક સ્ત્રી ઊભી કરતો હતો. તેજસ્વી જીવનનો આદર રાખવાવાળો એવો નવયુવાન થતાં અને તેજપૂજક સ્ત્રી ઊભી થતાં, બન્ને સાથે રહેવાનો નિશ્ચય કરતા. તે વખતે જેણે જીવન આપ્યું છે, સમજાવ્યું છે, તેવા બ્રાહ્મણ પાસે જઇને તે કહેતા કે અમે પરણીને સાથે રહેવા માગીએ છીએ. ત્યારે બ્રાહ્મણ કહેતો, 'જરૂર, તમે સાથે રહો પરંતુ, તમારો વિવાહ આમરણ હોવો જોઇએ.' યુવાન-યુવતી તે માટે તૈયાર થતા. તેઓ બ્રાહ્મણને કહેતા, 'અમે લગ્ન કરીશું ત્યારે તમારે હાજર રહેવું જોઇએ. અમે તમારી સામે જ આમરણ સાથે રહેવાની પ્રતિજ્ઞા લઇશું. તમારા આશીર્વાદ લઇ અમે જીવન શરૂ કરીશું.' વિનમ્રતાથી બ્રાહ્મણ કહેતો: 'અગ્નિ અમારા ભગવાન છે. તેમની સાક્ષીએ જ તમારે બન્નેએ પ્રતિજ્ઞા લેવી પડશે–**धर्मे च अर्थे च कामे च नातिचरामि नातिचरामि नातिचरामि।** તે વખતે હું હાજર રહીશ. તમને આશીર્વાદ આપવાની મારામાં શક્તિ નથી. હું તો તમારા જેવો જ સામાન્ય છું. વેદોએ કંઇ આશીર્વાદ આપ્યા છે, તેનું આપણે પઠન કરીશું.'

सम्राज्ञी श्वशुरे भव सम्राज्ञी श्वश्र्वां भव ।
ननोन्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु ॥ (ऋ.१०/८५/४६)
समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ (ऋ. १०/१९१/४)

આવો એક સિદ્ધાંત જીવનમાં લાવવા માટે ત્રણ ચાર પેઢી સુધી પરિશ્રમ કરવો પડે છે ત્યારે તે સિદ્ધાંત જીવનમાં આવે છે. માણસને ઊભો કરવો સહેલો છે, તેને સિદ્ધાંત પર ટકાવવો બહુ કઠણ છે. જેને ઊભો કરવો છે, ચલાવવો છે, તેના જેવા બનવું પડે છે. 'હું સામાન્ય જ છું' આ ભૂમિકા તેણે લેવી પડે છે. 'વેદોએ આપેલા આશીર્વાદ હું વાંચીશ' આ બ્રાહ્મણની કેટલી બૌદ્ધિક

નમ્રતા ((Intellectual modesty) છે! વેદ ઊભા કરવાની જેનામાં શક્તિ છે તે બ્રાહ્મણ એમ કહે છે કે જે વેદમાં લખ્યું છે તે હું વાંચીશ. આ રીતે બ્રાહ્મણ વ્યવહારમાં ઘૂસ્યો છે. નહિ તો લગ્નવિધિ વખતે પણ બ્રાહ્મણની શી જરૂર છે? લગ્નમાં વરવધૂ રાજી તો ક્યા કરેગા કાજી? તેમાં વચ્ચે બ્રાહ્મણ આવ્યો શા માટે તે સમજી લેવું જોઇએ.

શ્રાદ્ધમાં બ્રાહ્મણ શા માટે આવ્યો? પિતાશ્રીના પ્રયાણના દિવસે પિતાશ્રીને યાદ કરવા જોઇએ કે નહિ? બ્રાહ્મણે જ તેને સમજાવ્યું છે કે તારા પિતાએ પ્રેમથી તને નાનાનો મોટો કર્યો છે. તારા ઉપર તેના અનંત ઉપકારો છે. તેને તું ભૂલી જઇશ તો તું કૃતઘ્ની થઇશ. પિતાએ કરેલો પ્રેમ અને કરેલા ઉપકારનું તને સ્મરણ રહેવું જોઇએ. તેના પ્રયાણના દિવસે તારે શ્રદ્ધાથી તેમનું સ્મરણ કરવું જોઇએ.

યુવાનના મગજમાં તે વાત ઊતરી. તેણે બ્રાહ્મણને કહ્યું: 'તમે જ તો મારા પિતા જેવા છો.'

प्रजानां विनयाधानाद्रक्षणाद्भरणादपि ।
स पिता पितरस्तासां केवलं जन्महेतवः ॥ (रघु. १/२४)

તમે અમને જીવનનું શિક્ષણ આપ્યું છે અને આપત્તિઓથી બચાવ્યા છે, તેથી તમે જ અમારા પિતા છો. આજે મારા પિતાનો નિર્વાણદિન છે. તમે અમારે ત્યાં ભોજન કરશો તો અમને ખૂબ આનંદ થશે.' બ્રાહ્મણ તે દિવસે તેમને ઘરે જતો. બ્રાહ્મણ બનીને નહિ. આજે જે પ્રમાણે શ્રાદ્ધ ચાલી રહ્યું છે તે જેટલું જલદી જશે તેટલું સારું થશે, કારણ કે તો જ જગતમાં કંઇ સારું આવવાનો સંભવ છે. બ્રાહ્મણે એટલો પ્રેમ મેળવ્યો હતો, સમાજના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું, તેથી જ તે પ્રત્યેક ઠેકાણે ઘૂસ્યો છે.

જ્યારે બ્રહ્મસત્તા, સત્તાધિષ્ઠિત અથવા વિત્તાધિષ્ઠિત અને કાંચનમૂલ્યવાદી બની જાય છે ત્યારે સમાજનું ભયાનક અધ:પતન થાય છે. જન્મકુંડલીમાં જ્યારે ગુરુ પોતાનું સ્થાન છોડીને નિમ્ન સ્થાન પર આવે છે ત્યારે માણસનું જીવન ખતમ થાય છે. ખેતરમાં ગમે તેટલો પાક આવ્યો હોય, આર્થિક વિકાસ પણ જબરો થયો હોય, પરંતુ તે કોઇ દિવસ સફળ થતો નથી. બ્રાહ્મણનું મહત્ત્વ બહુ જ મોટું છે. ભાગવતકારે પણ લખ્યું છે:

एतद् ब्रह्मण्यदेवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः ।
लब्धभावो भगवति कर्मबन्धाद् विमुच्यते ॥ (भा. १०/८१/४१)

(બ્રહ્મણ્યદેવ ભગવાનના આ બ્રહ્મણ્યપણાની કથા સાંભળવાથી માણસ ભગવાનની ભક્તિ પામીને કર્મના બંધનમાંથી છૂટે છે.)

જે બ્રાહ્મણસત્તા પોતાનો સ્વાર્થ જોયા વગર ફરે છે, તેવા બ્રાહ્મણો પેઢીઓની મહેનતથી તૈયાર થાય છે.

ચાર મહિના પહેલાં સ્વાધ્યાય પરિવારે નિશ્ચિત કર્યું હતું કે ઘરઘરમાં અને ગામેગામ જઇને, લોકોને અમારે નીતિમત્તા આપવી છે અને ચાર મહિનામાં ચૌદ વયસ્થસંચલનો થયાં! છતાં કોઇની પાસેથી ફંડફાળો માગવા કોઇ ગયું નહિ. નક્કી કર્યા પછી સ્વાધ્યાયપરિવારના લોકો અલગ

અલગ ક્ષેત્રમાં ફરવા લાગ્યા. ન જોયો તડકો, ન જોઇ ઠંડી, ખાવા-પીવાની કે ઊંઘવાની પરવા કરી નહિ અને ચાલવા લાગ્યા. પ્રત્યેક વયસ્થસંચલનમાં હજારો લોકો આવ્યા. ગયા સંચલનમાં વેરાવળમાં છ તાલુકાના સાઠ હજાર વયસ્થો ભેગા થયા હતા. લગભગ બે લાખની મેદની હતી. ત્યાં સભામાં તેમણે એક જબરદસ્ત સિંહ બનાવ્યો હતો. જ્યારે તે સિંહે ગર્જના કરી ત્યારે મને લાગ્યું કે અત્યારે અવતારો અને ઋષિઓ પ્રસન્ન થઇને આ દૃશ્ય જોતા હશે. આ કંઇ બકરો, બળદ કે ગધેડો બોલ્યો ન હતો, આ તો સિંહની ગર્જના હતી. સિંહ બહુ વિચારવા બેસતો નથી. તે નિશ્ચિત કરીને ચાલવા લાગે છે. ચૌદ વયસ્થ સંચલનમાં કેટલા વયસ્થો આવ્યા હશે તેની ગણતરી તો કરી જુઓ. લાખો લોકોને કેવળ ખેંચીને લાવ્યા ન હતા, તેમને ત્રિકાલ સંધ્યાના શ્લોકો મોઢે કરાવીને જીવનની દીક્ષા આપીને લાવ્યા હતા. આવનારા વયસ્થો પોતાનું ભાતું સાથે લાવ્યા હતા અને પોતાના ખર્ચે આવ્યા હતા. તેના માટે વિશિષ્ટ વૃત્તિ તૈયાર કરીને લાવ્યા હતા. આવી રીતે લોકોને ઊભા કરીને, જીવનની દીક્ષા આપીને લાવવા માટે સ્વાધ્યાયપરિવારના જે લોકો દોડયા હશે તેમને કેટલી મહેનત કરવી પડી હશે? શું તમે તેમને બ્રાહ્મણ નહિ કહો? સમાજને આવા બ્રાહ્મણ નથી જોઇતા? આવી બ્રાહ્મણસત્તા જ્યારે સમાજમાંથી ચાલી જશે, પછી તમે સમાજનો ગમે તેટલો આર્થિક વિકાસ કરશો તો પણ તે સમાજ સુખી બની શકશે? સ્વસ્થ બની શકશે? શાંત બની શકશે? અશક્ય, અશક્ય, અશક્ય! ત્રિવાર-તદ્દન અશક્ય! બ્રાહ્મણસત્તા ઊભી કરવી જ પડશે. તે કંઇ જાદુથી ઊભી થતી નથી.

લાખો વયસ્થો તૈયાર થયા તે માટે અક્ષરશઃ હજારો લોકોએ ધંધા તરફ, નોકરી તરફ જોયું નહિ, તડકાની પરવા કરી નહિ, નીકળી પડયા. દિનરાત કામ કરતા હતા. મને નથી લાગતું કે આવું કામ કરવાવાળા લોકો રોજ બે કલાકની પણ ઊંઘ લેતા હશે! ત્યારે આવું કામ થાય છે.

આવા વયસ્થો ઊભા કરવાવાળા લોકોએ પરિશ્રમ કર્યો હતો. શું ભગવાન આવી બ્રહ્મસત્તાનું પૂજન નહિ કરે? શું સમાજને આવી બ્રહ્મસત્તા નથી જોઇતી? બ્રહ્મસત્તા જોઇએ. બ્રાહ્મણમાહાત્મ્ય રહેવું જોઇએ. તે જો સમાજમાંથી જશે તો માનવ્ય જ સમાજમાંથી ખતમ થશે. આજે માનવ્ય જ કયાં રહ્યું છે? તે ક્યારનું ચાલી ગયું છે. આજે આપણે બે પગથી ચાલીએ છીએ તેનો અર્થ માનવ્ય નથી. કાગડો પણ બે પગે ચાલે છે.

સ્વાધ્યાયપરિવારના સામાન્ય લોકોએ નથી સત્તાની અપેક્ષા રાખી કે નથી વિત્તની અપેક્ષા રાખી. આ મહાન કાર્ય થશે કેમ તે વિચાર્યું નથી; ફાળો ક્યાંથી આવશે તેનો તો વિચાર જ નથી કર્યો, તેનો પ્રશ્ન જ નથી. નિશ્ચિત કર્યું છે તો ચાલવા લાગું—આવું પ્રત્યેકે વિચારીને ચાલવાનું શરૂ કર્યું તેથી આ કામ થયું છે. આવી રીતે ફરવાવાળા લોકો ધન્યવાદને પાત્ર છે. વેદવ્યાસની આ પુરાતન વ્યાસપીઠ છે તેના ઉપરથી આ બધા બ્રાહ્મણો, જેમણે આટલો પરિશ્રમ વેઠયો છે તેમને હું નતમસ્તક થઇ વંદન કરું છું. તેમણે સત્ તરફ, સજ્જનતા તરફ, ભગવાન તરફ, કદમ ઉપાડયું છે એ ભૂલતા નહિ.

'બ્રાહ્મણમાહાત્મ્ય' શબ્દ સાંભાળીને કદાચ કોઇને લાગશે કે આ શું 'Brahmanism' ચાલે છે? વચ્ચેના કાળમાં બ્રાહ્મણો તેવા થયા હતા તે પણ ખરું છે. 'તું હલકો છે તેથી હું મોટો છું.' આવું બોલનારા બ્રાહ્મણો થયા છે. આપણા પૂર્વજોએ તેવું કર્યું હશે તો આપણે પરિણામ સહન

કર્યે જ છૂટકો છે. આવી રીતે વચ્ચેના કાળમાં એક હજાર વર્ષ સુધી બ્રાહ્મણોએ તેવું ચલાવ્યું હશે તો તે માટે આજે ગાળો ખાવી જ પડશે, પરંતુ તેનો અર્થ એવો નથી કે બ્રાહ્મસત્તા નહિ જોઇએ. એટલું જરૂર કહી શકાય કે બ્રહ્મસત્તા વગર સમાજને સ્થિર રાખવો અશક્ય છે, સમાજમાં સ્વસ્થતા અને શાંતિ રહેવી અશક્ય છે.

ભાગવતકારે, કૃષ્ણ ભગવાન બ્રાહ્મણનું પૂજન કરે છે તેવું ચિત્ર દેખાડયું છે. નહિ તો લોકોને એમ લાગશે કે આ વાર્તા શા માટે લખી છે? બ્રાહ્મણનું પૂજન કરીને, બ્રાહ્મણના પગ ધોઇને શું થવાનું છે? હું કહું છું કે આજના કાળમાં પણ જે જે લોકોએ માનવના ઉન્નયન માટે પ્રયત્ન કર્યો છે, તે બધા જ બ્રાહ્મણો છે.

કૃષ્ણ ભગવાને સુદામાને આલિંગન આપ્યું હતું, તેમની સેવા કરી હતી. શું અવતાર લઇને આવેલા કૃષ્ણ એટલા ગાંડા હતા? શું બ્રાહ્મણના પગ ધોઇને ચરણામૃત લેવાથી મુક્તિ મળી જાય એવું તે માનતા હતા? કૃષ્ણના જીવનમાં એક પણ ગાંડપણ ભરેલી વાત જોવા નથી મળતી. તો પછી તેમણે સુદામાની શા માટે સેવા કરી? જેમને બ્રાહ્મણસત્તાના મહત્ત્વની જ ખબર નથી તે લોકોને તેવું લાગે છે. જો કે વચ્ચેના કાળમાં બ્રાહ્મણો પણ તેવા થયા હતા કે જે બ્રાહ્મણ નહિ પણ **ब्रह्मबंधु** હતા. સંસ્કૃત ભાષામાં આ ગાળ છે. બ્રહ્મબંધુ એટલે તે બ્રાહ્મણ છે એનું કારણ તેનો બાપ બ્રાહ્મણ હતો. તેનામાં બ્રાહ્મણ્ય નથી.

કૃષ્ણ ભગવાન જો એમ કહેતા હોય કે બ્રાહ્મણનો ચરણસ્પર્શ કરીને મુક્તિ મળે છે, તો તેમની ગીતાને કંઇ અર્થ જ નથી રહેતો. કૃષ્ણ ભગવાન તેવું કહેતા જ નથી. આ પ્રસંગમાં જે વિચારધારાની અને જીવનશ્રેણીની નિતાંત આવશ્યકતા છે, તેનું માહાત્મ્ય અને ગૌરવ કહ્યું છે. કૃષ્ણે જે પ્રભાવી અને કતૃત્વવાન સુદામાને જોયા તે આપણા ધ્યાનમાં નથી આવતા. આપણને એમ લાગે છે કે સુદામા એટલે જે પૈસા કમાઇ શકતો નથી, રાતદિવસ કર્મકાંડ કરે છે, રોજ ત્રણ વખત સ્નાન કરે છે, જે કાશીથી રામેશ્વર ભસ્મના પટ્ટા લગાવે છે અને જેને ખાવાના સાંસા છે, જેને ઘણાં બાળકો છે એવો અકર્મણ્ય, નગણ્ય, ક્ષુદ્ર પણ જે પ્રસંગવશાત્ કૃષ્ણની સાથે તપોવનમાં ભણતો હતો આવો સુદામા કૃષ્ણને મળવા જાય છે—કથા કહેવાવાળો બ્રાહ્મણ આવું જ સંભળાવે છે અને સાંભળવાવાળા પણ તે જ દષ્ટિથી સુદામાનું ચરિત્ર સાંભળે છે. એનું કારણ, બ્રાહ્મણની સાચી કલ્પના જ ચાલી ગઇ છે.

ભગવાને પોતે, બ્રાહ્મણ એટલે બ્રહ્મજ્ઞાની, વિરક્ત, શાંતચિત્ત, જિતેન્દ્રિય—આવા શબ્દોનો ઉપયોગ કરીને સાચા બ્રાહ્મણનું વર્ણન કર્યું છે. ભાગવતમાં સુદામાનું આવું વર્ણન છે. સુદામા સમાજમાં કૃતિભક્તિ કરતા હતા એવું ભાગવતમાં લખ્યું છે. ભાગવતમાં સ્વયં ભગવાનના મુખારવિંદથી નીકળેલો એક શ્લોક છે:

केचित् कुर्वन्ति कर्माणि कामैरहतचेतसः ।
त्यजन्तः प्रकृतीर्दैवीर्यथाहं लोकसंग्रहम् ॥(भा. १०/८१/३०)

(ઇશ્વરની માયાથી રચાયેલી વિષયવાસનાનો ત્યાગ કરીને કેટલાક પુરુષો મારી પેઠે લોકસંગ્રહ માટે નિષ્કામ રહીને કર્મ કરે છે.)

એટલે કે જેવો લોકસંગ્રહ હું કરું છું, તેવો લોકસંગ્રહ કરવાવાળો એટલે બ્રાહ્મણ! આનો અર્થ તમે શો કરશો? આ ભગવતનો શ્લોક છે, મારી કલ્પનાનો આ શ્લોક નથી.

લોકસંગ્રહ એટલે શું? લોકોને ભેગા કરવા? એમ તો નટી ઘણા લોકોને ભેગા કરી શકે છે. આ શું લોકસંગ્રહ છે? લોકસંગ્રહ એટલે લોકોને ઉન્નતિના માર્ગે લઇ જવા, તેમનું ઉન્નતિકરણ કરવા માટે કરવામાં આવેલો પ્રયત્ન. કૃષ્ણ ભગવાને આવું કામ કરનાર બ્રાહ્મણની પોતાની સાથે તુલના કરી છે—**यथाहं लोकसंग्रहम्** – એમ કહ્યું છે. આવો બ્રાહ્મણ બ્રહ્મજ્ઞાની છે. **ब्रह्म** એટલે વેદ. **ब्रह्म वेद तत् अध्ययनार्थ व्रतं अपि ब्रह्म, तत्चरति इति ब्रह्मचारी** – આ પાણિનિનું સૂત્ર છે. બ્રહ્મનો અર્થ છે વેદ. વેદ એટલે વિચાર. જે વિચારપૂજક છે, જે બુદ્ધિપ્રામાણ્યવાદી છે, તે બ્રાહ્મણ.

આજે આપણે એવું સમજીએ છીએ કે ધર્મ એ શ્રદ્ધાળુ લોકોનો વિષય છે. શ્રદ્ધાળુ શબ્દનો અર્થ શો? જેને મગજ હોતું નથી અને જે મગજ ચલાવતો નથી તે શ્રદ્ધાળુ, એવું આપણે સમજીએ છીએ.

'કરવાની શક્તિ મારામાં છે' એવી સમજણ જેનામાં નિમાણ થઇ છે, જેને કંઇ કરવાની ઉત્કંઠા છે, એટલું જ નહિ, હું કામ કરવા લાગીશ તો મને જરૂર મદદ મળશે એવા વિશ્વાસથી જે કામ કરવા લાગે છે તેને આત્મશ્રદ્ધાવાન કહે છે. તેથી ગીતાએ '**श्रद्धात्रयविभागयोग**' નામનો એક અધ્યાય કહ્યો છે.

સુદામા કેવા હતા? બ્રહ્મજ્ઞાની હતા. બ્રહ્મજ્ઞાની કોને કહેવાય? જે વેદ લઇને, ભગવાન લઇને, પાવિત્ર્ય લઇને, માંગલ્ય લઇને ઘરેઘર ફરે છે તે બ્રહ્મજ્ઞાની છે. આવું કામ કરવાવાળાને વિરકત રહેવું પડે છે. આસક્ત માણસ ઇશકાર્ય કરી શકતો નથી. કારણ, એ તો કામ કરીને મને શું મળશે એટલું જ વિચારે છે. પણ, પ્રભુનું કામ કરવાવાળો વિરકત હોવો જોઇએ.

વયસ્થસંચલનની તૈયારી કરવા માટે જેઓ ગામેગામ ફર્યા તેમણે કોઇને ત્યાં એક કપ ચા પણ પીધી નહિ. શા માટે ન પીધી? શું તેમને મસ્તી હતી? ના. તેમણે ચા ન પીધી તેમાં ઉદંડતા નથી. તે ભગવાનના વિચાર કહેવા માટે ગયા હતા, પાવિત્ર્ય અને માંગલ્ય લઇને ગયા હતા, તે વખતે તેમના અંતઃકરણમાં નોટ, વોટ કે લોટની પણ ઇચ્છા ન હતી. એટલું જ નહિ, ઠંડીના દિવસો હતા, છતાં કોઇને ત્યાંથી એક કપ ગરમ ચા કે કોફીની પણ અપેક્ષા રાખી નહિ. તેમની એક જ વૃત્તિ હતી: 'ભગવાન! મેં મારા જે કર્મની કિંમત લીધી નથી એવો કર્મયોગ હું તારા પગ પર રાખું છું. તેનાથી જ હું તારી પૂજા કરું છું.' પ્રભુકાર્ય કરવાવાળો બ્રાહ્મણ આવો વિરકત હોય!

ભગવાને સુદામાને માટે વિરક્ત શબ્દ વાપર્યો છે. પરંતુ, આજે બ્રાહ્મણના મગજમાંથી આ વાત જ ચાલી ગઇ છે. સિંહને જ ખબર નથી કે હું સિંહ છું. આ દુઃખની વાત છે. તેને એમ જ લાગે છે કે હું બકરો છું. જેવા મારા યજમાન એવો હું! પરિણામે આજનો બ્રાહ્મણ પીર, બબરચી, ભિસ્તી અને ખર બની ગયો છે. જો સિંહને આત્મવિસ્મૃતિ થાય કે હું સિંહ છું, તો પછી તેને ઊભો કેવી રીતે કરવો?

સુદામા બ્રહ્મજ્ઞાની હતા, વિરક્ત હતા, શાંતચિત્ત હતા. જેમને ભગવાનનું કામ કરવું છે તેને અનંત પ્રકારના લોકો મળે છે. તેમને છોડવા નથી તેમ જ તેમની પાછળ ગાંડા થઇને ચીટકવું પણ નથી, તેથી તેને શાંતચિત્ત રહેવું જ પડશે. આ તેમનો ગુણ છે. બ્રાહ્મણમાં આવા ગુણો હોવા જોઇએ.

સુદામા જિતેન્દ્રિય હતા. તેમની ઈંદ્રિયો પોતાના કાબૂમાં હતી. ભગવાન તેથી જ કહે છે જેવો હું લોકસંગ્રહ કરું છું તેવો જ સુદામાનો લોકસંગ્રહ છે. કૃષ્ણ ભગવાનનો લોકસંગ્રહ કેવો હતો તે તો તમે જોઇ શકો છે. એટલે જેવું કામ કૃષ્ણ ભગવાન કરતા હતા તેવું જ કામ સુદામા કરતા હતા. સુદામા આવા બ્રાહ્મણ હતા અને આવા બ્રાહ્મણની પૂજા ભગવાન કરતા હતા. હજારો લોકોને જીવનપ્રકાશ આપવાવાળાની પૂજા લાકોએ તો કરવી જ જોઇએ, પરંતુ, ભગવાને પણ તેની પૂજા કરી છે. એવું ભાગવતકારનું કહેવું છે. ભાગવતે તેથી જ બ્રાહ્મણમાહાત્મ્ય ગાયું છે. આમાં બ્રાહ્મણને પોતાને મોટો મનાવવો નથી, પરંતુ, તમારે જ બ્રાહ્મણને મોટો માનવો પડશે—જો સમાજને અને વ્યક્તિને ઉન્નતિ તરફ દોરી જવા હશે તો!

કૃષ્ણ-સુદામાનું મિલન અતિ સુંદર, અદ્‌ભુત છે. કૃષ્ણ ભગવાને સુદામાને આલિંગન આપ્યું, સુદામાની સેવા કરી, એટલું જ નહિ, કૃષ્ણે રુક્મિણીને બોલાવીને સુદામાની સેવા કરવાનું કહ્યું. કૃષ્ણે કહ્યું: 'સુદામાની સેવા કરો તો પુણ્ય મળશે.' અવતાર ગાંડા હોતા નથી અને કૃષ્ણ ભગવાન પણ ગાંડા ન હતા. કૃષ્ણ ભગવાન તો બધી ચાલાકીથી ભરેલા હતા. તે જ્યારે સુદામાને આલિંગન આપે અને તેનો ચરણસ્પર્શ કરે ત્યારે તેમને બ્રાહ્મણમાહાત્મ્ય સમજાવવું છે. આવો બ્રાહ્મણવર્ગ ઉભો કરવો પડશે. તેવો બ્રાહ્મણવર્ગ ઉભો નહિ થાય, તો બ્રાહ્મણનું કામ કરવાવાળો જે હશે તેને આપણે બ્રાહ્મણ કહીશું. વાલ્યાના વાલ્મીકિ આવી જ રીતે થયા હશે. જટાશંકર, ગૌરીશંકર કંઇ ન કરતાં બેસી રહે અને લાડુ ખાતા રહે તો બીજા લોકોએ શું બેસી રહેવું? એવા સમયે જે સંસ્કૃતિનું કામ કરે તેને બ્રાહ્મણ માનવો જોઇએ. પુરાણોમાં ઠેર ઠેર બ્રાહ્મણમાહાત્મ્ય ગાયું છે, તેનું કારણ, તેના વગર સમાજની ઉન્નતિ થવાની જ નથી. બ્રાહ્મણમાહાત્મ્ય વાંચીને દિલ ભરાઇ આવે છે. આને જ સંસ્કૃતિ કહે છે, એનું જ નામ દર્શન, એનું જ નામ દીર્ઘદૃષ્ટિ છે. અહીં સુદામાની વાર્તાના રૂપે બ્રાહ્મણમાહાત્મ્ય સમજાવ્યું છે.

ત્યારબાદ સત્યાશીમા અધ્યાયમાં વેદસ્તુતિ છે. ચૌદમાથી એકતાલીસમા શ્લોક સુધી વેદસ્તુતિ છે. વેદોએ સ્તુતિ કરી છે. પરીક્ષિત પૂછે છે: 'વેદ શબ્દમય હોવાથી તે સગુણ વસ્તુનું, સગુણ પદાર્થનું વર્ણન કરી શકે. નિર્ગુણનું વર્ણન કેવી રીતે કરી શકે?' કારણ, વર્ણન કરવું એનો અર્થ એ કે વસ્તુ વિષે કંઇક કહેવું. બ્રહ્મ વસ્તુ છે જ નહિ. તેને કંઇ ચીટકેલું નથી. તો તે નિર્ગુણ બ્રહ્મનું વર્ણન કેવી રીતે થઇ શકે? શ્રુતિ બ્રહ્મનું વર્ણન કરે છે પરંતુ, બ્રહ્મનું વર્ણન શબ્દથી થઇ જ ન શકે. શબ્દને મર્યાદા છે. બ્રહ્મ વસ્તુ કે પદાર્થ નથી. તે અમર્યાદ છે. તેનો કોઇની સાથે, ક્યારે પણ, કોઇ પણ સંબંધ જ નથી. તો તેનું વર્ણન કેવી રીતે થઇ શકે? પરીક્ષિતે આવો પ્રશ્ન ઉઠાવ્યો છે. તેના માટે શબ્દની અર્થબોધક શક્તિનું શાસ્ત્રીય વિવરણ કરવામાં આવ્યું છે.

વેદસ્તુતિના શ્લોકો અતિ કઠણ છે. દર્શનશાસ્ત્રોનો પૂર્ણ અભ્યાસ હોય તો જ આ શ્લોકો

સમજી શકાય.

કૃષ્ણનું વર્ણન કરવાવાળો, કૃષ્ણનું વર્ણન કરીને ભક્તને કૃતાર્થ કરવાવાળો દશમ સ્કંધ છે. તેમાં જે કથાઓ આવે છે તે હજારો વર્ષ સુધી નાના-મોટા, ગરીબ-શ્રીમંત, બધાને મોહિની લગાડવાવાળી છે. દશમ સ્કંધની સમીક્ષા કરવી એ બુદ્ધિથી પરે રહેલી વાત છે. તેની સમીક્ષા ન થઇ શકે. દશમ સ્કંધને તો નમસ્કાર કરવાના હોય તે આપણે કરીએ છીએ. માનવને માર્ગદર્શન કરવાવાળો આ દશમ સ્કંધ સેંકડો તર્કકુતર્કોના અને ટીકાના પ્રહારો સહન કરીને મેરુપર્વતની જેમ સ્થિર ઊભો રહ્યો છે, આ દશમ સ્કંધ નમસ્કારાર્હ છે, અદ્વિતીય છે. પરંતુ એક વાત છે. દશમસ્કંધને નમસ્કાર કર્યા બાદ પણ કૃષ્ણ ભગવાનનું ચરિત્ર, કૃષ્ણનું રૂપ, કૃષ્ણનું જીવન, આંખોની સામેથી ખસતું નથી. એકાદશ સ્કંધ તો જ્ઞાનથી ભરેલો અને તેથી સૌથી મહત્ત્વનો સ્કંધ છે. લોકો તે જ સ્કંધ સાંભળતા નથી.

કૃષ્ણનું ચરિત્ર એટલું વિલોભનીય છે કે કૃષ્ણ સામે જ ઊભા રહે છે. કૃષ્ણચરિત્રમાં અલૌકિક માર્ગદર્શન છે, બુદ્ધિમત્તા છે, તેવી જ રીતે તેમાં રાજનૈતિક કુશલતા જોવા મળે છે. ભગવાન તો સમગ્ર જીવન સમજાવવા આવ્યા હતા તેથી ભોળપણ ભરેલું જીવન અને ચતુરાઇ ભરેલું જીવન પણ સમજાવે છે. આ જગતમાં ચાલાકી કરવાવાળા લોકો ઘણા હોય છે કે જેમણે આ જગતનો સત્યાનાશ વાળ્યો છે.

કૃષ્ણ ચરિત્રના જુદા જુદા વિભાગ પણ પાડી શકાય; જેમકે સુભદ્રાહરણ અને કૃષ્ણ, ખાંડવવનદાહ અને કૃષ્ણ, જરાસંઘવધ અને કૃષ્ણ, શિશુપાલવધ અને કૃષ્ણ, સખા કૃષ્ણ, સુહૃદ કૃષ્ણ, સહાયક કૃષ્ણ, સ્થિરબુદ્ધિ કૃષ્ણ, ચિત્તજ્ઞ કૃષ્ણ, શાંતિદૂત કૃષ્ણ, સંસ્કૃતિરક્ષક કૃષ્ણ, યોગાચાર્ય કૃષ્ણ, ગુરૂ કૃષ્ણ—આટલા રૂપે કૃષ્ણનું ચરિત્ર જોઇ શકાય.

કૃષ્ણના અલગ અલગ રૂપ છે. તેમાં રાજનીતિ છે, બુદ્ધિની કુશળતા છે, લોકાનુગ્રહ છે, આવા જુદા જુદા ઘણા વિષયો થઇ જશે. સુભદ્રાહરણ શા માટે થયું? કેવી રીતે થયું? કોણે કર્યું? સુભદ્રાહરણ કરાવવા પાછળ કોનો હાથ હતો? અને શા માટે હતો? આના વિષે જ્યારે વિચારીશું ત્યારે કૃષ્ણ ભગવાનની રાજનીતિ, કૃષ્ણ ભગવાનની ચતુરાઇ, વગેરે વાંચીને તેમની સામે નતમસ્તક થઇ જવાશે. ખાંડવવન તેમણે શા માટે સળગાવ્યું? કૃષ્ણ કંઇ ગાંડા ન હતા. તેમાં શું મુશ્કેલી હતી? તે જાણવું જોઇએ. જરાસંઘવધ એ પણ સામાન્ય વાત નથી. જરાસંઘ યાવની સત્તાને બોલાવીને દેશદ્રોહી અને સંસ્કૃતિદ્રોહી બન્યો હતો, તેથી જ રણ છોડીને કૃષ્ણ ભગવાન દ્વારકા ગયા હતા. તેનો ઇતિહાસ વાંચવો જોઇએ. તેવું જ શિશુપાલવધની ઘટનાનું છે. આવી જુદી જુદી ઘટનાઓ પકડીને કૃષ્ણ ભગવાનના જીવન તરફ જોવું જોઇએ. તેવી જ રીતે, તેમના ગુણોનો અભ્યાસ કરીને તેમનું ચરિત્ર જોઇ શકાય છે.

કેવળ ભાગવત લઇને નહિ ચાલે, મહાભારત અને હરિવંશના ગ્રંથો પણ સાથે લઇને કૃષ્ણચરિત્રનો વિચાર કરવો જોઇએ. જો કે મહાભારત અને હરિવંશને છોડીને ભાગવતમાં બહુ લખ્યું નથી, પરંતુ, સખા રૂપમાં કૃષ્ણ વિલોભનીય છે. તે પાંડવોના સખા બની ગયા. કૃષ્ણ અર્જુનના સુહૃદ હતા. ઐતિહાસિક ઘટનાઓ, સાંસ્કૃતિક ઘટનાઓની સાથે જેમ કૃષ્ણચરિત્ર જોઇ શકાય તેમ

કૃષ્ણના વિવિધ ગુણોનો વિચાર કરીને તેમનું ચરિત્ર જોઇ શકાય. તે જુદો વિષય થશે. સાંભળવા આવેલા લોકોમાં ઘણા ચિંતનિકા આપવાવાળા લોકો છે. તેમના માટે જુદા જુદા વિષયો આપું છું, જેથી તેઓ તેનો અભ્યાસ કરી શકે. આ બધી દષ્ટિથી જોઇએ તો ખબર પડે કે કૃષ્ણનું ચરિત્ર હિમાલય કરતાં પણ ઉત્તુંગ છે. હિમાલયની સ્થૂળ ઊંચાઇ કરતાં કૃષ્ણનું ચરિત્ર વધારે ઉન્નત છે.

અર્જુનના સુહૃદ રૂપે કૃષ્ણ આકર્ષક છે. સુહૃદ જોઇએ તો કૃષ્ણ જેવો જ! તેવી જ રીતે સહાયકના રૂપે પણ કૃષ્ણ શોભે છે. જે લોકો કર્મ સંભાળે છે તેમને ભગવાને સહાય કરી છે. સહાયકરૂપમાં કૃષ્ણ આશ્વાસક લાગે છે. આ કૃષ્ણની ગુણમહત્તા છે. કર્મનિશ્ચયક તરીકે કૃષ્ણ જુદા જ રૂપે જોવા મળે છે. નક્કી કરેલું કર્મ તે કરીને જ રહેતા. 'હું કરીશ જ' આ શબ્દો કૃષ્ણના જીવનમાં દેખાય છે. 'કામ થશે જ' આમ કૃષ્ણ કહેતા હતા અને તેમણે ધારેલું કરી દેખાડયું છે. 'થશે તો કરીશ' આવા શબ્દો તેમના જીવનમાં હતા જ નહિ.

આપણે સામાન્ય વાત માટે પણ નિશ્ચયાત્મક બોલતા નથી. આપણે વચનબદ્ધ થતા જ નથી. 'જોઇશું, થશે તો કરીશું' આવી ભાષા બોલીએ છીએ છતાં પોતાને કૃષ્ણના ઉપાસક માનીએ છીએ. આપણા જીવનમાં 'કરીશ જ' એવો એક પણ કરાર નથી. કેટલાક ગાંડા લોકોના જીવનમાં, ઊલટાસૂલટાં કામો કરનારના જીવનમાં કરાર હોય છે, જેવા કે—'એક પણ દિવસ એવો નહિ જાય કે જે દિવસે મેં કોઇનું ગજવું કાપ્યું ન હોય.' આવા કરારને શો અર્થ છે? દૈવી કાર્ય માટે જીવનમાં કંઇ કરાર ન હોય તે કૃષ્ણનો ઉપાસક ન કહેવાય.

કૃષ્ણ પાસે સ્થિરબુદ્ધિ છે, કૃષ્ણ જ્યારે વિષ્ટિ માટે આવવાના હતા ત્યારે ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર, કૌરવો, કર્ણ, શકુનિની એક મિટિંગ થઇ હતી. તે પ્રસંગ વાંચવા જેવો છે. તેમાં ધૃતરાષ્ટ્ર કહે છે, 'રુશવત આપીને ગમે તે માણસને વશ કરી શકાય છે. કોઇને વિત્ત, કોઇને સ્ત્રી અને કોઇને સન્માનની રુશવત જોઇએ. કૃષ્ણનો ભવ્ય સત્કાર કરો કે જેથી તે વિરોધમાં એક શબ્દ પણ બોલી ન શકે.' આ ધૃતરાષ્ટ્રની રાજનીતિ છે. તે વખતે ભીષ્મે, વિદુરે તેને કહ્યું છે, 'કૃષ્ણને સમજવા માટે તારે બીજો જન્મ લેવો પડશે. તને ખબર નથી પણ કૃષ્ણને વિત્ત, સ્ત્રી, સન્માન કે બીજા કોઇ ઉપાયે લોભાવી શકાશે નહિ, એવો તે રાજદૂત છે.' છેવટે દુર્યોધને નિર્ણય કર્યો કે લોભનું શસ્ત્ર પણ કૃષ્ણ ઉપર નહિ ચાલે તો હું કૃષ્ણને ગિરફતાર કરીને જેલમાં પૂરી દઇશ.

વિષ્ટિ કરીને કૃષ્ણ ભગવાને અલોલુપ, સ્થિરબુદ્ધિ, સર્વહિતકારી અને સાવધ—આવા કૃષ્ણનું દર્શન કરાવ્યું છે. શાંતિદૂતની પાસે કેટલી મજબૂતી હોવી જોઇએ તે કૃષ્ણ ભગવાને દેખાડયું છે. આજે તો જેને પોતાની બેઠક જ નથી તેને શાંતિદૂત બનાવવામાં આવે છે. ગંગા ગયે ગંગાદાસ અને જમના ગયે જમનાદાસ—આવા બધાની સામે નમવાવાળાને શાંતિદૂત કહેવામાં આવે છે. શાંતિદૂતની બેઠક કેટલી સ્થિર હોવી જોઇએ તેનું દર્શન કૃષ્ણચરિત્રમાં છે. કૃષ્ણનો અભ્યાસ કર્યા વગર કોઇને રાજદૂત (Ambassador) બનાવવામાં આવ છે તે બનાવવાવાળા અને બનવાવાળા, બન્ને પાગલ છે. રાજદૂત બનાવવા માટે એવો કાયદો હોવો જોઇએ કે અમુક સ્થિર ગુણો જેની પાસે હોય તે જ રાજદૂત બની શકે. રાજદૂત શા માટે થવાનું, થઇને શું કરવાનું, તેનું કર્તવ્ય શું, આ બધી વાતો જેમણે જીવીને દેખાડી છે તેમનું જીવન વાંચવું નથી. શા માટે? કારણ, તે

મહાભારતમાં છે, ભાગવતમાં છે. તેમનું માનવું એમ છે કે આ ચરિત્ર અને આ ગ્રંથો પ્રતિગામી છે! અરે! કૃષ્ણ પ્રતિગામી છે અને તું પુરોગામી છે? આવો સવાલ આ લોકોને પૂછવો જોઇએ.

એક ભાઇએ મને આના સંદર્ભમાં પૂછયું હતું: 'કૃષ્ણના સમયમાં બધું હતું તેમ તમે કહો છો; પરંતુ, તે કાળે સમાજવાદ ક્યાં હતો?'.

મેં તેમને કહ્યું: 'કૃષ્ણના સમયમાં સમાજવાદ ન હતો એવું તમને કોણે કહ્યું? ઊલટું, જગતમાં કોઇ પહેલો સમાજવાદી-કોમરેડ હશે તો તે કૃષ્ણ! તમારી સામે જો મારે કૃષ્ણચરિત્ર કહેવું હશે તો Comrade Krishna થી જ શરૂઆત કરીશ. તે રાજપુત્ર હતા છતાં રાજકુમાર કોલેજમાં ભણવા ન ગયા. તે સામાન્યોની સાથે ભણતા હતા. એટલું જ નહિ, ત્યાં તેમણે સૌ પ્રથમ એક કામ કર્યું. નાના છોકરાઓને સૌથી ગમતો કલાસ ક્યો? ડબ્બાનો ક્લાસ. બપોરે બધા છોકરાઓ પોતાનો ડબ્બો લાવીને બેઠા કે કૃષ્ણે તેમને સમજાવ્યું કે આપણા શરીરમાં લોહી બનાવનાર ભગવાન એક જ છે. તો આપણે બધાના ડબ્બાનું ખાવાનું ભેગું કરીને, વહેંચીને ખાઇએ તો? જેને જેટલું જોઇએ તે લઇલે અને બધાએ તેમ કર્યું. તો હવે તમે તેને સમાજવાદી કહેશો કે નહિ?

શાંતિદૂત કેવો હોવો જોઇએ તે કૃષ્ણના જીવનમાંથી જાણી શકાય છે. તેમ, યુદ્ધમંત્રી (War Minister) કેવો હોવો જોઇએ તે પણ તેમણે દેખાડયું છે. આ એક એક વિષય ઉપર હું એક એક કલાક બોલીશ તો પણ કૃષ્ણને ન્યાય નહિ આપી શકું; પરંતુ, કૃષ્ણને મારા નમસ્કાર થશે. એનું કારણ કૃષ્ણચરિત્રને ન્યાય આપવાનું કામ મારી બુદ્ધિ કરતાં પરે છે. મારી પાસે બહુ નાની બુદ્ધિ છે. કૃષ્ણ યુદ્ધમંત્રી હતા, સંરક્ષણમંત્રી નહિ. યુદ્ધમંત્રી અને સંરક્ષણમંત્રીમાં ફરક છે.

કૃષ્ણ શ્રેષ્ઠ સારથિ હતા. જૂનાકાળના યુદ્ધમાં અર્ધી લડાઇ યોદ્ધાના હાથમાં અને અર્ધી લડાઇ સારથિના હાથમાં હતી. વૈયક્તિક જીવનમાં કૃષ્ણ શ્રેષ્ઠ ચિત્તજ્ઞ હતા. ચિત્તને ઓળખવાવાળા, સમજવાવાળા અને બીજાના ચિત્તની ઉન્નતિ કેમ કરવી અને ચિત્તને મજબૂત કેમ બનાવવું, તેના માટે ક્યો માર્ગ અપનાવવો, તેના કૃષ્ણ જાણકાર હતા. કેવળ લખેલુ માનસશાસ્ત્ર નહિ, કૃષ્ણ પાસે વ્યવહારોપયોગી માનસશાસ્ત્ર (Applied psychology) હતું. તેમને ચિત્તજ્ઞ—ચિત્તને સંપૂર્ણપણે જાણવાવાળા કહી શકાય.

કૃષ્ણ જીવનમાં **धृत्युत्साहसमन्वितः** હતા. પોતે ધૃતિ અને ઉત્સાહથી યુક્ત હતા જ; પરંતુ, તેઓ બીજાને પણ તેવા બનવા પ્રેરક બનતા હતા. જેના જીવનમાં ધૃતિ અને ઉત્સાહ હોય તે અલૌકિક વ્યક્તિ કહેવાય. આપણામાં પણ ઉત્સાહ છે, નથી એમ નહિ. સવારના પાંચ વાગે ઊઠીએ છીએ-દૂધ લાવવા માટે. તો પછી ઉત્સાહ નથી એમ કેમ કહો છો?

ઉત્સાહના બે પ્રકાર છે. એક ભૌતિક ઉત્સાહ અને બીજો આધ્યાત્મિક ઉત્સાહ. ભૌતિક પ્રેરણા વગર તમે કોઇપણ કામ ઉપાડયું છે? અને ઉપાડયું હોય તો તેમાં ઉત્સાહ છે? આ સૌએ પોતે જ તપાસવાનું છે. તેવું કામ ઉપાડતા જ નથી અને ઉપાડયું હશે તો સમય મળે ત્યારે કરવાનું. મારે સ્વાધ્યાય કરવો છે, પરંતુ, તે જ ટાઇમે કંઇ વ્યવહારની વાત વચ્ચે આવી કે આપણો સ્વાધ્યાય છૂટી જાય. આનો અર્થ આપણામાં ઉત્સાહ જ નથી. જ્યાં ભૌતિક સ્વાર્થ નથી ત્યાં કેટલો ઉત્સાહ

દેખાડયો? આ પ્રશ્ન છે. ભક્તિ, ધર્મ વગેરે સમય પસાર કરવા માટે આવેલી વાતો નથી. હવે કંઇ કામ નથી તો ચાલો માધવબાગમાં, ત્યાં કથા સાંભળીશું. આને ઉત્સાહ ન કહેવાય. ધૃતિ અને ઉત્સાહ—એ જુદી જ વાતો છે. તે માનવી જીવનને ઉન્નત બનાવે છે. નહિ તો રોટલીનો ટૂકડો દેખાડયા પછી કૂતરો પૂંછડી પટપટાવતો અને નાગડો પણ દોડતો આવે છે. તેમાં શું થયું? શું છગનભાઇ પણ તેવી જ રીતે દોડશે? જેમાં ભૌતિક સ્વાર્થ નથી એવા એક પણ કામ માટે, હું નિયમિત રીતે, નક્કી કરીને દોડું છું? આ પ્રત્યેક માણસે જોવું જોઇએ. એનું કારણ અધ્યાત્મમાં માણસ પોતે જ પોતાનો પરીક્ષક છે અને ભગવાનને તેની જાણ છે. આમાં બીજો પરીક્ષક ચાલે જ નહિ. કોઇપણ, એકાદ પણ એવું નિઃસ્વાર્થ કામ છે કે જેમાં તમારો ઉત્સાહ ટક્યો છે? જો ટક્યોહોય તો તેને આધ્યાત્મિક ઉત્સાહ કહે છે.

વસિષ્ઠ, શંકરાચાર્ય, વલ્લભાચાર્યનો ઉત્સાહ જિંદગી સુધી ટકયો. તે આધ્યાત્મિક ઉત્સાહ હતો. તેવી જ રીતે, ઉદ્યોગપતિ એક ફેક્ટરી, બીજી ફેક્ટરી, ત્રીજી ફેક્ટરી શરૂ કરવા રાતદિવસ દોડે છે, તેની પાસે પણ ઉત્સાહ છે. પરંતુ, તે ભૌતિક ઉત્સાહ છે, તે ઉત્સાહને વિલાયતી ફૂલ કહેવાય. તેને સાચું ગુલાબ ન કહેવાય. સાચા ગુલાબને સુગંધ હોય છે. વિલાયતી ફૂલને સુગંધ હોતી નથી.

એક કૃષ્ણ ભગવાન જ એવું કહેવાવાળા નીકળ્યા:

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ (गी. अ. ३/२२)

(હે અર્જુન! આ ત્રણે લોકમાં મને કંઇ કરવા જેવું બાકી નથી, તેમ ન મેળવેલું કંઇ મેળવવા જેવું નથી, તે છતાં હું કર્મમાં નિરંતર પ્રવૃત્ત રહું છું.)

ત્રિભુવનમાં મને કંઇ જોઇતું નથી, છતાં નિરંતર કામ કરું છું. આને ધૃતિ અને ઉત્સાહ કહે છે. આપણે સવારના સાત વાગે ગાડી પકડીને ઓફિસમાં હાજર થઇ જઇએ છીએ તે ઉત્સાહ ગણાતો નથી. કૃષ્ણ ભગવાન ધૃતિ-ઉત્સાહયુક્ત છે.

સંસ્કૃતિની દૃષ્ટિએ કૃષ્ણ યજ્ઞરક્ષક છે. યજ્ઞથી જ સંસ્કૃતિરક્ષણ થાય છે. કૃષ્ણ ભગવાન યજ્ઞરક્ષક, એટલે જ, સંસ્કૃતિરક્ષક છે.

કૃષ્ણ ભગવાન યોગાચાર્ય છે. કોઇ પૂછશે કે, 'કૃષ્ણ યોગાચાર્ય? તે તો ભોગાચાર્ય દેખાય છે. એનું કારણ હજારો સ્ત્રીઓ સાથે તેમનો સંબંધ છે. તેમનું કુટુંબ કેટલું મોટું છે? એક સ્ત્રી સાથે પરણીને અમે પારિવારિક હોઇએ તો તે દૃષ્ટિથી કૃષ્ણ કેટલા મોટા પારિવારિક હશે? બધા તત્ત્વજ્ઞાનીઓ લંગોટી પહેરીને બેઠેલા છે અને કૃષ્ણ એવા તત્ત્વજ્ઞ છે કે જે સોનાના હીંચકા પર બેસતા હતા, રણાંગણમાં યુદ્ધ કરતા હતા અને તેનો હજારો સ્ત્રીઓ જોડે સંસાર ચાલે છે. તેને વળી યોગાચાર્ય કેમ કહેવાય?'

યોગમાં ત્રણ વાતો આવે છે: સાધના, ભક્તિ અને સમર્પણ. ચોટલી કે જટાથી અથવા દાઢી વધારીને યોગી થવાતું નથી. યોગ આ વૃત્તિનું રસાયણ છે તેમાં સાધના જોઇએ. 'થોભો' (Wait)

નું શિક્ષણ અને તેવી તૈયારી હોવી જોઇએ. તેને સાધના કહેવાય. દ્યુતમાં બધું ગુમાવીને પાંડવોને જંગલમાં જવું પડયું ત્યારે બાર વર્ષ સુધી કૃષ્ણ ભગવાન થોભી ગયા. તે તેમની સાધના કહેવાય.

આજે કંઇ કર્યું કે તરત ફળ મળે એવી ઇચ્છા રાખનાર યોગી નથી. આધ્યાત્મિક, સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક અને કૌટુંબિક—બધા જ જીવનમાં સાધનાની આવશ્યકતા છે. વેપારી પાસે પણ સાધના હોવી જોઇએ. આજે ફેક્ટરી શરૂ કરે અને કાલે ફળ મળે, એવું થતું નથી. થોભવાની તૈયારી જોઇએ. તેને જ સાધના કહે છે. મને એક માણસે કહ્યું: ‘એક હજાર દિવસ ઘરનું ખાઇને ફેક્ટરીમાં કામ કરવાની જેની તૈયારી હોય, તેની જ ફેક્ટરી ચાલે છે.’ આમાં કેટલું સાચું છે તે મને ખબર નથી; પરંતુ એનો અર્થ એ છે કે તેમાં સાધનાની તૈયારી હોવી જોઇએ. તો પછી જીવનમાં ગુણો લાવવા માટે, આધ્યાત્મિક વિકાસ સાધવા માટે, ચિત્ત એકાગ્ર કરીને ભક્તિ કરવા માટે સાધના ન જોઇએ? જોઇએ જ.

એક ભાઇ કહે: ‘હું ચિત્ત એકાગ્ર કરવા માટે કેટલો પ્રયત્ન કરું છું પણ થતું નથી.’ કેવી રીતે થાય? ચિત્તએકાગ્રતાની એક ચાવી થોડી જ છે કે જેનાથી કોઇપણ માણસનું ચિત્ત એકાગ્ર થાય. તેના માટે સાધના જોઇએ; તેથી જ ગીતામાં ભગવાને સાધના સમજાવી છે.

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥
तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥ (गी. अ. ६/११-१२)

ભગવાને પોતે જ છઠ્ઠા અધ્યાયમાં આ કહ્યું છે, તે શા માટે કહ્યું છે? સાધના જોઇએ. તેના વગર ન ચાલે. કૃષ્ણ ભગવાનના જીવનમાં સાધના દેખાય છે.

યોગમાં ભક્તિ જોઇએ. જે કામ કરીએ તેના પર દિલ જોઇએ. કોઇપણ કર્મમાં પાવિત્ર્યથી ભરેલો ભાવ હોવો જોઇએ. ધંધામાં પણ પાવિત્ર્ય લાવો તો ભક્તિ થઇ જાય. મારે મારા માટે ધંધો નથી કરવો, ભગવાનને તેનો ભાગ આપવા માટે ધંધો કરવો છે, આ ભૂમિકા હોય તો તે ભક્તિ જ છે. ‘ભગવાન! કામ કરીને, કમાઇને તારો ભાગ આપવો છે તેથી હું આ ગાદી પર ધંધો કરવા બેઠો છું.’ આવું બોલનાર વેપારી કેટલો પરોપકારી છે? પરોપકાર એટલે ભગવાન ઉપર ઉપકાર, કારણ **પર** એટલે શ્રેષ્ઠ!

ત્રીજી વાત, જીવનમાં સમર્પણ હોવું જોઇએ. સમર્પણ એટલે પૂર્ણ હૃદયપૂર્વક (Wholeheartedly) કામ કરવાનું. તેમાં ગરબડ (Half-hearted) ન ચાલે. જે કામ ઉપાડો તે દિલથી ઉપાડો. અધૂરા મનથી કામ ન કરો. ‘થશે તો કરીશ, જોઇશ’ એવી વૃત્તિવાળાઓની કેટલી સંસ્થાઓ ચાલે છે! તેમાં કેટલા પદાધિકારીઓ હોય છે! આ બધાને ભગવાનના દરબારમાં જવાબ આપવો પડશે. પછી તે ગમે તેટલો મહાન માણસ હશે તો પણ! ભગવાનનું ન્યાયાસન અલૌકિક છે. તેના ન્યાયમાંથી કોઇ છટકી શકતું નથી; એટલું જ નહિ, **धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि धर्मदण्डयोऽसि** એવું રાજાને પણ કહેવામાં આવ્યું છે. આ ત્રણ વાતો હોય તો તેને યોગ કહેવાય. યોગાચાર્ય એ ભગવાનનું અલૌકિક રૂપ છે. ગુરુ તરીકેની તેમની એક જુદી ભૂમિકા છે. **कृष्णं**

वन्दे जगद्गुरुम् – તેમણે શ્રેષ્ઠ અધ્યાત્મ કહ્યો છે તેથી તે ગુરુ છે. ભારતમાં જેટલી સંહિતાઓ છે તે બધી કૃષ્ણ ભગવાન 'અવતાર' છે એવું પ્રતિપાદન કરે છે. **कृष्णस्तु भगवान् स्वयम्**–એમ કહે છે. કૃષ્ણ ભગવાનને આપણે વિભૂતિ નથી કહેતા, અવતાર કહીએ છીએ. વિભૂતિ જુદી અને અવતાર જુદા. ઋષિ અને આચાર્ય વિભૂતિ હોઇ શકે છે. દૈવી સંપત્તિવાળા પુરુષને વિભૂતિ કહે છે. માનવનો અને ધર્મનો ઉદ્ધાર કરવાને માટે જે આવે તેને અવતાર કહે છે.

કૃષ્ણ ભગવાનની આંખની સામે જે ધર્મ તે આજે જેને 'ધરમ, ધરમ' કહે છે તે નહિ. ધર્મનો ઉદ્ધાર એટલે એક સંપ્રદાયનો ઉદ્ધાર નહિ. આજે એક ભક્તિપ્રણાલી (Way of worship) ને ધર્મ કહે છે. કૃષ્ણ ભગવાન ધર્મનો ઉદ્ધાર કરવાવાળા છે. તેમને કોઇ સંપ્રદાયનો ઉદ્ધાર કરવો ન હતો. દેવ જીવન અથવા દૈવી જીવન ઊભું કરવા માટે તેમને અંતર્બાહ્ય દૃષ્ટિથી વિચાર કરવો હતો. તેઓ માનવતાના અવતાર છે, તેથી જ તેમને **कृष्णं वन्दे जगद्गुरुम्** – કહીને જગતના ગુરુ કહ્યા છે. કૃષ્ણ ભગવાન એકાદ સંપ્રદાયના અવતાર નથી, પૂર્ણાવતાર છે. સંપૂર્ણ દૈવી જીવનનો અર્થ સમજાવવા માટે તેમનો અવતાર છે. દૈવી જીવન, પ્રભાવી જીવન નિર્માણ કરવાને માટે અંતર્બાહ્ય વિચારવું, દૈવી જીવન ઊભું કરવું એ બહુ જ કઠણ વાત છે તેની કૃષ્ણ ભગવાનને ખબર હતી. આવું કામ તરત થતું નથી. તેના માટે પહેલાં માણસોમાં દૈવી જીવન માટે રસ પેદા કરવો પડે છે. ત્યાર પછી દૈવી જીવન ઊભું કરવાની ઇચ્છા નિર્માણ કરવી પડે છે. ત્યારબાદ તેવું કામ કરવા માટે સત્ત્વ અને સ્વત્વ ઊભું કરવું પડે છે. ત્યારપછી સાધનાની અભિલાષા નિર્માણ કરવી પડે છે અને સાધનાથી મજબૂતતા લાવવી પડે છે. ત્યારબાદ તે મળ્યા પછી પડી જવાનો સંભવ છે તે પણ સમજાવવું પડે છે. દૈવી જીવનની અભિલાષા નિર્માણ કરીને દૈવી જીવન સુધી લઇ જવા માટે પ્રગમનશીલ આદર્શવાદ (Progressive idealism) નો રસ્તો કૃષ્ણ ભગવાને ગીતામાં દેખાડયો છે.

બધું વ્યર્થ છે, જગત તુચ્છ છે, ક્ષુદ્ર છે, વિષયો છોડી દો, આવું કહીને છોડી દીધું નથી. આવું કહેનાર અવતાર થઇ શકતો નથી. અવતારને પહેલાં દૈવી જીવન માટે રસ પેદા કરવો પડે છે. જ્યાંસુધી દૈવી જીવન માટે રસ પેદા ન થાય ત્યાંસુધી જીવનને વળાંક મળતો નથી. જબરદસ્તીથી કે હાથમાં સત્તા લઇને કાયદો બનાવવાથી દૈવી જીવન ઊભું થતું નથી. કેટલાક લોકો કહે છે કે ધર્મના પ્રચાર કરવાને માટે હાથમાં સત્તા લઇ લો. હાથમાં સત્તા લઇને ધર્મનો પ્રચાર કરશો તો ધર્મ જ ખલાસ થઇ જશે. કાયદાથી માણસમાં ગુણો નિર્માણ થતા નથી. કાયદામાં તે શક્તિ જ નથી. કાયદાને કંઇ મર્યાદા છે. માણસ પડી ન જાય તે માટે બાંધેલી દિવાલ એટલે કાયદો છે. કૃષ્ણ ભગવાને તો આવું અવતાર કાર્ય કર્યું છે. તે ધર્મસંસ્થાપનાર્થ આવ્યા હતા અને તે કામ તેમણે કર્યું છે.

કેટલાક લોકો કહે છે: 'સ્વાધ્યાયનું કામ બહુ સારું છે. તમે બધા ખરેખર બહુ સારું કામ કરો છો.' પરંતુ તેમને પોતાને જે કામ સારું લાગ્યું છે તે કરવાની ઇચ્છા નિર્માણ થતી નથી. દૈવી કામ કરવાની અભિલાષા નિર્માણ કરવાનું કામ બહુ જ કઠણ છે. એનું કારણ તેમાં કોઇ ભૌતિક પ્રેરણા નથી. એકાદ વખત આવીને કોઇ પ્રવચન આપે અને એકાદશીને દિવસે પ્રસાદ આપ્યો કે કાર્ય થતું નથી. આનાથી કંઇ જગત સુધરે નહિ.

પ્રસાદનો અર્થ છે, પ્રતિસાદ. આપણે ભગવાનને તેના કાર્યમાં સાથ આપીએ તો ભગવાન તેને પ્રતિસાદ આપે છે તેને પ્રસાદ કહે છે. પ્રતિસાદનું અપભ્રંશરૂપ એટલે પ્રસાદ. **प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते** – એવું ભગવાન કહે છે. કેટલાક લોકો કહે છે, ‘અમે તો માગી માગીને પ્રસાદ લઇએ છીએ.’ આ ભગવાને કહેલો પ્રસાદ નથી. પ્રસાદ એટલે ભગવાનનો પ્રતિસાદ.

દૈવી જીવનમાં રસ પેદા કરવાનો છે. ત્યારપછી માણસ પોતાનું જીવન દૈવી બનાવે તેવી અભિલાષા તેનામાં નિર્માણ કરવાની છે. રસ પેદા કરવો અને ઇચ્છા પેદા કરવી—તેમાં ફરક છે. કેવળ ઇચ્છા કરીને પણ ચાલે નહિ. ઘણા લોકોને સારું કામ કરવાની ઇચ્છા થાય છે પણ તે શરૂ કરતા નથી. શું કારણ એનુ? કૃતિ કરવા માટે બે વાતો આવશ્યક છે: એક સત્ત્વ અને બીજું સ્વત્ત્વ. સત્ત્વ અને સ્વત્ત્વ ઊભું કર્યા પછી જ દૈવી જીવન નિર્માણ થાય છે.

કેટલાક લોકો પૂછે: ‘તમે પાઠશાળામાં જાઓ છો છતાં તમારું જીવન બદલાયું નહિ?’ આવું પૂછનારા લોકો મૂર્ખ છે અને તેમનું સાંભળીને હાથમાં લીધેલું કામ છોડવાવાળા તો નમસ્કાર (!) કરવા યોગ્ય છે. શું આજે સાંભળ્યું અને બીજે દિવસે જીવન બદલાઇ જાય? દૈવી જીવન માટે રસ પેદા કરવો પડે, ત્યારબાદ તેવી અભિલાષા નિર્માણ કરવી પડે, ત્યારપછી તેનામાં સત્ત્વ અને સ્વત્ત્વ ઊભું કરવું પડે, તેના માટે સાધનાની અભિલાષા નિર્માણ કરવી પડે છે, આવી સાધનાની દઢતા નિર્માણ થાય છે અને ત્યારપછી યશ મળે છે. યશ મળ્યા પછી પતન પણ થઇ શકે છે, તે માટે સાવધાની સમજાવવી પડે છે. આટલું થયા બાદ દૈવી જીવન ઊભું થાય છે.

દૈવી જીવનનો અર્થ છે: સંપૂર્ણ જ્ઞાનમયતા, પ્રકાશપૂર્ણ ભાવમયતા, સામર્થ્યપૂર્ણ ક્રિયાશીલતા, નિરપેક્ષતા અને નિરહંકારતા! તેના માટે આટલી વાતો જીવનમાં લાવવી પડે. આવા જીવન માટે માણસમાં ભૂખ નિર્માણ કરવી એ સહેલું નથી. તે કંઇ જાદુથી થતું નથી.

દૈવી જીવનને માટે સંપૂર્ણ જ્ઞાનમયતા જોઇએ. જ્ઞાન અને અજ્ઞાનની વ્યાખ્યા ગીતાએ કરી છે. તેરમા અધ્યાયમાં **अमानित्वमदम्भित्वम्......** થી શરૂઆત કરી **तत्त्वज्ञानार्थदर्शनम्......**સુધી **एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ।** (गी. १३/७-११) આને જ જ્ઞાન કહે છે, તે સિવાયનું બીજું બધું અજ્ઞાન છે, એમ કહી દીધું છે.

દૈવી જીવનમાં પ્રકાશપૂર્ણ ભાવમયતા અપેક્ષિત છે, કેમ કે આસક્તિથી પણ ભાવ હોય છે. તમને તમારા નાના બાળક ઉપર ભાવ હોય છે કે નહિ? ભાવ છે પણ તે પ્રકાશપૂર્ણ ભાવ નથી. તે આસક્તિમય ભાવ છે. ભાવને શું ચીટકેલું છે તે મહત્ત્વનું છે. તેથી જ મહારાષ્ટ્રમાં એક ભક્તે કહ્યું છે, ‘ભગવાન! અમારી પાસે ભાવ છે, પણ **भाव भक्तिचे लग्न लागले जरी तव कृपा होय**– ભાવ અને ભક્તિનું લગ્ન તારી કૃપાથી થાય.’ તમારો પૌત્ર ઉપર ભાવ છે, સંપત્તિમાનને સંપત્તિ ઉપર ભાવ હોય છે, એટલું જ નહિ, તેને પત્ની કરતાં પણ વધારે ભાવ સંપત્તિ ઉપર હોય છે. આ ભાવ આસક્તિને લીધે હોય છે. પ્રકાશપૂર્ણ ભાવમયતા એ જુદી જ વાત છે.

ત્રીજી વાત, દૈવી જીવનમાં સામર્થ્યપૂર્ણ ક્રિયાશીલતા હોવી જોઇએ. પહેલી વાત એ કે જીવનમાં ક્રિયાશીલતા હોતી નથી. કદાચ હોય તો સામર્થ્ય હોતું નથી. સામર્થ્યપૂર્ણ ક્રિયાશીલતા

અપેક્ષિત છે.

ચોથી વાત, નિરપેક્ષતા અને નિરહંકારતા હોવાં જોઇએ. ભક્તિ ફેરી માટે શરૂઆતમાં રસ નિર્માણ કરવો પડે છે. કહે, 'ચાલો, પિકનિક ઉપર જઇએ. પંદર દિવસ જઇ આવીએ. ઘરમાં બેસીને શું કરશો? તેનાં કરતાં ફરી આવીએ.' આવું સાંભળીને બીજો ભાઇ તૈયાર થઇ જાય. ગામમાં ગયા પછી ગામડાના લોકોનો પ્રેમ જોવા મળ્યો. ગામ છોડતી વખતે ગામના લોકો એસ.ટી. સ્ટેન્ડ પર છોડવા આવ્યા. ત્યારે પેલા ભાઇએ કહ્યુ: 'જોયું, આપણે ત્યાંથી નીકળ્યા ત્યારે તમારો છોકરો પણ તમને મૂકવા નહોતો આવ્યો. અહીં જુઓ, ગામડાના લોકો કેટલા પ્રેમથી આવ્યા છે!' આવી વાતોથી રસ પેદા થાય છે. આમ કરતાં કરતાં છેવટે નિરપેક્ષતા અને નિરહંકારતા સુધીનું દૈવી જીવન સમજાવે છે.

ભગવાને ગીતામાં કહ્યું છે: **जन्म कर्म च मे दिव्यम् एवं यो वेत्ति तत्त्वत:**—આમાં તત્ત્વત: શબ્દ ધ્યાનમાં રાખવા જેવો છે. ભગવાન કહે છે મારો જન્મ દિવ્ય છે તેમ કર્મ પણ દિવ્ય છે.

કૃષ્ણ ભગવાન જુદા જુદા રૂપે આંખની સામે ઊભા રહે છે. જીવનમાંથી કૃષ્ણને બાદ કરશો તો જીવન ખતમ થઇ જશે. આપણું જીવન ખતમ થયું છે તેનું કારણ જ એ છે કે આપણે કૃષ્ણને છોડી દીધા છે. કોઇ કહેશે, 'એવું હોય? અમે તો કૃષ્ણનું મંદિર બનાવ્યું છે.' તમે મંદિરમાં કૃષ્ણનું પૂતળું રાખી દીધું છે, કૃષ્ણ નહિ. કારણ કે, મંદિરમાં જવાવાળાઓને કૃષ્ણનો એક પણ ગુણ ખબર નથી. પૂજા કરવાવાળાને પણ કૃષ્ણનું જીવન ખબર નથી. આવા પૂતળા તો મુંબઇની ચોપાટી ઉપર પણ છે. તેના માથે કાગડા બેસે છે. તમે પણ મંદિરમાં પૂતળું રાખ્યું છે અને પાછો એક ચોકીદાર પણ રાખ્યો છે. જેથી પૂતળાના ઘરેણાં કોઇ ચોરી ન જાય! ભગવાન ઉપર ચોકીદાર! મંદિરને એક દરવાજો, તેને તાળું અને ઉપરથી ચોકીદાર. બીજાઓએ તો કૃષ્ણને છોડી જ દીધો છે પણ મંદિર બાંધવાવાળાઓએ પણ કૃષ્ણને છોડી દીધો છે, તેથી જ જીવન નિસ્તેજ, લાચાર, દીન, દુર્બળ, અસહાય, પરોપજીવી બની ગયું છે.

નવયુવાનોએ કૃષ્ણને સમજવા જોઇએ. આપણા સ્વાધ્યાયપરિવારના નવયુવાનો કૃષ્ણને સમજી ચૂકયા છે તેથી જ તેઓ વયસ્થસંચલન કરે છે. એનું કારણ એક જ છે કે તેમને દૈવી જીવન માટે રસ પેદા કરવો છે. ત્યારપછી કૃતિ થશે. લોકો પૂછે છે: 'કેટલા બધા લોકો ઊભા થયા! હવે તમે શું કરશો?' હું કહું છું કે કંઇ નહિ કરું. તેમને ઊભા તો થવા દો. જો ઊભા થયા છે તો ઊભા થયેલા ચાલવા લાગશે. ચાલવાવાળા લોકો મૂર્ખ નથી હોતા. તેઓ વિચારીને ચાલે છે; માટે તેમને વિચાર કરવા દો. બેઠા હતા તે ઊભા તો થયા!

કેવળ કૃષ્ણ ભગવાનનો જન્મદિવસ ઊજવીને નહિ ચાલે. તેમાં તો કેટલી ભીડ જામે છે! કૃષ્ણજન્મ ક્યાં થાય છે? મંદિરમાં થાય છે. તેમના દિલમાં નથી થતો અને તેમના મગજમાં પણ નથી થતો. એનું કારણ દિલ અને દિમાગ—બન્ને આપણે ઘરે રાખીને જ જઇએ છીએ. દિલ લઇ જવું નથી અને દિમાગ ચલાવવું નથી. તેનું જ નામ કથા. કથા તો થાય જ છે. તેમાં દિમાગ ચલાવવું નથી, શાંતિથી બેસવું છે. ગુજરાતી ભાષામાં તો વિનોદમાં કહે છે કે, થાક ઉતારવાની જગા એટલે કથા.

કૃષ્ણ ભગવાનનું જીવન અદ્દભુત છે. કૃષ્ણ ભગવાન અવતાર છે. જુદા જુદા રૂપે કૃષ્ણ આંખની સામે ઊભા રહે છે: પરંતુ અવતાર રૂપે જ્યારે ઊભા રહે છે ત્યારે વર્ણન શું કરવું? કેવળ નતમસ્તક થઇ જવું. સામાન્યોને માર્ગદર્શન કરવા માટે આવેલો એ અવતાર છે. કૃષ્ણ ભગવાનનો અવતાર એ પંડિતો માટે કે જ્ઞાનીઓ માટે નથી. જ્યારે ઉદ્ધવ ગોપીઓને જ્ઞાન આપવા લાગ્યા ત્યારે ગોપીઓએ તેમને કહી દીધું, 'જાઓ, તમારા માટે કૃષ્ણ નથી, કૃષ્ણ અમારા માટે છે.'

લોકો પૂછે છે: 'જો કૃષ્ણ ભગવાનનો અવતાર હતા તો દુર્યોધને તેમનું માન્યું કેમ નહિ?' એવા ઘણા લોકો છે કે જેઓ ગોકુલ છોડીને મથુરામાં ગયા બાદનું કૃષ્ણનું ચરિત્ર વાંચતા નથી. કારણ, કૃષ્ણ ગોકુલમાં હતા ત્યાંસુધી તેમનામાં પુરુષોત્તમત્વ હતું, ત્યારબાદ મથુરામાં ગયા ત્યારથી ન હતું. પુરુષોત્તમત્વ ગયું તો શું પુરુષાધમત્વ આવ્યુ? અરે! કૃષ્ણે ભરેલું દરેક પગલું, તેમની દરેક કૃતિ દૈવી જ હતી! **जन्म कर्म च मे दिव्यम् ।** જીવનમાં કૃષ્ણ ભગવાને દુઃખ શા માટે સ્વીકાર્યું? કૃષ્ણ ભગવાનનો અવતાર સામાન્ય લોકો માટેનો અવતાર છે, તે ભૂલો નહિ. જગતમાં એક પણ એવું સુખ નથી જે કૃષ્ણ ભગવાને સ્વીકાર્યું નથી અને એવું એક પણ દુઃખ નથી કે જે તેમણે સ્વીકાર્યું નથી. સુખ કે દુઃખના પ્રસંગે જીવન કેમ જીવવું તે તેમણે જીવીને દેખાડયું છે. સુખ કે દુઃખ તરફ શાંતિથી કેવી રીતે જોવું તે તેમણે સમજાવ્યું છે.

જેમના ઉપર વિશ્વાસ રાખ્યો હતો તે પાંડવો જુગાર રમવા ચાલ્યા ગયા! બાર વર્ષ સુધી તેમને છોડી દીધા. તે વખતે કૃષ્ણ ભગવાનને કેટલું દુઃખ થયું હશે? તેમના ઉપર ચોરીનો આરોપ મુકાયો, તેમાં અક્રૂર જેવા લોકો પણ હતા! કૃષ્ણ ભગવાને સમજાવ્યું છે કે દૈવી કાર્ય કરવાવાળાનું ચારિત્ર્યહનન થશે તે ધ્યાનમાં રાખો. એવું એક પણ દુઃખ નથી જે તેમણે સ્વીકાર્યું ન હોય. જગતમાં બધાં જ સુખો પગ પર હતાં તે પણ સ્વીકાર્યાં અને જીવન જીવી દેખાડયું. શું કૃષ્ણ ભગવાન ગોપીઓની સાથે ક્રીડા કરવા આવ્યા હતા? અરે! આ સૃષ્ટિની દૃષ્ટિએ પૃથ્વી એટલે કેટલો નાનકડો ગોળો છે? સમગ્ર વિશ્વના નિર્માતા કૃષ્ણ ભગવાન છે. આ પૃથ્વીના ગોળા ઉપર અબજો યોનિઓ છે. તેમાં કેટલા નર અને કેટલીએ માદાઓ હશે. તેમાં લઘુમતિમાં રહેલી માનવજાતિની માદા શું કૃષ્ણ ભગવાનને આકર્ષિત કરી શકે?

કૃષ્ણ ભગવાન શા માટે આવ્યા હતા? જીવન સમજાવવાને માટે આવ્યા હતા, તેથી બધાં જ દુઃખો તેમણે સ્વીકાર્યા છે. તેઓ સામાન્ય બની ગયા છે. આજે મોટા મોટા તત્ત્વજ્ઞો કૃષ્ણને તત્ત્વજ્ઞ કહેવા તૈયાર નથી. બુદ્ધ તત્ત્વજ્ઞ હોઇ શકે, પણ કૃષ્ણ તત્ત્વજ્ઞ થઇ નથી શકતા. સોનાની દ્વારકામાં રહેવાવાળા કૃષ્ણ તત્ત્વજ્ઞ કેમ હોઇ શકે?

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ (गी. २/५६)

દુઃખમાં જેનું મન ઉદ્વિગ્ન થતું નથી, સુખમાં જેને સ્પૃહા નથી, કામ, ક્રોધ અને ભય જેના નિવૃત્ત થયા છે તેને સ્થિર બુદ્ધિ મુનિ કહે છે. આવા કૃષ્ણ ભગવાન છે.

દશમ સ્કંધ છોડતી વખતે પણ કૃષ્ણનો વિચાર આપણે છોડી શકતા નથી. કૃષ્ણના સંબંધમાં જુદા જુદા રૂપે વિચારવા જેવું છે. તે એક અભ્યાસનો વિષય છે. અભ્યાસુ લોકોને માટે તે વિષયોની

અનુક્રમણિકા આપી છે. તે એકેક વિષયનો વિસ્તારથી અભ્યાસ કરવો જોઇએ. એટલું જ કહું છું કે કૃષ્ણચરિત્ર વિચારતાં વિચારતાં દિમાગ બદલાઇ જશે, જીવન બદલાઇ જશે અને સંસ્કૃતિનું રક્ષણ પણ થશે, તેથી હું કૃષ્ણને નમસ્કાર કરું છું.

દશમ સ્કંધને નમસ્કાર કરીએ છીએ ત્યારે કૃષ્ણનું જીવન, કૃષ્ણનો પુરુષાર્થ, કૃષ્ણનો જીવનરસ આંખોની સામે ઊભો રહે છે. તેને ભૂલી જવાથી સંસ્કૃતિમાં, અધ્યાત્મમાં, જીવનમાં ઊણપ નિર્માણ થઇ છે. આપણે કૃષ્ણજન્મ ઊજવીએ છીએ ત્યારે કૃષ્ણના ગળામાં એક ફૂલની માળા પહેરાવીએ છીએ પરંતુ, કૃષ્ણ ભગવાને જે જીવન સમજાવ્યું છે તે આપણે સ્વીકારતા નથી. તેમણે જે જીવન જીવી દેખાડયું છે તે પ્રમાણે જીવવા આપણે તૈયાર નથી, તે જીવનને આપણે માન્યતા આપતા નથી. પરિણામે અધ્યાત્મમાં અને તત્ત્વજ્ઞાનમાં કચરો આવ્યો છે. બધું છોડીને લંગોટી પહેરીને, જંગલમાં બેસવાવાળો આધ્યાત્મિક અને તત્ત્વજ્ઞ હોય છે એવી ખોટી સમજણ મગજમાં ભરેલી છે. આપણે કૃષ્ણને ભગવાન સમજીએ છીએ પરંતુ, વિચારવાવાળા લોકો કૃષ્ણને તત્ત્વજ્ઞ માનતા નથી, એવી વિચિત્ર સ્થિતિ છે.

કૃષ્ણ ભગવાન પાસે વિલોભનીય સ્થિરબુદ્ધિ છે. તેમનું નિર્લોભીપણું પણ કમાલનું છે! કંસને માર્યા પછી રાજગાદી ઉગ્રસેનને સોંપી દીધી. તેમના જેવો શાંતિદૂત શોધ્યો નહિ જડે. કૃષ્ણનું નામ ઉચ્ચારતાં તેમનું અલૌકિક જીવન આંખની સામે ઊભું થાય છે. કૃષ્ણ યોગાચાર્ય છે, તે યોગી તો છે પરંતુ, સ્વયં યોગ છે. **योगं योगेश्वरात् कृष्णात् साक्षात्कथयतः स्वयम्** એટલું જ નહિ, કૃષ્ણ ભગવાન ચિરંતન કાળના ગુરુ છે, તેથી જ આપણે દરરોજ **कृष्णं वन्दे जगद्गुरुम्** – આ લીટીનું પારાયણ કરીએ છીએ. તે કેવળ વૈષ્ણવોના જ નહિ, ભારતવાસીઓના જ નહિ, જ્ઞાત વિશ્વના ગુરુ છે અને ચિરંતન કાળ માટે ગુરુ છે. તેઓ વિચાર અને જીવનના ગુરુ છે. તેમણે જીવન જીવીને, વિચારીને જીવનના બધા જ ઓરડાઓ પ્રકાશિત કર્યા છે. સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મશાસ્ત્ર—આ બધા ઓરડાઓ તેમણે પ્રકાશિત કર્યા છે તેથી તેઓ જગદ્ગુરુ છે, અવતાર છે.

વિશ્વધર્મપરિષદ જાપાનમાં ૧૯૫૪ માં થઇ હતી. તેમાં તેમણે કૃષ્ણને રાજકારણી (Politician) ઠરાવ્યો હતો. મેં તેમને પૂછયું કે વિશ્વ ચલાવનાર, ચંદ્ર-સૂર્યને નિર્માણ કરનાર શક્તિ, જ્યારે માનવી આકાર લઇને આવે ત્યારે તે શા માટે આવે? માનવી જીવનના બધા ઓરડાઓ એટલે, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મશાસ્ત્ર પ્રકાશિત કરવા; એટલું જ નહિ, ચિરંતનકાળ સુધી તે વિચારો માર્ગદર્શન આપતા રહે, એટલા માટે આવે, તેને અવતાર કહેવાય.

યંત્રયુગથી ભોગજીવન ઊભું થયું. યંત્રયુગથી બધી વસ્તુઓની વિપુલતા થાય, પરંતુ, વિપુલતા થયા છતાં તે બધાને મળી રહે એમ નહિ. ભોગજીવન સમૃદ્ધ થયું અને તેનાથી લંપટતા નિર્માણ થઇ અને ભૌતિકવાદ નિર્માણ થયો. ભૌતિકવાદની ભયાનકતા અને સુખલોલુપની લંપટતા સત્ત્વશીલ, તત્ત્વચિંતક અને શાંતિપ્રિય લોકોને ડરાવે છે. તે વખતે તાત્ત્વિક અધિષ્ઠાન પર આધારિત ધર્મની માગણી ઊભી થાય છે. યંત્રશક્તિથી હતોત્સાહ બનેલા માનવને પ્રેરણા મળશે કે? આ આજનો મોટો પ્રશ્ન છે. કંઇ કમાવા માટે પ્રેરણા છે પરંતુ, નિ:સ્વાર્થ કામ કરવા માટે પ્રેરણા

મળશે કે? આ આજની સમસ્યા છે. વિત્ત કે બીજું કંઇ કમાવાની પ્રેરણાને, પ્રેરણા નથી કહેતા. આવી પ્રેરણા તો ઉંદરડાને પણ હોય છે; દરેક પશુને હોય છે.

વિજ્ઞાનથી માનવ માનવની પાસે આવ્યો છે; પરંતુ તેમની વચ્ચે આત્મીયતા ઊભી થઇ છે કે? આ સવાલ છે. માનવ માનવની પાસે આવ્યો છે, એકબીજાને છોડી શકતા નથી. ઈંગ્લંડમાં કે યુ.એસ.એ. માં કંઇ થાય તો ભારતમાં ગોળ મોંઘો થઇ જાય, આટલો માનવ, માનવની પાસે આવી ગયો છે, પરંતુ, તેમનામાં આત્મીયતા જાગૃત થતી નથી. **वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥** – સમસ્ત જગત વાસુદેવરૂપે છે એવી સમજણવાળી એકતા ઊભી થતી નથી. આવી એકતા નિર્માણ કરવા માટે ધર્મ અને અધ્યાત્મશક્તિને ઉપાડવી પડશે, તેના વગર કંઇ શક્ય નથી. ચાર-પાંચ હજાર વર્ષ પૂર્વે કૃષ્ણ ભગવાને આ વિચાર્યું હતું.

વિશ્વસભા સ્થાપન કરીને પણ આ પ્રશ્ન છૂટતો નથી. વાસ્તવમાં યુ.એન.ઓ. એટલે વિશ્વસભા સ્થાપન કરીને માનવે એક અલૌકિક અને લોકોત્તર પગલું ભર્યું છે. તે એક અલૌકિક પ્રયોગ છે. હવે કોઇ દેશે મિલિટરી રાખવાની જરૂર નથી. યુ.એન.ઓ. ની મિલિટરી રહેશે. આને લીધે કેટલો ખર્ચ બચી જશે? દરેક રાષ્ટ્રપરનો આર્થિક બોજો કેટલો ઓછો થઇ જશે અને માનવમાત્ર કેટલો સુખી થશે? વિશ્વસભાની દૃષ્ટિ સારી છે; પરંતુ વિશ્વસભા–યુ.એન.ઓ. ની સ્થાપના કરીને પણ માનવ-માનવ વચ્ચેના સંબંધનો પ્રશ્ન ઉકલતો નથી. એચ.જી. વેલ્સ એક મહાન તત્ત્વચિંતક છે. તેમણે નવલકથા પણ લખી છે; પરંતુ તે સમજવી કઠણ છે. તેમનો એક Outline of the history of the world—નામનો ગ્રંથ છે. તેમાં તેમણે વિશ્વરાજ્યની સભા વિષે વિચાર્યું છે. એટલું જ નહિ, આખી સૃષ્ટિમાં એક જ વિશ્વરાજ્ય થવું જોઇએ તેનું ભારપૂર્વક સમર્થન કર્યું છે. તેના વગર માનવ્ય ઉપર આવી નહિ શકે એવું તેમનું મંતવ્ય છે. વિજ્ઞાનને સ્વીકારીશું તો આવું કરવું જ પડશે. વિશ્વસભા ધર્માધિષ્ઠિત રહેવી જોઇએ. પરંતુ, તે ધર્મ સંકીર્ણતાથી ભરેલો ન હોવો જોઇએ. સંકીર્ણતાથી ભરેલો ધર્મ સ્વીકારાર્હ નથી એવું તેઓ લખે છે.

તેમણે લખ્યું છે: "It will be based upon a common world's Religion very much simplified and universalized and better understood. It will not be Christianity, nor Islam, nor Buddhism, nor any such specialised form of a religion; but the religion based upon selfless human service" આમાં નિષ્કામ કર્મયોગની માગણી છે, તે કોણે કરી છે? આ તેમના જ શબ્દો છે. વિશ્વસભા કેવળ ઊભી કરીને નહિ ચાલે; વિશ્વસભા ધર્માધિષ્ઠિત હોવી જોઇએ. અહીં ક્યો ધર્મ અપેક્ષિત છે? તેઓ કહે છે: "The Religion will be based upon selfless human service." ધર્મ નિષ્કામ માનવસેવા ઉપર આધારેલો હોવો જોઇએ. આવો ધર્મ ક્યો ગ્રંથ પ્રતિપાદિત કરે છે? કોણે આવી અનાગ્રહી વૃત્તિ રાખીને માનવજાતિનું ઉત્થાન દેખાડયું છે? આ ગ્રંથ છે ગીતા! ગીતાએ ભગવાન સ્વીકારતી વખતે ન લીધા વિષ્ણુ, ન લીધા કૃષ્ણ, ન બીજા કોઇને લીધા. **मयि** શબ્દ વાપર્યો છે તે કૃષ્ણને ઉદ્દેશીને નથી. આખું બ્રહ્માંડ જેણે ઊભું કર્યું, એવા અહમ્ (Ego) અને બુદ્ધિ (Intellect) ની સાથે જે ચૈતન્ય છે, તેને ઉદ્દેશીને **मयि** શબ્દ છે.

એચ.જી. વેલ્સે કહ્યું છે કે નિષ્કામ સેવા પર આધારિત ધર્મ હોવો જોઇએ. એટલું જ નહિ,

તે ધર્મ, વૈયક્તિક નહિ ચાલે, તેમ વ્યક્તિને અવગણીને કેવળ સમાજને લક્ષમાં રાખેલો ધર્મ પણ નહિ ચાલે. વ્યક્તિ અને સમાજ, બન્નેને લક્ષમાં રાખીને ઊભો રહેલો ધર્મ હોવો જોઇએ. આ બધું હું એટલા માટે કહું છું કે તેમની જે માગણી છે તે કૃષ્ણ ભગવાને પૂરી પાડી છે, ગીતાએ પૂરી કરી છે.

બર્ટ્રાંડ રસેલનો Social Reconstruction નો ગ્રંથ છે. તેમાં લખ્યું છે કે પ્રોટેસ્ટંટ ધર્મ વૈયક્તિક છે અને કેથોલિક ધર્મ સમાજલક્ષી છે. આ બન્ને ધર્મો નહિ ચાલે. તો કેવો ધર્મ ચાલશે? તેના માટે વિચાર કરવો પડશે. આ દૃષ્ટિથી ગીતા ગ્રંથ કેટલો અલૌકિક અને લોકોત્તર છે કે જે કૃષ્ણ ભગવાને આપ્યો છે! તેથી જ કૃષ્ણને જગદ્‌ગુરુ કહ્યા છે.

ધર્મ કેવો હોવો જોઇએ? કેવળ પરલોકવાદી અને મર્યા પછી શું થાય તેટલું જોવાવાળો ધર્મ શા કામનો? ધર્મ વ્યામોહ સ્થિતિમાં રહેલી વ્યક્તિને માર્ગદર્શક હોવો જોઇએ. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં વ્યામોહ સ્થિતિ આવે જ છે. કરું કે ન કરુ? થશે કે નહિ થાય? આવી સ્થિતિ આવે જ છે. શેક્સપિયરનો હેમ્લેટ વ્યામોહ સ્થિતિમાં આવ્યા પછી ગાંડો થઇ ગયો પરંતુ, વેદવ્યાસનો અર્જુન પાગલ ન થયો. શું કારણ એનું? તેને કૃષ્ણ ભગવાનનું માર્ગદર્શન મળ્યું તેથી તે સ્થિતિમાં પણ તે ઊભો રહ્યો.

માનવનો વિશ્વસભાનો પ્રયોગ એ એક અલૌકિક પગલું છે. તે જો યશસ્વી થઇ જશે તો માનવ સુખી થઇ જશે. પછી કોઇપણ દેશને પોતાનું લશ્કર રાખવાની જરુર નહિ પડે. ફક્ત વિશ્વસભાનું લશ્કર રહેશે. બાકી બધા દેશોમાં પોલીસ રહેશે. લશ્કરની જરૂર નહિ રહે. આવી વિશ્વસભા થાય તો કેટલું સારું? પરંતુ, તેના ઉપર એક ધર્મ હોવો જોઇએ કે જે વૈયક્તિક છે તેમ જ સામાજિક પણ છે. તે ધર્મ નિષ્કામ માનવસેવા (Selfless human service) પ્રતિપાદન કરવાવાળો હશે. એટલું જ નહિ, વ્યામોહ સ્થિતિમાં પડેલા માનવને માર્ગદર્શક થાય તેવો ધર્મ હશે. તેવો ગ્રંથ-ગીતા આપનાર કૃષ્ણને જગદ્‌ગુરુ કહેનારા આપણે પાગલ નથી. જે વખતે કૃષ્ણને જગદ્‌ગુરુ કહ્યા તે કાળે પણ જગત્ શબ્દ કેવળ ભારત—**मध्येविन्ध्यहिमाचलौ भारत** – ને ઉદ્દેશીને વાપરેલો શબ્દ નથી. આખા વિશ્વને ઉદ્દેશીને તે શબ્દ છે.

જગતની આજની સમસ્યા, આપણી સમસ્યા છે એવું સમજીને તેનું મહત્ત્વ આપણે સમજતા નથી. તેની આવશ્યકતા પણ આપણે સમજતા નથી. કેટલાક પડી ભાંગેલા, હતોત્સાહ થયેલા, અસહાય અને અસફલ થયેલા, વહેમથી ભરેલા લોકો હાથમાં ગીતા ઉપાડે છે, મર્યા પછી બાપને સ્વર્ગ મળે તે માટે! કારણ તેને પોતાને સ્વર્ગ જોઇતું જ નથી, તે એક બ્રાહ્મણને દક્ષિણા આપીને ગીતાનો પાઠ કરાવે છે. ગીતાની આટલી બદનામી બીજા કોઇએ કદી કરી નહિ હોય!

વ્યક્તિજીવનની જે ઉચ્ચતમ સ્થિતિ છે તેનું વર્ણન કરનાર, ભગવાન તારી સાથે છે એવું પ્રતિપાદન કરીને 'રડવાનું બંધ કર'—**न त्वं शोचितुमर्हसि** એવો આદેશ આપનાર એક જ ગ્રંથ છે અને તે એટલે ગીતા! પરંતુ, તે ગ્રંથની કિંમત લોકોએ ખતમ કરી નાખી છે. અશિક્ષિતોએ ગીતાની કિંમત ખલાસ કરી છે, એનું કારણ, તેમને ગીતાની કિંમતની જ ખબર નથી. ધાર્મિકોએ તેની કિંમત ખલાસ કરી છે, કારણ, તેમને કંઇ વિચારવું નથી. ભણેલા લોકોએ ગીતાની કિંમત

ખતમ કરી છે, કારણ, તેમણે ગીતા તરફ જોવું જ નથી. હવે ગીતા કેટલાક ઘરોમાં રહી છે, એનું કારણ પ્રત્યેક ઘરમાં ઘરડીએ કબાટમાં ગીતા સંભાળી રાખી છે. ગીતાનું આવું સ્થાન થઇ ગયું છે. ગીતાની બદનામી શા માટે થઇ? તેનાં સંતાનો મૂર્ખ છે તેથી થઇ છે.

कृष्णं वन्दे जगद्गुरुम् બોલતી વખતે આપણી છાતી ગજગજ ફૂલવી જોઇએ. **कृष्णं वन्दे जगद्गुरुम्** આ કંઇ સામાન્ય વાત નથી. કૃષ્ણ કરતાં વધારે આશ્વાસન જગતમાં કોણ આપી શકે તેમ છે? ગીતામાં 'ભગવાન તારી સાથે છે' એવું આશ્વાસન છે. ભોગ કે ત્યાગ? પ્રવૃત્તિ કે નિવૃત્તિ? આ દ્વંદ્વમાં ફસાયેલા માનવને ગીતાએ રસ્તો દેખાડયો છે. ભોગ દેખાય છે; પરંતુ, ભોગથી વંચિત રહો, ત્યાગ કરો. જો ત્યાગજ કરવાનો હોય તો આ સૃષ્ટિ બનાવવાવાળો શું પાગલ હતો? ભોગ કે ત્યાગનો વિચાર કરીએ તો બુદ્ધિ વ્યામોહિત થઇ જાય છે. ભોગ કે ત્યાગનો પ્રશ્ન આવતાં જ સંયમનો રસ્તો કોઇએ દેખાડયો હશે તો ગીતાએ દેખાડયો છે. જાગતિક ધર્મનો ઈતિહાસ જોશો તો સંયમનું તત્ત્વજ્ઞાન સમજાવવાવાળો એક જ ગ્રંથ છે અને તે એટલે ગીતા. તેથી જ આપણે કહીએ છીએ: **कृष्णं वन्दे जगद्गुरुम्** । તેમના તત્ત્વજ્ઞાનમાં ભોગોનો ન સ્વીકાર છે કે ન ધિક્કાર. એનું કારણ સ્વીકાર કે ધિક્કાર—બન્નેમાં તકલીફ છે. તેવું જ બીજું દ્વંદ્વ છે: 'પ્રવૃત્તિ કે નિવૃત્તિ?' ઉત્સાહ, તેજ, ઉદ્યોગ, સાહસ—આ બધા પ્રવૃત્તિના ગુણ છે અને તપ, અનાસક્તિ, નિરંહકારતા—આ બધા નિવૃત્તિના ગુણો છે. જો નિવૃત્તિ નહિ સ્વીકારો તો આ ગુણો પણ નહિ આવે. તો તમે પ્રવૃત્તિ સ્વીકારશો કે નિવૃત્તિ? ઉત્સાહ, તેજ, ઉદ્યોગ અને સાહસ—આ ગુણો તમારી પાસે ન હોય અને તમારી પાસે નિરહંકારતા છે, તો તે નિરહંકારતાને અર્થ શો છે?

પ્રવૃત્તિ અને નિવૃત્તિ, બન્નેની વચ્ચે આજે ધર્મ ઊભો છે. સમજો કે એકાદ માણસે સરસ નવાં કપડાં પહેર્યાં હોય તો આપણા જેવા વિચારવાવાળા લોકો પણ તેને ધાર્મિક નહિ સમજે. કારણ, ધાર્મિકતાને અમુક એક અર્થ ચીટકી ગયો છે—જે ત્યાગનું પ્રદર્શન કરતો હોય તે ધાર્મિક! આપણે ધર્મ સમજી શક્યા છીએ? ભોગ કે ત્યાગ? પ્રવૃત્તિ કે નિવૃત્તિ? આ બન્નેમાં માનવ ફસાયેલો છે. તેને માર્ગદર્શન કોણ કરશે? **कृष्णं वन्दे जगद्गुरुम्**—એક કૃષ્ણ જ છે.

ગ્રીક તત્ત્વજ્ઞાનની પરંપરા જુઓ. હોમર (Homer) ની પ્રવૃત્તિએ માનવને કેટલો પરેશાન કર્યો છે? હોમરના સમયમાં પ્રવૃત્તિનું પ્રાબલ્ય હતું. તે કાળે પ્રવૃત્તિ સિવાય બીજી વાત નહિ. જેટલા લોકો છે તે બધાને ઊભા કરવા જોઇએ. 'બધાને મળવું જોઇએ' આ ભાષા આજની જ નથી. અનાદિકાળથી તે વાત ચાલી આવે છે. હોમરના સમયમાં પ્રવૃત્તિનું નગ્ન નૃત્ય ચાલતું હતું. તેના લીધે માનવ અસ્વસ્થ બની ગયો હતો, ગભરાઇ ગયો હતો. તેનું વ્યક્તિત્વ ખતમ થયું હતું. તેના પછી પાયથાગોરસ આવ્યા. તેમણે નિવૃત્તિના પાઠો ભણાવ્યા. તેમણે કહ્યું: "આ બધું શું ચાલી રહ્યું છે? વિત્ત કમાવું ન જોઇએ, કુટુંબ ઊભું કરવું ન જોઇએ. વિભિન્ન લિંગીઓએ એકત્ર આવવું ન જોઇએ." આવું એક ચિત્ર સમાજનું ઊભું થયું. પ્રવૃત્તિ છોડેલા સમાજમાં ઉત્સાહ, સાહસ, તેજ અને ઉદ્યોગ ચાલ્યા ગયા પછી તમે ક્યાંથી લાવશો? અનાસક્તિ શાની રાખશો? અને નિરહંકારતાને પણ શો અર્થ છે? કારણ તમારા હાથમાં તો કશું છે નહિ. ફૂટપાથ પર રહેવાવાળો માણસ જો કહે કે મેં બંગલાનો ત્યાગ કર્યો છે, તો તેને શો અર્થ છે?

પાયથાગોરસની પછી એપીક્યુરસ આવ્યો. તેણે આનંદમય જીવન દેખાડયું. તેણે કહ્યું કે

જીવન આનંદમય છે, તેને સ્વીકારવું જોઇએ. પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે ત્યાંનો સમાજ એશઆરામમાં પડી ગયો. ત્યારબાદ ઇસા મસીહ આવ્યા. તેમણે સંપૂર્ણ સંન્યાસ સમજાવ્યો. તેના લીધે વૈરાગીઓ અને વૈરાગણો (Monks and nuns) વધી ગયા અને તેમણે કેટલો અનાચાર કર્યો! આ જોઇને પ્રોટેસ્ટન્ટો ઊભા થયા. આવી રીતે હોમરથી શરૂઆત કરી પ્રોટેસ્ટન્ટો સુધી સમાજની કઠોર અને ભયાનક સ્થિતિ થઇ છે. ચોક્કસપણે **इदम् इत्थम्** (આ અને અહીંજ) કહેવાવાળું આ તત્ત્વજ્ઞાન નથી.

નિશ્ચિતપણે આમ કરો અને આમ ન કરો, એમ કહેવાવાળું તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. ગીતાએ સમન્વયાત્મકતા ઉપાડી છે. વિશ્વનો ચિરંતન સિદ્ધાંત ગીતાએ સમજાવ્યો છે. 'જગદ્ગુરુ' બોલ્યા પછી કૃષ્ણને જોઇને દષ્ટિ આગળ જતી જ નથી. જેણે કૃષ્ણ ઉપર પ્રેમ કર્યો હશે તેને જ ખબર હશે કે કૃષ્ણ શા માટે આવ્યા? તેમને કેવું જીવન ગમતું હતું? જગદ્ગુરુ કૃષ્ણ યોગાચાર્ય જેવા હતા. વિશ્વસભાની ધર્મની માગણી વાંચીએ છીએ તો ગીતા કરતાં બીજો કોઇ ગ્રંથ એવો દેખાતો નથી કે જે તેની માગણી પૂરી કરે; પરંતુ ગીતાગ્રંથ જેમના હાથમાં છે તેઓ એટલા દુર્બળ અને નબળા છે કે પૂછો નહિં!

ગીતા એ જીવનગ્રંથ છે એ દષ્ટિથી આપણે ગીતા તરફ ક્યારે પણ જોયું જ નથી. અધ્યાત્મની ભાષા લોકો બોલે છે; પરંતુ અધ્યાત્મનો અર્થ ખબર છે? લોકોને લાગે છે કે હાથમાં માટી લઇને તેનું સોનું બનાવે તે આધ્યાત્મિક. આ અધ્યાત્મ કેવી રીતે હોઇ શકે? આને તો જાદુ કહેવાય. અધ્યાત્મનો અર્થ જ ચાલ્યો ગયો છે. આવું જ પાશ્ચાત્ય દેશોમાં થયું છે. ત્યાં મેસ્મેરીઝમ, હીપ્નોટીઝમ, ટેબલરેપીંગ-આ બધું અધ્યાત્મમાં આવે છે. આપણે ત્યાં પણ આવું જ છે. કોઇ ગુરુવાર કે શનિવાર ઉપવાસ કરે. પોથી વાંચે તો લોકો તેને આધ્યાત્મિક સમજે છે. તે કાયર હશે તેથી પણ કદાચ તેવું કરતો હોય.

આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક-આ ત્રણ શબ્દો છે. પરંતુ આધિદૈવિક અને આધ્યાત્મિકનો ફરક લોકોને ખબર નથી.

વિશ્વસભા હોવી જોઇએ, વિશ્વરાજ્ય હોવું જોઇએ, એવી માગણી તો ઊભી કરી છે; પરંતુ રાજકારણી લોકો બધું કરી શકતા નથી, તેઓ પોતે તેવું સમજતા નથી અને સમાજ પણ સમજતો નથી. સમાજ એવું સમજે છે કે રાજકારણીઓ આ કરશે. તેઓ પણ સમજે છે કે અમે કરીશું, તે દષ્ટિથી તો યુ.એન.ઓ. સ્થપાયું. બહુ સારી વાત છે. માનવ્ય તરફ તેમણે એક ડગલું ભર્યું છે. ઘણા સમય સુધી યુ.એન.ઓ. ની વાત ચાલતી હતી પરંતુ, આજે તો તેના જેવી નિર્વીર્ય, હતોત્સાહી સભા બીજી કોઇ નહિ હોય! તેનું મકાન જોવા માટે ઘણા લોકો જાય છે. તેનો હેતુ સારો છે, તેનું મકાન પણ સારું છે પરંતુ અંદર ફરવાવાળા લોકોને ખબર નથી કે શું કરવું છે?

જે ધર્મ વ્યક્તિમાં ઓજ, તેજ, ઉત્સાહ, સાહસ, પરાક્રમ ભરી શકાતો ન હશે, તેને ધર્મ કેમ કહેવાય? તેને કોણ ધર્મ કહેશે? જેમાં પ્રવૃત્તિના ગુણો-ઉત્સાહ, તેજ, ઉદ્યોગ અને સાહસ છે; તેવી જ રીતે, જેમાં તપ, અનાસક્તિ, નિરહંકારતા—આ નિવૃત્તિના ગુણો છે, તે મેળવવાનું માર્ગદર્શન કરનાર જો કોઇ ગ્રંથ હશે, તો તે ગીતા છે, તેથી આપણે ગીતા ઉપાડી છે અને **कृष्णं**

वन्दे जगद्गुरुम् – સમજીને આપણે ફરીએ છીએ. આપણે કંઇ પાગલ નથી. આપણે કૃતિભક્તિમાં ગીતાના સિદ્ધાંતો લઇને જઇએ છીએ. કૃતિભક્તિમાં જનારા ગીતા કહેતા હશે, સ્તોત્રો કહેતા હશે, કે બીજું કંઇ કહેતા હશે, પરંતુ, તેઓ ગીતાનું તત્ત્વજ્ઞાન કહે છે.

कृष्णं वन्दे जगद्गुरुम् બોલતી વખતે છાતી ફૂલવી જોઇએ અને મસ્તક ગૌરવથી ઊંચું થતું હશે તો તેનો અર્થ સમજાયો છે એમ કહી શકાય. સમજીને **कृष्णं वन्दे जगद्गुरुम्** બોલો. તો તેનો અર્થ જુદો છે, અદ્‌ભુત છે. કૃષ્ણ જગતના ગુરુ છે. આજે પૃથ્વીનો જે જ્ઞાત ગોળો છે તેના તો તે ગુરુ છે જ; પરંતુ ભવિષ્યમાં નવો ગોળો કદાચ શોધાશે તો તેના પણ તે ગુરુ છે. કારણ માનવમાત્રને ચિરંતન કાળ સુધી માર્ગદર્શન કરવાની શક્તિ તેમની ગીતામાં છે.

એકાદશ સ્કંધ અલૌકિક છે, લોકોત્તર છે, પરંતુ, ભાગવતની સપ્તાહ કરવાવાળા અને સાંભળવાવાળા, તેને નમસ્કાર કરીને આગળ ચાલ્યા જાય છે. એકાદશ સ્કંધમાં નિશ્ચિત તત્ત્વજ્ઞાન છે. આજે દશમ સ્કંધને નમસ્કાર કરીશું.


आत्मनिवेदनम्
सख्यम्
दास्यम्
वंदनम्
अर्चनम्
पादसेवनम्
स्मरणम्
कीर्तनम्
श्रवणम्

।एकादशः स्कंधः।

નારાયણપર ગ્રંથ શ્રીમદ્ ભાગવતનો એકાદશ સ્કંધ જ્ઞાનથી પરિપૂર્ણ છે. આ જ્ઞાન જીવનવિષયક જ્ઞાન છે. ભારતીય સંસ્કૃતિમાં વિત્ત આપવાવાળી જે વિચારધારા છે, સમજ છે, તેને કલા માની છે. ચૌદ વિદ્યા અને ચોસઠ કલા છે. જીવન ઉન્નત બનાવવાવાળી જે વિચારધારા છે, સમજ છે, તેને જ આપણે જ્ઞાન કહીએ છીએ. આવા જ્ઞાનથી ભરેલો આ એકાદશ સ્કંધ છે.

અહીં એકત્ર મળેલો જે વર્ગ છે તે વિચારવાવાળો વર્ગ છે. જ્ઞાન શું છે? અને તેની આવશ્યકતા શી છે? જીવનવિષયક જ્ઞાન સંબંધમાં વિચારવું જોઇએ. વિચાર કરવા લાગીએ તો પ્રત્યેક વ્યક્તિને પોતાની વર્તમાન સ્થિતિ સારી લાગતી નથી. પ્રત્યેક વ્યક્તિનું પોતાનું માનસશાસ્ત્ર હોય છે, મનોવિજ્ઞાન હોય છે, આવશ્યકતા હોય છે. આમાં કેવળ વિરકત અને મુક્તને છોડી દો. તેમને આ વાત લાગુ પડતી નથી. તેમના માટે વિચારવાની પણ જરૂર નથી.

પ્રત્યેક વ્યક્તિને નિજી પરિસ્થિતિ, વર્તમાન સ્થિતિ સારી લાગતી નથી. પ્રત્યેક વ્યક્તિની બુદ્ધિમાં, દિલમાં અધિક સુખ, અધિક જ્ઞાન, સંગીન અસ્તિત્વની અભિલાષા છે અને તે અભિલાષા વ્યક્તિને નચાવે છે. માણસ નાનો હશે કે મોટો હશે, તેની આજે સ્થિતિ છે તે તેને સારી નથી લાગતી.

કુટુંબસંસ્થા, ગોત્રસંસ્થા, જાતિસંસ્થા, રાષ્ટ્રસંસ્થા—આ બધી સંસ્થાઓ ઉત્પન્ન થવાનું એકમેવ કારણ વધારે સુખની કામના છે. પ્રત્યેક વ્યક્તિએ પરિવાર સ્વીકાર્યો. શા માટે? શરીર સુદઢ કેવી રીતે રહેશે? શરીર સુદઢ રાખવું છે અને જીવનમાં નિશ્ચિંત બનવું છે. દ્રવ્ય કમાવું છે અને તેને સંભાળવું પણ છે. તેનાથી મને પ્રતિષ્ઠા મળશે. મારી પ્રતિષ્ઠા મને મારા અસ્તિત્વ કરતાં પણ વધારે સુખ આપે છે. 'હું છું' એનાં કરતાં 'હું શ્રીમંત છું, હું વિદ્વાન છું' તેમાં મને અધિક સુખ છે. માણસ સોનું, દ્રવ્ય કમાય છે તે પ્રતિષ્ઠાને માટે કમાય છે. તે ખાવા માટે પૈસા કમાય છે એ ખોટી વાત છે. ખાવાને માટે રોટલી જોઇએ, પરંતુ, વિત્તથી મને પ્રતિષ્ઠા મળે છે. ધનસંપત્તિ (Wealth) એટલે શું? અર્થશાસ્ત્રમાં માર્ક્સ અને એંજલ્સ ધનસંપત્તિ રાખવી જોઇએ કે નહિ, તેની ચર્ચા કરે છે. તેમાં તેઓ કહે છે કે ધનસંપત્તિ કોને કહેશો? એક માણસને બસો રૂપિયા મળે છે અને બસો રૂપિયા તેનો ખર્ચ છે, તો તેની પાસે ધનસંપત્તિ નથી; પરંતુ, તેને બસો રૂપિયા મળે છે અને એકસોનેવુ રૂપિયા તેનો ખર્ચ છે, તો જે દસ રૂપિયા બચ્યા તે તેની ધનસંપત્તિ છે. પોતાની બચત તે સંભાળે છે, કારણ, તેનાથી તેને પ્રતિષ્ઠા મળે છે. આ બધાને માટે માણસના મગજમાં અને દિલમાં અસમાધાન છે. તેથી તેણે કુટુંબસંસ્થા ઊભી કરી. સુખવૃદ્ધિને માટે તે નિજી સ્વાતંત્ર્ય ખોઇ બેઠો અને તેણે લગ્ન કર્યાં: તે લગ્નના ચક્રવ્યૂહમાં ફસાઇ ગયો. તે જાણીબૂઝીને તેમાં ફસાયો છે. તેમાં બીજી વાતો પણ હશે. **न एकाकी रमते** – આ પણ હશે અને વંશવૃક્ષ દ્વારા મનુષ્યજાત અવિચ્છિન્નતાથી ચાલવી જોઇએ એવો પ્રકૃતિનો હેતુ પણ હશે. તેના કરતાં પણ વધારે સુખસમૃદ્ધિની તીવ્રતમ અભિલાષા છે. તેના માટે માણસે કુટુંબસંસ્થા ઊભી કરી. તેને લાગ્યું કે પરસ્પરના સમાગમમાં અમે આજે સુખી છીએ તેનાં કરતા વધારે સુખી થઇશું. તે મારું ધ્યાન રાખશે અને હું તેનું ધ્યાન રાખીશ અને અમે નિશ્ચિંત બની જઇશું. શરીર સંભાળવા માટે પણ અમને એકબીજાની જરૂર છે. પરસ્પરના સમાગમમાં વધારે સુખ છે એમ સમજીને **धर्मे च अर्थे च कामे च नातिचरामि नातिचरामि नातिचरामि** બોલીને માણસે બહુ મોટું બંધન સ્વીકાર્યું છે.

આવા શપથ લઇને માણસે સ્વાતંત્ર્ય ખોયું અને પરાધીનતાનો સ્વીકાર કર્યો. આવી રીતે દરેક કુટુંબનો પ્રમુખ દયનીય બની જાય છે. તેની દયા ખાવી જોઇએ. ગુજરાતી ભાષામાં પતિને વર કહે છે પરંતુ, મરાઠી ભાષામાં પતિને 'નવરા' કહે છે. **નવરા** – ન બન્યો ત્યાંસુધી તે **વર** હતો, શ્રેષ્ઠ હતો. તેની વરતા ચાલી ગઇ અને તે નવરો થઇ ગયો. તેણે દયનીયતા સ્વીકારી. શા માટે? વધારે સુખ, ટકવાવાળું સુખ, પ્રાપ્ત કરવા માટે તેણે કુટુંબનો સ્વીકાર કર્યો. હું જગતમાં 'મારો' કોને કહું? જ્ઞાની બધાને 'મારો' કહે છે, પરંતુ, સામાન્ય વ્યક્તિ કોને 'મારો' કહે? 'મારો' અથવા 'મારી'—આ એક માનસિક માગણી છે. આ 'મારો' છે, અથવા આ 'મારી' છે, તેના વગર મનને સુખ જ નથી. તેમાં તેને શ્રેષ્ઠ સુખ લાગે છે. છોકરો (કે છોકરી) પણ તે માટે જ જોઇએ કેમકે તેને 'મારો' કે 'મારી' કહી શકાય. આ માનસિક સુખ માટે માણસે પરિવારસંસ્થા સ્વીકારી.

પરિવારસંસ્થા સ્વીકાર્યા બાદ નીતિમત્તા ઊભી થઇ. તેના પાયામાં શું છે? અધિક સુખની માગણી જ તેના પાયામાં છે. તેના માટે નીતિમત્તાનો સ્વીકાર કર્યો છે. આમ પરિવાર સ્વીકારવામાં બહુ મોટું બંધન છે પરંતુ આ બંધન એટલું રૂઢ થઇ ગયું છે કે તે આપણને બંધન લાગતું નથી. આનો તટસ્થ રહીને, વિશ્વથી આઘા રહીને, વિચાર કરો, તો તેમાં કેટલું બંધન આપણે સ્વીકાર્યુ

છે તે ખબર પડે. માણસે અધિક સુખ મેળવવા, ટકાવવા, સંગીન અસ્તિત્વની અભિલાષા માટે પરિવારસંસ્થાનો સ્વીકાર કર્યો.

પરિવારસંસ્થા ઊભી થયા પછી, ગોત્રસંસ્થા ઊભી થઇ. એક સ્વીકાર્યા પછી બીજું સ્વીકારવું જ પડે છે. ગોત્ર સ્વીકાર્યા બાદ જાતિસંસ્થા ઊભી થઇ. ત્યારબાદ, રાષ્ટ્રસંસ્થા ઊભી થઇ. જાતિસંસ્થા આવ્યા બાદ અહિંસા, સત્ય, અસ્તેય—આ નીતિમત્તા આવી ગઇ. નિયમો સ્વીકારવા પડયા. જે સમાજમાં અહિંસા, સત્ય, અસ્તેય જેવા નિયમો સંભાળવામાં આવે છે, તે જ સમાજ સારો છે અને તે જ સમાજ આત્મવિશ્વાસપૂર્ણ બની શકે છે.

અસ્તેય—એટલે બીજાના પરસેવાનું હું ન લઇશ. મફત લેવું એ સ્તેય છે. એક રૂપિયામાં લાખ રૂપિયા કહીને મફતનું લેવાનું શિક્ષણ મોટા મોટા લોકો આપે છે. આ જ લોકો વ્યક્તિને, સમાજને અને રાષ્ટ્રને સંભાળવા નીકળ્યા છે. પોતે બધાને સંભાળે છે એવું તેઓ માને છે, પરંતુ હકીકતમાં બીજાના વ્યક્તિત્વને તેઓ મારી નાખે છે. પોતે મરી જાય છે, એની મરવાવાળાને જ્યાંસુધી ખબર નથી પડતી, ત્યાંસુધી મરવું સારું, બીજું શું? કારણ, તેને ખબર જ નથી કે તે પોતે મરી રહ્યો છે!

જે સમાજમાં અહિંસા, સત્ય, અસ્તેયનો લોકોએ પ્રભાવી રીતે સ્વીકાર કર્યો તે સમાજ શ્રેષ્ઠ છે, તે'જ સમાજ આત્મવિશ્વાસયુક્ત, વધારે શૂરવીર, વધારે જ્ઞાની અને વધારે સુખી બની જાય છે. પરિવારસંસ્થા, જાતિસંસ્થા રાષ્ટ્રસંસ્થા આ બધી સંસ્થાઓ ત્યાગ કરવાનું કહે છે. પરિવાર સ્વીકાર્યો, તેમાં જ બહુ મોટો ત્યાગ છે. આખી નારીજાતિનો ત્યાગ કરીને, એક નારીનો હાથ સ્વીકાર્યો. આમાં ત્યાગ મોટો છે અને સ્વીકાર નાનો છે.

વ્યક્તિ જેટલી ઉન્નત હશે, તેટલી તેની સુખની કલ્પના પણ ઉન્નત હશે. જેવી વ્યક્તિ છે, તેવું જ કર્મ આવી ગયું.

માણસ કર્મ કરે, પરંતુ, કર્મનું ફળ તુરત મળતું નથી. કોઇના ઉપર વિશ્વાસ તો રાખવો પડે છે. સમજો કે જ્યેષ્ઠ કે આષાઢ મહિનામાં વાવ્યું હોય તો ફળ ક્યારે મળે? આશ્વિન મહિનામાં કે છેવટે માર્ગશીર્ષ મહિનામાં મળે. અનેક કર્મનું ફળ તુરત મળતું નથી, મોડેથી મળે છે. કર્મ અને ફળ વચ્ચેના ગાળામાં સંભાળવાવાળો કોણ? ફળ આપવાવાળો કોણ? આ પ્રશ્ન નૈસર્ગિક થાય જ. કોઇ એક અતિમાનુષ, અતીંદ્રિય શક્તિ છે કે જે મારું કર્મ સંભાળે છે. આ કલ્પના આવતાં જ, કર્મ સંભાળવા માટે પણ દેવોની આરાધના શરૂ થઇ. તે વિચારપૂર્ણ થઇ છે. કોઇએ કહ્યું છે તેથી કે કોઇએ લાદયું છે તેથી નહિ. અધ્યાત્મ એ કંઇ લાદવાનો પ્રશ્ન નથી. આ એક સ્વીકારેલી વાત છે કે કર્મફળ મારા હાથમાં નથી. તો તેને સંભાળવાવાળો કોણ? મહિમ્નસ્તોત્રમાં પુષ્પદંતે કહ્યું છે:

क्रतौ सुप्ते जाग्रत्त्वमसि फलयोगे क्रतुमतां
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ।
अतस्त्वां संप्रेक्ष्य क्रतुषु फलदानप्रतिभुवं
श्रुतौ श्रद्धां बद्ध्वा कृतपरिकरः कर्मसु जनः ॥ (महिम्न/२०)

(હે શંકર! યજ્ઞોનું કર્મ જો નાશ પામ્યું તો પણ યજ્ઞ કરનારાઓને તે યજ્ઞનું ફળ આપવાને મોટે આપ જાગતા જ રહો છો; કારણ કે વિનાશ પામેલું યજ્ઞાદિ કર્મ આપ ઈશ્વરના આરાધન વિના ક્યાંથી ફલી શકે? તેથી યજ્ઞોનું ફલ આપવામાં આપ જામીન છો એટલે ફળ અવશ્ય મળશે સમજીને, શ્રુતિ માટે શ્રદ્ધા રાખી લોકો કર્મ કરવામાં દઢ સંકલ્પવાળા થાય છે.)

દેવ-દેવતાઓની આરાધના શરૂ થઈ ગઈ, એટલું જ નહિ, આજે મને જે ઐહિક સુખ મળે છે, તેના કરતાં વધારે સારૂં પારલૌકિક સુખ છે, એવી સમજણ આવ્યા બાદ, માણસ ઐહિક સુખનો ત્યાગ કરીને, પારલૌકિક સુખની પાછળ લાગે છે.

કર્મ આવ્યું કે પછી ધર્મ આવ્યો. જો કર્મનો સ્વીકાર કર્યો હોય તો ધર્મનો સ્વીકાર કરવો જ પડે. ધર્મનો અર્થ શો છે? રાજ્યબંધારણ આ એક ધર્મ છે. ફોજદારી કાયદો આ એક ધર્મ છે. જૂનાકાળમાં તેને **સ્મૃતિ** કહેતા હતા. આજે ફોજદારી કાયદો બનાવવવાળા પણ પડકાર ફેંકે છે કે **સ્મૃતિકાર** કહેનાર કોણ? પરંતુ, ફોજદારી કાયદો બનાવવાવાળા તમે કોણ? આવું આપણે પૂછતા નથી. તમે જે વાત તોડવા નીકળ્યા છો તે જ વાત તમે પણ ઊભી કરી છે, પરંતુ તોડવાવાળાને તે ખબર નથી. તેઓ એમ સમજે છે કે અમે સુધારણા કરી છે, પરંતુ, તમે પણ એક જુદો કાયદો જ પેદા કર્યો છે.

છેવટે કર્મ કોને કહે છે? અનિયમિત અને અનિયંત્રિત હિલચાલને કોઈ કર્મ કહેતું નથી. ઈંદ્રિયોની હિલચાલ થાય છે, તેને કર્મ કહે છે. સમજો કે તમારી બાજુમાં હાઈકોર્ટના ન્યાયધીશ સૂતા છે. ઊંઘમાં તમે તેને લાત મારો તો તે તમારું કર્મ નથી. તમારા ઉપર મુકદમો ન ચાલે. એનું કારણ તમે અનિયંત્રિત, અજ્ઞાનપૂર્વક અને હેતુરહિત એવી ક્રિયા ઊંઘમાં કરી છે. ગીતાએ કહ્યું છે: **भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः॥** એટલે જ્ઞાન, કર્મ અથવા ધર્મનું કારણ અસમાધાની જીવ છે.

અસમાધાન છે તે ઓછું કરવું જોઈએ અથવા તો કાઢી નાખવું જોઈએ. એના માટે જ્ઞાન જોઈએ કે નહિ? કેટલાક લોકો કહે છે કે અમને જ્ઞાનની આવશ્યકતા નથી, અમને જ્ઞાન નહિ જોઈએ, તેથી કહું છું કે જે જીવનસ્પર્શી હોય છે તેને જ્ઞાન કહે છે.

કોઈપણ વાતના પાયામાં શું છે? અસમાધાન છે. જે સ્થિતિમાં છું, તેના કરતાં વધુ સારી સ્થિતિ જોઈએ એવી પ્રત્યેક વ્યક્તિની માગણી છે. પ્રત્યેક વ્યક્તિની માગણી તેની કલ્પના મુજબની હોય છે. ત્યારપછી સમાજ ઊભો થાય છે. પછી સમાજની અમુક ધારણા બંધાય છે. ધીમે ધીમે તે ધારણા એટલી દઢ બની જાય છે કે તેને પડકારવી મુશ્કેલ થઈ જાય છે.

માણસમાં જે અસમાધાન છે તે ઓછું કેમ કરવું? જો વિશ્વાસ નિર્માણ થાય તો અસમાધાન ઓછું થઈ જાય, આ એક રસ્તો છે. બીજો રસ્તો છે, તેમાં પૂર્ણતાની કલ્પનાથી અસમાધાન ઓછું થઈ જાય છે. **पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते** । હું પણ (નાનો) પૂર્ણ છું, આવા વિશ્વાસથી અસમાધાન ઓછું થશે અને પૂર્ણતાની સમજણથી અસમધાન નીકળી જશે.

વિશ્વાસ પેદા કરવો એને ભક્તિ કહે છે અને પૂર્ણતાની સમજણ ઊભી કરવી તેને જ્ઞાન કહે છે. આવી રીતે ભક્તિ કે જ્ઞાન એ અનાવશ્યક વાત ઋષિએ કોઈના માથા ઉપર નાખી નથી. ઋષિએ આપણી પાછળ જ્ઞાન અને ભક્તિ શા માટે લગાડયા?

પરિવારમાં, કુટુંબમાં પણ સૌથી વધારે ત્યાગ કરવો પડે છે. જેટલો ત્યાગ અધ્યાત્મમાં છે, તેટલો જ ત્યાગ ઐહિક જીવનમાં છે. લોકો એમ સમજે છે કે અધ્યાત્મમાં બહુ મોટો ત્યાગ છે. બિલકુલ નહિ, પરિવારમાં તમે કેટલીય વાતો છોડી દીધી છે, છોડવી પડી છે અને તમે પોતાને માર્યો છે, તેથી તો તમે ઊભા રહી શક્યા છો. તમારો પરિવાર છે, જાતિ છે, સમાજ છે, રાષ્ટ્ર છે, પણ તેમાં 'તું' ક્યાં છે? આમાં 'તું' જ ખતમ થયો છે. સૌથી વધારે ત્યાગ પરિવારમાં છે.

પરિવારમાં ભોગ છે અને પરમાર્થમાં ત્યાગ છે એવી એક ગેરસમજણ ઊભી થઇ છે. ખરીરીતે પરિવાર અને પરમાર્થ—આ બન્ને ત્યાગ ઉપર નિર્ભર છે. એકમાં તમે તમારો અહમ્ વ્યાપક કરો છો અને બીજામાં, અહમ્ સંકોચો છો.

પરિવારમાં શું થાય છે? પહેલાં તમારો 'હું' એકલો હતો. ત્યારપછી તમે પરણ્યા એટલે તમે અને ઘરવાળી બે થયા. બન્ને મળીને તમારો 'હું' જ છે. ત્યારબાદ તમે, ઘરવાળી, તમારા છોકરાં, આ બધું મળીને તમારો 'અહમ્' થયો. તમારા હાથમાં કેળું મળ્યું, તમને તે ખાવાની ઇચ્છા પણ હોય છે. ભૂખ પણ લાગી હોય અને કેળું પણ સારૂં હોય છતાં તમે તમારા છોકરા માટે કેળું ઘરે લઇ જાઓ છો. કારણ છોકરો એટલે તમારો 'હું' જ છે. **आत्मा वै पुत्र नाम** – છોકરાને કેળું આપવામાં તમે કેળાનો ત્યાગ કર્યો કે નહિ? પરિવારમાં તમે અહમ્ મોટો કરો છો, વ્યાપક કરો છો અને પરમાર્થમાં તમે અહમ્ સંકુચિત કરો છો.

અજ્ઞાન અને સ્વાર્થનો ત્યાગ કરવાનો છે. અજ્ઞાનના ત્યાગને જ્ઞાન કહે છે અને સ્વાર્થના ત્યાગને ભક્તિ કહે છે. આમ જ્ઞાન અને ભક્તિ જુદાં થઇ જ કેમ શકે? કેટલાક લોકો કહે છે કે અમે ભક્તિમાર્ગી છીએ. આનો શો અર્થ છે તે મને ખબર નથી પડતી. જ્ઞાન વગર ભક્તિ રહી જ શકતી નથી.

જ્યાંસુધી મને ખબર નથી પડી કે સામેની વ્યક્તિ મારી માઁ છે, ત્યાંસુધી હું તેના માટે ત્યાગ પણ નહિ કરું, તેના પર પ્રેમ પણ નહિ કરું. પ્રેમ આવ્યા બાદ ત્યાગ આવી જ ગયો. પ્રેમ છે અને ત્યાગ નથી, એવું હોઇ જ શકતું નથી. પ્રેમ આવ્યો કે ત્યાગ આવે જ. અજ્ઞાનના ત્યાગ માટે જ્ઞાન આવ્યું અને સ્વાર્થના ત્યાગ માટે પ્રેમ આવ્યો. સ્વાર્થનો ત્યાગ તમે ક્યારે કરશો? પ્રેમ આવશે ત્યારે. માણસ પોતાની બધી સંપત્તિ છોકરાના નામે કરી દે છે. આ શું ઓછો ત્યાગ છે? આ તો સંન્યાસી કરતાં પણ વધારે ત્યાગ છે. ઘરમાં રહેવું છે, બધું જોવું છે, અને મારું નથી એમ કહેવું છે. આ કેટલો ત્યાગ છે! સંન્યાસી તો બધું છોડીને ચાલી નીકળે છે. તેની પાસે તો કંઇ છે જ નહિ.

આજે મુંબઇમાં લગભગ બધાના બ્લોક પત્નીના નામે હોય છે. જે ઘરમાં પોતે વસે છે તે ઘર પોતાનું નથી, પત્નીનું છે. જે ખુરશી પર બેસે છે તે છોકરાના નામે છે. આમ બધું જોવું, કરવું અને પોતાનું નથી એમ કહેવું, આમાં કેટલો ત્યાગ છે? મને તો લાગે છે કે સંન્યાસી કરતાં

પણ આ ત્યાગ મોટો છે.

સ્વાર્થત્યાગ માટે પ્રેમ હોવો જોઇએ. પ્રેમ વગર સ્વાર્થત્યાગ અશક્ય છે. નહિ તો તમે સ્વાર્થ શા માટે છોડો? કોના માટે છોડો? છોડવાનું કારણ શું? પ્રત્યેક પાસે, ભલે નાની હશે, પરંતુ, બુદ્ધિ છે જ. માણસ પ્રાણી છે, પણ તે બુદ્ધિશાળી પ્રાણી છે.

એકાદશ સ્કંધમાં શું છે? એમ લોકો પૂછે છે. એમાં જ્ઞાન છે. જ્ઞાન છે એનો અર્થ શો? અમેરિકા ક્યાં છે અને ત્યાંથી ઉપડનારા વિમાનોનું સમયપત્રક શું છે, તેનું જ્ઞાન તેમાં નથી. લોકો કહે છે કે ગીતામાં બધું જ્ઞાન છે. તો કોઇની સાઇકલમાં પંકચર પડે તો શું તે સરખું કરી આપે? સાઇકલમાં પંકચર પડયું તો રડતો ન બેસ, સાઇકલ સરખી કરાવ અને આગળ વધ, એ જ્ઞાન ગીતા આપશે. કેટલાક લોકોને મશ્કરી ઉડાવવાની ટેવ હાય છે, તેઓ ગમે તેવી મશ્કરી ઉડાડે છે. મશ્કરી ઉડાવવા માટે પણ બુદ્ધિ હોવી જોઇએ.

ગીતામાં બધું જ્ઞાન છે એવું કહેવામાં આવે છે તેનો અર્થ શો? માણસને અસમાધાન ઓછું કરવું છે આ એક વાત છે અને તેને કાઢી નાખવું છે, આ બીજી વાત છે. આ બન્ને વાતો માટે વિશ્વાસ પેદા કરવો તેનું નામ ભક્તિ અને 'હું' પૂર્ણ છું' એની સમજણ નિર્માણ કરવી, તેનું નામ જ્ઞાન. આ બન્નેમાં સ્વાર્થત્યાગ છે.

પરિવારમાં રહીને જે શાંત રહે છે, તેને કિંમત છે. જનકરાજા પાસે શુકદેવજી આવ્યા હતા. શુકદેવજી પોતાને જ્ઞાની સમજતા હતા. તેના માટે એક પૌરાણિક વાર્તા છે અને દંતકથા પણ છે. તે મુજબ જનકરાજાએ શુકદેવજીને પોતાના સિંહાસન પર બેસાડી દીધા અને શુકદેવજીની જગા પર પોતે બેસી ગયા. સિંહાસન પર બેઠા પછી શુકદેવજીએ ઉપર જોયું તો એક વાળમાં બાંધેલી ખુલ્લી તલવાર માથા ઉપર જ લટકતી હતી. આ જોયા પછી શુકદેવજી જનકરાજ સાથે વાતો કરતા હતા પરંતુ, તેમનું ધ્યાન સતત પેલી તલવાર પર હતું. તલવાર માથા પર પડે તો? તેથી જ અંગ્રેજીમાં કહ્યું છે: Uneasy lies the head that wears the crown.

માણસને દિનરાત ડર લાગે છે તેથી ભક્તિની આવશ્યકતા છે તેમ જ્ઞાનની પણ જરૂર છે. ભક્તિ અને જ્ઞાન એ લાદેલાં નથી, તેમ જ્ઞાન અને ભક્તિનો અગતિકતાથી સ્વીકાર પણ નથી કરવાનો. બન્ને સંપૂર્ણ વિચાર કરીને સ્વીકારવાના છે. જ્યાંસુધી ભગવાન ઉપર સો ટકા વિશ્વાસ પેદા થતો નથી, ત્યાંસુધી જીવનમાં અસમાધાન રહેશે જ. તમે નાના હતા ત્યારે તમને કોઇ અસમાધાન ન હતું. કારણ, જે જોઇશે તે માઁ આપશે એવો વિશ્વાસ હતો. હવે તમે મોટા થયા. રસ્તામાંથી ચાલતી વખતે કોઇનું ખમીશ જોયા પછી તમને લાગે છે કે મને આવું ખમીશ મળશે? નાનપણમાં વિશ્વાસ હતો કે ખમીશ જોઇશેં તો બા કે બાપુજી આપશે, તેથી અસમાધાન ન હતું. મારા બાપુજી મને બધું જ લાવી આપી શકે છે આવી એક ગેરસમજણ બધા છોકરાંઓના મગજમાં હોય છે, તેથી જ તેઓ નાનાના મોટા થાય છે. નહિ તો મોટા કેવી રીતે થાત? મારા પિતાજી લાવી આપશે એવા વિશ્વાસથી તેની બુદ્ધિમાંથી ખમીશની વાત નીકળી જાય છે. તે રમવા લગી જાય છે. તેવું આપણે કરી શકતા નથી. એનું કારણ છે આપણો બાપ-ભગવાન ઉપરનો વિશ્વાસજ ખતમ થઇ ગયો છે.

વિશ્વાસ પેદા કરવાવાળી જે સમજણ હશે, વિચારધારા હશે તેને આપણે જ્ઞાન કહીએ છીએ, ભક્તિ કહીએ છીએ. એકાદશ સ્કંધ તેનાથી ભરેલો છે. વ્યક્તિના જીવનમાં જ્ઞાન અને ભક્તિની નિતાન્ત આવશ્યકતા છે, એટલું જ નહિ, એ જ ઉન્નત જીવનની માગણી એકાદશ સ્કંધમાં છે. એકાદશ સ્કંધમાં એકત્રીસ અધ્યાય છે અને આખા સ્કંધમાં અને અધ્યાયોમાં મુક્તિની મીમાંસા છે.

મુક્તિ શબ્દ સાંભળ્યા પછી આપણે ગભરાઇ જઇએ છીએ. કોને ખબર મુક્તિ શું છે? તેમાં નિર્વાણ છે કે બ્રહ્મનિર્વાણ છે? ગીતા કહે છે કે બ્રહ્મનિર્વાણ છે. બુદ્ધ જેવા લોકો કહે છે કે નિર્વાણ છે–'હું કંઇ જ નથી!'–પરંતુ, એવું કેમ થઇ શકે? આ એક મોટી વાત છે. આપણે મુક્તિથી ગભરાઇ જઇએ છીએ.

મુક્તિનો અર્થ શું છે? કર્મબંધનથી મુક્તિ આ પ્રથમ મુક્તિ છે. તેમાં કર્મોની આવશ્યકતા જ ખતમ થઇ જાય છે. વ્યક્તિ ક્યાંસુધી કર્મ કરે છે? જ્યાંસુધી અપૂર્ણતા છે ત્યાંસુધી. કામના ક્યારે ઊભી થાય છે? જ્યાંસુધી અપૂર્ણતા છે ત્યાંસુધી. મારામાં કંઇ ઓછું છે એમ જ્યાંસુધી લાગે છે ત્યાંસુધી કર્મ થાય છે. કર્મનું કારણ જ અપૂર્ણતા છે. અપૂર્ણતા વગર કર્મ ન થાય. સવારે ઊઠયા પછી પ્રથમ અપૂર્ણતા લાગે છે કે મને ચા જોઇએ. ચા વગર રહેવાશે નહિ તેથી કર્મ કરવાનો પ્રયત્ન શરૂ થાય છે. આ કર્મની આવશ્યકતા જ ખતમ કરી નાખવામાં આવે, અપૂર્ણતા પણ ખતમ કરવામાં આવે, તેને મુક્તિ કહેવાય છે.

ભગવાન પણ આ જગતમાં આવે છે ત્યારે કર્મ કરે છે, પછી **जन्म कर्म च मे दिव्यम् –** એવું લખે છે. તેઓ લખે છે તે સાચું છે પણ, કર્મ તો થાય જ છે. કર્મ કરીને મુક્ત રહેવું, એનું નામ મુક્તિ. કર્મબંધનથી મુક્તિમાં, કર્મની આવશ્યકતા જ ખતમ થઇ જાય છે અને કર્મ કરીને મુક્તિમાં પરિણામ ખતમ થઇ જાય છે. કર્મ કર્યા પછી તેનું પરિણામ મળે છે. બાહ્ય દૃષ્ટિથી કંઇ મળે છે તેટલું જ તે પરિણામ નથી. આપણે જે કર્મ કરીએ છીએ તેના સિક્કા (Imprints) આવે છે: તેની એક છાપ પડે છે, એક પરિણામ આવે છે. તેથી પરિણામ ખલાસ થવું, એ મુક્તિ છે. આમ મુક્તિનો અર્થ છે કર્મબંધનથી મુક્તિ અને કર્મ કરીને પરિણામમાંથી મુક્તિ.

વ્યાવહારિક જીવનમાં પારિવારિક લોકો માટે મુક્તિ એટલે દુઃખ, દૈન્ય અને દારિદ્યથી મુક્તિ. પ્રત્યેક વ્યક્તિ હેરાન છે. એની હેરાનગતિ શું છે? દુઃખ. કેટલાક દુઃખો આવેલાં છે અને કેટલાંક દુઃખો આવવાનાં છે. તેની વિવંચના-ભ્રમ-એ જ વ્યક્તિનું દુઃખ છે. આ દુઃખથી મુક્તિ જોઇએ. કોઇપણ સ્થિતિમાં ભક્તિની નિતાંત આવશ્યકતા છે. દુઃખથી મુક્તિ એટલે શું દુઃખ આવશે જ નહિ? દુઃખ લાગશે જ નહિ? દુઃખ આવવું એ એક વાત છે અને દુઃખ લાગવું એ બીજી વાત છે. જીવનનો દૃષ્ટિકોણ બદલાઇ જાય તો દુઃખ આવશે, પણ લાગશે નહિ.

માણસ બે રીતે દીનતા સ્વીકારે છે. એક પોતાનામાં કંઇ ઓછું છે તેથી અને બીજું, પોતાના કરતાં બીજા પાસે કંઇ વધારે છે તેથી માણસ દીનતા સ્વીકારે છે. આ દીનતા એ આત્મિક પાપ છે. દુઃખ દૈન્ય અને દારિદ્યથી મુક્તિ મેળવવી જોઇએ. દારિદ્ય કેવળ ગજવાનું નથી હોતું. જુદાં જુદાં દારિદ્ય છે. દારિદ્ય ભાવનું, વિચારોનું, સંસ્કારોનું અને જ્ઞાનનું પણ હોય છે. મનનું દારિદ્ય,

બુદ્ધિનું દારિદ્ય આ બધું કાઢવું પડશે. ભગવાનની પાસે જવું હોય તો તેના દરબારમાં શોભે એવા કપડા જોઇએ. જે દેશમાં જવું હોય તે દેશને અનુકૂળ કપડાં પહેરવાં જોઇએ. દુ:ખ, દૈન્ય, દારિદ્યથી મુક્તિ, એવી મુક્તિની મીમાંસા છે. ઉપરથી નીચે સુધી આવી જઇએ તો પણ 'મુક્તિ' શબ્દ સાંભળીને ગભરાઇ જવું ન જોઇએ.

રોગ, ભય અને વિકારથી જીવન વ્યાકુળ થઇ જાય છે, ક્ષુદ્ર બને છે, તેથી માણસને રોગ, ભય અને વિકારથી મુક્તિ જોઇએ છે. ભયમુક્તિ અને વિકારમુક્તિ એ માનસિક મુક્તિનું લક્ષણ છે અને રોગમુક્તિ એ શારીરિક મુક્તિનું લક્ષણ છે.

રાતદિવસ ગભરાયેલો માનવ કંઇ સત્કર્મ પણ કરે છે પરંતુ, તે ડરથી કરે છે. તે ભગવાનની પાસે જાય છે તે પણ ભયથી જાય છે. તે કંઇ દાનધર્મ કરે છે તે પણ ભયથી કરે છે. તેને લાગે છે કે હમણાં સત્કર્મ નહિ કરું તો મર્યા પછી મારી શી સ્થિતી થશે? આવો ભયભીત માનવ છે. આપણે સત્કર્મ કરીએ છીએ, પણ તેને સુગંધ નથી. એનું કારણ આપણા સત્કર્મના પાયામાં ડર છે. ભય છે. ગીતામાં ભગવાને દૈવી સંપત્તિનું વર્ણન કર્યું છે તેમાં સૌ પ્રથમ શબ્દ **अभयम्** વાપર્યો છે. માણસને ભયમુક્તિ અને વિકારમુક્તિ મળવી જોઇએ કે નહિ? મારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે મુક્તિ શબ્દ સાંભળીને ગભરાવાનું કારણ નથી.

એકાદશ સ્કંધમાં મુક્તિની મીમાંસા છે. તમે જે પગથી ઉપર હશો તેવી તમારી મુક્તિ હશે. રોગમુક્તિ, વિકારમુક્તિ અને ભયમુક્તિ આવશ્યક છે. મુક્તિની મીમાંસામાં પ્રવૃત્તિપર કર્મને નિવૃત્તિપર કર્મ કરવાનો માર્ગ બતાવ્યો છે. કર્મ કોઇ દિવસ નિવૃત્તિપર હોઇ શકે? આ તો **वदतो मे जिह्वा नास्ति –** હું બોલું છું પણ મને જીભ નથી–એના જેવું છે. નિવૃત્તિ હશે તો પછી પ્રવૃત્તિ નહિ હોય, કામના નહિ હોય અને વાસના પણ નહિ હોય. તો પછી કર્મ કેવું, શા માટે? એવો પ્રશ્ન ઊભો થાય છે. આ એક દાર્શનિક કોયડો છે.

જ્યારે આપણે એમ કહીએ કે નિષ્કામ કર્મ કરવું જોઇએ, ત્યારે દાર્શનિક લોકો–જેઓ અતિ બુદ્ધિશાળી હોય છે તેઓ-હસવા લાગશે. નિષ્કામ અને કર્મ? આ તો અશક્ય છે. જો કામના ન હોય તો કર્મ શરૂ જ કેમ થશે? તેથી જ નિષ્કામ કર્મનો અર્થ શો છે તે સમજાવવું પડશે. નિવૃત્તિપર કર્મ કેવી રીતે કરવું તે એકાદશ સ્કંધમાં બતાવ્યું છે અને સકામ ભક્તિથી નિષ્કામ ભક્તિ સુધી કેમ જવું તે પણ કહ્યું છે.

શરૂઆતમાં તો ભક્તિ સકામ જ હોય. સકામ ભક્તિ હોય તેમાં કંઇ ખોટું નથી. સકામતા એ ત્યાજ્ય કે તિરસ્કરણીય નથી, પરંતુ, તેના કરતાં આગળ જવાનું કે નહિ? સકામ ભક્તિથી શરુઆત થાય પરંતુ, ત્યારપછી કદર તરીકે (Appreciation) ભક્તિ થવી જોઇએ. ત્યારપછી ભગવાન ઉપર બૌદ્ધિક પ્રેમ (Intellectual love towards God) થવો જોઇએ. માઁ શરૂઆતમાં સારી લાગે છે એનું કારણ તે લાડુ આપે છે. તે વખતે માઁ જો લાડવો નહિ આપે તો માઁ સારી લાગતી નથી. માઁ પાસેથી અપેક્ષા છે પરંતુ, તેનાથી આગળ વધીશું કે નહિ? સકામ ભક્તિ ઉપરથી નિષ્કામ ભક્તિ ઉપર કેવી રીતે જવું? તે એકાદશ સ્કંધમાં સમજાવ્યું છે. આ દષ્ટિથી જોઇએ તો સૌથી વધારે આવશ્યક, મહત્ત્વનો, વર્ણનીય, ચિંતનીય, મનનીય, આચરણીય કોઇ સ્કંધ હશે તો

તે એકાદશ સ્કંધ છે. તેમાં જીવનના અંતિમ વિકાસની પગથી બતાવી છે.

જ્ઞાનનો અર્થ લોકો એવો સમજે છે કે **ઘટત્વાચ્છિન્નપટ** અને **પટત્વાચ્છિન્ન-ઘટ** – ઘટપટની છટપટ. વાસ્તવમાં એકાદશ સ્કંધ જ્ઞાન અને વિજ્ઞાનથી ભરેલો છે. પરમ ભગવદ્‌ભક્ત એકનાથ મહારાજે એકાદશ સ્કંધ ઉપર જ લખાણ લખ્યું છે તે એકનાથી ભાગવત તરીકે પ્રસિદ્ધ છે. એકનાથ મહારાજ પરમ વૈષ્ણવ, પરમ ભક્ત હતા. તેમના ઘરે ત્રૈલોક્યનાથ ભગવાન પાણી ભરતા હતા. તેના ઘરમાં કામ કરીશ તો હું શુદ્ધ થઇ જઇશ એવું ભગવાનને લાગતું હતું. તેમની સ્થિતિની તો આપણે કલ્પના પણ કરી શકતા નથી. તે એટલી ઊંચાઇ પર છે કે આપણે ત્યાં જઇએ તો શ્વાસોચ્છ્‌વાસ બંધ થઇ જાય. આવા એકનાથ મહારાજે એકાદશ સ્કંધ ઉપર ગ્રંથ લખ્યો છે. આ એકાદશ સ્કંધમાં મુક્તિની મીમાંસા છે. જુદા રૂપે વ્યક્તિનું વિકસિત રૂપ તેમાં દેખાડયું છે.

એકાદશ સ્કંધ એટલે ગીતાની વિસ્તૃત કરેલી આવૃત્તિ, તેથી ગીતા વાંચવાવાળા લોકોનો એકાદશ સ્કંધ ઉપર પ્રેમ હોવો જોઇએ. ગીતામાં મોહગ્રસ્ત અર્જુનને ભગવાને ગીતા સંભળાવી છે. તો એકાદશ સ્કંધમાં ભગવાને ઉદ્ધવને ગીતા સંભળાવી છે. અર્જુનને કહેલી ગીતા, ગીતારૂપે માન્ય છે અને ભક્તિ પારંગત ઉદ્ધવને કહેલી ગીતાને ઉદ્ધવગીતા કહે છે.

ઉદ્ધવગીતામાં પારિવારિક લોકોના અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. વાસ્તવમાં, લોકો એમ સમજે છે કે જે પરિવાર છોડીને બેઠો છે તે ભક્ત. તેને પરિવારની આસક્તિ નથી, શરીરની આસક્તિ નથી—એટલે કે ન હોવી જોઇએ, હોય તો પણ તેણે દેખાડવી ન જોઇએ. આને ભક્ત સમજવામાં આવે છે; તેથી જ કોઇ ભક્ત માંદો પડયા પછી દવા લે તો લોકોને એમ લાગે છે કે અરે! આ ભક્ત છે તો પણ દવા લે છે? પરંતુ, ભક્ત દવા લે તેમાં વાંધો શો? જેમ તે અન્ન લે તેમ દવા પણ લે છે. લોકોની એક ગેરસમજણ છે કે ભક્તે દવા ન લેવી જોઇએ. જો તે દવા લે તો તેનો ભગવાન ઉપરનો વિશ્વાસ ઓછો છે. તેમને પૂછવું જોઇએ કે દવા કોણે બનાવી છે? જેમ અન્નમાં કંઇ પ્રોટીન, વિટામિન વગેરે છે તેમ દવામાં ઔષધીય ગુણો છે. તે પણ ભગવાને જ નિર્માણ કર્યા છે. પરમ ભગવદ્‌ભક્ત હશે તે પણ માંદો પડયા પછી દવા લેશે જ. તેને એમ લાગે છે કે મારી એક ક્ષુદ્ર વ્યથા છે તે માટે હું કંઇ ભગવાનને હેરાન નહિ કરું. તેણે જ બનાવેલી દવા હું લઇશ અને સારો થઇશ. ખરો ભક્ત હશે તો તે દવા લેશે જ.

આવી રીતે, જે ભક્ત છે તેનો કુટુંબ સાથે સંબંધ ન હોવો જોઇએ, એવી એક ખોટી માન્યતા થઇ ગઇ છે. અર્જુન ભગવાનને પૂછે કે શું કરું? હેમ્લેટની સ્થિતિ અને અર્જુનની સ્થિતિ સમાન છે. ‘શું કરું? કેવી રીતે કરૂં?’ આ અર્જુનના પ્રશ્નો છે. ઉદ્ધવનો પ્રશ્ન છે કે ભક્તિ કેવી રીતે કરવી જોઇએ? બીજું, ભક્તિ શા માટે કરવી જોઇએ? કર્મ શા માટે કરવું અને કેવી રીતે કરવું? આ અર્જુનનો પ્રશ્ન છે. એકાદશ સ્કંધ સમજાવે છે કે ભક્તિ અને કર્મ જુદા થઇ શકતાં નથી. કર્મનું જ રૂપ ભક્તિ છે અને ભક્તિનું જ રૂપ કર્મ છે. આનું નિરીક્ષણ કરતાં એક વાત સ્પષ્ટ થાય છે કે સકામ અને સાહંકાર કર્મનું, નિષ્કામ અને નિરંહકાર કર્મમાં રૂપાંતર કરવામાં આવે તે કર્મ શ્રેષ્ઠ છે. તેને જ ભક્તિ કહેવાય છે.

કર્મ હંમેશા સાહંકાર જ થાય છે. ઈંદ્રિય, બુદ્ધિ, કામના, વાસના અને અહંકારનો જ્યાંસુધી

સંબંધ ન થાય ત્યાંસુધી કર્મ નહિ થાય. સકામ અને સાહંકાર કર્મને નિષ્કામ અને નિરહંકાર કર્મમાં પલટાવી નાખવામાં આવે તે કર્મ શ્રેષ્ઠ છે, તે જ ભક્તિ છે. એકાદશ સ્કંધ આજ વાત સમજાવે છે.

એક વખત એક મોચીને અહંકાર આવ્યો કે વસિષ્ઠને ગમે તેટલું જ્ઞાન હશે, પરંતુ, તેમને આ ચંપલની પટટીની ગાંઠ કેમ મારવી તે થોડી જ ખબર છે? વસિષ્ઠને તેનો અહંકાર ખબર પડયો એટલે તેમણે હાથમાં રહેલા દર્ભની ગાંઠ મોચીની સામે ઘરી દીધી અને કહ્યું કે ચપલની પટટીની ગાંઠ આવી રીતે વાળવી જોઇએ; તેથી જ ગીતામાં કહ્યું છે:

यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ।

સર્વજ્ઞત્વનું જ્ઞાન વિશ્વજ્ઞાનથી થાય તો પણ સ્વરૂપ જ્ઞાનનો અભાવ હોવાને કારણે વિશ્વજ્ઞાન મિથ્યા બને છે એમ એકાદશ સ્કંધ કહે છે. મિથ્યાત્વ વિશ્વનું જ નથી, મિથ્યાત્વ જ્ઞાનનું પણ છે. જેમણે દાર્શનિક વિચારોનો અભ્યાસ કર્યો હશે તેમને જ આ ખબર પડશે. આપણે ભૌતિક પદાર્થોનું જ મિથ્યાત્વ માનીએ છીએ. એવું નથી. જ્ઞાન પણ મિથ્યા હોઇ શકે છે. વિશ્વજ્ઞાનથી જ સર્વજ્ઞત્વ આવે છે, પરંતુ, સ્વરૂપજ્ઞાનનો અભાવ હશે તો વિશ્વજ્ઞાન મિથ્યા બની જાય છે. સ્વરૂપજ્ઞાન હશે તો વિશ્વજ્ઞાનનું મિથ્યાત્વ મટીને **सर्वं खल्विदं ब्रह्म** એ જ્ઞાન થાય છે. આ શ્રુતિનો સિદ્ધાંત છે. જ્ઞાનમાં જેમ વિશ્વજ્ઞાન હોવું જોઇએ, તેમ સ્વરૂપજ્ઞાન પણ હોવું જોઇએ. આમ એકાદશ સ્કંધ એક સુંદર શિખર જેવો છે. તેમાં જુદા જુદા રૂપે સિદ્ધાંત સમજાવ્યા છે.

એકાદશ સ્કંધના પ્રથમ અધ્યાયમાં ઐતિહાસિક વાત છે. જે ઘટના બની છે તેમાં સામાજિક અને વૈયક્તિક પ્રશ્નની સમજણ છે. યાદવકુલના નવયુવાનો મસ્ત થયા અને તેમણે ઋષિઓનું અપમાન કર્યું. તેનું પરિણામ એ આવ્યું કે યાદવકુલ નષ્ટ થઇ ગયું. પહેલા અધ્યાયમાં આ વાત વાર્તારૂપે વિસ્તારથી આવી છે.

સંપત્તિ અને વૈભવ બધાને જોઇએ. કોને નથી જોઇતા? પરિવાર ચલાવવાવાળા પરિવાર માટે સંપત્તિ માગે છે, પરિવાર છોડીને મઠ ચલાવવાવાળા મઠને માટે સંપત્તિ માગે છે. શિષ્યોને ખવડાવવા માટે સંપત્તિ માગનારને સન્યાસી કહે છે અને પોતાની પત્ની અને બાળકો માટે જે સંપત્તિ માગે છે તેને પારિવારિક-સંસારી કહે છે. આમાં શો ફરક છે? આનો અર્થ એ છે કે સંપત્તિને ગાળો ભાંડવી ખોટી છે.

આપણા શાસ્ત્રકારોએ, ઋષિઓએ સંપત્તિને ગાળ તો નથી જ ભાંડી, એટલું જ નહિ, તેમને સંપત્તિ માન્ય છે. મહાકાલી, મહાસરસ્વતી અને મહાલક્ષ્મીનું પૂજન કર્યા બાદ જ મુક્તિને રસ્તે જઇ શકાય એવો તેમનો આગ્રહ છે.

મહાન કર્મોનું કારણ સંપત્તિ છે. ચાણક્યના સૂત્રમાં શરૂમાં કહ્યું છે: **धर्मस्य मूलं अर्थः । अर्थस्य मूलं राज्यं । राज्यस्य मूलम् इन्द्रियनिग्रहः । इन्द्रियनिग्रहस्य मूलं वृद्धोपसेवा ।** – ધર્મનું મૂળ અર્થ છે. અર્થ-વિત્ત હોવું જોઇએ. (તેમાં **अर्थस्य मूलं राज्यं** અને **राज्यस्य मूलं इन्द्रियनिग्रहः**– બહુ અર્થપૂર્ણ વિચારો છે. તે રાજ્યશાસ્ત્ર (Politics) અને અર્થશાસ્ત્ર (Economics) હોવાને

કારણે તેવો વિષય આવશે ત્યારે તેનો વિચાર કરીશું) વિત્ત એ એક શક્તિ છે. વિત્તને નકામું સમજીને છોડવું ન જોઇએ. વિત્તશક્તિ તમે ક્યા કામમાં લગાડી, કેવી રીતે લગાડી, તેના પર બધો આધાર છે.

અર્જુનનાં ઘણાં નામો છે, પરંતુ, વિભૂતિયોગમાં વિભૂતિઓનું વર્ણન કરતી વખતે, પોતાનું રૂપ અર્જુન છે તે કહેવા માટે **पाण्डवानां धनंजयः**– એટલે કે જેણે ધન કમાવ્યું છે તે અર્જુન મને ગમે છે, એમ કહ્યું. આ વિચાર કરવા જેવી વાત છે. ધનને તુચ્છ સમજીને ફેંકી દેવાવાળો ભગવાનને ગમે છે એવી આપણી સમજણ છે. જો કે આવી સમજણ ફક્ત પુસ્તકમાં રહે છે. વ્યવહારમાં ધનને કોઇ તુચ્છ સમજતું નથી. 'સંસાર ખોટો છે' કહેવાવાળો કથાકાર પણ ધન ઈચ્છે છે, કારણ, એને પોતાનો સંસાર ચલાવવો છે. 'તું માયામાં શા માટે ફસાય છે? તેમાં કંઇ અર્થ નથી'—આવું તે બોલે છે અને પોતાનો સંસાર ચલાવે છે

આપણે જે સાચું છે, જે હકીકત છે, તેનો સામનો કરવો જ જોઇએ. વિત્ત ખોટું નથી. પણ વૈભવ, વિત્ત અને સંપત્તિ આવ્યા બાદ, આળસ, રોગ, ભોગ, વિલાસ વગેરે નિર્માણ થાય છે, જે આખા સમાજને વિપત્તિ અને વિનાશ તરફ લઇ જાય છે.

સંપત્તિની નિતાંત આવશ્યકતા છે. શ્રીસૂકતમાં તેનું વર્ણન છે: **विष्णुपत्नीं क्षमां देवीं माधवीं माधवप्रियाम् । लक्ष्मीं प्रियसखीं देवीं नमाम्यच्युतवल्लभाम्** ॥ પણ આજ સંપત્તિ આળસ, રોગ, ભોગવિલાસ નિર્માણ કરીને, વ્યક્તિ અને સમાજને વિનાશ તરફ લઇ જાય છે, તેનું દર્શન યાદવકુલસંહારમાં દેખાડયું છે. સંપત્તિની જેટલી નિતાંત આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા સંપત્તિ શું છે, કોની છે, શા માટે છે, તે શક્તિથી શું કરવું જોઇએ, તેના જ્ઞાનની છે. પ્રથમ ઉપદેશ કોને હોવો જોઇએ? તેના માટે આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે. **राजपुत्रवत्तत्त्वोपदेष्टव्यः** – ભગવાનના જે ફર્સ્ટક્લાસ લાડકા દીકરાઓ છે તેવા રાજપુત્રોને પ્રથમ ઉપદેશ હોવો જોઇએ, પરંતું, આજે બરાબર આનાથી ઊલટું થાય છે. જેની પાસે દોલત છે તે એક હોલ બંધાવે છે. શા માટે? ગરીબને ધાર્મિક વાતો સંભળાવવાની જગા મળે તે માટે. તેને પોતાને કે પોતાનાં સંતાનોને સાંભળવાનો સમય નથી. તેને ખબર નથી કે આને લીધે તેનું આખું કુળ વિનાશ અને વિપત્તિ તરફ જઇ શકે છે. આ જગતમાં કાયદાનો ભંગ કરવા માટે ક્ષમા નથી. વિશ્વના ચિરંતન નિયમોનું ઉલ્લંઘન કરનાર, કૃષ્ણ ભગવાનનું કુળ હશે તો તે પણ ખતમ થઇ જશે. આવું દર્શન એકાદશ સ્કંધના પ્રથમ અધ્યાયમાં છે.

સંપત્તિની જેટલી નિતાંત આવશ્યકતા છે, તેટલી જ વિવેકની નિતાંત આવશ્યકતા છે. ઉન્મત્તતા અવિવેકથી પેદા થાય છે. યાદવ નવયુવાનોમાં આવી ઉન્મત્તતા આવી અને તેમણે ઋષિઓનું અપમાન કર્યું. આવા અપમાનથી ક્રોધિત થયેલા ઋષિઓએ તેમને શાપ આપ્યો. આ શું સાચું હશે? હજારો વર્ષ પહેલાનું લખાણ આવું જ હોય. બીજું શું લખે? ઋષિ અને બ્રાહ્મણ એક સમાજોપયોગી શક્તિ છે. નિમ્ન સ્તરથી ઉચ્ચતમ સ્તર સુધી સમાજને આત્યંતિક આવશ્યક કોઇ હશે તો તે બ્રાહ્મણ અને ઋષિ છે. આજે સમાજ તેમને સમાજોપયોગી શક્તિ માનતો નથી. ઊલટું, તેમને ભિખારી સમજે છે. તેઓને લાગે છે કે તેમની પાસેથી કંઇ કર્મકાંડ કરાવી લઇશું તો અમારી મુક્તિ થઇ જશે. તેઓ વિચારતા નથી કે બ્રાહ્મણ મંત્રો બોલશે એમાં અમારી મુક્તિ

કેવી રીતે થશે? તેમને મફતમાં મુક્તિ લેવી છે, એ મૂળ વાત છે. તેઓ ગુરુ પાસેથી કંઠી બંધાવે છે, કારણ, તેના લીધે કંઠી બાંધનાર ગુરુ ઉપર જવાબદારી આવે છે. તેઓ જનોઇ લેતા નથી, કારણ, જનોઇ લે તો પોતાની જવાબદારી પોતાના ઉપર જ આવે. તેનાં કરતાં ગુરુ જ કંઠી બાંધીને જવાબદારી લેતા હોય તો ખોટું શું? પોતે તો જવાબદારીમાંથી છૂટે!

ઋષિ અને બ્રાહ્મણ સમાજોપયોગી અને પરિવારોપયોગી શક્તિ છે. તેના માટે જ ગુરુ, ઋષિ કે બ્રાહ્મણને શ્રેષ્ઠ સમજવામાં આવ્યા હતા; કારણ તો જ જ્ઞાન મળે. તેથી જ કહ્યું:

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात्परब्रह्म तस्मै श्री गुरवे नमः ॥

જ્યાંસુધી કહેવાવાળા ઉપર પ્રેમ અને આદર હોય ત્યાંસુધી જ તેના કહેવાની મગજ ઉપર અને મન ઉપર અસર થાય છે. જે દિવસે ગુરુ ઉપરની ભાવના કે આદર ઓછા થયા તે દિવસથી તે ગમે તેટલું મોટું તત્ત્વજ્ઞાન કહે, પણ તેની મન-બુદ્ધિ પર અસર થતી નથી. પછી લોકો મનોરંજન માટે કોઇને સાંભળવા જાય તે વાત જુદી છે. તેનું તેમનાં મન-બુદ્ધિ પર કોઇ પરિણામ થતું નથી. મારા મન-બુદ્ધિ પર પરિણામ થાય તે માટે જ ગુરુને મહાન ગણવાના છે.

બીજી વાત એ છે કે ગુરુને મોટો શા માટે માન્યો? ઋષિને કે બ્રાહ્મણને મોટા-મહાન શા માટે માન્યા? જેની પાસે પ્રચંડ બુદ્ધિ છે તે ઋષિ કે બ્રાહ્મણ સમાજનું શોષણ કરી શકે કે નહિ? કરી શકે. તે પોતાની બુદ્ધિ ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે વાપરી શકે, એટલું જ નહિ, સૌથી વધારે સારી રીતે વાપરી શકે. આમ છતાં તે પોતાના સ્વાર્થ માટે બુદ્ધિ ચલાવતો નથી. સમાજનું કલ્યાણ થાય, સમાજનો વિકાસ થાય તે માટે પોતાની બધી શક્તિ તે વાપરે છે અને તે પણ નિરપેક્ષ રહીને!

તમે સામ્યવાદીઓનું તત્ત્વજ્ઞાન વાંચ્યું હશે તો તમને ખબર હશે. તેમનું કહેવું છે કે દરેક કામ વિત્તને માટે જ કરવામાં આવે તો વિત્તસંગ્રહ થશે. તો શું કરવું જોઇએ? કર્મની પ્રેરણા બદલવી જોઇએ. તે માટે તેમણે સૂચવ્યું છે કે કર્મ વિત્ત માટે નહિ પરંતુ, સામાજિક મોભો (Social approbation) મળે તે માટે કરવાનું. તેમની પાસે કોઇ પરંપરા નથી અને તેમને ભગવાન અને દેવ માનવા નથી. એ લોકો આ બધું છોડીને બેઠા છે. તેઓ કહે છે કે જે કામ કરે તેને સામાજિક મહત્તા આપી દો તો તે વિત્ત નહિ માગે. બ્રાહ્મણને આ જ કારણસર સમાજમાં મહત્તા આવી હતી. બ્રાહ્મણ સમાજનું કામ નિરપેક્ષ ભાવે કરતો હતો તેથી તેને મહત્તા મળી હતી. આ બ્રાહ્મણને સંભાળવો જોઇએ. તેની ઉપેક્ષા અથવા નિંદા કરીને શું થશે?

યાદવકુલનો વિનાશ થઇ ગયો. ઋષિની ઉપેક્ષા અને નિંદા જે સમાજે, જે કાળે કરી છે, તે કાળે તે સમાજનો નાશ થયો છે. યાદવકુળનો નાશ થયો એટલે શું બધા યાદવો મરી ગયા? લોકો આવું જ સમજે છે. જો બધા યાદવો મરી ગયા હોય તો નવા યાદવો નિર્માણ થયા કેવી રીતે? કુળનો અર્થ શો થાય છે? યાદવકુળ એટલે યાદવકુળની જે ખાનદાની હતી તે ખતમ થઇ ગઇ. કુળ એટલે ખાનદાની, ઘર. યાદવકુળનો નાશ થયો એટલે યાદવોમાંથી ઘર ચાલી ગયું. બ્રાહ્મણ ચાલ્યો ગયો અને વૈભવ આવી ગયો. વૈભવને લીધે ઋષિની ઉપેક્ષા થઇ. આજે આપણે

ઋષિની નિંદા નથી કરતા પરંતુ, ઋષિની ઉપેક્ષા કરીએ છીએ. કોઇને ઋષિ યાદ નથી. ઋષિઓએ શું કર્યું છે તે વિચારવા માટે કોઇની પાસે સમય નથી. એનું કારણ ઉત્પાદક શ્રમ (Productive labour) અને ઉત્પાદક શિક્ષણ (Productive education) ની પાછળ આખો સમાજ લાગેલો છે. પરિણામ શું આવ્યું? કુળ ખતમ થયું. ગીતા કહે છે:

> **उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥**
> **उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।**
> **नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ॥** (गीता १/४३/४४)

(......જાતિના ધર્મો અને શાશ્વત કુલધર્મો નાશ પામે છે. હે જનાર્દન! જેમના કુલધર્મો નાશ પામ્યા હોય એવા મનુષ્યોનો અનિશ્ચિત સમય સુધી નરકમાં વાસ થાય છે એવું અમે પરંપરાથી સાંભળીએ છીએ.)

નરક એટલે શું? **कुत्सितः नरः नरकः** । માણસ કુત્સિત થઇ જાય છે. લોકો સંસ્કૃત ભણતા નથી, વ્યાકરણ ખબર નથી, પછી જે અર્થ મગજમાં આવે તેવો અર્થ કરે છે. નરકમાં જાય છે એટલે શું તે વિષ્ટામાં રહે છે? ગટરમાં રહેવાનું છે? ના, નરક એટલે પ્રત્યેક માણસ કુત્સિત થઇ જાય છે.

યાદવકુળ ખતમ થયું એનો અર્થ યાદવની ખાનદાની ખલાસ થઇ. વિશિષ્ટ વિચાર અને વિશિષ્ટ આચારથી ઊભો થયેલો એક સમૂહ હોય છે. તેને જ કુટુંબવ્યવસ્થા કહે છે. જેમાં એક વિશિષ્ટ વિચારધારા નથી અને વિશિષ્ટ આચારસંપદા નથી, તે કુટુંબ નથી, તે ઘર નથી. સૌરાષ્ટ્રમાં ગામડામાં ધણી વિનાના ઢોર માટે એક જગા હોય છે. તેને ડબ્બો કહે છે. નધણિયાતાં ઢોરોને ડબ્બામાં પૂરે છે. તેમને ખવડાવે છે. તેવું જ યાદવોનું થયું. યાદવકુળની વિનાશ થયો એનો અર્થ યાદવકુળની વિચારપદ્ધતિ અને આચારપદ્ધતિ ખતમ થઇ ગઇ. ઘર ખતમ થઇ ગયું એટલે તેનો અર્થ શું? સહકાર, પ્રેમ અને ત્યાગ ઉપર ઘર ઊભું રહે છે. ચાર દિવાલની વચ્ચે હોય તેને ઘર ન કહેવાય, તેને ડબ્બો કહેવાય. ઘરમાં સહકાર, પ્રેમ અને ત્યાગ અપેક્ષિત છે.

વિચારપદ્ધતિ નહિ, આચારપદ્ધતિ નહિ, ત્યાગ, સહકાર અને પ્રેમ નહિ, આવું જ્યારે થાય ત્યારે કુળધ્વંસ થયો એમ કહેવાય. આ અર્થમાં યાદવકુળનો સંહાર થયો એવું લખ્યું છે. એનું કારણ ઋષિશક્તિ, બ્રાહ્મણશક્તિ—આ જે સમાજોપયોગી શક્તિ છે તે યાદવકુળે વિત્ત-વૈભવથી ઘમંડી થઇને છોડી દીધી. ઊલટું, તેઓ આ સમાજોપયોગી શક્તિને ભિખારી સમજવા લાગ્યા. આજે પણ તેવી જ સ્થિતિ છે. આજે લોકો બ્રાહ્મણને નમસ્કાર કરે છે, કારણ, તેવું ગ્રંથોમાં લખ્યું છે. તે લોકો બ્રાહ્મણને બોલાવે છે, બેસવા માટે આસન પણ આપે છે. પરંતુ, તેને દૈવી ભિખારી (Divine beggar) સમજે છે. જો કે Divine અને beggar આ બે શબ્દો સાથે બેસે જ નહિ, પરંતુ, વસ્તુસ્થિતિ સમજાવવા માટે તેવા શબ્દો વાપર્યા છે.

બ્રાહ્મણ એક શક્તિ છે. તે જે સમાજમાંથી નીકળી ગઇ, તે સમાજનું અધ:પતન નિશ્ચિત છે. આજે ઘરઘરમાં ઋષિની નિંદા નથી થતી પરંતુ, ઋષિનું સન્માન પણ નથી. પ્રત્યેક ઘરમાં ઋષિની ઉપેક્ષા છે. લોકોને ખબર જ નથી કે ભરદ્વાજે શું કર્યું છે? અત્રિએ શું કર્યું છે? આ ખબર

નથી અને જાણવું પણ નથી. ઋષિએ તપ કર્યું એનો અર્થ શો? શું તે નાક પકડીને બેઠા હતા? **तपो द्वंद्वसहनम्** – જાણીસમજીને, પોતાને આવશ્યકતા નથી છતાં દુ:ખો ઉપાડવાં, તેને તપ કહે છે. આવેલું દુ:ખ સહન કરવું એ જુદી વાત છે. એ તો પ્રત્યેક સંસારી માણસ સહન કરે જ છે, પરંતુ, કોઇ નિશ્ચિત ધ્યેયને માટે સ્વેચ્છાએ સ્વીકારેલું દુ:ખ સહન કરવું તેને તપ કહે છે. આ વાત પહેલા અધ્યાયમાં સમજાવી છે. ત્યારપછી બીજા અધ્યાયમાં સમાજજીવન અને વૈયક્તિક જીવનનો એક પ્રશ્ન છે તેની સમજણ આપી છે.

વસુદેવ અને દેવકી ઘરમાં બેઠા છે, તેમની પાસે નારદજીની આવે છે. વસુદેવ નારદજીની પૂજા કરે છે. વસુદેવ એટલે કોણ? પરબ્રહ્મ-કૃષ્ણના પિતા! તે વસુદેવ નારદજીનું સન્માન કરે છે. તમે ગમે તેટલા મોટા હશો તો પણ સંત તમારા કરતાં મહાન છે. વસુદેવ પણ નારદજીને જોતાં જ ભાવભીના થાય છે. 'મારે શું? મારો છોકરો તો ભગવાન છે.' આવું વસુદેવને લાગતું નથી. અહીં સંતની મહત્તા સમજાવી છે. ભાગવતમાં સંતમાહાત્મ્ય સમજાવતી વખતે ભગવાન કરતાં પણ સંતને શ્રેષ્ઠ સમજાવ્યા છે. સંતપૂજા કરીને નારદજી પાસેથી વસુદેવે ભાગવતધર્મની સમજણ માગી છે. એકાદશ સ્કંધના બીજા અધ્યાયમાં વેદવ્યાસે વસુદેવના મોઢેથી કહેવડાવ્યું છે કે સંત ભગવાન કરતાં પણ શ્રેષ્ઠ છે. સૌ કરતાં વધારે કોઇ પવિત્ર હશે તો સંત છે.

ભારતીય સંસ્કૃતિમાં ત્રણ વાતો પવિત્ર માની છે. કાશી, હિમાલય અને ગંગા—આ ત્રણ પવિત્ર છે. તેનાં કરતાં પણ સંત વધારે પવિત્ર છે. **काशीमरणान्मुक्तिः** – કાશીમાં મરણ થાય તો મુક્તિ મળે એવી માન્યતા છે. મરવા માટે પણ કાશી જવું પડે. સંતોના વિચાર જો મગજમાં આવે તો દુ:ખ, દૈન્ય, દારિદ્ર અને કર્મબંધનથી મુક્તિ મળે છે; તેથી કાશી કરતાં પણ સંત વધારે પવિત્ર છે, એવું લખ્યું છે.

હિમાલય પવિત્ર છે પરંતુ, હિમાલય પાસે જવા માટે વિત્ત જોઇએ. સંત પાસે જવા માટે વિત્ત નથી જોઇતું, ભાવ જોઇએ છે અને તે બધાની પાસે હોય છે.

ગંગા પવિત્ર છે, પણ તેનું ફળ અદષ્ટ છે. ગંગા મૃત્યુ બાદ મુક્તિ આપે છે, પરંતુ, સંતના વિચાર અને સાન્નિધ્યથી જીવતા હોઇએ ત્યારે પણ તેજસ્વી, સુખી, આનંદી થઇ શકાય છે.

વસુદેવે નારદજીને કહ્યું છે કે ભગવાન તો બધાને સુખ અને દુ:ખ આપે છે. પણ તમારા જેવા સંતો બધાને સુખ કેવી રીતે મળે તે જ જુએ છે. ભગવાનને તો લોકોને દુ:ખ દેવું જ પડે, કારણ, જે હરામખોરી કરે તેને સજા કરવી જ પડે. ભગવાન બાપ જેવા છે, પરંતુ સંત માઁ જેવા છે. બાપ કડક હોય છે અને માઁ નરમ હોય છે. બાપ છોકરાને ઘરમાંથી બહાર કાઢી મૂકે છે અને આજે જમવાનું નહિ મળે એમ કહે છે, પરંતુ, માઁ તેને કહે છે, 'તારા બાપુજી ઓફિસે જાય ત્યારે પાછલે બારણેથી ઘરમાં આવજે, હું તને જમાડીશ.' માઁનું દિલ જ જુદું હોય છે.

ભગવાને ગીતામાં કહ્યું છે:

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ (गीता-१८/६७)

(આ જ્ઞાન તપસ્વી ન હોય તેવાને તારે કહેવું નહિ, અભકતને કહેવું નહિ, સેવાભાવવાળો ન હોય તેને કહેવું નહિ અને મારો દ્વેષ કરતા હોય તેવાને કદી કહેવું નહિ.)

બે આનામાં ગીતા મળે છે એટલે શું કોઇપણ ગીતા સાંભળે, વાંચે? ગીતા કંઇ આટલી સસ્તી નથી. કેટલાક ધનિકો પોતે ગીતા વાંચતા નથી, પરંતુ, લોકો વાંચે તે માટે મફતમાં ગીતા વહેંચે છે. ભગવાન તો સ્પષ્ટ ભાષામાં કહે છે કે અતપસ્ક લોકોને ગીતા ન આપો. જીવનમાં કંઇ તપ છે? ભક્તિફેરી કરી છે? તો ગીતા સાંભળવા જાઓ, તો તમારી સાથે ગીતા બોલશે. ભગવાને જે શ્લોક કહ્યો છે તે વાંચીને સામાન્ય માણસ હતાશ થઇને બેસી જાય છે. તેને એમ લાગે છે કે મારા જેવા માટે ગીતા નથી.

આપણે બધા ગીતાના અધિકારી નથી, પરંતુ, શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષો આવ્યા અને તેમણે કહ્યું કે અમે તમને ગીતા સંભળાવીશું. આપણે તેમને કહીએ, 'અમે તો અનધિકારી છીએ, તેનું શુ?' તો તેઓ કહે છે: 'અમે ભગવાન સાથે સમજી લઇશું. અમારો ભગવાન સાથે સંબંધ છે.'

જો જ્ઞાનેશ્વર અને શંકરાચાર્ય જેવા લોકો ન હોત તો આપણને ગીતા વાંચવા ન મળત. આપણામાં તેવી શક્તિ જ નથી અને આપણો ગીતા સાંભળવાનો અધિકાર પણ નથી; તેથી જ વસુદેવના મોઢેથી ભાગવતકારે સંતોનું માહાત્મ્ય સમજાવ્યું છે. વસુદેવ કહે છે કે ભગવાન કરતાં પણ સંત મહાન છે. ત્યારબાદ વસુદેવ નતમસ્તક થઇને નારદજીને કહે છે કે ભાગવતધર્મનું આખ્યાન, ભાગવતધર્મનું રહસ્ય તમે અમને સંભળાવો; અને એકાદશ સ્કંધના બીજા અધ્યાયમાં નારદજીએ ભાગવતધર્મ સમજાવ્યો છે.

એક પ્રશ્ન ઊભો થાય છે કે ભગવાને આ સૃષ્ટિ નિર્માણ કરી છે, તો પછી ભગવાનનાં ભજન અને કીર્તન ગાવાની જરૂર શી છે? તેણે જ મને જન્મ આપ્યો છે, તો તે શું, હું તેનું કેટલું વર્ણન કરું છું, તે જોતા હશે? જો તે તેવો વિચાર કરતા હશે તો તે ઇશ્વર શી રીતે થઇ શકે? જીવનમાં ભક્તિની શી આવશ્યકતા છે? વિશ્વની સાથે સમરસ થઇ જવામાં સુખ-દુઃખ પેદા થાય છે અને વિશ્વથી જુદા થવામાં સુખ-દુઃખ નથી. વિશ્વથી જુદા થયા પછી સુખ જ સુખ છે, દુઃખ છે જ નહિ. જેમ ઊંઘમાં કેવળ સુખ જ છે. ઊંઘમાં તમે શું કર્યું? ઊંઘમાં તમે જગતથી જુદા થઇ ગયા, બીજું કંઇ કર્યું નહિ. ઊંઘમાં દુઃખ હોતું નથી. સ્વપ્નમાં દુઃખ આવે છે. સ્વપ્ન એક જુદી અવસ્થા છે અને ઊંઘ એ જુદી અવસ્થા છે.

ઊંઘમાં તમે વિશ્વને છોડી દીધું. ઊંઘમાં શું અભાવ છે? 'અભાવ'ને સત્તા છે કે નહિ? આ દાર્શનિકોનો વિચાર છે. વૈશિષિકોએ નક્કી કર્યું છે કે અભાવ એક ભાવરૂપ પદાર્થ છે. આ વિષય પંડિતોને માટે રાખી દઇએ, પરંતુ, અભાવને એક ભાવરૂપ પદાર્થ માનવો જ પડે છે. તે તર્કસંમત પણ છે. ઊંઘમાં કેવી સ્થિતિ હોય છે? 'કંઇ નથી' એવી સ્થિતિ નથી. 'કોઇની સાથે છું' આ સ્થિતિ છે. અભાવ નથી, ભાવ છે. ઊંઘમાં હું કોઇની સાથે હતો.

હવે પ્રશ્ન ઊભો થાય છે કે જગત સાથે રહેવું છે કે જગદીશ સાથે રહેવું છે? જગતની સાથે રહેવામાં સુખ અને દુઃખ બન્ને પેદા થાય છે અને જગદીશની સાથે રહેવામાં કેવળ સુખ

જ પેદા થાય છે, પરંતુ, જગદીશ સાથે હોવા છતાં અનુભવ જુદો જ થાય છે. પંઢરપુરનો પાંડુરંગ સાથે જ છે છતાં પણ અનુભવ એવો છે કે પંઢરપુરનો પાંડુરંગ પંઢરપુરમાં બેઠો છે, રણછોડરાય ડાકોરમાં બેઠો છે. અમારી સાથે ભગવાન છે એવો અનુભવ તો છે જ નહિ. જગદીશની સાથે અમે છીએ પરંતુ, જગદીશથી અમને આઘા કોણ કરે છે? પ્રીતિ અને ભીતિ. વળી પ્રીતિ અને ભીતિની નિતાંત આવશ્યકતા છે. ભીતિગ્રંથિ હોવી જ જોઇએ. જીવનમાં ભીતિ અત્યાવશ્યક છે. તે એક જુદો જ વિષય છે.

ભીતિ અને પ્રીતિ મને ભગવાનથી અલગ કરે છે. તેમાંથી ભીતિ કાઢી નાખવાની છે અને પ્રીતિ બદલવાની છે. તે કેવી રીતે કરીશું, આ પ્રશ્ન છે.

ભગવાનની ભક્તિ શા માટે કરવાની? શું ભગવાન તૈમૂરલંગ બાદશાહ છે કે તેની જેટલી વધારે સ્તુતિ કરો તેટલા તે વધારે ખુશ થાય? આવડી મોટી સૃષ્ટિ નિર્માણ કર્યા પછી તેને આવી ઇચ્છા રહેતી હોય તો ઈશ્વરનું ઈશ્વરત્વ જ ખલાસ થયું. ભીતિ કાઢવાની છે અને પ્રીતિ બદલવી છે એટલા માટે ભક્તિ છે.

ભાગવતધર્મમાં **અભયમ્** – નિર્ભય બનાવવાની વાત છે. નારદજીએ ભાગવતધર્મમાં પહેલો શબ્દ ઉચ્ચાર્યો હશે તો **અભયમ્** છે. નિર્ભયતા સ્વશક્તિથી આવશે કે કોઇ પ્રભાવી શક્તિના અંકિત બનીને આવશે? આનો વિચાર કરવો જોઇએ. ગીતામાં પણ દૈવી સંપત્તિના ગુણો **अभयम् सत्त्वसंशुद्धि........** માં પ્રથમ શબ્દ **અભયમ્** છે.

ભગવતધર્મમાં તેમણે લખ્યું છે **यान् आस्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित्**–જેનો સ્વીકાર કરીને વ્યક્તિ ગડમથલમાં પડતી નથી. આપણે જીવનમાં ગડમથલમાં પડીએ છીએ કે વિશ્વનો સ્વીકાર કે ધિક્કાર? પ્રવૃત્તિ કે નિવૃત્તિ? ભોગ કે ત્યાગ? કર્મ અને કર્મફળનો સ્વીકાર કરવો જોઇએ કે તે છોડી દેવા જોઇએ? શું કર્મ છોડી દઇને 'ભગવાન, ભગવાન' કરતાં બેસી રહેવાનું? આવી રીતે માણસ હંમેશા દ્વિધામાં પડી જાય છે.

ભાગવતધર્મે બહુ જ સુંદર રસ્તો બતાવ્યો છે અને કહ્યું છે કે તમે આ રસ્તો સ્વીકારો અને તેના પર આંખ બંધ કરીને દોડશો તો પણ પડશો નહિ. ભાગવતકાર કહે છે:

यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित्
धावन् निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥ (भा. ११/२/३५)

અહીં **धावन्** શબ્દ છે. **धावन्** એટલે દોડશો તો પણ પડશો નહિ. આમાં કઇ દોડ છે? અનુષ્ઠાનો છે. તે એક એક પૂરા કરી આગળ દોડવાનું છે. ક્યા અનુષ્ઠાન? **श्रवणम् कीर्तनम् स्मरणम् पादसेवनम् अर्चनम् वंदनम् दास्यम् सख्यम् आत्मनिवेदनम्**–વારાફરતી એક એક અનુષ્ઠાન પૂરું કરી, બીજા પર દોડવાનું છે. નહિ તો ભક્તિમાં ક્યાં દોડવાનું છે? શું અહીં મુંબઇથી ડાકોર સુધી દોડતા જવાનું છે? નહિ. એક અનુષ્ઠાન પૂરું કરી તરત બીજાનો સ્વીકાર કરતાં કરતાં આગળ વધવાનું છે. તેનો અર્થ છે–**धावन्** । ભક્તિ નિર્ભય બનવાને માટે છે.

શંકરાચાર્યે કહ્યું છે કે દુઃખ આવે છે તે વાત ખરી, પરંતુ, દુઃખનું કારણ શું છે, તે શોધી

કાઢવું જોઇએ. શંકરાચાર્ય કહે છેઃ

यः कश्चित्सौख्यहेतोस्त्रिजगति यतते नैव दुःखस्य हेतोः
देहेऽहंता तदुत्था स्वविषयममता चेति दुःखास्पदे द्वे ।
जानन्रोगाभिघाताद्यनुभवतियतोऽनित्यदेहात्मबुद्धि –
र्भार्यापुत्रार्थनाशे विपदमथ परामेति नारातिनाशे ॥ (शत. १५)

(ત્રણેય લોકમાં જે કોઇ જીવ છે તે બધા સુખ માટે જ મથે છે; દુઃખ માટે કોઇ યત્ન જ કરતું નથી. દુઃખનાં સ્થાન બે છે; એક દેહ ઉપર અહંતા થવી અને બીજું એને કારણે શરીર સાથે સંબંધ ધરાવતાં સ્ત્રીપુત્ર વગેરે ઉપર મમત્વ થવું. આ સમજવા છતાં માણસો મોહને કારણે 'શરીર જ આત્મા છે' એમ માને છે, તેથી રોગ વગેરેનાં દુઃખ ભોગવે છે અને સ્ત્રી-પુત્ર વગેરેનો નાશ થાય ત્યારે મમતા ને કારણે મોટું દુઃખ અનુભવે છે પણ શત્રુનાશ પામે ત્યારે દુઃખ થતું નથી.)

તેમની વાત ખરી છે. આપણે છાપામાં વાંચીએ કે આજે ત્રણસો લોકો અકસ્માતમાં મરી ગયા. જો સાત્ત્વિક હોઇશું તો કચકચ કરીશું, 'અરરે! બહુ ખરાબ થયું' અને તરત આપણે ચા પીવા લાગી જઇશું. જો ત્રણસો લોકો મરી ગયા તો તેની વ્યથા આપણને નથી. એક છોકરો મરી જાય તો આખું વર્ષ રડતાં બેસીએ છીએ. આમ એક છોકરા માટે આખું વર્ષ રડતાં હોઇએ તો ત્રણસો લોકો મરી ગયા પછી કેટલાં વર્ષ રડવું જોઇએ? પરંતુ, તેના માટે બિલકુલ રડતાં નથી. આ એક જુદું જ ગણિત છે. છોકરો 'મારો' છે એજ દુઃખનું કારણ છે.

શંકરાચાર્ય કહે છે કે 'મમતા'માં દુઃખ છે, 'મારા'માં દુઃખ છે. જો અહંતા અને મમતાને લીધે દુઃખ થતું હોય તો તેની જ કંઇ દવા કરી હોય તો? **तुष्यन्ति च रमन्ति च** થઇ શકાય; તેથી જ ભક્તિની આવશ્યકતા છે. ભક્તિ ભગવાનને ખુશ કરવા માટે નથી.

જીવનમાં ભક્તિની આવશ્યકતા છે તે સમજીને, બુદ્ધિપૂર્વક ભક્તિ ઉપાડવી જોઇએ. પોતાના વિકાસ માટે અને સુખ માટે ભક્તિની જરૂર છે. આમ બુદ્ધિપૂર્વક ભક્તિ ઉપાડશો તો ભક્તિનું પરિણામ થશે. નહિ તો ભક્તિનું પરિણામ જીવન પર થશે નહિ.

જે મોટું ટીલું કરે તે મોટો ભક્ત, એવું લોકો સમજે છે. ભક્તનો પણ એક યુનિફોર્મ હોય છે. જે યુનિફોર્મ પહેરતો નથી તે ભક્ત નથી. તે લોકોને ભક્ત લાગતો નથી. ભક્ત લાગવો જોઇએ કે હોવો જોઇએ? ભક્ત લાગવો જુદો અને હોવો જુદો.

ભક્તિને આવશ્યક વાત કઇ છે? આપણી પાસે બે વાતો છે. 'કરવું' અને 'જાણવું'. જેને કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો કહે છે. આ બન્ને ઉપર જે ભગવાનને બેસાડી દે તે ભક્ત. એટલે કે 'હું કરતો નથી' અને 'હું જાણતો નથી' અને 'મારું કંઇ નથી.' આ ત્રણ વાતો જેની બુદ્ધિમાં દૃઢ થઇ ગઇ છે તે ભક્ત છે. પછી તે શું કરે છે, ટીલું કેવું કરે છે, કપડાં કેવાં પહેરે છે, તે જોવાની જરૂર નથી. અંદરની વૃત્તિ જ મૂળ વાત છે. 'હું કરતો નથી, હું જાણતો નથી અને મારું કંઇ નથી' આ વૈષ્ણવની અંતિમ અવસ્થા છે એમ ભાગવતધર્મ કહે છે. આને માટે દોડવાનું છે, અહીં સુધી પહોંચવાનું છે.

મારું ભવિષ્ય મને ખબર નથી. તે ભગવાનને ખબર છે. ભક્ત ભગવાન પાસેથી માગશે નહિ. તેને ભગવાન જે મોકલશે તે લેવાની તેની તૈયારી છે. તેને લાગે છે કે ભગવાન પાસે શા માટે માગવું? ભગવાન જે આપશે તે હું લઇશ. આપણે ભગવાન પાસેથી માગીએ છીએ. એનો અર્થ શો છે? આપણે માનતા કરીએ છીએ એનો અર્થ એ કે આપણું સુખ શામાં છે તે આપણને ખબર છે. માટે ભગવાન! તમે તેમાં સહાયભૂત થઇને તે આપશો તો અમે સત્યનારાયણની પૂજા કરીશું. આનું નામ માનતા છે. ભક્ત કહે છે: 'ભગવાન! મારું સુખ શામાં છે તેની મને ખબર નથી, તમને જ ખબર છે. તમે જે કરશો તે હું સ્વીકારીશ.' આમ કહીને ભક્ત ઇચ્છા જ ભગવાનને સોંપી દે છે. તેને જ **यद्दच्छालाभसंतुष्टो**...... કહે છે. ઇચ્છા ભગવાનને સોંપી દો. આ ભક્તની અંતિમ અવસ્થા છે–

કોઇ કહેશે કે તમે બોલો છો, છતાં કહો કે હું કંઇ કરતો નથી, તો એ દાંભિકતા નથી? 'હું કરતો નથી' એની પહેલી પગથી છે: 'હું જે કંઇ કર્મ કરું, તેનું ફળ છોડી દઉં, ભગવાનને આપી દઉં.'

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत् तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ (गीता ९/२७)

(હે કુંતીપુત્ર અર્જુન! તું જે જે કરે, જે જે ખાય, જે જે પીએ, જે જે હોમે, તું જે દાન કરે, તપ કરે, તે સર્વ તું મને અર્પણ કર.)

આ પહેલી પગથી છે. તેમાં ફળ છોડવાનું છે, ભાવથી ફળ ભગવાનને અર્પણ કરો. ત્યાગ કરવો જુદો અને અર્પણ કરવું જુદું. તેથી જ ભાગવતધર્મમાં 'સ્વાત્માર્પણ'નું વૈશિષ્ટ્ય છે. ભગવાનને શરણે જવું (Self surrender) આ ભાગવતધર્મનું વૈશિષ્ટ્ય નથી. શરણે કોણ જાય છે? સમજો કે રાત્રે દસ વાગે રસ્તામાંથી જાઓ છો ત્યારે ચાર બદમાશો તમને ઘેરી વળ્યા અને તમારી છાતી પર બંદૂક તાકી. તે વખતે તમે હાથ ઉપર કરી તેને શરણે જાઓ છો. આમાં ભીતિ છે. 'સમર્પણ'માં ભાવ અને પ્રીતિ છે, ભીતિ નહિ. આવી રીતે કર્મથી મને વ્યથા થાય, દુઃખ થાય, તેથી હું કર્મ છોડું, કર્મનો ત્યાગ કરું, એ શરણે જવું છે. 'ભગવાન! હું જે કંઇ કર્મ કરું છું તેમાં નેવું ટકા તારી જ શક્તિ છે. જે કંઇ ફળ આવે છે તે તારું જ છે. હું તે ફળ ભાવથી તારા ચરણે ધરું છું.' આમ સમર્પણમાં ભાવ અને પ્રેમ અપેક્ષિત છે, તેથી એ વૃત્તિને વધારવી જોઇએ. તેને જ ભક્તિ કહે છે. તેમાં પ્રેમ કરવાનો છે, પણ ત્યાગ નહિ.

'હું કર્મની ઝંઝટમાં પડીશ તો બીજો જન્મ લેવો પડશે; માટે મને કર્મ જોઇતું નથી, ભગવાન, તું જ લે.' આ ભક્તિ નથી. જે મને સારું લાગતું નથી, તે બીજાને આપી દઉં. આ કંઇ ત્યાગ છે? 'મારો કર્મ ઉપર પ્રેમ છે પરંતુ, કર્મ કરતાં વધારે મને તારા ઉપર પ્રેમ છે, તેથી ભગવાન! હું મારું કર્મ તને અર્પણ કરું છું.' આવું મારી બુદ્ધિ કહે છે. છતાં પણ 'મારું કર્મ છે' એમ બોલવું એ જ અનીતિ છે, તેથી જ હું ભગવાન! કર્મ તને આપું છું.' આવું પ્રેમથી કહેવું જોઇએ.

'હું કરું છું' આમાંથી 'હું' કાઢવો છે, પરંતુ, 'હું' જલદી નીકળતો નથી. આપણા ઋષિઓએ એક રસ્તો બતાવ્યો છે અને સ્વાધ્યાયપરિવારે તે રસ્તો સ્વીકાર્યો છે. તે ક્યો રસ્તો? તે રસ્તો એટલે

યજ્ઞ. યજ્ઞમાં 'હું કરું છું' ભાવના નથી 'આપણે કરીએ છીએ' એવી ભાવના છે. 'વયસ્થસંચલન કોણે કર્યું?' 'મેં કર્યું' એમ કોઇ નહિ કહે. 'આપણે કર્યું' એમ કહેશે.' અહીં 'આપણે' શબ્દ આવી ગયો. 'હું' કરતાં પણ આપણે શબ્દ સારો લાગે છે. એનું કારણ આપણે શબ્દમાં 'હું' પણ રહે છે અને 'તું' પણ રહે છે. આ ચાતુર્ય છે.

મારે 'હું' કાઢવો છે, પણ તે નીકળે કેવી રીતે? જ્યાંસુધી મારે રહેવું છે, ફરવું છે, ખાવું છે, જોવું છે, ત્યાંસુધી 'હું' કાઢી કેવી રીતે શકાય? 'હું' રાખીને 'હું' ને નિર્વિષ કરવો છે. તે કેવી રીતે થાય? 'હું' ની જગામાં 'આપણે' લાવો. તેમાં 'હું' રહે છે અને તકલીફ આવતી નથી. આથી માનવજાતિએ કુટુંબ સંસ્થા બનાવી. શા માટે? મેં નથી કર્યું, અમારા પરિવારે કર્યું, અમે કર્યું. મારું બીજા કોઇ ભાઇની સાથે નહિ બનતું હોય તો ઓછા નામે પત્નીની સાથે બને છે, તેથી યજ્ઞમાં પત્ની હોવી જ જોઇએ. પછી 'મેં સત્યનારાયણની પૂજા કરી' એમ નહિ, પણ અમે સત્યનારાયણની પૂજા કરી. તેમાં મારી પત્ની સાથે હતી. સ્વાધ્યાય પરિવારે ઋષિચીંધ્યો માર્ગ સ્વીકાર્યો છે.

કોઇ ગામમાં ભક્તિફેરી માટે જવાનું હોય તો બે-ત્રણ ભાઇઓ સાથે જ જાય છે. તે બે-ત્રણ જણા સાથે હોય તો વાતચીત કરવા સારું પડે એટલા માટે નહિ. સાથે જવાને એક આધ્યાત્મિક મૂલ્ય છે. તેમાં 'હું' ની જગા પર 'આપણે' આવે છે, તેથી તે યજ્ઞ છે.

બીજો એક રસ્તો છે. 'હું' નથી કરતો' એવું થઇ જ શકતું નથી. તો શું કરવાનું? હું 'મારા માટે' અને 'મારુ' નથી કરતો, હું ભગવાનને માટે કરું છું. આમાં 'હું' ચાલ્યો જાય. અર્જુને તેવું કર્યું તેથી જ અર્જુનનું નામ ગીતામાં આવ્યું છે. મહમદ ગઝનીનું નામ ગીતામાં નથી. મહમદ ગઝનીનું નામ પ્રવચનમાં આવે, પણ ગીતામાં ન આવે. શા માટે? પ્રવચનમાં કાળી બાજુ પણ દેખાડવાની છે. જ્યાંસુધી રામ છે ત્યાંસધી રાવણ તો રહેવો જ જોઇએ. જેમ રામ ચિરંતન છે તેમ રાવણ પણ ચિરંતન છે. માનવની કાળી બાજુ બતાવવા પ્રવચનમાં રાવણ અને મહમદ ગઝની આવશે જ, પરંતુ, તે ગીતામાં નહિ આવે. અર્જુન અને મહમદ ગઝની બન્ને લડયા, પરંતુ, અર્જુને કહ્યું હતું:

न काङ्क्षे विजयं कृष्ण न च राज्यं सुखानि च ।
किं नो राज्येन गोविन्द किंभोगैर्जीवितेन वा ।। (गीता १/३२)

(હે કૃષ્ણ! હું વિજય, રાજ્ય કે સુખ ચાહતો નથી, તો પછી ગોવિંદ! રાજ્ય, વિષયોપભોગ કે જીવનથી શું?) એટલે અર્જુન, પોતાના માટે ન લડયો, ભગવાન માટે લડયો જ્યારે મહમદ ગઝની પોતાને માટે જ લડયો.

દુકાન ચલાવવી છે કે નહિ? ચલાવવી છે, પરંતુ, હું મારા માટે દુકાન નથી ચલાવતો, હું પ્રભુને માટે દુકાન ચલાવું છું. તેનાથી ભગવાનનું કામ કેટલું સારું થઇ જશે! આવી રીતે દષ્ટિ બદલાઇ ગઇ કે ભક્તિ થઇ ગઇ. ભગવાનનું કામ કરવા માટે જો તમે દુકાન ચલાવતા હશો તો મૂળજીજેઠા માર્કેટમાં જઇને પણ તમે ભક્ત છો. તમને પોતાને કંઇ જોઇએ એટલા માટે જો લક્ષ્મીનારાયણના મંદિરમાં જશો તો તે પણ બજાર થઇ ગયું. તમે ભગવાન પાસેથી કંઇ માગવા

જશો તો ભગવાન કહેશે, 'તારી બેંકમાં કંઇ જમા હશે તો મળશે, નહિ તો નહિ મળે.'

'ભગવાન! હું તારા માટે કરું છું' આ 'હું' કાઢવાનો રસ્તો છે. 'હું તારો છું, હું તારું કરું છું, તારા માટે કરું છું. હું સંસાર ચલાવું છું તે પણ તારા માટે.' આવું બોલ્યા પછી મારું કંઇ નથી, હું પણ મારો નથી. આ ભક્તની ભૂમિકા છે. આ વાત ભાગવતધર્મમાં સમજાવી છે.

ભગવાન! વિત્ત તારું છે. **विष्णुपत्नीं क्षमां देवीं माधवीं माधवप्रियाम् । लक्ष्मीं प्रियसखीं देवीं नमाम्यच्युतवल्लभाम् ॥** 'ભગવાન, તારું વિત્ત, તારી લક્ષ્મી મારી પાસે છે, તે તારી થાપણ છે તેથી મેં મારી પાસે રાખી છે. 'ભગવાન! મારો પુત્ર પણ તારો છે.' આ ભાગવતદર્શન છે.

ભક્તિમાં ત્રણ વાતો પાકી કરવાની છે. હું જાણતો નથી, હું કરતો નથી અને મારું કંઇ નથી. આ વાતો જેની પાકી થઇ તે ભક્ત છે. તમે ક્યા કપડાં પહેરો છો તેના પરથી ભક્તિ નક્કી નથી થતી. સોક્રેટિસ કે પ્લેટોએ કોઇ દિવસ કપાળે ચાંદલો નહોતો કર્યો, તો પણ ભક્ત થયા, મુક્ત થયા. ભક્ત થવા માટે વૃત્તિ બદલવાનો પ્રયત્ન કરવો જોઇએ. માનવને માટે ભાગવતધર્મ શ્રેષ્ઠ છે. મારે કંઇ નથી બનવું એનાં કરતાં મારે વૈષ્ણવ બનવું છે. મારે અભાવમાં ઘૂસવું નથી. મારે કંઇ થવું છે, મારે વૈષ્ણવ બનવું છે.

भक्तिः परेशानुभवो विरक्तिरन्यत्र चैष त्रिक एककालः ।
प्रपद्यमानस्य यथाश्नतः स्युस्तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासम् ॥(भा. ११/२/४२)

(આ ગતિ યોગીઓને પણ ઘણા જન્મથી દુર્લભ છે તો નામકીર્તન માત્રથી એક જન્મમાં કેમ થાય એવી શંકા કરવી નહિ; કેમકે જેમ ભોજન કરતા માણસને કોળીએ કોળીએ જ નહિ પણ પ્રત્યેક કણીએ કણીએ સુખ, ઉદરપોષણ અને ક્ષુધાની નિવૃત્તિ થાય છે, તેમ ભગવાનનું ભજન કરતા પુરુષને પ્રેમલક્ષણા ભક્તિ, પ્રેમના સ્થાનક રૂપ ભગવાનના રૂપની સ્ફૂર્તિ અને ઘર વગેરેમાં વૈરાગ્ય, ત્રણેય ભજનમાં સામટાં થાય છે.)

નારદજી ભાગવતધર્મ કહેતાં ઉપરના શ્લોકમાં કહે છે કે, ખાવાની ક્રિયાથી જેમ **તોષણ પોષણ ચ ક્ષુધાશોષણ** – સંતોષ, પોષણ અને ભૂખની શાંતિ થાય છે તેમ જેની પ્રત્યેક કૃતિમાં ભક્તિભાવ, પ્રભુસાક્ષાત્કાર અને વૈરાગ્ય આ ત્રણ વાતો સાથે થાય છે, તે ભાગવત છે. તેની કોઇપણ કૃતિ ભક્તિભાવથી થશે. તેની કૃતિ ભોગાર્થ નહિ, ભાવાર્થ જ રહેશે, ભક્તિને માટે જ રહેશે.

લોકો એમ સમજે છે કે દુકાન ચલાવવાવાળો માયામાં ફસાયેલો છે, પરંતુ, કોઇપણ કૃતિનું કારણ શું છે તે જોવું જોઇએ. 'મારે દુકાન શા માટે ચલાવવી છે? પ્રભુ! તારું કામ કરવું છે તે માટે.' પછી તેમાં જે નફો થશે તેની વહેંચણી કરતી વખતે તારો ભાગ ઓછો હશે અને મારો ભાગ મોટો હશે. આ તો ભગવાન સમજી શકે છે. દુકાન ચલાવવા પાછળની ભાવના એવી હોવી જોઇએ કે મારા હાથથી પ્રભુ! તારું કામ કરવું છે. આ ભક્તિભાવ છે.

'તું મને ચીટકીને બેઠો છે' એવી સમજણ આવી ગયા પછી પરમેશ્વરનો સાક્ષત્કાર આવી

ગયો. પછી બોલતી વખતે, સૂતી વખતે, જમતી વખતે, સાંભળતી વખતે, 'આ પ્રત્યેક ક્રિયા તારી શક્તિથી થાય છે,' એ સમજણ આવે છે. તેના માટે જ તો મૂર્તિપૂજા છે, ચિત્તએકાગ્રતા છે. ચિત્તનું શુદ્ધિકરણ કરવું છે. ચિત્તની લાગણીક્ષમતા ટકાવવી છે, ભક્તિભાવ સાચવવો છે અને વિષયવિરક્તિ કેળવવી છે. આ ત્રણેય વાતો સાથે થવી જોઇએ.

વસ્તુનિરપેક્ષ કૃતિનું નામ જ વિષયવિરક્તિ. આજે આપણે વસ્તુસાપેક્ષકૃતિ કરી રહ્યા છીએ. આપણે કૃતિ ભોગાર્થ કરીએ છીએ. આપણે ભાગવતની કથા સંભળાવશું કે પ્રવચન કરીશું, પણ તે શા માટે? આપણને કંઇ મળે એટલા માટે. હું શું બોલું છું તેને કિંમત નથી, હું કંઇ દૃષ્ટિથી અને કઇ વૃત્તિથી બોલું છું, તેને કિંમત છે. ભક્તિમાં વસ્તુનિરપેક્ષ કૃતિનો આગ્રહ છે.

એકાદ માણસ મંદિરમાં ભગવાનના પૂજારીની નોકરી કરે છે. તે શરૂઆતમાં જ પૂછી લે છે કે મને પગાર કેટલો મળશે? પછી તે વિચાર કરે છે કે અહીં મંદિરમાં જેટલો પગાર મળે છે તેટલો પગાર બીજે ક્યાંયે મને મળવાનો નથી, તેથી તે જિંદગી સુધી પૂજારી તરીકે નોકરી કરે છે. તે છતાં તે વૈષ્ણવ નથી. કારણ, તેની કૃતિ વસ્તુનિરપેક્ષ નથી. કૃતિની પછવાડે પ્રેરણા—જેને અંગ્રેજીમાં Incentive કહે છે, તે દેખાડવી પડશે. તેના પરથી તમારી કૃતિ ભક્તિ અર્થે છે કે ભોગાર્થ છે, તે નક્કી થશે.

વિષયવિરક્તિ એટલે વિષયની નફરત કરવી એવું લોકો સમજે છે, પરંતુ, એવું નથી. વસ્તુનિરપેક્ષ કૃતિ એટલે વિષયવિરક્તિ છે. મને કંઇ મળે એટલા માટે મારી કૃતિ નથી. આ વસ્તુનિરપેક્ષ કૃતિ છે.

ભાગવતધર્મમાં પણ ઉત્તમ ભાગવત, મધ્યમ ભાગવત અને કનિષ્ઠ ભાગવત કોણ છે તેનું વર્ણન છે. જે ભાગવત વિષયોમાં ફરે છે, પરંતુ, જે વિષાદરહિત રહે છે, એટલે કે વિષય મળ્યાનો જેને હર્ષ નથી અને ન મળ્યાનો વિષાદ નથી, આ ઉત્તમ ભક્ત છે. તેનો કર્મપ્રેરક કોણ છે? કામ અથવા ઇચ્છા કે ભક્તિ? તેની પ્રેરણા ભક્તિ જ છે. આ ઉત્તમ ભક્ત છે.

જેને પ્રભુ ઉપર નિતાંત શ્રદ્ધા છે, જે ભગવાનના છે તેની સાથે જેને મૈત્રી છે; જેઓ બાલિશ છે, કંઇ સમજતા નથી, તેના પર કૃપા કરે છે; જે ભગવાનથી વિરુદ્ધ છે તેમની જે ઉપેક્ષા કરે છે, તે મધ્યમ ભાગવત છે. જેવું યોગદર્શનમાં સમજાવ્યું છે તેવું જ અહીં સમજાવ્યું છે. યોગદર્શનમાં ચિત્તને સ્થિર રાખવા માટે આ વાતો સમજાવી છે અને અહીં ભગવાનની ભક્તિ વધારવા માટે આ જ વાતો કહી છે.

જેને કનિષ્ઠ અથવા પ્રાકૃત ભાગવત કહે છે, તે કોણ? કનિષ્ઠ ભક્ત ભગવાનની મૂર્તિની પૂજા શ્રદ્ધાથી કરે છે, પરંતુ, લોકો સાથે, ચૈતન્યો સાથે જે સંબંધ બાંધતો નથી, તે કનિષ્ઠ ભક્ત છે.

મારે મારો સંબંધ ભગવાન સાથે બાંધવો છે અને ભગવાનનો સંબંધ લોકોની સાથે બાંધવો છે. તેના લીધે લોકોની સાથે મારો સંબંધ થઇ જ ગયો. આવું જે કરતો નથી તે કનિષ્ઠ ભક્ત છે. એનો અર્થ એ કે તે શ્રદ્ધાથી પૂજાપાઠ કરે છે, પરંતુ, બધામાં તે જ ભગવાન બેઠો છે એમ સમજીને તેમની પાસે જવું જોઇએ, તેમના પર પ્રેમ કરવો જોઇએ, મને જે વાતો ખબર છે તે

તેમને સમજાવવી જોઇએ, આવું તે કરતો નથી.

જે ઉત્તમ ભક્ત છે તે નોકરી કરશે, વેપાર કરશે, સામાજિક કામ કરશે, સમાજમાં ફરશે, પરંતુ, તેની પ્રેરક ભક્તિ છે. કર્મ સારું કે ખરાબ તેને માટે કર્મની પ્રેરણા શું છે તે જોવાનું છે. ભગવાન કર્મની પ્રેરણા જુએ છે. એકાદ માણસ સામાજિક કામ કરે છે. શા માટે? તેને સમય છે, ઘરમાં બેસીને શું કરવું? તેના કરતાં સામાજિક કામ કરીએ. આમાં ભક્તિની નજર નથી, ભક્તિની પ્રેરણા નથી.

જેના જીવનમાં કર્મની પ્રેરણા ભક્તિ છે, તે જ ઉત્તમ ભક્ત છે એવું કહ્યું છે. ત્રિભુવનનું રાજ્ય મળે તો પણ જેનો પ્રભુ ઉપરનો પ્રેમ ઓછો થતો નથી અને પ્રભુકાર્ય ઓછું થતું નથી, તે ઉત્તમ ભક્ત છે. સામાન્ય માણસને કંઇ વૈભવ કે સંપત્તિ મળે કે તેમનો ભગવાન પરનો પ્રેમ ઓછો થાય છે અને ભગવાનનું કાર્ય હાથમાંથી છૂટી જાય છે. તેથી જ શંકરાચાર્યે કહ્યું છે:

स्वं बालं रोदमानं चिरतरसमयं शान्तिमानेतुमग्रे
द्राक्षं खार्जूरमाम्रं सुकदलमथवा योजयत्यंबिकाऽस्य ।
तद्वच्चेतोऽतिमूढं बहुजननभवान्मौढ्यसंस्कारयोगात्
बोधोपायैरनेकैरवशमुपनिषद्बोधयामास सम्यक् ॥ (शत. ८)

(જેમ પોતાનું બાળક લાંબા વખતથી રોતું હોય, એને છાનું રાખવા તેની માતા તેને દ્રાક્ષ, ખજૂર, કેરી, કેળાં વગેરે આપી શાંત કરે છે, તેમ અનેકવાર જન્મમરણ થવાથી ઊપજેલા અજ્ઞાનના સંસ્કારથી અતિમૂઢ બનેલા અવશ ચિત્તને સમજાવવાના અનેક ઉપાયોનું ઉપનિષદોએ સારી રીતે જ્ઞાન આપ્યું છે.)

જ્યારે બચ્ચું મા માટે રડવા લાગે છે ત્યારે મા શું કરે છે? મા તો રસોઇ બનાવતી હોય છે. બાળક રડે તો તેના તરફ એક પુરી ફેંકી દે છે. પુરી મળતાં જ બાળક તે ખાવા લાગે છે. તે રડતું બંધ થઇ જાય છે. મા સમજે કે બાળક મારા માટે રડતું ન હતું, પુરી માટે રડતું હતું. આવી રીતે કોઇ ભક્તિ કરવા લાગે કે ભગવાન તેને એક ફેક્ટરી આપી દે છે. ફેક્ટરી મળતાં જ તેની વ્યવસ્થા કરવામાં તે વ્યસ્ત રહે છે. તેને પછી ભગવાન સાંભરતા નથી. પછી તે કહે છે: 'કેટલું કામ રહે છે? સમય મળતો નથી. સ્વાધ્યાય કરવો જોઇએ, તે સારું કામ છે, પરંતુ, મને સમય મળતો નથી. તો શું કરું?' એનો અર્થ જ એ છે કે ફેક્ટરી મળતાં જ તે લપસી ગયો છે.

તમે ત્રિભુવનનું રાજ્ય આપો તો પણ ભગવાન! તમારી ભક્તિ અને તમારા પરનો પ્રેમ અંશમાત્ર ઓછો થશે નહિ. આવો જે દઢનિશ્ચયી છે તે ઉત્તમ ભક્ત છે. સંક્ષિપ્તમાં કહેવું હોય તો ગીતાનો સ્થિતપ્રજ્ઞ જ્ઞાનપ્રધાન છે અને ભાગવતમાં આવેલો મહાન આદર્શ ભક્ત, ભાવપ્રધાન છે. આટલો જ ફરક છે. બન્નેની ફલશ્રુતિ એક જ છે. અંતિમ તે જ સ્થિતિએ પહોંચવાનું છે. જ્ઞાની અને ભક્ત, નિતાંત સાથે જ રહે છે. જે નિતાંત જ્ઞાની છે તે જ પ્રેમપૂર્ણ બની શકે છે. ગીતામાં ભગવાને કહ્યું: **ज्ञानी त्वात्मैव मे मतम्** – અને જે અનન્ય-ભક્ત છે તેજ શ્રેષ્ઠ જ્ઞાની મનાય છે એવું ભાગવત કહે છે. **स जानाति यावान् यश्चास्मि तत्त्वतः**–તેથી ગીતા અને ભાગવત સાથે જ છે.

નારદજીએ વસુદેવને ઉત્કૃષ્ટ ભાગવતધર્મ સમજાવ્યો છે. તેમાં અહંકારરહિત બનવું જોઇએ અને ભક્તિનો રસ્તો અપનાવવો જોઇએ એમ કહ્યું છે.

'ભક્તિ કરો, ભક્તિ કરો' એમ વારંવાર કહેવામાં આવે છે પરંતુ, જેણે આપણને નિર્માણ કર્યા છે, જે આપણું જીવન ચલાવે છે, તેની ભક્તિ કરો એમ કહે છે, પરંતુ, તેને તેની જરૂર શી છે? ભગવાનને તેની જરૂર નથી પરંતુ, આપણને ભક્તિની આવશ્યકતા છે. આપણને ભક્તિની શી જરૂર છે તે વિચારવું જોઇએ. તેના વિષે જ્યારે આપણે વિચારતા નથી ત્યારે સ્થૂલ અર્થની ભક્તિ રહી જાય છે.

માનવી જીવનમાં અહંકાર (Ego) એક સમસ્યા છે. અહંકાર શબ્દ, પૈસાનો કે અધિકાર વગેરેનો અહંકાર, એવા અર્થમાં લોકોમાં રૂઢ થયો છે, તેથી અહીં (Ego) શબ્દ વાપર્યો છે. અહંકારને કાઢવો અશક્ય છે. જ્યાસુધી દ્વૈત છે ત્યાંસુધી અહંકારને કાઢી શકાતો નથી. આંખ ખુલ્યા પછી અહંકાર શરૂ થઇ જાય છે ત્યારે આપણે બધાને જોઇએ છીએ. આપણે બધાથી જુદા થઇ જઇએ છીએ અને આપણી રમત શરૂ થઇ જાય છે. દ્વૈતમાં અહંકારને કાઢવો અશક્ય છે. ભગવાનને પણ દ્વૈતમાં અહંકાર રાખવો પડે છે, પરંતુ, અહંકાર રાખવો અયોગ્ય છે. તો આમાંથી કયો રસ્તો કાઢવો? આ જ સમસ્યા છે, તેથી જ શંકરાચાર્યે કહ્યું છે:

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।

મોક્ષની સામગ્રીમાં ભક્તિ શ્રેષ્ઠ સામગ્રી છે. તો ભક્તિની કઇ આવશ્યકતા છે? અહંકાર કાઢવો અશક્ય, રાખવો અયોગ્ય, તો પછી ત્રીજો રસ્તો છે, અહંકાર આપી દેવો. તેને જ ભક્તિ કહે છે.

ભક્તિનું સરળરૂપ આ છે: 'હું કરતો નથી, હું જાણતો નથી, અને મારું કંઇ નથી.' આ ત્રણ વાતો જેની બુદ્ધિમાં દઢ થઇ ગઇ, તે ભક્ત છે. હું બોલું છું, તમે સાંભળો છો, છતાં 'હું' કરતો નથી' આમ બોલવું એ દંભ થશે તેથી તેની પછવાડે વિવેક આવ્યો. હું બોલું છું પણ બોલવાની શક્તિ કોની છે? કઇ શક્તિથી હું બોલું છું? મને બોલવાની શક્તિ કોણે આપી? મારી પાસે સ્મૃતિ છે, પરંતુ, સ્મૃતિ કોની છે? કોણે રાખી, ક્યાં રાખી? મને કંઇ જ ખબર નથી. અગતિકતાથી કે અસહાયતાથી ભક્તિની ભાવના દઢ નથી કરવાની, પ્રેમથી કરવાની છે.

જેના પર પ્રેમ છે, જેને મેં સંભાળ્યો છે, સારો બનાવ્યો છે, તે (અહંકાર) મારે અર્પણ કરવો છે. જે વસ્તુ આપવાની છે તેના પર પ્રેમ છે, જેને આપવી છે તેના પર પ્રેમ છે; તેથી તે વસ્તુ તેને સમર્પણ કરવી છે. આ ભક્તિની આવશ્યકતા છે. ભક્તિનું આ શાસ્ત્રીય કારણ છે. ભક્તિ કરો તો ભગવાન ખુશ થઇ જશે, આવી આ વાત નથી.

જૂના કાળનું લખાણ હોય એટલે તેમાં લખેલું હોય કે ભક્તિથી અહંકાર ચાલી જશે. આપણને ભગવાને બુદ્ધિ આપી છે તો આપણે તેના પર વિચાર કરવો જોઇએ. બુદ્ધિ ચલાવવી જ ન હોય અને ભગવાનને ચંદન અને ફૂલ ચડાવ્યાં કરવાં હોય તો જુદી વાત છે.

નારદજી વસુદેવને ભાગવતધર્મ કહી રહ્યા છે, તેથી તેને મહત્ત્વ છે. બન્નેની વાતોમાં તે કાળના કેટલાયે નવા વિચારો છે, તેની વાતો પણ છે.

ત્રીજા અધ્યાયમાં માયાનું રૂપ કેવું છે? માયાને પાર કરવાનો રસ્તો કર્યો? બ્રહ્મનું સ્વરૂપ શું છે? કર્મનું સ્વરૂપ કેવું છે? તે સમજાવ્યું છે. કર્મનું રહસ્ય પણ સમજાવ્યું છે. આ સૃષ્ટિ ઉત્ક્રાંત (Evolve) થઇ છે? કોણે ઉત્ક્રાંત કરી? લામાર્ક અને ડાર્વીન વાંચ્યો હશે તો કપિલ શું કહે છે તે ખબર પડશે. **प्रकृतिस्तु कर्त्रि पुरुषस्तु पुष्करपलाशवत् निर्लेपः ।** ષડ્દર્શનમાં માયાનું જે સ્વરૂપ બતાવ્યું છે તે જ અહીં શાસ્ત્રીય દષ્ટિથી સમજાવ્યું છે. તેના ઉપર ઉપાય કયો? તો કહે છે, ભક્તિ! ભાગવતકારનો એક જ રસ્તો છે, **नारायणपरोज्योतिरात्मा नारायणः परः ।** તે ભક્તિ સિવાય બીજું કંઇ બોલતા નથી.

માયાનાં બે રૂપ હોય છે. એક, માયાનું ભગવાન પર પરિણામ છે અને બીજું, મારા પર પરિણામ છે, કેમ કે બ્રહ્મ જ્યારે માયાશબલિત બને છે ત્યારે પ્રભુ બને છે, ભગવાન બને છે. આમ માયા ભગવાનને લાગે છે તેમ મને પણ લાગે છે. **दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया.......**એમ ગીતામાં કહ્યું છે. શાસ્ત્રકારોએ તેનો રસ્તો કાઢયો છે. ભગવાનને જે માયા લાગે છે તે **विशुद्धसत्त्वप्रधाना माया** છે અને **मलिनसत्त्वप्रधाना अविद्या** છે, જે જીવને લાગે છે તે **अविद्या** છે. આપણે બધે ઠેકાણે માયા, માયા શબ્દ બોલીયે છીએ. આ માયા સમજી લઇશું અને માયા સ્વીકારીશું તો બહુ સારી વાત થશે, પરંતુ, આપણે **अविद्या** માં ફસાઇ ગયા છીએ.

ભગવાનની એક બહુ મોટી માયા છે. સૌંદર્ય છે, કૌશલ્ય છે, શક્તિ છે, તે બધી જગાએ ભરેલાં છે. આ સૌંદર્ય અનોખું જ છે. આજે અહીં આટલા લોકો બેઠા છે. પ્રત્યેકનું સૌંદર્ય જુદું છે. પ્રત્યેક સુંદર છે પરંતુ, અંદરથી રામ ચાલી જાય તો ખબર પડે કે બે કલાકમાં માણસ કેટલો કુરૂપ થઇ જાય છે. તે જે સૌંદર્ય છે તે એક જુદું જ સૌંદર્ય છે. પ્રત્યેક વસ્તુમાં ભગવાનનું સૌંદર્ય છે, કૌશલ્ય છે. કૃમિકીટકથી શરુ કરીને, ફૂલ જુઓ, પથ્થર જુઓ, બધામાં સૌંદર્ય, કૌશલ્ય અને શક્તિ છે. તમે એક એક ફૂલ જુઓ, તેનો રંગ જુઓ, તેની સુગંધ જુઓ, તેમાં જે સૌંદર્ય છે, કૌશલ્ય છે અને શક્તિ છે, તે અનોખા છે, અલૌકિક છે. આટલું બધું હોવા છતાં, ભગવાન ગુપ્ત રહે છે. કર્તા ગુપ્ત રહે છે, તે જ એની માયા છે.

સુંદર મોગરાનું ફૂલ જોયા પછી તેનું રૂપ, તેનો રંગ, તેની સુગંધ યાદ આવે છે, પરંતુ, મોગરાનું ફૂલ બનાવનાર ગુપ્ત રહે છે, એટલું જ નહિ, આ કોણે બનાવ્યું હશે તેનો વિચાર કરવાની ઇચ્છા જ થતી નથી. આ જ માયા છે. પત્ની સારી છે, સુંદર છે, પરંતુ, તે કોણે બનાવી તે વિચારવાનું પણ મન થતું નથી. મારી છે, બસ, પતી ગયું. મારા પર માયા આવી ગઇ તેનું કારણ શું? તેનું કારણ ઉપનિષદમાં બે પક્ષીઓના દષ્ટાંતથી સમજાવ્યું છે:

द्वा सुपर्णा सयुजासखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥ (मुण्डक-१/१)

(એક સાથે રહેવાવાળા પરસ્પર સખાભાવ રાખવાવાળા બે પક્ષી એક જ વૃક્ષનો આશ્રય લઇને રહે છે. તે બેમાંથી એક તે વૃક્ષનાં ફળોનો સ્વાદ લઇને ઉપભોગ લે છે અને બીજો તે ફળ ન ખાતાં કેવળ જોયા કરે છે.)

આપણને વસ્તુ અને વ્યક્તિની અભિલાષા રહે છે. જે વસ્તુ કે વ્યક્તિની અભિલાષા છે તેને

માણસ સંભાળે છે, તેના માટે તે સહન પણ કરે છે. તે પત્ની હશે, કાકા હશે, માસી હશે, પડોશી હશે, માણસ તેને સંભાળે છે. શાસ્ત્રકારો કહે છે કે તેમની તને બિલકુલ આવશ્યકતા નથી. તું જ્યારે સૂઇ જાય છે ત્યારે તું પૂર્ણ હોય છે. આ બિલકુલ સાચું છે. રાત્રે સૂઇ ગયા પછી મને કોઇની આવશ્યકતા નથી હોતી, તે પ્રત્યેક માણસને ખબર છે.

न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्षः
चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम् ॥
न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम् ॥

મૃત્યુની બહુ મોટી શંકા છે પરંતુ,
न मे मृत्युशंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बंधुर्न मित्रं गुरुर्नैव शिष्यः
चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम् ॥

રાત્રે બાર વાગે સૂઇ ગયા પછી આપણી પાસે કઇ વસ્તુ હતી? શું કંઇ સાંભળતા હતા, ખાતા હતા, જોતા હતા? કંઇ નહિ, પરંતુ, આપણે સુખી હતા. કયું સુખ હતું? બુદ્ધિમાન માણસ વિચાર કરે છે અને નિર્બુદ્ધ સૂએ છે. તે રાત્રે સૂએ છે અને દિવસે પણ સૂએ છે. કેટલાયે લોકો ઊંઘમાં ચાલે છે. આપણે ચાલીએ, બજારમાં જઇએ, એનો અર્થ એ નથી કે આપણે જાગીએ છીએ. સૂતેલા જ છીએ.

અભિલાષા આપણને છોડતી કેમ નથી, એ પ્રશ્ન છે. આપણી દષ્ટિથી માયા (વ્યક્તિ અને વસ્તુની અભિલાષા) રહેશે જ પરંતુ, શાસ્ત્રકાર કહે છે: **पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते** – આપણે આ રોજ વાંચીએ છીએ કે હું પૂર્ણ છું. મને કોઇની જરૂર નથી. તેવો અનુભવ પણ રોજ ઊંઘમાં લઇએ છીએ. તે છતાં વસ્તુ કે વ્યક્તિની અભિલાષા છે તે સુખને માટે છે એમ લાગે છે. વ્યક્તિ અને વસ્તુ વગર હું વધારે સુખી હતો, તેવો અનુભવ પણ હતો, છતાં તે અભિલાષા છૂટતી નથી. ભગવાનના પક્ષે ગુપ્તતા છે તે માયા છે અને જીવના–મારા-પક્ષમાં અભિલાષા છે તે માયા છે.

આ અભિલાષાની પૂર્તિ થવી જોઇએ. આપણે હાથે તે અભિલાષાપૂર્તિ થતી નથી. 'ભગવાન! તારી સહાય નહિ હોય તો હું મારી અભિલાષાપૂર્તિ કરી નહિ શકું. આ સંસારમાં હું એકલો શું કરી શકું છું? કંઇ નહિ. મને તારું આશ્વાસન જોઇએ, એટલું જ નહિ, તારો હાથ–તારી સહાય જોઇએ.' આમ અભિલાષપૂર્તિને માટે પણ ભક્તિ જોઇએ, તેવી જ રીતે અભિલાષા બદલાવવા

માટે પણ ભક્તિ જોઈએ. અભિલાષા રાખો પણ તેને બદલી નાખો. અભિલાષાપૂર્તિ કરવી છે, અભિલાષા બદલવી છે અને અભિલાષા બંધ કરવી છે, ખલાસ કરવી છે. આ ત્રણેયને માટે ભક્તિ જોઈએ. આ માયાને પાર કરવાનો રસ્તો છે. માયા સમજવી જોઈએ અને ભક્તિ જ તેનો ઉપાય છે આવું આગ્રહથી ભાગવતકારે કહ્યું છે. ભક્તિની જીવનમાં આવશ્યકતા ક્યાં છે તે સમજી લેવું જોઈએ.

ત્યારપછી, ભાગવતમાં **धर्मान् शिक्षेत्** – ભાગવતધર્મનું શિક્ષણ લઈ લો એમ કહ્યું છે. **तत्र भागवतान् धर्मान् शिक्षेद् गुर्वात्मदैवतः।** બીજું વિષય વૈરાગ્ય, ત્રીજું, સજ્જનોની સાથે મૈત્રી, ચોથું, અનાથો પર દયા અને પાંચમું, શ્રેષ્ઠ પુરુષનો આદર. ત્યારપછી શુચિતા, શૌચ, તિતિક્ષા આ બધા ગુણો આવવા જોઈએ એવું ભાગવતધર્મમાં તેમણે લખ્યું છે. ભાગવતધર્મમાં ક્યા ઘરેણાં જોઈએ તે બહુ સ્પષ્ટ લખ્યું છે.

तत्रभागवतान् धर्मान् शिक्षेद् गुर्वात्मदैवतः ।
अमाययानुवृत्त्या यैस्तुष्येदात्माऽऽत्मदो हरिः ॥
सर्वतो मनसोऽसङ्गमादौ सङ्गं च साधुषु ।
दयां मैत्रीं प्रश्रयं च भूतेष्वद्धा यथोचितम् ॥
शौचं तपस्तितिक्षां च मौनं स्वाध्यायमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च समत्वं द्वन्द्वसंज्ञयोः ॥ (भा. ११/३/२२-२४)

(ગુરુની પાસે રહીને ગુરુને જ આત્મા અને ઈષ્ટદેવ સમજતાં, નિષ્કપટ સેવાથી ભગવત્ સંબંધી ધર્મ શીખવા કે જે ધર્મોથી આત્મા અને ભક્તોને પોતાનું સ્વરૂપ આપનાર ભગવાન પ્રસન્ન થાય છે. મનમાં સર્વ વિષયોથી વૈરાગ્ય, પ્રથમ સાધુ પુરુષોનો સંગ, પોતાથી હીન પ્રાણી ઉપર દયા, સમાન સાથે મૈત્રી અને ઉત્તમ પાસે નમ્રતા દાખવવાનું શીખવું. શરીરની પવિત્રતા, મનની પવિત્રતા, સ્વધર્મનું આચરણ, ક્ષમા, વૃથા બોલવાનો ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ, બ્રહ્મચર્ય, અહિંસા અને સમત્વ શીખવું).

ભાગવતધર્મમાં જે ઘરેણાં જોઈએ તે અહીં લખ્યાં છે. આમાં ક્યાંયે ચાંદલો કેવો કરવો તે લખ્યું નથી. ચાંદલો કરવાવાળાની આ મશ્કરી નથી પરંતુ, ચાંદલો કર્યો તેમાં પૂર્ણવિરામ સમજવાવાળા માટે આ કહું છું. જ્યાં અલ્પવિરામ જોઈએ ત્યાં પૂર્ણવિરામ સમજે છે તે ખોટું છે. કેટલાક લોકો કહે છે: 'હું દરરોજ સ્નાન કરી, કપાળે તિલક કરું છું અને ત્યારપછી જ દૂધ પીઉં છું. એનું કારણ હું વૈષ્ણવ છું.' વૈષ્ણવની વ્યાખ્યા એટલી નાની બનાવી દીધી છે કે કોઈપણ માણસ વૈષ્ણવ થઈ શકે છે. સુભાષિતકાર કહે છે:

ये पापं शमयन्ति संगतिभृतां ये दानशृङ्गारिणो
येषां चित्तमतीव निर्मलतरं येषां न भग्नं व्रतम् ।
ये सर्वान्सुखयन्ति हि प्रतिदिनं ते वैष्णवाः दुर्लभा
गङ्गावद्गजगण्डवद्गगनवद्गांगेयवद्गेयवत् ॥

(જેમનો સહવાસ પાપો ખલાસ કરે છે, જે દાનને અલંકૃત કરે છે, જેમનું ચિત્ત અતિશય

નિર્મળ હોય છે, જેમના વ્રતોનો કદી ભંગ થતો નથી, જે સર્વને પ્રતિદિન સુખ આપે છે એવા વૈષ્ણવ, ગંગા, હાથીના ગંડસ્થળ, આકાશ, ભીષ્મ અને સંગીત જેવા હોય છે અને આ જગતમાં દુર્લભ હોય છે.)

ભાગવતધર્મમાં, ગુરુ જ મારો આત્મા છે, ગુરુ મારા દેવતા છે, એવું લાગવું જોઇએ તો આ માર્ગે જઇ શકાશે. અણજાણ પર પ્રેમ કરવાનો છે, અદશ્ય પાસે જવાનું છે અને અજાણ્યા રસ્તે જવાનું છે, તેથી ગુરુ ઉપર-રસ્તો બતાવનાર ઉપર-આત્યંતિક પ્રેમ અને આત્યંતિક શ્રદ્ધા નહિ હોય તો તે રસ્તે નહિ જઇ શકાય. અધ્યાત્મમાં ગુરુની અત્યાવશ્યકતા સમજાવી છે.

ગુરુ અત્યાવશ્યક છે, તે મારો આત્મા છે એવું લાગવું જોઇએ. આનો અર્થ શો છે? ગુરુનાં સુખ-દુઃખ મારાં સુખ-દુઃખ બનવાં જોઇએ. ગુરુનું કાર્ય અને ધ્યેય મારું લાગવું જોઇએ. એનું કારણ, કાર્ય અને ધ્યેય વગરનો ગુરુ હોઇ જ શકતો નથી. જો હશે તો તે ગુરુ નથી. તમે ઋષિઓનું અને આચાર્યોનું જીવન જુઓ. તેમનાં જીવનમાં ધ્યેય દેખાય છે તેમ કાર્ય પણ દેખાય છે. તેમનું ધ્યેય અને કાર્ય એ મારું પણ ધ્યેય અને કાર્ય છે એવી એકતા ગુરુ સાથે થવી જોઇએ.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિ એ એક મધુર કાવ્ય છે. ગીતાના તેરમા અધ્યાયમાં જ્ઞાનેશ્વર ભગવાને ગુરુની મહત્તા સમજાવી છે. ગુરુ એટલે શિક્ષક અથવા આચાર્ય નહિ. શિક્ષક અને આચાર્ય તત્ તત્ વિષયના તજ્જ્ઞ હોય અને સમજાવતા હોય; પરંતુ ગુરુ જ્ઞાનના ગર્ભાગારમાં લઇ જાય છે. ગુરુ આપણને જીવનનાં આંગણમાં લઇ આવે છે. શિક્ષક અને આચાર્યની પાસે શંકા કહેવી પડે છે અને તે સમજાવીને શંકાનું નિરસન કરે છે. જેને જોયા પછી શંકાનું નિરસન થઇ જાય છે તેને ગુરુ કહે છેઃ **गुरुस्तु मौनं व्याख्यानं शिष्यस्तु छिन्नसंशयः ।** આમ ગુરુની મહત્તા અદ્ભુત છે. શંકરાચાર્યે લખ્યું છેઃ

दृष्टान्तो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्गुरोर्ज्ञानदातुः
स्पर्शश्चेत्तत्र कल्प्यः स नयति यदहो स्वर्णतामश्मसारम् ।
न स्पर्शत्वं तथापि श्रितचरणयुगे सदगुरुः स्वीयशिष्ये
स्वीयं साम्यं विधत्ते भवति निरुपमस्तेन वाऽलौकिकोऽपि ॥ (शत. ૧)

(સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ-એ ત્રણેય લોકમાં, જ્ઞાન દેનાર સદ્‌ગુરુને કોઇની ઉપમા આપી શકાય એમ નથી. ગુરુને જો પારસમણિ જેવા માનીએ, તો એ બરાબર નથી; કારણ કે પારસમણિ તો માત્ર લોઢાને સોનું બનાવે છે; પોતાના જેવો પારસમણિ બનાવતો નથી; અને સદ્‌ગુરુ તો ચરણનો આશરો લેનાર પોતાના શિષ્યને પોતાના જેવો જ બનાવે છે; આથી ગુરુદેવને કોઇની ઉપમા નથી. ગુરુ તો અલૌકિક છે.)

'હું કોઇનો છું' એમ બોલવામાં આનંદ છે. 'હું મારો જ છું' એમ બોલવામાં આનંદ નથી. પ્લેટો કહે છેઃ "હું સોક્રેટિસનો છું." એરિસ્ટોટલ કહે છે કે "હું પ્લેટોનો છું." "હું ઇબ્સેનનો છું," એમ બોલવામાં શૉને આનંદ આવે છે. 'હું માર્ક્સનો શિષ્ય છું.' એમ કહેવામાં લેનિનને ગૌરવ લાગે છે. આ દષ્ટાંતો આપવાનું કારણ એ છે કે જડવાદી લોકો પણ ગુરુપૂજા માને છે, કેવળ ઈશ્વરવાદીઓ જ માને છે એવું નથી. એટલે જેમને ભાવના છે, તેમનામાં ગુરુપૂજાનું મહત્ત્વ છે.

ગુરુના જે સિદ્ધાંતો છે, તેમના જે પ્રયોગો છે તે આપણે આગળ વધારીશું એવી ભાવના શિષ્યોના અંત:કરણમાં હોવી જોઇએ.

જનકરાજા કહે છે કે હું યાજ્ઞવલ્ક્યનો શિષ્ય છું. શુકદેવજી કહે છે કે હું જનકનો શિષ્ય છું! આમાં વીતરાગ શુક છે અને સિંહાસન પર બેઠેલા રાજર્ષિ જનક છે. આચાર્યોમાં પણ આવું જ છે. શંકરાચાર્ય કહે છે કે હું ગૌડપાદાચાર્યનો છું. મૂળવાત એ છે કે ગુરુના સિદ્ધાંતો આગળ લઇ જવાના છે અને ગુરુના જે પ્રયોગો છે તે વધારે શક્તિ લગાડીને આગળ લઇ જવા એ ગુરુપૂજા છે. ગુરુપૂજા કેવળ ફૂલ આપીને કે ફળ આપીને નથી થતી. ગુરુના જે જીવનસિદ્ધાંતો છે, તેમનું જે ધ્યેય છે, કાર્ય છે, તેને આગળ વધારવાં એ ગુરુપૂજા છે. જ્યાંસુધી શાંત અને સ્વચ્છ થવાની ભૂખ માનવમાં છે ત્યાંસુધી ગુરુપૂજા રહેશે જ. ગુરુપૂજા છૂટશે નહિ.

ગુરુને જોઇને સ્વાર્થ ખલાસ થઇ જાય છે, જેની પાસેથી સ્વાર્થ સાધવાની ઇચ્છા થતી નથી, તે ગુરુ છે. જૂનાકાળમાં કહેવામાં આવતું કે બ્રાહ્મણનું ખાવું ન જોઇએ. હવે તો બ્રાહ્મણને જ ખાય છે પણ બ્રાહ્મણનું ખાવાની ના પાડે છે. એનું કારણ શું અને શા માટે કહ્યું હતું તેની જ લોકોને ખબર પડતી નથી. બ્રાહ્મણની પાસે, ગુરુની પાસે સ્વાર્થનો વ્યવહાર ન હોવો જોઇએ.

એક વખત શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પ્રચંડ શિલાતલ ઉપર બેઠા હતા. રાય-રંક બધા તેમનાં દર્શને જતા હતા. પ્રાત:કાળે રાજા એકલોજ પગે ચાલતો તેમનાં દર્શન માટે જતો હતો. બીજો એક શ્રીમંત માણસ પણ જતો હતો. રસ્તામાં એક માળી બેઠો હતો. તેના હાથમાં એક રમણીય સુગંધી કમળ હતું. શરદ ઋતુ પૂરી થઇ, શિશિરઋતુ શરૂ થઇ હતી. કમળ દુર્મેળ થયા હતા. તે કમળ વેચાતું લઇ આચાર્યના ચરણે ધરવાની, રાજા અને શ્રીમંત માણસને ઇચ્છા થઇ.

શ્રીમંતે પૂછયું: 'માળી, ફૂલની શું કિંમત?'

માળીએ કહ્યું: 'ચાર આના.'

રાજાએ કહ્યું: 'હું આઠ આના આપું છું. તું કમળ મને આપ.'

શ્રીમંતે કહ્યું: 'હુ તને એક રૂપિયો આપું. તું મને આપ.'

આવી રીતે કમળની કિંમત વધવા લાગી. માળી મનમાં બોલ્યો: 'આ બન્ને જણ જેને આ કમળ વેચશે તેને જ હું વેચું તો મને વધારે પૈસા મળશે.' આવું વિચારી માળીએ કહ્યું: 'મારે કમળ વેચવું નથી. તમે જાઓ.'

શ્રીમંત માણસ અને રાજા, બન્ને ચાલવા લાગ્યા. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પ્રચંડ શિલાતલ ઉપર બેઠા હતા. રાજાએ તેમને નમસ્કાર કર્યા અને બાજુ પર બેસી ગયો. શ્રીમંત માણસ પણ તેમને નમસ્કાર કરીને બેસી ગયો. તેમની પાછળ પેલો માળી પણ હતો. તે આચાર્ય પાસે ગયો, તેમના ચરણોમાં તે કમળ મૂક્યું. નમસ્કાર કર્યા અને તે પણ બેસી ગયો.

ભગવાન શંકરાચાર્યને જોતાં જ માળીના મનમાં કમળ વેચવાનો સ્વાર્થી વિચાર ઊભો ન રહ્યો. તે પવિત્ર મૂર્તિ સામે પવિત્ર વિચારથી તેનું હૃદય ભરાઇ આવ્યું. પવિત્ર વાતાવરણમાં સ્વાર્થી

વિચાર ક્ષણભર પણ ટકી ન શકયા.

જેમની પાસે ગયા પછી સ્વાર્થી વિચારો ખતમ થઇ જાય એવા પવિત્ર બ્રાહ્મણો જૂનાકાળમાં હતા તેથી જ બ્રાહ્મણને વ્યવહારમાં બનાવવો નહિ એમ લાગતું હતું. બ્રાહ્મણનું વ્યવહારમાં ધ્યાન જ ન હોય. એનો અર્થ વ્યવહાર તરફ તે ધ્યાન આપી ન શકે એવું ન હતું, પરંતુ, વ્યવહાર કરતાં બીજી અનેક વાતો તરફ તેનું ધ્યાન રહેતું. આજ સુધી એક પરંપરા છે કે બ્રાહ્મણના ઘરમાં ન ખાવું જોઇએ. શું બ્રાહ્મણ અછૂત છે? અરે! અછૂતના ઘરમાં ખાવામાં પણ શો વાંધો છે? તો બ્રાહ્મણને ત્યાં ન ખાવાની જે પદ્ધતિ પરંપરાથી આવી છે તે શા માટે આવી છે તે વિચારવું જોઇએ.

હિંદી ભાષામાં એક કહેવાત છે: **पीना पानी छान के और गुरु करना जान के** । સમજીને ગુરુ માનવા જોઇએ. સંસ્કૃતમાં પણ એક સુભાષિત છે.

बहवो गुरवो लोके शिष्यवित्तापहारका: ।
क्वचित्तु तत्र दृश्यन्ते शिष्यचित्तापहारका: ॥

(જગતમાં શિષ્યનું વિત્ત હરણ કરવાવાળા ઘણા ગુરુઓ હોય છે. પરંતુ, શિષ્યના ચિત્તનું હરણ કરવાવાળા ગુરુ કવચિત્ દેખાય છે.)

ભાગવતધર્મમાં પ્રથમ કંઇ સમજાવ્યું હશે તો ગુરુભક્તિ સમજાવી છે. ગુરુ શબ્દનો અર્થ શું? **'गु' शब्दस्त्वन्धकार:स्यात् 'रु' शब्दस्तन्निवर्तक:** । **'गु'** શબ્દનો અર્થ અંધકાર છે અને **'रु'** શબ્દનો અર્થ છે, નિવર્તક. અંધ:કારનું નિવારણ કરે તેને ગુરુ કહેવાય. જીવન શું છે? શા માટે છે? એના વિષે બધાના જીવનમાં અંધકાર છે. અંધકારમાં પ્રકાશ કોણ આપશે? કોઇ કહેશે કે સૂર્ય. ખરી વાત છે. સૂર્ય જ અંધકારનો નાશ કરે છે. તમે સૂર્યને માનો કે ન માનો, તમને જોઇએ કે ન જોઇએ, સૂર્ય ઊગવાનો જ અને પ્રકાશ આપવાનો જ. સૂર્ય જે અંધારાનો નાશ કરે છે તે જુદું અંધારું છે; પરંતુ જીવનમાં જે અંધારું છે તે જુદું છે. તે અંધારું કોણ દૂર કરશે? આપણે નાનાના મોટા થઇએ, ભણીએ, લગ્ન કરીએ, છોકરાઓ થાય, તેમને ભણાવીએ, પછી પરણાવીએ, ઘરડા થઇએ અને મરી જઇએ. જીવનની બાબતમાં અંધારું છે તેનું જ આ પરિણામ છે. જીવનનો અર્થ જ આપણને ખબર નથી. જીવનનો અર્થ જે દેખાડે, તેને ગુરુ કહેવાય.

જેના જીવનમાંથી અંધારું ચાલી ગયું છે એવા જનકરાજા રાજસિંહાસન પર બેસીને પણ શુકના ગુરુ થઇ શકે છે. રાજ્ય, વિત્ત, લક્ષ્મી પાસે હોય તેનાથી કંઇ મુમુક્ષુત્વ ખતમ નથી થતું.

ગુરુ કેવો હોવો જોઇએ? તેના ઉપર પણ શાસ્ત્રકારોએ લખાણ લખ્યું છે. **सर्वशास्त्रपरो दक्ष: सर्वशास्त्रार्थवित् सदा** – જેને કંઇ આવડતું નથી, કંઇ શાસ્ત્રોનો અભ્યાસ નથી, તે ગુરુ કેમ થઇ શકે? તે બીજાનો અનુભવ ઉપાડવા જ તૈયાર નહિ થાય. તેને બીજાનો અનુભવ ખબર જ નથી. જ્ઞાનનો અર્થ શું છં? બીજાનો અનુભવ ઉપાડવા જ તૈયાર નહિ થાય. તેને બીજાનો અનુભવ ખબર જ નથી. જ્ઞાનનો અર્થ શું છું? બીજાનો અનુભવ. દસ હજાર વર્ષમાં માણસને અનેક અનુભવો મળ્યા છે. આ અનુભવો શબ્દાંકિત થયા તેને જ શાસ્ત્ર કહે છે. ગુરુ કેવો હોવો જોઇએ?

सर्वशास्त्रपरो दक्षः सर्वशास्त्रार्थवित्सदा ।
सुवाचः सुन्दरः स्वंगः कुलीनः शुभदर्शनः ॥
जितेन्द्रियः सत्यवादी ब्राह्मणः शांतमानसः ।
सगुणोपासनांयस्तु सम्यग्नाति कोविदः ॥

સગુણોપાસના એ જીવનવિકાસ માટે સૌથી વધારે મહત્ત્વની વાત છે. કારણ, મૂર્તિપૂજા વગર વ્યક્તિ આગળ જઇ શકતી નથી. તેના વગર ચિત્તશુદ્ધિ અશક્ય છે.

તમે જ્ઞાત મન કદાચ બુદ્ધિથી શુદ્ધ કરશો, જો તમારી પાસે શક્તિશાળી બુદ્ધિ હશે તો! પરંતુ, અજ્ઞાત મનનું શુદ્ધિકરણ કેવી રીતે કરશો? અજ્ઞાત મન (Inexperienced state of mind) વાસનારૂપે છે તેનું શુદ્ધિકરણ કરવું હશે તો મૂર્તિમાં ચિત્તએકાગ્રતા એ એક જ ઉપાય છે, તેથી જ સગુણોપાસનાનો આગ્રહ રાખ્યો છે.

બુદ્ધ ભગવાન પછી મૂર્તિપૂજા ચાલી ગઇ હતી તેથી જ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યને ઊઠવું પડયું. ક્ષણિક વિજ્ઞાનવાદ અને મૂર્તિપૂજા માટે શંકરાચાર્ય કેરાલાથી બદરીનારાયણ સુધી ફર્યા. લોકો તો એમ કહે છે કે શંકરાચાર્યને બદરીનારાયણમાં ભગવાનનાં દર્શન થયાં. મને તો આ વાતમાં, શંકરાચાર્યની મશ્કરી લાગે છે. આમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે કેરાલાના સમુદ્ર કિનારા પર તેમને સાક્ષાત્કાર ન થયો તેથી તેમને બદરીનારાયણ જવું પડયું? તો કેરાલાથી બદરીનારાયણ સુધીનો પ્રદેશ ઇશ્વર વગરનો રણપ્રદેશ હતો? તો પછી શંકરાચાર્ય બદરીનારાયણ શા માટે ગયા? મૂર્તિપૂજાનો ઝંડો લઇને તેઓ બદરીનારાયણ ગયા હતા. બદરીનારાયણની સ્થાપના પણ તેમણે કરી હતી.

ધર્મમાં કેટલો કચરો ઘૂસ્યો છે, તે જુઓ. શંકરાચાર્યનું નામ શંકર છે. તેઓ **चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम्** એમ બોલે છે. લોકો સંસ્કૃતનો અભ્યાસ કરતા નથી તેથી બોલે છે કે શંકરાચાર્ય વિષ્ણુના ભક્ત નથી. તેમને પૂછવું જોઇએ કે બદરીનારાયણની સ્થાપના કોણે કરી? શંકરાચાર્યે જ કરી છે. તે તેમને ખબર નથી. તે કોઇને જાણવું પણ નથી. **पीछे से आया, आगे लौट दिया** – આવું કરવાથી આપણા જૂનાં ચરિત્રો ઉપર કેટલો અન્યાય થતો હશે? **सर्वकार्येषु निपुणः गुरु एवम् ते विधीयते** આવા ગુરુની અધ્યાત્મમાં આવશ્યકતા છે. ગુરુ આપણને ઉપર લઇ જશે તે માટે તેની આવશ્યકતા નથી. ગુરુ માર્ગદર્શક છે. અદશ્ય ભગવાન પાસે જવાનું છે. અદશ્ય શક્તિ ઉપર પ્રેમ કરવો છે, તો જીવનમાં ગુરુ હોવો જ જોઇએ. તેના વિચાર અને તેના જીવનનું મારા જીવન ઉપર પરિણામ થાય છે તેથી મને ગુરુની આવશ્યકતા છે.

જુઓ, તમે પ્રકૃતિ પાસે જશો, ઝરણાં પાસે જઇને બેસશો તો તમારું ચિત્ત શાંત થઇ જશે; કેમકે તેમાં ભગવાન છે એમ લોકો કહે છે. છગન-મગન ભેગા થયા છે તો શું છગનમાં ભગવાન નથી? છે જ, પરંતુ, છગન-મગનને એકબીજાને જોયા પછી દ્વેષ નિર્માણ થાય છે. શાંતિ ક્યાં મળે છે? આપણમાં પણ ભગવાન છે; પરંતુ પ્રકૃતિમાં જે ભગવાન છે, તે અહંકારથી ડહોળાયેલા નથી. આપણમાં જે ચૈતન્ય છે તે અહંકારથી ડહોળાયેલું છે. તેનું બીજા પર પરિણામ થતું નથી. મહાપુરુષના વિચાર અને જીવનનું પરિણામ, આપણને ખબર ન પડતાં, હળવે હળવે આપણી

ઉપર થાય છે. પરિણામ થાય છે એનો અર્થ એવો નથી કે આજે મહાપુરુષ પાસે આવ્યા અને કાલે તમે વસિષ્ઠ બની ગયા. એવું હોય તો **संवत्सरं संवत्सरः**.....કહેવાની જરૂર નથી. ગુરુ અથવા મહાપુરુષના વિચાર અને જીવન, માણસનું જીવન હળવે હળવે બદલે છે; કારણ એનું જીવન ભગવદ્‌ભક્તિથી ચાલવાવાળું છે.

ગુરુ જોઇએ. એનું કારણ, આપણા મનમાં કચરો આવે છે તે બધો કચરો ઠાલવવો ક્યાં? માણસ એકરાર ક્યાં કરે? ખ્રિસ્તી લોકોએ ચર્ચમાં ભગવાન પાસે એકરાર (Confession) કરવા માટે એક દિવસ રાખ્યો છે. ભગવાન પાસે કચરો ઠાલવ્યા પછી પ્રતિસાદ (Response) નથી મળતો તેથી હળવા પણ થવાતું નથી. તો પછી મનનો કચરો ક્યાં ઠાલવવો? મનનો કચરો ઠાલવ્યા પછી, જેના મનમાંથી માણસ ઊતરી ન જાય, તેવા મહાપુરુષની જીવનમાં અત્યંત આવશ્યકતા છે. આવા મહાપુરુષ, કોઇનું પાપ જાણ્યા પછી પણ વ્યક્તિની અંદર રહેલા ચૈતન્ય તરફ જોશે. આવા મહાપુરુષને ગુરુ કહે છે.

ગુરુની પાસે માણસ પાપ ઓકે નહિ તો મનમાં ક્યાંસુધી સંગ્રહી રાખશે? માણસના હાથે પાપ તો થાય જ છે. અજ્ઞાનથી, મૂર્ખાઇથી કે પરિસ્થિતિ પરવશ થઇને માણસના હાથે પાપ થઇ જાય છે. થયેલું પાપ મહાપુરુષ આગળ ઓકયા વગર હળવા થવાય નહિ. મનમાં નાના નાના કુવિચારો પણ આવે છે. તે કહેશો કોને? તેને માટે ગુરુ જોઇએ. ગુરુ પથ્થર જેવા (સારા અર્થમાં)–એટલે કે કોઇનું પાપ સાંભળીને પણ જેના પર પરિણામ ન થાય તેવા જોઇએ. તે કોઇનું પાપ સાંભળશે, જરૂર પડે તો માર્ગદર્શન કરશે; પરંતુ પછી ગુરુ તે વાત ભૂલી જશે, કહેનાર તરફ પાપીની દૃષ્ટિએ જોશે નહિ. તેની અંદર રહેલા ચૈતન્ય તરફ જ જોશે. કોઇનું પાપ સાંભળીને તેનો લાભ (Exploitation) નો વિચાર સુધ્ધાં તેને નહિ આવે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે તે વાતનો તે ઉપયોગ કરશે નહિ, તેથી હું તેને પથ્થર જેવો કહું છું. એકરારને માટે ગુરુ જોઇએ. જો મનમાંથી પાપ ઓકવામાં ન આવે તો માણસના હાથે ફરી ફરી પાપ થતાં રહે. 'મેં એક વખત પાપ ઓકી નાખ્યું' તો માનસશાસ્ત્રની દૃષ્ટિએ તે પોતાને છૂટો સમજશે, હળવો બની જશે. આવી રીતે ગુરુની મહત્તા સમજાવી છે.

ભાગવતધર્મમાં ગુરુપૂજાનું વૈશિષ્ટ્ય સમજાવતાં કહે છે કે ગુરુ શિષ્યને આત્મવત્ સમજવાવાળા હોવા જોઇએ. કૈલાસરાણા શિવજી આદર્શ ગુરુ છે. તે બરફાચ્છાદિત, શુભ્ર, સ્વચ્છ, પ્રચંડ શિલાતલ ઉપર બેઠા છે, એટલે કે તેમનું આસન સ્વચ્છ અને શુભ્ર છે. ગુરુ જે કઇ કૃતિ કરે તેની બેઠક, તેનો પાયો સ્વચ્છ હશે. તે મારશે તો પણ તેનો હેતુ સ્વચ્છ હશે. ભગવાન હંમેશાં તમારી કૃતિ નહિ જુએ. તમે કૃતિ કરશો તેની બેઠક, તેનો હેતુ શો છે તે ભગવાન જોશે. કૃતિ સારી કે ખરાબ, તે હેતુ ઉપરથી નક્કી થાય છે. મા પણ દીકરાને મારે અને ગુંડો પણ કોઇને મારે. બન્નેની કૃતિ બહારથી સરખી જ લાગે છે પણ માનું મારવું પુણ્ય છે અને ગુંડાનું મારવું પાપ છે.

શિવજીના મસ્તકમાંથી જ્ઞાનની ગંગા વહે છે. ગુરુનું મસ્તક જ્ઞાનથી ભરેલું હોવું જોઇએ. કેટલાક લોકો કહે છે કે અમારા ગુરુ જ્ઞાનની ભાંજગડમાં પડતા નથી, પણ ચમત્કાર કરે છે.

આને ગુરુ કહેવાય જ નહિ. મસ્તકમાંથી જ્ઞાનની ગંગા વહેવી જોઇએ. પોતાનો અનુભવ અને બીજાનો અનુભવ મળીને જે થાય છે, તેને જ્ઞાન કહે છે. પોતાને અનુભવ હોવો જોઇએ તેમ બીજાનો અનુભવ સ્વીકારવાની તૈયારી હોવી જોઇએ. વેદ જ્ઞાનથી ભરેલા છે. જે વેદને માનતો નથી તે જ્ઞાની નથી. વેદનો અર્થ જ છે જ્ઞાન. શિવજીને ત્રણ આંખો છે. ત્રીજી આંખ છે તે બુદ્ધિની આંખ છે. તે ખુલ્લી હોવી જોઇએ. શિવજી ત્રિલોચન છે તેમ ગુરુની ત્રીજી બુદ્ધિની આંખ ખુલ્લી હોવી જોઇએ. તે ત્રીજી આંખથી બધી ઈંદ્રિયોને કાબૂમાં રાખે છે. શિવજી ઝેરી સાપોને નિર્વિષ બનાવીને રમાડે છે. માણસ સાપ કરતાં વધારે ઝેરી છે. આ કેવળ બૌદ્ધિક દૃષ્ટિથી નહિ, ભૌતિક દૃષ્ટિથી પણ સાચું છે. એવું કહેવાય છે કે 'સાપ માણસને કરડે, તે જ વખતે માણસ સાપને કરડે તો સાપ પહેલાં મરી જશે પછી માણસ મરશે. માણસના દાંતમાં આટલું ઝેર છે.' આવા માણસોને પણ જે નિર્વિષ બનાવવાવાળો હોય તે ગુરુ કહેવાય.

જીવનમાં મૃત્યુ છે જ. મૃત્યુ હોવું જ જોઇએ. મૃત્યુમાં કાવ્ય ઊભું કરનાર, મૃત્યુનું કાવ્ય બતાવનાર, ગુરુ છે. મૃત્યુ છે તેથી જીવન છે. તે ભગવાને જ બનાવ્યું છે. હું એક વખત ક્રિકેટની મેચ જોવા ગયો હતો. મેચ જોતાં જોતાં બધી વિગતો પૂછતો હતો. એટલામાં વિકેટની પછવાડે ઊભો હતો તેના માટે મેં પૂછયું કે, 'આ કોણ છે?' મને કહ્યું, 'તે વિકેટકીપર છે.' મેં પૂછયું, 'તેનું કામ શું'? તો કહે: 'બેટ્સમેન ક્રીસ છોડીને બહાર નીકળી જાય તો તે વિકેટ તોડી નાખે અને બેટ્સમેન આઉટ થઇ જાય.' મને આશ્ચર્ય થયું. મેં પૂછયું: 'જે વિકેટ તોડી નાખે, તેને વિકેટકીપર કેમ કહેવાય? તેને વિકેટ બ્રેકર (Wicket breaker) કહેવો જોઇએ.' તે ભાઇ તો મને જવાબ ન આપી શકયા. હું પોતે જ તેના ઉપર વિચાર કરવા લાગ્યો. આ રમત બ્રિટિશ લોકોએ બનાવી છે અને તે રમત બહુ સારી છે. વિકેટ પડવાની છે તેથી જ જીવનમાં આનંદ છે. વિકેટ પડે છે તેથી જીવનમાં ચૈતન્ય છે, પ્રાણ છે. સમજો કે વિકેટને સીમેંટથી જડી દેવામાં આવે તો તે પડે જ નહિ. વિકેટ પડે જ નહિ તો રમતનો આનંદ જ ખલાસ થઇ જાય. જ્યાસંધી વિકેટ પડે છે ત્યાંસુધી રમતમાં આનંદ છે. આવી રીતે જીવનમાં પણ માણસની વિકેટ પડે છે (મરે છે) તેથી જ જીવનનો આનંદ છે, સ્વાદ છે. વિકેટકીપરે રમતનો આનંદ સંભાળ્યો છે તેથી તેને વિકેટકીપર કહે છે. આવું જ ભગવાન પણ કરે છે. ભગવાન શિવજીનું રૂપ એ ગુરુનું રૂપ છે. જ્ઞાનરાણા શિવજી છે પરંતુ, લોકો તે સમજતા નથી તેથી કહે છે કે અમે વૈષ્ણવ છીએ, અમે શિવજીની ઉપાસના કરતા નથી. તેમને પૂછવું જોઇએ કે શિવજીની ઉપાસના કરશો તો શું થશે? પહેરણ પહેરીને બાપ આવે તો તું નમસ્કાર કરે, પરંતુ, એકાદ વખત બાપ પહેરણ ઉતારીને આવે તો શું તેને નમસ્કાર નહિ કરે? પહેરણ પહેરેલું ન હોય તો પણ બાપ તો બાપ જ છે. બાપનાં જુદાં જુદાં રૂપ હોઇ શકે.

એક જ દેવ રાખો એમ કહ્યું છે તેને અર્થ છે. ચિત્તએકાગ્રતા કરતી વખતે એક જ રૂપમાં ચિત્તએકાગ્રતા કરો. દરરોજ રૂપ બદલાવો નહિ. તેનો અર્થ એવો નથી કે જે બીજા રૂપમાં છે તે ભગવાન નથી. મૂર્તિપૂજાનું રહસ્ય ભૂલી ગયા પછી આવી વાતો ઘૂસી ગઇ છે.

ભાગવતધર્મમાં આના ઉપરાંત વિષયવૈરાગ્ય, અનાથો પર દયા, સજ્જનો સાથે મૈત્રી અને શ્રેષ્ઠપુરુષો માટે આદર હોવો જોઇએ, ત્યારબાદ, શુચિ, શૌચ, તિતિક્ષા વગેરે ગુણો જીવનમાં હોવા

જોઈએ એમ કહ્યું છે.

ભાગવત ધર્મમાં નારદજી કહે છેઃ

सर्वतो मनसोऽसङ्गमादौ सङ्गं च साधुषु ।
दयां मैत्रीं प्रश्रयं च भूतेष्वद्धा यथोचितम् ॥ (ભા. ૧૧/૩/૨૩)

(મનમાં સર્વ વિષયોથી વૈરાગ્ય, પ્રથમ સાધુ પુરુષોનો સંગ, હીન પ્રાણીઓ પર દયા, સમારની સાથે મૈત્રી અને ઉત્તમોની પાસે નમ્રતા રાખતાં શીખવું.)

પ્રથમ ચાર વાતો હોવી જોઈએ. (૧) વિષય વૈરાગ્ય, (૨) અનાથો ઉપર દયા, (૩) સજ્જનોની સાથે મૈત્રી અને (૪) શ્રેષ્ઠોને માટે આદર.

વિષયવૈરાગ્ય એટલે વિષયોનું ખેંચાણ ઓછું જોઈએ. કારણ, વિષયો માટે ખેંચાણ હશે તો ભગવાન માટેનું ખેંચાણ ઓછું થશે. વિષયો મળ્યા કે માણસ તેમાં જ પડી રહે અને ભગવાન છૂટી જાય. વિષયવૈરાગ્ય એ ભાગવતધર્મનું રહસ્ય છે.

આજે જુઓ, વિત્તવાનો અને સત્તાવાનો, જેઓ ભગવાનના લાડકા દીકરાઓ છે, તેઓ જ ભગવાનને ભૂલી ગયેલા દેખાય છે. તેમને જે મળ્યું છે તેની વ્યવસ્થા કરવામાં જ તેઓ પડી ગયા છે. જે વૈભવ મળ્યો છે તે શા માટે મળ્યો છે તેનો તેઓ વિચાર કરતા નથી. જે શક્તિ મળી છે તેનો ઉપયોગ કરવો જોઈએ તેવું તેઓ વિચારતા નથી. તેઓ દૈવ-નસીબને માને છે. કારણ, તે માન્યા વગર છૂટકો નથી. દૈવ માનવું અને દેવ-ભગવાન માનવા, આમાં ફરક છે. દૈવમાં અમારું કર્મ છે. ગયા જન્મનાં કર્મો-જે બેંકમાં જમા રાખ્યાં છે તે-આ જન્મમાં મળે, તેને દૈવ કહે છે. પરંતુ, દેવ-ભગવાન તો કૃપાથી, પ્રેમથી આપે છે. આમ બન્નેની વિચારધારામાં જ ફરક છે. કોઈ દૈવ-નસીબ માનતો હોય અને ગ્રહોની પૂજા પણ કરતો હોય, તો તેને ભાગવત કહેવાનું સાહસ કોઈ નહિ કરે. જે માણસ સમજુ છે તે તેને ભાગવત અથવા ભક્ત નહિ કહે.

વિષયવૈરાગ્ય શા માટે જોઈએ? ઈંદ્રિયોનું ખેંચાણ વિષય તરફ એટલું જબરદસ્ત હોય છે કે બળવાન માણસને પણ તે ખેંચી જાય છે, તેથી અહીં વિષયવૈરાગ્ય ઉપર ભાર આપ્યો છે. ભગવાન માટે જ્યારે જ્ઞાનથી પ્રેમ વધે છે, ભગવાન ઉપર બૌદ્ધિક પ્રેમ બેસે છે ત્યારે વિષય અને વિષય આપવાવાળા ભગવાનની સ્પષ્ટ કલ્પના આવે છે. વિષય માટે તેથી જ ભયસૂચના (Danger signal) દેખાડી છે.

અહીં પહેલી વાત એ છે કે વિષય છૂટશે કે? વિષયોને છોડી શકાય કે? વિષયનો અર્થ શું છે? વિષય એટલે Object. જ્યાંસુધી હું વિષયી (Subject) છું, ત્યાંસુધી વિષય (Object) રહેવાનો જ. આ દષ્ટિથી ભગવાન પણ વિષય (Object) છે. હું મૂર્તિપૂજા કરવા મંદિરમાં જાઉં છું, મંદિરમાં જે ભગવાનની મૂર્તિ છે તે પણ વિષય (Object) છે. ઉપરની સ્થિતિ પર પહોંચ્યા પછી તત્ત્વજ્ઞાની પણ કહે છે' **अतस्मिंस्तद्बुद्धिरविद्या** અને તેવી જ રીતે **अतस्मिंस्तद्बुद्धिः भक्ति – उपासना ।**

પ્રશ્ન એ છે કે વિષય છૂટશે કે? સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈને આનંદ થવો જોઈએ કે નહિ?

જોઇએ એમ કહ્યું છે.

ભાગવત ધર્મમાં નારદજી કહે છે:

सर्वतो मनसोऽसङ्गमादौ सङ्गं च साधुषु ।
दयां मैत्रीं प्रश्रयं च भूतेष्वद्धा यथोचितम् ॥ (भा. ११/३/२३)

(મનમાં સર્વ વિષયોથી વૈરાગ્ય, પ્રથમ સાધુ પુરુષોનો સંગ, હીન પ્રાણીઓ પર દયા, સમારની સાથે મૈત્રી અને ઉત્તમોની પાસે નમ્રતા રાખતાં શીખવું.)

પ્રથમ ચાર વાતો હોવી જોઇએ. (૧) વિષય વૈરાગ્ય, (૨) અનાથો ઉપર દયા, (૩) સજ્જનોની સાથે મૈત્રી અને (૪) શ્રેષ્ઠોને માટે આદર.

વિષયવૈરાગ્ય એટલે વિષયોનું ખેંચાણ ઓછું જોઇએ. કારણ, વિષયો માટે ખેંચાણ હશે તો ભગવાન માટેનું ખેંચાણ ઓછું થશે. વિષયો મળ્યા કે માણસ તેમાં જ પડી રહે અને ભગવાન છૂટી જાય. વિષયવૈરાગ્ય એ ભાગવતધર્મનું રહસ્ય છે.

આજે જુઓ, વિત્તવાનો અને સત્તાવાનો, જેઓ ભગવાનના લાડકા દીકરાઓ છે, તેઓ જ ભગવાનને ભૂલી ગયેલા દેખાય છે. તેમને જે મળ્યું છે તેની વ્યવસ્થા કરવામાં જ તેઓ પડી ગયા છે. જે વૈભવ મળ્યો છે તે શા માટે મળ્યો છે તેનો તેઓ વિચાર કરતા નથી. જે શક્તિ મળી છે તેનો ઉપયોગ કરવો જોઇએ તેવું તેઓ વિચારતા નથી. તેઓ દૈવ-નસીબને માને છે. કારણ, તે માન્યા વગર છૂટકો નથી. દૈવ માનવું અને દેવ-ભગવાન માનવા, આમાં ફરક છે. દૈવમાં અમારું કર્મ છે. ગયા જન્મનાં કર્મો-જે બેંકમાં જમા રાખ્યાં છે તે-આ જન્મમાં મળે, તેને દૈવ કહે છે. પરંતુ, દેવ-ભગવાન તો કૃપાથી, પ્રેમથી આપે છે. આમ બન્નેની વિચારધારામાં જ ફરક છે. કોઇ દૈવ-નસીબ માનતો હોય અને ગ્રહોની પૂજા પણ કરતો હોય, તો તેને ભાગવત કહેવાનું સાહસ કોઇ નહિ કરે. જે માણસ સમજુ છે તે તેને ભાગવત અથવા ભક્ત નહિ કહે.

વિષયવૈરાગ્ય શા માટે જોઇએ? ઈંદ્રિયોનું ખેંચાણ વિષય તરફ એટલું જબરદસ્ત હોય છે કે બળવાન માણસને પણ તે ખેંચી જાય છે, તેથી અહીં વિષયવૈરાગ્ય ઉપર ભાર આપ્યો છે. ભગવાન માટે જ્યારે જ્ઞાનથી પ્રેમ વધે છે, ભગવાન ઉપર બૌદ્ધિક પ્રેમ બેસે છે ત્યારે વિષય અને વિષય આપવાવાળા ભગવાનની સ્પષ્ટ કલ્પના આવે છે. વિષય માટે તેથી જ ભયસૂચના (Danger signal) દેખાડી છે.

અહીં પહેલી વાત એ છે કે વિષય છૂટશે કે? વિષયોને છોડી શકાય કે? વિષયનો અર્થ શું છે? વિષય એટલે Object. જ્યાંસુધી હું વિષયી (Subject) છું, ત્યાંસુધી વિષય (Object) રહેવાનો જ. આ દૃષ્ટિથી ભગવાન પણ વિષય (Object) છે. હું મૂર્તિપૂજા કરવા મંદિરમાં જાઉ છું, મંદિરમાં જે ભગવાનની મૂર્તિ છે તે પણ વિષય (Object) છે. ઉપરની સ્થિતિ પર પહોંચ્યા પછી તત્ત્વજ્ઞાની પણ કહે છે‘ **अतस्मिंस्तद्‌बुद्धिरविद्या** અને તેવી જ રીતે **अतस्मिंस्तद्‌बुद्धिः भक्ति – उपासना ।**

પ્રશ્ન એ છે કે વિષય છૂટશે કે? સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઇને આનંદ થવો જોઇએ કે નહિ?

શું તે વિષય નથી? સૂર્યોદય, સૂર્યાસ્ત પણ વિષય જ છે. વિષય શબ્દ સ્ત્રી અને વિત્ત પૂરતો મર્યાદિત નથી. સૂર્યોદય, સૂર્યાસ્ત, સમુદ્ર અને પ્રકૃતિનું સૌંદર્ય જોવા માટે આપણે જઇએ છીએ તે વિષય જ છે. તો પછી વિષય છૂટશે કેવી રીતે? સૂર્યોદય, સૂર્યાસ્ત જોઇને તો શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય પણ ગાંડા થયા હતા. તો પછી વિષય છૂટે કેમ, આ પ્રશ્ન છે.

વિષયવૈરાગ્યમાં વૈરાગ્ય એટલે શું? **विशेषेण रागः इति वैराग्यः** વિચારપૂર્વક, સમજીને રાખેલો રાગ એટલે વૈરાગ્ય. બધાને સુખ જોઇએ છે. વિષયોથી સુખ મળે છે. સુખનો આગ્રહ છે પરંતુ, સુખની વ્યાખ્યા શું? નૈયાયિકો એટલે મહાન બુદ્ધિશાળી—આજે જેમને આપણે વૈજ્ઞાનિકો (Physicist) કહીએ છીએ તેમને જૂનાકાળમાં નૈયાયિક કહેતા હતા. તેમણે પણ કહ્યું છે કે અમે સુખની વ્યાખ્યા કરી શકતા નથી, એવી અગતિકતા પ્રકટ કરી છે. તેઓ કહે છે: **अनुकूलतया वेदनीयं सुखं प्रतिकूलतया वेदनीयं दुःखम्** – આવી સુખ અને દુઃખની વ્યાખ્યા કરી છે. સુખ-દુઃખની વ્યાખ્યા થઇ શકતી નથી. પત્ની સુખકારક પણ થાય અને દુઃખકારક પણ થઇ શકે. સુખ-દુઃખ શું છે? ભર્તૃહરિએ કહ્યું છે:

तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि
क्षुधार्तः सञ्शालीन्कवलयति मांसाज्यकलितान् ।
प्रदीप्ते कामाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥ (वैराग्यशतक/९१)

(જ્યારે પુરુષનું મોઢું તરસથી સુકાઇ જાય છે, ત્યારે તે સ્વાદિષ્ટ સુગંધી જળ પીએ છે. ભૂખથી પીડાતો માણસ શાક વગેરેથી સંયુક્ત ભાત ખાય છે કામાગ્નિ પ્રદીપ્ત થાય છે ત્યારે પત્નીને બળપૂર્વક આલિંગન આપે છે. વ્યાધિના નિવારણને 'સુખ છે' એમ મનુષ્ય ઊંધું સમજે છે.)

જ્યારે ગળું તરસથી સુકાય ત્યારે દુઃખ થાય છે, તેનો પાણી પીને તમે પ્રતિકાર કરો, તેને લોકો સુખ સમજે છે; એટલે શું દુઃખનો પ્રતિકાર એટલે સુખ? સમજો કે તમે બગીચામાં ફરવા ગયા. ત્યાં તમે સુંદર ગુલાબનાં ફૂલો જુઓ, તો તમને આનંદ થાય કે નહિ? શું તમને ગુલાબની તાલાવેલી લાગીને દુઃખ થયું હતું? નહિ. તેવી જ રીતે, તમે સાકર જીભ પર રાખશો તો તે ગળી લાગશે કે નહિ? લાગશે. આમ સુખ થવા માટે પહેલાં દુઃખ હોવું જોઇએ અને તેનો પ્રતિકાર એટલે સુખ, આ વ્યાખ્યા સાચી નથી.

ગીતકારે સુખની વ્યાખ્યા કરી છે: **'मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदा ।** અર્જુન! ઈંદ્રિયોના વિષયો, શીતળતા અને ઉષ્ણતાને લીધે સુખ-દુઃખ આપનારા છે,' પરંતુ ઈંદ્રિયો અને વિષયોનો સંબંધ થયા પછી સુખ થાય છે એ વાત પણ સાચી નથી. દા.ત. તમે રસ્તામાંથી જતા હો. બીજા એક ભાઇ પણ રસ્તામાંથી જતા હોય. ચાલતાં ચાલતાં તમે તેને જોયા હોય. તમારી આંખોનો અને તે ભાઇનો સંબંધ થયો હોય, છતાં તમે તેને બોલાવતા નથી. ત્યારે તે તમને પૂછે છે: 'કેમ, તમે મને ઓળખ્યો નહિ?' ત્યારે તમે કહો છો, 'ઓ હો! તમે છો? મારું ધ્યાન ન હતું,' એટલે તમે તેને જોયો ખરો પણ તમારું મન બીજે ક્યાંક હતું. આનો અર્થ એ છે કે કેવળ

ઈંદ્રિયો અને વિષયનો સંબંધ થઇને ન ચાલે. તેની પછવાડે મન પણ હોવું જોઇએ. **'अन्यत्र मनः अभुवं ना पश्यत् अन्यत्र मनः अभुवं ना श्रोषम्** – (મન બીજે હતું એટલે ન જોયું, મન બીજે હતું એટલે ન સાંભળ્યું)' આ ઉપનિષદનો સિદ્ધાંત છે. ગીતાએ તે માન્ય રાખ્યો છે. મન અન્યત્ર હોય અને વિષય તથા ઈંદ્રિયોનો સંબંધ થાય તો પણ સુખ-દુઃખ થતાં નથી. છેવટે તો મનનો જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો. સુખ અને દુઃખ એ મનનું ચાપલ્ય છે, ચાંચલ્ય છે. હું સુખી છું કે દુઃખી છું, એ મનનો સવાલ છે.

આપણે જ્યારે ચંચલ મનના હાથમાં જતા રહીએ ત્યારે ભક્તિની પકડ ઢીલી થઇ જાય છે. ઈંદ્રિયોની સાથે જે મન હોય છે, તેનો સ્વભાવ બદલવાની જરૂર છે. મનને સમજાવવાની જરૂર છે. વિત્ત સારું છે પરંતુ, તે શા માટે છે? સારું કામ કરવાને માટે છે. આ વાત તમે મનને સમજાવશો, બુદ્ધિને સમજાવશો, ત્યારે વિષય 'વિષય' ન રહેતાં પ્રસાદ બની જશે. વિષયવૈરાગ્યનો અર્થ એવો નથી કે બધું છોડીને ચાલી જવું. વિષયો છોડીને જતાં ન રહેવું, પરંતુ મનની જે ભાવના છે, તેનો જે ભાવ છે, તે બદલવો છે, તે વાત અત્યંત જરૂરી છે. આ ભાગવતધર્મનું રહસ્ય છે.

આજે આપણે પૈસો કમાઇએ છીએ; પરંતુ શા માટે? આપણી મહત્તા વધે એટલા માટે. આપણને પૈસો મળ્યા બાદ આપણે તેમાંથી થોડા પૈસા ગરીબને પણ આપીએ, કારણ, તેવું કરવાથી આપણી મહત્તા વધે છે. આજે માણસને એમ જ લાગે છે કે મારું મહત્ત્વ વધે અને મારા શરીરને સુખચેન મળે, તે માટે વિત્ત કમાવાનું છે. પરિણામે આપણો પૈસો, વિત્ત, વૈભવ, આપણો વિષય બને છે; પરંતુ, મનને સમજાવીશું તો? દૃષ્ટિ બદલાવી શકાય. ઋષિઓ પૈસા ખોટા છે, ત્યાજ્ય છે એવું કહેતા નથી. ઊલટું, તેમણે **श्रीसूक्तम्** ગાયું છે અને તેમાં વિત્ત માગ્યું છે. ઋષિ ભગવાનને કહે છે: **अनपगामिनीं लक्ष्मीम् आवह** – ઋષિએ પાછી ન જવાવાળી લક્ષ્મી માગી છે. પછી કહે છે: **अश्वपूर्वां रथमध्यां हस्तिनाद प्रबोधिनीम्** – વાજંતા ગાજંતા આવો–એમ ભગવાનને કહીએ છીએ તેમ લક્ષ્મીને પણ 'વાજતી ગાજતી આવ' એવું કહે છે. લક્ષ્મી પાછળના દરવાજાથી ન આવવી જોઇએ. 'વાજતી ગાજતી' ગર્જના કરતી આવતી લક્ષ્મી જોઇએ' એવું ઋષિ માગે છે.

ઋષિને વિત્ત જોઇએ શા માટે? પ્રભુ! તારું કામ કરવા માટે મને લક્ષ્મી જોઇએ. આ ભાવ (ભૂમિકા) હશે તો વિત્ત, વિષય ન રહેતાં, પ્રસાદ બની જશે, લક્ષ્મી બની જશે. જે ભગવાન પાસેથી મળે છે તેને પ્રસાદ કહેવાય છે. ભાગવતની દૃષ્ટિથી વિષયવૈરાગ્યનો અર્થ એ છે કે મારી પાસે જે પૈસા આવ્યા તે મારી કમાણી છે કે પ્રસાદ છે? તે મારા માટે છે કે પ્રસાદ છે? એ નક્કી થવું જોઇએ. તમે બુદ્ધિમાં નિશ્ચિત કરશો અને મન બદલાવી નાખશો કે મને મળેલો પૈસો પ્રભુનો પ્રસાદ છે, તો વિષયો છોડીને અહીંથી ભાગવાની જરૂર નથી, એવું ભાગવતધર્મ સમજાવે છે. ભાગવતધર્મ મન અને બુદ્ધિને બદલવાનું સમજાવે છે. વિષયોથી આઘા ભાગવાથી કંઇ વળવાનું નથી. તેમાં કેવળ અગતિકતા અને અસહાયતા છે.

ભાગવતકારને 'વિષય' વિષે આટલું બધું કહેવું કેમ પડયું? આપણે વ્યક્તિ અથવા વસ્તુને વિષય બનાવી દઇએ છીએ. વ્યક્તિ પણ વિષય બને છે. પુરુષ ભોક્તા છે અને સ્ત્રી ભોગ્ય છે એવું યાજ્ઞવલ્ક્યે કહ્યું ત્યારે ગાર્ગીએ તેમને કહ્યું છે કે તમે પુરુષ છો તેથી તેવું બોલો છો. અમે

કહીશું કે પુરુષ ભોગ્ય છે અને સ્ત્રી ભોક્તા છે.

વ્યક્તિ કે વસ્તુને ભોગ્ય ઠરાવવા જોઈએ કે નહિ? આ એક મૂળભૂત પ્રશ્ન છે. આપણે વ્યક્તિ કે વસ્તુને ભોગ્ય ઠરાવીએ છીએ. વિષય (Object) છોડી દઈશું તો વિષયની કદર (Appreciation) જ નહિ રહે, એવું કહેવાનો ઋષિઓનો અભિપ્રાય નથી. પ્રાથમિક સ્થિતિમાં રહેલા જીવને તે સમજાવવા કહે કે તું વિષયોનું ખેંચાણ રાખીશ તો ભગવાનથી આઘો થઈ જઈશ. તેના કરતાં આગળની પગથીએ પહોંચ્યા પછી 'વિષય શા માટે છે' તે વિચારવાનું કહે છે. વિષયને વિષય ન ઠરાવો. વિષય ક્યારે ઠરે છે? વસ્તુ કે વ્યક્તિ ઉપભોગ્ય ઠરે, બીજી વ્યક્તિ તેનો ઉપભોગ લે ત્યારે તે વિષય ઠરે છે. તમારા ઘરમાં નોકર છે તેનો તમે ઉપભોગ લો છો. વ્યક્તિ કે વસ્તુ શું ઉપભોગ્ય ઠરવા જોઈએ કે? આ ભાગવતોની સામે પ્રશ્ન છે.

ઉપભોગ આવે તો વાંધો શો છે? તેમાં શું તકલીફ પડે છે? એક તકલીફ એ છે કે જ્યારે વિષયમાં માલિકીહક્કનો ભાવ આવે છે, ત્યારે તેમાં ઉપભોગ્યતા આવે છે. આ માલિકીહક્ક જ ખોટો છે. 'આ મારો નોકર છે,' 'આ મારી પત્ની છે', તેમાં જ તકલીફ થાય છે. માલિકીહક્કની ભાવના એ તત્ત્વજ્ઞાનમાં બહુ મોટો અંતરાય છે. ઉપભોક્તા તેમાં વરિષ્ઠ ઠરે છે અને ઉપભોગ્ય કનિષ્ઠ ઠરે છે. ભાગવતોની દૃષ્ટિથી આ વાત માન્ય નથી. બન્ને જો ભગવાનના દીકરા હોય તો એક શ્રેષ્ઠ ઠરે અને બીજો ગૌણ ઠરે તે કેમ માન્ય થાય? કારણ, બન્નેનું જીવન ભગવાન ચલાવે છે, બન્નેનાં શરીરમાં લોહી પણ ભગવાન જ બનાવે છે. વ્યવહારમાં ગૌણ-મુખ્ય રહે પરંતુ, ભક્તિમાં કેવી રીતે રહે? સિપાઈ સિપાઈનું કામ કરશે અને કલેક્ટર કલેક્ટરનું કામ કરશે. આ વ્યવહાર છે, પરંતુ, ભાગવતની દૃષ્ટિથી તેમની તરફ જોઈએ, ત્યારે બન્ને ભગવાનના જ દીકરા છે. એકને એક કામ સોપ્યું છે અને બીજાને બીજું કામ સોંપ્યું છે. ઉપભોગમાં દોષ ઊભો થશે, માટે ઉપભોગ છોડો એમ કહે છે. તેના માટે શું કરવું? તો કહે છે કે તેને ભગવાનની થાપણ સમજો. એટલે કે ભગવાને આપેલું છે તેથી તે પ્રસાદ છે. ઉપભોગની પાછળ પણ ભક્તિની દૃષ્ટિ હોવી જોઈએ એવું ભાગવતકારનું કહેવું છે. વિષયવૈરાગ્યનો અર્થ આ છે.

ધારો કે, બધા જ આવતી કાલે જીવનવ્યવહાર છોડી દઈને ભાગવત બની જાય, તો કહેવું પડશે કે ભગવદ્ભક્તિ છોડી દો. આવું કહેવું જ પડશે. મહારાષ્ટ્રમાં અષાઢ મહિનામાં વારકરીઓનું ખૂબ જ મહત્ત્વ છે. તે વખતે વારકરીઓ પંઢરપુરમાં ચાલતા જાય છે. લાખ-લાખ લોકો વારિ માટે પંઢરપુર જાય છે. જ્યાંસુધી ગામ દીઠ બે-ચાર ઘરડાઓ વારિ માટે જાય ત્યાંસુધી ઠીક છે, ત્યાંસુધી તેની પ્રતિષ્ઠા પણ છે. સમજો કે ગામેગામના બધા લોકો વારિમાટે જવા લાગે તો શું કરવું? અષાઢ મહિનામાં બધા વારિ માટે જાય તો ખેતી કોણ કરે? વાવણી કોણ કરે? આવું થાય તો વારકરીને પણ કહેવું પડે કે ખેતી પર કામ કરો. પંઢરપુર જવાનું નહિ. તે જ વાત પુંડરિકે સમજાવી છે. કર્મયોગ કરતો હતો ત્યારે પુંડરિકને પ્રત્યક્ષ પાંડુરંગ ભગવાન મળવા આવ્યા, તો પુંડરિકે કહ્યુ: 'ઊભા રહો!' તે વખતે પાંડુરંગ ભગવાનને પુંડરિકે આપેલી ઈંટ ઉપર ઊભા રહેવું પડયું. તેણે ભગવાનને પણ કહી દીધું, 'ભગવાન! હું કર્મયોગમાં વ્યસ્ત છું. હમણાં મને સમય નથી.' તુકારામ મહારાજે કહ્યું છે:'**का रे पुंड्या मातलासि ऊभे केले विठ्ठलासि**! અરે પુંડરિક! શું તું ઉન્મત્ત થયો છે? તને વિઠઠલ ભગવાન મળવા આવ્યા તો તું તેમને પણ ઈંટ

ઉપર ઊભા રાખી દે છે?' આમાં એક જુદું હૃદય છે. તાત્પર્ય એ છે કે તે કાળે કર્મની મહત્તા પણ સમજાવવી પડી.

વિષયોનું ખેંચાણ ક્યાં થાય છે? આ જોવું જોઇએ. તેનાથી સંભાળવું જોઇએ. વિષયોને ભોગવવાવાળું મન છે. તે મનને બદલવું જોઇએ. વસ્તુ કે વ્યક્તિને વિષય ઠરાવવા એ ખોટું છે. તેને પ્રસાદ ઠરાવો એવું વિષયવૈરાગ્યમાં કહે છે. વિષય ઠરાવવામાં કોઇપણ વસ્તુ અથવા વ્યક્તિને માટે માલિકીહક્કની ભાવના આવે છે આ પ્રથમ વાત છે. માલિકી વગર વિષયસુખ જ નહિ. કોઇનાં ઘરેણાં જોઇને મને સુખ થતું નથી. 'મારા ઘરેણાં' થી મને સુખ થાય છે. કોઇના ગળમાં હીરાનો હાર જોઇને મને શું થાય છે, ખબર છે? હું બળી મરું છું. મારા ઘરેણાં મને સુખ આપે છે, બીજાનાં ઘરેણાં નહિ.

માલિકીહક્કની ભાવના ભક્તે રાખવી જોઇએ કે નહિ? ફલાણી વસ્તુ 'મારી' છે એમ કહેવામાં જોખમ છે? એવું નથી. તે વસ્તુ મને ભગવાને આપી છે એવું મન અને બુદ્ધિને સમજાવવું છે. વ્યવહાર તો તેવો જ કરવાનો છે; પરંતુ ભક્ત પોતાના મન અને બુદ્ધિને સમજાવે છે.

કોઇના નોકરને હું આજ્ઞા નથી કરતો, પરંતુ મારા નોકરને હું કહું છું: 'રામા, પાણી લાવ.' તેમાં માલિકીહક્ક છે. બીજું, ભોક્તા ભોગ્યથી શ્રેષ્ઠ હોય છે અને ભોગ્યવસ્તુ કે વ્યક્તિ કનિષ્ઠ ઠરે છે. ભક્તના જીવનમાંથી ઉપભોક્તા અને ઉપબોગ્યની ભાષા ખલાસ થવી જોઇએ. ભક્તના જીવનમાં ભોક્તા-ભોગ્ય ન હોય. ભક્ત પ્રસાદનો સ્વીકાર કરી શકે છે. જ્યારે માણસ ઘરમાં કશું ખાય તો તે વિષય બની જાય છે. મંદિરમાંથી પૂજારી લાડુ આપે છે તો તે પ્રસાદ બની જાય છે. આને શો અર્થ છે? લાડુ તો તે જ છે; પરંતુ ભગવાનના મંદિરમાંથી મળ્યો તેથી તે પ્રસાદ થઇ ગયો અને ઘરમાં થાળીમાં પીરસવામાં આવ્યો તે વિષય બની ગયો. કારણ, ઘરમાં જે લાડુ છે તે મારા છે, મેં કમાવ્યા છે એવી ભાવના છે. આ ભાવના બદલો તો? રોજ ઘરમાં જમો છો તે પણ પ્રસાદ બની જશે. લાડવાના પદાર્થ અને પ્રસાદના પદાર્થ એક જ છે; પરંતુ ભાવના બદલાવાથી બધો ફરક પડી જાય છે. આ મહત્ત્વની વાત છે.

બુદ્ધિ, મન અને ભાવમાં પરિવર્તન આણવું તેને ભક્તિ કહે છે. વિષયવૈરાગ્યનો અર્થ સમજીને તે જીવનમાં લાવવો જોઇએ. તેના માટે ભક્તિ અત્યાવશ્યક છે.

બીજી એક વાત છે, વિષયવૈરાગ્ય, બીજા રૂપે કહું છું. દરેક કામમાં પ્રેરણા (incentive) જોઇએ. જો તમારી પ્રેરણા ઈંદ્રિયસુખ રાખીને, તમે કામ કરશો તો તમે ભાગવત નથી. ભક્તિની દષ્ટિએ જ તમારે કામ કરવું જોઇએ તો જ તમે ભાગવત છો, ભક્ત છો.

તમે કોઇને આપ્યું એ વાત ખરી પણ તમે કઇ દષ્ટિથી આપો છો એ વાત મહત્ત્વની છે. કર્મનું કારણ, કર્મની પ્રેરણા કઇ છે, એ મૂળ પ્રશ્ન છે. કર્મની પ્રેરણા બદલવી જોઇએ. તે જ વિષયવૈરાગ્ય છે. કર્મની પ્રેરણા વિષયસુખ ન રહેવી જોઇએ, ભક્તિ રહેવી જોઇએ. તેથી જ્ઞાનયુક્ત ભક્તિની આવશ્યકતા છે. ભક્તિનો અર્થ કેવળ કૃતિ નથી, ભક્તિનો અર્થ વૃત્તિ છે. જ્યારે દષ્ટિ બદલાઇ જશે ત્યારે વિષયવૈરાગ્ય આવશે. વસ્તુ અથવા વ્યક્તિથી ભાગવું એનું નામ વિષયવૈરાગ્ય નથી. વસ્તુ કે વ્યક્તિની કિંમત સમજવી જોઇએ. એટલે કે કદરની ભાવના હોવી જોઇએ. ભોક્તા

અને ભોગ્યનો સંબંધ ન રહેવો જોઇએ. આ પ્રશ્ન મહત્ત્વનો છે અને તે માનસશાસ્ત્રીય છે, તાત્ત્વિક છે. વિષયવૈરાગ્યનો પ્રશ્ન ભક્તિ સાથે સંબંધિત છે.

તમારી કર્મની પ્રેરણા કઇ છે? દા.ત. તમે માર્કેટમાં એક દુકાન લીધી અને ધંધો શરૂ કર્યો. તેની પ્રેરણા શી છે? મારી પાસે ખૂબ પૈસા હોવા જોઇએ, પૈસા ઘણા હોય તો ગામમાં પોતાનું ઘર થાય, તેનાથી મારી કિંમત વધે, સમાજમાં મારી પ્રતિષ્ઠા વધે, કોઇ સંસ્થામાં મને ટ્રસ્ટી બનાવે, પ્રમુખ બનાવે. મને મોટાઇ મળે, સમાજમાં મારી પ્રતિષ્ઠા વધે તે માટે હું બજારમાં દુકાન ખોલું છું. નવી દુકાન ખોલવાનું પ્રેરક કારણ આ છે, પરંતુ કોઇ માણસ એમ કહે, 'ભગવાન! મારે તારું કામ કરવું છે, તે માટે મને વિત્ત જોઇએ, શક્તિ જોઇએ, તેથી હું બજારમાં નવી દુકાન ખોલું છું.' આ ભૂમિકાથી દુકાન ખોલી હોય તો દુકાન ખોલવી પણ ભક્તિ થશે. મારે પૈસા શા માટે કમાવા છે? આ મૂળ પ્રશ્ન છે. કૃતિ ઉપર ભક્તિ આધારિત નથી, વૃત્તિ ઉપર ભક્તિ આધારિત છે. મંદિર પણ બજાર બની શકે છે અને બજાર પણ મંદિર બની શકે છે. બધો આધાર વૃત્તિ ઉપર છે. જીવનની દષ્ટિ કઇ છે એ મહત્ત્વની વાત છે. વિષયવૈરાગ્યનો અર્થ એ છે કે આપણા પ્રત્યેક કામની પ્રેરણા ઈંદ્રિયસુખ ન રહેવી જોઇએ, ભગવાન હોવી જોઇએ. મહાન ભક્તો તેથી જ કહે છે કે જે કંઇ આપવું હશે તે પ્રથમ ભગવાનને આપી દો, ભગવાનને ધરો.

દક્ષના યજ્ઞનો ધ્વંસ થયો. કારણ, યજ્ઞનો હેતુ શો હતો આ પ્રશ્ન છે. દક્ષના જેવો જો યજ્ઞ હોય તો ભગવાન યજ્ઞનો પણ વિધ્વંસ કરે છે. કોઇ પણ કૃતિ શા માટે કરવામાં આવે છે તે જોવામાં આવે છે. એકાદ માણસ પવિત્ર સ્થળે જાય, પરંતુ, તે હવાફેર કરવા માટે પણ જતો હોય, શોખથી ફરવા પણ જતો હોય. કૃતિનો હેતુ ઈંદ્રિયસુખ ન હોય તો તેને વિષયવૈરાગ્ય કહી શકાય.

ગરમીના દિવસોમાં કેટલાક લોકો ભગવાન માટે ઠંડાઇ બનાવે છે અને ભગવાનને ધરી પછી પોતે પીએ છે. કેટલાક લોકો શિવરાત્રિને દિવસે ભાંગ બનાવે છે અને કહે છે કે શિવજીને ભાંગ ધરાવવી જ જોઇએ. શિવજીને ભાંગ જોઇએ તે તેમને કોણે કહ્યું તેની ખબર નથી. ક્યા શાસ્ત્રમાં તેવું લખેલું છે તેની પણ ખબર નથી. તેઓ પોતે જ તેવું નક્કી કરે છે એવું લાગે છે. શિવજી ભાંગથી પ્રસન્ન થાય છે, એવું તેમનું કહેવું છે. જે લોકો ગરમીના દિવસોમાં ઠંડાઇ બનાવે છે તેમાં એવો અર્થ ભરેલો છે કે હું ઠંડાઇ મારા માટે નથી બનાવતો, હું ભગવાન માટે બનાવું છે. ભગવાનને ધરાવ્યા પછી હું પ્રસાદ રૂપે લઇશ. કારણ, હું ભગવાનનો જ દીકરો છું. આ તેમાંની મહત્ત્વની વાત છે. આ એક ઘૂસેલી વાત નથી પરંતુ, આ એક ચિરંતન સિદ્ધાંત છે. લોકોને આ ચિરંતન સત્ય સિદ્ધાંતની ખબર નથી અને તેઓ તે સમજી પણ લેતા નથી. પછી પરિણામ એ આવે છે કે રુઢિ તરીકે તેઓ અમુક વાતો કર્યા કરે છે.

એક મોટા તત્ત્વજ્ઞાની હતા, તેમણે પોતાના છોકરાને સમજાવીને કહ્યું કે પડોશીને ત્યાં ગયા પછી તે કંઇ આપે તો તરત લઇ ન લેવું. તને બે ત્રણ વાર કહે તો પણ ના પાડવી. છતાં તે આગ્રહ કરે તો લેવું. બીજે દિવસે છોકરો પડોશીને ત્યાં ગયો. તે કંઇ આપવા લાગ્યા ત્યારે છોકરાએ કહ્યું: 'નહિ જોઇએ, નહિ જોઇએ, નહિ જોઇએ, લાવો.' ત્રણ વાર ના એક સાથે કહી દીધી. આમાં કહેવાવાળાનો જે હેતુ હતો તે માર્યો ગયો.

'હું જે કરું છું તે ભગવાનને માટે કરું છું.' આ વૃત્તિ હશે તો તે વિષયવૈરાગ્ય જ છે. તેમાં વિષયથી ભાગવાની વાત જ નથી. ભક્તિ એટલે કેવળ કૃતિ નથી, ભક્તિ એટલે વૃત્તિ છે. તેનાથી જ વિષયવૈરાગ્ય આવે. વૃત્તિ બદલવા માટે મૂર્તિપૂજાની જરૂર છે. આ જ અધ્યાયમાં મૂર્તિપૂજાને માટે લખાણ છે:

अर्चादौ हृदये चापि यथालब्धोपचारकैः
द्रव्यक्षित्यात्मलिङ्गानि निष्पाद्य प्रोक्ष्य चासनम् ॥ (भा. ११/३/५०)

(મૂર્તિ આદિમાં અને હૃદયમાં પણ ભગવાનની પૂજા કરવી. પુષ્પાદિક પદાર્થોથી ચંદન આદિથી, આસનનું પ્રોક્ષણ કરી, પાદ્ય, અર્ઘ્ય તથા આચમનથી, હૃદયમાં પૂજેલા ભગવાનનું મૂર્તિમાં ધ્યાન કરવું.)

अर्चादौ हृदयेचापि – આ બહુ સુંદર વાક્ય છે. હજારો વર્ષ પહેલાં મહાપુરુષ લખી ગયા છે તે બધું કેવી રીતે લખે? તેમણે લખ્યું છે કે ભગવાનની અર્ચના જે કરવાની છે તે નિજી હૃદયમાં કરવાની છે, તે ભૂલો નહિ. તેનો જ અર્થ એ છે કે માનસિક ચિત્તએકાગ્રતા, આવો ઉલ્લેખ સ્પષ્ટ ભાષામાં છે. પૂજા આવી હોવી જોઈએ.

બીજી વાત કહી છે કે ભાગવતોએ અનાથો ઉપર દયા કરવી જોઈએ. અનાથો માટે અંતઃકરણ દયાર્દ્ર થવું જોઈએ. અંતઃકરણ ભાવથી ભીનું થાય છે તેમ દયાથી પણ ભીનું થાય છે. અંતઃકરણને ભીનું બનાવવાનો પ્રયત્ન કરવાનો છે, આ પ્રથમ વાત છે. લાખને ગરમ કરવાથી તે પીગળીને પોચી બને છે અને ત્યારપછી તેના ઉપર સિક્કો મારવામાં આવે છે. મનનું પણ એવું જ છે. મધુસૂદન સરસ્વતી–જે ભક્તિના રાજા છે, તેઓ કહે છે:

द्रुते चित्ते प्रविष्टाया गोविंदाकारता स्थिरा –

'ચિત્ત જ્યારે દ્રુત-ભીનું બને છે ત્યાર તેમાં ગોવિંદનો આકાર બેસી શકે છે.' ચિત્તને ભીનું કરવા માટે આ બે વાતો છે. કોઈનું દુઃખ જોઈને હું ભીનો થઈશ તો મારા અંતઃકરણને ભીના થવાનો અભ્યાસ થશે. આવો અભ્યાસ થયેલો હોય તે માણસ જ્યારે ભગવાન પાસે બેસે અને ભાવથી ભગવાનને યાદ કરે તો તેનું અંતઃકરણ ભાવભીનું થાય અને તેમાં ગોવિંદનો આકાર આવી શકે. અનાથો પર દયા કરવાની છે તે આપણા ફાયદા માટે જ કરવાની છે; કારણ, આપણે અંતઃકરણ ભીનું કરવાનો અભ્યાસ કરવાનો છે. તેને મદદ કરવા માટે દયા નથી કરવાની. તે તો ભગવાનનો દીકરો છે. તેને તો કોઈપણ મદદ આપશે. તું નહિ આપે તો બીજો કોઈ આપશે.

મહારાષ્ટ્રના રામદાસસ્વામી કહે છે:.

आम्ही काय कुणाचे खातो श्रीराम आम्हाला देतो

'અમે કોઈએ આપેલું ખાતા નથી. અમને તો ભગવાન શ્રીરામ આપે છે. તું આપવાવાળો કોણ?' આમાં રામદાસસ્વામીની મસ્તીનાં દર્શન થાય છે.

અંતઃકરણથી ભીના થવાનો અભ્યાસ કરવા માટે અનાથો ઉપર દયા કરવી જોઈએ. તેનાથી

શું થશે? મૂર્તિપૂજા ઉપર પરિણામ થશે. જ્યારે ભગવાન પાસે બેસીશું ત્યારે ચિત્તએકાગ્રતા થઇ જશે.

જે જે અનાથ છે તેમના માટે દયા જાગવી જોઇએ, આ સામાન્ય વાત બરાબર છે. આ જગતમાં અનાથ કોણ છે? આ સૃષ્ટિમાં કોઇ અનાથ છે જ નહિ. આ સૃષ્ટિ એક અવ્યવસ્થિત ઘટના છે એવું સમજતા નહિ. આ સૃષ્ટિની રચના સુવ્યવસ્થિત છે. તેને બનાવવાવાળો અને ચલાવવાવાળો છે. તમારા હાથમાં કશું નથી. ભગવાને રૂપિયામાંથી બેઆનાનું જ સ્વાતંત્ર્ય તમારા હાથમાં આપ્યું છે. તેનાથી જ તમારી બધી ઉથલપાથલ ચાલે છે. આ બે આનાના સ્વાતંત્ર્યમાં Dominion status છે, સંપૂર્ણ સ્વાતંત્ર્ય નથી. છતાં પણ આપણે મિજાજથી બોલીએ છીએ કે અમે આમ કરીશું અને તેમ કરીશું. અમે બધું બદલાવી દઇશું. અરે, તું બદલવાવાળો કોણ છે? તું પોતાને તો બદલ. તેનાથી આખું જગત બદલી જશે.

અનાથ કોણ છે? બધાને ભગવાન સુવાડે છે, તે જ ઉઠાડે છે, તે જ બધાને ખવડાવે છે, તો પછી જગતમાં અનાથ કોણ છે? અનાથો ઉપર દયા, આવી ભાષા પણ ભાગવતોને શોભા આપતી નથી. જે ભાગવત હોય તે એવું કેમ બોલે? શરૂઆતમાં જ્યાંસુધી બધું ખબર ન હોય ત્યાંસુધી અણસમજણથી માણસ કહે કે ગરીબને આપવું જોઇએ. અભ્યાસ કરવાની દૃષ્ટિએ તે વાત ઠીક છે, પરંતુ, જ્યારે વિચાર કરીશું, તો એમ લાગે કે આ જગતમાં કોઇ અનાથ કેમ હોય? તો પછી **અનાથ** એટલે શું? **अकारो वासुदेवःस्यात्** – જેનો નાથ ભગવાન છે તે **અનાથ.**

જગતનો નાથ જગન્નાથ છે. જૂના કાળમાં એમ કહેવાતું કે રાજા અમારું સારું કરશે. હવે એવું બોલાય છે કે ફલાણો મંત્રી-મિનિસ્ટર અમારું સારું કરશે અથવા અમુક રાજકીય પાર્ટી અમારું સારું કરશે. આમ આપણે બધા તરફ આશાળભૂતતાથી જોતા રહ્યા છીએ. તેમને નાથ બનાવીને આપણે પોતે અનાથ બની જઇએ છીએ. આ ભાષા જ હવે છોડી દેવી જોઇએ. હવે ગામેગામ જઇને સ્વાધ્યાયીઓએ આ જ કહેવાનું છે. મહારાષ્ટ્રમાં સ્વાધ્યાયીઓ કહે છે, જગતનો નાથ, પંઢરીનાથ! ગુજરાતમાં કહેશે, જગતનો નાથ, દ્વારિકાનાથ! પૂર્વભારતમાં કહેશે, જગતનો નાથ, જગન્નાથ! આમ આ સૃષ્ટિમાં કોઇ અનાથ નથી. આપણે બધા સનાથ છીએ. તો પછી અનાથનો અર્થ શો છે?

નાથ બનવાને માટે આ સૃષ્ટિમાં પોતાની પાસે કંઇ ગુણો જોઇએ. વિત્ત, સત્તા, બુદ્ધિ આ ગુણો છે. આ ગુણોથી તમે કોઇના નાથ થઇ શકો છો. તેનાથી તમે કોઇને પોતાનો પ્રભાવ દેખાડી શકો છો. આ પ્રભાવ જેની પાસે નથી તેને અનાથ કહે છે. જેની પાસે વિત્ત નથી, બુધ્ધિ નથી, તેને અનાથ કહે છે. તેનામાં કંઇ ઊણપ છે, ઓછપ છે, પરંતુ તેને સંભાળવાવાળા જો ભગવાન હોય–**अकारो वासुदेवः स्यात्** – તો તેમની પાસે જેની કમી છે, તે વસ્તુ કે શક્તિ તેમને આપવી જોઇએ. આ ભાગવતોનું કામ છે.

ભક્તિશાસ્ત્રમાં, મંદિરની શરૂઆત થઇ તે અનાદિકાળથી થઇ છે, તેનું આ જ કારણ છે. આપવાવાળા, મદદ કરવાવાળા અમે નથી. તમને ભગવાન યોગેશ્વર આપે છે. આ જગન્નાથની, પંઢરીનાથ પાંડુરંગની મદદ છે. બીજા કોઇની મદદ અમે લઇશું નહિ. જૂનાકાળમાં ભક્તોએ, ભાગવતોએ તેને માટે જ મંદિર શરૂ કર્યું. લોકો એમ સમજે છે કે વૈષ્ણવ સંપ્રદાય કે ભાગવત

સંપ્રદાય પાંચસો વર્ષથી શરૂ થયો છે. એવું નથી. આ સંપ્રદાયો હજારો વર્ષથી છે. આજે વૈષ્ણવો પંઢરપુરમાં જઇ રહ્યા છે. જ્ઞાનેશ્વર ભગવાન અને રામાનુજાચાર્ય વૈષ્ણવ સંપ્રદાયનાં હતા.

જૂનાકાળમાં વિષ્ણુ, શિવજી, કૃષ્ણ કે રામનું મંદિર હતું તે શા માટે હતું? ભાગવતોએ, ભક્તોએ આ રસ્તો કાઢયો છે. તેમની સામે પ્રશ્ન એ હતો કે બધાના નાથ જો ભગવાન હોય, તો હું કોઇને મદદ કેવી રીતે કરી શકું? હું મદદ આપવાવાળો કોણ? લૌકિક દષ્ટિથી નાથ બનવાને માટે જે ગુણો જોઇએ, તે ગુણો માણસ પાસે નથી, તેથી જ શાસ્ત્રકારોએ મંદિર શરૂ કર્યું. જ્યાંસુધી યજ્ઞીય વૃત્તિ હતી ત્યાંસઘી મંદિર ન હતાં. સંશોધકો કહે છે કે બુદ્ધ પછી મંદિરો આવી ગયાં, મૂર્તિ આવી અને મૂર્તિપૂજા આવી.

મંદિરો શા માટે આવ્યાં? જે કમજોર છે, જે શક્તિ અને બુદ્ધિથી કમજોર છે, તેને આપવું તો જોઇએ, પરંતુ, તેનો નાથ પ્રભુ છે **अकारो वासुदेवः स्यात्** – જો હું તેને આપું તો મારામાં ગુરુગ્રંથિ આવે અને લેનારમાં લઘુગ્રંથિ આવે, તે દીન બને. તો તેનો રસ્તો ક્યો કાઢશો? અનાદિકાળથી આ પ્રશ્ન ચાલે છે. છતવાળા અને અછતવાળા (Have and have not) નો પ્રશ્ન કેવળ આજનો નથી.

ત્રણ માણસોને સો સો રૂપિયા આપી દો. એક વ્યક્તિ સોના દોઢસો રૂપિયા કરશે. બીજો સો રૂપિયા જેમના તેમ રાખશે અને ત્રીજો સોના પચાસ કરી નાખશે. તે પચાસ રૂપિયા વ્યસનમાં ઉડાવી દેશે. માણસના કર્તૃત્વથી પૈસા વધે અને દુર્ગણોથી પૈસા ઘટે. બધાને સરખા પૈસા આપ્યા છતાં છત-અછતવાળા રહેશે જ. પૂર્વજન્મમાં સારાં કામો કરીને માણસ જન્મજાત કર્તૃત્વ લઇ આવે છે. તેમની પાસે કર્તૃત્વ હોવાથી તેમને કુશળ (Expert) કહે છે. કસબી કારીગર (Skilled labourer) અને અણકસબી કારીગર (Unskilled labourer) પણ રહેશે જ. વાતાવરણની અસર (Environmental effects) થી પણ ફરક પડશે. સામાજિક સ્તરે આવો ફરક કદાચ તમે કોઇ વાદ લાવીને દૂર કરી શકશો. પરંતુ, માણસ જન્મજાત કૌશલ્ય લઇ આવશે અને તેના કારણે જે અસમાનતા ઊભી થશે તેનો ઉપાય તમે શો કરશો? જન્મજાત કૌશલ્યને કારણે એકાદ સ્ટેલીન જેવો કર્તૃત્વાન થશે અને બીજો તો પટાવાળો જ રહેશે. છતવાળા અને અછતવાળાનો પ્રશ્ન બહુ જ લાંબા સમય સુધી રહેશે. તેમની વચ્ચે જે ભેદ છે તે કેવી રીતે કાઢશો? અસમાનતા ઓછી કેમ કરશો? તેના માટે સમાજવાદી અને સામ્યવાદી લોકોએ જુદા જુદા રસ્તા કાઢયા છે.

પહેલો રસ્તો છે: સંપત્તિહરણ (Expropriation) નો. જપ્તી (Confiscation) આ બીજો રસ્તો છે. ત્રીજો રસ્તો છે કરવેરા (Taxation) નો. છતવાળાના ગજવામાંથી અછતવાળાને પૈસા આપવાના આ ત્રણ રસ્તા છે. આ ત્રણેય રસ્તા ખોટા છે. આજે અર્થશાસ્ત્રનો વિષય નથી, તેથી તેના વિષે હું કંઇ બોલતો નથી. આપણા ઋષિઓએ અને ભાગવતોએ આ સંબંધમાં કેટલું વિચાર્યું છે તે સમજાવવા માટે કહું છું કે આ ત્રણેય રસ્તા ખોટા છે.

આજે સંપત્તિહરણ તમે કરી શકતા નથી. જપ્તીમાં જેનું તમે લઇ લો છો તેની અસહાયતાનો તમે લાભ ઉઠાવો છો. કરવેરામાં એક અગવડ એ છે કે કરવેરો આપીને હું કોને મદદ કરું છું તે કર આપનારને ખબર નથી. તે કર બચાવવાનો પ્રયત્ન કરશે, કારણ, કરવેરા આપીને પોતે

કોને મદદ કરે છે તેનું તેને સમાધાન નથી. સરકાર કરની આવકમાંથી કદાચ ઘણા ગરીબને મદદ કરતી હશે પરંતુ, તેમાં શું થાય છે? જે વિતરણ થાય છે તે અનાધ્યાત્મિક છે. આપવાવાળાને એ જ ખબર નથી કે તે કોને આપી રહ્યો છે. લેવાવાળાને ખબર નથી કે કોણે આપ્યું? સરકારે આપ્યું એમ કહે છે પણ સરકાર એટલે કોણ? સરકાર પરબ્રહ્મ જેવી છે. પરબ્રહ્મ કોને કહેશો? તેવી રીતે સરકાર કોને કહેશો? તલાટીને સરકાર કહેશો કે મામલતદારને સરકાર કહેશો? કે પછી કલેકટરને કે ગવર્નરને સરકાર કહેશો? શું તમે રાષ્ટ્રપતિને સરકાર કહેશો? તેના ઉપર પણ તહોમતનામું મૂકી શકાય છે. તો શું પાર્લામેન્ટને સરકાર કહેશો? પાર્લમેન્ટ પણ દર પાંચ વર્ષે ખતમ થાય છે. તો પછી તમે સરકાર કોને કહેશો? જેમ ભગવાન અવ્યક્ત છે તેમ સરકાર પણ અવ્યક્ત છે. સરકાર માટે કૃતજ્ઞતા રાખવી જોઇએ તે વાત કોઇના ધ્યાનમાં આવશે નહિ. લેનાર પણ કૃતઘ્ની બની જાય છે અને કર આપનાર અસમાધાની રહે છે. આ રસ્તો પણ ખોટો છે. ભગવાનને માનવા ન હોય, માનવીનાં મન અને બુદ્ધિ બદલવાં ન હોય અને અસમાનતા ઓછી કરવી હોય તો કરવેરાનો જ રસ્તો છે. આ રસ્તો સફળ થવાનો નથી, થતો પણ નથી.

બીજો એક રસ્તો આપણા ધાર્મિક પૂર્વજોએ કાઢયો હતો. તે એટલે દાનનો રસ્તો. આ રસ્તો સારો છે, પરંતુ, આમાં દાન લેવાવાળો દીન બને છે અને આપનાર શ્રેષ્ઠ ઠરે છે.

ઋષિઓએ અને ભક્તોએ એક વિશિષ્ટ રસ્તો બતાવ્યો છે. તે એટલે મંદિરનો રસ્તો. મંદિરમાં ભગવાનના ચરણે સૌ કોઇ ગામવાળા, શ્રીમંત હશે કે મજૂર હશે, બધા જ પોતાની કમાણીમાંથી ભગવાનનો ભાગ ભગવાનના ચરણે ધરશે. તેમાંથી જરૂરતમંદોને જરૂરી સહાય ભગવાનનું મંદિર આપશે. તે ધન ભગવાનનું છે. આમાં આપનાર ભગવાન છે અને લેનાર યોગેશ્વર ભગવાન પાસેથી લે છે, બીજા કોઇનું લેતો નથી. આ રસ્તો ઉત્તમ છે.

અનાથો પર દયા કહે છે. આમાં અનાથ, ભગવત્ સનાથ છે. તેને ખવડાવવું હોય તો ભગવાનનું ખવડાવો, તમારું નહિ. તેને રોટી મળશે જ; અને મળવી જ જોઇએ. આવું મંદિર હોવું જોઇએ. સ્વાધ્યાય પરિવારે આવાં ઘણાં મંદિરો ઊભાં કર્યાં છે. તેને આપણે **अमृतालयम्** કહીએ છીએ. ચીલાચાલુ મંદિર કરતાં આ મંદિર નિરાળું છે. તેમાં સામાજિક અન્યાય ખતમ થાય છે. આવાં મંદિરો સામાજિક—આર્થિક કેન્દ્રો (Socio-economic Centres) બની રહેશે. જગતના નાથ જગન્નાથ છે. તો પછી અનાથો પર દયા શા માટે લખી છે? **अकारो वासुदेवः स्यात्**—એટલે તેને જો આપવાનું હોય તો જગન્નાથના હાથથી જ આપવું જોઇએ. અછતવાળા (Have not) ને આપવું હોય તો જગન્નાથના હાથે પ્રસાદરૂપે આપવું જોઇએ. મારી અંદર ભગવાન બેઠા છે, તેથી મારી કમાણીમાં તેનો ભાગ છે. ભગવાનના ચરણે મારે તેનો ભાગ રાખી દેવો જોઇએ, તેને જ મંદિર કહે છે. મંદિર શા માટે આવ્યું હતું તેની સમજ આજે ચાલી ગઇ છે. આ મંદિરના લોકો ગામનાં ઝુંપડે ઝુંપડે ફરીને કોને શું તકલીફ છે તે જોશે અને મંદિર મારફતે તેનું નિવારણ કરશે. જેને જરૂર હશે તેને ત્યાં યોગેશ્વરનો પ્રસાદ પહોંચી જશે. આ ભાગવતોની, ભક્તોની દષ્ટિ છે. આ વૈષ્ણવોની દષ્ટિ છે. મંદિરોમાં ભગવાનની સામે પેટી આવી ગઇ, તેમાં દર્શનાર્થીઓએ કંઇ નાખવું એ વાત આવી ગઇ. લોકો પણ ઈમ્પાલા ગાડીમાં દર્શને આવે છે અને ભગવાનની પેટીમાં પાંચ પૈસા નાખે છે. શું મંદિરમાં ભગવાન ઊભો છે તે ભિખારી છે? આજે

જે ભૂમિકા દર્શન કરવાવાળા લોકોના મગજમાં રમે છે તે નીકળી જવી જોઇએ. ભગવાનની સામે પેટી રાખવાનું જે મહત્ત્વ હતું તે ચાલી ગયું છે. મંદિરે શું કરવાનું છે તેની મંદિરનો વહીવટ સંભાળવાવાળાઓને ખબર નથી. તેમને એટલી જ ખબર છે કે ભગવાનને રાજભોગ ધરાવવાનો છે. હું રાજભોગ ધરાવે તેની વિરુદ્ધ નથી. તેની પાછળ પણ જે વિચાર છે તે સાચો છે, યોગ્ય છે અને તે કરવા જેવું છે. આજે તેની પાછળની વિચારધારા ચાલી ગઇ છે. મંદિર ઊભું કરવાની પાછળ કંઇ ચૈતન્ય હતું, એક વિશિષ્ઠ સમજણ હતી. તે જ લોકો ખરા વૈષ્ણવ છે જેઓ આવાં અસલી મંદિરો ઊભાં કરતા હોય.

જૂનાકાળમાં મંદિરો ઊભાં થયાં હતાં તે આટલા માટે થયાં હતાં. તેના લીધે સામાજિક અન્યાય જ-ખતમ થઇ જાય છે. જે ગામમાં આવું **अमृतालयम्** (મંદિર) છે, તેમાં ગામના નાના મોટા બધા જ લોકો નિશ્ચિત કરેલા સમયે ભગવાનની પ્રાર્થના કરવા જાય છે. આખું ગામ પોતાની મહેનતથી અને પોતાના પૈસાથી જ આવું મંદિર બાંધે છે. દરરોજ સાંજે બધા સાથે મળીને મંદિરમાં પ્રાર્થના કરે છે અને આરતી કરે છે. ગામના બધા જ લોકો પોતાની કમાણીમાંથી ભગવાનનો નિશ્ચિત ભાગ ભગવાનના ચરણે ધરે છે, તે ભગવાનનો પ્રસાદ બને છે, તેમાંથી જરૂરતમંદને પ્રસાદ પહોંચાડવામાં આવે છે. આ અનાથો પર દયા છે. કોઇને થશે કે તો પછી અહીં 'દયા' શબ્દ શા માટે વાપર્યો છે?

અતિશય આત્મીયતાથી જે આપવામાં આવે છે તેને દયા કહે છે. જેના પર અતિશય પ્રેમ હોય તેવી સ્ત્રી એટલે પત્ની. તેને **दयिता** કહે છે. આ દયા શબ્દમાં આત્મીયતા ભરેલી છે, તેથી ભાગવતોએ અનાથો પર દયા કરવી એવું કહ્યું છે.

ત્રીજી વાત છે સજ્જનોની સાથે મૈત્રી અને ચોથી વાત છે, શ્રેષ્ઠ પુરુષોને માટે આદર. આ ભાગવતોનો ધર્મ છે.

નારદજી ભાગવત ધર્મ કહે છે તે બધા નિયમો છે એવું સમજવાનું કારણ નથી. ભાગવત ધર્મ શું છે? ભાગવત ધર્મ થઇ જાય છે. મારે ભગવાનના લાડકા બનવું છે તેના માટેની જે વાતો હોય તેને કાયદા થોડા કહેવાય? માણસ તેવો થઇ જાય છે.

એક અતીન્દ્રિય શક્તિ આ આખી સૃષ્ટિને ચલાવે છે, મારું જીવન પણ તે જ શક્તિ ચલાવે છે. હું અસમર્થ છું. હું એકલો કંઇ કરી શકતો નથી, હું અસહાય છું, તેથી મારે મદદ માગવી છે, રડવું છે. સૃષ્ટિ ભગવાન ચલાવે છે તો તેની પાસે જ રડવું, તેની પાસે જ મદદ માગવી જોઇએ. 'ભગવાન! તમે અદશ્ય હશો, અવ્યક્ત હશો, પરંતુ, તમે જ અમારું જીવન ચલાવો છો, એટલું જ નહિ, સમગ્ર સંસારની બધી પ્રવૃત્તિ પણ તમે જ ચલાવો છો, તેમાં અમને શંકા નથી. ' ભગવાન પાસેથી માગવું, તેની પાસે રડવું, અહીંથી ભક્તિ શરૂ થઇ જાય છે. અહીંથી ભાગવત ધર્મ શરૂ થઇ જાય છે. આનાથી ભાગવતની એક વિશિષ્ઠ વૃત્તિ તૈયાર થઇ જાય છે.

માણસમાં બે વાતો છે. એક 'સમજવું' અને બીજી 'કરવું.' આપણે કંઇક સમજીએ છીએ અને કંઇક કરીએ છીએ. માણસમાંથી 'સમજવું' અને 'કરવું' બાદ કરો, તો માણસજ ખતમ થઇ ગયો. ભાગવતે અને ભક્તે અંતે એક સ્થિતિ લાવવાની છે કે જેમાં 'હું કંઇ કરતો નથી' અને

'હું કંઇ સમજતો નથી,' તેવી જ રીતે 'મારૂં કંઇ નથી.' 'શરીર પણ મારૂં નથી. હું તારા માટે ઘસાઇ જઇશ.' આ સ્થિતિ ઉપર ભાગવત પહોંચી જાય છે.

આની શરૂઆત ક્યાંથી થાય? હું ભગવાન પાસે જ રડીશ અને ભગવાન પાસે જ માગીશ. માગવાની અને રડવાની જગા એક જ અને તે એટલે ભગવાન! આ વૃત્તિથી ભાગવત ધર્મની શરૂઆત થાય છે, અને છેવટે 'હું કંઇ કરતો નથી' અને 'હું કંઇ સમજતો નથી' એ સ્થિતિ લાવવાની છે. 'સમજવું' અને 'કરવું' આ બે વાતો છે. તે આપણે બદલવાની છે. આ ભાગવત ધર્મનું વૈશિષ્ટય છે.

'હું કરતો નથી, હું કંઇ સમજતો નથી અને મારું કંઇ નથી.' તો પછી કોનું છે? 'ભગવાન! બધું તારુ છે તે હું સંભાળું છું,' છેવટે આ ભાવના જેની થઇ ગઇ, તે ભક્ત જ છે. તે ક્યાં જન્મ્યો છે, કઇ ભાષા બોલે છે, આ પ્રશ્ન નથી. તે સંસ્કૃત ભાષા બોલતો હશે અથવા બીજી કોઇ ભાષા બોલતો હશે. આ સ્થિતિ પર જે પહોંચી ગયો તે ભાગવત થઇ ગયો. ભાગવતની આ છેલ્લી સ્થિતિ દેખાડીને, અંતિમ સ્થિતિ સમજાવીને, તેને જ ભાગવતકારે અહંકારવર્જિત સ્થિતિ કહી છે. તેના માટે કોઇ નિયમ નથી, પરંતુ, સાધનાને માટે સમજાવ્યું છે.

આજે તો મંદિર દર્શન કરવા અને ભગવાનની પૂજા કરવા માટે થયાં છે. પૂજા તો ઘરમાં કરવાની છે અને તે પ્રત્યેકે કરવાની છે, ભાવપૂર્ણ થઇને શાંતિથી ભગવાનની પૂજા કરવાની હોય; તો પછી મંદિરની જરૂર શી? મંદિરમાં આપણે બધા એક જ ભગવાનના દીકરા છીએ એ ભાવના દઢ કરવા માટે જવાનું છે. માણસ વિદ્વાન્ હોય કે અભણ હોય, શ્રીમંત હોય કે ગરીબ હોય, સદ્‌ગુણી હોય કે દુર્ગુણી હોય, જાતિ, સ્થિતિ કે વૃતિથી માણસ-માણસમાં ભેદ આવતો હોય તો તે કાઢવા માટે, બધાએ ભગવાનના દીકરા તરીકે મંદિરમાં ભેગા થવાનું છે. આવી જ્ઞાનપૂર્ણ દૃષ્ટિ આપવા માટે મંદિર છે.

આવું મંદિર પ્રત્યેક ગામમાં હોવું જોઇએ. ગામની પ્રત્યેક વ્યક્તિ પોતાની કમાણીમાંથી ભગવાનનો ભાગ કાઢી, ભગવાનના ચરણે ધરે, તેમાંથી જ અછતવાળા (Have not) ની પાસે પ્રસાદરૂપે પહોંચે. ઋષિઓએ આવો એક અલૌકિક રસ્તો કાઢયો હતો. મંદિરમાં આટલા માટે જ પેટી રાખવામાં આવે છે, તેમાં ભગવાનનો ભાગ ધરવાનો છે. ભગવાન કંઇ ભિખારી નથી. તે પોતાનો ભાગ માગી રહ્યો છે. ભગવાનનો ભાગ, જે ભગવાનને આપતો નથી અને જમે છે તે ચોર છે એમ ગીતામાં ભગવાન કહે છે: **यो भुंक्ते स्तेन एव सः ।** અછતવાળાને જગતનો જગન્નાથ જ સંભાળે છે. તેને ભગવત્‌પ્રસાદ મળે છે. ઋષિઓએ આવું મંદિર ઊભું કર્યું હતું. આજે કોઇ મંદિર ઋષિના રસ્તે ચાલતું નથી તે દુઃખની વાત છે.

સંશોધકો કહે છે કે બુદ્ધ પછી મંદિરો આવ્યાં. તેના પહેલાં મંદિરો ન હતાં, મૂર્તિપૂજા ન હતી. ગીતા જ કહે છે: **मय्यावेश्य मनो ये माम् – मयि मनः आवेश्य** – આમાં **मयि**નો અર્થ શું થાય છે? સગુણનું જ **मयि** રૂપ થાય, નહિ તો **मयि** શબ્દ લાગે જ નહિ. જ્યાં **अहम्** આવે ત્યાં **मयि** રૂપ થાય. ભગવાનને જો 'અહમ્' ન હોય તો **मयि** શબ્દ લાગે જ નહિ.

પહેલાં ગણપતિના દહાડામાં મહારાષ્ટ્રમાં ઘરે ઘરે ગણપતિનું પૂજન થતું જ હતું. ટિળક

મહારાજે ગણપતિપૂજન સાર્વજનિક કર્યું. કેટલાક લોકો એવું સમજે છે કે ગણપતિની પૂજા ટિળક મહારાજે શરૂ કરી. ખરીરીતે, વૈયક્તિક રીતે ગણપતિપૂજન ઘરે ઘરે થતું હતું, તેને સામુદાયિક રૂપ ટિળક મહારાજે આપ્યું. આવી જ મંદિરની સ્થિતિ છે. ભાવપૂર્ણ અંતઃકરણથી ઘરઘરમાં ભગવાનની પૂજા થવી જોઇએ. નાથ બનવા માટે વિત્ત, બુદ્ધિ અને શક્તિ જોઇએ, તે જેની પાસે નથી તેને લૌકિક વ્યવહારમાં અનાથ કહે છે. તેમને મંદિરમાંથી પ્રસાદરૂપે મળે. આને અનાથો પર દયા કહે છે.

ભાગવત કહે છે, સજ્જનોની સાથે મૈત્રી કરવી જોઇએ. સજ્જન કોણ? સજ્જનને ઓળખવા કઠણ પડે છે. જ્યાંસુધી જેલમાં ગયા નથી, ત્યાંસુધી બધા જ સજ્જન છે. લૌકિક વ્યવહારમાં તેને સજ્જન માનવામાં આવે. માણસને ઓળખવો બહુ કઠણ છે. ગઢવાલમાં શીખ સંપ્રદાયના એક ગુરુ મળ્યા હતા. તેમણે કહ્યું: 'ભગવાનને ઓળખવા સહેલા છે પરંતુ, માણસને ઓળખવો અતિશય કઠણ છે.' કારણ, માણસના અંતઃકરણમાં છુપાયેલી વાસના ક્યારે દોડીને બહાર આવે તે કહેવાય નહિ; તેથી સજ્જનને ઓળખવા પણ કઠણ છે.

સજ્જન કોણ? જેની સત્‌સિદ્ધાંતો ઉપર શ્રદ્ધા છે તે સજ્જન છે. **सत्यमेव जयते नानृतम्**—સત્ સિદ્ધાંતોનો વિજય થવો જોઇએ. ક્યારેક તેનો પરાભવ પણ થાય. રાત્રે દસ વાગે પ્રકાશનો પરાભવ જ થયો છે. તેનો અર્થ એ નથી કે અંધારાનો પ્રભાવ છે. રાત્રે ભલે અંધારું હોય, પરંતુ પ્રભાતે અજવાળું થવાનું જ છે. એવું બને કે કેટલોક સમય સત્ સિદ્ધાંતોનો પ્રભાવ ઓછો થયેલો લાગે. તે જોયા પછી મનમાં એવું આવે કે શું સત્ સિદ્ધાંત પાસે શક્તિ નથી? કારણ, ચારે તરફ અસત્ નાચતું દેખાતું હોય, પરંતુ, છેવટે સત્‌નો જ જય થશે એવી શ્રદ્ધા જેમની પાસે છે તે સજ્જનો છે. સત્‌ને માનવાવાળાને સજ્જન સમજવામાં આવે છે.

જે ભગવાનને માનતો નથી, તે ગમે તેટલે સારો હોય તો પણ તે સજ્જન નથી. તેનાથી ડરવું જોઇએ. કેટલાક લોકો કહે છે: 'અમે કોઇનું ચોરતા નથી, કોઇને દુઃખ આપતા નથી; પરંતુ અમે રાતદિવસ ભગવાન ભગવાન કરતા નથી અને ભગવાનને માનતા પણ નથી.' આવા માણસનો છાંયડો પણ પોતાના ઉપર પડે તો **सचैलं स्नानमाचरेत्**—પહેરેલે કપડે નહાવું જોઇએ. કારણ, તેનામાં રહેલા રોગના જંતુઓ આપણામાં ક્યારે ઘૂસી જાય તે કહેવાય નહિ.

નારદજી જેવા મહાપુરુષો દુર્જનોમાં અને રાક્ષસોમાં પણ જઇ શકે છે. કારણ, તેઓ સિદ્ધાંતના પાકા છે. આકાશ તૂટી પડે તો પણ તેમનામાં ફેરફાર થાય નહિ. તેઓ રાક્ષસોમાં જાય તો રાક્ષસ બદલાઇ જાય પણ આવા સંતો, મહાપુરુષો બદલાય નહિ. મહાપુરુષો જેવી સ્થિરબુદ્ધિ જેમની પાસે હોય તેઓ જ રાક્ષસોમાં જઇ શકે, કારણ, તેમની બુદ્ધિ ડગતી નથી.

સત્-એટલે ભગવાનને માનવાવાળા જેમ સજ્જન કહેવાય, તેવી જ રીતે સત્‌ને લઇ જવાવાળા જે લોકો છે તે સજ્જન કહેવાય. સત્‌ને એટલે ભગવાનના વિચારોને લઇ જવાવાળા જે લોકો છે તે સજ્જન છે. આ સજ્જનની વ્યાખ્યા છે. જે ભગવાનને અને ભગવાનના વિચારો ઉપાડીને લઇ જાય છે, તેમની કૃતિને કૃતિભક્તિ કહે છે. ભાગવતમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે:

स्मरन्तः स्मारयन्तश्च मिथोऽघौघहरं हरिम् ।
भक्त्या संजातया भक्त्या बिभ्रत्युत्पुलकां तनुम् ॥ (भा. ११/३/३१)

(આ પ્રમાણે વર્તનારા તથા પાપના પુંજનો નાશ કરનારા ભગવાનનું સ્મરણ કરતા તથા એકબીજાને ભગવાનનું સ્મરણ કરાવતા ભક્તોના શરીરમાં સાધન ભક્તિથી પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે અને તે ભક્તિથી ભક્તોના શરીરમાં રોમાંચ થાય છે.)

જે ભગવાનનું સ્મરણ કરે છે અને જે ભગવાનનું સ્મરણ કરાવે છે તે ભાગવત છે. ભાગવતમાં પણ કૃતિભક્તિ છે. સ્મરણ કરાવવું એમાં કૃતિભક્તિ આવી કે નહિ? સ્વાધ્યાયી લોકોએ કંઇ નવી ભક્તિ કાઢી નથી. જૂની ભક્તિ ચાલી ગઇ હતી. તે આપણે ફરીથી ઊભી કરીએ છીએ. આપણે જીર્ણોદ્ધાર કરવાવાળા લોકો છીએ. નવું બાંધકામ કરવાવાળા નથી. આપણને નવું કશું જોઇતું જ નથી, કેમ કે આપણા ઋષિઓએ બધું કરી દેખાડયું છે. નવું શું છે? વચ્ચેના કાળમાં કોઇ તત્ત્વો ચાલી ગયાં હશે, તેના પર કચરો આવી ગયો હશે, તે આપણે સ્વચ્છ કરીએ છીએ. જરૂર! આ આપણું ભાગ્ય છે.

ભાગવતમાં કૃતિભક્તિનો નિર્દેશ છે. ભગવાન અને ભગવાનના વિચારો ઉપાડીને લઇ જવાવાળા લોકો સજ્જન છે. એવી વ્યાખ્યા થઇ શકે છે કે જે ભગવાનનું કામ કરે છે તે સજ્જન છે. કોઇપણ માણસ બીજે દિવસે વસિષ્ઠ થઇ શકતો નથી. ગીતામાં ભગવાને કહ્યું છે:

अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥ (गी. ९/३०)

(અત્યંત દુરાચારી પણ અનન્યભક્તિભાવે મને ભજે તો તેને સારા શીલવાળો માનવો જોઇએ, કેમકે, તે સારી રીતે નિશ્ચયને વરેલો છે.)

ભગવાનને ઉપાડીને લઇ જવાનો અર્થ શો? મૂર્તિપૂજા છે, ભગવાનના વિચારો છે, અવતારોનું જીવનચરિત્ર છે, તે લોકોને જઇને કહેવું, એનો અર્થ ભગવાનને ઉપાડીને લઇ જવા. ગીતામાં જુદી જુદી ભાષામાં તે જ સમજાવ્યું છે.

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥ (गीता/१८/७०)

(જે મનુષ્ય આપણા બન્નેના ધાર્મિક સંવાદનું અધ્યયન કરશે તેના વડે ખરેખર હું જ્ઞાનયજ્ઞથી પૂજિત થાઉં છું, એમ મારૂં માનવું છે.)

જે લોકોને ભગવાનના વિચારોનું વ્યસન લાગ્યું છે તેમનું જીવન જરૂર બદલાઇ જાય છે. વ્યસન શબ્દ સારો છે. તે સારી વાતમાં વપરાતો નથી, પરંતુ, વાપરીશું તો ખોટું નથી. કહ્યું છે કે **विद्याव्यसनं व्यसनमथवा हरिपादसेवनं व्यसनम्**–જેમને વિદ્યાનું વ્યસન લાગ્યું અને હરિપાદસેવનનું વ્યસન લાગ્યું, તેમનું જીવન વિકસિત થવાનું જ. આથી જ સજ્જનોની સાથે મૈત્રી રાખવી જોઇએ.

ચોથી વાત છે: શ્રેષ્ઠ પુરુષો માટે આદર રાખવો. શ્રેષ્ઠ પુરુષ કોને કહેવાય? જીવનમાં ઘણાં ક્ષેત્રોમાં જે લોકો યશસ્વી થયા છે તે શ્રેષ્ઠ છે કે નહિ? છે જ. તેઓ યશસ્વી શા માટે થયા? તેમને બુદ્ધિ મળી, કર્તૃત્વ મળ્યું, તે આગલા જન્મમાં કમાઇને લાવ્યા છે. જે લોકો આગલા જન્મની કમાણી આ જન્મમાં લઇ આવે છે તે યશસ્વી લોકો શ્રેષ્ઠ છે, પરંતુ, જેમનામાંથી તેજસ્વિતા, અસ્મિતા ચાલી ગઇ છે, તે ગુલામ બનીને ચાલે છે. તેમનું આત્માભિમાન જ રહ્યું નથી તે લોકો શ્રેષ્ઠ કેવી રીતે કહેવાય?

આપણે ત્યાં શ્રીમંત માણસને **श्रेष्ठिन्** કહેતા હતા. હવે વાણિયાઓ ‘શેઠ’ શબ્દ વાપરે છે. એનું કારણ તેમાંથી ‘રેફ’ ચાલી ગઇ. રેફ તેજસ્વિતાનો અક્ષર છે. જેના મોઢે ‘ર’ બરાબર બોલાતો ન હોય તેને સોનું ઘસીને પાવામાં આવે છે, એનું કારણ **सुवर्णं तैजसम्**—આપણા શાસ્ત્રમાં સોનાને તેજરૂપ માન્યું છે. સોનું તેજસ્વી છે પણ તે મેળવવા માટે તેની પાછળ જે લોકો લાગે છે તેઓ નિસ્તેજ કેમ થઇ જાય છે? સુવર્ણના પૂજક, ઉપાસક નિસ્તેજ કેમ છે? આ એક કોયડો છે. સોનું તેજરૂપ હોય તો તેના ઉપાસક તેજસ્વી જ હોવા જોઇએ, પરંતુ, આજે તો સોનાના ઉપાસક નિસ્તેજ હોય છે.

માણસ પાસે ગમે તેટલો પૈસો હોય તો પણ તે નિસ્તેજ હોય છે. તેની કરોડરજ્જુ જ તૂટેલી હોય છે, કારણ, તે શ્રેષ્ઠીમાંથી શેઠ થયા છે. સમાજ પણ એવો છે કે વ્યક્તિ જેમ બદલાય છે તેમ શબ્દ પણ બદલાવે છે. ‘શ્રેષ્ઠી’ શબ્દ કાઢી નાખ્યો અને તેના બદલે ‘શેઠ’ શબ્દ આવી ગયો. હવે બધા માથેથી ટોપી કાઢી નાખે છે તેમ ‘શેઠજી’ એ પણ ટોપી કાઢી નાખી તેથી શેઠ મટીને ‘શઠ’ થઇ ગયા, એવી સ્થિતિ છે. આ અમારો વિકાસ (!) છે. કલિયુગનો વિકસિત માનવ આવો છે!

શ્રેષ્ઠ પુરુષોનો આદર થવો જોઇએ; પરંતુ શ્રેષ્ઠ કોને કહેવો? શું યુનિવર્સિટીમાં ફર્સ્ટકલાસ ફર્સ્ટ આવેલા લોકો શ્રેષ્ઠ નથી? યુનિવર્સિટીમાં કેટલાક લોકો યશસ્વી થાય છે તેમ કેટલાક લોકો વેપારમાં ત્રણ-ચાર મીલો, ફેક્ટરીઓ ચલાવે છે. શું તેઓ યશસ્વી નથી? અરે! સાદું ઘર ચલાવવું મુશ્કેલ પડે છે તો ફેક્ટરી ચલાવવામાં કેટલી તકલીફ પડતી હશે? પરંતુ, આ લોકો ચલાવે છે, તે યશસ્વી છે. છોકરા છે, પૌત્રા છે, પરિવાર છે, હરિયાળું કુટુંબ છે, તો શું તે યશસ્વી નથી? તેઓ યશસ્વી છે જ. શું તે શ્રેષ્ઠ નથી? જવાબ છે, જેમણે ભગવાનને પકડયા છે તે શ્રેષ્ઠ છે. જે ભગવાનને છોડે છે તે શ્રેષ્ઠ હોઇ જ શકતા નથી. તે ગમે તેટલા મોટા હશે, ગમે તેટલું ભણ્યા હશે, ગમે તેટલા પૈસા અને વૈભવ મેળવ્યા હશે, પણ તેમના જીવનમાંથી ભગવાન બાદ હશે તો તેઓ શ્રેષ્ઠ નથી જ. માણસમાંથી ભગવાન બાદ થયા કે તેની કિંમત શૂન્ય. તેને કિંમત આપવાની કોઇ જરૂર નથી.

કેટલાક લોકાની પાસે સત્તા હોય છે. સત્તા મેળવવી આ એક યુક્તિ (Tact) છે. સત્તાપિસાસુલોકો સામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કરીને સત્તા મેળવી લે છે. તેના માટે તેઓ સિંહ કે બકરો, ગમે તે બની શકે છે. ખરીરીતે, તેઓ બકરા પણ નથી અને સિંહ પણ નથી. સત્તા મળ્યા પછી તેઓ સિંહ બને છે, સત્તા મળી ન હોય ત્યાંસુધી બકરા જેવા રહે છે. તેમનાં વિવિધ રૂપો હોય છે. તેઓ દશમુખી રાવણ જેવા હોય છે.

તો પછી શ્રેષ્ઠ કોને કહેશો? સૌ પ્રથમ નિકષ એ છે કે તે વ્યક્તિ ભગવાનને માનતી હોવી જોઇએ. ગમે તેટલા ગુણો કે સંપત્તિ પાસે હોય, પરંતુ, તે માણસ જો ભગવાનને માનતો ન હોય તો તે શ્રેષ્ઠ નથી જ. ૧૯૪૮ની સાલમાં ટાઇમ્સના છાપામાંઅમેરિકામાં બનેલો એક કિસ્સો આવ્યો હતો. તેનું મથાળું હતું, 'નાસ્તિક શિક્ષકને પાણીચું—Atheist teacher dismissed—' આવું લખવાની હિંમત આ દેશના લોકોમાં નથી.

એક ફર્સ્ટક્લાસ શિક્ષકને યુનિવર્સિટીની સેનેટે બરતરફ કર્યો અને જણાવ્યું કે આ શિક્ષક ભગવાનને માનતો ન હોવાથી અમે તેને બરતરફ કરીએ છીએ. તે વખતે બધા વિદ્યાર્થીઓએ તેનો પ્રચંડ વિરોધ કર્યો હતો કે શિક્ષક બહુ જ સારું ભણાવે છે તેથી તેને બરતરફ ન કરો. સેનેટ શક્તિશાળી હતી. તેણે જણાવી દીધું કે શિક્ષક ભણેલા છે, તેમને શિખવાડતાં પણ સારું આવડે છે એ વાત પણ ખરી પરંતુ, તે નાસ્તિક છે તેથી જ અમે તેમને બરતરફ કરીએ છીએ. કારણ, નાસ્તિક વ્યક્તિ જીવનમાં કોઇ ગુણો લાવી શકશે તેના ઉપર અમારો વિશ્વાસ નથી. 'નાસ્તિકની પાસે ગુણો હોય જ નહિ'—આ જરા ઉગ્ર વિધાન છે. ઘણા નાસ્તિકોની પાસે સારા ગુણો જોવા મળે છે, પરંતુ, તેનું એક જુદું કારણ હોય છે. તેમની પાસે આ ગુણો ક્યાંથી આવ્યા? કેવી રીતે આવ્યા? આ ગુણો જન્માંતરની કમાણીથી આવેલા હોય છે. તેવી જ રીતે, કેટલાક ગુણો અસહાયતાને લીધે પણ પેદા થાય છે. કેટલાક ગુણો પોલીસી તરીકે તેમણે સ્વીકારેલા હોય છે. આ ત્રણ કારણોસર નાસ્તિક પણ સદ્‌ગુણી લાગે છે, પરંતુ, જે નાસ્તિક છે, જે ભગવાનને માનતો નથી તે શ્રેષ્ઠ થઇ શકતો નથી.

આજે આપણે ત્યાં આવો શિક્ષક હોય તો કહે કે શિક્ષકનું ગણિત અને વિજ્ઞાનનું જ્ઞાન જુઓ, તેને ભણાવતાં આવડે છે કે નહિ, તે જુઓ. તે ભગવાનને માને છે કે નહિ, તે જોવાનું કારણ નહિ. અરે! જેના હાથમાં છોકરાઓ આપવાના છે તે ભગવાનને માને છે કે નહિ તે જોવું જ જોઇએ. અમેરિકાના લોકોએ નાસ્તિક શિક્ષકને કાઢી નાખ્યો અને કારણ પણ સ્પષ્ટ જણાવી દીધું. આપણે ત્યાં આવા શિક્ષકને કાઢે નહિ અને કદાચ કાઢે તો પણ જુદાં કારણો આપે. આપણે ત્યાં તો મંદિરના ટ્રસ્ટીઓ પણ ભગવાનને ન માનવાવાળા હોય છે. જો તમારી દૃષ્ટિથી ભગવાન છે જ નહિ, તો તેના મંદિરના ટ્રસ્ટી તમે શા માટે બન્યા? મને આવા એક ટ્રસ્ટી ખબર છે કે જે ભગવાનને માનતા નથી. મેં તેમને કહ્યું: 'તમે ભગવાનને તો માનતા નથી તો પછી આટલા મોટા મંદિરના તમે ટ્રસ્ટી શા માટે બન્યા? તમે જૂઠા છો, તમને શરમ નથી આવતી? આ તમારૂં બેવડું વ્યક્તિમત્ત્વ (dual personality) છે. જેને હું માનતો ન હોઉં, તેનો હું ટ્રસ્ટી કેમ બનું?' પરંતુ, ભગવાનના મંદિરના ટ્રસ્ટી બનવામાં કંઇક ભૌતિક ફાયદો થાય છે, તેથી આવા લોકો ટ્રસ્ટી બને છે. તેમને ભગવાનને માટે કોઇ ભાવ નથી હોતો. 'મારે ભગવાનને સંભાળવા છે, ભગવાનના વિચારો વિશ્વમાં લઇ જવા છે'—તેથી ટ્રસ્ટી થતા નથી. તેમના મગજમાં બીજો કંઇ કચરો ભરેલો હોય છે, તે માટે તેઓ ટ્રસ્ટી થાય છે.

ભાગવતકારનું કહેવું છે કે જે ભગવાનને સંપૂર્ણરીતે માને છે તે જ સજ્જન છે, શ્રેષ્ઠ છે. તેવી જ રીતે, ભગવાનનું કામ કરવાવાળો શ્રેષ્ઠ છે, સજ્જન છે.

જે ભગવાનનો બન્યો છે તે આપણી દૃષ્ટિથી શ્રેષ્ઠ છે. વિશ્વના લોકો આપણને પૂછે છે

કે તમારે ત્યાં વાંદરા ભગવાન (Monkey God) અને વૃક્ષ ભગવાન (Tree God) શું છે? આ લોકો હનુમાનને વાંદરો સમજે છે. આપણે પણ તેવું જ સમજીએ છીએ. ભૂલ તેમની નથી, આપણી છે. જે ભગવાનનો બન્યો છે તે વાંદરો હશે તો પણ તે આપણી દૃષ્ટિથી શ્રેષ્ઠ છે, પૂજનીય છે. જીવનમાં કેવળ યશસ્વી થયો હશે તો તેને આપણે શ્રેષ્ઠ નથી માન્યો. કેટલાયે લોકો પોતાના ક્ષેત્રમાં પ્રથમ કક્ષાના હોય છે, તેમનામાં સૌજન્યના કંઇક ગુણો પણ હોય છે. તે ભગવાનને માનતા હોતા નથી. કેટલાક લોકો કહે છે કે જુઓ, આ લોકો ભગવાનને માનતા નથી, મંદિરમાં જતા નથી, તો પણ તેમની પાસે કેટલા ગુણો છે? હશે. તે આગલા જન્મના ગુણો લઇને આવ્યા હશે, વાતાવરણની અસરથી પણ ગુણો આવ્યા હશે, મા-બાપના પણ તેમના ઉપર સંસ્કાર હશે. માણસ જગતમાં ઊભો રહે છે તેના પર કેટલાયે લોકોનું પરિણામ થયેલું હોય છે. સમાજનું પણ માણસ ઉપર પરિણામ થાય છે, તેથી જ કેટલાક લોકો ભગવાનને માનતા ન હોવા છતાં સજ્જન દેખાય છે. તે પોતાના ધંધામાં, વ્યવસાયમાં ગમે તેટલા હોશિયાર હોય, સારા હોય; પરંતુ તે ભગવાનને માનતા ન હોય તો? ઉત્કૃષ્ટ ડૉક્ટર પણ ભગવાનને માનતો ન હોય તો તેની દવા લેવી ફોકટ છે, કારણ, ડૉક્ટરને પણ અંદરથી ભગવાન જ પ્રેરણા આપે છે. તે ભગવાનને માનતો ન હોવાથી તેને સંભળાતું નથી; તેથી કહું કે ડૉક્ટરોએ તો આસ્તિક રહેવું જ જોઇએ. માનવી જીવન તેના હાથમાં છે.

સારો ડૉક્ટર પણ દર્દી ઉપર પ્રયોગ જ કરે છે. તે આઠ દિવસ સુધી દવા આપે છે પણ ફરક પડતો નથી. નવમે દિવસ ડૉક્ટર કહે છે; 'પેલી ગોળી છોડી દો. હવે આ ગોળી લો, આનાથી સારું થઇ જશે' અને ખરેખર આપણે બે દિવસમાં સારા થઇ જઇએ છીએ. શા માટે? અંદર કોઇ બેઠો છે. તે જ ડૉક્ટરને સૂઝાડે છે. પરંતુ, તેનું સાંભળી કોણ શકે? જે તેને માનતો હોય તે. સુભાષિતકાર કહે છે:

गुरोरधीताखिलवैद्यविद्यः पीयूषपाणिः कुशलः क्रियासु ।
गतस्पृहो धैर्यधरः दयालुः शुद्धोऽधिकारी भिषगीदशः स्यात् ॥

(ગુરુ પાસેથી સર્વવૈદ્યકશાસ્ત્રનું અધ્યયન કરેલા, અમૃતસમાન શીતલ હસ્ત, (વૈદકશાસ્ત્રની) સર્વ ક્રિયામાં કુશળ, નિઃસ્પૃહ, ધૈર્ય વધારનાર, દયાળુ, નિર્મળ ચારિત્ર્યનો અને અધિકારી એવો વૈદ્ય હોવો જોઇએ.)

ડૉક્ટર આવો હોવો જોઇએ. આપણે ત્યાં આટલું જ જુએ છે, ડૉક્ટરને પોતાના ક્ષેત્રનું જ્ઞાન કેટલું છે? પૂરું છે. તેને ઑપરેશન કરતાં બરાબર આવડે છે. બસ, બીજું શું જોઇએ? તે ભગવાનને માને છે કે નહિ એ જોવાનું કારણ નહિ. આ ડૉક્ટર જ અમારા ભગવાન છે. આવું બોલનાર માણસ પોતાને જ ઠગે છે, આત્મવંચના કરે છે અને બીજાને પણ ઠગે છે. જે ભગવાનને માનતા નથી તે શ્રેષ્ઠ હોઇ જ શકતા નથી. આટલી સ્વચ્છ કલ્પના ભાગવતોની હોવી જોઇએ. શ્રેષ્ઠ પુરુષોનો આદર હોવો જોઇએ આ ભાગવતધર્મમાં ચોથી વાત છે.

ત્યારપછી કહે છે:

शौचं तपस्तितिक्षां च मौनं स्वाध्यायमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च समत्वं द्वन्द्वसंज्ञयोः ॥ (भा. ११/३/२४)

(શૌચ, તપ, તિતિક્ષા, મૌન, સ્વાધ્યાય, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા દ્વન્દ્વોમાં સમત્વ—જીવનમાં આટલી વાતો લાવવી જોઇએ.)

મને એક વખત પરદેશી માણસે પૂછયું: 'એક શબ્દમાં તમે તમારા ધર્મનું લક્ષણ કહી શકશો?' 'બહુ કઠણ છે: પરંતુ એક જ શબ્દામાં કહેવું હોય તો અમારો ધર્મ '**શૌચમ્**' કહે છે. તેમાં બધું આવી ગયું. તેમાં અર્થશૌચ, વૃત્તિશૌચ, બુદ્ધિશૌચ, બધું આવી ગયું. શુચિતા આ ધર્મ છે.'

તમે ભગવાનની પૂજા કરવા લાગો તો તેની પાછળ પણ હેતુ 'શુચિ' હોવો જોઇએ. સામાજિક કામ કરતા હો તો તેનો હેતુ પણ શુદ્ધ હોવો જોઇએ. તો તમે ધાર્મિક છો. ભાગવતની કથા કરવાનો હેતુ પણ શુચિ હોવો જોઇએ. આપણા પૂર્વજો, ઋષિઓ, અર્થશૌચને પ્રાધાન્ય આપે છે. કેટલાક પરદેશી લોકો કહે છે કે 'ચર્ચમાં જઇને ભગવાનને નમસ્કાર કરવાના, એ વાત બરાબર છે; પરંતુ જીવનમાં પ્રત્યેક વાતનો વિચાર કરતી વખતે ભગવાન, ભગવાન શું કરવાનું? અમને રહેવા દો, જીવવા દો. બધી જગાએ 'ભગવાન ભગવાન' આ શું ચાલે છે?' પણ ભગવાન હોવા જ જોઇએ, તેથી જ અર્થશૌચ છે, તેથી જ અર્થશાસ્ત્ર (Economics) માં પણ ભગવાન આવે છે.

આજે અર્થશાસ્ત્રમાં સમજાવે છે કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને કોઇ સંબંધ નથી. પછી કહે છે કે અર્થશાસ્ત્ર એ શાસ્ત્ર (science) નથી. અર્ધું શાસ્ત્ર છે અને અર્ધું નથી, પણ તેઓ કહે છે: Economics is an independent science—તે સ્વતંત્ર શાસ્ત્ર છે. ભારતીયોનું કહેવું છે કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રનો ગાઢ સંબંધ છે. તેમની વચ્ચેનો સંબંધ તોડી નાખશો તો તે અર્થતંત્ર તૂટી જશે, ખલાસ થશે. ધર્મની વ્યાખ્યા એક જ શબ્દામાં કરવી હોય તો **શૌચમ્** થી થાય. શુચિતામાં—અર્થશૌચ, શરીરશૌચ, વૃત્તિશૌચ, બુદ્ધિશૌચ, મનશૌચ બધું આવી જાય છે.

વિચાર અને સંકલ્પ—આ બે વાતો બુદ્ધિમાં છે. જેના જીવનમાં શુદ્ધ વિચાર અને શુદ્ધ સંકલ્પ છે તે, **શૌચમ્** છે. આપણા શાસ્ત્રકારોએ **શૌચમ્** ઉપર તેથી જ ભાર આપ્યો છે. શૌચમ્, આ એક શબ્દમાં આખું વિશ્વ આવી જાય છે, તેથી મેં ધર્મ માટે એક શબ્દ 'શૌચ' કહ્યો. મારું જીવન હું ચલાવતો નથી આ સમજવું એ એક શુદ્ધ વિચાર છે. મારું જીવન બીજો ચલાવે છે છતાં હું જ મારું જીવન ચલાવું છું એમ બોલવું એ ગુંડાપણું છે. બીજાની વસ્તુ ઉઠાવી લઇને તેના ઉપર પોતાનું નામ લખી દેવું એ ગુંડાનું કામ છે, સજ્જનનું કામ નથી. આખું શરીર અને તેમાં થતી રહેલી ચયાપચયક્રિયા કોણ ચલાવે છે? હું નથી ચલાવતો, બીજો કોઇ ચલાવે છે. તો શું તેને તમે યાદ પણ નહિ કરો? તેવું થાય તો તમારી પાસે **શૌચમ્** નથી. શૌચ શબ્દમાં ભક્તિ પણ આવી જાય છે. ભાગવતધર્મમાં શૌચને વૈશિષ્ટ્ય આપવામાં આવ્યું છે. ધર્મ એ શૌચ-શુચિતાનું ઘર હોવું જોઇએ.

જેમ શરીરશુદ્ધિ છે, તેમ મન:શુદ્ધિ, વૃત્તિશુદ્ધિ, બુદ્ધિશુદ્ધિ—આ બધું શુચિતામાં આવે છે. ભાગવતધર્મમાં તપ પણ હોવું જોઇએ. જે તપ કરતો નથી તે ભાગવત નથી એમ ભાગવતકાર કહે છે. તપ એટલે શું? પાણીમાં ચોવીસ કલાક બેસવું કે આજુબાજુ તાપણી કરી વચ્ચે બેસવું?

જરૂર તે પણ તપ થઈ શકે છે. કેવળ ઊભા રહેવું હશે તો પણ આપણે ઊભા રહી શકતા નથી. કોઈ આખો દિવસ ઊભા રહેવાનું નક્કી કરે, તો વચ્ચે દસ વખત બેસી જવાનું મન થશે. એવું નક્કી નહિ ક્ર્યું હોય તો માણસ આખો દિવસ ઊભો રહેશે. નક્કી કર્યું કે પછી બેસવાનું મન થાય જ. જે દિવસે નક્કી કરીને ઉપવાસ કર્યો હશે તે દિવસે ખાવાની પ્રબળ ઇચ્છા થાય છે, ખાવાની વસ્તુ તરફ ધ્યાન પણ જાય છે. આવું આપણું જીવન છે. તો તપનો ખરો અર્થ શો?

तपो द्वन्द्वसहनम्—ભાગવતને દ્વન્દ્વ સહન કરવાનાં છે. સુખ કે દુઃખ આવે તે સહન કરવાનાં છે, સુખદુઃખમાં અવિચલ રહેવાનું છે. તેને જ તપ કહે છે. આવેલું દુઃખ સહન કરવું પણ કઠણ છે. તે કદાચ માણસ કરે, પણ સ્વેચ્છાએ સ્વીકારેલા દુઃખને સહન કરવું તેને તપ કહે છે.

મને ઘરમાં બેસીને શાંતિથી ચા, નાસ્તો, જમવાનું મળે છે. ઘરમાંથી નીચે ઊતર્યા પછી મોટર છે; તે છતાં આ બધું છોડીને હું ભક્તિફેરીમાં જાઉં, પગે ચાલું, હાથથી રસોઈ બનાવીને જમું. આ બધું દુઃખ મેં જાણી જોઈને ઉપાડયું છે. તેની જરૂર ન હતી છતાં ઉપાડયું છે. તેને જ તપ કહે છે. આવેલું દુઃખ સહન કરવું એ સારી વાત છે. પરંતુ, સ્વીકારેલું દુઃખ સહન કરવું તેને તપ કહે છે. ભાગવતકાર કહે છે કે માણસે ભાગવત બનવા તપ કરવું જોઈએ.

જેમનું સુખી જીવન છે તેવા લોકો ગામડે જાય છે, ફરે છે, લોકોને મળે છે, તેમને લોકો પાસેથી કંઈ લેવું-દેવું નથી, છતાં તેઓ જાય છે. બધાની નજર ત્યાં છે કે આ લોકો શા માટે આવતા હશે? તેઓ કદાચ આ લોકોને ગાંડા પણ ગણતા હશે. ભગવાનને પ્રાર્થના કરું કે આ ગાંડા લોકોને તેમની નજર લાગે નહિ.

એક બંગાલી બાબુએ મને પૂછયું, ‘સ્વાધ્યાયીઓ ગામડે ગામડે શા માટે ફરે છે?’ મેં કહ્યું: ‘તે જાણવું હોય તો તેમની સાથે ગામડે જાઓ, તો જ ખબર પડશે. તે વાત કહીને ખબર નહિ પડે.’ લોકોને આશ્ચર્ય થાય છે કે લેવું-દેવું કંઈ નથી, ફાળો ભોગો કરવો નથી, મત લેવા નથી, કીર્તિ જોઈતી નથી, તો પછી આ લોકો ગામડાઓમાં શા માટે ફરે છે? તેમને પ્રેરણા (Incentive) શું? સ્વાધ્યાયીઓનું આ તપ છે.

ભગવાને ગીતામાં લખ્યું છે:

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥ (गीता १८/६७)

(જે તપસ્વી ન હોય, ભક્ત ન હોય, સેવાભાવવાળો ન હોય તેમ જ મારા તરફ દ્વેષ રાખતો હોય તેને આ જ્ઞાન આપવું નહિ.)

જે લોકો ભગવત્કાર્ય માટે દુઃખ ઉપાડીને તપ કરે છે, તેમને પછી તે દુઃખ લાગતું પણ નથી. બહારના લોકોને તે દુઃખ લાગે એ વાત જુદી. ઊલટું, તેવી રીતે ભક્તિફેરીમાં જવાવાળાઓને એટલો બધો આનંદ આવે છે કે જ્યારે એકાદ વખત તેવી રીતે જઈ ન શકાય ત્યારે તેમને વ્યથા થાય છે. તેમને લાગે છે કે હમણાં ઘણા દિવસોથી ગામડે ભક્તિફેરી માટે ગયો નથી. આમ, દુઃખનું પરિણામ સુખમાં થાય છે.

જીવનમાં તપ એક આવશ્યક વાત છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે જેણે તપ કર્યું નથી, તેની સાથે મારી ગીતા બોલશે નહિ. જેણે ભગવાન માટે કંઇ કષ્ટ ઉઠાવ્યું નથી, તેની સાથે ગીતા બોલે કેવી રીતે? કોઇ સુશિક્ષિત હશે તો ગીતાનું ભાષાંતર કરશે, પરંતુ, ગીતાનું ભાષાંતર થઇ શકતું નથી. કારણ ગીતા સમજ્યું છે કોણ? આપણે ભલે રાતદિવસ ગીતા કહેતા હોઇશું તો પણ છેવટે એમ જ કબૂલ કરવું પડે કે ગીતા હજી સમજાઇ નથી, જેટલા ઊંડા પાણીમાં તમે જશો તેટલી જ ગીતા વધારે ઊંડી છે એમ લાગે છે. શૌચ, તપ હોવા જોઇએ તેમ તિતિક્ષા પણ હોવી જોઇએ. ભાગવત બનતાં જશો તેમ તેમ આ ગુણો આવતા જશે. ભગવાન ઉપર પ્રેમ વધશે તેમ તેમ આ એક એક ગુણ જીવનમાં આવતો જશે. તેના માટે કંઇ પરિશ્રમ ઉઠાવવો પડતો નથી.

ભાગવત ધર્મ સમજાવતાં આગળ કહે છે કે ભાગવત શું કરે?

श्रवणं कीर्तनं ध्यानं हरेरद्भुतकर्मणः ।
जन्मकर्मगुणानां च तदर्थेऽखिलचेष्टितम् ॥ (भा. ११/३/२७)

(અદ્ભુત કર્મ કરનારા ભગવાનનાં જન્મ, કર્મ અને ગુણોનું શ્રવણ, કીર્તન, ધ્યાન અને ભગવાનના ઉદ્દેશથી જ સર્વ કર્મ કરવાનું શીખવાનું.)

આમાં પ્રથમ શ્રવણનો બહુ જ આગ્રહ રાખ્યો છે. ભક્તિશાસ્ત્રમાં આવી જ સીડી દેખાડી છે:

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

(શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન, આ ભક્તિનાં પગથિયાં છે.)

શ્રવણનો અર્થ કેવળ સાંભળવું એમ નહિ. **श्रुत्वा धर्मं विजानाति** સાંભળીને ધર્મ ખબર પડે. આપણને આજે ધર્મની સમજણ નથી. ધર્મ શું છે? કોઇપણ ધર્મ નિરપવાદ નથી. હિંદુ, ખ્રિસ્તી, મુસ્લિમ વગેરેમાં સામાન્ય ધર્મની વ્યાખ્યા હશે. તેમાં જુદું જુદું કર્મકાંડ પણ હશે; પરંતુ તેના જે મૂળભૂત સિદ્ધાંત છે, તેના સંબંધમાં પણ નિરપવાદત્વ નથી. દા.ત. અહિંસાનું તત્ત્વ છે તે પણ નિરપવાદ તત્ત્વ નથી. એકાદ પ્રસંગે હિંસા કરવી તેને પણ ધર્મ કહેવો પડે.

गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः ।
उत्पथप्रतिपन्नस्य न्याय्यं भवति शासनम् ॥
गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् ।
आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥

ગુરુ હોય, બ્રાહ્મણ હોય કે બહુશ્રુત હોય, પરંતુ, તે જો આતતાયી થાય તો વગર વિચારે પણ તેને મારવા જોઇએ. અહીં હિંસામાં દોષ નથી. ધર્મની વ્યાખ્યા **इदम् इत्थं** — —એવી થઇ શકતી નથી. છેવટે, તેનો નિર્ણય બુદ્ધિથી જ લેવો પડે છે. બુદ્ધિ માણસને તારે પણ ખરી અને ડૂબાડે પણ ખરી. તેના માટે જ બુદ્ધિ ઉપર સંસ્કાર થવા જોઇએ. બુદ્ધિને ઘસવી જોઇએ એવો જે આગ્રહ રાખ્યો છે તેનું કારણ જ આ છે. છેવટે, પ્રત્યેક માણસે પોતે જ અંતિમ નિર્ણય લેવો

જોઇએ.

सत्यं वद – એમ ધર્મ કહે છે. સાચું બોલવું જોઇએ; પરંતુ મશ્કરી કે વિનોદ કરવાં કે નહિ કરવાં? સાચું બોલવાનો આગ્રહ રાખો તો મજાક મશ્કરી થાય જ નહિં. કેટલાક પ્રસંગોએ ખોટું બોલવું પાપ નથી, એમ કહે છે:

न नर्मयुक्तं वचनं हिनस्ति न स्त्रीषु राजन् न विवाहकाले ।
प्राणात्यये सर्वधनापहारे पञ्चानृतान्या हुर पातकानि ॥

ધર્મની વ્યાખ્યા નિશ્ચિત થઇ શકતી નથી. **श्रुत्वा धर्मं विजानाति** – સાંભળીને ધર્મ ખબર પડે. એવું સાંભળવું જોઇએ કે જે સાંભળીને બુદ્ધિ તૈયાર થાય, પ્રભાવી થાય, પોતે નિર્ણય કરી શકે તેવી થાય. કેવળ વાર્તાઓ અને દષ્ટાંતો સાંભળીએ, એ સાંભળવું ન કહેવાય. સાંભળીને બુદ્ધિ બદલવાની છે, બુદ્ધિને તીક્ષ્ણ બનાવવી છે. આજે તો સાંભળવામાંથી, શ્રવણમાંથી બુદ્ધિ જ ચાલી ગઇ છે. આજે તો સાંભળવુંનો અર્થ જ એ થયો છે કે બુદ્ધિ ચલાવવી નહિ. **श्रुत्वा धर्मं विजानाति** તેમ **श्रुत्वा पापं परित्यजेत्**—સાંભળીને પાપ ખલાસ થાય. પાપનો અર્થ થાય છે—ક્ષુદ્રતા, દીનતા, દુર્બળતા. જ્યાંસુધી માણસ પોતાની જાતને ક્ષુદ્ર સમજે ત્યાંસુધી તેના હાથે કંઇ પણ થઇ ન શકે. માણસે આત્મગૌરવ જાગૃત કરવું જોઇએ, અસ્મિતા જાગૃત કરવી જોઇએ.

જ્યાંસુધી તમારા હૃદયમાં 'હું કંઇ કરી શકું છું' એવી ભાવના જાગૃત ન થાય ત્યાંસુધી તમે દુર્ગુણોની સામે લડી નહિ શકો અને સદ્‌ગુણો કેળવી નહિ શકો. સદ્‌ગુણો ઉપાડવા છે અને દુર્ગુણોની સામે લડવાનું છે, તેથી અસ્મિતા જાગૃત કરે તેવું સાંભળવું જોઇએ.

श्रुत्वा निवर्तते मोहः—મોહ ચાલ્યો જાય તેવું સાંભળવું જોઇએ. આપણને શરીર, વિત્ત, કીર્તિ વગેરેના કેટલા મોહ લાગ્યા છે! સારા વિચાર સાંભળીને આવા મોહ ચાલી જાય.

श्रुत्वा ज्ञानामृतं लभेत् – સાંભળીને જ્ઞાનામૃત મળે. માણસે હંમેશાં સાંભળવું જોઇએ અને કેવું સાંભળવું જોઇએ તે અહિં સમજાવ્યું છે.

શું સાંભળવું જોઇએ? તો કહે છે: **हरेरद्‌भुत कर्मणः** – હરિનાં અદ્‌ભુત કર્મો છે તે સાંભળવાં. અદ્‌ભુત કર્મ કોને કહે છે? જ્યાં બુદ્ધિ ચાલતી નથી તેને અદ્‌ભુત કહે છે. આપણે તેને અકસ્માત કહીએ છીએ. જેની કારણપરંપરા ખબર નથી પડતી તેને અકસ્માત કહે છે.

ભગવાનનાં અદ્‌ભુત કર્મ એટલે ભૂસ્તરશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, ભૂગોલશાસ્ત્ર, નરદેહરચનાકૌશલ્યનું શાસ્ત્ર. આ બધાં ભગવાનનાં અદ્‌ભુત કર્મો છે. ડૉક્ટરો માટે મને પ્રેમ છે પણ સાથે સાથે મને તેમની દયા પણ આવે છે. કારણ, આટલી વખત શરીરની ચીરફાડ (Dissection) કર્યા પછી પણ તે પથરા જેવા કેમ રહે છે? ભગવાનનું નરદેહરચનાકૌશલ્ય અદ્‌ભુત છે. ડૉક્ટરોને તો શરીરની અંદરની રચના જોયા પછી, આ બધું કોણે બનાવ્યું હશે એવો વિચાર કેમ ન આવે? જો શરીર બનાવનાર અને સંભાળનાર કોઇ બીજી શક્તિ હોય તો તેના પ્રત્યે મારું કંઇ કર્તવ્ય છે કે નહિ? બુદ્ધિશાળી ડૉક્ટરો આના વિષે કંઇ વિચારતા નથી એ બહુ જ ખરાબ વાત છે.

જેમને સમજણ છે તે લોકો સમજીને ગુનો કરે તો તેમને બમણી સજા મળવી જોઈએ. વકીલ જો કાયદાનો ભંગ કરીને ગુનો કરે તો ન્યાયાધીશ તેને બમણી સજા કરે છે એવું કહેવાય છે. કારણ, કાયદાની સંપૂર્ણ જાણકારી હોવા છતાં તે કાયદો તોડે છે.

ભૂગર્ભશાસ્ત્ર, શરીરરચનાશાસ્ત્ર, ખગોલશાસ્ત્ર—આવાં બધાં શાસ્ત્રો ભગવાનનાં પુરાણ છે. ભગવાને લખેલી તે પોથી છે. તેનો અભ્યાસ કરીને ભગવાનનું અદ્‌ભુત કર્મ ખબર પડે. રંગ પરમાણુનો સિદ્ધાંત (Chromosome theory) વાંચ્યા પછી ભગવાનનું અદ્‌ભુત કર્મ ખબર પડે છે. શરીરમાં બધે જ અડતાળીસ રંગપરમાણુઓ છે, પણ વીર્ય અને રજ (Semen and ovum)માં ચોવીસ-ચોવીસ છે. આવી વ્યવસ્થા કોણે રાખી? એનો વિચાર કરતાં કરતાં મગજ ખતમ થઈ જાય છે. જે મગજ ચલાવે જ નહિ તેનું મગજ ખતમ કેમ થાય? ભગવાનનાં આવા ઘણા અદ્‌ભુત કર્મો છે.

जन्मकर्म गुणानांच—આપણી પાસે જે ગુણો હશે તે ભગવાનને પગે ધરવા જોઈએ. આપણે બધા ગુણો સ્વાર્થને માટે વાપરીએ છીએ. ભક્તિશાસ્ત્રમાં આ જ કચરો આવી ગયો છે. જેવી રીતે ચિત્તએકાગ્રતા (Concentration) ચાલી ગઈ તેથી મૂર્તિપૂજા ચાલી ગઈ, તેવી રીતે કૃતિભક્તિ ગઈ તેથી પ્રેમ પણ ખતમ થઈ ગયો.

આપણા પાસે જે નિપુણતા હોય, કૌશલ્ય (Efficiency) હોય તે ભગવાનના ચરણે ધરવાં જોઈએ. નિપુણતા ભગવાનના ચરણે ધરવા કોઈ તૈયાર નથી. નિપુણતા બધી ઓફિસમાં વાપરવાની અને જેમાં કશું આવડતું નથી (Inefficiency) તે મંદિરમાં વાપરવાની.

અર્જુને શું કર્યું? અર્જુન પાસે લડવાનું કૌશલ્ય, લડવાની નિપુણતા હતી, તે તેણે ભગવાનના ચરણે ધરી. તેથી જ તેને મુક્તિ મળી. તમે જગતનો કોઈ પણ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ વાંચો, લડવૈયો લડયો અને તેને મુક્તિ મળી, એવું ક્યાંય વાંચવા નહિ મળે. પરંતુ, મહાભારતમાં અર્જુન લડ્યો અને **पाण्डवानां धनंजयः** થઈ ગયો. ભગવાનની વિભૂતિ બની ગયો. ભગવાને ગીતામાં એવુંજે કહ્યું છે તે અર્જુનને મનાવવા કે તેની ખુશામત કરવા કહ્યું નથી. કારણ, કૃષ્ણને અર્જુનની ખુશામત કરવાની જરૂર જ નહતી. ભગવાને તો તેને સ્પષ્ટ ભાષામાં કહી દીધું હતું- '**ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे... मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन्...** લડવું હોય તો તારા માટે મોકો છે, તું નિમિત્ત બન. તું નહિ લડે તો તારા વગર પણ આ કામ થવાનું જ છે.' ભગવાનને એ જ દેખાડવું હતું કે યુદ્ધમાં શત્રુનાં માથાં કાપવાવાળો અર્જુન પણ **पाण्डवानां धनंजयः** બની શકે છે. ભગવાને આવું કહ્યું એનું કારણ, અર્જુને પોતાનું નૈપુણ્ય પ્રભુના ચરણે ધરી દીધું હતું સેના નાવી હજામ હતો. તે લોકોની હજામત કરતો હતો, છતાં તે મુક્ત થઈ ગયો. એનું કારણ તેણે પોતાનું કૌશલ્ય ઈશ્વરના ચરણે ધર્યું હતું. પોતાની નિપુણતા ઈશ્વરના ચરણે ધરવાનું દર્શન અર્જુને કરાવ્યું છે.

ભગવાનને ચરણે પોતાની નિપુણતા (Efficiency) ધરવી એ ભક્તિનું બીજું નામ છે. તેવી

જ રીતે, શાસ્ત્રીય મૂર્તિપૂજા સમજાવવી એ પણ કૃતિભક્તિ છે. આવું કામ કરનાર સ્વાધ્યાયપરિવાર ભક્ત છે, તેનું આ જ કારણ છે. ભક્તિફેરી કરીને ઋષિઓએ ચીંધેલા વેદપ્રણિત ભક્તિમાર્ગ પર કચરો આવ્યો છે, માટી આવી છે, તે આઘાં કરી, સ્વચ્છ બનાવવાનો પ્રયત્ન ચાલે છે. નદીમાં પૂર આવ્યા પછી બધા માર્ગો પર માટી અને કચરો છવાઈ જાય છે, તે સાફ કરવા પડે, તો જ તે ઉપયોગમાં આવે. આવી રીતે માનવજાત ઉપર અગતિકતાથી, અસહાયતાથી, ભીતિથી, ભક્તિનું પૂર આવે છે તેના લીધે માર્ગ ઉપર કચરો-માટી આવી જાય છે; તે રસ્તાઓ સ્વચ્છ કરવા પડે છે.

મને એક ભાઈએ પૂછયું હતું, 'તમે સ્વાધ્યાયી લોકો કોણ છો અને શું કરો છો?' મેં કહ્યું: 'અમે સ્વાધ્યાયીઓ ભગવાનના ઝાડુવાળા છીએ. જો ઝાડુવાળા હરિજન હશે તો અમે પણ હરિજન છીએ. અમે ભક્તિ પર આવેલો કચરો સાફ કરીએ છીએ અમે કૃતિભક્તિ કરીએ છીએ અને ભગવાનનાં ચરણે અમારી નિપુણતા ધરવાનું કામ કરીએ છીએ'

પેશવાના સમયમાં માધવરાવ પેશવાને મરાઠી રાજ્ય ઊભું કરવું હતું, તેઓ દરરોજ સવારના ત્રણ-ચાર કલાક સ્નાન-સંધ્યા ઇત્યાદિ કરતા હતા. રાજ્યના કામ માટે રામશાસ્ત્રી પ્રભુણે તેમને સવારના પ્રહરે મળવા આવ્યા પરંતુ, માધવરાવ મળ્યાં નહિ. એક જ જવાબ મળતો હતો, કે સંધ્યા ચાલે છે. છેવટે રામશાસ્ત્રી માધવરાવને મળ્યા ત્યારે તેમણે તેમને કહી દીધું 'પોતાનું કર્તવ્ય છોડીને સંધ્યા કરવાવાળાને તેનું ફળ નથી મળતું. તમે ગાદીપર બેઠા છો તે ત્રણ કલાક સંધ્યા કરવાને માટે નહિ. જો રાજગાદી પર બેઠા છો તો તમારે પ્રથમ તે જ કામ કરવું જોઈએ. તે ન કરશો તો ઇહલોક અને પરલોક-બન્નેમાં તમે ગુનેગાર ઠરશો; એટલું જ નહિ, તમે ભગવાનનો પણ ગુનો કરો છો.'

રામશાસ્ત્રી પ્રભુણે જેવા પરમ ધાર્મિક પુરુષે માધવરાવ પેશવાની ચાર કલાકની સંધ્યા શા માટે રોકી? શું તેમને સંધ્યા અમાન્ય હતી? એમ નથી. ગીતામાં કહ્યું છે: **स्वे स्वे कर्मण्यभिरतः संसिध्धिं लभतेनरः ।**

अपहाय निजं कर्म कृष्ण कृष्णेति वादिनः ।
ते हरेर्द्वेषिनः पापाः धर्मार्थं जन्म यद्धरे ॥

પોતાનું નિજી કર્મ છોડી દઈને 'કૃષ્ણ, કૃષ્ણ,' જપવાવાળા લોકો હરિના-ભગવાનના દ્વેષી છે, પાપી છે.

પોતાના ગુણ, પોતાની નિપુણતા ભગવાનના ચરણે ધરવાનું કામ સ્વાધ્યાયપરિવાર કરે છે. સ્વાધ્યાયપરિવારના માછીમારોએ પોતાની નિપુણતા ભગવાનના ચરણે ધરવા માટે મત્સ્યગંધા તરતી મૂકી છે. તેમણે તરતી મૂકેલી મત્સ્યગંધાનો કોઈ માલિક નથી, તેમાં જવાવાળો કોઈ મજુર નથી. મત્સ્યગંધા એ મંદિર છે, તેમાં પૂજારીએ પોતાની નિપુણતા ભગવાનને ચરણે ધરી છે. મત્સ્યગંધા તેમણે જ બનાવી છે પણ તેના તેઓ માલિક નથી. તેનો માલિક ભગવાન છે. તેના પર કામ કરવાવાળા લોકો મજૂરી લેવાના નથી. તેઓ પૂજારી બનીને કામ કરશે. તેમાંથી જે લક્ષ્મી ઉત્પન્ન થશે તેમાંથી ઓખાથી ગોવા સુધીના માછીમારોને પ્રસાદ પહોંચાડવામાં આવશે. આમાં લેનારા હલકા ઠરતા નથી, મદદ લેતા નથી. તેઓ ભગવાનનો પ્રસાદ સ્વીકારે છે. તેમને

ભગવાનનો દીકરો સમજીને ભગવાનનો પ્રસાદ અપાય છે. ભક્તિશાસ્ત્રમાં આ એક ક્રાંતિકારી પ્રયોગ છે. Haves-સમર્થને-have-nots અસમર્થને આપવું છે પણ તે મદદ તરીકે નહિ, અરજી મંગાવીને નહિ, તેમને હલકા ઠરાવીને નહિ. તેમને ભગવાનનો દીકરો સમજીને ભગવાનનો પ્રસાદ પહોંચાડવામાં આવશે. સ્વીકારનાર પણ કોઈનો શરમિંદો નહિ બને. આવી દૃષ્ટિ રાખીને માછીમારોએ, સાગરપુત્રોએ, આ પ્રયોગ કર્યો છે. તેમણે શુદ્ધ સંકલ્પથી શરૂઆત કરી છે, તે પૂરું કરવાનું કામ ભગવાનનું છે.

સુખી અને ભણેલા લોકો વિચાર્યા કરે છે. પરંતુ તેમનું વિચારવું જીવનમાં આવતું નથી. તેઓ વર્ષો સુધી વિચાર્યા જ કરે છે, ત્યારે અભણ લોકોએ આ ક્રાંતિકારી પ્રયોગ શરૂ કરી દીધો છે.

કોઈપણ કામનો સંકલ્પ 'ભગવાનને માટે' હોવો જોઈએ. લગ્ન કરવા હશે તો પણ ભગવાન તારું કામ થાય તે માટે હું લગ્ન કરું છું. તું સારી પત્ની આપશે તો બમણું કામ થશે. પ્રતિકૂળ પત્ની મળશે તો તારા કામ પર મારી શ્રદ્ધા વધારે પાકી થશે. તેવી જ રીતે, 'ભગવાન! તારું કામ કરવા માટે હું દુકાન ખોલું છું તેમાંથી જે મળશે તેનાથી તારું કામ થશે અને મને પ્રસાદ પણ મળશે.' આ ભૂમિકાથી કામ કરનાર ભાગવત છે. આવું ભાગવતનું સુંદર ચિત્રણ નારદજીએ વસુદેવની સામે કર્યું છે.

ત્યારપછી કહે છે કે **तदर्थेडखिल चेष्टितम्** – બધું તેના માટે જ થવું જોઈએ. **शिवो भूत्वा शिवं यजेत्-कृष्णो भूत्वा कृष्णं यजेत् – रामो भूत्वा रामं यजेत्** – કેવળ રામનાં ગુણો ગાવાના નથી. રામનાં ગુણો ગાઈને મારે તે જીવનમાં લાવવાના છે.

મારું આખું જીવન તેના માટે હોવું જોઈએ. મારું ખાવું, પીવું, સૂવું, કમાવું બધું ભગવાન માટે હોવું જોઈએ. આ ભાગવતનું અંતિમ લક્ષણ સમજાવ્યું છે. 'ભગવાન! હું કોઈપણ કૃતિ કરીશ, તે તમારા માટે કરીશ.' કર્મનો હેતુ મહત્ત્વનો છે. ક્યા હેતુથી તમે કર્મ કરો છો, સંકલ્પ શો છે, તે ભગવાન જુએ છે. કૃતિનો બધો આધાર સંકલ્પ ઉપર છે. કૃતિના પાયામાં સંકલ્પ છે. એકાદ માણસ પચીસ હજાર રૂપિયા ખર્ચીને ગામમાં કૂવો ખોદાવી આપે. તેની ભાષા એવી જ હોય કે આખા ગામના લોકોને પીવાનું પાણી મળે પરંતુ, તેનો હેતુ એવો હોય કે હું આગલી ચૂંટણીમાં ઊભો રહેવાનો છું, ગામમાં કૂવો ખોદાવી આપું તો ચૂંટણીમાં બધાના મત મને મળે. આ ભાગવત કર્મ નથી. બધાને પાણી મળતું હશે તો પણ તેનું કર્મ એ વેપાર છે. **स वै वणिकः**–આવા માણસને ભાગવતકારે વણિક કહ્યો છે.

જે કાર્ય માટે ભગવાન આ સૃષ્ટિમાં આવે છે, તે જ કાર્ય કરવા માટે હું પણ આ જગતમાં આવ્યો છું એમ કહેવાની હિંમત હોવી જોઈએ. ભગવાન આ સૃષ્ટિમાં ક્યું કાર્ય કરવા માટે આવે છે? ગીતામાં ભગવાને પોતે જ કહ્યું છે:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ (गी. ४/८)

(સત્પુરુષોના રક્ષણ માટે, દુરાચારીઓના વિનાશ માટે અને ધર્મની સંસ્થાપના કરવા માટે દરેક યુગમાં હું અવતાર ધારણ કરું છું.)

ભગવાનનું આ કામ કરવા માટે હું આગળ આવીશ, હું પણ તે કામ કરીશ. તો જ હું વૈષ્ણવ કે ભાગવત થઇ શકું. સજ્જનોનું રક્ષણ કરવું, તેમને પીઠબળ આપવું અને પોતાની શક્તિ આપવી, દુષ્ટવૃત્તિનું દમન કરવું અને ધર્મની સંસ્થાપના કરવી, એ કામ હું પણ કરીશ. માણસ જો આવું કહી શકતો હોય તો ભગવાન સાથે તેની એકાત્મતા છે એમ કહેવાય. આવો ભક્ત કહે: 'ભગવાન! આ જગતમાં આવીને તું જે કાર્ય કરે છે તે જ કાર્ય હું પણ કરીશ. તારું કામ મોટું હશે અને મારું નાનું હશે, પણ કામ તે જ હશે. મારા આખા જીવનમાં દૃષ્ટિ એ જ રહેશે કે મારે મારી શક્તિ સજ્જનોને આપવાની છે. જગતમાં સદ્‌વૃત્તિ વધે એટલા માટે મારે પ્રયત્ન કરવાનો છે.'

માણસે દુષ્ટવૃત્તિનું દમન કરવાનું છે. ભાગવતનો જગત ઉપર પ્રેમ છે. જેટલો પ્રેમ વધારે તેટલો તે દુષ્ટવૃત્તિનો પ્રતિકાર વધારે કરશે. 'ભાગવત' આ અટક નથી, ગુણવિશેષ છે. Resist not evil કહ્યું છે. તેમાં જે દોષી છે તેનો નહિ પણ તેનામાં રહેલા દોષનો પ્રતિકાર કરવાનો, તેને દૂર કરવાનો પ્રયત્ન કરવાનો છે. સમજો કે તમારા દીકરાને તાવ આવ્યો છે. તમને દીકરા પર પ્રેમ છે એટલે તમે દવા આપીને તાવને તેના શરીરમાંથી દૂર કરશો. Resist not evil—એટલે તેને દવા ન આપવી એમ નહિ. જ્યાંસુધી તેને તાવ ઊતરશે નહિ, ત્યાંસુધી તમે ચૂપચાપ બેસશો નહિ. જરૂર પડશે તો અમેરિકાથી પણ ઈંજેકશન કે દવા મગાવશો અને તાવને કાઢશો. આમાં દોષીનો તિરસ્કાર નહિ, દોષનો તિરસ્કાર છે. તેને જ Resist not evil કહેવાય. જે જગતમાં દોષ જોઇને પણ ચૂપચાપ બેસતો હશે તે ભાગવત નથી.

ભગવાનના જન્મ, કર્મ અને ગુણ આ ત્રણ જોઇને આપણે કામ કરવાનું છે. ભગવાનનો જન્મ જે કારણથી છે, તે જ કારણથી મારો પણ જન્મ છે, તે મારે સિદ્ધ કરવાનું છે. જગતમાં સદ્‌વૃત્તિ વધવી જોઇએ એટલું બોલીને ન ચાલે. જગતમાં સદ્‌વૃત્તિ વધારવા માટે મેં મારી શક્તિ કામે લગાડી છે; તેવી જ રીતે, દુષ્ટવૃત્તિનું દમન કરવા માટે મેં મારી શક્તિ વાપરી છે એવું ભગવાનને દેખાડવું પડશે. મારે ધર્મની સંસ્થાપના કરવી છે, સ્થાપના નહિ. ધર્મની સ્થાપના તો થઇ ગઇ છે; પરંતુ ધર્મમાં જે કચરો આવી ગયો છે તે આઘો કરીને ફરીથી તેની સંસ્થાપના કરવી છે. કૃષ્ણ ભગવાન પણ એટલા માટે જ જગતમાં આવ્યા હતા. ભગવાને ગીતામાં કહ્યું છે:

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥ (गीता. १८/३२)

(હે પાર્થ, જે બુદ્ધિ તમોગુણથી ઢંકાયેલી હોવાથી અધર્મને ધર્મ માને અને એ પ્રમાણે સઘળા અર્થોને વિપરીત-ઊલટા જ માને છે તે બુદ્ધિ તામસી છે.)

ભગવાન! જે લોકો ચીલેચાલુ ધર્મ પાળે છે તેમની વિરુદ્ધ ઊભા રહેવું બહુ જ કઠણ છે. મને ધર્મ અને ભક્તિ ઉપર પ્રેમ છે; પરંતુ ચીલાચાલુ ભક્તિનો પ્રતિકાર કરવો બહુ જ કઠણ પડે છે. સમાજ તે વાત જલ્દી સ્વીકારતો નથી. સમાજના બહુસંખ્ય લોકો મૂર્ખ જેવા હોય છે, તેથી તેઓ ચીલાચાલુ ધર્મ અને ભક્તિ સહેલાઇથી ઉપાડે છે. વ્યાસપીઠ પર બેઠો છું તેથી 'બહુસંખ્ય મૂર્ખ'—Majority of fools એમ કહું છું. વ્યવહારમાં તો બહુમતિનો વિજય ચાલે છે, કેમ કે Majority carries the point એમ કહે છે. શાસ્ત્રમાં, વિજ્ઞાનમાં, કોઇ જગાએ બહુમતિ

ચાલશે નહિ. સમજો કે ઘરમાં કોઇને તાવ આવ્યો છે. ઘરના દસ માણસો એમ કહે કે મલેરિયા છે અને ડૉક્ટર કહે કે ટાઇફોઇડ છે. તો કોનું માનવામાં આવશે? ડૉક્ટરનું. ઘરના દસ જણાનું નહિ, કારણ શાસ્ત્રમાં બહુમતિ (Majority) ચાલતી નથી. જેની પાસે જ્ઞાન છે, જેની લાંબી દૃષ્ટિ છે, તેની જ સલાહ માનવામાં આવે છે.

ચીલાચાલુ ધર્મની વિરુદ્ધ ભગવાનને પણ ઊભા રહેવું પડયું હતું. તે ભગવાન હતા છતાં પણ તે કામ કઠણ પડયું છે. **कृष्णस्तु भगवान् स्वयं** તે ભગવાન હતા, યોગ્ય અને નૈતિક માર્ગ પર હતા, તેના માટે પણ શંકા નથી; એટલું જ નહિ, સામાજિક પુનરુત્થાનને માટે તેમણે રાતદિવસ લોહીનું ટીપેટીપું ખર્ચ્યું છે. આમ છતાં તે કાળે પણ કૌરવ-પાંડવની લડાઇ થઇ તેમાં કૃષ્ણ પાંડવો જોડે હતા, તે છતાં પાંડવોના પક્ષમાં સાત અક્ષૌહિણી સૈન્ય આવ્યું અને કૌરવોના પક્ષમાં અગિયાર અક્ષૌહિણી સૈન્ય ગયું. કારણ, તે સમયના બુદ્ધિશાળી લોકો, બંધારણને અનુસરવાવાળા (Constitutionalist) લોકો, રાજકારણી લોકો, યોદ્ધાઓ બધા કૃષ્ણની વિરુદ્ધ હતા. તેઓ શા માટે વિરોધ કરતા હતા? તે વિચારવું જોઇએ.

તે વખતે એક બંધારણીય પ્રશ્ન પણ હશે. પાંડુને રાજ્ય મળ્યું તેનું કારણ એટલું જ કે તે વિકલાંગ ન હતો. ધૃતરાષ્ટ્ર વિકલાંગ હતો તેથી તે રાજ્યનો અધિકારી ન હતો. ભારતીય રાજ્યઘટના મુજબ વિકલાંગ વ્યક્તિ રાજ્યપદની અધિકારી ન હતી. નહિ તો ધૃતરાષ્ટ્ર મોટો હોવાને લીધે તે જ રાજ્યનો અધિકારી ગણાત. પાંડુને રાજ્ય મળ્યું. ત્યારબાદ પાંડુ વનવાસમાં ચાલ્યો ગયો. તેથી રાજ્ય અધિકારીના હોદ્દા પર ધૃતરાષ્ટ્ર આવ્યો. રાજ્યનો વહીવટ ચલાવવા, સહી સિક્કા કરવા માટે પાંડુ ધૃતરાષ્ટ્રને રાખી ગયો હતો. ધૃતરાષ્ટ્ર એટલો જબરો કે ગાદી પર બેઠો તે ઊતર્યો જ નહિ. તે એની કરુણાંતિકા છે.

પાંડુના મૃત્યુબાદ રાજ્યના અધિકારી કોણ? પાંડવો કે કૌરવો? આ પ્રશ્ન ઊભો થયો. તેમાં પાંડુના પુત્રો નિયોગજન્ય સંતતિ હતી અને ધૃતરાષ્ટ્રના પુત્રો ઔરસ સંતતિ હતી. તે કાળે ઔરસ સંતતિ જેટલી જ કિંમત નિયોગજન્ય સંતતિને હતી. નિયોગજન્ય સંતતિ પણ ધર્મમાન્ય સંતતિ હતી. આમ છતાં નિયોગજન્ય સંતતિ અને ઔરસ સંતતિ બન્ને અધિકાર માટે સામસામા ઊભા થાય તો ઔરસ સંતતિ અધિકારી બની જતી. રાજગાદી પર બેસવા કૌરવો જ અધિકારી છે એવું માનવાવાળા કેટલાક રાજકારણીઓ અને બંધારણીય લોકો હતા. વિરોધનું આ પણ એક કારણ હતું.

બીજું, વિશ્વનો ઇતિહાસ જોશો તો સમજાશે કે લોકો ધર્મ અને ભક્તિના પૂજક છે. તેથી ધર્મસત્તા રહે છે, રાજસત્તા ચાલી જાય છે. યુરોપમાં જુઓ તો ઓગસ્ટસ સીઝર, જુલીયસ સીઝર, શારમેન, ચૌદમો લૂઇ જેવા કેટલા મોટા મોટા રાજાઓ હતા. તેઓ આ જગતમાંથી ચાલી ગયા, સત્તા પણ ચાલી ગઇ, પરંતુ, રોમન કેથોલિક ધર્મ આજ સુધી લોકોના દિલ પર અનુશાસન કરે છે. શા માટે? રાજસત્તા કરતાં ધર્મસત્તા વધુ પ્રભાવી છે. રાજસત્તા ધર્મસત્તાને ઉડાડી દેવા માટે ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ, રાજસત્તા અલ્પાયુષી હોય છે. વૈશ્વિક દૃષ્ટિથી બે-પાંચ વર્ષની કોઇ કિંમત નથી. ધર્મસત્તા પ્રભાવી હોય છે. તેથી જે અધાર્મિક છે તે આ ભૂમિ પર રાજા થઇ શકતો જ નથી. તે જમાનામાં કૌરવો લોકોને અધાર્મિક લાગતા ન હતા. આ જ સમસ્યા હતી

અને ત્યાં જ કૃષ્ણ ભગવાનનું કર્તૃત્વ છે.

દુર્યોધન ચીલેચાલુ ધર્મ પાળતો જ હતો. તે વિષ્ણુયાગ કરતો હતો, ભાગવતની સપ્તાહ પણ કરતો હતો, બ્રાહ્મણોને જમાડતો હતો. આ બધું તે કરતો હતો તેથી સામાન્ય માણસની માન્યતા એવી હતી કે તે ધાર્મિક છે.

કૃષ્ણના પક્ષમાં ઓછા લોકો આવ્યા, એનું કારણ, સમાજનો મોટો વર્ગ ચીલાચાલુ ધર્મ ઉપાડવાવાળો હોય છે. તેમની સામે ઊભા રહીને કૃષ્ણ ભગવાને ધર્મની સંસ્થાપના કરી. આ બહુ જ કઠણ વાત હતી, પણ કૃષ્ણ ભગવાને તે કરી દેખાડી. આવા કર્મ દ્વારા કૃષ્ણ ભગવાને આપણા જેવા લોકોને માર્ગદર્શન કર્યું કે આપણે ક્યા રસ્તે જવાનું છે.

જ્યારે જ્યારે ધર્મ ઉપર કંઇ વિપત્તિ આવે, તેમાં કચરો ઘૂસી જાય, ત્યારે તે કચરો કાઢવો પડશે. આ સમજાવવા માટે કૃષ્ણ ભગવાન આવ્યા હતા અને આ કામ કેવી રીતે કરવાનું તેનું માર્ગદર્શન તેમણે કાર્ય કરીને કર્યું છે. તેમના રસ્તે ચાલવાવાળો ભાગવત છે. આપણે કૃષ્ણને માનીએ છીએ, દરવર્ષે તેમનો જન્મોત્સવ ઊજવીએ છીએ, આટલું કરીને અને કહીને નહિ ચાલે. કૃષ્ણ ભગવાનના વિચારને માનતો હોય તે જ કૃષ્ણને માને છે એમ કહેવાય. કેવળ જન્માષ્ટમીને દિવસે ઉપવાસ કરીને કૃષ્ણ ભગવાનની જય કેવી રીતે થશે? કૃષ્ણના દીકરાઓ મૂર્ખ, ઉપાસક નાદાન થઇ જાય તો ઉપાસ્ય દેવ કૃષ્ણને જગતમાં કિંમત ક્યાંથી આવે? તેને જગતમાં કિંમત કોણ આપશે? જગતમાં કઇ માઁને કિંમત મળે? જેનો દીકરો તેજસ્વી હોય તે માઁને જગતમાં કિંમત મળે છે. જેના દીકરાઓ મૂર્ખ છે તે માઁને જગતમાં કોઇ કાળે કિંમત નથી મળતી.

કૃષ્ણને ચીલાચાલુ ધર્મની સામે લડવું પડયું છે. પીતાંબર પહેરીને વૈશ્વદેવ કરવાવાળા જરાસંધને કૃષ્ણે અસુર ઠરાવ્યો હતો, કારણ, ધર્મનું સત્ત્વ અને સ્વત્વ કાઢી નાખીને જે વર્તાવ કરવામાં આવે તેને ધાર્મિક વર્તાવ કેવી રીતે કહેવાય? દુર્યોધન, જરાસંઘ ઇત્યાદિ જે ધર્મનું પાલન કરતા હતા તે ધર્મમાંથી સત્ત્વ અને સ્વત્વ ચાલી ગયું હતું. કૃષ્ણ ભગવાન કેટલા ક્રાંતિકારી હતા? તેથી જ તેમણે ગીતામાં સ્પષ્ટ કહ્યું કે 'અધર્મને ધર્મ માની ચાલનારા તામસ બુદ્ધિના લોકો છે.' તેથી જ કૃષ્ણના જન્મનું શ્રવણ, કીર્તન અને ધ્યાન કરીને, તેના જેવું જ આચરણ કરનાર ભાગવત છે એમ કહે છે.

કૃષ્ણ ભગવાનનું કર્મ કયું છે? અને તેમણે તે કેવી રીતે કર્યું? આ બે વાતો જાણી લેવી જોઇએ. તેમણે ધર્મસંસ્થાપનાનું કાર્ય કર્યું છે. સંસ્કૃતિરક્ષણાર્થ કર્મ કર્યું. કૃષ્ણ ભગવાન જન્મ્યા ત્યાંથી શરૂઆત કરી, દેહોત્સર્ગ કર્યો ત્યાંસુધી તેમણે સંસ્કૃતિરક્ષણાર્થ કર્મ કર્યું. તેમનુ જેવું કર્મ છે તેવું મારુ કર્મ હોવું જોઇએ, તો જ હું ભાગવત છું; તો જ હું ભક્તિ માનવાવાળો અને ભક્તિ કરવાવાળો છું.

ભગવાને જે જે કર્મો કર્યાં તે સંસ્કૃતિના રક્ષણને માટે કર્યાં. તે તેમણે કેવી રીતે કર્યાં? અલિપ્ત રહીને કર્યાં. **पद्मपत्रमिवांभसा**. સંસ્કૃતિનો અર્થ શું? વ્યક્તિવિકાસનું જે કાર્ય ઇહપરલોક જોઇને તથા સમાજનું સ્થૈર્ય જોઇને કરવામાં આવે તેને સંસ્કૃતિ કહે છે. આમાં વ્યક્તિનું ઇહલોક અને પરલોક, બન્નેનું કલ્યાણ જોવાનું છે. સમજો કે એકાદ વ્યક્તિને દારૂ જાઇતો હોય, તે આપી દીધો,

તો તેને અનુકૂળ વર્તન થયું કે નહિ? તેનું મન સંભાળ્યું કે નહિ? પરંતુ, તે તેનું કલ્યાણ કરનારૂં નથી. જે કર્મ વ્યક્તિના ઇહલોક-પરલોકને અનુકૂળ હોય તેને જ સંસ્કૃતિ કહે છે. **सम्यक् कृति** ને સંસ્કૃતિ કહે છે. આવી સંસ્કૃતિનું રક્ષણ કૃષ્ણ ભગવાને કર્યું. અરે! કૃષ્ણ ભગવાને કોઇની મજાક પણ કરી હશે તો તે સંસ્કૃતિને અનુકૂળ હશે. તેમણે જે કંઇ કર્યું છે તે સંસ્કૃતિનું રક્ષણ કરવા માટે જ કર્યું છે. તે કાર્ય માટે જ આખું જીવન અને લોહીનું ટીપેટીપું ખર્ચ્યું છે.

કૃષ્ણ પોતે ભગવાન હતા છતાં પણ 'ફૂ' કરીને કે જાદુ કરીને કોઇને બદલાવ્યા નથી. એનું કારણ, ભગવાન તો પ્રયોગથી સમજાવવા (Demonstration) માટે આવે છે.

કૃષ્ણ ભગવાને અનંત કર્મો કર્યાં છે, પણ તે અલિપ્તતાથી કર્યાં છે. સમગ્ર જીવનમાં જે કર્મો કર્યાં તેમાં તેમની તલ્લીનતા દેખાય છે. તે રમત રમ્યા તો તેમાં પણ પ્રાણ મૂકીને રમ્યા. આપણે તો રમત રમીએ તેમાં પણ પ્રાણ મૂકીને રમતાં નથી. કૃષ્ણના પ્રત્યેક કર્મમાં તેમની તલ્લીનતા દેખાય છે. ગોકુળમાં કેટલું તલ્લીનતાથી જીવન વીતાવ્યું, ત્યાંના કણકણ પર પ્રેમ કર્યો. ગોકુળના લોકો પર તો કૃષ્ણનો પ્રેમ હતો જ, પરંતુ કૃષ્ણે ગોકુળનાં ઝાડ ઉપર, પથ્થર ઉપર પણ પ્રેમ કર્યો હતો; પણ એક વખત ગોકુળ છોડીને ગયા કે ગોકુળ તરફ જોયું પણ નથી. શું તેઓ નિષ્ઠુર હતા? ના, તે નિષ્ઠુર ન હતા. તેમને સમજાવવાનું હતું. પ્રત્યેક કામ તલ્લીનતાથી કરવું જોઇએ, તેમાં મગ્ન થઇ જવું જોઇએ, પરંતુ સાથે સાથે **पद्मपत्रमिवांभसा**—અલિપ્ત પણ રહેવું જોઇએ. થશે તો કરીશ, બનશે તો જોઇશ, આ વૃત્તિ કર્મ કરવામાં ન ચાલે. જે કર્મ ઉપાડવું તેને સર્વસ્વ સમજીને તેમાં કૂદવું જોઇએ. આમ છતાં અલિપ્ત પણ રહેવાનું છે. આ કર્મ કરીને મને શું મળ્યું? આ વિચાર જ નહિ. માણસે તલ્લીનતાથી કર્મ કરવું જોઇએ અને છતાં અલિપ્ત રહેવું જોઇએ. તો જ ભગવાનની જેમ કર્મ કર્યું કહેવાય. ભગવાનનું કામ વૈશ્વિક હશે, મોટું હશે. આપણું નાનું હશે. આપણા કર્મમાં પણ તે જ ગુણો છે જે ભગવાનના કર્મમાં છે, તો આપણે ભાગવત કહેવાઇએ. કૃષ્ણ ભગવાને જે કર્મ કર્યું તે માનવને દશ હજાર વર્ષસુધી માર્ગદર્શન કરે તેવું કર્મ હતું, મારું કાર્ય તેવું ન હશે. પરંતુ, હું તેનો જ ભક્ત છું, તેથી મારું કર્મ તલ્લીનતા પૂર્વક થશે અને સાથે અલિપ્તતા પણ હશે.

આપણે ક્યાંક સત્કર્મ ચાલતું હોય ત્યાં જઇને માર્જન કરીએ છીએ. તેમાં આપણે કૂદકો મારતા નથી, તેમાં તલ્લીનતા હશે તો અલિપ્તતા નહિ હોય અને અલિપ્તતા હશે તો તલ્લીનતા નહિ હોય. તલ્લીનતા અને અલિપ્તતા—આ બન્ને છેડા છે. તે સાથે લાવવાનું કામ અતિશય કઠણ છે; પરંતુ, ભાગવત થવા માટે તે કરવું પડશે.

એકાદશ સ્કંધની પંચાધ્યાયીમાં મહત્ત્વના પાંચ વિષયો કહ્યા છે. તેમાં પ્રથમ વિષય છે: ભાગવતધર્મ ક્યો? તેનું અતિવિસ્તારથી લખાણ છે. બીજો વિષય છે: ભગવદ્ભક્ત કોણ? કેટલા પ્રકારના ભક્તો હોય છે? એમાં ભગવદ્ભક્તનું દર્શન સ્પષ્ટરૂપે થાય છે. ત્યારબાદ ત્રીજો વિષય છે: પરમેશ્વર અને તેનું રૂપ, તેની ચર્ચા કરી છે. ત્યારપછી માયા એટલે શું? તે કેવી છે? તે પણ સાથે સમજાવ્યું છે: ચોથો વિષય છે, અજ્ઞાનનાશનો ઉપાય. ત્યારબાદ પાંચમા વિષયમાં સકામ કર્મ અને હરિની લીલા સંબંધમાં ચર્ચા કરી છે. આ વિષયો લઇએ તો એકાદશ સ્કંધની પંચાધ્યાયી

પૂરી થાય.

ભાગવતધર્મ સમજાવ્યા બાદ, ચોથા અધ્યાયમાં બધા અવતારોનું વર્ણન કર્યું છે. અવતારની કલ્પના એ ભારતીય સંસ્કૃતિનું મધુર કાવ્ય છે. જેણે આ સૃષ્ટિ બનાવી છે, તે ભગવાન સ્વયં મનુષ્ય આકાર લઇને અહીં આવે છે તે કલ્પના જ અતિ હૃદ્ય છે. આ વિષય ભાગવતમાં એકાદશ સ્કંધના ચોથા અધ્યાયમાં આવે છે તેમ ગીતામાં પણ ચોથા અધ્યાયમાં જ આવે છે. કેટલાક લોકો એવું પૂછે છે કે જેણે આ સૃષ્ટિ બનાવી છે તે મનુષ્યરૂપ શા માટે લે? આ લોકોની બુદ્ધિ બહુ જ નાની છે અને પોતાને માટે તે લોકો બહુ મોટી કલ્પના કરી લે છે, એ જ મૂર્ખાઇ છે. જેણે આ સૃષ્ટિમાં અનંત આકારો નિર્માણ કર્યા તે શક્તિ પોતે પણ એકાદ આકાર શા માટે ન લે? ભગવાન શા માટે મનુષ્ય આકાર ન લે તે કહેવાની જવાબદારી આવો પ્રશ્ન પૂછનાર ઉપર જ છે.

વળી કેટલાક લોકો પૂછે છે કે તે ચિત્‌શક્તિ અવતાર લઇને, ફૂ કરીને જગતને સુધારતી કેમ નથી? આ તો એવો પ્રશ્ન છે કે જો શિક્ષક એમ.એ. થયેલો છે તો તે વિદ્યાર્થીનું પેપર શા માટે લખી નથી આપતો? આ શું સવાલ છે? છોકરાને ભણાવવો છે, સમજાવવો છે, કેમ રહેવું, કેમ જીવવું, તેમાં કેવી મુસીબતો આવે, મુસીબતોનો સામનો કેવી રીતે કરવો, જીવનમાં ક્યા ક્યા પ્રલોભનો આવશે, પ્રલોભનોમાં કેમ ન સપડાવું, તે સમયે કેવી રીતે જીવવું, આ બધું સમજાવવું પડે, જીવી દેખાડવું પડે, તે માટે જ અવતાર છે. ભગવાન ફૂ કરીને જગતને સુધારતા કેમ નથી? આવા વાહિયાત પ્રશ્નની ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી.

ઘણા લોકોની એવી સમજણ છે કે અવતારવાદની કલ્પના આવી તેથી સમાજજીવન અધઃપતિત થયું છે. કારણ, લોકો એમ સમજે છે કે ભગવાન આવશે અને બધું સુધારશે. આવું સમજીને તેઓ કંઇ જ કરતા નથી.

અવતારનો અર્થ નિર્બળતાવાદ નથી, તેની જ એમને ખબર નથી. "અપરંપાર પ્રયત્નવાદ" આ અવતારવાદનો અર્થ છે. "અવિરત કર્મ" આ અવતારવાદનો અર્થ છે. અવિરત કર્મ કરવાવાળા અને અપરંપાર પ્રયત્નવાદ સ્વીકારવાવાળાને શિક્ષણ આપવા, સમજાવવા, માર્ગદર્શન કરવા અને મદદ કરવા તેમ જ હૂંફ આપવાને માટે ભગવાન અવતાર લે છે. ગીતામાં લખ્યું છે તે પ્રમાણે **परित्राणाय साधूनां** – આ આવવાનું પ્રથમ કારણ છે. લોકો આ વાંચતા નથી. તેમને એમ લાગે છે કે જગતમાં જેટલી વધારે અવ્યવસ્થા થશે તેટલા જલદી ભગવાન આવશે, માટે જગતમાં બને તેટલી વધારે અવ્યવસ્થા કરવી જોઇએ. એક ભાઇએ કહ્યું: 'શાસ્ત્રીજી! તમે સ્વાધ્યાય પરિવારના લોકો ભગવાનની વિરુદ્ધ કામ કરો છો, તેથી અમે તમારા કામમાં આવતા નથી.' મેં પૂછયું: 'અમારું ક્યું કામ ભગવદ્‌વિરોધી છે?' તેમણે કહ્યું: 'તમે બધાને સારા કરવા માટે બધે ફરો છો. જો બધા સારા થઇ જશે તો ભગવાન જગતમાં કેવી રીતે આવશે? બધા બગડી જવા દો. તો જ ભગવાન જલદી આવશે, એવું મને લાગે છે.'

મેં કહ્યું: 'તમને જે લાગે છે તે જુદું છે અને વસ્તુસ્થિતિ જુદી છે.' અવતારનો અર્થ જેને ખબર નથી, જેણે તે માટે વિચાર્યું નથી, સાંભળ્યું નથી, વાંચ્યું નથી, તેને શું લાગે છે તેને કોઇ અર્થ નથી લાગવું જુદું અને હોવું જુદું છે.

મોટા શેઠ વયોવૃદ્ધ થયા પછી પણ દુકાન પર આવે છે. ક્યારેક, ક્યારેક દુકાને આવીને તે ગાદી પર બેસે છે અને દીકરાને એક એક વાત સમજાવતા જાય છે. જો છોકરો એમ કહે, 'બાપુજી તમને તો બધું ખબર છે, તો મને લખીને આપી દો ને!' તો બાપુજી કહે: 'ના, આ નહિ ચાલે. તારે મારી પાસે બેસવું પડશે અને પછી લખવું હોય તો તારા હાથે લખવું પડશે.'

આ રીતે કોઇપણ અવતારે જાદુગરની માફક ફૂ કરીને કોઇને સુધાર્યા નથી.

કેટલાક લોકો એવું પણ પૂછે છે કે કૃષ્ણ જો ભગવાન હોત તો દુર્યોધન તેમનું માની લેત કે નહિ? દુર્યોધને માન્યું નથી, તેથી કૃષ્ણ ભગવાન ન હતા. અતિશય સુંદર, વ્યવસ્થિત, નીતિમાન અને ઉપકારક એવું જે તત્ત્વજ્ઞાન હોય તે મહાન બુદ્ધિશાળીને સમજાવીશું તો પણ તે ન માનશે. કૃષ્ણ ભગવાન અને વિદુર જેવા કહેવાવાળા હતા અને દુર્યોધન અતિશય બુદ્ધિશાળી હતો, છતાં તેણે તેમનું માન્યું નથી. એ તદ્દન શક્ય છે. કૃષ્ણે તો બધું કરીને દેખાડયું છે. અવતારવાદને આ લોકો નિર્બળતાવાદ સમજે છે તે તદ્દન ખોટું છે. અવતારવાદની કલ્પના નિર્બળ છે જ નહિ. વિચારવાવાળા વૈદિક અને ભારતીય લોકોના મગજમાં એવો વિચાર આવશે જ નહિ કે ભગવાન અવતાર લે છે, તેના લીધે નિર્બળતાવાદ વધે છે. અવતારવાદ એટલે અપરંપાર પ્રયત્ન, અવિરત કર્મ. અસંખ્ય લોકોનો પ્રયત્ન અવતારને સાકાર કરે છે. અસંખ્ય લોકો કંઇ પ્રયત્ન કરે છે. માનવસાગરની દષ્ટિએ તેમની સંખ્યા કદાચ નાની લાગે પરંતુ, ઘણા લોકો પરિશ્રમશીલ બનતા હોય છે. તેમને મળવાને માટે, જોવાને માટે, હૂંફ આપવાને માટે, સમજાવવાને માટે, માર્ગદર્શન કરવા માટે, અવતાર આવે છે. અવતારનું આ જ રહસ્ય ભારતીય સંસ્કૃતિએ સમજાવ્યું છે. અવતારવાદથી સમાજ નિર્બળ બને છે આવું બોલવાવાળા લોકો વિચાર્યા વગર જ બોલે છે. તેમને સંસ્કૃતિ વિષે કંઇ વિચારવું જ નથી.

એક ભાઇએ ઘણાં વર્ષો પહેલાં મને પૂછયું હતુ: 'શાસ્ત્રીજી! હવે કેટલાં વર્ષ સુધી કૃષ્ણનો જન્મોત્સવ લોકો ઊજવ્યા કરશે?' મેં કહ્યું: 'શા માટે ન ઊજવે? કૃષ્ણ ભગવાનનો અવતાર છે તેમાં કૃષ્ણનો અર્થ શું છે? **कर्षयति – कृष्णः** જે સત્કર્મો તરફ ખેંચતો હોય, પુણ્ય તરફ લઇ જતો હોય, ભક્તિ તરફ ખેંચીને લઇ જતો હોય તેને કૃષ્ણ કહે છે. શું આપણને સત્કર્મ, પુણ્ય કે ભક્તિ નથી જોઇતાં? જો જોઇતાં હોય તો પ્રત્યેકના મગજમાં અને પ્રત્યેકના દિલમાં કૃષ્ણ ભગવાનનો અવતાર હોવો જોઇએ. કેવળ એકાદ ઘરમાં કે એકાદ મંદિરમાં કૃષ્ણનો અવતાર માનીને ન ચાલે. જ્યાંસુધી માનવને ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય જોઇએ છે ત્યાંસુધી અમે જન્મોત્સવ ઊજવીશું. જે દિવસે જીવનમાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્યની આવશ્યકતા નહિ રહે, તે દિવસે અમે અવતારનો જન્મોત્સવ નહિ કરીએ.'

માનવના જીવનમાં ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય હોવાં જોઇએ કે નહિ? તે અવતારો પાસેથી જ મળે છે. અવતારવાદનો અર્થ નિર્બળતાવાદ છે જ નહિ. અવતારમાંથી ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય મળવા જોઇએ. કામ કરવા માટે ભૌતિક પ્રેરણા વગર જે સ્ફૂર્તિ મળે છે તેને આધ્યાત્મિક સ્ફૂર્તિ કહે છે; નહિ તો, આપણને સ્ફૂર્તિ તો છે જ. સવારના વહેલા ઊઠીને, તૈયાર થઇને, ઓફિસમાં જઇએ છીએ કે નહિ? તેમાં સ્ફૂર્તિ છે પણ તે માટે ભૌતિક પ્રેરણા છે. જે કામમાંથી ભૌતિક ફાયદો

ન મળે તે કામમાં તમારી સ્ફૂર્તિ રહે, તેને જ આધ્યાત્મિક સ્ફૂર્તિ કહે છે.

જે કામ કરીને ભૌતિક ફાયદો થવાનો નથી, તે કામ તમે નિરંતર, તેટલા જ ઉત્સાહ અને સ્ફૂર્તિથી કરી દેખાડતા હશો તો તમારી આધ્યાત્મિક સ્ફૂર્તિ વધે છે. માનવને જ્યાંસુધી સ્ફૂર્તિ, ઉત્સાહ અને ચૈતન્ય જોઇશે ત્યાંસુધી આપણે અવતારનું પૂજન કરીશું તેમાં સંદેહ નથી.

ચોથા અધ્યાયમાં જેમ અવતાર વિષે કહ્યું છે તેમ તેમાં સકામ કર્મની ઠેકડી ઉડાડી છે. આનો અર્થ એ નથી કે સકામ કર્મ કરવાનું નહિ. શરૂઆતમાં તો સકામતાથી જ કામ થાય છે. શરૂશરૂમાં, શાળામાં નાસ્તો મળે છે તેથી જ બાળક શાળામાં જાય છે; પરંતુ, જો એમ.એ. સુધી તેના માટે જ ભણવાની ઇચ્છા રાખશે તો એમ.એ. નહિ થઇ શકાય. સકામતા કોઇ દિવસ તો છૂટવી જોઇએ કે નહિ? કંઇ મળે તેથી કામ કરવું એમાં કંઇ ખોટું નથી, પરંતુ સકામ કર્મોમાં વ્યક્તિનો વિકાસ થતો નથી. માટે જ સકામ કર્મની મશ્કરી ઉડાડી છે.

સકામતામાં ખરાબ વાત શી છે? આપણે કર્મ કરીએ છીએ અને ફળ માગીએ છીએ અને તે પણ ભગવાન પાસેથી! તો તેમાં ખોટું શું છે? આપણે બીજા કોઇ પાસે માગતા નથી. તો પછી મોટા મોટા લોકો સકામતાની મશ્કરી શા માટે કરે છે? એનું કારણ છે. સકામ કામ કરવામાં ફળને પ્રાધાન્ય આવે છે અને કર્મને ગૌણત્વ આવે છે. તેના લીધે કર્મ ઉપરની પકડ ઢીલી થઇ જાય છે. શાસ્ત્રીય દષ્ટિથી જોઇએ તો કામ કરીને મજૂરી માગવી એ જુદી વાત છે. અને મજૂરી મળે તે માટે કામ કરવું એ જુદી-વાત છે. મગજમાં પહેલો વિચાર શું આવે છે? હું આઠ કલાક કામ કરીશ અને પગાર લઇશ. આ વાત સમજી શકાય તેવી છે; પરંતુ પગાર લઇશ અને કામ કરવાનું? જોઇશું; આજે એવું જ થાય છે. જ્યાં નિશ્ચિત પગાર મળે છે ત્યાં કામની ઉપેક્ષા જ થાય છે, પૂરૂં કામ થતું નથી. પગાર વધારો પણ સિનિયોરિટી પ્રમાણે મળવાનો જ છે. પછી કામ કોણ કરે? તો પછી જીવનમાં ફળને પ્રાધાન્ય હોવું જોઇએ કે કર્મને? કર્મને પ્રાધાન્ય આપશો તો જ તમારો જીવનવિકાસ થશે, આ જ કહેવાનું તાત્પર્ય છે. ફળ ઉપર પ્રેમ હશે તો કર્મ ઉત્કૃષ્ટ નહિ થાય. કર્મ ઉપર પ્રેમ હોવો જોઇએ. આપણો પ્રેમ ફળ ઉપર હોય છે. સમજો કે બાર વર્ષ બાદ ફળ મળવાનું છે, તો બાર વર્ષ સુધી તમારી શ્રધ્ધા, નિષ્ઠા કે મજબૂતતા ટકશે નહિ. એનું કારણ, તમે ફળને માટે કર્મ કરો છો. કર્મને માટે કર્મ કરવું જોઇએ. વટવૃક્ષ ઉગાડવું છે તે વટવૃક્ષ માટે જ. આજે વાવ્યું અને કાલે કેટલું ઊગ્યું એ જોવા લાગીએ તો વૃક્ષ મોટું થશે જ નહિ. એમ જ લાગશે કે આઠ દિવસ સુધી પાણી પાયું પણ છોડ મોટો થતો જ નથી, તો પાણી પાવાનું છોડી દેશો. વડનું ઝાડ ઉછેરવું જ છે એમ સમજીને, તેને પાણી પાઇને તેની માવજત કરતાં રહેશો, તો વટવૃક્ષ મોટું થવાનું છે, તો જ તેની છાયામાં ઘણા લોકોને શાંતિ મળવાની છે, વિશ્રામ-આરામ મળવાનો છે. ફળ ઉપર પ્રેમ રાખ્યો કે ઉત્કૃષ્ટ કર્મ થતું નથી. કર્મ ઉપર પ્રેમ હોવો જોઇએ. ફળ મળશે. ફળ નહિ મળે એવું કોઇ કહેતું નથી. ફળ તો મળવાનું જ છે. જે વાવીશું તે મળશે જ. આજે વટવૃક્ષનું બીજ વાવીને બે દિવસમાં માટી ખોદીને જોવા લાગો કે અંકુર આવ્યો કે નહિ? તો વૃક્ષ ઊગશે જ નહિ, મરી જશે. જે ફળ તરફ ધ્યાન રાખીને કામ કરે છે, તેની બાર વર્ષ સુધી સ્ફૂર્તિ, ઉત્સાહ, શ્રદ્ધા અને મજબૂતતા ટકતાં નથી.

સકામતાથી કામ સારું થતું નથી. તેમાં કર્મને ગૌણત્વ આવે છે, પરિણામે બે ફાયદા થવા જોઇએ તે થતા નથી. રમત રમ્યા બાદ વ્યાયામ થાય જ છે. વ્યાયામ મળે તે માટે રમત રમવામાં રમતનો આનંદ ચાલી જશે. આપણે ટેનિસ અથવા બૅડમિન્ટન રમવાનો આનંદ માણવો છે. તે રમત રમીને વ્યાયામ તો મળવાનો જ છે. ફળ તરફ ધ્યાન ન આપીને કામ કરીએ તો બે ફાયદા થાય. વ્યાયામ તો મળે જ, ઉપરાંત રમતનો આનંદ પણ મળે છે. આ બે ફાયદા શા માટે ન લેવા?

ફળત્યાગનો મહિમા એટલા માટે જ છે. ફળ વિષે વિચારતાં કર્મ ઉપરની પકડ ઢીલી થઇ જાય છે. બીજું, ફળ જલદી મળતું નથી, મોડું મળે છે. કોઇ વાર ફળ ન પણ મળે. કેટલાંક મોટાં કામો એવાં હોય છે કે તેનું ફળ મળવામાં બહુ સમય લાગે છે. તેના માટે સાધના કરવી પડે છે. વિના સાધના ફળ મળતું નથી અને સાધના ટકતી નથી. માટે ભાગવતકારે સકામ કર્મની ઠેકડી ઉડાડી છે. ગીતામાં કૃષ્ણ ભગવાને પણ તેની ઠેકડી કરી છે.

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभन्ते ।। (गी. ९/२१)

કમળને પ્રફુલ્લિત થવું છે, સુગંધિત થવું છે, વિકસિત થવું છે. તે કીચડમાં પડયું છે પણ તેની નજર સૂર્ય તરફ છે. તે ફકત પરિશ્રમ કરવાનું જ જાણે છે. આ તેની સાધના છે. પરિણામે તે પ્રફુલ્લિત થાય છે, સુગંધી થાય છે અને વિકસિત પણ થાય છે. મારામાં કેટલી સુગંધ આવી તેનો તે વિચાર કરતું નથી. તે કર્મ કર્યા કરે છે. ત્યારબાદ તેની પાસે ભ્રમર આવે છે અને તેને કહે છે 'તું સુગંધી થઇ ગયું છે!' ત્યારે તેને ખબર પડે છે કે તે ખીલ્યું છે. જો તે સુગંધ તરફ ધ્યાન આપત તો તેનું કર્મ અટકી જાત. તે ખીલત પણ નહિ અને તેનામાં સુગંધ પણ આવત નહિ.

નદીને પવિત્ર માનવામાં આવે છે. શા માટે? તે વહે છે, તેનું ફળ તરફ ધ્યાન નથી, તેથી તેનું કર્મ પવિત્ર માનવામાં આવે છે. નિષ્કામ કર્મ કરવાવાળાને ફળ તો જરૂર મળશે, તે ઉપરાંત તેનામાં પાવિત્ર્ય ઊભું થાય છે. નદી પવિત્ર છે, શા માટે? વહેતી રહે છે, તેને ખબર છે કે, 'મારું કામ વહેવાનું છે, મારે સાગર પાસે પહોંચવાનું છે.' નદી તેટલું જ જુએ છે. બીજું કંઇ જોતી નથી. તે વૃક્ષને પાણી પાય છે, જલચરોને આધાર આપે છે, જમીન તથા કૂવાને પાણી પહોંચાડે છે, કિનારાનાં ગામડાંના લોકોને તે પાણી પાય છે, તેનો તે વિચાર પણ કરતી નથી. કેવળ વહે છે. તે કહે છે કે મને મારું કામ કરવા દો. જેને જે લેવું હોય તે લઇ લે. નદીમાં કેટલો કચરો નાખવામાં આવે છે! કિનારા પરનાં બધાં ગામડાં નદીમાં ગંદકી કરે છે, પરંતુ, **नदी वेगेन शुद्ध्यति** – નદી વેગથી શુદ્ધ થાય છે. નદી જીવનમાં કેવળ વેગનો વિચાર કરે છે. મારે મારું કામ કરવું છે, તેટલો જ વિચાર કરે છે તેથી નદી પવિત્ર છે.

પાકા વ્યવહારુ (Most practical) માણસો ફળની ગણતરી વિના કામ જ ન કરે. ભગવાને તેવા લોકો માટે નથી, કારણ ભગવાન વ્યવહારુ (Practical) નથી. બુદ્ધિથી તે સિદ્ધ થાય છે.

એક દાણો વાવનારને ભગવાન બસો દાણા આપે છે. તે પણ ફક્ત ચાર મહિનામાં! કેટલા ટકા વ્યાજ થયું? શું ભગવાનનું આ ગાંડપણ નથી? તેથી કહું છું કે ભગવાન વ્યવહારુ નથી. વ્યવહારુ માણસને ભગવાન મળશે કે નહિ, તે શંકા છે. આનો અર્થ એ નથી કે માણસે વ્યવહારુ (Practical) ન થવું જોઈએ. પણ છેવટનું (extreme) પકડીને બેસવું નહિ. વ્યવહારુ રહેવું જોઈએ–પરંતુ, પાકા વ્યવહારુ (Most practical) ન થવું જોઈએ.

કમળની આસપાસ ભમરો ગૂંજવા લાગે અને તેને કહે કે તું સુગંધી છે, સુંદર છે, ખીલ્યું છે. ત્યારે જ તેને ખબર પડે છે કે તે વિકસિત થયું છે. આવી રીતે લોકો જ મહાપુરુષોને કહે કે તમે ભક્ત બની ગયા છો. બાકી તેઓ તો પોતાની સાધના જ કરતા રહે છે. પુંડલિકનો કર્મયોગ જોઈને તેને પ્રત્યક્ષ ભગવાન મળવા આવ્યા. તેને તો ખબર પણ નથી. જ્યારે ખબર પડી ત્યારે તે ભગવાનને કહે છે કે મને સમય નથી. Wait—ઊભા રહો! આમ કહીને ભગવાનને ઊભા રહેવા માટે ઈંટ આપી દે છે.

युगे अठ्ठाविस विटेवरी उभा वामाङ्गी रूक्माइ दिसे दिव्य शोभा ।
पुंडलिकाचे भेटी परब्रह्म आलेगा चरणी वाहे भीमा उद्धरी जगा ।

આજે પણ પંઢરપુરમાં પાંડુરંગ ભગવાનની આરતીમાં આ ગવાય છે.

કર્મયોગથી ભગવાનને પ્રાપ્ત કરવાના છે, ભગવાનની પાસે જવું છે તેથી જ તો કર્મયોગ છે. ફળનો વિચાર કરવાથી કર્મ ઉપરની પકડ ઓછી થાય છે. તેમાં ફળને પ્રાધાન્ય અને કર્મને ગૌણત્વ આવે છે. એથી ઉલટું, કર્મને પ્રાધાન્ય અને ફળને ગૌણત્વ હોવું જોઈએ.

ગિબન એક મહાન ઇતિહાસકાર થઇ ગયા. તેમણે પચીસ વર્ષ સુધી વાંચવું, જોવું, લખવું આ ચાલુ રાખ્યું હતું. Gibbon's History તમને ખબર હશે. તે ઇતિહાસનો ગ્રંથ ગિબને પચીસ વર્ષે પૂરો કર્યો. જે દિવસે ગ્રંથ પૂરો થયો તે દિવસે રાત્રે તે રોવા લાગ્યા. લોકોએ પૂછ્યું: 'તમે શા માટે રડો છો?' તો તેમણે જવાબ આપ્યો કે આવતીકાલે હું શું કરીશ? પચીસ વર્ષ સુધી ગિબને કેવળ લખ્યા કર્યું. તેમણે બીજો વિચાર કર્યો ન હતો. શું મળશે? ઇતિહાસ લખીને ફાયદો શો? આવો વિચાર જો તેમણે કર્યો હોત તો મહાન ઇતિહાસ ગ્રંથ લખાયો જ ન હોત.

આવી જ રીતે, ભાષ્ય લખીને મને મળશે શું, એમ જો કૈયટે વિચાર્યું હોત તો કૈયટ મહાભાષ્યનો ગ્રંથ લખાયો જ ન હોત. વ્યાકરણસૂત્ર ઉપર પતંજલિનું મહાભાષ્ય છે તેના ઉપર કૈયટે ગ્રંથ લખ્યો છે. તે ગ્રંથ તમારા હાથમાં ઉપાડીને સી.પી. ટેંકથી ઓપેરાહાઉસ ચાલતા જઇ ન શકો, એટલો મોટો તે ગ્રંથ છે. તેમણે આયુષ્યમાં આ એક જ ગ્રંથ લખ્યો. બીજું કંઇ વિચાર્યું નહિ. આ ગ્રંથ લખીને મને મળશે શું તેનો વિચાર તેમણે કર્યો નહિ. ગ્રંથની જાહેરાત કેવી રીતે થશે, તેની રોયલ્ટી મને કેટલી મળશે એવો વિચાર પણ તેમણે કર્યો નહિ અને કામ કર્યું છે; તેથી જ તેમના ગ્રંથના લખાણમાં પ્રાણ છે, ચૈતન્ય છે, સ્ફૂર્તિ છે, ઉત્સાહ છે. તેમને અવિરત કર્મ કરવું, એટલી જ ખબર હતી.

ભાગવતે સકામ કર્મની મશ્કરી ઉડાડી છે અને નિષ્કામ કર્મની મહત્તા તે અધ્યાયમાં વધારી

છે. આ બધું ચોથા અધ્યાયમાં છે.

પાંચમાં અધ્યાયમાં કહે છે કે યુગયુગમાં ભક્તિહીન લોકો ઘણા હોય છે. બહુમતિ તો તેમની જ હોય છે. ભક્તિહીન લોકોને શું મળે છે? તેમનું જીવન કેવું હોય છે, તેમને કંઇ મળે તો તેઓ સત્કર્મ કરે છે? આવો પ્રશ્ન ઊભો કર્યો છે. અહીં 'ભક્તિ' શબ્દ શાસ્ત્રીય અર્થમાં લેવાનો છે. જેને આજે આપણે ભક્તિ સમજીએ છીએ, તે અર્થમાં અહીં ભક્તિ શબ્દ નથી.

ભક્તિહીન લોકો કર્મ કરે છે. જેમ કે સામાજિક કાર્યકર્તાઓ કર્મ કરે છે, તેમને તેનું ફળ પણ મળે છે; પરંતુ, તેમનું મન અવિકસિત રહે છે. સામાજિક કામ કરવું હોય તો તે પણ ભક્તિપૂર્ણ દૃષ્ટિથી કરો. ભક્તિહીન લોકો કેવી રીતે રહે છે આ શું વિચારવાનો વિષય છે? તે તો ચારે બાજુ દેખાય જ છે. તેમના માટે લખ્યું છે:

कर्मण्यकोविदाः स्तब्धा मूर्खाः पण्डितमानिनः ।
वदन्ति चाटुकान् मूढा यया माध्व्या गिरोत्सुकाः ॥ (भा. ११/५/६)

(જે પ્રકારથી કર્મ બંધનકારક ન થાય તે ન જાણનારા, ઉદ્દંડતાથી વિદ્વાનોને પણ ન પૂછનારા, મૂર્ખ છતાં પણ પંડિત માનનારા અર્ધદગ્ધ લોકો મીઠી ભાષામાં મૂર્ખાઇથી બોલબોલ કરે છે.)

તેઓ કર્મનું રહસ્ય સમજતા નથી તેથી કર્મ પણ કરતા નથી. કેટલીક વખત કર્મનું રહસ્ય ન સમજતાં કર્મ ઉપાડે છે તેથી તેમને તે કર્મનો ફાયદો થતો નથી. જેમકે, કેટલાક લોકો ભક્તિ ઉપાડે છે તેમાં એકાદ ફૂલ ઉપાડીને ભગવાન ઉપર નાખે છે અને બે હાથ જોડીને 'બાબુલનાથ ટેકડીવાલે કી જય'—એમ બોલે છે. અહીં તેમની ભક્તિ, પૂજા પૂરી થઇ જાય છે.

આપણે જે કંઇ સારું કામ કરીએ તેનું જો મનની ઉપર પરિણામ ન થતું હોય તો તેનો ઉપયોગ શો?' આવા લોકો કર્મનું રહસ્ય જ સમજતા નથી. આ લોકો કહે છે: 'તમે ઉપનિષદ વાંચો છો? આ શું ગાંડપણ ચાલે છે? ઉપનિષદ વાંચીને મળશે શું? તેના કરતાં રવિવારે સવારના બૅડમિન્ટન રમવા ચાલો. રમવાની મઝા પડશે અને કસરત પણ થશે.'

स्तब्धाः નો અર્થ છે, દુરાગ્રહી, જિદ્દ પકડીને બેસનારા. તેમનો આખી જિંદગી સુધી કંઇક દુરાગ્રહ ચાલે છે. તે મુજબ જ તેઓ જીવન જીવ્યા કરે છે. ખાઓ, પીઓ અને મઝા કરો. Eat, drink and be merry—અરે! Eat—'ખાવું' આ શબ્દામાં જેટલી વાતો આવે છે તે સમજવા પણ તેઓ અસમર્થ છે. ખાવું હોય તો અંદર અન્નરસ પેદા થવો જોઇએ, ભૂખ લાગવી જોઇએ, આ બધું કોણ કરે છે? અન્ન ખાધા પછી તેનું લોહી કેમ બને છે? લોહીને શરીરમાં કોણ ફેરવે છે? આ બધી જો તારા હાથની વાતો ન હોય તો તે કોણ કરે છે? બીજું, 'ખાવું' આ ક્રિયામાં પણ તારું કર્તૃત્વ કેટલું? આનો તો વિચાર કરો! કેવળ 'પાઠશાળા, સ્વાધ્યાય આ બધું અમારા માટે નથી. અમને તો ખાઓ, પીઓ, અને મઝા કરો એટલી ખબર છે.' આવું બોલનારા લોકો દુરાગ્રહી હોય છે.

પછી કહે છે **मूर्खाः** — આનું ભાષાંતર કરવાની જરૂર નથી.

पंडितमानिनः — તેઓ પોતાને જ પંડિત માને છે અને તેથી ગર્વથી પંડિતોને પૂછતા નથી.

તેમને એમ જ લાગે છે કે અમે જે કંઇ કરીએ છીએ તે બરાબર છે.

રાવણે કંઇ સારાં કર્મો કર્યાં કે નહિ? ભક્તિ કરી કે નહિ? પરંતુ, કર્મ અને ભક્તિનું રહસ્ય ન સમજતાં કર્યાં. રાવણે કેટલી ભક્તિ કરી? તેનું મહિમ્નસ્તોત્રમાં વર્ણન છે.

રાવણે કરેલી ભક્તિનું ફળ પણ તેને મળ્યું; પરંતુ, તેનું મન અવિકસિત રહ્યું. ફળ મળ્યા પછી, ભગવાનને ચીટકી બેસવું જાઇએ, તે ચાલી ગયું. આવા ઘણા લોકો હોય છે. ગયા જન્મમાં કંઇ સારાં કર્મો કર્યાં હોય છે તેથી તેમને વિત્ત, વૈભવ વગેરે મળે છે; પરંતુ તેમણે તે કર્મો ભક્તિપૂર્ણ અંતઃકરણથી કર્યાં હોતાં નથી. સામાજિક કામો કર્યાં, ગરીબોને મદદ કરી, પણ તેનું પરિણામ શું થાય છે? તેમનું મન અવિકસિત રહે છે. સારાં કામો કરીને બેંકમાં જે જમા કરાવ્યું છે તે તેમને બીજા જન્મમાં મળે છે; પરંતુ મન અવિકસિત રહે છે અને વૈભવ મળે છે, તેના લીધે અશુચિતા આવી જાય છે.

જેમણે ગયા જન્મમાં કંઇ કર્યું છે તેથી જ ભગવાને આપ્યું છે તેમાં સંદેહ નથી. રાવણની પાસે સામ્રાજ્ય આવ્યું, શક્તિ આવી, વિત્ત અને વૈભવ આવ્યા, પણ મન અવિકસિત રહ્યું. એનું કારણ તે ભક્તિનું રહસ્ય સમજ્યો નહિ. આ સૃષ્ટિમાં કર્યા વગર કોઇને કશું મળતું નથી. તેમને ફળ મળે છે પણ મન અવિકસિત રહેવાથી ખાઓ, પીઓ અને મઝા કરો, આ વૃત્તિમાં તેઓ પડી જાય છે. આનું દર્શન આ એકાદશ સ્કંધના પાંચમા અધ્યાયમાં છે. એક લીટીમાં કહું છું: **पञ्चमे भक्तिहीनानां कनिष्ठा को युगे युगे** – યુગયુગમાં ભક્તિહીન લોકોની નિષ્ઠા કોઇના ઉપર—ભગવાન ઉપર પણ તેમની નિષ્ઠા રહેતી નથી. નીતિમૂલ્યો ઉપર તેમની નિષ્ઠા રહેતી નથી. આજે જેટલા પૈસા મળે છે, તેટલા મળતા રહે, તેટલા પૂરતા તેમને નીતિમૂલ્યો જોઇએ. આજે બધા કહે છે કે નીતિશિક્ષણ જોઇએ. શા માટે? એનું કારણ એટલું જ કે તેમની સામે કોઇ અવાજ ન ઉઠાવે.

આપણને નીતિમૂલ્યો જોઇએ. દા.ત. બીજાને મારવો ન જોઇએ. શા માટે? તો જવાબ મળે છે કે મને પણ કોઇ મારે તો? બીજાને શા માટે ન લૂંટવો? મને પણ કોઇ લૂટે તો? પરંતુ, સમજો કે મારી પાસે એટલી શક્તિ હોય કે મને કોઇ લૂંટી ન શકે, તો? નીતિમૂલ્યની મને પરવા નથી એમ કહેશે. આવી રીતે બધાં નીતિમૂલ્યોનો જવાબ આવો જ છે.

મારે બીજાને લૂંટવો ન જોઇએ. શા માટે? હું જેને લૂંટૂં છું તેમાં તે જ પ્રભુ બેઠો છે કે જે મારામાં પણ બેઠો છે. આમ જે નીતિમત્તા ભક્તિપૂર્ણ દષ્ટિથી આવે તે જ નીતિમત્તા ટકે. આખું જીવન ભક્તિપૂર્ણ દષ્ટિનું થવું જોઇએ.

ભક્તિહીન લોકોને પૈસા શ્રેષ્ઠ લાગે છે. સ્ત્રી શ્રેષ્ઠ લાગે છે, તેની પાછળ જ આ લોકો દોડે છે, તેને જ જીવનનું સર્વસ્વ માને છે. આવા ભક્તિહીન લોકો કેવી રીતે અધઃપતિત થાય છે? અવિકસિત હોવાને લીધે, તે લોકો પશ્વાદિક યોનિમાં ચાલ્યા જાય છે. આ કંઇ ભગવાનનો શાપ નથી. આ તો તે જીવો વિકાસક્રમ (Evolution) માં વિકસિત થયા નથી તેનું પરિણામ દર્શાવે છે. જે વર્ગમાં તમે હો તે જ વર્ગમાં તમારે બેસવું જોઇએ. વૈષયિક આનંદ (Sensual happiness) કરતાં બીજો ભાવાત્મક આનંદ (Emotional happiness), બૌદ્ધિક આનંદ

(Intellectual happiness) અને છેલ્લે નિત્ય આનંદ (Eternal happiness)—ની તેમને ખબર જ નથી, તે દરવાજા તેમણે ખડખડાવ્યા જ નથી, તો ભગવાન પણ શું કરે? પશુઓ તેટલું જ જુએ છે. કૂતરાને ભાવાત્મક આનંદની ક્યાં ખબર છે? તેને પોતાની મા ખબર નથી અને તેની માને છોકરા પર વાત્સલ્ય નથી; તેવું જ આ લોકોનું છે. આ કંઇ શાપ નથી, આ વિકસન પરંપરામાં આવેલી એક પગથી છે. જેમ વિકાસ (Evolution) હોય તેમ સંકીર્ણતા (Involution) પણ હોય. એક પગથી નીચે ઊતરો તો ત્યાં જ બેસવું પડે. જેમ પગથી ચડો તેમ ઊતરો પણ ખરા. આવી રીતે ભક્તિહીન લોકો અધઃપતિત થઇ જાય છે એવું એકાદશ સ્કંધના પાંચમા અધ્યાયમાં કહે છે.

આજે શારદાપૂજનનો દિવસ છે. વૈયક્તિક જીવનમાં તેમ જ સામાજિક જીવનમાં વિચારોનું બહુ મહત્ત્વ છે. તમારા વિચારો જો નબળા હશે તો તમે નબળા જ થઇ જશો. તમારા વિચાર પ્રભાવી હશે તો તમે પ્રભાવી બની જશો. વિચાર એ બહુ મોટી વાત છે.

અર્જુનના મગજમાં કંઇ નબળા વિચારો આવ્યા તો તેના શરીર ઉપર પણ પરિણામ થઇ ગયું અને મન ઉપર પણ પરિણામ થઇ ગયું. અર્જુન કહેવા લાગ્યો:

सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ।।
निमित्तानि च पश्यामि विपरीतानि केशव ।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ।। (ગી. ૧/૨૯-૩૧)

શારીરિક તો ઠીક પણ માનસિક પણ કેટલું અધઃપતન થયું છે તે આમાં દેખાડયું છે. મને લાગે છે કે ગીતાના પહેલા અધ્યાયમાં તેની મહત્તા જબરદસ્ત છે. તેમાં વેદવ્યાસ વિચારોનું મહત્ત્વ દેખાડી રહ્યા છે. તમારા મગજમાં એક વખત નબળા વિચાર ઘૂસી ગયા તો તમે નબળા થઇ જશો. વિચારથી માણસ ઊભો થાય છે અને માણસ જ સમાજને ઊભો કરે છે. વિચાર બદલવાથી જ ભાવ વધે છે અને ભાવ તથા વિચાર બન્ને બદલવાથી ભગવાન પાસે માણસ પહોંચી જાય છે, તેથી જ વિચારોનું મહત્ત્વ છે.

એક વખત વોલ્ટેર પેરીસમાં જતો હતો. ત્યાં ચુંગીનાકા પર તેની ગાડી રોકવામાં આવી. તેમને પૂછવામાં આવ્યું: 'તમારી ગાડીમાં વાંધાજનક વસ્તુ છે? Is there anything objectionable in your car?' ત્યારે વોલ્ટેરે કહ્યું: 'આ ગાડીમાં હું પોતે જ વાંધાજનક છું.' કારણ, વોલ્ટેર પેરીસમાં જાય તો તે ત્યાંના લોકોનાં ભેજા જ બદલાવી નાખે, એટલા માટે જ તો તે પેરીસ જતો હતો!

મગજ બદલી નાખવાથી વ્યક્તિ બદલાઇ જાય છે. બુદ્ધિ આ બહુ મોટી વાત છે. આજે જે લડાઇ થાય છે અથવા જે લડાઇ ભવિષ્યમાં થશે, તે વિચારોની જ લડાઇ હશે. એક કાળે સ્ત્રી અથવા વિત્તને માટે યુદ્ધ થતું હતું. હવે સ્ત્રી કે વિત્તને માટે યુદ્ધ નહિ થાય. આનો અર્થ એ

નથી કે માનવ વિકસિત થઇ ગયો છે. સ્ત્રી કે વિત્ત માટે કોર્ટમાં કેસ ચાલશે, ઝઘડો પણ થશે; પરંતુ તેના માટે યુદ્ધ નહિ થાય. ઝઘડો એ જુદી વાત છે અને યુદ્ધ એ જુદી વાત છે. હવે યુદ્ધ થશે તે વિચારો માટે જ થશે.

વિચાર પ્રભાવી હોય છે, તેથી વિચાર લઇને જવું એ પ્રથમ વાત છે. આજે જીવનમાં બુદ્ધિપૂજા નથી, વિચારપૂજન નથી. ધર્મમાં વિચાર નથી, ધર્મમાં વિચારરહિત ક્રિયા આવી ગઇ છે. વિચાર કરવો જ નથી. આજે આપણે વિચારનું મહત્ત્વ જ ભૂલી ગયા છીએ. લોકો આજે ધર્મમાં કે ભક્તિમાં બુદ્ધિનું મહત્ત્વ ભૂલી ગયા છે. આવા લોકો કપાળે ચાંદલો કરે છે પરંતુ, શા માટે કરે છે તેની જ તેમને ખબર નથી! વાસ્તવમાં, કપાળે ચાંદલો કરવાનો તેને જ અધિકાર છે કે જે જીવનમાં બુદ્ધિ ચલાવવાનો પ્રયત્ન કરતો હોય અને બુદ્ધિમાં ઊતર્યું તે જીવનમાં લાવવાની જેનામાં તાકાત હોય; આને જ બુદ્ધિપૂજા કહેવાય.

શારદાપૂજનના દિવસો એ બુદ્ધિપૂજાના દિવસો છે, વિચારપૂજાના દિવસો છે, તેથી આપણે વિશ્વમાં વિચાર લઇ જવા છે. **रामकथा ब्रह्मांड भेदूनि पैलाड न्यावी** – આવું અમારા જૂના સંતો કહેતા હતા. આપણે વિચારો લઇ જવાની આવશ્યકતા અને વિચારોની મહત્તા ભૂલી ગયા છીએ. જ્યાંસુધી જીવનમાં શારદાપૂજન, વિચારપૂજન, વિદ્યાપૂજન, બુદ્ધિપૂજન થતું નથી, ત્યાંસુધી જીવન, ધર્મ અને ભક્તિમાં કચરો ઘૂસી જશે.

એક પૌત્રે દાદાને પૂછયું: ‘શ્રાદ્ધમાં શું કરવાનું હોય?’ તો દાદાએ કહ્યું: ‘શ્રાદ્ધમાં બ્રાહ્મણને બોલાવવાનો અને ખીર પીવાની, દૂધપાક પીવાનો.’ પૌત્રે પૂછયું: ‘એમ! તો શ્રાદ્ધ કોનું થાય?’ દાદાએ કહ્યું: ‘જે મરી જાય તેનું શ્રાદ્ધ કરાય.’ ત્યારે પૌત્રે પૂછયું: ‘દાદા! તમે ક્યારે મરી જશો?’ એનું કારણ, પૌત્રને ખીર ખાવી હતી. એને શ્રાદ્ધ સાથે તેટલી જ નિસ્બત હતી. શ્રાદ્ધ એટલે ખીર, બીજું કંઇ નહિ. આ એક કર્મકાંડ છે. કર્મની આવશ્યકતા છે. **यज्ञेनयज्ञमयजन्त देवाः तानि धर्माणि प्रथमान्यासन्न**......એમ કહ્યું છે, પરંતુ, વિચારરહિત ક્રિયા થઇ, વિચારપૂજન, વિદ્યાપૂજન, બુદ્ધિપૂજા ચાલી ગઇ, તે જીવનને, કર્મને ખુશ્બુ નથી આવતી. આવો ધર્મ માણસને ઊભો કરી શકતો નથી. તેવી ભક્તિ માણસને ઉન્નત બનાવી ભગવાનની પાસે લઇ જઇ શકતી નથી.

સરસ્વતીપૂજનને દિવસે જેનું પૂજન કરવાનું તે શારદા કઇ છે? વેદો કહે છે કે શારદા મંજુલહાસિની બાલા નથી. બાલાનું હાસ્ય જોઇને ખુશી થાય, આનંદ થાય, તેવી જ રીતે તે મનમોહિની મુગ્ધા નથી. એટલે શારદા તરફ મનને ખેંચવાવાળી મુગ્ધાની દૃષ્ટિથી ન જોવું જોઇએ. આપણે કોઇને મહત્ત્વ આપ્યું હશે તો વેદને આપ્યું છે. વેદનો અર્થ છે, જ્ઞાન. વેદનો અર્થ છે, વિચાર. વેદનો અર્થ છે, બુદ્ધિ;; તેથી જ ઋષિઓએ તેને મહત્ત્વ આપ્યું છે. જુદી જુદી ઉપાસના હશે, જુદા જુદા ઉપાસ્ય દેવ પણ હશે; પરંતુ બધાને વેદ માન્ય છે. એવા એક પણ ઋષિ કે આચાર્ય આ દેશમાં થયા નથી કે જેને વેદ માન્ય ન હોય. પૂજાનું સ્થાન ભલે બધાનું જુદું હશે.

શારદા વિલાસચતુરા પ્રૌઢા પણ નથી. આજે વાઙમય વિલાસને માટે થયું છે, પરંતુ, શારદા વિલાસચતુરા પ્રૌઢા નથી. શારદા કોણ છે? શારદા નિત્યયૌવના, સ્તન્યદાયિની માતા છે એવી વેદોની ધારણા છે.

વેદોનું તત્ત્વજ્ઞાન, ગીતાનું તત્ત્વજ્ઞાન બે-પાંચ હજાર વર્ષ પહેલાં જેટલું જોશ અને જોમવાળું હતું, તેટલું જોશ અને જોમવાળું આજે પણ છે. શારદા નિત્યયૌવના અને સ્તન્યદાયિની માતા છે એ દૃષ્ટિથી તેના તરફ જોવું જોઇએ. આ શારદામાતાનું, વિદ્યાનું પૂજન થવું જોઇએ; પરંતુ દુઃખની વાત છે કે આજે આપણે કોઇ વિદ્યાર્થી રહ્યા નથી. કોઇ પૂછશે: '**દાદા,** કોઇ વિદ્યાર્થી કેમ નથી? શાળા-કૉલેજમાં તો, એટલો ધસારો રહે છે કે તેમાં પ્રવેશ પણ મળતો નથી. શાળા-કૉલેજો પાછળ તો અબજો રૂપિયા ખર્ચાય છે, તેમાં લાખો વિદ્યાર્થીઓ ભણે છે. તે છતાં તમે કહો છો કે કોઇ વિદ્યાર્થી નથી? કોઇ વિદ્યાનો ઉપાસક નથી?' ના, કોઇ વિદ્યાર્થી નથી. આપણે સહુ પરીક્ષાર્થી છીએ, વિત્તાર્થી છીએ, પરંતુ, કોઇ વિદ્યાર્થી નથી, આ જ દુઃખની વાત છે.

આપણે માત્ર પરીક્ષાર્થી છીએ. પરીક્ષા શા માટે આપવાની છે? વિત્ત મળે એટલા માટે. આપણે ભણીએ છીએ; પરંતુ જે પરીક્ષા આપીને વિત્ત મળતું નથી. એવી પરીક્ષામાં ગયા વર્ષે સ્વાધ્યાય પરિવારના દશ હજાર લોકો બેઠા હતા! કદાચ યુનિવર્સિટીમાં પણ આટલા લોકો બેસતા ન હશે. આપણી સ્વાધ્યાયપ્રવૃત્તિમાં હવે પરીક્ષાનો એક સ્વતંત્ર વિભાગ થઇ ગયો છે. હજારો લોકો પરીક્ષામાં બેસે છે; પરંતુ તેના માટે કોઇ જાહેરાતો વગેરે પણ થતી નથી. ખબર ન પડતાં, હૃદય-હૃદય જોડે વાત થઇ અને દશ હજાર લોકો પરીક્ષામાં બેઠા. આ વર્ષે કેટલા લોકો પરીક્ષામાં બેઠા છે તે મને ખબર નથી. એનું કારણ તે વખતે હું પરદેશ હતો. ત્યાં મને ખબર પડી કે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની આ પરીક્ષામાં પરદેશના સ્વાધ્યાયીઓ પણ બેઠા હતા.

પાઠશાળાના સ્વાધ્યાયીઓ તો વિશિષ્ટ ધ્યેય માટે પરીક્ષા આપે છે, પરંતુ તે સિવાય બધે લોકો પરીક્ષાર્થી છે, વિત્તાર્થી છે. જે પરીક્ષા આપીને વિત્ત મળવાનું હોય તેવી જ પરીક્ષા આપણે આપીએ છીએ. મા-બાપ પણ છોકરાને તે જ વિષય શાળા-કૉલેજમાં ભણવા મોકલે છે કે જે ભણીને છોકરાને પૈસા મળે, જે ભણીને કંઇ ફાયદો થાય અને તે પણ ભૌતિક! શાંતિ, સમાધાન, સ્વાસ્થ્ય મળે, એ વાતો ફાયદામાં ગણાતી નથી. ફાયદો એટલે રૂપિયામાં ફાયદો, તેથી મેં કહ્યું કે આજે કોઇ વિદ્યાર્થી રહ્યો નથી, બધા વિત્તાર્થી અને પરીક્ષાર્થી બન્યા છે.

सा विद्या या विमुक्तये, अमृतं तु विद्या – શારદાને ઉદ્દેશીને આવું લખાણ છે. જીવન, ધર્મ, ભક્તિ, બધામાં વિચાર લઇ જવા જોઇએ, તેમાં બુદ્ધિની પૂજા થવી જોઇએ. જીવનમાં બુદ્ધિપૂજા અત્યાવશ્યક છે. વિદ્યા કોને કહેવાય? જે લખાય તે શું સરસ્વતી છે? જે વંચાય છે તે શું વિદ્યા છે? જે પુસ્તક રૂપે છપાયું તે શું વિદ્યા છે? નહિ. સરસ્વતીમાં, વિદ્યામાં, વિચારોમાં શક્તિ છે. કઇ? સરસ્વતી, વિદ્યા પાવન બનાવવાવાળી હોવી જોઇએ, સમાધાની અને સુખી બનાવવાવાળી હોવી જોઇએ. વિદ્યા ઇંદ્રિયસ્વાધીનતા નિર્માણ કરવાવાળી હોવી જોઇએ, તે ભાવ વધારવાવાળી અને વિશ્વાસ નિર્માણ કરવાવાળી હોવી જોઇએ. તો તેને આપણે સરસ્વતી કહીએ. વિચારમાં આ છ ગુણો હોવા જોઇએ. કેવળ પુસ્તકો વાંચીને વિદ્યા પ્રાપ્ત થતી નથી, તે કલા હોઇ શકે. કલા જુદી છે અને વિદ્યા જુદી છે.

વિત્ત કમાવા માટે જે વિચારો ભણવામાં આવે છે, તેને કલા કહે છે. ભારતીય સંસ્કૃતિએ ચૌદ વિદ્યા અને ચોસઠ કલા માની છે. જે જીવન ચલાવવા માટે જીવિકા આપવાવાળી છે, તેને કલા કહે છે. જે વિચાર જીવન બદલાવે છે, ઉન્નત કરે છે, તેને વિદ્યા કહે છે.

જે વિચાર આપણને પાવન બનાવે, પવિત્ર બનાવે, તેને વિદ્યા કે સરસ્વતી કહે છે. પવિત્રતા શુદ્ધતાથી આવે છે. શુદ્ધ કે સ્વચ્છ કેવી રીતે બનવું? જે વિચારો આ સમજાવે તે સરસ્વતી છે, જે માત્ર વૈભવ કે વિત્ત કમાવાની પ્રેરણા આપે તેને સરસ્વતી કેમ કહેવાય? તે સરસ્વતી થઇ શકતી નથી.

'મારા માટે આખું વિશ્વ છે' એમ માનનાર વિચાર સરસ્વતી નથી, 'હું વિશ્વને માટે છું, તેથી ઇશ્વરી કાર્યાર્થ ઘસાઇ છૂટવું જોઇએ' એવું કહેવાવાળી જે છે તે સરસ્વતી છે. જેના જીવનમાં કંઇ આપવાની પ્રેરણા છે, સ્ફૂર્તિ છે, તેના જીવનમાં સરસ્વતીપૂજા છે એમ કહેવાય. કંઇ મળે તે માટે તો આપણી ઈંદ્રિયોમાં અને આપણી બુદ્ધિમાં સ્ફૂર્તિ છે, પરંતુ જેમાંથી કંઇ મળશે નહિ, તે ઠેકાણે માણસની સ્ફૂર્તિ ટકે તો તેને આધ્યાત્મિક સ્ફૂર્તિ કહેવાય. શું મળશે તે અમને ખબર નથી, પરંતુ આ પ્રવૃત્તિ માટે મને સ્ફૂર્તિ છે; તેમાંથી શાંતિ મળે, સ્વાસ્થ્ય મળે, સમાધાન મળે, તે માટે સ્ફૂર્તિ હોય છે. જે લોકોને પકડીને લાવવામાં આવે છે, તે લોકો ટકતાં નથી. તેઓ પહેલું જ પૂછે છે કે પાઠશાળામાં જઇને શું મળશે? કારણ, તેમની પાસે સ્ફૂર્તિ નથી. આપણે જ્યાંસુધી મિટિંગમાં નાસ્તા માટે દોડતા હોઇએ ત્યાંસુધી તે સરસ્વતી ન કહેવાય. કોઇ જ ફાયદા વગર અમુક કાર્યમાં ચીટકી રહેવાની પ્રેરણા અને સ્ફૂર્તિ જે વિચારો આપતા હશે તે સરસ્વતી છે.

સરસ્વતીમાતાનું, શારદાનું જીવનમાં પૂજન થવું જોઇએ. સરસ્વતી સમાધાન આપવાવાળી હોવી જોઇએ. આજે તો આપણે ભણીને, ઊલટા, અસમાધાની બનીએ છીએ. કેટલાં પુસ્તકો વાંચીએ છીએ! તે બધાં વાંચીને પણ આપણે અસમાધાની બનીએ છીએ. ઇશ્વરી કાર્યાર્થ ઘસાઇ જવાની પ્રેરણા જ જેમને મળતી નથી, તેમના માટે શું કહેવું? તેમને તેવી પ્રેરણા મળતી નથી, કારણ, તેઓ અજ્ઞેયવાદી, સંશયી અને નિરીશ્વરવાદી (Agnostic, sceptic and atheist) છે. તેઓ પોતાને મહાન સમજે છે; પરંતુ તેઓ બુદ્ધિથી બહુ જ નાના છે. મને તો લાગે છે કે તેમની બુદ્ધિ જ ચાલતી નહિ હોય. તેઓ કંઇને કંઇ કરે તો છે, પરંતુ કંઇ મળશે તેથી કરે છે. આવા લોકો ભગવાનને નમસ્કાર પણ કરે છે.

હું ઘણા વખત પહેલાં બ્રિટિશ પાર્લામેંટમાં ગયો હતો. ત્યાં મને એક બહુ મોટા માણસ, મળ્યા. મેં તેમને કહ્યું કે જો તમે નાસ્તિક (Atheist) છો, તો તમે અહીં બાઇબલ પર હાથ રાખીને શપથ શા માટે લો છો?' તો તેમણે મને કહ્યુ: "કારણ કે મને પૈસા મળે છે." મેં તેમને કહ્યું: 'તમે બૌદ્ધિક પ્રામાણિક છો તેમાં મને શંકા નથી, કેમકે, તમે શપથ લેવાનું સાચું કારણ કહો છો.'

ઇશ્વર છે કે નહિ તેની જ શંકા નિર્માણ કરતી હોય તે વિચારધારા સરસ્વતી કેમ થઇ શકે? સરસ્વતી તેને કહેવાય કે જે ઇશ્વરી કાર્યાર્થ ઘસાઇ જવાની પ્રેરણા અને સ્ફૂર્તિ આપે. તેનું જ પૂજન કરવું જોઇએ.

આજનું શિક્ષણ અસમાધાન નિર્માણ કરે છે. આજે બધા પોકાર કરે છે, બધા બૂમ પાડે છે, શોર મચાવે છે, પરંતુ શા માટે? અસમાધાની છે માટે. અસમાધાન સહેલાઇથી નિર્માણ થાય છે, તરત ઊભું કરી શકાય. તેમાં કંઇ બુદ્ધિનું કામ નથી. અસમાધાન ભૂખ નિર્માણ કરે છે અને

ભૂખથી ભીખ નિર્માણ થાય છે. ભૂખમાં બીજી કોઇ તાકાત નથી. ભૂખથી ભક્તિ નિર્માણ થતી નથી. 'ભૂખથી જ અમે ભક્તિ કરીએ છીએ.' એવું કોઇ કહેશે પણ ભૂખથી આપણે ભગવાન પાસે જોઇએ તો તે ભીખ છે, ભક્તિ નથી.

સમાધાન આપવાવાળું જે તત્ત્વજ્ઞાન છે, જે વિચાર છે, તે મને સ્વસ્થ કરશે, તે જ મને તૃપ્તિ, સમાધાન અને સંતોષ આપશે. તેને જ આપણે સરસ્વતી કહીએ છીએ. બધાં પુસ્તકોને નમસ્કાર કરવા કે નહિ? નમસ્કાર તો કરવા જ જોઇએ. જે પુસ્તક જીવિકા આપે છે તેને પણ નમસ્કાર તો કરવા જ જોઇએ. પણ તે સરસ્વતીપૂજન કહેવાય નહિ. કોઇ પૂછશે કે જે જીવિકા આપે છે તે શું માઁ નથી? તે પણ માઁ છે, નથી એમ નહિ; પરંતુ, 'માઁ' જુદી છે અને પીરસવાવાળી જુદી છે. જે જીવિકા આપે છે તેને કલા કહે છે. જે કલા છે તે આપણને પીરસે છે. તેના હાથના લાડુ કરતાં 'માઁ' ના કરકમળથી એકાદ રોટલો મળે તો ઓડકાર આવે છે. જે વિચારધારા સમાધાન આપવાવાળી છે તેને વિદ્યા કહે છે.

જે વિચારધારા સુખી બનાવવાવાળી છે તેનો દષ્ટિકોણ બદલવો જોઇએ. જ્યાંસુધી જીવન તરફ જોવાનો દષ્ટિકોણ નહિ બદલો ત્યાંસુધી સુખ નહિ મળે. જે વિચારોમાં જીવનનો દષ્ટિકોણ ઉન્નત કરવાની, બદલવાની શક્તિ છે તેને વિદ્યા કહે છે. આપણે ઘણું ભણીએ છીએ પરંતુ જીવનનો દષ્ટિકોણ બદલતા નથી. જેની પાસે ઘણું વિત્ત છે, તે શું સુખી છે? અને જેની પાસે ઓછું વિત્ત છે તે શું દુઃખી છે? આજે બધા દુઃખી છે, એનું કારણ જીવનનો દષ્ટિકોણ જ મળ્યો નથી.

એક અકસ્માત થયો. તેમાં બે જણા ઇજા પામ્યા. બન્ને જણાની એક એક આંખ ગઇ હતી. બન્ને હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમને હું મળવા ગયો. તો પહેલા રૂમમાં જે ભાઇ હતો તે રડતો હતો, 'ભગવાન! મેં શું પાપ કર્યું હતું કે મારી એક આંખ ચાલી ગઇ? હવે હું શું કરીશ?' તેને આશ્વાસન આપીને હું બીજા રૂમમાં ગયો તો તે ભાઇ ખુશખુશાલ હતા. તેમણે કહ્યું: 'ભગવાનનો મારા પર કેટલો પ્રેમ છે? આવડો મોટો અકસ્માત થયો તેમાં મારી એક આંખ ભગવાને બચાવી લીધી. હું એક આંખથી બધું જોઇ શકું છું.'

એકની આંખ ગઇ તેનું દુઃખ હતું અને બીજાને એક આંખ બચી ગઇ તેનો આનંદ હતો! આ જીવનના દષ્ટિકોણનો ફરક છે. તમે જીવન તરફ કઇ દષ્ટિથી જોશો તે અગત્યનું છે. તેના વગર તો આખું જગત દુઃખી છે જ. જગતમાં દુઃખી કોણ નથી? દુઃખ, દૈન્ય અને દારિદ્રથી ભરેલું જગત છે, પરંતુ, જીવનમાં વિદ્યા મળી હોય તો જીવન તરફ જોવાનો એક જુદો દષ્ટિકોણ મળે. તેનાથી માણસ સુખી થઇ શકે છે.

સરસ્વતી જીવનમાં સમાધાન આપે છે, સુખી બનાવે છે તેમ ઈંદ્રિયસ્વાધીનતા આપે છે. જે વિદ્યા આપણને સમજાવે કે ઈંદ્રિયો એક સાધન છે, તે સરસ્વતી છે. ઈંદ્રિયોની પાછળ દોડવું માણસને સારું લાગતું નથી. ઈંદ્રિયો જ્યાં ખેંચે ત્યાં હું દોડી જાઉં તો તેમાં મારાપણું રહ્યું ક્યાં? માણસે કોઇ પણ ભોગે પોતાપણું ગુમાવવું ન જોઇએ. પોતાપણું જ ચાલી જાય તો જીવનમાં રહ્યું શું? ઈંદ્રિયોને સ્વાધીન રાખવાની છે, તેની પાસેથી કામ લેવાનું છે. ઈંદ્રિયોની નફરત કરીને ન

ચાલે. ઈંદ્રિયો ફેંકી દેવાની નથી, તેવી જ રીતે, ઈંદ્રિયોને ખોટી રીતે કષ્ટ પણ આપવાનું નથી. ઈંદ્રિયોને સમજાવવાનું છે કે તમે મારા માટે છો, હું તમારા માટે નથી. જે આ સમજાવી ન શકે તે શું કરી શકે? ઈંદ્રિયસ્વાધીનતા જે વિચારોથી મળતી હોય તે સરસ્વતી છે. તે વિચારોનું પૂજન થવું જોઇએ. તેને જ આપણે વેદ કહીએ છીએ. વેદોનું પૂજન આપણને ભગવાનની પાસે લઇ જાય છે.

ઈંદ્રિયોને આધીન થવાનું નથી, ઈંદ્રિયોને સ્વાધીન રાખવાની છે. આવો ભાવ વધારવો જોઇએ. સરસ્વતી માઁ છે. માતા-પિતા ઉપર ભાવ વધવો જોઇએ. ભાવ જુદો અને ભોગ જુદો. માઁ ખવડાવે છે તેથી મા ઉપર પ્રેમ બચપણમાં હોય જ છે, પરંતુ માઁને માટે ભાવ સતત વધવો જોઇએ. તેવી જ રીતે નિસર્ગ ઉપર, પ્રભુ ઉપર ભાવ સતત વધવો જોઇએ. જીવનમાં ભાવ વધારવો આ એક બહુ મોટી વાત છે. કારણ, જેમ જેમ વિચાર વધે અને જ્ઞાન વધે તેમ તેમ ભાવ ઓછો થતો જાય છે. સરસ્વતીની ઉપાસના કરનારની બુદ્ધિમાં તેજસ્વિતા વધે તેમ ભાવ પણ વધે.

'ભાવ' આ એક અલૌકિક શબ્દ છે. તેનો પ્રતિશબ્દ થઇ શકતો નથી. આપણે તેના માટે બીજો શબ્દ વાપરીએ પણ 'ભાવ' નો અર્થ જ જુદો છે. 'ભાવ' એ 'ભાવ' જ છે. ભાવ વધારનાર જે વિચાર છે, વિદ્યા છે, તેને આપણે સરસ્વતી કહીએ છીએ. તેનું પૂજન આપણો આત્મવિશ્વાસ વધારે છે.

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં વિશ્વાસ નિર્માણ થવો જોઇએ અને વધવો જોઇએ. જે વિચારથી આત્મવિશ્વાસ અને ઇશવિશ્વાસ વધે તેને આપણે વિદ્યા અને સરસ્વતી કહીએ છીએ. જે કૃતિમાંથી વિચાર ચાલ્યો ગયો તે કૃતિની કિંમત શી? આ બધું આપવાની શક્તિ વેદોમાં છે તેથી વેદો બહુ જ મોટા છે. વેદોમાંથી નિચોડ કાઢીને ભગવાને ગીતા આપી છે, તેથી આપણે ગીતા વાંચીએ છીએ, તેનું પૂજન કરીએ છીએ.

શારદાપૂજનને દિવસે ગીતા જેવા ગ્રંથોનું પૂજન કરવાનું હોય છે. બાકીના દિવસોમાં તેનો અભ્યાસ થાય; પરંતુ આ દિવસે તે ગ્રંથોનું પુષ્પ, ચંદન અને ચોખાથી પૂજન થાય. શારદાનું આટલું મહત્ત્વ છે.

આજે વિચાર વગર વ્યક્તિની કરોડરજ્જુ જ તૂટી ગઇ છે. તેના લીધે તેનામાં અસમર્થતા, અસહાયતા અને અપૂર્ણતા નિર્માણ થયાં છે. આ દુર્બળતા અને નબળાઇ વ્યક્તિને સુખી કરી શકતી નથી અને તેને ભગવાન સુધી લઇ જઇ શકતી નથી. વિચારની મહત્તા અદ્ભુત છે. આ સમજાવનાર વેદો છે, ગીતા છે; તેથી જ વૈદિક વિચારો અને ગીતાના વિચારોનું પૂજન કરવાનું છે.

જગતમાં વિચારો તો ઘણા છે. કેટલાક વિચારો વિધાયક નહિ, વિઘાતક (negative) હોય છે. આવા વિચાર દોડવાવાળાને બેસાડી દે છે, બેઠેલા ને સુવડાવી દે છે અને સૂતેલાને મારી નાખે છે. ગીતામાં તેનું વર્ણન છે:

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ (गीता ४/४०)

(જેના ચિત્તમાં સંશય છે એવો અજ્ઞાની અને અશ્રદ્ધાળુ નાશ પામે છે. આવા સંશયીને આ લોક પણ નથી અને પરલોક તેમ જ સુખ પણ નથી.')

પાવન બનાવવાવાળી, સુખી બનાવવાવાળી, ઈંદ્રિયસ્વાધીનતા સમજાવવાવાળી, ભાવ વધારવાવાળી અને વિશ્વાસ નિર્માણ કરવાવાવાળી જે સરસ્વતી છે તેને નમસ્કાર કરવાના છે.

આજે બધાં મંદિરોએ વિચાર છોડી દીધા છે અને પૂજન ચલાવે છે. તેમને લાગે છે કે મંદિરોમાં વિચારોની શી જરૂર છે? ભજન, આરતી અને પ્રસાદ-આટલું કર્યું એટલે પૂજા પૂરી. આ શું મંદિર હોઇ શકે છે? બુદ્ધિથી, દિમાગથી માણસ જુએ છે, સ્મૃતિ રાખે છે અને ચાલે છે. તે દિમાગની સાથે સંબંધ જ નથી એવું, વિચાર સિવાયનું, પૂજન મંદિરમાં ચાલ્યા કરે છે. પ્રાણ નીકળી ગયા પછી જેમ પ્રેતનું પૂજન હોય તેવું આ પૂજન છે. આવું કેમ ચાલે? મંદિરની પૂજામાં પ્રાણ હોવા જોઇએ, સ્ફૂર્તિ હોવી જોઇએ, ચૈતન્ય હોવું જોઇએ, તે માટે જ મંદિરો છે. જે ઠેકાણે આવા તેજસ્વી વિચારોનું પૂજન થતું હશે તે જ મંદિર છે. ચાર દિવાલો ચણી દીધી એટલે તે મંદિર થઇ જતું નથી. પછી ભલેને જયપુરથી સારામાં સારી મૂર્તિ બેસાડી હોય તો પણ તે મંદિર નથી થતું. મંદિરમાં માણસને ઊભો કરનાર વિચારોનું પૂજન થતું હોવું જોઇએ. તેનાથી વ્યક્તિને તેજસ્વિતા, સ્ફૂર્તિ, ચૈતન્ય મળશે. આવી શક્તિ ગીતામાં છે. શારદાપૂજનને દહાડે ગીતાનું પૂજન કરવું જોઇએ. આજે શારદાપૂજન હોવાથી આપણે ચાલતો રહેલો વિષય છોડીને શારદાનું પૂજન કર્યું.

શારદાપૂજનને દિવસે સપ્તશતીનો પાઠ કરવાનો હોય છે. કેટલું શ્રેષ્ઠ, કેટલું અલૌકિક અને લોકોત્તર વાઙ્મય છે, કેટલું પૂજનીય વાઙ્મય છે? તેની પૂજા થવી જોઇએ. આજે તે વાઙ્મય પર શ્રદ્ધા જ નથી, ગતાનુગતિક થઇને, બાપાએ કહ્યું તેથી દીકરો નવરાત્રિના દિવસોમાં દુર્ગાસપ્તશતીનો પાઠ કરે છે. તેમાં પણ કેટલાક બહાદુરો પોતે પાઠ કરતા નથી, તેના માટે બ્રાહ્મણને બોલાવે છે. તે પાઠ કરે છે ત્યારે તે પોતે ચા પીતા બેસે છે અથવા હાજર પણ રહેતા નથી.

ધર્મમાંથી, ભક્તિમાંથી વિચારપૂજન ચાલી ગયું છે તેથી જ તેમાં કેટલો કચરો ઘૂસી ગયો છે! વિચારપૂજનનો અર્થ છે વેદપૂજન, જ્ઞાનપૂજન.

એકાદશ સ્કંધમાં પંચાધ્યાયની સમીક્ષા અને વિવરણ કરતા હતા. તેમાં ભક્તિ અદ્વૈત તત્ત્વને ઉપકારક છે એવું સમજાવ્યું છે. ભક્તિ આવી કે વિભક્તતા આવે છે, તેથી જ પૂર્ણ અદ્વૈતવાદી ભક્તિ માનતા નથી; કેમકે ભક્તિમાં ભગવાનથી જુદા રહેવું આવશ્યક છે. અદ્વૈતવાદમાં બીજો છે જ નહિ તો જુદો કેવી રીતે હોય? અને જુદા રહ્યા વગર ભક્તિ કેવી રીતે થાય? ઓછાનામે ભક્તિમાં ભગવાન અને ભક્ત જુદા રહેવા જોઇએ. તેમાં અદ્વૈત, એ સાધનાની સીડી થઇ શકે છે. જો જીવ-શિવમાં અદ્વૈત હોય તો ભક્તિ કેમ થાય? અદ્વૈતમાં ભક્તિને ક્યાં સ્થાન છે? આના કારણે જ ભક્તિપ્રધાન સંપ્રદાયો અદ્વૈતથી આઘા થયા. પરંતુ, ભાગવતકારનું કહેવું એમ છે કે ભક્તિ અદ્વૈત તત્ત્વને ઉપકારક છે અને તેની સહચરી છે. દાર્શનિક દષ્ટિથી વિચાર કરવાવાળાઓને માટે આ એક વિચારવા જેવો વિષય છે.

નારદજી વસુદેવ-દેવકીને સમજાવે છે કે અપત્યપ્રેમને ભક્તિપ્રેમમાં પરિણત કરવો પડશે.

તેની આવશ્યકતા પણ સમજાવી છે. બીજું સમજાવ્યું કે જ્ઞાનપૂર્ણ ભક્તિથી જ મુક્તિ મળે છે. પુત્રભાવના છોડીને, મિટાવીને, પ્રભુભાવના ઊભી કરો એવું નારદજીએ વાસુદેવ-દેવકીને સમજાવ્યું છે. વસુદેવ-દેવકી તો સમજતા જ હશે પરંતુ તેમને કહીને સામાન્ય લોકોને ઉપદેશ કર્યો છે કે છેવટે જ્ઞાનપૂર્ણભક્તિથી જ વ્યકિત મુક્ત થાય છે. વસુદેવ અને દેવકી બન્ને મુક્ત થયા છે એવું ભાગવતકારે કહ્યું છે. ભક્તિહીન પ્રેમ અને ભક્તિહીન જ્ઞાન નહિ ચાલે એવું તેમનું મંતવ્ય છે.

કેટલાક લોકો સહૃદય હોય છે પરંતુ ભક્તિપૂર્ણ સહૃદય હોતા નથી. તેઓ કોઇનું દુઃખ જોઇને વ્યથિત થાય છે, પીગળી પણ જાય છે. પરંતુ કેવળ સહૃદયતા ન ચાલે, સહૃદયતા ભક્તિપૂર્ણ હોવી જોઇએ. ભાગવતકારનો આ આગ્રહ સાચો છે. એનું કારણ સહૃદયતા એ વિકાર પણ હોઇ શકે. ભક્તિપ્રધાન સહૃદયતા હશે તો તે વિકાર ન રહેતાં, ઉન્નતિને માટે સીડી બની જશે. કેટલાયે લોકો કહે છે કે અમે ભગવાન માનતા નથી. આવા લોકો સહૃદય અને કરુણામય પણ હોય છે. આપણે તેમને ઉન્નત જીવો સમજીએ છીએ. ભાગવતકાર તેમને ઉન્નત જીવ કહેવા તૈયાર નથી. ભાગવતકાર કહે છે કે આવું કારુણ્ય ટકશે નહિ. તે સકારણ કારુણ્ય છે. સકારણ કારુણ્ય હોય તો કારણ ચાલ્યા ગયા પછી કારુણ્ય પણ ચાલ્યું જાય. એના બદલે નિષ્કારણ કારુણ્ય હોવું જોઇએ. ભક્તિહીન પ્રેમને કંઇ અર્થ નથી. તેવી જ રીતે ભક્તિહીન જ્ઞાનને પણ અર્થ નથી. કેવળ જ્ઞાન નહિ ચાલે, ભક્તિપૂર્ણ જ્ઞાન હોવું જોઇએ. જ્ઞાની ભક્તિથી મુક્તિ મળે એવું નારદજીએ સમજાવ્યું છે. આવી અવસ્થાને 'બ્રહ્મચર્ય' કહ્યું છે. આજે "બ્રહ્મચર્ય" શબ્દ સ્ત્રીપુરુષસંબંધ પૂરતો મર્યાદિત થઇ ગયો છે. આજે અમુક પુરુષ સ્ત્રી સાથે સંબંધ ન કરે તો તે બ્રહ્મચર્ય પાળે છે એવો અર્થ આવી ગયો છે. જેમણે દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી, તે લોકો આવો અર્થ કરે છે.

આપણા વૈદિક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છેલ્લાં હજાર વર્ષ છોડીને કરવો જોઇએ, તો જ ધર્મ અને સંસ્કૃતિની ખબર પડશે. ગંગા નદી પવિત્ર છે તેમાં શંકા નથી, પરંતુ કલકત્તા આગળ વહેતી ગંગાના પાણીનું તમે આચમન નહિ લો, એનાથી માર્જન પણ નહિ કરો. કારણ, તેમાં કચરો હોય છે. તે જ ગંગાના મૂળ તરફ જઇને ઋષિકેશમાં વહેતી ગંગામાં સ્નાન કરશો અને આચમન પણ લેશો. ધર્મ અને સંસ્કૃતિની બાબતમાં પણ આવું જ થયું છે. છેલ્લાં હજાર વર્ષમાં તેમાં ઘણો કચરો આવી ગયો છે. જેમને કંઇ સમજણ નથી એવા લોકોના હાથમાં તત્ત્વજ્ઞાન ચાલી ગયા પછી તેમાંથી કંઇ અર્થ નીકળતો નથી. કેટલાક લોકો કહે છે કે પુરુષને જ મુક્તિ મળે. અહીં પુરુષ નો અર્થ આપણે મરદ કરીએ છીએ. વેદાંતમાં પુરુષ શબ્દનો અર્થ છે **पुरे शेते इति पुरुषः** – એટલે **नवद्वारे पुरे देही** – એટલે જ જીવ. આ અર્થ લોકો સમજતા નથી અને વેદાંત કહેવા લાગે છે. તેના લીધે ગરબડ થઇ જાય છે. **ब्रह्मचर्य**નો અર્થ શું? **ब्रह्मं चरति । चरति** એટલે વ્યવહાર કરવો, આચરણ કરવું. બધો જ વ્યવહાર ભગવાન માટે હોવો જરૂરી છે. જેનો બધો જ વ્યવહાર, બધી જ કૃતિ બ્રહ્મ માટે હોય તે બ્રહ્મચારી છે.

તેનો ધંધો પણ ભગવાન માટે હોવો જોઇએ. તે પોતાનું કુટુંબ સંભાળતો હોય, તો તે પણ ભગવાનને માટે જ હોવું જોઇએ. તેનું પ્રત્યેક સત્કૃત્ય ભગવાનને માટે હોવું જોઇએ. તેને બ્રહ્મચારી કહેવાય છે. ત્યારબાદ બ્રહ્મચારી શબ્દનો અત્યંત સંકીર્ણ અર્થ કરી નાખવામાં આવ્યો છે કે

સ્ત્રી-પુરુષના સંબંધથી આઘો રહે તે બ્રહ્મચારી. **ब्रह्मं चरति इति ब्रह्मचारी** – બ્રહ્મને માટે, બ્રહ્મ સમજીને, તેને ધ્યાનમાં રાખીને જે વ્યવહાર કરે છે તે બ્રહ્મચારી છે. પુત્રને સંભાળવો હોય તો તેને ભગવાન સમજીને સંભાળવો જોઇએ એમ નારદજી કહે છે. પુત્રને ભગવાન સમજીને સંભાળવો કઠણ છે. એનું કારણ, તે પુત્ર મૂર્ખ છે એમ આપણને લાગે છે. ભગવાન હોય તો મૂર્ખ લાગે?

કેટલાક કહે છે કે ભગવાનની બાળકભાવે ઉપાસના કરો. પણ જે ભગવાને સૂર્યચંદ્ર બનાવ્યા છે, ચલાવ્યા છે, આખા બ્રહ્માંડને જે ફેરવે છે તે શક્તિ શું પોતાનું બાળક થઇ શકે? બાલકૃષ્ણની ઉપાસનાનો એક જુદો જ અર્થ છે.

છોકરાને અમે ભગવાન માની નહિ શકીએ પરંતુ ભગવાને આપેલો પુત્ર છે એવું તો માની શકીશું. આ પુત્ર મારો નથી, ભગવાનનો છે. ભગવાને આપેલો છે એવું સમજીને જે કુટુંબ ચલાવે તે બ્રહ્મચારી છે, તેની તે ભક્તિ જ છે. બ્રહ્મચર્ય એ ભક્તિનું રહસ્ય છે, તે નારદજીએ વસુદેવ-દેવકીને સમજાવ્યું છે. તમે કુટુંબ પણ ચલાવી શકો છો, પરંતુ, તે ભગવાનનું કુટુંબ છે એમ સમજીને ચલાવો. કુટુંબ એક નાનો સમૂહ છે. મોટા સમૂહને હું કદાચ વળાંક આપી ન શકું તેથી મેં નાનો સમૂહ-પરિવાર-સ્વીકાર્યો છે. અને આ પરિવાર ભગવાનનો, ભગવાને આપેલો છે, એમ સમજવાનું છે. તમે ધંધો-વેપાર પણ કરી શકો છો પરંતુ હું ભગવાનને માટે વેપાર-ધંધો કરું છું એવી સમજણ રાખવી જોઇએ. **धन्यो गृहस्थाश्रमः** – નો સ્વીકાર કરીએ છીએ. વાસ્તવમાં પામર જીવ વિલાસ માટે અને વિકારાધીન થઇને લગ્ન કરે છે—આ તેમાનું નગ્ન સત્ય છે; પરંતુ, લગ્ન કરતી વખતે ઉદક છોડીને તે સંકલ્પ કરે છે તેમાં એવું જ કહે છે કે ભગવાનનું કામ થાય એટલા માટે અમે બે જીવો એકત્ર રહેવાના શપથ લઇએ છીએ. આવી રીતે બ્રહ્મચર્યનો એક જુદો જ અર્થ છે. બ્રહ્મને માટે ચાલવાવાળો તે બ્રહ્મચારી.

ક્રિયા છોડવાની નથી. ક્રિયા કરવાની જ છે. પરંતુ મારી પ્રત્યેક ક્રિયાનું મોઢું ભગવાન તરફ હોવું જોઇએ. મારે ભગવાન માટે ક્રિયા કરવાની છે. ધંધો પણ ભગવાન માટે જ કરવો છે તો ધંધો પણ ભક્તિ થઇ જશે. તેવી દૃષ્ટિ નહિ મળી હોય તો માણસ મંદિરમાં જઇને પણ ધંધો જ કરશે. તેની ભક્તિ પણ વેપાર બની જશે. **स वै वणिकः** મને કંઇ મળે છે તેથી હું મંદિરે જાઉં છું. ભક્તિનો મૂળભૂત અર્થ સમજવો જરૂરી છે. આવું નારદજીએ વસુદેવ-દેવકીને સમજાવ્યું છે. આને લીધે વસુદેવ-દેવકીને જ્ઞાન થયું અને તે મુક્ત થયા એમ લખ્યું છે. જેને ત્યાં ભગવાન બાળક બનીને આવ્યા હતા તે માતા-પિતા કેટલા સમર્થ હશે? મામુલી થોડા જ હોય? તેમને સામે રાખીને આપણા જેવા સામાન્ય માણસને ઉપદેશ આપવા આવું લખ્યું છે. તેમને આપણને સમજાવવાનું છે કે કેવળ સદ્‌ગુણ લાવીને નહિ ચાલે. સદ્‌ગુણો ભક્તિપૂર્ણ અને ભક્તિની બેઠકવાળા હોવા જોઇએ. કેવળ પ્રેમ છે એમ બોલીને નહિ ચાલે. પ્રેમ ભક્તિપૂર્ણ હોવો જોઇએ.

श्रूयतां देवदेवेश नारायण जगत्पते ।
त्वदीयेनावधानेन कथयिष्ये शुभाः कथाः ।

આ ભૂમિકા હોવી જોઇએ. આ ભૂમિકા હોય તો ભક્તિ થઇ શકે છે. તેને જ જ્ઞાનીભક્તિ કહે છે. કેવળ જ્ઞાન લઇને નહિ ચાલે. ભક્તિ પણ હોવી જોઇએ.

આ બધું સમજાવ્યા પછી છઠ્ઠા અધ્યાયમાં દેવોએ કરેલી ભગવાનની અત્યંત સુંદર સ્તુતિ છે. સ્તુતિ કોણ કરે છે આ મહત્ત્વની વાત છે. અહીં દેવો સ્તુતિ કરે છે. નહિ તો માણસ શેઠની સ્તુતિ કરે છે. કારણ, તેને શેઠ પાસેથી ફાળો જોઇએ છે. સ્તુતિના શબ્દોનું મહત્ત્વ નથી. સ્તુતિ કોણ કરે છે અને શા માટે કરે છે એ મહત્ત્વનું છે. દેવોએ ભગવાનની સ્તુતિ કરી છે તેનાં કરતાં વધારે બીજા કોઇએ ભગવાનની સ્તુતિ કરી હશે. પરંતુ દેવોએ ભગવાનની સ્તુતિ કરી છે તે વાત મહત્ત્વની છે. દેવોએ કરેલા સ્તોત્રમાં પંચામૃત સમજાવ્યું છે.

દેવો કહે છે: 'નિ:સીમ કર્મના આધાર, કર્મ કરીને પણ નિર્વિકાર રહેવાવાળા, ભાવથી વશ થવાવાળા, વિઘ્નહર્તા, યાજ્ઞિક, યોગી અને જ્ઞાનીના ધ્યેય, આવા જે ભગવાન છે, તેમની ચરણસેવા કરવી જોઇએ.' આ સ્તુતિ કંઠસ્થ કરીને નિત્ય બોલવી જોઇએ. કેટલાક લોકો ભગવાનને માને છે પણ તેમને આવી સ્તુતિ મોઢે આવડતી નથી, તેથી તેઓ આવાં સ્તોત્રો ગાતાં નથી.

દેવોએ ભગવાનને નિ:સીમ કર્મના આધાર કહ્યા છે. નિ:સીમ કર્મ કોને કહે છે? જે કર્મનું ફળ તમે સ્વીકારી લીધું છે તે તો તમારી પાસે આવી ગયું; પરંતુ જે કર્મનું ફળ તમે સ્વીકાર્યું નથી તેને કોણ સંભાળશે? જ્ઞાની પુરુષો સાધનાથી ઉપર ગયા છે. તેમનાં ઘણાં કર્મો એવાં હોય છે કે જેનો ફાયદો તેમણે માગ્યો નહિ, ઉપાડયો પણ નહિ, તેની ઇચ્છા પણ રાખી નહિ. આવું જે કર્મ છે તે ક્યાં જશે? આવા કર્મને નિ:સીમ કર્મ કહે છે. તેના આધાર ભગવાન છે.

પછી કહે છે કે કર્મ કરીને પણ નિર્વિકાર રહેવાવાળા, ભાવથી વશ થવાવાળા ભગવાન છે. તે વિઘ્નહર્તા છે. યાજ્ઞિક, યોગી અને જ્ઞાનીના ધ્યેય એવા ભગવાનની ચરણસેવા સમજાવી છે. આ સ્તોત્રના પ્રત્યેક શ્લોકને ગૂઢાર્થ છે. જેને વૈષ્ણવ બનવું હશે તેને આ શ્લોકોમાં માર્ગદર્શન છે, અર્થપ્રદર્શન છે. જેમને સંસ્કૃત આવડે છે તેમણે આ મૂળ શ્લોકો વાંચવા જોઇએ. જે લોકો સંસ્કૃત છે તેમને આ સ્તોત્રમાં એક જુદી જ વાતનાં દર્શન થાય છે. સંસ્કૃત આવડવું એ એક વાત છે અને સંસ્કૃત હોવું એ જુદી વાત છે.

પછી કહે છે: 'પ્રભુ! તારી ચરણસેવા કરીને ભવમુક્તિની અપેક્ષા રાખવાવાળા શ્રદ્ધાળુ લોકો સાચા છે. અમે પણ અમારું મન અને અમારી બુદ્ધિ, તમારા ચરણમાં અર્પણ કરીએ છીએ.' શ્રદ્ધાળુ લોકો કહે છે કે ભગવાનની ચરણસેવા કરવી જોઇએ. તે સારી વાત છે. આમાં કંઇ દર્શન છે. સામાન્યોને ચરણદર્શન જ થશે, તેથી કહે છે કે ભગવાનની ચરણસેવા કરો. પ્રભુના મુખારવિંદ સુધી ઉંચે જોવાની હિંમત કોની થાય? ભગવાનની આંખ સાથે આંખ મિલાવવાની આપણામાં તાકાત છે? આવો કયો વાઘ માર્યો છે આપણે? આપણે ભગવાનની આંખ સાથે આપણી આંખ કેવી રીતે મિલાવીશું? ભગવાનની આંખ સુધી પહોંચવાની શક્તિ જ નથી. શરૂઆતમાં આપણી શક્તિ ભગવાનના ચરણ સુધીની જ હશે તેથી ચરણસેવા આવશ્યક છે.

બીજું, ભગવાનનાં ચરણો જેમ મારા માટે કર્મવ્યાપૃત (મન તલ્લીન કરવા જેવાં) છે તેમ મારે પણ પ્રભુના કર્મમાં વ્યાપૃત (તલ્લીન) રહેવું જોઇએ. આવી રીતે ચરણસેવાનો અર્થ પ્રભુકર્મવ્યાપૃત (પ્રભુકર્મમાં તલ્લીન) રહેવું; એને જ વૈષ્ણવ કહેવાય. ચરણ તે માટે જ છે. ચરણ આપવાવાળા ભગવાન આખા જગતમાં ફરી રહ્યા છે. શા માટે ફરી રહ્યા છે? મારું ભલું થાય

તે માટે ભગવાન ફરે છે. **चरैवेति चरैवेति** – આપણે પણ તેવી રીતે જવું જોઇએ એવી સ્તુતિ છે.

ભગવાન આપણા માટે ફરે છે તો આપણે પણ ભગવાન માટે ફરવું જોઇએ. આપણે કોઇ દિવસ ભગવાન માટે ફરીએ છીએ? સ્વાધ્યાય પ્રવૃત્તિમાં ભક્તિફેરી છે તેમાં લોકો ભગવાનને માટે જ ફરે છે, પોતાને માટે નહિ. ભક્તિફેરીમાં જવાવાળાને પોતાને કશું જોઇતું નથી. પોતાનો ગામડાના લોકો સાથે સંબંધ થાય અથવા તો ત્યાંના લોકો પોતાને સારો કહે તે માટે પણ નહિ. એટલું જ નહિ, આપણે ગામડામાં ગયા પછી કેટલા લોકો ભેગા થયા તેનો વિચાર પણ આ લોકો કરતા નથી. ભક્તિફેરી કરવા જવાવાળા લોકો જો એમ બોલતા હશે કે અમે જે ગામડામાં જઇએ છીએ ત્યાં પ્રતિસાદ સારો નથી મળતો, અમે હવે ત્યાં જવાના નથી. તો તેઓ ભક્તિફેરી કરવાવાળા નથી. ભક્તિફેરીમાં પ્રતિસાદ મળ્યો કે ન મળ્યો તે પ્રશ્ન જ નથી. જેમના મગજમાં પ્રતિસાદનો વિચાર આવે છે તેમની આ ઉપાસના નથી, ભક્તિ નથી. ઉપાસના એ જુદી જ વાત છે. પ્રથમ શ્લોકમાં આ બહુ સારી રીતે સમજાવ્યું છે.

બીજા શ્લોકમાં કહે છે: 'પ્રભુ! તું અજિત છે, અજિંક્ય છે, સર્વનિયામક છે. પ્રભુ! તમે જ માયા ઊભી કરી છે. વિશ્વની ઉત્પત્તિ કરીને, તેને સંભાળીને અને સંહાર કરીને પણ તમે નિર્વિકાર રહો છો! અલિપ્ત રહો છો. આ આશ્ચર્યની વાત છે.'

આપણે કહેવાતા ભક્તો કંઇ કરવાની અપેક્ષા નથી રાખતા. આપણે ભગવાનનો જપ કરીએ, બીજું કંઇ નહિ. કારણ આપણે જો ભગવાનનું કંઇ કામ કરવા લાગીએ તો લોકો આવશે જ. લોકો આવ્યા પછી રાગદ્વેષ વધી જાય; તેથી જે વૈષ્ણવ છે તે લોકોથી ડરે છે. પરંતુ, તે સાચો વૈષ્ણવ નથી. ભગવાને માયા ઊભી કરી છે. તે વિશ્વોત્પત્તિ કરીને, તેને સંભાળીને અને તેનો સંહાર કરીને પણ પોતે નિર્વિકાર રહે છે. કામ છોડીને અલગ રહેવું આ એક જુદી વાત છે. કામમાં ડૂબી જઇને કામથી અલગ રહેવું એ એક જીવનની કલા છે. વૈષ્ણવે આ વાત શીખવી પડશે એમ સમજાવ્યું છે.

આપણે કર્મ છોડી દઇએ છીએ. કર્મ નથી જોઇતાં કહીને કનખલમાં બેસી જઇએ છીએ, એનું કારણ ચાર લોકો ભેગા થયા કે મતભેદ આવે છે, રાગદ્વેષ ઊભા થાય છે. તેના માટે કેટલાક શ્રદ્ધાળુ લોકો પોતાને સાધક સમજીને એકલા રહે છે. અરે! મતભેદ થયા પછી પણ રાગદ્વેષ ઊભા ન થાય, એવી મન:પ્રવૃત્તિ તૈયાર કરવાની છે. ભગવાને તેવું કરી દેખાડયું છે એમ દેવો કહે છે.

બધું કરીને ભગવાન જેમ અલિપ્ત રહે છે, નિર્વિકાર રહે છે, તેમ જીવે પણ રહેવું જોઇએ. બધું કરવાનું પણ તેમાં ડૂબી નહિ જવાનું, આ બહુ કઠણ વાત છે. આપણે કર્મ છોડીએ, કુટુંબ છોડીએ, જવાબદારી છોડીએ અને 'દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ' એમ કહીને ભગવાનને ઉપદેશ કરીએ અને પોતે તટસ્થ રહીએ છીએ. શા માટે? આપણે જો લોકોમાં જઇશું તો આપણામાં નિરાશા આવી જશે, આપણી આસક્તિ વધી જશે, આપણાં દિલમાં રાગદ્વેષ ઊભા થશે, મતભેદો થશે. તેના કરતાં બધાથી અલિપ્ત રહેવું શું ખોટું? આ વૈષ્ણવની ભૂમિકા નથી એમ સમજાવ્યું છે.

ભગવાનની પાસે જવું હશે તો ભગવાન જેવા થવાનો પ્રયત્ન કરવો પડશે. તેના માટે બધાં કર્મ કરીને અલિપ્ત રહેવાનું શિક્ષણ લેવું જોઇએ. વિશ્વને છોડવું નથી. જે જ્ઞાની થઇ ગયા છે

તે લોકો પણ વિશ્વનાં જે કર્મો છે તે છોડતા નથી. નિજી કર્મ છોડતા નથી. શ્રીમદ્ શંકરાચાર્ય અને વલ્લભાચાર્યે પણ ભક્તિ કરી. કોની ભક્તિ કરી અને શા માટે કરી, તે કોને ખબર? તેમને શી જરૂર હતી? સમગ્ર જગતમાં ભગવાન જોવાવાળા આચાર્યે ભગવાનની મુર્તિની પૂજા શા માટે કરી? કારણ, તેમણે કર્મ છોડયું નહિ. જગતમાં આવીને જે પાઠ ભજવવાનો છે તે તો ભજવવો જ જોઈએ. કરવું બધું પણ તેમાં ડૂબી ન જવું. અલિપ્ત રહીને કામ કરવું કઠણ છે. તમે અર્ધા મનથી કામ કરો તો અલિપ્ત રહી શકો, કારણ, જુદાપણું આવે ત્યારે જ માણસ આઘો રહીને કામ કરે. મોટા મોટા ડૉક્ટરો મોટી મોટી હૉસ્પિટલમાં કામ કરે છે. તેઓ અલિપ્ત રહીને કામ કરે છે. તેમનો દર્દી મરી જાય તો પણ તેમના પર કોઈ અસર દેખાતી નથી. કોઈપણ કામ કરો તો તેમાં ડૂબી જવું જોઈએ, તેમાં એકાગ્ર બનીને કામ કરવું જોઈએ. આત્મીયતા ઉભી કરવી જોઈએ અને પછી કામ કરવું જોઈએ. આટલું કરીને અલિપ્તતા લાવવી જોઈએ. આ બહુ કઠણ વાત છે, પરંતુ આ સ્થિતિ જ્યાંસુધી આવતી નથી ત્યાંસુધી સાચા વૈષ્ણવ થવાતું નથી એમ ભાગવત કહે છે.

શેઠની ઉઘરાણી કરવા માટે મહેતાજી જાય છે. મહેતાજીને તે કામ માટે પગાર મળે છે તેથી તે દિલથી કામ કરે છે, પરંતુ તે અલિપ્ત છે. દિલથી કામ કરવાનું છે, તે કામમાં ડૂબી જવાનું છે અને છતાં અલિપ્ત રહેવું છે. આ કેવળ ભક્તિને રસ્તે જ શક્ય છે. અહીં જ ભક્તિની આવશ્યકતા છે. ભક્તિની ચોક્કસ જરૂર ક્યાં છે તે સમજી લો. 'ભગવાન! જે કામ કરું છું, તે તારું કામ કરું છું'—'તારું' સમજીને કામ કરો તો અલિપ્તતા આવે. જેમ ચિત્ત એકાગ્ર કરીને ચિત્તશુદ્ધિ કરવા માટે ભક્તિની આવશ્યકતા છે, તેવી રીતે કર્મ કરીને અલિપ્ત રહેવા માટે ભક્તિની આવશ્યકતા છે. જે દષ્ટિથી ભગવાન રહે છે તે જ દષ્ટિથી વૈષ્ણવે પણ રહેવાનું છે. આ સ્તોત્ર જ બહુ સુંદર છે.

ત્રીજી શ્લોકમાં કહે છે: ભગવાન **ઈડ્ય** છે, સર્વસ્તવ્ય છે, પરંતુ કેવળ વિદ્યા, કર્મ અને તપાદિક સાધનોથી મળતા નથી, તેના માટે ભક્તિની આવશ્યકતા છે. કેટલાક લોકો ભગવાન પ્રાપ્ત કરવા માટે વિદ્યા મેળવે છે, કેટલાક લોકો કર્મ કરે છે, કેટલાક લોકો તપ અને સાધના કરે છે, પરંતુ તેમને ભગવાન મળતા નથી. શા માટે? તે સાથે ભક્તિની આવશ્યકતા છે.

મનુષ્યના જીવનમાં બે વાતો આવશ્યક છે. એક સમજણ અને બીજી કૃતિ. આ બે ન હોય તો મનુષ્યત્વ જ ચાલી ગયું. ગધેડાને સમજણ નથી અને કૃતિ પણ નથી. તેની પાસે કૃતિ છે, નથી એમ નહિ, પરંતુ, સમજાવવાને માટે કહું છું. તેની પાસે કૃતિ છે પણ તે બીજાની બુદ્ધિથી થાય છે, પોતાની બુદ્ધિથી નહિ. રેસમાં ઘોડો દોડે છે પણ દોડવાવાળા ઘોડાને કિંમત નથી. દોડાવવાવાળા જોકીને કિંમત છે. યશ તેને મળે છે અને પૈસા તે ઘોડાના માલિકને મળે છે. એટલે સમજણ અને કૃતિ—બન્ને ભક્તિપૂર્ણ કરવાં પડશે.

'પ્રભુ! કર્મયોગી અને જ્ઞાનયોગી તારી જ ચરણસેવા કરે છે,' આમ કહે છે. આ લોકો ભગવાનની ચરણસેવાને શ્રેષ્ઠ માને છે. તેનો અર્થ ભક્તિને જ શ્રેષ્ઠ માને છે. ભગવાનની ચરણસેવા કરવા માટે મારે પણ ભગવાન માટે ઘૂમવું પડશે, ફરવું પડશે. આપણે ભગવાનની ચરણસેવા કરીએ છીએ, તેનો અર્થ એ કે ભગવાનની જેમ આપણે પણ ફરીએ છીએ. ઑક્સિજન

—બધી જગાએ છે કે નહિ? છે. પરંતુ, હવામાં ઑક્સિજન કોણ લાવ્યું? આખી સૃષ્ટિના વાતાવરણમાં પ્રાણવાયુ—ઑક્સિજન ભરેલો છે. આફ્રિકા, ઈંગ્લેંડ અને અમેરિકામાં પણ છે. બધી જગાએ ભગવાન ફરે છે. તેવી રીતે, જે વૈષ્ણવ છે તેને પણ બધી જગાએ ફરવું પડશે. કર્મયોગી અને જ્ઞાનયોગી બન્નેને ભગવાનની ચરણસેવા કરવી પડશે. એટલે કે સમજણ અને કૃતિની પાછળ ભક્તિ ઊભી કરવી પડશે.

તમારું કર્મ કેટલું સારું છે તેના પરથી તમે કર્મયોગી થઇ શકતા નથી. કર્મ ભક્તિપૂર્ણ હોય તો જ તમે કર્મયોગી થઈ શકો. એકાદ માણસ ઘણા લોકોને દાનમાં પૈસા આપે. એનું કારણ આમેય નોટો ફોકટ જવાની છે, તેના કરતાં દાનમાં આપી દેવી શું ખોટી? ઘર બળવા લાગ્યું કે ઘરની માલમત્તા ગરીબોમાં લૂંટાવી—આનાથી તમે કર્મયોગી થઇ શકતા નથી. કર્મનું પરિણામ પણ કરનાર ઉપર થયું હોય, તેનું ફળ પણ તેને મળે, પરંતુ તેના ઉપરથી તે કર્મયોગી થઇ શકતો નથી.

કર્મયોગી થવા માટે સમજણ અને કૃતિ, બન્ને ભક્તિપૂર્ણ હોવાં જોઇએ. વૈષ્ણવે આવા થવું પડશે, દેવોએ સામાન્ય માણસોને સમજાવવાને માટે આ સ્તુતિ કરી છે.

આ સ્તુતિમાં સાહિત્યિક મૂલ્ય (Literary value) પણ છે. ભગવાને ભાવ અને પ્રેમથી પહેરેલી વનમાલાનો લક્ષ્મીજી મત્સર કરે છે, એવું વર્ણન છે. શા માટે મત્સર કરે છે? ગળામાં માળા સારી લાગે છે, તે માટે? આ વનમાળા જુદી છે. જો તે ફૂલની માળા જ હોય તો લક્ષ્મીજીએ મત્સર કરવાની શી જરૂર છે? ફૂલની માળા હોય તો તે કરમાઇ જાય અને બીજી માળા પહેરાવવી પડે. પતિને શું પહેરાવવું તે લક્ષ્મીજીના હાથમાં જ છે. આ સામાન્ય ફૂલની માળા નથી. ભગવાનના ગળામાં જે માળા છે તેના ફૂલ કદી કરમાતાં નથી. આ ક્યાં ફૂલો છે? તે જીવનપુષ્પો છે કે જે ભગવાનના ગળાની માળામાં જાય છે.

प्रह्लादनारदपराशरपुण्डरीकव्यासाम्बरीषशुकशौनकभीष्मदाल्भ्यान् ।
रुक्माङ्गदार्जुनवसिष्ठविभीषणादीन् पुण्यानिमान् परमभागवतान् स्मरामि ॥

લક્ષ્મી વિશ્વની માઁ છે. તેને ખબર છે કે આ જીવનપુષ્પો છે, તે કરમાશે નહિ. તે જીવનપુષ્પો ભગવાનના ગળામાં જોઇને લક્ષ્મીજીને લાગે છે કે હું ભગવાનની પત્ની છું તો પણ ભગવાને વસિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય જેવાઓને પોતાના દિલ ઉપર લીધા છે. આવી માળા ભગવાનને કોણે પહેરાવી છે તે એક પ્રશ્ન જ છે.

ભગવાનને માળા કોણ પહેરાવી શકે? જે ત્યાંસુધી પહોંચી શકે તે. આ પહેલી વાત છે. તેના માટે ભગવાન પાસે-એટલે જ **सत्यं शिवं सुंदरम्** પાસે-જવું પડે. આપણે અસત્યં, અશિવં અને અસુંદરમ્ હોઈએ તો ભગવાન પાસે જઇ જ ન શકીએ. શું ભૌતિક દષ્ટિએ ભગવાન પાસે જવાનું છે? સત્યનો પત્તો નથી, શિવનો સંબંધ નથી અને અસુંદર છે તે ભગવાન પાસે જાય કેવી રીતે?

બીજું, ભગવાનને ગળામાં માળા પહેરાવવી હોય તો ભગવાનને ગરદન ઝુકાવવી પડે. તમે ભગવાનની ગરદન નીચે નમાવવા જાઓ તો તમારા કાંડા તૂટી જશે. ભગવાન પોતે જ વાંકા વળે,

ગરદન નીચે નમાવે, તો વાત જુદી. જેને હાર લેવો હોય તેના માટે કઠણ પ્રસંગ જ છે. જે હાર પહેરાવવા આવે તેની સામે ગરદન નમાવવી જ પડે. મને પોતાને ઘણા દિવસ સુધી આ વસમું લાગતું હતું કે જે હાર પહેરાવવા આવે છે તેની સામે હું ગરદન શા માટે નમાવું? પછી મેં એક સમાધાન માની લીધું કે જે હાર પહેરાવવા આવે છે તે ભગવાનનો દીકરો છે. તેની સામે ગરદન નમાવવામાં વાંધો નહિ.

શું ભગવાનની ગરદન નમાવવી એ સહેલી વાત છે? ભગવાને પોતે જ ગરદન નમાવવાની છે. જેમણે ભગવાનને પોતાનું જીવનપુષ્પ આપ્યું હશે તે કેટલા મોટા હશે! કારણ, ભગવાન તેમની સામે નમે છે!

આ સ્તોત્રમાં તેમણે બીજી પણ એક ચર્ચા કરી છે. ભગવાન! તમારાં ચરણ શુદ્ધ કેમ છે? દેવોએ સમજાવ્યું છે: 'ભગવાનનાં ચરણ કેવાં છે? વામન અવતારમાં તમે એક ડગલામાં પૃથ્વીને આવરી લીધી, વિજયધ્વજા લઇને ગયા. તે ધ્વજા એટલે વિચારોની ધ્વજા!, તારા ચરણોમાંથી ગંગા નીકળે છે. આમ પ્રેમ અને ભાવ, બન્ને તેમાં છે. તારાં ચરણ દેવોને અભય આપવાવાળા છે અને દુષ્ટોને ખતમ કરવાવાળા છે તે કારણે તારા ચરણ શુદ્ધ, પવિત્ર છે. અમે તારી ચરણસેવા કરીએ છીએ.'

વામન જગતમાં ફર્યા, શા માટે ફર્યા? વિચારો અને જીવન સમજાવવાને માટે તે જગતમાં વિજયધ્વજા લઇને ફર્યા. વામનના ફરવાને કિંમત છે. નહિ તો આપણે પણ જગતમાં ફરીએ છીએ. વામન લોકોને ઊભા કરવા માટે ફર્યા. આપણે ભગવાનની ચરણસેવા કરવી હોય તો વ્યક્તિને વિચારો, જીવન સમજાવીને, તેને ઊભો કરવા માટે જગતમાં ફરવું જોઇએ.

ભક્તિફેરી એક જુદી દૃષ્ટિથી જોવી જોઇએ. આપણી ભક્તિફેરી છીછરી બની ગઇ છે. ભક્તિફેરી કંઇ રસ્તામાં નથી પડી. ભક્તિફેરી એક વૃત્તિ છે. તે વૃત્તિ સ્વીકારીને ભક્તિફેરીમાં જવું જોઇએ.

વિચારોની ધ્વજા લઇને જવાનું છે. વિચારો પણ એવા હોવા જોઇએ કે જે વ્યક્તિને ઉન્નત કરે, વ્યક્તિની કરોડરજ્જુ મજબૂત કરે. દેવોએ ભગવાનને કહ્યું, 'ભગવાન! તમે વામન અવતારમાં આ કામ કર્યું છે. તમે એવા વિચારોની ધ્વજા લઇને ફર્યા કે જે વિચારોને કોઇ હરાવી ન શક્યું. જે વિચારો સાંભળ્યા પછી વ્યક્તિ નીચે પડતી નથી.' એવા વિચારો લઇને ફરવાનું છે.

પ્રભુ! તારા ચરણકમલમાંથી ગંગા વહે છે. ગંગા પવિત્ર છે. જીવનમાં પ્રેમ અને ભાવનાસ્રોત હોવા જોઇએ. તેવી જ રીતે, સદ્‌વિચારોનું પઠન, રટણ, ચિંતન અને કથન હોવું જોઇએ. **तत् चिंतनम् तत्कथनम् अन्योन्यं तत्प्रबोधनम्** – આવું થવું જોઇએ. આવું કાર્ય કરવાવાળા માટે ભગવાન છે. દેવોએ ભગવાનની સ્તુતિ કરી છે, તેમાં વૈષ્ણવને માર્ગદર્શન છે.

'ભગવાન! દેવો પ્રભાવશાળી છે, જેમણે કંઇ કમાવ્યું છે, તેમની લગામ પણ તમારા હાથમાં છે.' કોઇ ગમે તેટલો મોટો થઇ જાય તો પણ તેની લગામ ભગવાનના હાથમાં જ રહે છે. ભગવાન આવા મોટા માણસને કંઇ કરી ન શકે એવું નથી. ભક્તિથી માણસ મોટો થઇ જાય. તેનામાં કંઇ

શક્તિ આવે, પરંતુ, તે સમયે પણ તેની લગામ ભગવાનના હાથમાં જ રહે છે.

આપણી પાસે વિત્ત આવ્યું, બુદ્ધિ આવી કે લગામ ભગવાનના હાથમાં રહેતી નથી, આપણા હાથમાં છે એમ માનીએ છીએ. માણસ કહે કે પૈસા મારા છે, મારે તે કેવી રીતે ખર્ચવા તે હું પોતે નિશ્ચિત કરીશ. તેનો ઉપયોગ કેમ કરવો તે મને ખબર છે. આ બાબતમાં અમને કહેવાવાળા ઋષિઓ કોણ? મનુ કે યાજ્ઞવલ્ક્ય કહેવાવાળા કોણ? મારી પાસે શક્તિ આવી છે પરંતુ લગામ ભગવાનના હાથમાં છે. મળેલી શક્તિનો ઉપયોગ ભગવાન કહે તેવી રીતે કરવો જોઇએ.

રોકફેલર ફાઉન્ડેશન સ્થાપનારા રોકફેલર અતિશ્રીમંત હતા. તેણે પોતાના દીકરાને બોલાવીને કહ્યુ: 'આપણને ભગવાને ઘણા પૈસા આપ્યા છે, પરંતુ, તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની અક્કલ આપણી પાસે નથી. તેથી પંડિતોને (તેમની દૃષ્ટિથી જે પંડિત હશે) બોલાવીને તેઓ જે પ્રમાણે કહેશે તે પ્રમાણે આપણે પૈસાને ઉપયોગ કરીશું.' આમ વિત્ત કેમ વાપરવું તે બાબતમાં રોકફેલરે નિજી અક્કલ ચલાવી નહિ.

સામાન્ય રીતે માણસને વિત્ત, વિદ્યા, બુદ્ધિ મળ્યા બાદ એવું લાગે છે, 'અમારામાં અક્કલ છે. અમને પૂછવાવાળું કોઇ નથી. અમને ઠીક લાગશે તેવી રીતે અમે કરીશું. શક્તિ આવ્યા બાદ, અમને કહેનાર ધર્મ કોણ? ઋષિ કે ભગવાન અમને કહેનાર કોણ? અમે મોઢામાંથી શબ્દ કાઢીશું તો બધા લોકોએ ગજવામાંથી પૈસા કાઢવા પડશે!' આવું કેટલાક લોકો બોલે છે. તેમને પૂછવું જોઇએ: 'અરે, કોનો પ્રભાવ છે? આ લોકો તો બકરા જેવા હોય છે. તું એક વિશિષ્ટ સ્થાન પર બેઠો છે તેથી લોકો તને પૈસા આપે છે. નહિ તો તને કોણ આપે?' આવા લોકોને ગમે તેમ બોલવામાં કંઇ સંકોચ પણ નથી. તેવી જ રીતે, એમને જે લોકો પૈસા આપે છે તેમને પણ કોઇ જાતની વ્યથા થતી નથી. લોકો બકરાં જેવા થઇ ગયા છે, એનું કારણ લોકોની કરોડરજ્જુ જ તૂટી ગઇ છે. 'ફાયદો છે ને? તો ગધેડાના પણ પગ પકડો. તેમાં વાંધો નથી.' આવું વલણ આ લોકોનું હોય છે. 'અરે! મરી જઇશ પણ ગધેડાના પગ હું નહિ પકડું.' એમ કહેવાની ખુમારી હોવી જોઇએ. લોકો ભગવાનના પગ પકડતા નથી પરંતુ ગધેડાના પગ જરૂર પકડે છે.

અમારા શાસ્ત્રમાં રાજાને પણ કહેવામાં આવ્યું છે કે **धर्मदंड्योडसि**-તારા ઉપર ધર્મનું શાસન ચાલશે. રાજસૂય યજ્ઞમાં તેના માટે એક વિધિ છે. **अदंड्योडस्मि अदंड्योडस्मि अदंड्योडस्मि** આમ ત્રણ વાર રાજા બોલે છે. તે જ વખતે દર્ભનો દંડ રાજાના માથાને લગાડીને ઋષિ કહે છે: '**धर्मदंड्योसि धर्मदंड्योसि धर्मदंड्योसि**—આ પૃથ્વી તેં જીતી છે તેથી તારા પર કોઇ વ્યક્તિનું શાસન નહિ ચાલે—પરંતુ, આનો અર્થ તું નિરંકુશ વ્યવહાર કરી શકતો નથી. તું ધર્મદંડય છે, તારા ઉપર ધર્મનું શાસન ચાલશે જ.'

પ્રભાવશાળી દેવોની લગામ પણ ભગવાનના હાથમાં છે. જ્ઞાનીઓની લગામ પણ ભગવાનના હાથમાં છે. વૈષ્ણવને શક્તિ મળશે, વૈભવ પણ મળશે, તેને જ્ઞાન પણ પ્રાપ્ત થશે, પરંતુ તેને સતત ધ્યાન રાખવું પડશે કે મારી લગામ ભગવાનના હાથમાં છે. તે ધ્યાનમાં નહિ રાખે તો તું રાવણ બની જ ગયો એમ સમજ—આવું કહે છે. દેવોએ અહીં લાલબત્તી ધરી છે.

આગળ કહે છે કે વિશ્વનું મૂળ તું છે, કાળ પણ તું જ છે. છેલ્લા શ્લોકમાં કહે છે: 'કેટલીએ

લલનાઓ તમારી સામે નેત્રકટાક્ષ ફેંકે છે, તે છતાં તમે તેનાથી વિદ્ધ થતા નથી. 'કામ'નું તમારા પર પરિણામ થતું નથી. 'કામ નિર્માતા' તમે જ છો. કામના હાથમાંથી છૂટવું હશે તો તમારી સહાય લેવી જ પડશે, નહિ તો છૂટવું અશક્ય છે.'

'રામ શક્તિ' જેટલી જબરદસ્ત છે, તેટલી જ 'કામ' શક્તિ પણ જબરદસ્ત છે. તેના હાથમાંથી છૂટવું હોય તો ભગવાનની સહાય જોઇએ જ. 'કામ મને દીન ન બનાવી શકે, હું કામ ઉપર અસવાર થઇશ.' જે ભક્તિપૂર્ણ અંતઃકરણવાળો છે, તે જ આવું કહી શકે.

'અમે વિશ્વમાં ફરવાવાળા લોકો છીએ. કામ અને ક્રોધ અમારા પર હુમલો કરશે પરંતુ અમને પવિત્ર કરવાની શક્તિ તું જ છે' આવું અંતિમ શ્લોકમાં કહે છે. 'કામશક્તિ' થી છૂટવું મુશ્કેલ છે. તેનાથી કોણ છૂટી શકે? માણસ વિરકત રહી શકતો નથી. ભક્ત તેમાંથી છૂટી શકે છે. જેણે પોતાની જીવનની દોરી ભગવાનના હાથમાં આપી છે, જે અંતઃકરણપૂર્વક ભક્ત છે, તે જ કામ ઉપર અસવાર થઇ શકે છે, કામને નાથી શકે છે. કામપ્રધાન જગતમાં ફરવું છે અને કામને નચાવવો છે. આ કઠણ વાત છે પણ વૈષ્ણવે તે સાધવું પડશે.

આ સ્તોત્ર પઠનીય છે અને સ્મરણીય છે. કંઠસ્થ કરીને બોલવા જેવું આ સ્તોત્ર છે.

એકાદશ સ્કંધમાં ભગવાન હવે બિસ્તરા બાંધે છે. ભગવાનની વીસા પરમીટ ખતમ થઇ ગઇ. અહીં જગતમાં આવવા માટે ભગવાનને પણ વીસા લેવો પડે છે. આપણે પરદેશમાં જવાના હોઇએ તો પહેલેથી જણાવવું પડે છે કે હું ત્યાં આટલા દિવસ રહીશ. આવી રીતે ભગવાન જગતમાં કઇ તારીખ સુધી રહેવાના છે તે તેમણે પહેલેથી નક્કી કર્યું છે. દિવસ પૂરા થયા કે ભગવાનને પણ જગત છોડવું પડે છે. પોતે હવે જગત છોડીને જાય છે એવું ભગવાને ઉદ્ધવને કહ્યું ત્યારે ઉદ્ધવ તેમને જતા રોકવાનો પ્રયત્ન કરે છે.

नाहं तवाङ्घ्रिकमलं क्षणार्धमपि केशव ।
त्यक्तुं समुत्सहे नाथ स्वधाम नय मामपि ॥ (ભાગવત ૧૧/૬/૪૩)

(હે કેશવ! હે નાથ! હું આપના ચરણકમળનો અર્ધી ક્ષણ માટે પણ ત્યાગ કરી શકું એમ નથી, માટે મને પણ સ્વધામમાં લઇ જાઓ).

ઉદ્ધવ જ્યારે કહે છે, 'અમને પણ સાથે લઇ જાઓ', ત્યારે ભગવાન કહે છે: 'તમને બધાને મારી સાથે આવવું છે? તો પછી અહીં કોણ રહેશે? જગતમાં લોકોને વિચારો સમજાવશે કોણ?'

ભગવાનના અતિપ્રિય ભક્ત ઉદ્ધવનો આગ્રહ છે કે 'મને સાથે લઇ જાઓ,' તેના જવાબમાં ભગવાને ઉદ્ધવને જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. તેને ઉદ્ધવગીતા કહે છે. તેમાં ભગવાન કહે છે કે ઈંદ્રિયોના સાધનથી થવાવાળું જ્ઞાન અને જ્ઞેય પદાર્થ, બન્ને મિથ્યા છે. તેના ઊંડાણમાં હમણાં આપણે જતા નથી. શું સમજાવ્યું છે તે કહી દઉં છું.

ઈંદ્રિયોથી જે જ્ઞાન થાય છે તે મિથ્યા છે. તેના ઉપર વિશ્વાસ રાખવા જેવું નથી. ઈંદ્રિયો જૂઠું જ્ઞાન કરાવે છે. આપણે રેલગાડીમાં બેઠા હોઇએ અને બારીની બહાર જોઇએ તો ઝાડ દોડે છે એવું લાગે છે, પરંતુ, ઝાડ કોઇ દિવસ દોડતા નથી. ચંદ્ર તરફ જોઇએ તો ચંદ્ર પણ દોડતો

લાગે છે. તેના માટે અંગ્રેજીમાં એક પુસ્તક છે: 'How our senses deceive us'—આપણે એમ સમજીએ છીએ કે ઈંદ્રિયોથી જે જ્ઞાન થાય છે તે સાચું છે, પરંતુ તે જ ખોટું છે. ભગવાન કહે છે કે ઈંદ્રિયોના સાધનથી થવાવાળું જ્ઞાન અને જ્ઞેય પદાર્થ-બન્ને મિથ્યા છે. તું, હું અને વિશ્વ, આમાં ભેદ નથી. આ જ આત્મજ્ઞાન છે. આ અંતિમ જ્ઞાન ભગવાને ઉદ્ધવને સમજાવ્યું છે. ઉદ્ધવને આ જ્ઞાન આપીને અપરોક્ષાનુભૂતિ સમજાવી છે.

આત્મજ્ઞાન ઉપાડવાની શક્તિ ઉદ્ધવ પાસે છે, તે જ્ઞાન ઉદ્ધવ સમજ્યા પણ છે. તે છતાં સામાન્યોને જ્ઞાન મળે માટે તેમણે એક પ્રશ્ન પૂછયો છે. આ પ્રશ્ન સંશયી ભ્રમરલાલનો નથી પણ સંશયરહિત ઉદ્ધવનો છે. ઉદ્ધવ પૂછે છે: 'આ જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે મારે શું કરવું જોઇએ?' ઉદ્ધવના આ પ્રશ્નમાં તેમનો લોકો માટેનો આત્યંતિક પ્રેમ દેખાય છે.

આપણે પ્રશ્ન પૂછીએ ત્યારે જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછીએ અથવા સંશય નિવારણ માટે પ્રશ્ન પૂછીએ છીએ. આપણે અપૂર્ણ છીએ તેથી પ્રશ્ન પૂછીએ છીએ. અહીં ઉદ્ધવ કહે છે, 'પ્રભુ! તમે કહો છો કે જ્ઞાન અને જ્ઞેય મિથ્યા પદાર્થ છે. હું, તું કે વિશ્વમાં ભેદ નથી, આ જ્ઞાન મને પ્રાપ્ત થયું. તે છતાં આ સ્થિતિ સુધી કેવી રીતે પહોંચવું તેની સામાન્ય લોકોને ખબર નથી. ભગવાન! તમે કહેશો તો જ તે બધાને ખબર પડશે.'

આ સંબંધમાં કંઇ કહેવા માટે ભગવાને ઉદ્ધવને અવધૂત ગીતા સંભળાવી છે. જેમ હંસગીતા છે, ઉદ્ધવ ગીતા છે, તેમ અવધૂત ગીતા છે અને તે એકાદશ સ્કંધમાં આવે છે.

અપરોક્ષાનુભૂતિ સમજવી અને તેનો અનુભવ લેવો, બહુ જ કઠણ છે. પરોક્ષ-અપરોક્ષ-પ્રત્યક્ષ—આ શબ્દો બોલવા બહુ સહેલા છે. પ્રત્યક્ષ એટલે જે સામે દેખાય છે તે. ભગવાન સામે દેખાતો નથી. તેમ ભગવાન પરોક્ષ પણ નથી. જો ભગવાન પરોક્ષ હોય તો આપણે ચાલીશું કેમ? સૂઇશું કેમ? ફરશું કેમ? ખાઇશું કેમ? ભગવાન પ્રત્યક્ષ નથી તેમ પરોક્ષ પણ નથી. તો ભગવાન કેવા છે? તે અપરોક્ષ છે. અપરોક્ષાનુભૂતિમાં ભગવાન દૂર નથી, બીજો નથી અને તેને મળવામાં વાર નથી. હિંદીમાં કહેવું હોય તો **वह दूर नहीं है, दूसरा नहीं है और देर नहीं है ।** આ જ્ઞાન થયું કે અપરોક્ષાનુભૂતિ આવી ગઇ. ઉદ્ધવમાં આ જ્ઞાન ઉપાડવાની શક્તિ હતી અને આગળ જઇને કહું તો ઉદ્ધવે આ જ્ઞાન ઉપાડયું પણ હતું. તો પછી ઉદ્ધવે અહીં પ્રશ્ન ઊભો શા માટે કર્યો છે?

ઉદ્ધવે ભગવાનને જે પ્રશ્ન પૂછયો છે તેમાં નથી બુદ્ધિનું પ્રદર્શન, અને નથી જિજ્ઞાસા. તેમાં ફક્ત લોકકારુણ્ય છે અને સાધકો માટેનો પ્રેમ છે. વાસ્તવમાં, ઉદ્ધવને આ પ્રશ્ન પૂછવાની આવશ્યકતા જ નથી.

ભગવાને શરૂઆતમાં મનુષ્યદેહની શ્રેષ્ઠતા સમજાવી છે. ભાગવતકારે પણ વારંવાર મનુષ્યદેહની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરી છે. માણસને માણસ સમજો. માનવને 'માનવ' તરીકે કિંમત મળવી જોઇએ. આજે આપણે માનવની કિંમત કરીએ છીએ પરંતુ, તે તેની સાથેના સંબંધને કારણે અથવા તો તેની સ્થિતિને લીધે. કોંઇ શ્રીમંત હશે, કોઇ વિદ્વાન હશે તો તેની કિંમત કરીએ છીએ. આપણે માનવની સ્થિતિ અથવા સંબંધને માનીએ છીએ, માનવને માનતા નથી. કોઇ માનવ છે તેથી તેને કિંમત આપવી જોઇએ. કોઇ પણ મનુષ્ય તુચ્છ નથી, નીચ નથી. જેનો દેહ ભગવાન

ચલાવે છે તે તુચ્છ કે નીચ કેમ હોઇ શકે? જ્યારે પૈસાનો જમાનો આવી જાય છે ત્યારે જેની પાસે પૈસા નથી તેને તુચ્છ માનવામાં આવે છે. જ્યારે ચારિત્ર્યનો જમાનો આવશે ત્યારે પૈસાવાળાને પણ તુચ્છ માનવામાં આવશે. સાચી વાત એ છે કે, મનુષ્યને 'મનુષ્ય' તરીકે કિંમત આપવી જોઇએ.

હમણાં જ હું સૌરાષ્ટ્રમાં ત્રણ અમૃતાલયમ્‌માં ભાવપ્રતિષ્ઠા કરી આવ્યો. ત્રણેય સ્થળે કાર્યક્રમ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ થયો. મિલિટરીને પણ ત્યાંની વ્યવસ્થા જોઇને આશ્ચર્ય થાય એટલું વ્યવસ્થિત કાર્ય થયું.

અહીં મુંબઇમાં બેસીને નક્કી કર્યું હતું કે પ્રત્યેક અમૃતાલયમ્‌ની નજીકનાં દસ ગામના લોકો ત્યાં આવશે, બીજા નહિ. તેઓ પોતાનું ખાવાનું લઇને આવશે. ગામના લોકો પોતાનું ઘર અને આંગણું સ્વચ્છ કરીને પોતાનાં દરવાજા પર હાથ જોડીને ઊભા રહેશે. તે વખતે યોગેશ્વર ભગવાન નગરચર્યા કરશે. કોઇ ગુલાલ, ચોખા કે ફૂલો ઉડાડશે નહિ. પોતાના ઘર આગળથી તેઓ નગરચર્યામાં જોડાઇ જશે. ત્યારબાદ ભાવપ્રતિષ્ઠા થશે. ભાવપ્રતિષ્ઠા થઇ ગયા પછી ગામની બહેનો પોતપોતાને ઘરે જશે. નિશ્ચિત કરેલી રસોઇ બનાવીને એક કલાકમાં પાછી આવી જશે. ત્યાંસુધી બહારગામથી આવેલા ભાઇઓ પોતાનું ભાતું ખોલીને જમી લેશે. લગભગ બે વાગે બહારગામથી આવેલા લોકો ગામ છોડીને જતા રહેશે. બે વાગે બહેનો ખાવાનું લઇ આવશે અને ગામનાં બધાં કુટુંબો સાથે બેસીને જમશે. તમને આશ્ચર્ય લાગશે પણ આટલો વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને અનુશાસનયુક્ત કાર્યક્રમ નક્કી કર્યા મુજબ જ થયો.

મારે એટલું જ કહેવાનું છે કે મનુષ્યની મનુષ્ય તરીકે કિંમત વધારવાનો આ પ્રયત્ન છે. તેમાં જુદી દૃષ્ટિથી મંદિરને કિંમત છે. મનુષ્યને 'મનુષ્ય' જ સમજવો જોઇએ. હમણાં અમૃતાલયમ્‌ થયાં તેમાં એક મંદિરની જગ્યા મુસલમાનભાઇની છે. મંદિરની ભાવપ્રતિષ્ઠામાં એક સ્થળે મુસલમાનભાઇએ મને ફૂલનો હાર પહેરાવ્યો. ત્યારબાદ બીજા એક ભાઇનો વારો હતો. જાહેરાત કરવાવાળા ભાઇએ જાહેરાત કરી કે હવે હરિજનભાઇઓના પ્રમુખ શાસ્ત્રીજીને હાર પહેરાવશે.

મેં કહ્યું; 'આ ખોટી વાત થાય છે. આજ દિવસ સુધી જેને અસ્પૃશ્ય કહેતા હતા તેને જ હવે હરિજન કહેવા લાગ્યા. આમાં શો ફરક છે? નામ બદલવાથી કંઇ ફરક થતો નથી. કઢીનું નામ 'ખીર' રાખવાથી કઢી ખીર થતી નથી. જૂના લોકો જેમને અસ્પૃશ્યો કહેતા હતા તેમને તમે હરિજન કહેવા લાગ્યા. તેમાં શો ફરક છે?' એકાદ માનવસમૂહનું નામ બદલીને તેની કિંમત નહિ વધે. આપણા અમૃતાલયમ્‌ના આંગણામાં ભગવાન અને મનુષ્ય-બે જ છે. માનવ્ય આવ્યું છે કે નહિ તે જ જોવાનું છે. તમે જો મુસલમાન કે હરિજન કહીને અલગ સમૂહ બનાવી દેશો તો બહુ મોટી સમસ્યા ઊભી થશે.' તાત્પર્ય એ કે અમૃતાલયમ્‌ દ્વારા માનવને માનવ તરીકે કિંમત આપવા માટે એક જુદા રૂપે આ ક્રાંતિકારક પ્રયોગ થઇ રહ્યો છે.

મંદિર શા માટે હોવું જોઇએ એ ગામડાના લોકો સમજશે તો શહેરના બાબુલોકો સમજશે. એનું કારણ બાબુલોકો બુદ્ધિનિષ્ઠ નથી હોતા. કોઇને કદાચ નવાઇ લાગશે, પરંતુ બુદ્ધિનિષ્ઠ તે છે કે જે બુદ્ધિમાં ઉતર્યા પછી પોતાના જીવનમાં ઉતારવાની હિંમત દેખાડે, જીવનમાં આચરે. 'સારું

છે, કરવું જોઇએ, બદલવું જોઇએ, થવું જોઇએ' પણ કોણે? શું આવું કેવળ બોલવાવાળા લોકો બુદ્ધિનિષ્ઠ હોઇ શકે છે? એ બધા બુદ્ધિવાદી અને બુદ્ધિજીવી લોકો છે. બુદ્ધિવાદી અને બુદ્ધિજીવીઓને શ્રેષ્ઠ માનવામાં આવતા નથી.

અધ્યાત્મમાં અને જીવનવિકાસની શ્રેણીમાં પણ માનવને કિંમત છે. અધ્યાત્મમાં જીવ, જગદીશ અને જગતનો વિચાર છે. તેમાં માનવથી પણ આગળ જઇને જીવ તરીકે વિચાર કરવાનો. તત્ત્વજ્ઞાન 'માનવ' શબ્દ નથી બોલતું. શું અળસિયું કે ગધેડું–જીવ નથી? ગીતાએ તો કહ્યું છે: **सर्वभूतहितेरताः** – એટલે **सर्वभूतहिते** કહીને મનુષ્યથી પણ આગળ ગયા છે, પરંતુ, આપણે મનુષ્ય સુધી પહોંચીશું તો પણ સારું છે.

મનુષ્ય 'મનુષ્ય'ને માનતો નથી, મનુષ્ય બીજાની સ્થિતિને કે સંબંધને માને છે. તમે બીજાને નમસ્કાર કરો છો તે તેની સ્થિતિને કે સંબંધને કરો છો, મનુષ્ય તરીકે નહિ. તેમાં સંબંધ અને સ્થિતિને લીધે વ્યક્તિને પૂજ્ય માનવામાં આવે છે. વ્યવહારમાં તે હોવું જોઇએ પણ મંદિરમાં તે ન હોવું જોઇએ.

માનવને માનવ સમજો. કોઇ તુચ્છ નથી, નીચ નથી. ભાગવતકારે મનુષ્યદેહની આવી શ્રેષ્ઠતા સમજાવી છે. મનુષ્યદેહની કિંમત સમજાવી છે. કોઇ કહેશે કે અમે તો દેહને કિંમતી માનીએ જ છીએ. ક્યાં નથી માનતા? મને તો લાગે છે કે જૂના જમાના કરતાં પણ આજે દેહ વિષેની સભાનતા વધારે આવી ગઇ છે. આપણને જરા શરદી થાય તો આપણે તરત ડૉક્ટર પાસે દોડીએ છીએ. આજે શરીરને સંભાળવાનો જેટલો પ્રયત્ન થાય છે તેટલો કોઇ કાળમાં થતો ન હતો. તો શું અમે દેહની શ્રેષ્ઠતા માનતા નથી?

વેદાંતમાં એક વાર્તા છે. એક ગુરુએ પોતાના શિષ્યને એક રત્ન આપ્યું અને તેને કહ્યું: 'જા, બજારમાં જઇને તેનું મૂલ્ય કરાવી આવ.'

શિષ્ય પહેલાં તો શાકભાજીની માર્કેટમાં ગયો. તેણે શાકવાળાને રત્ન દેખાડીને પૂછયું: 'આ રત્નની કિંમત કેટલી આવે?' શાકવાળાએ કહ્યું: 'આ રત્નને બદલે હું તને બે કિલો બટાટા આપું.' શિષ્યે રત્ન પાછું લીધું અને તે એક કરિયાણાની દુકાન પર ગયો. કરિયાણાનાં વેપારીને રત્ન બતાવ્યું અને કિંમત પૂછી. વેપારીએ કહ્યું: 'આ રત્નના બદલામાં હું તને એક ગુણી ચોખા આપું.' ત્યારબાદ તે સોનીની દુકાને ગયો. તેને રત્ન બતાવ્યું. સોનીએ કહ્યું; 'આ રત્નના હું એક હજાર રૂપિયા આપું.' છેવટે તે ઝવેરીને ત્યાં ગયો. તેને રત્ન બતાવ્યું તો તેણે તેની કિંમત પાંચ લાખ રૂપિયા કરી. રત્નની કિંમત તો બધાએ કરી પરંતુ, રત્નપારખુએ તેની યોગ્ય કિંમત કરી.

શરીરની કિંમત પણ બધાને છે. કોઇ તેની કિંમત બે કિલો બટાટા જેટલી કરે છે, કોઇ ચોખાની ગુણી જેટલી કરે છે, કોઇ હજાર રૂપિયા કરે છે. એકાદ ઝવેરી નીકળે, જે તેની કિંમત પાંચ લાખ રૂપિયા જેટલી કરે.

શરીરને આજે પણ મૂલ્ય છે. લોકો શરીરને જ સર્વસ્વ માને છે. શરીર સંભાળવું જ જોઇએ. આજે લોકો જેટલા ડૉટર પાસે જાય છે તેટલા જૂના જમાનામાં વૈદ પાસે નહોતા જતા. આજે

તો ઘરઘરમાં બધા ડૉક્ટર બની ગયા છે. સામાન્ય દવા તો બધાને ખબર છે. અર્થાત્ આજે દેહ સભાનતા વધી છે પણ શરીરની કિંમત વધી નથી. આજે શરીરની કિંમત બે કિલો બટાટા જેટલી થાય છે. વિષયલોલુપ માણસ પણ, તેણે વિષયનો ઉપભોગ લેવો છે તેથી શરીરની કિંમત કરે છે.

કેટલાક લોકોને શરીરથી પોતાના કુટુંબનું કામ કરવું છે પરંતુ ભગવાનનું કામ કરવું નથી. આ લોકો શરીરની કિંમત એક ગુણી ચોખા જેટલી કરે છે. ત્રીજા શાસ્ત્રી, પંડિત, કથાકાર વગેરે છે. તેઓ કહે છે કે શરીર બહુ કિંમતી છે. **जन्तूनां नरजन्म दुर्लभमतः** –તેઓ શરીરની કિંમત એક હજાર રૂપિયા જેટલી કરે છે. તત્ત્વજ્ઞ અથવા જ્ઞાનીભક્ત શરીરની કિંમત પાંચ લાખ રૂપિયા જેટલી કરે છે. શા માટે? વિશ્વ નિર્માણ કરવાવાળો, વિશ્વ ચલાવવાવાળો જે ભગવાન છે, તેને ઓળખવો હોય, જાણવો હોય, મેળવવો હોય તો તે મનુષ્યશરીરમાં જ શક્ય છે. તેમને શરીર છોડવાની ઇચ્છા નથી. કેટલાક લોકો શરીરને માયા સમજે છે, તુચ્છ સમજે છે, બે દિવસનું સમજે છે. તેમને લાગે છે કે શરીર નશ્વર છે તેથી તેની આસક્તિ ન હોવી જોઇએ. શું મહાપુરુષોને શરીરની આસક્તિ ન હતી? હતી. એનું કારણ શરીરના માધ્યમથી જ તેઓ રાતદિવસ ભગવાનની અનુભૂતિ લેતા હતા. મનુષ્યદેહ સર્વશ્રેષ્ઠ છે એમ ભાગવતકારે અને શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવને સમજાવ્યું.

મનુષ્ય શરીર સર્વશ્રેષ્ઠ શા માટે છે? સૃષ્ટિ બનાવીને ભગવાન પોતે છૂપો જ રહ્યો છે. આવતી કાલે જો ભગવાન મુંબઇના નળબજારને નાકે અથવા ભૂલેશ્વરમાં આવે તો તેમની કેવી સ્થિતિ થાય? તેથી ભગવાન ગુપ્ત રહીને જ કરશે. તેને શોધવો જ પડશે. ભાગવતકારે સ્પષ્ટ ભાષામાં લખ્યું છે, તે શબ્દો કૃષ્ણ ભગવાનના મોઢામાં મૂક્યા છે કે એક મનુષ્ય શરીર જ એવું છે કે જે ચિહ્નતઃ અને અનુમાનતઃ પ્રભુનું અસ્તિત્વ માને છે. મને ભગવાન દેખાડો એમ બોલવાવાળો માણસ જેટલો બેવકૂફ આજ સુધી જન્મ્યો નથી. **पश्यति इति पशुः** – ઈંદ્રિયોથી ખબર પડે તેટલું જ માનવાવાળો જે છે તે પશુ છે. પશુનો અર્થ આપણે જાનવર માનીએ છીએ. પરંતુ, જે દેખાય છે, જે ઈંદ્રિંયોને ખબર પડે છે તે જ માનવાનું, આવું બોલવાવાળા લોકો પ્રત્યક્ષ પરિણામવાદી છે; તે બધા પશુ છે.

માણસના જીવનમાં 'અનુમાન' એ ભગવાનની ભેટ છે. અનુમાન અને ચિહ્ન. ન્યાયશાસ્ત્રમાં એક સામાન્ય ઉદાહરણ છે, **पर्वतो वह्निमान् धूमः**–પર્વત પર ધુમાડો દેખાય છે તેથી ત્યાં અગ્નિ હોવો જોઇએ. એટલે જે અગ્નિ દેખાતો નથી તે ત્યાં છે એવું માનવાની બુદ્ધિની તૈયારી છે. તેને ચિહ્નજ્ઞાન અથવા અનુમાનજ્ઞાન કહે છે. તે પશુ પાસે હોતું નથી. તેથી તે માનતું નથી. મનુષ્યશરીરમાં આ શક્તિ છે કે ચિહ્ન કેવી રીતે પેદા થયું તેનું જ્ઞાન કરી લેવું. ગધેડો કે ભેંસ આવું વિચારી જ શકતા નથી, પરંતુ મનુષ્ય વિચારી શકે છે.

આ સૃષ્ટિ નિર્માણ થઇ. તેમાં માણસને પોતાનું પરાવલંબિત્વ છે તેનો અનુભવ થાય છે. તેવી જ રીતે પોતાના પર કોઇ નિતાંત પ્રેમ કરે છે તેનો પણ અનુભવ થાય છે. માણસ અનુમાનથી સિદ્ધ કરે છે કે તેની પછવાડે કોઇ શક્તિ છે. ભગવાનનું અસ્તિત્વ બુદ્ધિથી જ સિદ્ધ થવું જોઇએ. કોઇ જાદુગર ભગવાનને પ્રત્યક્ષ દેખાડતો હશે તો પણ અમારે તે જોવો નથી એવું કહેવાની હિંમત

હોવી જોઇએ. આટલી હિંમત જેનામાં છે તે જ બુદ્ધિપ્રધાન માણસ છે.

'ભગવાન દેખાડો તો અમે તેને માનીએ' એમ કહેવાવાળો નિર્બુદ્ધ પશુ છે. માનું વાત્સલ્ય કઇ ઈંદ્રિયથી દેખાય છે? નથી દેખાતું. તો શું માઁમાં વાત્સલ્ય નથી? તમારામાં રહેલું પ્રેમનું આકર્ષણ કઇ લેબોરેટરીમાં જોવા મળે છે? તો શું તમારામાં પ્રેમનું આકર્ષણ નથી? વાહિયાત અને પાગલ લોકો આવું બોલીને પોતાનો તેમ જ વિશ્વનો સત્યાનાશ વાળે છે.

ભગવાને મનુષ્યશરીરનું મહત્ત્વ સમજાવતી વખતે સમજાવ્યું કે ચિહ્નથી કે અનુમાનથી પ્રભુનું અસ્તિત્વ માની શકાય છે. ભેંસ, ઘોડો, ગધેડો—વગેરે પશુઓ વિચારતા જ નથી કે અમને કોણ ઉઠાડે છે? આપણા મગજમાં પણ આ પ્રશ્ન ઊભો થતો નથી. ગધેડાને પણ આ પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. મને ભૂખ કેમ લાગે છે તે ઘોડો વિચારતો જ નથી. ભૂખ લાગી કે ઘાસ ખાવું એટલી જ તેને ખબર છે. જે વિચારતો જ નથી, તે પશુ છે.

મનુષ્યનું જીવન અનુમાનથી ચાલે છે. તે વિચારે છે કે હું ચાલું છું તેના પરથી જ સિદ્ધ થાય છે કે ભગવાન છે. હું પેદા થયો, અર્ધા ફૂટનો હતો તે હવે છ ફૂટનો થયો, તેના પરથી સિદ્ધ થાય છે કે ભગવાન છે. નાનો છોડ એક ફૂટનો હતો તે દસ-પંદર ફૂટનો કેમ થાય છે? તેનામાં **गति** કોણ લાવ્યું? તે **गति** જ ભગવાન છે—**गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ।** જે વિચારવાનું છે, અનુમાન છે, તે સ્પષ્ટ ભાષામાં લખ્યું છે—**चिह्नतः अनुमानतः** ઇશ્વરનું અસ્તિત્વ માનવાની શક્તિ માનવમાં છે, તેથી માનવદેહ મોટો છે.

એક વખત ખબર પડી કે આ સૃષ્ટિની પછવાડે કોઇ શક્તિ છે, તો તે શક્તિ કેવી છે? ક્યાં છે? તે કેવી રીતે મળે? આ પ્રશ્ન ઊભા થાય જ. મનુષ્યદેહની શ્રેષ્ઠતા એટલા માટે જ છે. પોતાના પરાવલંબીપણાની અને મારા પર નિતાંત પ્રેમનો વર્ષાવ સતત થાય છે તેની સમજ જેને છે તે માનવ છે. આવો વિચાર થયા પછી 'ભાવ્ય' ઊભું થાય છે. તેને જ આપણે ધ્યેય (Ideal) કહીએ છીએ.

અનુમાનથી જે શક્તિ ખબર પડી, તે શક્તિ ક્યાં છે? કેવી છે? તેની પાસે કેવી રીતે જવાનું? આવું ભાવ્ય-ધ્યેય-જેના જીવનમાં છે તે મનુષ્ય છે. ભગવાન ક્યારે મળશે તે ખબર નથી, છતાં **बहूनां जन्मनामन्ते** સિદ્ધ થાય એવું ભાવ્ય જેણે જીવનમાં ઊભું કર્યું, તે મનુષ્ય છે. મને જન્મ આપવાવાળો કોઇ છે, મારું જીવન ચલાવવાવાળો કોઇ છે એવી સમજણ જેને આવી તે જ મનુષ્ય છે. મનુષ્યદેહ શ્રેષ્ઠ છે.

મનુષ્યદેહની મહત્તા સમજાવીને ભગવાને કહ્યું: સર્વગ્રાહક બુદ્ધિ, પરાકાષ્ઠાની શ્રદ્ધા અને અસંતુષ્ટ રહેવાવાળી જિજ્ઞાસા—આ ત્રણ વાતો જેની પાસે છે તે સાધક છે. આપણી બુદ્ધિ વ્યવહાર ઉપાડે છે, વેપાર ઉપાડે છે, પરંતુ, વ્યવહારાતીત જે વાતો છે તે ઉપાડવાની શક્તિ બુદ્ધિમાં નથી, તેની ઇચ્છા નથી અને સમજણ પણ નથી. તેના માટે અંદર કંઇ બળતું નથી. આવી બુદ્ધિ સર્વગ્રાહક નથી. સર્વગ્રાહક બુદ્ધિ વ્યવહારમાં પણ ફરે અને વ્યવહારાતીતની પાસે જવાનો પ્રયત્ન પણ કરે.

ભગવાને ઉદ્ધવની મારફતે બધા લોકોને કહ્યું કે માનવ બનો, જીવનમાં કંઇ ભાવ્ય-ધ્યેય-

નિર્માણ કરો, બુદ્ધિને સર્વગ્રાહક બનાવો.

ભગવાન શ્રદ્ધા આપે છે. તે તો આપણે લઇને જ આવ્યા છીએ. આ શ્રદ્ધા વધારવી જોઇએ, દઢ બનાવવી જોઇએ, સ્થિર કરવી જોઇએ. શ્રદ્ધા જીવનમાં પરાકાષ્ઠાની હોવી જોઇએ.

ત્રીજી વાત, જિજ્ઞાસા કોઇ દિવસ સંતુષ્ટ ન થવી જોઇએ. તે હંમેશા અસંતુષ્ટ રહેવી જોઇએ.

કૃષ્ણ ભગવાને ઉદ્ધવને કહ્યું કે આ ત્રણ વાતો જીવનમાં આવશ્યક છે એમ મનુષ્યમાત્રને કહો. આ માનવદેહ અમૂલ્ય છે. ચિહ્ન અને અનુમાનથી નિર્માતાની કલ્પના કરી શકાય છે કે તે ક્યાં છે? તે કેવો છે? આ પ્રશ્ન જેના મગજમાં ઊભો થશે તેનું ભાવ્ય નિશ્ચિત થઇ જશે. ભાવ્ય નિશ્ચિત કર્યા પછી જે માણસ આ ત્રણ વાતો જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરશે, તેણે જીવનમાં કંઇ ગુણો લાવવા પડશે.

અહીં ભગવાને બધાને એક રસ્તો દેખાડયો છે. તું જીવનમાં ફલાણા ગુણ લાવ એમ ભગવાન કહેતા નથી. જેનું શૈક્ષણિક જીવન છે, જે શિક્ષણશાસ્ત્રી છે, તેને સમજાવવાને માટે ભગવાન રસ્તો દેખાડે છે.

કૃષ્ણ ભગવાન સામાન્ય લોકોને જીવનનું શિક્ષણ આપવા આવેલા અવતાર છે. તેમણે પ્રથમ નરદેહનું મહત્ત્વ સમજાવ્યું કે ફરી ન મળે એવો નરદેહ મળ્યા છતાં પણ માણસ જો ઈંદ્રિયસુખની પછવાડે જ ફરે, ઈંદ્રિયસુખને જ સર્વસ્વ સમજીને તેના પાછળ લાગેલો રહે તો તે પશુજીવન છે. આવો માણસ નરદેહની બદનામી જ કરે છે. વિષયોનો ઉપભોગ લેવાનો છે, પરંતુ, તેને જ સર્વસ્વ સમજવાવાળા લોકો પશુ છે.

ભગવાને કહ્યું: ‘અમારા પ્રમુખ યદુને એક વખત એક અવધૂત મળ્યા. તેમને યદુએ પ્રશ્ન પૂછયો; ‘આ ભયાનક ખટપટથી ભરેલા સંસારમાં રહીને તમારી બુદ્ધિમત્તા, કર્મનિપુણતા, દક્ષતા અને તેજસ્વિતા કેવી રીતે ટકે? કામક્રોધમાં બળવાવાળી દુનિયામાં રહીને સમાધાની, તૃપ્ત, સંતુષ્ટ અને પ્રસન્ન તમે કેમ રહી શકો છો?’ ભગવાને આને માટે કોઇ વાર્તા પણ ઊભી કરી નહિ—જે ઘટના બની તે જ કહે છે. આમાં કૃષ્ણની બૌદ્ધિક નમ્રતા જબરદસ્ત છે. તેમણે કર્મયોગ કહેતી વખતે પણ ગીતામાં તેની પરંપરા દેખાડી છે.

इम विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥ (गीता ४/१)

(મેં આ અવિનાશી યોગ સૂર્યને કહ્યો, સૂર્યે મનુને કહ્યો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.)

વાસ્તવમાં, બધું જ જ્ઞાન એમનું છે. શિક્ષણશાસ્ત્રીઓને સમજાવ્યું છે કે તમે ‘અમુક ગુણો ઉપાડો’ એવું ન કહેતાં તેમને પ્રહ્લાદની વાર્તા કહો, તો સામેવાળાને એમ થશે કે પ્રહ્લાદ આવો થયો તો હું પણ તેવો શા માટે ન થાઉં? હું પણ તેવો બનીશ! સાંભળીને માણસ આવું નિશ્ચિત કરે છે. તેને જ સંસ્કાર કહે છે. ‘તું આવો બન’ એમ કહેવામાં આવે તેને શિક્ષણ કહે છે. શિક્ષણ જુદું અને સંસ્કાર જુદા. સંસ્કાર માણસ સ્વયં ઉપાડે છે. આપણે ત્યાં પુરાણો થયાં તેનું કારણ આ જ છે.

યદુએ અવધૂતને જે પ્રશ્ન પૂછયો અને અવધૂતે જે જવાબ આપ્યો તે ભગવાન ઉદ્ધવને કહે છે. ઉદ્ધવ આપણને કહે છે આવી તેની પરંપરા છે. અવધૂતે યદુને જે કહ્યું તેને અવધૂત ગીતા કહે છે.

માનવજીવન ઉન્નત કેમ થાય, તેમાં શું શું લાવવું પડશે તે સ્વયં ભગવાન કહે છે. અને તે પણ જેને અપરોક્ષાનુભૂતિ થઇ છે તેવા ઉદ્ધવને કહે છે. યદુને આવધૂતે કહ્યું હતું તે હું તને કહું છું એમ કહે છે. પોતે કહે છે એમ કહેતા નથી. આપણે તો નવી દિશા, નવો માર્ગ.......New way, new approach વગેરે શબ્દો વાપરીએ. કેમ જાણે આપણું બધું નવું ન હોય! આટલો જ આપણામાં અને પ્રભુમાં ફરક છે. આપણે બીજાનો વિચાર લઇએ છીએ અને 'આ મારો વિચાર છે' એવું બોલીએ છીએ. જ્યારે, વિચારો પોતાના હોવા છતાં પણ તે બીજા પાસેથી લીધા છે એમ ભગવાન કહે છે. નરદેહમાં સાધક બનવું હોય તો શું કરવું, તે વિષયમાં અવધૂતે જે કહ્યું તે ભગવાન પોતે કહે છે.

અવધૂત કહે છે કે મારુ આખું જીવન બદલાઇ ગયું, હું સારો બન્યો, તેનું કારણ મેં ચોવીસ ગુરુ કર્યા.

સૌ પ્રથમ મારો ગુરુ કોણ! ઊઠયા પછી દેખાય છે તે–

૧. પૃથ્વી: પૃથ્વી મારી પ્રથમ ગુરુ છે. ગુરુ પાસેથી ક્યો ગુણ ઉપાડવો? પંચમહાભૂતો જેને હેરાન કરે છે તે છતાં જે ક્ષમાવૃત્તિ છોડતી નથી એવી પૃથ્વી મને ગુરુ જેવી લાગે છે. તાપમાં ફક્ત બહાર જવાથી બળી જવાય છે તો પૃથ્વી કેટલી બળતી હશે? છતાં પૃથ્વી ક્ષમાશીલ છે.

સંસ્કૃત વાઙ્મયમાં પૃથ્વીનું બીજું નામ છે–**सर्वसहा** – પૃથ્વી બધું સહન કરે છે. તેવી જ રીતે પૃથ્વીના એક ભાગને પર્વત કહેવામાં આવે છે. પર્વતમાંથી નીકળવાવાળી નદીઓ અને વૃક્ષો પાસેથી મેં પરોપકારનો ગુણ લીધો. કોઇની પાસે પડેલા ગુણો મેં ઉપાડયા તેથી ભયાનક ઝંઝટોથી ભરેલા સંસારમાં હું સમાધાની અને તૃપ્ત રહી શકું છું.

પૃથ્વી પાસે ક્ષમાશીલતાનો ગુણ છે. તે સર્વસહા છે. ઉદ્ધત માનવ પૃથ્વી પર ફરે છે, પૃથ્વી પર અનાજ પેદા કરે છે, પૃથ્વીના પેટાળમાંથી પાણી કાઢીને પીએ છે છતાં પણ પૃથ્વીને નમસ્કાર કરવા જેટલી ખાનદાની તેનામાં નથી. આવો માણસ સાધક નથી. આપણા પૂર્વજોએ ગાદલા પરથી જમીન પર પગ મૂકતાં પહેલાં કહ્યું:

समुद्रवसने देवी पर्वतस्तनमंडले ।
विष्णुपत्नि नमस्तुभ्यं पादस्पर्शं क्षमस्व मे ॥

'હે પૃથ્વીમાતા! તું મને સંભાળવાવાળી છે, તારા પર મેં મારું ઘર બાંધ્યું છે. હું તારા પર પગ દઇને ચાલું છું. અનાજ પણ તારા પટ પર ઉગાડું છું અને તારા પેટાળમાંથી જ પાણી મળે છે. મારો સૌથી વધારે સંબંધ તારી જોડે છે. 'માઁ! હું દરરોજ ઉન્મત્ત બનીને તારા પર ચાલું છું. માટે તું મને ક્ષમા કર. હું તને નમસ્કાર કરું છું.' આવું બોલવાવાળો આજે મૂર્ખ અને ગાંડો ગણાય છે.

બ્રાહ્મણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરે છે ત્યારે પણ સૌ પ્રથમ તે પૃથ્વીની પૂજા કરે છે; પરંતુ પૂજા કરવાવાળા યજમાનને તેની ખબર નથી. બ્રાહ્મણ કહે ત્યારે ચોખા ચંદન ફેંક છે, બ્રાહ્મણ મંત્રો શા માટે બોલે છે તેની તેને ખબર નથી. પૃથ્વીની પૂજા પાછળ શ્રેષ્ઠતમ ભાવના છે. પૃથ્વી પાસે ક્ષમાવૃત્તિ છે તેમ પૃથ્વીના પર્વતોમાંથી નીકળવાવાળી નદીઓ અને વૃક્ષો પરોપકારી છે. અવધૂત કહે છે કે ક્ષમાશીલતા અને પરોપકારીપણું—આ બે વાતો હું પૃથ્વી પાસેથી શીખ્યો. પરોપકાર કરવો જોઇએ, પણ તે એવી રીતે કે હું પરોપકાર કરું છું તેવું મને લાગવું ન જોઇએ. તેને જ પરોપકાર કહે છે. તેવી જ રીતે જેના ઉપર ઉપકાર કરો છો તેને પણ તે ઉપકાર લાગવો ન જોઇએ. વ્યક્તિનું હનન કરીને તેના પર ઉપકાર કરો, તેવો પરોપકાર અર્થહીન છે.

આપણાં અમૃતાલયમોની સ્થાપના તેથી જ થાય છે. આપણે ગામના બધા ગરીબોને ખવડાવશું પણ ખવડાવવાવાળો ભગવાન છે. તેમાં કોઇ શેઠશ્રીનો પૈસો નથી. આવી વૃત્તિ નિર્માણ કરવા માટે તો મંદિર બાંધવામાં આવે છે.

પરોપકાર કેવી રીતે કરવો જોઇએ તેની પણ સૂઝ જોઇએ. 'હું પરોપકાર કરું છું' એમ તમને લાગવું ન જોઇએ. વૃક્ષ તમારા પર પરોપકાર કરે છે એમ તમને લાગે છે? તમે એક પથરો ફેંકીને ઝાડ પરથી કેરી તોડો છો અને ખાઓ છો; પરંતુ વિચારતા નથી કે કેરીને બનાવી કોણે? પોતાના શરીરમાંથી જીવનદ્રવ્ય કાઢીને જેણે આપ્યું તે વૃક્ષ પાસેથી જીવન મળ્યું ત્યારે કેરી થઇ. શું તે વિચારવાની આપણને જરૂર નથી લાગતી? જે તેવું વિચારે છે તે ઝાડને નમસ્કાર કરીને પછી કેરી ખાય છે, પરંતુ આપણને તે ગાંડો, મૂર્ખ લાગે છે. આપણે તો હવે સુધરી ગયા. અમે એટલા મૂર્ખ નથી કે કેરીને જોઇને વૃક્ષને નમસ્કાર કરીએ. કોઇએ કેરીને જીવન આપ્યું હશે પણ મેં તો પૈસા આપીને કેરી લીધી છે!

વૃક્ષ પરોપકાર કરે છે છતાં તેને પોતે પરોપકાર કરે છે એમ લાગતું નથી. આપણા પર તેનો ઉપકાર છે એમ તે દેખાડતું નથી. પરોપકારની વૃત્તિ ઉપાસનાની વૃત્તિ રૂપે જ ઉપાડવી જોઇએ. તો જ વ્યક્તિનો વિકાસ થાય, નહિ તો ન થાય. તમે થોડા પૈસા ફેંકો તો તમે પરોપકાર કર્યો છે એવું નથી. તેમાં તમારો વિકાસ નહિ થાય. પરોપકારમાં 'બીજાનું કામ, નથી, 'બીજા' ને માટે કામ, એમ પણ નથી. પોતાના વિકાસને માટે કામ-આમ ઉત્તરોત્તર ચડતી શ્રેણી છે. આ સાધ્ય થાય તે દિવસ શ્રેષ્ઠ છે, આધ્યાત્મિક છે કે જે દિવસે દયા અને ઉપકાર શબ્દો ચાલી જશે. કોણ કોના ઉપર દયા કરે છે? પોતાના છોકરાને ફી આપે છે તે દયા છે, ઉપકાર છે? ના.

'સમાજમાંથી "દયા" અને "ઉપકાર" જેવા શબ્દો કાઢી નાખો'—આવો ભૌતિક દૃષ્ટિએ પણ કોઇએ ઉદ્‌ઘોષ કર્યો હશે તો તે કાર્લ માર્ક્સે. કાર્લ માર્ક્સ સામે નતમસ્તક થાઉં છું, તેનું કારણ આ જ છે.

માર્ક્સને દયા શબ્દ સારો નથી લાગતો. એક વ્યક્તિ પોતાના જેવી બીજી વ્યક્તિ પર દયા કરે? એવું તેણે પૂછયું છે. દયા શબ્દ કાઢવાનો તેનો રસ્તો ખોટો હતો, ભૌતિક હતો, પણ તેની જિદ્ સાચી હતી. ઋષિનું આંતરડું સાચું છે અને તેનો રસ્તો પણ સાચો છે, તેથી જ ઋષિ અને માર્ક્સમાં ફરક છે. જગતમાંથી પરોપકાર અને દયા—બંને શબ્દો નીકળી જવા જોઇએ. હું કોઇ

ઉપર દયા કરતો નથી અને હું કોઇનો દયાપાત્ર નથી.

અદ્વૈતવાદ માનવાવાળા અને ભક્તિ કરવાવાળા લોકો જો દયા અને પરોપકાર શબ્દોની મહત્તા નહિ સમજે તો બીજો કોણ સમજે? આ દષ્ટિથી અવધૂત કહે છે કે હું પર્વતો, નદીઓ અને વૃક્ષો પાસેથી પરોપકાર શીખ્યો છું. પરોપકાર એટલે બીજાને આપતાં શીખ્યો એટલુંજ નહિ, બીજાને કેવી રીતે આપવું તે પણ શીખ્યો. બીજાને આપવું એ જુદી વાત છે અને કેવી રીતે આપવું એ જુદી વાત છે.

તમે કોઇ પણ કર્મ કેવી રીતે કર્યું તેના પર ગીતામાં ભાર અપાયો છે. ક્યું કર્મ કરો તે ગીતા કહેતી નથી. કર્મ કેવી રીતે કરો તે ગીતા કહે છે. અવધૂત કહે છે કે પરોપકાર કેવી રીતે કરવો તેનું શિક્ષણ મને વૃક્ષ પાસેથી મળ્યું. તેનાથી મારો આત્મવિકાસ થયો.

૨. વાયુ: બીજો ગુરુ છે વાયુ એટલે અંદર રહેવાવાળો પ્રાણવાયુ અને બહાર ફરવાવાળો વાયુ. અંદર રહેવાવાળો પ્રાણવાયુ, જેટલાથી પ્રાણરક્ષણ થશે તેટલો જ વાયુ ઉપાડે છે. આ જ પ્રમાણે પ્રાણરક્ષણ માટે જરૂરી હોય એટલાજ વિષયોપભોગ લેવા જોઇએ. ‘હવે નહિ મળે તો?’ આવો પ્રાણવાયુને ડર નથી. તે સંગ્રહ કરતો નથી. આપણે પાણીનો સંગ્રહ કરીએ છીએ પણ વાયુનો સંગ્રહ કરતા નથી. નવ વાગે પ્રાણવાયુ મળ્યો પણ દસ વાગે નહિ મળે તો? એવો ડર નથી. પાણી પછી નહિ મળે તેવો ડર છે તેથી આપણે પીપમાં પાણી ભરી રાખીએ છીએ. સંગ્રહ ન કરવો એ એક પ્રકારનો વિકાસ છે અને તે હું વાયુ પાસેથી શીખ્યો છું એમ અવધૂત કહે છે.

બહાર ફરવાવાળો વાયુ છે તે ફૂલની સુગંધ તેમ જ ગટરની દુર્ગંધ, બન્ને લઇ આવે છે. સુગંધ અને દુર્ગંધ બન્નેને આશ્રય આપીને પોતે અલિપ્ત રહે તેનું નામ વાયુ. અપરિગ્રહતા અને નિર્લેપતા—આ બન્ને વાતો હું વાયુ પાસેથી શીખ્યો. આ ગુણોથી જીવન સુંદર અને શ્રેષ્ઠ બને છે. જેણે ભગવાનની પાસે જવું હોય તેણે નિર્લેપ રહેવું જોઇએ. આપણે રૂપ અને આકારને પકડીને બેસીએ છીએ. આવું પકડીને બેસીએ તે ન ચાલે.

આ સૃષ્ટિમાં સવારના ઊઠયા પછી એમ લાગે છે કે ‘ભગવાન! તમે મને શા માટે ઉઠાડયો? જ્યારે હું ઊંઘમાં હતો ત્યારે કેટલો સારો હતો? **न मे मृत्युशङ्का न मे जातिभेदः......सदा मे समत्वं न मुक्तिर्न बन्धः.....श्चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम्** ।જેમાં બંધની ભીતિ નહિ અને મુક્તિની અભિલાષા નહિ એવી સ્થિતિ મારી ઊંઘમાં હતી. તેમાંથી ઉઠાડીને ભગવાન! તેં મને કચરામાં શા માટે નાખ્યો? ઊઠયા પછી દૂધની બાટલી લેવા દૂધકેન્દ્ર પર જતાં ઝઘડો થઇ જાય છે, પછી નફરત પણ ઊભી થાય છે. ભગવાન! આવા કચરામાં તેં મને શા માટે નાખ્યો?’

ભગવાન કહે છે: ‘તારે કચરામાં તો ફરવું જ પડશે. પણ કચરામાં ફરીને પણ તે તને લાગવો ન જોઇએ. વાયુ જેમ સુગંધ અને દુર્ગંધ લઇ આવે છે છતાં નિર્લેપ રહે છે, તેમ નિર્લેપ રહેવાનું શિક્ષણ લઇને જગતમાં ફરો, અસંગ રહીને ફરો.’ બીજું, વાયુ બીજાની સેવા કરે છે પણ ગુપ્ત રહીને કરે છે. તે તેની જાહેરાત કરતો નથી. અવધૂત કહે છે કે આ ગુણો જીવનવિકાસમાં ઉપયોગી છે અને તે મેં વાયુ પાસેથી મેળવ્યા છે.

સજીવ-નિર્જીવ સૃષ્ટિ પર માનવી જીવન પોષાયું છે. આપણી આદિ વયોવૃદ્ધ શિક્ષિકા કોઇ

હશે તો તે પ્રકૃતિ છે. ઋષિઓ પર્વતો પાસેથી સ્થૈર્ય શીખ્યા, પુષ્પો પાસેથી સુગંધ શીખ્યા. આમ ઋષિ બધું પ્રકૃતિ પાસેથી શીખ્યા છે. પ્રકૃતિએ આપણું જીવન પોષ્યું છે. માનવ દેવતાઓએ આપણું જીવન સમૃદ્ધ કર્યું છે તેમાં સંદેહ નથી પરંતુ, માનવેતર દેવતાઓએ પણ આપણું જીવન સમૃદ્ધ કર્યું છે.

નીલ-ગગન જોઇને જીવનમાં વિવિધ કલ્પના ઊભી થાય છે. ચંદ્ર, સૂર્ય, અગણિત તારાઓએ આપણા જીવન ઉપર પરિણામ કર્યું છે. વાદળો, સવાર-સાંજની સંધ્યા વગેરે જોઇને જીવન બદલાઇ જાય છે. વરસાદે પણ તેમાં સારો ભાગ ભજવ્યો છે. તેથી તો મનુમહારાજે કહ્યું કે પહેલો વરસાદ પડે તો છોકરાઓને તેમાં નાચવા દો. એકાદ વખત ન્યુમોનિયા થાય તો થવા દો, પરંતુ, પ્રકૃતિમાં નાચવાનો આનંદ લૂંટવા દેવો જોઇએ.

ઘૂઘવતો સાગર છે. જેમને સાગરકિનારે રહેવાનું ભાગ્ય મળ્યું છે તે લોકો અલૌકિક છે. દરિયાલાલના ઉપાસકોની સંખ્યા કેટલી મોટી છે? પરંતુ, પોતે દરિયાલાલના ઉપાસક શા માટે છે તે જ તેઓ સમજતા નથી. ઊછળતો સમુદ્ર, વહેતી નદીઓ, ઊંચા પહાડો, ક્ષમાશીલ ધરિત્રી, લીલાં લીલાં વૃક્ષો, સુગંધી ફૂલો—આ બધાથી જીવન સંપન્ન થયું છે તેમાં સંદેહ નથી.

૩. આકાશ: ત્રીજો ગુરુ આકાશ છે. આકાશ એ પ્રકૃતિએ માનવને આપેલી બક્ષિસ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિથી આકાશ વિષે હમણાં હું બોલતો નથી. આકાશ બધી જ જગાએ છે. જડ પદાર્થમાં પોલાણ છે (Matter is porous). જ્યાં જ્યાં પોલાણ છે ત્યાં ત્યાં આકાશ છે. તે જ આપણી આનંદશાળા, પ્રયોગશાળા, આરોગ્યશાળા છે. ખુલ્લા આકાશ નીચે બેસશો તો જીવન સમૃદ્ધ થશે, સંપન્ન થશે.

માણસના જીવનમાં અપ્રસન્નતા ઘૂસી જાય ત્યારે તે જો આકાશમાંના તારાઓ તરફ જોતો બેસે તો તેની અપ્રસન્નતા, તેને ખબર ન પડતાં, ચાલી જાય.

આકાશ એક આરોગ્યશાળા છે. પ્રકૃતિનું મહાન પરિણામ આપણા પર, વિચારો પર અને આપણાં જીવન પર પડે છે. આપણી સભ્યતા પ્રકૃતિથી આવી છે. કેટલાક દેશોમાં સૂર્ય દેખાતો નથી તેથી સવારના સુપ્રભાતમ્ (Good morning) બોલે છે. પ્રકૃતિનું સભ્યતા પર થયેલું આ પરિણામ છે. તે લોકોને કોઇ કોઇ વખત પંદર-પંદર દિવસ સુધી સૂર્ય દેખાતો જ નથી. હું તો ત્યાં જાઉં તો ગભરાઇ જાઉં. સૂર્ય જ જોવા ન મળે તો શું કરવાનું? બહાર બરફ પડતો હોય ત્યારે ઘરમાં કોઇ આવે તો તેને આવકાર આપવો જોઇએ. તેને માટે ઉષ્માભર્યું સ્વાગત (Warm reception) કહે છે. તેથી આપણે પણ અહીં ઉષ્માભર્યું સ્વાગત (Warm reception) બોલવા લાગ્યા. સ્વાગતમાં ઉષ્મા તો આવે જ છે, ઉષ્મા વગરના સ્વાગતને અર્થ નથી. આપણે માત્ર તેમની નકલ કરીને બોલીએ છીએ. મારે એટલું જ કહેવાનું છે કે આપણી સભ્યતા પ્રકૃતિ પર આધારેલી છે. જુદી જુદી પ્રકૃતિ હશે ત્યાં જુદી જુદી સભ્યતા ઊભી થશે. આખી પ્રકૃતિ પર મને પ્રેમ છે; પરંતુ આકાશ ઉપર મને વધારે પ્રેમ છે. હું નાનપણથી જ આકાશનો ઉપાસક રહ્યો છું.

રાતના આકાશ તરફ જોતાં બેસીએ તો ઊંઘ ચાલી જશે. આકાશનું સૌથી વધારે પરિણામ માણસના મન ઉપર થતું હશે તો તેની વ્યાપકતાને લીધે. મારે સાધક બનવું હોય તો મારે

આકાશની વ્યાપકતા અપનાવવી પડશે.

સંસ્કૃત ભાષામાં આકાશને માટે જુદા શબ્દો છે. તેમાં આકાશનું એક નામ અનંત છે. જેનો અંત નથી તે અનંત. તે વ્યાપકતા દર્શાવે છે. આકાશની વ્યાપકતા માણસને ખેંચે છે.

મને નાનપણમાં લાગતું હતું કે આકાશ તો નજીક છે. આંબાના ઝાડ પર ચડીશ તો આકાશ હાથમાં આવશે. મારી દાદીબાએ કહ્યું કે તું આંબાના ઝાડપર ચડીશ તોયે આકાશને હાથ નહિ અડાડી શકે. આકાશ તો ઘણું દૂર છે. તે પાસે દેખાય છે એટલું જ, બાકી ઘણું દૂર છે.

આપણે ભગવાનનાં દર્શન કરીએ છીએ. ભગવાન આપણી પાસે છે એમ પણ લાગે છે; પરંતુ ભગવાન ઘણા દૂર છે. ગીતામાં ભગવાને કહ્યુ છે: **बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते**.......ભગવાન મેળવવા સહેલા લાગે છે પરંતુ, ભગવાનને મળવું હશે તો તે બહુ લાંબે છે. કેટલાયે લોકો પોતાને ભગવાન મળી ચૂક્યા છે એવું બોલે પણ છે, એટલું જ નહિ, ભગવાન બની બેઠેલા કેટલાયે લોકો છે! ભગવાન મળવા શું આટલા સહેલા છે? ભગવાનની આરતી ગાતાં ગાતાં કોઇની આંખમાંથી પાણી આવ્યાં એટલે લોકોને લાગે કે એમને ભગવાન મળી ગયા. તેનો બેડો પાર એવું લાગે છે; પરંતુ ભગવાન લાંબે છે. પ્રત્યક્ષ સામે આવીને, એકાદ માણસ સાથે ભગવાન બોલતા હોય તો પણ ભગવાન લાંબે છે. નામદેવના પ્રસંગ પરથી તે જ સિદ્ધ થાય છે, એટલું જ નહિ, ભગવાને ગીતામાં સ્પષ્ટ ભાષામાં કહ્યું છે:

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ (गीता. ७/१)

ભગવાનને સમગ્ર રીતે જાણવો એ જુદી વાત છે. આકાશ મને સમજાવે છે કે ધ્યેય લાંબે છે. આકાશ સમજાવે છે, જેટલા તમે ઉપર જશો, આકાશ તેટલું જ દૂર લાગશે. ભગવાનને સમગ્રતાથી જાણવા એ ધ્યેય છે. સગુણતા આવી કે બધું આવી ગયું. ભગવાનને પણ સમગ્રપણું (Integration) આવી ગયું. સમગ્રતાથી ભગવાનને જાણવાની સિદ્ધિ બહુ લાંબે છે.

ધ્યેય પૂર્ણ થતું નથી. સિદ્ધિ આવે કે અસિદ્ધિ આવે. માણસે અટકવું ન જોઇએ. ધ્યેય વધતું રહેવું જોઇએ. તેને જ ધ્યેય કહે છે. સિદ્ધિ કે અસિદ્ધિથી જેને રુકાવટ નથી એવું ધ્યેય હોવું જોઇએ. ભગવત્પ્રાપ્તિનું ધ્યેય આવું વ્યાપક હોવું જોઇએ. આંબાના ઝાડ પર ચડીને આકાશને આંબી શકાય આ માન્યતામાં બાલિશતા છે, તેવી રીતે આધ્યાત્મિક ધ્યેય સંબંધમાં પણ બાલિશતા હોય છે. દાદીબા જેવા વેદ આપણને કહે છે: 'બેટા! ભગવાન બહુ લાંબે છે. તેની પાસે પહોંચવા માટે અનેક પરીક્ષાઓ આપવી પડશે. એક જન્મમાં ભગવાન પૈસા આપશે, બીજા જન્મમાં અધિકાર આપશે, ત્રીજા જન્મમાં વિદ્યા આપશે, ચોથા જન્મમાં કંગાલિયત આપશે. એકાદ જન્મમાં સત્તા, સંપત્તિ અને બુદ્ધિ—બધું જ સાથે આપશે. આવા બધા પેપરમાં પાસ થવું પડશે.' ગીતામાં કહ્યું છે કે બહુ જન્મોના અંતે જ્ઞાનવાન મને પ્રાપ્ત કરે છે. આકાશ જેવી વ્યાપક ધ્યેયદૃષ્ટિ હોવી જોઇએ. ભગવાનને મેળવવા માટે આ જ ભાવ હોવો જોઇએ.

વિશ્વમંદિરની છત આકાશ છે. તે છતમાં ચંદ્ર અને સૂર્યરૂપી દીવા લટકાવ્યા છે. ચંદ્ર-સૂર્યને

જોતાં એમ લાગે છે, આખું વિશ્વ ભગવાને નિર્માણ કર્યું છે. વિશ્વનું ઢાંકણ—ઓઢાડવાની ચાદર એટલે આકાશ. આકાશનું સંસ્કૃત ભાષામાં એક નામ અંબર છે. અંબર એટલે વસ્ત્ર. આકાશ એ વિશ્વ ઉપર ભગવાને ઓઢાડેલું વસ્ત્ર છે. તે પ્રભુની કૃપાનું વસ્ત્ર છે.

આકાશ બધાને પેટમાં રાખે છે. મારે જો આગળ વધવું હશે તો બધું પેટમાં રાખવું પડશે, કોઇને બદલવો હશે તો તેને ઢાંકવો પડશે, એટલું જ નહિ, બીજાને હૂંફ આપવી પડશે અને બીજાની હૂંફ લેવી પડશે.

આકાશ નિર્મળ છે, સ્વચ્છ છે, અલિપ્ત છે. આંધી આવે છે ત્યારે ચારે તરફ ધૂળ છવાઇ જાય છે, કચરો, સૂકાં પાંદડાં, ધૂળ ઊડે છે. આકાશમાં પક્ષીઓ પણ ઊડે છે પરંતુ, આકાશ સ્વચ્છ અને નિર્લેપ રહે છે. વેદાંત કહે છે કે ભગવાનનું સ્થાન હૃદયાકાશમાં છે. ભગવાન હૃદયમાં છે. એમ નથી કહેતા, હૃદયાકાશમાં છે એમ કહે છે. આમ હૃદયને પણ આકાશની ઉપમા આપી છે. તેનો અર્થ એમ કે હૃદય જ્યારે આકાશ જેવું થશે ત્યારે તેનું વ્યક્તિકરણ થશે.

હૃદય આકાશ જેવું હોવું જોઇએ. માન-સન્માન, આશા-નિરાશા, સુખ-દુઃખ, ઇચ્છા-વાસના, કલ્પના, ભાવના, ચિંતા—આ બધું હૃદયમાં આવવાનું છે. આ બધામાંથી એકનો પણ હૃદયને સ્પર્શ ન થાય એવી નિર્લેપતા લાવવાની હિંમત જે દેખાડે તેને ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભગવાનને બેસવાની જગા હૃદયાકાશ છે. અંદર શુદ્ધ હૃદયાકાશ હશે તો તેમાં ભગવાન બેસે.

આકાશ પાસે અપ-પર ભાવ નથી. કચરો હશે, આંધી હશે, ધૂળ હશે, તે બધાનો આકાશ સ્વીકાર કરે છે. તે ચંદ્ર-સૂર્યને પણ પાસે લે છે. જે બધાને પાસે લે છે પણ પોતે કોઇની પાસે રહેતું નથી, તેનું નામ આકાશ. આ જીવનની કલા છે. જીવન આવું હોવું જોઇએ. જેમનું કચરા જેવું જીવન છે તેવા, તેમ જ જેમનું સોના, હીરા, મોતી જેવું જીવન છે તેવા—બધા જ લોકોને આપણા જીવનમાં સ્થાન હોવું જોઇએ. આકાશ જેમ કોઇથી લેપાયમાન થતું નથી, તેમ આપણે પણ લેપાયમાન થવાનું નહિ. અંતિમ માનવી જીવન આવું હોવું જોઇએ. આ ઉન્નત અને શ્રેષ્ઠ જીવન છે.

શિવાજીના ગુરુ રામદાસસ્વામી કહે છે: **नभासारिखे रूप राघवा** રાઘવ, રામચંદ્ર ભગવાનનું રૂપ કેવું છે? નભ એટલે આકાશ જેવું. નભને અસ્તિત્વ નથી, તેને સ્પર્શ પણ નથી કરાતો. આવા મહાપુરુષો જે લખે છે તે સમજવું પડે, તે અર્થગંભીર હોય છે. આકાશને ક્યા નામથી હાક મારું? નભ, અંબર, ગગન, આવાં અલગ અલગ તેનાં નામો છે. તો ક્યા નામે પોકારું? **गगनं गगनाकारं** – ગગન એટલે ગગન—તેને બીજી ઉપમા નથી. આકાશ એ આકાશ જ છે.

જીવન આકાશ જેવું હોવું જોઇએ. આકાશ કાલાતીત છે. ૧૯૧૦ નું આકાશ, ૧૯૪૦ નું આકાશ અને ૧૯૯૨ નું આકાશ એક જ છે. કાળ તેને સ્પર્શ નથી કરતો.

આપણે પણ ત્રણ કાળમાંથી જવાનું છે. ભૂતકાળ આપણા પર પરિણામ કરે છે. ભવિષ્યકાળ આપણને પ્રેરણા આપે છે અને વર્તમાનકાળમાં આપણે રહેવાનું છે. આ ત્રણેય કાળથી અતીત થવાનું છે. ભૂતકાળની ચિંતા નહિ, ભવિષ્યકાળના મનોરથો નહિ અને વર્તમાનકાળને ચીટકેલા

નહિ. વર્તમાનકાળ સારો હોય તો તેની આસક્તિ નહિ. ખરાબ હશે તો તેનો તિરસ્કાર નહિ. આકાશ કાલાતીત છે. આપણા પર કાળનું પરિણામ થાય છે. આપણે કાલાતીત થવું પડશે. તો જ માનવ તરીકે આપણું જીવન ઉન્નત અને સંપન્ન થશે. તેને માટે આકાશની ઉપાસના કરવી પડશે. તોજ તે હૃદયાકાશ થશે જેમાં ભગવાન વસે છે.

આકાશનું જીવન અદ્‌ભુત છે. આકાશે બધાને પાસે લીધા છે પણ આકાશ કોઈની પાસે નથી. આકાશને કહેવું જોઈએ કે તારા જેવું નિર્મળ, નિ:સંગ અને વ્યાપક અમારે બનવું છે. ભગવાન જેવા નિ:સંગ, નિર્મળ અને વ્યાપક બનવું એ લક્ષ્મી છે. લક્ષ્મી પણ નિ:સંગ પેદા થવી જોઈએ, તો જ તેને લક્ષ્મી કહેવાય. આકાશની નિર્લેપતા આપણા જીવનમાં આવે તો તે લક્ષ્મી છે. આવી જીવનલક્ષ્મી આપણા જીવનમાં આવવી જોઈએ.

આપણા સ્વાધ્યાયીઓ ફક્ત સાંભળતા નથી, સંભળાવે છે, વાંચે છે અને કંઇ કરે છે. તેઓ વિવિધ પ્રકારના પ્રયોગો કરે છે. જેવા આપણા વિચારો હશે તેવા આપણે થઈશું. આપણે એવી લક્ષ્મી ઉત્પન્ન કરવી છે કે જેને કોઇનો સંગ નથી. આજે આપણી પાસે જે વિત્ત આવ્યું છે તેને આપણા કર્તૃત્વનો સંગ છે. પ્રભુની કૃપાનો સંગ તો છે જ, અને તે હોવો જોઈએ. ત્રીજો સંગ આપણા પ્રારબ્ધનો છે. જે વિત્તને આવો કોઈ સંગ નથી તેને લક્ષ્મી કહે છે. આપણા ગજવામાં જે આવે છે તે પૈસા છે. લક્ષ્મી કોને કહેવાય? તે વાત આપણા સ્વાધ્યાયીઓએ પ્રયોગો કરીને સમજાવી છે. માછીમાર લોકોએ એક નાવ ઊભી કરી. તેનું નામ 'મત્સ્યગંધા'. આ 'મત્સ્યગંધા' પર દરરોજ જુદા જુદા લોકો પૂજારીઓ તરીકે કામ કરવા જતા હતા. તેમાંથી જે ઉત્પન્ન થયું તે કોઇ પણ એક વ્યક્તિના પરસેવાનું પરિણામ નથી. એક પણ માણસ એમ કહી શકતો નથી કે તે મારું છે. કારણ, પ્રત્યેક પૂજારીનો છ મહિને એકાદવાર વારો આવે છે. તો તે ઉત્પન્ન કોનું થાય? તે જે લક્ષ્મી છે તે નારાયણની છે.

આવો જ પ્રયોગ આપણા ખેડૂતો કરી રહ્યા છે. અમુક એકર જમીન લીધી અને તેના પર ત્રણસો થી ચારસો સ્વાધ્યાયી ખેડૂત ભાઈઓ, જુદા જુદા દિવસોએ પૂજારી તરીકે કામ કરવા જાય છે. તેના પર કોઇ એકનો પરસેવો નથી. તેવી જ રીતે, કોઇ એકની જમીન નથી. તેમાંથી નીકળેલું અન્ન-ધાન્ય કે ફળ-ફૂલોનું ઉત્પન્ન છે તે કોનું છે? તેના ઉપર કોઇનું નામ નથી. આ લક્ષ્મી છે. **विष्णुपत्नीं क्षमां देवीम्.....अच्युतवल्लभाम्** છે. તેને જ લક્ષ્મી કહેવામાં આવે છે. તે સ્વાધ્યાયીઓએ નિ:સંગતાથી ઉત્પન્ન કરેલી છે.

આવી દુકાનો પણ ચાલે છે. તેને પરિવાર સ્ટોર્સ કહે છે. તે કોઇ એકની માલિકીની નથી. એક જ વ્યક્તિ ત્યાં કામ કરતી નથી. તેમાંથી નીકળેલું વિત્ત કોનું છે? કોણે બનાવ્યું છે? તે પૂજારીઓની ભક્તિનું પરિણામ છે. તેને લક્ષ્મી કહે છે. આ લક્ષ્મી જો ગરીબો પાસે જશે તો તેમને, માનું સ્તનપાન કર્યા પછી જેવી પુષ્ટિ મળે છે તેવી પુષ્ટિ મળશે. તેમનામાં લાચારી, દીનતા નિર્માણ નહિ થાય. આવો એક જુદો જ દૈવી પ્રયોગ સ્વાધ્યાયપરિવાર કરી રહ્યો છે. લોકોને એમ લાગે છે કે સ્વાધ્યાયીઓ ગામડાઓમાં જાય છે અને 'કંઇક' કરે છે. આપણે 'કંઇક' નથી કરતા. જે કરીએ છીએ તે આપણે સમજીને કરીએ છીએ. નિશ્ચિત કરવું છે તેથી કરીએ છીએ. આપણે

કંઈક બનાવવું છે, કંઈક જીર્ણોદ્ધાર કરવો છે તેથી કરીએ છીએ. આપણે લક્ષ્મી નિર્માણ કરવી છે. આજે આપણા પાસે છે તે પૈસો છે, લક્ષ્મી નથી. લક્ષ્મી અચ્યુતવલ્લભા જ હોય. મત્સ્યગંધામાંથી આવેલું વિત્ત, વૃક્ષમંદિરમાંથી આવેલું વિત્ત, પરિવાર સ્ટોર્સમાંથી આવેલું વિત્ત કોનું છે? ત્યાં કામ કરવાવાળા લોકો વોલંટિયર્સ નથી. 'હવે રિટાયર્ડ થયા છીએ તેથી આ કામ કરીએ છીએ,' એવું કહેવાવાળા આ લોકો નથી. છ મહિનામાં પોતાનો પણ એકવાર પૂજારી તરીકે જવાનો વારો આવે તે માટે સ્વાધ્યાયી ખેડૂત તલપાપડ થાય છે, આકુળવ્યાકૂળ થાય છે. છ મહિનામાં એકાદ વારો કામ કરવાનો આવે, તો ઉત્પન્ન થયેલું વિત્ત કોનું? ભગવાનનું જ છે. આવી એક અજબ લક્ષ્મી સ્વાધ્યાયી પરિવાર નિર્માણ કરે છે.

આ લક્ષ્મી પ્રસાદ તરીકે ગરીબોના ઘરમાં જશે તો તે બાનું ધાવણ બની જશે. તેનાથી તેમને પુષ્ટિ મળશે. ટોટી ચૂસવાથી પુષ્ટિ નથી મળતી. તેમણે કોઈનું ધન નથી લીધું, તેમને જે મળ્યું છે તે ભગવાનની લક્ષ્મી-પ્રસાદ-છે. આવા પ્રયોગો આપણો સ્વાધ્યાયપરિવાર બધી જગ્યાએ કરે છે અને તે દ્વારા ભગવાનની લક્ષ્મી નિર્માણ કરે છે. આપણો નારાયણ ઉપર પ્રેમ છે જ; પરંતુ તેની સાથે લક્ષ્મી હોવી જોઈએ તો લક્ષ્મીનારાયણ થાય. આપણે નારાયણનાં લક્ષ્મી જોડે લગ્ન કરાવવાવાળા છીએ. આજે બધા ભગવાનના લગ્ન તુલસી સાથે કરાવે છે. લક્ષ્મીનાં નારાયણ સાથે લગ્ન કરાવવાવાળા એકલા આપણે સ્વાધ્યાયીઓ જ છીએ!

આજે તમે ગમે તેટલા ઉદાર હશો, પ્રામાણિક હશો તો પણ તમારે ત્યાં જે વિત્ત આવે છે તેની પછવાડે તમારો હાથ હશે. સ્વાધ્યાયી પરિવાર જે વિત્ત પેદા કરે છે તેની પાછળ કોઈનો હાથ નથી. આવું વિત્ત આપણે પેદા 'કર્યું છે.' 'કર્યું છે' પછી બોલીયે છીએ. નહિ તો 'કરીશું' એમ બોલવાનો આજનો કાળ છે. આપણે જૂની પરંપરાના લોકો છીએ. તેથી, શું કરીશું તે નહિ, જે કર્યું છે, તે કહીએ છીએ.

આ લક્ષ્મી નિર્માણ કરવામાં બધાની મહેનત છે. સમજો કે તે માટે ચારસો લોકોની મહેનત હશે તો તે મહેનત પણ વ્યાપક બની ગઈ. કોનું ઉત્પાદન છે? જે કોઈનું પણ નથી તે ભગવાનનું છે. લક્ષ્મી નિર્માણનો આ પ્રયોગ નાનો હશે, ખૂણામાં હશે; પરંતુ અર્થશાસ્ત્રમાં અને વિતરણમાં ક્રાંતિનો એક જુદો જ પ્રયોગ આપણે કરીએ છીએ. ભગવતી લક્ષ્મીને 'માઁ' કહીને સંબોધન કરવાનો હકક આપણા સ્વાધ્યાયી લોકોનો છે. આપણે એવી લક્ષ્મી નિર્માણ કરી છે જે બીજા કોઈની નથી, ફક્ત નારાયણની છે.

આકાશ જેવા નિર્મળ, નિઃસંગ, વ્યાપક અને નિર્લેપ થવું જોઈએ. તે જીવનલક્ષ્મી છે. આવી નિઃસંગ લક્ષ્મી પેદા કરવી જોઈએ. 'ભગવાન! અમે આ પ્રયોગ કરી રહ્યા છીએ. શક્તિ તારી છે, બુદ્ધિ તારી છે, એમાં જરૂર, અમે નિમિત્ત બનવા જેટલા ભાગ્યશાળી છીએ.'

જીવનવિકાસ કરવો હોય તો જીવનમાં ગુણો લાવવા પડે. તેના માટે મહેનત કરવી પડે અને જરૂર પડે તેટલો સમય પણ ગાળવો પડે.

૪. જલતત્ત્વ: અવધૂત કહે છે કે જલતત્ત્વ પૂજા માટે ઉપયોગી છે. ભગવાનની પૂજા પંચમહાભૂતમાંથી ક્યા મહાભૂતથી કરવાની? પૃથ્વીથી પૂજા ન થાય. આકાશ, તેજ અને વાયુતત્ત્વ

હાથમાં નથી આવતા. તેનાથી ભગવાનની પૂજા ન થઇ શકે તેથી માનવે પંચમહાભૂતમાંથી જલતત્ત્વ ઉપાડયું અને તેનાથી ભગવાનની પૂજા કરી. ભગવાનની પૂજા માટે પાણી પૂજાર્હ તત્ત્વ છે. કર્મકાંડી બ્રાહ્મણોએ વરુણપૂજાને બહુ મહત્ત્વ આપ્યું છે. મનુષ્યના હાથમાં આ જ સાધન છે, બીજું નથી. પાણીથી ભગવાનની પૂજા થઇ શકે છે. પાણી સ્વચ્છ છે, સ્નિગ્ધ છે, પવિત્ર છે.

પાણીમાં ભગવાન છે. બધા પંચમહાભૂતોમાં ભગવાનનો અંશ છે તેથી આપણે પાણીને નમસ્કાર કરીએ છીએ. ગંગાને જોઇને આપણે દુઃખ ભૂલી જઇએ છીએ. તેના પ્રવાહમાં કેવળ પૈસા નહિ, જીવન ફેંકવાનું મન થાય છે. ગંગાને જોતાં જ આપણને જીવન તુચ્છ લાગે છે. આપણું બજાર, આપણું બેંકનું ખાતું, આપણી નાદાની, આપણી લાચારી, ક્ષુદ્રતા—આ બધું તુચ્છ લાગે છે અને ગંગાના પ્રવાહમાં આપણું જીવન ન્યોછાવર કરવાની ઇચ્છા થાય છે.

આપણે ત્યાં વરુણપૂજન થાય છે ત્યારે ભણેલા લોકો પૂછે છે કે પાણીનું પૂજન શા માટે કરવાનું? ભગવાન, ભગવાન જ છે. તે પાણીમાં ક્યાં છે? તેમને કહેવું જોઇએ, પાણીમાં દિવ્યતા (Divinity) છે. પાણી એક અલૌકિક તત્ત્વ છે. એક સાયન્સના વિદ્યાર્થીએ કહ્યું કે પાણી શામાંથી બને છે તે અમને ખબર છે. તેની ફોર્મ્યુલા H_2O છે. તો પછી પાણીને નમસ્કાર કરવાનું કારણ શું?

મેં કહ્યું: ‘હાઇડ્રોજન અને ઑક્સિજનના સંયોગથી પાણી થાય છે તે તને ખબર છે, તેની શું પૂર્વજોને ખબર ન હતી? **तस्मात् आकाशः आकाशात् वायुः वायुरग्नि**.....આ તેમણે લખ્યું છે. તો શું તેમને આ વાત ખબર ન હતી? તું સાયન્સનો વિદ્યાર્થી છે. પાણી એટલે હાઇડ્રોજન અને ઑક્સિજનનો સંયોગ છે. તેમાં એક વાયુ બળવાવાળો અને બીજો બાળવાવાળો છે. તો તેના સંયોગથી બુઝાવવાવાળો પદાર્થ—એટલે પાણી કેમ થાય? તેમાં જ દિવ્યતા છે.’

મને એક વખત એક જર્મન ફિલોસોફરે કહ્યું: ‘તમે બધા કર્મકાંડી છો. ભારતમાં તત્ત્વજ્ઞાન પેદા જ નથી થયું. તમારે ત્યાં નીતિશાસ્ત્ર છે, કર્મકાંડ (Rituals) છે, પણ તત્ત્વજ્ઞાન નથી.’ મેં પૂછયું, ‘કેમ, તમે આવું કેમ કહો છો?’ તો કહે, ‘અમારે ત્યાં તમારા માલવીયાજી આવ્યા હતા. તેમણે તો ભારતમાં બનારસ યુનિવર્સિટી ઊભી કરી છે. અહીં આવ્યા ત્યારે તેમણે પોતાની સાથે ગંગાજલ રાખ્યું હતું. તો શું તેમને અહીંનું પાણી ન ચાલે? એવું હોય તો શું તેમને ફિલોસોફર કહેવાય? ગંગાનું પાણી ભગવાને બનાવ્યું છે અને ટેમ્સ નદીનું પાણી શું શેતાને બનાવ્યું છે? તે પાણી પણ ભગવાને જ બનાવ્યું છે. માલવીયાજીની દૃષ્ટિ કેટલી સંકુચિત કહેવાય?’

મેં કહ્યું: ‘માલવીયાજી ગંગાનું પાણી શા માટે લાવ્યા હતા તેની મને ખબર નથી. આટલું જરૂર કહી શકું છું કે તેઓ ગંગાનું જે પાણી લાવ્યા હતા તે ચાર મહિના ટકયું. બીજું કોઇપણ પાણી રાખી દો તો બે-ચાર દિવસમાં તેમાં જીવડા પડી જાય છે તેથી તેઓ ગંગાજલ લાવ્યા હશે. તેમને ટેમ્સ નદીનું પાણી ચાલતું ન હતું એમ નહિ. તેમને તમને સમજાવવું હતું કે તમારે જો આત્મસાક્ષાત્કાર (Soul-realization) કરવો હોય તો ગંગાકિનારે આવો. કારણ, ગંગાના પાણીમાં દિવ્યતા (Divinity) છે; તેથી જ અમે ‘ગંગામૈયા કી જય’ બોલીએ છીએ.’

આપણે ભગવાનની પૂજા પાણીથી કરીએ છીએ. પાણી સાચી રીતે સમજાય તો ભગવાન

સમજાય. વેદમાં જલસુકતો છે. પાણીને જોઇને પ્રતિભા જાગૃત થાય છે. ઋષિએ પાણીને જોયું અને તત્ત્વજ્ઞાન કહેવા લાગ્યા. પ્રકૃતિ આપણી વૃદ્ધ શિક્ષિકા છે. તેની પાસેથી ઋષિઓએ વિવિધ ગુણો ઉપાડયા છે. આપણે પેદા થયા તેના પહેલાં પ્રકૃતિ પેદા થઇ છે. તેનો અર્થ એ કે પ્રકૃતિને આંખો ખોલીને જોવી પડશે. તેમાં જે ગુણો ભરેલા છે તે બધા ગુણો ઉપાડવા પડશે. પાણી એટલે અમૃત. પાણી એટલે પય. પાણી એટલે જીવન. સંસ્કૃતભાષામાં પાણી માટે આવા કેટલાયે શબ્દો છે. પાણીને પય માનવામાં આવે છે, કારણ, તે પુષ્ટિકારક છે.

એક વખત અકબર બાદશાહે દરબારમાં બિરબલને પૂછયું, ‘સત્તાવીસ નક્ષત્રોમાંથી નવ નક્ષત્રો કાઢી નાખીએ તો બાકી શું રહે?’ બિરબલ કહે: ‘શૂન્ય રહે.’ આ સાંભળીને બધા હસવા લાગ્યા. દરબારીઓએ કહ્યું: ‘સત્તાવીસ નક્ષત્રોમાંથી નવ નક્ષત્રો જાય તો અઢાર નક્ષત્રો બાકી રહે. આટલું સાદું ગણિત પણ બિરબલને આવડતું નથી?’ ત્યારે બિરબલે કહ્યું: ‘તમારું ગણિત ખોટું છે અને જવાબ પણ ખોટો છે. પાણીના નવ નક્ષત્રો જતાં રહે તો બાકી શું રહે? શૂન્ય જ રહે.’

પાણીની પાસે અલૌકિક સમતા છે. તે ગરીબ-શ્રીમંત, બધાને પાસે લે છે. તે બધાના જીવનમાં ઉત્સાહ આપે છે. તેની પાસે ગરીબ-શ્રીમંત, વિદ્વાન-અવિદ્વાન જેવો ભેદ નથી. ઊંઘમાંથી ઊઠયા પછી આંખ પર પાણી લગાડતાં જ સ્ફૂર્તિ, ઉત્સાહ મળે છે. આ બધા પાણીના ગુણો છે. તે બધી જગાએ જાય છે તેથી તે નિરહંકારી છે. પથ્થરની જેમ પાણી સ્થિર નથી. આપણે સ્થિર જીવન ને શ્રેષ્ઠ નથી માન્યું. જીવન ગતિશીલ હોવું જોઇએ. આજે ધર્મ પણ ગતિશીલ રહ્યો નથી. ધર્મ પોતે ગતિશીલ (Dynamic) છે પણ ચીલેચાલુ લોકો ધર્મમાં તેની તે જ વાતો ચલાવ્યા કરે છે. પાંચસો વર્ષ વીતી જાય તો પણ પથરો જ્યાં પડયો હોય ત્યાં જ પડયો રહે. આને જીવન ન કહેવાય. પાણી ઉત્સાહ, સ્ફૂર્તિ અને ચૈતન્ય આપે છે. સાધકનું જીવન પણ આવું હોવું જોઇએ.

એકાદ માણસ જંગલમાં જઇને બેસી જાય, વર્ષો સુધી બીજા માણસનું મોઢું પણ ન જુએ, તેથી શું તે તત્ત્વજ્ઞાની બની જાય? ગંગાતટ પરના બધા પથ્થરો તેવા જ છે. સાધકની લોકોને આવશ્યકતા લાગવી જોઇએ. સાધકની પાસે ગયા પછી માણસને સ્ફૂર્તિ મળવી જોઇએ. ઉત્સાહ મળવો જોઇએ. વ્યાવહારિક ઉત્સાહ અને આધ્યાત્મિક ઉત્સાહમાં ફરક છે. ભૌતિક પ્રેરણાથી ભૌતિક-વ્યાવહારિક ઉત્સાહ આવે છે. માણસને કમાવાનો ઉત્સાહ છે, તેથી જ તે સવારના સાત વાગ્યાની ગાડી પકડીને પરામાંથી મુંબઇ આવે છે. આ વ્યાવહારિક ઉત્સાહ છે. પૈસા વગર ચાલે નહિ તેથી તે મેળવવાનો ઉત્સાહ છે. આ આધ્યાત્મિક ઉત્સાહ નથી. કંઇ જોઇતું ન હોય, તે છતાં અમુક કામ માટે તેટલો જ ઉત્સાહ રહે તો તે આધ્યાત્મિક ઉત્સાહ છે. માણસે વિચારવું જોઇએ કે મારા જીવનમાં એક પણ એવું કાર્ય છે કે જેમાંથી કંઇ મળવાનું નથી, તે છતાં તે કામ કરવા માટે તેટલો જ ઉત્સાહ હોય. આવો ઉત્સાહ હોય તો તે આધ્યાત્મિક ઉત્સાહ કહેવાય.

ગીતામાં કહ્યું છે: **धृत्युत्साहसमन्वितः** – આ આધ્યાત્મિક ઉત્સાહની વાત છે. નહિ તો ચોરને, વેપારીને, ઉદ્યોગપતિને અને મજૂરને પણ ઉત્સાહ છે જ. એનું કારણ તેમાંથી કમાણી થવાની છે. જેમાંથી કંઇ ભૌતિક ફાયદો મળે તેવા કામ માટે ઉત્સાહ હોય જ. એવું એકાદ કામ દેખાડો કે જેમાંથી મને કાંઇ જ મળવાનું નથી, છતાં તે કામ કરવા માટે મને તેટલો જ ઉત્સાહ છે. સાધક

પાસેથી સ્ફૂર્તિ અને ઉત્સાહ મળવા જોઇએ.

પાણી બધા પાસે જાય છે. કોઇ ધનિક હોય કે ગરીબ, પાણી પાસે કોઇની પ્રતિષ્ઠા નહિ અને કોઇની અવગણના નહિ. નારદજી આવા હતા—તે બધા પાસે જતા હતા. રઘુવંશના ગુરુ વસિષ્ઠ પણ બધાની પાસે જતા હતા.

આજે ધનવાન માટે નફરત ઊભી કરવામાં આવે છે. આજે કોઇ આધ્યાત્મિક માણસ ધનવાન પાસે જતા નથી. કદાચ જાય તો લોકો કહે: 'આ તો ધનવાનો પાસે જાય છે!' તેમને પૂછવું જોઇએ કે શું ધનવાન 'માણસ' નથી? આજે એક પણ માણસ એવો નથી કે જેને ધનવાન બનવું નથી. કોઇને પોતાનું બેંકનું ખાતું વધારવું હોય છે, તો કોઇને મઠનું બેંકનું ખાતું વધારવું હોય; પરંતુ બધાને ધન તો જોઇએ છે. આમ છતાં ધનવાન તરફ નફરત ઊભી કરવામાં આવે છે.

સાધક એવો હોવો જોઇએ કે કોઇ ધનિક કે અધિકારી છે તેથી તેને પ્રતિષ્ઠા ન આપે. તેવી જ રીતે કોઇ સામાન્ય કે તુચ્છ હોય તેથી તેની અવગણના ન કરે. સાધક પાસે આવી સમવૃત્તિ હોવી જોઇએ. નિરહંકારીપણું એ સાધકનો ગુણ છે. આ ગુણ સાધક પાસે હોવો જોઇએ. કારણ, તેણે સામેની વ્યક્તિને ઉપર લાવવાની છે; તેને સાધક બનાવવા માટે તેની પાસે જવું પડશે. બોલાવ્યા પછી આવે તે સાધક નથી. તે પોતાની મેળે જ ઊઠીને લોકોની પાસે જાય. આપણા સ્વાધ્યાયીઓ ભક્તિફેરીમાં જાય છે તેઓ સાધક છે. તેમણે ચોટલી રાખી છે કે નહિ એ પ્રશ્ન નથી. કોઇ ગામવાળાઓએ તેમને આમંત્રણ આપ્યું નથી. તેમને કોઇએ બોલાવ્યા નથી. છતાં તેઓ લોકો પાસે જાય છે. તેઓ શા માટે જાય છે? શું તેમને કોઇ પાસેથી કંઇ લેવું છે? નહિ, તે છતાં તેઓ ગામડે જાય છે.

જ્યારે દયા કે કરુણામાં પ્રેમ આવે છે ત્યારે તે પ્રેમ વહેવા લાગે છે. જે વહે છે તેને પ્રેમ કહેવાય. જે સ્થિર છે તે વાચિક પ્રેમ છે. આપણે વહેતાજ નથી તેથી આપણો પ્રેમ જ નથી. 'કોઇ અમને બોલાવે, અમારી વ્યવસ્થા કરે, પછી અમે આવીશું' આવું બોલવાવાળાને પ્રેમ જ નથી. પાણી જેમ નિરહંકારી બનીને બધી જગાએ જાય છે તેમ જેનું જીવન નિરહંકારી છે તે બધી જગાએ જાય છે. પાણીની પાસેથી આ નિરહંકારીપણાનો ગુણ લેવા જેવો છે. આમાં વ્યક્તિ પાસે જવાનું છે પણ તે વ્યક્તિપૂજા નથી. જેની પાસે જવાનું છે તેની અંદર ભગવાન બેઠો છે, તેની આ પૂજા છે. તેથી તે ભગવાનની પૂજા છે.

૫. અગ્નિ: પાંચમાં ગુરુ અગ્નિ છે એમ અવધૂત કહે છે. અગ્નિ જ્યોતિર્મય છે. ભારતીય સંસ્કૃતિમાં અગ્નિપૂજાને સર્વશ્રેષ્ઠ માની છે. સવારે ઊઠયા પછી અગ્નિપૂજા થવી જ જોઇએ.

यत्ते अग्ने तेजस्तेनाहं तेजस्वी भूयासम्
यत्ते अग्ने वर्चस्तेनाहं वर्चस्वी भूयासम्
यत्ते अग्ने हरस्तेनाहं हरस्वी भूयासम्

હે અગ્નિ! તું તારા તેજથી મને તેજસ્વી થવા દે, તારા વિજયી તેજથી મને વર્ચસ્વી થવા દે, સર્વ કચરો બાળી નાખનાર તારા તેજથી મને કચરો બાળવાવાળો થવા દે.

કલિયુગનું વર્ણન કરતાં કહે છે:

सीदन्ति चाग्निहोत्राणि गुरुपूजा प्रणश्यति ।
कुमार्यश्च प्रसूयन्ते प्राप्ते कलियुगे सदा ॥

કલિયુગમાં **सीदन्ति चाग्निहोत्राणि** કહ્યું છે એટલે કે અગ્નિપૂજા ખલાસ થશે. પછી કહે છે: **गुरुपूजा प्रणश्यति** – ગુરુપૂજા ખલાસ થશે. ગુરુપૂજા અને મોટાઓની શ્રેષ્ઠતા અમાન્ય થાય. છોકરો એમ સમજે છે કે બાપને અક્કલ ઓછી છે. છોકરો ધંધામાં દાખલ થતાં પ્રારબ્ધને લીધે પૈસા મળે તો પણ છોકરો એમ સમજે છે કે મારી અક્કલથી પૈસા મળ્યા. પિતાએ વર્ષો સુધી જે પરિશ્રમ કર્યો હતો તેને લીધે ફાયદો થયો છે એમ પુત્રને લાગતું જ નથી. આ કલિયુગ છે—**प्राप्ते कलियुगे सदा ।** આજે અગ્નિપૂજા ઘરઘરમાં નથી, પરંતુ મોઢામાં (સિગરેટના રૂપમાં) રહી છે.

આપણે ત્યાં પારસીધર્મ છે તેમાં અગ્નિની જ પૂજા છે. તે જ્યોતિર્મય પૂજા છે. અગ્નિપૂજા શ્રેષ્ઠ પૂજા છે. અગ્ન્યાગાર ઘરઘરમાં હતો તેનું અપભ્રંશ રૂપ 'અગિયારી' છે. જ્યોતિર્મય અગ્નિપૂજામાં સંસ્કૃતિ માની છે.

અગ્નિ તેજસ્વી છે, શીતનિવારક છે, ગરમી આપવાવાળો છે, અજિત છે. અગ્નિ બધું જુએ છે. લગ્ન કરવાં હશે, સત્કર્મ કરવાં હશે, મૈત્રી કરવી હશે તો અગ્નિ સમક્ષ કરવાના. તેમાં આપણે અગ્નિને સાક્ષી રાખીએ છીએ. ભારતીય સંસ્કૃતિમાં અગ્નિનું અનોખું મહત્ત્વ છે. અગ્નિ એ ભગવાનનું ખાવાનું મોઢું છે. બ્રાહ્મણ ભગવાનનું બોલવાનું મોઢું છે. અગ્નિ અને બ્રાહ્મણને સાક્ષી રાખીને પરણવાવાળા પ્રતિજ્ઞા લે છે—**धर्मे च अर्थे च कामे च नातिचरामि नातिचरामि नातिचरामि** ।ત્યારબાદ તે જ અગ્નિ, જેને ગૃહ્યાગ્નિ કહે છે, તે ઘરમાં લઇ જવાનો. તેની ઘરમાં પૂજા કરવાની. છેવટે માણસ મરી જાય ત્યારે તે જ અગ્નિ સ્મશાનમાં લઇ જવાનો અને તેનાથી મરેલાને અગ્નિદાહ આપવાનો વિધિ છે. તે અગ્નિને કહેવાનું: '**अग्ने नय सुपथा राये**.....હે અગ્નિ! મને લઇ જવાની જવાબદારી તારી છે. મેં જે કંઇ સત્કર્મો કર્યાં તેની તને ખબર છે. બીજા કોઇને ખબર નથી. **ॐ क्रतो स्मर कृतं स्मर**.....' તેથી આપણે ત્યાં મૃત્યુ પછી પણ એક સંસ્કાર છે. તેને અંત્યેષ્ટિ સંસ્કાર કહે છે. તે સંસ્કાર પુત્ર કરે છે. હવે તે અગ્નિ પૂજા ચાલી ગઇ છે. સોળ સંસ્કાર રહ્યા જ નથી. અંતિમ સંસ્કાર કરવો નથી, તેથી લોકો પંદર સંસ્કાર જ કરે છે. સ્વાધ્યાયી હોય તો કોઇ મરી જાય તો સ્મશાનમાં ગીતાનો પંદરમો અધ્યાય બોલે છે. નહિ તો ઘાસતેલ નાખીને મડદાને બાળી નાખે છે. તેમાં કંઇ વિધિ રહી નહિ. પહેલાં વિધિ હતી.

અગ્નિના જીવનમાં તેજસ્વિતા છે, પરપીડાનિવારકતા છે, પરિગ્રહશૂન્યતા છે, નિર્મળતા છે, પાવકતા છે, લોકસંગ્રહ (એકતા) છે. આ બધા અગ્નિના ગુણો છે. સાધક થવું હોય તેણે આ ગુણો જીવનમાં લાવવા પડશે, તો તે સાધકને ભગવાન **यो मद्भक्तः स मे प्रियः**—પોતાનો પ્રિયભક્ત માનશે.

સાધકના જીવનમાં તેજસ્વિતા હોવી જોઇએ. તેમ પરપીડાનિવારકતા હોવી જોઇએ. પીડામાં જેમ શારીરિક પીડા છે તેમ બૌદ્ધિક પીડા અને માનસિક પીડા પણ છે. ફક્ત પૈસાની જ પીડા નથી. બધા પાસે પૈસા વધી ગયા છે. પરિણામે શોખની વસ્તુ પણ જરૂરિયાત બની ગઇ છે. આ

કલિયુગની મહત્તા છે.

આજે લોકો શારીરિક પીડા ઉપરાંત બૌદ્ધિક અને માનસિક પીડાથી પીડાય છે. સાધકે તેમની પાસે જવું પડશે. લોકોની બુદ્ધિ મરી ગયેલી છે, લોકોના જીવનમાં અંધારૂં છે. તેમનું મન પણ મરી ગયું છે. માણસ જીવતો રહે છે પણ તે એટલી લાચારી, ક્ષુદ્રતા અને સંકુચિતતા ભોગવે છે કે તેનું મન મરેલું જ છે. અને છતાં પોતાનું મન મરી ગયું છે એવું માણસને લાગતું જ નથી એ કેટલી મૂર્ખાઇ છે? આવું મરી ગયેલું મન ભગવાન પાસે જશે કેમ? **मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**—બંધન કે મોક્ષ (મુક્તિ)નું કારણ મન જ છે. મન જીવતું રહેવું જોઇએ. દરેક માણસને એમ લાગે છે કે હું તુચ્છ છું, અગતિક છું, અસહાય છું, પતિત છું—આ માનસિક પીડા છે. આ માણસ પાસે જઇને કહેવું જોઇએ: 'તુ કોણ છે તે તને ખબર છે? તું તો પૂર્ણ છે, ભગવાન છે........એટલે જ ॐ **पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते**.....તેને સમજાવો. આજે માણસ ગાલ પર લપડાક મારીને બોલે છે: **पापोऽहम् पापकर्माहम् पापात्मा पापसंभवः** – 'હું પાપસંભવ છું.' અરે! શું માણસની ઉત્પત્તિ પાપથી થઇ છે? કેટલું ખોટું તત્ત્વજ્ઞાન આવી ગયું છે? **पुण्योऽहं पुण्यकर्माहम् पुण्यात्मा पुण्यसंभवः**—હું માનવ થઇને આવ્યો છું, હું ભગવાનને ઓળખી શકું છું, ભગવાન સુધી પહોંચી શકું છું, એટલું જ નહિ, ઓછાનામે હું ભગવાનને સારો લાગી શકું છું. આવા પ્રભાવી વિચારો દઢ થવા જોઇએ. તેના બદલે આજે આપણે માનસિક પીડાથી પીડાઇએ છીએ. કથા સાંભળવા જોઇએ ત્યાં પણ એ જ પીડા સાંભળવા મળે છે. 'અમે તો પાપમાં પડયા છીએ, કારણ, અમે તો વેપારધંધો કરીએ છીએ, કુટુંબ ચલાવીએ છીએ અને તેમાંથી કચરો નિર્માણ થાય છે.' આવી ખોટી સમજણ શા માટે કેળવવી? તું પાપી નથી. એનું કારણ, સંસાર કરવો એ પાપ હોત તો ભગવાન પોતે સંસારી શા માટે બન્યા હતા? જો તેં લગ્ન કર્યા તે ખોટું હોય તો તું ભગવાનનાં લગ્ન શા માટે કરે છે? તત્ત્વજ્ઞાનમાં ખોટો કચરો ઘૂસી ગયો છે, તેનાથી મન મરી જાય છે. આ બૌદ્ધિક અને માનસિક પીડા કાઢી નાખવાની છે.

અગ્નિ પાસેથી તેજસ્વી જીવન લેવું પડશે. બીજાના વ્યક્તિત્વની સામે પોતે ફિક્કા ન થવું જોઇએ. તેના વગર સાધક બની ન શકાય. 'હું આટલું કરું છું તો પછી મને પૈસા શા માટે ઓછા મળે છે?' આમ જેને 'મને પૈસા જોઇએ' એમ સતત લાગ્યા કરતું હોય તે સાધક કેમ થઇ શકે? કોઇ તુચ્છ નથી. તેમ હું પણ તુચ્છ નથી. બીજાના મનને મારવું ન જોઇએ એ સાચી વાત છે પણ પોતાના મનને પણ માણસે મારવું ન જોઇએ, એ તેટલી જ સાચી વાત છે. આજે હું જ મને મારી રહ્યો છું. આવી આત્મઘાતી પ્રવૃત્તિ મેં જ પેદા કરી છે અને ઉપરથી હું પોતાને તત્ત્વજ્ઞાની માનું છું! 'હું સાધક છું. મારે મરવું નથી. કોઇના વ્યક્તિત્વની સામે હું ફિક્કો ન પડીશ.' આ શિક્ષણ મને અગ્નિ પાસેથી મળશે. તેના વગર તો લાચારી અને આસક્તિ વધી જશે. આવો માણસ તત્ત્વજ્ઞાની કે જ્ઞાનીભક્ત કેમ બની શકે?

અગ્નિનું નામ **उदरभाजन** છે. જેની પાસે વાસણ-પાત્ર નથી તેને ઉદરભાજન કહેવાય. એટલે કે અગ્નિ પરિગ્રહશૂન્ય છે. અગ્નિ બધું જ પેટમાં રાખે છે. તે સંગ્રહરહિત, પરિગ્રહરહિત છે. તો શું અગ્નિને કંઇ મળે તો તે ફેંકી દે? ના. તેને સંગ્રહની ફિકર નથી અને રાખવાનો આગ્રહ નથી. કેટલાક લોકોએ સંગ્રહરહિતતા અને પરિગ્રહશૂન્યતાનો એવો અર્થ કાઢયો કે સંગ્રહથી મોહ

અને આસક્તિ વધી જશે માટે બધું ફેંકી દો. આવો તેનો અર્થ નથી. આગ્રહ વગર સંગ્રહ, આ સાધકનો ગુણ છે.

રઘુવંશી રાજાઓનું વર્ણન છે કે તેમના જીવનમાં 'આગ્રહ વગર સંગ્રહ' એટલે કે 'મારી પાસે આટલું હશે તો જ તેની કિંમત છે' આવું ન હતું. આગ્રહ નથી અને સંગ્રહ છે. તેના તરફ કઇ દષ્ટિથી જોવાનું તેની તેમને ખબર હતી. શૂન્યમાંથી ઉપર આવેલા લોકો આગ્રહ રાખે જ છે કે મારે લખપતિ થવું છે. લખપતિ થયા પછી, તેમના છોકરા માટે સંગ્રહ તૈયાર છે. તે તો જન્મથી જ લખપતિ છે. તેને તો આગ્રહ વગર સંગ્રહ મળ્યો. તેનો બાપ લોટો લઇને મુંબઇમાં આવ્યો હતો. ચોપાટીની ફૂટફાથ પર સૂઇ રહેતો હતો. તેણે ચોપાટી પર પાણીપુરીની દુકાન શરૂ કરી. તેનો સંગ્રહનો આગ્રહ હોઇ શકે છે, પરંતુ, તેના છોકરાને આપણે યોગભ્રષ્ટ કહીએ છીએ. **शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते**—તેને આગ્રહ વગર સંગ્રહ મળ્યો છે. તેને હવે આગ્રહ રાખવાની આવશ્યકતા નથી. આગ્રહ તેના બાપાએ રાખેલો. તેને હવે તૈયાર સંગ્રહ મળ્યો. પૈસા કેમ વાપરવાના તે હવે તેને જોવાનું છે. આજે તો જન્મથી વિત્તવાન બનીને આવેલા લોકો જ બગડી ગયા છે. તેમને પોતાની મહત્તા જ ખબર નથી. વૈશ્વિક દષ્ટિથી, આધ્યાત્મિક દષ્ટિથી, પ્રભુના દરબારમાં પોતાની કંઇ મહત્તા છે તેની જ તેમને ખબર નથી.

'આગ્રહ વગર સંગ્રહ' એ જ પરિગ્રહશૂન્યતા. **उदरभाजन** નો અર્થ પરિગ્રહશૂન્યતા છે. સાધકની પાસે પરિગ્રહશૂન્યતા હોવી જોઇએ. પરિગ્રહનો અર્થ થાય છે સ્વીકાર, પકડીને રાખવું. વ્યક્તિ અને વસ્તુને પકડી રાખવી એટલે પરિગ્રહ. પરિગ્રહવાળાને વ્યક્તિને પકડવી છે, છોડવી નથી. પરિગ્રહશૂન્યતાવાળાને એમ નથી લાગતું કે ફલાણી વ્યક્તિ મારા જીવનમાં આવશે તો મારું ભલું થશે. તેને લાગે છે કે જેને આવવું હોય તે આવે અને જવું હોય તે જાય. આ તેની ભૂમિકા છે. મારા જીવનમાં ભગવાનને જેને મોકલવો હશે તેને તે મોકલશે. તેનો સ્વીકાર છે. કોઇનો ધિક્કાર નથી, પરંતુ, કોઇ આવે કે જાય તેનો આગ્રહ નથી. આવું સાધકનું જીવન છે. વ્યક્તિ કે વસ્તુને પકડી રાખવાનો આગ્રહ એ પરિગ્રહ છે. પરિગ્રહશૂન્યતામાં આગ્રહ વગર સંગ્રહ છે.

પરિગ્રહનો અર્થ મિલ્કત પકડી રાખી છે, એમ નહિ. તેને હવે કમાવું નથી એમ પણ નહિ. તો શું છે? અમારી પાસે મળેલું અને કમાવેલું વિત્ત છે. કૉમ્યુનિસ્ટોની ભાષામાં કહેવાનું હોય તો Unearned wealth and earned wealth છે. આ મળેલા ધન કે કમાવેલા ધન કરતાં આગળનું એક પગથિયું તે (ભગવાને) મોકલેલું ધન છે. 'ભગવાને મને ધન મોકલ્યું છે' આ સમજણ હોય તો ગમે તેટલું ધન હોય તો પણ તે પરિગ્રહ નથી. ભગવાને ગીતામાં **धनंजयः** કહીને અર્જુનને પરમવીરચક્ર આપ્યું છે. અર્જુનને આ પરમવીરચક્ર વિશ્વના પતિ પાસેથી મળેલું છે. અર્જુનને ભગવાને ધનંજય શા માટે કહ્યો? પોતાની પાસેનું ધન એ પ્રભુએ મોકલેલું ધન છે એવી એની સમજ હતી તે માટે.

ત્રણ પ્રકારના ધન છે. મળેલું ધન, કમાવેલું ધન અને મોકલેલું ધન. મોકલેલું ધન બાધક નથી. અગ્નિની પાસે આવી પરિગ્રહશૂન્યતા છે. તે બધું પેટમાં રાખવાવાળો છે. સાધકને બધાના દોષો ખબર પડે છે. લોકો પોતે ઊઠીને પોતાના દોષો કહે તેથી અથવા અંતર્દષ્ટિથી તે ખબર પડે.

પરંતુ, તે કોઇ દિવસ આવી આધ્યાત્મિક શક્તિ વાપરતા નથી. કારણ, તે પુનઃપ્રાપ્ત થતી નથી. તેને બધાના દોષો ખબર પડે તો પણ તે પોતાના પેટમાં રાખે છે.

અગ્નિમાં નિર્મળતા છે, લોકસંગ્રહતા છે. 'હું સાધક છું' આવું લેબલ કપાળે લગાડીને સાધક થવાતું નથી. અગ્નિ લાકડામાં ગુપ્ત રહે છે તેની જેમ સાધકે પણ ગુપ્ત રહેવું જોઇએ. **न विचित्रवेषं कुर्यात्** એમ ભગવાને અને શાસ્ત્રકારોએ તત્ત્વજ્ઞાનીને કહ્યું છે. લોકોનો જેવો વેશ હોય તેવો જ તારો વેશ હોવો જોઇએ. સંસારી લોકો જેવા જ તમારા કપડાં હોવાં જોઇએ. 'આધ્યાત્મિક વેશભૂષા' હોઇ ન શકે. લોકોને વિચિત્ર વેશથી ખેંચવા યોગ્ય નથી. લોકોને ગુણોથી, વિચારથી કે ચારિત્ર્યથી ખેંચવા જોઇએ. ચમત્કાર અને વેશભૂષાનો અધ્યાત્મ સાથે સંબંધ નથી.

સાધકની શક્તિ વધવા લાગે ત્યારે તેણે શક્તિ સંભાળવી જરૂરી બની જાય છે. એકનાથના જીવનમાં એક ઘટના બની હતી. એક વખત એક દંડવત્ સ્વામી સ્નાન કરીને પાછો ફરતો હતો. તેણે જોયું તો રસ્તામાં એક ગધેડું મરી ગયું હતું. કોઇ યુવાન આવ્યો અને મશ્કરીમાં કહ્યું: 'તમે તો બધામાં ભગવાન જુઓ છો તેથી બધાને નમસ્કાર કરો છો. તમે આ મરેલા ગધેડાને જીવતો કરો તો અમે સમજીએ કે તમે કંઇ છો!'

આ સાંભળતાં જ સ્વામીએ કમંડલમાંથી પાણી લીધું અને ગધેડા ઉપર છાંટયું. ગધેડું ઊભું થયું. મરેલા ગધેડાને જીવતું થયેલું જોતાં જ બધા લોકો દંડવત્ સ્વામીને નમસ્કાર કરવા લાગ્યા. એકનાથને આ વાતની ખબર પડી. એકનાથે કહ્યું: 'તમે આ બહુ જ ખોટું કર્યું છે. તમે ગધેડાને જીવતો કરીને પ્રકૃતિના વ્યવહારમાં હાથ નાખ્યો છે તે પાપ છે. તમે આજે ગધેડાને જીવતો કર્યો તો આવતીકાલે કોઇ પોતાના મરેલા પુત્રને લાવશે. તેને શું તમે જીવતો કરશો? તમારે તેને જીવતો કરવો જ પડશે. તમે આ બહુ ખોટું કર્યું છે. તમારા જેવાના હૃદયમાં પણ પ્રતિષ્ઠાનો મોહ ઊભો થયો, તેના વગર તમે ચમત્કાર શા માટે કરો?' એકનાથની પ્રભાવી વાણી સાંભળીને દંડવત્ સ્વામીને પોતાની ભૂલ સમજાઇ.

તેમણે પૂછયું: 'હવે હું શું કરુ?'

એકનાથે કહ્યું: 'તમારા માટે એક જ રસ્તો છે અને તે એટલે દેહત્યાગ.' નિયતિ કે પ્રકૃતિના કામમાં હાથ નાખવો યોગ્ય નથી. એકનાથની વાત માન્ય રાખીને સંન્યાસીએ પ્રાણત્યાગ કર્યો.

ગામના બ્રાહ્મણો આમ પણ એકનાથની વિરુદ્ધમાં હતા જ. તેમાં વળી આ ઘટના બની. તેમને મોકો મળી ગયો. તેમણે કહ્યું: 'સંન્યાસીનો વધ એટલે બ્રાહ્મણનો વધ. તમારું સાંભળીને સ્વામી મરી ગયા તેથી તમને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું.' લોકોએ એકનાથ પર બ્રહ્મહત્યાનો આરોપ મૂકી તેની સજા કરી તો એકનાથે તે માન્ય રાખી. તાત્પર્ય એ છે કે સાધક જેમ જેમ વિકાસ સાધતો જાય તેમ તેમ તેની શક્તિ વધતી જાય. શક્તિ મળ્યા છતાં તે વાપરવાની નહિ, એટલું તેણે સંભાળવાનું. તેમના શબ્દમાં એટલી શક્તિ આવે કે તે જે કંઇ બોલે તે ભગવાને કરવું પડે. પરંતુ, સાધક પોતાની શક્તિ આમ વાપરતો નથી.

આવા સાધકની એક બહુ કઠણ પરીક્ષા છે. તે બધા લોકોના દુ:ખમાં દિલથી સમદુ:ખી છે.

તેને બહારનું નહિ, અંદરનું દુઃખ છે. તે પણ નકલી નહિ, સાચું દુઃખ છે. એટલું જ નહિ, તેને વિશ્વાસ છે કે હું ભગવાનને કહીશ તો ભગવાને તે કરવું જ પડશે. આમ છતાં તેણે એવી ઇચ્છા ન કરવી કેટલી કઠણ છે? જેમ લાકડામાં અગ્નિ છૂપો છે તેમ સાધકે પોતાની આધ્યાત્મિક શક્તિ (Spiritual power) છૂપી રાખવી જોઇએ. કોઇને દુઃખી જોઇને આપણામાં કરુણા-દયા જાગે છે પણ તે બાહ્ય દષ્ટિએ. આવા સાધક દિલથી કરુણામય થાય છે. આપણું હસવું કે રડવું, બધું જ ખોટું હોય છે. સાધક તો દિલથી બધા જોડે સમરસ થાય છે. પરંતુ, તે પ્રકૃતિના વ્યવહારમાં હસ્તક્ષેપ કરતો નથી. પોતાની શક્તિ ગુપ્ત રાખવાનું શિક્ષણ, સાધકે અગ્નિ પાસેથી લેવાનું છે.

૬. ચંદ્ર : છઠ્ઠા ગુરુ છે ચંદ્ર. અવધૂત કહે છે કે મેં આકાશ તરફ જોયું. આકાશમાં પ્રકાશ દેખાય તેથી સૂર્ય છે એવું અનુમાન થઇ શકે છે; પરંતુ સૂર્ય સામે જોઇ શકાતું નથી. ચંદ્ર સામે જોઇ શકાય છે. ચંદ્ર મારો ગુરુ થયો. જેને જીવનવિકાસ કરવો છે તેણે ચંદ્રને ગુરુ માનવો જોઇએ. ચંદ્ર પાસે શીતલતા છે તેથી જ તો આપણે તેને ચાંદામામા કહીએ છીએ. 'મામા'માં બન્ને હોઠ સાથે આવે છે; 'કાકા' માં બન્ને અલગ થાય છે. મામાનો પ્રેમ જ કંઇ જુદો છે. કાકા સહજશત્રુ હોય છે પણ મામા સહજમિત્ર હોય છે, એમ કહેવાય છે.

અવધૂત કહે છે મેં ચંદ્રને ગુરુ કર્યો. ચંદ્રની કળા વધે છે અને ઘટે છે. **अस्ति जायते वर्धते विपरिणमते अपक्षीयते** અને **नश्यति** આ ક્રમ છે. જે કોઇ વધે છે તેણે વિચારવું જોઇએ કે આજે વધું છું, પણ કાલે મારે ઘટવું પણ પડશે. ચંદ્ર પાસેથી મને શિક્ષણ મળ્યું કે દેહ નશ્વર છે. તે ક્યાં જશે, કેવી રીતે જશે, તેની કંઇ જ ખબર નથી. કેટલાક લોકો **काशीमरणान्मुक्तिः** સમજીને કાશીમાં ઉત્તરાવસ્થામાં મરવા માટે જાય છે. કાશીમાં તો ઘણાં ગધેડાં, કૂતરાં પણ મરે છે. તે શું મુક્ત થાય છે? કાશીને કંઇ કહેવાનું છે, સમજાવવાનું છે, બનાવવાનું છે. આપણે તે સમજી લઇને તેવા થઇશું તો મુંબઇ પણ કાશી થઇ જશે.

મને ખબર નથી કે મારે ક્યાં અને ક્યારે મરવાનું છે? શરીર નશ્વર છે. તે જ્યાંસુધી છે ત્યાંસુધી તેનાથી પ્રભુનું કામ કરી લો. **श्वकार्यमद्यकुर्वीत......** સતકાર્ય કરવું હોય તો આજે જ કરી લો, આવતી કાલ પર રાખો નહિ, એટલું જ નહિ, સાંજ પર પણ રાખો નહિ. સવારના જ કરી લો. **न हि प्रतीक्षते मृत्युः** મૃત્યુ રાહજોતું નથી કે આને હજી ફલાણું કામ બાકી છે તો જીવવા દઉં. તેથી સત્કાર્ય તરત કરી લો.

ચંદ્ર કેવી રીતે વધે છે? ચંદ્રની સોળ કલા છે. તે સોળે કલા પૂર્ણ થાય છે ત્યારે તેને પૂર્ણિમા કહે છે. **संज्ञानम् आज्ञानं विज्ञानं......**વગેરે જીવનની સોળ કળાઓ છે તેમને પ્રભુ તરફ, અધ્યાત્મ તરફ લઇ જાઓ એમ શાસ્ત્રકારો કહે છે. ભગવાને આ શરીરરૂપી માટીનું રમકડું બનાવ્યું છે તેમાં તેણે જાતજાતનો મસાલો ભર્યો છે. તેના લીધે જ તે માણસ બન્યો છે. સ્મૃતિ, મેધા વગેરે વૃત્તિઓ મળી છે તેને વળાંક આપવાનો છે. આ સોળ કલા પૂર્ણ થાય ત્યારે જીવનની પૂર્ણિમા થાય. યાજ્ઞવલ્ક્યનું જીવન એ પૂર્ણિમા જેવું ખીલેલું જીવન હતું. તેમના જીવનમાં તમને બધી કલાઓ ખીલેલી જોવા મળશે.

ચંદ્રની પાસે શુક્લ પક્ષ છે તેમ કૃષ્ણ પક્ષ પણ છે. શુક્લ પક્ષમાં ચંદ્ર એક એક કલા કમાય

છે અને કૃષ્ણ પક્ષમાં એક એક કલા આપી દે છે. અમાસને દિવસે ચંદ્રની પાસે કંઇ જ રહેતું નથી. પ્રતિપદાને દિવસે તે ફરીથી એક એક કલા કમાવાનું શરૂ કરે છે તેથી જ ચંદ્રદર્શનનું મહત્ત્વ છે. આજે લોકો ચંદ્રદર્શન કરવા પડાપડી શા માટે કરે છે? તે દિવસે ચંદ્રની સ્થિતિ પરથી બજારની તેજી કે મંદી ખબર પડે છે તે માટે! આને ચંદ્રદર્શન ન કહેવાય. ચંદ્રે જે કમાવ્યું હતું તે તેણે અમાસ સુધીમાં બધું આપી દીધું. હવે તે પ્રતિપદાથી કમાવાની શરૂઆત કરે છે. રઘુવંશી રાજાઓ આવા જ હતા. રઘુ રાજાનું વર્ણન છે:

स्थाने भवानेकनराधिपः सन्नकिञ्चनत्वं मखजं व्यनक्ति ।
पर्यायपीतस्य सुरैर्हिमांशोः कलाक्षयः श्लाघ्यतरो हि वृध्योः ॥ (रघु. ५/१६)

'યજ્ઞકાર્યમાં પૂરેપૂરી સંપત્તિ આપી દીધા પછીનું અકિંચનપણું પણ શોભી ઉઠે છે, તેથી આપે જે કર્યું છે તે યોગ્ય જ છે. દેવો ચંદ્રની એક એક કલાનું પાન કરે છે તેને લીધે તેની કલાનો ક્ષય થવા હતાં તે ફરીથી વૃદ્ધિ પામે છે, તે શોભારૂપ છે.'

કાલિદાસ કહે છે કે મને સુદપક્ષ કરતાં વદ પક્ષનો ચંદ્ર વધારે ગમે છે. ચંદ્રે જે કમાવ્યું હતું તે બધું તેણે આપી દીધું અને હવે તે પાછો કમાવાને માટે ઊભો થશે. જેને દૈવયોગ થી સંપત્તિ મળે છે તે આપી શકતો નથી. તેનો દસકો સારો ગયો એટલું જ. જેનામાં કમાવાની શક્તિ છે તે જ આપી શકે છે. 'હું ફરી કમાઇશ!' આવી હિંમત જેનામાં છે તે જ આપી શકે. કમાવાનું અને સન્માનથી આપી દેવું આ એક ખુમારી છે, તેમાં એક ગૌરવ છે. આ વાત ચંદ્ર પાસેથી શીખવાની છે.

अलब्धं चैव लिप्सेत लब्धं रक्षेदवक्षया ।
रक्षितं वर्धयेत् सम्यक् वृद्धं तीर्थेषु निक्षिपेत् ॥

'જે મળ્યું નથી તે પ્રાપ્ત કરો, જે મળ્યું છે તેનું રક્ષણ કરો, જેનું રક્ષણ કર્યું છે તે સમ્યક્‌પણે વધારો અને વધેલું સત્કાર્યમાં વાપરી નાખો' એમ શાસ્ત્રકારો કહે છે. આ અર્થશાસ્ત્ર આપણા ઋષિઓનું છે. કમાઓ અને સન્માનથી આપી દો. આપવું જુદું અને સન્માનથી આપવું જુદું. દૈવીસંપત્તિનું દાન એ જુદી વાત છે. ચંદ્રને જોઇને આ બધા ગુણો ખબર પડે છે.

ચંદ્ર સમજાવે છે કે શરીર નાશવંત છે. તેનાથી કામ કરી લો. જીવનમાં સોળ કલાઓ ખીલવો. સુદપક્ષમાં કમાવું જોઇએ અને કૃષ્ણપક્ષમાં સન્માનથી આપવું જોઇએ. જેટલો પ્રકાશ સુદપક્ષમાં છે તેટલો જ પ્રકાશ વદપક્ષમાં છે. લોકો એમ સમજે છે કે શુકલપક્ષ એટલે અજવાળિયાના દહાડા અને કૃષ્ણપક્ષ એટલે અંધારાના દહાડા. પરંતુ બન્ને પક્ષમાં ચંદ્રનો પ્રકાશ એક સરખો જ હોય છે. શુકલપક્ષમાં રાતના પહેલા ભાગમાં પ્રકાશ હોય છે અને કૃષ્ણપક્ષમાં રાતના પાછલા ભાગમાં પ્રકાશ હોય છે, આટલો જ ફરક છે. જે સાધક સવારના વહેલો ઊઠે છે તેને અને સવારના વહેલો ઊઠીને અભ્યાસ કરવાવાળા વિદ્યાર્થીને કૃષ્ણપક્ષમાં ચંદ્રનો પ્રકાશ જોવા મળે છે.

શુકલપક્ષમા બધા ચંદ્ર તરફ જોતા હતા. કૃષ્ણપક્ષમાં તેના તરફ કોઇ જોતું નથી. છતાં તે એટલો જ શાંત, સ્વસ્થ અને સમાધાની છે. તે વખતે ચંદ્રની કોઇને આવશ્યકતા નથી.. પરંતુ તેથી

ચંદ્રના વ્યવહારમાં કોઇ જ ફરક પડતો નથી. આપણા જીવનમાં પણ એવો દિવસ આવશે કે જ્યારે આપણી કોઇને જરૂર નહિ હોય, કોઇ પૂછશે-પણ નહિ. એટલું જ નહિ, આપણાં અસ્તિત્વની પણ કોઇને જાણ નહિ હોય. તે વખતે તેટલી જ શાંત અને સમાધાની વૃત્તિથી જીવવાનું શિક્ષણ ચંદ્ર પાસેથી લેવાનું છે.

આજે બધા ઘરડાઓ વ્યથિત છે. તે યુવાન હતા ત્યારે કુટુંબને તેમની જરૂર હતી. હવે કુટુંબના લોકો પોતાના કામમાં પડી જાય તો ઘરડાને પૂછે કોણ? આવા ઘરડાનો રવિવારનો દિવસ બહુ ભયાનક હોય છે. યુવાનીમાં તે કમાતો હતો એટલે કુટુંબમાં બધાને તેની જરૂર લાગતી હતી. ઘરમાં આવતાં જ છોકરાઓ બોલતા હતાઃ 'પપ્પા આવ્યા, ચોકલેટ લાવ્યા.' હવે તે ઘરડો થયો તેથી કમાતો નથી. છોકરાઓ મોટા થઇ ગયા અને તેઓ પોતે જ કમાય છે, તેથી તે જ 'પપ્પા' ખૂણામાં બેસે છે. વહુઓ તેના દીકરાને લઇને ફરવા ગઇ અને દીકરીઓ તેના જમાઇને લઇને ચાલી ગઇ. હવે એનું કોણ? કોઇ નહિ. તેની કોઇને જરૂર નથી તેથી તેને દુઃખ થાય છે. તેણે ચંદ્ર પાસેથી શીખવું જોઇએ અને શાંતિ અને સમાધાનથી જીવવું જોઇએ.

જીવનમાં પ્રકાશિત થયેલા લોકો એક વખત નિવૃત્ત થયા કે પછી તેમને કોઇ પૂછતું પણ નથી. કલેક્ટર ખુરશી પર બેઠો હોય ત્યાંસુધી તેને બધા સલામ કરતા હોય પણ તે નિવૃત્ત થયો કે પછી તેની સામે કોઇ જોતું પણ નથી. તે સમયે શાંતિ અને સમાધાન રાખવાનું શિક્ષણ ચંદ્ર આપે છે. ચંદ્ર આપણને કંઇ કહે છે, સમજાવે છે પણ આપણે સમજતા નથી. ચંદ્ર જ્યારે કૃષ્ણપક્ષમાં ફરે છે ત્યારે આપણે કોઇ દિવસ ઊઠતા જ નથી. ઘડપણમાં ઊંઘ ઓછી થઇ જાય છે, તે છતાં ઘરડો બહાર જઇને આકાશ તરફ જોતો જ નથી.

આ સૃષ્ટિમાં ચંદ્ર બહુ મોટું શિક્ષણ આપે છે. **पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः**—ચંદ્ર પોતાનું કામ કર્યા જ કરે છે. લોકો માને કે ન માને, તે ચંદ્ર વિચારતો નથી. ચંદ્ર પાસેથી મને આ ગુણ મળ્યો એમ અવધૂત યદુને કહે છે. અવધૂતે ચંદ્રને ગુરુ કર્યો અને આપણે તેને મામા ઠરાવ્યો.

ચંદ્ર એ ભગવાનની એક આંખ છે. ભગવાનની બીજી આંખ સૂર્ય છે.

૭. સૂર્યઃ સૂર્ય પાસેથી આપણે કંઇ લેવાનું છે. આપણે બધા સૂર્યોપાસક છીએ. **तत् सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो यो नः प्रचोदयात्**........સૂર્ય પાસે ઉપકારકતા, પ્રકાશમયતા, નિર્લેપતા અને નિષ્કામતા છે. આપણા જીવનમાં પણ આ ગુણો આવવા જોઇએ. સૂર્ય પાસેથી આ શિક્ષણ લેવા માટે આપણે સૂર્યના ઉપાસક બનવું જોઇએ.

સૂર્યને શા માટે નમસ્કાર કરવાનો? સૂર્યને નમસ્કાર કરો તો રસ્તા પરના મ્યુનિસિપલ દીવાને પણ નમસ્કાર કરવો પડશે. સૂર્ય પ્રકાશ આપે છે તેમ તે દીવો પણ પ્રકાશ આપે છે. સૂર્ય ફક્ત પ્રકાશ નથી આપતો, તે શક્તિ (Energy) પણ આપે છે. સૂર્ય એક સેકંડમાં બે લાખ ટન જેટલી શક્તિ આપે છે એવું વૈજ્ઞાનિકો કહે છે.

સૂર્યનો ઉદય પૂર્વ દિશામાં થાય છે તે ખોટી વાત છે. જે દિશામાં સૂર્યનો ઉદય થાય છે

તેને પૂર્વ દિશા કહે છે. સૂર્યને દિશાની પરાધીનતા નથી. સૂર્યનું જીવન એટલું નિયમિત છે કે જે સમયે જે થવું જોઇએ તે જ થાય છે. સૂર્ય પાસેથી તેવું શિક્ષણ લઇશ અને જે ઉંમરમાં જે કરવું જોઇએ તે જ કરીશ. **कौमारं यौवनं जरा........**અવસ્થામાં તેવી નિયમિતતા હોવી જોઇએ. આજે તો કુમાર ઘરડો બની ગયો છે અને ઘરડો કુમાર જેવું વર્તન કરે છે. કૌમાર્ય, યૌવન અને જરા-આ ત્રણ અવસ્થાઓ છે, તે વિકસિત કરવી જોઇએ.

જે ઉંમરે જે કરવું જોઇએ તે જ કરવાનું નિશ્ચિત હોવું જોઇએ. પચાસ વર્ષની ઉંમર થઇ એટલે અર્ધું જીવન ચાલી ગયું. તો હવે શું કરવાનું? તે જ ઢોકળા ખાવાના, તેની જ તે વાતો કરવાની? જીવનમાં જે કરવું જોઇએ તે કરવું જ જોઇએ. આ શિક્ષણ સૂર્ય પાસેથી લેવાનું છે. કૌમાર્ય, યૌવન અને વૃદ્ધત્વ જેણે ખીલવ્યાં છે તે પ્રકાશના સાચા ઉપાસક છે.

ભારતીય સંસ્કૃતિ પ્રકાશની ઉપાસક છે. પ્રકાશની ઉપાસના આ જ માનવ મનનો પોકાર છે. '**तमसो मा ज्योतिर्गमय.......**અંધકારમય જીવનને પ્રકાશમય બનાવ.' પ્રકાશપૂજાનો અર્થ શો? જ્ઞાનપૂજા એ પ્રકાશપૂજા છે. **धियो यो नः प्रचोदयात्.......** એવી સૂર્ય પાસેથી માગણી કરવામાં આવે છે.

પ્રકાશમાં બધું દેખાય છે. રસ્તામાં જે કંઇ અડચણ, ખાડા હોય—આ બધું પ્રકાશ દેખાડે છે. તેને જ પ્રકાશ કહે છે. જીવનમાં પ્રકાશ છે? હશે તો અજ્ઞાનના અંધારામાં કેટલા સાપ બેઠા છે તે દેખાશે. જે બધું જુએ છે તેને પ્રકાશનો પૂજક કહે છે.

સૂર્યની પાસે કોલાહલ નથી. આપણી બુદ્ધિની પાસે અવાજ નથી પણ જુદી જુદી વાતો જોતાં જ અવાજ ઊભો થાય છે. ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે: '**कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्**—અરે! તારી બુદ્ધિમાં આવો કચરો કેમ આવ્યો?' આપણા જીવનમાં પણ કશ્મલ-કચરો આવે છે. સૂર્ય પાસે કચરો કે કોલાહલ નથી. તેવી જ રીતે આપણા જીવનમાં પણ બુદ્ધિની પાસે કોલાહલ ન હોવો જોઇએ.

આપણે સાંજે દીવો કર્યા પછી નમસ્કાર કરીએ છીએ. તેવી જ રીતે પૂજા કરતી વખતે **प्रथमं दीपपूजनम्** – તો શું દીવો ન હોય તો પૂજા નહિ થાય? અહીં દીવાની નહીં, પ્રકાશની પૂજા છે. મારી બુદ્ધિમાં પ્રકાશ રહેવો જોઇએ અને વચમાં જ તે પ્રકાશ ચાલી જાય તો ચિત્તૈકાગ્રતા ખલાસ! પૂજામાં બેસતી વખતે ભાવ ઊભો થાય છે અને ઊઠતી વખતે ભાવ ચાલી જાય છે, તેથી જ ઘડિયાળ તરફ તરત નજર જાય છે કે હજી કેટલો સમય પૂજા ચલાવવાની છે?

દુઃખની વાત છે કે જે સંસ્કૃતિએ પ્રકાશની પૂજા સમજાવી છે ત્યાં, આજે તમસની—અંધારાની-પૂજા ચાલે છે. બધા દ્વેષ, મત્સર, દૈન્ય, દાસ્યના અંધારાથી ભરેલા છે. તેમની પાસે આશા, ઉલ્લાસ, પ્રેમનો પ્રકાશ લઇ જવાનો છે. આ સૂર્યની ઉપાસના છે. સૂર્ય બધે ઠેકાણે જાય છે અને બધું કામ કરે છે.

આપણી બુદ્ધિ સંકુચિતતાથી ભરેલી છે. તે કાલનું પણ જોઇ શક્તી નથી, જોતી નથી. કાલનું પણ ન જોવાવાળો ગાંડો માણસ કલિયુગમાં જ જન્મે. 'આજે મને જોઇતું હતું તે મળ્યું ને! બસ.' આ વૃત્તિ થઇ ગઇ છે. પણ કાલનું શું? તેનો વિચાર તે કરતો નથી. તેને પૂછવું જોઇએ કે તું

કેટલા લોકોને સ્મશાનમાં બાળી આવ્યો? તારે પણ મરવું છે કે નહિ? તેનો તેં વિચાર કર્યો? તેના માટે તેં શું કર્યું? શું ઉપાડયું? આ બાબતનો વિચાર પણ ન કરતાં માણસ શાંતિથી બેઠો છે અને કહે છે—'I am sixty eight not out—હું અડસઠ વર્ષનો થયો, હજી નોટઆઉટ છું!' તેનું જીવન સ્વાર્થ અને સંકુચિતતાથી ભરેલું છે. આ અંધારું છે. આપણે દ્વેષ-મત્સરથી ભરેલા છીએ. બે વાતો છે—દ્વેષ અને મત્સર. પડોશીને ત્યાં કોઇ નવી વસ્તુ આવે તો દ્વેષ આવે છે અને તેનું સારું થતાં આપણને તેનો મત્સર થાય છે. માણસના મનમાં દ્વેષ-મત્સર આવે છે પણ તે કોઇને દેખાડતો નથી. તેને પૂછો, 'કેમ, તમારી દિવાળી કેવી ગઇ?' તો કહેશે, 'સારી ગઇ' પણ તે દ્વેષ-મત્સરથી ભરેલો છે. તેથી જ, ભગવાને પોતાનું સ્થાન બધાના દિલમાં જ રાખ્યું છે કે જેથી અંદર આવેલા દ્વેષ-મત્સરને જોઇ શકાય.

આશા અને ઉત્સાહ પહેલાં આપણા જીવનમાં આવવા જોઇએ. તે માટે સ્વાધ્યાય કરવો જોઇએ. સ્વાધ્યાયી કોઇ દિવસ નિરાશ ન થાય, નિરુત્સાહી ન બને. સ્વાધ્યાયમાં સભ્યપદ નથી, એટલું જ નહિ, સંહિતા (Code) નથી, કંઠી નથી. સ્વાધ્યાયી એટલે આશાથી ભરેલો, ઉત્સાહથી ભરેલો. રાતદિવસ આપણી આશા, આપણા ઉત્સાહ ઓછાં થાય છે. આપણે રવિવારે સવારના સ્વાધ્યાયમાં ભેગા મળીએ છીએ, તે પાઠશાળામાં આપણા દિલમાં આશા અને ઉત્સાહ ભરવા માટે આવીએ છીએ.

જીવનમાં દૈન્ય-દાસ્યનું અંધારું છે. કોઇનો પણ ઉત્કર્ષ જોતાં જ, તેના ઉત્કર્ષની કદર કરવાની બુદ્ધિ મારામાં રહેતી નથી. અને એ રીતે મારું દૈન્ય છતું થાય છે. મારું દૈન્ય મને પહેલાં ખબર પડવું જોઇએ. આપણે પરિસ્થિતિના ગુલામ બની ગયા છીએ.

કૃષ્ણ ભગવાને કહ્યું છે: 'પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય તેમાં સંદેહ નથી, પરંતુ, તેના પર તું અસવાર થઇને આગળ વધી શકે છે. **उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्** – તું કંઇ નાનો કે ઓછો નથી.' 'હું છું' એવું લાગવું જ જોઇએ, પરંતુ, 'બીજો છે જ નહિ' એવું લાગવું એ પાપ છે. માણસને એમ લાગે છે કે, 'હું છું, બીજો છે જ નહિ. બીજો હશે તો તે મારા ઉપયોગને માટે છે. તેની મને જરૂર છે. તે ઉપયોગમાં ન આવતો હોય તો ફેંકી દો.' આવું લાગવું એ પાપ છે.

'પાપ' શબ્દનો અર્થ 'ચોરી કરવી' ઇત્યાદી જેટલો મર્યાદિત નથી. બીજાના પરસેવાનું ન ખાવું જોઇએ એ તદન સામાન્ય વાત છે. માણસની અસ્મિતા જાગૃત થાય તો તે બીજાના પરસેવાનું લે નહિ. ચોરી કરવી એ નૈતિક પાપ છે પણ બીજો છે જ નહિ એવું સમજવું એ આધ્યાત્મિક પાપ છે. માણસનો **'अहम्'** શબ્દનો અર્થ પાકો થયો છે પણ તેણે **त्वम्** શબ્દનો અભ્યાસ જ કર્યો નથી.

જીવનમાં અંધારું છે તે કાઢવું પડશે. સૂર્યની પાસેથી પ્રકાશમયતા, ઉપકારકતા, ઉત્સાહ, ચૈતન્ય, આશા, પ્રેમ, નિષ્કામતા જેવા ગુણો શીખવા પડશે, તો જ માણસનું જીવન ઉન્નત થાય. આપણા પૂર્વજોએ એટલા માટે જ સૂર્યની ઉપાસના કરવાનું કહ્યું છે. આજે તો ફક્ત બ્રાહ્મણો પૂરતી જ સંધ્યા રહી છે. વાસ્તવમાં, બધા વર્ણો માટે સંધ્યા હતી. સૂર્યનું દર્શન કરો. સૂર્ય પાસે નિષ્કામતા છે. સૂર્યને તમારી પાસેથી કંઇ લેવું નથી. સૂર્યે કંઇ માગ્યું નથી અને તેને તમારી પાસેથી નમસ્કારની

પણ અપેક્ષા નથી. તે કોઇ પાસેથી કશું માગતો નથી છતાં સતત કામ કરે છે. તમે તેને નમસ્કાર કર્યા કે નહિ તે સૂર્ય જોતો નથી. તમે સૂર્યને નમસ્કાર કરશો તો ભગવાન પાસે તમારી કૃતજ્ઞતા નોંધાશે.

કેટલાક લોકો નિવૃત્ત થયા પછી સામાજિક કામ કરે અને કહે, 'હવે હું માનદ્ કામ (honorary work) કરું છું.' પરંતુ, તેમાં માન (Honour) ની માગણી છે. કોઈ એકાદ કામ એવું પણ કરી દેખાડે કે જેની પછવાડે કોઈ સ્વાર્થ નથી, માગણી કે અપેક્ષા નથી, તો તે સૂર્યનો ઉપાસક છે એમ કહી શકાય. સૂર્યના ઉપાસકે ફક્ત અર્ધ્ય આપવાના નથી. જૂનાકાળમાં બ્રાહ્મણો સૂર્યને અર્ધ્ય આપતા હતા. તેમાં ચૈતન્ય, ઉત્સાહ, સ્ફૂર્તિ વગેરે જે કંઇ ગુણો મારી પાસે છે તે મારે કોઇને આપવા છે એવી ભાવના હતી. અર્ધ્યમાં પાણી આપવાનું છે. પાણીનો અર્થ જ ઉત્સાહ, સ્ફૂર્તિ, ચૈતન્ય. સવારના ઊંઘમાંથી ઊઠયા પછી આંખ ઉપર પાણી છાંટો તો સ્ફૂર્તિ આવે છે. પાણીમાં ચૈતન્ય છે. વિશ્વને આપવા માટે મારી પાસે ચૈતન્ય છે, ઉત્સાહ છે, તેનું અર્ધ્યપ્રદાન મારે કરવું છે.

માણસે જીવનમાં એકાદ કામ પણ નિષ્કામતાથી કરવું જોઇએ. આપણી ભક્તિફેરી એ સામાજિક કામ નથી. આપણે ગામેગામ જઈએ છીએ તે આધ્યાત્મિક કામ છે. એક પણ એવું કામ દેખાડો કે જેમાંથી તમે કંઇ લીધું નહિ. હું ભક્તિફેરીમાં જાઉં છું ત્યારે ઠંડીના દિવસો હોવા છતાં મેં કોઈની પાસેથી કોફી કે ચા માગ્યા નથી, એટલું જ નહિ, કોઈ મને આપે એવી ઈચ્છા પણ કરી નથી. ભક્તિફેરીમાં જવાવાળાની આવી દૃષ્ટિ છે. ભક્તિફેરીમાં ગયા પછી ગામવાળાઓ પાસેથી કંઇ લેવું નહિ એવો કર્મકાંડ સ્વાધ્યાયીઓએ ઊભો કર્યો છે.

'નિષ્કામતા' આ શબ્દ જ બહુ મોટો છે. ભક્તિની દૃષ્ટિ આવશે તો જ નિષ્કામતા આવશે. હું માનદ્ કામોની મશ્કરી નથી કરતો. પરંતુ તે કામો કરવાવાળાના મગજમાં ભક્તિ નથી. તેમનામાં સન્માનની ઈચ્છા છૂપી રહે જ છે. તેને સન્માન ન મળે તો તે કામ છોડી દે છે. નિષ્કામતા પ્રાપ્ત કરવા ભક્તિ ઉપાડવી જોઇએ. માણસ એકાદ નિષ્કામ કર્મ કરે તો તે સૂર્યની ઉપાસના છે. આપણું આખું જીવન નિષ્કામ થઇ શકતું નથી. કારણ આપણે તો કામનાથી ભરેલા છીએ; પરંતુ, એકાદ કામ તો નિષ્કામતાથી જરૂર કરીશું.

સૂર્ય પાસે નિર્લેપતા છે. ઘણી વખત વાદળ આવે છે, ધૂળ પણ ઊડે છે, તેમનાથી ઢંકાઇ જવા છતાં સૂર્ય નિર્લેપ રહે છે. સૂર્ય પાસેથી આવી નિર્લેપતા લેવાની છે. આપણને જગતમાં ફરવું છે તેથી કચરો આવવાનો જ; પરંતુ સૂર્ય પાસેથી નિર્લેપતા શીખવાની છે. સૂર્ય પાસેથી ઉપકારકતા પણ લેવાની છે. ઉપકાર કરવા જોઇએ અને તેનું સાતત્ય ટકવું જોઇએ.

કેટલાક લોકો પોતાના જન્મદિવસ નિમિત્તે કંઇ ઉપકાર કરે પણ તેનું સાતત્ય હોતું નથી, એનું કારણ, તેની પાછળ તત્ત્વજ્ઞાન નથી. જે કામ ઉપાડો તેમાં સાતત્ય હોવું જોઇએ. **स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः**—સૂર્ય પાસેથી નિષ્કામ કર્મયોગનું સાતત્ય ઉપાડવાનું છે. સૂર્યોપાસક થયા વગર જીવનવિકાસ ન થાય તેથી જ અવધૂતે સૂર્યને ગુરુ કર્યો છે.

સૂર્યની પ્રકાશપૂજા એટલે જ જ્ઞાનપૂજા. જ્ઞાનનું પરિણામ પ્રકાશ છે તેથી જ્ઞાનપૂજા આવશ્યક

છે.

૮. કબૂતરઃ આટલું સમજાવ્યા પછી તેમણે એક પંખીને ઉપાડયું છે. અત્યંત સ્નેહથી, આસક્તિથી બુદ્ધિનું સ્વાતંત્ર્ય ખતમ થઇ જાય છે, બુદ્ધિ વિચારી જ નથી શકતી, આ વાત કબૂતરનું ઉદાહરણ આપીને સમજાવે છે.

આંખ ખુલી કે સામે વ્યક્તિ કે વસ્તુ દેખાય છે. તે વિષય જ છે. જે વિષય છે તે આકર્ષક છે અને આવશ્યક લાગે છે. કોઇના ઉપર અતિ સ્નેહ રાખવો તેમાં જોખમ છે. આ વાત હું કબૂતર પાસેથી શીખ્યો એમ અવધૂત કહે છે.

અહિં કબૂતરની વાર્તા કહી છે. મનુષ્ય જીવન ઉપર આ અન્યોક્તિ છે. તું ગધેડો છે એમ કોઇને કહેવાનું નહિ. ગધેડો આવો હોય છે એમ કહેવાથી સામેવાળો સમજી જાય. આ અન્યોક્તિ દ્વારા સંસ્કાર આપવાવાળા અથવા તો કંઇ સમજાવવાવાળા, લોકોને સમજાવે છે કે કોઇના ઉપર સીધો આરોપ ન કરવો. તેને આડકતરી સમજાવીને પોતાના તરફ ખેંચવો જોઇએ.

એક કબૂતર ફરતું હતું. ત્યાં એક કબૂતરી આવી. કબૂતર અને કબૂતરી બન્ને સાથે રહેવા લાગ્યાં. સાથે રહેવાથી તેમની વચ્ચે પ્રેમ વધ્યો. બન્ને એક બીજા પર અત્યંત વહાલ કરવા લાગ્યા. આવી રીતે એક આખા પરિવારનું ચિત્ર ઊભું કર્યું છે. નરને જોઇને માદા ખુશ થઇ ગઇ. તેને ખુશ રાખવી તે મારું કર્તવ્ય છે એમ કબૂતરને લાગ્યું. તે પત્નીની ખુશીમાં પોતાની ખુશી માનવા લાગ્યું, એટલું જ નહિ, કબૂતરીને ખુશ રાખવી એ મારા જીવનની ઈતિકર્તવ્યતા છે એવું તેને લાગ્યું. છેવટે **अग्रे सा गजगामिनी प्रियतमा पृष्ठेऽपि सा दृश्यते.......सर्वत्र सा** દેખાય એવી સ્થિતિ કબૂતરની થઇ ગઇ. તેમને છોકરા થયા. બચ્ચાંને પાંખો આવી અને તે ઊડવા લાગ્યાં. બન્ને જણ બચ્ચાંના પાલનપોષણમાં આનંદ માનવા લાગ્યાં.

એક દિવસ લોભાવિષ્ટ થઇને બચ્ચાં એક પારધીની જાળમાં ફસાઇ ગયાં. તેમને બચાવવા જતાં કબૂતરી પણ જાળમાં ફસાઇ ગઇ. ત્યાં કબૂતર આવીને બેઠું. પોતાના આખા કુટુંબને જાળમાં ફસાયેલું જોઇને કબૂતર એકદમ હતાશ થઇ ગયું. તેને લાગ્યું કે પત્ની અને બચ્ચા વગર મારું આ જગતમાં કોણ છે? મારે હવે શા માટે જીવવું? હું પણ કેમ મરી ન ગયો? આવી રીતે કબૂતર ત્યાં રડવા લાગ્યું. આ માનવપરિવારનું ચિત્રણ છે પણ તે કબૂતરરૂપે સમજાવ્યું છે. શોક અને દુઃખથી માણસ ધર્મચ્યુત અને કર્તવ્યચ્યુત બને છે, એવું ભાગવતકારે લખ્યું છે. કબૂતરે **अतृप्तास्मः अकृतार्थास्मः** કહીને પોતાના પ્રાણોનો ત્યાગ કર્યો. વાઙ્મયમાં અન્યોક્તિ દ્વારા સમજાવવાનો આ એક રસ્તો છે. વેદાંત કહે છે: **मातापितृसहस्राणि पुत्रदारशतानि च........** તારા કેટલા જન્મો થયા, કેટલા માતા-પિતા, કેટલી પત્ની વગેરે થયા, તને કંઇ ખબર છે? બધું **दीर्घस्वप्नमिमं विद्धि......**દીર્ઘ સ્વપ્ન છે એમ સમજ.

પત્ની અને છોકરા મરી જવાથી કબૂતરને પોતાનું જીવન અતૃપ્ત, અકૃતાર્થ-વ્યર્થ લાગ્યું, તેથી તે પોતે પણ મરી ગયું. અહીં પ્રશ્ન ઊભો થાય છે કે હું શા માટે જન્મ્યો? શું હું ફક્ત કુટુંબ માટે જ છું? મારે જીવનમાં શું કરવાનું છે? જીવિત કોને કહેવાય? તેના ઉપર જે વિચાર કરતો નથી તેની બહુ જ ખરાબ સ્થિતિ થાય છે. પત્ની તથા છોકરાઓનું પાલનપોષણ કરવું જોઇએ

એ વાત સાચી; પરંતુ, ભર્તૃહરિ રાજા કહે છે:

विरमत बुधा योषित्संगात्सुखात् क्षणभंगुरात्
कुरुत करुणामैत्रीप्रज्ञावधूजनसङ्गमम् ।
न खलु नरके हाराक्रान्तं घनस्तनमण्डलम्
शरणमथवा श्रोणीबिम्बं रणन्मणिमेखलम् ॥ (वै. श. ६१)

આ શ્લોકનો અર્થ સમજશો તો સારી વાત છે અને નહિ સમજો તો તમે ભાગ્યશાળી છો! હું શા માટે જન્મ્યો છું? આ એક પ્રશ્ન છે. અતિશય પ્રેમ અને આસક્તિમાં જોખમ છે. તેના લીધે માણસ પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. મારું કોણ છે? મને આ જગતમાં મોકલવાવાળો મારો છે કે કુટુંબ મારું છે? મારે કોના માટે જીવવાનું છે? શું મારે ફકત કટુંબ માટે જીવવું? મને જેણે જન્મ આપ્યો છે તે ભગવાન માટે મારે જીવવું કે નહિ? મને માનવદેહ મળ્યો છે. હું બુદ્ધિ લઇને આવ્યો છું. હું બુદ્ધિશાળી પ્રાણી છું તો ભગવાન માટે પણ કંઇ કરવું જોઇએ. મારે મારું જીવન સાર્થક કરવું છે કે જેવો આવ્યો તેવો કોરો જ જવાનો? ભાગવતકારે તેને **आरूढच्युत** કહ્યો છે. **आरूढच्युत** એટલે મોક્ષ સુધી જઇને પાછો આવવાવાળો. ભગવાને બુદ્ધિ આપી, વૈભવ આપ્યો, બધું આપ્યું. ભગવાને મને શું નથી આપ્યું? મેં તેનો શો ઉપયોગ કર્યો? જેને સુખ-સંપત્તિ મળે છે છતાં જે કરવાનું કામ નથી કરતો તેને **आरूढच्युत** કહે છે.

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोभिजायते—ભગવાને શારીરિક શક્તિ, બુદ્ધિશક્તિ, વિત્તશક્તિ—આમાંથી કોઇને કોઇ શક્તિ આપીને મોકલ્યા છે. સુખ-સગવડો હોવાં જ જોઇએ. ઓફિસમાં એરકંડીશનર બેસાડે છે તે સુખોપભોગ નથી, તેને આવશ્યકતા માનવામાં આવે છે. તેનો ખર્ચ આવક-વેરામાંથી મજરે મળે છે. એરકન્ડીશનરથી માણસની કામ કરવાની શક્તિ જળવાઇ રહે છે અને શક્તિ જળવાઇ રહે તો તે બમણું કામ કરે છે. તેને ધંધાનો એક ભાગ ગણવામાં આવે છે.

જેમને આ સૃષ્ટિમાં આવું-સુખ-સગવડવાળું જીવન મળ્યું છે તે તેમની શક્તિ જળવાઇ રહે તે માટે મળ્યું છે. આવી ટકી રહેલી શક્તિ તમે ક્યાં વાપરશો? સવારથી સાંજ સુધી મજૂરી કરવાવાળાને રોટલી કમાવા માટે જ બધી શક્તિ વાપરવી પડે છે. કેટલાક એવા પણ છે કે જેમનો રોટલો તૈયાર છે. તેમની પાસે પડી રહેલી વધારાની શક્તિ તેઓ ક્યાં વાપરશે? સૌથી વધારે જગતમાં કોઇ બગડેલા હોય તો તે ભગવાનના ફર્સ્ટકલાસ દીકરાઓ. તે જેટલા બગડે છે તેટલો મજૂર નથી બગડતો. જેની પાસે વધારાની શક્તિ છે તેઓ જ બગડે છે. તેમની પાસે શક્તિ હોવા છતાં તેમને કામ મળતું નથી.

ભગવાને જેમનામાં વધારાની શક્તિ રાખી છે તેઓ જન્મતાંની સાથે જ મસ્તી કરવા લાગે છે, બીજાને હેરાન કરે છે. શા માટે? જીવન ચલાવવા માટે જે શક્તિ જોઇએ તેના કરતાં વધારે શક્તિ હોય તો તે ક્યાં વાપરવાની તેની તેમને ખબર નથી. પરિણામે તે લોકો જ બધું ઊલટું-સૂલટું કરે છે, અથવા તો કલબમાં જઇને પાનાં રમે છે અને ભોગવિલાસમાં બધી શક્તિ ખલાસ કરે છે. તેમને આ જન્મમાં સારી સ્થિતિ મળી છે તેથી તેઓ ભગવાનના લાડકા તો છે જ. તેમણે

વિચાર કરવો જોઇએ કે કોઇને આટલી બુદ્ધિ, આટલી શક્તિ મળી નથી અને મને જ શા માટે મળી છે? કોઇને નહિ અને મને જ આટલી સારી પત્ની અને આટલા સારા છોકરા કેમ મળ્યા? શું મારે તેમનામાં જ મસ્ત રહેવું? કેવળ ભોગની પાછળ પડેલા, તેમાં જ મચી રહેતા લોકોને આરુઢચ્યુત કહે છે. તે મોક્ષ સુધી જાય છે અને પાછો નીચે આવે છે. તેમને માટે **मांसमीमांसयन्ति.......** એમ શંકરાચાર્યે લખ્યું છે.

આવા લોકો જ અનંત અપરાધો કરે છે અને તેમને જોઇને સામાન્ય માણસો પણ તેવા અપરાધો કરે છે. આવા ફર્સ્ટકલાસ દીકરાઓ ઉપર સૌથી વધારે જવાબદારી છે. જે બુદ્ધિમાન છે, વિત્તવાન છે અને કર્તૃત્વવાન છે તેમને જોઇને જ સામાન્ય માણસ બગડે છે. ભગવાને આપેલા સુખ-સગવડોનો સ્વીકાર કરવો જ જોઇએ; પરંતુ તે મને જ શા માટે મળ્યા છે? તેનો પણ તેમણે વિચાર કરવો જોઇએ.

માંસમીમાંસા, કર્મમીમાંસા અને બ્રહ્મમીમાંસા—આવી ત્રણ મીમાંસા છે. ખાઓ પીઓ અને મજા કરોની વૃત્તિવાળા માંસમીમાંસાવાળા છે. કુટુંબ અને ભૌતિકસુખ માટે જે કંઇ કરશો તે માંસમીમાંસામાં જ જાય છે. તમે ધંધા માટે બજારમાં કે ઓફિસમાં કામ કરવા માટે જાઓ છો તે કર્મ નથી. વેદાંતમાં કર્મ કોને કહે છે? માંસમીમાંસાને છોડીને જે કર્મો કરો તે કર્મમીમાંસામાં જાય છે. ત્યારપછી બ્રહ્મમીમાંસા થાય. શંકરાચાર્યે લખ્યું છે:

देहस्त्रीपुत्रमित्रानुचरहयवृषास्तोषहेतुर्ममेत्थं
सर्वे स्वायुर्नयन्ति प्रथितमलममी मांसमीमांसयेह ।
एते जीवन्ति येन व्यवहृतिपटवो येन सौभाग्यभाज –
स्तं प्राणाधीशमन्तर्गतममृतममुं नैव मीमांसयन्ति ॥ (शतश्लोकी/५)

(દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, સેવક, ઘોડા, બળદ વગેરેને ખુશ રાખવામાં, એટલે કે માંસમિમાંસા પાછળ જ દરેક જણ પોતાનું આયુષ્ય ગુમાવે છે. જ્યારે વ્યવહારચતુર, જેનાથી પોતાને સૌભાગ્યવંત માને છે તેને માટે જીવે છે; પરન્તુ પ્રાણના અધીશ સમા, અન્તર્ગત અમૃતરૂપ આત્મતત્ત્વની મિમાંસા કોઇ કરતું નથી.)

અર્થાત્ માંસમીમાંસા માટે પણ સમય આપવો જ જોઇએ; પરંતુ તેઓ ભૌતિક જીવન માટે જ પોતાની બધી શક્તિ વાપરે છે તે શોભતું નથી. અબીલ કપાળે લગાડો તો શોભે પરંતુ તે સારું છે માટે આખા મોઢાને લગાડો તો? માણસ જન્મથી મૃત્યુ સુધી કેવળ માંસમીમાંસા જ કરે છે. તે બીજું કંઇ વિચારતો જ નથી. જ્યારે માણસને વિત્ત મળે છે, સારું કુટુંબ મળે છે ત્યારે પૈસા માટે અને કુટુંબ માટે જ મારૂં જીવન છે એવું તેને લાગે છે. તેણે વિચારવું જોઇએ કે પોતાનું પણ કંઇ સ્વતંત્ર જીવન છે કે નહિ? શું કેવળ ભૌતિક વાતો માટેજ જીવન છે? પત્ની, છોકરાઓ પાસેથી હૂંક મળે છે પણ તેમના નાદમાં પડીને માણસ ભગવાનને જ ભૂલી જાય છે. ખરી રીતે સૌથી મોટી અને મહાન હૂંક કોઇ આપતો હોય તો તે ભગવાન, પણ માણસ તેને જ ભૂલી જાય છે. આ અર્થમાં ખરો ત્યાગી(!) તે જ છે.

એક સંન્યાસીને એક શેઠ મળવા આવ્યો. તેણે સંન્યાસીને નમસ્કાર કર્યા. સંન્યાસીએ ઊઠીને

શેઠને નમસ્કાર કર્યા. શેઠે પૂછ્યું: 'તમે મને શા માટે નમસ્કાર કરો છો?' સંન્યાસીએ પૂછ્યું: 'પહેલાં તમે કહો કે તમે મને શા માટે નમસ્કાર કર્યા?' શેઠ કહે: 'તમે વિકાસને માટે ભૌતિક સુખોનો કેટલો ત્યાગ કર્યો છે? તેથી મેં તમને નમસ્કાર કર્યા.' સંન્યાસીએ કહ્યું: 'એમ! પણ તમે તો મારા કરતાં પણ વધારે મોટા ત્યાગી છો. કારણ, હું પોતાને પકડીને બેઠો છું તેમ મને જન્મ આપવાવાળા, જીવન ચલાવવાવાળા ભગવાનને પણ પકડીને બેઠો છું. તમે તો ભગવાનને જ છોડી દીધો છે તેથી તમે મારા કરતાં પણ મોટા ત્યાગી છો. તમે ભગવાનનું કામ કરતા નથી. સવારે ઊઠયા કે બજારભાવ જ જુઓ છો. ભગવાન પ્રત્યેના ભાવની તમને પડી જ નથી, તેથી મેં તમને નમસ્કાર કર્યા.'

મુંબઇ જેવા મોટા શહેરમાં વસ્તુઓના ભાવની પાછળ પડીને માણસનો જીવનનો ભાવ જ ચાલી જાય છે. તેને બીજી કંઇ ખબર જ નથી રહેતી. માનવનું જીવન મળ્યું છે તો વિચાર કરવો પડશે કે વિષય સત્ય કે વિષય બનાવવાવાળો સત્ય? સત્યનારાયણની પૂજા કરવાવાળાએ 'સત્ય' શું તેનો વિચાર કરવો જોઇએ.

વિષય સુંદર કે વિષય બનાવવાવાળો સુંદર? વિષય સુંદર છે જ પણ વિષય બનાવવાવાળો તેનાં કરતા સુંદર છે; એનું કારણ તેણે વિષય પોતાનામાંથી જ બનાવ્યા છે. બ્રહ્મમાંથી જગત ઉદ્ભવ્યું છે. ઘણી વખત એવું બને છે કે કલાકૃતિ સુંદર હોય છે પણ તે નિર્માણ કરનાર કલાકાર સુંદર હોતો નથી; પરંતુ, અહીં કલાકાર પોતે જ કલાકૃતિમાં ઘૂસી ગયો છે. વિષય સુંદર છે પણ તે બનાવનાર કલાકાર—ભગવાન તેના કરતાં વધારે સુંદર છે.

વાલ્યા કોળીને જ્યારે નારદજી મળ્યા ત્યારે તેમણે પૂછ્યું: 'તું રોજ આટલા લોકોને શા માટે મારે છે?' વાલ્યાએ કહ્યું: 'મને પૈસા જોઇએ તે માટે.' નારદજીએ પૂછ્યુ: 'તને પૈસા શા માટે જોઇએ?' તે કહે: 'મારી પત્ની અને મારા છોકરાઓને સુખી કરવા માટે.' નારદજીએ કહ્યું: 'એમ! તો જેમના માટે તું આ કુકર્મ કરે છે તેમને પૂછી આવ કે તેઓ તારા પાપમાં ભાગીદાર થશે કે?'

વાલ્યો પોતાના કુટુંબી જનોને તે બાબત પૂછે છે. ત્યારે પત્ની કહે: 'તમે પૈસા કેવી રીતે લાવો છો તેની મને શું ખબર? તેની જવાબદારી તો તમારા ઉપર જ હોય ને! મારા પર શાની હોય?'

શાસ્ત્રકારો પણ કહે છે કે પતિ સારું કામ કરે તો તેના પુણ્યમાં તેની પત્ની ભાગીદાર થાય છે; પરંતુ, પતિએ કરેલા પાપમાં તે સહભાગી નથી થતી. ઊલટું, પત્ની સારું કામ કરે તો પતિને તેના પુણ્યમાંથી ભાગ મળતો નથી. પત્ની જો પાપ કરે તો પતિ તેમાં ભાગીદાર બને છે. શાસ્ત્રકારોએ સ્ત્રીજાતને સંભાળી છે. વિનોદમાં કહેવાનું હોય તો શાસ્ત્રકારો સ્ત્રીપક્ષપાતી છે. તેમણે પુરુષો પર અન્યાય કર્યો છે. તમે શાસ્ત્ર વાંચ્યું નથી તેથી થયેલા અન્યાયની તમને ખબર નથી.

વાલ્યો પાછો ફરે છે ત્યારે નારદજી તેને કહે છે: 'તું તને જ ભૂલી ગયો છે. તારી પાસે શક્તિ પડી છે. તું ભગવાનનો લાડકો પણ બની શકે છે.' મારે કંઇ બનવું છે તે પણ એક કામ છે. ભગવાને શક્તિ આપી છે, બુદ્ધિ આપી છે, પૈસા આપ્યા છે તો સારું કામ કરો, આગળ વધો અને ભગવાનને વહાલા બની જાઓ. આનો અર્થ એવો નથી કે વિષયોને છોડી દેવા; પરંતુ,

આખું જીવન વિષયપ્રાપ્તિની પાછળ વેડફી નાખવું ન જોઈએ. માણસે પોતાના વિકાસ માટે પણ જીવનનો કંઇ ભાગ રાખવો જોઈએ. તારું પોતાનું જીવન પણ છે કે નહિ, તેનો વિચાર કર્યો? તારી સાથે કોણ આવશે? છોકરો આવશે કે પત્ની આવશે? છોકરો પાણી આપશે—જો તે સ્વાધ્યાયી હશે તો! નહિ તો તને પાણી પણ નહિ મળે.

કેટલાક લોકો બાપા મરી જાય તો પણ સૂતક પાળતા નથી. બાપા મરી જાય તો પણ બીજે દિવસે ફેક્ટરી ઉપર જાય છે. કહે છે કે અમે સૂતક પાળતા નથી. બાપા મરી ગયા પણ અમે બીજે દિવસે ફેક્ટરી પર હાજર! ‘કેમ જાણે તે સ્થિતપ્રજ્ઞ(!) ના બાપ ન હોય! તેનો અર્થ એટલો જ કે કૂતરાનો બાપ મરી જાય તો પણ તે રોટલી શોધવા જાય જ છે. તેના હર્ષ અને શોક ચાલ્યા ગયા છે.

એક શેઠ પોતાના મહેતાજીને કલકત્તામાં કામ કરવા માટે મોકલે છે. મહેતાજી સોંપેલું કામ ન કરતાં ફક્ત રસગુલ્લા ખાઇને જ પાછો આવે તો? આનો અર્થ એ નથી કે કલકત્તા ગયા પછી રસગુલ્લા ન ખાવા. રસગુલ્લા તો ખાવા જ જોઇએ. પણ શેઠે સોંપેલું કામ પહેલું કરવું જોઈએ. જો મહેતાજી ટી.એ., ડી.એ. લે અને કામ ન કરતાં ફક્ત રસુગુલ્લા ખાઇને પાછો આવે તો, શેઠ તેને નોકરીમાંથી રૂખસદ જ આપે. આવી રીતે ભગવાને જે કામ કરવા માટે જગતમાં મોકલ્યા છે તે કામ કર્યા વગર, ફક્ત વિષયોપભોગ માણીને પાછા જઈશું તો ભગવાન આપણને માનવજીવનમાંથી કાઢી નાખશે. ભગવાન કહેશે: ‘તું ઈંદ્રિયસુખની પાછળ જ દોડયો છે. તેં તારી બધી શક્તિ તેમાં જ વાપરી નાખી છે. તો તારો વર્ગ પશુમાં છે. તું પશુયોનિમાં જ જા, તે પણ મારાં જ સંતાન છે. હું તને પશુ બનાવું છું તે કંઇ તને સજા નથી. પશુમાં પણ હું બેઠો જ છું.’ આમ જેમ વિકાસક્રમ (evolution) છે તેમ સંકીર્ણતા (involution) પણ છે.

વિશ્વ એટલે વસ્તુ અને વિષય. વિષયને જોઇને હું મને ભૂલી ગયો તેમ ભગવાનને પણ ભૂલી ગયો. મેં મારા વિકાસને માટે કંઇ કર્યું નહિ, ભગવાનને માટે પણ કંઇ કર્યું નહિ. તો પછી કર્યું શું? કબૂતરને ભોગમાં જ તૃપ્તિ અને કૃતાર્થતા લાગે છે. માણસને પણ ભૌતિક જીવનમાં જ તૃપ્તતા અને કૃતાર્થતા લાગે છે. આપણું જીવન પણ પક્ષી જેવું ચાલે છે એવું કબૂતરનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે.

ગુજરાતી ભાષા બહુ તાત્ત્વિક છે. તેમાં પક્ષીનો માળો અને માણસનો પણ માળો કહે છે. બન્નેનાં ઘર માટે એક જ શબ્દ છે. હિંદીમાં પક્ષીના માળાને **घोंसला** અને મરાઠી ભાષામાં **घरट्** કહે છે. અંગ્રેજી ભાષામાં તેને નેસ્ટ (nest) કહે છે. ગુજરાતી ભાષા બન્ને માટે ‘માળો’ શબ્દ વાપરીને સમજાવે છે કે તમારા અને પક્ષીના જીવનમાં કંઇ ફરક નથી. તમારું પણ પક્ષી જેવું જ જીવન ચાલે છે.

જીવનવિકાસ એટલે શું? કેટલાક લોકોને કોઇ ચમત્કાર દેખાડે તો તેનો જીવનવિકાસ થયેલો છે એમ લાગે છે. આ ખોટું છે. જીવનની સોળ કલાઓ —**संज्ञानम् आज्ञानम्**....... વગરે વિકસિત કરીને, તેમનું મોઢું જેમણે ભગવાન તરફ વાળ્યું છે, તેઓ જીવનવિકાસ સાધેલા કહેવાય. મેં મારા માટે કંઇ કર્યું નહિ, ભગવાનને માટે કંઇ કર્યું નહિ. કેવળ પરિવારને માટે અતિ સ્નેહ અને અતિ

આસક્તિ રાખી તો તે કબૂતર જેવું જ જીવન છે.

વિષયો ભગવાને આપ્યા છે તે સ્વીકારવા જોઇએ. પરંતુ તે મેળવવાને માટે બધી જ શક્તિ વાપરવાવાળા ફસાઇ જાય છે. મળેલી શક્તિનો નિશ્ચિત ભાગ જીવનવિકાસ માટે વાપરવો જોઇએ. 'હું' ની સાથે 'ભગવાન'નો વિચાર કરવાવાળા લોકો માટે વિષય, સદ્‌વિષય બની જાય છે.

નોકર, સ્ત્રી-પત્ની, પૈસા, વેપાર, મિત્રો બધા સારા છે પણ તે ક્યાં સુધી? હું અને ભગવાન હોઇશું તો! પરંતુ, સાઠ વર્ષ સુધી મેં ન જોયું મારા જીવન તરફ કે ન જોયું ભગવાનનું કામ. આ જગતમાં કોઇને મફત કશું મળતું નથી. તમે ભગવાનના દરબારમાં તેનું કંઇ કામ કર્યું હશે તેથી ભગવાને તમને આ જન્મમાં કોઇ વાતની અછત રહેવા ન દીધી. ભગવાનને લાગ્યું હશે કે આ જન્મમાં વિત્તની પાછળ છે પણ વૃત્તિ સારી છે, કામ કરે છે, મારા કામમાં પૈસા વાપરે છે તે સારી વાત છે. બીજા જન્મારે તે તમને વિત્તવાન બનાવી દે છે. બીજા જન્મારે વિત્ત મળતાં જ તમે માત્ર વિત્તને સંભાળવાના કામમાં જ પડી જાઓ છો.

'હું' અને 'ભગવાન'—ને ભૂલવા ન જોઇએ. કુટુંબને સંભાળવું જોઇએ; પરંતુ, તમારી પાસે અતિરિક્ત શક્તિ છે, તે તમે ક્યાં વાપરો છો? મોટા મોટા વિત્તવાન લોકો પાસે ઘણી અતિરિક્ત શક્તિ હોય છે. તેમને પૂછો કે તે તમે ક્યાં વાપરો છો? તે કહેશે: 'અમને તો મરવાની ફુરસદ નથી. અમારી ત્રણ ફેક્ટરી છે. હવે ચોથી કાઢવાના કામમાં પડયા છીએ.' અરે! મરવાની ફુરસદ તો કાઢવી જ પડશે. તમને પૂછે છે કોણ? 'ચાલ' બેલ્યા પછી યમરાજની સાથે જવું જ પડશે. આવા લોકો જ બગડી જાય છે, કારણ, તેઓ જીવનનો વિચાર કરતા નથી.

સંસ્કૃત ભાષામાં કાલિદાસે રઘુવંશમાં ચિતરેલો **अजविलाप** નો પ્રસંગ બહુ જ સુંદર છે. સંસ્કૃત ભાષા જ સુંદર છે. તે વાંચી ન હોય તો કંઇ નહિ પણ તેના માટે પ્રેમ તો રાખો! સંસ્કૃત ધાર્મિક અને આધ્યાત્મિક ભાષા (Religious and philosophical language) છે એમ સમજીને તેની ઉપેક્ષા કરો તે ન ચાલે.

વાર્તા એવી છે કે, નારદજીની વીણા પરની ફૂલની માળા અજરાજાની પત્ની ઈંદુમતિ પર પડી અને તે મરી ગઇ, તેથી અજ વિલાપ કરવા લાગ્યો આ બધું વર્ણન **रघुवंशकाव्यम्** માં છે. તે વાંચવાની ફુરસદ રઘુવંશી લોકોને નથી. તેમને પૈસા કમાવા એ જ એક વાતની ખબર છે. તેથી જ તેઓ રઘુવંશી મટીને રઘુવંસી(!) બની ગયા છે.

ઈંદુમતી મરેલી પડી છે, ત્યાં અજ વિલાપ કરે છે. ઈંદુમતિ પર પડેલી માળા પણ ત્યાં પડી છે. તે જ માળા અજ વિલાપ કરતાં ઉપાડે છે અને પોતાના ગળામાં પહેરે છે. તેને લાગે છે કે જો આ માળાથી ઈંદુમતિ મરી ગઇ તો હું પણ તે પહેરીને મરી જાઉં. માળા પહેર્યા પછી પણ તે મરતો નથી. અજ કહે છે: 'આ માળા જો જીવ લેવાવાળી હોય તો હું તે માળા પહેરીને કેમ મરતો નથી?'

स्रगियं यदि जीवितापहा हृदये किं निहिता न हन्ति माम् ।
विषमप्यमृतं क्वचिद्भवेदमृतं वा विषमीश्वरेच्छया ॥ (रघुवंश ८/४६)

કાલિદાસ કહે છે કે વિષ પણ અમૃત બની શકે છે અને અમૃત પણ વિષ બની શકે છે. તે વખતે વસિષ્ઠ ત્યાં આવે છે. અજ કહે છે: 'મારે હવે જીવવું નથી. જીવનમાં કંઇ અર્થ નથી.'

વસિષ્ઠ કહે: 'ઈંદુમતિની પછવાડે તું મરી જશે તો પણ તે હવે તને મળવાની નથી. એક જ ગાદલામાં સુવાવાળા પતિ-પત્ની સાથે મરી જાય તો પણ તેમના માર્ગ ભિન્ન હોવાથી તેઓ એક બીજાને મળી શકતા નથી.'

'रुदता कुत एव सा पुनर्भवता नानुमृतापि लभ्यते ।
परलोकजुषां स्वकर्मभिर्गतया भिन्नपथा हि देहिनाम् ॥' (रघु. ८/८५)

(રૂદન કરવાથી મરનાર વ્યક્તિ પાછી મળતી નથી. પ્રત્યેક શરીરધારી માટે પરલોકનો માર્ગ, પોતપોતાનાં કર્મો અનુસાર જુદો જુદો હોય છે.)'

પ્રત્યેક જીવની ગતિ તેના કર્મ મુજબ જુદી હોય છે. પતિ-પત્ની સાથે મરે તો પણ તેઓ સાથે જતાં નથી.

અવધૂત કહે છે કે મેં કબૂતર પાસેથી શિક્ષણ લીધું છે કે, માણસે મળેલી શક્તિ પોતાના વિકાસ માટે પ્રભુના કામમાં વાપરવી જોઇએ. મારે કુટુંબમાં રહેવું છે, તેને સંભાળવું છે પણ તેના માટે અત્યંત આસક્તિ અને અત્યંત સ્નેહ રાખવામાં જોખમ છે. પત્ની સારી ક્યારે? હું છું અને મારી સાથે ભગવાન છે ત્યારે.

'ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિદ્યા છે. આત્માનું ઉન્નતિકરણ (sublimation) કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે. હું આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન બન્નેથી વંચિત છું. હું કબૂતર પાસેથી શીખ્યો કે મારે 'હું' ને ભૂલવો ન જોઇએ. મારી પાસે રહેલી શક્તિ ભગવાન માટે અને મારા વિકાસને માટે વાપરવી જોઇએ. હું કબૂતર પાસેથી જાગૃત જીવનની વિદ્યા શીખ્યો.' કેટલાક લોકો ઊંઘમાં ચાલે છે. તેવી રીતે આપણે પણ જાણે ઊંઘમાં ચાલતા હોઇએ તેમ, જીવનનો વ્યવહાર કરીએ છીએ અને 'જાગૃત છીએ' એમ સમજીએ છીએ. તેથી આપણા જીવનમાં પ્રકાશ નથી. જાગૃત જીવનની વિદ્યા કબૂતર પાસેથી મળે છે.

૯. અજગર: અવધૂત કહે છે હું અજગર પાસેથી આગ્રહશૂન્ય જીવન શીખ્યો. આગ્રહશૂન્ય જીવન એટલે **यदृच्छा**થી જે મળે તેનો સ્વીકાર. અજગર કંઇ મેળવવા પોતાની શક્તિ વાપરતો નથી. તેના મોઢામાં આવીને પડે છે તે જ ખાય છે. તો શું કંઇ કરવાનું નહિ? ભોગોને માટે ઉદાસીનતા અને ભક્તિને માટે શક્તિ વાપરવાની. ભોગોને માટે ઉદાસીનતા રાખવી પણ તેથી કર્મ ન કરવું એમ નહિ. જે ભોગો આવે તે જ સ્વીકારવા. આ અજગર જેવી વૃત્તિ છે. **आयातु अवश्यं यास्यति.......** જે મળવાનું હશે તે મળશે. તેની પછવાડે બહુ શક્તિ બગાડવી નહિ. તો પછી ઈંદ્રિયબળ મળ્યું છે તેનો ઉપયોગ કરવો કે નહિ? તેનો ઉપયોગ વિકાસાર્થે કરવાનો. વિલાસ તો મળવાનો જ છે. **यदृच्छा**થી જે વિલાસ મળશે તે સ્વીકારીશ. શક્તિ વિકાસ માટે વાપરીશ.

આમ, હું આગ્રહશૂન્ય જીવન અજગર પાસેથી શીખ્યો.

ઈંદ્રિયબળ અને મનોબળ ક્યાં વાપરશો? મારું અને ભગવાનનું જોવા વાપરવાનું. મળેલી શક્તિ ભગવાનના કામમાં નહિ વપરાય તો જીવન વ્યર્થ છે.

સંસારી માણસો આધ્યાત્મિક નથી બનતા એ વાત બુદ્ધના વિચારો પછી આવી ગઇ, પણ તે સાચી નથી. આપણા બધા ભગવાન પારિવારિક છે. તેમણે પરિવારમાં રહીને જાગૃત જીવનની શિક્ષા સમજાવી છે. અજગર પાસેથી આગ્રહશૂન્ય જીવનની કલા શીખવાની છે. તેનો આશય એ છે કે એક એક ગુણ આવવાથી વ્યક્તિ આધ્યાત્મિક બને છે. ઈંદ્રિયબળ અને મનોબળ જન્માંતરથી કમાયાં છે, પરંતુ તે બધી શક્તિ કેવળ ઉપભોગને માટે જ વાપરવી તે બહુ મોટી ભૂલ છે. અજગર સમજાવે છે કે વ્યાવહારિક વાતો માટે આગ્રહશૂન્ય જીવન હોવું જોઈએ અને પાસે રહેલી શક્તિ વિકાસાર્થે વાપરવી જોઇએ.

ત્યારબાદ અવધૂત સમુદ્રની પાસે આવે છે.

૧૦. સમુદ્ર: ભારતીય સંસ્કૃતિમાં સમુદ્રનું મહત્ત્વ ઘણું છે. સાગરસ્નાન સર્વ સ્નાનોમાં શ્રેષ્ઠ ગણ્યું છે. જે લોકો દરરોજ સાગરને જુએ તેમની બુદ્ધિ સાગર જેવી થાય અને જે નળ નીચે બેસીને નહાય તેની બુદ્ધિ નળ જેવી સાંકડી થાય. નળ કરતાં કૂવો સારો, કૂવા કરતાં નદી સારી, નદી કરતાં સાગર સારો છે. નદી પવિત્ર છે, તેના કરતાં સંગમ પવિત્ર છે અને સંગમ કરતાં સાગર સૌથી વધારે પવિત્ર છે.

અવધૂત કહે છે કે સાગર પોતાની મર્યાદા છોડતો નથી. સાગર બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર છે. સાગર દુસ્તર અને અનંત છે. સાગર કર્મપ્રવણ હોવા છતાં નિર્વિકાર, શાંત અને **દુર્વિગાહ્ય**—(આ ભાગવતકારનો શબ્દ છે—અર્થ છે—'સમજવો કઠણ') છે. સાધકે આ ગુણો પ્રાપ્ત કરવા પડશે. સાગર મર્યાદા છોડતો નથી. તેમાં અનેક નદીઓનું પાણી આવે તો પણ મર્યાદા છોડતો નથી અને એકાદ નદી ન આવે તો તે નબળો કે દૂબળો બનતો નથી. સમજો કે બધી નદીઓ હડતાલ પર જાય અને સાગર પાસે ન આવે તો સાગર નદીને શોધવા નથી જતો. ગીતામાં ભગવાને સ્થિતપ્રજ્ઞનું વર્ણન કર્યું છે તેમાં સ્થિતપ્રજ્ઞને સમુદ્રની ઉપમા આપી છે.

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥ (ગીતા ૨/૭૦)

સાધકે પણ સંપત્તિ આવે તો ફુલાઇ જવું ન જોઇએ અને વિપત્તિમાં દૂબળા બનવું ન જોઇએ. આ સાધકનું ચિહ્ન છે, નિશાની છે.

उदये सविता रक्तः रक्तश्चास्तमने तथा ।
संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥

(સૂર્ય ઉદય સમયે તેમજ અસ્ત સમયે (બન્ને સ્થિતિમાં) લાલ હોય છે. તે જ પ્રમાણે

મહાપુરૂષો પણ, સંપત્તિ સમયે કે વિપત્તિ સમયે એક સમાન સ્થિતિમાં જ રહે છે.)

સમુદ્રમાં ભરતી અને ઓટ, બન્ને આવે છે પણ તેનાથી વિચલિત થતો નથી. જેમ સમુદ્ર બહાર પ્રસન્ન અને અંદર ગંભીર હોય છે, તેમ સાધકે પણ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર રહેવું જોઇએ. જીવનવિકાસ માટે પ્રસન્નતા હોવી જોઇએ. પ્રસન્નતા અને પ્રહૃષ્ટતા જુદા છે. ગીતાનો અંતિમ પુરુષાર્થ **तुष्यन्ति च रमन्ति च** માં છે. સાધક પણ **तुष्यन्ति च रमन्ति च** હોવા છતાં અંદરથી ગંભીરતાપૂર્વક જીવનનો વિચાર કરવાવાળો હોવો જોઇએ. મારું માનવી જીવન જેટલું અમૂલ્ય છે તેટલું જ બીજાનું જીવન પણ અમૂલ્ય છે એવું તેને લાગે છે. જો બીજાનું માનવી જીવન નકામું ચાલી જતું હશે, તો તેને પોતાની મિલ્કત ચાલી જવા જેટલી વ્યથા થાય છે. પોતાની મિલ્કત ચાલી ગયા પછી કોઇ શેઠને જેટલી વ્યથા થાય છે તેટલી જ વ્યથા બીજાનું જીવન નકામું ગયા પછી તેને થાય છે. તેને લાગે છે કે આને આટલું સારું જીવન, આટલી સારી વ્યવસ્થા મળી છે. તેની પાસે બુદ્ધિ છે, પૈસા છે, બધું છે, પણ બધું નકામું જાય છે. તેને પરસ્પરવિરોધી ચિત્રો જોવાના છે કે જેનાથી પ્રસન્નતા ચાલી જાય . આ સૃષ્ટિમાં કેટલો કચરો છે, કેટલા દુર્વિચાર છે! સૃષ્ટિમાં જેટલી મંગલતા છે તેટલી જ અમંગલતા છે. તે જોઇને સાધક અપ્રસન્ન બને છે. જગતમાં લોકોએ ઊભી કરેલી વિપત્તિ છે તેમ પ્રકૃતિએ ઊભી કરેલી વિપત્તિ પણ છે. આ વિપત્તિથી ભરેલા આપણે લોકો છીએ. તે જોઇને તે અંદર ગંભીર રહે છે. સાગર પાસેથી આ ગુણ લેવો જોઇએ, કારણ, ડગલે અને પગલે આપણે અપ્રસન્ન થઇ જઇએ છીએ.

સવારના ઊઠ્યા કે આપણને દૂધ મળતું નથી. ત્યાંથી શરૂઆત થાય છે. પગલે પગલે અપ્રસન્નતા ઊભી કરે એવા જગતમાં જે બહાર પ્રસન્ન રહે છે અને અંદર ગંભીર રહે છે તે સાધક છે.

જે સાધકે ભગવાનને ગમતા થવું હોય તેણે બીજો એક ગુણ જીવનમાં લાવવો પડશે. સાગર કર્મપ્રવણ રહેવા છતાં નિર્વિકાર હોય છે. સાધકે આ ગુણ જીવનમાં લાવવો પડશે. કેટલાક લોકો નિર્વિકાર હોય છે પણ તેઓ કંઇ કામ જ કરતા નથી. જે દિનરાત કામ કરે છે તેના મનમાં જુદા જુદા વિચાર આવે છે. તેનામાં રાગદ્વેષ ઊભા થાય છે. 'આટલું કહ્યા છતાં માનતો નથી' તેથી ચીડ આવે છે. તેને માનસિક હેરાનગતિ થાય છે. કર્મપ્રવણ બનીને નિર્વિકાર રહેવું કઠણ છે. તમે કર્મપ્રવણ રહેશો તો નિર્વિકાર નહિ રહો. એનું કારણ, તમે કર્મ કરશો તો તેનું ફળ મળે જ અને ઘણી વખત એવું પણ બને કે વિપરીત ફળ આવે.

ઋષિઓએ જુદું જુદું ઉચ્ચ તત્ત્વજ્ઞાન કહ્યું છે. તેને એક જુદો અર્થ છે, પરંતુ, તેનાં વિપરીત અર્થઘટનો થયેલાં જોઇને ચીડ ચડે. આજે ધર્મ, સંસ્કૃતિને જોયા પછી ચીડ ચડે કે આ શું ધર્મ છે? આ શું સંસ્કૃતિ છે? જે સંસ્કૃતિએ દસ દસ હજાર વર્ષ સુધી માનવને ઊભો કર્યો છે તેની આવી દશા જોઇને સાધકને ચીડ ચડે, તે છતાં કર્મપ્રવણ રહીને નિર્વિકારી રહેવાનું છે. સંસ્કૃતિની અને માનવની આવી હીન દશા જોઇને આપણા પેટમાં કંઇ બળતું જ ન હોય તો વિકારો ઊભા કેમ થાય? જે સંસ્કૃતિ ઉપર પ્રેમ કરે છે, ભગવાન ઉપર અને માનવ ઉપર પ્રેમ કરે છે, તેને કર્મપ્રવણ બનીને નિર્વિકારી રહેવું કઠણ છે. સાધકે ભગવાનની પાસે જવું હશે, તેને ગમતા થવું હશે તો કર્મપ્રવણ બનીને નિર્વિકારી રહેવું પડશે.

વરસાદમાં ફરવું છે પણ ભીંજાવું નથી. આપણે ભીંજાતા જ નથી. એનું કારણ, ઘર છોડીને બહાર જતા જ નથી. વરસાદ આવે કે આપણે બારી બારણાં બંધ કરી દઈએ છીએ. પછી ભીના થઈએ કેમ? વરસાદમાં ફર્યા છતાં ભીના ન થવું હોય તો ઓવરકોટ પહેરવો જોઈએ. આ ઓવરકોટ એટલે જ ભક્તિ. ભક્તિ એ કૃતિ નથી, ભક્તિ એ વૃત્તિ છે.

કેટલાક લોકો ચાર લોકોમાં જતા જ નથી, એનું કારણ, ચાર લોકોમાં જાય તો રાગદ્વેષ ઊભા થાય. આવા લોકોને સમાજ આધ્યાત્મિક સમજે છે. લોકો કહે છે: 'આ મહાત્મા બહુ મોટા છે. એનું કારણ તેમણે છેલ્લાં બાર વર્ષમાં માણસનું મોઢું જોયું નથી.' આવા માણસને મહાન કેમ કહેવાય?

જગતમાં ફરવું છે; બધું જોવું છે; જગત ઉપર પ્રેમ કરવો છે છતાં પ્રસન્ન રહેવું છે, કર્મપ્રવણ બનીને નિર્વિકારી રહેવું છે. આ બહુ કઠણ વાત છે. અવધૂત કહે છે કે સમુદ્ર પાસે જઈને મેં કર્મપ્રવણ બનીને નિર્વિકાર રહેવાનો ગુણ લીધો છે.

સમુદ્ર **दुर्विगाह्य** છે—**दुर्विगाह्य** એટલે સમજવો મુશ્કેલ. સાધકનું જીવન કઠણ છે. તેનું મનોગત સમજવું અઘરું છે. સંતો, મહાપુરષો આપણા ઉપર શા માટે પ્રેમ કરે છે તે જ પ્રશ્ન છે. તેમને આપણી પાસેથી શું જોઈએ? મહારાષ્ટ્રના તુકારામ મહારાજ **देव घ्या कुणी देव घ्या फुका न लगे रूका**......કહેતા કહેતા જગતમાં ફરતા હતા. જ્ઞાનેશ્વર ભગવાન **अवघाची संसार सुखाचा करीन**..... કહેતા હતા. તેમને લોકો પાસેથી શું જોઈતું હતું? તેમનું મનોગત સમજવું કઠણ છે. આપણે પણ લાકો પાસે જઈએ છીએ પણ આપણને લોકો પાસેથી માન્યતા જોઈએ છે, પ્રતિષ્ઠા જોઈએ છે. આપણને કંઈ જોઈએ તે માટે આપણે લોકો પર પ્રેમ કરીએ છીએ. પરંતુ, મહાપુરુષોને આપણી પાસેથી કંઈ જોઈતું નથી. તો પછી તેઓ આપણા પર શા માટે પ્રેમ કરે છે? તેમનું મનોગત સમજવું કઠણ છે, તેથી તેમના માટે **दुर्विगाह्य** શબ્દ વાપર્યો છે.

શંકરાચાર્ય, વલ્લભાચાર્ય જેવા મહાપુરુષો આ જગતમાં શા માટે ફર્યા? તેમને શું લોકો પાસેથી માનપત્ર જોઈતું હતું? નહિ. તો પછી શંકરાચાર્ય કેરાલાથી બદરીનારાયણ સુધી શા માટે ફર્યા? આ પ્રશ્ન છે. આપણને તેનું કારણ સમજાતું નથી. સાધક જગત ઉપર નિષ્કારણ પ્રેમ કરે છે. માણસે સાગર જેવા **दुर्विगाह्य** બનવાનું છે.

સમુદ્ર આપે છે પણ બોલતો નથી. આ કેટલું કઠણ છે? આપણે આપતા નથી પણ જગતમાં બોલતાં ફરીએ છીએ, એટલું જ નહિ, બીજાના પૈસાથી પોતાનું નામ કમાઈએ છીએ. અમે પ્રમુખ છીએ, મુખ્ય ટ્રસ્ટી છીએ, એવું કહીએ છીએ, પણ તેના માટે અમારો કંઈ જ ભોગ હોતો નથી. સમુદ્ર પાણી આપે છે પણ કહેતો નથી, એટલું જ નહિ, જેને આપે છે તેને તે દીન બનાવતો નથી. સમુદ્રને લાગે છે કે પૃથ્વીનો ૩/૪ ભાગ મારો છે અને ૧/૪ ભાગ જમીનનો છે. જમીન ઉપર રહેતા લોકો મારી પાસે આવવાના જ. તેમને આપીશ તો તેઓ શરમિંદા થશે. તેવું મારે થવા દેવું નથી. મારે તેમને આપવું તો છે જ, તેથી સૂર્ય સાથે ગોઠવણ થઈ. સૂર્ય સમુદ્રનું પાણી ખેંચે છે અને વાદળાં મારફતે મીઠું પાણી પૃથ્વી પર મોકલે છે. લોકોને ખબર નથી પડતી કે આ પાણી સમુદ્રે મોકલ્યું છે. તેમને એમ જ લાગે છે કે વાદળિયાં પાસેથી પાણી મળ્યું. આપ્યા

છતાં કહેવું નહિ, બોલવું નહિ, આ કઠણ વાત સાગરના જીવનમાં જોવા મળે છે. **દાનમ્** એ દૈવી સંપત્તિનો ગુણ છે. તે આપવાની કલા છે. સમુદ્રને બીજાને મીઠું પાણી આપવું છે પણ તે બીજાના હાથે આપે છે. ભારતીય સંસ્કૃતિએ આ જ સમજાવ્યું છે.

'ચાતુર્માસમાં ભગવાન સૂઇ જાય છે' આ વિચાર કેટલો મહાન છે! કેટલો ભવ્ય છે! આપણને જીવનમાં અનિવાર્ય એવું પાણી અને અનાજ ચાર મહિનામાં મળે છે. ખેડૂતે ભગવાનને કહ્યું: 'ભગવાન! તારી કૃપાથી આ ખળામાં અનાજ આવ્યું છે.' ત્યારે ભગવાન કહે છે: 'મારી કૃપા શાની? હું તો ચોમાસાના ચાર મહિના સૂઇ ગયો હતો. તેં રાતદિવસ મહેનત કરી તેથી તને અનાજ મળ્યું છે.' આ કેટલી મહાન ભાવના છે? આપણે ભગવાનનું હૃદય સમજતા નથી તેથી 'ભગવાન ચાર મહિના સૂઇ જાય છે' એવું કહેવાવાળા લોકોની મશ્કરી કરીએ છીએ.

વેદવ્યાસ, વાલ્મીકિ જેવા મહાપુરુષોએ જ્વલંત વિચારો આપ્યા. તેમને કહો તો તેઓ કહેશે: 'આ વિચારો અમારા નથી. આ તો ઋષિઓના વિચારો છે તે અમે તમને કહીએ છીએ.' અવધૂતે સમુદ્ર પાસેથી આ ગુણો મેળવ્યા.

૧૧. પતંગિયુંઃ ત્યારબાદ અવધૂતે પતંગિયાને જોયો. ક્યા રૂપે જોયો? દીવાની જ્યોતનું સૌંદર્ય જોઇને પતંગિયું તેમાં કૂદી પડે છે એવું ચિત્ર અવધૂતે જોયું. સૃષ્ટિમાં રહીને સૌંદર્ય જોવું છે અને મરી જવું છે. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુમાં સૌંદર્ય ભરેલું છે તે ભગવાનનું જ સૌંદર્ય છે. ભગવાનની કલા સુંદર છે, એટલું જ નહિ, તેનો કલાકાર (ભગવાન) પણ સુંદર છે. ઘણી વખત એવું બને છે કે કલા સારી હોય પણ કલાકાર કુરુપ હોય. સૃષ્ટિની કલા જેણે બનાવી છે તે પોતે સૃષ્ટિમાં આવીને બેઠો છે, તેથી જ પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુમાં કંઇને કંઈ સૌંદર્ય છે જ. આખી સૃષ્ટિ સૌંદર્યથી ભરેલી છે. સૌંદર્ય વ્યક્તિનિષ્ઠ (subjective) છે કે વસ્તુનિષ્ઠ (objective) છે તે વિચારાર્હ પ્રશ્ન છે. અંતિમ સૌંદર્ય વ્યક્તિનિષ્ઠ (subjective) જ બની જાય છે. તે વસ્તુનિષ્ઠ (objective) કેવી રીતે હોય?

दधि मधुरं मधु मधुरं द्राक्षा मधुरा सुधापि मधुरैव ।
तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ॥

(દહીં, મધ, દ્રાક્ષ, સુધા, આ સર્વ મધુર છે, પરંતુ જેનું મન જ્યાં લાગ્યું હોય તે જ તેને મધુર લાગે છે.)

જેમ પતંગિયું સૌંદર્ય પાછળ ગાંડું થઇને મરી જાય છે તેવું જ વ્યક્તિનું પણ થાય છે. તો શું વ્યક્તિએ સૌંદર્યથી આઘા રહેવું? તમે સૌંદર્યથી આઘા થઇ જ શકતા નથી. દરેક વ્યક્તિ અને વસ્તુ સુંદર છે, કેમકે તે ભગવાનનું સર્જન (Creation) છે.

અહીં ભાગવતકારે સૌંદર્ય માટે ઉપલક્ષણાત્મક સ્ત્રી લીધી છે. સ્ત્રીનું સૌંદર્ય જોઇને પુરુષ કેમ મરી જાય છે તે ઉપલક્ષણ દ્વારા સમજાવ્યું છે. **काकेभ्यो दधि रक्ष्यताम्**–દાદીબાએ પૌત્રને કહ્યું કે અહીં દહીં રાખ્યું છે તે કાગડો ખાઇ ન જાય તે જોજે. પૌત્ર દહીં પાસે બેઠો હતો. એટલામાં કૂતરો આવ્યો અને દહીં ખાવા લાગ્યો. દાદીબાએ આ દૂરથી જોયું એટલે પૌત્રને પૂછયું: 'કેમ,

કૂતરો દહીં ખાવા લાગ્યો તો તેં તેને આઘો કેમ ન કર્યો?' ત્યારે પૌત્રે કહ્યું: 'તેં મને કાગડો દહીં ન ખાઇ જાય તે જોવાનું કહ્યું હતું કૂતરાનું કહ્યું ન હતું.' અહીં કાગડો ઉપલક્ષણ છે. કાગડો એટલે જે જે દહીં ખાઇ જાય તે બધાથી દહીં બચાવવાનું કહ્યું હતું. આવી રીતે ભાગવતકારે સૌંદર્યના ઉપલક્ષણ તરીકે સ્ત્રી લીધી છે. નરથી માદા વધારે સુંદર હોય છે તે સૃષ્ટિનો નિયમ છે. તેમાં એક જ અપવાદ છે અને તે એટલે આપણું રાષ્ટ્રીય પક્ષી મોર. ઢેલ કરતાં મોર વધારે સુંદર હોય છે.

કોઇપણ વસ્તુમાં સૌંદર્ય આવતાં જ તે વિષય બની જાય છે કે? એ વિવાદાસ્પદ પ્રશ્ન છે. ભાગવતકારે આ પ્રશ્ન ઉઠાવ્યો નથી પરંતુ, વિચારવંતે આ પ્રશ્ન વિચારવો જોઇએ. સ્ત્રી વસ્તુ કે વિષય? સ્ત્રીના સૌંદર્યને શું વિષય બનાવવાનો કે સ્ત્રીને વ્યક્તિ રાખવી? આ એક વિવાદ્ય પ્રશ્ન છે. સૌંદર્યમાં પાવિત્ર્ય ભરવું જોઇએ, એવી વાત એ આપણા પૂર્વજોની એક યુક્તિ છે. સૌંદર્યમાં પાવિત્ર્ય ભરશો તો જ તે સુરક્ષિત રહેશે. નહિ તો સૌંદર્યને સંભાળવું પડશે. સૌંદર્યમાં પાવિત્ર્ય લાવશો તો તેને સંભાળવાની જરૂર નહિ પડે. મંદિરની કલાનું રક્ષણ પોતાની મેળે જ થાય છે; પરંતુ તાજમહાલની રક્ષા કરવા માટે ચોકીદારો રાખવા પડે છે, કેમકે તેમાં સૌંદર્ય છે પણ પાવિત્ર્ય નથી. સ્ત્રી સુંદર છે તેથી રક્ષણીય બની જાય છે.

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
रक्षन्ति स्थविरे पुत्रा न स्त्री स्वातन्त्र्यमर्हति ॥ (मनु. ९/३)

મંદિરનું પાવિત્ર્ય મંદિરના સૌંદર્યનું રક્ષણ કરે છે. તેના માટે ચોકીદારની જરૂર પડતી નથી. આજે મંદિરની રક્ષા કરવા માટે ચોકીદાર રાખવામાં આવે છે; પરંતુ તે ભગવાનના ઘરેણાંનું રક્ષણ કરવા માટે હોય છે. લોકોએ ભગવાનના ઘરેણાં બનાવ્યા, તેને દરવાજો બનાવ્યો અને તાળું પણ માર્યું. તે ઉપરાંત ચોકીદાર તરીકે ગુરખાને રાખ્યો, પરિણામે ભગવાન જેવો બીજો કોઇ કેદી નથી!

ઈંદ્રિયોનો ઉપયોગ સારો કે ખરાબ થઇ શકે છે. સારો ઉપયોગ કરો તો પવિત્ર અને ખરાબ ઉપયોગ કરો તો અપવિત્ર. નિર્ભેળ આનંદને માટે ઈંદ્રિયોનો ઉપયોગ કરવામાં આવે તો તે પવિત્ર ઉપયોગ કહેવાય છે. કેવળ ઉપભોગને માટે ઉપયોગ કરવામાં આવે તો તે અપવિત્ર માનવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ગુલાબનું ફૂલ છોડમાં ખીલેલું જોઇને આનંદ થાય તો તે નિર્ભેળ આનંદ કહેવાય. તે ગુલાબનું ફૂલ તોડીને બટનહોલમાં નાખવાનું મન થાય કે તેમાંથી ગુલકંદ બનાવવામાં આવે તો નિર્ભેળ આનંદ ચાલી જાય છે. તેમાં આનંદની જગા વાસનાએ લીધી તેથી ફૂલ વિષય બની ગયું.

ઉપભોગ ખરાબ નથી. ફૂલ જોઇને તે સારું લાગે, સુંદર લાગે, તેમાં ભગવાનની કલા દેખાય તો તે ખોટું નથી. તે અનાધ્યાત્મિક પણ નથી. ફૂલ જોઇને તે તોડવાનું અને બટનહોલમાં લગાડવાનું મન થઇ જાય તો તે અપવિત્ર કાર્ય છે. સવારના પ્રહરે કેટલાક ઘરડાઓ ફરવા નીકળે છે અને કોઇના બગીચામાં એકાદ ખીલેલું ફૂલ જુએ તો લાકડીથી ખેંચીને તોડે છે. પછી કહે કે અમે તો ભગવાન પર ચડાવવા માટે તોડીએ છીએ. વાસ્તવમાં, બીજાના બગીચાનું ફૂલ તેને પૂછયા વગર લેવું તે ચોરી છે પણ તેમાં તેઓ પાવિત્ર્ય દેખાડવાનો પ્રયત્ન કરે છે.

તમે સ્ત્રીને વસ્તુ સમજશો કે વિષય? સુંદરતા જોયા પછી વાસના ઊભી થાય છે તેથી સૌંદર્ય

જ ખલાસ કરી નાખો એવી ખોટી સમજણ વચ્ચેના કાળમાં ઊભી કરવામાં આવી હતી. વૈદિક વિચારધારા ચાલી ગયા પછી જે જે સુંદર દેખાય છે તેને કુરુપ કરો, જેથી તેના માટે ઇચ્છા કે વાસના ઊભી નહિ થાય, એવી ગેરસમજણ ઊભી કરવામાં આવી હતી. સ્ત્રી વિધવા થઇ કે તેના વાળ કાપી નાખો અને કુરુપ બનાવી દો, જેથી તેના પર કોઇની નજર ન પડે. ત્યારપછી તમે જેટલા કુરુપ, તેટલા વધારે તમે આધ્યાત્મિક, એવી સમજણ નિર્માણ થઇ. જે કપડાં તરફ ધ્યાન આપતો નથી, વાળ ઓળતો નથી, શરીર તરફ દુર્લક્ષ કરે છે, દાઢી કરતો નથી, તે ભક્ત એવી માન્યતા ઊભી થઇ.

કોઇને પૂછો: 'કેમ, તમે હમણાં દાઢી કરતા નથી?' તો તે કહે: 'હમણાં હું ભાગવતની કથા સાંભળું છું.' સુંદરતા આવતાં જ તે વસ્તુ, વિષય બની જાય છે. રસિકતાને અધ્યાત્મમાં ત્યાજ્ય માનવામાં આવી. સૃષ્ટિ સુંદર છે તો તેને મિથ્યા-માયા માની તેને અસુંદર બનાવી દો જેથી વાસના ઊભી ન થાય. આમ કુરુપતા અધ્યાત્મનું અંગ બની ગઇ અને સુંદરતા, રસિકતા ત્યાજ્ય માનવામાં આવ્યાં.

સુંદરતા એ પ્રભુની વિભૂતિ છે. વ્યવહારમાં, સુંદરતા ઉપભોગ્ય બની જાય છે. આ એક આંટી (Dilemma) છે. ભોગ કે ત્યાગ? ગીતાના દસમા અધ્યાયમાં સુંદરતાને ભગવાનની વિભૂતિ માની છે. ગીતા કહે છે કે જ્યાં જ્યાં સુંદરતા હશે ત્યાં ત્યાં પ્રભુ છે. તેથી દરેક વસ્તુમાં પાવિત્ર્ય મૂકો એમ આપણા શાસ્ત્રકારો કહે છે. સ્ત્રીને પવિત્ર સમજો. **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः**—નારી પૂજનીય છે. શા માટે? તેમાં વિશેષ (Plus) શું છે? તેમાં સુંદરતા છે. તે રક્ષણીય ન બનવી જોઇએ. તે માટે તેમાં પાવિત્ર્ય મૂકો. જગતનું સૌંદર્ય સ્ત્રીમાં છે તેમાં સંદેહ નથી. હીરામાં સૌંદર્ય છે, એટલું જ નહિ, કોઇપણ પથરો ઉપાડો, સૌંદર્ય જોવાની દૃષ્ટિ હશે તો પ્રત્યેકમાં સૌંદર્ય જોવા મળશે. આજે મોડર્ન લોકો, મોટા મોટા બંગલામાં, જુદા જુદા ઘાટ-આકારના પથરા મૂકે છે. તેને સુશોભન (Decoration) કહે છે. તેને નવકલા (Modern art) માં ખપાવે છે. જેમાં જે નથી તે મૂકી દેવું અને તેમાં સૌંદર્ય જોવું. આનો અર્થ જ એ કે તમે દરેક વસ્તુ સૌંદર્યની દૃષ્ટિથી જોઇ શકો છો. વસ્તુ કે વ્યક્તિમાં સૌંદર્ય છે તેમાં શંકા નથી. તે માણસને વિકારી બનાવે છે તેમાં પણ સંદેહ નથી. એટલા માટે જ જગતનું સૌંદર્ય નિર્વિકારી બનાવવું છે. સૌંદર્યમાં માણસ ફસાઇ જાય છે.

જગત અસુંદર છે એ ભાષા જ ખોટી છે. તેમાં સૌંદર્ય નથી એમ બોલવું અવ્યવહારુ છે. જગત સુંદર છે પણ આપણે નિર્વિકાર બનવા શું કરવું આ પ્રશ્ન છે. શું સુંદર છે તેને કુરુપ કરવું? શું કુરુપતા એટલે આધ્યાત્મિકતા? શું જગતનું સૌંદર્ય જોવા જ ન મળે તે માટે આંખો ફોડી નાખવી? તેને શું અધ્યાત્મ કહેવાય?

માણસને સૌંદર્ય ખેંચે છે. તેને વિકારી બનાવે છે. સુંદર વસ્તુ વિષય બની જાય છે અને હું વિષયી બની જાઉં છું. એનું કારણ, સૌંદર્ય માદક, મોહક અને દાહક છે. જગતનું સૌંદર્ય નિર્વિકારી બનાવવું હશે તો શું કરવું? સૌંદર્યને માનનીય બનાવો, આ એક રસ્તો છે. જ્યાં જ્યાં સૌંદર્ય છે તેને માનનીય, આદરણીય બનાવો, તો તે ભોગનો વિષય નહિ બને પણ સન્માનનો વિષય બનશે. જ્યાં જ્યાં સૌંદર્ય છે ત્યાં ત્યાં પ્રભુપ્રેમનું ચિહ્ન જુઓ. જેના ઉપર આત્યંતિક પ્રેમથી

પ્રભુનો હાથ ફર્યો છે તે વ્યક્તિ કે વસ્તુ સુંદર બની જાય છે. સૌંદર્યમાં પ્રભુપ્રેમનું ચિહ્ન જુઓ તો સૌંદર્ય આદરણીય બની જશે.

તારા પર ભગવાનનો પ્રેમ છે તો મારી દષ્ટિએ તું પણ આદરણીય છે. સૌંદર્ય જોયા પછી લાગવું જોઇએ કે તે પ્રભુનું પ્રતિબિંબ છે. જો પ્રતિબિંબ આટલું સુંદર છે તો ભગવાન પોતે કેટલા સુંદર હશે? જે સુંદર છે તે પ્રભુનું જ રૂપ છે એમ સમજો. આમ સૌંદર્યને માનનીય, આદરણીય, વંદનીય અને પૂજનીય બનાવી દો.

હંમેશાં ભોગમાં સૌંદર્યનો નાશ થાય છે. ફૂલ ઝાડ ઉપર હોય ત્યાંસુધી સુંદર લાગે છે પણ તે બટનહોલમાં આવ્યું કે તેનું સૌંદર્ય ચાલ્યું ગયું. કારણ, તે વિષય બની ગયું. વસ્તુ મટીને વિષય બન્યું કે સૌંદર્ય ગયું. વ્યક્તિમાં ભોગ આવ્યો કે તે વ્યક્તિ મટીને વિષય બની જાય છે. સાથે સાથે તેની સુંદરતા ખલાસ થઇ જાય છે. ભોગમાં સૌંદર્યનો નાશ છે અને ભક્તિમાં સૌંદર્યનું સાતત્ય છે.

એકાદ સુંદર યુવતી રસ્તામાંથી જતી હોય તો તેને જોઇને કૂતરાને વાસના થતી નથી. તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઇને બાળક કે વૃદ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી. એનો અર્થ એ કે વસ્તુમાં વાસના નથી; જોનારની દષ્ટિથી વાસના નિર્માણ થાય છે. વ્યક્તિએ અંદરથી શુદ્ધ થવાનું છે.

જે ઈંદ્રિયાસક્તિથી જોવામાં આવે છે તેને ભોગ કહેવાય છે. જે હૃદયાસક્તિથી જોવામાં આવે છે તેમાં ભાવ પ્રગટે છે. સુંદર વસ્તુ તરફ બધા જુએ છે પણ કઇ દષ્ટિથી જુએ છે તે પ્રશ્ન છે. પતંગિયું જ્વાલામાં મરી ગયું, એનું કારણ તે અવિકસિત પ્રાણી છે. છગનભાઇ અવિકસિત પ્રાણી નથી. પતંગિયું સૌંદર્ય જોઇને તેની પાછળ મરી જાય છે; પરંતુ જીવનમાં ભક્તિ લાવનાર માણસ સૌંદર્યની કદર કરીને પોતાનો વિકાસ સાધી શકે છે. માટે જીવનમાં ભક્તિ લાવવી પડશે. પતંગિયું મરી કેમ ગયું? તે વસ્તુને વિષય સમજ્યું તેથી. ભક્તિ સમજાવે છે કે વસ્તુને વસ્તુ અને વ્યક્તિને વ્યક્તિ રહેવા દો. તેને વિષય ન બનાવો.

ભક્તિ કેવળ કૃતિ નથી, વૃત્તિ છે, જીવનધારણા છે. ભક્તિ એ વિકાસનો અને ભૌતિક જીવન સુખી બનાવવાનો માર્ગ છે. Bhakti is a social force—ભક્તિ એ સામાજિક બળ છે. આ જ ભક્તિની મહત્તા છે.

જગતમાં જે સુંદર છે તેને કુરુપ બનાવવાથી તે કુરુપ ઠરતું નથી. જે સુંદર છે તે સુંદર જ રહેશે. એનું કારણ, તે ભગવાનનું સર્જન છે. તેના તરફ કઇ દષ્ટિથી જોવું તે અગત્યનું છે. તેના માટે જીવન બદલવું પડશે. સૌંદર્ય નિર્વિકાર બનાવવું છે પણ તે કેમ બનાવવું તે પ્રશ્ન છે. આ કંઇ સામાન્ય પ્રશ્ન નથી. આ પ્રશ્ન ભક્તિ જ ઉકેલી શકશે. આજે ભક્તિ આરતી, પ્રસાદ અને કીર્તનમાં સમાપ્ત થાય છે. ભક્તિ એ કરવાનો વિષય નથી, તે થવી જોઇએ. ઉપાસના એ કરવાનો વિષય છે.

ભાગવતકાર સ્ત્રીનું ઉદાહરણ આપીને ઉપલક્ષણાત્મક સમજાવે છે કે સૌંદર્ય માણસને ફસાવે છે. હજારો વર્ષ પહેલાં ભાગવતકારે ભક્તિ ઉપાડવાનું લખ્યું છે. તેનો અર્થ એ છે કે જીવનની

દૃષ્ટિ બદલવી પડશે, જગત તરફ જોવાની દૃષ્ટિ બદલવી પડશે. તો જગતનું સૌંદર્ય માનનીય, આદરણીય, વંદનીય અને પૂજનીય બનશે. માનવ ભક્તિ નહિ ઉપાડે તો સૌંદર્યની પાછળ પંતગિયાની જેમ મરી જશે અર્થાત્ તેનો નરદેહ ચાલ્યો જશે. જગતમાં જડવસ્તુ (matter) ખલાસ થતી નથી. તેનું રૂપાંતર થાય છે એમ વૈજ્ઞાનિકો કહે છે. લાકડામાંથી ધૂમાડો અને રાખ થાય છે. તેવી જ રીતે ચૈતન્ય (Spirit) પણ ખલાસ થતું નથી. તેનું વેષાંતર થાય છે. મરવું તો બધાને જ છે; પરંતુ જે સાધન આજે મળ્યું છે તે નહિ મળે; એટલે મનુષ્યરૂપે તે મરી જશે અને પશુનું રૂપ લઇને આવશે.

સૌંદર્યથી આકૃષ્ટ થવાય છે પણ દરેક માણસે સાવધાન રહેવું જોઇએ. સૃષ્ટિનું સૌંદર્ય ક્ષણિક છે, ખરાબ છે, નશ્વર છે, ત્યાજ્ય છે-એવું બોલીને ન ચાલે. એ હકીકત નથી. સૃષ્ટિ સુંદર છે એ હકીકત છે. તેને અસુંદર ઠરાવીને ભાગવું એ પલાયનવાદ છે. જીવનની દૃષ્ટિ બદલવી જોઇએ અને તે કામ ભક્તિથી જ થઇ શકે છે.

૧૨. ભમરોઃ ફૂલોમાંથી સારગ્રહણ કરવાનું ભમરાએ શીખવ્યું.

૧૩. મધમાખીઃ અવધૂતે એક મધમાખી જોઇ. મધમાખી જુદા જુદા ફૂલોમાંથી મધનો સંગ્રહ કરે છે. તે એક જ ફૂલમાંથી રસ લેતી નથી. તે જોઇને અવધૂતને લાગ્યું કે આ બુદ્ધિમાન પુરુષનું લક્ષણ છે. બધાં શાસ્ત્રોમાંથી સાર ગ્રહણ કરવાનો છે. જો બુદ્ધિમાન પુરુષને જીવનવિકાસ કરવો હશે તો તેણે બધાં શાસ્ત્રોમાંથી સાર લેવાની દીક્ષા લેવી પડશે.

આજે ધાર્મિકો અને સમાજવાદીઓ પોથીનિષ્ઠ બન્યા છે. એક પુરાણ-કુરાનવાદી છે તો બીજા માકર્સ-લેનિનવાદી છે. બન્ને પોથીનિષ્ઠ છે. જે વિદ્વાન છે, પંડિત છે, તેણે બધાંમાથી સાર ગ્રહણ કરવો પડશે.

મધમાખી જો એક જ ફૂલ-કમળ ઉપર બેસી રહે તો તે આસક્તિ કહેવાય અને આસક્તિ ખોટી છે. તેનું વર્ણન કરતાં કહે છે:

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥

એક ભમરો કમળ પર મકરંદ ચૂસવા બેઠો. તેને આસક્તિ થઇ ગઇ. રાત્રે કમળ બિડાઇ ગયું. તે ધારત તો કમળને છેદીને બહાર નીકળી શકે એમ હતું; પરંતુ તેને કમળ છોડવાનું મન થતું ન હતું. તેણે વિચાર્યું: 'હમણાં રાત પૂરી થશે. સૂર્ય ઊગશે એટલે કમળ ખૂલી જશે અને હું બહાર નીકળી જઇશ. ત્યાંસુધી હું કમળમાં જ બેસી રહું.' રાત્રે એક હાથી પાણી પીવા માટે આવ્યો. તેણે સૂંઢથી કમળ તોડીને ફેંકી દીધું. ભમરો મરી ગયો. એક જ કમળ પર આસક્તિ રાખવી ખોટી છે. માટે જ, પંડિતોએ બધાં શાસ્ત્રોમાંથી સાર ગ્રહણ કરવો જોઇએ. એક જ શાસ્ત્રની આસક્તિ રાખવી ખોટી છે.

યતિધર્મસંગ્રહમાં કહ્યું છે કે યતિ-સંન્યાસીએ એક જ ઘરનો પરિગ્રહ કરવો અયોગ્ય છે. આજે સંન્યાસી મહારાજને એકાદ શેઠનો બંગલો ગમી જાય તો તે ત્યાંથી ખસતો નથી, તેને ત્યાંના હવાપાણી સારા લાગે છે. સંન્યાસી કોઇ એક ઠેકાણે ધામા નાખે તે અયોગ્ય વાત છે. તેનાથી આસક્તિ વધે છે, તેથી **યતિધર્મસંગ્રહ** ના પાડે છે.

મધમાખીએ મધનો સંગ્રહ કર્યો. તેણે પોતે મધનો ઉપયોગ કર્યો નહિ. એક દિવસ ભીલ આવ્યો અને તેનો મધપૂડો ઉપાડી ગયો. અવધૂતે આ જોયું. તેને ખબર પડી કે કેવળ સંગ્રહ સારો નહિ. મધમાખીએ પરિશ્રમ કર્યો અને ભીલને વગર પરિશ્રમે મધ મળ્યું. માણસને ધન મળ્યું કે તેનો સંગ્રહ કરવાનું મન થાય છે. તે ધન વાપરતો નથી અને બીજાને આપતો પણ નથી. સુભાષિતકાર કહે છે:

दातव्यं भोक्तव्यं सति विभवे संचयो न कर्तव्यः ।
पश्येह मधुकरीणां संचितमर्थं हरन्त्यन्ये ॥

જો ધન મળ્યું હશે તો વાપરો અને બીજાને આપો. તેનો કેવળ સંચય ન કરો. નહિ તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે. માણસને ધન મળ્યા પછી તે બેંકમાં સેવિંગ્સ ખાતામાં જમા કરે છે. તેને પાંચ-સાત વર્ષે બમણું ધન બેંક આપશે તેની ખાતરી છે. તો પછી આ જન્મારામાં જે ધન મળ્યું છે, તે યોગ્ય ઠેકાણે આપો તો બીજા જન્મારે તમને બમણું મળશે એવું શાસ્ત્રકારો જે કહે છે તેના ઉપર માણસને વિશ્વાસ કેમ નથી? માણસને આજે કર્યું તેનું તરત ફળ જોઇએ છે. તેમને બેંક પર વિશ્વાસ છે પણ ભગવાન પર વિશ્વાસ નથી. જે ભગવાન આપણને સુવાડે છે, ખવડાવે છે, ચલાવે છે, તેના ઉપર જ વિશ્વાસ નથી! તે માણસ કૃતઘ્ની છે. ભગવાને આપ્યું છે તે ભોગવો અને યોગ્ય ઠેકાણે આપો. ભગવાન પર વિશ્વાસ ન રાખવો તે એની બેઆબરુ છે.

એકાદ માણસ પાસે કોઇ માગવા આવે તો તે કહે છે: 'તું સમજે છે તેટલું ધન મારી પાસે નથી,' પરંતુ અંદર બેઠેલા ભગવાન **तथास्तु** કહે છે તે વાત એ ભૂલી જાય છે. અરે, ન આપવું હોય તો હિંમતથી કહે, 'મારે આટલું જ આપવું છે. આનાથી વધારે હું આપીશ નહિ. મારી પાસે નથી' એવું શા માટે કહે છે? માણસ બીકણ છે તેથી તે ખોટું બોલે છે.

મધુપૂડો ભીલ લઇ ગયો તેથી અવધૂતને ખબર પડી કે મધમાખી એ મધ ખાધું નહિ, બીજાને ખાવા દીધું નહિ, તેથી ભીલ મધપૂડો ઉપાડી ગયો. સમાજમાં કેટલાક લોકો એવા હોય છે કે જેઓ ધનનો કેવળ સંગ્રહ કરે છે. તેમના જેવો જગતમાં કોઇ ત્યાગી નથી એમ નીતિશાસ્ત્ર કહે છે. દાતા ત્યાગી નથી. દાતા આપે છે તેથી તેને મળવાનું છે. જે રાખી મૂકે છે તેને મળવાનું નથી અને રાખેલું ચાલી જવાનું છે. જે સંગ્રહ કરે છે તે આ અર્થમાં ત્યાગી છે.

આપણે ત્યાં ખાન-દાનનું વર્ણન કરવામાં આવે છે. એટલે કે જે ખાય છે અને ખવડાવે છે તે ખાનદાન છે. આજે બધા ખાનસાહેબ થયા છે, તેમની પાસે દાનની વાત જ નથી. કેવળ સંગ્રહ કરવો એ ખોટી વાત છે. સુભાષિતકાર કહે છે:

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥

વિત્તની ત્રણ ગતિ છે—દાન, ભોગ અને નાશ. પહેલી ગતિ, દાન—આપવામાં આપનારને સમાધાન છે અને લેનારને સંતોષ છે. આપેલું અનામત ફિક્સ્ડ ડિપૉઝીટમાં જમાં થયું. આપવામાં ફાયદો જ ફાયદો છે. બીજી ગતિ છે, ભોગ. ભોગવવામાં ભોગવનારને સુખ છે. જે આપતો નથી અને ભોગવતો નથી, તેના ધનનો નાશ થાય છે. તે ત્રીજી ગતિ છે.

સંગ્રહ આવશ્યક છે પણ તેની મર્યાદા હોવી જોઇએ. વિત્ત-સંગ્રહની ચર્ચા માકર્સ અને એંજલ્સે પણ કરી છે. તેમને વિત્તસંગ્રહને (અમુક મર્યાદામાં) માન્યતા આપવી પડી છે. કારણ, વિત્ત સંગ્રહેલું હોય તો જ ઘડપણમાં તે કામ આવે. આવશ્યકતાથી વધારે મળે તેને સંપત્તિ કહે છે. સો રુપિયા મળતા હોય અને નેવુ રૂપિયામાં પૂરું થાય તો દસ રૂપિયા વધ્યા, તે સંપત્તિ છે. જે ઉપયોગમાં આવ્યું, વપરાઇ ગયું, તે સંપત્તિ નથી.

જરુરિયાત જુદી અને સંપત્તિ જુદી. માકર્સ અને એંજલ્સ વિત્તસંગ્રહના વિરોધી હતા તે છતાં તેમણે સ્વીકાર્યું કે સંપત્તિ જરૂરી છે. તેમણે સંપત્તિ ના બે વિભાગ કર્યા. તેમને ઉપાર્જીત સંપત્તિ (earned wealth) માન્ય છે પણ અનુપાર્જીત સંપત્તિ (unearned wealth) માન્ય નથી.

મીમાંસાશાસ્ત્રે પણ વિત્તનો કેટલો સંગ્રહ કરવો તે લખ્યું છે. જૂનાકાળનું પરિમાણ ખેતીનું હતું, તેથી કહ્યું છે કે દસવર્ષ દુષ્કાળ પડે તો પણ ચાલે એટલું વિત્ત તમે સંગ્રહી શકો છો. આ શાસ્ત્રમાન્ય વાત છે. આજે જે રીતે રહીએ છીએ તે જ રીતે દસ વર્ષ સુધી રહી શકીએ તેટલી સંપત્તિનો સંગ્રહ કરવાની છૂટ છે. તેના કરતાં વધારે રાખવાની છૂટ શાસ્ત્રકારો નથી આપતા. સમજો કે તેના કરતાં વધારે વિત્ત હોય, તો **'वृद्धं तीर्थेषु निक्षिपेत्'** વધારાનું તીર્થક્ષેત્રમાં વાપરી નાંખો—એવું શાસ્ત્રકારોએ કહ્યું છે. તે વિત્ત તમે સત્કાર્યમાં વાપરશો તો તમને સમાધાન મળશે, જેને આપશો તે ઊંચો આવશે અને તમે આપેલું અનામત તરીકે ફિક્સ્ડ ડિપૉઝીટમાં રહેશે. આજે તમને જે મળે છે તે મફતનું મળતું નથી. તમે આગલા જન્મારામાં જે કમાવ્યું છે તે તમને મળે છે.

આજે આપણે શ્રીમંત લોકોના વિરોધી બની ગયા છીએ. આપણને એમ લાગે છે કે તેમને વિત્ત મળ્યું છે તે મફતનું મળ્યું છે, ખરીરીતે તે પેન્શન જેવું છે. જેણે ત્રીસ વર્ષ સતત સરકારી ખાતામાં મહેનત કરી છે તે નિવૃત્ત થાય પછી સરકાર તેને પેન્શન આપે છે. તેણે ત્રીસ વર્ષ મહેનત કરી છે તે આપણે જોઇ નથી પણ શાસને તે જોયું છે તેથી શાસન તેમને પેન્શન આપે છે. આ જગતમાં મફતનું કોઇનેય મળતું નથી.

શાસ્ત્રકારોએ પ્રારબ્ધ અને પુરુષાર્થ—આવા બે વિભાગ પાડયા છે. ભોગોને માટે પ્રારબ્ધ જોઇએ અને કર્મ કરવા માટે પુરુષાર્થ જોઇએ. લોકોને પ્રારબ્ધ ક્યાં માનવું અને પુરુષાર્થ ક્યાં માનવો, તેની ખબર નથી. તો શું સત્કર્મને માટે પ્રારબ્ધની જરૂર નથી? પ્રારબ્ધની જરૂર છે પણ ચાર આના પ્રારબ્ધ અને બાર આના પુરુષાર્થ, સત્કર્મમાં છે; ત્યારે ભોગમાં બાર આના પ્રારબ્ધ અને ચાર આના પુરુષાર્થ છે. તમે પાપ-પુણ્ય તરફ ખેંચાઓ છો તેમાં પણ ચાર આના પ્રારબ્ધનો ભાગ છે. તમને કોઇ સ્વાધ્યાયમાં લઇ જાય. તેમાં ચાર આના પ્રારબ્ધ ભાગ ભજવે છે, પરંતુ, સ્વાધ્યાયમાં ગયા પછી સ્વાધ્યાય નિયમિત કરવો કે નહિ, તેમાં તમારો પુરુષાર્થ કામ કરે છે. ભોગની પાછળ થોડી શક્તિ અને સત્કર્મની પાછળ વધારે શક્તિ કામે લગાડવી જોઇએ.

આપણી પાસે શક્તિ અને કૌશલ્ય છે તે બધું જ, આપણે ધંધામાં અને ફેક્ટરીમાં જ વાપરીએ છીએ. આપણે પણ મશીન જેવા જ થઇ ગયા છીએ. આને લોકો કર્મયોગ કહે છે અને તેવું સમજે પણ છે; પણ તે કર્મભોગ છે, કર્મયોગ નથી. જો કે વૃત્તિ બદલ્યા પછી તે પણ કર્મયોગ થઇ શકે છે. સંસારી માણસે મળેલી શક્તિ અને કૌશલ્ય ક્યાં અને કેવી રીતે વાપરવા તે ભાગવતકાર સમજાવે છે. આપણી પાસે પડેલી 'અધિક શક્તિ' આપણે ક્યાં અને કેવી રીતે વાપરીએ છીએ તેના ઉપરથી આપણી સંસ્કૃતિ ખબર પડે છે.

સુખી લોકો પોતાની અધિક શક્તિ અવળે માર્ગે વાપરે છે તેથી ગુંડા બની જાય છે. જો કે બધા તેવા નથી પણ તેવા થવાની શક્યતા વધારે છે. મને મળેલી શક્તિનો નિશ્ચિત ભાગ મારે સત્કર્મમાં વાપરવાનો છે તે મારે જ નક્કી કરવાનું છે, તે શાસ્ત્રકારો કે ભગવાન પણ નક્કી નહિ કરે. ગીતાએ તો સ્પષ્ટ ભાષામાં કહ્યું જ છે: '**उद्धरेदात्मनात्मानम्** પોતાનો ઉદ્ધાર જાતે જ કરવાનો છે.' બુદ્ધિમાં તેની સ્પષ્ટ કલ્પના હોવી જોઇએ. સત્કર્મની પાછળ પણ નિશ્ચિત વિચારધારા હોવી જાઇએ. નહિ તો કેટલાક લોકો આવેશમાં સારું કામ કરી નાખે છે. તે ન ચાલે. આ જ્ઞાન અવધૂતને મધમાખી પાસેથી મળ્યું છે.

૧૪. હાથી: અવધૂતે જોયું કે હાથી હાથણના સ્પર્શ પાછળ ગાંડો થાય છે. તેને હાથણ સર્વસ્વ લાગે છે. તેના સ્પર્શસુખની નબળાઇ, માણસજાત જાણે છે. તે નબળાઇનો ઉપયોગ કરીને આવા શક્તિશાળી હાથીને પણ માણસ પકડી શકે છે. માણસ એક ખાડો કરીને તેના પર વાંસની પટ્ટીઓ ગોઠવી દે છે. તેના ઉપર ઘાસ પાથરીને જમીન જેવું બનાવી નાખે છે. ખાડાની બીજી તરફ હાથણને રાખે છે. સ્પર્શસુખને માટે હાથી દોડતો આવે છે, પટ્ટીઓ તૂટી જાય છે અને હાથી ખાડામાં સપડાઇ જાય છે. હાથીને ખાડામાં જ થોડા દિવસ ભૂખ્યો રાખવામાં આવે છે. તેની શક્તિ ઓછી થઇ ગયા પછી હાથીને બાંધીને માણસ તેને તાબામાં લે છે. સ્પર્શસુખની પાછળ ગાંડો થવાથી હાથી પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવી બેસે છે.

બળમાં હાથીનું બળ સર્વ શ્રેષ્ઠ છે એમ યોગદર્શનકાર કહે છે. ભીમ પાસે નવનાગસહસ્ર બળ હતું એવું લખાણ છે. આજે આપણે હોર્સપાવરમાં બળ માપીએ છીએ. પહેલાં હાથીના બળનું માપ હતું. આટલો શકિતશાળી હાથી પણ સ્રીસ્પર્શમાં પાગલ બનીને બંધનમાં પડે છે.

ભાગવત એક પુરાણગ્રંથ છે. તેણે સ્રીની આત્યંતિક નિંદા કરી છે. એનો અર્થ એ કે જેમ પુરુષની દષ્ટિથી સ્રી, તેમ સ્રીની દષ્ટિથી પુરુષ સમજવાનું છે. ગાર્ગી યાજ્ઞવલ્કયને કહે છે કે જો પુરુષની દષ્ટિથી સ્રી ઉપભોગ્ય છે તો સ્રીની દષ્ટિથી પુરુષ પણ તેટલો જ ઉપભોગ્ય છે. મૂળવાત એ છે કે ભાગવતકારે એ જ સમજાવ્યું છે કે આ બધામાંથી છૂટવા માટે તમારે ભક્તિ ઉપાડવી પડશે. તેનો અને ભક્તિનો શો સંબંધ? આનો વિચાર આપણે કરવાનો છે.

જગતમાં સ્રી અને પુરુષ સાથે ફરવાના જ છે. ભગવાને આ એક સાંસ્કૃતિક, સામાજિક અને માનસિક કોયડો ઊભો કર્યો છે. ભગવાન એકલિંગી પ્રજા બનાવી શકત. તેમ ન કરતાં ભગવાને દ્વિલિંગી પ્રજા બનાવી છે. સ્રી અને પુરુષ એ ભગવાનની નિર્મિતિ છે. લોકો તેમાંથી છૂટવા માટે બોલે છે કે સ્રીને ત્યાજ્ય સમજો અથવા તો સ્રીની નિંદા કરીને તેના તરફ નફરત

નિર્માણ કરો. આ બન્ને રસ્તા શાસ્ત્રીય દૃષ્ટિથી ખોટા છે. **तदेतत् अर्धद्विदलं भवति......**સ્ત્રીને અર્ધાંગના ગણી છે. અંગ્રેજીમાં તેને better half– (અધિક સારો અર્ધભાગ) કહે છે પણ શાસ્ત્રકારો તેને અર્ધાંગના કહે છે. સ્ત્રીના વિષે મંડનમિશ્ર અને શંકરાચાર્યનો સંવાદ દાર્શનિક અને તાત્ત્વિક છે. શરૂઆતમાં તે વિનોદી પણ છે.

મંડનમિશ્ર શંકરાચાર્યને કહે છે: 'જે શરીરે તને પેદા કર્યો, જેનું તેં સ્તનપાન કર્યું, તેની તું નિંદા કરે છે તેની તને શરમ નથી આવતી? તું સંન્યાસી થયો એટલે શું થયું?'

શંકરાચાર્ય તેને સામો પ્રશ્ન પૂછે છે: 'જેના પેટમાં તું જન્મ્યો, જેનું સ્તનપાન કરી તું મોટો થયો, તેની સાથે તું પશુવત્ વર્તન શા માટે કરે છે?' અહીં 'પશુવત્' શબ્દ ખાસ નોંધવા જેવો છે. સ્ત્રી તરફ પશુવત્ વર્તન એટલે સ્ત્રી તરફ ઈંદ્રિયસુખની દૃષ્ટિથી જ જોવું. પશુને માનસિક, બૌદ્ધિક, કે આત્મિક સુખની દૃષ્ટિ જ નથી. તેને ફક્ત શારીરિક સુખની જ ખબર છે. માણસ પણ તે જ દૃષ્ટિથી સ્ત્રી તરફ જુએ તો તે પશુવત્ દૃષ્ટિ છે. એક વિચારધારા સ્વીકાર કરે છે અને બીજી વિચારધારા ધિક્કાર કરે છે. ભણેલા લોકોને પ્રશ્ન ઊભો થાય છે opposite sex નો ધિક્કાર કે સ્વીકાર? તેના માટે કંઇક વિચારવું પડશે. ફક્ત સ્ત્રીની નિંદા કરીને નહિ ચાલે.

ભાગવતકાર કહે છે કે તમારે ભક્તિ જ ઉપાડવી પડશે. સ્ત્રી-પુરુષ સાથે રહેશે જ. તે પ્રભુની નિર્મિતિ છે. સ્ત્રીદેહ એ પુરુષનો વિષય બની ગયો છે, એટલું જ નહિ, સ્ત્રી પણ પોતાના શરીરને વિષય માને છે. પરિણામે વ્યક્તિ મરી ગઇ અને વિષય બની ગઇ. વ્યક્તિનું વ્યક્તિમત્ત્વ રહેશે તો તે વિષય નહિ બને. વિષય આવ્યો કે ઉપભોગ્ય અને ઉપભોક્તા આવી ગયો. આજે સ્ત્રી પોતાને વિષય માની રહી છે એ દુ:ખની વાત છે. સ્ત્રી ઉપભોગ્ય બની ગઇ છે. તે રસ્તામાં ઘરેણાં પહેરીને ફરે છે કારણ બધાને સારું લાગે, તે પોતાને રાતદિવસ સંભાળે છે, કારણ તે પોતાને ઉપભોગ્ય માને છે, તેને મનોવિજ્ઞાનશાસ્ત્રમાં Self-consciousness કહે છે. સ્ત્રીના વ્યક્તિવમત્ત્વને માટે વિચારવું પડશે.

અમેરિકાની વિચારધારા કરતાં, સમાજવાદી વિચારધારા આગળ નીકળી ગઇ. સમાજવાદ કહે છે: મનોરંજનને માટે અને જાહેરખબર માટે સ્ત્રીશરીર ત્યાજ્ય છે. જાહેરાતમાં સ્ત્રીશરીરનો ઉપયોગ કરવો તે સારું નથી. જાહેરાતમાં તમે સ્ત્રીના શરીરનો ઉપયોગ કરીને લોકોને ખેંચો છો. તમને ટેલિફોન ઓપરેટર સ્ત્રી જોઇએ. શા માટે? શું તેનામાં કોશલ્ય વધારે છે? શું તેનામાં બુદ્ધિ અને કર્તૃત્વ વધારે છે? ના. તે સ્ત્રી છે તેથી તે બીજાને ખેંચી શકે છે. તમે સ્ત્રીની બુદ્ધિ અને ગુણો સ્વીકારવા તૈયાર નથી, તમે ફક્ત તેનું શરીર સ્વીકારો છો. આ વાત સમાજવાદમાં બેસતી નથી. સમાજવાદી દેશોમાં મનોરંજન કે વેપારના ઉદ્દેશ માટે સ્ત્રીશરીરનો ઉપયોગ ત્યાજ્ય માન્યો છે, પરંતુ, તેમણે મૂળભૂત પ્રશ્ન હલ નથી કર્યો. તેમનો પ્રશ્ન એવો છે કે ઉપભોગમાં બગડયું શું? ભિન્નલિંગી (opposite sex) સ્ત્રી-પુરુષ સાથે રહે અને ઉપભોગ લે તો તેમાં કંઇ બગડતું નથી. બંધનની આવશ્યકતા શું છે? તમે જેટલા વધારે કાયદા રાખો તેટલી વધારે તેને તોડવાની કોશિશ થાય છે. જેટલા કાયદા વધારે તેટલી વ્યક્તિ વધારે અધ:પતિત. જે દેશમાં કાયદા વધારે હોય, ત્યાં માણસ નથી રહેતા, ઘોડા રહે છે. તેને 'public' કહે છે. ઓછા કાયદાથી શાસન કરવાની

જેમની પાસે શક્તિ નથી, તે ખરો શાસક નથી. સમાજમાં ઓછામાં ઓછા કાયદા હોવા જોઇએ. જ્યાં વધારે કાયદા હશે ત્યાં વધારે આપત્તિ આવશે. લોકોને સ્વતંત્રતા આપો. કોઇ ઉપર બળાત્કાર ન થવો જોઇએ. સામેવાળાની સંમતિ જરૂરી છે, આટલું રાખી દો. સમાજવાદ અહીં સુધી આવ્યો છે.

કેવળ સ્વતંત્રતા પર્યાપ્ત નથી, સમાનતા હોવી જોઇએ એમ તેઓ કહે છે: 'મુંબઇના રાણીબાગમાં પ્રાણિઓને રાખ્યા છે. સમજો કે પીંજરામાંથી સિંહ અને બકરીને બહાર કાઢવામાં આવે. બન્નેને સ્વતંત્રતા છે, સિંહને બકરીને ખાવાની અને બકરીને ભાગવાની. આ સ્વતંત્રતાનું પરિણામ શુ થશે? સિંહ બકરીને યથેચ્છાથી ખાશે. ત્યાં બકરીની સંમતિનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

બીજાને સુંદર માનવું ખોટું નથી. તેની અભિલાષા પણ ખોટી નથી. તેમની વચ્ચે સખ્યભાવના ઊભી કરો. સિંહ અને બકરીમાં સખ્ય પેદા કરો. બન્નેને સ્વતંત્રતા મળી. સ્વતંત્રતા અને સમાનતા રાખીને ચાલે નહિ. સિંહ બકરીને ખાઇ જ જશે. **मुरारेस्तृतीय पन्थाः**–શ્રીકૃષ્ણ ભગવાને ત્રીજો જ રસ્તો દેખાડયો છે. મૂડીવાદનો એક રસ્તો છે, સમાજવાદનો બીજો રસ્તો છે. શ્રીકૃષ્ણ ભગવાન અને આપણા શાસ્ત્રકારો કહે છે કે સ્વતંત્રતા અને સમાનતાની સાથે ત્રીજું એક તત્ત્વ જોઇએ અને તે એટલે સ્ત્રીમાં પાવિત્ર્ય નિર્માણ કરો. અહીં જ ભક્તિની જરૂર છે.

સ્ત્રી-પુરુષમાં કેવળ સખ્યભાવના નહિ ચાલે, એનું કારણ, સ્પર્શભાવના માણસને પાગલ બનાવે છે. હાથણનો સ્પર્શ હાથીને પાગલ બનાવે છે. સ્પર્શભાવના વ્યક્તિમાં મૂલભૂત છે. સ્પર્શભાવનાથી વ્યક્તિને આનંદ મળે છે. સૌરાષ્ટ્રમાં તો લોકો એકબીજાને મળે છે ત્યારે એકબીજાને ભેટે છે. ઈંગ્લંડના લોકો એકબીજાને મળે ત્યારે હાથમિલાવે છે. આપણે આદરણીય પુરુષને દૂરથી નમસ્કાર નથી કરતા. આપણે તેને પગે લાગીને, તેનો ચરણસ્પર્શ કરીએ છીએ, એનું કારણ અમને તેનો સ્પર્શ થવો જોઇએ.

સ્પર્શભાવના એ મૂલભૂત આકાંક્ષા છે. સ્પર્શભાવના પછી સંગતિ (સહવાસ) આવે છે અને તેના પછી સંપર્ક ઊભો થાય છે. સ્પર્શની જેમ મૂલભૂત ઇચ્છા છે તેમ સંગતિની પણ મૂલભૂત ઇચ્છા છે. સંગતિ રાખવી હશે તો સંપર્ક રાખવો પડશે. બરાબર અહીં જ ઉલઝન છે.

સ્પર્શભાવના, સંગતિ અને સંપર્ક મૂલભૂત આકાંક્ષા છે. કોઇપણ સ્પર્શભાવના, સંગતિ અને સંપર્ક, પ્રયોજન અને નિમિત્ત વગર થતા નથી. વગર પ્રયોજને સંગતિ સ્વીકારશો તો? ભૌતિક હેતુ વગર સંગતિ થાય તો? આપણા શાસ્ત્રકારોએ તેથી જ મંદિર કાઢયાં, સ્વાધ્યાયનો મંત્ર આપ્યો. તેમાં સંગતિ છે પણ હેતુ અને પ્રયોજન વગર! સંપર્ક અમને શા માટે જોઇએ? અમને અમારા સ્વાધ્યાયીઓને જોવા છે. **लेना देना बंद है फिर भी आनंद है**–આ અમારી સહજપ્રેરણા છે અને તે સંતોષવાનો અમારો પ્રયત્ન છે.

સ્પર્શનિષેધ પણ બે પ્રકારના છે. પુરાણમતવાદી લોકો અમુક વર્ગને અસ્પૃશ્ય માને છે. આ એક પ્રકારનો સ્પર્શનિષેધ છે. બીજા સ્પર્શનિષેધમાં પુરુષ સ્ત્રીને અસ્પૃશ્ય માને છે. પુરાણમતવાદીના સ્પર્શનિષેધમાં વૈષયિક ભાવના નથી. પુરુષ સ્ત્રીને અસ્પૃશ્ય માને છે, એનું કારણ, તે સ્પર્શભાવના ઉત્તેજિત કરે છે.

સ્પર્શભાવનામાં બે નિષેધ છે. સ્ત્રીસ્પર્શનો નિષેધ આવ્યો તેનું કારણ તેમાં વિષયવાસના ઉત્તેજિત થાય છે. તે નહિ થાય માટે ભક્તિ જોઇએ એમ કહે છે. શા માટે? માનવનું શરીર તીર્થક્ષેત્ર માનવું પડશે. જો સ્ત્રીના શરીરને તીર્થક્ષેત્ર માનશો તો વૈષયિક ભાવના ઉત્તેજિત નહિ થાય. કોઇ કહેશે કે સ્ત્રીને 'મા' કહેશો તો પણ વૈષયિક ભાવના ઉત્તેજિત નહિ થાય. 'માતા કે મા' આ પારિવારિક પરિભાષા છે. તે સામાજિક થઇ શકતી નથી. કોઇ મેળાવડામાં બધા ભેગા થયા હોય ત્યારે સામાજિક કાર્યકરોએ સ્ત્રીઓને કંઇ કહેવું હોય તો 'માતાઓ, તમે ડાબી તરફ બેસો.' એમ કહે છે તે માતાઓ બોલે છે તે સામાજિક શબ્દ થઇ શકતો નથી, તે પારિવારિક શબ્દ છે. આમ 'મા' શબ્દ ઉચ્ચારવાથી, વ્યક્તિની ભાવના બદલાતી નથી. તેથી જ આપણે 'ભક્તિયુક્ત સખ્યભાવના' ઉપાડવી છે.

કેટલાક માને છે કે શરીર તુચ્છ છે, નશ્વર છે, મલ-મૂત્રથી ભરેલું છે, ત્યાજ્ય છે. જો નરદેહ નશ્વર, અશાશ્વત અને તુચ્છ હોય તો કોઇ માણસ બીજાની હત્યા કરે તો તેને કંઇ લાગવું ન જોઇએ. એનું કારણ તે તો શરીરની હત્યા કરે છે. તેના આત્માની હત્યા ક્યાં કરે છે? પહેલાં વિચારવંતોનો એક એવો વર્ગ હતો જે કહેતો હતો કે, ગાંધીજીએ અહિંસા કહી છે પણ તે મૂર્ખાઇ છે. ઘણા લોકો કંઇ વાંચતા જ નથી, તેઓ ભાગ્યશાળી(!) છે. એનું કારણ તેમના મગજમાં કોઇ ઉલઝન જ નથી.

આપણે આપણું અને બીજાનું શરીર અવધ્ય માન્યું છે આ વાત સમજી લો. આજે સેવા કરવાની ઇચ્છા હોય છે, પણ કોની? શરીરની. માણસને શાંતિ જોઇએ. શા માટે? શરીરરક્ષણાર્થ. કૌટુંબિક, સામાજિક, શાસકીય યોજનાઓ હોય છે તે બધી શરીરરક્ષણાર્થ હોય છે. શરીરને તુચ્છ, ત્યાજ્ય માનીને નહિ ચાલે. શરીરને પવિત્ર માનવું પડશે. શરીરને પવિત્ર શા માટે માનવું? યોગદર્શનકારે પણ કહ્યું છે: **शौचात्स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः** । (योग. ४०)

બરાબર અહીં જ ભક્તિની આવશ્યકતા છે. ભગવાને આ શરીર બનાવ્યું છે, ભગવાન જ શરીર ચલાવે છે, આ શરીરની અંદર ભગવાન જ છે. તેથી આ શરીર પવિત્ર છે. બીજાનું શરીર પવિત્ર માનવા માટે આ ત્રણ વાતો પર્યાપ્ત છે. વૈદિક વિચારધારા પણ કહે છે કે ભક્તિની આવશ્યકતા છે. **तदेतत् अर्धद्विदलं भवति**.......સ્ત્રી અર્ધદ્વિદલ છે તેથી સખ્યભાવના હોવી જોઇએ પણ તે ભક્તિયુક્ત સખ્યભાવના હોવી જોઇએ.

આજે સ્ત્રી અને પુરુષ સમાજસેવા કરે છે. આપણે સમાજની સેવા નથી કરવી, આપણે સમાજમાં પરિવર્તન લાવવું છે. સમાજસેવા જુદી અને સમાજપરિવર્તન જુદું. સ્વાધ્યાયપરિવારને સમાજનું પરિવર્તન અપેક્ષિત છે. સમાજનું પરિવર્તન કરવું હશે તો વ્યક્તિનું પરિવર્તન આવશ્યક છે. વ્યક્તિપરિવર્તન ભક્તિથી જ થશે તેથી સ્વાધ્યાયપરિવારે ભક્તિ ઉપાડી છે. ભક્તિ એક સામાજિક પરિબળ છે. ભક્તિયુક્ત અંત:કરણથી આ સ્પર્શભાવનાનો પ્રશ્ન હલ થઇ શકે છે. હાથીને ભક્તિ સમજવા માટે બુદ્ધિ નથી, પરંતુ, માણસ પાસે બુદ્ધિ છે. ભક્તિથી સ્પર્શને પરિણામે પેદા થતી ઉત્તેજનાના કોયડામાંથી માણસ છૂટી શકે છે.

'સમાજસેવા' આ શબ્દ આપણને સારો લાગતો નથી. આપણે સમાજપરિવર્તન કરવાવાળા

છીએ. પરિવર્તન એ મૂલભૂત વાત છે. તેનો ઉપયોગ ત્રણ પેઢી પછી ખબર પડશે, પરંતુ, તે ચોક્કસ થશે. તે ભક્તિપૂર્ણ દૃષ્ટિથી જ થશે એમ ગીતાએ કહ્યું છે. ભાગવતને પણ તે જ કહેવું છે.

૧૫. હરણ: એક શિકારી હરણનો શિકાર કરતો હતો. અવધૂતે તે જોયું. હરણ અતિશય ચપળ હતું તેથી શિકારી તેને પહોંચી ન શક્યો. ત્યારે શિકારીએ વિચાર્યું કે હરણની નબળાઇ કઇ? હરણ ગાનથી, સંગીતથી લોભાય છે. કંઇક વાજિંત્ર વગાડો તો હરણ લોભાશે. શિકારીએ ગાયન શરૂ કર્યું અને હરણ તે સાંભળવા ઊભું રહ્યું. લાગ જોઇને શિકારીએ તેનો શિકાર કર્યો. આ ઘટના જોયા પછી ભાગવતકારે તેના ઉપર એક વાર્તા લખી છે.

ગાયનથી વ્યક્તિ પથચ્યુત, ધ્યેયચ્યુત બને છે. અયોધ્યા ઉપર કંઇક આપત્તિ આવી હતી. તેમાંથી અયોધ્યાની રક્ષા કરવી હોય તો ઋષ્યશૃંગ ઋષિને અયોધ્યામાં લાવવા પડે. રાજાએ વિચાર કરીને વેશ્યાઓને ઋષ્યશૃંગ ઋષિને લાવવાનું કામ સોંપ્યું. ઋષિ તપ કરતા હતા તે સ્થળે વેશ્યાઓ પહોંચી ગઇ. ત્યાં તેમણે ગાયન-નૃત્ય ઇત્યાદિ શરૂ કર્યાં–તેમનો હાવભાવ, નૃત્ય વગેરે જોઇને ઋષ્યશૃંગ તેમને અનુકૂળ થઇ ગયા. અત્યારસુધી તેમણે સ્ત્રીને જોઇ જ ન હતી. શરૂઆતમાં તો તેમને એમ જ લાગ્યું કે આવા પ્રાણી કોણ છે? ગાયન-નૃત્ય વગેરે જોઇને, આટલા તપસ્વી હોવા છતાં ઋષ્યશૃંગ લુબ્ધ થયા. આમાં ભાગવતકારને સમજાવવાનું છે કે જેણે જીવનવિકાસ કરવો છે તેણે ગાયનનૃત્યના નાદમાં ન પડવું જોઇએ. તે પથચ્યુત બનાવી તકલીફ આપશે. જે પરતંત્ર બુદ્ધિનો છે તે જીવનવિકાસ કેમ સાધી શકે? જીવનવિકાસ કરવો હોય તો સ્વતંત્ર બુદ્ધિ જોઇએ.

જીવનવિકાસ માટે બુદ્ધિ એ મોટું હથિયાર છે. કપાળે તિલક કે ચંદન કરી આપણે બુદ્ધિપૂજા કરીએ છીએ. બુદ્ધિ બગડવી ન જોઇએ, તેને ગુલામ ન થવા દેવી જોઇએ. બધું બગડે તો ચાલે, પરંતુ બુદ્ધિ બગડે તો ન ચાલે, એનું કારણ બુદ્ધિ બગડે તો વિચાર અને કૃતિ, બન્ને બગડે. સાધેલો વિકાસ પણ ખલાસ થઇ જશે. મને જે બુદ્ધિ મળી છે તેનાથી જ હું ભગવાનના પગ સુધી પહોંચી શકું છું. ભારતીય સંસ્કૃતિએ બુદ્ધિપૂજા સમજાવી છે. બુદ્ધિ પરતંત્ર બની ગઇ કે વ્યક્તિનું જીવન અધઃપતિત થાય. ભાગવતકારે ઋષ્યશૃંગનું દૃષ્ટાંત આપીને સિદ્ધાંત તારવ્યો છે કે ગાયન-નૃત્ય ઇત્યાદિ બેકાર છે. તો પછી શું ગાયન સાંભળવું જ નહિ? ભાગવતકારે તેની નિંદા પણ કરી છે, પરંતુ, ગીતામાં ભગવાને ગાનપ્રધાન સામવેદને પોતાની વિભૂતિ ગણાવી છે. **વેદાનાં સામવેદોઽસ્મિ**–કહ્યું છે, તે સામવેદમાં જ્ઞાન છે માટે નહિ, પણ તે ગાનપ્રધાન વેદ છે તેથી. નહિ તો, ઋગ્વેદ પણ જ્ઞાનપૂર્ણ છે. યજુર્વેદ કર્મપરિપૂર્ણ છે. તે છતાં સામવેદને ભગવાને પોતાની વિભૂતિ ગણાવી છે.

જે ગાવામાં આવે છે તે ટકે છે; ગદ્ય ટકતું નથી, પદ્ય ટકે છે. તમે પ્રવચન સાંભળીને ઘરે ગયા કે બધું ભૂલાઇ જાય છે, પરંતુ, એકાદ લીટી તમે પદ્યમાં સાંભળી હશે તો ગણગણતા રહેશો. ગીતાનું તત્ત્વજ્ઞાન પદ્યમાં છે તે જ તેથી મહત્તા છે. અદ્વૈતસિદ્ધિ અને ખંડનખંડ ખાદ્ય જેવા ગ્રંથો જ્ઞાનથી ભરેલા છે, પરંતુ, ગીતાનું તત્ત્વજ્ઞાન ગાવામાં આવ્યું છે એ તેની મહત્તા છે. તત્ત્વજ્ઞાન ગાઇ શકાય એ, પરસ્પરવિરોધી લાગે છે પણ જે ગાયેલું તત્ત્વજ્ઞાન છે તેની મહત્તા વધારે છે.

ભાગવતકારે ગાયનની નિંદા કરી છે. ઋષ્યશૃંગની વાર્તા પણ તે માટે લખી છે. આમાં

ભાગવતકારે ગ્રામ્ય ગાયન (હલકા પ્રકારના ગાયન) ની નિંદા કરી છે, ગાયનની નહિ. ગુજરાતીમાં 'ગ્રામ્ય' શબ્દ ગામડા માટે વપરાય છે, પરંતુ, 'ગ્રામ્ય' શબ્દનો અર્થ અશ્લીલ, તદ્દન નિમ્નસ્તરનું, એવો થાય છે. ભાગવતકાર કહે છે કે અશ્લીલ અને વિકારોત્તેજક ગાયન ન સાંભળવું જોઇએ. અહીં સૂર, ગાયન, કાવ્યની નિંદા નથી, ગ્રામ્ય ગાયનની નિંદા છે. ગ્રામ્યકાવ્ય સાંભળવું ત્યાજ્ય ગણ્યું છે.

જેમ વિકારોત્તેજક ગાયન હોય છે તેમ પથદર્શક અને જીવનવિષયક ગાયન હોય છે. ભાવવર્ધક ગાયન અને ભક્તિસંપન્ન ગાયન પણ હોય છે તેથી ભાગવતકારે 'ગ્રામ્ય' શબ્દ વાપર્યો છે.

કાવ્ય કેવું હોવું જોઇએ એ જ્વલંત પ્રશ્ન છે. સમાજસુધારકો કહે છે કે કાવ્યમાં વાસ્તવિકતા જોઇએ. તેમને લાગે છે કે વસ્તુસ્થિતિનિદર્શન જેમાં હોય તે કાવ્ય છે.

એક દંતકથા છે. એક ગણિકાએ એક કાવ્ય લખ્યું અને ભોજરાજાના દરબારમાં સંભળાવ્યું: **पक्वानि जंबूफलानि विमलेजले पतन्ति मत्स्यानि न भक्ष्यन्ते......** પાકેલાં જાંબુફળ પાણીમાં પડયાં પણ માછલીઓ તેને ખાતી નથી. આને શું કાવ્ય કહેવાય? તે હકીકત છે, ગણિકાએ તે જોયું હતું તેથી જ તેણે લખ્યું. દરબારમાં તેને કાવ્ય ગણવામાં ન આવ્યું. ગણિકા નિરાશ થઇ. કોઇ તેને કાલિદાસ પાસે લઇ ગયું. કાલિદાસે તેમાં **जालगोलकशङ्कया**—આટલા શબ્દો ઉમેર્યા. તેનો અર્થ એ થયો કે માછલીને શંકા ગઇ કે આ જાળનું આમિષ (માંસનો ટુકડો) હશે. અહીં કવિ આવ્યો. જ્યાંસુધી કાવ્યમાં કવિ નથી આવતો ત્યાંસુધી 'કાવ્ય' બનતું નથી. જે ગાવામાં આવે છે તે 'કાવ્ય' આ સાચું નથી. કેવળ વસ્તુસ્થિતિનિદર્શન કરશો અને તે ગેય હશે તો પણ તે કાવ્ય કહેવાતું નથી. આજે જમાનો બદલાયો છે. મોટામોટા લોકો કહેવા લાગ્યા છે કે જે વસ્તુસ્થિતિ છે, જે સમાજમાં ચાલી રહ્યું છે તે અમે દેખાડીએ છીએ, તે જ કાવ્ય છે. વાસ્તવમાં, કાવ્યમાં વસ્તુસ્થિતિ (reality) કહેવાની જરૂર નથી, ગાયનની પણ જરૂર નથી. કાવ્યમાં કવિની બુદ્ધિ હોવી જોઇએ, દૃષ્ટિ હોવી જોઇએ, વિચારધારા હોવી જોઇએ તો તેને કાવ્ય કહેવાય.

सरसिजमनुविद्धं शैवलेनापि रम्यं
मलिनमपि हिमांशोर्लक्ष्म लक्ष्मीं तनोति ।
इयमधिकमनोज्ञा वल्कलेनापि तन्वी
किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् ॥ (शाकुंतल-१/१९)

'શેવાળથી ભરેલા તળાવમાં કમળ સુંદર લાગે છે, ચંદ્ર ઉપર મલિનતા છે, ડાઘ છે તે પણ તેની શોભા વધારે છે, વલ્કલ પહેરેલી શકુંતલા ઊભી છે તે અતિશય સુંદર લાગે છે.' આમાં કમળ, ચંદ્ર અને શકુંતલાને કોઇ સંબંધ નથી. બધું અવ્યસ્થિત લાગે છે—પણ કવિએ છેલ્લી લીટી લખી—'જે સ્વયં સુંદર છે તેનું બધું જ સુંદર લાગે છે'—તેના લીધે જુદા જુદા અનુભવોનું એકત્રીકરણ થયું અને અસંબદ્ધ વાતોને અર્થ આવી ગયો. તે કામ કવિએ કર્યું તેથી ઉપરની ત્રણેય લીટીને અર્થ આવી ગયો. આને કાવ્ય કહે છે. કેવળ હકીકત, વસ્તુસ્થિતિનિદર્શન એ કાવ્ય કે કલા નથી. તેની પાછળ કવિ હોવો જોઇએ અને કવિને બુદ્ધિ હોવી જોઇએ.

આજે લોકો કહે છે કે વાસ્તવદર્શન હોવું જોઇએ. વાસ્તવદર્શન એ કાવ્ય નથી. 'નદી સાગરને મળે છે' આ વાસ્તવદર્શન છે પણ ત્યાં કવિ નથી તેથી તે કાવ્ય નથી. કવિ કહે છે: 'નદી સાગરને મળતી નથી, કન્યા સાસરે જાય છે અને પુત્રીવિયોગથી માતા રડે છે' અહીં કાવ્ય છે.

આજે નાટક, સિનેમા, કાવ્ય, લેખન—બધા વાસ્તવવાદી બની ગયા છે. જે વાસ્તવ નથી તે લખવું ન જોઇએ, પરંતુ, ફક્ત વાસ્તવતા એ કાવ્ય નથી, એનું કારણ ત્યાં કવિ નથી, હકીકત છે, વસ્તુસ્થિતિ છે. આપણે વસ્તુસ્થિતિ જોઇએ છીએ. કાવ્યમાં કવિને કંઇ સમજાવવું છે, ભાવને હલાવવો છે, આખા **રઘુવંશ**માં શું છે? કવિને કંઇક કહેવું છે. તે માત્ર ચરિત્રદર્શન નથી.

મમ્મટ અને જૈયટ—બે ભાઇઓ હતા. મમ્મટ સાહિત્યિક અને જૈયટ વૈયાકરણી હતો. જૈયટનો છોકરો કૈયટ. કૈયટે વ્યાકરણ લખ્યું અને મમ્મટે 'કાવ્યપ્રકાશ' લખ્યું. આજ સુધી કોઇ સાહિત્યિક તેના કરતાં આગળ ગયા નથી. આપણને ગુજરાતી, હિંદી, મરાઠી કવિઓ બહુ મોટા લાગે છે પરંતુ, કાવ્યની મૂળભૂત ધારણા કઇ છે તે 'કાવ્યપ્રકાશ' સમજાવે છે. જ્યાં કવિ નથી તેને કાવ્ય કેમ કહેવાય? દરેક લીટીમાં કવિ હોવો જોઇએ તો કાવ્ય થાય. આજે બધાને કાવ્ય, નાટક ઇત્યાદિને વાસ્તવવાદી બનાવવા છે. કંઇ રચના નથી, સુસંગતિ નથી, અર્થપ્રતીતિ નથી, એવું કાવ્ય ઊભું રહે છે, દા.ત. 'હું જતો હતો અને તેને જોયો'—બસ, કાવ્ય થઇ ગયું. જેમાં રચના, સુસંગતિ કે અર્થપ્રતીતિ નહિ, તેને મુક્ત છંદ કહે છે.

કાવ્યમાં કવિ હોવો જોઇએ, બુદ્ધિ હોવી જોઇએ, કવિની નજર હોવી જોઇએ, તો કાવ્ય થાય. ફક્ત વસ્તુસ્થિતિદર્શન એ કાવ્ય નથી. કાવ્ય સ્વરબદ્ધ અને ગાનબદ્ધ હોવું જોઇએ. જીવનવિષયક કાવ્ય, પથદર્શક કાવ્યમાં કવિને કંઇક સમજાવવું છે, કંઇ બદલવું છે. આ વાતો જેમાં નથી તે કાવ્ય જ નથી.

કાવ્ય જીવનવિષયક, પથનિદર્શક, ભાવવર્ધક અને ભક્તિસંપન્ન હોવું જોઇએ. કેવળ ઇશ્વરનું ગુણગાન હોય એટલે તે મોટું કાવ્ય બની જતું નથી. એનું કારણ, ઇશ્વરનું ગુણગાન સીમિત છે. ભગવાનના ગુણગાન તમે કેટલા ગાંશો? ભગવાનને તમે જેટલા વિશેષણો લગાડશો તેટલાં ઓછાં જ છે.

असितगिरिसमं स्यात्कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥ (महिम्न/३२)

ઇશ્વરનું ગુણગાન એ કાવ્યનો વિષય બની શકતો નથી. જીવનના વિવિધ પાસાંઓનો સ્પર્શ કરી જે પથદર્શક હોય, જીવનવિષયક હોય, ભાવવર્ધક હોય, તે જ કાવ્ય છે. ઇશ્વરનું પણ કાવ્ય હોઇ શકે. તેનું ભજન ગાવું જોઇએ. ગાયન નકામું નથી. તમે શું ગાઓ છો તેના પર બધો આધાર છે. અહીં **ગ્રામ્યગાન** શબ્દ વાપર્યો છે. ગાયન કે સૂરની પાછળ કંઇ કહેવાનું ન હોય, કંઇ સમજાવવાનું ન હોય, કંઇ બદલવાનું ન હોય, તો તેમાં જોખમ છે. કાવ્ય વિકારોત્તેજક ન હોવું જોઇએ. આજે કાવ્ય કેવું છે અને કેવું હોવું જોઇએ તે સમજાવવા માટે આ ચર્ચા છે.

આજે કવિ વાસ્તવતા પકડીને બેઠો છે. તેના મનમાં કંઇ ધ્યેય નહિ, જીવનમાં ધ્યેય નહિ, તેને ફક્ત પૈસા કમાવા છે. તે ચાર લીટી લખી કાઢે કે કાવ્ય(!) બની ગયું. વાસ્તવિકતા શું છે તે કહેવા માટે કવિની જરૂર નથી. 'શું છે' તેને બદલે 'શું હોવું જોઇએ' તે કવિએ કહેવું જોઇએ.

જીવનવિષયક તત્ત્વજ્ઞાન અને જુદી જુદી વિચારધારા લઇને આપણે ગામડાઓમાં ભક્તિફેરી માટે જઇએ છીએ, તેમાં ભાવગીતો ગાઇએ છીએ. પાઠશાળામાં પ્રવચનો થાય છે તેના ઉપરથી સ્વાધ્યાયપરિવારનાં કાવ્યો થયાં છે. તે કાવ્યોમાં જીવનવિષયક તત્ત્વજ્ઞાન ભરેલું છે. તેમાં જીવન સમજાવ્યું છે. શું કરવું જોઇએ, શું બનવું જોઇએ, કેવા થવું જોઇએ, તે કાવ્યમાંથી મળવું જોઇએ. આજે કવિને કંઇ બનાવવું જ નથી. ફક્ત શ્રોતા 'વાહ, વાહ' કરે કે પતી ગયું કામ!

કવિના મગજમાં એક જુદી દૃષ્ટિ હોવી જોઇએ કે મારે સમાજ બદલવો છે. તે વિશિષ્ટ વિષય માટે લખે ત્યારે જીવનવિષયક કાવ્ય નીકળે. ભાગવતકારે ગાયન નકામું નથી ઠરાવ્યું, પરંતુ ગ્રામ્ય કાવ્ય ખોટું ઠરાવ્યું છે. ગ્રામ્ય એટલે અશ્લીલ, નિમ્નસ્તરનું.

હરણ ગાનલુબ્ધ થાય છે માટે ગ્રામ્ય અને વિકારોત્તેજક ગાયન ભાગવતકારે અમાન્ય કર્યું છે. જેને જીવનવિકાસ સાધવો છે તેને આવા ગાયનથી આઘુ રહેવું પડશે. જે તેમાં લોભાશે તે પરતંત્ર બુદ્ધિનો થશે. જે પરતંત્ર બુદ્ધિનો છે તે કંઇ વિચારી કે કરી શકતો નથી. જ્યાં કૃતિ અને વિચાર બન્ને બંધ થઇ જાય છે ત્યાં જીવનવિકાસ કેવી રીતે થાય? જીવનવિકાસમાં તે બન્નેની આવશ્યકતા છે.

૧૬. માછલી: અવધૂતે જોયું કે માછીમારે કાંટામાં માંસનો ટૂકડો રાખીને માછલીને ફસાવી. માછલી ફસાઇ તેનું કારણ આમીષ. ઉંદરને પીંજરામાં પૂરવો હોય તો અંદર કંઇ ને કંઇ ખાવાનું રાખવું જોઇએ. ખાવા માટે ઉંદર પીંજરામાં ઘૂસે અને પકડાઇ જાય. અવધૂત કહે છે કે માછલીએ મને શીખવ્યું કે જેને જીવનવિકાસ કરવો છે તેણે રસનાનો મોહ છોડવો પડશે.

રસના માણસને દીન બનાવે છે, એટલું જ નહિ, રસનાનો ગુલામ બનેલો માણસ આયુર્વેદના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. પેટને ચાલે તે આપવાનું કે જીભને ભાવે તે આપવાનું? જીભને જોઇએ તે હદબહાર આપ્યા કરશો તો પેટ ખલાસ થઇ જશે. રસનાનો મોહ ખોટો છે. તેમાં વ્યક્તિ ખલાસ થઇ જાય છે. રોટલી જોઇએ તેમાં શંકા નથી પણ તેની પાછળ ગાંડા ન થવું જોઇએ, નહિ તો માણસની રોટલી વધ્યા જ કરે છે.

મોટા મોટા ઉદ્યોગપતિઓ રાતદિવસ દોડધામ કરે છે. તેને પૂછો, 'શા માટે આટલી દોડધામ કરો છો?' તો કહે છે, 'ભાઇ! પેટ માટે બધું કરવું જ પડે.' અરે! પણ તારું પેટ કેટલું મોટું છે! તેને પેટને માટે સમાધાન જ નથી. તો પછી જીવનવિકાસ માટે માર્ગદર્શન કેવી રીતે મળે?

૧૭. ટિટોડી: ત્યારબાદ અવધૂતને ટિટોડી મળે છે. તેની ચાંચમાં માંસનો ટૂકડો હતો. તેને બધા હેરાન કરતા હતા. છેવટે ટિટોડીએ માંસનો ટૂકડો ફેંકી દીધો કે બધા હેરાન કરવાવાળા ચાલ્યા ગયા. તેની હેરાનગતિ ગઇ અને તેને સમાધાન મળ્યું.

ભાગવતકાર કહે છે કે અપસંગ્રહને લીધે હેરાનગતિ થાય છે. તે છોડી દો તો તફલીફ ચાલી

જશે. ભાગવતકારે અહીં સુંદર ચિત્ર ઊભું કર્યું છે. લોકો આનો એવો અર્થ કાઢે છે કે બધી સંપત્તિ ફેંકી દો. અહીં માંસના ટૂકડાનો અર્થ થાય છે ઉપભોગ્ય વસ્તુ. ઉપભોગ્ય વસ્તુ આવી ક્યાંથી? કોણે આપી? લીધી કેમ? તેનો વિચાર ન કરતાં તે વસ્તુ ફેંકી દેવાની ભાષા બોલવી કેટલી યોગ્ય છે? શું જેની પાસે કંઇ સંપત્તિ છે તે ફેંકી દઇને ગરીબ બની જવું? જેની પાસે છે તે આવ્યું ક્યાંથી? કોણે આપ્યું? એનો વિચાર કરશો તો ખબર પડશે કે ઘણાની પાસે માંસ ન હતું અને એક પાસે જ હતું. તે તેણે ફેંકી દીધું. આ 'ફેંકી દીધું' અર્થ બરાબર નથી. 'આપી દીધું' આ અર્થ યોગ્ય છે. તે લાક્ષણિક અને અન્યોક્તિથી સમજાવવું જોઇએ.

એકની પાસે છે અને ઘણાની પાસે નથી. જેમની પાસે નથી તેઓ જેમની પાસે છે તેમને હેરાન કરે છે. આજની ભાષામાં વિત્ત ઉપભોગ્ય વસ્તુ છે. તે તમારી પાસે આવ્યું છે અથવા મોકલેલું છે. તેની પાછળ જે વિચારધારા છે તેના લીધે વિત્તનો સંગ્રહ થાય છે. આપણને જેઓ હેરાન કરે છે તેના બે રસ્તા છે. એક તો તેને પણ ઉપભોગ આપવો જોઇએ અને બીજો રસ્તો છે, તેમની સાથે એકતા, ભાવ, આત્મીયતા વધારવા જોઇએ, તો હેરાનગતિ ન થાય.

તત્ત્વજ્ઞાનમાં વિત્ત નિંદ્ય, ત્યાજ્ય કે તિરસ્કરણીય નથી. વિત્તને લક્ષ્મી સમજવામાં આવે છે, તેનો વિચાર કરવો પડશે. ભોગ આપવાથી પ્રશ્નનો જવાબ મળતો નથી.

આપણા દેશને આઝાદી મળી છે, તે આઝાદી ભગવાને આપી છે. ભગવાનને લાગતું હતું કે હવે કંઇ સારુ નીકળશે, કંઇ દૈવી તત્ત્વજ્ઞાન નીકળશે, જીવન સમજાવવાવાળું તત્ત્વજ્ઞાન ફરી ઊભું થશે, કંઇ ભાવપૂર્ણ જીવન નિર્માણ થયેલું જોવા મળશે. પરંતુ, તેવું કંઇ થયું નહિ. જેની પાસે માંસ છે (Have) અને જેની પાસે માંસ નથી (Have not) બે વર્ગ ઊભા થયા. જેમની પાસે વિત્ત છે તેઓ સમજ્યા નહિ કે અમારી પાસે જે લક્ષ્મી છે, તે ટકાવવી પડશે. નદી વહી જાય તો પાણી ફોકટ સમુદ્રમાં ચાલી જાય. બંધ બાંધીને નદીના પાણીને બાંધવું જોઇએ. તેમાંથી નહેર દ્વારા ઠેકઠેકાણે પાણી મોકલીને ઉત્પાદન વધારી શકાય. પાણીને બાંધવામાં ન આવે તો તેમાં શક્તિ નિર્માણ થતી નથી. વિત્તવાન લાકોએ શું કર્યું? પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે તેમણે સત્તાધીશોના પગ પર કરોડો રૂપિયા ધરી દીધા, એટલું જ નહિ, સંપત્તિના જોરે તેઓ સત્તાવાન બની ગયા. અમેરિકામાં નવ કેપિટાલિસ્ટ-મૂડીવાદી લોકો પાર્લામેંટમાં જવાવાળા લોકોના પગ પર પૈસા રાખે છે અને પાર્લામેંટને હલાવે છે. આ વાત અહીંનાં મૂડીવાદીઓએ જોઇ અને તેઓ અમેરિકન મૂડીવાદીઓનું અનુકરણ કરવા લાગ્યા, પરંતુ, આ લોકોને ખબર નથી કે અમેરિકામાં સંપત્તિ ઘણી છે અને લોકસંખ્યા ઓછી છે. જ્યારે ભારતમાં સંપત્તિ ઓછી છે અને લોકસંખ્યા ઘણી વધારે છે. તેના લીધે બધા સંપત્તિમાનોની સંપત્તિ ભેગી કરીને લોકોને આપવામાં આવે તો પણ તેમનું પેટ નહિ ભરાય. તો પછી શું કરવું જોઇએ?

આ દેશની જમીન-ભૂમિ ભાવ-ભક્તિસંપન્ન છે. જે પૈસા તેમણે રાજકીય લોકોના પગ પર ધર્યા, તેના બદલે જૂથો તૈયાર કરી, વિવિધ જિલ્લાઓમાં દૈવી વિચારો પહોંચાડત અને ભાવવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરત, તો આ દેશમાં એક જુદું ચિત્ર જોવા મળત. શ્રીમંતોએ રાજકીય નેતાઓના પગ પર વિત્ત રાખીને સંસ્કૃતિ ઉપર અને ભગવાને આપેલા સ્વાતંત્ર્ય ઉપર જબરદસ્ત જોખમ

ઊભું કર્યું છે. તેમને હવે તે જન્મજન્માંતર સુધી સહન કરવું પડશે. વિત્ત એક જબરદસ્ત શક્તિ છે. રાજકીય લોકોને પૈસા આપવાની શી જરૂર છે? સંપત્તિમાન લોકો જેમ જૂનાકાળમાં રાજસત્તાના ગુલામ હતા તેમ આજે પણ તેમણે સત્તાવાનના પગ પકડયા છે, અને હવે તો પગ છોડવા મુશ્કેલ છે. હવે તો એવી સ્થિતિ આવી છે કે પગ છોડે તો માર ખાય.

આ દેશની ભૂમિની જ તેમને ખબર નથી. તેની જો ખબર હોત તો આજે ભારતમાં જુદું ચિત્ર જોવા મળત. તેજસ્વી અને ભવ્ય થવાના બદલે આજે બધા ભિખારી બની ગયા છે. તમે શું આપો છો, કેટલું આપો છો? તે જ જોવામાં આવે છે. બધા ભિખારી છે. કરોડપતિ પણ ભિખારી છે અને સામાન્ય માણસ પણ ભિખારી છે. બધાને ભીખ જોઇએ છે. આ સિવાય બીજો અવાજ સાંભળવા મળતો નથી. આ કેટલું અધઃપતન છે! જેની પાસે સંસ્કૃતિ હતી તેને ભગવાને આઝાદી આપી હતી. ભગવાને જ આઝાદી આપી છે એવી આપણી દઢતર ભાવના છે. આપણે તર્ક થી પણ આ વાત સિદ્ધ કરી શકીએ છીએ કે આઝાદી ભગવાને આપણને આપી છે અને આપણે માત્ર નિમિત્ત બન્યા છીએ.

આજે આઝાદીનો ગેરઉપયોગ થયો છે. વિત્ત અને સત્તાનો દુરૂપયોગ (abuse) થાય છે, એનું કારણ, માનવ અધઃપતિત થઇ ગયો છે. જો વિત્તવાનોએ જુદી દૃષ્ટિ રાખીને, જેમની પાસે વિત્ત નથી તેમની સાથે આત્મીયતા બાંધી હોત, એકતા સાધી હોત, મેં આપેલું ભગવાન નોંધશે એવો વિશ્વાસ રાખીને આપ્યું હોત તો એકાદ પેઢી પછી તેની મહત્તા ખબર પડત. આજે શું મળે છે તે જોઇને જે આપે છે તે વેપાર જ છે. આજે કંઇ નહિ મળે છતાં જે આપે છે તેને 'ફેંકી દીધું' એમ કહેવાય.

ખેડૂત ખેતરમાં અન્ન ફેંકી દે છે. શા માટે? તેનું ફળ તેને આજે નહિ, ચાર મહિના પછી મળવાનું છે. તેને 'ફેંકી દીધું' કહેવાય. અહીં આપેલું દૃષ્ટાંત સૂચક છે. ભાગવતકાર લાક્ષણિક રીતે લખે છે. **परोक्षप्रिया इव हि देवाः ।** જેમની પાસે વિત્ત હતું તેમણે જો એવું કામ કર્યું હોત કે તેનાથી એકતા નિર્માણ થાત, ભાવોન્નતિ અને આત્મીયતા થાત, તો આજે એક જુદું જ ચિત્ર જોવા મળત. તેમણે એવું કંઇ કર્યું નહિ. તેઓ પોતાની ઘોર ખોદે છે. ઘોર તો ખોદાઇ ગઇ છે, ફક્ત તેમને અંદર દાટવાના બાકી છે.

વ્યક્તિના જીવનમાં એક જ વાતનો વિચાર, તે એટલે 'રોટી', બીજી વાત જ નહિ. ભીખ માગીને પણ રોટલો મેળવો બસ! જેને 'રોટી' મળતી નથી તે કંઇ પણ કરવા તૈયાર છે. જો ખાવા જ ન મળે તો શાસ્ત્રકારો પણ છૂટ આપે છે. 'Not only allowable, but duty to steal—'—એવું એક પાશ્ચાત્ય પંડિત કહે છે.

આજે વિત્તવાન લોકો મંદિર બાંધે છે તેથી તેઓ ધાર્મિક લાગે છે, પરંતુ, મંદિરમાં જવા માટે ભાવના પેદા કરવી પડશે. તે કામ કોણ કરશે? એક વખત ભાવના નિર્માણ થઇ કે પછી જ્યાં બેઠા હો ત્યાં મંદિર છે. એકાદ ઝાડની નીચે પણ મંદિર ઊભું થઇ જાય છે. ભગવાન સર્વવ્યાપક છે એવું શાસ્ત્રકારો કહે જ છે. આજે વિત્તવાનોના કરોડો રૂપિયા તેમાં ચાલ્યા ગયા છે પણ તે સંપત્તિનો ગેરઉપયોગ છે. તેમને કૃષ્ણ ભગવાનનું નામ લેવું છે પણ કૃષ્ણના વિચારો

સ્વીકારવા નથી. Lord Krishna in a wrong company—આના ઉપર એક મહાનિબંધ (thesis) લખવો જોઇએ. જેમણે કૃષ્ણ ભગવાનને ઉપાડયા છે તેઓ જ કૃષ્ણ ભગવાનને સમજ્યા નથી. જો તેઓ કૃષ્ણ ભગવાનને સમજી લેત તો એકતા, ભાવ, આત્મીયતા વધારવા, વ્યક્તિનું આત્મગૌરવ વધારવા પ્રયત્ન કરત. તે કામ માટે તેમણે જો પોતાની સંપત્તિ વાપરી હોત તો આજે એક જુદું જ ચિત્ર જોવા મળત.

આપણા પૂર્વજોએ બ્રહ્મશક્તિ એટલે બુદ્ધિશક્તિ, ક્ષાત્રશક્તિ અને વિત્તશક્તિ—ત્રણેય શક્તિઓને જુદી રાખીને એક શક્તિ પેદા કરી હતી.

ભાગવતકારને કંઇ દૈવી દર્શન કરાવવું હશે તેથી તેમણે ટિટોડીના દષ્ટાંતથી તે કરાવ્યું છે. ભાગવતકાર જુદી જુદી રીતે ઘણું સમજાવે છે. સમજવાવાળા તે સમજશે. જે અણસમજુ છે તેમને સમજાવવાની શક્તિ ભગવાનમાં છે.

દુઃખ એ વાતનું થાય છે કે સંસ્કૃતિ ડૂબી ગઇ, સ્વાતંત્ર્ય મળ્યા પછી જીવવા જેવું લાગતું નથી. સાત્ત્વિક અને દૈવી લોકોને જીવવું અશક્ય થયું છે. આવી સ્થિતિ કોણે ઊભી કરી? એ વિચારવા જેવું છે. આજે શું ફળ મળે છે એ ન જોતાં, પ્રભુ નોંધશે એમ સમજીને ડગલું ભરવામાં આવે તો જ સંસ્કૃતિ ઊભી થાય. એ દૃષ્ટિથી આપવું એટલે જ ફેંકવું. ટિટોડીના દષ્ટાંતથી ભાગવતકારે આ સમજાવ્યું છે.

૧૮. પિંગલાઃ અવધૂતે પિંગલા નામની વેશ્યા પાસેથી જ્ઞાન મેળવ્યું છે. ભાગવતમાં તેની વાર્તા છે. પિંગલા ગ્રાહકને શોધે છે. તેમાં તે વિફળ થાય છે તેથી પશ્ચાત્તાપ કરે છે. આ બધું ભાગવતકાર વિસ્તારથી લખે છે. વેશ્યાની ખરાબ અવસ્થા જોઇને તેનું મનોવિશ્લેષણ કર્યું છે. પિંગલા પોતે જ ગીત ગાય છે. તેમાં જ્ઞાન છે.

દેહ વિલાસાર્થ નથી. પિંગલા સ્ત્રી હોવા છતાં સ્ત્રીશરીરની નિંદા કરે છે. એનો અર્થ ભિન્નલિંગી (opposite sex) ની નિંદા છે. તેણે કામવાસના વિષે નફરત ઊભી કરી છે. કોઇની કામનાપૂર્તિને માટે પોતાનું શરીર વાપર્યું તેથી તે જીવનથી કંટાળી ગઇ હતી. અંતિમ તેણે વિચાર્યું કે જે મારી પાસે છે, જે નિત્ય મારો છે, જેનું અસ્તિત્વ નિત્ય છે, તેવા **રમણ** (રમવાવાળા ભગવાન) ને છોડીને મેં શું કર્યું? આવો અફસોસ તે દિલથી કરે છે. પશ્ચાત્તાપ કરીને તે શાંત થઇ જાય છે, ત્યારપછી તે આત્મા સાથે રમવાવાળી થાય છે.

ભાગવતકારે લખ્યું છે કે જ્યાંસુધી નિર્વેદ નહિ, ત્યાંસુધી સંસાર છૂટતો નથી. નિર્વેદ એટલે **અલમ્ બુદ્ધિ**—એટલે કે બુદ્ધિમાં 'હવે બસ' સ્થિર થવું જોઇએ. થોભો અને છોડો-Wait and fast—આ બન્નેનો જ્યાંસુધી અભ્યાસ થતો નથી ત્યાંસુધી વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર ઉપર આવતાં નથી. આજે લોકોને 'ઊભા રહેવાની'—'થોભો' ની તૈયારી નથી. અર્થાત્ સાધનાની તૈયારી નથી.

આજે અમુક કામ શરૂ કર્યું છે તેનું ફળ બાર વર્ષ પછી મળશે—એવી સાધનાની તૈયારી નથી. હમણાં આઠ વાગે કામ શરૂ તો નવ વાગે ફળ મળવું જોઇએ એમ પ્રત્યેકને લાગે છે. થોભવાનું—wait નું શિક્ષણ મળવું જોઇએ. તેવી જ રીતે, અપવાસ (fasting) એટલે કંઇ છોડવાની તૈયારી હોવી જોઇએ તે આપણને ખબર જ નથી. માણસને કંઇ છોડવું જ પડે છે. આજે

આપણી આવી દશા થઇ છે એનું કારણ, ભારતમાં કંઇ છોડવા (fasting) નું શિક્ષણ જ નથી. તેનું મહત્ત્વ લોકો સમજતા જ નથી.

છોકરો બાપને પૂછે છે: 'આજે સિનેમા જોવા જાઉં?'

બાપ કહે: 'આ મહિને નહિ, આવતા મહિને જજે.'

છોકરો તરત પૂછે: 'આજે શા માટે નહિ?'

છતાં બાપ ના પાડે તો છોકરો આત્મહત્યા કરવા નીકળે છે. એનું કારણ તેને બાળપણમાં થોભવાનું—wait નું શિક્ષણ જ મળ્યું નથી.

અંગ્રેજીમાં એક નાની વાર્તા છે. મા છોકરાને પીરસતી હોય છે. તે વખતે છોકરો મા પાસેથી મુરબ્બો-Jam માગે છે. મા કહે છે: 'ગઇ કાલે મુરબ્બો આપ્યો હતો, હવે આવતીકાલે આપીશ. આજે મુરબ્બો નહિ આપું.—Jam yesterday, jam tomorrow—no jam today. આવી રીતે 'આજે નહિ' આવું સાંભળવાનો છોકરાઓને અભ્યાસ જ નથી. મા-બાપને પણ લાગે છે કે છોકરાઓને ના પાડીશું અને તેને ખરાબ લાગશે તો? લઘુતા ગ્રંથિ ઊભી થશે તો? મા-બાપનો નબળો કાબૂ છે તેના પરિણામે બાળકનું મન 'ના' સાંભળવા તૈયાર જ નથી. થોભવાનું શિક્ષણ મળવું જોઇએ. તેને જ સંસ્કૃત ભાષામાં **निर्वेद** કહે છે. માણસ ભોગ ભોગવે છે પણ તેને અમુક ઠેકાણે ઊભા રહેવાનું છે, અટકવાનું છે, તેની ખબર હોવી જોઇએ. **अलम्**—હવે બસ, આ સતત ધ્યાનમાં રહેવું જોઇએ.

વિત્ત કમાવાની બાબતમાં પણ માણસે **अलं बुद्धि** નું શિક્ષણ લેવું જોઇએ. જેની પાસે નિર્વેદ નથી તે સંસારની ખટપટથી છૂટી શકતો નથી. આપણી ગીતા કહે છે: **अध्यात्मज्ञाननित्यत्वम्**—અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ નિત્ય થવો જોઇએ.

कामोबुद्धा उदेति......કોઇપણ કામના બુદ્ધિમાં ઉદય પામે છે. તે સાચી હશે, સારી હશે કે ખરાબ હશે—પણ તે બુદ્ધિમાં ઉદય પામે છે. કામનાની સાથે તત્ત્વજ્ઞાન રાખવાની જરૂર છે એવી ગોપાલકૃષ્ણની ધારણા છે. જે બુદ્ધિમાં ફક્ત કામના જ રહેશે તેના શરીરનો ઉપયોગ સારી રીતે નહિ થાય અને મળેલો માનવદેહ ફોકટ જશે. કામના બુદ્ધિમાં ઊભી થાય એવી વ્યવસ્થા ભગવાને કરી છે. જ્યાં કામના ઊભી થાય છે ત્યાં બીજું કોઇ હાજર છે કે જે થોભવાનું—wait—કહે? ત્યાં તત્ત્વજ્ઞાનની જરૂર છે, તે થોભવાનું કહે.

ભારતીય સંસ્કૃતિએ તત્ત્વજ્ઞાન તરફ જુદી દૃષ્ટિ રાખી છે તેથી જ **अध्यात्मज्ञाननित्यत्वम्** એમ ગીતકાર કહે છે. બુદ્ધિમાન લાકોને બૌદ્ધિક મનોરંજન મળે તે માટે તત્ત્વજ્ઞાનની નિર્મિતિ નથી. તત્ત્વજ્ઞાન એ કંઇ ગાંડાઓની બડબડ નથી. નહિ તો કોઇપણ માણસ ગાંજો પીને બોલવા લાગે તે તત્ત્વજ્ઞાન થઇ જાય. કેટલાક લોકોને એમ લાગે છે કે જે સામાન્ય માણસના મગજ ઉપરથી જાય (જે સામાન્ય માણસને ન સમજાય) તે તત્ત્વજ્ઞાન.

એક વખત એક ભાઇએ મને કહ્યું: 'માર્ક્સની ફિલોસોફી બહુ સારી છે.' મેં કહ્યું: 'માર્ક્સની ફિલોસોફી હોઇ ન શકે, એનું કારણ તત્ત્વજ્ઞાન (philosophy) એટલે શું? It is a science of reality—તે સત્યનું શાસ્ત્ર છે. જેણે અસત્ (unreal) ઉપર આખી વિચારધારા ઊભી કરી છે તેની ફિલોસોફી-તત્ત્વજ્ઞાન કેમ થઇ શકે?' આ સાંભળીને પેલા ભાઇએ કહ્યું: 'ના, તેનું લખાણ સમજવામાં અઘરું પડે છે તેથી તેને મેં તત્ત્વજ્ઞાન કહ્યું.' મારી દષ્ટિએ માર્ક્સ એક વિચારક છે, તત્ત્વજ્ઞાની નથી. તત્ત્વજ્ઞાની જુદો અને વિચારક જુદો.

મારા પિતાશ્રી મારી દાદીબાની વાત કહેતા. એક વખત મારા પિતાશ્રી ગામમાં ગયા. ત્યારે દાદીબાએ મારા પિતાશ્રીને કહ્યું: 'અરે! આપણા ગામમાં એક શાસ્ત્રી આવ્યા છે. તેમનું ગઇકાલે પ્રવચન હતું. શાસ્ત્રી બહુ વિદ્વાન છે.' મારા પિતાશ્રીએ પૂછયું: 'એમ!' તેમણે પ્રવચનમાં શું કહ્યું?' મારી દાદીબાએ કહ્યું: 'એક કલાક સુધી મેં પ્રવચન સાંભળ્યું પણ મને તેમાંનો અક્ષર ખબર પડયો નહિ, તેથી તો કહું છું કે તે બહુ વિદ્વાન છે!' અર્થાત્ વિદ્વાન તે કે જે બાલે તેનો અર્થ ખબર ન પડે. આજે ભણેલા લોકો પણ જે અઘરું હોય તેને તત્ત્વજ્ઞાન (philosophy) સમજે છે.

ભગવાન શ્રીકૃષ્ણે **अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्** કહ્યું છે તેનું કારણ એ જ છે કે જે બુદ્ધિમાં કામના નિર્માણ થાય છે તે બુદ્ધિમાં તત્ત્વજ્ઞાન હોવું જ જોઇએ. તો જ કામના ઉપર અંકુશ આવે. નહિ તો કામના બે-લગામ બની જશે. પરિણામે માનવીને શરીર વ્યર્થ, ત્યાજ્ય, તિરસ્કરણીય અને નફરત કરવા જેવું લાગશે. જો માનવી શરીર આવી રીતે નકામું લાગે તો ભગવાનની બદનામી થશે. માટે બુદ્ધિમાં તત્ત્વજ્ઞાન રાખવાની જરૂર છે.

ભારતીય સંસ્કૃતિની દષ્ટિએ તત્ત્વજ્ઞાન એ કેવળ બૌદ્ધિક ચિકિત્સા કરવાનો વિષય નથી. તેને એક પુરુષાર્થી મીમાંસા માન્યું છે. જીવનમાં કંઇ બનવું હોય, બદલવું હોય, બનાવવું હોય તો તેનું માર્ગદર્શન જરૂરી છે. જે તત્ત્વજ્ઞાન આવું માર્ગદર્શન નથી કરતું, તે દર્શન નથી. આપણે ત્યાં 'તત્ત્વજ્ઞાન' શબ્દ નથી, 'દર્શન' શબ્દ છે. ષડ્દર્શનો જીવનનું દર્શન કરાવે છે.

માનવી જીવન એ સૃષ્ટિકર્તાની ઉચ્ચતમ બક્ષિસ છે. તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિચારવું જરૂરી છે. માનવી શરીર એટલે ભગવાનની ઉચ્ચ પ્રતિમાનું ચિહ્ન. અંદર જુઓ, બહાર જુઓ તેમાં શું શું ભરેલું છે? તેથી જ આ રમકડું નાચી રહ્યું છે, બોલી રહ્યું છે. માનવી શરીર બધાં પ્રાણીઓ કરતાં અશક્ત અને અસંરક્ષિત છે. ગાયનું વાછરડું જન્મીને તરત ચાર પગે ઊભું રહે છે અને માના સ્તનમાંથી દૂધ ખેંચવા લાગે છે. માનવના બાળકને જન્મ્યા પછી પગ ઉપર ઊભા રહેતાં દસ મહિના લાગે છે. માછલીને જન્મીને તરતાં આવડે છે. આપણા છોકરાને તરતાં શીખવવું પડે છે. તેના માટે સ્વિમિંગ બાથમાં અઢીસો રૂપિયાની ફી ભરવી પડે છે. હાથીને ભવિષ્યજ્ઞાન છે, માનવને તે શીખવું પડે છે. ગાયને વાગોળતાં આવડે છે. માનવને તે કલા આવડી જાય તો આ ઔદ્યોગિક કાળમાં બહુ ઉપયોગી થઇ શકે. વિરારથી સવારના સાત વાગે પેટમાં દાળ, ભાત, રોટલી, શાક ભરી લેવાના અને પછી વિરારથી ચર્ચગેટ આવતાં આવતાં ખાધેલું વાગોળી શકાય.

માનવેતર સૃષ્ટિ સુદઢ અને સંરક્ષિત છે. માનવદેહ દૂબળો અને અરક્ષિત છે. તે છતાં પણ તેને ભગવાનની પ્રતિમાનું મહાન ચિહ્ન માનવામાં આવે છે, એનું કારણ શું છે? જીવન શું છે, શા માટે છે, જીવન કોની સહાયતાથી ચાલી રહ્યું છે? આ વિચારવાની શક્તિ માછલી કે હાથીમાં

નથી, માનવમાં છે. આ જ વિકાસની પહેલી પગથી છે.

માનવદેહ મળ્યો, તેને વાપરવા લાગ્યા અને અડસઠ વર્ષ ચાલ્યાં ગયાં. તેમાં પોતાનો કોઈ પુરુષાર્થ નથી. શરીર શા માટે છે? આ પહેલો પ્રશ્ન છે. જીવન શું છે? શા માટે છે? જીવન કોની સહાયથી ચાલે છે? આનો વિચાર ફક્ત માનવદેહમાં જ કરી શકાય છે. માણસ આ બાબત વિચારશે તો જ તે જીવનવિકાસના પંથે આગળ વધી શકશે. તે જ્યાંસુધી વિચારશે નહિ ત્યાંસુધી તે પશુતુલ્ય જીવન જીવતો રહેશે.

ભારતીય તત્ત્વજ્ઞાનની નિર્મિતિ, જીવનનો હેતુ અને ધ્યેય આપવા માટે છે. તે કેવળ બૌદ્ધિક મીમાંસા નથી. આ તત્ત્વજ્ઞાન પરમ પુરુષાર્થ ઠરાવે છે અને તે નિશ્ચિત થયા પછી જીવનમાં લાવવું એ પરમ કર્તવ્ય છે.

માનવીની અંદર પડેલી રચનાત્મક શક્તિ ને બહાર કાઢવાની શક્તિ તત્ત્વજ્ઞાનમાં જોઈએ. જેનાથી રચનાત્મક શક્તિ મરી જાય તે તત્ત્વજ્ઞાન નથી એવી ભારતીય ધારણા છે.

ભારતીયોએ તત્ત્વજ્ઞાનની વિશ્લેષણાત્મક પદ્ધતિથી રચના કરી છે તેમ પાશ્ચાત્યોએ પણ કરી છે. સ્પીનોઝા, બ્રેડલે, કૉંટ વગેરેએ તેવી મીમાંસા કરી છે. પાશ્ચાત્યો બૌદ્ધિક મીમાંસાથી આગળ વધતા નથી. સોક્રેટિસ, પ્લેટો વગેરે કહે છે કે કેવળ જ્ઞાનથી મનુષ્યજીવન સાર્થક થશે, પરંતુ, ભારતીય તત્ત્વજ્ઞાનીઓ તેમાં સંમત નથી. રાવણ જ્ઞાની હતો. વેદોને તેણે સ્વર આપ્યા હતા. ઉપરનો સ્વર નીચે આવે તો અર્થ બદલાઈ જાય. જે સંરક્ષણાત્મક છે તે ભક્ષણાર્થ થઈ જાય. દુર્યોધન પાસે પણ બૌદ્ધિક જ્ઞાન હતું, તેથી જ તે કહે છે:

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥ (वेणी.)

(ધર્મ શુંએ હું જાણું છે, પણ આચરી શકતો નથી. અધર્મ શું છે એ પણ જાણું છું પણ એ ટાળી શકતો નથી.)

સોક્રેટિસ વગેરે જે કહે છે કે જ્ઞાનથી મનુષ્યજીવન આદર્શ બનશે તે વાત ભારતીય સંસ્કૃતિને માન્ય નથી. જ્ઞાનથી માણસ રાક્ષસ પણ બની શકે છે. **साक्षराः विपरीताश्च राक्षसा इव**—સાક્ષર વિપરીત થાય તો રાક્ષસ થઈ જાય. જ્ઞાનથી જીવનનો આદર્શ ખબર પડશે પરંતુ, તે જીવનમાં લાવવા માટે તપશ્ચર્યા અને સાધનાની જરૂર છે એવી ભારતીય સાંસ્કૃતિની ધારણા છે. તત્ત્વજ્ઞાન એ કેવળ બૌદ્ધિક વિષય નથી, કેવળ ચર્ચાનો વિષય નથી, તે બૌદ્ધિક મોજ નથી, તે જીવવાનો વિષય છે.

સાધના અને તપશ્ચર્યા શરીરથી કરવાની હોય છે અને તે ફક્ત મનુષ્યશરીરમાં જ શક્ય છે. મનુષ્યશરીરને દિવ્ય અને ભવ્ય માનવામાં આવ્યું છે. આજે માનવદેવ મળ્યો છે તે પાછો મળશે કે નહિ તે શંકા છે. માનવદેહ મળ્યા પછી માણસ જો કેવળ ઐંદ્રિય સુખની પાછળ લાગશે તો તે પશુજીવન છે. રોટી, કપડાં, મકાન—આટલું જ જીવનમાં હશે તો તે માનવશરીરનું અપમાન છે. જે શરીરમાં સાધના નથી, તપશ્ચર્યા નથી, ધ્યેય નથી, તે શરીર વેડફાઈ ગયું છે. જેમ વેશ્યાએ શરીરને બદનામ કર્યું, તેમ આપણે પણ શરીરને બદનામ કર્યું ગણાય.

શરીરની સાર્થકતા આત્માને જોવામાં છે, ઈંદ્રિયોને સમજવાની છે, મનને બદલવાનું છે. તે માટે બુદ્ધિને સદ્‌વિચારોમાં ડૂબાડવાની છે. તેમાં માનવી શરીરની પૂર્ણતા છે. વેશ્યાએ ફક્ત શરીરનો દુરુપયોગ ન કર્યો, તેણે શરીરને અપમાનિત કર્યું. જેણે શરીરને પોતાની તેમ જ બીજાની કામનાપૂર્તિને માટે વાપર્યું, તેણે શરીરને અપમાનિત કર્યું ગણાય, તેથી નિર્વેદ જોઇએ. ધનની ચિંતા અને ધનનું ચિંતન આ જીવનનું સર્વસ્વ નથી. કેવળ વાસનાપૂર્તિ માટે શરીર નથી. ક્ષુદ્ર પુરુષોની સેવામાં કંઇ મળતું નથી. આ પાંચ વાતો પિંગલા વેશ્યા પાસેથી અવધૂતે ઉપાડી. તેમનું નિરીક્ષણ બહુ મોટું છે.

નિર્વેદબુદ્ધિ એટલે **અલમ્ બુદ્ધિ**—આપણું તત્ત્વજ્ઞાન રચનાત્મક શક્તિને ઉત્સાહિત (stimulate) કરે છે. મને એક ભાઇએ પૂછયું: ‘પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનમાં શો ભેદ છે?’ મેં કહ્યું: ‘કંઇ ભેદ નથી. વિશ્લેષણાત્મક પદ્ધતિથી જોશો તો સ્પીનોઝા, બ્રેડલે, કૉંટ, વાઇટહેડ —આ બધા તત્ત્વજ્ઞાનીઓ ભારતીયોની સાથે મળતું બોલે છે, પરંતુ, તેમણે ફક્ત બૌદ્ધિક મીમાંસા રાખી છે. સોક્રેટિસ અને પ્લેટો કહે છે કે જ્ઞાનથી મનુષ્યજીવન આદર્શ થઇ જાય; ત્યારે ભારતીય દૃષ્ટિ એવી છે કે જ્ઞાનથી આદર્શ મળશે પણ તે આદર્શ સુધી પહોંચવા તપશ્ચર્યા અને સાધના જોઇએ. તે કામ માનવશરીરનું છે. ગીતાકારે કહ્યું છે:

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥(गीता-१८/५)

(યજ્ઞ, દાન, તપ, આ કર્મો ત્યાજ્ય નથી, તે કરવાં જ જોઇએ. કારણ કે, યજ્ઞ, દાન અને તપ નિષ્કામભાવે કરનારાની ચિત્તશુદ્ધિ કરનારા છે.)

ભારતીય સંસ્કૃતિ આપણી અંદર રહેલી સૃજનાત્મક શક્તિને ઉત્તેજિત કરે છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં આ ફરક છે.

બુદ્ધિમાં ધ્યેયવાદ નહિ હોય તો ફક્ત કામ જ રહેશે, તેથી જ ધ્યેય આપવા માટે જનોઇ-યજ્ઞોપવિત સંસ્કાર છે. ધ્યેય—એટલે જ વ્રત, તે લેવાની ઇચ્છા હોવી જોઇએ. બુદ્ધિમાં કામના ઉપરાંત બીજું પણ કંઇ રાખવાનું છે. તેને જ વ્રત કહે છે.

શાસ્ત્રકારોએ વિત્તને કિંમત આપી છે, લક્ષ્મીનું પૂજન કર્યું છે, તેઓ કહે છે કે વિત્ત સારું કામ કરવા માટેનું એક સાધન છે. પોતાના ઉપર કોઇ હુમલો કરે તો તેનો પ્રતિકાર કરવા માટે લાકડી જોઇએ. માણસ પોતાની પાસે લાકડી રાખે પણ કોઇ હુમલો કરે ત્યારે પણ જો લાકડીને સંભાળીને રાખી મૂકે તો તે મરી જાય. જેમ લાકડી એક સાધન છે તેમ વિત્ત પણ એક સાધન છે. વિત્ત માણસને ભૂખ કે ઊંઘ આપી શકે? જીવન વિવિધ સમસ્યાઓથી ભરેલું છે. માણસે વિચારવું જોઇએ કે વિત્ત ક્યો કોયડો ઉકેલી શકે? વિત્ત સત્કાર્યનું સાધન છે.

આખું જીવન ધનચિંતનથી વ્યતીત થાય છે. માણસ ધન મેળવે છે અને મળેલું ધન ટકાવવા માટે દર પૂનમે સત્યનારાયણનું પૂજન કરે છે. તેને એમ લાગે છે કે ધન ટકવું જોઇએ, ભાવ કે ભક્તિ નહિ હોય તો ચાલશે. ભગવાનને પણ માણસની નબળાઇ ખબર છે તેથી તે પોતાની

સાથે લક્ષ્મી રાખે છે. નારાયણ જો એકલા હોત તો તેમની પાસે કોણ જાત? આનો અર્થ એ નથી કે વિત્ત નિંદ્ય છે. અહીં વિત્તની નિંદા કરવાનો આશય નથી, પરંતુ વિત્ત સાધન છે, તેનો સાધન તરીકે ઉપયોગ કર્યો કે? જીવનમાં કંઇ ધ્યેય છે? આનો વિચાર કરવો જોઇએ.

માણસ સવારથી સાંજ સુધી કેવળ ધનનું જ ચિંતન કરે છે. એક માણસે બીજાને ગાળ આપી. કોર્ટમાં મુકદમો આવ્યો. તેનો ફેંસલો આવ્યો કે ગાળ આપનાર માણસે તેને નુકસાન ભરપાઇ કરવા પાંચસો રૂપિયા આપવા. કોર્ટમાં બીજો મુકદમો હતો. તેમાં એક માણસ બીજાની પત્નીને ભગાડી ગયો. નુકસાન ભરપાઇ કરવા ન્યાયાધીશે ગુનેગારને બે હજાર રૂપિયાનો દંડ કર્યો. આબરુ અને સ્ત્રીના શીલનું મૂલ્ય પૈસાથી ભરપાઇ થઇ શકે?

स्त्रीरूपं मोहकं पुंसो यून एव भवेत्क्षणम् ।
कनकं तु स्त्रीबालवृद्धषण्ढानामपि सर्वदा ॥

વિત્ત બધાંને ખેંચે છે. આયુષ્યભર ધનનું ચિંતન કરીને પછી કહે કે મરતી વખતે ભગવાનનું નામ લઇશું તો ભગવાન પાસે પહોંચી જઇશું. કારણ, ભગવાને ગીતામાં લખ્યું છે: **अन्तकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम्** । પરંતુ, આખા જીવન દરમ્યાન ભગવાનનું ચિંતન ન કર્યું હોય તો મરતી વખતે ભગવાન યાદ કેવી રીતે આવે?

એક શેર બજારનો વેપારી મરવા પડયો હતો. તે બેભાનાવસ્થામાં હતો. વચ્ચે વચ્ચે તેને ભાન આવતું હતું. છોકરાઓને લાગ્યું કે મરતી વખતે બાપના મોઢેથી ભગવાનનું નામ નીકળે તો સારું. એટલામાં ડૉક્ટર આવ્યો. ડૉક્ટરે તાવ માપ્યો તો એકસો ત્રણ ડિગ્રી તાવ હતો. છોકરાઓએ પૂછયું: 'કેટલો તાવ છે?' ડૉક્ટરે કહ્યું: 'એકસો ત્રણ!' તે જ વખતે બાપ ભાનમાં આવ્યો હતો. તેણે આ સાંભળી લીધું. તેણે તરત કહ્યું: 'એકસો પાંચ થાય તો વેચી નાખજો.' વેપારીના મગજમાં વેપાર-ધનચિંતા સિવાય બીજુ કંઇ હતું જ નહિ. ભાગવતકાર કહે છે કે અહર્નિશ ધનચિંતા અને ધનચિંતન નકામું છે, તેથી નિર્વેદ આવવો જોઇએ.

બીજી વાત એ છે કે શરીર કેવળ વાસનાપૂર્તિને માટે છે કે વિકાસાર્થ? તે માણસે વિચારવું જોઇએ. પોતાનું શરીર વેચવા માટે નથી. તેવી જ રીતે બીજાનું શરીર પણ કેવળ ઉપભોગાર્થ સમજવું એ અનાધ્યાત્મિકતા છે. શરીર વેચવું પાપ છે પરંતુ, જેણે પોતાની બુદ્ધિ અને પોતાનો આત્મા વેચ્યો તે કેટલો દુર્ગંધથી ભરેલો છે? આવા લોકો મોટા મોટા બંગલામાં પણ રહેતા હશે, ગાડીમાં ફરતા હશે, પણ દુર્ગંધથી ભરેલા છે. આપણાં મન અને બુદ્ધિ જન્મજન્માંતર સુધી આપણી સાથે આવવાના છે. જેમ શરીરનો દેહવિક્રય ખરાબ છે તેમ બુદ્ધિનો વિક્રય તેનાં કરતાં ખરાબ છે, પરંતુ, બુદ્ધિનો વિક્રય એ વિક્રય લાગતો નથી, ઊલટું, તે ચતુરાઇ લાગે છે. પિંગલા વેશ્યાએ ફક્ત શરીર વેચ્યું, પરંતુ, માણસ મન, બુદ્ધિ, આત્મા—બધું વેચે છે.

કેટલાક લોકો પોતાની બુદ્ધિ વેચે છે, તેની સાથે આત્માને પણ વેચે છે. કોઇનું શરીર ભોગાર્થ છે એમ સમજવું અનાધ્યાત્મિક છે અને પોતાનું શરીર ભોગને માટે વેચવું તે પાપ છે. શરીરને પવિત્ર માનવાની હિંમત હોવી જોઇએ. આ અધ્યાત્મ છે.

ક્ષુદ્ર પુરુષોની સેવા ન કરવી જોઇએ. જે સમીપ છે, સતત સમીપ રહેવાનો છે, જેના અસ્તિત્વથી આપણું રમણ ચાલી રહ્યું છે, તે તત્ત્વને છોડીને ક્ષુદ્ર પુરુષોની સેવા ન કરવી. સેવા અચ્યુત-ભગવાનની જ કરવી જોઇએ. પિંગલા કહે છે કે અચ્યુત કરતાં બીજો કોઇપણ સેવ્ય નથી.

માનવી શરીર એ ભગવાનની શ્રેષ્ઠ કૃતિનું—પ્રભુની પ્રતિભાનું—ચિહ્ન છે. **नर अपनी करणी करे तो नर का नारायण हो जाय ।** 'ભગવાન! મારે તારા ખોળામાં બેસવું છે' એવી અભિલાષા હોવી જોઇએ. 'ભગવાનના ખોળામાં બેસવું એ મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું મેળવીશ જ—It is my birthright and I shall have it. **बहूनां जन्मनामन्ते**.......પણ હું તારા ખોળામાં આવીને બેસીશ.' આવી અભિલાષા હોવી જોઇએ. અચ્યુત કરતાં બીજો કોઇ સેવ્ય નથી. અચ્યુતને મનથી ચાહવો જોઇએ, તેની બુદ્ધિથી કદર કરવી જોઇએ અને સ્વ અથવા આત્માથી પૂજન કરવું જોઇએ. આ ત્રણ વાતો આવે તો અચ્યુત સેવ્ય થઇ જશે.

ભગવાન સેવ્ય છે એનો અર્થ તેને ફૂલો ચડાવો એટલુંજ નહિ. ભગવાન માટે પ્રેમ, કદર અને ભક્તિ આવવાં જોઇએ, એમ સમજાવે છે.

૧૯. અર્ભક: અર્ભક એટલે નાનું બાળક—અવધૂતે નાના બાળક પાસેથી જ્ઞાન લીધું. બાળકને જુદી દૃષ્ટિથી જોવાવાળાને તેમાંથી જીવન મળે છે. કવિ ટેનિસન એક વખત જીવનથી કંટાળીને આત્મહત્યા કરવા જતો હતો. જગતમાંનો કચરો જોઇને તેને લાગ્યું કે હવે જીવવું નથી. તે મરવા જતો હતો ત્યાં રસ્તામાં એક નાના બાળકને હસતું-રમતું જોયું. તે જોઇને તેણે વિચાર્યું, 'અરે! મારી પાસે આટલું જ્ઞાન છે તે છતાં હું દુ:ખી છું? આ છ મહિનાનું બાળક, તેની પાસે જ્ઞાન નથી, તે છતાં આનંદી છે, હસે છે? હવે મારે મરવું ન જોઇએ.' આવો નિર્ણય કરી ટેનિસન પાછો ફર્યો. એક બાળકના હાસ્યે ટેનિસનને બચાવ્યો. અવધૂતને પણ બાળક પાસેથી જ્ઞાન મળ્યું.

બાળકને જોઇને અવધૂતને લાગ્યું કે આ બાળકને, ક્યું ઐંદ્રિય સુખ છે? છતાં તે આનંદી છે. બાળક કોઇ ગાયન સાંભળી કે સમજી શકે? નહિ. તે કોઇ તરફ પ્રેમથી જોઇ શકતું પણ નથી. એનું કારણ મારું કોણ છે, પારકું કોણ છે, તેની જ એને ખબર નથી. તે કંઇ સ્વાદથી ખાતું પણ નથી. એના મોઢામાં જે આપવામાં આવે તે બાળક ગળી જાય છે. તો પછી બાળકના જીવનમાં એવા આનંદની કઇ વાત છે? આના ઉપરથી ખબર પડે છે કે વિષય (object) વગર પણ બાળક આનંદી રહી શકે છે તો પછી વિષય વગર આપણે આનંદી કેમ ન રહી શકીએ? આપણને વૈષયિક આનંદ (objective happiness) જોઇએ છે. વૈષયિક સુખ કરતાં આત્મિક સુખ (subjective happiness) શ્રેષ્ઠ છે. અવધૂતને આ નાના બાળક પાસેથી આત્મિક સુખની દીક્ષા મળી. બાળકને જગતમાં કંઇ જોવા જેવું નથી, સાંભળવા જેવું નથી, બોલવા જેવું નથી, તે છતાં તે હસે છે. આના ઉપરથી સિદ્ધ થાય છે કે વિષય વગર પણ આનંદ છે.

'સ્વ' માં આનંદ છે. સ્વાત્માનંદ ઐંદ્રિય સુખ કરતાં શ્રેષ્ઠ છે. સ્વાત્માનંદ કેમ મળે? તે મેળવવા માટે પ્રયત્ન કરવો પડશે. બાળક પાસેથી આ શિક્ષણ મળ્યું કે ઐંદ્રિય સુખમાં પરાધીનતા છે, પરતંત્રતા છે, તે સુખ આશ્રિત છે. ફૂલની સુગંધથી આનંદ મળે પણ તેમાં બાહ્ય વસ્તુની અપેક્ષા રહે છે. તેને સંભાળવી પડે છે. ઐંદ્રિય સુખમાં તેજસ્વી માણસને પોતાના **'સ્વ'**ની હત્યા લાગે

છે. તેમાં બાહ્યવસ્તુ (object) ની ખુશામત કરવી પડે છે. આટલું કરીને તે વિષય (object) ની ઇચ્છા હોય તો હું સુખી થઇ શકું. તેનાં કરતાં હું સ્વયં સુખી કેમ ન રહું? હું સ્વયં સુખી રહી શકું છું. આ શિક્ષણ અવધૂતે બાળક પાસેથી લીધું.

આત્માનંદ વિષયાનંદથી શ્રેષ્ઠ છે. વિષય શબ્દનો અર્થ સ્ત્રી, વિત્ત, કીર્તિ, આટલો મર્યાદિત નથી. વિષય એટલે વસ્તુ (object), આ દૃષ્ટિથી જોઇએ તો ભગવાનની મૂર્તિ પણ વિષય (object) બની જાય છે.

બીજું બાળક **मानापमानयोस्तुल्यः** છે. આપણને એક જ કામના રહે છે કે લોકો અમને 'સારા' કહે. લોકો કપડાં પહેરે છે તેના કરતાં વધારે સારાં અને સુંદર કપડાં મારી પાસે હોવાં જોઇએ. આવું લાગે તેમાં આત્માની દુર્બળતા છે. શું લોકો મને સારો કહે તો જ હું સારો? લોકો મૂર્ખ પણ હોઇ શકે. લોકો કહે તેના ઉપર મારી મહત્તા અને મારું સુખ નિર્ભર નથી.

નાના છોકરાની ચોપડીમાં એક વાર્તા આવે છે. એક બાપ-દિકરો પોતાનું ટટ્ટુ લઇ એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં મળતા જુદા જુદા લોકોની વાતો અને ટીકા સાંભળીને સૌને ખુશ કરવાના નાદમાં આખરે તેમણે ટટ્ટુ ગુમાવ્યું.

લોકોને હું સારો લાગું એટલા માટે લોકો કેટલી દોડધામ કરે છે? સુભાષિતકાર કહે છે:

परेषां चेतांसि प्रतिदिवसमाराध्य बहुधा
प्रसादं किं नेतुं विशसि हृदयक्लेशकलिलम् ।
प्रसन्ने त्वय्यन्तः स्वयमुदितचिन्तामणिगुणे
विविक्तः संकल्पः किमिव हि फलं पुष्यति न ते ॥

બીજાનું ચિત્ત સંભાળતાં સંભાળતાં માણસ એંસી વર્ષનો બુઢ્ઢો થઇ ગયો. બીજાને શું લાગશે? એનો વિચાર કર્યો પણ પોતાને શું લાગે છે એનો વિચાર કોઇ કરતું નથી. બધી દોડધામ માન મેળવવા માટે ચાલે છે. આ માનની કલ્પના ખોટી છે તેની લોકોને ખબર નથી.

બાળકને માન-અપમાનની કલ્પના નથી અને તેને જરૂર પણ નથી. મારુ અપમાન કોણ કરી શકે? કરતા હશે તે મૂર્ખ છે. માન-અપમાન સામાજિક જીવનમાં હોય છે. ઋષિ જંગલમાં જઇને તપશ્ચર્યા કરતા હતા તેનું કારણ આ છે. રાજા પણ મરી જાય તો જંગલમાં પક્ષીઓનો કિલકિલાટ તેવો જ થાય છે, નદીઓ, ઝરણાં તેવાં જ વહે છે, તેમાં કંઇ ફરક પડતો નથી. શહેરમાં ફોકટલાલ શેઠ મરી જાય તો બજાર બંધ રહે. બીજી તરફ વ્યવહારો ચાલુ જ હોય.

માણસ દાન આપે છે તે પણ લોકેષણાને લીધે જ આપે છે. ન્યાતવાળા માનપત્ર આપે તે માટે જ તેનું દાન હોય છે. તે ચિત્રગુપ્તના ચોપડામાં લખાતું નથી. એક ચેક બે વખત વટાવી ન શકાય. દાનના બદલામાં અહીં જ માનપત્ર મળી ગયું હોય તો ચિત્રગુપ્તના ચોપડામાં તેની નોંધ કેમ થાય?

નેપોલિયન વિજયી થઇને આવ્યો ત્યારે હજારોની સંખ્યામાં લોકો તેને મળવા આવ્યા. નેપોલિયનને કહેવામાં આવ્યું કે, 'જરા ઝરુખામાં આવો, લોકો તમારું સન્માન કરવા આવ્યા છે.

તમે વિજયી થયા તેથી તમારા દર્શને આવ્યા છે.'

નેપોલિયને કહ્યું: 'મારે લોકોને મળવું નથી.'

સરદારે કહ્યું: 'લોકો તમને આદરભાવથી મળવા આવ્યા છે અને તમે ના પાડો છો?

નેપોલિયન કહે: 'નેપોલિયન વિજય ન મેળવે તો બીજું શું મેળવે? આ લોકો મને આજે ફૂલનો હાર પહેરાવવા આવ્યા છે તે જ આવતી કાલે મને ગિલોટિન પર ચડાવશે. આવા લોકારાધનના નાદમાં હું નહિ પડું. મારે કોઇને મળવું નથી.'

માણસની એંશી ટકા શક્તિ લોકારાધનમાં ખર્ચાઇ જાય છે. સમાજમાં આગળ વધેલા લોકોને જ સન્માનની અપેક્ષા હોય છે એવું નથી, તમને-અમને પણ સન્માનની અપેક્ષા હોય છે. આપણને પણ એમ લાગે છે કે માસીના મનમાંથી હું ઊતરી ન જાઉં, તેથી જ સ્વાધ્યાય છોડીને માસીબાને સંભાળું છું. આમ માણસ પોતાના 'સ્વ' ને મારી નાખીને જીવે છે. અવધૂતે બાળક પાસેથી. **मानापमानयोस्तुल्यः** નો ગુણ લીધો.

ત્રીજી વાત, બાળક નિશ્ચિંત છે. માણસે ચિંતા છોડી દેવી જોઇએ. આપણા મગજમાં જ્યાંસુધી ચિંતા છે ત્યાંસુધી વ્યથા છે જ. સુભાષિતકાર કહે છે: **चिंता चिंता समानास्ति**—ચિતા માણસને મરી ગયા પછી બાળે છે પણ ચિંતા તો માણસને જીવતાં જ બાળે છે. ચિંતા માણસની શક્તિ ખલાસ કરી નાખે છે.

જીવન ચિંતાશૂન્ય હોવું જોઇએ. તેના બદલે આપણે કેટલી ચિંતા લઇને બેઠા છીએ? આપણી ચિંતા, બીજાની ચિંતા, આવતા જન્મની ચિંતા, બસ, ચિંતા જ ચિંતા છે. ચિંતાથી શક્તિ ક્ષીણ થઇ જાય છે. ચિંતાને લીધે જીવનમાં ઉપભોગ અને ઉપયોગ, બન્ને થતા નથી. ચિંતાથી ઊંઘ ઊડી જાય છે તેથી ચિંતા છોડી દો. 'ચિંતા છોડી' એમ બોલવાથી ચિંતા થોડી જ છૂટે છે? પુરાણમાં લખ્યું છે ચિંતામણિ મળે તો ચિંતા જાય પણ આ ચિંતામણિ પુરાણમાં જ છે. જગતમાં કોઇ જગાએ મળતો નથી.

ભગવાન કહે છે: 'ગીતા સાંભળો. તે જ ચિંતામણિ છે.' લોકો કહે છે. 'અમને સમય નથી.' ભગવાન કહે છે: **'न श्रोष्यसि विनंक्ष्यसि......'** (નહિ સાંભળશે તો નાશ પામશે) આ ભગવાનનો શાપ નથી, પરિણામ બતાવ્યું છે.

ચિંતામણિમાં સાત રંગ છે એમ ગીતા કહે છે. પહેલી વાત એ છે કે ખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી રાખો. એક ભાઇને નોકરી મળી. તેને સતત ચિંતા રહેતી હતી કે નોકરી છૂટી જશે તો? આવી ચિંતાને કારણે તે કામમાં ભૂલો કરવા લાગ્યો. તેણે પોતાના મિત્રને આ વાત કહી. મિત્રે કહ્યું: નોકરી છૂટી જશે તો બીજું કંઇ કરીને પૈસા કમાઇશ. એમાં શું છે? આવું નક્કી કરી નાખ.' તેણે તેવું નક્કી કર્યું અને કામમાં ભૂલો થતી બંધ થઇ ગઇ. ખરાબમાં ખરાબ પરિણામ સ્વીકારવાની તૈયારી રાખી તો ચિંતા ચાલી ગઇ. તેનું મન મજબૂત થયું. કામમાં એકાગ્રતા આવવા લાગી અને કામ સારું થવા લાગ્યું. નોકરી જવાને બદલે તેને પગાર વધારો મળ્યો. Peace of mind comes from accepting the worse! ખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારીથી

માનસિક શાંતિ મળે છે. ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું: '**हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्**—ભગવાને તેને પહેલું સમજાવ્યું કે લડાઇમાં વધારેમાં વધારે શું થશે? તું મરી જઇશ તો તને સ્વર્ગ મળશે. ખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી રાખ. છતાં યુદ્ધમાં વિજયી થઇશ તો આનંદ જ આનંદ છે. તારી ચિંતા ચાલી જશે. ખરાબમાં ખરાબ સ્વીકારવાની તૈયારી એ ચિંતામણિના સપ્તરંગમાંનો પહેલો રંગ છે.

ગીતા મર્યા પછી વાંચવાનો ગ્રંથ નથી. જીવવું હશે તો ગીતા વાંચવી જોઇએ. મરવું હોય તો ગીતા છોડી દો. ગીતા છોડેલો માણસ જીવતાં જ મરેલો છે. તે માણસ કદાચ જીવે, કલબમાં જાય, ધંધો પણ કરે, પરંતુ તે મરેલો જ છે. તેના જીવનમાં કંઇ સ્વાદ નથી. જેને જીવનમાં કંઇ કરવું નથી, વિકાસ સાધવો નથી, ગુણો ઉપાડવા નથી, તેનું જીવવું તે મનુષ્યનું જીવન છે, એમ કેમ કહેવાય? ભગવાને અર્જુનને પહેલું કહ્યું.: **हतो वा प्राप्स्यसि स्वर्गं**.........ભગવાન પણ એવું નથી કહેતા કે અર્જુન! તું જીતીશ. ઊલટું કહે છે છે કે તું મરીશ એ સ્વીકાર.

ગીતાની આ પદ્ધતિ છે. તે કહે છે: 'ભૂતકાળની ચિંતા છોડી દે, ભવિષ્યકાળની લાલસા છોડી દે, તું વર્તમાન પકડ.' રસ્કિન—Ruskin—પોતાના ટેબલ ઉપર એક બોર્ડ રાખતો હતો. તેમાં લખેલું રહેતું 'To-day—આજ'.—ગઇકાલ ગઇ, ગઇકાલનો વિચાર છોડી દે. ભવિષ્યકાળની ચિંતા કરવાની જરૂર નથી. વર્તમાન તારા હાથમાં છે, તે સુધાર.

કેટલાક લોકો ભૂતકાળમાં થયેલી ભૂલોને વાગોળ્યા કરે છે. ભૂલ થઇ તે થઇ. ચિંતા કરીને તે કંઇ સુધરવાની નથી માટે ભૂતકાળ છોડી દો. ભગવાન કહે છે કે તારો ભવિષ્યકાળ મારા હાથમાં આપી દે અને વર્તમાન સુધાર. ભગવાનની આ વાત જે સ્વીકારે છે તેની ચિંતા ચાલી જાય છે. ભગવાને તેથી જ વિસ્મૃતિ રાખી છે. **मत्तस्मृतिर्ज्ञानमपोहनं च**—એવું ભગવાને ગીતામાં કહ્યું છે.

ભગવાને વિસ્મૃતિ ન રાખી હોત તો ભૂતકાળમાં થયેલી ભૂલો, ભોગવેલાં દુઃખો, યાદ કરતાં માણસ મરી જાય. ભૂતકાળ એટલો ભયંકર છે. બીજું, માણસ ભવિષ્યકાળનો વિચાર કર્યા કરે છે કે મારી એક ફેક્ટરી છે, તેમાંથી ત્રણ ફેક્ટરી થશે. મને ઘણા પૈસા મળશે તે હું ક્યાં રાખીશ? તેનું રોકાણ કરવાની ચિંતા કરે છે. ભગવાન કહે છે કે ભવિષ્યકાળ મારા હાથમાં સોંપી દે અને વર્તમાનકાળ તારા હાથમાં છે તે સુધાર. આજે હું જે કંઇ કરુ છું તેની નોંધ ભગવાન રાખશે. તેનું ફળ ભગવાન આપશે. મારે એ જ વિચારવાનું કે મારે આજે શું કરવાનું છે? મારે 'આજ' નો વિચાર કરવાનો છે.

કેટલાક લોકો જૂનોકાળ વાગોળ્યા કરે છે. કહે છે: 'રામકાળમાં લોકો સુખી હતા.' તેને પૂછવું જોઇએ કે તો તું આજે દુઃખી કેમ? તું હીંચકા પર બેસીને જૂનોકાળ યાદ કર્યા કરે છે. ભગવાન કહે છે કે તું 'આજ' નો વિચાર કર અને કામની શરૂઆત કર. આજે મેં શું કર્યું અને મારે આજે શું કરવાનું છે?' આ ચિંતામણિનો બીજો રંગ છે.

ચિંતામણિનો ત્રીજો રંગ છે: મૂંઝવણ. ચિંતાનું એ મૂળ કારણ છે—Confusion is the chief cause of worry—છાતીમાં દુઃખવા લાગ્યું કે 'હાર્ટ એટેક' હશે—આવો નિર્ણય લેવાની ઉતાવળ ન કરો. આપણે તો તરત નિર્ણય લઇએ છીએ. ગીતા કહે છે: 'પૂર્ણ વિચાર કર અને પછી નિર્ણય લે' એનું કારણ તને ભગવાને બુદ્ધિ આપી છે. જીવનમાં જ્યારે મૂંઝવણ આવે ત્યારે વિચાર કર કે કૃષ્ણ ભગવાન આવી સ્થિતિમાં આવત તો શું કરત? આપણે ઘરમાં મહાપુરુષોનો ફોટો રાખીએ છીએ તેનું કારણ એજ છે કે મૂંઝવણમાં તેની સામે જોઇને હિંમત આવે.

લેનિન પોતાના ઘરમાં માર્ક્સનો ફોટો રાખતો હતો. કોઇએ તેને પૂછયું: 'તું માર્ક્સનો ફોટો શા માટે રાખે છે? આ વ્યક્તિપૂજા છે,' ત્યારે લેનિને તરત કહ્યું: 'હું માર્ક્સનો ફોટો એટલા માટે રાખું છું કે મને જીવનમાં જ્યારે મુશ્કેલી આવશે, મૂંઝવણ થશે, ત્યારે વિચારીશ કે આવા સમયમાં માર્ક્સ શું કરત?' તેમાંથી મને રસ્તો મળે છે.

કૃષ્ણે પોતે ભગવાન છે એમ કહ્યું જ નથી. રામે પણ પોતે માણસ છે એમ જ કહ્યું છે. તેવું ન હોત તો એમનો વિચાર કરવાનો અર્થ જ ન રહેત. આપણને એમ જ લાગત કે એ તો ભગવાન હતા તેથી આવું કર્યું. આવું કહીને છોડી દેત.

બીજું, માણસ ચિંતા શા માટે કરે છે? તેને કામ જ નથી તેથી તે ચિંતા કર્યા કરે છે. કામમાં વ્યસ્ત રહે તો ચિંતા ન થાય. ભગવાને ગીતામાં કહ્યું છે: **मामनुस्मर युद्ध्य च**—ભગવાનને યાદ કરો અને કામે લાગો. બધાની જવાબદારી માથે ઉપાડીને કેમ ચાલે? તમે કામમાં એટલા વ્યગ્ર રહો કે તમને ચિંતા કરવાનો સમય જ ન મળે. ચર્ચિલ કહેતા હતા કે સવારના ઊઠું અને રાત્રે સૂઇ જાઉં ત્યાંસુધી હું એટલો કામમાં રહું છું કે મને ચિંતા કરવાનો સમય જ મળતો નથી.

જૂનાકાળની સ્ત્રી બહુ ચિંતા કરતી હતી, કારણ, એને સમય ઘણો મળતો હતો. હીંચકા પર બેસીને તે ચિંતા કર્યા કરતી. માણસે સતત કામમાં વ્યગ્ર રહેવું જોઇએ. **वृद्धस्तावत् चिंतामग्नः**—વૃદ્ધને કંઇ કામ હોતું જ નથી. દુકાન ઉપર જવાની તેને જરૂર નથી, છોકરાઓ બધું સંભાળે છે, તે છતાં તે દુકાને જાય છે. પછી તે કરે શું? બેઠા બેઠા ચિંતા કર્યા કરે. શાસ્ત્રકારો પચાસ વર્ષની ઉંમર થયા પછી વાનપ્રસ્થ થવાનું કહે છે. હવે કામ વગર બેસવાનું નથી. હવે કામ બદલવાનું. નાનો હતો ત્યારે બુદ્ધિ અને શક્તિ કમાવાનું કામ હતું. તે મારું પોતાનું કામ હતું. ત્યારપછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી સંસાર કર્યો. તેમાં કુટુંબનું કામ કર્યું. ત્યારબાદ વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો એટલે તેમાં પ્રભુનું કામ કરવાનું. શાસ્ત્રકારો પણ કહે છે કે કામ બદલો, નવરા ન બેસો.

આજે બધા ઘરડાઓને કેટલો સમય મળે છે! તેમને ફુરસદ જ છે. તેઓ કંઇ જ કામ કરતા નથી. **मूकं करोति वाचालं** ભગવાન મૂંગાને બોલતો કરે છે તેમ **वाचालं मूकं करोति** બોલતાને મૂંગો પણ તે જ કરે છે. ભગવાન પાસે બન્ને શક્તિ છે. ગીતા કર્મયોગી થવાનું કહે છે. કર્મયોગી થાઓ તો ચિંતામુક્ત થશો.

કુવિચારથી ચિંતા ઊભી થાય છે. જેમ્સ કેલન નામની લેખિકાએ 'As a man thinker' માં કેટલાક લોકોની વાતો લખી છે. તેમાં લખ્યું છે કે, કુવિચારથી ચિંતા પેદા થાય છે. ક્ષુદ્ર, દુર્બળ વિચારો સાંભળવાથી ચિંતા થશે, બીજું શું થશે? કાંટાથી કાંટો કાઢવો જોઇએ. જે બીજાની ચિંતા કરવા લાગે છે તેના મન ઉપર ચિંતાની ખરાબ અસર નહિ થાય. જ્ઞાનેશ્વર ભગવાન વિશ્વની

ચિંતા કરતા હતા. તેમને પોતાની ચિંતા કરવાનો સમય જ ક્યાં હતો? બીજાની ચિંતા ઉપાડવી એ બહુ મોટો અભ્યાસ છે. તેમાં બીજાને માટે આત્મીયતા ઊભી થવી જોઇએ. ઘણા ગુણો ભેગા કર્યા પછી બીજાની ચિંતા થાય છે.

જો ઇચ્છા હશે તો રસ્તો મળશે–If there is a will, there is a way. એવી ઇચ્છા કરશો તો ચિંતા રહેશે નહિ. આપણી ઇચ્છા છે **सर्वेऽत्र सुखिनः सन्तु**.........પરંતુ, આ ઇચ્છા સાચી નથી, કારણ, તેની પાછળ કૃતિ નથી. જે ઇચ્છાની પાછળ કૃતિ નથી તે ઇચ્છા નકામી છે. આપણે સદીચ્છા કરી પણ તે માટે શું કર્યું તે કહો એવું શાસ્ત્રકારો પૂછે છે. **यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्**.......ઇચ્છા સાચી હોવી જોઇએ અને સાચાની હોવી જોઇએ.

કેટલાક લોકો કેવળ મનોરાજ્યમાં વ્યગ્ર રહે છે. આમ થશે........તેમ થશે.......તેનાં કરતાં સાચી ઇચ્છા કરવી જોઇએ. તમારી ઇચ્છા સાચી હોવી જોઇએ. 'કલિયુગ જવો જોઇએ'–એ સાચી ઇચ્છા નથી. 'બધાંને સુખ મળવું જોઇએ'–આવી ઇચ્છા સાચી હશે તો માણસ તે માટે કૃતિ કરવા લાગશે અને તેની ચિંતા ચાલી જશે.

ગીતા સમજાવે છે કે આ સપ્તરંગી ચિંતામણિ સ્વીકાર્યા પછી પ્રસાદ મળે છે. પ્રસાદ એ અપભ્રષ્ટ રૂપ છે. પ્રતિસાદ ખરું રૂપ છે. આપણે જે પ્રાર્થના કરીએ તેનો પ્રતિસાદ મળે છે? પ્રતિસાદ મળે તો પ્રસાદ મળે. નાના બાળકને જોઇને અવધૂતને એ કલ્પના આવી કે વૈષયિક સુખ ને બદલે આત્મિક સુખની ઇચ્છા કરવી. માન-અપમાનથી દૂર રહેવું અને ચિંતા છોડી દેવી. આ શિક્ષણ તેમણે બાળક પાસેથી મેળવ્યું.

૨૦. કુમારિકા: એક વખત અવધૂત ફરતા હતા. એક ઘરમાં ગયા તો એક કુમારિકા એકલી જ ઘરે હતી. ઘરના લોકો બહાર ગયા હતા. વરપક્ષના લોકો ઘરે આવ્યા હતા. ઘરમાં બીજું કોઇ હતું નહિ. છોકરીએ વિચાર્યું કે ઘરમાં ચોખા નથી તો શું કરું? આવેલા મહેમાનો બહારના ઓરડામાં બેઠા હતા. તે અંદરના ઓરડામાં ચોખા ખાંડવા બેઠી. ચોખા ખાંડવા લાગી તો બંગડીનો અવાજ આવવા લાગ્યો. રાત્રે ચોખા ખાંડવા અશિષ્ટ છે. તેવી જ રીતે તે દારિદ્રયસૂચક છે. આવેલા લોકોને એમ લાગે કે આમના ઘરે ચોખા પણ નથી? કુમારિકાએ વિચાર્યું કે બહાર બંગડીનો અવાજ ન જવો જોઇએ. તેમાં બે વાતો છે. જે ઘરમાં રાત્રે ચોખા ખાંડે છે તે ઘરની છોકરી કેમ લેવાય? જૂના જમાનામાં ઘરની સભ્યતા પણ જોતા હતા. કોઇના ઘરે જાઓ અને છોકરો લાંબા ટાંટિયા કરીને બેઠો હોય, તમે ગયા પછી પણ તે સીધો બેસે નહિ, તો સમજી લો કે ઘરમાં સંસ્કાર નથી. આવી રીતે જે ઘરમાં રાત્રે ચોખા ખાંડવામાં આવે ત્યાં સંસ્કાર ક્યાં રહ્યા? આમાં બેઇજ્જતિ થાય છે, તેવી જ રીતે તે દારિદ્રયસૂચક પણ છે. કુમારિકાએ બંગડીનો અવાજ ન થાય તે માટે બન્ને હાથમાં એક એક બંગડી જ રાખી. તેના લીધે અવાજ બંધ થઇ ગયો. અવધૂતને લાગ્યું કે જ્યાં વધારે લોકો ભેગા થાય ત્યાં ઝઘડા થશે, અવાજ થશે બે લોકો ભેગા થાય તો સંવાદ થાય. આનો અર્થ માણસે એકલા રહેવું જોઇએ તો તે શાંતિથી વિચાર કરી શકે. ઘણા લોકો સાથે બેસીને પ્રાર્થના કરી શકે. પ્રાર્થના જુદી વાત છે અને પૂજા જુદી વાત છે. પૂજા એકલા બેસીને થાય. આપણુ ઘર પૂજા માટે છે અને મંદિર પ્રાર્થના માટે છે. મંદિરમાં પાંચસો લોકો પણ ભેગા થઇ પ્રાર્થના કરી શકે.

કુમારિકાની યુક્તિ અને ચતુરાઇ જોઇને અવધૂતે કહ્યું કે મને જ્ઞાન મળી ગયું. ઘણા લોકો ભેગા થશે તો કલહ થશે અને અવાજ થશે. બે હશે તો સંવાદ થશે. **कस्त्वं कोऽहं**......તું કોણ, હું કોણ......આવી વાતો ગાડીમાં બેઠા પછી બીજાની સાથે શરૂ થાય. માણસ બાજુવાળાને પૂછવા લાગે: 'ક્યાંના છો? ક્યાં જવું છે? તમારું નામ શું?' વગેરે.....કોઇને લાગે કે આને આ બધું પૂછવાની શી જરૂર છે? બે જણા ભેગા થયા પછી સંવાદ થાય. અનેક રહેવું કે બે રહેવું? બન્ને બેકાર છે તેથી એકલા રહેવું જોઇએ **एकस्तपः, द्विरध्ययनः**–તપ એકલાએ કરવું અને અધ્યયન–અભ્યાસ બે જણાએ સાથે મળીને કરવો. આ ગુણ તેમને કુમારિકા પાસેથી જાણવા મળ્યો.

૨૧. સાપ: ભાગવતમાં લખ્યું છે કે ઘર બાંધવું એ દુઃખની વાત છે. આજે પણ એ સાચું છે. લોકો કહે છે કે ઘરમાલિક, મકાનમાલિક થવું એનાં કરતાં ભાડૂત થવું સારું. આજે મકાનમાલિક જેવો કોઇ દુઃખી નથી. 'માલિક' શબ્દ જ કાઢી નાખવાનો પ્રયત્ન ચાલે છે. આજે તો કહેવામાં આવે છે કે મૂર્ખાઓ ઘર બાંધે છે અને શાણાઓ તેમાં રહે છે. સાપને ઘર જ નથી. સંન્યાસીએ કેમ રહેવું જોઇએ તે તેમણે લખ્યું છે.

આજે તો આપણે ઘર બાંધીએ છીએ અને સંન્યાસી મઠ બાંધે છે. તેમાં ફરક શો છે? કંઇ નહિ. સંન્યાસીએ ઘર ન બાંધતા સાપની જેમ રહેવું જોઇએ. સાપ જનસંગનો ત્યાગ કરે છે. જ્યાં ઘણા લોકો હોય ત્યાં સાપ નથી રહેતો. સંન્યાસીએ પણ જનસંગનો ત્યાગ કરવો જોઇએ. સાપ છુપાઇને ચાલી જાય તેમ સંન્યાસીએ પણ ચાલ્યા જવું જોઇએ. સંન્યાસી ઘર ન બાંધે, સન્યાસીને ઘરની લાલસા જ ન હોવી જોઇએ. નહિ તો જ્યાંના હવાપાણી સારું લાગે ત્યાં રહી જવાનું મન થાય. સન્યાસી જનસંગ્રહ ન કરે. સાપ પાસે અપરિગ્રહ છે તેમ સંન્યાસી પાસે પણ અપરિગ્રહ હોવો જોઇએ.

આપણી પાસે બુદ્ધિ છે અને હાથ છે. આપણે હાથથી ઉપાડીએ છીએ અને બુદ્ધિથી રાખીએ છીએ. બુદ્ધિ છે તેથી આપણે સેફ ડિપોઝિટમાં ધન સાચવી રાખીએ છીએ. તેની સંભાળ બીજો રાખે છે. પોતાની મિલ્કત બીજો સંભાળે એવી વ્યવસ્થા કરનાર પાસે કેટલી બુદ્ધિ હશે? સેઇફમાં રાખનાર નિરાંતે સૂઇ જાય છે. મનુષ્ય પાસે અક્કલ ઘણી છે. વિમાનની મુસાફરી અને વાયરલેસની શોધ–આ બે વાતોમાં માણસની બુદ્ધિની પરમાવધિ છે. રૂપિયાની નોટો (paper currency) કાઢી છે તેમાં પણ માણસની બુદ્ધિની કમાલ છે!

સાપ પાસેથી અવધૂત શીખ્યા કે જનસંગ્રહ ખોટો છે. ઘર રાખવું ખોટું છે. માણસ પાસે અપરિગ્રહ હોવો જોઇએ. સાપ બોલતો નથી તેમ માણસે પણ મૌનની મહત્તા સમજીને મૌન રાખવું જોઇએ. સાપ છુપાઇને ચાલે છે. આ પાંચ વાતો સંન્યાસી પાસે હોવી જોઇએ. તે સંન્યાસી માટે પંચામૃત છે.

૨૨. શરકૃત્: આગળ જતાં અવધૂતને બાણ બનાવવાવાળો મળ્યો. બાણ બનાવનાર પોતાના કામમાં એટલો બધો તલ્લીન થઇ ગયો હતો કે તે જ વખતે રસ્તા પરથી રાજાની સવારી ત્યાંથી પસાર થઇ ગઇ. તે સવારીમાં વાજિંત્રો, ઢોલ શરણાઇ વગેરેનો ઘણો અવાજ આવતો હતો તે છતાં બાણ બનાવનારે ઉપર સુદ્ધાં જોયું નહિ. તે પોતાના કામમાં એકાગ્ર હતો. આ જોઇને અવધૂતને લાગ્યું કે જગતમાં ઘણા અવાજો આવશે પણ જીવનવિકાસ સાધવાનો પ્રયાસ કરનારે પોતાના

કાર્યમાં એકાગ્ર રહેવું જોઇએ. બહારનો અવાજ હોય તેમ અંદરનો અવાજ પણ હોય, તેથી જ એકાગ્રતાની અત્યાવશ્યકતા છે.

૨૩. કીટકઃ ત્યારબાદ અવધૂતે કીટકને જોયો. કીટક-કીડાને ડર હતો કે ભ્રમર મને ખાઇ જશે. આવા ડરથી તે સતત ભ્રમરનું ચિંતન કરતો હતો. ભ્રમરનું સતત ચિંતન કરવાથી કીડો ભ્રમર બની ગયો. આ જોઇને અવધૂતે નિશ્ચિત કર્યું કે જીવનમાં ચિંતન ઘણું મહત્ત્વનું છે. જેવું ચિંતન કરો તેના જેવા થઇ જશો. ચિંતન કોણ, કોનું અને કેટલું કરે છે તે જોવું જોઇએ. પવિત્ર વાતનું ચિંતન કરવાથી જીવન બદલાઇ જશે.

૨૪. કરોળિયોઃ કરોળિયો પોતાની લાળથી જાળ બનાવે છે અને પછી તેને પી જાય છે. સંકલ્પમાત્રથી ઈશ્વર આ વિશ્વની ઉત્પત્તિ કરે છે અને છેલ્લે વિશ્વને પી જાય છે; કેટલાક લોકો સમજે છે કે તેથી ભગવાન નિમિત્ત કારણ છે. સૃષ્ટિ નિર્માણ કરવાવાળા ભગવાન છે. જેમ માટલું બનાવવા માટે કુંભાર નિમિત્ત છે, તેમ ભગવાન સૃષ્ટિનું નિમિત્ત કારણ છે. શાસ્ત્રનો અંતિમ નિર્ણય એ છે કે ભગવાન કેવળ નિમિત્ત કારણ નથી, ભગવાન ઉપાદાન કારણ પણ છે. ભગવાન પોતાનામાંથી જ વિશ્વ બનાવે છે.

માટલાનું ઉપાદાન કારણ માટી છે અને કુંભાર નિમિત્ત કારણ છે. કુંભાર મરી જાય તો પણ તેણે બનાવેલું માટલું રહેશે અને તેમાં પાણી ઠંડુ થશે. ભગવાન કેવળ નિમિત્ત કારણ હોય તો તે આઘા રહેશે તો પણ સૃષ્ટિ ચાલશે, પરંતુ, આવું નથી. જેમ માટી માટલાનું ઉપાદાન કારણ છે તેમ સૃષ્ટિમાં ભગવાન ઉપાદાન કારણ પણ છે. બીજું સંકલ્પમાત્રથી ભગવાન સૃષ્ટિ બનાવે છે. આ શિક્ષણ અવધૂતે કરોળિયા પાસેથી લીધું.

ચોવીસ ગુરુઓમાંથી ચાર ગુરુઓ ચિત્તએકાગ્રતા, મૂર્તિપૂજાની આવશ્યકતા સમજાવે છે. જેને પોતાનો જીવનવિકાસ સાધવો છે તેના માટે મૂર્તિપૂજા આવશ્યક છે. જેમ સંકલ્પમાત્રથી ભગવાન સૃષ્ટિ બનાવે છે તેમ મનુષ્ય પાસે પણ એટલી જ શક્તિ છે. માણસ આંખ બંધ કરીને મુંબઇના બોરીબંદર સ્ટેશનનો સંકલ્પ કરે તો તેની આંખની સામે બોરીબંદર સ્ટેશનનું દૃશ્ય ખડું થાય છે. તેમાં ટ્રેઇન, ટી.ટી., માણસો, બધું જ ઊભું રહે. તેના માટે તેને સિમેંટ, પથ્થર વગેરે કોઇ પદાર્થની જરૂર ન પડે. જો સંકલ્પમાત્રથી માણસ બોરીબંદર બનાવી શકે તો સંકલ્પમાત્રથી સૃષ્ટિ ઊભી કરવાનું કામ ભગવાન શા માટે ન કરી શકે? ભગવાને માનવ મનમાં આવી શક્તિ રાખી દીધી છે.

મનની આ શક્તિ સમજવી જોઇએ અને જીવનવિકાસ માટે એકલા બેસવું જોઇએ. આ વાત અવધૂત કુમારિકા પાસેથી શીખ્યા. એકાંગી ચિંતન કરવું જોઇએ તે કીટક પાસેથી શીખ્યા. બાણ બનાવવાવાળા પાસેથી એકાગ્રતા શીખ્યા અને સંકલ્પમાત્રથી સૃષ્ટિ બનાવી શકાય તે કરોળિયા પાસેથી શીખ્યા.

મનને ભગવાનનો આકાર (મૂર્તિ જેવો) આપવાનો છે. તેના માટે બધું ભૂલવું પડશે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ ભૂલીને, ચિત્તએકાગ્ર કરવા એકલા બેસવું પડશે, ચિંતન કરવું પડશે. મનની શક્તિ ઓળખવી જોઇએ અને મનનો વિકાસ કરવો જોઇએ. મનની શક્તિ કઇ છે? અઘટિત ઘટના ઊભી કરી શકે છે. ભગવાને મનમાં આ જબરદસ્ત શક્તિ મૂકી દીધી છે. ભક્તિનું મુખ્ય અને મહાન સાધન મન છે. ભક્તિ કરવા માટે પંચામૃત, ફૂલ વગરે છે કે નહિ,

એ પ્રશ્ન નથી. મન પોતે જ એક પ્રભાવી શક્તિ છે. મનની શક્તિ ઓળખવી જોઇએ અને મનને જ મૂર્તિનો આકાર આપવો જોઇએ.

બીજું, મન ગ્રહણશીલ (receptive) છે. જેનું ચિંતન કરશો તેના જેવા થઇ જશો. તમે શૂરનું ચિંતન કરશો તો શૂર થશો અને કાયરનું ચિંતન કરશો તો કાયર થઇ જશો. માણસ સ્ત્રીનું ચિંતન કરે તો સ્ત્રૈણ થઇ જાય. તમે જે કંઇ ચિંતન કરો તેનું પરિણામ મન ઉપર થાય છે. અર્જુનના મગજમાં સ્ત્રૈણ વિચારધારા આવી ગઇ, કારણ, તે વિરાટનગરમાં બૃહન્નલાના રૂપે એક વર્ષ સુધી રાણીવાસમાં રહ્યો હતો. મન કેવી રીતે સંસ્કાર ઉપાડે છે તે ખબર પડતી નથી. મન ગ્રહણશીલ છે. આ જ્ઞાન કીટકના દૃષ્ટાંત દ્વારા અવધૂતને મળ્યું.

સંસ્કૃતમાં હનુમાન નાટક છે. તેમાં વર્ણન છે કે સીતા અશોકવૃક્ષની નીચે બેઠી છે. તેની સાથે તેની સખી ત્રિજટા બેઠી છે. સીતા ત્રિજટાને પૂછે છે અને ત્રિજટા તેને જવાબ આપે છે:

कीटोडयं भ्रमरीभवेदविरतध्यानात्तथा चेदहम्
रामस्यां त्रिजटे तथाह्यनुचितं दाम्पत्यसौख्यच्युतः ।
एवंचेत्कृतकृत्यतैव भविता रामस्तव ध्यानतः
सीते त्वं च निहत्य राक्षसकुलं सीतान्तिके गच्छसि ॥

'આ કીટભ્રમર ન્યાય વેદાંતમાં છે. કીટક ભીતિથી સતત ભ્રમરનું ચિંતન કરતાં ભ્રમર બની જાય છે આ જો સાચું હોય તો હું સતત રામનું ચિંતન કરતાં કરતાં રામ બની જઇશ તો?' ત્રિજટા કહે છે: 'એમાં શું ખોટું છે? તું રાવણને મારીને અહીંથી જતી રહેજે.' સીતા કહે છે: 'ના, હું રામ બની જાઉં તો મારું દાંપત્યસુખ ખલાસ થઇ જાય. મારે રામ બનવું નથી, મારે રામની સીતા જ રહેવું છે.' ત્રિજટા કહે છે: 'કીટભ્રમર ન્યાય સાચો હોય તો તારે ડરવાનું કોઇ જ કારણ નથી. રામ પણ સતત તારું ધ્યાન કરતા હશે તો તે પણ સીતા થઇ જશે.' આ વિનોદ છે. આ કીટભ્રમર ન્યાય સૂચવે છે કે તમે જેનું સતત ચિંતન કરો તેવા તમે થઇ જાઓ. તાત્પર્ય એ છે કે મનને અતિ પવિત્ર, અતિ મંગલદાયી વસ્તુનું, વ્યક્તિનું કે તત્ત્વનું ચિંતન કરવાની ટેવ પાડો તો મન તે ગુણો ઉપાડશે.

કેટલાક લોકો પૂછે છે, 'શું પથ્થરમાં કે લાકડામાં ભગવાન છે?' તેમને પૂછવું જોઇએ, 'કેમ ન હોય? અણુ-અણુમાં ભગવાન વસેલો છે તે પથ્થર કે લાકડામાં કેમ ન હોય? પ્રત્યેક અણુમાં શક્તિ છે એ વિજ્ઞાને સિદ્ધ કર્યું છે—તો પછી પથ્થરની મૂર્તિમાં ચૈતન્ય શા માટે ન હોય?'

ભગવાનને આકાર છે કે નહિ, એ બીજો પ્રશ્ન છે. અનંત આકાર જેણે નિર્માણ કર્યા તે પોતે પોતાના માટે આકાર કેમ ન લે? શાસ્ત્રીય દૃષ્ટિથી તમે જોશો તો ભગવાન વ્યાપક છે, સર્વત્ર છે. આ વાત સાચી છે. હું પૂછું છું કે આ સૃષ્ટિ ઉત્ક્રાંત થયેલી (evolved) છે કે સર્જિત (created) છે? તે ઉત્ક્રાંત થયેલી છે એ પૌરાણિક વાત છે. તેમાં તર્ક નથી. સૃષ્ટિની પછવાડે ચોક્કસ વ્યવસ્થા દેખાય છે. માણસના શરીરમાં (પ્રાણીમાં પણ) જ્યાં હૃદય જોઇએ, જ્યાં ફેફસાં જોઇએ, ત્યાં જ, નક્કી કરેલી જગાએ જ છે; એટલે કે તેની પાછળ નિશ્ચિત બુદ્ધિ છે. જેમણે શરીરવિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે તે ડૉક્ટરો મોટા છે પરંતુ, તેઓ ધંધાકીય દૃષ્ટિથી જ જુએ

છે. આટલું સુંદર અને વ્યવસ્થિત શરીર જોયા પછી પણ તે પૂછે છે કે ભગવાન ક્યાં છે? આવું ભણતર નહિ ચાલે, બુદ્ધિ ચલાવવી પડશે.

જો સૃષ્ટિ બનાવેલી હશે તો જે (supreme) સર્વોચ્ચ ચૈતન્યે તે બનાવી હશે તેને બુદ્ધિ પણ હશે જ. ચૈતન્યની સાથે બુદ્ધિ આવી ગઇ. ચૈતન્ય બુદ્ધિ ક્યારે પકડે? જ્યારે તેમાં અહમ્ આવે ત્યારે. ચૈતન્ય, અહમ્ અને બુદ્ધિ આવ્યાં એટલે સગુણતા આવી જ ગઇ. હવે તે રુપ કયું લેશે એ સ્વતંત્ર વાત છે. સગુણતા આવી ગઇ તેમાં સંદેહ નથી. 'સગુણ ભગવાન' એ કલ્પના નથી, સત્ય સ્થિતિ છે.

મનની શક્તિથી આવી ભગવાનની મૂર્તિ ઊભી કરશો તો? અહીં મન જ ભગવાનનો આકાર લેશે. તેમાં વચ્ચે બીજો વિચાર આવે તો આકાર તૂટી જશે. માટે જ ચિત્તએકાગ્રતાની આવશ્યકતા છે. માનસિક મૂર્તિ ઊભી કરો. તે માટે સામે મૂર્તિ રાખો તો મૂર્તિ ધ્યાનમાં આવે. જેટલી ક્ષણ મૂર્તિ ઊભી કરશો તેટલી ક્ષણ મન જ ભગવાનનો આકાર લે છે. આમ મૂર્તિપૂજાની આવશ્યકતા સમજાવતાં કહે છે કે જેટલી ક્ષણ મન મૂર્તિનો આકાર લેશે તેટલી ક્ષણમાં, મન ગ્રહણશીલ હોવાથી મૂર્તિના ગુણો ઉપાડશે. આ સ્થિતિ લાવવા માટે ચિંતનની અને એકાગ્રતાની આવશ્યકતા છે.

માણસે એકલા બેસવું જોઇએ. આપણે કોઇ દિવસ એકલા જ નથી બેસતા. આપણે ભૂત, ભવિષ્ય કે વર્તમાન સાથે લઇને બેસીએ છીએ. કેટલાક લોકો ભૂતકાળમાં અને કેટલાક લોકો ભવિષ્યકાળના મનોરાજ્યમાં રમતાં હોય છે. એકલા બેસવા માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન-ત્રણેયને છોડવા પડશે. આવી સ્થિતિ આવશે ત્યારે કરોળિયો જેમ પોતાની લાળથી જાળ બનાવે છે, તેવી રીતે તમે માનસિક મૂર્તિ બનાવી શકશો. આપણે મૂર્તિ બનાવીશું તેમાં બધી શક્તિ હશે. આ માનસિક કલ્પના છે. મનનો આ માનસિક ઉપચાર છે. તેનાથી મન પ્રવાહી બની જશે. આને જ પાર્થિવપૂજા કહે છે. આજે પાર્થિવ પૂજાનો આટલો જ અર્થ રહ્યો છે કે શિવલિંગ બનાવવું અને પછી તેનું વિસર્જન કરવું. આ પાર્થિવપૂજા નથી.

મન કૃષ્ણ ભગવાનનો કે શિવજીનો આકાર લે એ માટે ચિંતનની, એકાગ્રતાની, અને એકલા બેસવાની આવશ્યકતા છે. આ વાતો માટે ચિત્તએકાગ્રતાની આદત પાડવી જોઇએ. કોઇપણ કામમાં નિર્દોષ ચિત્તએકાગ્રતા થવી જોઇએ.

સર વૉલ્ટર સ્કૉટે પોતાનો અનુભવ લખ્યો છે. તેમના વર્ગમાં બીજો એક વિદ્યાર્થી હતો. તે હંમેશાં પહેલો આવતો હતો અને તેઓ બીજે નંબરે આવતા હતા. તેમણે તે વિદ્યાર્થીનું બારીકાઇથી નિરીક્ષણ કર્યું. તે વિદ્યાર્થી જવાબ આપતી વખતે પોતાના કોટના બટન સથે રમતો, તેનાથી એકાગ્ર થતો અને પ્રશ્નો સચોટ જવાબ આપતો હતો. તેમણે તેને ખબર ન પડતાં તેના કોટનું બટન કાઢી લીધું. પરિણામે તે વિદ્યાર્થી એકાગ્ર થઇ ન શક્યો. અને જવાબ આપી ન શક્યો. આ દૃષ્ટાંત મનની શક્તિ સમજાવવાને માટે આપ્યું છે. આપણું મન તરફ ધ્યાન જ નથી. આપણે ફક્ત શરીર તરફ ધ્યાન આપીએ છીએ.

કૉંટ ચર્ચના શિખરને જોઇને તેમાં એકાગ્ર થતો હતો. તેના લીધે તેની પ્રતિભા જાગૃત થતી હતી. વચ્ચે જ એક ઝાડ ઊગી આવ્યું. તેના લીધે કૉંટને ચર્ચનું શિખર દેખાતું બંધ થયું. તેણે

મ્યુનિસિપલ ઑફિસરને તે ઝાડ તોડવા કહ્યું પણ તે ઑફિસર માન્યો નહિ. કૉંટે કોર્ટમાં મુકદ્દમો દાખલ કર્યો કે પોતે ચર્ચના શિખરને જોયા વગર વિચારી શકતા નથી, પોતાની પ્રતિભા જાગૃત થતી નથી, તો તે ઝાડને ત્યાંથી હટાવવામાં આવે. માનસશાસ્ત્રની દૃષ્ટિથી કૉંટનું કહેવું ખરું હતું. ન્યાયાધીશે વચ્ચેના ઝાડને દૂર કરવાનો હૂકમ કર્યો.

આ વાતો કહેવાની એટલા માટે કે મન શું શું ઝીલી શકે છે તેનો આપણે વિચાર જ કરતા નથી. આપણે ફક્ત શરીર માટે વિચારીએ છીએ. શરીર નબળું પડયું કે 'એ' થી 'ઝેડ' વિટામિનોનો ઉપયોગ કરીએ છીએ. મન દૂબળું પડી જાય છે તેનો વિચાર જ કરતા નથી. ઉપભોગ ભોગવવા માટે પણ મનની આવશ્યકતા છે. તેનો વિકાસ કરવા બાબત વિચારવું જોઇએ. મન તરફ બિલકુલ ધ્યાન આપવામાં ન આવે તે કેમ ચાલે?

ચિંતન તેજસ્વી અને દૈવી હોવું જોઇએ. આખા દિવસમાં એક કલાક તેજસ્વી અને દૈવી ચિંતન કરવું જોઇએ તો તેનું પરિણામ મન ઉપર થશે. શું સાંભળશો? જગતમાં વિવિધ પ્રકારના વિચારો હોય છે. માણસને દુર્બળ, ક્ષુદ્ર અને હલકો બનાવે તેવા વિચાર હશે, માણસનું કર્તૃત્વ મારવાવાળા વિચાર હશે, માણસને ઉદ્દામ બનાવવાવાળા વિચાર પણ હશે.

બે વિચારધારા છે. એક વિચારધારા કહે છે 'તું કંઇ કરી શકતો નથી.' બીજી વિચારધારા કહે છે 'તું બધું જ કરી શકે છે.' આજે રાજનીતિજ્ઞો, સમાજસુધારકો કહે છે કે તમે બધું જ કરી શકો છો. ઉપરવાળો (ભગવાન) છે જ ક્યાં? આ વિચારધારાથી આપણે કંટાળી ગયા અને મંદિરમાં ગયા. ત્યાં આપણે એવું સાંભળ્યું કે તું કંઇ જ કરી શકતો નથી. બધું ઉપરવાળાની ઇચ્છાથી થશે. આ બન્ને વિચારધારાઓ એકાન્તિક છે. શું સાંભળવું તે નિશ્ચિત થવું જોઇએ. સ્વાધ્યાય માટે ક્યો ગ્રંથ લેવો તે પણ નિશ્ચિત થવું જાઇએ. જે ગ્રંથમાંથી મને જીવનની પ્રેરણા મળે, હું કંઇ કરી શકું છું, બની શકું છું, એવી પ્રેરણા મળે, સાથે સાથે ઉન્મત્તતા ન આવે, તે ગ્રંથનો સ્વાધ્યાય થવો જોઇએ. એવો ગ્રંથ એટલે જ ગીતા. ગીતા જ એક આવો ગ્રંથ છે કે જેનું શ્રવણ અને ચિંતન થવું જોઇએ.

ગીતા કહે છે: '**तस्मात्त्वमुत्तिष्ठ**—ઊઠ, ઊભો થા, તું કરી શકે છે.' અર્જુન પૂછે છે: 'શું હું કરી શકું છું? મારામાં તેવી શક્તિ છે?' તો ભગવાન કહે છે: '**मयैवेते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन्**—તું નિમિત્તમાત્ર બન. તેનો યશ આવે તો હું લઇ શકતો નથી. યશ લેવાને માટે કોઇ જોઇએ. ભગવાન પૂર્ણ છે, તેને યશ નહિ, જે અપૂર્ણ છે તેને યશ. જ્યારે યશ મળશે ત્યારે તારી આવશ્યકતા છે. તારા વગર પણ યશ મળશે, પરંતુ, તારી આવશ્યકતા પણ છે.' આવું ચિત્ર-વિચિત્ર ભગવાને કહ્યું છે, પણ તેમાં એક વાત નિશ્ચિત છે, 'તું કરી શકે છે'. તું કરી શકે છે પરંતુ, મારી મદદ વગર નહિ કરી શકે. તું કરવા લાગીશ તો મદદ મળવા લાગશે.' આવું પ્રભાવી સાંભળવું જોઇએ. જેવું ચિંતન કરશો તેવું મન થઇ જશે.

ભગવાને જેમ સૃષ્ટિ બનાવી છે, તેમ તું પણ સૃષ્ટિ બનાવી શકે છે. બધું ઊભું કરવાની શક્તિ મનમાં છે. જે સાંભળવામાં આવે તેનું મન ઉપર પરિણામ થાય છે, તેથી એકલા બેસવું, એકાગ્ર થવું. પોતાની શક્તિથી માનસિક મૂર્તિ નિર્માણ કરવી, આ ચાર વાતો ગુરુ પાસેથી મેળવી.

મૂર્તિપૂજા માટે એકાગ્રતા જોઇએ, તેમ તેની આવશ્યકતા લાગવી જોઇએ, મને ભગવાનની આવશ્યકતા લાગવી જોઇએ. તેના વગર એકાગ્રતા થવી શક્ય નથી.

ઘરવાળીએ ધણીને કહ્યું કે માર્કેટમાંથી રીંગણાં લઇ આવજો. ધણી શાકમાર્કેટમાં જાય ત્યારે તેની આંખ રીંગણાં જ શોધતી હોય. બીજી શાકભાજી ઘણી છે પણ તેના તરફ તેનું ધ્યાન જ નથી જતું, કારણ, પત્ની એ રીંગણા લાવવાનું કહ્યું હોવાથી તેને રીંગણાંની જ જરૂર છે. રીંગણાં દેખાય કે તે ઊભો રહી જાય. રીંગણાંની જરૂરની જેમ, માણસને ભગવાનની આવશ્યકતા લાગવી જોઇએ.

જીવન ચલાવવા માટે મને ભગવાનની આવશ્યકતા છે જ. 'મારે કંઇ કરવું છે તેને માટે મારી શક્તિ ઓછી પડે છે, તેથી મને ભગવાનની આવશ્યકતા લાગવાની જ. ભગવદ્શક્તિથી જ બધું ચાલી રહ્યું છે એ વાત ખરી, પરંતુ, હું કામ કરવા લાગીશ તો મદદ મળશે. થાળી પીરસાઇને સામે આવે પણ ખાવું તો મારે જ પડે. તે કૃતિ મારે જ કરવી પડશે. ત્યારબાદ ખાધેલું અન્ન પચાવવા તે અંદર બેઠો જ છે. તે લોહી બનાવે છે, મને સુવડાવે છે, ઉઠાડે છે, તેથી તેના વગર હું પાંગળો છું' આમ બુદ્ધિ જ્યારે ભગવાનની આવશ્યકતા સ્વીકારશે ત્યારે જ મારું ચિત્ત, એકાગ્ર થશે.

ગૃહસ્થાશ્રમી માણસ ભગવાનમાં જલદી એકાગ્ર થાય. તેને દિનરાત ભગવાનની જરૂર છે. સંન્યાસીને દુકાન નથી, સંસાર નથી, તેને કંઇ જરૂર પણ નથી. તે જ્યારે સંન્યાસી થાય ત્યારે તેની એકાગ્રતા ઘણી વધી ગયેલી હોય. સંન્યાસીને ભગવાન પાસેથી પણ કંઇ લેવાનું હોતું નથી. તે સૂચવવા તે ભગવાનને નમસ્કાર કરતી વખતે મુઠ્ઠી બંધ કરીને નમસ્કાર કરે છે. સંન્યાસી બનવાનું હોતું નથી, સંન્યાસી થવાય છે.

ભગવાનની આવશ્યકતા લાગવી જોઇએ, તેમ ભગવાનની આકર્ષકતા લાગવી જોઇએ, એટલું જ નહિ, ભગવાન 'મારા' લાગવા જોઇએ; એટલે જ, ભગવાન આવશ્યક, આકર્ષક અને આત્મીય લાગવા જોઇએ. જેમ કરોળિયો જાળ બનાવે છે તેમ મન પણ મૂર્તિ ઊભી કરશે, મન મૂર્તિનો આકાર લેશે તો તેનાથી જ મનને પુષ્ટિ મળી જશે. મૂર્તિપૂજા પુષ્ટિકારક છે.

ચિત્તને એકાગ્ર કરીને પોતાના મનને મૂર્તિનો આકાર આપવાનો છે. આ જ ગીતાએ કહ્યું છેઃ **मय्यावेश्य मनो ये माम्**–કઇ મૂર્તિ રાખો એ કહ્યું નથી. કૃષ્ણની, અંબાની, વિષ્ણુની કે શિવજીની–કોઇ પણ મૂર્તિ રાખો. મૂર્તિપૂજા ચિત્તએકાગ્રતા કરવા માટે છે. એ સંપૂર્ણ શાસ્ત્ર છે–Idol-worship is a perfect science. એ કંઇ ગાંડપણ નથી, ભગવાનની ખુશામત નથી.

આજે લોકો ચિત્તએકાગ્રતા (concentration) ને આત્મશક્તિમાં તલ્લીન થવું (meditation) કહે છે. તેમાં શું કરવાનું છે તેની જ લોકોને ખબર પડતી નથી. માણસનું મન મૂર્તિનો આકાર લે અને તે વધીને અર્ધો કલાક, એક કલાક ચિત્તએકાગ્રતા રહે તો પૂર્ણતાની અનુભૂતિ (experiencing the fullness) મળે. આ સ્થિતિમાં મૂર્તિ સ્વયં ચાલી જાય છે. આ જે સ્થિતિ છે તેને એટલે કે આત્મશક્તિમાં તલ્લીનતાને 'meditation' કહે છે. ચિત્તએકાગ્રતા માટે વસ્તુ જ જોઇએ. આપણા શાસ્ત્રકારો પ્રામાણિક છે.

આપણી પાસે 'જ્ઞ' મન (experienced state of mind) અને 'અજ્ઞ' મન, (inexperienced state of mind) બન્ને છે. તેને પવિત્ર કરવા પડશે. તમે બુદ્ધિથી 'જ્ઞ' મન પર અંકુશ રાખી શકો છો પણ બુદ્ધિનો અંકુશ 'અજ્ઞ' મન ઉપર નથી. તેમાં વાસના ઘૂસી જાય છે. 'જ્ઞ' અને 'અજ્ઞ' મન સ્વચ્છ, શુદ્ધ કરવાને માટે મૂર્તિપૂજા આવશ્યક છે. જાગૃત મન અને કાર્યશીલ મન (alert and active mind) આપણી સાથે હંમેશા હોય છે. આપણે કંઇ જોઇએ ત્યારે ઈંદ્રિયો સાથે મનનો એક ભાગ ત્યાં હોય છે. મન વગર ઈંદ્રિયો કામ કરતી નથી. મનનો આ ભાગ જાગૃત અને ક્રિયાશીલ ભાગ છે. તેનો બીજો ભાગ જાગૃત પણ નિષ્ક્રિય (inactive) હોય છે. તે જ સંસ્કાર ઉપાડે છે. આ નિષ્ક્રિય ભાગ જ વાસના ઊભી કરે છે. તેને અને મનના બે તૃતિયાંશ 'અજ્ઞ' ભાગને—બન્નેને શુદ્ધ કરવાના છે. મન વાસના ન ઉપાડે તેવું બનાવવાનું છે. સમગ્ર મનનું શુદ્ધિકરણ મૂર્તિપૂજાથી જ થશે, માટે જ મૂર્તિપૂજાની આવશ્યકતા છે.

ભગવાન માનવઆકાર (human form) માં જ હોવો જોઇએ. કારણ, આપણા માટે માનવઆકાર જ સૌથી વધુ સારો પોતીકો આકાર છે. અમને કેટલાક લોકો પૂછે છે કે બધે ઠેકાણે ભગવાનને ચાર હાથ હોય છે તો તમારે ત્યાં યોગેશ્વરને બે હાથ કેમ છે? મેં કહ્યું: 'અમને બે હાથ બસ છે. એક હાથ આપવા માટે અને બીજા હાથ મારવા માટે. ત્રીજા હાથની જરૂર જ શી છે? જો ભગવાનના ચાર હાથ કરવા હોય તો ચાર હજાર કેમ નહિ? આમ છતાં માણસને લાગે છે કે મને બે હાથ છે તો ભગવાનને ચાર હાથ તો હોવા જોઇએ, તો જ ભગવાન મહાન લાગે. મૂળ વાત એ છે કે ભગવાન મનુષ્યકાર જ હોવા જોઇએ.

આપણને લાગે છે કે આપણું મન અશુદ્ધ છે જ નહિ. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ મન અશુદ્ધ જ છે. કંઇ 'જોઇએ' એનો અર્થ શો છે? મારામાં કંઇ અછત છે. પોતાને અપૂર્ણ માનવો એ પહેલી અશુદ્ધતા છે. મનઃશુદ્ધિ (purification) માટે, મનના ઉદાત્તીકરણ (sublimation) માટે, તેને શક્તિશાળી અને પ્રગમનશીલ (powerful and progressive) બનાવવા માટે, તેને લાગણીક્ષમ (sensitive) બનાવવા માટે મૂર્તિપૂજા અત્યંત આવશ્યક છે. મન કેવળ શક્તિશાળી અને પ્રગમનશીલ હશે તો માણસ હિટલર બની જશે, તેથી મન લાગણીક્ષમ પણ હોવું જોઇએ.

ગીતાએ તેથી જ પ્રગમનશીલ આદર્શવાદ (progressive idealism) ઉપાડયો છે. ગીતા માણસનો હાથ પકડીને હળવે હળવે ઉપર લઇ જાય છે. આજે કેટલાક લોકો કહે છે કે અમને ઉપરનું (ઉચ્ચ વાતો) સમજાવો, પરંતુ, આવું કહેનાર જીવનવિકાસ સમજ્યા જ નથી.

ચિત્ત એકાગ્ર કરવા માટે ભગવાનની-મૂર્તિની-કૃતિ (action) પ્રત્યેક ક્ષણે બદલવી પડશે તો જ ચિત્ત એકાગ્ર થશે. ભગવાન માનવઆકારમાં છે તેની કૃતિ બદલવા માટે તેને સૂવાડો, ઉઠાડો, ફૂલ આપો—**आसनम्, पादप्रक्षालनम्**—આ બધું કર્મકાંડ આવે છે. તેના લીધે ભગવાનની ક્રિયા બદલાતી જશે અને ચિત્ત તેમાં એકાગ્ર થશે. વિષય-વસ્તુ (object) બદલાય તો ચિત્ત (subject) સ્થિર રહે. જો વિષય-વસ્તુ સ્થિર રહે તો ચિત્ત અસ્થિર થાય. આપણું મન ચિત્રપટમાં એકાગ્ર થાય છે, કારણ, પ્રત્યેક સેકંડે ચિત્ર બદલાય છે. વચમાં જ જાહેરાતનું સ્થિર પાટિયું આવે કે આપણું મન તરત બીજે ચાલી જાય છે.

મૂર્તિપૂજામાં મૂર્તિ (object) બદલાતી ક્રિયાવાળી હોવી જોઇએ. લોકો **आसनम् – पादप्रक्षालनम्** વગેરે કર્મકાંડની મજાક ઉડાવે છે. તેમને આ રમત લાગે છે, પરંતુ, તે રમત નથી. ચિત્તએકાગ્રતા માટે અત્યંત આવશ્યક વાત છે તે જ લોકો સમજતા નથી. જો કે મંદિરમાં આ બધું કરવાવાળા પણ શા માટે કરે છે તેની તેમને ખબર નથી હોતી. કારણ કોઇ ચિત્ત એકાગ્ર કરતું જ નથી. **जलधाराप्रियः शिवः**- સમજીને બે લોટા પાણી રેડે છે. મૂર્તિપૂજાનું રહસ્ય ચાલી ગયું છે તે પાછું લાવવું પડશે. મૂર્તિપૂજા અતિ મહત્ત્વની છે. મૂર્તિપૂજાથી બધા ગુણો આવી જશે, અવું પ્રતિપાદન કરવું હશે તેથી જ અવધૂત ગીતામાં ચોવીસ ગુરુઓનું વર્ણન કર્યું છે. ચાર ગુરુઓ મૂર્તિપૂજાનું મહત્ત્વ સમજાવે છે અને અંતમાં અવધૂત મૂર્તિપૂજા કહે છે. આ બધા ગુણો જીવનમાં લાવવા હશે તો મૂર્તિપૂજા કરવી પડશે, ચિત્ત એકાગ્ર કરવું પડશે, ચિત્તને આકાર આપવો પડશે, ચિત્તશુદ્ધિ કરવી પડશે. મૂર્તિપૂજા અલૌકિક છે, શ્રેષ્ઠ છે, એ પહેલાં બુદ્ધિથી-તર્કથી સમજાવવું પડશે. આ જન્મમાં આટલું સમજી લેશો તે ઘણું છે. ભક્તિમાં મન સાધન (instrument) છે. મન ક્રિયાશીલ છે, સર્જનશીલ છે, સર્જક (creator) છે. તેની પાસે સૃજનશક્તિ (creative energy) છે, એનો ઉપયોગ કરવાનો છે.

અવધૂતે જીવન વિકાસનો રસ્તો અને તેનાં પગથિયાં સમજાવ્યા છે. જડ, ચેતન, વાયુ, પશુ, પક્ષી-બધા ગુરુ થઇ શકે છે જો જીવનવિકાસની તરસ લાગી હોય તો. પહેલો પ્રશ્ન એ છે કે તરસ લાગી છે કે નહિ? તરસ ન લાગી હોય તો માટલાનું, બરફનું કે ફ્રીઝનું પાણી—બધું નકામું છે. જીવનવિકાસની તરસ લાગી હોય તો જ્ઞાન ગમે ત્યાંથી મળે. આપણે ચોવીસ ગુરુઓને નમસ્કાર કર્યા.

ભાગવતમાં **बद्ध** અને **मुक्त**ના લક્ષણનું બહુ જ સુંદર પ્રકરણ આવે છે. બદ્ધ કોણ અને મુક્ત કોણ? તેમની સજાવટ, તેમનાં ગુણોનું વર્ણન છે, તેના ઉપરથી તેમને ઓળખી શકાય. આનું સુંદર વિવેચન છે. બદ્ધ કરતાં મુક્તમાં શું વિશેષ હોય છે? શું તેને વધારાની પૂછડી હોય છે? કેટલાક લોકો મુક્તનું ચિત્ર બનાવે તો તેના ચહેરા પાછળ વલય બતાવે છે. મુક્તનો અર્થ શું? આનું શાસ્ત્રીય વિવેચન છે.

માણસમાં અહંકાર હોય એટલે તેની સાથે વાસના આવી જાય છે. અહંકાર એટલે અભિમાન—આ અર્થ અહીં નથી. અહીં અહંકાર એટલે અહમ્—જેને અંગ્રેજીમાં Ego કહે છે તે. Ego —અહમ્ પકડીને બેઠા હોય તો તેની જોડે વાસના આવે છે. જેનો વ્યવહાર અહમ્ અને વાસનાયુક્ત થાય છે તે બદ્ધ છે. જેનો વ્યવહાર અહમ્ અને વાસનાથી મુક્ત છે, તેને મુક્ત કહેવામાં આવે છે. મુક્ત અને બદ્ધની દેહરચના એકસરખી જ હોય છે. તેમની દિનચર્ચા પણ સરખી હોય છે. બન્નેની કૃતિમાં ફરક એટલો છે કે બદ્ધની કૃતિ અહમ્ અને વાસનાપૂર્ણ હોય છે અને મુક્તની કૃતિ અહમ્ અને વાસનારહિત હોય છે.

અહંકાર કાઢવાનો છે પરંતુ અગતિકતાથી પણ અહંકાર નીકળી જાય છે. હું કોણ? મારી કિંમત કેટલી? મારું સ્થાન શું? આ પ્રકારની અહંકારશૂન્યતાથી મુક્તપણું નથી મળતું. અગતિકતાથી અહંકાર નીકળી ગયા પછી માણસ ઉદ્દંડ કે ઉદ્દામ બનતો નથી, એ સાચું પરંતુ,

તેને લીધે તે મુક્ત થતો નથી. ભક્તિશાસ્ત્રમાં અહંકાર પ્રેમથી આપવાનો છે, અગતિકતાથી નહિ, એ મહત્ત્વની વાત છે. ભગવાનના હાથમાં પ્રેમથી પોતાનો અહંકાર આપવાનો છે. ભગવાન ઉપરના પ્રેમથી અહંકારમુક્ત થવાય અને ભગવદ્વિશ્વાસથી વાસના છૂટી જાય. સૃષ્ટિના સર્જનહાર માટે જેટલો વિશ્વાસ વધે તેટલી વાસનાથી મુક્તિ મળે. ભગવાન જે મોકલશે તે હું સ્વીકારીશ, એવી વૃત્તિથી વાસનાથી છૂટાય.

मंगलामंगलं यद्यद् करोतीतीश्वरो हि मे ।
तत्सर्वं मंगलायेति विश्वासः सख्यलक्षणम् ॥

(ઇશ્વર મારૂં જે જે કાંઇ મંગળ-અમંગળ કરે તે સર્વ મારે માટે મંગલકારી જ છે એવો વિશ્વાસ એ સખ્યતાનું લક્ષણ છે.)

નાના બાળકને કોઇ વાસના હોતી નથી, કારણ, એને પોતાની મા પર વિશ્વાસ છે. બહારગામ જવાનું હોય તો પણ તે છેવટ સુધી આંગણામાં રમતું હોય. બહારગામમાં જોઇતાં કપડાં લીધાં કે નહિ, રસ્તા માટે ભાતું બનાવ્યું કે નહિ, એનો વિચાર પણ એ કરતો નથી. એને મા પર વિશ્વાસ છે કે ભૂખ લાગ્યા પછી મા ખાવાનું આપશે અને પહેરવા કપડાં પણ આપશે. બાળકને મા પર દુર્દમ્ય વિશ્વાસ છે તેથી તેને વાસના તકલીફ નથી આપતી. આવી રીતે જેને ભગવાન ઉપર દુર્દમ્ય વિશ્વાસ બેસી ગયો તેને વાસના નથી રહેતી. તેને ખાતરી છે કે મને જે જોઇશે તે ભગવાન આપશે. મારે ચિંતા કરવાનું કારણ શું? આવી સમજણ અને આવો ભાવ જેના મગજમાં આવ્યો અને દિલે તેનો સ્વીકાર કર્યો, તેનો ભગવાન પર પ્રેમ બેસે. બુદ્ધિમાં સમજણ આવે અને દિલ તેનો સ્વીકાર કરે—આ બન્ને સાથે થાય તો ભગવાન ઉપર વિશ્વાસ નિર્માણ થાય. ભગવાનને પ્રેમથી અહંકાર અપાય અને તેના ઉપરના વિશ્વાસથી વાસના છૂટી જાય. જ્ઞાનથી જ મુક્તિ મળે છે એવું બધે ઠેકાણે વાંચવા મળે છે. ભાગવતકારે કહ્યું છે ભક્તિથી મુક્તિ મળે છે. તો આ બન્નેમાં મૂળભૂત ફરક શો છે?

જ્ઞાન શું છે? પ્રકૃતિતત્ત્વ અને પુરુષતત્ત્વનો અભ્યાસ કર્યા પછી કુંડલિની જાગૃત થાય ત્યારે મુક્તિ મળે એવું જ્ઞાની લોકો કહે છે. જ્યારે ભક્તિશાસ્ત્ર કહે છે કે ભગવાનને પ્રેમથી અહંકાર આપો, તો અહંકાર તકલીફ નહિ આપે. તેના ઉપર અતૂટ વિશ્વાસ રાખો, તો વાસના છૂટી જશે અને મુક્તિ મળશે.

જ્ઞાન ફલિત છે, સાધન નથી. ભક્તિ સાધન છે. શંકરાચાર્ય કહે છે:

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।

ભક્તિ આ સાધન છે, જ્ઞાન તેનું ફલિત છે. મને કંઇ જોઇતું નથી, મને જોઇશે તે મને મળી જશે—**पूर्णमदः पूर्णमिदम्**.......જ્ઞાન એ ભક્તિનું ફલિત છે. આમ ભક્તિથી મુક્તિ સમજાવી છે.

બીજો પ્રશ્ન ઊભો થાય છે કે 'મુક્ત' ને ઓળખવો કેવી રીતે? ગીતામાં સ્થિતપ્રજ્ઞનું વર્ણન છે તેવું જ ભાગવતમાં અહીં 'મુક્ત' નું વર્ણન છે. એકાદશ સ્કંધમાં અગિયારમા અધ્યાય સુધી આ વર્ણન છે. બારમા અધ્યાયમાં—સાધુસંગનું મહત્ત્વ ગાયું છે. માણસને સંગ કેવો મળે છે તેના

ઉપર બધો આધાર છે. સર્વસામાન્ય જીવનને વળાંક આપવા માટે પણ સંગ જોઇએ. જીવનવિકાસ સાધવો હોય તો સત્સંગ જોઇએ.

માણસ જેના સંગમાં રહે છે તેના જેવી ભાષા બોલે છે અને તેના જેવી જ એની વૃત્તિ થાય છે. અંગ્રેજીમાં કહ્યું છે: A man is known by the company he keeps. એનો અર્થ એ કે માણસ કેવો સંગ રાખે છે તેના ઉપરથી ઓળખાય છે. તમે કોનો સંગ કરો છો તેના ઉપરથી તમે કેટલા પાણીમાં છો તે ખબર પડે છે.

એકજ મા-બાપના દિકરા બે પોપટમાંથી કસાઇના ઘરે ગયેલો એક પોપટ ગાળો બોલતાં શીખ્યો અને મુનિના આશ્રમમાં ગયેલો બીજો પોપટ બ્રહ્મસૂત્રો અને યોગસૂત્રો બોલતાં શીખ્યો. એ સંગનું પરિણામ બતાવે છે.

કોની સાથે સંબંધ જોડવો એ માણસે પોતે જ નક્કી કરવું જોઇએ, કારણ, સંગનું જીવન ઉપર બહુ મોટું પરિણામ થાય છે. જૂનાકાળમાં લગ્ન કરતી વખતે વર-કન્યાને અગ્નિની સમક્ષ પ્રતિજ્ઞા લેવી પડતી હતી કે અમે આજીવન સાથે જ રહીશું. મિત્રસંબંધ બાંધતી વખતે પણ અગ્નિ સમક્ષ સોગંદ લેવા પડતા હતા. લગ્ન કરતી વખતે બન્ને કુટુંબો એકબીજાને જાણીને, ઓળખીને, સંબંધ બાંધતાં હતાં. મિત્રસંબંધ બાંધતી વખતે પણ બધું જોવું જોઇએ. પોતાના દીકરાએ કોની સાથે મૈત્રી કરવી એ જોવાની જવાબદારી પિતાની છે. માત્ર ફી આપીને છોકરાને ભણાવવાથી જવાબદારી પૂરી થતી નથી.

રામાયણમાં વર્ણન છે કે રામ અને સુગ્રીવ મિત્રતા બાંધવા તૈયાર થયા ત્યારે તેમણે અગ્નિ પ્રગટાવીને તેની સમક્ષ પ્રતિજ્ઞા લીધી. તાત્પર્ય એ કે સંગનું જીવનમાં મહત્ત્વ છે. અહીં સાધુસંગનો મહિમા ગાયો છે. સત્સંગથી માણસના જીવનને યોગ્ય વળાંક મળે છે અને જીવન બદલાતું જાય છે.

સાધનાના માર્ગે ચાલવા માટે આપણે સાધન કયું વાપરીએ છીએ તેના પરથી ગતિ નક્કી થાય છે અને આપણે સાધ્ય ક્યારે સાધી શકીશું તે પણ નક્કી થાય છે. આપણે સાધન ક્યું સ્વીકાર્યું? આપણે તો કહીએ કે અમે મહેનત કરીએ છીએ પણ મહેનત કેવી કરીએ છીએ તે જોવું પડશે. મારે અહીંથી થાણા જવું હોય અને બળદગાડીનું સાધન વાપરું તો કેટલા દિવસે થાણા પહોંચું? તેના કરતાં સાઇકલ વાપરું તો થોડા કલાકોમાં પહોંચી શકું. મોટરથી જાઉં તો એકાદ કલાકમાં પહોંચી જાઉં. હેલિકોપ્ટરથી જાઉં તો તેના કરતાં જલદી પહોંચું. જેવું સાધન હશે તેવી આપણી ગતિ થશે. સંગ સમજીને કરવો જોઇએ.

ભક્તિ પરમ પુરુષાર્થ છે એમ માન્યું છે. ભક્તિ વગર સિદ્ધિ ન મળે, આગળ પણ ન વધાય, એવો આગ્રહ છે. તેમાં તર્ક પણ છે. કેવળ જ્ઞાનથી મને મુક્તિ મળશે, 'હું પૂર્ણ છું, અલિપ્ત છું, નિ:સંગ છું'—આવે રીતે બોલીને જ્ઞાન થતું નથી. જન્મજન્માંતરથી જે ગુણો હું પકડીને બેઠો છું તે છોડવા પડશે. પ્રેમથી ભગવાનને અહમ્ સોંપી શકાશે અને ભગવાન ઉપરના દુર્દમ્ય વિશ્વાસથી વાસનાથી છૂટી શકાશે. ભગવાન ઉપર પ્રેમ ઊભો કરવાનો છે અને તેના ઉપર દુર્દમ્ય વિશ્વાસ નિર્માણ કરવાનો છે, તે જ ભક્તિ છે. ભક્તિને પરમ પુરુષાર્થ માન્યો છે.

બારમા અધ્યાયમાં સુંદર રીતે સમજાવ્યું છે કે વિત્ત, વિદ્યા અને યશ તમને મળશે તો તમે બેફામ બની જશો. પતન કયાં થાય છે તે માટે યોગસૂત્ર પણ કહે છે: **स्थान्युपनिमन्त्रणे सङ्गस्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात्** । (यो.सू.वि. ५०)

આપણને વિત્ત, વિદ્યા, યશ, આ બધું મળે છે તે ભગવાનના પ્રેમપત્રો (love-letters) છે. એક કવિએ સવારના પ્રહરે ઘાસ ઉપર ઝાકળના બિંદુ જોઇને સુંદર કલ્પના કરી છે. તેણે એક રૂપક કાવ્યમાં લખ્યું છે: રાત રડીને સૂર્યને કહે છે: 'Thou sendest thy love-letters to me'– 'તું તારા પ્રેમપત્રો મને ચંદ્રની મારફતે મોકલે છે પણ તું મને મળતો નથી. તારા પ્રેમપત્રોનો જવાબ હું મારા આંસુથી ઘાસ ઉપર લખું છું.' રાતને સૂર્ય મળતો જ નથી. સૂર્યોદય પહેલાં અરુણોદય થાય છે ત્યારે રાત ચાલી જાય છે, ત્યારપછી સૂર્ય આવે છે તેને રાત મળી શક્તી નથી.

ભગવાનના કેવળ પ્રેમપત્રો મળે અને ભગવાન ન મળે તે કેમ ચાલે? મારે ભગવાનને મળવું જ છે, એ વૃત્તિ ટકવી જોઇએ. ભગવાનના મોકલેલા પ્રેમપત્રોમાં માણસ ખોવાઇ જાય છે. પૈસો આવ્યો કે તેની વ્યવસ્થા કેવી રીતે કરવી તેમાં જ માણસ પડી જાય છે. તેને લાગે છે કે પૈસો સંભાળવો જોઇએ. **पुत्रादपि धनभाजां भीतिः**–ધનિકો શત્રુથી તો ડરે જ છે પણ પોતાના પુત્રથી પણ ડરે છે.

યશ મળ્યા પછી માણસનું અધ:પતન નિશ્ચિત છે. તેમાંથી બચવાનો ઉપાય એક જ– ભક્તિની સમજણ. ભક્તિ એટલે આરતી અને પ્રસાદ નહિ. તે સમજણ ન આવે તો અધ:પતન નિશ્ચિત છે એમ સમજી લેવાનું.

સોળમા અધ્યાયમાં વિભૂતિઓનું વર્ણન છે. ગીતાના દસમા અધ્યાયમાં વિભૂતિયોગ છે તેમ અહીં ભાગવતના એકાદશ સ્કંધના સોળમા અધ્યાયમાં વિસ્તારથી વિભૂતિઓ કહી છે. ભાગવત એ પૌરાણિક ગ્રંથ છે. ગીતા તો જીવનગ્રંથ છે, જીવનશાસ્ત્ર છે, એટલે તેમાં જરૂર હોય તેટલા જ શબ્દો આવે. ભાગવતમાં સમજાવ્યું છે કે સૃષ્ટિ તરફ કઇ દૃષ્ટિથી જોવું જોઇએ. જીવનમાં ભક્તિ આવ્યા પછી જ તે દૃષ્ટિ આવે છે. વ્યક્તિ કે વસ્તુ તરફ કઇ દૃષ્ટિથી જોઇશું? લોકો સામાન્ય રીતે ઉપયોગ અને ઉપભોગ આ બે દૃષ્ટિથી જુએ છે. ભક્ત કહે છે કે તેનાં કરતાં આગળ વધીને ઉપાસનાની દૃષ્ટિથી જોવું જોઇએ. આપણી પાસે વસ્તુ કે વ્યક્તિ આવે એટલે આપણે એ જ વિચાર કરીએ છીએ કે એનો ઉપયોગ કેટલો છે? પિતા વૃદ્ધ થયા છે—હવે તેમનો ઉપયોગ કેટલો? માણસ એમ વિચારે કે તેમનું પેન્શન આવે છે એટલે વાંધો નથી. વસ્તુ કે વ્યક્તિનો ઉપયોગ જ જોઇએ છીએ. જે માણસ જગત તરફ ઉપયોગ અને ઉપભોગની દૃષ્ટિથી જુએ છે તે ભક્ત નથી. સૃષ્ટિ તરફ ઉપાસનાની દૃષ્ટિથી જોવું જોઇએ. આ ભદ્રદૃષ્ટિ છે. આ વિભૂતિયોગનું તાત્પર્ય છે.

એક વખત કાલિદાસ હિમાલય પાસે ગયા ત્યાં ચારે તરફ બરફનું સૌંદર્ય જોઇને તેમને લાગ્યું કે અહી ભગવાન ચોક્કસ બેઠા હશે. આ જ ભગવાનનું સ્થાન છે.

अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधीवगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः ॥ (कुमारसंभव/१)

(ઉત્તર દિશામાં દેવતાસ્વરૂપ હિમાલય નામનો પર્વતોનો રાજા, પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાં પ્રવિષ્ટ થઇને પૃથ્વીના માનદંડની જેમ વિદ્યમાન છે.)

ત્યારપછી ત્યાં આજનો વેપારી ગયો. તેણે બરફ જોયો અને તેને થયું કે કેટલો બધો બરફ અહીં ફોકટ જાય છે? અહીં જ એક આઇસ્ક્રીમની ફેક્ટરી ખોલીએ અને એરકન્ડીશન્ડ ડબ્બામાં ભરીને આઇસ્ક્રીમ મુંબઇ જેવા શહેરમાં મોકલીએ તો પૈસા જ પૈસા મળે.

કાશ્મીરમાં ગયા પછી ગુલાબનાં ફૂલોના બગીચા જોઇને સારા લાગે છે. એમાં ભગવાને કેવી સુગંધ ભરી છે એવો વિચાર આવતો નથી.

सौवर्णानि सरोजानि निर्मातुं सन्ति शिल्पिनः ।
तत्र सौरभनिर्माणे चतुरश्चतुराननः ॥

ભગવાને તેમાં સૌરભ, સુગંધ, રંગ કેવી રીતે ભર્યાં હશે? આવો વિચાર આવતો નથી. માણસને આટલાં ગુલાબનાં ફૂલો જોઇને એક જ વિચાર આવે છે કે અહીં ગુલકંદની ફેક્ટરી શરૂ કરીએ તો ફાયદો કેટલો થાય?

આનો અર્થ એ નથી કે કુદરતી વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઇએ. કુદરતી વસ્તુઓનો ઉપયોગ જરૂર કરવો જોઇએ પણ તેના તરફ કેવળ મને કેટલો ફાયદો, અને તે પણ પૈસામાં જ કેટલો મળશે એવું જ જોવું ન જોઇએ.

એક ભાઇની મા મરી ગઇ એટલે બીજા ભાઇ તેમની પાસે મળવા ગયા. વ્યાવહારિક દૃષ્ટિથી તેમણે ખરખરો કર્યો, દુઃખ વ્યક્ત કર્યું. ત્યારે તે ભાઇએ કહ્યું: 'મારી મા મરી ગઇ. તે બહુ જ સારી રસોઇ બનાવતી હતી. હવે અમારે એક રસોઇઓ રાખવો પડશે અને તેને બસો રૂપિયા પગાર આપવો પડશે!' આ તે કંઇ દૃષ્ટિ છે? આનો અર્થ એ નથી કે મા ઘરમાં હોય તો ઘરની રસોઇ ન કરે. મા ઉપયોગમાં જરૂર આવે પણ તેનાં કરતાં વધારે માને અતિરિક્ત મૂલ્ય (plus value) છે તે જોવાની દૃષ્ટિ જેની પાસે નથી, તે ભક્ત નથી. તે દૃષ્ટિ જ વિભૂતિયોગ આપે છે. એકાદશ સ્કંધના સોળમા અધ્યાયમાં વિસ્તારથી વિભૂતિદર્શન કરાવ્યું છે.

બાપ ઉપર પ્રેમ કરવાનો છે તે, તે બાપ છે તેથી કરવાનો છે. તે શું આપે છે, તેની પાસેથી મળ્યું કેટલું? તેનો ઉપયોગ જોઇને પ્રેમ કરવામાં આવે તો તે પ્રેમ નથી. ઉપયોગ અને ઉપભોગથી આગળની દૃષ્ટિ એટલે કે ઉપાસનાની દૃષ્ટિ જીવનમાં ઊભી કરવાની છે. આ ભક્તિની દૃષ્ટિ છે.

ત્યારબાદ ભાગવતમાં ચાર આશ્રમોનું વર્ણન આવે છે. ભાગવતકારે જીવનવ્યવહારમાં વર્ણાશ્રમ વ્યવસ્થાનો આગ્રહ રાખ્યો છે.

એક કવિ મોહમયી મુંબઇ નગરીનું વર્ણન કરે છે કે મુંબઇથી બહાર રહેતા લોકો મુંબઇમાં આવવાનાં સ્વપ્નો સેવે છે અને મુંબઇ નગરીમાં રહેવાવાળા લોકો મુંબઇથી બહાર જવાનો મોકો ક્યારે મળે તેની રાહ જુએ છે. ધન-કનકસંપન્ન મુંબઇનગરીમાં બાહ્ય સૌંદર્ય ઠેરઠેર નાચતું દેખાય છે, એટલું જ નહિ તેનો આગ્રહ રખાય છે. બજારમાં, દુકાનમાં કે ઘરમાં પણ વસ્તુઓ એવી રીતે શણગારીને મૂકેલી દેખાય છે કે તરત ઉપાડવાનું મન થાય છે. આ બાહ્ય સૌંદર્ય છે. મુંબઇમાં

તો લોકો ઘર શણગારવા માટેનો ધંધો કરે છે. તેમને interior decorators કહેવામાં આવે છે.

સુંદર ગૃહભૂષાનો આગ્રહ છે તેમ સુંદર વેષભૂષાનો પણ આગ્રહ છે. પહેલાં વાળ કાપવાની દુકાનો હતી. તે ઓછી થઇ છે અને હવે કેશભૂષા કરવાવાળાઓએ ધંધો શરૂ કર્યો છે. હવે વાળ 'સેટ' કરાવે છે. આમ વેષભૂષા, ગૃહભૂષા, કેશભૂષા, જેવું બાહ્ય સૌંદર્ય આવશ્યક છે, તેટલું જ આંતરસૌંદર્ય પણ આવશ્યક છે કે નહિ? આ પ્રશ્ન ભારતીયોએ ઊભો કર્યો છે. **युवा सुवासाः परिवीत आगात्**—યુવાનોએ અતિસુંદર વસ્ત્રો પહેરીને બહાર નીકળવું જોઇએ. તેઓ વેશભૂષા અને કેશભૂષા કરતા હશે તો તેમાં અનાધ્યાત્મિકતા કંઇ જ નથી. માણસે ગંદા કે ફાટેલાં કપડાં પહેરવાં ન જોઇએ અને લઘરવઘર ફરવું ન જોઇએ. પરંતુ આવું બાહ્ય સૌંદર્ય જેટલું આવશ્યક છે તેટલું જ આંતરિક સૌંદર્ય જરૂરી છે. માનસિક સૌંદર્ય, બૌદ્ધિક સૌંદર્ય જેવું આંતરિક સૌંદર્ય છે તેની ઉપેક્ષા ન થવી જોઇએ.. ઋષિ પૂછે છે કે આંતરિક સૌંદર્ય વગરના બાહ્ય સૌંદર્યની કિંમત કેટલી?

કેટલાક લોકો પૂછે છે કે વ્યાવહારિક વાતોમાં અને બધે જ, ધર્મને વચ્ચે શા માટે લાવવો? શું વાંચવું? રહેવું કેવી રીતે? બોલવું કેવી રીતે? આ બધી વાતોમાં ધર્મ શા માટે જોઇએ? આવું પૂછે છે, કારણ, લોકો ધર્મથી કંટાળી ગયા છે. ધર્મમાં ધર્મ રહ્યો જ ક્યાં છે? આજે ધર્મમાં કેવળ કર્મકાંડ જ રહ્યો છે, તેનું આ પરિણામ છે. કર્મકાંડ કરવાવાળા પણ ધર્મનો અર્થ સમજાવતા નથી.

આંતરિક સૌંદર્ય વગર બાહ્ય સૌંદર્યની કિંમત નથી એ ઋષિઓએ જાણ્યું. માનસિક સ્થિતિ તરફ જોઇએ તો વ્યક્તિના સ્વાર્થે મર્યાદા છોડી છે. પહેલાંના કાળમાં પણ માણસને સ્વાર્થ હતો પરંતુ, તેને મર્યાદા હતી. આજે એ મર્યાદા છૂટી ગઇ છે. માણસના લોભને સીમા રહી નથી. એકબીજાને ઠગે છે. લોભ ક્યાં અને કેટલો રાખવો એને સીમા જ નથી રહી. પૈસા ખર્ચ કરીને છોકરાના લગ્ન કરે છે પણ તે લગ્નખર્ચમાંથી છોકરો પોતાનું કમિશન કાઢી લે છે. આ મોડર્ન જમાનો છે. આમ લોભને મર્યાદા નથી રહી. મા-બાપની સાથે છોકરાઓનું કૃતઘ્ની વર્તન થાય છે. કુટુંબ જેવું કંઇ રહ્યું નથી. આજના સમાજનું આ ચિત્ર છે. સમાજમાં બધે લોભ જ નાચે છે. 'શું મળશે?' આનો જ વિચાર બધે ચાલે છે. કંઇક મળતું હોય તો જ માણસ કંઇ કામ કરવા તૈયાર થાય છે. વ્યક્તિસ્વાતંત્ર્યને પણ મર્યાદા હોવી જોઇએ. વ્યક્તિસ્વાર્થ હોવો જોઇએ પણ તેને મર્યાદા હોવી જોઇએ, તેને જ ઉદાત્ત સ્વાર્થ (enlightened self-interest) કહે છે.

પતિ-પત્નીની પુરાતન નિષ્ઠા ખલાસ થઇ છે. તડ-જોડ (adjustment) ચાલે છે. ગુરુ-શિષ્યના સંબંધમાંથી આદર અને પ્રેમભાવ અદશ્ય થયા છે. વિદ્યાર્થીઓને લાગે છે કે અમે ફી આપીએ છીએ તેથી શિક્ષક ભણાવે છે. શિક્ષકને પગાર મળે છે તે અમારી ફીમાંથી મળે છે એવું છોકરાઓ સમજે છે, તો પછી તેમને વિદ્યા ક્યાંથી આવડે? આમાં માનવ્ય અને સૌંદર્ય ક્યાં રહ્યાં?

સ્વામી-સેવક સંબંધ **अहिनकुलवत्**—સાપનોળિયા જેવા બની ગયા છે. બન્ને એકબીજાને ખાવા માટે બેઠા હોય એવું લાગે છે. સેવક વિચારે છે કે સ્વામીનું ગળું દબાવીને વધારેમાં વધારે પૈસા કેવી રીતે કઢાવી શકાય? સ્વામી વિચારે છે કે સેવક પાસેથી વધારેમાં વધારે મહેનત કરાવીને વધારે પૈસા કેમ મેળવી શકાય? આ શું તંદુરસ્ત સમાજ છે? શું આ દૈવી માણસ છે? આમાં શું બુદ્ધિનું સૌંદર્ય દેખાય છે? સમાજના ક્યા ક્ષેત્રમાં બુદ્ધિનાં દર્શન થાય છે? કોઇ બુદ્ધિનું ચાપલ્ય

બતાવે તેથી તે કંઇ બુદ્ધિમાન ન કહેવાય. બુદ્ધિનું ચાપલ્ય જૂદું અને બુદ્ધિનું સૌંદર્ય જૂદું. આજે બુદ્ધિનું સૌંદર્ય ક્યાંયે દેખાતું નથી.

સમાજમાંથી જ્ઞાનપૂજા નષ્ટ થઇ છે. આટલી બધી શાળાઓ છે, કૉલેજો છે, તે છતાં પણ શિક્ષણ માટે 'પૈસા જોઇએ, પૈસા જોઇએ' આ વાત ચાલે છે. લોભ એટલો બધો વધી ગયો છે કે જ્ઞાનપૂજા નષ્ટ થઇ ગઇ છે. આજે શિક્ષણ-ધંધાકીય શિક્ષણ (job-oriented) હોવું જોઇએ એવી માગણી ઊઠી છે. બધા તે દિશામાં જ વિચારે છે. આ શિક્ષણ અને જ્ઞાનને શો સંબંધ? ભગવાને ગીતાના તેરમા અધ્યાયમાં સાતમાથી અગિયારમાં શ્લોકમાં **अमानित्वमदम्भित्वं......** થી શરૂ કરી **अरतिर्जनसंसदि......** સુધી વર્ણન કરીને છેલ્લે **अध्यात्मज्ञाननित्यत्त्वं तत्त्वज्ञानार्थदर्शनम् । एतज्ज्ञानमितिप्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥** આટલા ગુણો આવે તે જ્ઞાન, બાકીનું બધું અજ્ઞાન ઠરાવ્યું છે. આજે આવી જ્ઞાનપૂજા જ ચાલી ગઇ છે.

આજે સમાજમાં શ્રેષ્ઠતાનું માપદંડ વિત્ત જ બની ગયું છે. જેની પાસે વિત્ત હોય તે જ શ્રેષ્ઠ છે એવું માનવામાં આવે છે. ગુણશ્રેષ્ઠતા અને ચારિત્ર્યશ્રેષ્ઠતા ચાલી ગઇ છે. જે સમાજમાં શ્રેષ્ઠતા વિત્તથી માપવામાં આવે છે તે સમાજની આંતરિક સુંદરતા નષ્ટ થાય છે.

સમાજમાં દ્વેષ વધી ગયો છે. લોકશાહી રહી નથી, જૂથશાહી દેખાય છે. અસત્ય અને ઢોંગને પ્રતિષ્ઠા મળી છે. સમાજમાં પોકળ બકવાદ વધ્યો છે. કોઇ સમાજની સુધારણાને નામે અને કોઇ માનવ્યના રક્ષણને નામે પોકળ બકવાદ કરે છે. નબળાવર્ગને મદદ આપવાનો નાદ જ્યારથી વધ્યો છે ત્યારથી પછાતવર્ગમાં જબરદસ્ત વધારો થયો છે. બધા બોલ્યા કરે છે પરંતુ, વ્યક્તિજીવન કે સામાજિક જીવનમાં માનસિક સૌંદર્ય રહ્યું નથી. સમાજ, કુટુંબ, વ્યક્તિ, ધંધો, બધે જ માનસિક સૌંદર્યનો અભાવ દેખાય છે. એનું કારણ શું છે તે બાબતમાં વિચારવું જોઇએ.

જેવી સ્થિતિ માનસિક ક્ષેત્રમાં થઇ છે તેવી જ સ્થિતિ બૌદ્ધિક ક્ષેત્રે પણ ઊભી થઇ છે. બૌદ્ધિક ક્ષેત્રમાં નકારાત્મક સિદ્ધાંતો, ધર્મ અને નીતિની પ્રચલિત માન્યતાઓનો અસ્વીકાર (nihilism) ઊભો થયો છે; તેના કારણે બધાં જ મૂલ્યો નષ્ટ થયાં છે. ભૌતિકવાદે અધ્યાત્મવાદનું ગળું દબાવી દીધું છે. સ્વૈરાચારે બધાં જ નૈતિક પ્રામાણ્યો ઉખેડી નાખ્યાં છે. તેના લીધે નૈતિક અને સામાજિક ક્ષેત્રમાં અરાજકતા ઊભી થઇ છે. જૂનાકાળનો ઋષિ અપ્રમાણ બન્યો છે. લોકો કહે છે કે ઋષિઓમાં શું વિશેષ હતું? અમે ભૂલો કરીએ છીએ તેમ ઋષિઓએ પણ ભૂલો કરી હતી. વેદવ્યાસ અને પરાશરે ભૂલો કરી હતી. આવું બોલીને ઋષિપ્રામાણ્ય ઉડાવી દીધું છે. જૂનાકાળના ઋષિઓને અપ્રમાણ ઠરાવ્યા છે પણ નવા ઋષિઓ ઊભા થતા નથી એ દુઃખની વાત છે. નવા ઋષિઓ ઊભા થતા હોય તો તે પણ આનંદની વાત છે. નવા ઋષિ ઊભા કરવાની તાકાત નથી અને જૂના ઋષિ માન્ય નથી.

હંમેશા એવું બને છે કે આજનું તત્ત્વ ગઇ કાલના તત્ત્વને ખાઇ જાય છે. આવતી કાલ કયું તત્ત્વ લઇને આવશે તેની કોઇને જ ખબર નથી. બુદ્ધિ અસ્થિર બની ગઇ છે. બુદ્ધિનાં જૂનાં પ્રામાણ્યો નષ્ટ થયાં છે. પહેલાં બુદ્ધિનિષ્ઠા હતી. જૂનાં પ્રામાણ્યો ખલાસ થયા પછી નવાં તત્ત્વોને મજબૂત પાયો મળતો નથી. ભક્તિશાસ્ત્ર ન જોઇએ તો છોડી દો; પરંતુ પરોપકારશાસ્ત્ર, સમાજશાસ્ત્ર

લાવવા હોય તો તેને પાકો પાયો તો જોઇએ ને? એ પાયો જ નાબૂદ થયો છે. ગાંજો પીધા પછી માણસ જેમ બકવાદ કરે, તેવું બધા બોલ્યા કરે છે. માનસિક સૌંદર્ય અને બૌદ્ધિક સૌંદર્યની આવી અવદશા થઇ હોય ત્યાં આત્મિક સૌંદર્યની વાત ક્યાંથી થાય? આત્મિક સૌંદર્યની તો ભાષા જ છોડી દેવી જોઇએ.

અધ્યાત્મ ચમત્કારાધિષ્ઠિત બની ગયો છે. અધ્યાત્મ એટલે શું? કોઇ માટી હાથમાં લઇને તેની સાકર બનાવી દે તો તે આધ્યાત્મિક ગણાય. આજે વહેમ પર આધારેલી ભક્તિ થઇ ગઇ છે, સાચી ભક્તિ ચાલી ગઇ છે. આંતરિક સૌંદર્યનો તો સમાજે વિચાર જ નથી કર્યો. આજનો સમાજ બુદ્ધિજીવી બની ગયો છે છતાં, પોતાને બુદ્ધિમાન સમજે છે!

ખરેખર જો બુદ્ધિનિષ્ઠ સમાજ ઊભો થાય તો ઋષિઓને અને અવતારોને આનંદ થાય. તેઓ કંઇ નિર્બુદ્ધ ન હતા. ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે: **विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु** ।—મેં તને બધું કહ્યું છે પરંતુ, તારી બુદ્ધિમાં ઊતરે તે તું કર. ‘હું જે કહું છું તે બુદ્ધિ પર ઘસી જુઓ અને પછી જ સ્વીકારો.’ એવું કહેવાવાળાની કેટલી હિંમત હશે! તેને કેટલો આત્મવિશ્વાસ હશે કે મેં કહ્યું તેમ કરવાથી સારું જ થશે. આજે આવું બૌદ્ધિક સૌંદર્ય ક્યાં રહ્યું છે?

આત્મિક સૌંદર્ય ઊભું કરવાવાળાં બે તત્ત્વો છે: એક ભક્તિ, બીજું અધ્યાત્મ. આ બન્ને તત્ત્વો આજે બગડયાં છે. ભક્તિ વહેમ પર આધારિત બની ગઇ છે અને અધ્યાત્મ ચમત્કારાધિષ્ઠિત થયો છે.

હીરાની કિંમત ક્યારે વધે? જ્યારે તેના પર પાસાં પાડવામાં આવે, સંસ્કાર કરવામાં આવે ત્યારે તેની કિંમત વધે. તો શું આજે સંસ્કારી માનવ્ય ઊભું કરવાની જરૂર નથી લાગતી? આ પ્રશ્ન છે. માણસ ખાય, પીએ અને તેના માટે કમાય—આમાં શું માનવ્ય પૂરું થયું? અશુદ્ધ સોનાને પણ અગ્નિમાં નાખ્યા પછી જ કિંમત આવે છે. ખાણમાંથી સોનું નીકળે તેને તેટલી કિંમત હોતી નથી. તેના પર સંસ્કાર થયા પછી તેને કિંમત આવે. આજે બહેનો બે હજાર, પાંચ હજારની સાડી પહેરે છે. સાડીને કિંમત ક્યાંથી આવી? કપાસ કે રેશમ પ્રાથમિક અવસ્થામાં હતા તેના પર સંસ્કાર થયા અને તેનાં રંગ-રૂપ ફરી ગયા તેથી તેને કિંમત આવી. આપણે રોટલી ખાઇએ છીએ તે ઘઉંની હોય છે. તે જ ઘઉં પર સંસ્કાર કરવામાં આવે, તેમાંથી મિષ્ટાન્ન બને છે અને તેની કિંમત અનેકગણી વધી જાય છે. આ બધી વસ્તુઓને સંસ્કારની જરૂર છે તો શું માનવને સંસ્કારની જરૂર નથી? સંસ્કાર વગર માનવની કિંમત શી રીતે વધશે? તે બાબતમાં કંઇ જ ન વિચારવાવાળા લોકો શું બુદ્ધિવાદી છે? તેઓ શું સમાજસુધારક છે? તેઓ બોલ્યા કરે છે પરંતુ, શું સમાજ માટે તેમનું હૃદય બળે છે?

સત્તા અને સંપત્તિની ખુમારીથી જૂનાં પ્રામાણ્યોને ઉડાડવાવાળા લોકો સમજતા નથી કે તેઓ માનવને અધ:પતનના ખાડામાં લઇ જાય છે. આવા અધ:પતનના માર્ગે માનવને લઇ જવામાં બધા જ બુદ્ધિમાનોએ, સત્તાધીશોએ, વિત્તવાનોએ અને શક્તિશાળીઓએ સાથ આપ્યો છે. માનવ્યનું અધ:પતન કંઇ એક દિવસમાં થતું નથી.

માણસ જન્મ્યો, મોટો થયો, ઉંમર થઇ કે પરણ્યો, તેને છોકરા થયા, એટલું બસ છે? શું માણસ પર સંસ્કાર ન પડવા જોઇએ? કપાસ, કાચા હીરા, કાચું સોનું, ઘઉં, ઊન વગેરે બધા પર સંસ્કાર થવા જોઇએ તો શું માનવ પર સંસ્કાર થવા જોઇએ કે નહિ? તેના વગર મનુષ્યની કિંમત કેવી રીતે વધે? તે માનવ હોવા છતાં પશુ જેવું વર્તન કરી રહ્યો છે. ઐંદ્રિય સુખ (sensual happiness) ની પાછળ તે દોડે છે. ઐંદ્રિય સુખ તેને નચાવે છે. માનવ અને પશુમાં ફરક શો? વાત્સલ્ય જેટલું માનવમાં છે તેટલું જ પશુમાં પણ છે. માણસે એવો ક્યો વાઘ માર્યો છે કે જેને લીધે પોતાને વખાણે છે, મોટો ગણે છે? આપણે બધા સંસ્કારોને ઉડાવી દીધા છે. માણસ જન્મ્યો એટલે તેને ખાવા, પીવા જોઇએ, રહેવા ઘર જોઇએ, પહેરવા વસ્ત્ર જોઇએ, તે મેળવવા માટે તે દિનરાત દોડે છે. આ બાહ્ય સૌંદર્યની આવશ્યકતા છે પરંતુ, માનસિક, બૌદ્ધિક અને આત્મિક સૌંદર્યના ભોગે તે મેળવીને શો અર્થ છે? આંતરિક સૌંદર્યની નિતાંત આવશ્યકતા ઋષિઓએ માન્ય કરી હતી. તેમણે માનવને નાનપણથી સંસ્કાર આપવાની યોજના કરી હતી. તેના માટે જ આશ્રમવ્યવસ્થા ઊભી કરી હતી. **अनाश्रमी न तिष्ठेत्**—જે અનાશ્રમી છે તે માનવ નથી, એવી ગર્જના ઋષિઓએ કરી હતી.

આશ્રમવ્યવસ્થામાં ચતુરાશ્રમનું વર્ણન છે. સોળ સંસ્કારો છે પરંતુ, તે બધાનું વિવરણ હું હમણાં કરતો નથી. માત્ર એક ઉપનયનસંસ્કારની વાત કરૂં, કારણ કે, માનવના જીવનમાં ઉપનયનસંસ્કારનું અતિશય મહત્ત્વ છે.

ઉપનયન શબ્દમાં ઉપ+નયન = ઉપનયન, એટલે પાસે લઇ જવું એવો અર્થ થાય છે. પિતાએ પુત્રને લઇ જવાનો છે. કોની પાસે લઇ જવાનો છે? **पितेत्वेव तु मंत्रद**—મંત્ર આપે તેને પિતા કહેવાય. છોકરાને બ્રાહ્મણે નહિ પણ પિતાએ મંત્ર—એટલે ધ્યેય આપવાનું છે. પિતાએ દીકરાને કહેવું જોઇએ કે જે દૃષ્ટિથી મેં જીવન ગાળ્યું છે તે જ દૃષ્ટિથી તારે પણ જીવન ગાળવાનું છે. તેના માટે જ ઉપનયનસંસ્કાર છે. તેના માટે બ્રહ્મચર્યાશ્રમની વ્યવસ્થા આવી. અહીં બધા વિચારવંતો સાંભળવા આવ્યા છે તેથી કહું છું કે માટી પર પણ સંસ્કાર જોઇએ, તો શું માનવ પર સંસ્કાર ન થવા જોઇએ?

આજે અક્કલમંદ લોકોએ બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે. સત્તા અને સંપત્તિની ખુમારીથી બધાં પ્રામાણ્યો ઉડાડવાવાળા લોકો ભગવાનના દરબારમાં મહાન પાતકી ઠરશે. તેમને પોતાનાં કૃત્યોનો જવાબ ભગવાનને આપવો પડશે. ભગવાનનો દરબાર કંઇ પોપાંબાઇનું રાજ નથી. ભગવાનનું રાજ બહુ મહાન છે. કેટલાક લોકો કહે છે કે અમે ઊંધુંચત્તું કર્યું તો અમને ક્યાં કંઇ ભોગવવું પડે છે? અરે! આ પૃથ્વીલોક ઉપર પણ કોઇ ખૂન કરે તો તેને સજા કરવામાં ત્રણેક વર્ષ નીકળી જાય છે. તમે અહીં જે હરામખોરી કરશો તે માટે સજા કરવા માટે ભગવાનને પણ સમય જોઇએ કે નહિ? જામીન પર છૂટીને ગુનેગાર ઘરમાં શ્રીખંડપૂરી ખાય છે, અદાલતમાં બે-ત્રણ વર્ષ કેસ ચાલે છે પછી જ તેને સજા થાય છે. આવા ગુનેગારો અહીં ભલેને શ્રીખંડપૂરી ખાય પરંતુ, યોગ્ય સમયે કરેલાં પાતકોની સજા ભોગવવી જ પડશે, તેમણે ભગવાનને તેનો જવાબ આપવો જ પડશે.

આ સમાજમાં જે ફર્સ્ટકલાસ, ભગવાનના લાડકા દીકરાઓ છે, તે વિત્તવાન, સત્તાવાન,

બુદ્ધિમાન, શક્તિમાન—બધા લોકોએ ભગવાનને જવાબ આપવો પડશે, એનું કારણ, સમાજના અધઃપતન માટે તેઓ જવાબદાર છે.

ઉપનયનસંસ્કારમાં ઋષિઓએ જે પ્રક્રિયા શરૂ કરી હતી તે તેમણે તોડી નાખી છે અને તેમાં કેવળ કર્મકાંડ ઘૂસાડી દીધો છે. આજે બધા કર્મકાંડી થયા છે. તેમાં કોઇ કર્મયોગી નથી.

શ્રીકૃષ્ણ ભગવાને આશ્રમવ્યવસ્થા સંબંધમાં જે કહ્યું છે તેનો આપણે વિચાર કરીએ છીએ. માનવી જીવનમાં સંસ્કારની અતિ આવશ્યકતા છે. જો મહાન માનવ્ય નિર્માણ કરવું હશે તો માનવ ઉપર સંસ્કાર જરૂરી છે.

રસ્તા પર રખડતો કૂતરો જુદો અને અલ્સેશિયન કૂતરો જુદો. કૂતરા પર સંસ્કાર કર્યા પછી તેની કિંમત વધી જાય છે. થાણાના ટાંગાવાળાનો ઘોડો રેસમાં કામ ન આવે. રેસનો ઘોડો જુદો હોય. તેને કેળવણી આપીને તેના પર સંસ્કાર કરેલા હોય. જો બધા સંસ્કાર જરૂરી છે તો શું માનવને સંસ્કારની જરૂર નથી? માનવને પણ સંસ્કાર જોઇએ.

ચતુરાશ્રમની શરૂઆતમાં બ્રહ્મચર્યાશ્રમ છે અને તેની ઉપનયનસંસ્કારથી શરૂઆત થાય છે. તેનાં પહેલાં પણ સંસ્કારો છે પણ તે નાબૂદ થયા છે. પ્રથમ ઉપનયનસંસ્કાર છે તેના પ્રયોજન, ઉપયોગ અને મહત્ત્વ વિષે વિચારવું જોઇએ.

ઉપનયનસંસ્કાર એ ધાર્મિક દીક્ષાવિધિ છે. કામાચાર, કામવાદ અને કામભક્ષણ આ ત્રણ પ્રમુખ વાતો ઉપર નિયંત્રણ માન્ય કરવું છે. ખાવું, પીવું, બોલવું અને રહેવું—એ સમજીને કરવું જોઇએ. તેના ઉપર નિયંત્રણ હોવું જોઇએ. હું અવ્યવસ્થિત વાણી નહિ બોલું, હું અવ્યવસ્થિત રીતે નહિ રહું, મારા મોઢાથી અપશબ્દ નહિ નીકળે, એવી એક પ્રતિજ્ઞા લેવાની છે. તેના માટે ઉપનયનસંસ્કાર એક ધાર્મિક દીક્ષાવિધિ છે. આવી દીક્ષાવિધિ આજે ચાલી ગઇ છે. પિતાનું કર્તવ્ય છે કે તે પુત્રને ઉપનયનસંસ્કાર આપે. બીજો કોઇ આપે તે ન ચાલે, તેથી જ **पितेत्त्वेव तु मंत्रद** કહ્યું છે. મંત્ર એટલે જ વ્રત-ધ્યેય પિતા જ આપે. પિતા પુત્રને ધર્મની દીક્ષાવિધિ કરાવે છે. હવે તો બધા ભિક્ષાની દીક્ષા આપે છે. ગમે ત્યાંથી જે મળે તે લઇ લો અને છોકરાને બાપ પાસેથી નાનપણથી આવી દીક્ષા મળે છે.

ઉપનયન એટલે વિદ્યાની પાસે લઇ જવું. આજે દુઃખની વાત છે કે આપણી વિદ્યા અને શાસ્ત્રોનાં આપણે જ નિંદક બની ગયા છીએ. આજે આપણે આત્મનિંદક અને પરપ્રશંસક બન્યા છીએ. આપણે પરવદનપ્રેક્ષક-બીજાના મોઢા સામે જોઇને ચાલવાવાળા થયા છીએ, એ શરમની વાત છે; પરંતુ જેને શરમ હોય તેના માટે! આપણે તો બેશરમ થયા હોવાથી શરમ પણ આવતી નથી.

આપણે ત્યાં ઉચ્ચ તર્કશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રના ડુંગર છે. તે કોઇને જોવા નથી. આપણે એરિસ્ટોટલનું શાસ્ત્ર ભણીએ છીએ. યુનિવર્સિટીમાં તે જ ભણાવવામાં આવે છે, બીજું નહિ. આયુર્વેદ એટલે જ્ઞાનની ખાણ છે પરંતુ, તેના તરફ આપણે જોતા જ નથી. કેવળ એલોપથીને વખાણીને તેના તરફ જ ધ્યાન આપીએ છીએ. તેનો અભ્યાસ કરીએ છીએ. સંસ્કૃત ભાષા

बहुज्ञानप्रसवा છે તેની ઉપેક્ષા કરવી છે અને કેવળ અંગ્રેજી ભાષા જ ભણવી છે.

એક ભણેલો ભાઇ ઊભો થયો અને તેણે સ્પેન્સરનો અજ્ઞેયવાદ (agnosticism) ઊભો કર્યો. બીજાએ રુસો અને ફ્રાંસની રાજ્યક્રાંતિ વિષે બોલવાનું શરૂ કર્યું. આપણા સમાજમાં જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષે બહુજનસમાજમાં ક્રાંતિ કરી અને સમાજના છેલ્લા માણસ સુધી સંસ્કાર લઇ ગયા; પરંતુ તેમનો અભ્યાસ કોઇને કરવો નથી. જ્ઞાનેશ્વર ભગવાન કેવળ સમાધિ લગાડીને બેસવાવાળા સાધુપુરુષ ન'હતા. તેઓ સમાજના છેલ્લા માનવ સુધી પહોંચીને તેને ઊભો કરતા હતા. તેમની ક્રાંતિ તરફ કોઇને જોવું નથી, તેનો અભ્યાસ કરવો નથી. કેવળ ફ્રેંચ ક્રાન્તિનો અભ્યાસ કરવો છે.

બીજો એક ભાઇ ઊભો થયો તે જર્મની તરફ આશાળભૂત નજરે જોવા લાગ્યો. ત્રીજાને જાપાન, દેવના દેશ જેવો લાગ્યો. જ્યાં જ્યાં સારું જ્ઞાન છે તે સ્વીકારવું જોઇએ તે વિષે મતભેદ નથી. જ્યાં સારું હોય ત્યાંથી લેવું જોઇએ. ફ્રેંચ ભાષામાંથી, અંગ્રેજી ભાષામાંથી સારું ઉપાડયું તો સંસ્કૃત ભાષામાંથી સારું શા માટે ન ઉપાડવું? આ પ્રશ્ન છે. હું એરિસ્ટોટલ અને સોક્રેટિસની વિરુદ્ધ નથી. હું તેમનો પૂજક છું. જેમ ફ્રેંચ ભાષા કે અંગ્રેજી ભાષામાં સારું છે તે સ્વીકારાય છે, તેમ સંસ્કૃત ભાષામાં જે કંઇ સારુ છે તે શા માટે સ્વીકારાતું નથી? આ પ્રશ્ન છે. જ્યાં જ્યાં જ્ઞાન મળે તે લેવું જોઇએ એમ બોલવાવાળાઓને જ્ઞાન ક્યાં પડયું છે તે જોવું જ નથી. તેની ઉપેક્ષા જ થાય છે પછી જ્ઞાન ક્યાંથી મળે? દીક્ષા પણ કેવી રીતે મળે? શાળા, કૉલેજ કે મંદિરમાં જ્ઞાન અપાતું નથી, કેમકે, તેની જરૂર જ લાગતી નથી.

આપણા દેશના બુદ્ધિશાળી લોકોએ બધા જ દેશોનાં બંધારણ ભેગા કરીને આપણું રાજ્યબંધારણ (Constitution) બનાવ્યું છે. તે બધા લોકો પંડિતો હતા. ભારતમાં પણ કંઇક રાજબંધારણ ઊભું થયું હતું, તેનો તેમણે વિચાર પણ કર્યો નથી. શું ભારતમાં દસ હજાર વર્ષમાં રાજનીતિનો વિચાર જ થયો નથી?

ॐ स्वस्ति साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ठ्यं राज्यं महाराज्यमाधिपत्यमयं समंतपर्यायी स्यात् सार्वभौम सार्वयुष आंतादापरार्धात् । पृथिव्यै समुद्रपर्यन्ताया एकराळिति तदप्येष श्लोकोऽभिगीतो मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे । आविक्षितस्य कामप्रेर्विश्वेदेवाः सभासद इति ॥

આ રાજ્યશાસ્ત્રના પ્રયોગોનું વર્ણન છે, ભક્તિના મંત્રો નથી. જેમણે રાજ્યબંધારણ (constitution) કર્યું છે તેઓ પૂર્વગ્રહયુક્ત (conditioned mind) હતા, ગુલામી વૃત્તિવાળા હતા. તેઓ જ્ઞાનના પૂજક નહોતા. શું જેટલું અંગ્રેજીમાં હોય તેટલું જ જ્ઞાન? આવી ગુલામી વૃત્તિવાળા લોકો જ્ઞાનની કે સંસ્કૃતિની પરંપરા કેવી રીતે ઊભી કરી શકવાના? નબળી છાતીવાળા આ લોકો છે. કેમ જાણે આ દેશમાં રાજ્યબંધારણ (constitution) પેદા જ થયું ન હતું! તે તરફ તેમને જોવું જ ન હતું. કારણ, તેની દીક્ષા જ મળી નથી. દીક્ષારહિત, આત્મનિંદક અને પરપ્રશંસક લોકો બીજું કરવાના પણ શું?

શરૂઆતમાં આપણે પરતંત્ર થયા ત્યારે જીતરાષ્ટ્ર થયા અને તે વખતે સૌ પ્રથમ મેકૉલેસાહેબે

પુસ્તકો ને પુસ્તકો લખી નાખ્યાં. તેણે હિંમત કરી અને લખ્યું કે આપણા દેશમાં કંઇ છે જ નહિ. તેણે પુસ્તકો અંગ્રેજીમાં લખ્યા. અહીં ધર્મમાં કચરો હતો જ, પણ તે કચરાની નીચે સોનું હતું તે જોવાની કોઇની દષ્ટિ જ ન હતી. શું આપણા દેશમાં આટલા બેવકૂફ લોકો થયા હતા કે કચરાની નીચે સારી સંસ્કૃતિ ઊભી છે તે જોવાની જ નહિ? તેની દીક્ષા જ મળી ન હતી. તેવી દીક્ષા મળી નથી તેનો કોઇને અફસોસ ન હતો અને વ્યથા પણ ન હતી. આજે પણ તેવી જ કથા ચાલે છે. જે પેઢીને વ્યથા જ નથી એને આગળની પેઢીની વ્યથા જોવી જ પડશે અને સહન કરવી પડશે.

બીજા દેશનું સારું જ્ઞાન ન લેવું એવું હું કહેતો નથી. ઊલટું, કહ્યું છે:

म्लेच्छा यवनास्तेषु सम्यक्शास्त्रमिदं स्थितं
ऋषिवतेऽपि पूज्यन्ते किं पुनर्वेदविद्द्विजः ॥

બીજા દેશના જ્ઞાનીઓ ગમે તે હોય પણ તેમનું ઋષિવત્ પૂજન કરો, એવો આપણા દેશનો ઉદ્ઘોષ છે. જ્યાં જ્ઞાન હોય તે જરૂર સ્વીકારો. પરંતુ આપણા દેશના જ્ઞાનને જોવું જ નહિં!

જે દેશના લોકો જીવનમાં હારી ગયા છે એમની પાસે તત્ત્વજ્ઞાન ન હોય એવી એક દઢ માન્યતા તે કાળે હતી. એવો જમાનો આવ્યો કે તેમાં બે પ્રકારના પંડિતો થયા. એક વિદ્યાના પંડિત અને બીજા સરકારમાન્ય પંડિત—એટલે કે જેમને શાસન માન્યતા આપે તે. તે કાળે ફ્રૅંક થિલી વગેરે પંડિતોએ શિક્ષણનો ઈતિહાસ (History of education) અને તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ (History of Philosophy) જેવા ગ્રંથો લખ્યા અને તેમાં ભારતમાં શિક્ષણ કે તત્ત્વજ્ઞાનનો વિચાર જ નથી એવું બતાવ્યું. તેમાં મિસ મેયો, મેકૉલે જેવા લોકો પણ હતા. ભારતના લોકોની નિષ્ઠા અને શ્રદ્ધા જેટલી સારી રીતે આપણે તોડીશું તેટલું સારી રીતે આપણે તેમના ઉપર રાજ કરીશું એવું મેકસમુલર અને મેકોલેએ કહ્યું છે તેની સાબિતી પણ છે. મેકોલેએ તો ભારત પાસે જ્ઞાન છે જ નહિ એમ કહ્યું છે. ત્યારબાદ ત્યાંના જ જ્ઞાનપિપાસુ પંડિતોએ કહ્યું કે ભારતમાં કંઇ ન હતું એ સાચું નથી. ભારત પાસે બહુ મોટું જ્ઞાન ભરેલું છે. તે કાળે પણ આપણે ત્યાંના લોકો પરપ્રશંસક બન્યા હતા અને કેટલાક લોકો **केशवाय नमः । नारायणाय नमः ।** કરતાં કરતાં દર સોમવારે અભિષેક કરતા બેઠા હતા! તેમને બુદ્ધિ ચલાવવી જ ન હતી. પરિણામે પરદેશીઓએ ભારતમાં જ્ઞાનનો ભંડાર છે એમ બતાવ્યું. ડૉ. વિન્ટરનિડ્સ પરદેશમાંના જ પંડિત હતા. સંસ્કાર માટે તો ડૉ. વિન્ટરનિડ્રસે લખીને કમાલ જ કરી છે! પાશ્ચાત્ય પંડિતોએ જ્યારે કહ્યું કે ભારત પાસે તો જ્ઞાનનો ભંડાર છે, તે વખતે પણ આપણા શારદાપ્રસાદ (!) તો અહીં શ્રાદ્ધ કરતા જ બેઠા હતા. તેમના કેટલાક પંડિતોએ કહ્યું કે ભારત પાસે જ્ઞાન છે પણ તે બીજા પાસેથી ઉછીનું લીધેલું છે. એક એવો જમાનો આવ્યો કે તેમાં પંડિતોએ કહ્યું કે રામાયણ તો હોમર અને ઈલીયડમાંથી ઊભું થયું છે. હોમર-ઈલીયડમાં જેમ ટ્રોજન યુદ્ધ છે તેમ રામાયણમાં રામ-રાવણ યુદ્ધ છે. ત્યાં હેલન રાણી માટે યુદ્ધ થયું છે અને રામાયણમાં સીતારાણી માટે યુદ્ધ થયું છે. હોમર-ઈલીયડમાંથી જ રામાયણ લીધેલું છે એવું કહેવાવાળા લોકો મૂર્ખ છે. તેમણે નહોતું રામાયણ વાંચ્યું કે નહોતું હોમર-ઈલીયડ વાંચ્યું.

હોમર-ઈલીયડમાં રાણી માટે યુદ્ધ છે પણ તે રાણી બીજાની સાથે ભાગી ગઇ હતી અને

રામાયણની સીતારાણીને રાવણ ઉપાડીને લઇ ગયો હતો. આટલો બેમાં ફરક છે. બન્ને યુદ્ધમાં મૂળભૂત પાયાનો જ ફરક છે. તે તો તેમને જોવું જ ન હતું.

તેઓએ વધુમાં કહ્યું કે **यो मद् भक्तः स मे प्रियः**—ગીતામાં લખ્યું છે પણ તે બાઇબલમાંથી લીધેલું છે, એટલે આખી ગીતા બાઇબલમાંથી લીધેલી છે. પાછળથી ત્યાંના જ પંડિતોએ સંશોધન કરીને કહ્યું કે આ બધી વાતો ખોટી છે. હોમર-ઇલીયડ અને રામાયણનો કાળ જોઇએ તો વાલ્મીકિ હૉમરથી કેટલાંયે વર્ષો પહેલાં થઇ ગયા હતા. તો વાલ્મીકિ હોમરમાંથી લે કેવી રીતે? બીજું, બાઇબલ કરતાં ત્રણ હજાર વર્ષ પહેલાં ગીતા થઇ હતી તો પછી બાઇબલમાંથી ગીતા નિર્માણ કેવી રીતે થાય? ભારત પાસે જે જ્ઞાન છે તે ઉછીનું લીધેલું નથી એ સાબિત થયું. આ બધાં સંશોધનો પણ ત્યાંના જ પંડિતોએ કર્યાં છે. આપણે ત્યાંના પંડિતો અને બ્રાહ્મણો તો રુદ્રીનો અભિષેક કરતા બેઠા હતા!

ત્યારપછી એ લોકોએ કહ્યું કે રામાયણ-મહાભારત જેવા ગ્રંથોમાં જે ચરિત્રો છે તે આયાત થયેલા (imported) છે. આ દેશમાં આવાં ભવ્ય ચરિત્રો થયાં એવું લાગવું જ ન જોઇએ. તેમણે કહ્યું કે બુદ્ધ ભગવાન પર્શીયામાંથી આવ્યા, રામ ઇરાનમાંથી આવ્યા. આપણી જૂની પેઢી આવું સંશોધન કરીને કહેતી હતી. આર્યો અહીં આવ્યા અને કેટલાક લોકોને દસ્યુ બનાવ્યા. આવું બધું જ્ઞાન (!) અહીંનાં લોકોને ભણાવવા લાગ્યા કે રામ અને ગૌતમ બુદ્ધ ભારતના નહિ પણ બહારના હતા. કારણ, જ્ઞાનની દીક્ષા કોઇએ લીધી ન હતી.

બ્રિટિશોને તો એમ જ કહેવાનું હતું કે જે ઠેકાણે આપણે રાજ કરીએ છીએ તે ભારતમાં બૌદ્ધ જેવું અલૌકિક તત્ત્વજ્ઞાન ઉદ્‌ભવે જ કેવી રીતે? અહીંના લોકો જંગલી હતા તે સિદ્ધ કરવું જોઇએ. જે દેશ પર અમે રાજ કરીએ છીએ તે દેશના લોકો જંગલી છે એવું તેમણે સિદ્ધ કરી આપ્યું. આપણા લોકો પણ તેવું જ બોલવા લાગ્યા કે રામ ઇરાનથી આવ્યા હતા. કારણ, ઇરાનમાં ખર અને ઊંટની ગાડીઓ ચાલે છે, હિંદુસ્તાનમાં ચાલતી નથી. રામાયણમાં ગધેડા અને ઊંટની ગાડીનું વર્ણન છે તેથી તે બધું વર્ણન ઇરાનના પ્રદેશોનું છે, હિંદુસ્તાનનું નહિ. હિંદુસ્તાનમાં ઊંટ અને ગધેડાની ગાડીઓ ચાલતી નથી એવું કોણે કહ્યું? કચ્છમાં અને રાજસ્થાનમાં આજે પણ ઊંટગાડી અને ગધેડાગાડી ચાલે છે. પાંચ હજાર વર્ષ પહેલાંની તો વાત જ જવા દો. તે જોયું જ નહિ. આપણા લોકોએ આવાં પુસ્તકો લખ્યા છે અને યુનિવર્સિટીએ તેને માન્યતા આપી છે! એનું કારણ, એ તેમનું સંશોધન (reasearch) છે! અર્જુન ખોટો હતો અને દુર્યોધન સાચો હતો એમ લખવું એ એક સંશોધન (!) છે. સંશોધનનો અર્થ જ આ છે!

આવાં સંશોધનો કર્યા પછી સામાન્ય લોકો પર તેનું શું પરિણામ થાય છે તે કોઇ જોતું જ નથી. આપણા દેશમાં રાજ્યબંધારણ હતું જ નહિ એવું કહેવાવાળા લોકો constitutional assembly—માં બેઠા હતા કે જેની પાછળ કરોડો-અબજો રૂપિયા ખર્ચાઇ ગયા હતા. તે લોકોએ આપણા દેશમાં પણ રાજકીય દૃષ્ટિ હતી તેનો અભ્યાસ પણ કર્યો છે? બીજા બધા દેશોનું બંધારણ નજર સામે રાખીને આપણા દેશનું બંધારણ બનાવ્યું છે. આ લોકો શું જ્ઞાની છે? જ્ઞાનપૂજક કોને કહેવાય? તમે જૂનાકાળના બ્રાહ્મણોને જ્ઞાનપૂજક નથી સમજતા તો આજના સુધારકો પણ

જ્ઞાનપૂજક નથી, પૂર્વગ્રહયુક્ત છે. તેમને પણ જ્ઞાન નથી જોઇતું. જે કંઇ અંગ્રેજીમાં આવ્યું તે બધુજ તેમને સારું લાગ્યું, બસ!

Higher phase of communism—ની કલ્પના જેવું,

न राज्यं न च राजासीन्न दंड्यो न च दांडिकः ।
स्वधर्मेण प्रजास्तावत् रक्षन्तिस्म परस्परम् ॥

(જ્યાં ન રાજ્ય હોય, ન રાજા હોય, ન કોઇ અપરાધી હોય, ન અપરાધીને દંડ દેવાવાળો કોઇ હોય; પ્રજા પોતે જ પોત પોતાના ધર્મનું-કર્તવ્યનું પાલન કરતી રહે અને પરસ્પર રક્ષા કરતી રહે.)

આવું રામરાજ્ય હજારો વર્ષ પહેલાં આ દેશમાં સાકારિત થયું હતું. આ કોઇએ સાંભળ્યું નહતું અને તે વખતના લોકોને સાંભળવું પણ ન હતું, એટલે જ કહું છું કે આપણું બંધારણ અભણ લોકોએ બનાવ્યું હતું, તેમાં ભણેલો વર્ગ હતો જ નહિ.

ઉપનયન એટલે વિદ્યાની પાસે જવું જોઇએ. તેમાં વિદ્યાની અભિલાષા નિર્માણ થવી જોઇએ. પછી ભલેને તે વિદ્યા અરેબિક, અંગ્રેજી, ફ્રેંચ, લેટિન કે સંસ્કૃત ભાષામાં હોય, તે વિદ્યા અમને જોઇએ. આવી ધારણા જેમની હોય તે જ વિદ્યાના અને જ્ઞાનના ઉપાસક કહેવાય.

જૂનાકાળના બ્રાહ્મણો જેમ સંસ્કૃત ભાષાને જ પકડીને બેઠા હતા તેમ આજનો ભણેલો વર્ગ અંગ્રેજીને જ પકડીને બેઠો છે, આવી હદબહારની મૂર્ખાઇ ચાલે છે.

જે ચરિત્રો આયાત કરેલાં છે એવું કહેતા હતા તે ખોટું ઠર્યું. આ પણ ત્યાંના લોકોએ જ નક્કી કર્યું! એટલું ખરું કે આ બધાં પુસ્તકો વાંચીને મનોરંજન થાય તેવું છે. પચાસ વર્ષ પછી બીજા પંડિતો આવ્યા અને તેમણે કહ્યું કે આ આયાતી (imported) ચરિત્રો નથી. એનું કારણ, અમુક સમય પછી પૃથ્વીનો પોલ બદલે છે, હવામાન પણ બદલે છે. આમ છતાં તે પંડિતોને એમ લાગ્યું કે હિંદુસ્તાનમાં આવાં સારાં ચરિત્રો થાય જ કેવી રીતે? એટલે તેમણે કહેવાનું શરૂ કર્યું કે રામ, કૃષ્ણ, બુદ્ધ ઇત્યાદિ ચરિત્રો કાલ્પનિક હતાં, થયાં ન હતાં. વાલ્મીકિએ રામરાજ્યની કલ્પના કરીને રામાયણ લખ્યું છે. વાસ્તવમાં રામ થયા જ ન હતા. તેમ કૌરવ-પાંડવ પણ થયા ન હતા. આવું સાંભળીને આપણા દેશના મહાન દેશભક્તો પણ તેવું જ બોલવા લાગ્યા! કૌરવ પાંડવનું યુદ્ધ એ લાક્ષણિક યુદ્ધ છે. સદ્‌વૃત્તિ અને અસદ્‌વૃત્તિ વચ્ચેનું યુદ્ધ આ કૌરવ-પાંડવ રૂપે લક્ષણાથી સમજાવ્યું છે! એવી લડાઇનું ચિત્રણ વેદવ્યાસે ચિતર્યું છે! આવું આપણા લોકો પણ કહેવા લાગ્યા. આવી રીતે આપણે આત્મનિંદક અને પરપ્રશંસક બન્યા છીએ. 'પર' શબ્દમાં મને એ પરાયા નથી લાગતા પણ સમજવા માટે 'આત્મ' અને 'પર' કહેવું જોઇએ તેથી કહું છું.

આપણા દેશમાં **साम्राज्यं भौज्यं स्वाराज्यम्.......**આ બધું વિવિધ રાજ્યવ્યવસ્થાનું વર્ણન છે. રાજ્યવ્યવસ્થાના આવા જુદા જુદા પ્રયોગો આ દેશમા થયા હતા. તેમાં આવિક્ષિત રાજાએ જે પ્રયોગ કર્યો હતો તેના માટે **आविक्षितस्य कामप्रेर्विश्वे देवाः सभासद इति ।** એવું વર્ણન છે.

કોઇની પાસે નિષ્ઠા ન રહી. ઉપનયન સંસ્કાર કેવળ બ્રાહ્મણોનો થઇ ગયો! બીજા કોઇને

તે સંસ્કારની જરૂર ન લાગી. આપણી સાથે જ સ્વતંત્ર થયેલા ઇઝરાઇલના સીનેટર ડૉ. હાઇડવાઇઝમેન હતા. તેઓ ઓકસફર્ડ-કેમ્બ્રીજમાં જ ભણેલા હતા. પેઢીઓથી અંગ્રેજી જ બોલતા હતા. ઇઝરાઇલને સ્વાતંત્ર્ય મળ્યું તે વખતે ડૉ. હાઇડવાઇઝમેનને પૂછવામાં આવ્યું, 'તમારી શિક્ષણ-પદ્ધતિ કેવી રહેશે?' ત્યારે તેમણે તરત જવાબ આપ્યો: 'અમારી જૂની હિબ્રૂ પદ્ધતિ—Old Hibru Type થી ચાલશે!' તેમને લાગ્યું કે મારા પૂર્વજોએ કંઇ વિદ્યાનો વારસો રાખ્યો છે! તેના માટે અમારે વિચારવું જોઇએ. તેમને આવી અસ્મિતા હતી, બુદ્ધિમાં તેને માટે ગૌરવ હતું! અમે પડી ગયેલા લોકા નથી એમ તેઓ સમજતા હતા. આટલું નાનું રાષ્ટ્ર હોવા છતાં ઇઝરાઇલ દુનિયાને ધ્રુજાવે છે. આનું શું કારણ છે? આત્મગૌરવ આ તેનું કારણ છે. જેના શરીરમાં લોહી ફરતુંજ ન હોય તે શું કરી શકે? આજે જેમ ધાર્મિક લોકોએ બધું ખલાસ કરી નાંખ્યું છે તેમ અધાર્મિક અને સુધારક ગણાતા લોકોએ પણ બધું ખલાસ કરી નાખ્યું છે. કોઇને પોતાનો વિદ્યાવારસો જોવો જ નથી.

વિદ્યાની પાસે લઇ જતો ઉપનયન એ મોટો સંસ્કાર છે. ઘણા લોકો કહે છે કે તમારા ભારતદેશના હિંદુધર્મના આચારનો વ્યાપ ઘણો છે. તેમને પૂછવું જોઇએ કે ક્યા ધર્મમાં આચારને મહત્ત્વ નથી અપાયું? બધા ધર્મોમાં આવી દીક્ષાવિધિ છે. આચાર હોવો જ જોઇએ. આચાર વિના સંસ્કાર નથી થઇ શકતા. ઇસાઇઓમાં બાપ્ટીસ્મા નામકરણવિધિ છે. ઇસાઇમાં confirmation વગર માણસ ઇસાઇ નથી મનાતો. પારસીઓમાં નવજોત-કસ્તી પહેરવાનો સંસ્કાર છે, ઇસ્લામમાં સુન્નત છે, બુદ્ધધર્મમાં પ્રાવ્રજ્યાવિધિ છે. બધા ધર્મોમાં કર્મકાંડ છે. કેવળ હિંદુધર્મમાં જ છે એવું નથી.

ઉપનયન સંસ્કારમાં વિદ્યાની પાસે, સદ્‌ગુણોની પાસે લઇ જવાનું છે. તેમાં કામાચાર, કામવાદ અને કામભક્ષણ પર નિયંત્રણ રાખીશ, એવી પ્રતિજ્ઞા અગ્નિની સાક્ષીએ લેવાની છે. તેની માનવમાત્રને આવશ્યકતા છે. ઉપનયન સંસ્કાર થયા પછી જનોઇ લેવાની. પાછળથી આ જનોઇ જાતિવાદ (casteism) બની ગયો, પરિણામે કેવળ બ્રાહ્મણો જનોઇ લેવા લાગ્યા. ગુજરાતમાં બ્રાહ્મણ ઉપરાંત ક્ષત્રિયો પણ જનોઇ લે છે. બીજા કોઇને જનોઇનો અધિકાર જ નહિ, એવી સ્થિતિ નિર્માણ થઇ. તેથી 'જનોઇ તોડી નાખો' એવું લોકો બોલવા લાગ્યા.

જનોઇ એટલે શું, જનોઇ શા માટે લેવાની એની જ કોઇને ખબર નથી. બ્રાહ્મણ જનોઇ લે છે અને બીજાઓને નથી અપાતી એટલી જ બધાને ખબર હતી. બ્રાહ્મણો બીજાઓને જનોઇ નથી આપતા એ તેમની ભૂલ છે, બ્રાહ્મણો શા માટે તેવું કરે છે તેની તપાસ કરવી જોઇએ. માત્ર બેઠા બેઠા ગાળો જ આપવી એ સારી વાત નથી. જનોઇ એટલે જાતિવાદ (cateism) એવું બોલીને મોટા મોટા લોકોએ સભામાં ઊભા થઇને જનોઇ તોડી છે. 'અમને જનોઇ નથી જોઇતી, એનું કારણ એ બ્રાહ્મણવાદ છે.' કેટલાક લોકો એ કહ્યું: 'જ્યાંસુધી જનોઇ પહેરેલી હશે ત્યાંસુધી આત્મજ્ઞાન નહિ થાય.' અરે, પણ જનોઇએ તમારું શું બગાડયું છે? વાસ્તવમાં માનવમાત્રે જનોઇ લેવી જોઇએ એવી સુંદર વ્યવસ્થા છે. જનોઇનો અર્થ અને તેનું મહત્ત્વ સમજી લેવાં જોઇએ.

એક બનેલી-ઐતિહાસિક ઘટના છે. બ્રિટનનું સામ્રાજ્ય તે કાળે બધે જ ફેલાયેલું હતું. એવું

કહેવાતું હતું કે બ્રિટનના રાજ્ય પર સૂર્ય આથમતો ન હાતો.

બ્રિટનનો રાજા એક ખેડૂતનો વેષ લઇને રસ્તામાંથી જતો હતો. ત્યાં એક લશ્કરી છાવણી હતી. તંબૂની બહાર મિલિટરીનો કેપ્ટન ખુરશી નાખીને લાંબા પગ કરીને બેઠો હતો. તેની પાસે જઇને ખેડૂતના વેષમાં રાજાએ તેને પૂછયું: 'પિટ્સબર્ગ જવાનો રસ્તો ક્યો?'

કેપ્ટન કદાચ પોતાની ઘરવાળીના વિચારમાં તલ્લીન હશે. તેમાં ભંગ પડયો એટલે તેણે તીરછી નજરે ખેડૂતની સામે જોયું અને કહ્યું: 'ચાલ, હટ-નીકળી જા અહીંથી.' આમ કહીને તેણે ઊભા થઇને પેલા ખેડૂતને લાત મારી. ખેડૂત પડી ગયો. તેના મોઢામાં ધૂળ ગઇ. રાજા પાછો ઊભો થયો. કપડાં પરથી ધૂળ ખંખેરીને, મોઢું લૂછીને પાછો કેપ્ટનની પાસે આવીને ઊભો રહ્યો. નમ્રતાથી કહ્યું: 'સાહેબ! તમે તો બહુ મોટા લાગો છો! તમે મને લાત મારી!' જે મોટા હોય તે જ બીજાને લાત મારે ને? બીજો કોણ લાત મારે?

ખેડૂતે પૂછયું: 'સાહેબ! તમે કોણ છો?'

મિલિટરીના માણસો જેટલા કડક મગજના હોય તેમ મશ્કરા પણ હોય. તેઓ મજાક પણ કરે. એનું કારણ, મૃત્યુ હાથમાં લઇને ફરવાવાળા એ લોકો હોય છે.

કેપ્ટનને વિનોદ કરવાનું મન થયું. તેણે કહ્યું: 'અલ્યા! તું જ કહે કે હું કોણ છું. તું મને ઓળખી કાઢ.'

ખેડૂતે કહ્યું: 'તમારો વેષ જોઇને લાગે છે કે તમે મિલિટરીમાં છો.'

કેપ્ટને કહે: 'મિલિટરીમાં છું તેથી તો ઘરબાર છોડીને આ છાવણીમાં બેઠો છું. હવે મને ઓળખી કાઢ કે હું કોણ છું?'

ખેડૂત કહે: 'મારા જેવાને કેમ ખબર પડે કે કે તમે કોણ છો? તમે કોઇ મોટા અધિકારી લાગો છો.'

કેપ્ટન: 'પણ કહે તો ખરો કે હું કોણ છું?

ખેડૂત કહે: 'તમે જમાદાર લાગો છો.'

કેપ્ટન કહે: 'એનાં કરતાં ઉપર.'

ખેડૂત કહે: 'તો તમે લેફ્ટેનન્ટ હશો.'

કેપ્ટન કહે: 'એનાં કરતાં ઉપર.'

ખેડૂત કહે: 'મને શી ખબર પડે. તેના કરતાં મોટા એટલે કેપ્ટન છો?'

કેપ્ટન કહે: 'ઓળખ્યો ખરો. હું કેપ્ટન છું.'

ખેડૂત ગળગળો થઇને સલામ ભરીને કહે: 'એમ! તમારા જેવા મોટા કેપ્ટનને મેં પિટ્સબર્ગ જવાનો રસ્તો પૂછયો? મારી ભૂલ થઇ.'

કેપ્ટને કહ્યુંઃ 'ઠીક છે. અલ્યા, તું કોણ છે?'

ખેડૂત કહ્યુંઃ 'એ તો તમે જ કહોને!'

કેપ્ટને પૂછયુંઃ 'તું સિવિલ છે કે મિલિટરીમાં છે?'

ખેડૂત કહ્યુઃ 'છું તો મિલિટરીમાં.'

કેપ્ટનને થયું કે બ્રિટનની ફોજ બધે ઠેકાણે પથરાયેલી છે. આ કોઇ નિવૃત્ત થયેલો ફૌજી લાગે છે. તેણે કહ્યુંઃ 'તું જમાદાર હોઇશ.'

ખેડૂત કહેઃ 'ના, એના કરતાં ઉપર.'

કેપ્ટન કહેઃ 'તો લેફ્ટેનન્ટ છો?'

ખેડૂત કહેઃ 'એના કરતાં ઉપર.'

કેપ્ટન કહેઃ 'તો કેપ્ટન છો?'

ખેડૂત કહેઃ 'એનાથી ઉપર.'

આ સાંભળતાં જ કેપ્ટનને શિસ્ત સાંભરી. ભલે આ નિવૃત્ત થયેલો હશે પણ મારા કરતાં મોટા પદે હોય તો માન આપવું ઘટે, તેથી પગ પાસે લીધા, સરખો ઊભો રહ્યો અને કહ્યુંઃ 'શું તમે મેજર હતા?'

ખેડૂત કહેઃ 'એનાં કરતાં ઉપર.'

કેપ્ટન કહેઃ 'તો શું તમે ફીલ્ડમાર્શલ છો?'

ખેડૂત કહેઃ 'એનાં કરતાં ઉપર.'

કેપ્ટન કહેઃ 'તો તો તમે ઈંગ્લંડના બાદશાહ છો?'

ખેડૂત કહેઃ 'હા, હું ઈંગ્લંડનો બાદશાહ છું.'

આ સાંભળીને કેપ્ટન ધ્રૂજી ઊઠયો. અતિ નમ્રતાથી કહ્યુંઃ 'મારી બહુ મોટી ભૂલ થઇ ગઇ. અરે! અમારા બાદશાહને કોઇ ગાળ આપે તો અમે તેનું માથુ ઉડાવી દઇએ. આ પિસ્તોલ હાથમાં લો, અને મારું માથું ઉડાવી દો, કારણ મેં તો તમને લાત મારી છે. તમે મને શૂટ કરો.'

બાદશાહે કહ્યુંઃ 'આટલો સ્વદેશપ્રેમી, સ્વાભિમાની, શિસ્તપ્રિય, શૂરવીર કેપ્ટનને હું રોળી નાખું? બ્રિટનનો બાદશાહ એવો મૂર્ખ નથી. હું તને એક સજા કરું છું.'

રાજાએ કઇ સજા આપી? રાજાએ આપેલી સજા સાંભળવા જેવી છે. રાજાએ કહ્યુંઃ 'જ્યારે હું તને સામાન્ય ખેડૂત લાગતો હતો ત્યારે તારું વર્તન ઉદ્ધત, તોછડાઇ ભરેલું અને અવિવેકી હતું. મને રાજા તરીકે ઓળખ્યા પછી તારું વર્તન કેવું બદલાઇ ગયું? તું નમ્ર, શિષ્ટ અને વિવેકી થઇ ગયો. હું તો એ જ છું. કપડાં પણ એ જ છે; પરંતુ તારી સમજમાં ફરક પડયો અને તારું વર્તન

બદલાઇ ગયું. તો હવે ચોવીસે કલાક ઈંગ્લેંડનો બાદશાહ મારી જોડે છે એવું સમજીને જ તારે આજથી વર્તન કરવાનું આ તને સજા છે.'

આ દૃષ્ટાંત એટલા માટે આપ્યું કે જનોઇ દ્વારા ઋષિમુનિઓએ આ જ રસ્તો ઉપાડયો હતો. અમે મંદિરમાં બીડી, સિગારેટ પીતા નથી અને દારુ પણ પીતા નથી. શા માટે? સિગારેટ પીવી સારી હોય તો મંદિરમાં પીવી જોઇએ અને ખરાબ હોય તો ક્યાંયે ન પીવી જોઇએ. માણસ મંદિરમાં ગાળો કે અપશબ્દ બોલતો નથી. બહાર બોલે. આપણે મંદિરમાં સભ્યતા રાખીએ છીએ. મંદિરમાંથી બહાર આવ્યા કે ખલાસ. ભગવાન મંદિરમાં છે, બીજે ક્યાંય નથી. મંદિરમાંથી નીચે ઊતર્યા કે ગાળો બોલવાની શરૂઆત થાય છે. એક રીતે જોતાં મંદિરમાં સભ્યતા પાળવામાં આવે છે તેટલું પણ સારું છે. અભ્યાસ કરવા માટે તે સારું જ છે. ચોવીસે કલાક મારી જોડે ભગવાન છે એવી સમજણ આવે તો જીવન બદલાઇ જાય.

ભગવાન ગીતામાં કહે છે: **सर्वस्य चाहं हृदि संनिविष्टः**—હું બધાના હૃદયમાં બેઠો છું; પરંતુ આપણને તે ખબર પડતી નથી. તેની ઓળખ માટે, સમજણ માટે કંઇ ચિહ્ન હોવું જોઇએ તો એ ખબર પડે. ઋષિઓએ એક સુંદર રસ્તો કાઢયો. તેમણે રૂમાંથી સૂતર બનાવ્યું. એવા નવ સૂતર ઉપર એક એક ભગવાનનું અધિષ્ઠાન કર્યું. દરેકે પોતાના સૂતર ઉપર પોતાના હાથે જ ભગવાન પધરાવવાના. બીજા કોઇના હાથે નહિ.

માટીને કિંમત નથી, પરંતુ, માટીમાંથી ગણપતિની મૂર્તિ બનાવવામાં આવે, મહારાજ મંત્રાક્ષત નાખીને **सायुधं सशक्तिकं आवाहयामि**–કહીને પ્રાણપ્રતિષ્ઠા કરે તો ગમે તેવો નાસ્તિક પણ તેના ઉપર લઘુશંકા નહિ કરે. આમ જુઓ તો એ માટીનો ગોળો જ છે પણ તેના ઉપર મંત્ર બોલીને, પ્રાણપ્રતિષ્ઠા કરીને, ભાવ પૂર્યો છે. તેવી રીતે જનોઇના એક એક તાંતણા ઉપર એક એક ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરવાની. તે વખતે મંત્રો બોલવાના:

ॐकारं प्रथमतन्तौ न्यसामि — પ્રથમ તંતુ ઉપર ૐકારને બેસાડું છું.
अग्निं द्वितीयतन्तौ न्यसामि — બીજા તંતુ ઉપર અગ્નિને બેસાડું છું.
नागां तृतीयतन्तौ न्यसामि — ત્રીજા તંતુ ઉપર નાગને બેસાડું છું.
सोमं चतुर्थतन्तौ न्यसामि — ચોથા તંતુ ઉપર સોમને બેસાડું છું.
पितृन् पञ्चमतन्तौ न्यसामि — પાંચમાં તંતુ ઉપર પિતૃઓને બેસાડું છું.
प्रजापतिं षष्ठमतन्तौ न्यसामि — છઠ્ઠા તંતુ ઉપર પ્રજાપતિને બેસાડું છું.
वायुं सप्तमतन्तौ न्यसामि — સાતમા તંતુ ઉપર વાયુને બેસાડું છું.
यमं अष्टमतन्तौ न्यसामि — આઠમા તંતુ ઉપર યમને બેસાડું છું.
विश्वान्देवान् नवमतन्तौ न्यसामि — નવમાં તંતુ ઉપર વિશ્વના દેવોને બેસાડું છું.

જનોઇના તંતુ ઉપર પોતાના હાથે જ આ નવ દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા કરવાની છે. તે થયા પછી ચોવીસે કલાક ભગવાન મારી જોડે છે એવી સમજણથી વર્તન ઉપર નિયંત્રણ આવે. મંદિરમાં જેમ ખોટું વર્તન ન ચાલે તેમ બહાર પણ ન ચાલે, કારણ, ભગવાન મારી સાથે છે એવી ભાવના રહે છે. આમ જનોઇ નિયંત્રક, આશ્વાસક અને ઉત્સાહવર્ધક બને. દરેકના જીવન

ઉપર આવું નિયંત્રણ હોવું જોઇએ કે નહિ? તે માટે દરેકને જનોઇ જોઇએ કે નહિ? માનવમાત્રને જનોઇ જોઇએ. માટે તે તોડવાની જરૂર નથી. માણસ અમેરિકામાં રહેતો હોય તો પણ તેને જનોઇ જોઇએ. નવસૂત્ર ઉપર દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા થયા પછીઃ

ऋग्वेदं प्रथमदोरके न्यसामि – ઋગ્વેદને પ્રથમ સૂત્રે બેસાડું છું.
यजुर्वेदं द्वितीयदोरके न्यसामि – યજુર્વેદને દ્વિતીય સૂત્રે બેસાડું છું.
सामवेदं तृतीयदोरके न्यसामि – સામવેદને તૃતીય સૂત્રે બેસાડું છું.
अथर्ववेदं ग्रन्थौ न्यसामि – અથર્વવેદને ગ્રંથિ પર બેસાડું છું.

આવી રીતે ચારે ચાર વેદોની દૃષ્ટિ અને વિચારધારા માન્ય કરવાની છે, એટલું જ નહિ, દર વર્ષે જનોઇ બદલવાની–renewal કરવાનું. જેમ લાયસંસ દર વર્ષે બદલવું પડે તેમ જનોઇ પણ બદલવાની. તેને જ શ્રાવણી કહેવાય. આ સૂત્ર શા માટે છે એની જ લોકોને ખબર નથી. કેટલાક લોકો જનોઇ પહેરે પણ ખરા અને કેટલાક ખીંટીએ ટાંગી રાખે. જનોઇની આવશ્યકતા શું છે તે તેમને ખબર નથી. જનોઇ પર તમે ભગવાનને બેસાડયા છે. મંત્રો બોલવાવાળા બ્રાહ્મણો એનું મહત્ત્વ કહેતા નથી. જનોઇ પહેરવાવાળા લોકો એક સૂત્ર ગળામાં નાખી દે છે, કારણ તેના વગર લગ્ન થઇ શકતા નથી. આમ, જનોઇનું મહત્ત્વ લગ્ન પૂરતું રહ્યું છે. જે બિલકુલ વિચારતો જ નથી એવો મૂર્ખ સમાજ વિશ્વમાં બીજે ક્યાંયે થયો હશે એવું મને લાગતું નથી. દસ હજાર વર્ષ સુધી માનવવંશ ઊભો રાખવાવાળી જે સંસ્કૃતિ છે, શક્તિ છે, તે કેવી રીતે ઊભી થઇ, શા માટે ઊભી થઇ તે, આ સમાજને વિચારવું જ નથી.

મારી પાસે જનોઇ હશે તો? હું ભલેને કોઇ પણ ધંધો કરતો હોઇશ. હું કસાઇ, માછીમાર, ઝાડુવાળો, સુથાર કે ભંગી હોઇશ તો પણ હું બેઇમાની નહિ કરું, અપ્રામાણિક નહિ બનું. આધ્યાત્મિક દૃષ્ટિથી સ્ત્રી અને પુરુષ–બન્નેને જનોઇની આવશ્યકતા છે; પરંતુ લોકોએ તેને સમજ્યા વિના જાતિવાદ ઠરાવ્યો. જનોઇ બ્રાહ્મણોની જ છે માટે એને તોડી નાખો. આજે બ્રાહ્મણો તેમ જ મોટા મોટા લોકો સભામંચ ઉપર ઊભા રહીને જનોઇ તોડવા લાગ્યા છે. તેઓ કહે છે જનોઇએ વ્યક્તિ-વ્યક્તિમાં અંતર ઊભું કર્યું છે એટલે અમને જનોઇ નથી જોઇતી. એનો અસલી અર્થ સમજીને ફરીથી જનોઇ પ્રસ્થાપિત કરવી એ દીર્ઘદૃષ્ટિવાળા ઋષિતુલ્યોનું કામ છે.

ઉપનયનસંસ્કાર કર્યા પછી આપણને સતત લાગે કે ભગવાન મારી સાથે જ રહે છે. તેના માટે નજીવી કિંમતનું સૂતર ઉપાડયું. રૂનું સૂતર કોઇ પણ બનાવી શકે. ક્રોસ રાખીએ તો સ્ટીલનું બનાવવું પડે. તેમાં પણ જુદા જુદા ક્રોસ આવે. કોઇ સોનાનો, કોઇ ચાંદીનો અને કોઇ બીજી ધાતુનો ક્રોસ રાખે. કરોડપતિ હોય તેને પણ સૂતરની જનોઇ લેવી જોઇએ. સોનાની જનોઇ ચાલે નહિ. માળા રાખીએ તો પણ સોનાની, ચાંદીની કે બીજી ધાતુની હોય, પરંતુ, જનોઇ તો સૂતરની જ રહે. કોઇની પાસે અબજો રૂપિયા હોય તો પણ તેને સૂતરની જનોઇ પહેરવી પડે.

જનોઇ કામવાદ, કામાચાર અને કામભક્ષણ પર નિયંત્રણ આપે છે. ભગવાન તારી સાથે છે–એ કલ્પના જનોઇ આપે છે અને વિદ્યાની પાસે પણ જનોઇ લઇ જાય છે. તેના માટે ઉપનયનસંસ્કાર છે.

જનોઇની બ્રહ્મગાંઠ છે તેનાથી પિશાચ ભાગી જાય છે. અમે તો ગામડામાં રહેતા હતા. ત્યાં લાઇટની સગવડ ન હતી એટલે રાત્રે અંધારું ખૂબ હોય. હું સાત વર્ષનો હતો ત્યારે મેં જનોઇ લીધી. જનોઇ લીધી તે પ્રથમ દિવસે હું ખૂબ ખુશ ખુશ થયો, એનું કારણ મેં જનોઇ પહેરી હતી. હવે પિશાચ આવે તો પણ બ્રહ્મગાંઠ દેખાડયા પછી પિશાચ ભાગી જાય. મોટા થયા પછી જનોઇની બ્રહ્મગાંઠ જોઇને અંદરના પિશાચો-કુવિચારો-પણ ચાલ્યા જાય છે. જનોઇમાં આપણા હાથે જ ભગવાન બેસાડવાના છે. મારી સાથે જ ભગવાન છે તેથી મને આવો કુવિચાર શોભતો નથી, અથવા તો આવું દુર્વર્તન મારા માટે સારું નથી. આવી રીતે જનોઇ નિયંત્રક, આશ્વાસક અને ઉત્સાહવર્ધક છે.

જનોઇ કોને ન જોઇએ? જનોઇ બધાને જોઇએ. સ્ત્રીઓને પણ જનોઇ મળવી જોઇએ; પરંતુ આજે બધાને મળવી જોઇએ એ ભાષા છોડી દીધી અને બધાની જનોઇ તોડવી જોઇએ એ ભાષા સ્વીકારી! જેની પાસે છે તે પણ જનોઇ તોડવાની ભાષા બોલે છે, કારણ, જનોઇ શું છે? તેનું મહત્ત્વ શું છે એની જ ખબર નથી. જનોઇ બદલાવતી વખતે બ્રાહ્મણ તેમને જનોઇનો અર્થ અને તેનું મહત્ત્વ સમજાવતો નથી.

આશ્રમવ્યવસ્થામાં ઉપનયનસંસ્કારની સુંદર વ્યવસ્થા છે પણ તે કોઇ જોતું જ નથી. ઉપનયનમાં નિયંત્રણ છે અને ધાર્મિક દીક્ષા છે. તે દિવસથી તે ધર્મની શરૂઆત છે. આજ સુધી કામાચાર ચાલતો હતો, કામભક્ષણ ચાલતું હતું, કામવાદ ચાલતો હતો પણ હવે જનોઇ લીધી ત્યારથી મારા હોઠ કોઇની નિંદા કરવા, અપશબ્દ બોલવા કે ગાળો આપવા માટે નથી. જીવનમાં આવું કંઇ વ્રત હોવું જોઇએ. તેને જ વ્રતબંધ કહેવાય છે. દરેક વ્યક્તિએ આવું વ્રત લેવું જોઇએ. તેના માટે બ્રહ્મચર્યાશ્રમ ઊભો કર્યો. તેમાં બે વાતો જોવાની. શરીર સુદૃઢ કેમ બને અને બુદ્ધિ પ્રભાવી કેમ બને? બીજી કોઇ વાત તરફ ધ્યાન આપવાનું નહિ. બાર વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમમાં શરીર અને બુદ્ધિને પ્રભાવી બનાવવાના. તેના માટે ઉપનયનસંસ્કાર છે.

આજે ઉપનયનસંસ્કાર ઉત્સવ બની ગયો છે. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણોમાં તે ઉત્સવ તરીકે રહ્યો છે. ગુજરાતમાં તે પણ ચાલી ગયું છે. એક દિવસ નક્કી કરીને છોકરાને જનોઇ આપી દે છે. જનોઇની મહત્ત્વની વાતો ચાલી ગઇ છે. જ્યોતિષશાસ્ત્રથી ડરેલા લોકોએ ગ્રહશાંતિ રાખી છે અને સાથે જનોઇ પણ આપી દે છે. જનોઇ શા માટે છે? તેનું મહત્ત્વ ભુલાઇ ગયું છે.

આજે વીસમી સદીમાં પણ ઉપનયનસંસ્કાર આવશ્યક છે. પછી ભલેને માણસ અમેરિકામાં રહેતો હોય તો શું થયું? સ્મીથને પણ જનોઇ જોઇએ તો જટાશંકરને કેમ ન જોઇએ? જનોઇનો અર્થ અને તેનું મહત્ત્વ સમજી લેવાનું છે. જનોઇ પહેર્યા પછી ભગવાન મારી સાથે જ છે. તેના લીધે કપરા પ્રસંગમાં પણ માણસ ગભરાય નહિ. જનોઇ આચાર-વિચાર નિયંત્રક, ઉત્સાહવર્ધક અને આશ્વાસક છે. વિદ્યાની પાસે જવાનું છે, તેના માટે વ્રતબંધ છે. ઉપનયનસંસ્કારથી માનવ સંસ્કારયુક્ત થાય છે.

જ્ઞાનની પાસે, સાત્ત્વિકતાની પાસે, સદ્‌ગુણોની પાસે, તેજની પાસે લઇ જવું એ ઉપનયનસંસ્કાર છે. સાંભળીને, 'બહુ સારું છે,' કહીને કેવળ માથું હલાવવાનું નથી; પરંતુ

પ્રામાણિકતાથી જ્ઞાનનો સ્વીકાર કરવાનો છે. જે જ્ઞાન મળે તે જ્ઞાન ભેદને માટે નહિ, વિભાજનાર્થ નહિ અને પરસ્પર સંહારાર્થ પણ ન હોવું જોઇએ. વ્યક્તિ-વ્યક્તિમાં, સમાજમાં બુદ્ધિભેદ કરીને ભેદ નિર્માણ કરવા માટે જ્ઞાન નથી. જ્ઞાન એવું હોવું જોઇએ કે જેનાથી ભેદ મટી જાય. જ્ઞાન શા માટે છે? સમન્વયાર્થ જ્ઞાન છે, અભેદાર્થ જ્ઞાન છે, પરસ્પરસહકાર્યાર્થ જ્ઞાન છે. જ્ઞાનથી માનવ-માનવ વચ્ચે ઐક્ય નિર્માણ થવું જોઇએ, એટલું જ નહિ માનવ અને ભગવાનનું પણ ઐક્ય થવું જોઇએ, અહીં સુધી આપણે પહોંચવાનું છે, તેથી જ આપણા પૂર્વજોએ, ઋષિઓએ જ્ઞાનનો આગ્રહ રાખ્યો હતો અને જ્ઞાન આપ્યું છે. જેમ ભાવ ઊભો કરવા માટે, વિશ્વાસ ઊભો કરવા માટે જનોઇ આપી છે, તેમ ઉપનયનસંસ્કાર કરીને જ્ઞાનની પાસે લઇ જવાનો છે. આ સંસ્કારને 'વ્રતબંધસંસ્કાર' કહેવામાં આવે છે.

માનવી જીવન એક મહાન યજ્ઞ છે; એવી ભાવના જ્યારથી ખતમ થઇ છે, ત્યારથી સ્વાર્થને પ્રાધાન્ય મળ્યું છે. મોજશોખ કરવાના અને કેવળ ઐંદ્રિય સુખની પાછળ દોડવાનું, આને જ જીવન સમજવામાં આવે છે. અપ્રામાણિકતા અને અસત્યની શરમ રહી નથી, એવી સ્થિતિ આવી ગઇ છે. માણસ વિદ્યાસ્નાતક અને વ્રતસ્નાતક હોવા જોઇએ. આજે બધી યુનિવર્સિટીઓ જ્ઞાન આપે છે—Doctor of letters —આમાં letters શબ્દનો અર્થ જ્ઞાન છે, પણ વ્રત નથી. તેમાંથી, જીવન એક મહાન યજ્ઞ છે એવી ભાવના પેદા થતી નથી કે મારે જીવનમાં કંઇ કરવું છે એવુ વ્રત પણ મળતું નથી. મનુમહારાજે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે: **वेदविद्याव्रतस्नातान्**—જેણે વ્રત સ્વીકાર્યું નથી, તે સ્નાતક નથી, પદવીદાન સમારંભમાં બેસવા અધિકારી નથી. તું ભણેલો છે પરંતુ, નેવુ ટકા લોકો અભણ છે, તેમને કેવી રીતે ઊભા કરવા, તેમને કેમ ઉપયોગી થવું, તેને માટે તું તારું જ્ઞાન વાપરતો ન હોય તો તને વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં હાજર રહેવાની કંઇ જ જરૂર નથી. તે કેવળ દેખાવ અને દંભ છે. આજે તેમના માટે કોઇનું આંતરડું બળતું નથી. આજે તો, ધંધાકીય શિક્ષણ (job-oriented education) ને જ શિક્ષણ કહે છે.

Education means to draw out—શિક્ષણ એટલે અંદર પડેલા ગુણો બહાર કાઢવાના, તે વાત ભુલાઇ ગઇ. પરિણામે સ્વાર્થને જીવનમાં પ્રાધાન્ય મળ્યું. જીવન એક મહાન યજ્ઞ છે આ વિચાર ચાલ્યો જાય ત્યારે માનવ સ્વાર્થી બની જ જવાનો. લોકો કહે છે કે આજે બધા સ્વાર્થી બની ગયા છે પણ તેના માટે જવાબદાર કોણ છે? આખો સમાજ તે માટે જવાબદાર છે, પ્રત્યેક વ્યક્તિ જવાબદાર છે. હમણાં પૂના ગયો હતો ત્યારે એક માણસે મને પૂછયું કે 'આખો સમાજ સ્વાર્થી બન્યો છે તે માટે જવાબદાર કોણ છે?' મેં તેને કહ્યુ: 'સૌ પ્રથમ તું જ તેનો જવાબદાર છે.' આજે પોતાની જવાબદારી છોડી દઇને લોકોને કેવળ બોલવું છે કે સમાજ આવો સ્વાર્થી કેમ થઇ ગયો? લોકોમાંથી પ્રામાણિકતા કેમ ચાલી ગઇ? આજે જીવન સંસ્કારભ્રષ્ટ થઇ ગયું છે. કોઇને સંસ્કારની કિંમત નથી, બાપને નથી અને દાદાને પણ તેની કિંમત નથી. તો પછી છોકરામાં સંસ્કાર આવે કેવી રીતે? તેથી જ સંસ્કારનું મહત્ત્વ છે. તેના માટે જ ઉપનયનની સાથે વ્રતબંધ કહ્યું છે. જ્યાંસુધી વ્રતબંધ નથી ત્યાંસુધી જીવનમાં સંસ્કાર આવશે નહિ.

યુનિવર્સિટીએ વ્રત આપવું જોઇએ. તે વ્રતની પાછળ ભાવના હોવી જોઇએ, પાવિત્ર્ય હોવું જોઇએ, વ્રત આપવાવાળા માટે આદર નિર્માણ થવો જોઇએ, તો જ વ્રત આપી શકાય. તે ઊભું

કરવા માટે કોઇ જ પ્રયત્ન નથી, પછી વ્રત કેવી રીતે મળે? જો માણસને વ્રત ન મળે, જીવનમાં ઉચ્ચ ધ્યેય ન મળે, તો વ્યક્તિ કેવી થાય? તે સ્વાર્થી જ બને, અપ્રામાણિક જ બને. વ્રતરહિત સમાજ સ્વાર્થી અને અપ્રામાણિક ન બને તો તે જગતનું ચૌદમું આશ્ચર્ય ગણાય. માનવ સ્વાર્થી અને અપ્રામાણિક બનવાનો જ! કારણ જીવન એક યજ્ઞ છે તે તેને કોઇએ સમજાવ્યું જ નથી. કોઇનું જીવન યજ્ઞ રૂપ હોય એવું દેખાતું જ નથી, તો પછી જીવન યજ્ઞ છે તે કોઇના પણ મગજમાં કેવી રીતે આવે? જીવનમાં વ્રતબંધની અત્યાવશ્યકતા છે.

પ્રત્યેક માનવ જ્યારે જીવનને મહાયજ્ઞ સમજે ત્યારે જ તેનું જ્ઞાન મહાન કાર્યાર્થે વપરાય અને વિકાસાર્થે વપરાય. તેના વગર તે જ્ઞાન ભેદાર્થે જ વપરાય. જીવનમાં કંઇ વ્રત મળવું જોઇએ. ધ્યેયશૂન્ય જીવન એ જીવન નથી. 'મારે લખપતિ થવું છે' આ જીવનનું ધ્યેય થઇ શકતું નથી. સજ્જનો જેનું ધ્યાન કરી શકે તેને જ ધ્યેય કહેવાય. મારે દરરોજ એક જણનું ગજવું કાપવું જ—આ કંઇ ધ્યેય થઇ શકતું નથી.

કેટલાક લોકો સત્તાની ખુરશી પર બેઠા પછી મોટા બની જાય છે. ખરી રીતે માણસે પોતે જ મોટા બનવું જોઇએ, તો તેને ખુરશીની જરૂર ન પડે. એક ભાઇને ખુરશી મળી હતી એટલે મોટા મનાતા હતા. તેમણે કહ્યું: 'બીજાને ખબર ન પડતાં તેનું ગજવું કેમ કાપવું એ પણ એક શિક્ષણ છે!' જે વ્યક્તિ અને સમાજને નુકસાનકર્તા હોય તે શિક્ષણ (education) થઇ જ ન શકે. શિક્ષણ તેને કહેવાય કે જે વ્યક્તિને ઊભી કરે, એટલું જ નહિ, પોતાના પગ ઉપર ઊભા રહેવાની શક્તિ તેનામાં નિર્માણ કરે.

જીવન ધ્યેયશૂન્ય છે તેથી જ લોકો અપ્રામાણિક અને અસદ્વર્તનવાળા થયા છે. **'સત્યમેવ જયતે'** ના નારા લગાડીને અને બૂમો પાડીને લોકોમાં સત્ય નહિ આવે. 'આજે પ્રામાણિકતા ચાલી ગઇ છે' એની બૂમાબૂમ કરીને પણ લોકોમાં પ્રામાણિકતા આવશે નહિ. તે બધું લાવવા માટે, નિર્માણ કરવા માટે, વ્રતબંધ હોવો જોઇએ, સંસ્કાર હોવા જોઇએ. આજે જનોઇની જેટલી વિડંબના ચાલે છે તેટલી વિડંબના માનવીય ઇતિહાસમાં આજ સુધી કદી થઇ ન હતી. પહેલાં દરેક માનવને જનોઇ આપતા હતા. આજે તો જેઓ જનોઇ લે છે તેઓ પણ લગ્નને આગલે દિવસે જનોઇ લે છે અને બીજે દિવસે પરણે છે. તે જનોઇ લે છે, એનું કારણ, તેના વગર પરણાય નહિ એવો તેમને વહેમ છે. આ લોકો જનોઇનું મહત્ત્વ જ સમજતા નથી. આવી સ્થિતિમાં માનવ કેવો બને? તમે જેવું વાવશો તેવું જ લણવું પડશે, તે જ સ્વીકારવું પડશે, પછી ચીડાઇને, શોર મચાવીને નહિ ચાલે અને ભગવાનને ગાળો ભાંડીને પણ નહિ ચાલે. 'શું કલિયુગ આવ્યો છે? કેવો કાળ આજે આવ્યો છે?' અરે કલિયુગ લાવવામાં આવ્યો છે, બનાવાયો છે, તેવો કાળ બનાવવાવાળો આજનો સમાજ છે.

વ્રતબંધને બહુ મોટો અર્થ છે. આજે શાળા, કૉલેજમાં વિદ્યાર્થીઓને કોઇ વ્રત મળે છે? વિદ્યાર્થીઓ એક જ વિચારે છે કે કઇ લાઇનમાં ગયા પછી સારો પગાર મળશે? ડૉક્ટર બનવું છે, કારણ એક જ; તેમાં ખૂબ પૈસા મેળવી શકાય છે. શામાં પૈસા મળશે? એ જ જોવામાં આવે છે. બીજું કંઇ જોવાતું જ નથી.

જીવનમાં વ્રત જ નથી. જીવન એક યજ્ઞ છે આ ભૂમિકાથી જ સંસ્કાર બનાવવા પડે છે. તેવા સંસ્કાર છે જ નહિ. સંસ્કારશૂન્ય, અસંસ્કૃત માનવ અપ્રામાણિક નહિ થાય તો બીજું શું થાય? તે શઠ ન બને તો બીજું શું બને? તેથી વ્રતબંધ એક આવશ્યક વાત છે.

ઉપનયન સંસ્કાર આપવામાં આવે છે ત્યારે જનોઇ આપતી વખતે તેના હાથમાં એક દંડ આપવામાં આવે છે. દંડ શા માટે આપે છે? સ્વસંરક્ષણાર્થ દંડ આપે છે. જૂનાકાળમાં સ્વરક્ષણ માટે દંડ આવશ્યક હતો. સ્વસંરક્ષણાર્થ અને નિર્બળના રક્ષણને માટે દંડ હતો. મને શક્તિ શા માટે જોઇએ? નિર્બળનું રક્ષણ કરવા માટે, તેથી જ બ્રહ્મચારીના હાથમાં દંડ આપતા હતા. આજે તો હાથમાં લાકડી લેવી એ ફેશન થઇ ગઇ છે.

ઉપનયનમાં જનોઇ ભાવનિર્મિતિ માટે અપાતી હતી. તેમાં જ્ઞાનનો આગ્રહ રાખતા હતા. સંસ્કાર લેતી વખતે વ્રતબંધ આપવામાં આવતો હતો અને વ્રતનું બરાબર પાલન થાય છે કે નહિ તે જોવા માટે જનોઇમાં ભગવાન બેસાડવામાં આવતા હતા. જનોઇમાં પોતાના હાથેજ ભગવાનની પ્રતિષ્ઠા કરવાની હતી.

માણસ સ્વસંરક્ષણક્ષમ હોવો જોઇએ. તે માટે જ તે વિદ્યાર્થી-બ્રહ્મચારીના હાથમાં દંડ આપવામાં આવતો હતો. અહિંસા શબ્દનો પહેલો અર્થ એ છે કે પોતાની હિંસા ન થવા દેવી, તેનાથી જ અહિંસાની શરૂઆત થાય છે. જેમ નિર્બળનું રક્ષણ કરવા હાથમાં દંડ ધારણ કરે છે, તેમ તેમાં બીજો પણ અર્થ છે. સમજો કે બ્રહ્મચારીથી કંઇ ભૂલ થઇ ગઇ તો તેણે હાથમાંનો દંડ. ગુરુના હાથમાં આપવાનો અને કહેવાનું: 'મારી આ ભૂલ થઇ છે, માટે મને સજા કરો.' બ્રહ્મચારીની છાતીમાં ભૂલની સજા માગવા માટેની હિંમત જોઇએ. આવી હિંમત લાવવાની શક્તિ કેવળ વૈદિક તત્ત્વજ્ઞાનમાં અને ગીતામાં છે. બીજા કોઇ વાઙ્મયમાં આવી તાકાત નથી. આજે વાઙ્મય કરોડરજ્જુ વિનાનું બની ગયું છે. અરે! પોતાની ભૂલ માટે સજા માગવાવાળાનું દિલ તે લોકોએ કેવું બનાવ્યું હશે! તેથી જ બટુકના હાથમાં દંડ આપવામાં આવતો હતો.

ભૂલ થઇ હોય તો ભગવાનને પણ કહેવું જોઇએ, 'ભગવાન! મારાથી આ ભૂલ થઇ છે. તો તું મને સજા કર.' આવું કહેનાર યુવાનને ઉપાડીને ભગવાન છાતી સરસો ચાંપીને તેને ચૂમશે. પરંતુ, પોલિસી તરીકે આમ કરીને ચાલે નહિ. પોલિસી તરીકે કર્યું હોય તો ભગવાનને તો ખબર પડી જ જાય. તે કંઇ છોડે નહિ. તે બહાર છે તેમ આપણી અંદર પણ બેઠો છે. મહારાષ્ટ્રના સંત તુકારામ મહારાજ કહે છે: **आत हरि बाहेर हरि हरिने घर कोंडले......**

બહારથી ભૌતિક ઐશ્વર્યનો ઝગમગાટ બધે જ દેખાય છે પરંતુ, અંદર તો સૂકું છે, લૂખું છે. આ શાનું પરિણામ છે? માનવ સંસ્કારશૂન્ય બન્યો છે. આ એક જ વાત છે, તેથી જ માનવને સંસ્કાર આપવાના છે.

બીજું, બટુકને ઉપાસના આપવાની છે. ઉપાસનાના અભાવને કારણે સમાજનો સ્થાયીભાવ ખતમ થયો છે. તે થયા બાદ કોઇપણ ક્ષેત્રમાં સ્થિરતા ન આવે. આ સૃષ્ટિમાં અસ્થિરતાના કારણે અશાશ્વતતાનું અંધારું છવાઇ ગયું છે. આપણું મન અને આપણી બુદ્ધિ પણ અસ્થિર છે. બહારનું

બજાર પણ અસ્થિર થઇ ગયું છે. લોકો કહે છે કે આજકાલ બજાર બહુ અસ્થિર થઇ ગઇ છે. તેને પૂછવું જોઇએ કે તું પોતે ક્યાં સ્થિર છે? તું જ સ્થિર ન હોય તો તારા હાથમાંનું બજાર સ્થિર કેમ હોય? માણસ પોતે અસ્થિર હોય તો બજાર સ્થિર કેવી રીતે થાય? ઉપાસનાના અભાવને કારણે સમાજનો સ્થાયીભાવ ખલાસ થયો છે, તેથીજ સર્વત્ર અસ્થિરતા દેખાય છે. બધે જ અસ્થિરતાનું નૃત્ય ચાલી રહ્યું છે. જો બુદ્ધિ અસ્થિર હોય, સંકલ્પ પણ અસ્થિર હોય, તો ક્ષણક્ષણમાં માણસ બદલાઇ જ જાય. હું અસ્થિર હોઉં તો સ્થિતપ્રજ્ઞતા ક્યાંથી આવે?

બટુકને સ્થિર મન અને સ્થિર બુદ્ધિ આપવાના છે. તેને જનોઇ આપીને ભગવાનને તેની સાથે બેસાડવાના છે. તેથી જ્ઞાન, ભેદ માટે નહિ, અભેદ માટે; વિનાશ માટે નહિ, વિકાસ માટે ઉપયોગમાં આવશે. આવું જ્ઞાન અપાવું જોઇએ. આ જ માનવતા છે. હવે યુનિવર્સિટીવાળાઓને મોટા મોટા શબ્દોનો ઉપયોગ કરવાની ટેવ પડી ગઇ છે. તેઓ માનવતાની વાત કરે છે. પરંતુ, માનવ જ ક્યાં છે? Humanity is wanted, but where is human being? સંસ્કાર વગરનો માનવ વાંદરા જેવો બની ગયો છે, તેનું કારણ એ છે કે માનવ ઉપર એક પણ સંસ્કાર નથી થતા. ભણેલા લોકો સંસ્કારની મશ્કરી ઉડાવે છે. તેઓ કહે છે કે આ બધો કર્મકાંડ છે, કર્મકાંડ! તેઓ કોર્ટમાં, હાઇકોર્ટમાં, સુપ્રીમ કોર્ટમાં જાય છે. તેમને પૂછવું જોઇએ કે ત્યાં શું ચાલે છે? તેમનાં પંચનામામાં એક ભૂલ થઇ જાય તો કેસ સાચો હોય તો પણ તે ખોટો થઇ જાય છે. આ કર્મકાંડ નથી તો બીજું શું છે? કેવળ કર્મકાંડ છે એવી વાતો કરવી છે, પરંતુ બધે જ કર્મકાંડ ચાલે છે.

સમાજના પતનનું કારણ સંસ્કારનો અભાવ છે. અસ્થિરતા છે જ; તેથી બટુકને પ્રથમ જનોઇ આપીને વ્રતબંધ આપવાનો, તેનામાં ભગવાન બેસાડવાના છે, તેને ઉપાસના સમજાવવાની છે, પછી તેને સ્વસંરક્ષણ અને નિર્બળના રક્ષણક્ષમ બનાવવાનો છે, એટલું જ નહિ, પોતાની ભૂલ માટે સજા લેવાની તૈયારી કરાવવાની છે, તેથી જ, બટુકના હાથમાં દંડ અપાય છે.

છોકરો અરીસો તોડી નાખે તો મા ગરમ થાય છે; પરંતુ છોકરો પોતાની મેળે આવીને કહે કે મારા હાથે અરીસો તૂટી ગયો છે તો મા કહે: 'દીકરા! રડ નહિ. પાછું આવું ન કરતો.' છોકરો કહે 'પણ બાપુજી મને મારશે ને?' તો મા કહે છે 'તું ડર નહિ. તેમને હું કહીશ કે મારા હાથે અરીસો તૂટી ગયો છે.' છોકરો ગુનો કબૂલ કરે તો મા તેને સંભાળે છે. ભૂલ કબૂલ કરીને સજા લેવાની તૈયારી માટે છાતીમાં તાકાત જોઇએ. આત્મનિવેદન એ કંઇ ગોખીને બોલવાની વાત નથી.

ત્યારબાદ બટુકની માગણી છે.

मयि मेधां मयि प्रज्ञां मय्यग्निस्ते दधातु
मयि मेधां मयि प्रज्ञां मयीन्द्र इन्द्रियं दधातु
मयि मेधां मयि प्रज्ञां मयि सूर्यो भो दधातु
यत्ते अग्नि तेजस्तेनाहम् तेजस्वी भूयासम्
यत्ते अग्नि वर्चस्तेनाहम् वर्चस्वी भूयासम्
यत्ते अग्नि हरस्तेनाहम् हरस्वी भूयासम्

(અગ્નિ મારામાં બુદ્ધિ, વિચારશક્તિ અને તેજ રાખે. ઈંદ્ર મારામાં બુદ્ધિ વિચારશક્તિ અને સામર્થ્ય આપે. સૂર્ય મારામાં બુદ્ધિ, વિચારશક્તિ અને તેજ આપે. હે અગ્નિ! તારા તેજથી મને તેજસ્વી થવા દે. તારા વિજયી તેજથી મને વર્ચસ્વી થવા દે. બધી મલિનતા બાળવાવાળું તારું તેજ મારી મલિનતાને બાળવાવાળું થવા દે.)

આમાં માગણી છે કે મારી બુદ્ધિ સ્થિર અને દિવ્ય તેજથી યુક્ત થવી જોઇએ. જો માથું સંભાળવામાં આવે તો બધું સંભાળાઇ જાય. માથું બદલવામાં આવે તો આપમેળે બધું બદલાઇ જાય. લોકો કહે છે કે **सर सलामत तो पघडियां पचास**—શિર સલામત હોય તો પચાસ પાઘડી મળે. આજે શિર જ ક્યાં સલામત છે? બધાના વિચારો અસ્થિર થઇ ગયા છે.

બુદ્ધિ બે કામ કરે છે. એક, બુદ્ધિ નિર્ણય કરે છે અને બીજું, તે સંકલ્પ કરે છે. મારા નિર્ણયો અને સંકલ્પો તેજસ્વી થવા જોઇએ. મારું જીવન પ્રકાશમય થવું જોઇએ. મારી ઈંદ્રિયશક્તિ મજબૂત થવી જોઇએ. જીવન પ્રકાશમય થાય તે માટે હું જ્ઞાન પ્રાપ્ત કરીશ, તેના પ્રયત્નમાં મારું જીવન વ્યતીત કરીશ.

જીવન મહાન યજ્ઞાર્થ છે એવી કલ્પના સૌ પ્રથમ આ સંસ્કાર આપે છે. આજે કેટલા લોકો આ સંસ્કાર પોતાના છોકરાઓને આપે છે? અને જે આપે છે તે બાપને ખબર છે કે સંસ્કારનો અર્થ શો છે? તે ગોર મહારાજને બોલાવે છે અને સંસ્કાર કરાવે છે. ગોર મહારાજને પૂછે છે કે કેટલી મિનિટમાં આ વિધિ પતી જશે? ગોરમહારાજ પણ કહે છે કે પાંચ-દસ મિનિટમાં પતી જશે. તો કહે: 'સારું, તો કામ પતાવી લો.' આવી જે યજ્ઞોપવિતવિધિ ચાલે છે, તેમાં જવું વ્યર્થ છે, એટલું જ નહિ, તે પાપ છે. સમજદાર માણસે આવી વિધિમાં જવું ન જોઇએ. આ શું યજ્ઞોપવિતસંસ્કાર છે? જેમાં બાપ દીકરાને કોઇ વ્રત જ આપતો નથી. બાપની પાસે જ વ્રત નથી તો તે દીકરાને ક્યાંથી આપે? તેની પાસે માર્કેટ-દુકાનનું વ્રત છે, બીજું વ્રત જ નથી. બધા પંખીઓ પણ પોતપોતાની માર્કેટમાં જાય જ છે, ફરે છે. તેમનું માર્કેટ છે, જંગલ! માણસના જીવનમાં પણ માર્કેટ સિવાય બીજી વાત નથી. પગાર અને કમાણી—એના સિવાય બીજી વાત નથી. આ વાંદરા જેવું જ જીવન છે, બીજું શું છે? માનવજીવનમાં સંસ્કારનું મહત્ત્વ ઓળખવાની જરૂર છે.

મારું જીવન અંધારાથી ભરેલું છે, તે પ્રકાશમય થવું જોઇએ. તે માટે બુદ્ધિ દિવ્ય બનવી જોઇએ. તો જ તેમાં દૈવી સંકલ્પ અને દૈવી નિર્ણયો થાય. તેને માટે જ્ઞાન જોઇએ. તે જ્ઞાન હું ઉપાસના કરીને મેળવીશ. આવી માગણી છે. જેણે આવો વ્રતબંધ લીધો છે, પચીસ વર્ષનો થાય ત્યાંસુધી જેણે આ જ વિચારો ઘૂંટયા છે તેનું જીવન ખરૂં તેજસ્વિ જીવન બને છે. તેવું જ છોકરીનું છે. અઢાર-ઓગણીસ વર્ષની થાય ત્યાંસુધી છોકરીએ પણ તે જ વિચાર કરવાનો છે. આવા યુવાન અને આવી યુવતી, સાથે રહેવાનો નિશ્ચય કરે તેને ગૃહસ્થાશ્રમ કહે છે.

સમગ્ર સમાજનો આધાર ગૃહસ્થાશ્રમ છે. ગૃહસ્થાશ્રમમાં સમાજધારણાની શક્તિ છે. ગૃહસ્થાશ્રમ ધર્મનો પણ આધાર છે.

સંસ્કૃત ભાષામાં બે શબ્દો છે—સમાજ અને સમજ—**समजः – पशूनां संघः**—પશુઓના સમૂહને 'સમજ' કહે છે. જેને કુટુંબ નથી, બંધન નથી, ખેંચાણ નથી આવા લોકો 'સમજ' માં

જાય. માનવ-માનવીની પાસે આવીને કુટુંબ બન્યું. જૂનાકાળમાં સંયુકત કુટુંબની પ્રથા હતી. ત્યારબાદ શહેરમાં પણ 'ચાલી પધ્ધતિ' હતી. તેમાં પણ લોકોમાં એકતા હતી. ચાલીમાં એક ઘરમાં લગ્ન હોય તો આજુબાજુવાળા બધા પોતાનું ઘર ખુલ્લું શખતા હતા જેથી તેને ત્યાં આવેલા મહેમાનોની વ્યવસ્થા થઇ જાય. ચાલમાં એકબીજાને સહાયરૂપ થતા હતા. હવે ચાલની સંસ્કૃતિ ગઇ અને બ્લોકની સંસ્કૃતિ આવી છે. બ્લોકની એક જુદી જ સંસ્કૃતિ છે. એક વખત બ્લોકનો દરવાજો બંધ કર્યો કે બહારવાળા સાથે કોઇ જ સંબંધ નહિ. હું જુદો અને પડોશી જુદો. બાજુમાં કોણ રહે છે તેની પણ માણસને ખબર નથી હોતી એવી સ્થિતિ આવી ગઇ છે.

ગૃહસ્થાશ્રમ સ્વીકારવો હોય તો પતિ-પત્નિનાં શરીર અને મન, નિરોગી અને સમાધાની હોવાં જોઇએ. વેદ કહે છે:

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनः यथा वः सुसहासति ॥

'તમારો હેતુ એક રહો, તમારાં મન એક રહો, તમારા હૃદય એકરૂપ રહો. તમારી સંઘટનામાં સામર્થ્ય આવે તેવી રીતે રહો.'

લગ્ન કરાવનાર ગોરમહારાજ આ મંત્ર બોલે છે. ગોરમહારાજ શું બોલે છે તેની તેને ખબર નથી હોતી અને સાંભળવાવાળાને તો બિલકુલ ખબર હોતી નથી. મંત્ર બોલાય એટલે કંઇ પવિત્ર વિધિ થઇ એવું તેમને લાગે છે. આ મંત્રમાં પ્રતિજ્ઞા છે કે આજથી અમારા બન્નેનો હેતુ એક રહેશે, અમારાં મન એક રહેશે અને અમારાં હૃદય પણ એક રહેશે. અમારા જીવનનો અને કાર્યનો હેતુ એક રહેશે. ઋગ્વેદમાં વિવાહસૂક્તમાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનારને માટે જુદાં જુદાં વિશેષણો આપ્યાં છે:

अधोरचक्षुरपतिध्न्येधि शिवा पशुभ्यः सुमनाः सुवर्चाः ।
वीरसूर्देवकामा स्योना शं नो भव द्विपदे शं चतुष्पदे ॥
(ऋग्वेद – १०/सू. ८५/मंत्र ४४)

આ મંત્રમાં શું બનવાનું છે તે સમજાવે છે. **अधोरचक्षुषः** એટલે તારી નજર પ્રેમપૂર્ણ રહેવા દેજે. જે છોકરી નવી નવી પરણીને સાસરે આવે છે તેને સમજાવે છે કે તું નવા નવા લોકોમાં આવે છે, તેમાંથી કોઇના તું પ્રથમ, દોષ ન જોતી; પરંતુ ગુણ જોજે. દોષ તો દરેક માણસમાં છે જ. કોનામાં દોષ નથી? દોષરહિત કેવળ ભગવાન જ છે. કેટલાક લોકો તો ભગવાનમાં પણ દોષો જુએ છે.

ઋષિ કહે છે કે પ્રત્યેક માણસમાં દોષ તો હોય જ; પરંતુ તું બીજાના ગુણો જોતી રહેજે, દોષ નહિ. બીજું, તારે **શિવા** એટલે મંગલરૂપ નજર રાખવાની છે. **સુમનાઃ** એટલે સારું મન, અસૂયારહિત મન રાખજે, અસૂયારહિત જીવન જીવજે. મારા પડોશીની પાસે મારા કરતાં વધારે ધન હોય તો મારા મનમાં તરત અસૂયા નિર્માણ થાય છે કે તેની પાસે ઘણું ધન છે અને મારી પાસે નથી. જો તારામાં અસૂયા નિર્માણ થતી હોય તો તું ગૃહસ્થાશ્રમી નથી. તારે તેજસ્વી બનવાનું

છે. ભોગલંપટતા નિસ્તેજતા લાવે છે. ભોગલંપટતા હોય કે ફલાણી વસ્તુ મને જોઇએ જ—એવો આગ્રહ આવે. પછી તે વસ્તુ મેળવવા માટે પૈસા હોય તો ખરીદવાની, પૈસા ન હોય તો ઉછીની લેવાની અને ઉછીની ન મળે તો ચોરવાની વૃત્તિ પ્રબળ બને છે. એટલે કે ગમે તે રસ્તે તે વસ્તુ મેળવવાની. આમાં નિસ્તેજતા આવે છે. સંસારમાં નિસ્તેજતા ન આવવી જોઇએ.

વેદમાં વિવાહસૂક્તો સારામાં સારાં છે, પરંતુ, વિવાહ કરવાવાળાને વિવાહસૂક્તની કિંમત નથી, આઇસ્ક્રીમની કિંમત છે. તેથી તેઓ આઇસ્ક્રીમના નમૂનાઓ મંગાવીને નક્કી કરે છે કે ક્યો આઇસ્ક્રીમ લેવાનો—લગ્ન કરાવવાવાળા ગોરમહારાજને પણ વિવાહસૂક્તની કિંમત ખબર હશે કે નહિ, કોને ખબર! આ દુઃખની વાત છે.

વેદમાં શું શું માગ્યું છે! **अधोरचक्षुषाशिवा सुमनसा.....** આ બધા ગુણો લાવવાના છે. પ્રેમ કેવળ શરીર ઉપર રાખવાનો નથી. શરીર તો ઉંમર વધ્યા પછી કદાચ રોગોથી કુરુપ પણ થઇ જશે. તો શું પ્રેમ ચાલ્યો જશે? લગ્ન કરતી વખતે શરીર જેટલું સુંદર હશે તેટલું સુંદર વર્ષો બાદ ન પણ રહે, તો શું પ્રેમ ચાલ્યો જશે? પ્રેમ કેવળ શરીર પર નહિ, અંદર પડેલી શક્તિ-આત્મા ઉપર કરવાનો છે. પતિ જો કેવળ દેહપૂજક હોય તો પત્નીને તે અપમાનજનક લાગવું જોઇએ. વેદોની આ કેટલી તેજસ્વી વિચારધારા છે! માનવ એ કંઇ કેવળ માટીનો ગોળો નથી, તેની અંદર એક આત્માની જ્યોતિ છે. જેમ ફાનસમાં એક જ્યોતિ હોય છે તેમ માનવદેહમાં પણ એક જ્યોતિ છે, આ વર-વધૂને સમજાવવાનું છે.

પતિ-પત્નીમાં એકતા હોવી જોઇએ. રામ વનવાસમાં જવા નીકળ્યા તો સીતાએ કહ્યું કે હું પણ તમારી જોડે આવું છું. હરિશ્ચંદ્રે પાણી મૂકી રાજ્ય છોડી દીધું અને ચાલવા લાગ્યા તો તેમની સાથે તારામતી પણ નીકળી ગઇ. તેણે હરિશ્ચંદ્રને એમ ન કહ્યું કે પૈતૃક પરંપરાથી આવેલું રાજ્ય બીજાને આપી દેવાનો સંકલ્પ કરવાનો તમને કાયદેસર અધિકાર નથી. તેમની જોડે રોહિદાસ પણ ચાલી નીકળ્યો. નહિ તો રોહિદાસ ઉચ્ચ ન્યાયાલયમાં જઇને કહી શકત કે રાજ્ય કંઇ હરિશ્ચંદ્રે કમાવ્યું નથી, પરંપરાથી રાજ્ય ચાલ્યું આવે છે તો તેના ઉપર મારો પણ અધિકાર છે! આવું રોહિદાસે પણ કહ્યું નથી બધા સભ્યો એક વિચારના થયા હોય તેને જ કુટુંબ કહેવાય. ચાર દિવાલો ઊભી કરી એટલે શું કુટુંબ કહેવાય? કુટુંબમાં સૌ પ્રથમ વિચારની એકતા હોવી જોઇએ, એકબીજા ઉપર ભાવપૂર્ણ પ્રેમ હોવો જોઇએ.

કુટુંબનો વિચાર કરતી વખતે મારી આંખની સામે એક બ્રાહ્મણ-કુટુંબ આવે છે. પાંડવો લાક્ષાગૃહમાંથી જીવતા બહાર નીકળી ગયા, ત્યારબાદ તેઓ એક ગામમાં એક બ્રાહ્મણના ઘરે રહ્યા. તે ગામ ઉપર એક આપત્તિ હતી. ગામે બકાસુર સાથે કરાર કર્યો હતો તે મુજબ દરરોજ પ્રત્યેક ઘરમાંથી એક માણસે બકાસુર પાસે જવાનું હતું. તે માણસને બકાસુર ખાઇ જતો. જે ઘરમાં પાંડવો રહેવા આવ્યા હતા તે જ ઘરનો આજે વારો હતો. બકાસુરનું બલિદાન બનવા કોણ જાય તેની રાત્રે ઘરમાં ચર્ચા ચાલતી હતી.

સૌ પ્રથમ ઘરનો મુખ્ય માણસ બ્રાહ્મણ હતો, તે પત્નીને કહેતો હતો કે આવતી કાલે આપણો વારો છે તો હું જ સવારના પ્રહરે બકાસુર પાસે જઇશ, કારણ, મારા ગયા બાદ છોકરાઓ અનાથ

નહિ થાય. તેઓ તને પણ સંભાળશે અને ખેતી વગેરેનું કામ પણ સંભાળશે. વાત ખરી છે. મા મરી ગયા પછી છોકરાઓ તરફ અનાથની દૃષ્ટિથી જોવાય છે; પરંતુ બાપ મરી જાય તો છોકરાઓ 'બિચારા!' બનતા નથી. મૃત્યુ આંખની સામે દેખાય છે ત્યારે પણ બ્રાહ્મણ હિંમતથી કહે છે કે હું આવતી કાલે મરવા જઇશ. તમે બધાં સંભાળીને સુખથી રહેજો.

પત્નીએ કહ્યું કે તમારે જવાની શી જરૂર છે? મારે જ સૌભાગ્યવતી સ્થિતિમાં મરવું છે, તેથી હું જ જઇશ. તમારે તો ઘરમાં જ રહેવાનું છે, કારણ, તમે હશો તો છોકરાને અને છોકરીને યોગ્ય શિક્ષણ મળશે, સંસ્કાર પણ મળશે. મારાથી એ બધું થાય નહિ, તેથી હું જ આવતી કાલે જઇશ.

છોકરાએ કહ્યું: 'અરે! સંતાન પેદા થયા પછી જો તે મા-બાપનું દુઃખ દૂર ન કરી શકે તો તેનું જીવન વ્યર્થ છે, તેને સંતાન પણ ન કહેવાય. મારે તો સુપુત્ર થવું છે. હું જીવતો રહું અને તમે જાઓ તો હું પુત્ર શાનો? જે માઁ-બાપને સંભાળી ન શકે તે પુત્ર જોઇએ શા માટે? તેથી તમારામાંથી કોઇએ જવાનું નથી. હું જ આવતી-કાલે સવારે બકાસુર પાસે જઇશ.'

આ સાંભળીને છોકરીએ કહ્યું કે 'એવું કેમ થાય? તું તો આ ઘરનો કુલદીપક છે. તારાથી જવાય જ નહિ. માઁ-બાપને જવાની જરૂર નથી. હું તો આમ પણ બીજાના ઘરે જવાની છું, તો પછી હું જ બકાસુર પાસે જઇશ.'

આ બધી વાતો કુંતામાતા સાંભળતાં હતાં. તેમની આંખમાં આંસુ આવ્યાં. તેઓ જે ઓરડામાં બેઠાં હતાં તે ઓરડામાં જઇને કુંતામાતાએ કહ્યું: 'તમારે કોઇએ પણ જવાની જરૂર નથી. તમારા બદલે મારો ભીમ જશે. મારે તો પાંચ છોકરા છે.'

આ ચિત્ર જોઇને મને એમ લાગે છે કે આનેજ કુટુંબ કહેવાય. કુટુંબ ઉપર આપત્તિ આવી છે, એક જણાએ મરવા જવાનું છે તો બધા વચ્ચે મરવા જવાની હરિફાઇ ચાલે છે!

ગૃહસ્થાશ્રમમાં પાવિત્ર્ય છે, પ્રેમ છે. માનવજીવનમાં આવો ગૃહસ્થાશ્રમ ઊભો થવો જોઇએ.

અહીં એક પ્રશ્ન થાય છે કે ગૃહસ્થાશ્રમની શી આવશ્યકતા છે? ભગવાન તેના ઉપર જોર શા માટે આપે છે? બીજો કોઇ બોલે તો સમજી શકાય; પરંતુ આધ્યાત્મિક ગ્રંથમાં ગૃહસ્થાશ્રમનું આટલું મહત્ત્વ ભગવાન શા માટે કહે છે? બીજો પ્રશ્ન એ છે કે આવો આદર્શ ગૃહસ્થાશ્રમ ટકશે ખરો? વિચાર કરવાવાળાના મગજમાં આ વિચાર જરૂર આવે. ગૃહસ્થાશ્રમ ટકે એટલા માટે આપણે કંઇ પગલાં લઇએ છીએ? કે પછી ગૃહસ્થાશ્રમને સળગાવી દેવાનો આપણો પ્રયત્ન ચાલે છે?

ભગવાને અને ઋષિઓએ ગૃહસ્થાશ્રમને આટલું બધું મહત્ત્વ શા માટે આપ્યું છે? વિવાહ-લગ્નને પવિત્રમાં પવિત્ર માન્યો છે. લગ્ન થયા કે તરત સ્ત્રી-પુરુષને વધૂ-વર માનતા નથી, લક્ષ્મી-નારાયણરૂપ માનવામાં આવે છે અને તેમને નમસ્કાર કરવામાં આવે છે. વૈદિક કાળમાં વિવાહસંસ્કારને આટલું મહત્ત્વ કેમ આવ્યું? તેની આવશ્યકતા શું? આનો વિચાર કરવો જોઇએ. આપણે બધા ગૃહસ્થાશ્રમી છીએ તેથી આપણે તો તેનો વિચાર કરવો જ જોઇએ. આ બન્ને પ્રશ્નો

મૌલિક છે.

વીસમી સદીને ક્રાંતિની સદી માનવામાં આવે છે. જૂનાકાળનાં રાજ્યો અને સામ્રાજ્યો પડી ભાંગ્યાં છે. સામ્રાજ્યના પાયાથી પણ વધારે મજબૂત અને દૃઢ પાયા સમાજના અને મૂલ્યોના હચમચી ગયા છે. વિજ્ઞાન વધવાથી ઇશશ્રદ્ધા પણ ઢીલી થવા લાગી છે. તેના કારણે ધર્મનું અધિષ્ઠાન પણ અસ્થિર બની ચૂક્યું છે. માનવસમાજ ક્યા કાળમાં જઇ રહ્યો છે તેના સંબંધમાં વિચાર કરવાવાળા લોકો અહીં પાઠશાળામાં આવે છે. તેઓ વિચારે છે અને કંઇક કરે પણ છે. આજે બધાં મૂલ્યો અસ્થિર બની ગયાં છે. ધર્મ જેટલી જ જૂની ગૃહસંસ્થા ખતમ થશે કે શું? એવી ભીતિ પેદા થઇ છે. એક તરફ વૈદિકોએ ગૃહસ્થાશ્રમનો આગ્રહ રાખ્યો છે અને બીજીતરફ, આજે ગૃહસંસ્થા પડી ભાંગશે કે શું એવી ભીતિ નિર્માણ થઇ છે.

કન્વર્ટન (Converton) નો 'Bankruptcy of marriage' અને ડેનલેસ (Denless) નો 'Revolt of modern youth'—આ બન્ને ગ્રંથો અભ્યાસ કર્યા પછી લખેલા ગ્રંથો છે. આ ગ્રંથો પછી યુરોપ અને અમેરિકામાં ગૃહસંસ્થાની શી દશા થઇ છે તે ખબર પડે છે. આ બન્ને લેખકો અભ્યાસુ છે, ચિંતક છે અને તેઓ ગૃહસંસ્થા ત્યાં કેવી નષ્ટ થતી જાય છે તેની સ્પષ્ટ કલ્પના આપે છે. તેઓ કહે છે કે ન્યુયોર્કમાં લાખો ગર્ભપાત થાય છે. અમેરિકામાં દસમાંથી આઠ લગ્નવિચ્છેદ થાય છે. હજારો વર્ષ સુધી સ્થિર રહેલી વિવાહસંસ્થા રસાતળમાં જઇ રહી છે એવું તેમને લાગે છે. તેનું વિવેચન અને તેની કારણમીમાંસા રસેલે લખી છે. તે કારણમીમાંસા બહુ જ સારી છે.

રસેલ કહે છે કે ગૃહસંસ્થાના પાયા હચમચી ગયા છે. તેનાં છ કારણો છે. પહેલું કારણ એ છે કે સ્ત્રી વસ્તુ મટીને વ્યક્તિ બની ચૂકી છે. હવે તે ઘરની શોભાની વસ્તુ ન રહેતાં તે વ્યક્તિ બની છે. તેને સ્વતંત્ર અસ્તિત્વ આવ્યું છે, આ પહેલું કારણ છે.

બીજું કારણ, સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય મળ્યું છે; આ રસેલ કહે છે, હું નથી કહેતો. સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય હોવું જોઇએ કે નહિ તે ચર્ચા નકામી છે. બે ટકા સ્ત્રી માટે આવી ચર્ચા છે. ખેતી કરનાર એંસી ટકા પ્રજામાં બધી સ્ત્રીઓ કામ કરે જ છે. રસેલે ગૃહસંસ્થા તૂટવાનું એક કારણ એ આપ્યું છે કે સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય મળ્યું છે. ત્રીજું કારણ તેણે આપ્યું છે કે સમાગમ થયા પછી પણ ગર્ભસંભવ ટાળવાની યુક્તિ વિજ્ઞાને આપી છે. તેના કારણે ગૃહસંસ્થાનો પાયો હચમચી ગયો છે. ચોથું કારણ એ છે કે પહેલાં પુરુષ વીસમે વર્ષે દ્રવ્યાર્જનની શરૂઆત કરતો હતો તે હવે ત્રીસમે વર્ષે દ્રવ્યાર્જન કરે છે. પરિણામે સમાગમની ઇચ્છા અને તૃપ્તિમાં અંતર વધી ગયું છે. વિવાહવિચ્છેદન સહેલાઇથી થઇ શકે છે આ પાંચમું કારણ છે. છઠ્ઠું કારણ એ છે કે અપત્યસંગોપનનું કામ શાસને હાથમાં લીધું છે. આ છ કારણોને લીધે ગૃહસંસ્થાના પાયા હચમચી ગયા છે.

કોઇપણ ચિંતકે કેવળ આજનો જ વિચાર કરવાનો હોતો નથી. ભવિષ્યમાં શું થશે અને માનવજાતને શાનાથી ટેકો મળશે તેનો વિચાર પણ ચિંતકોએ કરવો જોઇએ. રસેલે ગૃહસંસ્થાને હચમચાવનાર છ કારણો આપ્યાં છે. આ કોયડા કેવળ અમેરિકા અને યુરોપ પૂરતા મર્યાદિત

નથી રહ્યા, તેમાંના એંસી ટકા કોયડા ભારતમાં પણ છે. આખા વિશ્વમાં એક જ સમસ્યા આવે છે. ગૃહસંસ્થાના પાયામાં ઘણાં કારણોથી સુરંગ લાગી છે. એક રશિયા જ એવો દેશ છે કે જેને ગૃહસંસ્થા ભાંગી પડે તેની ચિંતા નથી. એનું કારણ ગૃહસંસ્થા નષ્ટ થાય તો સારું એવું માનવાવાળા તે લોકો છે. શા માટે? સમાજસંસ્થામાં ગૃહસંસ્થા એક જુદું ખાનું (pocket) છે. આવું ખાનું ઊભું થાય તો તેમને નડતર થાય છે. તમારે જો સમાજવાદી પદ્ધતિ અપનાવવી હોય તો કુટુંબસંસ્થા–પરિવારસંસ્થાની જડ કાઢી નાખવી જોઇએ. ગૃહસંસ્થા જેટલી જલદી નષ્ટ થાય તેટલું સારું એવું તેમને લાગે છે.

ગૃહસંસ્થામાં માણસ આત્મકેંદ્રિત (egocentric) બને છે. તેના લીધે માણસ વ્યક્તિવાદી થાય છે અને તે સમાજને હાનિકારક છે. સમાજધારણા, સમાજવ્યવસ્થા, સમાજસંસ્થા ટકાવવા માટે ગૃહસંસ્થાનું બલિદાન આપવું પડે તો આપવું જોઇએ એવી રશિયાની માન્યતા છે.

કોઇપણ સંસ્થા ટકશે કે ખતમ થશે તેનો વિચાર કરવાની એક પદ્ધતિ છે. ગૃહસંસ્થા પ્રાચીન-પુરાતન છે. જે કારણથી સંસ્થા અસ્તિત્વમાં આવી છે તે કારણ જો અવિનાશી હોય તો તે સંસ્થા અવિનાશી રહેશે, તૂટશે નહિ. હવે ગૃહસંસ્થાના પાયામાં કારણ શું છે? ગૃહસંસ્થા નિર્માણ થવાનાં ત્રણ કારણો હોવાં જોઇએ. તેમાં પ્રથમ કારણ છે સમાગમસુખની અભિલાષા, બીજું કારણ છે પ્રજાનિર્મિતિનું સુખ અને ત્રીજા કારણનો આપણે વિચાર કરવાનો છે.

સનાતની વૃત્તિથી વિચારવાવાળા લોકો સનાતની જ છે. તેમાં કેટલાક લોકો વિના વિચારે વિચારવાવાળા લોકો હોય છે અને કેટલાક વિચાર કરીને વિચારવાવાળા લોકો હોય છે. પુરાણા લોકો કોઇ 'શારીરિક સુખ' બોલે તો પણ ગરમ થાય છે. તેઓ શારીરિક સુખ ઘૃણાસ્પદ, લજ્જાસ્પદ અને નિંદનીય માને છે. સ્ત્રીસમાગમ નિંદ્ય છે, અપવિત્ર છે, એટલું જ નહિ, એની ઇચ્છા પેદા થાય તે પણ એક પાપ છે એવી એક વિચારધારા સમાજમાં દઢ થઇ હતી. ઇસાઇ લોકોએ અને બુદ્ધે પણ આ વિચારધારાને પ્રાધાન્ય આપ્યું હતું. ઇસાઇ ધર્મ તો સંન્યાસીધર્મ છે. તે અગતિકતાથી કેટલીક વાતો સ્વીકારે છે, બીજું કંઇ નહિ. મજબૂરીથી પ્રજોત્પાદનાર્થે સ્ત્રીસમાગમ સ્વીકારવો જોઇએ એવું તે લોકો માને છે.

વચમાંના કાળમાં **स्त्री ताडन के अधिकारी......** એવી માન્યતા આપણા દેશમાં આવી ગઇ હતી. તેમાં તેમણે સ્ત્રીઓનો અધિકાર ઉડાવી દીધો હતો. વૈદિક વિચારોની પકડ છૂટી ગઇ અને પૌરાણિકોના વિચારોની પકડ આવી ગયા બાદ મજબૂરીથી પ્રજોત્પાદનાર્થે સ્ત્રીસમાગમનો સ્વીકાર કરવામાં આવ્યો. **प्रजनार्थ स्त्रीया सृष्टा**–આ માન્યતાને આધારે જ હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટ ચુકાદો આપતી હતી. પરિણામે પૌરાણિકોની માન્યતા **प्रजनार्थ स्त्रीया सृष्टा** મુજબ પ્રજોત્પાદનાર્થ સ્ત્રીની માન્યતા હતી. નવયુવાનને કેવળ પ્રજોત્પાદન (Procreation) માન્ય નહતું. તે ગૃહસંસ્થા મનોરંજન (Recreation) માટે છે એવું માનતો હતો. પુરાણા-જૂના લોકો કહે છે કે આજના છોકરાઓ બગડી ગયા છે. તેના ટેકામાં તેઓ કહે છે કે કાલિદાસ પણ રઘુવંશમાં **'प्रजायैगृहमेधिनाम्'** 'પ્રજનાર્થ ગૃહસંસ્થા' એમ કહે છે. પરંતુ, તે જ કાલિદાસે રઘુવંશમાં આગળ વર્ણન કરતા કહ્યું છે કે–

शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
वार्धक्ये मुनिवृत्तिनां योगेनान्ते तनुत्यजाम् ॥ (रघु. १/८)

(બાળપણમાં સમસ્ત વિદ્યાનો અભ્યાસ કરવાવાળા, યુવાવસ્થામાં ભોગની અભિલાષા રાખવાવાળા, વૃદ્ધાવસ્થામાં મુનિવૃત્તિ રાખવાવાળા અને અંતમાં યોગથી શરીરત્યાગ કરવાવાળા રઘુવંશી રાજાઓ હતા.)

પ્રથમ વાત એ છે કે વિષયાનંદ—સુખ, એ ઉત્તમ પ્રકાર અને પ્રજોત્પાદન ગૌણ—મજબૂરીથી સ્વીકારવું જોઇએ એવું નવા લોકો કહે છે. નવા યુવાનો નિર્ભયતાથી કહે છે કે જૂના લોકો અગતિકતાથી સ્ત્રીસમાગમને માન્યતા આપે છે. કૌટુંબિક જીવન ગૌણ માનવામાં આવે છે આ દુ:ખની વાત છે. નવયુવાન કહે છે કે ગૃહસંસ્થામાં મનોરંજન પહેલું અને પ્રજોત્પાદન પછી. એક વર્ગ કહે છે કે વિષયાનંદ અથવા સમાગમનો આનંદ પ્રમુખ છે અને પ્રજોત્પાદન ગૌણ છે. ત્યારે બીજો વર્ગ કહે છે કે સ્ત્રીસમાગમ પ્રજોત્પાદનાર્થે મજબૂરીથી સ્વીકારવો જોઇએ. બધાં લગ્ન કરે છે, લગ્ન કર્યા વગર કોઇને ચાલશે નહિ તેથી લગ્ન કરે છે; પરંતુ લગ્ન કરવાં એ સારી વાત નથી, એમ તેઓ કહે છે.

કૌટુંબિક જીવન જીવવાવાળા લોકોમાં પણ અપરાધી મનોવૃત્તિ નિર્માણ થાય છે કે નૈષ્ઠિક બ્રહ્મચારી, સંન્યાસી, મારા કરતાં ઘણો મોટો કહેવાય. તે આધ્યાત્મિક થઇ શકે, હું કેવી રીતે આધ્યાત્મિક થઇ શકું? હું તો સંસારી છું. આવી રીતે સંસાર બધા કરે છે પણ તેને ગૌણ માને છે. આ વિચારધારા ગૃહસંસ્થાને હચમચાવે છે. જો ગૃહસંસ્થાનો અસ્વીકાર ઉચ્ચ હોય તો લગ્ન કરવાની ના પાડો.

વેદોએ, ઋષિઓએ, ગૃહસંસ્થાને પવિત્ર માનીને તેનો આગ્રહ રાખ્યો છે. એટલું જ નહિ, આપણા વૈદિકોએ તો નિશ્ચિત કર્યું છે કે ગૃહસ્થાશ્રમ લીધો હોય તે જ સંન્યાસી થઇ શકે. જેણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યા વગર સીધો જ સંન્યાસાશ્રમ સ્વીકાર્યો હોય તે અધાર્મિક છે એવું ઠરાવ્યું છે, આને લીધે જ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યને કેટલી તકલીફોનો સામનો કરવો પડયો હતો! ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યા વગર—ત્રિઋણમાંથી મુક્ત થવાતું નથી અને **ऋणानि त्रीण्यपाकृत्य** થયા વગર સંન્યાસ લેવાય નહિ.

વિષયાનંદની લજ્જાસ્પદતા કાઢી નાખીને પ્રતિષ્ઠાનો સિક્કો મળવો જોઇએ. આવો સિક્કો શ્રીકૃષ્ણ ભગવાને માર્યો છે. કોઇપણ તત્ત્વજ્ઞ કે તત્ત્વજ્ઞાની છાતી પર હાથ રાખીને હિંમતથી બોલી ન શક્યો તે વાત શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં હિંમતથી કહી છે: **'धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ**—ધર્મથી અવિરુદ્ધ એવો કામ એ મારી વિભૂતિ છે.' આને લીધે 'કામ'ને પ્રતિષ્ઠા મળી છે. આવું કહેવાની હિંમત એક જ તત્ત્વજ્ઞ, દાર્શનિકની છે અને તે એટલે શ્રીકૃષ્ણ! એનું કારણ, શ્રીકૃષ્ણ વૈદિક તત્ત્વજ્ઞાન કહે છે.

જ્યાંસુધી કામને નિંદ્ય અને ત્યાજ્ય સમજશો ત્યાંસુધી મનોવૃત્તિ વિકૃત થશે. હું કંઇક ઓછો છું, એવી એક મનોવૃત્તિ પેદા થાય છે. આ મનોવૃત્તિ ખોટી છે. તેના લીધે ગૌણત્વ આવી જાય છે. ગૃહસંસ્થામાં જે નિંદાસ્પદતા અને અનાધ્યાત્મિકતા લાગે છે તે કાઢી નાખશો તો પ્રેમ અને

ભાવનાથી બે જીવો સમરસ થાય એવો સંભવ છે. ગૃહસંસ્થામાં મનોવૃત્તિ મક્કમ હોવી જોઇએ. વાસ્તવમાં, સ્રીસમાગમ અથવા ગૃહસંસ્થા કેવળ ભૌતિક નથી, તે આધ્યાત્મિક્તામાં પણ બાધારૂપ નથી. આપણો એક પણ ઋષિ એવો નથી કે જેને ઋષિપત્ની નથી. શું તેમની સમાધિ લાગી નહિ? કે તેમને મુક્તિ મળી નહિ? તેમાં ખતરો જરૂર છે. શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે: **धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ।** આનો અર્થ અનિર્બદ્ધ કામની છૂટ નથી, પરંતુ, તે નિંદ્ય નથી, ત્યાજ્ય નથી અને તિરસ્કરણીય નથી. ઊલટું, વૈદિક ઋષિઓએ તો લગ્ન-વિવાહસંસ્થાને મહત્ત્વ આપ્યું છે અને તેનું બહુ મોટું મૂલ્ય ઊભું કર્યું છે. **ऋणानि त्रीण्यपाकृत्य**–ત્રિઋણમાંથી મુક્ત થયા વગર સામાન્ય માણસ સંન્યાસી થઇ ન શકે એવો આગ્રહ રાખ્યો છે. આ વિચારવા જેવી વાત છે.

અધ્યાત્મમાં, મેં ગૃહસંસ્થા સ્વીકારી છે તેથી ઓછો છું, મને લગ્ન કરવા પડયા તેથી મેં કર્યા, બધાં લગ્ન કરે છે તેથી મેં કર્યા, હું કુટુંબ ચલાવું છું તેથી ઓછો છું એવું માનવું ખોટું છે. હું 'ઓછો-નાનો' હોઇશ, તેમાં લપસવાનો સંભવ છે; પરંતુ, લગ્ન ન કરવામાં પણ લપસવાનો સંભવ છે જ. બુદ્ધિ સ્થિર રાખીને, ભગવાન કહે છે તેમ: **'बुद्धियोगमुपाश्रित्य मच्चित्त सततं भव'**–એવા થવું જોઇએ. કૃષ્ણ ભગવાને છાતી પર હાથ રાખીને કહ્યું છે કે **धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ।** મેં તો વૈશ્વિક તત્ત્વજ્ઞાનીઓની સામે પણ કહ્યું કે જે વિવાહસંસ્થા બધા સ્વીકારે છે, જે બધાને માન્ય છે, તેને ગૌણત્વ આપવામાં આવે એ ખોટું છે. તેમાં માનવ્યનું કલ્યાણ નથી. આપણને એક વ્યક્તિનો વિચાર કરવાનો નથી, સમસ્ત માનવજાત માટે વિચારવાનું છે.

ગૃહસંસ્થા માટે બીજું તત્ત્વ છે–સુપ્રજાનિર્મિતિ. આ તત્ત્વ સ્વીકારવામાં આવે તો ઉંમર, આરોગ્ય અને કર્તૃત્વનો વિચાર કરવો પડશે. આ વિચાર અમલમાં આવે તો સોમાથી માત્ર દશ જણાને પરણવાની છૂટ મળશે તેનાથી વધારે નહિ. લગ્ન કરવા માટે પ્રમાણપત્ર કે પરમીટની જરૂર પડશે. તે કદાચ ધાર્મિક પરમીટ હશે પણ તેના વગર લગ્ન ન કરી શકે એવું હોવું જોઇએ. જૂનાકાળમાં તેવું હતું પણ ખરું, તેથી જ કૌત્સ રઘુરાજા પાસે આવ્યો ત્યારે રઘુરાજા તેને પૂછે છે:

अपि प्रसन्नेन महर्षिणां त्वं सम्यग्विनीयानुमतो गृहाय ।
कालो ह्ययं संक्रमितुं द्वितीयं सर्वोपकारक्षममाश्रमं ते ॥ (रघु. ५/१०)

(તારાથી પ્રસન્ન થઇને મહર્ષિ વરતંતુએ તને સારી પેઠે શિક્ષણ આપીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે અનુજ્ઞા આપી કે? કેમકે બધા આશ્રમોને ઉપકારક્ષમ જે ગૃહસ્થાશ્રમ છે તેમાં પ્રવેશ કરવાનો તે જ સમય છે).

વિકારશમન અને સુપ્રજાનિર્મિતિ આ બે કારણસર જ ગૃહસંસ્થા નિર્માણ થઇ નથી. ગૃહસ્થાશ્રમ એ એક માનસિક આવશ્યકતા છે. કેવળ મારો ઉત્કર્ષ જોઇને આનંદ માનવાવાળી, મારા અપકર્ષમાં દુઃખી થવાવાળી, મારા સુખદુઃખમાં ભાગ લેવાવાળી, મારા મરી ગયા પછી પોતાનું જીવન જેને વ્યર્થ લાગે એવી, મારામાં અને મારા ભાવમાં સમરસ થવાવાળી એક વ્યક્તિ મારી સાથે છે, આવો એક પરાકાષ્ઠાનો આનંદ માણસને જોઇએ છે! તેના લીધે મનને પુષ્ટિ મળે છે. 'હું કોઇનો છું' કે 'હું કોઇની છું' આજ આનંદની વાત છે. પોતાના ઉપર કોઇને અનન્ય પ્રેમ છે આ કલ્પના જ સુખ આપવાવાળી છે.

મનોમિલન વગરના શરીરમિલનમાં વેશ્યાવૃત્તિ છે. પરંતુ, શરીરમિલન વગર મનોમિલન કરવું સામાન્યને માટે કદાચ અશક્ય છે. કેવળ મનોમિલન કરવું એ તો મહાપુરુષોને શક્ય છે કે જે **મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિત્**—હજારોમાંથી એકાદને શકય છે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જેવા તો વૃક્ષ ઉપર પણ વાત્સલ્ય રેડી શકે છે. સામાન્ય માણસોને માટે તે શક્ય નથી.

હું માંદો હોઉં તો નર્સ મારી સારી સંભાળ લે છે, પણ તે હૉસ્પિટલમાં જે દર્દીઓ છે તેમની બધાની સારસંભાળ લે છે. તેમાં કંઈ આનંદ નિર્માણ થતો નથી. કદાચ નર્સ પત્ની કરતાં પણ વધારે સંભાળ લેતી હોય એ શક્ય છે; પરંતુ હું જોઉં છું કે નર્સ બીજા પચાસની પણ સારસંભાળ લે છે. પોતાના ઉપર કોઈનો અનન્ય પ્રેમ છે એવી લાગણીનો અનુભવ માનવી જીવનમાં આવશ્યક વાત છે, તેથી જ માનવી જીવનમાં ગૃહસ્થાશ્રમનો સ્વીકાર આવશ્યક છે.

ગૃહસ્થાશ્રમ વગર સંન્યાસ લેવો એ અધાર્મિક છે એવું વૈદિકોએ કહ્યું છે. વિવાહસંસ્થા ઉપર અનાધ્યાત્મિકતાનો સિક્કો લાગ્યો છે તેથી બધા જ વિવાહ કરે છે પરંતુ, વિવાહને ગૌણ માને છે. સંસાર કરવામાં ગૌણત્વની જે અપરાધી મનોવૃત્તિ માણસના મનમાં રહે છે, તે ગૃહસંસ્થામાં સુરંગ ચાંપે છે.

બીજી સુરંગ સમાજવાદી વિચારધારાની છે. તેઓ કહે છે કે અનન્ય પ્રેમ એ ખોટી પરિભાષા છે. અનન્યપ્રેમની ભાષા આવી કે મત્સર અને અસૂયા નિર્માણ થાય છે. એક ચિંતકે Men and their motives નામનું પુસ્તક લખ્યું છે. તે વાંચવા જેવું છે. તેનું કહેવું છે કે સ્વાતંત્ર્ય અને સમતાનો તમે સ્વીકાર કરો તો મત્સરને અને અસૂયાને સ્થાન નથી; અને અનન્યપ્રેમમાં મત્સર અને અસૂયાને સ્થાન મળે છે, તેથી અનન્યપ્રેમની ભાષા જ ખોટી છે.

ફુગેલ (Fuigel) કહે છે કે સ્વાતંત્ર્ય અને સમતાનો સ્વીકાર કર્યા પછી કોઈપણ વ્યક્તિને, કોઈ એક વ્યક્તિને પ્રેમ કરવાનો અધિકાર જ નથી. એક જ વ્યક્તિ પર પ્રેમ કરવામાં સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું? સમતા ક્યાં રહી? રશિયા જેવા દેશમાં આ માકર્સવાંદી વિચારધારા નથી, પરંતુ, તેની સાથે જ દોડવાવાળી આ વિચારધારા છે, તેથી જ તો તેમણે પ્રથમ ગૃહસંસ્થાને તોડી નાખી. ત્યારબાદ ફરીથી અગતિક થઈને ગૃહસંસ્થાનો સ્વીકાર કર્યો. આવી રીતે ત્યાં વિચારોની ચડતી-પડતી થયેલી દેખાય છે, એનું કારણ, તે દેશમાં માનવની ઉપર એક પ્રયોગ ચાલતો હતો. જે દેશની લેબોરેટરીમાં આ પ્રયોગ થઈ ચૂકયો છે તે દેશમાં ગૃહસંસ્થામાં આ બધો કચરો લાવવાની શી જરૂર છે? આ દેશમાં વિચારવંત અને ચિંતકોએ આ પ્રયોગ કરી લીધો છે.

ફયુગેલના Men and their motives ગ્રંથમાં તે વાત કહેવામાં આવી છે. ફયુગેલ બહુ મોટા તત્ત્વચિંતક અને વિચારક છે. તેવી જ રીતે William Lived—વિલીયમ લાઈવ્હડ્ નું Sex in civilization નું પુસ્તક છે. તે પણ એમ જ કહે છે કે અનન્યનિષ્ઠાના પ્રેમમાં સ્વાર્થ છે, એટલું જ નહિ, સ્ત્રી એક વસ્તુ છે અને તે પશુવત્ છે એવી કલ્પના તમે દઢ કરો છો. તેના લીધે જ મત્સર અને અસૂયા નિર્માણ થાય છે. સ્ત્રીમાં એકનિષ્ઠા નિર્માણ કરવી એ યોગ્ય વાત નથી. તમે તેનો પ્રેમ કરવાનો અધિકાર ઝૂંટવી લો છો. હેવેલોક એલીસે—Hevallock Ellice —પણ લગભગ એવું જ લખ્યું છે. તેના Psychology of sex ના ગ્રંથમાં તમે વાંચશો તો સ્વચ્છંદી

લોકોએ તો સ્વૈરવિહાર (free sex) ને, સ્વૈરાચાર (permissive sex) ને માનવજીવનની એક આવશ્યકતા માની છે. બીજી બાજુ, મેકડુગલ—MacDugall—નું Character and conduct નામનું પુસ્તક છે. તેમાં તે લખે છે કે માનસશાસ્ત્રની દૃષ્ટિએ જે પ્રેમની અસૂયા ન થાય તે પ્રેમ ફોકટ છે. તે ગધેડાનો પ્રેમ છે, માનવનો નહિ. અનન્યપ્રેમ કે નિષ્ઠાની અસૂયા નિર્માણ થવી જ જોઇએ. જો અનન્યનિષ્ઠાનો પ્રેમ ન હશે તો જીવન નિરસ, નિષ્ફળ અને નિરર્થક લાગશે. માનવને સુખ-દુ:ખમાં, રાગ-દ્વેષમાં કોઇ સહભાગી જોઇએ. અનન્યનિષ્ઠા આવી સમરસતા નિર્માણ કરે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ બીજાના સુખ-દુ:ખમાં સમરસ થવું કઠણ છે, તે સંતોને અને મહાપુરુષોને શકય થશે. તેવા અલૌકિક લોકોની વાત જુદી છે. સામાન્યોને માટે તે શક્ય નથી, એનું કારણ, તેના મનને તેવું શિક્ષણ નથી. સામાન્ય માણસોની સમરસતા સમાગમમાં જ થાય એવી માન્યતા છે. મનની સમરસતા પણ થવી જોઇએ.

સમાજવાદી વિચારધારા પ્રમાણે અનન્યપ્રેમ આવ્યો કે તમે બીજા પર પ્રેમ કરવાની મનાઇ કરો છો. તેના લીધે તો મત્સર નિર્માણ થાય છે. જો અસૂયા અને મત્સર ઊભાં થતાં હોય તો સ્વાતંત્ર્ય અને સમતાને સ્થાન ક્યાં રહ્યું? દરેક વ્યક્તિને જેમ પ્રેમ કરવાની સ્વતંત્રતા છે, તેમ તોડવાની પણ સ્વતંત્રતા છે. આ કંઇ સામાંન્ય વાત નથી, બહુ વિચારવા જેવી વાત છે. આ બહુ જ ઊંડા પાણીનો, ગંભીર વિષય છે. લગ્નો થાય છે, પ્રજોત્પાદન થાય છે, આટલુ બોલીને નહિ ચાલે. માનવી જીવનની બધી ભાવનાઓ જોવી પડશે, બૌદ્ધિક દૃષ્ટિએ અને માનસ શાસ્ત્રની દૃષ્ટિએ તેના પર ગંભીર રીતે વિચાર કરવો પડશે.

ત્રીજું, કેવળ સમાગમસુખ અને સુપ્રજાને માટે વિવાહસંસ્થા નથી. તેનું એક માનસિક કારણ પણ છે. મારી સાથે કોઇ અનન્ય છે—'હું કોઇનો છું' કે 'હું કોઇની છું' આનો પરાકાષ્ઠાનો આનંદ છે અને તે શ્રેષ્ઠ આનંદ છે. 'હું એકલો જ છું, મારો કોઇ નથી, હું કોઇનો નથી,' આ વાત માણસના માનસશાસ્ત્રને પ્રતિકૂળ છે. મારા ઉત્કર્ષ-અપકર્ષના આનંદ-દુ:ખમાં કોઇ સહભાગી છે એમ લાગવું જોઇએ અને તે માનસિક આવશ્યકતા છે. અનન્યપ્રેમની આવશ્યકતા છે. રસેલ જેવા લોકો કહે છે કે અનન્યપ્રેમ હોવો જોઇએ અને મત્સર અને અસૂયા પણ હોવાં જોઇએ. એક કલાકમાં આ આખા વિષયને સ્પર્શ કરવો અતિશય કઠણ છે.

બે સુરંગો છે, છતાં ૠષિઓ ગૃહસંસ્થાનો આગ્રહ રાખે છે, એટલું જ નહિ, અવતાર પણ તેનો આગ્રહ રાખે છે. કામને પોતાની વિભૂતિ ગણાવનાર તત્ત્વજ્ઞાની, ભગવાન ન હોય તો બીજું કોણ હોય? કૃષ્ણ ભગવાન જ છે. તે પણ કહે છે કે ગૃહસ્થાશ્રમ લેવો જ જોઇએ. આપણે કૃષ્ણ ભગવાનના તુલસી સાથે લગ્ન કરીને તેને ગૃહસ્થાશ્રમ આપીએ છીએ. તે છતાં આપણે લગ્ન કરીએ તો તેમાં આપણને અનાધ્યાત્મિકતા લાગે છે!

ગૃહસ્થાશ્રમનું ભવિતવ્ય શું છે? એનો ભણેલા અને ચિંતનશીલ લોકોએ વિચાર કરવો જોઇએ. વીતરાગ ૠષિમુનિઓ અને અવતારોનો ગૃહસ્થાશ્રમનો જેટલો આગ્રહ છે તેટલો જ આગ્રહ સ્મૃતિકારોનો પણ છે. પૌરાણિક કાળ પહેલાં, ગૃહસ્થાશ્રમ તરફ જોવાની એક જુદી જ દૃષ્ટિ હતી. તે માનવી વિકાસ માટે આવશ્યક છે એમ લાગતું હતું. આ ગૃહસંસ્થાને પરિસ્થિતિની

સુરંગ લાગી છે; પરંતુ ગૃહસંસ્થાને એક આશ્રમ તરીકે માન્ય કરી છે. તે થયા વગર અધ્યાત્મ મળવું અશક્ય છે. શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધો સંન્યાસઆશ્રમ સ્વીકાર્યો તે કારણે તેમને કેટલી હેરાનગતિ ભોગવવી પડી? શંકરાચાર્ય એક વિભૂતિ હશે પરંતુ, તેમનો વિરોધ તો કરવો જ જોઇએ, એનું કારણ, સામાન્ય લોકો પણ તેમનું અનુકરણ કરે તો સમાજમાં કેટલી અવ્યવસ્થા ઊભી થાય? વિરોધ પણ જાણીબૂઝીને કરવામાં આવ્યો હતો એવો જેમના પર આરોપ છે તે જ નાંબુદ્રી બ્રાહ્મણોએ, પાછળથી શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યને માથે ચડાવ્યા હતા!

ગૃહસ્થાશ્રમમાં અનન્યનિષ્ઠા-અનન્યપ્રેમની માનસિક અને આધ્યાત્મિક આવશ્યકતા હોવાથી તેના માટે અવતારોનો પણ આગ્રહ છે. તે કંઇ વિષયલંપટ લોકોનો આગ્રહ નથી. માનવનું માનસશાસ્ત્ર જોઇને કૃષ્ણભગવાને હિંમતથી કહ્યું છે, **धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ-** કામને પોતાની વિભૂતિ ગણાવીને કૃષ્ણ ભગવાને, તત્ત્વજ્ઞાનના ગ્રંથ ગીતામાં તેનું સન્માન વધાર્યું છે. તેમણે પણ ગૃહસંસ્થામાં અનન્ય નિષ્ઠાના પ્રેમનો આગ્રહ રાખ્યો છે.

સમાજમાં સુપ્રજા થાય એ એક સારી વાત છે. સમાજમાં સુપ્રજા હોવી જોઇએ એવી સમાજની માગણી છે અને મારો પુત્ર સારો થવો જોઇએ એવી કુટુંબની માગણી છે. સમાજવાદી વિચારસરણીના લોકોને કુટુંબને તોડવાની જરૂર ક્યાં પડે છે તે જોઇએ. કુટુંબમાં છોકરો ગુણ, રૂપ, બુદ્ધિથી ઓછો હશે તો પણ તે 'મારો' છોકરો છે તેથી તેના પાલનપોષણની જવાબદારી મારી છે એમ સમજીને તેનો બાપ જવાબદારી ઉપાડે છે. તે પોતાના છોકરાની પાછળ ધન ખર્ચે છે. પણ તેના છોકરા કરતાં પડોશીનો છોકરો ગુણ, રૂપ અને બુદ્ધિથી સારો હોય તો તેના પર વિત્ત વાપરવામાં આવે તેમાં સમાજનું હિત સમાયેલું છે. તે દષ્ટિએ કુટુંબ અને સમાજ વચ્ચે વિરોધ ઊભો થાય છે. સમાજની ઇચ્છા એવી હોય છે કે જે સારો છોકરો હોય તેની પાછળ ખર્ચો થવો જોઇએ અને કુટુંબધારકની ઇચ્છા એવી હોય છે કે મારો છોકરો છે તેથી, તેની પાછળ મારે વિત્ત ખર્ચવું છે. આને લીધે જ કુટુંબનો એક ઘટ (block) બની જાય છે અને સમાજહિત ખતમ થઇ જાય છે, તેથી જ સમાજવાદી લોકોનો કુટુંબસંસ્થા સામે વિરોધ છે.

સમાજવાદી લોકો કુટુંબ તોડવા તૈયાર થાય છે તેની પછવાડે તેમની ચોક્કસ વિચારધારા છે. કેવળ સ્વચ્છંદતા નથી. સમાજમાં સુપ્રજા નિર્માણ થાય તો સમાજ સારો થાય. વેદાંતમાં 'મારો' શબ્દનો વિરોધ છે. તેમ સમાજવાદી વિચારધારામાં પણ 'મારો' શબ્દનો વિરોધ છે. રશિયાની વિચારધારા અને વેદાંત આ બાબતમાં નજીક આવ્યા હોય તેમ લાગે છે.

સમાજવાદી વિચારકો કહે છે કે ગૃહસંસ્થા સમાજહિતને મારે છે. અધ્યાત્મમાં ગૃહસંસ્થા આત્મહિત, આત્મિક વિકાસને મારે છે. આવું કહેવાવાળા બન્ને, ગૃહસંસ્થાના હત્યારા છે. આવી પરિસ્થિતિમાં આપણને ગૃહસંસ્થા સંબંધમાં વિચારવાનું છે. કૉલન હાઇડ (Collon Hyde) નામની સ્ત્રીલેખકે પણ તેના પર પ્રહાર કર્યા છે. પરંતુ ઉત્કટ પ્રેમ, દયા, સ્વાર્થત્યાગના સંસ્કાર ગૃહસંસ્થા જ આપી શકે છે. જો ગૃહસંસ્થા નહિ હોય તો માનવી જીવન પશુવત્ બની જશે, એનું કારણ, મનને ઉત્કટ પ્રેમ કરવાનો પણ અભ્યાસ હોવો જોઇએ. કંઇ મળ્યા પછી પ્રેમ ઊભો થાય તે જુદો છે. કંઇ મળે કે ન મળે, તો પણ જે પ્રેમ ઊભો રહે તે ઉત્કટ પ્રેમ કહેવાય. કંઇ મળ્યા

પછી તો બધા પ્રેમ કરે, એમાં શું વિશેષતા છે! તે ઉત્કટ પ્રેમ ન કહેવાય. 'કમાતો દીકરો બધાને વહાલો લાગે છે' એવું વ્યવહારમાં કહે જ છે.

ગૃહસંસ્થા ઉત્કટ પ્રેમ, દયા અને સ્વાર્થત્યાગના સંસ્કાર નિર્માણ કરે છે. તમે અભ્યાસ કરશો તો ખબર પડશે કે ફ્યુગેલ જેવા લોકો પણ તેથી જ મૂંઝાઇ ગયા છે. એક વખત એક સારું લાગે, બીજી વખત બીજું સારું લાગે, તે લોકો માનવસમાજમાં કઇ સંસ્થા ઊભી કરે? વ્યક્તિના જીવનમાં ઉત્કટ પ્રેમ, દયા અને સ્વાર્થત્યાગ જેવા ગુણો ઊભા થવા જોઇએ, આ ગુણો કોણ નિર્માણ કરશે? ફ્યુગેલ સમક્ષ આ પ્રશ્ન આવ્યો તેથી જ તે મૂંઝાઇ ગયો.

પુત્ર, કન્યા, ભાઇ, પતિ, પત્ની, બહેન, મા, પિતા આ બધા સંબંધો નહિ હોય તો જીવન નિરસ, નિરુત્સાહી, નિરાશ અને કર્તૃત્વશૂન્ય બની જશે તેથી ગૃહસંસ્થાની આવશ્યકતા છે. ગૃહસંસ્થા વગર અપત્યસંગોપન નહિ થાય એ ખોટી વાત છે, એનું કારણ, ગૃહસંસ્થા વિના પણ અપત્યસંગોપન થઇ શકે છે, એટલું જ નહિ, વૈદ્યકીય દૃષ્ટિથી કહું તો ગૃહસંસ્થા કરતાં પણ વધારે સારું અપત્યસંગોપન થઇ શકે છે. અપત્યસંગોપન સામાજિક બનાવીને વૈદ્યકીય દૃષ્ટિથી સારામાં સારી માવજત આપી શકાય છે. પરંતુ વ્યક્તિને ઉછેરીને મોટો કરવા માટે અને મોટો થવા માટે પ્રેમપૂર્ણ વાતાવરણની જરૂર હોય છે, આ પ્રથમ વાત છે. પ્રેમપૂર્ણ વાતાવરણ નિર્માણ કરવા માટે, ગૃહસંસ્થા જોઇએ કે નહિ?

બીજું, કુટુંબ-ગૃહસંસ્થામાં પ્રતિયોગિતા નિર્માણ થાય છે. પ્રતિયોગિતા-હરિફાઇ-માં વિકાસ છે તેથી તે જરૂરી છે. શાળામાં પણ 'એ' અને 'બી' ડિવિઝન પાડવામાં આવે છે. જો શાળામાં ડિવિઝન હોય છે તો સમાજમાં પણ ડિવિઝન થતા હોય તો શું ખોટું છે?

સમાગમ અને પુત્ર પ્રાપ્તિ એ વિવાહના પાયાના હેતુ નથી. તે તેની આડઅસર (side effect) છે. જેમ દર્દીને ગોળી આપવામાં આવે છે તે ઊંઘની ગોળી નથી હોતી, પરંતુ ગોળી લીધા પછી ઊંઘ આવે છે તે આડઅસર છે. પુત્ર ન થાય તો પણ સંબંધ ખલાસ થતો નથી. તેવી જ રીતે, દેશને માટે કોઇને વીસ-વીસ વર્ષની સજા ભોગવવી પડતી હતી તે છતાં તેમનો વિવાહસંબંધ (પતિ-પત્નીનો) ખલાસ થતો નહતો. તેમાં પણ સમાગમસુખ મળતું ન હતું તે છતાં સંબંધ અકબંધ રહેતો હતો. ગૃહસંસ્થાના પાયામાં પ્રજોત્પત્તિ અને સમાગમસુખ નથી; પરંતુ ગૃહસંસ્થાના પાયામાં માનસિક દૃષ્ટિએ અનન્યનિષ્ઠાવાળો પ્રેમ છે.

બધા જ સમજે છે કે ગૃહસંસ્થા આવશ્યક છે, પરંતુ થયું છે એવું કે કોઇક વૈચારિક આંદોલનમાં વ્યક્તિ એવી મૂંઝાઇ જાય છે કે ગૃહસંસ્થાના પાયા હલી જાય છે, એટલું જ નહિ, કેટલાક દેશોમાં તો હચમચી ગયા છે અને કેટલાક દેશોમાં ગૃહસંસ્થા તૂટી પડવાની તૈયારીમાં છે. ગૃહસંસ્થા કાઢી નાખવી એ સારું નથી લાગતું અને રાખવામાં દોષ આવે છે. આવી પરિસ્થિતિમાં ગૃહસંસ્થાનો ત્રીજો હેતુ છે તે જ પ્રધાન હેતુ બને છે, કારણ, તે આધ્યાત્મિક આવશ્યકતા છે.

ભારતીય સંસ્કૃતિમાં તો ગૃહસ્થાશ્રમ લીધા વગર જેણે સંન્યાસ લીધો હોય તેને પાપ સમજવામાં આવ્યું છે. વચ્ચેના કાળમાં એવું અંધારું આવી ગયું કે જે પરિવાર-સંસારમાં પડયો

નહિ તે મહાન મનાવા લાગ્યો અને જે સંસારમાં પડયા હતા તેમનામાં પણ એક જાતની અપરાધી મનોવૃત્તિ આવી ગઇ. તેમને આધ્યાત્મિક દષ્ટિથી પોતાનું જીવન ગૌણ લાગવા માંડયું. **ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોડસ્મિ......** કહેવાવાળા મહાન તત્ત્વજ્ઞાની કૃષ્ણ ભગવાનના પગ ચૂમવાનું મન થાય છે. સમાજની આવશ્યકતાની કોઇ તત્ત્વવેત્તાને સમજ હતી તો તે ફક્ત કૃષ્ણ ભગવાનને જ હતી, બીજા કોઇને નહિ. બીજા બધા ચિંતક નહિ, પ્રત્યાઘાતી—reactionaries છે. જે પ્રત્યાઘાતી છે તે ચિંતક હોઇ શકતો નથી.

રશિયાની બાબતમાં કેટલાક લોકો કહે છે કે ત્યાં લગ્નનોંધણીની જરૂર નથી. કોઇએ લગ્ન કર્યાં કે નહિ, તેની સાથે સમાજને શી લેવા દેવા! તે વૈયક્તિક બાબત છે. વિવાહસંસ્કારની તો ત્યાં જરૂરત જ નથી, તેની નોંધ પણ ત્યાં થતી નથી. ત્યાં વિવાહવિચ્છેદન સહેલાઇથી થઇ શકે છે. સ્વૈરાચાર અને ભ્રષ્ટાચારથી ભરેલો દેશ એટલે રશિયા—એવી બૂમો તેઓ પાડે છે. કેટલાક લોકોની તેવી માન્યતા પણ થઇ ગઇ છે. આપણે ત્યાં જે લોકો આવું કંઇ લખે છે તે તેનાથી દૂર દૂર રહીને લખે છે કે રશિયા સ્વૈરાચાર અને ભ્રષ્ટાચારથી ભરેલો છે. જેવું હિંદુસ્તાન માટે મિસ મેયોએ—Mother India—મધર ઈંડિયામાં લખ્યું હતું તેવું જ આ લખાણ છે. "મધર ઈંડિયા" પુસ્તક વાંચશો તો તમને એમ લાગશે કે કેટલા જંગલી દેશમાં હું રહું છું? ઉપર કહ્યું તેવું લખાણ અતિરેકી વિરોધને લીધે લખાય છે. દૂર દૂર થી લખાયેલાં લખાણો વાંચીને આપણી પણ તેવી માન્યતા થાય છે.

''Factory, family and woman in Soviet Russia,'' ''Marriage and Morals in Soviet Russia''—નામના લુઇસ સ્ટ્રોંગ (Luis Strong) અને વિથ્રોફિલ્ડ (Withrofield) ના—''Protection of women and children in Soveit Russia'' વાંચશો તો સ્વૈરાચારને તો ત્યાં ઉત્તોજન નથી જ, ઉલટું, તે લોકો એકનિષ્ઠા અને આત્મનિગ્રહના હિમાયતી લાગે છે. તે લોકો મૂંઝાઇ ગયેલા લાગે છે. તેઓ જૂનું પકડી શકતા નથી અને નવું તેમને ભયંકર લાગે છે. તેમને તે પશુજીવન લાગે છે. લુઇસ સ્ટ્રોંગ (Luis Strong) તો કહે છે કે સ્વૈરાચારીને પોલિટ બ્યૂરોમાંથી હાંકી કાઢે છે. અરે! કેવળ ભૂલથી પણ એકાદ વખત કોઇ સ્ત્રી જોડે સમાગમ કર્યો હશે તો તે સ્ત્રીને જીવનભર પૈસા આપવાનું ત્યાંની અદાલત કહે છે. ત્યાં સ્વૈરાચાર લગભગ અસંભવ કર્યો છે. હું એવું કહેવા માગતો નથી કે ત્યાં તેમણે સ્વર્ગ નિર્માણ કર્યું છે. મારે એટલું જ કહેવાનું છે કે જીવનવિકાસ કરવા માટે અનન્યપ્રેમ અને એકનિષ્ઠાની આવશ્યકતા તેમને લાગે છે. જૂનો માર્ગ તેમને સારો નથી લાગતો અને નવો રસ્તો તેમને મળતો નથી, એવી તેમની સ્થિતિ છે. સિત્તેર ટકા લોકો આત્મનિગ્રહ અને એકનિષ્ઠાના હિમાયતી છે.

ગૃહસંસ્થા ડુબાડવાનો પ્રયત્ન ચાલે છે અને ડૂબી પણ ગઇ છે એવું બોલાય છે. પરંતુ ગૃહસંસ્થા ડૂબશે નહિ, એનું કારણ, તે માનવસ્વભાવથી સંબંધિત છે. તપસીલમાં ફરક આવશે તે આપણે સમજી ,શકીએ છીએ.

ભ્રાંત વેદાંતે ગૃહસંસ્થા ઉપર પ્રાણઘાતક હુમલો કર્યો છે. **સ્રજુચંદન વનિતા આદિ** વિષયોથી દૂર રહેવું જોઇએ એવી ભ્રાંત વેદાંતની માન્યતા છે. ગૃહસ્થાશ્રમી કરતાં સંન્યાસી શ્રેષ્ઠ છે એવી

માન્યતા આજે પણ છે. સંન્યાસી મોટો શા માટે? એણે સંસાર કર્યો નથી માટે? ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મમાં તેની કિંમત નથી. ભ્રાંત થયેલા લોકો તેને કિંમત આપે છે. ભ્રાંત અધ્યાત્મે દરેક વ્યક્તિમાં આજે ગૌણતા નિર્માણ કરી છે. તમે અહીં બેઠેલા બધા સંસારી માણસો છો; કુટુંબવાળા છો, પરંતુ તમારા બધાના મગજમાં સંસાર સ્વીકાર્યો છે તે માટે ગૌણત્વ ઊભું થયેલું છે. તમને લાગે છે કે અધ્યાત્મને માટે મારી લાયકાત નથી. સંસાર કર્યા વગર જે હરદ્વાર-કનખલમાં જઇને બેસે તેનાથી અધ્યાત્મ સધાય એવું તમને લાગે છે.

ભ્રાંત વિચારધારાએ વિષયસુખ નિંદ્ય માન્યું છે એ જેટલું ખરાબ છે તેના કરતાં વધારે ખરાબ નાનપણથી બધાંને વિષયસુખનું જ્ઞાન આપનાર છે. તે લોકો વિવાહવિચ્છેદન કરવાવાળા લોકો છે. આ બન્ને લોકો ગૃહસંસ્થાના હત્યારા છે. એવી પરિસ્થિતિથી ગૃહસંસ્થાનો પાયો હચમચી ગયો છે.

રસેલે કહ્યું છે કે સ્ત્રીને રક્ષણની જરૂર છે, કારણ, સ્ત્રી શરીરથી પણ નિર્બલ છે. કંઇ અત્યાચાર થાય તો સ્ત્રીને સહન કરવું પડે છે, પુરુષને નહિ. જો સ્ત્રીને રક્ષણની જરૂર છે તો પછી તેને પારતંત્ર્ય કેમ? જેને રક્ષણ આપો તેને પારતંત્ર્યનો સ્વીકાર કરવો પડે છે, એવી તેમની માન્યતા છે, પરંતુ આ માન્યતા ખોટી છે. મજૂરને રક્ષણ આપવામાં આવે છે પણ તેનું સ્વાતંત્ર્ય ખેંચી લેવામાં નથી આવતું. આવી રીતે સ્ત્રીને રક્ષણ આપવામાં પારતંત્ર્ય આવશે નહિ.

બીજું, સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય આવ્યા પછી ગૃહસંસ્થા હચમચી ગઇ એવું લોકોને લાગે છે, સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય હોવું જોઇએ કે નહિ? જોઇએ. શા માટે ન જોઇએ? સ્ત્રીનું આર્થિક સ્વાતંત્ર્ય ગૃહસંસ્થાને મારક છે એ માન્યતા ખોટી છે. છૂટાછેડા, પુનર્વિવાહ, સ્વૈરાચાર, વગેરે ગૃહસંસ્થાના મારક છે. ટૂંકા ગાળાના લગ્ન (Periodical marriages), સંતતિનિયમન પણ ગૃહસંસ્થાને મારક છે.

સમાજમાં ત્રણ પ્રકારના લોકો હોય છે. શ્રમજીવી વર્ગ, બુદ્ધિજીવી વર્ગ અને સુખજીવી વર્ગ. આ આર્થિક સ્વાતંત્ર્યનો પ્રશ્ન કોનો છે? આપણે ત્યાં ખેડૂત ખેતરમાં કામ કરે છે તેમ તેની પત્ની પણ ખેતરમાં કામ કરે છે. આમ શ્રમજીવી વર્ગમાં સ્ત્રીના આર્થિક સ્વાતંત્ર્યનો પ્રશ્ન નથી. તેને કમાવું જ પડે છે. શ્રમજીવી સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય છે જ. સુખજીવી વર્ગનો વિચાર જ છોડી દો. ત્રીજો બુદ્ધિજીવી એટલે મધ્યમવર્ગ (middle class) તો સમાજની કરોડરજ્જુ છે. જો બુદ્ધિજીવી-મધ્યમવર્ગ-ખલાસ થાય તો આખો સમાજ ખલાસ થઇ જાય. કોઇપણ નિષ્ઠા રહેશે નહિ. માટે મધ્યમવર્ગને સંભાળવો પડશે. બુદ્ધિજીવી વર્ગ એ મધ્યમવર્ગનો પ્રતિશબ્દ છે. તે અર્થમાં હું મધ્યમવર્ગ શબ્દ વાપરું છું.

સ્ત્રીના આર્થિક સ્વાતંત્ર્યનો જે પ્રશ્ન ઊભો કરવામાં આવે છે તે આ દસ ટકા જેટલા મધ્યમવર્ગની સ્ત્રીનો પ્રશ્ન છે. સંસ્કાર અને ભાવ સંભાળવાનો, વધારવાનો પ્રયત્ન કરશે તો આ જ વર્ગ કરશે. મધ્યમવર્ગની સ્ત્રીને કમાવું જોઇએ કે નહિ? કમાવું જોઇએ. શાસ્ત્ર કહે છે કે, મધ્યમવર્ગની સ્ત્રીને ઘરમાં કરી શકે તેવું કામ આપી દો. તેને મજૂરણ ન બનાવો, તેને કોઇની નોકર ન બનાવો. તે પતિની પત્ની રહેશે અને ગૃહસંસાર સંભાળીને કમાવવાવાળી સ્ત્રી હશે. એવાં

કેટલાંયે કામો છે કે જે તે ઘરમાં બેસીને કરી શકે. જેથી તે અપત્યસંગોપન અને ગૃહસંસારનું કામ કરીને દરરોજ ચાર કલાક બીજું કામ કરીને પૈસા કમાવી લેશે. શાસને આ રસ્તો ઉપાડવો જોઇએ. તેને જ ગૃહઉદ્યોગ (home industry) કહે છે. આજે ગૃહઉદ્યોગો ઘરની બહાર ચાલ્યા ગયા છે. તેનું જ નામ કલિયુગ છે. જેવું બોલવામાં આવે તેવું હોય નહિ, તેનું જ નામ કલિયુગ. બહાર લેબલ પર લખેલું હોય તેવો માલ અંદર મળે નહિ, તેને કલિયુગ કહેવાય. આ વિષે વિચારવું પડશે.

ત્યારબાદ છૂટાછેડા—વિવાહવિચ્છેદનો પ્રશ્ન છે, સંતતિનિયમનનો પ્રશ્ન છે, સ્વૈરાચાર (free and permissive sex) વગેરેના પ્રશ્નો છે. જો ગૃહસંસ્થા તૂટી જશે તો માનવ પશુતુલ્ય થઇ જશે. માનવનું પોષણ જ થશે નહિ. કેવળ વૈદ્યકીય દૃષ્ટિથી માનવનું પોષણ થતું નથી, તેની પાછળ માનવપ્રેમની ભાવના આવશ્યક છે. પ્રેમના વાતાવરણમાં માનવસંતાનનું સંગોપન થાય છે. તેના માટે કુટુંબમાં ભાવ અને ધર્મ વધારવો પડશે. તેવી જ રીતે, ગૃહસંસ્થા અધ્યાત્મને મારક નથી એવું નક્કી કરવું પડશે. દરેક વ્યક્તિને કહેવું પડશે કે ગૃહસંસ્થાની આધ્યાત્મિક આવશ્યકતા છે. જે ગૃહસ્થાશ્રમ કરતો નથી તે ડરીને ભાગેલો માણસ છે, તે કોઇના ઉપર વાત્સલ્ય રેડી જ નહિ શકે. તેની આંખમાં વાત્સલ્ય જોવા નહિ મળે, આત્મીયતા પણ જોવા નહિ મળે. તે એકલો જ રહેશે. તેને આધ્યાત્મિક દૃષ્ટિથી શ્રેષ્ઠતા આપવામાં નહિ આવે. તે આધ્યાત્મિક વિકાસ સાધી નહિ શકે.

લોકોને લાગે છે કે એકાદ પેઢીમાં ગૃહસંસ્થાનું મૂળ જ ખલાસ થઇ જશે. મને તેવો ડર લાગતો નથી. જેની અત્યંત આવશ્યકતા છે, તેને અવતારો અને ઋષિઓએ સંભાળી છે. જેની માનસશાસ્ત્રની દૃષ્ટિથી માગણી છે, તે ગૃહસંસ્થા તૂટશે કેવી રીતે? પરંતુ આજે તેને તોડવાનો પ્રયત્ન ચાલે છે. તે પ્રયત્ન કદાચ જાણીબૂઝીને નહિ થતો હોય, અજાણતાં થતો હશે, પરંતુ તેવો પ્રયત્ન થાય છે એ સાચું છે.

ગૃહસ્થાશ્રમ એક પવિત્ર આશ્રમ છે. અધ્યાત્મ માટે તેની આત્યંતિક આવશ્યકતા છે, એ વાત મગજમાં બરાબર બેસવી જોઇએ. વિવેકી પુરુષોએ સંસાર-કુટુંબ નહિ માંડેલાને શ્રેષ્ઠ ન માનવો જોઇએ, નહિ તો, ગૃહસંસ્થા ગૌણ જ રહેશે. ગૃહસ્થાશ્રમને બધા આશ્રમોનો આધાર માનવામાં આવ્યો છે, એટલું જ નહિ, માનવજાતિનો આધાર માનવામાં આવ્યો છે. ગૃહસ્થાશ્રમ કેવળ સંતાન પેદા કરવા માટે નથી, તે માનવજાતિના વિકાસ માટે છે, વૈયક્તિક વિકાસ માટે પણ તે આવશ્યક છે. તેનાથી વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ અટકતો નથી.

ગૃહસ્થાશ્રમ સ્વીકારવો જ જોઇએ. તેના પર પહેલો પ્રહાર ભ્રાંત વેદાંતનો છે. તે ગૃહસ્થાશ્રમને નિંદ્ય ઠરાવે છે. તેઓ ગૃહસ્થાશ્રમને અસ્વીકાર્ય ઠરાવતા નથી; પરંતુ તેને ગૌણ ઠરાવે છે. બીજો પ્રહાર સમાજવાદી વિચારધારાનો છે. તેઓ સમજે છે કે ગૃહસ્થાશ્રમ-કુટુંબ-સમાજોન્નતિમાં અવરોધ ઊભો કરે છે. ત્રીજી વાત, સામાજિક પરિવર્તન પણ ગૃહસ્થાશ્રમના પાયા હચમચાવે છે.

કુટુંબમાં ભાવ અને પ્રેમ વધારવા જોઇએ. સખ્યભાવ તો હોવો જ જોઇએ. પરંતુ સ્ત્રી-પુરુષમાં કેવળ સખ્યભાવ નહિ, ભક્તિપૂર્ણ સખ્યભાવ વધવો જોઇએ. પત્ની કંઇ પતિની ગુલામ નથી. ગૃહસંસ્થામાં ભક્તિપૂર્ણ સખ્યભાવ કેળવાય, તે માટે, તેવું શિક્ષણ મળવું જોઇએ.

સમાજવાદી વિચારધારા, સમાજ અને કુટુંબવચ્ચે સંઘર્ષ ઊભો કરે છે. તેના બદલે તેમની વચ્ચે સમન્વય સાધવો જોઇએ. શું માણસ કેવળ પોતાના કુટુંબનું જ હિત જોશે? કુટુંબના હિત સાથે તેણે સમાજનું હિત પણ જોવું પડશે. સમાજહિત અને વ્યક્તિના ઉત્થાનનો સમન્વય સાધવો પડશે. જે આવો સમન્વય સાધી શકે તે જ સમાજશાસ્ત્રી થઇ શકે, તે જ સમાજને માર્ગદર્શન આપી શકે. આવો સમન્વય સાધનાર ઋષિઓ હતા, અવતાર હતા. તેમણે વાનપ્રસ્થાશ્રમ આપ્યો. પચાસ વર્ષ સુધી માણસ માત્ર કુટુંબહિત જોતો હતો તેને કાન પકડીને ઘરની બહાર કાઢ્યો. જીવનમાં મેળવેલા અનુભવનું જ્ઞાન હવે તારે સમાજહિત માટે ઉપયોગમાં લેવાનું છે, એમ કહીને વાનપ્રસ્થધર્મની સમજણ આપી.

આજના સમાજપરિવર્તનમાં વિવાહવિચ્છેદ, પુનર્વિવાહ, સંતતિનિયમન, ગર્ભપાતનું કાનૂનીકરણ, સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય વગેરે ગૃહસંસ્થાના પાયા નબળા પાડે છે. પરિણામે સ્ત્રી-પુરુષનો સંબંધ દિનપ્રતિદિન નાજુક બનતો જાય છે. આમાં બે વિસ્ફોટક તત્વો સાથે રાખવાનો પ્રયત્ન છે એવું લાગે છે. વર્તમાન પરિસ્થિતિમાં, પરિવર્તન અપરિહાર્ય લાગે છે, પરંતુ, તેનાથી ગૃહસંસ્થાનો પાયો નબળો ન થવો જોઇએ. આ જ પડકાર છે. આની એક જ દવા છે અને તે એટલે ધર્મ!

ધર્મમાં કર્મકાંડ એક આવશ્યક વાત છે એ સમજી લેવું જોઇએ, પરંતુ કેવળ કર્મકાંડમાં જ રાચવાવાળો ધર્મ ન હોવો જોઇએ. કેવળ મંદિર અને ચર્ચમાં બંધાયેલો ધર્મ ઉપયોગી નહિ થાય. જે ધર્મ અસ્મિતા જાગૃત કરે, ભાવજાગૃતિ કરે, તેને જ ધર્મ માનવો જોઇએ. ભોગોનું નિયમન કરવું અને ભાવની જાગૃતિ કરવી એ ધર્મનું કામ છે. જે ધર્મના પ્રતિપાદનથી સૃષ્ટિ ઉપર, વ્યક્તિ ઉપર, કુટુંબ ઉપર, સમાજ ઉપર ભાવ ઓછો થતો હશે તો તે ધર્મ નથી. અસ્મિતાજાગૃતિ એ ધર્મમાં પ્રથમ વાત છે. અસ્મિતા જાગૃત કરે તેવો કોઇપણ ભાષાનો ધર્મ સ્વીકારવા અમે તૈયાર છીએ.

અસ્મિતમાં ત્રણ વાતો આવે છે. આત્મવિશ્વાસ, આત્મરક્ષણ અને આત્મસન્માન-જેને અંગ્રેજીમાં અનુક્રમે self-confidence, self-resistance and self-respect કહે છે. આ ત્રણ વાતો જે વ્યક્તિમાં હશે તે વ્યક્તિ દુર્ગુણોની સાથે લડી શકશે અને સદ્‌ગુણો ઉપાડી શકશે. વ્યક્તિમાં અસ્મિતા હોવી જોઇએ; પરંતુ કેવળ અસ્મિતા હશે તો વ્યક્તિ રાક્ષસ બની જશે તેથી ભાવજાગૃતિ પણ હોવી જોઇએ. આ બન્ને જે કેળવે તે ધર્મ. સ્ત્રી અને પુરુષ બન્નેની અસ્મિતા જાગૃત થવી જોઇએ. બેમાંથી એક પડી જાય પછી વ્યક્તિની ઉન્નતિ શક્ય નથી. એક બીજા તરફ ભાવની દૃષ્ટિથી જુએ એવી ભાવજાગૃતિ અત્યંત આવશ્યક છે. આવી ભાવજાગૃતિ નિર્માણ કરવાનું કામ ધર્મનું છે. આજે ધર્મની નિતાંત આવશ્યકતા છે. મુક્તિને માટે કે મૃત્યુ બાદ કંઇ મળે તે માટે ધર્મની જરૂર છે તે જુદી વાત છે. લૌકિક જીવન-અભ્યુદય-માટે પણ ધર્મની આવશ્યકતા છે.

આપણી સંસ્કૃતિએ જુદા જુદા વિચાર આપ્યા છે; તેમાં એક ચિત્ર યયાતિનું છે. યયાતિ રાજા

ઘરડો થયો ત્યારબાદ તેણે પોતાના યુવાન છોકરાની યુવાની માગી, તે માટે આપણે તેની મશ્કરી કરીએ છીએ. યયાતિ ઉપર હસવાનો આપણને કોઇ અધિકાર નથી. યયાતિને એવું વરદાન મળ્યું હતું કે તે બીજાની યુવાની લઇ શકે આપણને તેવું વરદાન મળે તો આપણે પણ બીજાની યુવાની લઇશું. મને લાગે છે કે યયાતિ એક વ્યક્તિ નથી, એક વિચારસંસ્થા-(school of thought) છે. તેથી યયાતિ મરી શકતો નથી. યયાતિ એક ઐતિહાસિક પુરુષ હશે તેની ના નથી, પરંતુ, યયાતિની એક વિચારધારા છે.

યયાતિની વિચારધારા શું કહે છે? ભોગ, ફરીથી ભોગ, મૃત્યુ સુધી ભોગ ભોગવવા મળવા જોઇએ. જેનાથી ઉપભોગ મળશે તે જ કરવું જોઇએ. આવી વિચારધારા આજે પણ પૂરા જોશથી નાચી રહી છે. ઉપભોગ, ફરીથી ઉપભોગ—ઇંદ્રિયોને વિષયો જોઇએ, ફરીફરીથી જોઇએ. તેનું પરિણામ શું થશે? ગીતાકારે તેનું પરિણામ બતાવ્યું છે:

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ (गीता/२/६२-६३)

કેવળ ઉપભોગ, ઉપભોગ—આ માનવી જીવન નથી. માનવને ઊભો કરવો હશે, માનવને માનવ બનાવવો હશે, માનવને ભગવાન સુધી લઇ જવો હશે તો યયાતિની વિચારધારા નહિ ચાલે.

બીજી એક વિચારધારા (school of thought) છે તે નચિકેતાની છે, કચની છે. તે કહે છે કે વિષય ત્યાજ્ય છે, માનવનું અધઃપતન કરવાવાળા છે. અહીં વિચાર આવે કે આપણે ભગવાનના મંદિરમાં જોઇએ તો ત્યાં આપણને ભગવાનની મૂર્તિ સુંદર લાગે છે, તે પણ વિષય જ છે. અહીં વિષય એટલે 'object'. આ અંગ્રેજી શબ્દ વાપરવાનું કારણ એ છે કે ગુજરાતી-હિંદી ભાષામાં 'વિષય' એટલે સ્ત્રી-વિત્ત વગેરે મર્યાદિત અર્થ થઇ ગયો છે. સ્ત્રી-વિત્ત એ વિષય છે પરંતુ સૂર્યોદય-સૂર્યાસ્ત જોવા એ પણ વિષય છે. સામે આવ્યા પછી તેના ઉપભોગની જે ઉત્સુકતા ઇંદ્રિયોમાં પેદા થાય છે, તે ન થવી જોઇએ. તેના માટે નચિકેતા-કચ જેવાની એક વિચારધારા ઊભી થઇ કે વિષયો માટે નફરત ઊભી કરવી જોઇએ. વિષયો ન જ ભોગવવા જોઇએ. તે શક્ય છે કે?

સમજો કે સંન્યાસીની સામે લાડુ અથવા શ્રીખંડ આવે અને તે ખાય તો શું તેને લાડુ અને શ્રીખંડ કડવા લાગશે? એ તો **मात्रास्पर्श** છે. કેવળ બોલવાથી વિષયો તરફ નફરત ઊભી નહિ થાય. બીજું વિષયોની નફરત કરવી એ માનવસ્વભાવની વિરુદ્ધ છે. વિષયોને માટે નફરત ન હોવી જોઇએ. સ્ત્રી-પુરુષ-બન્નેને એકબીજા તરફ નફરત જ ઊભી કરવાની હોય તો ઇશ્વરે તેની નિર્મિતિ શા માટે કરી? આ પ્રશ્ન ઉભો થાય છે. યયાતિની અને નચિકેતાની વિચારધારા એકાંતિક છે. એકમાં ઉપભોગની અવધિ (extreme) છે અને બીજીમાં ત્યાગની અવધિ (extreme) છે. માનવી જીવનને ઉપર લઇ જવાવાળા કૃષ્ણ જેવા તત્ત્વવેત્તાએ કહ્યું: **धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ'** । યાજ્ઞવલ્ક્ય જેવા તત્ત્વવેત્તા પણ તેમાં સહમત છે. **मुरारेस्तृतीय पन्था** – મુરારિ-કૃષ્ણનો આ ત્રીજો પંથ છે. તે ભોગોને સર્વસ્વ માનતા નથી અને ભોગોને સર્વથા છોડતા પણ

નથી. તે એકાંતિક ત્યાગને માનતા નથી તેમ ત્યાગ માટે નફરત પણ ઊભી કરતા નથી. તે બન્ને હથિયારો-ભોગ અને ત્યાગ-સાથે લઇને ચાલવાવાળા છે.

ભ્રાંત વેદાંતે જે ડર દેખાડયો છે તે ડર સાચો પણ છે. એક તરફ વિષયોની બાબતમાં ડર પણ દેખાડે છે અને બીજી તરફ વિષયસુખને કેવળ કાયદેસર નથી કરતા; પરંતુ, ગૃહસ્થાશ્રમ આપીને ધાર્મિક કરે છે. વિષય બાબતમાં ડર છે કે તે વિષયલંપટતા ઊભી કરશે. તો પછી શું કરવું? કેટલાક લોકો કહે છે કે વિષયોને અનાકર્ષક ઠરાવવા જોઇએ. કેટલાક કહે છે કે વિષય આકર્ષક નથી, તે ત્યાજ્ય છે. આજે જે રૂપ દેખાય છે તે કાલે રહેવાનું નથી. રૂપ ટકતું નથી તેથી તે ખોટું છે. આ કંઇ તત્ત્વજ્ઞાન થઇ શકતું નથી. આપણે કોઇનો છોકરો મરી ગયા પછી તેને મળવા જઇએ ત્યારે એવું બોલીએ છીએ કે આ બધું મિથ્યા છે, ખોટું છે. સંસારમાં શું છે? કંઇ નથી. આ બધું આવું જ ચાલે છે. પુત્ર અને પિતાનો સંબંધ પણ ખોટો છે, બધા સંબંધ ખોટા છે, આ બધી માયા છે. પણ નવા પરણેલા દંપતીના સત્કારસમારંભમાં જઇએ ત્યારે મંચ ઉપર ઊભા રહેલા વરવધૂને જો આ ભાષા સંભાળાવીશું તો આપણને લોકો બહાર કાઢી મૂકશે. જો તે તત્ત્વજ્ઞાન હોય તો તે બધી જગાએ ચાલવું જોઇએ.

વિષયને અનાકર્ષક ઠરાવવાની કોશિશ ચાલે છે; પરંતુ વિષય અનાકર્ષક ઠરી શકતા નથી. જો વિષય પર પ્રેમ વધારવામાં આવે તો પતન થવાનો સંભવ છે. વિષયોને છોડી પણ નથી શકતા, પકડી પણ નથી શકતા, આવી સ્થિતિ છે. યાજ્ઞવલ્કય અને કૃષ્ણ ભગવાને ત્રીજો રસ્તો બતાવ્યો કે નફરત ઊભી કરીને વિષયોનો મોહ જતો નથી, તેને બીજું કાર્ય આપી દો. સંસાર મિથ્યા છે એવું કહીને મિથ્યા ઠરશે નહિ. છોકરો ખોળામાં બેસે છે ત્યારે ગલગલિયાં થાય છે. છતાં ગલગલિયાં થતાં નથી એમ બોલવું એ દંભ છે. તો તેના માટે માણસે શું કરવું જોઇએ?

એક છોકરીને લીંબુનું શરબત બહુ જ ભાવતું હતું. એક દિવસ પણ લીંબુનું શરબત પીધા વગર તેને ચાલતું નહતું. ડોક્ટરે તેને સમજાવી કે તારા માટે લીંબુનું શરબત સારું નથી. શરદી થશે, માટે છોડી દે. છોકરી કહે કે મને ભલે શરદી થાય. તેમાં તમને શું?' તે ખૂબ સિનેમા જોતી હતી; તેથી લોકોએ તેને સમજાવી કે સિનેમાં જોઇને આંખો ખરાબ થાય છે તે તને ખબર છે? છોકરી કહે કે ભલે આંખો ખરાબ થાય. હું તો સિનેમા જોઇશ.

સિનેમા માટે નફરત ઊભી કરીને છોકરી સિનેમા જોવાનું બંધ નથી કરતી. તેવી જ રીતે શરદી થવાનો ડર દેખાડવાથી પણ તે લીંબુનું શરબત છોડતી નથી. તે છોકરી પરણી અને તેને બાળક આવ્યું. તે વખતે ડૉક્ટરે કહ્યું કે તું લીંબુનું શરબત પીશ તો બાળકને શરદી થશે. ત્યારે છોકરીએ કહ્યું: 'એમ? તો હું લીંબુનું શરબત છોડી દઇશ.' છોકરાને મોટો કરવો હતો તેથી તેણે ત્રણ વર્ષ સુધી એક પણ સિનેમા જોયો નહિ. સિનેમા જોવા સારા નથી એમ કહીને કંઇ વળતું નહોતું ત્યાં છોકરીનો પ્રેમ બાળક ઉપર વધ્યો તો લીંબુનું શરબત અને સિનેમા-બન્ને છૂટી ગયાં.

આવી રીતે સંસારમાં રહેલા લોકોનો ભગવાન ઉપર અને ભગવાનના કાર્ય ઉપર પ્રેમ ઊભો થાય તો વિષયલંપટતા ઓછી થઇ જાય. નફરત ઊભી કરીને વિષયલંપટતા ઓછી નથી થતી. આધ્યાત્મિક લોકો સમજે છે કે સંસાર કરવો ખોટો છે, તેનાથી અધ:પતન થાય છે. આપણા વેદાંતે

એવું કહ્યું નથી. ઊલટું, ગૃહસંસ્થાની તેણે આધ્યાત્મિક આવશ્યકતા સિદ્ધ કરી છે, તેથી જ વૈદિક કાળમાં, યાજ્ઞવલ્કયની વિચારધારામાં અને કૃષ્ણ ભગવાનની વિચારધારામાં ગૃહસ્થાશ્રમનો આગ્રહ છે. ગૃહસ્થાશ્રમને જે આધ્યાત્મિક મૂલ્ય છે તે સમજવું જોઇએ. તેના માટે જ કહેવામાં આવ્યું છે કે **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्**–જ્યારે વિરક્તિ આવે ત્યારે જ સંન્યાસ લો. પરંતુ સામાન્ય માણસ માટે કહ્યું છે કે **ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत्**–ત્રિઋણમાંથી મુક્ત થયા પછી મનને મોક્ષ માટે પ્રવૃત્ત કરો. તેમાં ગૃહસ્થાશ્રમ સ્વીકારવાનો આગ્રહ રાખ્યો છે, એનું કારણ પતિ-પત્ની બન્નેને વિકસિત થવું છે.

આધ્યાત્મિકતા એટલે વિકસિત થવું. આધ્યાત્મિકતા એટલે જીવનની અંદર ભરેલા મસાલાનું જ્ઞાન કરી લેવું. સ્ત્રી-પુરુષ બન્નેએ વિકસિત થવાનું છે. સ્ત્રી-પુરુષની બાબતમાં એક જુદી જ વાત ઉભી થઇ ગઇ છે. સ્ત્રી પુરુષ ઉપર પ્રેમ કરે તો સ્ત્રીનો પ્રેમ સભ્ય ગણાય છે. પરંતુ પુરુષ સ્ત્રી ઉપર પ્રેમ કરે તો તેને કામ ગણવામાં આવે છે. સ્ત્રી જો પુરુષની વાત માને તો તે શ્રેષ્ઠ સ્ત્રી ગણાય છે. પુરુષ જો સ્ત્રીની વાત માને તો તે લંપટ અથવા બાયલો ગણાય છે. આવી રીતે એક જુદાઇ ઉભી કરવાનો પ્રયત્ન ચાલે છે. પતિ-પત્ની સમાન છે, પરંતુ તેમાં એક પ્રમુખ અને એક ગૌણ છે એવું વચગાળાના કાળમાં ઠરાવી દીધું છે. વેદાંતે અથવા વૈદિક તત્ત્વજ્ઞાને સ્ત્રી-પુરુષ બન્નેને સમાન માન્યા છે. આપણે પત્નીને અર્ધાંગના કહીએ છીએ.

આજના સુધરેલા અંગ્રેજો પણ પત્નીને મુખ્ય-better half-અને પોતાને ગૌણ-good half-માને છે. આમાં સ્ત્રીને ચડાવવાનો પ્રયત્ન છે. સ્ત્રી-પુરુષને સમાન માનવામાં આધ્યાત્મિક દૃષ્ટિએ નડતર નહિ થાય.

વેદાંતમાં **'पुरुष'** શબ્દ આવે છે. તેનો અર્થ લોકો 'મરદ' કરે છે. મરદને મુક્તિ મળશે અને સ્ત્રીને નહિ મળે, એવું તેઓ કહે છે. કારણ, તેઓ 'પુરુષ' શબ્દનો અર્થજ સમજ્યા નથી.

ગીતામાં અર્જુન ભગવાનને પૂછે છે:

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः-

–'શાનાથી પ્રેરાઇને પુરુષ પાપનું આચરણ કરે છે?' અહીં પુરુષ શબ્દ વાપર્યો છે, તો શું સ્ત્રી પાપ નથી કરતી? પુરુષ શબ્દનો અર્થ 'જીવ' છે. **पुरी शेते इति पुरुषः-नवद्वारे पुरे देहि**-નવદ્વાર વાળી આ પુરી-એટલે શરીરમાં જે રહે છે તે જીવને ઉદ્દેશીને આ પુરુષ શબ્દ છે. તે **'पुरुष'** સ્ત્રી અને પુરુષ બન્નેનું પ્રતિનિધિત્વ કરે છે. સ્ત્રી-પુરુષ બન્નેને માનવી સમજીને રસ્તો કાઢવાનો છે. તે રસ્તો ગૃહસ્થાશ્રમમાં છે. તેથી તો ઋષિઓ, સ્મૃતિકારો અને અવતારોએ ગૃહસ્થાશ્રમનો આગ્રહ રાખ્યો છે. **धन्यो गृहस्थाश्रमः** – ગૃહસ્થાશ્રમ ધન્ય છે, એમ કહ્યું છે. આશ્રમ શબ્દમાં પવિત્રતાની ભાવના છે.

જેમ આશ્રમમાં પાવિત્ર્ય છે તેમ ગૃહસ્થાશ્રમમાં આશ્રમનું પાવિત્ર્ય છે. બધાનો સહકાર છે, બધાએ પ્રેમથી, ભાવથી રહેવાનું છે, બીજાના સુખનો વિચાર કરવાનો છે. આ બધું શિક્ષણ ગૃહસ્થાશ્રમમાં-કુટુંબમાં મળે છે. 'હું એકલો છું અને મારી જ ઉન્નતિ થવી જોઇએ' એવું વિચારનાર માણસ ગૃહસ્થાશ્રમ સમજતો જ નથી. ગૃહસ્થાશ્રમમાં બધાનો સહકાર લઇને કામ

કરવાનું છે. તેને જ કુટુંબ કહેવાય છે. કેટલીક વાર માણસ એકલો કામ કરે છે, પણ બધાની સાથે મળીને તે કામ કરતો નથી. કેટલાક કહે છે: 'શાસ્ત્રીજી! એકને કામ સોંપી દો તો કામ થઇ જશે.' પરંતુ થતું નથી. આપણા ઋષિઓએ કહ્યું છે કે યજ્ઞ કરો. કુટુંબમાં કોણ કોના હાથ નીચે છે? કોઇ કોઇના હાથ નીચે કુટુંબમાં નથી. બધા એકબીજા સાથે પ્રેમથી બંધાયેલા છે. તેમાં કોઇકોઇના હાથ નીચે ન રહે એ મહત્ત્વની વાત છે. બધાનો સહકાર લઇને સહકાર્ય કરવાનું શિક્ષણ કુટુંબમાં જ મળે છે. બધાનો સહકાર કેવી રીતે લેવો? જ્યાં વિરુદ્ધ સ્વભાવના લોકો હોય છે ત્યાં જ અધ્યાત્મ ખીલે છે. કેટલીક વખત સહકાર્ય મુશ્કેલ બની જાય છે. સહકાર્યને માટે પણ કંઇ સહન કરવું પડે છે. પરિવારમાં-કુટુંબમાં એકબીજાનાં મન સમજીને, પ્રેમથી રહેવાનું છે. તેથી જ લગ્નમાં પ્રથમ મંત્ર બોલવાનો હોય છે:

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनः यथा वः सुसहासति ॥ (ऋ. वे. मं. १०/सू.-१९१/४)

સમાન મન હોવાં જોઇએ. ન હોય તો પણ સમાન મન બનાવવાનો પ્રયત્ન કરીશું. તેવો પ્રયત્ન ન કરનાર ભગવાનને મોઢું શું બતાવશે? પૂરેપૂરો પ્રયત્ન હોવો જોઇએ. એકબીજાના સ્વભાવ સંભાળવા જોઇએ. એકલો હોય ત્યારે માણસ પોતાની જ ઇચ્છા પૂરી કરે તો ચાલે. કુટુંબ થયા પછી એકબીજાની ઇચ્છા સંભાળવી પડે. વિવાહ એ એક શિક્ષણ છે. પત્ની પતિને બધું સમર્પણ કરે છે અને પતિ પત્નીને સુખી કરવાનો પ્રયત્ન કરે છે. કુટુંબમાં મા-બાપ ફાટેલાં કપડાં પહેરે છે અને છોકરાને સારાં કપડાં પહેરાવે છે. તેમાં ત્યાગનું શિક્ષણ છે, બીજાને માટે જીવવાનું તેમાં શિક્ષણ છે. હું મારા માટે જ નથી, મારે બીજાને માટે જીવવાનું છે એવું શિક્ષણ છે. આવું શિક્ષણ કુટુંબમાં જ મળે છે, તેથી જ કુટુંબની આવશ્યકતા છે. આવું શિક્ષણ જ્યાં મળતું નથી, તેને કુટુંબ ન કહેવાય. જો કુટુંબ ન હોય તો વિકાસ નહિ થાય. આપણે ત્યાં ભગવાન શિવજીનું અર્ધનારીનટેશ્વર રૂપ માન્યું છે. આ જ જ્ઞાનની પરમોચ્ચ અવસ્થા છે.

પતિ પત્ની બન્ને સમાન છે. **तदेतत् अर्धद्विदलं भवति**—બન્નેએ એક બીજાનું માનવું જોઇએ અને તેનું શિક્ષણ અપાવું જોઇએ. સ્ત્રી પુરૂષે સાથે શા માટે રહેવું જોઇએ? સ્ત્રીના ગુણો-મૃદુતા, કોમલતા, કારૂણ્ય વગેરે પુરૂષમાં સંક્રાંત કરવાના છે અને પુરૂષના ગુણો—મજબૂતતા, દ્રઢતા, પ્રતિકારક્ષમતા વગેરે સ્ત્રીમાં સંક્રાંત કરવાના છે. ગુણ સંક્રાંત કરવાનો અર્થ એવો નથી કે પુરૂષી સ્ત્રી (He-woman) અને સ્ત્રૈણ પુરૂષ (She-man) કરવાના છે. સ્ત્રીનું પુરૂષીકરણ કે પુરૂષનું સ્ત્રીકરણ કરવાનું નથી. પુરૂષમાં જે પુરૂષપ્રધાન ગુણો છે તે સ્ત્રીમાં સંક્રાંત કરવાના છે-કેળવવાના છે અને સ્ત્રીના સ્ત્રીપ્રધાન ગુણો પુરૂષમાં સંક્રાંત કરવાના છે. બાકી સ્ત્રીમાં સ્ત્રીપ્રધાન અને પુરૂષમાં પુરૂષપ્રધાન ગુણો તો હોવા જ જોઇએ. બન્ને મળીને પૂર્ણ થઇ શકે છે.

ત્યારબાદ જ વ્યક્તિ પૂર્ણ થાય છે. જ્યાંસુધી એકબીજાને મળ્યા નથી ત્યાંસુધી પૂર્ણ નથી, અપૂર્ણ છે. એકલાનું દર્શન શુભ નથી. બન્ને સાથે આવે તો તેમનું દર્શન શુભ ગણાય. પતિ-પત્ની લક્ષ્મીનારાયણરૂપ છે. તે પૂર્ણરૂપ છે, પરંતુ એક-બીજાના ગુણો સંક્રાંત થયા હોય તો! આ કેવળ બોલીને સિદ્ધ નહિ થાય. તેની પાછળ એક તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. સ્ત્રી માનવ છે અને પુરૂષ

પણ માનવ છે તે દૃષ્ટિથી જોવું પડશે અને એમ સમજીને ચાલવું પડશે.

આજે પતિના ગુણો પત્નીમાં કે પત્નીના ગુણો પતિમાં સંક્રાંત થતા નથી, એનું કારણ, નાનપણથી એવું શિક્ષણ જ મળ્યું નથી. નાનપણથી ગુણો કેળવવાનું શિક્ષણ મળવું જોઇએ. ધંધાકીય (job-oriented) શિક્ષણ મળે છે, જીવન જીવવાનું જ્ઞાન મળતું નથી. જીવનને આકાર આવે, વળાંક મળે, તેવું જ્ઞાન હોવું જોઇએ તે મળતું નથી. જીવિકા કમાવાનું જ્ઞાન મળે છે તે લઇને તે જ્ઞાની થાય છે. લોકો પણ તેને જ જ્ઞાન સમજે છે. જીવનની પરિપૂર્ણતા જીવનનું જ્ઞાન મેળવીને મળે છે તેથી જ ગૃહસ્થાશ્રમનો આગ્રહ રાખ્યો છે. કામને પવિત્ર માનવાવાળી એક જ સંસ્કૃતિ છે અને તે વૈદિક સંસ્કૃતિ. બધાએ અગતિકતાથી કામને માનવો પડે, સ્વીકારવો પડે, તે જુદી વાત છે, અને કામને પવિત્ર ગણીને માન્ય કરવો એ જુદી વાત છે. તેથી જ ગૃહસ્થાશ્રમને ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્ય છે એવું વૈદિક સંસ્કૃતિએ માન્યું છે. ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમની મહત્તા છે. જીવનમાં હોવા જોઇતા ગુણો, જીવનમાં લાવવાની પાઠશાળા જ ગૃહસ્થાશ્રમ છે.

કુટુંબસંસ્થા-ગૃહસ્થાશ્રમ અને સમાજમાં સંઘર્ષ ન થવો જોઇએ, એટલા માટે જ ત્રીજો વાનપ્રસ્થાશ્રમ કહ્યો છે. આજે જે મૂંઝવણ છે તેનું કારણ એ છે કે ગૃહસ્થાશ્રમીઓ નિશ્ચિત સમયે, જીવનની ગાડીનો પાટો બદલતા નથી. જો તેઓ પાટો બદલશે તો ગૃહસંસ્થાનો સ્વીકાર ચોક્કસ થઇ જશે. તમે પશ્ચિમના લોકોનું વાઙ્મય દિલથી અને બુદ્ધિથી વાંચશો તો તમને લાગશે કે આ લોકો મૂંઝાઇ ગયા છે, તેઓ કંઇ શોધી રહ્યા છે. તેમને રસ્તો મળતો નથી. તેમણે બહુ સારાં પુસ્તકો લખ્યાં છે. તેમના વિચારોમાં ઉશ્કેરાટ છે તેમાં સંદેહ નથી, પરંતુ તેઓ ભ્રાંત થયા છે. શું ઉપાડવું જોઇએ, શેનો સ્વીકાર કરવો જોઇએ તે સંબંધમાં તેઓ ભ્રાંત છે. તેમનું વાઙ્મય વાંચશો તો ખબર પડશે કે ગૃહસંસ્થાનો સ્વીકાર કરવો તેમને યોગ્ય લાગતો નથી અને ગૃહસંસ્થા છોડવી તેમને અશક્ય લાગે છે. તો પછી કરવું શું? તેનો જવાબ તેમની પાસે નથી, તેથી તેવું જ છોડી દે છે. તેમનું લખાણ નિશ્ચિત રૂપે કંઇ કહેતું નથી, તેઓ ચિંતન જરૂર કરે છે, પણ તેથી તે શાસ્ત્ર નથી, દર્શન નથી. આપણે ત્યાં ષડ્દર્શનો છે, તે દર્શન (vision) આપે છે. આપણે ત્યાં ત્રીજો આશ્રમ-વાનપ્રસ્થાશ્રમ આવું દર્શન આપે છે.

વાનપ્રસ્થાશ્રમ એટલે શું? આજે આપણે એવું સમજીએ છીએ કે અમુક ઉંમર થઇ કે આપણે વાનપ્રસ્થ થઇ ગયા. વાનપ્રસ્થાશ્રમ શા માટે ઊભો કર્યો? ઋષિઓને વાનપ્રસ્થાશ્રમની આવશ્યકતા લાગી તેથી તેમણે તે ઊભો કર્યો હતો. આજે વાનપ્રસ્થાશ્રમ ક્યાં ચાલ્યો ગયો તે ખબર નથી પડતી. તે આકાશમાં રહ્યો છે અને ભાગવત જેવા ગ્રંથમાં રહ્યો છે.

પશ્ચિમના સમાજવાદી લોકોને જે સંદેહ છે તે ભ્રમણા છે. તેમને ખબર છે કે પ્રેમનું, ભાવનું, સહકાર્યનું શિક્ષણ ગૃહસંસ્થા વગર બીજું કોણ આપશે? તેનો સ્વીકાર કરે તો તે સમાજોન્નતિ માટે ઉચિત નથી એમ માને છે. એનું કારણ, તેમને દર્શન (vision) નથી. શું કૃષ્ણ ભગવાનની આંખની સામે એવું ચિત્ર ન હશે કે વ્યક્તિ પોતાના કુટુંબ માટે બધી શક્તિ વાપરશે તો સમાજ તરફ દુર્લક્ષ થશે? તેમણે ખૂબ વિચારીને ચાર આશ્રમો ઊભા કર્યા છે. તેમને વિચારવું ન જ પડયું હશે, કારણ, મહાપુરુષ અંતઃપ્રેરણા (intuition) થી બોલવાવાળા હોય છે, પરંતુ સમજવા માટે કહું છું કે તેમણે ખૂબ વિચારીને કહ્યું છે. જો તેમણે વિચારીને વાનપ્રસ્થાશ્રમ ઊભો કર્યો હોય

તો તે વિચારીને જ સ્વીકારવો જોઇએ.

વાનપ્રસ્થાશ્રમ એ સંસ્કૃતિની કરોડરજ્જુ છે. જે સમાજમાં વાનપ્રસ્થાશ્રમ ખતમ થયો છે તે સમાજની સંસ્કૃતિ ખતમ થઇ છે અને સમાજ પણ ખતમ થઇ જશે. તે સમાજનાં બધાં મૂલ્યો પણ ખતમ થઇ જશે. વાનપ્રસ્થાશ્રમ એ આધ્યાત્મિક આવશ્યકતા છે. વાનપ્રસ્થ એટલે સમાજને માટે ઊભી કરેલી એક પ્રૌઢ, અનુભવી, શક્તિશાળી, પ્રભાવી શક્તિ.

ઋષિઓએ અને અવતારોએ પણ સમાજ ઉપર પ્રેમ કર્યો હતો. તેમણે વાનપ્રસ્થાશ્રમ ઊભો કર્યો અને જે વાનપ્રસ્થાશ્રમ ન સ્વીકારે તે પાપી છે એવું કહ્યું. ધર્મમાં અને ભક્તિમાં આટલું પ્રભાવી કહેવું આવશ્યક છે. જે સામાજિક આવશ્યકતા છે, જે યુગની માગણી છે, પરિસ્થિતિએ જે પડકાર (challenge) ફેંક્યો છે તેની સામે ઊભા રહેવા માટે જે વ્યવસ્થા આપી છે, તેને છોડીને પોતાને ધાર્મિક અને ભક્ત સમજવાવાળાને કહેવું જ પડે કે તમે ધાર્મિક નથી, ભક્ત નથી.

વન નો અર્થ છે **वन्यते सेव्यते इति वनम् । बहुवृक्षयुक्त स्थानम्** એવો પણ અર્થ ડિક્શનરીમાં છે. વૃક્ષ સેવાનો આદર્શ છે. **बहुवृक्षयुक्त स्थानम् – वनम्** અને **वन्यते सेव्यते इति वनम्** સેવાનું શિક્ષણ અને સેવાની દીક્ષા આપવાવાળાં વૃક્ષ છે. આપણે વૃક્ષના પૂજક છીએ. આપણને વિદેશી લોકો પૂછે છે કે તમે વૃક્ષ ભગવાન (tree God) માનો છો તે શું ગાંડપણ નથી? પરંતુ મારે જેમ સ્વાર્થ માટે મારું કામ કરવું છે, તેમ બીજાનું કામ પણ મારે કરવાનું છે, એનું કારણ, મારું અસ્તિત્વ જ બીજાના અસ્તિત્વ ઉપર આધારિત છે.

કેવળ સ્વાર્થને માટે હું બીજાનું કામ કરું તો તે વેપાર બની જશે. સ્વાર્થમાં બધું જ આવી જાય છે. સ્વાર્થમાં કેવળ પૈસા જ નથી આવતા. મહત્તા, મોભો આ બધું સ્વાર્થમાં આવી જાય છે. અંગ્રેજીમાં કહે છે: Get on, get honour and get honest– આમાં પ્રામાણિકતા (honesty) સૌથી છેલ્લે નંબરે છે, એટલે પ્રામાણિકતા તેના જીવનમાં હશે પણ પોલિસી તરીકે, સિદ્ધાંત તરીકે નહિ. વેપારી લોકો પણ દુકાનમાં પાટિયું મારી રાખે છે કે પ્રામાણિકતા એ અમારી શ્રેષ્ઠ પોલિસી છે–Honesty is our best policy. તેઓ સાચું જ લખે છે. તેમણે પ્રામાણિકતા સિદ્ધાંત તરીકે નહિ, પોલિસી તરીકે સ્વીકારી છે.

સ્વાર્થથી બીજાનું કામ કરવું એ એક વેપાર છે. પછી તે પૈસા મેળવવા માટે કરતા હોય કે મોટાઇ મેળવવા કે ચૂંટણીમાં મત મેળવવા માટે કરતા હોય, તે એક વેપાર છે. સ્વાર્થરહિત બીજાનું કામ કરવું તેને સેવા કહે છે. કેવળ બીજાનું કામ કરવું તેને સેવા ન કહેવાય. કેટલાક લોકો પોતાને જનતાના સેવક માને છે, પરંતુ તેઓ સેવક હોઇ જ શકતા નથી. નિઃસ્વાર્થ ભાવે બીજાનું કામ કરવું તેને જ સેવા કહે છે.

વૃક્ષ નિઃસ્વાર્થ ભાવે બીજાનું કામ કરે છે. તે લોકોને છાંયડો આપે છે, ફળ આપે છે, લોકોને શાંતિ અને વિશ્રાંતિ આપીને પણ આભારની અપેક્ષા નથી રાખતું તો માનપત્રની અપેક્ષા કેમ રાખે? વૃક્ષ ખરા સેવક છે. વૃક્ષનો આદર્શ રાખીને, ગૃહસ્થાશ્રમ પૂરો થયા પછી માણસે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાનો છે. તેણે વૃક્ષ પાસેથી સેવાવૃત્તિનું શિક્ષણ લેવું જોઇએ, તેથી જ કહ્યું છે: **गृहस्थाश्रमं अपहाय मुनिवृत्तिं असंन्यस्थः**– જે સંન્યાસી નથી છતાં જેણે મુનિવૃત્તિ ગ્રહણ

કરી છે તેને વાનપ્રસ્થ કહેવાય. **पुत्रस्योपरि संसारभारं त्यक्त्वा ईश्वराराधनं करोति**—પુત્ર ઉપર સંસારભાર સોંપીને જે ઇશ્વર આરાધના કરે છે, તેને વાનપ્રસ્થ કહે છે.

ઇશ્વર આરાધના બોલ્યા પછી આજે માણસની આંખની સામે ત્રણ વાતો - ભજન, આરતી અને પ્રસાદ - જ આવે છે, અને ત્યાં જ ભક્તિ પૂરી થઇ જાય છે. ભક્તિમાં આજે કચરો ઘૂસી ગયો છે તેને લીધે ભક્તિને દુર્ગંધ આવે છે. સંસ્કૃતમાં લખાણ છે-જે શ્રુતિ નથી અને સ્મૃતિ પણ નથી—પરંતુ કેવળ સંસ્કૃતમાં લખ્યું છે તેથી તેને માન્યતા મળી છે. તેમાં વાનપ્રસ્થના ચાર પ્રકાર બતાવ્યા છે - પહેલો **वैद्विष्य**-બીજો જે કેવળ કંદમૂલ લે છે, ત્રીજો ફલાહાર કરે છે, ચોથો કેવળ શાકહાર કરે છે. આવા ચાર પ્રકાર તેમણે પાડયા છે. એટલે કે “ખાવું અને ઇશ્વરનું નામ લેવું” આટલું કરે તે વાનપ્રસ્થ.

વાસ્તવમા, **ईश्वराराधनं करोति** નો આ વિપરીત અર્થ થયેલો છે. ઇશ્વર આરાધનાનો અર્થ શો? મૂર્તિમાં ઇશ્વર છે? હા, સો ટકા છે. તે મૂર્તિમાં ચિત્ત એકાગ્ર કરીએ તો જીવન ઉન્નત બની જાય. માનવમાત્રને મૂર્તિપૂજાની આવશ્યકતા છે, પરંતુ, સમજી-વિચારીને મૂર્તિપૂજા કરવી પડશે. સમજ્યા વગરની મૂર્તિપૂજા મારક બની જશે. જેમ નાસ્તિક મૂર્તિપૂજાના મારક છે તેમ આસ્તિક પણ મૂર્તિપૂજાના મારક બની શકે છે, કારણ, તેઓ વિચાર્યા વગર જ મૂર્તિપૂજા કરે છે. મૂર્તિપૂજા શા માટે તેના વિષે તેઓ વિચારતા જ નથી.

તમે મૂર્તિપૂજા - ચિત્તએકાગ્રતા કરીને ઊભા થાઓ ત્યારે શું મૂર્તિમાંથી ભગવાન અદશ્ય થઇ જાય છે? નહિ. દરેક વ્યક્તિમાં ભગવાન છે માટે તેની સેવા કરો. માણસની સેવા નહિ કરો તો તમારી ચિત્તએકાગ્રતા પણ સારી રીતે નહિ થાય. મનુષ્યસૃષ્ટિના પ્રતિનિધિ માતા-પિતા માનવામાં આવ્યા. **मातृदेवो भव । पितृदेवो भव ।** ત્યારબાદ પશુસૃષ્ટિ છે. તેને પણ શાસ્ત્રકારોએ છોડી નથી. શાસ્ત્રકારોએ **माता रुद्राणां सविता पशुनां** કહીને ગાય માતાને માની છે. તે પશુસૃષ્ટિની પ્રતિનિધિ છે. બધા જ પશુઓમાં ભગવાન છે પરંતુ સિંહ સાથે આપણે ભાઇબંધી કરી શકતા નથી. તેની સાથે મૈત્રી કરવા જઇશું તો આપણે જ ખલાસ થઇ જઇશું. આપણને ગાય અનુકૂળ છે અને આવશ્યક પણ છે. તે દૂધ આપે છે અને ખેતીને માટે જરૂરી એવા બળદ આપે છે. જેનું દૂધ પીને હું પુષ્ટ થાઉં છું તે ગાય મારી મા છે. ગાયને મા સમજીને તેની પૂજા કરવાની છે. ગોપાલકૃષ્ણે ગાયને મહત્ત્વ આપ્યું છે, ગાય ઉપર પ્રેમ કર્યો છે. આજે પણ લોકોનો ગાય ઉપર પ્રેમ નથી, એમ નહિ. ગોહત્યાબંધી કરાવવા આંદોલન ચાલે છે. ગોહત્યા બંધ થવી જ જોઇએ. તેના માટે ભગવાન પાસે પ્રાર્થના કરવી જોઇએ કે પ્રભુ! તું બધાને સન્મતિ આપ કે જેથી આજે જે સામાજિક અધઃપતન થાય છે તે ન થાય. ગાયનું પૂજન કરવું જોઇએ અને ગાય માટે પ્રાર્થના પણ કરવી જોઇએ.

ત્યારબાદ, વનસ્પતિસૃષ્ટિ આવે છે. તેમાં વૃક્ષ આવ્યું. તેના પ્રતિનિધિ તરીકે તુલસીની પૂજા કરવી જોઇએ. આજે પણ જે પરંપરાથી ભગવાનની પૂજા કરે છે. તે ભગવાનની પૂજા કરીને ઊઠયા કે મા-બાપને નમસ્કાર કરે છે, ગાયને ગોગ્રાસ આપે છે, મંદિરમાં જઇને તુલસીને પાણી રેડે છે. તેવી કંઇ ધાર્મિક માન્યતા રહી ગઇ છે. આવી રીતે વૃક્ષ જેવા થવાનું છે. વાનપ્રસ્થાશ્રમમાં વૃક્ષ પાસેથી શિક્ષણ લેવાનું છે. વૃક્ષ આદર્શ સેવક છે અને મારે પણ સેવક થવાનું છે.

આજે પણ આપણે પડોશીની સેવા કરીએ છીએ, કારણ, હું સંસારી માણસ છું, પડોશીની ગમે ત્યારે, રાતના બાર વાગે પણ, જરૂર પડે. તેની જોડે સંબંધ સારો રાખવો જોઈએ. ઈસા મસીહે 'Love thy neighbour—પડોશી પર પ્રેમ કરો' એમ કહ્યું છે તે ભાષા આપણે સંસારી લોકો પણ બોલીએ છીએ. પડોશી ભલેને પ્રતિકૂળ સ્વભાવનો હોય તો પણ 'કેમ છો?' બોલીએ છીએ, એનું કારણ તેને સંભાળવાનો છે. સ્વાર્થ છોડીને બીજાનું કામ કરવામાં આવે તેને સેવા કહેવાય, તેથી કહું કે આપણા સ્વાધ્યાયીઓ ગામેગામ ભક્તિફેરીમાં જાય છે તે અસલી સાચા સેવક છે. તેમને કોઈપાસેથી કશું જોઈતું નથી. તેમને નથી જોઈતી મોટાઇ અને નથી જોઈતા મત. નોટ, વોટ કે લોટ—કંઈ જ જોઈતું નથી. આ દૃષ્ટિથી માનવે માનવ પાસે જવું જોઈએ. ઈશ્વરારાધનમાં આ જ વાત આવે છે. લોકોની પાસે સાચા સેવક બનીને જવું પડશે.

ઋષિ ઊઠીને લોકોની પાસે ગયા. અગસ્ત્ય ઋષિ કાશી છોડીને વિંધ્ય પ્રદેશમાં આવ્યા તે શું તેમને મોટાઇ જોઈતી હતી? શું તેમને લોકોની માન્યતા જોઈતી હતી? કે ખાવાનું માગવા ગયા હતા? અગસ્ત્ય ભક્તિથી વિંધ્યપ્રદેશમાં આવ્યા હતા. આવી રીતે વાનપ્રસ્થાશ્રમમાં ગૃહસ્થાશ્રમીએ નક્કી કરવાનું છે કે આજ સુધી મેં ઘરની સેવા કરી. હવે મારે બહાર નીકળવાનું છે. આપણી સંસ્કૃતિએ વાનપ્રસ્થને ઊભો કર્યો. લોકો પૂછે છે કે જૂનાકાળમાં તપોવન પદ્ધતિથી શિક્ષણપ્રણાલી કેવી રીતે ચાલતી હતી? ઋષિના તપોવનમાં સાઠ-સાઠ હજાર વિદ્યાર્થીઓ ભણતા હતા, તેમની જંમવાની વ્યવસ્થા કેવી રીતે થતી હતી? તપોવનની શિક્ષણપ્રણાલીમાં શી આર્થિક વ્યવસ્થા હતી તે, વાનપ્રસ્થ જ ચાલ્યો ગયો, તેથી ખબર પડતી નથી. શું તપોવન માધુકરીવૃત્તિથી ચાલતું હતું? સમજો કે મુંબઈ જેવા શહેરમાં પણ સાઠ હજાર વિદ્યાર્થીઓ માધુકરી માગવા આવે તો શું થાય? મૂળવાત એ છે કે વાનપ્રસ્થાશ્રમ નષ્ટ થઈ ગયો છે, તેથી જ તે ખબર પડતી નથી.

તપોવનમાં જમીન ઘણી રહેતી. તેમાં ખેતી થતી હતી. ખેતીવિષયક જ્ઞાન મળતું હતું અને અન્નનું ઉત્પાદન પણ થતું હતું, તેવી જ રીતે સમાજના જુદા જુદા લોકોને જુદું જુદું શિક્ષણ મળતું હતું. તેના માટે દરેક વાનપ્રસ્થ તપોવનમાં જઈને રહેતો હતો. કુંભાર, લુહાર, સુથાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય—બધા જ તપોવનમાં જતા હતા. આ બધા જ વાનપ્રસ્થો તપોવનમાં સવારના પ્રહરે આત્મિક ઉન્નતિને માટે, ચિત્તએકાગ્રતા (concentration) કરી ભક્તિ કરતા હતા. કોઈ આત્મામાં લીન (meditation) થતા હશે. ત્યારબાદ ઉપનિષદ ઈત્યાદિ પર પ્રવચન સાંભળતા હશે. સવારના બધાને આવું જ્ઞાન મળતું હતું. તપોવનમાં જેમ દ્રોણ હતા તેમ દ્રુપદ પણ હતા. બન્ને સાથે જ તપોવનમાં ભણતા હતા. તેમની વચ્ચે કોઈ ભેદભાવ ન હતો. સવારના બધાને વાઙ્મય અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ સાથે જ પ્રવચનરૂપે મળતું હતું અને જમ્યા પછી બપોરના બધાને જીવિકાનું શિક્ષણ મળતું હતું.

જે કુશળ સુથાર હોય તેની પાસે પંદર-વીસ છોકરા બેસે તે આ છોકરાઓને કુશળ સુથાર બનવાનું શિક્ષણ આપે. તેને કહેવામાં આવતું કે તું કુશળ સુથાર છે તો તારે સમાજમાં દસ કુશળ સુથાર આપીને કર્તવ્ય બજાવવાનુ છે. આ સમાજની જરૂર છે. આજ સુધી તારા છોકરા પર પ્રેમ કર્યો તેમ હવે બીજા દસ છોકરા પર પ્રેમ કરી દેખાડ. સમાજ તરફ જોવાની આ વિશિષ્ટ દૃષ્ટિ હતી. તેને પગાર આપવાની જરૂર પડતી નહિ અને તેના ભોજનની વ્યવસ્થા પણ કરવી પડતી

નહિ, કેમકે તે પોતાનો ભાગ લઇને જ તપોવનમાં આવતો હતો અને છોકરાઓનું શિક્ષણ થતું હતું. સાથે સાથે વાનપ્રસ્થનો જીવનવિકાસ થતો હતો. જ્યાં આવી વ્યવસ્થા હોય ત્યાં સાઠ હજાર શું, સાઠ લાખ વિદ્યાર્થીઓ હોય તો પણ તેમના શિક્ષણની વ્યવસ્થા થઇ જાય. રાતદિવસ આર્થિક વ્યવસ્થાનો જ વિચાર કર્યા કરવાથી શું થવાનું? જ્યાંસુધી વ્યક્તિમાં ચૈતન્ય જાગૃત નથી કર્યું ત્યાંસુધી તેનું ગજવું, એ તમારું (સમાજનું) ગજવું નથી થતું. વ્યક્તિમાં ચૈતન્ય જાગૃત થયા બાદ, તેનું ગજવું તમારું જ છે, આવી જૂના લોકોની ભાષા હતી.

શિક્ષણમાં માનવસ્પર્શ જોઇએ. તેવો માનવસ્પર્શ આ તપોવનમાં સહજ હતો. એક કુશળ સુથાર કે કુશળ લુહાર પાસે કેવળ દસ-પંદર છોકરાજ બેસતા હતા. આજે તો એક પ્રાધ્યાપકના વર્ગમાં ચારસો-પાંચસો વિદ્યાર્થીઓ પણ હોય. હવે પછીની પેઢીમાં તો સુધારો આવશે. ટી. વી. ઉપર જ બધું જ્ઞાન આપી શકશે. શાળા કે કૉલેજની જરૂર જ નહિ રહે. તેમાં વિદ્યાર્થીનો શિક્ષક સાથે સંબંધ નહિ હોય અને શિક્ષકનો વિદ્યાર્થી સાથે સંબંધ નહિ રહે. ચિત્ર અને વ્યક્તિનો સંબંધ રહેશે. તેમાંથી માનવસ્પર્શ જ ચાલ્યો જશે. આજે ધંધાકીય શિક્ષણ જ જોઇએ છે. તેમાં જીવન જીવવાનું જ્ઞાન અપાતું જ નથી. જૂનાકાળમાં તપોવનમાં જીવનનું અને સાથે સાથે જીવિકાનું જ્ઞાન પણ અપાતું હતું. કુલપતિ જીવનનું જ્ઞાન આપતા હતા. વિદ્યાર્થીને જમાડીને જ્ઞાન આપતા હતા. તેને જ કુલપતિ કહેવાય. આજે તો તે ભણાવતો પણ નથી અને જમાડતો પણ નથી, તે ફક્ત પરીક્ષાની ફી લઇને પરીક્ષા લે છે; અને તેને કુલપતિ કહેવામાં આવે છે. ચાન્સેલર અને વાઇસ ચાન્સેલર! આના જેટલી વિડંબના કુલપતિ શબ્દની કોઇ કાળે થઇ ન હશે.

આવી વાનપ્રસ્થાશ્રમની વ્યવસ્થાને લીધે ગૃહસ્થાશ્રમ પણ રહ્યો, તેમાં અનન્યપ્રેમ રહ્યો, 'મારું કુટુંબ' આ શબ્દ પણ રહ્યો અને સમાજને માટે પણ મારે ઘસાવાનું છે એ વાત પણ રહી. દિગ્ભ્રાંત થયેલા પાશ્ચાત્ય ચિંતકો અને સમાજવાદીને આ વાનપ્રસ્થાશ્રમથી રસ્તો મળે છે. તેમાં સમાજ તરફ જોવાની એક વિશિષ્ટ દૃષ્ટિ છે.

'શાકુંતલમાં' શકુંતલા કણ્વબાપાને પૂછે છે, 'પિતાજી! હું તપોવનમાંથી જાઉં છું. મેં આ તપોવનનાં વૃક્ષો પર પ્રેમ કર્યો છે, તમારા ઉપર પણ પ્રેમ કર્યો છે, મેં આશ્રમવાસીઓ પર અને અહીંનાં હરણો ઉપર પણ પ્રેમ કર્યો છે. આ બધું હું છોડીને જાઉં છું, તો હવે પાછી ક્યારે આવું? આ બધું છોડીને જવું મને ગમતું નથી.' ત્યારે કણ્વ તેને કહે છે:

भूत्वा चिराय चतुरन्तमहीसपत्नी
दौष्यन्तिमप्रतिरथं तनयं निवेश्य ।
भर्त्रा तदर्पितकुटुम्बभरेण सार्धं
शान्ते करिष्यसि पदं पुनराश्रमेऽस्मिन् ॥ (शाकुन्तल ४/२२)

(તું દુષ્યંતની સારી રાણી બની જા અને પછી દુષ્યન્તના અપ્રતિમ સુપુત્ર ને નૃપાળ સ્થાપી, રાજગાદી પર બેસાડીને, પુત્રને રાજ્યકારભાર સોંપી પછી તારે અને દુષ્યન્તે-બન્નેએ સાથે આ આશ્રમમાં આવવાનું છે.)

'તમારે રાજનીતિની કુશળતા અહીં તપોવનના ક્ષત્રિય વિદ્યાર્થીઓને શીખવવાની છે. જેની

પાસે જે કૌશલ્ય અને અનુભવસહિતનું જ્ઞાન હોય તે તપોવનમાં વિદ્યાર્થીઓને આપવાનાં છે.' અરે! તપોવનની કલ્પના જેણે સૌ પ્રથમ કરી હશે અને તેને કાર્યાન્વિત કરી હશે, તે સામાન્ય નહિ, ભગવાન જ હશે.

વાનપ્રસ્થ એક જબરદસ્ત શક્તિ હતી. સુથારને થતું કે હું એક ઉત્કૃષ્ટ સુથાર કેળવીનેજ મરીશ. આ દૃષ્ટિએ તો આજે જે સમાજસેવા થાય છે તેનાં કરતાં કેટલા ગણી સમાજસેવા વાનપ્રસ્થાશ્રમી કરતા હતા! તેનો પોતાનો છોકરો તો સારો થાય જ પરંતુ, સમાજમાં પણ ઉત્કૃષ્ટ સુથાર નિર્માણ કરીને જાય, આવી સુંદર વ્યવસ્થા જે સંસ્કૃતિએ ઊભી કરી હતી તે સંસ્કૃતિ આજે બીજી સંસ્કૃતિઓની નકલ કરવા લાગે છે! આટલા પાગલ લોકો જગતમાં ક્યાંયે પેદા નહિ થયા હોય! સમાજશાસ્ત્ર, વૈયક્તિક માનસશાસ્ત્ર, સામાજિક માનસશાસ્ત્ર (Individual psychology and social psychology) નો વિચાર પૂરેપૂરો કરીને જે વ્યવસ્થા કરી હતી તે છોડીને, તોડીને, તેને બદનામ કરીને, બીજી વ્યવસ્થાનું અનુકરણ કરવાવાળા શું ભક્ત થઇ શકે છે? કેવળ લક્ષ્મીનારાયણના મંદિરમાં ગયા એટલે શું ભક્ત થઇ ગયા? જેમણે માનવને જોયો નહિ, કરેલી વ્યવસ્થા તરફ જોયું નહિ, ચિરંતન માનવ્ય તરફ ધ્યાન આપ્યું નહિ, તે લોકો ભગવાનને **'त्वमेव केवलं कर्तासि, त्वमेव केवलं भर्तासि'** કહીને ભગવાનના લાડકા ન થઇ શકે.

વાનપ્રસ્થ એક જબરદસ્ત શક્તિ છે. આજે પણ ગુજરાતમાં આવી એક પ્રથા છે, બીજે કોઇ ઠેકાણે નથી. છોકરાના લગ્ન થયા પછી કુટુંબમાં છોકરીના લગ્ન થાય તો તેનું કન્યાદાન આપવા માટે પિતા પરણેલા છોકરાને બેસાડે છે. તેની પાછળ એવી સમજણ હતી કે હવે કુટુંબ તારું છે, મારું નહિ, પરંતુ, આવું કરનાર માણસ કુટુંબ છોડીને બહાર નીકળતો નથી, દુકાનની ગાદી પણ છોડતો નથી અને પોતાની છોકરીનું કન્યાદાન કરવા પોતાના મોટા છોકરાને બેસાડે છે! આમાં તે છોકરાની ખુશામત કરે છે, જેથી છોકરો બાપને સારો ગણે. છોકરાનો અહમ્ પોષીએ તો પોતાનો અહમ્ પણ સચવાય, તે માટે આ બધું ચાલે છે. શાસ્ત્ર મુજબ છોકરીનું કન્યાદાન તો બાપે જ કરવું જોઇએ, બીજો કોઇ ન ચાલે; સિવાય કે છોકરીનો બાપ મરી ગયો હોય. **संसारभारं परित्यज्य**—છોકરા ઉપર સંસારનો ભાર સોંપી દઇને, પોતાના જીવનનો મોટા ભાગનો સમય હવે તેણે સમાજને આપવાનો છે; તેવું જે કરે તેને વાનપ્રસ્થ કહેવાય. તેમાંથી હવે ફક્ત આટલું બચી ગયું છે! સારું છે, તેટલું છે તો તેના ઉપર વિચાર પણ કરી શકાશે કે છોકરાના હાથમાં કુટુંબનો ભાર સોંપવાનો છે. ગુજરાતમાં આ પ્રથા હજી પ્રચલિત છે. મોટો છોકરો બહેનનું કન્યાદાન કરે છે અને છોકરીનો બાપ બહાર બેસીને, સાજન-માજન સાથે બેસીને બીડી ફૂંકતો ધૂમાડા કાઢે છે! અરે, ક્યું શાસ્ત્ર છે? છોકરીનું કન્યાદાન તો બાપે જ કરવાનું હોય છે.

આજે સૌથી બધુ નબળી કોઇ સંસ્થા હશે તો તે વાનપ્રસ્થ છે. બગડેલો ગૃહસ્થાશ્રમ ખતમ થયો છે; બ્રહ્મચર્યાશ્રમ પણ બગડયો છે, અને વાનપ્રસ્થાશ્રમ વિપરીત થયો છે. આજે વાનપ્રસ્થ ઘરની બહાર નીકળતો જ નથી. તેને કહેવું જોઇએ કે ચાલ, નીકળ ઘરની બહાર! તારી કુશળતા છે તે તપોવનમાં જઇને સમાજને આપવાની છે. તપોવનમાં ગમે તેટલા શિક્ષકો હશે પણ તેને કંઇ પગાર આપવાનો નથી. તમે આના પર શાંતિથી વિચાર કરશો તો તપોવનની આર્થિક વ્યવસ્થા કેવી હતી તે તમને ખબર પડશે. તેમાં પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે વૈયક્તિક ધ્યાન અપાતું હતું. વાનપ્રસ્થ

પોતાનું કૌશલ્ય ભગવાનને ચરણે ધરતો હતો. તેમાં તેનો વૈયક્તિક વિકાસ થતો હતો, સાથે સાથે સમાજનો પણ વિકાસ થતો હતો. આજે તો નિવૃત્ત થયેલો પેન્શનર હીંચકાપર બેઠો હોય છે. તેના ખોળામાં પૌત્રો રમતા હોય છે. બીજા માણસ ને શિક્ષણ આપીને ઊભો કરવાનું શું તેનું કર્તવ્ય નથી? તેઓ યુવાનોને આશીર્વાદ આપે છે પણ જે આશીર્વાદની પાછળ કંઇ પરિશ્રમ નથી, શિક્ષણ નથી, તેવા લોકોના મરેલા આશીર્વાદથી શું નીપજવાનું છે? પછી લોકો પણ કહે છે: 'ના, ના-મુરબ્બી! તમારે તો લગ્નમાં આશીર્વાદ આપવા આવવું જ જોઇએ!' આ નબળા આશીર્વાદ છે. આશીર્વાદમાં પણ ખમીર (spirit) હોવું જોઇએ. તેવું ખમીર વાનપ્રસ્થાશ્રમ આપીને પૂર્વજોએ પૂરું પાડયું હતું. તેનો વિચાર કરવો પડશે.

પશ્ચિમના સમાજવાદીઓ પરિવારનો સ્વીકાર કરી શકતા નથી, તેમ ગૃહસંસ્થાને છોડી પણ શકતા નથી. આવી દિગ્ભ્રાંત સ્થિતિમાં રહેલા સમાજવાદીઓ માટે એક જ દવા છે અને તે એટલે ભારતીય સંસ્કૃતિએ ઊભી કરેલી વાનપ્રસ્થાશ્રમની વ્યવસ્થા!

જો બધા વાનપ્રસ્થો આ રીતે પોતાનું કૌશલ્ય ભગવાનના ચરણે ધરે તો? આજે કલિયુગ છે તો તેમાં વાનપ્રસ્થ, મહિનામાં સોળ દિવસ પણ આપી દેશે તો અંદરનો ભગવાન ખુશ થશે, કારણ, લોકોમાં પણ ભગવાન બેઠો છે. જ્યાંસુધી તે ગૃહસ્થાશ્રમમાં છે, ત્યાંસુધી દર મહિને બે એકાદશી એટલે વર્ષમાં ચોવીસ દહાડા ભગવાનને આપીને એકાદશી કરવાની છે. વાનપ્રસ્થાશ્રમમાં આવ્યા પછી મહિનાનો મોટો ભાગ ભગવાનને આપવાનો. શા માટે વાનપ્રસ્થો જતા નથી? આજે આંખોમાં પ્રાણ લાવીને અભણ, અસંસ્કૃત જાતિ-જમાતો રાહ જુએ છે કે અમને કોઇ હૂંફ આપવા અમારી પાસે આવે છે? ઊલટું, તેમની પાસે જવાવાળાને 'તારા હાથમાં કાંઇ નથી, તું કંઇ કરી શકવાનો નથી, ઉપરવાળાની ઇચ્છા થશે ત્યારે બધું બરાબર થશે,' વગેરે કહીને તેમને ઉઠાવવાને બદલે નીચે પાડે છે. અરે! તેમની પાસે વાનપ્રસ્થો જશે તો આખો સમાજ બદલાઇ જશે, તેમની દષ્ટિ અને વૃત્તિ બદલાઇ જશે. વિલ ડુરાંટ Will Durrant નું પુસ્તક History of civilization- વાંચશો તો મિશનરી લોકોએ કેવું કામ કર્યું છે તે ખબર પડશે. તેમનું કામ ખરેખર નમસ્કારાર્હ છે! દક્ષિણ અમેરિકા અને આફ્રિકાનાં જંગલોમાં જ્યાં એક માણસ બીજા માણસને મારીને ખાતો હતો ત્યાં—મનુષ્યભક્ષી લોકોમાં-આ લોકો ગયા છે અને તેમણે બાઇબલ લઇ જઇને ઇસામસીહના વિચારો આપ્યા છે!

આજે લોકો બૂમાબૂમ કરે છે કે સમાજમાં ખ્રિસ્તી મિશનરીઓ ધર્માંતર કરે છે. ધર્માંતર શા માટે ન થાય? પૈસા મળે તેથી કોઇ ધર્માંતર કરતું નથી. તે લોકોની પાસે આપણે જતા જ નથી, પૂછતા જ નથી. જાણે તેઓ માનવ જ ન હોય એવું આપણું વર્તન છે. તેમને જીવનનો આદર્શ મળતો નથી. રામનું જીવન તેમને ખબર નથી. કૃષ્ણનું જીવન તેમને કોઇ સમજાવતું નથી. તો તેઓ શું કરે? જીવનમાં ક્યો આદર્શ રાખીને તેઓ જીવે? સમુદ્રમાં દીવાદાંડી હોય છે. વહાણચાલકોને તેનાથી માર્ગદર્શન મળે છે અને તેઓ તે પ્રમાણે સમુદ્રમાં વહાણ ચલાવે છે. આવી રીતે કઇ દીવાદાંડી તરફ જોઇને તે લોકો - આદિવાસીઓ, ગિરિજનો-વગેરે જીવન જીવે? તેમને કોઇ રામરક્ષા પણ ભણાવતું નથી. કોઇ આદર્શ મળે તો તેના તરફ જોતાં જોતાં તેમનું જીવન ઉન્નત થાય. તેમની પાસે મિશનરીઓ જતા હોય અને તેમણે આપેલા આદર્શથી તેમનું જીવન ઉન્નત

થતું હોય, તેથી તેઓ જો ધર્માંતર કરતા હોય તો તેમાં ખોટું શું છે? આમાં અકર્મણ્યતા છે અહીંના ભક્તોની, અહીંના ધાર્મિકોની. તેમને કંઇ કરવું નથી અને જેઓ કરે છે તેમના માટે બૂમાબૂમ કરવી છે. આવા લોકો કમિટી બનાવે છે, તેઓ કંઇ કરતા હશે તો સૌ પ્રથમ પૈસા ભેગા કરે છે. કમિટીનો અર્થ જ આ થયો છે. તેમને લાગે છે વ્યક્તિ નહિ આવે તો ચાલશે. પૈસા હશે તો અમે વ્યક્તિને વેચાતી લઇશું; પરંતુ તેનાથી શું થવાનું છે?

કેટલાક લોકો બૂમો પાડીને કહે છે કે મિશનરીઓને ભારતમાંથી કાઢી નાખો. શા માટે કાઢી નાખવાના! તેમને હક્ક છે. આપણું બેવડું વ્યક્તિમત્ત્વ (dual personality) છે. આપણા વિવેકાનંદ અમેરિકામાં ગયા અને ત્યાં તેમણે ગીતાનો પ્રચાર કર્યો તો આપણે ખુશ થયા, એટલું જ નહિ, તેના લીધે જ આપણે વિવેકાનંદને માનીએ છીએ. જો તેઓ અમેરિકા ન ગયા હોત તો કોને ખબર હિંદુસ્થાનમાં વિવેકાનંદનું કામ કોઇને ખબર પડયું હોત કે નહિ! જો આપણને ગીતા સારી લાગે છે અને તે કહેવા માટે અમેરિકા જઇએ છીએ તો તેમને બાઇબલ સારું લાગ્યું તો તેઓ તે કહેવા અહીં શા માટે ન આવે? તેમને તેવો હક્ક છે. વિવેકાનંદ ગીતા સમજાવવા માટે અમેરિકા ગયા તો આપણે તેમને વંદનીય અને પૂજનીય સમજીને તેમનું સન્માન કરતા હોઇએ તો મિશનરીઓ અહીં આવ્યા, તેમને અહીંથી હાંકી કાઢો એવું બોલવું સદંતર ખોટું છે. તેઓ અહીં આવશે જ. આદિવાસીઓમાં અને વનવાસી-ગિરિજનોમાં ત્રિકાલ સંધ્યા લઇ જાઓ અને પછી જુઓ કે શું થાય છે? ગીતા સારી લાગે છે તો કહો લોકોને; પરંતુ આપણે તેવું કરતા નથી. આપણે ધાર્મિક છીએ. શા માટે? તો કહે છે કે સવારના નાહ્યા પછી જ અમે દૂધ પીએ છીએ. મંદિરમાં ગાય છે તેને દરરોજ ઘાસ ખવડાવીએ છીએ. આટલો જ ધર્મ અને આટલી જ ભક્તિ નહિ ચાલે. કૃતિભક્તિ ઉપાડવી પડશે.

સમાજવાદી વિચારધારાની પાછળ કંઇક ચિંતન છે. તેમની સામે જે સમસ્યા છે તેનો જવાબ આપવાની શક્તિ ભારતીય સંસ્કૃતિમાં છે. વાનપ્રસ્થાશ્રમ સમાજની કરોડરજ્જુ છે. આજે સૌથી વધારે અકર્મણ્ય, સૌથી નબળા અને સૌથી વધારે લોલુપ કોઇ હશે તો પચાસથી ઉપરની ઉંમરના લોકો છે. તેમને કોઇની પાસે જવું નથી, સમાજમાં કોઇની પાસે જઇને તેમને હૂંફ આપવી નથી. તેઓ પૈસા ખર્ચીને ભાગવતની સપ્તાહ બેસાડે છે અને જેમણે ભાગવત સાંભળ્યું છે તેમને જ સંભળાવવું છે. જેમણે જીવનમાં કદી ભાગવત સાંભળ્યું નથી તેવા આદિવાસી, ગિરિજનો, વનવાસીઓની પાસે જઇને તેમને સંભળાવોને! પરંતુ, ત્યાં જઇને કીર્તિ મળતી નથી. ‘અમે પૈસા ખર્ચીએ તો અમને તેનો બદલો તો મળવો જોઇએ ને! અમારા ગામમાં જ ભાગવત સપ્તાહ બેસાડીને બધા સગાસંબંધીઓને બોલાવીએ તો અમારી કીર્તિ વધશે. તેના વગર અમે ધાર્મિક છીએ એવું તેમને ખબર ક્યાંથી પડે? આદિવાસીઓમાં જઇને ભાગવત કહીએ તો કોઇને ખબર પણ નહિ પડે.’

ગૃહસ્થાશ્રમીએ એકાદશી કરવી જોઇએ. એક વર્ષમાં ચોવીસ એકાદશી આવે છે તો વર્ષમાં ચોવીસ દહાડા તેમણે ગામડાઓમાં જઇને ગીતાના વિચારો કહેવા જોઇએ, તો જ તેમની એકાદશી સાચી ગણાય. વાનપ્રસ્થીઓએ સેવાવૃત્તિ સ્વીકારવાની છે. કંઇ ફળ માગવું નથી અને સેવા કરવાની છે. વૃક્ષનો આદર્શ રાખીને જે સેવા કરે તેને જ વાનપ્રસ્થ કહેવાય.

વૃક્ષ બહુ મોટો શિક્ષક છે. બધા ઋષિઓએ વૃક્ષની નીચે તપશ્ચ્ચર્યા કરી છે. જ્યાં ઋષિ હશે ત્યાં વૃક્ષ હશે જ. ઋષિઓએ વૃક્ષને આદર્શ શા માટે માન્યો? વૃક્ષ છાંયડો આપે છે, ફળ આપે છે; પરંતુ આભારપ્રદર્શનની પણ અપેક્ષા રાખતું નથી. તેને જ સેવા કહેવાય. વૃક્ષની પાસેથી આવી સેવાવૃત્તિ શીખવાની છે. વાનપ્રસ્થે મહિનામાં ઓછા નામે પંદર દિવસ ઘરની બહાર નીકળવું જોઈએ. છોકરો કામકાજ સંભાળવા લાગ્યો કે બાપે પંદર દિવસ કુટુંબનું કામ કરવાનું અને પંદર દિવસ ભગવાનના કામ માટે ઘરથી બહાર જવું જોઈએ. વાનપ્રસ્થો જો આજે તેવું કરશે તો આજે પણ જે સમસ્યાઓ છે તે હલ થઈ જશે. શિક્ષણ આપવાની સમસ્યા તો રહેશે જ નહિ અને સમાજના પ્રત્યેક બાળકને શિક્ષણ મળશે.

આજે કેટલા નિવૃત્ત લોકો છે? પરંતુ તેઓ રિટાયર્ડ થયા પછી રી-ટ્રાય-ફરી કામ કરવાનો મોકો શોધે છે. અરે! આપણા ઋષિઓએ, સ્મૃતિકારોએ જે વાનપ્રસ્થાશ્રમની વ્યવસ્થા આપી છે અને જેને અવતારોએ પીઠબળ આપ્યું છે, તેનો ફક્ત વિચાર કરશો તો ઋષિની સામે બુધ્ધિ નતમસ્તક થઈ જશે. આજના દિગ્ભ્રાંત સમાજવાદીઓની જે સમસ્યા છે તેનો ઉકેલ આપણા ઋષિઓએ આપ્યો છે. ઋષિની સામે પણ આ કોયડો હતો કે ગૃહસંસ્થા સમાજને નબળો પાડશે તો? તેમણે વાનપ્રસ્થાશ્રમ આપીને ઉકેલ આણ્યો. જે સમાજવાદી ચિંતકો છે તેઓ ગૃહસંસ્થાને સ્વીકારી નથી શકતા તેમ તેને છોડી પણ શકતા નથી. આ દિગ્ભ્રાંત લોકોને પ્રેમ, ત્યાગ, સમર્પણના ગુણોનું શિક્ષણ આપતા વાનપ્રસ્થાશ્રમમાં ઉકેલ જડશે.

કૃષ્ણ ભગવાને અને ઋષિઓએ ગૃહસ્થાશ્રમને જેટલી મહત્તા આપી છે તેટલી જ મહત્તા વાનપ્રસ્થાશ્રમને આપી છે. વાનપ્રસ્થો સમાજના છેલ્લા અંશ સુધી પહોંચી જશે. લોકોની આંખોમાં રોશની આવી જશે. અમારે જીવવા જેવું છે એવું પ્રત્યેકને લાગશે. અસલી વાનપ્રસ્થો ઊભા થશે તો સમાજના કેટલાયે કોયડાઓ છૂટી જશે. વાનપ્રસ્થાશ્રમ એ સમાજની કરોડરજ્જુ ગણવામાં આવી છે. તેમાં વાનપ્રસ્થે પોતાનું કૌશલ્ય ભગવાનના ચરણ ઉપર ધરવાનું છે. સુથારે દસ સારા સુથારો તૈયાર કરીને પછી મરવાનું છે. તેમની પાસેથી તેણે કશું લેવાનું નથી. તેને સંભાવના-પુરસ્કાર-(honorarium) પણ લેવી નથી. અસલી વાનપ્રસ્થાશ્રમ સંસ્થા ઊભી થશે તો ગૃહસ્થાશ્રમ માટે ભયકારક સુરંગો દૂર થશે. ગૃહસંસ્થાનું આધ્યાત્મિક મૂલ્ય સમજાવીને પહેલી અને ભાવજીવન વધારીને બીજી સુરંગ દૂર થશે અને પ્રભાવી અને શક્તિશાળી રીતે વાનપ્રસ્થાશ્રમ ઊભો થશે તો ત્રીજી સુરંગ પણ આઘી થશે. પરિણામે ગૃહસંસ્થા ટકશે અને માનવનું સાતત્ય ટકશે, તેના લીધે ભગવાન રાજી થશે.

વાનપ્રસ્થાશ્રમ ફરીથી ઊભો કરવો જોઈએ. જેમણે વાનપ્રસ્થાશ્રમ ઊભો કર્યો હતો તેમની બુદ્ધિમત્તાને નમસ્કાર કરું છું. તેઓ ખરેખર અક્કલમંદ લોકો છે. મને ખાતરી છે કે તે તેમની અક્કલ નહિ, ભગવાનની જ અક્કલ છે. એનું કારણ **ईश्वरोक्तत्वात् वेदस्य प्रामाण्यं**-એ વૈદિક સિદ્ધાંત છે.

સંન્યાસાશ્રમ એ ચતુર્થાશ્રમ છે, તેના માટે શું બોલવાનું? તેને ફક્ત નમસ્કાર કરવાના છે. સંન્યાસાશ્રમ વંદનીય છે. ભારતીય સંસ્કૃતિમાં બે જણને—સંન્યાસી અને સૌભાગ્યવતી સ્ત્રીને—કોઈપણ જગાએ જવા માટે રુકાવટ નથી. તેઓ લશ્કરમાં પણ જઈ શકે અને રાજકીય લોકોમાં

પણ જઇ શકે, કોઇ રોકી ન શકે. તેઓ કોઇ દિવસે જાસૂસી નહિ કરે એવો વિશ્વાસ હતો. ભારતીય સંસ્કૃતિના બંધારણમાં તેવું લખેલું છે. આ દૃષ્ટિથી સંન્યાસાશ્રમ માટે વિચારીએ.

સંન્યાસ શબ્દ વેદમાં નથી. વેદમાં તેનો પ્રતિશબ્દ યતિ છે. ઉપનિષદ્ જ્ઞાનપ્રધાન વૈદિક વાઙ્મય છે તેમાં સંન્યાસ શબ્દ છે. યતિએ કેવી રીતે રહેવું, ઊઠવું, બેસવું, તેનું વિશ્લેષણ ‘યતિધર્મસંગ્રહ’માં છે. તેને માટેના બધા નિયમો તેમાં લખેલા છે. એ બહુ મોટો ગ્રંથ છે. હવે તે કદાચ ઉપલબ્ધ પણ ન હશે. જે પુસ્તકના ગ્રાહક ન મળે તે પુસ્તક વેપારી લોકો છપાવતા નથી. આ કામ મંદિરોનું છે કે જૂનું વાઙ્મય ઊભું કરવું, ટકાવવું. મંદિરોમાં જે વિત્ત આવે છે તે આવા કામમાં વાપરવું જોઇએ. તો જ વાઙ્મય ટકશે, નહિ તો લુપ્ત થશે. ‘યતિધર્મસંગ્રહ’માં યતિ માટે છ દોષો લખ્યા છે.

मञ्चकं शुल्कवस्त्रं च स्त्रीकथा लौल्यमेव च ।
दिवास्वापं च यानं च यतिनां दुषणानि षट् ॥

—ખાટલો, રેશમી વસ્ત્ર, સ્ત્રીઓની વાત, ઈંદ્રિયોનું લાલનપાલન, દિવસે ઊંઘવું, વાહનમાં ફરવું, આ છ વાતો યતિને દૂષણ કરનારી છે, માટે તે છોડવી.

પછી કહે છે:

न संभाषयेद् स्त्रियं क्वापि पूर्वद्दष्टां च न स्मरेत् ।
कथां च वर्जयेत्तासां न पश्येल्लिखितामपि ॥

સ્ત્રીઓ સાથે તેણે વાત ન કરવી જોઇએ, પૂર્વે જોયેલી સ્ત્રીને યાદ ન કરવી જોઇએ, તેમની વાતો પણ ત્યજી દેવી જોઇએ, એટલું જ નહિ, સ્ત્રીનું ચિત્ર પણ જોવું નહિ.

અન્ન કેવી રીતે ખાવું તે પણ લખ્યું છે. સંન્યાસીએ ભિક્ષા માગીને ખાવાનું. પાંચ-સાત ઘરમાં જઇને ભિક્ષા માગવાની. ભિક્ષા માગી આવ્યા પછી શું કરવાનું? તો કહે છે:

अष्टौभिक्षाः समाधाय स मुनि पञ्च सप्तवा ।
अद्विः प्रक्षाल्य ताः सर्वाः मुञ्चीयात् सुसमाहितः ॥

—અર્થાત્ આઠ, સાત કે પાંચ ઘરેથી ભિક્ષા માગી લાવવી અને તે બધી એક ઝોળીમાં નાખવી, તથા તે ઝોળી લઇ નદીકાંઠે કે તળાવકાંઠે જ પાણીમાં ડૂબાવવી એટલે અંદરના પદાર્થો, જલેબી-ઢોકળા વગેરે જે હોય તેમાંથી બધા રસો જતા રહે અને માત્ર તત્ત્વ રહે. આ ભોજન સંન્યાસીએ લેવું જોઇએ. આ નિયમ જોયા પછી ખબર પડે છે કે સાચો સંન્યાસી શરીર ટકાવવા માટે ખાય છે, સ્વાદ માટે ખાતો નથી. સંન્યાસીનું જીવન કેવું હોવું જોઇએ?

एकरात्रं वसेद् ग्रामे पट्टने तु दिनद्वयम् ।
पुरे दिनत्रयं चापि नगरे पंचरात्रकम् ॥

—અર્થાત્ ગામડામાં સંન્યાસી એક રાત રહે, તેથી મોટા સ્થાનમાં બે દિવસ રહે, નગરમાં ત્રણ દિવસ રહે તથા શહેરમાં પાંચ દિવસ રહે. આ મુદતથી વધારે કોઇપણ સ્થાને કોઇપણ વખત

રહે નહિ. તેમણે એમ ન વિચાર કરવો જોઇએ કે ‘વધારે રહીશ તો આ લોકો પર ઉપકાર થશે.’ કારણ **जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम्**—લોકો પર કૃપા તથા નિષ્ઠુરતાનો વિચાર તેમણે છોડવાનો હોય છે. આગળ કહે છે કે સંન્યાસીએ શું શું ન કરવું જોઇએ.

न तीर्थसेविवित्तस्यात् नोपवास करोति यतिः ।
न चाध्ययनशीलस्यात् न व्याख्यानपरो भवेत् ॥

જ્યાં તીર્થસ્થાન હોય ત્યાં સંન્યાસીએ ન રહેવું જોઇએ કેમકે તીર્થસ્થાનમાં સામાન્ય લોકોની ભીડ રહે. તીર્થસ્થાનમાં નમસ્કાર કરીને નીકળી જવું જોઇએ. નિત્ય માટે ત્યાં મઠ બાંધી દીધો, એવું ન કરવું જોઇએ, યતિએ ઉપવાસ ન કરવો જોઇએ. જેટલું શરીરને જરૂરી હોય તેટલું ખાવું જ જોઇએ. આ તેના જીવનના છેલ્લા દિવસો છે. શરીર બગડે તો તેની ચિત્તએકાગ્રતા પણ બગડશે. વીસ-પચીસ દિવસના ઉપવાસો કોણ ખેંચી શકે? જેમને ચિત્તએકાગ્રતા કરવી નથી અને સૂઇ રહેવું છે તે ઉપવાસો કરી શકે. બ્રહ્મવિદ્યાને છોડીને બીજું કોઇ અધ્યયન તેણે કરવાનું નથી. તેવી જ રીતે તેણે વ્યાખ્યાનો પણ આપવાં નહિ. તેનાથી લોકેષણા વધી જશે.

ગીતાએ કેવો સંન્યાસ કહ્યો છે? અઢારમા અધ્યાયની શરૂઆતમાં અર્જુને પુછેલા પ્રશ્નના જવાબમાં ભગવાને કહ્યું: **काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः**—‘કામ્ય કર્મોના પરિત્યાગને સંન્યાસ કહે છે.’ સંન્યાસ લેવાનો નથી, સંન્યાસ આપવાનો નથી, સંન્યાસ થઇ જાય છે એવું ગીતાકારનું કહેવું છે. કોઇ કારણસર સંન્યાસ લે તો તે ટકે નહિ. કારણ, સંન્યાસનું કારણ ચાલી જતાં સંન્યાસ પણ ચાલી જાય. સમજો કે કોઇ પૈસા કમાઇ ન શકે તેથી સંન્યાસ લે, પત્ની જોડે બને નહિ તેથી સંન્યાસ લે, જવાબદારી છોડીને શંતિથી રહેવા માટે કોઇ સંન્યાસ લે, કોઇ રાગદ્વેષને કારણે સંન્યાસ લે, તો તે ટકે નહિ.

ભોજરાજાના સમયની આ વાત છે. કવિકુલગુરુ કાલિદાસને કાયમ ભોજરાજાના દરબારમાં પ્રથમ સ્થાન મળતું હતું. જ્યાંસુધી કાલિદાસ હોય ત્યાંસુધી દરબારના બીજા પંડિતોની પ્રતિષ્ઠા તેમનાથી વધે નહિ. પંડિતો કોઇ દિવસ કોઇ કાર્યમાં એકમત થતા નથી, પરંતુ અહીં બધાને સ્વાર્થ સાધવો હતો તેથી બધા એકમત થયા. કાલિદાસને મરાય તો નહિ. ગમે તેવી યુક્તિ કરી તેને આઘો કરવો જોઇએ એવું તેમને લાગ્યું. તેમણે યુક્તિ શોધી કાઢી અને એક દિવસ સવારના પ્રહરે કાલિદાસને ત્યાં પહોંચી ગયા.

કાલિદાસ સ્નાનસંધ્યા ઇત્યાદિ પરવારીને કંઇ વાંચતા બેઠા હતા. કાલિદાસને વિચાર આવ્યો કે આ બધા સાથે મળીને મારે ત્યાં કેમ આવ્યા હશે? તેમને આશ્ચર્ય થયું અને શંકા પણ આવી. કાલિદાસ તે કાલિદાસ! તેમણે તો મુખ ઉપરનો ભાવ બદલી નાખ્યો અને પ્રેમથી આગંતુક મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું. પંડિતો નીતિનિપુણ કાલિદાસને ઓળખી શકયા નહિ, એટલે તેમણે પોતાની વાત ચલાવી. ‘કેટલા દિવસ સુધી પાંડિત્ય અને કવિત્વ રાજદરબારમાં રજુ કર્યા કરીશું? હવે આપણે બધા વૃદ્ધ થયા છીએ. અત્યારસુધી પ્રેયસ્‌ની ઉપાસના કરી, હવે તો જીવનનું અંતિમ કલ્યાણ કરવું જોઇએ. શ્રેયસ્ સાધવા માટે ચતુર્થાશ્રમમાં પ્રવેશ કરીને જીવનનું કલ્યાણ કરીએ.’ કાલિદાસ તો ધીરગંભીરતાથી તેમની વાતો સાંભળતા હતા. તેમણે કહ્યું: ‘બહુ સારું થયું.

હું તો આ જ દિવસની રાહ જોતો હતો.' પંડિતો સમજ્યા કે આપણું કામ હવે સહેલાઈથી પતી જશે તેથી તેમણે પોતાનો વિચાર રાજા પાસે જાહેર કર્યો. રાજાએ કાલિદાસને મનાવવા ખૂબ પ્રયત્ન કર્યો પણ કંઇ વળ્યું નહિ. રાજાએ કાલિદાસને પૂછયું: 'તું તો બધું જાણે છે, તે છતાં આ લોકોની સાથે તું ક્યાં સંન્યાસ લેવા જાય છે?' કાલિદાસ કહે: 'ના, ના—મારે પણ હવે સંન્યાસ લઈને જીવનનું કલ્યાણ કરવું જોઇએ. હું તો જઇશ જ.' ભોજરાજાને એક જ દુ:ખ થયું કે કાલિદાસ જેવો બુદ્ધિશાળી પુરુષ આ લોકોની સાથે શા માટે જાય છે? જે સંન્યાસ લેવા જાય તેને કોણ રોકી શકે? છેવટે દરબાર ભરીને કાલિદાસ અને પંડિતોને વિદાય આપવામાં આવી. કાલિદાસ અને પંડિતોનો સંઘ કાશીમાં આવી પહોંચ્યો. ત્યાં તેમને વિદ્યાનંદભારતી મળ્યા. બધા પંડિતોએ પોતાની ઇચ્છા પ્રગટ કરી. વિદ્યાનંદભારતીએ કહ્યું: 'પહેલાં મારે તમારો અધિકાર જોવો પડશે અને પછી યોગ્ય લાગશે તો હું તમને સંન્યાસ આપીશ.' બધા કબૂલ થયા. તેમણે પહેલાં કાલિદાસને કહ્યું: 'બધા પંડિતોમાં—તમે જ્ઞાનમાં મોટા છો, રાજા પણ તમને પ્રથમ માન આપતા હતા. માટે તમારે સૌથી પ્રથમ સંન્યાસ લેવો જોઇએ.' કાલિદાસ તેમનો હેતુ સમજી ગયા હતા. તેમણે કહ્યું: 'તમારી વાત ખરી છે, પણ હવે તો આપણે રાજદરબારમાં ક્યાં છીએ? તમે બધા મારાથી ઉમરમાં મોટા છે તથા તમે મને આ સંસારના ખાબોચિયામાંથી બહાર નીકળવાની પ્રેરણા આપી છે, માટે તમારી વિરક્તિ ઉચ્ચ પ્રકારની છે. તમે બધા પહેલાં સંન્યાસ લો, પછી હું લઇશ.' કાલિદાસની આ વાત સાંભળી પંડિતોને શંકા તો ગઇ; તેમાંનો એક ભડભડિયો હતો. તે બોલી ઊઠયો: 'જો પછી તમે સંન્યાસ ન લો તો?' કાલિદાસ કહે: 'જો ગુરુમહારાજ મને સંન્યાસ આપશે તો હું જરૂર સંન્યાસ લઇશ. આ વાત હું સાચી કહું છું, ગુરુમહારાજની હાજરીમાં જ કહું છું.'

પંડિતોને શંકા તો હતી પણ તેમને લાગ્યું કે ગુરુજી થોડી જ ના પાડવાના છે? વળી તેમને કાલિદાસના શબ્દ પર વિશ્વાસ હતો. બધા પંડિતો વારાફરતી ગુરુમહારાજ પાસે ગયા.

પહેલાં પંડિતને ગુરુએ પૂછયું: 'તમારી અંતિમ ઇચ્છા શું છે?' તે પંડિતે કહ્યું:

कदा वाराणस्याममरतटिनीरोधसिवसन्
वसानः कौपीनं शिरसि निदधानोऽञ्जलिपटम् ।
अये गौरीनाथ त्रिपुरहर शम्भो त्रिनयन
प्रसीदेत्याक्रोशन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

'કયારે હું કૌપીન પહેરીને, હાથ જોડીને, હે ગૌરીનાથ! હે ત્રિપુરહર! હે શંભો! હે ત્રિનયન! મારા પર પ્રસન્ન થાઓ, એમ બોલતાં બોલતાં, વારણસીમાં ગંગાકિનારે બેસીને નિમિષમાત્ર રુપ મારું આયુષ્ય વિતાવું એ જ મારી ઇચ્છા છે.' ગુરુએ કહ્યું: 'ઠીક છે. તું અધિકારી છે, તું સંન્યાસી બન. તારું નામ શંકરાનંદ'. આમ કહીને તેને દીક્ષા આપી.

પછી બીજાનો વારો આવ્યો. તેણે કહ્યું:

कदावृंदारण्ये विमलयमुनातीर पुलिने
चरन्तं गोविंदं हलधरसुदामादिसहितम् ।
अये कृष्ण स्वामिन् मधुरमुरलीवादन विभो
प्रसीदेत्याक्रोशन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

‘જે ઠેકાણે શ્રીકૃષ્ણ ભગવાન નાચ્યા, કૂદ્યા એવા પવિત્ર યમુના તટ ઉપર વૃંદાવનમાં જઇને બળરામ અને સુદામા આદિસહિત ફરતા રહેલા શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવાની મારી ઇચ્છા છે.’ ગુરુએ તેને પણ સંન્યાસ આપ્યો અને તેનું નામ કૃષ્ણાનંદ રાખ્યું. પછી ત્રીજો પંડિત આવ્યો. તેણે કહ્યું:

कदा वा साकेते विमलसरयूतीरपुलिने
चरन्तं श्रीरामं जनकतनयालक्ष्मणयुतम् ।
अये रामस्वामिन् जनकतनयावल्लभ विभो
प्रसीदेत्याक्रोशन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

‘અયોધ્યામાં સરયૂકિનારે રહીને ‘રામ, રામ’ જપતાં જપતાં બાકીનું આયુષ્ય પૂરું કરવાની જ મારી ઇચ્છા છે. સીતા અને લક્ષ્મણની સાથે ફરવાવાળા રામ પ્રસન્ન થાય તો એટલું જ માગીશ કે બાકીનું જીવન ક્ષણમાત્રનું સમજીને વિતાવવાની મારી ઇચ્છા છે.’ તેને પણ ગુરુએ સંન્યાસ આપ્યો. તેનું નામ રામાનંદ રાખ્યું.

આ રીતે પંદર શ્લોકો છે તે બહુ સારા છે. અંતમાં પંડિતરાજ કાલિદાસનો વારો આવ્યો. બધાની નજર કાલિદાસ પર જ હતી. તેને મુંડવા માટે તો આ બધું તૂત ઊભું કર્યું હતું. કાલિદાસ સંન્યાસી થઇ જાય તો પોતાનો સંન્યાસ યશસ્વી થાય એવું તેમને લાગતું હતું.

કાલિદાસનો વારો આવ્યો એટલે ગુરુમહારાજે કહ્યું: ‘તમે તો ધારાનગરીના પ્રથમ શ્રેણીના પ્રથમ પંડિત છો. તો તમારી અંતિમ ઇચ્છા શી છે તે કહો.’ કાલિદાસે કહ્યું:

कदा कान्तागारे परिमिलमिलत् पुष्पशयने
शयानः श्यामाः कुचयुगमहं वक्षसि वहन् ।
अये स्निग्धे मुग्धे चपलनयने चंद्रवदने
प्रसीदेत्याक्रोशन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

‘ગુરુદેવ! તમારી પાસે ખોટું નહિ બોલું. બોલું તો મહાપાપ લાગે. મારા મનમાં તો હજી સંસાર રમી રહ્યો છે અને દૃષ્ટિ આગળ પ્રિયાનું સુંદર મુખ દેખાય છે. મારો તો તેની સાથે રમમાણ થઇને બાકીનું આયુષ્ય વિતાવવાનો વિચાર છે.’

આ સાંભળીને ગુરુએ કહ્યું: ‘તું સંન્યાસનો અધિકારી નથી માટે તું અહીંથી ચાલ્યો જા.’ બધા પંડિતો એકદમ બોલી ઊઠયા ‘તો પછી અમારે પણ ક્યાં સંન્યાસ લેવો હતો? અમારે તો કાલિદાસને સંન્યાસ આપવાનો હતો.’

ત્યારબાદ ગુરુએ સંન્યાસના બારામાં ત્યાં વ્યાખ્યાન આપ્યું અને પેલા પંડિતોને ખૂબ ઠપકો આપ્યો.

ગીતા કહે છે કે માણસ સંન્યાસી થઇ જાય છે. કોઇ સંન્યાસી બનતું નથી કે કોઇને સન્યાસી બનાવાતો નથી. માણસની વિશિષ્ટ પ્રકારની નૈતિક અને આધ્યાત્મિક વૃત્તિ થાય તેને સંન્યાસ કહે છે. ગીતાકાર કૃષ્ણ ભગવાન, ઉપનિષદકાર અને ઋષિઓની દૃષ્ટિથી તે વ્યક્તિ સંન્યાસી કહેવાય

જે બધાની સાથે મૈત્રીસંવર્ધન કરવાવાળો છે અને જેને કોઇની દુશ્મની કે નફરત નથી, એવી એક વૃત્તિ નિર્માણ થઇ છે.

આપણા દિલમાં જ્યાં સ્વાર્થ ન હોય તેના તરફ નફરત અથવા ઓછા નામે તટસ્થતા આવી જાય છે; પરંતુ મૈત્રી નથી આવતી. સંન્યાસી બધા સાથે મૈત્રીસંબંધ રાખે છે. કોઇ ઝઘડે કે ગાળો આપે તો પણ તે શાંતિ રાખે. તે કોઇનો અનાદર ન કરે અને કોઇની સાથે વેર ન રાખે. તેનો કોઇને ડર લાગતો નથી અને તે પોતે કોઇથી ડરતો નથી. તે બધાને પોતાનો લાગે છે. તેના મનમાં એક જ ચિંતન ચાલે છે કે બધા પારિવારિક લોકો પોતાનું શ્રેય સમજતા નથી તેથી તેમની દુર્ગતિ થાય છે, તે થવી ન જોઇએ. મારી અંદર ભગવાન છે તે જ ભગવાન તેમની અંદર પણ છે. મને અંદર રહેલા ભગવાને જાગૃત કર્યો છે અને સારો બનાવ્યો છે, તેથી બધા લોકોને જગાડવા એવી એક જ્વલંતવૃત્તિ તેના અંતઃકરણમાં સતત રહે છે. તેને જ સંન્યાસી કહેવાય છે. વિશિષ્ટ નૈતિક અને આધ્યાત્મિક જીવનવૃત્તિને સંન્યાસ કહેવાય છે.

ગીતાકારે સ્પષ્ટ ભાષામાં લખ્યું છે: **काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयोविदुः ।** 'કામ્ય કર્મો સારી રીતે સોંપવાં-ન્યાસ કરવાં' તેને સંન્યાસ કહે છે. આપણી પાસે કઇ પૂંજી છે? કર્મ અને કર્મફળ એ આપણી પૂંજી છે. વિત્ત આપણી પૂંજી નથી, એનું કારણ છેલ્લે તે અહીં રહેવાનું છે. મૃત્યુ બાદ આપણી જોડે આપણું કર્મ જ આવવાનું છે. કર્મ અને કર્મફળ ભગવાનને પ્રેમથી સોંપવાના છે. તે ફેંકવાનાં નથી, એમ સમજાવ્યું છે. ત્યાગ નફરતથી ઊભો થાય છે, પરિણામના ડરથી પણ ત્યાગ થાય છે. કરેલાં કર્મનું ફળ આજે નહિ તો કાલે ભોગવવું જ પડશે. ફળ સ્વીકારીને હેરાનગતિ થાય તેનાં કરતાં છોડી દઇએ તો શાંતિ મળશે એવી કેટલાકની સમજણ છે.

લગ્નમાં છોકરીનો હાથ કોઇને સોંપવામાં આવે છે. જે હાથ સોંપી દે છે તેને નિરાંત થઇ જાય છે અને જે હાથ પકડે છે તેની ઊંઘ ઊડી જાય છે, એનું કારણ તેને સંભાળવી પડે છે. આવી રીતે કર્મ ભગવાનને સોંપવાં છે. કર્મનો ડર રાખીને જો કર્મ ફેંકી દેશો તો તે સંન્યાસ નથી. કર્મ ઉપર પ્રેમ હોવો જોઇએ, ધિક્કાર નહિ, પરિણામનો ડર નહિ; પરંતુ ભક્તિપૂર્ણ પ્રેમથી કર્મ ભગવાનને સોંપવાં એવું નામ સંન્યાસ. 'જે મારી પાસે છે, જે મારું છે, તે મારે તને આપવું છે, ભગવાન! મારી પાસે ફક્ત આટલું જ છે—જે તમે ગીતામાં કહ્યું છે:

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् (गी. ९/२७)

હે કુંતીપુત્ર, તું જે જે કરે, જે જે ખાય, જે જે હોમે, જે જે દાન કરે, તપ કરે, તે બધું તું મને અર્પણ કર.'

જે મારી પાસે છે, મારું છે, જેના ઉપર કેવળ મારું નામ છે, દીકરા કે બાપનું નામ નથી, પત્ની કે માનું નામ નથી, તે કોઇના ખાતામાં જતું નથી. ચિત્રગુપ્ત જે આ બધો હિસાબ રાખે છે, તે એક જબરદસ્ત શક્તિ છે. તેને ત્યાં ગોટાળો થતો નથી અને ખાતામાં જે જમા હોય તે મળે, ઓવરડ્રાફ્ટ પણ મળતો નથી. જે કર્મ મારું છે તે પ્રેમથી, ભક્તિભાવથી ભગવાનને સોંપવાનું છે.

ખાતી વખતે, સૂતી વખતે, ચાલતી વખતે, બોલતી વખતે, સત્કર્મ કરતી વખતે ભગવાન મારી સાથે છે. કોઇપણ કૃતિ હું એકલો કરી શકતો નથી. ભગવાનની શક્તિ વગર હું કોઇપણ કર્મ કરી શકતો નથી. ભગવાન મારી સાથે છે તેથી મારે કર્મ તો કરવું જ છે. મને કર્મ ઉપર પ્રેમ છે, તે કર્મ મારું છે તેથી તે મારે ભગવાનને આપવું છે. કર્મ ભગવાનને આપવાના બે રસ્તા છે. જ્ઞાનથી કર્મ ભગવાનને આપી શકાય છે અને બીજું, ભક્તિથી, પ્રેમથી ભગવાનને કર્મ આપી શકાય છે. આ રીતે કર્મ ભગવાનને આપવું તેને સંન્યાસ કહે છે.

ભગવાનને જ્ઞાનથી કર્મ આપવું એટલે શું? 'હું જે કર્મ કરું છું તે મારું નથી, એનું કારણ તેમાં મારી શક્તિ નથી. કર્મમાં શક્તિ મારી નથી તેમ સંકલ્પ પણ મારો નથી, સંકલ્પ પણ તેણે જ કર્યો છે, તો પછી તેના પર મારો અધિકાર કેમ થાય? જે શક્તિથી હું ખાઉં છું, જે શક્તિથી હું બોલું છું, જે શક્તિથી હું કમાઉં છું, જે શક્તિથી હું આપું છું, તે શક્તિ મારી નથી. જે ક્રિયા મારી શક્તિથી થઇ નથી, તેના ઉપર મારો અધિકાર જ નથી' એવું જ્ઞાન સમજાવે છે. સંકલ્પ કરવાવાળો પણ ભગવાન જ છે. આમ સંકલ્પ તારો, શક્તિ તારી, સાધન પણ તારા, તો પછી જે કર્મ થયું તેના પર મારું નામ કેવી રીતે આવે? આવી સમજણ જ્ઞાનથી આવે છે અને તેથી કર્મ ભગવાનને સોંપાય છે. આ જ્ઞાનથી સંન્યાસ આવ્યો કહેવાય.

બીજો રસ્તો, ભક્તિથી ભગવાનને કર્મ સોંપવાનાં છે. 'ભગવાન! મને કર્મ ઉપર બહુ પ્રેમ છે, મારે કરવું જ છે પણ તારા માટે કરવું છે, તને તે અર્પણ કરવું છે.' શંકરાચાર્ય કહે છે: '**जननि जननं यातु मम वै मृडानी रुद्राणी शिवशिव भवानीति जपतः** । ભગવાન મને જન્મ આપો. શા માટે? મારે તમારું કામ કરવું છે.' તુકારામ મહારાજ કહે છે: '**न लगे मुक्ति घनसंपदा संतसङ्ग मिळो सदा तुका म्हणे गर्भवासी सुखे घालावे आम्हासि......** ભગવાન! અમને જન્મ આપો, અમે ગર્ભવાસનું દુઃખ સહન કરવા તૈયાર છીએ.' આ મહાન ભક્તો કર્મથી ડરતા નથી, તેમને કર્મ પ્રત્યે નફરત નથી. તે કહેશે, 'ભગવાન! મેં સારાં કર્મ કર્યાં છે તે મારી પાસે છે. તે જ મારી પૂંજી છે, મારી પાસે બીજું કંઇ નથી. હું ઝાડ પરથી ફૂલ તોડું છું અને તને ચડાવું છે, પણ ફૂલ ખિલવ્યું કોણે? ફૂલમાં સુગંધ કોણે ભરી? તેમાં મારું કંઇ જ કર્તૃત્વ નથી, પ્રભાવ પણ નથી. તારો પ્રભાવ જ મેં ઉપાડયો છે. **त्वदीय वस्तु गोविंदः तुभ्यमेव समर्पयेत्**—આમ મારી પાસે કર્મ સિવાય બીજું કંઇ જ નથી. મારા કર્મ પર મારું નામ છે. તે પ્રેમથી તને આપવાનું છે.' આમ કહીને ભક્ત પ્રેમથી, ભક્તિથી, ભગવાનને કર્મ સોંપી દે છે.

જ્ઞાનથી કર્મ ભગવાનને સોંપવાં અને ભક્તિથી કર્મ ભગવાનને સોંપવાં—આ બે રીતે સંન્યાસ સમજાવ્યો છે. ગીતાકારે જે સંન્યાસ સમજાવ્યો છે તે આવો છે: '**काम्यानां कर्मणां न्यासं**'—અહી **न्यासं** નો અર્થ ફેંકવું નથી. ન્યાસનો અર્થ સમજી લેવો જોઇએ. લોકો ન્યાસનો અર્થ સમજતા નથી તેથી વિપરીત અર્થ કરે છે. ભગવાન પણ કહે છે: '**काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः**—ફળની ઇચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને જ્ઞાનીઓ સંન્યાસ કહે છે—એમ કવિઓ કહે છે, હું કહું છું એમ નહિ.' અહીં કવિ એટલે તત્ત્વજ્ઞાની જેને આત્મસાક્ષાત્કાર—self-realization થયો છે તેને કવિ કહે છે. વ્યવહારમાં તો ઘણા કવિઓ હોય છે. જેઓ શબ્દો ગોઠવી કાઢે છે તેને કવિ કહે છે. અહીં કવિ શબ્દ તત્ત્વદર્શીને માટે વપરાયો છે. ઇશાવાસ્યોપનિષદમાં કહ્યું છે:

:कविर्मनीषी परिभूः स्वम्भूर्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः । સર્વદષ્ટા, સર્વજ્ઞ અને જ્ઞાનસ્વરૂપ, સર્વોપરિ વિદ્યમાન અને સર્વનિયંતા, સ્વેચ્છાથી પ્રગટ થવાવાળા અનાદિકાળથી બધા પ્રાણીઓની કર્માનુસાર યથાયોગ્ય સંપૂર્ણ પદાર્થોની રચના કરે છે.'—**काम्यानां कर्मणां न्यासं** ને આ કવિઓ સંન્યાસ કહે છે. ભગવાન કહે છે કે આ મનીષીઓ જે કહે છે તેને મારી અનુમતિ હોય જ અને છે. આવી રીતે ગીતાએ એક જુદો જ સંન્યાસ સમજાવ્યો છે અને ઉપનિષદોએ એ વિશિષ્ટ નૈતિક અને આધ્યાત્મિક જીવનવૃત્તિને સંન્યાસ કહ્યો છે. આ સંન્યાસ આપવાનો, લેવાનો પ્રશ્ન જ નથી. આવી રીતે ભાગવતમાં આ ચાર આશ્રમોનું વર્ણન છે.

ત્યારબાદ આ એકાદશ સ્કંધમાં વિભૂતિદર્શન છે તે અતિશય સુંદર છે. ગીતાનું વિભૂતિદર્શન અદ્ભુત હોવાને લીધે, ગીતાનું સંકલન કરનાર વેદવ્યાસ ભાગવતના લેખક હોય એવું પંડિતોને લાગતું નથી. અર્થાત્, આપણે તેને જવાબ આપી શકીએ કે વેદવ્યાસે ગીતામાં ભગવાને જે કહ્યું તેનું સંકલન કર્યું છે અને ભાગવતમાં તેમને પોતાને જે લાગ્યું તે તેમણે લખ્યું છે. જેમને ગીતાનો આટલો સુંદર વિભૂતિયોગ અધ્યાય ખબર છે તે વેદવ્યાસ આવું ભાગવતમાં ન લખે એવી પંડિતોની માન્યતા છે. આ બધું ઐતિહાસિક લોકોનું કામ છે, આપણું કામ નથી. આપણું કામ તો હાથમાં ફૂલ આવ્યું તે સૂંઘવાનું છે. ભાગવતનું ફૂલ આપણા હાથમાં આવ્યું તેનું સૌંદર્ય કેવું છે, સુગંધ કેવી છે તે જોવાનું કામ આપણું છે. કોણે ભાગવત લખ્યું, ક્યારે લખ્યું, કઇ સાલમાં લખ્યું? તેને આપણે શું કરવાનું છે? ગુલાબનું ફૂલ હાથમાં આવ્યું કે તે સૂંઘવું. તેને નિર્માણ કરનાર માળી કેવો હતો? કાળો હતો કે ગોરો હતો? તે જોવાનું આપણે કારણ શું? તેને પણ મૂલ્ય છે, નથી એમ કહેતો નથી, પરંતુ આપણે તે બધું જોવું નથી. ભક્તિમાં અંતિમ એક વિભૂતિનો દષ્ટિકોણ હોવો જોઇએ એમ ભાગવતકારને કહેવું છે. કોઇપણ વસ્તુ કે વ્યક્તિ તરફ તમે કઇ દષ્ટિથી જોવાના? ભોગની નજરે, ભાવની નજરે કે ભક્તિની નજરે? ગીતાકાર કહેશે કે વસ્તુ કે વ્યક્તિ તરફ, ભાવ અને ભક્તિની નજરે જોશો ત્યારે જ ભક્તિનો ઉન્નત અર્થ થશે, ઉન્નતિકરણ થશે. વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ તરફ ભોગની નજરે ન જોવું જોઇએ. ભોગદર્શન કે વિભૂતિદર્શન? તેમાં વિભૂતિદર્શન હોવું જોઇએ એવું તેમનું કહેવું છે.

એકાદશ સ્કંધમાં ઘણું તત્ત્વજ્ઞાન કહ્યું છે. બધા લોકો એકાદશ સ્કંધ છોડી દે છે. દશમ સ્કંધ થયો કે ભાગવતને નમસ્કાર કરીને ચાલ્યા જાય છે.

ભાગવત કહે છે કે ભક્તિ અને અધ્યાત્મમાં અહંભાવની—sense of individuality ની—સમસ્યા છે. 'અહંભાવ' એટલે પૈસાથી કે કીર્તિથી આવેલો અહંકાર નહિ. માણસના જીવનમાંથી અહંભાવ કાઢી લેશો તો તે અળસિયું થઇ જશે અને કર્મ થશે નહિ. તેનો પુરુષાર્થ ખતમ થઇ જશે. કેટલાક લોકો બોલે છે: 'ઇશ્વરની ઇચ્છા હશે તેમ થશે, હું શું કરી શકવાનો? **असेल माझा हरि तर देईल खाटल्यावरि**'—આવી એક પુરુષાર્થહીનતા, અકર્મણ્યતા પેદા થશે. તેનાથી આખું જીવન જ ખલાસ થઇ જશે. અહંભાવ રાખશો તો વાસના (will to become something) વધી જશે. મારે કંઇ બનવું છે—(will to become) આવ્યું કે તલપાપડ થવાશે—crave for becoming something—તેને જ **भव** કહે છે. મારે થવું છે. **वित्तवान् भव, विद्यावान भव, पुत्रवान भव**—આ **भव**નો અર્થ મારે થવું છે. તે માણસની પાછળ લાગેલો જ છે. તેનાથી છૂટાતું

નથી. અહંભાવથી વાસના ઊભી થાય છે અને ભવ ઊભો થાય છે અને જો અહંભાવ કાઢી નાખો તો અળસિયું થવાય છે, પુરુષાર્થહીન થવાય છે. તો શું કરવું? આ એક સમસ્યા છે.

અધ્યાત્મમાં અને ભક્તિમાં–બન્નેમાં આ સમસ્યા છે. તેમાંથી રસ્તો કેવી રીતે કાઢશો? આપણું ભક્તિશાસ્ત્ર અને આપણા ભાગવતકાર પણ એક જ રસ્તો દેખાડે છે અને તે એટલે ભક્તિ. અહંભાવને પકડવો ખોટો છે અને છોડવો પણ કઠણ છે. તેના માટે ભક્તિએ રસ્તો બતાવ્યો છે. અહંભાવ (sense of individuality) મારવાનો નહિ, રાખવાનો નહિ, તો? આપીને તેનો ઉપયોગ કરવો એનું નામ ભક્તિ. અહંભાવને રાખશો તો વાસના (will to become) ઊભી થશે અને હેરાન કરશે. વેદાંતમાં, તત્ત્વજ્ઞાનમાં કંઈ સમસ્યા હોય તો આ અહંભાવની છે. ભાગવતકારને વેદાંતમાં શું સમજાવવાનું છે તે હું સંક્ષિપ્તમાં કહું છું. ભાગવતકારે અંતિમ વેદાંતનું રૂપ સમજાવતાં કહ્યું છે કે અહંભાવ રાખવાનો છે, મારવાનો છે કે છોડવાનો છે? અહંભાવ રાખવો નથી, કેમકે, તે વાસના ઊભી કરે છે. તે મારવો નથી, કેમકે, અહંભાવને મારી નાંખતાં કર્તૃત્વ ખતમ થઈ જાય છે, તો પછી શું કરવાનું? અહંભાવ ભગવાનને આપીને વિકાસને માટે વાપરવાનો છે. અહંભાવ મારો નથી, ભગવાનનો છે. 'ભક્તિ'નો આ અર્થ છે. ભક્તિમાં ધિક્કાર નથી, સ્વીકાર ~~નથી, અહંકાર~~ ભગવાનના પગ પર રાખીને પછી જીવનવિકાસ માટે ઉપયોગમાં લેવાનો છે, પછી અહંભાવ હેરાન પણ નહિ કરે અને તેનો વિકાસને માટે ઉપયોગ કરી શકાશે. આ ચર્ચા કરીને એકાદશ સ્કંધ પૂરો કર્યો છે.

।द्वादशः स्कंधः।

દ્વાદશ સ્કંધ એ છેલ્લો સ્કંધ છે. તેમાં વિવિધ રાજવંશનું વર્ણન છે. ઐતિહાસિક લોકોને તેની અનુપૂર્વીમાં ભૂલ લાગે છે, પરંતુ, એ તેમનો વિષય છે. ત્યારબાદ પરીક્ષિત રાજાને તક્ષકનાગ દંશ મારે છે તેનું વર્ણન છે. ત્યારપછી તેનો પુત્ર જન્મેજયનો સર્પસત્ર બતાવ્યો છે, તેવી જ રીતે આ સ્કંધમાં કલિયુગનું વર્ણન આવે છે.

કલિયુગની બાબતમાં ભારતીયોની એવી માન્યતા છે કે માણસના વિચાર બદલાઇ જાય છે. વિચારવાનું (thinking) ચાલુ રહે છે, પણ તેનું મૂળ અને દિશા બદલાઇ જાય છે. વસિષ્ઠે વિચાર કર્યો હતો તો શું આજનો વૈજ્ઞાનિક વિચાર નથી કરતો? તે પણ વિચારે છે, પરંતુ, તેના વિચારનું લક્ષ્ય, તેની પાછળની શક્તિ અને વાસના બદલાઇ જાય છે. વિચારનું લક્ષ્ય જ વિચારધારામાં પાવિત્ર્ય ઊભું કરે છે. શબ્દને પાવિત્ર્ય નથી, પરંતુ, શબ્દ કોણ ઉચ્ચારે છે, શબ્દનો હેતુ અને લક્ષ્ય કયું છે, તેના પરથી, તેનું પાવિત્ર્ય નક્કી થાય છે.

ભારતીય દષ્ટિકોણ એવો છે કે આજે વિદ્યા, વિચાર, વેદ વગેરેના સંબંધમાં અનર્થ થયો છે. વેદનો અર્થ છે વિચારપૂજન. જ્યારે વિચારપૂજન જ ખતમ થઇ જાય છે, વિચારો જ્યારે વાસનાના ગુલામ થઇ જાય છે, વાસનાપૂજનનો એક પર્યાય, એક સાધન, વિચાર બની જાય છે, તેને જ કલિયુગનું દર્શન કહે છે. કલિયુગમાં કંઇ લોકો માથું નીચે રાખી, પગ ઉપર રાખીને ચાલતા નથી. કલિયુગમાં જીવનવિષયક જ્ઞાનની ઉપેક્ષા થાય છે અને જીવિકાના જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવે છે. કલિયુગમાં જીવિકા સિવાય બીજી કોઇ બાબતનો વિચાર જ હોતો નથી. કલિયુગનું વર્ણન છે:

विद्याग्रहणशून्यत्वात् अधर्मो भवति सूतः ।

જીવનવિષયક જ્ઞાન છે તેને વિદ્યા કહે છે. તેની ઉપાસના લોકો ન કરે પરંતુ, જીવિકાવિષયક જ્ઞાન ને જ સર્વસ્વ માને તેને જ કલિયુગ કહેવાય. ઉપરથી, જીવિકાવિષયક જ્ઞાન સર્વસ્વ છે એવું કહેવામાં તેમને ગૌરવ લાગે છે. આજે બધા ભણેલા લોકો ગૌરવથી અને ગર્વથી કહે છે કે જ્ઞાન જીવિકાલક્ષી જ હોવું જોઇએ. આવા કાળમાં જીવનવિષયક જ્ઞાન પોતાને મળતું નથી તેનું દુઃખ પણ લોકોને લાગતું નથી, ઊલટું, જીવિકાવિષયક જ્ઞાન જ મળવું જોઇએ તેનું સમર્થન ચાલે છે. જ્યારે આવી સ્થિતિ આવે છે ત્યારે તેની વ્યથા પણ ચાલી જાય છે. કલિયુગનું વર્ણન કરતી વખતે કહે છે બધા વર્ણધર્મ છોડી દેશે અને આખો સમાજ અર્થપ્રધાન બની જશે, એટલું જ નહિ, માણસ ભગવાન પાસે પણ અર્થપ્રાપ્તિ માટે જ જશે. ભાગવતમાં જેવું લખ્યું છે તેવું જ કલિયુગનું વર્ણન પુરાણમાં પણ છે. ખરી વાત એ છે કે તેમણે જે જે લખ્યું છે તે તે બધું આંખોથી જોવા મળે છે. તો પછી તેનું વર્ણન શું કરવું?

વિદ્યા જ ખતમ થઇ જશે. જીવિકાનું જ્ઞાન જ મળશે. આજે લોકો સંસ્કૃત ભાષા ભણે છે તે પણ ભાગવતની કથા કરવા માટે. જે જ્ઞાન-જીવનવિષયક જ્ઞાન-સમાજને જોઇતું નથી તે તેઓ ભણતા નથી. તમે કોઇપણ બ્રાહ્મણને પૂછો કે તું ન્યાયશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, બ્રહ્મસૂત્ર વગેરે ભણે છે? તો તે કહેશે કે, 'ના, એનું કારણ તેની આજે સમાજમાં કોઇને જરૂર નથી.' બધાને પુરાણની, ભાગવતની વાર્તાઓ જ સાંભળવી છે, તેથી બ્રાહ્મણ પણ પુરાણમાંથી વાર્તાઓ વાંચીને કહી શકે તેટલું જ સંસ્કૃત ભણે છે. જેને વાર્તા કહેતાં સારી રીતે આવડે તેને દક્ષિણા પણ સારી મળે. અંગ્રેજો જે પ્રકારનું શિક્ષણ લાવ્યા તે જ જીવિકાલક્ષી હતું, એમ નહિ, આજે સંસ્કૃતનું શિક્ષણ ચાલે છે તે પણ તે જ ઢબે ચાલે છે. તેમાં ઉપજીવન એ પ્રમુખ વાત છે. આવી સ્થિતિ આવે ત્યારે વિચાર ખતમ થાય છે. જે સમાજમાં વિચાર નબળા થઇ ગયા, વિચારોમાં અર્થપ્રધાનતા આવી ગઇ, વિચારોમાંથી જીવનવિષયક જ્ઞાન ચાલ્યું ગયું, વિચારો વાસનાપૂર્તિના સાધન બની ગયા તે જ કલિયુગની સ્થિતિ માની છે.

કલિયુગમાં બ્રાહ્મણ કેવા હશે? તો કહે છે:

साधूनां विधवानां च वित्तान्यपहरन्ति च ।
न व्रतानि चरिष्यन्ति ब्राह्मणाः द्रव्यलोलुपाः ॥

પહેલાં બ્રાહ્મણો ચારિત્ર્યથી અને પ્રેમથી બધા પાસે જતા હતા. બ્રાહ્મણ પાસે લોકો માટે પ્રેમ હતો, તેની પાસે ચારિત્ર્યનો પ્રભાવ હતો. તે લોકો પાસે જતા હતા તે પૈસા માટે નહિ અને પૈસાથી જતા ન હતા. પૈસાથી લોકો પાસે જવું ફોકટ છે તેમ પૈસા માટે લોકો પાસે જવું ફોકટ છે.

આ શ્લોકમાં કહે છે: **साधूनां**—એટલે કે જે સરલવૃત્તિના લોકો છે તેઓ પણ વહેમી બની જાય અને તેનો ફાયદો ઉઠાવીને બ્રાહ્મણ તેમનું વિત્ત હરી લેશે. ધર્મના પાયામાં વહેમ આવ્યો કે ખલાસ. બ્રાહ્મણને લાગે છે કે સમાજમાં વહેમ વધારીશ તો જ મારી ઉપજીવિકા ચાલશે. કલિયુગમાં બ્રાહ્મણ સરલ લોકોનું અને વિધવાઓનું ધન ખેંચી લેશે. **न व्रतानि चरिष्यन्ति** – કલિયુગમાં બ્રાહ્મણ વ્રતોનું આચરણ કરશે નહિ. **ब्रह्म वेदः । तदध्ययनार्थव्रतमपि ब्रह्मतत् चरति इति ब्रह्मचारी**—આવી બ્રહ્મચારીની વ્યાખ્યા પાણિનિએ કરી છે. બ્રહ્મનો અર્થ છે, વેદ-વિચાર, બ્રહ્મનો

અર્થ છે ભગવાન. વિચાર અને ભગવાનને માટે સમાજના અંતિમ માણસ પાસે જવું એ જ બ્રાહ્મણનું કામ છે. તે જ કામ આજે બ્રાહ્મણો કરતા નથી. કલિયુગમાં બ્રાહ્મણો **द्रव्यलोलुपाः** દ્રવ્યલોલુપ બની જશે. કલિયુગનું વર્ણન બહુ લાંબું છે. તે બધું હું કહેતો નથી.

બ્રાહ્મણો કેવા હશે તે કહ્યું. ત્યારબાદ આવે છે ક્ષત્રિયો. ક્ષત્રિયોનું વર્ણન છે:

राजानो द्रव्यनिरताः तथैवान्यायवर्तिनः ।
पीडयन्ति प्रजाः सर्वे करैरत्यर्थवर्जितैः ॥

રાજાઓ દ્રવ્ય ભેગું કરવામાં જ મગ્ન રહેશે. તેમના મગજમાં અર્થતંત્ર અને બજેટ—આ જ વિચાર ઘૂમતા રહેશે. પહેલાં વર્ષમાં એક જ બજેટ બહાર પાડવામાં આવતું હતું. હવે તો વર્ષમાં બે-ત્રણ બજેટો બહાર પડવાં લાગ્યાં છે. દ્રવ્યને જ સર્વસ્વ ગણી રાજાઓ રાજ કરશે. જે લાઇનમાં, જે ક્ષેત્રમાં આર્થિક ફાયદો થતો હશે તેમાં રાજસત્તા ઘૂસી જશે. જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી—એવું ગુજરાતી ભાષામાં કહે છે, તે ખરું પડતું લાગે છે. રાજાએ વેપાર ન કરવો જોઇએ, એનું કારણ શાસન સંભાળવામાં જ તેની શક્તિ વપરાઇ જતી હોય તો તે વેપારમાં શા માટે ઘૂસે? કલિયુગમાં રાજાના-રાજસત્તાના મગજમાં અર્થના જ બટાટા બફાતા હોય તો શું થાય? તેની ન્યાયસંસ્થા પણ નબળી પડી જાય. કલિયુગમાં ન્યાયસંસ્થા પર કોઇનો વિશ્વાસ નહિ રહે એવું કહ્યું છે. ખરી રીતે ન્યાયસંસ્થા એવી હોવી જોઇએ કે જેના પર બધાને વિશ્વાસ હોય. કહે છે કે કલિયુગમાં ન્યાયાસન પર બેસવાવાળા એટલા વાસનાલોલુપ થઇ જશે કે ન્યાયસંસ્થા ઉપરથી જ લોકોનો વિશ્વાસ તદ્દન ઊડી જશે. બીજું, સરકાર અત્યંત કરો નાખીને સમગ્ર પ્રજાને પીડશે. આજે જે કંઇ દેખાય છે તે જ બે હજાર વર્ષ પહેલાં લખી રાખ્યું છે. તેમણે જે લખ્યું છે તે આજે સાચું પડે છે. લોકો કહેશે કે આ બધું વેદવ્યાસે નહિ લખ્યું હોય તો પણ તેઓ એટલું તો કબૂલ કરશે કે બે હજાર વર્ષ પહેલાં જેણે લખી રાખ્યું છે, તેણે એટલી લાંબી દૃષ્ટિ રાખીને લખ્યું છે કે સમાજ આવો થશે. તે પ્રમાણેનો સમાજ આપણને દેખાય છે. ભાગવતમાં તેવું લખનાર વેદવ્યાસ નહિ હોય તો બીજું કોણ હશે?

એવી સ્થિતિ આવી જશે કે:

द्विषन्ति पितरं पुत्राः भर्तारं च स्त्रीयोखिला ।
परस्त्रीनिरतः सर्वे परद्रव्यपरायणाः ॥

પરિવાર-કુટુંબ કઇ સ્થિતિમાં હશે? તો કહે છે કે અત્યંત ભાવનો અને પ્રેમનો સંબંધ મા-બાપ સાથે સંતાનોનો હોવો જોઇએ તે ખતમ થઇ જશે. શંકરાચાર્ય પણ તે જ લખે છે:

अर्थमनर्थं भावयनित्यं नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः सर्वत्रैषा विहिता नीतिः ॥

મા-બાપનો સૌથી વધારે પ્રેમ અને ભાવ પુત્રોને માટે હોય. પરંતુ તેમની વચ્ચેનો આત્મીયતાનો સંબંધ ખલાસ થશે. '**आनंदं ग्रंथिरेकोऽयं अपत्यमिति पठ्यते ।** અપત્ય એ મા-બાપને આનંદની ગ્રંથિ હોવી જોઇએ.' માતાપિતાનો સંતાનો દ્વેષ કરશે અને સ્ત્રીઓ પતિનો પણ

દ્વેષ કરશે. બધા જ (**સર્વે** લખે છે) પરસ્ત્રી તરફ ખેંચાશે અને પરદ્રવ્યપરાયણ બની જશે. સ્ત્રીઓને પોતાના પતિ પર પ્રેમ નહિ રહે, આદર પણ નહિ રહે. સાથે રહેવું હોય એટલે તડજોડ કરવી જ પડે. ગમે તેવો ધણી હોય કે ધણિયાણી હોય, સાથે રહેવું જ પડે, એટલે કરે શું? ઘણું વર્ણન લખ્યું છે. કોઇને છોડતા નથી. **परद्रव्य परायणाः** –બીજાના ગજવાના પૈસા મારા ગજવામાં કેવી રીતે આવે તેનો જ વિચાર બધા કરશે. સમાજ પણ તે જ વિચાર કરશે. મંદિર બાંધવું શા માટે? પૈસા માટે. કથા સાંભળવી કે સંભળાવવી શા માટે? પૈસા માટે. પૈસા સિવાય બીજો વિચાર જ નહિ. પછી કહે છે:

पृथ्वी निष्फलतां याति बीजं पुष्पं च नश्यति ।
वेश्यालावण्यशीलेषु स्पृहाकुर्वन्ति योषिताः ॥

પૃથ્વી નિષ્ફળ–એટલે ઓછાં ફળ આપશે, તેવી જ રીતે બીજો અને પુષ્પો નાશ પામશે. તમે **वाग्भाट्ट** ખોલીને જુઓ તો તેમાં કેટલાં પ્રકારનાં ફૂલોનું વર્ણન છે. તેમાંનાં કેટલાંયે ફૂલો આજે જોવા પણ મળતાં નથી. ક્યાં ચાલ્યા ગયાં આ બધાં ફૂલો અને બીજો? પ્રકૃતિના રાજ્યમાંથી તે બધો વૈભવ ચાલ્યો ગયો. આજે પાંચ-પચાસ પ્રકારનાં ફૂલો દેખાય છે. બીજું, પરિવારની સ્ત્રીઓ વેશ્યા જેવા વસ્ત્રો પરિધાન કરવા લાગશે. તેમનાં કપડાં એ નટનટીઓનાં કપડાંની નકલ હશે. આ બધું આજે જોવા મળે છે. પછી કહે છે કે ઘરની શી પરિસ્થિતિ હશે?

तरूणी प्रभुता गेहे बालका बुद्धिदायकाः ।
कन्यायां विक्रयोलोभात् दंपतीनां च कल्कनम् ॥

તેમાં કંઇ વાત લખી નથી કે જે આજે જોવા મળતી નથી? ઘરમાં તરુણીનું વર્ચસ્વ રહેશે. સંતાનો બાપને મૂર્ખ અને ગાંડો ઠરાવશે. હજી કુટુંબોનું પુણ્ય થોડું ઘણું બાકી છે તેથી છોકરાઓ મોઢા ઉપર બોલતા નથી પરંતુ, પીઠ પાછળ બોલે છે. પછી કહે છે કે ધનલોભથી બાપ કન્યાવિક્રય કરશે. આજે એવું ગાંડપણ આવ્યું જ છે કે જે વસ્તુ પરદેશ મોકલીને ફોરેઇન એક્સ્ચેંજ મળતું હોય તેની નિકાસ વધારવી જ જોઇએ. તેના લીધે યુવાન સ્ત્રીઓને વસ્તુ ગણીને તેની નિકાસ કરવા માટે આ લોકો કાયદા પણ બદલી નાખશે એવી પરિસ્થિતિ આવી છે. બધાના મગજમાં ડૉલર અને પાઉંડ એવા ઘૂસી ગયા છે કે તે કાઢવા મુશ્કેલ છે. તેના માટે ગમે તે કરવા માટે લોકો તૈયાર છે. પૈસા સિવાય બીજું મગજમાં કંઇ છે જ નહિ! નથી માનવ્ય, નથી માનવ, નથી નીતિ કે નથી ભગવાન. કેવળ વિત્ત જ મગજમાં ભરેલું છે. લોકો કહેશે કે છોકરીઓને પરદેશ મોકલીને ફોરેઇન એક્સ્ચેંજ મળતું હોય તો મોકલવામાં વાંધો શો છે? કદાચ અતિશયોક્તિ લાગશે પણ હળવે હળવે લોકો બોલવા લાગ્યા છે, લખે પણ છે. અહીં પ્રજા ખૂબ વધી ગઇ છે તો પરદેશ મોકલવામાં વાંધો શો? હજી થોડી શરમ રહી છે તેથી જાહેરમાં બોલતા નથી. પતિપત્નીમાં કલેશ, ઝઘડા ચાલ્યા જ કરશે. પતિ-પત્ની વચ્ચે એક ઉચ્ચાર, એક વિચાર, એક આચાર અને સંવાદ નથી. બધા પોતાને સ્વતંત્ર માને છે. અરે! હું કેવી રીતે સ્વતંત્ર રહી શકું? એનો માણસે વિચાર કરવો જોઇએ. હું કોઇના ખોળામાં બેસીને નાનાનો મોટો થયો છું, કોઇની મદદથી બોલતાં શીખ્યો છું, કોઇનો હાથ પકડીને ચાલતાં શીખ્યો છું, તો હું સ્વતંત્ર છું, એવી ભાષા ક્યા મોઢે બોલું? શું માણસે આવો વિચાર ન કરવો જોઇએ? કેટલા લોકોની મદદથી, કેટલાની હૂંફથી નાનાનો મોટો

થયો છું છતાં 'હું સ્વતંત્ર છું' એવું ઘમંડથી બોલું છું! ગાયનું વાછરડું જન્મીને ચાર પગે ચાલવા-દોડવા લાગે છે. તે પોતાને સ્વતંત્ર સમજે તો સમજી શકાય, પરંતુ, જે માનવના બચ્ચાને ચાલતાં શીખતાં એક વર્ષ લાગે છે, તે જો પોતાને સ્વતંત્ર માની ઘમંડ રાખે તો તે કેટલી મૂર્ખાઇ છે? પછી કહે છે:

कलौ गति भविष्यन्ति धनाढयापि याचकाः ।

કલિયુગમાં ધનવાનો પણ યાચક બનીને માગવા નીકળશે. ધનવાનો જુદા જુદા રૂપે યાચક બને છે. કેટલાક લોકો એવા હોય છે કે જેમણે પાછલા જન્મમાં ઘણાં સારાં કામો કર્યાં હોય. ભગવાન તેમને પૈસો તો આપે, પરંતુ, તેની સાથે તેમણે પાછલા જન્મમાં હરામખોરી પણ કરી હોય, ભગવાને તેમને માગણ પણ બનાવવા પડે. તો ભગવાન પણ શું કરે? ભગવાન તેને સામાજિક કાર્યકર બનાવી દે. આ અબજપતિ પણ રવિવારને દિવસે હાથમાં પાવતીબુક લઇને ઘેરે ઘેરે માગવા જાય. લોકોને કહે કે સારી નિશાળ બાંધવી છે માટે તમે સો રૂપિયા આપો. આવા ધનવાન લોકો માગવા આવે ત્યારે મનમાં આવે કે તું એકલો જ નિશાળ બાંધી શકે એટલા પૈસા તારી પાસે છે. તે છતાં તું બેશરમ થઇને મારી પાસેથી સો રૂપિયા માગવા આવે છે? તેના માટે તું કમિટી બનાવીને સભ્ય બને છે? તને શરમ નથી આવતી? આપણા ધ્યાનમાં ન આવે કે તેનાં કર્મો જ એવાં છે કે ભગવાન તેને ધનવાન પણ બનાવે અને સાથે સાથે માગણ પણ બનાવે. ભગવાન તેને સામાજિક કાર્યનો જ્વર લગાડી દે, તે તેને ચૂપચાપ બેસવા ન દે. રવિવારે સવારના તે ફાળો ભેગો કરવા માટે પાવતીબુક લઇને નીકળી પડે. પછી કહે કે અમે સામાન્ય લોકોના પૈસાથી આ સંસ્થા ઊભી કરવા માગીએ છીએ કે જેથી તે સાર્વજનિક પબ્લિક સંસ્થા બની જાય. તેમનું એક તત્ત્વજ્ઞાન તેઓ ઊભું કરે છે, પણ તે પલાયનવાદી તત્ત્વજ્ઞાન હોય છે. તેને સામાજિક કામનો તાવ ચડે પછી તેને યાચક તો બનવું જ પડે ને! તેનાથી છૂટકો થોડો જ થાય?

દેહાત્મવાદ અને અધ્યાત્મવાદનો ઝઘડો થાય છે. ઐંદ્રિયસુખ અને આત્મસુખ નો આ ઝઘડો છે. ભોગ અને ભાવમાં ભોગને પ્રાધાન્ય મળે અને ભાવ ગૌણ બની જાય. ભોગ વધી જાય એટલે દેહાત્મવાદ શક્તિશાળી બને. આત્મસુખ કરતાં ઐંદ્રિય સુખ લોકોને વધારે ગમવા લાગે તે જ કલિયુગ છે. તેના માટે ભાગવતકાર રસ્તો દેખાડે છે:

कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः ।
कीर्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ॥ (भागवत १२/३/५१)

(હે રાજા! દોષોના ભંડારરૂપી કલિયુગમાં એક મોટો ગુણ એ છે કે મનુષ્ય કૃષ્ણના કીર્તનથી જ બંધનોમાંથી છૂટીને પરમપદને પામે છે.)

કલિયુગમાં ઘણા દોષો છે, પણ તેમાં એક મહાન ગુણ છે. તે એ કે કૃષ્ણની કીર્તિ ગાઇને, કૃષ્ણભક્તિ કરીને મુક્ત થઇ શકાય. કૃષ્ણભક્તિ બોલ્યા પછી માણસના મગજમાં ભજન, આરતી અને પ્રસાદ જ આવે છે. તેમાં જ ભક્તિ પૂરી થાય છે.

કેટલું સુંદર લખ્યું છે કે મુક્ત થવું હોય તો કૃષ્ણભક્તિ ઉપાડો. આપણે સ્વાધ્યાયીઓ તે

જ કૃષ્ણભક્તિ ઉપાડીને ગામડાઓમાં જઇએ છીએ. ભક્તિ એક સામાજિક પરિબળ છે. માણસ માણસની પાસે ભક્તિથી જ જવો જોઇએ. માણસ ભક્તિથી જ નીતિમાન બનશે, દુર્ગુણોથી મુક્ત થશે. તેના માટે ભક્તિ જ ઉપાડવી પડશે. ઉપયુક્તતાથી માણસ બદલશે નહિ.

આપણે લોકોને કહીશું કે તારે બીડી અને દારુ ન પીવા જોઇએ, કારણ, તારા ફેફસાં તેનાથી ખલાસ થશે, જઠર પણ ખલાસ થઇ જશે! તો તે તરત કહેશે, 'થવા દો. સાઠમે વર્ષ મરવાનો હોઇશ તો પાંચ-દસ વર્ષ વહેલો મરી જઇશ. એટલું જ ને? તેમાં શું થયું?' આમ ઉપયુક્તતા સમજાવીને દુર્ગુણો જશે નહિ. દુર્ગુણો જશે ભક્તિથી જ! કૃષ્ણકીર્તન કરીને કલિયુગમાં મુક્ત થવાય એમ ભાગવતકારે કહ્યું છે તે એકદમ સાચું છે. ભક્તિ વગર માણસનો ઉદ્ધાર નથી. ભક્તિ એ ભજન, આરતી અને પ્રસાદ પૂરતી મર્યાદિત નથી એ સમજી લેવું જોઇએ.

કેટલાક લોકો પૂછે છે કે તમારી પાઠશાળામાં આટલાં પ્રવચનો થાય છે, પણ પ્રસાદ કેમ નથી આપતા? ભગવાને ગીતામાં કહ્યું છે **प्रसादस्तु प्रसन्नता**–જે પ્રસન્નતા આપે તેને પ્રસાદ કહેવાય છે.

ભક્તિનું આટલું સુંદર વિવેચન છે. સમાજમાં કલિયુગ ક્યારે આવે છે? સમાજમાં હંમેશાં સિત્તેર ટકા લોકો અનુસરવાવાળા હોય છે અને ત્રીસ ટકા લોકો પ્રભાવી અને તજ્જ્ઞો (experts) હોય છે. તેમાં તજ્જ્ઞો (expert) એટલે ડિગ્રીવાળા જ નહિ. ઉત્કૃષ્ટ સુથાર કે ઉત્કૃષ્ટ લુહાર પણ તજ્જ્ઞ ગણાય. તેમાંથી પંદર ટકા તજ્જ્ઞો દેહાત્મવાદી હોય અને પંદર ટકા લોકો આત્મવાદી, અધ્યાત્મવાદી હોય છે. પંદર ટકા ભોગને જ માને છે અને પંદર ટકા લોકો ભાવને પણ મહત્ત્વનું સ્થાન આપે છે. આ બન્ને વર્ગ પ્રભાવી અને નેતૃત્વ કરવાવાળા હોય છે. જ્યારે બાકીના સિત્તેર ટકા લોકો દેહાત્મવાદી સાથે જોડાઇ જાય છે ત્યારે પંચ્યાશી ટકા લોકો દેહાત્મવાદી બની જાય છે. તે વખતે પણ પંદર ટકા લોકો અધ્યાત્મવાદી હોય જ છે. તેને જ કલિયુગ કહે છે. જો સિત્તેર ટકા લોકો અધ્યાત્મવાદી સાથે જોડાઇ જાય ત્યારે પંચ્યાશી ટકા લોકો અધ્યાત્મવાદી બની જાય છે. તેને જ સત્યુગ કહેવાય છે. તે વખતે પણ પંદર ટકા દેહાત્મવાદી લોકો હોય જ છે, પણ તેમનું જોર નરમ પડેલું હોય છે. રામકાળમાં પણ ધોબી અને રાવણ હતા જ તેથી જ ગીતાકારે લખ્યું છે:

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

જે પંદર ટકા અધ્યાત્મવાદી સાધુપુરુષો પ્રયત્ન કરતા હોય છે તેમનું રક્ષણ કરવા અને મદદ કરવા માટે હું જગતમાં આવું છું. જે અધ્યાત્મવાદી એકત્ર થઇને લોકો પાસે જતા હોય તેમની પાસે સત્તા કે વિત્ત હોતાં નથી. તો તેઓ શું લઇને સમાજ પાસે જાય? તે લોકો પોતાનું ચારિત્ર્ય અને પ્રેમ લઇને બાકીના સિત્તેર ટકા લોકો પાસે જાય છે. તેમને ભગવાન મદદ કરવા આવે છે, તેથી જ કલિયુગ ચાલી જાય અને સત્યુગ આવે. સત્યુગ આવે એમ બોલીને સત્યુગ આવે નહિ. તેના માટે કંઇ પરિશ્રમ કરવો પડશે. તેને જ કીર્તન કહેવાય. કૃષ્ણનું જીવન, કૃષ્ણના વિચારો, તેનું કીર્તન જ કલિયુગને હટાવી શકે છે એ વાત એકસો એક ટકા સાચી છે. તેનાં કરતાં બીજો કોઇ રસ્તો છે જ નહિ, પરંતુ, સાચી ભક્તિ સમજવી પડશે અને કરવી પડશે. આટલું કહીને કલિયુગનું વર્ણન

પૂરું કરું છું.

ત્યારબાદ ભાગવતમાં બારમા સ્કંધમાં રાજવંશનું વર્ણન છે.

નારાયણપર ગ્રંથ ભાગવતને હું નમસ્કાર કરું છું. ગ્રંથકર્તાએ ભક્તિરસમય બનીને ગ્રંથની રચના કરી છે અને પ્રત્યેક સમસ્યા માટે ભક્તિ જ ઉપાય છે એમ કહ્યું છે, તે વાત એકસો એક ટકા સાચી છે.

ભક્તિથી જ માનવી જીવનનો ઉદ્ધાર થશે એવો ઉદ્‌ઘોષ ભાગવતકારે કર્યો છે. બધા અવતારો, બધા ઋષિઓ છે પરંતુ, શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ પુરુષ છે. ગીર્વાણ પંડિત, ભાગવતની દિવ્ય સુગંધ લઇને પાગલ બની જાય છે, તેમ એકનાથ જેવા સાધુપુરુષ પણ ભાગવતમાં તલ્લીન થઇ જાય છે. તેમાં કેવળ પાંડિત્યનું દર્શન નથી. આવો આ મહાન ગ્રંથ છે.

આ સમાલોચનામાં મનુષ્યસ્વભાવાનુસાર જે કંઇ ભૂલ થઇ હશે તે બદલ ભાગવતકાર અને ભાગવતના પ્રધાન પુરુષ શ્રીકૃષ્ણની ક્ષમાયાચના કરું છું. બોલતી વખતે પણ કંઇ ભૂલ હોય તો—

सखेति मत्वा प्रसभं यदुक्तं
हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥

આમ કહીને **स्वादु स्वादु पदे पदे** એવું જે ભાગવત માટે કહેવાય છે તેને નમસ્કાર કરું છું.

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं
प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयानुकूलेन नभस्वतेरितं
पुमान् भवाब्धिं न तरेत् स आत्महा ॥

११/२०/१७

श्रीकृष्ण कृष्णसख वृष्ण्यृषभावनिध्रुग्-
राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोद्विजसुरार्तिहरावतार
योगेश्वराखिलगुरो भगवन्नमस्ते ॥

१/८/४३

तव कथामृतं तप्तजीवनं
कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमंगलं श्रीमदाततं
भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥

१०/३१/९

श्रियः पतिः यज्ञपतिः प्रजापतिः
धियां पतिर्लोकपतिर्धरापतिः ।
पतिर्गतिश्चान्धकवृष्णिसात्वतां
प्रसीदतां मे भगवान् सतां पतिः ॥

२/४/२०